


શ્રી સુધર્મસ્વામીગણધરવિરચિતં શ્રી અભયદેવસૂરિ કૃત ટીકાનું
(સ્થા.) ઉપા. શ્રી દેવચંદ્રજી કૃત ● ભાષાંતર સહિત ભાગ ૧

# સ્થાનાંગ સૂત્ર

સંશોધક – સંપાદક : મુનિરાજ શ્રી જયાનંદ વિજયજી

- આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને પણ ભગવંત શબ્દથી સંબોધીને એ જ સિદ્ધ કર્યું છે કે પંચ-પરમેષ્ઠિ એ ભગવંત સ્વરૂપ જ છે. જે કામ કરવાનો પ્રારંભ કર્યો એ કામ કર્યું એમ કહેવાય છે એમ જ ભગવંત બનવા માટે જે મુનિભાવમાં આવી ગયો એ ભગવંત બની ગયો એમ કહી શકાય છે.

- ભગવંત શબ્દના અનેક અર્થો છે એમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદને જે અર્થ સંબંધ ધરાવતો હોય એ શબ્દથી એમને ભગવંત કહી શકાય છે:

"જયાનંદ"

# અનુક્રમ


| ક્રમ | અધ્યયન | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રસ્તાવના : ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી | | v |
| ૨. | આવકાર : આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિશ્વરજી | | vii - ix |
| ૨. | શાસ્ત્ર પ્રસ્તાવના | | 1 - 8 |
| ૩. | પહેલું અધ્યયન | સૂત્ર ૧ - ૫૬ | 9 - 56 |
| ૪. | બીજું અધ્યયન - પ્રથમ ઉદ્દેશઃ | સૂત્ર ૫૭ - ૭૬ | 57 - 87 |
| ૫. | બીજું અધ્યયન - દ્વિતીય ઉદ્દેશઃ | સૂત્ર ૭૭ - ૮૦ | 88 - 95 |
| ૬. | બીજું અધ્યયન - તૃતીય ઉદ્દેશઃ | સૂત્ર ૮૧ - ૯૪ | 96 - 134 |
| ૭. | બીજું અધ્યયન - ચતુર્થ ઉદ્દેશઃ | સૂત્ર ૯૫ - ૧૧૮ | 135 - 160 |
| ૮. | ત્રીજું અધ્યયન - પ્રથમ ઉદ્દેશઃ | સૂત્ર ૧૧૯ - ૧૫૨ | 161 - 202 |
| ૯. | ત્રીજું અધ્યયન - દ્વિતીય ઉદ્દેશઃ | સૂત્ર ૧૫૩ - ૧૬૭ | 203 - 219 |
| ૧૦. | ત્રીજું અધ્યયન - તૃતીય ઉદ્દેશઃ | સૂત્ર ૧૬૮ - ૧૯૦ | 220 - 252 |
| ૧૧. | ત્રીજું અધ્યયન - ચતુર્થ ઉદ્દેશઃ | સૂત્ર ૧૯૧ - ૨૩૪ | 253 - 292 |
| ૧૨. | ચોથું અધ્યયન - પ્રથમ ઉદ્દેશઃ | સૂત્ર ૨૩૫ - ૨૭૭ | 293 - 340 |
| ૧૩. | ચોથું અધ્યયન - દ્વિતીય ઉદ્દેશઃ | સૂત્ર ૨૭૮ - ૩૧૦ | 341 - 393 |
| ૧૪. | ચોથું અધ્યયન - તૃતીય ઉદ્દેશઃ | સૂત્ર ૩૧૧ - ૩૩૮ | 394 - 443 |
| ૧૫. | ચોથું અધ્યયન - ચતુર્થ ઉદ્દેશઃ | સૂત્ર ૩૩૯ - ૩૮૮ | 444 - 492 |
| ૧૬. | પરિશિષ્ટ | | 493 - 504 |

॥ શ્રી મહાવીર પરમાત્મા ને નમઃ ॥
॥ શ્રી સુધર્મ ગણધરાય નમઃ ॥
॥ પ્રભુ શ્રીમદ્‌વિજય રાજેન્દ્રસૂરીશ્વરાય નમઃ ॥

પંચમગણધર કૃત સૂત્ર અને શ્રી અભયદેવસૂરિ કૃત ટીકાનું
ઉપા. શ્રી દેવચંદ્રજી કૃત ભાષાંતર સહિત

# સ્થાનાંગ સૂત્ર

ભાગ ૧

(ઠાણા ૧ થી ૪)

: દિવ્યાશીષ :

આચાર્યદેવ શ્રી વિદ્યાચંદ્રસૂરીશ્વરજી મહારાજ
મુનિરાજ શ્રી રામચંદ્રવિજયજી મહારાજ

: સંશોધક - સંપાદક :

મુનિરાજ શ્રી જયાનંદવિજયજી

પુસ્તકનું નામ : શ્રી સ્થાનાંગ સૂત્ર ભાષાંતર સહિત ભાગ ૧ (ઠાણા ૧ થી ૪)

કર્તા : શ્રી સુધર્મ ગણધર ભગવંત

ટીકા : શ્રી અભયદેવ સૂરીશ્વરજી મ.

ભાષાંતર : ઉપા. શ્રી દેવચંદ્રજી (આઠકોટી કચ્છી)

સંશોધક-સંપાદક : મુનિ શ્રી જયાનંદવિજયજી

પ્રકાશક : શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ, રાજ.-૩૪૩ ૦૨૯.

સંચાલક :

(૧) સુમેરમલ કેવલજી નાહર, ભીનમાલ, રાજ.

(૨) મીલિયન ગ્રુપ, સૂરાણા, રાજ. મુંબઈ, દિલ્લી, વિજયવાડા

(૩) એમ.આર.ઇમ્પેક્સ, ૧૬-એ, હનુમાન ટેરેસ, બીજા માળે, તારાટેમ્પલ લેન, લેમીંગ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૦૭, ફોન : ૨૩૮૦૧૦૮૬

(૪) શ્રી શાંતિદેવી બાબુલાલજી બાફના ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ, મહાવિદેહ ભીનમાલધામ, પાલીતાણા-૩૬૪૨૭૦.

(૫) સંઘવી જુગરાજ, કાંતિલાલ, મહેન્દ્ર, સુરેન્દ્ર, દિલીપ, શ્રીરજ, સંદી, રાજ, જૈનમ, અક્ષત બેટા પોતા કુંદનમલજી ભુતાજી શ્રીશ્રીમાળ વર્ધમાન ગૌત્રીય આહોર (રાજ.). કલ્પતરુ જ્વેલર્સ, ૩૦૫ સ્ટેશન રોડ, સંઘવી ભવન, થાણા (પ.) ૪૦૦૬૦૧.

(૬) દોશી અમૃતલાલ ચીમનલાલ પાંચશો વોરા થરાદ પાલીતાણા માં ઉપધાન કરાવ્યા એમની સાધારણ આવકમાંથી.

(૭) શત્રુંજય તીર્થે નવ્વાણું યાત્રા ના આયોજન નિમિત્તે શા. જેટમલ, લક્ષ્મણરાજ, પૃથ્વીરાજ, પ્રેમચંદ, ગૌતમચંદ, ગણપતરાજ, લલીતકુમાર, વિક્રમકુમાર, પુષ્પક, વિમલ, પ્રદીપ, ચિરાગ, નિતેષ બેટા-પોતા કીનાજી સંકલેચા પરિવાર મેંગલવા,
ફર્મ - અરિહન્ત નોવેલ્ટી, GF3 આરતી શોપીંગ સેન્ટર, કાલુપુર ટંકશાલ રોડ, અહમદાબાદ. પૃથ્વીરાજ એન્ડ કં., તિરુચિરાપલ્લી, (T.N.)

(૮) થરાદ નિવાસી ભણશાળી મધુબેન કાંતિલાલ અમુલખભાઈ પરિવાર

(૯) શ્રીમતી સકુદેવી સાંકલચંદજી નેથીજી હુકમાણી પરિવાર, પાંચેડી, રાજ.
રાજેન્દ્ર જ્વેલર્સ, ૪ રહેમાન ભાઈ બિ. એસ. જી. માર્ગ, તાડદેવ, મુંબઈ-૪૦૦ ૦૩૪.

(૧૦) સ્વ. હસ્તીમલજી ભલાજી નાગોત્રા સોલંકી ની સ્મૃતિ માં હસ્તે પરિવાર બાકરા (રાજ.)

(૧૧) શા દૂધમલ, નરેન્દ્રકુમાર, રમેશકુમાર બેટા પોતા લાલચંદજી માંડોત પરિવાર બાકરા (રાજ.)
મંગલ આર્ટ, દોશી બિલ્ડીંગ, ૩-ભોઈવાડા, ભૂલેશ્વર, મુંબઈ-૨.

(૧૨) કટારીયા સંઘવી લાલચંદ, રમેશકુમાર, ગૌતમચંદ, દિનેશકુમાર, મહેન્દ્રકુમાર, રવીન્દ્રકુમાર બેટા પોતા સોનાજી ભેરાજી ધાણસા (રાજ.)
શ્રી સુપર સ્પેઅર્સ, ૧૧-૩૧-૩A પાર્ક રોડ, વિજયવાડા.

(૧૩) ગુલાબચંદ રાજકુમાર છગનલાલજી કોઠારી અમેરીકા, આહોર (રાજ.)

(૧૪) શા શાંતિલાલ, દીલીપકુમાર, સંજયકુમાર, અમનકુમાર, અખીલકુમાર બેટા પોતા મુલચંદજી ઉમાજી તલાવત આહોર (રાજ.)
રાજેન્દ્ર માર્કેટીંગ, પો.બો.નં.૧૦૮, વિજયવાડા.

(૧૫) શા સમરથમલ, સુકરાજ, મોહનલાલ, મહાવીરકુમાર, વિકાસકુમાર, કમલેશ, અનિલ, વિમલ, શ્રીપાલ, ભરત ફોલા મુથા પરિવાર સાયલા (રાજ.). અરુણ એન્ટરપ્રાઈજેસ, ૪ લેન બ્રાડી પેઠ, ગુન્ટૂર-૨.

(૧૬) શા સુમેરમલ, મુકેશકુમાર, નિતીન, અમીત, મનીષા, ખુશબુ બેટા-પોતા પેરાજમલજી પ્રતાપજી રતનપુરા બોહરા પરિવાર, મોદરા (રાજ.)

રાજરતન ગોલ્ડ પ્રોડ., કે.વી.એસ. કોમ્પ્લેક્ષ, ૩/૧ અરુંડલપેટ, ગુન્ટૂર.

(૧૭) શા નરપતરાજ, લલીતકુમાર, મહેન્દ્ર, શૈલેષ, નિલેષ, કલ્પેશ, રાજેશ, મહીપાલ, દિક્ષીત, આશીષ, કેતન, અશ્વીન, રીકેશ, યશ બેટા પોતા ખીમરાજજી થાનાજી કટારીયા સંઘવી આહોર (રાજ.)

કલાંજલી જ્વેલર્સ, ૪/૨ બ્રાડી પેઠ, ગુન્ટૂર-૨.

(૧૮) શા તીલોકચન્દ મયાચન્દ એન્ડ કં. ૧૧૬, ગુલાલવાડી, મુંબઈ-૪.

(૧૯) શા લક્ષ્મીચંદ, શેષમલ, રાજકુમાર, મહાવીરકુમાર, પ્રવીણકુમાર, દીલીપકુમાર, રમેશકુમાર બેટા પોતા પ્રતાપચંદજી કાલુજી કાંકરીયા મોદરા (રાજ.) ગુન્ટૂર

(૨૦) શાંતિરૂપચંદ રવીન્દ્રચન્દ્ર, મુકશે, સંજેશ, ઋષભ, લક્ષિત, યશ, ધ્રુવ, અક્ષય બેટા પોતા મિલાપચંદજી મેહતા, જાલોર - બેંગ્લોર

(૨૧) એક સદ્ગૃહસ્થ (ખાચરોદ)

(૨૨) શા ભંવરલાલ જયંતિલાલ, સુરેશકુમાર, પ્રકાશકુમાર, મહાવીરકુમાર, શ્રેણિકકુમાર પ્રિતમ, પ્રતીક, સાહીલ, પક્ષાલ બેટા પોતા-પરપોતા શા સમરથમલજી સોગાજી દુરગાણી બાકરા (રાજ.)

જૈન સ્ટોર્સ, સ્ટેશન રોડ, અંકાપલી - ૫૩૧ ૦૦૧.

(૨૩) શા ગજરાજ, બાબુલાલ, મીઠાલાલ, ભરત, મહેન્દ્ર, મુકેશ, શૈલેસ, ગૌતમ, નીખીલ, મનીષ, હની બેટા-પોતા રતનચંદજી નાગોત્રા સોલંકી સાઁથૂ (રાજ.)

ફૂલચંદ ભંવરલાલ, ૧૮૦ ગોવીંદાપ્પા નાયક સ્ટ્રીટ, ચેન્નઈ-૧

(૨૪) સેઠ માઁગીલાલ, મનોહરમલ, બાબુલાલ, જયંતિલાલ, જુઠમલ બેટા-પોતા સુમેરમલજી કુન્દનમલજી લુંકડ, ગોલ ઉમેદાબાદ (રાજ.) સુપર કૉપર એસ. એસ. મીલ રોડ, કોઈમ્બટૂર.

(૨૫) આહોર નિવાસી વજાવત ફતેહચંદજી એવં રૂપરાજજી પરિવાર

ફર્મ : કાંતિલાલ જયંતિલાલ, ૬૭ નારાયણ મુદલી સ્ટ્રીટ, ચેન્નઈ-૭૯.

**• પ્રાપ્તિ સ્થાન •**

**શા દેવીચંદ છગનલાલજી**
સદર બાજાર, ભીનમાલ - ૩૪૩ ૦૨૯.
ફોન : ૦૨૯૬૯-૨૨૦૩૮૭

**શ્રી આદિનાથ રાજેન્દ્ર જૈન પેઢી**
સાઁથૂ - ૩૪૩ ૦૨૬.
ફોન : ૨૫૪૨૨૧

**શ્રી વિમલનાથ જૈન પેઢી**
બાકરા (રાજ.) - ૩૪૩ ૦૨૫.

**મહાવિદેહ ભીનમાલ ધામ**
તલેટી હસ્તગિરિ લિંક રોડ,
પાલીતાણા - ૩૬૪ ૨૭૦.
ફોન : (૦૨૮૪૮) ૨૪૩૦૧૮

**શા નાગાલાલજી વજાજી ખીંવસરા**
શાંતિવિલા અપાર્ટમેન્ટ, તીન બત્તી,
કાજી કા મૈદાન, ગોપીપુરા, સૂરત.
ફોન : ૨૪૨૨૬૫૦

# : आर्थिक सहयोगी :

## शाश्वत तीर्थाधिराज श्री शत्रुंजय महातीर्थे

प.पू. आचार्यदेव श्री विद्याचन्द्रसूरीश्वरीजी म.सा. के शिष्य एवं
मुनिराज श्री रामचंद्रविजयजी म.सा. के कृपापात्र

**मु. श्री जयानंदविजयजी म.सा.**

**मु. श्री दिव्यानंदविजयजी म.सा., मु. श्री वैराग्यानंदविजयजी म.सा.**
**मु. श्री तत्त्वानंदविजयजी म.सा., मु. श्री रैवतचंद्रविजयजी म.सा. आदि ठाणा**

प.पू. राष्ट्रसंत शिरोमणि आचार्यदेव श्रीमद्विजय हेमेन्द्रसूरीश्वरजी म.सा. की
आज्ञानुवर्तिनी साध्वीजी संघवणश्रीजी म.सा. की शिष्या

**पू. सा. मणिप्रभाश्रीजी म.सा.**

**पू. सा. श्री पुनीतप्रज्ञाश्रीजी म.सा, पू. सा. श्री मोक्षयशाश्रीजी म.सा.,**
**पू. सा. श्री मोक्षरसाश्रीजी म.सा., पू. सा. श्री मोक्षमालाश्रीजी म.सा.,**
**पू. सा. श्री क्षमाशीलाश्रीजी म.सा., पू. सा. श्री पद्मप्रभाश्रीजी म.सा.,**
**पू. सा. श्री अर्हंयशाश्रीजी म.सा., पू. सा. श्री संवेगयशाश्रीजी म.सा.,**
**पू. सा. श्री निर्वेदयशाश्रीजी म.सा., पू. सा. श्री प्रमोदयशाश्रीजी म.सा.,**
**पू. सा. श्री प्रशमरसाश्रीजी म.सा., पू.सा. श्री परार्थयशाश्रीजी म.सा.,**
**पू.सा. श्री सुव्रतयशाश्रीजी म.सा., पू.सा. श्री उपशमयशाश्रीजी म.सा.**
**पू.सा. श्री संवरयशाश्रीजी म.सा. आदि ठाणा**

वि.सा. अशोकप्रभाश्रीजी म.सा., सा. श्री सद्गुणाश्रीजी,
सा. श्री सुमंगलाश्रीजी आदि ठाणा

प.पू. आचार्यदेव श्रीमद्विजय अरिहंतसिद्धसूरीश्वरजी म.सा. की
आज्ञानुवर्तिनी स्व. सा. श्रीज्ञानश्रीजी म.सा.नी शिष्या

पू. सा. गुणप्रभाश्रीजी म.सा.

पू. सा. श्री कुसुमप्रभाश्रीजी म.सा, पू. सा. श्री चारित्ररत्नाश्रीजी म.सा.,
पू. सा. श्री उज्ज्वलरत्नाश्रीजी म.सा., पू. सा. श्री समकितरत्नाश्रीजी म.सा., आदि ठाणा ५

***का चातुर्मास एवं उपधान सं. २०६२ में***

***शा सुमेरमलजी चुन्नीलालजी नागोरी परिवार ने***

***राजेन्द्र भवन पालीताना में करवाया उस समय की ज्ञान खाते की आय में से***
***यह ठाणांगजी सूत्र भाग १ – २ प्रकाशित करवाया।***

# ભાષાંતરકારનું વકતવ્ય

શ્રી ગણધરમહારાજાગુંફિત દ્વાદશાંગીના રહસ્યનો પાર પામી શકાય તેમ નથી. જૈનાગમ ખરેખર સાગર સદૃશ અગાધ છે. જૈન શાસ્ત્રોના મૌલિક ગંભીરાર્થને સમજવા માટે તેને ચાર અનુયોગ–દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગમાં વિભક્ત કરવામાં આવેલ છે. જેમ જેમ મતિમંદતા થવા લાગી તેમ તેમ પરોપકારી પૂર્વપુરુષોએ આગમગ્રંથો પર ભાષ્ય, નિર્યુક્તિ, ચૂર્ણી અને ટીકા ઇત્યાદિની રચના કરવા માંડી. આધુનિક સમયમાં તો ભાષાન્તર પણ સારા પ્રમાણમાં થવા લાગ્યા છે.

**ઇચ્છા - ઉદ્‌ભવ :**

કચ્છી સંવત્ ૧૯૬૫ નું મારું ચાતુર્માસ કચ્છ–પત્રીમાં વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રવૃદ્ધ દાદાગુરુ શ્રીમાન્ વ્રજપાલજી સ્વામી સાથે થયું. તે સમયે સુયગડાંગ વિગેરે સૂત્રોની વાચના ચાલતી હતી તે પૈકી ઠાણાંગસૂત્રની વાંચનાથી મને અનેરો આનંદ આવ્યો. તે ઠાણાંગસૂત્ર મૂળ અને વિસ્તૃત ટબાવાળું જ હતું છતાં સૂત્રના ગંભીરાર્થે મારા મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. બાદ સં. ૧૯૭૫માં મારા ભાવનગરના ચાતુર્માસમાં પુનઃ શ્રી ઠાણાંગસૂત્ર વાંચવાનો પ્રસંગ સાંપડ્યો. આ વખતે તે ટીકા પરથી વાચના શરૂ કરી અને અર્થગંભીરતા, વસ્તુ–વૈવિધ્ય, નિરૂપણશૈલી અને ઉપકારિતાએ મારા મનમાં સચોટ અસર નીપજાવી અને **જનહિતાર્થે આ સૂત્રનું ભાષાન્તર પ્રકાશિત કરવાનો મારા મનમાં મક્કમ મનસૂબો કર્યો.**

**પ્રેરણા :**

પછી તો આ સૂત્રના પ્રકાશન સંબંધી મારા સંસર્ગમાં આવતા મુનિરાજો સાથે વિચાર–વિનિમય શરૂ કર્યો અને સૌ કોઈના દૃષ્ટિબિન્દુ જાણ્યા પછી મારા ઉત્સાહમાં બમણો વધારો થયો. કચ્છી બૃહદ્‌પક્ષીય આચાર્યશ્રી નાગચંદ્રજી સ્વામી, પ્રખર વક્તા મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજ, લીંબડી સંપ્રદાયના વયોવૃદ્ધ આચાર્યશ્રી ગુલાબચંદ્રજી સ્વામી અને તેમના લઘુબંધુ શ્રી વીરજીસ્વામીએ મારી ઉત્કંઠાને વધાવી લીધી અને કોઈપણ ભોગે અને પ્રયાસે આ કાર્ય પાર પાડવા પ્રેરણા કરી.

**સહાયકો :**

સં. ૧૯૯૫ નું ચાતુર્માસ કચ્છ–મુંદ્રામાં કર્યું અને ત્યાં જ આ કાર્યની શરૂઆત કરવાનો નિરધાર કરી સ્થિરતા કરી. પત્રી નિવાસી પંડિત ગાંગજીભાઈએ મને સારી સહાયતા અર્પી અને વ્યાકરણ સમજવામાં તથા લાંબા લાંબા વાક્યોના અર્થ સમજવામાં મૈથીલી પંડિત કૃષ્ણકાન્ત ઝા મને અતીવ ઉપયોગી થઈ પડ્યા. લગભગ ત્રણ વર્ષ પર્યન્ત સતત કાર્ય કરી મેં આ સૂત્રનું સંપૂર્ણ ભાષાંતર અને સંપાદન કરવાનું કાર્ય પૂર્ણ કર્યું અને તેના ફલસ્વરૂપ સૂત્રનો પ્રથમ વિભાગ જનતા સમક્ષ રજૂ કરવા આજે ભાગ્યશાલી થયો છું. ગ્રંથનું શ્લોકપ્રમાણ વિશેષ હોવાથી સમગ્ર સૂત્રના ત્રણ વિભાગ પાડવા મેં વિચાર રાખ્યો છે; અને આ પછીનો બીજો તથા ત્રીજો ભાગ પણ ટૂંક સમયમાં જ બહાર પડશે. આ સૂત્રના પ્રૂફ સંશોધક આદિ કાર્યમાં ભાવનગરનિવાસી વયોવૃદ્ધ શ્રીમાન્ શેઠ કુંવરજી આણંદજીની સહાય અને સલાહ ભૂલાય તેમ નથી. આ મારા કાર્યમાં સદૈવ પ્રયાસ કરનાર મારા શિષ્યસમૂહને પણ હું કેમ ભૂલી શકું? આ સર્વની સાથે આ સૂત્રના પ્રકાશનકાર્યના આર્થિક સહાયકો પણ એટલા જ યશના ભાગી છે, કારણ કે તેમની દ્રવ્ય સહાયના અભાવમાં મારું કાર્ય સ્થૂલદેહ કેવી રીતે ધારણ કરી શકત?

અંતમાં, ગુરુદેવની કૃપાથી આવા કાર્યોમાં હું સવિશેષ રક્ત રહું અને જનસમાજ પણ તેનો યથેચ્છ લાભ ઉઠાવે એ જ અભિલાષા સહ વિરમું છું.

**- ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ**

**(આઠ કોટી મોટી પક્ષ)**

॥ બેનાતટમંડન શ્રીમતે શાન્તિનાથાય નમઃ ॥
સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ૐકારસૂરિભ્યો નમઃ

# આવકાર

*શ્રી સ્થાનાંગ સૂત્ર શ્રી અભયદેવસૂરિ કૃત ટીકા અને તે બધાના અનુવાદ સાથે **મુનિરાજશ્રી જયાનંદવિજયજી મ.સા.**ના પ્રયાસથી પ્રગટ થાય છે તે આનંદનો વિષય છે.*

***શ્રી સ્થાનાંગ સૂત્રનું પરિમાણ :***

*આચારાંગનિર્યુક્તિ (ગા. ૧૧), નંદીસૂત્ર હારિભદ્રી ટીકા (પૃ. ૭૬), નંદિસૂત્રચૂર્ણિ (પૃ. ૬૨), સમવાયાંગ સૂત્ર અભયદેવસૂરિકૃત ટીકા (પૃ. ૧૦૮) આદિમાં આચારાંગ સૂત્રનું ૧૮૦૦૦ પદ પ્રમાણ અને આગળના અંગોનું તેથી બેગણું પ્રમાણ જણાવ્યું છે. તે મુજબ સ્થાનાંગ સૂત્રનું પ્રમાણ ૭૨૦૦૦ પદ થાય છે.*

*નવ્ય કર્મગ્રંથોના રચયિતા આ.દેવેન્દ્રસૂરિજીએ (પહેલા કર્મગ્રંથની ૭મી ગાથાની ટીકામાં) જણાવ્યું છે કે – 'પદ એટલે અર્થસમાપ્તિ. પરંતુ આચારાંગ આદિ ગ્રંથોના પદનું પરિમાણ જણાવનાર કોઈ આમ્નાય પરંપરા અમારી પાસે નથી.'*

*અત્યારે ઉપલબ્ધ સ્થાનાંગસૂત્રનું પ્રમાણ ૩૭૦૦ શ્લોક પ્રમાણ છે. એટલે કે કાળક્રમે આમાં ઘણો હ્રાસ થયો છે.*

*જોકે અત્યારના કેટલાક વિદ્વાનો સ્થાનાંગસૂત્રમાં આવતા ૭ નિહ્નવોના નામ, કલ્પસૂત્રમાં પણ નથી જેનો ઉલ્લેખ તે કામર્દ્ધિતગણનો અને અન્ય ગણોનો ઉલ્લેખ જોઈને અને બોટિક નિહ્નવનો ઉલ્લેખ ન જોઈને સ્થાનાંગમાં વી.નિ.સં. ૫૮૪ પછી કશો જ ફેરફાર કરવામાં નથી આવ્યો તેમ માને છે.*

*શ્રી દલસુખભાઈ માલવણિયા 'સ્થાનાંગ-સમવાયાંગ' (અનુવાદ)ની પ્રસ્તાવનામાં લખે છે કે – 'વાલભીવાચનાના સંસ્કરણકર્તાએ સંકલનમાં પૂરી પ્રમાણિકતા જાળવી છે, પોતાના તરફથી નવી વસ્તુ ઉમેરી નથી તેમ તેમને ન સમજાતી કે અણગમતી વસ્તુની ઘાલમેલ તેમણે નથી કરી.... તેમની સમક્ષ જે કાંઈ ઉપસ્થિત હતું તેને તેમણે વ્યવસ્થિત કર્યું.'*

*સ્થાનાંગસૂત્રનો પરિચય સમવાયાંગ (સૂત્ર ૧૩૮ પત્ર ૧૧૨)માં આ પ્રમાણે આપ્યો છે, 'સ્થાનાંગમાં શું છે? સ્થાનાંગમાં સ્વ-સમય, પર-સમય, જીવ, અજીવ, લોક, અલોકની સ્થાપના છે. જીવાદિ પદાર્થોની વ્યાખ્યા દ્રવ્ય, ગુણ, ક્ષેત્ર, કાલ, પર્યાય દૃષ્ટિએ કરાઈ છે. તેમાં પર્વત, પાણી, સુરભવન, સુરવિમાન, આકર, નદી, નિધિ, ઉત્તમપુરુષો, જ્યોતિષ-સંચાલન આદિનું વર્ણન છે. તેમાં એકવિધ દ્વિવિધથી માંડી દશવિધ જીવ, પુદ્ગલનું વર્ણન, લોકસ્થિતિની પ્રરૂપણા છે.*

*સ્થાનાંગની વાચના, અનુયોગદ્વાર, પ્રતિપત્તિ, વેષ્ટક છંદો, શ્લોકો, સંગ્રહણી વગેરે સંખ્યાત છે. ૧૨ અંગમાં આ ત્રીજું અંગ છે. આમાં એક શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશનકાલ, ૭૨૦૦૦ પદ, સંખ્યાતા અક્ષરો, અનંતા પર્યાયો છે. સંખ્યાતા ત્રસ અને અનંતા સ્થાવર વિષે, શાશ્વત, કૃત, નિબદ્ધ, નિકાચિત વિષે જિનપ્રજ્ઞપ્ત ભાવો વિષે પ્રરૂપણા આદિ છે.'*

*આજે પણ સ્થાનાંગ સૂત્રમાં આ પ્રમાણે જોવા મળે છે.*

*નંદીસૂત્ર (૮૭ પૃ. ૩૫) અને દિગંબર માન્ય કસાયપાહુડ (૬૪,૬૫ ભા. ૧ પૃ. ૧૧૩) આદિમાં પણ સ્થાનાંગસૂત્રનો પરિચય મળે છે. સ્થાનાંગ અને સમવાયાંગ આ બન્ને આગમોની રચના-શૈલિ અન્ય આગમગ્રંથો કરતાં ભિન્ન પડે છે. અન્ય ગ્રંથોમાં વિષયનું મહત્ત્વ હોય છે. આ બે ગ્રંથોમાં સંખ્યા પ્રમાણે વિષયોને રજૂ કરાયા છે. સ્થાનાંગમાં ૧ થી ૧૦ સુધીની*

સંખ્યાના વિષયો વિષે ચર્ચા છે.

આ બન્ને ગ્રંથો જ્ઞાનકોશ જેવા છે. અનેક અનેક વિષયોનું આમાં નિરૂપણ છે.

વ્યવહારસૂત્ર (ઉ. ૩, સૂ. ૬૮)માં સ્થાનાંગ–સમવાયાંગના ધારકને જ આચાર્ય–ઉપાધ્યાય–ગણાવચ્છેદક આદિ પદ આપી શકાય એમ જણાવી આ બન્ને ગ્રંથોનો મહિમા બતાવ્યો છે.

સ્થાનાંગ–સમવાયાંગ ગ્રંથો મુખ્યત્વે સંખ્યાધારિત છે એવી રીતે આંશિક સંખ્યાધારિત નિરૂપણ પકખીસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર (અ. ૩૧)માં પણ મળે છે. બૌદ્ધગ્રંથો અંગુત્તરનિકાય અને પુગ્ગલપઞ્ઞત્તિ પણ સ્થાનાંગસૂત્રની જેમ સંખ્યા આધારિત છે. 'અંગુત્તરનિકાય'માં એકનિપાત, દુનિપાત એમ એકાદસનિપાત સુધી ૧૧ પ્રકરણો છે. પુગ્ગલપઞ્ઞત્તિમાં એકકનિદ્દેસથી દસકનિદ્દેસ સુધી ૧૦ વિભાગો છે.[1]

સ્થાનાંગસૂત્રમાં ૧૨૦૦ જેટલા વિષયો આવરી લેવાયા છે. આમાંના મોટાભાગના પદાર્થો અન્ય–અન્ય આગમાદિ ગ્રંથોમાં જોવા મળે છે. જો કે એવી પણ કેટલીક બાબતો છે કે જે માત્ર આ આગમગ્રંથમાં જ હોય. દાખલા તરીકે – પુરુષપરીક્ષા પ્રકરણ.

આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પ્રકાશિત સ્થાનાંગ (હિંદી અનુવાદ સાથે)ની પ્રસ્તાવનામાં (એ પ્રસ્તાવના ભાગ બીજામાં આપેલ છે) અને શ્રી દલસુખ માલવણિયાના અનુવાદ ગ્રંથ સ્થાનાંગ–સમવાયાંગ (પ્ર. પૂંજાભાઈ ગ્રં.)માં તુલનાત્મક ટિપ્પણો અપાયા છે.

### આ. અભયદેવસૂરિ કૃત ટીકા :

નવાંગી ટીકાકાર તરીકે પ્રસિદ્ધિ પામેલા શ્રી અભયદેવસૂરિજીએ વિ.સં. ૧૧૨૦માં ૧૪૨૫૦ શ્લોકપ્રમાણ આ ટીકાની રચના કરી છે. આ ટીકા સીધી સૂત્ર ઉપર જ છે. સ્થાનાંગ સૂત્ર ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિની રચના થયેલી નથી. (સમવાયાંગ સૂત્રમાં અપાયેલા સ્થાનાંગના પરિચયમાંથી પણ આ વાત ધ્વનિત થાય છે.) એટલે આ. અભયદેવસૂરિજીને પુરોગામી વ્યાખ્યા સાહિત્યના આધાર વિના જ ટીકા રચવી પડી છે. એક તો ગ્રંથમાં વિપુલ વિષય વૈવિધ્ય અને સૂત્ર પ્રતિઓમાં વિવિધ વાચનાઓ અને પુષ્કળ અશુદ્ધિઓ (વાચનાનામનેકત્વાત્ પુસ્તકાનામશુદ્ધિતઃ) આવા કારણે ટીકા–રચનાનું કાર્ય અતિકપરું હોવા છતાં ટીકાકારશ્રીએ આ સુંદર ટીકા રચી છે. માત્ર સૂત્રનો શબ્દાર્થ કરીને આચાર્યશ્રી અટકી નથી ગયા. જરૂર જણાઈ ત્યાં વિશ્લેષણ કર્યું છે. દાર્શનિક ચર્ચાઓ કરી છે. સેંકડો ગાથાઓ સાક્ષીપાઠ તરીકે આપીને વિવેચનને સુદૃઢ કર્યું છે. (લગભગ ૧૬૦૦ જેટલા સાક્ષીપાઠો ટીકામાં આપવામાં આવ્યા છે.) ટીકામાં અપાયેલા અવતરણોના પણ અર્થ કરવા માટે કેટલાક વિદ્વાનોએ પ્રયાસ કર્યો છે. આની વિગત શ્રી વિનયસાગરજી સંપાદિત સાહિત્યકોશમાં 'ખરતરગચ્છ સાહિત્યકોશ' પૃ. ૨૨૭માં આ પ્રમાણે આપવામાં આવી છે –

'३०२७ स्थानाङ्ग सूत्र गाथागतवृत्ति, हर्षनन्दन वादी / समयसुन्दरोपाध्याय, सुमतिकल्लोल उ. / जिनचन्द्रसूरि, आगम, संस्कृत, १७०५, आदि - स्वस्ति श्रीवृत्तिमन्तं... अन्त-कोटयक्षरं सूरिपदस्यमन्त्रं... ह. हंसविजय संग्रह, बडौदा, मु. देवचन्द लालभाई जैन पु. फंड सूरत'

શ્રીનગર્ષિગણિએ વિ.સં. ૧૬૫૭માં સ્થાનાંગસૂત્ર ઉપર દીપિકા રચી છે. સ્થાનાંગસૂત્રના અત્યાર સુધીમાં ઘણાં સંસ્કરણ પ્રગટ થયેલા છે. કેટલાકની વિગત ટૂંકમાં આ પ્રમાણે છે – (૧) રાયબહાદૂર ધનપતસિંહ ઈ.સ. ૧૮૮૦માં, (૨) આગમોદયસમિતિ ઈ.સ. ૧૯૧૮–૨૦, માણેકલાલ ચુનીલાલ ઈ.સ. ૧૯૩૭, મોતીલાલ બનારસીદાસ (સં. જંબૂવિજય મ.) ઈ.સ. ૧૯૮૫, વિ.સં. ૨૦૨૯માં શ્રી આત્માનંદ સભા ભાવનગરથી બે ભાગમાં મૂળ અને ૨૦૫૯–સન્ ૨૦૦૩માં ટીકા

1. આ ઉપરાંત બૌદ્ધગ્રંથ દીઘનિકાયના પરિયાપસુત્ત અને દસુત્તરસુત્ત ખુદ્દનિકાયના ખુદ્દપાઠ વગેરેમાં સંખ્યા–આધારિત વિવેચન છે. મહાભારત વનપર્વ અધ્યાય ૧૩૪માં બંદી–અષ્ટાવક્ર સંવાદમાં પણ સંખ્યા–આધારે વિવરણ છે.

અને અનેક પરિશિષ્ટયુક્ત (સં. જંબૂવિજય મ.) ત્રણ ભાગમાં પ્રકાશિત થયેલ છે.

**પ્રસ્તુત સંસ્કરણ :**

વિ.સં. ૧૯૯૯માં મુંદ્રા (કચ્છ)થી અષ્ટકોટિ બૃહદ્પક્ષીય સંઘ ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મ. દ્વારા આ.અભયદેવસૂરિ કૃત વૃત્તિના ગુજરાતી અનુવાદ સાથે સ્થાનાંગસૂત્ર પ્રગટ થયેલ. પ્રસ્તુત સંસ્કરણ આ સંસ્કરણનું સંવર્ધિત પરિમાર્જિત સંસ્કરણ છે. મુનિશ્રી જયાનંદવિજય મ.સા.એ ગ્રંથ ઉપયોગી અને શુદ્ધ બને તે માટે ઘણી કાળજી લીધી છે. પ્રસ્તુત પ્રકાશનમાં ક્યાંક મૂંઝવણ થઈ ત્યાં પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિ મ.સા., પૂ.આ.ભ.શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ.સા., મુનિશ્રી યશોવિજયજી મ.સા., મુનિશ્રી જંબુવિજયજી મ. પાસેથી ખુલાસાઓ મળ્યા છે. અધિકારી વિદ્વાનો આ ગ્રંથનું અધ્યયન કરી આત્મકલ્યાણને વરે.

જૈન ઉપાશ્રય
મુ. બેણપ
શ્રાવણ સુ. ૩, ૨૦૬૨

પૂ.આ.ભ.શ્રી ભદ્રસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્યરત્ન મુનિશ્રી જિનચન્દ્રવિજય મ.સા.ના
વિનેય આ. મુનિચન્દ્રસૂરિ

## બે શબ્દો

સ્થાનકવાસી આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના ઉપા. શ્રી દેવચંદ્રજી કૃત ગુજરાતી અનુવાદ પાલીતાણા નાગોરી પરિવાર દ્વારા કારિત ચાતુર્માસ દરમ્યાન મહારાષ્ટ્ર જ્ઞાનભંડારમાં જોવામાં આવ્યો. ટીકાનો અનુવાદ હોવાથી જોવાની જિજ્ઞાસા જાગી અને એ અનુવાદ વાંચ્યો. અને વિચાર થયો કે આને પાછો છપાવવો જોઈએ. આ.શ્રી મુનિચંદ્રસૂરિજીની સલાહ લીધી. એમણે ટીકાના અનુવાદમાં કાંઈ અજુગતું ન હોય તો છપાવવામાં વાંધો નથી. એમ જવાબ આપ્યો.

આ અનુવાદમાં કેટલાંક ટીકાના શ્લોકો નહોતા તેથી વિદ્વાન મુનિરાજશ્રી જંબુવિજયજી મ. દ્વારા સંપાદિત ત્રણ ભાગ મંગાવ્યા અને એમાંથી શ્લોકો અને એ શ્લોકો ક્યાં ક્યાંના છે તે મુનિરાજશ્રીએ પોતાના એ ત્રણે ભાગોમાં સંદર્ભ આપેલા હતાં તે સંદર્ભો અને જ્યાં એ સંદર્ભોના ભાષાંતર નહોતા ત્યાં તે તે સૂત્રોમાંથી ભાષાંતરનું મેટર લઈને અને ક્યાંક ભાષાંતર કરીને એ શ્લોકોનું ભાષાંતર પણ આપેલ છે.

સંસ્કૃતમાં વાંચન કરવા સમયે શંકા પડે તો જોવા માટે સરળ પડે અને સંસ્કૃત ન ભણી શક્યા એવા જ્ઞાનપિપાસુ સાધુ–સાધ્વી ભાષાંતર વાંચીને પણ આગમ જ્ઞાનને પામી શકે એ ભાવથી આ ગ્રંથ પ્રકાશિત કરેલ છે.

આ ગ્રંથમાં શું છે? તે તો આ.શ્રી મુનિચંદ્રસૂરિજીએ 'આવકાર'માં અને આ.શ્રી દેવેન્દ્રમુનિશાસ્ત્રીની પ્રસ્તાવનામાં વિવેચન કરેલ છે. આ પ્રસ્તાવના ભાગ બીજામાં આપેલ છે.

મને સ્થાનાઙ્ગના સંપાદનમાં જ્યાં જ્યાં શંકા પડી ત્યાં આ.શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી અને પૂર્વોક્ત આચાર્યાદિ મુનિ ભગવંતોની પાસે ખુલાસા મેળવ્યા છે.

વર્તમાનની સાધુ સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓના વિષયમાં ક્યાંક ઉલ્લેખ કરેલ છે. ઉપા.શ્રી દેવચંદ્રજીના અનુવાદમાં ક્યાંય સુધારો કરવો નથી પડ્યો. ઉમેરો શ્લોકોનો અને એના ભાષાંતરનો કર્યો છે. પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મ. લિખિત 'ઑલ્ડ ઈજ ગોલ્ડ' નામથી એક લેખ ભાગ–૨ના પરિશિષ્ટમાં સાભાર આપેલ છે.

આ પ્રકાશનમાં દૃષ્ટિદોષથી મંદમતિથી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

– જયાનંદ

**સં. ૨૦૬૩, જ્ઞાનપાંચમ**
**ગુડાબાલોતાન્**

॥ ॐ श्रीपार्श्वः ॥

॥ वंदेऽहम् श्रीजिनेश्वरम्॥

श्रीमद् आर्यसुधर्म्मस्वामिविरचितम्

# श्रीस्थानाङ्गसूत्रम्

## मूल अने श्री अभयदेवसूरिविरचित टीकाना अनुवाद सहित

### टीकाकारकृत मंगलाचरण

**श्री वीरं जिननाथं नत्वा, स्थानाङ्गकतिपयपदानाम् । प्रायोऽन्यशास्त्रदृष्टं, करोम्यहं विवरणं किञ्चित् ॥**

સામાન્ય કેવલીઓના સ્વામી શ્રી મહાવીરપ્રભુને નમસ્કાર કરીને સ્થાનાંગ (ઠાણાંગ) સૂત્રના કેટલાએક પદોનું, પ્રાયઃ અન્ય શાસ્ત્રો વડે જેમ જોવાએલું છે તેમ (અન્ય શાસ્ત્રો જોઈને), હું કંઈક વિવરણ–વિવેચન કરું છું.

### શાસ્ત્ર પ્રસ્તાવના

અહીં મહાન્ રાજાની જેમ ઉત્કૃષ્ટ આત્મિક શક્તિ વડે દબાવ્યા છે પરાક્રમવાલા રાગાદિ શત્રુઓ જેણે, આજ્ઞાનું પાલન કરવામાં ચતુર એવા સેંકડો રાજાઓ વડે હંમેશાં સેવાયેલ છે ચરણકમલ જેના, સમસ્ત પદાર્થના સમૂહને પ્રત્યક્ષ કરવામાં દક્ષ એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી શ્રેષ્ઠ ઉપયોગ વડે જાણ્યો છે સર્વ વિષયગ્રામ (સમૂહ)નો સ્વભાવ જેણે, સમસ્ત ત્રણ ભુવનમાં અતિશયવાળું છે સામ્રાજ્ય જેનું, તથા સંપૂર્ણ ન્યાયપ્રવર્ત્તક, ઇક્ષ્વાકુ કુલની વૃદ્ધિ કરનાર, પ્રસિદ્ધ એવા સિદ્ધાર્થ રાજાના પુત્ર, શ્રમણ ભગવાન **શ્રીમાન્ મહાવીર-વર્દ્ધમાનસ્વામી**ના અતિશય ગંભીર અને મહાન્ અર્થ છે જેને વિષે એવા (ત્રિપદીરૂપી) ઉપદેશથી કુશલ બુદ્ધયાદિ ગુણના સમૂહરૂપી માણિક્યની રોહણાચલ ભૂમિ સમાન, નિયુક્ત થયેલ ભંડારીની માફક **શ્રી ગણધરમહારાજા** વડે પૂર્વકાલમાં ચાર તીર્થ (સંઘ)માં શ્રેષ્ઠ શ્રી શ્રમણસંઘના અને તેના સંતાનો (શિષ્યો)ના ઉપકારને માટે રચાયેલ તથા અનેક પ્રકારના અર્થરૂપી શ્રેષ્ઠ રત્નો છે જેમાં, વલી દેવતા અધિષ્ઠિત એવા (મહાનિધાન સમાન **ઠાણાંગ સૂત્રનો**) જ્ઞાન અને ક્રિયામાં બલવાન છતાં ય કોઈપણ (પૂર્વ) પુરુષ વડે કંઈ પણ કારણવશાત્ અપ્રકાશિત (વ્યાખ્યા ન કરાયેલ) અને એ જ કારણથી કેટલાક ભવભીરુના (કદાચ અર્થનો અનર્થ થાય એવા ભયથી) વિચારમાં (વ્યાખ્યા કરવાનું) નહિં આવેલ એવા મોટા ખજાનારૂપી આ ઠાણાંગસૂત્રનો (અનુયોગ અમારા વડે કરાય છે) જો કે તેવા પ્રકારના જ્ઞાનાદિ બલ રહિત છતાં પણ કેવલ ધૃષ્ટતામાં પ્રધાન એવા અને સ્વ–પરના ઉપકારને માટે અર્થની રચનાના અભિલાષાવાળા હોવાથી જ નથી વિચારેલ પોતાની યોગ્યતા જેણે તેમજ જુગાર આદિ વ્યસનોમાં જોડાયેલાની જેમ (એવા અમારા વડે) કુશલ એવા પ્રાચીન પુરુષોના પ્રયોગને અનુસરી, તેમ જ કંઇક પોતાની મતિ વડે વિચારીને તેમજ તથારૂપી **વર્તમાનકાલીન ગીતાર્થ પુરુષો પાસેથી તેના ઉપાયોને સારી રીતે પૂછીને વિકાસની જેવો અનુયોગ પ્રારંભ કરાય છે.**

તે અનુયોગની ફલાદિ દ્વારના નિરૂપણ કરવાથી પ્રવૃત્તિ થાય છે. यत् उक्तम्—

[1]**तस्स फलं-जोगं-मंगल-समुदायत्था तहेव दाराइं । तब्भेयं-निरुत्ति-क्कम-पयोयणाइं च वच्चाइं ॥१॥**

[विशेषावश्यक० २ त्ति]

**१. ફલ** *: અર્થ—શાસ્ત્રના વિષયમાં બુદ્ધિમાન્ મનુષ્યોની પ્રવૃત્તિ માટે ફલ અવશ્ય કહેવું જોઈએ, અન્યથા આ ગ્રંથનું કંઈ*

1 વિશેષાવશ્યક (ભાષ્ય)ની ટીકામાં પ્રયોજન દ્વાર જુદું કહ્યું છે.

*પ્રયોજન (ફલ) નથી એવી આશંકા કરનારા શ્રોતાઓ કંટકશાખા (બાવલ)ના મર્દનની જેમ પ્રવૃત્તિ ન કરે. વળી તે ફલ બે પ્રકારનું છે.—૧ અનંતર અને ૨ પરંપર. તે બેમાં અર્થનું જાણવું તે અનંતર ફલ છે, અને અર્થના જાણવાપૂર્વક અનુષ્ઠાનથી જે મોક્ષની પ્રાપ્તિ થાય તે પરંપર ફલ કહેવાય છે. (૧)*

**૨. યોગ-સંબંધ** :- *તથા યોગ એટલે સંબંધ, તે જો ઉપાય ઉપેયરૂપ લઈએ તો અનુયોગ એ ઉપાય અને [1]અર્થાવગમાદિ ઉપેય, તો તે સંબંધ પ્રયોજનના કથનથી જ કહેવાયો છે, તેથી 'અવસર લક્ષણ' અનુયોગનો સંબંધ કહેવા યોગ્ય છે અર્થાત્ આ અનુયોગના દાનમાં (દેવામાં) કોણ સંબંધ એટલે અવસર છે? અથવા અનુયોગના દેવામાં કોણ લાયક છે? તેમાં અનુયોગના દાનમાં ભવ્ય, મોક્ષમાર્ગની અભિલાષાવાળો, ગુરુનાં ઉપદેશમાં નિશ્ચલ-સ્થિર અને આઠ વર્ષ જેને દીક્ષા લીધે થયા હોય એવા જે પ્રાણી (સાધુ) હોય તેને જ સૂત્રથી (મૂલપાઠથી) પણ આપવા યોગ્ય છે-એ આ અવસર છે અને યોગ્ય પણ તે જ છે. यत उक्तम्—*

**तिवरसपरियागस्स उ, आयारपकप्पनाममज्झयणं । चउवरिसस्स य सम्मं, सूयगडं नाम अंगं ति ।।२।।**

**दस-कप्प-व्ववहारा, संवच्छरपणगदिक्खियस्सेव । ठाणं समवाओऽवि य, अंगे ते अट्ठ वासस्स ।।३।।**

**[पञ्चवस्तु० ५८२-५८३ त्ति]**

**અર્થ** : *ત્રણ વર્ષના પર્યાયવાળાને તો આચાર પ્રકલ્પ નામનું અધ્યયન અર્થાત્ નિશીથસૂત્ર, અને ચાર વર્ષના પર્યાયવાળાને સારી રીતે સૂયગડાંગ નામે સૂત્ર, (૨) પાંચ વર્ષની દીક્ષાવાળાને જ દશાશ્રુતસ્કંધ, બૃહદ્કલ્પ અને વ્યવહારસૂત્ર, તેમજ આઠ વર્ષની દીક્ષાવાળાને ઠાણાંગ તથા સમવાયાંગ સૂત્રની વાચના આપવા યોગ્ય છે. (૩)*

*અન્યથા બીજી રીતે આ સૂત્રનો અનુયોગ દેવામાં આજ્ઞાભંગ આદિ દોષ થવા પામે છે.*

**૩. મંગલ** :- *તથા આ અનુયોગ (સૂત્ર) શ્રેયભૂત હોવાથી વિઘ્ન થવાનો સંભવ છતે વિઘ્ન વડે હણાયેલ છે શક્તિ જેઓની એવા શિષ્યો, એમાં પ્રવૃત્તિ ન કરી શકે તે હેતુથી વિઘ્નની શાંતિ માટે મંગલ કરવું ઉચિત છે. उक्तं च—*

**बहुविघाइं सेयाइं, तेण कयमंगलोवयारेहिं । घेत्तव्वो सो सुमहानिहि व्व जह वा महाविज्जा ।।४।।**

**[विशेषावश्यक० १२ इति]**

*શુભ કાર્યો ઘણા વિઘ્નોવાળા હોય છે, તે કારણથી મંગલોપચાર કરીને તે ઉત્તમ રત્ન-નિધાન અથવા મહાવિદ્યાની પેઠે ગ્રહણ કરવા યોગ્ય છે. (૪)*

વળી મંગલ ક્રમશઃ શાસ્ત્રની શરૂઆતમાં, મધ્યમાં અને અંતમાં શાસ્ત્રાર્થની વિઘ્નરહિત સમાપ્તિ માટે, તેની જ સ્થિરતા માટે અને તેની જ અવિચ્છિન્ન પરંપરા માટે (આદિ, મધ્ય અને અંત્ય મંગલ) કરવું જોઈએ. तदुक्तं—आदि मंगल—

**तं मंगलमाईए, मज्झे पज्जंतए य सत्थस्स । पढमं सत्थत्थाविग्घपारगमणाय निद्दिट्ठं ।।५।।**

**तस्सेव य थेज्जत्थं, मज्झिमयं अंतिमं पि तस्सेव । अव्वोच्छित्तिनिमित्तं, सिस्स-पसिस्साइवंसस्स ।।६।।**

**[विशेषावश्यक० १३-१४ त्ति]**

**અર્થ** : *શાસ્ત્રની આદિમાં, મધ્યમાં અને પર્યંતમાં મંગલ કરાય છે. શાસ્ત્રાર્થની વિઘ્નરહિત સમાપ્તિ માટે પ્રથમ મંગલનું નિર્દેશ કરાય છે. તેની જ સ્થિરતા માટે મધ્યમ મંગલનું અને શિષ્ય-પ્રશિષ્ય આદિ વંશની અવિચ્છિન્ન પરંપરા માટે તેનું જ અંતિમ મંગલ કરાય છે. (૫-૬)*

*તેથી જ તેમાં આદિ મંગલ-'सुयं मे आउसं! तेणं भगवया' ઇત્યાદિ સૂત્ર છે અથવા આયુષ્મતા ભગવતા (આયુષ્માન્ ભગવાન વડે) આ શબ્દ, ભગવાનનું બહુમાન ગર્ભમાં હોવાથી મંગલરૂપ છે. અર્થાત્ નંદી અને ભગવત્ બહુમાનને*

1. અર્થનો બોધ

વિષે મંગલપણું છે. *मंग्यते* એટલે જેના વડે વાંછિત પ્રાપ્ત કરાય તે. અહિં મંગલ શબ્દનો અર્થ ઘટમાન હોવાથી આદિ મંગલ જાણવું.

**મધ્યમંગલ**—પાંચમા અધ્યયનનું પહેલું સૂત્ર—'पंच महव्वए' [સૂ० ૩૮૯] ઇત્યાદિ–ક્ષાયિકાદિ ભાવપણાને લઈને મહાવ્રતોનું મંગલપણું હોવાથી, ક્ષાયિકાદિ ભાવ મંગલરૂપ છે. यदुक्तं–'नोआगमओ भावो सुविसुद्धो खाइयाईओ' [विशेषाव० ४१ त्ति]— નોઆગમથી ક્ષાયિકાદિ સુવિશુદ્ધ ભાવ મંગલરૂપ છે, અથવા છઠ્ઠા અધ્યયનનું આદિ સૂત્ર 'छहिं ठाणेहिं संपन्ने अणगारे अरहई गणं धरित्तए' [સૂ० ૪૭૫] ઇત્યાદિ વચનથી અણગારનો પંચપરમેષ્ઠિમાં સમાવેશ કરવા વડે.મંગલપણું હોવાથી અથવા સૂત્રમાં કહેલ ગણધરસ્થાનોને ક્ષાયોપશમિકાદિ ભાવ વિશિષ્ટપણાએ મંગલરૂપ હોવાથી આ મધ્ય મંગલ જાણવું.

**અંત્યમંગલ**—છેલ્લું મંગલ તો દશમા અધ્યયનનું અંત્ય સૂત્ર—'दसगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ते' [સૂ०૭૮૩] અહિં અનંત શબ્દ, 'વૃદ્ધિ' શબ્દની જેમ મંગલરૂપ હોવાથી અંત્ય મંગલ જાણવું. અથવા સર્વ શાસ્ત્ર જ નિર્જરાના કારણભૂત હોવાથી તપની જેમ મંગલરૂપ છે. મંગલરૂપ શાસ્ત્રનું પણ જે મંગલનું કથન કરેલ છે તે શિષ્યોની બુદ્ધિમાં મંગલત્વનું ગ્રહણ કરવા માટે છે. મંગલપણે ગ્રહણ કરેલું શાસ્ત્ર મંગલ હોય–જેમ સાધુ (**સાધુ મંગલરૂપ છે તથાપિ મંગલની બુદ્ધિએ ગ્રહણ કરવાથી મંગલરૂપ થાય છે**). અહિં એટલું કથન બસ છે. જેમ શાસ્ત્રોનું મંગલાદિ નિરૂપણ કરેલ છે તેમ તેના અનુયોગનું પણ જાણવું, કારણ શાસ્ત્રનું અને અનુયોગનું કથંચિત્ અભેદપણું હોય છે.

**૪. સમુદાયાર્થ** :- ફલ (પ્રયોજન), યોગ અને મંગલ એ ત્રણ દ્વારોનું કથન કર્યા પછી હવે સમુદાયાર્થનો વિચાર કરાય છે. ત્યાં સ્થાનાંગ એ શાસ્ત્રનું નામ છે. યથાર્થાદિ ભેદથી નામ ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે—૧ યથાર્થ, ૨ અયથાર્થ, ૩ અર્થશૂન્ય. તેમાં યથાર્થ નામ તે પ્રદીપ, ઘટ વિગેરે, અયથાર્થ નામ તે પલાશ (ખાખરો) વગેરે અને અર્થશૂન્ય તે વ્યુત્પત્તિ અર્થ રહિત ડિત્થાદિ. તે ત્રણમાં જ સમુદાયાર્થની પરિસમાપ્તિ હોવાથી શાસ્ત્ર નામ યથાર્થ છે. જે કારણથી એમ જ છે તે જ કારણથી તેનું નિરૂપણ કરાય છે. 'સ્થાન' અને 'અંગ' એ બે પદ નિક્ષેપ કરવા યોગ્ય છે. તેમાં સ્થાન શબ્દ નામ, સ્થાપનાદિ ભેદથી પંદર પ્રકારનું કહ્યું છે.

**नामं ठवणा दविए-खेत्तेऽद्धा उड्ढ उवरती वसही । संजम-पग्गह-जोहे, अचले-गणण-संधणा-भावे ॥७॥**

**[[1]आचाराङ्ग नि० १८४ त्ति]**

૧. તેમાં સ્થાન એવું જે નામ તે નામસ્થાન, જે સચેતન અથવા અચેતન વસ્તુનું સ્થાન એવું નામ કરાય છે, તે વસ્તુના નામ વડે સ્થાન એટલે નામસ્થાન કહેવાય છે. ૨. તેમજ સ્થપાય છે તે સ્થાપના[2] અક્ષાદિ, તે સ્થાનના આશય વડે જે સ્થપાયેલ તે સ્થાન કહેવાય છે. તેથી સ્થાપના એ જ સ્થાન તે સ્થાપના સ્થાન. ૩. દ્રવ્ય—સચિત્ત, અચિત્ત અને મિશ્ર ભેદરૂપ છે. તે ગુણપર્યાયનો આશ્રય હોવાથી સ્થાન તે દ્રવ્ય સ્થાન. તે કારણથી કર્મધારય છે. ૪. ક્ષેત્ર–આકાશ, દ્રવ્યોનો આશ્રય હોવાથી ક્ષેત્ર એવું જે સ્થાન તે ક્ષેત્રસ્થાન. ૫. અદ્ધા—કાલ તે જ સ્થાન, તે બે પ્રકારનો છે. (૧) ભવસ્થિતિ[3] તે ભાવકાલ અને (૨) કાયસ્થિતિ[4] તે કાયકાલ, સ્થિતિ એ જ સ્થાન. ૬. ઊર્ધ્વપણાએ જે પુરુષનું સ્થાન તે ઊર્ધ્વસ્થાન—કાયોત્સર્ગ. અહિં સ્થાન શબ્દ ક્રિયાવચન છે એવી રીતે ઊર્ધ્વ શબ્દના ઉપલક્ષણથી બેસવું, સૂવું વગેરે

1. સૂત્રકૃતાંગ નિ. ૧૬૭, દશાશ્રુત નિ. ૧૦, ઉત્તરાધ્યયન નિ. ૩૮૪-૫૨૨
2. ચંદનક (એક શંખની જાત) વગેરે જે સ્થાપનાચાર્ય તરીકે સ્થપાય છે.
3. ભવસ્થિતિ તે મનુષ્યાદિ ભવના આયુષ્યની સ્થિતિ સુધી રહેવું તે.
4. મનુષ્યાદિના શરીરમાંથી મરીને પુનઃ તે જ કાયમાં ઉત્પન્ન થવું તે કાયસ્થિતિ. જેમ મનુષ્યની કાયસ્થિતિ ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ ને ક્રોડપૂર્વ પૃથક્ત્વ હોય છે.

પણ સ્થાન જાણવું. ૭. ઉપરતિ—વિરતિ, વિવિધ ગુણોનો આશ્રય હોવાથી વિરતિ જ સ્થાન છે અથવા અહિં સ્થાન શબ્દ વિશેષાર્થમાં છે. તેથી વિરતિમાં જે વિશેષ તે વિરતિસ્થાન તે દેશવિરતિ અને સર્વવિરતિરૂપ છે તેમ. ૮. વસતિ-સ્થાન કહેવાય છે. જેમાં સ્થિર થવાય છે તે સ્થાન. ૯. સંયમનું સ્થાન તે સંયમસ્થાન. અહિં સ્થાન શબ્દ ભેદ અર્થવાળો છે. સંયમ-શુદ્ધિની વૃદ્ધિ અને હાનિથી થયેલ વિશેષભેદરૂપ (અસંખ્યાત) સંયમસ્થાન. ૧૦. પ્રગહ—આદેયવચન હોવાથી જેનું વચન માન્ય થાય તે નાયક. તે બે પ્રકારના છે—(૧) લૌકિક અને (૨) લોકોત્તર. તેમાં લૌકિક રાજા, યુવરાજ, મહત્તર (શ્રેષ્ઠ પુરુષ), પ્રધાન અને કુમારરૂપ છે અને લોકોત્તર આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગણાવચ્છેદકરૂપ છે. તેનું જે સ્થાન તે પ્રગહસ્થાન. ૧૧. યોદ્ધાઓનું સ્થાન—(૧) આલીઢ, (૨) પ્રત્યાલીઢ, (૩) વૈશાખ, (૪) મંડલ અને (૫) સમપાદરૂપ શરીરનું વિશેષ ન્યાસરૂપ યોદ્ધાસ્થાન. ૧૨. અચલત્વ લક્ષણવાળો જે ધર્મ તે સાદિ સપર્યવસિત (અંત સહિત) ઇત્યાદિ ચતુર્ભંગરૂપ છે, તેનું જે સ્થાન તે અચલતા સ્થાન. ૧૩. ગણના-એક બેથી લઇને શીર્ષપ્રહેલિકા પર્યંત જે ગણિત તે ગણના સ્થાન. ૧૪. સંધાન—દ્રવ્યથી કટકા કરાયેલ કાંચળી વગેરેનું જે જોડાણ તે છિન્નદ્રવ્યસંધાન અને રુની પુંણીથી ઉત્પદ્યમાન તંતુ (તાંતણા) આદિનું જોડાણ તે અચ્છિન્નદ્રવ્યસંધાન. ભાવથી તો (૧) પ્રશસ્તચ્છિન્નભાવસંધાન—તે અપ્રશસ્તભાવમાં જઇને ફરીથી પ્રશસ્તભાવનું જે જોડાણ (પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ) તે અને (૨) અપ્રશસ્તચ્છિન્નભાવસંધાન—તે ઔદયિક ભાવથી ચડીને ઔપશમિકાદિ ભાવમાં આવીને પુનઃ ઔદયિક ભાવમાં જવું તે. હવે (૩) અચ્છિન્નપ્રશસ્તભાવસંધાન—તે પ્રશસ્ત ભાવમાં ક્ષપકાદિની માફક (ભરત મહારાજાની જેમ) આગળ (ઉપર) ચડતા જવું. (૪) અચ્છિન્નઅપ્રશસ્તભાવસંધાન—અપ્રશસ્તભાવમાં નીચે છેક ઊતરતાં જવું તે. ઉપશમશ્રેણિથી પડતાં મિથ્યાત્વ પર્યંત જનારા વગેરે તે (ઉપરોક્ત[1]) પ્રશસ્તાદિ ભાવનું જે સંધાન તે જ સ્થાન, વસ્તુનું એકત્રિતપણે જે અવસ્થાન તે સંધાન સ્થાન. ૧૫. ભાવસ્થાન—ઔદયિકાદિ ભાવોનું સ્થાન એટલે અવસ્થિતિ રહેવું તે ભાવસ્થાન. એવી રીતે અહિં સ્થાન શબ્દ અનેકાર્થ છે. પ્રસ્તુત વિષયમાં વસતિસ્થાન અને ગણનાસ્થાન વડે અધિકાર છે તે બતાવવામાં આવે છે. (૭)

હવે અંગ શબ્દનો નિક્ષેપ કહેવાય છે. તત્ર ગાથા—

**नामंगं ठवणंगं, दव्वंगं चेव होइ भावंगं । एसो खलु अंगस्सा, निक्खेवो चउव्विहो होइ ।।८।।**

[उत्तराध्ययन नि० १४४ त्ति]

તેમાં નામ અને સ્થાપના પ્રસિદ્ધ છે, મદ્ય ઔષધાદિ દ્રવ્યનું અંગ કારણ અથવા અવયવ તે દ્રવ્યાંગ, ક્ષયોપશમાદિ ભાવનું જે અંગ તે ભાવાંગ. અહિં ભાવાંગ વડે અધિકાર છે તે પણ આગળ દેખાડવામાં આવશે. (૮)

### સ્થાનાંગ શબ્દનો સમુદાયાર્થ

જેવી રીતે સ્થાનાંગ સૂત્રમાં વિષયનું કથન કરાયેલું છે તેવી રીતે એકત્વ આદિ વડે વિશેષણવાળા આત્માદિ પદાર્થો જેમાં રહે છે, બેસે છે અને નિવાસ કરે છે તે સ્થાન અથવા સ્થાન શબ્દ વડે અહિં એક આદિ સંખ્યાભેદ કહેલ છે. તે કારણથી આત્માદિ પદાર્થોને પ્રાપ્ત થયેલ એક થી દશ પર્યંત સ્થાનોનું વર્ણન હોવાથી સ્થાન. જેમ આચારનું વર્ણન હોવાથી આચાર સૂત્ર કહેવાય છે તેમ સ્થાન જાણવું. તે સ્થાન ક્ષાયોપશમિક ભાવરૂપ સિદ્ધાંત—પુરુષના અંગ (અવયવ)ની જેમ જે અંગ તે સ્થાનાંગ (ઠાણાંગ) એ સમુદાયાર્થ જાણવો.

**૫. દ્વારો :-** તેમાં દશ અધ્યયનો છે. દશ અધ્યયનોમાં પહેલું અધ્યયન તે સંખ્યામાં એક હોવાથી અને એક સંખ્યાયુક્ત આત્માદિ પદાર્થોનો પ્રતિપાદક હોવાથી એક સ્થાન છે. મહાન્ નગરના દ્વારોની જેમ તેના ચાર અનુયોગ દ્વારો હોય છે તે આ પ્રમાણે—(૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ, (૪) નય. તેમાં અનુયોજન તે અનુયોગ અર્થાત્ સૂત્રનો

1. પ્રશસ્તચ્છિન્નભાવસંધાનાદિ ચાર ભેદનું વર્ણન ટીકામાં સંક્ષિપ્ત હોવાથી આચારાંગની ટીકાથી સ્પષ્ટીકરણ કરેલ છે.

અર્થ સાથે-સંબંધ કરવો તે, અથવા અનુરૂપ યોગ્ય અથવા અનુકૂલ જે વ્યાપાર એટલે સૂત્રના અર્થ કથનરૂપ તે અનુયોગ.

(જેમ ઘટ શબ્દ વડે ઘડો અર્થ કહેવાય છે) आह च—

**अणुयोयणमणुओगो, सुयस्स नियएण जमभिधेएणं । वावारो वा जोगो, जो अणुरूवोऽणुकूलो वा ॥९॥**

**[विशेषावश्यक० १३८६ इति]**

**अहवा जमत्थओ, थोव-पच्छभावेहिं सुयमणुं तस्स । अभिधेये वावारो, जोगो तेणं व संबंधो ॥१०॥**

**[विशेषावश्यक० १३८७ त्ति]**

**अर्थ :** સૂત્રનું પોતાના અભિધેયની સાથેનું અનુયોજન અથવા જે અનુરૂપ અનુકૂલ યોગ્ય વ્યાપાર હોય તે અનુયોગ કહેવાય છે. ॥૯॥

અથવા અર્થની અપેક્ષાએ (અનંત અર્થ હોવાથી) સૂત્ર લઘુ (થોડુ છે) માટે અણુ કહેવાય છે અને તીર્થંકરોક્ત ત્રિપદીરૂપી અર્થ સાંભળીને પછી ગણધરો સૂત્ર રચે છે તેથી અનુ (એટલે પાછળ છે) એ બંને વિશેષણો યોગ શબ્દને આપેલ છે. અનુ શબ્દના વાચ્ય જે સૂત્ર તેનો વિષય સાથે સંબંધ તે અણુયોગ અથવા અનુયોગ કહેવાય છે. (૧૦) જિનશાસનરૂપી નગર તેના દરવાજાઓની જેમ દ્વારો—જ્યાંથી જઈ–આવી શકાય તે—એક સ્થાનક અધ્યયનરૂપી નગરના અર્થ જાણવાના ઉપાયરૂપી ઉપક્રમાદિ ચાર દ્વારો જાણવા. દરવાજા વગરનું નગર તે અનગર જ હોય છે. જો એક દરવાજો હોય, તો દુઃખે પ્રવેશ કરી શકાય અને કાર્યની હાનિ માટે તે થાય છે, પરંતુ ચાર દરવાજા હોય તો ગમે તે દરવાજો અનુકૂળ થાય અને કાર્યની સિદ્ધિ માટે થાય છે. એવી રીતે એક સ્થાનક અધ્યયનરૂપી નગર પણ અર્થાધિગમના ઉપાયરૂપી દ્વારો વડે રહિત હોય તો અર્થનું જાણવું અશક્ય થાય છે.

**६. तद्भेदद्वार :-** એક દ્વારવાળું શાસ્ત્ર પણ દુઃખે જાણી શકાય છે અને વિશેષ ભેદ સહિત ચાર દ્વારવાળું હોય તો અર્થ સુખે જાણી શકાય છે.

**७. निरुक्तिद्वार :-** આ કારણથી દ્વારનો ઉપન્યાસ ફળવાળો છે. તે ઉપક્રમાદિ દ્વારોના ક્રમશઃ બે, ત્રણ, બે અને બે ભેદ થાય છે. '*निरुक्तिस्तु*'—વ્યુત્પત્તિ તો આ પ્રમાણે છે—'*उपक्रमणं*' ઉપક્રમ એ (૧) ભાવ સાધન છે. શાસ્ત્રને ન્યાસ દેશ (જે સ્થાને લાવવું છે તે) સ્થાને નજીકમાં લાવવું. જે દ્વારા ગુરુના વચનયોગથી ઉપક્રમ કરાય છે તે (૨) કરણ સાધન, શિષ્યનો શ્રવણ ભાવ છતે જેમાં ઉપક્રમ કરાય છે તે (૩) અધિકરણ સાધન, આથી ઉપક્રમ કરાય છે અથવા વિનીત શિષ્યના વિનયથી ઉપક્રમ કરાય છે તે (૪) અપાદાન સાધન. એવી રીતે '*निक्षेपणं निक्षिप्यते वाऽनेनास्मिन्नस्मादिति वा निक्षेपोन्यासः*' નિક્ષેપણ તે નિક્ષેપ, જે વડે, જેમાં, અને જેનાથી નિક્ષેપ કરાયેલ છે તે નિક્ષેપના ન્યાસ અને સ્થાપના એ પર્યાયનામ છે. એમ જ *अनुगमनमनुगमः* ૧ ઇત્યાદિ જે વડે, જે છતે અને જેથી સૂત્રના ન્યાસને અનુકૂળ વ્યાખ્યા કરવી તે અનુગમ. એમ જ *नयनं नय* ઇત્યાદિ વસ્તુનું જાણવું તે નય, અથવા જે વડે જે છતે અને જેથી વસ્તુ જણાય તે નય, અનંત ધર્માત્મક વસ્તુના એક અંશનું જે જ્ઞાન તે નય કહેવાય છે. આ ઉપક્રમાદિ દ્વારોનો આવી રીતે ક્રમ કરવામાં શું પ્રયોજન છે? તે કહેવાય છે.

**८. क्रमद्वार :-** જે ઉપક્રમ રહિત છે તે સમીપભૂત નથી, જે સમીપભૂત નથી તેનો નિક્ષેપ નથી કરાતો, જે નામાદિ વડે નિક્ષેપ નથી કરાયેલ તે અર્થથી અનુગમ કરાતો નથી, જે અર્થથી નથી જાણેલ તે નયોથી વિચારાતું નથી. એવી રીતે એક જ ક્રમ છે. उक्तं च—

**दारक्कमोऽयमेव उ, निक्खिप्पइ जेण नासमीवत्थं । अणुगम्मइ नाऽणत्थं, नाऽणुगमो नयमयविहीणो ॥११॥**

**[विशेषावश्यक० ९१५ त्ति]**

દ્વારોનો આજ અનુક્રમ છે. કારણ કે જે સમીપ ન લેવાયું હોય તેનો નિક્ષેપ નથી કરાતો. નામાદિ નિક્ષેપ વિના અર્થથી અનુગમન થતું નથી. તેમજ નયમત સિવાય અનુગમ પણ થતો નથી. (૧૧)

એ પ્રમાણે તે ફલાદિક દ્વારો કહેવાયા, હવે અનુયોગદ્વારના ભેદ કથનપૂર્વક એ જ અધ્યયન વિચારાય છે. ત્યાં ઉપક્રમ બે પ્રકારનો છે. (૧) લૌકિક અને (૨) શાસ્ત્રીય. ત્યાં ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય, ૪ ક્ષેત્ર, ૫ કાલ અને ૬ ભાવ ભેદથી લૌકિક છ પ્રકારનો છે. તેમાં નામ અને સ્થાપના સુગમ છે. દ્રવ્યોપક્રમ બે પ્રકારનો છે : (૧) પરિકર્મ અને (૨) વિનાશઉપક્રમ. સચેતન, અચેતન અને મિશ્ર અથવા દ્વિપદ, ચતુષ્પદ અને અપદ (વૃક્ષાદિ) રૂપ જે દ્રવ્યનું ગુણાંતર ગુણવિશેષનું ઉત્પાદન તે પરિકર્મ, અને દ્રવ્યનો નાશ તે વિનાશ [જેમ ઘૃત, રસાયણ વગેરેના પ્રયોગથી મનુષ્ય બલવાન થવા પામે છે તે પરિકર્મ અને તલવાર વગેરેથી નાશ કરાય છે તે વિનાશ]. એમ જ ક્ષેત્ર—શાલિક્ષેત્રાદિનો હલ વગેરે ખેડવાથી પરિકર્મ અને હાથી વગેરે બાંધવાથી નાશ પામે છે તે વિનાશ, અજ્ઞાત સ્વરૂપ કાલને નાડિકાદિ શંકુની છાયા અથવા ઘટિકા વગેરેથી જાણવું તે પરિકર્મ અને [નક્ષત્રાદિની ગતિ વડે કાલ જે અનિષ્ટ ફલદાયક થાય છે તે કાલ વિનાશ એટલે વિપર્યાસ], ન જણાયેલ ગુરુ પ્રમુખના ચિત્તને ઇંગિત આકારાદિ વડે જાણવું તે ભાવ પરિકર્મ (ઉપક્રમ). શાસ્ત્ર સંબંધી ઉપક્રમો ૬ પ્રકારના છે, તે આ પ્રમાણે—(૧) આનુપૂર્વી; (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા, (૫) અર્થાધિકાર અને (૬) સમવતાર.

**૧. આનુપૂર્વી :-** બીજે[1] સ્થળે આનુપૂર્વી દશ પ્રકારે કહેલ છે, તેમાં ઉત્કીર્ત્તન અને ગણના આનુપૂર્વીમાં આ અધ્યયનનો સમવતાર થાય છે. ઉત્કીર્ત્તન તે એક સ્થાન અધ્યયન, દ્વિસ્થાન અધ્યયન અને ત્રિસ્થાન અધ્યયન ઇત્યાદિ ગણના, તે કેવલ સંખ્યા એક, બે, ત્રણ ઇત્યાદિ તે ગણના આનુપૂર્વી ત્રણ પ્રકારની છે—૧ પૂર્વાનુપૂર્વી, ૨ પશ્ચાનુપૂર્વી, ૩ અનાનુપૂર્વી. પૂર્વાનુપૂર્વી વડે વિદ્યમાન પ્રથમ અધ્યયન કહેવાય છે, પશ્ચાનુપૂર્વી વડે દશમું અધ્યયન અને અનાનુપૂર્વી વડે અનિયત છે.

**૨. નામકથન :-** તેમજ નામ દશ પ્રકારે છે. એક નામ, દ્વિ નામ ઇત્યાદિ દશ નામ પર્યંત. તેમાં છ નામમાં આ અધ્યયનનો અવતાર થાય છે. તેમાં પણ ક્ષાયોપશમિક–ભાવમાં સમગ્રશ્રુત ક્ષાયોપશમિક ભાવરૂપ હોવાથી કહ્યું છે કે—

**छव्विहनामे भावे, खओवसमिए सुयं समोयरति । जं सुयणाणावरणक्खओवसमजं तयं सव्वं ।।१२।।**

**[विशेषावश्यक० ९४५ त्ति]**

[અનુયોગદ્વાર સૂત્રમાં] છ પ્રકારના નામોમાં ઔદયિકાદિક છ ભાવો કહેલા છે. તેમાંનાં ક્ષાયોપશમિક ભાવમાં સર્વ શ્રુતનો સમવતાર થાય છે. કારણ? શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી સર્વ શ્રુત ઉત્પન્ન થાય છે. (૧૨)

**૩. પ્રમાણકથન :-** તથા દ્રવ્યાદિ ભેદથી પ્રમાણ ચાર પ્રકારે છે, તેમાં આ અધ્યયન, ક્ષાયોપશમિક ભાવરૂપ હોવાથી, ભાવ પ્રમાણમાં અવતરે છે. यत आह—

**दव्वादिचउब्भेयं, पमीयते जेण तं पमाणं ति । इणमज्झयणं भावो त्ति, भावमाणे समोयरति ।।१३।।**

**[विशेषावश्यक० ९४६ त्ति]**

જેના વડે જે વસ્તુ જણાય તે પ્રમાણ. તે પ્રમાણ દ્રવ્યાદિ ચાર પ્રકારે છે. આ અધ્યયન ભાવરૂપ હોવાથી ભાવ પ્રમાણમાં સમવતરે છે. (૧૩)

ભાવ પ્રમાણ ગુણ, નય અને સંખ્યાના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં આ અધ્યયનનો ગુણ પ્રમાણ અને સંખ્યા પ્રમાણમાં જ સમવતાર થાય છે; વર્તમાનમાં તો નયપ્રમાણમાં અવતાર કરાતો નથી. यदाह—

---

1. મહાભાષ્યની ટીકામાં દશ પ્રકારનો કહેલ છે તે આ પ્રમાણે—૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય, ૪ ક્ષેત્ર, ૫ કાલ, ૬ ગણના, ૭ ઉત્કીર્ત્તન, ૮ સંસ્થાન, ૯ સમાચારી અને ૧૦ ભાવાનુપૂર્વી.

**मूढनइयं सुयं, कालियं तु न नया समोयरंति इहं । अपुहुत्ते समोयारो, नत्थि पुहुत्ते समोयारो ॥१४॥**

**[आवश्यक नि० ७६२, विशेषावश्यक० २२७९ त्ति]**

*મૂઢ છે નૈગમાદિ સાત નયો જેમાં એવા કાલિકશ્રુતમાં નયો સમવતાર પામતા નથી. જ્યાં સુધી ચારે અનુયોગો એકીભાવ-ભેગા હતા ત્યાં સુધી નયોનો સમવતાર થતો હતો, પણ જ્યારથી [1]પૃથગ્‌ભાવ થયો—અનુયોગો જુદા જુદા થયા ત્યારથી અનુયોગમાં નયોનો સમવતાર થતો નથી. (૧૪)*

*ગુણપ્રમાણ બે પ્રકારે છે : ૧ જીવગુણપ્રમાણ અને ૨ અજીવગુણપ્રમાણ. તેમાં જીવનો ઉપયોગરૂપ ગુણ હોવાથી આ અધ્યયનનો જીવગુણપ્રમાણમાં અવતાર થાય છે. તેમાં પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ભેદથી ત્રણ પ્રમાણ છતે આનો જ્ઞાન પ્રમાણમાં અવતાર થાય છે. જ્ઞાનપ્રમાણમાં પણ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને આગમપ્રમાણરૂપ જ્ઞાન પ્રમાણ છે. તે પ્રસ્તુત અધ્યયન આપ્તપુરુષના ઉપદેશરૂપ હોવાથી તેનો આગમ પ્રમાણમાં અવતાર થાય છે. આગમપ્રમાણમાં પણ લૌકિક અને લોકોત્તરરૂપ બે ભેદમાં પરમ ગુરુએ રચિત હોવાથી સૂત્ર, અર્થ અને ઉભયાત્મક ત્રણ પ્રકારરૂપ લોકોત્તર આગમમાં આનો સમવતાર થાય છે. तथा चाह—*

**जीवाणण्णत्तणओ, जीवगुणे बोहभावओ णाणे । लोगुत्तरसुत्तत्थोभयागमे तस्स भावाओ ॥१५॥**

**[विशेषावश्यक० ९४७ त्ति]**

*જીવથી અનન્ય હોવાને લીધે જીવગુણમાં, બોધ સ્વરૂપમાં હોવાથી જ્ઞાનમાં અને લોકોત્તર હોવાથી તથા સૂત્રાર્થોભયરૂપ હોવાથી, લોકોત્તર સૂત્રાર્થ ઉભયરૂપ આગમમાં ઉતરે છે. કેમકે તે તત્ સ્વરૂપ છે. ॥૧૫॥*

*લોકોત્તર આગમ પણ આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં અર્થથી તીર્થંકરો, ગણધરો અને તેમના શિષ્યોની અપેક્ષાએ અને સૂત્રથી ગણધરો, તેમના શિષ્યો અને શિષ્યોના શિષ્યોની અપેક્ષા કરીને ક્રમશઃ આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમને વિષે આ અધ્યયનનો અવતાર થાય છે. સંખ્યાપ્રમાણ અન્યત્ર (અનુયોગ દ્વારમાં) વિસ્તૃત કહેલ[2] છે તેમાં આ અધ્યયનનો પરિમાણ (સાતમી) સંખ્યામાં અવતાર થાય છે. તેમાં પણ કાલિકશ્રુત અને દૃષ્ટિવાદશ્રુત પરિમાણરૂપ બે પ્રકારમાં, એ કાલિકશ્રુત હોવાથી કાલિકશ્રુત પરિમાણ સંખ્યામાં અને તેમાં પણ શબ્દની અપેક્ષાએ સંખ્યાત અક્ષર, પદાદિ સ્વરૂપ વડે સંખ્યાત પરિમાણમાં અવતરે છે તથા પર્યાયની અપેક્ષાએ આગમ અનંતાગમ પર્યાયરૂપ હોવાથી અનંતપરિમાણાત્મક સંખ્યામાં અવતરે છે. તેમજ કહ્યું છે કે—'अणंता गमा अणंता पज्जवा' [समवायाङ्गे १३७] ઇત્યાદિ.*

*૪. વક્તવ્યતા :- વક્તવ્યતા ૧ સ્વસમય, ૨ પરસમય અને ૩ સ્વપરસમયના ભેદથી ત્રણ પ્રકારની છે. તેમાં આ અધ્યયન સ્વસમય વક્તવ્યતામાં જ અવતરે છે. કારણ? સર્વ અધ્યયનો સ્વસમયરૂપ હોવાથી. ભાષ્યકારે કહ્યું છે કે—*

**परसमओ उभयं वा, सम्मद्दिट्ठिस्स समओ जेण । ता सव्वज्झयणाइं, ससमयवत्तव्वनिययाइं ॥१६॥**

**[विशेषावश्यक० ९५३ त्ति]**

*પરસમય અને ઉભય (સ્વપર) સમય, તે સમ્યગ્દૃષ્ટિને સ્વસમય જ છે, કારણ કે તે સમ્યગ્દૃષ્ટિ તેનો યથાર્થ વિષય-વિભાગ કરે છે. જો કે કેટલાએક અધ્યયનોમાં પરસમય અને ઉભયસમયની વક્તવ્યતા સંભળાય છે, તો પણ સમ્યગ્દૃષ્ટિએ ગ્રહણ કરેલ હોવાથી સર્વ અધ્યયનો સ્વસમય વક્તવ્યતામાં નિયત છે. (૧૬)*

---

1. આર્ય વૈર (વજસ્વામિ) પર્યંત કાલિકશ્રુતનો અનુયોગ જુદો ન હતો ત્યારે નયોનો સમવતાર થતો હતો. ત્યારબાદ આર્યરક્ષિતસૂરિ વડે કાલિકશ્રુત અને દૃષ્ટિવાદમાં અનુયોગ જુદા થયા. પહેલાં એક અનુયોગમાં ચારે અનુયોગની વ્યાખ્યા થતી હતી, પછી ઉપયોગથી ભાવીભાવને જાણી આર્યરક્ષિતસૂરિજીએ અનુયોગ જુદા જુદા કર્યા. એનું વિશેષ વર્ણન આવશ્યક ટીકાદિથી જાણવું.
2. ૧ નામ, ૨ સ્થાપના, ૩ દ્રવ્ય, ૪ ક્ષેત્ર, ૫ કાલ, ૬ ઉપમા, ૭ પરિમાણ અને ૮ ભાવ એ આઠ પ્રકારે સંખ્યાપ્રમાણ કહેલ છે.

*તથા અર્થાધિકાર વક્તવ્યતા વિશેષ જ છે, તે એકત્વ વિશિષ્ટ આત્માદિ પદાર્થના કથન લક્ષણરૂપ છે. પ્રત્યેક દ્વારમાં અંગીકૃત અધ્યયન સમવતાર લક્ષણરૂપ છે તે લાઘવ માટે આનુપૂર્વી આદિ દ્વારોમાં વર્ણન કરેલ હોવાથી પુનઃ અહિં કહેતા નથી. વળી પણ કહ્યું છે કે—*

**अहुणा य समोयारो, जेण समोयारियं पइद्दारं । एगज्झाणमणुगओ, सो लाघवओ ण पुण वच्चो ।।१७।।**
**[विशेषावश्यक० ९५६ त्ति]**

*હવે સમવતારનો અવસર છે. તે એક સ્થાનનો અવતાર લાઘવ માટે દરેક દ્વારે પહેલાંથી જ કહેલ છે. તેથી પુનઃ અહીં કહેતા નથી. (૧૭)*

*૧ ઓઘનિષ્પન્ન, ૨ નામનિષ્પન્ન, ૩ સૂત્રાલાપકનિષ્પન્ન ભેદથી ત્રણ પ્રકારે નિક્ષેપ કરાય છે. કહ્યું છે કે—*

**भण्णइ घेप्पइ य सुहं, निक्खेवपयाणुसारओ सत्थं । ओहो नामं सुत्तं, निखेयव्वं तओऽवस्सं ।।१८।।**
**[विशेषावश्यक० ९५७ त्ति]**

*નિક્ષેપ પદના અનુસારથી અધ્યયન વા ઉદ્દેશક સુખપૂર્વક ભણાય છે અને ગ્રહણ કરાય છે, તે કારણથી ૧ઓઘ, ૨ નામ અને ૩ સૂત્રાલાપકનિષ્પન્ન આ ત્રણે અવશ્ય નિક્ષેપ કરવા યોગ્ય છે. (૧૮)*

*તેમાં ઓઘનું સ્વરૂપ નીચે પ્રમાણે છે—*

**१. ओघ : ओहो जं सामन्नं, सुयाभिहाणं चउव्विहं तं च । अज्झयणं अज्झीणं, आओ झवणा य पत्तेयं ।।१९।।**
**नामादि चउब्भेयं, वण्णेऊणं सुयाणुसारेणं । एगज्झाणं जोज्जं, चउसुं पि कमेण भावेसु ।।२०।। (युग्मं)**
**[विशेषावश्यक० ९५८-९५९ त्ति]**

*શ્રુતનું જે સામાન્ય નામ તેને ઓઘ કહેવાય છે. તે ચાર પ્રકારે છે—૧ અધ્યયન, ૨ અક્ષીણ, ૩ આય અને ૪ ક્ષપણા. તે પ્રત્યેક અધ્યયનાદિનું શ્રુતાનુસારે નામાદિક ચાર પ્રકારે વર્ણન કરીને ક્રમશઃતેઓના ભાવ નિક્ષેપામાં એક સ્થાનની યોજના કરવી. (૧૯-૨૦)*

*ત્યાં અધ્યાત્મ મન તે શુભ મનને વિષે ગમન થવું અર્થાત્ જેથી આત્માનું ગમન થાય છે અને જેથી અધ્યાત્મ શબ્દવાચ્ય જે શુભ મન તેનું આત્માને વિષે લઈ આવવું થાય છે અથવા બોધ, સંયમ અને મોક્ષ એ ત્રણની જેથી અધિક પ્રાપ્તિ થાય છે તે અધ્યયન જાણવું. પ્રાકૃત[1] શૈલી વડે अज्झयण કહેવાય છે. ભાષ્યકારે આ સંબંધમાં કહ્યું છે કે—*

**जेण सुहज्झप्पयणं, अज्झप्पाणयणमहियमयणं वा । बोहस्स संजमस्स व, मोक्खस्स व तो तमज्झयणं ।।२१।।**
**[विशेषावश्यक० ९६० त्ति]**

*જે વડે શુભ અધ્યાત્મ થાય, અથવા પ્રાપ્ત કરાવે તે અધ્યયન અથવા બોધ-સંયમ અને મોક્ષ એ ત્રણને અધિકપણે પ્રાપ્ત કરાવે તે અધ્યયન. ॥૨૧॥*

*શ્રુત-ભણાય, વિશેષપણે સ્મરણ કરાય અને જણાય તે અધ્યયન છે. કહ્યું છે કે—*

**अज्झीणं दिज्जंतं, अव्वोच्छित्तिनयतो अलोगो व्व। आओ नाणाईणं, झवणा पावाण खवणं त्ति(कम्माणं) ।।२२।।**
**[विशेषावश्यक० ९६१ त्ति]**

*તથા નિરંતર આપવા છતાં પણ જે ક્ષીણ ન થાય (અથવા અવ્યુચ્છિત્તિનયથી અલોકની માફક કદી પણ ક્ષીણ ન થાય) તે અક્ષીણ, જ્ઞાનાદિકના લાભનો હેતુ હોવાથી આય, પાપકર્મોના નાશનો હેતુ હોવાથી ક્ષપણા કહેવાય છે. (૨૨)*

---

1. મૂલ अज्झप्पाणयणं શબ્દ છે પરંતુ પ્રાકૃત શૈલીથી प्पा અને णकारनो લોપ થવાથી अज्झयणं થાય છે.

નામ નિષ્પન્ન નિક્ષેપામાં તો આ અધ્યયનનું એક સ્થાનક એવું નામ છે તે માટે એક શબ્દ અને સ્થાન શબ્દનો નિક્ષેપ કહેવા યોગ્ય છે. તેમાં એક શબ્દ નામાદિ સાત પ્રકારનો છે. तदुक्तं—

२. नामं :- नामं[1] ठवणा[2] दविए[3], माउयपय[4] संगहेक्कए[5] चेव । पज्जव[6] भावे[7] य तहा, सत्तेते एक्कगा होंति ।।२३।।

[दशवैकालिक नि० ८,२१८; उत्तराध्ययन नि० १४१,३७८]

તેમાં ૧ જેનું 'એક' એવું નામ હોય તે નામ એક, ૨ પુસ્તકાદિને વિષે સ્થાપન કરેલ એકૈક અંક તે સ્થાપના એક, ૩ દ્રવ્ય એક તે [1]સચિત્ત, અચિત્ત અને મિશ્ર ભેદરૂપ ત્રણ પ્રકારે છે. ૪ માતૃકાપદ એક તો ૧ उप्पन्नेइ वा ૨ विगमेइ वा ૫ धुवेइ वा—એ માતાની માફક સકલ શાસ્ત્રના મૂલભૂત હોવાથી અવસ્થિત ત્રિપદમાંથી કોઈ પણ એક વિવક્ષિત પદ, અથવા અકારાદિ અક્ષરાત્મક માતૃકામાંથી કોઈ પણ અકારાદિ એક અક્ષર તે માતૃકાપદ એક, ૫ સંગ્રહ એક એટલે એક શબ્દના ઉચ્ચાર વડે પણ ઘણા અર્થનો સંગ્રહ કરાય છે. જેમ જાતિના પ્રાધાન્ય વડે વ્રીહિ અર્થાત્ વ્રીહિ શબ્દથી અનેક જાતના ચોખાનો સંગ્રહ થાય છે તે સંગ્રહ એક, ૬ પર્યાય એક–ઘટ દ્રવ્યના શિબિકાદિ એક પર્યાયરૂપ, ૭–ભાવ એક–ઔદયિકાદિ છ ભાવમાંથી કોઈપણ એક ભાવરૂપ. (૨૩)

અહિં ભાવ એક વડે અધિકાર છે જેથી ગણના લક્ષણ વિશિષ્ટ સ્થાન વિષય આ એક છે. વલી ગણના તે સંખ્યા, સંખ્યા તે ગુણ અને ગુણ તે ભાવ, સ્થાન શબ્દનો નિક્ષેપ તો પ્રથમ જ કહેલ છે તેમાં ગણના સ્થાન વડે અહિં અધિકાર છે; તેથી એક લક્ષણ જે સ્થાન સંખ્યાભેદરૂપ એક સ્થાન, અને એક સ્થાન વિશિષ્ટ જીવાદિ અર્થના પ્રતિપાદનમાં સમર્થરૂપી અધ્યયન પણ એક સ્થાન છે. ઓઘનિષ્પન્ન અને નામનિષ્પન્ન એ બંને નિક્ષેપ કહેવાયા.

૩. **સૂત્રાલાપક :-** હવે સૂત્રાલાપક નિક્ષેપ કહેવાનો સમય આવેલ છે તેનું સ્વરૂપ આ પ્રમાણે—श्रुतं मे आयुष्मन्! ઇત્યાદિ સૂત્રપદોનો નિક્ષેપ, નામાદિનું સ્થાપન તે કહેવાનો સમય પ્રાપ્ત છે પણ તે કહેતા નથી. કારણ? સૂત્ર છતે તેનો સંભવ છે. સૂત્ર તો સૂત્રાનુગમમાં છે અને તે અનુગમનો જ ભેદ છે, માટે પહેલાં અનુગમ જ વર્ણવાય છે. અનુગમ બે પ્રકારનો છે : ૧ નિર્યુક્તિઅનુગમ અને ૨ સૂત્રાનુગમ. તેમાં નિર્યુક્તિ અનુગમ ૧ નિક્ષેપનિર્યુક્તિ, ૨ ઉપોદ્ઘાતનિર્યુક્તિ અને ૩ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિના ભેદથી ત્રણ પ્રકારનો છે. તેમાં પણ નિક્ષેપનિર્યુક્તિ અનુગમ સ્થાન, અંગ, અધ્યયનાદિ એક શબ્દના નિક્ષેપના પ્રતિપાદનથી નિર્યુક્તિઅનુગમનું પણ પ્રતિપાદન થયું જ છે. ઉપોદ્ઘાતનિર્યુક્તિ અનુગમ તો—[2]'उद्देसे निद्देसे य निग्गमे' [आवश्यक नि. १४०-१४१; विशेषावश्यक १४८४-१४८५] ઇત્યાદિ (મહાભાષ્યની) બે ગાથાથી જાણવો. સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ તો 'વ્યાખ્યા'ના લક્ષણરૂપી સંહિતાદિ છ પ્રકારમાં ૧ પદાર્થ, ૨ પદવિગ્રહ, ૩ ચાલના અને ૪ પ્રત્યવસ્થાન લક્ષણરૂપ જે વ્યાખ્યાનના ચાર ભેદસ્વરૂપ તે સૂત્રાનુગમને વિષે સંહિતા અને પદ લક્ષણ વિશિષ્ટ વ્યાખ્યાનના બે ભેદ છતે હોય છે. આ કારણથી સૂત્રાનુગમ કહેવાય છે. તેમાં અલ્પગ્રંથ (થોડા શબ્દવાળું) મહાન અર્થાદિ વિશિષ્ટ સૂત્રના લક્ષણ સહિત[3] અને સ્ખલિતાદિ દોષ રહિત સૂત્ર ઉચ્ચાર કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે—

**सुयं मे आउसं! तेणं भगवता एवमक्खायं ।।सू०१।।**

---

1. સચિત્ત દ્રવ્ય તે પુરુષ, અચિત્ત દ્રવ્ય તે રુપીઓ અને મિશ્ર દ્રવ્ય તે આભૂષણયુક્ત પુરુષ ઇત્યાદિ.

2. उद्देसे निद्देसे य, निग्गमे खेतकालपुरिसे य। कारणपच्चय लक्खण नए, समोयारणाणुमए ।।९७३।। किं कहिविहं कस्स, कहिं केसु कहं केच्चिरं हवइ कालं । कइ संतरमविरहियं, भवा-गरिस-फासण-निरुत्ति ।।९७४।। [विशेषावश्यकभाष्य] શબ્દાર્થ--૧ ઉદ્દેશ, ૨ નિર્દેશ, ૩ નિર્ગમ, ૪ ક્ષેત્ર, ૫ કાલ, ૬ પુરુષ, ૭ કારણ, ૮ પ્રત્યય, ૯ લક્ષણ, ૧૦ નય, ૧૧ સમવતાર, ૧૨ અનુમત, ૧૩ શું, ૧૪ કેટલા પ્રકારે, ૧૫ કોનું, ૧૬ ક્યાં, ૧૭ કોનામાં, ૧૮ કેવી રીતે, ૧૯ કેટલો હોય, ૨૦ કેટલું અંતર, ૨૧ અંતર રહિત, ૨૨ ભવ, ૨૩ આકર્ષ, ૨૪ સ્પર્શના, ૨૫ નિરુક્તિદ્વાર એ પચીશ દ્વારો વડે જાણવા યોગ્ય છે.

3. સૂત્રના આઠ ગુણો અને બત્રીશ દોષના અભાવનું સ્વરૂપ મહાભાષ્યની ટીકાથી જાણી લેવું.

*(મૂ૦) શ્રી સુધર્માસ્વામી જંબૂસ્વામી પ્રત્યે કહે છે—હે આયુષ્મન્ શિષ્ય! તે મહાવીર ભગવાને આ પ્રમાણે (આગળ કહેવાશે તેમ) જે કહેલું તે મેં સાંભળેલું છે (તે જ હું કહું છું). ॥૧॥*

(ટી૦) આ સૂત્રની વ્યાખ્યા સંહિતાદિક્રમ વડે હું કહું છું. તે વિષે ભાષ્યકાર કહે છે—

**सुत्तं १ पयं २ पयत्थो ३, संभवतो ४ विग्गहो वियारो य ५ (चालनेत्यर्थ) ।**

**दुसियसिद्धी ६ नयमय-विसेसओ नेयमणुसुत्तं ॥२४॥ [विशेषाश्यक० १००२ त्ति]**

૧ અસ્ખલિતાદિ ગુણ સહિત સૂત્ર કહેવું. ૨ પછી પદચ્છેદ કહેવો, ૩ પદનો અર્થ કહેવો, ૪ જો સમાસનો સંભવ હોય તો સમાસ (વિગ્રહ) કરવો, ૫ પછી વિચાર–તર્ક (શંકા) કરવો, ૬ પછી દૂષણને દૂર કરવું (શંકાનું સમાધાન) તે પ્રત્યવસ્થાન, તે પણ નયોના મત વિશેષ વડે કરવું. (૨૪)

એમ દરેક સૂત્રનું વ્યાખ્યાન કરવું. તેમાં સૂત્ર એટલે સંહિતા તે કહેવાયેલ છે, કેમકે સૂત્રાનુગમ સંહિતારૂપ છે. કહ્યું છે કે—'होई कयत्थो वोत्तुं, सपयच्छेयं सुयं सुयाणुगमो'[1] [विशेषा० १००९ त्ति] इति. સૂત્રાનુગમ પદચ્છેદ સહિત સૂત્રને કહી કૃતાર્થ થાય છે. અસ્ખલિતાદિ ગુણ સહિત ઉચ્ચારેલ સૂત્રમાં કેટલાએક અર્થો ડાહ્યા પુરુષોને સમજાયેલ જ છે. આ કારણથી સંહિતા વ્યાખ્યાનો ભેદ થાય છે અને ન જાણેલ અર્થને જાણવા માટે પદાદિ, વ્યાખ્યાના ભેદો પ્રવર્તે છે. ત્યાં વ્યાખ્યા ભેદમાં—'श्रुतं मया आयुष्मन्! तेन भगवता एवमाख्यातम्' इति આવી રીતે પદોની વ્યવસ્થા કરી ત્યારે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે. તેમાં આ વ્યવસ્થા છે.

**जत्थ उ जं जाणेज्जा, निक्खेवं निक्खिवे निरवसेसं । जत्थवि य ण जाणेज्जा, चउक्कयं निक्खिवे तत्थ ॥२५॥**

**[आचारांग नि० ४; अनुयोग सू० ८ त्ति]**

જ્યાં જે (જેટલા) નિક્ષેપા જાણી શકાય ત્યાં તે (તેટલા) નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વગેરે નિર્વિશેષ (સમસ્ત) નિક્ષિપ્ત કરવા, અને જ્યાં વધારે ન જાણી શકાય ત્યાં ચાર નિક્ષેપા (નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ) ઓછામાં ઓછા અવશ્ય સ્થાપન કરવા. (૨૫)

તેમાં નામશ્રુત અને સ્થાપનાશ્રુત પ્રતીત છે. ઉપયોગ રહિત ભણનારનું સૂત્ર અથવા પત્રક (પાનાં) અને [2]પુસ્તકમાં રહેલું–લખેલું તે દ્રવ્યશ્રુત છે અને ભાવશ્રુત તો શ્રુતના ઉપયોગવાળાને હોય છે. અહિં શ્રોતેંદ્રિય દ્વારા થયેલ ઉપયોગલક્ષણરૂપી ભાવશ્રુત વડે અધિકાર છે. તથા 'आउसं'त्ति–આયુષ્ય એટલે જીવિત નામાદિ ભેદથી દશ પ્રકારે છે. તે આ પ્રમાણે—

**नामं १ ठवणा २ दविए ३, ओहे ४ भव ५ तब्भवे य ६ भोगे य ७ ।**

**संजम ८ जस ९ कित्ती १०, जीवियं च तं भण्णती दसहा ॥२६॥ [आव०नि० १०५६; विंशेषावश्यक० ३५१०][3]**

તેનાં નામ ૧ અને સ્થાપના ૨ સુગમ છે. 'दविए'त्ति–સચેતનાદિ ભેદવાળું દ્રવ્ય જ જીવનનો હેતુ હોવાથી તે જીવિત છે તે દ્રવ્યજીવિત ૩, નારકાદિ પર્યાય વિશેષ રહિત આયુષ્ય દ્રવ્ય માત્ર (આયુઃદલિક) જે સામાન્ય જીવિત તે ઓઘજીવિત ૪, નારકાદિ ભવ વિશિષ્ટ જીવિત તે ભવજીવિત; જેમકે નારકનું જીવન વગેરે ૫, સમાન જાતીયપણે પૂર્વભવનું જીવન તે [4]તદ્ભવજીવિત; જેમ કે મનુષ્ય મૃત્યુ પામીને ફરીને મનુષ્યપણે ઉત્પન્ન થાય તે ૬, ભોગજીવિત ચક્રવર્તી વગેરેને હોય ૭, **સંયમજીવિત સાધુઓને હોય** ૮, યશજીવિત ૯ અને કીર્તિજીવિત ૧૦ જેમ મહાવીર પ્રભુને હતું તેમ. એમ દશ પ્રકારનું જીવીતવ્ય કહેલ છે. અહીં જીવિત[5] એટલે આયુષ્ય જ છે, તથા અહિં સંયમઆયુષ્ય, યશઆયુષ્ય અને કીર્તિઆયુષ્ય વડે

1. सुत्ताभावन्नासो, नामाइन्नासविणिओगं॥ उत्तरार्द्ध ॥१००१॥
2. પત્રક અને પુસ્તકમાં લખેલું સૂત્ર ભાવશ્રુતનું કારણ હોવાથી તે દ્રવ્યશ્રુત છે.
3. વિશેષાવશ્યક ભાષ્યમાં 'जस कित्ती'ના સ્થાને असंजम અને जस આ બે લીધેલ છે. ભાષાંતર ભાગ-૨, પૃષ્ઠ ક્રમાંક ૫૪૪.
4. દેવ, નારક અને યુગલિકને તદ્ભવજીવિત હોતું નથી, કારણ તે દેવાદિ ફરીને તેની તે જ યોનિમાં ઉપજતા નથી.
5. વાક્ય, નિક્ષેપના અવસરમાં ભાષાના નિક્ષેપની માફક અહિં આયુષ્યના પ્રસ્તાવમાં જીવિતનો નિક્ષેપ કરેલ છે.

અધિકાર છે. એવી રીતે શેષ પદોના જેમ સંભવ થાય તેમ નિક્ષેપ કહેવા યોગ્ય છે. આ રીતે સૂત્રાલાપક નિક્ષેપ કહેવાયો. પુનઃ પદાર્થ (પદનો અર્થ) નું વર્ણન આ પ્રકારે–અહિં પાંચમા ગણધરદેવ શ્રી સુધર્માસ્વામી જંબૂ નામના પોતાના શિષ્ય પ્રત્યે ચોક્કસ પ્રતિપાદન કરે છે કે–મેં સાંભળેલું છે 'आउसं'ति. સંયમની પ્રધાનતા વડે પ્રશસ્ત અથવા ઘણું આયુષ્ય છે વિદ્યમાન જેને તે આયુષ્મન્ તેના સંબોધનમાં હે આયુષ્મન્ શિષ્ય! 'तेणं'ति–જે નજીક, આંતરાવાળું, સૂક્ષ્મ, બાદર, બાહ્ય અને અભ્યંતર સકલ પદાર્થોને વિષે અબાધિત બોલવાપણું હોવાથી યથાર્થ વક્તાપણે જગતમાં પ્રખ્યાત, અથવા પૂર્વભવમાં મેળવેલ છે તીર્થંકરનામકર્માદિ લક્ષણરૂપ પરમ પુણ્યનો સમૂહ જેણે, વિનાશ થઈ છે અનાદિ કાલની લાગેલી મિથ્યાદર્શનાદિ વાસના જેની, છોડેલ છે મહાન્ રાજ્યવૈભવ જેણે, દેવાદિના ઉપસર્ગ સમૂહના સંસર્ગ વડે અવિચલિત છે શુભ ધ્યાનમાર્ગ જેનો, સૂર્યની માફક ઘનઘાતી કર્મરૂપી નિબિડ વાદળાના સમૂહને તોડવા વડે પ્રકાશ પામેલ છે નિર્મલ કેવલજ્ઞાનરૂપી ભાનુમંડલ જેમનું, ઇંદ્રોરૂપી ભ્રમરોના સમૂહે સેવ્યા છે ચરણકમલ જેના, મધ્યમા નામે નગરીમાં પ્રથમ થયેલ છે પ્રવચન જેમનું એવા શ્રી મહાવીર પ્રભુ, 'भगवता' અષ્ટ મહાપ્રાતિહાર્ય [અશોકવૃક્ષાદિ] રૂપી સમસ્ત ઐશ્વર્યાદિ સહિત તે ભગવાને, 'एवमि'ति આ આગળ કહેવાશે એવા એકત્વાદિ પ્રકાર વડે 'आख्यातमि'ति આ એટલે જીવ, અજીવનાં લક્ષણની અસંકીર્ણતા [એક બીજામાં મળી ન જાય તે] રૂપી મર્યાદા વડે, અથવા સમસ્ત પદાર્થના વિસ્તારથી વ્યાપક લક્ષણરૂપી અભિવિધિ વડે 'ख्यातं'–આત્માદિ વસ્તુનો સમૂહ કહેલ છે. અહિં 'श्रुतमि'ति–આ નિર્ણયને કહેનાર શબ્દ વડે **પોતે ચોક્કસ કરેલું હોય તે જ બીજાને કહેવા યોગ્ય છે** એમ કહ્યું; અન્યથા કહેવામાં ઊલટો દોષનો સંભવ છે. કહ્યું પણ છે કે—

**किं एत्तो पावयरं?, सम्मं अणहिगयधम्मसब्भावो । अन्नं कुदेसणाए, कट्ठयरागंमि पाडेइ ।।२७।।**

નથી જાણેલ સિદ્ધાંતનો સદ્ભાવ જેણે એવો તે ઉન્માર્ગની દેશના વડે બીજાને મહાકષ્ટકારી અપરાધમાં પાડે છે (અને પોતે પડેલો જ છે), આથી ઉત્કૃષ્ટ બીજું ક્યું પાપ છે? અર્થાત્ કોઈ નથી. (૨૭)

'मये'ति આ શબ્દ વડે ઉપક્રમદ્વાર વડે કહેવાયેલ જે ભાવપ્રમાણ દ્વારગત આત્મા, અનંતર અને પરંપર ભેદથી ભિન્ન આગમને વિષે આ કહેવાતો ગ્રંથ, અર્થથી અનંતરાગમ અને સૂત્રથી તો આત્માગમ છે. 'आयुष्मन्नि'ति આ શબ્દ વડે તો **શિષ્યના ચિત્તને આહ્લાદ કરનાર કોમલ વચન વડે આચાર્યે ઉપદેશ કરવો જોઈએ** તેમ જણાવેલ છે. उक्तं चं—

**धम्ममइएहिं अइसुंदरेहिं कारणगुणोवणीएहिं । पल्हायंतो य मणं, सीसं चोएइ आयरिओ ।।२८।।**

[उपदेशमाला १०४ त्ति]

ધર્મમય વચનોથી અતિ સુંદર ભાષા વડે, કારણ એટલે પોતાને ભણવાનું પ્રયોજન અને ગુણ–શીખનાર ને જ્ઞાનપાત્રતા વગેરે બતાવવા વડે શિષ્યના ચિત્તને આનંદ કરાવતા આચાર્ય શિષ્યને પ્રેરણા કરે છે. (૨૮)

પ્રાણીઓને આયુષ્ય અતિશય વહાલું હોવાથી આયુષ્મન્ શબ્દ અત્યંત હર્ષજનક છે. કહ્યું પણ છે કે—

**'सव्वे पाणा पियाउया अप्पियवहा सुहासाया दुक्खपडिकूला सव्वे जीविउकामा सव्वेसिं जीवियं पियं' ।।२९।।**

[आचारांग सूत्र ७८]

સર્વ પ્રાણીઓને આયુષ્ય પ્રિય હોય છે અને વધ અપ્રિય છે, સુખ અનુકૂલ અને દુઃખ પ્રતિકૂલ હોય છે, બધા જીવવાની ઇચ્છાવાળા હોય છે અને સર્વને જીવિત પ્રિય હોય છે. (૨૯) તથા

**तृणायापि न मन्यन्ते, पुत्रदारार्थसम्पदः । जीवितार्थे नरास्तेन, तेषामायुरतिप्रियम् ।।३०।।**

મનુષ્યો, જીવન માટે પુત્ર, સ્ત્રી અને ધનસંપત્તિને તૃણ (ઘાસ) તુલ્ય પણ નથી માનતા, કારણ કે તેઓને આયુષ્ય અતિ વહાલું હોય છે. (૩૦)

અથવા आयुष्मन्—આ શબ્દ વડે ગ્રહણ, ધારણાદિ ગુણવાળા શિષ્યને શાસ્ત્રનો અર્થ દેવા યોગ્ય છે એ અર્થ જણાવવા માટે, સર્વ ગુણોના આધારભૂત, સમસ્ત ગુણના ઉપલક્ષણરૂપ લાંબા આયુષ્યરૂપ ગુણ વડે ગુરુ દ્વારા શિષ્યને આમંત્રણ કરાયું છે.

કહ્યું પણ છે કે—

**वुट्ठेऽवि दोणमेहे, न कण्हभूमाउ[1] लोट्टए उदयं । गहण-धरणासमत्थे, इय देयमच्छित्तिकारिम्मि ॥३१॥**

**[विशेषावश्यक० १४५८ त्ति]**

દ્રોણ નામના મેઘ વર્ષે છતે પણ કાળી ભૂમિમાંથી પાણી બહાર જતું નથી અર્થાત્ અંતરમાં સમાઈ જાય છે. એવી રીતે જેને જ્ઞાન આપવાથી નાશ ન થાય એવા **ગ્રહણ અને ધારણ કરવામાં સમર્થ શિષ્યને વિષે ગુરુએ જ્ઞાન આપવું જોઈએ.** (૩૧)

પૂર્વોક્ત ગુણથી વિપરીત શિષ્યને જ્ઞાન આપવામાં ગુરુને દોષ છે. आह च—

**आयरिए सुत्तम्मि य, परिवाओ सुत्तअत्थपलिमंथो । अन्नेसिं पि य हाणी, पुट्ठा वि न दुद्धदा(या) वंझा ॥३२॥**

**[विशेषावश्यक० १४५७ त्ति]**

અયોગ્ય શિષ્યને જ્ઞાન આપવાથી આચાર્ય અને શ્રુતનો અવર્ણવાદ થાય છે તેમજ સૂત્ર અને અર્થનો વિનાશ થાય છે. બીજા શિષ્યોને પણ જ્ઞાનનો લાભ મળતો નથી. વિશેષ કાલ મહેનત કરવાથી શિષ્ય શા માટે કંઈ પણ ગ્રહણ ન કરે? એમ કોઈ શંકા કરે તો તેને આ દૃષ્ટાંત કહેવું કે—જેમ ગાયના પગ બાંધીને તેના સ્તનોનું સારી રીતે મર્દન કરીએ તો પણ અને પુષ્ટ હોવા છતાં પણ વાંઝણી ગાય હોય તે દૂધ ન જ આપે. (૩૨)

**'तेन'**ति આ શબ્દ વડે તો આપ્તત્વાદિ ગુણોથી જાહેરપણે નામ ધરાવનાર વડે (કહેલું) તેથી આ અધ્યયનમાં પ્રમાણપણું બતાવેલ છે. વક્તાના ગુણોની અપેક્ષાએ વચનનું પ્રામાણ્ય હોય છે. **'भगवते'**ति આ શબ્દથી પ્રસ્તુત અધ્યયન સ્વીકારવા યોગ્ય જણાવેલ છે. અતિશયવાન્ (પ્રભુ) અવશ્ય સ્વીકારવા યોગ્ય છે, તેમનું વચન પણ ઉપાદેય છે. અથવા **'तेणं'**ति આ શબ્દથી ઉપોદ્ઘાતનિર્યુક્તિમાં અંતર્ગત ત્રીજું નિર્ગમદ્વાર બતાવ્યું છે. (દ્રવ્યથી) મિથ્યાત્વરૂપ અંધકાર આદિ દોષોથી નિર્ગત (નીકળેલો) જે પુરુષ, તેથી નીકળેલું આ અધ્યયન, ક્ષેત્રથી અપાપા (મધ્યમા) નગરીમાં, કાલથી વૈશાખ શુક્લ [2]અગ્યારસની પ્રથમ પોરસીને વિષે અને ભાવથી ક્ષાયિકભાવમાં વર્તમાન હોવાથી–આ પ્રમાણે આનો ગુરુપર્વક્રમ (ગુરુપરંપરા) રૂપી સંબંધ દેખાડેલો છે. વળી તથાવિધ ભગવાને જે કહેલું છે તે સપ્રયોજન જ છે. એવી રીતે સામાન્યથી આ અધ્યયનની સપ્રયોજનતા દર્શાવી. પરમ ઐશ્વર્યવાન જિનેશ્વરો પુરુષાર્થને બિનઉપયોગી કહેતા નથી, કારણ કે તેમ કહેવાથી ભગવાનપણાની હાનિ થાય. આ જ કારણથી આનો ઉપાય–ઉપેય (કારણકાર્ય) ભાવરૂપી સંબંધ પણ દેખાડેલ છે. ભગવાને જે કહેલું તે આ સૂત્રરૂપે ગુંથાયેલું એ ઉપાય અને પુરુષાર્થ એ ઉપેય જાણવો. આ કારણથી જ શ્રોતાઓ શ્રવણમાં પ્રવર્તેલ છે. કહેલું છે કે—

**सिद्धार्थं सिद्धसम्बन्धं श्रोतुं श्रोता प्रवर्त्तते । शास्त्रादौ तेन वक्तव्यः सम्बन्धः सप्रयोजनः ॥३३॥**

[मी.श्लो.वा १७ इति]

સાંભળનાર, સિદ્ધ છે સંબંધ જેના એવા નિર્ણીત અર્થવાળા શબ્દને સાંભળવા માટે પ્રવર્તે છે. તે કારણથી શાસ્ત્રની શરૂઆતમાં પ્રયોજન સહિત સંબંધ કહેવો જોઈએ. (૩૩)

**'एवमि'**ति આ શબ્દથી ભગવાનના વચનથી આત્મ (અમારું) વચન જુદું નથી, આ કારણથી જ સ્વવચનનું પ્રમાણપણું બતાવેલું છે. સર્વજ્ઞ–વચનના અનુવાદરૂપ માત્ર અમારું વચન છે, અથવા एवमिति–વિષયપણાએ કરી એકત્વાદિ પ્રકાર કહેલ છે. અવિષયપણાની શંકા વડે કાગડાના દાંતની પરીક્ષામાં જેમ કોઈ પ્રવૃત્ત થતો નથી તેમ શ્રોતાઓની અપ્રવૃત્તિ ન થાય, એ હેતુથી **'आख्यातमि'**ति–આ શબ્દથી કહેલું વચન અપૌરુષેય વચનનો અસંભવ હોવાથી અપૌરુષેય વચનરૂપ નથી. કહ્યું છે કે—

---

1. कृष्णा भूमिर्यत्र असौ कृष्णभूमः, तस्मात् । [न कण्हभोमाओ] 2. વૈશાખ શુક્લ દશમીના દિવસે મહાવીર પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને વૈશાખ સુદ ૧૧ ના તીર્થસ્થાપના કરી તેથી અગ્યારસ જણાવી છે.

**वेयवयणं न माणं, अपोरुसेयं ति निम्मियं (ति तम्मयं) जेण । इदमच्चंतविरुद्धं, वयणं च अपोरुसेयं च ।।३४।।**
**जं वुच्चइ त्ति वयणं, पुरिसाभावे उ नेयमेवं ति । ता तस्सेवाभावो, नियमेण अपोरुसेयत्ते ।।३५।। (युग्मम्)**

**[पञ्चवस्तु० १२७८-१२७९ इति]**

જે હેતુથી અપૌરુષેય વેદ વચન નિર્માણ કરાયેલ છે તેથી પ્રમાણભૂત નથી, કારણ કે વચન અને અપૌરુષેય આ બંને પરસ્પર અત્યંત વિરુદ્ધ છે. જે બોલાય છે તે વચન, પુરુષના અભાવમાં તો [1]વચન જ ક્યાંથી હોય? તે કારણથી અપૌરુષેયત્વમાં ચોક્કસ વચનનો જ અભાવ છે. (૩૪-૩૫).

અથવા આ (વક્ષ્યમાણ) ભગવાને કહેલું છે, પણ ભીંત વગેરેથી નીકળેલું નથી. કોઈક આ પ્રમાણે સ્વીકારે છે—

**तस्मिन् ध्यानसमापन्ने चिन्तारत्नवदास्थिते । निःसरन्ति यथाकामं कुड्यादिभ्योऽपि देशना ।।३६।।**

**[तत्त्वसंग्रह ३२४०]**

ધ્યાનમાં પ્રાપ્ત થયેલ અને તે પ્રભુ સ્થિર થયે છતે ચિંતામણિ રત્નની માફક યથાકામ (ઇચ્છિત જેમ થાય તેમ) ભીંત વગેરેથી પણ દેશનાઓ નીકળે છે. (૩૬)

આ વર્ણનનો અસ્વીકાર કરવા માટે કહે છે કે—

**कुड्यादिनिःसृतानां तु न स्यादाप्तोपदिष्टता । विश्वासश्च न तासु स्यात् केनेमाः कीर्त्तिता इति ।।३७।।**

**[तत्त्वसंग्रह ३२४३]**

ભીંત વગેરેથી નીકળેલ દેશનાઓ તો આપ્તપુરુષ વડે ઉપદેશાયેલી નહિં થાય, તે દેશનાઓમાં વિશ્વાસ પણ નહિ થાય. કારણ કે આ દેશનાઓ કોણે કહેલી છે તેવી શંકા પણ પ્રગટશે. (૩૭)

બધા પદના સમુદાય વડે પોતાની ઉદ્ધતાઈનો ત્યાગ કરવાથી ગુરુના ગુણોની પ્રભાવનામાં તત્પર એવા પુરુષોએ શિષ્યો માટે દેશના કરવી એમ કહ્યું. એવી રીતે **દેશના આપવાથી શિષ્યો ગુરુઓને વિષે ભક્તિપરાયણ થાય**, ભક્તિપરાયણતા વડે વિદ્યાદિની પણ સફળતા થાય. यदुक्तं—

**भत्तीए जिणवराणं, खिज्जंती पुव्वसंचिया कम्मा । आयरियनमोक्कारेण, विज्जा मंता य सिज्झंति ।।३८।।**

**[आवश्यक नि० १११० त्ति]**

જિનેશ્વરોની ભક્તિ કરવાથી પૂર્વસંચિત કર્મો ક્ષય પામે છે. આચાર્યને નમસ્કાર કરવાથી વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે (૩૮).

અહિં નમસ્કાર એ ભક્તિ જ છે અથવા [2]'**आउसंतेणं**'ति એ શબ્દ ભગવાનનું વિશેષણ છે. આયુષ્માન્ ચિરંજીવી ભગવાન વડે એ પ્રમાણે તેનો અર્થ છે. આ વિશેષણથી ભગવાનનું બહુમાન મંગળરૂપ હોવાથી ભગવાનનું બહુમાનગર્ભિત મંગલ કહેલું છે. અથવા '**आयुष्मत्ते**'ति બીજા માટે (પરોપકાર માટે) દેશનાદિ પ્રવૃત્તિ વગેરેથી, પ્રશસ્ત આયુષ્યને ધારણ કરનારા મોક્ષપ્રાપ્તિ કરીને પણ તીર્થનો તિરસ્કારાદિ જોઈને, અભિમાનાદિ ભાવથી ફરીને આ લોકમાં આવનારની જેમ અપ્રશસ્ત આયુષને [3]ધારણ કરતા નથી. ઇતરધર્મી કેટલાએક વડે આમ કહેવાય છે કે—

**ज्ञानीनो धर्म्मतीर्थस्य कर्त्तारः परमं पदम् । गत्वाऽऽगच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः ।।३९।।**

ધર્મતીર્થના કરનારા જ્ઞાનીઓ, પરમપદ (મોક્ષ) પામીને, તીર્થના તિરસ્કારથી ફરીને પણ સંસારમાં આવે છે. (૩૯) જેમકે—

---

1. તાલ્વાદિ સ્થાનજન્ય વચન છે અને અપૌરુષેયમાં તાલ્વાદિ સ્થાનનો અભાવ હોવાથી વચનનો ઉચ્ચાર જ થઈ શકે નહિં. 2. પ્રથમ 'आउसं! तेणं'એ બે પદોના ભિન્ન-ભિન્ન અર્થ કહેલ છે. અહિં आउसंतेणं એક શબ્દરૂપ કહેલ છે ને તે ભગવાનનું વિશેષણ છે.
3. મોક્ષમાં જઈને ફરી સંસારમાં અવતાર ધારણ કરવો એ અપ્રશસ્ત છે.

**[यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत! । अभ्युत्थानमधर्मस्य, तदाऽऽत्मानं सृजाम्यहम् ।।१।।]**

એવી રીતે જ રાગદ્વેષનો સમૂલ નાશ ન થવાથી તેનું વચન અપ્રમાણિક છે. રાગાદિનો સમૂલ નાશ થયે છતે ક્યા કારણથી ફરી આ લોકમાં આગમનનો સંભવ થાય? અથવા આયુષ્મતા પ્રાણને ધારણ કરનારા, પરંતુ સદા સંશુદ્ધ સિદ્ધરૂપે નહિ તેને અકરણ(અશરીર)પણાથી બોલવાનો અસંભવ છે. અથવા 'आवसंतेणं'ति એ मया શબ્દનું વિશેષણ છે તેથી आङिति-ગુરુએ દેખાડેલી મર્યાદા વડે વસવું, મર્યાદાએ વસવાથી—એ શબ્દ વડે પરમાર્થથી ગુરુની આજ્ઞામાં રહેવારૂપી ગુરુકુલવાસનું વિધાન અર્થથી કહ્યું છે. ગુરુકુલવાસ જ્ઞાનાદિના હેતુભૂત છે. उक्तं च—

**णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य । धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ।।४०।।[1]**

**गीयावासो रती धम्मे, अणाययणवज्जणं । निग्गहो य कसायाणं, एयं धीराण सासणं ।।४१।।[2] (युग्मं)**

**[विशेषावश्यक० ३४५९-३४६०]**

ગુરુકુલવાસમાં રહેતો થકો (સાધુ) શ્રુતજ્ઞાનાદિનું ભાજન થાય, સમ્યક્ત્વ અને ચારિત્રમાં અતિશય સ્થિર થાય માટે જેઓ ગુરુકુલવાસને યાવત્ જીવનપર્યંત છોડતા નથી તેઓને ધન્ય છે ને તેઓ ધર્મ-ધનને મેળવનારા છે (૪૦). ગીતાર્થ બહુશ્રુત પાસે વસવું, સાધુધર્મમાં પ્રીતિ, અનાયતનો-સાધુઓને અયોગ્ય સ્થાનોનું વર્જવું, કષાયોનો નિગ્રહ-ઉદયમાં આવેલને નિષ્ફળ કરવો. આ શિષ્યોને (ગુરુકુલવાસીઓને) શિખામણ છે. (૪૧)

અથવા [3]'आमुंसंतेणं'ति, आमृशता-ભગવાનના ચરણકમલને ભક્તિપૂર્વક હસ્તયુગલાદિ વડે સ્પર્શ કરતાં, આમૃશતા શબ્દ વડે આ પ્રમાણે કહે છે. **સર્વ શાસ્ત્રને જાણનાર શિષ્યે પણ ગુરુની પગચંપી વગેરે વિનયકાર્ય ન છોડવું જોઈએ.** उक्तं च—

**जहाऽऽहिअग्गी जलणं णमंसे, णाणाहुतीमंतपयाभि[हि]सित्तं ।**

**एवायरीयं उवचिट्ठएज्जा, अणंतणाणोवगओऽवि संतो ।।४२।। [दशवैकालिक० ९।१।११]**

જેમ આહિતાગ્નિ (બ્રાહ્મણ) અનેક પ્રકારની આહુતિ (ઘૃતાદિનો પ્રક્ષેપ) અને अग्नये स्वाहा ઇત્યાદિ મંત્રપદો વડે અભિષેક કરાયેલ અગ્નિને નમન કરે છે તેમ અનંતજ્ઞાનને પ્રાપ્ત થયો થકો શિષ્ય પણ આચાર્યને વિનય વડે સેવે. (૪૨)

અથવા 'आउसंतेणं'ति-आजुषमाणेन-શ્રવણવિધિની મર્યાદા વડે ગુરુઓની આસેવનાથી. એ શબ્દ વડે પણ એમ સૂચન કર્યું છે કે શાસ્ત્રોક્ત વિધિ વડે યોગ્ય સ્થાને રહેલ શિષ્યે ગુરુ પાસેથી સાંભળવું જોઈએ, જેમ તેમ નહિં સાંભળવું. કહ્યું છે કે—

**निद्दा-विगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं । भत्ति-बहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेयव्वं ।।४३।।**

**[आवश्यक नि० ७०७, पञ्चवस्तु० १००६[4]]**

નિદ્રા અને વિકથાને છોડીને, ત્રણ યોગને કાબૂમાં રાખીને, અંજલી જોડીને, ભક્તિ અને બહુમાનપૂર્વક, જેમ થાય તેમ એકચિત્તે ઉપયોગપૂર્વક સાંભળવું જોઈએ (૪૩).

એવી રીતે પદનો અર્થ કહેવાયો. પદવિગ્રહ એટલે સમાસ સહિત પદ, તે આખ્યાત આદિ પદોમાં દર્શાવેલ છે. હવે ચાલના (તર્ક) અને પ્રત્યવસ્થાન (સમાધાન) તે બંને શબ્દથી અને અર્થથી કહે છે. તેમાં શબ્દથી ननु (શંકા) मे આ શબ્દનો मम અને मह्यं—છઠ્ઠી અને ચોથી વિભક્તિનો એકવચનાંત છે, अस्मद् શબ્દને मे આદેશથી मे-मह्यं વ્યાખ્યાન કરવા યોગ્ય છે. અહિં ગ્રંથકાર સમાધાન કરે છે કે **'मे'** તૃતીયાના એકવચનાંત વિભક્તિનો પ્રતિરૂપક આ અવ્યય, अस्मद् શબ્દના અર્થમાં છે માટે દોષ નથી. અર્થથી તો ચાલના (શંકા) વસ્તુ નિત્ય છે કે અનિત્ય છે? નિત્ય હોય તો અપ્રચ્યુત (નાશ રહિત) ઉત્પન્ન ન

1. पंचा० ११-१६, पंचवस्तु० १३५८, उपदेश पद ६८२ 2. बृहत्कल्प भा० ५७१३-१४, निशीथ भा० ५४५७-५४५४
3. आवसंतेणं અને आमुसंतेणं એ બંને પાઠાંતર છે. 4. તુલના बृहत्कल्प भा० ८०३

થયેલ, કેવલ સ્થિરરૂપ નિત્યનું લક્ષણ હોવાથી જે ભગવાનની સમીપમાં સાંભળવાપણાનો સ્વભાવ (હતો) તે જ સ્વભાવ શિષ્યને ઉપદેશપણામાં કેમ સંભવે? વળી આનો (શ્રોતાનો) પહેલા સ્વભાવના ત્યાગમાં અથવા પૂર્વ સ્વભાવના નહિં ત્યાગવામાં શિષ્યને ઉપદેશકત્વ હોય? જો ત્યાગવામાં કહેશો તો 'हंत' ઇતિ ખેદે વસ્તુનું નિત્યપણું નાશ થયું, વસ્તુ, વસ્તુના સ્વભાવથી ભિન્ન નથી. કારણ કે સ્વભાવનો ક્ષય થયે છતે વસ્તુનો ક્ષય થાય છે. એ હેતુથી અપરિત્યાગ પક્ષ જો તમે કહેશો તો તે પણ નહિ ઘટે, કારણ કે યુગપત્ (એક જ સમયે) વિરુદ્ધ બે સ્વભાવનો અસંભવ હોય છે. જો એ નિત્યપક્ષ સ્વીકારશો તો તે પણ યોગ્ય નથી, કારણ કે સર્વથા નાશ પામતે છતે શ્રોતાનો શ્રવણકાલમાં જ વિનાશ હોવાથી અને કથનના સમયમાં બીજાની જ ઉત્પત્તિ હોવાથી કહેવાનો પ્રસંગ નહિ આવે. [1]યજ્ઞદત્તે સાંભળેલ દેવદત્તના ન કહેવાની જેમ. અહિં નયના મત વડે સમાધાન કરે છે. એ હેતુથી નયદ્વારનું અવતરણ કરે છે—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ સાત નયો છે. તેમાં પહેલા ત્રણ નયો, દ્રવ્ય એ જ અર્થ છે એમ કહેવા વડે દ્રવ્યાર્થિક નયમાં અવતરે છે. બીજા ચાર નયો, પર્યાય એ જ અર્થ છે એમ કહેવા વડે પર્યાયાર્થિક નયમાં અવતરે છે. તે જ ઉભય મતનો આશ્રય કીધે છતે દ્રવ્યાર્થપણાએ વસ્તુ નિત્ય અને પર્યાયાર્થપણે તો વસ્તુ અનિત્ય છે; માટે (સ્યાદ્વાદપક્ષે) નિત્ય-અનિત્ય વસ્તુ છે. આ હેતુથી ગોળ[2] અને સૂંઠની માફક પ્રત્યેક પક્ષમાં કહેલ દોષનો અભાવ છે. એવી જ રીતે સર્વ વ્યવહારની પ્રવૃત્તિ થાય છે. કહેલું છે કે—

**सव्वं चिय पइसमयं, उप्पज्जइ नासए य निच्चं च । एवं चेव य सुह-दुक्ख-बंध-मोक्खादिसब्भावो ।।४४।।**

**[विशेषावश्यक० ५४४-३४३५]**

સર્વ વસ્તુ પ્રતિસમયે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને નિત્ય છે. આ બન્ને (નિત્યાનિત્ય) પ્રકારે વસ્તુને સ્વીકારવાથી સુખ, દુઃખ, બંધ અને મોક્ષાદિનો સદ્ભાવ ઘટી શકે છે. (૪૪)

સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ કહ્યો તેવી રીતે સ્વીકારેલ સૂત્રનો આશ્રય કરીને સૂત્રાનુગમ, સૂત્રાલાપકનિક્ષેપ, સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ, અનુગમ અને નયો દર્શાવેલા છે. ક્રમપૂર્વક ભાષ્યકારનું વચન આરાધ્યું-સ્વીકારેલ છે તે ભાષ્યનું વચન આ પ્રમાણે—

**सुत्तं सुत्ताणुगमो, सुत्तालावगकओ य निक्खेवो । सुत्तप्फासियनिजुत्ती, नया य समगं तु वच्चंति ।।४५।।**

**[विशेषावश्यक० १००१]**

સૂત્ર, સૂત્રાનુગમ, સૂત્રાલાપકગત નિક્ષેપો, સૂત્ર સ્પર્શિકનિર્યુક્તિ અને નયો એ સર્વે એક સાથે દરેક સૂત્રમાં આવે છે. (૪૫) એ દ્વારોનો વિષય ભાષ્યકારે કહેલ છે.

**होइ कयत्थो वोत्तुं, सपयच्छेयं सुअं सुयाणुगमो । सुत्तालावगनासो, नामाइन्नासविनियोगं ।।४६।।**

**सुत्तप्फासियनिज्जुत्ति-निओगो सेसओ पयत्थाई । पायं सो च्चिय नेगमनयाइमयगोयरो होइ ।।४७।। (युग्मं)**

**[विशेषावश्यक० १००९-१०१०]**

અસ્ખલિતાદિ ગુણયુક્ત સૂત્ર અને તેનો પદચ્છેદ કહીને સૂત્રાનુગમ કૃતાર્થ (સફલ) થાય છે, નામાદિ નિક્ષેપનો સંબંધ માત્ર કહીને સૂત્રાલાપક નિક્ષેપ સફલ થાય છે અને શેષ પદાર્થ, પદવિગ્રહ, ચાલના અને પ્રત્યવસ્થાનરૂપ વ્યાખ્યા સૂત્રસ્પર્શિક-નિર્યુક્તિમાં ઉપયોગ થાય છે. તે પદાર્થાદિ પ્રાયઃ નૈગમાદિ નયના અભિપ્રાયથી જણાય છે. પદાર્થાદિ કહે છતે જ નૈગમાદિ નયોની પ્રવૃત્તિ છે. (૪૬-૪૭)

એવી રીતે દરેક સૂત્રમાં પોતાની મેળે અનુસરણ કરવું. અમે તો કોઈ સ્થાને કંઈક સંક્ષેપ અર્થને કહેશું. હમણા જે

1. કારણ? સાંભળનાર યજ્ઞદત્તનો વિનાશ હોવાથી તે કહી શકે નહિ, દેવદત્ત વિદ્યમાન હોવા છતાં પણ સાંભળવાના અવસરે નહિ હોવાથી ન સાંભળેલું કેમ કહી શકે?
2. गुडो हि कफहेतुस्स्यात्, नागरं पित्तकारणम् । उभयोर्न हि दोषस्स्या-त्तद्द्वयमौषधं भवेत् ।।१।।

ભગવાને કહ્યું તે કહેવાય છે. તેમાં સર્વ પદાર્થોને જાણવા માટે સમ્યગ્ મિથ્યાજ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયાદ્વારા ઉપયોગ જોડવાથી આત્માનું સર્વ પદાર્થમાં પ્રધાનપણું છે. આ હેતુથી સૂત્રકાર પ્રથમ આત્માનો વિચાર કહે છે. ॥૧॥

**एगे आया ॥ सू० २॥**

*(મૂ૦) આત્મા એક છે. ॥૨॥*

(ટી૦) કોઈક અપેક્ષાએ (સંગ્રહ નયની અપેક્ષાએ) આત્મા એક છે, બે ત્રણ આદિરૂપ આત્મા નથી. [1]**तत्र अतति सततमवगच्छति**–અહિં '**अत**' ધાતુ સાતત્ય ગમનના અર્થમાં છે એ વચનથી '**अत**' ધાતુ ગતિના અર્થવાળો છે અને ગત્યર્થ ધાતુઓ જ્ઞાનના અર્થવાળા હોય છે; તેથી કરીને "अनवरतं जानाति" જે નિરંતર જાણે છે તે આત્મા (જીવ). અહિં આત્મા શબ્દ નિપાતથી સિદ્ધ થયેલ છે, કેમ કે આત્માનું લક્ષણ ઉપયોગ છે તેથી અર્થાત્ સિદ્ધ સંસારી એ બે અવસ્થામાં પણ ઉપયોગભાવ વડે નિરંતર જાણવાપણું છે તેથી. તથા નિરંતર બોધનો અભાવ માનીએ તો અજીવપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય અને અજીવપણું થવાથી તેમાં ફરીથી જીવત્વનો અભાવ છે અને ફરીથી જીવત્વભાવ સ્વીકારવામાં આકાશાદિને પણ જીવપણાનો પ્રસંગ આવશે, અને એમ માનવાથી જીવનું અનાદિપણું સ્વીકારવાનો અભાવ ઉદ્ભવશે (અર્થાત્ જીવનું અનાદિપણું નહિ ઘટે) અથવા જે નિરંતર પોતાના જ્ઞાનાદિ પર્યાયોને પ્રાપ્ત કરે છે તે આત્મા. **શંકા**–એમ માનવાથી આકાશાદિને પણ આત્મા શબ્દના વ્યવહારનો પ્રસંગ આવશે, કારણ કે આકાશ વગેરે પણ પોતાના પર્યાયોમાં સતત ગમન કરે છે. જો એમ નહિ માનીએ તો આકાશાદિમાં પણ અપરિણામત્વ વડે અવસ્તુપણાનો પ્રસંગ આવશે. **ઉત્તર**–**नैवम्**–એમ નથી; કેમ કે '**अतति सततं गच्छति**' ઇત્યાદિ વ્યુત્પત્તિમાત્રનું નિમિત્તપણું છે અને ઉપયોગ જ પ્રવૃત્તિમાં નિમિત્ત છે તેથી જીવ જ આત્મા છે પણ આકાશાદિ આત્મા[2] નથી. અથવા સંસારીની અપેક્ષાએ ભિન્ન ભિન્ન ગતિઓમાં નિરંતર જવાથી અને મુક્ત (સિદ્ધ)ની અપેક્ષાએ ભૂતકાલમાં જે આત્મા હતો તે જ વર્ત્તમાનમાં હોવાથી આત્મા છે, તેનું એકપણું કથંચિત્ જ છે તે બતાવે છે:– દ્રવ્યાર્થપણે એકપણું[3] છે કારણ કે આત્માનું એક દ્રવ્યપણું છે અને પ્રદેશાર્થપણે તો આત્માનું અસંખ્ય પ્રદેશપણું હોવાથી અનેકપણું છે. તેમાં દ્રવ્યરૂપી અર્થનો જે ભાવ તે દ્રવ્યાર્થતા, પ્રદેશગુણ અને પર્યાયની આધારતા અર્થાત્ જે અવયવી તે દ્રવ્યપણું છે. પ્રકૃષ્ટ–જેના બે વિભાગ કેવલીના જ્ઞાનથી પણ ન થાય તે પ્રદેશ અર્થાત્ નિરવયવ અંશરૂપ અર્થનો જે ભાવ તે પ્રદેશાર્થતા, ગુણ અને પર્યાયની આધારતારૂપી અવયવ લક્ષણ વિશિષ્ટ અર્થપણું જાણવું. **શંકા**–અવયવી દ્રવ્ય જ નથી. ગધેડાના શીંગડાની માફક દ્રવ્યનો અસંભવ હોવાથી વક્ષ્યમાણ (કહેવાતા) બે વિકલ્પ વડે અવયવી દ્રવ્ય નથી. કહે છે કે–અવયવી દ્રવ્ય અવયવોથી ભિન્ન છે કે અભિન્ન છે? અભિન્ન પક્ષ તમે સ્વીકારી શકશો નહિ; કારણ અભેદ છતે અવયવી દ્રવ્યની જેમ અવયવોનું પણ એકપણું થાય અને અવયવની જેમ અવયવી દ્રવ્યનું પણ અનેકપણું થાય. અન્યથા ભિન્ન પક્ષ જ સિદ્ધ થાય છે, કેમ કે વિરુદ્ધ ધર્મનું જે આભાસન તે ભેદનું કારણ છે. જો ભિન્ન પક્ષ સ્વીકારશો તો અવયવી દ્રવ્ય અવયવોથી ભિન્ન છે તો તે સર્વ અવયવોમાં સર્વથા અવયવી દ્રવ્યની સંખ્યા થાય ત્યારે અવયવી દ્રવ્યનું એકપણું કેમ ઘટે? અને દેશથી ભિન્ન કહેશો તો જે દેશો (વિભાગો) વડે અવયવોમાં અવયવી દ્રવ્ય વર્ત્તે છે તે દેશોમાં પણ તે કેવી રીતે પ્રવર્ત્તે છે? દેશથી કે સર્વથી? જો સર્વથી કહેશો તો પૂર્વોક્ત દોષ આવે છે. જો દેશથી કહેશો તો તે દેશોમાં પણ કેમ થાય? દેશથી તેના દેશોમાં તેના દેશોમાં, એમ વિકલ્પો કરવાથી અનવસ્થા દોષ થાય છે. **સમાધાન** – બે વિકલ્પ વડે અવયવી દ્રવ્યનું જે અઘટમાન કહ્યું તે તમારું કથન અયુક્ત છે. અમે એકાંતથી ભેદ અથવા અભેદનો સ્વીકાર જ કરતા નથી. અવયવો જ તથાવિધ એકપરિણામપણે (એક પિંડરૂપે રહેવાથી) અવયવી દ્રવ્યપણે[4] વ્યવહાર કરાય છે અને તે (અવયવો) જ તથાવિધ ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ અવયવો[5] કહેવાય

1. આત્માના વિચારમાં ટીકાકાર પ્રથમ વ્યુત્પત્ત્યર્થ દર્શાવે છે.
2. આકાશાદિ પોતાના પર્યાયોમાં ગમન કરે છે, પરંતુ તેમાં ઉપયોગની પ્રવૃત્તિ નથી.
3. ગુણપર્યાયનો જે સમુદાય તે દ્રવ્ય. 4. અહિ કથંચિત્ અભેદ પક્ષ કહ્યો. 5. અહિં કથંચિત્ ભેદ કહ્યો.

છે. અવયવી દ્રવ્યનો અભાવ સ્વીકાર કર્યે છતે આ ઘડાના અવયવો છે અને આ વસ્ત્રના અવયવો છે એમ જે ભિન્નતા અનુભવાય છે તે થઈ શકશે નહિ. તેમજ અમુક સમયે અમુક જ કાર્ય કરવાની ઇચ્છાવાળાઓને ચોક્કસ કરેલ વસ્તુનું ગ્રહણ નહિ થાય. અને કોઈ પણ જાતના કાર્યનો નિયમ જ નહિ રહે. સન્નિવેશ (વસ્તુવિષયના સંકેત)થી ઘટાદિના અવયવોની પ્રતિનિયતતા–પ્રત્યેકમાં નિયમપણું થશે એમ જો કહો તો તે સત્ય છે, કારણ કે તે જ સન્નિવેશ વિશેષ અવયવી દ્રવ્ય છે. વળી વિરુદ્ધ ધર્મનો અધ્યાસ એ જ ભેદનું કારણ છે, એમ જે કહેલું છે તે પણ બરોબર નથી; કેમ કે પ્રત્યક્ષ જ્ઞાનને પરમાર્થ [પ્રત્યક્ષ]ની અપેક્ષાએ ભ્રાંતપણું છે અને સંવ્યવહાર [પ્રત્યક્ષ]ની અપેક્ષાએ અભ્રાંતપણું છે. ભ્રાંતત્વ અને અભ્રાંતત્વનો અમારા વડે સ્વીકાર કરાયેલો હોવાથી જો તમે કહેશો ભ્રાંત અને અભ્રાંત કેમ ઘટે? એમ પણ તમે કહેવા માટે શક્તિમાન હો તો અમે આ પ્રમાણે કહીએ છીએ કે–અવયવની જેમ અથવા નીલવર્ણની માફક અવ્યભિચારીપણે તેમજ પ્રતિભાસમાન હોવાથી અવયવી દ્રવ્ય વિદ્યમાન છે. આ હેતુ અસિદ્ધ[1] નથી, કારણ કે જેમ છે તેમ પ્રતિભાસનો અનુભવ થાય છે. તેમજ ઉક્ત હેતુ અનૈકાન્તિક અને વિરુદ્ધ પણ નથી; કારણ કે સર્વ વસ્તુની વ્યવસ્થા પ્રતિભાસને આધીન છે, અગર જો એમ નહિ માનો તો કોઈ પણ વસ્તુ સિદ્ધ નહિ થાય. **પૂર્વપક્ષી કહે છે** કે–કેવલ અવયવી દ્રવ્ય હો, પણ આત્મા આત્માનો પ્રત્યક્ષાદિ [પ્રમાણો] વડે સાક્ષાત્કાર[2] ન હોવાથી વિદ્યમાન નથી. તે આ પ્રમાણે–આત્મા અતીન્દ્રિય હોવાથી પ્રત્યક્ષ વડે ગ્રહણ કરવા યોગ્ય નથી, અનુમાનગ્રાહ્ય પણ નથી. લિંગ (હેતુ) અને લિંગી (પક્ષ) એ બન્નેનો સાક્ષાત્ સંબંધ દેખવા વડે અનુમાન પ્રમાણની પ્રવૃત્તિ થાય છે. આત્મા આગમપ્રમાણ વડે પણ જણાતો નથી, કારણ કે આગમોનો પરસ્પર વિસંવાદ [મતભેદ] છે. **સમાધાન**–આ અસાક્ષાત્કારતા શું? તે એક પુરુષને આશ્રિત છે અથવા બધા પુરુષોને આશ્રિત છે? જો એક પુરુષને આશ્રિત કહેશો તો તેથી વસ્તુ રહેતે છતે એક પુરુષાશ્રિત અનુપલભ્યપણાનો સંભવ હોવાથી આત્માનો અભાવ સિદ્ધ થતો નથી. કોઈ એક પુરુષવિશેષનું ઘટાદિ વસ્તુનો ગ્રાહક જે પ્રમાણ પ્રવર્ત્તતું નથી, એટલું જ કહેવાથી સર્વત્ર અને સર્વકાલમાં ઘટાદિ અર્થ ગ્રાહક પ્રમાણનો અભાવ છે એમ નિર્ણય કરવા માટે તમે શક્તિમાન નથી. પ્રમાણની નિવૃત્તિમાં પ્રમાણનું પ્રમેય કાર્યપણું હોવાથી પ્રમેય નિવર્ત્તન થતું નથી. કાર્ય (ઘટાદિ)ના અભાવમાં કારણ (દંડાદિ)નો અભાવ દેખાતો નથી માટે અનુપલંભ હેતુ અનૈકાંતિક દોષવાળો છે અને બધા પુરુષોને આશ્રિત અનુપલંભ પક્ષ અસિદ્ધ છે, માટે આ અનુપલંભ હેતુ અસિદ્ધ છે. તથા અસર્વજ્ઞ હેતુથી બધા મનુષ્યો સર્વદા અને સર્વ સ્થળે આત્માને જોતા નથી એમ કહેવાને તમે સમર્થ નથી. વળી કંઈ વિશેષ કહે છે–ઘડાની માફક પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે સાક્ષાત્કાર હોવાથી આત્મા છે. આ હેતુ અસિદ્ધ નથી જેથી અમારા જેવા વગેરેને પણ પ્રત્યક્ષથી આત્મા જણાય છે. આત્મા જ્ઞાનથી ભિન્ન નથી, કારણ કે જ્ઞાન આત્માનો ધર્મ છે, જ્ઞાન સ્વસંવેદનરૂપ છે અને પ્રથમ નીલનું જ્ઞાન ઉત્પન્ન થયેલું હતું ઇત્યાદિની જે સ્મૃતિ થવા પામે છે તે જ્ઞાનનું [3]સ્વસંવેદનપણું છે. સ્વસંવેદન જ્ઞાન ન થયે છતે સ્મૃતિ થતી નથી. (જો સ્મૃતિ થતી હોય તો) પ્રમાતા (જાણનાર) ના બીજા જ્ઞાનની (નહિં અનુભવેલ જ્ઞાનની) સ્મૃતિ થવાનો પ્રસંગ આવશે. તે માટે આત્માથી અવ્યતિરિક્ત (અભેદ) જ્ઞાનરૂપ ગુણનું પ્રત્યક્ષપણું છતે ગુણી જે આત્મા તે પ્રત્યક્ષ જ છે. અહિં દૃષ્ટાંત કહે છે–ઘટ ના રૂપી ગુણ પ્રત્યક્ષ થયે છતે ગુણી જે ઘટ તે પ્રત્યક્ષ થાય છે. કહ્યું છે કે—

**गुणपच्चक्खत्तणओ, गुणी वि जीवो घडोव्व पच्चक्खो ।**
**[4]घडओ-व्व घिप्पइ[5] गुणी, गुणमित्तग्गहणओ जम्हा ।।४८।। [विशेषावश्यक० १५५८]**
**अण्णोऽणन्नो (व्व) व गुणी होज्ज गुणेहिं?, जइ णाम सोऽणन्नो ।**
**णाण[णणु] गुणमित्तग्गहणे, घिप्पइ[5] जीवो गुणी सक्खं ।।४९।।**
**अह अन्नो तो एवं, गुणिणो न घडादयो वि पच्चक्खा ।**
**गुणमित्तग्गहणाओ, जीवम्मि कुतो विआरोऽयं ।।५०।। [विशेषावश्यक० १५५९-१५६०]**

1. પક્ષમાં હેતુનો અભાવ તે અસિદ્ધ. 2. ઉપલબ્ધિ 3. પોતાનો અનુભવ. 4. घडओ वि 5. घेप्पति

ગુણ-સ્મૃત્યાદિ-ના પ્રત્યક્ષપણાથી ઘડાની માફક ગુણી જીવ પણ પ્રત્યક્ષ થાય છે. **પૂર્વપક્ષ**-ગુણના પ્રત્યક્ષપણાથી ગુણી પ્રત્યક્ષ થાય છે એ હેતુ અનૈકાન્તિક છે, કેમ કે આકાશનો ગુણ જે શબ્દ તે પ્રત્યક્ષ છે પરંતુ ગુણી આકાશ પ્રત્યક્ષ થતો નથી. **ઉત્તરપક્ષ**-રૂપાદિની માફક શબ્દ ઇંદ્રિયગ્રાહ્ય હોવાથી આકાશનો ગુણ નથી પરંતુ પુદ્ગલનો ગુણ છે, માટે તમે કહેલ તે હેતુ અનૈકાંતિક છે તેમ નથી. ગુણોનું પ્રત્યક્ષપણું છતે ગુણીનું પ્રત્યક્ષપણું કેમ થાય? એમ જો કહેતા હો તો અમો પૂછીએ છીએ કે-ગુણોથી ગુણીને ભિન્ન માનો છો કે અભિન્ન? જો અભિન્ન હોય તો જ્ઞાનાદિ ગુણને ગ્રહણ કરવા માત્રથી ગુણી (આત્મા) સાક્ષાત્ ગ્રહણ થાય જ. જો ગુણોથી ગુણી ભિન્ન છે તો ઘટ આદિ ગુણી તેના રૂપાદિ ગુણોનું પ્રત્યક્ષ થવાથી જે ગ્રહણ થાય છે તે પણ ન થવું જોઇએ. જો આ પ્રમાણે છે તો કેવલ જીવના વિષયમાં જ અભાવના વિચાર શાથી થાય છે? (૪૮-૪૯-૫૦).

જેઓ સર્વ પદાર્થસમૂહના સ્વરૂપના આવિર્ભાવ (પ્રકાશ)માં સમર્થ જ્ઞાનીઓ છે તેઓને તો સર્વાત્મભાવે (સર્વથા જ) પ્રત્યક્ષ થાય છે. તેમજ અનુમાન પ્રમાણ વડે આત્મા જણાય છે તે આ પ્રમાણે-આ શરીર વિદ્યમાન કર્તા વડે ભોગ્યપણું[1] હોવાથી ભાત, વસ્ત્ર[2] વગેરેની જેમ કરાયેલું છે. આકાશનું ફૂલ વિપક્ષ[3] દૃષ્ટાંત છે. તે વિદ્યમાન કર્તા જીવ છે. **શંકા**-ઓદનના કર્તાની માફક આત્મા મૂર્ત્ત સિદ્ધ થાય છે, માટે 'ભોગ્યત્વ' હેતુ, સાધ્ય જે અમૂર્ત્ત આત્મા તે ભોગ્યત્વથી વિરુદ્ધ હોવાથી સાધ્યવિરુદ્ધ છે. **સમાધાન**-એ તમારું કથન યોગ્ય નથી. સંસારી જીવને [4]મૂર્ત્તપણે પણ સ્વીકારેલ હોવાથી ભોગ્યત્વ હેતુ સાધ્ય વિરુદ્ધ નથી. ભાષ્યકાર કહે છે કે—

**जो कत्तादि स जीवो, सज्झविरुद्ध(द्धो)त्ति ते मई हुज्जा[होज्जा] । मुत्ताइपसंगाओ, तं नो [न]संसारिणो दोसो ॥५१॥**
**[विशेषावश्यक० १५७० त्ति]**

જે કર્તા વગેરે છે તે જીવ છે. મૂર્ત્તત્વાદિના પ્રસંગથી આ અનુમાનો સાધ્ય વિરુદ્ધના સાધક થશે, એમ તારી બુદ્ધિ થાય તો તેમાં સંસારી જીવને સાધવામાં એ મૂર્ત્તત્વાદિ દોષ નથી આવતા. (૫૧)

લિંગ અને લિંગી (હેતુ ને પક્ષ) ના સાક્ષાત્ સંબંધના દેખવા વડે અનુમાનની પ્રવૃત્તિ થાય છે, એ તમારું કહેવું અયોગ્ય છે; કારણ કે એ હેતુ અનૈકાન્તિક દોષવાળો છે. લિંગી સાથે વ્યાપ્તિવાળો જે લિંગ તેના ઉપલંભના અભાવ વડે અનુમાનની જ એકાંતથી અપ્રવૃત્તિ છે. હાસ્ય, રુદન વગેરે લિંગ (હેતુ) વિશેષ જે, ગ્રહાખ્ય લિંગી (પિશાચાદિ) ના વ્યાપ્ત જ્ઞાન વિના પણ પિશાચાદિનું અનુમાન કરાવે છે. જો તમે એમ કહેશો કે દેહ એ જ પિશાચ છે, પરન્તુ તેમ નથી કારણ કે વ્યાપ્તિ જ્ઞાનના નિયામકથી જ્યાં જ્યાં દેહ છે ત્યાં ત્યાં પિશાચનું દર્શન થવું જોઈએ પણ બીજાના દેહમાં પિશાચ દેખાતો નથી. વળી ભાષ્યકાર કહે છે કે—

**सोऽणेगंतो जम्हा, लिंगेहि समं अदिट्ठपुव्वोऽवि । गहलिंगदरिसणातो, गहोऽणुमेयो सरीरंमि ॥५२॥**
**[विशेषावश्यक० १५६६ त्ति]**

લિંગો (હાસ્યાદિ ચિહ્નો) વડે પૂર્વે નહિ જોયેલ જે પિશાચ તેના હાસ્યાદિ ચિહ્નો વડે આ શરીરમાં પિશાચ છે એમ અનુમાન કરવા યોગ્ય છે, માટે તમારો હેતુ અનૈકાન્તિક છે. આત્મા આગમપ્રમાણ વડે જણાય છે. (૫૨)

**'एगे आया'** એ જ વચનથી અન્ય આગમો વડે આત્માના વિસંવાદની સંભાવના કરવા યોગ્ય નથી, કારણ કે આ આગમને સુનિશ્ચિત આપ્તપુરુષે કહેલ છે. **અહિં ઘણું કહેવાનું છે તે સ્થાનાંતરથી જાણવું.** આત્માનો અભાવ છતે જાતિસ્મરણાદિ અને મૃત્યુ પામેલ પિતા, દાદા વગેરેથી કરાયેલ અનુગ્રહ અને ઉપઘાત (લાભ-હાનિ) પ્રાપ્ત નહિં થાય. આત્માનું સપ્રદેશપણું તો અવશ્ય સ્વીકારવા યોગ્ય છે. અવયવના અભાવમાં તો હસ્તાદિ અવયવોના એકત્વ (એકપણા)નો પ્રસંગ આવશે અને દરેક અવયવ પ્રતિ સ્પર્શાદિની અનુપલબ્ધિનો પ્રસંગ આવશે. ગ્રીવાદિ દરેક અવયવમાં જણાતું રૂપ ગુણવિશિષ્ટ ઘડાની જેમ ચૈતન્ય

1. આત્મા ભોક્તા અને શરીર ભોગ્ય છે. 2. એ સપક્ષ દૃષ્ટાંત છે. 3. આદાન અને આદેયપણું અર્થાત્ ગ્રાહક-ગ્રાહ્ય નહિ હોવાથી.
4. આત્મા આઠ કર્મ અને શરીર સહિત હોવાથી કથંચિત્-સાપેક્ષાએ મૂર્ત્ત પણ છે.

(ઉપયોગ) લક્ષણરૂપી આત્માના ગુણનો સાક્ષાત્કાર થવાથી પ્રદેશ સહિત આત્મા દરેક અવયવમાં છે. ઉક્તરીત્યા દ્રવ્યાર્થપણાએ એક આત્મા છે એ સ્થાપન કર્યું. અથવા એક આત્મા કથંચિત્–સાપેક્ષતાએ દરેક ક્ષણમાં સંભવિત ભિન્ન ભિન્ન કાલ વડે કરાયેલ કુમારપણું, તરુણપણું, નરપણું અને નારકપણું વગેરે પર્યાયોથી ઉત્પત્તિ અને વિનાશનો યોગ છતે પણ દ્રવ્યાર્થપણાએ આત્માનું એકપણું છે. જો કે કાલકૃત પર્યાયો વડે વસ્તુ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે તો પણ [1]સ્વપર્યાય અને પરપર્યાયરૂપી અનંત–ધર્માત્મક વસ્તુ હોવાથી વસ્તુનો સર્વથા નાશ યોગ્ય નથી. કહ્યું છે કે—

**न हि सव्वहा विणासो, अद्धापज्जायमित्तनासंमि । सपरपज्जायाणंतधम्मु(म्म)णो वत्थुणो जुत्तो ।।५३।।**

**[विशेषावश्यक० २३९३ त्ति]**

અદ્ધા (કાળ) પર્યાયમાત્રનો નાશ થાય તો પણ સ્વ–પર પર્યાયથી અનંત ધર્માત્મક વસ્તુનો સર્વથા નાશ થાય નહીં. (૫૩) કહ્યું છે કે—

**कह वा सव्वं खणियं विन्नायं?, जई मई सुयाओत्ति । तदसंखसमयसुत्तत्थगहणपरिणामओ जुत्तं ।।५४।।**
**नउ पइसमयविणासे, जेणेक्केक्कक्खरं पि य पयस्स । संखाईयसमइयं, संखेज्जाइं पयं ताइं ।।५५।।**
**संखेज्जपयं वक्कं, तदत्थगहणपरिणामओ होज्जा । सव्वखणभंगनाणं, तदजुत्तं समयनट्ठस्स ।।५६।।**

**[विशेषावश्यक० २४०१-२४०२-२४०३ इति]**

[2]'**प्रतिक्षणं क्षयिणो भावा**' **इति**–આ વચનથી તમારા પ્રતિપાદ્ય વિષયનું જે ક્ષણભંગુરરૂપી વિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે ક્ષણિક વિજ્ઞાન વાક્યાર્થ ગ્રહણ પરિણામથી અસંખ્યાત સમયો વડે જ થાય છે. દરેક સમયમાં બોલનારનો નાશ થયે છતે ક્ષણિક વિજ્ઞાન જ તમે કહી શકો તેમ નથી. જે કારણથી પદ સંબંધી એક એક અક્ષર પણ અસંખ્યાત સમયમાં ઉત્પન્ન થાય છે. સંખ્યાત અક્ષરવાળું પદ છે, સંખ્યાત પદવાળું વાક્ય છે; માટે તેના અર્થના ગ્રહણ પરિણામથી સમયમાં જ નાશ પામેલ વક્તાનો અર્થ હોવાથી આ ક્ષણભંગુર વિજ્ઞાનવાદ અયોગ્ય છે. (૫૪–૫૫–૫૬)

**तित्ती समो किलामो, सारिक्खविवक्खपचयाईणि । अज्झयणं झाणं भावणा य का सव्वनासंमि? ।।५७।।**

**[विशेषावश्यक० २४०४ त्ति]**

સર્વથા નાશ સ્વીકારે છતે તૃપ્તિ, શ્રમ, ગ્લાનિ, સાધર્મ્ય, વિપક્ષ, પ્રત્યયાદિ, તથા અધ્યયન, ધ્યાન અને ભાવના એ સર્વે નહિ ઘટી શકે. (૫૭)

કારણ કે પૂર્વ સંસ્કારની અનુવૃત્તિ (પરંપરા)માં તૃપ્તિ વગેરેની યોગ્યતા હોઈ શકે [જેમકે ભોજન કરતી વખતે ભોજન કરનાર ક્ષણિક હોવાથી પ્રત્યેક કવળ લેતાં ભોજન કરનાર ભિન્ન ભિન્ન થશે અને ભોજનક્રિયાને અંતે તે ભોક્તા પણ રહેશે નહિ તો તૃપ્તિ કોને થશે? એમ શ્રમ વગેરેમાં જાણી લેવું.] ભાષ્યકાર કહે છે કે—

અહિં ઘણું કહેવાનું છે તે તો સ્થાનાંતરથી જાણવું. તેવી જ રીતે સ્થિતિ (ધ્રુવ), ઉત્પત્તિ અને નાશરૂપ આત્મા, ધ્રુવતા (સત્તા)ની અપેક્ષાએ નિત્ય છે, અને નિત્યપણું હોવાથી એક છે. ઉત્પત્તિ અને નાશની અપેક્ષાએ તો આત્મા અનિત્ય છે અને અનિત્યપણું હોવાથી અનેક છે. ભાષ્યકાર પણ કહે છે કે—

**जमणंतपज्जयमयं, वत्थुं भुवणं च चित्तपरिणामं । ठिइ-विभव-भङ्गरूवं, णिच्चाणिच्चाइ तोऽभिमयं ।।५८।।**
**सुह-दुक्ख-बंध-मोक्खा, उभयनयमयाणुवत्तिणो जुत्ता । एगयरपरिच्चाए, सव्वव्ववहारवु[वो]च्छित्ति ।।५९।।**

**(युग्मं) [विशेषावश्यक० २४१६-१७ त्ति]**

દરેક વસ્તુ અનંતપર્યાયવાળી છે, અને ત્રિભુવનની પેઠે ઉત્પાદ, સ્થિતિ અને નાશરૂપી નિત્યાનિત્યાદિ અનેક વિચિત્ર

1. સ્વપર્યાય સ્વદ્રવ્યાદિ તે આત્મામાં અસ્તિ સ્વભાવથી છે અને પરપર્યાય પરદ્રવ્યાદિ તે આત્મામાં નાસ્તિ સ્વભાવથી છે.
2. દરેક ક્ષણમાં ભવો નાશવંત છે.

પરિણામવાળી માનેલ છે માટે ઉભય નયના મતને અનુસરનારાને જ સુખ–દુ:ખ, બંધ–મોક્ષ વગેરે ઘટી શકે છે, પણ બેમાંથી [1]એક નયને છોડી દેવાથી સર્વ વ્યવહારનો વિચ્છેદ થાય છે (૫૮–૫૯).

વળી કથંચિત્ આત્મા એક છે તે કારણથી જૈનોના મતમાં પદાર્થનો સામાન્ય વિશેષ ઉભયરૂપ હોવાથી કોઇપણ પદાર્થ એક અથવા અનેક સર્વથા નથી. જો કહેશો કે વસ્તુ વિશેષરૂપ જ છે, તો વિશેષોથી ભેદ–અભેદસ્વરૂપ વડે-વિચારતાં જે સામાન્યનો અસંબંધ છે તે આ પ્રમાણે–સામાન્ય, વિશેષોથી ભિન્ન છે કે અભિન્ન? તે સાક્ષાત્ જણાતો ન હોવાથી ભિન્ન નહિ થાય, કેમકે સાક્ષાત્ નહિ દેખાતી વસ્તુની વિદ્યમાનતા (સત્તા) વડે વ્યવહાર કરવો શક્ય નથી. જો અવિદ્યમાન વસ્તુનો પણ વ્યવહાર સ્વીકારશો તો ગધેડાના શીંગડાનો પણ પ્રસંગ આવી જાય. અથવા જો અભિન્ન પક્ષ (સામાન્ય વિશેષોથી અભિન્ન) સ્વીકારશો તો તે સામાન્ય માત્ર છે કે વિશેષ માત્ર છે? જો સામાન્ય માત્ર હોય તો એક (આત્મા)ને વિષે સામાન્ય એક હોય નહિ, કારણ કે સામાન્ય એક થવાથી સંકીર્ણ વ્યવસ્થા થશે. જેમ ઘટમાં ઘટત્વ સામાન્ય છે પણ કંબૂ, ગ્રીવાદિ વિશેષની પ્રતીતિ થશે નહિ. જો વિશેષ માત્ર સ્વીકારશો તો વિશેષો અનેક રૂપે છે તેથી સંકીર્ણ વ્યવસ્થા થવા નહિ પામે. તેમ એક આત્માને વિષે આત્મત્વ સામાન્ય છે અને દુ:ખસુખાદિ વિશેષ છે; માટે સામાન્ય સ્વીકાર થવાથી દુ:ખસુખાદિની પ્રતીતિ થશે નહિ. અહિં [2]ટીકાકાર કહે છે—અમારા વડે સામાન્ય અને વિશેષનો એકાંતથી ભેદ–અભેદ સ્વીકાર કરાયેલ નથી પરંતુ અસદૃશ રૂપ મુખ્યતાને અને સદૃશ રૂપ ગૌણતાને લઈને વિષમતા વડે જણાતા વિશેષો જ, વિશેષરૂપે કહેવાય છે. તે જ વિશેષો, અતુલ્ય રૂપે ગૌણ કરીને અને તુલ્ય રૂપે મુખ્ય કરીને સમપણે જણાતા [3]સામાન્ય રૂપે કહેવાય છે. કહ્યું છે કે—

**निर्विशेषं गृहीताश्च, भेदाः सामान्यमुच्यते । ततो विशेषात् सामान्यविशिष्टत्वं न युज्यते ॥६०॥**

**वैषम्यसमभावेन, ज्ञायमाना इमे किल । प्रकल्पयन्ति सामान्यविशेषस्थितिमात्मनि ॥६१॥**

નિર્વિશેષ ગ્રહણ કરાયેલા ભેદો સામાન્ય કહેવાય છે. તેથી વિશેષથી સામાન્યમાં વિશિષ્ટત્વ યોગ્ય નથી. આત્મામાં વિષમતા અને સમભાવથી ભેદો જણાવાથી સામાન્ય અને વિશેષ સ્થિતિની કલ્પના કરાય છે. (૬૦–૬૧)

તે કારણથી જ સામાન્ય રૂપ વડે આત્મા એક છે અને વિશેષ રૂપ વડે અનેક છે. વ્યતિરેકથી એક આત્માના અભાવ વડે શેષ (અનેક) આત્માઓને અનાત્માપણાનો પ્રસંગ આવવાથી આત્માઓનું તુલ્ય રૂપ નથી, એમ કહેવું નહિં; કારણ કે તુલ્ય રૂપ ઉપયોગ છે–'उपयोगलक्षणो जीव' इति वचनात् ઉપયોગરૂપ એક લક્ષણપણું હોવાથી સર્વ આત્માઓ એક રૂપવાળા છે. એવી રીતે એક લક્ષણ હોવાથી એક આત્મા છે અથવા જન્મ, મરણ અને સુખદુ:ખાદિના સંવેદનો (ભોગવવામાં) કોઈ પણ અન્ય સહાયક નહિ હોવાથી એક આત્મા છે એમ ભાવવું. અહિં સર્વ સૂત્રોને વિષે કથંચિત્ (કોઈક અપેક્ષા)નું સ્મરણ કરવું. અવિરોધ વડે કથંચિત્વાદને સર્વ વસ્તુની વ્યવસ્થાનું નિબંધન હોવાથી. કહ્યું છે કે—

**स्याद्वादाय नमस्तस्मै, यं विना सकलाः क्रिया । लोकद्वितयभाविन्यो, नैव साङ्गत्यमिप्रति ॥१॥**

તે સ્યાદ્વાદને નમસ્કાર થાઓ કે જે સ્યાદ્વાદ વિના બન્ને લોકમાં થનારી સર્વ ક્રિયાઓ યોગ્ય સંગતિને પામતી નથી. તથા—

**नयास्तव स्यात्पदसत्त्वलाञ्छिता, रसोपविद्धा इव लोहधातवः ।**

**भवन्त्यभिप्रेतफला यतस्ततो, भवन्तमार्याः प्रणता हितैषिणः ॥२॥ [बृहत्स्वयंभूस्तोत्रे]**

રસ વડે સિદ્ધ કરેલ લોહ ધાતુઓની જેમ સ્યાત્પદરૂપ સત્ત્વ વડે લાઞ્છિત તમારા નયો (નૈગમાદિ) છે, જેથી ઇચ્છિત

1. કેમકે પર્યાયનયના મતે સર્વથા નાશ થતો હોવાથી મરેલાની પેઠે સુખદુ:ખાદિ ન સંભવે અને દ્રવ્યનયના મતે આકાશાદિની પેઠે સર્વ નિત્ય હોવાથી સુખદુ:ખાદિ ન ઘટી શકે. 2. બ્રાહ્મણ ક્ષત્રિયાદિ જાતિવિશેષમાં મનુષ્યમાં મનુષ્યત્વરૂપી સામાન્યને ગૌણ કરી અને ક્ષત્રિયાદિની અપેક્ષાએ બ્રાહ્મણને મુખ્ય કરીને વિશેષનો વ્યવહાર કરાય છે. 3. બ્રાહ્મણ ક્ષત્રિયાદિ જાતિવિશેષને ગૌણ કરી અને મનુષ્યત્વરૂપી સામાન્યને મુખ્ય કરી અર્થાત્ સર્વ મનુષ્યો સરખા છે એમ સામાન્ય વ્યવહાર કરાય છે.

ફળને આપનારા થાય છે, તેથી તેમને હિતેચ્છુ આર્યપુરુષો નમસ્કાર કરે છે. ॥૨॥

આત્માનું એકપણું ઉપર કહેલ રીતિથી સ્વીકાર કર્યા છતાં પણ કેટલાએકો (દર્શનકારો) વડે આત્માનું નિષ્ક્રિયપણું સ્વીકાર કરાયેલું છે. આ કારણથી તેનું નિરાકરણ (ખંડન) કરવા માટે આત્માનું ક્રિયાવાનપણું કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર ક્રિયાના કારણભૂત દંડનું સ્વરૂપ પ્રથમ કહે છે—

**एगे दंडे ॥ सू० ३॥ एगा किरिया ॥सू० ४॥ एगे लोए ॥सू० ५॥ एगे अलोए ॥ सू० ६॥**

*(મૂ૦) દંડ એક છે. ॥૩॥ ક્રિયા એક છે. ॥૪॥ લોક એક છે. ॥૫॥ અલોક એક છે. ॥૬॥*

(ટી૦) '**एगे दंडे**'-વિશેષ વિવક્ષા ન કરવાથી એક, **दंड्यते**-જ્ઞાનાદિરૂપી ઐશ્વર્યના હરણ કરવાથી આત્મા જેનાવડે સાર રહિત કરાય છે તે દંડ, તે દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. દ્રવ્યથી લાકડી વગેરે ભાવથી ખરાબ રીતે પ્રવર્તાવેલ મન વગેરે. ॥૩॥

તે દંડ વડે આત્મા ક્રિયા કરે છે એટલે ક્રિયાને કહેવામાં આવે છે. '**एगा किरिया**' વિશેષ વિવક્ષા ન કરવા વડે કરણ માત્રની વિવક્ષા હોવાથી એક છે. કરવું તે ક્રિયા. કાયિકી વગેરે તેનાં પ્રકારો છે અથવા '**एगे दंडे एगा किरिया**'त्ति-આ બન્ને સૂત્ર વડે અક્રિયાપણાના નિષેધ વડે આત્માનું સક્રિયપણું કહેલ છે. જે કારણથી દંડ અને ક્રિયા શબ્દ વડે તેર ક્રિયાનાં સ્થાનો પ્રતિપાદન કરેલ છે તેમાં ૧ અર્થદંડ, ૨ અનર્થદંડ, ૩ હિંસાદંડ, ૪ અકસ્માત્‌દંડ અને ૫ દૃષ્ટિવિપર્યાસદંડ—એ પાંચ પ્રકારે દંડ, તે પરના પ્રાણહરણસ્વરૂપ દંડ શબ્દથી ગ્રહણ કરેલ છે. વધનું સમાનપણું હોવાથી દંડનું એકપણું જાણવું. ક્રિયા શબ્દ વડે તો ૧ મૃષાપ્રત્યયા, ૨ અદત્તાદાનપ્રત્યયા, ૩ આધ્યાત્મિકી, ૪ માનપ્રત્યયા, ૫ મિત્રદ્વેષપ્રત્યયા, ૬ માયાપ્રત્યયા, ૭ લોભપ્રત્યયા, ૮ ઐર્યાપથિકી—આ પ્રમાણે આઠ પ્રકારે ક્રિયા કહેલ છે. તેનું એકપણું તો કરણ માત્રના સમાનપણાથી જાણવું. દંડ અને ક્રિયાનું વિશેષ સ્વરૂપ તેના વિવરણ પ્રસંગે જ કહેશું. આત્માને અક્રિયવાનપણું માનનારનું ખંડન આ પ્રમાણે છે—જેઓએ નિશ્ચય આત્માનું અક્રિયવાનપણું સ્વીકારેલ છે તેમ તેઓએ ભોક્તૃપણું સ્વીકારેલ છે. ભોક્તૃપણું સ્વીકારવાથી ભોગક્રિયાની ઉત્પત્તિનું સામર્થ્ય છતે ભોક્તાપણું ઉત્પન્ન થાય છે. તે જ ક્રિયાપણું છે. હવે વાદી કહે છે કે—પ્રકૃતિ કરે છે અને પુરુષ (આત્મા) ભોગવે છે. પ્રતિબિંબ ન્યાય વડે એ પ્રમાણે કહેવું અયુક્ત છે, કારણ કે કથંચિત્ સક્રિયપણા વિના પ્રકૃતિનો સંબંધ છતે પણ પ્રતિબિંબભાવની ઉત્પત્તિ નહીં થાય; કેમકે રૂપાંતરનું પરિણમનરૂપી પ્રતિબિંબ છે. વળી જો કહેશો કે પ્રકૃતિના વિહારરૂપી બુદ્ધિથી જ સુખાદિ અર્થનું પ્રતિબિંબ પડે છે, પરંતુ આત્માથી પ્રતિબિંબ પડતું નથી. ત્યારે આત્માનું તે સ્થિતિમાં રહેવાપણું હોવાથી ભોક્તૃત્વ ઘટી શકશે નહિ. અહિં ઘણું કહેવાનું છે તે તો સ્થાનાંતરથી જાણવું. ॥૪॥

ઉક્ત સ્વરૂપ વિશિષ્ટ આત્માના આધારનું સ્વરૂપ નિરૂપણ કરવા માટે કહે છે—'**एगे लोए**' અસંખ્યાત પ્રદેશ વડે અને અધો, તિર્યગ્ આદિ દિશાના ભેદ વડે વિવક્ષા ન કરવાથી એક લોક છે. **लोक्यते**-કેવળજ્ઞાન વડે જે જોવાય છે તે લોક. તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનો આધારભૂત આકાશવિશેષ છે. આ સંબંધમાં કહ્યું છે કે—

**धर्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् । तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥ इति**—જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની પ્રવૃત્તિ થાય છે તે ક્ષેત્ર તે દ્રવ્યો સહિત લોક કહેવાય છે અને તેથી વિપરીત (એકલા આકાશની પ્રવૃત્તિ હોય) તે અલોક. અથવા લોક, નામાદિ ભેદથી આઠ પ્રકારે છે. કહ્યું છે કે—

**नामं ठवणा दविए, खित्ते काले भवे य भावे य । पज्जवलोए य तहा, अट्ठविहो लोयनिक्खेवो ॥६२॥**

**[आवश्यक नि० १०७०]**

૧ નામ અને ૨ સ્થાપના સુગમ છે. ૩ દ્રવ્યલોક-જીવ-અજીવદ્રવ્યરૂપ, ૪ ક્ષેત્રલોક-અનંતદેશાત્મક આકાશમાત્ર, ૫ કાલલોક-સમય, આવલિકાદિ, ૬ ભવલોક-નારક વગેરે, પોતપોતાના ભવમાં વર્તતા, જેમકે મનુષ્યલોક, દેવલોક, ૭ ભાવલોક-ઔદયિકાદિ છ ભાવો. ૮ પર્યાયલોક-દ્રવ્યોના પર્યાયમાત્રરૂપ. આ આઠ પ્રકારે લોકનો નિક્ષેપો જાણવો. (૬૨)

એ આઠ પ્રકારના લોકનું કેવલજ્ઞાન વડે જોવાપણું સામાન્ય હોવાથી એકપણું કહ્યું છે. ।।૫।।

લોકની વ્યવસ્થા, તેના પ્રતિપક્ષભૂત અલોક છતે થાય છે માટે હવે અલોક કહે છે—'एगे अलोए' અનંતપ્રદેશાત્મકપણું છતાં પણ તેની વિવક્ષા ન કરવા વડે એક અલોક છે. લોક શબ્દના [1]નિષેધથી અલોક છે પણ ન જોવાપણાએ નહિ; કારણ કે કેવલજ્ઞાનરૂપી પ્રકાશ વડે અલોકનું પણ જોવાપણું છે. **શંકા**–લોકના એક દેશ (વિભાગ)ના પ્રત્યક્ષપણાથી અને તેના દેશાંતરને પણ બાધક પ્રમાણનો અભાવ હોવાથી અમે લોકની સંભાવના કરીએ છીએ, પરંતુ જે આ અલોકનું દેશથી પણ અપ્રત્યક્ષપણું હોવાથી આ અલોક છે એવો નિશ્ચય કરવા માટે કેમ શક્તિમાન થશો? જે કારણથી તમે એકત્રપણાએ પ્રરૂપો છો? **સમાધાન**–અનુમાનથી એ પ્રમાણે કહીએ છીએ. તે આ પ્રમાણે—લોક, વ્યુત્પત્તિવાળા શુદ્ધ પદનું કથન (નામ) હોવાથી વિદ્યમાન વિપક્ષવાળો છે. અહિં જે વસ્તુ વ્યુત્પત્તિવાળા શુદ્ધ શબ્દ વડે કહેવાય છે, તેનો વિપક્ષ હોય છે એમ જાણવા યોગ્ય છે. જેમ ઘટનો [વિપક્ષ] અઘટ છે તેમ વ્યુત્પત્તિ વિશિષ્ટ શુદ્ધ પદવાચ્ય લોક છે તે કારણથી વિપક્ષ સહિત છે. જે લોકનો વિપક્ષ તે અલોક, તે કારણથી અલોક છે. વળી **શંકા**–न लोकः अलोकः–એમ કહેવાથી ઘટ, પટ વગેરેમાં જ કોઈ પણ એક વસ્તુ (અલોક) થશે. અહિં બીજી વસ્તુની કલ્પના વડે શું? (અર્થાત્ અલોકની જુદી કલ્પના શા માટે કરી?). **સમાધાન**–એમ કહેવું નહિં. જે હેતુથી નિષેધના સદ્ભાવથી નિષેધ્ય–નિષેધ કરવા યોગ્યના અનુરૂપ વડે–સમાનપણે નિષેધ હોવું જોઈએ. નિષેધ્ય લોક છે, તે આકાશવિશેષ જીવાદિ દ્રવ્યનું પાત્ર છે, આથી ચોક્કસ અલોક પણ આકાશવિશેષરૂપ હોવું જોઈએ. જેમ અહિં 'अपण्डित' એમ કહે છતે વિશિષ્ટ જ્ઞાનરહિત ચેતન જ જણાય છે પરંતુ અચેતન ઘટાદિ નહિં, તેની માફક અલોક પણ લોક સમાન હોવું જોઈએ. કહ્યું છે કે—

**लोगस्सऽत्थि विवक्खो, सुद्धत्तणओ घडस्स अघडो व्व ।**
**[प्रेरकः] स घडादी चेव मती [गुरुः], न निसेहाओ तदणुरूवो ।।६३।। [विशेषावश्यक० १८५१ त्ति]**

વળી જેમ ઘટનો પ્રતિપક્ષી અઘટ છે તેમ શુદ્ધ પદ હોવાથી લોકનો પ્રતિપક્ષી અલોક છે. તે અલોક ઘટપટાદિ હશે, એમ કહેવામાં આવે, તો તે અયોગ્ય છે. કારણ કે નિષેધથી તેના અનુરૂપ પદાર્થની જ કલ્પના થાય છે.(૬૩) ।।૬।।

લોકઅલોકના વિભાગનો કરનાર ધર્માસ્તિકાય હોવાથી તેનું સ્વરૂપ કહે છે—

**एगे धम्मे ।। सू० ७।।, एगे अधम्मे ।। सू० ८ ।।, एगे बंधे ।। सू० ९ ।।, एगे मोक्खे ।। सू० १०।।**
**एगे पुण्णे ।। सू० ११।।, एगे पावे ।। सू० १२।।, एगे आसवे ।। सू० १३।।, एगे संवरे ।। सू० १४।।**
**एगा वेयणा ।। सू० १५।।, एगा निज्जरा ।। सू० १६।।**

*(મૂ૦) એક ધર્માસ્તિકાય છે. ।।૭।। એક અધર્માસ્તિકાય છે. ।।૮।। એક બંધ છે. ।।૯।। એક મોક્ષ છે. ।।૧૦।। એક પુણ્ય છે. ।।૧૧।। એક પાપ છે. ।।૧૨।। એક આશ્રવ છે. ।।૧૩।। એક સંવર છે. ।।૧૪।। એક વેદના છે. ।।૧૫।। એક નિર્જરા છે. ।।૧૬।।*

(ટી૦) પ્રદેશાર્થપણે અસંખ્યાત પ્રદેશાત્મક હોવા છતાં પણ દ્રવ્યાર્થપણે તેનું એકત્વ હોવાથી ધર્માસ્તિકાય એક છે. ગમન–પરિણામને પામેલા જીવ અને પુદ્ગલોનું સ્વાભાવિક ક્રિયાવત્પણું છતે ગતિસ્વભાવને ધારણ કરવાથી (સહાયક થવાથી) ધર્મ અને અસ્તિ–પ્રદેશો તેઓના સમૂહાત્મકપણાથી કાય તે અસ્તિકાય અર્થાત્ ધર્માસ્તિકાય. હવે તેના વિપક્ષરૂપ અધર્મનું સ્વરૂપ કહે છે–'एगे अधम्मे' દ્રવ્યથી જ એક છે. ધર્મ નહિં તે અધર્મ અર્થાત્ અધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય, જીવ અને પુદ્ગલોને ગમનમાં સહાય કરનાર છે. આ (અધર્માસ્તિકાય), તેના (ધર્માસ્તિકાય)થી વિપરીત હોવાથી સ્થિર થવામાં મદદ કરનાર છે. **શંકા**–ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું અસ્તિત્વ (હોવાપણું) કેમ જાણી શકાય? **સમાધાન**–અમે પ્રમાણથી કહીએ છીએ.

1. અહિં પ્રસહ્ય પ્રતિષેધથી 'नञ्' સમાસ કરવો, પરંતુ પર્યુદાસથી નહિ. न लोकः अलोकः।

તે આ પ્રમાણે-અહિં ગતિ અને સ્થિતિ, સર્વ લોકોને પ્રસિદ્ધ કાર્ય છે. પરિણામી (કર્ત્તા)ના અપેક્ષા કારણને આધીન આત્મલાભરૂપી કાર્ય વર્ત્તે છે. ઘટાદિ કાર્યોમાં તે પ્રમાણે દેખાય છે. વળી માટીનો પિંડ છતે પણ દિશા, દેશ, કાલ, આકાશ અને પ્રકાશાદિ અપેક્ષા કારણ સિવાય ઘટ થતો નથી. જો થાય તો માટીના પિંડ માત્રથી જ કાર્ય થાય, પરંતુ તેમ થતું નથી. જીવ અને પુદ્ગલમાં *પરિણામ કારણપણું રહેતે છતે અપેક્ષા કારણ વિના ગતિ અને સ્થિતિ બન્ને ય થવાને યોગ્ય નથી અને ગતિ તેમજ સ્થિતિપણું* તો દેખાય છે. આ કારણથી તે બન્નેની સત્તા જણાય છે. જે અપેક્ષા કારણ છે તે ધર્મ અને અધર્મ છે. આ તાત્પર્ય છે. ગતિપરિણામને પામેલા જીવને પુદ્ગલોને જે ગતિમાં સહાયક તે ધર્માસ્તિકાય. માછલાઓને જેમ જલ ગતિમાં સહાયક છે તેમ. તથા સ્થિતિપરિણામને પામેલા (જીવ, પુદ્ગલો)ને માછલા વગેરેને પૃથિવીની જેમ સ્થિતિમાં સહાયક થાય તે અધર્માસ્તિકાય. અથવા વિવક્ષા વડે જલ. અહિં આ [1]અનુમાન છે-ગતિ ને સ્થિતિ, કાર્ય હોવાથી ઘટની માફક અપેક્ષા કારણવાળી છે. ત્રણ લોકમાં જે પોલાણ અથવા અભાવ એ વિપક્ષ દૃષ્ટાંત છે. વળી કંઈક વિશેષ અલોકનો સ્વીકાર કર્યે છતે લોકના પરિમાણને કરનારા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વડે બન્નેનો સ્વીકાર અવશ્ય થવો જોઈએ. જો સ્વીકાર નહિં કરવામાં આવે તો આકાશનું સમતોલપણું છતે લોક અથવા અલોક એવો ભેદ નહિં રહે. તેમજ કેવલ આકાશ છતે ગતિવાળા જીવો અને પુદ્ગલોને પ્રતિઘાત (અટકાવ)'નો અભાવ હોવાથી કોઈ ચોક્કસ સ્થાન નહિં રહે; કારણ કે સંબંધના અભાવથી સુખ, દુઃખ અને બંધ વગેરેનો સંવ્યવહાર નહિં થાય. કહ્યું છે કે—

**तम्हा धम्माऽधम्मा, लोगपरिच्छेयकारिणो जुत्ता । इहराऽऽगासे तुल्ले, लोगोऽलोगोत्ति को भेओ? ।।६४।।**
**लोगविभागाभावे, पडिघाताभावओऽणवत्थाओ । संववहाराभावो, संबंधाभावओ होज्जा ।।६५।।**

[विशेषावश्यक० १८५२-५३ ]

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો લોકના નિયામક છે. અન્યથા સર્વત્ર આકાશ દ્રવ્યની હયાતી તુલ્ય હોવાથી 'આ લોક છે. આ અલોક છે' એવો ભેદ ક્યાંથી થાય? લોક વિભાગના અભાવે પ્રતિઘાતના અભાવથી ગતિ અને અવસ્થાન ન થાય અને એથી સંબંધનો જ અભાવ થવાથી બંધ મોક્ષાદિ વ્યવહારનો સર્વથા અભાવ થાય.(૬૪-૬૫) ।।૭-૮।।

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વડે ઉપકાર કરાયેલ જે લોકવર્ત્તી સંસારી જીવ, દંડ સહિત અને સક્રિય છે તે કર્મ વડે બંધાય છે; માટે હવે બંધનું નિરૂપણ કરવામાં આવે છે—'**एगे बंधे**' બંધાવું તે બંધ. કષાય સહિત[2] હોવાથી જીવ, જે કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે તે બંધ એવો તાત્પર્ય છે. તે બંધ પ્રકૃતિ, સ્થિતિ, પ્રદેશ અને અનુભાવના ભેદથી ચાર પ્રકારે છે તો પણ બંધનું સમાનપણું[3] હોવાથી એક બંધ છે. અથવા મુક્ત થયેલને ફરી બંધનો અભાવ હોવાથી એક બંધ છે. વળી દ્રવ્યથી બંધ બેડી વગેરે, ભાવથી કર્મ વડે બંધ, તે દ્રવ્ય અને ભાવ બંધમાં બંધનનું સમાનપણું હોવાથી એક બંધ છે. **શંકા**-જો તમને જીવ-કર્મનો સંયોગ તે બંધ ઇચ્છિત છે તો તે આદિમાન્ કે આદિરહિત છે? એમ બે વિકલ્પ થાય છે. તેમાં જો આદિમાન્ પક્ષ સ્વીકારશો તો શું પહેલો આત્મા અને પછી કર્મ? અથવા પહેલાં કર્મ અને પછી આત્મા? અથવા કર્મ અને આત્મા બન્ને સાથે ઉત્પન્ન થાય છે? આ ત્રણ વિકલ્પ[4] થાય છે. તેમાં ગધેડાના શીંગડાની માફક હેતુનો અભાવ હોવાથી આત્માની ઉત્પત્તિ પ્રથમ સંભવતી નથી, કારણ સિવાય ઉત્પન્ન થયેલ (વસ્તુ)નો અકારણથી જ નાશ થાય. વળી વાદી કહે છે-અનાદિ જ આત્મા છે તો પણ કારણનો અભાવ હોવાથી આકાશની માફક આત્માનો કર્મ સાથે યોગ ઘટમાન નહિ થાય. જો કારણ સિવાય પણ કર્મ સાથે યોગ થાય તો મુક્ત જીવને પણ કર્મનો યોગ થવો જોઈએ. જો આ આત્મા નિત્ય મુક્ત જ છે તો મોક્ષની જિજ્ઞાસા વડે શું? અર્થાત્ મોક્ષની જિજ્ઞાસા જ ન હોય અને બંધનો અભાવ છતે મુક્તના કથનનો આકાશની માફક અભાવ જ થાય અર્થાત્ 'આ મુક્ત છે' એમ કહી [5]શકાશે નહિ.

1. પ્રત્યક્ષ પ્રમાણથી ગતિ, સ્થિતિ સિદ્ધ કરીને હવે અનુમાન પ્રમાણથી સિદ્ધ કરે છે. 2. દંડાદિ સહિતની અપેક્ષાએ. 3. સંસારીજીવોની અપેક્ષાએ. 4. આ ત્રણ વિકલ્પ આદિમાન્ પક્ષમાં જ કરેલ છે. 5. અહિં પ્રથમ વિકલ્પ કહ્યો.

પ્રથમ કર્મ અને પછી આત્મા. આ બીજો વિકલ્પ પણ બરોબર નથી; કારણ કે કર્ત્તાનો અભાવ હોવાથી આત્માથી પૂર્વે કર્મની ઉત્પત્તિ ન થાય. ન કરાયેલ કાર્યને કર્મ કહેવું તે પણ ઈષ્ટ નથી. કારણ વિના ઉત્પત્તિનો અકારણથી જ નાશ થાય છે. કર્મ અને જીવનું સાથે ઉત્પન્ન થવું એ ત્રીજો પક્ષ પણ યોગ્ય નથી. કારણના અભાવથી સમકાલે બન્નેની ઉત્પત્તિ છતે જમણા-ડાબા ગાયના શીંગડાની જેમ, 'આ કર્ત્તા, આ કર્મ' આવા પ્રકારનો યોગ્ય વ્યવહાર નહિ થાય. વળી જીવ અને કર્મનો યોગ આદિ રહિત છે; એ બીજા (અનાદિ) પક્ષનો સ્વીકાર કરવાથી આત્મા અને કર્મનો વિયોગ નહિં થાય. કારણ? અનાદિપણું હોવાથી જ આત્મા અને આકાશના સંયોગની માફક. અહિં **સમાધાન** કરે છે—આદિમાન્ સંયોગ પક્ષના દોષો, અમારા વડે આદિમાન્ પક્ષ ન સ્વીકારવાથી જ નિષેધ કરાયેલ છે; અને અનાદિ જીવ-કર્મના યોગને વિષે અનાદિપણું હોવાથી જીવ-કર્મનો વિયોગ નહિં થાય એમ તમે કહેલું તે અયુક્ત છે; કેમ કે સંયોગનું અનાદિપણું છતે પણ સુવર્ણ અને પત્થર (માટી)ની જેમ વિયોગની ઉપલબ્ધિ થાય છે-જણાય છે. ભાષ્યકાર કહે છે—

**जह वेह कंचणोवलसंजोगोऽणाइसंतइगओवि । वोच्छिज्जइ सोवायं, तह जोगो जीवकम्माणं ।।६६।।**

**[विशेषावश्यक० १८१९ त्ति]**

જેમ કાંચન અને ઉપલનો (પત્થરનો) અનાદિકાલનો ચાલ્યો આવેલ સંયોગ પણ, ઉપાય (અગ્નિતાપાદિ)થી નાશ પામે છે તેમ જીવ અને કર્મનો સંયોગ (તપ સંયમાદિથી) નાશ પામે છે (૬૬).

તેમ બીજ અને અંકુરની પરંપરાની જેમ અનાદિ સંતાનનો નાશ દેખાય છે. ભાષ્યકાર કહે છે કે—

**अन्नतरमणिव्वत्तियकज्जं बीयंकुराण जं विहयं । तत्थ हओ संताणो, कुक्कुडिअंडाइयाणं च ।।६७।।**

**[विशेषावश्यक० १८१८ त्ति]**

જેમ બીજ અને અંકુરમાંથી કોઈપણ એક વસ્તુ, કાર્યને ઉત્પન્ન કર્યા સિવાય નાશ પામે તો તેમાં (બીજ-અંકુરમાં) સંતાનનો નાશ થાય છે. તેમજ કુકડીને ઈંડું, અને પુત્ર ને પિતા વગેરેમાં પણ સમજવું (૬૭). ।।૯।।

અનાદિ બંધનો સદ્ભાવ છતે પણ કોઈક ભવ્યાત્માનો મોક્ષ થાય છે, માટે હવે મોક્ષનું સ્વરૂપ કહે છે—'**एगे मोक्खे**' મૂકાવવું-કર્મપાશથી છૂટવું તે આત્માનો મોક્ષ. વાચકવર્ય ઉમાસ્વાતિ કહે છે કે—"**कृत्स्नकर्मक्षयान्मोक्षः।**" સર્વ કર્મનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. તે મોક્ષ એક છે. જ્ઞાનાવરણીયાદિ કર્મની અપેક્ષાએ આઠ પ્રકારે છે તો પણ મૂકાવવાના સમાનપણાથી, અથવા મુક્ત (આત્મા)નો ફરી મોક્ષનો અભાવ હોવાથી, અથવા ઈષત્પ્રાગ્ભારા નામે પૃથ્વીરૂપ ક્ષેત્રલક્ષણ તે દ્રવ્યાર્થપણાએ એક છે. અથવા દ્રવ્યથી મોક્ષ-બેડી વગેરેથી છૂટવું, ભાવથી મોક્ષ-કર્મથી છૂટવું તે બન્નેમાં છૂટવાનું સમાનપણું હોવાથી મોક્ષ એક છે. **શંકા**—જીવ અને કર્મનો સંયોગ અંતરહિત છે, કારણ કે જીવ ને આકાશના સંયોગની જેમ અનાદિ છે તો કર્મના વિયોગરૂપ મોક્ષ હોવાથી જીવને મોક્ષ કેમ સંભવે? **સમાધાન**—અનાદિત્વ હેતુ અનૈકાન્તિક છે. ધાતુ (સુવર્ણ સિવાય) અને કાંચનનો સંયોગ (માટી અને સુવર્ણનો) અનાદિ છે, તે પણ ક્રિયા (તાપાદિ) વિશેષથી અંત સહિત દેખાય છે અર્થાત્ તેનો વિયોગ થાય છે. એ પ્રમાણે આ જીવ અને કર્મનો સંયોગ પણ (અનાદિ છતાં) સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર વડે અંત સહિત થશે. જીવ અને કર્મનો વિયોગ તે મોક્ષ કહેવાય છે. **શંકા**—નારક વગેરે પર્યાયસ્વરૂપ સંસાર છે, બીજો સંસાર નથી, તે નારકાદિ પર્યાયોથી જુદો કોઈ જીવ જ નથી, નારકાદિ પર્યાયો જ જીવ છે; કારણ કે તેનો એક જ અર્થ હોવાથી સંસારનો અભાવ છતે નારકાદિ પર્યાયસ્વરૂપની જેમ જીવનો અભાવ જ છે. અર્થાત્ નારકાદિ પર્યાયસ્વરૂપ સંસારનો અભાવ છતે જીવનો અભાવ છે માટે મોક્ષ અસત્ પદાર્થ છે. ભાષ્યકાર કહે છે—

**जं नारगादिभावो, संसारो नारगाइभिन्नो य । को जीवो तं मन्नसि?, तन्नासे जीवनासो त्ति ।।६८।।**[1]

1. આ ગાથા વિશેષાવશ્યક ભાષ્યમાં ૧૯૭૮મી છે, પ્રભાસ ગણધરને ઉદ્દેશીને કહેવાયેલ છે.

નારકાદિ પર્યાય, તે જ સંસાર છે, અને એ નારકાદિ પર્યાયથી ભિન્ન બીજો કોઈ જીવ નથી. એટલે તે પર્યાયનો નાશ થવાથી જીવનો પણ નાશ થાય છે. (૬૮)

અહિં **સમાધાન**—નારકાદિ પર્યાયરૂપ સંસારનો અભાવ છતે અર્થાન્તર ન હોવાથી નારકાદિ પર્યાયસ્વરૂપની જેમ સર્વથા જીવનો અભાવ જ છે તેમ જે કહેવું તે અયુક્ત છે, કારણ અનર્થાન્તર હેતુ, અનૈકાન્તિક છે. કારણ? સુવર્ણ અને મુદ્રિકાનું અનર્થાન્તરપણું સિદ્ધ છે પણ મુદ્રિકા (વીંટી)ના આકારનો નાશ થયે છતે સોનાનો નાશ થતો નથી, તેની માફક નારકાદિ પર્યાય માત્રનો નાશ થયે છતે સર્વથા જીવનો નાશ થશે નહિ. ભાષ્યકાર કહે છે કે—

**न हि नारगादिपज्जायमेत्तनासंमि सव्वहा नासो । जीवद्दव्वस्स मओ, मुद्दानासे व्व हेमस्स ।।६९।।**

**[विशेषावश्यक० १९७९ त्ति]**

મુદ્રાનો નાશ થયે છતે જેમ સુવર્ણનો નાશ થતો નથી, તેમ નારકાદિ પર્યાય માત્રનો જ નાશ થવાથી જીવ દ્રવ્યનો સર્વથા નાશ થતો નથી. (૬૯)

વળી પણ ભાષ્યકાર કહે છે કે—

**कम्मकओ संसारो, तन्नासे तस्स जुज्जए नासो । जीवत्तमकम्मकयं, तन्नासे तस्स को नासो? ।।७०।।**

**[विशेष्यावश्यक० १९८० त्ति]**

સંસાર કર્મકૃત છે તેથી કર્મનો નાશ થયે સંસારનો નાશ ઘટે છે, પણ જીવપણું કર્મકૃત નથી એટલે કર્મનો નાશ થયે છતે જીવનો નાશ કેવી રીતે થાય? (૭૦)

અર્થાત્ ન જ થાય. ॥૧૦॥

મોક્ષ, પુણ્યપાપનો ક્ષય થવાથી થાય છે માટે પુણ્ય-પાપનું સ્વરૂપ કહેવા યોગ્ય છે. તેમાં પણ મોક્ષ અને પુણ્યના શુભ સ્વરૂપનું સાધર્મ્ય હોવાથી પ્રથમ પુણ્યનું સ્વરૂપ કહે છે—'एगे पुण्णे' 'पुण्' ધાતુ શુભ અર્થમાં છે. पुणति–શુભ કરે છે અથવા 'पुनाति' આત્માને પવિત્ર કરે છે, માટે શુભ કર્મ છે. સાતાવેદનીય વગેરે તેનાં બેંતાલીશ પ્રકારો છે. यथोक्तम्—

**सायं उच्चागोयं, नरतिरिदेवाउ नाम एयाउ । मणुयदुगं देवदुगं, पंचेंदियजाति तणुपणगं ।।७१।।**

**अंगोवंगतियंपिय, संघयणं वज्जरिसहनारायं । पढमं चिय संठाणं, वन्नाइचउक्क सुपसत्थं ।।७२।।**

**अगुरुलहु पराघायं, उस्सासं आयवं च उज्जोयं । सुपसत्था विहयगई, तसाइदसगं च णिम्माणं ।।७३।।**

**"तित्थयरेणं सहिया, बायाला पुण्णपगईओ"त्ति**. ૧ સાતાવેદનીય, ૨ ઉચ્ચ ગોત્ર, ૩ મનુષ્યાયુ, ૪ તિર્યંચાયુ, ૫ દેવાયુ, ૬-૭ મનુષ્યદ્વિક[1] (મનુષ્યગતિ ને મનુષ્યાનુપૂર્વી), ૮-૯ દેવદ્વિક (દેવગતિ ને દેવાનુપૂર્વી), ૧૦ પંચેંદ્રિય જાતિ, ૧૧-૧૫ ઔદારિકાદિ પાંચ શરીર, ૧૬ ઔદારિકના અંગોપાંગ, ૧૭ વૈક્રિય અંગોપાંગ, ૧૮ આહારક અંગોપાંગ, ૧૯ વજ્રઋષભનારાચ સંઘયણ, ૨૦ સમચઉરસ્ર સંસ્થાન, ૨૧-૨૪ શુભ[2] વર્ણાદિ ચાર, ૨૫ અગુરુલઘુ, ૨૬ પરાઘાત[3], ૨૭ ઉચ્છ્વાસ, ૨૮ આતપ[4], ૨૯ ઉદ્યોત, ૩૦ શુભ વિહાયો (શુભ ચાલવાની) ગતિ, ૩૧-૪૦ ત્રસાદિકદશક, ૪૧ નિર્માણ[5] અને તીર્થંકરનામકર્મ. આ પ્રમાણે બેંતાલીશ પ્રકારે છતાં પણ અથવા પુણ્યાનુબંધી અને પાપાનુબંધી ભેદથી બે પ્રકારે છતાં પણ, અથવા દરેક જીવો વિચિત્ર (ભિન્નભિન્ન) હોવાથી અનંત ભેદ છતાં પણ પુણ્યનું સમાનપણું હોવાથી એક પુણ્ય છે. **શંકા**—સસલાના શીંગડાની

1. પ્રથમની પાંચ પ્રકૃતિ છોડીને શેષ પ્રકૃતિઓ નામકર્મની છે.
2. શુક્લ, પીત અને રક્ત વર્ણ, સુરભિ ગંધ, મધુર, આમ્લ (ખાટો) અને કષાય રસ, મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ સ્પર્શ—એ અગ્યાર શુભ પ્રકૃતિઓ છે.
3. પરાઘાતનામકર્મનો જેને ઉદય હોય તેને અન્ય બલવાન્ છતાં પણ જીતવું મુશ્કેલ થાય.
4. આતપનામકર્મનો ઉદય, (સૂર્યના વિમાનનાં રત્નોમાં જ) પૃથ્વીકાયિક જીવોને હોય.
5. નિર્માણનામ કર્મના ઉદયથી શરીરના અંગોપાંગની રચના, સુતારની માફક નિયમિત રીતે થાય છે.

માફક પ્રત્યક્ષાદિ પ્રમાણનો વિષય ન હોવાથી કર્મ જ વિદ્યમાન નથી, જો કર્મ જ નથી તો પુણ્યકર્મની સત્તા ક્યાંથી હોય? **સમાધાન**—આ કહેવું અસત્ય છે; કારણ કે કર્મ અનુમાનથી સિદ્ધ છે. તે આ પ્રમાણે-કર્મ સુખ-દુ:ખના અનુભવનો હેતુ છે. કાર્ય હોવાથી જેમ બીજ અંકુરનો હેતુ છે તેમ અહિં જાણવું. જે અનુભવનો હેતુ છે તે કર્મ. તે કારણથી કર્મ છે. કદાચ આવી તમારી મતિ (**શંકા**) થાય કે-સુખ-દુ:ખના અનુભવ તો ઇષ્ટ અને અનિષ્ટ વિષયની પ્રાપ્તિમય દૃષ્ટ જ (દેખાતો) હેતુ થશે, પણ અહિં અદૃષ્ટ કર્મની કલ્પના શા માટે કરવી? કારણ કે પ્રત્યક્ષ દેખાતા નિમિત્તને છોડીને અન્ય નિમિત્તનું અન્વેષણ કરવું તે યોગ્ય નથી. **સમાધાન**—એ તમારું કથન યુક્તિવાળું નથી, કારણ કે હેતુ વ્યભિચારી છે. અહિં ઇષ્ટ શબ્દાદિ વિષયસુખના સાધન સહિત બે મનુષ્યોને સાધનના ફલમાં તફાવત જોવાય છે અર્થાત્ એકને દુ:ખનો અનુભવ થાય છે અને બીજાને સુખનો અનુભવ થાય છે. તેમજ અનિષ્ટ સાધનસંપન્ન બન્ને મનુષ્યોને ફલમાં ભેદ જોવાય છે, એકને સુખનો અનુભવ થાય છે અને બીજાને દુ:ખનો અનુભવ થાય છે. આ વિશેષ (ભેદ) હેતુ વિના સંભવી શકશે નહિં. સુખ દુ:ખના અનુભવના હેતુરૂપ જે દૃષ્ટ હેતુ તે સાધનોનો વિપર્યાસ હોવાથી યોગ્ય નથી. અવિશિષ્ટથી સુખ-દુ:ખનો અનુભવ, કાર્યપણું હોવાથી ઘડાની માફક વિશિષ્ટ હેતુવાળો છે. સમાન સાધનસંપન્ન બંને વ્યક્તિમાં જે તેના ફલવિશેષમાં હેતુ તે કર્મ, તે કારણથી કર્મ છે. ભાષ્યકાર કહે છે કે—

**जो तुल्लसाहणाणं, फले विसेसो न सो विणा हेउं । कज्जत्तणओ [1]गोयम!, घडो व्व हेऊ य से[सो] कम्मं ॥७४॥**

**[विशेषावश्यक० १६१३ त्ति]**

જે તુલ્ય સાધનવાળા મનુષ્યાદિને ફળમાં વિશેષ તફાવત જણાય છે તે તફાવત ઘટાદિની જેમ કાર્યરૂપ હોવાથી હેતુ વિનાનો નથી. અને એમાં જે હેતુ છે તે કર્મ છે. (૭૪)

કર્મની સિદ્ધિ માટે બીજું અનુમાનપ્રમાણ કહે છે-ઇંદ્રિયાદિ[2] વિશિષ્ટ હોવાથી આ બાલશરીર અન્ય દેહપૂર્વક છે, આ અનુમાનમાં જે શરીર ઇંદ્રિયાદિવાળું છે તે શરીર અન્ય શરીરપૂર્વક જોવાય છે. જેમ યુવાન શરીર બાલદેહપૂર્વક છે તેમ ઇંદ્રિયાદિવાળું આ બાલશરીર છે, તે કારણથી અન્ય શરીરપૂર્વક છે, અને જે અન્ય[3] શરીરપૂર્વક આ બાલશરીર છે તે કર્મ. તે કારણથી કર્મ છે. ભાષ્યકાર કહે છે કે—

**बालसरीरं देहंतरपुव्वं इंदियाइमत्ताओ । जह बालदेहपुव्वो, जुवदेहो पुव्वमिह कम्मं ॥७५॥ [वि०आ० १६१४ त्ति]**

જેમ યુવાનનું શરીર બાળ શરીરપૂર્વક છે તેમ બાળશરીર પણ ઇન્દ્રિયાદિવાળું હોવાથી શરીરાન્તરપૂર્વક છે. તેની પૂર્વે જે શરીર છે, તે કાર્મણ શરીર છે.(૭૫)

**શંકા**—કર્મનો સદ્ભાવ છતે પણ એક પાપ જ પદાર્થ વિદ્યમાન છે, પરંતુ પુણ્ય પદાર્થ નથી. જે પુણ્યનું ફલ સુખ કહેવાય છે તે તરતમયોગથી અલ્પ પાપનું જ ફલ છે, જે કારણથી પાપનો પરમ ઉત્કર્ષ (વૃદ્ધિ) છતે અધમમાં અધમ ફલ થાય છે. તરતમયોગ વડે અપકર્ષ (ઓછાશ)ના ભેદરૂપી પાપની માત્રાની વિશેષ વૃદ્ધિ અને હાનિથી યાવત્ છેલ્લો અપકર્ષ, તેમાં જે કાંઈપણ પાપની માત્રા રહે છે તેમાં જ અત્યંત શુભફળપણું છે, પાપના ઘટવાથી અને તે પાપનો જ સર્વથા ક્ષય થવાથી મોક્ષ થાય છે. ઉદાહરણ-અત્યંત અપથ્ય આહારના સેવનથી રોગ થાય છે અને તે જ અપથ્ય આહારનો થોડો થોડો ઘટાડો કરવાથી છેવટ અલ્પ અપથ્ય આહારપણું આરોગ્યને કરનારું છે અને સર્વથા આહારના ત્યાગથી પ્રાણનો નાશ થાય છે. ભાષ્યકાર કહે છે કે—

**पावुक्करिसेऽधमया, तरतमजोगाऽवकरिसओ सुभया । तस्सेव खए मोक्खो, अपत्थभत्तोवमाणाओ ॥७६॥**

**[विशेषावश्यक० १९१० त्ति]**

1. આ ગાથા, અગ્નિભૂતિને ઉદ્દેશીને કહેલ છે.
2. આદિ શબ્દથી સુખિત્વ, દુ:ખિત્વ અને પ્રાણીપાતાદિ હેતુઓ જાણવા. 3. અહિં અન્ય શરીર તે કાર્મણશરીર જાણવું અને તે જ કર્મ છે.

એજ પ્રમાણે પાપના ઉત્કર્ષમાં અધમતા થાય છે. તરતમયોગે પાપનો અપકર્ષ થવાથી ઉચ્ચતા થાય છે. અને સર્વથા પાપનો ક્ષય થવાથી અપથ્ય આહારના દૃષ્ટાંતે જીવનો મોક્ષ થાય છે. (૭૬)

અહિં **સમાધાન**—અત્યંત અલ્પ પાપ હોવાથી સુખનો પ્રકર્ષ એમ તમે જે કહ્યું તે અયુક્ત છે, કારણ કે આ સુખના પ્રકર્ષનો અનુભવ તે સ્વાનુકૂલ કર્મના પ્રકર્ષનો અનુભવ હોવાથી દુઃખના પ્રકર્ષના અનુભવની માફક ઉત્પન્ન થાય છે. જેમ દુઃખના પ્રકર્ષનો અનુભવ પોતાના અનુરૂપ પાપકર્મના પ્રકર્ષથી ઉત્પન્ન થયેલ છે એમ તમારા વડે સ્વીકાર કરાયેલ છે, તેમ આ સુખના પ્રકર્ષનો અનુભવ પણ પ્રકર્ષ અનુભૂતિ હોવાથી પોતાને અનુરૂપ પુણ્યકર્મના પ્રકર્ષથી ઉત્પન્ન થશે. એવી રીતે પ્રમાણનું ફલ છે. ॥૧૧॥

પુણ્યનો પ્રતિપક્ષભૂત પાપ છે માટે હવે તેનું સ્વરૂપ કહે છે—'**एगे पावे**' **पाशयति**–આત્માને બાંધે છે, વિકલતા કરે છે, આત્માને પાડે છે, આત્માના આનંદરસને શોષે છે અને ક્ષીણ કરે છે તે પાપ છે. તે જ્ઞાનાવરણાદિ બ્યાશી ભેદરૂપ છે. તે કહે છે–

**नाणंतरायदसगं, दंसण णव मोहणीयछव्वीसं । अस्सायं निरयाऊ, नीयागोएण अडयाला ॥७७॥**

**निरयदुगं तिरियदुगं, जाइचउक्कं च पंच संघयणा । संठाणा वि य पंच उ, वन्नाइ चउक्कमपसत्थं ॥७८॥**

**उवघाय कुविहयगई, थावरदसगेण होंति चोत्तीसं । सव्वाओ मिलिआओ, बासीती पावपगईओ ॥७९॥**

૧–૫ પાંચ જ્ઞાનાવરણીય, ૬–૧૦ પાંચ અંતરાય, ૧૧–૧૯ નવ દર્શનાવરણીય, ૨૦–૪૫[1] છવીસ મોહનીય[2], ૪૬ અસાતાવેદનીય, ૪૭ નરકાયુ, ૪૮ નીચગોત્ર, હવે ૪૯ થી ૮૨ સુધીની નામકર્મની ચોત્રીસ પ્રકૃતિઓ કહે છે. ૪૯–૫૦ નરકગતિ અને નરકાનુપૂર્વી, ૫૧–૫૨ તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી, ૫૩–૫૬ એકેન્દ્રિયાદિ ચાર જાતિ, ૫૭–૬૧ પહેલા સિવાયના પાંચ સંઘયણ, ૬૨–૬૬ પહેલા સિવાયના પાંચ સંઠાણ, ૬૭–૭૦ અશુભવર્ણાદિ[3] ચાર, ૭૧ ઉપઘાત[4], ૭૨ અશુભવિહાયોગતિ, ૭૩–૮૨ સ્થાવરદશક–એ સર્વ મળીને બ્યાસી પાપપ્રકૃતિઓ છે. (૭૭–૭૯)

તે પાપ બ્યાસી ભેદે છે તો પણ પુણ્યાનુબંધી અને પાપાનુબંધી ભેદથી બે પ્રકારે પણ છે, અથવા અનંત જીવોને આશ્રિત હોવાથી અનંત પ્રકારે પણ છે, તથાપિ અશુભનું સમાનપણું હોવાથી પાપ એક છે. **શંકા**—કર્મ છતે પણ એક પુણ્ય જ છે, તેનો પ્રતિપક્ષભૂત પાપકર્મ નથી. શુભ અને અશુભ ફલોની સિદ્ધિ પુણ્યથી જ થાય છે. તે આ પ્રમાણે—પરમ ઉત્કૃષ્ટ જે આ શુભ ફળ, તે પુણ્યના ઉત્કર્ષનું કાર્ય છે. પુનઃ પુણ્યના ઉત્કર્ષથી જે અલ્પ, અલ્પતર અને અલ્પતમ ફળ, તે તરતમયોગ વડે અપકર્ષના ભેદવિશિષ્ટ પુણ્યનું જ ફળ છે. તરતમયોગ વડે અપકર્ષના ભેદની છેવટ પરમ પ્રકર્ષની હાનિ પર્યંત, તથા પરમપ્રકર્ષ વડે હીન પુણ્યનું ઓછામાં ઓછું શુભ ફળ–કંઈક જે શુભ માત્રા તે જ અત્યંત દુઃખ. આ તાત્પર્ય છે. તે જ ઓછામાં ઓછું પુણ્યવિશિષ્ટ દુઃખ પ્રકર્ષનો સર્વથા નાશ થયે છતે પુણ્યાત્મક બંધના અભાવથી મોક્ષ છે. જેમ અત્યંત પથ્ય આહારના સેવનથી પુરુષને પરમ આરોગ્યનું સુખ થાય છે તે જ પુરુષને કંઈક કંઈક પથ્ય આહારના ત્યાગથી અને અપથ્ય આહારની વૃદ્ધિથી આરોગ્ય સુખની હાનિ થાય છે તેમજ સર્વથા આહારના ત્યાગથી પ્રાણનો નાશ થાય છે. અહિં પથ્ય આહાર ઉપમા છે અને પુણ્ય ઉપમેય છે, અર્થાત્ પુણ્ય પથ્ય આહાર સમાન છે. અહિં **સમાધાન** કરે છે—જે આ દુઃખ પ્રકર્ષની અનુભૂતિ તે સુખના પ્રકર્ષની અનુભૂતિ (અનુભવ)ની માફક પ્રકર્ષનું અનુભવપણું હોવાથી સ્વયોગ્ય કર્મના પ્રકર્ષથી ઉત્પન્ન થાય છે. જેમ સૌખ્ય પ્રકર્ષની અનુભૂતિ, સ્વઅનુરૂપ પુણ્યકર્મના પ્રકર્ષથી ઉત્પન્ન થાય છે એમ તમારા વડે સ્વીકારાયેલ છે, તેમ આ પણ દુઃખના પ્રકર્ષની

1. આ ૪૫ પ્રકૃતિ ઘાતિપ્રકૃતિઓ છે.
2. સમકિતમોહનીય અને મિશ્રમોહનીય બે પ્રકૃતિ 'બંધ'માં નથી માટે ૨૬ કહેલ છે. અનાદિ મિથ્યાત્વીને ઉદયમાં પણ તે બે નથી. સમકિત પામ્યા બાદ મિથ્યાત્વમોહનીય જ ત્રણ ભાગે વહેંચાય છે અર્થાત્ ત્રણ પુંજ કરાય છે.
3. નીલ ને કૃષ્ણવર્ણ, દુરભિ ગંધ, તિક્ત, કટુરસ, ગુરુ, કર્કસ, શીત અને રુક્ષ એ ચાર સ્પર્શ એ નવ ભેદ અશુભ છે.
4. પોતાના અંગોપાંગથી દુઃખી થવું તે. જેમ પ્રતિજીભ (કાકડો), રસોળી વગેરેથી.

અનુભૂતિની (પ્રકર્ષની અનુભૂતિ હોવાથી) સ્વયોગ્ય પાપકર્મના પ્રકર્ષથી ઉત્પત્તિ થશે. એ પ્રમાણનું ફલ છે. વળી ભાષ્યકાર કહે છે કે—

**कम्मप्पगरिसजणियं, [1]तदवस्सं पगरिसाणुभूइओ । सोक्खप्पगरिसभूई, जह पुण्णप्पगरिसप्पभवा ।।८०।।**

**[विशेषावश्यक० १९३१ इति]**

જેમ સુખના પ્રકર્ષનો અનુભવ પુન્યના પ્રકર્ષથી થાય છે. તેમ તે દુઃખનો અનુભવ પણ સ્વાનુરૂપ (પાપ) કર્મના પ્રકર્ષથી થાય છે. (૮૦) ।।૧૨।।

હવે હમણા જ કહેલ પુણ્ય અને પાપકર્મના બંધના કારણનું નિરૂપણ કરવા માટે કહે છે—'एगे आसवे' आश्रयति– જેના વડે આત્માને વિષે કર્મો પ્રવેશ કરે છે તે આશ્રવ, કર્મબંધનો હેતુ છે એમ સમજવું. તે આશ્રવ ઇંદ્રિય, કષાય, અવ્રત, ક્રિયા અને યોગરૂપ છે. ક્રમથી તે પાંચ, ચાર, પાંચ, પચ્ચીશ અને ત્રણ ભેદવાળો છે. કહ્યું છે—

**इंदिय ५ कसाय ४ अव्वय ५ किरिया २५ पण चउर पंच पणुवीसा । जोगा ३ तिन्नेव भवे, आसवभेया उ बायाला।।८१।।**

પાંચ ઇન્દ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, પચ્ચીસ ક્રિયા અને ત્રણ યોગ એ સર્વે આશ્રવના બેંતાલીશ ભેદ છે. (૮૧)

આશ્રવ બેંતાલીશ પ્રકારે છે અથવા દ્રવ્ય ને ભાવના ભેદથી બે પ્રકારે છે. તેમાં જલમાં રહેલ નાવ વગેરેમાં તથાવિધ પરિણામ વડે છિદ્રો દ્વારા જે જલનો પ્રવેશ તે દ્રવ્યાશ્રવ, અને જે જીવરૂપ નાવમાં ઇંદ્રિય વગેરે છિદ્રોથી કર્મરૂપ જલનો સંચય તે ભાવાશ્રવ જાણવો; પરંતુ આશ્રવનું સમાનપણું હોવાથી એક જ છે. ।।૧૩।।

હવે આશ્રવના પ્રતિપક્ષરૂપ સંવરનું સ્વરૂપ કહે છે—'एगे संवरे' संव्रियते–જે પરિણામ વડે કર્મના કારણભૂત પ્રાણાતિપાત વગેરે અટકાવાય તે સંવર–આશ્રવનો નિરોધ એ તાત્પર્ય છે.

**समिई ५ गुत्ती ३ धम्मो १०, अणुपेह १२ परीसहा २२ चरित्तं च । सत्तावन्नं भेया, पणतिगभेयाइं संवरणे ।।८२।।**

તે સંવર સમિતિ, ગુપ્તિ, યતિધર્મ, ભાવના, પરીષહજય અને ચારિત્રરૂપ છે. તે ક્રમશઃ પાંચ, ત્રણ, દશ, બાર, બાવીશ અને પાંચ ભેદવાળો છે. તે બધા મેળવવાથી સત્તાવન ભેદ થાય છે. (૮૨)

અથવા આ સંવર દ્રવ્ય અને ભાવભેદથી બે પ્રકારે છે. તેમાં જલમાં રહેલ વહાણ વગેરેના છિદ્રોમાં હમેશાં જે જલ પ્રવેશ કરે છે તેને તથા પ્રકારના દ્રવ્ય વડે બંધ કરવું તે દ્રવ્યસંવર છે, તથા જીવરૂપ જહાજમાં ઇંદ્રિયાદિ છિદ્રો દ્વારા કર્મરૂપ જલ દાખલ થાય છે તેનો સમિતિ વગેરેથી નિરોધ કરવો તે ભાવસંવર છે. તે સંવર બે પ્રકારનો છે, તો પણ સંવરનું સમાનપણું હોવાથી એક સંવર છે. ।।૧૪।।

કેવલ સંવર છતે અયોગિ ગુણસ્થાનની અવસ્થામાં કર્મોનું વેદન જ થાય છે પરંતુ કર્મનો બંધ થતો નથી, માટે હવે વેદનાનું સ્વરૂપ કહે છે—'एगा वेयणा' वेदनं–વેદના. કર્મના સ્વાભાવિક ઉદય[2] વડે અથવા ઉદીરણા[3] કરવા વડે ઉદયાવલિકામાં પ્રવેશ પામેલ કર્મનો અનુભવ કરવો–ભોગવટો કરવો. તે વેદના જ્ઞાનાવરણીયાદિ કર્મની અપેક્ષાએ આઠ પ્રકારે પણ છે તેમજ [4]વિપાકોદય અને [5]પ્રદેશોદયની અપેક્ષાએ બે પ્રકારની પણ છે. કેશ લુંચન (લોચ) વગેરે આભ્યુપગમિકી–સ્વયં સ્વીકારેલી અને ઔપક્રમિકી રોગાદિથી થયેલી એમ બે પ્રકારની પણ વેદના છે; તથાપિ વેદનાનું સમાનપણું હોવાથી એક જ વેદના છે. ।।૧૫।।

---

1. આ ગાથામાં 'તદ્' શબ્દથી 'દુઃખ' લેવું.
2. અબાધા કાલ પૂર્ણ થયે કર્મનો ઉદય છે તે સ્વાભાવિક ઉદય.
3. જીવના વીર્યબળથી કર્મને ઉદયાવલિમાં ખેંચી લાવવું તે ઉદીરણા.
4. કોઈપણ પ્રકૃતિ, પોતાનો અનુભવ સ્વતંત્રપણે આપે તે વિપાકોદય.
5. એક પ્રકૃતિ બીજી પ્રકૃતિમાં મળીને જે ફલ, પ્રદેશોથી ભોગવાય તે પ્રદેશોદય.

ભોગવાયેલ, રસવિશિષ્ટ કર્મ તે આત્મપ્રદેશોથી ખરી જાય છે, નાશ પામે છે એ હેતુથી વેદના પછી કર્મના ખરવારૂપ નિર્જરાનું નિરૂપણ કરતાં કહે છે—'एगा निज्जरा' **निर्ज्जरणं-નિર્જરા-વિશેષ નાશ પામવું, સર્વથા સડી (ખરી) જવું તે નિર્જરા આઠ પ્રકારના કર્મની અપેક્ષાએ આઠ પ્રકારે પણ છે,** બાર પ્રકારના તપ વડે ઉત્પન્ન થવાથી બાર પ્રકારની પણ નિર્જરા છે. વગર ઇચ્છાએ ક્ષુધા, તૃષા, શીત, આતપ, દંશ (ડાંસ), મશક (મચ્છર), મેલનું સહન કરવું અને બ્રહ્મચર્યનું પાલન વગેરે અનેકવિધ કારણ વડે ઉત્પન્ન થવાથી નિર્જરા અનેક પ્રકારે પણ છે. અથવા દ્રવ્યથી વસ્ત્રાદિનું નાશ થવું અને ભાવથી કર્મોનું ખરવું, એમ બે પ્રકારે પણ છે. તથાપિ નિર્જરાનું સમાનપણું હોવાથી એક જ નિર્જરા છે. **શંકા**—નિર્જરા અને મોક્ષમાં શો ભેદ છે? **સમાધાન—દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા** અને સર્વથા કર્મનો ક્ષય તે મોક્ષ. ||૧૬||

અહિં જીવ વિશિષ્ટ નિર્જરાનું પાત્ર પ્રત્યેક શરીરની સ્થિતિમાં જ થાય છે. સાધારણ શરીરની અવસ્થામાં વિશેષ નિર્જરા થતી નથી, અતઃ પ્રત્યેક શરીરમાં રહેલ જીવનું સ્વરૂપ નિરૂપણ કરવા માટે કહે છે 'एगे जीवे' ઇત્યાદિ અથવા સામાન્યથી પ્રસ્તુત શાસ્ત્ર વડે વર્ણવાયેલ જીવાદિ નવ પદાર્થો કહ્યા. હવે વિશેષરૂપે જીવપદાર્થનું સ્વરૂપ કહે છે—

**एगे जीवे पाडिक्कएणं सरीरएणं ॥ सू० १७॥ एगा जीवाणं अपरिआइत्ता विगुव्वणा ॥ सू० १८॥ एगे मणे ॥ सू० १९॥ एगा वई ॥ सू० २०॥ एगे कायवायामे ॥ सू० २१॥ एगा उप्पा ॥ सू० २२॥ एगा वियती ॥ सू० २३ ॥ एगा वियच्चा ॥ सू० २४॥ एगा गती ॥ सू० २५॥ एगा आगती ॥ सू० २६॥ एगे चयणे ॥ सू० २७॥ एगे उववाए ॥ सू० २८॥ एगा तक्का ॥ सू० २९॥ एगा सन्ना ॥ सू० ३०॥ एगा मन्ना ॥ सू० ३१॥ एगा विन्नू ॥ सू० ३२॥ एगा वेयणा ॥ सू० ३३॥ एगे छेयणे ॥ सू० ३४॥ एगे भेयणे ॥ सू० ३५॥ एगे मरणे अंतिमसारीरियाणं ॥ सू० ३६॥ एगे संसुद्धे अहाभूए पत्ते ॥ सू० ३७॥ एगदुक्खे जीवाणं एगभूए ॥ सू० ३८॥**

**एगा अहम्मपडिमा जं से आया परिकिलेसति ॥ सू० ३९ ॥ एगा धम्मपडिमा जं से आया पज्जव[ह]जाए ॥ सू० ४० ॥**

**एगे मणे देवाऽसुरमणुयाणं तंसि तंसि समयंसि ॥ सू० ४१ ॥**

**एगे [*एगा वती देवाऽसुर मणुयाणं तंसि तंसि समयंसि एगे कायवायामे देवाऽसुर मणुयाणं तंसि तंसि समयंसि] उट्ठाणकम्मबलवीरियपुरिसकारपरक्कमे देवासुरमणुयाणं तंसि तंसि समयंसि ॥ सू० ४२॥ एगे नाणे एगे दंसणे एगे चरित्ते ॥ सू० ४३ ॥**

*(મૂ૦) પ્રત્યેક શરીરમાં રહેલો જીવ એક છે. ||૧૭|| બહારના પુદ્ગલો લીધા વિના જીવોને વિકુર્વણા એક છે. ||૧૮|| મનોયોગ એક છે. ||૧૯|| વચનયોગ એક છે. ||૨૦|| શરીરના વ્યાપારરૂપ કાયયોગ એક છે. ||૨૧|| ઉત્પાદ-ઉત્પત્તિ એક છે. ||૨૨|| વિગતિ-વિનાશ એક છે. ||૨૩|| વિગતાર્ચા-મરેલા જીવનું શરીર એક છે. ||૨૪|| ગતિ એક છે. ||૨૫|| આગતિ એક છે. ||૨૬|| ચ્યવન-વૈમાનિક અને જ્યોતિષ્કોનું મરણ એક છે. ||૨૭|| ઉપપાત-દેવ અને નારકોનો જન્મ એક છે. ||૨૮|| તર્ક એક છે. ||૨૯|| સંજ્ઞા એક છે. ||૩૦|| મતિ એક છે. ||૩૧|| વિજ્ઞતા-વિદ્વત્તા એક છે. ||૩૨|| પીડા એક છે. ||૩૩|| છેદન એક છે. ||૩૪|| ભેદન એક છે. ||૩૫|| ચરમશરીરી જીવોનું મરણ એક છે. ||૩૬|| નિર્મલ ચારિત્રવાન યથાભૂત અને પાત્રની માફક પાત્ર (સ્નાતક) એક છે. ||૩૭|| એકાવતારી જીવોને એક ભવગ્રહણથી થનારું એકભૂત (સમાન) દુઃખ એક છે. ||૩૮|| અધર્મ પ્રતિજ્ઞા એક છે, કારણ કે તે*

* કટખૂણા કૌંસમાં લખેલ પાઠ બાબૂવાળી પ્રતિમાં છે અને આગમોદય સમિતિવાળી પ્રતિમાં નથી. તથાપિ ટીકાકાર વ્યાખ્યા કરતાં કહે છે કે 'एगे मणे इत्यादि सूत्रत्रयं' આ ઉપરથી એમ સમજાય છે કે સૂત્ર ત્રણે જોઈએ એટલા માટે અમોએ વચનયોગ અને કાયવ્યાપારના બન્ને સૂત્ર લખેલ છે. [જંબૂવિજયજી સં.માં ત્રણે સૂત્ર છે.]

*પ્રતિજ્ઞાથી આત્મા ક્લેશ પામે છે. ॥૩૯॥ ધર્મ પ્રતિજ્ઞા એક છે, કારણ કે તે પ્રતિજ્ઞાથી આત્મા પર્યવજાત-જ્ઞાનાદિ પર્યવવાળો થાય છે. ॥૪૦॥ દેવ, અસુર અને મનુષ્યોને તે તે સમયમાં મનઃ એક છે. ॥૪૧॥ [દેવાદિને તે સમયમાં વચન એક છે, દેવાદિને તે તે સમયમાં કાયવ્યાપાર એક છે.] ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર અને પરાક્રમ દેવ, અસુર અને મનુષ્યોને તે તે સમયમાં એક છે. ॥૪૨॥ જ્ઞાન એક, દર્શન એક અને ચારિત્ર એક છે. ॥૪૩॥*

(ટી૦) **'एगे जीवे'** एक-કેવળ જીવ્યો, જીવે છે અને જીવશે તે જીવ-પ્રાણ ધારણ સ્વભાવવાળો તે આત્મા. એક જીવ પ્રત્યે પ્રત્યેકશરીરનામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું જે શરીર તે પ્રત્યેક દીર્ઘ વગેરે પ્રાકૃત શૈલીથી પ્રત્યેકૈક. તે પ્રત્યેક વડે **'शीर्यत इति'** शरीरं-જીરણ થાય છે તે શરીર-દેહ, તે જ અનુકંપિત વગેરે સ્વભાવ સહિત શરીરૈક. તેના વડે જણાતો-પ્રત્યેક શરીરને આશ્રિત જીવ એક છે. અથવા બે **'णंकार'** વાક્યાલંકારના અર્થવાળા છે, તેથી પ્રત્યેકૈક શરીરમાં જીવ એક વર્તે છે-રહે છે એવો વાક્યાર્થ થાય. અહિં **'पडिक्खवएणं'**त्ति એવો પાઠ ક્યાંક દેખાય છે. **આનો અર્થ ન સમજાયાથી તે પાઠની વ્યાખ્યા કરી નથી. અહિં વાચનાઓનું ચોક્કસપણું ન હોવાથી બધી વાચનાઓની વ્યાખ્યા કરવાનું અશક્ય હોવાથી અમે કોઈક જ વાચનાનું વ્યાખ્યાન કરશું.** (૧૭) બંધ, મોક્ષ વગેરે આત્માના ધર્મો હમણાં જ પૂર્વે કહેલાં છે. તે અધિકારથી જ આથી આગળ આત્માના ધર્મોને एगा जीवाणं (સૂ૦ ૧૮) ઇત્યાદિ સૂત્ર વડે एगे चरित्ते (સૂ૦ ૪૩) આ અંત્ય સૂત્ર વડે કહે છે-'एगा जीवाणं'-આ સુગમ છે. **'अपरियाइतत्ति'** જીવોને વિકુર્વણા એક છે. તે વિકુર્વણા વૈક્રિય સમુદ્ઘાત વડે ક્યાંયથી પણ બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના ભવધારણીય વૈક્રિય શરીરની રચનાલક્ષણવાળી સ્વ સ્વ ઉત્પત્તિસ્થાનમાં જીવો વડે જે વિકુર્વણા કરાય છે તે દરેકને ભવધારણીય વિકુર્વણા એક હોવાથી એક જ છે. અથવા સર્વ વૈક્રિય શરીરની અપેક્ષાએ ભવધારણીય (વિકુર્વણા)નું કથંચિત્ એક લક્ષણ હોવાથી પણ એક છે. વળી જે વિકુર્વણા, બહારના પુદ્ગલોને ગ્રહણ કરવાપૂર્વક કરાય છે તે ઉત્તરવૈક્રિયની રચનાસ્વરૂપ છે. તે ઉત્તર વિકુર્વણા વિચિત્ર અભિપ્રાયવાળી હોવાથી વૈક્રિયલબ્ધિવાળાને તથાપ્રકારની શક્તિ હોવાથી એક જીવને અનેક પણ વિકુર્વણા થાય છે તેનો અહિં નિષેધ કરેલ છે. **શંકા**-બહારના પુદ્ગલોને ગ્રહણ કર્યે છતે જ ઉત્તરવૈક્રિય થાય છે તે શાથી નિશ્ચય કરાય છે? જેને લઈને આ સૂત્રમાં **'अपरियाइत्ता'** આ શબ્દ વડે ઉત્તરવૈક્રિય વિકુર્વણા છોડી દેવા (નિષેધ કરવા) માં આવે છે. જો એમ કહેતા હો તો ભગવતી સૂત્રના વચનથી ઉત્તર આપીએ છીએ તે આ પ્રમાણે- **"देवे णं भंते! महिड्डिए जाव महाणुभागे बाहिरए पोग्गलए अपरियाइत्ता पभू एगवन्नं एगरूवं विउव्वित्तए? गोयमा! नो इणट्ठे समट्ठे, देवे णं भंते! बाहिरए पोग्गले परियाइत्ता पभू?, हंता पभू"**॥ [भगवती० ६।९।२-३ त्ति] હે ભદંત-પૂજ્ય! મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ દેવ, બહારના પુદ્ગલોને ગ્રહણ ન કરીને એક વર્ણવાળા એક રૂપની વિકુર્વણા કરવા માટે સમર્થ છે? હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી. હે ભગવન્! દેવ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા માટે સમર્થ છે? હા, સમર્થ છે. અહિં ચોક્કસ ઉત્તરવૈક્રિય બહારના પુદ્ગલો ગ્રહણ કરવાથી થાય છે એ વિવક્ષિત છે. ॥૧૮॥

**'एगे मणे'त्ति'** मननं मनः-મનન કરવું તે મન. ઔદારિકાદિ શરીરની પ્રવૃત્તિ વડે ગ્રહણ કરેલ મનોદ્રવ્યના સમુદાયના સહાયથી [1]જીવનો જે વ્યાપાર તે મનોયોગ. અથવા **'मन्यते अनेनेति मनः'** જેના વડે મનન કરાય છે તે મન, મનોદ્રવ્ય માત્ર જ છે. તે મન, સત્ય અને અસત્ય વગેરે ભેદથી અનેક પણ છે અથવા સંજ્ઞિજીવોનું અસંખ્યાતપણું હોવાથી અસંખ્યાત ભેદે પણ છે, તથાપિ મનન લક્ષણપણે સર્વ મનોનું એકત્વ હોવાથી મન એક છે. ॥૧૯॥

**'एगावइ'त्ति** वचनं वाक्-બોલવું તે વચન. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના વ્યાપાર વડે ગ્રહણ કરાયેલ ભાષાદ્રવ્યના સમૂહની સહાયતાથી જીવનો વ્યાપાર તે વચનયોગ, એ ભાવ છે. ભાષા, સત્ય અને અસત્ય આદિ ભેદથી અનેક છે, પણ સર્વ ભાષાનું વચન સામાન્યમાં અંતર્ગત હોવાથી વચન એક જ છે. ॥૨૦॥

1. ભાવરૂપ વ્યુત્પત્ત્યર્થને લઈને ભાવમનનું કથન કહેલ છે.

'एगे कायवायामे'त्ति चीयत इति कायः-જેના વડે એકઠું કરાય છે તે કાય-શરીર, તેનો જે વ્યાપાર તે કાયવ્યાયામ. તે ઔદારિકાદિ શરીર વડે જોડાયેલ આત્માના વીર્યની પરિણતિવિશેષ છે. તે વળી ઔદારિકાદિ ભેદ વડે સાત પ્રકારે પણ છે. જીવોના અનંતપણાથી અનંત ભેદે છે તો પણ કાયવ્યાયામના સમાનપણાથી એક જ છે. જે એક જીવને એક સમયમાં મન વગેરેનું એકપણું છે તે આગળના સૂત્રમાં જ 'एगे मणे देवासुरे' ઇત્યાદિ સૂત્રથી વિશેષ રૂપે કહેવાશે. અહિં સામાન્યના આશ્રયથી જ એકપણાનું કથન કર્યું છે. ॥૨૧॥

'उप्प'त्ति-પ્રાકૃતશૈલીથી ઉત્પાદ. તે એક સમયમાં એક પર્યાયની અપેક્ષાએ એક છે. તેનાં (પર્યાયનાં) એક સમયમાં બે વગેરે ઉત્પાદ થતા નથી. અથવા ઉત્પાદ વિશેષવાળા પર્યાયની અપેક્ષા સિવાય પદાર્થ (દ્રવ્યાર્થ)પણાએ એક ઉત્પાદ છે. ॥૨૨॥

'वियइ'त्ति-વિગતિ-નાશ. તે પણ ઉત્પાદની માફક એક છે. વિકૃતિ, વિકાર, વિગતિ ઇત્યાદિ ઉચિત બીજા વ્યાખ્યાનો જોડવા. અમોએ તો ઉત્પાદસૂત્રના અનુસરણથી વ્યાખ્યાન કર્યું છે. ॥૨૩॥

'वियच्च'त्ति-વિગતિનો અર્થ આગળ કહેલ હોવાથી આ સૂત્રમાં વિગત શબ્દનો અર્થ નાશ પામેલ જીવનો-મરેલનો એ અર્થ છે. તેની અર્ચા-શરીર તે વિગતાર્ચા, અર્થાત્ મૃતકનું શરીર એક છે. પ્રાકૃત શૈલીથી વિગતાર્ચા અથવા 'વિયચ્ચા' એવું રૂપ છે. વિવર્ચા-વિશિષ્ટ ઉત્પત્તિની રીતિ અથવા વિશિષ્ટ શોભા, તે સામાન્યથી એક છે. ॥૨૪॥

'जइ'त्ति-મરણ પછી મનુષ્યત્વાદિમાંથી નારકત્વાદિને વિષે જીવનું જવું તે ગતિ. તે એક જીવને એક વખત એક જ હોય છે. ઋજુગતિ કે વક્રગતિ એક હોય, અથવા નરકગતિ વગેરેમાંથી એક ગતિ હોય, અથવા પુદ્ગલની (ગતિ) એક છે, અથવા સ્થિતિના માત્ર વૈલક્ષણ્યપણાથી એટલે [1]ગમનસ્વરૂપ વડે સર્વ જીવ અને પુદ્ગલોની ગતિ એક છે. ॥૨૫॥

'आगइ'त्ति आगमनमागतिः-આવવું તે આગતિ. નરકત્વાદિમાંથી પાછું આવવું, તેનું એકપણું ગતિની માફક જાણવું. ॥૨૬॥

'चयए'त्ति च्यवनं-ચ્યવન-વૈમાનિક અને જ્યોતિષ્કોનું મરણ, તે એક જીવની અપેક્ષાએ એક છે. નાના જીવોની અપેક્ષાએ પૂર્વની માફક જાણવું. ॥૨૭॥

'उववाए'त्ति उपपतनमुपपातः-ઉત્પન્ન થવું તે ઉપપાત, તે દેવ અને નારકોનું જન્મ, તે ચ્યવનની માફક એક છે. ॥૨૮॥

'तक्क'त्ति तर्कणं तर्कः-વિમર્શ (વિશેષવિચાર), અવાય (નિશ્ચય)થી પહેલા અને ઇહા (વિચારણા)થી પછી. પ્રાયઃ માથું ખંજવાળવું (ચેષ્ટાવિશેષ) વગેરે પુરુષના ધર્મો અહિં ઘટમાન[2] થાય છે, એવી રીતે સંપ્રત્યયરૂપ-જ્ઞાન થવું, અહિં એકપણું પૂર્વની માફક છે. ॥૨૯॥

'सन्न'त्ति संज्ञानं-સંજ્ઞા. સંજ્ઞા[3] અર્થાત્ વ્યંજનાવગ્રહના ઉત્તરકાલમાં થનાર મતિવિશેષ છે. અથવા આહાર, ભય ઇત્યાદિ ઉપાધિવાળી ચેતના તે સંજ્ઞા, અથવા નામ તે સંજ્ઞા. ॥૩૦॥

'मन्न'त्ति-પ્રાકૃતશૈલીથી मननं मतिः-મનન કરવું તે મતિ-કંઈક અર્થનું જ્ઞાન થયે છતે પણ સૂક્ષ્મ ધર્મ (વસ્તુસ્વભાવ)ની આલોચનારૂપ બુદ્ધિ છે. કેટલાએક મતિનો અર્થ આલોચન કહે છે. અથવા માનનાર, માનવા યોગ્ય-સ્વીકાર આ અર્થ જાણવો. બન્ને સૂત્રમાં પણ સામાન્યથી એકપણું છે. ॥૩૧॥

'एगा विन्नू'त्ति-વિદ્વાન્ અથવા વિજ્ઞ-વિશેષ જાણનાર. સમાન બોધપણું હોવાથી એક છે. 'ઉત્પાદ' શબ્દની ઉપા શબ્દની માફક 'विन्नू' શબ્દ પ્રાકૃતપણાથી સ્ત્રીલિંગે છે. અથવા ભાવ પ્રત્યયનો લોપ થવાથી વિદ્વત્તા-વિજ્ઞતા એક છે. ॥૩૨॥

1. બાબૂવાળી પ્રતિમાં "चैकतयैकस्वरूपा" પાઠ છે જ્યારે આગમોદય સમિતિવાળી પ્રતમાં "चैकरूपा" એવો પાઠ ટીકામાં છે.
2. 'अयं स्थाणुर्वा पुरुषो वा' આ ઠુંઠો છે કે પુરુષ છે? આ ઇહા કહેવાય છે, ત્યારબાદ હસ્તાદિના ચલનથી આ स्थाणु નથી એ વિમર્શ.
3. સંજ્ઞા, મતિજ્ઞાનનો પર્યાયવાચક છે.

'वेयण'त्ति પહેલા વેદના, સામાન્ય કર્મના અનુભવસ્વરૂપ કહેલી છે. અહિં તો પીડા સ્વરૂપ જ જાણવી. તે સામાન્યથી એક જ છે. ll૩૩ll

આ પીડાના જ કારણ વિશેષના નિરૂપણ માટે કહે છે-'छेयणे'त्ति છેદનં-શરીરનું અથવા બીજાનું (કાષ્ઠાદિનું) ખડ્ગ, કુહાડા વગેરેથી છેદન કરવું. ll૩૪ll

'भेयणे'त्ति भेदनं-ભાલા, બરછી વગેરેથી ભેદન કરવું (ભોંકવું) અથવા છેદવું તે કર્મનો સ્થિતિઘાત અને ભેદન તો કર્મના રસનો ઘાત કરે તે. એકપણું તો વિશેષ સ્વરૂપની વિવક્ષા ન કરવાથી છે. ll૩૫ll

વેદનાથી મરણ થાય છે આ કારણથી તે મરણ વિશેષ કહે છે-'एगे मरणं' इत्यादि मृतिः मरण, अन्ते भवमन्तिमम्-છેલ્લું એવું શરીર તે અંતિમ શરીર, તેમાં થનારી-છેલ્લા શરીરમાં થનારી (વેદના). [1]અહિં ઉત્તરપદમાં વૃદ્ધિ થયેલ છે. અથવા છેલ્લું શરીર છે જેઓને તે अंतिमशारीरिका અહિં દીર્ઘપણું[2] પ્રાકૃતશૈલીથી થયેલ છે. અંતિમ શરીરમાં થનારી વેદનાવાળા અથવા છેલ્લા શરીરવાળા જીવોને એક મરણ છે કારણ કે સિદ્ધપણામાં પુનર્મરણનો અભાવ છે. ll૩૬ll

ચરમશરીરવાળા જીવ સ્નાતક (નિર્ગ્રંથ) થઇને મરણ કરે છે, અતઃ સ્નાતકનું સ્વરૂપ કહે છે-'एगे संशुद्धे' ઇત્યાદિ એક સંશુદ્ધ-કષાય રહિત હોવાથી નિર્મળ ચારિત્રવાળો. યથાભૂત-તાત્ત્વિક (કેવળી), પાત્રની જેમ અતિશયવાળા જ્ઞાનાદિ ગુણરત્નોનું પાત્ર, અથવા જ્ઞાનાદિ ઉત્કૃષ્ટ ગુણને પ્રાપ્ત થયેલ તે એક છે. ll૩૭ll

'एगे दुक्खे'-છેલ્લા ભવગ્રહણમાં થનારું એક દુઃખ છે જેને તે એક દુઃખ છે. 'एगहक्खे'त्ति એ પાઠાંતરમાં તો એક પ્રકારે જ આખ્યા-સંશુદ્ધ વગેરે કથન છે જેને પરંતુ અસંશુદ્ધ અને સંશુદ્ધાસંશુદ્ધ ઇત્યાદિ નથી અસંશુદ્ધાદિના નિમિત્તરૂપ કષાયાદિનો અભાવ હોવાથી તે (સંશુદ્ધ) એક પ્રકારે નામવાળો થાય છે. અથવા એક પ્રકારે છે જીવ જેને તે એકધાક્ષ, પ્રાણીઓને એકભૂત-આત્મા સમાન જાણે છે, કારણ કે કેવળહિતવૃત્તિપણું છે. ઘણા જીવો છતાં પણ તેઓનું સમસ્વભાવત્વ હોવાથી જીવનું એકપણું છે. અથવા 'एगे संसुद्ध अहाभूए पत्ते' આ સૂત્રમાં આવેલ पत्ते શબ્દ, બીજા સૂત્ર સાથે સંબંધ ધરાવે છે, માટે પૂર્વે કહેલ અર્થવાળા સંશુદ્ધ શબ્દથી पत्ते શબ્દ અન્ય અર્થના સ્વરૂપને કહેનાર છે, તેમાં પ્રાકૃતપણાથી पत्ते શબ્દનો અર્થ પ્રત્યેક છે. જીવોને પોતાના કરેલ કર્મના ભોક્તાપણાથી દરેકને દુઃખ એક છે. તે દુઃખ કેવું છે? તે કહે છે-પ્રાણીઓમાં એકભૂત-અનન્યપણે (અભેદપણે) રહેલું છે, પરંતુ સાંખ્યોની માફક બાહ્ય નથી અર્થાત્ પ્રતિબિંબસ્વરૂપ નથી. ll૩૮ll

વળી અધર્મના અભિનિવેશ (કદાગ્રહ)થી દુઃખ થાય છે. આ હેતુથી અધર્મનું સ્વરૂપ કહે છે-'एगा अहम्मे' ઇત્યાદિ, દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે છે અથવા જીવોને સુગતિમાં સ્થાપે છે તેથી ધર્મ, કહ્યું છે કે-

**दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः । धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म्म इति स्मृतः ॥८३॥ [दश.वै.टीका]**

'દુર્ગતિમાં જનારા જંતુઓને જેથી ધારણ કરાય છે અને શુભસ્થાનમાં એ જીવોને સ્થિર કરે છે તેથી ધર્મ કહેવાય છે.' (૮૩)

તે ધર્મ, શ્રુત અને ચારિત્રસ્વરૂપ છે. તેનો પ્રતિપક્ષ તે અધર્મ છે. અધર્મ વિષયપ્રતિજ્ઞા, અથવા અધર્મમાં મુખ્ય જે શરીર તે અધર્મપ્રતિજ્ઞા, તે એક છે, કારણ કે બધી પ્રતિજ્ઞા અત્યંત દુઃખના કારણ વડે એકરૂપ છે. આ કારણથી જ કહે છે-जं से ઇત્યાદિ જે કારણથી તે પ્રતિજ્ઞાનો સ્વામી જીવ, અથવા અધર્મ પ્રતિજ્ઞાવાળો આત્મા રાગાદિ વડે બાધા પામે છે, સંક્લેશ પામે છે. અથવા 'जं सि'त्ति આ પાઠાંતર છે, તેથી પ્રાકૃત વડે લિંગ (જાતિ)ના વિપર્યાસથી જે અધર્મ પ્રતિજ્ઞા છતે આત્મા ક્લેશ પામે છે તે એક જ છે. ll૩૯ll

એનાથી વિપરીત કહે છે-'एगे धम्मे' ઇત્યાદિ પૂર્વવત્ એટલે ધર્મ શબ્દનો વ્યુત્પત્ત્યર્થ વગેરે જે કહેલ છે તેની માફક

1. 'अंतमशारीरिंकी' એ શબ્દમાં શારીરિકી ઉત્તરપદ છે તેમાં 'શ'નો 'શા' વૃદ્ધિ થયેલ છે.
2. अंतिमशारीरिका અહિં 'क' નો 'का' પ્રાકૃતશૈલીથી દીર્ઘ થયેલ છે.

જાણવું. नवरं–વિશેષ કહે છે–પર્યવો–જ્ઞાનાદિ વિશેષો ઉત્પન્ન થયેલ છે જેને તે પર્યવજાત થાય છે–વિશુદ્ધ થાય છે. આહિતાગ્નિ આદિ ગણથી 'જાત' શબ્દને ઉત્તરપદપણું[1] છે. અથવા પર્યવોને અથવા પર્યવોને વિષે જે પ્રાપ્ત થયેલ છે તે પર્યવજાત, અગર તો વિશિષ્ટ રક્ષા વા વિશિષ્ટ જ્ઞાન, તેને અથવા તેમાં પ્રાપ્ત થયેલ. ॥૪૦॥

ધર્મ અને અધર્મપ્રતિજ્ઞા ત્રણ યોગથી થાય છે તે કારણથી યોગનું સ્વરૂપ કહે છે–**'एगे मणे'** ઇત્યાદિ ત્રણ સૂત્ર. તેમાં **मन इति मनोयोग**–જે જે સમયમાં વિચારાય છે તે તે સમયમાં કાલવિશેષ મનયોગ એક જ છે. વીપ્સાના નિર્દેશ વડે કોઈપણ સમયમાં બે વગેરે સંખ્યા તેની સંભવતી નથી. આ હેતુથી કહે છે—જીવોનું એક ઉપયોગપણું હોવાથી મનનું એકપણું છે. **શંકા**–(એક સમયમાં) એક જ ઉપયોગવાળો જીવ નહિં થાય? કારણ? એક સમયે તથાવિધ જુદા જુદા વિષયના ઉપયોગવાળા બે પુરુષની માફક શીત અને ઉષ્ણ સ્પર્શ વિષયનો અનુભવ બન્ને દેખાય છે અર્થાત્ બે ઉપયોગ થાય. અહિં **સમાધાન** કરે છે–જો કે આ શીત અને ઉષ્ણના બે ઉપયોગ પોતાના સ્વરૂપ વડે ભિન્ન કાલમાં હોવા છતાં પણ સમય અને મનની અતિ સૂક્ષ્મતા વડે એક સમયની જેમ પ્રતીત થાય છે, પરન્તુ તે એક સમયમાં જ શીત અને ઉષ્ણ બંનેની સાથે પ્રતીતિ થતી નથી. ભાષ્યકાર કહે છે—

**समयातिसुहुमयाओ, मन्नसि जुगवं च भिन्नकालं पि । उप्पलदलसयवेहं, व जइ व तमलायचक्कं ति ॥८४॥**

[विशेषावश्यक० २४३३]

સમયનું અતિ સૂક્ષ્મપણું હોવાથી ભિન્ન ભિન્ન કાલ છતાં પણ એક સમયમાં તું સેંકડો કમલપત્રના વેધની માફક અથવા [2]અલાતચક્રની જેમ (શીત અને ઉષ્ણ સ્પર્શનો અનુભવ) બન્ને માને છે. (૮૪)

વળી એક વિષયમાં જોડાયેલું મન જો બીજા વિષયનો પણ અનુભવ કરે તો બીજા વિષયમાં ગયેલ ચિત્તવાળો પુરુષ આગળ રહેલ હાથીને પણ કેમ જાણી શકતો નથી? ભાષ્યકાર કહે છે કે—

**अन्नविणिउत्तमन्नं, विणिओगं लहइ जइ मणो तेणं । हत्थिं पि ठियं पुरओ, किमन्नचित्तो न लक्खेइ ॥८५॥**

[विशेषावश्यक० २४३६]

અન્ય અર્થમાં પ્રયુક્ત મન જો અન્ય અર્થમાં ઉપયોગ પામે, તો પછી અન્યમનસ્ક એવી વ્યક્તિ આગળ ઉભેલા હાથીને કેમ જાણી શકતો નથી? (૮૫)

અહિં ઘણું કહેવાનું છે પણ તે સ્થાનાંતરથી જાણવું. અથવા સત્ય, અસત્ય, સત્યાસત્ય (મિશ્ર), અસત્યામૃષા (વ્યવહાર) રૂપ ચાર મનોયોગમાં કોઈપણ એક જ મનોયોગ એક વખતે હોય છે. અન્યોન્ય વિરોધ હોવાથી બે વગેરે મનોયોગોનો અસંભવ છે. હવે મનોયોગના સ્વામી કહે છે—**'देवासुरमणुयाणं'**त्ति તેમાં કાંતિવાળા ક્રીડા કરનારા તે દેવો–વૈમાનિક અને જ્યોતિષ્કો, સુર નહિ તે અસુરો–ભવનપતિ અને વ્યંતરો, મનુથી ઉત્પન્ન થયેલ મનુજો–મનુષ્યો. તે દેવ, અસુર અને મનુષ્યોને મન એક સમયમાં એક છે; તથા વચનયોગ પણ દેવાદિકોને એક સમયમાં એક જ છે. તથાવિધ મનોયોગપૂર્વક તથાવિધ વચનયોગ હોવાથી અથવા સત્યાદિ ચાર વચનયોગમાં કોઈપણ એક વચનયોગ એક સમયે હોવાથી એક છે. તે સંબંધમાં સૂત્રકાર સ્વયં આગળ કહેશે–**"छहिं [3]ठाणेहिं णत्थि जीवाणं इड्ढी इ वा जाव परक्कमे इ वा, तं जहा—जीवं वा अजीवं करणयाए १, अजीवं वा जीवं करणयाए २, एगसमएणं यावत् दो भासाओ भासित्तए"** તથા કાયવ્યાયામ–કાયયોગ દેવાદિને એક સમયે એક જ છે. સાત કાયયોગમાં કોઈપણ એક કાયયોગ એક સમયે હોય છે. **શંકા**–જ્યારે આહારક

1. નિષ્ઠા સૂત્રથી 'જાતપર્યવ' પ્રયોગ ઉચિત છે, પણ તેનો બાધ કરીને આહિતાગ્નિ આદિ ગણથી 'પર્યવજાત' થયેલ છે.
2. અલાતચક્ર એટલે ઉંબાડીયું-બળતું લાકડું, તે ભિન્ન ભિન્ન સમયે જુદી જુદી દિશાઓમાં ફરે છે તથાપિ સમય અને દિશાનો ભેદ જણાતો નથી તેમજ સેંકડો કમલપત્રના વેધમાં પણ ભિન્ન ભિન્ન કાળે વેધ થાય છે.
3. ટીકાકારે આપેલ આ પાઠનો પ્રસ્તુત વિષયમાં એટલો જ ઉપયોગ છે કે એક સમયમાં બે ભાષા બોલવાની જીવોની શક્તિ નથી.

(શરીર)નો પ્રયોગ કરે છે ત્યારે ઔદારિક શરીર ત્યાં જ રહેલું હોય છે એમ સંભળાતું હોવાથી એક સમયે બન્ને કાયયોગ કેમ ન હોય? **સમાધાન**—વિદ્યમાન છતાં ઔદારિક શરીરનો વ્યાપાર ન હોવાથી તેમજ આહારક શરીરનો જ ત્યાં વ્યાપાર હોવાથી તેમ થઈ શકે છે. ઔદારિક શરીર પણ ત્યારે—આહારક પ્રયોગ સમયે વ્યાપાર (પ્રવૃત્તિ) કરે તો કેવલિ-સમુદ્ઘાતમાં સાતમા, છઠ્ઠા અને બીજા એ ત્રણ સમયમાં ઔદારિક [1]મિશ્રયોગની માફક મિશ્રયોગવાળું થશે. તેમજ આહારક પ્રયોગકાલમાં જો ઔદારિકનો વ્યાપાર માનશો તો આહારક શરીરનો પ્રયોગ કરનાર [2]નહિ મળે. વળી એમ માનવાથી સાત પ્રકારે કાયયોગનું પ્રતિપાદન નિરર્થક થાય, આ કારણથી કાયવ્યાપાર એક જ છે. એવી રીતે વૈક્રિય શરીરવાળા ચક્રવર્ત્યાદિને પણ વૈક્રિયની પ્રવૃત્તિ સમયે પ્રવૃત્તિ રહિત ઔદારિક શરીર હોય છે. જો વ્યાપારવાળું ઔદારિક શરીર હોય તો બન્ને શરીરનું વ્યાપારવત્ત્વ છતે કેવલિસમુદ્ઘાતની માફક મિશ્રયોગવાળું થવાથી અખંડિત જ રહેશે. વળી કાયયોગને પણ ઔદારિકપણાએ અને વૈક્રિયપણાએ ક્રમ વડે વ્યાપાર કરતે છતે શીઘ્ર પ્રવૃત્તિપણાએ મનોયોગની માફક બન્નેની એકી સાથે ભ્રાંતિ થાય તો શો દોષ? એવી રીતે કાયયોગનું એકપણું છતે, ઔદારિકકાયયોગ વડે ગ્રહણ કરેલ મનોદ્રવ્ય અને વાગ્દ્રવ્યની સહાયતા વડે થયેલ જીવના વ્યાપારરૂપપણાથી, મનોયોગ અને વચનયોગનો એક કાયયોગપૂર્વકપણા વડે પણ પૂર્વે કહેલું એકત્વ જાણવું. અથવા એને (વચનને) આજ્ઞાગ્રાહ્ય હોવાથી અહિં આ વચન જ પ્રમાણ છે. यत—

**आणागेज्झो अत्थो, आणाए चेव सो कहेयव्वो । दिट्ठंता दिट्ठं तिअ, कहणविहिविराहणा [3]इयरा ।।८६।। [आ०नि० १६६९]**

આજ્ઞા વડે જે અર્થ ગ્રાહ્ય છે તે આજ્ઞાથી જ કહેવા યોગ્ય છે. કહેવાની વિધિમાં દૃષ્ટાંતથી દાર્ષ્ટાંતિક અર્થ કરવો. એથી ઊલટી રીતે કથન કરે તો આજ્ઞાની વિરાધના થાય. (૮૬)

**શંકા**—એકત્વરૂપ સામાન્યના આશ્રય વડે જ સૂત્ર, ગમક-બોધક થશે, તો પછી આ વિશેષ વ્યાખ્યા વડે શું? **સમાધાન**—એમ નહિ, કારણ? સામાન્યરૂપ એકત્વને પૂર્વ સૂત્રો વડે કહેવાયેલ હોવાથી પ્રસ્તુત સૂત્રમાં પુનરુક્તિદોષના પ્રસંગથી સૂત્રમાં દેવાદિ શબ્દ તેમજ સમય શબ્દને ગ્રહણ કરેલ છે તે નિરર્થક થશે. (માટે વિશેષ વ્યાખ્યા કરવી યોગ્ય છે). આ સૂત્રમાં દેવ, અસુર અને મનુષ્યનું ગ્રહણ કરેલ છે તે વિશિષ્ટ વૈક્રિયલબ્ધિસંપન્નપણાથી દેવાદિકને અનેક શરીરની રચના હોતે છતે એક સમયમાં મનોયોગાદિનું શરીરની મફક અનેકપણું થશે, આ માન્યતાનું ખંડન કરવા માટે છે; પરંતુ તિર્યંચ અને નારકોનો નિષેધ કરવા માટે નથી. **શંકા**—તિર્યંચ અને નારકો પણ વૈક્રિયલબ્ધિવાલા છે, તેઓને પણ વિકુર્વણામાં શરીરના અનેકપણાથી મન વગેરેની અનેકપણાની માન્યતા સંભવે છે, માટે તિર્યંચ અને નારકનું ગ્રહણ કરવું પણ યોગ્ય છે—ન્યાય્ય છે. **સમાધાન**—તમારું કથન યોગ્ય છે, પરંતુ દેવાદિકનું જે ગ્રહણ કરેલ છે તે અતિ વિશિષ્ટ લબ્ધિ (શક્તિ) વાળા હોવાથી શરીરોની અત્યંત અનેકતા છે. આ કારણથી તેઓનું ગ્રહણ કરેલ છે. વળી પ્રધાન (મુખ્ય)નો સ્વીકાર કરવાથી ઇતર-સામાન્યથી ગ્રહણ સ્વતઃ થાય છે, એ ન્યાયથી દોષ નથી. નારકાદિકોથી દેવાદિકોનું પ્રધાનપણું પ્રસિદ્ધ જ છે. આ મન વગેરેનો ક્રમ, યથાયોગ પ્રધાનપણાથી કરેલ છે. પ્રધાનપણું તે બહુ, [4]અલ્પ અને અલ્પતર કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ લાભ વડે કરેલું-થયેલું છે. ॥૪૧॥

1. આ ત્રણ સમયમાં કાર્મણ શરીર સાથે ઔદારિકનો મિશ્ર થાય છે.
2. આહારક શરીર બનાવતી વખતે ઔદારિક સાથે મિશ્ર હોય છે પરંતુ પ્રશ્ન આદિ કાલમાં કેવલ આહારક શરીરનો વ્યાપાર હોય છે તે વખતે કેવળ આહારક યોગ હોય છે.
3. આ. સ. વાળી પ્રતિમાં आणागेज्झो० એ ગાથાના ચોથા ચરણમાં इह પાઠ છે પરંતુ इयरा પાઠ, બાબુવાળી પ્રતિમાં તથા અંતર ટીકાવાળી હસ્તલિખિત પ્રતિમાં પણ इयरा પાઠ છે. इह પાઠથી છંદોભંગ અને 'इतरथा' એવો અર્થ થશે નહિ માટે इयरा પાઠ શુદ્ધ જણાય છે. કદાચ મુદ્રણદોષ થવા સંભવ છે.
4. **ઘણા કર્મોના ક્ષયોપશમથી મનોયોગની, તેથી અલ્પકર્મના ક્ષયોપશમથી વચનયોગની અને તેથી અલ્પતર (અતિ ઓછો) કર્મના ક્ષયોપશમથી કાયયોગની પ્રાપ્તિ થાય છે.**

હવે કાયવ્યાયામના જ ભેદોની એકતા કહે છે-'एगे उट्ठाणे' ઇત્યાદિ ઉત્થાન-ચેષ્ટા-વિશેષ, કર્મ્મ-ફરવું વગેરે ક્રિયા, બલ-શરીરનું સામર્થ્ય, વીર્ય-જીવથી ઉત્પન્ન થયેલ શક્તિ, પુરુષકાર-અહંકાર વિશેષ, પરાક્રમ-અભિમાનમાં જ કરાયેલ કાર્ય. આ સૂત્રમાં દ્વંદ્વ સમાસ હોવાથી પ્રથમા વિભક્તિનું એકવચન છે. આ ઉત્થાન વગેરે વીર્યાંતરાયકર્મના [[1]ક્ષય] ક્ષયોપશમથી થયેલ જીવના પરિણામ વિશેષો છે. એ ઉત્થાનાદિ શબ્દોમાં પ્રત્યેકને 'એક' શબ્દ જોડવો., વીર્યાંતરાયકર્મના [ક્ષય] ક્ષયોપશમના વિચિત્રપણાથી ઉત્થાનાદિમાં પ્રત્યેકના જઘન્યાદિ ભેદો વડે અનેકપણું હોતે છતે પણ એક સમયે એક જીવને ઉત્થાનાદિ વિશેષ જઘન્યાદિ એક છે, કારણ કે વીર્યાંતરાયકર્મના [ક્ષય] ક્ષયોપશમની માત્રાનું એકપણું છે. કારણ? કાર્યની માત્રા, કારણની માત્રાને આધીન હોય છે. સૂત્રનો આ ભાવાર્થ છે, વિશેષ પૂર્વવત્. ॥૪૨॥

પરાક્રમ વગેરેથી જ્ઞાનાદિ-રૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરાય છે જેથી કહે છે કે—

**अब्भुट्ठाणे विणये, परक्कमे साहुसेवणाए य । सम्मद्दंसणलंभो, विरयाविरईए विरईए ॥८७॥** [आ०नि० ८४८ इति]

**અભ્યુત્થાન-ગુરુ વગેરેના આગમનથી ઊભા થવામાં. વિનયમાં અને સાધુ-સેવામાં પરાક્રમ કર્યે છતે, સમ્યગ્દર્શનનો લાભ થાય છે. વળી દેશવિરતિ તથા સર્વવિરતિનો લાભ થાય છે. ॥૮૭॥**

આ કારણથી જ્ઞાનાદિનું નિરુપણ કરવા માટે સૂત્રકાર કહે છે-'एगे नाणे' ઇત્યાદિ, અથવા પૂર્વે કહેલી ધર્મપ્રતિમા તે જ્ઞાનાદિસ્વરૂપ છે. આ હેતુથી જ્ઞાનાદિનું નિરૂપણ કરે છે—ज्ञायन्ते-જેના વડે, જેનાથી અને જેમાં અર્થો જણાય છે, નિર્ણય થાય છે તે જ્ઞાન. જ્ઞાન-દર્શનના આવરણનો ક્ષય અથવા ક્ષયોપશમ અથવા જે જાણવું તે જ્ઞાન, જ્ઞાનાવરણ અને દર્શનાવરણના ક્ષયાદિથી પ્રગટ થયેલ આત્માનો પર્યાય વિશેષ, સામાન્ય વિશેષાત્મક વસ્તુમાં વિશેષાંશ ગ્રહણ કરવામાં ચતુર અને સામાન્ય અંશનો ગ્રાહક, પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શનરૂપ તે અનેક છે તો પણ બોધના સમાનપણાથી અથવા ઉપયોગની અપેક્ષાએ એક છે. તે આ પ્રમાણે—લબ્ધિથી ઘણા બોધવિશેષોનો એક સમયે સંભવ છતે પણ ઉપયોગથી એક જ સંભવે છે, કારણ કે જીવોનું ઉપયોગપણું એક છે. **શંકા**-દર્શનનું જ્ઞાનમાં કથનપણું અયુક્ત છે, કારણ કે (બન્નેનો) વિષયભેદ છે. કહ્યું છે કે—"जं सामन्नग्गहणं, दंसणमेयं विसेसियं नाणं" ति,-જે સામાન્ય સ્વરૂપનું ગ્રહણ તે દર્શન, અને તેના વિશેષ સ્વરૂપનું ગ્રહણ તે જ્ઞાન છે. **સમાધાન**—સામાન્ય ગ્રાહક હોવાથી ઇહા અને અવગ્રહરૂપ જ દર્શન છે. અને વિશેષ ગ્રાહકપણાથી અપાય તથા ધારણારૂપ જ્ઞાન છે. અથવા આગમમાં દર્શન અને જ્ઞાન બન્ને પણ જ્ઞાનના સ્વીકાર વડે ગ્રહણ કરેલ છે. '**आभिनिबोहियनाणे, अट्ठावीसं हवंति पयडीउ**' વચનથી આભિનિબોધિક (મતિ) જ્ઞાનમાં અઠાવીસ પ્રકૃતિઓ (મતિજ્ઞાનના ભેદો) હોય છે, માટે સામાન્યથી દર્શન પણ જ્ઞાનરૂપ કહેવામાં વિરોધ નથી. **શંકા**-આ પછીના સૂત્રમાં દર્શન જુદું જ કહેલું છે, તો અહીં જ્ઞાન શબ્દ વડે દર્શન પણ કેમ કથન કર્યું? **સમાધાન**—તે ઉત્તરસૂત્રમાં દર્શન-શ્રદ્ધાના અર્થમાં વિવક્ષિત છે. જ્ઞાનાદિ ત્રણને સમ્યક્ શબ્દ વડે યુક્ત કર્યે છતે, મોક્ષમાર્ગ પણ વિવક્ષિત હોવાથી શ્રદ્ધાનરૂપ પર્યાય વડે જ દર્શનની સાથે આ ત્રણ (જ્ઞાનાદિ) મોક્ષના માર્ગભૂત છે. 'एगे दंसणे'त्ति दृश्यन्ते-જેના વડે, જેનાથી અથવા જેનામાં પદાર્થો શ્રદ્ધારૂપ થાય છે. દર્શન દર્શનમોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ અથવા (ઉપશમ)રૂપ દર્શન છે. અથવા દૃષ્ટિ દર્શન તે દર્શનમોહનીય કર્મના ક્ષયાદિ વડે પ્રગટ થયેલ તત્ત્વના શ્રદ્ધાનરૂપ આત્માનો પરિણામ છે. તે ઉપાધિ ભેદથી અનેક પ્રકારે છે તો પણ શ્રદ્ધાનના સમાનપણાથી એક છે. અથવા એક જીવને એક સમયે એકનો જ ભાવ હોય છે. **શંકા**-અવબોધનું સમાનપણું હોવાથી જ્ઞાન અને સમ્યક્ત્વમાં શું વિશેષ છે? **સમાધાન**—સમ્યક્ત્વ તે રુચિ અને રુચિનું કારણ તો જ્ઞાન છે. [અર્થાત્ કારણકાર્યકૃત ભેદ છે.[2]] કહેલું છે કે—

**नाणमवायधिईओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ । तह तत्तरुई सम्मं, रोइज्जइ जेण तं नाणं ॥८८॥**

જેમ અવાય અને ધારણારૂપી જ્ઞાન, અવગ્રહ અને ઇહારૂપી દર્શન ઇચ્છિત છે, તેમ તત્ત્વરૂચિરૂપી સમ્યક્ત્વ છે, અને

1. આગમોદય સમિતિવાળી પ્રતિમાં ક્ષય શબ્દ કાટખૂણા કૌંસમાં છે અને બાબૂવાળીમાં સળંગ પાઠરૂપે છે.
2. જ્ઞાન કારણ છે અને દર્શન (સમકિત) કાર્ય છે.

જેના વડે રુચિ થાય છે તે જ્ઞાન કહેવાય છે (૮૮).

**'चरित्ते'त्ति चर्यते-મોક્ષાભિલાષી જીવો વડે વિધિપૂર્વક સેવાય છે તે ચારિત્ર** અથવા चर्यते-જેના વડે નિવૃત્તિ (મોક્ષ)માં જવાય છે, અથવા કર્મોના સંચયને શૂન્ય (ખાલી) કરવું. આ નિરુક્ત ન્યાયથી, ચારિત્રમોહનીય કર્મના ક્ષયાદિથી પ્રગટ થયેલ આત્માનો વિરતિરૂપ પરિણામ તે ચારિત્ર. તે આગળ કહેવામાં આવનારા સામાયિકાદિ ચારિત્રના ભેદોનું વિરતિરૂપ સામાન્યમાં અંતર્ભાવ થવાથી અથવા એક જીવને એક સમયે એક ચારિત્રનો જ સદ્ભાવ હોવાથી ચારિત્ર એક છે. આ જ્ઞાનાદિનો આ પ્રમાણે ક્રમ છે, કારણ કે કહ્યું છે કે—"नाज्ञातं श्रद्धीयते नाश्रद्धितं सम्यगनुष्ठीयत इति"—જે જાણેલું નથી તે શ્રદ્ધાનરૂપ થતું નથી, જે શ્રદ્ધાનરૂપ થયું નથી તેનું સમ્યગાચરણ કરાતું નથી. ॥૪૩॥

જ્ઞાન વગેરે ઉત્પત્તિ, નાશ અને સ્થિતિવાળાં છે અને સ્થિતિ, સમયાદિરૂપ છે. આ કારણથી સમયનું નિરૂપણ કરે છે-

**एगे समए ॥ सू० ४४॥ एग पएसे एगे परमाणू ॥ सू० ४५॥**

**एगा सिद्धी, एगे सिद्धे, एगे परिनिव्वाणे, एगे परिनिव्वुडे ॥ सू० ४६॥**

*(મૂ૦) સમય એક છે. ॥૪૪॥ પ્રદેશ એક છે. પરમાણુ એક છે. ॥૪૫॥ સિદ્ધશિલા એક છે. સિદ્ધ એક છે. સકલ કર્મના નાશથી સ્વસ્થરૂપ-પરિનિર્વાણ એક છે, સર્વથા શારીરિક અને માનસિક દુઃખ રહિત પરિનિવૃત એક છે.. ॥૪૬॥*

(ટી૦) **'एगे समए'** સમય-પરમ નિકૃષ્ટ કાલ-અત્યંત સૂક્ષ્મ-જેના બે વિભાગ ન થાય તે, સેંકડો કમલપત્રના ભેદનના દૃષ્ટાંતથી અથવા જીરણ વસ્ત્રની સાડીના ફાડવાના દૃષ્ટાંતથી આગમમાં પ્રસિદ્ધ હોવાથી જાણવું. તે વર્તમાનસ્વરૂપ સમય ભૂતકાલનો નાશ અને ભવિષ્યકાલની ઉત્પત્તિનો અભાવ હોવાથી એક જ છે. અથવા સ્વરૂપ વડે અંશ રહિત હોવાથી સમય એક છે. ॥૪૪॥

અંશ રહિત વસ્તુના અધિકારથી જ આ બન્ને સૂત્ર કહે છે—**'एगे पएसे एगे परमाणू'** પ્રકૃષ્ટ-અંશ રહિત, ધર્મ, અધર્મ, આકાશ અને જીવોના દેશ-અવયવરૂપી પ્રદેશ એક છે; કારણ કે સ્વરૂપથી બીજા ત્રીજા પ્રદેશ વગેરેમાં દેશના કથન વડે પ્રદેશપણાના અભાવનો પ્રસંગ થશે. **'परमाणु'त्ति परम-**અત્યંત, અણુ-સૂક્ષ્મ તે પરમાણુ, દ્ર્યણુકાદિ સ્કંધોના કારણભૂત છે. કહેલું છે કે—**'कारणमेव तदन्त्यं सूक्ष्मो नित्यश्च भवति परमाणुः एकरस-वर्ण-गन्धो-द्विस्पर्शः कार्यलिङ्गश्च ।**— "છેલ્લામાં છેલ્લું કારણ સૂક્ષ્મ અને નિત્ય પરમાણુ હોય છે. એક વર્ણ, એક રસ, એક ગંધ અને (અવિરોધી) બે સ્પર્શવાળો છે તેમજ કાર્યથી જણાય છે તે પરમાણુ" તે સ્વરૂપથી એક જ છે એમ જો ન માનીએ તો આ પરમાણુ એવું નામ જ નહિ હોય. અથવા સમય, પ્રદેશ અને પરમાણુ અનંત છતાં પણ તુલ્યરૂપની અપેક્ષાએ તેઓનું એકપણું છે. ॥૪૫॥

જેમ તથાવિધ એકત્વ પરિણામવિશેષથી પરમાણુનું એકપણું થાય છે, તેમ તે કારણથી જ અનંત પરમાણુમય સ્કંધનું એકપણું થાય એમ દેખાડતા થકા સર્વ બાદર સ્કંધમાં શ્રેષ્ઠરૂપ ઈષત્પ્રાગભાર નામવિશિષ્ટ પૃથિવીસ્કંધની પ્રરૂપણા કરે છે— **'एगा सिद्धी' सिध्यन्ति-**જેને વિષે (જીવો) કૃતાર્થ થાય છે તે સિદ્ધિ. જો કે તે લોકના અગ્રભાગે છે, તેથી કહેલું છે કે—**"इहं बुंदिं (बोंदिं) चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ"** [आ०नि० ९५८ त्ति] અહિં-મૃત્યુલોકમાં શરીરને છોડીને લોકના અંતમાં જઈને સિદ્ધ થાય છે, તો પણ લોકાંતના સમીપપણાથી ઈષત્પ્રાગભારા પૃથ્વી પણ 'સિદ્ધિ' નામ વડે કથન કરાય છે. કહેલું છે- **'बारसहिं जोयणेहिं, सिद्धीसव्वट्ठसिद्धाउ'** [आव.नि. ९५१] त्ति. સર્વાર્થસિદ્ધ વિમાન થકી બાર યોજન ઉપર સિદ્ધિ છે. જો લોકાગ્ર માત્ર જ સિદ્ધિ હોય તો તેના પછી જે કહેલું છે—**'निम्मलदगरयवण्णा, तुसारगोक्खीर-हार-सरिवन्ने'** [आ०नि० ९६१] સ્વચ્છ પાણીના રજ (કણિયા) જેવા વર્ણવાળી, હિમ, ગાયનું દૂધ અને મોતીના હાર તેના જેવી ધોળી ઈત્યાદિ સિદ્ધિના સ્વરૂપનું વર્ણન કેમ ઘટે? કારણ કે લોકાગ્ર તો અમૂર્ત્ત છે. આ કારણથી અહિં ઈષત્પ્રાગભારાને સિદ્ધિ કહેલી છે. દ્રવ્યાર્થપણે પીસ્તાલીશ લાખ યોજનપ્રમાણ સ્કંધનું એક પરિણામપણું હોવાથી તે એક છે. પર્યાયાર્થપણે તો અનંત સિદ્ધિ છે. અથવા

કૃતકૃત્યત્વ-કૃતાર્થપણું અને લોકાગ્ર ક્ષેત્રરૂપ, અથવા અણિમા, મહિમા વગેરે સિદ્ધિ છે. સામાન્યથી સિદ્ધિનું એકપણું છે. સિદ્ધિનું વર્ણન કર્યા બાદ સિદ્ધનું વર્ણન કરે છે—**'एगे सिद्धे' सिध्यति स्म**—કૃતાર્થ થયા, **सेधति स्म वा** અથવા ફરી ન આવવા વડે જે લોકાગ્રને પ્રાપ્ત થયા તે સિદ્ધ. **सितं वा**-અથવા બંધાયેલ કર્મ, ધ્માતં બળેલ છે જેના તે નિરુક્તથી (ખંડ વ્યુત્પત્તિથી) સિદ્ધ-કર્મના પ્રપંચથી મૂકાયેલ એટલે તે દ્રવ્યાર્થપણાએ એક છે અને પર્યાયાર્થપણાથી તો અનંત પર્યાય છે. અથવા સિદ્ધોનું અનંતપણું છતે પણ સિદ્ધોનું સમાનપણું હોવાથી એકપણું છે. અથવા ૧ કર્મ, ૨ શિલ્પ, ૩ વિદ્યા, ૪ મંત્ર, ૫ યોગ, ૬ આગમ, ૭ અર્થ, ૮ યાત્રા, ૯ બુદ્ધિ, ૧૦ તપ અને ૧૧ કર્મક્ષય, આ ભેદ વડે સિદ્ધોનું અનેકપણું છતે પણ સિદ્ધોનું, સિદ્ધ શબ્દના ઉચ્ચારપણાનું સામ્ય હોવાથી એકપણું છે. કર્મક્ષય સિદ્ધનો પરિનિર્વાણરૂપ સ્વભાવ હોય છે તેથી હવે તે કહે છે. **'एगे परिनिव्वाणे'** परि–સર્વથા, **निर्वाणं**, સકલ કર્મકૃત વિકાર રહિત થવાથી સ્વસ્થ થવું તે પરિનિર્વાણ, તે એક છે. તેનો એક વખત સંભવ છતે ફરીને (પરિનિર્વાણનો) અભાવ હોવાથી પરિનિર્વાણરૂપી ધર્મના યોગથી તે જ કર્મક્ષયસિદ્ધિ, પરિનિર્વૃત કહેવાય છે. તથા દેખાડવા માટે કહે છે—'एगे परिनिव्वुए' परिनिर्वृतः—સર્વ પ્રકારે શારીરિક, માનસિક અસ્વાસ્થ્ય (દુઃખ)થી રહિત એ તાત્પર્ય છે. તેનું એકપણું સિદ્ધની માફક ભાવવું. ॥૪૬॥

અહીં સુધીના સૂત્રો વડે પ્રાયઃ જીવના ધર્મો એકપણાએ નિરૂપણ કરાયા. હવે જીવને સહાયક હોવાથી પુદ્‌ગલો અને તેના લક્ષણરૂપી અજીવના ધર્મો **'एगे सद्दे'** એ આદિ સૂત્રથી યાવત્ **'एगे लुक्खे'** એ છેલ્લા સૂત્ર પર્યંત ગ્રંથ વડે એકપણાએ જ દેખાડાય છે. કેટલાએક પુદ્‌ગલાદિની તો સત્તા અનુમાનથી જણાય છે, અને ઘટાદિ કાર્યનો સાક્ષાત્કાર થવાથી કેટલાએક (પુદ્‌ગલો)ની સત્તા વ્યવહારિક (ઇંદ્રિયસંયોગ)રૂપ પ્રત્યક્ષથી જણાય છે; માટે કહે છે કે—

**एगे [1]सद्दे। एगे [2]रूवे। एगे [3]गंधे। एगे [4]रसे। एगे [5]फासे। एगे [6]सुब्भिसद्दे। एगे [7]दुब्भिसद्दे। एगे [8]सुरूवे। एगे [9]दुरूवे। एगे [10]दीहे। एगे [11]रहस्से। एगे [12]वट्टे। एगे [13]तंसे। एगे [14]चउरंसे। एगे [15]पिहुले। एगे [16]परिमंडले। एगे [17]किण्हे। एगे [18]णीले। एगे [19]लोहिए। एगे [20]हलिद्दे। एगे [21]सुक्किल्ले। एगे [22]सुब्भिगंधे। एगे [23]दुब्भिगंधे। एगे [24]तित्ते। एगे [25]कडुए। एगे [26]कसाए। एगे [27]अंबिले। एगे [28]महुरे। एगे [29]कक्खडे जाव [36]लुक्खे ॥ सू० ४७॥**

*(મૂ૦) ૧ શબ્દ, ૨ રૂપ, ૩ ગંધ, ૪ રસ, ૫ સ્પર્શ, ૬ શુભ શબ્દ, ૭ અશુભ શબ્દ, ૮ સારું રૂપ, ૯ ખરાબ રૂપ, ૧૦ દીર્ઘ સંસ્થાન, ૧૧ લઘુ સંસ્થાન, ૧૨ વૃત્ત (વાટલો) સંસ્થાન, ૧૩ ત્રિકોણ સંસ્થાન, ૧૪ ચતુરસ્ર (ચોરસ) સંસ્થાન, ૧૫ વિસ્તીર્ણ સંસ્થાન, ૧૬ વલય સંસ્થાન, ૧૭ કૃષ્ણવર્ણ, ૧૮ નીલવર્ણ, ૧૯ રક્તવર્ણ, ૨૦ પીતવર્ણ, ૨૧ શ્વેતવર્ણ, ૨૨ સુગંધ, ૨૩ દુર્ગંધ, ૨૪ તીખો રસ, ૨૫ કડવો રસ, ૨૬ કષાય (તુરો) રસ, ૨૭ ખાટો રસ, ૨૮ મધુર રસ, ૨૯ કર્કશ સ્પર્શ યાવત્ ૩૬ લૂખો સ્પર્શ એ શબ્દાદિ દરેક એકેક છે. ॥૪૭॥*

(ટી૦) આ સૂત્રોમાં શબ્દાદિ સૂત્રો સુગમ છે, પરંતુ **शब्द्यते**-જેના વડે જે કહેવાય છે તે શબ્દ–અવાજ, એ શ્રોત્રેંદ્રિયનો વિષય છે. **रूप्यते**-જે જોવાય છે તે રૂપ–આકાર ચક્ષુઇંદ્રિયનો વિષય છે. **घ्रायते**-જે સુંઘાય છે તે–ગંધ, ઘ્રાણ(નાક)નો વિષય છે. **रस्यते**-જે આસ્વાદન કરાય છે તે રસ, રસના ઇંદ્રિયનો વિષય છે. **स्पृश्यते**-જે સ્પર્શાય છે–છબાય છે તે સ્પર્શ, સ્પર્શન ઇંદ્રિયનો વિષય છે. શબ્દાદિનું એકપણું સામાન્યથી છે અથવા સજાતીય અને વિજાતીયના ભેદની અપેક્ષા સિવાય એકપણું ભાવવું. શબ્દના બે ભેદ કહે છે-'सुब्भिसद्दि'त्ति–શુભ શબ્દો મનને ગમતા, 'दुब्भि'त्ति–મનને જે ન ગમે તે અશુભ શબ્દ, એવી રીતે બીજા પણ શબ્દો આ બે ભેદમાં અંતર્ભૂત થાય છે એમ જાણવું. એવી રીતે રૂપના વ્યાખ્યાનમાં પણ સુરૂપ વગેરે શ્વેતરૂપ પર્યંત જે ચૌદ ભેદ છે તે એકેક છે. તેમાં મનને ગમતું રૂપ તે સુરૂપ છે અને તેથી વિપરીત તે કુરૂપ છે. દીર્ઘ–અતિ લાંબુ, **ह्रस्व**-તેનાથી નાનું, વૃત્તાદિક પાંચ સ્કંધના સંસ્થાન (આકાર)ના ભેદ છે. તેમાં વૃત્ત સંસ્થાન મોદક જેવું છે, તે પ્રતર અને ઘન ભેદથી બે પ્રકારે છે. વળી તે પ્રત્યેક (પ્રતર–ઘન) સમવિષમ પ્રદેશના અવગાઢરૂપ ભેદથી ચાર પ્રકારે છે. બીજા સંસ્થાનો પણ

એવી રીતે જાણવા. 'तंसे'त्ति ત્રણ છે કોટિ (હાંસ) જેમાં તે त्र्यंस्र (ત્રિકોણ) છે. ચાર છે હાંસો જેને તે चतुरस्र-ચોખૂણો છે. તથા 'पिहुल'त्ति पृथुल-વિસ્તીર્ણ. વળી બીજે સ્થળે પૃથુલને ઠેકાણે 'આયત' કહેવાય છે તે આયતસંસ્થાન, અહિં દીર્ઘ, હ્રસ્વ અને પૃથુલ શબ્દ વડે વિભાગ કરીને કહેલું છે, કારણ કે દીર્ઘ વગેરે આયત ધર્મત્વવિશિષ્ટ છે. તે આયત, પ્રતર-ઘન-શ્રેણિ ભેદથી ત્રણ પ્રકારે છે. વળી તે પ્રત્યેક, સમ-વિષમ પ્રદેશરૂપથી છ પ્રકારના છે. જે આયતના બે ભેદ દીર્ઘ અને હ્રસ્વ તેનું કથન શરૂઆતમાં કહેલ છે તે વૃત્ત વગેરે સંસ્થાનોમાં આયતની પ્રાયઃ વૃત્તિ દેખાડવા માટે કહેલ છે. તે આ પ્રમાણે—દીર્ઘાયત ઘણો લાંબો સ્તંભ (થાંભલો) ગોળ ત્રિકોણ અને ચતુષ્કોણ છે ઇત્યાદિ ભાવવું. અથવા સૂત્રની ગતિ વિચિત્ર હોવાથી આવી રીતે ઉપન્યાસ કરેલ છે. 'परिमंडले'त्ति પરિમંડલ સંસ્થાન વલય (ચૂડી) આકારે, તે પ્રતર-ઘનભેદથી બે પ્રકારે છે. રૂપનો ભેદ તે વર્ણ, તે કૃષ્ણ વગેરે પાંચ પ્રકારે સ્પષ્ટ છે, પરંતુ હારિદ્ર-પીળો, કપીશ-ધૂસર વગેરે વર્ણના સંસર્ગ (એકબીજાના સંબંધ)થી થાય છે, માટે તેઓનો ઉપન્યાસ કરેલ નથી. ગંધ સુરભિ અને દુરભિગંધ એમ બે પ્રકારે છે. **જે સન્મુખ કરે તે સુગંધ અને જે વિમુખ કરે તે દુર્ગંધ.** સાધારણ પરિણામ અસ્પષ્ટ હોવાથી દુર્ગ્રહ-દુઃખે ગ્રહણ કરી શકાય તેવા સંસર્ગ વડે થવાથી કહેલ નથી. રસ પાંચ પ્રકારે છે. તેમાં શ્લેષ્મ-કફનો નાશ કરનાર તે તીખો રસ, વૈશદ્ય-શરદીને જે દૂર કરનાર તે કટુક રસ, અન્નની રૂચિને જે બંધ કરનાર તે કષાય રસ, **સાંભળવાથી મોઢાને જે પીગળાવનાર તે ખાટો રસ,** આનંદ અને પુષ્ટિને જે કરનાર તે મધુર રસ. સંસર્ગથી ઉત્પન્ન થનાર લવણ રસ તે કહેલ નથી. સ્પર્શ આઠ પ્રકારે છે. તેમાં કર્કશ-કઠણ (ન વળી શકે તેવો) યાવત્ શબ્દથી મૃદુ વગેરે બીજા છ સ્પર્શ જાણવા. સુખપૂર્વક-સહેલાઈથી વળે તે મૃદુ, નીચે ગમન કરવામાં જે હેતુ તે ગુરુ, પ્રાયઃ તીર્છો અને ઊંચે ગમન કરવામાં જે હેતુ તે લઘુ, ઠંડીથી કરાયેલ સ્તંભન સ્વભાવવાળો તે શીત, કોમળ પાકને કરનાર તે ઉષ્ણ, સંયોગ છતે સંયોગવાળી વસ્તુઓના બંધનો હેતુપિંડરૂપ કરનાર તે સ્નિગ્ધ, બંધ (પિંડ) ને નહિં કરનાર રુક્ષ. આ દરેક એકૈક છે. ॥૪૭॥

પુદ્ગલન ધર્મોનું એકપણું, કહ્યું. હવે પુદ્ગલોથી જોડાયેલ જીવોના અપ્રશસ્ત ધર્મો-અઢાર પાપસ્થાન સંજ્ઞાવાળાનું 'एगे पाणाइवाए' આદિ સૂત્રના આરંભથી 'दंसणसल्ले' સૂત્ર વડે એકપણું કહે છે—

**एगे पाणाइवाए जाव एगे परिग्गहे । एगे कोहे जाव लोहे । एगे पेज्जे एगे दोसे जाव एगे परपरिवाए । एगा अरईरई। एगे मायामोसे । एगे मिच्छादंसणसल्ले ॥ सू० ४८ ॥**

**एगे पाणाइवायवेरमणे जाव परिग्गहे वेरमणे । एगे कोहविवेगे जाव मिच्छादंसणसल्लविवेगे ॥ सू० ४९॥**

(મૂ૦) *પ્રાણાતિપાત એક છે યાવત્ પરિગ્રહ એક છે, ક્રોધ એક છે યાવત્ લોભ એક છે, રાગ એક છે, દ્વેષ એક છે યાવત્ પરપરિવાદ એક છે, અરતિરતિ એક છે, માયામૃષા એક છે, મિથ્યાદર્શનશલ્ય એક છે. ॥૪૮॥*

*પ્રાણાતિપાતની વિરતિ યાવત્ પરિગ્રહની વિરતિ એક છે, ક્રોધનો ત્યાગ યાવત્ મિથ્યાદર્શનશલ્યનો ત્યાગ એક છે.॥૪૯॥*

(ટી૦) तत्र તેમાં-પાપસ્થાનમાં प्राणाः-ઉચ્છ્વાસ વગેરે, તેઓનું अतिपातन-પ્રાણવાળા સાથે વિયોગ કરવો તે પ્રાણાતિપાત હિંસા. કહ્યું છે કે—

**पञ्चेन्द्रियाणित्रिविधं बलं च उच्छ्वासनिःश्वासमथान्यदायुः ।**
**प्राणा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोजीकरणं हिंसा ॥८९॥**

'પાંચ ઇંદ્રિય, ત્રણ બલ, ઉચ્છ્વાસ-નિચ્છ્વાસ અને આયુષ્ય-આ દશ પ્રાણો ભગવંતોએ કહેલા છે. તે પ્રાણોનો વિયોગ કરવો તે હિંસા છે.' (૮૯)

તે પ્રાણાતિપાત દ્રવ્ય અને ભાવભેદથી બે પ્રકારે છે. અથવા વિનાશ (જીવ રહિત કરવું તે), પરિતાપ (દુઃખ) અને સંક્લેશ (ખેદ)ના ભેદથી ત્રણ પ્રકારે છે. શ્રાવક પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે—

**तप्पज्जायविणासो, दुक्खुप्पाओ य संकिलेसो य । एस वहो जिणभणिओ, वज्जेयव्वो पयत्तेणं ॥९०॥ [श्रा०प्र० १९१]**

જીવના પર્યાય (તિર્યંચાદિ)નો વિનાશ, દુઃખ ઉત્પન્ન કરવું અને ખેદ ઉપજાવવો—આ ત્રણ પ્રકારનો વધ જિનેશ્વરોએ કહેલ છે તે પ્રયત્ન વડે ત્યાગવા યોગ્ય છે. ॥૯૦॥

અથવા મન, વચન અને કાયા વડે કરવું, કરાવવું અને અનુમોદનના ભેદથી નવ પ્રકારે છે, **વળી તે ક્રોધાદિ ભેદથી છત્રીશ પ્રકારે પણ છે.** (૧). તથા જૂઠું બોલવું તે **મૃષાવાદ**, તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારે છે, અથવા તે અભૂતોદ્ભાવન વગેરે ભેદ વડે ચાર પ્રકારે પણ છે. તે આ પ્રમાણે—'આત્મા સર્વગત–વ્યાપક છે' એમ જે કહેવું તે અભૂતોદ્ભાવન, 'આત્મા નથી' એમ જે કહેવું તે ભૂતનિહ્નવ, 'ગૌ–બળદ છતાં પણ આ ઘોડો છે' એમ કહેવું તે વસ્ત્વંતરન્યાસ, 'તું કોઢિયો છો' એમ જે કહેવું તે નિંદા (વચન). (૨). અદત્ત–સ્વામી (માલીક), જીવ, તીર્થંકર અને ગુરુ વડે આજ્ઞા ન અપાયેલ સચિત્ત, અચિત્ત અને મિશ્ર ભેદવાળી વસ્તુનું આદાન–ગ્રહણ કરવું તે **અદત્તાદાન**—ચોરપણું. તે વિવિધ ઉપાધિના વશથી અનેક પ્રકારે છે. (૩). તથા **मिथुनस्य**—સ્ત્રી અને પુરુષરૂપી જોડલાનું કાર્ય તે મૈથુન–અબ્રહ્મચર્ય. તે મન, વચન અને કાયા સંબંધી કરવું, કરાવવું અને અનુમોદવારૂપ નવ ભેદોથી ઔદારિક અને વૈક્રિય શરીરના વિષયો વડે અઢાર પ્રકારે થાય છે. અથવા વિવિધ ઉપાધિથી ઘણા પ્રકારે છે. (૪). તથા **परिगृह्यते**—જે સ્વીકાર કરાય તે પરિગ્રહ. તે બાહ્ય અને અભ્યંતર ભેદથી બે પ્રકારે છે. તેમાં બાહ્ય–ધર્મના સાધનો સિવાય ધન–ધાન્ય વગેરે અનેક પ્રકારે છે અને આભ્યંતર તો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદ વગેરે અનેક પ્રકારે છે. અથવા **परिग्रहणं**—સર્વતઃ ગ્રહણ કરવું તે પરિગ્રહ–મૂર્છા. (૫). તથા ક્રોધ, માન, માયા અને લોભ, તે કષાયમોહનીય કર્મરૂપી પુદ્ગલના ઉદય વડે પ્રાપ્ત થયેલ જીવના પરિણામો. વળી એ કષાયો અનંતાનુબંધી વગેરે ભેદથી અથવા અસંખ્યાત અધ્યવસાયસ્થાનોના ભેદથી અનેક પ્રકારે છે. (૬–૯). તથા **'पेज्जे'त्ति**—પ્રિયનો જે ભાવ અથવા કાર્ય તે પ્રેમ, અપ્રગટ માયા અને લોભલક્ષણ ભેદસ્વભાવરૂપ તે રાગ માત્ર છે. (૧૦). તથા **'दोसे'त्ति**—દ્વેષભાવ તે દ્વેષ અથવા દૂષણ તે દોષ, તે અપ્રગટ ક્રોધ અને માન લક્ષણ ભેદસ્વભાવરૂપ તે અપ્રીતિ માત્ર છે. (૧૧). **'जाव'त्ति 'कलहे अब्भक्खाणे पेसुण्णे'** તેમાં કલહ–કજીઓ (૧૨), **अभ्याख्यान**—પ્રગટ ખોટું આળ આપવું (૧૩), **पैशुन्य**—ગુપ્ત રીતે છતા–અછતા દોષનું પ્રગટ કરવું તે ચુગલ (ચાડી) કર્મ (૧૪), બીજાઓનો જે અપવાદ કરવો (ખરાબ બોલવું) તે **परपरिवाद** (૧૫), અરતિમોહનીય કર્મના ઉદયથી થયેલ ચિત્તના વિકાર–ઉદ્વેગરૂપ તે अरति, તથાવિધ આનંદરૂપ તે रति. અરતિરતિ તે એક જ વિવક્ષિત છે, જેથી કોઈક વિષયમાં રતિ તેને જ વિષયાંતરની અપેક્ષાએ અરતિ કહે છે. એવી રીતે અરતિને જ રતિ કહેવાય છે. અરતિરતિને વિષે એકપણું ઔપચારિક છે.[1] (૧૬) તથા **'मायामोसे'त्ति** माया–નિકૃતિ (કપટ), **मृषा**–જૂઠું બોલવું, અથવા માયા સહિત અસત્ય બોલવું તે માયામૃષા, પ્રાકૃતપણું હોવાથી માયામોષ કહેવાય છે. એમાં બે દોષનો યોગ છે. વળી આ [2]માનમૃષાદિ, સંયોગદોષના ઉપલક્ષણરૂપ છે. કોઈક એમ કહે છે કે વેષાંતર. ભિન્ન ભિન્ન રૂપ કરવા વડે લોકોને ઠગવું તે માયામૃષા. પ્રેમ વગેરે વિષયના ભેદ વડે અથવા અધ્યવસાયસ્થાનોના ભેદથી પણ અનેક પ્રકારે છે. (૧૭). મિથ્યાદર્શન–વિપરીત દૃષ્ટિ, તે જ તોમર[3] વગેરેના શલ્યની જેમ દુઃખનો હેતુ હોવાથી શલ્ય તે મિથ્યાદર્શનશલ્ય. મિથ્યાદર્શન ૧. અભિગ્રહિક, ૨. અનભિગ્રહિક, ૩. અભિનિવેશિક, ૪. અનાભોગિક અને ૫. સાંશયિક ભેદથી પાંચ પ્રકારે છે. અથવા ઉપાધિના ભેદથી અધિકતર ભેદ પણ છે. (૧૮). આ પ્રાણાતિપાતાદિ અઢાર પાપસ્થાનોનું ઉક્ત ક્રમ વડે અનેકપણું છતે પણ વધ વગેરેના સામ્યથી એકપણું જાણવું. ॥૪૮॥

અઢાર પાપસ્થાનકો કહ્યાં. હવે **'एगे पाणाइवायवेरमणे'** ઇત્યાદિ અઢાર સૂત્રો વડે તેના વિપક્ષોના એકપણાને કહે છે. આ સૂત્રો સુગમ છે. વિરમણ તે વિરતિ, તથા વિવેક તે ત્યાગ. ॥૪૯॥

1. રતિમોહનીયકર્મના ઉદયથી રતિ થાય છે માટે અરતિ અને રતિનો વસ્તુતઃ ભેદ છે.
2. માનમૃષા, ક્રોધમૃષા વગેરે ઉપલક્ષણથી માયામૃષામાં અંતર્ભૂત છે.
3. બંધ–દંડાકાર.

હમણા પુદ્ગલ સહિત જીવદ્રવ્યના ધર્મોનું એકપણું જે કહ્યું તે કાલના સ્થિતિરૂપપણાએ, કારણ કે કાલ તેનો ધર્મ છે. કાલના વિશેષણોને 'एगा ओसप्पिणी' આદિ સૂત્રોથી આરંભીને 'सुसमसुसमा' છેલ્લા સૂત્ર વડે કાલનું સ્વરૂપ કહે છે—

**एगा ओसप्पिणी, एगा सुसमसुसमा जाव एगा दुसमदुसमा ।**

**एगा उस्सप्पिणी एगा दुस्समदुस्समा जाव एगा सुसमसुसमा ।। सू० ५० ।।**

*(મૂ૦) એક અવસર્પિણી, એક સુસમસુસમા યાવત્ એક દુસમદુસમા છે. એક ઉત્સર્પિણી, એક દુસમદુસમા યાવત્ સુસમસુસમા એક છે.*

(ટી૦) કાલ એ કેમ જણાય છે? એમ જો કહેશો તો કહીએ છીએ કે બકુલ, ચંપક અને અશોકાદિ વૃક્ષોમાં પુષ્પોના પ્રદાન-આવવાના નિયમ વડે દેખાવાથી. તેનો નિયામક કારણ કાલ છે. તેમાં 'ओसप्पिणी'त्ति ઘટતા આરા વડે જે ઘટે છે, અથવા આયુષ્ય અને શરીરાદિ ભાવોને ઘટાડે-ટૂંકા કરે છે તે અવસર્પિણી, દશ કોડાકોડી સાગરોપમ પ્રમાણરૂપ કાલવિશેષ છે. સારામાં સારું અત્યંત સુખરૂપ તે સુષમસુષમા નામે અવસર્પિણીનો જ પહેલો આરો, અવસર્પિણીના હાનિના સ્વરૂપ વડે એકત્વ હોવાથી એકપણું છે, એમ સર્વત્ર જાણવું. યાવત્ શબ્દ મર્યાદા દેખાડવા માટે છે, તેથી સુષમસુષમા ઇત્યાદિ સૂત્રો સ્થાનાંતરમાં પ્રસિદ્ધ જે છે ત્યાં સુધી કહેવું. યાવત્ 'दुसमदुसमे'त्ति આ પદ પર્યંત પાઠનો સંગ્રહ કરવો. અહિં આ [1]અતિદેશ, સૂત્રના લાઘવ (સંક્ષેપ) માટે છે. એવી રીતે સર્વ સ્થળે 'યાવત્' શબ્દની વ્યાખ્યા કરવા યોગ્ય છે. અતિદેશ વડે પ્રાપ્ત થયેલા અને 'એક' શબ્દ વડે સમીપમાં આવેલા પદો આ છે—'एगा सुसमा, एगा सुसमदुसमा, एगा दुसमसुसमा, एगा दुसमे'त्ति આ આરાઓનું સ્વરૂપ શબ્દના અનુસારથી જાણવું. પ્રથમના ત્રણ આરાનું ક્રમશઃ ચાર, ત્રણ અને બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ કાલનું જાણવું. ચોથા આરાનું બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ કાલ પ્રમાણ છે. છેલ્લા બે આરામાં પ્રત્યેકનું એકવીશ હજાર વર્ષ પ્રમાણ છે. વળી આરાની અપેક્ષાએ જે વૃદ્ધિ પામે છે તે, અથવા આયુષ્ય વગેરે ભાવોની જે વૃદ્ધિ કરાવે છે તે ઉત્સર્પિણી. તે કાલમાનથી અવસર્પિણી પ્રમાણે છે. અત્યંત દુઃખરૂપ તે દુસમદુસમા નામે પહેલો આરો. 'યાવત્' શબ્દથી 'एगा दुसमा, एगा दुसमसुसमा, एगा सुसमदुसमा, एगा सुसमे'त्ति આ પાઠ જાણવો. આ છ આરાનું કાલમાન પૂર્વે જણાવેલ છે તે પ્રમાણે છે પરંતુ [2]ઊલટી રીતે જાણવું. ।।૫૦।।

જીવ, પુદ્ગલ અને કાલ લક્ષણરૂપ દ્રવ્યની વિવિધ ધર્મવિશેષોની એકપણાની પ્રરૂપણા કરી. હવે સંસારી મુક્ત જીવ અને પુદ્ગલદ્રવ્ય વિશેષોના તથા નારક અને પરમાણુ આદિના સમુદાયલક્ષણરૂપી ધર્મની 'एगा नेरइयाणं वग्गणा' આ પ્રથમ સૂત્રથી આરંભીને 'एगा अजहन्नुक्कसगुणलुक्खाणं पोग्गलाणं वग्गणे'त्ति આ છેલ્લા સૂત્ર પર્યંત વર્ગણાને કહે છે—

**एगा नेरइयाणं वग्गणा, एगा असुरकुमाराणं वग्गणा, चउवीसादंडओ जाव वेमाणियाणं वग्गणा । एगा भवसिद्धीयाणं वग्गणा, एगा अभवसिद्धीयाणं वग्गणा, एगा भवसिद्धि[3याणं]नेरइयाणं वग्गणा, एगा अभवसिद्धियाणं नेरइयाणं वग्गणा, एवं जाव एगा भवसिद्धियाणं वेमाणियाणं वग्गणा, एगा अभवसिद्धियाणं वेमाणियाणं वग्गणा ।**

**एगा सम्मद्दिट्ठियाणं वग्गणा, एगा मिच्छद्दिट्ठियाणं वग्गणा, एगा सम्ममिच्छद्दिट्ठियाणं वग्गणा । एगा सम्मद्दिट्ठियाणं नेरइयाणं वग्गणा, एगा मिच्छद्दिट्ठियाणं नेरइयाणं वग्गणा, एगा सम्ममिच्छद्दिट्ठियाणं नेरइयाणं वग्गणा, एवं जाव थणियकुमाराणं वग्गणा । एगा मिच्छदिट्ठियाणं पुढविक्काइयाणं वग्गणा, एवं जाव वणस्सइकाइयाणं । एगा**

1. સાક્ષાત્ પાઠ ન હોય છતાં કહેવા યોગ્ય પાઠ લાવવો તે અતિદેશ.
2. ઉત્સર્પિણીના પ્રથમ આરાનો કાલ એકવીશ હજાર વર્ષનો અને છેલ્લા આરાનો ચાર કોડાકોડી સાગરોપમનો છે.
3. બાબૂવાળી પ્રતિમાં सिद्धियाणं પાઠ છે અને આ. સ. વાળી પ્રતિમાં भवसिद्धि० પાઠ છે.

सम्मद्दिट्ठियाणं बेइंदियाणं वग्गणा, एगा मिच्छद्दिट्ठियाणं बेइंदियाणं वग्गणा, एवं तेइंदियाणं वि चउरिंदियाण वि। सेसा जहा नेरइया जाव एगा सम्ममिच्छद्दिट्ठियाणं वेमाणियाणं वग्गणा ।। [एगा कण्हपक्खियाणं वग्गणा, एगा सुक्कपक्खियाणं वग्गणा, एगा कण्हपक्खियाणं नेरइयाणं वग्गणा, एगा सुक्कपक्खियाणं नेरइयाणं वग्गणा, एवं चउवीसदंडओ भाणियव्वो।]

एगा कण्हलेसाणं वग्गणा, एगा नीललेसाणं वग्गणा, एवं जाव सुक्कलेसाणं वग्गणा, एगा कण्हलेसाणं नेरइयाणं वग्गणा जाव काउलेसाणं नेरइयाणं वग्गणा । एवं जस्स जइ लेसाओ, भवणवइ-वाणमंतर-पुढवि-आउ-वणस्सइकाइयाणं च चत्तारि लेसाओ तेउ-वाउ-बेइंदिय-तिइंदिअ-चउरिंदियाणं तिन्नि लेसाओ, पंचिंदियतिरिक्खजोणियाणं मणुस्साणं छ-ल्लेसाओ, जोइसियाणं एगा तेउलेसा, वेमाणियाणं तिन्नि उवरिमलेसाओ।

एगा कण्हलेसाणं भवसिद्धियाणं वग्गणा, एगा [[1]कण्हलेसाणं अभवसिद्धियाणं वग्गणा,] एवं छसु वि लेसासु दो दो पयाणि भाणियव्वाणि । एगा कण्हलेसाणं भवसिद्धियाणं नेरइयाणं वग्गणा, एगा कण्हलेसाणं अभवसिद्धियाणं नेरइयाणं वग्गणा, एवं जस्स जत्ति लेसाओ तस्स तति भाणियव्वाओ जाव वेमाणियाणं ।

एगा कण्हलेसाणं सम्मद्दिट्ठिआणं वग्गणा, एगा कण्हलेसाणं मिच्छद्दिट्ठियाणं वग्गणा, एगा कण्हलेसाणं सम्मामिच्छद्दिट्ठियाणं वग्गणा, एवं छसु वि लेसासु जाव वेमाणियाणं जेसिं जदि दिट्ठीओ ।

एगा कण्हलेसाणं कण्हपक्खियाणं वग्गणा, एगा कण्हलेसाणं सुक्कपक्खियाणं वग्गणा, जाव वेमाणियाणं जस्स जति लेसाओ एए अट्ठ चउवीसदंडया ।।

एगा तित्थसिद्धाणं वग्गणा, एगा अतित्थसिद्धाणं वग्गणा, एवं जाव एगा एक्कसिद्धाणं वग्गणा, एगा अणेक्कसिद्धाणं वग्गणा। एगा पढमसमयसिद्धाणं वग्गणा, एवं जाव अणंतसमयसिद्धाणं वग्गणा ।।

एगा परमाणुपोग्गलाणं वग्गणा एवं जाव एगा अणंतपएसियाणं खंधाणं [पोग्गलाणं] वग्गणा । एगा एगपएसोगाहाणं पोग्गलाणं वग्गणा जाव एगा असंखेज्जपएसोगाहाणं पोग्गलाणं वग्गणा । एगा एगसमयठि[ट्ठि]तियाणं पोग्गलाणं वग्गणा जाव असंखेज्ज-समयठितियाणं पोग्गलाणं वग्गणा। एगा एगगुणकालगाणं पोग्गलाणं वग्गणा, जाव एगा असंखेज्जगुणकालगाणं पोग्गलाणं वग्गणा, एगा अणंतगुणकालगाणं पोग्गलाणं वग्गणा । एवं वण्ण-गंध-रस-फासा भाणियव्वा जाव एगा अणंतगुणलुक्खाणं पोग्गलाणं वग्गणा ।

एगा जहन्नपएसियाणं खंधाणं वग्गणा, एगा उक्कस्सपएसियाणं खंधाणं वग्गणा एगा अजहन्नुक्कस्सपएसियाणं खंधाणं वग्गणा एवं जहन्नोगाहणगाणं उक्कोसोगाहणगाणं अजहन्नुक्कोसोगाहणगाणं, जहन्नठितियाणं उक्कस्सठितियाणं अजहन्नुक्कोसठितियाणं, जहन्नगुणकालगाणं उक्कस्सगुणकालगाणं अजहन्नुक्कस्सगुणकालगाणं, एवं वण्ण-गंध-रस-फासाणं वग्गणा भाणियव्वा, जाव एगा अजहन्नुक्कस्सगुण-लुक्खाणं पोग्गलाणं वग्गणा ।। सू० ५१।।

*(મૂ૦) નૈરયિકોની વર્ગણા એક છે, અસુરકુમારોની વર્ગણા એક છે, એવી રીતે ચોવીશ દંડક પર્યંત યાવત્ વૈમાનિક દેવોની વર્ગણા એક છે. ભવ્યસિદ્ધિકોની વર્ગણા એક છે, અભવ્યસિદ્ધિકોની વર્ગણા એક છે, ભવ્યસિદ્ધિક નૈરયિકોની વર્ગણા*

1. આ પાઠ આગમોદય સમિતિવાળી પ્રતિમાં રહી ગયેલ છે.

એક છે, અભવ્યસિદ્ધિક નૈરયિકોની વર્ગણા એક છે. એવી રીતે યાવત્ ભવ્યસિદ્ધિક વૈમાનિકોની વર્ગણા એક છે અને અભવ્યસિદ્ધિક વૈમાનિકોની વર્ગણા એક છે. સમ્યગ્દૃષ્ટિ જીવોની વર્ગણા એક છે, મિથ્યાદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે, મિશ્રદૃષ્ટિ જીવોની વર્ગણા એક છે, સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોની વર્ગણા એક છે, મિથ્યાદૃષ્ટિ નૈરયિકોની વર્ગણા એક છે, મિશ્રદૃષ્ટિ નૈરયિકોની વર્ગણા એક છે, એવી રીતે યાવત્ સ્તનિતકુમારની એક વર્ગણા કહેવી. મિથ્યાદૃષ્ટિ પૃથવીકાયિકોની વર્ગણા એક છે, એવી રીતે યાવત્ વનસ્પતિકાયિકોની વર્ગણા એક છે, સમ્યગ્દૃષ્ટિ બેઇંદ્રિયોની વર્ગણા એક છે, મિથ્યાદૃષ્ટિ બેઇંદ્રિયોની વર્ગણા એક છે, એવી રીતે તેઇંદ્રિય, ચૌરિંદ્રિયોની પણ એક વર્ગણા જાણવી. શેષ (પંચેંદ્રિયના) પાંચ દડકો નારકોની માફક જાણવા. યાવત્ મિશ્રદૃષ્ટિ વૈમાનિકોની એક વર્ગણા છે. કૃષ્ણપાક્ષિક જીવોની વર્ગણા એક છે, શુક્લપાક્ષિક જીવોની વર્ગણા એક છે, કૃષ્ણપાક્ષિક નૈરયિકોની વર્ગણા એક છે, શુક્લપાક્ષિક નૈરયિકોની વર્ગણા એક છે, એવી રીતે ચોવીશ દંડકો કહેવા. કૃષ્ણલેશ્યાની વર્ગણા એક છે, નીલલેશ્યાની વર્ગણા એક છે, એમ યાવત્ શુક્લલેશ્યાની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા નૈરયિકોની વર્ગણા એક છે, યાવત્ કાપોતલેશ્યાવાળા નૈરયિકોની વર્ગણા એક છે. એવી રીતે જેને જેટલી લેશ્યાઓ છે તે કહે છે—ભવનપતિ, વાણવ્યંતર, પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિકોને પહેલી ચાર લેશ્યા છે. તેજસ્કાયિક, વાયુકાયિક, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચતુરિંદ્રિયોને પહેલી ત્રણ લેશ્યા છે, પંચેંદ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોને છ લેશ્યા છે, જ્યોતિષ્કોને એક તેજોલેશ્યા છે, વૈમાનિકોને ઉપરની ત્રણ લેશ્યા છે. કૃષ્ણલેશ્યાવાળા ભવ્યસિદ્ધિકોની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા અભવ્યસિદ્ધિકોની વર્ગણા એક છે, એવી રીતે છ લેશ્યાને વિષે પણ બે બે પદો કહેવા, કૃષ્ણલેશ્યાવાળા ભવ્યસિદ્ધિક નૈરયિકોની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા અભવ્યસિદ્ધિક નૈરયિકોની વર્ગણા એક છે, એવી રીતે (જે દંડકમાં) જેને જેટલી લેશ્યાઓ હોય તેને તેટલી લેશ્યાઓ કહેવી. કૃષ્ણલેશ્યાવાળા સમ્યગ્દૃષ્ટિકોની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા મિથ્યાદૃષ્ટિકોની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા મિશ્રદૃષ્ટિકોની વર્ગણા એક છે, એવી રીતે છ લેશ્યાઓને વિષે યાવત્ વૈમાનિક દંડક સુધી જેઓને જેટલી દૃષ્ટિઓ હોય તેટલી વર્ગણા કહેવી. કૃષ્ણલેશ્યાવાળા કૃષ્ણપાક્ષિકોની વર્ગણા એક છે, કૃષ્ણલેશ્યાવાળા શુક્લપાક્ષિકોની વર્ગણા એક છે, એમ યાવત્ વૈમાનિકોના દંડક સુધી જેને જેટલી લેશ્યાઓ છે તેટલી પક્ષવિશિષ્ટ એકૈકી વર્ગણા કહેવી. એ આઠ બોલ ઓઘ વગેરે ચોવીશે દંડક વડે જાણવા. તીર્થસિદ્ધોની વર્ગણા એક છે, એવી રીતે યાવત્ એક સિદ્ધની વર્ગણા એક છે, અને અનેક સિદ્ધોની વર્ગણા એક છે, પ્રથમ સમય સિદ્ધોની વર્ગણા એક છે, એમ યાવત્ અનંત સમય સિદ્ધોની વર્ગણા એક છે. પરમાણુ પુદ્ગલોની વર્ગણા એક છે એમ યાવત્ અનંતપ્રદેશિક સ્કંધોની વર્ગણા એક છે, એક પ્રદેશાવગાઢ (એક પ્રદેશને અવગાહીને રહેલ) પુદ્ગલોની વર્ગણા એક છે, એમ યાવત્ અસંખ્યાત પ્રદેશોને અવગાહી રહેલ પુદ્ગલોની વર્ગણા એક છે. એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોની વર્ગણા એક છે, યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલોની વર્ગણા એક છે, એકગુણ કાળા વર્ણવાળા પુદ્ગલોની વર્ગણા એક છે, યાવત્ અસંખ્યાતગુણ કાળા વર્ણવાળા પુદ્ગલોની વર્ગણા એક છે, અનંત ગુણ કાળા વર્ણવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. એવી રીતે વર્ણો, ગંધો, રસો અને સ્પર્શોની વર્ગણા કહેવી, તે યાવત્ અનંત ગુણ રુક્ષ સ્પર્શવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. જઘન્ય પ્રદેશિક સ્કંધોની વર્ગણા એક છે, ઉત્કૃષ્ટ પ્રદેશિક સ્કંધોની વર્ગણા એક છે, અજઘન્ય-ઉત્કૃષ્ટ (મધ્યમ) પ્રદેશિક સ્કંધોની વર્ગણા એક છે, એમ જઘન્ય અવગાહનાવાળા સ્કંધોની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સ્કંધોની અને મધ્યમ અવગાહનાવાળા સ્કંધોની વર્ગણા એકૈક છે. જઘન્ય સ્થિતિવાળા, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અને મધ્યમ સ્થિતિવાળા સ્કંધોની વર્ગણા એક છે, જઘન્ય ગુણ કાળા વર્ણવાળા, ઉત્કૃષ્ટગુણ કાળા વર્ણવાળા અને મધ્યમ ગુણ કાળા વર્ણવાળા સ્કંધોની વર્ગણા એક છે, એવી રીતે યાવત્ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શોની વર્ગણા એકૈક કહેવી, યાવત્ મધ્યમ ગુણ લૂખા સ્પર્શવાળા પુદ્ગલોની વર્ગણા એક છે. ।।૫૧।।

(ટી૦) પ્રસ્તુત વિષયમાં 'नेरइयाणं'ति—અવિદ્યમાનમય—નીકળી ગયું છે. ઇચ્છિત ફલરૂપ કર્મ જેનાથી તે નિરયો (નરકાવાસો), તેમાં ઉત્પન્ન થયેલા નૈરયિકો-ક્લેશવિશિષ્ટ જીવો. તે જીવો ભૂમિ, પાથડા, નરકાવાસ, સ્થિતિ અને ભવ્યત્વાદિ ભેદથી અનેક પ્રકારે છે. તે બધાઓની વર્ગણા-વર્ગ-સમુદાયરૂપ છે. સર્વત્ર નારકત્વાદિ પર્યાયો વડે સમાનપણું હોવાથી વર્ગણાનું એકપણું છે. તથા અસુરાઃ-અસુરો તે નવીન યૌવનપણાએ કુમારોની માફક કુમારો હોવાથી અસુરકુમારો, તેઓની વર્ગણા એક છે. 'चउवीसदंडउ'त्ति—ચોવીશ પદ વડે બંધાયેલ જે દંડક એટલે વાક્યની રીતિ તે ચોવીશ દંડક. તે અહિં કહેવા યોગ્ય છે. તે આ—

**नेरइया १ असुरादी १०, पुढवाइ ५ बेइंदियादयो चेव । नर १ वंतर १ जोतिसिया १, वेमाणी १ दंडओ एवं ।।९१।।**

સાત નૈરયિકોનો ૧ દંડક, અસુરાદિના ૧૦ દંડક, પૃથ્વી આદિના ૫ દંડક, બેઇંદ્રિયાદિ તિર્યંચના ૪ દંડક, મનુષ્યનો ૧ દંડક, વ્યંતરનો ૧ દંડક, જ્યોતિષ્કનો ૧ દંડક અને વૈમાનિકનો ૧ દંડક. (૯૧)

આ પ્રમાણે ચોવીશ દંડક કહેલા છે. ભવનપતિઓ દશ પ્રકારે છે—

**असुरा नाग सुवण्णा, विज्जू अग्गी य दीव उदही य । दिसि पवण थणियनामा, दसहा एए भवणवासि ।।९२।।**

**[प्रज्ञा० १३७ त्ति]**

૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુતકુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશિકુમાર, ૯ પવનકુમાર, ૧૦ સ્તનિતકુમાર એ દશ ભવનવાસી દેવોના નામ છે. (૯૨)

આ ગાથાના ક્રમ વડે આ સૂત્રો કહેવા. 'एगा वेमाणियाणं वग्गणा'त्ति યાવત્ ચોવીશમા વૈમાનિક દંડક પર્યંતની વર્ગણા એક છે. આ સામાન્ય (ઓઘ) દંડક છે. **શંકા**—નારકોની સત્તા (અસ્તિત્વ) જ દુઃસાધ્ય છે તો તેના ધર્મરૂપ વર્ગણાનું એકપણું વા અનેકપણું દૂર રહો (અર્થાત્ તે ક્યાંથી હોય?) કારણ કે-નારકો નથી, તો પછી આકાશના ફૂલની માફક નારકોના સાધક પ્રમાણનો અભાવ છે. **સમાધાન**—'પ્રમાણનો અભાવ' જે તમે કહેલ તે હેતુ અસિદ્ધ છે, કારણ કે તેઓના સાધક અનુમાન પ્રમાણનો સદ્ભાવ છે. તે આ પ્રમાણે-અત્યંત પાપકર્મનું ફળ વિદ્યમાન ભોગવનાર વિશિષ્ટ છે. કર્મનું ફળ હોવાથી પુન્ય કર્મના ફળની જેમ. તિર્યંચ અને મનુષ્યો જ ઉત્કૃષ્ટ પાપફલના ભોગવનારા નથી, કારણ કે ઔદારિક શરીરવાળા વડે ઉત્કૃષ્ટ પાપફલનું વિશિષ્ટ દેવ જન્મના કારણભૂત પ્રકૃષ્ટ પુન્યના ફલની જેમ અશક્ય છે. કહ્યું છે કે—

**पावफलस्स पगिट्ठस्स, भोइणो कम्मओऽवसेस व्व । संति धुवं तेऽभिमया, नेरइया अह मई होज्जा ।।९३।।**
**अच्चत्थदुक्खिया जे, तिरिय-नरा नारग-त्ति तेऽभिमया। तं न जओ सुरसोक्खप्पगरिससरिसं न तं दुक्खं।।९४।। युग्मम्**

**[विशेषावश्यक० १८९९-१९००]**

જેમ અવશેષ-જઘન્ય મધ્યમ પાપના ફલને ભોગવનારા તિર્યંચ અને મનુષ્યો છે તે પ્રત્યક્ષ જોવાય છે તેમ ઉત્કૃષ્ટ પાપના ફલને ભોગવનારા કોઈક ચોક્કસ છે; માટે તેવા પાપનું ફલ ભોગવનારા જે કોઈ છે તે નારકો છે, એમ સ્વીકારવું જોઈએ. અહિં કદાચ તમે એમ કહેશો કે (**શંકા**)—અત્યંત દુઃખી જે તિર્યંચ અને મનુષ્યો છે. તે જ ઉત્કૃષ્ટ પાપના ફલને ભોગવનારા હોવાથી તેઓને જ નારકો કહેવા જોઈએ. અદૃષ્ટની કલ્પના કરવાથી શો ફાયદો? **સમાધાન**—આ તમારી માન્યતા અયોગ્ય છે, કારણ કે જે એવા ઉત્કૃષ્ટ પાપના ફલને ભોગવનારા હોય તે સર્વથા પ્રકારે દુઃખી જ હોવા જોઈએ. જેવું દુઃખ નરકભૂમિમાં પ્રસિદ્ધ છે તેવું દુઃખ તિર્યંચ અને મનુષ્યોને હોતું નથી. દેવના ઉત્કૃષ્ટ સુખની માફક તિર્યંચ અને મનુષ્યોને જેમ ઉત્કૃષ્ટ સુખ નથી તેમ દુઃખ પણ ઉત્કૃષ્ટ નથી. (૯૩-૯૪) **શંકા**—દેવો પણ વિવાદાસ્પદ હોવાથી, અર્થાત્ દેવો છે કે નહિં એ સંદેહ હોવાથી 'વિશિષ્ટ દેવજન્મના કારણભૂત પ્રકૃષ્ટ પુન્ય ફલવત્' એમ સિદ્ધાન્તીએ આપેલું જે દૃષ્ટાંત તે અસિદ્ધ છે. **સમાધાન**—અર્થસહિત 'દેવ' પદ શુદ્ધ [1]પદ હોવાથી ઘટ નામની જેમ વ્યુત્પત્તિવાળું છે. તે કારણથી દેવો છે એમ પ્રતીતિ કરવી

1. સમાસ અને તદ્ધિતરહિત જે પદ તે શુદ્ધ પદ, કેવલ ક્રિયાપદથી બનેલું હોય તે.

જોઈએ. વળી પૂર્વપક્ષી **શંકા** કરે છે કે—દિવ્ય ગુણસંપન્ન ગણધરાદિ અને ઋદ્ધિસંપન્ન ચક્રવર્ત્યાદિ મનુષ્ય વડે વ્યુત્પત્ત્યર્થવાળું દેવપદ સાર્થક થશે, પણ તમને જે દેવનો અર્થ વિવક્ષિત છે તે દેવપદની સિદ્ધિ નહિં થાય. **સમાધાન**—જો કે કોઈક મનુષ્ય વિશેષમાં આ દેવપણું કહેવાય છે તે પણ ઔપચારિક છે અને સત્ય અર્થની સિદ્ધિ છતે ઉપચાર થાય છે. જેમ સ્વાભાવિક સિંહનો સદ્ભાવ (અસ્તિત્વ) છતે 'માણવક'ને વિષે સિંહનો ઉપચાર કરાય છે તેમ અહિં જાણવું. ભાષ્યકાર કહે છે—

**देव त्ति सत्थयमिदं, सुद्धत्तणओ घडाभिहाणं व । अह व मती मणुओ च्चिय, देवो गुणरिद्धिसंपन्नो ।।९५।।**

**तं न जओ तच्चत्थे, सिद्धे उवयारओ मया सिद्धी । तच्चत्थसीहि सिद्धे, माणव सीहोवयारो व्व ।।९६।। युग्मम्**

**[विशेषावश्यक० १८८०-१८८१]**

એથી દેવ એવા (સાર્થક) નામથી તેમજ સર્વ આગમ શાસ્ત્રોના પ્રમાણથી દેવો છે એમ સિદ્ધ થાય છે. દેવ એ નામ 'ઘટ'ના નામની જેમ શુદ્ધ પદયુક્ત હોવાથી સાર્થક છે. મનુષ્ય જ દેવના ગુણ અને ઋદ્ધિથી સંપન્ન હોવાથી દેવ હશે એમ કહેવામાં આવે એ અયોગ્ય છે. મુખ્ય અર્થની સિદ્ધિ થાય તો જ અન્યત્ર ઉપચારથી સિદ્ધિ કરી શકાય. જેમ યથાર્થ સિંહની સિદ્ધિ હોય તો જ માણવકમાં ઉપચારથી સિંહની સિદ્ધિ થાય. તેમ અહીં પણ સમજવું. (૯૫-૯૬) વળી—

**[1]देवेसु न संदेहो, जुत्तो जं जोइसा सपच्चक्खं । दीसंति तक्कया वि य, उवघायाणुग्गहा जगओ ।।९७।।**

**आलयमेत्तं च मई, पुरं च तव्वासिणो तह वि सिद्धा । जे ते देवत्ति मया, न य निलया निच्चपडिसुण्णा ।।९८।।**

**को जाणइ व किमेयं-ति होज्ज णिस्संसयं विमाणाइं । रयणमयनभोगमणादिह जह विज्जाहरादीणं ।।९९।।(त्रिभिविशेषकं)**

**[विशेषावश्यक० १८७०-१८७२ ति]**

દેવોને વિષે સંદેહ કરવો યોગ્ય નથી કારણ કે ચંદ્રાદિ જ્યોતિષ્કો પ્રત્યક્ષ (નજરે) જોવાય છે અર્થાત્ સર્વને તે પ્રત્યક્ષ છે. વળી જગત્‌ને ઉપઘાત (ધનાદિનો નાશ) અને અનુગ્રહ (વૈભવાદિનું આપવું) તેમનાથી કરાયેલ છે. (માટે દેવો છે). (૯૭). **શંકા**—જે ચંદ્રાદિ દેવો તમે કહો છો તે તો આલય માત્ર-વિમાનો છે પણ દેવો નથી, માટે જ્યોતિષ્ક દેવો પ્રત્યક્ષ છે એમ કેમ કહેવાય? જેમ શૂન્યનગરના ઘરો કેવલ સ્થાન માત્ર છે, પણ તેમાં લોકો નથી હોતા, તેમ ચંદ્રાદિ વિમાનો પણ સ્થાન માત્ર છે પણ તેમાં વસનારા દેવો નથી. **સમાધાન**—જેમ નગરમાં વસનારા દેવદત્તાદિ પ્રત્યક્ષ જણાય છે તેમ તે વિમાનમાં રહેનારા દેવો પણ હોવા જોઈએ, કેમકે જે નિવાસસ્થાન હોય તે નિત્યશૂન્ય હોતું નથી. (૯૮). કોણ જાણે કે આ ચંદ્ર સૂર્યાદિ શું હશે? એવી શંકા થતી હોય તો તે તેનો પણ આ ઉત્તર છે કે તે ચોક્કસ વિમાનો છે. જેમ વિદ્યાધર વગેરેના વિમાનો રત્નમય હોવા સાથે આકાશગામી છે તેમ અહિં પણ જાણવું. (૯૯).

તે દેવોના અસુરાદિ ભેદ આપ્તપુરુષના વચનથી જાણવા. **શંકા**—પૃથિવી, અપ્, તેજસ્ (અગ્નિ), વાયુ અને વનસ્પતિકાયિક જે પ્રાણી છે તે જીવપણાએ અહિં કેમ માની શકાય? કારણ કે પૃથ્વીકાયિક વગેરેમાં ઉચ્છ્‌વાસાદિ ધર્મોની પ્રતીતિ થતી નથી. **સમાધાન**—આપ્તવચનથી અને અનુમાનપ્રમાણથી પ્રતીતિ થાય છે. તેમાં આ પ્રસ્તુતસૂત્ર આપ્તવચન છે. અનુમાન તો આ પ્રમાણે—વનસ્પતિઓ, પરવાલા, લવણ અને પત્થર વગેરે પોતપોતાના (ઉત્પત્તિ) સ્થાનમાં વર્તતા સમાનજાતીયરૂપ અંકુરોનો સદ્ભાવ હોવાથી [2]અર્શના વિકારરૂપ અંકુરની માફક જીવ સહિત છે. ભાષ્યકાર કહે છે—

**[3]मंसंकुरो व्व सामाणजाइरूवंकुरोवलंभाओ । तरुगण-विद्दुम-लवणोपलादयो सासयावत्था ।।१००।।**

**[विशेषावश्यक० १७५६ इति]**

દરેક વનસ્પતિ તથા પરવાળા-લવણ-પત્થર વગેરે પદાર્થો સ્વજન્ય સ્થાનમાં સચેતન છે. કેમકે માંસના અંકુરની જેમ તેમને સમાન જાતિરૂપ અંકુર પ્રાપ્ત થાય છે. (૧૦૦)

1. देवेसु ના સ્થાનકે વિશે. ભા.માં पुव्वं पि છે. 2. જેમ હરસ અથવા મસાના માંસ અંકુરને કાપવાથી પણ ફરીને વૃદ્ધિ પામે છે તેમ પરવાલા વગેરેને છેદવાથી ફરી ઉત્પન્ન થાય છે જેથી તે જીવ સહિત છે. 3. આ ગાથાના ભાવાર્થથી પૃથ્વીકાયિક જીવોની સિદ્ધિ કરી છે.

આ પ્રસ્તુત પ્રસંગમાં 'સમાનજાતીય' શબ્દનું ગ્રહણ કરેલ છે તે ગાય વગેરેના શીંગડાના અંકુરનો નિષેધ કરવા માટે, કારણ કે તે સમાનજાતીય થતો નથી. તથા ભૂમિ સંબંધી જળ, પૃથ્વીને ખોદતે છતે સ્વાભાવિક જળનો સંભવ હોવાથી [1]દેડકાની માફક જીવ સહિત છે. અથવા આકાશ સંબંધી પાણી, સ્વભાવથી આકાશમાં થયેલ (પાણી)ના પડવાથી [2]મત્સ્યની માફક જીવ સહિત છે. વળી ભાષ્યકાર કહે છે—

**भूमिक्खयसाभावियसंभवओ दद्दुरो व्व जलमुत्तं (सात्मकत्वेनिति) ।**

**अहवा मच्छो व सहाववोमसंभूयपायाओ ॥१०१॥** **[विशेषावश्यक० १७५७ त्ति]**

ભૂમિ ખોદવાથી સ્વાભાવિકપણે નીકળેલ પાણી દેડકાની જેમ સચેતન છે. અથવા સ્વાભાવિક આકાશમાંથી પડતું પાણી મત્સ્યની જેમ સચેતન છે. (૧૦૧)

તથા વાયુ, બીજાની પ્રેરણા સિવાય તિર્યક્ (આજુબાજુ) અનિયમિત દિશામાં ગાયની માફક ગતિ કરવાથી જીવ સહિત છે. હેતુવાક્યમાં 'અપરપ્રેરિત' શબ્દના ગ્રહણ કરવાથી માટીના ઢેફા વગેરેની સાથે વ્યભિચારરૂપ હેત્વાભાસદોષનો પરિહાર કરેલ છે. એવી જ રીતે 'તિર્યક્' શબ્દના ગ્રહણથી ઊંચે ગતિ કરવાવાળા ધૂમાડા સાથે અને 'અનિયમિત' શબ્દના ગ્રહણથી નિયમિત ગતિવાળા પરમાણુની સાથે દોષનો પરિહાર કરેલ છે. તથા તેજઃ (અગ્નિ) આહાર (લાકડા વગેરે) ને ગ્રહણ કરવાથી અગ્નિની વૃદ્ધિનો વિશેષ સાક્ષાત્કાર થવાથી અને તેનો વિકાર પુરુષની માફક પ્રત્યક્ષ થવાથી જીવ સહિત છે. ભાષ્યકાર કહે છે–

**अपरप्पेरियतिरियाऽनियमियदिग्गमणओऽनिलो गो व्व । अनलो आहाराओ, विद्धि-विगारोवलंभाओ ॥१०२॥**

**[विशेषावश्यक० १७५८ त्ति]**

તેમજ બીજાએ પ્રેર્યા સિવાય આજુબાજુ અનિયમિતપણે ગમન કરતો હોવાથી વાયુ પણ ગાયની જેમ સચેતન છે. તથા (કાષ્ટરૂપ) આહારથી વૃદ્ધિ અને વિકાર જણાતા હોવાથી મનુષ્યની જેમ અગ્નિ પણ સચેતન છે. (૧૦૨)

અથવા પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ વાદળા વગેરેના વિકાર રહિત મૂર્ત્તજાતિવાળા હોવાથી ગાય વગેરેના શરીરની જેમ જીવના શરીરો છે. વાદળા વગેરેના વિકારો મૂર્ત્તજાતિવાળા હોવા છતાં પણ તે જીવના શરીરો નથી તે માટે દોષના પરિહાર માટે હેતુમાં (અભ્રાદિવિકારવર્જિત) વિશેષણ આપેલ છે. ફરી ભાષ્યકાર કહે છે—

**तणवोऽणब्भाइविगारमुत्तजाइत्तओऽनिलंताइं । सत्थासत्थहयाओ, निज्जीव-सजीवरूवाओ ॥१०३॥ [वि० १७५९ त्ति]**

અભ્ર આદિના વિકારથી અલગ હોવા છતાં મૂર્ત અને જાતિમાન હોવાથી પૃથ્વી આદિ ચાર, સ્વ–પરશસ્ત્રથી હણાયા હોય તો જીવ રહિત છે અને શસ્ત્રથી ન હણાયેલ હોય તો સજીવ છે (૧૦૩).

હવે વનસ્પતિઓનું વિશેષતાએ સચેતનપણું ભાષ્યની ગાથાઓ વડે કહે છે—

**जम्म-जरा-जीवण-मरण-रोहणाऽऽहार-दोहलाऽऽमयओ । रोग-तिगिच्छाईहि य, णारि व्व सचेयणा तरवो॥१०४॥**

**छिक्कप्परोइआ छिक्कमित्तसंकोयओ कुलिंगि व्व । आसयसंचाराओ, [3]वियत्त! वल्लीवियाणाइं ॥१०५॥**

**सम्मादयो व साव-प्पबोह-संकोयणादिओऽभिमया । बउलादयो य सद्दाइविसयकालोवलंभाओ ॥१०६॥**

**[विशेषावश्यक० १७५३-१७५५]**

જન્મ, જરા, જીવન, મરણ, ક્ષતસંહોરણ (ઘાનું રુઝાવું), આહાર, [4]દોહદ–દોહળો, રોગ અને ચિકિત્સા વડે સ્ત્રીની માફક વૃક્ષો ચેતન સહિત છે. (૧૦૪). સ્પૃષ્ટપ્રરોદિકા—રીસામણી વગેરે વનસ્પતિઓ કીડા વગેરે જંતુઓની જેમ સ્પર્શ

1. ભૂમિમાંથી નીકળેલ દેડકો જેમ સજીવ છે તેમ પાણી પણ જીવ સહિત છે. આ પૃથ્વી સંબંધી પાણીમાં જીવની સિદ્ધિ કરવા માટે દૃષ્ટાંત આપેલ છે. 2. માછલાનું દૃષ્ટાંત અંતરિક્ષનું પાણી જીવ સહિત છે તેની સિદ્ધિ માટે છે. હસ્તા અને ચિત્રા નક્ષત્રમાં ઘણે સ્થળે માછલા પડે છે તે પ્રત્યક્ષ દેખાય છે. 3. વિયત્ત! આ શબ્દ વ્યક્ત નામના ગણધરને આમંત્રણાર્થે પ્રભુએ કહેલ છે.

4. કુષ્માંડી–કોળું અને બિજોરું વગેરે ફળવાળી વનસ્પતિને દોહદ થાય છે. (વર્તમાનમાં જગદીશચંદ્ર બોસે વનસ્પતિમાં જીવ સિદ્ધ કરેલ છે.

માત્રથી સંકોચન પામે છે. હે વ્યક્ત! તું જાણ કે વેલડી વગેરે સ્વરક્ષણ માટે વાડ, વૃક્ષ અને કોટડી વગેરે ઉપર આશ્રય લેવાના હેતુથી ચડે છે. (૧૦૫). શમી (ખીજડા) વગેરે વૃક્ષો, મનુષ્યની માફક નિદ્રા, જાગવું અને સંકોચ વગેરેને પામે છે એમ સ્વીકારેલ છે. બકુલ, ચંપક વગેરે વૃક્ષો વિષયોના—સંગીત, મદિરાનો ગંડૂષ (કોગળો), સુંદર સ્ત્રીના ચરણ વડે તાડનાદિનો, વસંતાદિ ઋતુમાં ઉપભોગનો સાક્ષાત્કાર કરાવે છે, માટે વનસ્પતિ સચેતન છે. (૧૦૬).

'एगा भवसिद्धिये'त्यादि भविष्यतीति भवाः—ભવિષ્યકાળમાં થનારી સિદ્ધિ-નિર્વૃત્તિ છે જેઓને તે ભવસિદ્ધિકો—ભવ્યો, તેનાથી વિપરીત તે અભવસિદ્ધિકો—અભવ્યો જાણવા. **શંકા**—જીવપણું સમાન છતે ભવ્ય અને અભવ્યમાં વિશેષ ભેદ શો છે? **સમાધાન**—સ્વભાવથી ભેદ થયેલ છે. દ્રવ્યત્વની અપેક્ષાએ જીવ અને આકાશની સમાનતા છે તો પણ સ્વભાવથી ભેદ છે.

**दव्वाइत्ते तुल्ले, जीव-नभाणं सभावओ भेदो । जीवाऽजीवाइगओ, जह तह भव्वेयरविसेसो ॥१०७॥** [वि० १८२३]

જીવ અને આકાશનું દ્રવ્યત્વ, સત્ત્વ, પ્રમેયત્વાદિપણાએ તુલ્ય રૂપ હોવા છતાં પણ સ્વભાવથી ભેદ છે, એટલે જેમ આકાશ અજીવ છે અને ચેતન સજીવ છે તેમ ભવ્ય અને અભવ્યનો પણ ભેદ સ્વભાવથી જાણવો. (૧૦૭)

ભવ્ય અને અભવ્ય વડે વિશેષિત—ભિન્ન અન્ય દંડક કહ્યો. 'एगा समदिट्ठियाण' मित्यादि સમ્યગ્-યથાર્થ દૃષ્ટિ (દર્શન), તત્ત્વો પ્રત્યે રુચિ છે જેઓને તે સમ્યગ્દૃષ્ટિ જીવો, મિથ્યાત્વમોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી થાય છે. તથા મિથ્યા-વિપર્યાસવાળી, તીર્થંકરો વડે કહેવાયેલ પદાર્થસમૂહની શ્રદ્ધા રહિત દૃષ્ટિ-દર્શન (શ્રદ્ધાન) છે જેઓને તે મિથ્યાદૃષ્ટિ જીવો, મિથ્યાત્વમોહનીય કર્મના ઉદયથી જિનવચનની અરુચિવાળા હોય છે. કહ્યું છે કે—

**सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः। मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाभिहितम् ॥१०८॥**

"સૂત્રોક્ત એક અક્ષરને પણ ન રુચવાથી મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય છે. તીર્થંકરોએ કહેલું સૂત્ર તેઓને તો ચોક્કસ અપ્રમાણ છે." (૧૦૮)

તથા કંઈક યથાર્થ અને કંઈક મિથ્યા છે દૃષ્ટિ જેઓની તે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ (મિશ્રદૃષ્ટિ) જીવો, જિનોક્ત ભાવો પ્રત્યે ઉદાસીન હોય છે. આ ગંભીર સંસારરૂપી સમુદ્રના મધ્યમાં વર્તતો જીવ, અનાભોગ (સ્વભાવતઃ) થયેલ પર્વત સંબંધીના પત્થર ઘોલન[1] સમાન યથાપ્રવૃત્તિકરણ વડે પ્રાપ્ત થયેલા અંતઃ કોડાકોડી સાગરોપમ સ્થિતિવિશિષ્ટ[2] વેદવા યોગ્ય મિથ્યાત્વમોહનીય કર્મની સ્થિતિમાંથી, ઉદયકાલના ક્ષણથી આરંભીને અંતર્મુહૂર્ત સુધી (ભોગવવા યોગ્ય સ્થિતિને) ઓલંઘીને અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણની સંજ્ઞાવાળા વિશુદ્ધ વિશેષો વડે અંતર્મુહૂર્ત કાળપ્રમાણ 'અંતરકરણ' કરે છે, ને તે અંતરકરણ કર્યે છતે મિથ્યાત્વમોહનીય કર્મની બે સ્થિતિ થાય છે. અંતરકરણની નીચેની અંતર્મુહૂર્તમાત્ર સ્થિતિ તે પ્રથમ સ્થિતિ અને તે અંતરકરણથી જ ઉપરની બાકીની જે સ્થિતિ તે બીજી સ્થિતિ. ત્યાં પ્રથમ સ્થિતિમાં મિથ્યાત્વના દલિકોના વેદન-ભોગવવાથી આ જીવ મિથ્યાદૃષ્ટિ હોય છે. તે જીવ અંતર્મુહૂર્ત વડે તો તે પ્રથમ સ્થિતિનો નાશ થયે છતે મિથ્યાત્વના દલિકોના વેદનનો અભાવ હોવાથી અંતરકરણના[3] પ્રથમ સમયમાં જ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. જેમ દાવાનળ, પૂર્વે બાળેલ લાકડાવાળા સ્થળને અથવા ખારી જમીનને પ્રાપ્ત થઈને ઠરી જાય છે—નષ્ટ થાય છે તેમ મિથ્યાત્વમોહનીય કર્મના વેદનરૂપ અગ્નિ, અંતરકરણને પ્રાપ્ત થઈને ઠરી જાય છે. ઔષધ વિશેષ સમાન તે ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને મદનકોદ્રવ સમાન દર્શનમોહનીયરૂપ અશુદ્ધ કર્મ ત્રણ પ્રકારે થાય છે—૧ અશુદ્ધ, ૨ અર્ધવિશુદ્ધ અને ૩ વિશુદ્ધ. તે ત્રણ પુંજો (ઢગલા)ના મધ્યે [4]જ્યારે અર્ધવિશુદ્ધ

1. નદીના પાણીમાં પત્થર આડોઅવળો ભટકાવાથી ઘસાય છે તે નદીઘોલનં ન્યાય કહેવાય છે.

2. અંતર્મુહૂર્ત ન્યૂન અંતઃ કોડાકોડી સાગરોપમ કાલ પ્રમાણવાળો. 3. પ્રથમ સ્થિતિ પૂર્ણ થયા પછી જીવ અંતરકરણમાં પ્રવેશ કરે છે.

4. અંતરકરણનો કાલ પૂર્ણ થયે છતે ઔપશમિક સમ્યક્ત્વનો કાલ પણ પૂર્ણ થાય છે. પછી અવશ્ય તે જીવ ત્રણ પુંજમાંથી કોઈપણ એક પુંજમાં જાય છે, જેથી જે પુંજનો ઉદય થાય તેવી દૃષ્ટિવાળો થાય છે.

પુંજ ઉદય થાય છે ત્યારે તેના ઉદયવશથી જીવને અર્ધવિશુદ્ધરૂપ અરિહંતોએ કહેલું—જોવાયેલ તત્ત્વોનું શ્રદ્ધાન થાય છે ત્યારે મિશ્રશ્રદ્ધાન વડે આ જીવ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ થાય છે. તે જીવ અંતર્મુહૂર્ત પર્યંત મિશ્રદૃષ્ટિપણે રહે છે. ત્યારબાદ અવશ્ય સમ્યક્ત્વ પુંજને અથવા મિથ્યાત્વપુંજને પામે છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ વડે વિશેષિત અન્ય દંડક કહ્યો. દંડકમાં નારક અને દશ અસુરાદિ એ અગ્યાર પદોને વિષે ત્રણ દૃષ્ટિ છે, આથી કહ્યું છે કે—'**एवं जाव थणिये**' त्यादि. પૃથ્વી આદિ પાંચ દંડકમાં એક મિથ્યાત્વદૃષ્ટિ જ છે. તે કારણથી પૃથ્વી આદિને મિથ્યાત્વ વડે જ કથન કરાયેલ છે. કહ્યું છે કે— '**चोद्दसतससेसयामिच्छ**' [**जीवसमास**० २६ त्ति] ચૌદે ગુણસ્થાનકવાળા ત્રસ જીવો છે, સ્થાવરો તો મિથ્યાદૃષ્ટિવાળા જ છે. બેઇંદ્રિય આદિ ત્રણ દંડકનાં જીવોને મિશ્રદૃષ્ટિ નથી, કારણ કે સંજ્ઞિ જીવોને જ મિશ્રદૃષ્ટિનો સદ્ભાવ છે; તેથી તેઓને વિષે સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિપણાએ જ વ્યપદેશ કરેલ છે. એવી રીતે '**तेइंदियाणंपि चउरिंदियाणंपि**'त्ति દ્વીન્દ્રિયની માફક ત્રણ ઇંદ્રિય અને ચાર ઇંદ્રિયવાળાઓને પણ બે દૃષ્ટિના કથન વડે વર્ગણાનું એકપણું કહેવું. પંચેંદ્રિય તિર્યંચ આદિ પાંચ દંડકોમાં દર્શન (દૃષ્ટિ) ત્રણ[1] પણ છે, તેથી ત્રણ પ્રકારે પણ તેનું કથન છે. આ કારણથી જ કહ્યું છે—'**सेसा जहा नेरइय**'त्ति અર્થાત્ જેવી રીતે નારકના દંડકમાં વર્ગણા કહેલી છે તેમ કહેવી. વળી દંડક પર્યંત આ સૂત્ર—'**एगा सम्मद्दिट्ठियाणं वेमाणियाणं वग्गणा, एवं मिच्छद्दिट्ठियाणं, एवं सम्मामिच्छद्दिट्ठियाणं**' અહિં સુધી કહે છે.—'**जाव एगा सम्मामिच्छे**' त्यादि ३। '**एगा कण्हपक्खियाणं**' ઇત્યાદિ કૃષ્ણપાક્ષિક અને શુક્લપાક્ષિકનાં લક્ષણ કહે છે—

**जेसिमवड्ढो पोग्गल-परियट्टो सेसओ उ संसारो । ते सुक्कपक्खिया खलु, अहिए पुण किण्हपक्खीआ ।।१०९।।**
**[श्रावक प्र० ७२ त्ति]**

જે જીવોનો અપાર્દ્ધ–કિંચિત્ ન્યૂન પુદ્ગલપરાવર્ત્ત સંસાર બાકી રહ્યો હોય તે નિશ્ચયથી શુક્લપાક્ષિકો કહેવાય છે અને જેઓનો અર્દ્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર હોય તે કૃષ્ણપાક્ષિકો કહેવાય છે. (૧૦૯)

આ બે પક્ષો વડે વિશેષિત આ ચોથો દંડક છે. ૪. '**एगा कण्हलेसाण**' मित्यादि, જેનાથી જીવ કર્મની સાથે ચોંટે છે તે લેશ્યા. यदाह—**श्लेष इव वर्णबंधस्य कर्म्मबंधस्थितिविधात्र्यः**'[2] વર્ણબંધ–ચિત્રકાર્યમાં શ્લેષ (સરસ)ની જેમ કર્મબંધની સ્થિતિને કરનારી આ લેશ્યાઓ છે. તથા—

**कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो च आत्मनः । स्फटिकस्येव तत्रायं लेश्याशब्दः प्रयुज्यते ।।११०।।**

"કૃષ્ણાદિ દ્રવ્યની સહાયતાથી સ્ફટિકની જેમ આત્માનો જે પરિણામ, તે પરિણામમાં આ 'લેશ્યા' શબ્દ જોડાય છે." (૧૧૦)

આ લેશ્યા, યોગની પરિણતિરૂપ હોવાથી અને યોગ શરીરનામકર્મની પરિણતિવિશેષ છે તેથી શરીરનામકર્મની પરિણતિરૂપ છે. પ્રજ્ઞાપના સૂત્રની ટીકાના કરનારા શ્રીમાન્ હરિભદ્રસૂરિએ યોગનો પરિણામ તે લેશ્યા છે, એમ કહ્યું છે. **શંકા**—યોગનો પરિણામ લેશ્યા કેમ કહેવાય? **સમાધાન**—જે હેતુથી સયોગી કેવલી, શુક્લલેશ્યાના પરિણામ વડે વિચરીને આયુષ્યનું શેષ અંતર્મુહૂર્ત રહતે છતે યોગનું રુંધન કરે છે, તેથી અયોગીપણું અને અલેશ્યપણું પ્રાપ્ત કરે છે—આ કારણથી જણાય છે કે યોગનો પરિણામ તે લેશ્યા. વળી તે યોગ શરીરનામકર્મની પરિણતિવિશેષ છે, તેથી કહેલું છે કે—'**कर्म्म हि कार्मणस्य कारणमन्येषां च शरीराणा मिति**'—કર્મ જ કાર્મણ શરીરનું અને અન્ય ઔદારિકાદિ શરીરોનું કારણ છે, તેથી ઔદારિક શરીર યુક્ત આત્માનો જે વીર્યપરિણતિવિશેષ તે (૧) કાયયોગ છે. તથા ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના વ્યાપાર વડે ગ્રહણ કરેલ ભાષાવર્ગણાના દ્રવ્યના સમૂહની સહાયતાથી જે જીવનો વ્યાપાર તે (૨) વચનયોગ. તથા ઔદારિકાદિ શરીરના વ્યાપાર વડે ગ્રહણ કરેલ મનોવર્ગણાના દ્રવ્યના સમૂહની સહાયતાથી જે જીવનો વ્યાપાર તે (૩) મનોયોગ. તેથી જેવી રીતે કાયાદિકરણયુક્ત

1. સંજ્ઞિ પંચેંદ્રિય જીવને ત્રણ દૃષ્ટિ હોય છે અને અસંજ્ઞિને મિશ્રદૃષ્ટિ ન હોવાથી ટીકામાં '**अपि**' શબ્દ ગ્રહણ કરેલ છે.
2. આ શ્લોક પ્રશમરતિ ગ્રંથના ૩૮માં શ્લોકનો ઉત્તરાર્દ્ધ છે. પૂર્વાર્દ્ધ આ પ્રમાણે છે—ताः कृष्ण-नील-कापोत-तैजसी-पद्म-शुक्लनामानः।

આત્માની જે વીર્યપરિણતિ તે યોગ કહેવાય છે તેવી રીતે જ લેશ્યા પણ આત્માની વીર્યપરિણતિરૂપ છે. [प्रज्ञापनावृ० १७।२।] અન્ય આચાર્યો તો સ્પષ્ટ કહે છે—'कर्म्मनिस्यंदो लेश्या' इति—કર્મનો જે નિસ્યંદ (રસ અથવા ઝરણું) તે લેશ્યા. લેશ્યા દ્રવ્ય અને ભાવભેદથી બે પ્રકારે છે. તેમાં કૃષ્ણાદિ દ્રવ્યો જ દ્રવ્ય લેશ્યા છે, ભાવલેશ્યા તો કૃષ્ણાદિ દ્રવ્યોથી ઉત્પન્ન થયેલ જીવનો જે પરિણામ તે ભાવલેશ્યા છે. આ લેશ્યા છ પ્રકારે છે. તેનું સ્વરૂપ આગમપ્રસિદ્ધ જાંબૂના ફળને ખાનાર છ પુરુષના દૃષ્ટાંતથી અથવા ગામના ઘાતક-મારનાર છ પુરુષના દૃષ્ટાંતથી સમજવું. લેશ્યાના સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે—કૃષ્ણ-કાળા વર્ણવાળા દ્રવ્યની સહાયતાથી ઉત્પન્ન થયેલા અશુભ પરિણામરૂપ લેશ્યા છે જેઓને તે કૃષ્ણલેશ્યાવાળા છે. એવી જ રીતે શેષ પદો પણ જાણવા. હવે વિશેષ કહે છે—નીલ લેશ્યા કંઈક સુંદર રૂપવાળી છે, એવી રીતે આ જ ક્રમ વડે યાવત્ શબ્દથી જ 'एगा कावोयलेस्साणं' मित्यादि ત્રણ સૂત્ર જાણવા, તેમાં પક્ષિ વિશેષ કપોત (પારેવા)ના વર્ણ વડે સમાન જે ધૂસરવર્ણ દ્રવ્યો, તેની સહાયતાથી ઉત્પન્ન થયેલી તે કાપોતલેશ્યા, કંઈક વિશેષ શુભ ફળ લેશ્યા છે જેઓને તે કપોતલેશ્યાવાળા જાણવા. તેજ—અગ્નિની જ્વાળાના વર્ણ જેવા જે રક્ત દ્રવ્યો, તેની સહાયતાથી જે ઉત્પન્ન થયેલી તે તેજોલેશ્યા શુભ સ્વભાવવાળી છે. પદ્મકમલના ગર્ભ (અંદરનો ભાગ)ના જેવા વર્ણવાળા પીળા દ્રવ્યો, તેની સહાયતાથી જે ઉત્પન્ન થયેલી તે પદ્મલેશ્યા શુભતર છે—વિશેષ સારી છે. શુક્લ વર્ણવાળા દ્રવ્યોથી જે ઉત્પન્ન થયેલી તે શુક્લલેશ્યા અતિશય શુભ છે. આ લેશ્યાઓનું વિશેષતઃ સ્વરૂપ ઉત્તરાધ્યયનના ચોત્રીશમા લેશ્યા અધ્યયનથી જાણવું. 'एवं जस्स जति'त्ति નારકોની માફક જ જે અસુરાદિકની જે જેટલી લેશ્યાઓ છે, તેના કથન વડે તેની વર્ગણાનું એકપણું કહેવું. 'भवणे'त्यादिना સૂત્ર વડે તેઓની લેશ્યાઓનો પરિણામ કહેતા અહિં સંગ્રહણીની ગાથા જણાવે છે.

**काऊ नीला किण्हा, लेसाओ तिन्नि होंति नरएसुं ।**

**तइयाए काउनीला, [पृथिव्यामित्यर्थः] नीला किण्हा य रिट्ठाए [पञ्चम्यामित्यर्थः] ।।१११।। [बृहत्सं० २८८]**

નરકોને વિષે કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યા [સામાન્યતઃ] છે. ત્રીજી નરકમાં કાપોત અને નીલલેશ્યા છે અને પાંચમી રિષ્ઠા નરકમાં નીલ અને કૃષ્ણલેશ્યા છે.[1] (૧૧૧)

**किण्हा नीला काऊ, तेऊलेसा य भवण-वंतरिया । जोइससोहंमीसाणे, तेउलेसा मुणेयव्वा ।।११२।।**

**कप्पे सणंकुमारे, माहिंदे चेव बंभलोए य । एएसु पम्हलेसा, तेण परं सुक्कलेसा उ ।।११३।। [बृहत्सं० १९३-१९४]**

ભવનપતિ અને વ્યંતરને કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા હોય છે, જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવલોકમાં એક તેજોલેશ્યા જાણવી, સનત્કુમાર, માહેંદ્ર અને બ્રહ્મલોક કલ્પમાં પદ્મલેશ્યા છે, તેનાથી ઉપર એક શુક્લલેશ્યા છે.[2] (૧૧૨-૧૧૩)

**पुढवी आउ वणस्सइ, बायर पत्तेय लेस चत्तारि । गब्भयतिरियनरेसुं, छल्लेसा तिन्नि सेसाणं ।।११४।।[बृहत्सं०३४२]**

બાદર પૃથ્વી, પાણી અને પ્રત્યેક વનસ્પતિમાં કૃષ્ણાદિ ચાર લેશ્યા છે, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યમાં છ લેશ્યા છે. શેષ-તેજો, વાયુ અને ત્રણ વિકલેન્દ્રિયમાં ત્રણ લેશ્યા છે. (૧૧૪).

આ સામાન્ય લેશ્યાદંડક કહ્યો. ૫. એ જ લેશ્યાદંડક, ભવ્ય અને અભવ્યના વિશેષણથી અન્ય દંડક છે. 'एगा कण्हलेसाणं भवसिद्धियाणं वग्गणे' त्यादि-એવી રીતે જેમ કૃષ્ણલેશ્યામાં તેમ 'छसुवि'त्ति કૃષ્ણલેશ્યા સહિત છ લેશ્યાઓમાં જો કૃષ્ણલેશ્યાનું ગ્રહણ નહિં કરીએ તો પાંચ જ અતિદેશ્યકથન કરવા યોગ્ય થશે. ભવ્ય અને અભવ્ય લક્ષણવાળા બે-બે પદ દરેક લેશ્યા પ્રત્યે કહેવા. જેમ કે 'एगा नीललेसाणं भवसिद्धियाणं वग्गणे' त्यादि ६. લેશ્યાદંડકમાં જ ત્રણ દર્શન (દૃષ્ટિ) વડે વિશેષ અન્ય દંડક છે. 'एगा कण्हलेसाणं सम्मद्दिट्ठियाणमि' त्यादि. 'जेसिं जइ दिट्ठीओ'त्ति-જે નારકી વગેરેને સમ્યક્ત્વાદિ

1. પહેલી-બીજી નરકમાં કાપોતલેશ્યા, ચોથી નરકમાં નીલલેશ્યા અને છઠ્ઠી તથા સાતમીમાં કૃષ્ણલેશ્યા છે.

2. છઠ્ઠા દેવલોકથી યાવત્ સર્વાર્થસિદ્ધ વિમાન પર્યંત.

જેટલી દૃષ્ટિઓ હોય તેઓને તેટલી દૃષ્ટિઓ કહેવી. તેમાં એકેંદ્રિયોને મિથ્યાત્વ જ છે, ત્રણ વિકલેંદ્રિયોને સમ્યક્ત્વ અને મિથ્યાત્વ છે અને શેષ સોળ દંડકમાં ત્રણે દૃષ્ટિઓ હોય છે ૭. લેશ્યાદંડક જ કૃષ્ણ અને શુક્લપક્ષવિશિષ્ટ અન્ય દંડક છે. 'एगा कण्हलेसाणं कण्हपक्खियाणमि'त्यादि ૮. આ આઠ પદ વડે ચોવીશ દંડકમાં એકેક વર્ગણા કહેવી. તે આઠ પદ આ પ્રમાણે—

**ओहो १ भव्वाईहिं, विसेसिओ २ दंसणेहिं ३ पक्खेहिं ४ ।**
**लेसाहिं ५ भव्व ६ दंसण ७ पक्खेहिं ८ विसिट्ठलेसाहिं ।।११५।।**

૧. ઓઘ–સામાન્ય દંડક વર્ગણા, ૨. ભવ્યાદિથી વિશિષ્ટ પદવાળી વર્ગણા, ૩. દર્શન–દૃષ્ટિ સમ્યક્ત્વાદિ વિશિષ્ટ પદવાળી, ૪. કૃષ્ણાદિ પક્ષવિશિષ્ટ પદવાળી, ૫. કૃષ્ણાદિ લેશ્યાવિશિષ્ટ પદવાળી, ૬. ભવ્યવિશિષ્ટ લેશ્યા પદવાળી, ૭. દર્શનવિશિષ્ટ લેશ્યાવાળી અને ૮. પક્ષવિશિષ્ટ લેશ્યાવાળી વર્ગણા જાણવી. (૧૧૫)

આની પછી હવે સિદ્ધની વર્ગણા કહેવાય છે. તેમાં સિદ્ધ બે પ્રકારના છે : ૧ અનંતરસિદ્ધ અને ૨ પરંપરસિદ્ધ. તેમાં અનંતરસિદ્ધો પંદર પ્રકારે છે. હવે તેઓની વર્ગણાનું એકપણું કહે છે—'एगा तित्थे' इत्यादिना–તેમાં જેના વડે તરાય છે તે તીર્થ, દ્રવ્યથી નદી વગેરેના સમ અને નિર્દોષ ભૂમિભાગ હોય તે, અથવા બૌદ્ધાદિનું પ્રવચન–શાસન તે દ્રવ્યતીર્થ, દ્રવ્યતીર્થપણું, નદી વગેરેનું અપ્રધાનપણું હોવાથી છે અને ભાવથી તરવા યોગ્ય સંસારસાગરને દ્રવ્યતીર્થ વડે તરવા માટે અશક્ય હોવાથી તેમજ આ તીર્થનું સાવદ્યપણું હોવાથી અપ્રધાનપણું છે. ભાવતીર્થ તો સંઘ છે, જે કારણથી જ્ઞાનાદિ ભાવ વડે તેના (જ્ઞાનાદિના) પ્રતિપક્ષરૂપ અજ્ઞાનાદિથી અને ભાવભૂત સંસાર થકી તારે છે. ભાષ્યકાર કહે છે—

**जं णाण-दंसण-चरित्तभावओ तव्विवक्खभावाओ । भवभावओ य तारेइ, तेण तं भावओ तित्थं ।।११६।।**
**[विशेषावश्यक० १०३३]**

જ્ઞાન–દર્શન–ચારિત્ર ભાવ વડે, તેના વિપક્ષભૂત અજ્ઞાનાદિ થકી અને સંસારભાવથી તરી જવાય માટે તે ભાવતીર્થ કહેવાય છે. (૧૧૬)

અથવા ત્રિષુ—ક્રોધરૂપી અગ્નિદાહનો ઉપશમ, લોભરૂપી તૃષ્ણાનો નિરાસ અને કર્મમલને દૂર કરવારૂપ આ ત્રણ લક્ષણમાં અથવા જ્ઞાનાદિલક્ષણરૂપ ત્રણ અર્થમાં જે રહે છે તે 'ત્રિસ્થ' પ્રાકૃતશૈલીથી 'तित्थ' કહેવાય છે. ભાષ્યકાર કહે છે–

**दाहोवसमादिसु वा, जं तिसु थियमहव दंसणाईसुं । तो तित्थं सङ्घो च्चिय, उभयं च विसेसणविसेस्सं ।।११७।।**
**[विशेषावश्यक० १०३५]**

દાહોપશમાદિ અથવા સમ્યગ્દર્શનાદિ ત્રણ અર્થમાં જે રહેલ હોય અથવા ત્રણમાં સ્થિતિરૂપ વિશેષણના વિશેષ્ય રૂપ જે રહેલ હોય, તે શ્રીસંઘ તીર્થ કહેવાય છે. (૧૧૭)

તીર્થ તે સંઘ અથવા સંઘ તે તીર્થ. અહિં સંઘ વિશેષ્ય અને તીર્થ વિશેષણ અથવા તીર્થ વિશેષ્ય અને સંઘ વિશેષણ છે, અર્થાત્ બન્ને વિશેષણ અને વિશેષ્યભાવવાળા છે. ક્રોધરૂપી અગ્નિદાહનો ઉપશમ આદિ ત્રણ અર્થો–ફળો છે જેને તે 'ત્ર્યર્થ' છે. પ્રાકૃત ભાષાથી 'तित्थ' શબ્દ છે. ભાષ્યકાર કહે છે—

**कोहग्गिदाहसमणादओ व ते चेव तिन्नि जस्सऽत्था । होइ तियत्थं तित्थं, तमत्थसद्दो फलत्थोऽयं ।।११८।।**
**[विशेषावश्यक० १०३६]**

ક્રોધાગ્નિનો દાહ શમાવવાદિ રૂપે પૂર્વે કહેલા ત્રણ અર્થ જેના હોય તે ત્રિ અર્થ કહેવાય અથવા જ્ઞાનાદિ ત્રણ અર્થ જેનાથી અભિન્ન હોય તે ત્રિ અર્થ કહેવાય અને તે શ્રીસંઘ છે. (૧૧૮)

અહિં અર્થ શબ્દ ફલવાચક છે, અથવા જ્ઞાનાદિ ત્રણ અર્થો–વસ્તુઓ છે જેને તે ત્ર્યર્થ. વળી ભાષ્યકાર કહે છે—

**अहवा सम्मद्दंसण-नाण-चरित्ताइं तिन्नि जस्सऽत्था । तं तित्थं पुव्वोदियमिहमत्थो वत्थुपज्जाओ ।।११९।।**

**[विशेषावश्यक० १०३७ त्ति]**

અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણ અર્થ જેને હોય તે પૂર્વોક્ત પ્રકારે તીર્થ કહેવાય. અહિં અર્થ શબ્દ વસ્તુનો પર્યાયવાચક[1] છે. (૧૧૯)

તેમાં તીર્થ છતે જે સિદ્ધો-નિર્વૃત્ત થયા તે ઋષભસેન ગણધર વગેરેની જેમ તીર્થસિદ્ધો છે. તેઓની વર્ગણા એક છે (૧). અતીર્થ-તીર્થાંતરમાં[2] સાધુઓના અભાવકાલમાં જાતિસ્મરણાદિ વડે પ્રાપ્ત કરેલ છે મોક્ષ જેઓએ તે મરુદેવીની માફક અતીર્થસિદ્ધો છે. તેઓની વર્ગણા એક છે (૨). 'एवं' શબ્દથી 'एगा तित्थगरसिद्धाणं वग्गणे'त्यादि જાણવું. ઉક્ત લક્ષણવાળા તીર્થને અનુકૂલપણાએ, હેતુપણાએ અથવા તેના સ્વભાવપણાએ જે કરે છે તે તીર્થંકર કહેવાય છે. ભાષ્યકાર કહે છે—

**अणुलोम-हेउ-तस्सीलया य जे भावतित्थमेयं तु । कुव्वंति पगासंति उ, ते तित्थगरा हियत्थकरा ।।१२०।।**

**[विशेषावश्यक० १०४७]**

આનુલોમ્ય, [3]હેતુ અને તત્સ્વભાવપણાએ જે આ ભાવતીર્થને કરે છે અને પ્રકાશે છે તે હિત કરનારા તીર્થંકરો છે. (૧૨૦)

તીર્થંકરો થયા થકા તે સિદ્ધો થાય છે તે ઋષભાદિની માફક તીર્થંકરસિદ્ધો કહેવાય છે. તેઓની વર્ગણા એક છે (૩). અતીર્થંકરસિદ્ધો-સામાન્ય કેવલીઓ થયા થકા જે સિદ્ધો થાય છે તે ગૌતમાદિની જેમ અતીર્થંકરસિદ્ધ છે. તેઓની વર્ગણા એક છે (૪). સ્વયં-આત્મ વડે (પોતાની મેળે) બુદ્ધો-તત્ત્વના જાણનારા જે સ્વયંબુદ્ધો થયા થકા સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધો. તેઓની વર્ગણા એક છે (૫). અનિત્યતાદિ ભાવનાઓના નિમિત્તભૂત કોઈ પણ એક પદાર્થને આશ્રયીને-જોઇને પરમાર્થ જાણનારા તે પ્રત્યેકબુદ્ધો થયા થકા સિદ્ધો થાય છે તે પ્રત્યેકબુદ્ધ છે. તેઓની વર્ગણા એક છે (૬). સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધોનો ભેદ બોધિ, ઉપધિ, શ્રુત અને લિંગ વડે કરાયેલ છે. તે આ પ્રમાણે—સ્વયંબુદ્ધોને બાહ્ય નિમિત્ત વિના જ બોધિ પ્રાપ્ત થાય છે. પ્રત્યેકબુદ્ધોને બાહ્ય નિમિત્તની અપેક્ષાએ કરકંડુ વિગેરેની જેમ બોધિ પ્રાપ્ત થાય છે. સ્વયંબુદ્ધોને પાત્રાદિ બાર પ્રકારે ઉપધિ હોય છે. તે આ પ્રમાણે—

**पत्तं १ पत्ताबंधो २, पायट्ठवणं ३ च पायकेसरिया ४ । पडलाइं ५ रयत्ताणं ६ च, गोच्छओ ७ पायनिज्जोगो ।।१२१।।**

**तिन्नेव य पच्छागा १०, रयहरणं ११ चेव होइ मुहपोत्ति १२ ।** **[ओघ नि. ६६८-६६९]**

૧ પાત્ર, ૨ પાત્રબંધ (ઝોલી), ૩ પાત્રસ્થાપન-જેમાં પાત્ર સ્થાપન કરવામાં આવે છે તે કંબલનો ખંડ, ૪ પાત્રકેસરિકા-કોમળ વસ્ત્રનો ખંડ, ૫ પડલા-ભિક્ષાએ જતાં પાત્રના ઉપર જે ઢાંકવામાં આવે છે તે, ૬ રજસ્ત્રાણ-પાત્રની વચ્ચે જે વસ્ત્ર મૂકવામાં આવે છે તે, ૭ ગોચ્છક-કંબલનો ટુકડો જે પાત્રના ઉપર બાંધવામાં આવે છે તે (એ સાત પ્રકારની પાત્ર સંબંધી ઉપધિ છે.) (૧૨૧)

૮-૧૦ ત્રણ પ્રચ્છાદકો (વસ્ત્રો)-બે સૂતરના અને એક ઊનનો, ૧૧ રજોહરણ અને ૧૨ મુહપત્તિ—આ બાર ઉપધિ હોય છે. પ્રત્યેક બુદ્ધોને ત્રણ વસ્ત્ર સિવાય નવ ઉપધિ હોય છે. સ્વયંબુદ્ધોને પૂર્વ(ભવ)માં ભણેલા શ્રુત વિષે નિયમ નથી, અર્થાત્ પૂર્વભવનું[4] અધ્યયન કરેલું શ્રુત હોય અથવા ન પણ હોય. પ્રત્યેકબુદ્ધોને તો પૂર્વજન્મનું અધ્યયન કરેલું શ્રુત[5] ચોક્કસ હોય છે.

1. અહિં સંઘ, વસ્તુ અને જ્ઞાનાદિ, સંઘના પર્યાયો છે, તે વસ્તુથી અભિન્ન છે.
2. પ્રવાહની અપેક્ષાએ તીર્થ અનાદિ છે, તો પણ પ્રત્યેક તીર્થંકરોની અપેક્ષાએ તીર્થ ઉત્પન્ન થાય છે તે કારણથી તીર્થાંતર કહેવાય છે.
3. બાલ વગેરે અને સ્થવિરાદિને અનુરૂપ જે દેશના તે આનુલોમ્ય, તીર્થની સ્થાપનામાં સ્વયં હેતુભૂત છે તેથી હેતુ અને તીર્થંકરનામકર્મના ઉદયથી ભાવઅનુકંપા તે તત્સ્વભાવ. 4. વર્તમાન ભવમાં દીક્ષા લીધા પછી નવીન અધ્યયન કરેલું શ્રુત હોય જ છે. 5. જઘન્યથી અગ્યાર અંગ અને ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન દશ પૂર્વ જેટલું શ્રુત હોય છે.

સ્વયંબુદ્ધોને લિંગ(મુનિવેષ)નો સ્વીકાર આચાર્યોની સમીપમાં પણ હોય છે જ્યારે પ્રત્યેકબુદ્ધોને તો દેવ આપે છે. બુદ્ધબોધિતો -આચાર્યાદિ વડે પ્રતિબોધ પામીને જ જે સિદ્ધો થાય તે બુદ્ધબોધિતસિદ્ધો. તેઓની વર્ગણા એક છે (૭). ઉપરના તેમ જ સ્ત્રીલિંગસિદ્ધો (૮), પુરુષલિંગસિદ્ધો (૯), નપુંસકલિંગસિદ્ધો (૧૦), રજોહરણાદિની અપેક્ષાએ સ્વલિંગસિદ્ધો (૧૧), પરિવ્રાજકાદિ લિંગમાં સિદ્ધ થયેલા તે અન્યલિંગસિદ્ધો (૧૨), મરુદેવી વગેરે ગૃહિલિંગસિદ્ધો (૧૩), એક સમયમાં એકૈક સિદ્ધ થયેલા તે એકસિદ્ધો (૧૪) અને એક સમયમાં બેથી એકસો આઠ સુધી જે સિદ્ધ થયેલા તે અનેકસિદ્ધો (૧૫). આ સ્ત્રીલિંગસિદ્ધો વગેરેની એકૈક વર્ગણા છે. અનેક સમય સિદ્ધોની નિરૂપણ કરનારી ગાથા નીચે પ્રમાણે છે—

**बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोद्धव्वा । चुलसीई छन्नउई, दुरहिय अट्ठोत्तर (मट्ठुत्तर) सयं च ॥१२२॥**

**[बृहत्स. २४७]**

એક સમયમાં ઉત્કૃષ્ટથી બત્રીશ, બીજામાં અડતાલીશ, ત્રીજામાં સાઠ, ચોથામાં બોંતેર, પાંચમામાં ચોરાશી, છઠ્ઠામાં છન્નુ, સાતમા સમયમાં એકસો ને બે અને આઠમામાં એકસો આઠ. (૧૨૨)

ઉપરની ગાથાનું વિવરણ કરતાં જણાવે છે કે—જ્યારે એક સમયે એકથી માંડી ઉત્કૃષ્ટ બત્રીસ સુધી સિદ્ધ થાય ત્યારે બીજે સમયે પણ બત્રીસ, એવી રીતે સતત આઠ સમય સુધી બત્રીસ સિદ્ધ થાય છે. તે પછી અવશ્ય અંતર પડે છે. વળી જ્યારે એક સમયમાં તેત્રીશથી આરંભીને અડતાલીસ પર્યંત સિદ્ધ થાય છે ત્યારે નિરંતર સાત સમય સુધી સિદ્ધ થાય છે. ત્યારબાદ ચોક્કસ અંતર પડે છે. એવી રીતે જ્યારે ઓગણપચાસથી માંડીને યાવત્ સાઠ સુધી એક સમય સિદ્ધ થાય છે ત્યારે અંતર રહિત છ સમય પર્યંત સિદ્ધ થાય છે. તે પછી સમયાદિ અંતર થાય છે. એવી રીતે અન્ય સમયોમાં પણ યોજના કરવી. યાવત્ એક સો ને આઠ એક સમયે જ્યારે સિદ્ધ થાય ત્યારે અવશ્ય સમયાદિ અંતર થાય છે. બીજા આચાર્યો તો આ પ્રમાણે વ્યાખ્યા કરે છે— જ્યારે આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે ત્યારે પ્રથમ સમયમાં જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી બત્રીશ સિદ્ધ થાય છે. બીજા સમયમાં જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી અડતાલીશ સિદ્ધ થાય છે. તેવી રીતે સર્વત્ર એક સમયમાં જઘન્યથી એક અને ઉત્કૃષ્ટથી **'बत्तीसे'** त्यादि ગાથાના ભાવાર્થ પ્રમાણે જાણવું એટલે કે–એક સમયમાં ઉત્કૃષ્ટથી બત્રીશ, બીજામાં અડતાલીશ, ત્રીજા સમયમાં સાઠ, ચોથામાં બોંતેર, પાંચમામાં ચોર્યાસી, છઠ્ઠામાં છન્નુ, સાતમામાં એકસો બે અને આઠમા સમયમાં એકસો ને આઠ સિદ્ધ થાય છે. એમ ભૂતભાવરૂપ સમીપ સંબંધ વડે તીર્થાદિ ભેદથી પંદર પ્રકારના અનંતરસિદ્ધોની વર્ગણાનું એકપણું કહ્યું. હવે પરંપરસિદ્ધોની વર્ગણા કહે છે—ત્યાં **'अपढमसमयसिद्धाणम्'** ઇત્યાદિ ૧૩ સૂત્રો જાણવા. જે પ્રથમ સમયમાં નહિ સિદ્ધ થયેલા તે અપ્રથમસમયસિદ્ધો—સિદ્ધપણાના બીજા સમયમાં વર્તનારા તેઓની વર્ગણા એક છે. એવી રીતે યાવત્ શબ્દથી **'दुसमयसिद्धाणं तिचउपंचछसत्तट्ठनवदससंखेज्जासंखेज्जसमयसिद्धाण'**मिति એમ જાણવું. તેમાં સિદ્ધપણાના ત્રણ સમયાદિને વિષે દ્વિસમયસિદ્ધાદિ કહેવાય છે, અથવા સામાન્યથી અપ્રથમસમયસિદ્ધ નામવિશેષથી દ્વિસમયસિદ્ધ નામ કહેવાય છે. આ કારણથી તેઓની વર્ગણા એક છે. કોઈ સ્થળે **'पढमसमयसिद्धाणं'**ति એવો પાઠ છે. ત્યાં અનંતરસમયસિદ્ધ અને પરંપરસમયસિદ્ધરૂપ ભેદ નહિ કરીને પ્રથમસમયસિદ્ધો જ અનંતરસમયસિદ્ધો છે એવી વ્યાખ્યાદિ કરવી. દ્વિસમયાદિસિદ્ધો તો જેમ શ્રુતમાં છે તેમ જ કહેવા.

અહિંથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો આશ્રય કરીને પુદ્ગલની વર્ગણાના એકપણાનો વિચાર કરાય છે—**'एगा परमे'**त्यादि જે પૂરણ, ગલન સ્વભાવવાળા છે તે પુદ્ગલો, તે સ્કંધો પણ હોય માટે કંઈક વિશેષ કહે છે–પરમાણુઓ–પ્રદેશ રહિત એવા જે પુદ્ગલો છે તેઓની વર્ગણા એક છે. એવં શબ્દથી **'दुपएसियाणं खंधाणं, तिचउपंचछसत्तट्ठनवदस-संखेज्जपएसियाणं असंखेज्जपएसियाणमि'**ति–એમ જાણવું. દ્રવ્યથી પુદ્ગલની વિચારણા કરી. હવે દ્રવ્ય પછી ક્ષેત્રથી વિચારાય છે—**'एगा एगपएसे'**त्यादि–એક પ્રદેશમાં ક્ષેત્રને અવગાહીને રહેલા પુદ્ગલો તે એકપ્રદેશાવગાઢ કહેવાય છે. તેઓની વર્ગણા એક છે અને તે પરમાણુ વગેરે અનંત પ્રદેશવાળા સ્કંધો પર્યંત હોય છે. દ્રવ્યના પરિણામનું અચિંત્યપણું

હોવાથી જેમ પાદ (પારા)ના એક કર્ષ વડે ચારિતા-ખવાયેલા (મિશ્રણ થયેલા) સુવર્ણના સાત કર્ષો તે એક કર્ષીભૂત[1] થાય છે અને ફરી પ્રયોગ વડે અલગ કરવાથી સાત જ કર્ષ સુવર્ણ થાય છે. 'जाव एगा असंखेज्जपएसोगाढाणमि'ति પુદ્ગલોનું અનંત પ્રદેશાવગાઢીપણું જ નથી, કારણ કે લોકપ્રમાણરૂપ અવગાહ ક્ષેત્રનું પણ અસંખ્યેય પ્રદેશપણું છે. હવે કાલથી કહે છે– 'एगा एगसमए'त्यादि–પરમાણુત્વાદિ વડે એકપ્રદેશાવગાઢાદિત્વ વડે અને એકગુણ કાળાદિત્વ વડે એક સમય સુધી જ રહેવાનું છે જેઓને તે એકસમય સ્થિતિવાળા કહેવાય છે. તેઓની વર્ગણા એક છે. પ્રસ્તુત પ્રસંગમાં પુદ્ગલોનો અનંત સમયની સ્થિતિનો અભાવ હોવાથી असंखेज्जसमयट्ठितीयाणमित्युक्तं અર્થાત્ અસંખ્યાત સમયની સ્થિતિ કહી છે. હવે ભાવથી વર્ણવે છે–'एगा एगगुणे'त्यादि–એકથી ગણવું (તાડન કરવું) છે જેઓને તે એકગુણ. એકગુણ કાલા વર્ણ છે જેઓને તે એકગુણ કાળા. જેઓથી એકગુણ આરંભીને તરતમતાથી કૃષ્ણતર, કૃષ્ણતમ વગેરે ભાવોની પહેલાં ઉત્કર્ષની (દ્વિગુણકાલક વગેરેની) પ્રવૃત્તિ થાય છે. તેઓની વર્ગણા એક છે. એવી રીતે સર્વે ભાવ સૂત્રો બસો સાઠ પ્રમાણવાળા કહેવા. કૃષ્ણવર્ણાદિ વીશ ભાવોને તેર[2] વડે ગુણવાથી તે થાય છે. હવે પ્રકારાંતર વડે જઘન્યાદિ ભેદથી ભિન્ન દ્રવ્યાદિ વિશિષ્ટ સ્કંધોની વર્ગણાનું એકપણુ કહે છે—'एगा जहन्नपएसियाणमि'त्यादि–સર્વથી થોડા પ્રદેશો–પરમાણુઓ છે જેઓને તે જઘન્ય પ્રદેશિકો, દ્વિપ્રદેશ[3] વગેરે અણુઓના સમુદાયો તે સ્કંધો, તેઓની ઉત્કૃષ્ટ સંખ્યાવાળા અનંત અણુઓ છે જેઓને તે ઉત્કૃષ્ટ પ્રદેશિકો, તેઓની વર્ગણા એક છે. જે જઘન્ય નહિ અને ઉત્કૃષ્ટ પણ નહિ તે અજઘન્યઉત્કૃષ્ટ (મધ્યમ) પ્રદેશો છે જેઓને તે અજઘન્યઉત્કૃષ્ટ પ્રદેશિકો, તેઓની વર્ગણા એક છે. મધ્યમપ્રદેશિક સ્કંધોની અનંત વર્ગણા છતે પણ અજઘન્યઉત્કૃષ્ટ[4] શબ્દના કથનથી વર્ગણાનું એકપણું છે. (૧) 'जहन्नोगाहणगाण'मित्यादि अवगाहंते—જેમાં જે રહે છે તે અવગાહના. તે ક્ષેત્ર (આકાશ) પ્રદેશરૂપ આ જઘન્ય અવગાહના છે જેઓને તે, અહિં સ્વાર્થમાં 'ક' પ્રત્યય થવાથી જઘન્યઅવગાહનકા—જઘન્ય અવગાહનાવાળા, તેઓની (એકપ્રદેશાવગાઢોની) વર્ગણા એક છે, ઉત્કૃષ્ટઅવગાહનકોની—અસંખ્યાતપ્રદેશાવગાઢોની વર્ગણા એક છે. અજઘન્યઉત્કૃષ્ટ-અવગાહનકોની—સંખ્યાત-અસંખ્યાતપ્રદેશાવગાઢોની વર્ગણા એક છે. (૨) સમયની અપેક્ષાએ જઘન્ય સંખ્યાવાળી સ્થિતિ છે જેઓને તે જઘન્યસ્થિતિકો–એક સમયની સ્થિતિવાળા સ્કંધો તેઓની વર્ગણા એક છે. સમયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સંખ્યાવાળી સ્થિતિ છે જેઓને તેઓની–અસંખ્યાત સમયની સ્થિતિવાળાઓની વર્ગણા એક છે. મધ્યમસ્થિતિકોનું સૂત્ર સુગમ છે (૩). જઘન્ય સંખ્યા વિશેષરૂપ એક વડે ગણવું છે જેને તે એકગુણ કાળો, તે એકગુણ કાળો વર્ણ છે જેઓને તે જઘન્યગુણ કાળા વર્ણવાળા સ્કંધોની વર્ગણા એક છે. એવી રીતે ઉત્કૃષ્ટગુણ કાળા વર્ણવાળા–અનંતગુણ કાળા સ્કંધોની વર્ગણા એક છે. ત્રીજું સૂત્ર સુગમ છે (૩). એવી રીતે સાઠ ભાવસૂત્રો[5] વિચારવા (૪).[6] ॥૫૧॥

સામાન્યથી સ્કંધોની વર્ગણાના એકપણાના અધિકારથી જ મધ્યમપ્રદેશ વિશિષ્ટ મધ્યમપ્રદેશાવગાઢવાળા સ્કંધવિશેષનું એકપણું કહે છે—

**एगे जंबूद्दीवे २ सव्वदीवसमुद्दाणं जाव अद्धंगुलगं च किंचिविसेसाहिए परिक्खेवेणं ॥ सू० ५२॥**

**एगे समणे भगवं महावीरे इमीसे ओसप्पिणीए चउव्वीसाए तित्थगराणं चरमतित्थयरे सिद्धे बुद्धे मुत्ते जाव सव्वदुक्खप्पहीणे ॥ सू० ५३॥**

1. એક કર્ષ વજન ન હોવા છતાં પણ એક કર્ષ થાય છે. કર્ષ તે હાલમાં એક રુપિયાભાર-તોલો કહેવાય છે.
2. એકથી માંડી દશ સંખ્યા પર્યંત દશ અને સંખ્યાત, અસંખ્યાત તથા અનંત એમ ૧૩ સૂત્ર જાણવા.
3. પોતપોતાની વર્ગણામાં જઘન્ય વર્ગણાઓનું અનેકપણું હોવાથી દ્વિઅણુકાદિકો કહેલ છે, પરંતુ ત્રિપ્રદેશિક મધ્યમ કહેવાય છે.
4. ત્રિપ્રદેશિક સ્કંધથી માંડી યાવત્ એકપ્રદેશશૂન્ય ઉત્કૃષ્ટપ્રદેશિક સ્કંધો મધ્યમ-જાણવા.
5. વર્ણાદિ ૨૦ ને જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ ૫૬ વડે ગણવાથી ૬૦ ભાવસૂત્ર થાય છે.
6. ચારના અંક સુધી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી વર્ગણાનું સ્વરૂપ કહેલું છે.

**अणुत्तरोववाइया णं देवा णं एगा रयणी उड्ढंउच्चत्तेणं पन्नत्ता ।। सू० ५४।।**

**अद्दाणक्खत्ते एगतारे पन्नत्ते। चित्ताणक्खत्ते एगतारे। पन्नत्ते सातीणक्खत्ते एगतारे पन्नत्ते ।। सू० ५५।।—**

**एगपएसोगाढा पोग्गला अणंता पन्नत्ता, एवमेगसमयठितिया। एगगुणकालगा पोग्गला अणंता पन्नत्ता, जाव एगगुणलुक्खा पोग्गला अणंता पन्नत्ता ।। सू० ५६।।**

**।। एगट्ठाणं समत्तं ।।**

*(મૂ૦) સર્વ દ્વીપ અને સમુદ્રોના મધ્યમાં જંબૂદ્વીપ નામનો દ્વીપ એક છે યાવત્ ત્રણ લાખ, સોલ હજાર, બસો ને સત્યાવીશ યોજન, ત્રણ ગાઉ, બસો અઠાવીશ ધનુષ્ય અને સાડાતેર અંગુલ કંઈક અધિક પરિધિવાળો છે. ।।૫૨।।*

*શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામી આ અવસર્પિણી કાલમાં, ચોવીશ તીર્થંકરમાં છેલ્લા તીર્થંકર એકલા, સિદ્ધ, બુદ્ધ, મુક્ત યાવત્ સર્વ દુઃખથી રહિત થયા. ।।૫૩।।*

*અનુત્તર વિમાનના દેવોની કાયા એક હાથની ઊર્ધ્વપણે ઊંચી કહેલી છે. ।।૫૪।।*

*આદ્રા નક્ષત્રનો તારો એક કહેલ છે, ચિત્રા નક્ષત્રનો તારો એક કહેલ છે, સ્વાતિ નક્ષત્રનો તારો એક છે. ।।૫૫।।*

*એક પ્રદેશને અવગાહી રહેલા પુદ્ગલો અનંત કહ્યા છે, એવી રીતે એક સમયની સ્થિતિવાળા અને એકગુણ કાળા વર્ણવાળા પુદ્ગલો અનંત કહેલ છે, યાવત્ એકગુણ રુક્ષસ્પર્શવાળા પુદ્ગલો અનંત કહેલ છે. ।।૫૬।।*

(ટી૦) જંબૂવૃક્ષ વિશેષ વડે ઓળખાતો જે દ્વીપ જે જંબૂદ્વીપ નામનો દ્વીપ એ સામાન્ય નામ છે, યાવત્ શબ્દના ગ્રહણથી આ પ્રમાણે સૂત્ર જોવું-જાણવું. સર્વાભ્યંતર, સર્વ દ્વીપાદિથી લઘુ, વૃત્ત (ગોળ) તેલના પૂડલાના આકારવાળો, એક લાખ યોજન લાંબો-પહોળો, ત્રિગુણ ઝાઝેરી પરિધિવાળો, ઉક્ત વિશેષણવાળો જંબૂદ્વીપ એક જ છે. **પૂર્વોક્ત વિશેષણ રહિત બીજા અનેક જંબૂદ્વીપો પણ છે.** ।।૫૨।।

હમણાં જે જંબૂદ્વીપ કહ્યો તેના પ્રરૂપક ભગવાન્ મહાવીરનું એકપણું કહે છે—'एगे समणे' इत्यादि—એક-અસહાય, આનો સંબંધ સિદ્ધ વગેરે શબ્દ સાથે છે. श्राम्यति—જે તપશ્ચર્યા કરે છે તે શ્રમણ, भज्यत इति भग—સમગ્ર ઐશ્વર્યાદિ સ્વરૂપને જે ભોગવે છે. કહ્યું છે—

**ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः । धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ।।१२३।। [दश.वै.टीका ४अ]**

સમગ્ર ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન—આ છ અર્થમાં '**भग**' શબ્દ વપરાય છે. (૧૨૩)

આ છ અર્થ છે વિદ્યમાન જેને તે ભગવાન્. વળી ईरयति—વિશેષ વડે મોક્ષ પ્રાપ્ત કરે છે અને પ્રાણીને પ્રાપ્ત કરાવે છે, અથવા પ્રાણીઓને પ્રેરણા કરે છે અથવા કર્મોને દૂર કરે છે અથવા वीरयति—રાગાદિ શત્રુઓને જીતે અને બીજાઓને જીતાવે છે, અથવા નિરુક્તિથી વીર શબ્દ છે. કહ્યું છે કે—

**विदारयति यत् कर्म्म, तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च, तस्माद् वीर इति स्मृतः ।।१२४।।**

"જે કર્મને વિદારે છે-નાશ કરે છે અને તપ વડે શોભે છે, તપ અને વીર્ય વડે યુક્ત છે તે કારણથી વીર કહેવાય છે." અન્ય વીરની અપેક્ષાએ મહાન્ એવો જે વીર તે મહાવીર. (૧૨૪)

ભાષ્યમાં કહેલું છે કે—

**तिहुयणविक्खायजसो, महाजसो नामओ महावीरो । विक्कंतो य कसायाइसत्तुसेन्नप्पराजयओ ।।१२५।।**

**ईरेइ विसेसेण व, खिवइ कम्माइँ गमयइ सिवं वा । गच्छइ अ तेण वीरो, स महं वीरो महावीरो ।।१२६।।**

**[विशेषावश्यक० १०५९-१०६०]**

ત્રણ ભુવનમાં યશ પ્રસિદ્ધ હોવાથી મહાયશવાળા અથવા કષાયાદિ વૈરીના સૈન્યના પરાજયથી વિક્રાંત-પરાક્રમવાળા

તે વીર (૧૨૫). જે વિશેષે કરીને કર્મ ખપાવે અથવા મોક્ષ પમાડે, અને પોતે મોક્ષે જાય, તેથી તે વીર, એવા મહાન્ વીર તે મહાવીર (૧૨૬).[1] આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરોને વિષે છેલ્લા તીર્થંકર, સિદ્ધ–કૃતાર્થ થયા, બુદ્ધ–કેવલજ્ઞાન વડે જાણવા યોગ્ય (પદાર્થ)ને જાણનાર, મુક્ત–કર્મથી મુકાયેલા, 'યાવત્' શબ્દથી **'अंतकडे'** જેણે ભવનો અંત કર્યો છે તે અંતકૃત, **'परिनिव्वुडे'**—પરિનિર્વૃત–કર્મકૃત વિકારના વિરહથી શાંત થયેલા, શું કહેલું (પ્રાપ્ત) થાય છે? **'सव्वदुक्खप्पहीणे'**— શરીરાદિના સર્વે દુઃખો જેના નાશ થયા છે તે સર્વદુઃખપ્રક્ષીણ અથવા પ્રહીણ. સર્વ ઠેકાણે બહુવ્રીહી સમાસમાં ક્તાંતનો જે પરિનિપાત છે તે અહિતાગ્ન્યાદિ ગણથી થાય છે. અહિં તીર્થંકરોને વિશે મહાવીરનું જ મોક્ષગમનમાં એકપણું છે પણ ઋષભાદિ જિનોનું એકપણું નથી, કારણ કે દશ હજાર વગેરે મુનિઓના પરિવાર વડે તેઓનું સિદ્ધપણું થયેલું છે. કહ્યું છે કે–

**एगो भगवंवीरो, तेत्तीसाएँ सह निव्वुओ पासो । छत्तीसएहिं पंचहिं, सएहिं नेमी उ सिद्धिगओ ॥१२७॥**

**[आ.नि. ३०८ इत्यादि]**

એકાકી ભગવાન્ મહાવીર. તેત્રીશ મુનિઓની સાથે પાર્શ્વનાથ સિદ્ધ થયા અને પાંચસો છત્રીસ મુનિઓની સાથે નેમીશ્વર ભગવાન્ મોક્ષે ગયા (૧૨૭) ઇત્યાદિ.[2] ॥૫૩॥

વીર એકાકી મોક્ષ પામ્યા એ કહ્યું. સિદ્ધક્ષેત્રની નજીકમાં અનુત્તર વિમાનો છે માટે તેમાં વસનારા દેવોનું માન[3] કહે છે– **'अनुत्तरे'**त्यादि, જેથી અન્ય વિમાનો પ્રધાન ન હોવાથી અનુત્તર વિજયાદિ વિમાનો, તેઓને વિષે જે ઉપપાત–જન્મ, તે છે વિદ્યમાન જેઓને તે અનુત્તરોપપાતિક દેવો. બે **'णंकार'** વાક્યાલંકારમાં છે. દેવો એક રત્નિ–હાથ પર્યંતની અવગાહનાવાળા છે. **क्रोशं कौटिल्येन नदीवत्**. અહિં દ્વિતીયા વિભક્તિ લેવી. **'उड्ढं उच्चत्तेणं'**તિ વસ્તુનું અનેક પ્રકારે ઉચ્ચપણું છે. એક ઊભા રહેલનું ઊંચપણું, બીજું તિર્યક્સ્થિત (સૂતેલ વગેરે)નું અને ત્રીજું ગુણો વડે ઉચ્ચપણું છે. ત્રણમાં બીજા અને ત્રીજાને છોડીને ઊર્ધ્વસ્થિત (ઊભા રહેલા)નું જે ઊંચપણું તે ઊર્ધ્વ ઉચ્ચત્વ આગમમાં રૂઢ થયેલ છે. તે ઊર્ધ્વ ઉચ્ચત્વ વડે સર્વજ્ઞોએ પ્રરૂપણા કરેલ છે. અહીં મૂલમાં અનુસ્વાર છે તે પ્રાકૃત શૈલીથી જાણવું. અનુત્તરોપપાતિક દેવોનું ઉર્ધ્વ ઊચ્ચપણાએ એક હાથનું પ્રમાણ જાણવું. ॥૫૪॥

દેવના અધિકારથી નક્ષત્ર દેવોનું—**'अद्दानक्खत्ते'** ઇત્યાદિ ત્રણ સુગમ સૂત્ર વડે તારાનું એકપણું કહ્યું. તારા જ્યોતિષ્કોના વિમાનરૂપ છે. કૃતિકાદિ નક્ષત્રોમાં તારાનું પ્રમાણ નીચે પ્રમાણે છે—

**[1]छ ६ [2]प्पंच ५ [3]तिन्नि ३ [4]एगं १ [5]चउ ४ [6]तिग ३ [7]रस ६ [8]वेय ४ [9]जुयल २ [10]जुयलं २ च।**

**[11]इंदिय ५ [12]एगं १ [13]एगं १, [14]विसय ५ [15]ऽग्गि ३ [16]समुद्द ४ [17]बारसगं १२ ॥१२८॥**

**[18]चउरो ४ [19]तिन्नि य ३ [20]तिय ३ [21]तिय ३ [22]पंच ५ [23]सत्त ७ [24]बे २ [25]बे २ [26][27][28]मवे तिया तिन्नि ३-३-३।**

**रिक्खे तारपमाणं, जइ तिहितुल्लं हयं कज्जं ॥१२९॥**

ઉપરના અંક પ્રમાણે કૃતિકાથી આરંભીને ભરણી સુધી નક્ષત્રો ગણવા અને કૃતિકાના ૬, રોહિણીના ૫, મૃગશરના ૩ યાવત્ ભરણી સુધીના નક્ષત્રોના તારા શ્લોકમાં જણાવેલા બાજુના અંક પ્રમાણે જાણવા. બીજી ગાથાનાં ઉત્તરાર્દ્ધમાં તારાનું ફળ કહે છે. જ્યારે જે [4]નક્ષત્રમાં તારાની સંખ્યાનું જે પ્રમાણ છે તે પ્રમાણે જ તિથિ હોય ત્યારે કાર્યની સિદ્ધિ ન થાય; નુકશાની થાય (૧૨૮–૧૨૯). પ્રસ્તુત સૂત્રમાં એક સ્થાનકના અનુરોધથી ત્રણ નક્ષત્રના તારાનું પ્રમાણ કહ્યું. બાકીના નક્ષત્રોનું તો જે તારાનું પ્રમાણ છે તે પ્રાયઃ આગળના અધ્યયનોમાં સૂત્રકાર સ્વયં કહેશે. તારાના પ્રમાણનો જે કોઈ સ્થળે વિસંવાદ–મતભેદ છે તે

1. ટીકામાં 'त्ति' શબ્દ લેવાથી અહિં ભાષ્યમાં આ પ્રમાણે સંબંધ છે.
2. બાકીના તીર્થંકરોનું વૃત્તાંત આવશ્યકનિર્યુક્તિ વગેરે શાસ્ત્રથી જાણી લેવું. 3. દેવ–દેહમાનં પ્રત્યંતરમાં છે.
4. દા.ત. કૃતિકા નક્ષત્રના છ તારા છે, માટે છઠ તિથિમાં કૃતિકા આવે તો કાર્યસિદ્ધિ ન થાય. રોહિણીમાં પાંચ તારા છે માટે પંચમી તિથિમાં રોહિણી આવે તો કાર્યસિદ્ધિ ન થાય એમ ૨૮ નક્ષત્રોનું ફળ જાણવું.

તથાપ્રકારના પ્રયોજનોમાં અમુક નક્ષત્ર સહિત તિથિવિશેષનું અશુભપણાનું સૂચન કરવા મતાંતરભૂત હોવાથી ઉક્ત બે ગાથાને બાધક નથી. ॥૫૫॥

તારો પુદ્ગલરૂપ છે માટે પુદ્ગલનું સ્વરૂપ કહે છે—'**एगप्पएसोगाढे**' ઇત્યાદિ સુગમ છે. વિશેષ હવે કહે છે-એકત્ર પ્રદેશ ક્ષેત્રના અંશવિશેષમાં જે આશ્રિત થયેલા તે એકપ્રદેશાવગાઢો છે, તે પરમાણુરૂપે અને સ્કંધરૂપે છે. એવી રીતે ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શના ભેદ વિશિષ્ટ પુદ્ગલો કહેવા. આથી જ કહ્યું છે—'**जाव एगगुणलुक्खे**' ઇત્યાદિ. ॥૫૬॥

આવી રીતે અનુગમ કહેવાયો. હવે કંઈક પ્રત્યવસ્થાન (સમાધાન)ના પ્રસ્તાવમાં નયદ્વાર કહેલું છે તો પણ અનુયોગદ્વારના ક્રમ વડે આવેલું નયદ્વાર ફરીથી વિશેષ સ્વરૂપે કહેવાય છે. તેમાં નૈગમ વગેરે સાત નયો છે અને તે જ્ઞાનનય અને ક્રિયાનયમાં અંતર્ભાવ થાય છે. તે જ્ઞાન અને ક્રિયાનયથી આ અધ્યયનનો વિચાર કરાય છે. તેમાં જ્ઞાનક્રિયાત્મક આ અધ્યયનમાં, જ્ઞાનનય જ્ઞાનને જ મુખ્ય (શ્રેષ્ઠ) ઇચ્છે છે, કારણ કે સમસ્ત પુરુષાર્થની સિદ્ધિ જ્ઞાનના આધીનપણાથી થાય છે. કહ્યું છે કે—

**विज्ञप्तिः फलदा पुंसाम्, न क्रिया फलदा मता । मिथ्याज्ञानात् प्रवृत्तस्य, फल प्राप्तेरसम्भवाद् ॥१३०॥**

વિજ્ઞપ્તિ-વિશેષ જ્ઞાન પુરુષોને ફલ દેનાર છે, પણ ક્રિયા ફલની દેનારી ઇષ્ટ નથી, કારણ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્ત થયેલ પુરુષને ફલની પ્રાપ્તિનો અસંભવ છે. (૧૩૦)

આ કારણથી આ લોક અને પરલોકના ફળને ઇચ્છનારે જ્ઞાનમાં જ પ્રયત્ન કરવો જોઈએ. ક્રિયાનય તો ક્રિયાને જ ઇચ્છે છે; કારણ કે પુરુષાર્થની સિદ્ધિમાં ક્રિયાનું જ પ્રયોજનપણું છે. વળી કહ્યું છે કે—

**क्रियैव फलदा पुंसाम्, न ज्ञानं फलदं मतम् । यतः स्त्रीभक्ष्यभोगज्ञो न ज्ञानात् सुखितो भवेत् ॥१३१॥**

'ક્રિયા જ પુરુષોને ફલ દેનારી છે, પણ જ્ઞાન ફલને દેનારું ઇષ્ટ નથી, તેથી સ્ત્રી અને ભક્ષ્યના ભોગને જાણનાર જ્ઞાનમાત્રથી સુખી થતો નથી.' (૧૩૧)

આ કારણથી ઐહિક અને પારલૌકિક ફલના ચાહકોએ ક્રિયા જ કરવા યોગ્ય છે. જૈનદર્શનમાં તો જ્ઞાન અને ક્રિયા બંને પૈકી કોઈ એકને પુરુષાર્થનું સાધનપણું કહ્યું નથી. જેથી કહ્યું છે કે—

**हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया । पासंतो पंगुलो दड्ढो, धावमाणो य अंधओ ॥१३२॥ [आ.नि. १०१]**

ક્રિયા વગરનું જ્ઞાન હણાયેલું (ફલ રહિત) છે અને અજ્ઞાનથી કરાયેલી ક્રિયા નિષ્ફળ છે. દેખતો થકો પાંગળો માણસ અને દોડતો થકો આંધળો માણસ બન્ને બળી જાય છે, અર્થાત્ જ્ઞાન પાંગળું છે અને ક્રિયા આંધળી છે. (૧૩૨)

જ્ઞાન અને ક્રિયાનો સંયોગ જ ફલનો સાધક છે. કહ્યું છે કે—

**संजोगसिद्धीए फलं वयंति, नहु एगचक्केण रहो पयाइ । अंधो य पंगू य वणे समिच्चा, ते संपउत्ता नगरं पविट्ठा ॥१३३॥ [आ.नि. १०२]**

તીર્થંકરો જ્ઞાન-ક્રિયાના સંયોગની સિદ્ધિથી ફળ-મોક્ષને કહે છે. જેમ રથ એક પૈડા વડે ચાલતો નથી તેમ માત્ર જ્ઞાન કે ક્રિયાથી મોક્ષ પ્રાપ્ત થતું નથી. આંધળો અને પાંગળો બન્ને વનમાં આવીને સાથે જોડાયા ત્યારપછી જ નગરમાં પ્રવેશ્યા (૧૩૩). વળી ભાષ્યકારે કહેલું છે કે—

**नाणाहीणं सव्वं, नाणणओ भणति किं च [थ] किरियाए? । किरियाए करणनओ, तदुभयगाहो य सम्मत्तं ॥१३४॥ [विशेषावश्यक० ३५९१ ति]**

જ્ઞાનનય, સર્વ સુખ જ્ઞાનને જ આધીન કહે છે, પરંતુ ક્રિયા વડે શું? અર્થાત્ ક્રિયાથી શું થવાનું છે? ક્રિયાનય, ક્રિયાથી જ સુખ કહે છે. સત્ય તો જ્ઞાન અને ક્રિયા એ બન્ને નય ગ્રહણ કરનારને સમ્યક્ત્વ છે—યથાર્થપણું છે. (૧૩૪)

અથવા નૈગમાદિ સાત નયો પણ સામાન્યનયમાં અને વિશેષનયમાં અંતર્ભૂત થાય છે. તેમાં સામાન્યનય, પ્રસ્તુત અધ્યયનમાં કહેલા આત્માદિ પદાર્થોનું એકપણું જ માને છે, કારણ કે સામાન્યનયનું સામાન્યવાદીપણું છે. સામાન્યવાદી કહે

છે—સામાન્ય જ એક, નિત્ય, અવયવ રહિત, નિષ્ક્રિય અને વ્યાપક–સર્વગત છે. સામાન્ય રહિત હોવાથી વિશેષ નથી. અહિં જે સામાન્ય રહિત છે તે વસ્તુ જ નથી, દા.ત. ગધેડાનું શીંગડું. જે વસ્તુ છે તે સામાન્ય રહિત નથી; જેમકે ઘડો. વળી સામાન્યવાદી વિશેષવાદીને કહે છે કે તમે વિશેષો, સામાન્યથી અન્ય–ભિન્ન સ્વીકારો છો અથવા અનન્ય–અભિન્ન? જો સામાન્યથી વિશેષો જૂદા કહેશો તો તે અસત્–અછતા છે, કારણ કે સામાન્ય રહિત હોવાથી તે આકાશના ફૂલની જેમ અસત્ છે. જો વિશેષો સામાન્યથી જૂદા નથી તો સામાન્ય માત્ર જ છે. અથવા સામાન્યમાં વિશેષનો ઉપચાર જો હોય તો ઉપચાર વડે વસ્તુના તત્ત્વનું ચિંતન નહિં થાય. ભાષ્યકાર કહે છે—

**एक्कं निच्चं निरवयवमक्कियं सव्वगं च सामन्नं । निस्सामन्नत्ताओ, नत्थि विसेसो खपुप्फं व ॥१३५॥** *तथा*

**[विशेषावश्यक० ३२]**

એક નિત્ય–નિરવયવ–અક્રિય અને સર્વગત એવું સામાન્ય વસ્તુરૂપે છે. આકાશ પુષ્પની જેમ સામાન્ય વિનાનું વિશેષ એવું કાંઈ છે જ નહીં. (૧૩૫)

**सामन्नओ विसेसो, अन्नोऽनन्नो व होज्ज? जइ अन्नो । सो नत्थि खपुप्फं, पि वऽणन्नो सामन्नमेव तयं ॥१३६॥(युग्मम्)**

**[विशेषावश्यक० ३४]**

સામાન્યથી વિશેષ અન્ય હોય અથવા અનન્ય હોય (ભિન્ન કે અભિન્ન હોય)? જો ભિન્ન હોય તો આકાશ પુષ્પની જેમ તેની અસ્તિ નથી અને અભિન્ન હોય તો તે સામાન્ય જ છે. (૧૩૬)

આત્માદિ પદાર્થોનું એકપણું સામાન્યનયથી કહેલું છે. વિશેષનયના મતથી તો આત્માદિનું અનેકપણું જ છે. વિશેષવાદી કહે છે–સામાન્ય, વિશેષોથી ભિન્ન છે કે અભિન્ન? ભિન્ન નથી, કારણ કે આકાશના ફૂલની જેમ તદન પ્રત્યક્ષ નથી. વળી વિશેષોથી સામાન્ય ભિન્ન નથી, કારણ કે દાહ, પાક, સ્નાન, પાન, અવગાહ, વાહ અને દાહ આદિ સામાન્ય શબ્દ વડે સર્વ સંવ્યવહારનો ગધેડાના શીંગડાની જેમ અભાવ છે, તેથી કંઈ પણ વ્યવહાર થઈ શકશે નહિં. જો સામાન્ય અભિન્ન છે તો વિશેષ માત્ર જ વસ્તુ છે, સામાન્ય નામ જ નથી. અથવા વિશેષોમાં સામાન્ય માત્રનો ઉપચાર કરેલ છે, એમ જો કહેશો તો ઉપચાર વડે વસ્તુતત્ત્વ નહિ વિચારી શકાય. ભાષ્યકાર કહે છે—

**न विसेसत्थंतरभूयमत्थि सामन्नमाह ववहारो । उवलंभव्ववहाराभावाओ खरविसाणं व ॥१३७॥ [विशेषाव०३५]**

વ્યવહારનય કહે છે કે વિશેષથી સામાન્ય અર્થાન્તરભૂત (જૂદું) નથી. કેમકે ઉપલબ્ધિ–જ્ઞાન અને વ્યવહારના અભાવે તે ખરશૃંગવત્ અવિદ્યમાન છે.

આવી રીતે આત્માદિ પદાર્થોનું અનેકપણું જ છે. **શંકા**—બન્ને પક્ષમાં પણ યુક્તિઓનો સંભવ હોવાથી ક્યું તત્ત્વ સ્વીકારવું જોઈએ? **સમાધાન**—કથંચિત્ એકપણું અને કથંચિત્ અનેકપણું છે. તે આ પ્રમાણે—વસ્તુનું સમવિષમપણું હોવાથી સમરૂપની અપેક્ષાએ એકપણું છે, અને વિષમરૂપની અપેક્ષાએ તો અનેકપણું છે. કહ્યું છે કે—

**वस्तुनः एव समानः परिणामो यः स एव सामान्यम् । विपरीतस्तु विशेषो वस्त्वेकमनेकरूपं तद् ॥१३८॥**

"વસ્તુનો જ જે સમાન પરિણામ છે તે જ સામાન્ય છે અને વસ્તુના જે વિષમ પરિણામ છે તે જ વિશેષો છે; તેથી વસ્તુ એકરૂપ અને અનેકરૂપ છે."

***॥ ઇતિ શ્રીમદ્અભયદેવસૂરિવિરચિત ઠાણાંગ સૂત્રના પહેલા***
***એક સ્થાનક અધ્યયનનો મૂલ તથા ટીકાનો અનુવાદ સમાપ્ત. ॥***

# अथ द्वितीयं द्विस्थानकारव्यमध्ययनम्

## प्रथम उद्देशः

એક સ્થાનક નામવાળું પ્રથમ અધ્યયનનું વ્યાખ્યાન કર્યું, હવે સંખ્યાક્રમના સંબંધ વડે પ્રાપ્ત થયેલ બે સ્થાનક નામવાળું બીજું અધ્યયન વર્ણવવામાં આવે છે. આ બીજા અધ્યયનનો વિશેષ સંબંધ કહે છે—અહિં જૈનોને જૈનદર્શનની સામાન્ય-વિશેષાત્મક વસ્તુ સમ્મત છે. તેમાં સામાન્યને આશ્રય કરીને પ્રથમ અધ્યયનમાં આત્માદિ પદાર્થોનું એકપણાએ નિરૂપણ કર્યું, હવે પ્રસ્તુત અધ્યયનમાં તો વિશેષનો આશ્રય કરવાથી આત્માદિ વસ્તુ દ્વિવિધપણાએ કહેવાય છે. આ સંબંધ વડે પ્રાપ્ત થયેલ આ બીજા અધ્યાયના અનુયોગના ઉપક્રમાદિ ચાર દ્વારો હોય છે. તે ચાર દ્વારો પ્રથમ અધ્યયનની જેમ જાણવા. જે કંઈક વિશેષ હોય તે સ્વબુદ્ધિ વડે જાણવા યોગ્ય છે. કેવલ ચાર ઉદ્દેશકાત્મક આ અધ્યયનના સૂત્રાનુગમમાં પ્રથમ ઉદ્દેશકનું આ પ્રથમ સૂત્ર ઉચ્ચારવું.

**जदत्थि णं लोगे तं सव्वं दुपओआरं, तंजहा— जीव च्चेव अजीव च्चेव ।**

**तसे [तस] चेव थावरे [थावर] चेव १। सजोणिय च्चेव अजोणिय च्चेव २। साउय च्चेव अणाउय च्चेव ३। सइंदिय च्चेव अणिंदिय चेव ४। सवेयगा चेव अवेयगा चेव ५। सरूवि चेव अरूवि चेव ६। सपोग्गला चेव अपोग्गला चेव ७। संसारसमावन्नगा चेव असंसारसमावन्नगा चेव ८। सासया चेव असासया चेव ९ ॥ सू० ५७॥**

*(મૂ०) જે આ લોકને વિષે જીવાદિ વસ્તુ છે તે સર્વ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવ અને અજીવ. જીવના બે પ્રકાર છે– ૧ ત્રસ અને થાવર, ૨ સયોનિક-સંસારી અને અયોનિક-સિદ્ધ, ૩ આયુષ્ય સહિત અને આયુષ્ય રહિત, ૪ ઇંદ્રિય સહિત અને અનિંદ્રિય (ઇંદ્રિય રહિત), ૫ વેદસ-વેદ સહિત અને વેદ રહિત, ૬ રૂપી-મૂર્ત્ત (આકાર સહિત) અને અરૂપી-અમૂર્ત્ત (આકાર રહિત), ૭ પુદ્ગલ સહિત અને પુદ્ગલ રહિત, ૮ સંસારમાં રહેલા અને સંસારમાં નહિં રહેલ, ૯ શાશ્વત અને અશાશ્વત એમ બબ્બે પ્રકારે જીવો છે. ॥૫૭॥*

(ટી०) આ સૂત્રનો પૂર્વ સૂત્રની સાથે આ પ્રમાણે સંબંધ છે—પૂર્વે કહેલું છે કે—એક ગુણ લૂખા પુદ્ગલો અનંત છે, તે પુદ્ગલોમાં અનેકગુણ લૂખા પુદ્ગલો પણ હોય છે, જેને લઈને તે પુદ્ગલો એકગુણ રુક્ષપણાએ વિશેષ કરાય છે? હા, હોય છે. જે માટે 'जदत्थी'त्यादि. હવે પરંપરસૂત્રનો સંબંધ તો—'श्रुतं मयाऽऽयुष्मता भगवतैवमाख्यातमेक आत्मे'त्यादि–તેમ આ બીજું અધ્યયન પણ કહ્યું છે. 'जदत्थी'त्यादि સંહિતાદિની ચર્ચા પૂર્વની જેમ જાણવી. જે જીવાદિ વસ્તુ વિદ્યમાન છે. 'णं'કાર વાક્યના અલંકારમાં છે. 'जदत्थिं च णं'ति આવો પાઠ પણ ક્યાંક છે. તે સૂત્રમાં અનુસ્વાર આગમથી થયેલ છે અને ચકાર પુનઃ અર્થમાં છે. આ જીવાદિ વસ્તુનો આ પ્રમાણે પ્રયોગ છે—આત્માદિ વસ્તુ છે, પ્રથમના અધ્યયન વડે કહેવાયેલ હોવાથી પંચાસ્તિકાયાત્મક લોકમાં, અથવા लोक्यते—[કેવલજ્ઞાન વડે] જે પ્રમાણ કરાય–જણાય તે લોક, આ વ્યુત્પત્તિ વડે લોક અને અલોકરૂપમાં જે વસ્તુ છે તે સર્વ વસ્તુ બે પદ-સ્થાનમાં તથા વિવક્ષિત વસ્તુ અને તેથી વિપરીત લક્ષણરૂપ બે પક્ષમાં અવતાર (સમાવેશ) થાય છે જેનો તે દ્વિપદાવતાર છે. 'दुपडोयारं'ति આ પાઠ ક્યાંક બોલાય છે ત્યાં બે પક્ષમાં પ્રત્યવતાર છે જેનો તે દ્વિપ્રત્યવતાર છે, સ્વરૂપવાન્ અને પ્રતિપક્ષવાન્ ઇત્યર્થ 'तद्यथे'ति–દૃષ્ટાંતના સ્થાપનમાં 'तद्यथा' શબ્દ છે. 'जीव च्चेव अजीव च्चेव'[1]'त्ति-'जीवाश्चैवाजीवाश्चैव,' પ્રાકૃતશૈલીથી સંયુક્ત પરત્વ વડે હ્રસ્વ થાય. બે ચકાર સમુચ્ચય અર્થવાળા

1. બે ચકારના સંયોગથી પ્રાકૃતનિયમ પ્રમાણે વકાર હ્રસ્વ થયેલ છે.

છે અને 'एव'કાર ચોક્કસ અર્થમાં છે. 'एव'નો ચોક્કસ અર્થ કરવા વડે રાશ્યંતર (ત્રીજી રાશિ)નો નિષેધ કહેલ છે. નોજીવ નામની રાશિ જુદી રાશિ છે, એમ જો કહેશો તો તેમ નથી, કારણ કે 'નો' શબ્દનો સર્વ નિષેધકપણામાં સ્વીકાર કરવાથી 'નોજીવ' શબ્દ વડે અજીવ જ ચોક્કસ થાય છે અને નો શબ્દને દેશ નિષેધક અર્થમાં લેવાથી તો જીવનો દેશ જ ચોક્કસ થાય છે. દેશ (અવયવ) અને દેશી (અવયવી)નો અત્યંત ભેદ નથી, માટે આ દેશ તે જીવ જ છે. અથવા 'च्चेय'ति ચય શબ્દ એવકારના અર્થવાળો છે. 'चिय च्चेय एवार्थे' इति वचनात्. તથા જીવો જ વિવક્ષિત વસ્તુ છે અને અજીવો જ પ્રતિપક્ષ વસ્તુ છે. એવી રીતે સર્વત્ર જાણવું. અથવા 'यदस्ति' સતરૂપ જે વસ્તુ, જીવ અને અજીવના ભેદથી બે પ્રકારે હોય છે. શેષ તેમજ જાણવું. હવે ત્રસ ઇત્યાદિ નવ સૂત્રના સમૂહ વડે જીવતત્ત્વના જ પ્રતિપક્ષ સહિત ભેદોને બતાવે છે—तसे चेवेत्यादि, તેમાં ત્રસનામકર્મના ઉદયથી ત્રાસ-ઉદ્વેગ પામે છે તે દ્વીંદ્રિય વગેરે ત્રસજીવો, અને સ્થાવરનામકર્મના ઉદયથી ગતિ રહિત-સ્થિર સ્વભાવવાળા પૃથિવીકાયિક વગેરે સ્થાવર જીવો છે (૧). ઉત્પત્તિસ્થાન સહિત તે સયોનિકો-સંસારી જીવો અને તેનાથી વિપરીત અયોનિકો—સિદ્ધો છે (૨). જે આયુષ્ય સહિત વર્તે છે તે સાયુષ્ક-આયુષ્યવાળા સંસારી જીવો અને તેનાથી અન્ય-આયુષ્ય રહિત તે સિદ્ધો છે (૩). એવી રીતે જે ઇંદ્રિય સહિત તે સંસારી જીવો અને અનિંદ્રિયો-સિદ્ધ [1]વગેરે જીવો છે (૪). સવેદકો—સ્ત્રીવેદ વગેરેના ઉદયવાળા જીવો અને વેદના ઉદય રહિત સિદ્ધ વગેરે[2] જીવો છે (૫). મૂર્ત સહિત વર્તે છે તે સરૂપિણ—આ શબ્દ સમાસાંત ઇન્ પ્રત્યય કીધે છતે સિદ્ધ થાય છે. સંસ્થાન (આકાર) અને વર્ણાદિવાળા શરીર સહિત જીવો અને જે રૂપવાળા નથી તે અરૂપી-મુક્ત જીવો છે (૬). સપુદ્ગલા-કર્મ વગેરે પુદ્ગલવાળા જીવો અને અપુદ્ગલા-સિદ્ધો છે (૭). સંસારમાં રહેલા સંસારી જીવો અને તેથી જુદા તે સિદ્ધના જીવો (૮). જન્મ અને મરણ વગેરેથી રહિત હોવાથી શાશ્વતા-સિદ્ધના જીવો અને જન્મમરણાદિ યુક્ત હોવાથી અશાશ્વતા-સંસારી જીવો છે (૯). ।।૫૭।।

એમ જીવતત્ત્વના દ્વિપદાવતારનું નિરૂપણ કરીને અજીવતત્ત્વના દ્વિપદાવતારનું નિરૂપણ કરે છે—

**आगासे[3] चेव नोआगासे चेव । धम्मे चेव अधम्मे चेव ।। सू० ५८।।**

**बंधे चेव मोक्खे चेव १। पुन्ने चेव पावे चेव २। आसवे चेव संवरे चेव ३। वेयणा चेव निज्जरा चेव ४ ।।सू० ५९।।**

**दो किरियाओ पन्नत्ताओ, तंजहा—जीवकिरिया चेव अजीवकिरिया चेव १। जीवकिरिया दुविहा पन्नत्ता, तंजहा-सम्मत्तकिरिया चेव, मिच्छत्तकिरिया चेव २। अजीवकिरिया दुविहा पन्नत्ता, तंजहा—इरियावहिया चेव संपराइया चेव ३।**

**दो किरियाओ पन्नत्ताओ, तंजहा—काइया चेव आधिकरणिया चेव ४। काइया किरिया दुविहा पन्नत्ता, तंजहा—अणुवरयकायकिरिया चेव, दुप्पउत्तकायकिरिया चेव ५। आधिकरणिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—संजोयणाधिकरणिया चेव णिव्वत्तणाधिकरणिया चेव ६।**

**दो किरियाओ पन्नत्ताओ, तंजहा—पाउसिया चेव पारियावणिया चेव ७। पाउसिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—जीवपाउसिया चेव अजीवपाउसिया चेव ८। पारियावणिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—सहत्थपारियावणिया चेव परहत्थपारियावणिया चेव ९।**

**दो किरियाओ पन्नत्ताओ, तंजहा—पाणाइवायकिरिया चेव अपच्चक्खाणकिरिया चेव १०। पाणाइवायकिरिया दुविहा पन्नत्ता, तंजहा—सहत्थपाणाइवायकिरिया चेव परहत्थपाणाइवायकिरिया चेव ११। अपच्चक्खाणकिरिया**

1. 'વગેરે' શબ્દથી ભવસ્થ કેવલિઓ જાણવા, કારણ કે તેઓને ક્ષાયોપશમિકભાવનો અભાવ છે અને ભાવ ઇંદ્રિયો ક્ષયોપશમભાવે છે.
2. નવમા ગુણઠાણાનો અમુક ભાગ, સંખ્યાતો ગયા પછી ભાવવેદના ઉદયના અભાવથી અવેદી હોય છે.
3. 'अगासा चेव' આવો પાઠ આગમોદય સમિતિવાળી પ્રતિમાં છે.

दुविहा पन्नत्ता, तंजहा—जीवअपच्चक्खाणकिरिया चेव अजीवअपच्चक्खाणकिरिया चेव १२।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—आरंभिया चेव प[पा]रिग्गहिया चेव १३। आरंभिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—जीवआरंभिया चेव अजीवआरंभिया चेव १४। एवं परिग्गहिया वि १५।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—मायावत्तिया चेव मिच्छादंसणवत्तिया चेव १६। मायावत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—आयभाववंकणता चेव परभाववंकणता चेव १७। मिच्छादंसणवत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—ऊणाइरित्तमिच्छादंसण-वत्तिया चेव तव्वइरित्तमिच्छादंसणवत्तिया चेव १८।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—दिट्ठिया चेव पुट्ठिया चेव १९। दिट्ठिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—जीवदिट्ठिया चेव अजीवदिट्ठिया चेव २०। एवं पुट्ठिया वि २१।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—पाडुच्चिया चेव सामंतोवणिवाइया चेव २२। पाडुच्चिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—जीवपाडुच्चिया चेव अजीवपाडुच्चिया चेव २३। एवं सामंतोवणिवाइया वि २४।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—साहत्थिया चेव णेसत्थिया चेव २५। साहत्थियाकिरिया दुविहा पन्नत्ता, तंजहा—जीवसाहत्थिया चेव अजीवसाहत्थिया चेव २६। एवं णेसत्थिया वि २७।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—आणवणिया चेव वेयारणिया चेव २८। जहेव णेसत्थियाओ २९-३०।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—अणाभोगवत्तिया चेव अणवकंखवत्तिया चेव ३१। अणाभोगवत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—अणाउत्तआइयणता चेव अणाउत्तपमज्जणता चेव ३२, अणवकंखवत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—आयसरीरअणवकंखवत्तिया चेव परसरीरअणवकंखवत्तिया चेव ३३।

दो किरियाओ पन्नत्ताओ, तंजहा—पिज्जवत्तिया चेव दोसवत्तिया चेव ३४। पेज्जवत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—मायावत्तिया चेव लोभवत्तिया चेव ३५। दोसवत्तिया किरिया दुविहा पन्नत्ता, तंजहा—कोहे चेव माणे चेव ३६ ।सू० ६०।।

*(મૂ૦) આકાશ અને નોઆકાશ (એટલે ધર્માસ્તિકાયાદિ પાંચ) બે વસ્તુ છે, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બે વસ્તુ છે.॥૫૮॥*

*બંધ અને મોક્ષ બે છે ૧, પુન્ય અને પાપ બે છે ૨, આશ્રવ અને સંવર બે છે ૩, વેદના (પીડા) અને નિર્જરા બે છે ૪. ॥૫૯॥*

*બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—જીવ ક્રિયા અને અજીવ ક્રિયા ૧, જીવ ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વક્રિયા ૨, અજીવક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—ઇર્યાપથિકી અને સાંપરાયિકી ૩, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—કાયિકી અને અધિકરણિકી ૪, કાયિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—અનુપરત (વિરામ નહિ પામેલ) કાયક્રિયા અને દુષ્પ્રયુક્ત (દુષ્ટ રીતે પ્રવર્ત્તાવેલ) કાયક્રિયા ૫, અધિકરણકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સંયોજનાધિકરણિકી (શસ્ત્રાદિની યોજના-તૈયારી કરવારૂપ) અને નિર્વર્ત્તનાધિકરણિકી (તૈયાર કરી રાખેલ) ૬, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—પ્રાદ્વેષિકી (વિશેષ દ્વેષરૂપ) ક્રિયા અને પારિતાપનિકી (સંતાપ કરવારૂપ) ક્રિયા ૭, પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—જીવપ્રાદ્વેષિકી અને અજીવપ્રાદ્વેષિકી ૮, પારિતાપનિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સ્વહસ્તપારિતાપનિકી ક્રિયા અને પરહસ્તપારિતાપનિકી ક્રિયા ૯, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—પ્રાણાતિપાત ક્રિયા અને અપ્રત્યાખ્યાન ક્રિયા*

*૧૦, પ્રાણાતિપાત ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સ્વહસ્તપ્રાણાતિપાત ક્રિયા અને પરહસ્તપ્રાણાતિપાત ક્રિયા ૧૧, અપ્રત્યાખ્યાન ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—જીવ અપ્રત્યાખ્યાન ક્રિયા અને અજીવઅપ્રત્યાખ્યાન ક્રિયા ૧૨, બે ક્રિયા કહેલી છે—આરંભિકી અને પારિગ્રહિકી ૧૩, આરંભિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—જીવ આરંભિકી અને અજીવઆરંભિકી ૧૪, એવી રીતે પારિગ્રહિકી ક્રિયા પણ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવપારિગ્રહિકી અને અજીવપારિગ્રહિકી ૧૫, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—માયાપ્રત્યયિકી અને મિથ્યાદર્શનપ્રત્યયિકી ૧૬, માયાપ્રત્યયિકી બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—આત્મભાવવંકનતા (ઠગવારૂપ) અને પરભાવવંકનતા ૧૭, મિથ્યાદર્શનપ્રત્યયિકી બે પ્રકારે છે, તે આ પ્રમાણે—ઊનાતિરિક્તિ (ઓછું અને અધિક કહેવારૂપ) મિથ્યાદર્શનપ્રત્યયિકી અને તદ્વ્યતિરિક્ત (વિપરીત-આત્માદિ નથી એમ કહેવારૂપ) મિથ્યાદર્શનપ્રત્યયિકી ૧૮, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—દૃષ્ટિકી અને પૃષ્ટિકી ૧૯, દૃષ્ટિકી બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—જીવદૃષ્ટિકી અને અજીવદૃષ્ટિકી ૨૦, એવી રીતે પૃષ્ટિકી બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવપૃષ્ટિકી (સ્પર્શ કરવારૂપ) અને અજીવપૃષ્ટિકી ૨૧, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—પ્રાતીત્યિકી (બાહ્ય વસ્તુને આશ્રયીને થયેલી) અને સામંતોપનિપાતિકી (ઘણા મનુષ્યોની પ્રશંસા વગેરેથી થયેલી) ૨૨, પ્રાતીત્યિકી ક્રિયા બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવપ્રાતીત્યિકી અને અજીવપ્રાતીત્યિકી ૨૩, એવી રીતે સામંતોપનિપાતિકી ક્રિયા બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવસામંતોપનિપાતિકી અને અજીવસામંતોપનિપાતિકી ૨૪, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—સ્વહસ્તિકી અને નૈસૃષ્ટિકી (ફેંકવાથી થયેલી) ૨૫, સ્વહસ્તિકી ક્રિયા બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવસ્વહસ્તિકી અને અજીવસ્વહસ્તિકી ૨૬, એવી રીતે નૈસૃષ્ટિકી પણ બે પ્રકારે છે ૨૭, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—આજ્ઞાપનિકી (હુકમ કરવાથી થયેલી) અને વૈદારિણી (ચીરવાથી થયેલી) ક્રિયા ૨૮, આ બન્ને ક્રિયાના બબ્બે ભેદ નૈસૃષ્ટિકી ક્રિયાની માફક જાણવા ૨૯-૩૦, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—અનાભોગ પ્રત્યયિકી (અનુપયોગથી થયેલી) અને અનવકાંક્ષાપ્રત્યયિકી (બેદરકારીથી થયેલી) ૩૧, અનાભોગપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે છે, તે આ પ્રમાણે—અનુપયુક્ત(થી) આદાનતા (ગ્રહણ કરવાપણું) અને અનુપયુક્ત(થી) પ્રમાર્જનતા ૩૨, અનવકાંક્ષાપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે છે, તે આ પ્રમાણે—આત્મ(સ્વ) શરીરઅનવકાંક્ષાપ્રત્યયિકી અને પરશરીરઅનવકાંક્ષાપ્રત્યયિકી ૩૩, બે ક્રિયા કહેલી છે, તે આ પ્રમાણે—પ્રેમપ્રત્યયિકી અને દ્વેષપ્રત્યયિકી ૩૪, પ્રેમપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—માયાપ્રત્યયિકી અને લોભપ્રત્યયિકી ૩૫, દ્વેષપ્રત્યયિકી ક્રિયા બે પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—ક્રોધપ્રત્યયિકી અને માનપ્રત્યયિકી ૩૬. ॥૬૦॥*

(ટી૦) 'आगासे'त्यादि—આકાશ-વ્યોમ અને નોઆકાશ તે આકાશથી અન્ય ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યો. ધર્માસ્તિકાય તે ગતિમાં મદદ કરવાના ગુણવાળો અને તેથી જુદો અધર્માસ્તિકાય તે સ્થિતિમાં મદદ કરવાના ગુણવાળો જાણવો. ॥૫૮॥

વિપક્ષ સહિત બંધાદિ તત્ત્વના ચાર સૂત્રો પૂર્વની માફક જાણી લેવા. ॥૫૯॥

ક્રિયા થયે છતે બંધાદિ આત્માને હોય છે, માટે હવે ક્રિયાનું નિરૂપણ કરે છે—'दो किरिये'त्यादि ૩૬ સૂત્રો. કરવું તે ક્રિયા અથવા કરાય છે તે ક્રિયા. તે ક્રિયા બે પ્રકારે જિનેશ્વરોએ પ્રરૂપેલી છે. તેમાં જીવનો જે વ્યાપાર તે જીવ ક્રિયા, તથા પુદ્ગલસમુદાયરૂપ જે અજીવ તેનું જે કર્મપણાએ પરિણમન થવું તે અજીવ ક્રિયા છે (૧). અહિં 'चिय' શબ્દ અને 'चेव' શબ્દનો પાઠાંતરમાં પ્રાકૃતશૈલીથી દ્વિત્વ થયેલ છે. 'अपि च' ઇત્યાદિ શબ્દની માફક 'चैव' એ શબ્દ સમુચ્ચય માત્રમાં જ પ્રતીત થાય છે. 'जीवकिरिये'त्यादि—તત્ત્વશ્રદ્ધાનરૂપ જે સમ્યક્ત્વ તે જ જીવના વ્યાપારરૂપ હોવાથી જે ક્રિયા તે સમ્યક્ત્વ ક્રિયા, એમ જ મિથ્યાત્વ ક્રિયા પણ જાણવી. વળી વિશેષ કહે છે—મિથ્યાત્વ એટલે તત્ત્વનું અશ્રદ્ધાન તે પણ જીવનો વ્યાપાર

જ છે, અથવા સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન છતે જે બે ક્રિયા થાય છે તે સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા કહેવાય છે (૨). 'अजीवकिरिये'त्यादि—તેમાં 'इरियावहिय'त्ति—ईरणमीर्या—ગમન કરવું—તે ગમનવિશિષ્ટ માર્ગ તે ઈર્યાપથ, તેમાં થયેલી જે ક્રિયા તે ઐર્યાપથિકી. આ વ્યુત્પત્તિ માત્ર અર્થ છે. પ્રવૃત્તિનું નિમિત્ત તો કેવલ યોગપ્રત્યય છે. તે ઉપશાંતમોહાદિ ત્રણ ગુણઠાણવાળાને સાતાવેદનીય કર્મપણાએ અજીવરૂપ પુદ્‌ગલરાશિનું જે થવું તે **ઐર્યાપથિકી** ક્રિયા જાણવી. **પ્રસ્તુત વિષયમાં** જીવના વ્યાપારમાં પણ અજીવના મુખ્યપણાની વિવક્ષા વડે આ અજીવ ક્રિયા કહેલી છે. અથવા કર્મ વિશેષરૂપ ઐર્યાપથિકી ક્રિયા કહેવાય છે, જેથી કહેલું છે—''**इरियावहिया किरिया दुविहा-बज्झमाणा वेइज्जमाणा य, जा[व] पढमसमये बद्धा बीयसमये वेइआ सा बद्धा पुट्ठा वेइया णिज्जिण्णा सेयकाले अकम्मं चावि भवती'ति''**—ઈર્યાપથિકી ક્રિયા બે પ્રકારે છે. બધ્યમાન (બંધાતી) અને વેદ્યમાન (વેદાતી). જે પ્રથમ સમયે બંધાયેલી અને બીજે સમયે વેદાયેલી, બંધાયેલી સ્પૃષ્ટા (ક્રિયા) ભોગવાયેલી, નિર્જરાયેલી (સ્પર્શાયેલી ઉદયમાં આવેલી) તે ભવિષ્યકાલમાં (ચતુર્થાદિ સમયમાં) અકર્મ પણ થાય છે. તથા संपरायाः—કષાયોમાં થયેલી તે સાંપરાયિકી ક્રિયા. તે જ અજીવરૂપ પુદ્‌ગલરાશિની કર્મપણાએ પરિણતિરૂપ જીવવ્યાપારની વિવક્ષા ન કરવાથી અજીવક્રિયા છે. તે પહેલા ગુણઠાણાથી યાવત્ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા જીવોને હોય છે (૩). '**दो किरिये**'त्यादि—વળી બીજી રીતે બે ક્રિયા છે—'**काइया चेव**'त्ति—કાયા વડે થયેલી તે કાયિકી—કાયાનો વ્યાપાર તથા '**अहिगरणिया चेव**'त्ति—જે વડે આત્મા નરકાદિને વિષે અધિકારી કરાય છે તે અધિકરણ—અનુષ્ઠાન—(કાર્ય) અથવા બાહ્ય વસ્તુ. અહિં બાહ્ય વસ્તુ વિવક્ષિત છે. ખડ્‌ગાદિમાં થયેલી જે ક્રિયા તે અધિકરણિકી (૪). કાયિકી ક્રિયા બે પ્રકારે છે— '**अणुवरयकायकिरिया चेव**'त्ति—સાવદ્ય (પાપ) થકી જે વિરામ ન પામે એવા મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ જીવની કાય ક્રિયા, ઉત્ક્ષેપણ એટલે ઊંચે ફેંકવું વગેરે લક્ષણવાળી કર્મબંધના કારણભૂત—અનુપરતકાયક્રિયા, તથા '**दुप्पउत्तकायकिरिया चेव**'त्ति—दुःप्रणिहित—દુષ્ટ પ્રયોગવાળાની દુષ્ટ પ્રવૃતિવિશિષ્ટ, ઇંદ્રિયોને આશ્રયીને ઇષ્ટ અનિષ્ટ વિષયની પ્રાપ્તિમાં કંઈક સંવેગ અને નિર્વેદ (ઉદાસીનતા) માં જવા વડે, તથા અનિંદ્રિય (મન)ને આશ્રયીને **અશુભ મનના સંકલ્પ દ્વારા મોક્ષમાર્ગ પ્રત્યે માઠી રીતે રહેલ એવા પ્રમત્તસંયતની જે કાયક્રિયા તે દુષ્પ્રયુક્તકાય ક્રિયા** (૫). તથા આધિકરણિકી ક્રિયા બે પ્રકારે છે. તેમાં '**संजोयणाहिगरणिया चेव**'त्ति—પૂર્વે બનાવેલા ખડ્‌ગ અને તેની મૂઠ વગેરે વસ્તુનું જે સંયોજન—જોડાણ કરવું તે સંયોજનાધિકરણિકી ક્રિયા અને '**णिव्वत्तणाहिगरणिया चेव**'त्ति—જે પહેલાથી જ ખડ્‌ગ અને તેની મૂઠ વગેરેને તૈયાર કરી રાખવું તે નિર્વર્ત્તનાધિકરણિકી ક્રિયા (૬). વળી બીજી ક્રિયા બે પ્રકારે છે '**पाउसिया चेव**'त्ति—મત્સર વડે કરાયેલી તે પ્રાદ્વેષિકી ક્રિયા, તથા '**पारियावणिया चेव**'त्ति—પરિતાપન (તાડનાદિ દુઃખવિશેષ સ્વરૂપ) વડે જે થયેલી ક્રિયા તે પારિતાપનિકી ક્રિયા (૭). પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારે—'**जीवपाउसिया चेव**'त्ति—જીવને વિષે પ્રદ્વેષ કરવાથી થયેલી જે ક્રિયા તે જીવપ્રાદ્વેષિકી તથા **अजीवपाउसिया चेव**'त्ति—પાષાણાદિ અજીવમાં સ્ખલના પામેલાને દ્વેષ થવાથી જે થયેલી ક્રિયા તે અજીવપ્રાદ્વેષિકી (૮). બીજી પણ બે પ્રકારે-'**सहत्थपारियावणिया चेव**'त्ति—પોતાના હાથથી પોતાના શરીરને અથવા બીજાના શરીરને દુઃખ (ક્લેશ) કરતાં થકાં જે થયેલી ક્રિયા તે સ્વહસ્તપારિતાપનિકી તથા '**परहत्थपारियावणिया चेव**'त्ति—બીજાના હાથથી સ્વદેહ અને પરદેહને પરિતાપ કરાવતા થકાં જે થયેલી ક્રિયા તે પરહસ્તપારિતાપનિકી (૯). વળી બે ક્રિયા કહે છે— '**पाणाइवायकिरिया चेव**'त्ति—આનો અર્થ સુગમ છે, તથા '**अपच्चक्खाणकिरिया चेव**'त्ति—અપ્રત્યાખ્યાનઅવિરતિના નિમિત્તથી થયેલ જે કર્મબંધ તે અપ્રત્યાખ્યાન ક્રિયા, તે અવિરતિઓને હોય છે (૧૦). પ્રાણાતિપાત ક્રિયા બે પ્રકારે— '**सहत्थपाणाइवायकिरिया चेव**'त्ति—નિર્વેદ (કંટાળા) વગેરેથી પોતાના પ્રાણોને પોતાના હાથે અથવા ક્રોધાદિ વડે પારકાના પ્રાણોને નાશ કરનારની જે ક્રિયા તે સ્વહસ્તપ્રાણાતિપાત ક્રિયા, તથા '**परहत्थपाणाइवायकिरिया चेव**'त्ति—બીજાના હાથે પોતાના અથવા પરના પ્રાણોને નાશ કરાવનારની જે ક્રિયા તે પરહસ્તપ્રાણાતિપાત ક્રિયા (૧૧). બીજી અપ્રત્યાખ્યાન ક્રિયા પણ બે પ્રકારે છે—'**जीवअपच्चक्खाणकिरिया चेव**'त्ति—જીવના વિષયમાં પ્રત્યાખ્યાનનો અભાવ (ન કરવા) વડે જે બંધ વગેરેની પ્રવૃત્તિ તે જીવ અપ્રત્યાખ્યાન ક્રિયા તથા '**अजीवअपच्चक्खाणकिरिया चेव**'त्ति—અજીવો—મદ્યાદિ વિષે અર્થાત્

તેના પચ્ચક્ખાણ ન કરવાથી જે કર્મનો બંધ તે અજીવ અપ્રત્યાખ્યાન ક્રિયા (૧૨). વળી બીજી રીતે બે ક્રિયા કહેલી છે— 'आरंभिया चेव'त्ति—આરંભવું તે આરંભ, તેમાં થયેલી જે ક્રિયા તે આરંભિકી ક્રિયા, તથા 'परिग्गहिया चेव'त्ति—પરિગ્રહને વિષે જે થયેલી ક્રિયા તે પારિગ્રહિકી (૧૩). આરંભિકી બે પ્રકારે છે—'जीवआरंभिया चेव'त्ति—જીવોના ઉપમર્દન કરનારને જે કર્મબંધન તે જીવઆરંભિકી ક્રિયા, તથા 'अजीवारंभिया चेव'त्ति—અજીવોને, જીવોના કલેવરોને, પિષ્ટ (લોટ) વગેરેથી બનાવેલી જીવતી આકૃતિઓને[1] અથવા વસ્ત્રાદિ પ્રત્યે આરંભ કરનારની જે ક્રિયા તે અજીવઆરંભિકી (૧૪). 'पारिग्गहिया चेव'त्ति—આ પારિગ્રહિકી ક્રિયા આરંભિકી ક્રિયાની જેમ બે પ્રકારે જાણવી, કારણ કે તે ક્રિયા જીવપરિગ્રહ અને અજીવપરિગ્રહથી થાય છે (૧૫). વળી બીજી રીતે બે ક્રિયા 'मायावत्तिया चेव'त्ति—શઠપણું છે નિમિત્ત જે કર્મબંધની ક્રિયાનું અથવા જે વ્યાપારનું તે માયાપ્રત્યયા, 'मिच्छादंसणवत्तिया चेव'त्ति—મિથ્યાત્વ છે નિમિત્ત જે (ક્રિયાનું) તે મિથ્યાદર્શનપ્રત્યયા (૧૬). માયા પ્રત્યયા બે પ્રકારે—'आयभाववंकणया चेव'त्ति—અપ્રશસ્ત આત્મભાવનું જે વક્રીકરણ–પ્રશસ્તપણાનું દેખાડવું તે આત્મભાવવંકનતા ક્રિયા, વંકન (વાંકાઇ)ના બહુપણાની વિવક્ષામાં (તલ્રૂપ) ભાવ પ્રત્યય વિરુદ્ધ નથી. તે વંકનતા, વ્યાપારરૂપ હોવાથી ક્રિયા છે, તથા 'परभाववंकणया चेव'त्ति—જૂઠા લેખ કરવા વગેરેથી બીજાના અભિપ્રાયને ઠગવા રૂપ ક્રિયા તે પરભાવવંકનતા, કારણ કે વૃદ્ધવ્યાખ્યા આવી છે—"तं तं भावमायरइ जेण परो वंचिज्जइ कूडलेहकरणाईहिं'त्ति" (૧૭). બીજી પણ બે પ્રકારે—'ऊणाइरित्तमिच्छादंसणवत्तिया चेव'त्ति—આત્માદિ વસ્તુના પ્રમાણથી હીન અથવા અધિક કહેવા રૂપ જે મિથ્યાદર્શન, તે જ છે નિમિત્ત જે ક્રિયાનું તે ઊનાતિરિક્તમિથ્યાદર્શનપ્રત્યયા, તે આ પ્રમાણે—શરીર વ્યાપક આત્મા છે, તો પણ આત્માને કોઈપણ મિથ્યાદૃષ્ટિ, અંગુષ્ઠ પર્વ માત્ર [યવમાત્ર] અથવા શ્યામાક નામા ચોખામાત્ર એમ હીનપણાએ માને છે. વળી અન્ય કોઈક પાંચશેં ધનુષ્ય પ્રમાણ અથવા સર્વવ્યાપક છે એમ અધિકપણાએ સ્વીકારે છે, તથા 'तव्वइरित्तमिच्छादंसणवत्तिया चेव'त्ति–ઊનાતિરિક્તમિથ્યાદર્શનથી ભિન્ન જે મિથ્યાદર્શન–આત્મા નથી ઇત્યાદિ મતરૂપ નિમિત્ત છે જે ક્રિયાનું તે તદ્વ્યતિરિક્તમિથ્યા–દર્શનપ્રત્યયા (૧૮). વળી બીજી રીતે બે ક્રિયા છે—'दिट्ठिया चेव'त्ति—દૃષ્ટિથી થયેલી તે દૃષ્ટિજા અથવા દર્શન (જોવું) અથવા વસ્તુ, નિમિત્તપણે છે જે ક્રિયામાં તે દૃષ્ટિકા–જોવા માટે જે ગતિક્રિયા. અથવા જોવાથી જે કર્મ ઉત્પન્ન થાય છે તે દૃષ્ટિજા અથવા દૃષ્ટિકા ક્રિયા, તથા 'पुट्ठिया चेव'त्ति–પૃષ્ટિ–પૂછવાથી થયેલી તે પૃષ્ટિજા–પ્રશ્નથી ઉત્પન્ન થયેલ વ્યાપાર, અથવા પૃષ્ટ–પ્રશ્ન અથવા વસ્તુ તે છે કારણપણાએ જે ક્રિયામાં તે પૃષ્ટિકા, અથવા સ્પૃષ્ટિ—સ્પર્શ કરવાથી જે થયેલી ક્રિયા તે સ્પૃષ્ટિજા તેવી જ રીતે સ્પૃષ્ટિકા પણ જાણવી (૧૯). દૃષ્ટિકા બે પ્રકારે—'जीवदिट्ठिया चेव'त्ति—અશ્વ વગેરે જોવા માટે જનારની જે ક્રિયા તે જીવદૃષ્ટિકા, અથવા 'अजीवदिट्ठिया चेव'त्ति—અજીવ ચિત્રકર્મ વગેરેને જોવા માટે જનારની જે ક્રિયા તે અજીવદૃષ્ટિકા (૨૦). 'पुट्ठिया चेव'त्ति—એવી રીતે પૃષ્ટિકા જીવ અને અજીવના ભેદ વડે બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જીવને અથવા અજીવને રાગ–દ્વેષ વડે પૂછનારની અથવા સ્પર્શ કરનારની જે ક્રિયા તે જીવપૃષ્ટિકા અથવા જીવસ્પૃષ્ટિકા તથા અજીવપૃષ્ટિકા અથવા અજીવસ્પૃષ્ટિકા (૨૧). વળી બીજી રીતે બે ક્રિયા છે—'पाडुच्चिया चेव'त्ति—બાહ્ય વસ્તુ પ્રત્યે પ્રતીત કરીને આશ્રય કરીને જે થયેલી ક્રિયા તે પ્રાતીત્યિકી, તથા 'सामंतोवणिवाइया चेव'त्ति—સમંતાત્ (ચોતરફથી) ઉપનિપાત (મનુષ્યનો સમુદાય) તેમાં થયેલી જે ક્રિયા તે સામંતોપનિપાતિકી (૨૨). પ્રાતીત્યિકી બે પ્રકારે 'जीवपाडुच्चिया चेव'त्ति—જીવને આશ્રયીને જે કર્મબંધ તે જીવપ્રાતિત્યિકી, તથા 'अजीवपाडुच्चिया चेव'त्ति—અજીવને આશ્રયીને રાગદ્વેષ ઉત્પન્ન થયેલ અને તેનાથી થયેલ જે કર્મબંધ તે અજીવપ્રાતિત્યિકી ક્રિયા (૨૩). અતિદેશથી બીજી પણ બે પ્રકારે દેખાડતાં થકાં કહે છે—'एवं सामंतोवणिवाइयावि'त्ति—કોઈપણ મનુષ્યનો બળદ[2] રૂપાળો છે, તેને બીજો મનુષ્ય જેમ જેમ વિશેષ જુવે છે અને પ્રશંસા કરે છે તેમ તેમ તેનો માલીક આનંદ પામે છે, તે (રાગ)થી થયેલી ક્રિયા તે જીવસામંતોપનિપાતિકી, તથા રથ વગેરેને વિષે (રથાદિને જોનાર પ્રશંસે તેથી) હર્ષ થવાથી થયેલી જે ક્રિયા તે

1. વર્તમાનમાં વસ્ત્રાદિ ઉપર જે ચિત્રો હોય છે, સ્ટેમ્પ ઉપર જે ચિત્રો હોય છે તેને ફાડવાથી પણ આ ક્રિયા લાગે છે.
2. વર્તમાનમાં મોટર, સ્કુટર, મકાન, ટી.વી., વીડિયો આદિની પ્રશંસા સાંભળવાથી જે રાગ ઉત્પન્ન થાય છે તે.

અજીવસામંતોપનિપાતિકી ક્રિયા (૨૪). વળી બીજી રીતે બે ક્રિયા કહે છે—'**साहत्थिया चेव**'त्ति—પોતાના હાથ વડે થયેલી જે ક્રિયા તે સ્વહસ્તિકી, તથા '**नेसत्थिया चेव**'त्ति—ફેંકવું, તેમાં થયેલી જે ક્રિયા તે અથવા ફેંકવું જ તે નૈસૃષ્ટિકી અર્થાત્ ફેંકનારનો જે કર્મબંધ અથવા સ્વભાવ જ ક્રિયા (૨૫). તેમાં પહેલી બે પ્રકારે '**जीवसाहत्थिया चेव**'त्ति—પોતાના હાથમાં ગ્રહણ કરેલ જીવ વડે જીવને જે મારે છે તે જીવસ્વાહસ્તિકી, તથા '**अजीवसाहत्थिया चेव**'त्ति—પોતાના હાથમાં ગ્રહણ કરેલ ખડ્ગાદિ અજીવ વડે જે જીવને મારે છે તે અજીવસ્વાહસ્તિકી ક્રિયા, અથવા પોતાના હાથ વડે જીવને તાડન કરનારની જે ક્રિયા તે જીવસ્વાહસ્તિકી અને પોતાના હાથ વડે અજીવને તાડન કરનાની જે ક્રિયા તે અજીવસ્વાહસ્તિકી ક્રિયા (૨૬). નૈસૃષ્ટિકી પણ જીવાજીવ ભેદ વડે અતિદેશ કરતાં થકા કહે છે—'**एवं नेसत्थिया चेव**'त्ति—તે આ પ્રમાણે—રાજા વગેરેના હુકમથી પાણીનું યંત્રાદિ વડે જે કાઢવું તે જીવનૈસૃષ્ટિકી, અને તીર વગેરેનું ધનુષ્યાદિથી જે છોડવું તે અજીવનૈસૃષ્ટિકી ક્રિયા, અથવા ગુરુ આદિકને જીવ-શિષ્ય અથવા પુત્ર દેનારની જે ક્રિયા તે જીવનૈસૃષ્ટિકી, અને એષણીય (શુદ્ધ) ભક્તપાનાદિ અજીવ પદાર્થને દેનારની જે ક્રિયા તે અજીવનૈસૃષ્ટિકી (૨૭). વળી બીજી રીતે બે ક્રિયા—'**आणवणिया चेव**'त्ति—આજ્ઞાપન-આદેશ કરનારની જે ક્રિયા તે અથવા આજ્ઞાનું આપવું તે આજ્ઞાપની, તે જ આજ્ઞાપનિકા, તેનાથી થયેલ કર્મબંધ અથવા હુકમ અથવા આગમન-મંગાવવું તે આનાયની ક્રિયા તથા '**वेयारणिया चेव**'त्ति—વિદારવું, વિચારવું અથવા વિતારણ-ઠગવું તે, સ્વાર્થિક (સ્વાર્થવાળા) પ્રત્યયના ગ્રહણથી વૈદારિણી વિગેરે કહેવું (૨૮). આ બે પણ બે પ્રકારે-જીવ, અજીવના ભેદથી છે, તે આ પ્રમાણે—જીવને હુકમ કરનારની અથવા બીજા પાસેથી મંગાવનારની જે ક્રિયા તે જીવઆજ્ઞાપની અથવા જીવઆનાયની, એવી રીતે અજીવ સંબંધી પણ અજીવઆજ્ઞાપની અથવા અજીવઆનાયની ક્રિયા (૨૯). તથા '**वेयारणिय**'त्ति—જીવ અથવા અજીવને ફાડે છે, અથવા અસમાન[1] જુદી જુદી અનેક વાતો બોલનારાઓમાં જીવ કે અજીવ વસ્તુને વહેંચતો છતો દ્વૈભાષિક જે વિચાર કરે છે તે વિચારણી. 'परियच्छावेइत्ति भणितं होति' અથવા જીવ (પુરુષ)ને ઠગે છે એમ કહેવું તે જીવવૈતારણી, ગુણ ન હોવા છતાં અસત્ ગુણો વડે તું આના જેવો ગુણવાન છો અથવા તેના જેવો ગુણવાન છો એવી રીતે પુરુષાદિકને ઠગવાની બુદ્ધિ વડે અથવા અજીવ વસ્તુ, તે અન્ય વસ્તુ સમાન ન હોવા છતાં તેના જેવી કહે તે અજીવવૈતારણી. આ બધું અતિદેશ વડે કહે છે—'जहेव नेसत्थिय'त्ति—જેમ નૈસૃષ્ટિકી કહી છે તેમ જાણવી (૩૦). બીજી રીતે બે ક્રિયા કહે છે—'**अणाभोगवत्तिया चेव**'त्ति—અનાભોગ (અજ્ઞાન) છે નિમિત્ત જે ક્રિયામાં તે અનાભોગપ્રત્યયા તથા '**अणवकंखवत्तिया चेव**'त्ति—અનવકાંક્ષા-પોતાના શરીરાદિની અપેક્ષા નહિં કરવાપણું તે છે નિમિત્ત જે ક્રિયાનું તે અનવકાંક્ષાપ્રત્યયા (૩૧). પ્રથમની બે પ્રકારે છે—'**अणाउत्ताआइयणया चेव**'त्ति—અનાયુક્ત-ઉપયોગ રહિત જીવનું જે વસ્ત્રાદિ વિષયમાં ગ્રહણપણું તે અનાયુક્તઆદાનતા તથા 'अणाउत्तापमज्जणया चेव'त्ति, **ઉપયોગ રહિત જીવની જે પાત્રા વગેરે વિષયવાળી પ્રમાર્જનતા તે અનાયુક્તપ્રમાર્જનતા.** અહિં આદાન વગેરે શબ્દોમાં 'ता' સ્વાર્થિક પ્રત્યય પ્રાકૃતશૈલીથી અથવા ભાવની વિવક્ષા વડે કરેલ છે (૩૨). બીજી પણ બે પ્રકારે—'आयसरीरे'त्यादि—તેમાં પોતાના શરીરને નાશકારક કાર્યોને કરનારની જે આત્મશરીરની અપેક્ષારહિત છે નિમિત્ત જે ક્રિયાનું તે આત્મશરીરાનવકાંક્ષાપ્રત્યયા, તેમ બીજાના શરીરને નાશકારક કાર્યોને કરનારની જે ક્રિયા તે પરશરીરાનવકાંક્ષાપ્રત્યયા (૩૩). 'दो किरिये'त्यादि—ત્રણ સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે—પ્રેમ (રાગ) તે માયા અને લોભસ્વરૂપ અને દ્વેષ જે ક્રોધ અને માન સ્વરૂપ. જે પ્રેમ નિમિત્તવાળી તે પ્રેમપ્રત્યયા અને જે દ્વેષ નિમિત્તવાળી તે દ્વેષપ્રત્યયા ક્રિયા જાણવી (૩૪ થી ૩૬). અહિં સુગમ હોવાથી કેટલીક વ્યાખ્યા કરવામાં નથી આવી. ॥૬૦॥

આ ક્રિયાઓ પ્રાયઃ ગર્હણા કરવા યોગ્ય છે, માટે હવે ગર્હા કહે છે—

**दुविहा गरिहा पन्नत्ता, तंजहा—मणसा वेगे गरहति । वयसा वेगे गरहति ।**

**अहवा गरहा दुविहा पन्नत्ता, तंजहा-दीहं वेगे [पेगे] अद्धं गरहति, रहस्सं वेगे [पेगे] अद्धं गरहति ॥ सू० ६१॥**

1. પ્રત્યંતરમાં 'असमानभागषुयी विक्रीणाति द्वैभाषिकी वि०', અથવા 'असमानभावेषु' પાઠ છે.

*(મૂ૦) બે પ્રકારે ગર્હા કહેલી છે, તે આ પ્રમાણે—કેટલાએક મન વડે જ ગર્હા કરે છે અને કેટલાએક વચન વડે ગર્હા કરે છે. અથવા ગર્હા બે પ્રકારે કહેલી છે—કેટલાએક લાંબા કાળ સુધી ગર્હા કરે છે અને કેટલાએક અલ્પ કાલ પર્યંત ગર્હા કરે છે. ॥૬૧॥*

(ટી૦) 'दुविहा गरहे'त्यादि, વિધાન કરવું તે વિધા—બે પ્રકાર છે જેણીના તે દ્વિવિધા. ગર્હવું તે ગર્હા-ખરાબ આચરણની નિંદા, તે સ્વ-પરના વિષય વડે બે પ્રકારે છે, તે પણ મિથ્યાદૃષ્ટિ જીવને અને ઉપયોગ રહિત સમ્યગ્દૃષ્ટિ જીવને દ્રવ્ય ગર્હા હોય છે. અર્થાત્ તે અપ્રધાનગર્હા છે કારણ કે દ્રવ્ય શબ્દનો અર્થ અપ્રધાન છે. કહ્યું છે—

**अप्पाहन्नेऽवि इहं, कत्थइ दिट्ठो हु दव्वसद्दो त्ति । अंगारमद्दओ जह, दव्वायरिओ सयाऽभव्वो ॥१॥ [पञ्चा० ६।१३]**

અપ્રધાનપણાના અર્થમાં પણ દ્રવ્યશબ્દ કોઈક સ્થળે દેખાય છે, કારણ કે દ્રવ્ય શબ્દ અનેક અર્થવાળો છે. જેમ અંગારમર્દક નામના આચાર્ય સદા અભવ્ય છે તો પણ અપ્રધાનપણાથી દ્રવ્યાચાર્ય કહેવાય છે. (૧)

ઉપયોગયુક્ત સમ્યગ્દૃષ્ટિ જીવને ભાવગર્હા છે. ચાર પ્રકારની ગર્હા છે, અથવા ગર્હણીય ભેદથી અનેક પ્રકારે છે. તે ગર્હા અહિં કરણની અપેક્ષાએ બે પ્રકારે કહેલી છે, તે કહે છે—'**मणसा वेगे गरहई**'त्ति—ચિત્ત વડે, અહિં '**वा**' શબ્દ વિકલ્પાર્થ અથવા અવધારણાર્થ (નિશ્ચયાર્થ)માં છે તેથી મન વડે જ ગર્હા કરે છે પણ વાણી વડે નહિં. કાયોત્સર્ગમાં રહેલ, દુર્મુખ અને સુમુખ નામવાળા બે બે માણસ વડે નિંદાયેલ અને સ્તુતિ કરાયેલ, તેઓના વચનોથી જણાયેલ છે સામંતો વડે પરાભવ પામેલ પોતાના પુત્ર અને રાજ્યની હકીકત જેણે તે, મન વડે આરંભેલ છે પુત્રના પરાભવને કરનારા સામંતો સાથે સંગ્રામ જેણે તે, મનથી કલ્પેલ શસ્ત્રોનો ક્ષય થયે છતે પોતાના માથાનો ટોપ લેવા માટે ઊંચે કરાયેલ હાથથી સ્પર્શેલ છે લોચ કરાયેલ મસ્તક જેણે તે, મસ્તકનો સ્પર્શ કરવાથી ઉત્પન્ન થયેલ પશ્ચાત્તાપરૂપી અગ્નિની જ્વાળાના સમૂહ વડે અત્યંત બળેલ છે સર્વ કર્મરૂપી ઈંધન જેણે એવા રાજર્ષિ પ્રસન્નચંદ્રની જેમ કોઈ પણ એક સાધુ નિંદિત કાર્યની નિંદા કરે છે તેમ વચનથી પણ અથવા વાણી વડે જ, પરંતુ મનથી નહિ. મનુષ્યોનું મનરંજન કરવા માટે દુષ્ટ આચરણ વગેરેના કહેવાથી ગર્હામાં પ્રવર્તેલ અંગારમર્દક વગેરે સાધુની જેમ પ્રાયઃ કોઈ અન્ય ગર્હા કરે છે, પણ ભાવથી મન વડે ગર્હા ન કરે. અથવા '**मणसा वेगे**'त्ति—અહિં '**अपि**' શબ્દ તે સંભાવનાના અર્થમાં છે, તે (**अपि** શબ્દ) વડે નીચે પ્રમાણે અર્થ સંભવે છે. એક વ્યક્તિ મન વડે પણ ગર્હા કરે છે અને બીજો વાણીથી ગર્હા કરે છે, અથવા એક માત્ર વાણી વડે નહિ પરન્તુ મન વડે જ ગર્હા કરે છે, તેમ કેવલ મન વડે નહિ, વચન વડે પણ ગર્હા કરે છે, તે જ વ્યક્તિ ગર્હા કરે છે અર્થાત્ બન્ને પ્રકારે પણ એક જ વ્યક્તિ ગર્હા કરે છે, એ તાત્પર્ય છે. બીજી રીતે ગર્હાનું દ્વિપણું કહે છે—'**अहवे**'त्यादि—પૂર્વોક્ત બે પ્રકારની અપેક્ષા વડે પૂર્વની માફક બીજી બે પ્રકારે ગર્હા કહેલી છે. अपि શબ્દ સંભાવનાના અર્થમાં છે તેથી લાંબા કાલ સુધી પણ કોઈ વ્યક્તિ યાવત્ જીવનપર્યંત ગર્હા કરવા યોગ્ય (પાપ)ની ગર્હા (નિંદા) કરે છે. અથવા દીર્ઘ અને હ્રસ્વનું આપેક્ષિકપણું હોવાથી બીજી રીતે વિવક્ષા વડે દીર્ઘપણું ભાવવા યોગ્ય છે. એવી રીતે અલ્પ કાલ પર્યંત પણ કોઈ એક વ્યક્તિ ગર્હા કરે છે, અથવા યાવત્ દીર્ઘ કાલ સુધી જ, તથા હ્રસ્વ (અલ્પ) કાલ પર્યંત જ યાવત્ (એક વ્યક્તિ ગર્હા કરે છે) કારણ કે અપિ શબ્દ નિશ્ચય અર્થમાં છે. અથવા એક જ વ્યક્તિ બે પ્રકારે કાલભેદ વડે ભાવભેદથી ગર્હા કરે છે અથવા ઘણા કે થોડા કાલ પર્યંત જ ગર્હા કરે છે. ॥૬૧॥

નિંદા કરવા યોગ્ય ભૂતકાલ સંબંધી કર્મોને વિષે ગર્હા થાય છે અને ભવિષ્યકાલમાં તો પ્રત્યાખ્યાન થાય છે. કહ્યું છે કે- 'अईयं निंदामि पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामी'ति [पाक्षिक सूत्र]—અતીતકાલ સંબંધી પાપને હું નિંદું છું, વર્તમાનકાલીન પાપને સંવરું છું (અટકાવું છું) અને અનાગતકાલીન પાપના પચ્ચક્ખાણ કરું છું. આ કારણથી હવે પ્રત્યાખ્યાન કહે છે—

**दुविहे पच्चक्खाणे पन्नत्ते, तंजहा—मणसा वेगे पच्चक्खाति वयसा वेगे पच्चक्खाति। अहवा पच्चक्खाणे दुविहे पन्नत्ते, तंजहा—दीहं वेगे अद्धं पच्चक्खाति रहस्सं वेगे अद्धं पच्चक्खाति ॥ सू० ६२॥**

**दोहिं ठाणेहिं अणगारे संपन्ने अणादीयं अणवयग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं वीतिवतेज्जा, तंजहा—विज्जाए चेव चरणेण चेव ।। सू० ६३।।**

*(મૂ૦) બે પ્રકારે પચ્ચક્ખાણ કહેલ છે, તે આ પ્રમાણે—એક મન વડે પણ પચ્ચક્ખાણ કરે છે, એક વચન વડે પણ પચ્ચક્ખાણ કરે છે. અથવા પચ્ચક્ખાણ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—એક દીર્ઘ (લાંબા) કાલ પર્યંત પણ પચ્ચક્ખાણ કરે છે, એક અલ્પ કાલ પર્યંત પણ પચ્ચક્ખાણ કરે છે. ॥૬૨॥*

*બે સ્થાનક (ગુણ) વડે યુક્ત અનગાર અનાદિકાલવિશિષ્ટ, અંત રહિત દીર્ઘકાલ નરકાદિ ચાર ગતિરૂપ સંસાર અરણ્ય (જંગલ)ને ઉલ્લંઘન કરે તે આ પ્રમાણે—વિદ્યા (જ્ઞાન) વડે અને ચારિત્ર વડે જ. ॥૬૩॥*

(ટી૦) 'दुविहे पच्चक्खाणे'त्यादि, પ્રમાદના પ્રતિકૂલપણાએ (પ્રમાદ છોડીને) મર્યાદા વડે ખ્યાન-કથન કરવું તે પ્રત્યાખ્યાન, વિધિ અને નિષેધસ્વરૂપ પ્રતિજ્ઞા ઇત્યર્થ. દ્રવ્યથી પ્રત્યાખ્યાન મિથ્યાદૃષ્ટિને અને કરેલ છે ચાતુર્માસમાં માંસનું પચ્ચક્ખાણ જેણીએ તેવી અને પારણાને દિવસે માંસના દાનમાં પ્રવર્તેલી રાજપુત્રીની જેમ અને ઉપયોગ રહિત સમ્યગ્દૃષ્ટિ જીવને દ્રવ્ય પ્રત્યાખ્યાન હોય છે, ભાવપ્રત્યાખ્યાન ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે. તે પ્રત્યાખ્યાન દેશથી અને સર્વથી તથા મૂલગુણ અને ઉત્તરગુણના ભેદથી અનેક પ્રકારે છે, તો પણ કરણ ભેદથી બે પ્રકારે કહે છે—મન વડે પણ એક (વ્યક્તિ) પ્રત્યાખ્યાન કરે છે અર્થાત્ વધ વગેરેનો નિવૃત્તિવિષય (ત્યાગ) કરે છે. શેષ-બાકી પૂર્વની જેમ જાણવું. પ્રકારાંતર વડે પણ પ્રત્યાખ્યાન કહે છે—'अहवे'त्यादि સુગમ છે[1]. ॥૬૨॥

જ્ઞાનપૂર્વક પ્રત્યાખ્યાન વગેરે મોક્ષનું ફલ (આપનાર) છે આ કારણથી કહે છે—'दोहिं ठाणेहिं' इत्यादि—બે સ્થાન (ગુણ) યુક્ત અનગાર-(જેને ઘર નથી તે) સાધુ, જેની આદિ નથી તે અનાદિ, અનવદગ્ર-સામાન્ય જીવની અપેક્ષાએ જેનો અંત નથી તે, લાંબો છે કાલ જેનો તે દીર્ઘાદ્ધ, દીર્ઘ શબ્દમાં મકાર આગમિક છે, અથવા દીર્ઘ છે માર્ગ જેને વિષે તે દીર્ઘાધ્વ, ચતુરંત-નરકાદિ ગતિના વિભાગ વડે ચાર ભાગ રૂપ (અહિં ચાઉરંત શબ્દમાં દીર્ઘપણું પ્રકટાદિગણના નિયમથી છે[2]) એવા ભવારણ્યને ઉલ્લંઘે. તે આ પ્રમાણે છે—વિદ્યા (જ્ઞાન) વડે જ અને ચારિત્ર વડે જ અહિં સંસારરૂપ કાંતારનો પાર પામવામાં જ્ઞાન અને ચારિત્રનું એકી સાથે જ—યુગપત્ વડે કારણપણું જાણવું; કારણ કે જ્ઞાન અને ચારિત્રમાં એકૈકથી (માત્ર જ્ઞાન કે માત્ર ક્રિયાથી) આ લોક સંબંધી કાર્યોમાં પણ અકારણપણું છે. **શંકા**—જ્ઞાન અને ચરણમાં કારણપણાએ સામાન્ય કથન કીધે છતે પણ જ્ઞાન જ પ્રધાન છે, ક્રિયા નહિં; અથવા જ્ઞાન જ એક કારણ છે, ક્રિયા કારણ નથી. જે કારણથી જ્ઞાનનું ફળ જ ક્રિયા છે, વળી વાદી ફરી કહે છે—જેમ જ્ઞાનનું ફળ ક્રિયા તેમ બીજું પણ ક્રિયા પછી પ્રાપ્ત થાય છે. બોધ કાલમાં પણ જે જ્ઞેયનું નિર્ણયાત્મક અને રાગાદિનાં વિજયરૂપ આ સર્વનું સામાન્યપણે જ્ઞાન કારણ છે. જેમ માટી ઘડાનું કારણ થતી છતી ઘટ કાર્યના વચ્ચમાં થનારા પિંડશિવક-સ્થાસ-કોશ અને કુશૂલ વગેરે પર્યાયોના પણ કારણપણાને પામે છે, તેમ અહિં જ્ઞાન, સંસારના અભાવ (મોક્ષ)નું અને મોક્ષ થવા પહેલાં તત્ત્વનું જ્ઞાન અને યોગ, સમાધિ વગેરેનું પણ કારણ થાય છે. વળી સ્મરણ માત્રથી પવિત્ર થયેલ વિષનું ભક્ષણ, આકાશગમન વગેરે જે અનેકવિધ ફલ સાક્ષાત્ પ્રાપ્ત થાય છે તે પણ ક્રિયાશૂન્ય (રહિત) જ્ઞાનનું ફળ છે. જેમ આ પ્રત્યક્ષ ફળ દેખાય છે તેમ અદૃષ્ટ-પરોક્ષ ફળ પણ અનુમાન કરાય છે. ભાષ્યકારે કહ્યું છે—

**आह पहाणं नाणं, न चरित्तं नाणमेव वा सुद्धं । कारणमिह न उ किरिया, साऽवि हु नाणप्फलं जम्हा ।।२।।**
**जह सा नाणस्स फलं, तह सेसं पि तह बोहकाले वि । नेयपरिच्छेयमयं, रागादिविणिग्गहो जो य ।।३।।**
**जं च मणोचिंतियमंतपूयविसभक्खणादि बहुभेयं । फलमिह तं पच्चक्खं, किरियारहियस्स नाणस्स ।।४।।**

**[विशेषावश्यक० ११३३-११३५]**

1. દીર્ઘકાલ અને અલ્પકાલના પચ્ચક્ખાણનું સ્વરૂપ ગર્હાની જેમ જાણવું. 2. प्रकटादिभ्यः दीर्घत्वमिति पाणिनिः ।

જ્ઞાન જ પ્રધાન છે. પણ ચારિત્ર પ્રધાન નથી. અથવા અહિં જ્ઞાન જ મોક્ષનું કારણ છે. પરંતુ ક્રિયા નથી. કેમકે ક્રિયા તો જ્ઞાનનું ફળ છે. જેમ તે ક્રિયા જ્ઞાનનું ફળ છે તેમ બીજું મોક્ષાદિ પણ જ્ઞાનનું ફળ છે. તથા સમ્યક્ત્વ પ્રાપ્તિકાળે તત્ત્વપરિજ્ઞાન અને રાગાદિનો નિગ્રહ જ થાય છે. તે સર્વ જ્ઞાનનું ફળ છે. અને મનોચિન્તિત મંત્રથી પવિત્ર વિષભક્ષણાદિ બહુ પ્રકારનું જે ફળ અહીં પ્રત્યક્ષ જણાય છે તે ક્રિયારહિત કેવળજ્ઞાનનું જ ફળ છે. (૨-૩-૪)

**સમાધાન**—જે પહેલાં તમે કહ્યું કે "જ્ઞાન જ પ્રધાન કારણ છે, અથવા જ્ઞાન જ એક કારણ છે; ક્રિયા કારણ નથી, જેથી જ્ઞાનનું ફળ જ ક્રિયા છે" તેમ કહેવું અયુક્ત છે; કારણ કે જે જ્ઞાનથી જ ક્રિયા થાય છે તે ક્રિયાથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે, આ કારણથી જ બન્ને (જ્ઞાન-ક્રિયા) પણ અમે ઈચ્છીએ છીએ. જો એમ નહિ માનો તો જ્ઞાનનું ફળ ક્રિયા (જે તમે કહેલ) છે તે ક્રિયાની કલ્પના નિષ્ફળ થશે. અને ક્રિયા રહિત જ્ઞાન જ કાર્યને સિદ્ધ કરે, પરંતુ ફક્ત જ્ઞાન કાર્યનું સાધક થતું નથી, કારણ કે તમોએ ક્રિયાનો સ્વીકાર કરેલ છે. જ્ઞાન અને ક્રિયાના સ્વીકારમાં **જ્ઞાન પરંપરાએ ઉપકાર કરે છે અને ક્રિયા અનંતર ઉપકાર કરે છે**. ક્રિયા અનંતર ઉપકાર કરે છે તેથી ક્રિયા પ્રધાનતર કારણ યોગ્ય છે, પણ અપ્રધાન અને અકારણ નથી, અને બન્ને એકી સાથે ઉપકાર કરે છે તેથી બન્ને પ્રધાન કારણ કહેવા યોગ્ય છે. તથા ક્રિયાનું અપ્રધાનપણું અને અકારણપણું કહેવું યોગ્ય નથી. વળી જે વાદી ક્રિયાનું અકારણપણું સ્વીકારે છે તે વાદી પ્રત્યે આ વિશેષપણે કહેવાય છે—ક્રિયા જ સાક્ષાત્ કાર્યની કરનારી હોવાથી અંત્ય કારણ છે, જ્ઞાન તો પરંપરાએ ઉપકારી હોવાથી અનંત્ય કારણ છે. આથી અહિં ક્યો હેતુ છે જે અંત્ય કારણ છોડીને તમે અનંત્ય કારણને ઈચ્છો છો? વળી જો જ્ઞાન-ક્રિયાનું સહચારીપણું અંગીકાર કરો છો તો આ કારણથી પણ જ્ઞાન જ કારણ છે, ક્રિયા નથી આ (કથન)માં હેતુ નથી. વળી જે તમે કહ્યું કે—**बोधकालेऽपीत्यादि**—તેમાં જ્ઞેયનું જાણવું તે જ્ઞાન જ, અને જે રાગાદિનો ઉપશમ તે સંયમ ક્રિયા જ છે, અને તે જ્ઞાનરૂપ કારણથી થાય એમ અમો પણ સ્વીકારીએ છીએ, પરંતુ ભવના વિયોગના કથનરૂપ જ્ઞાન-ક્રિયાના ફળમાં આ નીચેનો વિચાર (વિવાદ) પ્રાપ્ત થાય છે કે ભવવિયોગરૂપ ફલ તે શું જ્ઞાનનું? ક્રિયાનું? અથવા બન્નેનું છે? તેમાં જ્ઞાનનું જ ફલ નથી, કારણ કે જ્ઞાનનું ફલ ક્રિયા છે. વળી કેવલ ક્રિયાનું પણ ફળ નથી; કારણ કે ગાંડાની ક્રિયા માફક તે ક્રિયા માત્ર છે. આ કારણથી છેવટના પરિણામથી (ત્રીજા પક્ષથી) જ્ઞાન સહિત ક્રિયાનું જ મોક્ષફળ છે એમ કહેવું યોગ્ય છે. જે તમોએ કહેલું કે—મંત્રાદિના સ્મરણાત્મક જ્ઞાનમાત્રથી સાક્ષાત્ ફળ મળે છે તે વિષયમાં અમે કહીએ છીએ—મંત્રોને વિષે પણ વિશેષ જાપ વગેરે ક્રિયાનો સાધનભાવ છે અર્થાત્ મંત્રની સાધના કરવી તે ક્રિયા જ છે, પણ મંત્રના જ્ઞાનનો સાધનભાવ નથી. અહિં કોઈ એમ કહે કે-આ કથન પ્રત્યક્ષ વિરુદ્ધ છે કારણ કે કોઈક સ્થળે મંત્રના ચિંતનમાત્રના જ્ઞાનથી ઈષ્ટ ફળ જોવાય છે એમ જો તમે કહો, તો અહિં અમે કહીએ છીએ તે ઈષ્ટ ફળ મંત્રના જ્ઞાનમાત્રથી થયેલું નથી, કારણ કે તે ચિંતનમાત્ર જ્ઞાનને ક્રિયા રહિતપણું છે. અહિં જે (વસ્તુ) ક્રિયારહિત હોય તે આકાશપુષ્પની જેમ કાર્યને ઉત્પન્ન કરનાર જોવાતી નથી. જે કાર્યને ઉત્પન્ન કરનાર છે તે કુંભારની જેમ અક્રિય હોય નહિ (ક્રિયાસહિત જ હોય છે), આ કથન પ્રત્યક્ષ વિરુદ્ધ નથી, કેમકે જ્ઞાન સાક્ષાત્ફલને નજીક લાવનારું દેખાતું નથી. ફરી વાદી **શંકા** કરે છે કે—જો મંત્રના જ્ઞાન વડે થયેલ ઈષ્ટ ફળ નથી તો કોનાથી મંત્રનું ફળ થાય છે? આ સંબંધમાં અમે કહીએ છીએ—મંત્રજાપના સમયમાં મંત્રના સંકેત પ્રમાણે મંત્રાધીન દેવોથી ઈષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે. દેવોમાં સક્રિયપણું હોવાથી ક્રિયા વડે થયેલું ઈષ્ટફળ છે, પરંતુ કેવલ મંત્રના જ્ઞાન વડે તે સાધ્ય નથી. (ભાષ્યકાર) કહે છે કે-

**तो तं कत्तो? [आचार्यः] भण्णति, तं समयनिबद्धदेवओवहियं । किरियाफलं चिय जओ, न मंतणाणोवओगस्स ॥५॥**

**[विशेषावश्यक० ११४१]**

તો તે કાર્ય કોનાથી થાય છે? કહીએ છીએ કે તે કાર્ય સંકેત નિબદ્ધ દેવતાઓ કરે છે. તેથી તે ક્રિયાનું જ ફળ છે. મંત્રના જ્ઞાનોપયોગનું નથી.(૫)

**શંકા**—सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः [तत्त्वार्थ० १/१] इति श्रूयते-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને

સમ્યક્ચારિત્ર એ રત્નત્રય મોક્ષનો માર્ગ છે, એમ (શાસ્ત્રમાં) સંભળાય છે. અહિં તો જ્ઞાન ને ક્રિયા વડે મોક્ષમાર્ગ કહ્યો છે તો વિરોધ કેમ ન થાય? બે સ્થાનકના અનુરોધથી આવી રીતે કથન કર્યે છતે પણ વિરોધ નથી એમ કહેવું પણ યોગ્ય નથી; કારણ કે 'विज्जाए चेव चरणेण चेव' આ નિર્દેશ (કથન) નિશ્ચયગર્ભિત છે. **સમાધાન**—વિદ્યા-જ્ઞાનના ગ્રહણ વડે દર્શન-સમ્યક્ત્વ પણ અવિરુદ્ધ જાણવું, કારણ કે જ્ઞાનનો ભેદ હોવાથી સમ્યગ્દર્શનનું પણ ગ્રહણ સમજવું. જેવી રીતે અવબોધાત્મક જ્ઞાન છતે મતિને આકારરહિતપણું હોવાથી અવગ્રહ અને ઇહા એ બન્ને દર્શન છે, તથા મતિને સાકારપણું હોવાથી અપાય અને ધારણા એ બન્નેને જ્ઞાન કહેલ છે. એવી રીતે વ્યાપારવાળું જ્ઞાન છતે જે અપાયનો રુચિરૂપ અંશ સમ્યગ્દર્શન છે તે અવગમ-જ્ઞાનનો બોધરૂપ અંશ તે અવાય જ છે માટે વિરોધ નથી. સૂત્રમાં અવધારણાત્મક (એવ શબ્દ) તો જ્ઞાનદર્શનચારિત્ર સિવાય ભવના વ્યવચ્છેદ (નાશ)નો અન્ય કોઈ ઉપાય નથી એમ બતાવવા માટે છે. ॥૬૩॥

જ્ઞાન અને ચારિત્રને આત્મા કેમ પ્રાપ્ત નથી કરતો, આ હેતુથી 'दो ठाणाइं'मित्यादि અગિયાર સૂત્રો કહે છે—

**दो ठाणाइं अपरियाणित्ता आया णो केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए, तंजहा—आरंभे चेव परिग्गहे चेव १। दो ठाणाइं अपरियादित्ता आया णो केवलं बोधिं बुज्झेज्जा तंजहा—आरंभे चेव परिग्गहे चेव २। दो ठाणाइं अपरियाइत्ता आया नो केवलं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइज्जा, तंजहा—आरंभे चेव परिग्गहे चेव ३। एवं णो केवलं बंभचेरवासमावसेज्जा ४, णो केवलेणं संजमेणं संजमेज्जा ५, नो केवलेणं संवरेणं संवरेज्जा ६, नो केवलमाभिणिबोहियणाणं उप्पाडेज्जा ७, एवं सुयनाणं ८, ओहिनाणं ९, मणपज्जवनाणं १०, केवलनाणं ११ ॥ सू० ६४॥**

*(મૂ૦) બે સ્થાનને જ્ઞપરિજ્ઞાએ જાણ્યા સિવાય અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાએ છોડ્યા સિવાય આત્મા, કેવલીએ પ્રરૂપેલ ધર્મને શ્રવણપણાએ (સાંભળવા વડે) પામે નહિં તે આ પ્રમાણે—આરંભ અને પરિગ્રહ છોડ્યા સિવાય ૧, બે સ્થાનને જાણ્યા સિવાય અને છોડ્યા સિવાય આત્મા, શુદ્ધ બોધિ (સમ્યક્ત્વ) ને અનુભવે નહિં (પામે નહિ), તે આ પ્રમાણે—આરંભને અને પરિગ્રહને છોડ્યા સિવાય ૨, બે સ્થાનને જાણ્યા સિવાય અને છોડ્યા સિવાય આત્મા, દ્રવ્યભાવથી મુંડ થઈને ગૃહથી નીકળીને વિશુદ્ધ પ્રવ્રજ્યા [દીક્ષા]ને પામે નહિં તે આ પ્રમાણે—આરંભને અને પરિગ્રહને ૩, એવી રીતે આરંભ અને પરિગ્રહને જાણ્યા સિવાય અને છોડ્યા સિવાય શુદ્ધ બ્રહ્મચર્યવાસમાં વસે નહિં ૪, તે શુદ્ધ સંયમ વડે આત્માનો સંયમ કરે નહિં (આત્માને કાબૂમાં રાખે નહિં) ૫, શુદ્ધ સંવર વડે આશ્રવ દ્વારોને સંવરે નહિ ૬, પરિપૂર્ણ આભિનિબોધિક (મતિ) જ્ઞાનને ઉત્પન્ન કરે નહિં ૭, એમ શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરે નહિં ૮, એમ અવિધિજ્ઞાનને ૯, એમ મનઃપર્યવજ્ઞાનને ૧૦ અને કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે નહિં ૧૧. ॥૬૪॥*

(ટી૦) दो ठाणाइं ઇત્યાદિ અગ્યાર સૂત્રો સુગમ છે. ॥૬૪॥

બે સ્થાન-બે વસ્તુને જ્ઞપરિજ્ઞા વડે જાણ્યા સિવાય—જો આ બે આરંભ અને પરિગ્રહ અનર્થને માટે છે તો મને આ આરંભ અને પરિગ્રહ વડે સર્યું, એવી રીતે ત્યાગવાના સન્મુખ દ્વારે કરી પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે પચ્ચક્ખાણ ન કરીને **બ્રહ્મદત્ત ચક્રી**ની જેમ, આરંભ અને પરિગ્રહથી વિરક્ત ન થયો. 'अपरियाइत्तत्ति' એવો પાઠ ક્યાંક છે ત્યાં સ્વરૂપથી તે બેને ગ્રહણ ન કરીને [અર્થાત્ તેનું સ્વરૂપ ન સમજીને] આત્મા, જિનેશ્વરકથિત ધર્મને સાંભળવાની ઇચ્છા વડે સાંભળવાનો લાભ પ્રાપ્ત કરે નહિં. તે આ પ્રમાણે—**आरंभाः**—ખેતી વગેરે દ્વારા પૃથ્વી વગેરેના જીવોના ઉપમર્દનરૂપ આરંભોને અને 'परिग्रहाः'—ધર્મના સાધન સિવાય ધન, ધાન્ય વગેરે પરિગ્રહોને, અહિં એકવચન પ્રક્રમ (નિયમ) છતે પણ વ્યક્તિની અપેક્ષાએ બહુવચન કરેલ છે. સૂત્રમાં 'चेव' શબ્દ નિશ્ચયાત્મક અને સમુચ્ચયાર્થમાં પોતાની બુદ્ધિ વડે જાણવા (૧), કેવલાં-શુદ્ધ સમ્યક્ત્વને અનુભવે, અથવા વિભક્તિના પરિણામથી શુદ્ધ બોધિ વડે બોધ્ય-જાણવા યોગ્ય જીવાદિ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા કરે (૨), દ્રવ્યથી મસ્તકના લોચ

વડે અને ભાવથી કષાયાદિને દૂર કરવા વડે મુંડ થઈને ગૃહથી નીકળીને 'केवलां' એ શબ્દનો અહિં સંબંધ હોવાથી કેવલ પરિપૂર્ણ અથવા નિર્મલ પ્રવ્રજ્યાને પામે (૩), એવી રીતે પૂર્વે જેમ જોડેલ છે તેમ પછીના વાક્યમાં 'दो ठाणाइं' ઇત્યાદિ વાક્ય કહેવું. બ્રહ્મચર્યેણ—અબ્રહ્મના વિરામ વડે વાસ-રાત્રિમાં સૂવું, અથવા બ્રહ્મચર્યમાં વાસ-વસવું તે બ્રહ્મચર્યવાસ, તેને કરે-સેવે (૪), संयमेन-પૃથિવીકાયિક વગેરેની રક્ષારૂપ લક્ષણ વડે આત્મા પ્રત્યે સંયમ કરે (૫), संवरेण-આશ્રવના નિરોધ રૂપ લક્ષણ વડે આશ્રવના દ્વારોને બંધ કરે (૬), केवलं-પરિપૂર્ણ-પોતાના સર્વ વિષયોને ગ્રહણ કરનાર-[1]'आभिणिबोहिनाणं'त्ति અર્થને સન્મુખ, અવિપર્યય હોવાથી નિયત, અશંસય હોવાથી બોધ-સ્વભાવરૂપ જાણવું તે અભિનિબોધ, તે જ આભિનિબોધિક. જે આભિનિબોધિકમય જ્ઞાન, તે ઇંદ્રિય અને અનિંદ્રિય (મન) નિમિત્તવાળું છે, અને ઓઘ-સામાન્યથી બધા દ્રવ્ય અને અસર્વપર્યાય (પર્યાયોના અનંતમા ભાગના) વિષયવાળું મતિજ્ઞાન ઉત્પન્ન કરે, તથા 'एवं' ઇત્યાદિ શબ્દ વડે ઉત્તર પદોમાં 'नो केवलं उपाडेज्ज'त्ति જાણવું (૭), 'सूयनाणं'त्ति જે સંભળાય છે તે શ્રુત-શબ્દ જ છે, તે ભાવશ્રુતનું કારણ હોવાથી જ્ઞાન તે શ્રુતજ્ઞાન, તે શ્રુત ગ્રંથને અનુસરનારું છે. ઓઘ-સામાન્યથી સર્વ દ્રવ્ય અને અસર્વપર્યાયને વિષય કરનારું અક્ષરશ્રુત વગેરે ચૌદ ભેદવાળું શ્રુતજ્ઞાન છે (૮), તથા 'ओहिनाणं'त्ति જેના વડે, જેથી અને જેને વિષે મર્યાદા કરાય છે તે અવધિ અથવા अवधीयते—નીચે નીચે વિસ્તારતું અને મર્યાદા વડે જે જણાય છે તે અવધિ, તે અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમરૂપ જ છે; કારણ કે અવધિજ્ઞાનના ઉપયોગનો હેતુ છે. અથવા અવધાન-વિષયનું જાણવું તે અવધિ, અવધિ એવું જ્ઞાન તે અવધિજ્ઞાન, તે ઇંદ્રિય અને મનની અપેક્ષા રહિત આત્માથી રૂપી દ્રવ્યનું સાક્ષાત્ કરવું (૯), તથા 'मणपज्जवनाणं'त्ति મનમાં અથવા મનનું પર્યવ-પરિચ્છેદ તે જ જ્ઞાન જાણવું અથવા મનના પર્યવો-પર્યાયો-અથવા પર્યાયો-અવસ્થાવિશેષો, તે મનઃપર્યવ વગેરે, તેઓનું[2] અથવા તેઓને વિષે જે જ્ઞાન તે મનઃપર્યવજ્ઞાન. એવી રીતે બીજા વિષયમાં પણ જાણવું. આ જ્ઞાન અઢીદ્વીપરૂપ સમયક્ષેત્રમાં રહેલ સંજ્ઞિ પંચેંદ્રિયો વડે ચિંતન કરાતા મનોદ્રવ્યને પ્રત્યક્ષ કરનારું છે (૧૦), 'केवलनाणं'त्ति કેવલ-અસહાય, મતિ વગેરે જ્ઞાનની અપેક્ષા રહિત હોવાથી એકલું, અથવા આવરણરૂપ મલનાં અભાવથી કલંક રહિત, અથવા સમગ્ર જ્ઞાનાવરણાદિના અભાવથી પ્રથમપણાએ સંપૂર્ણ ઉત્પત્તિ હોવાથી સકલ-સંપૂર્ણ છે, અથવા તેના જેવું બીજું કોઈ ન હોવાથી અસાધારણ છે અથવા જ્ઞેયનું અનંતપણું હોવાથી અનંત છે એવું જે જ્ઞાન તે કેવલજ્ઞાન છે. (બોધિસૂત્રથી કેવલજ્ઞાનના સૂત્ર પર્યંત દશ સૂત્રમાં આરંભ અને પરિગ્રહને જાણ્યા સિવાય અને છોડ્યા સિવાય બોધિ વગેરે પામે નહિ) (૧૧). ॥૬૪॥

જીવ, જ્ઞાનક્રિયારૂપ ધર્મ વગેરેને કેમ પ્રાપ્ત કરે છે તે કહે છે—

**दो ठाणाइं परियादित्ता आया केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए, तंजहा—आरंभे चेव परिग्गहे चेव, एवं जाव केवलनाणमुप्पाडेज्जा ।। सू० ६५।।**

**दोहिं ठाणेहिं आया केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए, तंजहा—सोच्च च्चेव अभिसमेच्च च्चेव जाव केवलनाणं उप्पाडेज्जा ।। सू० ६६।।**

*(મૂ૦) બે સ્થાનના સ્વરૂપને સારી રીતે સમજીને (ઉપલક્ષણથી છોડીને) આત્મા કેવલીભાષિત ધર્મને શ્રવણપણા વડે પ્રાપ્ત કરે, તે આ પ્રમાણે—આરંભને અને પરિગ્રહને. એવી રીતે યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે. ॥૬૫॥*

*બે સ્થાને આત્મા, કેવલીપ્રજ્ઞપ્ત ધર્મને શ્રવણભાવ વડે પામે તે આ પ્રમાણે—સાંભળીને અને જાણીને. એવી રીતે યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે. ॥૬૬॥*

1. અભિ=અર્થને સન્મુખ, નિ=નિયત અને બોધ=સંશય રહિત, એને સ્વાર્થમાં 'इक' પ્રત્યય લાગવાથી આભિનિબોધિક શબ્દ થાય છે. અહિં પ્રત્યેક શબ્દનો અર્થ કરવાથી વિપર્યય, અનધ્યવસાય (અનિશ્ચિત અને સંશય) દોષનું નિવારણ કરેલ છે.
2. મનોવર્ગણાને સર્વથા પ્રકારે જાણે અને મનમાં જે ચિંતન કરે તેને જાણે.

(टी०) दो ठाणाइं ઇત્યાદિ અગ્યાર સૂત્રો સુગમ છે. ॥૬૫॥

વળી ધર્માદિના લાભમાં બીજા બે કારણોને કહે છે—दोहिमित्यादि—સુગમ છે. ફક્ત શ્રવણભાવ વડે—'सोच्च च्चेव'त्ति—પ્રાકૃતપણાથી જ હ્રસ્વત્વાદિ થયેલ છે, સાંભળીને ધર્માદિનું જ સ્વીકારવું થાય છે. 'अभिसमेच्च'त्ति સારી રીતે જાણીને ધર્મના ઉપાદેયપણાને જાણે. કહ્યું છે કે—

**सद्धर्मश्रवणादेव नरो विगतकिल्बिषः। ज्ञाततत्त्वो महासत्त्वः परं संवेग-मागतः।।६।।**

**धर्म्मोपादेयतां ज्ञात्वा सञ्जातेच्छोऽत्र भावतः। दृढं स्वशक्तिमालोच्य ग्रहणे सम्प्रवर्त्तते।।७।। [धर्मबिन्दौ३।१-२]**

"મનુષ્ય સદ્ધર્મના શ્રવણથી જ પાપ રહિત, તત્ત્વજ્ઞ, મહાસત્ત્વ અને ઉત્કૃષ્ટ વૈરાગ્યને પ્રાપ્ત થાય છે તે મનુષ્ય ધર્મની ઉપાદેયતાને જાણીને એમાં ભાવથી ઇચ્છાવાળો થયો થકો પોતાની શક્તિને વિચારીને ગ્રહણ કરવામાં દૃઢતાથી પ્રવર્ત્તે છે" (૬-૭)

'एवं बोहिं बुज्झेज्जेत्यादि, यावत् केवलनाणं उप्पाडेज्ज'त्ति—એવી રીતે બોધિને પામે ઇત્યાદિ સૂત્રથી યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે ત્યાં સુધી જાણી લેવું. ॥૬૬॥

કેવલજ્ઞાન કાલવિશેષમાં થાય છે માટે હવે કાલવિશેષને કહે છે—

**दो समाओ पन्नत्ताओ, तंजहा—ओसप्पिणी समा चेव उसप्पिणी समा चेव ।। सू० ६७।।**

**दुविहे उम्माए पन्नत्ते, तंजहा—जक्खावेसे चेव, मोहणिज्जस्स चेव कम्मस्स उदएणं। तत्थ णं जे से जक्खावेसे से णं सुहवेयतराए चेव सुहविमोयतराए चेव। तत्थ णं जे से मोहणिज्जस्स कम्मस्स उदएणं से णं दुहवेयतराए चेव दुहविमोयतराए चेव ।। सू० ६८।।**

**दो दंडा पन्नत्ता, तंजहा—अट्ठादंडे चैव अणट्ठादंडे चेव। नेरइयाणं दो दंडा पन्नत्ता, तंजहा—अट्ठादंडे य अणट्ठादंडे य, एवं चउवीसादंडओ जाव वेमाणियाणं ।। सू० ६९।।**

(મૂ૦) *બે સમા—કાલવિશેષ કહેલ છે, તે આ પ્રમાણે—અવસર્પિણી–ઉતરતો કાલ અને ઉત્સર્પિણી–ચઢતો કાલ. ॥૬૭॥*

*બે પ્રકારે ઉન્માદ (ઘેલછા) કહેલ છે, તે આ પ્રમાણે—યક્ષાવેશ (દેવના આવેશરૂપ) અને મોહનીય કર્મના ઉદય વડે થયેલ ઉન્માદ. તેમાં જે યક્ષાવેશ છે તે સુખ વડે ભોગવી શકાય અને સુખ વડે તજી શકાય, અને જે ઉન્માદ મોહનીય કર્મના ઉદય વડે છે તે દુઃખે ભોગવી શકાય અને દુઃખે દૂર કરી શકાય. ॥૬૮॥*

*બે દંડ—પ્રાણાતિપાતાદિ કહેલ છે, તે આ પ્રમાણે—અર્થદંડ અને અનર્થદંડ. નૈરયિકોને બે દંડ કહેલ છે, તે આ પ્રમાણે—અર્થદંડ અને અનર્થદંડ. એવી રીતે ચોવીશ દંડકમાં યાવત્ વૈમાનિકોને બે દંડ કહેલ છે. ॥૬૯॥*

(ટી૦) समा—કાલવિશેષ. બાકીનું સુગમ છે. ॥૬૭॥

કેવળજ્ઞાન, મોહનીયકર્મથી ઉત્પન્ન થયેલ ઉન્માદના ક્ષયથી થાય છે. આ કારણથી સામાન્યપણે ઉન્માદનું સ્વરૂપ કહે છે—'दुविहे उम्माणे' ઇત્યાદિ, ઉન્માદ–ગ્રહ (ગ્રહાયેલ) અર્થાત્ બુદ્ધિનું વિપરીતપણું. યક્ષાવેશ—શરીરમાં દેવનું પ્રવેશપણું, તેથી થયેલ ઉન્માદ તે યક્ષાવેશ એક છે અને દર્શનમોહનીય વગેરે કર્મના ઉદયથી જે થયેલ તે બીજો ઉન્માદ. તે બેમાં જે યક્ષાવેશ વડે થાય છે તે બહુ સુખપૂર્વક વેદી શકાય છે, અર્થાત્ મોહ વડે ઉત્પન્ન થયેલ ઉન્માદની અપેક્ષાએ ઘણો જ ઓછો અનુભવી શકાય છે, કારણ કે યક્ષાવેશને અનૈકાંતિક [1]અને અનાત્યંતિક ભ્રમપણું હોય છે. વળી જે બહુ સુખે દૂર કરી શકાય છે તે જ સુખવિમોચ્યતરક છે, કારણ કે યક્ષાવેશ મંત્ર/ઔષધિ અને યંત્રાદિ વડે સાધ્ય છે, અથવા અત્યંત સુખ વડે દૂર કરવા યોગ્ય, તથા જે યક્ષાવેશ પ્રાણીને અત્યંત સુખ વડે જ છોડે છે તે સુખવિમોચતરક. બીજો મોહથી થયેલ ઉન્માદ તો યક્ષાવેશથી

1, યક્ષાવેશ થયેલ વ્યક્તિ કોઈ વખતે શુદ્ધિમાં પણ હોય છે તેથી ડાહ્યા માણસ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે.

વિપરીત છે, કારણ કે એકાંતિક અને આત્યંતિક ભ્રમ સ્વભાવપણાએ અત્યંત અયોગ્ય પ્રવૃત્તિના હેતુપણાએ અનંતભવનું કારણ છે. વળી બીજા અંતર—પેટા કારણના ઉત્પન્ન થવાને લીધે મંત્રાદિ વડે અસાધ્ય છે, પણ કર્મના ક્ષયોપશમાદિ વડે જ સાધ્યપણું છે. આ કારણથી જ કહેલું છે—'दुहवेयतराए चेव दुहविमोयतराए चेव'त्ति—આ મોહાવેશ અતિશય દુઃખપૂર્વક વેદવા યોગ્ય અને દુઃખપૂર્વક મૂકવા યોગ્ય છે. ।।૬૮।।

ઉન્માદથી પ્રાણી પ્રાણાતિપાતાદિરૂપ દંડમાં પ્રવર્તે છે અથવા દંડનું પાત્ર બને છે. આ કારણથી દંડનું નિરૂપણ કરે છે– 'दो दंडे' ઇત્યાદિ, દંડઃ—પ્રાણાતિપાત વગેરે, તે અર્થ માટે–ઇંદ્રિયાદિના પ્રયોજન માટે જે કરાય છે તે અર્થદંડ, પ્રયોજન વિના જે હિંસાદિ કરાય તે અનર્થદંડ. ઉપરોક્ત દંડ સર્વ જીવોને વિષે ચોવીશ દંડક વડે નિરૂપણ કરે છે—'णेरयाणमि'त्यादि, 'एवमि'त्ति—નારકની માફક અર્થદંડ અને અનર્થદંડના કથન વડે ચોવીશ દંડક જાણી લેવા. વિશેષ કહે છે—નારકને પોતાના શરીરની રક્ષા માટે બીજાને મારવા રૂપ અર્થદંડ અને વિશેષ દ્વેષ માત્રથી હણવારૂપ અનર્થદંડ હોય, પૃથિવીકાયિક વગેરેને તો અનાભોગ–ભાન વગર પણ આહારના ગ્રહણ કરવામાં જીવવધના સદ્ભાવથી અર્થદંડ અને બીજી રીતે (આહાર ગ્રહણ સિવાય) અનર્થદંડ હોય અથવા બંને દંડ પણ ભવાંતરમાં અર્થદંડાદિની પરિણતિ (પરિણામ)થી હોય છે. ।।૬૯।।

પણ સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીથી યુક્ત વિશિષ્ટ જીવોને જ દંડ નથી. આ કારણથી રત્નત્રયનું નિરૂપણ કરવા ઇચ્છતા સૂત્રકાર સામાન્યપણે પ્રથમ દર્શનનું નિરૂપણ કરે છે—

**दुविहे दंसणे पन्नत्ते, तंजहा—सम्मद्दंसणे चेव मिच्छादंसणे चेव १। सम्मद्दंसणे दुविहे पन्नत्ते, तंजहा—णिसग्गसम्मद्दंसणे चेव अभिगमसम्मद्दंसणे चेव २। णिसग्गसम्मद्दंसणे दुविहे पन्नत्ते, तंजहा—पडिवाई चेव अपडिवाई चेव ३। अभिगमसम्मदंसणे दुविहे पन्नत्ते, तंजहा—पडिवाई चेव अपडिवाई चेव ४। मिच्छादंसणे दुविहे पन्नत्ते, तंजहा—अभिग्गहियमिच्छादंसणे चेव अणभिग्गहियमिच्छादंसणे चेव ५। अभिग्गहियमिच्छादंसणे दुविहे पन्नत्ते, तंजहा—सपज्जवसिते चेव अपज्जवसिते चेव ६। एवमणभिग्गहियमिच्छादंसणेवि ७ ॥ सू० ७०॥**

*(મૂ૦) બે પ્રકારનું દર્શન કહેલું છે, તે આ પ્રમાણે—સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન (૧), સમ્યગ્દર્શન બે પ્રકારનું કહેલું છે, તે આ પ્રમાણે—નિસર્ગ (સહજ) સમ્યગ્દર્શન અને અભિગમ (ઉપદેશથી થયેલ) સમ્યગ્દર્શન (૨), નિસર્ગ સમ્યગ્દર્શન બે પ્રકારનું છે, તે આ પ્રમાણે—પ્રતિપાતિ અને અપ્રતિપાતિ (૩), અભિગમ સમ્યગ્દર્શન બે પ્રકારનું છે, તે આ પ્રમાણે—પ્રતિપાતિ અને અપ્રતિપાતિ (૪), મિથ્યાદર્શન બે પ્રકારનું છે, તે આ પ્રમાણે—અભિગ્રહિક (ખોટા મતના આગ્રહરૂપ) મિથ્યાદર્શન અને અનભિગ્રહિક (કોઈપણ મતના આગ્રહ રહિત અર્થાત્ સર્વને સરખા ગણવારૂપ) મિથ્યાદર્શન (૫), અભિગ્રહિક મિથ્યાદર્શન બે પ્રકારનું છે, તે આ પ્રમાણે—સપર્યવસિત (અંત સહિત) અને અપર્યવસિત (અંત રહિત) (૬), એવી રીતે અનભિગ્રહિક મિથ્યાદર્શન પણ બે પ્રકારનું જાણવું (૭). ।।૭૦।।*

(ટી૦) 'दुविहे दंसणे' ઇત્યાદિ સાત સૂત્રો સુગમ છે. વિશેષ એ કે–દર્શન એટલે તત્ત્વોને વિશે રુચિ. સમ્યગ્–અવિપરીત (જિનદર્શનને અનુસરનારું) તે સમ્યગ્દર્શન તથા મિથ્યા–વિપરીત દર્શન તે મિથ્યાદર્શન (૧). 'सम्मद्दंसणे' इत्यादि—નિસર્ગ–સ્વભાવ અને અનુપદેશ એ શબ્દો એક અર્થવાળા છે. (ગુરુના ઉપદેશ સિવાય તે નિસર્ગ). અભિગમ–અધિગમ (ગુરુના ઉપદેશાદિરૂપ). જે નિસર્ગથી થયેલું તે નિસર્ગસમ્યગ્દર્શન અને અધિગમથી થયેલું તે અધિગમસમ્યગ્દર્શન, મરુદેવા માતાને નિસર્ગસમ્યગ્દર્શન અને ભરત મહારાજાને અભિગમસમ્યગ્દર્શન જાણવું (૨). 'निसग्गे'त्यादि—પડવાના સ્વભાવવાળું તે પ્રતિપાતીસમ્યગ્દર્શન, તે ઔપશમિક અને ક્ષાયોપશમિક તેમજ અપ્રતિપાતિ તે ક્ષાયિક સમ્યક્ત્વ જાણવું. તેમાં ઔપશમિકાદિ ત્રણના ક્રમ વડે લક્ષણ કહે છે—અહિં ઉપશમશ્રેણિમાં પ્રવેશ કરેલાને અનંતાનુબંધી ચતુષ્કનો અને ત્રણ દર્શનમોહનીયનો ઉપશમ થવાથી ઔપશમિક સમ્યક્ત્વ હોય છે, અથવા જે અનાદિ મિથ્યાદૃષ્ટિ, નથી કરેલ સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને મિશ્રનામવાળા

શુદ્ધ, અશુદ્ધ અને અર્દ્ધવિશુદ્ધરૂપ મિથ્યાત્વપુદ્ગલના ત્રણ પુંજ જેણે, વળી નથી ખપાવેલ મિથ્યાદર્શન જેણે એવો જે જીવ, સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે તેને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે. તે કેવી રીતે? અહિં આ જીવને જે મિથ્યાદર્શન મોહનીય કર્મ ઉદયમાં આવેલું તે અનુભવ વડે જ નાશ પામ્યું, અન્ય મિથ્યાત્વ મોહનીય કર્મ મંદ પરિણામપણાએ ઉદયમાં નહિં આવેલું, આ કારણથી અંતર્મુહૂર્ત કાલમાત્ર ઉપશાંત રહે છે. વિષ્કંભિતોદય (ઉદયનો અટકાવ) તેટલા કાલ સુધી જીવને ઔપશમિક સમ્યક્ત્વનો લાભ હોય છે. ભાષ્યકારે કહ્યું છે કે—

**उवसामगसेढिगयस्स, होइ उवसामिअं तु सम्मत्तं । जो वा अकयतिपुंजो, अखवियमिच्छो लहइ सम्मं ॥८॥**

**खीणम्मि उदिन्नम्मी, अणुदिज्जंते य सेसमिच्छत्ते। अंतोमुहुत्तकालं, उवसमसम्मं लहइ जीवो॥९॥[विशेषा० ५२६-३०]**

ઉપશમશ્રેણિ પામેલાને ઉપશમ સમ્યક્ત્વ હોય છે. અથવા જેણે ત્રણ પૂંજ ન કર્યા હોય અને મિથ્યાત્વનો ક્ષય પણ ન કર્યો હોય તે ઉપશમ સમ્યક્ત્વ પામે છે. ઉદય પામેલા મિથ્યાત્વનો ક્ષય થયો હોય અને શેષ મિથ્યાત્વ અનુદિત છતે અન્તર્મુહૂર્ત માત્ર સુધી જીવ ઉપશમ સમકિત પામે છે. (૮–૯)

અંતર્મુહૂર્ત માત્ર કાલ હોવાથી જ ઉપશમ સમકિતનું પ્રતિપાતીપણું છે. અનંતાનુબંધી કષાયનો ઉદય થયે છતે ઉપશમ સમ્યક્ત્વથી પડતાં જીવને જે સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય છે તે ઔપશમિક[1] જ છે. તે સાસ્વાદન પણ પ્રતિપાતી જ છે, કારણ કે સાસ્વાદનનો કાલ જઘન્યથી સમય માત્ર અને ઉત્કૃષ્ટથી તો છ આવલિકા પ્રમાણ છે. તથા અહિં જે મિથ્યાદર્શનના જે દલિક ઉદયમાં આવેલ તે ક્ષય પામેલ અને જે ઉદયમાં ન આવેલ તે ઉપશાંત થયેલ. ઉપશાંત–સ્તંભીભૂત[2] ઉદયવિશિષ્ટ અને મિથ્યા સ્વભાવ દૂર કરેલું[3] હોય તે અહિં અનુભવમાં આવેલ એવા ક્ષયોપશમ સ્વભાવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે. **શંકા**——ઉપશમ સમકિતમાં પણ ક્ષય અને ઉપશમ બન્ને સ્વભાવ હોય છે તેવી જ રીતે ક્ષાયોપશમિકમાં પણ બન્ને છે, તો આ બે સમકિતમાં ભેદ શો? **સમાધાન**—આ જ વિશેષ છે. અહિં ક્ષાયોપશમિકમાં જે દલિક (શુદ્ધપુંજરૂપ) વેદાય છે તે દલિક ઔપશમિકમાં વેદાતા નથી. વળી અહિં ક્ષાયોપશમિકમાં પૂર્વે જે દલિક ઉપશાંત કરેલ છે તે સમય સમય પ્રત્યે ઉદયમાં આવે છે, વેદાય[4] છે અને ક્ષય થાય છે. ઔપશમિકમાં તો ઉદયનો અટકાવ માત્ર છે. ભાષ્યકાર કહે છે—

**मिच्छत्तं जमुइन्नं, तं खीणं अणुइयं च उवसंतं । मीसीभावपरिणयं, वेइज्जंतं खओवसमं ॥१०॥ [वि.आ० ५३२]**

જે ઉદય પામેલું મિથ્યાત્વ હોય તેને ક્ષય કર્યું હોય અને નહીં ઉદય પામેલું (સત્તામાં) હોય તેને ઉપશમાવ્યું હોય, એવા મિશ્રભાવે પરિણામ પામીને, જે અનુભવાતું હોય તે ક્ષયોપશમ સમકિત કહેવાય છે. (૧૦)

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ જઘન્યથી અંતર્મુહૂર્ત સ્થિતિવાળું હોવાથી અને ઉત્કૃષ્ટથી છાસઠ સાગરોપમથી કંઈક અધિક સ્થિતિવાળું હોવાથી પ્રતિપાતી છે. જો કે ક્ષપક (ક્ષાયિક સમ્યક્ત્વના પ્રારંભક[5])ને સમ્યગ્દર્શનના દલિક છેલ્લા પુદ્ગલના અનુભવરૂપ (એક સમયની સ્થિતિવાળુ) વેદક કહેવાય છે, તે (વેદક) પણ ક્ષાયોપશમિકનો ભેદ હોવાથી પ્રતિપાતી જ છે. તથા મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વમોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે. ભાષ્યકાર કહે છે—

**खीणे दंसणमोहे, तिविहंमि वि भवनियाणभूयंमि ॥ निप्पच्चवायमउलं, सम्मत्तं खाइयं होइ ॥११॥**

અનંતાનુબંધી ચતુષ્કના ક્ષય કર્યા બાદ સંસારના મૂલ કારણભૂત ત્રણ પ્રકારનો દર્શનમોહ ક્ષય થયે છતે અત્યંત વિશુદ્ધ, અતુલ્ય, ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. (૧૧)

1. ઉપશમસમકિતથી પડતા જીવને જે સમ્યક્ત્વનો આસ્વાદ હોય છે તે ઉપશમના જ વમન સદૃશ હોવાથી ઉપશમનો જ ભેદ છે.
2. મિથ્યાત્વ અને મિશ્રપુંજની અપેક્ષાએ ઉદયનો અટકાવ. 3. સમ્યક્ત્વપુંજની અપેક્ષાએ મિથ્યાસ્વભાવ દૂર કરાય છે.
4. ક્ષાયોપશમિકમાં સમ્યક્ત્વ પુંજના દલિક, વિપાકોદયથી અને મિથ્યાત્વદલિક પ્રદેશોદયથી વેદાય છે. ઔપશમિકમાં કશું વેદન થતું નથી.
5. અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનો ક્ષય કરી, છેલ્લે સમ્યક્ત્વમોહનીયને ખપાવતા એક સમય સ્થિતિક ચરમ પુદ્ગલના વેદનરૂપ અંશ તે જ વેદકસમ્યક્ત્વ કહેવાય છે.

ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવરૂપ હોવાથી અપ્રતિપાતી જ છે. આ કારણથી જ સિદ્ધપણામાં પણ સાથે પ્રવર્તે છે (૩[1]-૪). 'मिच्छादंसणे' ઇત્યાદિ—અભિગ્રહ કુમતનો સ્વીકાર છે. જેમાં તે અભિગ્રહિક મિથ્યાદર્શન જાણવું (૫). 'अभिग्गहिये' ત્યાદિ—અભિગ્રહિક, મિથ્યાદર્શન, સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે છતે જેનો અંત થાય છે તે સપર્યવસિત, અભવ્યને સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોવાથી અપર્યવસિત-અંતરહિત છે. તે મિથ્યાત્વ માત્ર પણ અતીત(ભૂત)કાલીન નયની અનુવૃત્તિ વડે અભિગ્રહિક એવો વ્યપદેશ[2] કરાય છે (૬). અનભિગ્રહિક મિથ્યાદર્શન, ભવ્ય જીવને સપર્યવસિત અને અભવ્યને અપર્યવસિત હોય છે. આ કારણથી જ કહે છે—'एवं अणभी'त्यादि (૭). ॥૭૦॥

દર્શનનું સ્વરૂપ કહ્યું, હવે જ્ઞાનનું સ્વરૂપ કહે છે—'तत्र दुविहे नाणे' એ આદિ સૂત્રથી આરંભીને 'आवस्सयवतिरित्ते दुविहे' ઇત્યાદિ છેલ્લા સૂત્ર પર્યંત ૨૩ સૂત્રો કહે છે—

**दुविहे नाणे पन्नत्ते, तंजहा—पच्चक्खे चेव परोक्खे चेव (१)। पच्चक्खे नाणे दुविहे पन्नत्ते, तंजहा—केवलनाणे चेव णोकेवलनाणे चेव (२)। केवलणाणे दुविहे पन्नत्ते, तंजहा—भवत्थकेवलनाणे चेव सिद्धकेवलणाणे चेव (३)। भवत्थकेवलनाणे दुविहे पन्नत्ते, तंजहा—सजोगिभवत्थकेवलणाणे चेव, अजोगिभवत्थकेवलणाणे चेव (४)। सजोगिभवत्थकेवलणाणे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयसजोगिभवत्थकेवलणाणे चेव अपढमसमय-सजोगिभवत्थकेवलणाणे चेव (५)। अहवा चरिमसमयसजोगिभवत्थकेवलणाणे चेव अचरिमसमयसजोगि-भवत्थकेवलनाणे चेव (६)। एवं अजोगिभवत्थकेवलनाणे वि (७-८)। सिद्धकेवलणाणे दुविहे पन्नत्ते, तंजहा-अणंतरसिद्धकेवलनाणे चेव परंपरसिद्धकेवलनाणे चेव (९)। अणंतरसिद्धकेवलनाणे दुविहे पन्नत्ते, तंजहा—एक्काणंतरसिद्धकेवलणाणे चेव अणेक्काणंतरसिद्धकेवलणाणे चेव (१०)। परंपरसिद्धकेवलणाणे दुविहे पन्नत्ते, तंजहा—एक्कपरंपरसिद्धकेवलणाणे चेव अणेक्कपरंपरसिद्धकेवलणाणे चेव (११)। णोकेवलणाणे दुविहे पन्नत्ते, तंजहा—ओहिणाणे चेव मणपज्जवणाणे चेव (१२)। ओहिणाणे दुविहे पन्नत्ते, तंजहा—भवपच्चइए चेव खओवसमिए चेव (१३)। दोण्हं भवपच्चइए पन्नत्ते, तंजहा—देवाणं चेव नेरइयाणं चेव (१४)। दोण्हं खओवसमिए पन्नत्ते, तंजहा—मणुस्साणं चेव पंचिंदियतिरिक्खजोणियाणं चेव (१५)। मणपज्जवनाणे दुविहे पन्नत्ते, तंजहा—उज्जुमति चेव विउलमति चेव (१६)। परोक्खे णाणे दुविहे पन्नत्ते, तंजहा—आभिणिबोहियणाणे चेव सुयनाणे चेव (१७)। आभिणिबोहियणाणे दुविहे पन्नत्ते, तंजहा—सुयनिस्सिए चेव असुयनिस्सिए चेव (१८)। सुयनिस्सिए दुविहे पन्नत्ते, तंजहा—अत्थोग्गहे चेव वंजणोग्गहे चेव (१९)। असुयनिस्सितेऽवि एमेव (२०)। सुयनाणे दुविहे पन्नत्ते, तंजहा—अंगपविट्ठे चेव अंगबाहिरे चेव (२१)। अंगबाहिरे दुविहे पन्नत्ते, तंजहा—आवस्सए चेव आवस्सयवइरित्ते चेव (२२)। आवस्सयवतिरित्ते दुविहे पन्नत्ते, तंजहा—कालिए चेव उक्कालिए चेव (२३) ।। सू० ७१।।**

*(મૂ૦) બે પ્રકારે જ્ઞાન કહ્યું છે, તે આ પ્રમાણે—પ્રત્યક્ષ જ્ઞાન અને પરોક્ષ જ્ઞાન (૧), પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—કેવલજ્ઞાન અને નોકેવલજ્ઞાન (૨), કેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—ભવસ્થકેવલજ્ઞાન અને સિદ્ધકેવલજ્ઞાન (૩), ભવસ્થકેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—સયોગિભવસ્થકેવલજ્ઞાન અને અયોગિભવસ્થ-*

1. અધિગમ સમ્યક્ત્વના પણ પ્રતિપાતી આદિ બે ભેદ પાડવા.
2. અભિગ્રહિક મિથ્યાત્વ, સંજ્ઞી જીવોને જ હોય છે, તે કારણથી અભિગ્રહિક મિથ્યાત્વ અપર્યવસિત-અંતરહિત સંભવી શકે નહિ માટે ભૂતકાલમાં થયેલ અભિગ્રહિક મિથ્યાત્વની પ્રવૃત્તિની અનુવૃત્તિથી અપર્યવસિત કહેલ છે, અર્થાત્ અતીત કાલનો વર્તમાનકાલમાં ઉપચાર કરાયેલ છે.

*કેવલજ્ઞાન (૪), સયોગિભવસ્થકેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—પ્રથમસમયસયોગિભવસ્થકેવલજ્ઞાન અને અપ્રથમ–સમયસયોગીભવસ્થકેવલજ્ઞાન (૫), અથવા ચરમસમયસયોગિભવસ્થકેવલજ્ઞાન અને અચરમસમય–સયોગિભવસ્થ–કેવલજ્ઞાન (૬), એવી રીતે અયોગિભવસ્થકેવલજ્ઞાનના પણ બે ભેદો જાણવા (૭–૮), સિદ્ધકેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—અનંતર (આંતરારહિત) સિદ્ધકેવલજ્ઞાન અને પરંપરસિદ્ધકેવલજ્ઞાન (૯), અનંતરસિદ્ધ–કેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—એકઅનંતરસિદ્ધકેવલજ્ઞાન અને અનેકઅનંતરસિદ્ધકેવલજ્ઞાન (૧૦), પરંપરસિદ્ધકેવલજ્ઞાન બે પ્રકારે છે, તે આ પ્રમાણે—એકપરંપરસિદ્ધકેવલજ્ઞાન અને અનેકપરંપરસિદ્ધકેવલજ્ઞાન (૧૧), નોકેવલજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન (૧૨), અવધિજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક (૧૩), ભવપ્રત્યયિકઅવધિજ્ઞાન બેને હોય છે, તે આ પ્રમાણે––દેવોને અને નૈરયિકોને (૧૪), ક્ષાયોપશમિક અવધિજ્ઞાન બેને હોય છે, તે આ પ્રમાણે—મનુષ્યોને અને પંચેંદ્રિય તિર્યંચ યોનિકોને (૧૫), મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—ઋજુમતિ અને વિપુલમતિ (૧૬), પરોક્ષ જ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—આભિનિબોધિક (મતિ)જ્ઞાન અને શ્રુતજ્ઞાન (૧૭), આભિનિબોધિક જ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત (૧૮), શ્રુતનિશ્રિતમતિજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ (૧૯), અશ્રુતનિશ્રિતમતિજ્ઞાનના પણ એવી રીતે બે ભેદ જાણવા (૨૦), શ્રુતજ્ઞાન બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય (૨૧), અંગબાહ્યશ્રુત બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત (૨૨), આવશ્યકવ્યતિરિક્ત શ્રુત બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે––કાલિક અને ઉત્કાલિક શ્રુત છે (૨૩). ॥૭૧॥*

(ટી૦) **'दो नाणे' इत्यादि**—સૂત્રો સુગમ છે. વિશેષ બોધ તે જ્ઞાન. અશ્નાતિ (ત્રિભુવનની ઋદ્ધિ પ્રત્યે) ભોગવે છે અથવા જ્ઞાન વડે પદાર્થો પ્રત્યે વ્યાપ્તિ કરે છે, તે કારણથી અક્ષ—આત્મા, તે પ્રત્યે જે ઇંદ્રિય અને મનની અપેક્ષા વિના વર્તે છે તે પ્રત્યક્ષ જ્ઞાન અર્થાત્ અંતર (વ્યવધાન) રહિતપણાએ પદાર્થને સાક્ષાત્ કરવામાં ચતુર છે. ભાષ્યકાર કહે છે—

**अक्खो जीवो अत्थव्वावण-भोयणगुणण्णिओ जेण । तं पइ वट्टइ नाणं, जं पच्चक्खं तमिह[तयं] तिविहं ॥१२॥[वि.आ०८९]**

જીવ અર્થની વ્યાપ્તિ અને ભોજન (ભોગ) સહિત હોવાથી અક્ષ કહેવાય છે. એવા તે જીવ પ્રત્યે જે જ્ઞાન સાક્ષાત્ વર્તે છે તે જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષજ્ઞાન અવધિ વગેરે ત્રણ પ્રકારે છે. (૧૨)

**परेभ्यः**—બીજાથી જીવની અપેક્ષાએ પુદ્ગલમય હોવાથી દ્રવ્યેંદ્રિય અને **अक्षस्य** જીવને જે જ્ઞાન થાય તે દ્વારાએ નિરુક્તિવશથી પરોક્ષજ્ઞાન. ભાષ્યકાર કહે છે—

**अक्खस्स पोग्गलकया, जं दव्विंदिय-मणा परा तेण । तेहिंतो जं नाणं, परोक्खमिह तमणुमाणं व ॥१३॥[वि.आ०९०]**

દ્રવ્યેંદ્રિય અને મન પુદ્ગલમય છે તેથી તે આત્માથી ભિન્ન છે, માટે ઇંદ્રિયો અને મનથી થતું જે મતિ અને શ્રુત જ્ઞાન તે અહિં અનુમાન પ્રમાણની માફક પરોક્ષ જ્ઞાન કહેલું છે. (૧૩)

અથવા **परैः**–ઇંદ્રિયો અને મનની સાથે **उक्षा**—જન્યજનક–ભાવરૂપ છે માટે પરોક્ષ સંબંધ છે. અર્થાત્ જીવને પરોક્ષ જ્ઞાન, ઇંદ્રિયો અને મનના વ્યવધાન (અંતર) વડે પદાર્થને જણાવનારું છે, પરંતુ સાક્ષાત્કાર કરાવનાર નથી (૧), **'पच्चक्खे'त्यादि**, **केवलं**—એક જ્ઞાન તે કેવલજ્ઞાન, તેથી જુદું તે નોકેવલજ્ઞાન તે અવધિ, મનઃપર્યવરૂપ (૨), **'केवले'त्यादि 'भवत्थके० चेव'ति** સંસારમાં રહેલ કેવલીનું[1] જે જ્ઞાન તે ભવસ્થકેવલજ્ઞાન, એવી રીતે સિદ્ધનું જે કેવલજ્ઞાન તે સિદ્ધકેવલજ્ઞાન (૩), **'भवत्थे'त्यादि**, જે કાયવ્યાપારાદિ યોગે સહિત છે તે સયોગી. અહિં સમાસાંત પ્રકરણથી **इन्** પ્રત્યય થયેલ છે. સયોગીરૂપ

1. કેવલજ્ઞાનમાં વાસ્તવિક ભેદ નથી પરંતુ સ્વામિની અપેક્ષાએ ભેદ છે. જેમ પાણીમાં ભેદ નથી તથાપિ પાત્ર ભેદે પાણીનો ઉપચાર થાય છે.

ભવસ્થનું જે કેવલજ્ઞાન તે સયોગીભવસ્થકેવલજ્ઞાન. નથી યોગો જેને તે અયોગી અથવા न योगीति अयोगी-યોગવાળો નહિં તે અયોગી. શૈલેશીકરણમાં રહેલ, બાકી તેવી જ રીતે છે (૪), 'सयोगी'त्यादि-સયોગીપણામાં પ્રથમ સમય છે જેને તે પ્રથમસમયસયોગી, એવી જ રીતે અપ્રથમ-બીજા વગેરે સમય છે જેને તે અપ્રથમસમયસયોગી, શેષ પૂર્વની માફક જાણવું (૫), 'अहवे'त्यादि—સયોગી અવસ્થાનો છેલ્લો સમય છે જેનો તે ચરમસમયસયોગી, શેષ પૂર્વની જેમ જાણવું (૬), 'एव'मिति સયોગી સૂત્રની જેમ પ્રથમ, અપ્રથમ, ચરમ અને અચરમ વિશેષણ સહિત સયોગી સૂત્ર પણ કહેવું (૭-૮), 'सिद्धे'त्यादि— વર્તમાન સમયમાં જે અંતરરહિત થયેલ સિદ્ધ, તે એક અથવા અનેક હોય છે તથા પરંપરસિદ્ધ-બે વગેરે સમયો જે સિદ્ધને થયા છે તે પરંપરસિદ્ધ, તે એક અથવા અનેક હોય છે. તેઓનું જે કેવલજ્ઞાન, તે તે પ્રમાણે વ્યપદેશ કરાય છે (૯), (૧૦-૧૧-૧૨)* 'ओहिनाणे'त्यादि 'भवपच्चइए'त्ति અવધિજ્ઞાનને ક્ષયોપશમનું નિમિત્તપણું છતે પણ ભવપ્રત્યયિકના ક્ષયોપશમને પણ ભવપ્રત્યયરૂપના પ્રધાનપણાને લઈને, ભવ એ જ છે નિમિત્ત જેને તેને ભવપ્રત્યય એવો વ્યપદેશ કરાય છે. એ જ કથનનો ભાષ્યકારે આક્ષેપ[દોષ]પૂર્વક પરિહાર (નિરાકરણ) કરેલ છે—

**ओही खओवसमिए, भावे भणितो भवो तहोदइए । तो किह भवपच्चइओ, वोत्तुं जुत्तोऽवही दोण्हं ॥१४॥**

**[विशेषावश्यक० ५७३ ति देव-नारकयोः]**

અવધિજ્ઞાન, ક્ષયોપશમભાવમાં કહેલ છે અને ભવ, ઉદયિક ભાવમાં કહેલ છે, તો દેવ અને નારક એ બન્નેનું અવધિજ્ઞાન, ભવપ્રત્યયિક કહેવું કઈ રીતે યોગ્ય કહેવાય? (૧૪)

આ આક્ષેપ(દોષ)નો અહિં પરિહાર કરે છે—

**सोऽवि हु खओवसमिओ, किन्तु स एव उ खओवसमलाभो । तंमि सइ होइऽवस्सं, भण्णइ भवपच्चओ तो सो॥१५॥**

**[विशेषावश्यक० ५७४]**

તે [દેવ-નારકનું] અવધિજ્ઞાન પણ ક્ષયોપશમથી જ થાય છે, પરંતુ તેવા ક્ષયોપશમનો લાભ, તે દેવ-નારકનો ભવ હોતે છતે અવશ્ય જ થાય છે તે કારણથી તે અવધિ ભવપ્રત્યયિક કહેવાય છે. (૧૫)

यतः—કર્મના ક્ષયોપશમ વગેરે શું ભવાદિ નિમિત્તવાળા છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે—

**उदयक्खयखओवसमोवसमा वि अ जं कम्मुणो भणिया । दव्वं खेत्तं कालं, भवं च भावं च संपप्प ॥१६॥**

**[विशेषावश्यक० ५७५]**

કર્મનો જે ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ કહેલો છે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવ એ પાંચને પ્રાપ્ત કરીને થાય છે. (૧૬)

વળી અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થયે છતે જે થયેલું તે ક્ષયોપશમિક અવધિજ્ઞાન છે (૧૩-૧૪-૧૫), 'मणपज्जवे'त्यादि-ઋજ્વી-સામાન્યને ગ્રહણ કરનારી મતિ તે ઋજુમતિ—'આ વડે ઘડો ચિંતવાયો' એ અધ્યવસાય (નિશ્ચય)નું નિબંધન—કારણ અર્થાત્ મનોદ્રવ્યનું જ્ઞાન, તથા विपुला-વિશેષને ગ્રહણ કરનારી જે મતિ તે વિપુલમતિ—'આના વડે જે ઘડો ચિંતવાયો' તે ઘડો સુવર્ણનો છે, પાટલીપુત્ર દેશનો છે, આજે થયેલ છે અને મોટો છે—એ વગેરે અધ્યવસાયના હેતુભૂત મનોદ્રવ્યના વિશેષ જ્ઞાનરૂપ છે. ભાષ્યકાર કહે છે—

**रिजु सामण्णं तम्मत्तगाहिणी रिजुमती मणोनाणं । [1]पायं विसेसविमुहं, घडमेत्तं चिंतितं मुणइ ॥१७॥**

**विउलं वत्थुविसेसणमाणं तग्गाहिणी मती विउला । चिंतियमणुसरइ घडं, [2]पसंगओ पज्जयसएहिं ॥१८॥**

**[विशेषावश्यक० ७८४-७८५]**

---

* अणंतरसिद्धकेवलनाणेत्यादि ૧૦, ૧૧ અને ૧૨મા સૂત્રની વ્યાખ્યા કરેલ નથી, પરંતુ મૂલસૂત્રના અનુવાદમાં તેનો અર્થ લખેલ છે.

1. પ્રાયઃ ઋજુમતિ, વિશેષજ્ઞાનથી વિમુખ હોય છે. 2. પ્રસંગથી સેંકડો પર્યાયો વડે ચિંતવાયેલા ઘડાને જાણે છે.

સામાન્ય માત્ર ગ્રાહિણી મતિ તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છે. એ પ્રાયઃ વિશેષ વિમુખ ઘટ માત્ર ચિંતવ્યો છે એમ જાણે. અને વિપુલમતિ તે ઋજુમતિએ જાણેલી વસ્તુને વિશેષપણે ગ્રહણ કરે એટલે સેંકડો પર્યાયે કરીને યુક્ત એવી ચિંતનીય વસ્તુને વિશેષપણે ગ્રહણ કરનારી હોય છે. (૧૭-૧૮) (૧૬-૧૭).

'**आभिणिबोहिए**' ઇત્યાદિ શ્રુતને આશ્રિત જે જ્ઞાન તે શ્રુતનિશ્રિત-મતિજ્ઞાન અથવા શ્રુત આશ્રિત કરાએલું છે જેના વડે તે શ્રુતનિશ્રિતમતિજ્ઞાન. વ્યવહાર કાલથી પૂર્વે શ્રુતવડે સંસ્કારવાળી મતિવાળાને જે વર્તમાનમાં શ્રુતની અપેક્ષા વિના જ્ઞાન થાય છે તે અવગ્રહાદિસ્વરૂપ શ્રુતનિશ્રિત છે. વળી પૂર્વે શ્રુતવડે અસંસ્કારવાળી મતિવિશિષ્ટ ક્ષયોપશમના અતિશય નિપુણપણાથી ઔત્પત્તિકી આદિ બુદ્ધિરૂપ જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે અથવા શ્રોત્રેન્દ્રિય વગેરેથી થયેલું તે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે (૧૮), ભાષ્યકાર કહે છે—

**पुव्वं सुयपरिकम्मियमतिस्स जं संपयं सुयाईयं । तं सुयनिस्सियमियरं, पुण अणिस्सियं मइचउक्कंतं ।।१९।।**

**[विशेषावश्यक० १६९]**

પૂર્વે શ્રુતપરિકર્મિત મતિવાળાને હમણાં જે શ્રુતાતીત જ્ઞાન થાય તે શ્રુતનિશ્રિત અને બીજું અશ્રુતનિશ્રિત, તે અશ્રુતનિશ્રિત મતિચતુષ્ક જાણવું. (૧૯)

'**सुए**'त्यादि, '**अत्थोग्गहे**'त्ति-**अर्यते**—જે જણાય અથવા **अर्थ्यते**-અન્વેષણ કરાય તે અર્થ. તે સામાન્યરૂપ, સર્વ વિશેષોની અપેક્ષા વિના કથન કરવા યોગ્ય રૂપાદિ પદાર્થનું અવગ્રહણ-પ્રથમ જ્ઞાન તે અર્થાવગ્રહ. જે વિકલ્પ રહિત જ્ઞાન છે તે દર્શન કહેવાય છે. જે એક સમયવાળો અર્થાવગ્રહ છે તે નૈશ્ચયિક છે અને વ્યવહારી અર્થાવગ્રહ 'આ શબ્દ છે' ઇત્યાદિ કથન કરનાર છે તે અંતર્મુહૂર્ત્ત કાલપ્રમાણવાળો છે. આ અર્થાવગ્રહ, ઇંદ્રિયો અને મન સંબંધથી છ પ્રકારે છે. દીવા વડે ઘડાની જેમ જે વડે પદાર્થ જણાય છે તે વ્યંજન, ઉપકરણેંદ્રિય અથવા શબ્દાદિપણાએ પરિણત ભાષાવર્ગણાદિ દ્રવ્યના સમૂહરૂપ છે તેથી વ્યંજન-ઉપકરણ ઇંદ્રિય વડે શબ્દાદિપણાએ પરિણત દ્રવ્યરૂપ જે વ્યંજનોનો અવગ્રહ તે વ્યંજનાવગ્રહ. અથવા વ્યંજન એટલે (શ્રોત્રાદિ) ઇંદ્રિય અને શબ્દાદિ દ્રવ્યનો સંબંધ. ભાષ્યકાર કહે છે— .

**वंजिज्जइ जेणऽत्थो, घडो व्व दीवेण वंजणं तो तं । उवगरणिंदियसद्दादिपरिणयद्दव्वसंबंधो ।।२०।। [वि.आ० १९४]**

દીપકથી જેમ ઘટ પ્રગટ થાય છે તેમ જેનાથી અર્થ પ્રગટ થાય તે વ્યંજન અને ઉપકરણેન્દ્રિય અને શબ્દાદિરૂપે પરિણત દ્રવ્યના સંબંધરૂપ છે. (૨૦)

આ વ્યંજનાવગ્રહ, મન અને ચક્ષુવર્જિત ઇંદ્રિયોનો ચાર પ્રકારે થાય છે, કારણ કે મન અને નયનને અપ્રાપ્ત (સંબંધ વિના) અર્થનું જાણવાપણું છે અર્થાત્ મન અને નયન અપ્રાપ્યકારી છે. શ્રોત્ર, ઘ્રાણ, રસના અને સ્પર્શનેંદ્રિયો પ્રાપ્ત થયેલ અર્થને જાણે છે અર્થાત્ શ્રોત્રાદિ એ ચારે ઇંદ્રિયો પ્રાપ્યકારી છે. **શંકા**—વ્યંજનાવગ્રહ, જ્ઞાન ન કહેવાય; કારણ કે શ્રોત્રાદિ ઇંદ્રિય અને શબ્દાદિ દ્રવ્યનો સંબંધકાળ હોવા છતાં પણ બહેરાની જેમ વ્યંજનાવગ્રહના અનુભવનો અભાવ છે. **સમાધાન**—તમે કહો છો એમ નથી. વ્યંજનાવગ્રહને અંતે તે વસ્તુના ગ્રહણથી જ (જ્ઞાનાત્મક અર્થાવગ્રહના) સાક્ષાત્કારના સદ્ભાવથી અહિં જે જ્ઞેય વસ્તુના ગ્રહણના અંતમાં, જ્ઞેય વસ્તુના ઉપાદાન-ગ્રહણથી સાક્ષાત્કાર થાય છે તેથી જ તે જ્ઞાન છે. જેમ અર્થાવગ્રહ પછી અર્થાવગ્રહ વડે ગ્રહણ કરવા યોગ્ય (જ્ઞેય) વસ્તુના ગ્રહણથી ઇહા થાય છે તેથી તે અર્થાવગ્રહજ્ઞાન છે. તેવી જ રીતે વ્યંજનાવગ્રહ પછી તદ્જ્ઞેય વસ્તુના ઉપાદાનથી અર્થાવગ્રહ જ્ઞાન થાય છે, માટે વ્યંજનાવગ્રહ જ્ઞાન છે પણ અજ્ઞાન નથી. ભાષ્યકાર કહે છે—

**अन्नाणं सो बहिराइणं व, तक्कालमणुवलंभाओ । [आचार्यः] न तदन्ते तत्तो च्चिय, उवलंभाओ तयं नाणं ।।२१।।**

**[विशेषावश्यक० १९५]**

બહેરા-મુંગાની જેમ તત્કાળ પ્રાપ્ત નહિં થતું હોવાથી તે અજ્ઞાન છે એમ નહિં, પરંતુ તેના પછી, તે વડે નિશ્ચય ઉપલંભ થાય છે તેથી તે જ્ઞાન છે. (૨૧)

વળી વ્યંજનાવગ્રહ કાલમાં પણ જ્ઞાન છે જ, પરંતુ સૂક્ષ્મ હોઇને અવ્યક્ત હોવાથી સૂતેલા માણસના અસ્પષ્ટ જ્ઞાનની માફક સાક્ષાત્ જણાતું નથી. ઇહા વગેરે પણ શ્રુતનિશ્રિત જ છે છતાં તે કહેલ નથી, કારણ કે દ્વિસ્થાનક-બે સ્થાનકનો અનુરોધ છે (૧૯), 'अस्सुयनिस्सिएऽवि एमेव'त्ति અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહના ભેદ વડે અશ્રુતનિશ્રિત પણ બે પ્રકારે છે. આ શ્રોત્રેંદ્રિય વગેરેથી થયેલું જાણવું. જે ઔત્પત્તિકી આદિ બુદ્ધિ અશ્રુતનિશ્રિત છે તેમાં અર્થાવગ્રહ સંભવે છે. ભાષ્યકાર કહે છે-

**किह[1] पडिकुक्कुडहीणो, जुज्झे बिंबेण उग्गहो [अवग्गहे] ईहा । किं सुसिलिट्ठमवाओ, दप्पणसंकंतबिंबं ति ।।२२।।**

[विशेषावश्यक० ३०४]

કોઈ રાજાએ નટપુત્ર ભરતની બુદ્ધિની પરીક્ષા કરવા માટે કહ્યું કે આ મારા કુકડાને બીજા કુકડા સિવાય તું યુદ્ધ કરાવ. આ ઉપરથી નટપુત્રે મનમાં વિચાર્યું કે બીજા કુકડા સિવાય એકલો કુકડો કેવી રીતે યુદ્ધ કરશે? એમ વિચાર કરતાં મનમાં એકદમ સ્ફુરી આવ્યું કે—પોતાનું પ્રતિબિંબ આગળ જોવાથી અભિમાન વડે આ કુકડો યુદ્ધ કરશે. આ પ્રમાણે સામાન્યથી જાણ્યું તે અર્થાવગ્રહ નામનો મતિનો પહેલો ભેદ થયો. તે પછી એવો વિચાર કરે છે કે તલાવના પાણીમાં પડેલું પ્રતિબિંબ યુદ્ધ કરાવવા માટે ઠીક પડશે કે દર્પણમાં પડેલું પ્રતિબિંબ ઠીક પડશે? ઇત્યાદિ પ્રતિબિંબ સંબંધી વિચારણા તે ઇહા. એવી ઇહા થયા બાદ એવો નિશ્ચય કરે છે કે પાણી વગેરેમાં પડેલું પ્રતિબિંબ તો ક્ષણે ક્ષણે દૂર થાય અને અસ્પષ્ટ હોય તેથી યુદ્ધ કરાવવામાં તેવું પ્રતિબિંબ ઠીક નહિં પડે, પણ આરીસામાં પડેલું પ્રતિબિંબ સ્થિર અને સ્પષ્ટ હોવાથી ચરણાઘાત કરવામાં ઠીક પડશે માટે તે જ (દર્પણ જ) યોગ્ય થશે. એ પ્રમાણે બિંબવિશેષનો જે નિશ્ચય તે અપાય. (૨૨)

આ રીતે બુદ્ધિના બીજા ઉપાયોમાં પણ અર્થાવગ્રહાદિ વિચારી લેવા. પરંતુ વ્યંજનાગ્રહ થતો નથી, કારણ કે વ્યંજનાવગ્રહને ઇન્દ્રિયાશ્રિતપણું છે. બુદ્ધિઓ (ઔત્પત્તિકી વગેરે)ને તો મનનો સંબંધ હોવાથી બુદ્ધિઓથી ભિન્નમાં—શ્રોત્રાદિથી થયેલમાં વ્યંજનાવગ્રહ માનવા યોગ્ય છે (૨૦), 'सुयनाणे'इत्यादि० પ્રવચનરૂપ પુરુષના અંગોની જેમ અંગો, તેઓમાં પ્રવિષ્ટં—તેના મધ્યમાં રહેલું તે અંગપ્રવિષ્ટ, અને તે ગણધરમહારાજા વડે કરાયેલું 'उप्पन्नेइ वे'त्यादि ત્રણ માતૃકાપદથી થયેલું, અથવા આચારાદિ ધ્રુવશ્રુત જાણવું. વળી જે સ્થવિરકૃત અથવા માતૃકાપદ ત્રણથી ભિન્ન વ્યાકરણ(પ્રશ્ન)થી રચેલ તે અધ્રુવશ્રુત, ઉત્તરાધ્યયન વગેરે અંગબાહ્ય જાણવું. ભાષ્યકાર કહે છે—

**गणहर १ थेराइकयं(थेरकयं) २, आएसा १ मुक्कवागरणओ वा २। धुव १ चलविसेसणाओ २, अंगाणंगेसु नाणत्तं।।२३।।**

[विशेषावश्यक० ५५० त्ति]

શ્રી ગૌતમાદિ ગણધરકૃત દ્વાદશાંગીરૂપ શ્રુત તે અંગપ્રવિષ્ટ કહેવાય છે અને સ્થવિરો વગેરેથી રચાયેલું (ભદ્રબાહુસ્વામી વગેરેથી કરાયેલ આવશ્યકનિર્યુક્ત્યાદિ) તે અંગબાહ્ય કહેવાય છે. વળી ગણધરને તીર્થંકર સંબંધી જે આદેશ—ઉત્તર, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક પદ ત્રણથી ઉત્પન્ન થયેલું તે અંગપ્રવિષ્ટ અને પ્રશ્નપૂર્વક-વ્યાકરણ-ઉત્તર તે મુક્ત વ્યાકરણ, તેથી ઉત્પન્ન થયેલું આવશ્યકાદિ શ્રુત અંગબાહ્ય કહેવાય છે. વળી સર્વ તીર્થંકરોના તીર્થમાં નિયત-નિશ્ચયભાવિ જે શ્રુત તે અંગપ્રવિષ્ટ કહેવાય છે અને અનિયત-અનિશ્ચયભાવિ તંદુલવૈચાલિક પ્રકીર્ણકાદિ જે શ્રુત તે અંગબાહ્ય કહેવાય છે (૨૧), 'अंगबाही'त्यादि, અવશ્ય કરવા યોગ્ય તે આવશ્યક, તે આવશ્યક સામાયિકાદિ છ પ્રકારે કહ્યું છે—

**समणेण सावएण य, अवस्स कायव्वयं हवइ जम्हा । अंतो अहो-णिसिस्स य, तम्हा आवस्सयं नामं ।।२४।।**

**[विशेषावश्यक० ८७३]**

1. આ હકીકત ભાષ્યની ગાથા ૩૦૦માં કહેલી છે. શિષ્યે શંકા કરેલ છે કે—ઔત્પત્તિકી વગેરે બુદ્ધિચતુષ્કમાં અવગ્રહાદિ કેવી રીતે સંભવે? એ સંબંધમાં નટપુત્ર ભરતનું દૃષ્ટાંત આપવામાં આવેલું છે.

સાધુ અને શ્રાવક વડે દિવસ અને રાત્રિને અંતે જે કારણથી અવશ્ય કરવા યોગ્ય છે તેથી આવશ્યક કહેવાય છે. (૨૪)

આવશ્યકથી જે ભિન્ન તે આવશ્યકવ્યતિરિક્તશ્રુત છે (૨૨), 'आवस्सगवतिरित्ते' इत्यादि० અહિં જે દિવસ અને રાત્રિના પહેલા અને છેલ્લા બે પ્રહરમાં જ ભણાય છે તે (પ્રથમ અને છેલ્લી પૌરુષી) કાલ વડે થયેલ તે (ઉત્તરાધ્યયનાદિ) કાલિક શ્રુત છે. વળી જે કાળવેળા (મધ્યાહ્નચતુષ્ક) વર્જીને ભણાય છે તે અને કાલિકશ્રુતથી ઉપરના (બાકીના) જે દશવૈકાલિક વગેરે શ્રુત છે તે ઉત્કાલિકશ્રુત કહેવાય છે (૨૩). ॥૭૧॥

આવી રીતે જ્ઞાન કહ્યા પછી હવે ચારિત્રનું વર્ણન કરે છે—

**दुविहे धम्मे पन्नत्ते, तंजहा—सुयधम्मे चेव चरित्तधम्मे चेव (१)। सुयधम्मे दुविहे पन्नत्ते, तंजहा—सुत्तसुयधम्मे चेव अत्थसुयधम्मे चेव (२)। चरित्तधम्मे दुविहे पन्नत्ते, तंजहा—अगारचरित्तधम्मे चेव अणगारचरित्तधम्मे चेव (३)।**

**[1]दुविहे संजमे पन्नत्ते, तंजहा—सरागसंजमे चेव वीतरागसंजमे चेव (४)।**

**सरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—सुहुमसंपरायसरागसंजमे चेव बादरसंपरायसरागसंजमे चेव (५)।**

**सुहुमसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयसुहुमसंपरायसरागसंजमे चेव अपढमसमय-सुहुमसंपरायसरागसंजमे चेव, अहवा चरिमसमयसुहुमसंपरायसरागसंजमे चेव अचरिमसमयसुहुम-संपरायसरागसंजमे चेव। अहवा सुहुमसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—संकिलेसमाणए चेव विसुज्झमाणए चेव (६)।**

**बादरसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढम समयबादरसंपरायसरागसंजमे चेव अपढमसमय-बादरसंपरायसरागसंजमे चेव, अहवा चरिमसमयसंपरायसरागसंजमे चेव अचरिमसमय-संपरायसरागसंजमे चेवं (७)। अहवा बायरसंपरायसरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पडिवाति चेव अपडिवाति चेव।**

**वीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—उवसंतकसायवीयरागसंजमे चेव खीणकसायवीयरागसंजमे चेव (८)।**

**उवसंतकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयउवसंतकसायवीयरागसंजमे चेव अपढमसमय-उवसंतकसायवीयरागसंजमे चेव, अहवा चरिमसमयउवसंतकसायवीयरागसंजमे चेव अचरिमसमय-उवसंतकसायवीयरागसंजमे चेव (९)।**

**खीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—छउमत्थखीणकसायवीयरागसंजमे चेव केवलिखीणकसाय-वीयरागसंजमे चेव (१०)।**

**छउमत्थखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—सयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव बुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे चेव (११)।**

**सयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयसयंबुद्धछउमत्थखीणकसाय-वीयरागसंजमे चेव अपढमसमयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागसंजमे चेव, अहवा चरिमसमयसयंबुद्ध-छउमत्थखीणकसायवीयरागसंजमे चेव अचरिमसमयसयंबुद्धछउमत्थखीणकसाय-वीयरागसंजमे चेव (१२)।**

1. બાજુવાળી પ્રતમાં अणगारचरित्तधम्मे दुविहे पं० तं० એવો પાઠ છે.

बुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयबुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरागसंजमे चेव अपढमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे चेव, अहवा चरिमसमयबुद्धबोहियछउमत्थखीणकसायवीयरागसंजमे चेव अचरिमसमयबुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरागसंजमे चेव (१३)।

केवलिखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—सजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव अजोगिकेवलिखीणकसायवीयरागसंजमे चेव (१४)।

सजोगिकेवलिखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयसजोगीकेवलीखीणकसाय-वीयरागसंजमे चेव अपढमसमयसजोगीकेवलीखीणकसायवीयरागसंजमे चेव। अहवा चरिमसमयसजोगी-केवलीखीणकसायवीयरागसंजमे चेव अचरिमसमयसजोगीकेवलीखीणकसायवीयरागसंजमे चेव (१५)।

अजोगिकेवलिखीणकसायवीयरागसंजमे दुविहे पन्नत्ते, तंजहा—पढमसमयअजोगीकेवलीखीणकसाय-वीयरागसंजमे चेव अपढमसमयअजोगीकेवलीखीणकसायवीयरागसंजमे चेव, अहवा चरिमसमयअजोगीकेवली-खीणकसायवीयरागसंजमे चेव अचरिमसमयअजोगीकेवलीखीणकसायवीयरागसंजमे चेव (१६)॥सू० ७२॥

*(મૂ૦) બે પ્રકારે ધર્મ કહ્યો છે, તે આ પ્રમાણે—શ્રુતધર્મ અને ચારિત્રધર્મ (૧), શ્રુતધર્મ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—જેમાં ગણધરે અર્થ ગુંથેલ છે તે સૂત્રશ્રુતધર્મ અને તીર્થંકરે જે પ્રરૂપેલ તે અર્થશ્રુતધર્મ (૨), ચારિત્રધર્મ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—ગૃહસ્થનો ચારિત્રધર્મ અને અનંગાર (સાધુ)નો ચારિત્રધર્મ (૩), બે પ્રકારે સંયમ કહ્યો છે, તે આ પ્રમાણે—રાગ સહિત જે સંયમ તે સરાગસંયમ અને રાગરહિત જે સંયમ તે વીતરાગસંયમ (૪), સરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—સૂક્ષ્મસંપરાયસરાગસંયમ અને બાદરસંપરાયસરાગસંયમ (૫), સૂક્ષ્મસંપરાયસરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમયસૂક્ષ્મસંપરાયસરાગસંયમ અને અપ્રથમસમયસૂક્ષ્મસંપરાયસરાગસંયમ, અથવા ચરમસમયસૂક્ષ્મસંપરાય-સરાગસંયમ અને અચરમસમયસૂક્ષ્મસંપરાયસરાગસંયમ, અથવા સૂક્ષ્મસંપરાયસરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—સંક્લેશપરિણામવાળો સૂક્ષ્મસંપરાયસરાગસંયમ અને વિશુદ્ધપરિણામવાળો સૂક્ષ્મસંપરાયસરાગસંયમ (૬), બાદર-સંપરાયસરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમયબાદર-સંપરાયસરાગસંયમ અને અપ્રથમસમયબાદરસંપરાયસરાગસંયમ, અથવા ચરમસમયબાદરસંપરાયસરાગસંયમ અને અચરમસમયબાદરસંપરાયસરાગસંયમ અથવા બાદરસંપરાયસરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રતિપાતિ અને અપ્રતિપાતી (૭), વીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—ઉપશાંતકષાયવીતરાગસંયમ અને ક્ષીણકષાયવીતરાગસંયમ (૮), ઉપશાંતકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમયઉપશાંતકષાય-વીતરાગસંયમ અને અપ્રથમસમયઉપશાંતકષાયવીતરાગસંયમ, અથવા ચરમસમયઉપશાંતકષાયવીતરાગસંયમ અને અચરમસમયઉપશાંતકષાયવીતરાગસંયમ (૯), ક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—છદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ અને કેવળીક્ષીણકષાયવીતરાગસંયમ (૧૦), છદ્મસ્થ-ક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ અને બુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાય-વીતરાગસંયમ (૧૧), સ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમ સમયસ્વયંબુદ્ધ-છદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ અને અપ્રથમસમયસ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ, અથવા ચરમસમયસ્વયં-બુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ અને અચરમસમયસ્વયંબુદ્ધછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ (૧૨), બુદ્ધબોધિત-છદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમયબુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાય-*

*વીતરાગસંયમ અને અપ્રથમસમયબુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ અથવા ચરમસમયબુદ્ધબોધિતછદ્મસ્થ-ક્ષીણકષાયવીતરાગસંયમ અને અચરમસમયબુદ્ધબોધિતછદ્મસ્થક્ષીણકષાયવીતરાગસંયમ (૧૩), કેવલીક્ષીણકષાય-વીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—સયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ અને અયોગીકેવલીક્ષીણકષાય-વીતરાગસંયમ (૧૪), સયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ, બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમય-સયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ અને અપ્રથમસમયસયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ, અથવા ચરમસમય-સયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ અને અચરમસમયસયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ (૧૫), અયોગીકેવલી-ક્ષીણકષાયવીતરાગસંયમ બે પ્રકારે કહ્યો છે, તે આ પ્રમાણે—પ્રથમસમયઅયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ અને અપ્રથમસમયઅયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ, અથવા ચરમસમયઅયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ અને અચરમસમયઅયોગીકેવલીક્ષીણકષાયવીતરાગસંયમ (૧૬). ॥૭૨॥*

(ટી૦) દુર્ગતિમાં પડતા જીવોને અટકાવે અને સદ્ગતિમાં જીવોને જે ધારણ કરે તે ધર્મ. શ્રુત—દ્વાદશાંગી તે જ ધર્મ, તે શ્રુતધર્મ. **चर्यते**—મર્યાદાપૂર્વક જે સેવાય છે તે ચારિત્ર અથવા જે ચારિત્ર વડે મોક્ષ પ્રત્યે જવાય તે ચારિત્ર-મૂલ અને ઉત્તરગુણના સમુદાયરૂપ ધર્મ તે ચારિત્રધર્મ (૧), 'सुयधम्मे' इत्यादि० જે વડે અર્થો ગુંથાય છે અથવા સૂચવાય છે તે સૂત્ર, અથવા સમ્યગ્ રીતે સ્થિતપણાએ અને વ્યાપકપણાએ સારી રીતે કહેવાપણું હોવાથી સૂક્ત, અથવા વ્યાખ્યાન ન કરવા વડે સુપ્ત અવસ્થા (અજાગૃતપણું) હોવાથી સૂતેલાની માફક સુપ્ત પણ કહીએ. ભાષ્યકારનું કથન તો આ પ્રમાણે છે—

**सिञ्चति खरइ जमत्थं, तम्हा सुत्तं निरुत्तविहिणा वा । सूएइ सवति सुव्वइ, सिव्वइ सरए व जेणऽत्थं ।।२५।।[वि.आ०१३६८]**

**अविवरियं सुत्तं पि व, सुट्ठिय-वावित्तओ सुवुत्तं[1] ति।	[विशेषावश्यक० १३६९ श्लोकार्द्ध]**

જેમાંથી અર્થ ખરે છે અર્થાત્ અર્થની પ્રાપ્તિ થાય છે તે સૂત્ર કહેવાય છે. અથવા નિરુક્તવિધિએ જેના વડે અર્થ સૂચવાય છે, ઝરે છે, સંભળાય છે, વિશિષ્ટ ઘટનાને પમાડે છે, સ્મરણ કરાય છે તે સૂત્ર. (૨૫) જેનું વિવરણ નહિ કરાયેલું તે સૂતેલાની માફક સુપ્ત કહેવાય છે અને સારી રીતે સ્થિત (પ્રમાણથી અબાધિત) અને વ્યાપ્ત હોવાથી સૂક્ત કહેવાય છે. **अर्यते**—જિજ્ઞાસુઓ વડે જે જણાય છે અથવા યાચના કરાય છે તે અર્થ—વ્યાખ્યાન. વળી ભાષ્યકાર કહે છે—

**जो सुत्ताभिप्पाओ, सो अत्थो अज्जए य जम्हत्ति(जम्हा) ।।२६।। [विशेषावश्यक० १३६९ श्लोकार्द्ध]**

સૂત્રનો અભિપ્રાય જેનાથી જણાય છે તે અર્થ.(૨૬)

'चरित्ते'त्यादि० અગાર-ગૃહ, તેના યોગથી અગારો-ગૃહસ્થો, તેઓનો જે સમ્યક્ત્વમૂલ અણુવ્રત વગેરેના પાલનરૂપી ચારિત્રધર્મ તે અગારચારિત્રધર્મ, એવી રીતે બીજો પણ જાણવો. હવે વિશેષ કહે છે-જેઓને ઘર નથી તે અનગારો—સાધુઓ, તેઓનો જે ધર્મ તે અનગારચારિત્રધર્મ (૩), જે ચારિત્રધર્મ તે સંયમ, આ હેતુથી સંયમ કહે છે—'दुविहे'त्यादि **જે માયાદિરૂપ સ્નેહ સહિત તે સરાગ,** રાગ સહિત એવો જે સંયમ અથવા રાગ સહિતનો જે સંયમ તે સરાગસંયમ. વીત—ગયો છે રાગ જેમાંથી તે વીતરાગ, વીતરાગ એવો જે સંયમ અથવા વીતરાગનો જે સંયમ તે વીતરાગસંયમ (૪), 'सरागे'त्यादि સૂક્ષ્મ-લોભના અસંખ્યાત કિટ્ટિકા (સૂક્ષ્મ અણુઓ)ના વેદનથી **संपरैति**–સંસરણ (ભ્રમણ) કરે છે, જેના વડે જીવ સંસારમાં ભ્રમણ કરે તે સંપરાયકષાય, આ વ્યુત્પત્ત્યર્થ છે. ભાષ્યકાર કહે છે—**कोहाइ संपराओ, तेण जुओ संपरीति संसारे** । [विशेषावश्यक०[2] १२७७ त्ति]—ક્રોધાદિ તે સંપરાય, તેનાથી યુક્ત જીવ સંસારમાં ભ્રમણ કરે છે. ઉપશમશ્રેણિવાળાનો અથવા ક્ષપકશ્રેણિવાળાનો લોભકષાયરૂપ સૂક્ષ્મસંપરાય જેને છે એવો સૂક્ષ્મસંપરાયસાધુ, તેનો સરાગસંયમ તે સૂક્ષ્મસંપરાયસરાગસંયમ, અથવા સૂક્ષ્મસંપરાય એવો સાધુ. આ કર્મધારય સમાસ છે. બાદર—સ્થૂલ, સંપરાય—કષાય જે સાધુને છે અથવા જે સંયમને વિષે બાદરસંપરાય છે

1. આ ૨૬મી ગાથાનો પૂર્વાર્દ્ધ अविवरियमित्यादि, ૨૫મી ગાથા સાથે સંબંધ ધરાવતો હોવાથી સાથે લખેલ છે.
2. तं सुहुमसंपरायं सुहुमो जत्थावसेसो सो [उत्तरार्द्ध] તે કષાય જ્યાં સૂક્ષ્મ અવશેષ હોય તે સૂક્ષ્મ સંપરાય કહેવાય.

તે બાદરસંપરાય, તે સૂક્ષ્મસંપરાય ગુણઠાણાથી પૂર્વના-છઠ્ઠાથી નવમા ગુણઠાણા સુધીમાં હોય છે. બાકીનું પૂર્વની માફક (૫), **'सुहुमे'**त्यादि—બે સૂત્રમાં પ્રથમ અને અપ્રથમ સમય વગેરેનો વિભાગ કેવલજ્ઞાનની માફક જાણી લેવો. **'अहवे'**त्यादि० ઉપશમશ્રેણીથી પડનારનો જે સંયમ તે સંક્લિશ્યમાન અને ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી પ્રત્યે ચડનારનો જે સંયમ તે વિશુદ્ધ્યમાન છે (૬), **'बादरे'**त्यादि० બે સૂત્ર, બાદરસંપરાયસરાગસંયમનું સંયમના પ્રાપ્તિકાલની અપેક્ષાએ પ્રથમ[1]-અપ્રથમસમયપણું છે. ચરમ (છેલ્લા) અને અચરમ (છેલ્લા સિવાયના બીજા) સમયપણું તો જે પછી-એટલે બાદરસંપરાયસરાગસંયમ પછી—સૂક્ષ્મસંપરાયસરાગસંયમને[2] પામે અથવા અસંયતપણાને પામે તેની અપેક્ષાએ કહેવાય છે. **'अहवे'**त्यादि० ઉપશમશ્રેણીવાળાનું અગર બીજાનું (છઠ્ઠા વગેરે ગુણઠાણાવાળાનું) પ્રતિપાતી, અને ક્ષપકશ્રેણીવાળાનું અપ્રતિપાતી (સંયમ) હોય છે (૭), સરાગસંયમ કહેવાયો હવે વીતરાગસંયમ કહે છે—**'वीयरागे'**त्यादि० ઉપશાંત-પ્રદેશથી પણ નથી વેદાતા કષાયો જેને અથવા જેને વિષે તે ઉપશાંતકષાયવીતરાગસાધુ અથવા ઉપશાંતકષાયવીતરાગ-સંયમ, તે અગ્યારમા ગુણસ્થાનમાં વર્તનાર હોય છે. સર્વથા નાશ પામેલ છે કષાયો જેના તે ક્ષીણકષાયસાધુ બારમા ગુણસ્થાનમાં વર્તનાર હોય છે (૮), **'उवसंते'**त्यादि० બે સૂત્ર પૂર્વની માફક જાણવા (૯), **'खीणे'**त्यादि० આત્માના સ્વરૂપને જે આચ્છાદન કરે તે છદ્મજ્ઞાનાવરણાદિઘાતિકર્મ, તેમાં રહેનાર તે છદ્મસ્થ-કેવલી નહિ, બાકી પૂર્વની માફક જાણવું. પૂર્વોક્ત સ્વરૂપવિશિષ્ટ કેવલજ્ઞાન અને કેવલદર્શન છે જેને તે કેવલી (૧૦), **'छउमत्थे'**त्यादि સ્વયંબુદ્ધ વગેરેનું સ્વરૂપ પૂર્વની માફક જાણવું (૧૧), **'सयंबुद्धे'**त्यादि નવ સૂત્રો ગતાર્થ છે એટલે પૂર્વે કહેલા અર્થવાળા છે (૧૨ થી ૧૬). ॥૭૨॥

સંયમ કહ્યો, તે જીવ અજીવવિષયવાળો હોવાથી પૃથ્વી વિગેરે જીવોના સ્વરૂપને 'दुविहा पुढवी'त्यादि અઠ્યાવીશ સૂત્રો વડે કહે છે—

**दुविहा पुढविकाइया पन्नत्ता, तंजहा—सुहुमा चेव बायरा चेव (१)। एवं जाव दुविहा वणस्सइकाइया पन्नत्ता, तंजहा—सुहुमा चेव बायरा चेव (२-५)।**

**दुविहा पुढविकाइया पन्नत्ता, तंजहा—पज्जत्तगा चेव अपज्जत्तगा चेव (६)। एवं जाव वणस्सइकाइया (७-१०)।**

**दुविहा पुढविकाइया पन्नत्ता, तंजहा—परिणया चेव अपरिणया चेव (११)। एवं जाव वणस्सइकाइया (१२-१५)।**

**दुविहा दव्वा पन्नत्ता, तंजहा—परिणता चेव अपरिणता चेव (१६)।**

**दुविहा पुढविकाइया पन्नत्ता, तंजहा—गतिसमावन्नगा चेव अगइसमावन्नगा चेव (१७)। एवं जाव वणस्सइकाइया (१८-२१)। दुविहा दव्वा पन्नत्ता, तंजहा—गतिसमावन्नगा चेव अगतिसमावन्नगा चेव (२२)।**

**दुविहा पुढविकाइया पन्नत्ता, तंजहा—अणंतरोगाढा चेव परंपरोगाढा चेव (२३)। जाव दव्वा(२४-२८)।।सू० ७३।।**

*(મૂ૦) પૃથ્વીકાયિક બે પ્રકારે કહ્યા છે, તે આ પ્રમાણે—સૂક્ષ્મ અને બાદર (૧), એવી રીતે અપ્કાયિકથી યાવત્ વનસ્પતિકાયિકના બબ્બે ભેદ કહ્યા છે, તે આ પ્રમાણે—સૂક્ષ્મ અને બાદર (૨-૫), બે પ્રકારે પૃથ્વીકાયિક કહ્યા છે, તે આ પ્રમાણે—પર્યાપ્તક અને અપર્યાપ્તક (૬), એવી રીતે અપ્કાયિકથી યાવત્ વનસ્પતિકાયિકના બબ્બે ભેદ જાણવા (૭-૧૦), બે પ્રકારે પૃથ્વીકાયિક કહ્યા છે, તે આ પ્રમાણે—પરિણત (અચિત્ત) અને અપરિણત (સચિત્ત) (૧૧), એવી રીતે અપ્કાયિકથી યાવત્ વનસ્પતિકાયિકના બબ્બે ભેદ જાણવા (૧૨-૧૫), બે પ્રકારે દ્રવ્યો કહ્યા છે, તે આ પ્રમાણે—પરિણત (અપેક્ષિત અન્ય પરિણામને પામેલા) અને અપરિણત (બીજા પરિણામને નહિ પામેલા) (૧૬), બે પ્રકારે પૃથ્વીકાયિક કહ્યા છે,*

1. જે સમયમાં સંયમની પ્રાપ્તિ થાય તે પ્રથમસમય અને બાકીના દ્વિતીય વિગેરે સમય તે અપ્રથમસમય કહેવાય છે.
2. કોઈ સાધુ નવમા ગુણઠાણાના છેલ્લા સમય પછી દશમા ગુણઠાણે જાય તે ચરમસમયસૂક્ષ્મસંપરાયની અપેક્ષાએ કહેવાય છે. અથવા કાલ કરી દેવલોકમાં જાય કે સંયમથી ભ્રષ્ટ થઈ અસંયત થાય તેની અપેક્ષાએ ચરમસમયપણું કહેવાય છે.

*તે આ પ્રમાણે—ગતિસમાપન્નક અને અગતિસમાપન્નક (૧૭), એવી રીતે અપ્કાયિકથી યાવત્ વનસ્પતિકાયિકના બબ્બે ભેદ જાણવા (૧૮–૨૧), બે પ્રકારે દ્રવ્યો કહ્યા છે, તે આ પ્રમાણે—ગતિસમાપન્નક (વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા) અને અગતિસમાપન્નક (પોતાના સ્થાનમાં રહેલા) (૨૨), બે પ્રકારે પૃથ્વીકાયિકો કહ્યા છે, તે આ પ્રમાણે—અનંતરાવગાઢ અને પરંપરાવગાઢ (૨૩), એવી રીતે અપ્કાયિક, તેજોકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને દ્રવ્યો બબ્બે પ્રકારે જાણવા (૨૪–૨૮). ॥૭૩॥*

(ટી૦) પૃથ્વી એ જ કાય છે જેઓને તે **पृथिवीकायिनः**. અહિં સમાસાંતવિધિમાં સ્વાર્થિક પ્રત્યય હોવાથી પૃથિવીકાયિક, અથવા પૃથ્વી એ જ શરીર છે જેઓને તે પૃથ્વીકાયિક. (અહિં તદ્ધિત ઠક્ પ્રત્યયનો ઇક થયેલ છે). જે સૂક્ષ્મનામકર્મના ઉદયથી સૂક્ષ્મ જીવો છે તે સર્વલોકમાં વ્યાપક છે અને બાદરનામકર્મના ઉદયથી વર્તનાર બાદર જીવો, પૃથ્વી અને પર્વત વગેરેમાં જ છે. પૃથ્વીકાયિકોનું સૂક્ષ્મ અને બાદરપણું આપેક્ષિક[1] નથી (૧), 'एव'मिति० એવી રીતે પૃથ્વીકાયિકના સૂત્રની માફક અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાયાદિના સૂત્રો કહેવા. આ કારણથી કહે છે—'जावे'त्यादि (૨–૫), 'दुविहे'त्यादि० પાંચ સૂત્રો—પર્યાપ્તનામકર્મના ઉદયમાં વર્તનારા જીવો, જે ચાર પર્યાપ્તિને પૂર્ણ કરે છે તે પર્યાપ્તા છે અને અપર્યાપ્તનામકર્મના ઉદયથી જે પોતાની (ચાર) પર્યાપ્તિઓને પૂર્ણ ન કરે તે અપર્યાપ્તા[2] છે. અહિં પર્યાપ્તિ એટલે શક્તિ–સામર્થ્યવિશેષ જાણવું. તે શક્તિ, પુદ્ગલદ્રવ્યના ઉપચયથી ઉત્પન્ન થાય છે. પર્યાપ્તિ છ પ્રકારે છે, તે આ પ્રમાણે—

**आहारसरीरिंदियपज्जत्ती-आणुपाणुभासमणे । चत्तारि पंच छप्पिय, एगिंदियविगलसन्नीणं ।।२७।।**

**[जीवसमास २५ त्ति]**

૧ આહાર, ૨ શરીર, ૩ ઇંદ્રિય, ૪ શ્વાસોચ્છ્વાસ, ૫ ભાષા અને ૬ મન—એ છ પર્યાપ્તિ છે. તેમાં એકેંદ્રિયને ચાર, વિકલેંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને પાંચ અને સંજ્ઞી પંચેંદ્રિયને છ પર્યાપ્તિ હોય છે. (૨૭)

૧ આહારપર્યાપ્તિ નામ–ખલ (નકામો ભાગ) અને રસની પરિણમનશક્તિરૂપ છે, ૨ શરીરપર્યાપ્તિ—સાત ધાતુપણે રસની પરિણમનશક્તિરૂપ છે, ૩ પાંચ ઇંદ્રિયોને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને અનાભોગ (ઇચ્છા રહિત)થી થયેલ વીર્ય વડે ઇંદ્રિયને તૈયાર કરવાની શક્તિરૂપ ઇંદ્રિયપર્યાપ્તિ, ૪ ઉચ્છ્વાસ અને નિઃશ્વાસને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને ઉચ્છ્વાસ–નિઃશ્વાસરૂપે પરિણમાવીને આન–પ્રાણપણે નીકળવા (મૂકવા)ની શક્તિરૂપ આનપ્રાણપર્યાપ્તિ, ૫ વચનને યોગ્ય ભાષાવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને, ભાષાપણે પરિણમાવીને વચનયોગપણે મૂકવાની શક્તિરૂપ ભાષાપર્યાપ્તિ, ૬ મનને યોગ્ય મનોવર્ગણાના પુદ્ગલોને લઈને, મનપણે પરિણમાવીને મનયોગપણે મૂકવાની શક્તિરૂપ મનપર્યાપ્તિ. આ છ પર્યાપ્તિઓ, પર્યાપ્તનામકર્મના ઉદય વડે પૂર્ણ કરાય છે. જે જીવો તે પૂર્ણ કરે છે તે જીવો પર્યાપ્તક અને અપર્યાપ્તનામકર્મના ઉદય વડે જે જીવો તે પૂરી કરતા નથી તે અપર્યાપ્તક કહેવાય છે. આ છ પર્યાપ્તિઓનો એકી સાથે આરંભ કરાય છે અને અંતર્મુહૂર્ત્ત વડે પૂર્ણ થાય છે. તેમાં આહારપર્યાપ્તિને પૂર્ણ કરવાનો કાળ એક સમય જ છે. તે કેવી રીતે થાય? તે સંબંધમાં પ્રજ્ઞાપના સૂત્રમાં નીચેનો પાઠ જણાવે છે—'आहारपज्जत्तीए अपज्जत्तए णं भंते! जीवे किं आहारए अणाहारए?, गोयमा! नो आहारए अणाहारए'त्ति [प्रज्ञापना] 'હે ભગવન્! આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્ત જીવ, શું આહારક છે કે અનાહારક છે? ઉત્તર—હે ગૌતમ! આહારક નથી, અનાહારક છે.' તે આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્ત વિગ્રહગતિમાં મળે છે–હોય છે. જો વળી ઉત્પત્તિના ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલ પણ આહારપર્યાપ્તિ વડે અપર્યાપ્તક થાય તો આ પ્રમાણે ઉત્તર હોવો જોઈએ—'गोयमा! सिय आहारए सिय अणाहारए'त्ति––ક્યારેક આહાર હોય અને ક્યારેક અનાહારક હોય. જેમ શરીર વગેરે પર્યાપ્તિઓના વિષયમાં કહેલું છે કે—'सिय आहारए सिय अणाहारए'त्ति।[प्रज्ञापना १९०५ त्ति] (અર્થાત્ આહારપર્યાપ્તિના વિષયમાં 'सिय' શબ્દ ન હોવાથી આહારપર્યાપ્તિને

1. જેમ નાળીયેરની અપેક્ષાએ નારંગી નાની છે, અને નારંગીની અપેક્ષાએ ચીકુ નાના છે, તેમ પૃથ્વીકાયિક જીવોમાં નથી પરંતુ સૂક્ષ્મ-બાદરપણું વાસ્તવિક છે. 2. અહિં લબ્ધિઅપર્યાપ્તની અપેક્ષાએ આ હકીકત જણાવેલ છે.

પૂર્ણ કરવાની એક સમયની જ સ્થિતિ હોય છે.)

વળી આહારપર્યાપ્તિ સિવાય પાંચ પર્યાપ્તિઓ અસંખ્યાત સમયવાળી છે અને તે પાંચે અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય છે. અપર્યાપ્તક તો ઉચ્છ્વાસપર્યાપ્તિ વડે અપર્યાપ્ત જ મૃત્યુ પામે છે, પરંતુ શરીર અને ઇંદ્રિયપર્યાપ્તિ વડે અપર્યાપ્તા મરતા નથી. જે કારણથી આગામી ભવનું આયુષ્ય બાંધીને મરે છે. શરીર અને ઇંદ્રિયાદિ પર્યાપ્તિથી પર્યાપ્ત જીવો વડે જ પરભવાયુષ્ય બંધાય છે. એવી રીતે પૂર્વની માફક જાણવું (૬-૧૦), 'दुविहा पुढवी'त्यादि० છ સૂત્રો, परिणताः—સ્વકાયશસ્ત્ર (પૃથ્વીથી પૃથ્વી હણાય) અને પરકાયશસ્ત્ર (પાણી વગેરેથી પૃથ્વી વગેરે હણાય) વગેરેથી ભિન્ન પરિણામને પ્રાપ્ત થયેલા અર્થાત્ અચિત્ત થયેલા. પૃથ્વી વગેરેમાં દ્રવ્યથી ખાતર વગેરેથી મિશ્રિત દ્રવ્ય વડે, કાળથી પોરસી વગેરે (મિશ્રિત) કાળ વડે, અને ભાવથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શો, બીજા પરિણામપણાએ પરિણત થયેલા તે અચિત્ત થાય છે. ક્ષેત્રથી તો—

**जोयणसयं तु गंता, अणहारेणं तु मंडसंकंती । वायागणिधूमेण य, विद्धत्थं होइ लोणाई ॥२८॥**
**हरियाल मणोसिल, पिप्पली य खज्जूर मुद्दिया अभया । आइन्नमणाइन्ना, तेऽवि हु एमेव णायव्वा ॥२९॥**
**आरुहणे ओरुहणे, णिसियण गोणाइणं च गाउम्हा । भूमाहारच्छेदे, उवक्कमेणेव परिणामो ॥३०॥**

**[निशीथ भा० ४८३३-३४-३५]**

પોતાના સ્થાનથી લઈ જવાતા લવણાદિ, પ્રતિદિવસ ક્રમે ક્રમે આગળ જતાં નાશ પામતાં છતાં છેવટ એકસો યોજનથી ઉપર જતાં સર્વથા અચિત્ત થાય છે. હવે શસ્ત્રપરિણત થયા સિવાય પણ અચિત્ત થવાના કારણો કહે છે—૧ પોતાના ઉત્પત્તિક્ષેત્રનો આહાર ન મળવાથી, ૨ એક ભાજનમાંથી બીજા ભાજનમાં નાખવાથી અથવા એક વખારમાંથી બીજી વખારમાં રાખવાથી, ૩ પ્રચંડ વાયુથી, ૪ અગ્નિના તાપથી અને ૫ રસોડાના ધુંવાડા વગેરેથી લવણાદિ અચિત્ત થાય છે. હરતાલ, મણશિલ, પીપર, ખજુર, દ્રાક્ષ અને હરડે પણ લવણની જેમ અચિત્ત થાય છે, પણ સાધુને આચીર્ણ (લેવા યોગ્ય) અને અનાચીર્ણનો વિધિ જાણવા યોગ્ય છે. પીપર અને હરડે આચીર્ણ છે અને **ખજુર ને દ્રાક્ષ વગેરે અનાચીર્ણ છે.** હરતાલ વગેરે સર્વ વસ્તુઓનાં સામાન્યપણે અચિત્ત થવાનાં કારણો કહે છે—ગાડા, પોઠિયા (બળદ) વગેરે વાહનો ઉપર ચડાવતાં અને ઉતારતાં, લવણાદિના ઢગલા વગેરે ઉપર બેસવા વગેરેથી, બળદો વગેરેની પીઠ આદિ શરીરની ગરમીથી, **ઉત્પત્તિ ક્ષેત્રની ભૂમિનો આહાર ન મળવાથી** અને શસ્ત્રના ઉપક્રમથી અચિત્ત થાય છે. (૨૮-૩૦)

પરિણામાંતર પ્રાપ્ત થયે છતે પણ પૃથ્વીકાયિકો જ કહેવાય છે, તે માત્ર અચેતન છે. એમ જો નહિ માનીએ તો આ અચેતન પૃથ્વીકાય પિંડના પ્રયોજન ((ઉપયોગિતા)નું કથન કેમ ઘટમાન થાય? જેમ—'घट्टगडगलगलेवो एमाइ पयोयणं बहुहा।' घट्टक—પાત્ર વગેરેને ઘસવામાં डगलक-ઇંટ અને લેપ વગેરે અચિત્ત પૃથ્વીનો સાધુઓને બહુધા ઉપયોગ કરવો પડે છે (૧૧), 'एवमि'त्यादि પાંચ સૂત્રો પૂર્વની માફક કહેવા (૧૨-૧૫), द्रवन्ति—વિચિત્ર પર્યાયો પામે તે દ્રવ્યો, જીવ અને પુદ્ગલરૂપ તે દ્રવ્યો. વિવક્ષિત પરિણામના ત્યાગ વડે પરિણામાન્તરને પ્રાપ્ત થયેલ તે પરિણત દ્રવ્યો વિવક્ષિતપરિણામવાળા જ છે. જે પરિણામાંતરને નહિ પામેલા તે અપરિણત દ્રવ્યો. આ પ્રમાણે છટ્ઠું દ્રવ્ય સૂત્ર જાણવું (૧૬), 'दुविहे'त्यादि० છ સૂત્રો, ગમનપણાને પામેલા-ગતિવાળા તે ગતિસમાપન્ના. પૃથ્વીકાયિક વગેરેના આયુષ્યના ઉદયથી જે પૃથ્વીકાયાદિ વ્યપદેશવાળા વિગ્રહગતિ વડે ઉત્પત્તિક્ષેત્રમાં જાય છે તે ગતિસમાપન્ન કહેવાય છે. અગતિસમાપન્નજીવો તો સ્થિતિવાળા (જે ગતિમાં છે તે જ ગતિમાં રહેલા) છે (૧૭-૨૧), દ્રવ્યસૂત્રમાં ગતિ-ગમનપાત્ર જ જાણવું, બાકીનું પૂર્વવત્ છે (૨૨), 'दुविहा पुढवी'त्यादि० છ સૂત્રો, અનંતર-વર્તમાન સમયમાં જ કોઈક આકાશદેશમાં રહેલા તે જ અનંતરાવગાઢકો અને આકાશદેશમાં જે રહેલાઓને બે વગેરે સમયો થયેલા છે તે પરંપરાવગાઢકો જાણવા. અથવા વિવક્ષિત ક્ષેત્ર અથવા દ્રવ્યની અપેક્ષા કરીને અંતરરહિતપણે રહેલા તે અનંતરાવગાઢ અને બીજા અંતરસહિતપણે રહેલા તે પરંપરાવગાઢ (૨૩-૨૮). ॥૭૩॥

હમણા જ દ્રવ્યનું સ્વરૂપ કહ્યું, હવે દ્રવ્યના અધિકારથી દ્રવ્ય વિશેષ કાળ[1] અને આકાશદ્રવ્યની પ્રરૂપણા કરે છે.

**दुविहे काले पन्नत्ते, तंजहा—ओसप्पिणीकाले चेव उस्सप्पिणीकाले चेव।**

**दुविहे आगासे पन्नत्ते, तंजहा—लोगागासे चेव अलोगागासे चेव ।। सू० ७४।।**

*(મૂ૦) બે પ્રકારે કાળ કહ્યો છે—તે આ પ્રમાણે—અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ. આકાશ બે પ્રકારે કહ્યું છે, તે આ પ્રમાણે—લોકાકાશ અને અલોકાકાશ. ।।૭૪।।*

(ટી૦) **कल्यते**—આ જણાય[2] છે, અથવા જેના વડે[3] જણાય છે, અથવા જાણવું[4] અથવા કલા (ક્ષણ) વગેરેનો સમૂહ તે કાળ, વર્ત્તના એટલે નવા પુરાણાદિરૂપે નિરંતર વર્ત્તવું તે વર્ત્તના. પર—દેવદત્તથી યજ્ઞદત્ત પહેલો જન્મ્યો હોવાથી પર કહેવાય, અને અપર—યજ્ઞદત્તથી દેવદત્ત પાછળ ઉત્પન્ન થયેલ હોવાથી અપર કહેવાય, એવા લક્ષણવાળો કાળ અવસર્પિણી અને ઉત્સર્પિણીરૂપે બે પ્રકારનો છે. બે સ્થાનના અનુરોધથી એમ કહ્યું, નહિં તો અવસ્થિત લક્ષણવાળો મહાવિદેહ તથા ભોગભૂમિ–યુગલિક ક્ષેત્રમાં સંભવિત ત્રીજો ભેદ પણ છે. 'आगासे'त्ति० સર્વ દ્રવ્યોના સ્વભાવોને आकाशयति–મર્યાદાપૂર્વક પ્રકાશે, દ્રવ્યના સ્વભાવનાં લાભમાં અવસ્થાન (આધાર)ને આપે તે આકાશ. અહિં 'આઙ્' શબ્દ મર્યાદા અને અભિવિધિવાચક છે. તેમાં મર્યાદાના અર્થમાં આકાશમાં રહેતા છતાં પણ ભાવો પોતાના સ્વરૂપમાં જ રહે છે, આકાશપણાને પામતા નથી, એવી રીતે તે ભાવોને પોતાને આધીન ન કરવાથી આકાશસ્વરૂપ થતા નથી. અભિવિધિના અર્થમાં તો સર્વ ભાવોમાં વ્યાપક હોવાથી આકાશ છે. જે આકાશના દેશમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોની વૃત્તિ–પ્રવૃત્તિ છે તે જ આકાશ લોકાકાશ છે, તેથી વિપરીત (જેમાં ધર્માસ્તિકાય વગેરેની પ્રવૃત્તિ નથી) તે અલોકાકાશ છે. ।।૭૪।।

હમણા જ લોક–અલોક ભેદથી આકાશ બે પ્રકારે કહ્યું. વળી લોક, શરીરવાળા જીવો અને શરીરોનો સર્વથા આશ્રયરૂપ હોવાથી નારક વગેરે શરીરવાળા દંડક વડે શરીરની પ્રરૂપણા કરે છે.

**णेरइयाणं दो सरीरगा पन्नत्ता, तंजहा—अब्भंतरगे चेव बाहिरगे चेव। अब्भंतरए कम्मए, बाहिरए वेउव्विए। एवं देवाणं भाणियव्वं।**

**पुढविकाइयाणं दो सरीरगा पन्नत्ता, तंजहा—अब्भंतरगे चेव बाहिरगे चेव। अब्भंतरगे कम्मए, बाहिरगे ओरालिगे। जाव वणस्सइकाइयाणं (१)।**

**बेइंदियाणं दो सरीरगा पन्नत्ता, तंजहा—अब्भंतरए चेव बाहिरए चेव। अब्भंतरगे कम्मए, अट्ठि-मंस-सोणितबद्धे बाहिरए ओरालिए। जाव चउरिंदियाणं।**

**पंचिंदियतिरिक्खजोणियाणं दो सरीरगा पन्नत्ता, तंजहा—अब्भंतरगे चेव बाहिरगे चेव, अब्भंतरगे कम्मए, अट्ठि-मंस-सोणिय-ण्हारु-छिराबद्धे बाहिरए ओरालिए। मणुस्साण वि एवं-चेव (२)।**

**विग्गहगइसमावन्नगाणं नेरइयाणं दो सरीरगा पन्नत्ता, तंजहा—तेयए चेव कम्मए चेव। निरंतरं जाव वेमाणियाणं।**

**नेरइयाणं दोहिं ठाणेहिं सरीरुप्पत्ती सिया, तंजहा—रागेण चेव दोसेण चेव। जाव वेमाणियाणं।**

**नेरइयाणं दुट्ठाणनिव्वतिए सरीरगे पन्नत्ते, तंजहा—रागनिव्वत्तिए चेव, दोसनिव्वत्तिए चेव। जाव वेमाणियाणं।**

**दो काया पन्नत्ता, तंजहा—तसकाए चेव, थावरकाए चेव।**

1. कलणमित्यादि कलसत्त्वसंख्यनयोः कलनं काल इति भावे प्रत्ययो घञ् परिच्छेद इत्यर्थः, कल्यते वा परिच्छिद्यते वा यतोऽनेन वस्तु, अकर्तरि च कारके संज्ञायां घञ्, कलयंति वा परिच्छेदयंति वा समयादिपर्यायास्तामिति कालः तस्मिन् वा स्थितान् कलयंति, समयादिकलानां वा समूहः कालः। 2. કર્મણિ પ્રયોગ છે માટે અહિં કર્તાનો અધ્યાહાર છે. 3. અહિં કાળ કારણરૂપ છે માટે કર્તા અને કર્મનો અધ્યાહાર છે. 4. આ ભાવવાચક છે.

**तसकाए दुविहे पन्नत्ते, तंजहा—भवसिद्धिए चेव, अभवसिद्धिए चेव। एवं थावरकाए वि[1] (३) ॥ सू० ७५॥**

*(મૂ૦) નૈરયિકોને બે શરીર કહેલ છે, તે આ પ્રમાણે—અભ્યંતર શરીર અને બાહ્ય શરીર. અભ્યંતર તે કાર્મણ અને તૈજસ શરીર અને બાહ્ય તે વૈક્રિય શરીર. એવી રીતે દેવોને પણ બે શરીર જાણવા. પૃથ્વીકાયિકોને બે શરીર કહેલ છે, તે આ પ્રમાણે—અભ્યંતર અને બાહ્ય. અભ્યંતર તે કાર્મણ શરીર અને બાહ્ય તે ઔદારિક શરીર, યાવત્ વનસ્પતિકાયિકોને બે શરીર જાણવા (૧), બેઇંદ્રિયોને બે શરીર કહેલ છે, તે આ પ્રમાણે—અભ્યંતર અને બાહ્ય. અભ્યંતર તે કાર્મણ શરીર, બાહ્ય તે અસ્થિ (હાડકા), માંસ અને રુધિર વડે જોડાયેલ ઔદારિક શરીર, એવી રીતે યાવત્ ચતુરિંદ્રિયોને બે શરીર જાણવા. પંચેંદ્રિય તિર્યંચ યોનિકોને બે શરીર કહ્યા છે, તે આ પ્રમાણે—અભ્યંતર અને બાહ્ય, અભ્યંતર તે કાર્મણ અને બાહ્ય તે અસ્થિ, માંસ, શોણિત, સ્નાયુ (નાડી), શિરા (નસો) થી જોડાયેલ ઔદારિક શરીર. મનુષ્યોને પણ એવી રીતે બે શરીરો જાણવા (૨), વિગ્રહ (વક્ર) ગતિને પ્રાપ્ત થયેલા નૈરયિકોને બે શરીર કહ્યા છે, તે આ પ્રમાણે—તૈજસ અને કાર્મણ. એવી રીતે આંતરા રહિત (સર્વ દંડકમાં) યાવત્ વૈમાનિકોને બે શરીર જાણવા. નૈરયિકો બે સ્થાન (કારણ) વડે શરીરની ઉત્પત્તિનો પ્રારંભ કરે છે, તે આ પ્રમાણે—રાગ અને દ્વેષથી, યાવત્ વૈમાનિકના દંડક પર્યંત એમ જ જાણવું. નૈરયિકોને બે સ્થાન વડે શરીરની નિર્વર્તના—પરિપૂર્ણતા થાય છે, તે આ પ્રમાણે—રાગ વડે નિર્વર્તના અને દ્વેષ વડે નિર્વર્તના કરાય છે, યાવત્ વૈમાનિક દંડક પર્યંત એમ જ જાણવું. બે કાય (રાશિ) કહેલ છે, તે આ પ્રમાણે—ત્રસકાય અને સ્થાવરકાય. ત્રસકાય બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક. તેવી જ રીતે સ્થાવરકાયના પણ ભવ્ય અને અભવ્ય બે ભેદ જાણવા (૩). ॥૭૫॥*

(ટી૦) 'णेरइयाणमि'त्यादि પ્રાયઃ સુગમ છે, વિશેષ કહે છે—शीर्यते—પ્રત્યેક ક્ષણે ચય (વૃદ્ધિ) અને અપચય(હાનિ) વડે નાશ પામે છે તે શરીર, તેમજ સડવા વગેરેના સ્વભાવ વડે અનુકંપનપણું હોવાથી શરીર. જિનેશ્વરોએ તે શરીર બે પ્રકારનાં કહેલ છે, તે આ પ્રમાણે—અભ્યંતર તથા બાહ્ય. અભ્યંતર-મધ્યમાં થયેલું તે અભ્યંતર. આ શરીરનું અભ્યંતરપણું જીવના પ્રદેશો સાથે ક્ષીરનીરના ન્યાય વડે એકીભૂત થવાથી અને ભવાંતરમાં ગયે છતે પણ જીવની સાથે ગતિમાં તેનું મુખ્યપણું હોવાથી તેમજ ઘર વગેરેની અંદરમાં રહેલ પુરુષની જેમ અનતિશય—જ્ઞાનવાળાને અપ્રત્યક્ષપણું હોવાથી અભ્યંતરપણું છે. તથા બાહેરમાં થયેલું તે બાહ્ય. એનું બાહ્યપણું તો **જીવના પ્રદેશો વડે કોઈપણ શરીરના કેટલાએક અવયવોને વિષે અવ્યાપ્તપણું હોવાથી** અને ભવાંતરમાં સાથે ન જવાથી અતિશયજ્ઞાન વગરના જીવોને પણ પ્રાયઃ પ્રત્યક્ષ હોવાથી તે બાહ્ય શરીર છે. 'कम्मए'त्ति० અભ્યંતર કાર્મણશરીરનામકર્મના ઉદયથી થવા યોગ્ય સઘળા કર્મોની ઉત્પન્ન થવાની ભૂમિ-આધારરૂપ છે. તથા સંસારી જીવોને બીજી ગતિને વિષે જવામાં અતિશય સહાયક તે શરીર કાર્મણવર્ગણાસ્વરૂપ છે, કર્મ એ જ કર્મક-કાર્મણ છે. કાર્મણ શબ્દનું ગ્રહણ કરવામાં તૈજસશરીર પણ ગ્રહણ કરાયેલ છે એમ સમજી લેવું, કારણ કે કાર્મણ અને તૈજસ એકના વિના બીજું હોતું નથી અર્થાત્ તે બન્ને સદા સાથે રહે છે માટે એકપણાની વિવક્ષા કરી છે. 'एवं देवाणं भाणियव्वं'त्ति० જેમ નૈરયિકોને બે શરીર કાર્મણ અને વૈક્રિય કહેલ છે તેમ અસુરકુમાર દેવોથી આરંભીને વૈમાનિક પર્યંત દેવોને બે શરીર[2] હોય છે. કાર્મણ અને વૈક્રિય શરીરનો તેઓને સદ્ભાવ હોય છે. અહીં ચોવીશ દંડકોની

1. अत्र भां. मध्ये एकस्मिन् खण्डिते पत्रे ईदृशः पाठ उपलभ्यते—जीवकाए चेव अरूविअजीवकाए चेव। कप्पइ निग्गंथाण वा दो दिसाओ अभिगिज्झ..... उवट्ठावित्तए भुंजित्तए संवसित्तए कप्पइ निग्गंथाण वा निग्गंथीण वा दो दिसाओ अभि....... पडिक्कमित्तए निंदित्तए गरहित्तए विसोहित्तए अकरणयाए अब्भुट्ठित्तए अ...... निग्गंथीण वा दो दिसाओ अभिगिज्झ अपच्छिममारणंतियसंलेहणाझूसणा झूसियाणं भत्त...... णाणं विहरित्तए तंजहा—पाईणं चेव उदीणं चेव । छ। बीयट्ठाणे पढमो उद्देसओ सम- भां।.... આ રીતનો પાઠ તુટેલો છે એમ સમજવું. [શ્રી જંબુવિજયજી સંપાદિત સ્થાનાંગ સૂત્રમાં]

2. એક નારકનો દંડક અને દેવોના ૧૩ દંડકમાં બે શરીર કાર્મણ અને વૈક્રિય હોય છે. શેષ પૃથ્વી વગેરે ૧૦ દંડકમાં કાર્મણ અને ઔદારિક શરીર હોય છે.

વિવક્ષા હોવાથી શેષ દંડકો કહે છે. 'पुढवी'त्यादि० પૃથ્વી વગેરે પાંચ દંડકોમાં તો બાહ્યઔદારિકશરીરનામકર્મના ઉદયથી ઉદાર પુદ્ગલો વડે થયેલું ઔદારિક શરીર છે. માત્ર એકેન્દ્રિયોનું શરીર હાડકાં વગેરેથી રહિત હોય છે. વાયુકાયિકોનું જે વૈક્રિયશરીર તે પ્રાયિક હોવાથી અહિં વૈક્રિયની વિવક્ષા કરી નથી (૧), 'बेइंदियाण'मित्यादि० હાડકા, માંસ અને રુધિર વડે બંધાયેલું જે શરીર તે બાહ્ય શરીર છે. બેઇંદ્રિયોના ઔદારિકપણામાં પણ શરીરના હાડકા વગેરે (એકેન્દ્રિયની અપેક્ષાએ) વિશેષ છે. 'पंचेंदिए'त्यादि० પંચેંદ્રિયતિર્યંચ અને મનુષ્યોને વળી હાડકાં, માંસ, રુધિર, સ્નાયુ અને શિરા વિશેષ છે (૨), બીજી રીતે ચોવીસ દંડક વડે શરીરની પ્રરૂપણા કહે છે—'विग्गहे'त्यादि० વિગ્રહગતિ-વક્રગતિ, જ્યારે વિષમશ્રેણીમાં રહેલ ઉત્પત્તિસ્થાન પ્રત્યે જવાનું હોય છે ત્યારે જે વક્રગતિ થાય તેને પ્રાપ્ત થયેલ તે વિગ્રહગતિસમાપન્ન જીવો કહેવાય છે. તેઓને બે શરીર હોય છે. અહીં તૈજસ અને કાર્મણના ભેદ વડે વિવક્ષા છે. એવી રીતે ચોવીશ દંડક જાણવા. શરીરના અધિકારથી શરીરની ઉત્પત્તિને દંડક વડે નિરૂપણ કરતા કહે છે—'नेरइयाण'मित्यादि० સ્પષ્ટ છે, પરંતુ રાગ-દ્વેષથી ઉત્પન્ન થયેલ કર્મ વડે જે શરીરની ઉત્પત્તિ તેનો રાગદ્વેષ વડે જ વ્યવહાર કરાય છે, કારણ કે કાર્યમાં કારણનો ઉપચાર કરાય છે. 'जाव वेमाणियाणं'त्ति० એમ યાવત્ વૈમાનિક દંડક પર્યંત જાણવું. શરીરના અધિકારથી શરીરનું નિર્વર્ત્તનસૂત્ર પણ એવી રીતે જાણવું. વિશેષ એ છે કે-ઉત્પત્તિ તે શરૂઆત માત્ર અને નિર્વર્ત્તના તે પૂર્ણ કરવું. શરીરના અધિકારથી શરીરવાળાની બે રાશિ વડે પ્રરૂપણા કહે છે—'दो काए'त्यादि० **ત્રસનામકર્મના ઉદયથી ત્રાસ પામે છે તે ત્રસ**, તેઓની કાય—રાશિ તે ત્રસકાય અને સ્થાવરનામકર્મના ઉદયથી સ્થિર રહેવાના સ્વભાવવાળા તે સ્થાવરો, તેઓની રાશિ તે સ્થાવરકાય. ત્રસ અને સ્થાવરકાયની દ્વિપણાની પ્રરૂપણા માટે 'तसकाये'त्यादि० બે સૂત્ર સુગમ છે (૩) ॥૭૫॥

પૂર્વના સૂત્રમાં શરીરવાળા ભવ્ય જીવો કહ્યા. અહિંથી ભવ્ય વિશેષોને જે જેમ કરવાને યોગ્ય છે તે તેમ બે સ્થાનના સંબંધ વડે કહે છે—

**दो दिसाओ अभिगिज्झ कप्पति णिग्गंथाण वा णिग्गंथीण वा पव्वावित्तए—पाईणं चेव उदीणं चेव। एवं मुंडावित्तए १, सिक्खावित्तए २, उवट्ठावित्तए ३, संभुंजित्तए ४, संवसित्तए ५, सज्झायमुद्दिसित्तए ६, सज्झायं समुद्दिसित्तए ७, सज्झायमणुजाणित्तए ८, आलोइत्तए ९, पडिक्कमित्तए १०, निंदित्तए ११, गरहित्तए १२, विउट्टित्तए १३, विसोहित्तए १४, अकरणयाए अब्भुट्ठित्तए १५, आहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जित्तए १६ (१)। दो दिसातो अभिगिज्झ कप्पति णिग्गंथाण वा णिग्गंथीणं वा अपच्छिममारणंतियसंलेहणाझूसणाझूसियाणं भत्तपाणपडियाइक्खित्ताणं पाओवगताणं कालं अणवकंखमाणाणं विहरित्तए, तं जहा—पाईणं चेव उदीणं चेव (२) ॥ सू० ७६॥**

## बिट्ठाणस्स पढमो उद्देसओ समत्तो ॥ २-१ ॥

*(મૂ૦) બે દિશાઓની સન્મુખ રહીને, નિર્ગ્રંથો અથવા નિર્ગ્રંથીઓને દીક્ષા દેવા માટે પૂર્વ દિશા અને ઉત્તર દિશા કલ્પે છે. એવી રીતે ૧ લોચ કરવા માટે, ૨ શિક્ષા આપવા માટે-શીખવવા માટે, ૩ ઉપસ્થાપના (વડી દીક્ષા) માટે, ૪ સાથે ભોજન કરાવવા માટે, ૫ સંસ્તારક મંડલીમાં બેસાડવા માટે, ૬ સ્વાધ્યાયના ઉદ્દેશ માટે, ૭ સ્વાધ્યાયના સમુદ્દેશ માટે, ૮ સ્વાધ્યાયની અનુજ્ઞા માટે, ૯ આલોચન કરવા માટે, ૧૦ પ્રતિક્રમણ કરવા માટે, ૧૧ અતિચારની નિંદા કરવા માટે, ૧૨ ગર્હા કરવા માટે, ૧૩ છેદવા માટે, ૧૪ વિશુદ્ધિ કરવા માટે, ૧૫ ફરી ન કરવાપણાએ સન્મુખ જવા માટે, ૧૬ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત (તપકર્મ)ને સ્વીકારવા માટેનાં કાર્યો પૂર્વ અને ઉત્તર દિશા સન્મુખ કરવા (૧), બે દિશાઓની સન્મુખ રહીને અપશ્ચિમમારણાંતિકસંલેખનાની આરાધના કરનારા, ભક્તપાનના પ્રત્યાખ્યાન કરનારા તથા પાદપોપગત-*

*–ઝાડની માફક રહેલા તથા મરણની આકાંક્ષા ન કરનારા સાધુ–સાધ્વીઓને સ્થિર રહેવા માટે પૂર્વ અને ઉત્તર દિશા કલ્પે છે (૨).*

(ટી૦) 'दो दिसाओ' इत्यादि० બે દિશાને અંગીકાર કરીને–સન્મુખ થઈને (ક્રિયા કરવી) કલ્પે છે. ધન વગેરે ગ્રંથથી નીકળેલા–છૂટેલા તે નિર્ગ્રંથો–સાધુઓને અથવા સાધ્વીઓને રજોહરણ વગેરેના પ્રદાન દ્વારા દીક્ષા આપવા માટે પૂર્વ અને ઉત્તર દિશા અંગીકાર કરવી કલ્પે છે. કહ્યું છે કે—

**पुव्वामुहो उ उत्तरमुहो व्व देज्जाऽहवा पडिच्छेज्जा । जाए जिणादओ वा, हवेज्ज जिणचेइयाइं वा ॥३१॥**

**[पञ्चव० १३१ इति]**

પૂર્વ દિશા સન્મુખ અથવા ઉત્તર દિશા સન્મુખ (ગુરુએ) દેવું અથવા (શિષ્યોએ) ગ્રહણ કરવું અથવા જે દિશામાં જિન–કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી તથા નવપૂર્વીઓ હોય તે દિશામાં અથવા **જે દિશામાં જિનેશ્વરના ચૈત્યો હોય તે દિશાની સન્મુખ રહીને દીક્ષાપ્રદાનાદિ દેવું અને લેવું.** (૩૧)

'एव'मिति० જેમ પ્રવ્રાજન (દીક્ષા) સૂત્ર બે દિશાના કથન વડે કહ્યું એવી રીતે મુંડન વગેરે સોળ સૂત્રો પણ સમજી લેવા. તેમાં ૧ મસ્તકનો લોચ કરવા માટે, ૨ ગ્રહણશિક્ષાની અપેક્ષાએ સૂત્ર તથા અર્થ ગ્રહણ કરવા માટે અને આસેવનશિક્ષાની અપેક્ષાએ તો પ્રત્યુપેક્ષણ (પડિલેહણ) વગેરે શીખવા માટે, ૩ ઉત્થાપના—મહાવ્રતોમાં વ્યવસ્થાપના કરવા માટે, ૪ ભોજનમંડળીમાં બેસાડવા માટે, ૫ સંસ્તારક (સંથારો) મંડલીમાં બેસાડવા માટે, ૬ **સારી રીતે મર્યાદા વડે જે ભણાય તે સ્વાધ્યાય**–અંગ વગેરે સૂત્રો, તે સૂત્રોના उद्देष्टुं—ઉદ્દેશ માટે એટલે કે 'યોગવિધિના ક્રમ વડે સમ્યગ્ યોગથી (તું) આ ભણ' એ પ્રમાણે ઉપદેશ કરવા માટે, ૭ समुद्देष्टुं–**'યોગની સમાચારી વડે જ આ સૂત્ર સ્થિરપણે પરિચિત કર'** એમ કહેવા માટે, ૮ अनुज्ञातुं–'તે પ્રમાણે તું આ સૂત્રને ધારણ કર અને બીજાઓને તું જણાવ–કહે' એમ કહેવા માટે, ૯ आलोचयितुं–ગુરુની પાસે અપરાધોને કહેવા માટે, ૧૦ પ્રતિક્રમણ કરવા (પાપથી પાછા હઠવા) માટે, ૧૧ निंदितुं–પોતાની સમક્ષ (સ્વસાક્ષીએ) અતિચારોની નિંદા કરવા માટે, 'सचरित्तपच्छयावो निंद'[आव.नि. १०६२]त्ति–પોતાના વર્તનનો પશ્ચાત્તાપ કરવો તે નિંદા, ૧૨ गर्हितुं–ગુરુની સમક્ષ અતિચારોની ગર્હા કરવા માટે, 'गरहाऽवि तहाजातीयमेव नवरं परप्पयासणए'त्ति–ગર્હા પણ નિંદાનો જ પ્રકાર છે, પરંતુ બીજાની આગળ પ્રકાશિત કરવું તે ગર્હા, ૧૩ 'विउट्टित्तए'त्ति–અલગ કરવા માટે, તોડવા માટે, વિશેષ કૂટવા માટે અર્થાત્ અતિચાર સંબંધી અનુબંધ (પાપ)નું વિચ્છેદન કરવા માટે, ૧૪ विशोधयितुं–અતિચારરૂપી કાદવની અપેક્ષાએ આત્માને નિર્મળ કરવા માટે, ૧૫ अकरणतया–'ફરીથી નહિં કરું' એવો સ્વીકાર કરવા માટે, ૧૬ यथार्हम्–અતિચાર વગેરેની અપેક્ષાએ યથોચિત્ત પાપનો નાશ કરનાર હોવાથી અથવા પ્રાયઃ ચિત્તનું શુદ્ધ કરનાર હોવાથી પ્રાયશ્ચિત્ત. કહ્યું છે કે—

**पावं छिंदइ जम्हा, पायच्छित्तं तु भन्नए तेण । पाएण वा वि चित्तं, विसोहए तेण पच्छित्तं ॥३२॥ [व्यवहारभाष्य ३५ त्ति]**

જેથી પાપ નાશ પામે છે તે કારણથી પાયચ્છિત્ કહેવાય છે, અથવા પ્રાયઃ અપરાધથી થયેલ મલિન ચિત્ત (જીવ[1])ને શુદ્ધ કરે છે તેથી પ્રાયશ્ચિત્ત, (૩૦) અહિં પ્રાયશ્ચિત્ત શબ્દની સિદ્ધિ 'पृषोदरादि'થી સિદ્ધ થાય છે. તપકર્મ–નિર્વિકૃતિક–નીવી વગેરેને સ્વીકારવા માટે સત્તરમું સૂત્ર કહે છે—'दो दिसे'त्यादि० **પશ્ચિમ શબ્દ જ અમંગલરૂપ છે**, તેથી તેનો પરિહાર કરવા માટે અપશ્ચિમ શબ્દ કહેલ છે. મરણના અંતમાં જે થનારી તે મારણાંતિકી, અપશ્ચિમ–છેલ્લી તે અપશ્ચિમમારણાંતિકી. જેનાથી શરીર અને કષાયાદિ ક્ષીણ કરાય છે તે સંલેખના–તપવિશેષ, તે અપશ્ચિમમારણાંતિકસંલેખનાની 'झूसण'त्ति—સેવા, સેવારૂપી

1. અહિં ચિત્ત શબ્દ વડે ચિત્ત અને ચિત્તવાળાનો અભેદ ઉપચાર હોવાથી જીવ કહેવાય છે. ચૂર્ણિકાર પણ તેમ જ કહે છે–'चित्त इति जीवस्य व्याख्या'।

ધર્મ વડે 'झूसियाणं'त्ति—તેમાં જોડાયેલાને અથવા સંલેખના વડે झोषितानां—ક્ષીણ શરીરવાળાઓને, તથા જેઓએ ભક્ત (અન્ન) અને પાણીનું પચ્ચક્ખાણ કરેલ છે તેઓને, વૃક્ષની માફક ચેષ્ટા રહિતપણે સ્થિર થયેલાઓને, અનશન વિશેષ સ્વીકારનારાઓને, મરણકાલને નહિં ઇચ્છનારાઓને, विहर्त्तुं—રહેવા માટે બે દિશા (પૂર્વ અને ઉત્તર) સન્મુખ રહેવું કલ્પે (૨). એકંદર અઢાર દિશા સૂત્રો છે તેમાં જેની વ્યાખ્યા કરી નથી તે સુગમ સમજવા. ॥૭૬॥

**॥ બીજા સ્થાનકના પ્રથમ ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥**

## સ્વાધ્યાયના વિષયમાં અન્ય દાર્શનિકોનું મંતવ્ય

- *શતપથ બ્રાહ્મણમાં સ્વાધ્યાયથી મનની એકાગ્રતા, પ્રકૃતિના બંધનથી મુક્તિ, ચિંતાથી છુટકારો, નિર્મળ બુદ્ધિની પ્રાપ્તિ, ચિત્તની શાંતિ વગેરે અનેક લાભ બતાવ્યા છે.*
- *યોગશાસ્ત્રમાં મહર્ષિ પતંજલિએ સ્વાધ્યાયની સલાહ આપતાં કહ્યું છે કે સ્વાધ્યાયની સંપત્તિથી પરમાત્મા-ઈષ્ટ દેવતાનો સાક્ષાત્કાર થાય છે.*
- *છાંદોગ્યોપનિષદમાં ઉપદિષ્ટ ધર્મના ત્રણ અંગ યજ્ઞ, સ્વાધ્યાય અને દાનમાં સ્વાધ્યાયને પ્રમુખ સ્થાન આપેલ છે.*
- *તૈતરીય શ્રુતિના અનુસાર પ્રાચીન કાળના વિદ્યાપીઠોના કુલપતિ પોતાના પ્રત્યેક સ્નાતકને ધર્મ અને સત્યના આચરણની આવશ્યક આજ્ઞાની સાથે સ્વાધ્યાયમાં પ્રમાદ ન કરવાની ખાસ સૂચના આપતા હતા.*
- *શ્રી ભગવતી ગીતામાં સ્વાધ્યાયને વાણીનું તપ કહ્યું છે.*
- *લૉર્ડ મેકોળે કહ્યું છે કે 'સ્વાધ્યાયને છોડીને મને કોઈ રાજા બનાવવાનું વિચારે તો હું રાજા બનવાનું પસંદ નહીં કરું.'*
- *લોકમાન્ય તિલકનું કહેવું છે કે નરકમાં પણ મને શ્રેષ્ઠ પુસ્તક મળી જાય તો હું એનું સ્વાગત કરીશ. કેમકે જ્યાં તે હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે. તિલકે કહ્યું છે કરીયાવરમાં પણ ઉત્તમ પુસ્તક આપવું જોઈએ.*
- *મહાત્મા ગાંધીનું કહેવું છે કે જીવન નૈયામાં સારા પુસ્તકો હલેસા સમાન હોય છે. નિત્ય સ્વાધ્યાય કરવું મહાનતાની પહેલી સીડી ઉપર પગ રાખવા જેવું છે. સ્વાધ્યાયમાં પ્રમાદ કરવો પોતાના જ પગ પર કુહાડી મારવા સમાન છે. સ્વાધ્યાય એ મીઠી ઔષધિ છે જેને પીવાથી મનુષ્ય અમર થઈ જાય છે. પોતાના અનુભવને વર્ણવતાં ગાંધીજીએ 'મારા જેલના અનુભવ' પુસ્તકમાં લખ્યું છે કે વિષમ સમયમાં પુસ્તકોના અધ્યયને જ મારી રક્ષા કરી છે.*
- *"શ્રેષ્ઠ પુસ્તક ખિસ્સામાં રાખેલ અરીસો છે." (અરબી કહેવત)*
- *નિત્ય સ્વાધ્યાય કરવાવાળા દુઃખ સમાન સમુદ્રથી તરી જાય છે. (મ.વ્યાસ-'સુવાસ સ્મારિકા' પુસ્તક)*
- *અરસ્તુએ શિક્ષાને મનુષ્યની મનીષાનો વિકાસ કહ્યો છે. અર્થાત્ માનસિક શક્તિ અને ક્ષમતાનો વિકાસ. એક પ્રશ્નના જવાબમાં અરસ્તુએ કહ્યું છે કે શિક્ષિત અને અશિક્ષિતમાં અંતર એટલું જ છે જે એક જીવિત અને મૃત મનુષ્યમાં છે.*
- *રસ્કિને કહ્યું છે કે શિક્ષાનો મતલબ એ નથી કે જે શિખવવામાં આવે, જેને આપણે નથી જાણતા. પરંતુ મતલબ એ છે કે જે શિખવવામાં આવે છે તેનું આપણે કેવી રીતે આચરણ કરીએ. શિક્ષા ફક્ત અક્ષર, ભાષા કે અંકજ્ઞાન, વિષયજ્ઞાન નથી. તે છે કામ, મન અને આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવાનો અભ્યાસ.*

## अथ द्वितीयस्थानकाध्ययने द्वितीयः उद्देशः

અહિં પ્રથમ ઉદ્દેશકમાં દ્વિત્વવિશિષ્ટ જીવ તથા અજીવના ધર્મો કહ્યા. હવે બીજા ઉદ્દેશકમાં તો દ્વિત્વવિશિષ્ટ જ જીવના ધર્મો કહેવાય છે. આ સંબંધ વડે પ્રાપ્ત થયેલ આ ઉદ્દેશકનું પ્રથમ સૂત્ર—

**जे देवा उड्ढोववन्नगा[1] कप्पोववन्नगा विमाणोववन्नगा चारोववन्नगा चारट्ठितीया गतिरतिया गतिसमावन्नगा, तेसि णं देवाणं सता समितं जे पावेकम्मे कज्जति तत्थगता वि एगतिया वेदणं वेदेंति, अन्नत्थगता वि एगतिया वेअणं वेदेंति (१)।**

**णेरइयाणं सता समियं जे पावे कम्मे कज्जति तत्थगता वि एगतिया वेयणं वेदेंति अन्नत्थगता वि एगतिआ वेयणं वेदेंति, जाव पंचेंदियतिरिक्खजोणियाणं।**

**मणुस्साणं सता समितं जे पावे कम्मे कज्जति इहगता वि एगतिता वेयणं वेयंति अन्नत्थगता वि एगतिया वेयणं वेयंति, मणुस्सवज्जा सेसा एक्कगमा (२) ।। सू० ७७।।**

*(મૂ૦) જે દેવો ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા છે, તે બે પ્રકારે છે—૧ કલ્પોપપન્નક—સૌધર્માદિ દેવલોકમાં ઉત્પન્ન થયેલા અને ૨ વિમાનોપપન્નક—ગ્રૈવેયકાદિમાં ઉત્પન્ન થયેલા. બીજા પણ કહે છે—ચારોપપન્નક—જ્યોતિષ્કો, તેના પણ બે ભેદ છે- ૧ ચારસ્થિતિક-સ્થિર જ્યોતિષ્કો, તે અઢીદ્વીપની બહાર છે, ૨ ગતિરતિક-ગતિસમાપન્નકો જે અઢીદ્વીપમાં રહેલા છે. તે દેવો વડે નિરંતર જે પાપકર્મ કરાય છે-બંધાય છે **તે પાપના ફલને દેવભવમાં રહ્યા છતાં જ કેટલાએક દેવો ભોગવે છે,** અને કેટલાએક પાપના ફલને ભવાંતરમાં વેદે છે (૧), નૈરયિકોને સદા-નિરંતર જે પાપકર્મ બંધાય છે તે ત્યાં રહ્યા છતાં પણ કેટલાએક નારકો પાપના ફળને વેદે છે, અને કેટલાએક ભવાંતરમાં ગયા છતાં પાપના ફળને વેદે છે. એવી રીતે યાવત્ પંચેંદ્રિયતિર્યંચો સુધી જાણવું. મનુષ્યોને સદા-નિરંતર જે પાપકર્મ બંધાય છે તે અહિં જ રહ્યા છતાં કેટલાએક મનુષ્યો પાપના ફળને ભોગવે છે, અને કેટલાએક ભવાંતરમાં પણ પાપકર્મના ફળને ભોગવે છે. મનુષ્યને છોડીને શેષ વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો છે તે એક અભિલાષવાળા છે—સમાન પાઠવાળા છે (૨). ||૭૭||*

(ટી૦) 'जे देवे'त्यादि० આ સૂત્રનો પૂર્વે કહેલ સૂત્ર સાથે સંબંધ છે. પ્રથમ ઉદ્દેશકના છેલ્લા સૂત્રમાં પાદપોપગમન અનશન કહ્યું, તેનાથી કેટલાએક જીવોને દેવપણું પ્રાપ્ત થાય છે, તે કારણથી દેવ વિશેષ કહેવા વડે તેના કર્મબંધન અને વેદનનું પ્રતિપાદન કરતા થકા કહે છે—'जे देवे'त्यादि० જે સુરો—આગળ કહેવામાં આવશે તે વૈમાનિક દેવો, અનશન વગેરેથી ઉત્પન્ન થાય છે, તે કેવા છે—'उड्ढ'त्ति० ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થયેલા તે ઊર્ધ્વોપપન્નકો બે પ્રકારે છે—૧ કલ્પોપપન્નકો—સૌધર્માદિ દેવલોકમાં ઉત્પન્ન થયેલા, તથા ૨ વિમાનોપપન્નકો—ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયેલા. વિમાનોપપન્નકો કલ્પાતીત છે. બીજા બે પ્રકાર પણ કહે છે—'चारोववन्नग'त्ति० चरंति—જ્યોતિષ્કના વિમાનો જ્યાં ભ્રમણ કરે છે તે ચાર, તે સમસ્ત જ્યોતિશ્ચક્ર ક્ષેત્ર છે. કારણ? માત્ર વ્યુત્પત્ત્યર્થની અપેક્ષા કરીને શબ્દની પ્રવૃત્તિના નિમિત્તનો આશ્રય કરવાથી, તેમાં ઉત્પન્ન થયેલા તે ચારોપપન્નકો—જ્યોતિષ્કો છે. **પાદપોપગમન વગેરે કરવાથી જ્યોતિષ્કપણું પ્રાપ્ત ન થાય એમ ન કહેવું, કારણ કે પરિણામવિશેષથી તેમ પણ થાય છે.** જ્યોતિષ્કો પણ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—ચાર—જ્યોતિશ્ચક્ર ક્ષેત્રમાં

1. બાબૂવાળી પ્રતમાં તે दुविहा पं० तं०—આવો પાઠ છે, સમિતિની પ્રતમાં નથી.

જેઓની સ્થિરતા છે તે ચારસ્થિતિકો, તે સમયક્ષેત્ર (અઢીદ્વીપ)થી બહાર રહેનારા **ઘંટાની આકૃતિવાળા છે.** તથા ગમનમાં જેઓને રતિ છે તે ગતિરતિકો સમયક્ષેત્રમાં વર્તનારા છે. ગતિરતિકો સતત (નિરંતર) ગતિ નહિ કરનારા પણ હોય છે, આ કારણથી ગતિ–ગમનને समिति–નિરંતર आपन्नकाः—પ્રાપ્ત થયેલા તે ગતિસમાપન્નકો–વિરામ નહિ પામનારા છે. પૂર્વોક્ત ચાર પ્રકારના દેવોને નિરંતર, જે પાપકર્મ–જ્ઞાનાવરણાદિ, જીવોને નિરંતર બંધકપણું હોવાથી ક્રિયતે—બંધાય છે (આ કર્મકર્તૃપ્રયોગ છે), તે દેવો કર્મના અબાધાકાલનું ઉલ્લંઘન થયે છતે 'तत्थगयावि'त्ति० 'अपि' અવ્યય એવકાર (ચોક્કસ) અર્થમાં છે, તેનો પ્રયોગ આવી રીતે—तत्रैव—દેવોના ભવમાં જ, કલ્પાતીત દેવોનો બીજા ક્ષેત્રમાં ગમનનો અસંભવ હોવાથી અહિં तत्र અને अन्यत्र શબ્દ વડે ભવ જ અર્થ વિવક્ષિત—ઇચ્છિત છે; પરંતુ ક્ષેત્ર, શયન અને આસનાદિ વિવક્ષિત નથી, માટે દેવભવમાં વર્તનારા કેટલાએક દેવો, वेदना—ઉદયરૂપ વિપાક(ફળ)ને અનુભવે છે. 'अन्नत्थगयावि'त्ति० દેવભવથી બીજા જ ભવાંતરમાં ઉત્પન્ન થયેલાઓ વેદનાને અનુભવે છે. કેટલાએક તો આ ભવ અને પરભવમાં પણ વેદનાને અનુભવે છે. બીજા કેટલાએક જીવો વિપાકોદયની અપેક્ષાએ આ ભવમાં અને પરભવમાં પણ વેદનાને અનુભવતા નથી, આ બે વિકલ્પ સૂત્રમાં જણાવેલ નથી, કારણ કે બે સ્થાનકનો અધિકાર ચાલુ છે (૧), સૂત્રમાં કહેલ બે વિકલ્પ, સર્વ જીવોમાં ચોવીશ દંડક વડે પ્રરૂપણા કરતા થકા કહે છે—'नेरइयाण'मित्यादि० આ સૂત્ર પ્રાયઃ સુગમ છે. વિશેષ કહે છે—'तत्थगयावि अन्नत्थगयावि' એવી રીતે અભિલાપ વડે દંડક, યાવત્ પંચેંદ્રિયતિર્યંચ સુધી જાણવો. આ કારણથી કહે છે—'जावे'त्यादि० મનુષ્યોમાં વળી અભિલાપ વિશેષ જાણવા યોગ્ય છે, જેમ 'इहगतावि एगइया' इति. સૂત્રકાર—ગણધરમહારાજા પણ મનુષ્ય હતા, આ કારણથી પરોક્ષરૂપ અનાસન્ન(દૂર)ના કથનભૂત 'तत्र' શબ્દને ન મૂકીને મનુષ્ય–સૂત્રમાં 'इह' એવા શબ્દનો નિર્દેશ કર્યો છે, કારણ કે મનુષ્યભવના સ્વીકારપણાએ પ્રત્યક્ષાસન્નવાચક इदम् શબ્દનો વિષય છે. એટલા જ માટે કહે છે—'मणुस्सवज्जा सेसा एक्कगम'त्ति० શેષ એટલે વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકો સરખા અભિલાપવાળા છે. **શંકા**—પહેલા સૂત્રમાં જ જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનો વિવક્ષિત અર્થ કહેલ હોવાથી અહિં ફરીને જ્યોતિષ્કાદિ દેવોનું કથન કરવા વડે શો હેતુ છે? **સમાધાન**—પ્રથમ સૂત્રમાં અનુષ્ઠાન (અનશનાદિ ક્રિયા)ના ફળને દેખાડવાના પ્રસંગ વડે ભેદ (વિશેષ)થી કહેલ છે. અહીં તો દંડકના ક્રમ વડે સામાન્યથી જણાવેલ હોવાથી દોષ નથી. અહિં દેખાય છે તે તે સૂત્રમાં વિશેષનું કથન હોવા છતાં પણ સામાન્યનું કથન છે, સામાન્યના કથનમાં તો વિશેષનું કથન હોય છે (૨). ॥૭૭॥

ત્યાં રહ્યા થકા વેદનાને અનુભવે છે એમ કહેલું છે, આ કારણથી નારકાદિની ગતિ અને આગતિનું નિરૂપણ કરતા થકા કહે છે—

**नेरतिता दुगतिया दुयागतिया पन्नत्ता, तंजहा—नेरइए नेरइएसु उववज्जमाणे मणुस्सेहिंतो वा पंचिंदियतिरिक्खजोणिएहिंतो वा उववज्जेज्जा, से चेव णं से नेरइए णेरइयत्तं विप्पजहमाणे मणुस्सत्ताए वा पंचेंदियतिरिक्खजोणियत्ताए वा गच्छेज्जा। एवं असुरकुमारा वि, णवरं, से चेव णं से असुरकुमारे असुरकुमारत्तं विप्पजहमाणे मणुस्सत्ताए वा तिरिक्खजोणियवत्ताए वा गच्छिज्जा, एवं सव्वदेवा (१)।**

**पुढविकाइया दुगतिया दुयागतिया पन्नत्ता, तंजहा—पुढविकाइए पुढविकाइएसु उववज्जमाणे पुढविकाइएहिंतो वा णोपुढविकाइएहिंतो वा उववज्जेज्जा, से चेव णं से पुढविकाइए पुढविकाइयत्तं विप्पजहमाणे पुढविकाइयत्ताए वा णोपुढविकाइयत्ताए वा गच्छेज्जा, एवं जाव मणुस्सा (२) ॥ सू० ७८॥**

*(મૂ૦) નૈરયિકો બે ગતિમાં જનારા અને બે ગતિમાંથી આવનારા કહેલ છે, તે આ પ્રમાણે—નૈરયિક[1] (નરકાયુના ઉદયવાળો), નૈરયિકોને વિષે ઉત્પન્ન થયો થકો મનુષ્યોમાંથી અથવા પંચેંદ્રિયતિર્યંચયોનિકોમાંથી ઉત્પન્ન થાય તેથી નૈરયિક, નૈરયિકપણાને*

1. નરકાયુના ઉદયવાળો તે નૈરયિક કહેવાય. આ પ્રમાણે ઋજુસૂત્રનયના અભિપ્રાયથી દરેક દંડકમાં સમજવું.

*છોડતો થકો મનુષ્યપણામાં અથવા પંચેંદ્રિયતિર્યંચયોનિકમાં જાય. એવી રીતે અસુરકુમારો પણ જાણવા. વિશેષ કહે છે—તે જ અસુરકુમાર, અસુરકુમારપણાને છોડતો થકો મનુષ્યપણામાં અથવા તિર્યંચયોનિકપણામાં જાય. એવી રીતે સર્વ દેવો જાણવા (૧), પૃથ્વીકાયિકો બે ગતિમાં જનારા અને બે ગતિમાંથી આવનારા કહેલ છે, તે આ પ્રમાણે—પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકોને વિષે ઉત્પન્ન થયો થકો પૃથ્વીકાયિકોમાંથી અથવા નોપૃથ્વીકાયિકો (પૃથ્વીકાયિક સિવાયના) માંથી ઉત્પન્ન થાય, તે જ પૃથ્વીકાયિક, પૃથ્વીકાયિકપણાને છોડતો થકો પૃથ્વીકાયિકપણામાં અથવા નોપૃથ્વીકાયિકપણામાં જાય, એવી રીતે યાવત્ મનુષ્યો જાણવા (૨). ॥૭૮॥*

(ટી૦) દંડક (આ સૂત્રપાઠ) સુગમ છે, વિશેષ કહે છે—નારકો, આધારભૂત મનુષ્ય અને તિર્યંચગતિસ્વરૂપ બે ગતિમાં ગમન છે જેઓનું તે (નારકો) બે ગતિવાળા છે. અવધિ (સીમા)ભૂત મનુષ્ય અને તિર્યંચરૂપ બે ગતિમાંથી આવવું છે જેઓનું તે બે આગતિવાળા છે. ઉદયમાં આવેલ છે નારકનું આયુષ્ય જેને તે નારક કહેવાય છે. આ કારણથી કહે છે કે—'नेरइए णेरइएसु'त्ति० નારકોમાં અહિં ઉદ્દેશક્રમના વિપર્યાસથી પ્રથમ વાક્ય વડે આગતિ કહી, 'से चेव णं से'त्ति० જે મનુષ્યપણા વગેરેમાંથી નરકમાં ગયેલો તેજ આ નારક, અન્ય નહિં. આ કથન વડે એકાંત અનિત્યપણાનું ખંડન કર્યું. 'विप्पजहमाणे'त्ति० સર્વથા છોડતો થકો, અહિં ભૂતકાળના ભાવ વડે નારકનું કથન છે. આ વાક્ય વડે ગતિ કહી. તેજસ્કાયિકો, તિર્યંચ અને મનુષ્યની અપેક્ષાએ બે આગતિવાળા છે અને તિર્યંચની અપેક્ષાએ એક ગતિવાળા છે. આ વાક્યનો સ્વીકાર કરીને આ પ્રકારે (ઉત્ક્રમથી) વ્યાખ્યાન[1] કર્યું છે. 'एवं असुरकुमारावि'त्ति० નારકની માફક વક્તવ્યતા કહેવી. 'नवरं'त्ति० આ વિશેષ છે—કેવલ પંચેંદ્રિયતિર્યંચોમાં ઉત્પન્ન થાય છે એમ નહિ, પણ પૃથ્વી, અપ્ અને વનસ્પતિમાં તેની ઉત્પત્તિ થાય છે. સામાન્યથી કહ્યું છે કે-'से चेव णं से इत्यादि जाव तिरिक्खजोणियत्ताए वा गच्छेज्ज'त्ति० 'एवं सव्वदेव'त्ति० અસુરકુમારની માફક દેવપદવાળા બારે દંડક કહેવા. તેઓની[2] એકેંદ્રિય (પૃથ્વી, અપ્ અને વનસ્પતિ)માં પણ ઉત્પત્તિ થાય છે (૧), 'णोपुढविकाइएहिंतो'त्ति० આ પૃથ્વીકાયિકના નિષેધદ્વાર વડે અપ્કાયિક વગેરે સર્વ ગ્રહણ કરેલ છે, કારણ અહીં બે સ્થાનકનું વર્ણન છે. નારક વર્જીને ત્રેવીશ દંડકમાંથી પૃથ્વીકાયિકોમાં ઉત્પન્ન થાય છે. 'णोपुढवविकाइयत्ताए'त्ति० દેવ અને નારકના (૧૪) દંડક છોડીને અપ્કાય વગેરે (૯) દંડકમાં[3] જાય છે. 'एवं जाव मणुस्स'त्ति० જેમ પૃથ્વીકાયિકો, 'दुगतिया' વિગેરે અભિલાપો વડે કહેલા છે એવી રીતે એ જ અભિલાપો વડે અપ્કાયિક વગેરે મનુષ્ય પર્યંતના દંડકો 'પૃથ્વીકાયિક' શબ્દના સ્થાનમાં અપ્કાયિક વગેરેનો વ્યપદેશ (કથન) કરનારા આ અભિલાપો વડે કહેવા. વ્યંતર વગેરે પૂર્વે અતિદેશ કરાયેલ-કહેવાઈ ગયેલા છે (૨).॥૭૮॥

જીવના અધિકારથી ભવ્યાદિ વિશેષણ વડે સોળ સૂત્રપાઠથી દંડકની પ્રરૂપણા કહે છે—

**दुविहा नेरइया पन्नत्ता, तंजहा—भवसिद्धिया चेव अभवसिद्धिया चेव, जाव वेमाणिया १।**

**दुविहा नेरइया पन्नत्ता, तंजहा—अणंतरोववन्नगा चेव परंपरोववन्नगा चेव, जाव वेमाणिया २।**

**दुविहा णेरइया पन्नत्ता, तंजहा—गतिसमावन्नगा चेव आगतिसमावन्नगा चेव, जाव वेमाणिया ३।**

**दुविहा नेरइया पन्नत्ता, तंजहा—पढमसमओववन्नगा चेव अपढमसमओववन्नगा चेव, जाव वेमाणिया ४।**

**दुविहा नेरइया पन्नत्ता, तंजहा—आहारगा चेव अणाहारगा चेव, एवं जाव वेमाणिया ५।**

**दुविहा णेरइया पन्नत्ता, तंजहा—उस्सासगा चेव णोउस्सासगा चेव, जाव वेमाणिया ६।**

**दुविहा नेरइया पन्नत्ता, तंजहा—सइंदिया चेव अणिंदिया चेव, जाव वेमाणिया ७।**

1. આગતિનું પ્રથમ વ્યાખ્યાન અને ગતિનું પછી વ્યાખ્યાન કર્યું છે. 2. અસુરકુમારથી યાવત્ ઈશાન દેવલોક પર્યંત.
3. पुढवि શબ્દથી એક પૃથ્વીનો દંડક અને नोपुढवी શબ્દથી નવ દંડક કહેલ છે.

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—पज्जत्तगा चेव अपज्जत्तगा चेव, जाव वेमाणिया ८।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—सन्नि चेव असन्नि चेव, एवं पंचेंदिया सव्वे विगलिंदियवज्जा, जाव वाणमंतरा (वेमाणिया) ९।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—भासगा चेव अभासगा चेव, एवमेगिंदियवज्जा सव्वे १०।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—सम्मद्दिट्ठीया चेव मिच्छद्दिट्ठिया चेव, एगिंदियवज्जा सव्वे ११।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—परित्तसंसारिता चेव अणंतसंसारिया चेव, जाव वेमाणिया १२।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—संखेज्जकालसमयट्ठितीया चेव, असंखेजकालसमयट्ठितीया चेव, एवं पंचेंदिया एगिंदियविगलेंदियवज्जा जाव वाणमंतरा १३।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—सुलभबोधिया चेव दुलभबोधिया चेव, जाव वेमाणिया १४।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—कण्हपक्खिया चेव सुक्कपक्खिया चेव, जाव वेमाणिया १५।

दुविहा नेरइया पन्नत्ता, तंजहा—चरिमा चेव अचरिमा चेव, जाव वेमाणिया १६ ॥ सू० ७९॥

*(મૂ૦) બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—ભવસિદ્ધિકો અને અભવસિદ્ધિકો, યાવત્ વૈમાનિક પર્યંત બબ્બે ભેદ જાણવા (૧), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—અનંતરોપપન્નકો અને પરંપરોપપન્નકો, યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૨), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—ગતિસમાપન્નકો અને અગતિસમાપન્નકો, યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૩), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—પ્રથમસમયોપપન્નકો અને અપ્રથમસમયોપપન્નકો, યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૪), (વિગ્રહગતિવાળા) બે પ્રકારે નૈરયિકો કહ્યા છે, તે આ પ્રમાણે—આહારકો અને અનાહારકો, એવી રીતે યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૫), બે પ્રકારે નૈરયિકો કહ્યા છે, તે આ પ્રમાણે—ઉચ્છ્વાસકો અને નો ઉચ્છ્વાસકો (ઉચ્છ્વાસ-પર્યાપ્તિ વડે અપર્યાપ્તા), યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૬), બે પ્રકારે નૈરયિકો કહ્યા છે, તે આ પ્રમાણે—સેન્દ્રિયો (ઇંદ્રિય સહિત) અને અનિંદ્રિયો (ઇંદ્રિય રહિત, ઇંદ્રિયપર્યાપ્તિ વડે અપર્યાપ્તક) યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૭), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—પર્યાપ્તકો અને અપર્યાપ્તકો, યાવત્ વૈમાનિક પર્યંત પૂર્વવત્ (૮), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—સંજ્ઞી અને અસંજ્ઞી, એવી રીતે (એકેંદ્રિય અને વિકલેંદ્રિય વર્જીને) સર્વ પંચેંદ્રિય યાવત્ વ્યંતર[1] સુધી (વૈમાનિક સુધી) દંડકોમાં બબ્બે ભેદ જાણવા (૯), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—ભાષકો અને અભાષકો, એવી રીતે એકેંદ્રિય વર્જીને બધા દંડકોમાં બબ્બે ભેદ જાણવા (૧૦), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—સમ્યગ્દૃષ્ટિકો અને મિથ્યાદૃષ્ટિકો, એવી રીતે એકેંદ્રિય વર્જીને સર્વ દંડકોમાં બબ્બે ભેદ જાણવા (૧૧), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—પરિત્તસંસારિકો અને અનંતસંસારિકો, યાવત્ વૈમાનિક દંડક પર્યંત બબ્બે ભેદ જાણવા (૧૨), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—સંખ્યાત કાળસમયની સ્થિતિવાળા અને અસંખ્યાત કાળસમયની સ્થિતિવાળા, એવી રીતે એકેંદ્રિય અને વિકલેંદ્રિય વર્જીને પંચેંદ્રિય યાવત્ વ્યંતર પર્યંત બબ્બે ભેદ જાણવા (૧૩), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—સુલભબોધિકો અને દુર્લભબોધિકો, યાવત્ વૈમાનિક પર્યંત બબ્બે ભેદ જાણવા (૧૪), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—કૃષ્ણપાક્ષિકો અને શુક્લપાક્ષિકો, યાવત્ વૈમાનિક પર્યંત બબ્બે ભેદ જાણવા (૧૫), બે પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—ચરમ-છેલ્લા (નરકના ભવની અપેક્ષાએ) ભવવાળા અને*

1. વ્યંતર પર્યંત દંડકમાં સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને જાય છે, તેની અપેક્ષાએ અસંજ્ઞીપણું હોય છે, પરંતુ જ્યોતિષ્ક અને વૈમાનિકમાં અસંજ્ઞીપણું હોતું નથી. (વેમાણિયા) પાઠ જે મૂલમાં લીધેલ છે તે મનપર્યાપ્તિ વડે જ્યાં સુધી અપર્યાપ્ત હોય છે ત્યાં સુધી અસંજ્ઞી ગણેલ છે.

*અચરમ-જેઓનો છેલ્લો ભવ નથી તે, યાવત્ વૈમાનિક પર્યંત બબ્બે ભેદ જાણવા (૧૬). ||૭૯||*

(ટી૦) સોળ દંડક (સૂત્ર)માં ભવ્યદંડક સુગમ છે (૧), અનંતરદંડકમાં 'अणंतर'त्ति० એક જીવની સાથે બીજા જીવો અંતર વિના (તે જ સમયમાં) ઉત્પન્ન થયેલા તે અનંતરોપપન્નકો અને પૂર્વોક્તથી વિપરીત રીતે (એક પછી એક, ભિન્ન ભિન્ન સમયે) ઉત્પન્ન થયેલા તે પરંપરોપપન્નકો. અથવા વિવક્ષિત દેશ (ક્ષેત્ર)ની અપેક્ષાએ જે અંતર રહિતપણાએ ઉત્પન્ન થયેલા તે અનંતરોપપન્નકો અને વિવક્ષિત દેશમાં પરંપરાએ ઉત્પન્ન થયેલા તે પરંપરોપપન્નકો (૨), ગતિદંડકમાં ગતિસમાપન્નકો-નરકમાં જતા અને બીજા નરકમાં ગયેલા તે અગતિસમાપન્નકો, અથવા નારકપણાને પ્રાપ્ત થયેલા તે ગતિસમાપન્નકો અને જેણે નરકગતિનું આયુષ બાંધ્યું છે તે દ્રવ્યનારકો અગતિસમાપન્નકો છે. અથવા ચલત્વ અને સ્થિરત્વની અપેક્ષાએ ક્રમશઃ ગતિસમાપન્નકો અને અગતિસમાપન્નકો જાણવા (૩), પ્રથમસમયદંડકમાં 'पढमे'त्यादि० જેઓને ઉત્પન્ન થયે પ્રથમ સમય થયેલ છે તે પ્રથમસમયોપપન્નકો અને તેથી જુદા (બે વગેરે સમયના ઉત્પન્ન થયેલા) તે અપ્રથમસમયોપપન્નકો (૪), આહારદંડકમાં આહારકો હમેશાં હોય છે, અનાહારકો તો વિગ્રહગતિમાં એક સમય અથવા બે સમય સુધી હોય છે. જે ત્રસનાડીમાં મરણ પામીને ત્રસનાડીમાં જ ઉત્પન્ન થાય છે તેની અપેક્ષાએ આ હકીકત જાણવી. અન્યથા-બીજી રીતે ત્રણ સમય[1] પર્યંત અનાહારક હોય છે (૫), ઉચ્છ્વાસદંડકમાં જે શ્વાસોચ્છ્વાસ લે છે તે ઉચ્છ્વાસકો, તે ઉચ્છ્વાસપર્યાપ્તિ વડે પર્યાપ્તકો અને તેથી ભિન્ન ઉચ્છ્વાસપર્યાપ્તિ વડે અપર્યાપ્તકો તે નોચ્છ્વાસકો (૬), ઇંદ્રિયદંડકમાં ઇંદ્રિયપર્યાપ્તિ વડે પર્યાપ્તકો તે સેંદ્રિયો અને ઇંદ્રિયપર્યાપ્તિ વડે અપર્યાપ્તા તે અનિંદ્રિયો (૭), પર્યાપ્તદંડકમાં પર્યાપ્તનામકર્મના[2] ઉદયથી પર્યાપ્તા છે અને અપર્યાપ્તનામકર્મના ઉદયથી અપર્યાપ્તા છે (૮), સંજ્ઞીદંડકમાં મનઃપર્યાપ્તિ વડે પર્યાપ્તકો તે સંજ્ઞી—સંજ્ઞાવાળા અને મનઃપર્યાપ્તિ વડે અપર્યાપ્તકો તે અસંજ્ઞી છે. 'एवं पंचिंदिए'त्यादि० એટલે કે જેમ નારકો સંજ્ઞી અને અસંજ્ઞીના ભેદ વડે કહેલા છે તેમ, 'एवं विगलेंद्रियवज्ज'त्ति० વિકલ-અપરિપૂર્ણ સંખ્યાવિશિષ્ટ ઇંદ્રિયો છે જેઓને તે વિકલેંદ્રિયોને (પૃથ્વી વગેરે, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયો) વર્જીને ચોવીશ દંડકમાં જે બીજા પંચેંદ્રિયો અસુર વિગેરે હોય છે તે સર્વને સંજ્ઞી અને અસંજ્ઞીપણાએ કહેવા, અર્થાત્ છેલ્લું દંડક—'जाव वेमाणिय'त्ति० યાવત્ વૈમાનિક દંડક પર્યંત પણ એવી રીતે જ કહેવા. કોઈ પ્રતમાં 'जाव वाणवंतरिय'त्ति० એવો પાઠ છે, ત્યાં આ પ્રમાણે અર્થ સમજવો—જે અસંજ્ઞીઓમાંથી નારકાદિપણાએ ઉત્પન્ન થાય છે તે અસંજ્ઞીઓ જ [અપર્યાપ્ત અવસ્થામાં] કહેવાય છે, અને અસંજ્ઞીઓ નારકાદિથી આરંભીને યાવત્ વ્યંતર સુધીમાં ઉત્પન્ન થાય છે પરંતુ જ્યોતિષ્ક અને વૈમાનિકોને વિષે ઉત્પન્ન થતા નથી. તેઓને અસંજ્ઞીપણાનો અભાવ હોવાથી તેઓનું અહિં ગ્રહણ કરેલ નથી (૯), ભાષાદંડકમાં—ભાષાપર્યાપ્તિના ઉદયમાં ભાષકો છે અને ભાષાપર્યાપ્તિની અપર્યાપ્તક અવસ્થામાં અભાષકો છે. એકેંદ્રિયોને ભાષાપર્યાપ્તિ નથી તેથી કહે છે—'एवमि'त्यादि० (૧૦), સમ્યગ્દૃષ્ટિદંડકમાં એકેંદ્રિયોને સમ્યક્ત્વ નથી, દ્વીંદ્રિયો વગેરેને તો સાસ્વાદન સમ્યક્ત્વ હોય, પરન્તુ એટલા માટે કહ્યું છે કે—'एगिंदियवज्जा सव्वे'त्ति० (૧૧), સંસારદંડકમાં સંક્ષિપ્ત-થોડા ભવવાળા તે પરીત્તસંસારિકો અને અનંતભવવાળા તે અનંતસંસારિકો (૧૨), સ્થિતિદંડકમાં કાળ શબ્દનો અર્થ કાળો વર્ણ પણ હોય, **સમય શબ્દનો અર્થ આચાર પણ થાય**, પરન્તુ અહિં કાલરૂપ સમય તે કાળસમય, વર્ષના પ્રમાણથી સંખ્યા કરવા યોગ્ય છે. સંખ્યાત કાળસમયરૂપ સ્થિતિ (રહેવું) છે જેઓની તે સંખ્યેયકાળસમયસ્થિતિકો દશ હજાર વર્ષ વગેરે સ્થિતિવાળા, બીજા પલ્યોપમના અસંખ્યેયભાગાદિ સ્થિતિવાળા તે અસંખ્યેયકાલસમયસ્થિતિકો જાણવા. 'संखिज्जकालठिइय'त्ति० એવો પાઠ પણ કોઈ પ્રતમાં છે, પણ તે સુગમ છે. 'एवमि'त्ति० આ પ્રમાણે નારકની માફક બે પ્રકારે સ્થિતિવાળા દંડકો કહ્યા. શું બધા ય દંડકો કહ્યા? એ પ્રશ્નના જવાબમાં કહે છે કે—એમ

1. સામાન્ય જીવની અપેક્ષાએ આ કથન છે. 2. આ વ્યાખ્યા સામાન્ય પ્રકારે છે, કારણ કે અપર્યાપ્તનામકર્મના ઉદયવાળા (લબ્ધિઅપર્યાપ્તક) નારક અને દેવમાં સંભવે નહિ અને પ્રસ્તુત સૂત્રમાં 'जाव वेमाणिया' કહેલ છે, માટે અહિ એમ જણાય છે કે જે જીવોએ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરેલ નથી એવા કરણઅપર્યાપ્ત જીવોની અપેક્ષાએ નારક અને દેવો અપર્યાપ્ત હોય છે. અથવા કરણઅપર્યાપ્તિકાલમાં પણ અપર્યાપ્તનામકર્મનો ઉદય હોય એમ સંભવે છે.

નહિ, પણ એકેંદ્રિય અને વિકલેંદ્રિયોને વર્જીને અસુર વગેરે પંચેંદ્રિયો કહ્યા, કારણ કે એકેંદ્રિયાદિની તો બાવીશ હજાર વર્ષ વગેરે સંખ્યાતકાલની સ્થિતિ છે. પંચેંદ્રિયો પણ શું બધા ય કહ્યા? આ શંકાનો જવાબ આપે છે કે એમ નહિં, ફક્ત વ્યંતર પર્યંત (નારકથી વ્યંતર સુધીના પંચેંદ્રિયો), એઓ જ ઉભય સ્થિતિવાળા (સંખ્યાત અને અસંખ્યાતકાળની સ્થિતિવાળા) હોય છે. જ્યોતિષ્ક અને વૈમાનિકો તો અસંખ્યાતકાળની સ્થિતિવાળા જ હોય છે (૧૩), બોધિદંડકમાં બોધિ-જૈનધર્મની પ્રાપ્તિ સુલભ છે જેઓને તે સુલભબોધિકો, અને જૈનધર્મની પ્રાપ્તિ દુર્લભ છે જેઓને તે દુર્લભબોધિકો (૧૪), પાક્ષિકદંડકમાં શુક્લ-વિશુદ્ધપણાથી જે પક્ષ-સ્વીકાર તે શુક્લપક્ષ, તે વડે જે વિચરે છે તે શુક્લપાક્ષિકો. શુક્લપણું તો ક્રિયાવાદીપણાએ છે. કહ્યું છે કે—किरियावाई भव्वे णो अभव्वे सुक्कपक्खिए णो किण्हपक्खिए—**ક્રિયાવાદી ભવ્ય હોય છે, પણ અભવ્ય હોતા નથી, (તેમ) શુક્લપાક્ષિક હોય છે પણ કૃષ્ણપાક્ષિક હોતા નથી.** અથવા શુક્લોનો-આસ્તિકપણાએ વિશુદ્ધોનો, જે પક્ષ-સમૂહ તે શુક્લપક્ષ, તેમાં થયેલા તે શુક્લપાક્ષિકો, અને તેનાથી વિપરીત પક્ષવાળા તે કૃષ્ણપાક્ષિકો (૧૫), ચરમદંડકમાં જેઓને તે નારકાદિ છેલ્લો ભવ હોય અર્થાત્ ફરીથી તે નારકાદિમાં ઉત્પન્ન નહિં થાય, કારણ કે મોક્ષે જવાથી તે ચરમ કહેવાય છે અને બીજા એટલે જેને ફરીથી નારકાદિમાં ઉપજવું છે તે અચરમ કહેવાય છે (૧૬). એવી રીતે શરૂઆતથી અઢાર દંડકો કહેવાયા. ॥૭૯॥

પૂર્વના સૂત્રમાં વૈમાનિકો ચરમ અને અચરમપણાએ કહેવાયા, તેઓ અવધિ વડે અધોલોક વગેરેને જાણે છે, તેથી તેના જાણવામાં આવતાં જીવના બે પ્રકાર વર્ણવે છે—

**दोहिं ठाणेहिं आया अहेलोगं जाणइ पासइ, तंजहा—समोहतेणं चेव अप्पाणेणं आया अहेलोगं जाणइ पासइ, असमोहतेणं चेव अप्पाणेणं आया अहेलोगं जाणइ पासइ, आधोहि समोहतासमोहतेणं चेव अप्पाणेणं आया अहेलोगं जाणइ पासइ १। एवं तिरियलोगं २, उड्ढलोगं ३, केवलकप्पं लोगं ४।**

**दोहिं ठाणेहिं आया अधोलोगं जाणइ पासइ, तंजहा—विउव्वितेण चेव अप्पाणेणं आता अधोलोगं जाणइ पासइ, अविउव्वितेणं चेव अप्पाणेणं आता अधोलोगं जाणइ पासइ, आहोधि विउव्वियाविउव्वितेण चेव अप्पाणेणं आता अधोलोगं जाणइ पासइ १। एवं तिरियलोगं २, उड्ढलोगं ३, केवलकप्पं लोगं ४।**

**दोहिं ठाणेहिं आया सद्दाइं सुणेइ, तंजहा—देसेण वि आया सद्दाइं सुणेइ, सव्वेण वि आया सद्दाइं सुणेइ १, एवं रूवाइं पासइ २, गंधाइं अग्घाति ३, रसाइं आसादेति ४, फासाइं पडिसंवेदेति ५।**

**दोहिं ठाणेहिं आया ओभासइ, तंजहा—देसेण वि आया ओभासइ, सव्वेण वि आया ओभासति १। एवं पभासति २, विकुव्वति ३, परियारेति ४, भासं भासति ५, आहारेति ६, परिणामेति ७, वेदेति ८, निज्जरेति ९।**

**दोहिं ठाणेहिं देवे सद्दाइं सुणेइ, तंजहा—देसेण वि देवे सद्दाइं सुणेति, सव्वेण वि देवे सद्दाइं सुणेइ १, जाव निज्जरेति १४।**

**मरुया देवा दुविहा पन्नत्ता, तंजहा—एगसरीरी चेव बिसरीरी चेव १, एवं किन्नरा २, किंपुरिसा ३, गंधव्वा ४, णागकुमारा ५, सुवन्नकुमारा ६, अग्गिकुमारा ७, वायुकुमारा ८।**

**देवा दुविहा पन्नत्ता, तंजहा—एगसरीरी चेव बिसरीरी चेव ॥ सू० ८०॥**

**॥ बिट्ठाणस्स बीओ उद्देसओ सम्मत्तो २ - २ ॥**

*(મૂ૦) બે સ્થાન વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે, તે આ પ્રમાણે—સમુદ્ઘાત કરવારૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે, સમુદ્ઘાત ન કરવારૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે. યથાઅવધિજ્ઞાની સમુદ્ઘાત*

*કરવા વડે અને સમુદ્ઘાત ન કરવારૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે (૧), એવી રીતે તિર્યગ્લોકને (૨), ઊર્ધ્વલોકને (૩) અને પરિપૂર્ણ ચૌદ રાજલોકને જાણે છે-દેખે છે (૪). બે સ્થાન વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે, તે આ પ્રમાણે—કરેલ વૈક્રિય શરીરરૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે, ન કરાયેલ વૈક્રિય શરીરરૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે, યથાવધિજ્ઞાની કૃતવૈક્રિય શરીર અને અકૃતવૈક્રિય-શરીરરૂપ સ્વભાવ વડે આત્મા અધોલોકને જાણે છે-દેખે છે (૧), એવી રીતે તિર્યગ્લોકને (૨), ઊર્ધ્વલોકને (૩) અને પરિપૂર્ણ ચૌદ રાજલોકને જાણે છે-દેખે છે (૪). બે સ્થાન વડે આત્મા શબ્દોને સાંભળે છે, તે આ પ્રમાણે—દેશથી આત્મા શબ્દોને સાંભળે છે અને સર્વથી આત્મા શબ્દોને સાંભળે છે (૧), એવી રીતે દેશથી અને સર્વથી રૂપોને દેખે છે (૨), ગંધોને સૂંઘે છે (૩), રસોને આસ્વાદે છે (૪), અને સ્પર્શોને અનુભવે છે (૫). બે સ્થાન વડે આત્મા દીપે (પ્રકાશે) છે, તે આ પ્રમાણે—દેશથી આત્મા દીપે છે અને સર્વથી દીપે છે (૧), એવી રીતે આત્મા દેશથી અને સર્વથી વિશેષ દીપે છે (૨), વિકુર્વણા કરે છે (૩), પરિચારણા (મૈથુન) સેવે છે (૪), ભાષાને બોલે છે (૫), આહાર કરે છે (૬), પરિણામને પમાડે છે (૭), અનુભવે છે (૮), અને નિર્જરા કરે છે-ત્યાગ કરે છે (૯). બે સ્થાન વડે દેવ શબ્દોને સાંભળે છે, તે આ પ્રમાણે—દેશથી દેવ શબ્દોને સાંભળે છે અને સર્વથી દેવ શબ્દોને સાંભળે છે (૧) યાવત્ નિર્જરે છે (૧૪), મરુત્ (લોકાંતિક દેવ વિશેષ) દેવો બે પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—એક શરીરવાળા (કાર્મણ શરીરવાળા) અને બે શરીરવાળા (કાર્મણ અને વૈક્રિય શરીરવાળા) (૧), એવી રીતે કિન્નરો (૨), કિંપુરુષો (૩), ગંધર્વો (૪), નાગકુમારો (૫), સુપ(વ)ર્ણકુમારો (૬), અગ્નિકુમારો (૭) અને વાયુકુમારો બબ્બે પ્રકારે છે (૮). દેવો બે પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—એક શરીરવાળા અને બે શરીરવાળા. ॥૮૦॥*

(ટી૦) 'दोही'त्यादि० ચાર સૂત્રની વ્યાખ્યા કરતાં કહે છે કે—આત્મગત બે સ્થાન—પ્રકાર વડે જીવ અધોલોકને અવધિજ્ઞાન વડે જાણે છે અને અવધિદર્શન વડે દેખે છે. 'समवहतेन' વૈક્રિયસમુદ્ઘાતગત સ્વભાવ વડે અથવા અન્ય સમુદ્ઘાતગતસ્વભાવ વડે, અને બીજી રીતે સમુદ્ઘાત ન કરવારૂપ સ્વભાવ વડે. એ જ વ્યાખ્યા કરે છે—'आहोही'त्यादि० જે પ્રકારે અવધિ છે જેને તે યથાવધિ (પ્રાકૃત શૈલીથી આદિમાં દીર્ઘપણું કરેલ છે) અથવા પરમાવધિથી અધોવર્તી (ન્યૂન) અવધિ છે જેને તે અધોઅવધિ આત્મા-નિયત ક્ષેત્ર વિષયવાળો અવધિજ્ઞાની ક્યારેક સમવહત અને ક્યારેક અસમવહત એવી રીતે બે સ્વભાવ વડે જાણે છે-દેખે છે. 'एवमि'त्यादि० 'एवमि'त्ति० જેમ અધોલોક સમવહત અને અસમવહત બે પ્રકાર વડે અવધિજ્ઞાનના વિષયપણાએ કહેલ છે. એવી રીતે તિર્યગ્લોક વગેરે પણ જાણવા. તિર્યગ્લોક સૂત્ર, ઊર્ધ્વલોક સૂત્ર અને કેવલકલ્પ સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે—કેવલ-પરિપૂર્ણરૂપ પોતાના કાર્યના સામર્થ્યથી કલ્પ-કેવલજ્ઞાનની જેમ અથવા પરિપૂર્ણપણાએ કેવલજ્ઞાન સદૃશ, અથવા કેવલકલ્પ-સિદ્ધાંતશૈલીએ પરિપૂર્ણ લોક (ચૌદ રાજલોકરૂપ) ને જાણે છે-દેખે છે (૨-૪). વૈક્રિયસમુદ્ઘાત પછી વૈક્રિય શરીર હોય છે, આ હેતુથી વૈક્રિયશરીરનો આશ્રય કરીને અધોલોક વગેરેના જ્ઞાનને વિષે બે પ્રકાર કહે છે—'दोही'त्यादि० આ ચાર સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે—'विउव्विएणं'त्ति० કરેલ વૈક્રિયશરીર વડે જાણે છે-દેખે છે (૧-૪). જ્ઞાનના અધિકારમાં જ આ બીજો પ્રકાર કહે છે 'दोही'त्यादि० પાંચ સૂત્રો, 'देसेणवि'त्ति० દેશથી-એક કાનનો ઉપઘાત (વિનાશ) હોતે છતે એક કાનથી સાંભળે છે, અથવા સર્વથી-ન હણાયેલ શ્રોત્રેંદ્રિયવાળો, અથવા જે સંભિન્નશ્રોત નામની લબ્ધિવાળો (મુનિ) તે બધી ઇંદ્રિયો વડે સર્વથી સાંભળે છે. આ હેતુથી સર્વથી કથન કરાય છે (૧), 'एवमि'त्ति० જેમ દેશ અને સર્વથી શબ્દોને કહ્યા તેમ રૂપાદિને પણ જાણી લેવા. વિશેષ એ કે—જીભના દેશનો પ્રસુપ્ત્યાદિ[1] દોષ વડે ઉપઘાત (હરકત) થવાથી દેશથી આસ્વાદે (ખાય) છે એમ જાણવું (૨-૫), શબ્દશ્રવણ વગેરે જીવપરિણામો કહ્યા, તેના પ્રસ્તાવથી તેના પરિણામાંતરોને કહે છે—

1. જીભ જડ થઈ જવા વગેરેથી જ્ઞાનતંતુ ક્રિયારહિત થાય છે.

**'दोही'त्यादि०** નવ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—**अवभासते**-ખદ્યોત (ખજુઆ)ની માફક દેશથી દીપે છે અને દીવાની માફક સર્વથી દીપે છે. અથવા દેશથી ફડ્ડકાવધિજ્ઞાની[1] જાણે છે અને સર્વથી અભ્યંતરાવધિજ્ઞાની[2] જાણે છે (૧), **'एवमि'त्ति०** દેશ અને સર્વથી વિશેષતઃ દીપે છે (૨), દેશથી હાથ વગેરેનું વૈક્રિય કરવા વડે અને સર્વથી-સંપૂર્ણ શરીરનું વૈક્રિય કરવા વડે વિકુર્વણા કરે છે (૩), **'परियारेइ'त्ति०** દેશથી મનોયોગ વગેરેમાંથી કોઈપણ એક યોગ વડે અને સર્વથી ત્રણ યોગ વડે મૈથુનને સેવે છે (૪), દેશથી જીભના સમભાગ વગેરેથી અને સર્વથી સમસ્ત તાલુ વગેરે સ્થાન વડે ભાષાને બોલે છે (૫), દેશથી માત્ર મુખ વડે અને સર્વથી ઓજ આહારની અપેક્ષાએ (સર્વ આત્મપ્રદેશ વડે) આહાર કરે છે (૬), આહારને જ પરિણમાવે છે. ખલ, રસના વિભાગ વડે ભક્તાશય (હોજરી)ના ભાગને બરોળ વગેરે વડે રુંધવાથી દેશથી અને પ્લીહ વગેરેથી રુંધેલ ન હોવાથી સર્વથી (૭), દેશથી હાથ વગેરે અવયવ વડે અનુભવે છે અને સર્વથી અવયવ વડે આહાર સંબંધી પરિણામને પ્રાપ્ત થયેલ પુદ્ગલોને ઇષ્ટ અને અનિષ્ટ પરિણામથી અનુભવે છે (૮), આહાર કરેલા, પરિણમેલા અને અનુભવેલા આહારના પુદ્ગલોને દેશથી અપાન (ગુદાસ્થાન) વગેરેથી અને સર્વથી સંપૂર્ણ શરીર વડે પ્રસ્વેદ (પરસેવા)ની જેમ નિર્જરે છે-ત્યાગ કરે છે (૯) આ ચૌદ સૂત્રો વિવક્ષિત વિષયવસ્તુની અપેક્ષાએ લેવા. તેમાં દેશ અને સર્વની યોજના આ પ્રમાણે સમજવી. જેમ દેશથી પણ વિવક્ષિત શબ્દોમાંથી કેટલાએક શબ્દોને સાંભળે છે અને સર્વથી સમસ્તપણે બધા શબ્દોને સાંભળે છે (૧), એવી રીતે રૂપ વગેરેને પણ દેશથી અને સર્વથી જાણી લેવું (૫), તથા (શબ્દાદિ) વિવક્ષિત વસ્તુને દેશ અથવા સર્વથી પ્રકાશે છે (૬), વિશેષ પ્રકાશે છે (૭), એવી રીતે વિકુર્વણા સંબંધી વસ્તુને વિકુર્વણા કરે છે (૮), પરિચારણા યોગ્ય સ્ત્રીશરીરાદિ પ્રત્યે પરિચારણા સેવે છે (૯), કહેવા યોગ્ય શબ્દની અપેક્ષાએ દેશથી ભાષાને બોલે છે (૧૦), સર્વથી ભોજન યોગ્ય વસ્તુને ખાય છે (૧૧), આહારને પરિણમાવે છે (૧૨), વેદવા યોગ્ય કર્મને અનુભવે છે (૧૩), દેશથી અથવા સર્વથી એવી રીતે નિર્જરે પણ છે (૧૪), દેશ અને સર્વ વડે સામાન્યથી સાંભળવું વગેરે કહ્યું, વિશેષ વિવક્ષામાં દેવોનું પ્રધાનપણું હોવાથી તેઓને આશ્રયીને તે (શબ્દાદિ) કહે છે—**'दोही'त्यादि०** એ પણ વિવક્ષિત શબ્દાદિ વિષયની અપેક્ષાએ ચૌદ સૂત્ર દેશથી અથવા સર્વથી લેવા. આ હમણાં જ કહેલ ભાવો શરીર હોય તો જ સંભવે છે, આ કારણથી દેવોનું પ્રધાનપણું હોવાથી દેવોના જ શરીરનું નિરૂપણ કરવા માટે કહે છે-**'मरुए'त्यादि०** આ આઠ સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે—મરુત્ દેવો લોકાંતિક દેવ વિશેષ છે. કહ્યું છે કે—**सारस्वता १ दित्य २ वह्न्य ३ रुण ४ गर्दतोय ५ तुषिता ६ ऽव्याबाध ७ मरुतो ८ ऽरिष्ठा ९ श्चेति०** [तत्त्वा० अ.४, सू० २६] તે દેવો એક શરીરવાળા હોય છે, કારણ કે વિગ્રહગતિમાં કાર્મણ શરીર છે, ત્યાર પછી વૈક્રિયભાવથી બે શરીરવાળા હોય છે, બન્ને શરીરનો સમાહાર-એકત્રીભૂત બે શરીર, તે છે જેઓને તે બે શરીરવાળા, અથવા ભવધારણીય (મૂળ) જ શરીર જ્યારે હોય ત્યારે એક શરીર, જ્યારે ઉત્તરવૈક્રિય કરે ત્યારે બે શરીર હોય છે. કિન્નર, કિંપુરુષ અને ગંધર્વ એ ત્રણ વ્યંતરો છે અને નાગકુમારાદિ ચાર ભવનપતિઓ છે. અમુક સંખ્યામાં ભેદનું ગ્રહણ કરેલ છે તે બીજા ભેદોને બતાવનાર છે, પરંતુ બીજાનો નિષેધ કરવા માટે નથી. સર્વ જીવોને વિગ્રહગતિમાં એક શરીરપણાની અને વિગ્રહગતિ સિવાયના સમયમાં બે શરીરપણાની પ્રાપ્તિ હોવાથી સામાન્યતઃ કહે છે—**'देवा दुविहे'त्यादि०** સુગમ છે. ॥૮૦॥

***॥ બીજા સ્થાનના બીજા ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

1. ઓરડાના જાળિયાથી અંતરિત રહેલ દીપકની પ્રભાના નીકળવાની સમાન ફડ્ડકાવધિજ્ઞાન કહેવાય છે. તે ફડ્ડકો એક જીવને ક્ષયોપશમની વિચિત્રતાથી સંખ્યાતા અથવા અસંખ્યાતા હોય છે. આ ફડ્ડકો, મનુષ્ય અને તિર્યંચ અવધિજ્ઞાનીને હોય છે.
2. જીવને સર્વતઃ અંતરરહિત એક સરખું જ્ઞાન હોય તે અભ્યંતરાવધિ જાણવું. વિશેષ જિજ્ઞાસુએ વિશેષાવશ્યકની ટીકા જોવી.

## अथ द्वितीयस्थानकाध्ययने तृतीयः उद्देशः

બીજો ઉદ્દેશક કહ્યો, હવે ત્રીજાનો આરંભ કરે છે. ત્રીજા ઉદ્દેશકનો બીજા ઉદ્દેશકની સાથે સંબંધ છે. અનંતર ઉદ્દેશકમાં જીવ—પદાર્થ અનેક પ્રકારે કહ્યો, ત્રીજા ઉદ્દેશકમાં તો જીવને સહાય્ય કરનાર પુદ્‌ગલધર્મ, જીવધર્મ, ક્ષેત્ર અને દ્રવ્યરૂપ પદાર્થની પ્રરૂપણા કહેવાય છે. આ સંબંધને દર્શાવતા આ ઉદ્દેશકના પહેલા આઠ સૂત્ર નીચે પ્રમાણે—

**दुविहे सद्दे पन्नत्ते, तंजहा—भासासद्दे चेव णोभासासद्दे चेव १। भासासद्दे दुविहे पन्नत्ते, तंजहा—अक्खरसंबद्धे चेव णोअक्खरसंबद्धे चेव २। णोभासासद्दे दुविहे पन्नत्ते, तंजहा—आउज्जसद्दे चेव णोआउज्जसद्दे चेव ३। आउज्जसद्दे दुविहे पन्नत्ते, तंजहा—तते चेव वितते चेव ४। तते दुविहे पन्नत्ते, तंजहा—घणे चेव झुसिरे चेव ५। एवं विततेऽवि ६। णोआउज्जसद्दे दुविहे पन्नत्ते, तंजहा—भूसणसद्दे चेव नोभूसणसद्दे चेव ७। नोभूसणसद्दे दुविहे पन्नत्ते, तंजहा—तालसद्दे चेव लत्तिआसद्दे चेव ८।**

**दोहिं ठाणेहिं सद्दुप्पाते सिया, तंजहा—साहन्नंताण चेव पुग्गलाणं सद्दुप्पाए सिया, भिज्जंताण चेव पोग्गलाणं सद्दुप्पाए सिया ॥ सू० ८१॥**

*(મૂ૦) બે પ્રકારે શબ્દ કહેલ છે, તે આ પ્રમાણે—ભાષાશબ્દ-તાલુ અને જીભના સંબંધથી બોલાતો અને નોભાષાશબ્દ—ભાષાશબ્દના જેવો (૧), ભાષાશબ્દ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—અક્ષરના સંબંધવાળો અને અક્ષરના સંબંધ વગરનો (૨), નોભાષાશબ્દ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—આતોદ્ય-તાડન કરવાથી થયેલ શબ્દ અને નોઆતોદ્ય-તાડન વગર થયેલ શબ્દ (૩), આતોદ્યશબ્દ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—તત (વીણા) વગેરેનો અને વિતત-ચામડાથી મઢેલ અને તંત્રી રહિતનો (૪), તત પણ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—ઘન અને સુષિર-પોલું (૫), એમ વિતત પણ બે પ્રકારે છે (૬), નોઆતોદ્ય શબ્દ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—ભૂષણશબ્દ-ઝાંઝર વગેરે ભૂષણનો શબ્દ અને નોભૂષણશબ્દ-ભૂષણ સિવાયનો (૭), નોભૂષણશબ્દ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—તાલજન્ય શબ્દ-હાથના તાલથી થયેલ તે તાલશબ્દ અને લત્તિ (કાંસીનો) શબ્દ (૮), બે સ્થાન (કારણ) વડે શબ્દોની ઉત્પત્તિ થાય, તે આ પ્રમાણે—એકત્રિત થતાં અથવા તાડના કરાતાં પુદ્‌ગલોથી શબ્દોની ઉત્પત્તિ થાય, અને ભેદ થતાં એટલે ચીરાતાં પુદ્‌ગલોથી શબ્દોની ઉત્પત્તિ થાય. ॥૮૧॥*

(ટી૦) આ સૂત્રનો પૂર્વ સૂત્રની સાથે નીચે પ્રમાણે સંબંધ છે—અહિં બીજા ઉદ્દેશકના અંત્ય સૂત્રમાં દેવોના શરીરનું નિરૂપણ કર્યું પણ તે શરીરવાળા તો શબ્દાદિના ગ્રાહક હોય છે, માટે અહિં પ્રથમ શબ્દનું નિરૂપણ કરાય છે. આ પ્રમાણે સંબંધની વ્યાખ્યા સુગમ છે, વિશેષ એ કે ભાષાશબ્દ-ભાષાપર્યાપ્તિનામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ જીવનો શબ્દ, અને બીજો નોભાષાશબ્દ (૧), અક્ષરસંબંધ-અક્ષરના ઉચ્ચારવાળો અને બીજો નોઅક્ષરસંબંધ-અક્ષરના ઉચ્ચાર વગરનો (૨), આતોદ્ય-ઢોલ વગેરેનો જે શબ્દ તે આતોદ્ય શબ્દ અને નોઆતોદ્ય-વંશ (વાંસડા) વગેરેને ફાડવાથી થયેલ શબ્દ તે નોઆતોદ્ય શબ્દ (૩), તંત્રી તેમજ ચર્મ વગેરેથી બંધાયેલ જે આતોદ્ય તે તતશબ્દ (૪), તે કિંચિત્ ઘન (નિબિડ), જેમ પિંજનિક (પીંજણ) વગેરે, અને કાંઈક શુષિર (પોકળ), જેમ વીણા, પટહ વગેરે, તેનાથી ઉત્પન્ન થયેલ જે શબ્દ તે ઘન અને શુષિર કહેવાય છે (૫), વિતત-તતથી વિલક્ષણ (ભિન્ન), તંત્રી વગેરેથી રહિત, તે વિતત પણ ભાણક (થાળી) વગેરે વાજિંત્રની જેમ ઘન અને કાહલા[1] વગેરે વાજિંત્રની જેમ

1. રણશીંગડું, શરણાઇ, ભેરી વગેરે

શુષિર, તેનાથી ઉત્પન્ન થયેલ વિતતશબ્દ તે ઘન અને શુષિર કહેવાય છે. ચોથા સ્થાનકમાં પણ ફરીને એ જ કહેવામાં આવશે.

**ततं विणादिकं ज्ञेयम्, विततं पटहादिकम् । घनं तु कांस्यतालादि वंशादि शुषिरं मतम् ।।३३।।**

તત તે વીણાદિ વાજિંત્ર જાણવા અને વિતત તે પટહ (ઢોલ) વગેરે જાણવા. ઘન તે કાંસ્યતાલ વગેરે અને શૂષિર તે વંશ (વાંસળી) વગેરે કહેલ છે. (૩૩)

એ પ્રમાણે વિવક્ષાના પ્રધાનપણાથી વિરોધ માનવો નહિં (૬), ભૂષણ-નુપૂર (ઝાંઝર) વગેરે અને નોભૂષણ-ઘરેણાથી જુદું (૭), તાલ-હસ્તતાલ (હાથથી તાલ આપવો તે) અને 'लत्तिय'त्ति० કંસિકા-કાંસીઓ, તે આતોદ્યપણાએ અહિં વિવક્ષિત નથી. અથવા 'लत्तियासद्दे'त्ति० પાટુ પ્રહારથી થયેલ શબ્દ (૮). શબ્દના ભેદો કહ્યા, હવે અહિંથી શબ્દના કારણનું નિરૂપણ કરવા માટે કહે છે—'दोहीं'त्यादि० બે કારણ વડે શબ્દની ઉત્પત્તિ થાય છે. સાથે (ભેળા) થયેલા પુદ્‌ગલોનો-કાયભૂત શબ્દનો ઉત્પાદ થાય, અથવા સામસામે આઘાત પામવાથી શબ્દની ઉત્પત્તિ થાય છે. (પંચમી વિભક્તિના અર્થમાં છઠ્ઠી છે.) જેમ ઘંટા અને લાલા (લોલક)ની જેમ બાદર પરિણામને પામેલ પુદ્‌ગલોના સંઘાતથી શબ્દ ઉત્પન્ન થાય છે, એવી રીતે વાંસના વિભાગની જેમ ભિદ્યમાન-ફાડતા-વિભાગ કરતા શબ્દની ઉત્પત્તિ થાય છે. ॥૮૧॥

હવે પુદ્‌ગલના સંઘાત અને ભેદના કારણનું નિરૂપણ કરવા માટે કહે છે—

**दोहिं ठाणेहिं पोग्गला साहण्णंति, तंजहा—सइं वा पोग्गला साहन्नंति, परेण वा पोग्गला साहन्नंति १।**

**दोहिं ठाणेहिं पोग्गला भिज्जंति, तंजहा—सइं वा पोग्गला भिज्जंति, परेण वा पोग्गला भिज्जंति २।**

**दोहिं ठाणेहिं पोग्गला परिपडंति, तंजहा—सइं वा पोग्गला परिपडंति परेण वा पोग्गला [1]परिपाडिज्जंति ३, एवं परिसडंति ४, विद्धस्संति [विद्वंसंति] ५ ।**

**दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—भिन्ना चेव अभिन्ना चेव १। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—भेउरधम्मा चेव नोभेउरधम्मा चेव २।**

**दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—परमाणुपोग्गला चेव नोपरमाणुपोग्गला चेव ३। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—सुहुमा चेव बायरा चेव ४। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—बद्धपासपुट्ठा चेव नोबद्धपासपुट्ठा चेव ५। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—परियादित च्चेव अपरियादित च्चेव ६। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—अत्ता चेव अणत्ता चेव ७। दुविहा पोग्गला पन्नत्ता, तंजहा—इट्ठा चेव अणिट्ठा चेव ८, एवं कंता ९, पिया १०, मणुन्ना ११, मणामा १२ ।। सू० ८२।।**

**दुविहा सद्दा पन्नत्ता, तंजहा—अत्ता चेव अणत्ता चेव १, एवमिट्ठा जाव मणामा २-६। दुविहा रूवा पन्नत्ता, तंजहा-अत्ता चेव अणत्ता चेव १, जाव मणामा २-६। एवं गंधा, रसा, फासा, एवमेक्केक्के छ आलावगा भाणियव्वा १३-३० ।। सू० ८३।।**

*(મૂ૦) બે કારણ વડે પુદ્‌ગલો એકઠા થાય છે-બંધાય છે, તે આ પ્રમાણે—પોતાની મેળે વિસ્રસાસ્વભાવ વડે પુદ્‌ગલો બંધાય છે અથવા પર-બીજા (પ્રયોગ) વડે પુદ્‌ગલો બંધાય છે (૧), બે કારણ વડે પુદ્‌ગલો ભેદાય-જુદા થાય છે, તે આ પ્રમાણે—પોતાની મેળે અને બીજા વડે પુદ્‌ગલો જુદા થાય છે (૨), બે કારણ વડે પુદ્‌ગલો સડે છે, તે આ પ્રમાણે--પોતાની મેળે પુદ્‌ગલો સડે છે અથવા બીજા વડે પુદ્‌ગલો સડે છે (૩), એવી રીતે પડે છે (૪), વિધ્વંસ-વિનાશ પામે છે (૫). બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—જુદા થયેલા અને જુદા ન થયેલા (૧), બે પ્રકારે પુદ્‌ગલો*

1. આગમોદય સમિતિની પ્રતમાં परिसाडिज्जंति એવો પાઠ છે.

*કહેલા છે, તે આ પ્રમાણે—પોતાની મેળે ભેદાય એવા સ્વભાવવાળા અને ન ભેદાય એવા સ્વભાવવાળા (૨), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—પરમાણુપુદ્‌ગલો અને નોપરમાણુપુદ્‌ગલો (સ્કંધો) (૩), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—સૂક્ષ્મપુદ્‌ગલો ચાર સ્પર્શવાળા અને બાદરપુદ્‌ગલો આઠ સ્પર્શવાળા (૪), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—સારી રીતે મજબૂત બંધાયેલા અને માત્ર સ્પર્શ કરાયેલા (૫), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—પર્યાયાતીત-પૂર્વના પર્યાયને છોડેલા અને અપર્યાયાતીત-પૂર્વના પર્યાયને નહિ છોડેલા (૬), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે તે આ પ્રમાણે—જીવોએ પરિગ્રહપણે સ્વીકારેલા તે આત્તા અને જીવોએ પરિગ્રહપણે નહિ સ્વીકારેલા તે અનાત્તા (૭), બે પ્રકારે પુદ્‌ગલો કહેલા છે, તે આ પ્રમાણે—ઈષ્ટપુદ્‌ગલો અને અનિષ્ટપુદ્‌ગલો (૮), એવી રીતે કાન્ત પુદ્‌ગલો (૯), પ્રિય પુદ્‌ગલો (૧૦), મનોજ્ઞપુદ્‌ગલો (૧૧) અને મનને પ્રિય તે મણામા. તેઓથી વિપરીત અકાંત વગેરે જાણવા (૧૨). ॥૮૨॥*

*બે પ્રકારે શબ્દો કહેલા છે, તે આ પ્રમાણે—જીવે ગ્રહણ કરેલા અને જીવે ગ્રહણ નહિ કરેલા (૧), એમ ઈષ્ટ, કાંત વિગેરે શબ્દો યાવત્ મણામા પર્યંત, પ્રતિપક્ષ અનિષ્ટ વગેરે સહિત જાણવા (૨-૬). બે પ્રકારે રૂપ કહેલ છે, તે આ પ્રમાણે-જીવ વડે ગ્રહણ કરાયેલ અને જીવ વડે ગ્રહણ નહિ કરાયેલ (૧), એવી રીતે યાવત્ મણામા સુધી બબ્બે ભેદ જાણવા (૨-૬). એવી રીતે ગંધ, રસ અને સ્પર્શના બબ્બે ભેદ જાણવા. એવી રીતે એકૈકમાં છ આલાપકો કહેવા (૧૩-૩૦). ॥૮૩॥*

(ટી૦) **'दोही'त्यादि॰** પાંચ સૂત્રો સુગમ છે. વિશેષ એ છે કે—**'स्वयं वे'त्ति॰** સ્વભાવથી જેમ વાદળા વગેરેને વિષે પુદ્‌ગલો સંબંધવાળા થાય છે તેમ, (આ કર્મકર્તૃપ્રયોગ છે.) **'परेण वा'** તથા પુરુષ આદિ વડે પુદ્‌ગલો સંબંધવાળા કરાય છે. (આ સકર્મકપ્રયોગ છે) (૧), એવી રીતે ભેદાય છે-જૂદા પડે છે (૨), તથા પર્વતના શિખરથી જેમ પડે છે તેમ પુદ્‌ગલો પડે છે (૩), કોઢ વગેરેના નિમિત્તથી જેમ આંગળી વગેરે સડે છે તેમ પુદ્‌ગલો સડે છે (૪), વાદળાની સમૂહની જેમ પુદ્‌ગલો નાશ પામે છે (૫). હવે બાર સૂત્ર વડે પુદ્‌ગલોનું જ નિરૂપણ કરતા થકા કહે છે—**'दुविहे'त्यादि॰** જૂદા પડેલા અને જૂદા ન પડેલા (૧), જે પોતાની મેળે ભેદાય છે તે ભિદુર અર્થાત્ ભિદુરત્વ ધર્મ છે જેઓનો તે ભિદુરવાળા (આ વાક્યમાં ભાવ પ્રત્યય અંતર્ભૂત છે), ભિદુરત્વ ધર્મથી વિપરીત તે નોભિદુરધર્મવાળા [વજ્ર વગેરે] (૨), જે અત્યંત સૂક્ષ્મ તે પરમાણુપુદ્‌ગલો અને સ્કંધો તે નોપરમાણુપુદ્‌ગલો (૩), જેઓનો સૂક્ષ્મપરિણામ છે તેમજ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રુક્ષ લક્ષણવિશિષ્ટ ચાર જ સ્પર્શવાળા તે ભાષા વગેરે ચાર વર્ગણાના પુદ્‌ગલો સૂક્ષ્મ છે, અને બાદરો તો જેઓનો બાદર પરિણામ છે તેમજ પાંચ વગેરે સ્પર્શવાળા જે છે તે ઔદારિક વગેરે વર્ગણાના પુદ્‌ગલો છે (૪), શરીરની ચામડીની રજની જેમ સ્પર્શાયેલા તે પાર્શ્વસ્પૃષ્ટો, તેઓથી બંધાયેલા-શરીરમાં પાણીની જેમ અતિશય મળેલા, પાર્શ્વસ્પૃષ્ટરૂપ બંધાયેલા તે બદ્ધપાર્શ્વસ્પૃષ્ટપુદ્‌ગલો. અહિં રાજદંતાદિગણથી 'બદ્ધ' શબ્દનો પ્રથમ પ્રયોગ કરેલ છે. કહ્યું છે કે—**पुट्ठं रेणुं व तणुंमि बद्धमप्पीकयं पएसेहिं'ति॰** સ્પૃષ્ટ-શરીરમાં રજની જેમ સ્પર્શ કરેલ અને બદ્ધ-પ્રદેશો વડે પોતાના કરેલ અર્થાત્ તેની સાથે મળેલ. આ બદ્ધપાર્શ્વસ્પૃષ્ટ પુદ્‌ગલો ઘ્રાણેંદ્રિયાદિને ગ્રહણગોચર છે, તથા નોબદ્ધા-બંધાયેલા નહિ પરંતુ પાર્શ્વસ્પૃષ્ટો એટલે બદ્ધ પદના નિષેધવાળા પુદ્‌ગલો શ્રોત્રેંદ્રિયને ગ્રહણગોચર છે. આવશ્યક સૂત્રમાં કહ્યું છે કે—

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई(इ) अपुट्ठं तु । गंधं रसं च फासं च, बद्धपुट्ठं वियागरे ॥३४॥ [विशेषाव॰ ३३६ त्ति]**

સ્પર્શમાત્ર વડે જ સંબંધ કરાયેલ શબ્દને શ્રોત્રેંદ્રિય[1] સાંભળે છે અને સ્પર્શ કરાયેલા રૂપને ચક્ષુઇંદ્રિય જૂએ છે, તથા ગંધ,

1. ગંધાદિ દ્રવ્યો કરતાં ભાષાનાં દ્રવ્યો સૂક્ષ્મ, વિશેષ સંખ્યાવાળા અને વાસિત કરનાર હોય છે. વળી શ્રોત્રેંદ્રિય વિષયને ગ્રહણ કરવામાં ઘ્રાણાદિ ઇંદ્રિયો કરતાં વિશેષ પટુ હોવાથી સ્પર્શ માત્ર ગ્રહણ કરે છે.

રસ અને સ્પર્શો બદ્ધસ્પૃષ્ટ કરાયેલા (સારી રીતે મળેલા) હોય તો ઘ્રાણેંદ્રિય[1], રસનેંદ્રિય અને સ્પર્શનેંદ્રિય વિષય કરે છે (ગ્રહણ કરે છે). (૩૪)

બદ્ધસ્પૃષ્ટ અને પાર્શ્વપૃષ્ટ બે પદના નિષેધમાં શ્રોતાદિઈંદ્રિયોનો (ઉક્ત પુદ્‌ગલો) વિષય ન થાય પરંતુ ચક્ષુઈંદ્રિયના વિષયો થાય. ઈંદ્રિયની અપેક્ષાએ આ બદ્ધપાર્શ્વસ્પૃષ્ટતારૂપ પુદ્‌ગલોની વ્યાખ્યા કરી. એવી રીતે જીવના પ્રદેશની અપેક્ષાએ અને અન્યોન્યની અપેક્ષાએ વ્યાખ્યા કરવા યોગ્ય છે (૫), 'परियाइय'त्ति० વિવક્ષિત પર્યાયને તજેલા તે પર્યાયાતીત અથવા કર્મ પુદ્‌ગલની જેમ સમસ્તપણે ગ્રહણ કરેલા તે પર્યાયાતીત. પ્રતિપક્ષ ભેદ સુગમ છે અર્થાત્ સમસ્તપણે ગ્રહણ નહિ કરેલા તે અપર્યાયાતીત (૬), જીવે પરિગ્રહ માત્ર પણાએ અથવા શરીરાદિપણે સ્વીકારેલા તે આત્તા અને પ્રતિપક્ષ નોઆત્તા (૭), અર્થક્રિયાના અભિલાષીઓ વડે ઈચ્છાયેલા તે ઈષ્ટ પુદ્‌ગલો (૮), સુંદર અને વિશિષ્ટ વર્ણ વગેરેથી યુક્ત તે કાંત પુદ્‌ગલો (૯), પ્રિય-પ્રીતિકર અને ઈંદ્રિયોને આહ્‌લાદ આપનાર પુદ્‌ગલો (૧૦), સુંદરપણાના પ્રકર્ષથી જે મન વડે 'આ સારા જણાય છે' એવા વિકલ્પને ઉત્પન્ન કરનારા તે મનોજ્ઞ પુદ્‌ગલો (૧૧), સુંદરપણાના પ્રકર્ષથી બધા ય ઉપભોગ કરનારના મનને સદા ય વલ્લભ પુદ્‌ગલો તે મણામા. નિરુક્ત વિધિ વડે ભણાયા (૧૨). બીજું વ્યાખ્યાન આ પ્રમાણે—સામાન્યપણે જીવોને સદા ય વહાલા તે ઈષ્ટ, હમેશાં સુંદર ભાવ વડે કાંતિવાળા તે કાન્ત, સર્વને દ્વેષ કરવા યોગ્ય નહિ તે પ્રિય, કથન વડે પણ મનને રમાડનાર તે મનોજ્ઞ, વિચારણા વડે પણ મનને વહાલા તે મણામા. અનિષ્ટાદિ પ્રતિપક્ષ સર્વ સ્થળે સુગમ છે. ॥૮૨॥

પુદ્‌ગલના અધિકારથી જ અનંતર (હમણા જ) કહેલ પ્રતિપક્ષ સહિત આત્તાદિ છ વિશેષણવિશિષ્ટ પુદ્‌ગલના ધર્મરૂપ શબ્દાદિને 'दुविहा सद्दे'त्यादि० ત્રીશ સૂત્ર વડે કહે છે. 'दुविहे'त्यादि० ત્રીશ સૂત્રો સુગમ છે. ॥૮૩॥ પુદ્‌ગલધર્મો કહ્યા.

હવે ધર્મના અધિકારથી જીવના ધર્મોને કહે છે—

**दुविहे आयारे पन्नत्ते, तंजहा—णाणायारे चेव नोनाणायारे चेव १। नोनाणायारे दुविहे पन्नत्ते, तंजहा—दंसणायारे चेव नोदंसणायारे चेव २। नोदंसणायारे दुविहे पन्नत्ते, तंजहा—चरित्तायारे चेव नोचरित्तायारे चेव ३। नोचरित्तायारे दुविहे पन्नत्ते, तंजहा—तवायारे चेव वीरियायारे चेव ४।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—समाहिपडिमा चेव उवहाणपडिमा चेव १।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—विवेगपडिमा चेव विउसग्गपडिमा चेव २।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—भद्दा चेव सुभद्दा चेव ३।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—महाभद्दा चेव सव्वतोभद्दा चेव ४।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—खुड्डिया चेव मोयपडिमा, महल्लिया चेव मोयपडिमा ५।**

**दो पडिमाओ पन्नत्ताओ, तंजहा—जवमज्झा चेव चंदपडिमा, वइरमज्झा चेव चंदपडिमा ६।**

**दुविहे सामाइए पन्नत्ते तंजहा—अगारसामाइए चेव अणगारसामाइए चेव ॥ सू० ८४॥**

*(મૂ૦) બે પ્રકારે આચાર કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાનાચાર અને નોજ્ઞાનાચાર (૧), નોજ્ઞાનાચાર બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—દર્શનાચાર અને નોદર્શનાચાર (૨), નોદર્શનાચાર બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—ચારિત્રાચાર અને નોચારિત્રાચાર (૩), નોચારિત્રાચાર બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—તપાચાર અને વીર્યાચાર (૪), બે પ્રતિમા (પ્રતિજ્ઞા) કહેલ છે, તે આ પ્રમાણે—સમાધિપ્રતિમા અને ઉપધાનપ્રતિમા-તપ વિશેષ (૧), બે પ્રતિમા કહેલ છે, તે આ પ્રમાણે—વિવેક (ત્યાગ) પ્રતિમા અને કાયોત્સર્ગપ્રતિમા (૨), બે પ્રતિમા કહેલ છે, તે આ પ્રમાણે—*

1. ગંધાદિ દ્રવ્યો ભાષાદિ દ્રવ્યની અપેક્ષાએ સ્થૂલ, અલ્પ અને અવાસિત સ્વભાવવાળા છે. વળી વિષયને ગ્રહણ કરવામાં શ્રોત્રેંદ્રિયની અપેક્ષાએ ઘ્રાણાદિઈંદ્રિયો અપટુ છે માટે બદ્ધસ્પૃષ્ટ થવાથી ગ્રહણ કરે છે.

*ભદ્રાપ્રતિમા અને સુભદ્રાપ્રતિમા (૩), બે પ્રતિમા કહેલ છે, તે આ પ્રમાણે—મહાભદ્રા અને સર્વતોભદ્રાપ્રતિમા (૪), બે પ્રતિમા કહેલ છે, તે આ પ્રમાણે—લઘુમોકપ્રતિમા અને વડીમોકપ્રતિમા (૫), બે પ્રતિમા કહેલ છે, તે આ પ્રમાણે—યવમધ્યચંદ્રપ્રતિમા અને વજ્રમધ્યચંદ્રપ્રતિમા (૬), બે પ્રકારે સામાયિક કહેલ છે, તે આ પ્રમાણે—ગૃહસ્થની સામાયિક-દેશવિરતિરૂપ અને અનગારની સામાયિક-સર્વવિરતિરૂપ. ॥૮૪॥*

(ટી૦) 'दुविहे आयारे'त्यादि० ચાર સૂત્ર સુગમ છે, વિશેષ કહે છે—આચરણ કરવું તે આચાર—વ્યવહાર, જ્ઞાન-શ્રુતજ્ઞાન, તે સંબંધી કાલ વગેરે આઠ પ્રકારનો આચાર તે જ્ઞાનાચાર. કહ્યું છે—

**काले विणए बहुमाणे, उवहाणे चेव तहअ निह्नवणे । वंजणमत्थ तदुभए, अट्ठविहो नाणमायारो ।।३५।।**

**[दश.वै.नि. १८४, निशीथ भा० ८] त्ति**

(૧) શ્રુતના કાલમાં ભણવું તે કાલાચાર, (૨) વિનયપૂર્વક ભણવું તે વિનયાચાર, (૩) અંતરંગ પ્રીતિપૂર્વક ભણવું તે બહુમાનાચાર, (૪) જે તપ વડે સૂત્રાદિક ઉપ-નજીક ધીયતે-કરાય છે તે ઉપધાનાચાર, (૫) તથા અનિહ્નવણ એટલે સૂત્રાદિનું અનપલાપ-ઉત્થાપન કરવું નહિ, (૬) શુદ્ધ સૂત્ર પાઠ જેમ હોય તેમ બોલવું તે વ્યંજનાચાર, (૭) સૂત્રનો યથાર્થ અર્થ કરવો તે અર્થાચાર અને (૮) સૂત્ર તેમજ અર્થ ઉભયનું યથાર્થ કથન કરવું તે તદુભયાચાર—આ પ્રમાણે જ્ઞાનના આઠ આચાર છે (૩૫) (૧).

નોજ્ઞાનાચાર-જ્ઞાનથી વિલક્ષણ તે દર્શનાદિ આચાર, દર્શન એટલે સમ્યક્ત્વ, તેના નિઃશંકિતાદિ આઠ પ્રકારના આચાર છે. કહ્યું છે—

**णिस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य । उववूह थिरीकरणे, वच्छल्लपभावणे अट्ठ ।।३६।।**

**[दश.वै.नि. १८२, निशीथ भा० २३] त्ति**

(૧) નિર્ગ્રંથ પ્રવચનમાં શંકાનો અભાવ તે નિઃશંકિત, (૨) અન્ય દર્શનને ગ્રહણ કરવાની ઇચ્છાનો અભાવ તે નિષ્કાંક્ષિત, (૩) ધર્મના ફલના સંદેહનો અભાવ તે નિર્વિચિકિત્સા, (૪) તત્ત્વાર્થમાં મૂઢદૃષ્ટિનો અભાવ તે અમૂઢદૃષ્ટિ, (૫) ગુણવાનની પ્રશંસાપૂર્વક ગુણની વૃદ્ધિ કરવી તે ઉપબૃંહણા, (૬) ધર્મથી ચલિત થનારને સ્થિર કરવું તે સ્થિરીકરણ, (૭) સાધર્મ્મિકોની સેવા-ભક્તિ તે વાત્સલ્ય અને (૮) જિનશાસનની પ્રભાવના-ઉદ્યોત કરવો તે પ્રભાવના. આ આઠ આચાર દર્શનના છે (૩૬) (૨).

નોદર્શનાચાર તે ચારિત્રાદિ, ચારિત્રાચાર સમિતિ અને ગુપ્તિરૂપ આઠ પ્રકારે છે. કહ્યું છે—

**पणिहाणजोगजुत्तो, पंचहिं समिईहिं तीहिं गुत्तीहिं । एस चरित्तायारो, अट्ठविहो होइ नायव्वो ।।३७।।**

**[दश.वै.नि. १८५, निशीथ भा० ३५] त्ति**

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ વડે ચિત્તની સ્થિરતામાં યોગના મુખ્ય વ્યાપાર યુક્ત આઠ આચાર ચારિત્રના જાણવા (૩૭) (૩), નોચારિત્રાચાર તે તપાચાર વગેરે. તેમાં તપાચાર બાર પ્રકારે છે. કહ્યું છે કે—

**बारसविहंमि वि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे । अगिलाइ अणाजीवी, नायव्वो सो तवायारो ।।३८।।**

**[दश.वै.नि. १८६, निशीथ भा० ४२] त्ति**

કુશલ પુરુષોએ જોયેલ [કહેલ] અભ્યંતર સહિત બાહ્ય બાર પ્રકારના તપને વિષે પણ ગ્લાનિ રહિતપણાએ આજીવિકાની ઇચ્છારહિત-આશંસા વિના જે [તપ કરે છે] તે જ તપાચાર જાણવો (૩૮) (૪).

વીર્યાચાર એટલે જ્ઞાનાદિને વિષે શક્તિનું ગોપન ન કરવું-શક્તિને છૂપાવવી નહિ તેમજ શક્તિનું ઉલ્લંઘન પણ કરવું નહિ. કહ્યું છે—

**अणिगूहियबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउतो । जुंजइ य जहाथामं, नायव्वो वीरियावारो ॥३९॥**

**[दश.वै.नि. १८७, निशीथ भा० ४३] त्ति**

પ્રગટબલ-વીર્યવિશિષ્ટ અને ઉપયોગવાળો—સાવધાન થયો થકો જે યથોક્ત (જ્ઞાનાદિ) પ્રત્યે પરાક્રમ કરે છે અને યથાશક્તિ જોડાય છે તે વીર્યાચાર જાણવો (૩૯) (૫).

હવે વીર્યાચારનું જ વિશેષ કથન કરવા માટે છ સૂત્રો કહે છે—'दो पडिमे'त्यादि० પ્રતિજ્ઞા પર્યંત સ્વીકાર તે પ્રતિમા, પ્રશસ્તભાવરૂપી શાંતિ તે સમાધિ, તેની પ્રતિમા તે સમાધિપ્રતિમા. દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આ સમાધિપ્રતિમા બે ભેદવાળી કહેલી છે. શ્રુતસમાધિપ્રતિમા અને સામાયિકાદિચારિત્રસમાધિપ્રતિમા. (૧) સમાધિપ્રતિમા, (૨) ઉપધાન-તપ તેની પ્રતિમા તે ઉપધાનપ્રતિજ્ઞા, તે ભિક્ષુની બાર પ્રતિમા અને શ્રાવકની અગ્યાર પ્રતિમારૂપ છે (૧), વિવેચન-વિવેક અર્થાત્ ત્યાગ, તે અંતરંગ કષાયાદિનો અને અનુચિત બાહ્ય-ગણ (ગચ્છ), શરીર, ભાતપાણી વિગેરેનો ત્યાગ, તેની પ્રતિજ્ઞા તે વિવેકપ્રતિમા, કાયોત્સર્ગનું કરવું તે વ્યુત્સર્ગપ્રતિમા (૨), પ્રત્યેક પૂર્વાદિ ચાર દિશામાં ક્રમશઃ ચાર પ્રહર કાયોત્સર્ગ કરવારૂપ બે અહોરાત્રના પ્રમાણવાળી જે પ્રતિમા તે ભદ્રાપ્રતિમા. સુભદ્રાપ્રતિમા પણ એ જ પ્રકારે સંભવે છે, **કારણ કે શાસ્ત્રમાં ન જોયેલ હોવાથી તેનું વર્ણન કર્યું નથી** (૩), મહાભદ્રા પણ તેમજ જાણવી. વિશેષ કહે છે—અહોરાત્ર (આઠ પ્રહર) પ્રત્યેક દિશામાં ક્રમશઃ કાયોત્સર્ગરૂપ ચાર અહોરાત્ર પ્રમાણવાળી છે (૪), મોકપ્રતિમા તે પ્રસ્રવણપ્રતિમા, તે કાળના ભેદ વડે નાની અને મોટી હોય છે. વ્યવહારસૂત્રમાં તે માટે કહ્યું છે—'खुड्डियं णं मोयपडिमं पडिवण्णस्से' [व्यवहार० ९/२४२] त्यादि० આ મોકપડિમા દ્રવ્યથી પ્રસ્રવણ વિષયવાળી, ક્ષેત્રથી ગામ વગેરેથી બહાર, કાલથી શરદ્ અને **ગ્રીષ્મ ઋતુમાં સ્વીકારાય છે,** જો ભોજન કરીને સ્વીકારાય તો ચતુર્દશ ભક્ત (છ ઉપવાસ) વડે સમાપ્ત કરાય છે, જો ભોજન ન કરીને સ્વીકારાય તો સોળ ભક્ત (સાત ઉપવાસ) વડે સમાપ્ત કરાય છે, ભાવથી તો દિવ્યાદિ (દેવ મનુષ્ય વગેરે)ના ઉપસર્ગનું સહન કરવું, તે ક્ષુલ્લક (નાની) પ્રતિમા, એમ જ મોટી પ્રતિમા પણ જાણવી. વિશેષ કહે છે—જો ભોજન કરીને સ્વીકારાય તો સોળ ભક્ત વડે સમાપ્ત કરાય છે અને ભોજન વિના જો સ્વીકારાય તો અઢાર ભક્ત વડે સમાપ્ત કરાય છે (૫), યવની જેમ મધ્ય છે જેણીનો તે યવમધ્યા, ચંદ્રની માફક કળાની વૃદ્ધિ અને હાનિ વડે જે પ્રતિમા તે ચંદ્રપ્રતિમા, તે આ પ્રમાણે—શુક્લપક્ષના પડવાને દિવસે એક કવળ (કોળિયો) આહાર કરીને, ત્યારપછી દિન દિન પ્રત્યે એકૈક કવળની વૃદ્ધિ વડે પૂર્ણિમાના દિવસે પંદર કવળ આહાર કરે, અને કૃષ્ણપક્ષના પડવાને દિવસે પંદર કવળનો આહાર કરીને પ્રત્યેક દિવસે એકૈક કવળની હાનિ વડે યાવત્ અમાવાસ્યાના દિવસે એક કવળ આહાર કરે તે યવમધ્યાચંદ્રપ્રતિમા. જે પ્રતિમામાં કૃષ્ણપક્ષના પડવાને દિવસે પંદર કવળ આહાર કરીને એકૈક કવળની હાનિ વડે અમાવાસ્યાને દિવસે એક કવળ અને શુક્લપક્ષના પડવાને દિવસે એક જ કવળ આહાર કરીને ત્યારપછી પુનઃ એકૈક કવળની વૃદ્ધિ વડે યાવત્ પૂર્ણિમાને દિવસે પંદર કવળ આહાર કરે, એટલે કે વજ્રની જેમ મધ્યભાગ જેમાં ઝીણો હોય તે વજ્રમધ્યાચંદ્રપ્રતિમા. એવી રીતે ભિક્ષાદિને વિષે પણ જાણવું (૬). પ્રતિમાઓ સામાયિકવાળાઓને હોય છે, આ કારણથી સામાયિકને કહે છે—'दुविहे'त्यादि० સમ-જ્ઞાન, દર્શન અને ચારિત્રનો, આય-લાભ તે સમાય, તે જ સામાયિક છે. તે સામાયિક અગારવાન્-ગૃહસ્થ અને અનગાર-સાધુરૂપ સ્વામીના ભેદથી દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે પ્રકારે છે. ॥૮૪॥

જીવ ધર્મના અધિકારમાં જીવના બીજા ધર્મોને 'दोण्हं उववाए' ઇત્યાદિ ચોવીશ સૂત્ર વડે કહે છે—

**दोण्हं उववाए पन्नत्ते, तंजहा—देवाणं चेव नेरइयाणं चेव १।**

**दोण्हं उव्वट्टणा पन्नत्ता, तंजहा—णेरइयाणं चेव भवणवासीणं चेव २।**

**दोण्हं चयणे पन्नत्ते, तंजहा—जोइसियाणं चेव वेमाणियाणं चेव ३। दोण्हं गब्भवक्कंती पन्नत्ता, तंजहा—मणुस्साणं चेव पंचेंदियतिरिक्खजोणियाणं चेव ४।**

**दोण्हं गब्भत्थाणं आहारे पन्नत्ते, तंजहा—मणुस्साण चेव पंचेंदियतिरिक्खजोणियाण चेव ५।**

**दोण्हं गब्भत्थाणं वुड्ढी पन्नत्ता, तंजहा—मणुस्साण चेव पंचेंदियतिरिक्खजोणियाण चेव ६। एवं निव्वुड्ढी ७, विगुव्वणा ८, गतिपरियाए ९, समुग्घाते १०, कालसंजोगे ११, आयाती १२, मरणे १३।**

**दोण्हं छविपव्वा पन्नत्ता, तंजहा—मणुस्साण चेव पंचिंदियतिरिक्खजोणियाण चेव १४। दो सुक्क-सोणितसंभवा पन्नत्ता, तंजहा—मणुस्सा चेव पंचिंदियतिरिक्खजोणिया चेव १५।**

**दुविहा ठिति पन्नत्ता, तंजहा—कायट्ठिती चेव भवट्ठिती चेव १६।**

**दोण्हं कायट्ठिती पन्नत्ता, तंजहा—मणुस्साणं चेव पंचिंदियतिरिक्ख-जोणियाण चेव १७। दोण्हं भवट्ठिती पन्नत्ता, तंजहा—देवाण चेव नेरइयाण चेव १८। दुविहे आउए पन्नत्ते, तंजहा-अद्धाउए चेव भवाउए चेव १९। दोण्हं अद्धाउए पन्नत्ते, तंजहा—मणुस्साण चेव पंचेंदियतिरिक्खजोणियाण चेव २०। दोण्हं भवाउए पन्नत्ते, तंजहा—देवाण चेव णेरइयाण चेव २१।**

**दुविहे कम्मे पन्नत्ते, तंजहा—पदेसकम्मे चेव अणुभावकम्मे चेव २२। दो अहाउयं पालेंति, तंजहा—देव च्चेव नेरइय च्चेव २३। दोण्हं आउयसंवट्टए पन्नत्ते, तंजहा—मणुस्साण चेव पंचिंदियतिरिक्खजोणियाण चेव २४ ॥ सू० ८५ ॥**

*(મૂ૦) બે (પ્રકારના) જીવોનો ઉપપાત કહેલ છે, તે આ પ્રમાણે—દેવોનો અને નારકોનો (૧), બે પ્રકારના જીવોની ઉદ્વર્તના (મરણ) કહેલ છે તે આ પ્રમાણે—નૈરયિકોની અને ભવનવાસીઓની (૨), બે પ્રકારના જીવોનું ચ્યવન કહેલ છે, તે આ પ્રમાણે-જ્યોતિષ્કોનું અને વૈમાનિકોનું (૩), બે પ્રકારના જીવોની ગર્ભને વિષે વ્યુત્ક્રાંતિ-ઉત્પત્તિ કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યોની અને પંચેંદ્રિયતિર્યગ્યોનિકોની (૪), બે પ્રકારના ગર્ભસ્થ જીવોને આહાર કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યોને અને પંચેંદ્રિય-તિર્યંચયોનિકોને (૫), બે પ્રકારના ગર્ભસ્થ [ગર્ભમાં રહેલાઓના શરીર]ની વૃદ્ધિ કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યોની અને પંચેંદ્રિયતિર્યંચકોની (૬), એવી રીતે નિર્વૃદ્ધિ-શરીરની હાનિ (૭), વિકુર્વણા (૮), ગતિપર્યાય-ગર્ભમાંથી બહાર જવું (૯), સમુદ્ઘાત-મારણાંતિકાદિ (૧૦), કાલ વડે કરાયેલી (ગર્ભની) અવસ્થા (૧૧), ગર્ભ થકી નીકળવું-જન્મવું (૧૨), મરણ (૧૩), જાણવા. બેને ચામડીવાળા સંધિના બંધનો કહેલા છે, તે આ પ્રમાણે—મનુષ્યોને અને પંચેંદ્રિયતિર્યંચોને (૧૪), બે શુક્ર (વીર્ય) અને શોણિત (રુધિર) વડે ઉત્પત્તિવાળા કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યો અને પંચેંદ્રિયતિર્યંચો (૧૫), બે પ્રકારે [જીવની] સ્થિતિ કહેલી છે, તે આ પ્રમાણે—કાયસ્થિતિ અને ભવસ્થિતિ (૧૬), બેની કાયસ્થિતિ કહેલી છે, તે આ પ્રમાણે—મનુષ્યોની અને પંચેંદ્રિયતિર્યંચોની (૧૭), બેની ભવસ્થિતિ કહેલી છે, તે આ પ્રમાણે—દેવોની અને નારકોની (૧૮), બે પ્રકારે આયુષ્ય કહેલ છે, તે આ પ્રમાણે—કાળપ્રધાન આયુષ્ય અને ભવપ્રધાન આયુષ્ય (૧૯), બેનો અદ્ધાયુ-કાળપ્રધાન આયુષ્ય કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યોને અને પંચેંદ્રિયતિર્યંચોને (૨૦), બેનું ભવપ્રધાન આયુષ્ય કહેલ છે, તે આ પ્રમાણે—દેવોનું અને નારકોનું (૨૧), બે પ્રકારે કર્મ કહેલ છે, તે આ પ્રમાણે—પ્રદેશકર્મ અને અનુભવ કર્મ (૨૨), બે યથાયુ (જેવી રીતે બાંધ્યું હોય તેવી રીતે આયુષ્ય પાળે છે-ભોગવે છે) કહેલ છે, તે આ પ્રમાણે—દેવો અને નારકો (૨૩), બેનું આયુષ્ય સંવર્ત્તક (ઉપક્રમવાળું) કહેલ છે, તે આ પ્રમાણે—મનુષ્યોનું અને પંચેંદ્રિયતિર્યંચોનું (૨૪). ॥૮૫॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—'दोण्हं'ति० બે પ્રકારના જીવ સ્થાનકનું ઉત્પન્ન થવું તે ઉપપાત. ગર્ભ અને સંમૂર્છનલક્ષણ જન્મના બે પ્રકાર છે તેથી આ વિલક્ષણ (જુદું) જન્મવિશેષ છે. दीव्यन्ति इति देवाः—દીપે છે તે દેવો. ચાર નિકાયના દેવો અને પૂર્વની માફક કહેલ નારકોનો જ ઉપપાત-ઉપજવું થાય છે (૧), ઉદ્વર્તવું તે ઉદ્વર્તના અર્થાત્ દેવાદિનાં

શરીરથી નીકળવું-મરણ જાણવું. તે નૈરયિકો અને ભવનવાસી દેવોને જ એ પ્રમાણે વ્યપદેશ કરાય છે કારણ કે મનુષ્યાદિને તો મરણ જ કહેવાય છે. નારકોની તથા ભવનોને વિષે-અધોલોકમાં રહેલા દેવોના આવાસ વિશેષોમાં વસવાનો સ્વભાવ છે જેઓનો તે ભવનવાસીઓની[1] ઉદ્વર્તના છે (૨), જ્યોતિષ્કો અને વૈમાનિકોનું મરણ તે ચ્યવન કહેવાય છે. ज्योतिष्षु-નક્ષત્રોમાં ઉત્પન્ન થયેલ જ્યોતિષ્કો. આ પ્રમાણે શબ્દવ્યુત્પત્તિ છે, પણ પ્રવૃત્તિના નિમિત્તનો આશ્રય કરવાથી તો જ્યોતિષ્કો ચંદ્ર વગેરે છે. ઊર્ધ્વલોકમાં વર્તનારા-વિમાનોમાં ઉત્પન્ન થનારા સૌધર્માદિવાસી દેવો, તે વૈમાનિકો. તે બન્નેનું (મરણ) ચ્યવન કહેવાય છે (૩), ગર્ભ-ગર્ભાશયમાં જે ઉત્પત્તિ તે ગર્ભવ્યુત્ક્રાંતિ, **મનુના અપત્યો-સંતાનો તે મનુષ્યો** તેઓની[3], અને જે તિર્છા જાય છે તે તિર્યંચો, તેઓના સંબંધવાળી યોનિ-ઉત્પત્તિનું સ્થાન છે જેઓને તે તિર્યંચયોનિકોની ગર્ભવ્યુત્ક્રાંતિ થાય છે. તે તિર્યંચયોનિકો એકેંદ્રિય વગેરે પણ હોય છે, માટે વિશેષણવિશિષ્ટ કહે છે કે—પંચેંદ્રિયવિશિષ્ટ તિર્યંચયોનિકોની ગર્ભથી ઉત્પત્તિ હોય છે (૪), ગર્ભમાં રહેલા બન્ને (મનુષ્ય-તિર્યંચ) ને આહાર હોય છે, બીજા (દેવ-નારક)ને ગર્ભનો જ અભાવ હોય છે (૫), વૃદ્ધિ-શરીરનું વધવું (૬), વાત, પિત્ત વગેરેથી હાનિ થાય છે તે નિવૃદ્ધિ. 'નિવૃદ્ધિ' શબ્દમાં 'નિ' શબ્દનો અર્થ અભાવ છે. 'निवरा[2] कन्या'-પતિના અભાવવાળી કન્યાની માફક (૭), વૈક્રિયલબ્ધિવાળા (મનુષ્ય-તિર્યંચો)ને વિકુર્વણા હોય છે (૮), ગતિપર્યાય-ચાલવું અથવા મરીને ગત્યંતરમાં ગમન કરવારૂપ અથવા વૈક્રિયલબ્ધિવાળો ગર્ભમાંથી નીકળીને પ્રદેશો વડે બહાર સંગ્રામ કરે છે તે ગતિપર્યાય. શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે—'जीवे णं भंते! गब्भगए समाणे णेरइएसु उववज्जेज्जा? गोयमा! अत्थेगइए उववज्जेज्जा अत्थेगइए नो उववज्जेज्जा, से केणट्ठेणं०? गोयमा! से णं सन्नी पंचिंदिए सव्वाहिं पज्जत्तीहिं पज्जत्तए वीरियलद्धीए विउव्विअलद्धीए पराणीयं आगतं सोच्चा णिसम्म पएसे निच्छुब्भइ २ वेउव्वियसमुग्घाएणं समोह[भ]न्नइ २ चाउरंगिणिं सेणं [सेन्नं] विउव्वइ २ चाउरंगिणीए सेणाए पराणीएणं सद्धिं संगामं संगामेई' त्यादि० [भगवती सूत्र १/७/६१ इत्यादि] [प्रश्न] હે ભદંત! જીવ ગર્ભમાં રહ્યો થકો નારકોમાં ઉત્પન્ન થાય? [ઉત્તર] હે ગૌતમ! કોઈ એક ઉત્પન્ન થાય અને કોઈ એક ઉત્પન્ન ન થાય. [પ્રશ્ન] તે શા માટે એમ કહો છો? [ઉત્તર] ગૌતમ! તે સંજ્ઞીપંચેંદ્રિય, સર્વ પર્યાપ્તિ વડે પર્યાપ્તક, પર-અન્યની સેનાને આવેલી સાંભળીને, વિચારીને વીર્યલબ્ધિ વડે અને વૈક્રિયલબ્ધિ વડે પ્રદેશોને બહાર કાઢે, કાઢીને વૈક્રિયસમુદ્ઘાત વડે નવીન પુદ્ગલોને ગ્રહણ કરે છે, ગ્રહણ કરીને ચાર અંગવાળી સેનાની વિકુર્વણા કરે અને વિકુર્વણા કરીને ચાર અંગવાળી સેના વડે અન્યની સેના સાથે સંગ્રામ કરે છે (તેથી નરકાયુ બાંધીને નરકમાં ઉત્પન્ન થાય છે.) (૯), સમુદ્ઘાત-મારણાન્તિક વગેરે (૧૦), કાળસંયોગ-કાળ વડે કરાયેલી અવસ્થા (૧૧), આયાતિ-ગર્ભથી નીકળવું (૧૨), મરણ-પ્રાણનો ત્યાગ (૧૩), 'दोण्हं छविपव्व'त्ति० બંન્નેના 'छवि'त्ति० મતુપ્ પ્રત્યયના લોપથી ચામડીવાળા 'पव्व'त्ति० પર્વો-સંધિનાં બંધનો છે, 'छवियत्त'त्ति० એવો પાઠ છે ત્યાં ચામડીના યોગ (સંબંધ)થી છવિ તે જ છવિક, તે 'अत्त'ति० આત્મા-શરીર અર્થાત્ છવિકાત્મક શરીર, 'छविपत्त'त्ति० આ પાઠાંતરમાં પ્રાપ્ત થયેલ ચામડી એવો અર્થ છે. ગર્ભસ્થ મનુષ્ય અને તિર્યંચોનો પાંચમા સૂત્રથી ચૌદમા સૂત્ર સુધીનો સંબંધ જોડવો (૧૪), 'दो सुक्के'त्यादि બેની (મનુષ્ય અને પંચેંદ્રિયતિર્યંચની) વીર્ય અને રુધિર વડે ઉત્પત્તિ થાય છે (૧૫), 'कायट्ठिति'त्ति० કાય-નિકાયમાં પૃથ્વી વગેરેની માફક અસંખ્યાત ઉત્સર્પિણી સામાન્યરૂપે રહેવું તે કાયસ્થિતિ, ભવને વિષે સ્થિતિ અથવા ભવરૂપ સ્થિતિ તે ભવસ્થિતિ અર્થાત્ ભવકાલસ્વરૂપ (૧૬), 'दोण्हं'त्ति० બન્નેની (મનુષ્ય અને પંચેંદ્રિયતિર્યંચોની) સાત અથવા આઠ ભવગ્રહણરૂપ કાયસ્થિતિ હોય. પૃથ્વીકાયિક વગેરેની પણ કાયસ્થિતિ છે. [મૂલ પાઠમાં] પંચેંદ્રિયતિર્યંચ શબ્દ વડે પૃથ્વી[4] આદિનો નિષેધ જાણવો નહિ,

1. ભવનવાસી શબ્દથી વ્યંતરોનું પણ ગ્રહણ થાય છે, કારણ કે તેઓના નગરો પણ અધોલોકમાં છે. અહિં બે સ્થાનકનો અધિકાર હોવાથી વ્યંતરનો અંતર્ભાવ કરેલ છે. 2. પ્રત્યંતરમાં 'નિર્વૃદ્ધિ' શબ્દ છે અને ત્યાં નિરુદરા કન્યાનું દૃષ્ટાંત આપેલ છે. ત્યાં નિર્ શબ્દ અભાવાર્થક છે. અથવા નિર્ધનો રાજા પણ કહેવાય છે. 3. આ યુક્તિ લૌકિક આધારે આપેલી છે. 4. પન્નવણા સૂત્રના કાયસ્થિતિપદમાં એકેંદ્રિયાદિની કાયસ્થિતિ કહેલ છે.

કારણ કે સૂત્રોનું અયોગ્યનું નિષેધ કરવાપણું છે (૧૭), 'दोण्हे'त्यादि० દેવાદિની ફરીને દેવત્વાદિમાં ઉત્પત્તિ ન હોવાથી દેવ અને નારકોને ભવસ્થિતિ જ હોય છે (૧૮), 'दुविहे'त्यादि० अद्धा-કાળ, કાળપ્રધાન આયુષ્ય અર્થાત્ આયુકર્મવિશિષ્ટ અદ્ધાયુષ્ય. વર્તમાન ભવનો નાશ થયે છતે કાળાંતરમાં અનુગામી-જેમ મનુષ્યના આયુષ્યની માફક પાછળ જનારું, કોઈને પણ ભવનો નાશ થયે છતે પણ દૂર થતું નથી પરંતુ ઉત્કૃષ્ટથી સાત અથવા આઠ ભવ માત્ર કાળ પર્યંત અનુવર્તે છે-સાથે રહે છે, તથા ભવપ્રધાન આયુષ્ય તે ભવાયુષ્ય. તે ભવનો નાશ થયે છતે જ દૂર થાય છે પરંતુ કાળાંતરમાં (બીજા ભવમાં) દેવના આયુષ્યની માફક સાથે જતું નથી (૧૯), 'दोण्ह'मित्यादि० બે સૂત્ર કહેવાઈ ગયેલ અર્થવાળા છે (૨૦-૨૧), 'दुविहे कम्मे' इत्यादि० જે કર્મના પુદ્ગલો (દલિકો) જ વેદાય છે, પરંતુ જેવી રીતે બાંધેલ રસ તેવી રીતે નથી વેદાતો એટલે કર્મના પ્રદેશ માત્રપણા વડે વેદવા યોગ્ય કર્મ તે પ્રદેશકર્મ, તેમ જ જે કર્મનો જેમ બાંધેલ રસ તેમજ ભોગવાય છે અર્થાત્ કર્મના અનુભાવ (રસ)થી વેદવા યોગ્ય જે કર્મ તે અનુભાવકર્મ છે (૨૨), 'दो'इत्यादि० જેવી રીતે બાંધેલું આયુષ્ય તે યથાયુષ્ય, તેને તેવી રીતે ભોગવે છે, ઉપક્રમ થતો નથી તે યથાયુષ્ય.

**देवा नेरइया वि य, असंखवासाउया य तिरि-मणुआ । उत्तमपुरिसा य तहा, चरमसरीरा य निरुवकमा ॥४०॥**

**[श्रावक प्रज्ञप्ति ७४]**

દેવો, નારકો, અસંખ્ય વર્ષવાળા તિર્યંચો, મનુષ્યો, ઉત્તમ (શલાકા) પુરુષો અને ચરમ શરીરવાળા જીવો નિરુપક્રમ આયુષ્યવાળા છે. (૪૦)

આ વચન સત્ય હોવા છતાં પણ અહિં બે સ્થાનનું વર્ણન ચાલતું હોવાથી અનુરોધને અંગે દેવ અને નારકનું કથન કરેલ છે (૨૩), 'दोण्ह'मित्यादि० સંવર્તવું (ઘટવું) તે સંવર્ત, તે જ સંવર્તક અર્થાત્ ઉપક્રમ, આયુષ્યનો જે સંવર્તક તે આયુષ્ય સંવર્તક છે (૨૪). ॥૮૫॥

પર્યાયના અધિકારથી નિયત ક્ષેત્રના આશ્રિતપણાથી ક્ષેત્ર વડે કથન કરવા યોગ્ય પુદ્ગલોને કહેવાને ઇચ્છતા 'जंबुद्दीवे' ઇત્યાદિ સૂત્ર વડે ક્ષેત્રના વિષયને કહે છે–

**जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो वासा पन्नत्ता, [तंजहा]–बहुसमतुल्ला अविसेसमणाणत्ता अन्नमन्नं णातिवट्टंति आयाम-विक्खंभ-संठाण-परिणाहेणं, तंजहा–भरहे चेव एरवए चेव। एवमेएणमहिलावेणं हिमवए चेव हेरन्नवते चेव, हरिवासे चेव रम्मयवासे चेव १।**

**जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरच्छिमपच्चत्थिमेणं दो खित्ता पन्नत्ता, [तंजहा]–बहुसमतुल्ला अविसेस जाव पूव्वविदेहे चेव अवरविदेहे चेव।**

**जंबूमंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो कुराओ पन्नत्ताओ, [तंजहा]–बहुसमतुल्लाओ जाव देवकुरा चेव उत्तरकुरा चेव। तत्थ णं दो महतिमहालया महादुमा पन्नत्ता, [तंजहा]–बहुसमतुल्ला अविसेसमणाणत्ता अन्नमन्नं णाइवट्टंति आयामविक्खंभुच्चत्तोव्वेह-संठाण-परिणाहेणं, तंजहा–कूडसामली चेव जंबू चेव सुदंसणा। तत्थ णं दो देवा महिड्डिया जाव महासोक्खा पलिओवमट्ठितीया परिवसंति, तंजहा–गरुले चेव वेणुदेवे, अणाढिते चेव जंबूद्दीवाहिवती २ ॥ सू० ८६ ॥**

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપના મધ્યમાં મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે વર્ષ (ક્ષેત્ર) કહેલ છે, તે આ પ્રમાણે– અત્યંત સમતુલ્ય અને અવિશેષ-સમાન, નાના પ્રકારપણાથી રહિત છે તેમ જ એક બીજાને ઉલ્લંઘન કરતા નથી. [તેનાં કારણો કહે છે]–લંબાઈ, પહોળાઈ, આકાર અને પરિધિ વડે સરખા છે. તે કહે છે–ભરત અને ઐરવત, એવી રીતે આ અભિલાપ વડે હૈમવત અને હૈરણ્યવત બન્ને સરખા છે, હરિવર્ષ અને રમ્યક્વર્ષ પણ સમાન છે (૧),*

*જંબૂદ્વીપ નામના દ્વીપના મધ્યમાં મેરુપર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશાએ બે ક્ષેત્ર [કહેલ છે, તે આ પ્રમાણે—] અત્યંત સમતુલ્ય અને અવિશેષ છે, યાવત્ લંબાઈ વગેરેથી સરખા છે. તે પૂર્વવિદેહ અને પશ્ચિમવિદેહ. જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે કુરુક્ષેત્ર [કહેલ છે, તે આ પ્રમાણે—] અત્યંત સમતુલ્ય અને વિશેષ રહિત, યાવત્ લંબાઈ વગેરેથી સરખા છે. તે દેવકુરુ અને ઉત્તરકુરુ. તે બન્ને ક્ષેત્રોમાં અતિશય મોટા બે વૃક્ષો [કહેલા છે, તે આ પ્રમાણે—] અત્યંત સમતુલ્ય અને વિશેષ રહિત-નાના પ્રકારપણાથી રહિત, પરસ્પર એક બીજાને ઉલ્લંઘન કરતા નથી તેમ જ લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈ, સંસ્થાન (આકાર) અને પરિધિ વડે સમાન છે, તે આ પ્રમાણે—કૂટશાલ્મકી અને જંબૂ—સુદર્શન. તે વૃક્ષોને વિષે મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્યવાળા અને એક પલ્યોપમની સ્થિતિવાળા બે દેવો વસે છે. તે દેવોના નામ આ પ્રમાણે—ગરુડ-સુપ(વ)ર્ણકુમાર જાતિનો વેણુદેવ અને જંબૂદ્વીપનો અધિપતિ અનાદૃત દેવ છે (૨). ॥૮૬॥*

(ટી૦) આ સૂત્ર સુગમ છે, વિશેષ એ કે—અહિં જંબૂદ્વીપ પ્રકરણ છે. જંબૂદ્વીપ પરિપૂર્ણ ચંદ્રમંડલના આકારવાળો છે, તેની મધ્યમાં [રહેલ] મેરુની ઉત્તર અને દક્ષિણ દિશાથી અનુક્રમે વર્ષ (ક્ષેત્રો) ને સ્થાપન કરીએ, તે આ પ્રમાણે—

**भरहं हेमवयं ति य, हरिवासं ति य महाविदेहं ति । रम्मयमेरन्नवयं, एरवयं चेव वासाइं ॥४१॥ [बृहत्क्षेत्र० २३ त्ति]**

૧ ભરત, ૨ હૈમવત, ૩ હરિવર્ષ, ૪ મહાવિદેહ, ૫ રમ્યક્વર્ષ, ૬ હૈરણ્યવત્ અને ૭ ઐરવત—આ સાત વાસક્ષેત્રો છે. (૪૧)

પ્રજ્ઞાપકની અપેક્ષાએ આ પ્રત્યક્ષ દેખાતો ભરત ક્ષેત્ર છે તેની ઉત્તર દિશાએ ક્રમથી ક્ષેત્રની અપેક્ષાએ બીજા હૈમવતાદિ ક્ષેત્રો વ્યવસ્થિત છે. ભરતાદિ ક્ષેત્રોના અંતરોમાં વર્ષધર પર્વતોને સ્થાપીએ, તે આ પ્રમાણે—

**हिमवंत १ महाहिमवंत २, पव्वया निसढ ३ नीलवंता य ४ । रुप्पी ५ सिहरी ६ एए, वासहरगिरी मुणेयव्वा ॥४२॥ [बृहत्क्षेत्र० २४ इति]**

૧ લઘુહિમવાન્, ૨ મહાહિમવાન્, ૩ નૈષધ, ૪ નીલવાન્, ૫ રુક્મી અને ૬ શિખરી-એ છ વર્ષધર પર્વતો પ્રજ્ઞાપકની અપેક્ષાએ ક્રમથી વ્યવસ્થિત જાણવા. (૪૨)

એવી રીતે સર્વત્ર જાણવું. મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશામાં (અહિં उत्तरदक्षिणयोः એ વાક્યમાં 'एन' પ્રત્યયના વિધાનથી उत्तरदक्षिणेन આ રૂપ થાય છે.) જિનેશ્વરોએ બે ક્ષેત્ર કહેલ છે. સમતુલ્ય સમાન અર્થવાળો છે, પ્રમાણથી અત્યંત સમતુલ્ય છે. અવિશેષ-પર્વત, નગર અને નદી વગેરેથી કરેલ વિશેષ રહિત, અનાનાત્વ-અવસર્પિણી વગેરેથી કરેલ આયુષ્યાદિ ભાવના ભેદથી વર્જિત. (આ કથનનું તાત્પર્ય શું છે?) એટલા માટે કહે છે—અન્યોઅન્ય એકબીજાને ઉલ્લંઘન કરતા નથી. કેવા કારણોથી? તે કહે છે—લંબાઈપણે, પહોળાઈપણે, સંસ્થાન-પણછ ચડાવેલ ધનુષ્યના આકારે તેમજ પરિધિ વડે. અહિં દ્વંદ્વ સમાસમાં એકવત્ભાવ એટલે એકવચન કરવું, અથવા લંબાઈથી બહુ સમતુલ્ય છે, તે આ પ્રમાણે—ભરતક્ષેત્રપર્યંત આ શ્રેણી-

**चोद्दस य सहस्साइं, सयाइं चत्तारि एगसयराइं । भरहद्धुत्तरजीवा, छा य कला ऊणिया किंचि ॥४३॥ [बृहत्क्षेत्र० ४१]**

ચૌદ હજાર, ચારસો એકોત્તેર યોજન અને ઉપર કિંચિત્ ન્યૂન છ કલા ઉત્તરભરતાર્દ્ધની જીવા[1] છે. (૪૩)

કલા એટલે યોજનનો ઓગણીશમો ભાગ જાણવો. એવી રીતે ઐરવત ક્ષેત્રમાં જાણવું. તથા અવિશેષ-પહોળાઈથી બન્ને આ પ્રમાણે છે—'पंच सए छव्वीसे, छच्च कला वित्थडं भरहवासं' [बृहत्क्षेत्र० २९ ति] त्ति० પાંચસો છવીસ યોજન અને છ કલા અધિક ભરતક્ષેત્ર પહોળું છે. એ જ પ્રમાણે ઐરવત ક્ષેત્રનું પણ પહોળાઈપણું જાણવું. અનાનાત્વ-બન્ને ક્ષેત્ર સંસ્થાનથી પરસ્પર સરખા છે. પરિધિ એટલે જીવા અને ધનુપૃષ્ઠનું જે પ્રમાણ તે પરિધિ. તેમાં જીવાનું પ્રમાણ ઉપર કહેલું છે, ધનુપૃષ્ઠનું

1. હરકોઈ ક્ષેત્રની પૂર્વથી પશ્ચિમ સુધીની ઉત્કૃષ્ટ-વધારેમાં વધારે લંબાઈ તે 'જીવા' કહેવાય છે.

પ્રમાણ નીચે પ્રમાણે જાણવું.

**चोद्दस य सहस्साइं, पंचेव सयाइं अट्ठवीसाइं । एगारस य कलाओ, धणुपुट्ठं उत्तरद्धस्स ।।४४।। [बृहत्क्षेत्र० ५०]**

ચૌદ હજાર પાંચસો અઠ્યાવીશ યોજન અને અગ્યાર કલા અધિક ઉત્તર ભરતાર્દ્ધનું ધનુપૃષ્ઠ[2] છે. (૪૪)

જેમ ભરતનું કહ્યું તેમ ઐરવતનું પણ જાણી લેવું, અથવા બહુસમતુલ્ય વગેરે પદો એકાર્થવાળા છે. અતિશયાર્થપણું હોવાથી પુનરુક્તિ દોષ નથી. કહ્યું છે કે—

**अनुवादादरवीप्साभृशार्थविनियोगहेत्वसुयासु । ईषत्सम्भ्रमविस्मयगणनास्मरणेष्वपुनरुक्तम् ।।४५।।**

અનુવાદ, આદર, વીપ્સા–બે વાર ઉચ્ચાર, અતિશયાર્થ, વિનિયોગ હેતુ, અસૂયા–ગુણમાં દોષનું આરોપણ, કંઈક સંભ્રમ, વિસ્મય, ગણના અને સ્મરણ–આ અર્થોમાં પુનરુક્તિ દોષ નથી. (૪૫)

તે બે ક્ષેત્રો, આ પ્રમાણે—'भरहे चेव'त्यादि० 'उत्तरदाहिणेणं' આ પાઠને યથાસંખ્ય (ક્રમ) ન્યાયનો આશ્રય ન કરવાથી અને યથાસત્તિ (જેમ રહેલ છે તેમ) ન્યાયનો આશ્રય કરવાથી. જંબૂદ્વીપના દક્ષિણ ભાગમાં ભરત, હેમવાન્ પર્વત પર્યંત છે, અને જંબૂદ્વીપના ઉત્તરભાગમાં શિખરી પર્વત પર્યંત ઐરવત ક્ષેત્ર છે. 'एव'मिति० ભરત અને ઐરવતની માફક આ અભિલાપ વડે 'जंबूद्दीवे दीवे मंदरस्से' त्यादि० શબ્દના ઉચ્ચાર વડે બીજા બે સૂત્રો કહેવાં. તે બેમાં આ વિશેષ છે કે 'हेमवए चेवे'त्यादि० હેમવંત ક્ષેત્ર (મેરુની) દક્ષિણ દિશાએ હિમવાન્ અને મહાહિમવાન્ પર્વતની મધ્યમાં છે. હૈરણ્યવતક્ષેત્ર મેરુની ઉત્તર દિશાએ રુક્મી અને શિખરી પર્વતની મધ્યમાં છે, હરિવર્ષક્ષેત્ર મેરુની દક્ષિણ દિશાએ મહાહિમવાન્ અને નિષધપર્વતની મધ્યમાં છે, રમ્યક્વર્ષ મેરુની ઉત્તરદિશાએ નીલવાન્ અને રુક્મીપર્વતના મધ્યમાં છે (૧). 'जंबूद्दीवे'त्यादि० 'पुरच्छिमपच्चत्थिमेणं'त्ति० पुरस्तात् પૂર્વદિશામાં, पश्चात्–પશ્ચિમ દિશામાં યથાક્રમે પૂર્વ એવો વિદેહ તે પૂર્વવિદેહ, એમ જ અપર (પશ્ચિમ) વિદેહ, આ બન્નેનું લંબાઈ વિગેરેનું વર્ણન અન્ય ગ્રંથોથી જાણવું. 'जंबू'इत्यादि० મેરુની દક્ષિણ દિશાએ દેવકુરુ અને ઉત્તર દિશાએ ઉત્તરકુરુ ક્ષેત્ર છે. તે બન્નેમાં પહેલો દેવકુરુ હાથીના દાંતના આકારવાળા વિદ્યુત્પ્રભ અને સૌમનસ નામના બે વક્ષસ્કાર પર્વત વડે ઘેરાયેલો છે, બીજો ઉત્તરકુરુ ક્ષેત્ર તો ગંધમાદન અને માલ્યવાન્ પર્વત વડે ઘેરાયેલ છે. આ દેવકુરુ અને ઉત્તરકુરુ અર્દ્ધચંદ્રને આકારે છે અને દક્ષિણ અને ઉત્તર દિશામાં વિસ્તૃત–વિસ્તારવાળા છે. તેઓનું પ્રમાણ નીચે પ્રમાણે છે—

**अट्ठ सया बायाला, एक्कारस सहस[स्स?] दो कलाओ य । विक्खंभो य कुरूणं, तेवन्न सहस्स जीवा सिं ।।४६।।**
**[बृहत्क्षेत्र० २६३]**

દેવકુરુ અને ઉત્તરકુરુ બન્નેની પહોળાઈ અગ્યાર હજાર, આઠસો ને બેંતાળીશ યોજન અને બે કળા છે અને બન્નેની જીવા પૂર્વથી પશ્ચિમ પર્યંત ત્રેપન હજાર યોજન છે. (૪૬)

'महइमहालय' त्ति० મોટા 'अती'त्ति० અત્યંત–અત્યંત મોટા, મહસ્–ઘણા તેજના અથવા મહોત્સવોના આલય–આશ્રયરૂપ તે મહાતિમહઆલય અથવા મહાતિમહાલય અર્થાત્ સિદ્ધાંતની ભાષા વડે મહાન્ પ્રશસ્તપણાએ બે મહાદ્રુમ છે, તેની પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈ, આકાર અને પરિધિ. તેમાં બે વૃક્ષોનું પ્રમાણ આ પ્રમાણે છે—

**रयणमया पुप्फफला, विक्खंभो अट्ठ अट्ठ उच्चत्तं । जोयणमद्धुव्वेहो [मद्धोवेहो], खंधो दो जोयणुव्विद्धो ।।४७।।**
**दो कोसे विच्छिन्नो, विडिमा छज्जोयणाणि जंबूए । चाउद्दिसिं पि साला, पुव्विल्ले तत्थ सालंमि ।।४८।।**
**भवणं कोसपमाणं, सयणिज्जं तत्थऽणाढियसुरस्स । तिसु पासाया सालेसु, तेसु सीहासणा रम्मा ।।४९।।**
**[बृहत्क्षेत्र० २८६-८७-८८ इति]**

1. હરકોઈ ક્ષેત્રની 'જીવા'ના પૂર્વ અને પશ્ચિમના છેડા રૂપ સીમા વડે સમુદ્ર સુધી પહોંચતી જે પરિધિ તે 'ધનુપૃષ્ઠ' કહેવાય છે.

જંબૂવૃક્ષના પુષ્પો અને ફળો રત્નમય છે, વિષ્કંભ આઠ યોજનનો પહોળો છે, આઠ યોજનનો ઊંચો છે, બે કોશ (ગાઉ) જમીનમાં ઊંડો છે, સ્કંધ (જંબૂવૃક્ષના કંદથી ઉપરનો અને શાખા જ્યાંથી નીકળી ત્યાં સુધીનો ભાગ) તે બે યોજનનો ઊંચો છે અને બે કોશ પહોળો છે, ચોતરફ વિસ્તરેલી શાખાઓના મધ્યમાં 'વિડિમ' નામની એક શાખા સર્વ શાખાથી ઊંચી છે. તે છ યોજન[1] ઊંચી છે. ચારે દિશામાં ચાર શાખાઓ છે તેમાં પૂર્વ દિશાની શાખાની વચ્ચે અનાદૃત દેવનું શયન કરવા યોગ્ય ભવન એક કોશનું લાંબું છે, શેષ ત્રણ શાખાઓમાં પ્રાસાદો છે અને તે પ્રાસાદોમાં[2] મનોહર સિંહાસનો છે. (૪૭-૪૮-૪૯)

શાલ્મકી વૃક્ષમાં પણ એમજ જાણવું. કૂટ-શિખરના આકારવાળો શાલ્મલી વૃક્ષ તે કૂટશાલ્મલી વૃક્ષ, એ સંજ્ઞા છે. સુંદર છે દર્શન જેણીનું તે સુદર્શના, એ પણ સંજ્ઞા છે. 'तत्थ'त्ति० તે બે મહાન્ વૃક્ષોને વિષે 'महे'त्यादि० મોટી ઋદ્ધિ-આવાસ, પરિવાર અને રત્ન વગેરે છે જેઓને તે બે મહર્દ્ધિક 'યાવત્' શબ્દના ગ્રહણ કરવાથી 'महज्जुइया महाणुभागा महाय[ज]सा महाबल'त्ति० તેમાં દ્યુતિ-શરીર અને આભૂષણની કાંતિવાળા, અનુભાગ-વૈક્રિય કરવા વગેરેની અચિંત્ય શક્તિવાળા, યશ-પ્રસિદ્ધિવાળા, બલ-શરીરના સામર્થ્યવાળા અને સૌખ્ય આનંદસ્વરૂપ, ['महेसक्खा' એવો ક્વચિત્ પાઠ છે, મહાન્ આખ્યા-પ્રસિદ્ધિ છે જેઓની તે બન્ને મહેશાખ્ય કહેવાય છે] પલ્યોપમ પર્યંત આયુવાળા ગરુડ-સુપર્ણકુમાર જાતિવાળા વેણુદેવ અને અનાદૃતદેવ (જંબૂદ્વીપના અધિપતિ) છે. ॥૮૬॥

**जंबूमंदरस्स पव्वयस्स य उत्तरदाहिणेणं दो वासहरपव्वया पन्नत्ता, [तंजहा–] बहुसमतुल्ला अविसेसमणाणत्ता अन्नमन्नं णातिवट्टंति आयामविक्खंभुच्चत्तोव्वेह-संठाण-परिणाहेणं, तंजहा–चुल्लहिमवंते चेव सिहरि च्चेव। एवं महाहिमवंते चेव रुप्पि च्चेव, एवं णिसढे चेव णीलवंते चेव।**

**जंबूमंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं हेमवंतेरण्णवतेसु वासेसु दो वट्टवेतड्ढपव्वता पन्नत्ता, [तंजहा–] बहुसमतुल्ला अविसेसमणाणत्ता जाव सद्दावती चेव वियडावती चेव, तत्थ णं दो देवा महिड्डिया जाव पलिओवमट्ठितीया परिवसंति, तंजहा–साती चेव पभासे चेव १।**

**जंबूमंदरस्स उत्तरदाहिणेणं हरिवास-रम्मतेसु वासेसु दो वट्टवेयड्ढपव्वया पन्नत्ता [तंजहा–] बहुसमतुल्ला अविसेसमणाणत्ता जाव गंधावती चेव मालवंतपरियाए चेव, तत्थ णं दो देवा महिड्डिया [चेव] जाव पलिओवमट्ठितीया परिवसंति, तंजहा–अरुणे चेव पउमे चेव।**

**जंबूमंदरस्स पव्वयस्स दाहिणेणं देवकुराए कुराए पुव्वावरे पासे एत्थं णं आसक्खंधगसरिसा अ[व]द्धचंदसंठाणसंठिया, दो वक्खारपव्वया पन्नत्ता, तंजहा–बहुसमतुल्ला जाव सोमणसे चेव विज्जुप्पभे चेव।**

**जंबूमंदरस्स उत्तरेणं उत्तरकुराए कुराए पुव्वावरे पासे एत्थ णं आसक्खंधगसरिसा अ[व]द्धचंदसंठाणसंठिया दो वक्खारपव्वया पन्नत्ता, तंजहा–बहुसमतुल्ला जाव गंधमायणे चेव मालवंते चेव २।**

**जंबूमंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो दीहवेयड्ढपव्वया पन्नत्ता, तंजहा–बहुसमतुल्ला जाव भारहे चेव दीहवेयड्ढे, एरावते चेव दीहवेयड्ढे। भारहए णं दीहवेयड्ढे दो गुहाओ पन्नत्ताओ, [तंजहा]–बहुसमतुल्लाओ अविसेसमणाणत्ताओ अन्नमन्नं णातिवट्टंति आयामविक्खंभुच्चत्त-संठाण-परिणाहेणं, तंजहा–तिमिसगुहा**

1. ગાથામાં કહેલ આઠ યોજન-જમીનના કંદથી આરંભીને બે યોજનનો સ્કંધ અને છ યોજનની શાખા મળીને આઠ યોજન જંબૂવૃક્ષ ઊંચો જાણવો. અને કંદની નીચે બે કોશ જમીનની અંદર છે.
2. જેની લંબાઈ-પહોળાઈ વિષમ હોય તે ભવન, અને સમાન લંબાઈ-પહોળાઈ હોય તે પ્રાસાદ કહેવાય છે. આ સામાન્ય નિયમ છે. અહિં તેમ ન જાણવું.

**चेव खंडगप्पवायगुहा चेव, तत्थ णं दो देवा महिड्डिया जाव पलिओवमट्ठितीया परिवसंति, तंजहा—कयमालए चेव नट्टमालए चेव।**

**एरावयए णं दीहवेयड्ढे दो गुहाओ पन्नत्ताओ, [तंजहा]—जाव कयमालए चेव नट्टमालए चेव ३। जंबूमंदरस्स पव्वयस्स दाहिणेणं चुल्लहिमवंते वासहरपव्वए दो कूडा पन्नत्ता, तंजहा—बहुसमतुल्ला जाव विक्खंभुच्चत्त-संठाण-परिणाहेणं, तंजहा—चुल्लहिमवंतकूडे चेव वेसमणकूडे चेव। जंबूमंदरदाहिणेणं महाहिमवंते वासहरपव्वए दो कूडा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला जाव महाहिमवंतकूडे चेव वेरुलियकूडे चेव। एवं निसढे वासहरपव्वए दो कूडा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला जाव निसढकूडे चेव रुयगप्पभे [कुडे] चेव ४।**

**जंबूमंदर० उत्तरेणं नीलवंते वासहरपव्वए दो कूडा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला जाव तंजहा—नीलवंतकूडे चेव उवदंसणकूडे चेव। एवं रुप्पिंमिवासहरपव्वए दो कूडा पन्नत्ता बहुसमतुल्ला जाव तंजहा—रुप्पिकूडे चेव मणिकंचणकूडे चेव, एवं सिहरिंमि वासहरपव्वते दो कूडा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला जाव तंजहा—सिहरिकूडे चेव तिगिच्छिकूडे चेव ५ ॥ सू० ८७॥**

*(મૂ૦) જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે વર્ષધર પર્વતો (કહેલ છે, તે આ પ્રમાણે—)બહુસમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત, અન્યોઅન્યનું ઉલ્લંઘન કરતા નથી તેમજ લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ, ઊંચાઈ, સંસ્થાન અને પરિધિ વડે સમાન છે. તે આ પ્રમાણે—ચુલ્લ (લઘુ) હિમવાન અને શિખરી, એવી રીતે મહાહિમવાન અને રુપ્પી (રુક્મી), એમ જ નિષધ અને નીલવાન. જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ હૈમવત અને હૈરણ્યવત ક્ષેત્રમાં બે વૃત્તવૈતાઢ્ય પર્વત કહ્યા છે—બહુસમતુલ્ય, વિશેષરહિત, નાનાત્વરહિત, પરસ્પર ઉલ્લંઘન કરતા નથી, તે આ પ્રમાણે—શબ્દાપાતી અને વિકટાપાતી. તે બેમાં બે મહર્દ્ધિક દેવો* યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે—સ્વાતિ અને પ્રભાસ (૧), જંબૂદ્વીપના મેરુની ઉત્તર અને દક્ષિણ દિશાએ હરિવર્ષ અને રમ્યક્વર્ષ ક્ષેત્રમાં બે વૃત્તવૈતાઢ્ય પર્વતો (કહ્યા છે, તે આ પ્રમાણે—)બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક જાણવું, તે આ પ્રમાણે—ગંધાપાતી અને માલ્યવંતપર્યાય નામના પર્વત છે. તે બન્નેમાં બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે—અરુણ અને પદ્મ નામના દેવ છે. જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ દેવકુરુ ક્ષેત્રના પૂર્વ અને પશ્ચિમના પડખામાં, અશ્વના સ્કંધ (ખાંધ) જેવા, કંઈક ઓછા અર્દ્ધચંદ્રના આકારવાળા બે વક્ષસ્કાર (વખારા) પર્વત કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ સૌમનસ અને વિદ્યુત્પ્રભ નામે છે. જંબૂદ્વીપના મેરુની ઉત્તર દિશાએ ઉત્તરકુરુ ક્ષેત્રના પૂર્વ અને પશ્ચિમની બાજુમાં અશ્વના સ્કંધ સરખા, કંઈક ઓછા અર્દ્ધચંદ્રના આકારવાળા બે વક્ષસ્કાર પર્વત કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક જાણવું. તે બે પર્વતના નામ કહે છે—ગંધમાદન અને માલ્યવંત (૨), જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે દીર્ઘ (લાંબા) વૈતાઢ્યપર્વત કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક જાણવું. તે આ પ્રમાણે—ભરતક્ષેત્રમાં દીર્ઘવૈતાઢ્ય અને એરવતક્ષેત્રમાં દીર્ઘવૈતાઢ્ય છે. ભરતક્ષેત્રના દીર્ઘવૈતાઢ્યમાં બે ગુફાઓ કહેલ છે, તે બહુસમતુલ્ય, વિશેષ રહિત, નાનાપ્રકારપણાએ વર્જિત, અન્યોન્યને ઉલ્લંઘન કરતી નથી, લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, આકાર અને પરિધિ વડે સમાન છે, તે આ પ્રમાણે—તમિસ્રાગુફા અને ખંડપ્રપાત ગુફા છે, ત્યાં બે દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે—કૃતમાલક અને નૃત્યમાલક નામના છે. ઐરવત ક્ષેત્રના દીર્ઘવૈતાઢ્યમાં બે ગુફાઓ કહેલ છે, તે આ પ્રમાણે—યાવત્ કૃતમાલક અને નૃત્યમાલક બે દેવ પર્યંત વર્ણન જાણવું (૩), જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ ચુલ્લહિમવાન નામે વર્ષધર પર્વતમાં બે કૂટ (શિખર) કહ્યા છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય, યાવત્ લંબાઈ,*

*પહોળાઈ, ઊંડાઈ, ઊંચાઈ, સંસ્થાન અને પરિધિ વડે, તે આ પ્રમાણે—ચુલ્લહિમવાન કૂટ અને વૈશ્રમણ કૂટ. જંબૂદ્વીપના મેરુની દક્ષિણ દિશાએ મહાહિમવાન નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ મહાહિમવાન્ કૂટ અને વૈડૂર્ય કૂટ. એવી રીતે નિષધ નામના વર્ષધર પર્વતમાં બે કૂટ કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ નિષધ કૂટ અને રુચકપ્રભ કૂટ (૪), જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર દિશાએ નીલવાન નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહેલ છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય, યાવત્ તે આ પ્રમાણે—નીલવાન કૂટ અને ઉપદર્શન કૂટ. એવી રીતે શિખરી નામે વર્ષધર પર્વતમાં બે કૂટ કહેલ છે, તે આ પ્રમાણે-બહુસમતુલ્ય યાવત્ તે આ પ્રમાણે--શિખરી કૂટ અને તિગિચ્છ કૂટ (૫). ॥૮૭॥*

(ટી૦) 'जंबू' इत्यादि० વર્ષ—ક્ષેત્ર વિશેષની વ્યાખ્યા કરનારા હોવાથી બન્ને વર્ષધર છે. 'चुल्लो'त्ति० મોટાની અપેક્ષાએ લઘુહિમવાન તે ચુલ્લહિમવાન ભરતક્ષેત્ર પછી અંતર રહિત (ઉત્તરમાં) છે. વળી શિખરી પર્વત ઐરવત ક્ષેત્રની આગળ છે, (અર્થાત્ શિખરીથી ઉત્તરમાં ઐરવત ક્ષેત્ર છે) અને તે બે પર્વત પૂર્વ અને પશ્ચિમથી લંબાઈ વડે લવણસમુદ્ર સુધી જોડાયેલા છે.

**चउवीस सहस्साइं, णव य सए जोयणाण बत्तीसे । चुल्लहिमवंतजीवा, आयामेणं कलद्धं च ॥५०॥ [बृहत्क्षे० ५२]**

ચુલ્લહિમવાન પર્વતની જીવા લંબાઈ વડે ચોવીશ હજાર, નવશેં બત્રીસ યોજન અને અર્દ્ધકલા ૨૪૯૩૨$^{1}/_{38}$ છે. (૫૦)

એવી રીતે શિખરી પર્વતની જીવા જાણવી. તથા બન્ને પર્વત ભરતક્ષેત્રથી બમણા વિસ્તારવાળા, એકસો યોજન ઊંચા, પચ્ચીશ યોજન જમીનમાં ઊંડા, આયત અને ચતુરસ્ર (લંબચૌરસ) સંસ્થાન વડે રહેલા છે તે બંનેની પરિધિ નીચે પ્રમાણે છે–

**पणयालीस सहस्सा, सयमेगं नव य बारस कलाओ । अद्धं कलाए हिमवंत-परिरओ सिहरिणो चेव ॥५१॥**

પિસ્તાળીસ હજાર, એકસો, નવ યોજન અને સાડીબાર કળા ૪૫૧૦૯$^{12}/_{19}$ $^{1}/_{38}$ ચુલ્લહિમવાન અને શિખરી પર્વતની પરિધિ છે. (૫૧)

જેમ હિમવાન અને શિખરી પર્વત 'जंबूद्वीवे' इत्यादि० અભિલાપ વડે કહ્યા એવી રીતે મહાહિમવાન વગેરે પણ કહેવા. તેમાં લઘુની અપેક્ષાએ મહાહિમવાન છે. મેરુની દક્ષિણ દિશાએ મહાહિમવાન અને મેરુની ઉત્તર દિશાએ રુક્મી પર્વત છે. એવી રીતે દક્ષિણમાં નિષધ અને ઉત્તરમાં નીલવાન પર્વત છે. વિશેષ એ કે—એઓની લંબાઈ વગેરે વિશેષ વર્ણન 'ક્ષેત્રસમાસ' નામના ગ્રંથથી જાણી લેવું. અહીં તો ક્ષેત્રસમાસની ગાથાઓ વડે કંઈક કહેવાય છે—

**पंच सए छव्वीसे, छच्च कला वित्थडं भरहवासं । दस सय बावन्नऽहिया, बारस य कलाओ हिमवंते ॥५२॥**
**[बृहत्क्षेत्र० २९]**

પાંચ સૌ, છવ્વીસ યોજન અને છ કલાનો પહોળો ભરતક્ષેત્ર છે, અને એક હજાર, બાવન યોજન ને બાર કળાનો પહોળો ચુલ્લહિમવાન પર્વત છે. (૫૨)

**हेमवए पंचहिया, इगवीस सया उ पंच य कलाओ । दसहियबायालसया, दस य कलाओ महाहिमवे ॥५३॥**
**[बृहत्क्षेत्र० ३०]**

હૈમવત ક્ષેત્ર બે હજાર, એકસો પાંચ યોજન અને પાંચ કલાનો પહોળો છે, તથા મહાહિમવાન પર્વત ચાર હજાર, બસો દશ યોજન અને દશ કળાનો પહોળો છે. (૫૩)

**हरिवासे इगवीसा, चुलसीइ सया कला य एक्का य । सोलस सहस्स अट्ठ सय, बायाला दो कला णिसढे ॥५४॥**
**[बृहत्क्षेत्र० ३१]**

હરિવર્ષ ક્ષેત્ર આઠ હજાર, ચાર સો, એકવીશ યોજન અને એક કળાનો પહોળો છે, તથા નિષધ પર્વત સોળ હજાર, આઠ સો બેંતાળીશ યોજન અને બે કળાનો પહોળો છે. (૫૪)

**तेत्तीसं च सहस्सा, छच्च सया जोयणाण चुलसीया । चउरो य कला सकला, महाविदेहस्स विक्खंभो ।।५५।।**
**[बृहत्क्षेत्र० ३२]**

તેત્રીસ હજાર, છસેં ચોરાસી યોજન અને ચાર કલા મહાવિદેહ ક્ષેત્રનો વિષ્કંભ (પહોળાઈ) છે. (૫૫)

**जोयणसयमुव्विद्धा, कणगमया सिहरिचुल्लहिमवंता । रुप्पिमहाहिमवंता, दुसउच्चा रुप्पकणगमया ।।५६।।**
**[बृहत्क्षेत्र० १३०]**

શિખરી અને ચુલ્લહિમવાન એ બે પર્વત સો યોજનના ઊંચા અને સુવર્ણમય છે. તથા રુક્મિ અને મહાહિમવાન એ બે પર્વત બસો યોજનના ઊંચા છે. તેમાં રુક્મિ પર્વત શ્વેતસુવર્ણમય અને મહાહિમવાન પીતસુવર્ણમય છે. (૫૬)

**चत्तारि जोयणसए, उव्विद्धा णिसढणीलवंता य । णिसहो तवणिज्जमओ, वेरुलिओ नीलवंतगिरी ।।५७।।**
**[बृहत्क्षेत्र० १३१]**

ચાર સો યોજનના ઊંચા નિષધ અને નીલવાન એ બે પર્વત છે, તેમાં નિષધ તપાવેલ સુવર્ણમય અને નીલવાન પર્વત વૈડૂર્યમણિમય છે. (૫૭)

**उस्सेहचउब्भागो, ओगाहो पायसो नगवराणं । वट्टपरिही उ तिउणो, किंचूणछभायजुत्तो य ।।५८।।**

પર્વતોનો જમીનમાં અવગાઢ (ઊંડાઈ) પ્રાયઃ ઊંચાઈથી ચોથો ભાગ હોય છે, વૃત્ત (ગોળ) પરિધિ તો પોતપોતાની પહોળાઈથી ત્રિગુણ અને કંઈક ન્યૂન છ ભાગ યુક્ત હોય છે. (૫૮)

ચોરસ પરિધિ તો લંબાઈ અને પહોળાઈથી દ્વિગુણ હોય છે. **'जंबू'**इत्यादि० **'दो वट्टवेयड्डपव्वय'**त्ति० પલ્ય (પાલા)નો આકાર હોવાથી બે વૃત્તવૈતાઢ્ય નામથી તે એવા બે પર્વત છે, તે સર્વતઃ એક હજાર યોજનના પરિમાણવાળા અને રૂપામય છે. તેમાં મેરુની દક્ષિણ દિશાએ હૈમવત ક્ષેત્રમાં શબ્દાપાતી અને મેરુની ઉત્તર દિશાએ ઐરણ્યવત ક્ષેત્રમાં વિકટાપાતી પર્વત છે. **'तत्थ'**त्ति० તે બે વૃત્તવૈતાઢ્યમાં ક્રમ વડે સ્વાતિ અને પ્રભાસ નામે બે દેવ વસે છે, કારણ કે ત્યાં તેમના ભવન છે (૧), એવી રીતે હરિવર્ષ ક્ષેત્રમાં ગંધાપાતી અને રમ્યક્વર્ષમાં માલ્યવંતપર્યાય પર્વત છે. ત્યાં ક્રમ વડે બે દેવ (અરુણ અને પદ્મ) વસે છે. **'जंबू'**इत्यादि० **'पुव्वावरे पासे'**त्ति० પાર્શ્વ શબ્દનો પ્રત્યેકમાં (બન્નેમાં) સંબંધ હોવાથી (દેવકુરુનાં) પૂર્વના પાર્શ્વ (પડખા)માં અને પશ્ચિમના પડખામાં બે પર્વત છે. તે કેવા છે? **'एत्थ'**त्ति० પ્રજ્ઞાપકે ઉપદેશ કરાતે છતે ક્રમશઃ સૌમનસ અને વિદ્યુત્પ્રભ દેવ કહેલ છે. તે કેવા છે? તે બે અશ્વના સ્કંધ સમાન શરૂઆતમાં નમેલ અને છેડે ઊંચા છે. આ કારણથી નિષધ પર્વતની નજીકમાં ચારસો યોજન ઊંચા અને મેરુની પાસે તો પાંચસો યોજનના ઊંચા છે. કહ્યું છે—

**वासहरगिरीतेणं, रुंदा पंचेव जोयणसयाइं । चत्तारि सउव्विद्धा, ओगाढा जोयणाण सयं ।।५९।। [बृहत्क्षेत्र० २६०]**
**पंचसए उव्विद्धा, ओगाढा पंच गाउयसयाइं । अंगुलअसंखभागो, विच्छिन्ना मंदरंतेणं ।।६०।। [बृहत्क्षेत्र० २६१]**
**वक्खारपव्वयाणं, आयामो तीस जोयणसहस्सा । दोन्नि य सया णवहिया, छच्च कलाओ चउण्हं पि ।।६१।।**
**[बृहत्क्षेत्र० २५९ त्ति]**

વર્ષધર પર્વતની[1] સમીપે પાંચસો યોજનના વિસ્તારવાળા, ચારસો યોજન ઊંચા અને એકસો યોજન જમીનમાં ઊંડા છે. મેરુની પાસે (ચાર વખારા પર્વતો) પાંચસો યોજનના ઊંચા, પાંચસો કોશના ઊંડા અને **અંગુલના અસંખ્યાતમા ભાગ માત્ર પહોળા છે.** ચાર વક્ષસ્કાર પર્વતોની લંબાઈ ત્રીશ હજાર યોજન બસો નવ યોજન અધિક છ કળાની છે. (૬૧)

**'अवड्ढचंद'**त्ति० અપાર્દ્ધચંદ્ર-કંઈક ન્યૂન ચંદ્રનો આકાર અર્થાત્ હાથીના દાંતની આકૃતિના જેવા સંસ્થાન વડે રહેલા તે અપાર્દ્ધચંદ્રસંસ્થાનસંસ્થિત, ક્વચિત્ **'अर्द्धचंद्रसंस्थानसंस्थितौ'** એવો પાઠ છે ત્યાં અર્દ્ધ શબ્દ વડે વિભાગ માત્ર વિવક્ષા

1. નિષધપર્વતની સમીપે સૌમનસ અને વિદ્યુત્પ્રભ અને નીલવાન પર્વતની સમીપે ગંધમાદન અને માલ્યવંત—આ રીતે ચાર વક્ષસ્કાર પર્વત છે.

કરાય છે, પરંતુ સમ (સરખો) વિભાગ નહિં. અને તે બે પર્વતથી દેવકુરુ અર્દ્ધચંદ્રાકાર કરાયેલ છે, આ કારણથી જ વક્ષારાકાર ક્ષેત્રને કરનારા બે પર્વત વક્ષાર (વખારા) પર્વત કહેવાય છે. 'जंबू' इत्यादि० વર્ણન તેમજ જાણવું. વિશેષ એ કે—ઉત્તરકુરુક્ષેત્રમાં પશ્ચિમની પાસે ગંધમાદન અને પૂર્વની પાસે માલ્યવાન વખારાપર્વત છે (૨), 'दो दीहवेयड्ढ'त्ति० વૈતાઢ્યનો નિષેધ કરવા માટે 'દીર્ઘ' શબ્દનું ગ્રહણ કરેલ છે. વેયઢ્ઢ શબ્દનો વૈતાઢ્ય અથવા વિજયાઢ્ઢ સંસ્કાર થાય છે. તે બે પર્વત ભરત અને ઐરવતના મધ્ય ભાગમાં પૂર્વ અને પશ્ચિમથી લવણ સમુદ્રને સ્પર્શ કરીને રહેલ છે. તે બન્ને પચ્ચીશ યોજનના ઊંચા છે, પચ્ચીશ ગાઉ ઊંડા છે, પચ્ચાશ યોજન પહોળા છે, આયત સંઠાણવાળા છે, સર્વ રૂપામય છે અને બન્ને પડખાથી બહાર કાંચનમંડનથી અંકિત છે. કહ્યું છે—

**पणुवीसं उविद्धो पन्नासं जोयणाण विच्छिन्नो [वित्थिन्नो] । वेयड्ढो रययमओ, भारहखेत्तस्स मज्झंमि ।।६२।।**
**[बृहत्क्षेत्र० १७८]**

ભરત ક્ષેત્રના મધ્યમાં રૂપામય વેતાઢ્ય પર્વત છે જે પચ્ચીશ યોજન ઉંચાઈમાં અને પચ્ચાશ યોજન પહોળાઈમાં છે. (૬૨)

'भारहए णं' मित्यादि० વૈતાઢ્ય પર્વતમાં પશ્ચિમ ભાગમાં તમિસ્રા ગુફા પચ્ચાસ યોજન લાંબી, બાર યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે. આયત ચતુરસ્ર સંસ્થાનવાળી, વિજયદ્વાર પ્રમાણે દ્વારવાળી (આઠ યોજન ઊંચા અને ચાર યોજન પહોળા), વજ્રના કમાડથી ઢાંકેલી, બહુ મધ્યભાગમાં પોતપોતામાં બે યોજનના અંતરવાળી અને ત્રણ યોજનના વિસ્તારવાળી ઉન્મગ્નજલા અને નિમગ્નજલા નામે બે નદીઓ વડે યુક્ત છે. તમિસ્રાની માફક પૂર્વભાગમાં ખંડપ્રપાતા ગુફા જાણવી. 'तत्थ णं'त्ति० તે બેમાં-તમિસ્રા ગુફામાં કૃતમાલ્યક અને ખંડપ્રપાતા ગુફામાં નૃત્તમાલક નામના બે દેવ વસે છે. 'एरावए' इत्यादि० ઐરાવત ક્ષેત્રમાં પણ ભરતક્ષેત્રની માફક જાણવું (૩), 'जंबू' इत्यादि० (ચુલ્લ) હિમવાન વર્ષધર પર્વતમાં અગ્યાર કૂટ-શિખરો છે. તેના નામ આ પ્રમાણે છે—૧ સિદ્ધાયતન, ૨ ક્ષુલ્લહિમવત્, ૩ ભરત, ૪ ઇલા, ૫ ગંગા, ૬ શ્રી, ૭ રોહિતાંશા, ૮ સિંધુ, ૯ સુરા, ૧૦ હૈમવત અને ૧૧ વૈશ્રમણ છે. પૂર્વદિશામાં સિદ્ધાયતનકૂટ છે, તે પછી ક્રમશઃ પશ્ચિમથી બીજા કૂટો સર્વ રત્નમય, અને કૂટના નામવાળા દેવતાના સ્થાનો છે. તે પાંચસો યોજન ઊંચા, મૂળમાં તેટલા જ પહોળા અને ઊપર તેના અર્દ્ધા વિસ્તારવાળા છે. પહેલા કૂટમાં સિદ્ધાયતન છે. તે સિદ્ધાયતન પચાસ યોજનનું લાંબું, પચીશ યોજન પહોળું અને છત્રીશ યોજન ઊંચું છે. વળી આઠ યોજનના લાંબા અને પ્રવેશમાં ચાર યોજનના પહોળા ત્રણ દ્વારો વડે યુક્ત, તેમ જ એક સો આઠ જિનપ્રતિમા સહિત છે. શેષ દશ કૂટોમાં સાડીબાસઠ યોજનના ઊંચા, સવાએકત્રીશ યોજનના પહોળા તેમજ તેમાં નિવાસ કરનાર દેવતાઓના સિંહાસનવાળા પ્રાસાદો છે. અહિં પ્રસ્તુત પર્વતના અધિપતિનો નિવાસ હોવાથી અને દેવોના નિવાસભૂત કૂટોમાં પહેલો હોવાથી હિમવત્ કૂટનું ગ્રહણ કર્યું, અને સર્વ કૂટોમાં છેલ્લું હોવાથી વૈશ્રમણ કૂટનું ગ્રહણ કર્યું છે, કારણ કે અત્યારે દ્વિસ્થાનકનો અધિકાર ચાલે છે. વળી કહ્યું છે—

***कत्थई देसग्गहणं, कत्थइ घेप्पंति निरवसेसाइं । उक्कम कमजुत्ताइं, कारणवसओ निउत्ताइं ।।६३।। [बृहत्क्षेत्र० ३८८ त्ति]***

કોઈ સ્થળે (સૂત્રમાં) વસ્તુના એક દેશનું ગ્રહણ અને કોઈ સ્થળે સમસ્ત વસ્તુનું ગ્રહણ કરાય છે, (અને કેટલાએક સૂત્રો) કારણવશાત્ ઉત્ક્રમ (ક્રમ વગર) અને ક્રમપૂર્વક હોય છે, માટે સૂત્રની વિચિત્ર ગતિ-પદ્ધતિ છે. (૬૩)

કૂટના સંગ્રહની ગાથાઓ નીચે પ્રમાણે છે—

**वेयड्ढ ९ मालवंते ९, विज्जुप्पह ९ निसह ९ णीलवंते य ९ ।**
**णव णव कूडा भणिया, एक्कारस सिहरि ११ हिमवंते ११ ।।६४।। [बृहत्क्षेत्र० १३२]**
**रुप्पि ८ महाहिमवंते ८, सोमणसे ७, गंधमायणनगे [गंधमायणे चेय] य ७ ।**
**अट्ठऽट्ठ सत्त सत्त य, वक्खारगिरीसु चत्तारि ।।६५।। [बृहत्क्षेत्र० १३३]**

ચોત્રીશ દીર્ઘવૈતાઢ્ય, માલ્યવાન, વિદ્યુત્પ્રભ, નિષધ અને નીલવાન—આ દરેક પર્વતમાં નવ-નવ કૂટો કહેલા છે. શિખરી અને લઘુહિમવાન પર્વતમાં અગ્યાર-અગ્યાર કૂટ છે. રુક્મી અને મહાહિમવાન પર્વતમાં આઠ-આઠ અને સૌમનસ તથા ગંધમાદન પર્વતમાં સાત-સાત કૂટ છે. સોળ વક્ષસ્કાર પર્વતોમાં ચાર-ચાર કૂટ કહેલ છે. (૬૪-૬૫)

'जंबू' इत्यादि० મહાહિમવાન પર્વતમાં આઠ કૂટ છે—૧ સિદ્ધકૂટ, ૨ મહાહિમવાન, ૩ હૈમવત, ૪ રોહિતા, ૫ હ્રી, ૬ હરિકાંતા, ૭ હરિ અને ૮ વૈડૂર્ય. બે કૂટનું ગ્રહણ કરવાનું કારણ કહેવાઈ ગયું છે. 'एव' मित्यादि० एवं શબ્દથી 'जंबू' इत्यादि० અભિલાપ જાણવો. નિષધ વર્ષધર પર્વતમાં—૧ સિદ્ધ, ૨ નિષધ, ૩ હરિવર્ષ, ૪ પ્રાગ્વિદેહ, ૫ હરિ, ૬ ધૃતિ, ૭ શીતોદા, ૮ અપરવિદેહ અને ૯ રુચક એવા પોતપોતાના દેવોના નામવાળા નવ કૂટો છે. અહિં પણ બીજા અને છેલ્લા કૂટના ગ્રહણપૂર્વક વ્યાખ્યાન કરવું (૪), 'जंबू' इत्यादि० નીલવાન વર્ષધર પર્વતને વિષે —૧ સિદ્ધ, ૨ નીલ, ૩ પૂર્વવિદેહ, ૪ શીતા, ૫ કીર્ત્તિ, ૬ નારીકાંતા, ૭ અપરવિદેહ, ૮ રમ્યક્ અને ૯ ઉપદર્શન એ નવ કૂટ છે. અહિં પણ બીજા અને છેલ્લા કૂટનું પૂર્વની માફક ગ્રહણ જાણવું. 'एव'मित्यादि० રુક્મી વર્ષધર ક્ષેત્રમાં—૧ સિદ્ધ, ૨ રુક્મી, ૩ રમ્યક્, ૪ નરકાંતા, ૫ બુદ્ધિ, ૬ રૌપ્યકૂલા, ૭ હૈરણ્યવત્ અને ૮ મણિકાંચન એ આઠ કૂટ છે. બીજા અને છેલ્લા કૂટનું પૂર્વની માફક ગ્રહણ કરવું. 'एव'मित्यादि० વર્ષધર શિખરી પર્વતમાં—૧ સિદ્ધ, ૨ શિખરી, ૩ હૈરણ્યવત્, ૪ સુરાદેવી, ૫ રક્તા, ૬ લક્ષ્મી, ૭ સુવર્ણકૂલા, ૮ રક્તોદા, ૯ ગંધાપાતી, ૧૦ ઐરાવતી અને ૧૧ તિગિચ્છિ—એ અગ્યાર કૂટ છે. અહિં પણ બીજા અને છેલ્લા કૂટનું પૂર્વની જેમ ગ્રહણ કરવું (૫). ॥૮૭॥

**जंबूमंदरस्स उत्तरदाहिणेणं चुल्लहिमवंत-सिहरीसु वासहरपव्वएसु दो महद्दहा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला अविसेसमणाणत्ता अण्णमण्णं णातिवट्टंति, आयाम-विक्खंभ-उव्वेह-संठाण-परिणाहेणं, तंजहा—पउमद्दहे चेव पुंडरीयद्दहे चेव, तत्थ णं दो देवयाओ महड्डियाओ जाव पलिओवमट्ठितीयाओ परिवसंति, तंजहा—सिरी चेव लच्छी चेव। एवं महाहिमवंत-रुप्पीसु वासहरपव्वएसु दो महद्दहा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला [जाव तंजहा]—महापउमद्दहे चेव महापोंडरीयद्दहे चेव, देवताओ हिरि-च्चेव बुद्धिच्चेव। एवं निसढ-नीलवंतेसु तिगिंछिद्दहे चेव केसरिद्दहे चेव, देवताओ धिती चेव कित्ति-च्चेव १।**

**जंबूमंदरस्स दाहिणेणं महाहिमवंताओ वासहरपव्वयाओ महापउमद्दहाओ दहाओ दो महाणईओ पवहंति, तंजहा—रोहिय-च्चेव हरिकंत-च्चेव। एवं निसढाओ वासहरपव्वताओ तिगिंछिद्दहाओ दहाओ महाणईओ पवहंति, तंजहा—हरि-च्चेव सीओअ-च्चेव।**

**जंबूमंदरउत्तरेणं नीलवंताओ वासहरपव्वताओ केसरिदहाओ दो महानईओ पवहंति तंजहा—सीता चेव नारिकंता चेव। एवं रुप्पीओ वासहरपव्वताओ महापोंडरीयद्दहाओ दहाओ दो महानईओ पवहंति, तंजहा—णरकंता चेव रुप्पकूला चेव २।**

**जंबूमंदरदाहिणेणं भरहे वासे दो पवायद्दहा पन्नत्ता, [तंजहा]—बहुसमतुल्ला [जाव] तंजहा—गंगप्पवातद्दहे चेव सिंधुप्पवायद्दहे चेव । एवं हिमवए वासे दो पवायद्दहा पन्नत्ता, [तंजहा]—बहु[समतुल्ला जाव] तंजहा—रोहियप्पवातद्दहे चेव रोहियंसपवातद्दहे चेव।**

**जंबूमंदरदाहिणेणं हरिवासे वासे दो पवायद्दहा पन्नत्ता बहुसमतुल्ला [जाव] तंजहा—हरिपवातद्दहे चेव हरिकंतपवातद्दहे चेव।**

**जंबूमंदरउत्तरदाहिणेणं महाविदेहे वासे दो पवायद्दहा पन्नत्ता बहुसमतुल्ला जाव सीअप्पवातद्दहे चेव सीतोदप्पवायद्दहे**

चेव ३।

जंबूमंदरस्स उत्तरेणं रम्मए वासे दो पवायद्दहा पन्नत्ता, [तंजहा]—बहु[समतुल्ला जाव] नरकंतप्पवायद्दहे चेव णारीकंतप्पवायद्दहे चेव। एवं हेरन्नवते वासे दो पवायद्दहा पन्नत्ता, [तंजहा]—बहु[समतुल्ला जाव] सुवन्नकूलप्पवायद्दहे चेव रुप्पकूलप्पवायद्दहे चेव।

जंबूमंदरउत्तरेणं एरवए वासे दो पवायद्दहा पन्नत्ता बहु[समतुल्ला] जाव रत्तप्पवायद्दहे चेव रत्तावइप्पवायद्दहे चेव।

जंबूमंदरदाहिणेणं भरहे वासे दो महानईओ पन्नत्ताओ, बहु[समतुल्ला] जाव गंगा चेव सिंधू चेव। एवं जधा पवातद्दहा एवं णईओ भाणियव्वाओ, जाव एरवए वासे दो महानईओ पन्नत्ताओ बहुसमतुल्लाओ जाव रत्ता चेव रत्तवती चेव ४ ।। सू० ८८।।

(મૂ૦) *જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ ચુલ્લહિમવાન અને શિખરી વર્ષધર પર્વતને વિષે બે મહાદ્રહ કહ્યા છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય, અવિશેષ, નાનાત્વરહિત અને એક બીજાને ઉલ્લંઘન કરતા નથી તેમજ લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ, સંઠાણ અને પરિધિ વડે સમાન છે. તે દ્રહના નામ—પદ્મદ્રહ અને પુંડરીકદ્રહ. તે બે દ્રહમાં બે દેવીઓ, મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિ (આયુષ્ય)વાળી વસે છે. તે દેવીઓના નામ—**શ્રીદેવી અને લક્ષ્મીદેવી.** એવી રીતે મહાહિમવાન અને રુક્મી વર્ષધર પર્વતને વિષે બે મોટા દ્રહ કહ્યા છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક કહેવું. તે બે દ્રહના નામ—મહાપદ્મદ્રહ અને મહાપુંડરીકદ્રહ, અને ત્યાં તેની હ્રી અને બુદ્ધિ નામની અધિષ્ઠાત્રી દેવીઓ વસે છે. એ જ પ્રમાણે નિષધ અને નીલવંત પર્વતને વિષે તિગિંછિ અને કેશરી નામે બે દ્રહ છે અને ધૃતિ અને કીર્તિ નામની તેની અધિષ્ઠાત્રી દેવીઓ છે (૧), જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ મહાહિમવંત વર્ષધર પર્વતના મહાપદ્મદ્રહથી બે મહાનદી નીકળે છે, તેના નામ—રોહિતા અને હરિકાંતા. એવી રીતે નિષધ વર્ષધર પર્વતના તિગિંછિ દ્રહથી બે મહાનદી નીકળે છે, તેના નામ—હરિત્ અને શીતોદા. જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર દિશાએ નીલવાન વર્ષધર પર્વતના કેસરીદ્રહથી બે મહાનદી નીકળે છે, તેના નામ—શીતા અને નારીકાન્તા. એ પ્રમાણે રુક્મી વર્ષધર પર્વતના મહાપુંડરીકદ્રહથી બે મહાનદી નીકળે છે, તેના નામ—નરકાન્તા અને રુપ્યકૂલા છે (૨), જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ ભરતક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહ્યા છે, તે આ પ્રમાણે—બહુસમતુલ્ય, તેના નામ—ગંગાપ્રપાતદ્રહ અને સિંધુપ્રપાતદ્રહ છે. એ પ્રમાણે હિમવત ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહ્યા છે, તે બહુસમતુલ્ય છે, તેના નામ રોહિત્પ્રપાતદ્રહ અને રોહિતાંશાપ્રપાતદ્રહ છે. જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ હરિવર્ષ ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ (કુંડ) કહ્યા છે, તે બહુસમતુલ્ય છે. તેના નામ—હરિત્પ્રપાતદ્રહ અને હરિકાન્તાપ્રપાતદ્રહ છે. જંબૂદ્વીપના ઉત્તર અને દક્ષિણ દિશાએ મહાવિદેહ ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહ્યા છે. બહુસમતુલ્ય યાવત્ શીતાપ્રપાતદ્રહ અને શીતોદાપ્રપાતદ્રહ નામના છે (૩), જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર દિશાએ રમ્યક્વર્ષક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહેલ છે, તે બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક કહેવું. તેના નામ—નરકાન્તાપ્રપાતદ્રહ અને નારીકાંતાપ્રપાતદ્રહ છે. એવી રીતે હૈરણ્યવત ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહેલ છે, તે બહુસમતુલ્ય, યાવત્ પૂર્વની માફક. તેના નામ—સુવર્ણકૂલાપ્રપાતદ્રહ અને રૂપ્યકૂલાપ્રપાતદ્રહ છે. જંબૂદ્વીપના મેરુપર્વતની ઉત્તર દિશાએ ઐરવત ક્ષેત્રમાં બે પ્રપાતદ્રહ કહેલ છે, બહુસમતુલ્ય યાવત્ પૂર્વની માફક. તેના નામ—રક્તાપ્રપાતદ્રહ અને રક્તવતીપ્રપાતદ્રહ છે. જંબૂદ્વીપના મેરુપર્વતની દક્ષિણ દિશાએ ભરતક્ષેત્રમાં બે મહાનદી કહેલ છે. તે બહુસમતુલ્ય યાવત્ રક્તા અને રક્તવતી નામની છે (૪). ॥૮૮॥*

(ટી૦) 'जंबू' इत्यादि० અહિં હિમવાન આદિ છ વર્ષધર પર્વતોને વિષે છ જ દ્રહો છે, તે આ—

**पउमे १ य महापउमे २ तिगिंछी ३ केसरी ४ दहे चेव । हरए महापुंडरिए ५, पुंडरीए चेव य ६ दहाओ ।।६६।।**
**[बृहत्क्षेत्र० ५६८]**

૧ પદ્મ, ૨ મહાપદ્મ, ૩ તિગિંછી, ૪ કેશરી, ૫ મહાપુંડરીક અને ૬ પુંડરીક. આ છ દ્રહો ક્રમશઃ છે. (૬૬)

હિમવાન પર્વતની ઉપર બહુમધ્યભાગને વિષે પદ્મ છે જેની અંદર તેવો પદ્મદ્રહ નામનો હ્રદ છે. એવી રીતે શિખરી પર્વતની ઉપર બહુમધ્યભાગને વિષે પુંડરીક નામનો દ્રહ છે. તે બન્ને દ્રહ, પૂર્વ અને પશ્ચિમમાં હજાર યોજન લાંબા અને પાંચસો યોજન પહોળા, ચાર ખૂણાને વિષે દશ યોજન ઊંડા, ચાંદીના કાંઠાવાળા, વજ્રમય પાષાણવાળા, તપનીય (રક્તસુવર્ણ)ના તલીઆવાળા, સુવર્ણ મધ્ય રજતમણિની વેળુવાળા છે, ચારે દિશાએ મણિના પગથિઆવાળા[1], સુખપૂર્વક ઉતરી શકાય એવા, તોરણ, ધ્વજ અને છત્ર વગેરેથી સુશોભિત, નીલોત્પલ અને પુંડરીક કમલ વગેરેથી રચિત વિવિધ પક્ષી અને મત્સ્યો જેમાં ફરી રહેલા છે એવા તેમજ ભ્રમરોના સમૂહ વડે ઉપભોગ્ય છે. 'तत्थ णं'त्ति० તે બે દ્રહને વિષે બે દેવીઓ વસે છે, **પદ્મદ્રહમાં શ્રીદેવી અને પુંડરીકદ્રહમાં લક્ષ્મીદેવી છે.** તે બન્ને દેવીઓ ભુવનપતિનિકાયમાં અંતર્ભૂત છે, કારણ કે તેઓ પલ્યોપમના આયુષ્યવાળી છે. વ્યંતરની દેવીઓનું તો ઉત્કૃષ્ટ અર્દ્ધપલ્યોપમનું આયુષ્ય હોય છે. ભવનપતિની દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાડાચાર પલ્યોપમ પ્રમાણ હોય છે. કહ્યું છે કે—

**अद्धुङ्क अद्धपंचम, पलिओवम असुरजुयलदेवीणं । सेस वणदेवयाण य, देसूण[अ]द्धपलियमुक्कोसं ।।६७।।**
**[बृहत्सं० ६ ति]**

દક્ષિણ દિશાના અસુરકુમારની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાડાત્રણ પલ્યોપમની અને ઉત્તર દિશાના અસુરકુમારની દેવીઓની સાડાચાર પલ્યોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. (૬૭)

શેષ ઉત્તર દિશાના નાગકુમારાદિ નવ ભવનપતિની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દેશે ઊણી એક પલ્યોપમની, અને દક્ષિણ દિશાના નવ ભવનપતિની દેવીની તથા વ્યંતરની બન્ને દિશાની દેવીની સ્થિતિ અર્દ્ધપલ્યોપમની હોય છે. તે બે મોટા દ્રહના મધ્યમાં એકેક યોજનના લાંબા-પહોળા કમળ છે અને તે અર્દ્ધયોજન જાડા છે, જલમાં દશ યોજન બૂડેલા છે અને અર્દ્ધયોજન ઊંચા છે. વળી તેમાં વજ્રમય મૂલ, રિષ્ઠરત્નમય કંદ, વૈડૂર્યરત્નમય નાળ, વૈડૂર્યરત્નમય બાહ્યપત્રો જાંબૂનદ (સુવર્ણ)મય અંદરના પત્રો, પીળા સુવર્ણની કર્ણિકા (ડોડો) અને તપાવેલ સુવર્ણની કેશરા તંતુઓ છે. તે બે કમલની બે કર્ણિકા અર્દ્ધયોજનની લાંબી પહોળી અને એક કોશ (બાહલ્ય) ઊંચી છે. તેના ઉપર બે દેવીઓના ભવન છે. 'एव'मित्यादि० મહાહિમવાન પર્વતમાં મહાપદ્મદ્રહ અને રુક્મી પર્વતમાં તો મહાપુંડરીકદ્રહ છે. તે બંને દ્રહ બે હજાર યોજન લાંબા અને એક હજાર યોજન પહોળા છે. બે યોજનના લાંબા-પહોળા કમળવાળા છે, તે બે કમળમાં બે દેવીઓ વસે છે. મહાપદ્મમાં હ્રીદેવી અને મહાપુંડરીકમાં બુદ્ધિદેવી છે. 'एव'मित्यादि० નિષધ પર્વતને વિષે તિગિંછિદ્રહમાં ધૃતિદેવી અને નીલવાન પર્વત પર કેશરીદ્રહમાં કીર્તિદેવી વસે છે. તે બે દ્રહ ચાર હજાર યોજન લાંબા અને બે હજાર યોજન પહોળા છે. આ સંબંધની ગાથા નીચે પ્રમાણે છે—

**एएसु सुरवहूओ, वसंति पलिओवमट्ठितीयाओ । सिरि-हिरि-धिति-कित्तीओ, बुद्धीलच्छीसनामाओ ।।६८।।**
**[बृहत्क्षेत्र० १७०]**

શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી નામની દેવીઓ પલ્યોપમની સ્થિતિવાળી વસે છે. (૬૮)

(૧), **'जंबू' इत्यादि०** તેમાં રોહિત્ નદી, મહાપદ્મદ્રહથી દક્ષિણ તરફના તોરણથી નીકળીને એક હજાર, છસો પાંચ યોજન કાંઈક અધિક (પાંચ કળા) દક્ષિણ દિશાએ પર્વત ઉપર જઈને (વહીને) હારના આકારને ધારણ કરવાવાળા, કંઈક અધિક બશેં યોજનપ્રમાણવાળા, મગર(મત્સ્ય)ના મુખ જેવા પડનાળરૂપ પ્રપાત-પ્રવાહ વડે મહાહિમવાન પર્વતના રોહિત્

1. ટીકામાં ચતુર્દશમણિસોપાનૌ પાઠ છે, પણ જંબૂદ્વીપપન્નતી વગેરેમાં ચારે દિશાએ પગથિઆનું વર્ણન છે માટે તે પ્રમાણે લખેલ છે.

નામના કુંડમાં પડે છે. મગરના મુખની જીભ એક યોજન લાંબી, સાડાબાર યોજન પહોળી અને એક યોજન જાડી છે, અને (રોહિત્ નદી) રોહિતપ્રપાતકુંડમાંથી દક્ષિણ દિશાના તોરણ દ્વારા નીકળીને, હૈમવાન ક્ષેત્રના મધ્યભાગમાં રહેલ શબ્દાપાતી નામના વૃત્તવૈતાઢ્યપર્વતથી બે કોશ દૂર રહીને, અઠ્યાવીશ હજાર નદીઓના પરિવાર સહિત જગતી (કોટ)ને નીચેથી ભેદીને પૂર્વ દિશાથી લવણસમુદ્રમાં જાય છે–ભળે છે. પ્રવાહમાં એટલે નીકળતી વખતે રોહિત્ નદી સાડાબાર યોજન પહોળી અને એક ગાઉ ઊંડી છે, ત્યારપછી ક્રમશઃ વૃદ્ધિ પામતી મુખ (સમુદ્રપ્રવેશ)માં એકસો પચ્ચીશ યોજન પહોળી, અઢી યોજન ઊંડી તેમજ બન્ને પાસે બે વેદિકા અને બે વનખંડ વડે યુક્ત છે. એવી રીતે સર્વ મહાનદીઓ, પર્વતો, કૂટો અને વેદિકા વગેરેથી યુક્ત છે. હરિકાન્તા નદી તો મહાપદ્મદ્રહથી જ ઉત્તરદિશાના તોરણ દ્વારા નીકળીને કંઈક અધિક સોળસો ને પાંચ યોજન સુધી ઉત્તર સન્મુખ થઈ, પર્વત ઉપરથી જઈને કંઈક બશેં યોજનપ્રમાણવાળા પ્રપાત (ધોધ) વડે હરિકાંતાકુંડમાં તેમ જ પડે છે. મગરના મુખની જીભિકા (જીભ)નું પ્રમાણ પૂર્વે કહેલ પ્રમાણથી બેવડું જાણવું. તે પ્રપાતકુંડથી ઉત્તર દિશાના તોરણ દ્વારા નીકળીને હરિવર્ષક્ષેત્રના મધ્યભાગમાં રહેનાર ગંધાપાતી નામના વૃત્તવૈતાઢ્ય પર્વતથી એક યોજન દૂર રહીને, પશ્ચિમદિશા સન્મુખ થઈ છપ્પન હજાર નદીઓ સહિત સમુદ્રમાં જાય છે. આ હરિકાંતા નદી રોહિત્ નદીના પ્રમાણથી બમણા પ્રમાણવાળી છે. 'एव' मित्यादि० એવી રીતે, 'जंबूद्दीवे' त्यादि० અભિલાપનું સૂચન કરવા માટે કહેલ છે. હરિત્ મહાનદી તિગિંછિદ્રહની દક્ષિણ દિશાના તોરણ દ્વારા નીકળીને કંઈક અધિક સાત હજાર, ચારસો, એકવીશ યોજન દક્ષિણ દિશા સન્મુખ થઈ, પર્વત ઉપર જઈને કંઈક અધિક ચારસો યોજનના પ્રમાણવાળા પ્રપાત વડે હરિકુંડમાં પડીને પૂર્વના સમુદ્રમાં પડે છે, શેષ (લંબાઈ વગેરે) હરિકાંતા નદીની માફક જાણવું. શીતોદા મહાનદી તિગિંછિદ્રહની ઉત્તરદિશાના તોરણ દ્વારા નીકળીને તેટલા જ (પૂર્વે કહેલ કંઈક અધિક સાત હજાર, ચારસો, એકવીશ યોજન) પર્વત ઉપર ઉત્તર સન્મુખ જઈને કંઈક અધિક ચારસો યોજનપ્રમાણવાળા પ્રપાત વડે શીતોદાકુંડમાં પડે છે. મગરના મુખની જીભિકા ચાર યોજન લાંબી, પચ્ચાસ યોજન પહોળી અને એક યોજનની જાડી સમજવી. શીતોદાકુંડથી ઉત્તર દિશાના તોરણ દ્વારા નીકળીને દેવકુરુ ક્ષેત્રનો વિભાગ કરતી થકી, ચિત્ર અને વિચિત્ર કૂટવાળા બે પર્વતોને અને નિષધદ્રહાદિ પાંચ દ્રહોનો બે ભાગ કરતી થકી ચોરાશી હજાર નદીઓની સાથે મળવાપૂર્વક, ભદ્રશાળ વનના મધ્યમાં, મેરુપર્વતથી બે યોજન દૂર રહીને ત્યાંથી પશ્ચિમ સન્મુખ ફરીને, વિદ્યુત્પ્રભ નામના વક્ષસ્કાર પર્વતના નીચેના ભાગને વિદારીને મેરુની પશ્ચિમ દિશાથી અપર (પશ્ચિમ) મહાવિદેહના મધ્ય ભાગ દ્વારા એક એક વિજયમાંથી અઠ્યાવીશ–અઠ્યાવીશ હજાર નદીઓ સાથે મળીને, જયંતદ્વારની નીચેથી પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરે છે. શીતોદા નદી પ્રવાહમાં તો પચ્ચાશ યોજન પહોળી અને એક યોજન ઊંડી છે, ત્યારપછી અનુક્રમે વધતી વધતી મુખમાં (સમુદ્રમાં ભળતી વખતે) પાંચસો યોજન પહોળી અને દશ યોજન ઊંડી થાય છે. 'जंबू' इत्यादि० શીતા મહાનદી કેશરીદ્રહના દક્ષિણ તોરણથી નીકળી, કુંડમાં પડીને, મેરુપર્વતના પૂર્વથી પૂર્વવિદેહના મધ્યથી વિજયદ્વારની નીચેથી પૂર્વ સમુદ્રમાં પ્રવેશ કરે છે. બાકીની બધી વક્તવ્યતા શીતોદા સમાન જાણવી. નારીકાંતા નદી તો ઉત્તર દિશાના તોરણથી નીકળીને રમ્યક્ક્ષેત્રનો વિભાગ કરતી છતી હરિત્મહાનદીની વક્તવ્યતા પ્રમાણે રમ્યક્વર્ષના મધ્ય ભાગથી પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરે છે. 'एव' मित्यादि० નરકાંતા નદી મહાપુંડરિકદ્રહમાંથી દક્ષિણ દિશાના તોરણ દ્વારા નીકળીને રમ્યક્વર્ષનો વિભાગ કરતી છતી, હરિકાંતાની વક્તવ્યતા પ્રમાણે પૂર્વ સમુદ્રમાં પ્રવેશ કરે છે. રૂપ્યકૂલા નદી તો મહાપુંડરીકદ્રહના ઉત્તર દિશાના તોરણથી નીકળીને ઐરણ્યવાન ક્ષેત્રના બે વિભાગ કરતી છતી રોહિત્ નદીની વક્તવ્યતા પ્રમાણે પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરે છે (૨), 'जंबू' इत्यादि० 'पवायद्दह' त्ति० પડવું તે પ્રપાત, તે પ્રપાત વડે ઓળખાતા જે દ્રહ તે બે પ્રપાતદ્રહ. અહિં જ્યાં હિમવાન આદિ પર્વતથી ગંગા વગેરે મહાનદી પ્રણાલ–પડનાળ(ધોધ)થી નીચે પડે છે તે પ્રપાતદ્રહ એટલે પ્રપાતકુંડ. 'गंगापवायद्दहे चेव'त्ति० હિમવાન વર્ષધર પર્વતની ઉપર રહેલ પદ્મદ્રહના પૂર્વ દિશાના તોરણથી નીકળીને, પૂર્વ સન્મુખ પાંચસો યોજન જઈને ગંગાવર્ત્તન કૂટમાં (કૂટની નીચેથી) પાછી વળતી છતી પાંચસો ત્રેવીશ યોજન અને સાડીત્રણ કળા સુધી દક્ષિણ દિશા સન્મુખ પર્વત ઉપરથી જઈને ગંગા મહાનદી,

લંબાઈ વડે અર્દ્ધ યોજન પ્રમાણ, પહોળાઈ વડે સવા છ યોજનવાળી, જાડાઈ વડે અર્દ્ધ ગાઉવાળી જીભિકાથી યુક્ત એવા ફાડેલા મગરના મુખ સમાન ઘોષ વડે કંઈક અધિક એકસો યોજન પ્રમાણવાળા અને મોતીના હારના જેવા પ્રપાત (ઊંચેથી પડવું, તે)થી જે ગંગાપ્રપાતકુંડમાં પડે છે તે કુંડ, સાઠ યોજન લાંબો અને પહોળો, કંઈક ન્યૂન એકસો નેવું યોજનની પરિધિ (ઘેરાવા)વાળો, દશ યોજન ઊંચો અને વિવિધ મણિ વડે બંધાયેલ છે. તે કુંડની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં ત્રણ ત્રણ પગથિયા જોવા લાયક છે. તે વિવિધ તોરણો સહિત છે. મધ્ય ભાગમાં ગંગા દેવીનો દ્વીપ છે. તે દ્વીપ આઠ યોજન લાંબો-પહોળો, કંઈક અધિક પચ્ચીસ યોજનનો પરિક્ષેપ-ઘેરાવાવાળો છે. પાણીથી ઉપર બે કોશ ઊંચો અને વજ્રમય છે. એક કોશ લંબાઈવાળા, અર્દ્ધ કોશ પહોળાઈવાલા, કંઈક ન્યૂન એક કોશ ઊંચાઈવાળા, અનેક (સેંકડો) સ્તંભ (થાંભલા) વડે જોડાયેલા ગંગાદેવીના ભવન વડે સુશોભિત કરાયેલ છે ઉપરનો ભાગ જેનો એવો તે કુંડ છે. ગંગાપ્રપાત કુંડથી દક્ષિણ દિશાના તોરણથી નીકળીને પ્રવાહમાં (નીકળતી વખતે) સવા છ યોજનની પહોળી, અર્દ્ધ કોશ ઊંડી ગંગા નદી ઉત્તરાર્દ્ધ ભરતના બે ભાગ કરતી છતી સાત હજાર નદીઓ સાથે મળીને ખંડપ્રપાતગુફાના પૂર્વ ભાગથી નીચે વૈતાઢ્ય પર્વતને વિદારીને-ભેદીને દક્ષિણાર્દ્ધ ભરતના બે ભાગ કરતી છતી તે વિભાગના મધ્ય ભાગથી જઈને, પૂર્વ સન્મુખ વળીને બધી મળીને ચૌદ[1] હજાર નદીઓ સાથે મુખમાં (પ્રવેશસ્થલમાં) સાડાબાસઠ યોજન પહોળી અને સવા યોજન ઊંડી એવી તે જગતીને ભેદીને પૂર્વના લવણસમુદ્રમાં પ્રવેશ કરે છે. તે ગંગાપ્રપાતદ્રહ. ગંગાપ્રપાતદ્રહના પ્રમાણે સિંધુપ્રપાતદ્રહ પણ વ્યાખ્યાન કરવા યોગ્ય છે અર્થાત્ તેનું વ્યાખ્યાન કરવું. આ કારણથી જ બે દ્રહ, લાંબા, પહોળા, ઊંડા અને પરિધિ વડે સમાન વિશેષણવાળા ભાવવા. બધા ય પ્રપાતદ્રહો દશ યોજન ઊંડા કહેવા. અહિં વર્ષધર પર્વતની નદીઓના અધિકારમાં ગંગા, સિંધુ અને રોહિતાંશાનું તથા સુવર્ણકૂલા, રક્તા અને રક્તવતીનું જે કથન નથી કર્યું તેનું કારણ એ છે કે અહીં બે સ્થાનનો જ અધિકાર છે. એક એક પર્વતથી ત્રણ નદીઓના નીકળવાના ત્રણ ત્રણ સ્થાન હોવાથી અર્થાત્ ત્રણ ત્રણ નદીઓ નીકળવાથી અને અહીં બે સ્થાનનો અધિકાર હોવાથી તેનું વર્ણન કરેલ નથી. **'एव' मित्यादि०** એમ પૂર્વની માફક જાણવું. **'रोहियप्पवायद्दहे चेष'त्ति०** કહેવાયેલ સ્વરૂપવાળી રોહિત્ નદી જ્યાં (જે કુંડમાં) પડે છે, વળી જે કુંડ એકસો વીશ યોજનનો લાંબો-પહોળો છે, કંઈક ન્યૂન ત્રણસો એંસી યોજનના ઘેરાવાવાળો અને જેના મધ્યભાગમાં રોહિત દ્વીપ સોળ યોજનનો લાંબો-પહોળો, કંઈક અધિક પચ્ચાશ યોજન ઘેરાવાવાળો, પાણીના ઉપર બે કોશ ઊંચો છે, ગંગાદેવીના ભવન સમાન રોહિત્દેવીના ભવન વડે સુશોભિત ઉપરનો ભાગ છે જેનો તે રોહિત્પ્રપાતદ્રહ **'रोहियंसप्पवायद्दहे चेव'त्ति०** હિમવાન વર્ષધર પર્વતની ઉપર રહેલ પદ્મદ્રહના ઉત્તરદિશાના તોરણથી નીકળીને રોહિતાંશા મહાનદી, કંઈક અધિક બસો ને છોંતેર યોજન પર્યંત ઉત્તર સન્મુખ થઈ, પર્વત ઉપરથી જઈને લંબાઈથી એક યોજનવાળી, પહોળાઈથી સાડાબાર યોજનવાળી, જાડાઈ વડે એક ગાઉવાળી, જીભિકા વડે પહોળો કરેલ મગરના મુખની જેમ પ્રણાલ વડે અને મોતીના હારના આકારવાળા કંઈક અધિક એકસો યોજન પ્રમાણવાળા પ્રપાત વડે જ્યાં પડે છે અને જે રોહિતપ્રપાતકુંડ સમાન માનવાળો છે તે કુંડના મધ્યમાં રોહિત્દ્વીપ સમાન પ્રમાણવાળો રોહિતાંશદ્વીપ છે. તે રોહિતાંશભવન વડે પૂર્વે કહેલ પ્રમાણ વડે અલંકૃત છે, અને જે કુંડથી રોહિત્ નદી સમાન પ્રમાણવાળી રોહિતાંશા નદી ઉત્તર તોરણ દ્વારા નીકળીને, પશ્ચિમ સમુદ્રમાં પ્રવેશ કરે છે તે રોહિતાંશાપ્રપાતદ્રહ છે. **'जंबू'इत्यादि०** **'हरिप्पवायद्दहे चेव'त्ति०** પૂર્વે કહેલ લક્ષણવાળી હરિત્ નદી (કુંડમાં) જ્યાં પડે છે, વળી જે બસો ને ચાલીશ યોજન લંબાઈ અને પહોળાઈથી, અને સાતસો ને ઓગણસાઠ યોજન પરિધિ વડે છે, અને જેના મધ્યભાગમાં હરિત્ દેવીનો દ્વીપ છે તે દ્વીપ બત્રીશ યોજન લાંબો, પહોળો તેમજ એક સો ને એક યોજનની પરિધિવાળો છે અને જળના ઉપર બે કોશ ઊંચો છે, વળી હરિત્દેવીના ભવન વડે સુશોભિત ઉપરનો ભાગ છે જેનો, તે આ હરિપ્રપાતદ્રહ છે. **'हरिकंतप्पवायद्दहे चेव'त्ति०** પૂર્વે કહેલ સ્વરૂપવાળી હરિકાંતા મહાનદી જે કુંડમાં

1. સાત હજાર નદીઓ ઉત્તરાર્દ્ધ ભરતની અને સાત હજાર દક્ષિણાર્દ્ધ ભરતની મળીને ચૌદ હજાર નદીઓ જાણવી.

પડે છે, વળી જે કુંડનું પ્રમાણ હરિતકુંડ સમાન છે, અને હરિત્દ્વીપ સમાન ભવન સહિત હરિકાંતાદેવીના દ્વીપ વડે ભૂષિત મધ્યભાગ છે જેનો તે હરિકાંતાપ્રપાતદ્રહ છે. 'जंबू'इत्यादि० 'सीयप्पवायद्दहे चेव'त्ति० નીલવાન પર્વતથી શીતાનદી નીકળીને જે કુંડમાં પડે છે, વળી જે કુંડ લાંબો અને પહોળો ચારસો એંસી યોજન છે અને પંદરસો અઢાર યોજન વિશેષ ન્યૂન પરિધિવાળો છે, તથા જેની મધ્યમાં ચોસઠ યોજન લાંબો અને પહોળો, બસો અને બે યોજનની પરિધિવાળો, જલના ઉપર બે કોશ ઊંચો શીતા દ્વીપ છે, તથા શીતાદેવીના ભવનથી સુશોભિત ઉપરનો ભાગ છે જેનો તે શીતાપ્રપાતદ્રહ છે. 'सीतोदप्पवायद्दहे चेव'त्ति० નિષધપર્વતથી શીતોદા નદી નીકળીને જ્યાં (કુંડમાં) પડે છે તે શીતોદાપ્રપાતદ્રહ છે. તે શીતાપ્રપાતદ્રહ સમાન છે અને શીતાદેવીના દ્વીપ અને ભવન સમાન શીતોદાદેવીનો દ્વીપ અને ભવન છે (૩), 'जंबू'इत्यादि० નરકાંતા અને નારીકાંતાપ્રપાતદ્રહ (એ બન્ને) તો હરિકાંતા અને હરિત્પ્રપાતદ્રહ (સમાન છે.) અને પોતાના નામ સમાન દ્વીપ અને દેવીઓ છે. 'एव'मित्यादि० સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા પ્રપાતદ્રહ (એ બન્ને) ને રોહિતાંશા અને રોહિતપ્રપાતદ્રહ સરખા જાણવા. વિશેષ સ્વયં સમજવા યોગ્ય છે. 'जंबू'इत्यादि० રક્તા અને રક્તાવતીપ્રપાતદ્રહ (એ બન્ને) ને ગંગા અને સિંધુપ્રપાતદ્રહ સમાન કહેવા, પરંતુ રક્તા પૂર્વસમુદ્રમાં મળનારી, અને રક્તવતી પશ્ચિમ સમુદ્રમાં મળનારી છે. 'जंबू'इत्यादि० 'जंबूद्दीवे २ मंदरस्स दाहिणेणं भरहेवासे दों महानदीओ' इत्यादि० 'एव'मिति० અનંતરક્રમ વડે 'जह'त्ति० જેમ પૂર્વે ક્ષેત્ર ક્ષેત્રમાં બે બે પ્રપાતદ્રહ કહ્યા તેવી રીતે નદીઓ પણ કહેવી. તે આ પ્રમાણે—

**गंगा १ सिंधू २ तह रोहियंस ३, रोहीणदी य ४ हरिकंता ५ । हरिसलिला ६ सीयोया ७, सत्तेया होंति दाहिणओ ।।६९।।**
**सीया य १ नारिकंता २, नरकंता चेव ३ रुप्पकूला ४ य । सलिला सुवण्णकूला ५, रत्तवती ६ रत्त ७ उत्तरओ ।।७०।।**

[મેરુની] દક્ષિણ દિશામાં ગંગા, સિંધુ તથા રોહિતાંશા, રોહિત્નદી, હરિકાંતા, હરિતસલિલા અને શીતોદા—આ સાત નદીઓ હોય છે. શીતા, નારીકાંતા, નરકાંતા, રૂપ્યકૂલા, સુવર્ણકૂલા, રક્તવતી અને રક્તા—આ સાત નદીઓ મેરુની ઉત્તર દિશામાં હોય છે. (૬૯–૭૦) ।।૮૮।।

જંબૂદ્વીપના અધિકારથી અને ક્ષેત્ર વડે કથન કરવા યોગ્ય પુદ્ગલ ધર્મના અધિકારથી જંબૂદ્વીપના ભરતાદિ સંબંધી કાલ, લક્ષણ, પર્યાયધર્મોને અનેક પ્રકારે અઢાર સૂત્ર વડે કહે છે—

**जंबुद्दीवे २ भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीए सुसमदूसमाए समाए दो सागरोवमकोडाकोडीओ काले होत्था १, एवमिमीसे ओसप्पिणीए जाव पन्नत्ते २, एवं आगमिस्साए उस्सप्पिणीए जाव भविस्सति ३।**

**जंबूदीवे दीवे भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीए सुसमाए समाए मणुया दो गाउयाइं उड्ढं उच्चत्तेणं होत्था ४, दोन्नि य पलिओवमाइं परमाउं पालइत्था ५, एवमिमीसे ओसप्पिणीए जाव पालयित्था ६, एवमागमेस्साते उस्सप्पिणीए जाव पालयिस्संति ७।**

**जंबूद्दीवे दीवे भरहेरवएसु वासेसु एगसमये एगजुगे दो अरहंतवंसा उप्पज्जिंसु वा उपज्जंति वा उप्पज्जिसंति वा ८, एवं चक्कवट्टिवंसा ९, दसारवंसा १०।**

**जंबु[दीवे-दीवे] भरहेरवएसु [वासेसु] एगसमते दो अरहंता उप्पज्जिंसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा ११, एवं चक्कवट्टि १२, एवं बलदेवा एवं वासुदेवा [दसारवंसा जाव] उप्पज्जिंसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा १३।**

**जंबूदीवे दीवे दोसु कुरासु मणुआ सया सुसमसुसममुत्तमिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तंजहा— देवकुराए चेव उत्तरकुराए चेव १४। जंबुद्दीवे दीवे दोसु वासेसु मणुया सया सुसमुत्तमं इड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तंजहा—हरिवासे चेव रम्मगवासे चेव १५। जंबूदीवे दीवे दोसु वासेसु मणुया सया सुसमदुसमुत्तममिड्ढिं**

पत्ता पच्चणुब्भवमाणा विहरंति, तं जहा--हेमवए चेव एरन्नवए चेव १६। जंबुद्दीवे दीवे दोसु खित्तेसु मणुया सया दूसमसुसममुत्तममिड्ढिं पत्ता पच्चणुब्भवमाणा विहरंति तंजहा—पूव्वविदेहे चेव अवरविदेहे चेव १७, जंबूदीवे दीवे दोसु वासेसु मणुया छव्विहं पि कालं पच्चणुब्भवमाणा विहरंति, तंजहा—भरहे चेव एरवते चेव १८ ।। सू० ८९।।

(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે અતીત ઉત્સર્પિણીમાં સુષમદૂષમ નામના (ચોથા) આરાનો કાળ બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ હતો (૧), એવી રીતે આ વર્તમાન અવસર્પિણીમાં સુષમદુષ્ષમ નામના (ત્રીજા) આરાનો કાળ બે કોડાકોડી સાગરોપમ પ્રમાણ કહેલ છે (૨), એવી રીતે આગામી ઉત્સર્પિણીમાં સુષમદુષ્ષમ નામના (ચોથા) આરાનો કાળ પૂર્વ પ્રમાણે થશે (૩), જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે અતીત ઉત્સર્પિણીના સુષમ નામા (પાંચમા) આરામાં મનુષ્યો બે ગાઉની ઊંચાઈવાળા તેમજ (૪), બે પલ્યોપમના આયુષ્યને પાળનારા હતા (૫), એવી રીતે આ અવસર્પિણીમાં સુષમ નામના (બીજા) આરામાં બે પલ્યોપમના આયુષ્યને ભોગવનારા હતા (૬), એવી રીતે આગામી ઉત્સર્પિણીમાં સુષમ નામના (પાંચમા) આરામાં બે પલ્યોપમના આયુષ્યને પાળનારા થશે (૭), જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે એક યુગના એક સમયમાં બે અરિહંતના વંશ ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે (૮), એવી રીતે બે ચક્રવર્તીના વંશ (૯), બે દશાર–વાસુદેવના વંશ ઉપજ્યા છે, ઉપજે છે અને ઉપજશે (૧૦), જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે બે અરિહંત ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે (૧૧), એવી રીતે બે ચક્રવર્તી ઉપજ્યા છે, ઉપજે છે અને ઉપજશે (૧૨), એવી રીતે બે બલદેવ અને બે વાસુદેવ ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે (૧૩), જંબૂદ્વીપના બે કુરુક્ષેત્રને વિષે મનુષ્યો સદા સુષમસુષમ (પહેલા) આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે તે ક્ષેત્રો દેવકુરુ અને ઉત્તરકુરુ (૧૪), જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે વર્ષક્ષેત્રને વિષે મનુષ્યો સદા સુષમ નામના (બીજા) આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે, તે વર્ષક્ષેત્રો હરિવર્ષ અને રમ્યક્વર્ષ (૧૫), જંબૂદ્વીપના બે ક્ષેત્રોમાં મનુષ્યો સદા સુષમદુષ્ષમ નામના (ત્રીજા) આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે, તે ક્ષેત્રો હૈમવત અને હૈરણ્યવત (૧૬), જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે ક્ષેત્રને વિષે મનુષ્યો સદા દુષ્ષમસુષમ (ચોથા) આરાની ઉત્તમ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે, તે આ—પૂર્વવિદેહ અને અપરવિદેહ (૧૭), જંબૂદ્વીપના બે ક્ષેત્રમાં મનુષ્યો છ પ્રકારના કાલ સંબંધી આયુષ્યાદિ ઋદ્ધિને પામીને ભોગવતા થકા વિચરે છે, તે આ પ્રમાણે—ભરત અને ઐરવતક્ષેત્ર (૧૮). ।।૮૯।।

(ટી૦) આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે 'तीताए'त्ति० ગયેલી ઉત્સર્પિણીનું સ્વરૂપ પૂર્વની માફક જાણવું. તે ઉત્સર્પિણીમાં અથવા ઉત્સર્પિણીના સુષમદુષ્ષમા–બહુ સુખવાળા, સમા–ચોથા આરાના લક્ષણરૂપ કાલ વિભાગની સ્થિતિ (અથવા પ્રમાણ) બે કોડાકોડી સાગરોપમ હતી (૧), એવી રીતે [1]'जंबुद्दीवे २ इत्यादि० કહેવું, વિશેષ 'इमीसे'त्ति० આ પ્રત્યક્ષ વર્તમાન પૂર્વોક્ત અર્થવાળી અવસર્પિણીમાં 'जाव'त्ति० સુષમદુષમા નામના ત્રીજા આરાને વિષે 'दो सागरोवमकोडाकोडीओ काले' 'पन्नत्ते' કહેલ છે. એ જ પૂર્વસૂત્રથી વિશેષ છે. પૂર્વ સૂત્રમાં 'होत्थ'त्ति કહેલ છે (૨), 'एव'मित्यादि० 'आगमिस्साए'त्ति० આવતી ઉત્સર્પિણીમાં 'भविष्यति' થશે. એ જ પૂર્વસૂત્રથી વિશેષ છે (૩), 'जंबू'इत्यादि० સુષમ નામના પાંચમા આરામાં 'होत्थ'त्ति० હતા (૪), 'पालयित्थ'त्ति० પાળનારા, પૂર્વ સૂત્રથી શબ્દભેદ વિશેષ છે (૫–૭), 'जंबू'इत्यादि० 'एगजुगे'त्ति० પાંચ વર્ષનો યુગ કાલ વિશેષ કહેવાય છે, યુગના એક વર્ષના એક સમયમાં, 'एगसमए एगजुगे' આ પ્રમાણે પાઠ હોવા છતાં પણ વ્યાખ્યા

1. બીજા સૂત્રથી તેરમા સૂત્ર સુધીનું વર્ણન ટીકાકારે કોઈક શબ્દનો અર્થ સંક્ષેપથી કરેલ છે માટે મૂલસૂત્રના અનુવાદથી જાણી લેવું.

ઉક્ત ક્રમ વડે જ કરવી. અર્થના સંબંધથી આ પ્રકારે જ કહેલી વ્યાખ્યા છે, અથવા બીજી રીતે ભાવના કરવી. અરિહંતોના બે વંશ-પ્રવાહ છે, એક ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ અને બીજો ઐરવત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ. 'दसार'त्ति० સિદ્ધાંતની પરિભાષા વડે વાસુદેવો (૮-૧૩), 'जंबू'इत्यादि० સર્વદા 'सुसमसुसमं'त्ति० પહેલા આરા જેવો જે વિપાક તે સુષમસુષમા તેના સંબંધવાળી જે ઋદ્ધિ તે સુષમસુષમજ, તે ઉત્તમ ઋદ્ધિને-પ્રધાન ઐશ્વર્યને અર્થાત્ ઉચ્ચ આયુષ્ય, કલ્પવૃક્ષે આપેલ ભોગ અને ઉપભોગાદિને પ્રાપ્ત થયા છતાં, તે ભોગો પ્રત્યે અનુભવ કરતા થકા વિચરે છે, પણ સત્તા માત્રથી નહિં, અર્થાત્ વેદે છે અથવા સુષમસુષમ નામના કાલ વિશેષને પામેલા અને ઉત્તમ ઋદ્ધિને અનુભવતા થકા રહે છે. કહ્યું છે કે—

**दोसु वि कुरासु मणुया, तिपल्लपरमाउणो तिकोसुच्चा । पिट्ठिकरंडसयाइं, दो छप्पन्नाइं (तु) मणुयाणं ।।७१।।**

**सुसमसुसमाणुभावं, अणुभवमाणाणऽवच्चगोवणया । अउणापन्नदिणाइं, अट्ठमभत्तस्स आहारो ।।७२।।**

**[बृहत्क्षेत्र० ३०१-३०२]**

દેવકુરુ અને ઉત્તરકુરુ એ બે ક્ષેત્રને વિષે મનુષ્યો ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા [જઘન્યથી પલ્યના અસંખ્ય ભાગ ન્યૂન પણ પલ્યનું આયુષ્ય હોય છે.], ત્રણ કોશ ઊંચા છે. તે મનુષ્યોને **બસેં છપ્પન પાંસળી** હોય છે. સુષમસુષમ અત્યંત સુખને અનુભવે છે, તથા અપત્ય (સંતાન) ની પ્રતિપાલના **ઓગણપચ્ચાશ** દિવસ કરે છે. વળી **અટ્ઠમ ભક્ત આહાર** કરે છે. (૭૧-૭૨) દક્ષિણમાં દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્ર ઉત્તરમાં, તે બન્નેમાં ઉપરોક્ત પ્રમાણે જાણવું.

'जंबू'इत्यादि० 'सुसमं'त्ति० સુષમા-બીજા આરા જેવું સુખ, શેષ તેમજ જાણવું. કહ્યું છે કે—

**हरिवासरम्मएसु, आउपमाणं सरीरउस्सेहो । पलिओवमाणि दोन्नि उ, दोन्नि य कोसा समा भणिया ।।७३।।**

**छट्ठस्स य आहारो, चउसट्ठिदिणाणुपालणा तेसिं । पिट्ठिकरंडाण सयं, अट्ठावीसं मुणेयव्वं ।।७४।।**

**[बृहत्क्षेत्र० २५५-२५६]**

હરિવર્ષ અને રમ્યક્વર્ષ ક્ષેત્રને વિષે બે પલ્યોપમ આયુષ્યનું પ્રમાણ અને શરીરની ઊંચાઈ બે ગાઉની છે. તેઓને **છટ્ઠ ભક્તે આહાર** અને **ચોસઠ દિવસ** પર્યંત અપત્યની પાલના હોય છે, તથા તેઓની **પાંસળીઓ એકસો ને અઠ્યાવીશ** જાણવી. (૭૩-૭૪)

'जंबू'इत्यादि० 'सुसमदुस्समं'त्ति० સુષમદુષ્ષમ નામના ત્રીજા આરાના અનુભાવની ઋદ્ધિ તે સુષમદુષ્ષમઋદ્ધિ, શેષ પૂર્વવત્ જાણવું. કહ્યું છે કે—

**गाउयमुच्चा पलिओवमाउणो वज्जरिसहसंघयणा । हेमवएरन्नवए, अहमिंदणरा मिहुणवासी ।।७५।।**

**चउसट्ठी पिट्ठिकरंडयाण मणुयाण तेसिमाहारो । भत्तस्स चउत्थस्स य, उणसीतिदिणाणुपालणया ।।७६।।**

**[बृहत्क्षेत्र० २५३-२५४]**

હૈમવત અને ઐરણ્યવત ક્ષેત્રને વિષે મનુષ્યો એક ગાઉના ઊંચા, એક પલ્યોપમના આયુષ્યવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, અહમિંદ્ર (સ્વામી-સેવકભાવ સિવાયના) અને યુગલીઆ હોય છે, તે મનુષ્યોને **પાંસળીઓ ચોસઠ** હોય છે, **ચોથ ભક્તે (એકાંતરે) આહાર** હોય છે અને તેઓને **ઓગણ્યાસી દિવસ સુધી** અપત્યની પાલના હોય છે. (૭૫-૭૬)

'जंबू'इत्यादि० 'दूसमसुसमं' त्ति० દુષ્ષમસુષમા એટલે ચોથા આરાનો ભાવ, તેના સંબંધવાળી જે ઋદ્ધિ તે, દુષ્ષમસુષમજ જાણવી. બાકી પૂર્વની માફક જાણવું. કહ્યું છે કે—

**मणुयाण पुव्वकोडी, आउं पंचुस्सिया धणुसयाइं । दूसमसुसमाणुभावं, अणुहोंति णरा नियकालं ।।७७।।**

પૂર્વવિદેહ તથા અપરવિદેહને વિષે મનુષ્યોનું આયુષ્ય ક્રોડપૂર્વનું અને ઊંચાઈ પાંચસો ધનુષ્યની હોય છે. તથા દુષ્ષમસુષમા ચોથા આરા સમાન અનુભાવને મનુષ્યો હમેશાં અનુભવે છે. (૭૭)

'जंबूद्दीवे' इत्यादि० 'छव्विहंपि'त्ति० સુષમસુષમાદિક ઉત્સર્પિણી અવસર્પિણીરૂપ છ આરાનો અનુભવ ભરત,

ઐરવતને વિષે મનુષ્યો અનુભવે છે (૧૮). ॥૮૯॥

અનંતર જંબૂદ્વીપને વિષે કાલલક્ષણ, દ્રવ્યના પર્યાય વિશેષો કહ્યા.

હવે તો જંબૂદ્વીપમાં જ કાલપદાર્થને પ્રગટ કરનાર જ્યોતિષ્કોની બે સ્થાનકના અનુપાત વડે પ્રરૂપણા કરે છે.

**जंबुद्दीवे दीवे दो चंदा पभासिंसु वा पभासंति वा पभासिस्संति वा, दो सूरिआ तविंसु वा तवंति वा तविस्संति वा, दो कत्तियाओ, दो रोहिणीओ, दो मगसिराओ, दो अद्दाओ, एवं भाणियव्वं।**

**(गाथा)-कत्तिय[१] रोहिणि[२] मगसिर[३], अद्दा[४] य पुणव्वसू[५] अ पूसो[६] य।**
**तत्तोऽवि अस्सलेसा[७], महा[८] य दो फग्गुणीओ[९-१०] य ॥१॥**
**हत्थो[११] चित्ता[१२] साई[१३], विसाहा[१४] तहय होंति अणुराहा[१५] ।**
**जेट्ठा[१६] मूलो[१७] पुव्वा[१८] य, असाढा उत्तरा[१९] चेव ॥२॥**
**अभिई[२०], सवण[२१], धणिट्ठा[२२] सयभिसया[२३] दो य होंति भद्दवया[२४-२५] ।**
**रेवति[२६] अस्सिणि[२७] भरणी[२८] नेतव्वा आणुपुव्वीए ॥३॥ एवं गाहाणुसारेणं णेयव्वं जाव दो भरणीओ [१]।**

**दो अग्गी, दो पयावती, दो सोमा, दो रुद्दा, दो अदिती, दो बहस्सती, दो सप्पी, दो पीती, दो भगा, दो अज्जमा, दो सविता, दो तट्ठा, दो वाऊ, दो इंदग्गी, दो मित्ता, दो इंदा, दो निरीती, दो आऊ, दो विस्सा, दो बम्हा, दो विण्हू, दो वसू, दो वरुणा, दो अया, दो विविद्धी, दो पुस्सा, दो अस्सा, दो यमा [२]।**

**दो इंगालगा १, दो वियालगा २, दो लोहितक्खा ३, दो सणिच्चरा ४, दो आहुणिया ५, दो पाहुणिया ६, दो कणा ७, दो कणगा ८, दो कणकणगा ९, दो कणगविताणगा १०, दो कणगसंताणगा ११, दो सोमा १२, दो सहिया १३, दो आसासणा १४, दो कज्जोवगा १५, दो कब्बडगा १६, दो अयकरगा १७, दो दुंदुभगा १८, दो संखा १९, दो संखवन्ना २०, दो संखवन्नाभा २१, दो कंसा २२, दो कंसवन्ना २३, दो कंसवन्नाभा २४, दो रुप्पी २५, दो रुप्पाभासा २६, दो णीला २७, दो णीलोभासा २८, दो भासा २९, दो भासरासी ३०, दो तिला ३१, दो तिलपुप्फवण्णा ३२, दो दगा ३३, दो दगपंचवन्ना ३४, दो काका ३५, दो कक्कंधा [काकंधा] ३६, दो इंदग्गी[1] [वा] ३७, [दो]धूमकेऊ ३८, दो हरी ३९, दो पिंगला ४०, [३], दो बुद्धा ४१, दो सुक्का ४२, दो बहस्सती ४३, दो राहू ४४, दो अगत्थी ४५, दो माणवगा ४६, दो कासा ४७, दो फासा ४८, दो धुरा ४९, दो पमुहा ५०, दो वियडा ५१, दो विसंधी ५२, दो नियल्ला ५३, दो पइल्ला ५४, दो जडियाइल्ला[लगा] ५५, दो अरुणा ५६, दो अग्गिल्ला ५७, दो काला ५८, दो महाकालगा ५९, दो सोत्थिया ६०, दो सोवत्थिया ६१, दो वद्धमाणगा ६२, [दो [2]पूससमाणगा ६३, दो अंकुसा ६४,] दो पलंबा ६५, दो निच्चालोगा ६६, दो णिच्चुज्जोता ६७, दो सयंपभा ६८, दो ओभासा ६९, दो सेयंकरा ७०, दो खेमंकरा ७१, दो आभंकरा ७२, दो पभंकरा ७३, दो अपराजिता ७४, दो अरया ७५, दो असोगा ७६, दो विगतसोगा ७७, दो विमला ७८, दो वितत्ता ७९, दो वितत्था ८०, दो विसाला ८१, दो साला ८२, दो सुव्वता ८३, दो अणियट्टी ८४, दो एगजडी ८५, दो दुजडी ८६, दो करकरिगा ८७, दो रायग्गला ८८, दो पुप्फकेतू ८९, दो भावकेऊ ९०, [४] ॥ सू० ९०॥**

1. સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રના ટીકાકારે આપેલ પાઠમાં 'इंदग्गी' પાઠ છે તે શુદ્ધ જણાય છે.
2. પુષ્પમાણક અને અંકુશ એ બે ગ્રહોના નામ બાબૂવાળી પ્રતિમાં નથી, આ બે ગ્રહોના નામ ગ્રંથાંતરમાં છે એમ ટબ્બામાં લખેલ છે. ૬૩-૬૪ અંકવાળા આ બે ગ્રહોનાં નામો ગ્રહણ કરવાથી બે નામ વધે છે, પરંતુ ગ્રહો તો ૮૮ પ્રસિદ્ધ છે.

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપમાં બે ચંદ્ર પ્રકાશ કરતા હતા, પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે. બે સૂર્ય તપતા હતા, તપે છે અને તપશે. બે કૃત્તિકા, બે રોહિણી, બે મૃગશિર, બે આર્દ્રા એવી રીતે બીજા નક્ષત્રો પણ જાણવા. કૃતિકા ૧, રોહિણી ૨, મૃગશિર ૩, આર્દ્રા ૪, પુનર્વસુ ૫, પુષ્ય ૬, ત્યારપછી અશ્લેષા ૭, મઘા ૮, પૂર્વાફાલ્ગુની ૯, ઉત્તરાફાલ્ગુની ૧૦, હસ્ત ૧૧, ચિત્રા ૧૨, સ્વાતી ૧૩, વિશાખા ૧૪, તેમજ અનુરાધા ૧૫, જેષ્ઠા ૧૬, મૂલ ૧૭, પૂર્વાષાઢા ૧૮, ઉત્તરાષાઢા ૧૯, અભિજિત્ ૨૦, શ્રવણ ૨૧, ધનિષ્ઠ ૨૨, શતભિષા ૨૩, પૂર્વાભાદ્રપદ ૨૪, ઉત્તરાભાદ્રપદ ૨૫, રેવતી ૨૬, અશ્વિની ૨૭ અને ભરણી ૨૮ અનુક્રમે આ નક્ષત્રો જાણવા. એવી રીતે ગાથાના અનુસારે દરેક નક્ષત્રો બબ્બે જાણવા યાવત્ ભરણી પર્યંત (૧), [હવે અઠ્યાવીશ નક્ષત્રોના અધિપતિ દેવોનાં નામ કહે છે]–અગ્નિ, પ્રજાપતિ, સોમ, રુદ્ર, અદીતિ, બૃહસ્પતિ, સર્પ, પિતર્, ભગ, અર્યમા, સવિતા, ત્વષ્ટા, વાયુ, ઇંદ્રાગ્નિ, મિત્ર, ઇંદ્ર, નિર્ઋતી, આપ્, વિશ્વ, બ્રહ્મા, વિષ્ણુ, વસુ, વરુણ, અજ, વિવૃદ્ધિ, પુષા, અશ્વી અને યમ. આ પ્રત્યેક દેવો બબ્બે જાણવા (૨). [હવે અઠ્યાસી ગ્રહોનાં નામ કહે છે]–અંગારક (મંગળ) ૧, વ્યાલક ૨, લોહિતાક્ષ ૩, શનૈશ્ચર ૪, આહુણિક ૫, પ્રાહુણિક ૬, કણ ૭, કનક ૮, કણકનક ૯, કનકવિતાનક ૧૦, કનકસંતાનક ૧૧, સોમ ૧૨, સહિત ૧૩, અશ્વાસન ૧૪, કજ્જોવગા ૧૫, કર્બટ ૧૬, અયસ્કર ૧૭, દુંદુભક ૧૮, શંખ ૧૯, શંખવર્ણ ૨૦, શંખવર્ણાભ ૨૧, કંસ ૨૨, કંસવર્ણ ૨૩, કંસવર્ણાભ ૨૪, રુપી ૨૫, રૌપ્યાભાસ ૨૬, નીલ ૨૭, નીલાભાસ ૨૮, ભસ્મ ૨૯, ભસ્મરાશિ ૩૦, તિલ ૩૧, તિલપુષ્પવર્ણ ૩૨, દક ૩૩, દકપંચવર્ણ ૩૪, કાક ૩૫, કાકંધ ૩૬, ઇંદ્રાગ્નિ ૩૭, ધૂમકેતુ ૩૮, હરિ ૩૯, પિંગલ ૪૦, (૩) બુધ ૪૧, શુક્ર ૪૨, બૃહસ્પતિ ૪૩, રાહુ ૪૪, અગસ્તિ ૪૫, માણવક ૪૬, કાસ ૪૭, સ્પર્શ ૪૮, ધુર ૪૯, પ્રમુખ ૫૦, વિકટ ૫૧, વિસંધિ ૫૨, નિયલ ૫૩, પઇલ ૫૪, ઝટિતાલક ૫૫, અરુણ ૫૬, અગિલ ૫૭, કાલ ૫૮, મહાકાલ ૫૯, સ્વસ્તિક ૬૦, સૌવસ્તિક ૬૧, વર્દ્ધમાન ૬૨, [પુષ્યમાનક ૬૩, અંકુશ ૬૪,] પ્રલંબ ૬૫, નિત્યાલોક ૬૬, નિત્યોદ્યોત ૬૭, સ્વયંપ્રભ ૬૮, અવભાસ ૬૯, શ્રેયંકર ૭૦, ક્ષેમંકર ૭૧, આભંકર ૭૨, પ્રભંકર ૭૩, અપરાજિત ૭૪, અરજ ૭૫, અશોક ૭૬, વિગતશોક ૭૭, વિમલ ૭૮, વિતત ૭૯, વિત્રસ્ત ૮૦, વિશાળ ૮૧, સાલ ૮૨, સુવ્રત ૮૩, અનિવૃત્ત ૮૪, એકજટી ૮૫, દ્વિજટિ ૮૬, કરકરિક ૮૭, રાજગલ ૮૮, પુષ્પકેતુ ૮૯ અને ભાવકેતુ ૯૦—આ સર્વ ગ્રહો બબ્બે જાણવા (૪). ॥૯૦॥*

(ટી૦) **'जंबुद्दीवे'** इत्यादि सूत्रद्वयं, 'पभासिंसु व'त्ति० પ્રકાશ કરતા હતા, પ્રકાશવા યોગ્યને પ્રકાશ કરે છે અને પ્રકાશ કરશે. બન્ને ચંદ્ર સૌમ્ય (શાંત) પ્રકાશવાળા હોવાથી તેઓનું પ્રભાસનપણું કહ્યું અને બન્ને સૂર્યને તીક્ષ્ણ કિરણપણું હોવાથી તપાવતા હતા, એમ જ તપાવે છે અને તપાવશે. આ હેતુથી વસ્તુનું તપવું કહ્યું. આ ત્રણ કાલમાં પ્રકાશના કથન વડે સર્વકાલ પર્યંત ચંદ્રાદિ ભાવોનું અસ્તિપણું કહ્યું, આ કારણથી જ કહેવાય છે—'न कदाचिदनीदृशं जगदि'त्ति० ક્યારે પણ આના જેવું જગત ન હતું એમ નહિ (પણ હમેશાં છે,) અથવા વિદ્યમાન જગતનો કર્ત્તા છે એમ કલ્પના કરવી તે યોગ્ય નથી, કારણ કે તેને માટે પ્રમાણ નથી. **શંકા**—સન્નિવેશ વિશેષવાળું જે દ્રવ્ય તે કારણપૂર્વક બુદ્ધિમાન્ પુરુષ વડે ઘડાની જેમ જોવાયેલ છે, તે સન્નિવેશ વિશેષવાળા પૃથ્વી, પર્વત વગેરે છે. જે બુદ્ધિમાન્ છે તે આ ઈશ્વર જગતનો કર્ત્તા છે. **સમાધાન**—એમ નથી. સન્નિવેશ-વિશેષવાળો વલ્મીક (રાફડો) છતે પણ તેમાં બુદ્ધિમાન પુરુષના કારણપણાનું જોવાપણું (અર્થાત્ જગતનો કર્ત્તા ઈશ્વર નથી પણ સ્વાભાવિક છે) નથી. અહિં ઘણું કહેવા યોગ્ય છે તે સ્થાનાંતરથી (ગ્રંથાંતરથી) જાણી લેવું. ચંદ્રની બે સંખ્યા હોવાથી તેના પરિવારનું પણ દ્વિત્વપણું કહે છે. 'दो कत्तिए' આદિ સૂત્રથી 'दो भावेकऊ' એ છેલ્લા સૂત્ર પર્યંત કહેલ છે. આનો અર્થ સુગમ છે. વિશેષ એ છે કે—બે કૃતિકા છે તે નક્ષત્રની અપેક્ષાએ જાણવું, પણ તારાની અપેક્ષાએ નહિં. એવી રીતે સર્વત્ર સમજી લેવું. 'कत्तिए' त्यादि० ત્રણ ગાથા વડે નક્ષત્ર સૂત્રનો સંગ્રહ છે. કૃતિકાદિ અઠ્યાવીશ નક્ષત્રના અનુક્રમે અગ્નિ વગેરે અઠ્યાવીશ દેવો હોય છે, તે કહે છે—બે અગ્નિ ૧, એવી રીતે પ્રજાપતિ ૨, સોમ ૩, રુદ્ર ૪, અદિતિ ૫, બૃહસ્પતિ ૬, સર્પ

૭, પિતર્ ૮, ભગ ૯, અર્યમા ૧૦, સવિતા ૧૧, ત્વષ્ટા ૧૨, વાયુ ૧૩, ઇંદ્રાગ્નિ ૧૪, મિત્ર ૧૫, ઇંદ્ર ૧૬, નિર્ઋતિ ૧૭, આપ ૧૮, વિશ્વ ૧૯, બ્રહ્મા ૨૦, વિષ્ણુ ૨૧, વસુ ૨૨, વરુણ ૨૩, અજ ૨૪, વિવૃદ્ધિ ૨૫, (ગ્રંથાંતરમાં અહિર્બુધ્ન છે.) પૂષા ૨૬, અશ્વી ૨૭, યમ ૨૮. ગ્રંથાંતરમાં વળી અશ્વિની નક્ષત્રથી આરંભીને રેવતી નક્ષત્ર સુધી દેવતાઓના નામ આ પ્રમાણે છે—૧ અશ્વી[1], ૨ યમ, ૩ દહન, ૪ કમલજ, ૫ શશી, ૬ શૂલભૃત્, ૭ અદીતિ, ૮ જીવ, ૯ ફણી, ૧૦ પિતર્, ૧૧ યોનિ, ૧૨ અર્યમા, ૧૩ દિનકૃત, ૧૪ ત્વષ્ટ્ર, ૧૫ પવન, ૧૬ શક્રાગ્નિ, ૧૭ મિત્ર, ૧૮ ઐંદ્ર, ૧૯ નિર્ઋતિ, ૨૦ તોય, ૨૧ વિશ્વ, ૨૨ બ્રહ્મા, ૨૩ હરિ, ૨૪ બુધ, ૨૫ વરુણ, ૨૬ અજપાદ, ૨૭ અહિર્બુધ્ન અને ૨૮ પુષા એમ જાણવા.[वाराही० बृहत्संहिता ९७/४-५] અંગારક વગેરે અઠ્યાસી ગ્રહો સૂત્રમાં કહેલા તે કેવલ અમારા વડે જોવાયેલ કેટલાએક પુસ્તકોમાં યથોક્ત સંખ્યા મળતી છે. અહિં સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રને અનુસારે આ સંખ્યા મેળવવી જોઈએ. આ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિનું સૂત્ર છે—'**तत्थ खलु इमे अट्ठासीई महागहा पन्नत्ता, तं जहा—१, इंगालए, २ वियालए (यावत्[2]) ८८ भावकेऊ**'—સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્રના આ પાઠનો મતલબ સંગ્રહણીની નીચેની ગાથાઓમાં કહેલ છે, તે આ પ્રમાણે—

**इंगालए १ वियालए २, लोहियक्खे ३ सणिच्छरे ४ चेव ।**
**आहुणिए ५ पाहुणिए ६, कणगसनामा उ पंचेव ११ ।।७८।।**
**सोमे १ सहिए २ आसासणे य ३ कज्जोवए य ४ कब्बडए ५।**
**अयकरए ६ दुंदुहए ७, संखसनामाओ तिन्नेव १०(२१) ।।७९।।**
**तिन्नेव कंसनामा ३, नीला ५ रुप्पी य ७ होंति चत्तारि ।**
**भास १ तिलपुप्फवन्ने ११ [दगे य] दग पण [पंच] वण्णे य १३ काय काकंधे १५ (३६)।।८०।।**
**इंदग्गि १ धूमकेऊ २, हरि ३ पिंगलए ४ बुहे य ५ सुक्के य ६ ।**
**बहस्सइ ७ राहु ८ अगत्थी ९, माणवए १० कास ११ फासे य १२ (४८) ।।८१।।**
**धूरे[धूर] १ पमुहे २ वियडे [वियड] ३, विसंधि-णियल्ले ४-५ तहा पयल्ले य ६ ।**
**जडियाइलए ७ अरुणे ८, अग्गिल ९ काले १० महाकाले ११ (५९) ।।८२।।**
**सोत्थिय १ सोवत्थिय[ए] २, वद्धमाणगे ३ तहा पलंबे य ४ ।**
**निच्चालोए ५ णिच्चुज्जोए ६ सयंपभे ७ चेव ओभासे ८ (६७) ।।८३।।**
**सेयंकर १ खेमंकर २, आभंकर ३ पभंकरे य ४ बोद्धव्वे ।**
**अरए ५ विरए य ६ तहा, असोग ७ तह वीयसोगे य ८ (७५) ।।८४।।**
**विमल १ वितत्त २ वितत्थे ३, विसाल ४ तह साल ५ सुव्वए ६ चेव ।**
**अनियट्टी ७ एगजडी ८ य होइ बिजडी य ९ बोद्धव्वे (८४) ।।८५।।**
**करकरए १ रायग्गल २, बोद्धव्वे पुप्फ ३ भावकेऊ य ४ । (८८)**
**अट्ठासीई गहा खलु, णेयव्वा आणुपुव्वीए ।।८६।।**

આ ગાથાઓનો અર્થ મૂલસૂત્રના અનુવાદ પ્રમાણે જાણી લેવો. હવે જંબૂદ્વીપના અધિકારથી બીજું વર્ણન કરે છે—

**जंबूद्दीवस्स णं दीवस्स वेइआ दो गाउयाइं उड्ढं उच्चत्तेणं पन्नत्ता ।**

**लवणे णं समुद्दे दो जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पन्नत्ते । लवणस्स णं समुद्दस्स वेतिया दो**

1. અહિઆ ક્રમમાં ફરક છે પણ નામ એક જ છે. સોમને બદલે શશી છે ઇત્યાદિ એકાર્થવાચક છે. ફક્ત ૨૭મો અહિર્બુધ્ન નામનો ફરક છે. 2. ટીકામાં સૂર્યપ્રજ્ઞપ્તિનો પાઠ આપેલ છે તે સંક્ષિપ્ત કરીને લખેલ છે, કારણ કે એ જ પાઠમાં કહેલ ગ્રહોના નામો સંગ્રહણીની નવ ગાથામાં કહેલ છે.

गाउयाइ उड्ढं उच्चत्तेणं पन्नत्ता ।। सू० ९१।।

धायइसंडे दीवे पुरच्छिमद्धे णं मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो वासा पन्नत्ता बहुसमतुल्ला जाव भरहे चेव एरवए चेव, एवं जहा जंबुद्दीवे तहा एत्थ वि भाणियव्वं जाव दोसु वासेसु मणुया छव्विहं पि कालं पच्चणुभवमाणा विहरंति, तंजहा भरहे चेव एरवते चेव। णवरं कूडसामली चेव धायइरुक्खे चेव, देवा गरुले चेव वेणुदेवे, सुदंसणे चेव (१)।

धाततीसंडदीवपच्चच्छिमद्धे [णं] मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो वासा पन्नत्ता बहुसमतुल्ला जाव भरहे चेव एरवए चेव जाव छव्विहं पि कालं पच्चणुभवमाणा विहरंति [तंजहा–] भरहे चेव एरवए चेव, णवरं कूडसामली चेव महाधायतीरुक्खे चेव, देवा गरुले चेव वेणुदेवे पियदंसणे चेव।

धायइसंडे णं दीवे दो भरहाइं, दो एरवयाइं, दो हेमवयाइं, दो हेरन्नवयाइं, दो हरिवासाइं, दो रम्मगवासाइं, दो पुव्वविदेहाइं, दो अवरविदेहाइं, दो देवकुराओ, दो देवकुरुमहदुमा, दो देवकुरुमहदुमवासी देवा, दो उत्तरकुराओ, दो उत्तरकुरुमहद्दुमा, दो उत्तरकुरुमहद्दुमवासी देवा (२)।

दो चुल्लहिमवंता, दो महाहिमवंता, दो निसहा, दो नीलवंता, दो रुप्पी, दो सिहरी, दो सद्दावती, दो सद्दावतिवासी, साती देवा, दो वियडावती, दो वियडावतिवासी पभासा देवा, दो गंधावती, दो गंधावतिवासी अरुणा देवा, दो मालवंतपरियागा, दो मालवंतपरियागवासी पउमा देवा।

दो मालवंता, दो चित्तकूडा, दो पम्हकूडा, दो नलिणकूडा, दो एगसेला, दो तिकूडा, दो वेसमणकूडा, दो अंजणा, दो मातंजणा, दो सोमणसा, दो विज्जुप्पभा, दो अंकावती, दो पम्हावती, दो आसीविसा, दो सुहावहा, दो चंदपव्वता, दो सूरपव्वता, दो णागपव्वता, दो देवपव्वया, दो गंधमायणा, दो उसुगारपव्वया (३), दो चुल्लहिमवंतकूडा, दो वेसमणकूडा, दो महाहिमवंतकूडा, दो वेरुलियकूडा, दो निसहकूडा, दो रुयगकूडा, दो नीलवंतकूडा, दो उवदंसणकूडा, दो रुप्पिकूडा, दो मणिकंचणकूडा, दो सिहरिकूडा, दो तिगिच्छिकूडा।

दो पउमद्दहा, दो पउमद्दहवासिणीओ सिरीदेवीओ, दो महापउमद्दहा दो महापउमद्दहवासिणीओ हिरी [तो] देवीओ, एवं जाव दो पुंडरीयद्दहा, दो पोंडरीयद्दहवासिणीओ लच्छीओ देवीओ।

दो गंगापवायदहा, जाव दो रत्तावतिप्पवातद्दहा (४), दो रोहियाओ, जाव दो रुप्पकूलातो, दो गाहवतीओ, दो दहवतीओ, दो पंकवतीओ, दो तत्तजलाओ, दो मत्तजलाओ, दो उम्मत्तजलाओ, दो खीरोयाओ [खारोयाओ], दो सीहसोताओ, दो अंतोवाहिणीओ, दो उम्मिमालिणीओ, दो फेणमालिणीओ, दो गंभीरमालिणीओ।

दो कच्छा, दो सुकच्छा, दो महाकच्छा, दो कच्छगावती, दो आवत्ता, दो मं[णं]गलावत्ता, दो पुक्खला, दो पुक्खलावई, दो वच्छा, दो सुवच्छा, दो महावच्छा, दो वच्छगावती, दो रम्मा, दो रम्मगा, दो रमणिज्जा, दो मंगलावती, दो पम्हा, दो सुपम्हा, दो महापम्हा, दो पम्हगावती, दो संखा, दो णलिणा, दो कुमुया, दो सलिलावती (णलिणावती), दो वप्पा, दो सुवप्पा, दो महावप्पा, दो वप्पगावती, दो वग्गू, दो सुवग्गू, दो गंधिला, दो गंधिलावती ३२ (५)।

दो खेमाओ, दो खेमपुरीओ, दो रिड्ढाओ, दो रिड्ढपुरा[री]ओ, दो खग्गीतो, दो मंजुसाओ, दो ओसधीओ, दो पोंडरिगिणीओ, दो सुसीमाओ, दो कुंडलाओ, दो अपराजियाओ, दो पभंकराओ, दो अंकावईओ, दो

पम्हावईओ, दो सुभाओ, दो रयणसंचयाओ, दो आसपुराओ, दो सीहपुराओ, दो महापुराओ, दो विजयपुराओ, दो अप[व]राजिताओ, दो अवराओ [अरयाओ], दो असोयाओ, दो विगयसोयाओ, दो विजयातो, दो वेजयंतीओ, दो जयंतीओ, दो अपराजियाओ, दो चक्कपुराओ, दो खग्गपुराओ, दो अवज्झाओ, दो अउज्झाओ ३२ (६)।

दो भद्दसालवणा, दो णंदणवणा, दो सोमणसवणा, दो पंडगवणाइं, दो पंडुकंबलसिलाओ, दो अतिपंडुकंबलसिलाओ, दो रत्तकंबलसिलाओ, दो अइरत्तकंबलसिलाओ, दो मंदरा, दो मंदरचूलिताओ। धायतिसंडस्स णं दीवस्स वेदिया दो गाउयाइं उड्ढमुच्चत्तेणं पन्नत्ता ॥ सू० ९२॥

कालोदस्स णं समुद्दस्स वेइया दो गाउयाइं उड्ढं उच्चत्तेणं पन्नत्ता ।

पुक्खरवरदीवड्ढपुरच्छिमद्धेणं मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो वासा पन्नत्ता बहुसमतुल्ला जाव भरहे चेव एरवए चेव, तहेव जाव दो कुराओ पन्नत्ताओ० देवकुरा चेव उत्तरकुरा चेव, तत्थ णं दो महतिमहालता महद्दुमा पन्नत्ता, तंजहा—कूडसामली चेव पउमरुक्खे चेव, देवा गरुले चेव वेणुदेवे चेव पउमे चेव, जाव छव्विहं पि कालं पच्चणुभवमाणा विहरंति। पुक्खरवरदीवड्ढ-पच्चच्छिमद्धे णं मंदरस्स पव्वयस्स उत्तरदाहिणेणं दो वासा पन्नत्ता, [तंजहा]—तहेव नाणत्तं कूडसामली चेव महापउमरुक्खे चेव, देवा गरुले चेव वेणुदेवे पुंडरीए चेव। पुक्खरवरदीवड्ढे णं दीवे दो भरहाइं, दो एरवयाइं, जाव दो मंदरा दो मंदरचूलियाओ। पुक्खरवरस्स णं दीवस्स वेइया दो गाउयाइं उड्ढमुच्चत्तेणं पन्नत्ता। सव्वेसिं पि णं दीवसमुद्दाणं वेदियाओ दो गाउयाइं उड्ढमुच्चत्तेणं पण्णत्ताओ (२) ॥ सू० ९३॥

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપની વેદિકા બે ગાઉ ઊંચી કહેલી છે. લવણસમુદ્ર, ચક્રવાલવિષ્કંભ (ગોળની પહોળાઈ) વડે બે લાખ યોજનનો છે. લવણસમુદ્રની વેદિકા બે ગાઉ ઊંચી કહેલ છે. ॥૯૧॥*

*ધાતકીખંડ નામના દ્વીપના પૂર્વાર્ધમાં મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે ક્ષેત્ર કહ્યા છે. તે બહુસમતુલ્ય છે યાવત્ ભરત અને ઐરવત ક્ષેત્ર, જેમ જંબૂદ્વીપના ભરત તથા ઐરવતનું વર્ણન કર્યું છે તેમ અહિં પણ એવી જ રીતે જાણવું, યાવત્ બન્ને ક્ષેત્રમાં મનુષ્યો, છ પ્રકારના કાલના (છ આરાના) અનુભાવને અનુભવતા થકા વિચરે છે. તે આ ભરત અને ઐરવત ક્ષેત્રમાં વિશેષ એ કે—કૂટશાલ્મલી અને ધાતકી વૃક્ષ છે. બે ગરુલ (સુવર્ણકુમાર જાતીય) દેવ છે ને તેમનાં નામ વેણુ અને સુદર્શન છે (૧).*

*ધાતકીખંડ દ્વીપના પશ્ચિમાર્દ્ધમાં મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે ક્ષેત્ર કહ્યા છે, તે બહુસમતુલ્ય છે, યાવત્ ભરત અને ઐરવત ક્ષેત્ર, યાવત્ છ પ્રકારના કાલના અનુભાવને અનુભવતા થકા વિચરે છે. તે ભરત અને ઐરવત ક્ષેત્રમાં એટલું વિશેષ છે કે—કૂટશાલ્મલી અને મહાધાતકી નામે વૃક્ષ છે. સુવર્ણકુમારજાતીય વેણુદેવ અને પ્રિયદર્શન નામના દેવો છે. ધાતકીખંડ નામના દ્વીપને વિષે, ભરત, ઐરવત, હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, પૂર્વવિદેહ, અપરવિદેહ, દેવકુરુ, ઉત્તરકુરુ, દેવકુરુના મહાવૃક્ષો, દેવકુરુના મહાવૃક્ષના વાસી દેવો, ઉત્તરકુરુ, ઉત્તરકુરુના મહાવૃક્ષો અને ઉત્તરકુરુના મહાવૃક્ષવાસી દેવો, એ દરેક બબ્બે જાણી લેવા (૨).*

*ચુલ્લહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવાન, રુક્મી, શિખરી, શબ્દાપાતી, શબ્દાપાતી (વૃત્તવૈતાઢ્ય)ના વસનારા સ્વાતીદેવ, વિકટપાતી, વિકટાપાતી (વૃત્તવૈતાઢ્ય)ના વાસી પ્રભાસદેવ, ગંધાપાતી, ગંધાપાતી (વૃત્તવૈતાઢ્ય)ના વાસી અરુણદેવ, માલવંતપર્યાય, માલવંતપર્યાય(વૃત્તવૈતાઢ્ય)ના વાસી પદ્મદેવ, માલવંત (ગજદંત પર્વત), ચિત્રકૂટ*

(વખારાપર્વત), ષધ્મકૂટ, નલીનકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજનપર્વત, માતંજન, સૌમનસ (ગજદંત), વિદ્યુત્પ્રભ, અંકાવતી, પદ્માવતી, આશિ:વિષા, સુખાવહ, ચંદ્રપર્વત, સૂર્યપર્વત, નાગપર્વત, દેવપર્વત, ગંધમાદન અને ઇષુકારપર્વત આ દરેક બબ્બે કહેવા (૩).

ચુલ્લહિમવંતકૂટ, વૈશ્રમણકૂટ, મહાહિમવંતકૂટ, વૈડૂર્યકૂટ, નિષધકૂટ, રુચકકૂટ, નીલવંતકૂટ, ઉપદર્શનકૂટ, રુક્મીકૂટ, મણિકંચનકૂટ, શિખરીકૂટ, તિગિચ્છીકૂટ, પદ્મદ્રહ, પદ્મદ્રહમાં વસનારી શ્રીદેવીઓ, મહાપદ્મદ્રહ, મહાપદ્મદ્રહમાં વસનારી હ્રી દેવીઓ, એવી રીતે યાવત્ પુંડરીકદ્રહ, પૌંડરીકદ્રહમાં વસનારી લક્ષ્મીદેવીઓ, ગંગાપ્રપાતદ્રહ યાવત્ રક્તવતીપ્રપાતદ્રહ, એ દરેક બબ્બે છે (૪).

બે રોહિતા યાવત્ બે રુપ્યકૂલા છે. ગ્રાહવતી, દ્રહવતી, પંકવતી, તમજલા, મત્તજલા, ઉન્મત્તજલા, ક્ષીરોદા, સિંહશ્રોતા, અંતર્વાહિની, ઊર્મિમાલિની, ફેનમાલિની, ગંભીરમાલિની એ દરેક બબ્બે નદીઓ છે. કચ્છ ૧, સુકચ્છ ૨, મહાકચ્છ ૩, કચ્છાવતી ૪, આવર્ત ૫, મંગલાવર્ત ૬, પુષ્કલ ૭, પુષ્કલાવતી ૮, વત્સ ૯, સુવત્સ ૧૦, મહાવત્સ ૧૧, વત્સાવતી ૧૨, રમ્ય ૧૩, રમ્યક્ ૧૪, રમણીય ૧૫, મંગલાવતી ૧૬, પક્ષ્મ[1] ૧૭, સૂપક્ષ્મ ૧૮, મહાપક્ષ્મ ૧૯, પક્ષ્માવતી ૨૦, શંખ ૨૧, નલિન ૨૨, કુમુદ ૨૩, સલિલાવતી [નલિનાવતી] ૨૪, વપ્ર ૨૫, સુવપ્ર ૨૬, મહાવપ્ર ૨૭, વપ્રાવતી ૨૮, વલ્ગુ ૨૯, સુવલ્ગુ ૩૦, ગંધિલ ૩૧ અને ગંધિલાવતી ૩૨ એ વિજયો દરેક બબ્બે છે (૫).

ક્ષેમા ૧, ક્ષેમપુરી ૨, રિષ્ટ ૩, રિષ્ટપુરી ૪, ખડ્ગી ૫, મંજૂષા ૬, ઔષધિ ૭, પુંડરીકિણી ૮, સુસીમા ૯, કુંડલા ૧૦, અપરાજિતા ૧૧, પ્રભંકરા ૧૨, અંકાવતી ૧૩, પક્ષ્મવતી ૧૪, શુભા ૧૫, રત્નસંચયા ૧૬, અશ્વપુરી ૧૭, સિંહપુરી ૧૮, મહાપુરી ૧૯, વિજયપુરી ૨૦, અપરાજિતા ૨૧, અપરા ૨૨, અશોકા ૨૩, વિગતશોકા ૨૪, વિજયા ૨૫, વૈજયંતી ૨૬, જયંતી ૨૭, અપરાજિતા ૨૮, ચક્રપુરી ૨૯, ખડ્ગપુરી ૩૦, અવંધ્યા ૩૧ અને અયોધ્યા ૩૨–આ બત્રીશ વિજયોની ક્રમશઃ બબ્બે રાજધાનીઓ છે (૬).

બે ભદ્રશાલવન, બે નંદનવન, બે સોમનસવન અને બે પાંડુકવન છે. બે પાંડુકંબલશિલા, બે અતિપાંડુકંબલશિલા, બે રક્તકંબલશિલા અને બે અતિરક્તકંબલશિલા છે, બે મેરુપર્વત છે, મેરુપર્વતની બે ચૂલિકા છે. ધાતકીખંડ નામના દ્વીપની વેદિકા બે ગાઉ ઊંચી કહેલી છે (૭). ॥૯૨॥

કાલોદધિ સમુદ્રની વેદિકા બે ગાઊની ઊંચી કહેલી છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વાર્દ્ધને વિષે મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે ક્ષેત્ર કહેલા છે. તે બહુસમતુલ્ય યાવત્ ભરત અને ઐરવત, તેમજ યાવત્ બે કુરુક્ષેત્ર કહ્યા છે તે દેવકુરુ અને ઉત્તરકુરુ નામના છે. તે બે કુરુક્ષેત્રમાં અતિશય શોભાવાળા બે મહાન્ વૃક્ષો કહ્યા છે તેના નામ– કૂટશાલ્મલી અને પદ્મવૃક્ષ. તે વૃક્ષોના અધિષ્ઠાતા બે દેવો સુપર્ણકુમાર જાતીય વેણુદેવ અને પદ્મ નામના છે. યાવત્ ત્યાં સુધી જાણી લેવું કે છ પ્રકારના કાલને એટલે છ આરાના અનુભાવને ભોગવતા થકા ત્યાંનાં મનુષ્યો (ભરત તથા ઐરવતમાં) વિચરે છે (૧).

પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધને વિષે મેરુપર્વતની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે ક્ષેત્ર કહ્યા છે તે આ પ્રમાણે—પૂર્વની માફક જાણી લેવું. વિશેષ એ કહે છે—વૃક્ષો કૂટશાલ્મલી અને મહાપદ્મ નામના છે. દેવો (તેના અધિપતિ) સુવર્ણકુમારજાતીય વેણુદેવ અને પુંડરીક નામના છે. પુષ્કરવરદ્વીપાર્દ્ધ દ્વીપને વિષે બે ભરત, બે ઐરવત યાવત્ બે મેરુ અને બે મેરુપર્વતની ચૂલિકા છે. પુષ્કરવરદ્વીપની વેદિકા બે ગાઉની ઊંચી કહી છે. (એવી રીતે) બધા ય દ્વીપ તથા સમુદ્રોની પણ વેદિકાઓ બે ગાઉની ઊંચી કહેલી છે (૨). ॥૯૩॥

1. પમ્હ-'પદ્મ' અર્થ બાબૂવાળી પ્રતમાં છે.

(टी०) 'जंबू' इत्यादि० सूत्र सुगम छे. विशेष कहे छे के—जंबूद्वीपरूप नगरने फरता कोट (गढ)नी जेवी जगती छे, ते वज्र (मणि)मय छे, आठ योजननी ऊंची, उपर चार योजननी पहोळी अने नीचे (मूलमां) बार योजननी पहोळी छे. ते जगती बे गाउ ऊंचा, पांचसो धनुष्य पहोळा अने विविध रत्नमजाल[1] कटक वडे घेरायेली छे. ते जगती उपर जे वेदिका छे तेने पद्मवरवेदिका कहे छे. ते बे गाउनी ऊंची अने पांचसो धनुष्यनी विस्तारवाळी छे. ते गवाक्ष अने सुवर्णनी घुघरीवाळी घंटा सहित, देवोने बेसवुं, सूवुं, मोहित थवुं वगेरे क्रीडाना स्थानरूप तथा बे पडखे वनखंड (बगीचा) वाळी छे. जंबूद्वीपना वर्णन पछी लवणसमुद्रनी वक्तव्यता कहे छे—'लवणे ण'मित्यादि० आ सुगम छे. विशेष ए के—चक्रवाल–गोळनुं पहोळाईपणुं ते चक्रवालविष्कंभ जाणवुं. लवणसमुद्रनी वेदिकानुं सूत्र जंबूद्वीपनी वेदिकाना सूत्रनी जेम कहेवुं. ॥९१॥

क्षेत्रना प्रसंगथी लवणसमुद्रनी वक्तव्यता पछी धातकी खंडनी वक्तव्यता 'धायइ संडे दीवे' वगेरे सूत्रथी आरंभीने वेदिका सूत्र पर्यंत कहे छे ते सुगम छे. विशेष ए के—धातकी खंडनुं प्रकरण पण, जंबूद्वीप अने लवणसमुद्र छे मध्यमां जेने एवा वलय (चूडी) आकारे धातकीखंडने आलेखी (चीत्रीने) जंबूद्वीपनी माफक हिमवान आदि वर्षधरपर्वतोने उभयथी–पूर्व तथा पश्चिम विभाग वडे भरत अने हैमवत वगेरे क्षेत्रोने स्थापीने पूर्व अने पश्चिम दिशामां वलयनी पहोळाईना मध्यमां [2]मेरुपर्वतनी कल्पना करीने जाणवुं. ए क्रम वडे पुष्करवद्वीपार्द्ध पण जाणवो. जेमां धातकी वृक्ष विशेषोनो खंड–वनसमूह ते धातकीखंड अने तेथी युक्त जे द्वीप ते धातकीखंडद्वीप कहेवाय छे. जेम दंडना योगथी दंडी कहेवाय छे ते कारणथी धातकीखंड एवो जे द्वीप ते धातकीखंड द्वीप छे. तेनो जे पूर्व अर्धविभाग ते धातकीखंडद्वीपपूर्वार्द्ध छे. पूर्व अने अपर—अर्द्धता तो लवणसमुद्रनी वेदिकाथी दक्षिण अने उत्तरनी यावत् धातकीखंडनी वेदिका सुधी गयेला (पहोंचेला) ईषुकार पर्वतो वडे धातकीखंडनुं विभक्तपणुं (विभागपणुं) होवाथी कह्युं छे के—

**पंचसयजोयणुच्चा, सहस्समेगं च होंति विच्छिन्ना । कालो[ला]यणलवणजले, पुट्ठा ते दाहिणुत्तरओ ॥८७॥**

**दो उसुयारनगवरा, धायइसंडस्स मज्झयारठिया । तेहि दुहा णिद्दिस्सइ, पुव्वद्धं पच्छिमद्धं च ॥८८॥**

[बृहत्क्षेत्र० ३/४-५ इति]

पांचसो योजन ऊंचा, एक हजार योजन पहोळा तथा दक्षिण अने उत्तरथी कालोदधि समुद्र अने लवणसमुद्रने स्पर्शीने रहेला, अर्थात् कालोदधि समुद्र अने लवणसमुद्र पर्यंत लांबा एवा बे श्रेष्ठ ईषुकार पर्वतो धातकीखंडना मध्यमां रहेला छे. ते बे ईषुकार पर्वत वडे पूर्वार्द्ध अने पश्चिमार्द्ध एवा बे विभाग धातकीखंडना कहेवायेल छे. (८७-८८)

त्यां 'णं' शब्द वाक्यालंकार तरीके वपरायेल छे. मंदरस्य—मेरुना, एवी रीते धातकीखंडना दरेक पूर्वार्द्ध अने पश्चिमार्द्धना प्रकरणमां ओगणोतेर सूत्र प्रमाणने जंबूद्वीपना प्रकरणनी माफक कहेवुं अने व्याख्यान करवुं. आ ज कारणथी कहे छे 'एवं जहा जंबूद्दीवे तहे' इत्यादि० विशेष ए के—वर्षधर आदिनुं स्वरूप—लंबाई वगेरेनी समानता आ प्रमाणे विचारवी.

**पुव्वद्धस्स च मज्झे, मेरू पुण तस्स दाहिणुत्तरओ । वासाइं तिन्नि तिन्नि [वि], विदेहवासं च मज्झंमि ॥८९॥**

**अरविवरसंठियाइं, चउरो लक्खाइं ताइं खेत्ताइं (दीर्घतया) । अंतो संखित्ताइं, रुंदतराइं कमेण पुणो ॥९०॥**

[बृहत्क्षेत्र० ३/६-७]

**भरहे मुहविक्खंभो, छावट्ठिसयाइं चोद्दसहियाइं ।**
**अउणत्तीसं च सयं, बारसहियदुसयभागाणं ॥९१॥** [बृहत्क्षेत्र० ३/१३] [६६१४ १२९/२१२]

**अट्ठारस य सहस्सा, पंचेव सया हवंति सीयाला ।**
**पणपण्णं अंससयं, बाहिरओ भरहविक्खंभो ॥९२॥** [बृहत्क्षेत्र० ३/२६] [१८५४७ १५५/२१२]

1. जाळीवाळो गोख. 2. मेरुपर्वत पूर्व दिशामां अने बीजो पश्चिममां होय छे.

ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધના મધ્યભાગે પ્રત્યેકમાં એકેક મેરુ છે, તે એકેક મેરુની દક્ષિણ અને ઉત્તરદિશાએ ત્રણ ત્રણ ક્ષેત્રો છે અને મધ્યભાગમાં મહાવિદેહ ક્ષેત્ર છે. અર—ચક્ર (પૈડા)ના આરા, તેના વિવર (મધ્ય)ના આકારે ભરતાદિક્ષેત્રો રહેલા છે, તે આ પ્રમાણે—ચક્રનાભિસ્થાને જંબૂદ્વીપ અને લવણસમુદ્ર છે, આરાને સ્થાને વર્ષધર પર્વતો રહેલ છે અને આરાના આંતરાને સ્થાને વર્ષધરપર્વતોની વચ્ચમાં આવેલા ક્ષેત્રો છે. તે દરેક ક્ષેત્રો ચાર ચાર લાખ યોજનના લાંબા છે, અંતમાં (લવણસમુદ્રની દિશામાં) પહોળાઈને લઈને સાંકડા છે તે ફરી ક્રમથી પહોળાઈમાં વૃદ્ધિ પામતા રહેલા છે. ભરત ક્ષેત્રમાં અંદરની[1] પહોળાઈ છ હજાર, છસૌ ચૌદ યોજન અને ૧૨૯/૨૧૨ બસો ને બારીઆ એકસો ઓગણત્રીશ ભાગ અધિક છે. ભરતની બાહેરની[2] પહોળાઈ અઢાર હજાર, પાંચસો સુડતાળીસ યોજન અને ૧૫૫/૨૧૨ એકસો પંચાવન, બસો ને બારીઆ ભાગ અધિક છે. (૮૯-૯૨)

**चउगुणियभरहवासो [व्यास इत्यर्थः], हेमवए तं चउग्गुणं तइयं ।**
**हरिवासं [हरिवर्षमित्यर्थः] चउगुणियं, महाविदेहस्स विक्खंभो ॥९३॥**
**जह विक्खंभो दाहिण-दिसाए तह उत्तरेऽवि वासतिए ।**
**जह पूव्वद्धे सत्त उ, तह अवरद्धेऽवि वासाइं ॥९४॥ [बृहत्क्षेत्र० ३/३०-३१]**

ભરતક્ષેત્રના અંદરના ભાગમાં અને બાહરના ભાગમાં જે વ્યાસ-પહોળાઈ છે તેને ચારગુણી કરવાથી હૈમવંત ક્ષેત્રની ક્રમથી અંદર અને બાહરના ભાગની પહોળાઈ થાય. હૈમવત ક્ષેત્રના વ્યાસને ચતુર્ગુણિત કરવાથી હરિવર્ષક્ષેત્રનો વ્યાસ થાય અને હરિવર્ષક્ષેત્રના વ્યાસને ચતુર્ગુણિત કરવાથી મહાવિદેહ ક્ષેત્રનો વ્યાસ (પહોળાઈ) થાય. જેમ દક્ષિણ દિશાના ભરતાદિ ત્રણ ક્ષેત્રનો વ્યાસ કહ્યો[3] તેમ જ ઉત્તરદિશાના ઐરવતાદિ ત્રણ ક્ષેત્રનો વ્યાસ ક્રમશઃ જાણવો. જેવી રીતે પૂર્વાર્દ્ધ ધાતકીખંડના સાત ક્ષેત્રનો વ્યાસ કહ્યો તેવી રીતે પશ્ચિમાર્દ્ધ ધાતકીખંડના સાત ક્ષેત્રોનો વ્યાસ પણ એમ જ જાણવો. (૯૩-૯૪)

**सत्ताणउई सहस्सा, सत्ताणउयाइं अट्ठ य सयाइं ।**
**तिन्नेव य लक्खाइं, कुरूण भागा य बाणउई ॥९५॥ [विष्कम्भ इति] [बृहत्क्षेत्र० ३/४३] ३९७८९७ ९२/२१२**
**अडवण्णसयं तेवीस, सहस्सा दो य लक्ख जीवाओ । दोण्ह गिरीणायामो, संखित्तो तं धणू कुरूणं ॥९६॥**
**[बृहत्क्षेत्र० ३/४८]**

દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રનો વિષ્કંભ (પહોળાઈ) ત્રણ લાખ, સતાણુ હજાર, આઠસો સતાણુ યોજન અને ઉપર બસો બારીઆ બાણુ ભાગ છે. બે લાખ, ત્રેવીસ હજાર, એકસો અઠાવન યોજન બન્ને કુરુક્ષેત્રની 'જીવા' છે. તે જીવામાં બે ગજદંત આકૃતિવાળા પર્વતોની લંબાઈ એકત્ર કરવાથી જે પરિમાણ થાય તે પરિમાણવાળું કુરુક્ષેત્રોનું ધનુપૃષ્ઠ જાણવું. (૯૫-૯૬)

**वासहरगिरी १२ वक्खारपव्वया ३२ पूव्वपच्छिमद्धेसु । जंबुद्दीवगदुगुणा, वित्थरओ उस्सए तुल्ला ॥९७॥**
**[बृहत्क्षेत्र० ३/३८]**

ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધના બાર વર્ષધર પર્વતો અને બત્રીશ વક્ષસ્કાર પર્વતો તે જંબૂદ્વીપના વર્ષધર અને વખારા પર્વતોથી બમણા પહોળા છે અને ઊંચાઈમાં જંબૂદ્વીપના પર્વતો પ્રમાણે છે. (૯૭)

**कंचणगजमगसुरकुरुनगा य वेयड्ढ वट्टदीहा य । विक्खंभोव्वेहसमुस्सएण जह जंबूदीविच्चा ॥९८॥**
**[बृहत्क्षेत्र० ३/४१]**

દેવકુરુ અને ઉત્તરકુરુના બન્ને પડખે રહેલ કંચનગિરિ પર્વતો, ઉત્તરકુરુમાં રહેલા યમક નામે બે પર્વત, દેવકુરુમાં રહેલા ચિત્રવિચિત્ર નામના બે પર્વત, વૃત્તવૈતાઢ્ય પર્વતો અને દીર્ઘવૈતાઢ્ય પર્વતો-આ બધા પર્વતોની પહોળાઈ, ઊંડાઈ અને ઊંચાઈ

1. લવણસમુદ્રની દિશામાં. 2. કાલોદધિની દિશાએ. 3. ભરતની જેમ ઐરવત, હૈમવંતની જેમ હૈરણ્યવત અને હરિવર્ષની જેમ રમ્યક્વર્ષનો વ્યાસ જાણવો.

જંબૂદ્વીપના પર્વતો પ્રમાણે જાણવી. (૯૮)

**लक्खाइं तिन्नि दीहा, विज्जुप्पभगंधमादणा दो वि । छप्पन्नं च सहस्सा, दोन्नि सया सत्तवीसा य ॥९९॥**

**अउणट्ठा दोन्नि सया, उणसत्तरि सहस्स पंच लक्खा य । सोमणस मालवंता, दीहा रुंदा दस सयाइं ॥१००॥**

**[बृहत्क्षेत्र० ३/४९-५०]**

દેવકુરુથી પશ્ચિમ દિશાએ વિદ્યુત્પ્રભ અને ઉત્તરકુરુથી પશ્ચિમ દિશાએ ગંધમાદન પર્વત છે. તે બન્નેની લંબાઈ ત્રણ લાખ, છપ્પન હજાર, બસો સત્યાવીશ યોજનની છે. દેવકુરુની પૂર્વ દિશાએ સૌમનસ અને ઉત્તરકુરુની પૂર્વ દિશાએ માલ્યવાન પર્વત છે. તે બન્નેની લંબાઈ પાંચ લાખ, ઉગણોતેર હજાર, બસો ને ઉગણસાઠ યોજનની છે. (૯૯-૧૦૦)

આ પ્રમાણ પૂર્વ મેરુની સમીપમાં જાણવું અને પશ્ચિમ મેરુની સમીપમાં તો વિદ્યુત્પ્રભ અને ગંધમાદનની લંબાઈ કહી તે ત્યાં સૌમનસ અને માલ્યવંતની જાણવી; કારણ કે ત્યાં સંકીર્ણ ક્ષેત્રમાં રહેલ છે અને જે સૌમનસ અને માલ્યવંતની લંબાઈ કહી તે ત્યાં વિદ્યુત્પ્રભ અને ગંધમાદનની જાણવી, કારણ કે ત્યાં લાંબા ક્ષેત્રમાં રહેલ છે. વળી ચારે પર્વતો વર્ષધર પર્વતની પાસે એક હજાર યોજન પહોળા છે.

**सव्वाओऽवि णईओ, विक्खंभोव्वेहदुगुणमाणाओ ।**

**सीया-सीयोयाणं, वणाणि दुगुणाणि विक्खंभो ॥१०१॥ [बृहत्क्षेत्र० ३/४०] [विस्तरतो वनसुखानीत्यर्थः]**

**वासहरकुरुसु दहा [वर्षधरेषु कुरुषु च ये ह्रदा इत्यर्थः], नदीण कुंडाइं तेसु जे दीवा ।**

**उव्वेहुस्सयतुल्ला, विक्खंभायामओ दुगुणा ॥१०२॥ [बृहत्क्षेत्र० ३/३९] [जंबूद्वीपकापेक्षयेति]**

ધાતકીખંડદ્વીપમાં બધી નદીઓ જંબૂદ્વીપમાં રહેલ નદીની અપેક્ષાએ પહોળાઈ અને ઊંડાઈમાં બેવડા પ્રમાણવાળી છે. સીતા અને સીતોદા નદીના બે વનમુખ પહોળાઈમાં બમણા પ્રમાણવાળા છે. ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં વર્ષધર હિમવાન આદિ પર્વતોને વિષે અને દેવકુરુ તથા ઉત્તરકુરુ ક્ષેત્રને વિષે જે પદ્મ વગેરે દ્રહો, ગંગા નદી વગેરેનાં કુંડો અને કુંડોમાં રહેલા જે ગંગાદ્વીપ વગેરે છે તે જંબૂદ્વીપમાં રહેલા દ્રહ વગેરેની ઊંડાઈ અને ઊંચાઈ વડે સમાન છે અને લંબાઈ અને પહોળાઈ વડે બેવડા પ્રમાણવાળા છે. (૧૦૧-૧૦૨)

પૂર્વાર્દ્ધ ધાતકીખંડના અભિલાપ વડે જંબૂદ્વીપનું પ્રકરણ (જંબૂદ્વીપમાં કહેલ વિષય) ક્યાં સુધી કહેવું? તે માટે કહે છે--'जाव दोसु वासेसु मणुए' त्यादि० આ સૂત્રથી આગળ જંબૂદ્વીપના પ્રકરણમાં ચંદ્રાદિ જ્યોતિષ્કોના સૂત્રો કહેલા છે તે સૂત્રો ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વાર્દ્ધાદિ પ્રકરણોમાં સંભવતા નથી; કારણ કે આ અધ્યયનમાં બે સ્થાનકનો અધિકાર છે જ્યારે ધાતકીખંડ વગેરેમાં તો ચંદ્ર વગેરેનું બહુપણું (ઘણી સંખ્યા) છે. કહ્યું છે કે—

**दो चंदा इह दीवे, चत्तारि य सायरे लवणतोए । धायइसंडे दीवे, बारस चंदा य सूरा य ॥१०३॥**

**[बृहत्सक्षेत्र० ५/७२, बृहत्सं० ६४ इति]**

આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર (બે સૂર્ય) છે, લવણસમુદ્રમાં ચાર છે અને ધાતકીખંડમાં બાર બાર ચંદ્ર અને સૂર્ય છે. (૧૦૩)

ચંદ્રોનું બે પણું ન હોવાથી અર્થાત્ ઘણા હોવાથી નક્ષત્ર વગેરેનું પણ બેપણું ન હોય. તે કારણથી બે સ્થાનમાં તેનો અવતાર (વર્ણન) નથી. જંબૂદ્વીપના પ્રકરણથી ધાતકીખંડનું વિશેષપણું દેખાડતા થકા કહે છે—'णवरं' मित्यादि० કેવલ વિશેષ એ કે—કુરુક્ષેત્રના સૂત્ર પછી જંબૂદ્વીપના પ્રકરણમાં 'कूडसामली चेव जंबू चेव सुदंसणे'ति० આ પાઠ કહેલ છે. અહિં તો જંબૂવૃક્ષના સ્થાનમાં ધાતકીવૃક્ષ કહેલ છે. તે બન્ને વૃક્ષનું પ્રમાણ જંબૂદ્વીપના શાલ્મલીવૃક્ષ વગેરેની જેમ જાણવું. તે બે વૃક્ષના દેવસૂત્રને વિષે જંબૂદ્વીપ પ્રકરણમાં 'अणाढिए चेव जंबुद्दीवाहिवई' इति० આ વક્તવ્યમાં કહેવાના સ્થાનના બદલામાં સુદર્શનદેવનું કથન કરવું (૧).

'धायइसंडे.दीवे' इत्यादि० આ પશ્ચિમાર્દ્ધ ધાતકીખંડનું પ્રકરણ [વિષય] પૂર્વાર્દ્ધની માફક જાણી લેવું. આ જ કહે છે કે 'जाव छव्विहंपि काल' मित्यादि० વિશેષ કહે છે—'णवरं कूडसामली' त्यादि० ધાતકીખંડના પૂર્વાર્દ્ધમાં ઉત્તરકુરુક્ષેત્રને વિષે ધાતકીવૃક્ષ કહ્યો, અહિં તો મહાધાતકીવૃક્ષ કહેવો. વળી દેવસૂત્રમાં ત્યાં (પૂર્વાર્દ્ધમાં) બીજો દેવ સુદર્શન કહેલ છે, અહિં તો [પશ્ચિમાર્દ્ધમાં] પ્રિયદર્શન કહેવો. પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધ મળવાથી સંપૂર્ણ ધાતકીખંડ દ્વીપ થાય છે, તેનો આશ્રય કરીને બે સ્થાનક—'धायइसंडे णं' ઇત્યાદિ વડે કહે છે. બે ભરત, પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધના જે દક્ષિણ દિશાના વિભાગમાં છે તે બે વિભાગના ભાવથી જ બે કહેવાય છે. એવી રીતે સર્વત્ર છે. ભરતક્ષેત્ર વગેરેનું સ્વરૂપ પૂર્વે કહેલું છે. 'दो देवकुरुमहादुमे'ति० બે કૂટશાલ્મલી વૃક્ષો છે. તે બે વૃક્ષના વાસી બે વેણુદેવો [સુપર્ણકુમાર જાતિના] છે. 'दो उत्तरकुरुमहद्दुमे' ति० ધાતકીવૃક્ષ અને મહાધાતકીવૃક્ષ એ છે. તે વૃક્ષના વાસી સુદર્શન અને પ્રિયદર્શન નામના બે દેવો છે (૨).

ચુલ્લહિમવાન વગેરે છ વર્ષધર પર્વતો, તથા શબ્દાપાતી, વિકટાપાતી બે ગંધાપાતી અને માલવત્પર્યાય નામના વૃત્તવૈતાઢ્ય પર્વતો અને તેના નિવાસી અનુક્રમે સ્વાતી, પ્રભાસ, અરુણ અને પદ્મનાભ નામના દેવોને બબ્બે સંખ્યા વડે યુક્ત ક્રમથી બબ્બે કહેલ છે. 'दो मालवंत' त्ति० ઉત્તરકુરુ ક્ષેત્રથી પૂર્વદિશામાં રહેલ બે માલવંત નામના ગજદંત પર્વતો છે. તે ગજદંત પર્વતોથી ભદ્રશાલ વન, તેની વેદિકા અને વિજયથી આગળ, સીતાનદીના ઉત્તર કિનારા પર રહેલ, દક્ષિણ અને ઉત્તરમાં લાંબા, બે ચિત્રકૂટ પર્વત નામના બે વક્ષસ્કાર પર્વતો છે. તે પછી વિજય આવે છે, તે પછી અંતરનદી છે. તે પછી આવેલ વિજયને છેડે બે પદ્મકૂટ પર્વતો છે. તેવી જ રીતે વિજય અને અંતરનદી પછી આવેલ વિજયના અંતમાં બે નલિનકૂટ પર્વત છે, એમ જ અંતરિત વળી એકશૈલ નામના બે પર્વતો છે. વળી પૂર્વના વનમુખની વેદિકા અને વિજયથી પહેલાં (પશ્ચિમમાં) સીતા નદીના દક્ષિણ કિનારા પર રહેલ તેમ જ (પૂર્વની માફક) ત્રિકૂટ, વૈશ્રમણ, અંજન અને માતંજન આ ચાર નામના બબ્બે પર્વતો છે. ત્યારપછી દેવકુરુક્ષેત્રથી પૂર્વ દિશામાં રહેલ સૌમનસ નામના બે ગજદંત પર્વતો છે. ત્યારપછી ગજદંતના જ આકારવાળા દેવકુરુથી પશ્ચિમ દિશામાં બે વિદ્યુત્પ્રભ પર્વતો છે. ત્યારપછી ભદ્રશાલ વન, તેની વેદિકા અને વિજયથી આગળ તેવી જ રીતે અંકાપાતી, પદ્માપાતી, આશીવિષ અને સુખાવહ નામના બબ્બે પર્વતો સીતોદા નદીના દક્ષિણ કિનારાએ રહેલ છે. વળી બીજા પર્વતો-પશ્ચિમની સામે વનમુખવાળી વેદિકા અને વિજયથી પૂર્વ દિશાએ ક્રમશઃ ચંદ્ર, સૂર, નાગ અને દેવ એ નામવાળા બબ્બે પર્વતો છે. ત્યારપછી ઉત્તરકુરુક્ષેત્રના પશ્ચિમ ભાગમાં રહેલ ગંધમાદન નામના બે ગજદંત પર્વતો છે. આ પર્વતો ધાતકીખંડદ્વીપના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં હોય છે માટે બબ્બે કહ્યા છે. બે ઇષુકાર પર્વતો દક્ષિણ અને ઉત્તર દિશામાં રહેલ છે. તે ધાતકીખંડના બે વિભાગ કરનારા છે (૩).

'दो चुल्लहिमवंतकूडा' इत्यादि० હિમવાન વગેરે છ વર્ષધર પર્વતો છે, તેમાં બબ્બે કૂટો, જંબૂદ્વીપના પ્રકરણમાં જે કહેલ છે તે પર્વતોના બમણાપણાથી એક એક નામવાળા બબ્બે હોય છે. વર્ષધર પર્વતોના દ્વિગુણપણાથી પદ્માદિ દ્રહો પણ બમણા છે. તે દ્રહમાં વસનારી દેવીઓ પણ બમણી છે. ગંગાદિ ચૌદ મહાનદીઓનું પૂર્વ અને પશ્ચિમાર્દ્ધની અપેક્ષાએ દ્વિગુણપણું હોવાથી તે ગંગાદિ નદીઓના પ્રપાતદ્રહો (કુંડો) પણ બબ્બે હોય છે. એ હેતુથી કહે છે કે—'दो गंगापवायद्दहे' त्यादि० (૪).

'दो रोहियाओ' इत्यादि० નદીના અધિકારમાં ગંગાદિ નદીઓનું દ્વિપણું હોવા છતાં પણ કહ્યું નથી કારણ કે જંબૂદ્વીપ પ્રકરણમાં કહેલ—'महाहिमवंताओ वासहरपव्वयाओ महापउमद्दहाओ दो महानदीओ पवहंती' त्यादि० આ સૂત્રના ક્રમનો આશ્રય છે. ત્યાં (જંબૂદ્વીપ વિષયમાં) રોહિત વગેરે આઠ નદીઓ જ સંભળાય છે. ચિત્રકૂટ અને પદ્મકૂટ એ બે વક્ષસ્કાર પર્વતના મધ્યમાં (અંતરમાં) નીલવંત વર્ષધર પર્વતના નિતંબ (કડના પાછળના ભાગ) પણે વ્યવસ્થિત હોવાથી તથા ગ્રાહવતી કુંડથી દક્ષિણ તોરણ વડે નીકળેલી, અઠ્યાવીશ હજાર નદીઓના પરિવારવાળી, સીતા નદીમાં મળનારી, સુકચ્છ અને મહાકચ્છ એ બે વિજયોના વિભાગ કરનારી એવી ગ્રાહવતી નામની નદી છે. એવી રીતે યથાયોગ્ય બે વૃક્ષસ્કાર પર્વત અને વિજયના આંતરામાં ક્રમથી પ્રદક્ષિણાએ બાર અંતરનદીઓ પણ જોડવી, તેનું દ્વિત્વપણું (બે પણું) પૂર્વની માફક જાણવું. અહિં પંકવતી

નામ છે તેનું ગ્રંથાંતરમાં વેગવતી એવું નામ દેખાય છે. તેમ ક્ષારોદ એવું અહિં નામ છે તેનું ક્ષીરોદ (નદી) એવું નામ બીજે સ્થળે છે. વળી આ સૂત્રમાં સિંહશ્રોતા નામ છે તેનું અન્યત્ર સીતશ્રોતા એવું નામ કહેલ છે. ફેનમાલિની અને ગંભીરમાલિની આ બન્ને નામોનું અહિં ઊલટી રીતે કથન દેખાય છે. માલ્યવત્ નામના ગજદંત પર્વત અને ભદ્રશાલ વનથી આરંભીને કચ્છ વગેરે બત્રીશ વિજય ક્ષેત્રો બબ્બે પ્રદક્ષિણાથી જાણી લેવા (૫).

તથા કચ્છાદિ વિજયોને વિષે ક્રમથી ક્ષેમાદિ નગરીઓના બત્રીશ યુગલો (બે બે) જાણી લેવા (૬).

મેરુના ભદ્રશાલાદિ ચાર વનો છે—

**[1]भूमीए भद्दसालं, मेहलजुयलंमि दोन्नि रम्माइं । नंदणसोमणसाइं, पंडगपरिमंडियं सिहरं ।।१०४।।**

**[बृहत्क्षेत्र० १/३१६ ति]**

ભદ્રશાલ વન મેરુપર્વતની તલેટી–ભૂમિમાં છે. નંદન અને સૌમનસ એ બે રમ્યવનો મેરુપર્વતની બે મેખલાએ ક્રમશઃ છે. પાંડુકવન શિખરથી શોભિત છે અર્થાત્ સર્વથી ઉપર છે. (૧૦૪)

ઉપરોક્ત શાસ્ત્રના વચનથી મેરુપર્વતના વિભાગથી વનોના વિભાગ છે. મેરુપર્વતના પાંડુકવનની મધ્યમાં ચૂલિકા ઉપર ક્રમથી પૂર્વાદિ ચાર દિશાઓને વિષે ચાર શિલાઓ છે. અહિં તે સંબંધી બે ગાથા કહે છે—

**पंडगवणंमि चउरो, सिलाउ चउसुवि दिसासु चूलाए । चउजोयणउस्सियाओ, सव्वज्जुणकंचणमयाओ ।।१०५।।**

**पंचसयायामाओ, मज्झे दीहत्तणऽद्धरुंदाओ । चंदद्धसंठियाओ, [2]कुमुओयर-हारगोराओ ।।१०६।।**

**[बृहत्क्षेत्र० १/३५५-३५६]**

પાંડુકવનમાં ચારે દિશામાં પણ ચૂલિકા ઉપર ચારે શિલાઓ છે, તે ચાર યોજન ઊંચી, શ્વેત સુવર્ણવાળી, પાંચસો યોજન લાંબી અને મધ્યમાં દીર્ઘપણા (જાડાઈ)થી અઢીસો યોજન પહોળી, અર્દ્ધચંદ્રના આકારે રહેલી અને કુમુદ (શ્વેત કમળ)ના ગર્ભમાં રહેલ મોતીના હાર સમાન ગૌર (સ્વચ્છ) વર્ણવાળી ચારે શિલાઓ છે. (૧૦૫-૧૦૬)

મેરુના ઉપર ચૂલિકા એટલે શિખર વિશેષ. તેનું સ્વરૂપ આ પ્રમાણે—

**मेरुस्स उवरि चूला, जिणभवणविहूसिया दुवी सुच्चा (४०)। बारस अट्ठ य चउरो, मूले मज्झुवरिं रुंदा य ।।१०७।।**

**[बृहत्सं०]**

મેરુપર્વતની ઉપર જિનભવનોથી વિભૂષિત, ચાલીશ યોજન ઊંચી તથા મૂલમાં બાર યોજન પહોળી, મધ્યમાં આઠ યોજન પહોળી અને ઉપર ચાર યોજન વિસ્તારવાળી ચૂલિકા છે. (૧૦૭)

વેદિકા સૂત્ર જંબૂદ્વીપની માફક સમજવું. ધાતકીખંડ પછી કાલોદ સમુદ્ર હોય છે માટે તેની વક્તવ્યતા કહે છે— **'कालोदे'** त्यादि० સુગમ છે. કાલોદ સમુદ્ર પછી અંતર રહિતપણાથી પુષ્કરવર દ્વીપના પૂર્વાર્દ્ધ, પશ્ચિમાર્દ્ધ અને તદુભય પ્રકરણોને કહે છે—**'पुक्खरे'** त्यादि० ત્રણ સૂત્રો પણ અતિદેશપ્રધાનવાળા છે. અતિદેશથી મળેલો અર્થ સુગમ જ છે. વિશેષ એ કે—પૂર્વાર્દ્ધતા અને અપરાર્દ્ધતા ધાતકીખંડની માફક બે ઇષુકારપર્વતોથી થયેલી જાણી લેવી. ભરતક્ષેત્ર વગેરેની લંબાઈ વગેરેની સમાનતા આ પ્રમાણે વિચારવી—

**इगुयालीस सहस्सा, पंचेव सया हवंति उणसीया ।**

**तेवत्तरमंससयं, मुहविक्खंभो भरहवासे ।।१०८।।** [बृहत्क्षेत्र० ५/१७] [४१५७९ ७३/२१२]

1. भूमौ भद्रशालवनम्, तथा मेखलायुगले द्वे रम्ये नंदन-सौमनसाख्ये वने, इदं किमुक्तं भवति? प्रथममेखलायां नन्दनवनम्, द्वितीयस्यां मेखलायां सौमनसमिति । शिखरं पण्डकवनमण्डितमिति शिखरे चतुर्थं चूलिकायाः समन्ततः परिक्षेपि पण्डकवनम् ।। इति बृहत्क्षेत्रसमासटीकायां मलयगिरिविरचितायाम्।। श्री जंबुविजयजी सं. स्थानांगे पत्रांक १५२

2. પ્રત્યંતરમાં कुम्मो०, कुसुमोव० પાઠ છે.

**पन्नट्ठि सहस्साइं, चत्तारि सया हवंति छायाला ।**

**तेरस चेव य अंसा, बाहिरो [रओ] भरहविक्खंभो ॥१०९॥ [६५४४६ १३/२१२]**

એકતાલીશ હજાર, પાંચસો ને ઓગણએંસી યોજન અને ઉપર એક સો તોંતર ભાગ બસો બારીઆ ભરતક્ષેત્રનો મુખ (અભ્યંતર) વિષ્કંભ છે. તથા પાંસઠ હજાર, ચારસો છેંતાલીશ યોજન અને ઉપર તેર ભાગ બસો બારીઆ ભરતક્ષેત્રનો બહારનો વિષ્કંભ છે. (૧૦૮-૧૦૯)

**चउगुणिय भरहवासो [विस्तर इत्यर्थः], हेमवए तं चउग्गुणं तइयं । [हरिवर्षमित्यर्थः]**

**हरिवासं चउगुणियं, महाविदेहस्स विक्खंभो ॥११०॥**

ભરતક્ષેત્રના વિષ્કંભ (પહોળાઈ)થી ચારગુણો [1]હૈમવતક્ષેત્રનો વિષ્કંભ હોય છે, હૈમવતક્ષેત્રના વિષ્કંભથી ચારગુણો હરિવર્ષ ક્ષેત્રનો વિષ્કંભ છે અને હરિવર્ષ ક્ષેત્રના વિષ્કંભને ચારગુણો કરવાથી મહાવિદેહ ક્ષેત્રનો વિષ્કંભ થાય છે. એવી રીતે [2]ઐરવતાદિ ક્ષેત્રનું જાણી લેવું. (૧૧૦)

**सत्तत्तरिं सयाइं, चोद्दस अहियाइं सत्तरस लक्खा ।**

**होइ कुरूविक्खंभो, अट्ठ य भागा अपरिसेसा ॥१११॥ [बृहत्क्षेत्र० ५/४२] [१७०७७१४ ८/२१२]**

સત્તર લાખ, સાત હજાર, સાતસો ને ચૌદ યોજન ઉપર આઠ ભાગ બસો બારીઆ પ્રત્યેક કુરુક્ષેત્રનો વિષ્કંભ છે. (૧૧૧)

**चत्तारि लक्ख छत्तीस, सहस्सा नव सया य सोलहिया । [एषा कुरुजीवा] [४३६९१६]**

**दोण्ह गिरीणायामो, संखित्तो तं धणू कुरूणं ॥११२॥ [बृहत्क्षेत्र० ५/४७]**

ચાર લાખ, છત્રીસ હજાર, નવસો ને સોલ યોજન પ્રત્યેક કુરુક્ષેત્ર (દેવકુરુ)ની જીવા છે. તે જીવામાં બે ગજદંત આકૃતિવાળા પર્વતોની લંબાઈ મેળવવાથી જેટલું પ્રમાણ થાય તેટલું કુરુક્ષેત્રના ધનુપૃષ્ઠનું પ્રમાણ જાણવું. (૧૧૨)

**सोमणसमालवंता, दीहा वीसं भवे सयसहसस्सा ।**

**तेयालीस सहस्सा, अउणावीसा य दोन्नि सया ॥११३॥ [बृहत्क्षेत्र० ५/४८] [२०४३२१९]**

સૌમનસ અને માલ્યવાન એ બે પર્વતની ઊંચાઈ વીશ લાખ, તેંતાલીશ હજાર, બસો ને ઓગણીશ યોજન છે. (૧૧૩)

**सोलहियं सयमेगं, छव्वीससहस्स सोलस य लक्खा ।**

**विज्जुप्पभो नगो, गंधमायणा चेव दीहाओ ॥११४॥ [बृहत्क्षेत्र० ५/४९] [१६२६११६]**

સોળ લાખ, છવીશ હજાર, એકસો ને સોળ યોજનના વિદ્યુત્પ્રભ અને ગંધમાદન એ બે પર્વત લાંબા છે. મહાદ્રુમો (મહાવૃક્ષો) જંબૂદ્વીપ સંબંધી મહાદ્રુમની સરખા છે. (૧૧૪) તથા—

**धायइवरंमि दीवे, जो विक्खंभो उ होइ उ णगाणं । सो दुगुणो णायव्वो, पुक्खरद्धे णगाणं तु ॥११५॥**

**[बृहत्क्षेत्र० ५/३७]**

ધાતકીખંડ નામના દ્વીપમાં જે હિમવાન વગેરે પર્વતોનો વિષ્કંભ છે, તેથી બમણો વિષ્કંભ પુષ્કરાર્દ્ધ દ્વીપના હિમવાન વગેરે પર્વતનો હોય છે. (૧૧૫)

**वासहरा वक्खारा, दह-नइ-कुंडा वणा य सीयाई । दीवे दीवे दुगुणा, वित्थरओ उस्सए तुल्ला ॥११६॥**

**[बृहत्क्षेत्र० ५/३८]**

1. ભરતના બાહેરના વિષ્કંભથી ચોગુણો હૈમવતનો બહારનો વિષ્કંભ અને ભરતના અંતરના વિષ્કંભથી હૈમવંતનો ચોગુણો અંતરનો વિષ્કંભ હોય છે.

2. ભરત જેટલો ઐરવતનો, હૈમવત જેટલો હૈરણ્યવતનો અને હરિવર્ષ જેટલો રમ્યકવર્ષનો વિષ્કંભ જાણી લેવો.

વર્ષધર[1] પર્વતો, વક્ષસ્કાર[2] પર્વતો, પદ્મદ્રહ વગેરે દ્રહો, ગંગા વગેરે નદીઓ, ગંગાપ્રપાત વગેરે કુંડો અને સીતાદિ નદીઓના વનો, એ દરેક વિસ્તારથી (પહોળાઈથી) પૂર્વના દ્વીપથી પછીના દ્વીપમાં અનુક્રમે બમણા જાણવા અને ઊંચાઈથી સરખા જાણવા. (૧૧૬)

**उसुयार जमगकंचण, चित्त-विचित्ता य वट्टवेयड्ढा । दीवे दीवे तुल्ला, दुमेहला जे य वेयड्ढा ।।११७।।[बृहत्क्षेत्र० ५/३१]**

ઈષુકાર પર્વતો, ઉત્તરકુરુમાં રહેલ યમક પર્વતો, દેવકુરુ અને ઉત્તરકુરુમાં દ્રહની નજીક રહેલા કંચનગિરિ પર્વતો, દેવકુરુમાં રહેલા ચિત્રવિચિત્ર પર્વતો અને વૈતાઢ્ય પર્વતો એ સર્વે પર્વતો દરેક દ્વીપમાં તુલ્ય હોય છે અને જે બે મેખલાવાળા વૈતાઢ્ય પર્વતો (દીર્ઘવૈતાઢ્યો) છે તે પણ તુલ્ય જાણવા. (૧૧૭)

પુષ્કરવરદ્વીપની વેદિકાની પ્રરૂપણા પછી શેષ દ્વીપ સમુદ્રની વેદિકાની પ્રરૂપણા કહે છે—'सव्वेसिंपि ण' मित्यादि० ઈત્યાદિ સુગમ છે. ।।૯૩।।

આ દ્વીપસમુદ્રો ઈંદ્રોના ઉત્પાતપર્વતના આશ્રયવાળા છે માટે હવે ઈંદ્રની વક્તવ્યતા કહે છે—

**दो असुरकुमारिंदा पन्नत्ता, तंजहा—चमरे चेव बली चेव १। दो णागकुमारिंदा पन्नत्ता, तंजहा—धरणे चेव भूयाणंदे चेव २। दो सुवन्नकुमारिंदा पन्नत्ता, तंजहा—वेणुदेवे चेव वेणुदाली चेव ३। दो विज्जुकुमारिंदा पन्नत्ता, तंजहा—हरिच्चेव हरिस्सहे चेव ४। दो अग्गिकुमारिंदा पन्नत्ता, तंजहा—अग्गिसिहे चेव अग्गिमाणवे चेव ५। दो दीवकुमारिंदा पन्नत्ता, तंजहा—पुन्ने चेव विसिट्ठे चेव ६। दो उदहिकुमारिंदा पन्नत्ता, तंजहा—जलकंते चेव जलप्पभे चेव ७। दो दिसाकुमारिंदा पन्नत्ता, तंजहा—अमियगती चेव अमितवाहणे चेव ८। दो वातकुमारिंदा पन्नत्ता, तंजहा—वेलंबे चेव पभंजणे चेव ९। दो थणियकुमारिंदा पन्नत्ता, तंजहा—घोसे चेव महाघोसे चेव १०। दो पिसाइंदा पन्नत्ता, तंजहा—काले चेव महाकाले चेव १। दो भूइंदा पन्नत्ता, तंजहा—सुरूवे चेव पडिरूवे चेव २। दो जक्खिंदा पन्नत्ता, तंजहा—पुन्नभद्दे चेव माणिभद्दे चेव ३। दो रक्खसिंदा पन्नत्ता, तंजहा—भीमे चेव महाभीमे चेव ४। दो किन्नरिंदा पन्नत्ता, तंजहा—किन्नरे चेव किंपुरिसे चेव ५। दो किंपुरिसिंदा पन्नत्ता, तंजहा—सप्पुरिसे चेव महापुरिसे चेव ६। दो महोरगिंदा पन्नत्ता, तंजहा—अतिकाए चेव महाकाए चेव ७। दो गंधव्विंदा पन्नत्ता, तंजहा—गीतरती चेव गीयजसे चेव ८।**

**दो अणपन्निंदा पन्नत्ता, तंजहा—संनिहिए चेव सामण्णे [माणे] चेव ९। दो पणपन्निंदा पन्नत्ता, तंजहा—धाए चेव विहाए चेव १०। दो इसिवाइंदा पन्नत्ता, तंजहा—इसिच्चेव इसिवालए चेव ११। दो भूतवाइंदा पन्नत्ता, तंजहा—इस्सरे चेव महिस्सरे चेव १२। दो कंदिंदा पन्नत्ता, तंजहा—सुवच्छे चेव विसाले चेव १३। दो महाकंदिंदा पन्नत्ता, तंजहा—हस्से चेव हस्सरती चेव १४। दो कुभंडिंदा पन्नत्ता, तंजहा—सेए चेव महासेए चेव १५। दो पतइंदा पन्नत्ता, तंजहा—पतए चेव पतयवई चेव १६।**

**जोइसियाणं देवाणं दो इंदा पन्नत्ता, तंजहा—चंदे चेव सूरे चेव ३।**

**सोहम्मीसाणेसु णं कप्पेसु दो इंदा पन्नत्ता, तंजहा—सक्के चेव ईसाणे चेव। एवं सणंकुमार-माहिंदेसु कप्पेसु दो इंदा पन्नत्ता, तंजहा—सणंकुमारे चेव माहिंदे चेव, बंभलोग-लंतएसु णं कप्पेसु दो इंदा पन्नत्ता, तंजहा—बंभे चेव लंतए चेव। महासुक्क-सहस्सारेसु णं कप्पेसु दो इंदा पन्नत्ता, तंजहा—महासुक्के चेव सहस्सारे चेव। आणय-पाणताऽऽरणऽच्चुतेसु णं कप्पेसु दो इंदा पन्नत्ता, तंजहा—पाणते चेव अच्चुते चेव।**

1. હિમવાન વગેરે. 2. ચિત્ર વગેરે

**महासुक्क-सहस्सारेसु णं कप्पेसु विमाणा दुवण्णा पन्नत्ता, तंजहा—हालिद्दा चेव सुक्किला चेव। गेविज्जगाणं देवा णं दो रयणीओ उड्ढमुच्चत्तेणं पन्नत्ता ।। सू० १४।।**

**।। द्वितीयेस्थाने तृतीयोद्देशकः समाप्तः २-३ ।।**

*(મૂ૦) બે અસુરકુમાર દેવોના ઇંદ્રો કહેલા છે, તેના નામ—ચમરેંદ્ર અને બલીન્દ્ર (૧), બે નાગકુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તેના નામ—ધરણેંદ્ર અને ભૂતાનેંદ્ર (૨), બે સુપર્ણકુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—વેણુદેવેંદ્ર અને વેણુદારીંદ્ર (૩), બે વિદ્યુતકુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—હરીંદ્ર અને હરિસ્સહેંદ્ર (૪), બે અગ્નિકુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—અગ્નિશિખ અને અગ્નિમાણવ (૫), બે દ્વીપકુમારદેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—પૂર્ણ અને વિશિષ્ટ (૬), બે ઉદધિકુમાર દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—જળકાન્ત અને જળપ્રભ (૭), બે દિક્કુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—અમિતગતિ અને અમિતવાહન (૮), બે વાયુકુમાર દેવોનાં ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—વેલંબ અને પ્રભંજન (૯), બે સ્તનિત(મેઘ)કુમાર દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—ઘોષ અને મહાઘોષ (૧૦). ઉપરોક્ત દશ ભુવનપતિ દેવોના ક્રમશઃ દક્ષિણ અને ઉત્તર દિશાઓના મળી વીશ ઇંદ્રો છે. બે પિશાચના ઇંદ્રો કહેલા છે, તેના નામ—કાલ અને મહાકાલ (૧), બે ભૂતોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—સુરૂપ અને પ્રતિરૂપ (૨), બે યક્ષોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્ણભદ્ર અને માણિભદ્ર (૩), બે રાક્ષસોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—ભીમ અને મહાભીમ (૪), બે કિન્નરોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—કિન્નર અને કિંપુરુષ (૫), બે કિંપુરુષોના ઇંદ્રો કહેલ છે, તેના નામ—સત્પુરુષ અને મહાપુરુષ (૬), બે મહોરગોના ઇંદ્રો કહેલા છે, તેના નામ—અતિકાય અને મહાકાય (૭), બે ગંધર્વોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—ગીતરતિ અને ગીતયશા (૮). (આઠ આઠ[1] વ્યંતરજાતિના ક્રમશઃ દક્ષિણ અને ઉત્તરના ઇંદ્રો છે)[૨]. બે અણપન્ની[2] દેવોના ઇંદ્રો કહેલ છે, તે આ પ્રમાણે—સન્નિહિત અને સામાનિક (૯), બે પણપન્ની દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—ધાતા અને વિધાતા (૧૦), બે ઋદ્ધિવાદી દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—ઋષિ અને ઋષિપાલિત (૧૧), બે ભૂતવાદી દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—ઈશ્વર અને મહેશ્વર (૧૨), બે કંદી દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—સુવત્સ અને વિશાળ (૧૩), બે મહાકંદી દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—હાસ્ય અને હાસ્યરતિ (૧૪), બે કુંભડ (કોહંડ) દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—શ્વેત અને મહાશ્વેત (૧૫), બે પતંગદેવોના ઇંદ્રો કહેલા છે; તે આ પ્રમાણે—પતંગ અને પતંગપતિ (૧૬), બે જ્યોતિષ્ક દેવોના ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—ચંદ્ર અને સૂર્ય [૩]. સૌધર્મ અને ઈશાન દેવલોકને વિષે બે ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—શક્રેંદ્ર અને ઈશાનેંદ્ર, એમ જ સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકને વિષે બે ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—સનત્કુમારેંદ્ર અને માહેંદ્ર, બ્રહ્મલોક અને લાંતક દેવલોકને વિષે બે ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે-બ્રહ્મેંદ્ર અને લાંતકેંદ્ર, મહાશુક્ર અને સહસ્રાર દેવલોકને વિષે બે ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—મહાશક્રેંદ્ર અને સહસ્રારેંદ્ર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકને વિષે બે ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—પ્રાણતેંદ્ર અને અચ્યુતેંદ્ર. મહાશુક્ર અને સહસ્રાર દેવલોકને વિષે વિમાનો બે વર્ણવાળા કહેલા છે, તે આ પ્રમાણે—પીળા અને ધોળા (શુક્લ), ગ્રૈવેયક [નવ]ના દેવો ઊંચપણે બે હાથની અવગાહનાવાળા કહેલા છે [૪]. ॥૧૪॥*

(ટી૦) અસુરકુમાર વગેરે દશ ભવનપતિ નિકાયોના, મેરુપર્વતની અપેક્ષાએ દક્ષિણ અને ઉત્તર બે દિશાઓના આશ્રિતપણાએ

1. આ આઠ વ્યંતરદેવો રત્નપ્રભાના હજાર યોજનના તલામાં નીચે ઉપર સો-સો યોજન છોડીને શેષ આઠસો યોજનમાં રહે છે.
2. અણપન્ની વગેરે આઠ વાણવ્યંતરદેવો રત્નપ્રભા પૃથ્વીના ઉપરના સો યોજનમાં નીચે ઉપર દશ-દશ યોજન છોડીને શેષ એંસી યોજનમાં રહે છે.

બે પ્રકાર હોવાથી વીશ ઇંદ્રો કહેલ છે. તેમાં ચમરેંદ્ર દક્ષિણ દિશાનો અને બલીંદ્ર ઉત્તર દિશાનો અધિપતિ છે, એવી રીતે સર્વત્ર જાણવું (૧). એમ જ આઠ જાતિના વ્યંતરનિકાયના દ્વિગુણપણાથી સોળ ઇંદ્રો છે (૨). તથા અણપન્ની વગેરે આઠ વ્યંતર વિશેષ [પેટા ભેદ] નિકાયોના બમણાપણાથી સોળ ઇંદ્રો છે. જ્યોતિષ્કોમાં તો અસંખ્યાત્ ચંદ્ર અને સૂર્ય હોવા છતાં પણ જાતિ માત્રનો આશ્રય કરવાથી ચંદ્ર અને સૂર્ય નામના બે જ ઇંદ્રો કહેલા છે (૩). સૌધર્માદિ દેવલોકના તો દશ ઇંદ્રો છે–એવી રીતે સર્વ મળીને ચોસઠ ઇંદ્રો થાય છે. દેવોના અધિકારથી તેના વસવાના સ્થાનભૂત વિમાનની વક્તવ્યતા કહે છે—'**महासुक्के**' त्यादि० સુગમ છે. વિશેષ એ કે—હારિદ્ર એટલે પીળા. આ સૌધર્માદિ દેવલોકના વિમાનોના વર્ણોના વિષયનો ક્રમ આ પ્રમાણે છે—સૌધર્મ અને ઈશાન દેવલોકના વિમાનો પાંચ વર્ણવાળા છે. ત્રીજા અને ચોથા દેવલોકના વિમાનો કૃષ્ણ વર્ણ સિવાય શેષ ચાર વર્ણવાળા છે. પાંચમા અને છઠ્ઠા દેવલોકના વિમાનો કૃષ્ણ અને નીલ વર્ણ સિવાય શેષ ત્રણ વર્ણવાળા છે. સાતમા અને આઠમા દેવલોકના વિમાનો પીળા અને ધોળા એ બે વર્ણવાળા છે. તેની ઉપરના વિમાનો એક શ્વેત વર્ણવાળા છે. કહ્યું છે કે-

**सोहम्मे पंचवन्ना, एक्कगहाणी उ जा सहस्सारो । दो दो तुल्ला कप्पा, तेण परं पुंडरीयाइं ॥११८॥ [बृहत्सं० १३२ इति]**

સૌધર્મ, ઈશાન દેવલોકના વિમાનો પાંચ વર્ણવાળા, પછી બે બે વિમાનમાં એક એક વર્ણની હાનિ કરવી. સહસ્રાર દેવલોક સુધી, તેના ઉપરના શ્વેતવર્ણવાળા છે. (૧૧૮)

દેવોના અધિકારથી જ બે સ્થાનકમાં આવેલી અવગાહના કહે છે—'**गेवेज्जगाण**' मित्यादि० આની પૂર્વની માફક વ્યાખ્યા કરવી. ॥૯૪॥

***॥ ઠાણાંગસૂત્રના બીજા સ્થાનકના ત્રીજા ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

### સ્વાધ્યાયના વિષયમાં અન્ય દાર્શનિકોનું મંતવ્ય

- *પં. જવાહરલાલ નહેરુએ વિશ્વ વિદ્યાલયને માનવવાદ, તર્ક, સહિષ્ણુતા અને પ્રયત્નોની ખોજ કહીને એને માનવ જાતિના ઉચ્ચતર ઉદ્દેશોની પૂર્તિનું માધ્યમ કહ્યું છે.*
- *રવીન્દ્રનાથ ટાગોરના મતે શિક્ષાલય સંપૂર્ણ સામાજિક જીવનની સાથે ઐક્ય સ્થાપિત ન કરીને સમાજ ઉપર નાંખવામાં આવે ત્યાં શુષ્ક અને જડ બની જાય છે. કેમકે આપણું બધું જ જ્ઞાન કઠિન અને સાર વગરનું હોઈને સમય આવવા પર એનો ઉપયોગ અને પ્રયોગને કારગત નથી કરતું. એમણે શિક્ષાલયોને સામાજિક જીવનના કેન્દ્ર ગણ્યા છે.*
- *મહાત્મા ગાંધીએ શિક્ષાને 'મૌન સામાજિક ક્રાંતિ બતાવતાં એને માનવ જીવનની પૂર્ણતાનો આયામ' કહ્યો છે.*
- *સ્વામી વિવેકાનંદે શિક્ષાને શક્તિનો વિકાસ કહીને મનુષ્યમાં અન્તર્નિહિત પૂર્ણતાની અભિવ્યક્તિ બતાવી છે.*
- *શ્રી અરવિંદે આત્મબોધની સાથે શિક્ષાનું ધ્યેય વ્યક્તિના આત્મિક વિકાસ સત્તાના અન્ય ભાગો પર આત્માનો વિજય ગણ્યો છે. (કલ્યાણમલ લોઢા, રાજસ્થાન પત્રિકા, ૧/૨/૧૯૮૯)*
- *સન્ ૧૯૦૦માં લૉર્ડ કર્જનનું કલકત્તા વિશ્વવિદ્યાલયના સમાવર્તન સમારોહમાં કહેવું છે કે જે શિક્ષાનો ઉદ્દેશ્ય શિક્ષાર્થીને ઉચ્ચ માનવીય મૂલ્યો અને બૌદ્ધિકતાની પૂર્ણતાથી આદર્શ માનવના રૂપમાં પ્રસ્તુત કરવાનો છે તે ન થવાથી આપણી શિક્ષા પ્રણાલી (મેકાલેની) નિતાન્ત અસફળ છે. (રાજસ્થાન પત્રિકા, ૧/૨/૧૯૮૯)*

## अथ द्वितीयस्थानकाध्ययने चतुर्थोद्देशकः

ત્રીજો ઉદ્દેશો કહ્યો, હવે ચોથા ઉદ્દેશાનો આરંભ કરે છે. આ જીવાજીવની વક્તવ્યતાના પ્રબંધવાળા ચોથા ઉદ્દેશાનો પૂર્વના ઉદ્દેશાની સાથે આ સંબંધ છે. પૂર્વના ઉદ્દેશામાં પુદ્ગલ અને જીવોના ધર્મો કહ્યા, અહિં તો બધુંએ જીવ અને અજીવાત્મકસ્વરૂપ છે એમ કહેવું છે. આ સંબંધ વડે આવેલ ઉદ્દેશકને समयेत्यादि પચ્ચીશ સૂત્રો દ્વારા કહે છે.

**समया ति वा आवलिया ति वा जीवा ति या अजीवा ति या पवुच्चति १, आणापाणू ति वा थोवा ति वा जीवा ति या अजीवा ति या पवुच्चति २, खणा ति वा लवा ति वा जीवा ति या अजीवा ति या पव्वुच्चति ३, एवं मुहुत्ता ति वा अहोरत्ता ति वा ४, पक्खा ति वा मासा ति वा ५, उडू ति वा अयणा ति वा ६, संवच्छरा ति वा जुगा ति वा ७, वाससया ति वा वाससहस्साइ वा ८, वाससतसहस्साइ वा वासकोडीइ वा ९, पुव्वंगा ति वा पुव्वा ति वा १०, तुडियंगा ति वा तुडिया ति वा ११, अडडं(टट)गा ति वा अडडा(टटा) ति वा १२, अववंगा ति वा अववा ति वा १३, हूहूअंगा ति वा हूहूया ति वा १४, उप्पलंगा ति वा उप्पला ति वा १५, पउमंगाइ वा पउमा ति वा १६, णलिणंगा ति वा णलिणा ति वा १७, अच्छणिकुरंगा ति वा अच्छणिउरा ति वा १८, अउअंगा ति वा अउआ ति वा १९, णउअंगा ति वा णउआ ति वा २०, पउतंगा ति वा पउता ति वा २१, चूलितंगा ति वा चूलिता ति वा २२, सीसपहेलियंगा ति वा सीसपहेलिया ति वा २३, पलिओवमा ति वा सागरोवमा ति वा २४, उस्सप्पिणी ति वा ओसप्पिणी ति वा जीवा ति या अजीवा ति या पवुच्चति २५, (१)।**

**गामा ति वा णगरा ति वा १, निगमा ति वा रायहाणी ति वा २, खेडा ति वा कब्बडा ति वा ३, मडंबा ति वा दोणमुहा ति वा ४, पट्टणा ति वा आगरा ति वा ५, आसमा ति वा संवाहा ति वा ६, संनिवेसाइ वा घोसाइ वा ७, आरामाइ वा, उज्जाणा ति वा ८, वणा ति वा वणसंडा ति वा ९, वावीइ वा पुक्खरणी ति वा १०, सरा ति वा सरपंती ति वा ११, अगडा ति वा तलागा ति वा १२, दहा ति वा णदी ति वा १३, पुढवी ति वा उदही ति वा १४, वातखंधा ति वा उवासंतरा ति वा १५, वलता ति वा विग्गहा ति वा १६, दीवा ति वा समुद्दाइ वा १७, वेला ति वा वेतिता ति वा १८, दारा ति वा तोरणा ति वा १९, णेरतिता ति वा णेरतितावासा ति वा जाव वेमाणियाइ वा वेमाणियावासा ति वा २०-४३, कप्पा ति वा कप्पविमाणावासा ति वा ४४, वासा ति वा वासधरपव्वता ति वा ४५, कूडा ति वा कूडगारा ति वा ४६, विजया ति वा रायहाणीइ वा ४७, जीवा ति या अजीवा ति वा पवुच्चति (२)।**

**छाता ति वा आतता ति वा १, दोसिणा ति वा अंधगारा ति वा २, ओमाणा ति वा उम्माणा ति वा ३, अतिताणगिहा ति वा उज्जाणगिहा ति वा ४, अवलिंबा ति वा सणिप्पवाता ति वा ५, जीवा ति या अजीवा ति या पवुच्चइ। दो रासी पन्नत्ता, तंजहा—जीवरासी चेव अजीवरासी चेव ॥ सू० ९५॥**

*(મૂ૦) સમય અને આવલિકા (કાલ) એ જે સ્થિતિપણે છે તે જીવ અથવા અજીવપણાંએ કહેવાય છે (૧), આનપ્રાણ-ઉચ્છ્વાસનિઃશ્વાસ કાલ અને સ્તોક કાલ જીવ અને અજીવપણે કહેવાય છે (૨), ક્ષણ અને લવ (કાલ) જીવ અને અજીવપણે કહેવાય છે (૩), એવી રીતે મુહૂર્ત અને અહોરાત્ર (૪), પક્ષ અને માસ (૫), ઋતુ અને અયન (૬), સંવત્સર (વર્ષ) અને યુગ (૭), સો વર્ષ ને હજાર વર્ષ (૮), લાખ વર્ષ અને કોડ વર્ષ, (૯) પૂર્વાંગ અને પૂર્વ (૧૦),*

*ત્રુટિતાંગ અને ત્રુટિત (૧૧), અડડાંગ અને અડડ (૧૨), અપપાંગ અને અપપાત (૧૩), હૂહૂતાંગ અને હૂહૂત (૧૪), ઉત્પલાંગ અને ઉત્પલ (૧૫) પદ્માંગ અને પદ્મ (૧૬), નલિનાંગ અને નલિન (૧૭) અક્ષનિકુરાંગ અને અક્ષનિકુર (૧૮), અયુતાંગ અને અયુત (૧૯), નિયુતાંગ અને નિયુત (૨૦), પ્રયુતાંગ અને પ્રયુત (૨૧), ચૂલિકાંગ અને ચૂલિકા (૨૨), શીર્ષપ્રહેલિકાંગ અને શીર્ષપ્રહેલિકા (૨૩), પલ્યોપમ અને સાગરોપમ (૨૪), ઉત્સર્પિણી અને અવસર્પિણી (૨૫) એ દરેક જીવ અને અજીવપણે કહેવાય છે [૧].*

*ગામ ને નગર (૧), નિગમ ને રાજધાની (૨), ખેડ ને કર્બટ (૩), મટં[ડં]બ ને દ્રોણમુખ (૪), પાટણ ને આકર (૫), આશ્રમ ને સંબાહ (૬), સન્નિવેશ ને ઘોષ (૭), આરામ ને ઉદ્યાન (૮), વન ને વનખંડ (૯), વાપી (વાવ) ને પુષ્કરિણી (૧૦), સરોવર ને સરપંક્તિ (૧૧), કૂપ (કૂઓ) ને તળાવ (૧૨), દ્રહ ને નદી (૧૩), પૃથ્વી (રત્નપ્રભાદિ) ને ઘનોદધિ (૧૪), વાતસ્કંધ (ઘનવાત વગેરે) ને અવકાશાંતર (૧૫), વલય-પૃથ્વીને વેષ્ટન (વીંટવા) રૂપ ઘનોદધિ વગેરે, વિગ્રહ-લોકનાડીના વક્ર સ્થાન (૧૬), દ્વીપ ને સમુદ્ર (૧૭), વેલ-સમુદ્રના જલની વૃદ્ધિ ને વેદિકા-ગઢના કાંગરા (૧૮), દ્વાર-દરવાજા ને તોરણ (૧૯), નૈરયિકો અને નરકાવાસો, એવી રીતે યાવત્ ચોવીશ દંડકમાં વૈમાનિક અને વૈમાનિકના વાસો (વિમાનો) પર્યન્ત જે છે તે સર્વ જીવ અને અજીવ સ્વરૂપ છે (૨૦-૪૩), કલ્પ તે દેવલોક અને તે દેવલોકના અંશો તે કલ્પવિમાનવાસો (૪૪), વર્ષ (ક્ષેત્રો) અને વર્ષધર પર્વતો (૪૫), કૂટ તે શિખર, અને કૂટાગારો (૪૬), વિજય અને રાજધાનીઓ (૪૭) એ બધા જે છે તે જીવ અને અજીવસ્વરૂપ કહેવાય છે [૨].*

*વૃક્ષાદિકની છાયા અને સૂર્યનો આતપ (૧), જ્યોત્સ્ના-કાન્તિ અને અંધકાર (૨), અવમાન-ક્ષેત્રાદિનું પ્રમાણ હસ્તાદિ અને ઉન્માન-કર્ષાદિ (તોલો વગેરે) (૩), અતિયાનગૃહ-નગર વગેરેના પ્રવેશમાં જે ઘરો હોય તે અને ઉદ્યાનગૃહ તે બગીચામાં રહેલા ઘરો (૪), અવલિંબ અને સણિપ્રપાત તે રૂઢિથી જાણવા (૫) બે રાશિ કહેલી છે, તે આ પ્રમાણે-જીવરાશિ અને અજીવરાશિ. ॥૯૫॥*

(ટી૦) આ સૂત્રોનો અનંતર સૂત્રથી આ સંબંધ છે—પૂર્વના સૂત્રમાં જીવ વિશેષોનું ઉચ્ચત્વ લક્ષણ (ઊંચાઈ) ધર્મ કહ્યો, અહિં તો ધર્મના અધિકારથી જ સમયાદિ સ્થિતિ લક્ષણ ધર્મ-જીવ અને અજીવ સંબંધી ધર્મ અને ધર્મીના અભેદપણાથી જીવ અને અજીવપણાએ જ કહેવાય છે. તેમાં સઘળા ય કાલપ્રમાણોમાં આદ્ય (પહેલા) પરમ સૂક્ષ્મ, અભેદ્ય, અવયવરહિત, ઉત્પલ-કમલના સેંકડો પત્રના ભેદનના ઉદાહરણ વડે ઓળખાતો સમય કહેવાય છે. તે સમયનું અતીત વગેરે કાલની વિવક્ષા વડે બહુપણાથી બહુવચન છે, માટે સૂત્રકાર કહે—'समयाइ वा' इत्यादि° 'इति' શબ્દ સમીપ અર્થ બતાવવામાં અને 'वा' શબ્દ વિકલ્પાર્થમાં છે. અસંખ્યાતા સમયના સમુદાયવાળી આવલિકા, ક્ષુલ્લક ભવગ્રહણ કાલના બસો ને છપ્પન ભાગે છે [અર્થાત્ ૨૫૬ આવલિકાનો એક ક્ષુલ્લક ભવ થાય છે]. તે સૂત્રમાં સમયો અથવા આવલિકાઓ છે. જે કાલવસ્તુ છે તે સામાન્યથી જીવ છે, કારણ કે જીવનો પર્યાય છે. પર્યાય અને પર્યાયવાળાનો કથંચિત્ અભેદ છે તથા અજીવોનો-પુદ્ગલાદિનો પર્યાય હોવાથી અજીવ કહેવાય છે. મૂલમાં બે 'च'કાર છે તે સમુચ્ચય અર્થમાં છે અને જે દીર્ઘપણું છે તે પ્રાકૃત શૈલીને કારણે છે. प्रोच्यते-કહેવાય છે. જીવાદિના[1] વ્યતિરેકથી (સિવાય) સમય વગેરે નથી, તે કહે છે—જીવ અને અજીવોની સાદિ અને સપર્યવસાનાદિ (અંત સહિત) વગેરે ભેદવાળી જે સ્થિતિ છે તે સ્થિતિના ભેદો સમય વગેરે છે. તે જીવ અને અજીવનો ધર્મ છે. ધર્મ અને ધર્મીનો અત્યંત ભેદ નથી, જો અત્યંત ભેદ હોય તો એક અંશમાત્ર ધર્મ [વસ્તુનો] જણાતે છતે પ્રતિનિયત (ચોક્કસ) ધર્મીના વિષયમાં સંશય જ નહિં થાય, કારણ કે તે ધર્મીના અન્ય ધર્મોથી પણ તેનો ભેદ અવિશેષપણે છે. વળી અનુભવની વસ્તુ છે કે જ્યારે કોઈક પુરુષ લીલા વૃક્ષની તરુણ શાખાના વિસ્તારના વિવર (મધ્ય)ના અંતરથી કંઈક પણ શુક્લ વસ્તુને જુવે છે ત્યારે

1. કાલ વસ્તુત દ્રવ્ય નથી કારણ કે તે પંચાસ્તિકાયનો પર્યાય છે, વર્તના લક્ષણ પર્યાય સર્વ દ્રવ્યમાં સામાન્ય છે. તેને ઉપચારથી દ્રવ્ય, વ્યવહારનય વડે કહેલ છે.

તે એમ વિચારે છે કે શું આ પતાકા છે? અથવા બલાકા (બગલાની પંક્તિ) છે? એ પ્રમાણે પ્રતિનિયત ધર્મીના વિષયમાં સંશય થાય છે. જો કેવલ અભેદ હોય તો સર્વથા સંશયની ઉત્પત્તિ જ નહિં થાય, કારણ કે ગુણના ગ્રહણથી તેનું (ગુણીનું) પણ ગ્રહણ થાય છે. આ સૂત્રમાં તો અભેદ નયનો આશ્રય કરવાથી 'जीवाइ या' इत्यादि० કહેલું છે. અહિં તો સમય અને આવલિકા લક્ષણ બે અર્થને, જીવ અને અજીવરૂપ દ્વયાત્મકપણાએ કહેવાથી બે સ્થાનકમાં અવતાર જાણવો. એવી રીતે આગળના સૂત્રો પણ ગણી લેવા. એમાં જે વિશેષ છે તે અમે કહીશું. 'आणापाणू' इत्यादि० 'आनप्राणा' वितिः० ઉચ્છ્વાસનિઃશ્વાસકાલ છે તે સંખ્યાત આવલિકા પ્રમાણવાળો છે. કહ્યું છે કે—

**हट्ठस्स अणवगल्लस्स, निरुवकिट्ठस्स जंतुणो । एगे ऊसासनीसासे, एस पाणु त्ति वुच्चई ॥११९॥**

**[बृहत्सं० २०७, जंबूद्वीप प्र० २/१ त्ति]**

હર્ષિત, અગ્લાનિ–રોગ રહિત, નિરુપકૃષ્ટ–ક્ષુધા, તૃષા, શ્રમ વગેરેથી રહિત પ્રાણીનો જે એક ઉચ્છ્વાસનિઃશ્વાસ છે તેને પ્રાણ [આનપ્રાણ] કહેવાય છે. (૧૧૯)

તથા સ્તોક, તે સાત ઉચ્છ્વાસનિઃશ્વાસ કાલ પ્રમાણવાળો છે. સંખ્યાત આનપ્રાણવાળા ક્ષણો છે. અને સાત સ્તોક પ્રમાણ કાલવાળો લવ કહેવાય છે. એ પ્રમાણે જેમ પૂર્વના ત્રણ સૂત્રમાં જીવ અને અજીવ એવી રીતે કહેવાય છે એમ કહ્યું, તેમજ બધા ય આગળના સૂત્રો જાણવા સતોંતેર લવ પ્રમાણવાળા મુહૂર્તો હોય છે. કહ્યું છે કે—

**सत्त पाणूणि से थोवे, सत्त थोवाणि से लवे । लवाणं सत्तहत्तरीए, एस मुहुत्ते वियाहिए ॥१२०॥**

**[जंबूद्वीप प्र० २/२, बृहत्सं० २०८]**

સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકનો એક લવ, સત્યોત્તર લવનો એક મુહૂર્ત કહેલ છે. (૧૨૦)

**तिण्णि सहस्सा सत्त य, सयाणि तेवत्तरिं च ऊसासा । एस मुहुत्तो भणिओ, सव्वेहिं अणंतनाणीहिं ॥१२१॥**

**[जंबूद्वीप प्र० २/३, बृहत्सं० २०९]**

ત્રણ હજાર, સાતસો અને તોંતેર ઉચ્છ્વાસનિઃશ્વાસનો એક મુહૂર્ત સર્વે અનંતજ્ઞાનીઓએ કહેલ છે. (૧૨૧)

ત્રીશ મુહૂર્ત પ્રમાણ એક અહોરાત્રિ કાલ છે. પંદર અહોરાત્રિ પ્રમાણ એક પક્ષ છે. બે પક્ષ પ્રમાણ એક માસ છે. બે માસ પ્રમાણ એક વસંતાદિ ઋતુઓ છે. ત્રણ ઋતુના પ્રમાણવાળા અયનો છે. બે અયનના પ્રમાણવાળા વર્ષો છે. પાંચ વર્ષ પ્રમાણવાળા યુગો છે. સો વર્ષ વગેરે પ્રતીત છે. ચોરાશી લાખ વર્ષ પ્રમાણવાળા પૂર્વાંગો છે. પૂર્વાંગને ચોરાશી લાખ વડે ગુણવાથી એક પૂર્વ થાય છે. આ પૂર્વનું માન નીચે પ્રમાણે છે—

**पुव्वस्स उ परिमाणं, सयरिं खलु होंति कोडिलक्खाओ । छप्पन्नं च सहस्सा, बोद्धव्वा वासकोडीणं ॥१२२॥**

**[बृहत्सं० ३१६ ति]**

૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ પૂર્વનું પ્રમાણ તો સિંતેર લાખ ક્રોડ અને છપ્પન હજાર ક્રોડ વર્ષનું હોય છે એમ જાણવું.(૧૨૨)

પૂર્વને ચોરાશી લાખે ગુણા કરવાથી એક ત્રુટિતાંગ થાય છે એવી રીતે પૂર્વ–પૂર્વની સંખ્યાને ચોરાશી લાખ વડે ગુણવાથી ઉત્તર-ઉત્તર (આગળ)ની સંખ્યા થાય છે. એમ યાવત્ શીર્ષપ્રહેલિકા પર્યંત જાણી લેવું. તે શીર્ષપ્રહેલિકાનું એકસો ને ચોરાણું[1] અંકનું સ્થાન હોય છે. અહિં કરણ (કરવાની રીત) ગાથા કહે છે—

**इच्छियठाणणे गुणं, पणसुन्नं चउरसीतिगुणितं च । काऊणं तइवारे, पुव्वंगाईण मुण संखं ॥१२३॥**

પ્રથમ પાંચ શૂન્ય (મીંડાં) લખવા, પછી ઇચ્છિત સ્થાને અહિં એક અંક (એકડો) લખવો. તેને એક વડે ગુણવાથી તે જ સંખ્યા થાય અર્થાત્ એક લાખ થાય, તેને ચોરાશી વડે ગુણવાથી ચોરાશી લાખ થાય, એ પૂર્વાંગનું પ્રમાણ થયું. (૧૨૩)

1. એકસો ને ચોરાણુ અંક પર્યંત સંખ્યા થાય છે તેનાથી ઉપર સંખ્યાનો વિષય સરસવના પ્રમાણથી બતાવેલ છે, અંકનો વિષય નથી.

જ્યારે પૂર્વનું પ્રમાણ જાણવાને ઇચ્છીએ ત્યારે પાંચ શૂન્ય અને ઇચ્છિત બીજો અંક (૮૪) લખવો અર્થાત્ ચોરાશી લાખને ચોરાશી લાખ વડે ગુણવા ત્યારે પાંચ શૂન્યને પાંચ શૂન્ય વડે ગુણવાથી બમણા શૂન્ય (દશ) થાય અને ચોરાશીના અંકને ચોરાશીના અંક વડે ગુણવાથી ૭૦૫૬ થાય એટલે સર્વ મળીને ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ સંખ્યા થાય. એવી રીતે આગળ પણ ગુણાકાર યાવત્ શીર્ષપ્રહેલિકા થાય ત્યાં સુધી કરવું. શીર્ષપ્રહેલિકા પર્યંત સાંવ્યવહારિક સંખ્યાતકાલ છે. તેના વડે પ્રથમ પૃથિવી (રત્નપ્રભા)ના નારકોનું, ભવનપતિ અને વ્યંતરોનું (જઘન્ય મધ્યમ આયુષ્ય) તથા ભરત, ઐરવત ક્ષેત્રને વિષે સુષમદુષ્ષમ સમય (ત્રીજા આરા)ના પશ્ચિમ-ઊતરતા ભાગમાં (અને તેના પછીના) મનુષ્ય અને તિર્યંચોના આયુષ્યનું માન કરાય છે. પરંતુ **શીર્ષપ્રહેલિકાની ઉપર પણ સંખ્યાતો કાલ છે તે અતિશય જ્ઞાની સિવાયના મનુષ્યોને વ્યવહારનો વિષય થતો નથી,** એમ જાણીનેઉપમાને વિષે દાખલ કરેલ (બતાવેલ) છે. એ જ કારણથી શીર્ષપ્રહેલિકાથી આગળ પલ્યોપમ વગેરે (કાળ)નો ઉપન્યાસ કરેલ છે. તેમાં પલ્ય વડે ઉપમા છે જેઓમાં તે પલ્યોપમો અસંખ્યાત કોડાકોડી વર્ષ પ્રમાણ આગળ કહેવામાં આવશે એવા લક્ષણવાળા છે. સાગર વડે ઉપમા છે જેઓને વિષે તે સાગરોપમો—દશ કોટાકોટી પલ્યોપમ પ્રમાણવાળા છે. દશ કોટાકોટી (કોડાકોડી) સાગરોપમ પ્રમાણવાળી ઉત્સર્પિણી છે, એટલા જ પ્રમાણવાળી અવસર્પિણી છે. (૧) કાલના વિશેષ (ભેદ)ની માફક ગ્રામાદિ વસ્તુંના વિશેષો પણ (ક્ષેત્રભેદો) જીવ અને અજીવ જ છે એ હેતુથી બે પદ દ્વારા સડતાલીશ સૂત્રો વડે કહે છે—'गामे' त्यादि० અહિઆં પ્રત્યેકમાં 'जीवाई या'—ઇત્યાદિ આલાપક કહેવો. ગામાદિનું જીવ અને અજીવપણું તો પ્રતીત જ છે. કર (ટેક્ષ) વગેરેથી ગમ્ય અર્થાત્ જ્યાં કર વગેરે લેવાતો હોય તે ગામ અને જેઓમાં કર ન લેવાતો હોય તે ન-કર અર્થાત્ નગર (૧), નિગમ—જ્યાં વેપારીઓનો નિવાસ હોય તે નિગમ અને જેમાં રાજાઓનો અભિષેક થાય તે રાજધાની (૨), ધૂળના ગઢયુક્ત જે સ્થાન હોય તે ખેટ અને **જે કુ-નગર હોય તે કર્બટ** (૩), જેની ચારે દિશાએ અર્દ્ધયોજનથી આગળ ગામો રહેલ હોય તે મંડલ અને જે સ્થાનમાં જલનો અને સ્થલનો એમ બે પ્રકારનો માર્ગ હોય તે દ્રોણમુખ (૪), જે સ્થાનમાં જલમાર્ગ અથવા સ્થલમાર્ગ એ બન્નેમાંથી એક માર્ગ વડે જવું-આવવું થાય તે પત્તન (પાટણ) અને લોહ વગેરેની ઉત્પત્તિવાળી જમીન તે આકર અર્થાત્ ખાણ (૫), જે તીર્થસ્થાન હોય તે આશ્રમ અને સમ (સરખી) ભૂમિમાં ખેતી કરીને જે દુર્ગભૂમિસ્વરૂપ અર્થાત્ કઠણ ભૂમિમાં ખેડૂતો ધાન્યોને રક્ષાને માટે રાખે તે સંવાહ (૬), જ્યાં સાર્થ અથવા સેના ઊતરે તે સન્નિવેશ અને નદીના કાંઠા પાસે વસવાનું સ્થાન—ગાયોને રહેવાનું સ્થાન તે ઘોષ (૭), વિવિધ વૃક્ષની લતા વડે શોભાયમાન અને કદલી (કેળા) વગેરેથી ઢાંકેલ ગૃહને વિષે સ્ત્રી સહિત પુરુષોના જે રમવાના સ્થાનભૂત તે આરામ, તથા પત્ર, પુષ્પ, ફલ અને છાયા યુક્ત વૃક્ષો વડે શોભાયમાન, વિવિધ પ્રકારના વેષવાળા, ઉત્કૃષ્ટ માનવાળા એવા ઘણા જનોને ભોજન કરવાને માટે જે સ્થાનને વિષે જવું થાય તે ઉદ્યાન (૮), જ્યાં એક જાતના વૃક્ષો હોય તે વન અને અનેક જાતના ઉત્તમ વૃક્ષો હોય તે વનખંડ (૯), ચોખૂણી તે વાપી (વાવ) અને જે વૃત્ત એટલે ગોળ હોય અથવા જેમાં ઘણા કમલ હોય તે પુષ્કરિણી (૧૦), સરોવર એટલે જલનું સ્થાન અને સરપંક્તિ તે સરોવરની પંક્તિ—બે ચાર શ્રેણી (૧૧), અગડ-કૂપ (કૂઓ), તળાવ, દ્રહ તથા નદી પ્રસિદ્ધ છે (૧૨-૧૩), પૃથ્વી-રત્નપ્રભા વગેરે અને ઉદધિ તે રત્નપ્રભાદિ પૃથ્વીની નીચે રહેલ ઘનોદધિ (૧૪), વાતસ્કંધ-ઘનવાયુ, તનવાયુ અથવા બીજા પણ વાયુ અને અવકાશાંતર-વાતસ્કંધોની નીચે રહેલ આકાશ-એ ઉપરોક્ત વસ્તુઓનું જીવપણું તો સૂક્ષ્મ પૃથ્વીકાયિક વગેરે જીવો વડે વ્યાપ્ત હોવાથી છે (૧૫), વલય-પૃથ્વીના વેષ્ટન (બંધ)રૂપ ઘનોદધિ, ઘનવાત, તનુવાત લક્ષણ, અને વિગ્રહ-લોકનાડીના વક્ર સ્થાન, એઓનું જીવપણું તો પૂર્વની માફક સમજવું (૧૬), દ્વીપ અને સમુદ્ર પ્રતીત છે (૧૭), વેલા-સમુદ્રના પાણીની વૃદ્ધિ અને વેદિકા પ્રતીત છે (૧૮), દ્વારો-વિજય વગેરે દરવાજાઓ અને તોરણો-તે દરવાજાઓમાં જે રહેલા હોય તે (૧૯), નૈરયિકો-ક્લિષ્ટ (દુઃખિત) જીવવિશેષો, તેઓનું અજીવપણું કર્મ પુદ્ગલાદિની અપેક્ષાએ જાણવું અને તે નૈરયિકોની ઉત્પત્તિની ભૂમિઓ તે નરકાવાસો, તેનું જીવપણું પૃથ્વીકાયિકાદિની અપેક્ષાએ જાણવું. એવી રીતે ચોવીશ દંડકો કહેવા (૨૦-૪૩), આ જ કારણથી (સૂત્રકાર) કહે છે—'यावत' दित्यादि० કલ્પ,

દેવલોક અને તે દેવલોકના અંશ તે કલ્પવિમાનાવાસ (૪૪), વર્ષ–ભરતાદિક્ષેત્ર અને વર્ષધર પર્વત તે હિમવાન વગેરે (૪૫), કૂટ–હિમવતકૂટ વગેરે અને કૂટાગાર–તે કૂટોમાં જ રહેલ દેવના ભવનો (૪૬), વિજય–ચક્રવર્તીને જીતવા યોગ્ય કચ્છાદિ ક્ષેત્રના ખંડસ્વરૂપ અને રાજધાની–ક્ષેમાદિ નગરી (જ્યાં રાજા રહે તે) 'जीवे'त्यादि० અહિંયા કહેલું સર્વત્ર જોડવું (૪૭), [૨].

જે પુદ્‌ગલધર્મો છે તે પણ તેમજ છે. એ હેતુથી કહે છે—'छाये'त्यादि० આ પાંચ સૂત્રો કહેલ અર્થવાળા છે, હવે વિશેષ કહે છે—છાયા–વૃક્ષાદિની જાણવી, આતપ–સૂર્યનો જાણવો (૧), 'दोसिणाति व'त्ति० જ્યોત્સ્ના એટલે પ્રકાશ અને અંધકાર એટલે તમ (૨), અવમાન–ક્ષેત્ર વગેરેનું પ્રમાણ તે હસ્ત (હાથ), ગજ વગેરે, અને ઉન્માન–ત્રાજવાના તોલ, કર્ષ, માસો વગેરે (જોખવા, તોલવાના સાધન) (૩), અતિયાનગૃહ–નગરાદિના પ્રવેશમાં જે ગૃહ હોય તે, અને ઉદ્યાનગૃહ–બગીચામાં ઘર હોય તે (૪), અવલિંબ અને સણિપ્રપાત રૂઢિથી (દેશ વિશેષથી) જાણી લેવા. આ બધા ય શું છે? તે બતાવે છે—जीवा इति च० જીવો વડે વ્યાપ્ત હોવાથી અથવા તે જીવોના આશ્રિતપણાથી અને अजीवा इति च પુદ્‌ગલાદિ અજીવરૂપ હોવાથી અથવા તે (અજીવ)ના આશ્રિતપણાથી, प्रोच्यते–જિનેશ્વરોએ પ્રરૂપેલ છે. અહિંયાં 'जीवाइ येत्यादि' સૂત્રપંચકમાં પણ પ્રત્યેકને કહેવું. હવે સમયાદિ વસ્તુ, જીવ અને અજીવરૂપ જ કયા હેતુથી કહેવાય છે? તે પ્રશ્નના જવાબમાં જણાવે છે કે—જીવ અને અજીવથી જૂદી રાશિનો અભાવ છે. એ જ કારણથી કહે છે—'दो रासी' त्यादि० સુગમ છે. ॥૯૫॥

જીવરાશિ તો બે ભેદે છે (૧) બદ્ધ–કર્મથી બંધાયેલ અને (૨) મુક્ત–કર્મથી છૂટેલ. તેમાં બંધાએલ જીવોના બંધના નિરૂપણને માટે કહે છે—

**दुविहे बंधे पन्नत्ते, तंजहा—पेज्जबंधे चेव दोसबंधे चेव। जीवा णं दोहिं ठाणेहिं पावं कम्मं बंधंति, तंजहा—रागेण चेव दोसेण चेव। जीवा णं दोहिं ठाणेहिं पावं कम्मं उदीरेंति, तंजहा—अब्भोवगमिताते चेव वेतणाते, उवक्कमिताते चेव वेयणाते। एवं वेदेंति एवं णिज्जरेंति—अब्भोवगमिताते चेव वेयणाते, उवक्कमिताते चेव वेयणाते ॥ सू० ९६ ॥**

*(મૂ૦) બે પ્રકારે બંધ કહેલ છે. તે આ પ્રમાણે—પ્રેમ (રાગ)બંધ અને દ્વેષબંધ. જીવોને બે સ્થાનક દ્વારા પાપકર્મનો બંધ થાય છે, તે આ પ્રમાણે—રાગથી અને દ્વેષથી. જીવોને બે સ્થાનક દ્વારા પાપકર્મની ઉદીરણા[1] થાય છે, તે આ પ્રમાણે—અભ્યુપગમિકી–સ્વયં શિરોલોચનાદિ વડે સ્વીકારેલ વેદના, અને ઔપક્રમિકી–તાવ, અતિસારાદિ વડે ઉદીરણા થયેલી વેદના. એવી રીતે બે પ્રકારે વેદે અર્થાત્ ઉદયમાં આવેલું કર્મ ભોગવે, બે પ્રકારે નિર્જરે–ક્ષય કરે, તે આ પ્રમાણે—અભ્યુપગમિકી વેદના વડે નિર્જરે અને ઔપક્રમિકી વેદના વડે નિર્જરે. ॥૯૬॥*

(ટી૦) પ્રેમ–રાગ, માયા અને લોભ રૂપ કષાયલક્ષણ, અને દ્વેષ તો ક્રોધ અને માન રૂપ કષાયલક્ષણ છે. જે માટે કહે છે કે—

**माया लोभकषाय-श्चेत्येतद् रागसंज्ञितं द्वन्द्वम् । क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः ॥१२४॥ [प्रशम० ३२ इति]**

પ્રેમ–પ્રેમલક્ષણ ચિત્તનો વિકાર ઉત્પન્ન કરનાર મોહનીય કર્મના પુદ્‌ગલની રાશિનું બંધન છે. જીવના પ્રદેશોને વિષે યોગપ્રત્યય (નિમિત્ત)થી પ્રકૃતિરૂપપણે અને પ્રદેશરૂપપણે સંબંધ થાય છે. (૧૨૪)

તથા કષાયના પ્રત્યયથી સ્થિતિ અને અનુભાગ(રસ)રૂપ વિશેષનું પ્રાપ્ત થવું તે પ્રેમબંધ. એવી રીતે દ્વેષ મોહનીય કર્મનો બંધ તે દ્વેષબંધ છે. કહ્યું છે કે—'जोगा पयडिपदेसं, ठितिअणुभागं कसायओ कुणइ'त्ति० [बन्धशतके ९९] પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી અને સ્થિતિબંધ તથા અનુભાગબંધ કષાયથી કરે છે. પ્રેમ અને દ્વેષ લક્ષણરૂપ ઉદયમાં આવેલ કર્મો વડે

1. ઉદયમાં નહિ પ્રાપ્ત થયેલ કર્મને આકર્ષીને ઉદયમાં લાવવા તે ઉદીરણા કહેવાય, તે જીવના વીર્ય વડે થાય છે અને ઉદય સ્વયં અબાધાકાલ પૂર્ણ થયે આવે છે.

જીવોને અશુભ કર્મનો બંધ થાય છે, માટે કહે છે—'जीवाण' मित्यादि० અથવા પૂર્વ સૂત્રની બીજી રીતે વ્યાખ્યા કરીને આનો સંબંધાંતર કરાય છે. સામાન્યથી બંધ બે પ્રકારે છે, પ્રેમથી અને દ્વેષથી. તે તે બંધ તો [1]અનિવૃત્તિ અને સૂક્ષ્મસંપરાય પર્યંત ગુણઠાણાવાળા જીવોને આશ્રયીને જાણવો. અને જે ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી ગુણઠાણાવાળાને બંધ છે તે ફક્ત યોગપ્રત્યયવાળો જ છે. તેની બંધપણાએ વિવક્ષા કરી નથી, કેમકે બંધને પણ શેષ કર્મબંધના વિલક્ષણ (જુદી રીતે)પણાથી અબંધ કલ્પ (સમાન) છે. જે કર્મનો (સાતાવેદનીયનો) આ બંધ છે તે અલ્પસ્થિતિક વગેરે વિશેષણ યુક્ત છે. કહ્યું છે કે—

**अप्पं बायर मउयं, बहुं च रुक्खं च सुक्किलं चेव । मंदं महव्वयं तिय, सायाबहुलं च तं कम्मं ।।१२५।।**

તે યોગપ્રત્યયિક કર્મ અલ્પ, બાદર, કોમળ, ઘણું, રુક્ષ, શુભ્ર, મંદ, મહાવ્યયવાળું અર્થાત્ ઘણી નિર્જર્જરાવાળું અને બહુ સાતાવાળું હોય છે. (૧૨૫)

સ્થિતિ વડે અલ્પ (બે સમયની) સ્થિતિવાળું, પરિણામથી બાદર, વિપાક વડે કોમલ, પ્રદેશો વડે ઘણું, વાલુકા(રેતી)ની માફક લેપથી મંદ, સર્વથા નાશ થવાથી મહાવ્યયવાળું છે. એ જ બતાવતા થકા કહે છે—'जीवा ण'मित्यादि० જીવો સત્વો ('ણં' વાક્યાલંકારમાં છે) બે સ્થાનથી-કારણથી પાપ-અશુભ ભવના નિબંધનપણાથી અશુભ છે, પણ નિરનુબંધ નથી, કારણ કે બે સમયની સ્થિતિવાળું કર્મ અત્યંત શુભ છે, તેનો માત્ર યોગ નિમિત્ત છે, બાંધે છે એટલે રાગ અને દ્વેષરૂપ કષાય વડે જ સ્પૃષ્ટાદિ (આત્માની સાથે ઐક્યતાદિ) અવસ્થા કરે છે. **શંકા**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર બંધના હેતુઓ છે તો અહિં ફક્ત કષાયો જ કેમ કર્મબંધનાં કારણ કહ્યા? **સમાધાન**—કષાયોનું પાપકર્મના બંધમાં પ્રધાનપણું જણાવવા માટે કહ્યું છે. સ્થિતિ અને અનુભાગના ઉત્કૃષ્ટ કારણપણાથી (કષાયથી સ્થિતિ અને અનુભાગ (રસ)નો બંધ ગાઢ થાય છે) અથવા અત્યંત અનર્થના કરનાર હોવાથી તેઓનું પ્રધાનપણું-મુખ્યપણું છે. કહ્યું છે કે—

**को दुक्खं पावेज्जा, कस्स व सोक्खेहिं विम्हओ होज्जा? । को वा न लहेज्ज मोक्खं? रागद्दोसा जइ न होज्जा ।।१२६।।**

**[उपदेशमाला १२९, मरणविभक्ति प्रकरणे ११७]**

જો રાગદ્વેષ ન હોત તો કોણ દુઃખ પામત? અથવા કોને સુખમાં વિસ્મય થાત? અથવા મોક્ષને કોણ પ્રાપ્ત ન કરત? [અર્થાત્ બધા પ્રાપ્ત કરત, પણ રાગ દ્વેષ જ અટકાવનાર છે] (૧૨૬)

અથવા બંધના હેતુઓનો દેશગ્રાહક આ સૂત્ર છે, કારણ કે દ્વિસ્થાનકનો અનુરોધ હોવાથી દોષ નથી. કહેલ બે સ્થાન વડે બાંધેલ પાપકર્મની જેમ ઉદીરણા, વેદના અને નિર્જરા પ્રાણીઓ કરે છે તે ત્રણ સૂત્ર વડે કહે છે—'जीवे' त्यादि० વિશેષ એ કે—અવસરને પ્રાપ્ત ન થયા છતાં ઉદયમાં જે લાવે છે તે ઉદીરણા કહેવાય છે. अभ्युपगमेन—અંગીકાર કરવા વડે થયેલી અથવા અંગીકાર કરવામાં થયેલી તે અભ્યુપગમિકી, તે મસ્તકનો લોચ કરવા વડે અને તપ-આચરણાદિ વડે વેદના-પીડા જાણવી અને બીજી ઉપક્રમ વડે-કર્મના ઉદીરણ કારણ વડે થયેલી અથવા તે કર્મના ઉદીરણમાં થયેલી ઔપક્રમિકી, તે જ્વર અને અતિસારાદિ વ્યાધિ ઉત્પન્ન થવા વડે વેદના જાણવી. 'एव'मिति० કહેલ બે પ્રકારથી જ વેદે છે-ઉદીરિત થયા છતાં તેના વિપાકને ભોગવે છે 'निर्जरयन्ति' પ્રદેશોથી ખપાવે છે. ।।૯૬।।

કર્મની નિર્જરામાં તો દેશથી અથવા સર્વથી ભવાંતરમાં કે મોક્ષમાં જતાં શરીરથી નીકળવું થાય છે એ હેતુથી સૂત્રપંચક વડે તે વિષય વર્ણવે છે.

**दोहिं ठाणेहिं आता सरीरं फुसित्ताणं णिज्जाति, तंजहा—देसेण वि आता सरीरं फुसित्ताणं णिज्जाति, सव्वेण वि आया सरीरगं फुसित्ताणं णिज्जाति, एवं फुरित्ताणं, एवं फुडित्ताणं, एवं संवट्टतित्ताणं, एवं निवट्टतित्ताणं ।।सू० ९७।।**

1. *નવમું અનિવૃત્તિ અને દશમું સૂક્ષ્મસંપરાય ગુણઠાણું છે. તદુપરાંત વીતરાગગુણઠાણા છે.*

*(મૂ૦) બે સ્થાનથી આત્મા શરીરને સ્પર્શીને નીકળે છે, તે આ પ્રમાણે—દેશથી પણ આત્મા શરીરને સ્પર્શીને નીકળે છે (ઇલિકાગતિ વડે ઉત્પત્તિસ્થાને જતાં) અને સર્વથી પણ આત્મા શરીરને સ્પર્શીને નીકળે છે (કંદુકગતિ વડે ઉત્પત્તિસ્થાને જતાં). એવી રીતે દેશથી અથવા સર્વથી શરીરને ફરકાવીને (કંપાવીને) એમ જ દેશથી અથવા સર્વથી શરીરને ફોડીને, એવી રીતે શરીરને સંકોચીને, એવી રીતે શરીરને જીવપ્રદેશોથી જૂદું કરીને નીકળે છે. ॥૯૭॥*

(ટી૦) 'दोही' त्यादि० સુગમ છે. વિશેષ—બે પ્રકારથી 'देसेण वि'त्ति० દેશથી પણ–કેટલાએક પ્રદેશ લક્ષણ વડે કેટલાએક પ્રદેશોને ઇલિકાગતિ વડે ઉત્પત્તિસ્થાનમાં જતાં જીવે શરીરથી બહાર કાઢેલા હોવાથી આત્મા–જીવ શરીરને સ્પર્શીને નીકળે છે–મરણકાલમાં શરીરથી નીકળે છે. 'सव्वेणवि'त्ति० सर्वेण–સર્વાત્મ વડે અર્થાત્ જીવના સર્વ પ્રદેશો વડે કન્દુક (દડા) જેવી ગતિ વડે ઉત્પત્તિસ્થાને જતાં (જીવ) શરીરથી બહાર પ્રદેશોને નહિં કાઢેલ હોવાથી, અથવા देशेनापि–દેશથી, અપિ શબ્દ વડે સર્વથી પણ, આ અપેક્ષા છે. આત્મા, શરીર પ્રત્યે, આનો શો અર્થ છે?–શરીરના દેશને–પગ વગેરેને સ્પર્શ કરીને અવયવના અંતર વડે પ્રદેશના સંકોચથી નીકળે છે તે સંસારી જીવો જાણવા. સર્વપણાથી પણ તથા અપિ શબ્દ વડે દેશથી પણ, આ અપેક્ષા છે. સંપૂર્ણ શરીરને પણ સ્પર્શ કરીને નીકળે છે તે સિદ્ધ જાણવા. આગળ કહેવાશે કે 'पायणिज्जाणा णिरएसु उववज्जंती' त्यादि० યાવત્ 'सव्वंगणिज्जाणा सिद्धेसु'त्ति[1] (પગમાંથી નીકળનારા જીવો નરકમાં ઉપજે છે) ઇત્યાદિ યાવત્ સર્વાંગમાંથી નીકળનારા જીવો સિદ્ધમાં ઉપજે છે. આત્મા વડે શરીરનું સ્પર્શન કરતે છતે સ્ફુરણ (કંપન) થાય છે, આ કારણથી કહે છે—'एव'मित्यादि० 'एव'मिति० 'दोहिं ठाणेही'त्यादि० કથન સૂચન કરવા માટે છે. તેમાં દેશ વડે પણ કેટલાએક આત્માપ્રદેશ વડે ઇલિકા (ઇયળ) માફક ગતિકાલમાં હોય છે. 'सव्वेणवि'त्ति० સર્વ આત્મપ્રદેશો વડે પણ દડાની જેમ ગતિકાલમાં શરીરને ફરકાવીને [કંપાવીને] નીકળે છે. અથવા દેશતઃ શરીરના દેશથી ફોડીને પગ વગેરેથી નીકળવાના સમયમાં છે, સર્વતઃ—સંપૂર્ણ શરીરને ફોડીને સર્વાંગથી નીકળવાના સમયમાં હોય છે. સ્ફુરણથી તો સાત્મકત્વ (આત્મપણું) સ્ફુટ–પ્રકટ થાય છે. આ હેતુથી કહે છે 'एव'मित्यादि० 'एव'मिति० તેમજ देशेन—આત્માના દેશ વડે શરીરને 'फुडित्ताणं' ति० સચેતનપણાએ સ્ફુરણલિંગથી પ્રગટ કરીને ઇલિકાગતિમાં છે. सर्वेण—સર્વાત્મ વડે પ્રગટ કરીને ગેંડુક (દડા) ગતિમાં છે. અથવા શરીરના દેશથી આત્મકપણાએ પ્રગટ કરીને પગ વગેરેથી નીકળવાના સમયમાં છે અને सर्वतः—સર્વાંગથી નીકળવાના પ્રસ્તાવમાં હોય છે. અથવા फुडित्ता–ફોડીને અર્થાત્ નાશ કરીને, તેમાં દેશથી–આંખ વગેરેના વિઘાત (નાશ) વડે, અને सर्वत्तः સમસ્ત નાશ વડે, દેવદીપાદિ જીવની માફક જાણવું. શરીરને સાત્મકપણાએ સ્ફુટ કરતો થકો કોઈક (જીવ) તે શરીરનું સંકોચન પણ કરે છે. આ કારણથી કહે છે–'एव'मित्यादि० 'एव'मिति તેમજ 'संवट्टइत्ताणं' त्ति० संवर्त्य—શરીરને સંકોચીને દેશ વડે ઇલિકાગતિમાં શરીરમાં રહેલ પ્રદેશો વડે અને सर्वेण–સર્વાત્મ વડે દડાની જેમ ગતિમાં સર્વાત્મપ્રદેશોનું શરીરમાં રહેલ હોવાથી નીકળે છે અથવા ઉપચારથી शरीरकं—શરીરી (જીવ) પ્રત્યે દંડના યોગથી દંડી પુરુષની જેમ જાણવું. તેમાં દેશથી સંકોચ, મરનાર સંસારી જીવોને પગ વગેરેથી જીવના પ્રદેશોના સંકોચથી છે અને સર્વથી તો મોક્ષમાં જનારને હોય છે અથવા શરીરને દેશથી સંકોચીને હાથ વગેરેના સંકોચ વડે અને સર્વથી શરીરના સંકોચન વડે પિપીલિકા (કીડી) વગેરેની જેમ જાણવું. આત્માનું સંવર્ત્તન (સંકોચ) કરતા થકાં તો શરીરને નિવર્ત્તન (જૂદું) કરે છે, માટે કહે છે—एवं 'निवट्टयित्ताणं'ति० તેમજ निवर्त्त्य–જીવના પ્રદેશોથી શરીરને અલગ કરીને એ અર્થ છે. તેમાં દેશથી ઇલિકાગતિમાં અને સર્વથી ગેન્દુકગતિમાં કરે છે અથવા દેશથી શરીરને આત્માથી પૃથક્ કરીને પગ વગેરેથી નીકળનાર અને સર્વથી સર્વાંગમાંથી નીકળનાર, અથવા પાંચ પ્રકારના શરીરના સમુદાયની

1. पञ्चस्थानके सूत्रमेतादृशंवर्तते-पाएहिं णिज्जायमाणे निरयगामी भवति । ऊरूहिं णिज्जायमाणे तिरियगामी भवति, उरेणं निज्जायमाणे मणुयगामी भवति, सिरेणं णिज्जायमाणे देवगामी भवति, सव्वंगेहिं निज्जायमाणे सिद्धिगति पज्जवसाणे पण्णत्ते ॥ પગથી, સાથળથી, હૃદયથી, મસ્તકથી નિકળે તો ક્રમશઃ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવલોકમાં જાય છે. અને સર્વાંગથી નિકળે તો તે મોક્ષમાં જ જાય છે.

અપેક્ષાએ દેશથી ઔદારિકાદિ શરીરને છોડીને અને તૈજસ કાર્મણ શરીરને તો ગ્રહણ કરીને જ, તથા સર્વથી બધા (પાંચ) શરીરના સમુદાયને છોડીને નીકળે છે અર્થાત્ સિદ્ધ થાય છે. ॥૯૭॥

અનંતર સૂત્રમાં સર્વથી નીકળવું કહ્યું, તે તો પરંપરા વડે ધર્મશ્રવણના લાભ વગેરેમાં થાય છે. તે જેમ થાય છે તેમ દર્શાવતા થકા કહે છે—

**दोहिं ठाणेहि आता केवलिपन्नत्तं धम्मं लभेज्जा सवणताते, तंजहा—खतेण चेव उवसमेण चेव, एवं जाव मणपज्जवनाणं उप्पाडेज्जा, तंजहा—खतेण चेव उवसमेण चेव ॥ सू० ९८ ॥**

*(મૂ૦) બે સ્થાન (પ્રકાર) વડે આત્મા કેવલીપ્રરૂપિત ધર્મને શ્રવણપણાએ પ્રાપ્ત કરે અર્થાત્ ધર્મ સાંભળવાના લાભને પામે, તે આ પ્રમાણે—જ્ઞાનાવરણ ને દર્શનમોહનીય કર્મના ક્ષયથી અને ઉપશમથી (ક્ષયોપશમથી), એવી રીતે યાવત્ મન:પર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે. તે આ—ક્ષયથી અને ઉપશમથી (ક્ષયોપશમથી). ॥૯૮॥*

(ટી૦) 'दोही'त्यादि० સુગમ છે. વિશેષ એ કે 'खएण चेव'त्ति० જ્ઞાનાવરણીયના અને દર્શનમોહનીય કર્મના ઉદયમાં પ્રાપ્ત થયેલ (દલિક)ને ક્ષય-નિર્જરા કરવાથી અને ઉદયમાં નહિં પ્રાપ્ત થયેલને ઉપશમ કરવાથી-વિપાકનો અનુભવ ન કરવાથી અર્થાત્ ક્ષયોપશમથી એમ કહેલું થાય છે. યાવત્ શબ્દથી **केवलं बोहिं बुज्झेज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वएज्जा केवलं बंभचेरवासमावसेज्जा, केवलेणं संजमेणं संजमिज्जा, केवलेणं संवरेणं संवरेज्जा, केवलं आभिणिबोहियनाणमुप्पाडेज्जा**—ઇત્યાદિ જાણવું. કેવલ બોધિને પ્રાપ્ત કરે, મુંડિત થઈને ગૃહવાસથી અનગારપણાને સ્વીકારે (પ્રવ્રજે), કેવલ બ્રહ્મચર્યવાસમાં વસે, કેવલ સંયમમાં યત્ન કરે, કેવલ સંવર વડે સંવૃત થાય, કેવલ મતિજ્ઞાનને ઉત્પન્ન કરે એવી રીતે યાવત્ મન:પર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે. કેવલજ્ઞાન તો કર્મના ક્ષયથી જ થાય છે માટે કહ્યું નથી. અહિંઆં જો કે બોધિ વગેરે સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ હોવાથી માત્ર ક્ષયથી અને ઉપશમથી (પણ) થાય છે, તો પણ એ (સમ્યક્ત્વ અને ચારિત્ર) ક્ષયોપશમથી પણ થાય છે. શ્રવણ અને આભિનિબોધિકાદિ તો ક્ષયોપશમથી જ થાય છે. આ હેતુથી સર્વસાધારણ ક્ષયોપશમ બે (ક્ષાયક અને ઉપશમ) પદ વડે કહેલ છે. ॥૯૮॥

બોધિ, આભિનિબોધિક (મતિ) શ્રુત અને અવધિજ્ઞાન તો છાસઠ સાગરોપમ સ્થિતિ સુધી ઉત્કર્ષથી હોય છે. સાગરોપમો તો પલ્યોપમના આશ્રયવાળા હોય છે. આ કારણથી તે બેની પ્રરૂપણા કરે છે—

**दुविहे अद्धोवमिए पन्नत्ते, तंजहा—पलिओवमे चेव सागरोपमे चेव, से किं तं पलिओवमे?**
**पलिओवमे जं जोयणविच्छिन्नं, पल्लं एगाहियप्परूढाणं होज्ज निरंतरणिचितं, भरितं वालग्गकोडीणं ॥१॥**
**वाससए वाससए, एक्केक्के अवहडंमि जो कालो । सो कालो बोद्धव्वो, उवमा एगस्स पल्लस्स ॥२॥**
**एएसिं पल्लाणं, कोडाकोडी हवेज्ज दसगुणिता । तं सागरोवमस्स उ, एगस्स भवे परीमाणं ॥३॥ ॥ सू० ९९ ॥**

*(મૂ૦) બે પ્રકારે અદ્ધોપમિક (ઉપમાવાળો કાળ) કહેલ છે, તે આ પ્રમાણે—પલ્યોપમ અને સાગરોપમ. તે પલ્યોપમ શું છે? તે કહે છે—પલ્યોપમ-જે યોજન (ચાર ગાઉ)નો લાંબો, પહોળો અને ઊંડો કુઓ-પલ્ય હોય, તેને એક દિવસથી સાત દિવસના ઊગેલા કોટિ (અસંખ્ય) વાલાગ્રો વડે ઠાંસી ઠાંસીને ભરવો. તે વાલાગ્રમાંથી સો સો વર્ષે એક એક વાલાગ્રને કાઢવાથી જેટલે કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળનો એક પલ્યોપમ કાળ જાણવો. એ એક પલ્યોપમને દશ કોડાકોડીગુણા કરવાથી એક સાગરોપમના કાળનું પ્રમાણ થાય છે. ॥૯૯॥*

(ટી૦) ઉપમા વડે થયેલું તે ઔપમિક, અદ્ધા-કાળના વિષયની ઉપમાવાળું તે અદ્ધૌપમિક. ઉપમાન સિવાય જે કાળના પ્રમાણને અતિશય જ્ઞાન વગરના જીવો વડે ગ્રહણ ન કરી શકાય તે અદ્ધૌપમિક જાણવું. તે બે પ્રકારે છે—પલ્યોપમ અને સાગરોપમ. પલ્યની ઉપમા જેને વિષે છે તે પલ્યોપમ તથા સાગરની ઉપમા જેને વિષે છે તે સાગરોપમ. સાગરની જેમ મોટા પરિમાણવાળું એ અર્થ સમજવો. પલ્યોપમ અને સાગરોપમરૂપ ઔપમિક સામાન્યથી (૧) ઉદ્ધાર, (૨) અદ્ધા અને (૩)

ક્ષેત્રભેદથી ત્રણ પ્રકારે છે. વળી એકએકના સંવ્યવહાર અને સૂક્ષ્મ ભેદથી બે પ્રકાર છે. તેમાં સંવ્યવહારપલ્યોપમ-એક યોજનના લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈવાળા પલ્યને મુંડન[1] પછી એકથી સાત અહોરાત્ર પર્યંતના ઊગેલા વાલાગ્રોથી (ઠાંસી ઠાંસીને) ભરીને પ્રતિસમયમાં વાલાગ્રને કાઢતે છતે જેટલા કાળ વડે તે પાલો ખાલી થાય તે કાળ સંવ્યવહારઉદ્ધારપલ્યોપમ કહેવાય છે. તેવા દશ કોડાકોડી વ્યવહારિકપલ્યોપમનું એક વ્યવહારિકઉદ્ધારસાગરોપમ કહેવાય છે. તે વાલાગ્રના જ દૃષ્ટિગોચર અતિ સૂક્ષ્મ દ્રવ્યના અસંખ્યાત ભાગ માત્ર સૂક્ષ્મ પનક (નિગોદિયા જીવ)ની અવગાહનાથી અસંખ્યાત ગુણરૂપ અવગાહનાવાળા ખંડો કરીને ભરેલ પલ્ય (પાલો) સમયે સમયે એક એક વાલાગ્રના અપહાર (કાઢવા) વડે જેટલા કાળે ખાલી થાય તેટલા કાળે સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમ થાય છે. તેવા દશ કોડાકોડી સૂક્ષ્મઉદ્ધાર પલ્યોપમ વડે સૂક્ષ્મઉદ્ધારસાગરોપમ થાય છે. આ સૂક્ષ્મઉદ્ધાર સાગરોપમ વડે દ્વીપ અને સમુદ્રોની પરિસંખ્યા-ગણત્રી કરાય છે. કહ્યું છે કે—

**उद्धारसागराणं, अड्डाइज्जाण जत्तिया समया । दुगुणादुगुणपवित्थर, दीवोदहि रज्जु एवइया ॥१२७॥**

**[बृहत्क्षेत्र० १/३ इति]**

અઢી ઉદ્ધારસાગરોપમના જેટલા સમયો છે તેટલા દ્વીપ અને સમુદ્રો છે. તે અનુક્રમે એક એકથી બમણા બમણા વિસ્તારવાળા છે. વળી તે સર્વ દ્વીપ તથા સમુદ્રોનું પ્રમાણ મળીને એક રાજ થાય છે. (૧૨૭)

અદ્ધાપલ્યોપમ અને સાગરોપમમાં પણ સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદ છે. વિશેષ એ કે-સો સો વર્ષે પૂર્વોક્ત વાલાગ્રને કાઢવાથી બાદરઅદ્ધા અને તે વાલાગ્રના અસંખ્યાત ખંડને સો સો વર્ષે કાઢવાથી સૂક્ષ્મઅદ્ધાપલ્યોપમ અને સાગરોપમ પૂર્વોક્ત રીતે થાય છે. આ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ અને સાગરોપમ વડે નારકાદિની સ્થિતિ-આયુષ્યનું માન કરાય છે. ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમના પણ એવી રીતે સૂક્ષ્મ અને બાદર બે ભેદ છે. વિશેષ એ કે-પૂર્વોક્ત રીતે વાલાગ્રને ભરીને તેને સ્પર્શીને રહેલા આકાશપ્રદેશોને પ્રતિસમયે અપહાર કરતાં જેટલા કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળને વ્યવહારિક (બાદર) ક્ષેત્રપલ્યોપમ કહેવાય છે અને તે વાલાગ્રના અસંખ્યાત ખંડ વડે તે પલ્યને ભરીને તેને સ્પર્શીને રહેલા અને અસ્પૃષ્ટ (નહિ ફરસેલા) *આકાશપ્રદેશોને પ્રતિ સમયે અપહાર કરતાં જેટલા કાળે તે પલ્ય ખાલી થાય તેટલા કાળને સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમ કહેવાય છે.* તેમ સાગરોપમ પણ જાણી લેવું. આ ક્ષેત્રપલ્યોપમાદિની પ્રરૂપણા માત્ર વિષયમાં જ છે. આ ક્ષેત્રપલ્યોપમ અને સાગરોપમનો દૃષ્ટિવાદમાં સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ પ્રદેશના વિભાગ વડે દ્રવ્યના માનમાં પ્રયોજન છે એમ સંભળાય છે. ત્રણ પ્રકારનો બાદર ભેદ પ્રરૂપણા માત્ર છે. તે કારણથી આ પ્રકરણમાં ઉદ્ધાર અને ક્ષેત્ર ઔપમિકનું નિરુપયોગીપણું હોવાથી અને અદ્ધોપમિકનું જ ઉપયોગીપણું હોવાથી અદ્ધા એવું વિશેષણ સૂત્રમાં કહેલું છે. આ હેતુથી જ અદ્ધાપલ્યોપમના સ્વરૂપને કહેવાની ઇચ્છા વડે સૂત્રકાર કહે છે **'से किं त'**मित्यादि० હવે તે પલ્યોપમ શું છે? જે અદ્ધાની ઉપમા વડે કહેલ છે. આ પ્રશ્નનો અનુવાદ વડે આ ઉત્તર કહે છે **'पलिओवमे'**त्ति० પલ્યોપમ આવી રીતે થાય છે. આ શેષ વાક્ય છે **'जं जोयणा'** (પેલી ગાથા) નિશ્ચય જે યોજન વિસ્તીર્ણ છે તે ઉપલક્ષણથી સર્વથી યોજનપ્રમાણ પલ્ય અર્થાત્ ધાન્યનું સ્થાનવિશેષ છે. જે એક દિવસનું જ હોય તે એકાહિક, એકાહિક વડે જે ઊગેલા અર્થાત્ વધેલા એટલે કે મસ્તકનું મુંડન કર્યા પછી એક દિવસ વડે જેટલા હોય તેટલા, અને એના ઉપલક્ષણથી ઉત્કર્ષથી સાત દિવસના ઊગેલા વાલાગ્રોના કોટ્યો-વિભાગો. સૂક્ષ્મપલ્યોપમની અપેક્ષાએ અસંખ્યાત ખંડોવાળા અને બાદર પલ્યોપમની અપેક્ષાએ તો કોટ્ય-સંખ્યાવિશેષો, તે વાલાગ્રોનું શું થાય? **'भरितं'** ભરેલો, કેવી રીતે? તે કહે છે. **'निरंतरं'** નિચિતં-નિવિડપણાએ એકત્ર કરેલો. **'वाससए'** (બીજી ગાથા) આ કહેલ પલ્યમાંથી સો સો વર્ષે અર્થાત્ દરેક એક સો વર્ષે એક એક વાલાગ્રના અસંખ્યાત ખંડને બહાર કાઢવાથી જેટલા કાળે તે પલ્ય ખાલી થાય તેટલા પ્રમાણવાળો કાળ જાણવો, કેમ? કહે છે-**उपमा**-ઉપમા યોગ્ય, કોને? તે કહે છે-એક પલ્યને. આ પ્રમાણે પલ્ય ખાલી થતાં જે કાળ થાય તે

1. ઉત્તરકુરુક્ષેત્રના યુગલીઆના વાલાગ્રો લેવા એમ જંબૂદ્વીપપન્નતિમાં કહેલ છે. ગ્રન્થાંતરમાં સામાન્ય વાલાગ્ર શબ્દ છે અને ક્ષેત્ર સમાસમાં વાલાગ્રના ખંડ કરવા એમ પણ કહેલું છે.

એક સૂક્ષ્મવ્યવહારિક પલ્યોપમ કહેવાય છે. 'एएसिं पल्लाणं०' (ત્રીજી ગાથા) ઉપર જણાવેલ સ્વરૂપવાળા સૂક્ષ્મ અને બાદર દશ કોડાકોડી પલ્યોપમે જે કાળ થાય અર્થાત્ દશ કોટાકોટી પલ્યોપમે એક સૂક્ષ્મરૂપ અથવા બાદરરૂપ સાગરોપમનું પરિમાણ થાય. ॥૯૯॥

આ પલ્યોપમ અને સાગરોપમ વડે ક્રોધાદિના ફલભૂત કર્મની સ્થિતિ વર્ણવાય છે તેથી ક્રોધાદિના સ્વરૂપના નિરૂપણને માટે હવે કહે છે—

**दुविहे कोहे पन्नत्ते, तंजहा—आयपइट्ठिते चेव परपइट्ठिए चेव, एवं नेरइयाणं जाव वेमाणियाणं, एवं जाव मिच्छादंसणसल्ले ॥ सू० १०० ॥**

**दुविहा संसारसमावन्नगा जीवा पन्नत्ता, तंजहा—तसा चेव थावरा चेव।**

**दुविहा सव्वजीवा पन्नत्ता, तंजहा—सिद्धा चेव असिद्धा चेव।**

**दुविहा सव्वजीवा पण्णत्ता, तंजहा—सइंदिया चेव अणिंदिया चेव, एवं एसा गाहा फासेतव्वा जाव ससरीरी चेव असरीरी चेव—**

**''सिद्ध-सइं-दिय-काए, जोगे वेए कसाय लेसा य । णाणुवओगाहारे, भासग-चरिमे य ससरीरी''॥१॥ ॥ सू० १०१ ॥**

*(મૂ૦) બે પ્રકારે ક્રોધ કહેલ છે, તે આ પ્રમાણે—આત્મપ્રતિષ્ઠિત અને પરપ્રતિષ્ઠિત. એવી રીતે નૈરયિકથી માંડી યાવત્ વૈમાનિક પર્યંત ચોવીશ દંડકમાં બે પ્રકારે ક્રોધ છે. એવી રીતે માન વગેરે યાવત્ મિથ્યાદર્શનશલ્ય પણ બે પ્રકારે છે. બે પ્રકારે સંસારસમાપન્નક જીવો કહેલા છે, તે આ પ્રમાણે—ત્રસ અને સ્થાવર. બે પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—સિદ્ધ અને અસિદ્ધ. બે પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—સેન્દ્રિય (ઇંદ્રિય સહિત) અને અનિંદ્રિય (ઇંદ્રિય રહિત). એવી રીતે સિદ્ધાદિસૂત્રના ક્રમથી આ ગાથાને અનુસારે યાવત્ શરીર સહિત અને શરીરરહિત ૧ સિદ્ધ, ૨ સેંદ્રિય, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય, ૭ લેશ્યા, ૮ જ્ઞાન, ૯ ઉપયોગ, ૧૦ આહારક, ૧૧ ભાષક, ૧૨ ચરમ, ૧૩ સશરીરી આ તેર દ્વારો કહેવા. ॥૧૦૦-૧૦૧॥*

(ટી૦) પોતાના અપરાધથી ઐહિક એટલે આ લોક સંબંધી અપાય–નુકશાન દેખવાથી આત્માને વિષે પ્રતિષ્ઠિત–પોતાથી થયેલો અથવા પોતાના વડે બીજાને વિષે આક્રોશ કરવા વડે થયેલો તે આત્મપ્રતિષ્ઠિત અને બીજાએ કરેલ આક્રોશ વગેરેથી પ્રતિષ્ઠિત ઉદયમાં આવેલો, અથવા બીજાને વિષે થયેલો તે પરપ્રતિષ્ઠિત. એ પ્રમાણે જેવી રીતે સામાન્યથી બે પ્રકારે ક્રોધ કહ્યો તેવી રીતે નારકાદિ ચોવીશ દંડકોમાં બે પ્રકારે કહેવો. વિશેષ એ કે–પૃથિવી વગેરે અસંજ્ઞીઓને જણાવેલ લક્ષણરૂપ આત્મપ્રતિષ્ઠિતત્વાદિ, પૂર્વભવના સંસ્કારથી થયેલ ક્રોધ જાણવો. એમ જ માન વગેરેથી આરંભીને મિથ્યાત્વશલ્ય પર્યંત પાપસ્થાનકો આત્મ અને પરપ્રતિષ્ઠિત વિશેષણવાળા સામાન્યપદપૂર્વક ચોવીશ દંડક વડે કહેવા. આ હેતુથી જ કહે છે—'एवं जाव मिच्छादंसणसल्ले' त्ति० એ માન વગેરેના સ્વવિકલ્પથી ઉત્પન્ન થયેલ અને બીજાથી ઉત્પન્ન થવા વડે અથવા પોતાના આત્મવર્તી અને પરાત્મવર્તીથી સ્વ અને પરપ્રતિષ્ઠિતપણું જાણી લેવું. એવી રીતે પાપસ્થાનકોને આશ્રયીને તેર દંડકો છે.[1] ઉક્ત વિશેષણોવાળા પાપસ્થાનકો સંસારી જીવોને જ હોય છે માટે તે સંસારી જીવોનો ભેદ કહે છે. 'दुविहे' ઇત્યાદિ સુગમ છે. **શંકા**—શું સંસારી જ જીવો છે કે બીજા પણ જીવો છે? **ઉત્તર**—સિદ્ધના જીવો છે (૧), માટે પ્રાયઃ ઉભય બતાવવા માટે તેર સૂત્રો કહે છે—'**दुविहा सव्वे**'त्यादि સુગમ છે. વિશેષ એ કે—ઇંદ્રિય સહિત સંસારી જીવો છે અને અનિંદ્રિય, અપર્યાપ્તક[2], કેવલી[3]

1. ક્રોધથી મિથ્યાત્વશલ્ય સુધી તેર દંડક થાય છે. 2. ઇંદ્રિયપર્યાપ્તિથી અપર્યાપ્ત. 3. કેવલીને દ્રવ્યેંદ્રિયો હોય છે પણ ભાવઇંદ્રિયોનો અભાવ હોવાથી અનિંદ્રિય કહેલ છે.

તથા સિદ્ધો છે (૨), **'एवं एस'त्ति॰** એવી રીતે સિદ્ધાદિ સૂત્રોક્ત ક્રમ વડે **'दुविहा सव्वजीवे'** त्यादि॰ લક્ષણ વડે આ કહેવાતી પ્રસ્તુત સૂત્રની સંગ્રહગાથા અનુસરવા યોગ્ય છે. આ ગાથાના અનુસારે જ તેર સૂત્રો પણ કહેવા. આથી જ કહે છે. **'जाव ससरीरी चेव असरीरी चेव'त्ति। 'सिद्ध' गाहा॰** સિદ્ધો અને ઇંદ્રિય સહિત, ઇતર સહિત (સંસારી અને અનિંદ્રિય) કહેવાય. **एवं 'काए' त्ति॰ कायाः**–પૃથિવી વગેરે કાય, તેને આશ્રયીને સર્વે જીવો વિપર્યય સહિત કહેવા. એવી રીતે સર્વે પદો કહેવા. વાચના તો આ પ્રમાણે—**'सकायच्चेव अकायच्चेव' सकायाः**—પૃથિવી વગેરે છ પ્રકારની કાયવિશિષ્ટ સંસારી જીવો અને *अकायाः*—તેથી જુદા જીવો (૩), **सयोगाः**—યોગ સહિત સંસારી જીવો, **अयोगाः**—અયોગીગુણઠાણાવાળા અને સિદ્ધો (૪), **'वेदे'त्ति॰** વેદ સહિત સંસારી જીવો અને **अवेदाः**—અનિવૃત્તિબાદરસંપરાય વિશેષ વગેરે છ ગુણઠાણવાળા અને સિદ્ધો (૫), **'कसाय'त्ति॰** કષાયવાળાસૂક્ષ્મસંપરાય (દશમા) ગુણઠાણા પર્યંતના જીવો અને **अकषायाः**—ઉપશાંતમોહ વગેરે ચાર ગુણઠાણાવાળા તથા સિદ્ધો (૬), **'लेसाय'त्ति॰ सलेश्याः**—સયોગી ગુણઠાણા પર્યંત સંસારી જીવો અને **अलेश्याः**—લેશ્યા રહિત અયોગી તથા સિદ્ધો (૭), **'नाणे'त्ति॰** જ્ઞાનીઓ–સમ્યગ્દૃષ્ટિ જીવો અને અજ્ઞાનીઓ–મિથ્યાદૃષ્ટિ જીવો. કહ્યું છે કે—

**अविसेसिया मइ च्चिय, सम्माद्दिट्ठिस्स सा मइन्नाणं । मइअन्नाणं मिच्छादिट्ठिस्स सुयंपि एमेव ।।१२८।।**

**[विशेषावश्यक॰ ११४ त्ति]**

અવિશેષિત (સામાન્યપણે) મતિ જ છે તે મતિ સમ્યગ્દૃષ્ટિને મતિજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિને મતિઅજ્ઞાન કહેવાય છે. એ જ પ્રમાણે અવિશેષિત શ્રુત જ છે તે સમ્યગ્દૃષ્ટિને શ્રુતજ્ઞાન તથા મિથ્યાદૃષ્ટિને શ્રુતઅજ્ઞાન કહેવાય છે. (૧૨૮)

આ કારણથી અજ્ઞાનતા તો મિથ્યાદૃષ્ટિના બોધને સત્ તથા અસત્ વિશેષણના અભાવથી હોય છે. તે આ પ્રમાણે—પદાર્થો છે. અહિં તેનું સત્ત્વં (અસ્તિપણું) કથંચિત્ (સ્યાત્) છે એમ વિશેષણ કરવા યોગ્ય થાય છે અર્થાત્ સ્વરૂપ વડે સત્ત્વ છે; જ્યારે મિથ્યાદૃષ્ટિ તો એમ માને છે કે પદાર્થો છે જ તેમ માનવાથી તો પરરૂપ વડે પણ તે પદાર્થોને અસ્તિપણાનો પ્રસંગ થાય. તથા 'પદાર્થો નથી' આમ કહેવામાં તેનું અસત્ત્વં (નાસ્તિપણું) કથંચિત્ વિશેષણ કરવા યોગ્ય થાય છે અર્થાત્ પરરૂપ વડે અસત્ત્વ છે તે મિથ્યાદૃષ્ટિ તો 'પદાર્થો નથી જ' એમ માને છે. તેવી રીતે હોય તો પ્રતિષેધક વચનનો પણ અભાવ–નિષેધ[1] કરે છે. અથવા શશવિષાણ વગેરે નથી, એ વાક્ય પણ કથંચિત્ શબ્દ વડે વિશેષણ કરવા યોગ્ય છે. જે કારણથી તે શશવિષાણ વગેરે, સસલાના મસ્તક વડે યુક્તપણાએ જ નથી, પરંતુ સસલા અને વિષાણ–શીંગડાનો અભાવ નથી. અથવા સસલાનું વિશેષણ–શીંગડાવાળા પૂર્વભવના ગ્રહણની અપેક્ષાએ શશવિષાણ છે. તદ્રુપપણાએ પણ 'શશવિષાણ' નથી આવી રીતે સત્ અને અસત્ના વિશેષણ રૂપ કથંચિત્ શબ્દનો સ્વીકાર ન કરવાથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અયથાર્થપણાએ કુત્સિત (નિંદિત) હોવાથી અજ્ઞાન જ છે. કહ્યું છે કે—

**जह दुव्वयणमवयणं, कुच्छियसीलं असीलमसतीए । भण्णइ तह णाणं पि हु, मिच्छाद्दिट्ठिस्स अन्नाणं ।।१२९।।**

**[विशेषावश्यक॰ ५२० त्ति]**

જેમ દુર્વચન તે અવચન તથા અસતી સ્ત્રીનું કુત્સિત શીલ તે અશીલ કહેવાય છે તેમ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. (૧૨૯)

તથા મિથ્યાદૃષ્ટિનો અધ્યવસાય (અભિપ્રાય) જ્ઞાન નથી, કારણ કે મિથ્યાત્વ વગેરેની જેમ ભવ (સંસાર)નો હેતુ છે. તથા યદૃચ્છોપલલબ્ધિથી અર્થાત્ **સ્વમતિકલ્પનાથી ગાંડાની જેમ તથા સત્ક્રિયાલક્ષણરૂપ જ્ઞાનના ફલનો અભાવ** હોવાથી આંધળાને પોતાના હાથમાં રહેલ દીપકના પ્રકાશની માફક જાણવું. ભાષ્યકાર કહે છે કે—

**सदसदविसेसणाओ, भवहेउ-जइच्छिओवलंभाओ । णाणफलाभावाओ, मिच्छादिट्ठिस्स अन्नाणं ।।१३०।।**

**[विशेषावश्यक॰ ११५ त्ति]**

1. 'न संत्येव' એ પ્રતિષેધ વચન છે, તેનો અભાવ–નિષેધ કરે છે, અર્થાત્ संत्येवेति–પદાર્થો છે.

સત્-અસત્માં વિવેકશૂન્ય છે. ભવનો હેતુ છે. સ્વતંત્રપણે પ્રવર્તે છે. જ્ઞાનનાં ફળથી રહિત છે. તેથી મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન અજ્ઞાન છે (૧૩૦) (૮), 'उवओगि' त्ति० सागारोवउत्ते चेव अणगारोवउत्ते चेव त्ति० આકાર સહિત વિશેષાંશ ગ્રહણશક્તિરૂપ લક્ષણ વડે જે ઉપયોગ વર્તે તે સાકારજ્ઞાનોપયોગ, તે વડે યુક્ત તે સાકારયુક્ત, અનાકાર તો તેનાથી જુદો દર્શનોપયોગ (સામાન્યાંશગ્રાહક) છે. કહ્યું છે કે—

**जं सामन्नग्गहणं, भावाणं नेय कट्टु आगारं । अविसेसिऊण अत्थे, दंसणमिति वुच्चए समए ।।१३१।।**

જે પદાર્થોનું સામાન્યપણે ગ્રહણ કરવું (પણ) આકાર (વિશેષે) કરીને નહિં અર્થાત્ અવિશેષ અર્થોનું ગ્રહણ તે દર્શન સિદ્ધાંતમાં કહેવાય છે. (૧૩૧)

દર્શન વડે ઉપયુક્ત જે થાય તે અનાકારોપયુક્ત છે. (૯), 'आहारे' त्ति० આહારકો-ઓજસ્, લોમ અને કવળના ભેદવિશેષ આહારને ગ્રહણ કરનારા. કહ્યું છે કે—

**ओयाहारा जीवा, सव्वे अपज्जत्तगा मुणेयव्वा । पज्जत्तगा य लोमे, पक्खेवे होंति भइयव्वा ।।१३२।।**

**एगिंदिय देवाणं, णेरइयाणं च नत्थि पक्खेवो । सेसाणं जीवाणं, संसारत्थाण पक्खेवो ।।१३३।।** [बृहत्सं० १९८-१९९]

બધા અપર્યાપ્તક જીવો ઓજ[1] આહારવાળા જાણવા, વળી બધા પર્યાપ્તા[2] જીવો લોમ (રોમ) આહારવાળા છે અને કવળ આહારનો પ્રક્ષેપ કરતે છતે ભજના જાણવી અર્થાત્ કવળ અને રોમ આહાર હોય. એકેંદ્રિય જીવોને, દેવોને અને નારકોને કવળ આહાર નથી, બાકીના સંસારમાં રહેલા જીવો (બેઇંદ્રિયાદિ) ને કવળ આહાર હોય છે. (૧૩૨-૧૩૩)

अनाहारकास्तु० અનાહારકો તો—

**विग्गहगइमावण्णा १, केवलिणो समोहया २ अजोगी य ३ । सिद्धा य ४ अणाहारा, सेसा आहारगा जीवा ।।१३४।।**

[जीवसमासे ८२ इति १०]

૧ વિગ્રહગતિને પામેલા—એક ભવથી બીજા ભવમાં વિશ્રેણિ વડે ગમનને પ્રાપ્ત થયેલા તે બધા જીવો, તથા ૨ કરેલ છે સમુદ્ઘાત જેમણે એવા કેવલીઓ, ૩ અયોગી-શૈલેશી અવસ્થાને પ્રાપ્ત થયેલા અને ૪ સિદ્ધના જીવો અનાહારક હોય છે. બાકીના બધા જીવો આહારક હોય છે (૧૦), 'भास'त्ति० ભાષકો—ભાષાપર્યાપ્તિ વડે પર્યાપ્તકો અને અભાષકો ભાષાપર્યાપ્તિ વડે અપર્યાપ્તકો, અયોગીઓ અને સિદ્ધો જાણવા (૧૧), 'चरम'त्ति० **જેઓનો ચરમ (છેલ્લો) ભવ થશે તે ચરમ જીવો અને ભવ્યપણું છતે પણ જેઓને છેલ્લો ભવ થશે નહિ અર્થાત્ મોક્ષ પામશે નહિ તે અચરમ જીવો જાણવા** (૧૨), 'ससरीरी'त्ति०[3] પાંચ પ્રકારના શરીર સાથે યથાસંભવ શરીરવાળા થાય તે સશરીરી સંસારી જીવો જાણવા. અહિં સમાસાત વિધિથી 'इन्' પ્રત્યય થયેલ છે. જેઓને શરીર છે તે શરીરીઓ અને તેનો (શરીરનો) અભાવ હોવાથી અશરીરવાળા સિદ્ધો જાણવા (૧૩), આ સંસારી જીવો અને સિદ્ધના જીવો, મરણ અને અમરણ ધર્મ (સ્વભાવ)વાળા છે. ।।૧૦૦-૧૦૧।।

અપ્રશસ્ત અને પ્રશસ્તમરણ એવા તેના ભેદ છે. આ કારણથી પ્રશસ્ત અને અપ્રશસ્ત મરણનું નિરૂપણ કરવા માટે નવ સૂત્ર કહે છે—

**दो मरणाइं समणेणं भगवता महावीरेणं समणाणं णिग्गंथाणं णो णिच्चं वन्नियाइं णो णिच्चं कित्तियाइं णो णिच्चं पूइयाइं णो णिच्चं पसत्थाइं णो णिच्चं अब्भणुन्नायाइं भवंति, तंजहा—वलयमरणे चेव वसट्टमरणे चेव १ एवं णियाणमरणे चेव तब्भवमरणे चेव २ गिरिपडणे चेव तरुपडणे चेव ३ जलप्पवेसे चेव जलणप्पवेसे चेव ४ विसभक्खणे चेव सत्थोवाडणे चेव ५।**

1. ઉત્પત્તિના સ્થાનમાં સ્વશરીર યોગ્ય પુદ્ગલના સમૂહનો આહાર કરે છે તે ઓજ આહાર.
2. શરીરપર્યાપ્તિ વડે પર્યાપ્તા. 3. ત્રીજા, ચોથા અને પાંચમા સમયમાં વર્તતા કેવલીઓ.

**दो मरणाइं जाव णो णिच्चं अब्भणुन्नायाइं भवंति, कारणेण पुण अप्पडिकुट्ठाइं तंजहा—वेहाणसे चेव गिद्धपट्ठे चेव ६।**

**दो मरणाइं समणेणं भगवया महावीरेणं समणाणं निग्गंथाणं णिच्चं वन्नियाइ जाव अब्भणुन्नाताइं भवंति, तंजहा—पाओवगमणे चेव भत्तपच्चक्खाणे चेव ७ पाओवगमणे दुविहे पन्नत्ते, तंजहा—णीहारिमे चेव अनीहारिमे चेव, णियमं अपडिक्कमे ८ भत्तपच्चक्खाणे दुविहे पन्नत्ते, तंजहा—णीहारिमे चेव अणीहारिमे चेव, णियमं सपडिक्कमे ।। सू० १०२।।**

*(મૂ૦) બે મરણ શ્રમણ ભગવાન્ મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને સદા વર્ણવ્યા નથી, સદા કીર્ત્તિ (પ્રશંસા) કરેલ નથી, સદા સ્પષ્ટ વાણી વડે કહેલ નથી, સદા પૂજિત-સત્કાર કરેલ નથી, સદા વખાણેલ નથી અને સદા આજ્ઞા આપેલ નથી. તે (મરણ) આ પ્રમાણે—સંયમથી પતિત અને પરીષહને સહન ન કરવાથી જે મરણ કરે તે વલય મરણ, ઇંદ્રિયોને વશ થવાથી મરે તે વશાર્ત્ત મરણ (૧), એવી રીતે નિયાણું કરીને મરવું તે નિદાનમરણ, જે ભવમાં છે તે ભવને યોગ્ય આયુષ્ય બાંધીને જે મરવું તે તદ્ભવમરણ (૨), પર્વત ઉપરથી પડીને મરવું તે ગિરિપતન મરણ, ઝાડ ઉપરથી પડીને મરવું તે તરુપતન મરણ (૩), પાણીમાં પ્રવેશ કરીને મરવું તે જલપ્રવેશ મરણ, અગ્નિમાં પ્રવેશ કરીને મરવું તે જ્વલનપ્રવેશ મરણ (૪), ઝેર ખાઈને મરવું તે વિષભક્ષણ મરણ, શસ્ત્ર (કટારી વગેરે)થી મરવું તે શસ્ત્રોત્પાટન મરણ (૫), બે મરણ યાવત્ સદા અનુમતિ (આજ્ઞા) આપેલ નથી એમ ઉપરના કથન પ્રમાણે જાણવું, પરંતુ શીલભંગના રક્ષણ કરવા વગેરે કારણથી એ મરણ નિવારેલ નથી, તે આ પ્રમાણે—વૃક્ષની શાખામાં ગળાફાંસો બાંધીને જે મરવું તે વૈહાનસ (આકાશ) મરણ, હાથી વગેરેના શરીરમાં પ્રવેશ કરીને ગૃદ્ધ (ગીધ) પક્ષીઓ પાસે સ્પર્શ (શરીર ખવરાવીને) કરીને જે મરવું તે ગૃદ્ધસ્પૃષ્ટ મરણ (૬), બે મરણ શ્રમણ ભગવાન્ મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને નિત્ય વર્ણવ્યા છે, યાવત્ અનુમતિ આપેલ છે, તે આ પ્રમાણે—છેદેલ વૃક્ષની જેમ ચેષ્ટા રહિત જે રહેવું તે પાદપોપગમન મરણ, ભોજનનું પ્રત્યાખ્યાન (ત્યાગ) તે ભક્તપ્રત્યાખ્યાન મરણ (૭), પાદપોપગમન મરણ બે પ્રકારે છે, તે આ પ્રમાણે—જેણે વસતિમાં પાદપોપગમન અનશન કરેલ છે તેના શરીરનો અગ્નિસંસ્કાર કરવો તે નિર્હારિમ અને શરીરનો સંસ્કાર કરવામાં ન આવે તે અનિર્હારિમ. તે નિયમથી શરીરની પ્રતિક્રિયા રહિત પાદપોપગમન (૮), ભક્તપ્રત્યાખ્યાન બે પ્રકારે છે, તે આ પ્રમાણે—નિર્હારિમ અને અનિર્હારિમ તે નિયમથી શરીરની પ્રતિક્રિયા સહિત છે. ॥૧૦૨॥*

(ટી૦) 'दो मरणाइं' मित्यादि० સુગમ છે. વિશેષ કહે છે કે બે મરણ શ્રમણ ભગવાન્ મહાવીરે, શ્રમણ નિર્ગ્રંથોને કહ્યા નથી. श्राम्यन्ति-જે તપ કરે છે તે શ્રમણો, શાક્ય (બૌદ્ધભિક્ષુ) વગેરે પણ હોય છે. કહ્યું છે કે—णिग्गंथ १ सक्क २ तावस ३ गेरुय ४ आजीव ५ पंचहा समणा । [पिण्डनि० ४४५] પાંચ પ્રકારના શ્રમણો કહેલા છે—૧ નિર્ગ્રંથો, ૨ શાક્યો, ૩ તાપસો, ૪ ગૈરિકો અને ૫ આજીવિકો. આ કારણથી તેઓનો નિષેધ કરવા માટે કહે છે કે—બાહ્ય અને અભ્યંતર ગ્રંથ (પરિગ્રહ)થી જે નીકળેલા-મૂકાયેલા તે નિર્ગ્રંથો-સાધુઓને તે બે મરણને વિષે સ્વીકારવા યોગ્ય ફળ વડે પ્રવૃત્તિ કરવા માટે સદા કહેલ નથી. 'कीर्त्तिते' સ્વીકારવાની બુદ્ધિ વડે નામથી પણ ઉચ્ચારણ કરેલ નથી, 'बुइयाइं'ति० સ્પષ્ટ વાણી વડે ઉપાદેય સ્વરૂપથી બે મરણ કહેલ છે ( તે કરવા યોગ્ય નથી), પાઠાંતર વડે पूजिते वा તે મરણ કરનારાના પૂજનથી વખાણેલ નથી, 'शंस्' ક્રિયાપદ સ્તુતિના અર્થમાં છે. અનુમત નથી અર્થાત્ તમે કરો એમ પણ કહેલ નથી, 'वलयमरणं'ति० વલતાં-સંયમથી નિવૃત્ત થયેલાનું પરીષહ વગેરેથી બાધિત હોવાથી જે મરણ તે વલયમરણ, 'वसट्टमरणं'ति० તેલ સહિત દીપકની શિખાને જોવાથી આકુલ થયેલ પતંગીઆ વગેરેની જેમ ઇંદ્રિયોને વશ થયેલાઓનું જે મરણ તે વશાર્ત્તમરણ જાણવું. કહ્યું છે કે—

**संजमजोगविसन्ना, मरंति जे तं वलयमरणं तु । इंदियविसयवसगया, मरंति जे तं वसट्टं तु ।।१३५।।**

**[उत्तरा०नि० २१६ इति]**

સંયમના વ્યાપારો (પ્રવૃત્તિઓ)માં ખિન્ન થયેલા–ખેદ પામેલાઓ જે મરણ કરે છે તે વલયમરણ અને ઇંદ્રિયને વશ થયેલાઓ જે મરણ કરે છે તે વશાર્ત્તમરણ (૧૩૫) (૧), અને એવી રીતે **'णियाणे'** **त्यादि० 'एव' मिति दो मरणाइं समणेणमित्यादि०** અભિલાપ પછીના સૂત્રોને વિષે પણ સૂચન કરવા માટે છે. ઋદ્ધિ અને ભોગ વગેરેની જે પ્રાર્થના તે નિદાન, અને નિદાન (નિયાણ) પૂર્વક જે મરણ તે નિદાનમરણ, જે ભવમાં જીવ વર્તે છે તે ભવને યોગ્ય જ આયુષ્ય બાંધીને મરનારનું જે મરણ તે તદ્ભવમરણ કહેવાય છે. તદ્ભવમરણ, સંખ્યાત (વર્ષના) આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચોને હોય છે. તેઓને જ તદ્ભવના આયુષ્યનો બંધ થાય છે. કહ્યું છે કે—

**मोत्तुं अकम्मभूमगनर-तिरिए सुरगणे य णेरइए । सेसाणं जीवाणं, तब्भवमरणं तु केसिंचि ।।१३६।।[उत्तरा०नि० २२०]**

અકર્મભૂમિક મનુષ્ય, તિર્યંચો અને દેવનો સમુદાય અને નૈરિયકોને મૂકીને બાકીના કેટલાએક જીવોને જ તદ્ભવમરણ હોય છે. (૧૩૬)

**'सत्थोवाडणे'** **त्ति०** જે (મરણ)માં છુરિકા આદિ શસ્ત્ર વડે પોતાના શરીરનું વિદારણ થાય છે તે શસ્ત્રાવપાટન મરણ કહેવાય છે. **'कारणे पुणे'** **इति** શીલભંગની રક્ષા વગેરે કારણ છતે, પાઠાંતરે **कारणेन**—કારણ વડે બે મરણ ભગવાને નિષેધ કરેલ નથી, તે આ—વૃક્ષની શાખામાં ઊંચે બંધાવાથી **विहायसि**—આકાશમાં થયેલું જે મરણ તે વૈહાયસ મરણ. (પ્રાકૃત શૈલીથી તો 'વહાણસ' કહેલું છે.) જે (મરણ)માં ગીધો વડે સ્પર્શાવું તે ગૃધ્રસ્પૃષ્ટ મરણ અથવા ગીધોને ખાવા યોગ્ય જે પીઠ અને ઉપલક્ષણથી હાથી, ઊંટ વગેરેના પેટ વિગેરે અવયવમાં પેસીને મરવાની ઇચ્છાવાળા મહાસત્ત્વવાન્ જીવનું જે મરણ તે ગૃધ્રસ્પૃષ્ટ મરણ કહેવાય છે, અહિં ગાથા—

**गद्धादिभक्खणं, गद्धपट्ठमुब्बंधणादि वेहासं । एते दोन्निऽवि मरणा, कारणजाएं अणुन्नाया ।।१३७।।[उत्तरा०नि० २२३ ति]**

ગૃદ્ધાદિની પાસે શરીર ખવડાવવું તે ગૃદ્ધસ્પર્શમરણ અને વૃક્ષશાખાદિમાં બંધાઈને મરવું તે વૈહાનસમરણ આ બન્ને મરણ કારણની ઉપસ્થિતિમાં અનુજ્ઞાત છે. (૧૩૭)

અપ્રશસ્તમરણ પછી તે પ્રશસ્ત મરણ ભવ્ય જીવોને થાય છે, તે કહે છે **'दो मरणाइं'** **इत्यादि० पादप** એટલે વૃક્ષ. તે છેદાઇને જેમ પડે તેમ ઉપગમન—અત્યંત ચેષ્ટા રહિતપણે જે (મરણ)માં રહેવું તે પાદપોપગમન, ભક્ત–ભોજનનું જ પાદપોપગમનની જેમ પ્રત્યાખ્યાન–વર્જવું જેમાં છે તે ભક્તપ્રત્યાખ્યાન, પરંતુ પાદપોપગમનની જેમ ચેષ્ટાનું વર્જવું નથી. **'णीहारिमं'** **ति०** જે વસતિ (જગ્યા)ના એક વિભાગમાં (અનશન) કરાય છે તે સ્થાનથી શરીરનું નિર્હરણ–બાહેર કાઢવાથી (સંસ્કાર કરવામાં આવે છે તેથી) તે નિર્હારિમ મરણ કહેવાય છે. વળી જે પર્વતની મોટી ગુફા વગેરેને વિષે (અનશન) કરવામાં આવે છે તે અનિર્હારિમ અર્થાત્ તેને ત્યાંથી બાહેર કાઢવામાં કે સંસ્કાર કરવામાં આવતું નથી. **'णियमं'** **ति०** અહિં વિભક્તિના બદલવાથી અર્થાત્ પંચમી વિભક્તિનો અર્થ કરવાથી એટલે નિયમથી અપ્રતિકર્મ–શરીરની પ્રતિક્રિયા રહિત પાદપોપગમન અનશન કહેવાય છે. કહ્યું છે કે—

**सीहाइसु अभिभूओ, पायवगमणं करेइ थिरचित्तो । आउम्मि पहुप्पंते, वियाणिउं नवर गीयत्थो ।।१३८।।**

**[पञ्चवस्तु १६२० त्ति]**

સિંહાદિ વડે પરાભવ પામેલ, સ્થિર ચિત્તવાળો થયો થકો, વળી ઘણું કે થોડું જે આયુષ્ય તેના અંતને જાણીને ગીતાર્થ *સાધુ પાદપોપગમન અનશન કરે છે. (૧૩૮)*

સાધુને આ પાદપોપગમન વ્યાઘાતવાળું કહેવાય છે, વ્યાઘાત રહિત તો સૂત્ર અને અર્થ જાણનાર, ઉત્સર્ગથી બાર વર્ષ

પર્યંત કરેલ છે સંસ્કાર જેણે એવો સાધુ સમયને વિષે (અનશનના સમયને પામીને) અનશન કરે છે. તેનો વિધિ આ પ્રમાણે છે–આગમોક્ત વિધિ વડે શરીરાદિના શોષણરૂપ સંલેખના ત્રણ પ્રકારે છે. ૧ જઘન્ય છ માસની, ૨ મધ્યમ એક વર્ષની, ૩ ઉત્કૃષ્ટ બાર વર્ષની. અહિં ઉત્કૃષ્ટ સંલેખના કહે છે.

**चत्तारि विचित्ताइं, विगतीनिज्जूहियाइं चत्तारि । संवच्छरे य दोन्नि उ, एगंतरियं च आयामं ।।१३९।। [आचारांग नि० २७१]**

ચાર વર્ષ પર્યંત છઠ્ઠ, અઠ્ઠમ વગેરે વિચિત્ર તપ કરવો, ત્યારબાદ ચાર વર્ષ સુધી પૂર્વોક્ત પ્રકારનું તપ કરે અને પારણે આયંબિલ કરે. ત્યારપછી બે વર્ષ પર્યંત એકાંતર આયંબિલ જ કરે. (૧૩૯)

**णाइविगिट्ठो य तवो, छम्मासे परिमियं च आयामं । अन्नेऽवि य छम्मासे, होइ विगिट्ठं तवोकम्मं ।।१४०।।**

**[आचारांग नि० २७२]**

ત્યારબાદ અગિયારમા વર્ષના પહેલા છ માસ પર્યંત અતિગાઢ તપ (અઠ્ઠમ વગેરે) ન કરે પરંતુ એક ઉપવાસ કે છઠ્ઠ કરે અને પારણે ઊણોદરીપૂર્વક આયંબિલ કરે. ત્યારપછી છ માસ સુધી અઠ્ઠમ, દશમ અને દ્વાદશમ (ચાર પાંચ ઉપવાસ) વગેરે તપ કરે અને પારણે ઊણોદરી રહિત આયંબિલ કરે. (૧૪૦)

**वासं कोडीसहियं, आयामं काउ आणुपुव्वीए । संघयणादणुरूवं, एत्तो अद्धाइ नियमेणं ।।१४१।। [आचारांग नि० २७३]**

બાદ બારમે વર્ષે જે કરવાનું હોય તે કહે છે—એક વર્ષ પર્યંત નિરંતર કોટી સહિત આયંબિલ કરીને આનુપૂર્વી વડે, સંઘયણાદિને અનુરૂપ એટલા કાળ પર્યંત નિયમ વડે ભોજન કરતો થકો ઊણોદરી કરે, તે દિન પ્રત્યે એકેક કવલ ઓછો કરતાં યાવત્ એક કવલ આહાર કરે, ત્યારબાદ એક કવલમાંથી પણ એક સિકથ (એક દાણો) ઓછો કરે, એવી રીતે બે, ત્રણ વગેરે દાણા ઓછા–ઓછા કરતાં યાવત્ એક દાણો આહાર કરે, અને તેથી કરીને કોટી સહિત એટલે તપના બે છેડા મેળવવા. (૧૪૧)

**देहम्मि असंलिहिए, सहसा धाऊहिं खिज्जमाणेहिं । जायइ अट्टज्झाणं, सरीरिणो चरमकालम्मि ।।१४२।।**

**[पञ्चवस्तु० १५७४-७७ किञ्च]**

શરીરની સંલેખના ન કર્યે છતે ઉતાવળથી જો કરે તો ક્ષય પામતા ધાતુઓ (માંસાદિ) વડે મરણના સમયમાં જીવને આર્તધ્યાન થાય છે. (૧૪૨) વળી કહ્યું છે કે—

**भावमवि संलिहेइ, जिणप्पणीएण झाणजोगेणं । भूयत्थभावणाहि य, परिवड्ढइ बोहिमूलाइं ।।१४३।।**

**[पञ्चवस्तु० १५९३]**

જિનેશ્વરે કહેલ ધ્યાનયોગ વડે આંતરિક ભાવકષાયોની પણ જે સંલેખના કરે છે તે સદ્ભૂત અર્થની ભાવનાઓ વડે બોધિના મૂળોની વૃદ્ધિ કરે છે. (૧૪૩)

**भावेइ भावियप्पा, विसेसओ नवरि तंमि कालम्मि । पयईय निग्गुणत्तं, संसारमहासमुद्दस्स ।।१४४।।**

**[पञ्चवस्तु० १५९४]**

ભાવિતાત્મા, વિશેષથી સૂત્ર વડે ભાવના ભાવે, ખાસ મરણ સમયે સંસારરૂપી સમુદ્રના સ્વભાવ વડે નિર્ગુણપણું વિચારે. (૧૪૪)

**जम्मजरामरणजलो, अणाइमं वसणसावयाइण्णो । जीवाण दुक्खहेऊ, कट्ठं रोद्दो भवसमुद्दो ।।१४५।।**

**[पञ्चवस्तु० १५९५]**

જન્મ, જરા અને મરણરૂપી જલવાળો, આદિ રહિત, દુઃખરૂપી મત્સ્યાદિ જીવો વડે વ્યાપ્ત, કષ્ટરૂપી, ભયંકર એવો આ સંસારરૂપી સમુદ્ર જીવોને દુઃખનું કારણ છે. (૧૪૫)

**धन्नोऽहं जेणमए, अणोरपारम्मि [1]नवरमेयंमि । भवसयसहस्सदुलहं, लद्धं सद्धम्मजाणं ति ।।१४६।।**
**[पञ्चवस्तु० १५९६]**

હું ધન્ય છું કે જેથી મેં અત્યંત અપાર ભવરૂપી સમુદ્રને વિષે લાખો ભવ વડે પ્રાપ્ત થવું દુર્લભ એવું સદ્ધર્મરૂપી વહાણ મેળવ્યું. (૧૪૬)

**एयस्स पभावेणं, पालिज्जंतस्स सइ पयत्तेणं । जम्मंतरेऽवि जीवा, पावंति न दुक्खदोगच्चं ।।१४७।।**
**[पञ्चवस्तु० १५९७]**

એકવારના પ્રયત્નથી પાલન કરવામાં આવેલ એવા ધર્મરૂપી વહાણના પ્રભાવ વડે જન્માંતરમાં પણ જીવો દુઃખવિશિષ્ટ દુર્ગતિને પ્રાપ્ત કરતા નથી. (૧૪૭)

**चिंतामणी अउव्वो, [2]एयमपुव्वो य कप्परुक्खो त्ति । एयं परमो मंतो, एयं परमामयं एत्थं ।।१४८।। [पञ्चवस्तु० १५९८]**

આ ભવસમુદ્રમાં આ ધર્મરૂપી વહાણ મુક્તિનું સાધક હોવાથી અપૂર્વ ચિંતામણિ રત્ન છે, અકલ્પિત ફલને આપવાથી અપૂર્વ કલ્પવૃક્ષ છે, રાગાદિ વિષોનો નાશ કરનાર હોવાથી પરમ મંત્ર છે, મરણના અભાવનો સફલ હેતુ હોવાથી પરમ અમૃતરૂપ છે. (૧૪૮)

**[3]एत्थं वेयावडियं, गुरुमाईणं महाणुभावाणं । जेसिं पभावेणेयं, पत्तं तह पालियं चेव ।।१४९।। [पञ्चवस्तु० १५९९]**

મહાન્ પ્રભાવવાળા સદ્ગુરુ વગેરેની વૈયાવચ્ચને હું ઇચ્છું છું, જેઓના પ્રભાવ વડે ધર્મધ્યાન મેં પ્રાપ્ત કર્યું અને વિઘ્ન રહિત પાલ્યું. (૧૪૯)

**तेसिं नमो तेसिं नमो, भावेण पुणो वि तेसि (चेव)[4]णमो । अणुवकयपरहियरया, जे एयं देंति जीवाणं ।।१५०।।**
**[पञ्चवस्तु० १६००]**

જેણે ઉપકાર નથી કરેલ એવા બીજાના હિત કરવામાં તત્પર જે સદ્ગુરુઓ, જીવોને ધર્મયાન આપે છે તે સદ્ગુરુઓને નમસ્કાર, તે સદ્ગુરુઓને ભાવ વડે ફરીને પણ નમસ્કાર હો. (૧૫૦)

**संलिहिऊणऽप्पाणं, एवं पच्चप्पिणेत्तु फलगाई । गुरुमाइए य सम्मं, खमाविउं भावसुद्धीए ।।१५१।। [पञ्चवस्तु० १६१३]**

એવી રીતે આત્માની સંલેખના (દ્રવ્ય-ભાવથી) કરીને, પાટ-પાટલા વગેરે પાછા સોંપીને, ગુરુ વગેરેને ભાવની શુદ્ધિ વડે સારી રીતે ખમાવીને. (૧૫૧)

**उववूहिऊण सेसे, पडिबद्धे तम्मि तह विसेसेणं । धम्मे उज्जमियव्वं, संजोगा इह विओगंता ।।१५२।।**
**[पञ्चवस्तु० १६१४]**

ગુરુ આદિથી અન્ય સર્વને વિષે પ્રતિબદ્ધ અન્યોન્ય (શિષ્યાદિ સંબંધ વડે બંધાયેલ સર્વની) પ્રશંસા કરીને ધર્મને વિષે સવિશેષ ઉદ્યમ કરવો જોઈએ. સંસારસમુદ્રમાં જે સંયોગો છે તે વિયોગવાળા છે. (૧૫૨)

**अह वंदिऊण देवे, जहाविहिं सेसए य गुरुमाई । पच्चक्खाइत्तु तओ, तयंतिए सव्वमाहारं ।।१५३।। [पञ्चवस्तु० १६१५]**

વળી યથાવિધિ દેવોને—ભગવંતોને વંદન કરીને, શેષ ગુરુ વગેરેને પણ વંદન કરીને, ત્યારપછી ગુરુની પાસે સર્વ આહારનું પચ્ચક્ખાણ કરીને. (૧૫૩)

**समभावंमि ठियप्पा, सम्मं सिद्धंतभणितमग्गेणं । गिरिकंदरंमि गंतुं, पायवगमणं अह करेइ ।।१५४।।**
**[पञ्चवस्तु० १६१६, आचारांग नि० २७३/२]**

---

1. પ્રત્યંતરે भवसमुद्दम्मि પાઠ છે. 2. પ્રત્યંતરે ગાથાવૃત્તિમાં एसअपुव्वो પાઠ છે. 3. ગાથાવૃત્તિમાં इच्छं પાઠ છે.
4. ગાથાવૃત્તિમાં 'चेव' નથી, માત્રા પણ વધે છે.

વળી સમભાવમાં સ્થિર રહેલ આત્મા, યથાર્થ સિદ્ધાંતમાં કહેલ માર્ગ વડે (ઇચ્છા રહિતપણે) પર્વતની ગુફામાં જઈને પાદપોપગમન અનશન કરે છે. (૧૫૪)

**सव्वत्थाऽपडिबद्धो, दंडाययमाइ ठाणमिह ठाउं । जावज्जीवं चिट्ठइ, णिच्चेट्ठो पायवसमाणो ।।१५५।।**

**[पञ्चवस्तु० १६१७]**

સમભાવથી સર્વત્ર પ્રતિબંધ રહિત, દંડની જેમ લાંબા વગેરે સંસ્થાનમાં રહીને જીવનપર્યંત આંખની પાંપણ ઊંચી કરવી વગેરે ચેષ્ટા રહિત થઈને વૃક્ષ સમાન રહે છે. (૧૫૫)

**पढमिल्लुयसंघयणे, महाणुभावा करेंति एवमिणं । पायं सुहभावच्चिय, णिच्चलपयकारणं परमं ।।१५६।।**

**[पञ्चवस्तु० १६१८]**

પ્રથમ સંઘયણને વિષે પ્રાયઃ (આદેશ હોવાથી) મહાનુભાવો (ઋષિઓ), શુભ ભાવથી ઉત્કૃષ્ટ નિશ્ચલપદ (મોક્ષ)ના સાધનભૂત પાદપોપગમન અનશન કરે છે. (૧૫૬)

**भत्तपरिन्नाणसणं, तिचउव्विहाहारचायणिप्फन्नं । सप्पडिकम्मं नियमा, जहासमाही विणिद्दिट्ठं ।।१५७।।**

(હવે બીજું ભક્તપ્રત્યાખ્યાન અનશન કહે છે—) ભક્તપરિજ્ઞા અનશન, ત્રણ પ્રકારના અથવા ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવાથી થાય છે. તે જેવી રીતે સમાધિ થાય તેવા નિયમથી શરીરની પ્રતિક્રિયાયુક્ત કહેલું છે. (૧૫૭)

ઇંગિતમરણ તો અહિં કહેલું નથી, કારણ કે અહીં બે સ્થાનકનું વિવરણ ચાલે છે. ઇંગિતમરણનું લક્ષણ આ પ્રમાણે છે—

**इंगियदेसंमि सयं, चउव्विहाहारचायनिप्फन्नं । उव्वत्तणाइजुत्तं, नऽण्णेण उ इंगिणीमरणं ।।१५८।।**

ઇંગિત—જાણેલ દેશ-સ્થળમાં સ્વયં ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે અને ઉદ્વર્તન, મર્દન વગેરે પોતે કરે પરંતુ બીજા પાસે ઉદ્વર્તનાદિ ન કરાવે તે ઇંગિત મરણ કહેવાય છે. (૧૫૮) ।।૧૦૨।।

આ મરણ વગેરેનું સ્વરૂપ ભગવાને લોકમાં પ્રરૂપેલ છે, આ હેતુથી લોકના સ્વરૂપની પ્રરૂપણા કરવા માટે બીજા પાસે પ્રશ્ન કરાવતા થકાં કહે છે કે—

**के अयं लोगे?, जीव च्चेव अजीव च्चेव। के अणंता लोए? जीव्व च्चेव अजीव च्चेव। के सासया लोगे?, जीव च्चेव अज्जीव च्चेव ।। सू० १०३।।**

**दुविहा बोधी पन्नत्ता, तंजहा—णाणबोधी चेव दंसणबोधी चेव। दुविहा बुद्धा पन्नत्ता, तंजहा—णाणबुद्धा चेव दंसणबुद्धा चेव। एवं मोहे, मूढा ।। सू० १०४।।**

*(મૂ૦) આ લોક શું છે? (ઉ૦) જીવ અને અજીવરૂપ છે. (પ્ર૦) લોકમાં અનંતા શું છે? (ઉ૦) જીવો અને અજીવો છે. (પ્ર૦) લોકમાં શાશ્વતા શું છે? (ઉ૦) જીવો અને અજીવો છે. ।।૧૦૩।।*

*બે પ્રકારે બોધિ—જિનધર્મનો લાભ કહેલ છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાનબોધિ અને ૨ દર્શનબોધિ. બે પ્રકારે બુદ્ધ—તત્ત્વને જાણનાર કહેલ છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાનબુદ્ધો અને ૨ દર્શનબુદ્ધો. એવી રીતે મોહ બે પ્રકારે કહેલ છે. ૧ જ્ઞાન મોહ-જ્ઞાનને આચ્છાદન કરનારા અને ૨ દર્શનમોહ-દર્શનને આવરણ કરનારા. મૂઢ પણ બે પ્રકારે છે, તે આ—૧ જ્ઞાનમાં મૂઢ-મૂર્ખ અને ૨ દર્શનમાં મૂઢ. ।।૧૦૪।।*

(ટી૦) સૂત્રમાં 'किम्' શબ્દ પ્રશ્નાર્થક છે. 'अय'मिति 'अयम्' આ પદ, દેશથી પ્રત્યક્ષ અને સમીપ અર્થવાચક છે, જ્યાં ભગવાને મરણ વગેરે પ્રશસ્ત અને અપ્રશસ્તરૂપ સર્વ વસ્તુસમૂહના તત્ત્વને કહેલ છે. જે જોવાય છે તે લોક એવો પ્રશ્ન છે. એનો ઉત્તર કહે છે કે—પંચાસ્તિકાયમય આ લોક હોવાથી તે જીવ અને અજીવરૂપ છે. કહ્યું પણ છે કે—''पंचत्थिकायमइयं, लोगमणाइणिहणं जिणक्खायं'' [ध्यानशतक ५३ ति०] પંચાસ્તિકાયમય લોક, જિનેશ્વરે અનાદિઅનંત કહેલ છે. લોકના

સ્વરૂપભૂત જીવ અજીવોનું સ્વરૂપ પ્રશ્નપૂર્વક બે સૂત્ર વડે કહે છે—'के अणंते' त्यादि० લોકને વિષે અનંતા શું છે? એ પ્રશ્નનો ઉત્તર કહે છે કે—જીવો અને અજીવો છે. જીવ અને અજીવ એ બે જ દ્રવ્યાર્થપણાએ શાશ્વતા છે. અનંતા અને શાશ્વતા જે આ જીવો છે તે બોધિલક્ષણ અને મોહલક્ષણરૂપ સ્વભાવના યોગથી બુદ્ધો અને મૂઢો થાય છે. આ દેખાડવા માટે બે સ્થાનમાં પ્રાપ્ત થવાથી ચાર સૂત્ર કહેલા છે—'दुविहे' त्यादि० બોધવું તે બોધિ—જિનેશ્વરના ધર્મનો લાભ, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વડે થયેલ જે જ્ઞાનની પ્રાપ્તિ તે જ્ઞાનબોધિ અને દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમાદિ વડે સમ્યગ્ રીતે પ્રાપ્ત થયેલ જે શ્રદ્ધા તે દર્શનબોધિ અર્થાત્ શ્રદ્ધાનો લાભ. જ્ઞાનબોધિ અને દર્શનબોધિવાળા બુદ્ધો બે પ્રકારના છે. એ બુદ્ધો, ધર્મથી જ ભિન્ન છે પરંતુ ધર્મિપણાએ ભિન્ન નથી, કારણ કે જ્ઞાન દર્શનનું પરસ્પર એક બીજા વિના અસ્તિત્વ હોતું નથી. (જ્ઞાનને લઈને દર્શન અને દર્શનને લઈને જ્ઞાન એ સાહચર્ય નિયમ છે) एवं 'मोहे मूढ'त्ति० જેમ બોધિ અને બુદ્ધો બે પ્રકારે કહ્યા તેમ મોહ અને મૂઢો બે પ્રકારે કહેવા યોગ્ય છે તે આ પ્રમાણે—'मोहे दुविहे पन्नत्ते, तंजहा—णाणमोहे चेव दंसणमोहे चेव' ज्ञानं मोहयति—જે જ્ઞાનને આચ્છાદન કરે છે તે જ્ઞાનમોહ-જ્ઞાનાવરણનો ઉદય જાણવો एवं 'दंसणमोहे चेव' સમ્યગ્દર્શનને આચ્છાદન કરે તે દર્શનમોહનીય કર્મનો ઉદય જાણવો, 'दुविहा मूढा पन्नत्ता, तंजहा-णाणमूढा चेव' ઉદયમાં આવેલ છે જ્ઞાનાવરણ જેઓને તે જ્ઞાનમૂઢો, एवं 'दंसणमूढा चेव' જે મિથ્યાદૃષ્ટિ તે દર્શનમૂઢો મિથ્યાત્વ જેઓને ઉદયમાં આવેલું છે તે. ॥૧૦૩-૧૦૪॥

બે પ્રકારનો પણ આ મોહ, જ્ઞાનાવરણ વગેરે કર્મનું કારણ છે, તેથી સંબંધ વડે જ્ઞાનાવરણાદિ કર્મોનું આઠ સૂત્રો વડે બે પ્રકારપણું કહે છે—

**णाणावरणिज्जे कम्मे दुविहे पन्नत्ते, तंजहा—देसनाणावरणिज्जे चेव सव्वणाणावरणिज्जे चेव १। दरिसणावरणिज्जे कम्मे एवं चेव २।**

**वेयणिज्जे कम्मे दुविहे पन्नत्ते, तंजहा—सातावेयणिज्जे चेव असातावेयणिज्जे चेव ३। मोहणिज्जे कम्मे दुविहे पन्नत्ते, तंजहा—दंसणमोहणिज्जे चेव चरित्तमोहणिज्जे चेव ४।**

**आउए कम्मे दुविहे पन्नत्ते, तंजहा—अद्धाउए चेव भवाउए चेव ५।**

**णामे कम्मे दुविहे पन्नत्ते, तंजहा—सुभणामे चेव असुभणामे चेव ६।**

**गोत्ते कम्मे दुविहे पन्नत्ते तंजहा—उच्चागोते चेव णीयागोते चेव ७।**

**अंतराइए कम्मे दुविहे पन्नत्ते, तंजहा-पडुप्पन्नविणासिए चेव पिहितआगामिपहं [पिहेति य आगमपहं] ॥ सू० १०५॥**

(મૂ૦) *જ્ઞાનાવરણીય કર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ દેશજ્ઞાનાવરણીય (મતિજ્ઞાનાવરણીય વગેરે) અને ૨ સર્વજ્ઞાનાવરણીય (કેવલજ્ઞાનાવરણીય) (૧), દર્શનજ્ઞાનાવરણીય પણ એવી જ રીતે દેશથી અને સર્વથી જાણવું (૨), વેદનીય કર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ સાતાવેદનીય અને ૨ અસાતાવેદનીય (૩), મોહનીય કર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—(૧) દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય (૩), આયુષ્ય કર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—અદ્ધાયુ: (કાયસ્થિતિ રૂપ) અને ભવાયુ: (એક ભવ સંબંધી) (૫), નામ કર્મ બે પ્રકારે કહેલ છે તે આ પ્રમાણે—૧ શુભ નામ અને ૨ અશુભ નામ (૬), ગોત્રકર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ ઉચ્ચગોત્ર અને ૨ નીચગોત્ર (૭), અંતરાયકર્મ બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ વર્તમાનમાં મળેલ વસ્તુનો નાશ કરે અને ૨ ભવિષ્યમાં મેળવવા યોગ્ય વસ્તુના લાભને અટકાવે (૮). ॥૧૦૫॥*

(ટી૦) 'णाणे'त्यादि० આ બધાં સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે—જ્ઞાનને જે આવરણ કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ. કહ્યું છે કે-

**सरउग्गयससिनिम्मलयरस्स जीवस्स छायणं जमिह । नाणावरणं कम्मं, पडोवमं होइ एवं तु ॥१५९॥**

**[प्रथमकर्म० १०]**

શરદપૂનમના ઊગેલા ચંદ્રની જેમ અતિશય નિર્મલ જીવના જ્ઞાનગુણને આચ્છાદન કરનાર કર્મ જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે અને તે ચક્ષુને પાટાની જેમ છે. (૧૫૯)

આ ગાથામાં '**एवं**' વક્ષ્યમાણ રીતિ વડે અને '**तु**' પુનરર્થમાં છે. જ્ઞાનનો જે દેશ–મતિજ્ઞાનાદિ ચારને જે આવરણ કરે છે તે દેશજ્ઞાનાવરણીય અને સર્વ–કેવલજ્ઞાનને જે આવરણ કરે છે તે સર્વજ્ઞાનાવરણીય. કેવલજ્ઞાનાવરણીય તો સૂર્ય સમાન કેવલજ્ઞાનસ્વરૂપ જીવને આચ્છાદકપણાએ જે અત્યંત ઘન–વાદળાના સમૂહ તુલ્ય તે સર્વજ્ઞાનાવરણ અને મતિજ્ઞાન વગેરેનું આવરણ તો વાદળા વડે અત્યંત ઢંકાયેલ સૂર્યની અલ્પ પ્રભાસમાન કેવલજ્ઞાનના દેશને કટકુટ્યાદિ ઘાસની સાદડીના ઘર આદિરૂપ જે આવરણ તુલ્ય તે દેશજ્ઞાનાવરણીય છે. કહેવાય છે કે—

**केवलणाणावरणं १, दंसण छक्कं च मोहबारसगं । ता सव्वघाइसन्ना, भवंति मिच्छत्तवीसइमं ॥१६०॥**

**[बन्धश० ७९ ति]**

એક કેવલજ્ઞાનાવરણીય, દર્શનાવરણીયની છ (પાંચ નિદ્રા અને એક કેવલદર્શનાવરણીય) પ્રકૃતિ, મોહનીયની બાર (અનંતાનુબંધીચતુષ્ક, અપ્રત્યાખાનીયચતુષ્ક અને પ્રત્યાખ્યાનીચતુષ્ક) પ્રકૃતિ અને મિથ્યાત્વમોહનીય. આ વીશ પ્રકૃતિ જે છે તે સર્વઘાતી સંજ્ઞાવાળી છે. (૧૬૦)

અથવા દેશથી ઉપઘાત કરનાર અને સર્વથી ઉપઘાત કરનાર [1]ફડ્ડકોની અપેક્ષાએ જ્ઞાનને દેશથી અને સર્વથી આવરણપણું છે.

**मतिसुयणाणावरणं, दंसणमोहं च तदुवघाईणि । तप्फड्डगाइं दुविहाइं, देससव्वोवघाईणि ॥१६१॥**
**सव्वेसु सव्वघाइसु, हएसु देसोवघाइयाणं च । भागेहिं मुच्चमाणो, समए समए अणंतेहिं ॥१६२॥**
**पढमं लहइ नगारं, एक्केक्कं वन्नमेवमन्नं पि । कमसो विसुज्झमाणो, लहइ समत्तं नमोक्कारं ॥१६३॥**

**[विशेषावश्यक० २८९५-९६-९७]**

મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ અને દર્શનમોહ—આ ત્રણ પ્રકૃતિઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને સમ્યક્ત્વ ગુણને આવરણ કરે છે. તે પ્રકૃતિઓના સ્પર્દ્ધકો, દેશથી ઘાતક[2] અને સર્વથી ઘાતક છે. સર્વથી ઘાતક (દર્શનમોહનીયના) સર્વ સ્પર્દ્ધકો ક્ષયોપશમભાવને પ્રાપ્ત થયે છતે અને મતિશ્રુતજ્ઞાનાવરણના દેશથી ઘાતક સ્પર્દ્ધકોના અનંત ભાગોથી સમયે સમયે મૂકાતો થકો અર્થાત્ ક્ષયોપશમ કરતો થકો જીવ પ્રથમ **नमो अरिहंताणं આ શબ્દના એક નકાર અક્ષરનો લાભ મેળવે છે. પછી ક્રમશઃ એકૈક બીજા અક્ષરને પણ મેળવે છે, અને વિશેષ શુદ્ધ થયો થકો સંપૂર્ણ નમસ્કાર પદને મેળવે છે** (૧૬૧–૧૬૩), તથા દર્શન–સામાન્ય અર્થના બોધને આવરણ કરે છે તે દર્શનાવરણીય. કહ્યું છે કે—

**दंसणसीले जीवे, दंसणघायं करेइ जं कम्मं । तं पडिहारसमाणं, दंसणावरणं भवे जीवे ॥१६४॥[प्रथमकर्म० ११ त्ति]**

દર્શન સ્વભાવવાળા જીવના દર્શનનો ઘાત કરનાર જે કર્મ તે પ્રતીહારી સમાન (દરવાન–પહેરેદાર જેવો) દર્શનાવરણીય, જીવના દર્શન ગુણને અટકાવે છે. (૧૬૪)

'**एवं चेव**'त्ति० દેશદર્શનાવરણીય કર્મ, તે ચક્ષુઃદર્શનાવરણીય, અચક્ષુઃદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને સર્વદર્શનાવરણીયકર્મ તો પાંચ પ્રકારની નિદ્રા અને કેવલદર્શનાવરણીય એમ છ ભેદથી છે. ભાવના તો પૂર્વની માફક જાણવી (૨).

---

1. કર્મના તીવ્રરસ અને મંદરસવાળા પુદ્ગલોનો સમુદાય.
2. મતિજ્ઞાનાવરણીય અને શ્રુતજ્ઞાનાવરણીયના સ્પર્દ્ધકો દેશઘાતી છે અને દર્શનમોહનીયના સ્પર્દ્ધકો સર્વઘાતી છે.

તથા જે વેદાય છે, અનુભવાય છે તે વેદનીય કર્મ, સાતા–સુખ, જે સુખરૂપપણાએ વેદાય છે તે સાતાવેદનીય. અહિં દીર્ઘપણું પ્રાકૃતશૈલીથી જાણવું. જે દુ:ખરૂપે વેદાય છે તે અસાતાવેદનીય કર્મ. કહ્યું છે કે—

**महुलित्तनिसियकरवालधार जीहाए जारिसं लिहणं । तारिसयं वेयणियं, सुहदुहउप्पायगं मुणह ।।१६५।।**

**[प्रथमकर्म० २८ इति]**

જેમ મધુથી ચોપડેલી તીક્ષ્ણ તરવારની ધારાનું જીભ વડે જે ચાટવું તે સમાન સુખ અને [1]દુ:ખનું ઉત્પાદક વેદનીય કર્મ જાણવું (૧૬૫) (૩).

જે મૂંઝવે—ભાન ભૂલાવે તે મોહનીય કર્મ, તે આ પ્રમાણે—

**जह मज्जपाणमूढो, लोए पुरिसो परव्वसो होइ । तह मोहेण वि मूढो, जीवो उ परव्वसो होइ ।।१६६।।**

**[प्रथमकर्म० ३४ इति]**

લોકમાં મદ્યપાન વડે મૂઢ થયેલ મનુષ્ય જેમ પરતંત્ર થાય છે તેમ મોહનીય કર્મ વડે પણ મુંઝાયેલ જીવ પરતંત્ર થાય છે. (૧૬૬)

દર્શનનું ભાન ભૂલાવે તે દર્શનમોહનીય. તેના ત્રણ પ્રકાર છે—૧ મિથ્યાત્વમોહનીય, ૨ મિશ્રમોહનીય અને ૩ સમ્યક્ત્વમોહનીય. અને સામાયિકાદિ ચારિત્રનું જે ભાન ભૂલાવે તે ૧૬ કષાય અને ૯ નોકષાય ભેદરૂપ ચારિત્રમોહનીય કર્મ છે (૪).

ગતિને જે પ્રાપ્ત કરાવે છે તે આયુષ્ય, તેનું સ્વરૂપ કહે છે—

**दुक्खं न देइ आउं, नवि य सुहं देइ चउसु वि गईसुं। दुक्खसुहाणाहारं, धरेइ देहट्ठियं जीयं ।।१६७।। [प्रथमकर्म० ६३ इति]**

ચાર ગતિને વિષે જીવોને આયુષ્યકર્મ દુ:ખ આપતું નથી તેમ સુખ આપતું નથી; પણ દુ:ખ–સુખના આધારભૂત દેહમાં રહેલ જીવને [2]ધારણ કરે છે (હેડની સમાન છે). (૧૬૭)

અદ્ધાયુ–તે કાયસ્થિતિરૂપ (મનુષ્યતિર્યંચને) છે. ભાવના તો પૂર્વની માફક જાણવી. ભવાયુ તો ભવસ્થિતિરૂપ છે (૫).

જે જીવને વિચિત્ર પર્યાયો વડે નમાવે છે—પરિણામ પમાડે છે તે નામકર્મ, તેનું સ્વરૂપ કહે છે.

**जह चित्तयरो निउणो, अणेगरूवाइं कुणइ रूवाइं । सोहणमसोहणाइं, चोक्खइचोक्खेहिं वन्नेहिं ।।१६८।।**

**तह नामं पि हु कम्मं, अणेगरूवाइं कुणइ जीवस्स । सोहणमसोहणाइं, इट्ठणिट्ठाइं लोयस्स ।।१६९।। (युग्मम्)**

**[प्रथमकर्म० ६७-६८]**

જેમ હુશિયાર ચિત્રકાર, નિર્મલ અને અનિર્મલ (નીલપીતાદિ) વર્ણો વડે સારા અને નઠારા અનેક પ્રકારના રૂપોને કરે–ચિત્રે છે, (હવે એનો ઉપનય બતાવે છે–) તેમ નામકર્મ પણ લોકમાં સારા અને નઠારા અને ઈષ્ટ–અનિષ્ટ અનેક પ્રકારે જીવના રૂપોને કરે છે. (૧૬૮–૧૬૯)

શુભ–તીર્થંકરાદિ (સાડત્રીશ નામકર્મની પુન્યપ્રકૃતિઓ) અને અનાદેય–જેનું વચન ગ્રાહ્ય ન થાય વગેરે (ચોત્રીશ નામકર્મની પાપપ્રકૃતિઓ) અશુભ[3] છે (૬).

આ પૂજ્ય છે, આ અપૂજ્ય છે, ઈત્યાદિ કથનરૂપ ગાં—વાણીને त्रायते—રક્ષા કરે છે તે ગોત્રકર્મ તેનું સ્વરૂપ કહે છે–

**जह कुंभारो भंडाइं, कुणई पुज्जेयराइं लोयस्स । इय गोयं कुणइ जियं, लोए पुज्जेयरावत्थं ।।१७०।।**

લોકને પૂજ્ય (શુભ) ઘૃતકુંભાદિ અને અપૂજ્ય (અશુભ) મદિરાના ઘડા વગેરે વાસણોને જેમ કુંભાર કરે છે–ઘડે છે તેમ

1. મધુથી ખરડાયેલ તરવારની ધારાને ચાટવાથી સુખ ઉત્પન્ન થાય છે અને તરવારની ધારા વડે જીભ કપાવાથી દુ:ખ થાય છે.
2. સુખ દુ:ખનું જે દેવું તે વેદનીય કર્મનું સામર્થ્ય છે. આયુષ્ય કર્મ તો જીવને દેહમાં રોકી રાખે છે.
3. બંધની અપેક્ષાએ નામકર્મની ૬૭ પ્રકૃતિઓ છે. વર્ણાદિ ચતુષ્ક, શુભ અશુભ નામકર્મ ગણતા ૭૧ થાય છે.

લોકને વિષે ગોત્રકર્મ, પૂજ્ય-ઇક્ષ્વાદિ ગોત્ર અને અપૂજ્ય-ચાંડાલાદિ ગોત્રમાં ઉત્પન્ન થયેલ જીવને કરે છે. (૧૭૦)

ઉચ્ચગોત્ર પૂજ્યપણાનું કારણ છે અને નીચગોત્ર અપૂજ્યપણાનું કારણ છે (૭).

જીવને અર્થના સાધનના **अंतरा**—વચ્ચમાં જે **एति**—પડે છે, તે અંતરાયકર્મ આવી રીતે છે—

**जह राया दाणाइं, ण कुणइ भंडारिए विकूलंमि । एवं जेणं जीवो, कम्मं तं अंतरायं ति ॥१७१॥**

ભાંડારિક (ભંડારી-કોષાધ્યક્ષ) પ્રતિકૂલ છતે રાજા જેમ દાન વગેરે ન કરી શકે તેમ જીવ જે કર્મ વડે દાનાદિ ન કરી શકે તે અંતરાયકર્મ (૧૭૧) (૮).

'पडुपन्नविणासिए चेव'त्ति० વર્તમાન સમયમાં મળેલ (દ્રવ્યાદિ) વસ્તુ જે કર્મ વડે નાશ કરાય છે તે **પ્રત્યુત્પન્નવિનાશિતઅંતરાયકર્મ**, પાઠાંતરથી વર્તમાનમાં પ્રાપ્ત કરેલ વસ્તુને નાશ કરવાના સ્વભાવવાળું તે પ્રત્યુત્પન્નવિનાશિ. **'चेव'** શબ્દ સમુચ્ચયના અર્થમાં છે. આ અંતરાય કર્મનો પ્રથમ પ્રકાર થયો, બીજો પ્રકાર આ પ્રમાણે-ભવિષ્યકાલમાં મેળવવા યોગ્ય વસ્તુના માર્ગને જે રોકે-અટકાવે તે **પિહિતઆગામિપથઅંતરાય.** કોઈક સ્થળે **'आगामिपथान्'** આવો પાઠ છે, કોઈક સ્થળે **'आगमपहं'** એવો પાઠ પણ છે, ત્યાં 'લાભનો માર્ગ' એવો અર્થ સમજવો. ॥૧૦૫॥

આ આઠ પ્રકારના કર્મ મૂર્ચ્છાથી ઉત્પન્ન થાય છે તેથી હવે મૂર્ચ્છાના સ્વરૂપને કહે છે—

**दुविहा मुच्छा पन्नत्ता, तंजहा—पेज्जवत्तिता चेव दोसवत्तिता चेव। पेज्जवत्तिया मुच्छा दुविहा पन्नत्ता, तंजहा—माए चेव लोभे चेव। दोसवत्तिया दुविहा पन्नत्ता, तंजहा—कोहे चेव माणे चेव ॥ सू० १०६॥**

**दुविहा आराहणा पन्नत्ता, तंजहा—धम्मिताराहणा चेव केवलिआराहणा चेव। धम्मियाराहणा दुविहा पन्नत्ता, तंजहा—सुयधम्माराहणा चेव चरित्तधम्माराहणा चेव। केवलिआराहणा दुविहा पन्नत्ता, तंजहा—अंतकिरिया चेव कप्पविमाणोववत्तिआ चेव ॥ सू० १०७॥**

**दो तित्थगरा नीलुप्पलसमा वन्नेणं पन्नत्ता, तंजहा—मुणिसुव्वए चेव अरिट्ठनेमी चेव। दो तित्थयरा पियंगुसमा वन्नेणं पन्नत्ता, तंजहा—मल्ली चेव पासे चेव। दो तित्थयरा पउमगोरा वन्नेणं पन्नत्ता, तंजहा—पउमप्पहे चेव वासुपुज्जे चेव। दो तित्थगरा चंदगोरा वन्नेणं पन्नत्ता, तंजहा—चंदप्पभे चेव पुप्फदंते चेव ॥ सू० १०८॥**

*(મૂ૦) બે પ્રકારે મૂર્ચ્છા કહેલ છે, તે આ પ્રમાણે—પ્રેમપ્રત્યયા (રાગના નિમિત્તવાળી) અને દ્વેષપ્રત્યયા (દ્વેષના નિમિત્તવાળી), પ્રેમપ્રત્યયા મૂર્ચ્છા બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—માયા અને લોભરૂપ. દ્વેષપ્રત્યયા બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—ક્રોધ અને માનરૂપ. બે પ્રકારે આરાધના કહેલ છે, તે આ પ્રમાણે—૧ જે ધાર્મિક (ધર્મવાળા જીવ) ની આરાધના તે ધાર્મિકઆરાધના અને ૨ કેવલી સંબંધી જે આરાધના તે કેવલીઆરાધના. ધાર્મિકઆરાધના બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ શ્રુતધર્મની આરાધના અને ૨ ચારિત્રધર્મની આરાધના. કેવલીઆરાધના બે પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ અંતક્રિયા (ભવના અંતની ક્રિયા એટલે અંતક્રિયા) આરાધના અને ૨ (બાર દેવલોક વગેરેમાં ઉત્પન્ન થવા રૂપ જે આરાધના તે) કલ્પવિમાનોપપત્તિકાઆરાધના. બે તીર્થંકર વર્ણ વડે નીલ (શ્યામ) કમળ સમાન કહેલ છે, તે આ પ્રમાણે—મુનિસુવ્રત અને અરિષ્ટનેમી. બે તીર્થંકર વર્ણ વડે પ્રિયંગુ વૃક્ષ જેવા નીલા કહેલ છે, તે આ પ્રમાણે—મલ્લિનાથ અને પાર્શ્વનાથ. બે તીર્થંકર વર્ણ વડે નિર્મલ પદ્મકમલ જેવા રાતા કહેલ છે, તે આ પ્રમાણે—પદ્મપ્રભ અને વાસુપૂજ્ય. બે તીર્થંકર વર્ણ વડે નિર્મલ ચંદ્ર જેવા શ્વેત કહેલ છે, તે આ—ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિનાથ). ॥૧૦૬-૧૦૮॥*

(ટી૦) 'दुविहे'त्यादि० ત્રણ સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે કે—મૂર્ચ્છા-મોહ અર્થાત્ સત્ અને અસત્‌ના વિવેક (પૃથક્કરણ)નો નાશ. પ્રેમ-રાગ, વૃત્તિ-વર્તનરૂપ પ્રત્યય-નિમિત્ત અથવા હેતુ જેણીનો તે પ્રેમવૃત્તિકા અથવા પ્રેમપ્રત્યયા. એવી જ રીતે

દ્વેષવૃત્તિકા અથવા દ્વેષપ્રત્યયા મૂર્ચ્છા છે. મૂર્ચ્છાથી ઉત્પન્ન થયેલ કર્મનો ક્ષય આરાધના વડે થાય છે માટે ત્રણ સૂત્ર વડે આરાધના કહે છે—'दुविहे'त्यादि० ત્રણ સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે—આરાધવું તે આરાધના. તે જ્ઞાનાદિ વસ્તુને અનુકૂલ વર્તવાપણું અર્થાત્ અતિચાર રહિત જ્ઞાનાદિની મર્યાદા વડે સેવા કરવી. શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ વડે વર્તે છે તે ધાર્મિકો-સાધુઓ, તેઓ સંબંધી જે ક્રિયા તે ધાર્મિકી, એવી જે આરાધના તે ધાર્મિકઆરાધના. કેવલીઓની-જે શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની સંબંધી જે ક્રિયા તે કેવલિકી, એવી જે આરાધના તે કેવલિઆરાધના. 'सुयधम्मे'त्यादौ० આમાં વિષયના ભેદ વડે આરાધનાભેદ કહેલ છે. 'केवलिआराहणे' त्यादौ० આમાં ફલના ભેદ વડે આરાધનાનો ભેદ કહેલ છે. તે બે ભેદમાં અંત-ભવનો અંત, તેની જે ક્રિયા તે અંતક્રિયા, અર્થાત્ ભવનો છેદ-નાશ, તેના હેતુભૂત જે આરાધના શૈલેશીરૂપ અર્થાત્ યોગનું રુંધન તે ઉપચારથી અંતક્રિયા કહેવાય છે. આ અંતક્રિયા ક્ષાયિકજ્ઞાન છતે જ કેવલીઓને થાય છે. તથા દેવલોકને વિષે, પરંતુ જ્યોતિશ્ચક્રમાં નહિ. દેવોના આવાસ વિશેષ વિમાનો, અથવા कल्पाश्च—સૌધર્માદિ બાર દેવલોક અને विमानानि દેવલોકના ઉપર રહેલા ગ્રૈવેયક વગેરે તે કલ્પવિમાનો, તેઓને વિષે ઉપપાત-જન્મ, જે આરાધના દ્વારા પ્રાપ્ત થાય તે કલ્પવિમાનોપપત્તિકા. જ્ઞાનાદિ આરાધના શ્રુતકેવલી વગેરેને હોય છે. આવા પ્રકારના ફળવાળી આરાધના અનંતરફલરૂપ દ્વાર વડે કહી, પરંપરાએ તો ભવાંતક્રિયાને અનુસરનારી જ છે. જ્ઞાનાદિની આરાધના હમણા જ કહી, તે આરાધનાના ફલભૂત તીર્થંકરો છે, અથવા તીર્થંકરોએ તે આરાધના સમ્યક્ પ્રકારે કરેલી-આરાધેલી છે અથવા બીજાઓને ઉપદેશેલી છે તે કારણથી બે સ્થાનકના સંબંધ વડે તીર્થંકરોને કહે છે—'दो तित्थयरे' त्यादि० ચાર સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે કે-પદ્મ-રાતા કમલની માફક સુંદર વર્ણવાળા રાતા, તથા ચંદ્રની માફક ઉજ્જવલ વર્ણવાળા વગેરે છે. આ સંબંધને લગતી ગાથા નીચે પ્રમાણે છે—

**पउमाभ वासुपुज्जा, रत्ता ससिपुप्फदंत ससिगोरा । सुव्वय नेमी काला, पासो मल्ली पियंगाभा ॥१७२॥**

[आवश्यक नि० ३७६]

પદ્મપ્રભ અને વાસુપૂજ્ય જાસુસના ફૂલની માફક રાતા છે, ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિનાથ) ચંદ્રની જેમ શ્વેત છે, મુનિસુવ્રત અને નેમિનાથ ઇંદ્રનીલમણિના જેવા શ્યામ છે, મલ્લિનાથ અને પાર્શ્વનાથ પ્રિયંગુ વૃક્ષની જેમ નીલા છે. (૧૭૨) ॥૧૦૬-૧૦૮॥

તીર્થંકરોનું સ્વરૂપ હમણાં જ કહ્યું. તીર્થને કરનાર હોવાથી તેઓ તીર્થંકરો કહેવાય છે. તીર્થ એટલે પ્રવચન, આ કારણથી પ્રવચન (સિદ્ધાંત)ના એક વિભાગરૂપ પૂર્વવિશેષને બે સ્થાનકમાં અવતરણ કરવા માટે કહે છે કે—

**सच्चप्पवायपुव्वस्स णं दुवे वत्थू पन्नत्ता ॥ सू० १०९॥**

**पुव्वाभद्दवयाणक्खत्ते दुतारे पन्नत्ते। उत्तराभद्दवयाणक्खत्ते दुतारे पन्नत्ते। एवं पुव्व फग्गुणी उत्तरा फग्गुणी ॥ सू० ११०॥**

**अंतो णं मणुस्सखेत्तस्स दो समुद्दा पन्नत्ता, तंजहा—लवणे चेव कालोदे चेव ॥ सू० १११॥**

**दो चक्कवट्टी अपरिचत्तकामभोगा कालमासे कालं किच्चा अहेसत्तमाए पुढवीए अप्पतिट्ठाणे णरए नेरइतत्ताए उववन्ना, तंजहा—सुभूमे चेव बंभदत्ते चेव ॥ सू० ११२॥**

*(મૂ૦) સત્યપ્રવાદ નામના છઠ્ઠા પૂર્વની બે વસ્તુ (એટલે અધ્યયન વગેરેની જેમ વિભાગ) કહેલ છે. પૂર્વાભાદ્રપદ નક્ષત્રના બે તારા કહેલા છે. ઉત્તરાભાદ્રપદ નક્ષત્રના બે તારા કહેલા છે. એવી જ રીતે પૂર્વાફાલ્ગુની તથા ઉત્તરાફાલ્ગુની નક્ષત્રના પણ બબ્બે તારા કહેલા છે. પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ મનુષ્ય ક્ષેત્રના મધ્યમાં બે સમુદ્ર કહેલા છે, તે આ પ્રમાણે—લવણ અને કાલોદધિ સમુદ્ર. બે ચક્રવર્તી કામભોગને છોડ્યા સિવાય, આયુ પૂર્ણ કરીને મૃત્યુ પામી નીચે સાતમી પૃથિવીમાં (નરકમાં) અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં નારકપણાએ ઉત્પન્ન થયા છે, તે આ પ્રમાણે—*

સુભૂમ અને બ્રહ્મદત્ત. ॥૧૦૯-૧૧૨॥

(ટી૦) 'सच्चप्पवाये'त्यादि० सद्भ्यो—જીવોના હિત માટે सत्यः સંયમ અથવા સત્ય વચન છે જેમાં, વળી ભેદ સહિત અને પ્રતિપક્ષ સહિત વિશેષથી જે કહેવાય છે **તે સત્યપ્રવાદ એવું જે પૂર્વ, તે સર્વ શ્રુતથી પ્રથમ રચાયેલ હોવાથી પૂર્વ,** તે સત્યપ્રવાદ પૂર્વ છઠ્ઠું છે. તેનું પ્રમાણ છ પદ અધિક એક કોટિ (ક્રોડ) છે. તે પૂર્વની બે વસ્તુ છે. તે વસ્તુ અધ્યયન વગેરેની માફક પૂર્વના વિભાગવિશેષ છે. હમણાં જ છઠ્ઠા પૂર્વનું સ્વરૂપ કહ્યું. હવે પૂર્વ શબ્દનું સમાનપણું હોવાથી પૂર્વાભાદ્રપદ નક્ષત્રના સ્વરૂપને કહે છે—'पूव्वे'त्यादि० સૂત્ર સુગમ છે. નક્ષત્રના પ્રસંગથી બીજા નક્ષત્રના સ્વરૂપને ત્રણ સૂત્ર વડે કહે છે—'उत्तरे'त्यादि० સુગમ છે. નક્ષત્રવાળા દ્વીપો અને સમુદ્રો હોય છે માટે સમુદ્ર દ્વિસ્થાનકને કહે છે—'अंतो ण'मित्यादि० अन्तः—મધ્યમાં, પીસ્તાળીશ લાખ યોજનપ્રમાણવાળો, મનુષ્યની ઉત્પત્તિ વગેરે સહિત આકાશ-ખંડરૂપ મનુષ્યક્ષેત્ર. શેષ સુગમ છે. મનુષ્યક્ષેત્રના પ્રસંગથી ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ ઉત્તમ પુરુષોના નરકગામિપણાએ બે સ્થાનકનાં અવતરણ કહે છે—'दो चक्कवट्टी'त्यादि० રત્નભૂત ચક્ર શસ્ત્ર વડે વર્તવાનો આચાર છે જે બંનેનો તે બે ચક્રવર્તી 'कामभोग'त्ति० શબ્દ અને રૂપવિષય તે કામ અને ગંધ, રસ અને સ્પર્શવિષય તે ભોગ અર્થાત્ કામભોગો અથવા 'काम्यन्ते कामाः'—મનને ગમતા તે કામ, અને જે ભોગવાય છે તે ભોગ શબ્દ વગેરે, તે કામભોગો જે બંને વડે નથી છોડાયેલા તે બે ચક્રવર્તીઓ 'कालमासे'त्ति० મરણનો માસ, [1]ઉપલક્ષણથી માસનો પક્ષ, અહોરાત્રિ વગેરે મરણના અવસરે 'काल' મૃત્યુ પામીને નીચે સાતમી પૃથિવીમાં-તમસ્તમા નરકમાં, 'अधो' શબ્દના ગ્રહણ વિના ઉપરથી વિચારતાં રત્નપ્રભા પણ સાતમી થાય તેથી અધો શબ્દનું ગ્રહણ કરેલ છે, પાંચ નરકાવાસના મધ્યમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં નૈરયિકપણાએ ઉત્પન્ન થયા, તે આઠમો સુભૂમ અને બારમો બ્રહ્મદત્ત ચક્રવર્તી. તે નરકાવાસમાં બન્નેની તેત્રીશ સાગરોપમની સ્થિતિ છે. ॥૧૦૯-૧૧૨॥

નારકોની અસંખ્યાત કાળ પણ સ્થિતિ હોય છે, માટે ભવનપતિ વગેરેની સ્થિતિને દેખાડતા થકા પાંચ સૂત્ર કહે છે—

**असुरिंदवज्जियाणं भवणवासीणं देवाणं देसूणाइं दो पलिओवमाइं ठिती पन्नत्ता। सोहम्मे कप्पे देवाणं उक्कोसेणं दो सागरोवमाइं ठिती पन्नत्ता। ईसाणे कप्पे देवाणं उक्कोसेणं सातिरेगाइं दो सागरोवमाइं ठिती पन्नत्ता। सणंकुमारे कप्पे देवाणं जहन्नेणं दो सागरोवमाइं ठिती पन्नत्ता। माहिंदे कप्पे देवाणं जहन्नेणं साइरेमाइं दो सागरोवमाइं ठिती पन्नत्ता ।। सू० ११३।।**

**दोसु कप्पेसु कप्पत्थियाओ पन्नत्ताओ, तंजहा—सोहम्मे चेव ईसाणे चेव ।। सू० ११४।।**

**दोसु कप्पेसु देवा तेउलेस्सा पन्नत्ता, तंजहा—सोहम्मे चेव ईसाणे चेव ।। सू० ११५।।**

**दोसु कप्पेसु देवा कायपरियारगा पन्नत्ता, तंजहा—सोहम्मे चेव ईसाणे चेव। दोसु कप्पेसु देवा फासपरियारगा पन्नत्ता, तंजहा—सणंकुमारे चेव माहिंदे चेव। दोसु कप्पेसु देवा रूवपरियारगा पन्नत्ता, तंजहा—बंभलोगे चेव लंतगे चेव। दोसु कप्पेसु देवा सद्दपरियारगा पन्नत्ता, तंजहा—महासुक्के चेव सहस्सारे चेव। दो इंदा मणपरियारगा पन्नत्ता, तंजहा—पाणए चेव अच्चुए चेव ।। सू० ११६।।**

**जीवा णं दुट्ठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तंजहा—तसकायनिव्वत्तिए चेव थावरकायनिव्वत्तिए चेव। एवं उवचिणिंसु वा उवचिणंति वा, उवचिणिस्संति वा, बंधिंसु वा बंधंति वा बंधिस्संति वा, उदीरिंसु वा उदीरेंति वा उदीरिस्संति वा, वेदेंसु वा वेदेंति वा वेदिस्संति वा, णिज्जरिंसु वा णिज्जरंति वा णिज्जरिस्संति वा ।। सू० ११७।।**

1. પ્રસ્તુત વસ્તુની સાથે સંબંધ ધરાવતી વસ્તુનું ગ્રહણ કરવું તે.

दुपएसिता खंधा अणंता पन्नत्ता। दुपदेसोगाढा पोग्गला अणंता पन्नत्ता। एवं जाव दुगुणलुक्खा पोग्गला अणंता पन्नत्ता ।। सू० ११८।।

उद्देशकः चतुर्थः ।। दुट्ठाणं समत्तं ।।

*(મૂ૦) અસુરેંદ્ર–ચમરેંદ્ર અને બલીંદ્રને વર્જીને શેષ ભવનપતિના દેવોની દેશે ઊણી બે પલ્યોપમની સ્થિતિ કહેલી છે. સૌધર્મ દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટથી બે સાગરોપમની સ્થિતિ કહેલી છે. ઈશાન દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ બે સાગરોપમ ઝાઝેરી (કાંઈક અધિક) સ્થિતિ કહેલી છે. સનત્કુમાર દેવલોકમાં દેવોની જઘન્યથી બે સાગરોપમની સ્થિતિ કહેલી છે. માહેંદ્ર દેવલોકમાં દેવોની જઘન્યથી કાંઈક અધિક બે સાગરોપમની સ્થિતિ કહેલી છે. બે દેવલોકને વિષે.કલ્પસ્ત્રીઓ (દેવાંગનાઓ) કહેલી છે, તે આ પ્રમાણે—સૌધર્મ અને ઈશાનમાં. બે દેવલોકને વિષે દેવો તેજોલેશ્યાવાળા કહેલા છે, તે આ પ્રમાણે—સૌધર્મ અને ઈશાન દેવલોકમાં. બે દેવલોકને વિષે દેવો કાયપરિચારકો કહેલા છે (સ્ત્રીને શરીરથી ભોગવે તે), તે આ પ્રમાણે—સૌધર્મ અને ઈશાન દેવલોકમાં. બે દેવલોકને વિષે દેવો સ્પર્શપરિચારકો કહેલા છે (આલિંગન વગેરેથી સ્ત્રીને ભોગવનારા છે તે), તે આ પ્રમાણે—સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકમાં. બે દેવલોકને વિષે દેવો રૂપપરિચારકો કહેલા છે, તે આ પ્રમાણે—બ્રહ્મલોક અને લાંતકદેવલોકમાં. બે દેવલોકને વિષે દેવો શબ્દપરિચારકો કહેલા છે, તે આ પ્રમાણે—મહાશુક્ર અને સહસ્રાર દેવલોકમાં. બે ઇંદ્રો મનપરિચારકો કહેલા છે, તે આ પ્રમાણે—પ્રાણતેંદ્ર અને અચ્યુતેંદ્ર. જીવોએ બે સ્થાનમાં સામાન્યથી ઉપાર્જિત પુદ્ગલોને પાપકર્મપણાએ ગ્રહણ કર્યા, ગ્રહણ કરે છે અને ગ્રહણ કરશે. તે આ પ્રમાણે—ત્રસકાયમાં ઉપાર્જેલા અને સ્થાવરકાયમાં ઉપાર્જેલા, એવી રીતે કર્મનો અબાધાકાલ છોડીને કર્મદલિકોની ગોઠવણ કરેલ છે, કરે છે અને કરશે, તે કર્મનું બંધન કષાયથી નિકાચિત કર્યું છે, કરે છે અને કરશે. તે કર્મની ઉદીરણા કરી છે, કરે છે અને કરશે, તે કર્મને ભોગવ્યા છે, ભોગવે છે અને ભોગવશે, તે કર્મની નિર્જરા (નાશ) કરેલ છે, કરે છે અને કરશે. બે પ્રદેશવાળા સ્કંધો અનંતા છે, જે બે આકાશપ્રદેશને અવગાહીને રહેલા તે દ્વિપ્રદેશાવગાઢ પુદ્ગલો અનંતા કહેલ છે, એવી રીતે યાવત્ દ્વિગુણ લૂખા પુદ્ગલો અનંતા કહેલ છે. ।।૧૧૩-૧૧૮।।*

(ટી૦) 'असुरे'त्यादि० અસુરકુમારના ચમર અને બલી નામના બે ઇંદ્રને છોડીને (તથા તેના સામાનિકને પણ છોડીને, સૂત્રમાં ઇંદ્ર શબ્દના ગ્રહણ વડે ઇંદ્રના સામાનિકોનું પણ ગ્રહણ કરી લેવું, કારણ કે જો તેમ ન માનીએ તો સામાનિકપણું જ તેઓનું નહિં થાય. શેષ ત્રાયસ્ત્રિંશક વગેરે અસુરકુમારોને પણ છોડીને)[1] બાકીના નાગકુમારાદિ નવ નિકાયના દેવોની ઉત્કર્ષથી કિંચિત્ ન્યૂન બે પલ્યોપમની સ્થિતિ કહેલી છે. કહેલું છે કે—

**चमर १ बलि २ सारमहियं, सेसाण सुराण आउयं वोच्छं । दाहिणदिवड्ढपलियं, दो देसूणुत्तरिल्लाणं ।।१७३।।**

**[बृहत्सं० ५ ति]**

દક્ષિણ દિશાના અસુરપતિ ચમરેંદ્રની સ્થિતિ એક સાગરોપમની છે અને ઉત્તર દિશાના અસુરપતિ બલીંદ્રની સ્થિતિ કંઈક અધિક એક સાગરોપમની છે, બાકીના દેવોના આયુષ્ય સંબંધે જાણવું કે—દક્ષિણ દિશાના નવ નિકાયના દેવોનું આયુષ્ય દોઢ પલ્યોપમનું છે અને ઉત્તર દિશાના નવ નિકાયના દેવોનું આયુષ્ય દેશે ઊણા બે પલ્યોપમનું છે. (૧૭૩)

ઉત્કૃષ્ટથી જ આ કહેલું છે, જઘન્યથી તો દશ હજાર વર્ષની (બધા ભવનપતિઓની) સ્થિતિ છે. કહ્યું છે કે—

1. तद्वर्जितानामन्येषां (तद्वर्जितानां तदन्येषां) भवनवासिनां देवानामित्यसुरेन्द्रवर्जनाद् नागकुमारादीन्द्राणामित्यर्थः, उत्कर्षतो द्वे पल्योपमे-पा-खं । तद्वर्जितानां तत्सामानिकवर्जितानां च सूत्रे इन्द्रग्रहणेन सामानिकानामपि ग्रहणाद् अन्यथा सामानिकत्वमेव तेषां न स्यादिति, शेषाणां त्रायस्त्रिंशादीनामसुराणां तदन्येषां भवनवासिनां देवानामिति असुरेन्द्रवर्जनाद् नागकुमारादीन्द्राणामित्यर्थः उत्कर्षतो द्वे पल्योपमे (जे-२)। - श्री जंबूविजयजी सं. १७० पत्रे.

**दस भवणवणयराणं, वाससहस्सा ठिई जहन्नेणं । पलिओवममुक्कोसं, वंतरियाणं वियाणिज्जा ॥१७४॥**

ભવનપતિ અને વ્યંતરદેવોની જઘન્યથી દશ હજાર વર્ષની સ્થિતિ છે અને વ્યંતરોની ઉત્કૃષ્ટથી એક પલ્યોપમની સ્થિતિ જાણવી. (૧૭૪)

શેષ સુગમ છે. વિશેષ કહે છે—સૌધર્માદિ દેવલોકોમાં નીચે પ્રમાણે સ્થિતિ છે—

**दो १ साहि २ सत्त ३ साहीय ४, दस ५ चोद्दस ६ सत्तरेव ७ अयराइं । सोहम्मा जा सुक्को, तदुवरि एक्केक्कमारोवे ॥१७५॥**

**[बृहत्सं० १२ इति]**

સૌધર્મ દેવલોકથી યાવત્ સાતમા મહાશુક્ર દેવલોક પર્યંત ક્રમશઃ બે સાગર ૧, કંઈક અધિક બે સાગર ૨, સાત સાગર ૩, સાત સાગર ઝાઝેરી ૪, દશ સાગર ૫, ચૌદ સાગર ૬, સત્તર સાગર ૭, ની સ્થિતિ છે. તદુપરાંત એકેક સાગરોપમની વૃદ્ધિ કરવી. (૧૭૫)

અર્થાત્ આઠમે દેવલોકે અઢાર સાગરોપમ એમ યાવત્ નવમે ગ્રૈવેયકે એકત્રીશ સાગરોપમની સ્થિતિ કહેલી છે. ચાર અનુત્તર વિમાનમાં ઉત્કૃષ્ટથી તેત્રીશ અને સર્વાર્થસિદ્ધમાં તો તેત્રીશ જ સાગરોપમની સ્થિતિ છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેલી છે. જઘન્ય સ્થિતિ તો—

**पलियं १ अहियं २ दो सार, ३ साहिया ४ सत्त ५ दस य ६ चोद्दस ७ य । सत्तरस्स सहस्सारे, तदुवरि एक्केक्कमारोवे ॥१७६॥**

**[बृहत्सं० १४ इति]**

પહેલે દેવલોકે એક પલ્યોપમ, બીજે એક પલ્યોપમ ઝાઝેરી, ત્રીજે બે સાગરોપમ, ચોથે બે સાગરોપમ ઝાઝેરી, પાંચમે સાત સાગરોપમ, છટ્ઠે દશ સાગરોપમ, સાતમે ચૌદ સાગરોપમ, આઠમા સહસ્રાર દેવલોકે સત્તર સાગરોપમની જઘન્ય સ્થિતિ છે, તેની ઉપર અનુક્રમે એક એક સાગરોપમની વૃદ્ધિ કરવી. (૧૭૬)

અર્થાત્ નવમે દેવલોકે અઢાર એમ યાવત્ નવમે ગ્રૈવેયકે ત્રીશ સાગરોપમ અને ચાર અનુત્તર વિમાનમાં એકત્રીશ સાગરોપમની જઘન્ય સ્થિતિ છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં જઘન્ય સ્થિતિ નથી. દેવલોકના પ્રસ્તાવથી સ્ત્રી વગેરે દ્વાર વડે દેવલોકનું બે સ્થાનકમાં સાત સૂત્રો વડે અવતરણ કરે છે કે—'दोसु' इत्यादि० બે દેવલોકની સ્ત્રીઓ તે કલ્પસ્ત્રીઓ અર્થાત્ દેવીઓ. તેની ઉપર દેવીઓ નથી. બીજું સુગમ છે. વિશેષ એ કે—'तेउलेस'त्ति० તેજોરૂપ લેશ્યા છે જેઓને તે તેજોલેશ્યાવાળા [દેવો] તો સૌધર્મ અને ઈશાન દેવલોકમાં જ છે, તેની ઉપર નથી. કહ્યું છે કે—

**किण्हा नीला काऊ, तेऊलेसा य भवण-वंतरिया । जोइस सोहम्मीसाणे, तेऊ लेसा मुणेयव्वा ॥१७७॥ [बृहत्सं० १९३]**

ભવનપતિ અને વ્યંતરદેવો કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યાવાળા છે તથા જ્યોતિષ્ક, સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવો એક તેજોલેશ્યાવાળા જાણવા. (૧૭૭)

'कायपरियारग'त्ति० परिचरन्ति—સ્ત્રીને સેવે (ભોગવે) તે પરિચારકો. જે કાય વડે પરિચારકો તે કાયપરિચારકો, એવી રીતે આગળના પરિચારકોના સંબંધમાં પણ જાણી લેવું. વિશેષ એ કે—સ્પર્શાદિ પરિચારકો અંગમાત્રના સ્પર્શ વગેરેથી જ વેદના (ઉપતાપ)ની શાંતિવાળા થાય છે. આનત વગેરે (નવમાથી બારમા પર્યંત) ચાર દેવલોકને વિષે દેવો મનઃપરિચારકો—મનથી વિષય સેવનારા હોય છે. આ કથનમાં બે સ્થાનના અનુરોધથી 'दो इंदा' એમ કહેલું છે, કારણ કે આનતાદિ ચાર દેવલોકમાં ઇંદ્રો તો બે જ છે. આ સંબંધમાં કહ્યું છે કે—

**दो कायप्पवियारा, कप्पा फरिसेण दोन्नि दो रूवे । सद्दे दो चउर मणे, उवरिं परियारणा नत्थि ॥१७८॥**

**[बृहत्सं० १८१ ति]**

પ્રથમના બે દેવલોકના દેવો કાયાથી વિષય સેવનારા, ત્રીજા તથા ચોથાના સ્પર્શથી, પાંચમા તથા છઠ્ઠાના રૂપથી, સાતમા તથા આઠમાના શબ્દથી અને બાકીના ચાર દેવલોકના દેવો મનથી વિષય સેવનારા હોય છે. નવ ગ્રૈવેયક અને અનુત્તર

વિમાનોના દેવોને પરિચારણા (વિષયસેવના) નથી. (૧૭૮)

આ પરિચારણા કર્મથી થાય છે, અને કર્મ તો જીવો, સ્વહેતુ-મિથ્યાત્વાદિ વડે ત્રણ કાલમાં પણ ચયનાદિ અવસ્થાને કરે છે. આ હેતુથી કહે છે—'जीवाण' मित्यादि० છ સૂત્ર સુગમ છે, વિશેષ કહે છે કે—(णं વાક્યના અલંકારમાં છે) ત્રસકાય અને સ્થાવરકાયરૂપ બે સ્થાનનો જે સમાહાર (એકત્ર થવું) તે દ્વિસ્થાન, તેમાં મિથ્યાત્વાદિ વડે જે પુદ્‌ગલો સામાન્યથી ઉપાર્જેલા, આગળ કહેવામાં આવનાર છ અવસ્થા યોગ્ય કરેલા, અથવા બે સ્થાન (ત્રસ અને સ્થાવરકાય)માં ભોગવવું છે જેઓનું તે દ્વિસ્થાનનિવૃત્તિક એવા કર્મવર્ગણાના પુદ્‌ગલોને પાપકર્મ-ઘાતીકર્મ અથવા જ્ઞાનાવરણાદિ સર્વકર્મ, તેના ભાવપણાએ અર્થાત્ પાપકર્મપણાએ-તદ્રૂપપણાએ અતીતકાલમાં ગ્રહણ કર્યાં, વર્તમાનકાલમાં ગ્રહણ કરે છે અને ભવિષ્યકાલમાં કેટલાએક[1] (કર્મપુદ્‌ગલો) ગ્રહણ કરશે એમ જણાય છે. કષાય વગેરેથી પરિણત જીવને જે કર્મપુદ્‌ગલનું ઉપાદાન-ગ્રહણ માત્ર તે 'ચયન' જાણવું ૧, 'ઉપચયન' તો ગ્રહણ કરેલ કર્મનાં અબાધાકાલ (જ્યાં સુધી ઉદયમાં ન આવે તે)ને છોડીને જ્ઞાનાવરણીયાદિ કર્મપણાએ નિષેક (કર્મદલિકની રચનાવિશેષ), તે આ રીતે-પ્રથમની સ્થિતિમાં અતિઘણા કર્મદલિકની રચના કરે છે, ત્યારપછી બીજી સ્થિતિમાં વિશેષહીન નિષેક કરે છે, 'जावुक्कोसियाए विसेसहीणं णिसिंचइ' યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષહીન નિષેક કરે છે ૨, 'બંધન' તો જ્ઞાનાવરણીયાદિ કર્મપણાએ રચના કરાયેલ નિષેકને જ ફરીથી પણ કષાયની પરિણતિવિશેષથી નિકાચિત (દૃઢ બંધન) રૂપ જાણવું ૩, 'ઉદીરણા' તો ઉદયને પ્રાપ્ત ન થયેલ કર્મને કરણ (જીવ વીર્ય) વડે ખેંચીને ઉદયમાં લાવવું તે ૪, 'વેદન'-અનુભવ અર્થાત્ કર્મનું ભોગવવું ૫, 'નિર્જરા-કર્મનું અકર્મપણું થવું અર્થાત્ કર્મના નાશરૂપ ૬, કર્મ તો પુદ્‌ગલાત્મક છે, માટે પુદ્‌ગલોને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ વડે બે સ્થાનકમાં અવતારવા વડે નિરૂપણ કરતા થકા કહે છે— 'दुपएसी' त्यादि० ત્રેવીશ સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે કે—યાવત્ શબ્દથી 'दुसमयट्ठिइए' त्यादि० એકવીશ સૂત્રો કહેવા, તે આ પ્રમાણે—એક કાલસૂત્ર, પાંચ વર્ણસૂત્ર, બે ગંધસૂત્ર, પાંચ રસસૂત્ર અને આઠ સ્પર્શસૂત્ર. વાચના આ પ્રમાણે—'दुसमयट्ठिईया पोग्गले' त्यादि०. ॥૧૧૭-૧૧૮॥

***॥ બીજા સ્થાનકના ચોથા ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

***॥ ઇતિ શ્રીમદ્ અભયદેવસૂરિવિરચિત ઠાણાંગ સૂત્રનું બીજું સ્થાનક સમાપ્ત ॥***

1. જે તરતમાં મોક્ષે જનારા જીવો, ભવિષ્યમાં કર્મપુદ્‌ગલોને ગ્રહણ ન કરે, આ કારણથી ટીકામાં 'केचिदिति गम्यते' એવા શબ્દો મૂક્યા છે.

- *સમકિતાદિ ભાવોમાં આત્માનું આવવું-જવું એને આકર્ષ કહે છે. નિમિત્ત કારણ મળેલ આત્મા સમકિતના પરિણામમાં આવી, નિમિત્ત કારણ થોડા વખતમાં મળ્યું આત્મા મિથ્યાત્વના પરિણામમાં આવે એને એક આકર્ષ કહેવાય છે. એ આકર્ષ એક ભવમાં તથા ભવચક્રમાં અધિકથી અધિક નીચેના પ્રકારે આવે-જાય છે.*
- *શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક આ ત્રણેના એક ભવમાં બે હજારથી નવ હજાર આકર્ષ થઈ શકે છે. તથા સર્વવિરતિ ચારિત્ર સામાયિકના એક ભવમાં બસોથી નવસો આકર્ષ 'શત પૃથક્ત્વ' થઈ શકે છે.*
- *ભવચક્ર/સંસારમાં બધા જીવોમાં.અર્ધપુદ્‌ગલ પરાવર્તકાળમાં શ્રુત સામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક, અસંખ્યાતા હજાર પૃથક્ત્વ અને સર્વવિરતિ સામાયિકના બે હજારથી નવ હજાર 'સહસ્ર પૃથક્ત્વ' આકર્ષ હોઈ શકે છે. (આવશ્યક ચૂર્ણિ પ્રવચન સારોદ્ધાર દ્વાર ૧૨૨)*
- *એટલીવાર સમકિતથી મિથ્યાત્વમાં અને મિથ્યાત્વથી સમકિતમાં આવે-જાય છે. સાધુપણાથી નીચે આવી જાય છે. ફરીથી સાધુપણામાં આવી જાય છે.*

## अथ तृतीयस्थानकाध्ययने प्रथमः उद्देशः

બે સ્થાનક પછી ત્રીજું સ્થાનક સંખ્યાના ક્રમથી આવે છે, એ સંબંધ વડે આવેલ ચાર અનુયોગના દ્વાર રૂપ આ ચાર ઉદ્દેશકના, તેમાં પણ બીજા અધ્યયનના છેલ્લા ઉદ્દેશકને વિષે જીવાદિના પર્યાય કહ્યા. આ ત્રીજા અધ્યયનના પણ પ્રથમ ઉદ્દેશકમાં તે જ (જીવાદિના પર્યાયો) કહેવાય છે. આવા પ્રકારના સંબંધવાળા અધ્યયનના પહેલા ઉદ્દેશકના, તેમાં પણ હમણા કહેવાયેલ ઉદ્દેશકના છેલ્લા સૂત્રમાં પુદ્ગલના ધર્મો કહ્યા, આ ત્રીજા અધ્યયનના પ્રથમ સૂત્રમાં તો જીવના ધર્મો કહેવાય છે. એ સંબંધવિશિષ્ટ આ અધ્યયનનું પ્રથમ સૂત્ર કહે છે—.

**तओ इंदा पण्णत्ता, तंजहा—णामिंदे, ठवणिंदे, दव्विंदे, तओ इंदा पन्नत्ता, तंजहा—णाणिंदे, दंसणिंदे, चरित्तिंदे, तओ इंदा पन्नत्ता, तंजहा—देविंदे, असुरिंदे, मणुस्सिंदे ।। सू० ११९।।**

*(મૂ૦) ત્રણ (પ્રકારના) ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—૧ નામ વડે ઇંદ્ર તે નામેંદ્ર, ૨ ઇંદ્રની પ્રતિમા તે સ્થાપનેંદ્ર અને ૩ ભવિષ્યમાં થનાર જે ઇંદ્ર તે દ્રવ્યેંદ્ર. બીજા ત્રણ (પ્રકારના) ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાન વડે ઇંદ્ર તે જ્ઞાનેંદ્ર, ૨ દર્શન વડે ઇંદ્ર તે દર્શનેંદ્ર અને ૩ ચારિત્ર વડે ઇંદ્ર તે ચારિતેંદ્ર. ત્રણ (પ્રકારના) ઇંદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—૧ જ્યોતિષ્ક અને વૈમાનિકના ઇંદ્ર તે દેવેંદ્ર, ૨ ભવનપતિ અને વ્યંતરના ઇંદ્ર તે અસુરેંદ્ર અને ૩ ચક્રવર્તી આદિ તે મનુષ્યેંદ્ર. ॥૧૧૯॥*

(ટી૦) 'तओ इंदे' त्यादि० ની વ્યાખ્યા સુગમ છે. વિશેષ કહે છે કે—इंदनात्–ઐશ્વર્યથી જે ઇંદ્ર, નામ-સંજ્ઞા તે જ યથાર્થ 'ઇંદ્ર' એવા અક્ષરાત્મક (કોઈક સ્થળે પત્રાદિમાં લખેલ ઇંદ્ર શબ્દની અક્ષરપંક્તિ) જે ઇંદ્ર તે નામેંદ્ર અથવા જે સચેતન કે અચેતન વસ્તુનો ઇંદ્ર એવું અયથાર્થ નામ કરાય છે તે, નામ અને નામવાળાના અભેદ ઉપચારથી નામ એવો જે ઇંદ્ર તે નામેંદ્ર, અથવા ઇંદ્રના અર્થ વડે શૂન્ય હોવાથી કેવળ નામ વડે જ જે ઇંદ્ર તે નામેંદ્ર. વળી આ નામનું લક્ષણ—

**'यद्वस्तुनोऽभिधानं, स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम् । [1]पर्यायानभिधेयश्च, नाम याद्दच्छिकं च तथा ।।१।।'**

શ્લોકનો અર્થ–યદ્વસ્તુ૦ ઇત્યાદિ પદ વડે યથાર્થ ઇંદ્ર વગેરે નામ કહ્યું, સ્થિતં૦ ઇત્યાદિ પદ વડે તો અયથાર્થ ગોપાલ (ગોવાળ) વિગેરેમાં ઇંદ્ર ઇત્યાદિ નામ સ્થાપેલું તે, યાદચ્છિક–અર્થ વગરનું જે નામ તે ડિત્થાદિ, અથવા ઐશ્વર્યાદિ અર્થથી નિરપેક્ષ ગોવાળ વગેરે વસ્તુનો જે ઇંદ્ર વગેરે નામ છે (તે) યથાર્થપણાએ અન્યત્ર (બીજે સ્થળે) શક્ર વગેરે (દેવેંદ્રો)માં જ (ખરા અર્થથી) રહેલું છે. (૧)

(અત્ર ગોપાળાદિકમાં તે અર્થ ન હોવાથી ફક્ત) નામથી જ ઇંદ્ર છે. વસ્તુનું ઇંદ્ર વિગેરે નામ તે ઐશ્વર્યાદિ અર્થની અપેક્ષા રહિત થયો થકો ગોવાળ વગેરે બીજા અર્થમાં રહેલું નામ તે નામેંદ્ર. ઇંદ્રાદિના અભિપ્રાય વડે જે સ્થાપના કરાય છે તે સ્થાપના–લેપ્યાદિ કર્મ (માટી વિગેરેથી બનાવેલ) જે ઇંદ્ર તે સ્થાપનેંદ્ર, ઇંદ્રની પ્રતિમા–ઇંદ્રના આકાર સહિત (સાકાર સ્થાપનેન્દ્ર) સ્થાપનેંદ્ર અને ઇંદ્રના આકાર રહિત જે અક્ષ વગેરેનું સ્થાપન કરવું તે (થોડા કાલની) સ્થાપના. સ્થાપનાનું લક્ષણ આ પ્રમાણે–

**'यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणि । लेप्यादिकर्म तत् स्थापनेति क्रियतेऽल्पकालं च ।।२।।'**

જે (ઇંદ્રાદિ[1] શબ્દ)ના અર્થથી રહિત અને સદ્ભૂત ઇંદ્રાદિના આશય વડે તેની આકૃતિ, જે લેપ્યાદિ કર્મરૂપ તે સ્થાપના અલ્પકાલ પર્યંત કરાય છે. (૨)

1. ઇંદ્ર શબ્દનાં પર્યાયો-શક્ર, પુરંદર વગેરેથી ન કહેવાયેલ.

તથા—

**लेप्पगहत्थी हत्थि त्ति, एस सब्भाविया भवे ठवणा । होइ असब्भावे पुण, हत्थि त्ति निरागिई अक्खो ।।३।।**
**[आव.नि. १४४७]**

લેપ્ય (ની સ્થાપનામાં જે સ્થપાય છે તે)નો હસ્તી તે હાથી, આ સદ્ભાવવાળી સ્થાપના હોય છે. વળી અસદ્ભાવ હાથીની સ્થાપનામાં હાથીના આકાર રહિત જે અક્ષ તે અસદ્ભાવસ્થાપના. (૩)

તથા **द्रवत्ति-गच्छति**–તે તે પર્યાયોને પ્રાપ્ત થાય છે, અથવા તે તે પર્યાયો વડે પ્રાપ્ત થવાય છે, અથવા **द्रोः**–સત્તાના અવયવ કે વિકાર, અથવા વર્ણ વગેરે ગુણોનો દ્રાવ–સમૂહ તે દ્રવ્ય, તે ભૂતપર્યાય અને ભાવિભાવપર્યાયને યોગ્ય હોય તે દ્રવ્ય. કહ્યું છે કે—

**दवए १ दुयए २, दोरवयवो विगारो ३ गुणाण संद्दावो ४ । दव्वं भव्वं भावस्स, भूयभावं च जं जोग्गं ।।४।।[वि.आ०२८]**

જે દ્રવે છે તે તે પર્યાયોને પામે છે, અથવા સ્વપર્યાયોથી પમાય છે તે, તથા સત્તાના અવયવ અથવા વિકાર તેમજ ગુણનો સમુદાય અને ભાવિભાવ (પર્યાય) તથા ભૂતભાવ (પર્યાય) યોગ્ય જે હોય તે દ્રવ્ય કહેવાય છે. (૪)

**भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके। तद् द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं गदितम् ।।५।।**

ઘીનો ઘડો ખાલી છતાં પણ ઘીનો જ ઘડો કહેવાય છે તે ભૂતપર્યાય અને રાજકુમાર જે ભવિષ્યમાં રાજા થનાર છે તે ભાવિપર્યાય. લોકમાં જે કહેવાય છે તે તત્ત્વના જાણનારાઓએ સચેતન અથવા અચેતન વસ્તુને દ્રવ્ય કહેલ છે. (૫)

તથા 'ઉપયોગ રહિત અને અપ્રધાન તે દ્રવ્ય' તેમાં દ્રવ્ય એવો જે ઇંદ્ર તે દ્રવ્યેંદ્ર, તે બે પ્રકારે છે–આગમથી અને નોઆગમથી. તેમાં આગમથી–આગમને ચોક્કસ સ્વીકારીને, જ્ઞાનની અપેક્ષાએ એ અર્થ છે. નોઆગમથી તો આગમને ચોક્કસ નહિં સ્વીકારીને તેમાં આગમથી ઇંદ્ર શબ્દનો જાણનાર પણ ઉપયોગ રહિત વક્તા તે દ્રવ્યેંદ્ર, **'अनुपयोगो द्रव्यं'**[अनुयोग० सू०१४]—ઉપયોગ રહિત તે દ્રવ્ય, આ વચન હોવાથી એ જ અર્થ મંગલ આશ્રયીને ભાષ્યમાં કહેલ છે, તે આ પ્રમાણે—

**आगमओऽणुवउत्तो, मंगलसद्दाणुवासिओ वत्ता । तन्नाणलद्धिजुत्तो वि, णोवउत्तो त्ति तो दव्वं ।।६।। [विशेषा० २१ ति]**

મંગલ શબ્દના સંસ્કારને પામેલ એવો અનુપયોગી વક્તા (આત્મા) તેના અર્થજ્ઞાનની લબ્ધિયુક્ત છતાં પણ ઉપયોગ રહિત હોવાથી તે આગમથી દ્રવ્યમંગલ છે. (૬)

નોઆગમથી ત્રણ પ્રકારે દ્રવ્યેંદ્ર છે, તે આ પ્રમાણે–૧ જ્ઞશરીરદ્રવ્યેંદ્ર, ૨ ભવ્યશરીરદ્રવ્યેંદ્ર અને ૩ જ્ઞશરીરભવ્યશરીરવ્યતિરિક્તદ્રવ્યેંદ્ર. તેમાં જાણનાર (વ્યક્તિ)નું શરીર તે જ્ઞશરીર, જ્ઞશરીરજ દ્રવ્યેંદ્ર તે જ્ઞશરીર દ્રવ્યેંદ્ર, એનો ભાવાર્થ આ પ્રમાણે છે—ઇંદ્ર પદાર્થના જાણનારનું જીવ રહિત જે શરીર તે અતીતકાલમાં (જે શરીર વડે) અનુભવેલ પદાર્થના જ્ઞાનની અનુવૃત્તિ વડે જે શિલાદિ ઉપર અનશન કરીને જે મુનિ સિદ્ધ થાય છે તે સિદ્ધશિલા કહેવાય છે, તે ઉપર રહેલ–સિદ્ધ થયેલ મુનિનું શરીર પણ ઘૃતઘટાદિન્યાય વડે નોઆગમથી (જ્ઞશરીર) દ્રવ્યેંદ્ર કહેવાય છે, કારણ કે શરીરને ઇંદ્ર શબ્દના જ્ઞાનનું કારણપણું હોય છે અને ઇંદ્રના જ્ઞાનનું શૂન્યપણું હોય છે. નોઆગમ શબ્દમાં 'નો' શબ્દ સર્વથા નિષેધવાચક છે, તથા ભવ્ય–યોગ્ય, જે ઇંદ્ર શબ્દના અર્થને વર્તમાનમાં જ્યાં સુધી નથી જાણતો પરંતુ ભવિષ્યમાં જાણશે તે ભવ્ય, તેનું શરીર તે ભવ્યશરીર તે જ દ્રવ્યેંદ્ર અર્થાત્ ભવ્યશરીરદ્રવ્યેંદ્ર. અહિં ભાવાર્થ આ પ્રમાણે છે—ભવિષ્ય સંબંધી વૃત્તિને સ્વીકારીને ઇંદ્ર (શબ્દાર્થ)ના ઉપયોગનું આધારપણું હોવાથી મધુઘટ અર્થાત્ વર્તમાનમાં ઘડો ખાલી છતાં ભવિષ્યમાં મધ ભરવામાં આવશે તે મધુનો ઘડો કહેવાય છે ઇત્યાદિ ન્યાય વડે જ જે બાલાદિ અવસ્થા સહિત શરીર તે ભવ્યશરીરદ્રવ્યેંદ્ર. 'નો' શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. મંગળને સ્વીકારીને ભાષ્યમાં કહ્યું છે કે—

**मंगलपयत्थजाणयदेहो भव्वस्स वा सजीवो वि [त्ति] । णोआगमओ दव्वं, आगमरहिओ त्ति जं भणितं ।।७।।**
**[विशेषावश्यक० ४४ ति]**

મંગલ પદાર્થના જાણનારનો (નિર્જીવ) દેહ, અથવા ભવ્યનો-ભવિષ્યમાં જાણનારનો સજીવ દેહ, તે નોઆગમથી દ્રવ્યમંગલ છે, જે કારણથી આગમ (જ્ઞાન) રહિત છે. (૭)

જ્ઞશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિક્ત (ભિન્ન) દ્રવ્યેંદ્ર, આગમથી ઉપયોગ રહિત દ્રવ્યેંદ્રની માફક ભાવેંદ્રના કાર્યો (ક્રિયાઓ) ને વિષે અવ્યાપૃત-પ્રવૃત્તિ રહિત, તથા અતીતકાલમાં (થયેલ) ભાવેંદ્રના પરિણામ (પરંતુ વર્ત્તમાનક્ષણમાં તેવા પરિણામથી શૂન્ય) એવું જેનું શરીર અથવા આત્મદ્રવ્ય તે તદુભયવ્યતિરિક્તદ્રવ્યેંદ્ર, જ્ઞશરીરદ્રવ્યેંદ્રની માફક જાણવું. વળી જે ભવિષ્યમાં ઇંદ્રપર્યાયને યોગ્ય પુદ્‌ગલની રાશિ, અને જે ભવિષ્યમાં ઇંદ્રપર્યાયને પ્રાપ્ત થનાર જે આત્મદ્રવ્ય, તે તદુભયવ્યતિરિક્તદ્રવ્યેંદ્ર, ભવ્યશરીરદ્રવ્યેંદ્રની માફક જાણવું. તે ભાવીંદ્રપર્યાય યોગ્ય દ્રવ્યેંદ્ર, અવસ્થાના ભેદથી ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧ એકભવિક, ૨ બદ્ધાયુષ્ક અને ૩ અભિમુખનામગોત્રરૂપ. તેમાં એક તે જ ભવ અતિક્રાંત-ગયે છતે ભવિષ્યમાં થનાર જે તે એકભવિક, અર્થાત્ જે અનંતર ભવમાં જ ઇંદ્રપણાએ ઉત્પન્ન થશે તે, ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમ પર્યંતના આયુવાળા હોય છે. **દેવકુરુ વગેરેના યુગલિકને ભવનપતિ વગેરેના ઇંદ્રપણાએ ઉત્પન્ન થવાનો સંભવ છે.** વળી એકભવિક જ, ઇંદ્રના આયુષ્યને બાંધ્યા પછી, અમુક આયુષ્ય બાંધ્યું માટે **बद्धायुः** કહેવાય છે. કારણ કે આગળ આ કાલ વિશેષથી (વધારે કાલ પર્યન્ત) આયુષ્યના બંધનો અભાવ હોવાથી તે ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વના ત્રીજા [1]ભાગ પર્યંત હોય છે. **अभिमुखे**—સન્મુખમાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત્ત પછી ભાવીપણાએ ઇંદ્ર સંબંધી નામ અને ગોત્ર છે જેને તે અભિમુખનામગોત્રરૂપ તથા ભાવઐશ્વર્યયુક્ત તીર્થંકરાદિભાવેંદ્રની અપેક્ષાએ, અપ્રધાનપણાથી શક્ર વગેરે (ઇંદ્રો) પણ દ્રવ્યેંદ્ર જ છે. દ્રવ્ય શબ્દની અપ્રધાન અર્થમાં પણ પ્રવૃત્તિ છે. ભાવેંદ્ર તો અહિં ત્રણ સ્થાનકના અનુરોધથી કહેલ નથી. તેનું લક્ષણ આ-ભાવઐશ્વર્યની ક્રિયાના અનુભવલક્ષણના પરિણામને આશ્રયીને અથવા ઐશ્વર્યના પરિણામ વડે ઇંદ્ર થાય છે તે ભાવ અને ભાવ એવો જે ઇંદ્ર તે ભાવેંદ્ર. यदाह—

**"भावो विवक्षितक्रियाऽ-नुभूतियुक्तो हि वै समाख्यातः । सर्वज्ञैरिंद्रादिवदिहेन्दनादि-क्रियानुभवात् ॥८॥"**

વિવક્ષિત ક્રિયાની અનુભૂતિ યુક્ત સર્વજ્ઞો વડે તે ભાવ કહેલ છે. જેમ ઐશ્વર્ય આદિ ક્રિયાની અનુભૂતિથી ઈન્દ્ર એ ભાવેન્દ્ર કહેવાય છે. (૮)

તે ભાવેંદ્ર બે પ્રકારે છે-આગમથી અને નોઆગમથી. તેમાં આગમથી ઇંદ્ર શબ્દના જ્ઞાનના ઉપયોગ સહિત જે જીવ તે ભાવેંદ્ર. **પ્રશ્ન**—ઇંદ્રના ઉપયોગ માત્રથી ભાવેંદ્રમયપણું કેમ જણાય છે? કારણ કે અગ્નિના જ્ઞાનના ઉપયોગવાળો માણવક અગ્નિ ન કહેવાય કેમ કે માણવકમાં દહન (બાળવું), પચન (પકાવવું) અને પ્રકાશ વગેરે અર્થક્રિયાના સાધકપણાનો અભાવ હોય છે. **ઉત્તર**—એમ કહેવું યોગ્ય નથી, કારણ કે અભિપ્રાય (આશય) ને નહિ જાણવાથી સંવિત્, જ્ઞાન, અવગમ અને ભાવ એ બધા પણ અનર્થાન્તર-એકાર્થવાચક છે. તેમાં **"अर्थाभिधानप्रत्ययास्तुल्यनामधेया"** इति० અર્થને કહેનારા પ્રત્યયો તુલ્યનામવાળા છે. આ કારણથી સર્વદર્શનવાળાઓને વિસંવાદનું સ્થાન નથી અર્થાત્ સર્વને સમ્મત્ત છે. જેમ **कोऽयं?**—આ શું છે? **घटः**—ઘડો છે, **किमयमाह?**—આ શું કહે છે? **घटशब्दं**,—ઘટ શબ્દને, **किमस्य ज्ञानं?** આ ઘટ શબ્દનું શું જ્ઞાન? **घट इति**—ઘડો છે. અગ્નિ એ જે જ્ઞાન, તેનો જ્ઞાતા-જાણનાર અભિન્ન છે. તે જ્ઞાતાનું અગ્નિના ઉપયોગરૂપ લક્ષણ ગ્રહણ કરાય છે. અન્યથા-જ્ઞાન ને જ્ઞાતા જુદા માનો તો અગ્નિનું જ્ઞાન છતે પણ જ્ઞાતા નહિ જાણી શકે, કારણ કે હાથમાં દીવાવાળા આંધળાની જેમ અથવા બીજા પુરુષની જેમ તન્મયપણું નથી. (વળી જ્ઞાન, જ્ઞાતાથી જો ભિન્ન હોય તો) આત્માને બંધ વિગેરેનો અભાવ થાય. જ્ઞાન, અનાકાર નહિં કહેવાય, કારણ કે અન્ય પદાર્થની જેમ વિવક્ષિત પદાર્થને જાણવાના અભાવનો પ્રસંગ હોય છે. (વળી જ્ઞાન, જ્ઞાતાથી જો ભિન્ન હોય તો) જેમ જ્ઞાન, અજ્ઞાન, સુખ અને દુઃખ વગેરે પરિણામથી ભિન્ન હોવાથી જેમ આકાશને બંધ વગેરે થતા નથી તેમ

1. આયુષ્યનો બંધ વર્તમાન ભવના ત્રીજા ભાગે પડે છે તેથી આગળ આયુષ્યનો બંધ પડે નહિ. ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડપૂર્વનું હોય, તેથી વિશેષ આયુષ્યવાળા મનુષ્ય તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાળા યુગલિક હોય છે, તેના આયુષ્યનો બંધ છ માસ શેષ આયુષ્ય હોય ત્યારે પડે છે.

આત્માને બંધ વગેરે નહિ થાય. બધાય અગ્નિ દહનાદિ અર્થક્રિયાના સાધક થતા નથી, કારણ કે ભસ્મથી ઢાંકેલ અગ્નિ વડે વ્યભિચાર દોષ આવે છે અર્થાત્ આચ્છાદિત અગ્નિ બાળતો નથી. પ્રસંગને અનુલક્ષીને આટલું વિવેચન કર્યું. નો આગમથી ભાવેંદ્ર, ઇંદ્રના નામકર્મ અને ગોત્રકર્મને અનુભવતો થકો પરમૈશ્વર્યનું પાત્ર છે, કારણ કે નો શબ્દ સર્વથા નિષેધવાચક છે જે કારણથી તેમાં ઇંદ્ર પદાર્થનું જ્ઞાન, ઇંદ્રના વ્યવહારના સંબંધ વડે વિવક્ષિત નથી. ઇંદ્રની ક્રિયાની જ વિવક્ષા હોવાથી અથવા તથાવિધ જ્ઞાન અને ક્રિયા સહિત જે પરિણામ, તે કેવળ આગમ જ નહિ તેમ કેવળ અનાગમ પણ નહિ. આ કારણથી મિશ્રવચનપણાથી નો શબ્દને નોઆગમથી કહેવાય છે. (અહિં 'નો' શબ્દ દેશ નિષેધવાચક છે) **શંકા**—નામ, સ્થાપના અને દ્રવ્યને વિષે ઇંદ્ર એવું નામ અને દ્રવ્યપણું સમાન વર્તે છે, કારણ કે વિવક્ષિત ભાવ વડે શૂન્ય હોય છે, તે કારણથી નામાદિમાં શું વિશેષ છે? ભાષ્યકાર કહે છે—

**अभिहाणं दव्वत्तं, तदत्थसुन्नत्तणं च तुल्लाइं । को भाववज्जियाणं, नामाईणं पइविसेसो ॥९॥ [विशेषाव० ५२ इति]**

ભાવનિક્ષેપ સિવાયના નામાદિ ત્રણમાં અભિધાન, દ્રવ્યત્વ અને તદર્થશૂન્યપણું સમાન હોવાથી તે નામાદિ ત્રણમાં શો તફાવત છે? (૯)

અહિં **સમાધાન** કરતાં કહે છે—જેવી રીતે સ્થાપનેંદ્રમાં ચોક્કસ ઇંદ્રનો આકાર જોવાય છે, તથા સ્થાપના કરનારનો સદ્ભૂત ઇંદ્ર સંબંધી અભિપ્રાય હોય છે, વળી જોનારને ઇંદ્રનો આકાર જોવાથી ઇંદ્રનો નિર્ણય થાય-વિશ્વાસ થાય છે, વળી નમસ્કાર કરવાની બુદ્ધિવાળા અને ફળની ઇચ્છાવાળા જીવો સ્તુતિ કરવા માટે પ્રવર્તે છે અને કેટલાએક દેવતાના અનુગ્રહથી ફલને પણ પામે છે. નામેંદ્ર અને દ્રવ્યેંદ્રને વિષે તેવું કાંઈ જણાતું નથી. તે કારણથી સ્થાપનાનો આ પ્રમાણે ભેદ કહેલ છે—

**आगारोऽभिप्पाओ, बुद्धी किरियाफलं च पाएणं । जह दीसइ ठवणिंदे, न तहा नामे न दव्विंदे ॥१०॥**

**[विशेषाव० ५३ इति]**

જેમ સ્થાપના ઇંદ્રમાં આકાર–અભિપ્રાય–બુદ્ધિ ક્રિયા અને ફળ પ્રાયઃ જણાય છે તેમ નામઇંદ્ર અને દ્રવ્યઇંદ્રમાં જણાતું નથી. (૧૦)

જેમ દ્રવ્યેંદ્ર ભાવેંદ્રનાં કારણપણાને પામે છે, તથા ઉપયોગથી અપેક્ષામાં પણ તે ભાવેંદ્રની ઉપયોગતાને પામે છે અને ભાવેન્દ્રની ઉપયોગતાને પ્રાપ્ત કરેલ છે તેમ નામ અને સ્થાપના ઇંદ્ર પ્રાપ્ત કરતા નથી. દ્રવ્યેંદ્રમાં આ વિશેષ છે. ભાષ્યકાર કહે છે—

**भावस्स कारणं जह, दव्वं भावो य तस्स पज्जाओ । उवओगपरिणतिमओ, न तहा नामं न वा ठवणा ॥११॥**

**[विशेषाव० ५४ इति]**

જેમ દ્રવ્ય ભાવનું કારણ છે અને ઉપયોગ અને પરિણતિમય જે ભાવ તે દ્રવ્યનો પર્યાય છે, તેમ નામ અને સ્થાપના ભૂત અને ભવિષ્યમાં પર્યાય થતા નથી. (૧૧)

નામ, સ્થાપના અને દ્રવ્યેંદ્ર કહ્યા. હવે ભાવેંદ્રને ત્રણ સ્થાનકના અવતાર વડે કહે છે—'**तओ इंदे**'त्यादि० સુગમ છે. વિશેષ કહે છે કે—જ્ઞાન વડે, જ્ઞાનના અથવા જ્ઞાનને વિષે ઇંદ્ર-જે પરમેશ્વર તે **જ્ઞાનેન્દ્ર** અર્થાત્–અતિશયવાન્, શ્રુત વગેરે કોઈપણ જ્ઞાનાધીનના વશથી વિવેચન કરેલ વસ્તુના વિસ્તારવાળા તે જ્ઞાનેન્દ્ર અથવા કેવલી જ્ઞાનેન્દ્ર, એવી રીતે જે ક્ષાયકસમ્યગ્દર્શનવાળા તે **દર્શનેંદ્ર**, અને યથાખ્યાતચારિત્રવાળા તે **ચારિત્રેંદ્ર**, એઓનું સર્વભાવમાં શ્રેષ્ઠ ક્ષાયિક લક્ષણ ભાવ વડે અથવા વિવક્ષિત ક્ષાયોપશમિક લક્ષણ વડે અથવા ભાવતઃ–પરમાર્થથી ઇંદ્રપણું હોવાથી સર્વ સંસારી જીવો વડે ભૂતકાલમાં નહિ પ્રાપ્ત કરાયેલ ગુણરૂપ લક્ષ્મીસ્વરૂપ પરમૈશ્વર્યયુક્ત હોવાથી ભાવેંદ્રપણું જાણવું. આધ્યાત્મિક **ઐશ્વર્યની** અપેક્ષાએ ભાવેંદ્રનું ત્રિવિધપણું કહ્યું, હવે બાહ્ય **ઐશ્વર્યની** અપેક્ષાએ તે ભાવેંદ્રનું જ ત્રિવિધપણું કહે છે—'**तओ इंदे**' त्यादि० અર્થ સુગમ છે. વિશેષ કહે છે કે દેવો–વૈમાનિકો અથવા જ્યોતિષ્કો અને વૈમાનિકો, રૂઢિથી અસુરા–ભવનપતિ વિશેષો અથવા ભવનપતિ

અને વ્યંતરો, સુરનો નિષેધ કરવાથી અર્થાત્ સુર નહિ તે અસુર. (અહિં નઞ્ તત્પુરુષસમાસ પર્યુદાસવિધિથી છે પરંતુ પ્રસજ્યપ્રતિષેધ વિધિથી નિષેધ નથી) ચક્રવર્તી વિગેરે મનુષ્યેંદ્ર છે. આ ત્રણે ઇંદ્રોની વૈક્રિય કરવા વિગેરેની શક્તિ હોવાથી ઇંદ્રપણું છે. ॥૧૧૯॥

આ કારણથી વિકુર્વણાનું નિરૂપણ કરવા માટે કહે છે—

**तिविहा विउव्वणा पन्नत्ता, तंजहा—बाहिरते पोग्गलए परियातित्ता एगा विकुव्वणा, बाहिरए पोग्गले अपरियादित्ता एगा विकुव्वणा, बाहिरए पोग्गले परियादित्ता वि अप्परियादिता वि एगा विकुव्वणा ।**

**तिविहा विकुव्वणा पन्नत्ता, तंजहा—अब्भंतरए पोग्गले परियाइत्ता एगा विकुव्वणा, अब्भंतरे पोग्गले अपरियादित्ता एगा विकुव्वणा, अब्भंतरए पोग्गले परियातित्ता वि अपरितादित्ता वि एगा विकुव्वणा ।**

**तिविहा विकुव्वणा पन्नत्ता, तंजहा—बाहिरब्भंतरए पोग्गले परियाइत्ता एगा विकुव्वणा, बाहिरब्भंतरए पोग्गले अपरियाइत्ता एगा विकुव्वणा, बाहिरब्भंतरए पोग्गले परियाइत्ता वि अपरियाइत्ता वि एगा विउव्वणा॥ सू० १२०॥**

**तिविहा नेरइया पन्नत्ता, तंजहा—कतिसंचिता, अकतिसंचिता, अवत्तव्वगसंचिता। एवमेगिंदियवज्जा जाव वेमाणिया ॥ सू० १२१॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે વિકુર્વણા કહેલી છે, તે આ પ્રમાણે—૧ બહારના પુદ્ગલોને વૈક્રિયસમુદ્ઘાત વડે ગ્રહણ કરીને એક વિકુર્વણા કરાય છે, ૨ બહારના પુદ્ગલોને ગ્રહણ નહિ કરીને એક વિકુર્વણા કરાય છે, ૩ બહારના પુદ્ગલોને ગ્રહણ કરીને પણ અથવા ગ્રહણ ન કરીને પણ એક વિકુર્વણા કરાય છે. વળી ત્રણ પ્રકારે વિકુર્વણા કહેલી છે, તે આ પ્રમાણે—૧ અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને એક વિકુર્વણા કરાય છે, ૨ અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ નહિ કરીને એક વિકુર્વણા કરાય છે, ૩ અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને પણ અથવા અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ નહિ કરીને પણ એક વિકુર્વણા કરાય છે. વળી ત્રણ પ્રકારે વિકુર્વણા કહેલી છે, તે આ પ્રમાણે—૧ બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને એક વિકુર્વણા કરાય છે, ૨ બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ નહિ કરીને એક વિકુર્વણા કરાય છે, ૩ બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને પણ અથવા બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોને ગ્રહણ નહિં કરીને પણ એક વિકુર્વણા કરાય છે. નારકો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—૧ એક સમયમાં કેટલા સંખ્યાતા ઉત્પન્ન થયેલા તે કતિસંચિતો, ૨ એક સમયમાં અસંખ્યાતા ઉત્પન્ન થયેલા નારકો તે અકતિસંચિતો, ૩ સમયે સમયે એકેકપણાએ નારકો ઉત્પન્ન થયેલ તે અવક્તવ્યકસંચિતો. એકેંદ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક પર્યંત (૧૯) દંડકમાં એવી જ રીતે કહેવું. ॥૧૨૦-૧૨૧॥*

(ટી૦) 'तिविहे'त्यादि० ત્રણ સૂત્ર સુગમ છે, વિશેષ કહે છે—ભવધારણીય શરીર (મૂલ શરીર)ને અવગાહીને નહિ પ્રાપ્ત થયેલ (સ્પર્શીને નહિ રહેલ) બહારના ક્ષેત્રપ્રદેશમાં વર્ત્તનારા બાહ્ય પુદ્ગલોને વૈક્રિયસમુદ્ઘાત વડે ગ્રહણ કરીને જે વિકુર્વણા[1] કરાય છે તે પહેલી, બાહ્ય પુદ્ગલોને ગ્રહણ નહિં કરીને, જે કરાય છે તે ભવધારણીયરૂપ બીજી વિકુર્વણા[2] જાણવી. બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને પણ તેમજ નહિ ગ્રહણ કરીને પણ જે વળી ભવધારણીય (શરીર)ને કંઈક વિશેષ કરવારૂપ કરાય છે તે ત્રીજી વિકુર્વણા કહેવાય છે. અથવા શોભા કરવી તે વિકુર્વણા, તેમાં ૧ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને આભરણ વગેરેની શોભા કરવી, ૨ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ ન કરીને કેશ, નખની સુંદર રચનાદિ વડે શોભા કરવી અને ૩ ઉભયથી બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને પણ તેમજ ન ગ્રહણ કરીને પણ જે શોભા કરવી અથવા ગ્રહણ નહિં કરીને કાંકીડો અને સર્પ વગેરેની રક્તતા-રાતાપણું અને ફેણ વગેરે કરવારૂપ લક્ષણવાળી વિકુર્વણા કરવી—એવી રીતે બીજું સૂત્ર પણ જાણવું, વિશેષ એ કે-

1. આ ઉત્તરવૈક્રિયરૂપ વિકુર્વણા જાણવી. 2. સ્વાભાવિકી.

ભવધારણીય-મૂલ શરીર વડે અથવા ઔદારિક શરીર વડે જે અવગાહેલા ક્ષેત્રપ્રદેશો તેઓને વિષે જ જે વર્તે છે તે અભ્યંતર પુદ્ગલો જાણવા. વિભૂષાપક્ષમાં તો થૂંકવું વગેરે અભ્યંતર પુદ્ગલો જાણવા. ત્રીજું સૂત્ર તો બાહ્ય અને અભ્યંતર પુદ્ગલોના યોગ વડે કહેવું, તે આ પ્રમાણે-બાહ્ય-અભ્યંતર પુદ્ગલોનું ગ્રહણ કરવાથી ભવધારણીય શરીરની રચના કરવી, ત્યારબાદ ભવધારણીય શરીરનું જ કેશ વગેરેનું રચવું થાય છે, અને નહિ ગ્રહણ કરવાથી ઘણા વખતથી વિકુર્વણા કરાયેલ શરીરનાં જ મુખ વગેરેનું વિકૃતિ-વિકાર કરવારૂપ, ઉભયથી તો (ગ્રહણ કરીને પણ અને ગ્રહણ ન કરીને પણ) અનિષ્ટ બાહ્ય-અભ્યંતર પુદ્ગલોનું ગ્રહણ કરવાથી અને ઇષ્ટ બાહ્ય-અભ્યંતર પુદ્ગલોનું ગ્રહણ ન કરવાથી ભવધારણીય શરીરથી જુદું અનિષ્ટરૂપ રચવું. ॥૧૨૦॥

હમણાં જ વિકુર્વણા કહી, તે નૈરયિકોને પણ છે તેથી નારકોનું નિરૂપણ કરતા થકા કહે છે—'**तिविहे**'त्यादि० સુગમ છે, વિશેષ કહે છે-સંખ્યાને કહેનાર '**कति**' એ શબ્દ વડે બે, ત્રણ વગેરે સંખ્યાવાળા કહેવાય છે. આ 'કતિ' શબ્દ બીજે સ્થળે પ્રશ્નવિશિષ્ટ સંખ્યાના વાચકપણાથી રૂઢ-નિશ્ચિત છે તો પણ અહિં સંખ્યામાત્રમાં જ જાણવો. સંખ્યામાત્ર અર્થમાં નારકો કતિ-કેટલી સંખ્યાવાળા સંખ્યાતા, જે એક એક સમયમાં ઉત્પન્ન થયા થકા **संचिताः**—કેટલાએક ઉત્પત્તિની સમાનતાથી બુદ્ધિ વડે એકત્રિત કરેલા તે કતિસંચિતો ૧, તથા ન **कति**—સંખ્યાતા નહિં તે અકતિ એટલે અસંખ્યાતા અથવા અનંતા, તેમાં જે અકતિ-અકતિ સંખ્યાતા અસંખ્યાતા એક એક સમયમાં ઉત્પન્ન થયા થકા તેવી જ રીતે સંચિતો-એકત્ર કરેલા તે અકતિસંચિતો ૨, તથા જે પરિણામવિશેષ કતિ-સંખ્યાત અને અકતિ-અસંખ્યાત કે અનંત એમ નિર્ણય કરવાને શક્ય નથી તે અવક્તવ્યક, તે એક એવી રીતે એક વડે જે સંચિતો-એકત્ર કરાયેલા તે અવક્તવ્યકસંચિતો ૩, સમય સમયમાં એકપણાએ ઉત્પન્ન થયેલ તેનો અર્થ નારકો એવો સમજવો. એક સમયમાં એક, બે વગેરે અસંખ્યાત પર્યંત જ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે—

**एगो व दो व तिन्नि व, संखमसंखा व एगसमएणं । उववज्जंतेवइया, उव्वट्टंता वि एमेव ॥१२॥ [बृहत्सं० १५६]**

પ્રત્યેક ભવનવાસી વગેરે દેવોને વિષે એક એક સમયમાં જઘન્યથી એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા અથવા અસંખ્યાતા ઉત્પન્ન થાય છે, એવી રીતે એટલા જ અવે છે. (૧૨)

આ દેવનું પરિમાણ છે, એટલું જ પરિમાણ નારકોનું પણ જાણવું. જે કારણથી કહેલું છે કે—"**संखा पुण सुरवरतुल्ल**"त्ति० (નારકોની) સંખ્યા પણ સુરવર (દેવ)ની સરખી છે. દંડકમાં કહેલા અસુરાદિનો કતિસંચિત વગેરે અર્થને અતિદેશ કરતાં થકા કહે છે—'**एव**'मित्यादि० '**एव**'मिति० નારકની જેમ ચોવીશ દંડકમાં કહેલા શેષ દંડકો, એકેંદ્રિય વર્જીને કહેવા; કારણ કે એકેંદ્રિયોને વિષે પ્રતિસમયે અકતિ શબ્દ વડે કહેવા યોગ્ય અસંખ્યાતા અથવા અનંતા જ ઉત્પન્ન થાય છે, એક અથવા સંખ્યાતા ઉત્પન્ન થતા નથી. કહ્યું પણ છે કે—

**अणुसमयमसंखेज्जा, संखेज्जाऊय-तिरिय-मणुया य । एगिंदिएसु गच्छे, आरा ईसाणदेवा य ॥१३॥ [बृहत्सं० ३३५]**

એકેંદ્રિયોને વિષે પ્રતિસમયે અસંખ્યાત જીવો ઉત્પન્ન થાય છે, તે સંખ્યાત આયુષ્યવાળા તિર્યંચો, મનુષ્યો, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને પહેલા બે દેવલોક પર્યન્તના દેવો તેમાં (એકેંદ્રિયને વિષે) જાય છે. (૧૩)

(અથવા એકેંદ્રિયોને વિષે અનંત જીવો પણ ઉત્પન્ન થાય છે) તે કહે છે—

**एगो असंखभागो, वट्टइ उव्वट्टणोववायंमि । एगनिगोए निच्चं, एवं सेसेसु वि स एव ॥१४॥ [बृहत्सं० ३३५ प्रक्षेप०त्ति]**

એક અસંખ્યાતમો ભાગ, એક નિગોદમાં ઉદ્વર્તન અને ઉપપાત વર્તે છે અર્થાત્ સમય સમયને વિષે એક નિગોદનો અનંતજીવાત્મક એક અસંખ્યાતમો ભાગ પ્રતિસમયે નિગોદથી નીકળે છે અને ફરી તેમાં ઉત્પન્ન થાય છે. એવી રીતે શેષ બધા નિગોદને વિષે પણ જાણવું. (૧૪) ॥૧૨૧॥

હમણાં કહેલ સૂત્રમાં વૈમાનિક દેવોનો કતિસંચિતાદિક ધર્મ કહ્યો, હવે સામાન્ય વડે દેવોના પરિચારણા ધર્મનું નિરૂપણ કરવા માટે કહે છે—

**तिविहा परियारणा पन्नत्ता, तंजहा—एगे देवे अन्ने देवे अन्नेसिं देवाणं देवीओ अ अभिजुंजिय अभिजुंजिय परियारेति, अप्पणिज्जिआओ देवीओ अभिजुंजिय २ परियारेति, अप्पाणमेव अप्पणा विउव्विय २ परियारेति (१)। एगे देवे णो अन्ने देवे णो अण्णेसिं देवाणं देवीओ अभिजुंजिय २ परियारेति, अप्पणिज्जिआओ देवीओ अभिजुंजिय २ परियारेइ, अप्पाणमेव अप्पणा विउव्विय २ परियारेति (२) । एगे देवे णो अन्ने देवे णो अण्णेसिं देवाणं देवीओ णो अप्पणिज्जिताओ [देवीओ अभिजुंजिय २ परितारेति] अप्पाणमेव अप्पणा विउव्विय २ परितारेति (३) ।। सू० १२२।।**

**तिविहे मेहुणे पन्नत्ते, तंजहा—दिव्वे, माणुस्सत्ते, तिरिक्खजोणीते । तओ मेहुणं गच्छंति तंजहा—देवा, मणुस्सा, तिरिक्खजोणिता । ततो मेहुणं सेवंति तंजहा—इत्थी, पुरिसा, णपुंसगा ।। सू० १२३।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે પરિચારણા—દેવમૈથુનસેવા કહેલી છે, તે આ પ્રમાણે—કોઈ એક દેવ અલ્પઋદ્ધિક બીજા દેવોને તથા બીજા દેવો સંબંધી દેવીઓને આલિંગન કરી-કરીને ભોગવે છે, પોતાની દેવીઓને આલિંગન કરી-કરીને ભોગવે છે, પોતા વડે પોતાની વિકુર્વણા કરી-કરીને અર્થાત્ વિષય સેવવાને યોગ્ય શરીર કરીને પરિચારણા કરે છે ૧, વળી કોઈક દેવ, અન્ય અલ્પઋદ્ધિક દેવોને અને અન્ય દેવોની દેવીઓને આલિંગન કરી-કરીને પરિચારણા કરતો નથી, પોતાની દેવીઓને આલિંગન કરી-કરીને પરિચારણા કરે છે, પોતા વડે પોતાની વિકુર્વણા કરી-કરીને ભોગવવા યોગ્ય શરીર કરીને પરિચારણા કરે છે ૨, તથા કોઈક દેવ, અન્ય દેવોને અને અન્ય દેવોની દેવીઓને આલિંગન કરી-કરીને પરિચારણા કરતો નથી, પોતાની દેવીઓને પણ આલિંગન કરીને પરિચારણા કરતો નથી, પોતા વડે પોતાની વિકુર્વણા કરી-કરીને પરિચારણા કરે છે. ત્રણ પ્રકારે મૈથુન કહેલ છે, તે આ પ્રમાણે—૧ દેવ સંબંધી, ૨ મનુષ્ય સંબંધી અને ૩ તિર્યંચ સંબંધી. ત્રણ મૈથુન વડે પ્રાપ્ત થાય છે, તે આ—૧ દેવો, ૨ મનુષ્યો અને ૩ તિર્યંચયોનિકો. ત્રણ મૈથુનને સેવે છે, તે આ—૧ સ્ત્રી, ૨ પુરુષ અને ૩ નપુંસક. ।।૧૨૨-૧૨૩।।*

(ટી૦) 'तिविहा परी'त्यादि० સૂત્ર સુગમ છે, વિશેષ કહે છે કે—પરિચારણા-દેવ સંબંધી મૈથુનસેવા, કોઈ એક દેવ, એવી રીતે બધાય નહિં, 'अण्णे देवे' त्ति० અલ્પ ઋદ્ધિવાળા અન્ય દેવોને તથા અન્ય દેવોને સ્વાધીન દેવીઓને अभियुज्य अभियुज्य- આલિંગન કરી-કરીને અથવા વશ્ય કરીને વેદોદયની પીડાને ઉપશમ કરવા માટે परिचारयति-ભોગવે છે. દેવને દેવસેવા-દેવ સાથે પરિચારણા પુરુષપણાએ સંભવે નહિ એવી આશંકા કરવી નહિ, કારણ કે મનુષ્યોમાં પણ તેવા પ્રકારનું સંભળાય છે અર્થાત્ પુરુષ, પુરુષ સાથે સૃષ્ટિવિરુદ્ધ વિષય ભોગવે છે. આ સંબંધમાં મનુષ્ય અને દેવમાં પ્રાયઃ વિશેષ ફરક નથી. દેવ અને દેવીઓનું અન્યપણું સમાન હોવાથી આ એક જ પ્રકાર છે, અને એ કારણથી જ બે પદમાં ક્રિયાનો સંબંધ એક છે. એવી રીતે પોતાની દેવીઓને ભોગવે છે, એ બીજો ભેદ તથા આત્માને (પોતાને) ભોગવે છે, કેવી રીતે? આત્મા (પોતા) વડે વિકુર્વણા કરી-કરીને પરિચારણા-વિષય ભોગવવા-યોગ્ય (શરીરને) કરીને પરિચારણા કરે છે, આ ત્રીજો પ્રકાર છે. એવી રીતે ત્રણ પ્રકારરૂપ પણ આ એક પરિચારણા છે, કારણ કે ઉત્પન્ન થવાના સ્વભાવવિશિષ્ટ અતિશય કામરૂપ એક જ પરિચારક- પરિચારણા કરાવનાર. હવે બીજો દેવ, પહેલા પ્રકારના ત્યાગપૂર્વક છેલ્લા બે પ્રકાર વડે પરિચારણા કરે છે તે બીજી જાણવી, કારણ કે વિશેષ નહિ ઉત્પન્ન થવાના સ્વભાવરૂપ યોગ્ય કામના પરિચારક દેવ વિશેષ હોય છે. તથા અન્ય દેવ, પહેલા બે પ્રકારના ત્યાગપૂર્વક છેલ્લા પ્રકાર વડે પરિચારણા કરે છે, એ ત્રીજી પરિચારણા જાણવી; કારણ કે અલ્પકામવાળા અને અલ્પઋદ્ધિવાળા દેવ વિશેષનો એ સ્વામી હોય છે. ।।૧૨૨।।

પરિચારણા-મૈથુનવિશેષ કહ્યો, હવે તે મૈથુનને જ સામાન્યથી પ્રરૂપણા કરતા થકા કહે છે—'तिविहे मेहुणे' इत्यादि० સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે—મિથુનં-સ્ત્રી-પુરુષનું યુગલ, તે બન્નેનું કાર્ય તે મૈથુન. નારકોને મૈથુન દ્રવ્યથી સંભવતું નથી, આ

કારણથી ચાર પ્રકારનું મૈથુન ન કહેતાં મૂલ સૂત્રમાં ત્રણ પ્રકારનું મૈથુન કહેલ છે. મૈથુન કરનારાઓ કહે છે—'तओ' इत्यादि० સુગમ છે, તેઓનાં જ ભેદો કહે છે—'तओ मेहुण' मित्यादि० સુગમ છે. વિશેષ કહે છે—

**योनिर्मृदुत्वमस्थैर्यं मुग्धता क्लीबता स्तनौ । पुंस्कामितेति लिङ्गानि सप्त स्त्रीत्वे प्रचक्षते ।।१५।।**

**मेहनं खरता दार्ढ्यं शौण्डीर्यं श्मश्रु धृष्टता । स्त्रीकामितेति लिङ्गानि सप्त पुंस्त्वे प्रचक्षते ।।१६।।**

**स्तनादि-श्मश्रु-केशादिभावाभावसमन्वितम् । नपुंसकं बुधाः प्राहुर्मोहानलसुदीपितम् ।।१७।।**

સ્ત્રી વગેરેનું આ લક્ષણ વિચક્ષણો–ડાહ્યા મનુષ્યો કહે છે—૧ યોનિ, ૨ કોમલપણું, ૩ અધીરપણું, ૪ મુગ્ધપણું–ભોળાપણું, ૫ ક્લીબતા–ડરપોકપણું, ૬ બે સ્તન અને ૭ પુરુષને ઇચ્છનારી. આ સાત લક્ષણો સ્ત્રીપણામાં કહેલ છે (૧૫), ૧ મેહન–પુરુષચિહ્ન, ૨ કઠોરપણું, ૩ દૃઢપણું, ૪ શૂરવીરપણું, ૫ શ્મશ્રુ–દાઢી–મૂછ, ૬ ધૃષ્ટપણું–ધીઠાઈ અને ૭ સ્ત્રીની ઇચ્છાવાળો, આ સાત લક્ષણો પુરુષપણામાં કહેલ છે (૧૬).

વળી બીજે સ્થળે પણ કહેલું છે કે–

**स्तनकेशवती स्त्रीस्याद्, रोमशः पुरुषः स्मृतः। उभयोरन्तरं यच्च, तदभावे नपुंसकम् ।।१८।।**

સ્તન અને કેશવાળી સ્ત્રી હોય, લોમ (રોમ) વાળો પુરુષ હોય અને સ્ત્રી તેમજ પુરુષ બન્નેમાં જે અંતર છે તેના અભાવમાં (ભગ અને પુરુષચિહ્નના અભાવમાં) નપુંસક કહેવાય છે. (૧૮)

[1]અહિં 'સ્તન' શબ્દથી ભગ શબ્દનું અને 'રોમ' શબ્દથી લિંગનું ગ્રહણ કરાય છે. ||૧૨૩||

સ્ત્રી વિગેરે યોગવાળા હોય છે, માટે યોગની પ્રરૂપણા કરે છે—

**तिविहे जोगे पन्नत्ते, तंजहा—मणजोगे, वतिजोगे, कायजोगे, एवं णेरतिताणं विगलिंदियवज्जाणं जाव वेमाणियाणं। तिविहे पओगे पन्नत्ते, तंजहा—मणपओगे, वतिपओगे, कायपओगे। जहा जोगो विगलिंदियवज्जाणं तथा पओगो वि, तिविहे करणे पन्नत्ते, तंजहा—मणकरणे, वतिकरणे, कायकरणे। एवं विगलिंदियवज्जं जाव वेमाणियाणं। तिविहे करणे पन्नत्ते, तंजहा—आरंभकरणे, संरंभकरणे, समारंभकरणे। निरंतरं जाव वेमाणियाणं ।। सू० १२४।।**

(મૂ૦) *ત્રણ પ્રકારે યોગ કહેલ છે, તે આ પ્રમાણે—૧ મન વડે જીવનો યોગ–વીર્યવિશેષ તે મનોયોગ, ૨ વચનવિશેષે કરી યુક્ત જીવનો વીર્ય તે વચનયોગ અને ૩ કાયા યુક્ત જીવનો વીર્યવિશેષ તે કાયયોગ. આત્મવીર્ય તે યોગ છે. એવી રીતે ત્રણ યોગ, એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચતુરિંદ્રિયને છોડીને નારકોને અને યાવત્ વૈમાનિકોને (સોળ દંડકમાં) હોય છે. ત્રણ પ્રકારે પ્રયોગ કહેલ, તે આ પ્રમાણે—૧ મનનો પ્રયોગ, ૨ વચનનો પ્રયોગ અને ૩ કાયાનો પ્રયોગ. જેમ યોગ, એકેંદ્રિયાદિને છોડીને કહેલ છે તેમ પ્રયોગ પણ સોળ દંડકમાં છે. ત્રણ પ્રકારે કરણ કહેલ છે તે આ પ્રમાણે—મન એ જ કરણ, ૨ વચન એ જ કરણ અને ૩ કાયા એ જ કરણ, એવી રીતે ત્રણ કરણ, એકેંદ્રિયાદિને છોડીને નૈરયિકોને યાવત્ વૈમાનિક દેવોને હોય છે. (વળી બીજી રીતે) ત્રણ કરણ કહેલ છે, તે આ પ્રમાણે—૧ પૃથિવીકાયિકાદિનો આરંભ કરવો તે આરંભકરણ, ૨ મનથી સંક્લેશ કરવો તે સંરંભકરણ અને ૩ સંતાપ ઉપજાવવો તે સમારંભકરણ, આ ત્રણ કરણ નિરંતર નૈરયિકાદિથી આરંભીને વૈમાનિક પર્યંત દેવોને હોય છે અર્થાત્ ચોવીશે દંડકમાં છે. ||૧૨૪||*

(ટી૦) 'तिविहे जोए' इत्यादि० અહિં વીર્યાંતરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ લબ્ધિવિશેષના પ્રત્યયરૂપ

1. સિદ્ધાંતકૌમુદીની દધીમથી ટીકામાં 'स्तनौ भग इति प्रोक्तम्, रोमो लिङ्गमिहोच्यते।।' જણાવેલ છે.

[1]અભિસંધિ અને અનભિસંધિપૂર્વક આત્માનું જે વીર્ય તે યોગ. ભાષ્યકાર કહે છે કે—

**जोगो १ वीरियं २ थामो ३, उच्छाह ४ परक्कमो ५ तहा चेड्डा ६ । सत्ती ७ सामत्थं ति ८ य, जोगस्स हवंति पज्जाया ।।१९।।**
**[पञ्चसं० ३९६ इति]**

૧ યોગ, ૨ વીર્ય, ૩ સ્થામ, ૪ ઉત્સાહ, ૫ પરાક્રમ, ૬ ચેષ્ટા, ૭ શક્તિ અને ૮ સામર્થ્ય—આ યોગના પર્યાયો (એક અર્થવાળા શબ્દો) છે. (૧૯)

તે વીર્ય બે પ્રકારે છે—૧ સકરણવીર્ય અને ૨ અકરણવીર્ય. તે બેમાં અલેશ્યી એવા કેવલીને–સમસ્ત જ્ઞેય (જાણવા યોગ્ય) અને દૃશ્ય (દેખવા યોગ્ય) પદાર્થને વિષે કેવલજ્ઞાન અને કેવલદર્શનને જોડનારને–જે અપરિસ્પંદ (ચલન) રહિત પ્રતિઘાત રહિત વીર્યવિશેષ તે અકરણવીર્ય, તે અહિં અધિકાર કરાયેલ નથી અર્થાત્ તેનો અધિકાર (વર્ણન) નથી. સકરણવીર્યનું જ ત્રિસ્થાનકમાં અવતરિતપણું હોવાથી તેમાં જ તેની (યોગ શબ્દની) વ્યુત્પત્તિ છે, તે વીર્યવિશેષ યોગને જ આશ્રય કરીને સૂત્રની વ્યાખ્યા છે. '**युज्यते जीवः कर्मभिर्येन**'—કર્મથી જીવ જેના વડે જોડાય છે, '**कम्मं जोगनिमित्तं बज्झइ**' [उपदेशपद० ४७१ त्ति][2] આ શબ્દથી કર્મ જોગના નિમિત્તથી બંધાય છે. આ વચનથી **प्रयुङ्क्ते**–જે પર્યાય પ્રત્યે વિશેષે જોડાય છે તે યોગ–વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલ જીવનો પરિણામવિશેષ. ભાષ્યકાર કહે છે—

**मणसा वयसा काएण, वा वि जुत्तस्स विरियपरिणामो । जीवस्स अप्पणिज्जो, स जोगसन्नो जिणक्खाओ ।।२०।।**

મન વડે, વચન વડે અથવા કાયા વડે યુક્ત જીવનો આત્મા સંબંધી જે વીર્યપરિણામ તે જિનેશ્વરોએ યોગ સંજ્ઞાવાળો કહેલ છે. (૨૦)

**तेओजोगेण जहा, रत्तत्ताई घडस्स परिणामो । जीवकरणप्पओगे, विरियमवि तहप्परिणामो ।।२१।।**

અગ્નિના યોગ વડે ઘડાનો જેમ રક્ત (રાતાપણું) પરિણામ થાય છે તેમ જીવના કરણપ્રયોગમાં વીર્ય પણ આત્માનો પરિણામ થાય છે. (૨૧)

મનકરણથી યુક્ત જીવનો યોગ—વીર્યપર્યાય, દુર્બલ માણસને યષ્ટિકાદ્રવ્ય—લાકડીની જેમ જે મદદગાર થાય છે તે મનોયોગ, તે ચાર પ્રકારે છે—૧ સત્ય મનોયોગ, ૨ અસત્ય મનોયોગ, ૩ સત્યમૃષા (મિશ્ર) મનોયોગ અને ૪ અસત્યામૃષા (વ્યવહાર) મનોયોગ. અથવા મનનો યોગ—કરવું, કરાવવું અને અનુમતિરૂપ જે વ્યાપાર તે મનોયોગ ચાર પ્રકારે છે. એવી જ રીતે વચનયોગ તથા કાયયોગ જાણવો. કાયયોગ સંબંધે વિશેષ કહે છે કે—કાયયોગ સાત પ્રકારે છે—૧ ઔદારિક, ૨ ઔદારિક–મિશ્ર, ૩ વૈક્રિય, ૪ વૈક્રિય–મિશ્ર, ૫ આહારક, ૫ આહારક–મિશ્ર અને ૭ કાર્મણકાયયોગ. તેમાં શુદ્ધ ઔદારિક વગેરે સુબોધ સુગમ છે. ઔદારિકમિશ્ર તો અપરિપૂર્ણ ઔદારિક જ મિશ્ર કહેવાય છે, જેમ ગોળથી મિશ્ર દહીં, એટલે કે ગોળ વડે વ્યવહાર નથી કરાતો અને દહીં વડે પણ વ્યવહાર નથી કરાતો, કારણ કે ગુડમિશ્ર જે દહીં તે ગોળ વડે અને દહીં વડે અપરિપૂર્ણ હોય છે. એવી રીતે ઔદારિક, કાર્મણની સાથે મિશ્ર છે તે ઔદારિકપણાએ વ્યવહાર કરવાને શક્ય–યોગ્ય નથી અને કાર્મણપણાએ પણ વ્યવહાર કરવાને યોગ્ય નથી; કારણ કે અપરિપૂર્ણ હોવાથી તેને (કાર્મણ સહિત ઔદારિકને) ઔદારિકમિશ્રનો વ્યવહાર કરાય છે. એવી રીતે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર પણ જાણવું. આ શતક (કર્મગ્રંથ)ની ટીકાનો લેશ જાણવો, પન્નવણાની વ્યાખ્યાનો લેશ તો આ પ્રમાણે—શુદ્ધ ઔદારિક વગેરે કાયયોગો ઔદારિકાદિ શરીરપર્યાપ્તિ વડે પર્યાપ્તકને અને મિશ્રો તો અપર્યાપ્તકને હોય છે. તેમાં ઉત્પત્તિકાલમાં ઔદારિકકાય, કાર્મણ સાથે મિશ્ર થાય છે અને ઔદારિક

1. ઇચ્છાપૂર્વક દોડવું વગેરે ક્રિયા તે અભિસંધિવીર્ય અને સ્વાભાવિક, જેમ આહારનું રસ વગેરે ધાતુરૂપે પરિણમવું તે અનભિસંધિવીર્ય કહેવાય છે.
2. कम्मं जोगनिमित्तं बज्झइ बंधट्ठिति कसायवसा । सुहजोयम्मी अकसायभावओ ऽवेइ तं खिप्पं ।।४७१।।

શરીરવાળા જીવનો વૈક્રિય અને આહારક શરીર કરવાના કાળમાં વૈક્રિય અને આહારક વડે મિશ્ર થાય[1] છે. આવી રીતે ઔદારિકમિશ્ર થાય છે તથા વૈક્રિયમિશ્ર દેવાદિના ઉત્પત્તિકાલમાં કાર્મણ વડે થાય છે અને કરેલ વૈક્રિયના ઔદારિકના પ્રવેશકાળમાં ઔદારિક સાથે મિશ્ર થાય છે. આહારકમિશ્ર તો આહારક શરીરનું પ્રયોજન સિદ્ધ કરેલ છે જેણે તે ફરીથી ઔદારિક શરીરના પ્રવેશકાલમાં ઔદારિક સાથે મિશ્ર થાય છે. કાર્મણયોગ તો વિગ્રહ ગતિમાં અથવા કેવલિસમુદ્ઘાતને વિષે છે. આ બધા યોગ પંદર પ્રકારે છે, એનો સંગ્રહ—

**सच्चं १ मोसं २ मीसं ३, असच्चमोसं मणो वती चेवं। काओ उराल १ विक्किय २, आहारग ३ मीस ६ कम्मइगो ७ ।।२२।।**

સત્ય મનોયોગ, મૃષા મનોયોગ, મિશ્ર મનોયોગ અને અસત્યામૃષા મનોયોગ એ પ્રમાણે ચાર વચનયોગના અને ઔદારિક કાયયોગ, વૈક્રિયકાયયોગ, આહારક કાયયોગ, એ ત્રણના ત્રણ મિશ્રયોગ અને કાર્મણ યોગ એ રીતે પંદર યોગ છે. (૨૨)

સામાન્ય વડે યોગની પ્રરૂપણા કરીને વિશેષથી નારક વગેરે ચોવીશ પદો (દંડકો)માં યોગનો અતિદેશ કરતા કહે છે કે—'एव' मित्यादि० સુગમ છે. વિશેષ કહે છે—અતિ પ્રસંગનો પરિહાર કરવા માટે આ કહ્યું છે—'विगलिंदियवज्जाणं' ति० તેમાં વિકલેંદ્રિયો-પંચેંદ્રિય સિવાય (એકેંદ્રિયથી ચતુરિંદ્રિય સુધી) તેમાં એકેંદ્રિયોને કાયયોગ જ હોય છે. બે, ત્રણ અને ચાર ઇંદ્રિયવાળાને તો કાયયોગ અને વચનયોગ હોય, મન વગેરેના સંબંધ વડે જ આ કહે છે—'तिविहे पओगे' इत्यादि० સૂત્ર સુગમ છે. વિશેષ કહે છે—વ્યાપાર કરતા થકા મન વગેરેનું હેતુમાં કર્તારૂપ જીવ વડે જે પ્રયોજન તે પ્રયોગ, મનનો જે પ્રયોગ તે મનઃપ્રયોગ, એવી રીતે વચનપ્રયોગ અને કાયપ્રયોગ પણ જાણવો. 'जहे'त्यादि० અતિદેશ સૂત્ર પૂર્વની માફક જાણવું. મન વગેરેના સંબંધ વડે જ બીજું આ કહે છે—'तिविहे करणे' इत्यादि० સુગમ છે, વિશેષ કહે છે—જે વડે કરાય છે તે કરણ-મનન (ચિંતન) વગેરે ક્રિયાઓને વિષે પ્રવર્ત્તમાન આત્માના ઉપકરણભૂત, વળી તથારૂપ પરિણામવાળા પુદ્ગલનો સમૂહ એવો પણ તાત્પર્ય છે. ત્યાં મન એ જ કરણ મનકરણ, એવી રીતે વચનકરણ અને કાયકરણ પણ જાણવું. 'एव'मित्यादि०, અતિદેશ સૂત્ર પૂર્વની માફક જાણવું, યોગ, પ્રયોગ અને કરણ શબ્દ સંબંધી જે મન વગેરે શબ્દ તે યોગ, પ્રયોગ અને કરણ સૂત્રોને વિષે અભિધા શક્તિ વડે-શબ્દભેદ વડે કહેલ છે, આ કારણથી અર્થભેદનો વિચાર કરવો નહિં. આ ત્રણેની પણ એક અર્થપણાએ આગમમાં બહુ જ પ્રવૃત્તિ દેખાય છે. તે આ પ્રમાણે—યોગ પંદર પ્રકારે છે. શતક (કર્મગ્રંથ) વગેરે શાસ્ત્રોમાં તેની વ્યાખ્યા કરેલ છે. પન્નવણાને વિષે તો એવી રીતે જ આ પ્રયોગ શબ્દ વડે કહેલ છે. તે આ પ્રમાણે—'कतिविहे णं भंते! पओगे पन्नत्ते? गोयमा! पन्नरसविहे' [प्रज्ञापना १०६८] इत्यादि० વળી આવશ્યકમાં પણ આ જ કરણપણાએ કહેલ છે, તે આ પ્રમાણે—

**जुंजणकरणं तिविहं, मणवतिकाए य मणसि सच्चाई । सट्ठाणे तेसि भेओ, चउ चउहा सत्तहा चेव ।।२३।।**

[आव.नि० १०३८ त्ति]

યુંજન (યોજના) કરણ, મન, વચન અને કાયવિષયમાં ત્રણ પ્રકારે છે, મનને વિષે સત્યાદિ યુંજનકરણ તે આ પ્રમાણે-સત્ય મનયુંજનકરણ, અસત્ય મનયુંજનકરણ, સત્યાસત્ય મનયુંજનકરણ અને અસત્યામૃષા યુંજનકરણ. પોતપોતાના સ્થાનમાં પ્રત્યેક વાણી અને કાયરૂપ યુંજનકરણોના ચાર પ્રકાર અને સાત પ્રકાર છે. (૨૩)

બીજી રીતે કરણના ત્રિવિધપણાને કહે છે—'तिविहे'त्यादि० આરંભવું તે આરંભ-પૃથિવી વગેરેનું ઉપમર્દન કરવું, અથવા આરંભ કરવો તે આરંભકરણ, એવી રીતે સંરંભ અને સમારંભ પણ કહેવા, વિશેષ કહે છે—સંરંભકરણ એટલે પૃથ્વી વગેરેને સંતાપ કરવો. ભાષ્યકાર કહે છે—

1. કર્મગ્રંથને મતે ઔદારિક શરીરવાળા જીવો, વૈક્રિય અને આહારકકરણકાલમાં જે ઔદારિકની સાથે મિશ્ર થાય છે તેને વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્ર કહે છે.

**संकप्पो संरंभो, परितावकरो भवे समारंभो । आरंभो उद्दवओ, सुद्धनयाणं तु सव्वेसिं ।।२४।। [व्यवहार भा० ४६ ति]**

આ જીવને પ્રાણથી રહિત હું કરું એવો જે અધ્યવસાય (વિચાર) તે સંરંભ, અન્યને પરિતાપ કરવાની જે પ્રવૃત્તિ તે સમારંભ અને જીવિતને-જીવનથી રહિત કરવાનો જે વ્યાપાર તે આરંભ. આ સંરંભ વગેરે ત્રણ કરણ સર્વ (અ)શુદ્ધ નયોને સમ્મત[1] છે. આ આરંભાદિ ત્રણ કરણ, નારકોથી આરંભીને વૈમાનિકદેવ પર્યંતોને હોય છે, તેથી અતિદેશ કરતા થકા કહે છે––'निरंतर' मित्यादि० સુગમ છે. કેવલ સંરંભકરણ, અસંજ્ઞીઓને પૂર્વભવના સંસ્કારની અનુવૃત્તિ માત્રપણાએ ભાવવું. કારણ કે મન વિના સંકલ્પ થઈ શકે નહિં. ।।૧૨૪।।

આરંભાદિકરણનું અને બીજી ક્રિયાનું ફલ દેખાડતા થકા કહે છે—

**तिहिं ठाणेहिं जीवा अप्पाउअत्ताते कम्मं पगरेंति, तंजहा--पाणे अतिवातित्ता भवति, मुसं वइत्ता भवइ, तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभित्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा अप्पाउअत्ताते कम्मं पगरेंति १।**

**तिहिं ठाणेहिं जीवा दीहाउअत्ताते कम्मं पगरेंति, तंजहा—णो पाणे अतिवातित्ता भवइ, णो मुसं वतित्ता भवति, तथारूवं समणं वा माहणं वा फासुएसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेत्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा दीहाउयत्ताए कम्मं पगरेंति २।**

**तिहिं ठाणेहिं जीवा असुभदीहाउयत्ताए कम्मं पगरेंति, तंजहा—पाणे अतिवातित्ता भवइ, मुसं वइत्ता भवइ, तहारूवं समणं वा माहणं वा हीलेत्ता णिंदित्ता खिंसेत्ता गरहित्ता अवमाणित्ता अन्नयरेणं अमणुन्नेणं अपीतिकारतेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेत्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा असुभदीहाउअत्ताए कम्मं पगरेंति ३।**

**तिहिं ठाणेहिं जीवा सुभदीहाउअत्ताते कम्मं पगरेंति, तंजहा-णो पाणे अतिवातित्ता भवइ, णो मुसं वदित्ता भवइ, तहारूवं समणं वा माहणं वा वंदित्ता नमंसित्ता सक्कारित्ता समाणेत्ता कल्लाणं मंगलं देवतं चेतितं पज्जुवासेत्ता मणुन्नेणं पीतिकारएणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभित्ता भवइ, इच्चेतेहिं तिहिं ठाणेहिं जीवा सुहदीहाउतत्ताते कम्मं पगरेंति ४ ।। सू० १२५।।**

*(મૂ૦) ત્રણ સ્થાન—કારણો વડે જીવો અલ્પ આયુષ્યપણાએ આયુષ્યરૂપ કર્મને બાંધે છે. તે આ પ્રમાણે—૧ જે પ્રાણીને મારનાર હોય છે, ૨ જે અસત્ય બોલનાર હોય છે અને ૩ તથારૂપ-દાન દેવાને યોગ્ય એવા શ્રમણ અથવા માહણને અપ્રાસુક અને અનેષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વડે જે પ્રતિલાભનાર-વહોરાવનાર હોય છે, એ ત્રણ સ્થાનો વડે જીવો અલ્પ આયુષ્યપણારૂપ કર્મને બાંધે છે (૧), ત્રણ સ્થાન—કારણો વડે જીવો દીર્ઘ (લાંબા) આયુષ્યરૂપ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—૧ પ્રાણીઓની હિંસા કરનાર ન હોય તે. ૨ જૂઠું બોલનાર ન હોય તે અને ૩ તથારૂપ શ્રમણ અથવા માહણને પ્રાસુક તથા એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વડે પ્રતિલાભનાર હોય તે, આ કહેલ ત્રણ સ્થાનો વડે જીવો દીર્ઘ આયુષ્યરૂપ કર્મને બાંધે છે (૨), ત્રણ કારણો વડે જીવો અશુભ દીર્ઘ આયુષ્યપણાએ આયુષ્યરૂપ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—૧ પ્રાણીઓની હિંસા કરનારો હોય તે, ૨ જૂઠું બોલનાર હોય તે અને ૩ તથારૂપ શ્રમણ અથવા માહણને હીલના કરીને, નિંદા કરીને, લોક સમક્ષ નિંદા કરીને, તેની સમક્ષ નિંદા કરીને, અપમાન કરીને, આ હીલના વગેરેમાંથી કોઈપણ એક દોષ વડે, વળી ખરાબ અને અપ્રીતિકારક અશનાદિ ચાર*

1. ગાથાવૃત્તિમાં 'सुद्धाणं' શબ્દ છે. અહિં પ્રાકૃતપણાથી પૂર્વના अકારનો લોપ જોવાય છે તેથી સર્વ અશુદ્ધનયોને આ ત્રણ કરણ સમ્મત છે, પરંતુ શુદ્ધનયોને નથી એમ અર્થ જાણવો.

*આહારને પ્રતિલાભનાર હોય તે, આ કહેલ ત્રણ સ્થાનો વડે જીવો અશુભ દીર્ઘ આયુષ્યપણાએ (નાગશ્રીની જેમ નરકાયુપણાએ) આયુષ્યરૂપ કર્મને બાંધે છે (૩), ત્રણ કારણો વડે જીવો શુભ દીર્ઘાયુષ્યપણાએ શુભ દીર્ઘ આયુષ્યરૂપ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—૧ પ્રાણીઓની હિંસા કરનાર ન હોય તે, ૨ જૂઠું બોલનાર ન હોય તે અને ૩ તથારૂપ શ્રમણ અથવા માહણને સ્તુતિ કરીને, નમસ્કાર કરીને, સન્માન કરીને, કલ્યાણરૂપ, મંગલરૂપ, દેવરૂપ, ચૈત્યરૂપ શ્રમણની પર્યુપાસના (સેવા) કરીને સુંદર અને આનંદજનક અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વડે પ્રતિલાભનાર હોય તે. આ કહેલ ત્રણ કારણો વડે જીવો શુભ દીર્ઘાયુષ્યપણાએ (દેવાયુષ્યપણાએ) શુભ આયુષ્યરૂપ કર્મને બાંધે છે (૪). ॥૧૨૫॥*

(ટી૦) **'तिहिं ठाणेहिं'** इत्यादि० ત્રણ સ્થાનો—કારણો વડે પ્રાણીઓ અલ્પ-થોડું આયુષ્ય-જીવિત છે જેને તે અલ્પાયુ, તેનો (અલ્પાયુનો) જે ભાવ તે અલ્પાયુષ્યતા (અલ્પાયુષ્યપણું) તે અલ્પાયુષ્ય માટે-અલ્પાયુષ્યને અર્થે અલ્પાયુષ્યને કરનાર કર્મ-આયુષ્ય વગેરે, અથવા અલ્પ-થોડા જીવનવાળું આયુષ્ય જે આયુષ્યથી તે અલ્પાયુષ્ય, તેનો જે ભાવ તે અલ્પાયુષ્યતા, તે વડે આયુષ્યસ્વરૂપ કર્મને **प्रकुर्वंति**—બાંધે છે, તે આ પ્રમાણે—**प्राणान्**—પ્રાણવાળા જીવોને અતિપાતયિતા-નાશ કરનાર, અહિં શીલઅર્થમાં **तृच्** પ્રત્યય અંતમાં કરેલ છે જેથી કર્મમાં દ્વિતીયા વિભક્તિ છે અર્થાત્ પ્રાણીઓનો વિનાશશીલ (વિનાશ કરનાર) એ અર્થ છે. આવા સ્વભાવવાળો જે હોય છે, એવી રીતે જૂઠાને કહેનાર-જૂઠું બોલનાર જે હોય છે, **तथा**—તેવા પ્રકારે **रूपं**—સ્વભાવ અથવા નેપથ્ય વસ્ત્ર વગેરે (વેષ) છે જેનો તે તથારૂપ—દાનને પાત્ર, **श्राम्यति**—તપશ્ચર્યા કરે છે તે શ્રમણ-તપથી યુક્ત તે પ્રત્યે, તેમજ **मा हन**—'હણે નહિ' એમ બીજા પ્રત્યે જે સ્પષ્ટ કહે છે અને પોતે હણવાથી નિવૃત્ત થયો થકો તે માહન—મૂલગુણને ધરનાર તે પ્રત્યે. (બે **'वा'** શબ્દ વિશેષણ અને સમુચ્ચયના અર્થમાં છે) સર્વથા ગયેલા છે **असवः—प्राणिनः**—જીવો જેમાંથી તે પ્રાસુક, તેનો નિષેધ કરવાથી અપ્રાસુક (સચેતન) એવો તાત્પર્ય છે, તે સચિત્ત વડે, સાધુઓ વડે ઉદ્‌ગમાદિ દોષ રહિતપણાએ **एष्यते**-ગવેષણા કરાય છે તે એષણીય-લેવા યોગ્ય, તેના નિષેધથી અનેષણીય વડે, **अश्यते**—ભોજન કરાય છે તે અશન-ભાત વગેરે, **पीयते**—પીવાય છે તે પાન-કાંજીનું પાણી વગેરે, **खादन**—જે ખાવું તે ખાદ, તેના વડે થયેલું, ખાવા માટે ખાદ (વસ્તુ)ને બનાવેલ હોવાથી તે ખાદિમ-શેકેલ ચણા વગેરે, **स्वादनं**—સ્વાદ લેવું તે સ્વાદ, તે વડે બનેલું. દાંતને પવિત્ર કરનાર દાતણ, સોપારી વગેરે સમજવું. અહીં સમાહારમાં દ્વન્દ્વસમાસ છે, માટે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ સંબંધે વિશેષ જણાવતાં કહે છે કે—

**असणं ओदण-सत्तुग-मुग्ग-जगाराइ खज्जगविही य । खीराइ सूरणादी, मंडगपभिती य विन्नेयं ।।२५।।**

**[पञ्चाशक० ५/२७]**

ભાત, સાથવો, મગ અને રાબ વગેરે, તથા ખાદ્યક વિધિ-ખાવા યોગ્ય પુડલા, લાડુ અને લાપસી વગેરે પક્વાનો, તથા ક્ષીરાદિ-દૂધ, દહીં, ઘી અને છાશ વગેરે, તથા સુરણ, આદુ વગેરે અને વનસ્પતિના વિકારરૂપ શાક વગેરે, તથા મંડક વગેરે ઠોઠા, કુલર આદિ અશન જાણવું. (૨૫)

**पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइयं चेव । आउक्काओ सव्वो, कक्कडगजलाइयं च तहा ।।२६।। [पञ्चाशक० ५/२८]**

કાંજી, જવ, ઘઉં, સાઠી આદિ શબ્દથી ચોખા, કોદ્રવ વગેરેનું ધોવણ તથા નાનાપ્રકારની મદિરા અને આદિ શબ્દથી સાકર, ગોળ વગેરેનું પાણી, તથા અપ્‌કાય-સર્વ તળાવ, કૂવા, નદી વગેરે સ્થાન સંબંધી પાણી, તથા ચીભડાના અંદર ભાગમાં રહેલું પાણી, આદિ શબ્દથી ખજૂર, દ્રાક્ષ, આંબલીનું પાણી અને શેલડીનો રસ વગેરે પાન-પાણી જાણવું. (૨૬)

**भत्तोसं दंताई, खज्जूरं नालिकेरदक्खाई । कक्कडिगंबग-फणसादि बहुविहं खाइमं नेयं ।।२७।। [पञ्चाशक० ५/२९]**

ભુંજેલા ચણા, ઘઉં વગેરે, ગુંદર આદિ શબ્દથી ચારોલી, ખાંડ, શેલડી અને સાકર વગેરે અથવા દંત્યાદિ-કોઈક દેશમાં પ્રસિદ્ધ ગોળથી સંસ્કાર કરાયેલ દંતપવનાદિ, તથા ખજૂર, નાલીએર અને દ્રાક્ષ વગેરે (અખોડ, બદામ, પીસ્તાદિ) તથા કાકડી,

કેરી, ફણસ આદિ શબ્દથી કેળા વગેરે ફળો, ઇત્યાદિ બહુ પ્રકારે ખાદિમ જાણવું. (૨૭)

**दंतवणं तंबोलं, चित्तं अज्जग-कुहेडगाईयं । महुपिप्पलिसुंठादी, अणेगहा साइमं होइ ।।२८।। [पञ्चाशक० ५/३०]**

દંતવણ-જે કાષ્ઠખંડ વડે દાંતને પવિત્ર કરાય તે અર્થાત્ દાતણ, તાંબૂલ-નાગરવેલના પાન અને સોપારીરૂપ અનેક પ્રકારનું, અજ્જગ-અહિં ગાથાવૃત્તિમાં તુલસી શબ્દ છે એટલે તુલસીના પાંદડાં, કુહેડક વગેરે, મધુ, પીપર, સુંઠ અને આદિ શબ્દથી જીરું, હરતાલ વગેરે ગ્રહણ કરવું એમ અનેક પ્રકારે સ્વાદિમ હોય છે. (૨૮)

પ્રતિલાભ કરનાર (આત્માને) લાભવાળો કરે છે, આવા પ્રકારનો સ્વભાવ જે થાય છે તે અલ્પ આયુષ્યપણાએ કર્મને કરે છે આ સંબંધ છે. 'इच्चेहिं'त्ति०—આ કહેલ પ્રાણાતિપાતાદિ ત્રણ કારણ વડે જીવો, અલ્પઆયુષ્યપણાએ કર્મને બાંધે છે એવું રહસ્ય જાણવું. અહિં પ્રાણાતિપાત કરનાર વગેરે પુરુષના નિર્દેશમાં પણ પ્રાણાતિપાત વગેરેને જ અલ્પાયુ બંધના નિબંધનપણાએ તેનું કારણપણું કહેલું છે એમ જાણવું. આ સૂત્રની આ ભાવના-પરિણામના વિશેષ આ ત્રણ કારણ, જેમ કહેલ છે તેમ ફળરૂપ થાય છે, અથવા જે જીવ, તીર્થંકર વગેરેના ગુણાનુરાગ વડે તેઓની પૂજા વગેરેને માટે પૃથ્વી વગેરેના આરંભ વડે અને ન્યાસાપહાર-કોઈએ રાખેલી ચીજનું ગ્રહણ કરવા વગેરેથી પ્રાણાતિપાતાદિને વિષે વર્ત્તે છે તે જીવને સરાગસંયમ અને નિરવદ્યદાનના નિમિત્તથી (જે આયુષ્ય બંધાય) તેની અપેક્ષાએ આ અલ્પાયુષ્યપણું જાણવું. **શંકા**—આ કહેવું યોગ્ય નથી, કારણ કે સૂત્રને વિશેષણ નથી. ક્ષુલ્લકભવના ગ્રહણરૂપ અલ્પાયુષ્યને પણ પ્રાણાતિપાત વગેરે કારણથી ઘટમાન હોવાથી અર્થાત્ પ્રાણાતિપાત વગેરેથી અલ્પઆયુષ્ય બંધાય. આ કારણથી તમે કેમ કહો છો કે વિશેષણ સહિત પ્રાણાતિપાત વગેરેમાં વર્તનારો જીવ, આપેક્ષિક-અપેક્ષાવાળું અલ્પ આયુષ્યપણું બાંધે છે? **સમાધાન**—સૂત્રને અવિશેષપણું હોવા છતાં પણ પ્રાણાતિપાત વગેરેને વિશેષણ અવશ્ય કહેવું જોઈએ, જે કારણથી આ સૂત્રથી ત્રીજા સૂત્રમાં પ્રાણાતિપાત વગેરેથી જ અશુભ દીર્ઘાયુષ્યપણાએ કહેવામાં આવશે. સરખા હેતુથી કાર્યનું વિષમપણું ન ઘટી શકે, કારણ કે સર્વત્ર કંઈપણ કહી શકાશે નહિ—અવિશ્વાસ થવા પામશે. તથા—'समणोवासगस्स णं भंते! तहारूवं समणं वा माहणं वा अफासुएणं अणेसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ? गोयमा! बहुतरिया से निज्जरा कज्जइ, अप्पतराए से पावे कम्मे कज्जइ' [भगवती० ८/६/२ त्ति०] હે ભગવન્! તથારૂપ શ્રમણ અથવા માહણને અપ્રાસુક અને અનેષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ આહારે કરી પ્રતિલાભનાર શ્રમણોપાસક વડે શું કરાય છે? હે ગૌતમ! બહુ જ નિર્જરા તેના વડે કરાય છે અને બહુ જ થોડું પાપ તેના વડે કરાય છે અર્થાત્ અતિશય નિર્જરા અને નજીવું પાપ કરે છે. આ પ્રમાણે ભગવતીસૂત્રના વચને શ્રવણથી ચોક્કસ થાય છે કે—આ ક્ષુલ્લકભવના ગ્રહણરૂપ અલ્પઆયુષ્યપણું નથી, સ્વલ્પ પાપ અને નિર્જરાના કારણભૂત અનુષ્ઠાન (આહારદાન)નું ફલ ક્ષુલ્લકભવ—ગ્રહણપણું સંભવતું નથી, કારણ કે જિનપૂજા વગેરે અનુષ્ઠાનને પણ તેવો પ્રસંગ આવશે અર્થાત્ ક્ષુલ્લકભવના ગ્રહણરૂપ પ્રસંગ આવશે. **શંકા**—અપ્રાસુક દાનનું ફળ તમે કહેલ (આપેક્ષિક) અલ્પઆયુષ્યપણું થાઓ, પણ પ્રાણાતિપાત અને મૃષાવાદનું તો ક્ષુલ્લકભવનું ગ્રહણરૂપ જ ફલ છે. **સમાધાન**—એમ નથી, કારણ કે એક કાર્યમાં પ્રવર્ત્તવાપણું છે તેમજ અવિરુદ્ધપણું પણ છે. **શંકા**—મિથ્યાદૃષ્ટિ શ્રમણ અને બ્રાહ્મણોને જે અપ્રાસુક દાનથી અલ્પઆયુષ્યપણું નિરુપચરિત ઉપચાર વગરનું જ ઘટી શકે છે તો પ્રાણાતિપાત અને મૃષાવાદ માટે શો વિચાર કરવો? **સમાધાન**—એમ નહિં, તે સૂત્રમાં પ્રાસુક દાનના પણ અલ્પઆયુષ્યવાળા ફલપણાનો અવિરોધ હોવાથી 'अप्रासुकेन' વિશેષણનું નિરર્થકપણું થશે, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ શ્રમણાદિને પ્રાસુક અને અપ્રાસુક જે દાન તે સમાન ફળવાળું છે. ભગવતીજીમાં કહેલું છે કે—"समणोवासयस्स णं भंते! तहारूवं असंजतअविरयअपडिहयअपच्चक्खायपावकम्मं फासुएणं वा अफासुएण वा एसणिज्जेण वा अणेसणिज्जेण वा असण० ४ पडिलाभेमाणस्स किं कज्जइ?, गोयमा! एगंतसो पावे कम्मे कज्जइ, नो से काइ निज्जरा कज्जइ" [भगवती० ८/६/३] શ્રમણોપાસક વડે હે ભગવન્! તથારૂપ-અસંયત, અવિરત, અપ્રતિહત, અપ્રત્યાખ્યાન

પાપકર્મવાળાને પ્રાસુક અથવા અપ્રાસુક, એષણીય અથવા અનેષણીય અશનાદિ આહાર વડે પ્રતિલાભનાર શ્રમણોપાસક વડે શું કરાય છે? હે ગોતમ! એકાંતથી પાપકર્મ કરાય છે, તેના વડે કંઈપણ નિર્જરા કરાતી નથી. જે[1] પાપકર્મનું જ કારણ છે તે અલ્પાયુષ્યપણાનું પણ કારણ છે. **શંકા**—પ્રાણાતિપાત, મૃષાવાદ અને અપ્રાસુક (આદિ) દાન, આ બધા ય કર્ત્તવ્યપણાને પ્રાપ્ત થયા-કર્ત્તવ્યરૂપે થયા. **સમાધાન**—ભલે થાઓ, ભૂમિકાની અપેક્ષાએ શો દોષ છે? કારણ કે કહ્યું છે કે—

**अधिकारीवशाच्छास्त्रे, धर्मसाधनसंस्थितिः । व्याधिप्रतिक्रियातुल्या, विज्ञेया गुणदोषयोः ।।२९।। [हारि० अष्टक २/५]**

શાસ્ત્રમાં અધિકારીના વશથી ધર્મના સાધનની વ્યવસ્થા, તે ગુણ અને દોષમાં વ્યાધિની પ્રતિક્રિયા (ઉપાય) સમાન જાણવી. (૨૯) તથા ગૃહસ્થ પ્રત્યે જિનભવન કરાવવાનું ફલ આ પ્રમાણે કહ્યું છે—

**एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम्। अभ्युदयाव्युच्छित्त्या नियमादपवर्गबीजमिति ।।३०।।**

**[षोडशक० ६/१४]**

આ લોકમાં જિનભવન કરાવવું તે ભાવયજ્ઞ છે, સદ્‌ગૃહસ્થને જન્મનું આ ઉત્કૃષ્ટ ફલ છે, અભ્યુદયની પરંપરા વડે નિયમથી મોક્ષનું બીજ છે. (૩૦)

તથા

**भण्णइ जिणपूयाए, कायवहो जइ वि होइ उ कहिंचि । तह वि तई परिसुद्धा, गिहीण कूवाहरणजोगा ।।३१।।**

**असदारंभपवत्ता, जं च गिही तेण तेसिं विन्नेया । तन्निव्वित्तिफलच्चिय, एसा परिभावणीयमिदं ।।३२।। [युग्मम्]**

**[पञ्चाशक० ४/४२-४३ ति]**

કોઈક શંકા કરે કે—જિનપૂજામાં તો હિંસા થાય છે, તો તેનું સમાધાન કરતાં કહે છે કે—જો કે જિનપૂજામાં કથંચિત્ કાયવધ-પૃથ્વી વગેરેનો વધ-હિંસા થાય છે અને વિશેષ યતના વડે પ્રવૃત્તિ કરનારને હિંસા થતી પણ નથી. એ કથંચિત્ શબ્દથી દેખાડેલ છે; તથાપિ **તે જિનપૂજા નિરવદ્ય છે. કોને? ગૃહસ્થોને પરંતુ સાધુઓને નહિ.** આ સંબંધે કૂવો ખોદવા સંબંધીનું દૃષ્ટાંત જાણવું. બીજી રીતે પણ સમાધાન કરતાં કહે છે કે—**ગૃહસ્થો, અસત્ આરંભ-ખેતી વગેરેના આરંભમાં જે હેતુથી પ્રવર્ત્તેલા છે તે કારણ વડે ગૃહસ્થોને તે અસદારંભની નિવૃત્તિરૂપ ફળવાળી આ જિનપૂજા જાણવી, એમ વિચારવું જોઈએ.** (૩૧-૩૨)

દાનના અધિકારમાં તો સંભળાય છે કે શ્રમણોપાસકો બે પ્રકારના છે; ૧ સંવિગ્નભાવિતો અને ૨ લુબ્ધકદૃષ્ટાંતભાવિતો. આ સંબંધમાં કહ્યું છે કે—

**संविग्गभावियाणं, लोद्धयदिट्ठंतभावियाणं च । मोत्तूण खेत्तकाले, भावं च कहिंति सुद्धुञ्छं ।।३३।।**

**[निशीथ भा० १६४१ ति]**

શ્રાવકો બે પ્રકારના છે—૧ સંવિગ્નભાવિતો-વિહારમાં ઉદ્યત (તત્પર) એવા સંવિગ્ન (સમ્યક્‌ક્રિયાપાત્ર) મુનિઓ વડે સંસ્કાર પામેલા અને ૨ લુબ્ધકદૃષ્ટાંતભાવિતો[2]-પાસત્થાદિ વડે સંસ્કાર પામેલા શ્રાવક. તે એમ કહે છે કે—તમને જેમ

1. દાન બહુ નિર્જરાનું કારણ હોવાથી શુભ આયુષ્યનો બંધ થાય, તથાપિ હિંસા, મૃષા અને અપ્રાસુકાદિપણું દોષરૂપ હોવાથી અલ્પ પાપ બંધાય છે તેથી શુભ દીર્ઘઆયુષ્યની અપેક્ષાએ અલ્પ (ઓછું) આયુષ્ય બંધાય છે; જો કે કાર્ય (દાન આપવું) તો શુદ્ધ છે, માત્ર કારણમાં જે ન્યૂનતા છે તેટલું ફળ ઓછું પ્રાપ્ત થાય. (સાધુ માટે આહારાદિ બનાવવામાં જે જીવ વિરાધના તે હિંસા અને આ આપના માટે નથી બનાવ્યું એમ કહેવું તે મૃષાવાદ.)

2. જેમ હરણની પાછળ લુબ્ધક (શિકારી) દોડે છે, તેથી હરણને ભાગવું શ્રેય છે અને લુબ્ધકને હરણની પાછળ દોડવું એની દૃષ્ટિએ યોગ્ય છે. તેમ સાધુને અનેષણીય આહારના ગ્રહણથી ભાગી છૂટવું શ્રેય છે અને શ્રાવકને એષણીય કે અનેષણીય આહાર દેવો યોગ્ય છે, એમ લુબ્ધકદૃષ્ટાંતભાવિત શ્રાવકો કહે છે.

અનેષણીય આહારથી દૂર થવું યોગ્ય છે તેમ અમને સાધુને એષણીય કે અનેષણીય આહાર દેવો યોગ્ય છે. આ બે પ્રકારના શ્રાવકોની આગળ સાધુઓ એમ કહે કે એષણાના દોષ રહિત શુદ્ધ થોડો થોડો આહાર ઉત્સર્ગ માર્ગે લેવો, તે કેવી રીતે? તે કહે છે—ક્ષેત્ર, કાલ અને ભાવરૂપ અપવાદ માર્ગને છોડીને અર્થાત્ ક્ષેત્ર–કઠોર ક્ષેત્ર, કાલ–દુર્ભિક્ષાદિ અને ભાવ–શ્રદ્ધા રહિત લોક, તેઓનો વિચાર કરીને આહાર લે. (૩૩)

તેમાં લુબ્ધકદૃષ્ટાંતભાવિતો જેમ તેમ કોઈપણ પ્રકાર વડે (દાન) આપે છે અને સંવિગ્નભાવિતો તો ઉચિતપણાએ આપે છે, તે આ પ્રમાણે—

**संथरणंमि असुद्धं, दोण्ह वि गेण्हन्त-देंतयाणऽहियं । आउरदिट्ठंतेणं तं, चेव हितं असंथरणे ।।३४।।**

**[निशीथ भा० १६५० इति]**

સામર્થ્ય છતે અશુદ્ધ આહાર લેવામાં મુનિને અહિત–સંયમમાં દોષરૂપ થાય અને દેનારને પણ અહિત કરનાર થાય, તે જ અશુદ્ધ આહાર, અસમર્થપણામાં લેનાર સાધુને અને દેનાર શ્રાવકને હિત કરે છે, તે રોગીના દૃષ્ટાંતની જેમ દેશ, કાલ વિગેરેના કારણથી જાણવું. (૩૪)

તથા

**णायागयाणं कप्पणिज्जाणं अन्न-पाणाईणं दव्वाणं देस-काल-सद्धा-सक्कार-कमजुयं ।।३५।। [आव.सू० ६ इत्यादि०]**

ન્યાય વડે ઉપાર્જિત દ્રવ્યથી પ્રાપ્ત થયેલા, કલ્પનીય–મુનિઓને લેવા યોગ્ય એવા અન્નપાણી વગેરે દ્રવ્યો (વસ્તુઓ)નું દાન–તે દેશ, કાલ, શ્રદ્ધા અને સત્કારના ક્રમપૂર્વક આપે, ઇત્યાદિ. (૩૫)

કોઈક પ્રતિને વિષે "पाणे अतिवायित्ता मुसं वयित्ते" त्येवं भवतिशब्दवर्जा वाचना" भवति શબ્દ રહિત પાઠ છે ત્યાં પણ તે જ અર્થ છે. અથવા કત્વા પ્રત્યયાંતવાળી વ્યાખ્યા કરવી. પ્રાણીઓની હિંસા કરીને, જૂઠું બોલીને, સાધુને પ્રતિલાભીને અલ્પ આયુષ્યપણાએ અલ્પાયુષ્ય કર્મ બાંધે છે, આ સ્વરૂપ છે, બાકીનું તેમજ છે. અથવા પ્રતિલંભન સ્થાનકના બે વિશેષણ છે, તે આ પ્રમાણે—આધાકર્મ વગેરે દોષ કરવાથી પ્રાણીઓની હિંસા કરીને, જૂઠું બોલીને—'જેમ અહો! સાધુ! અમારા માટે આ બનાવેલ ભોજન વગેરે છે તે તમારે કલ્પનીય છે માટે તમારે અકલ્પનીયની શંકા કરવી નહિ' ઇત્યાદિ બોલીને તે કારણથી પ્રતિલાભીને (અલ્પાયુષ્ય) કર્મને કરે છે–બાંધે છે. અહિં બબ્બે પદના વિશેષણપણાએ અને એક પદના વિશેષ્યપણાથી ત્રણ સ્થાનકપણું જાણવું. **આ સૂત્ર ગંભીર અર્થવાળું છે, તેથી બીજી રીતે પણ વિચારવા યોગ્ય છે.**[1] અલ્પ આયુષ્યકપણાનાં કારણો કહેવાયા, હવે એના વિપર્યય (દીર્ઘાયુષ્ય) ના એટલા જ (ત્રણ) વિપરિતપણાએ કારણો કહે છે—**'तिही'त्यादि०** પૂર્વની માફક જાણવું, વિશેષ કહે છે—**'दीहाउयत्ताए'त्ति०** શુભ દીર્ઘાયુષ્યપણા માટે અથવા શુભ દીર્ઘાયુષ્યપણાએ જાણવું. પ્રાણાતિપાતની વિરતિ વગેરેને શુભ દીર્ઘ આયુષ્યનું જ નિમિત્તપણું હોવાથી કહ્યું છે કે—

**महव्वय अणुव्वएहि य, बालतवोऽकामनिज्जराए य। देवाउयं निबंधइ, सम्मद्दिट्ठी य जो जीवो ।।३६।। [बंधशतक० २३]**

મહાવ્રતો વડે, અણુવ્રતો વડે, બાલતપ અને અકામનિર્જરા વડે જીવ દેવનું આયુષ્ય બાંધે છે, વળી જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે પણ દેવાયુષ્યને બાંધે છે. (૩૬) તથા—

**पयईए तणुकसाओ, दाणरओ सील-संजमविहूणो। मज्झिमगुणेहिं जुत्तो, मणुयाउं बंधए जीवो ।।३७।।**

**[बंधशतक० २४]**

સ્વભાવે અલ્પકષાયી, દાનની રુચિવાળો અને શીલ તેમજ સંયમ રહિત મધ્યમગુણો (વિનય, દયાદિ) સહિત જે જીવ તે મનુષ્યાયુને બાંધે છે. (૩૭)

1. આ હકિકત સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવી કે આ વાત કઈ અપેક્ષાએ કહેવામાં આવેલ છે.

દેવ અને મનુષ્યાયુ શુભ છે. શ્રી ભગવતીજીમાં દાનને ઉદ્દેશીને કહ્યું છે કે—''समणोवासयस्स णं भंते! तहारूवं समणं वा २ फासुएसणिज्जेणं असण ४ पडिलाभेमाणस्स किं कज्जइ? गोयमा! एगंतसो निज्जरा कज्जइ, णो से केई पावे कम्मे कज्जइ २''[भगवती ८/६/१]—હે ભગવન્! તથારૂપ શ્રમણ–માહણને પ્રાસુક અને એષણીય આહાર, પાણી, ખાદિમ અને સ્વાદિમ વડે પ્રતિલાભનાર શ્રમણોપાસક વડે શું કરાય છે? ગૌતમ! એકાંતથી નિર્જરા કરાય છે. તે વડે કંઈપણ પાપકર્મ કરાતું નથી. જે નિર્જરાનું કારણ, તે શુભ દીર્ઘાયુષ્યના કારણપણાએ મહાવ્રતની માફક વિરુદ્ધ નથી. હમણા આયુષ્યના દીર્ઘપણાનાં કારણો કહ્યાં, તે દીર્ઘાયુષ્ય શુભ અને અશુભ બે પ્રકારનું છે. તે બન્નેમાં પ્રથમ અશુભ આયુષ્યની દીર્ઘતાનાં કારણો કહે છે—'तिही'त्यादि० પૂર્વની માફક જાણવું, વિશેષ કહે છે કે—અશુભ દીર્ઘાયુષ્યપણા માટે–નારકાયુષ્ય માટે એ કહેલ છે. તે આ પ્રમાણે–નરકાયુ પાપપ્રકૃતિરૂપ હોવાથી અશુભ છે અને દીર્ઘ–નારકનું આયુષ્ય જઘન્યથી પણ દશ હજાર વર્ષની સ્થિતિપ્રમાણ છે, ઉત્કૃષ્ટથી તો તેત્રીશ સાગરોપમરૂપ હોવાથી અશુભ દીર્ઘ છે. તેવા પ્રકારનું જે આયુ–જીવિત જે કર્મથી બંધાય તે અશુભ દીર્ઘાયુ, તેનો જે ભાવ અશુભ દીર્ઘાયુષ્યતા, તે અશુભ દીર્ઘાયુષ્યપણા માટે અથવા તેના વડે. પ્રાણીઓને પ્રાણથી રહિત કરનાર હોય છે, જૂઠું બોલનાર હોય છે, તથા સાધુની હીલના વગેરે કરીને અશનાદિ વડે પ્રતિલાભનાર થાય છે, આ શબ્દાર્થ છે. હીલના એટલે જાતિ વગેરેથી ઊઘાડા પાડવું, મનથી નિંદવું તે નિંદા, મનુષ્યોની આગળ નિંદા કરવી તે ખિંસના, તેમની સમક્ષ નિંદા કરે તે ગર્હણા, ઊભા ન થવું, નમસ્કાર ન કરવો વગેરે તે અપમાન, આ બધામાંથી કોઈપણ એક પ્રકાર વડે (કોઈક પ્રતિને વિષે 'अन्यतरेण' એવો પાઠ દેખાતો નથી.) સ્વરૂપથી અસુંદર–ખરાબ અન્ન વગેરે, આ કારણથી અપ્રીતિ કરાવનાર વડે. ભક્તિવાળાને તો અસુંદર પણ સુંદર જ છે; કારણ કે આર્યા ચંદનાની માફક મનોજ્ઞ–સારું ફલ હોય છે. આર્યા ચંદનબાળાએ સૂપડાના ખૂણામાં રાખેલ અડદના બાકળા ભગવાન્ શ્રી મહાવીર માટે પાંચ દિવસ ન્યૂન છ માસિક તપના પારણામાં આપ્યા ત્યારે જ તેણીની લોઢાની બેડીઓ સુવર્ણમય ઝાંઝરરૂપ બની ગઈ, માથાના કેશો પૂર્વની માફક થયા, પાંચ વર્ણવાળા વિવિધ રત્નોની વૃષ્ટિ વડે ઘર ભરાયું, ઇંદ્ર સહિત દેવ, દાનવ, મનુષ્ય અને તેના નાયકો વડે સ્તુતિ કરાઈ. ત્યારબાદ પ્રાપ્ત કરેલ છે ચારિત્ર જેણીએ એવી તે આર્યા ચંદના મુક્તિ મહેલના ઉપરના ભાગને પ્રાપ્ત થઈ અર્થાત્ મોક્ષ ગઈ. અહિં ત્રીજા સૂત્રમાં અશનાદિ આહાર, પ્રાસુક અને અપ્રાસુકાદિપણાએ વિશેષણ સહિત નથી, કારણ કે હીલનાદિ કરનારને પ્રાસુકાદિ વિશેષણના ફલ પ્રત્યે અકારણપણું હોય છે. મત્સર–ઈર્ષ્યાવડે ઉત્પન્ન થયેલ હીલના વગેરે વિશેષણોને જ મુખ્યપણાએ અશુભ દીર્ઘાયુષ્યરૂપ ફલનું કારણપણું હોવાથી પ્રાણાતિપાત અને મૃષાવાદને વિષે દાન વિશેષણ પક્ષરૂપ વ્યાખ્યાન પણ યોગ્ય જ છે, કારણ કે અવજ્ઞા–તિરસ્કાર વડે દેવામાં પણ પ્રાણાતિપાત વગેરેનું જોવાપણું હોય છે. પ્રાણાતિપાત વગેરેથી નરકનું આયુષ્ય બંધાય છે, જે માટે કહ્યું છે કે—

**मिच्छादिट्ठी महारंभपरिग्गहो तिव्वलोहनिस्सीलो । नरयाउयं निबंधइ, पावमती रोद्दपरिणामो ।।३८।।**

**[बंधशतक० २० ति]**

મિથ્યાદૃષ્ટિ, મહારંભી, મહાપરિગ્રહી, તીવ્ર લોભી, દુરાચારી, પાપની મતિવાળો અને રૌદ્રપરિણામી જીવ નરકના આયુષ્યને બાંધે છે. (૩૮)

કહેલ વિષયથી હવે બીજું (શુભદીર્ઘાયુષ્ય) કહે છે—'तिहिं ठाणेही' त्यादि० પૂર્વની માફક છે. વિશેષ કહે છે કે—**वंदित्वा**–સ્તુતિ કરીને, **नमस्यित्वा**–નમસ્કાર કરીને, વસ્ત્ર વગેરેથી સત્કાર કરીને, બહુવિધ ઉપચાર વડે સન્માન કરીને, કલ્યાણ–સમૃદ્ધિના હેતુભૂત હોવાથી સાધુ પણ કલ્યાણસ્વરૂપ, મંગલ–વિઘ્નક્ષયના યોગથી મંગલરૂપ, દેવતાની માફક દેવસ્વરૂપ, ચૈત્યની જેમ–જિન વગેરેની માફક ચૈત્યસ્વરૂપ એવા શ્રમણ પ્રત્યે સેવા કરીને. અહિં પણ પ્રાસુક અને અપ્રાસુકપણાએ વિશેષણ રહિત દાન છે, કારણ કે આ સૂત્રનું પૂર્વ (ત્રીજા) સૂત્રથી વિપર્યયપણું છે અને પૂર્વસૂત્રનું અવિશેષણપણાએ પ્રવર્ત્તવાપણું છે. પ્રાસુક અને અપ્રાસુક દાનને વિષે ફલ પ્રત્યે વિશેષ નથી એમ સમજવું નહિ, કારણ કે પૂર્વ (૧–૨) સૂત્રને વિષે પ્રાસુક–

અપ્રાસુકરૂપ દાનના વિશેષ ફલનું પ્રતિપાદન કરેલું છે તે કારણથી અહિં (પ્રસ્તુત સૂત્રમાં) પ્રાસુક-એષણીયનું અને અપ્રાસુક-અનેષણીયનું કલ્પ (સ્વર્ગ)ની પ્રાપ્તિને વિષે આ (શુભ દીર્ઘાયુષ્યરૂપ) વિશેષ ફળ જાણવું. અથવા ભાવના ઉત્કૃષ્ટ વિશેષથી અનેષણીયનું પણ આ ફળ વિરુદ્ધ નથી. ચિત્તની પરિણતિનું અચિંત્યપણું હોવાથી તે ચિત્તની પરિણતિ, બાહ્ય પ્રવૃત્તિની અનુકૂલતાએ જ ભરત (ચક્રવર્તી) વગેરેની માફક ફલોને સાધતી નથી. અહિં પહેલું અલ્પાયુસૂત્ર, બીજું[1] તેથી વિપક્ષ (દીર્ઘાયુ) સૂત્ર, ત્રીજું અશુભદીર્ઘાયુ સૂત્ર અને ચોથું તેથી વિપક્ષ (શુભદીર્ઘાયુ) સૂત્ર છે, માટે પુનરુક્તિ દોષ નથી. ।।૧૨૫।।

પ્રાણીઓનું અતિપાતન ન કરવું વગેરે ગુપ્તિના સદ્ભાવમાં હોય છે તે કારણથી હવે ગુપ્તિઓ જણાવે છે—

**ततो गुत्तीतो पन्नत्ताओ, तंजहा—मणगुत्ती, वतिगुत्ती, कायगुत्ती, संजयमणुस्साणं ततो गुत्तीओ पन्नत्ताओ, तंजहा—मणगुत्ती, वतिगुत्ती, कायगुत्ती।**

**तओ अगुत्तीओ पन्नत्ताओ तंजहा—मणअगुत्ती, वइअगुत्ती, कायअगुत्ती। एवं नेरइताणं जाव थणियकुमाराणं, पंचिंदियतिरिक्खजोणियाणं असंजतमणुस्साणं वाणमंतराणं जोइसियाणं वेमाणियाणं।**

**ततो दंडा पन्नत्ता, तंजहा—मणदंडे, वयदंडे, कायदंडे, नेरइयाणं तओ दंडा पन्नत्ता, तंजहा—मणदंडे, वइदंडे, कायदंडे, विगलिंदियवज्जं जाव वेमाणियाणं ।। सू० १२६ ।।**

*(મૂ૦) ત્રણ ગુપ્તિઓ કહેલી છે, તે આ પ્રમાણે—મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. સંયત મનુષ્યો (સાધુઓ)ને ત્રણ ગુપ્તિઓ કહેલી છે, તે આ પ્રમાણે—મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. ત્રણ અગુપ્તિઓ કહેલી છે, તે આ પ્રમાણે—મનઅગુપ્તિ, વચનઅગુપ્તિ અને કાયઅગુપ્તિ. એમ ત્રણ ગુપ્તિઓ નારકોને યાવત્ સ્તનિતકુમારોને, પંચેંદ્રિયતિર્યંચયોનિકોને, અસંયતમનુષ્યોને, વ્યંતરોને, જ્યોતિષ્કોને અને વૈમાનિકોને હોય. ત્રણ દંડ કહેલા છે, તે આ પ્રમાણે—મનદંડ, વચનદંડ અને કાયદંડ. નૈરયિકોને ત્રણ દંડ કહેલા છે, તે આ પ્રમાણે—મનદંડ, વચનદંડ અને કાયદંડ. વિકલેંદ્રિય (એકેંદ્રિયથી ચતુરિંદ્રિય) વર્જીને યાવત્ વૈમાનિકોને ત્રણ દંડ હોય. ।।૧૨૬।।*

(ટી૦) 'तओ' इत्यादि० સુગમ છે, વિશેષ કહે છે-ગોપવવું તે ગુપ્તિ. (કુશલ મન વગેરેના પ્રવર્ત્તનરૂપ અને અકુશલ મન વગેરેના નિવર્ત્તનરૂપ છે.) કહ્યું છે કે—

**[2]मणगुत्तिमाइयाओ, गुत्तीओ तिन्नि समयकेऊहिं। परियारेयररूवा, णिद्दिट्ठाओ जओ भणियं ।।३९।।**

**[निशीथ भा० ३७, बृहत्कल्प ४४५१, उपदेश पद ६०४]**

મનગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિઓ, સિદ્ધાંતના જાણનારા વડે પ્રવર્ત્તનરૂપ અને નિવર્ત્તનરૂપ કહેવાયેલી છે. (૩૯)

જે સંબંધથી જે કહેલું છે તે માટે કહે છે—

**समिओ णियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भइयव्वो। कुसलवइमुईरंतो, जं वइगुत्तो वि समिओ वि ।।४०।।**

**[उपदेश पद ६०५]**

સમિતિવાળો નિયમથી (ચોક્કસ) ગુપ્તિ સહિત હોય છે, ગુપ્તિવાળો સમિતિવાળો હોય કે ન પણ હોય અર્થાત્ ભજના જાણવી; કેમકે કુશલ વચનને બોલતો થકો વચનગુપ્તિવાળો અને ભાષાસમિતિવાળો પણ હોય છે. (૪૦)

જે વખતે સર્વથા મૌન હોય છે તે સમયે ભાષાસમિતિ ન હોય.

એવી રીતે જે કાય અને વચનનું રુંધન કરીને શુભ મન વડે ધર્મધ્યાનને વિષે એકાગ્રતાવાળા થાય તે ગુપ્ત-ગુપ્તિ સહિત

1. જેમ પ્રવૃત્તિમાં ભદ્રિક (સરળ)ની અપેક્ષાએ સૂત્ર છે, તેમ આયુષ્યમાં મનુષ્યની અપેક્ષાએ તે સૂત્ર હોય. ચોથું સૂત્ર તો પરિણત (કુશળ)ની અપેક્ષાએ છે, તેથી સત્કાર કરીને વગેરે વિશેષણો છે, વળી દેવાયુષ્કાદિની અપેક્ષારૂપ સૂત્ર છે.
2. 'माइयाओ' આ શબ્દમાં 'મકાર' અલાક્ષણિક નિયમથી સિદ્ધ થયેલ નથી.

હોય પરંતુ સમિતિયુક્ત ન હોય. આ ગુપ્તિઓ, ચોવીશ દંડકમાં વિચારતા થકા મનુષ્યોને જ અને તેમાં પણ સંયતોને જ હોય, પરંતુ નારક વગેરેને ન હોય. આ કારણથી કહે છે—'संजयमणुस्साण' मित्यादि० સુગમ છે. ગુપ્તિઓ કહી, હવે ગુપ્તિથી વિપરીત અગુપ્તિઓ કહે છે—'तओ' इत्यादि० સુગમ છે. વિશેષ એ કે—ચોવીશ દંડકમાં અગુપ્તિઓનો અતિદેશ[1] કહેતા થકા કહે છે—'एव' मित्यादि०, 'एव' मिति० સામાન્ય સૂત્રની જેમ નારક વગેરેને ત્રણ અગુપ્તિઓ કહેવી; બાકીનું સુગમ છે. આટલું વિશેષ છે કે—અહિં એકેંદ્રિય અને વિકલેંદ્રિયો ન કહ્યા, કારણ કે-એકેંદ્રિયાદિને યથાયોગ્ય વાણી અને મનનો અભાવ હોય છે અર્થાત્ એકેંદ્રિયને બન્નેનો અને વિકલેંદ્રિયને કેવલ મનનો અભાવ હોય છે. તથા સંયતમનુષ્યો પણ ન કહ્યા, કારણ કે તેઓને ગુપ્તિનું પ્રતિપાદન કરેલ છે. અગુપ્તિઓ, પોતાને અને બીજાઓને દંડરૂપ થાય છે, આ કારણથી દંડનું નિરૂપણ કરતા થકા કહે છે કે—'तओ दंडे' इत्यादि० સુગમ છે. વિશેષ કહે છે—મન વડે પોતાનેઅથવા બીજાઓને દંડવું તે મનોદંડ. અથવા જેના વડે દંડાય છે તે દંડ, મન એ જ દંડ તે મનોદંડ. એવી રીતે વચનદંડ તેમજ કાયદંડ પણ જાણવા. વિશેષ વિચારણામાં ચોવીશ દંડકને વિષે 'नेरइयाणं तओ दंडे' इत्यादि० યાવત્ વૈમાનિક પર્યંતોનું સૂત્ર કહેવું. વિશેષ એ કે—'विगलिंदियवज्जं'त्ति० એક, બે, ત્રણ અને ચાર ઇંદ્રિયવાળાઓને છોડીને કહેવું એ ભાવાર્થ છે. તેઓને ત્રણ દંડ સંભવતા નથી કારણ કે વચન અને મનનો અભાવ હોય છે. ॥૧૨૬॥

દંડ ગર્હા કરવા યોગ્ય હોય છે, તેથી હવે બે સૂત્ર વડે ગર્હા કહે છે—

**तिविहा गरहा पन्नत्ता, तंजहा—मणसा वेगे गरहति, वयसा वेगे गरहति, कायसा वेगे गरहति, पावाणं कम्माणं अकरणयाए। अथवा गरहा तिविहा पन्नत्ता, तंजहा—दीहं पेगे अद्धं गरहति, रहस्सं पेगे अद्धं गरहति, कायं पेगे पडिसाहरति पावाणं कम्माणं अकरणयाए।**

**तिविहे पच्चक्खाणे पन्नत्ते, तंजहा—मणसा वेगे पच्चक्खाति, वयसा वेगे पच्चक्खाति, कायसा वेगे पच्चक्खाति, एवं जहा गरहा तहा पच्चक्खाणे वि दो आलावगा भाणियव्वा ॥ सू० १२७ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે ગર્હા-જુગુપ્સા કહેલી છે, તે આ પ્રમાણે—કોઈએક મન વડે ગર્હા કરે છે, કોઈએક વચન વડે ગર્હા કરે છે અને કોઈએક કાયા વડે ગર્હા કરે છે. કેવી રીતે? તે કહે છે—પાપકર્મો ન કરવા વડે અર્થાત્ પાપકર્મની અપ્રવૃત્તિ વડે. અથવા ગર્હા ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—કોઈએક દીર્ઘકાલ પર્યંત પણ ગર્હા કરે, કોઈએક થોડા કાલ સુધી પણ ગર્હા કરે, કોઈએક કાયાને રોકે. કેવી રીતે? પાપકર્મો ન કરવા વડે. ત્રણ પ્રકારે પચ્ચક્ખાણ કહેલ છે, તે આ પ્રમાણે—કોઈએક મન વડે પણ પચ્ચક્ખાણ કરે છે, કોઈએક વચન વડે પણ પચ્ચક્ખાણ કરે છે અને કોઈએક કાયા વડે પણ પચ્ચક્ખાણ કરે છે. જેમ ગર્હા કહી તેમ પચ્ચક્ખાણને વિષે પણ બે આલાવા કહેવા-સમજવા. ॥૧૨૭॥*

(ટી૦) 'तिविहे' त्यादि० બે સૂત્ર કહેલ અર્થવાળા છે, વિશેષ વર્ણન કરતાં કહે છે કે—પોતાના આત્મા સંબંધી અથવા પારકાના આત્મા સંબંધી દંડ પ્રત્યે गर्हत्ते—જુગુપ્સા કરે તે ગર્હા. 'कायसावि' ति० સકારનો આગમ હોવાથી કાયા વડે પણ એક જીવ, (ગર્હા કરે છે) કેવી રીતે? તે કહે છે—પાપકર્મના હેતુભૂત ન કરવાપણાએ અર્થાત્ હિંસા વગેરે ન કરવાથી એવો અર્થ સમજવો. કાય વડે ગર્હા, પાપકર્મની અપ્રવૃત્તિ વડે જ થાય છે. કહ્યું છે કે—

**पापजुगुप्सा तु तथा सम्यक् परिशुद्धचेतसा सततम्। पापोद्वेगोऽकरणं तदचिन्ता चेत्युनुक्रमतः ॥४१॥**

**[षोडशक० ४/५ इति]**

પાપની જુગુપ્સા-નિંદા તો યથાર્થ વિશુદ્ધ ચિત્ત વડે, નિરંતર પાપનો ખેદ કરવો, પાપ કરવું નહિં અને પાપની વિચારણા

1. પૂર્વસૂત્રથી ઉત્તરસૂત્રમાં જે લાવવું તે અતિદેશ કહેવાય.

કરવી નહિં. (૪૧)

આ અનુક્રમ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની અપેક્ષાએ કહેલ છે. (૧) અથવા પાપકર્મોને ન કરવા માટે ત્રણ પ્રકારે પણ ગર્હા કરે છે, અથવા ચતુર્થી વિભક્તિના અર્થમાં છટ્ઠી વિભક્તિથી પાપકર્મોની જુગુપ્સા કરે છે, શા માટે? પાપ ન કરવા માટે-હું આ પાપો ન કરું, 'दीहंऽपेगे अद्धं'त्ति० લાંબા કાળ સુધી, તથા એક (વ્યક્તિ), કાયા પ્રત્યે અટકાવે-રોકે છે, કઈ રીતિએ? પાપકર્મોના હેતુભૂત કાર્યો ન કરવા વડે અથવા ન કરવા માટે પાપોની ગર્હા કરે છે, પાપો જ ન કરવા માટે પાપોથી કાયાને અટકાવે છે. અતીતકાલ વિષયક દંડને વિષે ગર્હા હોય છે તે કહી, હવે ભવિષ્યકાળ વિષયક પચ્ચક્ખાણ છે તે બે સૂત્ર વડે કહે છે—'तिविहे' त्यादि० સુગમ છે, વિશેષ કહે છે—'गरिह' त्ति० ગર્હાને વિષે બે આલાપક આ પ્રમાણે—'मणसे' त्यादि० 'कायसा वेगे पच्चक्खाइ पावाणं कम्माणं अकरणयाए' આ અંતપર્યંત એક આલાપક 'अहवा पच्चक्खाणे तिविहे पन्नत्ते, तंजहा—दीहंपेगे अद्धं पच्चक्खाइ रहस्सं पेगे अद्धं पच्चक्खाइ कायं पेगे पडिसाहरइ पावाणं कम्माणं अकरणयाए' इति [અથવા પચ્ચક્ખાણ ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—એક દીર્ઘકાલના પણ પચ્ચક્ખાણ કરે છે, એક થોડા કાલના પણ પચ્ચક્ખાણ કરે છે, એક કાયા પ્રત્યે અટકાવે છે. કેવી રીતે? પાપકર્મોને ન કરવા વડે] આ બીજો આલાવો સમજવો. તેમાં કાયાને પણ કોઈએક પાપકર્મ ન કરવા માટે પ્રતિસંહરે છે અથવા પાપકર્મથી કાયાને પ્રતિસંહરે છે. ॥૧૨૭॥

તે પાપકર્મોને જ ન કરવાં માટે પાપકર્મના પ્રત્યાખ્યાન કરનાર [પુરુષો] પરોપકારીઓ હોય છે તે બતાવવા માટે દૃષ્ટાંતભૂત વૃક્ષોનું અને તે દાર્ષ્ટાંતિક પુરુષોની પ્રરૂપણા કરવા માટે કહે છે—

**ततो रुक्खा पन्नत्ता, तंजहा—पत्तोवते, पुप्फोवते, फलोवते १, एवामेव तओ पुरिसज्जाता पन्नत्ता, तंजहा—पत्तोवारुक्खसामाणे पुप्फोवारुक्खसामाणे फलोवारुक्खसामाणे २।**

**ततो पुरिसज्जाया पन्नत्ता, तंजहा—नामपुरिसे, ठवणपुरिसे, दव्वपुरिसे ३। तओ पुरिसज्जाया पन्नत्ता, तंजहा—नाणपुरिसे, दंसणपुरिसे, चरित्तपुरिसे ४। तओ पुरिसज्जाया पन्नत्ता, तंजहा—वेदपुरिसे, चिंधपुरिसे, अभिलावपुरिसे ५। तिविहा पुरिसजाया[1] पन्नत्ता, तंजहा—उत्तमपुरिसा, मज्झिमपुरिसा, जहन्नपुरिसा ६।**

**उत्तमपुरिसा तिविहा पन्नत्ता, तंजहा—धम्मपुरिसा, भोगपुरिसा, कम्मपुरिसा। धम्मपुरिसा अरहंता, भोगपुरिसा चक्कवट्टी, कम्मपुरिसा वासुदेवा ७। मज्झिमपुरिसा तिविहा पन्नत्ता, तंजहा—उग्गा, भोगा, रायन्ना ८। जहन्नपुरिसा तिविहा पन्नत्ता, तंजहा—दासा, भयगा, भातिल्लगा ९ ॥ सू० १२८॥**

*(મૂ૦) ત્રણ વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે—પત્ર સહિત વૃક્ષ, પુષ્પ સહિત વૃક્ષ અને ફલ સહિત વૃક્ષ (૧), એ પ્રમાણે ત્રણ પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—પત્ર સહિત વૃક્ષ સરખા ઉપકારી-સૂત્રના દેનારા હોવાથી, પુષ્પ સહિત વૃક્ષ જેવા ઉપકારી-અર્થના દેનારા હોવાથી, ફલ સહિત વૃક્ષ સમાન ઉપકાર કરનાર-સૂત્ર તેમજ અર્થ બંનેના દાતા હોવાથી (૨), પુરુષના ત્રણ પ્રકાર કહેલા છે, તે આ પ્રમાણે—પુરુષ એવું કોઈ જે નામ તે નામપુરુષ, પુરુષની પ્રતિમા વગેરે તે સ્થાપનાપુરુષ અને જે પુરુષપણે ભવિષ્યમાં ઉત્પન્ન થશે તે દ્રવ્યપુરુષ (૩), ત્રણ પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—જે જ્ઞાનવાળા-જ્ઞાનપુરુષ, જે દર્શન (સમકિત)વાળા તે દર્શનપુરુષ અને ચારિત્રવાળા તે ચારિત્રપુરુષ (૪), પુરુષના ત્રણ પ્રકાર કહેલા છે, તે આ પ્રમાણે—જે પુરુષવેદના ઉદયવાળા તે વેદપુરુષ, પુરુષના ચિહ્નવાળા તે ચિહ્નપુરુષ અને પુરુષલિંગ વડે જે શબ્દો ઘટપટ વગેરે બોલાય છે તે અભિલાપપુરુષ (૫), ત્રણ પ્રકારે પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—ઉત્તમ પુરુષો, મધ્યમ પુરુષો અને જઘન્ય પુરુષો (૬), ઉત્તમ પુરુષો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—ધર્મપુરુષો, ભોગપુરુષો અને કર્મપુરુષો. અરિહંતો તે ધર્મપુરુષો, ચક્રવર્તીઓ ભોગપુરુષો*

1. પ્રત્યંતરમાં 'जाया' શબ્દ નથી.

*અને વાસુદેવો કર્મપુરુષો (૭), મધ્યમ પુરુષો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—ઉગ્રકુલમાં ઉત્પન્ન થયેલા, ભોગકુલમાં ઉત્પન્ન થયેલા અને રાજન્યકુલમાં ઉત્પન્ન થયેલા (૮), જઘન્ય પુરુષો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—દાસના કુલમાં ઉત્પન્ન થયેલા, જે મૂલ્ય (પગાર-વેતન) લઈને કામ કરનારા તે ભૃતકો અને ચોથ વગેરે ભાગ લેનારા ભાગિયા (૯). ॥૧૨૮॥*

(ટી૦) 'ततो रुक्खे'त्यादि० બે સૂત્ર છે, પત્રો (પાંદડા)ને જે પ્રાપ્ત થાય છે તે પત્રોપગ-પાંદડાવાળું વૃક્ષ. એવી રીતે બીજા બે વૃક્ષો (પુષ્પવાળા અને ફળવાળા) જાણવા. 'एवमेते'ति० આ શબ્દ, દૃષ્ટાંત સંબંધી ઉપનય-સિદ્ધાંત મેળવવા માટે છે અને તેના ઉપનયથી પુરુષના પ્રકારો જણાવે છે. જેમ પત્ર વગેરેથી યુક્તપણાએ अर्थिषु—ઇચ્છાવાળાને વિષે ઉપકાર માત્ર વિશિષ્ટ અને વિશિષ્ટતર ઉપકારને કરવાવાળા વૃક્ષો-પત્રયુક્ત વૃક્ષ છાયા માત્ર આપે છે, પુષ્પયુક્ત સુગંધ પણ આપે છે અને ફલયુક્ત વૃક્ષ ફળને પણ આપે છે તેમ લોકોત્તર પુરુષો સૂત્ર, અર્થ અને સૂત્રાર્થ બંનેના દાનાદિ વડે અનુક્રમે વિશેષ વિશેષ ઉપકારના કરનારા હોવાથી વૃક્ષો સમાન માનવા. એવી રીતે લૌકિક પુરુષો પણ માનવા. અહિં 'पत्तोवग' इत्यादि० સૂત્રના કથનમાં 'पत्तोवा' ઇત્યાદિક પ્રાકૃતભાષાની શૈલીથી કહેલું છે. 'समाणे' આ શબ્દને વિષે 'सामाणे' એ શબ્દ છે (૧-૨), હવે પુરુષના પ્રસ્તાવથી પુરુષોને સાત સૂત્ર વડે નિરૂપણ કરતા થકા કહે છે—'तओ' इत्यादि० સુગમ છે, વિશેષ કહે છે—નામ એજ પુરુષ તે નામપુરુષ, પુરુષની જે પ્રતિમા વગેરે તે સ્થાપનાપુરુષ, પુરુષપણાએ ભવિષ્યમાં ઉત્પન્ન થશે અથવા ભૂતકાલમાં જે ઉત્પન્ન થયેલ તે દ્રવ્યપુરુષ. અહિં વિશેષ સંબંધ ઇંદ્ર [1]સૂત્રથી જોઈ લેવો. ભાષ્યકાર જણાવે છે કે—

**आगमओऽणुवउत्तो, इयरो दव्वपुरिसो तिहा तइओ । एगभवियाइ तिविहो, मूलुत्तरनिम्मिओ वा वि ॥४२॥**

**[विशेषावश्यक० २०११]**

આગમથી પુરુષ પદના અર્થનો જાણનાર, પણ તેમાં ઉપયોગ રહિત જે વક્તા તે દ્રવ્યપુરુષ, નોઆગમથી દ્રવ્યપુરુષ ત્રણ પ્રકારે છે. ૧ જ્ઞપુરુષ, ૨ ભવ્યપુરુષ અને ૩ તદ્વ્યતિરિક્ત. તદ્વ્યતિરિક્તના ત્રણ પ્રકાર છે, ૧ એકભવિક, ૨ બદ્ધાયુષ્ક અને અભિમુખ નામ-ગોત્રવાળો. અથવા તદ્વ્યતિરિક્ત બે પ્રકારે છે, તે આ પ્રમાણે—૧ મૂલગુણનિર્મિત, અને ૨ ઉત્તરગુણનિર્મિત. (૪૨)

મૂલગુણનિર્મિત-પુરુષને યોગ્ય જે પુદ્ગલ દ્રવ્યો (જે પુદ્ગલોથી પુરુષશરીર રચાયું હોય તે) અને ઉત્તરગુણનિર્મિત-આકારવાળા પુદ્ગલો-પુરુષચિહ્ન, દાઢી અને [2]મૂછ વગેરે ૩, વળી ભાવપુરુષો-જ્ઞાનપુરુષ વગેરે, જ્ઞાન લક્ષણરૂપ ભાવ છે પ્રધાન જેને વિષે તે જ્ઞાનપુરુષ, એવી રીતે સમકિત તેમજ ચારિત્રની પ્રધાનતાવાળા તે દર્શનપુરુષ અને ચારિત્રપુરુષ જાણવા ૪, પુરુષવેદના અનુભવની પ્રધાનતા છે જેને વિષે તે [3]વેદપુરુષ. તે સ્ત્રી, પુરુષ અને નપુંસક સંબંધી ત્રણે લિંગ (આકાર)માં પણ હોય છે. તથા પુરુષચિહ્ન, દાઢી, મૂછ વગેરેથી ઓળખાતો જે પુરુષ તે ચિહ્નપુરુષ. જેમ નપુંસક છતાં દાઢી, મૂછ ચિહ્નવાળો ચિહ્નપુરુષ અથવા પુરુષવેદરૂપ ચિહ્નપુરુષ, જે ચિહ્ન વડે આ પુરુષ છે એમ જણાય છે. આ વ્યુત્પત્તિ કરીને અથવા પુરુષ વેષધારી સ્ત્રી વગેરે ચિહ્નપુરુષ છે. જેના વડે બોલાય છે તે અભિલાપ-શબ્દ, તે જ પુરુષ પુલ્લિંગપણાએ કથન કરવાથી; જેમ ઘટ અથવા કૂટ. કહ્યું છે કે—

**अभिलावो पुल्लिंगाभिहाणमेत्तं घडो व्व चिंधे उ । पुरिसाकिई नपुंसो, वेओ वा पुरिसवेसो वा ॥४३॥**

**वेयपुरिसो तिलिंगो वि, पुरिसो वेदाणुभूइकालम्मि । [विशेषावश्यक० २०१२-१३]**

1. ત્રીજા ઠાણાની શરૂઆતમાં દ્રવ્યેંદ્રના વર્ણનમાં જેમ દ્રવ્યેંદ્રના જ્ઞશરીરાદિ ભેદનું સ્વરૂપ કહેલું છે તેના અનુસારે અહિં પુરુષ શબ્દના જ્ઞશરીરપુરુષ વગેરે ભેદો જાણવા.

2. પુરુષના આકારવાળા પુદ્ગલોને જોઈ આ પુરુષ છે એમ નિર્ણય થાય છે, માટે દ્રવ્યપુરુષ ભાવપુરુષનું કારણ છે. 'कारणया से दव्वं' इति वचनात्। 3. વેદ, મોહનીયકર્મના ઉદયથી અને લિંગ (આકાર) નામકર્મના ઉદયથી હોય છે.

અભિલાપ પુરુષ-પુલ્લિંગાભિધાન (કથન) માત્ર, જેમ ઘટ એ શબ્દ પુલ્લિંગે છે. ચિહ્નપુરુષને વિષે તો પુરુષાકૃતિવાળો નપુંસક, પુરુષવેદવાળો, અથવા પુરુષ વેષધારી કહેવાય છે. ત્રણ લિંગમાં વર્તનાર (જીવ છતાં) પણ પુરુષવેદના અનુભવકાલમાં વેદપુરુષ કહેવાય છે. (૪૩)

*'धम्मपुरिस'त्ति०—ક્ષાયિકચારિત્ર વગેરે ધર્મને ઉત્પન્ન કરવામાં તત્પર જે પુરુષો તે ધર્મપુરુષો. કહ્યું છે કે—*

**धम्मपुरिसो तयज्जणवावारपरो जह सुसाहू ॥४४॥** **[विशेषावश्यक० २०९३]**

ધર્મને ઉત્પન્ન કરવાના વ્યાપારમાં જે તત્પર હોય તે ધર્મપુરુષ. (૪૪)

દા.ત. સાધુ. મનોજ્ઞ શબ્દાદિ વિષયો તે ભોગ, તેને વિષે જે તત્પર તે ભોગપુરુષો. કહ્યું છે—'**भोगपुरिसो समज्जियविसयसुहो चक्कवट्टिव्व**' સારી રીતે મેળવેલ છે વિષયસુખ જેણે તે ચક્રવર્તીની માફક ભોગપુરુષ જાણવો. કર્મો-મહારંભાદિ વડે પ્રાપ્ત કરેલા નરકાયુષ્ય વગેરે. ઉગ્ર-ભગવાન્ શ્રી ઋષભદેવના રાજ્યકાલમાં જે આરક્ષકો-કોટવાળો હતા તે ઉગ્રપુરુષો. ભોગ-ભગવાનના રાજ્યકાલમાં જે ગુરુઓ (માનનીયપદે) હતા તે ભોગપુરુષો. રાજન્ય-તે રાજ્યકાલમાં જે મિત્ર હતા તે રાજન્યપુરુષો. કહ્યું છે કે—

**उग्गा भोगा रायन्न, खत्तिया संगहो भवे चउहा । आरक्खि गुरु वयंसा, सेसा जे खत्तिया ते उ ॥४५॥**

**[आ०नि० २०२ त्ति]**

જે ઉગ્ર દંડના કરનારા આરક્ષકો ભગવાન શ્રી આદિનાથે સ્થાપેલા તે ઉગ્રો, ગુરુસ્થાને સ્થાપેલા તે ભોગો, મિત્રસ્થાને સ્થાપેલા તે રાજન્યો, એ ત્રણેથી જુદા જે ક્ષત્રિયો પ્રજારૂપ હતા તે ક્ષત્રિયો—એવી રીતે ચાર પ્રકારે સંગ્રહ થાય છે. (૪૫)

તેના વંશજો પણ ઉગ્રકુળવાળા, ભોગકુળવાળા ઇત્યાદિ પ્રકારે કહેવાય છે. એ ત્રણેનું મધ્યમપણું, અનુત્કૃષ્ટપણાથી અને અજઘન્યપણાથી છે. દાસો-દાસીપુત્ર વગેરે, ભૃતકો-મૂલ્ય લઈને કામ કરનારા, અને '**भाइल्लगत्ति**'—ભાગ વિદ્યમાન છે જેઓનો તે ભાગીદાર અર્થાત્ ચોકખો ચોથો ભાગ (પાંતિ) વગેરે લેનાર જાણવા. ॥૧૨૮॥

મનુષ્યપુરુષોનું ત્રિવિધપણું કહ્યું, હવે સામાન્યથી જલચર, સ્થલચર અને ખેચર વિશેષ તિર્યંચોનું '**तिविहा मच्छे'त्यादि०** બાર સૂત્રો વડે ત્રિવિધપણું કહે છે—

**तिविहा मच्छा पन्नत्ता, तंजहा—अंडया, पोअया, संमुच्छिमा १, अंडगा मच्छा तिविहा पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, णपुंसगा २ । पोतया मच्छा तिविहा पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, णपुंसगा ३ । तिविहा पक्खी पन्नत्ता, तंजहा—अंडया, पोअया, संमुच्छिमा १। अंडया पक्खी तिविहा पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, णपुंसगा २। पोतजा पक्खी तिविहा पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, णपुंसगा ³/₆। एवमेतेणं अभिलावेणं उरपरिसप्पा वि ³/₉, भाणियव्वा, भुजपरिसप्पा वि ³/₁₂ भाणियव्वा ९ एवं चेव ॥ सू० १२९॥**

**तिविहाओ इत्थीओ पन्नत्ताओ, तंजहा—तिरिक्खजोणित्थीओ, मणुस्सित्थीओ, देवित्थीओ १। तिरिक्खजोणीत्थीओ तिविहाओ पन्नत्ताओ, तंजहा—जलचरीओ, थलचरीओ, खहचरीओ २। मणुस्सित्थीओ तिविहाओ पन्नत्ताओ, तंजहा—कम्मभूमिआओ, अकम्मभूमियाओ, अंतरदीविगाओ ३। (१)**

**तिविहा पुरिसा पन्नत्ता, तंजहा—तिरिक्खजोणीयपुरिसा, मणुस्सपुरिसा, देवपुरिसा १। तिरिक्खजोणियपुरिसा तिविहा पन्नत्ता, तंजहा—जलचरा, थलचरा, खेचरा २। मणुस्सपुरिसा तिविहा पन्नत्ता, तंजहा—कम्मभूमिगा, अकम्मभूमिगा, अंतरदीवगा ³/₆ (२)।**

**तिविहा नपुंसगा पन्नत्ता, तंजहा—णेरतियनपुंसगा, तिरिक्खजोणियनपुंसगा, मणुस्सनपुंसगा १। तिरिक्खजोणियनपुंसगा तिविहा पन्नत्ता, तंजहा—जलयरा, थलयरा, खहयरा २। मणुस्सनपुंसगा तिविहा पन्नत्ता,**

**तंजहा—कम्मभूमिगा, अकम्मभूमिगा, अंतरदीवगा ³/₉ ।। सू० १३० ।।**

**तिविहा तिरिक्खजोणिया पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, नपुंसगा ।। सू० १३१ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે મત્સ્યો કહેલા છે, તે આ પ્રમાણે—૧ જે ઇંડાથી ઉત્પન્ન થયેલ તે અંડજો, જરાયુરહિત જે પોત, તેથી ઉત્પન્ન થયેલા તે પોતજો અને સંમૂર્ચ્છિમો (૧), અંડજમત્સ્યો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો (૨), પોતજ મત્સ્યો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો (૩), ત્રણ પ્રકારે પક્ષીઓ કહેલા છે, તે આ પ્રમાણે—અંડજો, પોતજો અને સંમૂર્ચ્છિમો (૧), અંડજપક્ષીઓ ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો (૨), પોતજ પક્ષીઓ ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો ³/₆, એવી રીતે આ અભિલાપ (ત્રણ સૂત્ર) વડે ઉરપરિસર્પો પણ કહેવા ³/₉, ભુજપરિસર્પો પણ એવી રીતે કહેવા ³/₁₂ (૯). ॥૧૨૯॥*

*એવી જ રીતે ત્રણ પ્રકારે સ્ત્રીઓ કહેલી છે, તે આ પ્રમાણે—તિર્યંચયોનિક સ્ત્રીઓ, મનુષ્યની સ્ત્રીઓ (મનુષ્યણીઓ) અને દેવીઓ (૧), તિર્યંચયોનિક સ્ત્રીઓ ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—જલચરીઓ, થલચરીઓ અને ખેચરીઓ (૨), મનુષ્યણીઓ ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીઓ, અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીઓ અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓ (૧), ત્રણ પ્રકારે પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—તિર્યંચયોનિક પુરુષો, મનુષ્યપુરુષો અને દેવપુરુષો (૧), તિર્યંચયોનિક પુરુષો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—જલચરો, સ્થલચરો અને ખેચરો (૨), મનુષ્ય પુરુષો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા, અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા, ત્રણ પ્રકારે નપુંસકો કહેલા છે, તે આ પ્રમાણે—નૈરયિકનપુંસકો, તિર્યંચયોનિક–નપુંસકો અને મનુષ્યનપુંસકો (૧), તિર્યંચયોનિનપુંસકો ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—જલચરો, સ્થલચરો અને ખેચરો (૨), મનુષ્યનપુંસકો ત્રણ પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે—કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા, અકર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થયેલા. ॥૧૩૦॥*

*ત્રણ પ્રકારે તિર્યંચયોનિકો કહેલા છે, તે આ—સ્ત્રીઓ, પુરુષો અને નપુંસકો. ॥૧૩૧॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે કે—ઇંડાથી ઉત્પન્ન થયેલા તે અંડજો, **पोतं**—જે જરાયુવર્જિત હોવાથી વસ્ત્રની માફક ઉત્પન્ન થયેલા તે પોતજો, અથવા પોત એટલે વહાણની માફક ઉત્પન્ન થયેલા તે પોતજો, અને જે ગર્ભરહિત ઉત્પન્ન થયેલા તે સંમૂર્ચ્છિમો જાણવા. સંમૂર્ચ્છિમોના સ્ત્રી વગેરે ભેદ નથી, કારણ કે તેઓને નપુંસકપણું હોય છે, માટે સૂત્રમાં તે ભેદો બતાવેલ નથી. અંડજ પક્ષીઓ હંસ વગેરે, પોતજ પક્ષીઓ વલ્ગુલી (વનવાગુળ) વગેરે, સંમૂર્ચ્છિમ પક્ષીઓ ખંજનક વગેરે જાણવા. ઉદ્‌ભિજ્જત્વ હોવા છતાં પણ તેઓને સંમૂર્ચ્છિમપણાનો વ્યપદેશ હોય છે જ, કારણ કે ઉદ્‌ભિજ્જ વગેરેનો સંમૂર્ચ્છિમપણે ઉત્પન્ન થવારૂપ વિશેષ હોય છે. **'एव'मिति०** એટલે કે પક્ષીની માફક. આ પ્રત્યક્ષ અભિલાપરૂપ **'तिविहा उरपरिसप्पे' त्यादि०** ત્રણ સૂત્ર વડે, **उरसा**—જે છાતી વડે ચાલે છે તે ઉરપરિસર્પો (સર્પ વગેરે પણ) કહેવા, તથા બે બાહુ (ભુજા) વડે જે ચાલે છે તે ભુજપરિસર્પો (નોલીઆ વગેરે) પણ કહેવા. **'एवं चेव'त्ति०** એવી રીતે જેમ પક્ષીઓ કહ્યા તેમજ કહેવા, એવો અર્થ છે. અહિં પણ ત્રણ સૂત્રો કહેવા, એ તાત્પર્ય છે. ॥૧૨૯॥

તિર્યંચવિશેષોનું ત્રિવિધપણું કહેવાયું, હવે સ્ત્રી, પુરુષ અને નપુંસકોનું ત્રિવિધપણું કહે છે, **'तिविहे'त्यादि०** નવ સૂત્રો સુગમ છે, વિશેષ કહે છે કે—**'खहं'ति०** (પ્રાકૃતપણાએ આ શબ્દ છે) **खम्**—આકાશ છે, ખેતી વગેરે કર્મપ્રધાન જે ભૂમિ તે કર્મભૂમિ, ભરતક્ષેત્ર વગેરે પંદર પ્રકારે છે, તે ભૂમિમાં જે ઉત્પન્ન થયેલા તે કર્મભૂમિજો, એવી રીતે અકર્મભૂમિજો પણ જાણવા. વિશેષ એ કે—અકર્મભૂમિ એટલે ભોગભૂમિ એવો અર્થ સમજવો. તે દેવકુરુ, ઉત્તરકુરુ વગેરે ત્રીશ પ્રકારે છે. **अन्तरे**—સમુદ્રના

મધ્યમાં જે દ્વીપો છે તે અંતરદ્વીપો, અને તે દ્વીપોમાં જે ઉત્પન્ન થયેલા તે આંતરદ્વીપા અથવા આંતરદ્વીપિકો જાણવા. ॥૧૩૦॥

વિશેષથી ત્રિવિધપણું કહીને સામાન્યથી તિર્યંચોનું ત્રિવિધપણું કહે છે—'तिविहे'त्यादि० સુગમ છે. ॥૧૩૧॥

સ્ત્રી વગેરેની પરિણતિ જીવોને લેશ્યાના કારણથી થાય છે, લેશ્યાઓ સ્ત્રી વગેરેની પરિણતિનું બંધન કરનાર કર્મનું કારણપણું હોવાથી નારક વગેરે પદોને વિષે લેશ્યાઓનું ત્રણ સ્થાનકના અવતાર વડે નિરૂપણ કરતાં કહે છે કે—

**नेरइयाणं तओ लेसाओ पन्नत्ताओ, तंजहा—कण्हलेसा, नीललेसा, काउलेसा १। असुरकुमाराणं तओ लेसाओ संकिलिट्ठाओ पन्नत्ताओ, तंजहा—कण्हलेसा, नीललेसा, काउलेसा २। एवं जाव थणियकुमाराणं ११, एवं पुढविकाइयाणं १२, आउ-वणस्सतिकाइयाण वि १३-१४। तेउकाइयाणं १५, वाउकाइयाणं १६, बेंदियाणं १७, तेइंदियाणं १८, चउरिंदिआण वि १९, तओ लेस्सा जहा नेरइयाणं (१)। पंचिंदियतिरिक्खजोणियाणं तओ लेसाओ संकिलिट्ठाओ पन्नत्ताओ, तंजहा—कण्हलेसा, नीललेसा, काउलेसा २०। पंचिंदियतिरिक्खजोणियाणं तओ लेसाओ असंकिलिट्ठाओ पन्नत्ताओ, तंजहा—तेउलेसा, पम्हलेसा, सुक्कलेसा २१, एवं मणुस्साण वि २२। वाणमंतराणं जहा असुरकुमाराणं २३। वेमाणियाणं तओ लेस्साओ पन्नत्ताओ, तंजहा—तेउलेसा, पम्हलेसा, सुक्कलेसा २४ ॥ सू० १३२॥**

*(મૂ૦) નૈરયિકોને ત્રણ લેશ્યાઓ કહેલી છે, તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા ૧, અસુરકુમારોને ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ (માઠી) કહેલી છે, તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા ૨, એવી રીતે યાવત્ સ્તનિતકુમારોને ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ કહેલી છે ૧૧, એ જ પ્રમાણે પૃથ્વીકાયિકોને ૧૨, અપ્કાયિકોને ૧૩ અને વનસ્પતિકાયિકોને ત્રણ સંક્લિષ્ટ લેશ્યાઓ કહેલી છે ૧૪, તેઉકાયિકોને ૧૫, વાયુકાયિકોને ૧૬, બેઇંદ્રિયોને ૧૭, તેઇંદ્રિયોને ૧૮ અને ચઉરિંદ્રિયોને ૧૯ નૈરયિકોની માફક ત્રણ લેશ્યાઓ કહેલી છે (૧), પંચેંદ્રિયતિર્યંચયોનિકોને ત્રણ લેશ્યા સંક્લિષ્ટ (અશુભ) કહેલી છે, તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા ૨૦, પંચેંદ્રિયતિર્યંચ-યોનિકોને ત્રણ લેશ્યા અસંક્લિષ્ટ (સારી) કહેલી છે, તે આ પ્રમાણે—તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા ૨૧, એવી રીતે મનુષ્યોને પણ ત્રણ સંક્લિષ્ટ અને ત્રણ અસંક્લિષ્ટ જાણવી ૨૨, વ્યંતરોને, અસુરકુમારોની જેમ ત્રણ (સંક્લિષ્ટ) લેશ્યા જાણવી ૨૩, વૈમાનિકોને ત્રણ લેશ્યા કહેલી છે, તે આ પ્રમાણે—તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા.॥૧૩૨॥*

(ટી૦) 'नेरइयाण'मित्यादि० દંડકસૂત્ર સુગમ છે, વિશેષ કહે છે કે—'नेरइयाणं तओ लेस्साओ' त्ति० આ (કૃષ્ણાદિ) ત્રણ લેશ્યાઓનો જ સદ્‌ભાવ હોવાથી વિશેષણ રહિત કહેલ છે ૧, અસુરકુમારોને ચાર લેશ્યાનો સદ્‌ભાવ હોવાથી 'સંક્લિષ્ટ' એ વિશેષ કહેલ છે. તેઓને ચોથી તેજોલેશ્યા હોય છે, પરંતુ તે સંક્લિષ્ટ પરિણામવાળી નથી ૨-૧૧, પૃથ્વી વગેરે (ત્રણ)ને વિષે અસુરકુમારના સૂત્રમાં કહેલ અર્થનો અતિદેશ કરવાપૂર્વક કહે છે—'एवं पुढवी'त्यादि० પૃથ્વી, અપ્ અને વનસ્પતિને વિષે દેવના ઉત્પાદનો સંભવ હોવાથી ચોથી તેજોલેશ્યા છે. આ કારણથી વિશેષણ સહિત લેશ્યાનું કથન અતિદેશ કરાયેલ છે ૧૨-૧૪, તેજસ્, વાયુ, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયને વિષે તો દેવની ઉત્પત્તિ ન હોવાને અંગે તેજોલેશ્યાનો અભાવ હોવાથી વિશેષણ રહિત કહેલ છે. આ જ કારણથી કહે છે—'तओ' इत्यादि० ૧૫-૧૯, પંચેંદ્રિયતિર્યંચો અને મનુષ્યોને છ લેશ્યા પણ છે. આ કારણથી સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ વિશેષણથી ચાર સૂત્ર કહેલ છે. વિશેષ એ કે—અતિદેશ વડે કહેલ મનુષ્યસૂત્રમાં જાણવી. વ્યંતરના સૂત્રમાં સંક્લિષ્ટ લેશ્યાઓ કહેવી. આ કારણથી જ કહેલું છે—'वाणमंतरे' त्यादि० ૨૦-૨૩, વૈમાનિકસૂત્ર વિશેષણ રહિત જ છે, કારણ કે ત્રણ અસંક્લિષ્ટ (લેશ્યા)નો જ સદ્‌ભાવ હોવાથી નિષેધ કરવાયોગ્યના અભાવ વડે વિશેષણનો સંબંધ નથી ૨૪. ॥૧૩૨॥

આવી રીતે જ્યોતિષ્કોને તેજોલેશ્યાના જ ભાવ વડે ત્રણ સ્થાનકમાં અવતરિત કરેલ નથી. હમણા જેમ વૈમાનિકોનો લેશ્યા દ્વાર વડે અવતાર કહ્યો તેમ જ્યોતિષ્કોનો તો લેશ્યાદ્વાર વડે અસંભવ હોવાથી ચલનસ્વભાવ વડે જ્યોતિષ્ક પ્રત્યે કહે છે કે—

**तिहिं ठाणेहिं तारारूवे चलिज्जा, तंजहा—विकुव्वमाणे वा, परियारेमाणे वा, ठाणाओ वा ठाणं संकममाणे तारारूवे चलेज्जा। तिहिं ठाणेहिं देवे विज्जुतारं करेज्जा, तंजहा—विकुव्वमाणे वा, परियारेमाणे वा, तहारूवस्स समणस्स वा माहणस्स वा इड्ढिं जुत्तिं जसं बलं वीरियं पुरिसक्कारपरक्कमं उवदंसेमाणे देवे विज्जुतारं करेज्जा। तिहिं ठाणेहिं देवे थणियसद्दं करेज्जा, तंजहा—विकुव्वमाणे, एवं जहा विज्जुतारं तहेव थणियसद्दं पि ।। सू० १३३।।**

*(મૂ૦) ત્રણ સ્થાનક (કારણ) વડે તારક (તારા) માત્ર ચલિત થાય, તે આ પ્રમાણે—વિકુર્વણા કરતો થકો અથવા પરિચારણા કરતો થકો અથવા એક સ્થાનથી બીજા સ્થાન પ્રત્યે ગમન કરતો થકો તારારૂપ દેવ ચલિત થાય. ત્રણ કારણે દેવ વીજળી કરે, તે આ પ્રમાણે—વિકુર્વણા કરતો થકો, પરિચારણા કરતો થકો, તથારૂપ શ્રમણ માહણને ઋદ્ધિ, કાંતિ, યશ, બલ (શારીરિક શક્તિ), વીર્ય (આત્મિક શક્તિ), પુરુષકાર અને પરાક્રમ બતાવતો થકો દેવ વિદ્યુત્કાર (વીજળી) કરે છે. ત્રણ સ્થાનકે દેવ, સ્તનિત (મેઘ)નો શબ્દ (ગર્જના) કરે, તે આ પ્રમાણે—વિકુર્વણા કરતો થકો, એવી રીતે જેમ વીજળી કરે તેમ સ્તનિત શબ્દ પણ કરે. ।।૧૩૩।।*

(ટી૦) 'तारारूवे' त्ति० તારક માત્ર (ફક્ત તારા) 'चलेज्जा'—પોતાના સ્થાનને છોડે, ક્યારે? વૈક્રિયને કરતો થકો અથવા પરિચારણા કરતો થકો—મૈથુન માટે તીવ્ર અભિલાષયુક્ત બનતો થકો, એક સ્થાનથી બીજા સ્થાન પ્રત્યે જાતો થકો, આ અર્થ છે. જેમ ધાતકીખંડાદિના મેરુ પ્રત્યે પરિહરે-છોડે, અથવા ચમરેંદ્રની માફક કોઈક મહર્દ્ધિક દેવ વગેરે વૈક્રિય વગેરે પ્રત્યે વિકુર્વણા કરતે છતે તેને માર્ગ-રસ્તો આપવા માટે ચાલે-ખસી જાય. કહ્યું છે કે—'तत्थ णं जे से वाघाइए अंतरे से जहन्नेणं दोन्नि छावट्ठे जोयणसए, उक्कोसेणं बारस जोयणसहस्साइं'[जम्बूद्वीप प्र० ७/३५०] ति०—તે [1]બન્નેમાં જે વ્યાઘાતવાળું અંતર, તે જઘન્યથી બસેં છાસઠ યોજન અને ઉત્કૃષ્ટથી બાર હજાર યોજનનું છે. તે બન્ને અંતરમાં વ્યાઘાતિક અંતર, મહર્દ્ધિક દેવને માર્ગ [2]આપવાથી થાય છે. તારકદેવની ચલનક્રિયાના કારણો કહ્યાં, હવે દેવના જ વીજળી અને મેઘગર્જનાની ક્રિયાનાં કારણો બે સૂત્ર વડે કહે છે—'तिही' त्यादि० સુગમ છે, વિશેષ એ કે—'विज्जुयारं' ति० જે વીજળી કરાય છે તે જ कारः—કાર્ય, અથવા વીજળીનું જે કરવું તે કાર-ક્રિયા તે વિદ્યુત્કાર અથવા વીજળી સમજવી. વૈક્રિયનું કરવું વગેરે અહંકારવાળાને જ હોય છે. વૈક્રિયાદિ ક્રિયામાં પ્રવર્ત્તેલ અને અહંકારના ઉલ્લાસવાળાને ચલન, વીજળી અને ગર્જના વગેરે પણ હોય છે, માટે ચલન, વીજળીનું કરવું વગેરેને વૈક્રિયનું કરવું કારણપણાએ કહેલું છે. ઋદ્ધિ-વિમાન પરિવાર વગેરે, દ્યુતિ-શરીર અને આભરણ વગેરેની કાંતિ, યશ-પ્રખ્યાતિ, બલ-શરીરની શક્તિ, વીર્ય-જીવની શક્તિ, પુરુષકાર-અભિમાન વિશેષ તેજ (ઉપરોક્ત સર્વે ઋદ્ધિ વગેરે) પોતે સંપાદિત કરેલ તે પરાક્રમ, પુરુષકાર અને પરાક્રમ આ બન્નેનો સમાહારમાં દ્વંદ્વ સમાસ છે—આ પૂર્વોક્ત સર્વે બતાવતો થકો દેવ વિદ્યુત્કાર કરે છે, તથા સ્તનિત શબ્દ-મેઘની ગર્જના કરે છે. 'एव'मित्यादि० વચન, 'परियारेमाणे वा तहारूवस्से'त्यादि० આલાપકના સૂચન માટે છે. ।।૧૩૩।।

1. વ્યાઘાત રહિત અને વ્યાઘાત સહિત અન્તર, નિર્વ્યાઘાતિક અન્તર જઘન્યથી પાંચસે ધનુષ્ય અને ઉત્કૃષ્ટથી બે ગાઉનું તારાનું અન્તર છે. તારાના ચલન વગેરે ત્રણ સૂત્ર ઉત્પાતના સૂચક છે.
2. સંગ્રહણીની વૃત્તિમાં ૧૨૨૪૨ યોજનનું ઉત્કૃષ્ટથી અંતર કહેલું તે મેરુપર્વતની અપેક્ષાએ સ્વાભાવિક અંતર છે અને કોઈક વખતે તો અંતર એક લાખ યોજનનું પણ, ચમર વગેરેના આગમનની જેમ, હોય.

હમણાં જ વિદ્યુત્કાર અને સ્તનિત એ બે શબ્દ [1]ઉત્પાતરૂપ કહેવાયા, હવે ઉત્પાતરૂપો જ લોકાંધકાર વગેરે 'तिहिं ठाणेही' त्यादि० પંદર સૂત્રો વડે કહે છે—

**तिहिं ठाणेहिं लोगंधयारे सिया, तंजहा—अरहंतेहिं वोच्छिज्जमाणेहिं, अरहंतपन्नत्ते धम्मे वोच्छिज्जमाणे, पुव्वगते वोच्छिज्जमाणे १। तिहिं ठाणेहिं लोगुज्जोते सिया, तंजहा—अरहंतेहिं जायमाणेहिं, अरहंतेसु पव्वयमाणेसु, अरहंताणं णाणुप्पायमहिमासु २। तिहिं ठाणेहिं देवंधकारे सिया, तंजहा—अरहंतेहिं वोच्छिज्जमाणेहिं, अरहंतपन्नत्ते धम्मे वोच्छिज्जमाणे, पुव्वगते वोच्छिज्जमाणे ३। तिहिं ठाणेहिं देवुज्जोते सिया, तंजहा—अरहंतेहिं जायमाणेहिं, अरहंतेहिं पव्वयमाणेहिं, अरहंताणं णाणुप्पायमहिमासु ४, (१)।**

**तिहिं ठाणेहिं देवसंनिवाए सिया, तंजहा—अरहंतेहिं जायमाणेहिं, अरहंतेहिं पव्वयमाणेहिं, अरहंताणं नाणुप्पायमहिमासु ५, एवं देवकुलिया [देवुक्कलिता] ६, देवकहकहए ७। तिहिं ठाणेहिं देविंदा माणुसं लोगं हव्वमागच्छंति, तंजहा—अरहंतेहिं जायमाणेहिं, अरहंतेहिं पव्वयमाणेहिं, अरहंताणं णाणुप्पायमहिमासु ८। एवं सामाणिया ९, तायत्तीसगा १०, लोगपाला देवा ११, अग्गमहिसीओ देवीओ १२, परिसोववन्नगा देवा १३, अणियाहिवई देवा १४, आयरक्खा देवा १५, माणुसं लोगं हव्वमागच्छंति (२)।**

**तिहिं ठाणेहिं देवा अब्भुट्ठिज्जा, तंजहा—अरहंतेहिं जायमाणेहिं जाव तं चेव १, एवमासणाइं चलेज्जा २, सीहणातं करेज्जा ३, चेलुक्खेवं करेज्जा ४। तिहिं ठाणेहिं देवाणं चेइयरुक्खा चलेज्जा, तंजहा—अरहंतेहिं तं चेव ५। तिहिं ठाणेहिं लोगंतिया देवा माणुसं लोगं हव्वमागच्छिज्जा, तंजहा—अरहंतेहिं जायमाणेहिं, अरहंतेहिं पव्वयमाणेहिं, अरहंताणं णाणुप्पायमहिमासु ६ ।। सू० १३४।।**

*(મૂ૦) ત્રણ સ્થાને (કારણે) લોકને વિષે અંધકાર થાય, તે આ પ્રમાણે—અરિહંતો નિર્વાણને પ્રાપ્ત થયે છતે, અરિહંતે કહેલ ધર્મ વિચ્છેદ થયે છતે, પૂર્વગત (પૂર્વ સંબંધી) શ્રુત નાશ પામે છતે (૧), ત્રણ કારણે લોકમાં ઉદ્યોત થાય, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે, અરિહંતોએ પ્રવ્રજ્યા લીધે છતે, અરિહંતોના કેવલજ્ઞાનની ઉત્પત્તિના મહોત્સવોને વિષે (૨), ત્રણ કારણે દેવોના ભવનાદિકને વિષે અંધકાર થાય, તે આ પ્રમાણે—અરિહંતો નિર્વાણને પ્રાપ્ત થયે છતે, અરિહંતે કહેલ ધર્મ નાશ પામતે છતે, પૂર્વગતશ્રુત નાશ પામતે છતે (૩), ત્રણ કારણે દેવોના ભવનાદિને વિષે ઉદ્યોત થાય, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે, અરિહંતોએ પ્રવ્રજ્યા લીધે છતે, અરિહંતોના કેવલજ્ઞાનના મહોત્સવોને વિષે (૪) [૧] ત્રણ કારણે દેવોનો સન્નિપાત (ભૂમિ પર આવવું) થાય, તે આ પ્રમાણે—અરિહંતોનો જન્મ થયે છતે, અરિહંતોએ દીક્ષા લીધે છતે અને અરિહંતોના કેવલજ્ઞાનની ઉત્પત્તિના મહોત્સવોને વિષે (૫), એવી રીતે દેવના સમુદાયનું મળવું–એકઠા થવું (૬), દેવોનો આનંદપૂર્વક કલકલ શબ્દ (૭), ત્રણ કારણે દેવેંદ્રો મનુષ્ય સંબંધી લોક પ્રત્યે શીઘ્ર આવે છે, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે, અરિહંતોએ દીક્ષા લીધે છતે અને અરિહંતોના કેવલજ્ઞાનની ઉત્પત્તિના મહોત્સવોને વિષે (૮), એવી રીતે સામાનિક દેવો (૯), ત્રાયસ્ત્રિંશકો (૧૦), લોકપાલદેવો (૧૧), અગ્રમહિષીઓ (૧૨), ત્રણ પરિષદના દેવો (૧૩), અનિકાધિપતિ–લશ્કરના અધિપતિઓ (૧૪), આત્મરક્ષક દેવો (૧૫), મનુષ્યલોકમાં શીઘ્ર આવે છે [૨], ત્રણ કારણે દેવો સિંહાસનથી ઊભા થાય, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે, યાવત્ પૂર્વની માફક જાણવું (૧), એવી રીતે આસનો ચલાયમાન થાય (૨), સિંહનાદ કરે (૩), વસ્ત્રની વૃષ્ટિ કરે (૪), ત્રણ કારણે દેવોના ચૈત્યવૃક્ષો ચલાયમાન થાય, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે,*

1. ઉત્પાત તે પૂર્વે ન થયેલ ભાવનું થવાપણું અને અનિષ્ટ અર્થનો સૂચક છે, જેથી અહિં પહેલાના ત્રણ સૂત્રો અનિષ્ટાર્થસૂચક છે અને બીજા ૧૫ સૂત્રો ઇષ્ટ અર્થના કહેનારા છે, અને ઉત્પત્તિની માફક ઉત્પાતનું પણ ઉત્પન્ન થવાપણારૂપ અર્થપણું સંગત છે.

*યાવત્ પૂર્વની માફક જાણવું (૫), ત્રણ સ્થાનકે લોકાંતિક દેવો મનુષ્યલોકમાં શીઘ્ર આવે, તે આ પ્રમાણે—અરિહંતો ઉત્પન્ન થયે છતે, અરિહંતોએ દીક્ષા લીધે છતે અને અરિહંતોના કેવલજ્ઞાનની ઉત્પત્તિના મહોત્સવોને વિષે. ॥૧૩૪॥*

(ટી૦) આ સુગમ છે. વિશેષ કહે છે કે—ક્ષેત્રલોકને વિષે જે અંધકાર તે લોકાંધકાર થાય. દ્રવ્યથી લોકાનુભાવથી (જગત્સ્વભાવથી) અથવા ભાવથી પ્રકાશક સ્વભાવવાળા જ્ઞાનના અભાવથી, તે આ પ્રમાણે—**अर्हन्ति**—ઉત્કૃષ્ટ ભક્તિને વિષે તત્પર, સુર અને અસુરોના સમૂહ વડે વિશેષે રચાયલી, જન્માંતરરૂપ મોટા ક્યારામાં ઊગેલ અને નિર્દોષ વાસના-ભાવનારૂપ જલ વડે સીંચાયેલ પુન્યરૂપ મહાવૃક્ષના કલ્યાણફલ સદૃશ અશોકવૃક્ષ વગેરે અષ્ટપ્રકારવિશિષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ પૂજા પ્રત્યે અને સર્વ રાગાદિ શત્રુના તદ્દન ક્ષયથી મુક્તિમંદિરના શિખર ઉપર ચડવાને જે યોગ્ય છે તે અર્હન્તો. કહ્યું છે—

**अरहंति वंदण-नमंसणाणि अरहंति पूयसक्कारं। सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ॥४६॥**

**[विशेषा० ३५६४त्ति]**

'**अर्ह्**' ધાતુ પૂજાના અર્થમાં છે, બહુવચનમાં થાય છે અને પચાદિગણમાં '**अच्**' પ્રત્યય કરવાથી **अर्हाः**—વંદન અને નમસ્કાર કરવામાં યોગ્ય છે, તથા પૂજા અને સત્કાર કરવામાં યોગ્ય છે, વળી સિદ્ધિગમનમાં યોગ્ય છે, તે કારણથી અર્હંતો કહેવાય છે. તે અર્હંતો નિર્વાણને પ્રાપ્ત થયે છતે, વળી અર્હન્તોએ પ્રરૂપેલ ધર્મ નાશ પામ્યે છતે એટલે કે તીર્થના નાશકાલને વિષે, તથા દૃષ્ટિવાદ અંગના વિભાગભૂત જે પૂર્વો, તેઓને વિષે ગત-પ્રવેશેલું, તેના અભ્યંતરીભૂત અર્થાત્ તેના સ્વરૂપે જે શ્રુત તે પૂર્વગત નાશ પામ્યે છતે લોકને વિષે અંધકાર થાય છે. રાજાનું મરણ, દેશ અને નગરના ભંગ વગેરેમાં પણ દિશાઓમાં અતિ ધૂળ (આંધી)પણાએ કેવલ અંધકાર દેખાય છે, તો વળી સમગ્ર ત્રિભુવનના મનુષ્યોને નિર્દોષ નયન સમાન પરમ ઐશ્વર્યવાન્ અર્હંત વગેરેનો વિચ્છેદ થયે છતે લોકમાં અંધકાર થાય તેમાં શું આશ્ચર્ય? લોકમાં ઉદ્યોત થાય છે, તે લોકના અનુભાવ (જગત્સ્વભાવ)થી અથવા મનુષ્યલોકમાં દેવોના આગમનથી થાય છે. '**नाणुप्पायमहिमासु**'—કેવલજ્ઞાનના ઉત્પાદ (ઉત્પન્ન થવા)ને વિષે દેવો વડે કરાયેલ મહોત્સવો હોતે છતે (૨), દેવોના ભવનાદિને વિષે જે અંધકાર તે દેવાંધકાર, તે લોકના અનુભાવથી જ થાય છે. લોકાંધકાર કહે છતે પણ જે દેવાંધકાર કહ્યો તે સર્વત્ર અંધકારના સદ્ભાવનું પ્રતિપાદન કરવા માટે છે (૩), એવી રીતે દેવનો ઉદ્યોત પણ જાણવો (૪), [૧] પૃથ્વીમાં દેવોનું અવતાર-આવવું તે દેવસન્નિપાત (૫), દેવોત્કલિકા-દેવોનું એકત્ર મળવું (૬), એવી રીતે ત્રણ સ્થાનો વડે '**देवकहकहे**'त्ति० દેવો વડે કરાયેલ હર્ષાત્મક શબ્દ (૭), ત્રણ વડે જ (દેવેંદ્રો) મનુષ્યલોકમાં આવે છે (૮), '**हव्वं**'ति० શીઘ્ર '**सामाणिय**'त्ति० ઇંદ્રની સમાન ઋદ્ધિવાલા (૯), '**तायत्तीसग**'त्ति० મહત્તર-ગુરુ સમાન પૂજ્ય (૧૦), '**लोकपालाः**' સોમ વગેરે દિશાઓમાં નિયુક્ત કરાએલા (૧૧), અગ્રમહિષી-શ્રેષ્ઠ સ્ત્રી (ઇંદ્રાણી) (૧૨), '**परिषत्**'-પરિવારમાં જે ઉત્પન્ન થયેલા તે પર્ષદાના દેવો (૧૩), '**अनीकाधिपतयो**'—હસ્તિ વગેરે સૈન્યના મુખ્ય ઐરવત વગેરે દેવો (૧૪), '**आत्मरक्षा**' રાજાની માફક અંગની રક્ષાના કરનાર જે દેવો તે આત્મરક્ષક દેવો, '**माणुस्सं लोयं हव्वमागच्छन्ती**'ति० આ પ્રમાણે દરેક પદમાં જોડવું (૧૫) [૨] આ પ્રમાણે દેવોને મનુષ્યલોકને વિષે આગમનમાં જે કારણો કહ્યા તે જ કારણો દેવોના અભ્યુત્થાન વગેરેના કારણપણાએ પાંચ સૂત્ર વડે કહે છે—'**तिहिं**' इत्यादि० સુગમ છે. વિશેષ કહે છે—'**अब्भुट्ठिज्जं**' त्ति० સિંહાસનથી ઊઠે (૧), આસનો-શક્ર વગેરેના સિંહાસનો, તેઓનું ચલન થવું તે લોકસ્વભાવથી થાય છે (૨), અને સિંહનાદ તથા ચેલોત્ક્ષેપ-વસ્ત્રની વૃષ્ટિ એ બે પ્રમોદના કાર્યો લોકપ્રતીત છે (૩-૪), ચૈત્યવૃક્ષો-જે સુધર્માદિ સભાના દરેક દ્વારની સામે મુખમંડપ, પ્રેક્ષામંડપ, ચૈત્યસ્તૂપ, ચૈત્યવૃક્ષ અને મહાધ્વજ વિગેરે તે ક્રમથી સંભળાય છે (૫), લોકાંતિક દેવોનો અતિપ્રધાનપણારૂપ ભેદવડે મનુષ્યક્ષેત્રમાં આવવાના કારણોને કહે છે—'**तिहीं**' त्यादि० સુગમ છે. વિશેષ કહે છે કે—બ્રહ્મલોક નામના દેવલોકને અંત-સમીપ કૃષ્ણરાજીરૂપ ક્ષેત્રમાં નિવાસ છે જેઓનો તે લોકાંતિકો, અથવા ઔદયિકભાવ (અજ્ઞાન વગેરે) લોકના છેડે થનારા-અનંતર (અંતર રહિત) ભવમાં મોક્ષ જનારા હોવાથી લોકાંતિકો (એકાવતારવાળા) કહેવાય છે. લોકાંતિકો—આગળ કહેવામાં આવનાર સ્વરૂપવાળા સારસ્વત વગેરે આઠ પ્રકારે છે (સર્વે

લોકાંતિકોના નવ ભેદ છે.) (૬). ॥૧૩૪॥

હવે હે ભગવન્! શા માટે દેવો અહિં આવે છે? તે પ્રશ્નના જવાબમાં કહે છે—અર્હંતોનું ધર્માચાર્યપણાએ મહાન્ ઉપકાર હોવાથી પૂજા વગેરેને માટે આવે છે અને જેના ઉપકારનો બદલો ન વાળી શકાય એવા ભગવાન્ ધર્માચાર્યો છે, જેથી સૂત્રકાર કહે છે—

**तिण्हं दुप्पडियारं समणाउसो! तंजहा—अम्मापिउणो १ भट्टिस्स २ धम्मायरियस्स ३।**

**संपातो वि य णं केइ पुरिसे अम्मापियरं सयपाग-सहस्सपागेहिं तिल्लेहिं अब्भंगेत्ता, सुरभिणा गंधट्टएणं उव्वट्टित्ता, तिहिं उदगेहिं मज्जावित्ता, सव्वालंकारविभूसियं करेत्ता, मणुन्नं थालीपागसुद्धं अट्ठारसवंजणाउलं भोयणं भोयावेत्ता जावज्जीवं पिट्ठिवडेंसियाए परिवहेज्जा, तेणावि तस्स अम्मापिउस्स दुप्पडियारं भवइ। अहे णं से तं अम्मापियरं केवलिपन्नत्ते धम्मे आघवइत्ता पन्नवित्ता परूवित्ता ठावित्ता भवति, तेणामेव तस्स अम्मापिउस्स सुप्पडितारं भवति समणाउसो! १।**

**केइ महच्चे दरिद्दं समुक्कसेज्जा, तए णं से दरिद्दे समुक्किट्ठे समाणे पच्छा पुरं च णं विउलभोगसमितिसमन्नागते यावि विहरेज्जा, तए णं से महच्चे अन्नया कयाइ दरिद्दीहूए समाणे तस्स दरिद्दस्स अंतिए हव्वमागच्छेज्जा, तए णं से दरिद्दे तस्स भट्टिस्स सव्वस्समवि दलयमाणे तेणावि तस्स भट्टिस्स दुप्पडियारं भवति। अहे णं से तं भट्टिं केवलिपन्नत्ते धम्मे आघवइत्ता पन्नवइत्ता परूवइत्ता ठावइत्ता भवति, तेणामेव तस्स भट्टिस्स सुप्पडियारं भवति २।**

**केति तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतियं एगमवि आरियं धम्मियं सुवयणं सोच्चा निस्सम्म कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोएसु देवत्ताए उववन्ने, तए णं से देवे तं धम्मायरियं दुब्भिक्खातो वा देसातो सुभिक्खं देसं साहरेज्जा, कंताराओ वा णिक्कंतारं करेज्जा, दीहकालिएणं वा रोगातंकेण अभिभूतं समाणं विमोएज्जा, तेणावि तस्स धम्मायरियस्स दुप्पडियारं भवति। अधे णं से तं धम्मायरियं केवलिपन्नत्ताओ धम्माओ भट्ठं समाणं भुज्जो वि केवलिपन्नत्ते धम्मे आघवतित्ता जाव ठावतित्ता भवति, तेणामेव तस्स धम्मायरियस्स सुप्पडियारं भवति ३ ।। सू० १३५।।**

*(મૂ૦) હે આયુષ્મમાન્ શ્રમણો! ત્રણનો દુષ્પ્રતિકાર—ઘણા કષ્ટથી બદલો વાળી શકાય એવો ઉપકાર છે, તે આ પ્રમાણે—માતાપિતાનો ૧, ભરણપોષણ કરનાર સ્વામીનો ૨ અને ધર્મદાતા ધર્માચાર્યનો ૩. તેમાં પ્રથમ માતાપિતાનું દુષ્પ્રતિકારપણું કહે છે—દરરોજ કોઈક કુલીન મનુષ્ય (પુત્ર), માતાપિતાનું શતપાક અથવા સહસ્રપાક તેલવડે મર્દન કરીને, સુગંધી દ્રવ્યના ચૂર્ણ વડે ઉદ્વર્ત્તન કરીને (ચોળીને), ગંધોદક વગેરે ત્રણ પ્રકારના પાણી વડે સ્નાન કરાવીને, સર્વ અલંકાર વડે શોભાવીને, મનગમતાં વાસણમાં સારી રીતે પકાવેલ નિર્દોષ અઢાર જાતિના વ્યંજન યુક્ત ભોજન ખવરાવીને, જીવનપર્યંત ખાંધે બેસાડીને લઈ જાય—આ પ્રમાણે કહેલ બધા કાર્યો વડે પણ તે પુત્ર માતાપિતાના ગુણનો ઓસીંગણ ન થાય અર્થાત્ બદલો ન વાળી શકે; પરંતુ જો તે પુરુષ (પુત્ર) તે માતાપિતા પ્રત્યે કેવલીએ પ્રરૂપેલ ધર્મ કહીને, સમજાવીને તથા ભેદ વડે પ્રરૂપીને ધર્મમાં સ્થિર કરનાર થાય, તો હે આયુષ્મમાન્ શ્રમણો! તે માતાપિતાનો સુપ્રતિકાર કરનાર-ઉપકારનો બદલો વાળનાર થાય (૧). કોઈ મહાન્ ધનાઢ્ય પુરુષ (શેઠ) કોઈક દરિદ્રને ધનાદિ આપીને સારી સ્થિતિમાં લાવે, ત્યારે તે દરિદ્ર ધનાઢ્ય થયો થકો પહેલા અને પછી (હમેશાં) બહુ ભોગની સામગ્રી વડે યુક્ત થયો થકો રહે, ત્યારબાદ તે ધનાઢ્ય શેઠ કોઈક સમયે દરિદ્રી થયો થકો પ્રથમના તે દરિદ્રીની પાસે શીઘ્ર આવે ત્યારે*

*તે દરિદ્રી પોતાના તે શેઠને પોતાનું સર્વસ્વ આપતો થકો પણ શેઠના ઉપકારનો બદલો ન વાળી શકે; પરન્તુ તે દરિદ્રી તે શેઠને કેવળીએ પ્રરૂપેલ ધર્મ કહીને, સમજાવીને, ભેદથી પ્રરૂપીને ધર્મમાં સ્થાપન કરનાર થાય તો અવશ્ય તે શેઠના ઉપકારનો બદલો વાળનાર થાય (૨). કોઈક પુરુષ તદ્રૂપ શ્રમણ અથવા માહણની પાસેથી એક પણ આર્ય-પાપથી નિવર્ત્તન કરનાર ધાર્મિક સુવચન સાંભળીને, અવધારીને, યોગ્ય કાલે મૃત્યુ પામીને કોઈએક દેવલોકને વિષે દેવપણાએ ઉત્પન્ન થયા બાદ તે દેવ, તે ધર્માચાર્યને દુર્ભિક્ષવાળા દેશથી સુભિક્ષવાળા દેશ પ્રત્યે લઈ જાય, અથવા અટવીમાંથી વસતિમાં લઈ જાય, અથવા લાંબા કાળના રોગ અને આતંક વડે પરાભવને પામેલ એવા ધર્માચાર્યને રોગાદિથી મુક્ત કરે છતાં પણ તેના વડે ધર્માચાર્યના ઉપકારનો બદલો ન વાળી શકાય, પરંતુ તે પુરુષ, કેવલીપ્રરૂપિત ધર્મથી જો તે ધર્માચાર્ય ભ્રષ્ટ થાય તો તેને કેવલીભાષિત ધર્મ કહીને યાવત્ ફરીથી પણ ધર્મમાં સ્થાપન કરનાર બને તો તેના વડે તે ધર્માચાર્યનો સુપ્રતિકાર થાય અર્થાત્ તેના ઉપકારનો બદલો વાળનાર થાય (૩). ॥૧૩૫॥*

(ટી૦) **'तिण्हं'** ત્રણ વ્યક્તિઓએ કરેલ છે ઉપકાર જેના પર એવા પુરુષ વડે તે ત્રણનો દુઃખે કરી પ્રત્યુપકાર કરાય છે. અહિં **'खल्'** પ્રત્યય કીધે છતે **दुष्प्रतिकारं**—પ્રત્યુપકાર કરવા માટે અશક્ય સમજવું. હે શ્રમણ! હે આયુષ્યમાન્! અથવા સમાસ સહિત કથન—હે શ્રમણાયુષ્માન્! એવી રીતે ભગવાન વડે શિષ્ય સંબોધાયો. **अम्बया**—માતા સહિત, पिता—જનક અર્થાત્ માતાપિતા, જન્મદાતાપણાથી એકપણાની વિવક્ષા કરવાથી તેનું એક સ્થાન. તથા 'भट्टिस्स'त्ति० **भर्त्तुः**—પોષક-સ્વામીનું બીજું સ્થાન, ધર્મદાતા આચાર્ય તે ધર્માચાર્ય, તેનું ત્રીજું સ્થાન. કહ્યું છે કે—

**दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्चलोकेऽस्मिन्। तत्र गुरुरिहाऽमुत्र च सुदुष्करतरप्रतीकारः ।।४७।।**

**[प्रशम० ७१ इति]**

આ લોકમાં માતાપિતા દુષ્પ્રતિકાર છે, સ્વામી (પોષક) અને ગુરુ પણ દુષ્પ્રતિકાર છે, તેમાં પણ ગુરુ તો આલોક અને પરલોકમાં અત્યંત દુષ્પ્રતિકાર છે. (૪૭)

જણાવેલ ત્રણ પૈકી જનકના દુષ્પ્રતિકારપણા સંબંધી કહે છે કે—**'संपाओ'** त्ति० **प्रातः**—પ્રભાત, પ્રભાત સહિત તે **संप्रातः** અને **संप्रातर्** અર્થાત્ પ્રભાતકાલ અર્થાત્ જ્યારે પ્રભાત થયું ત્યારે જ એ અર્થ છે. આ શબ્દ વડે બીજા કાર્યમાં અવ્યગ્રતા (અપ્રવૃત્તિ)પણાને દેખાડે છે, અથવા 'સં' શબ્દનો અતિશય અર્થ હોવાથી અતિપ્રભાતમાં (વહેલા) અર્થાત્ પ્રતિ શબ્દાર્થ હોવાથી પ્રતિપ્રભાત-દરરોજ એ ભાવ સમજવો. બધા નહિ પરન્તુ કોઈક કુલીન પુરુષ-મનુષ્ય (દેવ અને તિર્યંચોને આવા પ્રકારના વ્યતિકરનો અસંભવ હોય છે) **શતપાક** એટલે ઔષધિના ક્વાથોના એક સો ઔષધ છે જે તેલના પાકમાં તે ૧, અથવા એકસો ઔષધિ સાથે જે પકાવાય છે તે ૨, અથવા સો વખત જેનો પાક કરાય છે તે ૩, અથવા સો રુપિયાના ખર્ચથી જે પકાવાય છે તે શતપાક, એવી રીતે સહસ્રપાક પણ જાણવો. આ બન્ને તેલ વડે મર્દન કરીને, સુગંધી દ્રવ્યના ચૂર્ણ વડે ઉદ્વલન કરીને (ચોળીને), ગંધોદક, ઉષ્ણોદક અને શીતોદક એ ત્રણ જાતના જલ વડે સ્નાન કરાવીને, મનોજ્ઞ-કલમશાલી ભાત વગેરે, **स्थाली**—વાસણમાં પાક છે જેનો તે થાલીપાક, વાસણ સિવાય કાચુંપાકું થાય અથવા તેવા પ્રકારનું સારું ન થાય માટે આ વિશેષણ (થાલીપાકનું) છે, શુદ્ધ-ભોજનના દોષ રહિત થાલીમાં પકાવેલું એવું જે શુદ્ધ, વળી લોકપ્રસિદ્ધ અઢાર પ્રકારનાં વ્યંજન-શાક તથા દાલ વડે અથવા તક્ર-છાશ વગેરેથી જે વ્યાપ્ત છે અર્થાત્ બનાવેલ છે, અથવા અઢાર ભેદવિશિષ્ટ વ્યંજન (ભોજન) (અહિં ભેદપદના લોપથી મધ્યમપદલોપી સમાસ છે), આવું ભોજન જમાડીને, એમ કહેવાનો મતલબ છે. આ અઢાર ભેદો નીચે પ્રમાણે જાણવા—

**सूओ १ दणो २ जवन्नं ३, तिन्नि य मंसाइं ६ गोरसो ७ जूसो ८ ।**
**भक्खा ९ गुललावणिया १०, मूलफला ११ हरियगं १२ सागो [डागो] ।।४८।।**

**होइ रसालू व तहा १४, पाणं १५ पाणीय १६ पाणगं चेव १७ ।**

**अट्ठारसमो सागो १८, निरुवहओ लोइओ पिंडो ।।४९।।**

દાળ ૧, ભાત ૨, જવથી બનેલું પરમાન્ન ૩, જલચર, સ્થલચર અને ખેચરના ત્રણ પ્રકારના માંસ ૬, ગોરસ, દૂધ, દહીં, ઘી વગેરે ૭, જૂસ–મગ, ચોખા, જીરું, કટુ (મેથી વગેરે), ભાંડ વગેરેથી યુક્ત રસ (ઓસામણ) ૮, ભક્ષ્ય–મીઠાઈ વગેરે ૯, ગોળપાપડી અથવા લોકમાં પ્રસિદ્ધ ગોળધાના ૧૦, મૂલ–અશ્વગંધા (આસોંધ) વગેરે, તેમજ કેળાં વગેરે આ એક જ પદ છે ૧૧, લીલું જીરું વગેરે ૧૨, શાક–વસ્તુલ (પાલખા) વગેરેની ભાજી ૧૩, રસાલુ–મજ્જિકા, તેનું આ લક્ષણ આ પ્રમાણે જાણવું—

**दो घयपला महुपलं, दहिस्स अद्धाढयं मिरिय वीसा । दस खण्डगुलपलाइं, एस रसालू णिवइजोग्गो[ग] ।।५०।।**

બે પલ ઘી, એક પલ મધ, અર્દ્ધ આઢક દહીં, વીશ દાણા મરી, ખાંડ દશ પળ અને ગોળ દશ પળ—આ રસાલુ કહેવાય છે તે નૃપતિને યોગ્ય છે ૧૪, તથા પાન–મદિરાદિ ૧૫, પાણી ૧૬, દ્રાક્ષનું પાણી વગેરે ૧૭, શાક–છાશથી રાંધેલું ૧૮ (૪૮–૪૯–૫૦) – આ અઢાર જાતિનો આહાર બે પ્રકારનો છે : ૧ નિર્દોષ અને ૨ લૌકિક–નિર્વિવેકી લોકને આશ્રયી અર્થાત્ માંસ વગેરે અવિવેકી માટે છે, વિવેકી લોકોને તે ત્યાજ્ય છે. (આ પ્રમાણે શુદ્ધ આહારાદિ કરાવીને) જ્યાં સુધી પ્રાણ ધારણ કરે છે ત્યાં સુધી સ્કંધ–ખભા ઉપર વહન કરવા વડે પણ તે માતાપિતાનો પ્રતિકાર (બદલો વાળવો) અશક્ય છે; કારણ કે પુત્રે અનુભવેલ ઉપકાર વડે તે માતાપિતાનો પ્રત્યુપકાર કરનાર હોય છે. કહ્યું છે કે—

**कयउवयारो जो होइ सज्जणो होइ को गुणो तस्स? । उवयारबाहिरा जे, हवंति ते सुंदरा सुयणा ।।५१।।**

કરેલ છે ઉપકાર જેના પર એવો માણસ (પ્રત્યુપકારથી) સજ્જન થાય તેમાં તેનો શો ગુણ? અર્થાત્ કાંઈપણ નહિ, પરંતુ અનુપકારી પ્રત્યે જે ઉપકાર કરે છે તેઓ ઉત્તમ સજ્જનો કહેવાય છે. (૫૧)

'अहे णं से' त्ति० अथ—જો (અહિં णंકાર વાક્યાલંકારમાં છે) તે પુરુષ, માતાપિતાને ધર્મને વિષે સ્થાપન કરનાર થાય તો બદલો વાળી શકે. કેવી રીતે સ્થાપે? અનુષ્ઠાન–ક્રિયાથી સ્થાપે છે એ ભાવ છે. શું કરીને? તે સંબંધે કહે છે—ધર્મ કહીને, સમજાવીને, વિશેષ ભેદથી પ્રરૂપીને અથવા સામાન્યથી કહીને એટલે કે ધર્મ કરવા યોગ્ય છે, વિશેષથી પ્રરૂપીને એટલે કે આ ધર્મ અહિંસાદિ લક્ષણવાળો છે, વિશેષ ભેદથી પ્રરૂપીને એટલે કે અઢાર હજાર શીલાંગ રથરૂપ છે (**आघवइत्ता** વગેરે પદો શીલ અર્થમાં तृन् પ્રત્યયવાળા છે) '**तेणामेव**' त्ति०—તેના વડે–ધર્મ–સ્થાપના વડે પ્રતિકાર થાય, પરિવહન (ખભા ઉપર લઈ જવા) વડે નહિં, અથવા તે ધર્મમાં સ્થાપનાર પુરુષ વડે માતાપિતાના ઉપકારનો પ્રતિકાર થાય પરંતુ વહન કરનાર વડે નહિ. પ્રત્યુપકાર કરવા યોગ્ય તે માતાપિતાને '**सुप्पडियारं**' ति० જે સુખપૂર્વક પ્રત્યુપકાર કરાય છે તે સુપ્રતિકાર, આ ભાવસાધન છે. तद्भवति–પ્રત્યુપકાર કરાય છે. કારણ? ધર્મ–સ્થાપનાનું મહોપકારીપણું છે. કહ્યું છે કે—

**संमत्तदायगाणं, दुप्पडियारं भवेसु बहुएसुं । सव्वगुणमेलियाहि वि, उपगारसहस्सकोडीहिं ।।५२।। [उप०मा० २६९ त्ति]**

ઘણા ભવોને વિષે સર્વ ગુણ (અનેક ગુણ) વડે મેળવેલ હજાર કોટી (ક્રોડ) ઉપકારો વડે પણ સમકિતના દેનાર ગુરુઓના ઉપકારનો બદલો વાળવો અશક્ય છે (૧). (૫૨)

હવે સ્વામીના દુષ્પ્રતિકાર્યપણા સંબંધી કહે છે—'**केई महच्चे**'त्ति० કોઈપણ મહાન્ ઐશ્વર્ય સ્વરૂપ અર્ચા અથવા પૂજા છે જેને, અથવા મહાન્ ધનપતિ–શ્રેષ્ઠી, माहत्यं—મહત્ત્વ તેના યોગ વડે માહત્ય અર્થાત્ ઈશ્વર, दरिद्रम्—ઈશ્વર નહિં એવો કોઈક પુરુષ–અતિશય દુઃખિત પ્રત્યે समुत्कर्षयेत्—ધનદાન વગેરે વડે ઉત્કૃષ્ટ કરે, તેને શ્રીમંત બનાવે, ततः ઉત્કૃષ્ટપણું પામ્યા પછી તે દરિદ્ર પુરુષ ધનાદિ વડે સમુત્કૃષ્ટ થયો થકો, '**पच्छ**'त्ति० પશ્ચાત્કાલમાં '**पुरं च णं**'ति० પૂર્વકાલમાં અર્થાત્ ઉત્કૃષ્ટકાલે અથવા પશ્ચાત્–સ્વામીની અસમક્ષ (પરોક્ષ) પુરશ્ચ—સ્વામીની સમક્ષ, ભોગની ઘણી સામગ્રી વડે જે યુક્ત તે, તેવી રીતે તે પણ (દરિદ્ર પણ) વર્તે (સ્વામી જેવો થાય), ત્યારબાદ તે સ્વામી અન્યદા લાભાંતરાયકર્મના ઉદયથી કદાચિત્ તેવા

પ્રકારના દરિદ્રની માફક અસહ્ય આપદાને અંગે દરિદ્રી થયો થકો, तस्य—પૂર્વે ઉત્કર્ષ કરેલ દરિદ્રીની પાસે 'हव्वं'ति० અન્ય શરણ રહિતપણાએ ત્યાં શરણનું શક્યપણું સંભવિત હોવાથી તરત આવે. તે સમયે પૂર્વની પોતાની અવસ્થા જાણી તે દરિદ્ર પૂર્વના ઉપકારી તે સ્વામીને અર્થે **'सव्वस्सं'** ति० પોતાનું સર્વ દ્રવ્ય અર્થાત્ સર્વસ્વ **'दलयमाणे'** त्ति० આપતો થકો પણ કરેલ ઉપકારનો બદલો વાળી શકે નહિં અર્થાત् तेनापि—સર્વસ્વ દેવા વડે અથવા સર્વસ્વ આપનાર વડે પણ દુષ્પ્રતિકાર જ છે (પણ તે સ્વામિ જો ધર્મથી ચ્યુત થયા હોય તો તેમને ધર્મમાં સ્થિર કરે તો બદલો વાળી શકે.) (૨). હવે ધર્માચાર્યની દુષ્પ્રતિકાર્યતાને વર્ણવે છે—**'केई'** त्यादि० **'आयरियं'** ति० **પાપકર્મોથી જે દૂર રહે તે આર્ય,** એ જ કારણથી ધાર્મિક, તેના દ્વારા જ શ્રેષ્ઠ વચન કાનથી સાંભળીને, મનથી અવધારીને (નિશ્ચિત કરીને) કોઈ પણ દેવલોકને વિષે દેવપણાએ ઉત્પન્ન થાય. બાદ જે દેશમાં ભિક્ષા દુર્લભ હોય તે દુર્ભિક્ષ, તે ધર્માચાર્ય રહેતા હોય ત્યાં એવી દુર્ભિક્ષ કાલ આવી જાય ત્યારે તે દેવ તેમને તે દુર્ભિક્ષ દેશમાંથી (સુભિક્ષ દેશમાં) લઈ જાય, कान्तारम्—ભયંકર અટવીથી વસ્તીવાળા પ્રદેશમાં લઈ જાય, લાંબો કાલ છે જેનો તે દીર્ઘકાલિક, તેવા રોગ વડે અર્થાત્ ઘણા કાલ સહન કરાય તે કુષ્ટ વગેરે અને આતંક-તરત પ્રાણનો નાશ કરનાર કષ્ટમય શૂલ વગેરે (શૂલ, હાર્ટફેલ વગેરે તરત પ્રાણઘાતક છે) આ બેનો દ્વંદ્વ સમાસમાં એક સદ્ભાવ કરવાથી રોગાતંક (શબ્દ) વાપર્યો છે, તેના વડે ધર્માચાર્યને મુક્ત કરે તો પણ પ્રતિકાર ન થઈ શકે પરંતુ જો તે ધર્માચાર્ય ધર્મથી ચ્યુત થયા હોય તો તેમને પુનઃ ધર્મમાં સ્થાપન કરવા વડે ઉપકારનો બદલો વાળનાર થાય છે. કહ્યું છે કે—

**जो जेण जंमि ठाणम्मि, ठाविओ दंसणे व चरणे वा । सो तं तओ चुयं, तंमि चेव काउं भवे निरिणो ।।५३।।**

**[निशिथ भा० ५५९३ त्ति]**

જેના વડે ધર્મોપદેશ આપવાથી સમ્યક્ત્વ અથવા ચારિત્રને વિષે જે સ્થાપિત કરાયો હોય તે પુરુષ જો ગુરુ, દર્શન અને ચારિત્રથી ભ્રષ્ટ થયો હોય તો તેને સમ્યક્ત્વ અને ચારિત્રમાં પુનઃ સ્થાપન કરીને ઋણ રહિત થાય અર્થાત્ પ્રત્યુપકાર કરી શકે. (૫૩) શેષ સુગમ હોવાથી વિવરણ કર્યું નથી. ।।૧૩૫।।

ધર્મસ્થાપન કરવા વડે આનો ભવચ્છેદલક્ષણ (મોક્ષરૂપ) પ્રત્યુપકાર થાય, માટે ધર્મને ત્રણ સ્થાનમાં અવતારવા વડે ભવચ્છેદના કારણ સંબંધી કહે છે—

**तिहिं ठाणेहिं संपन्ने अणगारे अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं वीईवएज्जा, तंजहा— अणिदाणयाए, दिट्ठिसंपन्नयाए, जोगवाहियाए ।। सू० १३६।।**

**तिविहा ओसप्पिणी पन्नत्ता, तंजहा—उक्को[क्क]सा, मज्झिमा, जहन्ना १, एवं छप्पि समाओ भाणियव्वाओ, जाव दूसमदूसमा ७। तिविहा उस्सप्पिणी पन्नत्ता, तंजहा—उक्को[क्क]सा, मज्झिमा, जहन्ना ८, एवं छप्पि समाओ भाणियव्वाओ, जाव सुसमसुसमा १४ ।। सू० १३७।।**

**तिहिं ठाणेहिं अच्छिन्ने पोग्गले चलेज्जा, तंजहा—आहारिज्जमाणे वा पोग्गले चलेज्जा, विकुव्वमाणे वा पोग्गले चलेज्जा, ठाणातो वा ठाणं संकामिज्जमाणे पोग्गले चलेज्जा। तिविहे उवधी पन्नत्ते, तंजहा—कम्मोवही, सरीरोवही, बाहिरभंडमत्तोवही। एवं असुरकुमाराणं भाणियव्वं, एवं एगिंदिय-नेरइयवज्जं जाव वेमाणियाणं १। अहवा तिविहे उवधी पन्नत्ते, तंजहा—सच्चित्ते, अचित्ते, मीसए । एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं २। तिविहे परिग्गहे पन्नत्ते, तंजहा—कम्मपरिग्गहे, सरीरपरिग्गहे, बाहिरभंडमत्तपरिग्गहे। एवं असुरकुमाराणं, एवं एगिंदियनेरइयवज्जं जाव वेमाणियाणं ३।**

**अहवा तिविहे परिग्गहे पन्नत्ते, तंजहा—सचित्ते, अचित्ते, मीसए । एवं नेरइयाणं निरंतरं जाव वेमाणियाणं ४ ।। सू० १३८।।**

(મૂ૦) ત્રણ સ્થાનકો (કારણો) વડે સંપન્ન અનગાર, અનાદિ, અનંત, દીર્ઘ માર્ગવાળા, નરકાદિ ચાર ગતિવાળા સંસારરૂપી અરણ્યને ઉલ્લંઘન કરે–પાર પામે, તે આ પ્રમાણે—નિયાણું ન કરવા વડે, સમ્યગ્દૃષ્ટિપણાએ અને **શ્રુતના ઉપધાન વહન કરવા વડે.** ॥૧૩૬॥

ત્રણ પ્રકારે અવસર્પિણી કહેલી છે, તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ૧, એવી રીતે ઉત્કૃષ્ટાદિ ત્રણ ભેદ વડે છ આરા પણ કહેવા, યાવત્ દૂષમદૂષમપર્યંત ૭, ત્રણ પ્રકારે ઉત્સર્પિણી કહેલી છે, તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ૮, એવી રીતે છ આરા પણ કહેવા, યાવત્ સુષમસુષમ પર્યંત ૧૪. ॥૧૩૭॥

ત્રણ કારણે છેદાયેલ નહિં એવા પુદ્ગલો ચલિત થાય, તે આ પ્રમાણે—આહારપણાએ જીવ વડે ગ્રહણ કરવાથી, વૈક્રિય કરવા વડે–વૈક્રિયના વશથી, એક સ્થાનથી બીજે સ્થાને મૂકવાથી પુદ્ગલ ચલે. ત્રણ પ્રકારે ઉપધિ કહેલ છે, તે આ પ્રમાણે–કર્મઉપધિ, શરીરઉપધિ અને બાહ્યભાંડમાત્રઉપધિ. આ ત્રણ ઉપધિ અસુરકુમારોને હોય, એમ કહેવું. એવી રીતે એકેંદ્રિય અને નૈરયિકને વર્જીને યાવત્ વૈમાનિક પર્યંત કહેવું ૧, અથવા ત્રણ પ્રકારે ઉપધિ કહેલ છે, તે આ પ્રમાણે–સચિત્ત, અચિત્ત અને મિશ્ર, આ પ્રમાણે નૈરયિકોને ત્રણ ઉપધિ હોય છે, એવી રીતે બધા વૈમાનિક પર્યંતના જીવોને કહેવું ૨, ત્રણ પ્રકારે પરિગ્રહ કહેલ છે, તે આ પ્રમાણે—કર્મપરિગ્રહ, શરીરપરિગ્રહ અને બાહ્યભાંડમાત્રપરિગ્રહ, આ ત્રણ પરિગ્રહ અસુરકુમારોને હોય છે, એવી રીતે એકેંદ્રિય અને નૈરયિકને છોડીને યાવત્ વૈમાનિક પર્યંતને હોય છે ૩ અથવા ત્રણ પ્રકારે પરિગ્રહ કહેલ છે, તે આ પ્રમાણે–સચિત્ત, અચિત્ત અને મિશ્ર, આ ત્રણ પરિગ્રહ નૈરયિકથી આરંભીને યાવત્ વૈમાનિક પર્યંતને કહેવા ૪. ॥૧૩૮॥

(ટી૦) **'तिही'**त्यादि० સુગમ છે. વિશેષ એ કે—આદિ રહિત, અનંત, લાંબા માર્ગવાળા, ચાર અંત–વિભાગો (નરક ગતિ વગેરે) છે જેને તે ચતુરંત, (અહિં દીર્ઘપણું પ્રાકૃત શૈલીથી છે) સંસાર એ જ કાંતાર–અરણ્ય પ્રત્યે ઉલ્લંઘન કરે. અનાદિત્વ વગેરે વિશેષણો અરણ્યના પક્ષમાં પણ વિવક્ષા વડે યોજવા, તે આ પ્રમાણે—અનાદિ અનંત એવું જે અરણ્ય અતિ મોટું હોવાથી અને ચતુરંત વિશેષણ દિશાના ભેદથી જાણવું. નિદાન–ભોગઋદ્ધિની પ્રાર્થનાના સ્વભાવરૂપી આર્ત્તધ્યાન, તેનું ત્યાગપણું તે અનિદાનતા, તેના વડે. દૃષ્ટિસંપન્નતા–સમ્યગ્દૃષ્ટિપણાએ જાણવું. યોગવાહિતા–સૂત્રના ઉપધાન વહન કરવા અથવા સમાધિમાં રહેવું, તેના વડે. ॥૧૩૬॥

ભવસંસારનું ઉલ્લંઘન કાળવિશેષમાં થાય આ કારણથી કાળવિશેષનું નિરૂપણ કરવા માટે કહે છે—**'तिविहे'**त्यादि० ચૌદ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—અવસર્પિણી પહેલા અરક–આરામાં ઉત્કૃષ્ટી, ચાર આરામાં મધ્યમા અને છેલ્લા (છઠ્ઠા) આરામાં જઘન્ય અવસર્પિણી હોય છે (૧) એવી જ રીતે સુષમસુષમ વગેરે ઉત્સર્પિણીના છ આરામાં દરેકના ત્રણ ત્રણ ભેદ કલ્પવા (૭), તથા ઉત્સર્પિણીના દુષ્પમદુષ્પમ વગેરે અવસર્પિણીના કહેલ ભેદથી વિપરીત વડે ઉત્કૃષ્ટપણું પૂર્વની માફક યોજવું (૧૪). ॥૧૩૭॥

કાલલક્ષણરૂપ અચેતન દ્રવ્યનાં ધર્મો હમણા કહ્યા, તેના સાધર્મ્યથી પુદ્ગલના ધર્મોનું નિરૂપણ કરતા પાંચ સૂત્ર અને ચાર દંડકો કહે છે—**'तिही'** त्यादि० ખડ્ગાદિ વડે છેદેલ પુદ્ગલ, સમુદાયથી ચલિત થાય છે જ, આ કારણથી **'अच्छिन्नपुद्गल'** એમ કહ્યું. **'आहारेज्जमाणे'** त्ति० આહારપણાએ જીવ વડે ગ્રહણ કરાતો થકો એટલે જીવે આકર્ષણ કરવાથી પોતાના સ્થાનથી (પુદ્ગલ) ચલિત થાય છે. એવી રીતે વૈક્રિયમાણ–વૈક્રિયકરણના આધીનપણાથી ચલે છે. એક સ્થાનથી બીજા સ્થાનમાં હસ્તાદિ વડે સંક્રમણ કરાતો (મૂકાતો) થકો ચલે છે (૧) **उपधीयते**—જેના વડે જીવ પોષાય છે તે ઉપધિ, કર્મ એ જ ઉપધિ કર્મોપધિ, એમજ શરીરોપધિ, તેમજ બાહ્ય–શરીરથી બહાર વર્ત્તનાર ભાંડ–માટીના ભાજનો, માત્ર–કાંસા વગેરે ધાતુના ભાજનો, ભાજન એ જ ઉપકરણ એ અર્થ સમજવો. જે ભાંડ માત્ર તે જ ઉપધિ અર્થાત ભાંડમાત્રોપધિ, અથવા ભાંડ–વસ્ત્ર અને આભરણ વગેરે સહિત, તે જ ઉપધિ. તે કારણથી 'બાહ્ય' શબ્દનો કર્મધારયસમાસ કરવો. ચોવીશ દંડકની વિચારણામાં

અસુરાદિને ઉપધિઓ ત્રણે કહેવી પરન્તુ નારક અને એકેંદ્રિયને વર્જવા, કારણ કે તેઓને ઉપકરણનો અભાવ હોય છે. કેટલાએક દ્વીંદ્રિય વગેરેને તો ઉપકરણ દેખાય છે જ. આ કારણથી કહે છે—'एव' मित्यादि० 'अहवे' त्यादि० સચિત્ત ઉપધિ, જેમ પત્થરનું ભાજન, અચિત્ત–વસ્ત્ર વગેરે અને મિશ્ર–પ્રાયઃ (શસ્ત્રાદિ) પરિણત પત્થરનું ભાજન. દંડકની વિચારણા સુગમ છે, વિશેષ એ કે–નારકોને સચિત્ત ઉપધિ શરીર છે, અચિત્ત ઉત્પત્તિનું સ્થાન હોય છે અને મિશ્ર ઉચ્છ્વાસ વગેરે પુદ્ગલ સહિત શરીર જ. તેઓને સચેતન અને અચેતન તથા મિશ્રત્વની વિવક્ષા છે, એમજ શેષ–બીજાઓને માટે પણ આ જાણવું (૨) 'तिविहे परिग्गहे' त्यादि० સૂત્રો ઉપધિની માફક જાણવા. વિશેષ એ કે—परिगृह्यते–સ્વીકાર કરાય છે તે પરિગ્રહ–મૂર્છાવિષય. અહિં અસુરકુમાર વગેરેને આ કથન યોગ્ય જ ગ્રહણ કરવા યોગ્ય છે. પરિગ્રહ, નારક અને એકેંદ્રિયોને કર્મ વગેરે સંભવે છે, પરંતુ ભાંડાદિ પરિગ્રહ ન સંભવે (૩-૪). ॥૧૩૮॥

પુદ્ગલના ધર્મોનું ત્રિવિધપણું નિરૂપણ કરીને ધર્મોનું 'तिविहे' इत्यादि० દંડક સહિત ત્રણ સૂત્રો વડે ત્રિવિધપણું કહે છે—

**तिविहे पणिहाणे पन्नत्ते, तंजहा—मणपणिहाणे, वयपणिहाणे, कायपणिहाणे। एवं पंचिंदियाणं जाव वेमाणियाणं। तिविहे सुप्पणिहाणे पन्नत्ते, तंजहा—मणसुप्पणिहाणे, वयसुप्पणिहाणे, कायसुप्पणिहाणे। संजयमणुस्साणं तिविहे सुप्पणिहाणे पन्नत्ते, तंजहा—मणसुप्पणिहाणे, वइसुप्पणिहाणे, कायसुप्पणिहाणे। तिविहे दुप्पणिहाणे पन्नत्ते, तंजहा—मणदुप्पणिहाणे, वइदुप्पणिहाणे, कायदुप्पणिहाणे। एवं पंचिंदियाणं जाव वेमाणियाणं ॥ सू० १३९॥**

**तिविहा जोणी पन्नत्ता, तंजहा—सीया, उसिणा, सीओसिणा। एवं एगिंदियाणं विगलिंदियाणं तेउकाइयवज्जाणं संमुच्छिमपंचिंदियतिरिक्खजोणियाणं संमुच्छिममणुस्साण य । तिविहा जोणी पन्नत्ता, तंजहा—सचित्ता, अचित्ता, मीसिया। एवं एगिंदियाणं विगलिंदियाणं संमुच्छिमपंचिंदियतिरिक्खजोणियाणं संमुच्छिममणुस्साण य १। तिविहा जोणी पन्नत्ता, तंजहा—संवुडा, वियडा, संवुडवियडा।**

**तिविहा जोणी पन्नत्ता, तंजहा—कुम्मुन्नया, संखावत्ता, वंसीपत्तिया। कुम्मुन्नया णं जोणी उत्तमपुरिसमाऊणं, कुमुन्नयाते णं जोणिए तिविहा उत्तमपुरिसा गब्भं वक्कमंति, तंजहा—अरहंता, चक्कवट्टी, बलदेव-वासुदेवा। संखावत्ताणं जोणी इत्थीरयणस्स, संखावत्ताए णं जोणीए बहवे जीवा य पोग्गला य वक्कमंति, विउक्कमंति चयंति उववज्जंति, नो चेव णं निप्फज्जंति। वंसीपत्तिता णं जोणी पिहज्जणस्स, वंसीपत्तिताए णं जोणीए बहवे पिहज्जणे गब्भं वक्कमंति २ ॥ सू० १४०॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે પ્રણિધાન—એકાગ્રતા કહેલ છે, તે આ પ્રમાણે—મનનું પ્રણિધાન, વચનનું પ્રણિધાન અને કાયાનું પ્રણિધાન. તે ત્રણે પ્રણિધાન પંચેંદ્રિયોને યાવત્ વૈમાનિક પર્યંતોને હોય છે. (સોળ દંડકમાં હોય છે). સંયત મનુષ્યોને ત્રણ પ્રકારે સુપ્રણિધાન (શુભ પ્રવૃત્તિની એકાગ્રતા) હોય છે, તે આ પ્રમાણે—મનનું સુંદર પ્રણિધાન, વચનનું સુંદર પ્રણિધાન અને કાયાનું સુંદર પ્રણિધાન. ત્રણ પ્રકારે દુઃપ્રણિધાન (દુષ્ટ પ્રવૃત્તિરૂપ) કહેલ છે, તે આ પ્રમાણે—મનનું માઠું (અશુભ) પ્રણિધાન, વચનનું માઠું પ્રણિધાન અને કાયાનું માઠું પ્રણિધાન. એવી રીતે (એ ત્રણે) પંચેંદ્રિયોને યાવત્ વૈમાનિક પર્યંતોને હોય છે. ॥૧૩૯॥*

*ત્રણ પ્રકારે યોનિ કહેલ છે, તે આ પ્રમાણે—શીતયોનિ, ઉષ્ણયોનિ અને શીતોષ્ણ [મિશ્ર] યોનિ. આ ત્રણ યોનિ તેજસ્કાયિક વર્જીને શેષ એકેંદ્રિય અને વિકલેંદ્રિયોને, સંમૂર્છિમપંચેંદ્રિયતિર્યંચયોનિકોને અને સંમૂર્છિમ મનુષ્યોને હોય છે. વળી ત્રણ પ્રકારે યોનિ કહેલી છે, તે આ—સચિત્તયોનિ, અચિત્તયોનિ અને મિશ્રિત (સચિત્તાચિત્ત) યોનિ.*

*આ ત્રણ યોનિ એકેંદ્રિયોને, સંમૂર્ચ્છિમપંચેંદ્રિયતિર્યંચયોનિકોને અને સંમૂર્ચ્છિમ મનુષ્યોને હોય છે (૧). ત્રણ પ્રકારે યોનિ કહેલી છે, તે આ પ્રમાણે—સંવૃત્તા (ઢાંકેલી) યોનિ, વિવૃત્તા (ખુલ્લી) યોનિ અને સંવૃત્તવિવૃત્તા યોનિ. વળી ત્રણ પ્રકારે યોનિ કહેલ છે, તે આ પ્રમાણે—કૂર્મોન્નતા (કાચબાની માફક ઉપડતી) યોનિ, શંખાવર્ત્તા (શંખની જેમ વમળવાળી) યોનિ અને વંશીપત્રા (વાંસના પાંદડા જેવી) યોનિ. કૂર્મોન્નતા યોનિ ઉત્તમ પુરુષની માતાઓને હોય છે. કૂર્મોન્નતા યોનિને વિષે ત્રણ પ્રકારના પુરુષો ગર્ભમાં ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—અરિહંત, ચક્રવર્તીઓ અને બલદેવ-વાસુદેવો. શંખાવર્ત્તા યોનિ ચક્રવર્તીના સ્ત્રીરત્નને હોય છે. શંખાવર્ત્તા યોનિને વિષે ઘણા જીવો અને પુદ્ગલો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે; પરંતુ નિષ્પત્તિ ન થાય-જન્મ ન થાય. વંશીપત્રાયોનિ સામાન્ય મનુષ્યને અર્થાત્ સામાન્ય મનુષ્યની માતાને હોય છે. વંશીપત્રા યોનિને વિષે ઘણા સામાન્ય મનુષ્યો ગર્ભમાં ઉત્પન્ન થાય છે (૨). ॥૧૪૦॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે, વિશેષ એ કે—પ્રણિધાન-એકાગ્રતા, તે પ્રણિધાન મન વગેરે સંબંધીના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં મનની જે એકાગ્રતા તે મનઃપ્રણિધાન, એવી રીતે વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન જાણવું. તે પ્રણિધાન ચોવીશ દંડકમાં સર્વ પંચેંદ્રિય દંડકોને હોય છે, તે સિવાયના દંડકોમાં નથી, કારણ કે તેઓને ત્રણ યોગનો અભાવ હોય છે. આ કારણથી જ કહ્યું છે કે—'एवं पंचेंदिये' त्यादि० પ્રણિધાન શુભ અને અશુભ ભેદરૂપ છે, તેમાં પ્રથમ શુભ પ્રણિધાનને કહે છે—'तिविहे' त्यादि० સામાન્ય સૂત્ર છે, વિશેષને (શુભને) આશ્રયીને તો ચોવીશ દંડકની વિચારણામાં મનુષ્યોને જ, તેમાં પણ **સંયતોને જ શુભ પ્રણિધાન હોય છે, કારણ કે સંયતને ચારિત્રપરિણામ હોય છે**. આ કારણથી જ કહે છે—'संजये' त्यादि० (૨) દુષ્ટ પ્રણિધાન અશુભ મન વગેરેની પ્રવૃત્તિરૂપ છે. તેની સામાન્ય પ્રણિધાનની જેમ વ્યાખ્યા કરવી. (પંચેંદ્રિયના બધા દંડકમાં હોય છે.) ॥૧૩૯॥

જીવના પર્યાયના અધિકારથી 'तिविहे' સૂત્રથી આરંભીને 'गब्भं वक्कमंति' પર્યતના છેલ્લા સૂત્ર વડે યોનિનું સ્વરૂપ કહે છે—યુવંતિ-તૈજસ અને કાર્મણ શરીરવાળા જીવો ઔદારિક શરીર વડે મિશ્ર થાય છે જેણીને વિષે તે યોનિ, અર્થાત્ શીતાદિ સ્પર્શવાળું જીવની ઉત્પત્તિનું સ્થાન તે યોનિ. 'एवं'ति० જેમ સામાન્યથી ત્રણ પ્રકારે (યોનિ) છે તેમ ચોવીશ દંડકની વિચારણામાં તેજસ્કાય વર્જીને બાકીના એકેંદ્રિયોને અને વિકલેંદ્રિયોને હોય છે. તેજસ્કાયને ઉષ્ણયોનિ હોવાથી તેનો નિષેધ કરેલ છે. પંચેંદ્રિયતિર્યંચ દંડકમાં અને મનુષ્યના દંડકમાં સંમૂર્ચ્છિમ જીવોને ત્રણ યોનિ હોય છે. બાકીના પંચેંદ્રિયોને તો બીજી રીતે હોય છે. કહ્યું છે કે—

**सीओसिणजोणीया, सव्वे देवा य गब्भवक्कंती । उसिणा य तेउकाए, दुह णिरए तिविह सेसाणं ।।५४।।**

[जीव स० ४७, बृहत्सं० ३६० ति]

સર્વ દેવો અને ગર્ભજ મનુષ્ય-તિર્યંચો, એક શીતોષ્ણ યોનિવાળા હોય છે, તેજસ્કાયમાં ઉષ્ણયોનિ છે, નરકને વિષે શીત અને ઉષ્ણ બે યોનિ છે; બાકીનાઓને ત્રણે યોનિ હોય છે. (૫૪)

બીજી રીતે યોનિના ત્રિવિધપણાને કહે છે—'तिविहे' इत्यादि० સૂત્ર સુગમ છે, વિશેષ એ કે—દંડકની વિચારણાને વિષે એકેંદ્રિય વગેરેને સચિત્તાદિ ત્રણ પ્રકારની યોનિ હોય છે, બીજાઓને બીજી રીતે હોય છે. કહ્યું છે કે—

**अच्चित्ता खलु जोणी, नेरइयाणं तहेव देवाणं । मीसा य गब्भवसही, तिविहा जोणी य सेसाणं ।।५५।।**

**[जीव स० ४६, बृहत्सं० ३५९ ति]**

નારકોને અને દેવોને ચોક્કસ અચિત્ત યોનિ હોય છે, ગર્ભજ મનુષ્ય અને તિર્યંચોને મિશ્રયોનિ હોય છે, બાકીના એકેંદ્રિય, વિકલેંદ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેંદ્રિયતિર્યંચમનુષ્યને ત્રણે યોનિ હોય છે (૧). (૫૫)

ફરીથી બીજી રીતે યોનિને કહે છે—'तिविहे' त्यादि० ઢાંકેલી ઘટિકા (ઘડી)ના ઘર જેવી, વિવૃત્તા-ખુલ્લી અને

સંવૃત્તવિવૃત્તા-ઉભયસ્વરૂપ. યોનિઓનો વિભાગ આ પ્રમાણે જાણવો—

**एगिंदिय-नेरइया, संवुडजोणी हवंति देवा य । विगलिंदियाण विगडा, संवुडवियडा य गब्भंमि ।।५६।।**

[जीव स० ४५, बृहत्सं० ३५८ ति]

સ્પષ્ટ નહિં જણાવાથી એકેંદ્રિયને, ઢાંકેલ ગોખના જેવી હોવાથી નૈરયિકોને અને શય્યામાં ઢાંકેલ દેવદૂષ્ય વસ્ત્રથી દેવોનો ઉત્પાદ હોવાથી દેવોને સંવૃત્તાયોનિ છે અર્થાત્ તે ત્રણેને સંવૃત્તાયોનિ હોય છે. વિકલેંદ્રિયો[1] અને સંમૂર્ચ્છિમ મનુષ્ય, તિર્યંચોને વિવૃત્તા (ખુલ્લી) યોનિ હોય છે, કારણ કે તેઓની ઉત્પત્તિના સ્થાનો (જલાશય વગેરે) સ્પષ્ટ જણાય છે. વળી ગર્ભજ મનુષ્ય અને તિર્યંચોને સંવૃત્તવિવૃત્તા યોનિ છે, કારણ કે ગર્ભ, અંદરના સ્વરૂપથી જણાતો નથી અને ઉદરવૃદ્ધિ વગેરે લક્ષણથી બહારથી જણાય છે માટે કાંઈક ઢાંકેલી અને કાંઈક ખુલ્લી સમજવી. (૫૬)

'कुमुन्नये' त्यादि० સુગમ છે. વિશેષ કહે છે કે—કૂર્મ-કાચબો, તેની જેમ ઉપડતી તે કૂર્મોન્નતા, શંખની જેમ આવર્ત્ત છે જેણીને વિષે તે શંખાવર્ત્તા, વંશ્યા-વંશજાલીના પાંદડાની જેમ છે તે વંશીપત્રિકા 'गब्भं वक्कमंति' त्ति० ગર્ભને વિષે ઉત્પન્ન થાય છે. બલદેવ અને વાસુદેવોનું સાથે રહેવાપણું હોવાથી એકત્વની વિવક્ષા વડે ઉત્તમ પુરુષનું ત્રિવિધપણું સમજવું. 'बहवे' इत्यादि० યોનિપણાથી જીવો અને જીવને ગ્રહણ કરવા યોગ્ય પુદ્ગલોનું શું થાય? 'व्युत्क्रामंति' ઉત્પન્ન થાય છે, 'व्यवक्रामन्ति' નાશ પામે છે, એ જ વ્યાખ્યા કરે છે—'विउक्कमंती' ति० શો અર્થ છે?–ચ્યવે છે, 'वक्कमंति' त्ति० શું કહેવું થાય છે?–ઉત્પન્ન થાય છે. 'पिहज्जणस्स' त्ति० પૃથગ્જન–સામાન્ય મનુષ્યની ઉત્પત્તિનું કારણ હોય છે (૨) ।।૧૪૦।।

હમણાં યોનિથી મનુષ્યો કહેવાયા, હવે મનુષ્યના સમાન ધર્મવાળા બાદરવનસ્પતિકાયિકોની પ્રરૂપણા કરતા થકા કહે છે—

**तिविहा तणवणस्सइकाइया पन्नत्ता, तंजहा—संखेज्जजीविता, असंखेज्जजीविता, अणंतजीविया।। सू० १४१।। जंबूद्दीवे दीवे भारहे वासे तओ तित्था पन्नत्ता, तंजहा—मागहे, वरदामे, पभासे, एवं एरवए वि। जंबुद्दीवे दीवे महाविदेहे वासे एगमेगे चक्कवट्टिविजये, ततो तित्था पन्नत्ता, तंजहा—मागहे, वरदामे, पभासे ३। एवं धायइसंडे दीवे पुरच्छिमद्धे वि ६, पच्चत्थिमद्धे वि ९, पुक्खरवरदीवद्धपुरच्छिमद्धे वि १२, पच्चत्थिमद्धे वि १५ ।। सू० १४२।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે બાદરવનસ્પતિકાયિકો કહેલ છે, તે આ પ્રમાણે—સંખ્યાત જીવવાળા, અસંખ્યાત જીવવાળા અને અનંત જીવવાળા. ।।૧૪૧।।*

*જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રને વિષે ત્રણ તીર્થો કહેલ છે, તે આ પ્રમાણે—માગધ, વરદામ અને પ્રભાસ. એવી રીતે ઐરવતક્ષેત્રને વિષે પણ ત્રણ તીર્થો છે. જંબૂદ્વીપ નામના દ્વીપના મહાવિદેહક્ષેત્રને વિષે એક એક ચક્રવર્તીના વિજયમાં ત્રણ ત્રણ તીર્થો કહેલ છે, તે આ પ્રમાણે—માગધ, વરદામ અને પ્રભાસ (૩), એમ જ ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધને વિષે પણ એક એક વિજયમાં ત્રણ ત્રણ તીર્થ છે (૬), પશ્ચિમાર્દ્ધમાં પણ છે (૯), પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વાર્દ્ધમાં પણ છે (૧૨) અને પશ્ચિમાર્દ્ધમાં એક એક વિજયમાં ત્રણ ત્રણ તીર્થ છે (૧૫). ।।૧૪૨।।*

(ટી૦) 'तिविहे' त्यादि० તૃણવનસ્પતિઓ બાદર સમજવી, સંખ્યાતા જીવોવાળા-જેમ નાલિકાબદ્ધ ફૂલો–નાળથી બંધાયેલ જાઈ વગેરે ફૂલો. અસંખ્યાતા જીવવાળા-જેમ લીંબડો, આંબો વગેરેનાં [2]મૂલ, કંદ, સ્કંધ (થડ), છાલ, ડાળ અને પ્રવાલ (નવાં પાંદડાં) છે. અનંતજીવવાળા–પનક (નીલફૂલ) વગેરે છે. અહિં પ્રજ્ઞાપના સૂત્રમાં જણાવેલ સૂત્રો પણ આ પ્રકારે છે—

1. વિકલેંદ્રિય શબ્દથી સંમૂર્ચ્છિમ મનુષ્ય અને તિર્યંચો પણ જાણવા, કારણ કે તેઓને મન ન હોવાથી વિકલેંદ્રિયમાં તેઓનો અન્તર્ભાવ થાય છે. 2. જમીનની અંદર જે જાય તે મૂલ અને જમીનથી જે ઉપરનો ભાગ તે કન્દ.

**जे केऽवि नालियाबद्धा, पुप्फा संखेज्जजीविया । णीहूआ अणंतजीवा, जे यावन्ने तहाविहा ।।५७।।**

**पउमुप्पलनलिणाणं, सुभगसोगंधियाण य । अरविंद-कोंकणाणं, सयवत्त-सहस्सवत्ताणं ।।५८।।**

**बिंटं बाहिरपत्ता य, कन्निया चेव एगजीवस्स । अब्भिंतरगा पत्ता, पत्तेयं केसरं मिंजा ।।५९।। [प्रज्ञा० १/८७-९०-९१ इति]**

જે કોઈ નાલિકાબદ્ધ પુષ્પો છે તે સંખ્યાત જીવવાળા છે, સ્નિહુ અર્થાત્ પુષ્પની કલિકાઓ છે તે તેમજ બીજા પણ તેવા પ્રકારના પુષ્પાદિ અનંત જીવવાળા જાણવા. પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિંદ, કોકનદ, શતપત્ર અને સહસ્રપત્ર કમલોના બીંટ અને બહારના લીલા પત્રો, કાર્ણિકા (ડોડો), અંદરના પત્રો, કેશરા અને મિંજા (બીજ) તે દરેક એક એક જીવ વડે અધિષ્ઠિત છે અર્થાત્ એકેક જીવવાળા છે. (૫૭-૫૮-૫૯) તથા

**लिंबंब जंबु कोसंब-साल अंकुल्ल पीलु सल्लू या । सल्लइ मोयइ मालुय, बउल पलासे करंजे य ।।६०।।**

**[प्रज्ञा० १३ इत्यादि०]**

લીંબડો, આમ્ર, જાંબૂ કોશાંબ (જંગલી આંબો), સજ્જર્ (રાળનું ઝાડ), અંકોલ, પીલુ, શાલૂક (ગુંદો), સલ્લકી, મોચકી (શેમળો), માલુક (કૃષ્ણ તુલસી), બકુલ (બોરસલી), પલાશ (ખાખરો) અને કરંજ ઇત્યાદિ. (૬૦)

"एएसिं मूलावि असंखेज्जजीविया कंदा वि खंधा वि तया वि साला वि पवाला वि, पत्ता पत्तेयजीविया, पुप्फा अणेगजीविया, फला एगट्ठिया ।। [प्रज्ञापना १/४०]" એક બીજવાળા વૃક્ષોના મૂળિયા, કંદ, સ્કંધ, છાલ, શાખા અને કુંપલ (નવાં પાંદડા) વગેરે અસંખ્ય જીવવાળા પ્રત્યેકશરીરી જીવો હોય છે. દરેક પત્રો એકેક જીવવાળા હોય છે. પુષ્પો પ્રાયઃ અનેક જીવવાળા હોય છે, કારણ કે દરેક પાંખડીમાં જીવ હોય છે. તથા ફળો એક બીજવાળા હોય છે. ॥૧૪૧॥

હમણાં વનસ્પતિઓની વ્યાખ્યા કહી. વનસ્પતિઓ જલના આશ્રયવાળી ઘણી થાય છે, તેથી જળાશ્રયરૂપી તીર્થોનું નિરૂપણ કરવા માટે કહે છે—'जंबुद्दीवे' इत्यादि० સાક્ષાત્ અને અતિદેશથી કહેલ પંદર સૂત્રો સુગમ છે. માત્ર ચક્રવર્તીને સમુદ્ર અને સીતા વગેરે નદીઓમાં ઉતરવારૂપ તે તીર્થોના નામવાળા દેવોના નિવાસભૂત તીર્થો છે. તેમાં ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે તે તીર્થો દક્ષિણ અને પશ્ચિમ સમુદ્રમાં ક્રમશઃ માગધ, વરદામ અને પ્રભાસ એવા નામવાળા છે. વિજયોને વિષે તો સીતા અને સીતોદા મહાનદીમાં પૂર્વાદિ ક્રમ વડે જાણવા, જંબૂદ્વીપ વગેરે મનુષ્યક્ષેત્રને વિષે તીર્થો પ્રરૂપેલા છે. ॥૧૪૨॥

હવે તે મનુષ્યક્ષેત્રમાં જ રહેલ ત્રણ સ્થાનને ઉપયોગી કાળનું સાક્ષાત્ અને અતિદેશથી પંદર સૂત્રો વડે નિરૂપણ કરતા થકા કહે છે—

**जंबुद्दीवे २ भरहेरवएसु वासेसु तीताए उस्सप्पिणीते सुसमाए समाए तिन्नि सागरोवमकोडाकोडीओ कालो हुत्था १। एवं ओसप्पिणीए नवरं पन्नत्ते २। आगमिस्साते उस्सप्पिणीए भविस्सइ ३। एवं धायइसंडे पुरच्छिमद्धे ६, पच्चत्थिमद्धे वि ९, एवं पुक्खरवरदीवद्धपुरच्छिमद्धे १२, पच्चत्थिमद्धे वि १५ कालो भाणियव्वो (१)। जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु तीताते उस्सप्पिणीते सुसमसुसमाते समाए मणुया तिण्णि गाउयाइं उड्ढं उच्चत्तेणं तिन्नि पलिओवमाइं परमाउं पालइत्था १, एवं इमीसे ओसप्पिणीते २ आगमिस्साए उस्सप्पिणीए ३। जंबुद्दीवे दीवे देवकुरु-उत्तरकुरासु मणुया तिण्णि गाउआइं उड्ढं उच्चत्तेणं पन्नत्ता, तिन्नि पलिओवमाइं परमाउं पालयंति ४, एवं जाव पुक्खरवरदीवद्धपच्चत्थिमद्धे २०।**

**जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु एगमेगाते ओसप्पिणि-उस्सप्पिणीए तओ वंसा[ओ] उप्पज्जिंसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा तं जहा—अरहंतवंसे चक्कवट्टिवंसे दसारवंसे २१, एवं जाव पुक्खरवरदीवद्धपच्चत्थिमद्दे २५।**

**जंबूद्दीवे दीवे भरहेरवएसु वासेसु एगमेगाए ओसप्पिणी-उस्सप्पिणीए तओ उत्तमपुरिसा उप्पज्जिंसु वा**

**उप्पज्जंति वा उप्पज्जिस्संति वा तंजहा—अरहंता, चक्कवट्टी, बलदेव-वासुदेवा २६, एवं जाव पुक्खवरदीवद्धपच्चत्थिमद्धे ३०। तओ अहाउयं पालयंति, तंजहा—अरहंता चक्कवट्टी बलदेव-वासुदेवा ३१। तओ मज्झिममाउयं पालयंति, तंजहा—अरहंता, चक्कवट्टी, बलदेव-वासुदेवा ३२ ।। सू० १४३।।**

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીને વિષે સુષમા આરામાં ત્રણ કોડાકોડી સાગરોપમ કાળ હતો ૧, એમ જ અવસર્પિણીમાં જાણવું ૨, વિશેષ કહેલ છે. (વર્તમાન અવસર્પિણીના બીજા આરામાં કહેલો છે) આગામિક ઉત્સર્પિણીમાં એ પ્રમાણે જ કાલમાન થશે ૩, એવી રીતે ધાતકીખંડદ્વીપના પૂર્વાર્દ્ધમાં અને પશ્ચિમાર્દ્ધમાં ભૂતકાલ વગેરેના ત્રણ ત્રણ સૂત્રો વડે કાળ કહેવો ૯, એવી રીતે પુષ્કરવરદ્વીપાર્દ્ધનાં પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં ત્રણ ત્રણ સૂત્રો વડે કાળ કહેવો ૧૫ (૧) જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે અતીત ઉત્સર્પિણીમાં સુષમસુષમા નામના આરાને વિષે મનુષ્યો ત્રણ ગાઉની ઊંચાઈવાળા હતા અને ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાલ્યું (ભોગવ્યું) ૧, એ પ્રમાણે આ વર્તમાન અવસર્પિણીમાં જાણવું ૨, આગામિક ઉત્સર્પિણીમાં એ પ્રમાણે પાલશે ૩, જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રમાં મનુષ્યો ત્રણ ગાઉની ઊંચાઈવાળા કહેલ છે અને ત્રણ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય પાળે છે ૪, એ પ્રમાણે યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં પણ જાણવું ૨૦, જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે એક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ત્રણ [1]વંશો ઉત્પન્ન થયા છે, ઉપજે છે અને ઉત્પન્ન થશે. તે આ પ્રમાણે—અરિહંતનો વંશ, ચક્રવર્તીનો વંશ અને દશાર (વાસુદેવ) બલદેવનો વંશ ૨૧, એવી રીતે યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં જાણવું. યાવત્ શબ્દથી ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધ તથા પુષ્કરવરદ્વીપાર્દ્ધના પૂર્વાર્દ્ધનું ગ્રહણ કરેલ છે ૨૫, જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રને વિષે એકેકી અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ત્રણ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે, તે આ પ્રમાણે—અરિહંતો, ચક્રવર્તીઓ અને બલદેવ-વાસુદેવો ૨૬, એમ જ યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધને વિષે જાણવું ૩૦, ત્રણ યથાયુષ્ય (જેટલું બાંધેલું હોય તેટલું આયુષ્ય) ને પાલે છે-ભોગવે છે, તે આ પ્રમાણે—અરિહંતો, ચક્રવર્તીઓ અને બલદેવ-વાસુદેવો ૩૧, ત્રણ મધ્યમ આયુષ્યને ભોગવે છે, તે આ પ્રમાણે—અરિહંતો, ચક્રવર્તીઓ અને બલદેવ-વાસુદેવો ૩૨. ॥૧૪૩॥*

(ટી૦) 'जंबूद्दीवे' इत्यादि० સુગમ છે, પરંતુ 'पन्नत्ते' શબ્દથી અવસર્પિણીકાળનાં વર્ત્તમાનપણાથી અતીતઉત્સર્પિણીની જેમ 'होत्था' એમ કથન ન કરવું પણ 'पन्नत्ते' એમ વ્યપદેશ કરવો, 'जंबूद्दीवे' આ આદિ સૂત્રથી આરંભીને 'वासुदेवा' છેલ્લા સૂત્ર વડે કાળના ધર્મોને કહેલ છે જે સુગમ છે; પરંતુ વિશેષ એ કે 'अहाउयं पालयंति' त्ति० નિરુપક્રમ આયુષ્યપણું હોવાથી યથાઆયુષ્યને પાલે છે અને વૃદ્ધત્વનો અભાવ હોવાથી મધ્યમ આયુષ્યને પાલે છે (ભોગવે છે). ॥૧૪૩॥

આયુષ્યના અધિકારથી નીચેના બે સૂત્રને કહે છે—

**बायरतेउकाइयाणं उक्कोसेणं तिन्नि राइंदियाइं ठिती पन्नत्ता । बायरवाउकाइयाणं उक्कोसेणं तिन्नि वाससहस्साइं ठिती पन्नत्ता ।। सू० १४४ ।।**

**अह भंते! सालीणं वीहीणं गोधूमाणं जवाणं जवजवाणं एतेसि णं धन्नाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं मंचाउत्ताणं मालाउत्ताणं ओलित्ताणं लित्ताणं लंछियाणं मुद्दियाणं पिहिताणं केवइयं कालं जोणी संचिट्ठत्ति? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिन्नि संवच्छराइं, तेण परं जोणी पमिलायति, तेण परं जोणी पविद्धंसति, तेण परं जोणी विद्धंसति, तेण परं बीए अबीए भवति, तेण परं जोणीवोच्छेदे पन्नत्ते ।। सू० १४५।।**

1. અહિં વંશ એટલે પૂર્વજો સંભવે છે અર્થાત્ જે વંશમાં અરિહંતો વગેરે ઉત્પન્ન થાય તે.

**दोच्चाए णं सक्करप्पभाए पुढवीए णेरइयाणं उक्कोसेणं तिन्नि सागरोवमाइं ठिती पन्नत्ता १। तच्चाए णं वालुयप्पभाए पुढवीए जहन्नेणं णेरइयाणं, तिन्नि सागरोवमाइं ठिती पन्नत्ता २ ।। सू० १४६।।**

*(મૂ૦) બાદર તેજસ્કાયિકોની ઉત્કૃષ્ટથી ત્રણ અહોરાત્રિ પ્રમાણ સ્થિતિ કહેલી છે. બાદરવાયુકાયિકોની ઉત્કૃષ્ટથી ત્રણ હજાર વર્ષ પ્રમાણ સ્થિતિ કહેલી છે. ।।૧૪૪।।*

*અથ શબ્દ પ્રશ્નાર્થક છે. હે ભગવન્! કમલશાલી ચોખા, વ્રીહિ-શેષ સામાન્ય ચોખા, ઘઉં, જવ, જવજવ (જવની એક જાતિ), આ બધા ય ધાન્યોને-કોઠામાં નાખેલા, પાલામાં રાખેલા, મંચોની ઉપર સ્થાપન કરેલા, માળ ઉપર રાખેલા, દ્વારને વિષે છાણ વગેરેથી લીંપીને રાખેલ, ચોતરફ લીંપીને રાખેલા, રેખાદિ વડે લાંછન (ચિહ્ન) કરેલા, માટી પ્રમુખની છાપવાળા અને ઢાંકેલા હોય એવા ધાન્યોની કેટલા કાળ સુધી યોનિ (જેમાં અંકુરની ઉત્પત્તિ થાય) રહે છે? હે ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત પર્યંત અને ઉત્કૃષ્ટથી ત્રણ વર્ષ સુધી રહે છે. ત્યારપછી યોનિ વર્ણાદિથી હીન થાય છે, ત્યારબાદ યોનિ વિણસવાને સન્મુખ થાય છે, ત્યારપછી યોનિ નાશ પામે છે, ત્યારબાદ તે બીજ અબીજ થાય છે, ત્યારપછી યોનિનો વ્યવચ્છેદ (અભાવ) કહેલ છે. ।।૧૪૫।।*

*બીજી શર્કરાપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમપ્રમાણ સ્થિતિ કહેલી છે (૧), ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં નૈરયિકોની જઘન્યથી ત્રણ સાગરોપમપ્રમાણ સ્થિતિ કહેલી છે (૨). ।।૧૪૬।।*

(ટી૦) 'बायरे'त्यादि० બે સૂત્ર સ્પષ્ટ છે, સ્થિતિના અધિકારથી જ આ બીજા અધિકારને કહે છે—'अहे'त्यादि० 'अह भंते' त्ति० અથ શબ્દ પ્રશ્નોત્તર અર્થમાં છે. 'भदन्ते' त्ति० ભદન્ત-કલ્યાણના અને સુખના હેતુપણાથી કલ્યાણરૂપ અને સુખરૂપ છે; માટે કહે છે—

**भदि कल्लाणसुहत्थो, धाऊ तस्स य भदंतसद्दोऽयं । स भदंतो कल्लाणं, सुहो य कल्लं किलारोग्गं ।।६१।।**

**[विशेषावश्यक० ३४३९ इत्यादि]**

ભદિ ધાતુ કલ્યાણ અને સુખના અર્થમાં છે, તે ભદિ ધાતુથી ઔણાદિગણથી પ્રત્યય કર્યે છતે ભદન્ત શબ્દ સિદ્ધ થાય છે, તેથી ચોક્કસ થાય છે કે ભદંત શબ્દ કલ્યાણ તેમજ સુખરૂપ અર્થમાં છે. કલ્યાણ શબ્દમાં અંતર્ભૂત 'કલ્ય' શબ્દ આરોગ્યવાચક છે (૬૧) ઇત્યાદિ. અથવા સિદ્ધોને અગર સિદ્ધિના માર્ગને ભજે છે, સેવે છે. વળી શિવના અભિલાષીઓ વડે જે સેવાય છે તે ભદન્ત. કહ્યું છે કે—

**अहवा भज सेवाए, तस्स भयंतो त्ति सेवए जम्हा । सिवगइणो सिवमग्गं, सेव्वो य जओ तदत्थीणं ।।६२।।**

**[विशेषावश्यक० ३४४६]**

અથવા भज् ધાતુ સેવાના અર્થમાં છે. તે ધાતુનું भजंत રૂપ થાય છે, તેથી સિદ્ધોને અને શિવમાર્ગને સેવે છે અથવા મોક્ષાભિલાષીઓ વડે જે સેવાય છે. (૬૨)

તે भजंत કહેવાય છે. भाति—દીપે છે, भ्राजते वा—શોભે છે, અથવા જ્ઞાન, તપ અને ગુણની શોભા વડે જે શોભાયમાન છે તે જ ભદન્ત અથવા ભ્રાજન્ત. કહ્યું છે કે—

**अहवा भा भाजो वा, दित्तीए होइ तस्स भंतो त्ति । भाजंतो वाऽऽयरिओ, सो णाण-तवोगुणजुईए ।।६३।।**

**[विशेषावश्यक० ३४४७ त्ति]**

અથવા ભા તથા ભ્રજ ધાતુ દીપ્તિના અર્થમાં છે તેનો भ्रान्त તથા भ्राजन्त શબ્દ બને છે. એટલે જે જ્ઞાન અને તપ ગુણ વડે પ્રકાશે છે તે આચાર્ય भान्त અથવા भ्राजन्त કહેવાય છે. (૬૩)

અથવા भ्रान्तः—મિથ્યાત્વ વગેરે (બંધહેતુઓ)થી રહિત-મિથ્યાત્વ વગેરેમાં ન રહેલ એવો અર્થ એટલે ભ્રાંત અથવા

ભગવાન્-ઐશ્વર્યયુક્ત સમજવો. કહ્યું છે કે—

**अहवा भंतोऽपेओ, जं मिच्छत्ताइबंधहेऊओ । अहवेसरियाइ भगो, विज्जइ सो तेण भगवंतो ।।६४।।**

**[विशेषावश्यक० ३४४८ इति]**

અથવા ભ્રમ ધાતુ અનવસ્થાન અર્થમાં છે. તેનો ભ્રાન્ત શબ્દ બને છે. એટલે જે મિથ્યાત્વાદિ બંધ-હેતુથી રહિત છે તે ભ્રાન્ત કહેવાય છે, અથવા ઐશ્વર્યાદિ છ પ્રકારનો 'ભગ' જેને છે તે ભગવાન્ ગુરુ છે. (૬૪)

ભવ-સંસારના અથવા ભય-ત્રાસના અંતનો હેતુ હોવાથી ભવાંત અથવા ભયાંત. કહ્યું છે કે—

**नेरइयाइभवस्स व, अंतो जं तेण सो भवंतो त्ति । अहवा भयस्स अंतो, होइ भवं(यं)तो भयं तासो ।।६५।।**

**[विशेषावश्यक० ३४४९ त्ति]**

અથવા નરકાદિ ભવના અંતનો હેતુ છે. તેથી તે ભવાન્ત કહેવાય છે. અથવા ભયનો અંત કરનાર હોય તે ભયાંત કહેવાય. ભય એટલે ત્રાસ (તેનો નાશ કરનાર). (૬૫)

અહીં ભદન્ત વગેરે શબ્દોના સ્થાનમાં પ્રાકૃતપણાથી આમંત્રણ (સંબોધન)ના અર્થ માટે **'भंते'** એ પદ સાધવા યોગ્ય છે. આ કારણથી **'भंते'त्ति०** શ્રી મહાવીર પ્રભુને આમંત્રણ કરતા થકા શ્રી ગૌતમ વગેરે બોલ્યા. શાલી-કલમ વગેરેના શાલી-ચોખા, આ વિશેષ છે. શેષ વ્રીહિ-ચોખાઓનું સામાન્ય-સાધારણપણું છે. **यवयवा**—યવ વિશેષો. **'एतेषाम्'** કહેવા વડે પ્રત્યક્ષ ધાન્યોને કોષ્ઠ (માટી વગેરેના કોઠાર)માં નાખવા વડે સારી રીતે જે રક્ષણ કરાયેલા તે કોઠાર-ગુમો તેઓને, એવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે-પલ્ય-વાંસની સાદરી વગેરેથી કરાયેલ ધાન્યનો આધાર વિશેષ (પાલો), મંચ-થાંભલાઓના ઉપર સ્થાપિત વાંસના કટક વગેરે વડે ધાન્યનો આધારવિશેષ (માંચો), લોકપ્રસિદ્ધ છે. માલક-ઘરના ઉપરનો ભાગ-(માળ) જાણવો. કહ્યું છે કે-**अक्कुड्डो होइ मंचो, मालो य घरोवरिं होइ ।** કુડ્ય-ભીંત રહિત જે હોય તે માંચો કહેવાય છે અને ઘર ઉપર હોય તે માળ કહેવાય છે. **'ओलित्ताणं'** **त्ति०** દરવાજાના ભાગમાં ઢાંકણા સહિત છાણ વગેરે વડે લીંપાયેલા **'लित्ताणं'** **त्ति०** ચોતરફથી લીંપાયેલા, **'लंछियाणं'** **ति०** રેખાદિ વડે લાંચ્છિત (નિશાની) કરેલા, **'मुद्दियाणं'** **ति०** માટી વગેરેથી મુદ્રિત કરેલા, **'पिहियाणं'** **ति०** ઢાંકેલા, **'केवतियं'** **ति०** કેટલા કાળ સુધી જેમાં અંકુર ઉત્પન્ન થાય છે તે યોનિ રહે છે? ત્યારપછી યોનિ **प्रम्लायति**—મ્લાન થાય છે અર્થાત્ વર્ણાદિ વડે હીન થાય છે, **प्रविध्वस्यते**—નાશની સન્મુખ થાય છે. **विध्वस्यते**—ક્ષય પામે છે. એવી રીતે તે બીજ અબીજસ્વરૂપ થાય છે-વાવેલું બીજ પણ અંકુરને ઉત્પન્ન કરતું નથી. એટલે શું થાય છે? (ત્રણ વર્ષ થાય) ત્યારબાદ યોનિનો વ્યવચ્છેદ થાય એમ મેં તથા બીજા કેવલીઓએ પણ કહ્યું છે. બીજી હકીકત સ્પષ્ટ છે. ।।૧૪૫।।

સ્થિતિના અધિકારથી જ આ બીજા બે સૂત્રને કહે છે—**'दोच्चे'** **त्यादि०** પ્રગટ છે. વિશેષ એ કે—બીજી શર્કરાપ્રભામાં, અને એ રીતે બધે જોડવું, સર્વ પૃથ્વીમાં આ સ્થિતિ છે.

**सागरमेगं तिय सत्त, दस य सत्तरस तह य बावीसा । तेत्तीसं जाव ठिई, सत्तसु पुढवीसु उक्कोसा ।।६६।।**

**जा पढमाए जेट्ठा, सा बिइयाए कणिट्ठिया भणिया । तरतमजोगो एसो, दस वाससहस्स रयणाए ।।६७।।**

**[बृहत्सं० २३३-३४ इति]**

પહેલી નરકમાં એક સાગર, બીજીમાં ત્રણ, ત્રીજીમાં સાત, ચોથીમાં દશ, પાંચમીમાં સત્તર, છઠ્ઠીમાં બાવીશ અને સાતમીમાં તેત્રીશ સાગરોપમ—આ પ્રમાણે સાત નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. જે ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રથમ નરકભૂમિમાં છે તે બીજી ભૂમિમાં જઘન્ય સ્થિતિ કહેલી છે. આ પ્રમાણે તરતમજોગ છે, અર્થાત્ પહેલી ભૂમિમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે તે બીજીમાં જઘન્ય જાણવી એમ યાવત્ છઠ્ઠી ભૂમિમાં બાવીશ સાગરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે સાતમીમાં જઘન્ય જાણવી. પ્રથમ નરક રત્નપ્રભામાં જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. (૬૬-૬૭) ।।૧૪૬।।

નરકપૃથ્વીના અધિકારથી નરક અને નારકના વિશેષ સ્વરૂપનું નિરૂપણ કરવા માટે ત્રણ સૂત્રો કહે છે—

**पंचमाए णं धूमप्पभाए पुढवीए तिन्नि निरयावाससयसहस्सा पन्नत्ता। तिसु णं पुढवीसु णेरइयाणं उसिणवेयणा पन्नत्ता, तंजहा—पढमाए, दोच्चाए, तच्चाए। तिसु णं पुढवीसु णेरइया उसिणं वेयणं पच्चणुभवमाणा विहरंति-पढमाए, दोच्चाए, तच्चाए ॥ सू० १४७ ॥**

**तओ लोगे समा सपक्खिं सपडिदिसं पन्नत्ता, तंजहा—अप्पइट्ठाणे नरए, जंबुद्दीवे दीवे, सव्वट्ठसिद्धे महाविमाणे। तओ लोगे समा सपक्खिं सपडिदिसिं पन्नत्ता, तंजहा—सीमंतए[णं]णरए, समयक्खेत्ते, ईसीपब्भारा पुढवी ॥ सू० १४८ ॥**

**तओ समुद्दा पगईए उदगरसेणं पन्नत्ता, तंजहा—कालोदे, पुक्खरोदे, सयंभुरमणे ३। तओ समुद्दा बहुमच्छकच्छभाइण्णा पन्नत्ता, तंजहा—लवणे, कालोदे, सयंभुरमणे ॥ सू० १४९ ॥**

(મૂ૦) *પાંચમી ધૂમપ્રભા પૃથ્વીને વિષે ત્રણ લાખ નરકાવાસો કહેલા છે. ત્રણ પૃથ્વીઓને વિષે નારકોને ઉષ્ણ વેદના કહેલી છે, તે આ પ્રમાણે—પહેલીમાં, બીજીમાં અને ત્રીજી ભૂમિમાં (ત્રણ પૃથ્વીઓમાં) નારકો ઉષ્ણ વેદના અનુભવતા થકા વિચરે છે-રહે છે, તે આ પ્રમાણે—પહેલીમાં, બીજીમાં અને ત્રીજી ભૂમિમાં. ॥૧૪૭॥*

*લોકને વિષે ત્રણ વસ્તુ લાખ યોજનપ્રમાણથી સમાન છે તેમજ દક્ષિણાદિ પડખા વડે સમાન અને દિશા-વિદિશા વડે પણ સમાન કહેલ છે, તે આ પ્રમાણે—અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ, જંબૂદ્વીપ નામનો દ્વીપ અને સર્વાર્થસિદ્ધ મહાવિમાન. લોકને વિષે ત્રણ વસ્તુ પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણથી સમાન છે, તથા દક્ષિણાદિ પડખા વડે અને દિશા-વિદિશા વડે સરખા છે અર્થાત્ સમશ્રેણિએ છે, તે આ પ્રમાણે—સીમંતક નામનો નરકાવાસ, સમયક્ષેત્ર-મનુષ્ય ક્ષેત્ર અને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી. ॥૧૪૮॥*

*ત્રણ સમુદ્રો સ્વભાવે ઉદકરસ વડે યુક્ત કહેલા છે, તે આ પ્રમાણે—કાલોદ, પુષ્કરોદ અને સ્વયંભૂરમણ. વળી ત્રણ સમુદ્રો ઘણા મચ્છ અને કચ્છપ (કાચબા)ના પાત્રસ્થાનો કહેલા છે, તે આ પ્રમાણે—લવણ, કાલોદ અને સ્વયંભૂરમણ. ॥૧૪૯॥*

(ટી૦) 'पंचमाए' इत्यादि० સુગમ છે, માત્ર 'उसिणवेयण' त्ति० ત્રણ ભૂમિના ઉષ્ણ સ્વભાવથી ત્રણ ભૂમિને વિષે નારકો ઉષ્ણ વેદનાવાળા છે અર્થાત્ નૈરયિકો ઉષ્ણ વેદના પ્રત્યે અનુભવ કરતા થકા વિચરે છે-રહે છે. તેઓને તે વેદનાનું નિરંતરપણું દેખાડવા માટે એમ કહેલ છે. ॥૧૪૭॥

નરકપૃથ્વીઓના ક્ષેત્રસ્વભાવોનું પૂર્વે સ્વરૂપ કહ્યું છે, હવે ક્ષેત્રના અધિકારથી ત્રણ સ્થાનમાં અવતારવાળા ક્ષેત્રવિશેષના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે ચાર સૂત્ર પ્રત્યે કહે છે કે—'तओ' इत्यादि० લોકમાં ત્રણ વસ્તુ લાખ યોજનના પ્રમાણપણાથી તુલ્ય છે, કેવલ પ્રમાણથી જ અહિં સમપણું નથી પરંતુ ઉત્તર અને દક્ષિણપણાથી વ્યવસ્થિતપણાએ સમશ્રેણિત્વ વડે પણ સમાન છે. આ કારણથી કહે છે—'सपक्खिं' मित्यादि० દક્ષિણ (જમણા) તથા વામ (ડાબા) વગેરે પડખાઓનું સમતા-સમાનપણું છે. (અહિં અવ્યયીભાવ સમાસ વડે 'સપક્ષ' શબ્દ થયેલ છે, તેથી સમપડખાપણાએ સમાન છે એવો અર્થ છે, ઈકાર તો પ્રાકૃતના નિયમથી છે.) વળી પ્રતિદિશા-વિદિશાના સરખાપણા વડે સપ્રતિદિક્, તે વડે-સમાન દિશાપણાએ એવો અર્થ છે. સાતમી નરકમાં પાંચ નરકાવાસની વચ્ચમાં અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ છે, જંબૂદ્વીપ બધા દ્વીપની મધ્યમાં છે, સર્વાર્થસિદ્ધ વિમાન પાંચ અનુત્તરવિમાનોની મધ્યમાં છે. સીમંતક નામનો નરકાવાસ, પહેલી નરકમાં પહેલા પાથડાને વિષે નરકેંદ્રક પીસ્તાલીશ લાખ યોજનપ્રમાણવાળો છે. સમય-કાલની સત્તા વડે ઓળખાતું જે ક્ષેત્ર તે સમયક્ષેત્ર-મનુષ્યલોક એ અર્થ છે. ઈષત્-અલ્પ, આઠ યોજનનું જાડાઈપણું અને પીસ્તાલીશ લાખ યોજનની લંબાઈ-પહોળાઈથી પ્રાગ્ભાર-પુદ્ગલોનો સમૂહ છે જેણીનો તે

ઈષત્પ્રાગ્ભારા આઠમી પૃથ્વી છે, શેષ-**બીજી પૃથ્વીઓ રત્નપ્રભા વગેરે મહાપ્રાગ્ભારા છે,** કારણ કે તેઓનું એક લાખ એંશી હજાર યોજનનું જાડાઈપણું છે, તે આ પ્રમાણે—

**पढमाऽसीइसहस्सा, बत्तीसा अट्ठवीस वीसा य । अट्ठार सोलस य अट्ठ, सहस्स लक्खोवरिं कुज्जा ॥६८॥**

**[बृहत्सं० २४१ इति]**

પહેલી નરક એક લાખ ને એંશી હજાર યોજનની, બીજી એક લાખ ને બત્રીશ હજાર યોજનની, ત્રીજી એક લાખ અઠ્ઠાવીશ હજાર યોજનની, ચોથી એક લાખ ને વીશ હજાર યોજનની, પાંચમી એક લાખ ને અઢાર હજાર યોજનની, છઠ્ઠી એક લાખને સોળ હજાર યોજનની અને સાતમી એક લાખ ને આઠ હજાર યોજનની જાડી છે. (૬૮)

વિષ્કંભ એટલે લંબાઈપહોળાઈ, તે નરક પૃથ્વીઓના ક્રમ વડે એક રાજ (રજ્જુ)થી આરંભીને સાત રાજપ્રમાણ છે.

અથવા થોડી નીચે નમેલ હોવાથી ઈષત્પ્રાગ્ભારા નામ છે. ॥૧૪૮॥

પ્રકૃત્યા-સ્વભાવથી ઉદકરસ વડે યુક્ત સમુદ્રો ક્રમથી બીજો, ત્રીજો અને છેલ્લો છે. પહેલો, બીજો અને છેલ્લો સમુદ્ર ઘણા જલચર જીવોવાળા છે અને બીજા સમુદ્રો તો અલ્પ જલચરવાળા છે. કહ્યું છે કે—

**[1]लवणे उदगरसेसु य, महोरया मच्छ-कच्छहा भणिया । अप्पा सेसेसु भवे, न य ते णिम्मच्छया भणिया ॥६९॥**

૧ લવણ, ઉદકરસ યુક્ત આ કાલોદાદિ ત્રણ સમુદ્રો છે અને ૨ કાલોદ, ૩ પુષ્કરોદ[2] અને ૪ સ્વયંભૂરમણમાં મહોરગો, મત્સ્યો અને કાચબા કહેલા છે અને શેષ-બીજા સમુદ્રોમાં મત્સ્યાદિ થોડા છે, પરંતુ મત્સ્યરહિત નથી. (૬૯)

વળી બીજું પણ કહે છે-

**लवणे कालसमुद्दे, सयंभुरमणे य होंति मच्छा उ । अवसेससमुद्देसुं, न हुंति मच्छा न मयरा वा ॥७०॥[बृहत्सं० ९०]**

લવણ, કાલોદ અને સ્વયંભૂરમણ સમુદ્રને વિષે (ઘણા) મત્સ્યો (વગેરે) હોય છે, અવશેષ-બાકીના સમુદ્રોને વિષે (પ્રાયઃ) મત્સ્યો અને મગરો હોતા નથી. અહિં પ્રાયઃ શબ્દ કેમ કહો છો તે શંકાનું સમાધાન કરતાં કહે છે કે—

**नत्थि त्ति पउरभावं, पडुच्च न उ सव्वमच्छपडिसेहो । अप्पा सेसेसु भवे, न य ते निम्मच्छया भणिया ॥७१॥**

**[बृहत्सं० ९१ इति]**

પૂર્વની ગાથામાં કહેલું છે કે 'મત્સ્યો નથી' તે બહુત્વની અપેક્ષાએ કહેલ છે, પરંતુ મત્સ્યનો નિષેધ સર્વથા સમજવો નહિં અર્થાત્ બીજા સમુદ્રોને વિષે થોડા મત્સ્યો છે, તે મત્સ્ય રહિત કહેલા નથી. (૭૧) ॥૧૪૯॥

ક્ષેત્રના અધિકારથી જ અપ્રતિષ્ઠાન નામના નરકક્ષેત્રમાં (નરકાવાસમાં) જેઓ ઉત્પન્ન થાય છે તેઓને કહે છે—

**तओ लोगे णिस्सीला णिव्वता णिग्गुणा निम्मेरा णिप्पच्चक्खाणपोसहोववासा कालमासे कालं किच्चा अहे सत्तमाए पुढवीए अप्पतिट्ठाणे णरए णेरइयत्ताए उववज्जंति, तंजहा—रायाणो, मंडलीया, जे य महारंभा कोडुंबी। तओ लोए सुसीला सुव्वया सग्गुणा समेरा स पच्चक्खाणपोसहोववासा कालमासे कालं किच्चा सव्वट्ठसिद्धे महाविमाणे देवत्ताए उववत्तारो भवंति, तंजहा—रायाणो परिचत्तकामभोगा, सेणावती, पसत्थारो॥ सू० १५०॥**

**बंभलोग-लंतएसु णं कप्पेसु विमाणा तिवण्णा पन्नत्ता, तंजहा—किण्हा, नीला, लोहिया। आणय-पाणयाऽऽरणच्चुतेसु णं कप्पेसु देवाणं भवधारणिज्जसरीरगा उक्कोसेणं तिन्नि रयणीओ उद्धं उच्चत्तेणं पन्नत्ता ॥ सू० १५१॥**

1. તુલના—''कति णं भंते! समुद्दा बहुमच्छ-कच्छभाइणा पण्णत्ता? गोयमा! तओ समुद्दा पन्नत्ता, तं जहा—लवणे, कालोए, सयंभुरमणे। अवसेसा समुद्दा अप्पमच्छ-कच्छभाइणा नोच्चेव णं णिम्मच्छ-कच्छभा पण्णत्ता समणाउसो।'' जीवाजीवाभि० ३/२०३

2. આ ૬૯મી ગાથામાં પુષ્કરોદ સમુદ્રમાં પણ ઘણા મત્સ્યો કહેલ છે તે મતાંતર સંભવે છે, કારણ કે મૂલસૂત્રમાં અને ૭૦મી ગાથામાં તથા સંગ્રહણી વગેરેમાં અલ્પ મત્સ્યો કહેલ છે.

**तओ पन्नत्तीओ कालेणं अहिज्जंति, तंजहा—चंदपन्नत्ती, सूरपन्नत्ती, दीवसागरपन्नत्ती ।। सू० १५२।।**

**तिट्ठाणस्स पढमो उद्देसो समत्तो ।।**

*(મૂ૦) લોકને વિષે શીલ રહિત, વ્રત રહિત, નિર્ગુણ, મર્યાદા રહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ રહિત એવા ત્રણ (પ્રકારના) મનુષ્યો, કાળસમયે મરણ પામીને નીચે સાતમી નરકને વિષે અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં નૈરયિકપણાએ ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—રાજાઓ–ચક્રવર્તી અને વાસુદેવો, માંડલિક–સામાન્ય રાજાઓ અને મહાઆરંભવાળા કૌટુંબિકો. [અને] લોકમાં સારા શીલવાળા, સારા વ્રતવાળા, ગુણ સહિત, મર્યાદા સહિત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ સહિત એવા ત્રણ (પ્રકારના) મનુષ્યો કાળસમયે મરણ પામીને સર્વાર્થસિદ્ધ મહાવિમાનને વિષે દેવપણાએ ઉત્પન્ન થનારા હોય છે. તે આ પ્રમાણે–કામભોગને છોડનારા રાજાઓ, સેનાપતિઓ અને લેખાચાર્યો (ભણાવનારા વગેરે). ।।૧૫૦।।*

*બ્રહ્મલોક અને લાંતકદેવલોકને વિષે વિમાનો ત્રણ વર્ણવાળા કહેલા છે, તે આ પ્રમાણે—કાળા, લીલા અને રાતા. આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકને વિષે દેવોનાં ભવધારણીય શરીરો ઉત્કૃષ્ટથી ત્રણ હાથ ઊંચાઈપણે કહેલા છે. ।।૧૫૧।।*

*ત્રણ પ્રજ્ઞપ્તિઓ યોગ્ય કાળે જ (પ્રથમ અને છેલ્લી પૌરિસીમાં) ભણાય છે, તે આ પ્રમાણે—ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ. ।।૧૫૨।।*

(ટી૦) **'तओ'** इत्यादि० **'निःशीला'** શુભ સ્વભાવ રહિત અર્થાત્ દુઃશીલો, એનું જ વર્ણન કરે છે—**'निर्व्रता'** પ્રાણાતિપાતાદિથી વિરામ નહિં પામેલા, **'निर्गुणा'**—ઉત્તરગુણના અભાવથી, **'निम्मेर'** त्ति० મર્યાદા વગરનાં અર્થાત્ સ્વીકારેલ પ્રતિજ્ઞાનું પાલન નહિં કરવાથી, તથા **प्रत्याख्यान**–નવકારસી વગેરે, **पौषध**–અષ્ટમી વગેરે પર્વ દિવસે ઉપવાસ–અભક્તાર્થ કરવો (ભોજનનો ત્યાગ કરવો) તે બે—૧ પ્રત્યાખ્યાન અને ૨ પૌષધોપવાસ, તેનાથી જે નીકળેલા (રહિત) તે નિષ્પ્રત્યાખ્યાન–પૌષધોપવાસવાળા, **'कालमासे'**—મરણને અવસરે મૃત્યુ પામીને **'णेरइयत्ताए'** त्ति० પૃથિકાયિકપણું વગેરેના વ્યવચ્છેદને માટે (નૈરયિકપણું કહ્યું છે) તે નરકમાં એકેંદ્રિયપણાએ, તેનાથી અન્ય પણ સૂક્ષ્મ એકેન્દ્રિય આદિમાં બીજા જીવો પણ, ઉત્પન્ન થાય છે. ત્યાં નરકમાં તો ઉત્પન્ન થનારા રાજાઓ–ચક્રવર્તી અને વાસુદેવો, માંડલિકો–બાકીના (સામાન્ય) રાજાઓ તેમજ જે મહારંભ કરનારા અર્થાત્ પંચેંદ્રિય વગેરેનો ઘાત કરવો વગેરે મહાપાપ કર્મના કરનારા કુટુંબીઓ જાણવા. બીજું સુગમ છે. અપ્રતિષ્ઠાન નામના નરકાવાસની સમાન સ્થિતિ વગેરે વડે સર્વાર્થસિદ્ધમાં જે ઉત્પન્ન થાય છે તેઓને કહે છે **'तओ'** इत्यादि० સુગમ છે. રાજાઓ પ્રતીત છે. **परित्यक्तकामभोगा**—સર્વવિરતિધરો, આ વાક્ય ઉત્તર બે પદમાં પણ જોડવું, સેનાપતિઓ–સૈન્યના નાયકો, **प्रशास्तारो**—લેખાચાર્ય વગેરે [1](ક્યાંક ધર્મશાસ્ત્રના પાઠકો એમ પણ જણાવેલ છે.) સર્વાર્થસિદ્ધમાં ઉપજે છે. ઉપર કહેલ સર્વાર્થસિદ્ધ વિમાનની સાધર્મ્યતાથી વિમાનાંતર–બીજા વિમાનોનું નિરૂપણ કરવા માટે કહે છે—**'बंभे'** त्यादि० અહિં **'किण्हा नीला लोहिय'** त्ति० આ પ્રમાણે ત્રિવિધપણું પુસ્તકને વિષે દેખાય છે, અર્થાત્ આ સૂત્રમાં કૃષ્ણ, નીલ અને રક્ત આ ત્રણ વર્ણો પાંચમા તથા છઠ્ઠા દેવલોકના વિમાનોને વિષે કહ્યા છે. સ્થાનાંતરમાં તો રક્ત, પીત અને શુક્લપણાએ પણ કહેલ છે, કારણ કે કહ્યું છે કે—

**सोहम्मे पंचवन्ना, एक्कगहाणी य जा सहस्सारो । दो दो तुल्ला कप्पा, तेण परं पुंडरीयाइं ।।७२।। [बृहत्सं० १३२ त्ति]**

સૌધર્મ અને ઈશાન દેવલોકને વિષે વિમાનો પાંચ વર્ણવાળા છે, પછી બે બે દેવલોકને વિષે યાવત્ સહસ્રાર પર્યંત હાનિ

1. सेणावइं पसत्थारं रायाणं देवयाणं च। आव. नि० ११० पू... प्रशास्तारं प्रकर्षेण शास्ता प्रशास्ता तं धर्मपाठकादिलक्षणम् आवश्यक सूत्रस्य द्वितीयेऽध्ययने हारिभद्र्यां वृत्तौ ।।

કરવી અર્થાત્ ત્રીજા ચોથા દેવલોકને વિષે કૃષ્ણ વર્ણ સિવાય ચાર વર્ણ, પાંચમા છઠ્ઠા દેવલોકને વિષે કૃષ્ણ અને નીલ વર્ણ સિવાય ત્રણ વર્ણ, સાતમા આઠમા દેવલોકને વિષે પીત અને શુક્લ એ બે વર્ણ છે, તે પછી નવમા દેવલોકથી યાવત્ સર્વાર્થસિદ્ધ પર્યંત એક શુક્લ વર્ણવાળા વિમાનો છે. (૭૨)

હમણાં જ વિમાનો કહ્યાં તે દેવના શરીર વડે આશ્રિત–આશ્રયવાળા છે, તેથી દેવના શરીરના માનનું ત્રણ સ્થાનકમાં અવતાર કરીને કહે છે—**'आणये'** त्यादि० ભવ–જ્યાં સુધી જન્મ ધારણ કરાય છે, અથવા ભવ–દેવગતિ રૂપને ધારણ કરે છે એ ભવધારણીય, તે ભવધારણીય એવા શરીરો તે ભવધારણીય શરીરો. આ કથન ઉત્તરવૈક્રિયના નિષેધ માટે છે, કારણ કે ઉત્તરવૈક્રિય શરીરનું લાખ યોજનનું પ્રમાણ છે. **'उक्कोसेणं'** त्ति० ઉત્કૃષ્ટ વડે, પરંતુ જઘન્યપણાદિ વડે નહિં. જઘન્ય વડે ભવધારણીય શરીર ઉત્પત્તિના સમયમાં અંગુલના અસંખ્યાતમા ભાગ માત્રપણાએ હોય છે. શેષ–બીજું સુગમ છે. હમણાં જ દેવના શરીર અને આશ્રય–વિમાન સંબંધી વક્તવ્યતા કહી. તે દેવ સંબંધી વક્તવ્યતા વડે (વર્ણન વડે) ગુંથાયેલા પ્રાયઃ ત્રણ ગ્રંથો છે, તેથી તેના સ્વરૂપનું કથન કરવા માટે કહે છે—**'तओ'** इत्यादि० **कालेन**—હેતુભૂત પહેલી અને છેલ્લી પોરિસીમાં ભણાય તે. આ માટે ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ જણાવી પરંતુ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી) અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ દર્શાવી નહિં કારણ કે અહીં ત્રણ સ્થાનકનું વર્ણન માત્ર આપવામાં આવેલ છે, (એ બન્ને પ્રજ્ઞપ્તિઓ પણ પહેલી અને છેલ્લી પોરિસીમાં જ ભણાય છે.) બાકીનું સ્પષ્ટ છે. ॥૧૫૦-૧૫૨॥

***॥ ત્રીજા સ્થાનકના પ્રથમ ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

## ભવાભિનંદી - પુદ્ગલાનંદી

- *ભવાભિનંદી – સંસારમાં ગાઢ તીવ્ર આસક્તિવાન આત્મા.*
- *પુદ્ગલાનંદી – સંસારમાં આસક્તિવાન આત્મા.*
- *સંસારમાં રહીને બન્ને પ્રકારના આત્માઓ સંસારની ક્રિયાઓ સમાનરૂપે કરે છે, પરંતુ વિચારોમાં મોટું અંતર હોય છે.*
- *ભવાભિનંદીની પાપક્રિયા અનુમોદના પૂર્વક હશે. આ આત્મા ત્રણ કરણ, ત્રણ યોગથી પાપક્રિયામાં ઓતપ્રોત રહેશે. ખાસ કરીને કર્મબંધ ગાઢ, તીવ્ર, રસયુક્ત, અત્યંત કડવા રસયુક્ત, દીર્ઘ સ્થિતિથી યુક્ત તથા નિકાચિત હોય છે. ભવાભિનંદી પ્રથમ ગુણસ્થાનમાં જ રહે છે. કદાચ પુણ્યકાર્યો કરે તો સંસારસુખની તીવ્ર અભિલાષા પૂર્વક હોવાથી સ્વર્ગાદિ સુખ આપીને ફરીથી પરિભ્રમણ થવાથી એ પુણ્યક્રિયાઓથી વાસ્તવિક લાભ મળતો નથી. અભવી તો હંમેશા ભવાભિનંદી હોય છે. ભવ્યાત્મામાં જે આત્માનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી વધારે સંસાર પરિભ્રમણ બાકી હોય છે તે આત્માઓ ભવાભિનંદી છે.*
- *પુદ્ગલાનંદીની પાપક્રિયા નિંદા તેમજ ગર્હાથી યુક્ત હશે. તે હંમેશા પાપક્રિયા તેમજ પાપકર્મને ખરાબ માને છે. ખાસ કરીને વચન યોગથી પણ પાપક્રિયાથી બચતો રહે છે. પુદ્ગલાનંદીના કર્મબંધ અતિશિથિલ, અલ્પ રસ–સ્થિતિવાળા હોય છે. એમાં તીવ્રતા હોતી નથી. કડવાશ પણ અલ્પ તેમજ સ્પૃષ્ટ બંધ, બદ્ધથી અધિક નહીં. નિંદા તેમજ ગર્હાને કારણે નિધત્ત નિકાચિત બંધ થતો નથી. આ ભાવ છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ રહી શકે છે. ભવસ્થિતિની અપરિપક્વતા, અપ્રત્યાખ્યાન વગેરે કષાયોનો ઉદયભાવ, ભૂતકાળમાં કરેલ નિયાણા વગેરેને કારણે તેમજ જરૂરી ધર્મપોષક સહકારી કારણની અપ્રાપ્તિ થવાથી પુદ્ગલાનંદી આત્માઓ પાપ કરે છે. દૃષ્ટાંત તરીકે કૃષ્ણ મહારાજા, શ્રેણિક મહારાજા, સત્યકી વિદ્યાધર વગેરે.*

*– જયાનંદ*

## अथ तृतीयस्थानकाध्ययने द्वितीयः उद्देशः

પહેલો ઉદ્દેશક કહ્યો, બીજો ઉદ્દેશક કહેવાય છે. બીજા ઉદ્દેશકનો આ સંબંધ છે, પહેલા ઉદ્દેશકમાં પ્રાયઃ જીવનાં ધર્મો કહ્યા, અહિં પણ પ્રાયઃ તે જ કહેવાશે. આવા પ્રકારના સંબંધને અનુલક્ષીને પહેલું સૂત્ર આ પ્રમાણે છે—

**तिविहे लोगे पन्नत्ते, तंजहा—णामलोगे ठवणालोगे, दव्वलोगे। तिविहे लोगे पन्नत्ते, तंजहा—णाणलोगे, दंसणलोगे, चरित्तलोगे। तिविहे लोगे पन्नत्ते, तंजहा—उड्ढलोगे, अहोलोगे, तिरियलोगे ॥ सू० १५३ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે લોક કહેલ છે, તે આ પ્રમાણે—નામલોક, સ્થાપનાલોક અને દ્રવ્યલોક. ત્રણ પ્રકારે લોક કહેલ છે, તે આ પ્રમાણે–જ્ઞાનલોક, દર્શનલોક અને ચારિત્રલોક. ત્રણ પ્રકારે લોક કહેલ છે, તે આ પ્રમાણે—ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્(તિર્છા) લોક. ॥૧૫૩॥*

(ટી૦) **'तिविहे'** त्यादि० આ સૂત્રનો સંબંધ આ પ્રમાણે જાણવો. આગલા સૂત્ર વડે ચંદ્રપ્રજ્ઞપ્તિ વગેરે સૂત્રનું સ્વરૂપ કહ્યું, અહિં તો ચંદ્ર વગેરે પદાર્થોનાં જ આધારભૂત લોકનું સ્વરૂપ કહેવાય છે. આ સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી. કેવલજ્ઞાનરૂપ પ્રકાશ વડે જે જોવાય છે તે લોક. નામલોક અને સ્થાપનાલોક ઇંદ્ર સૂત્રની માફક છે. દ્રવ્યલોક પણ તેમજ છે, વિશેષ એ કે–જ્ઞશરીર અને ભવ્યશરીરથી ભિન્ન જે (તદ્વ્યતિરિક્ત) દ્રવ્યલોક તે ધર્માસ્તિકાય વગેરે જીવ અજીવરૂપ, રૂપી અને અરૂપી, સપ્રદેશ અને અપ્રદેશસ્વરૂપ દ્રવ્યો જ, અને દ્રવ્યો એ જ લોક તે દ્રવ્યલોક જાણવો. આ સમાસ (કર્મધારય) છે. કહ્યું છે કે—

**जीवमजीवे रूवमरूवी सपएस अप्पएसे य । जाणाहि दव्वलोयं, णिच्चमणिच्चं च जं दव्वं।।७३।।[आव. मा० १९५ ति]**

જીવ–અજીવ, રૂપી–અરૂપી, સપ્રદેશી–અપ્રદેશી, નિત્ય અનિત્ય–જે દ્રવ્ય છે તે (હે શિષ્ય!) તું દ્રવ્યલોક જાણ. (૭૩)

ત્રણ પ્રકારે ભાવલોક સંબંધી કહે છે—**'तिविहे'** इत्यादि० ભાવલોક બે પ્રકારે છે, આગમથી અને નોઆગમથી. તેમાં આગમથી લોકના પર્યાલોચન (ચિંતન)માં ઉપયોગ, અથવા તે ઉપયોગથી અનન્ય (અભિન્ન)પણાથી પુરુષ–જીવ, અને નોઆગમથી તો પ્રસ્તુત સૂત્રમાં કહેલ જ્ઞાન વગેરે ભાવલોક છે, કારણ કે 'નો' શબ્દનું મિશ્રવચનપણું હોય છે. આ જ્ઞાનાદિ ત્રણ, દરેક અન્યોન્ય સાપેક્ષ છે, માત્ર આગમ જ નહિં અને અનાગમ પણ નહિં. તેમાં જ્ઞાન એવો જે લોક તે જ્ઞાનલોક, જ્ઞાનલોકની ભાવલોકતા, ક્ષાયિક અને ક્ષાયોપશમિકભાવરૂપપણાથી છે અને ક્ષાયિકાદિ ભાવોને ભાવલોક વડે કહેલ હોવાથી કહ્યું છે કે—

**ओदइय उवसमिए य, खइए य तहा खओवसमिए य । परिणाम सन्निवाए य छव्विहो भावलोगो उ ।।७४।।**
**[आव.मा० २०० ति]**

૧ ઔદયિક, ૨ ઔપશમિક, ૩ ક્ષાયિક, ૪ ક્ષાયોપશમિક, ૫ પારિણામિક અને ૬ સન્નિપાતિક એ છ પ્રકારે ભાવલોક છે. (૭૪)

એવી રીતે દર્શનલોક અને ચારિત્રલોક પણ જાણવા. હવે ત્રણ પ્રકારે ક્ષેત્રલોક સંબંધી કહે છે—**'तिविहे'** इत्यादि० અહિં બહુ સમભૂમિભાગરૂપ રત્નપ્રભાના ભાગને વિષે મેરુના મધ્યમાં આઠ રુચકપ્રદેશરૂપ 'રુચક' હોય છે, તે રુચક ગાયના સ્તનને આકારે છે. તેના ઉપરના પ્રતરના ઉપર નવસો યોજન પર્યંત જ્યાં સુધી જ્યોતિષ્ચક્રનું ઉપરનું તલ (ભાગ) છે ત્યાં સુધી તિર્યગ્લોક છે, તેથી આગળ ઊર્ધ્વભાગમાં રહેવાથી ઊર્ધ્વલોક કંઈક ન્યૂન સાત રાજપ્રમાણ છે. રુચકના નીચેના પ્રતરની નીચે જ્યાં સુધી નવસો યોજન છે ત્યાં સુધી તિર્યગ્ લોક છે, તેથી આગળ નીચેના ભાગમાં રહેવાથી કંઈક અધિક સાત રાજપ્રમાણ

અધોલોક છે. અધોલોક અને ઊર્ધ્વલોકની મધ્યમાં અઢાર સો યોજન પ્રમાણ તિર્યગ્ભાગમાં રહેલ હોવાથી તિર્યગ્લોક છે. બીજી રીતે પણ આ ક્ષેત્રલોક ત્રણ ગાથાઓ વડે વર્ણવાય છે—

**अहवा अहपरिणामो, खेत्तणुभावेण जेण ओसन्नं । असुहो अहो त्ति भणिओ, दव्वाणं तेण अहोलोगो ।।७५।।**

અથવા 'અધ' શબ્દ અશુભવાચક છે, તેમાં ક્ષેત્રસ્વભાવથી પ્રાયઃ દ્રવ્યોનો અશુભ પરિણામ થાય છે તેથી અશુભલોક, અધોલોક કહેલ છે. (૭૫)

**उड्ढं उवरिं जं ठिय, सुहखेत्तं खेत्तओ य दव्वगुणा । उप्पज्जंति सुभा वा, तेण तओ उड्ढलोगो त्ति ।।७६।।**

જે ઉપર રહેલ છે તે ઊર્ધ્વલોક, અથવા ઊર્ધ્વ શબ્દ શુભવાચક છે, તેથી શુભ ક્ષેત્ર તે ઊર્ધ્વક્ષેત્ર છે. ક્ષેત્રના અનુભાવથી દ્રવ્યોના ગુણો શુભ પરિણામવાળા ઉત્પન્ન થાય છે, તેથી તે ઊર્ધ્વલોક કહેવાય છે. (૭૬)

**मज्झणुभावं खेत्तं, जं तं तिरयं त्ति वयणपज्जवओ । भण्णइ तिरियं विसालं, अओ य तं तिरियलोगो त्ति ।।७७।।**

જે મધ્યમ સ્વભાવવાળું ક્ષેત્ર તે તિર્યક્, વચનપર્યાયથી તિર્યક્ શબ્દનો મધ્યમ શબ્દ પર્યાયવાચક છે. ક્ષેત્રના અનુભાવથી પ્રાયઃ મધ્યમ પરિણામવાળા દ્રવ્યો હોય છે, અથવા તિર્યક્-વિશાળ છે તેથી તિર્યગ્લોક કહેવાય છે. (૭૭) ॥૧૫૩॥

લોકના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી લોકમાં આધેયભૂત (રહેલ) ચમર દેવ વગેરેની 'चमरस्स' એ પ્રથમ સૂત્રથી આરંભીને 'अच्चुयलोगवालाणं' એ છેલ્લા સૂત્ર વડે પરિષદોનું વર્ણન કરે છે.

**चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो तओ परिसातो पन्नत्ताओ, तंजहा—समिता, चंडा, जाया। अब्भिंतरिता समिता, मज्झिमिता, चंडा, बाहिरिता जाया। चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो सामाणिताणं देवाणं तओ परिसातो पन्नत्ताओ, तंजहा—समिता जहेव चमरस्स, एवं तायत्तीसगाण वि। लोगपालाणं तुंबा, तुडिया, पव्वा, एवं अग्गमहिसीण वि। बलिस्स वि एवं चेव, जाव अग्गमहिसीणं १।**

**धरणस्स, य सामाणिय तायत्तीसगाणं च समिता, चंडा, जाता। लोगपालाणं अग्गमहिसीणं ईसा, तुडिया, दढरहा, जहा धरणस्स तहा सेसाणं भवणवासीणं।**

**कालस्स णं पिसाइंदस्स पिसायरन्नो तओ परिसातो पन्नत्ताओ, तंजहा—ईसा, तुडिया, दढरहा, एवं सामाणियअग्गमहिसीणं, एवं जाव गीयरति गीयजसाणं।**

**चंदस्स णं जोतिसिंदस्स जोतिसरन्नो तओ परिसातो पन्नत्ताओ, तंजहा—तुंबा, तुडिया, पव्वा। एवं सामाणियअग्गमहिसीणं। एवं सूरस्स वि। सक्कस्स णं देविंदस्स देवरन्नो तओ परिसातो पन्नत्ताओ, तंजहा—समिता, चंडा, जाया। जहा चमरस्स एवं जाव अग्गमहिसीणं। एवं जाव अच्चुतस्स लोगपालाणं२ ।।सू० १५४।।**

*(મૂ૦) ચમર, અસુરેંદ્ર, અસુરકુમારના રાજાની ત્રણ પરિષદ્ કહેલી છે, તે આ પ્રમાણે—સમિતા, ચંડા અને જાયા. અભ્યંતર પરિષદ્ સમિતા-કારણ પડ્યે બોલાવ્યાથી જ આવે, મધ્યમ પરિષદ્ ચંડા-બોલાવ્યા અને ન બોલાવ્યાથી પણ આવે તેમજ બહારની પરિષદ્ જાયા-બોલાવ્યા વિના પણ આવે. ચમર, અસુરેંદ્ર અને અસુરકુમારના રાજાના સામાનિક દેવોની ત્રણ પરિષદ્ કહેલી છે, તે આ પ્રમાણે—સમિતા વગેરે જેમ ચમરેંદ્ર સંબંધી કહી તેમજ જાણવી. એવી રીતે ત્રાયસ્ત્રિંશકોની પણ જાણવી. લોકપાલોની ત્રણ પરિષદ્-અભ્યંતર તુંબા, મધ્યમ તુડિયા અને બહારની પવ્વા. એવી રીતે અગ્રમહિષીઓની પણ જાણવી, બલીંદ્રની પણ એમ જ જાણવી, એમ યાવત્ અગ્રમહિષીઓની જાણવી (૧). ધરણેંદ્રની, સામાનિકની અને ત્રાયસ્ત્રિંશકની અભ્યંતર પરિષદ્ સમિતા, મધ્યમ પરિષદ્ ચંડા અને બાહ્ય પરિષદ્ જાયા કહેલી છે. લોકપાલની અને અગ્રમહિષીઓની અભ્યંતર પરિષદ્ ઈશા, મધ્યમ પરિષદ્ ત્રુટિતા અને બાહ્ય પરિષદ્ દઢરથા. જેમ ધરણેંદ્રની છે તેમ શેષ (બાકીના) ભવનવાસીની ત્રણ પરિષદ્ જાણવી. કાલ નામના પિશાચના ઇંદ્ર,*

*પિશાચના રાજાને ત્રણ પરિષદ્ કહેલી છે, તે આ પ્રમાણે—અભ્યંતર પરિષદ્ ઈશા, મધ્યમ ત્રુટિતા અને બાહ્ય દૃઢરથા. એવી રીતે સામાનિકની અને [1]અગ્રમહિષીની પણ ત્રણ પરિષદ્ જાણવી. એવી રીતે યાવત્ ગીતરતિ અને ગીતયશા (ગાંધર્વેંદ્ર)ની ત્રણ પરિષદ્ જાણવી. ચંદ્ર નામના જ્યોતિષ્કના ઇંદ્ર, જ્યોતિષ્કના રાજાને ત્રણ પરિષદ્ કહેલી છે, તે આ—તુંબા, ત્રુટિતા અને પર્વા. એમ જ સામાનિક અને અગ્રમહિષીની ત્રણ પરિષદ્ જાણવી. એમજ સૂર્ય સંબંધી પણ જાણવી. શક્ર નામના દેવેંદ્ર, દેવના રાજાને ત્રણ પરિષદ્ કહેલી છે, તે આ પ્રમાણે—સમિતા, ચંડા અને જાયા. જેમ ચમરને કહેલ છે તેમ યાવત્ અગ્રમહિષી પર્યંતને પણ ત્રણ પરિષદ્ જાણવી. એવી રીતે યાવત્ [2]અચ્યુતેંદ્ર અને લોકપાલ પર્યંતને પણ ત્રણ પરિષદ્ જાણવી (૨). ।।૧૫૪।।*

(ટી૦) સુગમ છે, વિશેષ કહે છે કે—'असुरिंदस्स' ઇત્યાદિકમાં ઐશ્વર્યના યોગથી ઇંદ્ર અને રાજા તો કાંતિ-તેજથી હોય છે. પરિષદ્-પરિવાર, તે નજીકના ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં જે પરિવારરૂપ દેવો અને દેવીઓ અતિ મોટાઈપણાથી પ્રયોજનોને વિષે પણ બોલાવ્યા થકા જ આવે છે તે અભ્યંતર પરિષદ્, જે દેવ-દેવીઓ પ્રયોજન છતે બોલાવ્યા થકા અથવા ન બોલાવ્યા થકા આવે છે તે મધ્યમ પરિષદ્ અને જે ન બોલાવ્યા થકા પણ આવે છે તે બાહ્ય પરિષદ્ જાણવી. તથા જે પરિષદ્ની સાથે પ્રયોજન (કાર્ય) પ્રત્યે મંત્રણા કરે છે તે પહેલી પરિષદ્, જે પરિષદ્ની સાથે થયી ગયેલ મંત્રણા સંબંધી વિચાર કરે છે તે બીજી પરિષદ્ અને જે ચોક્કસ નિર્ણય કરેલ છે તે હકીકત પરિષદ્ની સામે જાહેર કરે તે ત્રીજી પરિષદ્. ।।૧૫૪।।

હમણા જ પરિષદ્-પરિવારમાં ઉત્પન્ન થયેલ દેવો કહ્યા. દેવપણું તો કઈંક પણ ધર્મથી પ્રાપ્ત થાય છે અને ધર્મની પ્રાપ્તિ કાળવિશેષમાં થાય છે, તેથી કાળવિશેષના નિરૂપણપૂર્વક કાળવિશેષમાં જ ધર્મવિશેષોની પ્રાપ્તિ સંબંધી કહે છે—

**तओ जामा पन्नत्ता, तंजहा—पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे। तिहिं जामेहिं आता केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणताते, तंजहा—पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे, एवं जाव केवलनाणं उप्पाडेज्जा पढमे जामे, मज्झिमे जामे, पच्छिमे जामे ।**

**तओ वया पन्नत्ता, तंजहा—पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए। तिहिं वएहिं आया केवलिपन्नत्तं धम्मं लभेज्ज सवणयाए, तंजहा—पढमे वए, मज्झिमे वए, पच्छिमे वए, एसो चेव गमो णेयव्वो, जाव केवलनाणं ति ।। सू० १५५ ।।**

(મૂ૦) *ત્રણ યામ (પ્રહર) કહેલ છે, તે આ પ્રમાણે—પહેલો પ્રહર, મધ્યમ પ્રહર અને પશ્ચિમ (પાછલો) પ્રહર. પ્રહર વડે આત્મા, શ્રવણપણાએ (સાંભળવાપણાએ) કેવલીકથિત ધર્મને પામે.[3] પ્રથમ પ્રહરમાં, મધ્યમ પ્રહરમાં અને પશ્ચિમ પ્રહરમાં, એવી રીતે યાવત્ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરે. પ્રથમ પ્રહરમાં, મધ્યમ પ્રહરમાં અને પશ્ચિમ પ્રહરમાં. ત્રણ વય-અવસ્થા કહી છે, તે આ પ્રમાણે—પ્રથમ વય (બાલ્યાવસ્થા), મધ્યમ વય (યૌવનાવસ્થા) અને પશ્ચિમ વય (વૃદ્ધાવસ્થા). ત્રણ વય વડે આત્મા, સાંભળવાથી કેવલીભાષિત ધર્મને પામે, તે આ પ્રમાણે—પ્રથમ અવસ્થામાં, મધ્યમ અવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં. આ આલાપક જાણવો, યાવત્ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે. ।।૧૫૫।।*

(ટી૦) 'तओ जामे' त्यादि० સ્પષ્ટ છે. ફક્ત રાત્રિનો અને દિવસનો ચોથો ભાગ તે યામ (પ્રહર) કહેવાય, જો કે તે પ્રસિદ્ધ છે તો પણ અહિં ત્રણ ભાગ જ વિવક્ષિત છે. પૂર્વ રાત્રિ, મધ્યમ રાત્રિ અને પાછલી રાત્રિને આશ્રયીને રાત્રિ 'ત્રિયામા' કહેવાય છે. એવી જ રીતે દિવસના પણ ત્રણ ભાગ જાણવા. અથવા ચોથો ભાગ તે પ્રહર, પરંતુ અહિં ચોથા ભાગની વિવક્ષા નથી કરી

1. વ્યંતર અને જ્યોતિષ્કનિકાયમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ નથી.
2. ત્રીજા દેવલોકથી બારમા દેવલોકમાં અગ્રમહિષી નથી માટે બન્ને સ્થલે સૂત્રમાં તે જણાવેલ નથી.
3. તીર્થંકરોની દેશના પ્રથમ અને પશ્ચિમ પ્રહરમાં હોય છે અને બીજા પ્રહરમાં ગણધરોની દેશના હોય છે. એ અપેક્ષાએ પણ ધર્મ સાંભળવાની વાતની સંભાવના છે.

કારણ કે ત્રણ સ્થાનકનું વર્ણન ચાલે છે. એવી રીતે 'जाव' त्ति० યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું—'केवलं बोहि बुज्झेज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वएज्जा, केवलं बंभचेरवासमावसेज्जा, एवं संजमेणं संजमेज्जा, संवरेणं, संवरेज्जा, आभिणिबोहियनाणं उप्पाडेज्जा' इत्यादि०—કેવલબોધિને પ્રાપ્ત કરે, મુંડિત થઈને ગૃહવાસથી અનગારપણાને સ્વીકારે, કેવલ બ્રહ્મચર્યવાસમાં વસે, કેવલ સંયમમાં યત્ન કરે, કેવલ સંવર વડે સંવૃત્ત થાય, કેવલ મતિજ્ઞાનને ઉત્પન્ન કરે. એવી રીતે (યાવત્ મનઃપર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે). જેમ કાળવિશેષમાં ધર્મની પ્રાપ્તિ થાય છે તેમ અવસ્થા વિશેષમાં પણ થાય છે, માટે વયનું નિરૂપણ કરવાથી તેમાં ધર્મવિશેષની પ્રાપ્તિસંબંધી કહે છે—'तओ वये' त्यादि० સ્પષ્ટ છે. પ્રાણીઓની કાળ વડે કરાયેલી અવસ્થા વય કહેવાય છે. તે વય–બાલત્વ, મધ્યમત્વ અને વૃદ્ધત્વના ભેદથી ત્રણ પ્રકારે છે. વયનું લક્ષણ આ પ્રમાણે જાણવું—

**आ षोडशाद्भवेद् बालो यावत् क्षीरोन्नवर्त्तकः मध्यमः सप्ततिं यावत् परतो वृद्ध उच्यते ।।७८।।**

સોળ વર્ષ સુધી બાલ હોય છે અર્થાત્ જ્યાં સુધી ક્ષીરાન્નમાં વર્તે છે ત્યાં સુધી બાલ કહેવાય છે, મધ્યમ સીત્તેર વર્ષ સુધી અને તેથી ઉપરની વયવાળો વૃદ્ધ કહેવાય છે. (આ વ્યાખ્યા સો વર્ષની આયુને માનીને કરવામાં આવી છે.) (૭૮)

શેષ પૂર્વની માફક જાણવું. ।।૧૫૫।।

કહેલા ધર્મવિશેષોને જ ત્રણ પ્રકારે, ૧ બોધિ શબ્દના કથનોને, ૨ બોધિવાળાને, ૩ બોધિના વિપક્ષભૂત મોહને જ અને ૪ મોહવાળાને ચાર સૂત્રો વડે કહે છે—

**तिविधा बोधी पन्नत्ता, तंजहा—णाणबोधी, दंसणबोधी, चरित्तबोधी १, तिविहा बुद्धा पन्नत्ता, तंजहा—णाणबुद्धा, दंसणबुद्धा, चरित्तबुद्धा २। एवं मोहे ३ मूढा ४ ।। सू० १५६ ।।**

**तिविहा पव्वज्जा पन्नत्ता, तंजहा—इहलोगपडिबद्धा, परलोगपडिबद्धा, दुहओ पडिबद्धा। तिविहा पव्वज्जा पन्नत्ता, तंजहा—पुरतो पडिबद्धा, मग्गतो पडिबद्धा, दुहओ पडिबद्धा। तिविहा पव्वज्जा पन्नत्ता, तंजहा—तुयावइत्ता, पुयावइत्ता, बुआवइत्ता। तिविहा पव्वज्जा पन्नत्ता, तंजहा—उ[ओ]वातपव्वजा, अक्खातपव्वज्जा, संगारपव्वज्जा ।। सू० १५७ ।।**

(મૂ૦) *ત્રણ પ્રકારે બોધિ (યથાર્થ બોધ) કહેલી છે, તે આ પ્રમાણે—જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિ. ત્રણ પ્રકારે બુદ્ધ-તત્ત્વના જાણનાર કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાન વડે બુદ્ધ, દર્શન વડે બુદ્ધ અને ચારિત્ર વડે બુદ્ધ. એવી રીતે ત્રણ પ્રકારે મોહ કહેલ છે—જ્ઞાન મોહ, દર્શન મોહ અને ચારિત્ર મોહ. એમ જ ત્રણ પ્રકારે જ્ઞાન મૂઢ (દર્શનમૂઢ, ચારિત્રમૂઢ) વગેરે જાણવા. ।।૧૫૬।।*

*ત્રણ પ્રકારે પ્રવ્રજ્યા (દીક્ષા) કહેલી છે, તે આ પ્રમાણે—આ લોકના સુખની ઇચ્છાએ પ્રતિબદ્ધ-બંધાયેલ તે ઈહલોક-પ્રતિબદ્ધદીક્ષા, પરલોકના સુખની ઇચ્છાએ બંધાયેલ તે પરલોકપ્રતિબદ્ધપ્રવ્રજ્યા અને ઉભય લોકના સુખની ઇચ્છાએ પ્રતિબદ્ધ તે ઉભયલોકપ્રતિબદ્ધદીક્ષા. વળી ત્રણ પ્રકારે પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—આગળથી ભવિષ્યમાં થનારા શિષ્યાદિની આશાથી બંધાયેલ તે અગ્રતઃપ્રતિબદ્ધદીક્ષા, માર્ગતઃ-પાછળથી સ્વજનાદિને વિષે સ્નેહનો ઉચ્છેદ થવાથી પૃષ્ઠતઃ પ્રતિબદ્ધદીક્ષા અને ઉભયથી પ્રતિબદ્ધદીક્ષા. વળી ત્રણ પ્રકારે દીક્ષા કહેલી છે, તે આ પ્રમાણે—પીડા ઉપજાવીને, બીજે સ્થળે લઈ જઈને અને બોધ આપીને. અથવા ત્રણ પ્રકારે પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—સદ્ગુરુઓની સેવાથી જે દીક્ષા તે અવપાતપ્રવ્રજ્યા, ગુરુના ઉપદેશ વડે જે લીધેલ દીક્ષા તે આખ્યાતપ્રવ્રજ્યા અને સંકેત વડે લીધેલ દીક્ષા તે સંગારપ્રવ્રજ્યા. ।।૧૫૭।।*

(ટી૦) 'तिविहे' त्यादि० સુબોધ છે. બોધિ એટલે સમ્યગ્બોધ, અહિં ચારિત્ર, બોધિનું ફળ હોવાથી બોધિ કહેવાય છે, અથવા

જીવના ઉપયોગરૂપ હોવાથી ચારિત્ર બોધિરૂપ છે. બોધિવિશિષ્ટ પુરુષો ત્રણ પ્રકારે છે, તે જ્ઞાનબુદ્ધો વગેરે. **'एवं मोहेमूढ'** त्ति० બોધિની જેમ અને બુદ્ધની માફક મોહ અને મૂઢો પણ ત્રણ પ્રકારે કહેવા યોગ્ય છે, તે આ પ્રમાણે—**'तिविहे मोहे पन्नत्ते, तं जहा—नाणमोहे'** इत्यादि० ત્રણ પ્રકારે મોહ કહેલ છે, તે આ—જ્ઞાનમાં જેના વડે મૂંઝવણ થાય તે જ્ઞાનમોહ વગેરે. **'तिविहा मूढा पन्नत्ता, तंजहा—णाणमूढे'** इत्यादि० ત્રણ પ્રકારે મૂઢો કહેલ છે, તે આ—જ્ઞાનમાં જે મૂંઝાય તે જ્ઞાનમૂઢ વગેરે. ॥૧૫૬॥

ચારિત્રબુદ્ધો પૂર્વે કહેલા છે, તે ચારિત્રબુદ્ધો પ્રવ્રજ્યા છતે હોય છે, આ કારણથી પ્રવ્રજ્યા પ્રત્યે ભેદથી નિરૂપણ કરતા થકા કહે છે—**'तिविहे'** त्यादि० ચાર સૂત્ર સુગમ છે. પ્રવ્રજન–ગમન, એટલે પાપથી (પાપને છોડીને) ચારિત્રના વ્યાપારોને વિષે જવું તે પ્રવ્રજ્યા. ચરણ–યોગમાં જવું તે મોક્ષગમન જ છે. કારણને વિષે કાર્યનો ઉપચાર હોવાથી મેઘ, તંદુલો (ચોખા)ને વરસે છે ઇત્યાદિની જેમ જાણવું. કહ્યું છે કે—

**पव्वयणं पव्वज्जा, पावाओ सुद्धचरणजोगेसु । इय मोक्खं पइ गमणं, कारण कज्जोवयाराओ ॥७९॥ [पञ्चव० ५ इति]**

પાપથી શુદ્ધચરણના યોગમાં પ્રવજન ગમન જવું તે પ્રવ્રજ્યા. આ મોક્ષ પ્રતિ ગમન છે. આ કથનમાં કારણમાં કાર્યનો ઉપચાર કરેલ છે. (૭૯)

ઇહલોકપ્રતિબદ્ધદીક્ષા ઐહિક ભોજન વગેરે કાર્યના અર્થીઓને હોય છે, પરલોકપ્રતિબદ્ધદીક્ષા આગામી–આવતા જન્મમાં કામ–ભોગ વગેરેની ઇચ્છાવાળાને હોય છે અને **द्विधा प्रतिबद्धा**—આ લોક તથા પરલોકપ્રતિબદ્ધ દીક્ષા તે ઉભયાર્થીને હોય છે. **पुरतः** આગલથી બંધાએલા–ભાવીમાં દીક્ષા લેનાર શિષ્યાદિને વિષે વાંચ્છારૂપ પ્રતિબંધથી, **मार्गतः**—પાછળથી સ્વજન વગેરેમાં સ્નેહ રહેવાથી અને ત્રીજી દ્વિધા–બંને પ્રકારે પણ હોય છે. **'तुयावइत्त'** त्ति० **'तुद व्यथने'** તુદ ધાતુ પીડાના અર્થમાં છે. આ ધાતુ વચનથી **तोदयित्वा**–પીડા ઉપજાવીને જે દીક્ષા દેવાય છે તે, જેમ સાગરચંદ્રે મુનિચંદ્ર (રાજા)ના પુત્રને દીધી તેમ. **'पुयावइत्त'** त्ति० **'प्लुङ्गतौ'** પ્લુઙ્ ધાતુ ગતિના અર્થમાં છે, આ વચનથી **प्लावयित्वा**—બીજે સ્થળે લઈ જઈને [1]આર્યરક્ષિતની માફક જે દીક્ષા દેવાય છે તે. **'वुयावइत्ता'** સમ્યક્ પ્રકારે સમજાવીને જેમ શ્રી ગૌતમસ્વામીએ કર્ષક (હાલી)ને દીક્ષા આપી તેમ. **अवपातः**—સદ્ગુરુની સેવાથી જે દીક્ષા તે અવપાત દીક્ષા, તથા **आख्यात**—ધર્મની દેશના વડે અથવા ગુરુઓએ કહેલ 'તું દીક્ષા લે' એ રીતે જે દીક્ષા તે ફલ્ગુરક્ષિતની માફક આખ્યાતપ્રવ્રજ્યા, તેમજ **'संगार'** त्ति० સંકેતથી જે દીક્ષા લેવી તે મેતાર્ય મુનિ વગેરેની જેમ સંગારપ્રવ્રજ્યા. અથવા જ્યારે તું દીક્ષા લઈશ ત્યારે મારે દીક્ષા લેવી, જો તું દીક્ષા લે તો હું પણ લઉં એવી રીતે જે દીક્ષા લેવી તે સંગારદીક્ષા. (દશરથ રાજાના પિતા અનરણ્ય રાજાની જેમ.) ॥૧૫૭॥

આવી રીતે વર્ણવેલ પ્રવ્રજ્યાવાળા નિર્ગ્રંથો હોય છે, માટે નિર્ગ્રંથનું સ્વરૂપ બે સૂત્ર વડે કહે છે—

**तओ णियंठा णोसन्नोवउत्ता पन्नत्ता, तंजहा—पुलाए, णियंठे, सिणाए । तओ णियंठा सन्न-णोसन्नोवउत्ता पन्नत्ता, तंजहा—बउसे, पडिसेवणाकुसीले, कसायकुसीले ॥ सू० १५८ ॥**

**तओ सेहभूमीओ पन्नत्ताओ, तंजहा—उक्कोसा, मज्झिमा, जहन्ना। उक्कोसा छम्मासा, मज्झिमा चउमासा, जहन्ना सत्तराइंदिया । तओ थेरभूमीओ पन्नत्ताओ, तंजहा—जाइथेरे, सुतथेरे, परियायथेरे। सट्ठिवासजाए समणे णिग्गंथे जातिथेरे, ठाणंगसमवायधरे णं समणे णिग्गंथे सुयथेरे, वीसवासपरियाए णं समणे णिग्गंथे परियायथेरे ॥ सू० १५९॥**

*(મૂ૦) ત્રણ નિર્ગ્રંથોને નોસંજ્ઞાઉપયુક્ત–આહારાદિની ચિંતા રહિત કહેલા છે, તે આ પ્રમાણે—૧ પુલાક–સંયમને સાર રહિત કરનાર, ૨ નિર્ગ્રંથ–ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનમાં વર્ત્તનાર, ૩ સ્નાતક–ઘાતી કર્મમલને ધોવાથી*

1. તોષલિપુત્ર આચાર્યે આર્યરક્ષિતને બીજે ગામે લઈ જઈને દીક્ષા આપેલ. આર્યરક્ષિત વગેરેની કથા 'પરિશિષ્ટ પર્વ'માંથી જાણી લેવી.

*શુદ્ધ થયેલ. વળી ત્રણ નિર્ગ્રંથો સંજ્ઞાઉપયુક્ત અને નોસંજ્ઞાઉપયુક્ત-આહારાદિની ચિંતાવાળા અને ચિંતારહિત કહેલ છે, તે આ પ્રમાણે—૧ બકુશ-ચારિત્રને મલિન કરનાર, ૨ પ્રતિસેવનાકુશીલ-મૂલ તથા ઉત્તરગુણમાં દોષ લગાડનાર, ૩ કષાયકુશીલ-કષાયો વડે જેનો ખરાબ શીલ-આચાર છે, અર્થાત્ સંજ્વલનકષાયના ઉદયથી દોષ લગાડે છે પરંતુ મૂલોત્તર ગુણમાં દોષ ન લગાડે. ॥૧૫૮॥*

*ત્રણ શૈક્ષ્ય (શિષ્ય) ની ભૂમિઓ વડી દીક્ષા આપવાના કાલરૂપ કહેલી છે, તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટા, મધ્યમા અને જઘન્યા. છમાસવાળી ઉત્કૃષ્ટ ભૂમિ, ચાર માસવાળી મધ્યમભૂમિ અને સાત અહોરાત્રવાળી જઘન્યભૂમિ. ત્રણ સ્થવિરભૂમિ (પદવી) કહેલ છે, તે આ પ્રમાણે—૧ જાતિજન્મસ્થવિર, ૨ શ્રુતસ્થવિર અને ૩ પર્યાય (દીક્ષા) સ્થવિર. સાઠ વર્ષની આયુ થયે છતે શ્રમણ નિર્ગ્રંથ જાતિસ્થવિર, ઠાણાંગ અને સમવાયાંગ સિદ્ધાંત (આચારાંગ સૂયગડાંગ સહિત) ને ધરનાર-ભણેલ તે શ્રુતસ્થવિર અને વીશ વર્ષની દીક્ષાવાળો શ્રમણ નિર્ગ્રંથ તે પર્યાયસ્થવિર જાણવો. ॥૧૫૯॥*

(ટી૦) **'तओ'** इत्यादि० બાહ્ય અભ્યંતર ગ્રંથ (પરિગ્રહ)થી મુક્ત થયેલા સંયતો, સંજ્ઞામાં-આહારાદિની ઇચ્છામાં, પૂર્વે અનુભવેલ આહારાદિનું સ્મરણ અને ભવિષ્યની ચિંતા વડે ઉપયોગવાળા (જોડાયેલા નહિં) તે નોસંજ્ઞાઉપયુક્તો. તેમાં પુલાક એટલે લબ્ધિને પ્રયુંજવા વગેરેથી સંયમનું અસારપણું કરનાર. તેના લક્ષણો આગળ કહેવાશે (૧), નિર્ગ્રંથ તે ઉપશાંતમોહી અથવા ક્ષીણમોહી હોય છે (૨), સ્નાતક-ઘાતીકર્મરૂપ મલના પ્રક્ષાલન (ધોવા)થી પ્રાપ્ત કરેલ છે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ જેણે તે (૩), તથા ત્રણ નિર્ગ્રંથો જ સંજ્ઞોપયુક્તા અને નોસંજ્ઞોપયુક્તા એટલે કે સંકીર્ણ-મિશ્ર સ્વરૂપવાળા છે. તથાસ્વરૂપપણાથી તે પ્રકારે કહે છે—**'सन्न-णोसन्नोवउत्त'** त्ति० સંજ્ઞા-આહારાદિના વિષયવાળી અને નોસંજ્ઞા-આહારાદિની ઇચ્છાના અભાવવાળી. તે બન્નેના ઉપયોગવાળા તે સંજ્ઞાનોસંજ્ઞોપયુક્તા. આ ષષ્ઠી તત્પુરુષસમાસ છે. અહિં પૂર્વના **'सन्न'** શબ્દમાં હ્રસ્વપણું પ્રાકૃતપણાને અંગે સમજવું. ત્રણમાં બકુશ-શરીરની અને ઉપકરણની વિભૂષા વગેરે વડે કાબરચિતરું કરેલ છે ચારિત્રરૂપી વસ્ત્ર જેણે તે (૧), પ્રતિસેવનાકુશીલ-મૂલગુણો વગેરેમાં પ્રતિસેવના-દોષ લગાવવા વડે અશુભ છે શીલ-આચાર જેનો તે (૨), એમ જ કષાય વડે કુત્સિત છે શીલ-આચાર જેનો તે કષાયકુશીલ (૩). ॥૧૫૮॥

કેટલાએક નિર્ગ્રંથો આરોપણ કરેલ વ્રતવાળા હોય છે, આ કારણથી વ્રતના આરોપણમાં કાળવિશેષોને કહે છે—**'तओ सेहे'** त्यादि० સુગમ છે. **'सेहे'ति षिधू** ધાતુ નિષ્પાદન—બનાવવાના અર્થમાં છે એ વચનથી **सेध्यते**—જેના વડે જે તૈયાર કરાય છે તે સેધ, અથવા જે શિક્ષાને અભ્યાસે છે-શીખે છે તે શૈક્ષ્ય (શિષ્ય), તેની ભૂમિઓ-મહાવ્રતના આરોપણ કરવાના લક્ષણવાળી અવસ્થા પદવીઓ તે સેધભૂમિઓ અથવા શૈક્ષ્યભૂમિઓ જાણવી. ઉત્કૃષ્ટથી છ માસ વડે વડી દીક્ષા (ફરીથી મહાવ્રતોનું સ્થાપન) છ માસનું ઉલ્લંઘન ન કરે, મધ્યમથી ચાર માસ વડે ઉત્થાપન કરાય છે અને જઘન્યથી સાત અહોરાત્ર વડે થાય છે કારણ કે શિક્ષાને ગ્રહણ કરેલ હોવાથી કહ્યું છે કે—

**सेहस्स तिन्नि भूमी, जहन्न तह मज्झिमा य उक्कोसा । राइंदि सत्त चउमासिगा य छम्मासिआ चेव ॥८०॥**

**[व्यव० १०/४६०४]**

શિષ્યની ત્રણ ભૂમિઓ છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટી. તે ક્રમશઃ સાત અહોરાત્રી, ચાર માસ અને છ માસવાળી કહેલ છે. (૮૦)

આ શૈક્ષભૂમિઓમાં વ્યવહાર (સૂત્ર) વડે કહેવાયેલ આ વિભાગ છે.

**पुव्वोवट्ठपुराणे, करणजयट्ठा जहन्निया भूमी । उक्कोसा दुम्मेहं, पडुच्च अस्सद्दहाणं च ॥८१॥**

**एमेव य मज्झिमगा, अणहिज्जंते असद्दहंते य । भावियमेहाविस्स वि, करणजयट्ठा य मज्झिमगा ॥८२॥**

**[व्यव० १०/४६०५-६]**

પૂર્વે જે ઉપસ્થિત થયેલ હોય તે પૂર્વે ઉપસ્થિત એવો પ્રાચીન (જૂનો) મુનિ, તેને વિષે કરણના જય માટે-તપ વગેરે માટે જઘન્ય ભૂમિ (સાત અહોરાત્રની) હોય છે. અહિં આ ભાવના જાણવી. જે પહેલાં દીક્ષા લઈને પછીથી દીક્ષાને છોડનાર, તે ફરીથી પ્રવ્રજ્યાને સ્વીકારતો થકો સાતમે દિવસે ઉપસ્થાપના કરવા યોગ્ય છે. તેને તેટલા દિવસો વડે પૂર્વની વીસરેલી સમાચારીનું કરવું સરલતાથી થાય છે, આ જઘન્ય ભૂમિ છે. અલ્પબુદ્ધિવાળા અને અશ્રદ્ધાળુને આશ્રયી છ માસની ઉત્કૃષ્ટ ભૂમિ હોય છે. એવી જ રીતે ન ભણેલ અને અશ્રદ્ધાળુને ચાર માસની મધ્યમભૂમિ હોય છે. ભાવિત-શ્રદ્ધાળુ અને બુદ્ધિમાનને પણ કરણજયને માટે મધ્યમભૂમિ હોય છે. (૮૧-૮૨)

શૈક્ષ્યનો પ્રતિપક્ષી સ્થવિર હોય છે, માટે સ્થવિરભૂમિનું નિરૂપણ કરવા માટે કહે છે-'तओ थेरे' इत्यादि० સુગમ છે. વિશેષ કહે છે કે-સ્થવિર-વૃદ્ધ, તેની જે ભૂમિઓ-પદવીઓ, તે સ્થવિરભૂમિઓ. જાતિ-જન્મ, શ્રુત-આગમ અને પર્યાય-પ્રવ્રજ્યા આ ત્રણ વડે જે સ્થવિરો-વૃદ્ધો તે જાતિસ્થવિર વગેરે છે. અહિં ભૂમિકા અને ભૂમિકાવાળાના અભેદથી જ ઉપન્યાસ (કહેલ) છે. અન્યથા ભૂમિકા ઉદ્દિષ્ટા-જે ઉદ્દેશ કરાયેલી ભૂમિકા છે તે જ કહેવા યોગ્ય થાય. આ ત્રણેનું ક્રમથી અનુકંપા (ભક્તિ), પૂજા અને વંદન કરવું જોઈએ જેથી વ્યવહાર (સૂત્ર)માં કહ્યું છે કે—

**आहारे उवही सेज्जा, संथारे खेत्तसंकमे । किइच्छंदाणुवत्तीहि, अणुकंपइ थेरगं ॥८३॥ [व्यव० १०/४५९९]**

આહારમાં, ઉપધિમાં, શય્યાંમાં (વસતિમાં), સંસ્તારકમાં, ક્ષેત્રસંક્રમવિહારમાં કૃતિકર્મ એટલે વંદન કરવું અને **છંદોનુવર્ત્તન એટલે આજ્ઞા પ્રમાણે વર્ત્તવું** ઇત્યાદિ વડે જાતિસ્થવિરને વિષે અનુકંપા (ભક્તિ) કરવી. (૮૩)

**उट्ठाणासणदाणाई, जोगाहारप्पसंसणा । नीयसेज्जाइ निद्देसवत्तित्ते पूयए सुयं ॥८४॥ [व्यव० १०/४६००]**

શ્રુતસ્થવિર આવે ત્યારે ઊભા થવું, આસન દેવું, આદિ શબ્દથી પ્રમાર્જનાદિ ગ્રહણ કરવું, યોગ્ય આહાર દેવો, સમક્ષ અથવા પરોક્ષ પ્રશંસા કરવી, તેનાથી નીચેની શય્યામાં રહેવું, તેઓની આજ્ઞામાં વર્ત્તવું-આવી રીતે શ્રુતસ્થવિરની પૂજા કરવી. (૮૪)

**उट्ठाणं वंदणं चेव, गहणं दंडगस्स य । अगुरुणो वि य णिद्देसे, तइयाए पवत्तए ॥८५॥ [व्यव० १०/४६०१ त्ति]**

પર્યાયસ્થવિર આવે ત્યારે ઊભા થવું, વંદન કરવું, દાંડાનું ગ્રહણ કરવું ઇત્યાદિ ગુરુના નિર્દેશ (આજ્ઞા) સિવાય પણ પ્રવર્ત્તવું. (૮૫) ॥૧૫૯॥

પુરુષ પ્રકારરૂપ સ્થવિરો કહ્યા તેથી તે પુરુષના અધિકારથી હવે પુરુષના પ્રકારોને કહે છે.

**तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—सुमणे, दुम्मणे, णोसुमणे णोदुम्मणे (१)। तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—गंता णामेगे सुमणे भवति, गंता णामेगे दुम्मणे भवति, गंता णामेगे णोसुमणे णोदुम्मणे भवति (२)। तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—जामीतेगे सुमणे भवति, जामीतेगे दुम्मणे भवति, जामीतेगे णोसुमणे-णोदुम्मणे भवति (३)। एवं जाइस्सामीतेगे सुमणे भवति ३ (४)। तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—अगंता णामेगे सुमणे भवति ३ (५)। तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—ण जामि एगे सुमणे भवति ३ (६)। तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—ण जाइस्सामि एगे सुमणे भवति ३ (७)। एवं आगंता णामेगे सुमणे भवति ३ (८)। एमितेगे सुमणे भवति ३, एस्सामीति एगे सुमणे भवति ३। एवं एएणं अभिलावेणं—**

**गंता य अगंता (य) १, आगंता खलु तधा अणागंता २ ।**
**चिट्ठित्तमचिट्ठित्ता ३, णिसितित्ता चेव नो चेव ४ ॥१॥**
**हंता य अहंता य ५, छिंदित्ता खलु तहा अच्छिंदित्ता ६ ।**
**बूतित्ता अबूतित्ता ७, भासित्ता चेव णो चेव ८ ॥२॥**

दच्चा य अदच्चा य ९, भुंजित्ता खलु तधा अभुंजित्ता १० ।
लभित्ता अलभित्ता य ११, पिवइत्ता चेव नो चेव १२ ।।३।।
सुतित्ता असुतित्ता य १३, जुज्झिता खलु तहा अजुज्झित्ता १४ ।
जतित्ता अजयित्ता य १५, पराजिणित्ता य (चेव)नो चेव १६ ।।४।।
सद्दा १७ रूवा १८ गंधा, १९ रसा य २० फासा २१ (२१x६=१२६-१-१२७) तहेव ठाणा य ।
निस्सीलस्स गरहिता, पसत्था पुण सीलवंतस्स ।।५।।

एवमेक्केके तिन्नि उ तिन्नि उ आलावगा भाणियव्वा, सद्दं सुणेत्ता णामेगे सुमणे भवति ३ एवं सुणेमीति ३ सुणिस्सामीति ३। एवं असुणेत्ता णामेगे सुमणे भवति ३, न सुणेमीति ३, ण सुणिस्सामीति ३। एवं रूवाइं गंधाइं रसाइं फासाइं, एक्केक्के छ छ आलावगा भाणियव्वा [१२७ आलावगा भवंति] ।। सू० १६० ।।

तओ ठाणा णिस्सीलस्स निव्वयस्स णिग्गुणस्स णिम्मेरस्स णिप्पच्चक्खाणपोसहोववासस्स गरहिता भवंति, तंजहा—अस्सिं लोगे गरहिते भवइ, उववाते गरहिए भवइ, आयाती गरहिता भवति। तओ ठाणा सुसीलस्स सुव्वयस्स सगुणस्स सुमेरस्स सपच्चक्खाणपोसहोववासस्स पसत्था भवंति, तंजहा—अस्सिं लोगे पसत्थे भवति, उववाए पसत्थे भवति, आयाती पसत्था भवति ।। सू० १६१ ।।

*(મૂ૦) ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—સારા મનવાળા-હર્ષવાળા, દુર્મન-દ્વેષવાળા અને સારા મનવાળા પણ નહિં તેમ દુષ્ટ મનવાળા પણ નહિં અર્થાત્ મધ્યસ્થ (૧), વળી ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈએક ગત્વા—વિહારક્ષેત્રમાં જઈને હર્ષ પામે છે, કોઈએક પુરુષ ત્યાં જઈને શોચ (દિલગીરી) પામે છે અને કોઈએક મધ્યસ્થ રહે છે અર્થાત્ હર્ષ કે શોક પામતા નથી (૨), વળી ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ અન્ય સ્થાનકે જતાં હર્ષવંત થાય છે, કોઈએક પુરુષ જતાં દિલગીર થાય છે અને કોઈએક પુરુષ જતાં નહિં હર્ષ કે નહિં શોચ કરે અર્થાત્ મધ્યસ્થ થાય છે (૩), વળી ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ અન્ય સ્થાનકે હું જઈશ એમ હર્ષ પામે છે, કોઈએક દિલગીર થાય છે અને કોઈએક પુરુષ મધ્યસ્થ રહે છે (૪), ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—અન્ય સ્થાનકે નહિં જઈને હર્ષ પામે છે, કોઈએક નહિં જઈને દિલગીર થાય છે અને કોઈએક પુરુષ મધ્યસ્થ રહે છે (૫), ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈક અન્ય સ્થાનકે હું નથી જતો એમ રાજી થાય છે, કોઈક દિલગીર થાય છે અને કોઈક મધ્યસ્થ રહે છે (૬), ત્રણ પ્રકારે પુરુષ કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ અન્ય સ્થાનકે હું નહિ જઈશ એમ રાજી થાય છે, કોઈક દિલગીર થાય છે ને કોઈક મધ્યસ્થ રહે છે (૭), એવી રીતે સ્થાનકે આવીને કોઈએક પુરુષ રાજી થાય છે, કોઈક દિલગીર થાય છે અને કોઈક મધ્યસ્થ રહે છે (૮), કોઈએક પુરુષ હું સ્થાનકે આવું છું એમ રાજી થાય છે, કોઈક દિલગીર થાય છે અને કોઈક મધ્યસ્થ થાય છે, કોઈક હું સ્થાને આવીશ એમ રાજી થાય છે, કોઈક દિલગીર થાય છે અને કોઈક મધ્યસ્થ થાય છે, એવી રીતે આ (પાંચ ગાથારૂપ અભિલાપ વડે) કહે છે—જઈને અને નહિં જઈને ૧, આવીને અને નહિં આવીને ૨, ઊભા રહીને અને ઊભા નહિં રહીને ૩, બેસીને અને નહિં બેસીને ૪ [૧], વિનાશીને અને નહિં વિનાશીને ૫, છેદીને તેમ નહિં છેદીને ૬, ભણીને અને નહિં ભણીને ૭, બોલીને અને નહિં બોલીને ૮, ઇત્યાદિ દરેકમાં ભૂતની જેમ વર્તમાન અને ભવિષ્યકાલના સૂત્રો કહેવા [૨], આપીને અને નહિં આપીને ૯, ભોજન કરીને અને નહિં ભોજન કરીને ૧૦, મેળવીને અને નહિં મેળવીને ૧૧, પાન કરીને (પીને) અને પાન નહિં કરીને ૧૨ [૩], સૂઈને અને નહિં સૂઈને ૧૩, યુદ્ધ કરીને અને યુદ્ધ નહિં કરીને ૧૪, જીતીને અને નહિં જીતીને ૧૫, અતિશય જીતીને અને અતિશય નહિં*

*જીતીને ૧૬ [૪], શબ્દને સાંભળીને અને શબ્દને નહિં સાંભળીને ૧૭, રૂપને જોઈને અને નહિં જોઈને ૧૮, ગંધને સૂંઘીને અને નહિં સૂંઘીને ૧૯, રસને આસ્વાદીને અને નહિં આસ્વાદીને ૨૦, સ્પર્શને સ્પર્શીને અને નહિં સ્પર્શીને ૨૧ એમ એકવીશ પદમાં વિધિ[1] અને પ્રતિષેધથી ત્રણ[2] કાલરૂપ છ ભંગ વડે ગુણવાથી ૧૨૬ અને એક પ્રથમનું સ્થાન એમ સર્વ મલી ૧૨૭ સ્થાન થાય. તે સ્થાન શીલરહિત પુરુષને ગર્હિત હોય છે અને શીલવંતને સારું હોય છે [૫]. એવી રીતે એક એક શબ્દાદિ વિષયમાં ત્રણ ત્રણ આલાપકો કહેવા યોગ્ય છે. શબ્દ સાંભળીને કોઈએક સુમન, કોઈએક દુર્મન અને કોઈએક મધ્યસ્થ થાય છે. એમ સાંભળતાં થકાં અને સાંભળીશ આમાં પણ પૂર્વોક્ત રીતે જાણવું. એ પ્રમાણે નહિં સાંભળીને કોઈએક સુમન, કોઈએક દુર્મન અને કોઈએક મધ્યસ્થ થાય છે. કોઈએક નહિં સાંભળતાં થકાં અને નહિં સાંભળીશ આમાં પણ પૂર્વની જેમ જાણવું. એવી રીતે રૂપ, ગંધ, રસ અને સ્પર્શના વિષયમાં દરેકને વિષે છ છ આલાપકો કહેવા યોગ્ય છે. તે સર્વ ૧૨૭ આલાપકો થાય છે. ॥૧૬૦॥*

*ત્રણ સ્થાનકો શીલ રહિતને, વ્રત રહિતને, નિર્ગુણિને, મર્યાદા રહિતને, પચ્ચક્ખાણપૌષધોપવાસ રહિતને ગર્હિત (નિંદિત), થાય છે, તે આ પ્રમાણે-આ લોક ગર્હિત થાય છે, ઉપપાત ગર્હિત થાય છે (કિલ્બિષી વગેરે દેવ અગર નારકમાં ઉપપાત થાય છે), આયાતિ-તે દેવાદિથી ચ્યવીને કુમાનુષ્યપણું અથવા તિર્યંચપણારૂપ ગર્હિત થાય છે. ત્રણ સ્થાનો સુશીલને, સુવ્રતને, ગુણવાનને, મર્યાદાવાળાને, પ્રત્યાખ્યાનપૌષધોવાસ સહિતને પ્રશસ્ત (રુડાં) થાય છે, તે આ પ્રમાણે-આ લોક પ્રશસ્ત થાય છે, ઉપપાત પ્રશસ્ત થાય છે (ઉત્તમ દેવાદિમાં ઉપજે છે), આયાતિ-ત્યાંથી ચ્યવીને ઉત્તમ મનુષ્યાદિપણાથી પ્રશસ્ત થાય છે. ॥૧૬૧॥*

(ટી૦) 'तओ पुरिसे' त्यादि० પુરુષજાતો-પુરુષપ્રકારો. સારું મન છે જેને તે સુમન હર્ષવાળો, એમ જ દુર્મ્મન-દીનતા વગેરેવાળો દ્વેષી અને નોસુમનનોદુર્મ્મન=મધ્યસ્થ અર્થાત્ સમતાવાળો. સામાન્યથી પુરુષના પ્રકારો કહ્યા, એ પુરુષોને જ વિશેષથી ગતિ વગેરે ક્રિયાની અપેક્ષાએ 'तओ' इत्यादि० સૂત્રો વડે કહે છે. તેમાં **गत्वा**—કોઈક વિહાર ક્ષેત્ર વગેરેમાં જઈને (નામ શબ્દ સંભાવના અર્થમાં છે.) કોઈએક **सुमना भवति**—રાજી થાય છે, તેમજ અન્ય **दुर्म्मनाः**—શોચ પામે છે, અન્ય સમભાવે જ રહે છે. આ અતીતકાળના સૂત્રની જેમ વર્ત્તમાન અને ભવિષ્યકાલ સંબંધી સૂત્રમાં પણ જાણવું. વિશેષ— **'जामीतेगे'** ઇત્યાદિને વિષે ઇતિ શબ્દ હેતુના અર્થમાં છે. 'एवमगंते' ઇત્યાદિ પ્રતિષેધ સૂત્રો અને આગમન સૂત્રો પણ સુગમ છે. 'एवम्' આ ઉપર કહેલ અભિલાપ વડે શેષ સૂત્રો પણ કહેવા. હવે કહેલ અને નહિં કહેલ સૂત્રોને સંગ્રહ કરવા થકા ગાથા-પંચક પ્રત્યે કહે છે—'गंते' त्यादि० ગંતા-જઈને, અગંતા-નહિં જઈને અને આગંતા-આવીને એમ કહેલ છે. **अणागंतत्ति-अणागंता णामेगे सुमणे भवइ, अणागंता णामेगे दुम्मणे भवइ, अणागंता णामेगे नोसुमणेनोदुम्मणे भवइ** ૩, નહિં આવીને એક સુમન થાય છે, નહિં આવીને એક દુર્મ્મન થાય છે, નહિં આવીને એક મધ્યસ્થ થાય છે. **एवं न आगच्छामीति** ૩, એમ નહિં આવીને એક સુમન વગેરે થાય છે, **एवं न आगमिस्सामीति** ૩, એમજ નહિં આવીશ એમ કોઈએક સુમન વિગેરે થાય છે. **'चिट्ठित्त'** त्ति० ઊભા રહીને સુમન, દુર્મન અને મધ્યસ્થ થાય છે. **एवं 'चिट्ठामीति चिट्ठिस्सामीति'** એમ ઊભો છું, ઊભો રહીશ. **'अचिट्ठित्ता'**—ઊભો નહિં રહીને. અહિં પણ કાળથી ત્રણ સૂત્ર છે. એમ બધે સ્થળે કહેવું. વિશેષ કહે છે—**'निषद्य'**—બેસીને, **'नो चेव'**त्ति० નહિં બેસીને ૪ [૧], **हत्वा**—કાંઈક વિનાશીને, **अहत्वा**—નહિં વિનાશીને, ૫, **छित्त्वा**—બે વિભાગ કરીને, **अच्छित्त्वा**—બે ભાગ નહિં કરીને ૬, **'बुइत्त'** त्ति० પદવાક્યાદિને કહીને **'अबुइत्त'** त्ति० નહિં કહીને ૭, **'भासित्ते'** त्ति० કહેવા યોગ્ય કોઈકને સંભાષણ કરીને, **'नो चेव'** त्ति० **अभासित्ता** કોઈને કાંઈપણ નહિં કહીને ૮ [૨], **'दच्च'** त्ति० આપીને, નહિં આપીને ૯, ખાઈને, નહિં ખાઈને ૧૦, મેળવીને, નહિં મેળવીને ૧૧, **पीत्वा**—પીને 'नो

1-2. જઈને આ વિધિ અને નહિ જઈને આ પ્રતિષેધ, એમ દરેક સૂત્રમાં જાણવું. જઈને એ ભૂતકાલ અને જાતાં થકાં એ વર્તમાનકાલ અને જઈશ એ ભવિષ્યકાલ, એ ત્રણ કાલ આશ્રયી છ ભંગ થાય છે.

चेव' त्ति० નહિં પીને ૧૨ [૩], સૂઈને, નહિં સૂઈને ૧૩, યુદ્ધ કરીને, યુદ્ધ નહિં કરીને ૧૪, 'जइत्त' त्ति० બીજાને જીતીને, બીજાને નહિં જીતીને ૧૫ 'पराजिणित्ता' અતિશય જીતીને અથવા બીજાનો પરિભંગ (નુકશાન) પ્રાપ્ત કરીને રાજી થાય છે.[1] કારણ કે ભવિષ્યમાં વૃદ્ધિ પામનાર (શત્રુ) વિષયમાં ઘણા પૈસાના વ્યય વડે નિર્મુક્ત થવાથી અથવા પ્રતિવાદીનો પરાભવ કરીને રાજી થાય છે કેમ કે સંભાવિત અનર્થ વડે મૂકાયેલ હોય છે. 'नो चेव' त्ति० પરાજય નહિં કરીને ૧૬ [૪], 'सद्दे' त्यादि० ગાથા સૂત્રથી જ જાણવી. કેમ કે ત્યાં આ ગાથાને વિસ્તારેલ છે. 'एवमिक्के' इत्यादि० 'एवम्' એટલે સૂત્રમાં કહેલ ગત્વાદિ ક્રમ વડે એક એક શબ્દાદિ [2]વિષયમાં વિધિ અને પ્રતિષેધ એ બન્ને વડે દરેકમાં ત્રણ ત્રણ આલાપક સૂત્રો કાલવિશેષના આશ્રયવાળા (ભૂત, વર્તમાન અને ભવિષ્યને આશ્રયીને) સુમન, દુર્મ્મન અને નોસુમનનોદુર્મ્મન (મધ્યસ્થ) આ ત્રણ પદવાળા કહેવા. આ જ હકીકત બતાવતા થકા કહે છે—'सद्द'मित्यादि० કહેલ અર્થવાળા છે. 'एवं रूवाइं गंधाइं' इत्यादि० જેમ શબ્દમાં વિધિ નિષેધ વડે ત્રણ ત્રણ આલાપકો કહ્યા એમ જ 'रूवाइं पासित्ते' त्यादि० ત્રણ ત્રણ જ બતાવવા યોગ્ય છે. આ પ્રમાણે કરવાથી જે થાય છે તે કહે છે—'एक्के' इत्यादि० એક એક વિષયમાં છ આલાપકો કહેવા યોગ્ય થાય છે, તે શબ્દમાં બતાવેલ જ છે, રૂપાદિમાં ફરી આ પ્રમાણે ૧ રૂપને જોઈને સુમન, દુર્મ્મન અને નોસુમનનોદુર્મ્મન ૨ એમ હું જોઉં છું, ૩ એમ હું જોઈશ, ૪ એમ નહિં જોઈને ૫, હું નહિં જોઉં છું ૬, હું નહિં જોઈશ એમ છ, એવી રીતે ગંધને સૂંઘીને છ, રસને આસ્વાદીને છ, સ્પર્શોને સ્પર્શીને છ. ॥૧૬૦॥

'तहेव ठाणा य' त्ति० (તેમજ સ્થાનો) જે સંગ્રહગાથામાં કહેલ છે તેને વિચારતાં થકાં કહે છે—'तओ ठाणा' इत्यादि० ત્રણ સ્થાનો નિઃશીલને એટલે સામાન્યથી શુભ સ્વભાવ રહિતને, વિશેષથી વળી **निर्व्रतस्य**—પ્રાણાતિપાત વગેરેથી નહિં વિરામ પામેલને, **निर्गुणस्य**—ઉત્તરગુણની અપેક્ષાએ-લોક, કુળ વગેરેની અપેક્ષાએ મર્યાદા રહિતને અને **निष्प्रत्याख्यान-पौषधोपवासस्य**—પોરિસી વગેરે નિયમ તથા પર્વદિનમાં ઉપવાસ રહિતને **गर्हितानि**—નિંદનીય થાય છે, તે આ પ્રમાણે— 'अस्सिं' ति० વિભક્તિના બદલવાથી આ લોક-આજન્મ ગર્હિત થાય છે, કારણ કે **પાપની પ્રવૃત્તિ દ્વારા વિદ્વાન લોકો વડે ગર્હિત બને છે**. તથા उपपात—અકામ નિર્જ્જરાદિ (બાલતપસ્યા વગેરે)થી જનિત (થયેલ) કિલ્બિષિક વગેરે દેવભવ અથવા નારકનો ભવ, 'उपपातो देवनारकाणा'मिति [नारकदेवानामुपपातः तत्त्वार्थ अ० २, सू० ३५] वचनात्—નારક અને દેવોને ઉપપાત હોય છે. આ તત્ત્વાર્થ સૂત્રના વચનથી કિલ્બિષિક, આભિયોગિક વગેરે રૂપપણાએ ગર્હિત થાય છે. आजातिः—ત્યાંથી ચ્યવીને અથવા ઉદ્વર્ત્તીને કુમાનુષ્યપણારૂપ અથવા તિર્યંચપણારૂપ ગર્હિત થાય છે. ગર્હિતથી વિપર્યય (પ્રશસ્ત) ને કહે છે-'तओ' इत्यादि० સૂત્ર પાઠથી સિદ્ધ છે. ॥૧૬૧॥

આ ગર્હિત અને પ્રશસ્ત સ્થાનો સંસારીઓને જ હોય છે માટે સંસારીજીવનું નિરૂપણ કરવા માટે કહે છે.

**तिविहा संसारसमावन्नगा जीवा पन्नत्ता, तंजहा—इत्थी, पुरिसा, नपुंसगा। तिविहा सव्वजीवा पन्नत्ता, तंजहा—सम्मद्दिट्ठी, मिच्छदिट्ठी, सम्मामिच्छदिट्ठी य। अहवा तिविहा सव्वजीवा पन्नत्ता, तंजहा—पज्जत्तगा, अपज्जत्तगा, णोपज्जत्तगाणोअपज्जत्तगा। एवं सम्मदिट्ठी परित्ता, पज्जत्तगा, सुहुम सन्नि भविया य ॥ सू० १६२ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે સંસારી જીવો કહેલ છે, તે આ પ્રમાણે—સ્ત્રી, પુરુષ અને નપુંસક. ત્રણ પ્રકારે સર્વ જીવો કહેલ છે, તે આ પ્રમાણે—સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ, અથવા ત્રણ પ્રકારે સર્વ જીવો કહેલ છે, તે આ પ્રમાણે—પર્યાપ્તકો, અપર્યાપ્તકો અને નોપર્યાપ્તકોનોઅપર્યાપ્તકો (સિદ્ધો). એમ સમ્યગ્દૃષ્ટિની જેમ ત્રણ પ્રકારે પરિત્ત-પ્રત્યેકશરીરી, અપરિત્ત-સાધારણશરીરી અને નોપરિત્તનોઅપરિત્ત (સિદ્ધ). પર્યાપ્તક, અપર્યાપ્તક અને નોપર્યાપ્તકનોઅપર્યાપ્તક સૂક્ષ્મ, બાદર*

1. કોઈપણ કારણે બીજાને નુકશાન થાય ત્યારે પોતે રાજી થાય કે હવે આ મારૂં કાંઈપણ બગાડી શકશે નહીં. 2. શબ્દને સાંભળીને એ વિધિ, અને નહિં સાંભળીને એ પ્રતિષેધ.

*અને નોસૂક્ષ્મનોબાદર. સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞીનોઅસંજ્ઞી, ભવ્ય, અભવ્ય અને નોભવ્યનોઅભવ્ય એમ ત્રણ ભેદે સર્વ જીવો કહેલા છે. ॥૧૬૨॥*

(ટી૦) 'तिविहे' त्यादि० સૂત્ર પાઠથી જ સિદ્ધ (સ્પષ્ટ) છે. જીવના અધિકારથી સર્વ જીવોને ત્રણ સ્થાનકના અવતાર દ્વારા છ સૂત્રો વડે કહે છે. 'तिविहे' त्यादि० સુગમ છે. વિશેષ કહે છે—'नोपज्जत'त्ति० નોપર્યાપ્તકોનોઅપર્યાપ્તકો-સિદ્ધો છે, 'एव' मिति० પૂર્વક્રમ વડે 'सम्मदिट्ठी' त्यादि० અર્દ્ધગાથા કહેલ, નહીં કહેલ સૂત્રના સંગ્રહ માટે છે. 'तिविहा सव्वजीवा पन्नत्ता, तंजहा—१ परित्ता २ अपरित्ता ३ नोपरित्तानोअपरित्ता' તેમાં [1]परित्ता—પ્રત્યેક શરીરવાળા, अपरित्ता—સાધારણ શરીરવાળા (પરિત્ત શબ્દનો આગમના અર્થમાં વ્યત્યય [બદલો] છે.) 'सुहुम'त्ति० तिविहा सव्वजीवा पन्नत्ता, तंजहा—सुहुमा बायरा नोसुहुमानोबायरा, એમ સંજ્ઞીઓ અને ભવ્યો પણ વિચારવા. સર્વત્ર ત્રીજા પદમાં સિદ્ધો કહેવા. ॥૧૬૨॥

આ બધા જીવો લોકમાં રહેલા છે એ હેતુથી લોકસ્થિતિનું નિરૂપણ કરવા માટે કહે છે—

**तिविधा लोगठिती पन्नत्ता, तंजहा—आगासपइट्ठिए वाते, वातपतिट्ठिए उदही, उदहिपतिट्ठिया पुढवी। तओ दिसाओ पन्नत्ताओ, तंजहा—उड्ढा, अहा, तिरिया १। तिहिं दिसाहिं जीवाणं गती पवत्तति, तंजहा—उड्ढाए, अहाते, तिरियाते २। एवं आगती ३, वक्कंती ४, आहारे ५, वुड्ढी ६, णिवुड्ढी ७, गतिपरियाते ८, समुग्घाते ९, कालसंजोगे १०, दंसणाभिगमे ११, णाणाभिगमे १२, जीवाभिगमे १३। तिहिं दिसाहिं जीवाणं अजीवाभिगमे पन्नत्ते, तंजहा—उड्ढाते, अहाते, तिरियाते १४। एवं पंचिंदियतिरिक्खजोणियाणं, एवं मणुस्साण वि।। सू० १६३ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે લોકસ્થિતિ કહેલ છે, તે આ પ્રમાણે—આકાશને આધારે વાયુ રહેલ છે, વાયુને આધારે ઘનોદધિ રહેલ છે અને ઘનોદધિને આધારે તમસ્તમપ્રભા વગેરે પૃથિવી રહેલ છે, ત્રણ દિશાઓ કહેલી છે, તે આ પ્રમાણે—ઊર્ધ્વદિશા, અધોદિશા અને તિર્યગ્ (તિર્છી) દિશા (૧), ત્રણ દિશામાં જીવોની ગતિ (પરભવગમન) પ્રવર્ત્તે છે (૨), એમ આગતિ–આવવું (૩), ઉત્પત્તિ (૪), આહાર (૫), વૃદ્ધિ–શરીરનું વધવું (૬), નિર્વૃદ્ધિ–શરીરની હાનિ (૭), ગતિપર્યાય–ચાલવું (૮), સમુદ્ઘાત (૯), કાલસંયોગ–વર્તના અથવા મરણ (૧૦), દર્શનાભિગમ–અવધિ વગેરે વડે સામાન્ય બોધ (૧૧), એમ જ્ઞાનાભિગમ–જ્ઞાન વડે (વિશેષ) બોધ (૧૨), જીવાભિગમ–જીવોના સ્વરૂપનો બોધ (૧૩), ત્રણ દિશામાં જીવોને, અજીવોના સ્વરૂપનો બોધ કહેલ છે, તે આ પ્રમાણે—ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ (૧૪), એવી રીતે (આગતિ વગેરે તેર સૂત્રો) પંચેંદ્રિયતિર્યંચોને અને મનુષ્યોને હોય છે. (બીજા દંડકોમાં સંભવે નહિં.) ॥૧૬૩॥*

(ટી૦) 'तिविहे' त्यादि० સુગમ છે, પરંતુ लोकस्थितिः—લોકવ્યવસ્થા–આકાશમાં પ્રતિષ્ઠિત–રહેલ વાતો—ઘનવાયુ, તનુવાયુરૂપ છે; કારણ કે બધા ય દ્રવ્યોનો આધાર આકાશ છે. उदधि—ઘનોદધિ, પૃથિવી–તમસ્તમપ્રભા વગેરે કહેલ સ્થિતિવાળા લોકમાં દિશાઓને સ્વીકારીને જીવોની ગતિ વગેરે હોય છે, માટે દિશાના નિરૂપણપૂર્વક તેમાં ગતિ વગેરે નિરૂપણ કરતા થકા 'तओ दिसे' त्यादि० ચૌદ સૂત્રો કહે છે, તે સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે કે—दिश्यते-व्यपदिश्यते पूर्वादितया वस्त्वनयेति दिक्–પૂર્વાદિપણાએ જેના વડે વસ્તુવ્યવહાર કરાય છે તે દિશા, તે નામાદિ ભેદથી સાત પ્રકારે છે. કહ્યું છે કે—

**नाम १ ठवणा २ दविए ३, खेत्तदिसा ४ तावखेत्त ५ पन्नवए ६। सत्तमिया भावदिसा ७, सा हो अट्ठारसविहा उ ॥८६॥**

[आव.नि० ८०९]

નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપક્ષેત્ર, પ્રજ્ઞાપક અને સાતમી ભાવદિશા. તે (ભાવદિશા) અઢાર ભેદે હોય છે. (૮૬)

તેમાં સચિત્તાદિ દ્રવ્યનું જે દિશા એવું નામ તે નામ દિશા ૧, જંબુદ્વીપાદિનું જે ચિત્રમાં લખેલ દિશાવિભાગ તે

1. પરિત્ત શબ્દનો અર્થ અન્યત્ર પરિત્તસંસારી, અપરિત્તસંસારી, નોપરિત્તનોઅપરિત્તસંસારી (સિદ્ધ) એમ પણ કરેલ છે અર્થાત્ પન્નવણાની ટીકામાં બે અર્થ કરેલા છે.

સ્થાપનાદિશા ૨, પુદ્ગલ, સ્કંધ વગેરે દ્રવ્યની જે દિશા તે દ્રવ્યદિશા ૩, ક્ષેત્રની-આકાશની જે દિશા ક્ષેત્રદિશા ૪, તે આ પ્રમાણે—

**अट्ठपएसो रुयगो, तिरियंलोयस्स मज्झयारंमि । एस पभवो दिसाणं, एसेव भवे अणुदिसाणं ।।८७।।**[आचा.नि० ४२]



તિર્યગ્લોકના મધ્યમાં રત્નપ્રભા પૃથ્વીના ઉપર મેરુપર્વતના બહુ મધ્ય દેશમાં સર્વથી નાના બે પ્રતર છે, તેના ઉપરના પ્રતરના ચાર પ્રદેશ ગોસ્તનાકારે છે અને નીચેના પ્રતરના પણ ચાર પ્રદેશ ગોસ્તનાકારે છે એ પ્રમાણે આઠ પ્રદેશાત્મક ચોરસ રુચક છે, ત્યાંથી દિશા અને વિદિશાની ઉત્પત્તિ થાય છે. (૮૭)

તેની સ્થાપના આ પ્રમાણે છે—તેમાં પૂર્વાદિ ચારે મહાદિશાઓ દ્વિપ્રદેશ●વાળી આદિમાં અને પછી બબ્બે પ્રદેશની વૃદ્ધિથી હોય છે અને અનુદિશા (વિદિશા) તો એક પ્રદેશવાળી અને અનુત્તર એટલે પ્રદેશની વૃદ્ધિવાળી નથી અર્થાત્ એક પ્રદેશવાળી છે, ઊર્ધ્વદિશા અને અધોદિશા તો ચાર પ્રદેશ આદિમાં અને અનુત્તર એટલે તેટલી જ હોય છે, જેથી કહ્યું છે કે—

**दुपएसादि दुरुत्तर, एगपएसा अणुत्तरा चेव । चउरो ४ चउरो य दिसा, चउरादि अणुत्तरा दुन्नि ।।८८।।** [आचा.नि० ४४]

ચાર મહાદિશા તે બબ્બે પ્રદેશ આદિમાં અને પછી બબ્બે પ્રદેશ ઉત્તરે વધેલી અને ચાર વિદિશાઓ એક પ્રદેશ રચનારૂપ એમાં ઉત્તર વૃદ્ધિ નથી. અને ઊંચી નીચી દિશાનું જોડકું તે અનુત્તર છે, તે ચાર પ્રદેશ વગેરે રચનાવાળું જાણવું. (૮૮)

**सगडुद्धिसंठियाओ, महादिसाओ हवंति चत्तारि। मुत्तावली उ चउरो, दो चेव य हुंति रुयगनिभा।।८९।।**[आचा.नि० ४६]

ચાર પૂર્વાદિ મહાદિશાઓ શકટ-ગાડાની ઉદ્ધિ (ઊંધ)ના આધારે સંસ્થિત છે, ચાર વિદિશાઓ (ઈશાનાદિ) મુક્તાવલી મોતીના હારની જેમ સંસ્થિત-રહેલી છે અને ઊર્ધ્વ તથા અધોદિશા એ બે રુચકના આકારે સંસ્થિત છે. (૮૯)

એ દશ દિશાઓના નામ આ પ્રમાણે—

**इंद १ ग्गेयी २ जम्मा य ३, नेरई ४ वारुणी य ५ वायव्वा ६ ।**
**सोमा ७ ईसाणा वि य ८, विमला य ९ तमा १० य बोद्धव्वा ।।९०।।** [आचारांग नि० ४३]

ઐંદ્રી ૧, આગ્નેયી ૨, યમા ૩, નૈઋતી ૪, વારુણી ૫, વાયવ્યા ૬, સોમા ૭, ઈશાની ૮, વિમલા ૯ અને તમા ૧૦- એ દશ દિશાઓના નામ જાણવા. (૯૦)

પૂર્વ દિશાના ક્રમથી પ્રદક્ષિણાએ દિશા અને વિદિશાનાં નામો જાણવાં. ઊંચે વિમલા અને નીચે તમા એ પ્રમાણે સમજવું. તાપ-સૂર્ય વડે ઓળખાતું જે ક્ષેત્ર તે તાપક્ષેત્રદિક્ (દિશા). તે અનિયત છે, તેથી કહ્યું છે કે—

**जेसिं जत्तो सूरो, उदेइ तेसिं तई हवइ पुव्वा । तावक्खेत्तदिसाओ, पयाहिणं सेसियाओ सिं ।।९१।।** [विशेषाव० २७०१][1]

ભરતાદિ ક્ષેત્ર નિવાસી પુરુષોની જે દિશામાં સૂર્ય ઊગે છે તે દિશા તેઓને પૂર્વ હોય છે, આ તાપક્ષેત્રદિશા કહેવાય છે. એની પ્રદક્ષિણાથી બીજી દિશાઓ પણ જાણી લેવી. (૯૧)

પ્રજ્ઞાપકની—આચાર્યાદિકની દિશા આ પ્રમાણે—

**पन्नवओ जयभिमुहो, सा पुव्वा सेसिया पयाहिणओ । तस्सेवऽणुगंतव्वा, अग्गेयाई दिसा नियमा ।।९२।।**[2]

કોઈક સ્થળે પ્રજ્ઞાપક જેના સન્મુખ રહીને કાંઈક કહે છે તે પૂર્વદિશા જાણવી અને બીજી દિશાઓ તેની જ પ્રદક્ષિણા વડે આગ્નેયાદિ નિયમથી જાણવી. (૯૨)

ભાવદિશા તો અઢાર પ્રકારે છે—

તુલના 1 जस्स जओ आइच्चो, उदेइ सा तस्स होइ पुव्वदिसा। जत्तो अ अत्थमेइ उ अवरदिसा सा उ णायव्वा ।४७ ।।आचारांग नि०।।

2 जत्थ य जो पण्णवओ कस्स वि साहइ दिसासु य णिमित्तं। जत्तो मुहो य ठाई, सा पुव्वा पच्छओ अवरा । ५१।।आ.नि०।।

**पुढवि १ जल २ जलण ३ वाया ४ - मूला ५ खंध ६ ऽग्ग ७ पोरबीया य ८ ।**

**बि ९ ति १० चउ ११ पंचिंदियतिरिय १२ नारगा १३ देवसंघाया १४ ।।९३।।**

**संम्मुच्छिम १५ कम्मा १६, ऽकम्मभूमगनरा १७ तहंतरद्दीवा १८ ।**

**भावदिसा दिस्सइ जं, संसारी नियममेयाहिं ।।९४।। [विशेषावश्यक० २७०३-२७०४ इत्ति][1]**

પૃથિવી ૧, જલ ૨, અગ્નિ ૩, વાયુ ૪, મૂલબીજ ૫, સ્કંધબીજ ૬, અગ્રબીજ ૭, પર્વબીજ ૮, બેઇંદ્રિય ૯, તેઇંદ્રિય ૧૦, ચઉરિંદ્રિય ૧૧, પંચેંદ્રિયતિર્યંચ ૧૨, નારક ૧૩, દેવ ૧૪, સંમૂર્ચ્છિમ મનુષ્ય ૧૫, કર્મભૂમિના મનુષ્ય ૧૬, અકર્મભૂમિના મનુષ્ય ૧૭ તથા અંતરદ્વીપના મનુષ્ય ૧૮—આ અઢાર ભાવદિશાઓ વડે સંસારી જીવો નિયત વ્યપદેશ કરાય છે. (૯૩-૯૪)

અહિં ક્ષેત્રદિશા, તાપક્ષેત્રદિશા અને પ્રજ્ઞાપનદિશા વડે જે અધિકાર છે તેમાં તિર્યગ્‌ના ગ્રહણથી પૂર્વાદિ ચારે દિશાઓ જ ગ્રહણ કરાય છે, કારણ કે વિદિશાઓમાં જીવોને અનુશ્રેણી (નાની શ્રેણી) ગામિપણા વડે કહેવામાં આવનાર ગતિ, આગતિ અને ઉત્પત્તિનું અઘટમાનપણું હોય છે. બીજા પદોને વિષે વિદિશાના અવિવક્ષિતપણાને અંગે જ (આગળ) કહે છે—**'छहिं दिसाहिं जीवाणं गई पवत्तई'** त्यादि० [सू० ४९९] તથા ગ્રંથાંતરમાં પણ આહારને આશ્રયીને કહ્યું છે કે—**'निव्वाघाएण नियमा छद्दिसिंति'** [प्रज्ञापना० २८/१८०९] ત્યાં આગળ **'तिहिं दिसाहिं'** ति० સપ્તમી, તૃતીયા અથવા પંચમી (વિભક્તિ) યથાયોગ્ય વ્યાખ્યા કરવી. ૧ गतिः—પ્રજ્ઞાપકના સ્થાનની અપેક્ષાએ મરીને અન્યત્ર જવું તે, **'एव'** मिति० પૂર્વે કહેલ અભિલાપના સૂચન માટે છે. ૨ आगतिः—પ્રજ્ઞાપકના નજીકના સ્થાનમાં આવવું, ૩ व्युत्क्रांतिः—ઉત્પત્તિ, ૪ आहार પ્રતીત જ છે, ૫ वृद्धिः—શરીરનું વધવું, ૬ निवृद्धिः—શરીરની જ હાનિ, ૭ गतिपर्याय—જીવથી જ ચાલવું, ૮ समुद्घात—વેદનાદિ સ્વરૂપ, ૯ कालसंयोग—વર્ત્તનાદિ લક્ષણરૂપ કાળનો અનુભવ અથવા મરણ, ૧૦ અવધિ વગેરે દર્શનરૂપ પ્રત્યક્ષ પ્રમાણ વડે એ अभिगम—બોધ તે દર્શનાભિગમ, ૧૧ એવી જ રીતે ज्ञानाभिगम જાણવો, ૧૨ જીવોના જ્ઞેયનું અવધિ વગેરે વડે જે અભિગમ તે जीवाभिगम ૧૩, **'तिहिं दिसाहिं जीवाणं अजीवाभिगमे पन्नत्ते, तंजहा—उड्ढाए ३'** એવી રીતે સર્વત્ર કહેવું એમ બતાવવા માટે અંત્યસૂત્ર પરિપૂર્ણ કથન કરેલું છે. જીવાભિગમ સૂત્ર પર્યંત સામાન્યથી જીવસૂત્રો છે. ચોવીશ દંડકની વિચારણામાં તો નારકાદિ પદોને વિષે ત્રણ દિશામાં ગતિ વગેરે તેર પદોનો સમસ્તપણાએ અસંભવ હોવાથી અને પંચેન્દ્રિય તિર્યંચને વિષે તેમજ મનુષ્યને વિષે તેનો સંભવ હોવાથી તેના અતિદેશને કહે છે—**'एव'** मित्यादि० જેમ સામાન્ય સૂત્રોને વિષે ગતિ વગેરે તેર પદો ત્રણ દિશામાં કહ્યા તેમજ પંચેંદ્રિયતિર્યંચ અને મનુષ્યને વિષે પણ કહેવું એ ભાવ છે. આ પ્રમાણે આ છવીશ સૂત્રો થાય છે. **શંકા**—નારકાદિમાં આ તેર પદોનો અસંભવ કેમ છે? **સમાધાન**—નારક વગેરે બાવીશ દંડકના જીવોને નારક અને દેવોને વિષે ઉત્પત્તિનો અભાવ હોવાથી ઊર્ધ્વ અને અધોદિશાની વિવક્ષાએ ગતિ અને આગતિનો અભાવ છે, તથા દર્શન, જ્ઞાન, જીવ અને અજીવનો અભિગમ ગુણપ્રત્યયવાળા અવધિ વગેરે પ્રત્યક્ષ (બોધ) રૂપ ત્રણ દિશામાં ન જ હોય, **ભવપ્રત્યય અવધિપક્ષમાં તો નારક અને જ્યોતિષ્કો તિર્યગ્‌અવધિવાળા, ભવનપતિ અને વ્યંતરો ઊર્ધ્વઅવધિવાળા અને વૈમાનિકો અધોઅવધિવાળા** હોય છે. એકેંદ્રિય અને વિકલેંદ્રિયને તો અવધિ નથી જ. ।।૧૬૩।।

ગત્યાદિ પદો જે કહ્યા છે તે ત્રસોને જ સંભવે છે, તેથી ત્રસોનું નિરૂપણ કરતા થકા કહે છે—

**तिविहा तसा पन्नत्ता, तंजहा—तेउकाइया, वाउकाइया, उराला तसा पाणा।**

**तिविहा थावरा पन्नत्ता, तंजहा—पुढविकाइया, आउकाइया, वणस्सइकाइया ।। सू० १६४ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે ત્રસ કહેલા છે, તે આ પ્રમાણે—તેજસ્કાયિકો, વાયુકાયિકો અને સ્થૂલ ત્રસ પ્રાણીઓ. ત્રણ પ્રકારે સ્થાવર કહેલા છે, તે આ પ્રમાણે—પૃથ્વીકાયિકો, અપ્કાયિકો અને વનસ્પતિકાયિકો. ।।૧૬૪।।*

તુલના 1 मणुया तिरिया काया, तहऽग्गबीया चउक्कगा चउरो। देवा नेरइया वा अट्ठारस होंति भावदिसा । ६० ।।आ.नि०।।

(ટી૦) 'तिविहे' त्यादि० સ્પષ્ટ છે. જે ત્રાસ પામે છે તે ત્રસો-ચલન ધર્મવાળા. તેમાં તેજસ્કાયિક અને વાયુકાયિકો ગતિ (ચાલવા)ના યોગથી ત્રસ છે-ગતિત્રસ છે. સ્થૂલ ત્રસો, ત્રસનામકર્મના ઉદયવાળા હોવાથી કહેવાય છે. સ્પષ્ટ શ્વાસોચ્છ્વાસ વગેરે પ્રાણના યોગથી પ્રાણીઓ દ્વીંદ્રીય વગેરે, તે પણ ગતિ-ગમનના યોગથી ત્રસો છે. આ પ્રમાણે ત્રસો કહ્યા, હવે તેથી વિપરીત સ્થાવર કહે છે—'तिविहे' त्यादि० સ્થિર સ્વભાવવાળા હોવાથી અથવા સ્થાવરનામકર્મના ઉદયવાળા હોવાથી સ્થાવરો કહેવાય છે. શેષ સ્પષ્ટ છે. ॥૧૬૪॥

અહિં પૃથ્વી વગેરે પ્રાયઃ અંગુલના અસંખ્યાત ભાગ માત્ર અવગાહનાવાળા હોવાથી ન છેદાય તેવા સ્વભાવવાળા વ્યવહારથી હોય છે, માટે તેના પ્રસ્તાવથી નિશ્ચય વડે અછેદ્ય વગેરેને આઠ સૂત્રો દ્વારા કહે છે—

**तओ अच्छेज्जा पन्नत्ता, तंजहा—समये, पएसे, परमाणू १। एवमभेज्जा २, अडज्झा ३, अगिज्झा ४, अणड्ढा ५, अमज्झा ६, अपएसा ७। तओ अविभातिमा पन्नत्ता, तंजहा—समये, पएसे, परमाणू ८ ॥ सू० १६५॥**

**अज्जो त्ति समणे भगवं महावीरे गोयमादी समणे णिग्गंथे आमंतेत्ता एवं वयासी—किंभया पाणा समणाउसो! गोयमाती समणा णिग्गंथा समणं भगवं महावीरं उवसंकमंति, उवसंकमित्ता वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी—णो खलु वयं देवाणुप्पिया! एयमट्ठं जाणामो वा पासामो वा, तं जदि णं देवाणुप्पिया एयमट्ठं णो गिलायंति परिकहित्तते तमिच्छामो णं देवाणुप्पियाणं अंतिए एयमट्ठं जाणित्तए, अज्जो त्ति समणे भगवं महावीरे गोयमाती समणे निग्गंथे आमंत्तेता एवं वयासी—(१) दुक्खभया पाणा समणाउसो!। से णं भंते! दुक्खे केण कडे?, जीवेणं कडे पमादेण (२), से णं भंते! दुक्खे कहं वेइज्जति? अप्पमाएण (३) ॥ सू० १६६ ॥**

*(મૂ૦) ત્રણ અછેદ્ય-ન છેદી શકાય એવા કહેલા છે, તે આ પ્રમાણે—૧ સમય, ૨ પ્રદેશ અને ૩ પરમાણુ (૧), એવી રીતે અભેદ્ય-ન ભેદી શકાય (૨), અદાહ્ય-ન બાળી શકાય (૩), અગ્રાહ્ય-ગ્રહણ ન કરી શકાય (૪), અનર્દ્ધ-જેના બે વિભાગ ન પાડી શકાય (૫), અમધ્ય-જેનો મધ્ય ભાગ ન કરી શકાય (૬), પ્રદેશ રહિત (૭), ત્રણ વિભાગ રહિત કહેલા છે, તે આ પ્રમાણે—૧ સમય, ૨ પ્રદેશ અને ૩ પરમાણુ (૮). ॥૧૬૫॥*

*હે આર્યો! શ્રમણ ભગવાન્ મહાવીર, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને આમંત્રણ કરીને એમ કહેતા હતા (પ્રશ્ન) પ્રાણીઓ કોનાથી ભયવાળા છે? હે શ્રમણો! હે આયુષ્મંતો (ઉત્તર) ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથો, શ્રમણ ભગવાન્ મહાવીરની સમીપે આવે છે, આવીને સ્તુતિ કરે છે, નમસ્કાર કરે છે, સ્તુતિ કરીને નમસ્કાર કરીને એમ કહેતા હતા. હે દેવાનુપ્રિય! અમે નિશ્ચય આ અર્થને જાણતા નથી અને દેખતા નથી, હે દેવાનુપ્રિય! જો તે અર્થને કહેવા માટે આપને ગ્લાનિ-ખેદ ન થાય તો દેવાનુપ્રિય! આપની સમીપે આ અર્થ જાણવા માટે અમે ઈચ્છીએ છીએ. હે આર્યો! આ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુ, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને આમંત્રણ કરીને એમ કહેતા હતા—હે શ્રમણો-આયુષ્મંતો! પ્રાણીઓ દુઃખથી ભય પામે છે ૧, હે ભગવાન્ (પ્રશ્ન) તે દુઃખ કોણે કર્યું? (ઉત્તર) જીવે પ્રમાદ વડે કર્યું ૨, (પ્રશ્ન) હે ભગવન્! તે દુઃખ કેમ વેદાય-છૂટે? (ઉત્તર) અપ્રમાદથી ૩. ॥૧૬૬॥*

(ટી૦) 'तओ अच्छेज्जे' त्यादि०, બુદ્ધિ વડે અથવા છુરી વગેરે શસ્ત્રોથી છેદવા માટે અશક્ય છે માટે અચ્છેદ્ય છે, કારણ કે છેદવાપણામાં સમય વગેરેનો અયોગ હોય છે. સમય-કાળવિશેષ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયોનો અવયવ રહિત જે અંશ તે પ્રદેશ, સ્કંધરહિત જે પુદ્ગલ તે પરમાણુ. કહ્યું છે—

**सत्थेण सुतिक्खेण वि, छेत्तुं भेत्तुं च जं किर न सक्का । तं परमाणुं सिद्धा, वयंति आइं पमाणाणं ॥९५॥**

**[जंबुद्वीप प्र० २/२८ इति]**

અતિતીક્ષ્ણ શસ્ત્ર વડે પણ જે છેદી ન શકાય, ભેદી ન શકાય તેને જ્ઞાનીપુરુષો પરમાણુ કહે છે અને તે અંગુલ વગેરે

પ્રમાણનું આદિ–મૂલ રૂપ છે. (૯૫)

'एव' मिति० પૂર્વસૂત્રના અભિલાપને સૂચન કરવા માટે છે. સોય વગેરેથી અભેદ્ય, અગ્નિ તેમજ ક્ષાર વગેરે વડે અદાહ્ય, હાથ વગેરેથી જેનો અર્દ્ધ ભાગ ગ્રાહ્ય નથી તે અનર્દ્ધ છે, કારણ કે બે વિભાગનો અભાવ છે. ત્રણ વિભાગના અભાવથી અમધ્ય છે. આ કારણથી જ કહે છે—'अप्रदेशाः' અવયવ વગરના, આથી જ અવિભાજ્ય—ભાગ ન પાડી શકાય એવા, અથવા વિભાગ વડે બનેલા તે વિભાગવાળા અને તે વિભાગના નિષેધથી અવિભાગિમા. ॥૧૬૫॥

પૂર્વસૂત્રમાં કહેલા આ ત્રસ અને સ્થાવર પ્રાણીઓ દુઃખથી ભીરુ હોય છે, માટે એના કથનદ્વાર વડે કહે છે—'अज्जो' ઇત્યાદિ સૂત્ર સુગમ છે. 'अज्जोत्ति' त्ति० **જે પાપકર્મોથી દૂર ગયેલા તે આર્યો**, તેના સંબોધનમાં હે આર્યો! 'इतिः' આ અભિલાપ વડે આમંત્રણ કરવાનો સંબંધ સમજવો. શ્રમણ ભગવાન્ મહાવીર ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રંથોને एवं—આગળ કહેવામાં આવનાર ન્યાય વડે કહેતા હતા. કોનાથી છે ભય જેમને તે किं भया—કોનાથી ડરે છે એવો અર્થ સમજવો. પ્રાણીઓ, 'समणाउसो' त्ति० હે શ્રમણો! હે આયુષ્મંતો! એમ ગૌતમાદિને જ આમંત્રણ કરેલ છે. આ ભગવાન્ સંબંધી પ્રશ્ન શિષ્યોને જ્ઞાન થવા માટે જ કરેલ છે. આમ કહેવાથી **પ્રશ્ન નહિં પૂછેલ શિષ્યના હિત માટે તત્ત્વ કહેવા યોગ્ય છે એ વસ્તુનું પણ સૂચન કરે છે.** કહ્યું પણ છે કે—

**कत्थइ पुच्छइ सीसो, कहिंचऽपुट्ठा वयंति आयरिया । सीसाणं तु हियट्ठा, विउलतरागं तु पुच्छाए ।।९६।।**

**[दशवै० नि० ३८ त्ति]**

કોઈક વખતે જાણતો થકો પણ શિષ્ય પૂછે છે, કોઈ વખત અપૃષ્ટ–ન પૂછેલ છતાં આચાર્યો, પૂર્વપક્ષની શંકા કરીને શિષ્યોના હિત માટે જ કહે છે અને પૂછવાથી વિસ્તારપૂર્વક કહે છે. (૯૬)

'उवसंकमंति' त्ति० સમીપે જાય છે અર્થાત્ તેની નજીકમાં રહેનાર થાય છે. અહિં તે (શ્રી મહાવીરસ્વામીના કાળ)ની અપેક્ષાએ ક્રિયાનું વર્તમાનપણું કહેલું છે, માટે સૂત્રમાં કહેલ વર્તમાન કાળનું કથન દોષમુક્ત છે. સમીપે આવીને સ્તુતિ વડે વંદન કરે છે, પ્રણામથી નમે છે. 'एवम्' આ પ્રકાર વડે 'वयासि' त्ति० છાંદસ–આગમપણાથી બહુવચનના અર્થમાં એકવચન હોવાથી કહેતા હતા કે—વિશેષથી અમે જાણતા નથી, સામાન્યથી અમે દેખતા નથી. (બન્ને वा શબ્દ વિકલ્પના અર્થવાળા છે.) 'तदि' ति० કોનાથી ભયવાળા પ્રાણીઓ છે, 'नो गिलायंति' त्ति० તમને (કહેવા વડે) શ્રમ ન થાય તો અમે જાણવા માટે ઈચ્છીએ છીએ તેથી 'दुक्खभय' त्ति० મરણાદિરૂપ દુઃખથી ભય છે જેઓને તે દુઃખભયા. 'से णं' त्ति० તે દુઃખ, 'जीवेणं कडे' त्ति० દુઃખના કારણભૂત કર્મના કરવાથી જીવ વડે કરાયું એમ કહેવાય છે. કેવી રીતે કરાયું? તે સંબંધી કહે છે—'पमाएणं' ति० કરણભૂત બંધના હેતુરૂપ અજ્ઞાનાદિ પ્રમાદ વડે. કહ્યું છે કે—

**पमाओ य मुणिंदेहिं, भणिओ अट्ठभेयओ । अन्नाणं संसओ चेव, मिच्छाणाणं तहेव य ।।९७।।**
**रागो दोसो मइब्भंसो, धम्मंमि य अणायरो । जोगाणं दुप्पणीहाणं, अट्ठहा वज्जियव्वओ ।।९८।।**

મુનીંદ્રોએ આઠ પ્રકારનો પ્રમાદ કહેલ છે, તે આ પ્રમાણે—૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિભ્રંશ (વિપરીત મતિ), ૭ ધર્મમાં અનાદર (અરુચિ) અને ૮ મન, વચન અને કાયારૂપ યોગોનું દુષ્પ્રણિધાન–માઠું પ્રવર્ત્તન–એ આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવો. (૯૭-૯૮)

તે દુઃખ (કર્મ) અપ્રમાદ વડે वेद्यते—ક્ષય પામે છે, કારણ કે તે બંધહેતુનો પ્રતિપક્ષી છે. આ સૂત્રનો दुक्खभया पाणा १, जीवेणं कडे दुक्खे पमाएणं २, अपमाएणं वेइज्जई ३—એ પ્રમાણે ત્રણ પ્રશ્નોત્તર યુક્તપણાથી ત્રણ સ્થાનકમાં અવતાર જાણવો. ॥૧૬૬॥

જીવ વડે દુઃખ કરાયું એમ કહ્યું, હવે પરમતને ખંડન કરીને એનું જ સમર્થન કરતાં કહે છે—

अन्नउत्थिता णं भंते! एवं आतिक्खंति एवं भासंति एवं पन्नवेंति एवं परूवेंति—कहन्नं समणाणं निग्गंथाणं किरिया कज्जति?, तत्थ जा सा कडा कज्जइ नो तं पुच्छंति, तत्थ जा सा कडा नो कज्जति, नो तं पुच्छंति, तत्थ जा सा अकडा नो कज्जति नो तं पुच्छंति, तत्थ जा सा अकडा कज्जति तं पुच्छंति, से एवं वत्तव्वं सिया—अकिच्चं दुक्खं अफुसं दुक्खं अकज्जमाणकडं दुक्खं अकट्टु अकट्टु पाणा भूया जीवा सत्ता वेयणं वेदेंति त्ति वत्तव्वं। जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु, अहं पुण एवमाइक्खामि एवं भासामि एवं पन्नवेमि एवं परूवेमि-किच्चं दुक्खं फुस्सं दुक्खं कज्जमाणकडं दुक्खं कट्टु कट्टु पाणा भूया जीवा सत्ता वेयणं वेयंति त्ति वत्तव्वं सिया (२) ॥ सू० १६७॥

## तइयठाणस्स बीओ उद्देसओ समत्तो ॥

*(મૂ૦) હે ભગવન્! અન્યતીર્થિકો, આ પ્રમાણે સામાન્યથી કહે છે, વિશેષથી એમ ભાષે છે, એમ પ્રજ્ઞાપે છે અને એમ પ્રરૂપે છે. કેવી રીતે શ્રમણ નિર્ગ્રંથોના મતમાં કર્મ દુઃખને માટે થાય છે? (અહિં ચાર ભાંગા છે.) તેમાં જે કરેલું કર્મ દુઃખને માટે થાય છે તે નથી પૂછતા ૧, તેમાં જે કરેલું કર્મ દુઃખને માટે ન થાય તે પૂછતા નથી ૨, તેમાં જે કર્મ નથી કરેલું તે દુઃખને માટે થતું નથી તે પૂછતા નથી ૩, તેમાં જે નથી કરેલું કર્મ દુઃખને માટે થાય છે, તે પૂછે છે ૪. આવી રીતે તેઓનું વક્તવ્ય-કહેવું થાય છે. (આ પ્રશ્ન છે.) અકૃત્ય-ભવિષ્ય કાળમાં નહિં કરવા યોગ્ય દુઃખ (કર્મ), અસ્પૃશ્ય-નહિ કરવાથી ન સ્પર્શયેલું કર્મ, વર્તમાનમાં ન કરાતું-ન બંધાતું અને ભૂતકાળમાં નહિં કરેલું એવું કર્મ, તેને નહિં કરીને નહિ કરીને પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વો વેદના-પીડા ભોગવે છે, આ તેઓનું કહેવું છે. તેનો (પ્રશ્નનો) ઉત્તર ભગવાન્ કહે છે—જે અન્ય તીર્થિકો એમ કહે છે તે તેમનું કથન મિથ્યા છે. હું તો આ પ્રમાણે—કહું છું, એમ ભાસું છું, એમ પ્રજ્ઞાપના કરું છું, અને એમ પ્રરૂપણા કરું છું. ભવિષ્ય કાળમાં દુઃખનો હેતુ હોવાથી કરવા યોગ્ય કર્મ દુઃખ છે, સ્પર્શેલું-બંધની અવસ્થા યોગ્ય કર્મ-દુઃખ છે, વર્તમાન કાળમાં કરાતું કર્મ-દુઃખ છે અને અતીત કાળમાં કરેલું કર્મ-દુઃખ છે. તેને (કર્મને) કરીને પ્રાણીઓ, ભૂતો, જીવો અને સત્ત્વો વેદના અનુભવે છે. આ વક્તવ્યતા હોય. ॥૧૬૭॥*

(ટી૦) 'अन्नउत्थी' त्यादि० પ્રાયઃ સુગમ છે. અન્યતીર્થિકો એટલે વિભંગજ્ઞાનવાળા તાપસો 'एवं' હમણા કહેવામાં આવનાર પ્રકારને સામાન્યથી કહે છે, વિશેષથી કહે છે, ક્રમ વડે એ જ પ્રજ્ઞાપે છે અને એની જ પ્રરૂપણા કરે છે. આ એકાર્થવાચક બે પદ વડે કહ્યું છે. અથવા आख्यान्ति—થોડું કહે છે, भाषन्ते—સ્પષ્ટ વાણી વડે બોલે છે, प्रज्ञापयन्ति—યુક્તિઓ વડે સમજાવે છે, प्ररूपयन्ति—ભેદ વગેરેના કથનથી પ્રરૂપણા કરે છે. તે (અન્યતીર્થિકો) શું કહે છે? 'कथं'—ક્યા પ્રકાર વડે (શ્રમણ નિર્ગ્રંથોના મતને વિષે એ અધ્યાહાર છે) क्रियते—જે કરાય છે તે ક્રિયા-કર્મ, તે क्रियते—દુઃખને માટે થાય છે. આ વિવક્ષા વડે પ્રશ્ન છે. અહિં ચાર ભંગ છે, તે આ પ્રમાણે—कृता क्रियते—કરેલું છતું કર્મ દુઃખને માટે થાય છે ૧, એમ કરેલું કર્મ દુઃખને માટે થતું નથી ૨, નહિં કરેલું કર્મ દુઃખને માટે થાય છે ૩, નહિં કરેલું કર્મ દુઃખને માટે થતું નથી ૪, આ ચાર ભંગને વિષે આ પ્રશ્ન વડે જે ભંગ પૂછવા માટે ઇષ્ટ છે, તે (તૃતીય ભંગ[1]) ને શેષ (ત્રણ ભંગ)ના નિરાકરણપૂર્વક પૂછે છે. 'तत्थ' त्ति० તે ચાર ભંગને વિષે અત્યંત રુચિના અવિષયપણાએ તેના પ્રશ્નની પણ પ્રવૃત્તિ ન હોવાથી પહેલા, બીજા અને ચોથા ભાંગાને તેઓ પૂછતા નથી. તે આ પ્રમાણે ૧-'याऽसौ कृता क्रियते'—જે કરેલું છતું કર્મ તે દુઃખને માટે થાય છે, તે ભંગને પૂછતા નથી, કારણ કે પૂર્વ કાળમાં કરેલ કર્મનું નિર્ગ્રંથના મતપણાએ અપ્રત્યક્ષપણું અને અવિદ્યમાનપણું હોય છે. (આવો નિર્ગ્રંથનો મત છે માટે અમોને અસંમત છે.) ૨-તેઓમાં 'याऽसौ कृता नो क्रियते'—આ ભાંગાને વિષે જે તે કરેલું કર્મ દુઃખને માટે થતું નથી તેને

1. 'अकृता क्रियते' આ ત્રીજો ભાંગો પૂછવા યોગ્ય છે. તે મૂલ પાઠમાં આગમોદય સમિતિવાળી પ્રતિમાં ચોથા ભાંગા તરીકે પાઠ હોવાથી તે પ્રમાણે પાઠ રાખેલ છે. બાબૂવાળી પ્રતમાં તો ટીકાના પાઠ પ્રમાણે ત્રીજો ભાંગો છે.

પૂછતા નથી, કારણ કે અત્યંત વિરોધ વડે અસંભવ હોય છે, તે આ પ્રમાણે—જો કરેલું કર્મ છે તો દુઃખ માટે થતું નથી, એમ કેમ કહેવાય છે? જો દુઃખને માટે ન થાય તો કરેલું કર્મ કેમ કહેવાય? કારણ કે કરેલ કર્મનો ન થવારૂપ અભાવ હોય છે અર્થાત્ કર્મ દુઃખને માટે થાય. ૩-તેઓમાં 'याऽसावकृता' જે નહિં કરેલું કર્મ તે દુઃખને માટે થતું નથી, તે ભંગને તેઓ પૂછતા નથી, કારણ કે નહિં કરેલ અને અવિદ્યમાન કર્મ ગધેડાના શીંગડાની જેમ હોતું જ નથી. આ ત્રણ ભંગના નિષેધને આશ્રયીને આ સૂત્રનો ત્રણ સ્થાનકમાં અવતાર કરેલ છે, એમ સંભાવના કરાય છે. ત્રીજો ભંગ તો તેને સમ્મત છે, માટે તે ભંગને તેઓ પૂછે છે. આ કારણથી કહે છે-તેઓમાં 'याऽसावकृता क्रियते'—જે પૂર્વે નહિં કરેલું કર્મ તે દુઃખને માટે થાય છે, તે ક્રિયા (કર્મ) ને તેઓ પૂછે છે. ભૂતકાળમાં કરેલ (કર્મ)ના અપ્રત્યક્ષપણાથી તેમજ અવિદ્યમાનપણાથી અને દુઃખના અનુભવનું પ્રત્યક્ષ થવા વડે વિદ્યમાનપણાએ નહિં કરેલ કર્મનું દુઃખ થવા રૂપ તે પક્ષને સંમત હોય છે. પૂછનારાઓનો આ અભિપ્રાય છે કે—જો નિર્ગ્રંથો પણ નહિં કરેલું જ કર્મ પ્રાણીઓને દુઃખને માટે થાય છે એમ સ્વીકારે તો બહુ જ સારું; કારણ કે અમારા સમાન તેઓનું જાણપણું થાય. આ હેતુને માટે શેષ ભંગોને નહિં પૂછતા થકા ત્રીજા ભંગને જ તેઓ પૂછે છે, આ તાત્પર્ય છે. 'से' त्ति० તે નહિં કરેલ કર્મને સ્વીકારનારાઓનો 'एवं'—આ કહેવામાં આવનાર પ્રકારરૂપ વક્તવ્ય-કથન હોય, અથવા તેઓ જ આ પ્રકારે બીજાઓને કહે છે. હવે એમ તત્ત્વવાદીઓને વક્તવ્ય-પ્રરૂપણા કરવા યોગ્ય હોય. કર્મ નહિં કર્યે છતે દુઃખના ભાવથી अकृत्यम्—ન કરવા યોગ્ય, ન બાંધવા યોગ્ય-ભવિષ્યકાલમાં જીવોને ન પ્રાપ્ત થવા યોગ્ય, શું?-દુઃખ, દુઃખના હેતુપણાથી કર્મ, 'अफुसं' त्ति० નહિં કરેલપણાથી નહિં સ્પર્શ કરવા યોગ્ય કર્મ, વળી **क्रियमाणं**—વર્તમાનકાળમાં બંધાતું અને **कृतं**—ભૂતકાળમાં બાંધેલું, (**क्रियमाणकृतं**—આ પદમાં દ્વંદ્વ સમાસમાં એક વચન છે અથવા કર્મધારય સમાસ છે.) જે નહિ કરાતું તે **अक्रियमाणकृतं, किं तत्?**—દુઃખ-કર્મ 'अकिच्चं दुःख' मित्यादि ત્રણ પદ છે. 'तत्थ जा सा अकडा कज्जइ तं पुच्छं' **ति**—એમ અન્યતીર્થિકના મત વડે આશ્રય કરેલ ત્રણ કાળના આલંબનને આશ્રયી આનો ત્રણ સ્થાનકમાં અવતાર જાણવો. કહેલું શું થાય છે તે સંબંધે કહે છે—કર્મ નહિં કરીને **प्राणा**—બેઇંદ્રિય વગેરે, **भूताः**—વનસ્પતિકાયિકો, **जीवाः**—પંચેંદ્રિયો, **सत्त्वाः**—પૃથિવી, અપ્, તેજ્, વાયુકાયિકો, કહ્યું છે કે—

**प्राणा द्वित्रिचतुः प्रोक्ता भूतास्तु तरवः स्मृताः । जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः शेषाः सत्त्वा प्रकीर्त्तिता ॥९९॥**

બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા પ્રાણીઓ કહેલા છે, ભૂતો તો તરુઓ (વનસ્પતિઓ) કહેલા છે, પંચેંદ્રિયો જીવો જાણવા અને શેષ સત્ત્વો કહેલા છે. (૯૯)

વેદના—પીડાને ભોગવે છે એમ તેઓનું કથન છે, અથવા આ કથન અજ્ઞાન વડે હણાએલ બુદ્ધિવાળા એવા તેઓ (અન્યતીર્થિકો) બીજાઓ પ્રત્યે કહે છે. આ પ્રમાણે કહેવા યોગ્ય હોય. આ ક્રમ છે એવી રીતે અન્યતીર્થિકના મતને બતાવીને તેનું ખંડન કરતાં કહે છે—'जे ते' इत्यादि० જે આ અન્યતીર્થિકો વડે **एवम्**—ઉક્ત પ્રકારે કહેવાયું તે અન્યતીર્થિકો આ પ્રમાણે જૂઠું કહેનાર છે કારણ કે નહિં કરેલ (કર્મને) ક્રિયાપણાની અનુપપત્તિ હોવાથી જે કરાય છે તે જ ક્રિયા છે. જે ક્રિયાનું કોઈપણ પ્રકારે કરવું નથી તે કેવી રીતે ક્રિયા કહેવાય? નહિં કરેલ કર્મના અનુભવને વિષે તો બદ્ધ, મુક્ત-સુખિત અને દુઃખિત વગેરે ચોક્કસ વ્યવહારના અભાવનો પ્રસંગ આવે, એમ પોતાના મતને પ્રગટ કરતા થકા કહે છે—'अह' मित्यादि० 'अहं' ति० હું જ, અન્યતીર્થિકો નહિં. પુનઃ શબ્દ વિશેષણના અર્થમાં છે, તે તો પૂર્વના વાક્યથી ઉત્તરવાક્યના અર્થની વિલક્ષણતા (જુદી રીત) ને કહે છે. 'एवमाइक्खामी' त्यादि० પૂર્વવત્. **कृत्यम्**—કરવા યોગ્ય, અનાગત કાળમાં દુઃખ તેનો હેતુ હોવાથી કર્મ, **स्पृश्यं**—સ્પૃષ્ટ લક્ષણ બંધ અવસ્થાને યોગ્ય, **क्रियमाण**—વર્તમાન કાળમાં કરાતું, **कृत**—અતીત કાળમાં કરેલું, કર્મનું કોઈપણ રીતે ન કરવું નથી આ અર્થ છે. સર્વસ્વરૂપ સ્વમતને કહે છે-કર્મ કરી કરીને એમ જણાય છે. પ્રાણીઓ વગેરે કર્મથી કરેલી શુભાશુભ પીડાને ભોગવે છે એમ સમ્યગ્વાદીઓ કહે છે.

***॥ ત્રીજા સ્થાનકના દ્વિતીય ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

## अथ तृतीयस्थानकाध्ययने तृतीयः उद्देशः

બીજો ઉદ્દેશક કહેવાયો, હવે ત્રીજા ઉદ્દેશકનો પ્રારંભ કરાય છે. અહિંથી પહેલાના ઉદ્દેશકમાં જીવનાં વિચિત્ર ધર્મો પ્રરૂપિત કર્યાં, અહિં પણ તેનું (જીવધર્મોનું) જ પ્રરૂપણ કરાય છે. એવી રીતે આ સંબંધ વડે આવેલ આ ઉદ્દેશકના આદિ ત્રણ સૂત્રો કહે છે—

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु णो आलोतेज्जा णो पडिक्कमेज्जा णो णिंदिज्जा णो गरहिज्जा णो विउट्टेज्जा णो विसोहेज्जा णो अकरणाते अब्भुट्ठेज्जा णो अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जेज्जा, तंजहा—अकरिंसु वाऽहं करेमि वाऽहं करिस्सामि वाऽहं १।**

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु णो आलोतेज्जा णो पडिक्कमिज्जा जाव णो पडिवज्जेज्जा तंजहा—अकित्ती वा मे सिता अवण्णे वा मे सिया, अविणते वा मे सिता २।**

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु णो आलोएज्जा जाव णो पडिवज्जेज्जा तंजहा—कित्ती वा मे परिहातिस्सति, जसे वा मे परिहातिस्सति, पूयासक्कारे वा मे परिहातिस्सति ३।**

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु आलोएज्जा पडिक्कमेज्जा निंदेज्जा जाव पडिवज्जेज्जा, तंजहा—मायिस्स णं अस्सिं लोगे गरहिते भवति, उववाए गरहिए भवति, आयाती गरहिया भवति ४।**

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु आलोएज्जा जाव पडिवज्जेज्जा, तंजहा—अमायिस्स णं अस्सिं लोगे पसत्थे भवति, उववाते पसत्थे भवइ, आयाई पसत्था भवति ५।**

**तिहिं ठाणेहिं मायी मायं कट्टु आलोएज्जा जाव पडिवज्जेज्जा, तंजहा—णाणट्ठयाए, दंसणट्ठयाए, चरित्तट्ठयाए ६ ॥ सू० १६८ ॥**

*(મૂ૦) ત્રણ સ્થાનકે માયી (કપટી) માયા કરીને (ગુપ્ત અકાર્ય કરીને) આલોચે નહિં અર્થાત્ ગુરુ સમક્ષ કહે નહિં, પડિક્કમે નહિં, નિંદે નહિં, ગર્હણા કરે નહિં, વિત્રોટે નહિં—તે વિચારને મૂકે નહિં, વિશોધે નહિં—આત્માની શુદ્ધિ કરે નહિં, ફરીથી કરીશ નહિં એમ સ્વીકારે નહિં, યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત તપકર્મને ગ્રહણ કરે નહિં, તે આ પ્રમાણે—મેં આ પાપ કર્યું તે કેમ નિંદું? અથવા હું હમણા પાપ કરું છું અથવા ભવિષ્યમાં આ પાપ કરીશ માટે કેમ પ્રાયશ્ચિત્ત લઉં (૧), ત્રણ સ્થાનકે માયી માયા કરીને આલોચે નહિં, પડિક્કમે નહિં, યાવત્ પ્રાયશ્ચિત્ત તપને સ્વીકારે નહિં, તે આ પ્રમાણે—જો આલોચીશ તો મારી અપકીર્તિ થશે, મારો અવર્ણવાદ-અપયશ થશે, અથવા મારો (બીજા સાધુઓ વડે) અવિનય થશે (૨), ત્રણ સ્થાનકે માયી માયા કરીને આલોચે નહિં યાવત્ પ્રાયશ્ચિત્ત તપ સ્વીકારે નહિં, તે આ પ્રમાણે—મારી કીર્તિની હાનિ થશે, યશની હાનિ થશે અથવા પૂજા-સત્કારની હાનિ થશે (૩), ત્રણ સ્થાનક વડે માયાવી માયા કરીને આલોચના કરે, પ્રતિક્રમણ કરે-પાપથી પાછો હઠે યાવત્ પ્રાયશ્ચિત્ત તપને સ્વીકારે, તે આ પ્રમાણે—માયાવીને આલોકગર્હિત-નિંદિત થાય છે, ઉપપાત ગર્હિત થાય છે અર્થાત્ કિલ્બિષિક વગેરેમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંથી ચ્યવીને હલકા મનુષ્ય વગેરેમાં જે ઉપજે છે તે આજાતિ-ગર્હિત થાય છે (૪), ત્રણ સ્થાનક વડે કપટી માયા કરીને આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપને સ્વીકારે, તે આ પ્રમાણે—માયા રહિતને આલોક પ્રશસ્ત થાય, ઉત્તમ દેવમાં*

*ઉત્પન્ન થવાથી ઉપપાત પ્રશસ્ત થાય અને ત્યાંથી ચ્યવીને ઉત્તમ મનુષ્યમાં જે ઉત્પન્ન થાય તે આજાતિપ્રશસ્ત થાય (૫), ત્રણ સ્થાનક વડે માયાવી માયા કરીને આલોચના કરે યાવત્ પ્રાયશ્ચિત્ત તપને સ્વીકારે, તે આ પ્રમાણે—જ્ઞાનના લાભને માટે, દર્શન-સમકિતના લાભને માટે અને ચારિત્રના લાભને માટે (૬). ॥૧૬૮॥*

(ટી૦) 'तिहिं ठाणेही' त्यादि० આ સૂત્રનો પૂર્વના સૂત્ર સાથે આ પ્રમાણે સંબંધ છે—પૂર્વ સૂત્રમાં મિથ્યાદર્શનવાળાઓની અસમંજસતા-અજ્ઞાનતા કહી. અહિં તો કષાયવાળાઓની અસમંજસતા કહે છે. આ સંબંધ વિશિષ્ટ આ સૂત્રની વ્યાખ્યા—**'मायी'** કપટી, માયા વિષયક ગુપ્ત અકાર્ય કરીને આલોચના કરે નહિં, માયાને જ કરે, શેષ સુગમ છે. વિશેષ કહે છે—**आलोचनं**-ગુરુને નિવેદન કરવું, **प्रतिक्रमणं**—મિથ્યાદુષ્કૃત આપવું, **निंदा**—આત્માની સાક્ષીએ નિંદવું, **गर्हा**—ગુરુની સાક્ષીએ ગર્હા કરવી તે, **वित्रोटनं**—પાપના વિચારને દૂર કરવો, **विशोधनं**—આત્માના અથવા ચારિત્રના અતિચારરૂપ મળને ધોવો-શુદ્ધ કરવો, **अकरणताभ्युत्थानं**—ફરીથી આ પાપ કરીશ નહિ એવો સ્વીકાર કરવો, **अहारिहं**—યથાયોગ્ય, **'पायच्छित्तं'** ति० પાપનું છેદન કરનાર અથવા પ્રાયઃ ચિત્તને વિશુદ્ધ કરનારું **तपःकर्म**—વિગયત્યાગ (નીવી) વગેરેને **प्रतिपद्येत**—સ્વીકારે. (માયાવી ઉપરોક્ત આલોચનાદિ કરે નહિં) તે આ પ્રમાણે—મેં આ પાપકર્મ કર્યું માટે નિંદા કરવા યોગ્ય પાપ પ્રત્યે આલોચના કેમ કરું? પોતાના માનની હાનિ થાય એવા અભિમાનથી ૧, વળી હમણાં જ હું પાપ કરું છું માટે સારું નથી એમ કેમ કહું? ૨, હું આ અકૃત્યને ભવિષ્યકાળમાં પણ કરીશ તો પ્રાયશ્ચિત્તને હું કેમ સ્વીકારુ? ૩ (૧), **कीर्त्तिः**—એક દિશામાં વિસ્તરનારી ખ્યાતિ, અને સર્વ દિશામાં વિસ્તરનારી જે પ્રસિદ્ધિ તે વર્ણ-યશઃ કહેવાય. વર્ણ યશનો પર્યાયવાચક શબ્દ છે. અથવા **दानपुण्यफलाकीर्त्तिः पराक्रमकृते यशः**—દાન અને પુણ્યના ફળરૂપ કીર્તિ અને પરાક્રમથી જે થાય તે યશ-વર્ણ કહેવાય છે. બન્નેનો નિષેધ તે અકીર્તિ અને અવર્ણ (અયશ), મને સાધુઓથી અવિનય થાય. આ સૂત્ર, નથી પ્રાપ્ત થયેલ પ્રસિદ્ધિ જેની એવા પુરુષની અપેક્ષાવાળું છે (૨), **'मायं कट्टु'** त्ति० માયાને કરીને અર્થાત્ માયા વડે માયા પ્રત્યે આગળ કરીને **परिहास्यति**—હીન થશે (કીર્તિ-યશ), પુષ્પ વગેરે વડે પૂજા અને વસ્ત્ર વગેરે વડે સત્કાર. આ પૂજા અને સત્કાર એક જ વિવક્ષિત છે, કારણ કે બંનેનું એકરૂપપણું છે. આ સૂત્ર તો પ્રસિદ્ધિ પામેલ (આ સાધુ આચારવાન્ છે એવી ખ્યાતિ થયેલી છે જેમની) પુરુષની અપેક્ષાવાળું છે. શેષ સુગમ છે. (૩), પ્રથમ કહેલ તેથી વિપરીતને કહે છે—**'तिही'** त्यादि० ત્રણ સૂત્ર સ્પષ્ટ છે. **'मायी मायं कट्टु आलोएज्ज'** त्ति० અહિં અકાર્ય કરવાના કાળમાં જ માયાવી, પરંતુ આલોચના વગેરેના કાળમાં તો અમાયાવી જ હોય. જો એમ ન હોય તો આલોચના વગેરેની સફળતા નહિં થાય. **'अस्सिं'** ति० આ, જે કારણથી માયાવીને આલોક વગેરે ગર્હાવાળા થાય છે (૪), જે કારણથી અમાયાવીને આલોક વગેરે પ્રશસ્ત થાય છે (૫), જે કારણથી આલોચનાદિ વડે નિરતિચારભૂત અમાયાવી જ્ઞાન વગેરે સ્વસ્વભાવને મેળવે છે. આ કારણથી હું માયા રહિત થઈને આલોચના વગેરેને હું કરું એ પ્રકારની ભાવના છે (૬). ॥૧૬૮॥

પ્રથમ શુદ્ધિ કહી, હવે શુદ્ધિ કરનારના અભ્યંતર સંપદા વડે ત્રણ પ્રકાર કરતા થકા કહે છે—

**तओ पुरिसजाया पन्नत्ता, तंजहा—सुत्तधरे, अत्थधरे, तदुभयधरे ॥ सू० १६९ ॥**

**कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा तओ वत्थाइं धारित्तए वा परिहरित्तए वा, तं जहा—जंगिते, भंगिते, खोमिते १। कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा, तओ पायाइं धारित्तए वा परिहरित्तए वा, तंजहा—लाउयपाए वा दारुपाए वा मट्टियापाए वा ॥ सू० १७० ॥**

**तिहिं ठाणेहिं वत्थं धरेज्जा, तंजहा—हिरिप[व]त्तियं, दुगुंछाप[व]त्तियं, परीसहप[व]त्तियं ॥ सू० १७१ ॥**

**तओ आयरक्खा पन्नत्ता, तंजहा—धम्मियाते, पडिचोयणाते, पडियोएत्ता भवति, तुसिणीतो वा सिता, उट्ठित्ता वा आताते एगंतमंतमवक्कमेज्जा। णिग्गंथस्स णं गिलायमाणस्स कप्पंति ततो वियडदत्तीओ पडिग्गाहित्तते,**

**तंजहा–उक्कोसा, मज्झिमा, जहन्ना ।। सू० १७२ ।।**

(મૂ૦) ત્રણ પ્રકારે પુરુષ કહેલ છે, તે આ પ્રમાણે—સૂત્રના ધરનાર, અર્થના ધરનાર અને તદુભય–સૂત્ર અને અર્થ બન્નેના ધરનાર. ॥૧૬૯॥

કલ્પે–નિર્ગ્રંથને અથવા નિર્ગ્રંથીને ત્રણ પ્રકારના (જાતના) વસ્ત્રો ધરવા માટે, પરિભોગ–પહેરવા માટે, તે આ પ્રમાણે–જંગમજ–ઊનનું વસ્ત્ર વગેરે, ભંગિક–રેશમનું અગર શણનું વસ્ત્ર, ક્ષૌમિક–કપાસનું વસ્ત્ર ૧, કલ્પે–સાધુને અથવા સાધ્વીને ત્રણ (જાતના) પાત્ર ધરવા માટે (રાખવા માટે), વાપરવા માટે, તે આ પ્રમાણે—તુંબડાનું પાત્ર, કાષ્ઠ–લાકડાનું પાત્ર અને મૃતિકા–માટીનું પાત્ર. ॥૧૭૦॥

ત્રણ સ્થાનક–કારણ વડે વસ્ત્રને ધારણ કરે, તે આ પ્રમાણે—લજ્જાના નિમિત્તે, **શાસનની હેલણા ન થાય તે માટે** અને શીત વગેરે પરીષહ ટાળવા માટે. ॥૧૭૧॥

ત્રણ આત્મરક્ષકો કહેલા છે, તે આ પ્રમાણે—૧ ધાર્મિક પ્રેરણા વડે બીજાને અકાર્યથી નિવૃત્ત કરવા માટે ઉપદેશ કરનાર આત્મરક્ષક હોય છે, ૨ અકાર્યથી અટકાવવા અસમર્થ હોવાથી મૌન રહેનાર આત્મરક્ષક હોય છે અને ૩ અકાર્યથી અટકાવવાને અસમર્થ હોવાથી પોતે ત્યાંથી ઊઠીને એકાંત સ્થાનમાં ચાલ્યા જાય તે આત્મરક્ષક થાય છે.

તૃષાથી પીડાતા સાધુને ત્રણ પ્રકારના પાણીની દાત લેવા માટે કલ્પે, તે આ પ્રમાણે—ઉત્કૃષ્ટદાત (ઘણું પાણી), તેથી હીન મધ્યમદાત અને જેના વડે એક વખત તૃષા છીપે તે જઘન્યદાત. ॥૧૭૨॥

(ટી૦) **'तओ पुरी'** त्यादि० સુગમ છે, વિશેષ કહે છે—આ ત્રણ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. ॥૧૬૯॥

તેઓની જ બાહ્ય સંપત્તિને બે સૂત્ર વડે કહે છે—**'कप्पती'**त्ति० કલ્પતે—યોગ્ય છે. **'धारित्तए'**त्ति० સ્વીકાર કરવામાં, **'परिहत्तुं'** પહેરવા માટે. અથવા **'धारणया उवभोगो, परिहरणे होइ परिभोग'**त्ति० ધારણ કરવાથી ઉપભોગ અને પરિહરણ તે પરિભોગ કહેવાય છે. **जंगियं**—જંગમ પ્રાણીથી ઉત્પન્ન થયેલ ઊન વગેરેના વસ્ત્ર, **भंगियं**—અતસીમય વનસ્પતિવિશેષથી બનેલું તથા **खोमियं**—કપાસનું વસ્ત્ર. અલાબુ–તુંબડાનું પાત્ર, દારુ–લાકડાનું પાત્ર અને માટીનું પાત્ર–સરાવલું, ઢાંકણું અને ઘડો વગેરે. શેષ સુગમ છે. ॥૧૭૦॥

વસ્ત્રને ગ્રહણ કરવાના કારણોને કહે છે—**'तिही'** त्यादि० **ह्री**—લજ્જા અથવા સંયમ છે નિમિત્ત જે ધરવાનો હ્રીપ્રત્યય, **जुगुप्सा**—**નગ્ન અંગના દર્શનથી શાસનની હીલના ન થાઓ એ જ નિમિત્ત છે જેમાં તે દુગંચ્છાપ્રત્યય**, એવી જ રીતે શીત, ઉષ્ણ, દંશ અને મશક વગેરે પરીષહો છે નિમિત્ત જેમાં તે પરીષહપ્રત્યય. કહ્યું છે કે—

**वेउव्विऽवाउडे वाइए य हीरि खद्धपजणणे चेव । एसिं अणुग्गहट्ठा, लिंगुदयट्ठा य पट्टो उ ।।१००।।** [ओघ.नि० ७२२]

વસ્ત્રના અભાવમાં વિકૃત લિંગ છતે, વાયુના પ્રકોપથી ઉન્નત થયે છતે, સ્વયં લજ્જાવાળો છતે, અતિ મોટું મેહન (લિંગ) છતે એઓના અનુગ્રહ માટે અને સ્ત્રીને જોવાથી લિંગની જાગૃતિની રક્ષા માટે જ પટ્ટ–ચોલપટ્ટક કહેલ છે. (૧૦૦) તથા—

**[1]तणगहणाऽनलसेवानिवारणा धम्म-सुक्कझाणट्ठा । दिट्ठं कप्पग्गहणं, गिलाणमरणट्ठया चेव ।।१०१।।**

**[ओघ.नि०७०६ त्ति]**

તૃણ–ઘાસનું લેવું અને અગ્નિની સેવા–તપવું, એ બન્નેનું નિવારણ કરવા માટે, તથા ધર્મ અને શુક્લધ્યાનને માટે, ગ્લાનને માટે અને **મૃતકને ઢાંકવા માટે કલ્પ-ઓઢવાનું વસ્ત્ર ગ્રહણ કરવાનું તીર્થંકર ભગવંતોએ કહેલું છે.** (૧૦૧)

વસ્ત્ર ગ્રહણ કરવાના કારણના પ્રસંગથી પાત્રના પણ પ્રકારો કહે છે—

**अतरंत-बाल-वुड्ढा, सेहाऽऽदेसा गुरू असहुवग्गो । साहारणोग्गहालद्धिकारणा पायगहणं तु।।१०२।।**[ओघ.नि० ६९२]

1. વસ્ત્ર ન હોવાથી અગ્નિ વગેરેના આરંભમાં પ્રવર્તે અને ધ્યાનમાં સ્થિરતા ન રહે.

ગ્લાન, બાલ, વૃદ્ધ, શૈક્ષ્ય-વડીદીક્ષા ન લીધેલ, પ્રાઘુર્ણક-નવીન આવેલ સાધુ, આચાર્યાદિદીક્ષિત સુકુમાર રાજપુત્ર વગેરે, એઓના ઉપષ્ટંભ-આધાર માટે અને **પાત્રલબ્ધિ નથી તે માટે પાત્રનું ગ્રહણ કહેલ છે.** (૧૦૨) ॥૧૭૧॥

નિર્ગ્રંથના પ્રસંગથી નિર્ગ્રંથોને જ અનુષ્ઠાનથી સાત સૂત્ર વડે કહે છે—'**तओ आए**' त्यादि० સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે—આત્મા પ્રત્યે રાગદ્વેષથી, અકૃત્યથી અથવા ભવરૂપ કૂવાથી જેઓ રક્ષા કરે છે તે આત્મરક્ષકો. '**धम्मियाए पडिचोयणाए**' त्ति० ધાર્મિક ઉપદેશ વડે-તમારા જેવાને આમ કરવા માટે યોગ્ય નથી ઇત્યાદિ વડે અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગ કરનારને *પ્રેરણા કરનાર—ઉપદેશક થાય છે, તેથી તે (ઉપસર્ગ કરવાથી) નિવર્તે છે, તેથી અકૃત્ય કાર્યનો કરનાર થતો નથી, આ કારણથી* આત્મા રક્ષિત-રક્ષાવાળો થાય છે ૧, મૌન રહેનાર—વાણીનો સંયમ કરનાર અર્થાત્ **ઉપેક્ષા કરનાર થાય ૨. પ્રેરણાનો અવિષય એટલે કે—કહ્યું માનશે નહિ માટે અને ઉપેક્ષા કરવામાં અસમર્થ છતે તે સ્થાનથી ઊઠીને પોતે જનરહિત સ્થાન પ્રત્યે જાય** ૩. ग्लायतः— તરસ પીડા વગેરેથી પરાભવ પામેલ સાધુને એવો અર્થ છે. વેદનાદિ (છ) કારણો વડે આહારનું લેવું જિનેશ્વરોએ કહેલું છે. '**तओ**' त्ति० ત્રણ '**वियड**' त्ति० પાનક આહાર (પાણી)ની દત્તિઓ-એક ધારા વડે દેવારૂપને ગ્રહણ કરવા માટે-પીડાને ઉપશમાવવા માટે, ઉત્કર્ષ-પ્રકર્ષના યોગથી ઉત્કર્ષા, અથવા જે ઉત્કર્ષે છે તે અર્થાત્ ઉત્કૃષ્ટ-પ્રચુર પાનકરૂપ, જે દત્તિ વડે દિવસ પર્યંત પણ તૃષા સમાવે છે ૧; તેથી જે હીન તે મધ્યમદત્તિ અને જે દત્તિ વડે એક જ વખત તૃષા રહિત થાય છે અથવા યાપના માત્ર-સ્વલ્પકાલ તૃષાની શાંતિ પામે છે તે જઘન્યદત્તિ. પાનક(પીણું)ના વિશેષથી જ ઉત્કૃષ્ટાદિ કહેવી, તે આ પ્રમાણે—કલમશાલ (ચોખા)ની કાંજીનું ઓસામણ વગેરે અથવા દ્રાક્ષનું પાનક (પીણું) વગેરેની પહેલી દત્તિ, સાઠી ચોખાદિની કાંજી વગેરેની મધ્યમદત્તિ અને ઘાસના ધાન્યની કાંજી વગેરે અથવા ગરમ પાણીની ત્રીજી જઘન્યદત્તિ છે. અથવા દેશ, કાળ અને પોતાની રુચિના વિશેષથી ઉત્કૃષ્ટ વગેરે જાણી લેવું. ॥૧૭૨॥

**तिहिं ठाणेहिं समणे निग्गंथे साहम्मियं संभोगियं विसंभोगियं करेमाणे णातिक्कमति, तंजहा—सतं वा दट्ठुं, सड्ढिस्स वा निसम्म, तच्चं मोसं आउट्टति चउत्थं नो आउट्टति ॥ सू० १७३ ॥**

**तिविधा अणुन्ना पन्नत्ता, तंजहा—आयरियत्ताए, उवज्झायत्ताए, गणित्ताते । तिविधा समणुन्ना पन्नत्ता, तंजहा—आयरियत्ताते, उवज्झायत्ताते, गणित्ताते। एवं उवसंपया, एवं विजहणा ॥ सू० १७४ ॥**

*(મૂ૦) ત્રણ સ્થાનક-કારણ વડે શ્રમણ નિર્ગ્રંથ, સમાન ધર્મવાળા સાંભોગિક (અન્યોન્ય આહારાદિ દેવાના વ્યવહારવાળા) પ્રત્યે વિસંભોગિકને કરતો થકો આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. પોતે તેના અકાર્યને જોઈને અને શ્રદ્ધેય-વિશ્વાસ કરવા યોગ્ય મુનિના વચનનો ચોક્કસ નિર્ણય કરીને, ત્રીજી વખત જૂઠું બોલનારને આલોચના આપે, ચોથી વખત જૂઠું બોલે તો આલોચના ન આપે. પછી વિસંભોગવાળો કરે. ॥૧૭૩॥*

*ત્રણ પ્રકારે અનુજ્ઞા-સામાન્યથી પદવીનું આપવું કહેલ છે, તે આ પ્રમાણે—આચાર્યપણાએ, ઉપાધ્યાયપણાએ અને ગણાચાર્યપણાએ. ત્રણ પ્રકારે સમનુજ્ઞા-વિશેષથી પદવી આપવી કહેલ છે, તે આ પ્રમાણે—આચાર્યપણાએ, ઉપાધ્યાયપણાએ અને ગણાચાર્યપણાએ. એવી રીતે ઉપસંપદા (જ્ઞાનાદિ ગુણ મેળવવા માટે અન્ય આચાર્યને સ્વીકારે-તેની સેવા કરે) કહેલ છે તે આ પ્રમાણે—આચાર્યઉપસંપદા, ઉપાધ્યાયઉપસંપદા અને ગણીઉપસંપદા. એમ જ ત્યાગ કરવારૂપ અર્થાત્ પ્રમાદાદિ દોષને કારણે આચાર્યાદિને છોડી જવું તે વિજહણા જાણવી. ॥૧૭૪॥*

(ટી૦) '**साहंमियं**' ति० જે સમાન ધર્મ વડે ચાલે છે-વર્તે છે તે સાધર્મિક પ્રત્યે, **सम्**—એકત્ર, **भोग**—ભોજન, અર્થાત્ એક સાથે ભોજન તે સંભોગ, સાધુઓનો સમાન સામાચારીપણાએ પરસ્પર ઉપધિ વગેરેનો દેવાલેવારૂપ સંવ્યવહાર છે જેનો તે સંભોગિક, વિસંભોગ-દાનાદિ (દેવું લેવું) વગેરેનો નથી વ્યવહાર જેનો તે વિસંભોગિક, તેને કરતો થકો આજ્ઞા અથવા સામાયિક પ્રત્યે ઉલ્લંઘતો નથી, કારણ કે કહેલને કરનાર છે. ૧ સંભોગિક વડે કરાતી અસંભોગિકની સાથે દાન-ગ્રહણાદિરૂપ

અસામાચારીને પોતે સાક્ષાત્ જોઈને, તથા ૨ 'सद्दस्स' त्ति० શ્રદ્ધા છે જેને વિષે તે શ્રાદ્ધ-શ્રદ્ધા કરવા યોગ્ય છે વચન જેનું એવો કોઈપણ અન્ય સાધુ, તેનું વચન निशम्य—અવધારીને, તથા પહેલી વખત, બીજી વખત યાવત્ ત્રીજી વખત मोसं—મૃષાવાદ પ્રત્યે અકલ્પનું ગ્રહણ અને પાસત્થાને દેવા વગેરે વડે સાવદ્ય વિષયની પ્રતિજ્ઞાના ભંગ લક્ષણને આશ્રયીને અર્થાત્ ત્રીજી વખત મૃષા બોલીને પાછો વળે તો તેને આલોચના કરાવે અને એને લાયક પ્રાયશ્ચિત્ત અપાવે છે. **ચોથી વખતના જૂઠાને** આશ્રયી પ્રાયઃ પાછો વળતો નથી તેમજ **તેને અહંકારભાવ હોવાથી આલોચના ન આપવી. આલોચન કીધે છતે પણ એને પ્રાયશ્ચિત્તનું દાન નથી.** આ કારણથી ચોથી વખત અસંભોગના કારણને કરનાર પ્રત્યે વિસંભોગિકને કરતો થકો આજ્ઞા પ્રત્યે ઉલ્લંઘન કરતો નથી, આ પ્રસ્તુત છે. કહ્યું છે કે—

**एगं व दो व तिन्नि व, आउट्टंतस्स होइ पच्छित्तं । आउट्टंतेऽवि तओ, परिणे तिण्हं विसंभोगो॥१०३॥[नि.भा० २०७५ इति]**

આ ગાથાની ચૂર્ણિ—**'स संभोइओ असुद्धं गिण्हंतो चोइओ भणइ-संता पडिचोयणा मिच्छा मि दुक्कडं, ण पुणो एवं करिस्सामो, एवमाउट्टो जमावन्नो त्तं पायच्छित्तं दाउं संभोगो। एवं बीयवाराए वि, एवं तइयवाराए वि, तइयवाराओ परओ चउत्थवाराए तमेवाइयारं सेविऊण आउट्टंतस्स वि विसंभोगो' इति [निशीथ चूर्णि इति]** તે સાંભોગિક સાધુ એક વાર અશુદ્ધ (આહારાદિ) ગ્રહણ કરનારને પ્રેરણા કરતો થકો તે અશુદ્ધ ગ્રહણ કરનાર કહે છે કે-તમારા વડે પ્રેરણા કરાતે છતે મને મિથ્યા દુષ્કૃત થાઓ, 'ફરીથી હું એમ કરીશ નહિં' એવી રીતે પાછો વળતો થકો જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તે પ્રાયશ્ચિત્ત આપીને તે સાંભોગિક કરાય છે, એમ બીજી વાર અને ત્રીજી વાર પણ પાછા વળનારને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અપાય છે. ત્રીજી વાર પછી ચોથી વારમાં તે જ અતિચારને સેવીને પાછા વળનારને પણ વિસંભોગિક કરાય છે. (૧૦૩)

અહિં પહેલા બે સ્થાન અતિશય મોટા દોષના આશ્રયરૂપ છે, તેથી તેમાં જાણવા માત્ર અને સાંભળવા માત્ર છતે વિસંભોગિક કરાય છે. ત્રીજું સ્થાન તો બહુ અલ્પ દોષવાળું છે. તેમાં તો ચોથી વખતે અસંભોગિક કરાય છે. ॥૧૭૩॥

'अणुन्न' त्ति० अनुज्ञानमनुज्ञा—અધિકાર આપવો, आचर्यते—મર્યાદાવૃત્તિ વડે સેવાય છે તે આચાર્ય અથવા પાંચ પ્રકારના આચારમાં જે સાધુ (સારા) છે તે આચાર્ય. કહ્યું છે કે—

**पंचविहं आयारं, आयरमाणा तहा पयासंता । आयारं दंसेन्ता, आयरिया तेण वुच्चंति ॥१०४॥ [आव.नि० ९९८]**

જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચારનું આચરણ કરતા થકા તેમજ અનુષ્ઠાનરૂપથી બીજાને પ્રકાશતા થકા, અને પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાદ્વાર વડે આચારને દેખાડતા થકા મુમુક્ષુ વડે જે કારણથી સેવાય છે તે કારણથી આચાર્યો કહેવાય છે. (૧૦૪) વળી

**सुत्तत्थविऊ लक्खणजुत्तो गच्छस्स मेढिभूओ य । गणतत्तिविप्पमुक्को, अत्थं वाएइ आयरिओ ॥१०५॥**

સૂત્રાર્થના જાણનાર, શરીરના લક્ષણ સહિત, ગચ્છના મેઢીભૂત અને સમુદાયની ચિંતાથી રહિત એવો આચાર્ય, સ્વ-પર શિષ્યોને શાસ્ત્રના અર્થની વાચના આપે છે. (૧૦૫)

આચાર્યનો ભાવ આચાર્યતા, તે વડે આગળ ગણાચાર્યનું ગ્રહણ કરવાથી અહિં અનુયોગાચાર્યપણાએ એવો અર્થ છે. તથા उपेत्य—સમીપે આવીને, अधीयते—જેની પાસેથી ભણાય છે તે ઉપાધ્યાય. કહ્યું પણ છે—

**संमत्तनाणदंसण-जुत्तो सुत्तत्थतदुभयविहिन्नू । आयरियठाणजोगो, सुत्तं वाएइ उवज्झाउ [ज्झाओ] ॥१०६॥**

સમ્યગ્જ્ઞાન, દર્શનયુક્ત, સૂત્ર, અર્થ અને તદુભય વિધિના જાણનાર, આચાર્યપદને લાયક અને સૂત્રની વાચના આપનાર ઉપાધ્યાય કહેવાય. (૧૦૬)

ઉપાધ્યાયનો ભાવ તે ઉપાધ્યાયતા, તે વડે; તથા ગણ-જેને સ્વસ્વામીસંબંધ વડે સાધુનો સમુદાય છે તે ગણી-ગણાચાર્ય, તેનો ભાવ તે ગણાચાર્યતા, તે વડે એટલે કે ગણના નાયકપણા વડે એ ભાવ છે. તથા સમ્યક્સંગતા, ઔત્સર્ગિકગુણ યુક્ત આચાર્યાદિપણાએ જે અનુજ્ઞા તે સમનુજ્ઞા. અનુયોગાચાર્યના ઔત્સર્ગિક ગુણો આ પ્રમાણે—

**तम्हा वयसंपन्ना, कालोचियगहियसयलसुत्तत्था । अणुजोगाणुण्णाए, जोगा भणिया जिणिंदेहिं ॥१०७॥ [पञ्चव० ९३२]**

વ્રતસંપન્ન-વ્રતના પાળનારા, ઉચિત કાળમાં સકલ સૂત્ર અને અર્થને ગ્રહણ કરનારા મુનિઓને જિનેંદ્રોએ અનુયોગની અનુજ્ઞાને લાયક કહેલા છે. (૧૦૭)

**इहपर(इहरा उ)मोसावाओ, पवयणखिंसा य होइ लोयंमि । सेसाण वि गुणहाणी, तित्थुच्छेओ य भावेणं ॥१०८॥ [पञ्चव० ९३३]**

પૂર્વ કહેલ ગુણોથી વિપરીત વ્યક્તિને અનુજ્ઞા દેવામાં ગુરુને મૃષાવાદ લાગે છે તથા લોકમાં શાસનની નિંદા થાય છે, બીજાઓને પણ ગુણની હાનિ થાય છે અને **યોગ્ય નાયકના અભાવે તીર્થનો અવશ્ય ઉચ્છેદ થાય છે.**[1] (૧૦૮)

ગણાચાર્યના પણ ઔત્સર્ગિક ગુણો નીચે પ્રમાણે જાણવા—

**सुत्तत्थे निम्माओ, पियदढधम्मोऽणुवत्तणाकुसलो । जाईकुलसंपन्नो, गंभीरो लद्धिमंतो य ॥१०९॥**

**संगहुवग्गहनिरओ, कयकरणो पवयणाणुरागी य । एवंविहो उ भणिओ, गणसामी जिणवरिंदेहिं ॥११०॥ [पञ्चव० १३१५-१६ ति]**

સૂત્ર અને અર્થમાં નિષ્ણાત, પ્રિયધર્મી, દૃઢધર્મી, અનુવર્ત્તનામાં કુશલ-ઉપાયને જાણનાર, જાતિ અને કુલસંપન્ન, ગંભીર તેમજ લબ્ધિવાળા હોય તથા ઉપદેશાદિ વડે સંગ્રહ અને વસ્ત્રાદિના ગ્રહણ વડે ઉપગ્રહમાં તત્પર, બીજાઓ અહિં વસ્ત્રાદિ વડે સંગ્રહ અને ઉપદેશ વડે ઉપગ્રહ કહે છે, કૃતકરણ-ક્રિયાના અભ્યાસી, પ્રવચન-શાસન પર અનુરાગવાળો, 'च' શબ્દથી બીજાના હિતને માટે સ્વભાવથી પ્રવૃત-આવા પ્રકારનો ગણસ્વામી-ગણી જિનેશ્વરોએ કહેલ છે. (૧૦૯-૧૧૦)

**શંકા**—જો એવા પ્રકારના ગુણોના અભાવમાં અનુજ્ઞાનો પણ અભાવ હોવાથી બીજી સમનુજ્ઞા કેમ થશે? **ઉત્તર**—કહેલ ગુણો અન્યતમ (કોઈક) ગુણોના અભાવમાં પણ કારણવિશેષથી આ (અનુજ્ઞા) સંભવે છે. જો એમ ન હોય તો નીચેના શ્લોક પ્રમાણે કેવી રીતે કહી શકાય?

**जे यावि मंदि त्ति गुरुं विइत्ता, डहरे इमे अप्पसुए त्ति नच्चा ।**

**हीलंति मिच्छं पडिवज्जमाणा, करेंति आसायण ते गुरूणं ॥१११॥ [दशवै० ९/१/२ ति]**

જે કોઈપણ (દ્રવ્ય સાધુઓ) ગુરુ પ્રત્યે મંદબુદ્ધિવાળા જાણીને, આ ગુરુ લઘુ વયવાળા છે, થોડા ભણેલા છે એમ જાણીને હેલના કરે છે.તે મિથ્યાત્વને પ્રાપ્ત થયા થકા ગુરુઓની આશાતના કરે છે. (૧૧૧)

આ કારણથી કેટલાએક ગુણોનો અભાવ હોવા છતાં પણ અનુજ્ઞા છે. સમગ્ર ગુણના ભાવમાં તો સમનુજ્ઞા છે. અથવા **स्वस्य मनोज्ञाः**—પોતાની સરખી સામાચારીવાળાપણાએ જે ગમતા તે સ્વમનોજ્ઞો, અથવા મનોજ્ઞ જ્ઞાનાદિ સહિત તે સમનોજ્ઞો, અર્થાત્ એક સંભોગવાળા સાધુઓ, ત્રણ પ્રકારે કેમ? તે સંબંધે કહે છે—આચાર્યપણું વગેરે. ભિક્ષુ, ક્ષુલ્લક વગેરે ભેદો છતાં પણ તેની વિવક્ષા કરી નથી, કારણ કે અહીં ત્રણ સ્થાનકનો અધિકાર ચાલે છે. 'एवं उवसंपय' त्ति० એમ સમનુજ્ઞાની જેમ આચાર્યપણાદિ વડે ત્રણ પ્રકારે છે, ઉપસંપત્તિ-જ્ઞાનાદિ માટે સમીપ જવારૂપ, હું આપનો છું એવો સ્વીકાર, તે આ પ્રમાણે—પોતાના આચાર્યાદિ વડે આદેશ કરાયેલ કોઈક સાધુ, સમ્યક્ શ્રુતગ્રંથો (આગમો)ના અથવા દર્શનપ્રભાવક શાસ્ત્રો (સમ્મત્તિતર્ક અને તત્ત્વાર્થ વગેરે)ના સૂત્ર (મૂલપાઠ) અને અર્થનું ગ્રહણ (અભ્યાસ) કરવા માટે ૧, સ્થિરીકરણ (દૃઢ કરવું) કરવા માટે ૨ અને ભૂલેલાને સાંધી લેવા (પૂર્ણ કરવા) માટે ૩, વળી ચારિત્રની પુષ્ટિ માટે, વૈયાવૃત્ય માટે અથવા તપસ્યાને માટે ગુરુએ સંદિષ્ટ-કહેલ અન્ય આચાર્યને જે સ્વીકારે છે અર્થાત્ તેમની પાસેથી ઉપસંપદા સ્વીકારે. કહ્યું છે કે—

1. વર્તમાનમાં અયોગ્ય ગણાચાર્યના કારણે કેટલાએ ગચ્છો સમુદાયો વિલુપ્ત થઈ ગયા છે.

**उवसंपया य तिविहा, णाणे तह दंसणे चरित्ते य । दंसण-णाणे तिविहा, दुविहा य चरित्तअट्ठाए ॥११२॥**
[आव.नि० ६९८, पञ्चा० ५८६ त्ति]

ઉપસંપદા ત્રણ પ્રકારે છે—જ્ઞાનવિષયા, દર્શનવિષયા અને ચારિત્રવિષયા. દર્શન અને જ્ઞાન સંબંધી ત્રણ[1] પ્રકારે છે અને ચારિત્ર માટે બે પ્રકાર છે. (૧૧૨)

આ આચાર્યોપસંપત્, એવી રીતે ઉપાધ્યાય અને ગણીની પણ છે. 'एवं विजहणं' त्ति० એમ જ આચાર્યત્વાદિ ભેદ વડે ત્રણ પ્રકારે **વિહાન**—પરિત્યાગ, તે પોતાના આચાર્યાદિના પ્રમાદદોષને આશ્રયીને વૈયાવૃત્ય અને ક્ષપણા—તપસ્યા માટે બીજા આચાર્યની ઉપસંપત્પણાએ હોય છે. કહ્યું છે કે—'नियगच्छादन्नंमि उ सीयणदोसाइणा होइ' [आवश्यक नि० ७१८ त्ति०] પોતાના ગચ્છથી અન્ય ગચ્છમાં સીદન (શિથિલાચારાદિ) દોષથી હોય છે. અથવા જ્ઞાનાદિ માટે ઉપસંપત્‌ને પ્રાપ્ત થયેલ મુનિને, જ્ઞાનાદિ માટે ન રહેનાર મુનિને અથવા સિદ્ધ પ્રયોજન (સંપૂર્ણ થયેલા કાર્ય) વાળાને જે આચાર્ય છોડે છે તે આચાર્યપરિત્યાગ કહેવાય છે. કહ્યું છે કે—

**उवसंपन्नो जं कारणं तु तं कारणं अपूरिंतो । अहवा समाणियंमी, सारणया वा विसग्गो वा॥११३॥**[आव.नि० ७२० इति]

જે કારણ (વૈયાવૃત્ય વગેરે)ને આશ્રયીને પાસે આવેલ પણ તે કારણને પૂર્ણ ન કરતો થકો જ્યારે પાછો વળે છે ત્યારે સારણા વગેરે કરાવે છે, પરંતુ અવિનીતનો ત્યાગ કરાય છે, અથવા કાર્યની સમાપ્તિ થયે છતે મુનિને સ્મૃતિ કરાવે કે તમારું કામ પૂર્ણ થયું છે અથવા વિદાય કરાય છે. (૧૧૩)

એવી રીતે ઉપાધ્યાય અને ગણીનો પણ પરિત્યાગ જાણવો. ॥૧૭૪॥

પૂર્વે કહેલ આ વિશિષ્ટ સાધુની કાયચેષ્ટા ત્રણ સ્થાનકમાં અવતાર કરાઈ, હવે તો વચન, મન અને તે બન્નેના નિષેધનું ત્રીજા સ્થાનકમાં અવતરણ કરતા થકા કહે છે—

**तिविहे वयणे पन्नत्ते, तंजहा—तव्वयणे, तदन्नवयणे, णोअवयणे। तिविहे अवयणे पन्नत्ते, तंजहा—णोतव्वयणे, णो तदन्नवयणे, अवयणे ।**

**तिविहे मणे पन्नत्ते, तंजहा—तम्मणे, तयन्नमणे, णोअमणे। तिविहे अमणे पन्नत्ते, तंजहा—णोतंमणे, णोतयन्नमणे, अमणे ॥ सू० १७५ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે વચન કહેલ છે, તે આ પ્રમાણે—ઘડાને ઘડો કહેવો તે તદ્વચન, ઘડાની અપેક્ષાએ અન્ય પટ-વસ્ત્ર છે એમ કહેવું તે તદન્યવચન, અને ડિત્થાદિની માફક અર્થ વગરનું વચન તે નોવચન. ત્રણ પ્રકારે અવચન કહેલ છે, તે આ પ્રમાણે—ઘડાને ઘડો ન કહેતા વસ્ત્ર કહે તે નોતદ્વચન, ઘડાને ઘડો કહેવો તે નોતદન્યવચન અને વચનની નિવૃત્તિ (મૌન) તે અવચન. ત્રણ પ્રકારે મન કહેલ છે, તે આ પ્રમાણે—જે દેવદત્તાદિનું અથવા જે ઘટાદિ વસ્તુમાં મન તે તન્મન, દેવદત્તથી અન્ય યજ્ઞદત્તાદિનું અથવા ઘટની અપેક્ષાએ વસ્ત્રાદિમાં જે મન તે તદન્યમન, કોઈ પણ વસ્તુની વિવક્ષા સિવાય જ મનોમાત્ર તે નોઅમન. ત્રણ પ્રકારે અમન કહેલ છે, તે આ પ્રમાણે—દેવદત્તાદિકનું અથવા ઘટાદિ વસ્તુમાં મન નથી તે નોતન્મન, દેવદત્તાદિકથી અન્ય યજ્ઞદત્તાદિનું અથવા ઘડાની અપેક્ષાએ પટાદિને વિષે મન નથી તે નોતદન્યમન અને મનની નિવૃત્તિ તે અમન. ॥૧૭૫॥*

(ટી૦) આ ચાર સૂત્રની વ્યાખ્યા—**तस्य**—વિવક્ષિત ઘટ વગેરે પદાર્થનું વચન તે તદ્વચન, ઘટ પદાર્થની અપેક્ષાએ ઘટ વચનની જેમ ૧, તે વિવક્ષિત ઘટાદિ પદાર્થથી અન્ય પટાદિ, તેનું જે વચન તે તદન્યવચન, ઘટની અપેક્ષાએ પટવચનની જેમ

1. ૧ નવીન જ્ઞાનનું ગ્રહણ, ૨ પૂર્વે ગ્રહણ કરેલનું સ્થિર કરવું અને ૩ વીસરેલને તાજું કરવું—આ ત્રણ ભેદ જ્ઞાનઉપસંપદાના છે તેમજ દર્શનપ્રભાવકશાસ્ત્રના અર્થનું ગ્રહણ, સ્થિરીકરણ અને વિસ્મૃતના સ્મરણરૂપ દર્શનની ઉપસંપદા પણ ત્રણ છે. ચારિત્રની બે ઉપસંપદા છે, તે આ—૧ વૈયાવૃત્ત્ય અને ૨ ક્ષપણા-તપરૂપ.

२, नोअवचनम्—કથનની નિવૃતિ નહિં–વચન માત્ર તે ડિત્થાદિની જેમ. અથવા શબ્દની વ્યુત્પત્તિનિમિત્તરૂપ ધર્મવિશિષ્ટ અર્થ જે શબ્દ વડે કહેવાય છે તે તદ્‌વચન, જ્વલન (અગ્નિ), તપન (સૂર્ય) વગેરે શબ્દની જેમ આ યથાર્થ નામ છે. તથા શબ્દની વ્યુત્પત્તિનિમિત્તરૂપ ધર્મવિશિષ્ટથી અન્ય–શબ્દની પ્રવૃત્તિનિમિત્તરૂપ ધર્મવિશિષ્ટ અર્થ જે શબ્દ વડે કહેવાય છે તે તદન્યવચન. મંડપ વગેરે શબ્દની જેમ, આ અયથાર્થ વચન છે. બન્નેથી ભિન્ન–વ્યુત્પતિ અને પ્રવૃત્તિનિમિત્તરૂપ ધર્મથી રહિત તે નોવચન, તે ડિત્થાદિની માફક નિરર્થક છે. અથવા तस्य—આચાર્યાદિનું વચન તે તદ્‌વચન, આચાર્યાદિથી અન્યનું વચન તે તદન્યવચન, નહિ વિવક્ષા કરેલ પ્રણેતા–કહેનારનું વચન તે નોવચન, વચનમાત્ર. ત્રણ પ્રકારના વચનનો નિષેધ તે અવચન, તે આ પ્રમાણે–નોતદ્‌વચન ઘટની અપેક્ષાએ પટના વચનની જેમ, નોતદન્યવચન–ઘટને વિષે ઘટના વચનની માફક અને અવચન–વચનની નિવૃત્તિ માત્ર. એમ વ્યાખ્યાંતરની અપેક્ષાએ જાણવું. तस्य—દેવદત્ત વગેરેનું મન અથવા તે ઘટાદિને વિષે મન તે તન્મન. ततो—દેવદત્તથી અન્ય યજ્ઞદત્ત વગેરેનું મન અથવા ઘટની અપેક્ષાએ પટાદિને વિષે મન તે તદન્યમન, સંબંધી વિશેષ (દેવદત્તાદિ)ની વિવક્ષા વગરનું તો મનોમાત્ર તે નોઅમન. આ વ્યાખ્યાને અનુસારે અમનનું પણ સ્વરૂપ જાણી લેવું. ॥૧૭૫॥

પૂર્વના સૂત્રમાં સંયત મનુષ્ય વગેરેના વ્યાપારો કહ્યા, હવે તો પ્રાયઃ દેવના વ્યાપારોને 'तिही' ઇત્યાદિ આઠ સૂત્રો વડે કહે છે—

**तिहिं ठाणेहिं अप्पवुट्ठीकाए सिया, तंजहा—तंसिं च णं देसंसि वा पदेसंसि वा णो बहवे उदगजोणिया जीवा य पोग्गला य उदगत्ताते वक्कमंति विउक्कमंति चयंति उववज्जंति। देवा णागा जक्खा भूता णो सम्ममाराहिता भवंति, तत्थ समुट्ठियं उदगपोग्गलं परिणतं वासितुकामं अन्नं देसं साहरंति। अब्भवद्दलगं च णं समुट्ठितं परिणतं वासितुकामं वाउकाए विधुणति, इच्चेतेहिं तिहिं ठाणेहिं अप्पवुट्ठिगाते सिया १।**

**तिहिं ठाणेहिं महावुट्ठीकाए सिया, तं जहा—तंसिं च णं देसंसि वा पएसंसि वा बहवे उदगजोणिया जीवा य पोग्गला य उदगत्ताए वक्कमंति विउक्कमंति चयंति उववज्जंति, देवा नागा जक्खा भूता सम्ममाराहिता भवंति, अन्नत्थ समुट्ठितं उदगपोग्गलं परिणयं वासिउकामं तं देसं साहरंति, अब्भवद्दलगं च णं समुट्ठितं परिणयं वासितुकामं नो वाउआते विधुणति, इच्चेतेहिं तिहिं ठाणेहिं महावुट्ठिकाए सिया २ ॥ सू० १७६ ॥**

*(મૂ૦) ત્રણ કારણ વડે અલ્પ વૃષ્ટિકાય (વરસાદ) થાય, તે આ પ્રમાણે—૧ તે દેશને વિષે અથવા તેના પ્રદેશ (વિભાગ)ને વિષે ઘણા ઉદક યોનિવાળા જીવો અને પુદ્‌ગલો ઉદકપણાએ (પાણીરૂપે) ઉપજતા નથી, ચ્યવતા નથી, ચ્યવતા અને ઉપજતા નથી, ૨ દેવો વૈમાનિક અને જ્યોતિષ્કો, નાગકુમારો (ભવનપતિ દેવો), યક્ષો અને ભૂતો (વ્યંતરો) એઓને સમ્યગ્ રીતે આરાધેલ ન હોય ત્યાં–દેશ વગેરેમાં ઉત્પન્ન થયેલ, પરિણત (વાદળારૂપ થયેલ) તેમજ વરસવાને માટે તૈયાર થયેલ ઉદકપુદ્‌ગલ (મેઘ)નું અન્ય દેશમાં સંહરણ કરી જાય છે, ૩ મેઘના વાદળા વડે ઘેરાયેલ, ઉત્પન્ન થયેલ, પરિણત થયેલ અને વરસવાને માટે તૈયાર થયેલને પ્રચંડ વાયુ નાશ કરે છે. આ ત્રણ કારણો વડે અલ્પ વૃષ્ટિકાય થાય (૧). ત્રણ કારણ વડે મહાવૃષ્ટિકાય થાય, તે આ પ્રમાણે—૧ તે દેશ અથવા પ્રદેશને વિષે ઘણા ઉદકયોનિક જીવો અને ઉદકના પુદ્‌ગલો ઉદકપણાએ ઉત્પન્ન થાય છે, ચ્યવે છે, ચ્યવે છે અને ઉપજે છે, ૨ દેવો, યક્ષો, નાગકુમારો અને ભૂતો સારી રીતે આરાધન કરાયેલા હોય તો અન્યત્ર–બીજા દેશ વગેરેમાં ઉત્પન્ન થયેલ, પરિણત થયેલ, વર્ષવાને માટે તૈયાર થયેલ ઉદકપુદ્‌ગલનું તે દેશને વિષે સંહરણ કરે છે અર્થાત્ બીજા દેશથી લાવીને વર્ષાવે છે, ૩ મેઘ વડે આચ્છાદિત થયેલ, પરિણત થયેલ, વર્ષવાને માટે તૈયાર થયેલ તે વાયુથી નાશ પામતું નથી. આ ત્રણ કારણો વડે મહાવૃષ્ટિકાય થાય (૨). ॥૧૭૬॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે. 'अप्पवुट्ठिकाए' त्ति० અલ્પ–થોડું અથવા ન વર્ષવું, વૃષ્ટિ–નીચે પડવું, વૃષ્ટિપ્રધાનકાય–જીવોનો

સમુદાય, અર્થાત્ આકાશથી પડતો અપ્કાય અથવા વર્ષવાના સ્વભાવયુક્ત જે ઉદક તે વૃષ્ટિ, તેનો કાય-સમુદાય તે વૃષ્ટિકાય, અલ્પ એવો વૃષ્ટિકાય થાય. તે મગધાદિ દેશોમાં 'च' શબ્દ અલ્પ વૃષ્ટિપણાના બીજા કારણોનો સમુચ્ચય અર્થવાળો છે. 'णं'કાર વાક્યાલંકારમાં છે. દેશમાં અને પ્રદેશ એટલે દેશના અમુક ભાગમાં, બે 'वा' શબ્દ વિકલ્પાર્થવાળા છે, ઉદકની-ઉદકરૂપ પરિણામની કારણભૂત યોનિઓ તે જ ઉદકયોનિકો-પાણી ઉત્પન્ન કરવાના સ્વભાવરૂપ (જીવો અને પુદ્ગલો) ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. એને જ યથાયોગ્ય પર્યાયથી કહે છે-ક્ષેત્રના સ્વભાવથી ચ્યવે છે અને ઉપજે છે ૧, આ એક કારણ ૧, તથા 'देवा' વૈમાનિકો અને જ્યોતિષ્કો, 'नागा' નાગકુમારો, ઉપલક્ષણથી ભવનપતિઓ પણ જાણવા, 'यक्षा' ભૂતો, ઉપલક્ષણથી વ્યંતરો પણ જાણવા અથવા 'देवा' સામાન્યથી કહેલ છે, નાગકુમારાદિ તો વિશેષથી કહેલ છે, એ દેવોનું ગ્રહણ પ્રાયઃ એઓની એવા પ્રકારના કર્મ (કાર્ય)ને વિષે પ્રવૃત્તિ છે એમ જણાવવા માટે કરેલ છે અથવા સૂત્રની વિચિત્ર ગતિ હોય છે. દેશના લોકોએ [1]અવિનય કરવાથી સારી રીતે આરાધન કરેલા ન હોય તો મગધાદિ દેશમાં અથવા તેના પ્રદેશમાં તે દેશનું ઉત્પન્ન થયેલ, ઉદકપ્રધાન પૌદ્ગલ-પુદ્ગલનો સમૂહ-મેઘ તે ઉદકપૌદ્ગલ, વળી परिणतं-પાણી આપવાની અવસ્થાને પ્રાપ્ત થયેલ, આ કારણથી જ વિજળી વગેરે દ્વારા વર્ષવાની તૈયારીવાળું છતું અન્ય-અંગ વગેરે બીજા દેશ પ્રત્યે લઈ જાય છે. આ બીજું કારણ ૨, अभ्राणि-વાદળાઓ, તેઓ વડે वर्दुलकं दुर्दिन-દુઃખપૂર્વક દિવસ દેખી શકાય એવું, તે અભ્ર વર્દુલકને 'वाउआए'त्ति० પ્રચંડ વાયુ વિનાશ કરે છે, આ ત્રીજું કારણ ૩. 'इच्चे' इत्यादि० નિગમનરૂપ રહસ્ય છે. (૧) આ સૂત્રના વિપર્યાસથી મહાવૃષ્ટિકાયરૂપ બીજું સૂત્ર સમજી લેવું (૨). ॥૧૭૬॥

**तिहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोगेसु इच्छेज्ज माणुस्सं लोगं हव्वमागच्छित्तते, णो चेव णं संचाएति हव्वमागच्छित्तए, तंजहा—अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु मुच्छिए गिद्धे गढिते अज्झोववन्ने, से णं माणुस्सते कामभोगे णो आढाइ णो परियाणाइ णो अट्ठं बंधइ णो नियाणं पगरेति णो ठिइपकप्पं पकरेति १, अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु मुच्छिए गिद्धे गढिते अज्झोववन्ने, तस्स णं माणुस्सए पेम्मे वोच्छिण्णे दिव्वे संकंते भवति २, अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु मुच्छिते जाव अज्झोववन्ने, तस्स णं एवं भवति—इयण्हिं [न] गच्छं, मुहुत्तं गच्छं, तेणं कालेणमप्पाउया मणुस्सा कालधम्मुणा संजुत्ता भवंति, इच्चेतेहिं तिहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोगेसु इच्छेज्जा माणुसं लोगं हव्व मागच्छित्तए णो चेव णं संचाएति हव्वमागच्छित्तए ३।**

**तिहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोगेसु इच्छेज्जा माणूसं लोगं हव्वमागच्छित्तए, संचातेइ हव्वमागच्छित्तते। अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु अमुच्छिते अगिद्धे अगढिते अणज्झोववन्ने, तस्स णमेवं भवति—अत्थि णं मम माणुस्सते भवे आयरिते ति वा उवज्झाते ति वा पवत्ती ति वा थेरे ति वा गणी ति वा गणधरे ति वा गणावच्छेदे ति वा, जेसिं पभावेणं मते इमा एतारूवा देविड्ढी दिव्वा देवजुती दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमन्नागते, तं गच्छामि णं ते भगवंते वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि, कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि १, अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु अमुच्छिए जाव अणज्झोववन्ने, तस्स णं एवं भवति—एस णं माणुस्सते भवे णाणी ति वा तवस्सी ति वा अतिदुक्करदुक्करकारगे, तं गच्छामि णं तं भगवंते वंदामि णमंसामि जाव पज्जुवासामि, अहुणोववन्ने देवे देवलोगेसु जाव अणज्झोववन्ने, तस्स णमेवं**

1. ઉપરોક્ત દેવોની આશાતના કરવાથી તે દેવો દેશના લોકો ઉપર રુષ્ટ થઈને તે દેશમાં વરસવાને તૈયાર થયેલ જલને અન્ય સ્થળે લઈ જાય છે.

**भवति–अत्थि णं मम माणुस्सते भवे माता ति वा जाव सुण्हा ति वा, तं गच्छामि णं तेसिमंतियं पाउब्भवामि, पासंतु ता मे इमं एतारूवं दिव्वं देविड्ढिं दिव्वं देवजुतिं दिव्वं देवाणुभावं लद्धं पत्तं अभिसमन्नागयं, इच्चेतेहिं तिहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोगेसु इच्छेज्ज माणूसं लोगं हव्वमागच्छित्तते, संचातेति हव्वमागच्छित्तते ४ ॥ सू० १७७ ॥**

*(મૂ૦) ત્રણ કારણ વડે તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ દેવલોકને વિષે મનુષ્યલોક પ્રત્યે શીઘ્ર આવવા માટે ઈચ્છા કરે, પણ શીઘ્ર આવવા માટે સમર્થ થતો નથી. તે આ પ્રમાણે—દેવલોકને વિષે તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દેવ સંબંધી કામભોગને વિષે મૂર્ચ્છા પામેલ, ગૃદ્ધ–અતૃપ્ત થયેલ, ગ્રથિત–સ્નેહપાશથી બંધાયેલ અને અત્યંત આસક્ત થયેલ એવો દેવ, મનુષ્ય સંબંધી કામભોગ પ્રત્યે આદર કરતો નથી, વસ્તુરૂપે જાણતો નથી, કોઈ હિસાબમાં નથી એમ માને છે, આ પ્રયોજન છે એમ નિશ્ચય કરતો નથી, આ મને પ્રાપ્ત થાઓ એમ નિદાન કરતો નથી અને તે કામભોગને વિષે રહેવાનો વિચાર પણ કરતો નથી (૧). તત્કાલ ઉત્પન્ન થયેલ, દેવલોકને વિષે દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત થયેલ, ગૃદ્ધ થયેલ, ગ્રથિત–બંધાયેલ, આસક્ત થયેલ અને એવો જે દેવ હોય છે તેનો મનુષ્ય સંબંધી પ્રેમ નાશ થયેલ છે અને સ્વર્ગ સંબંધી પ્રેમમાં પ્રવેશ થયેલ છે (૨). તત્કાલ ઉત્પન્ન દેવ દેવલોકને વિષે દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત યાવત્ આસક્ત થયેલ હોય છે. તે દેવનું એવું મન થાય છે કે–અહિંથી હમણા ન જાઉં, મારું કાર્ય (નાટક) પૂર્ણ કરીને એક મુહૂર્ત પછી જાઉં છું, તે કાલ જવા વડે (એક નાટકમાં બે હજાર વર્ષ વ્યતીત થવાથી) થોડા આયુષ્યવાળા મનુષ્યો મરણ પામે છે (૩). આ ત્રણ કારણ વડે તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દેવલોકને વિષે મનુષ્ય સંબંધી લોક પ્રત્યે શીઘ્ર આવવા માટે ઈચ્છે પણ શીઘ્ર આવવાને માટે સમર્થ થતો નથી. ત્રણ કારણ વડે દેવલોકમાં તત્કાલનો ઉત્પન્ન થયેલ દેવ, મનુષ્ય લોકમાં શીઘ્ર આવવાને માટે ઈચ્છે અને શીઘ્ર આવવા માટે સમર્થ થાય, તે આ પ્રમાણે—તત્કાલનો ઉત્પન્ન થયેલ દેવ દેવલોકને વિષે દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત ન થયેલ, ગૃદ્ધ ન થયેલ, ગ્રથિત ન થયેલ (ન બંધાયેલ) અને આસક્ત ન થયેલ હોય તેને એવા પ્રકારનું મન થાય છે કે–મારા મનુષ્યભવને વિષે આચાર્ય છે, અથવા ઉપાધ્યાય, પ્રવર્ત્તક, સ્થવિર, ગણી, ગણધર અથવા ગણાવચ્છેદક છે, જે (મહાપુરુષ)ના પ્રભાવથી મને આવા પ્રકારની સ્વર્ગ સંબંધી દિવ્ય દેવઋદ્ધિ, દેવની દિવ્ય કાંતિ, દેવનો દિવ્ય અનુભાવ–વૈક્રિયશક્તિ વગેરે પ્રાપ્ત થઈ, ભોગ્યતાને પામી, તે કારણથી (હું) જાઉં, તે ભગવંતોને વાંદું, નમસ્કાર કરું, સત્કાર કરું, સન્માન કરું, કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દેવસ્વરૂપ, ચૈત્યસ્વરૂપ એવી બુદ્ધિ વડે તેમની પર્યુપાસના–સેવા કરું (૧). તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ દેવલોકને વિષે દિવ્ય કામભોગને વિષે અમૂર્ચ્છિત યાવત્ અનાસક્ત હોય, તેને આવા પ્રકારનું મન થાય છે કે આ મનુષ્યભવને વિષે જ્ઞાની છે, તપસ્વી છે, અથવા અતિશય દુષ્કરદુષ્કર કાર્ય (ક્રિયા)ના કરનાર છે, તે કારણથી હું જાઉં, તે ભગવંતોને વાંદુ, નમસ્કાર કરું યાવત્ સેવા કરું (૨). તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ દેવલોકને વિષે અમૂર્ચ્છિત યાવત્ અનાસક્ત થયેલ હોય તેને આવો વિચાર થાય છે કે મનુષ્યભવમાં મારા માતાપિતા વગેરે યાવત્ પુત્રવધૂ છે તે કારણથી હું જાઉં, તેઓની સમીપે પ્રકટ થાઉં, તેઓ જુએ–દેખે, આવા પ્રકારની દેવની દિવ્ય ઋદ્ધિને, દેવની દિવ્ય કાંતિને તથા દેવના દિવ્ય અનુભાવને ઉપાર્જેલ–પ્રાપ્ત કરેલ અને ભોગ્યપણાને પ્રાપ્ત થયેલને તેઓ જુએ (૩). આ ત્રણ કારણ વડે તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દેવલોકને વિષે મનુષ્ય સંબંધી લોકમાં શીઘ્ર આવવા માટે ઈચ્છે અને શીઘ્ર આવવા માટે સમર્થ થાય (૪). ॥૧૭૭॥*

(ટી૦) તત્કાલનો ઉત્પન્ન થયેલ દેવ, ક્યાં? તે કહે છે—દેવલોકને વિષે, અહિં બહુવચન તો એક જીવને એક સમયમાં અનેક દેવલોકને વિષે ઉત્પન્ન થવાનો અસંભવ હોવાથી એકવચનમાં જાણવું. વચનનો વિપર્યાસ કરવાથી અથવા દેવલોકનું અનેકપણું

દેખાડવા માટે બહુવચનમાં કહેલ છે, અર્થાત્ દેવલોકોની મધ્યમાં કોઈએક દેવલોકને વિષે એવો પણ સંબંધ જાણવો. **'इच्छेत्'** પૂર્વના સંબંધીઓના દર્શનાદિ માટે અભિલાષા કરે. મનુષ્યો સંબંધી તે માનુષ, તે પ્રત્યે, **'हव्वं'** શીઘ્ર **'संचाएइ'** त्ति० સમર્થ છે. દેવલોકને વિષે થયેલ તે દિવ્યો, તેઓને વિષે કામ એટલે શબ્દ અને રૂપલક્ષણ, ભોગ એટલે ગંધ, રસ અને સ્પર્શરૂપ, તે કામભોગોને વિષે અથવા **काम्यन्ते**—જે ઇચ્છાય છે તે કામો–મનને ગમતા, તે જ ભોગવાય છે તે ભોગો અર્થાત્ શબ્દ, રૂપ વગેરે કામભોગોને વિષે મૂર્ચ્છિત–મૂઢ, કારણ કે કામભોગના અનિત્યત્વ વગેરે સ્વરૂપને જાણવા માટે તે અસમર્થ હોય છે, વળી ગૃદ્ધ–તેની આકાંક્ષાવાળો–અસંતોષી, ગ્રથિત–ગુંથાયેલની જેમ ગુંથાયેલ, તેના વિષયમાં સ્નેહરૂપ દોરડાઓ વડે બદ્ધ થયેલ, અધ્યુપપન્ન–અધિકપણાએ આસક્ત, અત્યંત તન્મય (હોવાથી) મનુષ્ય સંબંધી કામભોગોને વિષે આદરવાળો થતો નથી, આ કામભોગો પણ વસ્તુભૂત છે એમ માનતો નથી, તેઓને વિષે પ્રયોજન નથી અર્થાત્ આ કામભોગો સાથે (મારે) આ પ્રયોજન છે એમ નિશ્ચય કરતો નથી, 'આ મને પ્રાપ્ત થાઓ' એવી રીતે તેઓને વિષે નિદાન કરતો નથી, તથા 'તેઓને વિષે હું રહું અથવા તેઓ મારા વિષે રહો–સ્થિર થાઓ' એવા પ્રકારના વિકલ્પને કરતો નથી, અથવા સ્થિતિ–મર્યાદા વડે વિશિષ્ટ એવો પ્રકલ્પ–આચાર–સેવા એવો અર્થ છે, તે પ્રત્યે કરવા માટે આરંભે છે. **'प्र'** શબ્દનો આદિકર્મરૂપ અર્થ છે. આ પ્રમાણે દેવના મનુષ્યલોક પ્રત્યેના અનાગમનમાં દિવ્ય વિષયમાં આસક્તિરૂપ એક કારણ છે (૧), તથા જે કારણથી આ તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગોને વિષે મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત વગેરે વિશેષણવાળો હોવાથી તે દેવનો મનુષ્ય વિષયક પ્રેમ, જેના વડે મનુષ્ય લોકમાં અવાય તે સ્નેહ નાશ પામેલ હોય છે. વળી સ્વર્ગમાં રહેલ વસ્તુ સંબંધીનો પ્રેમ દેવને વિષે પ્રવેશિત થયેલ હોય છે. આ દિવ્ય પ્રેમસંક્રાંતિ બીજું કારણ સમજવું (૨), તથા આ દેવ જે કારણથી દિવ્ય કામભોગોને વિષે મૂર્ચ્છિતાદિ વિશેષણ સહિત હોય છે, તેથી તેના પ્રતિબંધથી **'तस्स णं'** ति० તે દેવને **'एवं'** ति० આ પ્રકારે વિચાર થાય છે કે **'इयण्हिं'** ति० અહિંથી હમણા ન જાઉં, **'मुहुत्तं'** ति० કાર્યની સમાપ્તિ થયે છતે મુહૂર્તમાં જાઉં છું. **'तेणं कालेणं'** ति० જે કાળ વડે તે કાર્ય પૂર્ણ થાય છે તે કાળ જવા વડે તે દેવ, કૃતકૃત્ય કાર્યની સમાપ્તિ થવાથી આવવામાં સમર્થ થાય છે પરન્તુ તેટલો કાળ ગયે છતે (**'णं'** શબ્દ વાક્યાલંકારમાં છે.) સ્વભાવથી જ અલ્પ આયુષ્યવાળા મનુષ્યો, જેના દર્શન માટે આવવાને ઇચ્છે છે તે માતા-પિતાદિ મનુષ્યો, કાળધર્મ (મરણ) પામેલા હોય છે. (હવે) આ દેવ કોના દર્શન માટે આવે? આ અસમાપ્તકર્તવ્યતા નામનું ત્રીજું કારણ (૩), **'इच्चेएहिं'** ઇત્યાદિ નિગમન–રહસ્ય વચન છે. કોઈક દેવ, દેવ સંબંધી કામભોગોને વિષે અમૂર્ચ્છિતાદિ વિશેષણવાળો હોય છે. તેનું મન એવું થાય છે કે–આચાર્ય–પ્રતિબોધ કરનાર, દીક્ષાદિ આપનાર, અથવા અનુયોગાચાર્ય છે તેમને વાંદું, સત્કારું વગેરે. **'इति'** શબ્દનો આવા પ્રકારનો અર્થ છે. **'वा'** શબ્દ વિકલ્પાર્થવાળો છે. પ્રયોગ તો આ પ્રમાણે છે––મનુષ્ય ભવમાં મારા આચાર્ય છે અથવા ઉપાધ્યાય છે—સૂત્રદાતા છે, એમ સર્વત્ર પ્રયોગ કરવો. વિશેષ કહે છે—આચાર્ય વડે કહેવાયેલ વૈયાવચ્ચાદિને વિષે સાધુઓને જે પ્રવર્તાવે છે તે પ્રવર્ત્તક કહેવાય. કહ્યું છે કે—

**तवसंजमजोगेसुं, जो जोगो तत्थ तं पयट्टेइ । असहुं च नियत्तेई, गणतत्तिल्लो पवत्ती उ ॥११४॥** [व्यव० १/९५९ त्ति]

તપ, સંયમ અને યોગને વિષે જે જે યોગ્ય હોય તેને તે તે ક્રિયામાં પ્રવર્તાવે છે, અસમર્થને નિવર્તન કરે છે–અટકાવે છે અને ગચ્છની ચિંતા કરનાર તે પ્રવર્ત્તી–પ્રવર્ત્તક કહેવાય છે. (૧૧૪)

પ્રવર્ત્તક વડે જોડાયેલા અને સંયમયોગોને વિષે સીદાતા સાધુઓને જે સ્થિર કરે છે તે સ્થવિર કહેવાય. કહ્યું છે કે—

**थिरकरणा पुण थेरो, पवत्तिवावारिएसु अत्थेसु । जो जत्थ सीयइ जई, संतबलो तं थिरं कुणइ ॥११५॥**

[व्यव० १/९६१ त्ति]

સ્થિર કરવાથી તે સ્થવિર કહેવાય છે. પ્રવર્ત્તક વડે જોડાયેલ અર્થો (જ્ઞાનાદિ)ને વિષે જે જેમાં સીદાય છે તે મુનિને ઐહિક તથા આમુષ્મિક દોષ બતાવવા વડે મોક્ષમાર્ગમાં સ્થિર કરે છે અર્થાત્ બલસંપન્ન થયો થકો સ્થવિર તેને શિખામણ આપે છે. (૧૧૫)

ગણ–સમુદાય છે જેને તે ગણી–ગણાચાર્ય, ગણધર–તીર્થંકરના શિષ્યવિશેષ, અથવા **આર્યિકા–સાધ્વીઓની પ્રતિજાગરિકા** કરનાર–સંભાળ કરનાર સાધુવિશેષ. કહ્યું છે કે—

**पियधम्मे दढधम्मे, संविग्गाप(व)ज्ज ओयतेयंसी ।**

**संगहुवग्गहकुसलो, सुत्तत्थविऊ गणाहिवई ॥११६॥ [निशीथ भा० २४४९; बृहत्कल्प० २०५०]**

પ્રિયધર્મી, દૃઢધર્મી, સંવિગ્ન, સરલ સ્વભાવી, તેજસ્વી, સંગ્રહ–દ્રવ્યથી વસ્ત્રાદિ અને ભાવથી સૂત્રાર્થ તેમજ ઉપગ્રહ–દ્રવ્યથી ઔષધાદિ અને ભાવથી જ્ઞાનાદિ–તે બન્નેમાં કુશલ, સૂત્ર અને અર્થનો વેત્તા એવો સાધુ ગણાધિપતિ કહેવાય છે.(૧૧૬)

ગણનો અવચ્છેદ–વિભાગ જેને છે અર્થાત્ જે ગણના અમુક વિભાગ (થોડા સાધુ) ને લઈને ગચ્છના આધારને માટે જ ઉપધિની ગવેષણા નિમિત્તે વિચરે છે તે ગણાવચ્છેદક છે. કહ્યું છે કે—

**उद्धा(ब्भा)वणापहावण–खेत्तोवहिमग्गणासु अविसाई । सुत्तत्थतदुभयविऊ, गणवच्छो एरिसो होइ ॥११७॥**

**[व्यव० १/९६२ त्ति]**

તેવા પ્રકારનું ગચ્છનું પ્રયોજન ઉત્પન્ન થયે છતે આચાર્યને વિજ્ઞપ્તિ કરીને 'આ કાર્ય હું કરીશ' એમ કહે, એમ કહીને તે કાર્યનું જે કરવું તે ઉદ્ભાવન અથવા ઉદ્ધાવન, અને પ્રધાવન એટલે ક્ષેત્રનું જોવું, ઉપધિની યાચના, આ બન્નેમાં જે અવિષાદી–ખેદ રહિત હોય, તથા સૂત્ર અને તદુભયનો જ્ઞાતા–આવા પ્રકારનો સાધુ ગણાવચ્છેદક હોય છે. (૧૧૭)

'इम' त्ति० આ પ્રત્યક્ષ–નજીક એ જ રૂપ છે જેણીનું, કાળાંતરમાં જે બીજા રૂપને પામતી નથી તે **एतदुपा दिव्या**—સ્વર્ગમાં ઉત્પન્ન થયેલી અથવા પ્રધાન દેવોની ઋદ્ધિ–લક્ષ્મી, વિમાન, રત્ન વગેરે સંપત્તિ તે દેવર્દ્ધિ એમ સર્વત્ર જાણવું. આ સંબંધમાં વિશેષ કહે છે કે—**द्युतिः**–શરીર અને આભરણાદિમાં રહેલું તેજ, **युतिर्वा**—અથવા ઇષ્ટ પરિવાર વગેરે સંયોગલક્ષણવાળી યુક્તિ, **अनुभाग**—અચિંત્ય વૈક્રિયકરણાદિ શક્તિ, **लब्ध**—જન્માંતરમાં પેદા કરેલ, **प्राप्तः**—હમણા મળેલ, **अभिसमन्वागतो**—ભોગ્યપણાને પ્રાપ્ત થયેલ, 'तदि' त्ति० તે કારણથી તે **भगवतः**—પૂજ્યોને સ્તુતિઓ વડે સ્તવું, પ્રણામ વડે નમન કરું, આદર કરવા વડે અથવા વસ્ત્રાદિ વડે સત્કાર કરું, યોગ્ય ભક્તિ વડે સન્માન કરું, તેઓ કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દેવસ્વરૂપ, ચૈત્યસ્વરૂપ છે એવી બુદ્ધિ વડે સેવા કરું. દેવાગમન નિમિત્તે આ એક કારણ છે. 'एस णं' ति० આ–અવધિ વગેરેથી પ્રત્યક્ષ કરેલ મનુષ્યભવમાં (વર્ત્તમાન આ શેષ વાક્ય છે,) અર્થાત્ મનુષ્ય જ્ઞાની છે અથવા તપસ્વી છે, એમ કઈ રીતે જ્ઞાની યા તપસ્વી? **दुष्कराणां**—સિંહની ગુફા ઉપર કાયોત્સર્ગ કરવો વગેરેના મધ્યે, દુષ્કર અનુરાગવાળી, પૂર્વે ભોગવેલી, પ્રાર્થનામાં તત્પર એવી સ્ત્રી (વેશ્યા)ના મંદિરમાં વાસ છતાં પણ ચલિત ન થતાં બ્રહ્મચર્યનું અનુપાલન વગેરે જે કરે છે તે અતિદુષ્કરદુષ્કર કરનાર શ્રી સ્થૂલિભદ્રની જેમ, તે કારણથી હું જાઉં, પૂર્વે એકવચનનો નિર્દેશ કર્યે છતે પણ અહિં પૂજ્યની વિવક્ષા વડે બહુવચન કરવાથી **तान्**—દુષ્કરદુષ્કર ક્રિયાના કરનારા તે ભગવંતોને હું વાંદું. આ બીજું કારણ સમજવું તથા '**माया इ वा पिया इ वा भज्जा इ वा भाया इ वा भगिणी इ वा पुत्ता इ वा धूया इ वे**' त्ति० યાવત્ શબ્દથી પૂર્વોક્ત શબ્દનો ક્ષેપ કરેલ છે, સ્નુષા–પુત્રવધૂ છે તે કારણથી તેઓની સમીપે પ્રગટ થાઉં '**तामे**' त्ति० ત્યાં સુધી (કહેવું કે) મારી ઋદ્ધિને દેખાડું. આ ત્રીજું કારણ છે. ॥૧૭૭॥

**तओ ठाणाइं देवे पीहेज्जा, तंजहा—माणुसं भवं १, आरिते खेत्ते जम्मं २, सुकुलपच्चायातिं ३, (५)।**

**तिहिं ठाणेहिं देवे परितप्पेज्जा, तंजहा—अहो णं मते संते बले संते वीरिए संते पुरिसक्कारपरक्कमे खेमंसि सुभिक्खंसि आयरिय-उवज्झातेहिं विज्जमाणेहिं कल्लसरीरेणं णो बहुते सुते अहीते १, अहो णं मंते इहलोगपडिबद्धेणं परलोगपरंमुहेणं विसयतिसितेणं णो दीहे सामन्नपरितावे अणुपालिते २, अहो णं मते इड्ढि-रस-सायगरुएणं भोगामि[स]सगिद्धेणं णो विसुद्धे चरित्ते फासिते ३, इच्चेतेहिं० [तिहिं ठाणेहिं देवे परितप्पेज्जा] (६) ॥सू० १७८॥**

**तिहिं ठाणेहिं देवे चइस्सामित्ति जाणइ, तंजहा—विमाणाभरणाइं णिप्पभाइं पासित्ता, कप्परुक्खगं मिलायमाणं पासित्ता, अप्पणो तेयलेस्सं परिहायमाणिं जाणित्ता, इच्चेएहिं [तिहिं ठाणेहिं देवे चतिस्सामीति जाणइ] (७), तिहिं ठाणेहिं देवे उव्वेगमागच्छेज्जा, तंजहा—अहो णं मए इमातो एतारूवातो दिव्वातो देविड्ढीओ दिव्वाओ देवजुतीतो [दिव्वाओ देवाणुभावाओ] लद्धातो पत्तातो अभिसमण्णागतातो चतियव्वं भविस्सति १, अहो णं मते माउओयं पिउसुक्कं तं तदुभयसंसट्ठं तप्पढमयाते आहारो आहारेयव्वो भविस्सति २, अहो णं मते कलमलजंबालाते असुईते उव्वेयणिताते भीमाते गब्भवसहीते वसियव्वं भविस्सइ ३, इच्चेएहिं तिहिं [ठाणेहिं देवे उव्वेगमागच्छेज्जा] (८) ।। सू० १७९।।**

**तिसंठिया विमाणा पन्नत्ता, तंजहा—वट्टा, तंसा, चउरंसा ३, तत्थ णं जे ते वट्टा विमाणा ते णं पुक्खरकन्नियासंठाण-संठिता सव्वओ समंता पागारपरिक्खित्ता एगदुवारा पन्नत्ता, तत्थ णं जे ते तंसा विमाणा ते णं सिंघाडगसंठाणसंठिता दुहतो पागारपरिक्खित्ता, एगतो वेतितापरिक्खित्ता तिदुवारा पन्नत्ता, तत्थ णं जे ते चउरंसा विमाणा ते णं अक्खाडगसंठाणसंठिता सव्वतो समंता वेतितापरिक्खित्ता चउदुवारा पन्नत्ता ।**

**तिपतिट्ठिया विमाणा पन्नत्ता, तंजहा—घणोदधिपतिट्ठिता, घणवातपइट्ठिया, ओवासंतरपइट्ठिया। तिविधा विमाणा पन्नत्ता, तंजहा—अवट्ठिता, वेउव्विता, परिजाणिता ।। सू० १८० ।।**

*(મૂ૦) ત્રણ સ્થાનકની દેવ ઇચ્છા કરે, તે આ પ્રમાણે—મનુષ્યના ભવને ૧, આર્યક્ષેત્રને વિષે જન્મને ૨ અને ઉત્તમ કુલને વિષે આવવાને ૩ (૫), ત્રણ કારણ વડે દેવ પશ્ચાત્તાપને કરે છે, તે આ પ્રમાણે—અહો ઇતિ ખેદે! મારું વિદ્યમાન બલ છતે, વીર્ય છતે, પુરુષકાર અને પરાક્રમ છતે, નિરુપદ્રવ છતે, સુકાલ છતે વિદ્યમાન આચાર્ય અને ઉપાધ્યાય પાસેથી નીરોગી શરીર વડે પણ હું ઘણું શ્રુત ભણ્યો નહિ ૧, અહો ઇતિ ખેદે! આ લોકને વિષે બંધાયેલો, પરલોકથી પરાઙ્મુખ–ઉપરાંઠો થયેલ અને વિષયની તૃષ્ણાથી મેં ઘણા કાલ સુધી ચારિત્રપર્યાય પાળ્યો નહિં ૨, અહો ઇતિ આશ્ચર્યે! ઋદ્ધિ, રસ અને સાતાના ગારવ–અહંકારથી ભોગની આશંસામાં ગૃદ્ધ થઈને મેં નિર્મળ ચારિત્ર સ્પર્શ્યું નહિં ૩. આ ત્રણ સ્થાનક વડે દેવ પશ્ચાત્તાપ કરે છે (૬). ।।૧૭૮।।*

*ત્રણ કારણ વડે દેવ 'હું અહિંથી ચ્યવીશ' એમ જાણે છે, તે આ પ્રમાણે—નિસ્તેજ વિમાન અને આભરણને જોઈને, કરમાયેલ કલ્પવૃક્ષ (ચૈત્યવૃક્ષ)ને જોઈને તથા પોતાની હાનિ પામતી શરીરની કાંતિને જાણીને. આ ત્રણ કારણ વડે દેવ 'હું ચ્યવીશ' એમ જાણે છે (૭). ત્રણ કારણ વડે ઉદ્વેગને પ્રાપ્ત થાય, તે આ પ્રમાણે—અહો ઇતિ આશ્ચર્યે! આ પ્રત્યક્ષ આવા સ્વરૂપવાળી દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય કાંતિ, દિવ્ય દેવશક્તિ, ઉત્પન્ન કરેલી, મેળવેલી અને ભોગ્યપણાને પામેલી એવી ઋદ્ધિથી મારે ચ્યવવું પડશે અર્થાત્ તે ઋદ્ધિને છોડવી પડશે ૧, અહો ઇતિ ખેદે! માતાનું રુધિર અને પિતાનું વીર્ય, તે બન્ને એકત્ર થયેલનો સૌ પ્રથમ આહાર કરવો પડશે ૨, અહો ઇતિ આશ્ચર્યે! જઠર દ્રવ્યના સમૂહરૂપ કાદવવાળી, અશુચિમય, ઉદ્વેગને કરનારી ભયંકર એવી ગર્ભરૂપ વસતિ–સ્થાનમાં વસવું પડશે ૩. આ ત્રણ સ્થાનક વડે દેવ ઉદ્વેગ પામે છે (૮). ।।૧૭૯।।*

*ત્રણ સંસ્થાન (આકાર)વાળા વિમાનો કહેલા છે, તે આ પ્રમાણે—વાટલા (વૃત્ત), ત્રિકોણ અને ચોરસ, તેમાં જે વાટલા વિમાનો છે તે પુષ્કર–કમલની કર્ણિકા (મધ્ય ભાગ)ને આકારે રહેલા છે, સર્વદિશા અને વિદિશાઓમાં પ્રાકાર (ગઢ) વડે વીંટાયેલા અને એક દરવાજાવાળા કહેલા છે. જે ત્રિકોણ વિમાનો છે તે શૃંઘાટક–શીંઘોડાના આકારે સંસ્થિત (રહેલ) છે, બે બાજુથી ગઢ વડે વીંટાયેલા અને એક બાજુથી વેદિકા (કોટડી) વડે ઘેરાયેલા તેમજ ત્રણ દરવાજાવાળા કહેલા છે. જે ચતુરસ્ર (ચોરસ) વિમાનો છે તે અખાડાના આકારે સંસ્થિત છે, સર્વ દિશા અને વિદિશાઓથી*

*વેદિકા વડે વીંટાયેલા તેમજ ચાર દરવાજાવાળા કહેલા છે. ત્રણને આધારે વિમાનો પ્રતિષ્ઠિત-રહેલા છે, તે આ પ્રમાણે—ઘનોદધિને આધારે રહેલા, ઘનવાયુના આધારે રહેલા અને આકાશાંતર (આકાશ)ને આધારે રહેલા છે. ત્રણ પ્રકારના વિમાનો કહેલા છે, તે આ—૧ અવસ્થિત-શાશ્વતા, ૨ ભોગાદિકને માટે બનાવેલા તે વૈક્રિય અને ૩ પ્રયોજનને માટે બનાવેલ પાલક વગેરે પારિયાનિક વિમાનો છે. ॥૧૮૦॥*

(ટી૦) 'पीहेज्ज' त्ति० અભિલાષા કરે, આર્યક્ષેત્ર-સાડીપચવીશ દેશ પૈકી કોઈ પણ મગધાદિ, સુકુલે-ઈક્ષ્વાકુ વગેરે ઉત્તમ કુલમાં, દેવલોકથી પ્રતિનિવૃત્તને-આવનારને आजाति જન્મ અથવા આગતિ-આવવું, તે સુકુલપ્રત્યાજાતિ અથવા સુકુલપ્રત્યાયતિ તે પ્રત્યે. આ ત્રણ સ્થાનકને દેવ ઇચ્છે છે 'परितप्पेज्ज' त्ति०—પશ્ચાત્તાપ કરે છે, અહો ઇતિ આશ્ચર્યે! વિદ્યમાન શારીરિક બલ છતે, જીવ આશ્રિત વીર્ય છતે, પુરુષકાર-અભિમાન છતે, પરાક્રમ-નિષ્પાદિત સ્વવિષયમાં અભિમાન છતે, નિરુપદ્રવ છતે, સુકાલ છતે, નિરોગ દેહ વડે સામગ્રીનો સદ્ભાવ રહતે છતે, **હું ઘણું શ્રુત ભણ્યો નહિ.** આ એક કારણ છે. **'विसयतिसिएणं'** ત્તિ० **વિષયની તૃષ્ણામાં રક્ત બનીને** ઘણા કાળના ચારિત્રપર્યાયનું પાલન કર્યું નહિં. આ બીજું કારણ છે. તથા ऋद्धि-આચાર્યાદિ પદવીઓમાં રાજા વગેરે સંબંધી પૂજા, रस—મનને ગમતા મધુર અને સ્વાદિષ્ટ પદાર્થો, सातं—સુખ-આ મહાઆદરવાળા વિષયો છે જેને તે ઋદ્ધિ, રસ અને સાતાગુરુક, તેના વડે અથવા એ ઋદ્ધિ વગેરે વડે ગુરુક, તેઓની પ્રાપ્તિમાં અભિમાનથી અને અપ્રાપ્તિમાં પ્રાર્થના-યાચનાથી અશુભ ભાવથી મેળવેલ કર્મના ભાર વડે અલઘુક (ગુરુક) તેના વડે, ભોગ-કામને વિષે આશંસા-નહિં મળેલ વસ્તુની માગણી અને મળેલને વિષે અતૃપ્તિ છે જેને તે ભોગાશંસાગૃદ્ધ છે. (અહિં અનુસ્વારનો લોપ અને હ્રસ્વપણું પ્રાકૃત શૈલીને અંગે છે.) પાઠાંતર વડે **'भोगामिषगृद्धेनेति'** અર્થાત્ ભોગરૂપ આમિષમાં ગૃદ્ધપણાથી, નોવિશુદ્ધ-નિરતિચાર ચારિત્ર સ્પર્શ્યું નહિં. આ (પશ્ચાત્તાપનું) ત્રીજું કારણ છે. एते—ઇત્યાદિ નિગમન-રહસ્ય છે (६). ॥૧૭૮॥

વિમાન અને આભરણોનું નિસ્તેજપણું ઉત્પાત (ઉદ્વેગ)વાળું છે, અથવા તે ચક્ષુના વિભ્રમરૂપ છે. 'कल्परुक्खगं' ति० ચૈત્યવૃક્ષને 'तेयलेस्सं' ति० શરીરની કાંતિને અથવા સ્વસ્થતાને 'इच्चेतेहीं' त्यादि० નિગમન-રહસ્ય છે. આ પ્રકારનાં ચિહ્નો દેવોને ચ્યવનકાળમાં થાય છે. ચ્યવનકાળના ચિહ્નો સંબંધી કહ્યું પણ છે કે—

**माल्यम्लानिः कल्पवृक्षप्रकम्पः, श्री-ह्रीनाशो वाससां चोपरागः ।**
**दैन्यं तन्द्रा कामरागा-ऽङ्गभङ्गौ, दृष्टिभ्रान्तिर्वेपथुश्चारतिश्च ॥११८॥ इति**

'માલ્ય-પુષ્પની માળાનું કરમાઈ જવું, કલ્પવૃક્ષનું કંપન, લક્ષ્મી અને લજ્જાનો નાશ, વસ્ત્રોનો રંગ ઝાંખો દેખાય, દીનપણું, તંદ્રા, કામરાગ, અંગનો ભંગ, દૃષ્ટિની ભ્રાંતિ, કંપારી અને રતિ હોય છે' (૭). (૧૧૮)

'उव्वेगं' ति० ઉદ્વેગ-શોક અર્થાત્ મારે અહિંથી ચ્યવવું પડશે. આ એક કારણ. માતાનું ઋતુ સંબંધી રુધિર અને પિતાનું વીર્ય, તેવા પ્રકારનું કંઈ પણ મળેલામાં અતિ મળેલું તે ઓજ અને શુક્રનું દ્વિપણું તે તદુભય, તે અન્યોન્ય સ્પર્શ થયેલું અથવા સંશ્લિષ્ટ-પરસ્પર એકત્ર થયેલું તે તદુભયસંસૃષ્ટ અથવા તદુભયસંશ્લિષ્ટ, આવા પ્રકારનો જે આહાર, તેને ગર્ભકાળની પ્રથમાવસ્થામાં-પ્રથમ સમયમાં જ સ્વીકારવા યોગ્ય થશે. (આવો આહાર કરવો પડશે.) આ બીજું કારણ. કલમલ-જઠર દ્રવ્યના સમૂહરૂપ, તે જ જંબાલ-કાદવ છે જેણીમાં, તે કલમલજંબાલવિશિષ્ટમાં, આ કારણથી અશુચિરૂપ, ઉદ્વેગ કરનારી, ભય કરનારી એવી ગર્ભરૂપ વસતિમાં વસવું પડશે. આ ત્રીજું કારણ ઉદ્વેગનું જાણવું. અહિં બે ગાથા દર્શાવે છે—

**देवा वि देवलोए, दिव्वाभरणाणुरंजियसरीरा । जं परिवडंति तत्तो, तं दुक्खं दारुणं तेसिं ॥११९॥**
**तं सुरविमाणविभवं, चिंतिय चयणं च देवलोगाओ । अइबलियं चिय जं न विं, फुट्टइ सयसक्करं हिययं ॥१२०॥**
**[उपदेशमाला २८५-२८६ ति]**

દેવલોકમાં દિવ્ય આભરણો વડે ભૂષિત શરીરવાળા દેવો પણ જે ત્યાંથી પડે છે (ચ્યવે છે) તેથી તેઓને તે દારુણ-ભયંકર દુઃખ છે. દેવ સંબંધી વિમાનોના વૈભવને અને પોતાને દેવલોકથી ચ્યવવું પડશે તેને ચિંતવીને તે દેવોને એમ થાય છે

કે અમારું હૃદય શતશર્કરા–કાંકરા સમાન નિષ્ઠુર અને અતિ બલિષ્ટ છે કે જેથી ફાટતું નથી. આ પ્રકારનો તેઓને સ્ફોટ થાય છે. (૧૧૯-૧૨૦)

'इच्चेएही' त्यादि० નિગમન છે (૮). ॥૧૭૯॥

હવે દેવોની વક્તવ્યતા પછી તેના આશ્રયવાળા વિમાનોનું વર્ણન કરે છે—'तिसंठिए' त्यादि० સ્ફુટ જ છે. કેવલ ત્રણ સંસ્થાનો છે જેઓને તે અથવા ત્રણ પ્રકાર વડે સંસ્થિત છે જે તે ત્રિસંસ્થિત વિમાનો 'तत्थ णं' ति० તેની મધ્યે 'पुक्खरकण्णिए' ति० પુષ્કરકર્ણિકા એટલે પદ્મ (કમલ)નો વચલો ભાગ તે જ કર્ણિકા, વૃત્તા–ગોળાકારે અને ઉપરના ભાગે સમ હોય છે. 'सर्व्वत' इति० દિશાઓને વિષે 'समन्ता' दिति० વિદિશાઓને વિષે, 'सिंघाडगं' ति० ત્રિકોણ જલમાં ઉત્પન્ન થયેલ ફલવિશેષ, 'एकतः' જે એક દિશામાં વેદિકા છે તે દિશામાં વૃત્તવિમાન, 'अक्खाडगो' ચોરસ, સ્પષ્ટ છે. વેદિકા–મુંડપ્રાકારરૂપ–સપાટ ગઢરૂપ, કહેલ ક્રમ પ્રમાણે આ વિમાનો આવલિકાપ્રવિષ્ટ–પંક્તિબદ્ધ હોય છે. પુષ્પાવકીર્ણ વિમાનો તો બીજી રીતે (છૂટા પણ) હોય છે. તેના વર્ણન સંબંધી ગાથાઓ દર્શાવતાં કહે છે કે—

**सव्वेसु पत्थडेसुं, मज्झे वट्टं अणंतरे तंसं । एयंतरचतुरंसं, पुणोवि वट्टं पुणो तंसं ॥१२१॥** [विमान० २४५]

સર્વે પ્રસ્તટ (પાથડા) ના મધ્યે વૃત્ત, તે પછી ત્ર્યસ (ત્રિકોણ), ત્યારપછી ચોરસ વિમાનો હોય છે. તે પછી વળી વૃત્ત, વળી ત્ર્યસ, પછી ચતુરસ્ર એમ આવલિકાના અંતપર્યંત જાણવું. (૧૨૧)

**वट्टं वट्टस्सुवरिं, तंसं तंसस्स उप्परिं [उप्परे] होइ । चउरंसे चउरंसं, उड्ढं तु विमाणसेढीओ ॥१२२॥** [विमान० २४६]

વૃત્ત વિમાનની ઉપર વૃત્ત, ત્ર્યસ્ર વિમાનની ઉપર ત્ર્યસ્ર તથા ચતુરસ્ર વિમાનની ઉપર ચતુરસ્ર હોય છે. એવી રીતે ઊર્ધ્વ (ઉપર) વિમાનોની શ્રેણી (પંક્તિ)ઓ છે. (૧૨૨)

**वट्टं च वलयगं पि व, तंसं सिंघाडगं पि व विमाणं । चउरंसविमाणं पि य, अक्खाडगसंठियं भणियं ॥१२३॥** [विमान० २४७]

વલયના આકારની જેમ વૃત્ત વિમાન, શીંઘોડાના આકારની જેમ ત્ર્યસ્ર વિમાન અને અખાડાના આકારની જેમ ચોરસ વિમાન કહેલું છે. (૧૨૩)

**सव्वे वट्टविमाणा, एगदुवारा हवंति विन्नेया । तिन्नि य तंसविमाणे, चत्तारि य होंति चउरंसे ॥१२४॥** [विमान० २४८]

બધા ય વૃત્તવિમાનો એક દ્વારવાળા હોય છે, ત્રિકોણ વિમાનો ત્રણ દ્વારવાળા અને ચતુરસ્ર વિમાનો ચાર દ્વારવાળા હોય છે. (૧૨૪)

**पागारपरिक्खित्ता, वट्टविमाणा हवंति सव्वे वि । चउरंसविमाणाणं, चउद्दिसिं वेइया होइ ॥१२५॥** [विमान० २४९]

ગઢ[1] વડે ઘેરાયેલા બધા ય વૃત્તવિમાનો હોય છે, ચોરસ વિમાનોને ચારે દિશાએ વેદિકા હોય છે. (૧૨૫)

**जत्तो वट्टविमाणं, तत्तो तंसस्स वेइया होइ । पागारो बोद्धव्वो, अवसेसेहिं तु पासेहिं ॥१२६॥** [विमान० २५०]

જે દિશામાં વૃત્તવિમાન છે તે દિશામાં ત્રિકોણ વિમાનને વેદિકા હોય છે, બંને પડખે તો પ્રાકાર હોય છે. (૧૨૬)

**आवलियासु विमाणा, वट्टा तंसा तहेव चउरंसा । पुप्फावगिन्नया पुण, अणेगविहरूवसंठाणा ॥१२७॥** [विमान० २५१]

આવલિકામાં રહેલા વિમાનો વૃત્ત (વાટલા), ત્રિકોણ અને ચોરસ હોય છે અને પુષ્પાવકીર્ણક વિમાનો તો અનેક પ્રકારના સંસ્થાનવાળા છે. (૧૨૭)

કેટલાએક નંદાવર્ત્ત અને કેટલાએક સ્વસ્તિક વગેરે આકારવાળા છે. પ્રતિષ્ઠાનસૂત્રની આ વિભજના–વ્યવસ્થા છે.

**घणउदहिपइट्ठाणा, सुरभवणा होंति दोसु कप्पेसु । तिसु वाउपइट्ठाणा, तदुभयसुपइट्ठिया तीसु ॥१२८॥**[बृहत्सं० १२६]

1. કોશીશા–કાંગરા સહિત તે ગઢ અને કાંગરા રહિત જે ભીંત માત્ર તે વેદિકા.

પ્રથમના બે દેવલોકને વિષે દેવના વિમાનો ઘનોદધિને આધારે રહેલા છે, ત્રીજા, ચોથા અને પાંચમા દેવલોકને વિષે વિમાનો ઘનવાયુને આધારે રહેલ છે અને છઠ્ઠા, સાતમા અને આઠમા દેવલોકને વિષે વિમાનો, ઘનોદધિ તેમજ ઘનવાયુને આધારે રહેલા છે. (૧૨૮)

'तेण परं उवरिमग्गा, आग्गासंतरपइट्ठिया सव्वे' [बृहत्सं० १२७ त्ति०] તેની ઉપરના બધા ય દેવલોકના વિમાનો આકાશને આધારે રહેલા છે.

અવસ્થિત-શાશ્વત વિમાનો, વૈક્રિય-ભોગાદિ માટે રચેલા, જેથી શ્રી ભગવતીજીમાં કહ્યું છે કે—'जाहे णं भंते! सक्के देविंदे देवराया दिव्वाइं भोगभोगाइं भुंजिउकामे भवइ से कहमियाणिं पकरेति? गोयमा! ताहे चेव णं से सक्के देविंदे देवराया एगं महं नेमिपडिरूवगं विउव्वइ, नेमिरिति चक्रधारा, तद्वद् वृत्तविमानमित्यर्थः, एगं जोयणसयसहस्सं आयामविक्खंभेणं इत्यादि यावत् पासायवडिंसए सयणिज्जे, तत्थ णं से सक्के देविंदे देवराया अट्ठहिं अग्गमहिसीहिं सपरिवाराहिं दोहि य अणिएहिं णट्टाणीएण य गंधव्वाणीएण य सद्धिं महया नट्ट जाव दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ' [भगवती० १४/६/६ त्ति]—હે ભગવન્! જ્યારે શક્ર, દેવેંદ્ર, દેવનો રાજા દિવ્ય કામભોગોને ભોગવવાની ઈચ્છાવાળો થાય છે ત્યારે તે કેવી રીતે કરે છે? હે ગૌતમ! ત્યારે તે શક્ર, દેવેંદ્ર, દેવનો રાજા એક મહાન્ ચક્રધારાની માફક ગોળ વિમાનને એક લાખ યોજન લાંબું અને પહોળું વિકુર્વે છે યાવત્ પ્રાસાદાવતંસક (શયન યોગ્ય)માં તે શક્ર, દેવેંદ્ર અને દેવનો રાજા પરિવાર યુક્ત આઠ અગ્રમહિષીઓ સહિત, બે અનીકા (નૃત્ય અનિકા અને ગંધર્વ અનીકા-સેના) સહિત મહાન્ નૃત્યને જોતો યાવત્ દિવ્ય કામભોગોને ભોગવતો થકો વિચરે છે-રહે છે. તિર્યગ્લોકમાં નીચે આવવા વગેરેનું પ્રયોજન છે જેઓનું તે પારિયાનિક વિમાનો કહેવાય. પાલક અને પુષ્પક વિમાન વગેરે તેવા કહેવાય. ॥૧૮૦॥

પૂર્વના સૂત્રોને વિષે દેવો કહ્યા, હવે વૈક્રિયાદિના સાધર્મ્યથી નારકોનું નિરૂપણ કરતાં થકાં કહે છે કે—

**तिविधा नेरइया पन्नत्ता, तंजहा—सम्मादिट्ठी मिच्छादिट्ठी सम्मामिच्छादिट्ठी। एवं विगलिंदियवज्जं जाव वेमाणियाणं २७। तओ दुग्गतीतो पन्नत्ताओ, तंजहा—णेरइयदुग्गती, तिरिक्खजोणीयदुग्गती, मणुयदुग्गती १। ततो सुगतीतो पन्नत्ताओ, तंजहा—सिद्धिसोगती, देवसोगती, मणुस्ससोगती २। तओ दुग्गता पन्नत्ता, तंजहा—णेरतितदुग्गता, तिरिक्खजोणितदुग्गया, मणुस्सदुग्गता ३, तओ सुगता पन्नत्ता, तंजहा—सिद्धसोगता, देवसोग्गता, मणुस्ससुग्गता ४॥ सू०१८१॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે નૈરયિકો કહેલા છે, તે આ પ્રમાણે—સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યા(મિશ્ર)દૃષ્ટિ, એ પ્રમાણે વિકલેંદ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક પર્યંત (સોળ દંડકમાં) ત્રણ દૃષ્ટિ હોય છે (૨૭). ત્રણ દુર્ગતિઓ કહેલી છે, તે આ પ્રમાણે—નૈરયિકની દુર્ગતિ, તિર્યંચયોનિકની દુર્ગતિ અને મનુષ્યની દુર્ગતિ (૧). ત્રણ સુગતિઓ કહેલી છે, તે આ પ્રમાણે—સિદ્ધિની સુગતિ, દેવની સુગતિ અને મનુષ્યની સુગતિ (૨). ત્રણ દુર્ગતો (દુઃખવાળા) કહેલા છે, તે આ પ્રમાણે—નૈરયિકદુર્ગતો, તિર્યંચયોનિકદુર્ગતો અને મનુષ્યદુર્ગતો (૩). ત્રણ સુગતો-સુખી કહેલા છે, તે આ પ્રમાણે—સિદ્ધસુગતો, દેવસુગતો અને મનુષ્યસુગતો (૪). ॥૧૮૧॥*

(ટી૦) 'तिविधे' त्यादि० સ્પષ્ટ છે. નારકો દર્શન-દૃષ્ટિથી નિરૂપણ કરેલા છે, બીજા જીવો પણ આવા પ્રકારે જ છે એમ અતિદેશથી શેષ બીજા જીવોને કહે છે. 'एव'मित्यादि० કહેલ અર્થવાળા છે. વિશેષ કહે છે—'विगलेंदियवज्जं' ति० એકેંદ્રિય અને વિકલેંદ્રિયો સિવાય નારકીની જેમ ત્રણ પ્રકારે દંડક કહેવો, જે કારણથી પૃથ્વી વગેરે (પાંચ સ્થાવર) ને મિથ્યાત્વ જ છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય જીવોને તો મિશ્રદૃષ્ટિ નથી. ત્રણ પ્રકારના દર્શનવાળા તો દુર્ગતિ અને સુગતિના યોગથી દુર્ગતો અને સુગતો હોય છે જેથી દુર્ગતિ વગેરે બતાવવાને માટે ચાર સૂત્રો કહે છે—'तओ' इत्यादि० સ્પષ્ટ છે. જે ઉત્કૃષ્ટ દુષ્ટ

ગતિ તે દુર્ગતિ. મનુષ્યોને વિવક્ષા વડે દુર્ગતિ છે કારણ કે તેને સુગતિમાં પણ કહેલ છે. (ચાંડાલ પ્રમુખને દુર્ગતિ અને શેઠ વગેરેને સુગતિ હોય છે) दुर्गताः—દુઃખમાં રહેનારા, सुगताः—સુખમાં રહેનારા. ॥૧૮૧॥

સિદ્ધાદિ સુગતો તો તપસ્વીઓ થયા થકાં થાય છે, તેથી તપસ્વીઓનું કર્ત્તવ્ય અને પરિહાર કરવા યોગ્ય વિશેષ વસ્તુઓને કહે છે—

**चउत्थभत्तितस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तंजहा—उस्सेतिमे, संसेतिमे, चाउलधोवणे १। छट्ठभत्तितस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तंजहा—तिलोदए, तुसोदए, जवोदए २। अट्ठमभत्तियस्स णं भिक्खुस्स कप्पंति तओ पाणगाइं पडिगाहित्तए, तंजहा—आयामते, सोवीरते, सुद्धवियडे ३। तिविहे उवहडे पन्नत्ते, तंजहा—फलिओवहडे, सुद्धोवहडे, संसट्ठोवहडे ४। तिविहे उग्गहिते पन्नत्ते, तंजहा—जं च ओगिण्हति, जं च साहरति, जं च आसगंसि पक्खिवति ५।**

**तिविधा ओमोयरिया पन्नत्ता, तंजहा—उवगरणोमोयरिया, भत्तपाणोमोदरिता, भावोमोदरिता ६। उवगरणोमोदरिता तिविहा पन्नत्ता, तंजहा—एगे वत्थे, एगे पाते, चियत्तोवहिसातिज्जणता ७। तओ ठाणा णिग्गंथाण वा णिग्गंथीण वा अहियाते असुभाते अक्खमाते अणिस्सेयसाए अणाणुगामियत्ताए भवंति, तंजहा—कूअणता, कक्करणता, अवज्झाणता ८। तओ ठाणा णिग्गंथाण वा णिग्गंथीण वा हियाए सुहाए खमाए णिस्सेयसाए आणुगामिअत्ताए भवंति, तं जहा—अकूअणता, अकक्करणता, अणवज्झाणया ९।**

**तओ सल्ला पन्नत्ता, तंजहा—मायासल्ले, णियाणसल्ले, मिच्छादंसणसल्ले १०। तिहिं ठाणेहिं समणे णिग्गंथे संखित्तविउलतेउलेस्से भवति, तंजहा—आयावणयाए, खंतिखमाए, अपाणगेणं तवो कम्मेणं ११। तिमासियं णं भिक्खूपडिमं पडिवन्नस्स अणगारस्स कप्पंति तओ दत्तीओ भोअणस्स पडिगाहेत्तए, तओ पाणगस्स १२। एगरातियं भिक्खुपडिमं सम्मं अणणुपालेमाणस्स अणगारस्स इमे ततो ठाणा अहिताते असुभाते अखमाते अणिस्सेयसाते अणाणुगामित्ताते भवंति, तंजहा—उम्मायं वा लभिज्जा, दीहकालियं वा रोगायंकं पाउणेज्जा, केवलिपन्नत्ताओ वा धम्मातो भंसेज्जा १३।**

**एगरातियं णं भिक्खुपडिमं सम्मं अणुपालेमाणस्स अणगारस्स तओ ठाणा हिताते, सुभाते, खमाते, णिस्सेसाते, आणुगमियतत्ताए भवंति, तंजहा—ओहिणाणे वा से समुप्पज्जेज्जा, मणपज्जवनाणे वा से समुप्पज्जेज्जा, केवलनाणे वा से समुप्पज्जेज्जा १४ ॥ सू० १८२॥**

*(મૂ૦) પૂર્વના દિવસે એક, તપસ્યાના દિવસે બે અને પારણાના દિવસે એક એમ ચાર (ટંક)નો ત્યાગ કરનાર તે ચતુર્થભક્તિક કહેવાય. તેવા ભિક્ષુ-સાધુને ત્રણ જાતના પાણી લેવા માટે કલ્પે, તે આ પ્રમાણે—૧ જે પાણી વડે મદિરાદિને માટે વ્રીહી વગેરેનો લોટ ઉષ્ણ કરાય છે તે ઉત્સ્વેદિમ, ૨ અરણિ વગેરે પત્રનું શાક ઉકાળીને જે શીતલ જલ વડે સિંચાય છે તે સંસેકિમ અને ૩ ચોખાનું ધોવણ (૧). છઠ્ઠભક્ત કરનાર સાધુને ત્રણ જાતિના પાણી લેવા માટે કલ્પે, તે આ પ્રમાણે–૧ તલનું ધોવણ, ૨ તુષયુક્ત ડાંગરનું ધોવણ અને ૩ જવનું ધોવણ (૨). અઠ્ઠમભક્ત કરનાર સાધુને ત્રણ જાતિના પાણી લેવા માટે કલ્પે, તે આ પ્રમાણે—૧ ઓસામણ, ૨ કાંજીનું પાણી અને ૩ ઉષ્ણ પાણી (૩). જમવાને સ્થાને લાવેલું જે ભોજન તે ઉપહૃત ત્રણ પ્રકારે કહેલું છે, તે આ પ્રમાણે—૧ ફલિકઉપહૃત–નાના પ્રકારના વ્યંજન અથવા ભક્ષ્ય-ભોજન વડે બનાવેલું (લેપકૃત), ૨ શુદ્ધોપહૃત–લેપ રહિત આહાર (ભોજન) કરનારની પાસે લાવેલું અને (૩) સંસૃષ્ટોપહૃત–ભોજન કરવાની ઈચ્છા વડે હાથમાં લીધેલું (૪). ત્રણ પ્રકારે અવગ્રહીત (આહાર) કહેલ*

*છે, તે આ પ્રમાણે—૧ જે દેનાર હાથ વડે આપે તે આહાર, ૨ જે રસોઈના ભાજનમાંથી કાઢીને ખાવાના ભાજનમાં નાખે તે આહાર અને ૩ જે શેષ (બચેલો) આહાર પિઠરક (ખુલ્લા મુખવાળા ભાજન, થાળ) વગેરેમાં નાખે છે તે આહાર (૫). ત્રણ પ્રકારે અવમોદરતા (ઊણોદરી) કહેલ છે, તે આ પ્રમાણે—૧ ઉપકરણની ન્યૂનતા કરવી તે ઉપકરણઊણોદરી, ૨ ભક્તપાન–આહારપાણીની ન્યૂનતા કરવી તે ભક્તપાનઊણોદરી અને ૩ કષાયની ન્યૂનતા કરવી તે ભાવઊણોદરી (૬). ઉપકરણની ઊણોદરી ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ એક વસ્ત્ર રાખવું, ૨ એક પાત્ર રાખવું અને ૩ ચિયત્ત–સંયમીની ઉપધિ એટલે રજોહરણ અને મુહપત્તિનું રાખવું (૭). ત્રણ સ્થાનકો નિર્ગ્રંથોને અને નિર્ગ્રંથીને અહિતને માટે, અસુખને માટે, અયુક્તપણાને માટે, અનિશ્રેયસ (અમોક્ષ)ને માટે, અશુભના અનુબંધને માટે થાય છે તે આ પ્રમાણે—૧ દીનતાપૂર્વક બોલવું, ૨ શય્યાદિના દોષ બતાવીને કકળાટ કરવો અને ૩ આર્ત્ત તથા રૌદ્ર ધ્યાન ધરવું (૮). ત્રણ સ્થાનકો સાધુઓને અને સાધ્વીઓને હિતને માટે, સુખને માટે, યુક્તપણાને માટે, મોક્ષને માટે અને શુભના અનુબંધ (પરંપરા) માટે થાય છે, તે આ પ્રમાણે—૧ દુઃખમાં અદીનતા, દોષવાળી ઉપધિમાં અકકળાટ (શાંતિ) અને ૩ અશુભ ધ્યાન ન ધરવાપણું (૯). ત્રણ પ્રકારે શલ્ય કહેલ છે, તે આ પ્રમાણે—૧ માયા શલ્ય, ૨ નિદાનશલ્ય અને ૩ મિથ્યાદર્શનશલ્ય (૧૦). ત્રણ કારણ વડે શ્રમણ નિર્ગ્રંથ, વિસ્તારવાળી છતાં પણ સંક્ષેપ કરાયેલી લેશ્યાવાળો થાય છે, તે આ પ્રમાણે—૧ આતાપના લેવા વડે, ૨ ક્રોધના નિગ્રહપૂર્વક ક્ષમા વડે અને ૩ પારણાના કાળથી બીજા કાળમાં તપ કરવા વડે–છઠ્ઠ અઠ્ઠમાદિ તપશ્ચર્યા વડે (૧૧). ત્રણ માસની ભિક્ષુપ્રતિમાને ગ્રહણ કરનાર સાધુને કલ્પે–ત્રણ દાત ભોજનની ગ્રહણ કરવા માટે તેમ ત્રણ દાત પાણીની લેવા માટે (કલ્પે) (૧૨). એકરાત્રિક (બારમી) ભિક્ષુપ્રતિમાનું સારી રીતે પાલન નહિં કરનાર સાધુને આ ત્રણ સ્થાનક અહિતને માટે, અસુખને માટે, અક્ષમા–અયુક્તપણાને માટે; અનિશ્રેયસને માટે (અમોક્ષને માટે) ને અનાનુગામિપણા માટે (અશુભાનુબંધને માટે) થાય છે, તે આ પ્રમાણે—૧ ઉન્માદ (ઘેલછા) ને પામે, ૨ ઘણા કાળવાળા રોગ અને આતંકને પ્રાપ્ત કરે તથા ૩ કેવલીભગવંતે પ્રરૂપેલ ધર્મથી ભ્રષ્ટ થાય (૧૩). એક રાત્રિવાળી (બારમી) ભિક્ષુપડિમાને સારી રીતે અનુપાલન કરનાર અણગારને ત્રણ સ્થાનક હિતને માટે, સુખને માટે, યોગ્યપણા માટે, મોક્ષને માટે અને શુભાનુબંધને માટે થાય છે, તે આ પ્રમાણે—૧ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય, ૨ મનઃપર્યાયજ્ઞાન ઉત્પન્ન થાય અને ૩ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય (૧૪). ॥૧૮૨॥*

(ટી૦) **'चउत्थे'** त्यादि० ચૌદ સૂત્રો સ્પષ્ટ છે. વિશેષ સમજાવતાં કહે છે કે—ઉપવાસથી પૂર્વના દિવસમાં એક, ઉપવાસને દિવસે બે અને પારણાને દિવસે એક–એમ ચાર ભક્ત (એક વખતનું ભોજન) જે તપને વિષે છોડાય તે ચતુર્થભક્ત[1], તે છે જેને તે ચતુર્થભક્તિક, તેને. એમ બીજે (છઠ્ઠ, અઠ્ઠમ વગેરેમાં) જાણવું. **આ શબ્દની વ્યુત્પત્તિ માત્ર છે, પ્રવૃત્તિ તો ચતુર્થભક્ત વગેરે શબ્દોની એક વગેરે ઉપવાસોને વિષે છે.** ભિક્ષણ–યાચીને લેવાનો સ્વભાવ–ધર્મ, અથવા યાચવા વડે સાધુકારિતા–હિતકરપણું છે જેને તે ભિક્ષુ, અથવા **भित्रत्ति**—ભૂખને ભેદે છે. આવા ભિક્ષુને નીચે પ્રમાણે પાણીનો આહાર કલ્પે–ઉકાળવા વડે તૈયાર કરેલું–જે પાણી વડે ડાંગર વગેરેનો પિષ્ટ–લોટ, મદિરાદિને માટે ઉકાળાય છે તે ઉત્સ્વેદિમ, તથા શેકથી બનેલું તે સંસેકિમ–અરણી વગેરેના પત્રના શાકને ઉકાળીને જે શીતલ જલ વડે સિંચન કરાય છે તે સંસેકિમ, તથા ચોખાનું ધોવણ પ્રસિદ્ધ છે (૧). તિલોદક વગેરે તે તલ વગેરેને ધોવાનું પાણી વિશેષ, તુષોદક–ડાંગરના ધોવણનું પાણી તથા જવનું પાણી (૨). **आयामकं**–ઓસામણ, **सौवीरकं**—કાંજીનું પાણી, શુદ્ધ વિકટ–ગરમ પાણી (૩). ઉપહૃત–ભોજન સ્થાને લાવેલું જે ભોજન, એવો અર્થ છે. ફલિક–પ્રહેણક એટલે **लभनकं**—લ્હાણું વગેરે, જે લાવેલું તે ફલિકોપહૃત, તે અવગૃહીતા નામની પાંચમી પિંડૈષણાના

1. આ વચનથી એક વાત સિદ્ધ થાય છે કે માનવની આહાર લેવાની પ્રવૃત્તિ એક દિવસમાં બે વખતથી વધારે નહોતી.

વિષયભૂત છે. શ્રી વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે—

**फलियं पहेणगाई, वंजणभक्खेहिं वाऽविरहियं जं [तु] । भोत्तुमणस्सोवहियं, पंचमपिंडेसणा एस ।।१२९।।**
**[व्यव०भा० ९/३८२१ त्ति]**

ફલિત–વ્યંજન અથવા ભક્ષ (ખાદ્ય) પદાર્થો વડે જે બનેલું તે પ્રહેણક–લ્હાણું વગેરે, જે ખાવાની ઇચ્છાવાળા પાસે લાવેલું તે પાંચમી પિંડૈષણા છે. (૧૨૯)

તથા શુદ્ધ–જેમાં લેપ ન લાગે તેવું તે અલેપકૃત એવો શુદ્ધ ભાત, જે ભાત જમનારની પાસે લાવેલ તે શુદ્ધોપહૃત, આ અલ્પલેપા નામની ચોથી પિંડૈષણાના વિષયભૂત છે. તથા સંસૃષ્ટ એટલે ખાવાની ઇચ્છાવાળાએ ગ્રહણ કરેલ કૂર (ભાત) વગેરેમાં હાથ નાખ્યો છે તે, જ્યાં સુધી મુખમાં કવલ નાંખ્યો નથી ત્યાં સુધી તે લેપકૃત અથવા અલેપકૃત સ્વભાવવાળું છે તે, એવા પ્રકારનું જે લાવેલું તે સંસૃષ્ટોપહૃત, આ ચોથી એષણાપણાએ ભજનાવાળું છે, કારણ આનો લેપકૃત[1] અથવા અલેપકૃતરૂપ સ્વભાવ છે. અહિં ગાથા—

**सुद्धं च अलेवकडं, अहवण सुद्धोदणो भवे सुद्धं ।**
**संसट्ठं आउत्तं, [भोक्तुमारब्धमित्यर्थः] लेवाडमलेवडं वा वि ।।१३०।। [व्यव०भा० ९/३८२० त्ति]**

શુદ્ધ, અલેપકૃત કાંજી વડે અથવા પાણી વડે જે મિશ્ર કરેલું તે અથવા વ્યંજન રહિત જે શુદ્ધ ઓદન (ભાત) તે સંસૃષ્ટ એટલે ખાવાની ઇચ્છાવાળાએ સ્થાલમાં પીરસેલા ભોજનને હાથમાં ગ્રહણ કરી જ્યાં સુધી તેનો મુખમાં પ્રક્ષેપ ન કર્યો ત્યાં સુધી આ લેપકૃત અથવા અલેપકૃત પણ હોય છે. (૧૩૦)

અહિંયા ત્રણ પ્રકારમાં એક, બે અને ત્રણના સંયોગ વડે સાત અભિગ્રહવાળા સાધુઓ હોય છે (૪). અવગૃહીત એટલે કોઈ પણ પ્રકાર વડે દાતારે ગ્રહણ કરેલું ભોજન વગેરે, અહિં 'ચ' કાર સમુચ્ચય અર્થમાં છે. **अवगृहणाति**—દાતાર જે હાથ વડે ગ્રહણ કરે છે તે અવગૃહણાતિઅવગૃહીત, આ છઠ્ઠી પિંડૈષણા છે. વૃદ્ધવ્યાખ્યા આ પ્રમાણે છે—પીરસનાર પિઢિકા–થાળીમાંથી કૂર (ભાત) ગ્રહણ કરીને જેના માટે દેવાને ઈચ્છે છે તેના ભાજનમાં નાખવાને તૈયાર થયો ત્યારે જમનારે કહ્યું કે 'મને આપ નહિ'. આ અવસરે આવેલ સાધુએ 'ધર્મલાભ' આપ્યો ત્યારે પીરસનાર કહે છે (કે હે) સાધુ! પાત્રને પ્રસારો (માંડો). ત્યારબાદ સાધુએ પ્રસારેલ પાત્રમાં ઓદનને નાંખ્યું (વહોરાવ્યું). અહિં સાધુના પ્રયોજનમાં ગૃહસ્થે હાથ જ ચલાવ્યો, બીજું ગમનાદિ કાંઈ પણ ન કર્યું, એમ જઘન્યઆહૃત થયું, અહિં વ્યવહારભાષ્યમાં શ્લોક જણાવતાં કહે છે કે—

**भुंजमाणस्स उक्खित्तं, पडिसिद्धं तं च तेण उ । जहन्नोवहडं तं तु, हत्थस्स परियत्तणे ।।१३१।। [व्यव० ९/३८३८ त्ति]**

પીરસનારને ભોજન કરનારે ના પાડવાથી તે સમયે આવેલ સાધુને તે આહાર વહોરાવે ત્યારે કેવલ હાથના ચલાયમાન થવાથી જઘન્ય આહૃત થાય. (૧૩૧)

પીરસનાર, સ્થાનથી ચલિત ન થયો થકો **संहरति**—રસવતીના ભાજનથી ખાવાના પાત્રમાં નાંખે છે, તે સંહ્રિયમાનઅવગૃહીત જાણવું. અહિં શ્લોક દર્શાવે છે કે—

**अह साहीरमाणं तु, वट्टंतो [परिवेषयन्नित्यर्थः] जो उ दायओ । दलेज्जाविचलिओ तत्तो, छट्ठी एसा वि एसणा ।।१३२।।**
**[व्यव० ९/३८२९ इति]**

જે પીરસનાર, જમનાર માટે સંહ્રિયમાન–લાવેલ આહારને પીરસતો થકો, જમનારના વચનથી (મુનિને આપો) સ્થિર રહેલ પીરસનાર, મુનિને આપે છે. આ છઠ્ઠી એષણા છે. (૧૩૨)

તથા જે ભક્ત–બનાવેલ વસ્તુને આસ્યક–થાળ વગેરેમાં નાખે છે તે આસ્યકપ્રક્ષિપ્તઅવગૃહીત. અહિં વૃદ્ધવ્યાખ્યા આ

1. ફલિકોપહૃત તે ચોક્કસ લેપકૃત એટલે જેમાં લેપ લાગે એવા દ્રવ્યવાળું છે. શુદ્ધોપહૃત તે ચોક્કસ અલેપકૃત છે અને ત્રીજું ઉભયસ્વભાવવાળું સંસૃષ્ટોપહૃત છે.

પ્રમાણે છે—આહ્‌લાદ્‌ને માટે કૂર (ભાત)ને વિશાલ અને ઊંચે ઉપડતા કાંસા વગેરેના ભાજનને વિષે નાખેલું છે, તે પાત્રમાંથી જમનારાઓને માટે આપ્યું, તેમાંથી બાકી રહેલ ભોજનને ફરી પિઠકર–ખુલ્લા મુખવાળા ભાજનમાં નાખતી થકી આપે અથવા ખુલ્લા મુખવાળા ભાજનમાં પીરસતી છતી આપે તે ત્રીજું અવગૃહિત. આ સંબંધી શ્લોક નીચે પ્રમાણે જાણવો—

**मुत्तसेसं तु जं भूओ, छुब्भंती पिठरे दये । संवट्टंती व अन्नस्स, आसगंमि पगासए ।।१३३।। [व्यव०भा० ९/३८३० त्ति]**

ભુક્તશેષ ભાજનને (પીરસતાં વધેલાંને) પાછું ખુલ્લા મુખવાળા પૂર્વના ભાજનમાં નાખતી અથવા તેવા ભાજનમાંથી લઈને પીરસતી છતી આપે તે ત્રીજું અવગૃહીત છે. (૧૩૩)

**प्रश्न**—आस्ये—મુખમાં જે નાંખે છે તેવો મુખ્ય અર્થ હોવા છતાં પિઠરકાદિના મુખમાં નાખે છે એવી વ્યાખ્યા કેમ કરાય છે? **ઉત્તર**—મુખમાં પ્રક્ષેપ કરવાનું વ્યાખ્યાન જુગુપ્સા (સુગ) થવાથી અયુક્ત છે. કહે છે કે—'**पक्खेवए दुगंछा, आएसो कुडमुहाईसु । [व्यव० ९/३८२६ त्ति]**' મુખમાં પ્રક્ષેપ કર્યે છતે દુગંચ્છા થાય છે માટે પિઠરાદિના મુખમાં પ્રક્ષેપનો આદેશ છે, કારણ કે તેમ કરવાથી જુગુપ્સાનો અભાવ થાય છે. **अवमम्**—ઊણું ઉદર છે જેને તે અવમોદર અથવા ઊણું ઉદર તે અવમોદર, તેનો ભાવ તે અવમોદરતા (પ્રાકૃતપણાથી ઓમોયરિયા શબ્દ છે.) અથવા ઉદરને ઊણું કરવું તે અવમોદરિકા. શબ્દની વ્યુત્પત્તિ આ છે, પ્રવૃત્તિ તો ન્યૂનતા માત્રમાં છે. તેમાં પહેલી (એક વસ્ત્રધારણરૂપ) જિનકલ્પિક વગેરેને જ છે, બીજાઓને નહિં; કારણ કે શાસ્ત્રમાં કહેલ ઉપધિના અભાવમાં તો સમગ્ર સંયમનો અભાવ થઈ જાય. અથવા અધિક ન ગ્રહણ કરવારૂપ ઊનોદરતા છે. કહ્યું છે કે—

**जं वट्टइ उवगारे, उवकरणं तं सि (तेसि) होइ उवगरणं । अइरेगं अहिगरणं, अजओ अजयं परिहरंतो ।।१३४।।**

જે ઉપકરણ જ્ઞાનાદિના ઉપકારમાં સાધુને વર્ત્તે છે તે ઉપકરણ છે અને જે અધિક રાખે છે તે અધિકરણ છે (કેમકે તે મૂર્છાનું કારણ બને છે). અયતનાવાળો અયતના વડે ધારણ કરતો જે ઉપકરણ તે જ અધિકરણરૂપ છે. (૧૩૪)

વળી ભક્તપાનની અવમોદરતા પોતાના આહારના પ્રમાણના પરિત્યાગથી જાણવી. કહ્યું છે કે—

**बत्तीसं किर कवला, आहारो कुच्छिपूरओ भणिओ । पुरिसस्स महिलियाए, अट्ठावीसं भवे कवला ।।१३५।।**

**[पिण्डनि० ६४२]**

પુરુષને નિશ્ચે બત્રીશ કવલ (કોળિયા) આહાર કુક્ષિપૂરક કહેલ છે અને સ્ત્રીને અઠ્ઠાવીશ કવલનો આહાર હોય.(૧૩૫)

**कवलाण य परिमाणं, कुक्कुडिअंडगपमाणमेत्तं तु । जो आ अविगियवयणो, वयणंमि छुहेज्ज वीसत्थो ।।१३६।।**

કવલોનું પરિમાણ તો કુર્કટી (કૂકડી)ના ઇંડાના પ્રમાણ જેટલું છે અથવા અવિકૃતપણે–સુખપૂર્વક મુખમાં પ્રવેશ થઈ શકે તેટલું પ્રમાણ પણ જાણવું. (૧૩૬)

આ ઊણોદરિકા ૧ આઠ, ૨ બાર, ૩ સોળ, ૪ ચોવીશ અને ૫ એકત્રીશ સુધીના કવલો વડે ક્રમથી અલ્પાહારાદિ સંજ્ઞાવાળી પાંચ પ્રકારે છે. કહ્યું છે કે—

**अप्पाहार १ अवड्ढा २, दुभाग ३ पत्ता ४ तहेव किंचूणा ५ ।**
**अट्ठ १ दुवालस २ सोलस ३, चउवीस ४ तहेक्कतीसा य ५ ।।१३७।।**

૧ એકથી આઠ કવલ પર્યંત અલ્પાહાર, ૨ નવથી બાર પર્યંત અપાર્દ્ધ, ૩ તેરથી સોળ પર્યંત દ્વિભાગ, ૪ સત્તરથી ચોવીશ સુધી પ્રાપ્ત અને ૫ પચ્ચીશથી એકત્રીશ કવલ સુધી કિંચિત્‌ન્યૂન ઊણોદરિકા જાણવી. (૧૩૭)

'**एवं**' આવી જ રીતે પાણીને વિષે પણ ઊણોદરિકા કહેવી. શ્રી ભગવતીજીમાં પણ કહ્યું છે કે—''**बत्तीसं कुक्कुडिअंडगपमाणमेत्ते कवले आहारमाहारेमाणे पमाणपत्ते ति वत्तव्वं सिया, एत्तो एक्केण वि कवलेण ऊणगं आहारमाहारेमाणे समणे णिग्गंथे नो पगामरसभोइ त्ति वत्तव्वं सिय**'' [भगवती ७/१/१९ त्ति०]—કુકડીના અંડક (ઇંડું) પ્રમાણવાળા બત્રીશ કવલોના આહારને ખાતો છતો પ્રમાણપ્રાપ્ત એવી વક્તવ્યતા હોય, એનાથી એક કવલ વડે પણ ન્યૂન

આહારને આહારતો (ખાતો) થકો શ્રમણ નિર્ગ્રંથ પ્રકામ (અત્યંત) રસભોજી નથી એ વક્તવ્યતા હોય. વળી ભાવઊણોદરિકા ક્રોધાદિના ત્યાગરૂપ જાણવી. કહ્યું છે કે—

**कोहाईणमणुदिणं, चाओ जिणवयणभावणाओ उ । भावेणोमोदरिया, पन्नत्ता वीयरागेहिं ॥१३८॥**

પ્રતિદિન ક્રોધાદિનો જિનેશ્વરના વચનથી ભાવનાથી ત્યાગ કરવો તે ભાવઊણોદરિકા વીતરાગોએ કહેલી છે. (૧૩૮)

ઉપકરણ-અવમોદરિકાના ભેદોને કહે છે—'**उवकरणे**'त्यादि० એક વસ્ત્ર, જિનકલ્પિક વગેરેને હોય, એમ જ એક પાત્ર પણ તેને જ હોય. 'एगं पायं जिणकप्पियाण'मिति वचनात् [ओघ.नि० ६७९]—એક પાત્ર જિનકલ્પિકોને હોય એવું વચન છે. તથા '**चियत्तेणं**' સંયમને આ ઉપકારક છે એવી પ્રીતિ વડે મલિનાદિને વિષે અપ્રીતિ ન કરવા વડે, અથવા '**चियत्तस्स वा**' સંયમીઓને માન્ય ઉપધિ-રજોહરણ વગેરેને '**साइज्जणय**'त्ति० સેવા-સ્વીકાર તે '**चियत्तोवहिसाइज्जणय**'त्ति० (૭). '**चियत्तेणे**' त्ति० પૂર્વે કહેલાના હવે બધાય વિપર્યય ભેદો કહે છે—'**तओ**' इत्यादि० સ્પષ્ટ છે, પરંતુ **अहिताय**—અપથ્યને માટે, **असुखाय**—દુઃખને માટે, **अनिःश्रेयसाय**—અમોક્ષને માટે, **अनानुगामिकत्वाय**—શુભના અનુબંધને માટે નહિં, **कूजनता**—દીનસ્વરે બોલવું, **कर्करणता**—શય્યા, ઉપધિ વગેરેના દોષોના ઉદ્‌ભાવનપૂર્વક બડબડાટ કરવો તથા **अपध्यानता**—આર્ત્ત અને રૌદ્રધ્યાનનું ધ્યાવવું (૮). આ કહેલ સૂત્રથી વિપરીત સૂત્રો હિતને માટે, સુખને માટે વગેરે સ્પષ્ટ છે (૯) નિર્ગ્રંથોને જ પરિહરવા યોગ્ય ત્રણ વસ્તુઓ કહે છે-'**तओ**' इत्यादि० शल्यते જેના વડે બાધા-પીડા થાય તે શલ્ય. દ્રવ્યથી તોમર, તરવાર વગેરે, ભાવથી તો ત્રણ પ્રકારે છે-માયા અને કપટ તે જ શલ્ય તે માયાશલ્ય ૧, એમ સર્વત્ર જાણવું. વિશેષ કહે છે **नितरां दीयते**—જે અનિંદ્ય બ્રહ્મચર્ય વગેરે વડે સાધ્ય જે મોક્ષફલ અને કુશલ-શુભ કર્મરૂપ કલ્પવૃક્ષનું વન, દેવઋદ્ધિ વગેરેની પ્રાર્થનાના પરિણામરૂપ તીક્ષ્ણ તલવાર વડે છેદાય છે તે નિદાન ૨, મિથ્યા-વિપરીત એવું દર્શન તે મિથ્યાદર્શન ૩. (૧૦). નિર્ગ્રંથોને જ લબ્ધિવિશેષના ત્રણ કારણને કહે છે—'**तिही**' त्यादि० વિપુલ છતાં પણ સંકોચેલી, જો ન સંકોચે તો સૂર્યબિંબની માફક ન જોઈ શકાય એવી તેજોલેશ્યા-તપની શક્તિથી ઉત્પન્ન થયેલ તેજસ્વીપણું, તૈજસ્ શરીરની પરિણતિરૂપ મહાજ્વાલા સમાન છે જેના વડે તે સંક્ષિપ્ત વિપુલતેજોલેશ્યા, **आतापना**—શીત, તાપ વગેરે વડે શરીરને સારી રીતે તપાવવું-કષ્ટ આપવું તે આતાપન, તેનો જે ભાવ તે આતાપનતા, શીત તથા તાપાદિને સહન કરવા વડે ૧, **क्षांत्या**—ક્રોધના નિગ્રહ વડે, **क्षमा**—સહનશીલ, પરંતુ અશક્તિ વડે નહિ, એવી ક્ષાંતિ-ક્ષમા વડે ૨, **अपानकेन**—પારણાના સમયથી અન્યત્ર-બીજા કાળમાં છઠ્ઠ વગેરે તપશ્ચર્યા વડે પ્રાપ્ત થાય છે ૩. ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—'**जे णं गोसाला! एगाए सनहाए कुम्मासपिंडियाए एगेण य वियडासणेणं छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय २ सूराभिमुहे आयावणभूमीए आयावेमाणे विहरइ से णं अंतो छण्हं मासाणं संखित्तविपुलतेयलेस्से भवइ**' [**भगवती** १५/५४ त्ति०]—હે ગોશાલક! જે નખ સહિત વાળેલી અડદના બાકળાની મુઠ્ઠી વડે અને એક વિકટાશય-એક ચુલુકપ્રમાણ પાણી વડે નિરંતર છઠ્ઠ છઠ્ઠનો તપ કરી, ઊંચા હાથ રાખીને સૂર્યની સન્મુખ આતાપન ભૂમિને વિષે આતાપના લેતો થકો વિહરે, તો તેને છ માસને અંતે (અપ્રયોગકાળે) સંક્ષિપ્ત અને (પ્રયોગકાળે) વિસ્તીર્ણ એવી તેજોલેશ્યા પ્રાપ્ત થાય. (આ પ્રમાણે ભગવંતે ગોશાલકને કહ્યું) (૧૧). '**तेमासिय**' मित्यादि० ભિક્ષુની પ્રતિમા એટલે કે સાધુઓના અભિગ્રહવિશેષો, તે બાર છે. તેમાં એકમાસિકી વગેરે માસોત્તરા (એક એક માસની વૃદ્ધિવાળી) સાત છે, ત્રણ (આઠથી દસ) પ્રત્યેક સાત અહોરાત્રિના પ્રમાણવાળી છે, એક (અગિયારમી) અહોરાત્રિના પ્રમાણવાળી છે અને એક (બારમી) એક રાત્રિના પ્રમાણવાળી છે. ભિક્ષુપ્રતિમા સંબંધી કહ્યું છે કે—

**मासाई सत्तंता पढमा १, बि[इ] २ तइय ३ सत्तराइदिणा १० ।**
**अहराइ ११ एगराई १२, भिक्खूपडिमाण बारसगं ॥१३९॥** [[1]आव०मा०; पञ्चाशक० १८/३ ति]

1. आवश्यकस्य सूत्रस्य चतुर्थेऽध्ययने बारसहिं भिक्खुपडिमाहिं इत्यस्य हारिभद्रयां वृत्तौ—भाष्यगाथेयम्

પહેલી એક માસની, બીજી બે માસની યાવત્ સાતમી સાત માસની છે. પ્રથમા–આઠમી, બીજી–નવમી અને ત્રીજી–દશમી એ ત્રણ સાત સાત અહોરાત્રિના પ્રમાણવાળી છે. અગિયારમી એક અહોરાત્રિકી અને બારમી ફક્ત એકરાત્રિકી છે. એ પ્રમાણે ભિક્ષુની પ્રતિમાઓ બાર છે. (૧૩૯)

**पडिवज्जइ एयाओ, संघयणधिइजुओ महासत्तो । पडिमाओ भावियप्पा, सम्मं गुरुणा अणुन्नाओ ।।१४०।।**

**[पञ्चा० १८/४]**

વજ્રઋષભનારાચાદિ સંઘયણવાળો, ધૈર્યવાન્, મહાસત્ત્વવાન્ અને ભાવિતાત્મા, તપ વગેરે પાંચ ભાવના વડે તુલના કરનાર અને જેમ આગમમાં દર્શાવેલ છે તેમ ગુરુ વડે આદેશ પામેલ એવો મુનિ પ્રતિમાને સ્વીકારે છે. (૧૪૦)

**गच्छे च्चिय निम्माओ, जा पुव्वा दस भवे असंपुन्ना । नवमस्स तइयवत्थू, होइ जहन्नो सुयाभिगमो ।।१४१।।**

**[पञ्चा०१८/५]**

ગચ્છમાં રહેતો થકો નિર્માત–આહારાદિવિષયમાં પડિમાકલ્પના પરિકર્મ–અભ્યાસને વિષે સારી રીતે કુશલ હોય, ઉત્કૃષ્ટથી કિંચિત્ ન્યૂન દશ પૂર્વનું શ્રુતજ્ઞાન હોય અને જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુનું જ્ઞાન[1] હોય. (૧૪૧)

**वोसठ्ठचत्तदेहो, उवसग्गसहो जहेव जिणकप्पी । एसण अभिग्गहीया, भत्तं च अलेवडं तस्स ।।१४२।। [पञ्चा० १८/६]**

પરિકર્મ–શરીરના સંસ્કાર ન કરવા વડે ત્યક્તદેહ–દેહ પ્રત્યે મમત્વ રહિત, જિનકલ્પીની માફક ઉપસર્ગને સહન કરનાર અને એષણાના અભિગ્રહવાળો અર્થાત્ સાત પિંડૈષણામાંથી સંસૃષ્ટાદિ પહેલી બે એષણાને છોડી પાંચનું ગ્રહણ કરે, તેમાં પણ બેનો અભિગ્રહ કરે–એક એષણા આહારમાં અને એક પાણીમાં કરે, વળી તેને ભોજન અલેપકૃત (વાલ વગેરે) હોય. (૧૪૨)

આ પ્રમાણે પરિકર્મને કરનારો શું કરે? તે કહે છે—

**गच्छा विणिक्खमित्ता, पडिवज्जइ मासियं महापडिमं । दत्तेग भोयणस्सा, पाणस्स वि एग जा मासं ।।१४३।।**

**[पञ्चा० १८/७]**

ગચ્છમાંથી નીકળીને તે એક માસ પ્રમાણવાળી મહાપડિમાને સ્વીકારે છે, તેને એક દત્તી ભોજનની અને એક દત્તી પાણીની કલ્પે યાવત્ એક માસ પર્યંત જાણવું. (૧૪૩)

**पच्छा गच्छमुवेति[मतीती], एव दुमासी तिमासी जा सत्त । नवरं दत्तिविवड्ढी, जा सत्त उ सत्तमासीए ।।१४४।।**

**[पञ्चा० १८/१३]**

પહેલી પડિમા પૂર્ણ કર્યા પછી ગચ્છમાં આવે, (તપનું બહુમાન અને શાસનની પ્રભાવના માટે આચાર્યાદિના કથનથી રાજા વગેરે તેને બહુમાનથી તેડી લાવે) એવી રીતે બે માસ પ્રમાણવાળી બીજી પડિમા, ત્રણ માસની ત્રીજી યાવત્ સાત માસની સાતમી પડિમા જાણવી. વિશેષ એ કે–એકેક દત્તીની વૃદ્ધિ હોય છે અર્થાત્ બીજીમાં બે દત્તી, ત્રીજીમાં ત્રણ દત્તી યાવત્ સાતમીમાં સાત દત્તી જાણવી. (૧૪૪)

**तत्तो अ अट्ठमी खलु, हवइ इहं पढमसत्तराइंदी । तीए चउत्थएणं, अपाणएणं अह विसेसो ।।१४५।। [पञ्चा० १८/१४]**

ત્યારપછી આઠમી પડિમા વહન કરે, તેમાં પ્રથમના સાત રાત્રિદિનમાં પાણી રહિત (ચોવિહાર) એકાંતર ઉપવાસ કરે. (૧૪૫)

1. દશ પૂર્વનો અભ્યાસી જે હોય તે ક્ષીરાસ્રવલબ્ધિવાન હોવાથી ધર્મોપદેશ વડે શાસનની વિશેષ ઉન્નતિ કરે છે, તેથી તેને પ્રતિમાના સ્વીકારનો નિષેધ છે, અને નવમા પૂર્વની ત્રીજી વસ્તુનું જ્ઞાન ન હોય તો તે નિરતિશય જ્ઞાનવાળો હોવાથી કાલાદિ–ભૂતભાવીનું જ્ઞાન ન થાય તેથી તેને પણ પડિમા વહન કરવાનો નિષેધ છે.

તથા આગમમાં કહ્યું છે કે—'पढम सत्तराइंदियं णं भिक्खुपडिमं पडिवन्नस्स अणगारस्स कप्पइ से चउत्थेणं भत्तेणं अपाणएणं बहिया गामस्स वे' त्यादि॰ [दशा श्रु॰ ७/५१]—સાત રાત્રિદિવસવાળી પ્રથમ એટલે આઠમી ભિક્ષુપ્રતિમા પ્રતિપન્ન સાધુને કલ્પે, તેમણે ચોવિહાર એકાંતર ઉપવાસ વડે ગ્રામની બહાર રહેવું.

**उत्ताणगपासल्ली, नेसज्जी वावि ठाण ठाइत्ता । अह उवसग्गे घोरे, दिव्वाई सहइ अविकंपो ॥१४६॥[पञ्चा॰ १८/१५]**

(અહિં પારણામાં દત્તીના નિયમનથી આંબેલ કરવું) उत्तानक—ઊંચું મુખ રાખીને ચત્તો સૂનાર, પડખે સૂનાર તથા નિષદ્યાવાન્ (પલાંઠી વાળી બેઠેલો) (वा શબ્દ વિકલ્પાર્થમાં છે) સ્થાન–કહેલ કાયાની ચેષ્ટાવિશેષ કરીને, ગ્રામાદિથી બહાર રહીને દિવ્યાદિ ઘોર ઉપસર્ગોને ચલાયમાન થયા વિના સહે છે. (૧૪૬)

**दोच्चा वि एरिसि, च्चिय बहिया गामादियाण नवरं तु । उक्कडु लगंडसाई, डंडायतिउ व्व ठाइत्ता ॥१४७॥ [पञ्चा॰ १८/१६]**

બીજી એટલે નવમી પણ એજ પ્રમાણે જાણવી એટલે ગ્રામ વગેરેની બહાર રહેવું. એકે ઉત્કટુક ઉભડક આસને બેસે, લગડા (કાષ્ઠે)ની માફક મસ્તક અને પગની પાની માત્ર પૃથ્વીને અડકે પણ વચલો ભાગ ભૂમિને અડે નહિં એવી રીતે ચત્તા સૂવે. અથવા દંડની જેમ લાંબા સૂઈ રહે અને દિવ્યાદિ ઉપસર્ગોને સહન કરે. (૧૪૭)

**तच्चाए वि एवं, नवरं ठाणं तु तस्स गोदोही । वीरासणमहवा वि, ठाएज्ज य अंबखुज्जो य ॥१४८॥ [पञ्चा॰ १८/१७]**

ત્રીજી એટલે દશમી પ્રતિમા પણ એમ જ છે. વિશેષ એ કે–તેનું આસન ગોદોહી–ગાયને દોવા બેસે તેવું જાણવું અથવા વીરાસને રહેવું. તે વીરાસન આ પ્રમાણે—સિંહાસન પર બેસીને પગ ભૂમિ પર રાખવા, પછી સિંહાસન લઈ લઈએ અને જે આસન રહે તે જ રીતે અદ્ધર રહેવું તે વીરાસન કહેવાય અથવા બીજી રીતે વીરાસન એ છે કે–ડાબા પગને જમણા સાથળ પર અને જમણા પગને ડાબા સાથળ પર રાખી, ડાબા હાથની હથેળી ઉપર રહેલી જમણા હાથની હથેળી વડે નાભિને સ્પર્શ કરી રહેવું તે અથવા આમ્રકુબ્જ એટલે આંબાના ફળની જેમ વક્ર આકારે રહવું તે. (૧૪૮)

**एमेव अहोराई, छट्ठं भत्तं अपाणगं नवरं । गामनगराण बहिया, वग्घारियपाणिए ठाणं ॥१४९॥ [पञ्चा॰ १८/१८]**

એ જ રીતે અગિયારમી પ્રતિમા એક રાત્રિદિવસની છે. તેમાં ચોવિહાર છઠ્ઠ કરવાનો છે. બાકી પૂર્વની જેમ જાણવું. વિશેષ એ છે કે—ગામ કે નગરની બહાર હાથને લાંબા રાખી ઊભા રહેવાનું છે. આ પ્રતિમા ત્રણ દિવસે થાય છે કારણ કે એક રાત્રિદિવસની પ્રતિમા કર્યા પછી છઠ્ઠ કરવાનો છે. (૧૪૯)

**एमेव एगराई, अट्ठमभत्तेण ठाण बाहिरओ । ईसिं पब्भारगए, अणिमिसणयणेगदिट्ठीउ[ए] ॥१५०॥ [पञ्चा॰ १८/१९]**

બારમી પ્રતિમા પણ એ જ રીતે એક રાત્રિની છે. તેમાં તે રાત્રિને છેડે ચોવિહાર અઠ્ઠમ તપ કરવાનો છે. ગ્રામાદિકની બહાર કાયોત્સર્ગે રહી, કાંઈક શરીરને નીચું નમાવીને રહે અને અનિમેષ નેત્રે એક પુદ્‌ગલ પર નિશ્ચલ દૃષ્ટિ રાખે.(૧૫૦)

**साहट्टु दो त्रि[वि]पाए, वग्घारियपाणि ठायति ठाणं । वग्घारिलंबियभुओ, सेस दसासुं जहा भणियं॥१५१॥ [पञ्चा॰ १८/२०]**

આ બારમી પ્રતિમામાં બન્ને પગને સંહરીને એટલે બન્ને પગ વચ્ચે ચાર આંગલનું અંતર રાખી, લાંબા હાથ રાખીને કાયોત્સર્ગે રહેવું. બાકીનું દશાશ્રુતસ્કંધમાં જેમ કહ્યું છે તેમ જાણવું. (૧૫૧)

આ પ્રતિમા પૂર્ણ થયા પછી અઠ્ઠમ કરવાનો છે માટે આ પડિમા ચાર દિવસે પૂરી થાય છે. આ પ્રમાણે બાર પ્રતિમાનું સ્વરૂપ છે તેમાં ત્રિમાસિકી–ત્રણ મહિનાના કાળપ્રમાણની ત્રીજી, તે પ્રત્યે સ્વીકારનારને દત્તી–એક વાર આહાર કે પાણીના પ્રક્ષેપ (નાખવા) લક્ષણવાળી જાણવી (૧૨). એકરાત્રિકી–બારમી પ્રતિમાનું સારી રીતે અનુપાલન નહિં કરવાથી ઉન્માદ–ચિત્તનો વિભ્રમ, કોઢ વગેરે રોગ, તરત પ્રાણનો ઘાત કરનાર આતંક–શૂલ અને વિશૂચિકા એટલે ઝાડો અને ઉલટી વગેરે તે

રોગાંતક 'पाउणेज्जे' તિ૦ પામે, 'धर्म्मात्'—શ્રુતચારિત્રલક્ષણરૂપી ધર્મથી ભ્રષ્ટ થાય અને સમકિતની પણ હાનિ થાય, પ્રતિમાનું સારી રીતે પાલન ન કરવાથી જે ઉન્માદ, રોગ અને ધર્મભ્રંશ તે અહિતાદિને માટે અર્થાત્ દુઃખને માટે થાય છે (૧૩). આથી વિંપરીત સૂત્ર આ તેરમી ગાથાના વર્ણનને અનુસારે જાણી લેવું (૧૪). ॥૧૮૨॥

સાધુઓના ઉપર વર્ણવેલા અનુષ્ઠાનો કર્મભૂમિઓમાં જ હોય માટે કર્મભૂમિઓનું નિરૂપણ કરતાં કહે છે કે—

**जंबुद्दीवे २ तओ कम्मभूमीओ पन्नत्ताओ, तंजहा—भरहे, एरवते, महाविदेहे। एवं धायइसंडे दीवे पुरच्छिमद्धे जाव पुक्खरवरदीवड्ढपच्चत्थिमद्धे ५ ॥ सू० १८३ ॥**

**तिविहे दंसणे पन्नत्ते, तंजहा—सम्मद्दंसणे, मिच्छद्दंसणे, सम्मामिच्छद्दंसणे १। तिविधा रुती पन्नत्ता, तंजहा—सम्मरुती, मिच्छरुती, सम्मामिच्छरुई २। तिविधे पओगे पन्नत्ते, तंजहा—सम्मप्पओगे, मिच्छप्पओगे, सम्मामिच्छप्पओगे ३ ॥ सू० १८४ ॥**

**तिविहे ववसाए पन्नत्ते, तंजहा—धम्मिए ववसाए, अधम्मिए ववसाए, धम्मियाधम्मिए ववसाते ४। अहवा तिविहे ववसाते पन्नत्ते, तंजहा—पच्चक्खे, पच्चतिते, आणुगामिए ५। अहवा तिविहे ववसाए पन्नत्ते, तंजहा—इहलोइए, परलोइए, इहलोइयपरलोइए ६। इहलोइए ववसाए तिविहे पन्नत्ते, तंजहा—लोगिते, वेतिते, सामतिते ७। लोगिते ववसाते तिविहे पन्नत्ते, तंजहा—अत्थे, धम्मे, कामे ८। वेतिते ववसाते तिविहे पन्नत्ते, तंजहा—रिउव्वेदे, जउव्वेदे (जजुवेदे), सामवेदे ९। सामइते ववसाते तिविहे पन्नत्ते, तंजहा—नाणे, दंसणे, चरित्ते १०। तिविहा अत्थजोणी पन्नत्ता, तंजहा—सामे (सामं), दंडे, भेए ११ ॥ सू० १८५ ॥**

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપમાં ત્રણ કર્મભૂમિઓ કહેલી છે, તે આ પ્રમાણે—૧ ભરત, ૨ ઐરવત અને ૩ મહાવિદેહ. એવી રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વના અર્દ્ધમાં યાવત્ પુષ્કરવર દ્વીપાર્દ્ધના પશ્ચિમના અર્દ્ધમાં ત્રણ કર્મભૂમિઓ કહેલી છે (અહિં યાવત્ શબ્દથી ધાતકીખંડનો પશ્ચિમાર્દ્ધ અને પુષ્કરવર દ્વીપાર્દ્ધનો પૂર્વાર્દ્ધ પણ જાણવો.) (૫). ॥૧૮૩॥*

*ત્રણ પ્રકારે દર્શન (શુદ્ધ, અશુદ્ધ અને મિશ્રપુંજરૂપ) કહેલ છે, તે આ પ્રમાણે—૧ સમ્યગ્દર્શન, ૨ મિથ્યાદર્શન અને ૩ સમ્યગ્મિથ્યા (મિશ્ર) દર્શન (૧). ત્રણ પ્રકારે રુચિ (તત્ત્વની શ્રદ્ધારૂપ) કહેલી છે, તે આ પ્રમાણે—૧ સમ્યગ્રુચિ, ૨ મિથ્યારુચિ અને ૩ સમ્યગ્મિથ્યા (મિશ્ર) રુચિ (૨). ત્રણ પ્રકારે પ્રયોગ (યોગનો વ્યાપાર) કહેલ છે, તે આ પ્રમાણે—૧ સમ્યક્પ્રયોગ, ૨ મિથ્યાપ્રયોગ અને ૩ સમ્યગ્મિથ્યા (મિશ્ર) પ્રયોગ (૩). ॥૧૮૪॥*

*ત્રણ પ્રકારે વ્યવસાય (કાર્યની સિદ્ધિને માટે ક્રિયા) કહેલ છે, તે આ પ્રમાણે—૧ ધર્મ સંબંધી વ્યવસાય, ૨ અધર્મ સંબંધી વ્યવસાય અને ૩ ધર્મઅધર્મ સંબંધી વ્યવસાય (૪). અથવા ત્રણ પ્રકારે વ્યવસાય (નિર્ણયરૂપ) કહેલ છે, તે આ પ્રમાણે—૧ પ્રત્યક્ષ-અવધિ વગેરે, ૨ પ્રાત્યયિક-ઇંદ્રિયાદિ નિમિત્તથી થયેલ અને ૩ આનુગામિક-અનુગામીરૂપ (૫), અથવા ત્રણ પ્રકારે વ્યવસાય કહેલ છે, તે આ પ્રમાણે—૧ ઇહલોક સંબંધી, ૨ પરલોગ સંબંધી અને ૩ ઇહપરલોક (ઉભય) સંબંધી (૬). ઇહલોક સંબંધી વ્યવસાય ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ લૌકિક વ્યવસાય, ૨ વૈદિક (વેદ આશ્રિત) વ્યવસાય અને ૩ સામયિક-સાંખ્યાદિના સિદ્ધાંત સંબંધી વ્યવસાય (૭). લૌકિક વ્યવસાય ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ અર્થ સંબંધી, ૨ ધર્મ સંબંધી અને ૩ કામ સંબંધી (૮). વૈદિક વ્યવસાય ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ ઋગ્વેદ, ૨ યજુર્વેદ અને ૩ સામવેદ સંબંધી (૯). સામયિક વ્યવસાય ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાન, ૨ દર્શન અને ૩ ચારિત્ર સંબંધી (૧૦). ત્રણ પ્રકારે અર્થ-દ્રવ્યની યોનિ (ઉપાય) કહેલ છે, તે આ પ્રમાણે—૧ સામ-પ્રિયવચન વગેરે, ૨ દંડ-વધ વગેરે રૂપ બીજાને નિગ્રહ કરવો તે અને ૩ ભેદ-સ્નેહીવર્ગમાં એકબીજાનો ભેદ પાડવો-સ્નેહ દૂર કરવો (૧૧). ॥૧૮૫॥*

(ટી૦) 'जंबुद्दीवे'त्यादि० પાંચ સૂત્રો સાક્ષાત્ અને અતિદેશથી કહેલ છે. તે સુગમ છે. કર્મભૂમિઓ કહી, હવે તેમાં રહેલ મનુષ્યોના ધર્મનું નિરૂપણ કરવા માટે કહે છે કે—'तिविहे'त्यादि० અગિયાર સૂત્રો સુગમ છે. વિશેષ જણાવતાં કહે છે કે—ત્રણ પ્રકારે દર્શન—૧ શુદ્ધ, ૨ અશુદ્ધ અને ૩ મિશ્ર એ ત્રણ પુંજરૂપ મિથ્યાત્વમોહનીય છે, કારણ કે તથાવિધ દર્શન–દૃષ્ટિના હેતુ છે (૧). રુચિ તો તે શુદ્ધ પુંજ વગેરે કર્મપુદ્ગલના ઉદયથી પ્રાપ્ત થયેલ તત્ત્વોનું શ્રદ્ધાન છે (૨). 'प्रयोगः'—સમ્યક્ત્વાદિપૂર્વક મન વગેરેનો વ્યાપાર અથવા સમ્યક્ વગેરે પ્રયોગ–ઉચિત, અનુચિત અને ઉભયાત્મક ઔષધ વગેરેનો વ્યાપાર (૩). 'व्यवसायो' વસ્તુનો નિર્ણય અથવા પુરુષાર્થની સિદ્ધિને માટે અનુષ્ઠાન (ક્રિયા) કરવું તે. વ્યવસાયવાળાઓ ધાર્મિક, અધાર્મિક અને ધાર્મિકાધાર્મિક એટલે સંયત (સાધુ), અસંયત અને દેશવિરતિ લક્ષણવાળા, તેનો સંબંધીપણાથી અભેદપણે કહેતા છતાં તે વ્યવસાય ત્રણ પ્રકારે થાય છે . અથવા સંયમ, અસંયમ અને દેશસંયમરૂપ વિષયભેદથી પણ ત્રણ પ્રકારે છે (૪). અથવા વ્યવસાય એટલે નિશ્ચય, તે ૧ પ્રત્યક્ષ–અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનરૂપ છે. ૨ પ્રાત્યયિક–ઇંદ્રિય અને અનિંદ્રિય (મન) લક્ષણરૂપ નિમિત્તથી થયેલ અને ૩ આનુગામિક–જે ધૂમ વગેરે હેતુ–અગ્નિ વગેરે પ્રત્યે અનુગમન કરે છે અને સાધ્યના અભાવમાં હોતું નથી તે અનુગામી, તેથી જે ઉત્પન્ન થયેલ તે આનુગામિક અર્થાત્ અનુમાનરૂપ જે વ્યવસાય તે આનુગામિક જ છે. અથવા પ્રત્યક્ષ એટલે પોતે જોવારૂપ, પ્રાત્યયિક–આપ્તપુરુષના વચનથી થયેલ અને ત્રીજો તો તેમજ (અનુમાન) નિશ્ચય છે (૫). ૧ ઇહલોકમાં જે થાય તે ઐહલૌકિક, આ ભવમાં વર્ત્તમાનનો જે નિશ્ચય કે અનુષ્ઠાન તે ઐહલૌકિક વ્યવસાય, ૨ જે પરલોકમાં થશે તે પારલૌકિક અને ૩ જે વળી અહિં અને પરત્ર–પરલોકમાં જે નિર્ણય તે ઐહલૌકિકપારલૌકિક નિશ્ચય છે (૬). ૧ લૌકિક–સામાન્ય લોકના આશ્રયવાળો નિશ્ચય અથવા અનુષ્ઠાન, ૨ વેદના આશ્રયવાળો જે નિર્ણય તે વૈદિક અને ૩ સમય–સાંખ્યાદિના સિદ્ધાંતના આશ્રયવાળો જે નિર્ણય તે સામયિક (૭). લૌકિક વગેરે વ્યવસાયો (નિર્ણયો) પ્રત્યેક ત્રણ પ્રકારે છે તે પ્રસિદ્ધ જ છે. અર્થ, ધર્મ અને કામના વિષયવાળો નિર્ણય આ પ્રમાણે છે—

**अर्थस्य मूलं निकृतिः क्षमा च, धर्मस्य दानं च दया दमश्च ।**
**कामस्य वित्तं च वपुर्वयश्च, मोक्षस्य सर्वोपरमः क्रियासु ।।१५२।।**

ધનનું મૂળ કપટ અને ક્ષમા છે, ધર્મનું મૂળ દાન, દયા અને દમ (ઇંદ્રિયનિગ્રહ) છે, કામનું મૂળ દ્રવ્ય, વપુ–નિરોગી દેહ અને વય–યુવાવસ્થા છે અને મોક્ષનું મૂળ સર્વે ક્રિયાઓને વિષે ઉપરમ–નિવૃત્તિ ઇત્યાદિરૂપ છે. (૧૫૨)

અથવા તેઓના માટે અનુષ્ઠાન કરવું તે અર્થાદિ વ્યવસાય કહેવાય છે (૮). ઋગ્વેદાદિ વડે કરેલ જે નિર્ણય અથવા વ્યાપાર તે ઋગ્વેદાદિ વ્યવસાય છે (૯). જ્ઞાનાદિરૂપ સામયિક વ્યવસાય, તેમાં જ્ઞાન તે વ્યવસાય જ છે, કારણ કે તે પર્યાયવાચક શબ્દ છે. ૨ દર્શન પણ શ્રદ્ધાનલક્ષણ વ્યવસાય છે, તેને વ્યવસાય (જ્ઞાન)ના અંશપણાથી પ્રતિપાદન કરેલું છે, ૩ ચારિત્ર પણ સમભાવલક્ષણરૂપ વ્યવસાય જ છે, કારણ કે બોધસ્વભાવરૂપ આત્માની પરિણતિ વિશેષ હોય છે. કહ્યું પણ છે કે––"**सच्चरणमणुट्ठाणं विहिपडिसेहाणुगं तत्थ**" त्ति० વિધિ–સત્કાર્યમાં પ્રવૃત્તિ અને પ્રતિષેધ–અકાર્યમાં નિવૃત્તિ, તેનું જે અનુષ્ઠાન તે સચ્ચારિત્ર છે, તેમાં તે બાહ્ય ચારિત્રની અપેક્ષાએ જાણવું. અથવા જ્ઞાનાદિ વિષયમાં જે વ્યવસાય–બોધ અથવા અનુષ્ઠાન તે વિષયના ભેદથી ત્રણ પ્રકારે છે. આની સામયિકતા તો સમ્યક્ અને મિથ્યા શબ્દ વડે લાંછિત જ્ઞાનાદિ ત્રણનો સર્વ સમય–દર્શનોમાં પણ સદ્ભાવ હોવાથી છે (૧૦). **अर्थस्य**—રાજલક્ષ્મી વગેરેની યોનિ–ઉપાય તે અર્થયોનિ, ૧ **साम**—પ્રિય વચન વગેરે, **दण्ड**—વધાદિરૂપ બીજાનો નિગ્રહ કરવો તે, ૩ **भेद**—જીતવાની ઇચ્છાવાળા શત્રુના સમૂહને સ્વામી વગેરેના સ્નેહથી દૂર કરવો વગેરે. કેટલેક સ્થળે તો દંડ પદના ત્યાગપૂર્વક પ્રદાન સહિત ત્રણ અર્થયોનિઓ જણાવાય છે. અહિં આ સંબંધમાં શ્લોકાર્થ જણાવે છે કે—

**परस्परोपकाराणां दर्शनं गुणकीर्त्तनम् । सम्बन्धस्य समाख्यान मायत्याः सम्प्रकाशनम् ।। अस्मिन्नेवंकृते इदमावयोर्भविष्यतीत्याशाजननमायति सम्प्रकाशनमिति। वाचा पेशलया साधु तवाहमिति चार्पणम्। इति सामप्रयोगज्ञैः**

साम पञ्चविधं स्मृतम् ॥ वधश्चैव परिक्लेशो धनस्य हरणं तथा । इति दण्डविधानज्ञैर्दण्डोऽपि त्रिविधः स्मृतः ॥ स्नेहरागापनयनं संहर्षोत्पादनं तथा सन्तर्जनं च भेदज्ञैर्भेदस्तु त्रिविधः स्मृतः ॥ यः सम्प्रातो धनोत्सर्गः, उत्तमाधममध्यमः। प्रतिदानं तथा तस्य, गृहीतस्यानुमोदनम्॥ द्रव्यदानमपूर्वं च, स्वयंग्राहप्रवर्त्तनम् । देयस्य प्रतिमोक्षश्च, दानं पञ्चविधं स्मृतम् ॥ उत्तमं प्रणिपातेन, शूरं भेदेन योजयेत् । नीचमल्पप्रदानेन, समं तुल्यपराक्रमैः ॥

પરસ્પર ઉપકારોનું બતાવવું ૧, ગુણોનું કીર્તન કરવું ૨, સંબંધનું કથન કરવું ૩, આયત્યાઃ સંપ્રકાશનં અર્થાત્ આ પ્રમાણે કાર્ય કર્યે છતે આપણા બન્નેનું આ કાર્ય થશે એમ આશાજનક પ્રલાપ કરવો ૪, ॥૧॥ હે સાધુ! હું આપનો જ છું એમ કોમળ વાણી વડે જે અર્પણ કરવું ૫, એવી રીતે સામના પ્રયોગને જાણનાર પુરુષોએ તેને પાંચ પ્રકારે કહેલ છે ॥૨॥ ૧ વધ કરવો, ૨ સારી રીતે કષ્ટ આપવું તેમજ ૩ ધનનું હરણ કરવું એમ દંડના વિધાનને જાણનારાઓએ દંડ પણ ત્રણ પ્રકારે કહેલ છે ॥૩॥ ૧ સ્નેહરાગને દૂર કરવો, ૨ સ્પર્દ્ધા-હરીફાઈ ઉત્પન્ન કરવી અને ૩ સન્તર્જન-આ મારા મિત્રના વિગ્રહ-ઝગડાની રક્ષા મારાથી જ થશે ઈત્યાદિરૂપ ભેદજ્ઞ પુરુષોએ ત્રણ પ્રકારે ભેદ કહેલ છે ॥૪॥ પ્રદાનનું આ લક્ષણ છે – ૧ પ્રાપ્ત થયેલ ધનસંપત્તિનું ઉત્તમ, મધ્યમ અને અધમ જનોને દાન દેવું, ૨ ગ્રહણ કરેલનું અનુમોદન કરવું, ૩ અપૂર્વ દ્રવ્યનું દાન કરવું, ૪ બીજાઓને વિષે પોતે ગ્રહણ કરવા પ્રવર્ત્તવું અને ૫ ઋણમોક્ષ-કરજનું ચુકાવવું-આ પ્રમાણે પાંચ પ્રકારે દાન કહેલ છે ॥૫॥ ભેદ વડે અર્થાદિ યોનિનો પ્રયોગ આ પ્રમાણે જાણવો—પ્રણિપાત-નમસ્કાર વડે ઉત્તમ પુરુષને વશ કરવો, ભેદ વડે શૂર પુરુષને વશ કરવો, નીચ પુરુષને અલ્પદાન દેવા વડે વશ કરવો અને સમાન પુરુષને પરાક્રમ (દંડ) વડે વશ કરવો (૧૧). ॥૧૮૫॥

ઉપર જીવો ધર્મથી પ્રરૂપણ કર્યાં, હવે પુદ્ગલોનું તેવી જ રીતે પ્રરૂપણ કરતાં કહે છે—

**तिविहा पोग्गला पन्नत्ता, तंजहा—पओगपरिणता, मीसापरिणता, वीससापरिणता। तिपतिट्ठिया णरगा पन्नत्ता, तंजहा—पुढविपतिट्ठिता, आगासपतिट्ठिता, आयपइट्ठिआ। णेगम-संगह-ववहाराणं पुढविपइट्ठिया, उज्जुसुतस्स आगासपतिट्ठिया, तिण्हं सद्दणताणं आयपतिट्ठिया ॥ सू० १८६ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે પુદ્ગલો કહેલ છે, તે આ પ્રમાણે—૧ પ્રયોગપરિણત-જીવના વ્યાપાર વડે બનેલા વસ્ત્ર વગેરે પુદ્ગલો, ૨ મિશ્રપરિણત-પ્રયોગ અને સ્વભાવ બન્નેના મિશ્રથી પરિણામને પામેલા અને ૩ વિસ્રસાપરિણત-સ્વભાવથી જ પરિણામને પામેલ ઇંદ્રધનુષ્ય વગેરે. ત્રિપ્રતિષ્ઠિત—ત્રણને આધારે રહેલ નરકાવાસો છે, તે આ પ્રમાણે—૧ પૃથ્વીપ્રતિષ્ઠિત, ૨ આકાશ-પ્રતિષ્ઠિત અને ૩ આત્મપ્રતિષ્ઠિત. નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયના મતે પૃથ્વીપ્રતિષ્ઠિત છે, ઋજુસૂત્ર નયના મતે આકાશપ્રતિષ્ઠિત છે અને શબ્દ, સમભિરૂઢ તથા એવંભૂત એ ત્રણ નયના મતે આત્મપ્રતિષ્ઠિત છે. ॥૧૮૬॥*

(ટી૦) ૧ **प्रयोगपरिणताः**—જે જીવના વ્યાપાર વડે તેવા પ્રકારની પરિણતિને પામેલા તે પ્રયોગપરિણતો કહેવાય, જેમ વસ્ત્ર વગેરેને વિષે અથવા કર્મ વગેરેને વિષે, ૨ **'मीस'त्ति०** પ્રયોગ અને સ્વભાવ એ બન્નેથી પરિણત થયેલા તે, જેમ વસ્ત્રના પુદ્ગલો જ પ્રયોગપરિણામ વડે વસ્ત્રપણાએ અને વિસ્રસાપરિણામ વડે નહિં ભોગ કરવામાં પણ જૂનાપણાએ થાય છે તે મિશ્રપરિણત પુદ્ગલો, ૩ **विस्रसा**—જે સ્વભાવથી પરિણત થયેલા તે, વાદળા અને ઇંદ્રધનુષ્ય વગેરેની માફક. પુદ્ગલના પ્રસ્તાવથી વિસ્રસાપરિણત પુદ્ગલરૂપ નરકાવાસોના પ્રતિષ્ઠાન (આધાર)નું નિરૂપણ કરવા માટે કહે છે—**'तिपइट्ठिए' त्यादि०** સ્પષ્ટ છે. વિશેષ એ કે-નરકા-નરકાવાસો આત્મપ્રતિષ્ઠિત-સ્વરૂપથી પ્રતિષ્ઠિત છે. તેઓનું પ્રતિષ્ટાન સાત નયો દ્વારા કહે છે—**'णेगमे' त्यादि० नैकेन**-સામાન્ય અને વિશેષના ગ્રાહકપણાથી તેને અનેક જ્ઞાન વડે **मिनोति**—પરિચ્છેદ (બોધ) કરે છે તે નૈગમ, અથવા **निगमाः**—નિશ્ચિત અર્થવાળા બોધોમાં જે કુશલ અથવા તેમાં જે બોધ થાય તે નૈગમ, અથવા **नैको गमः**--જેનો એક ગમ (અર્થનો માર્ગ) નથી તે. પ્રાકૃતપણાથી નૈગમ ૧, ભેદોનો સંગ્રહ કરવો અથવા ભેદો પ્રત્યે જે સંગ્રહ છે તે,

અથવા જે વડે તે ભેદો સંગ્રહ કરાય છે તે સંગ્રહ–મહાસામાન્ય માત્ર (સત્તામાત્ર) સ્વીકારમાં તત્પર ૨, વ્યવહાર કરવો તે વ્યવહાર અથવા વ્યવહાર કરે છે તે અથવા જેના વડે વ્યવહાર કરાય છે તે વ્યવહાર અથવા વિશેષ વડે નિરાકરણ કરાય છે તે અથવા સામાન્ય એવા લોકવ્યવહારને વિષે તત્પર તે વ્યવહાર વિશેષમાત્ર સ્વીકાર કરવામાં તત્પર ૩, આ નયોના મત વડે જાણવું. **ऋजु**—વક્ર નહિં એટલે સરલ, સન્મુખ **श्रुतं**—શ્રુતજ્ઞાન છે જેનું તે ઋજૂશ્રુત, અથવા ઋજૂ—અતીત અને અનાગતરૂપ વક્રના ત્યાગથી ફક્ત વર્ત્તમાન વસ્તુને **सूत्रयति**—જણાવે છે તે ઋજુસૂત્ર પોતાની અને સાંપ્રત–વર્ત્તમાનને વસ્તુ માને છે, બીજી માનતો નથી અર્થાત્ ભૂતકાળ વિનષ્ટ છે અને ભવિષ્યકાળ અનુત્પન્ન છે માટે તે અવસ્તુ છે, આ પ્રમાણે સ્વીકાર કરવામાં તત્પર છે ૪, **शब्द्यते**—જેના વડે કથન કહેવાય છે તે શબ્દવાચક ધ્વનિ, **नयंति**—અનેક ધર્માત્મક વસ્તુ છતાં બીજા ધર્મોનો નિષેધ કરીને ચોક્કસપણે એક ધર્મ વડે જે પરિચ્છેદ કરે છે અર્થાત્ માને છે તે નયો, શબ્દની મુખ્યતાવાળા જે નયો તે શબ્દનયો, તે શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નામના ત્રણ નયો છે. તેમાં બોલાવવું તે શબ્દ, અથવા જે નામ પ્રત્યે બોલાવે છે તે શબ્દ અથવા જેના વડે વસ્તુ કરાય (બોલાવાય) છે તે શબ્દ. તે શબ્દ કથનના વિમર્શ–વિચારમાં તત્પર નય પણ શબ્દ જ છે. તે ભાવનિક્ષેપરૂપ વર્ત્તમાન (કાલીન) અભિન્ન લિંગવાચક અને બહુપર્યાય પ્રત્યે પણ સ્વીકારે છે ૫, વાચક વાચક પ્રત્યે એટલે સંજ્ઞા સંજ્ઞા પ્રત્યે વાચ્યભેદ–અર્થના ભેદને **समभिरोहयति**—આશ્રય કરે છે તે સમભિરૂઢ કહેવાય, તે નિશ્ચે ઉપર કહેલ વિશેષણયુક્ત વસ્તુને પણ શક્ર અને પુરંદર વગેરે વાચક (શબ્દ) ભેદ વડે, ઘટ અને પટના ભેદની માફક, ભેદને સ્વીકારે છે; જેવી રીતે શબ્દનો અર્થ **घटते**—ચેષ્ટા કરે છે ઇત્યાદિ લક્ષણ જાણવું ૬, **'एव' मिति॰** તેવા પ્રકારના સત્ય અર્થવાળો ઘટાદિ પણ અન્યથા નહિ એવી રીતે સ્વીકારવામાં જે તત્પર તે એવંભૂત નય છે. આ નય તો ભાવનિક્ષેપાદિ વિશેષણ સહિત વ્યુત્પત્તિ અર્થવાળા અર્થને જ જલાહરણાદિ ચેષ્ટાવાળા ઘટની માફક ઇષ્ટ માને છે (સ્ત્રીના મસ્તક ઉપર રહેલ, કંબૂગ્રીવાદિલક્ષણવિશિષ્ટ અને જલ લાવવારૂપ ચેષ્ટા વડે જે નિષ્પન્ન તેને જ ઘટ માને છે) ૭, તેમાં પહેલા ત્રણ નયોનું અશુદ્ધપણાથી અને પ્રાયઃ લોકવ્યવહારમાં તત્પર હોવાથી નરકાવાસોનું પૃથ્વીના આધારે રહેવાપણું છે એવો (તેઓનો) મત છે. ચોથા નયનું શુદ્ધપણાથી અને આકાશનું જતાં અથવા રહેતાં સર્વ ભાવો (પદાર્થો)નું એકાંતિક આધારપણું હોવાથી અને પૃથ્વીનું અનૈકાંતિકપણું હોવાથી આકાશપ્રતિષ્ઠિતપણું છે. શબ્દાદિ ત્રણ નયોનું વિશેષ શુદ્ધપણું હોવાથી અને સર્વ ભાવો (પદાર્થો)નું સ્વભાવલક્ષણ અધિકરણ (આધાર)ના અંતરંગપણાથી તેમજ અવ્યભિચારપણાથી (સમવાય સંબંધથી) આત્મપ્રતિષ્ઠિતપણું છે, કેમ કે પોતાના સ્વભાવને છોડીને બીજાના સ્વભાવમાં અધિકરણવાળા ભાવો (પદાર્થો) કદાપિ હોતા નથી, જે માટે કહ્યું છે કે—

**वत्थुं वसइ सहावे, सत्ताओ चेयणव्व जीवम्मि । न विलक्खणत्तणाओ, भिन्ने छायातवे चेव ॥१५३॥**

[विशेषा॰ २०४२ त्ति]

સર્વે વસ્તુ સત્પણાથી સ્વભાવમાં જ વસે છે (સલ્લક્ષણં દ્રવ્યમ્) અર્થાત્ જે સત્ છે તે સ્વભાવમાં વસે છે અને જે સત્ નથી તે સ્વભાવમાં વસતી નથી, જેમ જીવમાં ચૈતન્ય (ઉપયોગ) સત્ છે; બીજામાં વિલક્ષણપણાથી છાયા અને તડકાની જેમ અસત્ છે અર્થાત્ જ્યાં છાયા છે ત્યાં આતપ (તડકો) નથી અને જ્યાં આતપ છે ત્યાં છાયા નથી. (૧૫૩) ॥૧૮૬॥

નારકોને વિષે જંતુઓની ગતિ મિથ્યાત્વથી થાય છે માટે અથવા એકાંતિક નયો મિથ્યાદૃષ્ટિ છે માટે તેના સંબંધથી મિથ્યાત્વના સ્વરૂપને કહે છે—

**तिविधे मिच्छत्ते पन्नत्ते, तंजहा—अकिरिता, अविणते, अन्नाणे १। अकिरिया तिविधा पन्नत्ता, तंजहा—पओगकिरिया, समुदाणकिरिया, अन्नाणकिरिया २। पओगकिरिया तिविधा पन्नत्ता, तंजहा—मणपओगकिरिया, वइपओगकिरिया, कायपओगकिरिया ३। समुदाणकिरिया तिविधा पन्नत्ता, तंजहा—अणंतरसमुदाणकिरिया, परंपरसमुदाणकिरिया, तदुभयसमुदाणकिरिया ४। अन्नाणकिरिया तिविधा पन्नत्ता, तंजहा—मतिअन्नाणकिरिया, सुतअन्नाणकिरिया,**

**विभंगअन्नाणकिरिया ५। अविणते तिविहे पन्नत्ते, तंजहा—देसच्चाती, निरालंबणता, नाणापेज्जदोसे ६। अन्नाणे तिविधे पन्नत्ते, तंजहा—देसण्णाणे, सव्वण्णाणे, भावण्णाणे ७॥ सू० १८७ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે મિથ્યાત્વ કહેલ છે, તે આ પ્રમાણે—૧ ભલી ક્રિયા નહિં તે અક્રિયા, ૨ સારો વિનય નહિં તે અવિનય અને ૩ સમ્યગ્જ્ઞાન નહિં તે અજ્ઞાન (૧), અક્રિયા ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ પ્રયોગક્રિયા, ૨ સમુદાન (સમ્યક્ પ્રકારે કર્મનું ગ્રહણ) ક્રિયા અને ૩ અજ્ઞાનક્રિયા (૨), પ્રયોગક્રિયા ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ મનના વ્યાપારરૂપ ક્રિયા તે મનોપ્રયોગક્રિયા, ૨ વચનના વ્યાપારરૂપ ક્રિયા તે વચનપ્રયોગક્રિયા અને ૩ કાયાના વ્યાપારરૂપક્રિયા તે કાયપ્રયોગક્રિયા (૩), સમુદાનક્રિયા ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧અનંતરસમુદાનક્રિયા (પ્રથમ સમયની ક્રિયા), ૨ પરંપરસમુદાનક્રિયા (બીજા વગેરે સમયની ક્રિયા), ૩ તદુભયસમુદાનક્રિયા (પ્રથમ-અપ્રથમ સમયની ક્રિયા) (૪), અજ્ઞાનક્રિયા ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—૧ મતિઅજ્ઞાનથી થયેલ જે અનુષ્ઠાન તે મતિઅજ્ઞાનક્રિયા, એમ ૨ શ્રુતઅજ્ઞાનક્રિયા અને ૩ વિભંગઅજ્ઞાનક્રિયા જાણવી (૫), અવિનય ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧ દેશત્યાગી-સ્વામીને ગાળ વગેરેનો દેનાર, ૨ નિરાલંબનતા-ગચ્છ અથવા કુટુંબ વગેરેના આલંબનનું નિરપેક્ષપણું, ૩ નાના પ્રકારનો પ્રેમદ્વેષરૂપ અવિનય (૬), ત્રણ પ્રકારે અજ્ઞાન કહેલ છે, તે આ પ્રમાણે—૧ દેશઅજ્ઞાન-જે વિવક્ષિત દ્રવ્યના દેશને ન જાણે તે, ૨ સર્વઅજ્ઞાન-સર્વથી ન જાણે તે અને ૩ ભાવઅજ્ઞાન-વિવક્ષિત દ્રવ્યને પર્યાયથી ન જાણે તે (૭). ॥૧૮૭॥*

(ટી૦) **'तिविधे मिच्छत्ते'** इत्यादि० સાત સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે કે—મિથ્યાત્વ એટલે જે વિપરીત શ્રદ્ધાનરૂપ કહેવાય છે તે અહિં વિવક્ષેલ નથી કારણ કે પ્રયોગક્રિયાદિને અને કહેવાતા તેના ભેદોને અસંબંધ છે, તેથી અહિં મિથ્યાત્વક્રિયાદિનું અયથાર્થરૂપપણું મિથ્યાદર્શન અને અનાભોગાદિથી થયેલ વિપર્યાસ દુષ્ટપણું અર્થાત્ અશોભનપણું એવો ભાવ જાણવો. **'अकिरिय'**त्ति० અહિં ન શબ્દ દુઃશબ્દના અર્થમાં છે (નિષેધવાચક નથી), જેમ અશીલ એટલે દુઃશીલ કહેવાય છે, તેથી અક્રિયા એટલે મિથ્યાત્વાદિથી હણાયેલને મોક્ષસાધક અનુષ્ઠાન દુષ્ટક્રિયા છે. જેમ મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન પણ અજ્ઞાન છે તેમ જાણવું. એમ અવિનય સંબંધી પણ જાણવું. અજ્ઞાન એટલે અયથાર્થ જ્ઞાન (૧), અક્રિયા તે અશોભન ક્રિયા જ છે, આ કારણથી અક્રિયા ત્રણ પ્રકારે છે એમ કહીને પણ પ્રયોગ ઇત્યાદિ વડે ક્રિયા જ કહેલી છે. તેમાં વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમથી પ્રગટેલ વીર્ય દ્વારા આત્મા વડે **प्रयुज्यते**—જે વ્યાપાર કરાય છે તે પ્રયોગ, મન, વચન અને કાયાલક્ષણની ક્રિયા-કરવું અર્થાત્ વ્યાપ્ત થવું તે પ્રયોગક્રિયા, અથવા મન વગેરે પ્રયોગ વડે **क्रियते**—જે બંધાય છે તે પ્રયોગક્રિયા અર્થાત્ કર્મ, તે દુષ્ટપણાથી અક્રિયા અને અક્રિયા તે મિથ્યાત્વ છે એમ સર્વત્ર સંબંધ જોડવો. **'समुदाणं'** ति० પ્રયોગક્રિયા વડે એકરૂપપણાએ ગ્રહણ કરેલ કર્મવર્ગણાને समिति—સારી રીતે પ્રકૃતિ, બંધ વગેરે ભેદ વડે, દેશઘાતિ અને સર્વઘાતિરૂપપણાએ आदानं—સ્વીકારવું તે સમુદાન (આ પદ નિપાતનથી બનેલું છે), તે જે ક્રિયા-કર્મ તે સમુદાનક્રિયા, અજ્ઞાનથી ચેષ્ટા અથવા અજ્ઞાનથી કર્મ તે અજ્ઞાનક્રિયા (૨), પ્રયોગક્રિયા ત્રણ પ્રકારની કહેલ અર્થવાળી છે (૩), નથી અંતર જેણીને તે અનંતર, એવી જે સમુદાનક્રિયા અર્થાત્ પ્રથમ સમયમાં વર્ત્તનારી, બીજા વગેરે સમયમાં વર્ત્તનારી તે પરંપરસમુદાનક્રિયા અને પ્રથમ-અપ્રથમ સમયની અપેક્ષાએ તો તદુભયસમુદાનક્રિયા જાણવી (૪) **'मइअन्नाणकिरिय'**[1] त्ति०

**अविसेसिया मइच्चिय, सम्मद्दिट्ठिस्स सा मइन्नाणं । मइअन्नाणं मिच्छा-दिट्ठिस्स सुयं पि एमेव ॥१५४॥**

**[विशेषावश्यक० ११४ त्ति]**

વિશેષ નહિં કરાયેલ તે મતિ જ છે અને સમ્યગ્દૃષ્ટિને તે મતિજ્ઞાનરૂપ છે તથા મિથ્યાદૃષ્ટિને તે મતિઅજ્ઞાનરૂપ છે.

1. આ ગાથાની વ્યાખ્યા વિસ્તારથી અગાઉ કહેવાઈ ગયેલ છે.

મતિની માફક શ્રુત પણ એમ જ જાણવું. (૧૫૪)

મતિઅજ્ઞાનથી જેમ ક્રિયા-અનુષ્ઠાન કરવું તે મતિઅજ્ઞાનક્રિયા, એવી રીતે શ્રુત તથા વિભંગમાં પણ જાણવું. વિશેષ એ કે-વિભંગ-મિથ્યાદૃષ્ટિનું જે અવધિ તે જ વિભંગઅજ્ઞાનરૂપ છે (૫), અક્રિયા મિથ્યાત્વનું વિવેચન કર્યું, હવે અવિનય મિથ્યાત્વની વ્યાખ્યા કરતાં કહે છે કે 'अविणये' त्यादि० વિશિષ્ટ નય-આચાર તે વિનય અર્થાત્ પ્રતિપત્તિ-ભક્તિ વિશેષ, તેના પ્રતિષેધથી અવિનય, દેશસ્ય—જન્મ, ક્ષેત્ર વગરેનો ત્યાગ તે દેશત્યાગ, સ્વામીને ગાળ દેવી વગેરે જે અવિનયમાં છે તે દેશત્યાગી, निर्गतं आलंबनाद्—ગચ્છ, કુટુંબ વગેરે આશ્રયથી જે નીકળેલ છે તે નિરાલંબન, તેનો ભાવ તે નિરાલંબનતા અર્થાત્ આશ્રય કરવા યોગ્યનું નિરપેક્ષપણું (ઉપેક્ષા કરવી), આ તાત્પર્ય સમજવું અથવા પુષ્ટ આલંબનના અભાવ વડે ઉચિત પ્રતિપત્તિસ્વીકારનો નાશ છે. પ્રેમ અને દ્વેષ એટલે પ્રેમદ્વેષ, નાના પ્રકારવાળો જે પ્રેમદ્વેષ તે નાનાપ્રેમદ્વેષઅવિનય. અહિંયા ભાવના આ પ્રમાણે છે—આરાધ્ય (સેવા કરવા યોગ્ય) વિષયવાળો પ્રેમ અથવા આરાધ્યને સમ્મત વિષયવાળો પ્રેમ, આરાધ્યને અસમ્મત (અમાન્ય) વિષયવાળો દ્વેષ, એવી રીતે આ બે નિયત-નિશ્ચિત વિનય હોય. કહ્યું પણ છે કે—

**सरुषी नुतिः (नतिः) स्तुतिवचनं तदभिमते प्रेम तद्द्विषि द्वेषः । दानमुपकारकीर्त्तनममन्त्रमूलं वशीकरणम् ।।१५५।।**

ક્રોધમાં નમન, સ્તુતિવચન, તેના અભિમતમાં પ્રેમ, તેના દ્વેષમાં (અપ્રિયમાં) દ્વેષ, દાન અને ઉપકારનું કીર્ત્તન કરવું તે મંત્ર અને મૂલ-ઔષધ વિનાનું વશીકરણ છે.(૧૫૫)

એવી રીતે નાના પ્રકારવાળા તે બે-પ્રેમદ્વેષ એટલે આરાધ્ય અને આરાધ્યસમ્મતરૂપથી ઇતર-જુદા લક્ષણવિશેષ અપેક્ષા રહિતપણાએ અનિયત વિષયથી અવિનય છે (૬), હવે અજ્ઞાન મિથ્યાત્વને કહે છે—'अन्नाणे' त्यादि० જ્ઞાન એટલે દ્રવ્ય અને પર્યાયના વિષયવાળો બોધ, તેના નિષેધરૂપ અજ્ઞાન છે. તેમાં વિવક્ષિત દ્રવ્ય દેશથી જ્યારે નથી જાણતો ત્યારે દેશઅજ્ઞાન છે, (સૂત્રમાં અકારનો પ્રશ્લેષ હોવાથી દેશજ્ઞાણે પ્રયોગ છે) જ્યારે સર્વથી નથી જાણતો ત્યારે સર્વઅજ્ઞાન છે, જ્યારે વિવક્ષિત દ્રવ્ય પર્યાયથી નથી જાણતો ત્યારે ભાવઅજ્ઞાન છે અથવા દેશાદિ જ્ઞાન પણ મિથ્યાત્વવિશિષ્ટ અજ્ઞાન જ છે. સૂત્રમાં અકારના પ્રશ્લેષ સિવાય બીજો દોષ નથી (૭). ।।૧૮૭।।

મિથ્યાત્વ કહ્યું તે અધર્મ છે માટે હવે તેના વિપર્યયરૂપ ધર્મને કહે છે—

**तिविहे धम्मे पन्नत्ते, तंजहा—सुयधम्मे, चरित्तधम्मे, अत्थिकायधम्मे। तिविधे उवक्कमे पन्नत्ते, तंजहा—धम्मिते उवक्कमे, अधम्मिते उवक्कमे, धम्मिताधम्मिते उवक्कमे १। अहवा तिविधे उवक्कमे पन्नत्ते, तंजहा—आओवक्कमे, परोवक्कमे, तदुभयोवक्कमे २। एवं वेयावच्चे ३, अणुग्गहे ४, अणुसट्ठी ५, उवालंभे ६, एवमेक्केके तिन्नि २ आलावगा जहेव उवक्कमे ।। सू० १८८ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે ધર્મ કહેલ છે, તે આ પ્રમાણે—૧ શ્રુતધર્મ, ૨ ચારિત્રધર્મ અને ૩ અસ્તિકાયધર્મ. ત્રણ પ્રકારે ઉપક્રમ (ઉપાયપૂર્વક આરંભ) કહેલ છે તે આ પ્રમાણે—૧ ધાર્મિકઉપક્રમ, ૨ અધાર્મિક ઉપક્રમ અને ૩ ધાર્મિકાધાર્મિક ઉપક્રમ (૧), અથવા ત્રણ પ્રકારે ઉપક્રમ કહેલ છે, તે આ પ્રમાણે—૧* ***આત્મોપક્રમ-શીલરક્ષાદિને અર્થે મરણ વગેરે કરવું*** *તે, ૨ પરોપક્રમ-બીજાનો અથવા બીજાને માટે જે ઉપક્રમ તે, ૩ તદુભયોપક્રમ-પોતાને તથા પરને માટે ઉપક્રમ તે (૨), એમ વૈયાવૃત્ય ત્રણ પ્રકારે છે, તેમાં ૧ આત્મવૈયાવૃત્ય-તે ગચ્છથી નીકળેલ મુનિને હોય, ૨ પરવૈયાવૃત્ય-ગ્લાનાદિની સેવા કરનારને હોય અને ૩ તદુભયવૈયાવૃત્ય ગચ્છવાસી મુનિને હોય (૩), એમ અનુગ્રહ (જ્ઞાનાદિનો ઉપકાર) ત્રણ પ્રકારે છે (૪), અનુશિષ્ટિ-હિતશિક્ષા પણ ત્રણ પ્રકારે છે (૫), ઉપાલંભ-ઠપકો પણ આત્મ, પર અને તદુભય ભેદથી ત્રણ પ્રકારે છે (૬), એવી રીતે વૈયાવૃત્યાદિ દરેક સૂત્રને વિષે ત્રણ ત્રણ આલાપકો જેમ ઉપક્રમમાં કહ્યા તેમ કહેવા. ।।૧૮૮।।*

*(ટી૦) 'तिविहे धम्मे' इत्यादि० શ્રુત એ જ ધર્મ તે શ્રુતધર્મ-સ્વાધ્યાયરૂપ, એમ ચારિત્રધર્મ ક્ષાંતિ-ક્ષમા વગેરે શ્રમણ* (યતિ)નો (દશ પ્રકારનો) ધર્મ. આ બે પ્રકારના પણ દ્રવ્ય અને ભાવ ભેદરૂપ ધર્મમાં ભાવધર્મ કહેલ છે જેથી કહે છે કે—

**दुविहो उ भावधम्मो, सुय धम्मो खलु चरित्त धम्मो य । सुयधम्मो सज्झाओ, चरित्तधम्मो समणधम्मो ।।१५६।।**

**[दशवै०नि० ४३ त्ति]**

બે પ્રકારનો ભાવધર્મ છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. શ્રુતધર્મ તે સ્વાધ્યાય, ચારિત્રધર્મ તે સાધુનો ધર્મ. (૧૫૬)

અસ્તિ શબ્દ વડે પ્રદેશો કહેવાય છે, તેઓનો કાય-રાશિ અસ્તિકાય, તે એવી સંજ્ઞા વડે જે ધર્મ તે અસ્તિકાયધર્મ-ગતિઉપષ્ટંભલક્ષણ અર્થાત્ ગતિને આધારરૂપ તે ધર્માસ્તિકાય જાણવો. આ દ્રવ્ય ધર્મ છે. અનંતર-શ્રુતધર્મ અને ચારિત્રધર્મ એ બે કહ્યા. હવે તેના વિશેષોને કહે છે—**'तिविहे उवक्कमे'** इत्यादि० આઠ સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે કે—**उपक्रमणमुपक्रमः**--ઉપાયપૂર્વક આરંભ, **धम्मे**—શ્રુત અને ચારિત્રાત્મક ધર્મમાં થનાર આરંભ અથવા તે જ પ્રયોજન છે આનો (શ્રુત-ચારિત્રનો) તે ધાર્મિક અર્થાત્ શ્રુત અને ચારિત્રને અર્થે આરંભ તે ધાર્મિક તથા જે ધાર્મિક નહિં તે અધાર્મિક-અસંયમને અર્થે આરંભ તથા દેશથી આ ધાર્મિક-સંયમરૂપ હોવાથી તેમજ અસંયમરૂપ હોવાથી અધાર્મિક તે ધાર્મિકાધાર્મિક દેશવિરતિઆરંભ-એવો અર્થ છે. અથવા નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના ભેદથી છ પ્રકારે ઉપક્રમ છે. તેમાં નામ અને સ્થાપના એ બંને ઉપક્રમ સુગમ છે. દ્રવ્યોપક્રમ તો જ્ઞશરીર[1], ભવ્યશરીરવ્યતિરિક્ત સચિત્ત તેમજ અચિત્ત અને મિશ્ર ભેદથી ત્રણ પ્રકારે છે. તેમાં સચિત્ત દ્રવ્યોપક્રમ દ્વિપદ, ચતુષ્પદ અને અપદ (વૃક્ષાદિ) ભેદથી ત્રણ પ્રકારે છે. વળી તે દરેક પરિકર્મમાં અને વસ્તુના વિનાશમાં એમ બે ભેદવાળો છે. તેમાં પરિકર્મ્મમાં-દ્રવ્યમાં ગુણ રહેતે છતે તેના ગુણવિશેષને કરવું તે, જેમકે-ઘૃતાદિના ઉપયોગ વડે પુરુષને વર્ણરૂપ વગેરેનું કરવું, એવી રીતે પોપટ અને સારિકા (મેના)દિને ભણાવવારૂપ ગુણવિશેષનું કરવું તથા હાથી વગેરે ચતુષ્પદોને અને વૃક્ષાદિ અપદોને વૃક્ષ અને આયુર્વેદ [વૈદકશાસ્ત્ર]ના ઉપદેશથી વૃદ્ધિ વગેરે ગુણોનું ઉત્પન્ન કરવું તથા વસ્તુના વિનાશમાં-પુરુષ વગેરેનો ખડ્ગ (તલવાર) વગેરે વડે વિનાશ કરવો તે જ ઉપક્રમ. એવી રીતે અચિત્તદ્રવ્યોપક્રમ-પદ્મરાગાદિ મણિઓને ક્ષાર અને મૃતિકાના પુટપાકાદિ વડે નિર્મળ કરવાં તે પરિકર્મ અને ઘણ વગેરેથી વિનાશ કરવો તે વિનાશ. મિશ્રદ્રવ્યોપક્રમ તો કડા વગેરેથી વિભૂષિત પુરુષાદિ દ્રવ્યનો જ જાણવો. તથા **क्षेत्रस्य**—શાલિક્ષેત્ર વગેરેનો પરિકર્મ્મ અથવા વિનાશરૂપ ક્ષેત્રોપક્રમ છે. તથા કાળનો-ચંદ્રગ્રહણાદિ લક્ષણરૂપ કાળનો ઉપક્રમ અર્થાત્ ઉપાય વડે જાણવું તે કાળઉપક્રમ. તથા **भावस्य**—પ્રશસ્ત અને અપ્રશસ્તરૂપ ભાવને ઉપાયથી જાણવારૂપ જ ભાવ ઉપક્રમ છે તે ભાવોપક્રમ, અપ્રશસ્ત તો [2]ડોડિની (બ્રાહ્મણી), ગણિકા અને અમાત્ય (પ્રધાન)ના દૃષ્ટાંતથી જાણવું. પ્રશસ્ત તો શ્રુત વગેરેના નિમિત્તે આચાર્યાદિનો અભિપ્રાય જાણવો તે પ્રશસ્તભાવોપક્રમ, એવી રીતે ધાર્મિકનો એટલે સંયતનો જે ચારિત્રાદિને માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો ઉપક્રમ કહેલ સ્વરૂપવાળો તે ધાર્મિક જ ઉપક્રમ છે. તથા અધાર્મિકનો-અસંયતનો અસંયમને માટે જે ઉપક્રમ તે અધાર્મિક જ છે. તથા ધાર્મિકાધાર્મિકનો-દેશવિરતિનો જે ઉપક્રમ તે ધાર્મિકાધાર્મિક છે (૧), હવે બીજા સ્વામીના ભેદ વડે ઉપક્રમ ત્રણ પ્રકારે કહે છે—આત્માને અનુકૂલ ઉપસર્ગાદિમાં શીલની રક્ષા નિમિત્તે ઉપક્રમ-વૈહાનસ વગેરે વડે વિનાશ કરવો અથવા પરિકર્મ્મ કરવો અથવા આત્માને અર્થે બીજી વસ્તુનો જે ઉપક્રમ તે આત્મોપક્રમ. તથા બીજાનો અથવા બીજાને માટે ઉપક્રમ કરવો તે પરોપક્રમ. તદુભય-આત્માને અને પર(બીજા)ને અથવા તદુભયને માટે જે ઉપક્રમ તે તદુભયોપક્રમ (૨), **'एव'** मिति० ઉપક્રમ સૂત્રની માફક આત્મા, પર અને ઉભય ભેદ વડે વૈયાવૃત્ય વગેરે કહેવા. **व्यावृतस्य**-વિશેષ રૂપથી રહેવાનો ભાવ અથવા જે કર્મ તે વૈયાવૃત્ય-ભોજન વગેરે વડે ઉપષ્ટંભ-મદદ. તેમાં પોતાની વૈયાવૃત્ય ગચ્છથી નીકળેલને જ હોય છે, બીજાની વૈયાવૃત્ય ગ્લાનાદિ પ્રત્યે જાગૃત રહેનારને હોય છે અને તદુભય વૈયાવૃત્ય ગચ્છવાસી મુનિઓને હોય છે (૩), અનુગ્રહ-જ્ઞાનાદિનો ઉપકાર, તેમાં આત્માનો અનુગ્રહ-અધ્યયન

1. જ્ઞશરીર તે ઉપક્રમસ્વરૂપના જ્ઞાતાનો મૃતદેહ અને ભવ્યશરીર તે જે ભવિષ્યમાં ઉપક્રમના સ્વરૂપનો જ્ઞાતા થશે તેનો સજીવન દેહ.
2. આ ત્રણ દૃષ્ટાંતો વિશેષાવશ્યક ગાથા ૯૨૮ની ટીકામાં છે.

(ભણવું) વગેરેમાં પ્રવર્ત્તલને હોય છે, વાચના વગેરેમાં પ્રવર્ત્તલને પરનો અનુગ્રહ હોય છે તથા તદુભયઅનુગ્રહ શાસ્ત્રનું વ્યાખ્યાન અને શિષ્યના સંગ્રહ વગેરેમાં પ્રવૃત્તને હોય છે (૪), **अनुशिष्टिः**—અનુશાસન (હિતશિક્ષા), તેમાં આત્માનું અનુશાસન આ પ્રમાણે જાણવું—

**बायालीसेसणसंकडंमि गहणंमि जीव! न हु छलिओ । इण्हिं जह न छलिज्जसि, भुंजंतो रागदोसेहिं ।।१५७।।**

**[ओघ नि० ५४५; पञ्च वस्तु० ३५४ ति]**

એષણા સંબંધી બેંતાલીશ દોષરૂપ વિષમ સંકટમાં હે જીવ! તું ચલિત થયો નહિં તો હમણાં તું ભોજન કરતાં થકાં રાગ તથા દ્વેષથી જેમ છલાય નહિં તેમ કરવા યોગ્ય છે. (૧૫૭)

બીજાને અનુશાસન આ પ્રમાણે—

**ता तंसि भाववेज्जो, भवदुक्खनिपीडिया तुहं एते । हंदि सरणं पवन्ना, मोएयव्वा पयत्तेणं ।।१५८।। [पञ्चव० १३५१ ति]**

તેથી તું તેઓનો ભાવ વૈદ્ય છે, સંસારરૂપી દુઃખથી પીડિત થયેલા આ બધા તારે શરણે આવેલા છે માટે પ્રયત્ન વડે (દીક્ષાદિ આપીને) એઓને તમારે દુઃખથી મૂકાવવા જોઈએ. (૧૫૮)

તદુભય અનુશાસન આવી રીતે—

**कहकहऽवि माणुसत्ताइ, पावियं चरण पवररयणं च । ता भो एत्थ पमाओ, कइया वि न जुज्जए अम्हं ।।१५९।।**

કેવી રીતે અર્થાત્ મુશ્કેલીથી મનુષ્યપણું વગેરે પ્રાપ્ત થયું, તથા કોઈ પણ રીતે અર્થાત્ અત્યંત મુશ્કેલીથી પ્રવર ચારિત્રરૂપી રત્ન પ્રાપ્ત થયું તે કારણથી હે સાધુઓ! આપણને અહિં ચારિત્રમાં કદાપિ લેશમાત્ર પ્રમાદ ન કરવો જોઈએ (૫). (૧૫૯)

ઉપાલંભ એ જ [હિતશિક્ષા] અયોગ્યપણાની પ્રવૃત્તિના પ્રતિપાદન ગર્ભિત છે, તે આત્માને આ પ્રમાણે—

**चोल्लगदिट्ठंतेणं, दुलहं लहिऊण माणुसं जम्मं । जं न कुणसि जिणधम्मं, अप्पा किं वेरिओ तुज्झ? ।।१६०।।**

ભોજન વગેરે દશ દૃષ્ટાંતો વડે દુર્લભ એવો મનુષ્ય જન્મ મેળવીને જો તું જિનધર્મ પાળતો નથી તો શું હે આત્મન્! તું જ તારો વૈરી છે? (૧૬૦)

બીજાને ઉપાલંભ આ પ્રમાણે—

**उत्तमकुलसंभूओ, उत्तमगुरुदिक्खिओ तुमं वच्छ! । उत्तमनाणगुणड्ढो, कह सहसा ववसिओ एवं? ।।१६१।।**

હે વત્સ! તું ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલ, ઉત્તમ ગુરુ વડે દીક્ષિત થયેલ અને ઉત્તમ જ્ઞાનરૂપી ગુણ વડે આઢ્ય (સંપન્ન) છતાં આમ કેમ સહસા (વગર વિચાર્યે) વ્યવસિત છે–પ્રવર્ત્તે છે? (૧૬૧)

તદુભયઉપાલંભ આ પ્રમાણે જાણવો—

**एगस्स कए नियजीवियस्स बहुयाओ जीवकोडीओ । दुक्खे ठवंति जे के वि ताणं किं सासयं जीयं? ।।१६२।।**

જે કોઈપણ પ્રાણીઓ એક પોતાના જીવને વાસ્તે ઘણા જીવોની કોટીને દુઃખમાં સ્થાપે છે તેઓનું જીવન શું શાશ્વત છે? (૧૬૨)

**'एवम्' इत्यादि०** એ પ્રકાર વડે પૂર્વોક્ત અતિદેશની વ્યાખ્યા કરી. એ પ્રમાણે અહિં અક્ષરઘટના, જેવી રીતે ઉપક્રમમાં આત્મ, પર અને તદુભય વડે ત્રણ આલાપકો કહ્યા એવી રીતે, દરેક વૈયાવૃત્યાદિ સૂત્રમાં પણ તે ત્રણ ત્રણ આલાપકો કહેવા. ||૧૮૮||

હવે શ્રુતધર્મના ભેદો કહે છે—

**तिविहा कहा पन्नत्ता, तंजहा—अत्थकहा, धम्मकहा, कामकहा ७। तिविहे विणिच्छते पन्नत्ते, तंजहा—अत्थविणिच्छते, धम्मविणिच्छते, कामविणिच्छते ८ ।। सू० १८९ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે કથા કહેલી છે, તે આ પ્રમાણે—૧ લક્ષ્મીના ઉપાય કહેવાની કથા તે અર્થકથા, ૨ ધર્મના ઉપાયની કથા*

*તે ધર્મકથા, અને ૩ કામના ઉપાયની કથા તે કામકથા (૭), ત્રણ પ્રકારે વિનિશ્ચય—સ્વરૂપનું જાણવું કહેલ છે, તે આ પ્રમાણે—૧ અર્થવિનિશ્ચય-દ્રવ્યનું સ્વરૂપ જાણવું, ૨ કામવિનિશ્ચય-કામનું સ્વરૂપ જાણવું અને ૩ ધર્મવિનિશ્ચય-ધર્મનું સ્વરૂપ જાણવું (૮). ॥૧૮૯॥*

(ટી૦) અર્થસ્ય—૧ લક્ષ્મીની કથા-ઉપાયને પ્રતિપાદનમાં તત્પર જે વાક્યનો પ્રબંધ તે અર્થકથા. કહ્યું છે કે—

**सामादि धातुवादादि कृष्यादि प्रतिपादिका । अर्थोपादानपरमा कथाऽर्थस्य प्रकीर्त्तिता ।।१६३।।**

સામ વગેરે નીતિ, ધાતુવાદાદિ રસસિદ્ધિ, કૃષ્યાદિ-ખેતી વગેરેને પ્રતિપાદન કરનારી, અને અર્થને ઉત્પન્ન કરવામાં ઉત્કૃષ્ટ એવી અર્થની કથા કહેલી છે. (૧૬૩)

તથા અર્થ નામનો પુરુષાર્થ શ્રેષ્ઠ જણાય છે કારણ કે—

**अर्थाख्यः पुरुषार्थोऽयं प्रधानः प्रतिभासते । तृणादपि लघुं लोके धिगर्थरहितं नरम् ।।१६४।।**

લોકમાં દ્રવ્ય રહિત તૃણ-ઘાસથી પણ લઘુ (હલકા) કહેવાય છે માટે ધન રહિત પુરુષને ધિક્કાર છે! (૧૬૪)

कामन्दकादि—શાસ્ત્રરૂપ આ અર્થકથા છે. ૨ એમ ધર્મના ઉપાયની કથા છે. કહ્યું છે કે—

**दयादानक्षमाद्येषु धर्माङ्गेषु प्रतिष्ठिता । धर्मोपादेयतागर्भा बुधैर्धर्म्मकथोच्यते ।।१६५।।** તથા

**धर्माख्यः पुरुषार्थोऽयं प्रधान इति गीयते । पापसक्तं पशोस्तुल्यं धिग्धर्मरहितं नरम् ।।१६६।।**

દયા, દાન, ક્ષમાદિ ધર્મના અંગને વિષે રહેલી અને ધર્મના સ્વીકારપણારૂપ એવી ધર્મકથા પંડિતોએ કહેલી છે તથા ધર્મ નામનો આ પુરુષાર્થ પ્રધાન છે એમ વર્ણવાય છે અને પાપમાં આસક્ત પુરુષ પશુ તુલ્ય છે માટે ધર્મ રહિત નરને ધિક્કાર છે! (૧૬૫-૧૬૬)

આ ધર્મકથા ઉત્તરાધ્યયનાદિ રૂપવાળી જાણવી. ૩ એવી રીતે કામકથા પણ જાણવી. કહે છે—

**कामोपादनगर्भा च वयोदाक्षिण्यसूचिका । अनुरागेङ्गिताद्युत्था कथा कामस्य वर्णिता ।।१६७।।** તથા

**स्मितं न लक्षेण वचो न कोटिभिर्न कोटिलक्षैः सविलाससमीक्षितम् ।**
**अवाप्यतेऽन्यैर्हृदयोपगुहनं न कोटिकोट्यापि तदस्ति कामिनाम् ।।१६८।।**

કામને ઉત્પન્ન કરવાવાળી વય, દાક્ષિણ્ય-ચતુરાઈની સૂચવનારી અને અનુરાગ-સ્નેહપૂર્વક ઇંગિતાદિ-ચક્ષુ વગેરેની ચેષ્ટાથી થયેલી કામની કથા કહેલી છે, તથા કામીઓનું જે સ્મિત-થોડું હાસ્ય છે તે બીજાઓ વડે લક્ષ દ્રવ્ય દ્વારા પણ પ્રાપ્ત કરાતું નથી, તેમ જ વચન તે કોટિ દ્રવ્ય વડે, વિલાસ સહિત જોવું તે લક્ષકોટિ દ્રવ્ય વડે અને હૃદયનો જે ગુપ્તભાવ છે તે કોટિકોટિ દ્રવ્ય વડે પણ બીજાઓ વડે પ્રાપ્ત કરાતો નથી. (૧૬૭-૧૬૮)

આ વાત્સ્યાયનાદિરૂપી કામકથા જાણવી, અથવા પ્રકીર્ણ-તે કામના અર્થવાળી વચનની પદ્ધતિ, અથવા કથાચરિત્ર વર્ણનરૂપ જાણવી (૭). અર્થાદિ વિનિશ્ચયો, અર્થ વગેરેના સ્વરૂપને સારી રીતે જાણવારૂપ છે, તે આ પ્રમાણે—

**अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । नाशे दुःखं व्यये दुःखम्, धिगर्थं दुःखकारणम् ।।१६९।।** તથા

**धनदो धनार्थिनां धर्मः कामदः सर्वकामिनाम् । धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ।।१७०।। [धर्मबिन्दु, १/२]** તથા

**[1]शल्यं कामा विषं कामाः कामा आशीविषोपमाः । कामानभिलषन्तोऽपि निष्कामा यान्ति दुर्गतिम् ।।१७१।।**

૧ પૈસાઓને પેદા કરવામાં પણ દુઃખ છે, પેદા કરેલ ધનને રક્ષણ કરવામાં પણ દુઃખ છે તેમ ધનના લાભમાં પણ દુઃખ અને વ્યય (નાશ)માં પણ દુઃખ છે માટે દુઃખના કારણભૂત અર્થને ધિક્કાર છે! ૨ તથા ધર્મ ધનના અર્થીઓને ધન આપે છે, સર્વકામીઓને કામ આપે છે અને ધર્મ જ પરંપરાએ મોક્ષનું સાધક છે. ૩ કામો શલ્યરૂપ છે, કામો વિષરૂપ છે, કામો આશીવિષ (જેની દાઢમાં ઝેર છે એવા ઝેરી સર્પો)ની ઉપમાવાળા છે. કામોની ઇચ્છા કરતા થકા જીવો કામોને પ્રાપ્ત નહીં કરીને પણ દુર્ગતિમાં જાય છે, ઇત્યાદિ સ્વરૂપ જાણવું (૧૬૯-૧૭૦-૧૭૧) (૮). ॥૧૮૯॥

1. सल्लं कामा विसं कामा कामा आसीविसोपमा । कामे य पत्थेमाणा अकामा जंति दोग्गइं ।। [उत्तरा० ९/५३]

અનંતર અર્થાદિનો વિનિશ્ચય કહ્યો માટે ત્રણ સ્થાનકમાં અવતરનારી તેના કારણ અને ફલની પરંપરાને પણ પ્રસંગથી શ્રી ગૌતમસ્વામીના પ્રશ્ન અને પરમાત્મા શ્રી મહાવીરદેવના ઉત્તર દ્વારા નિરૂપણ કરવાપૂર્વક કહે છે—

**तहारूवं णं भंते! समणं वा माहणं वा पज्जुवासमाणस्स किंफला पज्जुवासणता?, सवणफला, से णं भंते! सवणे किं फले? णाणफले, से णं भंते णाणे किंफले? विण्णाणफले, एवमेतेणं अभिलावेणं इमा गाधा अणुगंतव्वा—**

**सवणे णाणे य विन्नाणे, पच्चक्खाणे य संजमे। अणण्हते तवे चेव, वोदाणे अकिरिय निव्वाणे ॥१॥**

**जाव सा [से] णं भंते! अकिरिया किंफला?, निव्वाणफला, से णं भंते! निव्वाणे किंफले? सिद्धिगइगमण-पज्जवसाणफले पन्नत्ते समणाउसो! ॥ सू० १९० ॥**

**॥ तीअठाणस्स तीओ उद्देसओ सम्मत्तो ॥**

(મૂ૦) *હે ભગવન્! તથારૂપ શ્રમણ માહન પ્રત્યે સેવા કરનારને તે પર્યુપાસના (સેવા)નું શું ફળ છે? શ્રવણ-સિદ્ધાંત સાંભળવારૂપ ફલ છે. હે ભગવન્! તે શ્રવણનું શું ફલ છે? શ્રુતજ્ઞાનરૂપ ફલ છે. હે ભગવન્! તે જ્ઞાનનું શું ફલ છે? હેય અને ઉપાદેયપણાના નિશ્ચયરૂપ વિજ્ઞાનફલ છે. એમ આ અભિલાપ વડે આ જણાવતી ગાથા અનુસરવા યોગ્ય છે. શ્રવણનું ફલ જ્ઞાન છે, જ્ઞાનનું ફલ વિજ્ઞાન છે, વિજ્ઞાનનું ફલ પચ્ચકખાણ છે, પચ્ચકખાણનું ફલ સંયમ છે, સંયમનું ફલ અનાશ્રવ (સંવર) છે, અનાશ્રવનું ફલ તપ છે, તપનું ફલ વ્યવદાન (કર્મનું શોધન) છે, વ્યવદાનનું ફલ અક્રિયા છે અને અક્રિયાનું ફલ નિર્વાણ (કર્મથી મુક્તપણું) છે ॥૧॥ યાવત્ હે ભગવન્! અક્રિયાનું શું ફલ છે? નિર્વાણ ફલ છે. હે ભગવન્! તે નિર્વાણનું શું ફલ છે? હે શ્રમણાયુષ્મન્! સિદ્ધિગતિગમન પર્યંત ફલ છે. ॥૧૯૦॥*

(ટી૦) **'तहारूवे'** त्यादि० પાઠ સુગમ છે. વિશેષ એ કે—પર્યુપાસના એટલે સેવા, શ્રવણરૂપ ફલ છે જેણીનું તે શ્રવણફલા. સાધુઓ જ ધર્મકથાદિક સ્વાધ્યાયને કરે છે માટે તેનું શ્રવણ સાધુઓની સેવામાં હોય છે. **ज्ञानं**—શ્રુતજ્ઞાન. **विज्ञानम्**—અર્થ વગેરેના હેય અને ઉપાદેયપણાને વિનિશ્ચય તે વિજ્ઞાન કહેવાય છે. **'एव'**मिति० પૂર્વે કહેલ અભિલાપ વડે **'से णं भंते! विन्नाणे किंफले? पच्चक्खाणफले'** ઇત્યાદિથી આ ગાથા અનુસરવી એટલે કે આ ગાથામાં કહેલ પદો કહેવા. **'सवणे'** ઇત્યાદિ૦ જણાવેલ અર્થવાળા છે. વિશેષ કહે છે કે—**प्रत्याख्यानं**—નિવૃત્તિ (ત્યાગ) દ્વારા પ્રતિજ્ઞાનું કરવું. **संयम**—પ્રાણાતિપાત વગેરે ન કરવું. કહ્યું છે કે—

**पञ्चाश्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः। दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥१७२॥ [प्रशम० १७२ इति]**

પાંચ આશ્રવથી વિરમવું, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયોનો જય કરવો તથા ત્રણ દંડની વિરતિ કરવી—આ સત્તર પ્રકારે સંયમ છે.(૧૭૨)

**अनाश्रवः**—નવીન કર્મનું ગ્રહણ ન કરવું. અનાશ્રવથી લઘુકર્મપણાએ અનશનાદિ ભેદવાળો તપ થાય છે. **व्यवदानं**—પૂર્વે કહેલ કર્મરૂપ વનનું છેદવું. (**'दाप् लवने'** इति (ધાતુ) વચનાત્ અથવા કર્મરૂપી કચરાનું શોધવું તે **'दैप् शोधने'** इति (ધાતુ) વચનાત્) **अक्रिया**—યોગનો નિરોધ, **निर्वाणं**—કર્મ વડે કરાયેલ વિકારથી રહિતપણું, **सिध्यन्ति**—કૃતાર્થ થાય છે જેમાં તે સિદ્ધિ—લોકાગ્ર, તે જ પ્રાપ્યમાન હોવાથી ગતિ, તેમાં ગમન (જવું) તે જ પર્યવસાનફલ (સર્વથી અંતિમ ફલ) નિર્વાણ-સિદ્ધિગતિગમનપર્યવસાનફલ, **प्रज्ञप्तम्**—મેં અને બીજા કેવલીઓએ કહ્યું છે. હે શ્રમણ આયુષ્મન્! આ પ્રમાણે ગૌતમાદિક શિષ્યને આમંત્રણ કરતા થકા ભગવાને કહ્યું હતું. ॥૧૯૦॥

***॥ ત્રીજા સ્થાનકના તૃતીય ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

## अथ तृतीयस्थानकाध्ययने चतुर्थः उद्देशः

ત્રીજા ઉદ્દેશકની વ્યાખ્યા કરી, હવે ચતુર્થ ઉદ્દેશકનો આરંભ કરે છે. આ ઉદ્દેશાનો સંબંધ આ પ્રમાણે જાણવો-પૂર્વના ઉદ્દેશકમાં પુદ્ગલ અને જીવના ધર્મો ત્રણ પ્રકારે કહ્યા, અહીં પણ તે જ (ધર્મો) તેવી રીતે જ કહેવાય છે. આવી રીતના સંબંધ વડે આવેલ આ ઉદ્દેશકના આદિસૂત્રષટ્ક (છ) 'पडिमे' त्यादि० છે, તેનો પૂર્વ સૂત્રની સાથે આ પ્રમાણે સંબંધ છે-પૂર્વ સૂત્રમાં શ્રમણ માહનની પર્યુપાસનાના ફળની પરંપરા કહી, અહિં તો તે શ્રમણવિશેષના કલ્પ (આચાર)નો વિધિ કહેવાય છે. આ પ્રમાણે સંબંધવાળા આ સૂત્રની વ્યાખ્યા નીચે પ્રમાણે—

**पडिमापडिवन्नस्स णं अणगारस्स कप्पंति तओ उवस्सया पडिलेहित्तए, तंजहा—अहे आगमणगिहंसि वा, अहे वियडगिहंसि वा, अहे रुक्खमूलगिहंसि वा। एवमणुन्नवित्तते, उवातिणित्तते।**

**पडिमापडिवन्नस्स णं अणगारस्स कप्पंति तओ संथारगा पडिलेहित्तते, तं जहा—पुढविसिला, कट्ठसिला, अहासंथडमेव। एवं अणुण्णवित्तए उवाइणित्तए ॥ सू० १९१ ॥**

*(મૂ૦) ભિક્ષુપ્રતિમાને ગ્રહણ કરનાર અણગારને કલ્પે—ત્રણ ઉપાશ્રય પડિલેહવાને માટે (જોવાને માટે). તે આ પ્રમાણે—૧ આગમનગૃહ-જ્યાં પથિક (મુસાફર) વગેરેનું આવવું થાય તેવું ઘર, સભા અને દેવલ વગેરે, ૨ વિવૃત્ત—નહિં ઢાંકેલું ખુલ્લું ગૃહ અને ૩ વૃક્ષના મૂલરૂપ ગૃહ તે વૃક્ષગૃહ, એવી રીતે અનુજ્ઞા-આજ્ઞા લેવાને માટે અને ગ્રહણ-પ્રવેશ કરવાને માટે કલ્પે. પ્રતિમાને ગ્રહણ કરનાર અણગારને ત્રણ સંથારા પડિલેહવાને માટે કલ્પે, તે આ—૧ પૃથ્વીશિલા, ૨ કાષ્ઠશિલા અને ૩ યથાસંસ્તૃત-તૃણાદિક સંથારો. એવી રીતે આજ્ઞા લેવાને માટે અને ગ્રહણ કરવાને માટે કલ્પે. ॥૧૯૧॥*

(ટી૦) પ્રતિમા એટલે માસિકી વગેરે (બાર) ભિક્ષુની પ્રતિજ્ઞાવિશેષલક્ષણરૂપ, તેને સ્વીકારનાર જે તે અણગારને ત્રણ પ્રકારના ઉપાશ્રય કલ્પે. **उपाश्रीयन्ते**—શીત વગેરેના રક્ષણને અર્થે જે સેવાય છે તે ઉપાશ્રયો-વસતીઓ **'प्रत्युपेक्षितुम्'**—રહેવાને માટે જોવું **'अहे'** त्ति० **अथ** અર્થમાં છે, अथ શબ્દ અહિં ત્રણ પદમાં ત્રાણે ઉપાશ્રયો પણ પ્રતિમાને સ્વીકારનાર સાધુને કલ્પનીયપણાએ તુલ્યતા પ્રતિપાદન કરવાને અર્થે છે. **वा** શબ્દ વિકલ્પ અર્થમાં છે. પથિક વગેરેના આગમન યુક્ત અથવા તેના માટે (પથિકોને માટે) બનાવેલું જે ઘર તે આગમનગૃહ, સભા અને પ્રપામંડપ વગેરે. કહ્યું છે કે—

**आगंतु गारत्थजणो जहिं तु, संठाइ जं वाऽऽगमणंमि तेसिं ।**
**तं आगमोकं तु विदू वयंति, सभा-पवा-देउलमाइयं च ।।१७३।। [बृहत्कल्प० ३४८६ त्ति]**

ગૃહસ્થ જનો આવીને જ્યાં રહે છે તે અથવા તેઓનાં આગમનના જે ગૃહ છે તે સભા, પ્રપા અને દેવકુલાદિકને વિદ્વાનો આગંતુકગૃહ કહે છે. તેમાં, તે ઘરના એક દેશભૂત-વિભાગરૂપ ઉપાશ્રય જોવાને માટે કલ્પે છે. (૧૭૩)

એવો સંબંધ જાણવો. તથા **'वियडं'**ति० નહિં ઢાંકેલું, તે બે પ્રકારે ૧ અધો અને ૨ ઉર્ધ્વ. તેમાં પડખેથી એક વગેરે દિશામાં જે ખુલ્લું તે અધોવિવૃત્ત-નહિં ઢાંકેલું અને માળ વિનાનું ગૃહ તે ઊર્ધ્વવિવૃત્ત. આવા પ્રકારનું જે ગૃહ તે વિવૃત્તગૃહ. કહ્યું છે કે—

**अवाउडं जं तु चउद्दिसिं पि, दिसामहो तिन्नि दुवे य एक्का ।**
**अहे भवे तं वियडं गिहं तु, उड्ढं अमालं च अतिच्छदं च ।।१७४।। [बृहत्कल्प० ३५०० त्ति]**

જે ચારે દિશાએ નહિં ઢાંકેલું, અથવા ત્રણ દિશાએ નહિં ઢાંકેલું અથવા બે પડખે નહિં ઢાંકેલું કે એક દિશાએ નહિં ઢાંકેલું તે અધોવિવૃત્તગૃહ અને માળ (મજલા) વગરનું ઘર અથવા ઉપર નહિં ઢાંકેલું તે ઊર્ધ્વવિવૃત્તગૃહ કહેવાય છે.(૧૭૪)

તે ઘરમાં અથવા **वृक्षस्य**—કરીર (કેરડા) વગેરેનો નીકળેલ મૂલ (નીચેનો) ભાગ, તે જ ઘર તે વૃક્ષમૂલગૃહ. તેમાં જોવા વડે જ શુદ્ધ ઉપાશ્રય છતે ગૃહસ્થ પ્રત્યે તેનું અનુજ્ઞાપન (આજ્ઞા) હોય છે માટે અનુજ્ઞાપના સૂત્ર કહે છે. 'एव'मितिº એ જ **'पडिमापडिवन्ने'** ઇત્યાદિ ઉચ્ચારવું, વિશેષ એ કે—પ્રત્યુપેક્ષણાના સ્થાનમાં અનુજ્ઞાપન કહેવું. ગૃહસ્થોએ આદેશ આપ્યે છતે તેનો સ્વીકાર કરવા માટે ઉપાદાન (સ્વીકાર) સૂત્ર છે. તે પણ એમ જ છે. 'ओवाइणित्तए'त्तिº उपादातुं—ગ્રહણ કરવા માટે અર્થાત્ પ્રવેશ કરવા માટે એવો અર્થ છે. એમ સંસ્તારકના ત્રણે સૂત્ર જાણવા. વિશેષ એ કે—પૃથ્વીશિલા ઉઠ્ઠગો (ઓટલો) એમ પ્રસિદ્ધ છે. શિલાની માફક એવી લંબાઈ પહોળાઈથી લાકડાની જે શિલા તે કાષ્ઠશિલા, 'यथासंस्तृतमेव' જે તૃણ વગેરે જેમ ઉપભોગમાં યોગ્ય થાય તેમજ જે પ્રાપ્ત થાય છે તે યથાસંસ્તૃત શિલા. ॥૧૯૧॥

પ્રતિમા તો નીયત (અમુક) કાળવાળી હોય છે માટે હવે કાળને ત્રણ પ્રકારે દર્શાવે છે—

**तिविहे काले पन्नत्ते, तंजहा—तीए, पडुप्पण्णे, अणागए। तिविहे समए पन्नत्ते, तंजहा—तीते, पडुप्पन्ने, अणागए। एवं आवलिया, आणापाणू, थोवे, लवे, मुहुत्ते, अहोरत्ते, जाव वाससतसहस्से, पुव्वंगे, पुव्वे, जाव ओसप्पिणी। तिविधे पोग्गलपरियट्टे पन्नत्ते, तंजहा—तीते, पडुप्पन्ने, अणागते ।। सू० १९२ ।।**

**तिविहे वयणे पन्नत्ते, तंजहा—एगवयणे, दुवयणे, बहुवयणे, अहवा तिविहे वयणे पन्नत्ते, तंजहा—इत्थिवयणे, पुंवयणे, नपुंसगवयणे, अहवा तिविहे वयणे पन्नत्ते, तंजहा—तीतवयणे, पडुप्पन्नवयणे, अणागयवयणे ।। सू० १९३।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે કાળ કહેલ કહે છે, તે આ પ્રમાણે—૧ અતીત, ૨ પ્રત્યુપન્ન-વર્તમાન અને ૩ અનાગત-ભવિષ્ય. ત્રણ પ્રકારે સમય કહેલ છે, તે આ પ્રમાણે—અતીત, વર્ત્તમાન અને અનાગત. એવી રીતે આવલિકા, આનપ્રાણ, ઉચ્છ્વાસ, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, યાવત્ વર્ષશતસહસ્ર (લાખ), પૂર્વાંગ, પૂર્વ, યાવત્ અવસર્પિણી ત્રણ પ્રકારે કહેલ છે. ત્રણ પ્રકારે પુદ્ગલપરાવર્ત્ત કહેલ છે, તે આ પ્રમાણે—અતીત, વર્ત્તમાન અને અનાગત. ॥૧૯૨॥*

*ત્રણ પ્રકારે વચન કહેલ છે, તે આ પ્રમાણે—એકવચન, દ્વિવચન અને બહુવચન. અથવા ત્રણ પ્રકારે વચન કહેલ છે, તે આ પ્રમાણે—સ્ત્રીલિંગવચન તે સ્ત્રીવચન, પુંલિંગવચન તે પુંવચન અને નપુંસકલિંગવચન તે નપુંસકવચન અથવા ત્રણ પ્રકારે વચન કહેલ છે, તે આ પ્રમાણે—ભૂતકાલ સંબંધી વચન તે અતીતવચન, એવી રીતે વર્ત્તમાનવચન અને ભવિષ્યવચન જાણવું. ॥૧૯૩॥*

(ટી૦) अति—અતિશય વડે ગયેલ તે અતીત, પિધાન (પ્રયોગ)ની માફક અકારનો લોપ કરવાથી તીત શબ્દ બનેલ છે, અર્થાત્ વર્ત્તમાનપણું ઉલ્લંઘી ગયેલ એવો અર્થ છે. હમણાં જે ઉત્પન્ન તે પ્રત્યુત્પન્ન-વર્ત્તમાન. જે નહિં આગત (આવેલ) તે અનાગત-વર્ત્તમાનપણું નહિં પામેલ અર્થાત્ ભવિષ્ય એવો અર્થ છે. કહ્યું છે કે—

**भवति स नामातीतः प्राप्तो यो नाम वर्त्तमानत्वम् । एष्यंश्च नाम स भवति यः प्राप्स्यति वर्त्तमानत्वम् ।।१७५।।**

જે નામ વર્ત્તમાનપણાને પામેલ છે તે અતીત થાય છે અને જે વર્ત્તમાનપણાને પામશે તે એષ્ય-ભવિષ્ય નામ થાય છે (૧૭૫).

કાળને સામાન્યથી ત્રણ પ્રકારે વહેંચીને તેના વિશેષોનો ત્રણ પ્રકારે વિભાગ કરતાં થકા કહે છે—**'तिविहे समये'** इत्यादि કાળસૂત્રો સમય વગેરેની બીજા ઠાણાના પહેલા ઉદ્દેશકની માફક વ્યાખ્યા કરવી. વિશેષ એ કે—**'पोग्गलपरियट्टे'त्तिº पुद्गलानां**—પુદ્ગલ એટલે આહારકને વર્જીને શેષ રૂપી દ્રવ્યોને ઔદારિકાદિ [સાત વર્ગણા] પ્રકાર વડે ગ્રહણથી એક જીવની

અપેક્ષાએ 'परिवर्त्तनं' સમસ્તપણે સ્પર્શવું તે પુદ્ગલપરિવર્ત્ત. તે જેટલા કાળ વડે થાય છે તે કાળ પુદ્ગલપરિવર્ત્ત કહેવાય છે. તે અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીરૂપ છે. તેનું વર્ણન શ્રી ભગવતીસૂત્રમાં નીચે પ્રમાણે કર્યું છે—"कतिविहे णं भंते! पोग्गलपरियट्टे पन्नत्ते?, गोयमा! सत्तविहे पन्नत्ते, तंजहा—ओरालियपोग्गलपरियट्टे वेउव्वियपोग्गलपरियट्टे एवं तेयाकम्मामणवइआणापाणूपोग्गलपरियट्टे ॥ *[भगवती सूत्र १२/४/४५]"—**प्रश्न**—હે ભગવન્! કેટલા પ્રકારે પુદ્ગલપરાવર્ત્ત* કહેલ છે? **ઉત્તર**—હે ગૌતમ! સાત પ્રકારે પુદ્ગલપરાવર્ત્ત કહેલ છે, તે આ—૧ ઔદારિક પુદ્ગલપરાવર્ત્ત, ૨ વૈક્રિય પુદ્ગલપરાવર્ત્ત, ૩ તૈજસ, ૪ કર્મ (કાર્મણ), ૫ મન, ૬ વચન (ભાષા) અને ૭ આનપ્રાણ-ઉચ્છ્વાસ પુદ્ગલપરાવર્ત્ત છે. તથા "से केणट्ठेणं भंते! एवं वुच्चइ-ओरालियपोग्गलपरियट्टे २? गोयमा! जेण जीवेणं ओरालियसरीरे वट्टमाणेणं ओरालियसरीरपाउग्गाइं दव्वाइं ओरालियसरीरत्ताए गहियाइं जाव णिसट्ठाइं भवंति, से तेणऽट्ठेणं गोयमा! एवं वुच्चइ-ओरालियपोग्गलपरियट्टे ओ० २ *[भगवती १२/४/४७]"—**प्रश्न**—હે ભગવન્! ક્યા અર્થ વડે ઔદારિક પુદ્ગલપરાવર્ત્ત એમ કહેવાય છે? **ઉત્તર**—હે* ગૌતમ! જે કારણથી ઔદારિક શરીરમાં વર્ત્તતા જીવ વડે ઔદારિક શરીરયોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીરપણે ગ્રહણ કરેલાં અને યાવત્ મૂકેલાં હોય છે તે કારણથી હે ગૌતમ! ઔદારિક પુદ્ગલપરાવર્ત્ત એમ કહેવાય છે. એવી રીતે શેષ છએ કહેવા. "ओरालिय पोग्गलपरियट्टे णं भंते! केवइकालस्स णिव्वट्टिज्जइ?, गोयमा! अणंताहिं उस्सप्पिणीओसप्पिणीहिं" [भगवती १२/४/५०] ति०—**प्रश्न**—હે ભગવન્! ઔદારિક પુદ્ગલપરાવર્ત્ત કેટલા કાળ વડે પૂર્ણ થાય છે? **ઉત્તર**—હે ગૌતમ! અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ વડે પૂર્ણ થાય છે. એવી રીતે બીજા છ પણ જાણવા. અન્યત્ર નીચે પ્રમાણે પણ વર્ણન કરેલ છે—

**ओराल १ विउव्वा २ तेय ३ कम्म ४ भासा ५ ऽऽणुपाणु ६ मणगेहिं ७ ।**
**फासे वि सव्वपोग्गल, मुक्का अह बायरपरट्टो ।।१७६।।**

૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ તૈજસ, ૪ કર્મ [કાર્મણ], ૫ ભાષા, ૬ આનપ્રાણ અને ૭ મન—એ સાત[1] વર્ગણાપણે સર્વ પુદ્ગલોને સ્પર્શી-ગ્રહણ કરીને મૂકેલા હોય તેને બાદર પુદ્ગલપરાવર્ત્ત કહેવાય છે. (૧૭૬)

**दव्वे सुहुमपरट्टो, जाहे एगेण अह सरीरेणं । लोगंमि सव्वपोग्गल, परिणामेऊण तो मुक्का ।।१७७।।**

જ્યારે એક ઔદારિકાદિ શરીર વડે સર્વ લોક સંબંધી પરમાણુઓને પરિણામ પમાડીને અર્થાત્ ભોગવીને મૂકેલ હોય ત્યારે સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરાવર્ત્ત થાય છે. (૧૭૭)

દ્રવ્યપુદ્ગલપરાવર્ત્તની જેવા જે બીજા ક્ષેત્ર, કાળ અને ભાવપુદ્ગલપરાવર્ત્તો થાય છે તે બીજા[2] ગ્રંથોથી જાણવા. ॥૧૯૨॥

આ સમય વગેરે (કાળના ભેદો) પુદ્ગલપરાવર્ત્ત પર્યંત સ્વરૂપ વડે ઘણા પ્રકારે છે તો પણ તે સામાન્ય લક્ષણરૂપ એક અર્થને આશ્રયીને એકવચનાંતપણાએ કહ્યા. એક વગેરે અર્થોમાં એકવચન વગેરે હોય છે, માટે એકવચનાદિ પ્રરૂપવાને માટે *કહે છે—'तिविहे' इत्यादि० જેના વડે એક અર્થ કહેવાય અથવા કહેવું તે વચન, એક અર્થનું જ વચન તે એકવચન, એમ બીજામાં પણ જાણવું. અહિં ક્રમથી ઉદાહરણો આપતાં જણાવે છે કે—એકવચન દેવઃ (દેવ), દ્વિવચન દેવૌ (બે દેવ) અને* બહુવચન દેવાઃ (દેવો). વચનાધિકારમાં 'अहवे'त्यादि० બે સૂત્ર સુગમ છે. સ્ત્રીવચનાદિમાં ઉદાહરણો તો આ પ્રમાણે જાણવા-નદી (સ્ત્રીલિંગ), નદઃ (પુંલિંગ) અને કુંડ (નપુંસકલિંગ) છે. અતીતાદિના દાખલા આ પ્રમાણે—કરેલું (ભૂતકાળ), કરે છે (વર્ત્તમાન) અને કરશે (ભવિષ્ય). ॥૧૯૩॥

1. સમસ્ત સંસારમાં જીવ ચાર વાર જ આહારક શરીર ગ્રહણ કરે છે માટે તેનો નિષેધ કરેલ છે.
2. પાંચમા કર્મગ્રંથ વગેરેમાં વિસ્તારથી આ સંબંધી વર્ણન આપવામાં આવેલ છે.

વચન તો જીવનો પર્યાય છે, માટે તેના અધિકારથી જીવના પર્યાયાંતરોને ત્રણ સ્થાનકમાં અવતારીને તેનું વર્ણન કરે છે—

**तिविहा पन्नवणा पन्नत्ता, तंजहा—णाणपन्नवणा, दंसणपन्नवणा, चरित्तपन्नवणा १, तिविधे सम्मे पन्नत्ते, तंजहा--नाणसम्मे, दंसणसम्मे, चरित्तसम्मे २, तिविधे उवघाते पन्नत्ते, तंजहा—उग्गमोवघाते, उप्पायणोवघाते, एसणोवघाते ३, एवं विसोही ४ ।। सू० १९४।।**

**तिविहा आराहणा पन्नत्ता, तंजहा—णाणाराहणा, दंसणाराहणा, चरित्ताराहणा ५। णाणाराहणा तिविहा पन्नत्ता, तंजहा—उक्कोसा, मज्झिमा, जहन्ना ६। एवं दंसणाराहणा वि ७, चरित्ताराहणा वि ८। तिविधे संकिलेसे पन्नत्ते, तंजहा—नाणसंकिलेसे, दंसणसंकिलेसे, चरित्तसंकिलेसे ९। एवं असंकिलेसे वि १०, एवमतिक्कमे वि ११, वइक्कमे वि १२, अइयारे वि १३, अणायारे वि १४। तिण्हमतिक्कमाणं आलोएज्जा पडिक्कमेज्जा निंदिज्जा गरहिज्जा जाव पडिवज्जिज्जा, तंजहा—णाणातिक्कमस्स, दंसणातिक्कमस्स, चरित्तातिक्कमस्स १५। एवं वइक्कमाणं वि १६, अतिचाराणं १७, अणायाराणं १८ ।। सू० १९५ ।।**

**तिविधे पायच्छित्ते पन्नत्ते, तंजहा—आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे १९ ।। सू० १९६ ।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે પ્રજ્ઞાપના—ભેદ વગેરેનું કથન કહેલ છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાનપ્રજ્ઞાપના, ૨ દર્શનપ્રજ્ઞાપના અને ૩ ચારિત્રપ્રજ્ઞાપના ૧, ત્રણ પ્રકારે સમ્યક્-(યથાર્થ મોક્ષસાધક) કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાનસમ્યક્, દર્શનસમ્યક્ અને ચારિત્રસમ્યક્ ૨, ત્રણ પ્રકારે ઉપઘાત–પિંડશય્યા વગેરે અકલ્પનીય છે, તે આ પ્રમાણે—ઉદ્ગમઉપઘાત–તે આધાકર્મ વગેરે સોળ પિંડ વગેરે સંબંધી દોષો, ઉત્પાદનાઉપઘાત–તે ગૃહસ્થ પાસેથી પિંડ વગેરે ગ્રહણ કરવા સંબંધી ધાત્રી વગેરે સોળ દોષો અને એષણાઉપઘાત–ગૃહસ્થોએ અશુદ્ધ આહાર વગેરે આપતાં છતાં તેનું ગ્રહણ કરવું તે સંબંધી શંકિતાદિ દશ દોષો ૩, એવી રીતે વિશોધિ–આહારાદિની શુદ્ધિ પણ ત્રણ પ્રકારે કહેવી અર્થાત્ ઉદ્ગમાદિ દોષ રહિતપણે આહાર લેવો તે ૪. ॥૧૯૪॥*

*કાલાદિ ત્રણ પ્રકારે આરાધના કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાનઆરાધના એટલે નિરતિચારપણે જ્ઞાનના આઠ આચારને પાળવા, દર્શનઆરાધના તે નિરતિચારપણે નિશંકિતાદિ દર્શનના આઠ આચારને પાળવા અને ચારિત્રઆરાધના–નિરતિચારપણે અષ્ટપ્રવચનમાતારૂપી ચારિત્રના આચારને પાળવા ૫, જ્ઞાન આરાધના ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે–ઉત્કૃષ્ટા, મધ્યમા અને જઘન્યા ૬, એમ દર્શનઆરાધના ૭, તથા ચારિત્રઆરાધના પણ ત્રણ–ત્રણ ભેદવાળી જાણવી ૮, ત્રણ પ્રકારે સંક્લેશ (જ્ઞાનાદિથી પડવારૂપ) કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાનસંક્લેશ, દર્શનસંક્લેશ અને ચારિત્રસંક્લેશ ૯, એવી રીતે અસંક્લેશ–જ્ઞાનાદિની વિશુદ્ધિ ત્રણ પ્રકારે છે ૧૦, એમ અતિક્રમણ પણ ૧૧, વ્યતિક્રમણ પણ ૧૨, અતિચાર પણ ૧૩ અને અનાચાર પણ ત્રણ–ત્રણ પ્રકારે જાણવા ૧૪, ત્રણ સંબંધી અતિક્રમને આલોચે–ગુરુ સમક્ષ નિવેદન કરે, પ્રતિક્રમે–મિથ્યાદુષ્કૃત આપે, આત્મસાક્ષીએ નિંદે, ગુરુની સાક્ષીએ ગર્હા કરે યાવત્ યોગ્ય તપ વગેરે સ્વીકારે, તે આ પ્રમાણે—જ્ઞાન સંબંધી અતિક્રમને, દર્શનસંબંધી અતિક્રમને અને ચારિત્રસંબંધી અતિક્રમને ૧૫, એમ વ્યતિક્રમને પણ ૧૬, અતિચારને ૧૭ અને અનાચારને પણ આલોચે અર્થાત્ આલોચનાદિ કરે ૧૮. ॥૧૯૫॥*

*ત્રણ પ્રકારે પ્રાયશ્ચિત્ત કહેલ છે, તે આ પ્રમાણે—૧ આલોચના વડે જે શુદ્ધ થાય તે આલોચના યોગ્ય ૨, પ્રતિક્રમણ વડે જે શુદ્ધ થાય તે પ્રતિક્રમણ યોગ્ય અને ૩ આલોચના તથા પ્રતિક્રમણ એ બન્ને વડે જે શુદ્ધ થાય તદુભય યોગ્ય ૧૯. ॥૧૯૬॥*

(टी०) 'तिविहे' त्यादि० ઓગણીશ સૂત્રોની વ્યાખ્યા સ્પષ્ટ છે, વિશેષ એ કે—પ્રજ્ઞાપના એટલે ભેદ વગેરેનું કથન. તેમાં જ્ઞાનપ્રજ્ઞાપના—આભિનિબોધિક (મતિ) વગેરે પાંચ પ્રકારે જ્ઞાન છે. એમ દર્શન (સમ્યક્ત્વ) ક્ષાયિકાદિ ત્રણ[1] પ્રકારે છે અને ચારિત્ર સામાયિકાદિ પાંચ પ્રકારે છે ૧, सम्मं च—સમ્યગ્ અર્થાત્ અવિપરીત, મોક્ષસિદ્ધિને આશ્રયીને અનુરૂપ એવો અર્થ છે. તે જ્ઞાનાદિ ત્રણ પ્રકારે છે ૨, उपहननमुपघातः—અર્થાત્ પિંડશય્યા વગેરેની અકલ્પ્યતા (સ્વીકારવા યોગ્ય નહિં), તેમાં ઉત્પન્ન થવું તે ઉદ્ગમપિંડ—આહારાદિથી થયેલ તે. આધાકર્માદિ સોળ દોષો છે. કહ્યું છે કે—

**तत्थुग्गमो पसूई, पभवो एमादि होंति एगट्ठा । सो पिंडस्सिह पगओ, तस्स य दोसा इमे होंति ।।१७८।।**

**[पञ्चा० १३/४; पञ्चवस्तुक० ७४०]**

તેમાં ઉદ્ગમ, પ્રસૂતિ અને પ્રભવ ઇત્યાદિ એકાર્થવાચક છે, તે પિંડ (આહાર)ના (અહિં પ્રસ્તુત છે તે પિંડના) દોષો આ પ્રમાણે છે. (૧૭૮)

**आहाकम्मु १ द्देसिय २, पूइकम्मे य ३ मीसजाए ४ य ।**

***ठवणा ५ पाहुडियाए ६, पाओयर ७ कीय ८ पामिच्चे ९ ।। १७९।। [पञ्चाशक० १३/५; पिण्डनि० ९२]***

**परियट्टिए १० अभिहडे ११, उब्भिन्ने १२ मालोहडे इय १३ ।**

**अच्छेज्जे १४ अनिसट्ठे १५, अज्झोयरए य १६ सोलसमे ।।१८०।। [पञ्चाशक० १३/६; पिण्डनि० ९३ त्ति]**

૧ आधाकर्म—સાધુના નિમિત્તે આહાર બનાવવો અર્થાત્ સચિત્તને અચિત્ત કરવું અથવા અચિત્તનો પાક કરવો તે, ૨ उद्देशिक—જે ઉદ્દેશન કરવું તે ઉદ્દેશ. તે ઉદ્દેશ વડે જે કરાયેલું તે ઉદ્દેશિક દોષ એટલે સંકેત જાણવો, ૩ पूतिकर्म—ઉદ્ગમાદિ દોષ રહિત શુદ્ધ આહાર છતાં પણ તેમાં અન્ય અશુદ્ધ આહારના અવયવના સંસર્ગથી પૂરવું તે, ૪ मिश्रजात—કુટુંબના અર્થે તથા સાધુના અર્થે એમ બન્નેના મિશ્રિત આશય વડે જે બનાવેલો આહાર તે, ૫ કેટલાએક કાળ સુધી જે સાધુના નિમિત્તે સ્થાપી રખાય તે સ્થાપના દોષ, ૬ प्राभृतिका—કોઈ ઇષ્ટ અથવા પૂજ્યને જેમ ભેટની માફક અભિષ્ટ વસ્તુ અપાય છે તેની માફક સાધુને અપાય તે, ૭ प्रादुष्करण—સાધુને નિમિત્તે પ્રદીપ અથવા મણિ વગેરે સ્થાપીને અથવા ભીંત વગેરેમાંથી છિદ્ર કરીને જે આપવું તે, ૮ क्रीत—સાધુને માટે વેચાતું લાવીને આપવું તે, ૯ प्रामित्य—'હમણાં તમે મને આપો, પછી હું તમને આપીશ' એમ બીજાને કહીને તેની પાસેથી સાધુને નિમિત્તે ઉછીનું લાવીને આપવું તે, ૧૦ परिवर्तित—સાધુને નિમિત્તે જે પરાવર્ત્ત–બદલો કરીને આપવું તે અર્થાત્ બીજાને પોતાનો આહાર આપીને તેને બદલે બીજો લાવવો તે, ૧૧ अभ्याहृत—સાધુની સન્મુખ જઈને આપવું તે અથવા સાધુને અર્થે પોતાના ગામથી અથવા પરગામથી લાવેલ હોય તે, ૧૨ उद्भिन्न—સાધુને દેવાને અર્થે છાણ વગેરેથી લીંપેલ વાસણ ઊઘાડીને અથવા [2]કપાટાદિ બંધ કરેલા (પેક કરેલા) હોય તેને ખોલીને આપવું તે, ૧૩ मालापहृत—નીસરણી અથવા દાદરા ઉપર ચડીને આણેલો આહાર, ૧૪ आछेद्य—નોકર અથવા પુત્રાદિની સાધુને દેવાની ઇચ્છા ન છતાં પણ તેની પાસેથી ઝુંટવીને લીધેલ આહાર, ૧૫ अनिसृष्ट—જે આહાર એકની માલીકીનો ન હોય અર્થાત્ સર્વસાધારણ હોય, તેવા આહારને અર્થે સર્વે સ્વામીઓ દ્વારા આજ્ઞા ન અપાયેલ હોય તે, ૧૬ अध्यवपूरक—પોતાને અર્થે આહાર રાંધ્યો હોય તેમાં સાધુને અર્થે થોડું બીજું જે વધારે રાંધવું એમ કરીને જે પૂર્તિ કરવી તે અધ્યવપૂરક દોષ કહેવાય.(૧૭૯–૧૮૦)

અહિં અભેદ વિવક્ષા વડે ઉદ્ગમના દોષો જ ઉદ્ગમે છે. આથી તે ઉદ્ગમ વડે ઉપઘાત–પિંડ–આહાર વગેરેનું અકલ્પનીયપણું કરવું અથવા ચારિત્રનું મલિન કરવું તે ઉદ્ગમઉપઘાત, અથવા ઉદ્ગમનો પિંડાદિ ઉત્પત્તિનો જે ઉપઘાત અર્થાત્ આધાકર્માદિ વડે જે દુષ્ટતા તે ઉદ્ગમોપઘાત કહેવાય. આવી રીતે બીજા બે ઉત્પાદના ઉપઘાત તથા એષણા ઉપઘાત

1. સાસ્વાદન ઉપશમનો જ ભેદ છે અને વેદક ક્ષયોપશમનો જ ભેદ છે માટે વસ્તુતઃ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવજન્ય ત્રણ સમકિત છે. 2. દરરોજ વપરાતા કપાટાદિ ખોલીને આપવામાં દોષ નથી.

પણ જાણવા. વિશેષ એ કે-ઉત્પાદના એટલે પ્રાપ્ત કરવું, ગૃહસ્થ પાસેથી પિંડ વગેરે ઉપાર્જન કરવું-મેળવવું એવો અર્થ છે. તે ઉત્પાદનાના ધાત્રીત્વ વગેરે સોળ દોષો છે, જેનું વર્ણન નીચે કરેલ છે—

**उप्पायण संपायण, णिव्वत्तणमो य होंति एगट्ठा ।**

**आहारस्सिह पगया, तीय य दोसा इमे होंति ॥१८१॥ [पञ्चाश० १३/१७; पञ्चवस्तु० ७५३]**

ઉત્પાદના, સંપાદના અને નિર્વર્ત્તના આ એકાર્થવાળા હોય છે. અહિં આહાર પ્રકૃત છે અને તેમાં આ પ્રમાણે દોષ હોય છે.

**धाई १ दूइ २ निमित्ते ३, आजीव ४ वणीमगे ५ तिगिच्छा य ६ ।**

**कोहे ७ माणे ८ माया, ९ लोभे य १० हवंति दस एए ॥१८२॥ [पञ्चाश० १३/१८; पञ्चव० ७५४; पिण्डनि० ४०८]**

**पुव्विं पच्छा संथव ११, विज्जा १२ मंते य १३ चुन्न १४ जोगे य १५ ।**

**उप्पायणाय दोसा, सोलसमे मूलकम्मे य १६ ॥१८३॥ युग्मम् ॥ [पञ्चाश० १३/१९; पञ्चव० ७५५; पिण्डनि० ४०९]**

૧ ધાત્રી-એટલે બાલકનું પાલન કરનારી ધાત્રીની માફક બાલકનું પાલન કરીને અથવા કરાવીને જે આહાર લેવો તે **ધાત્રીદોષ**, ૨ દૂતી-એકબીજાના સંદેશાને કહેનારી દૂતીની માફક સંદેશો પહોંચાડીને જે પિંડ લેવો તે **દૂતીદોષ**, ૩ નિમિત્ત-ભૂતકાળાદિકનું કથન કરીને અથવા શુભ અશુભ નિમિત્ત કહીને જે આહાર લેવો તે **નિમિત્ત દોષ**, ૪ આજીવિકા-પોતાની જાતિ વગેરે પ્રગટ કરીને જે આહાર ગ્રહણ કરવો તે **આજીવિકા દોષ**, ૫ વનિપક-યાચકની માફક ગૃહસ્થને ત્યાંથી દીનતાથી ભિક્ષા લેવી તે **વનિપક દોષ**, ૬ ચિકિત્સા-રોગનો પ્રતિકાર કરીને જે આહાર લેવો તે **ચિકિત્સા દોષ**, ૭ **ક્રોધ**[1] કરીને આહાર લેવો તે, ૮ **માનથી** જે આહાર ગ્રહણ કરવો તે, ૯ **માયા** કરીને આહાર લેવો તે, ૧૦ **લોભથી** આહાર લેવો તે, ૧૧ પૂર્વ અથવા પશ્ચાત્સંસ્તવ-આહાર લીધા પહેલા ગૃહસ્થની પ્રશંસા કરવી તે **પૂર્વસંસ્તવ** અને આહાર લીધા બાદ સ્તુતિ કરવી તે **પશ્ચાત્સંસ્તવ**, ૧૨ **વિદ્યાપિંડ** એટલે દેવી અધિષ્ઠિત અથવા સાધના સહિત અને ૧૩ **મંત્રપિંડ** તે દેવ અધિષ્ઠિત અથવા પાઠમાત્રથી સિદ્ધ થાય તે, તેની પ્રવૃત્તિ કરીને આહાર લેવો તે, ૧૪ **ચૂર્ણપિંડ**-નેત્રને વિષે અંજન કરવું અને તેનું અંતર્ધાનાદિક ફલ જણાવીને આહાર લેવો તે, ૧૫ **યોગપિંડ**-પાદલેપ વગેરે અને તેનું આકાશગમનાદિ ફલ જણાવીને આહાર લેવો તે તથા ૧૬ **મૂલકર્મ**-વશીકરણ, ગર્ભસ્તંભન, ગર્ભાધાન વગેરે મહાસાવદ્ય વ્યાપાર કરીને આહાર લેવો તે-આ પ્રમાણે સોળ દોષો ઉત્પાદનાના છે. (૧૮૨-૧૮૩)

એષણા-ગૃહસ્થો વડે દેવાતા પિંડાદિનું ગ્રહણ, તેના શંકિતાદિ દશ દોષો નીચે પ્રમાણે જાણવા.

**एसणगवेसणन्नेसणा य गहणं च होंति एगट्ठा । आहारस्सिह पगया, तीय य दोसा इमे होंति ॥१८४॥**

**[पञ्चाश० १३/२५; पञ्चव० ७६१]**

એષણા, ગવેષણા, અન્વેષણા અને ગ્રહણ આ સર્વ એકાર્થવાળા છે, અહિં આહાર પ્રસ્તુત છે તેથી તેના દોષો જણાવે છે. (૧૮૪) —

**संकिय १ मक्खिय २ निक्खित्त ३-पिहिय ४ साहरिय ५ दायगु ६ म्मीसे ७ ।**

**अपरिणय ८ लित्त ९ छड्डिय १०, एसणदोसा दस हवंति ॥१८५॥ [पिण्ड नि० ५२०; पञ्चाश० १३/२६; पञ्चव० ७६२]**

૧ **શંકિત**-આધાકર્માદિ દોષની શંકાવાળું, ૨ **મ્રક્ષિત**-સચિત્ત વગેરેથી લીપ્ત કરેલું, ૩ **નિક્ષિપ્ત**-સચિત્ત પૃથ્વી વગેરે ઉપર સ્થાપેલું, ૪ **પિહિત**-સચિત્ત વડે ઢાંકેલું, ૫ **સંહૃત**-બીજા કટોરા વગેરેમાં નાખેલું, ૬ **દાયક**-દેવાના દોષવાળું હોય તે, ૭ **ઉન્મિશ્ર**-પુષ્પ વગેરે સચિત્તથી મિશ્રિત થયું હોય તે, ૮ **અપરિણત**-બરોબર અચિત્ત ન થયું હોય તે, ૯ **લિપ્ત**-હાથ તથા

1. ક્રોધાદિ પિંડ ઊપર પિંડનિર્યુક્તિની ટીકામાં, સમ્યક્ત્વ પ્રકરણમાં તથા ઉપદેશપ્રાસાદાદિ ગ્રંથમાં દૃષ્ટાંતો આપેલા છે.

ભાજન વગેરે જે આહારથી લેપાયેલ હોય તેવો અને ૧૦ **छर्दित**–વમન કરનારના હાથથી જે આહાર લેવો તે, આ દશ એષણા સંબંધી દોષો જાણવા. (૧૮૫)

**सोलस उग्गमदोसा, गिहियाओ समुट्ठिए वियाणाहि । उप्पायणाय दोसा, साहूओ समुट्ठिए जाण॥१८६॥**

**[पिण्डनि० ४०३]**

ઉદ્‌ગમના સોળ દોષો ગૃહસ્થોથી ઉત્પન્ન થયેલા જાણવા, ઉત્પાદનાના સોળ દોષો સાધુઓથી ઉત્પન્ન થયેલા જાણવા અને એષણાના દશ દોષો તો ઉભયથી થયેલા જાણવા. (૧૮૬)

એવી રીતે ઉદ્‌ગમાદિ દોષ રહિતપણાએ વિશુદ્ધિ અથવા પિંડ અને ચારિત્ર વગેરેની નિર્દોષતા તે ઉદ્‌ગમાદિવિશુદ્ધિ અથવા ઉદ્‌ગમાદિ દોષોની જે વિશુદ્ધિ તે ઉદ્‌ગમાદિવિશુદ્ધિ, એ જ અતિદેશ કરતાં થકા કહે છે—**'एवं विसोही'**૦ ૪. ॥૧૯૪॥

**ज्ञानस्य**—શ્રુતની આરાધના–કાળે ભણવું વગેરે આઠ આચારને વિષે પ્રવૃત્તિ વડે નિરતિચાર પાળવાથી જ્ઞાનઆરાધના, એવી રીતે દર્શનની આરાધના–નિઃશંકિત વગેરે અષ્ટ આચારને વિષે, તેમજ ચારિત્રની આરાધના સમિતિ અને ગુપ્તિને વિષે જાણવી (૫), તે ઉત્કૃષ્ટાદિ ભેદવાળી આરાધનાઓ ભાવભેદથી અથવા કાળભેદથી છે (૬–૭–૮) જ્ઞાનાદિના પતન (પડવા) રૂપ લક્ષણવાળો અને સંક્લિશ્યમાન પરિણામનો કરનાર તે જ્ઞાનાદિસંક્લેશ (૯), જ્ઞાનાદિની શુદ્ધિરૂપ લક્ષણવાળો અને વિશુદ્ધ્યમાન પરિણામનો કરનાર તે અસંક્લેશ (૧૦), **'एव'** मिति૦ જ્ઞાનાદિ વિષયવાળા જ અતિક્રમાદિ ચાર છે. તેમાં આધાકર્મને આશ્રયીને ચારેનું સ્વરૂપ દર્શાવે છે—

**आहाकम्मामंतण, पडिसुणमाणे अइक्कमो होइ । पयमेयादि वइक्कम २, गहिए तइए ३ यरो गिलिए ।।१८७।।**

**[व्यवहार पीठिका ४३ त्ति]**

આધાકર્મનું આમંત્રણપ્રતિશ્રવણ–સ્વીકારવામાં [1]અતિક્રમ થાય છે, પગ ભરવા વગેરેમાં–ચાલીને યાવત્ ગૃહમાં પ્રવેશ કરીને આહાર ગ્રહણ માટે પાત્ર પસારવા પર્યંત [2]વ્યતિક્રમ થાય છે, તે આધાકર્મી આહાર ગ્રહણ કરવામાં [3]અતિચાર થાય છે અને તે આહારનું ભોજન કરતાં ચોથો દોષ [4]અનાચાર થાય છે. (૧૮૭)

આ પ્રકારે જ ઉત્તરગુણરૂપ ચારિત્રના ચારે દોષો પણ જાણવા. આ કથન વડે જ્ઞાન અને દર્શનના અને તેના ઉપકારી દ્રવ્યો-પુસ્તક અને ચૈત્ય વગેરેના ઉપઘાત (વિનાશ)ને માટે અથવા મિથ્યાદૃષ્ટિઓની પુષ્ટિને માટે નિમંત્રણ અને સ્વીકાર વડે જ્ઞાન અને દર્શનના અતિક્રમાદિ પણ જોડવા (૧૧–૧૪), **'तिण्हं अइक्कमाणं'**ति૦ છઠ્ઠી વિભક્તિ વડે બીજી વિભક્તિનો અર્થ હોવાથી ત્રણ અતિક્રમો પ્રત્યે આલોચે–ગુરુની પાસે નિવેદન કરે ઇત્યાદિ પૂર્વની માફક જાણવું, વિશેષ એ કે–યાવત્ શબ્દથી **'विसोहेज्जा विउट्टेज्जा अकरणयाए अब्भुट्ठेज्जा अहारिहं तवोकम्मं पायच्छित्तं'** मिति૦ કહેવું (૧૫–૧૮). ॥૧૯૫॥

પાપનો છેદક હોવાથી પ્રાયઃ ચિત્તનો વિશોધક હોવાથી પ્રાકૃતમાં પાયચ્છિત્ત એટલે શુદ્ધિ કહેવાય છે તે પ્રાયશ્ચિત્ત વિષય શોધવા યોગ્ય અતિચાર પણ પ્રાયશ્ચિત્ત છે. તે દશ પ્રકારે હોવા છતાં પણ ત્રણ સ્થાનકના અનુરોધથી ત્રણ પ્રકારે છે, તેમાં આલોચવું તે આલોચના અર્થાત્ ગુરુને નિવેદન કરવું તે શુદ્ધિભૂતને યોગ્ય છે અર્થાત્ આલોચના વડે જ શુદ્ધ થાય છે. જે અતિચારથી થયેલ ભિક્ષાચર્યાદિ તે આલોચનાને યોગ્ય છે. એમ પ્રતિક્રમણ–મિથ્યાદુષ્કૃત [દેવું] તેને યોગ્ય અર્થાત્ સહસા–અનુપયોગથી અસમિતિ અને અગુપ્તિપણું જાણવું, **उभयम्**—આલોચના તથા પ્રતિક્રમણ લક્ષણને યોગ્ય જ છે તે તદુભયપ્રાયશ્ચિત્ત છે. મન વડે રાગદ્વેષમાં જવું વગેરે થાય છે તે અહિં દોઢ ગાથા વડે દર્શાવે છે.

**भिक्खायरियाइ सुज्झइ, अइयारो को वि वियडणाए उ ।**
**बीओ य असमिओ मि त्ति, कीस सहसा अगुत्तो वा ।।१८८।।**
**सद्दाइएसु रागं, दोसं च मणो गओ तइयगंमि' [आव०नि० १४३९-१४४० त्ति०]**

---

1-4. આ બધા શબ્દોના અર્થ બીજા ઠાણામાં આવી ગયેલ છે.

ભાવાર્થ સ્પષ્ટ છે. આ પ્રજ્ઞાપનાદિ ધર્મો પ્રાયઃ મનુષ્યક્ષેત્રમાં જ હોય માટે તે મનુષ્ય ક્ષેત્રની વક્તવ્યતા કહે છે—

**जंबूद्दीवे २ मंदरस्स पव्वयस्स दाहिणेणं ततो अकम्मभूमिओ पन्नत्ताओ, तंजहा—हेमवते, हरिवासे, देवकुरा। जंबुद्दीवे २ मंदरस्स पव्वयस्स उत्तरेणं तओ अकम्मभूमिओ पन्नत्ताओ, तंजहा—उत्तरकुरा, रम्मगवासे, एरण्णवए। जंबूमंदरस्स दाहिणेणं ततो वासा पन्नत्ता, तंजहा—भरहे, हेमवए, हरिवासे। जंबूमंदरस्स उत्तरेणं ततो वासा पन्नत्ता, तंजहा—रम्मगवासे, हेरन्नवते, एरवए १। जंबूमंदरस्स दाहिणेणं ततो वासहरपव्वता पन्नत्ता, तंजहा—चुल्लहिमवंते, महाहिमवंते, णिसढे। जंबूमंदरस्स उत्तरेणं तओ वासहरपव्वता पन्नत्ता, तंजहा—णीलवंते, रूप्पी, सिहरी।**

**जंबूमंदरस्स दाहिणेणं तओ महादहा पन्नत्ता, तंजहा—पउमदहे, महापउमदहे, तिगिंच्छिदहे। तत्थ णं ततो देवताओ महिड्डियातो जाव पलिओवमट्ठितीताओ परिवसंति, तंजहा—सिरी, हिरी, धिती। एवं उत्तरेण वि, णवरं-केसरिदहे, महापोंडरीयदहे, पोंडरीयदहे। देवतातो-कित्ती, बुद्धी, लच्छी, २। जंबूमंदरदाहिणेणं चुल्लहिमवंतातो वासधरपव्वतातो पउमदहाओ महादहातो ततो महाणतीओ पवहंति, तंजहा—गंगा, सिंधू, रोहितंसा। जंबूमंदरउत्तरेणं सिहरीओ वासहरपव्वतातो पोंडरीयद्दहाओ महादहाओ तओ महानदीओ पवहंति, तंजहा—सुवन्नकूला, रत्ता, रत्तवती। जंबूमंदरपुरच्छिमेणं सीताए महाणतीते उत्तरेणं ततो अंतरणतीतो पन्नत्ताओ, तंजहा—गाहावती, दहवती, पंकवती।**

**जंबूमंदरपुरच्छिमेणं सीताते महाणतीते दाहिणेणं ततो अंतरणतीतो पन्नत्ताओ, तंजहा—तत्तजला, मत्तजला, उम्मत्तजला ३। जंबूमंदरपच्चत्थिमेणं सीओदाते महाणईए दाहिणेणं ततो अंतरणतीतो पन्नत्ताओ, तंजहा—खीरोदा, सीतसोता, अंतोवाहिणी। जंबूमंदरपच्चत्थिमेणं सीतोदाए महाणदीए उत्तरेणं तओ अंतरणदीतो पन्नत्ताओ, तंजहा—उम्मिमालिणी, फेणमालिणी, गंभीरमालिणी। एवं धायइसंडे दीवे पुरच्छिमद्धे वि अकम्मभूमीतो आढवेत्ता जाव अंतरनदीओ त्ति णिरवसेसं भाणियव्वं, जाव पुक्खरवरदीवड्डपच्चत्थिमद्धे तहेव निरवसेसं भाणियव्वं ॥ सू० १९७॥**

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ત્રણ અકર્મભૂમિઓ કહેલી છે, તે આ પ્રમાણે—હૈમવત, હરિવર્ષ અને દેવકુરુ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની ઉત્તર દિશાએ ત્રણ અકર્મભૂમિઓ કહેલી છે, તે આ પ્રમાણે—ઉત્તરકુરુ, રમ્યક્વર્ષ અને એરણ્યવંત. જંબૂદ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ત્રણ વાસ (વર્ષક્ષેત્ર) કહેલ છે, તે આ પ્રમાણે—ભરત, હૈમવત અને હરિવર્ષ. જંબૂદ્વીપમાં મેરુપર્વતની ઉત્તર દિશાએ ત્રણ વર્ષક્ષેત્ર કહેલ છે, તે આ પ્રમાણે—રમ્યક્વર્ષ, હૈરણ્યવત અને ઐરવત (૧). જંબૂદ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ત્રણ વર્ષધરપર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—ચુલ્લહિમવંત, મહાહિમવંત અને નિષધ પર્વત, જંબૂદ્વીપમાં મેરુપર્વતની ઉત્તર દિશાએ ત્રણ વર્ષધરપર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—નીલવંત, રૂપી અને શિખરી પર્વત. જંબૂદ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ત્રણ મહાદ્રહો કહેલા છે, તે આ પ્રમાણે—પદ્મદ્રહ, મહાપદ્મદ્રહ અને તિગિંછદ્રહ. તે દ્રહોમાં મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળી ત્રણ દેવીઓ વસે છે, તેનાં નામ—**શ્રી**, **હ્રી** અને ધૃતિ. એવી રીતે મેરુની ઉત્તર દિશાએ પણ ત્રણ દ્રહ છે, તેના (નામ) કહે છે—કેશરીદ્રહ, મહાપૌંડરિકદ્રહ અને પૌંડરિકદ્રહ. દેવીઓના નામ—**કીર્ત્તિ**, **બુદ્ધિ** અને **લક્ષ્મી** (૨). જંબૂદ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ચુલ્લહિમવંત નામના વર્ષધર પર્વતથી, પદ્મદ્રહ નામના મહાદ્રહથી ત્રણ મોટી નદીઓ વહે છે, તે આ પ્રમાણે—ગંગા, સિંધુ અને રોહિતાંશા, જંબૂદ્વીપમાં મેરુપર્વતની ઉત્તર દિશાએ શિખરી*

*નામના વર્ષધરપર્વતથી પૌંડરિક દ્રહ નામના મહાદ્રહથી ત્રણ મોટી નદીઓ વહે છે, તે આ પ્રમાણે—સુવર્ણકૂલા, રક્તા અને રક્તવતી. જંબૂદ્વીપમાં મેરુપર્વતની પૂર્વ દિશાએ અને શીતા નામની મહાનદીની ઉત્તર દિશાએ ત્રણ અંતરનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે—ગ્રાહવતી, દ્રહવતી અને પંકવતી. જંબુદ્વીપમાં મેરુપર્વતની પૂર્વદિશાએ અને શીતા નામની મહાનદીની દક્ષિણ દિશાએ ત્રણ અંતરનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે—તપ્તજલા, મત્તજલા અને ઉન્મત્તજલા (૩). જંબૂદ્વીપમાં મેરુપર્વતની પશ્ચિમ દિશાએ અને શીતોદા નામની મહાનદીની દક્ષિણ દિશાએ ત્રણ અંતરનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે—ક્ષીરોદા, શીતશ્રોતા અને અંતર્વાહિની. જંબૂદ્વીપમાં મેરુપર્વતની પશ્ચિમ દિશાએ અને શીતોદા નામની મહાનદીની ઉત્તર દિશાએ ત્રણ અંતરનદીઓ કહેલી છે, તે આ પ્રમાણે—ઉર્મિમાલિની, ફેનમાલિની અને ગંભીરમાલિની. એવી રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધમાં પણ અકર્મભૂમિથી માંડીને યાવત્ અંતરનદી પર્યંત સઘળું વર્ણન કહેવું. યાવત્ પુષ્કરવરદ્વીપાર્દ્ધના પશ્ચિમાર્દ્ધમાં તેમજ સઘળું કહેવું. ॥૧૯૭॥*

(ટી૦) 'जंबूद्दीवे' इत्यादि० આ પ્રકરણ દ્વિસ્થાનક (બીજા ઠાણા)ના અનુસારે અને જંબૂદ્વીપના પટના અનુસારે જાણવું. વિશેષ કહે છે કે—અંતરનદીઓની પહોળાઈ સવાસો યોજન છે. ॥૧૯૭॥

અનંતર મનુષ્યક્ષેત્રલક્ષણ પૃથ્વીના ખંડની વક્તવ્યતા કહી, હવે પ્રકારાંતર વડે સામાન્યથી પૃથ્વીના દેશની વક્તવ્યતા વર્ણવે છે—

**तिहिं ठाणेहिं देसे पुढवीए चलेज्जा, तंजहा—अधे णमिमीसे रयणप्पभाते पुढवीते उराला पोग्गला णिवत्तेज्जा, तते णं ते उराला पोग्गला णिवतमाणा देसं पुढवीए चलेज्जा १, महोरगे वा महिड्डीए जाव महेसक्खे इमीसे रयणप्पभाते पुढवीते अहे उम्मज्जणिमज्जियं करेमाणे देसं पुढवीते चलेज्जा २, णाग-सुवन्नाण वा संगामंसि वट्टमाणंसि देसं पुढवीते चलेज्जा ३, इच्चेतेहिं तिहिं० [ठाणेहिं देसे पुढवीते चलेज्जा] (१)।**

**तिहिं ठाणेहिं केवलकप्पा पुढवी चलेज्जा, तंजहा—अधे णं इमीसे रतणप्पभाते पुढवीते घणवाते गुप्पेज्जा, तए णं से घणवाते गुविते समाणे घणोदहिमेएज्जा, तए णं से घणोदही एइए समाणे केवलकप्पं पुढविं चालेज्जा, देवे वा महिड्डिते जाव महेसक्खे तहारूवस्स समणस्स माहणस्स वा इड्ढिं जुतिं जसं बलं वीरितं पुरिसक्कारपरक्कमं उवदंसेमाणे केवलकप्पं पुढविं चालेज्जा, देवासुरसंगामंसि वा वट्टमाणंसि केवलकप्पा पुढवी चलेज्जा, इच्चेतेहिं तिहिं [ठाणेहिं केवलकप्पा पुढवी चलेज्जा] ॥ सू० १९८ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકાર વડે પૃથ્વીનો દેશ ચલિત થાય, તે આ પ્રમાણે—૧ આ રત્નપ્રભા પૃથ્વીની નીચે ઉપરથી મહાન્ પુદ્ગલો વિસ્રસા પરિણામથી પડે ત્યારે તે મોટા પુદ્ગલો પડતાં થકાં પૃથ્વીનો દેશ ચલિત થાય, ૨ મહોરગ—વ્યંતરવિશેષ, મોટી ઋદ્ધિવાળો મહાઐશ્વર્યવાળો એવો દેવ અહંકારથી આ રત્નપ્રભા પૃથ્વીના ભાગથી નીચે ઉત્પત–ઉપર જવા રૂપ અને નિપત–નીચે આવવારૂપ કરતો થકો પૃથ્વીનો દેશ ચલિત થાય અથવા ૩ નાગકુમાર અને સુવર્ણ (સુપર્ણ) કુમારોનો પરસ્પર સંગ્રામ હોતે છતે પૃથ્વીનો દેશ ચલિત થાય. આ ત્રણ પ્રકાર વડે પૃથ્વીનો દેશ ચલિત થાય (૧). ત્રણ પ્રકાર વડે કેવલકલ્પા (પરિપૂર્ણ) પૃથ્વી ચલિત થાય, તે આ પ્રમાણે—૧ આ રત્નપ્રભા પૃથ્વીની નીચે ઘનવાયુ ક્ષોભિત થાય ત્યારે તે ઘનવાયુ ક્ષુભિત થયો થકો ઘનોદધિ કંપિત થાય, ત્યારબાદ તે ઘનોદધિ કંપિત થયો થકો પરિપૂર્ણ પૃથ્વીને ચલિત કરે, ૨ અથવા કોઈક મહર્દ્ધિક યાવત્ મહાન્ ઐશ્વર્યવાન્ દેવ તથારૂપ શ્રમણ અથવા માહનને (પોતાની) ઋદ્ધિ, કાંતિ, યશ, બલ, વીર્ય અને પુરુષકાર (પરાક્રમ) દેખાડતો છતો પરિપૂર્ણ પૃથ્વીને ચલિત કરે, ૩ તથા દેવો (વૈમાનિકો) અને અસુરો (ભવનપતિઓ)નો સંગ્રામ વર્ત્તતે (હોતે) છતે પરિપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય. આ ત્રણ સ્થાન (પ્રકાર) વડે પૃથ્વી ચલિત થાય. ॥૧૯૮॥*

(टी०) 'तिही' त्यादि० સ્પષ્ટ છે. માત્ર દેશ એટલે ભાગ, પૃથ્વીનો એટલે રત્નપ્રભા નામની પૃથ્વીનો, 'अहे'त्ति० નીચે 'ओरालि' त्ति० ઉદારો–બાદરો, તે વિસ્રસા પરિણામથી જોરથી પડવાને કારણે ચલે, અથવા યંત્રથી મૂકેલ મહાન્ પત્થરની માફક બીજા સ્થલથી આવીને ત્યાં લાગે, 'तए णं' ति० તેથી તે પુદ્ગલો પડતાં થકાં પૃથ્વીનો દેશ (ભાગ) ચલિત થાય અર્થાત્ પૃથ્વીનો દેશ ચલે ૧, મહોરગ—વ્યંતર વિશેષ 'महिड्ढिए' પરિવારાદિ વડે મહાન્ ઋદ્ધિવાળો, યાવત્ શબ્દથી 'महज्जुइए' શરીરાદિ દીપ્તિ વડે મહાદ્યુતિવાળો, 'महाबले' પ્રાણથી મહાબલવાન્, 'महाणुभागे' વૈક્રિયાદિ કરવાથી મહાનુભાગ, 'महेसक्खे' મહેશ એવી છે આખ્યા (પ્રસિદ્ધિ) જેની તે, 'उन्मग्ननिमग्निकाम्' ઊંચે ચડતાં અને નીચે ઉતરતાં કોઈ પણ [1]અભિમાનાદિ કારણથી કરતા થકો પૃથ્વીનો દેશ ચલિત કરે તે પૃથ્વીનો દેશ ચલિત થાય ૨, નાગકુમાર અને સુવર્ણકુમાર નામના ભવનપતિ દેવોનો પરસ્પર સંગ્રામ હોતે છતે 'देसं' त्ति० પૃથ્વીનો દેશ ચલે ૩. 'इच्चेएहिं' ति० આ નિગમન છે (૧). પૃથ્વીનું દેશથી ચલન કહ્યું, હવે સમસ્તથી તે ચલનને કહે છે—'तिही' त्यादि० સ્પષ્ટ છે, સંપૂર્ણની માફક તે કેવળકલ્પા, સ્હેજ ન્યૂનતાની અહીં વિવક્ષા કરતા નથી. આ કારણથી પરિપૂર્ણ પૃથ્વી જાણવી. 'अहे' त्ति० નીચે ઘનવાયુ (તેવા પ્રકારના પરિણામવાળો (કઠણ) વાયુવિશેષ) વ્યાકુલ થાય અર્થાત્ ક્ષુભિત થાય, તેથી તે ક્ષુભિત થયો થકો ઘનોદધિ (તથા પ્રકારના પરિણામવાળો કઠણ છે તે) જલના સમૂહરૂપ કંપિત થાય, ત્યારબાદ તે ઘનોદધિ કંપિત થયો થકો પરિપૂર્ણ પૃથ્વીને ચલાવે. તે પૃથ્વી ચલે ૧, देवो वा ऋद्धि—પરિવારાદિરૂપ, द्युति—શરીરાદિની, यश—પરાક્રમથી કરાયેલી ખ્યાતિ, बल—શારીરિક, वीर्य—જીવથી ઉત્પન્ન થયેલ (જીવની શક્તિ), पुरुषकार—અભિમાન સહિત વ્યવસાય અને નિષ્પન્ન ફલવાળું જે અભિમાન તે પરાક્રમ. બલ અને વીર્યાદિકનું બતાવવું તો પૃથ્વી વગેરેના ચલનં વિના થતું નથી (અર્થાત્ તે ઋદ્ધિ વગેરે બતાવે ત્યારે સંપૂર્ણ પૃથ્વી ચલાયમાન થાય.) ૨, દેવો–વૈમાનિકો અને અસુરો–ભવનપતિઓ, તેઓનું ભવપ્રત્યયવાળું જ વૈર હોય છે. શ્રી ભગવતી સૂત્રમાં પણ કહ્યું છે કે—''किं पत्तियण्णं भंते! असुरकुमारा देवा सोहम्मं कप्पं गया य गमिस्संति य? गोयमा! तेसि णं देवाणं भवपच्चइए वेराणुबंधे'' [भगवती ३/२/१३] त्ति० પ્રશ્ન—હે ભગવન્! શા માટે અસુરકુમાર દેવો સૌધર્મ દેવલોકમાં ગયા અને જશે? ઉત્તર—હે ગૌતમ! તે દેવોનું ભવપ્રત્યયિક વૈરાનુબંધ છે, તેથી સંગ્રામ થાય છે. તે સંગ્રામ વર્તતે છતે પૃથ્વી ચલિત થાય; કારણ કે સંગ્રામમાં તેઓને મહાવ્યાયામ (મહેનત)થી ઉત્પાત અને નિપાતનો સંભવ હોય છે ૩. 'इच्चेएही' त्यादि० નિગમન છે. ॥૧૯૮॥

અનંતર, દેવ અને અસુરો સંગ્રામ કરવાપણાએ કહ્યા, તે દશ પ્રકારના છે. 'इंद्रसामानिकत्रायस्त्रिंशपार्षद्यात्मरक्ष-लोकपालानीकप्रकीर्णकाभियोग्यकिल्बिषिकाश्चैकश' (तत्त्वा० अ० ४, सू० ४) इति वचनात्. ૧ ઇંદ્ર, ૨ સામાનિક, ૩ ત્રાયસ્ત્રિંશક, ૪ પર્ષદાના દેવો, ૫ આત્મરક્ષક, ૬ લોકપાલ, ૭ અનીક (સૈન્ય), ૮ પ્રકીર્ણ દેવો, ૯ આભિયોગિક અને ૧૦ કિલ્બિષિક દેવો. ત્રણ સ્થાનકમાં અવતરણ હોવાથી તેના મધ્યવર્તિ કિલ્બિષિક દેવોનું વર્ણન કરતાં કહે છે કે—

**तिविधा देवकिब्बिसिया पन्नत्ता, तंजहा—तिपलिओवमट्ठितीता १ तिसागरोवमट्ठितीता २ तेरससागरोवमट्ठितीया ३। कहि णं भंते! तिपलिओवमट्ठितीता देवकिब्बिसिया परिवसंति? उप्पिं जोइसियाणं हिट्ठिं सोहम्मीसाणेसु कप्पेसु एत्थ णं तिपलिओवमट्ठितीया देवकिब्बिसिया परिवसंति १। कहि णं भंते! तिसागरोवमट्ठितीता देवा किब्बिसिया परिवसंति? उप्पिं सोहंमीसाणाणं कप्पाणं हेट्ठिं सणंकुमार-माहिंदेसु कप्पेसु एत्थ णं तिसागरोवमट्ठितीया देवकिब्बिसिया परिवसंति २। कहि णं भंते! तेरससागरोवमट्ठितीया देवकिब्बिसिता परिवसंति? उप्पिं बंभलोगस्स कप्पस्स हिट्ठिं लंतगे कप्पे एत्थ णं तेरससागरोवमट्ठितीता देवकिब्बिसिया परिवसंति ३ ॥ सू० १९९॥**

1. જેવી રીતે ચમરેંદ્રે અભિમાનથી એક લાખ યોજનનું રૂપ વિકુર્વીને ઊંચે સૌધર્મ દેવલોક પ્રત્યે ગમન કર્યું તેવી રીતે જાણવું.

**सक्कस्स णं देविंदस्स देवरण्णो बाहिरपरिसाते देवाणं तिन्नि पलिओवमाइं ठिती पन्नत्ता, सक्कस्स णं देविंदस्स देवरण्णो अब्भंतरपरिसाते देवीणं तिन्नि पल्लिओवमाइं ठिती पन्नत्ता २, ईसाणस्स णं देविंदस्स देवरण्णो बाहिरपरिसाते देवीणं तिन्नि पलिओवमाइं ठिती पन्नत्ता ॥ सू० २०० ॥**

**तिविहे पायच्छित्ते पन्नत्ते, तंजहा—णाणपायच्छित्ते, दंसणपायच्छित्ते, चरित्तपायच्छित्ते। ततो अणुग्घातिमा पन्नत्ता, तंजहा—हत्थकम्मं करेमाणे, मेहुणं सेवमाणे, राईभोयणं भुंजमाणे[1], तओ पारंचिता पन्नत्ता, तंजहा—दुट्ठे पारंचिते, पमत्ते पारंचिते, अन्नमन्नं करेमाणे पारंचित्ते, ततो अणवट्ठप्पा पन्नत्ता, तंजहा—साहंमियाणं तेणं करेमाणे, अन्नधम्मियाणं तेण करेमाणे, हत्थातालं दलयमाणे ॥ सू० २०१ ॥**

(મૂ૦) *ત્રણ પ્રકારે કિલ્બિષિક (ચંડાલ જેવા) દેવો કહેલા છે, તે આ પ્રમાણે—૧ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા, ૨ ત્રણ સાગરોપમની સ્થિતિવાળા અને ૩ તેર સાગરોપમની સ્થિતિવાળા. **પ્રશ્ન**—હે ભગવન્! ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યાં વસે છે? **ઉત્તર**—જ્યોતિષ્કોની ઉપર અને સૌધર્મ તથા ઈશાન દેવલોકની નીચે, આ ઠેકાણે ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો વસે છે (૧). **પ્રશ્ન**—હે ભગવન્! ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યાં વસે છે? **ઉત્તર**—સૌધર્મ અને ઈશાન દેવલોકની ઉપર તથા સનત્કુમાર અને માહેંદ્ર દેવલોકની નીચે, આ ઠેકાણે ત્રણ સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો વસે છે (૨). **પ્રશ્ન**—હે ભગવન્! તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો ક્યાં વસે છે? **ઉત્તર**—બ્રહ્મલોક નામના દેવલોકથી ઉપર અને લાંતક દેવલોકની નીચે, આ ઠેકાણે તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવો વસે છે (૩). ॥૧૯૯॥*

*શક્ર નામના દેવેંદ્ર-દેવના રાજાની બહારની પર્ષદાના દેવોની ત્રણ પલ્યોપમની સ્થિતિ કહેલી છે. શક્રનામા દેવેંદ્ર-દેવના રાજાની અભ્યંતર પર્ષદાની દેવીની ત્રણ પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ઈશાનનામા દેવેંદ્ર-દેવના રાજાની બહારની પર્ષદાની દેવીની ત્રણ પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ॥૨૦૦॥*

*ત્રણ પ્રકારે પ્રાયશ્ચિત્ત કહેલ છે, તે આ પ્રમાણે—૧ જ્ઞાનપ્રાયશ્ચિત્ત એટલે જ્ઞાનના અતિચારની શુદ્ધિ, ૨ દર્શનપ્રાયશ્ચિત્ત-સમકિતના અતિચારની શુદ્ધિ અને ૩ ચારિત્રપ્રાયશ્ચિત્ત-ચારિત્રના અતિચારની શુદ્ધિ. ત્રણ પ્રકારે અનુદ્ઘાતિમ (ગુરુ પ્રાયશ્ચિત્તને પામેલ) સાધુ કહેલ છે, તે આ પ્રમાણે—૧ હસ્તકર્મને કરતો થકો, ૨ મૈથુનને સેવતો થકો અને ૩ રાત્રિભોજનને ભોગવતો-કરતો થકો. ત્રણ પારાંચિક (પ્રાયશ્ચિત્તને યોગ્ય) કહેલ છે, તે આ—૧ દુષ્ટ પારાંચિક-વિષયથી અથવા કષાયથી દુષ્ટ, ૨ પ્રમત્ત પારાંચિક-પાંચમી સ્ત્યાનર્દ્ધિ નિદ્રાના ઉદયવાળો, અને ૩ **પરસ્પર બન્ને પુરુષ મુખચુંબન વગેરેથી મૈથુન કરતાં થકાં પારાંચિક (પ્રાયશ્ચિત્તને યોગ્ય) થાય છે.** ત્રણ અનવસ્થાપ્ય (નવમા પ્રાયશ્ચિત્તને યોગ્ય) કહેલ છે, તે આ પ્રમાણે—૧ સાધર્મિક-સાધુઓની શિષ્ય વગેરેની ચોરી કરતો થકો, ૨ અન્યધાર્મિક-શાક્ય વગેરેની ચોરી કરતો થકો તથા ૩ હસ્તતાલ-યષ્ટિ, મુષ્ટિ, લકુટાદિ વડે પોતાને તથા બીજાને પ્રહાર કરતો થકો અનવસ્થાપ્ય થાય (નવમા પ્રાયશ્ચિત્તને યોગ્ય થાય). ॥૨૦૧॥*

(ટી૦) **'तिविहे' त्यादि०** સ્ફુટ છે. વિશેષ એ કે **'किल्बिसिय' त्ति०**

**नाणस्स केवलीणं, धम्मायरियस्स संघसाहूणं । माई अवन्नवाई, किब्बिसियं भावणं कुणइ ॥१८९॥**

**[बृहत्कल्प० १३०२ त्ति]**

જ્ઞાનનો, કેવલીનો, ધર્માચાર્યનો, સંઘનો અને સાધુઓનો અવર્ણવાદ બોલનાર તથા માયાવી જે હોય તે કિલ્બિષિકી

1. તુલના : तओ अणुग्घाइया पन्नत्ता, तंजहा-(१) हत्थकम्म करेमाणे, (२) मेहुणं पडिसेवमाणे, (३) राइभोयणं भुंजमाणे [बृहत्कल्प ४उ०] આ પ્રમાણે ત્રણે સૂત્રો બૃહત્કલ્પસૂત્રના ૪ ઉદ્દેશામાં છે.

ભાવનાને કરે છે. (૧૮૯)

એવા પ્રકારની ભાવના વડે ઉત્પન્ન કરેલ **કિલ્બિષ (પાપ)** છે ઉદયમાં વિદ્યમાન જેઓને તે કિલ્બિષિકો, દેવોની મધ્યમાં કિલ્બિષિકો-પાપીઓ અથવા દેવો એવા કિલ્બિષિકો તે દેવકિલ્બિષિકો અર્થાત્ **મનુષ્યમાં ચંડાલની જેમ દેવોમાં પણ અસ્પૃશ્ય.** **'उप्पिं'**—ઉપર **'हिंट्ठिं'**—નીચે **'सोहम्मीसाणेसु'** त्ति० છઠ્ઠીના અર્થમાં સપ્તમી છે. ॥૧૯૯॥

દેવના અધિકારથી આવેલ **'सक्के'** त्यादि० ત્રણ સૂત્રો સુગમ છે. ॥૨૦૦॥

હમણાં દેવીઓની સ્થિતિ કહી તે દેવીપણું તો પ્રાયશ્ચિત્ત સહિત અનુષ્ઠાનથી થાય છે માટે પ્રાયશ્ચિત્તની અને પ્રાયશ્ચિત્તવાળાની પ્રરૂપણા કરવા માટે કહે છે—**'तिविहे'** त्यादि० સૂત્રચતુષ્ટય સુગમ છે. માત્ર **'नाणे'** त्यादि० જ્ઞાનાદિ અતિચારની શુદ્ધિ માટે જે આલોચનાદિ અથવા જ્ઞાનાદિના જે અતિચાર તે જ્ઞાનપ્રાયશ્ચિત્તાદિ છે. તેમાં અકાળે ભણવું, **વિનય સિવાય ભણવું** વગેરે આઠ અતિચાર જ્ઞાનના છે, શંકિતાદિ આઠ અતિચાર દર્શનના છે અને મૂલગુણવિરાધના તથા ઉત્તરગુણવિરાધનારૂપ વિચિત્ર અતિચાર ચારિત્રના છે. **'अणुग्घाइम'** त्ति० ઉદ્‌ઘાત-ભાગ પડવો, તેના વડે જે થયેલું તે ઉદ્‌ઘાતિમ. આ અર્થ સંક્ષિપ્ત છે જેથી કહ્યું છે કે—

**अद्धेण छिन्नसेसं, पुव्वद्धेणं तु संजुयं काउं । देज्जाहि लहुयदाणं, गुरुदाणं तत्तियं चेव ॥१९०॥**

માસનો અર્દ્ધ વિભાગ કરવાથી પંદર દિન થાય છે, તેથી માસની અપેક્ષાએ પૂર્વ તપ પચીશ દિવસ, તેનું અર્દ્ધ સાડાબાર દિવસ થાય છે તે સાડાબાર દિવસ વડે યુક્ત અર્દ્ધમાસ કરવાથી સાડીસત્યાવીશ દિન થાય છે, એમ કરીને જે પ્રાયશ્ચિત્ત દેવાય છે તે લઘુમાસ દાન છે. એવી રીતે બીજાં પણ જાણવા. [1]આ લઘુમાસદાનના નિષેધથી અનુદ્‌ઘાતિમ તપ ગુરુ [માસદાન] એવો અર્થ છે. (૧૯૦)

તેના યોગથી સાધુઓ પણ અનુદ્‌ઘાતિમ કહેવાય છે. **'हस्तकर्म्म'**—હસ્ત વડે વીર્યના પુદ્‌ગલના ઘાત (નાશ)ની ક્રિયા, જે આગમમાં પ્રસિદ્ધ છે તેને કરતો થકો, અહિં સપ્તમી છઠ્ઠીના અર્થમાં છે તેથી કરનારને એવી રીતે વ્યાખ્યાન કરવું. આ હસ્તકર્માદિ દોષોના વિશેષ (ભેદ)માં જે અનુદ્‌ઘાતિમ વિશેષ દેવાય છે તે કલ્પભાષ્ય વગેરેથી જાણી લેવું. **'पारंचिय'** त्ति० તપ વડે અપરાધના પારને જે પામે છે તે પારંચ, તેથી જે દીક્ષિત થાય છે તે પારાંચી અથવા પારાંચિક. તેનું જે અનુષ્ઠાન તે પારાંચિક દશમું પ્રાયશ્ચિત્ત છે. તેનો લિંગ, ક્ષેત્ર, કાલ અને તપ વડે બહાર કરવો એવો ભાવ છે. આ સૂત્રના વિષયમાં કલ્પભાષ્ય નીચે પ્રમાણે હકીકત જણાવે છે—

**आसायण पडिसेवी, दुविहो पारंचिओ समासेणं । एक्केक्कंमि य भयणा, सचरित्ते चेव अचरित्ते ॥१९१॥**

**[बृहत्कल्प० ४९७२]**

પારાંચિક સંક્ષેપથી બે પ્રકારે છે, તે આ-આશાતનામાં અને પ્રતિસેવામાં. વળી એકેકમાં ભજના કરવી એટલે સચારિત્રમાં અને અચારિત્રમાં એમ બે પ્રકારે. (૧૯૧)

**सव्वचरित्तं भस्सइ, केण वि पडिसेविएण उ पएणं । कत्थइ चिट्ठइ देसो, परिणामवराहमासज्ज ॥१९२॥**

**[बृहत्कल्प० ४९७३]**

કોઈપણ પારાંચિક પ્રાપ્તિ યોગ્ય પ્રતિસેવિત પદ (દોષના સેવન) વડે સર્વ ચારિત્રનો નાશ થાય છે, ક્યાંક ચારિત્રનો દેશ રહે છે, કારણ કે પરિણામની તીવ્રતા અને મંદતા પામીને અથવા અપરાધની ઉત્કૃષ્ટતા, મધ્યમતા અને જઘન્યતા આશ્રયીને ચારિત્ર હોય અથવા ન પણ હોય. (૧૯૨)

**तुल्लं मिवि अवराहे, परिणामवसेण होइ नाणत्तं । कत्थइ परिणामंमि वि, तुल्ले अवराहनाणत्तं ॥१९३॥**

**[बृहत्कल्प० ४९७४]**

---

1. ૧ લઘુમાસ, ૨ ગુરુમાસ, ૩ લઘુચતુર્માસ, ૪ ગુરુચતુર્માસ અને ૫ આરોપણા-આ પાંચ પ્રકારના પ્રાયશ્ચિત્ત જાણવા.

તુલ્ય અપરાધ છતે પણ પરિણામના વશથી ચારિત્રના નાશ વગેરેમાં વિચિત્રપણું થાય છે. કોઈ સ્થળે પરિણામ સરખા છતાં પણ અપરાધના અનેક પ્રકારથી પ્રતિસેવનાનું વિચિત્રપણું થાય છે. (૧૯૩)

(પ્રતિસેવામાં પારાંચિકનું સ્વરૂપ કહીને હવે આશાતનામાં પારાંચિકનું સ્વરૂપ કહે છે.)

**तित्थयरपवयणसुए, आयरिए गणहरे महिड्डीए । एते आसायंते, पच्छित्ते मग्गणा होइ ।।१९४।।**

**[बृहत्कल्प० ४९७५-५०६० त्ति]**

તીર્થંકર, પ્રવચન (શાસન) શ્રુત, આચાર્ય, ગણધર અને મહર્દ્ધિક (જ્ઞાનાદિવાન્) એટલાઓની જે આશાતના કરે છે તેને પ્રાયશ્ચિત્તમાં માર્ગણા (વિચારણા) હોય છે. (૧૯૪)

તેમાં 'सव्वे आसायंते, पावति पारंचियं ठाणं' [बृहत्कल्प० ४९८३] त्ति० આ સર્વ આશાતના કરતો થકો પારાંચિક સ્થાનને પામે છે. આ (ઠાણાંગ) સૂત્રમાં પ્રતિસેવક પારાંચિક જ ત્રણ પ્રકારે કહેલ છે. કહ્યું છે કે—

**पडिसेवणपारंची, तिविहो सो होइ आणुपुव्वीए । दुट्ठे य पमत्ते या, नायव्वो अन्नमन्ने य ।।१९५।। [बृहत्कल्प० ४९८५]**

પ્રતિસેવનાપારાંચિક અનુક્રમે દુષ્ટ, પ્રમત્ત અને અન્યોઅન્ય એમ ત્રણ પ્રકારે જાણવો. તેમાં દુષ્ટ તે કષાયથી અને વિષયથી દોષવાળો જાણવો. વળી એક એક પણ સ્વપક્ષ અને વિપક્ષના ભેદથી બે પ્રકારે છે. (૧૯૫) કહ્યું છે કે—

**दुविहो य होइ दुट्ठो, कसायदुट्ठो य विसयदुट्ठो य । दुविहो कसायदुट्ठो, सपक्ख-परपक्ख [1]चउभंगो ।।१९६।।**

**[बृहत्कल्प० ४९८६]**

દુષ્ટ બે પ્રકારના છે. કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ. કષાયદુષ્ટ બે પ્રકારે છે. સ્વપક્ષ અને પરપક્ષમાં. આની ચતુર્ભંગી થાય છે. (૧૯૬)

તેમાં સ્વપક્ષમાં કષાયદુષ્ટ આ પ્રમાણે જાણવો—સરસવની નલિકા (નાલ) નામના શાકની ભાજીના ગ્રહણથી કુપિત (ગુસ્સે) થયેલ (ચેલાએ) મરેલ આચાર્યના દાંતને ભાંગી નાખ્યા તેવો [2]સાધુ અને વિષયદુષ્ટ તો સાધ્વીની વાંચ્છા કરનાર *જાણવો. કહ્યું છે કે—*

**लिंगेण लिंगिणीए, संपत्तिं जो णिगच्छई पावो । सव्वजिणाणऽज्जाओ, संघो वाऽऽसाइतो तेणं ।।१९७।।**

***[बृहत्क० ५००८]***

રજોહરણાદિ લિંગ વડે યુક્ત એવો **પાપાત્મા સાધુ,** જો અધમપણાથી સાધ્વીઓની પ્રાપ્તિ પ્રત્યે *(વાંછે છે)* જાય છે તો તેણે સર્વ તીર્થંકરોની આર્યાઓની (સાધ્વીઓની) અથવા સંઘની આશાતના કરી કહેવાય. (૧૯૭)

**पावाणं पावयरो, दिट्ठिप्फासे वि सो न कप्पति तु । जो जिणपुंगवमुद्दं, नमिऊण तमेव धरिसइ ।।१९८।।**

**[बृहत्क० ५००९]**

સર્વે પાપીઓના મધ્યે તે અત્યંત પાપિષ્ઠ છે. તેને દૃષ્ટિસ્પર્શ કરવો અર્થાત્ નજરે નીરખવો પણ કલ્પે નહિં, કારણ તે જિનવરની મુદ્રા પ્રત્યે નમીને તેને જ લજ્જાવે છે. (૧૯૮)

**संसारमणवयग्गं, जाइ-जरा-मरणवेयणापउरं । पावमलपडलछन्ना, भमंति मुद्दाधरिसणेणं ।।१९९।।[बृहत्क० ५०१०]**

મુદ્રાને (વેશને) લજ્જાવવા વડે પાપમલરૂપી પટલથી આચ્છાદિત થયેલા એવા તેઓ જન્મ, જરા અને મરણની પ્રચુર

1. ૧ સ્વપક્ષકષાય દુષ્ટ અને પરપક્ષકષાય દુષ્ટ, ૨ સ્વપક્ષકષાય દુષ્ટ અને ન પરપક્ષકષાય દુષ્ટ, ૩ ન સ્વપક્ષકષાય દુષ્ટ અને પરપક્ષકષાય દુષ્ટ તેમજ ૪ ઉભય પક્ષમાં ન કષાય દુષ્ટ-આ પ્રમાણે ચાર ભાંગા છે. તે ચાર ભાંગા પૈકી ચોથો ભાંગો શુદ્ધ છે.
2. શિષ્ય પોતાને માટે લાવેલ ભાજીનું શાક તેને પૂછયા વિના એક આચાર્યે ખાવાથી તેના ઉપર ચેલો ગુસ્સે થયો. તે ગુરુને હેરાન કરવા છિદ્ર જોવા લાગ્યો પરંતુ તે ઇચ્છા પાર પડી નહીં. અમુક સમયે ગુરુ કાળધર્મ પામ્યા એટલે તે ચેલાએ જાગૃત રહેલા ક્રોધથી તે મૃત આચાર્યના દાંત પાડી નાખી પોતાનો રોષ શમાવ્યો.

વેદનાવાળા અનંત સંસારમાં ભમે છે. (૧૯૯)

પરપક્ષકષાય દુષ્ટ તો રાજાનો વધ કરનાર અને પરપક્ષવિષય દુષ્ટ તો રાજાની પટ્ટરાણી પ્રત્યે ગમન કરનાર જાણવો. કહ્યું છે કે—

**जो य सलिंगे दुट्ठो, कसाय विसएहिं रायवहगो य । रायग्गमहिसिपडिसेवओ य बहुसो पयासो य ।।२००।।**

જે સાધુના વેષમાં વિષયકષાયથી દુષ્ટ હોય તેમાં કષાયથી રાજાનો વધ કરનાર અને વિષયથી રાજાની અગ્રમહિષીને ભોગવનાર એવો જો ઘણો પ્રસિદ્ધ હોય તો પણ તેને ત્યાગવો. (૨૦૦)

પ્રમત્ત–પાંચમી નિદ્રાના ઉદયવાળો, માંસ [1]ખાનાર દીક્ષિત સાધુની જેમ, આ બીજા સદ્‌ગુણવાળો હોય તો પણ ત્યાગવા યોગ્ય છે. કહ્યું છે કે—

**अवि केवलमुप्पाडे, ण य लिंगं देइ अणइसेसी से । देसवयदंसणं वा, गेण्ह अणिच्छे पलायंति ।।२०१।।**

**[बृहत्कल्प० ५०२४]**

જો તે જ ભવમાં સ્ત્યાનર્દ્ધિ નિદ્રાવાળો કેવલને ઉત્પન્ન કરે તો પણ અનતિશયજ્ઞાની તેને લિંગ આપે નહિં. વળી લિંગનું અપહરણ કરીને એમ કહેવું કે 'તું દેશવિરતિ અગર સમ્યક્ત્વને ગ્રહણ કર' એમ કહેવા છતાં જો તે લિંગ–વેશ મૂકવાને ઇચ્છે નહિં તો રાત્રિમાં તેને સૂતો મૂકીને ગુરુએ પલાયન કરી જવું, (૨૦૧) ૩ પરસ્પર મુખ અને ગુદા વગેરે પ્રયોગથી મૈથુન કરતો થકો, પુરુષયુગલ એ શબ્દ શેષ છે. કહ્યું પણ છે કે—'**आसयपोसयसेवी, के वि मणूसा दुवेयगा होंति। तेसिं लिंगविवेगो**' [बृहत्क० ५०२६] त्ति० આસ્ય—મુખ અને પોષ્ય—ગુદા આ બે વડે મૈથુન સેવનાર કેટલાએક પુરુષો સ્ત્રીવેદ અને પુરુષવેદરૂપ બે વેદના મિશ્ર ઉદયવાળા હોય છે અર્થાત્ નપુંસકવેદી હોય છે. તેઓના લિંગનો વિવેક કરવો અર્થાત્ ખેંચી લેવો. ઘણી રીતે અતિચાર વિશેષને સેવતો થકો અને નથી આચરેલ તપ વિશેષ જેણે એવો સાધુ તે અતિચાર દોષથી નિવૃત્ત થયો છતો પણ જે મહાવ્રતને વિષે સ્થપાતો નથી અર્થાત્ અધિકારી કરાતો નથી તે અનવસ્થાપ્ય કહેવાય. તે અતિચારથી થયેલ અથવા તે અતિચારની શુદ્ધિ પણ અનવસ્થાપ્ય કહેવાય. આ નવમું પ્રાયશ્ચિત્ત છે. તેમાં ૧ સાધર્મિકો–સાધુઓ, તેઓના સંબંધી ઉત્કૃષ્ટ ઉપધિ, અથવા શિષ્યાદિની ઘણીવાર અથવા વિશેષ દ્વેષિત ચિત્તવાળો '**तेणं**' त्ति० ચોરીને કરતો થકો, તથા ૨ અન્યધાર્મિકો–શાક્ય વગેરે અથવા ગૃહસ્થો, તેઓના સંબંધી ઉપધિ વગેરેની ચોરી કરતો થકો, તથા ૩ હાથ વડે તાડન કરવું તે હસ્તતાલ, તેને 'દલમાણે'—આપતો થકો, યષ્ટિ (લાકડી), મુષ્ટિ, લકુટ (ધોકો) ઇત્યાદિ વડે મરણ વગેરેથી નિરપેક્ષ (દરકાર સિવાય) પોતાને અથવા બીજાને પ્રહાર કરતો થકો, એવું તાત્પર્ય છે. કહ્યું છે કે—

**उक्कोसं बहुसो वा, पदुट्ठचित्तो व तेणियं कुणइ । पहरइ जो य सपक्खे, निरवेक्खो घोरपरिणामो ।।२०२।।**

અતિશય ક્રોધવાળો, વિશેષ દુષ્ટ ચિત્તવાળો જે ચોરી કરે અને સ્વપક્ષ (સાધુ) ઉપર પ્રહાર કરે તેને નિરપેક્ષ (મરણના ડરથી રહિત) અને ઘોર પરિણામી કહેલ છે. (૨૦૨)

'**अत्थायाणं दलमाणे**' त्ति० પાઠ છે, તેમાં અર્થાદાન–દ્રવ્યોપાર્જનના કારણરૂપ અષ્ટાંગ નિમિત્તને બોલતો થકો, અથવા '**हत्थालंबं दलमाणो**' त्ति० પાઠ છે, તેમાં હસ્તાલંબની જેમ હસ્તાલંબને દેતો થકો અર્થાત્ નદીના પુરનો રોધ વગેરે અશિવ (અમંગલ) માં તેની શક્તિને માટે ઉપચાર સહિત મંત્રવિદ્યાદિનો પ્રયોગ કરતો થકો, એવો અર્થ સમજવો. પૂર્વોક્ત પ્રાયશ્ચિત્ત પ્રવ્રાજનાદિ યુક્તને હોય છે, તે પ્રવ્રાજના અયોગ્યના નિરાસ વડે યોગ્યોની કરવા યોગ્ય છે માટે તે દીક્ષાને અયોગ્યનું નિરૂપણ કરતાં થકા છ સૂત્રને કહે છે—

1. વિશેષાવશ્યકની ટીકામાં થીણદ્ધી નિદ્રાના ઉદય ઉપર પાંચ કથાઓ કહેલી છે તેમાં આ કથા પણ છે.

**तओ णो कप्पंति पव्वावेत्तए, तंजहा—पंडए, वातिते, कीवे १, एवं मुंडावित्तए २, सिक्खावित्तए ३, उवट्ठावित्तए ४, संभुंजित्तते ५, संवासित्तते ६ ॥ सू० २०२ ॥**

*(મૂ૦) ત્રણ જણાને પ્રવ્રજ્યા દેવી ન કલ્પે, તે આ પ્રમાણે—૧ પંડક-નપુંસક, ૨ વાતિક (વાયુવાળો) અને ૩ ક્લીબ-અસમર્થ (૧) એવાને મુંડવું એટલે લોચ કરવો પણ ન કલ્પે (૨) પડિલેહણાદિ સામાચારીનું શીખવવું ન કલ્પે (૩) મહાવ્રતને વિષે સ્થાપન કરવું ન કલ્પે (૪) ઉપધિ તથા આહાર વગેરે વડે સંભોગ (ભાગ કરવો) ન કલ્પે (૫) પોતાની પાસે રાખવો ન કલ્પે (૬). ॥૨૦૨॥*

(ટી૦) 'तओ' इत्यादि० સુગમ છે. વિશેષ એ કે-પંડક અટલે નપુંસક, તેનાં લક્ષણ વગેરે જાણીને તે ત્યાગ કરવા યોગ્ય છે. તેનાં લક્ષણો છ છે—

**महिलासहावो सर वन्नभेओ, मेंढं महंतं मउई य वाया ।**
***ससद्दगं मुत्तमफेणगं च, एयाणि छप्पंडगलक्खणाणि ॥२०३॥ [बृहत्कल्प० ५१४४ त्ति]***

૧ સ્ત્રી જેવો સ્વભાવ એટલે સ્ત્રીની માફક દાસ થાય છે, પડખે તથા પાછળ જોતો જોતો ચાલે છે, ૨ સ્વરભેદ-પુરુષથી તથા સ્ત્રીથી જુદા પ્રકારનો સ્વર હોય છે, ૩ વર્ણભેદ-શરીર સંબંધી ચહેરો અને ઉપલક્ષણથી ગંધ, રસ, સ્પર્શ પણ સ્ત્રી અને પુરુષથી વિલક્ષણ હોય છે, ૪ મેહન-પુરુષચિહ્ન મોટું હોય છે, ૫ વાણી-સ્ત્રીની માફક કોમળ હોય છે અને ૬ શબ્દ સહિત અને ફીણ રહિત મૂત્ર હોય છે. આ છ પંડકનાં લક્ષણો છે. (૨૦૩)

જેને વાયુ છે તે વાતિક, જ્યારે પોતાના નિમિત્તથી અથવા અન્યથા મેહન (લિંગ) કષાયિત (વિકારવાળું) થાય છે ત્યારે જ્યાં સુધી પ્રતિસેવા ન કરી હોય ત્યાં સુધી વેદને ધારણ કરવા માટે જે સમર્થ ન થાય તે વાતિક કહેવાય. આ નહિં રોકેલ વેદવાળો નપુંસકપણાએ પરિણમે છે. કોઈ સ્થળે **'वाहिय'** त्ति० પાઠ છે. ત્યાં વ્યાધિગ્રસ્ત-રોગી એવો અર્થ છે. ક્લીબ એટલે અસમર્થ, તે ચાર પ્રકારે છે—૧ દૃષ્ટિક્લીબ, ૨ શબ્દક્લીબ, ૩ આદિગ્ધક્લીબ અને ૪. નિમંત્રણક્લીબ, અનુરાગથી વસ્ત્રાદિ રહિત વિપક્ષ-સ્ત્રીને જોઈને (જોતાં થકાં) જેનું મેહન ગળે છે તે દૃષ્ટિક્લીબ, સુરતાદિ-કામોત્પાદક વગેરે શબ્દ સાંભળતાં થકાં જેનું મેહન ગળે છે તે શબ્દક્લીબ, સ્ત્રી વડે અવગૂઢ-સંકેત કરાયેલ જે વ્યક્તિ વ્રતને રક્ષણ કરવા માટે સમર્થ ન થાય તે આદિગ્ધક્લીબ, તથા સ્ત્રી વડે આમંત્રણ કરાયેલ જે વ્રતને રક્ષણ કરવા માટે સમર્થ ન થાય તે નિમંત્રિતક્લીબ. ચાર પ્રકારે પણ આ ક્રિયા નહિં અટકાવવાથી તે નપુંસકપણામાં પરિણમે છે. વાતિક અને ક્લીબનું જે પરિજ્ઞાન (હકીકત) તેઓના અથવા તેના મિત્ર વગેરેના કથનથી જાણવું. આનો વિસ્તાર કલ્પભાષ્યથી જાણી લેવો. આ ત્રણ ઉત્કટ વેદપણાએ વ્રતનું પાલન કરવામાં અસમર્થ છે માટે તેઓને દીક્ષા દેવાનું કલ્પતું નથી. દીક્ષા દેનારને પણ આજ્ઞાના ભંગ વડે દોષનો પ્રસંગ હોવાથી કહ્યું છે કે—

**जिणवयणे पडिकुट्ठं, जो पव्वावेइ लोभदोसेणं । चरणट्ठिओ तवस्सी, लोवेइ तमेव उ चरित्तं ॥२०४॥**
**[निशीथ० ३७४५ त्ति]**

જિનવચનને વિષે નિષેધ કરેલ (જન) પ્રત્યે, જે લોભદોષ વડે દીક્ષા આપે છે તે ચારિત્રને વિષે સ્થિત તપસ્વી એવો તે જ ચારિત્રને લોપે છે. (૨૦૪)

અહિં દીક્ષાને અયોગ્ય ત્રણ જણા કહ્યા, કારણ કે ત્રણ સ્થાનકનું વર્ણન ચાલે છે. અન્યથા ત્રણ કરતાં વિશેષ દીક્ષાને અયોગ્ય છે, જેથી કહે છે—

**बाले बुड्ढे नपुंसे य, जड्डे कीवे य वाहिए । तेणे रायावगारी य, उम्मत्ते य अदंसणे ॥२०५॥ [निशीथ० ३५०६]**
**दासे दुट्ठे (य) मूढे (य), अणत्ते जुंगिए इय । ओबद्धए य भयए, सेहनिप्फेडिया इय ॥२०६॥ [निशीथ० ३५०७]**

૧ બાલ-અષ્ટ વર્ષ પર્યંત, ૨ બુઢ્ઢો-વૃદ્ધ, સિંતેર[1] વર્ષ ઉપરાંત, ૩ નપુંસક-ઉભયાભિલાષી, ૪ જડ-ભાષા, શરીર અને

1. આ સો વર્ષના આયુષ્યની અપેક્ષાએ કથન છે, બાકી શરીર વગેરેના સામર્થ્યની અપેક્ષાએ હાલ તો સાઠ વર્ષે વૃદ્ધાવસ્થા કહેવાય છે.

ઇંદ્રિયથી ત્રણ પ્રકારે છે, ૫ કલીબ, ૬ વ્યાધિગ્રસ્ત (રોગી), ૭ ચોર, ૮ રાજદ્રોહી, ૯ ઉન્મત્ત–યક્ષ વગેરેના દોષથી ગાંડો થયેલ, ૧૦ અદર્શન–દૃષ્ટિ વગરનો (આંધળો) અથવા સ્ત્યાનર્દ્ધિ નિદ્રાના ઉદયવાળો, ૧૧ દાસ, ૧૨ દુષ્ટ–કષાય અને વિષય વડે દૂષિત, ૧૩ મૂઢ–વિવેક રહિત, ૧૪ ઋણાર્ત્ત–કરજદાર, ૧૫ જુંગિત–જાતિહીન, કર્મહીન અને અંગહીન, જાતિહીન–ચંડાલાદિ અસ્પૃશ્ય, કર્મહીન–કસાઈ, મચ્છીમાર વગેરે અને અંગહીન–હાથ, પગ વગેરેથી હીન, ૧૬ અવબદ્ધક–વિદ્યાના દેનારા વગેરેની પાસે બંધાયેલ એટલે 'અમુક સમય હું આપનો છું' એવો કરાર કરેલ હોય તે, ૧૭ ભૃતક–દ્રવ્ય વગેરે વડે જે આજીવિકા કરનાર અર્થાત્ ધનિકની પાસે અમુક સમય પર્યન્ત બંધાયેલ હોય તે અને ૧૮ શિષ્યનિષ્ફેટિકા–માતપિતા વગેરેની સમ્મતિ સિવાય જે છૂપી રીતે દીક્ષા આપવી તે શિષ્યનિષ્ફેટિકા. (૨૦૫–૨૦૬)

શિષ્યનિષ્ફેટિકામાં મુનિને અદત્તાદાન લાગે તથા માતપિતાદિને [1]કર્મબંધનો સંભવ થાય. **''गुव्विणी बालवच्छा य, पव्वावेउं न कप्पइ''** [निशीथ० ३५०८] त्ति०, [2]ગર્ભવતી તથા બાલવત્સા–નાના (સ્તનપાન કરનાર) બાલકની માતાને દીક્ષા દેવી ન કલ્પે. **'एवम्' इत्यादि०** જેમ આ ઉપર જણાવેલ દીક્ષાને માટે કલ્પે નહિં એમ એ બધાય કોઈ પ્રકારે પ્રપંચથી કે છેતરપીંડીથી દીક્ષા દેવાયા છતાં પણ મુંડન–મસ્તકનું લુંચન કરવા વડે કલ્પે નહિં. કહ્યું છે કે—

**पव्वाविओ सिय त्ति, मुंडावेउं अणायरणजोगो । अहवा मुंडाविंते, दोसा अणिवारिया पुरिमा ।।२०७।।**

**[तुलना बृहत्क० ५१९० इति]**

જો કદાચ દીક્ષિત હોય તો પણ મુંડન કરવા માટે આચરણ યોગ્ય નથી અથવા મુંડન થયે છતે આગળના દોષો અનિવારિત છે અર્થાત્ આગળના દોષો છે જ. એવી રીતે શિક્ષાને માટે–પ્રત્યુપેક્ષણ વગેરે સામાચારીને ગ્રહણ કરવા માટે, ઉપસ્થાપનાને માટે–મહાવ્રતોને વિષે વ્યવસ્થાપન કરવા માટે તથા **सम्भोक्तुम्**—ઉપધિ વગેરે વડે વિભાગ કરવા માટે, એમ અનાભોગથી વ્યવહાર કરાયા છતાં પણ **'संवासयितुम्'**—પોતાની પાસે રહેવા માટે કલ્પે નહિં, એવો અનુક્રમ છે. ॥૨૦૨॥

કારણવશાત્ કોઈ પ્રકારે પાસે રાખ્યા છતાં પણ વાચનાને માટે તો અયોગ્ય જ છે અર્થાત્ વાચના તો આપવી જ નહિં. તે દર્શાવતાં કહે છે કે—

**ततो अवायणिज्जा पन्नत्ता, तंजहा—अविणीए, विगतीपडिबद्धे, अविओसवितपाहुडे। तओ कप्पंति वातित्तते, तं जहा—विणीए, अविगतीपडिबद्धे, विउसवियपाहुडे। तओ दुसन्नप्पा पन्नत्ता, तंजहा—दुट्ठे, मूढे, वुग्गाहिते। तओ सुसन्नप्पा पन्नत्ता, तंजहा—अदुट्ठे, अमूढे, अवुग्गाहिते ।। सू० २०३ ।।**

*(મૂ૦) ત્રણ [જણા] અવાચનીય–સૂત્ર ભણાવવાને અયોગ્ય કહેલ છે, તે આ પ્રમાણે—૧ અવિનીત, ૨ વિગયપ્રતિબદ્ધ–ઘૃતાદિ રસમાં લુબ્ધ અને ૩ અવ્યવસિતપ્રાભૃત–ઉત્કૃષ્ટ ક્રોધવાળો. ત્રણ જણાને વાચના દેવી કલ્પે છે, તે આ પ્રમાણે—૧ વિનીત, ૨ વિગયમાં અપ્રતિબદ્ધ–રસમાં લુબ્ધ નહિં અને ૩ વ્યવસિતપ્રાભૃત–ઉપશાંત ક્રોધવાળો. ત્રણ જણા દુઃસંજ્ઞાપ્યા–દુઃખપૂર્વક સમજાવી શકાય તેવા છે, તે આ પ્રમાણે—૧ દુષ્ટ–તત્ત્વનો તથા ગુરુનો દ્વેષી, ૨ મૂઢ–ગુણદોષનો અજાણ અને ૩ વ્યુદ્ગ્રાહિત–કુગુરુ વડે મિથ્યા મતમાં દૃઢ કરાયેલ. ત્રણ જણા સુસંજ્ઞાપ્યા–સુખપૂર્વક સમજાવી શકાય તેવા છે, તે આ પ્રમાણે—૧ અદુષ્ટ–દ્વેષ રહિત, ૨ અમૂઢ–ગુણદોષનો જાણ અને ૩ અવ્યુદ્ગ્રાહિત–કુગુરુથી નહીં ભરમાવાયેલ. ॥૨૦૩॥*

(ટી૦) **'तओ' इत्यादि०** સુગમ છે. વિશેષ એ કે—**न वाचनीयाः**—સૂત્રને ભણાવવા યોગ્ય નહિં, આ જ કારણથી અર્થને પણ સંભળાવવા યોગ્ય નહિં; કારણ કે—**સૂત્રથી અર્થનું મહત્ત્વ છે.** તેમાં અવિનીત વ્યક્તિ સૂત્ર અને અર્થના દાતાના વંદનાદિ

1. સોલ વર્ષ પર્યંતના બાલકને માબાપની રજા સિવાય દીક્ષા આપનારને શિષ્યનિષ્ફેટિકા દોષ લાગે છે; સોલ વર્ષ ઉપરાંત નહિં એવો કેટલાએક આચાર્યોનો મત છે.
2. ગાથા ૨૦૫ અને ૨૦૬માં દર્શાવેલ અઢાર અને આ બે મળી વીશ પ્રકારની સ્ત્રી દીક્ષા માટે અયોગ્ય જાણવી.

વિનય રહિત હોય છે, માટે તેને વાચના આપવામાં દોષ જ છે. કહ્યું પણ છે કે—

**इहरह वि ताव थब्भइ, अविणीओ लंभिओ किमु सुएणं? मा णट्ठो नासिहिई, खए व खारोवसेगो उ ।।२०८।।**

**गोजूहस्स पडागा, सयं पलायस्स वड्ढयइ य वेगं । दोसोदए य समणं, न होइ न नियाणतुल्लं च ।।२०९।। [युग्मम्]**

**[बृहत्कल्प० ५२०१-५२०२]**

ઈતરથા–શ્રુતના અભ્યાસ વગર પણ અવિનીત સ્તબ્ધ હોય છે તો પછી શ્રુતના લાભ વડે સ્તંભિત–અધિક અભિમાની થાય એમાં કહેવું જ શું? જેમ ક્ષત–લાગેલ ઘામાં ક્ષાર (લૂણ વગેરે)ના અવસેક–લગાડવાની માફક અવિનીત વ્યક્તિ શ્રુતને પામ્યો છતો પોતે નષ્ટ થયેલ એવો શું બીજાનો નાશ નહિં કરે? જેમ ગોવાલ જ્યારે ગાયોની આગળ થઈને પતાકા બતાવે છે ત્યારે ગાયો વેગથી ચાલે છે તેમ અવિનીત પ્રાણીને પણ શ્રુતનું ભણાવવું દુર્વિનયને વધારે છે. (૨૦૮–૨૦૯) દા.ત. दोषाणां– *–રોગોના ઉદયમાં શમન ઔષધ દેવાય નહિં કારણ કે નિદાન–મૂલ કારણથી ઉત્પન્ન થયેલ વ્યાધિને શમન ઔષધથી રોગવૃદ્ધિનો* ભય રહે છે.

**विणयाहीया विज्जा, देइ फलं इह परे य लोयंमि । न फलंतऽविणयगहिया, सस्साणि व तोयहीणाइं ।।२१०।।**

**[बृहत्कल्प० ५२०३ त्ति]**

વિનયથી ભણેલ વિદ્યા આલોક તથા પરલોકમાં ફલને આપે છે, અને અવિનયથી ગ્રહણ કરેલ વિદ્યા જળથી હીન શસ્ય (ધાન્ય)ની જેમ ફળને આપતી નથી. (૨૧૦)

૨ વિકૃતિપ્રતિબદ્ધ–ઘૃત, દૂધ વગેરે રસ (વિગય) વિશેષમાં ગૃદ્ધ અર્થાત્ ઉપધાનને નહિં કરનાર. અહિં પણ દોષ જ છે, જેથી કહ્યું છે કે—

**अतवो न होइ जोगो, न य फलए इच्छियं फलं विज्जा । अवि फलति विउलमगुणं, साहणहीणा जहा विज्जा ।।२११।।**

**[बृहत्कल्प० ५२०६]**

તપસ્યા સિવાય યોગ–શ્રુતનો ઉદ્દેશન વગેરે વ્યાપાર થાય નહીં, તથા તપસ્યા વિના ગ્રહણ કરેલ વિદ્યા, શ્રુતજ્ઞાનરૂપી ઈચ્છિત ફલને આપતી નથી પણ ઊલટું ઘણો અનર્થ કરે છે. દા.ત. સાધનહીન વિદ્યા અર્થાત્ પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યા ઉપવાસાદિ ઉપચાર સિવાય ઊલટી અવગુણને માટે થાય છે. (૨૧૧)

૩ અવ્યવસિત–નહિં ઉપશાંત પ્રાભૃતની જેમ, પ્રાભૃત અર્થાત્ નરકની પાલના કરવામાં કુશળ એવા યમની જેમ ઉત્કૃષ્ટ ક્રોધ છે જેને તે અવ્યવસિતપ્રાભૃત કહેવાય. કહ્યું છે કે—

**अप्पे वि पारमाणिं, अवराहे वयइ खामियं तं च । बहुसो उदीरयंतो, अविओसियपाहुडो स खलु ।।२१२।।**

**[बृहत्कल्प० ५२०७ त्ति]**

કઠિન વચનનું ભાષણ વગેરે થોડો પણ અપરાધ થયે છતે પરમ ક્રોધસમુદ્દ્ઘાતને પ્રાપ્ત થાય છે તથા ખમાવ્યાં છતાં પણ ઘણા ક્રોધને જે ઉદીરે છે તે નિશ્ચે અવ્યવસિતપ્રાભૃત કહેવાય છે. (૨૧૨)

એને વાચના દેવામાં આ લોકથી ત્યાગ થાય છે, કારણ કે એને પ્રેરણા કરવામાં કલહ અને સમીપવર્તી દેવનું છલન થાય છે એટલે કે તે દેવ તેનામાં પ્રવેશ કરીને ઉપસર્ગાદિ કરે છે. તેને આપેલ શ્રુતનું ઉખરભૂમિમાં નાખેલ બીજની જેમ નિષ્ફળપણું છે. કહ્યું છે કે—

**दुविहो उ परिच्चाओ, इह चोयण कलह १ देवयाछलणं २ । परलोगंमि अ अफलं खित्तं पि व ऊसरे बीयं ।।२१३।।**

**[बृहत्कल्प० ५२०८ त्ति]**

ભાવાર્થ ઉપર્યુક્ત છે. આ સૂત્રથી વિપરિત સૂત્ર [વિનીતાદિનું] સુગમ છે. શ્રુતદાનને અયોગ્ય પુરુષો કહ્યા, હવે સમ્યક્ત્વને પણ અયોગ્ય કહે છે—**'तओ'** इत्यादि० સુગમ છે. વિશેષ એ કે—દુઃખ વડે અર્થાત્ મહેનતથી संज्ञाप्यन्ते—જે

બોધ કરાય છે તે દુ:સંજ્ઞાપ્ય. તેમાં દુષ્ટ–તત્ત્વ પ્રત્યે અથવા તત્ત્વના કથક પ્રત્યે તે કથન કરવા યોગ્ય નહિં, કારણ કે દ્વેષ વડે ઉપદેશનો સ્વીકાર ન થાય. એમ મૂઢ–ગુણ અને દોષને નહિ જાણનાર તેમજ व्युद्ग्राहितः—ખોટો ઉપદેશ કરનાર વ્યક્તિ વડે દૃઢ કરાયેલ વિપરીતમતિ, તે પણ ઉપદેશને સ્વીકારે નહિં. કહ્યું છે કે—

**पुव्वं कुग्गाहिया केई, बाला पंडियमाणिणो । नेच्छंति कारणं सोउं, दीवजाए जहा णरे ।।२१४।। [बृहत्क० ५२२४ त्ति]**

પૂર્વે વ્યુદ્ગ્રાહિત અને પોતાને પંડિત માનનારા એવા કેટલાએક બાલ (અજ્ઞાની) પુરુષો, દ્વીપમાં જન્મ પામેલ [1]મનુષ્યની માફક કારણ સાંભળવાને પણ ઇચ્છતા નથી. (૨૧૪)

એઓનું સ્વરૂપ કલ્પથી તથા કથાકોશથી જાણી લેવું. આનાથી વિપર્યાસવાળાને સુસંજ્ઞાપ્ય કહે છે—'तओ' इत्यादि० સ્ફુટ છે. ॥૨૦૩॥

પ્રજ્ઞાપનાને યોગ્ય પુરુષો કહ્યા, હવે તે પ્રજ્ઞાપનાને યોગ્ય ત્રણ સ્થાનકમાં અવતરનારી વસ્તુઓને કહે છે.

**तओ मंडलिया पव्वता पन्नत्ता, तंजहा—माणुसुत्तरे, कुंडलवरे, रुअगवरे ।। सू० २०४ ।।**

**तओ महतिमहालया पन्नत्ता, तंजहा—जंबूद्दीवे मंदरे मंदरेसु, सयंभुरमणे समुद्दे समुद्देसु, बंभलोए कप्पे कप्पेसु ।। सू० २०५।।**

*(મૂ૦) ત્રણ પર્વત ચક્રવાલ ગઢની માફક કહેલા છે, તે આ પ્રમાણે—૧ માનુષોત્તર, ૨ કુંડલવર અને ૩ રુચકવર પર્વત. ॥૨૦૪॥*

*ત્રણ મહતિમહાલયો–મોટા આશ્રયો કહેલા છે, તે આ પ્રમાણે—૧ જંબૂદ્વીપનો મેરુ સર્વ મેરુપર્વતને વિષે મોટો છે, ૨ સ્વયંભૂરમણસમુદ્ર સર્વ સમુદ્રોને વિષે મહાન્ છે, ૩ બ્રહ્મલોક નામનો દેવલોક સર્વ દેવલોકને વિષે મોટો છે. ॥૨૦૫॥*

(ટી૦) 'तओ मंडलिए' त्यादि० મંડલ એટલે ચક્રવાલ, તે છે જેઓને તે મંડલિકો–ગઢના વલયની જેમ રહેલા. મનુષ્યોથી અથવા મનુષ્ય ક્ષેત્રથી ઉત્તર–દૂર રહેલ તે માનુષોત્તર. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**पुक्खरवरदीवड्ढं, परिखिवई माणुसुत्तरो सेलो । पायारसरिसरूवो, विभयंतो माणुसं लोगं ।।२१५।। [द्वीपसागर० १]**

પુષ્કરવરદ્વીપના અર્દ્ધને પરિક્ષેપીને (વીંટીને) માનુષોત્તરપર્વત, ગઢના જેવા રૂપવાળો, મનુષ્યલોકનો વિભાગ કરતો થકો રહેલ છે. (૨૧૫)

**सत्तरस एगवीसाइं, जोयणसयाइं सो समुव्विद्धो । चत्तारि य तीसाइं, मूले कोसं च ओगाढो ।।२१६।।[द्वीपसागर० २ त्ति]**

તે માનુષોત્તર પર્વત સતરસો ને એકવીશ યોજન ઊંચો અને ચારસો ત્રીશ યોજન ને એક કોશ જમીનમાં અવગાઢ (ઊંડો) છે. (૨૧૬)

**दस बावीसाइं अहे, विच्छिन्नो होइ जोयणसयाइं । सत्त य तेवीसाइं, विच्छिन्नो होइ मज्झंमि ।।२१७।। [द्वीपसागर० ३]**

એક હજાર ને બાવીશ યોજન નીચે એટલે જમીનની સપાટીએ પહોળો છે અને મધ્યમા સાતસો ને ત્રેવીશ યોજન પહોળો છે. (૨૧૭)

**चत्तारि य चउवीसे, वित्थारो होइ उवरि सेलस्स । अड्ढाइज्जे दीवे, दो य समुद्दे अणुपरीइ ।।२१८।। [द्वीपसागर० ४]**

ચારસો ને ચોવીશ યોજન પર્વતના ઉપર વિસ્તાર (પહોળાઈ) હોય છે અને અઢીદ્વીપ તથા બે સમુદ્રના જેટલી પરિધિ

1. કોઈક વણિક પોતાની ગર્ભિણી સ્ત્રીની સાથે વહાણમાં બેસી સમુદ્રની મુસાફરીએ જતો હતો તેવામાં સમુદ્રમધ્યે વહાણ ભાંગ્યું. પાટિયાના આધારે તે બંને કોઈક દ્વીપમાં ગયા. સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો. કાળાંતરે તે વણિક મૃત્યુ પામ્યો. તે પુત્ર મોટો થયો ત્યારે તે માતાની શિખામણથી માણસોને રાક્ષસ માની તેનાથી ભય પામવા લાગ્યો. કોઈક વખતે તે દ્વીપમાં કેટલાક માણસો આવ્યા. તેઓને જોઈ છોકરો નાસવા લાગ્યો. માણસોએ તેને ભયભીત ન થવા સમજાવ્યો છતાં પણ માતાના વચન વડે તે કુગ્રાહિત હોવાથી તે માણસો પાસેથી પલાયન કરી ગયો. આ પુત્રની માફક જેઓ કુગુરુઓ વડે કુગ્રાહિત હોય તે તત્ત્વને કદાપિ સાંભળે નહીં.

હોય છે અર્થાત્ એક ક્રોડ, બેંતાલીશ લાખ, ત્રીશ હજાર, બસો ને ઓગણપચાસ યોજન કંઈક ઝાઝેરી પરિધિ છે. (૨૧૮)

**¹जंबूद्दीवो ²धायइ, ³पुक्खरदीवो य ⁴वारुणिवरो य ।**

**⁵खीरवरो वि य दीवो, ⁶घयवरदीवो य ⁷खोयवरो ॥२१९॥ [बृहत्सं० ८२]**

**⁸नंदीसरो य ⁹अरुणो, ¹⁰अरुणोवाओ य ¹¹कुंडलवरो य ।**

**तह ¹²संख ¹³रुअग ¹⁴भुअवर, ¹⁵कुस ¹⁶कुंचवरो तओ दीवो ॥२२०॥ [बृहत्सं० ८३]**

૧ જંબૂદ્વીપ, ૨ ધાતકી, ૩ પુષ્કરવરદ્વીપ, ૪ વારુણિવર, ૫ ક્ષીરવરદ્વીપ, ૬ ઘૃતવરદ્વીપ, ૭ ક્ષોદ (ઈક્ષુ)વર, ૮ નંદીશ્વર, ૯ અરુણ, ૧૦ અરુણોવપાત, ૧૧ કુંડલવર, ૧૨ શંખ, ૧૩ રુચક, ૧૪ ભુજવર, ૧૫ કુશ અને ૧૬ ક્રોંચવર દ્વીપ છે. આ ક્રમની [1]અપેક્ષાએ અગિયારમા કુંડલવર નામના દ્વીપમાં પ્રાકાર અને કુંડલની આકૃતિ જેવો કુંડલવર નામે પર્વત છે. (૨૧૯-૨૨૦)

તેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**कुंडलवरस्स मज्झे, णगुत्तमो होति कुंडलो सेलो । पागारसरिसरूवो, विभयंतो कुण्डलं दीवं ॥२२१॥[द्वीपसा० ७२]**

કુંડલવરદ્વીપની મધ્યમાં કુંડલશૈલ નામનો શ્રેષ્ઠ પર્વત છે. તે પ્રાકાર (કોટ)ના જેવા રૂપવાળો અને કુંડલદ્વીપના બે વિભાગને કરનારો છે. (૨૨૧)

**बायालीससहस्से, उव्विद्धो कुंडलो हवइ सेलो । एगं चेव सहस्सं, धरणियलमहे समोगाढो ॥२२२॥[द्वीपसा० ७३]**

તે કુંડલ પર્વત બેંતાલીશ હજાર યોજન ઊંચો અને એક હજાર યોજન જ જમીનની અંદર અવગાઢ (ઊંડો) છે. (૨૨૨)

**दस चेव जोयणसए, बावीसे वित्थडो य मूलंमि । सत्तेव जोयणसए, [2]बावीसे वित्थडो मज्झे ॥२२३॥[द्वीपसा० ७४]**

"चत्तारि जोयणसए, चउवीसे वित्थडो उ सिहरतले" [द्वीपसागर० ७५] त्ति० એક હજાર ને બાવીશ યોજન મૂલમાં વિસ્તારથી છે. મધ્યમાં સાતસો ને બાવીશ યોજન વિસ્તારથી છે (૨૨૩) અને શિખર ભાગે ચારસો ને ચોવીશ યોજન વિસ્તારવાળો છે. તેરમા રુચકવર નામના દ્વીપમાં કુંડલના જેવી આકૃતિવાળો રુચક નામનો પર્વત છે. આ રુચક પર્વતનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**रुयगवरस्स उ मज्झे, नगुत्तमो होति पव्वओ रुयगो। पागारसरिसरूवो, रुअगं दीवं विभयमाणो॥२२४॥[द्वी०सा० ११२]**

રુચકવર નામના દ્વીપના મધ્યમાં પર્વતોમાં શ્રેષ્ઠ રુચક નામનો પર્વત છે. તે પ્રાકારના જેવા રૂપવાળો અને રુચક દ્વીપનો વિભાગ કરનારો છે. (૨૨૪)

**रुयगस्स उ उस्सेहो, चउरासीतिं भवे सहस्साइं । एगं चेव सहस्सं, धरणियलमहे समोगाढो ॥२२५॥[द्वी०सा० ११३]**

રુચકવર પર્વતનો ઉત્સેધ (ઊંચાઈ) ચોરાશી હજાર યોજન છે અને એક હજાર યોજન પૃથ્વીની અંદર અવગાઢ છે. (૨૨૫)

**दस चेव सहस्सा खलु बावीसा जोयणाण बोद्धव्वा । मूलंमि उ विक्खंभो, साहीओ रुयगसेलस्स ॥२२६॥**

**[द्वी०सा० ११४]**

મૂલ એટલે જમીનની સપાટીએ દશ હજાર યોજન અને બાવીશ યોજન કાંઈક અધિક રુચક પર્વતની પહોળાઈ છે. (૨૨૬)

રુચકપર્વતનો મધ્યમાં વિસ્તાર (પહોળાઈ) સાત હજાર ને બાવીશ યોજન અધિક છે અને ટોચ ઉપરનો વિસ્તાર ચાર હજાર ને ચોવીશ યોજન અધિક છે. ॥૨૦૪॥

1. અહિં નંદીશ્વર સુધી ક્રમ બરાબર છે, પછી અરુણદ્વીપથી મતાંતર છે કારણ કે કેટલાએક આચાર્ય ત્રિપ્રત્યવતાર માને છે.
2. तेबीसे इति द्वीपसागरप्रज्ञप्तौ।

માનુષોત્તર વગેરે (પર્વતો) મોટા કહ્યા માટે મહત્‌ના અધિકારથી અતિમહત્ પ્રત્યે કહે છે 'तओ महई' त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે–અતિમહાંત એવા જે આલયો–આશ્રયો તે અતિમહાલયો. મહાંત એવા અતિમહાલયો તે મહાતિમહાલયો. અથવા લય આ શબ્દનો સ્વાર્થિક પ્રત્યય હોવાથી **મહાતિમહાંત** એવો અર્થ છે. મહત્ શબ્દનું બે વાર ઉચ્ચારણ તો મેરુ વગેરેનું સર્વથી મોટાઈપણું દર્શાવવારૂપ કથન માટે છે અથવા આ વ્યુત્પત્તિ રહિત અતિમહત્ અર્થમાં વર્તે છે. 'मंदरेसु' त्ति० મેરુની મધ્યે જંબૂદ્વીપનો મેરુ. **તે કાંઈક અધિક લાખ યોજન પ્રમાણ છે** અને શેષ ચાર **મેરુ કાંઈક અધિક પંચાશી હજાર યોજન પ્રમાણ છે.** સ્વયંભૂરમણ સમુદ્ર શેષ સર્વ દ્વીપ સમુદ્રોથી અધિક પ્રમાણવાળો છે. તે દ્વીપ સમુદ્રોનું અને સ્વયંભૂરમણનું અનુક્રમે કાંઈક ન્યૂન એક રજ્જુ તથા બંને બાજુ મળીને કાંઈક અધિક અર્ધરાજ પ્રમાણ છે. બ્રહ્મલોક તો મહાન્ છે તે પ્રદેશમાં લોકનો વિસ્તાર પાંચ રાજપ્રમાણ છે તે પ્રમાણથી બ્રહ્મલોકનું વિવક્ષિતપણું છે. ॥૨૦૫॥

અનંતર બ્રહ્મલોક નામનો કલ્પ કહ્યો, માટે કલ્પ શબ્દના સમાનપણાથી કલ્પની સ્થિતિનું ત્રણ પ્રકારે વર્ણન કરે છે—

**तिविधा कप्पठिती पन्नत्ता, तंजहा—सामाइयकप्पठिती, छेदोवट्ठावणियकप्पट्ठिती, निव्विसमाणकप्पट्ठिती ३। अहवा तिविहा कप्पट्ठिती पन्नत्ता, तंजहा—णिव्विट्ठकप्पट्ठिती, जिणकप्पठिती, थेरकप्पठिती ॥ सू० २०६॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે કલ્પ (આચાર)ની સ્થિતિ કહેલ છે, તે આ પ્રમાણે—સામાયિકકલ્પસ્થિતિ, છેદોપસ્થાપનીયકલ્પસ્થિતિ અને નિર્વિશમાનકલ્પસ્થિતિ એટલે પરિહારવિશુદ્ધિ તપ કરનારાની સ્થિતિ (મર્યાદા). અથવા ત્રણ પ્રકારે કલ્પની સ્થિતિ કહેલી છે, તે આ પ્રમાણે—નિર્વિષ્ટકલ્પસ્થિતિ એટલે અનુપરિહારિકની સ્થિતિ અર્થાત્ પરિહારવિશુદ્ધિ ચારિત્રને પાલન કરેલાની સ્થિતિ, જિનકલ્પસ્થિતિ અને સ્થવિરકલ્પસ્થિતિ. ॥૨૦૬॥*

(ટી૦) બે સૂત્રો સ્પષ્ટ છે. વિશેષ એ કે—**सम** એટલે જ્ઞાનાદિ તેઓનો **आय**–લાભ તે સમાય, તે જ સામાયિક અર્થાત્ સંયમ વિશેષ, તેનો અથવા તે જ કલ્પ–આચાર કરવો. કહ્યું છે કે—**सामर्थ्ये वर्णनायां च करणे छेदने तथा । औपम्ये चाधिवासे च कल्पशब्द विदुर्बुधाः ॥**—સામર્થ્યમાં, વર્ણનમાં, કરણમાં, છેદનમાં, ઉપમામાં અને નિવાસમાં કલ્પ શબ્દને પંડિતો કહે છે. એવી રીતે સામાયિક કલ્પ જાણવો. તે પ્રથમ અને છેલ્લા તીર્થના સાધુઓને અલ્પ કાલ છે કારણ કે તે વખતે છેદોપસ્થાપનીયનો સદ્ભાવ હોય છે. મધ્યના બાવીશ તીર્થના સાધુઓમાં અને મહાવિદેહમાં તો યાવત્કથિત [કાયમ] છે કારણ કે તે સમયે છેદોપસ્થાપનીયનો અભાવ હોય છે. તેની એવી રીતે સ્થિતિ અથવા તેમાં સ્થિતિમર્યાદા તે સામાયિકકલ્પસ્થિતિ. તે ૧ શય્યાતર પિંડના પરિહારમાં છે. ૨ ચતુર્યામ–(ચાર મહાવ્રત)ના પાલનમાં, ૩ પુરુષના જ્યેષ્ઠત્વમાં (મોટાઈમાં) અને ૪ વંદનકદાન (વાંદણાં દેવામાં) નિયમિત લક્ષણવાલી છે. ૧ શુક્લ–ધોળા અને પ્રમાણોપેત વસ્ત્રની અપેક્ષાએ જે અચેલકપણું છે તેમાં, ૨ આધાકર્મિક આહાર વગેરેના ગ્રહણમાં, ૩ રાજપિંડગ્રહણમાં, ૪ પ્રતિક્રમણ કરવામાં, ૫ માસકલ્પ કરવામાં અને ૬ પર્યુષણકલ્પ કરવામાં અનિયમિત–લક્ષણ મર્યાદાવાળી છે. કહ્યું છે કે—

**सिज्जायरपिंडे या १, चाउज्जामे य २ पुरिसजेट्ठे य ३ । किइकम्मस्स य करणे ४, चत्तारि अवट्ठिया कप्पा ॥२२७॥**

**[बृहत्क० ६३६१]**

૧ શય્યાતરપિંડ, ૨ ચતુર્યામ, ૩ પુરુષજ્યેષ્ઠ અને ૪ કૃતિકર્મ (વાંદણાં) કરવામાં ચાર અવસ્થિત કલ્પો છે અર્થાત્ આ ચોવીશે જિનના તથા મહાવિદેહના સાધુઓને પણ નિયત છે. (૨૨૭)

**आचेलु १ क्कुद्देसिय २, सपडिक्कमणे य ३ रायपिंडे य ४ । मासं ५ पज्जोसवणा ६, छप्पेअणवट्ठिया कप्पा ॥२२८॥**

**[बृहत्क० ६३६२]**

૧ આચેલક્ય (અચેલપણું), ૨ ઔદેશિક, ૩ સપ્રતિક્રમણ, ૪ રાજપિંડ, ૫ માસકલ્પ અને ૬ પર્યુષણાકલ્પ—આ છએ કલ્પો અનવસ્થિત છે, કારણ તે પહેલા તથા છેલ્લા તીર્થના સાધુઓને જ હોય છે પણ મધ્યના બાવીશ તીર્થના તથા

મહાવિદેહના સાધુઓને હોતા નથી. (૨૨૮)

તેમાં અચેલકપણું આ પ્રમાણે જાણવું—

**दुविहो होइ अचेलो, असंतचेलो य संतचेलो य । तत्थ असंतेहिं जिणा, संताऽचेला भवे सेसा ॥२२९॥**

**[बृहत्क० ६३६५]**

બે પ્રકારે અચેલક હોય છે, તે આ—વસ્ત્ર રહિત અને વસ્ત્ર સહિત. તેમાં તીર્થંકરો વસ્ત્ર રહિત હોતે છતે [1]અચેલક હોય છે. અને બીજા સાધુઓ (તીર્થંકર સિવાયના) વસ્ત્ર હોતે છતે અચેલક કહેવાય છે.

**सीसावेढियपोत्तं, नइउत्तरणंमि नग्गयं बेंति । जुन्नेहिं नग्गियऽम्हि, तुर सालिय! देहि मे पोत्तिं ॥२३०॥[बृहत्क० ६३६६]**

**जुन्नेहिं खंडिएहिं, असव्वतणुयाउएहिं ण य णिच्चं। संतेहि वि णिग्गंथा, अचेलया होंति चेलेहिं॥२३१॥[बृहत्क० ६३६७]**

વસ્ત્ર છતાં પણ અચેલકપણું મુનિને કેમ હોય તેના ઉપર દૃષ્ટાંત કહે છે—મસ્તક ઉપર વસ્ત્ર વીંટીને નદી ઉતરતે છતે લોકો તેને નગ્ન કહે છે અથવા 'હે શાલિક! જૂના વસ્ત્ર ધારણ કર્યે છતે હું નગ્ન છું માટે તરત મને નવા વસ્ત્ર બનાવી આપ.' જૂનાં, ફાટેલ, તૂટેલ, સર્વ અંગો નહિં ઢંકાય અને સર્વદા નહિં એવા વસ્ત્ર ધારણ કર્યે છતે નિર્ગ્રંથો અચેલક હોય છે ઇત્યાદિ. (૨૩૦-૨૩૧)

પૂર્વ પર્યાયના છેદ વડે ઉપસ્થાપન કરવું અર્થાત્ આરોપણ કરવું તે છેદોપસ્થાપનીય. વ્યક્તિથી (સ્પષ્ટથી) મહાવ્રતનું આરોપણ કરવું એવો અર્થ છે. તે પ્રથમ અને છેલ્લા તીર્થમાં જ છે; બાકીની વ્યુત્પત્તિ તેમજ છે અને તેની મર્યાદા કહેલ લક્ષણવાળા દશ સ્થાનકમાં (દશ કલ્પમાં) અવશ્ય પાલન કરવારૂપ લક્ષણવાળી છે. તે આ પ્રમાણે—

**दसठाणठिओ कप्पो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स । एसो धुयरयकप्पो, दसठाणपइट्ठिओ होइ ॥२३२॥**

**[बृहत्क० ६३६३]**

દશ સ્થાનમાં રહેલ કલ્પ-આચાર પુરિમ-પહેલા અને પશ્ચિમ-છેલ્લા જિનના તીર્થમાં છેદોપસ્થાપનીય સાધુઓને હોય છે. આ ધુતરજ કલ્પ એટલે પાપનો નાશ કરનાર આચાર દશ સ્થાનમાં પ્રતિષ્ઠિત હોય છે. (૨૩૨)

**आचेल १ क्कुद्देसिय, २ सिज्जायर ३ रायपिंड ४ किइकम्मे ५ ।**

**वय ६ जेट्ठ ७ पडिक्कमणे ८, मासं ९ पज्जोसवणकप्पे १० ॥२३३॥ [बृहत्क० ६३६४]**

૧ આચેલક્ય, ૨ ઔદ્દેશિક, ૩ શય્યાતરપિંડ, ૪ રાજપિંડ, ૫ કૃતિકર્મ, ૬ મહાવ્રત, ૭ પુરુષજ્યેષ્ઠ, ૮ પ્રતિક્રમણ, ૯ માસકલ્પ અને ૧૦ પર્યુષણાકલ્પ-આ દશ કલ્પ છે. (૨૩૩)

નિર્વિશમાનો-જે પરિહારવિશુદ્ધિ તપને આચરે છે તે પરિહારકો એવો અર્થ છે. તેઓના કલ્પમાં સ્થિતિ આ પ્રમાણે હોય છે—ગ્રીષ્મ, શીત અને વર્ષાકાળમાં ક્રમથી જઘન્ય ચોથભક્ત, છટ્ઠ, અટ્ઠમ, મધ્યમ છટ્ઠ વગેરે અને ઉત્કૃષ્ટ અટ્ઠમ વગેરે તથા પારણે આંબેલ જ હોય છે. તથા સાત પિંડૈષણા પૈકી પહેલી બેનો અભિગ્રહ જ હોય છે અને પાછલી પાંચમાં પણ એકવડે પાણી લેવું એવી રીતે બેનો અભિગ્રહ હોય છે. કહ્યું છે કે—

**बारस १ दस २ अट्ठ ३ दस १ ट्ठ २, छट्ठ ३ अट्ठेव १ छट्ठ २ चउरो य ३ ।**

**उक्कोस-मज्झिम-जहन्नगा उ वासा-सिसिर-गिम्हे ॥२३४॥ [बृहत्क० ६४७२]**

**पारणगे आयामं पंचसु गहो दोसुऽभिग्गहो भिक्खे ।**

પરિહારવિશુદ્ધિક મુનિ વર્ષાઋતુમાં ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ, મધ્યમથી ચાર ઉપવાસ અને જઘન્યથી ત્રણ ઉપવાસ કરે

1. ઇંદ્રે આપેલ દેવદૂષ્ય વસ્ત્રને જ્યાં સુધી તીર્થંકરો ધારણ કરે છે ત્યાં સુધી તે સચેલક હોય છે કારણ તે બહુમૂલ્યવાળું વસ્ત્ર હોય છે. દેવદૂષ્યનો અભાવ થયા પછી તીર્થંકરો અચેલક હોય છે. બીજા મુનિઓ તો શ્વેત, જીર્ણપ્રાય, અલ્પ મૂલ્યવાળા તથા માનોપેત વસ્ત્રને ધારણ કરતા છતાં પણ અચેલક હોય છે.

છે, શિશિર–શિયાળામાં ઉત્કૃષ્ટથી ચાર, મધ્યમથી ત્રણ અને જઘન્યથી બે ઉપવાસ, તથા ગ્રીષ્મ–ઉનાળામાં ઉત્કૃષ્ટથી અઠ્ઠમ, મધ્યમથી છઠ્ઠ અને જઘન્યથી એક ઉપવાસ કરે છે. પારણે આંબેલ કરે છે. તથા સાત પિંડૈષણામાં પહેલી બે છોડીને પાંચનું ગ્રહણ હોય છે, તેમાં પણ એક ભક્તમાં અને એક પાણીમાં ગ્રહણ કરવાનો વિવક્ષિતાદિને અભિગ્રહ હોય છે. (૨૩૪-૨૩૫)

**'निर्विष्टा'**—સેવેલ વિવક્ષિત ચારિત્રવાળા અર્થાત્ અનુપરિહારકો. તેના કલ્પની સ્થિતિ આ પ્રમાણે જાણવી–દરરોજ આંબિલ માત્ર તપ અને ભિક્ષામાં પહેલી બે પિંડૈષણા છોડીને શેષ પાંચનું ગ્રહણ, તેમાં પણ એક અમુક ભક્તની ને એક પાણીની એમ બે વિવક્ષિત ગ્રહણ કરે; શેષ નહિં. કહ્યું છે કે—

**कप्पट्ठिया वि पइदिण, करेंति एमेव चायामं ।।२३५।।**

કલ્પમાં રહેલા પણ એવી રીતે જ પ્રતિદિન આંબિલ કરે છે. (૨૩૫)

તેઓનો–પરિહારવિશુદ્ધિકોનો નવ જણાનો ગણ (સમુદાય) હોય છે. તે આ પ્રકારે હોય છે—

**सव्वे चरित्तवंतो उ, दंसणे परिनिट्ठिया । नवपुव्विया जहन्नेणं, उक्कोसा दसपुव्विया ।।२३६।। [बृहत्क० ६४५४]**

**पंचविहे ववहारे, कप्पंमि दुविहंमि य । दसविहे य पच्छित्ते, सव्वे ते परिनिट्ठिया ।।२३७।। [बृहत्क० ६४५५]**

તે સર્વે નિર્વિશમાનકો અને નિર્વિષ્ટકાયિકો–પરિહારવિશુદ્ધિકો સમ્યક્ત્વમાં પરિનિષ્ઠિત અર્થાત્ નિશ્ચલ સમકિતવાળા હોય છે, જઘન્યથી નવ પૂર્વવાળા એટલે નવમા પૂર્વની ત્રીજી વસ્તુના અધ્યયનવાળા અને ઉત્કૃષ્ટથી દશ પૂર્વી હોય છે તથા પાંચ પ્રકારના વ્યવહારમાં, અવસ્થિત અને અનવસ્થિત એ બે પ્રકારના કલ્પમાં તેમજ દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં પરિનિષ્ઠિત [1]દક્ષ હોય છે. (૨૩૬-૨૩૭)

જિન એટલે ગચ્છથી નીકળેલ સાધુવિશેષો, તેઓના કલ્પની સ્થિતિ તે જિનકલ્પસ્થિતિ. તે આવી રીતે—જઘન્યથી પણ નવમા પૂર્વની ત્રીજી વસ્તુનો અભ્યાસ છતે, **ઉત્કૃષ્ટથી તો દશ પૂર્વ કંઈક ન્યૂન હોતે છતે,** પ્રથમ સંહનન છતે, તથા દિવ્યાદિ ઉપસર્ગ અને રોગની વેદનાને જે સહી શકે છે તે જિનકલ્પ સ્વીકારે છે. તે એકાકી જ હોય છે. દશ ગુણયુક્ત સ્થંડિલમાં જ ઉચ્ચારાદિ અને જીર્ણ વસ્ત્રાદિને ત્યજે છે, અને વસતિ સર્વ ઉપાધિ રહિત વિશુદ્ધ હોય છે, ભિક્ષાચર્યા ત્રીજી પોરસીમાં હોય છે, પાછલી પાંચ પિંડૈષણામાં એક જ (અભિગ્રહ કરેલી) કલ્પે છે, વિહાર માસકલ્પવડે, તે જ વીથીમાં (શેરીમાં) છઠ્ઠે દિને ભિક્ષાટન હોય છે—આ પ્રમાણે આ મર્યાદા **'सुयसंघयणे'** त्यादिकाद्० ગાથાના સમૂહથી કલ્પ (ભાષ્ય)માં કહેલ છે ત્યાંથી જાણવી. કહ્યું છે કે—

**गच्छम्मि य निम्माया, धीरा जाहे य गहियपरमत्था । अग्गह जोग अभिग्गहे, उवेंति जिणकप्पियचरित्तं ।।२३८।। [बृहत्क० ६४८३]**

ગચ્છમાં નિર્માતા–ક્રિયાશિક્ષાદિકમાં નિપુણ, બુદ્ધિમાન અથવા પરિષહાદિકમાં નિશ્ચલ તથા ગ્રહણ કરેલ પરમાર્થવાળા અને અગ્રાહ્યા એટલે બે પિંડૈષણા નહિં ગ્રહણ કરવા લાયક અને શેષ પાંચ પિંડૈષણા સંબંધી બેના યોગમાં બેની મધ્યે એકનો જ યોગ એટલે વ્યાપાર જ્યારે હોય છે ત્યારે જિનકલ્પિક ચારિત્રને સ્વીકારે છે. (૨૩૮)

**धिइबलिया तवसूरा, निंती गच्छाउ ते पुरिससीहा । बलवीरियसंघयणा, उवसग्गसहा अभीरुया ।।२३९।। [बृहत्क० ६४८४ त्ति]**

ધૈર્યબલવાળા અને તપમાં શૂરા–છમાસ પર્યંત તપ કરનારા તે પુરુષ સિંહો ગચ્છમાંથી નીકળે છે, વળી બલ, વીર્ય અને સંઘયણ (મજબૂત)વાળા, ઉપસર્ગ સહન કરવાવાળા તથા ભયરહિત હોય છે. (૨૩૯)

1. પરિહારવિશુદ્ધિકોનો નવ વ્યક્તિનો ગણ હોય છે. તેમાં ચાર તપ કરનારા, ચાર વૈયાવૃત્ય કરનારા અને એક વાચનાચાર્ય હોય છે. તેવી રીતે છ માસ પર્યન્ત તપ કર્યા બાદ જે ચાર જણા વૈયાવૃત્ય કરનારા હોય છે તે તપ કરે અને તપ કરનારા વૈયાવચ્ચ કરે એમ છ માસ કર્યા પછી વાચનાચાર્ય તપ કરે અને શેષ આઠ વૈયાવૃત્ય કરે. આવી રીતે અઢાર માસ સુધી આ તપ ચાલે છે.

સ્થવિરો-આચાર્યાદિ ગચ્છમાં રહેલા, તેઓની કલ્પસ્થિતિ તે સ્થવિરકલ્પસ્થિતિ. તે આ પ્રમાણે—

**पव्वज्जा सिक्खावयमत्थग्गहणं च अनियओ वासो । निप्फत्ती य विहारो, सामायारी ठिई चेव ॥२४०॥**

**[बृहत्क० ११३२, ११४२; विशेषाव० ७]**

પહેલા પ્રવ્રજ્યા કહેવી, ત્યારપછી શિક્ષાપદ, પછી વ્રતો, પછી સૂત્રના અર્થનું ગ્રહણ, પછી અનિયતવાસ-નાના પ્રકારના દેશનું બતાવવું, ત્યારપછી શિષ્યોની નિષ્પત્તિ, ત્યારપછી વિહાર, ત્યારપછી જિનકલ્પ પ્રતિપન્નની સામાચારી અને બીજાને તેમાં જ સ્થિતિ. (૨૪૦)

(આ બૃહત્કલ્પમાં દ્વાર ગાથા છે) અહિં સામાયિક છતે છેદોપસ્થાપનીય હોય છે તેમાં હોતે છતે પરિહારવિશુદ્ધિક ભેદરૂપ નિર્વિશમાનક, ત્યારપછી નિર્વિષ્ટકાયિક, ત્યારપછી જિનકલ્પ અથવા સ્થવિરકલ્પ હોય છે માટે સામાયિકકલ્પસ્થિતિ વગેરે બે સૂત્રનું ક્રમ વડે સ્થાપન કરે છે ॥૨૦૬॥

કહેલ કલ્પની સ્થિતિનું ઉલ્લંઘન કરનારા નારકાદિ શરીરવાળા થાય છે, માટે નારકાદિના શરીરનું નિરૂપણ કરવા માટે કહે છે.

**नेरइयाणं ततो सरीरगा पन्नत्ता, तंजहा—वेउव्विते, तेयए, कम्मए । असुरकुमाराणं ततो सरीरगा पन्नत्ता, तंजहा--एवं चेव, एवं सव्वेसिं देवाणं । पुढविकाइयाणं ततो सरीरगा पन्नत्ता, तंजहा—ओरालिते, तेयए, कम्मते, एवं वाउकाइयवज्जाणं जाव चउरिंदियाणं ॥ सू० २०७ ॥**

**गुरुं पडुच्च ततो पडिप्पीता पन्नत्ता, तंजहा—आयरियपडिणीते, उवज्झायपडिणीते, थेरपडिणीते १ । गतिं पडुच्च ततो पडिणीता पन्नत्ता, तंजहा—इहलोगपडिणीए, परलोगपडिणीए, दुहओलोगपडिणीए, २ । समूहं पडुच्च ततो पडिणीता पन्नत्ता, तंजहा—कुलपडिणीए, गणपडिणीए, संघपडिणीते ३ । अणुकंपं पडुच्च ततो पडिणीया पन्नत्ता, तंजहा—तवस्सिपडिणीए, गिलाणपडिणीए, सेहपडिणीए ४ । भावं पडुच्च ततो पडिणीता पन्नत्ता, तंजहा—णाणपडिणीए, दंसणपडिणीए, चरित्तपडिणीए ५ । सुयं पडुच्च ततो पडिणीता पन्नत्ता, तंजहा—सुत्तपडिणीते, अत्थपडिणीते, तदुभयपडिणीए ६ ॥ सू० २०८ ॥**

*(મૂ૦) નૈરયિકોને ત્રણ શરીર કહેલા છે, તે આ પ્રમાણે—વૈક્રિય, તૈજસ અને કાર્મણ. અસુરકુમારોને ત્રણ શરીર કહેલા છે, તે આ પ્રમાણે—વૈક્રિય, તૈજસ અને કાર્મણ. એવી રીતે સર્વે દેવોને ત્રણ શરીર હોય છે. પૃથ્વીકાયિકોને ત્રણ શરીર કહેલા છે, તે આ પ્રમાણે—ઔદારિક, તૈજસ અને કાર્મણ, એવી રીતે વાયુકાયિકને છોડીને શેષ યાવત્ ચૌરિંદ્રિય પર્યંતના જીવોને ત્રણ શરીર છે. ॥૨૦૭॥*

*ગુરુને આશ્રયી ત્રણ પ્રત્યનીક (પ્રતિકૂલ) કહેલ છે, તે આ પ્રમાણે—આચાર્યનો પ્રત્યનીક (અવર્ણવાદ બોલનાર), ઉપાધ્યાયનો પ્રત્યનીક અને સ્થવિરનો પ્રત્યનીક ૧, ગતિને આશ્રયીને ત્રણ પ્રત્યનીક કહેલ છે, તે આ પ્રમાણે—આલોકપ્રત્યનીક-પંચાગ્નિ તાપાદિ વડે શરીરને કષ્ટ આપનાર, પરલોક પ્રત્યનીક-વિષયસુખમાં રક્ત અને ઉભયલોકપ્રત્યનીક તે ચોરી વગેરે કરનાર ૨, સમૂહને આશ્રયી ત્રણ પ્રત્યનીક કહેલા છે તે આ પ્રમાણે—કુલ એટલે એક આચાર્યની પરંપરાના સાધુ, તેનો પ્રત્યનીક, ગણ એટલે એક સામાચારીવાળા ત્રણ કુલોનો સમુદાય, તેનો પ્રત્યનીક, અને સંઘ એટલે સર્વ સાધુઓનો સમુદાય, તેનો પ્રત્યનીક ૩, અનુકંપા-સહાય, તેને આશ્રયી ત્રણ પ્રત્યનીક કહેલ છે, તે આ પ્રમાણે—તપસ્વીનો પ્રત્યનીક, ગ્લાન-અસમર્થનો પ્રત્યનીક અને શૈક્ષ (નવીન દીક્ષિત)નો પ્રત્યનીક ૪, ભાવને આશ્રયી ત્રણ પ્રત્યનીક કહેલ છે, તે આ પ્રમાણે—જ્ઞાનનો પ્રત્યનીક-વિપરીત પ્રરૂપણા કરનાર, દર્શનનો પ્રત્યનીક-જિનવચનમાં શંકાદિ કરનાર અને ચારિત્રનો પ્રત્યનીક-ચારિત્રને દૂષિત કરનાર ૫, સૂત્રને આશ્રયી ત્રણ*

*પ્રત્યનીક કહેલ છે, તે આ પ્રમાણે—સૂત્રપ્રત્યનીક, અર્થ તે નિર્યુક્તિ અને ટીકાદિકનો પ્રત્યનીક અને તે બન્નેનો પ્રત્યનીક તે તદુભયપ્રત્યનીક ૬. ॥૨૦૮॥*

(ટી૦) 'नेरइयाण' मित्यादि० દંડક સુગમ છે. વિશેષ એ કે—'एवं सव्वदेवाणं' ति० જેમ અસુરકુમારોને ત્રણ શરીર છે એમ જ નાગકુમારાદિ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને છે. એમ 'वाउकाइयवज्जाणं' ति० વાયુને આહારક સિવાય ચાર શરીરો છે માટે તેનું વર્જન જણાવ્યું છે. એમ પંચેંદ્રિયતિર્યંચોને પણ ચાર શરીર છે, મનુષ્યોને તો પાંચ શરીર પણ હોય છે માટે તે અહિં બતાવેલ નથી. આચારની સ્થિતિનું ઉલ્લંઘન કરનારાઓ તો પ્રત્યનીક પણ હોય છે માટે તેઓને કહે છે. 'गुरु' मित्यादि० છ સૂત્રો સ્પષ્ટ છે. વિશેષ એ કે—તત્ત્વને જે કહે તે ગુરુ, તેને આશ્રયીને પ્રત્યનીક એટલે પ્રતિકૂલ. સ્થવિર-જાત્યાદિ વડે. એઓની પ્રત્યનીકતા આ પ્રમાણે જાણવી—

**जच्चाईहि अवन्नं, विभासइ वट्टइ न यावि उववाए। अहिओ छिद्दप्पेही, पगासवादी अणणुलोमो ॥२४१॥**

**[बृहत्क० १३०५]**

જાતિ, કુલ વગેરેનો દોષ કાઢીને અવર્ણવાદ બોલે, સેવામાં વર્તતો નથી, અનુચિત કરે છે, **છિદ્ર જુએ છે,** બીજાની સમક્ષ ગુરુના દોષને કહે છે તથા ગુરુથી પ્રતિકૂલ રહે છે. (૨૪૧)

**अहवा वि वए एवं, उवएसं परस्स देंति एवं तु। दसविहवेयावच्चे, कायव्व सयं न कुव्वंति ॥२४२॥**

અથવા એવી રીતે પણ બોલે છે-બીજાને ઉપદેશ આ પ્રમાણે આપે છે કે—દશ પ્રકારનું વૈયાવૃત્ય કરવું પરંતુ પોતે કરતા નથી. (૨૪૨)

ગતિ-મનુષ્યપણા સંબંધી વગેરે, તેમાં આ લોકનો-પ્રત્યક્ષ મનુષ્યત્વ લક્ષણપર્યાયનો પ્રત્યનીક એટલે ઇંદ્રિયના અર્થને પ્રતિકૂલતા કરનાર હોવાથી પંચાગ્નિ તપસ્વીની માફક આલોકપ્રત્યનીક, **પરલોક-જન્માંતર પ્રત્યે પ્રત્યનીક એટલે ઇંદ્રિયના અર્થમાં તત્પર [વિષયસુખલંપટ],** બંને પ્રકારના લોકનો પ્રત્યનીક-ચોરી વગેરેવડે ઇંદ્રિયના અર્થ (ભોગ) સાધવામાં તત્પર. અથવા બીજી રીતે જણાવે છે કે—આ લોકમાં ઉપકારી પુરુષોના ભોગસાધનાદિને ઉપદ્રવ કરનાર તે આલોકપ્રત્યનીક, એવી રીતે જ્ઞાનાદિને ઉપદ્રવ કરનાર તે પરલોકપ્રત્યનીક અને બન્નેને ઉપદ્રવ કરનાર તે ઉભયલોકપ્રત્યનીક. અથવા આ લોક તે મનુષ્ય લોક, પરલોક નારકાદિ અને ઉભયલોક એટલે બન્ને. પ્રત્યનીકતા તો તેની વિપરીત પ્રરૂપણામાં છે. કુલ-ચાંદ્રાદિક, તે કુલોનો સમૂહ તે ગણ-કોટિકાદિ, તે ગણોના સમૂહ તે સંઘ. પ્રત્યનીકપણું તો એઓના અવર્ણવાદ કહેવા વડે જાણવું. લક્ષણ આ પ્રમાણે—

**एत्थ कुलं विन्नेयं, एगायरियस्स संतई जा उ। तिण्ह कुलाण मिहो, पुण सावेक्खाणं गणो होइ ॥२४३॥**

એક આચાર્યની સંતતિ (શિષ્યાદિ પરંપરા) તે કુલ, જેમ વજ્રસેન આચાર્યની સંતતિ તે ચંદ્રકુલ. તથા અહિં પરસ્પર સાપેક્ષ ત્રણ કુલનો ગણ હોય છે. (૨૪૩)

**सव्वोऽवि नाणदंसण-चरणगुणविभूसियाण समणाणं। समुदायो पुण संघो, गुणसमुदाओ त्ति काऊणं ॥२४४॥**

જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણ વડે વિભૂષિત બધા ય સાધુઓનો સમુદાય તે સંઘ કહેવાય છે, કેમ કે ગુણોનો સમુદાય તે સંઘ છે એમ કરીને અર્થાત્ ગુણ વગર સંઘ ન કહેવાય. (૨૪૪)

**"आणाजुत्तो संघो" इति वचनात् "अनुकम्पाय"** સહાયને આશ્રયીને તપસ્વી-ક્ષપક, ગ્લાન-રોગાદિ વડે અસમર્થ, શૈક્ષ-નવીન દીક્ષિત, આ બધા ય મદદ કરવા યોગ્ય હોય છે. તેઓને મદદ ન કરવાથી તથા બીજા વડે ન કરાવવાથી પ્રત્યનીકતા (શત્રુતા) છે. ભાવ એટલે પર્યાય, તે જીવ અને અજીવ સંબંધી, તેમાં જીવનો પ્રશસ્ત (રુડો) અને અપ્રશસ્ત (માઠો) ભાવ છે. ત્યાં પ્રશસ્ત ક્ષાયિકાદિ ભાવ અને અપ્રશસ્ત ભાવવિવક્ષા વડે ઔદયિક ભાવ છે. વળી ક્ષાયિકાદિ ભાવ જ્ઞાનાદિરૂપ છે, તેથી ભાવ-જ્ઞાનાદિને આશ્રયીને તેઓની વિપરીત પ્રરૂપણા કરવાથી અથવા દોષ આપવાથી પ્રત્યનીક થાય છે. કહ્યું છે કે—

**पाययसुत्तनिबद्धं, को वा जाणइ पणीय केणेयं? किं वा चरणेणं तु, दाणेण विणा उ किं हवइ ।।२४५।।**

*પ્રાકૃત ભાષામાં ગૂંથેલું એકાદશાંગીરૂપ સિદ્ધાંત કોણ જાણે છે કે એ કોણે રચેલું છે, કેમ કે સકલાક્ષરસંયોગના જાણ* ગણધરો, સંસ્કૃત ભાષાને છોડીને પ્રાકૃતભાષામાં કેવી રીતે સૂત્ર ગૂંથે? એવી રીતે સિદ્ધાંત (જ્ઞાન)નો અવર્ણવાદ. ચારિત્રનો અવર્ણવાદ આ પ્રમાણે—ચારિત્ર વડે શું? દાન વિના ચારિત્ર પાળવાથી શું થવાનું છે? અર્થાત્ સિદ્ધિ ન થાય; દાનથી જ સિદ્ધિ થાય ઇત્યાદિ. (૨૪૫)

સૂત્ર-વ્યાખ્યા કરવા યોગ્ય, અર્થ-સૂત્રનું વ્યાખ્યાન નિર્યુક્તિ વગેરે અને તદુભય-તે બન્નેની. સૂત્રાદિની પ્રત્યનીકતા આ પ્રમાણે—

**काया वया य ते च्चिय, ते चेव पमाय अप्पमाया य । मोक्खाहिगारियाणं, जोइसजोणीहि किं कज्जं? ।।२४६।।**

છકાય અને વ્રતો તે જ છે, પણ બીજા નથી. વળી પ્રમાદ અને અપ્રમાદ પણ તે જ છે તો સિદ્ધાંતમાં વારંવાર એનું કથન કરવાથી શું પુનરુક્તિ દોષ નહિં આવે? તેમજ મોક્ષના અધિકારી એવા ગણધરોને જ્યોતિષશાસ્ત્રનું-અમુક નક્ષત્રમાં અમુક ભોજન કરીને કાર્યની સિદ્ધિ કરે છે એમ કહેવાનું પ્રયોજન શું? વળી કૂર્મોન્નતાદિ ત્રણ પ્રકારની યોનિની પ્રરૂપણા કરવાનું પ્રયોજન શું? આવી રીતે કહેવું તે સિદ્ધાંતનો અવર્ણવાદ જાણવો. આવી રીતે દૂષણનું કથન કરવું. (૨૪૬) ॥૨૦૮॥

કહેલ કલ્પસ્થિતિ, ગર્ભજ મનુષ્યોને જ છે, અને તેનું શરીર માતા અને પિતાના કારણથી છે માટે તે બન્નેનું શરીરના અંગોમાં હેતુપણું હોવાથી તેના વિભાગને કહે છે—

**ततो पितियंगा पन्नत्ता, तंजहा—अट्ठी, अट्ठीमिंजा, केस-मंसु-रोम-नहे । तओ माउयंगा पन्नत्ता, तंजहा—मंसे, सोणिते, मत्थुलिंगे ।। सू० २०९ ।।**

(મૂ૦) *પિતાના ત્રણ અંગ કહેલ છે, તે આ પ્રમાણે—* ***૧ અસ્થિ-હાડ, ૨ અસ્થિનું મધ્યરસ અને ૩ કેશ-દાઢી, મૂંછ, રોમ, નખ.*** *ત્રણ અંગ માતાના કહેલા છે, તે આ પ્રમાણે—* ***૧ માંસ, ૨ લોહી અને ૩ મેદ (ચરબી) તથા ફેફસા વગેરે.*** *॥૨૦૯॥*

(ટી૦) બંને સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—માત્ર પિતાના અવયવો-અંગો તે પિતૃઅંગો, પ્રાયઃ વીર્યની પરિણતિરૂપ છે. ૧ અસ્થિ પ્રસિદ્ધ છે, ૨ અસ્થિમિંજા-અસ્થિના મધ્યમાં રહેલો રસ, ૩ કેશો-મસ્તકના બાલ, શ્મશ્રુ-દાઢી-મૂંછના વાળ, રોમ-કાખ વગેરેના વાળ અને નખો પ્રસિદ્ધ છે. કેશ, શ્મશ્રુ, રોમ અને નખ આ બધા ય પ્રાયઃ સમાનપણાથી (વૃદ્ધિ વગેરેના કારણથી) એક જ છે. માતાના અંગો પ્રાયઃ આર્ત્તવ (રજસ્) પરિણતિરૂપ છે. ૧ માંસ જાહેર છે, ૨ શોણિત-લોહી અને ૩ મસ્તુલિંગ-બાકીના મેદ અને ફેફસા વગેરે. કેટલાએક કપાલના મધ્યમાં રહેલું ભેજું કહે છે. ॥૨૦૯॥

પૂર્વોક્ત સ્થવિરકલ્પની સ્થિતિ અંગીકાર કરેલાને વિશિષ્ટ નિર્જરાના કારણો કહેવા અર્થે સૂત્રકાર કહે છે કે—

**तिहिं ठाणेहिं समणे णिग्गंथे महानिज्जरे महापज्जवसाणे भवति तंजहा—कया णं अहं अप्पं वा बहुयं वा सुयं अहिज्जिस्सामि, कया णं अहमेकल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरिस्सामि, कया णं अहमपच्छिममारणंतित-संलेहणाझूसणाझूसिते भत्तपाणपडियाइक्खिते पाओवगते कालं अणवकंखमाणे विहरिस्सामि, एवं स मणसा स वयसा स कायसा पागडेमाणे (पहारेमाणे) निग्गंथे महानिज्जरे महापज्जवसाणे भवति।**

**तिहिं ठाणेहिं समणोवासते महानिज्जरे महापज्जवसाणे भवति, तंजहा—कया णं अहमप्पं वा बहुयं वा परिग्गहं परिचइस्सामि १, कया णं अहं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वइस्सामि २, कया णं अहं अपच्छिममारणंतियसंलेहणा-झूसणाझूसिते भत्तपाणपडियातिक्खिते पाओवगते कालं अणवकंखमाणे विहरिस्सामि ३, एवं स मणसा स वयसा स कायसा पागडेमाणे (जागरमाणे) समणोवासते महानिज्जरे**

**महापज्जवसाणे भवति ।। सू० २१०।।**

*(મૂ૦) ત્રણ સ્થાનક-મનોરથ વડે શ્રમણનિર્ગ્રંથ મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન એટલે સમાધિમરણ વગેરેવાળો થાય છે, તે આ પ્રમાણે—૧ ક્યારે હું થોડું અથવા ઘણું શ્રુત ભણીશ, ૨ ક્યારે હું એકલવિહારીની પ્રતિમાને અંગીકાર કરીને વિચરીશ અને ૩ ક્યારે (હું) અપશ્ચિમ મારણાંતિક સંલેખનાની સેવના વડે સેવિત (આચરણવાળો) થયો થકો ભાતપાણીનો પ્રત્યાખ્યાન કરતો થકો, પાદપોપગમન-છેદાયેલ વૃક્ષની માફક સ્થિર રહેતો થકો, કાળને ન ઈચ્છતો થકો હું વિચરીશ, એ પ્રમાણે મન વડે, વચન વડે અને કાયા વડે વિચારણા કરતો થકો નિર્ગ્રંથ, મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળો થાય છે. ત્રણ સ્થાનક-મનોરથ વડે શ્રમણોપાસક (શ્રાવક) મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન (સમાધિમરણાદિ) વાળો થાય છે. તે આ પ્રમાણે—**૧ ક્યારે હું અલ્પ અથવા બહુ પરિગ્રહને છોડીશ? ૨ ક્યારે હું દ્રવ્યભાવથી મુંડિત થઈ, ઘરથી નીકળીને અણગારપણાને સ્વીકારીશ? અને ૩ ક્યારે અપશ્ચિમ (છેલ્લી) મરણાંતિક સંલેખનાની સેવા વડે સેવિત થયો થકો, ભક્તપાનનો પ્રત્યાખ્યાન કરતો થકો, પાદપોપગમન-વૃક્ષની માફક સ્થિર રહેવાપૂર્વક કાળને ન ઈચ્છતો થકો હું વિચરીશ, એવી રીતે મન વડે, વાણી વડે અને કાયા વડે વિચારણા કરતો થકો (જાગૃત થયો થકો) શ્રમણોપાસક, મોટી નિર્જરાવાળો અને મહાપર્યવસાનવાળો થાય છે. ।।૨૧૦।।***

(ટી૦) 'तिहीं' त्यादि० સુગમ છે. વિશેષ એ કે-મોટી નિર્જરા-કર્મનું ક્ષપણ (ક્ષય) છે જેને તે મહાનિર્જરા, મહત્-પ્રશસ્ત અથવા અત્યંત પર્યવસાન-છેવટ અર્થાત્ સમાધિમરણથી એટલે કે ફરીને મરણ ન કરવાથી છેડો છે જે જીવને તે મહાપર્યવસાન. 'एवं समणसा' त्ति० એવી રીતે જણાવેલ ત્રણ લક્ષણ છે. स इति—સાધુ, 'मणस' त्ति० મન વડે, (પ્રાકૃતશૈલીમાં હ્રસ્વપણું છે) એવી રીતે स 'वयस'त्ति० વચન વડે અને स 'कायस'त्ति० કાયા વડે એવો અર્થ છે. અહિં 'कायसा' એ શબ્દમાં સકારનો આગમ પ્રાકૃતપણાથી જ છે. ત્રણે કારણો વડે એ અર્થ છે. અથવા સ્વ (પોતાના) મન વડે વિચારણા કરતો થકો, કોઈક પ્રતમાં તો 'पागडेमाणे' એવો પાઠ છે ત્યાં પ્રગટ કરતો થકો એવો અર્થ જાણવો. જેમ સાધુને કહ્યા તેમ શ્રાવકને પણ નિર્જરાદિમાં ત્રણ કારણો (મનોરથો) છે, એ બતાવતાં થકા કહે છે—'तिहीं' त्यादि० સુગમ છે. ।।૨૧૦।।

અનંતરકર્મની નિર્જરા કહી, તે પુદ્ગલના પરિણામવિશેષરૂપ છે માટે પુદ્ગલના પરિણામવિશેષને કહેવા માટે સૂત્રકાર કહે છે—

**तिविहे पोग्गलपडिघाते पन्नत्ते, तंजहा—परमाणुपोग्गले परमाणुपोग्गलं पप्प पडिहम्मेज्जा, लुक्खत्ताते वा पडिहम्मेज्जा, लोगंते वा पडिहम्मेज्जा ।। सू० २११।।**

**तिविहे चक्खू पन्नत्ते, तंजहा—एगचक्खू, बिचक्खू, तिचक्खू। छउमत्थे णं मणुस्से एगचक्खू, देवे बिचक्खू, तहारूवे समणे वा माहणे वा उप्पन्ननाणदंसणधरे से णं तिचक्खू त्ति वत्तव्वं सिया ।। सू० २१२।।**

**तिविधे अभिसमागमे पन्नत्ते, तंजहा—उड्ढं अहं तिरियं। जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा अतिसेसे नाणदंसणे समुप्पज्जति से णं तप्पढमताते उड्ढमभिसमेति, ततो तिरितं, ततो पच्छा अहे, अहोलोगे णं दुरभिगमे पन्नत्ते समणाउसो। ।। सू० २१३।।**

*(મૂ૦) ત્રણ પ્રકારે પુદ્ગલો (પરમાણુ વગેરે) નો પ્રતિઘાત (ગતિની સ્ખલના) કહેલ છે, તે આ પ્રમાણે—૧ પરમાણુ-પુદ્ગલ, બીજા પરમાણુપુદ્ગલને પામીને-અથડાઈને ગતિની સ્ખલના થાય. (જેમ પાષાણને ફેંકતાં થકાં બીજા પાષાણ સાથે અથડાઈને તે પાછો પડે છે તેમ) ૨ રુક્ષ (લૂખા)પણાથી પરમાણુ પુદ્ગલ સ્ખલિત થાય છે-અટકે છે, ૩ પરમાણુપુદ્ગલ લોકના અંતે સ્ખલિત થાય છે-અટકે છે; કારણ કે ત્યાં ધર્માસ્તિકાયનો અભાવ છે. ।।૨૧૧।। ત્રણ પ્રકારે ચક્ષુ કહેલ છે, તે આ પ્રમાણે—(ચક્ષુ, દ્રવ્યથી નેત્ર અને ભાવથી જ્ઞાનરૂપ સમજવું)-૧ એક ચક્ષુ, ૨ બે ચક્ષુ*

*અને ૩ ત્રણ ચક્ષુ (અહિં ચક્ષુ શબ્દથી ચક્ષુવાળા સમજવા). છદ્મસ્થ મનુષ્ય (વિશિષ્ટ જ્ઞાન-ચક્ષુ રહિત હોવાથી) એક ચક્ષુવાળો છે, દેવ બે ચક્ષુવાળા છે (ચક્ષુરિંદ્રિય અને અવધિજ્ઞાન સહિત હોવાથી) અને ઉત્પન્ન થયેલ જ્ઞાનદર્શનને ધરનાર એવો તથારૂપશ્રમણ-માહણ ત્રણ ચક્ષુવાળો કહેવાય. (તે આ પ્રમાણે—૧ દ્રવ્યનેત્ર, ૨ પરમશ્રુત અને ૩ અવધિજ્ઞાનરૂપ નેત્ર). ॥૨૧૨॥*

*ત્રણ પ્રકારે અભિસમાગમ (વસ્તુને યથાર્થ સ્વરૂપે જાણવું) કહેલ છે, તે આ પ્રમાણે—ઊંચો, નીચો અને તિર્છો અભિસમાગમ છે અર્થાત્ ઊર્ધ્વ લોકાદિ પ્રત્યે જાણે છે. જ્યારે તથારૂપ (શ્રુતચારિત્ર યુક્ત) શ્રમણ-માહણને અતિશેષ પરમાવધિરૂપી જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થાય છે ત્યારે તે સાધુ પહેલાં ઊર્ધ્વલોકને જાણે છે, ત્યારપછી તિર્છા લોકને જાણે છે, ત્યારબાદ અધોલોકને જાણે છે. હે આયુષ્મન્ શ્રમણ! તે મુનિને અધોલોકનું જ્ઞાન દુષ્કર છે માટે અધોલોકને છેલ્લું જાણે છે. ॥૨૧૩॥*

(ટી૦) 'तिविहे' इत्यादि० પરમાણુ વગેરે પુદ્ગલોનો પ્રતિઘાત-ગતિની સ્ખલના તે પુદ્ગલપ્રતિઘાત છે. ૧ સૂક્ષ્મ અણુરૂપ પુદ્ગલ તે પરમાણુપુદ્ગલ, તે બીજા પરમાણુને પામીને અટકે-ગતિની સ્ખલના થાય, ૨ લૂખાપણાથી અથવા તથાવિધ બીજા પરિણામ દ્વારા ગતિથી સ્ખલના પામે, ૩ લોકના અંતમાં અટકે, કેમકે ત્યાંથી આગળ ધર્માસ્તિકાયનો અભાવ છે. ॥૨૧૧॥

પુદ્ગલના પ્રતિઘાતને ચક્ષુવાળો જ જાણે છે, માટે ચક્ષુનું નિરૂપણ કરવા માટે કહે છે—'तिविहे' इत्यादि० સુગમ છે. ચક્ષુ-નેત્ર, તે દ્રવ્યથી આંખ અને ભાવથી જ્ઞાન, તે છે જેને તે તેના યોગથી [1]चक्षुज અર્થાત્ ચક્ષુવાળો જાણવો. ચક્ષુની સંખ્યાના ભેદથી તે ત્રણ પ્રકારે છે. તેમાં એક ચક્ષુ છે જેને તે એકચક્ષુ, એવી રીતે દ્વિચક્ષુ અને ત્રિચક્ષુ પણ જાણવા. छादयतीति० छद्म-જ્ઞાનાવરણીયાદિ (કર્મ)માં જે રહે છે તે છદ્મસ્થ, તે જો કે જેને કેવળજ્ઞાન ઉત્પન્ન નથી થયું તેવા બધાય કહેવાય છે તો પણ અહિં અતિશયવાળા શ્રુતજ્ઞાનાદિ રહિત વિવક્ષિત છે, આ હેતુથી એક ચક્ષુ, ચક્ષુરિંદ્રિયની અપેક્ષાએ છે. દેવ, ચક્ષુરિંદ્રિય અને અવધિજ્ઞાન વડે બે ચક્ષુવાળા છે. આવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ છે શ્રુત અને અવધિરૂપ જ્ઞાન તેમજ અવધિદર્શનને જે ધારણ કરે છે તે ઉત્પન્ન જ્ઞાનદર્શનધર કહેવાય, એવો જે મુનિ તે ત્રિચક્ષુ અર્થાત્ ૧ ચક્ષુરિંદ્રિય, ૨ પરમશ્રુત અને ૩ પરમાવધિ વડે પૂર્વોક્ત કથન યોગ્ય થાય, તે જ સાક્ષાત્‌ની માફક હેય અને ઉપાદેય સમસ્ત વસ્તુને જાણે છે. અહિં કેવલીનું વ્યાખ્યાન કર્યું નથી. કેવલજ્ઞાન અને દર્શનરૂપ બે ચક્ષુની કલ્પનાનો સંભવ છતે પણ ચક્ષુરિંદ્રિયલક્ષણ ચક્ષુના ઉપયોગનો અભાવ હોવાથી અસત્કલ્પના વડે તેને ત્રણ ચક્ષુ વિદ્યમાન નથી, એમ કરીને કેવલીનું ગ્રહણ કરેલ નથી. દ્રવ્યેંદ્રિયની અપેક્ષાએ તો તે પણ (કેવલી પણ) વિરુદ્ધ નથી અર્થાત્ ત્રિચક્ષુ ઘટી શકે છે. ॥૨૧૨॥

હમણાં જ ચક્ષુવાળાનું વર્ણન કર્યું, તેને અભિસમાગમ-વસ્તુનું જાણવું થાય છે તે હેતુથી તેને દિશાના ભેદ વડે વિભાગ કરતા થકા કહે છે—'तिविहे' इत्यादि० 'अभि'-અર્થને સન્મુખપણાએ પરંતુ વિપર્યાસ-વિપરીતપણાએ નહિ, 'सम्'—યથાર્થ, પરંતુ સંશયપણાએ નહિં, તથા 'आ'—મર્યાદા વડે ગમન-જાણવું તે અભિસમાગમ અર્થાત્ વસ્તુનું જ્ઞાન. અહિં જ (દિશામાં) જ્ઞાનના ભેદને કહે છે—'जया ण' मित्यादि० 'अइसेस' त्ति० શેષ-બાકીના છદ્મસ્થ જ્ઞાનોનું ઉલ્લંઘન કરનારું અતિશેષ, તે જ્ઞાન દર્શન પરમાવધિરૂપ જણાય છે-ઘટી શકે છે, કારણ કે કેવલજ્ઞાનનો ઊર્ધ્વાદિક્રમ વડે ઉપયોગ ન હોય, જેને લઈને तत्प्रथमतयेत्यादि० સૂત્ર નિર્દોષ થાય. પરમાવધિવાળાના ઉત્પન્ન થયેલ જ્ઞાનાદિની પ્રથમતા, તે પ્રથમપણામાં 'उड्ढंति' ઊર્ધ્વલોકને જાણે છે, ત્યારપછી તિર્છાલોકને અને ત્યારબાદ ત્રીજા સ્થાનમાં અધોલોકને જાણે છે. એવી રીતે સામર્થ્યથી પ્રાપ્ત થયેલ અધોલોક દુઃખપૂર્વક ક્રમ[2] વડે છેવટમાં જાણવા યોગ્ય હોવાથી જાણી શકાય તેમ છે. હે આયુષ્મન્ શ્રમણ! આ શિષ્યને આમંત્રણરૂપ છે. ॥૨૧૩॥

1. અહિં जातुप् પ્રત્યયનો લોપ હોવાથી મૂલસૂત્રમાં ચક્ષુષ્માનને બદલે ચક્ષુ શબ્દ છે. 2. અહિં ક્રમશઃ ઊર્ધ્વલોકાદિનું જાણવાનું કહેલું છે તેનું કારણ એ કે ક્ષાયોપશમિક જ્ઞાન હોય છે.

હમણા અભિસમાગમ કહ્યો, તે જ્ઞાન અને જ્ઞાન ઋદ્ધિરૂપ અહિં જ કહેવામાં આવતું હોવાથી ઋદ્ધિના સમાનપણાથી તેના ભેદોને કહે છે—

**तिविहा इड्डी पन्नत्ता, तंजहा—देविड्डी, राइड्डी, गणिड्डी १। देविड्डी तिविहा पन्नत्ता, तंजहा—विमाणिड्डी, विगुव्वणिड्डी, परियारणिड्डी २। अहवा देविड्डी तिविहा पन्नत्ता, तंजहा—सचित्ता, अचित्ता, मीसिता ३। राइड्डी तिविधा पन्नत्ता, तंजहा—रन्नो अतियाणिड्डी, रन्नो निज्जाणिड्डी, रण्णो बल-वाहण-कोस-कोट्ठागारिड्डी ४। अहवा रातिड्डी तिविहा पन्नत्ता, तंजहा—सचित्ता, अचित्ता, मीसिता ५। गणिड्डी तिविहा पन्नत्ता, तंजहा—णाणिड्डी, दंसणिड्डी, चरित्तिड्डी ६। अहवा गणिड्डी तिविहा पन्नत्ता, तंजहा—सचित्ता, अचित्ता, मीसिया ७ ॥ सू० २१४॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે ઋદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે—દેવર્દ્ધિ-ઇંદ્રાદિકની ઋદ્ધિ, રાજર્દ્ધિ—ચક્રવર્તી વગેરેની ઋદ્ધિ, ગણર્દ્ધિ-આચાર્ય વગેરેની ઋદ્ધિ ૧, દેવર્દ્ધિ ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—વિમાનની ઋદ્ધિ, વિકુર્વણાની ઋદ્ધિ અને પરિચારણા—વિષયસેવનાની ઋદ્ધિ ૨, અથવા દેવર્દ્ધિ ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સચિત્ત—પોતાનું શરીર અને અગ્રમહિષીનું શરીર વગેરે, અચિત્ત—વસ્ત્રાભૂષણ વગેરે, મિશ્ર-ભૂષણ સહિત દેવી વગેરે ૩, રાજાની ઋદ્ધિ ત્રણ પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—રાજાની અતિયાન ઋદ્ધિ-નગરપ્રવેશ કરવામાં તોરણ વગેરેની શોભારૂપ, રાજાની નિર્યાન ઋદ્ધિ—નગરથી નીકળવા વખતે હાથી, ઘોડા વગેરેની શોભારૂપ, રાજાની બલ (સેના), વાહન, ભંડાર અને કોઠારરૂપ ઋદ્ધિ ૪, અથવા ત્રણ પ્રકારે રાજાની ઋદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે—સચિત્ત-સ્વશરીર અને ધાન્ય વગેરે, અચિત્ત—ધન અને દાગીના વગેરે, મિશ્ર—વસ્ત્રાદિયુક્ત સ્વશરીર વગેરે ૫, ત્રણ પ્રકારે ગણિની ઋદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે—જ્ઞાનઋદ્ધિ-વિશિષ્ટ શ્રુતસંપત્તિ, દર્શનઋદ્ધિ-નિઃશંકિતપણાદિ સમકિતની ઋદ્ધિ અને ચારિત્રઋદ્ધિ-નિરતિચાર મહાવ્રતાદિ ૬, અથવા ત્રણ પ્રકારે ગણિ—આચાર્યની ઋદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે—સચિત્ત-શિષ્યાદિ, અચિત્ત-વસ્ત્ર વગેરે અને મિશ્ર-ઉપધિ સહિત શિષ્યાદિ ૭. ॥૨૧૪॥*

(ટી૦) 'तिविहा इड्डी' इत्यादि० સાત સૂત્રો સુગમ છે. વિશેષ કહે છે કે—દેવ-ઇંદ્રાદિની જે ઋદ્ધિ-ઐશ્વર્ય તે દેવઋદ્ધિ, એવી રીતે રાજા—ચક્રવર્તી વગેરેની ઋદ્ધિ અને ગણિ-ગચ્છના અધિપતિ આચાર્યની ઋદ્ધિ ૧, વિમાનોની અથવા વિમાનલક્ષણ ઋદ્ધિ, તે બત્રીશ લાખ વિમાનરૂપ બાહુલ્ય (અધિકપણું), મોટાઈ અને રત્ન વગેરેનું સુંદરપણું તે વિમાનની ઋદ્ધિ. સૌધર્માદિ દેવલોકને વિષે બત્રીશ લાખ વગેરે વિમાનોની સંખ્યારૂપ બાહુલ્ય (અધિકપણું) હોય છે. કહ્યું છે કે—

**बत्तीस अट्ठवीसा, बारस अट्ठ य चउरो सयसहस्सा । आरेण बंभलोगा, विमाणसंखा भवे एसा ॥२४७॥[बृहत्सं० ११७]**

બત્રીશ લાખ, અઠ્ઠાવીશ લાખ, બાર લાખ, આઠ લાખ અને ચાર લાખ વિમાન અનુક્રમે પહેલા દેવલોકથી આરંભીને યાવત્ પાંચમા બ્રહ્મ નામના દેવલોક સુધી હોય છે. (૨૪૭)

**पंचास चत्त छच्चेव, सहस्सा लंत-सुक्क-सहसारे । सयचउरो आणय-पाणएसु तिन्नारण-ऽच्चुयए ॥२४८॥ [बृहत्सं० ११८]**

લાંતકમાં પચ્ચાસ હજાર, મહાશુક્રમાં ચાલીશ હજાર, સહસ્રારમાં છ હજાર, આનત અને પ્રાણતના મળીને ચાર સો તથા આરણ અને અચ્યુત દેવલોકમાં બન્નેના મળીને ત્રણ સો વિમાનો છે. (૨૪૮)

**एक्कारसुत्तरं, हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए । सयमेगं उवरिमए, पंचेव अणुत्तरविमाणा ॥२४९॥ [बृहत्सं० ११९]**

નવ ગ્રૈવેયકની હેઠલી ત્રિકમાં એક સો ને અગિયાર, મધ્યમ ત્રિકમાં એક સો સાત અને ઉપરની ત્રિકમાં એક સો વિમાનો છે. તેની ઉપર પાંચ જ અનુત્તર [1]વિમાનો છે. (૨૪૯)

1. બધા વિમાનો મળીને ચોરાસી લાખ, સતાણુ હજાર અને ત્રેવીશ છે.

આ વિમાનો ભવન અને નગરોના ઉપલક્ષણરૂપ છે. વૈક્રિય કરવાના લક્ષણવાળી ઋદ્ધિ તે વૈક્રિય ઋદ્ધિ. વૈક્રિય શરીરવડે જ બે જંબૂદ્વીપને અથવા અસંખ્યાત સમુદ્રોને પૂરે છે-ભરે છે [આ શક્તિરૂપ સમજવું]. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—'**चमरे णं भंते! केमहिड्डिए जाव केवतियं च णं पभू विउव्वित्तए? गोयमा! चमरे णं जाव पभू णं केवलकप्पं जंबुद्दीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहि य देवीहि य आइन्नं जाव करेत्तए, अदुत्तरं च णं गोयमा! पभू चमरे जाव तिरियमसंखेज्जे दीवसमुद्दे बहूहिं असुरकुमारेहिं आइन्ने जाव करित्तए, एस णं गोयमा! चमरस्स ३ अयमेयारूवे विसयमेत्ते बुइए, नो चेव णं संपत्तीए विउव्विंसु ३, एवं सक्केऽवि दो केवलकप्पे जंबुद्दीवे जाव आइन्ने करेज्ज**' [भगवती ३/१/३, १५] त्ति०-

-**प्रश्न**—હે ભગવન્! ચમરેંદ્ર કેવી ઋદ્ધિવાળો છે? અને યાવત્ કેવી વિકુર્વણા કરવાને સમર્થ છે? **ઉત્તર**—હે ગૌતમ! ચમરેંદ્ર યાવત્ સમર્થ છે જંબૂદ્વીપ જેવા દ્વીપને ઘણા અસુરકુમાર જાતિના દેવો અને દેવીઓ વડે ભરી શકે. ત્યારબાદ હે ગૌતમ! ચમરેંદ્ર યાવત્ સમર્થ છે અસંખ્યાત દ્વીપ-સમુદ્રોને અસુરકુમાર જાતિના દેવો અને દેવીઓ વડે પરિપૂર્ણ ભરવા માટે. હે ગૌતમ! આ ચમરેંદ્રનો આવા પ્રકારનો વિષયમાત્ર કહ્યો, પરંતુ સંપત્તિ વડે કરેલ નથી, કરતો નથી અને કરશે નહિ. એવી રીતે શક્રેંદ્ર પણ બે જંબૂદ્વીપ જેવડા બે દ્વીપને યાવત્ પરિપૂર્ણ ભરવા માટે સમર્થ છે. પરિચારણા-વિષયની સેવનાની ઋદ્ધિ. અન્ય દેવો પ્રત્યે, બીજા દેવોને સ્વાધીન દેવીઓ પ્રત્યે, પોતાની દેવીઓ પ્રત્યે તેઓને વશ કરીને અને પોતાને (સ્વશરીરને) વિકુર્વીને પરિચારણા કરે છે. સચિત્તા-પોતાનું શરીર અને અગ્રમહિષી વગેરે [સ્વરૂપવાળા] સચેતન વસ્તુની સંપત્તિ, અચેતના-વસ્ત્ર અને આભૂષણ વગેરે સ્વરૂપવાળી અને મિશ્રા-અલંકૃત થયેલ દેવી વગેરે સ્વરૂપવાળી સંપત્તિ ૩, અતિયાન-નગરમાં પ્રવેશ, તેમાં ઋદ્ધિ-તોરણ, હાટની શોભા, મનુષ્યોની ભીડ (સમુદાય) વગેરે સ્વરૂપવાળી, નિર્યાન-શહેરમાંથી નીકળવું, તેમાં ઋદ્ધિ-હાથીની અંબાડી અને સામંત પરિવાર વગેરે સ્વરૂપવાળી, બલ-ચતુરંગ સેના, વાહનો-ઘોડા વગેરે, કોશ-ભંડાર, કોષ્ઠ-ધાન્યના ભંડાર, તેઓના ઘર તે કોષ્ઠાગાર અર્થાત્ ધાન્યનું ઘર, તેઓની ઋદ્ધિ અથવા તે જ ઋદ્ધિ તે બલ, વાહન, કોશ, કોષ્ઠાગાર ઋદ્ધિ ૪, સચિત્તાદિ ઋદ્ધિ પૂર્વની માફક વિચારવી-સમજવી ૫, જ્ઞાનઋદ્ધિ-વિશિષ્ટ શ્રુતની સંપત્તિ, દર્શનઋદ્ધિ-જિનવચનમાં નિઃશંકિતાદિપણું અથવા **શાસનને દીપાવનાર શાસ્ત્રોની સંપત્તિ (તર્કશાસ્ત્રનું જ્ઞાન)**, ચારિત્રઋદ્ધિ-નિરતિચારપણું ૬, સચિત્તા-શિષ્યાદિ સ્વરૂપવાળી, અચિત્તા-વસ્ત્રાદિ વિષયવાળી, મિશ્રા-તેવી જ રીતે વસ્ત્રાદિ સહિત શિષ્ય સ્વરૂપવાળી ૭. પ્રસ્તુત વિકુર્વણા વગેરે ઋદ્ધિઓ બીજાઓને પણ હોય છે; માત્ર દેવો વગેરેને વિશેષ સ્વરૂપવાળી હોય છે માટે તેઓને જ કહેલી છે. ॥૨૧૪॥

ઋદ્ધિનો સદ્ભાવ છતે ગૌરવ-અભિમાન થાય છે, આ હેતુથી તેના ભેદોને કહે છે—

**ततो गारवा पन्नत्ते, तंजहा—इड्डीगारवे, रसगारवे, सातगारवे ॥ सू० २१५ ॥**

**तिविधे करणे पन्नत्ते, तंजहा—धम्मिते करणे, अधम्मिए करणे, धम्मिताधम्मिए करणे ॥ सू० २१६॥**

**तिविहे भगवता धम्मे पन्नत्ते, तंजहा—सुअधिज्झिते, सुज्झातिते, सुतवस्सिते, जया सुअधिज्झितं भवति तदा सुज्झातियं भवति, जया सुज्झातियं भवति तदा सुतवस्सियं भवति, से सुअधिज्झिते सुज्झातिते सुतवस्सिते सुतक्खाते णं भगवता धम्मे पन्नत्ते ॥ सू० २१७ ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે ગૌરવ-ભારીપણું કે અભિમાન કહેલ છે, તે આ પ્રમાણે—ઋદ્ધિગૌરવ-રાજાદિકની પૂજાથી થયેલ અભિમાનરૂપ, રસગૌરવ-મધુર રસ વગેરે મળવાથી થયેલ અભિમાન અને સાતાગૌરવ-સુખ મળવાથી થયેલ અભિમાન. ॥૨૧૫॥*

*ત્રણ પ્રકારે કરણ—ક્રિયાઅનુષ્ઠાન કહેલું છે, તે આ પ્રમાણે—ધાર્મિક કરણ-સાધુની ક્રિયા, અધાર્મિક કરણ-અવિરતિમિથ્યાદૃષ્ટિની ક્રિયા અને ધાર્મિકાધાર્મિક કરણ-દેશવિરતિની ક્રિયા. ॥૨૧૬॥*

*શ્રી સુધર્માસ્વામી શ્રી જંબૂસ્વામીને કહે છે કે—ભગવાન્ મહાવીરે ત્રણ પ્રકારે ધર્મ અનુષ્ઠાન કહેલ છે, તે આ પ્રમાણે-સુઅધિત–કાલ, વિનયાદિ આરાધના વડે મળેલું, સુધ્યાન–સારી રીતે સૂત્રના અર્થનું મનન કરેલું અને સુતપસિત-આશંસા (વાંછા) રહિત સારી રીતે તપ અનુષ્ઠાન કરેલું. જ્યારે સારી રીતે અધ્યયન કરેલું હોય ત્યારે શ્રુતના અર્થનું સારું મનન (ચિંતન) થાય છે, જ્યારે સારી રીતે ચિંતન કરેલું હોય છે ત્યારે સારી રીતે તપસિત થાય છે. તે સુઅધિત, સુધ્યાત અને સુતપસિતતા—એ ત્રણ પ્રકારે ધર્મ ભગવાને સારી રીતે કહેલો છે. ॥૨૧૭॥*

(ટી૦) **'तओ गारवे'** त्यादि० સુગમ છે. વિશેષ એ કે—ગુરુ–મોટાઈ કે ભારેપણાનો ભાવ અથવા કાર્ય તે ગૌરવ, તે બે પ્રકારે છે—૧ દ્રવ્યથી વજ્રાદિનું અને ૨ ભાવથી અભિમાન અને લોભરૂપ અશુભ ભાવવાળા આત્માનું. ભાવગૌરવ ત્રણ પ્રકારે છે. રાજા વગેરેથી કરાયેલી પૂજાસ્વરૂપ અથવા આચાર્યત્વાદિ સ્વરૂપ ઋદ્ધિથી અભિમાનાદિ દ્વાર વડે જે ગૌરવ તે ઋદ્ધિગૌરવ, ઋદ્ધિની પ્રાપ્તિથી અભિમાન અને અપ્રાપ્ત–નહિં પામેલની પ્રાર્થના દ્વારા જે આત્માનો અશુભ ભાવ તે ભાવગૌરવ, આ અર્થ છે. એવી રીતે બીજામાં પણ જાણવું. રસ–રસનેંદ્રિયનો અર્થ મધુર વગેરે, **सातं**—સુખ અથવા ઋદ્ધિ વગેરેને વિષે ગૌરવ એટલે આદર (ઇચ્છા). ॥૨૧૫॥

હમણા ચારિત્રઋદ્ધિ કહી અને ચારિત્રએ કરણ (ક્રિયા) છે માટે તેના ભેદોને કહે છે—**'तिविहे' इत्यादि० कृतिः**—અનુષ્ઠાન કરવું. તે ધાર્મિકાદિ સ્વામીના ભેદ વડે ત્રણ પ્રકારે છે, તેમાં ધાર્મિક–સાધુનું અનુષ્ઠાન આ ધાર્મિક જ છે, એમ બીજામાં પણ જાણવું. વિશેષ એ કે—અધાર્મિક–અસંયત (અવિરતિ) અને ત્રીજો દેશવિરતિ. અથવા ધર્મમાં થયેલું અથવા ધર્મ છે પ્રયોજન જેનું તે ધાર્મિક અનુષ્ઠાન અને તેથી વિપરીત તે અધાર્મિક અનુષ્ઠાન. એવી રીતે ત્રીજું પણ (ધાર્મિક અધાર્મિક) અનુષ્ઠાન જાણવું. ॥૨૧૬॥

હમણાં જ ધાર્મિકકરણ કહેલું તે ધર્મ જ છે, માટે તેના ભેદોને કહે છે—**'तिविहे'** त्यादि० સુગમ છે. માત્ર શ્રી મહાવીર ભગવાને કહેલું છે એવી રીતે સુધર્માસ્વામી જંબૂસ્વામી પ્રત્યે કહેતા હતા. સુ–સારી રીતે કાળ અને વિનયાદિની આરાધના વડે અધિત–ગુરુની પાસે સૂત્રથી ભણેલું તે સ્વધિત, તથા સુ–વિધિપૂર્વક ગુરુ આગળ જ વ્યાખ્યાન દ્વારા અર્થથી સાંભળીને ધ્યાત–વારંવાર ચિંતન કરેલું જે શ્રુત તે સુધ્યાતં, **ચિંતનનો અભાવ છતે તત્ત્વનો બોધ ન થવા વડે અધ્યયન (ભણવું) અને શ્રવણ (સાંભળવું) એ બન્નેનું પ્રાયઃ ફલ હોતું નથી.** આ બે ભેદ વડે શ્રુતધર્મ કહ્યો. તથા સુ–આ લોક વગેરેના સુખની આશા સિવાય તપસિત–તપનું અનુષ્ઠાન તે સુતપસિત. આ પદથી ચારિત્રધર્મ કહ્યો. આ ત્રણેના પણ ઉત્તરોત્તર અવિનાભાવ (સહચારરૂપ કારણ કાર્યભાવ) ને બતાવે છે—**'जया'** इत्यादि० સુગમ છે. વિશેષ એ કે–દોષ રહિત અભ્યાસ વિના શ્રુતના અર્થની પ્રતીતિ ન થવાથી સુધ્યાત થતું નથી, **સારી રીતે ચિંતનના અભાવે જ્ઞાનની વિકલતાથી સારું તપ ન થાય**, એ ભાવ છે. જે સુઅધિત વગેરે ત્રણ પદ છે તે ભગવાન્ શ્રી વર્દ્ધમાન સ્વામીએ ધર્મ કહેલો છે. **'से'** त्ति० તે ધર્મ સારી રીતે કહેલ છે, કારણ કે સમ્યગ્જ્ઞાન અને ક્રિયારૂપ અને બન્ને (જ્ઞાન–ક્રિયા) ને વિષે એકાંતિક અને આત્યંતિક (અતિશય) સુખના સફલ ઉપાય વડે ઉપચાર રહિત ધર્મ સુગતિને વિષે ધારણ કરવાથી જ ધર્મ કહેવાય છે, આવશ્યકમાં કહ્યું છે કે—

**नाणं पयासयं सोहओ, तवो संजमो य गुत्तिकरो । तिण्हं पि समाओगे, मोक्खो जिणसासणे भणिओ ।।२५०।।**

**[आव०नि० १०३]**

જ્ઞાન પ્રકાશક એટલે સ્વરૂપને બતાવનાર છે, તપ–કર્મરૂપી કચરાને શોધનાર છે અને સંયમ ગુપ્તિકર–નવિન કર્મને અટકાવનાર છે. જે આ ત્રણેનો સમાવેશ–મિલાપ તેને જિનશાસનમાં મોક્ષ કહેલ છે. (૨૫૦) (**'णंकार'** વાક્યના અલંકારમાં છે.) ॥૨૧૭॥

સારી રીતે કરેલું તપ તે ચારિત્ર કહ્યું, અને તે પ્રાણાતિપાત વગેરેથી વિશેષ વિરતિસ્વરૂપ છે માટે હવે વિરતિના ભેદોને કહે છે—

**तिविधा वावत्ती पन्नत्ता, तंजहा—जाणू, अजाणू, वितिगिंच्छा। एवमज्झोववज्जणा, परियावज्जणा ॥ सू० २१८॥**

**तिविधे अंते पन्नत्ते, तंजहा—लोगंते, वेयंते, समयंते ॥ सू० २१९ ॥**

**ततो जिणा पन्नत्ता, तंजहा—ओहिणाणजिणे, मणपज्जवणाणजिणे, केवलणाणजिणे १। ततो केवली पन्नत्ता, तंजहा-ओहिनाणकेवली, मणपज्जवनाणकेवली, केवलनाणकेवली २। तओ अरहा पन्नत्ता, तंजहा—ओहिनाणअरहा, मणपज्जवनाणअरहा, केवलनाणअरहा ३ ॥ सू० २२० ॥**

*(મૂ૦) ત્રણ પ્રકારે વ્યાવૃત્તિ-હિંસાદિકની નિવૃત્તિ કહેલી છે, તે આ પ્રમાણે—જાણૂ-હિંસાદિના ફલને દુઃખદાયક જાણીને તેથી નિવર્ત્તે તે, અજાણુ-હિંસાદિના સ્વરૂપને સમજ્યા સિવાય તેથી નિવર્ત્તે તે, વિચિકત્સા-હિંસાદિકથી અશુભ ફળ થશે કે નહિં એવા સંશય સહિત તેનાથી નિવર્ત્તે તે, એવી રીતે અધ્યુપપાદનઆસક્તિ ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે-વિષયને અનર્થરૂપ જાણીને સ્વીકારે છે, વિષયને અનર્થરૂપ ન જાણીને સ્વીકારે છે અને અનર્થરૂપ છે કે નહિ એમ સંશયથી સ્વીકારે છે. એવી જ રીતે પર્યાપદન-ભોગવવું, જાણતો છતો, અજાણતો છતો અને સંશયથી વિષયને ભોગવે છે. ॥૨૧૮॥*

*ત્રણ પ્રકારે અંત (રહસ્ય) કહેલ છે, તે આ પ્રમાણે—લૌકિક શાસ્ત્રનું રહસ્ય, વેદ (ઋગ્વેદાદિ)નું રહસ્ય અને સમય-જિનેશ્વર આદિના સિદ્ધાંતોનું રહસ્ય. ॥૨૧૯॥*

*ત્રણ પ્રકારે જિન (રાગાદિને જીતનાર) કહેલ છે, તે આ પ્રમાણે—અવધિપ્રધાન જિન તે અવધિજ્ઞાનીજિન, એવી જ રીતે મનઃપર્યવજ્ઞાનીજિન અને કેવલજ્ઞાનીજિન છે ૧, ત્રણ પ્રકારે કેવલી કહેલ છે, તે આ પ્રમાણે—જે કેવલીની જેમ વિશિષ્ટ પ્રત્યક્ષ જ્ઞાનવાળા તે અવધિજ્ઞાનીકેવલી, એવી રીતે મનઃપર્યવજ્ઞાનીકેવલી અને કેવલજ્ઞાનીકેવલી ૨, ત્રણ પ્રકારે અર્હંત (દેવાદિકને પૂજ્ય) કહેલ છે, તે આ પ્રમાણે—અવધિજ્ઞાનપ્રધાન અર્હંત, એવી રીતે તે મનઃપર્યવજ્ઞાન અર્હંત અને કેવલજ્ઞાન અર્હંત ૩. ॥૨૨૦॥*

(ટી૦) 'तिविहे' त्यादि० વ્યાવર્તન—કોઈ પણ પ્રકારે હિંસાદિની મર્યાદાથી નિવૃત્તિ, આ અર્થ છે. તે નિવૃત્તિ હિંસાદિના હેતુ, સ્વરૂપ અને ફળને તે જાણનારની જ્ઞાનપૂર્વક જે વિરતિ તે જ્ઞાતાની સાથે અભેદ હોવાથી 'जाणू' એમ કહેલી છે. अज्ञ-અજાણની જ્ઞાન વિના જે વિરતિ તે अजाणू અને વિચિકિત્સા સંશયથી જે વિરતિ તે. નિમિત્ત અને નૈમિત્તિકના અભેદથી 'वितिगिच्छा' કહેલી છે. વ્યાવૃત્તિ આ શબ્દ વડે હમણાં ચારિત્ર કહ્યું. તેના વિપક્ષભૂત અશુભ અધ્યવસાય અને અશુભ અનુષ્ઠાન, એ બન્નેના ભેદોને હવે અતિદેશથી કહે છે—'एव' मित्यादि સૂત્રમાં 'एव' मिति० વ્યાવૃત્તિ (વિરતિ)ની જેમ ત્રણ પ્રકારે 'अज्झोववज्जण' त्ति० અધ્યુપપાદન-કોઈક ઇંદ્રિયના વિષયને વિષે આસક્તિ, આ અર્થ છે. તેમાં વિષયજન્ય અનર્થને જાણનારની વિષય પરત્વે જે આસક્તિ તે જાણૂ અને અજાણની જે આસક્તિ તે અજાણૂ તેમજ સંશયવાળાની જે આસક્તિ તે વિચિકિત્સા. 'परियावज्जण' त्ति० પર્યાપદન-સમસ્તરૂપે સેવવું. આ સેવા પણ 'જાણૂ' વગેરે ત્રણ પ્રકારે છે. ॥૨૧૮॥

'जाणु' त्ति० ज्ञः, તે જ્ઞાનથી થાય એમ કહ્યું, અને જ્ઞાન તે અતીંદ્રિયના અર્થોમાં પ્રાયઃ શાસ્ત્રથી થાય છે માટે શાસ્ત્રના ભેદ વડે તેના ભેદને કહે છે—'तिविहे अंते' इत्यादि० 'अमनमधिगमनमन्तः'—નિર્ણય, તેમાં લોક-લૌકિકશાસ્ત્ર, લોકોએ બનાવેલ હોવાથી અને તેઓ દ્વારા ભણવા યોગ્ય હોવાથી-અર્થશાસ્ત્ર વગેરે, તેથી અંત-નિર્ણય અથવા તેનું પરમ રહસ્ય અથવા પર્યંત (છેવટ) તે લોકાંત, એવી રીતે વેદનો અને સમય (જિન સિદ્ધાંતો)નો અંત પણ જાણવો. વિશેષ એ કે—ઋગ્વેદ

વગેરે ચાર વેદો અને સમયો-જૈન વગેરેના સિદ્ધાંતો. ॥૨૧૯॥

હમણાં સમયનો અંત કહ્યો, અને સમય તે જિન, કેવલી તથા અર્હત્ શબ્દવાચ્ય પુરુષો વડે કહેલ યથાર્થ હોય છે, માટે જિનાદિ શબ્દ (પુરુષો)ના ભેદોને કહેવા માટે ત્રણ સૂત્રો કહે છે—'तओ जिणे' त्यादि० સુગમ છે. વિશેષ એ કે-રાગ, દ્વેષ અને મોહને જેઓ જીતે છે તેઓ જિનો-સર્વજ્ઞો છે. કહ્યું છે કે—'**रागद्वेषस्तथा मोहो जितो येन जिनो ह्यसौ । अस्त्री-शस्त्राऽक्षमालत्वार्हन्नैवानुमीयते ॥**'—'રાગદ્વેષ તથા મોહને જેઓએ જીત્યા છે તે જિન કહેવાય છે. વળી સ્ત્રી, શસ્ત્ર અને અક્ષ-જપમાલા રહિત હોવાથી અર્હત્ જ અનુમાન કરાય છે.' તથા નિશ્ચયથી પ્રત્યક્ષ જ્ઞાનપણાએ જિનોની[1] માફક જેઓ વર્તે છે તેઓ પણ જિનો છે. તેમાં અવધિજ્ઞાન છે પ્રધાન જેને તે અવધિજિન, એમ બીજા બે મનઃપર્યાયજિન અને કેવલજ્ઞાનજિન પણ જાણવા. વિશેષ એ કે—પહેલા બે ભેદ ઉપચાર કરાયેલ છે અને છેલ્લો ભેદ ઉપચાર રહિત છે (વાસ્તવિક છે). ઉપચારનું કારણ તો પ્રત્યક્ષ જ્ઞાનીપણું છે. '**केवलम्**' એક, અનંત અથવા પૂર્ણ જ્ઞાનાદિ છે જેઓને તે કેવલીઓ કહેવાય. કહ્યું છે કે—

**कसिणं केवलकप्पं, लोगं जाणंति तह य पासंति । केवलचरित्तणाणी, तम्हा ते केवली होंति ॥२५१॥[आव०नि० १०९२]**

સમગ્ર, અનંત અથવા પરિપૂર્ણ લોકને જાણે છે તથા દેખે છે, વળી એક જ યથાખ્યાત ચારિત્ર અને કેવળજ્ઞાન છે જેને તે કેવલચારિત્રજ્ઞાની, તે કારણથી કેવલી હોય છે. (૨૫૧)

અહિં પણ જિનની માફક વ્યાખ્યા કરવી. દેવાદિ વડે કરાયેલ પૂજાને જે યોગ્ય છે તે અર્હંતો અથવા કંઈ પણ છાનું નથી જેઓને તે अरहसः, શેષ પૂર્વની માફક જાણવું. ॥૨૨૦॥

આ જિન [અવધિજ્ઞાની આદિ] વગેરે લેશ્યા સહિત પણ હોય છે માટે લેશ્યા-પ્રકરણને કહે છે—

**ततो लेसाओ दुब्भिगंधाओ पन्नत्ताओ, तंजहा—कण्हलेसा, णीललेसा, काउलेसा १। तओ लेसाओ सुब्भिगंधातो पन्नत्ताओ, तंजहा—तेऊलेसा, पम्हलेसा, सुक्कलेसा २। एवं दोग्गप्तिगामिणीओ ३, सोग्गतिगामिणीओ ४, संकिलिट्ठाओ ५, असंकिलिट्ठाओ ६, अमणुन्नाओ ७, मणुन्नाओ ८, अविसुद्धाओ ९, विसुद्धाओ १०, अप्पसत्थाओ ११, पसत्थाओ १२, सीतलुक्खाओ १३, णिद्धुण्हाओ १४ ॥ सू० २२१ ॥**

**तिविहे मरणे पन्नत्ते, तंजहा—बालमरणे, पंडियमरणे, बालपंडियमरणे १। बालमरणे तिविहे पन्नत्ते, तंजहा-ठितलेसे, संकिलिट्ठलेसे, पज्जवजातलेसे २। पंडियमरणे तिविहे पन्नत्ते, तंजहा—ठितलेसे, असंकिलिट्ठलेसे, पज्जवजातलेसे ३। बालपंडितमरणे तिविधे पन्नत्ते, तंजहा—ठितलेस्से, असंकिलिट्ठलेसे, अपज्जवजातलेसे ४ ॥ सू० २२२ ॥**

*(મૂ૦) ત્રણ લેશ્યાઓ દુર્ગંધવાળી છે, તે આ પ્રમાણે—કૃષ્ણ, નીલ અને કાપોત ૧, ત્રણ લેશ્યાઓ સુગંધવાળી કહેલી છે, તે આ પ્રમાણે—તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા ૨, એવી રીતે પહેલી ત્રણ લેશ્યાઓ દુર્ગતિમાં લઈ જનારી છે ૩, પાછલી ત્રણ લેશ્યાઓ સુગતિમાં લઈ જનારી છે ૪, પહેલી ત્રણ લેશ્યાઓ સંક્લિષ્ટ-અશુભ અધ્યવસાયના હેતુભૂત છે ૫, છેલ્લી ત્રણ લેશ્યાઓ અસંક્લિષ્ટ-શુભ અધ્યવસાયના હેતુભૂત છે ૬, પહેલી ત્રણ લેશ્યાઓ અમનોજ્ઞ-માઠા રસવાળી છે ૭, છેલ્લી ત્રણ લેશ્યાઓ મનોજ્ઞ-સારા રસવાળી છે ૮, પહેલી ત્રણ લેશ્યાઓ અવિશુદ્ધ-ખરાબ વર્ણવાળી છે ૯, છેલ્લી ત્રણ લેશ્યાઓ સારા વર્ણવાળી છે ૧૦, પહેલી ત્રણ લેશ્યાઓ અપ્રશસ્ત-અકલ્યાણ કરનારી છે ૧૧, છેલ્લી ત્રણ લેશ્યાઓ પ્રશસ્ત-કલ્યાણ કરનારી છે ૧૨, પહેલી ત્રણ લેશ્યાઓ શીત અને રુક્ષ સ્પર્શવાળી છે*

1. રાગદ્વેષાદિ જેઓને ઉપશાંત થયેલ હોય એવા મુનિઓ ઉપચારથી જિન કહેવાય છે. સિદ્ધાંતમાં પણ '**जियकोहे**' ઇત્યાદિ વિશેષણ આપેલ છે, પરંતુ બીજા સંભવે નહિ કેમ કે ઉપચાર પણ યોગ્ય સ્થાનમાં કરાય છે.

*૧૩, છેલ્લી-ત્રણ લેશ્યાઓ ઉષ્ણ અને સ્નિગ્ધ સ્પર્શવાળી છે ૧૪. (દ્રવ્ય લેશ્યાઓ પુદ્‌ગલમય હોય છે.) ॥૨૨૧॥ ત્રણ પ્રકારે મરણ કહેલ છે, તે આ પ્રમાણે—અજ્ઞાની-અવિરતિનું મરણ તે બાલમરણ, જ્ઞાન યુક્ત સંયત–સાધુનું મરણ તે પંડિતમરણ અને દેશવિરતિનું મરણ તે બાલપંડિતમરણ ૧, બાલમરણ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે––જે મરણમાં કૃષ્ણાદિ લેશ્યા અવિશુદ્ધપણાથી અવસ્થિત (કાયમ) છે તે સ્થિતલેશ્ય મરણ, જે મરણમાં સંક્લિશ્યમાન મહાક્લુષભાવથી લેશ્યા આવે છે તે સંક્લિષ્ટલેશ્ય મરણ અને જે મરણમાં લેશ્યાના પર્યાયોની વિશુદ્ધિ થાય છે તે પર્યવજાતલેશ્ય મરણ ૨, પંડિતમરણ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—સ્થિતલેશ્ય એટલે શુક્લલેશ્યામાં મરણ પામી શુક્લલેશ્યાવાળા દેવમાં જ ઉપજે તે, અસંક્લિષ્ટલેશ્ય મરણ–જે મરણમાં સંક્લિષ્ટ લેશ્યા નથી તે અને પર્યવજાતલેશ્ય મરણ–વર્દ્ધમાન લેશ્યા વડે મરણ પામીને ઉપજે તે ૩, બાલપંડિત મરણ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—સ્થિતલેશ્ય મરણ–જે વિશુદ્ધ લેશ્યાએ મરે તે જ લેશ્યાવાળા દેવમાં ઉપજે, અસંક્લિષ્ટલેશ્ય મરણ–તે શ્રાવકના સંક્લિષ્ટ મરણમાં લેશ્યા ન હોવાથી અને અપર્યવજાતલેશ્ય મરણ–તે શ્રાવકના મરણમાં વર્દ્ધમાન લેશ્યા ન હોવાથી ૪. ॥૨૨૨॥*

(ટી૦) **'तओ'** इत्यादि० સુગમ છે. વિશેષ એ કે—**'दुब्भिगंधाओ'** त्ति० ખરાબ ગંધો તે દુર્ગંધો. લેશ્યાઓ પુદ્‌ગલાત્મક હોવાથી તેઓનું દુર્ગંધપણું છે અને પુદ્‌ગલોને ગંધાદિનો અવશ્યભાવ હોય છે. કહ્યું છે કે—

**जह गोमडस्स गंधो, सुणगमडस्स व जहा अहिमडस्स । एत्तो वि अणंतगुणो, लेसाणं अप्पसत्थाणं ।।२५२।।**

**[उत्तरा० ३४/१६ त्ति]**

જેમ ગાયના મૃતકનો દુર્ગંધ, શ્વાનના મૃતકનો દુર્ગંધ અને સર્પના મૃતકનો દુર્ગંધ છે, તેનાથી પણ અનંતગુણ દુર્ગંધ અપ્રશસ્ત કૃષ્ણાદિ ત્રણ લેશ્યાનો હોય છે. (૨૫૨)

આ લેશ્યાઓનો વર્ણ (રંગ) નામ પ્રમાણે છે. કપોતવર્ણવાળી લેશ્યા તે કાપોત લેશ્યા, ધૂંવાડાના વર્ણ જેવી એવો અર્થ છે ૧, **'सुब्भिगंधाओ'** त्ति० સુરભિગંધો. કહ્યું છે કે—

**जह सुरभिकुसुमगंधो, गंधो वासाण पिस्समाणाणं । एत्तो वि अणंतगुणो, पसत्थलेसाण तिण्हं पि ।।२५३।।**

**[उत्तरा० ३४/१७ त्ति]**

જેમ સુગંધી જાઈ વગેરે ફૂલોનો અને ચૂર્ણ કરેલ ચંદનાદિ વાસ દ્રવ્યોનો જે ગંધ છે તેનાથી અનંતગુણ ગંધ પ્રશસ્ત તેજોલેશ્યાદિ ત્રણનો હોય છે. (૨૫૩)

તેજઃ—અગ્નિ, તેના જેવી વર્ણવાળી (લાલ રંગવાળી) તે તેજોલેશ્યા. પદ્મકમલના ગર્ભ–મધ્ય ભાગના જેવી વર્ણવાળી–પીળા વર્ણવાળી તે પદ્મલેશ્યા. શુક્લ લેશ્યા ધોળા વર્ણવાળી છે ૨, **'एवं'** આ શબ્દથી પ્રથમ સૂત્રની માફક **'तओ'** इत्यादि० અભિલાપ વડે બાકીના સૂત્રો કહેવા યોગ્ય છે. તેમાં દુર્ગતિ એટલે નરક અને તિર્યંચરૂપ દુર્ગતિ પ્રત્યે પ્રાણીને લઈ જાય છે તે દુર્ગતિગામિની લેશ્યાઓ ૩, સુગતિ–દેવ અને મનુષ્યરૂપ ૪, દુઃખ અધ્યવસાય અથવા દુઃખના કારણભૂત હોવાથી સંક્લિષ્ટ ત્રણ લેશ્યાઓ છે ૫, વિરુદ્ધ પક્ષ સુગમ છે અર્થાત્ ત્રણ લેશ્યા અસંક્લિષ્ટ છે ૬, મનને ન ગમતા રસયુક્ત પુદ્‌ગલમય (લેશ્યા) હોવાથી ત્રણ અમનોજ્ઞ છે ૭, ત્રણ મનોજ્ઞ છે ૮, અવિશુદ્ધ–વર્ણથી ત્રણ લેશ્યા મલિન છે ૯, ત્રણ લેશ્યા વિશુદ્ધ છે ૧૦, અપ્રશસ્ત–ત્રણ લેશ્યા અકલ્યાણરૂપ છે અર્થાત્ સ્વીકારવા યોગ્ય નથી ૧૧, ત્રણ લેશ્યા પ્રશસ્ત છે ૧૨, પહેલી ત્રણ લેશ્યા સ્પર્શથી શીત અને રુક્ષ છે ૧૩, પાછલી ત્રણ લેશ્યા સ્પર્શથી સ્નિગ્ધ અને ઉષ્ણ છે ૧૪. ॥૨૨૧॥

હમણા લેશ્યાઓ કહી, હવે લેશ્યાવિશિષ્ટ મરણનું નિરૂપણ કરવા માટે કહે છે—**'तिविहे'** त्यादि०–બાલ–અજાણની માફક જે વર્તે છે અર્થાત્ **વિરતિનો સાધક જે વિવેક** તેનાથી રહિત હોવાથી બાલ–અસંયત કહેવાય, તેનું મરણ તે બાલમરણ. એવી રીતે બીજા બે મરણ પણ જાણવા. **'पडि'** ધાતુ ગતિ અર્થપણાએ જ્ઞાનના અર્થમાં હોવાથી વિરતિરૂપ ફલ વડે ફલની

માફક વિજ્ઞાનસંયુક્ત હોવાથી પંડિત-તત્ત્વનો જાણ અર્થાત્ સંયત, અવિરતપણાએ બાલપણું હોવાથી અને [કાંઈક] વિરતપણાએ પંડિતપણું હોવાથી બાલપંડિત-સંયતાસંયત કહેવાય ૧, 'स्थिता'-મૂલસ્વરૂપે રહેલી અર્થાત્ વિશુદ્ધિને પ્રાપ્ત ન થતી અને સંક્લિષ્ટપણાને નહિં પ્રાપ્ત થતી કૃષ્ણાદિ લેશ્યા છે જે (મરણ)ને વિષે તે સ્થિતલેશ્ય (મરણ), સંક્લિષ્ટ-સંક્લેશને પ્રાપ્ત થતી લેશ્યા છે જે (મરણ)ને વિષે તે સંક્લિષ્ટલેશ્ય (મરણ), તથા पर्यवाः—અવશિષ્ટની વિશુદ્ધિ વિશેષો (વિશુદ્ધિના તરતમયોગો) પ્રતિસમયમાં થયેલા છે જે લેશ્યાને વિષે તે પર્યવજાતલેશ્યમરણ. અહિં પહેલાં કૃષ્ણાદિલેશ્યાવાળો જ્યારે કૃષ્ણાદિલેશ્યાવાળા નરકાદિને વિષે ઉપજે છે ત્યારે પ્રથમ સ્થિત લેશ્ય મરણ હોય છે. જ્યારે (પહેલાં) નીલાદિલેશ્યાવાળો કૃષ્ણાદિલેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે ત્યારે બીજું સંક્લિષ્ટ મરણ હોય છે અને જ્યારે વળી (પહેલાં) કૃષ્ણાદિલેશ્યાવાળો નીલ-કાપોતલેશ્યાવાળામાં ઉત્પન્ન થાય છે ત્યારે ત્રીજું પર્યવજાતલેશ્ય મરણ હોય છે. શ્રી ભગવતી સૂત્રમાં છેલ્લા બે મરણને લગતું કથન કહેલું છે, તે આ પ્રમાણે—'से णूणं भंते! कण्हलेसे नीललेसे जाव सुक्कलेसे भवित्ता काउलेसेसु नेरइएसु उववज्जइ?, हंता गोयमा!, से केणट्ठेणं भंते! एवं वुच्चइ?, गोयमा! लेसाठाणेसु संकिलिस्समाणेसु वा विसुज्झमाणेसु वा काउलेस्सं परिणमइ २ काउलेसेसु नेरइएसु उववज्जइ' [भगवती १३/१/२९-३०] त्ति०—**પ્રશ્ન**—હે ભગવન્! નિશ્ચયથી કૃષ્ણલેશ્ય, નીલલેશ્ય યાવત્ શુક્લલેશ્યાવાળો થઈને કાપોતલેશ્યાવાળા નૈરયિકોને વિષે ઉત્પન્ન થાય? **ઉત્તર**—હે ગૌતમ! હા, થાય. શા માટે હે ભગવન્! એમ કહો છો? હે ગૌતમ! સંક્લિશ્યમાન અથવા વિશુદ્ધમાન લેશ્યાના સ્થાનોને વિષે કાપોતલેશ્યામાં પરિણમે છે, કાપોતલેશ્યામાં પરિણમીને કાપોતલેશ્યાવાળા નૈરયિકોને વિષે ઉત્પન્ન થાય છે. આ કથનના અનુસારે પાછલા બે સૂત્રમાં પણ સ્થિતલેશ્ય વગેરેનો વિભાગ જાણવો. પંડિતમરણને વિષે લેશ્યાનું સંક્લિશ્યમાનપણું નથી, કેમ કે સંયતપણાને લીધે જ બાલમરણથી તેનું વિશેષત્વ છે ૩, બાલપંડિત મરણને વિષે તો લેશ્યાનું મિશ્રપણું હોવાથી જ સંક્લિશ્યમાનપણું અને વિશુદ્ધમાનપણું નથી, માટે આ વિશેષ છે. એવી રીતે પંડિતમરણ વસ્તુતઃ બે પ્રકારે જ છે, કેમકે તેને સંક્લિશ્યમાન લેશ્યાનો નિષેધ છતે અવસ્થિત અને વર્દ્ધમાન લેશ્યત્વ હોય છે; ત્રિવિધપણું તો કથન માત્રથી જ છે. બાલપંડિતમરણ તો એક પ્રકારે જ છે, કેમ કે તેને સંક્લિશ્યમાન અને પર્યવજાત લેશ્યાનો નિષેધ છતે અવસ્થિત લેશ્યત્વ હોય છે. આનું ત્રિવિધપણું તો ઇતર-સંક્લિશ્યમાન અને પર્યવજાત લેશ્યાની વ્યાવૃત્તિથી (ન હોવાથી) ત્રણના કથનની પ્રવૃત્તિમાત્ર છે. ॥૨૨૨॥

અનંતર મરણ કહ્યું અને જેવી રીતે મરેલાને તો જન્માંતરમાં ત્રણ વસ્તુ જેના કારણે પ્રાપ્ત થાય છે તે તેના કારણે દેખાડવા માટે કહે છે—

**तओ ठाणा अव्ववसितस्स अहिताते असुभाते अखमाते अणिस्सेसाते अणाणुगमियत्ताते भवंति, तंजहा—से णं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते णिग्गंथे पावयणे संकिते कंखिते वितिगिंच्छिते भेदसमावन्ने कलुससमावन्ने निग्गंथं पावयणं णो सद्दहति णो पत्तियति णो रोएति, तं परिस्सहा अभिजुंजिय अभिजुंजिय अभिभवंति, णो से परिस्सहे अभिजुंजिय अभिजुंजिय अभिभवइ (१), से णं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वत्तिते पंचहिं महव्वएहिं संकिते जाव कलुससमावन्ने पंच महव्वताइं नो सद्दहति जाव णो से परिस्सहे अभिजुंजिय अभिजुंजिय अभिभवति (२), से णं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते छहिं जीवनिकाएहिं जाव अभिभवइ (३)।**

**ततो ठाणा ववसियस्स हिताते जाव आणुगामितत्ताते भवंति, तंजहा—से णं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते णिग्गंथे पावयणे णिस्संकिते णिक्कंखिते जाव नो कलुससमावन्ने णिग्गंथं पावयणं सद्दहति पत्तियति रोतेति से परिस्सहे अभिजुंजिय अभिजुंजिय अभिभवति, नो तं परिस्सहा अभिजुंजिय अभिजुंजिय अभिभवंति (१), से णं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते समाणे पंचहिं महव्वएहिं णिस्संकिए णिक्कंखिए जाव**

**परिस्सहे अभिजुंजिय अभिजुंजिय अभिभवइ, नो तं परिस्सहा अभिजुंजिय अभिजुंजिय अभिभवंति (२), से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए छहिं जीवनिकाएहिं णिस्संकिते जाव परिस्सहे अभिजुंजिय अभिजुंजिय अभिभवति, नो तं परिस्सहा अभिजुंजिय अभिजुंजिय अभिभवंति ३।। सू० २२३ ।।**

*(મૂ૦) ત્રણ સ્થાનક, જેણે નિશ્ચય નથી કર્યો તેને એ ત્રણ સ્થાનક, અહિતને માટે, અશુભ-દુઃખને માટે, અયથાર્થપણાને માટે, અનિઃશ્રેયસ-અકલ્યાણને માટે કે અમોક્ષને માટે, અને અશુભ કર્મના અનુબંધને માટે થાય છે, તે આ પ્રમાણે—જે દ્રવ્ય, ભાવથી મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયેલ એવો સાધુ નિર્ગ્રંથ પ્રવચનમાં શંકાવાળો, કાંક્ષાવાળો, વિતિગિચ્છાવાળો, ભેદસમાપન્ન—'આ આમ છે કે નહિં' એમ દ્વિધાભાવવાળો, કલુષસમાપન્ન-'આ વચન સત્ય નથી' એમ સ્વીકારનાર થયો થકો, નિર્ગ્રંથ પ્રવચનને શ્રદ્ધે નહિં, પ્રતીતિ-વિશ્વાસ આણે નહિં, રુચિ કરે નહિં, આવા પ્રકારના સાધુ પ્રત્યે સંબંધમાં આવીને પરિસહો તેનો પરાભવ કરે છે પરંતુ તે સાધુ પરિસહ પ્રત્યે સંબંધમાં આવીને સહન કરતો નથી ૧, તે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયેલ સાધુ, પાંચ મહાવ્રતોને વિષે શંકાવાળો, યાવત કલુષભાવને પ્રાપ્ત થયો થકો પાંચ મહાવ્રતોને સદહે નહિ, યાવત્ તે પરિસહો પ્રત્યે સંબંધમાં આવીને સહન કરે નહિ ૨, તે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયેલ સાધુ છ જીવનિકાયને વિષે શંકાવાળો થયો થકો યાવત્ પરિસહોને સહે નહિ. ત્રણ સ્થાનક, જેણે નિશ્ચય કર્યા છે તેને ત્રણ સ્થાનક, હિતને માટે યાવત્ શુભ કર્મના અનુબંધ (પરંપરા)ને માટે થાય છે, તે આ પ્રમાણે—તે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયેલ સાધુ-નિર્ગ્રંથ પ્રવચનને વિષે શંકા રહિત, કાંક્ષારહિત, યાવત્ કલુષભાવને પ્રાપ્ત ન થયો થકો નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે સદહે છે, પ્રતીતિ આણે છે, રુચિ કરે છે, પરિસહો પ્રત્યે સંબંધમાં આવીને તેને સહન કરે છે (જય કરે છે) પરંતુ તેને પરિસહો આવીને પરાભવ કરતા નથી ૧, તે સાધુ મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયો થકો પાંચ મહાવ્રતોને વિષે શંકારહિત, કાંક્ષારહિત યાવત્ પરિષહને જીતે છે (સહે છે) પરંતુ પરિષહો તેનો પરાભવ કરી શકતા નથી ૨, તે સાધુ મુંડ થઈને, ઘરથી નીકળી અણગારપણાને પ્રાપ્ત થયો થકો છ જીવનિકાયને વિષે શંકા રહિત, યાવત્ પરિષહો પ્રત્યે જીતે છે; પરંતુ પરિષહો તેનો પરાભવ કરી શકતા નથી ૩. ॥૨૨૩॥*

(ટી૦) 'तओ ठाणे' त्यादि० ત્રણ સ્થાનો-પ્રવચન, મહાવ્રત અને જીવનિકાય સ્વરૂપ. અવ્યવસિત-નિશ્ચય ન કરનારને અથવા પરાક્રમ ન કરનારને, અહિત-અપથ્ય માટે, અસુખ-દુઃખ માટે, અક્ષમ-અસંગતપણા માટે, અનિઃશ્રેયસ-અમોક્ષ માટે અને અનનુગામિકત્વ-અશુભના અનુબંધને માટે થાય છે. 'से णं' ति० જેને ત્રણ સ્થાનકો અહિતાદિપણા માટે થાય છે. તે શંકિત-દેશથી અથવા સર્વથી સંશયવાળો, તેમજ કાંક્ષિત-મતાંતરને પણ સારાપણાએ માનનાર, વિચિકિત્સ ફલ પ્રત્યે શંકાયુક્ત, આ કારણથી જ ભેદસમાપન્ન-દ્વિધાભાવને પામેલો, અર્થાત્ 'આ એમ છે કે નહિં' એવી મતિવાળો, કલુષસમાપન્ન—'આમ નથી જ' એમ સ્વીકારનારો, આ કારણથી જ-નિર્ગ્રંથો સંબંધી જે આ તે નૈર્ગ્રંથ, પ્રશસ્ત પ્રગત યુક્ત અથવા પ્રથમ એવું જે વચન તે પ્રવચન-આગમ. (અહિં મૂલમાં દીર્ઘપણું પ્રાકૃતપણાને અંગે છે.) સામાન્યથી શ્રદ્ધા કરતો નથી, પ્રીતિ કરતો નથી, કરવાની ઈચ્છાવાળો થતો નથી. 'तं' मित्ति० જે આવી સ્થિતિવાળો છે તે સાધુના આભાસવાળા પ્રત્યે, સર્વથા જે સહન કરાય છે તે ક્ષુધા વગેરે પરિષહો, તેના સંબંધમાં આવીને અથવા પરસ્પર સ્પર્દ્ધા કરીને પરાજય કરે છે-તિરસ્કાર કરે છે. બાકીનું સુગમ છે ૩, કહેલ સૂત્રથી વિપરીત સૂત્ર પૂર્વવત્ જાણવું. હિત-પોતાને અને બીજાને આ લોક અને પરલોકમાં, પથ્ય અન્નના ભોજનની જેમ, દોષ નહિં કરનાર, સુખ-તૃષાતુરને શીતલ જળપાનની જેમ આનંદરૂપ, ક્ષમ-તથાપ્રકારના વ્યાધિને નાશ કરનાર ઔષધ પીવાની જેમ યોગ્ય, નિઃશ્રેયસ-ભાવથી પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાની જેમ ચોક્કસ કલ્યાણ અર્થાત્ પ્રશંસવા લાયક,

અનુગામિક-પ્રકાશવાળા દ્રવ્યથી થયેલ છાયાની માફક સાથે સાથે ચાલવાના સ્વભાવરૂપ. ॥૨૨૩॥

આવા પ્રકારનો સાધુ આ પૃથ્વીમાં જ હોય છે, આ અર્થરૂપ સંબંધ વડે પૃથ્વીના સ્વરૂપને કહે છે—

**एगमेगा णं पुढवी तिहिं वलएहिं सव्वओ समंता संपरिक्खिता, तंजहा—घणोदधिवलएणं, घणवातवलएणं तणुवायवलतेणं ॥ सू० २२४ ॥**

**णेरइया णं उक्कोसेणं तिसमतितेणं विग्गहेणं उववज्जंति, एगिंदियवज्जं जाव वेमाणियाणं ॥ सू० २२५॥**

*(મૂ૦) એકેકી પૃથ્વી-રત્નપ્રભાદિક, સર્વતઃ—ચોતરફથી (દિશા ને વિદિશાઓમાં) ત્રણ વલય વડે [કડાના આકારની જેમ] વીંટાયેલી છે, તે આ પ્રમાણે—ઘનોદધિ કઠણ હિમની શિલાની જેમ પાણીનો સમૂહ, તેના વલય વડે, ઘનવાત-કઠણ વાયુનો સમૂહ, તેના વલય વડે, તનુવાત-પાતળો વાયુ, તેના વલય વડે ॥૨૨૪॥*

*નૈરયિકો ઉત્કૃષ્ટથી ત્રણ સમયના વિગ્રહ (વક્રગમન) વડે ઉત્પન્ન થાય છે. એવી રીતે એકેંદ્રિયને છોડીને યાવત્ વૈમાનિક પર્યંત જાણવું. ॥૨૨૫॥*

(ટી૦) 'एगमेगे' त्यादि० એકેક રત્નપ્રભાદિ પૃથ્વી સર્વથી એટલે ચોતરફથી અથવા દિશાઓ અને વિદિશાઓમાં વીંટાયેલી છે. ત્રણ વલયમાંનું પ્રથમ ઘનોદધિ વલય, ત્યારબાદ ક્રમ વડે બે વલય ઘનવાત અને તનુવાત છે. તેમાં ઘન હિમ(બરફ)ની શિલાની જેમ કઠીન ઉદધિ તે ઘનોદધિ, વલયની જેમ તેનું વલય તે ઘનોદધિ વલય, તેના વડે. એવી રીતે બીજા બે વલય પણ જાણવા. વિશેષ એ કે-કઠણ એવો વાયુ, તથાવિધ પરિણામ યુક્ત તે ઘનવાત, એવી રીતે તનુવાત પણ તથાવિધ (પાતળા) પરિણામરૂપ જ છે. કહ્યું છે કે—

**नवि अ फुसंति अलोगं, चउसुं पि दिसासु सव्वपुढवीओ । संगहिया वलएहिं, विक्खंभं तेसि वोच्छामि ॥२५४॥**

**[बृहत्सं० २४३]**

રત્નપ્રભાદિ સાત પૃથ્વીઓ ચાર દિશાઓને વિષે પણ અલોકને સ્પર્શતી નથી, કારણ કે વલયો વડે તે વીંટાયેલી છે. તે વલયોનાં વિમુખ-વિસ્તારને હું કહીશ. (૨૫૪)

**छच्चेव १ अद्धपंचम २, जोयण अद्धं च ३ होइ रयणाए । उदही १ घण २ तणुवाया ३, जाहासंखेण निद्दिट्ठा ॥२५५॥**

**[बृहत्सं० २४४]**

રત્નપ્રભા પૃથ્વીમાં ઘનોદધિનો વલય છ યોજન, ઘનવાયુનો વલય સાડાચાર યોજન અને તનુવાતનો વલય દોઢ યોજન પ્રમાણ હોય છે. (૨૫૫)

**तिमागो १ (योजनस्य) गाउयं चेव २, तिभागो गाउयस्स य ३ । आइधुवे पक्खेवो, अहो अहो जाव सत्तमिय ॥२५६॥**

**[बृहत्सं० २४५]**

ઉપર્યુક્ત ત્રણ વલયોના પ્રમાણમાં બીજી નારકીઓને માટે આ પ્રમાણે વધારો કરવો. ઘનોદધિના વલયમાં યોજનનો ત્રીજો ભાગ, ઘનવાતના વલયમાં એક ગાઉ અને તનુવાતના વલયમાં ગાઉનો ત્રીજો ભાગ અર્થાત્ યોજનનો બારમો ભાગ ઉમેરવો એટલે શર્કરાપ્રભા પૃથ્વીમાં ઘનોદધિનો વલય છ યોજન અને યોજનનો ત્રીજો ભાગ અધિક, ઘનવાતનો વલય પોણાપાંચ યોજન અને તનુવાતનો વલય એક યોજન અને એક યોજનના બાર ભાગ કરીએ તેવા સાત ભાગ ૧-$^{७}/_{१२}$ છે. એ પ્રમાણે દરેક પૃથ્વીમાં ઉમેરો કરવો. (૨૫૬)

આ સાત પૃથ્વીઓને વિષે નારકો જ ઉત્પન્ન થાય છે માટે તેની ઉત્પત્તિની વિધિને કહેવા માટે સૂત્રકાર કહે છે—'नेरइया ण' मित्यादि० ત્રણ સમયો તે ત્રિસમય, તે છે જેમાં તે ત્રિસમયિક, તે વિગ્રહ-વક્રગમન વડે. 'उक्कोसेणं ति०' ત્રસોનો ચોક્કસ ત્રસનાડીમાં ઉત્પાદ-ઉત્પત્તિ હોવાથી બે વાંક થાય છે અને તેમાં ત્રણ સમયો થાય છે. તે આ પ્રમાણે-અગ્નિકોણ (ખૂણા)થી

નૈઋતકોણમાં એક સમય વડે જાય છે, તે પછી બીજા સમય વડે સમશ્રેણીએ નીચે જાય છે, ત્યારબાદ ત્રીજા સમયે સમશ્રેણીએ જ વાયવ્યકોણમાં જાય છે. ત્રસકાયની ઉત્પત્તિમાં ત્રસોને જ આ પ્રકારે ઉત્કૃષ્ટથી વિગ્રહ-વક્રગતિ છે. આ કારણથી કહે છે કે--'एगेंदिये' त्यादि० એકેંદ્રિયો તો એકેંદ્રિયોને વિષે પાંચ સમય વડે પણ ઉત્પન્ન થાય છે, કારણ કે ત્રસનાડીથી બહાર રહેલા તેઓ ત્રસનાડીથી બહાર પણ ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે—

**विदिसाउ दिसं पढमे, बीए पइसरए लोयनाडीए । तइए उप्पिं धावइ, चउत्थए नीइ बाहिं तु ॥२५७॥**

**'पंचमए विदिसीए गंतुं उप्पज्जए उ एगिंदि'** પ્રથમ સમયે વિદિશાથી દિશામાં જાય છે, બીજે સમયે ત્રસનાડીમાં આવે છે, ત્રીજે સમયે ઊંચે જાય છે, ચોથે સમયે ત્રસનાડીથી બહારની દિશામાં સમશ્રેણીએ જાય છે અને પાંચમે સમયે વિદિશામાં જઈને એકેંદ્રિયપણાએ ઉત્પન્ન થાય છે. (૨૫૭)

આ સંભવ માત્ર છે, પરંતુ હોય છે તો ચાર સમય જ. શ્રી ભગવતી સૂત્રમાં તે પ્રમાણે કહેલ હોવાથી જણાવે છે—**'अपज्जत्तगसुहुमपुढविकाइए णं भंते! अहेलोगखेत्तनालीए बाहिरिल्ले खेत्ते समोहए समोहणित्ता जे भविए उड्ढलोयखेत्तनालीए बाहिरिल्ले खेत्ते अपज्जत्तसुहुमपुढविकाइयत्ताए उववज्जित्तए से णं भंते! कतिसमइएणं विग्गहेणं** उववज्जेज्जा? गोयमा! तिसमइएण वा चउसमइएण वा विग्गहेण उववज्जेज्जा' [भगवती ३४/१/३८] इत्यादि०—**પ્રશ્ન**—હે ભગવન્! અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવ, અધોલોકની ક્ષેત્રનાડીથી બહારના ક્ષેત્રમાં મારણાંતિક સમુદ્ઘાતથી જોડાઈને ઊર્ધ્વલોકમાં ક્ષેત્ર (ત્રસ)નાડીથી બહારના ક્ષેત્રમાં અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયપણાએ જે ઉપજવાને યોગ્ય છે, તે જીવ હે ભગવન્! કેટલા સમયવાળા વિગ્રહ વડે ઉત્પન્ન થાય? **ઉત્તર**—હે ગૌતમ! ત્રણ સમય અથવા ચાર સમયવાળા વિગ્રહ વડે ઉત્પન્ન થાય છે. વિશેષણવતી (ગ્રંથ)માં પણ કહ્યું છે કે—

**सुत्ते चउसमयाओ, नत्थि गई उ'परा विणिद्दिट्ठा । जुज्जइ य पंच समया, जीवस्स इमा गई लोए ॥२५८॥**

**[विशेषणवती २३]**

સિદ્ધાંતને વિષે ચાર સમયવાળી ગતિથી ઉપર વક્રગતિ કહેલી નથી, પરંતુ લોકમાં જીવને આ પાંચ સમયવાળી વક્રગતિ ઘટી શકે છે. (૨૫૮)

**जो तमतमविदिसाए, समोहओ बंभलोगविदिसाए । उववज्जई गईए, सो नियमा पंचसमयाए ॥२५९॥**

**[विशेषणवती २४]**

જે જીવ, સાતમી નરકભૂમિની વિદિશામાં મરણસમુદ્ઘાતથી બ્રહ્મલોકની વિદિશામાં ઉપજે છે તે ચોક્કસ પાંચ સમયવાળી વક્રગતિ વડે ઉત્પન્ન થાય છે. (૨૫૯)

**उववायाभावाओ, न पंचसमयाहवा न संता वि । भणिया जह चउसमया, महल्लबंधे न संता वि ॥२६०॥**

**[विशेषणवती २६]**

ઉક્ત રીતે જીવને ઉપજવાના અભાવથી પાંચ સમયો થતા નથી, અથવા પાંચ સમયો થાય છે છતાં પણ (અપવાદભૂત હોવાથી) કહેલ નથી. જેમ ચાર સમયવાળી ગતિ છતાં પણ મોટા પ્રબંધમાં (વિસ્તારવાળા શાસ્ત્રમાં) કહેલ નથી તેમ અહીં પણ જાણવું. (૨૬૦)

આ હેતુથી કહ્યું છે કે—'एगिंदियवज्जं' ति०-એકેંદ્રિય છોડીને યાવત્ વૈમાનિક પર્યંતના જીવોને ઉત્કૃષ્ટથી ત્રણ સમયવાળો વિગ્રહ (વાંક) હોય છે. ॥૨૨૫॥

મોહવાળા જીવોનું ત્રિ (ત્રણ સંખ્યાવાળું) સ્થાનક કહીને હવે ક્ષીણમોહવાળાને ત્રિસ્થાનક વડે કહે છે—

**खीणमोहस्स णं अरहओ ततो कम्मंसा जुगवं खिज्जंति, तंजहा—नाणावरणिज्जं, दंसणावरणिज्जं, अंतरातियं ॥ सू० २२६॥**

**अभितीणक्खते तितारे पन्नत्ते १, एवं सवणे २ अस्सिणी ३ भरणी ४ मगसिरे ५ पूसे ५ जेट्ठा ७ ॥ सू० २२७॥**

**धम्मातो णं अरहाओ संती अरहा तिहिं सागरोवमेहिं तिचउब्भागपलिओवमऊणएहिं वीतिक्कंतेहिं समुप्पन्ने ॥ सू० २२८ ॥**

**समणस्स णं भगवओ महावीरस्स जाव तच्चाओ पुरिसजुगाओ जुगंतकरभूमी, मल्ली णं अरहा तिहिं पुरिससएहिं सद्धिं मुंडे भवित्ता जाव पव्वतिते, एवं पासे वि ॥ सू० २२९ ॥**

**समणस्स णं भगवतो महावीरस्स तिन्नि सया चउद्दसपुव्वीणं अजिणाणं जिणसंकासाणं सव्वक्खरसन्निवातीणं जिण[1] इव अवितहं वागरमाणाणं उक्कोसिया चउद्दसपुव्विसंपया हुत्था ॥ सू० २३० ॥**

**तओ तित्थयरा चक्कवट्टी होत्था तंजहा—संती, कुंथू, अरो ३ ॥सू० २३१ ॥**

*(મૂ૦) ક્ષીણ થયેલ છે મોહનીય કર્મ જેને એવા અરિહંતને ત્રણ કર્મપ્રકૃતિઓ સમકાલે ક્ષય થાય છે, તે આ પ્રમાણે— જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય. ॥૨૨૬॥*

*અભિજિત્ નક્ષત્રના ત્રણ તારા છે, એવી રીતે શ્રવણ, અશ્વિની, ભરણી, મૃગશિર, પુષ્ય અને જેષ્ઠા એ છ નક્ષત્રના પણ ત્રણ ત્રણ તારા છે. ॥૨૨૭॥*

*ધર્મનાથ અરિહંત (ના મોક્ષ)થી શાંતિનાથ અરિહંત, પોણો પલ્યોપમ 3/4 ન્યૂન ત્રણ સાગરોપમ કાળ વડે (કાળ ગયે છતે) [2]સમુત્પન્ન–મોક્ષે ગયા. ॥૨૨૮॥*

*શ્રમણ ભગવાન્ મહાવીરને યાવત્ ત્રીજા પુરુષ સુધી (જંબૂસ્વામી પર્યંત) યુગાંકૃતભૂમિ–મોક્ષમાર્ગ ચાલ્યો, શ્રી મલ્લિનાથ ભગવાન્ ત્રણશેં પુરુષોની સાથે મુંડ થઈને દીક્ષિત થયા, એવી રીતે શ્રી પાર્શ્વનાથે ત્રણશેં પુરુષો સાથે દીક્ષા લીધી. ॥૨૨૯॥*

*શ્રમણ ભગવાન્ મહાવીરને ત્રણસો ચૌદ પૂર્વીઓની ઉત્કૃષ્ટી સંપદા હતી, તે કેવા પ્રકારના હતા તે સંબંધે કહે છે– –જિન નહિં પણ જિન સરખા, સર્વ અક્ષરના સન્નિપાત (સંયોગ)ને જાણનારા અને જિનની માફક અવિતથ–યથાર્થ કહેનારા એવા ચૌદપૂર્વીઓ હતા. ॥૨૩૦॥*

*ત્રણ તીર્થંકરો ચક્રવર્તી હતા, તે આ પ્રમાણે—શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ. ॥૨૩૧॥*

(ટી૦) **'खीणे'** त्यादि० ક્ષીણમોહ–નાશ પામેલ છે મોહનીય કર્મ જેને એવા અરિહંતને ત્રણ કર્માંશો–કર્મપ્રકૃતિઓ સમકાળે ક્ષય પામે છે. કહ્યું છે કે— .

**चरमे नाणावरणं, पंचविहं दंसणं चउविगप्पं । पंचविहमंतरायं, खवइत्ता केवली होइ ॥२६१॥**

ક્ષીણમોહ ગુણસ્થાનના છેલ્લા સમયે પાંચ પ્રકારનું જ્ઞાનાવરણીય, ચાર પ્રકારનું દર્શનાવરણીય અને પાંચ પ્રકારનું અંતરાયકર્મ–આ ચૌદ પ્રકૃતિઓ (યુગપત્) ખપાવીને કેવળી થાય છે (૨૬૧); શેષ સુગમ છે. ॥૨૨૬॥

અનંતર–અશાશ્વતાનું ત્રિસ્થાન કહ્યું, હવે શાશ્વતાનું ત્રિસ્થાનક કહે છે. 'अभी' त्यादि० સાત સૂત્રો સુગમ છે. ॥૨૨૭॥

પરંપર (અંતરસહિત) સૂત્રમાં ક્ષીણમોહનું ત્રણ સંખ્યાવિશિષ્ટ સ્થાનક કહ્યું, હવે ક્ષીણમોહવિશિષ્ટ તીર્થંકરોને તે કહે છે—**'धम्मजिणाओ संती, तिहि उ तिचउभागपलियऊणेहिं अयरेहिं समुप्पन्नो'** [आव० नि० १३] त्ति० શ્રી ધર્મનાથ

1. પ્રત્યંતરમાં **'जिणो इव'** પાઠ છે.
2. અહિં 'સમુત્પન્ન' શબ્દનો રૂઢ અર્થ જન્મ પામ્યા, એ અર્થ ઘટતો નથી, કારણ કે તેવો અર્થ કરવાથી 'આંતરા' નહીં મળે. વિશેષ જિજ્ઞાસુએ પ્રવચનસારોદ્ધાર વગેરે જોવું.

જિનથી શ્રી શાંતિજિન પોણો પલ્યોપમ ન્યૂન ત્રણ સાગરોપમ કાળ વડે મોક્ષે ગયા. ॥૨૨૮॥

'समणस्से' त्यादि० યુગ-પાંચ વર્ષ પ્રમાણ કાળવિશેષ, અથવા લોકમાં પ્રસિદ્ધ જે કૃતયુગ વગેરે છે તે યુગો ક્રમથી વ્યવસ્થિત છે, તેથી પુરુષો-ગુરુશિષ્યના ક્રમવાળા અથવા પિતાપુત્રના ક્રમવાળા, યુગોની જેમ પુરુષો તે પુરુષયુગો, પુરુષસિંહ શબ્દની જેમ સમાસ છે તેથી પંચમી વિભક્તિનો બીજી વિભક્તિમાં અર્થ છે. ત્રીજા પુરુષયુગ પર્યંત અર્થાત્ જંબૂસ્વામી સુધી. 'जुग' त्ति० પુરુષયુગ, તેની અપેક્ષાએ અંતકરો-ભવના અંતને કરનારાની અર્થાત્ મોક્ષગામીઓની ભૂમિ-કાળ, તે યુગાંતકરભૂમિ. કહેવાનું તાત્પર્ય એ કે ભગવાન્ મહાવીરસ્વામીના તીર્થમાં તેનાથી જ આરંભીને ત્રીજા પુરુષ જંબૂસ્વામી પર્યંત મોક્ષમાર્ગ હતો, ત્યારબાદ તેનો વિચ્છેદ થયો. 'मल्ली' त्यादि० બે સૂત્રનું કથન-'एगो भगवं वीरो, पासो मल्ली य तिहिं तिहिं सएहिं' [आव.नि० २२४; विशेषाव० १६४२] ति० શ્રી મહાવીર પ્રભુ એકાકી અને પાર્શ્વનાથ તથા મલ્લિનાથ ત્રણશેં ત્રણશેં પુરુષો સાથે (દીક્ષા લીધી). **મલ્લિનાથે ત્રણશેં સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી છે.** ॥૨૨૯॥

'समणे' त्यादि० 'अजिणाणं' ति० અસર્વજ્ઞપણાએ-સર્વજ્ઞપણાએ જિન જેવા નહિ પરંતુ સમગ્ર સંશયના નાશ કરવા વડે જિન જેવા, સર્વ-સકલ અક્ષરના સન્નિપાતો-અકારાદિ વર્ણના સંયોગો છે જેઓને તે (સ્વાર્થિક ઈન્ પ્રત્યયને લેવાથી) સર્વાક્ષરસન્નિપાતિઓ અર્થાત્ સમસ્ત શાસ્ત્રના જાણનારા, 'वागरमाणाणं' ति० વ્યાખ્યાન કરનારા (એવા ચૌદપૂર્વીઓ)ની સંપદા હતી. ॥૨૩૦॥

'तओ' इत्यादि० અહિં કહ્યું છે કે—

**संती कुंथु अ अरो, अरहंता चेव चक्कवट्टी य । अवसेसा तित्थयरा मंडलिया आसी रायाणो ।।२६२।। [आव.नि० २२३]**

શ્રી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો જ ચક્રવર્તીઓ હતા; શેષ ઓગણીશ[1] તીર્થંકરો મંડલિક રાજાઓ હતા. (૨૬૨) (બાકીના તીર્થંકરો મલ્લિનાથ ને નેમિનાથ મંડલિક પણ નહોતા.) ॥૨૩૧॥

આ તીર્થંકરો વિમાનોમાંથી અવતરેલા છે, આ કારણથી વિમાનના ત્રણ સ્થાનકને કહે છે—

**तओ गेविज्जविमाणपत्थडा पन्नत्ता, तंजहा—हिट्ठिमगेविज्जविमाणपत्थडे, मज्झिमगेविज्जविमाणपत्थडे उवरिमगेविज्जविमाणपत्थडे।**

**हिट्ठिमगेविज्जविमाणपत्थडे तिविहे पन्नत्ते, तंजहा—हिट्ठिमहिट्ठिम गेविज्ज-विमाणपत्थडे, हेट्ठिममज्झिमगेविज्जविमाणपत्थडे, हेट्ठिमउवरिमगेविज्जविमाणपत्थडे।**

**मज्झिमगेविज्ज-विमाणपत्थडे तिविहे पन्नत्ते, तंजहा—मज्झिमहेट्ठिमगेविज्जविमाणपत्थडे, मज्झिममज्झिम गेविज्जविमाणपत्थडे, मज्झिमउवरिमगेविज्जविमाणपत्थडे।**

**उवरिमगेविज्जविमाणपत्थडे तिविहे पन्नत्ते, तंजहा—उवरिमहेट्ठिमगेविज्ज-विमाणपत्थडे, उवरिममज्झिमगेविज्जविमाणपत्थडे, उवरिमउवरिम गेविज्जविमाणपत्थडे ।। सू० २३२ ।।**

**जीवा णं तिट्ठाणणिव्वत्तिते पोग्गले पावकम्मत्ताते चिणिंसु वा चिणिंति वा चिणिस्संति वा, तंजहा—इत्थिणिव्वत्तिते, पुरिसनिव्वत्तिए, णपुंसगनिव्वत्तिते, एवं चिण-उवचिण-बंध-उदीर-वेय तह णिज्जरा चेव ।। सू० २३३ ।।**

**तिपतेसिता खंधा अणंता पण्णत्ता, एवं जाव तिगुणलुक्खा पोग्गला अणंता पन्नत्ता ।। सू० २३४ ।।**

**।। चउत्थं अज्झयणं समत्तं तिट्ठाणं समत्तं।।**

*(મૂ૦) ગ્રૈવેયકના વિમાનોના ત્રણ પ્રસ્તટ (પાથડા) કહેલા છે, તે આ પ્રમાણે—હેટ્ઠિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, મધ્યમગ્રૈવેયકવિમાન*

1. જ્યાં સુધી ત્રણ તીર્થંકરો ચક્રવર્તીપદે ન હતા ત્યાં સુધી તેઓ પણ મંડલિકો હતા અને વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી-આ પાંચ તીર્થંકરોએ રાજ્ય ભોગવ્યું નથી.

*પ્રસ્તટ અને ઉપરિમ (ઉપરલો) ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ. હેટ્ઠિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—હેટ્ઠિમહેટ્ઠિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, હેટ્ઠિમમધ્યમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ અને હેટ્ઠિમઉપરિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ. મધ્યમગ્રૈવેયકવિમાનપ્રસ્તટ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—મધ્યમહેટ્ઠિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, મધ્યમ-મધ્યમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, મધ્યમઉપરિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ. ઉપરિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ ત્રણ પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—ઉપરિમહિટ્ઠિમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, ઉપરિમમધ્યમગ્રૈવેયકવિમાન પ્રસ્તટ, અને ઉપરિમઉપરિમ-ગ્રૈવેયકવિમાન પ્રસ્તટ. ॥૨૩૨॥*

*જીવોએ ત્રણ સ્થાનક વડે ઉપાર્જન કરેલા પુદ્‌ગલો પાપકર્મપણાએ એકઠા કર્યા છે, કરે છે અને કરશે, તે આ પ્રમાણે—સ્રીવેદ વડે સંચિત કરેલા, પુરુષવેદ વડે સંચિત કરેલા અને નપુંસકવેદ વડે સંચિત કરેલા. એવી રીતે-ચયન-કર્મપુદ્‌ગલોનું ગ્રહણ માત્ર, ઉપચયન-કર્મના અબાધાકાલને છોડીને ભોગવવા માટે નિષેક-કર્મદલિકની રચના કરવી તે, બંધન-નિકાચન કરવું તે, ઉદીરણ-ઉદયમાં નહિં આવેલા કર્મોને જીવના વીર્યવિશેષ વડે ખેંચીને ઉદયમાં લાવવા તે, વેદન એટલે ભોગવવું તે, નિર્જરણ-જીવના પ્રદેશોથી કર્મના પુદ્‌ગલોને દૂર કરવા તે. ॥૨૩૩॥*

*આ ચયનાદિ છ પદો ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલ આશ્રયી જાણવા. ત્રણ પ્રદેશિક સ્કંધો અનંતા કહેલા છે એવી રીતે યાવત્ ત્રણ ગુણવાળા રુક્ષ પુદ્‌ગલો અનંતા કહેલા છે. ॥૨૩૪॥*

(ટી૦) **'तओ'** इत्यादि० લોકરૂપ પુરુષના ગ્રીવા (કંઠ) સ્થાનમાં જે થયેલા (રહેલા) તે ગ્રૈવેયકો, એવા વિમાનો તે ગ્રૈવેયક વિમાનો, તેના પ્રસ્તટો-પાથડા, તે રચનાવિશેષવાળા સમૂહો. ॥૨૩૨॥

આ ગ્રૈવેયકાદિ વિમાનોનો વસવાટ કર્મસંબંધથી થાય છે, માટે કર્મના ત્રણ સ્થાનકને કહે છે—**'जीवाण'** मित्यादि० છ સૂત્રો-તેમાં ત્રણ સ્થાનક વડે એટલે સ્રીવેદાદિ વડે ઉપાર્જન કરેલ પુદ્‌ગલોને પાપકર્મ-અશુભ કર્મપણાએ ઉત્તરોત્તર-આગળ આગળ અશુભ અધ્યવસાયથી એકઠા કરેલા, એવી રીતે પરિપોષણ કરવાથી જ વિશેષ સંચય કરેલા, નિકાચિત કરવાથી દૃઢ બાંધેલા, અધ્યવસાયના વશ વડે ઉદયમાં નહિ આવેલ કર્મોને ઉદયમાં પ્રવેશ કરાવવાથી ઉદીરણા કરેલા, અનુભવ કરવાથી વેદેલા, જીવના પ્રદેશો થકી પરિશાટન-કર્મપુદ્‌ગલોને દૂર કરવાથી નિર્જરા કરેલા. અત્ર સંગ્રહણી અર્દ્ધગાથા છે—**'एवं चिण उवचिण बंध-उदीर वेय तह निज्जरा चेव त्ति०' 'एव'** मिति० જેમ એક ચયન ત્રણ કાલના અભિલાપ વડે કહ્યું તેમ બધાય પદો કહેવા. ॥૨૩૩॥

કર્મ પુદ્‌ગલાત્મક છે માટે પુદ્‌ગલસ્કંધો પ્રત્યે ત્રિસ્થાનકને કહે છે—**'तिपएसिए'** त्यादि० સ્પષ્ટ છે. બધા સૂત્રોમાં જેનું વ્યાખ્યાન કરેલ નથી તે સુગમ છે. ॥૨૩૪॥

***॥ ત્રીજા સ્થાનકના ચોથા ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥ ત્રીજું સ્થાનક સંપૂર્ણ ॥***

- *કલ્યાણ મિત્રથી આત્માને લાભની પ્રાપ્તિ થવામાં 'ઉચ્ચ પ્રકાશને પંથે' પુસ્તકમાં ચાર કારણ તેમજ પાંચ કારણ દર્શાવેલ છે. (૧) આંધળો જે રીતે લઈ જવાવાળાને સહારે જાય છે. (૨) રોગી જે વૈદ્યના કહ્યા પ્રમાણે ચાલે છે. (૩) નિર્ધન જે રીતે ધનિકનો આશ્રય લે છે. (૪) ભયભીત જે પ્રકારે રક્ષકનો સહારો લે છે. પાંચ વાતોની આચરણા હોવી જરૂરી છે. જો આ ન થાય તો કલ્યાણ મિત્રથી જરા પણ લાભ થતો નથી. (૧) કલ્યાણમિત્ર પ્રત્યે પરિપૂર્ણરૂપથી અત્યાદરભાવ. (૨) આજ્ઞા સાંભળવાની તીવ્ર ઈચ્છાવાળો. (૩) આજ્ઞા સ્વીકારવાની તત્પરતાવાળો. (૪) કલ્યાણ મિત્રની આજ્ઞાનો વિરોધ ન કરવો. (૫) કલ્યાણ મિત્રની આજ્ઞાનું યોગ્ય પ્રકારે પાલન કરવું.*

## ।। अथ चतुर्थस्थानकाध्ययने प्रथम उद्देशः ।।

ત્રીજા અધ્યયનનું વ્યાખ્યાન કરાયું, હવે સંખ્યાના ક્રમવડે સંબંધમાં આવેલું ચાર સ્થાનક નામનું ચોથું અધ્યયન શરૂ થાય છે. આ અધ્યયનનો પૂર્વના અધ્યયન સાથે આ પ્રમાણે સંબંધ વિશેષ છે. પૂર્વ અધ્યયનમાં વિચિત્ર પ્રકારે જીવ અને અજીવ દ્રવ્યનાં પર્યાયો કહ્યા, આ ચોથા અધ્યાયમાં પણ તે જ કહેવાય છે, તેવા સંબંધ વડે પ્રાપ્ત થયેલ આ અધ્યયનના ચાર અનુયોગદ્વારવાળા ચાર ઉદ્દેશકના સૂત્રાનુગમમાં પ્રથમ ઉદ્દેશકનું પહેલું સૂત્ર આ પ્રમાણે છે—

**चत्तारि अंतकिरियाओ पन्नत्ताओ, तंजहा—तत्थ खलु इमा पढमा अंतकिरिया—अप्पकम्मपच्चायाते यावि भवति, से णं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वतिते संजमबहुले संवरबहुले समाहिबहुले लूहे तीरही उवहाणवं दुक्खक्खवे तवस्सी, तस्स णं णो तहप्पगारे तवे भवति, णो तधप्पगारा वेयणा भवति, तधप्पगारे पुरिसजाते दीहेणं परितातेणं सिज्झति बुज्झति मुच्चति परिणिव्वाति सव्वदुक्खाणमंतं करेइ, जहा से भरहे राया चाउरंतचक्कवट्टी, पढमा अंतकिरिया १।**

**अहावरा दोच्चा अंतकिरिया, महाकम्मपच्चायाते यावि भवति, से णं मुंडे भवित्ता अगाराओ अणगारितं पव्वतिते, संजमबहुले संवरबहुले जाव उवहाणवं दुक्खक्खवे तवस्सी, तस्स णं तहप्पगारे तवे भवति, तहप्पगारा वेयणा भवति, तहप्पगारे पुरिसजाते निरुद्धेणं परितातेणं सिज्झति जाव अंतं करेति, जहा से गतसूमाले अणगारे, दोच्चा अंतकिरिया २।**

**अहावरा तच्चा अंतकिरिया, महाकम्मपच्चायाते यावि भवति, से णं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते, जहा दोच्चा, नवरं दीहेणं परितातेणं सिज्झति जाव सव्वदुक्खाणमंतं करेति, जहा से सणंकुमारे राया चाउरंतचक्कवट्टी तच्चा अंतकिरिया ३।**

**अहावरा चउत्था अंतकिरिया अप्पकम्मपच्चायाते यावि भवति, से णं मुंडे भवित्ता जाव पव्वतिते संजमबहुले जाव तस्स णं णो तहप्पगारे तवे भवति णो तहप्पगारा वेयणा भवति, तहप्पगारे पुरिसजाते णिरुद्धेणं परितातेणं सिज्झति जाव सव्वदुक्खाणमंतं करेति, जहा सा मरुदेवा भगवती, चउत्था अंतकिरिया ४ ।। सू० २३५।।**

*(મૂ૦) ચાર અંતક્રિયાઓ—ભવનો અંત કરનારી કહેલી છે, તે આ પ્રમાણે—'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. પહેલી અંતક્રિયા અલ્પકર્મપ્રત્યાયાત—અલ્પ કર્મને લીધે દેવલોકથી ચ્યવી મનુષ્યભવને પામેલ તે યાવત્ મુંડ થઈ, ઘરથી (નીકળીને) અનગારપણાને પ્રાપ્ત થયેલ, પૃથ્વી આદિની રક્ષારૂપ બહુલ (અધિક) સંયમવાળો, આશ્રવના નિરોધરૂપ અધિક સંવરવાળો, ઇંદ્રિય અને મનની પ્રશમતારૂપ અધિક સમાધિવાળો, સ્નેહ રહિત, ભવને તારવાનો અર્થી (ઇચ્છનારો), ઉપધાન તપને કરનાર, દુઃખના કારણભૂત કર્મને ખપાવનાર, તપસ્વી—તપ કરનાર થાય છે તેને તથાપ્રકારનો—અતિ ઘોર તપ ન હોય, તથાપ્રકારના દુઃખે સહન કરી શકાય એવી વેદના ન હોય, તથાપ્રકારના અલ્પકર્મી વગેરે વિશેષણવાળો પુરુષજાત, ઘણા કાલની પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય છે—મોક્ષે જાય છે, કેવલજ્ઞાન વડે જાણે છે, સકલ કર્મથી મૂકાય છે, સમગ્ર કર્મના છૂટવાથી શીતલ થાય છે, સમસ્ત (શારીરિક અને માનસિક) દુઃખોનો અંત કરે છે—જેમ ચારે દિશાના સ્વામી ચક્રવર્તી ભરત મહારાજાએ કર્યો તેમ (૧), હવે બીજી અંતક્રિયા કહે છે—ઘણા કર્મો વડે બહુલ કર્મવાળો*

*પ્રત્યાયાત-મનુષ્યપણાને પ્રાપ્ત થયેલ યાવત્ મુંડ થઈને તે અગારથી અણગારપણાને પામેલ, અધિક સંયમવાળો, વિશેષ સંવરવાળો યાવત્ ઉપધાનતપવાળો, દુ:ખનો ક્ષય કરનારો તપસ્વી થાય છે, તેને તથાપ્રકારનો ઘોર તપ, તથાપ્રકારની અત્યંત વેદના થાય છે, તેવા પ્રકારનો પુરુષજાત થોડા કાલની પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુ:ખોનો **ગજસુકુમાલ મુનિ**ની માફક અંત કરે છે. આ બીજી અંતક્રિયા (૨), વળી અન્ય ત્રીજી અંતક્રિયા કહે છે-મહાકર્મવાળો, મનુષ્યત્વને પ્રાપ્ત થયેલ યાવત્ થાય છે, તે મુંડ થઈને અગારથી અણગારપણાને પામેલ ઈત્યાદિ જેમ બીજી અંતક્રિયા કહી તેમ જાણવી, પરંતુ વિશેષ એ કે-લાંબા કાલની પ્રવ્રજ્યા વડે સિદ્ધ થાય છે યાવત્ ચારે દિશાના સ્વામી સનત્કુમાર ચક્રવર્તીની માફક સર્વ દુ:ખોના અંતને કરે છે. આ ત્રીજી અંતક્રિયા (૩) વળી અન્ય ચોથી અંતક્રિયા કહે છે-અલ્પ કર્મવાળો મનુષ્યપણાને પામેલ યાવત્ થાય છે, તે મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરેલ, બહુલ સંયમવાળો યાવત્ તેને તથાપ્રકારનો તપ નથી, તથાપ્રકારની વેદના નથી, તેવા પ્રકારનો પુરુષજાત અલ્પકાલીન પ્રવ્રજ્યા વડે મોક્ષે જાય છે યાવત્ ભગવતી-પૂજ્યા મરુદેવી માતાની માફક સર્વ દુ:ખોનો અંત કરે છે. આ ચોથી અંતક્રિયા (૪). ॥૨૩૫॥*

(ટી૦) આ (ચોથા) ઉદ્દેશકનો આ પ્રમાણે સંબંધ છે. પૂર્વના (ત્રીજા) ઉદ્દેશકના છેલ્લા સૂત્રમાં કર્મના ચય વગેરે વર્ણવેલ છે. અહિં પણ કર્મ અથવા તેના કાર્યભૂત ભવનો અંત કરવાની ક્રિયા કહેવાય છે. અથવા મેં સાંભળ્યું છે કે આયુષ્યમાન્ ભગવાને આ પ્રમાણે કહેલું, તેથી તેમના વડે જે કહેવાયેલું તે કહ્યું તેમજ વળી આ બીજું જે તેમણે જ કહેલું તે પણ કહેવાય છે, માટે આવા પ્રકારના આ સંબંધની વ્યાખ્યા કરાય છે. અંતક્રિયા એટલે ભવનો અંત કરવો. તેમાં (ચાર પ્રકારની અંતક્રિયામાં) જેને તથાવિધ તપ નથી, તથાવિધ પરીષહ વગેરેથી ઉપજતી વેદના (પીડા) પણ નથી, પરન્તુ લાંબા કાળના દીક્ષાપર્યાય વડે સિદ્ધિ થાય છે તે પહેલી અંતક્રિયા હોય. ૧. જેને તથાવિધ તપ અને વેદના છે અને થોડા કાલના પ્રવ્રજ્યાપર્યાય વડે સિદ્ધિ થાય તેની બીજી અંતક્રિયા હોય. ૨. જેને ઉત્કૃષ્ટ તપ અને વેદના (હોય છે) અને દીર્ઘ દીક્ષાપર્યાય વડે સિદ્ધિ થાય છે તેને ત્રીજી અંતક્રિયા હોય છે. ૩. વળી જેને તથાપ્રકારનું તપ અને વેદના નથી અને અલ્પ પર્યાય (થોડા સમયની પ્રવ્રજ્યા) વડે સિદ્ધિ થાય છે તેને ચોથી અંતક્રિયા હોય છે. ૪. અંતક્રિયાની એકસ્વરૂપતા હોવા છતાં પણ સાધનના ભેદથી ચાર પ્રકાર પ્રરૂપ્યા છે. આ સામુદાયિક અર્થ સમજવો. અવયવ (પ્રત્યેક શબ્દ)નો અર્થ નીચે પ્રમાણે જાણવો-ભગવાને ચાર અંતક્રિયા કહેલી છે, એમ જણાય છે-પ્રાપ્ત થાય છે. 'तत्रे' ति० અહિં નિરધારણ-ચોક્કસ કરવાના અર્થમાં સપ્તમી વિભક્તિ છે, તે ચારના મધ્યમાં એવો એનો અર્થ છે. 'ખલુ' શબ્દ વાક્યાલંકારમાં છે. આ, તરત જ કહેવામાં આવનાર હોવાથી સાક્ષાત્રૂપ પહેલી, બીજાની અપેક્ષાએ આદ્ય, અંતક્રિયા. અહિં કોઈક પુરુષ, દેવલોકાદિને વિષે જઈને, ત્યાંથી અલ્પ-થોડા સાધનભૂત કર્મો વડે પ્રત્યાયાત-મનુષ્યત્વ ફરીથી જે પામ્યો તે અલ્પકર્મપ્રત્યાયાત, એમ જણાય છે. અથવા એક સ્થલે ઉત્પન્ન થઈને ત્યાંથી અલ્પકર્મવાળો થયો થકો જે પાછો (મનુષ્ય ભવમાં) આવેલ તે અલ્પકર્મપ્રત્યાયાત અર્થાત્ લઘુ કર્મપણાએ ઉત્પન્ન થયો એવો અર્થ છે. આગળ કહેવામાં આવનાર મહાકર્મની અપેક્ષાએ મૂલમાં જે 'ચ' કાર છે તે સમુચ્ચયના અર્થવાળો છે, 'અપિ' સંભાવનાના અર્થમાં છે. આ પક્ષની પણ સંભાવના કરાય છે, ભવતિ-હોય, સે-આ અને 'णं' વાક્યાલંકારમાં છે. દ્રવ્યથી શિરનું લુંચન કરવા વડે અને ભાવથી રાગાદિને દૂર કરવાથી મુંડ થઈને, અગાર-દ્રવ્યતઃ ઘરથી અને ભાવતઃ સંસારમાં આનંદ માનનાર જીવોના નિવાસભૂત અવિવેકરૂપી ઘરથી નીકળીને, એ પ્રમાણે અર્થ સમજવો. અનગારિતા-અગારિ-અસંયત ગૃહસ્થ, તેનો નિષેધ કરવાથી અનગારી-સંયત, તેનો ભાવ તે અનગારિતા અર્થાત્ સાધુપણાને, પ્રવ્રજિત-પ્રાપ્ત થયો અથવા વિભક્તિના પરિણામ(બદલવા)થી અનગારીપણાએ-નિર્ગ્રંથપણાએ પ્રવ્રજ્યાને પામેલ, તે કેવો છે? 'संजयबहुले' त्ति० પૃથ્વી વગેરેના સંરક્ષણરૂપ સંયમ વડે જે બહુલ-અધિક તે સંયમબહુલ અથવા સંયમ છે વિશેષ જેને તે. એવી રીતે સંવરબહુલ પણ સમજવું, વિશેષ એ કે-આશ્રવનો જે નિરોધ તે સંવર, અથવા ઇંદ્રિય અને કષાયનો નિગ્રહ વગેરે ભેદ. અહિં સંવરબહુલનું ગ્રહણ કરેલું છે તે પ્રાણાતિપાત

(હિંસા) ની વિરતિનું પ્રાધાન્ય જાણવા માટે જ. કહ્યું છે કે—

**एक्कं चिय एत्थ वयं, निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं । पाणाइवायविरमणमवसेसा तस्स रक्खट्ठा ।।१।।**

પ્રાણાતિપાતવિરમણરૂપ એક જ વ્રત સમસ્ત જિનવરોએ કહેલું છે, બાકીના મૃષાવાદવિરમણ વગેરે વ્રતો તેની રક્ષા માટે છે. (૧)

આ બીજું વિશેષણ પણ રાગાદિના ઉપશમયુક્ત ચિત્તની વૃત્તિથી થાય છે, આ કારણથી જ કહે છે–સમાધિબહુલ, સમાધિ તો પ્રશમવાહિતા અથવા જ્ઞાનાદિસ્વરૂપ, વળી સમાધિ સ્નેહ રહિતને જ હોય છે માટે કહે છે કે—**लूहे**—રુક્ષ-શરીર અને મનને વિષે દ્રવ્ય–ભાવરૂપી સ્નેહ રહિતપણાએ કઠોર, અથવા **लूषयति**—કર્મરૂપ મળને દૂર કરે છે તે **लूष**, આ કઈ રીતે સંવૃત્ત-સંવરવાળો છે? તે કારણથી કહે છે—**'तीरट्ठी'** તીર–ભવરૂપી સમુદ્રના પારને પ્રાર્થે છે એવા સ્વભાવવાળો તે તીરાર્થી અથવા તીરસ્થાયી, તીર–ભવના પારને વિષે સ્થિતીવાળો, અથવા પ્રાકૃતપણાથી **'तीरट्ठे'** **त्ति०** આ કારણથી, **'उवहाणवं'** **त्ति० જેના વડે શ્રુત સ્થિર કરાય છે તે ઉપધાન,** અર્થાત્ શ્રુતવિષય તપના ઉપચારવાળો, આ કારણથી, **'दुक्खक्खवे'** **त्ति०** સુખ નહિં તે દુઃખ અથવા તેના કારણપણાથી કર્મ, તેનો જે ક્ષય કરે છે તે દુઃખક્ષય, તપના નિમિત્તથી કર્મનું ખપવું (ક્ષય) થાય છે, આ કારણથી કહે છે—**'तवस्सी'** **त्ति०** તપ–અભ્યંતર તપ, કર્મરૂપી ઈંધન(લાકડા)ને બાળનાર અગ્નિ જેવો, નિરંતર શુભ ધ્યાન લક્ષણ છે જેનું તે તપસ્વી. **'तस्स णं'** **ति०** જે આ પ્રકારનો છે તેને (ણંકાર અલંકારના અર્થમાં છે) તથાપ્રકાર–મહાવીર ભગવાનના જેવો અત્યંત ઘોર તપ (અનશનાદિ) ન હોય. વળી તથાપ્રકાર–અતિ ભયંકર ઉપસર્ગાદિ વડે પ્રાપ્ત કરવા યોગ્ય દુઃખને વિષે રહેનારી વેદના ન હોય, અલ્પ કર્મ વડે (મનુષ્યભવમાં) આવેલ હોવાથી અને તે કારણથી તથાપ્રકારરૂપ અલ્પ કર્મપ્રત્યાયાતાદિ વિશેષણના સમૂહ યુક્ત પુરુષજાત–પુરુષપ્રકાર, દીર્ઘ–બહુકાલીન પર્યાય–સાધનભૂત પ્રવ્રજ્યાલક્ષણ વડે **सिद्ध्यति**—અણિમાદિ સિદ્ધિના યોગ વડે કૃતાર્થ અથવા વિશેષથી મોક્ષ જવાને યોગ્ય થાય છે, કારણ કે સકલ કર્મના નાયકરૂપ મોહનીય કર્મનો નાશ થાય છે અને અંદર ચાર ઘાતિકર્મના નાશ વડે પ્રગટેલ કેવલજ્ઞાનથી સમગ્ર વસ્તુને જાણે છે, તેથી ભવોપગ્રાહી (ભવ સંબંધી) કર્મો વડે મૂકાય છે, તેમ જ **परिनिर्व्वाति**—સમસ્ત કર્મો વડે થયેલ વિકારના સમૂહનું નિરાકરણ થવાથી શીતલ થાય છે. હવે શું કહેવું થાય છે? તે માટે કહે છે કે–સકલ દુઃખોના અંતને કરે છે અર્થાત્ શારીરિક અને માનસિક સર્વ દુઃખોનો અંત કરે છે. જેને તથાવિધ તપ અને વેદના નથી તે દીર્ઘકાલીન પર્યાય વડે કોઈપણ સિદ્ધ થયો છે? આ શંકાને દૂર કરવા માટે કહે છે કે—**'जहा से'** **इत्यादि०** પ્રથમ જિન ઋષભદેવના પહેલા પુત્ર, એકસો પુત્રમાં મોટા પુત્ર, પૂર્વ દક્ષિણ પશ્ચિમના સમુદ્ર અને હિમવાન પર્વતરૂપ ચાર અંત–છેડાવાળી પૃથ્વીના સ્વામીપણાએ ચાતુરંત, એવા જે ભરત નામના રાજા ચક્રવર્તી તે પૂર્વભવમાં હલુકર્મી થઈને આવેલા, સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને, ચક્રવર્ત્તીપણામાં ઉત્પન્ન થઈને, રાજ્યાવસ્થામાં જ કેવલજ્ઞાનને ઉત્પન્ન કરીને એક લાખ પૂર્વની પ્રવ્રજ્યાવાળા તથાવિધ તપ અને વેદના રહિત જ મોક્ષને પ્રાપ્ત થયા. આ પહેલી અંતક્રિયા સમજવી. (૧) **'अहावरे'** **ति०** ત્યાર બાદ બીજી અંતક્રિયા (પૂર્વની અપેક્ષાએ અન્ય અર્થાત્ બીજાના સ્થાનમાં કહેવાથી બીજી) બહુભારે કર્મો વડે મહાકર્મવાળો થયો થકો પ્રત્યાયાત અથવા પ્રત્યાજાત–મનુષ્યભવને પ્રાપ્ત થયેલને–મહાકર્મ વડે મનુષ્યમાં આવવાપણાએ તે મહાકર્મનો ક્ષય કરવા માટે તથા પ્રકારનું ઘોર તપ હોય છે, એમ વેદના ઉપસર્ગ વગેરે પણ કર્મના ઉદયથી પ્રાપ્ત થવા યોગ્ય છે–થાય છે, **'निरुद्धेने'** **ति०** અલ્પેન જેમ શ્રીકૃષ્ણના લઘુ બંધુ ગજસુકુમાલ, ભગવાન્ અરિષ્ટનેમિની સમીપે પ્રવ્રજ્યા સ્વીકારીને શ્મશાનમાં કાયોત્સર્ગરૂપ મહાતપના કરનાર, શિર ઉપર મૂકેલ જાજ્વલ્યમાન અંગારાથી ઉત્પન્ન થયેલ અત્યંત વેદનાવાળા, થોડા જ સમયના પર્યાય વડે સિદ્ધ થયા. શેષ હકીકત સુગમ છે. (૨) **'अहावरे'** **त्यादि०** સુગમ છે. સનત્કુમાર ચોથા ચક્રવર્તી, તે તો મહાતપવાળા અને મહાવેદનાવાળા રોગ સહિત હોવાથી દીર્ઘકાલીન પર્યાય વડે તે ભવમાં સિદ્ધિના અભાવથી ભવાંતરમાં સિદ્ધત્વને પામનાર હોવાથી ત્રીજી અંતક્રિયા (૩) **'अहावरो'** **त्यादि०** સરળ છે. જેમ મરુદેવી માતા, પહેલા જિન ઋષભદેવની માતા સ્થાવરકાયપણામાં પણ બહુલતાએ ક્ષીણ કર્મપણાથી અલ્પ

કર્મવાલા, વળી જેને તપ અને વેદના નથી તે સિદ્ધ થયા. ઉત્તમ હાથી ઉપર બેઠેલા મરુદેવી માતાનું આયુષ્ય સમાપ્ત થયે સિદ્ધપણું થયેલ છે. (૪) આ દાર્ષ્ટાંતિક (ઉપમા અને ઉપમેયરૂપ) અર્થોનું સર્વ પ્રકારે સમાનપણું વિચારવું નહિ. એઓને દેશ (અમુક અંશરૂપ દૃષ્ટાંતપણાથી વિચારવું.) કારણ કે મરુદેવીમાતાને 'मुंडे भवित्ते' त्यादि० કેટલાએક વિશેષણો ઘટી શકતા નથી પણ ફળની અપેક્ષાએ સર્વથા સમાનપણું ઘટી શકે છે. ॥૨૩૫॥

પુરુષવિશેષોની અંતક્રિયા કહી, હવે તેઓના જ સ્વરૂપને નિરૂપણ કરવા માટે દાર્ષ્ટાંતિક છવીશ સૂત્રો કહે છે—

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—उन्नते णाममेगे उन्नते १, उन्नते णाममेगे पणते २, पणते णाममेगे उन्नते ३, पणते नाममेगे पणते ४, १ । एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उन्नते नाममेगे उन्नते, तहेव जाव पणते नाममेगे पणते २।**

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा-उन्नते नाममेगे उन्नतपरिणते १, उण्णते नाममेगे पणतपरिणते २ पणते णाममेगे उन्नतपरिणते ३ पणए नाममेगे पणयपरिणए ४, ३ । एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-उन्नते नाममेगे उन्नतपरिणते चउभंगो ४, ४ ।**

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—उन्नते णाममेगे उन्नतरूवे तहेव चउभंगो ४, ५ । एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-उन्नते नामं० ४, ६ ।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उन्नते नाममेगे उन्नतमणे उन्न० ४, ७ । एवं संकप्पे ८ पन्ने ९ दिट्ठी १० सीलायारे ११ ववहारे १२ परक्कमे १३ एगे पुरिसजाए पडिवक्खो नत्थि ।**

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—उज्जू नाममेगे उज्जू, उज्जू नाममेगे वंके, चउभंगो ४, १४। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उज्जू नाममेगे [उज्जू] ४, १५ एवं जहा उन्नतपणतेहिं गमो तहा उज्जुवंकेहि वि भाणियव्वो, जाव परक्कमे २६॥ सू० २३६॥**

*(મૂ૦) ચાર પ્રકારના વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે ('નામ' શબ્દ સંભાવનાના અર્થમાં છે)–કોઈ એક વૃક્ષ દ્રવ્યથી ઉન્નત–શરીરથી ઊંચુ અને ભાવથી પણ ઉન્નત–ઊંચુ તે અશોકાદિ ૧, કોઈ એક વૃક્ષ દ્રવ્યથી ઊંચુ પણ ભાવથી પ્રણત–નીચુ તે લીંબડો વગેરે ૨, કોઈ એક વૃક્ષ દ્રવ્યથી પ્રણત–નીચુ પણ ભાવથી ઊંચુ તે નીચા (નાના) [1]અશોકાદિ ૩, કોઈ એક વૃક્ષ દ્રવ્યથી પ્રણત–નીચુ અને ભાવથી પણ પ્રણત–નીચુ તે (નાના) લીંબડા વગેરે ૪ (૧), એ પ્રમાણે વૃક્ષના દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈ સાધુ અથવા ગૃહસ્થ દ્રવ્યથી–શરીરથી ઊંચો અને ભાવથી કુલ, ઐશ્વર્યાદિ લૌકિક ગુણ વડે પણ ઉન્નત–ઊંચો અથવા કોઈક સાધુ લૌકિક ગુણોથી અને શરીરથી ઊંચો અને દીક્ષા લીધા પછી પણ જ્ઞાનાદિ ગુણોથી ઊંચો ૧, કોઈ પુરુષ દ્રવ્યથી–શરીરથી ઊંચો પણ ભાવથી નીચો ૨, કોઈ પુરુષ દ્રવ્યથી નીચો પણ ભાવથી ઊંચો ૩, કોઈ એક પુરુષ દ્રવ્યથી પણ નીચો અને ભાવથી પણ નીચો ૪ (૨), ચાર પ્રકારના વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈ એક વૃક્ષ દ્રવ્યથી–શરીરથી ઉન્નત અને ભાવથી ઉન્નત પરિણત–શુભ રસાદિરૂપ શ્રેષ્ઠતા વડે પરિણત છે ૧, કોઈ એક વૃક્ષ શરીરથી ઊંચુ છે પણ અશુભ રસાદિ વડે પરિણત છે ૨, કોઈ એક વૃક્ષ શરીરથી નીચુ છે પણ શુભ રસાદિવડે પરિણત છે ૩. કોઈ એક વૃક્ષ શરીરથી નીચુ છે અને અશુભ રસાદિ વડે પરિણત છે ૪ (૩), એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈ એક પુરુષ જાત્યાદિ વડે અથવા શરીર વડે ઉન્નત અને શુભ પરિણામ વડે પણ ઉન્નત છે ૧, કોઈ એક પુરુષ શરીરાદિ વડે ઊંચો છે પણ*

1. ટબામાં ત્રીજે ભાંગે એલચી વગેરે અને ચોથે ભાંગે નાનો બાવળ વગેરે જણાવેલ છે, તે પણ સંભવિત જણાય છે.

*પરિણામ વડે નીચો છે ૨, કોઈ એક પુરુષ શરીરાદિ વડે નીચો છે પણ પરિણામ વડે ઊંચો છે ૩, કોઈ એક પુરુષ શરીર વડે નીચો અને પરિણામ વડે પણ નીચો છે ૪ (૪), ચાર પ્રકારે વૃક્ષો કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈક વૃક્ષ શરીરથી ઊંચુ છે અને ભાવથી શુભ આકારવાળું છે ૧, કોઈક વૃક્ષ શરીરથી ઊંચુ છે પણ રૂપ-આકારથી કુરૂપ છે ૨, કોઈક વૃક્ષ શરીરથી નીચ (નાનો) છે પણ આકારથી સુંદર છે ૩, કોઈક વૃક્ષ શરીરથી નીચુ અને આકારથી પણ કુરૂપ છે ૪. આ ચાર ભંગ જાણવા (૫), એ ન્યાયે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે—૧, કોઈક જાતિ વગેરેથી ઊંચા અને સુંદર આકારવાળા, ૨, કોઈક જાતિ વગેરેથી ઊંચા પણ કુરૂપ આકારવાળા, ૩, કોઈક જાતિ વગેરેથી નીચા પણ સુંદર આકારવાળા, ૪, કોઈક જાતિ વગેરેથી નીચ અને ખરાબ આકારવાળા છે (૬), ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ શરીર વગેરેથી ઉન્નત-ઊંચો છે અને ઔદાર્ય આદિ ગુણથી પણ ઊંચા મનવાળો છે ૧, કોઈ એક શરીરાદિથી ઊંચો છે પણ હલકા મનવાળો છે. ૨, કોઈ એક શરીરાદિથી નીચ પણ મોટા મનવાળો છે ૩, કોઈ એક શરીરાદિથી નીચ અને હલકા મનવાળો છે. ૪ (૭). એવી રીતે (૮) સંકલ્પ-વિચાર, (૯) પ્રજ્ઞા-સૂક્ષ્મ અર્થની વિચારણા, (૧૦) દૃષ્ટિ-નજર અથવા અભિપ્રાય, (૧૧) શીલાચાર-સ્વાભાવિક આચાર, (૧૨) વ્યવહાર-પરસ્પર દેવુંલેવું વગેરે, (૧૩) પરાક્રમ. આ મન પ્રમુખ સાત ભાંગામાં એક પુરુષજાતરૂપ આલાવો જાણવો પરંતુ પ્રતિપક્ષ (વૃક્ષ) સૂત્ર નથી. ચાર પ્રકારના વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈ વૃક્ષ શરીરથી-દ્રવ્યથી ઋજુ-સરલ અને ભાવથી પણ સરલ-ઉચિત ફલને દેનાર ૧, કોઈ એક વૃક્ષ શરીરથી સરલ પણ ભાવથી વક્ર-વિપરીત ફલને દેનાર ૨, કોઈ એક વૃક્ષ શરીરથી વક્ર પણ ભાવથી સરલ-ઉચિત ફલને દેનાર ૩, અને કોઈ એક વૃક્ષ શરીરથી વક્ર અને ભાવથી પણ વક્ર-વિપરીત ફલને દેનાર છે, ૪, એવી રીતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે--કોઈક પુરુષ શરીરાદિ બાહ્ય સ્વરૂપથી સરલ અને અંતરથી પણ સરલ છે. ૧, **કોઈક પુરુષ શરીરાદિથી સરલ પણ અંતરથી વક્ર-માયાવી છે** ૨, કોઈક પુરુષ શરીરાદિથી વક્ર પણ અંતઃકરણથી સરલ છે ૩, અને કોઈક પુરુષ શરીરાદિથી અને અંતઃકરણથી પણ વક્ર છે ૪, એવી રીતે જેમ ઉન્નતપ્રણત શબ્દ વડે ગમો-આલાવો કહેલ છે તેમ ઋજુ અને વક્ર શબ્દ વડે પણ કહેવા યાવત્ પરાક્રમ પર્યંત ચાર ચાર ભાંગા કહેવા. એમ ૧૩ સૂત્રો કહેવા (૨૬). ॥૨૩૬॥*

(ટી૦) **'चत्तारि रुक्खे'** त्यादि० સૂત્રો સરલ છે. **वृक्ष्यन्ते**—છેદાય છે તે વૃક્ષો, વિવક્ષા વડે ભગવાને તે ચાર પ્રકારના કહેલા છે, તેમાં ઉન્નત-દ્રવ્યથી ઊંચુ, **'नामे'**त्ति० સંભાવનામાં અથવા વાક્યાલંકારમાં છે. એક-કોઈક વૃક્ષવિશેષ, તે જ વૃક્ષ વળી જાત્યાદિ ભાવથી પણ ઊંચુ અશોકવૃક્ષ વગેરે, આ એક ભાંગો. કોઈ એક અન્ય વૃક્ષ દ્રવ્યથી જ ઊંચુ અને પ્રણત-જાત્યાદિ ભાવો વડે હીન (હલકો) લીંબડો વગેરે, આ બીજો ભાંગો. કોઈ એક વૃક્ષ દ્રવ્યથી પ્રણત-નીચુ (નાનો) તે જ જાત્યાદિ ભાવ વડે ઊંચુ (શ્રેષ્ઠ) અશોકાદિ, આ ત્રીજો ભાંગો. કોઈ એક વૃક્ષ દ્રવ્યથી જ નાનું તે જ જાત્યાદિથી હીન લીંબડો વગેરે, આ ચોથો ભાંગો. અથવા પહેલાં ઊંચો અને હમણાં પણ ઊંચો જ-એ પ્રમાણે કાલની અપેક્ષાએ ચાર ભાંગા જાણવા. (૧), **'एव' मित्यादि**० એવી રીતે વૃક્ષની જેમ પુરુષોના ચાર પ્રકારો, તે સાધુઓ અથવા ગૃહસ્થોના પણ છે. કુલ, ઐશ્વર્ય વગેરે લૌકિક ગુણો વડે અથવા ગૃહસ્થપર્યાયમાં શરીર વડે ઊંચો (શ્રેષ્ઠ), વળી લોકોત્તર જ્ઞાનાદિ વડે દીક્ષાપર્યાયમાં શ્રેષ્ઠ અથવા ઉત્તમ ભાવ વડે ઉન્નત, વળી કામદેવ વગેરેની જેમ શુભ ગતિ વડે શ્રેષ્ઠ, આ પહેલો ભંગ. **'तहेव'**त्ति० વૃક્ષ સૂત્રની માફક આ સૂત્ર પણ **'जाव'**त्ति० યાવત્ **'पणए नामं एगे पणए'**त्ति० એમ ચાર ભંગ પર્યંત કહેવું. તેમાં ઉન્નત-કુલાદિ વડે અને પ્રણત-જ્ઞાન અને વિહાર વગેરેમાં હીનપણાથી શૈલકરાજર્ષિની જેમ અથવા દુર્ગતિમાં જવાથી બ્રહ્મદત્તની માફક બીજો ભંગ જાણવો. ફરીથી વૈરાગ્યને પ્રાપ્ત થયેલ શૈલક રાજર્ષિની માફક અથવા મેતાર્યની જેમ પ્રણત-ઉન્નત નામનો ત્રીજો ભંગ અને ઉદાયીનૃપને મારનારની જેમ અથવા કાલસૌકરિક(કસાઈ)ની માફક પ્રણત-પ્રણત ચોથો ભંગ જાણવો. (૨), એ રીતે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિકના

સૂત્રમાં સામાન્યથી કહીને તેના વિશેષ સૂત્રોને કહે છે-ઊંચાઈપણાએ એક વૃક્ષ, ઉન્નતપરિણત-અશુભ રસાદિરૂપી નીચપણાને છોડીને શુભ રસાદિરૂપ શ્રેષ્ઠપણા વડે પરિણત છે, આ એક ભંગ. બીજા ભાંગામાં પ્રણતપરિણત-કહેલ લક્ષણવિશિષ્ટ ઉન્નતપણાને છોડવાથી અને એ બેના આધારે ત્રીજો અને ચોથો ભાંગો જાણવો. (૩), આ ચતુર્ભંગી સૂત્રની વિશેષતા આ પ્રમાણે છે-પહેલાં ઉન્નતપણું અને પ્રણતપણું સામાન્યથી કહ્યું. આ સૂત્રમાં તો પૂર્વની અવસ્થાથી અન્ય અવસ્થાને પામવા વડે વિશેષ રૂપે કહેલ છે. એવી રીતે ઉપમેયમાં પણ પરિણત સૂત્ર જાણવું (૪), પરિણામ આકાર, બોધ અને ક્રિયાના ભેદથી ત્રણ પ્રકારે છે, તેમાં આકારનો આશ્રય કરીને રૂપનું સૂત્ર છે. તેમાં ઉન્નતરૂપ (વૃક્ષ), આકાર અને અવયવાદિના સૌંદર્યથી (૫), ગૃહસ્થ પુરુષ સંબંધે પણ એમ જ જાણવું. પ્રવ્રજિત તો સંવિગ્નસાધુના વેષને ધરનાર (૬), બોધપરિણામની અપેક્ષાવાળા ચાર (મન, સંકલ્પ, પ્રજ્ઞા અને દૃષ્ટિ) સૂત્રો છે. તેમાં જાત્યાદિ ગુણો વડે અથવા ઊંચાઈ વડે ઉન્નત, સ્વભાવે ઔદાર્યાદિ યુક્ત મનવાળો. એવી રીતે બીજા પણ ત્રણ ભંગો જાણવા. 'एव'मिति० સંકલ્પ વગેરે સૂત્રોમાં ચતુર્ભંગીનો અતિદેશ લાઘવ માટે સૂત્રકારે કર્યો છે. સંકલ્પવિકલ્પ એટલે વિશેષ વિચાર. આનું ઉન્નતપણું ઔદાર્ય વગેરેથી યુક્તપણાએ અથવા સત્પદાર્થના વિષયપણા વડે છે (૮), શ્રેષ્ઠ જ્ઞાન તે પ્રજ્ઞા અર્થાત્ સૂક્ષ્મ અર્થનું વિવેચકપણું, પ્રજ્ઞાનું શ્રેષ્ઠપણું અવિસંવાદિ-અવિરોધપણાએ છે (૯), દર્શન-દૃષ્ટિ-ચક્ષુજન્ય જ્ઞાન અથવા નયનો અભિપ્રાય, તેનું ઉન્નતપણું તો અવિસંવાદિપણાએ છે (૧૦), ક્રિયારૂપ પરિણામની અપેક્ષાવાળા ત્રણ સૂત્રોમાં શીલાચાર-શીલ એટલે સમાધિ, તે સમાધિપ્રધાન આચાર અથવા સમાધિનો આચાર-અનુષ્ઠાન તે શીલ વડે અથવા સ્વભાવ વડે આચાર. આનું ઉન્નતપણું તો નિર્દૂષણપણાએ છે, વાચનાંતરમાં તો શીલસૂત્ર અને આચારસૂત્ર ભેદ વડે કહેવાય છે અર્થાત્ જુદા છે. (૧૧), વ્યવહાર પરસ્પર દેવું-લેવું વગરે અથવા વિવાદ, આનું ઉન્નતપણું તો પ્રશંસાયોગ્યપણાએ છે. (૧૨), પરાક્રમ-ઉદ્યમવિશેષ અથવા બીજા-શત્રુઓનું આક્રમણ (ને વિફળ) કરવું (દબાવવું), તેનું ઉન્નતપણું તો અપરાજિતપણાએ અને સારા વિષયપણાએ છે. (૧૩), ઉન્નતથી વિરુદ્ધ (પ્રણતપણું) સર્વત્ર વિચારવું. 'एगे पुरी'त्यादि० આ મન વગેરે ચૌભંગીના સાત સૂત્રોમાં એક જ પુરુષજાતનો આલાવો જાણવો. પ્રતિપક્ષ-બીજો પક્ષ (દૃષ્ટાંતભૂત વૃક્ષ) સૂત્ર નથી અર્થાત્ પરાક્રમ પર્યંત ન કહેવું, કેમ કે દૃષ્ટાંતભૂત વૃક્ષોને વિષે ઉપમેય પુરુષના ધર્મોનો (મન વગેરેનો) અસંભવ છે. 'उज्जु'त्ति० ઋજૂ-પૂર્વની માફક કોઈક સરલ વૃક્ષ તથા ઋજૂ-અવિપરીત સ્વભાવ, ઉચિતપણા વડે ફલાદિના સંપાદનથી આ એક ભંગ. બીજા ભંગમાં બીજું પદ વંક-વક્ર અર્થાત્ ફલાદિને વિષે વિપરીત, ત્રીજા ભંગમાં પહેલું પદ વક્રવાંકો અને ચોથો ભંગ સુગમ છે. અથવા પહેલા ઋજૂ-સરલ, પછી પણ ઋજૂ અથવા મૂલમાં સરલ અને છેડે પણ સરલ, એમ ઋજૂ અને વક્ર પદ વડે ચાર ભાંગા કરવા. આ દૃષ્ટાંતરૂપ છે. પુરુષ તો ઋજૂ એટલે બહારથી શરીર, ગતિ, વાણી અને ચેષ્ટા વગેરેથી સરલ તેમ જ અંતરથી કપટરહિતપણાએ સુસાધુની માફક ઋજૂ, આ એક ભંગ. તથા ઋજૂ તો બહારથી પૂર્વની જેમ વંકવક્ર અને અંતરમાં કપટીપણાએ કારણવશાત્ સરલભાવ બતાવનાર દુષ્ટ સાધુની જેવો, આ બીજો ભંગ. ત્રીજો ભંગ તો કારણવશાત્ બહારથી બતાવેલ વક્રભાવ અને અંતરથી કપટ રહિત, પ્રવચન-શાસનના ગોપનની રક્ષામાં પ્રવર્તેલ સાધુની જેમ. ચોથો ભંગ તો બન્ને રીતિથી વક્ર, તથાપ્રકારના શઠ-કપટીની માફક. અથવા કાલના ભેદ વડે પણ વ્યાખ્યા કરવી. હવે ઋજૂ અને ઋજૂપરિણત વગેરે અગિયાર ચોભંગીઓ લાઘવ (સંક્ષેપ) માટે અતિદેશ વડે કહે છે-'एव' मित्ति० આ શબ્દ વડે ઋજૂ ઇત્યાદિ વડે બતાવેલ ક્રમથી ભાંગાના ક્રમ વડે 'यथे'ति० જે પ્રકારે પરિણત રૂપાદિ વિશેષણ વડે [ઉન્નત-પ્રણત] વિશેષિતપણાએ ઋજૂ-વક્ર છે, આ અર્થ છે. ઉન્નત અને પ્રણત-આ બન્ને શબ્દ ઉન્નત-ઉન્નત અને ઉન્નત-પ્રણત પરસ્પર પ્રતિપક્ષભૂત (પ્રણત-ઉન્નત અને પ્રણત-પ્રણત) વડે સરખો પાઠ કરેલ છે. 'तथा' તે પ્રકાર વડે પરિણત અને રૂપાદિ બે વિશેષણવાળાથી ઋજૂ અને વક્ર શબ્દ વડે પણ પાઠ કહેવો. ક્યાં સુધી તે કહેવો? તે દર્શાવતા કહે છે-'जाव परक्कमे'त्ति० ઋજૂ-વક્ર વૃક્ષ સૂત્રથી યાવત્ તેર સૂત્ર પર્યંત. તેમાં ઋજૂ ૨ ઋજૂપરિણત ૨ ઋજૂરૂપ ૨ લક્ષણવાળા છ સૂત્રો, વૃક્ષ દૃષ્ટાંત અને પુરુષ દાર્ષ્ટાંતિકસ્વરૂપ છે, અને મન પ્રમુખ શેષ સાત સૂત્રો દૃષ્ટાંત રહિત છે. ॥૨૩૬॥

હજુ પુરુષના વિચાર સંબંધી જે કહે છે કે—

**पडिमापडिवन्नस्स णमणगारस्स कप्पंति चत्तारि भासातो भासित्तए, तंजहा—जायणी, पुच्छणी, अणुन्नवणी, पुट्ठस्स वागरणी ।। सू० २३७।।**

**चत्तारि भासाजाता पन्नत्ता, तंजहा—सच्चमेगं भासज्जायं, बीतियं मोसं, ततियं सच्चमोसं, चउत्थं असच्चमोसं ४ ।। सू० २३८।।**

**चत्तारि वत्था पन्नत्ता, तंजहा—सुद्धे णामं एगे सुद्धे १ सुद्धे णामं एगे असुद्धे २ असुद्धे णामं एगे सुद्धे ३ असुद्धे णामं एगे असुद्धे ४। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सुद्धे णामं एगे सुद्धे चउभंगो ४, एवं परिणत-रूवे वत्था सपडिवक्खा। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सुद्धे णामं एगे सुद्धमणे चउभंगो ४, एवं संकप्पे जाव परक्कमे ।। सू० २३९।।**

*(મૂ૦) બાર પ્રતિમાને પ્રતિપન્ન-સ્વીકારેલ અનગારને ચાર ભાષા બોલવા માટે કલ્પે છે, તે આ પ્રમાણે—અન્ન, પાણી વગેરેની યાચના માટે જે બોલવું તે યાચની, માર્ગ વગેરેનું પૂછવું તે પૃચ્છની, અવગ્રહ (વસતિ) વગેરેની યાચના અર્થાત્ 'હું થોડા વખત અહિં રહું છું' એમ ગૃહસ્થને જણાવવું તે અનુજ્ઞાપની અને કોઈક પૂછેલ અર્થનું કહેવું તે વાગરણી-વ્યાકરણી ભાષા. ।।૨૩૭।।*

*ચાર પ્રકારે ભાષા કહેલી છે, તે આ પ્રમાણે—સર્વને હિતકર તે સત્ય એ પ્રથમ ભાષા, બીજી મૃષા-અસત્ય ભાષા, ત્રીજી સત્યમૃષા-મિશ્રભાષા અને ચોથી અસત્યમૃષા-(અસત્યામૃષા)-વ્યવહારભાષા. ।।૨૩૮।।*

*ચાર પ્રકારના વસ્ત્રો કહેલાં છે, તે આ પ્રમાણે—કોઈ એક વસ્ત્ર પ્રથમથી જ તંતુ વગેરેથી શુદ્ધ છે અને પછી પણ શુદ્ધ છે ૧, કોઈ એક વસ્ત્ર પ્રથમ શુદ્ધ હોય છે અને પછી (મેલથી) અશુદ્ધ થાય છે ૨, કોઈ એક વસ્ત્ર પહેલાં અશુદ્ધ અને પછી (ધોવરાવવાથી) શુદ્ધ થાય છે ૩, કોઈ એક વસ્ત્ર પહેલાં અશુદ્ધ છે અને પછી પણ અશુદ્ધ હોય છે ૪, એવી જ રીતે ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે—કોઈ એક પુરુષ જાત્યાદિથી શુદ્ધ અને ગુણથી શુદ્ધ ૧, જાત્યાદિથી શુદ્ધ પણ ગુણથી અશુદ્ધ ૨, જાતિ વગેરેથી અશુદ્ધ પણ ગુણથી શુદ્ધ ૩, જાત્યાદિથી અશુદ્ધ અને ગુણથી પણ અશુદ્ધ ૪, એવી રીતે પરિણત અને રૂપ દૃષ્ટાંત સહિત વસ્ત્રો કહેવા, તે આ પ્રમાણે—૧. કોઈ એક વસ્ત્ર શુદ્ધ અને શુદ્ધપરિણત-શુભ પરિણામવાળું, ૨. કોઈ એક વસ્ત્ર શુદ્ધ પણ અશુભ પરિણામવાળું, ૩. કોઈ એક વસ્ત્ર અશુદ્ધ પણ શુભ પરિણામવાળું, અને ૪. કોઈ એક વસ્ત્ર અશુદ્ધ અને પરિણામે પણ અશુભ. તેમ રૂપ[1] શબ્દ સાથે ચાર ભાંગા કરવા. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈ એક મનુષ્ય જાત્યાદિકથી શુદ્ધ અને મન-અંતર્વૃત્તિ વડે શુદ્ધ ૧, કોઈક મનુષ્ય જાત્યાદિથી શુદ્ધ પણ અંતર્વૃત્તિથી અશુદ્ધ ૨, કોઈક જાત્યાદિથી અશુદ્ધ પણ અંતર્વૃત્તિથી શુદ્ધ ૩, અને કોઈક મનુષ્ય જાત્યાદિથી અને અંતર્વૃત્તિથી પણ અશુદ્ધ છે. એવી રીતે સંકલ્પ યાવત્ પરાક્રમ પર્યંત શબ્દો શુદ્ધ પદ સાથે જોડવા અને ચાર ચાર ભાંગા કરવા. ।।૨૩૯।।*

(ટી૦) સ્પષ્ટ છે. પ્રતિમા-સિદ્ધાંતમાં પ્રસિદ્ધ ભિક્ષુની બાર પ્રતિમા, તેને સ્વીકારનાર વડે જે યાચના કરાય છે તે યાચની-પાણી વગેરેની 'મને આમાંથી આટલું પાણી વગેરે તું આપીશ' ઇત્યાદિ સિદ્ધાંતના પ્રસિદ્ધ ક્રમ વડે. તથા માર્ગ વગેરેનું પૂછવું અથવા

1. એક વસ્ત્ર શુદ્ધ અને અશુદ્ધ આકારવાળું છે ૧, એક વસ્ત્ર શુદ્ધ અને અશુદ્ધ આકારવાળું છે ૨, એક વસ્ત્ર અશુદ્ધ અને શુદ્ધ આકારવાળું છે ૩, અને એક વસ્ત્ર અશુદ્ધ અને આકાર પણ અશુદ્ધ છે. ૪. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-એક જાત્યાદિ વડે શુદ્ધ અને સુંદર રૂપ સંઠાણવાળો છે ૧, એક પુરુષ જાત્યાદિ વડે શુદ્ધ પણ રૂપાદિ વડે અશુદ્ધ છે ૨, એક જાત્યાદિ વડે અશુદ્ધ પણ રૂપ આકારાદિ વડે શુદ્ધ (સુંદર) છે ૩, અને એક જાત્યાદિ વડે અશુદ્ધ અને રૂપ આકારાદિ વડે પણ અશુદ્ધ છે ૪.

કઈક સૂત્ર અને અર્થનું પૂછવું તે પૃચ્છની, તથા [અમુક સમય પર્યંત રહેવા માટે] અવગ્રહ(જગ્યા) નું અનુજ્ઞાપન-જણાવવું તે અનુજ્ઞાપની તથા કોઈએ પૂછેલ અર્થ વગેરેનું પ્રતિપાદન કરવું તે વ્યાકરણી. ॥૩૩૭॥

ભાષાના પ્રસંગથી ભાષાના ભેદોને કહે છે—'चत्तारि भासे'त्यादि० જાત-ઉત્પત્તિધર્મવિશિષ્ટ, તે વ્યક્તિરૂપ વસ્તુ, આ કારણથી ભાષાથી ઉત્પન્ન થયેલ વ્યક્તિરૂપ વસ્તુઓ, ભેદો-પ્રકારો તે ભાષાજાતો, તેમાં વિદ્યમાન રહેલા મુનિઓ, ગુણો અથવા પદાર્થોના માટે હિતરૂપ તે સત્ય, એક સૂત્રની અપેક્ષાએ પ્રથમ, અથવા જેના વડે તે બોલાય છે તે ભાષા અથવા બોલવું તે ભાષા-કાયયોગ વડે ગ્રહણ કરેલ અને વચનયોગ વડે નીકળેલ ભાષાદ્રવ્યની સંહતિ (વર્ગણા) નો જે પ્રકાર તે ભાષાજાત આત્મા છે, ઈત્યાદિની જેમ. સૂત્રના ક્રમથી બીજું 'मोसं'ति० પ્રાકૃતપણાથી મૃષા-અસત્ય, 'આત્મા નથી' ઈત્યાદિની માફક, ત્રીજું સત્યામૃષા-કઈક સત્ય ને કઈક અસત્ય-મિશ્રરૂપ, 'આત્મા છે, અકર્ત્તા છે' ઈત્યાદિની જેમ, ચોથું અસત્યામૃષા-સત્ય નહિં અને અસત્ય નહિં, આત્મા ઈત્યાદિની માફક. (આ ચાર ભાષાજાત) છે. આ સંબંધે બે ગાથા જણાવતાં કહે છે કે—

**सच्चा हिया सतामिह, संतो मुणओ गुणा पयत्था वा । तव्विवरीया मोसा, मीसा-जा तदुभयसहावा ॥२॥**

**[विशेषावश्यक० ३७६ त्ति]**

સત્પુરુષોના હિતરૂપ તે સત્યા અથવા સારા મુનિઓ માટે હિતરૂપ અથવા સુંદર મૂલોત્તર ગુણોને હિતરૂપ અથવા ભગવાને કહેલ વિદ્યમાન જીવાદિ પદાર્થોના માટે હિતરૂપ તે સત્યભાષા, તેનાથી વિપરીત સ્વરૂપવાળી તે મૃષાભાષા, સત્ય અને અસત્ય બન્ને સ્વભાવવાળી તે મિશ્રભાષા (સત્યમૃષા) છે. (૨)

**अणहिगया जा तीसु वि, सद्दो च्चिय केवलो असच्चमुसा । एया समेयलक्खण, सोदाहरणा जहा सुत्ते ॥३॥**

**[विशेषावश्यक० ३७७ त्ति]**

ત્રણ ભાષામાં પણ જે સ્વીકારેલી નથી, માત્ર શબ્દરૂપ જ છે તે અસત્યમૃષા (અસત્યામૃષા)-આમંત્રણ અને આજ્ઞાપન (હુકમ કરવું) વગેરે વિષયવાળી છે. આ ચાર ભાષા ભેદ સહિત, લક્ષણ સહિત અને ઉદાહરણ સહિત સૂત્રમાં જેમ કહેલી છે તેમ જાણવી. (૩)

પુરુષના ભેદનું નિરૂપણ કરવા માટે જ આ તેર સૂત્રો—'चत्तारि वत्थे'त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે-શુદ્ધ વસ્ત્ર-પવિત્ર તંતુ વગેરે કારણ વડે બનાવેલ હોવાથી, વળી શુદ્ધ-નવીન મલના અભાવથી અથવા પહેલા શુદ્ધ હતું અને હમણા પણ શુદ્ધ જ છે. પ્રથમ ભંગના બે પદથી વિપક્ષભૂત સુગમ જ છે. હવે દાર્ષ્ટાંતિકની યોજના કહે છે—'एवमेवे'त्यादि० શુદ્ધ-જાત્યાદિ વડે શુદ્ધ, વળી નિર્મલ જ્ઞાનાદિ ગુણપણાએ અથવા કાલની અપેક્ષાએ 'चउभंगो'त्ति० ચાર ભાંગાનો સમુદાય તે ચતુર્ભંગી અથવા ચતુર્ભંગ. પુલ્લિંગપણું તો અહિં પ્રાકૃતપણાથી છે. તેનો આ અર્થ-વસ્ત્રની માફક ચાર ભાંગા પુરુષને વિષે પણ કહેવા. 'एव'मिति० જેમ શુદ્ધ પદથી બીજા શુદ્ધ પદમાં દાર્ષ્ટાંતિક સહિત ચાર ભાંગાવાળું વસ્ત્ર કહ્યું, એવી રીતે શુદ્ધ પદ છે પૂર્વપદમાં જેને એવા પરિણતપદ અને રૂપપદમાં ચાર ભાંગાવાલા વસ્ત્રો 'सपडिवक्ख'त्ति० પ્રતિપક્ષ સહિત (અશુદ્ધ પરિણત વગેરે) દાર્ષ્ટાંતિક (પુરુષ) સહિત કહેવા. તે આ પ્રમાણે—'चत्तारि वत्था पन्नत्ता, तं जहा-सुद्धे नामं एगे सुद्धपरिणए चतुर्भंगी' 'एवमेव'त्यादि० પુરુષજાત સૂત્રની ચતુર્ભંગી, એવી રીતે શુદ્ધ વસ્ત્ર અને શુદ્ધ રૂપની ચોભંગી વસ્ત્રમાં કરવી એમ જ પુરુષમાં પણ ચોભંગી કરવી. વ્યાખ્યા તો પૂર્વની માફક જાણવી. ''चत्तारी'' त्यादि० શુદ્ધ-બહારથી અને શુદ્ધ મનવાળો-અંતરથી, એવી રીતે શુદ્ધ[1] સંકલ્પ, શુદ્ધ પ્રજ્ઞ, શુદ્ધ દૃષ્ટિ, શુદ્ધ શીલાચાર, શુદ્ધ વ્યવહાર અને શુદ્ધ પરાક્રમ આ [સાત સૂત્રોમાં] [2]વસ્ત્રને છોડીને પુરુષો જ ચાર ભાંગાવાળા કહેવા, વ્યાખ્યા તો પૂર્વની માફક જાણવી. આ જ કારણથી કહે છે 'एवमि' त्यादि० ॥૨૩૯॥

1. શુદ્ધ સંકલ્પ વગેરે સૂત્રોનો અર્થ પૂર્વે લખાઈ ગયેલ છે. 2. વસ્ત્ર જડ હોવાથી તેમાં મન, સંકલ્પ વગેરે ચૈતન્ય-ધર્મો ન હોય તેથી વસ્ત્રમાં પ્રતિપક્ષ સહિત છ સૂત્રો છે અને પુરુષમાં ફક્ત સાત સૂત્રો છે.

પુરુષભેદના અધિકારમાં જ નીચેનું સૂત્ર કહે છે—

**चत्तारि सुता पन्नत्ता, तंजहा—अतिजाते, अणुजाते, अवजाते, कुलिंगाले ।। सू० २४०।।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सच्चे नामं एगे सच्चे, सच्चे नामं एगे असच्चे ४, एवं परिणते जाव परक्कमे। चत्तारि वत्था पन्नत्ता, तंजहा—सुती नामं एगे सुती, सुई नामं एगे असुई, चउभंगो ४। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सुती णामं एगे सुती, चउभंगो। एवं जहेव सुद्धेणं वत्थेणं भणितं तहेव सुतिणा वि, जाव परक्कमे ।। सू० २४१।।**

**चत्तारि कोरवा पन्नत्ता, तंजहा—अंबपलंबकोरवे, तालपलंबकोरवे, वल्लिपलंबकोरवे, मेंढविसाणकोरवे। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अंबपलंबकोरवसमाणे, तालपलंबकोरवसमाणे, वल्लिपलंबकोरवसमाणे, मेंढविसाणकोरवसमाणे ।। सू० २४२।।**

*(મૂ૦) ચાર પ્રકારના પુત્રો કહેલા છે, તે આ પ્રમાણે—અતિજાત-પિતાની અપેક્ષાએ અધિક સંપદાવાળો, શ્રી ઋષભદેવસ્વામીની માફક, અનુજાત-પિતાની અપેક્ષાએ સમાન સંપદાવાળો, મહાયશાની જેમ અપજાત-પિતાની અપેક્ષાએ હીન સંપદાવાળો, આદિત્યયશાની જેમ, કુલાંગાર-કુલમાં દૂષણ લગાડનાર, કંડરીકની જેમ. ।।૨૪૦।।*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—સત્ય પ્રરૂપણા કરનાર અને સત્ય (સંયમ) પાલનાર, સત્ય બોલનાર પણ સત્ય (સંયમ) પાલનાર નહિં. સત્ય બોલનાર નહીં પણ સત્ય (સંયમ) પાલનાર અને સત્ય બોલનાર નહીં અને સત્ય (સંયમ) પાલનાર પણ નહીં. એવી રીતે સત્ય પદ સાથે પરિણતથી લઈને યાવત્ પરાક્રમ પર્યંત ચતુર્ભંગી કરવી. ચાર પ્રકારના વસ્ત્રો કહેલા છે, તે આ પ્રમાણે—એક વસ્ત્ર સ્વભાવથી શુચિ અને શુચિ-સંસ્કાર કરવાથી, એક વસ્ત્ર સ્વભાવથી શુચિ પણ અશુચિ-સંસ્કાર ન કરવાથી, એક વસ્ત્ર સ્વભાવથી અશુચિપણ શુચિ-સંસ્કાર કરવાથી અને એક વસ્ત્ર સ્વભાવથી અશુચિ અને અશુચિ-સંસ્કાર ન કરવાથી. એવી રીતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—એક પુરુષ પવિત્ર શરીર વડે શુચિ અને સ્વભાવથી પણ શુચિ, એક પુરુષ શરીરથી શુચિ પણ સ્વભાવથી અશુચિ, એક પુરુષ શરીરથી અશુચિ પણ સ્વભાવથી શુચિ અને એક પુરુષ શરીરથી અશુચિ તેમ જ સ્વભાવથી પણ અશુચિ છે. એવી રીતે જે પ્રમાણે શુદ્ધ પદ વડે કહ્યું છે તેમ જ શુચિ પદ વડે યાવત્ પરાક્રમ પર્યંત કહેવું. ।।૨૪૧।।*

*ચાર પ્રકારના કોરક (કલી) કહેલા છે, તે આ પ્રમાણે—આંબાના ફલનું કોરક, તાલના ફલનું કોરક, વેલડી-તરબૂચ (કલિંગર) વગેરેના ફલનું કોરક, મેંઢાના શીંગડા જેવા ફલવાળી વનસ્પતિ (આવલ) ના ફલનું કોરક. એવી રીતે ચાર પ્રકારના પુરુષ કહેલ છે, તે આ પ્રમાણે—એક આમ્રફલના કોરક સમાન જે પુરુષ સેવ્યો થકો ઉચિત કાલે ઉચિત ફલને આપે છે, બીજો તાલ ફલના કોરક સમાન, જે સેવ્યો થકો લાંબે કાલે કષ્ટ વડે મહાન ઉપકારરૂપ ફલને આપે છે, ત્રીજો વલ્લિના ફલના કોરક સમાન થોડા સમયમાં કષ્ટ સિવાય ફલને આપે છે અને ચોથો મિંઢવિષાણ (આવલ) ના કોરક સમાન મીઠા વચન બોલે પણ કાંઈ આપે નહિ. ।।૨૪૨।।*

(ટી૦) सुताः-પુત્રો, 'अइजाए'त्ति० પિતાની સંપદાને ઉલ્લંઘીને जातः થયેલ અથવા પિતાની સંપદાને ઉલ્લંઘીને અર્થાત્ પિતાથી અતિ વિશેષ સંપદાને પામેલ અર્થાત્ અતિસમૃદ્ધિવાળો માટે અતિજાત અથવા અતિયાત શ્રી ઋષભ[પ્રભુ]ની માફક ૧. તથા 'अणुजाए' त्ति० અનુરુપ-સમાન સંપત્તિ વડે પિતાની જેવો થયેલ તે અનુજાત, અથવા અનુગત-પિતાની ઋદ્ધિ વડે અનુસરનાર-પિતા સમાન, મહાયશાની માફક, આદિત્યયશા પિતા વડે તેનું તુલ્યપણું હોવાથી, તથા 'अवजाए' त्ति० અપ-હીન પિતાની સંપત્તિથી હીન થયેલ તે અપજાત, પિતાથી કંઈક હીન ગુણવાળો, આદિત્યયશાની માફક, ભરત ચક્રીની અપેક્ષાએ તેનું હીનપણું હોવાથી, તથા 'कुलिङ्गाले'त्ति० કુલ-પોતાના ગોત્રમાં અંગારો, દોષનો કરનાર હોવાથી અથવા

સંતાપનો કરનાર હોવાથી કંડરીકની માફક ૪, એવી રીતે શિષ્ય ચાર પ્રકારના જાણવા. સુત શબ્દની શિષ્યોમાં પણ પ્રવૃત્તિ છે, તેમાં અતિજાત-સિંહગિરિ આચાર્યની અપેક્ષાએ વજસ્વામીની જેમ ૧, અનુજાત-શય્યંભવ આચાર્યની અપેક્ષાએ યશોભદ્ર આચાર્યની જેમ ૨. અપજાત-ભદ્રબાહુસ્વામીની અપેક્ષાએ સ્થૂલભદ્રની જેમ અને કુલાંગાર-કુલવાલક સાધુની જેમ, અથવા ઉદાયિનૃપને મારનાર (કપટી સાધુ) ની જેમ. ॥૨૪૦॥

તથા 'चत्तारि'त्यादि० જેમ છે તેમ વસ્તુને કહેવાથી અને જેવી રીતે પ્રતિજ્ઞા કરેલ તેવી રીતે કરવાથી સત્ય, વળી સત્ય-સંયમીપણા વડે સત્ત્વોને-જીવોને હિત હોવાથી અથવા પૂર્વે સત્ય હતું, હમણાં પણ સત્ય જ છે એવી રીતે ચતુર્ભંગી કરવી, એ પ્રમાણે સૂત્રોને અતિદેશ કરતાં થકાં કહે છે—'एव'मित्यादि० સ્પષ્ટ છે. વિશેષ આ પ્રમાણે સૂત્રો છે—**चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा-सच्चे नामं एगे सच्चपरिणए ४, एवं सच्चरूवे ४ सच्चमणे ४ सच्चसंकप्पे ४ सच्चपन्ने ४ सच्चदिट्ठी ४ सच्चसीलायारे ४ सच्चववहारे ४ सच्चपरक्कमे 'त्ति ४॥** ૧. સત્ય અને સત્યપરિણત, ૨. સત્ય અને અસત્યપરિણત, ૩. અસત્ય અને સત્યપરિણત, ૪. અસત્ય અને અસત્યપરિણત. એવી રીતે સત્ય રૂપપદ, સત્ય મનપદ, સત્ય સંકલ્પપદ, સત્ય પ્રજ્ઞાપદ, સત્ય દૃષ્ટિપદ, સત્ય શીલાચાર, સત્ય વ્યવહાર અને સત્ય પરાક્રમ-આ બધા ઉત્તરપદો સાથે પૂર્વમાં સત્યપદ જોડવાથી ચતુર્ભંગી થાય છે. પુરુષોના અધિકારમાં જ આ બીજું કહે છે—'चत्तारि वत्थे' त्यादि० શુચિ-સ્વભાવે પવિત્ર, વળી સંસ્કાર વડે પવિત્ર અથવા કાલના ભેદ વડે એટલે પૂર્વે પણ પવિત્ર અને પછી પણ પવિત્ર. પુરુષની ચતુર્ભંગીમાં શુચિ પુરુષ દુર્ગંધ રહિત શરીર વડે વળી શુચિ સ્વભાવ વડે, 'सुइपरिणए सुइरूवे' આ બે સૂત્રો દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક સહિત છે. 'सुइमणे' इत्यादि० પુરુષ માત્રને આશ્રિત જ સાત સૂત્રને અતિદેશ કરતા થકા કહે છે 'एव' मित्यादि० સુગમ છે. ॥૨૪૧॥

પુરુષના અધિકારમાં જ આ અન્ય સૂત્ર કહે છે—'चत्तारि कोरवे' इत्यादि० તેમાં આંબો, તેનું પ્રલંબ-ફલ, તેનું કોરક-તેને ઉત્પન્ન કરનાર મુકુલ (કલિકા) તે આમ્રપલંબકોરક, એવી રીતે બીજા પણ જાણવાં. વિશેષ કહે છે કે-તાલ-વૃક્ષવિશેષ (તાડિ), વલ્લી કાલીંગા વગેરેની વેલડીઓ, મેંઢવિષાણા-મેંઢાના શીંગડા સમાન ફલવાળી વનસ્પતિની જાતિ, અર્થાત્ આવળ, તેનું કોરક તે મેંઢવિષાણકોરક. આ ચાર જ કોરક દૃષ્ટાંતપણાએ ગ્રહણ કરેલા છે માટે ચાર એમ કહ્યું છે, પરંતુ લોકમાં (કોરક) ચાર જ નથી પરન્તુ અતિ ઘણા જણાય છે. 'एवे'त्यादि० સુગમ છે. વિશેષ એ કે-ઉપનય આ પ્રમાણે જાણવો-જે પુરુષ, સેવાયો થકો યોગ્ય કાલમાં ઉચિત ઉપકારરૂપ ફલને આપે છે તે આમ્રપ્રલંબકોરક સમાન, વળી જે પુરુષ સેવકને ઘણા કાળ વડે કષ્ટથી મહાન્ ઉપકારફલને કરે છે તે તાલપ્રલંબકોરક સમાન, વળી જે પુરુષ ક્લેશ વિના તત્કાલ ફલને આપે છે તે વલ્લીપ્રલંબકોરક સમાન અને જે પુરુષ સેવાયો થકો પણ સારાં વચનોને જ કહે છે પરંતુ કંઈપણ ઉપકાર કરતો નથી તે મેંઢવિષાણકોરક સમાન જાણવો. આવલના કોરકનો સુવર્ણ જેવો વર્ણ હોવાથી અને ન ખાવા લાયક ફલને દેનાર હોવાથી તેની ઉપમા આપી છે. ॥૨૪૨॥

પુરુષના અધિકારમાં જ ઘુણ (લાકડાને કોતરનાર જંતુ) ના સૂત્રને કહે છે—

**चत्तारि घुणा पन्नत्ता, तंजहा—तयक्खाते, छल्लिक्खाते, कट्ठक्खाते, सारक्खाते। एवामेव चत्तारि भिक्खागा पन्नत्ता, तंजहा—तयक्खायसमाणे जाव सारक्खायसमाणे। तयक्खातसमाणस्स णं भिक्खागस्स सारक्खातसमाणे तवे पण्णत्ते, सारक्खायसमाणस्स णं भिक्खागस्स तयक्खातसमाणे तवे पण्णत्ते, छल्लिक्खायसमाणस्स णं भिक्खागस्स कट्ठक्खायसमाणे तवे पण्णत्ते, कट्ठक्खायसमाणस्स णं भिक्खागस्स छल्लिक्खायसमाणे तवे पण्णत्ते ॥ सू० २४३॥**

*(મૂ૦) ચાર પ્રકારના ઘુણા (કાષ્ઠમાં ઉપજે તે જીવો) કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક ઘુણો બહારની ત્વચા (છાલ) ને*

*ખાનાર, કોઈએક અંતરની છાલને ખાનાર, કોઈએક લાકડાને ખાનાર અને કોઈએક લાકડાના સાર(ગર્ભ)ને ખાનાર. આ દૃષ્ટાંતે ચાર પ્રકારે ભિક્ષુકો-સાધુઓ કહેલા છે, તે આ પ્રમાણે—એક બહારની ત્વચા-છાલના ખાનાર ઘુણા સંરખા, તે સાધુ આયંબિલ પ્રમુખ તપ કરનાર અને તુચ્છ આહારના કરનાર, એક અંદરની છાલને ખાનાર ઘુણા સમાન સાધુ, તે લેપ રહિત (ચણા વગેરે) આહારના કરનાર, કોઈક કાષ્ઠના ખાનાર ઘુણા સમાન સાધુ, વિગય રહિત આહાર કરનાર, કોઈક સાર ખાનાર ઘુણા સમાન સાધુ, સરસ ભોજન કરનાર, ત્વચાને ખાનાર સમાન સાધુનું સાર ખાનારના જેવું તપ છે, સારને ખાનાર સમાન સાધુનું ત્વચાને ખાનાર સમાન તપ છે, છાલને ખાનાર સમાન સાધુનું કાષ્ઠને ખાનાર સમાન તપ છે અને કાષ્ઠને ખાનાર સમાન સાધુનું છાલને ખાનાર સમાન તપ છે. ॥૨૪૩॥*

(ટી૦) **त्वचं**-બહારની છાલને જે ખાય છે તે **त्वक्खाद**—ત્વચાને ખાનાર, એવી રીતે શેષ (ત્રણ) જાણવા. વિશેષ એ કે- **'छल्लि'** त्ति० અંદરની છાલ, કાષ્ઠ-લાકડું અને સાર-લાકડાનો મધ્ય-અંદરનો ભાગ, આ દૃષ્ટાંત છે. **'एवमेव'**त्यादि० ઉપનય સૂત્ર છે. ભિક્ષણ સ્વભાવવાળા, યાચનાના ધર્મવાળા અથવા ભિક્ષામાં શ્રેષ્ઠ તે ભિક્ષાકો (મુનિઓ), ત્વચાને ખાનાર ઘુણા સમાન-અત્યંત સંતોષીપણાએ આયંબિલાદિ તપમાં પ્રાંત-તુચ્છ આહારના ખાનાર હોવાથી ત્વચાને ખાનાર જેવો ૧. એવી રીતે અંદરની છાલને ખાનાર જેવો, લેપ રહિત આહારને કરનાર હોવાથી ૨. કાષ્ઠને ખાનાર જેવો, વિગય રહિત આહાર કરવાથી ૩. સાર ખાનાર જેવો, સર્વકામગુણ-ઈંદ્રિયોને પુષ્ટિ કરનાર આહાર કરવાથી, આ ચારે ભિક્ષુઓના તપવિશેષને કહેનારું સૂત્ર **'तयक्खाये'** त्यादि० સુગમ છે. ભાવાર્થ એ છે કે-બહારની છાલ જેવા અસાર આહાર વાપરનારને આસક્તિપણું ન હોવાથી કર્મના ભેદ (વિનાશ) ને સ્વીકારીને વજ્રસાર (વજ્ર જેવું) તપ હોય છે, માટે સૂચના કરે છે—**'सारक्खायसमाणे तवे'** त्ति० સારને ખાનાર હોવાથી સાર ખાનર ઘુણાનું સામર્થ્ય અને વજ્ર જેવું મુખ હોવાથી ૧, સારને ખાનાર કહેલ લક્ષણવાળા સાધુનું સરાગપણાએ બહારની છાલને ખાનાર સમાન તપ હોય છે, તે કર્મના રસને ભેદવાને સમર્થ થતું નથી, બહારની છાલને ખાનાર ઘુણાને ચોક્કસ ત્વક્ (છાલ) નું ખાવાપણું હોવાથી કાષ્ઠના સારના ભેદન પ્રત્યે અસમર્થ હોવાથી ૨, તથા અંતરછાલને ખાનાર ઘુણા જેવા સાધુને બહારની છાલ ખાનાર ઘુણા જેવાની અપેક્ષાએ કંઈક વિશિષ્ટ-સારા ભોજનના કરવા વડે કઈક સરાગપણું હોવાથી અને કાષ્ઠના સારને અને કાષ્ઠને ખાનાર ઘુણા સમાન સાધુની અપેક્ષાએ તો હલકાં ભોજન કરવા વડે આસક્તિ ન હોવાથી કર્મના ભેદન પ્રત્યે કાષ્ઠને ખાનાર ઘુણા સમાન તપ કહ્યું છે. સારને ખાનાર ઘુણાની જેમ અતિ તીવ્ર તપ નહિ અને ત્વક્ અને છાલને ખાનાર ઘુણાની માફક અતિમંદ વગેરે તપ નહિં, આ રહસ્ય છે ૩, કાષ્ઠને ખાનાર ઘુણા જેવા સાધુને સારને ખાનાર ઘુણા જેવાની અપેક્ષાએ સાર રહિત ભોજનને કરવા વડે આસક્તિ ન હોવાથી ત્વક્ (બહારની છાલ) અને અંતર છાલને ખાનાર ઘુણા જેવા સાધુની અપેક્ષાએ વિશેષ સારા ભોજનને કરવા વડે અને સરાગપણું હોવાથી છાલને ખાનાર ઘુણા સમાન તપ કહ્યું છે, કર્મના ભેદન પ્રત્યે સારને ખાનાર અને કાષ્ઠને ખાનાર ઘુણાની જેમ અતિસમર્થ વગેરે તપ નથી, ત્વક્ને ખાનાર ઘુણાની માફક અતિમંદ પણ નથી ૪, પ્રથમ વિકલ્પમાં પ્રધાનતર તપ, બીજામાં અપ્રધાનતર, ત્રીજામાં પ્રધાન અને ચોથા વિકલ્પમાં અપ્રધાન તપ છે. ॥૨૪૩॥

હમણાં જ વનસ્પતિના અવયવોને ખાનાર ઘુણાઓ કહ્યા, માટે વનસ્પતિની જ પ્રરૂપણા કરતાં કહે છે—

**चउव्विहा तणवणस्सतिकाइया पन्नत्ता, तंजहा—अग्गबीया, मूलबीया, पोरबीया, खंधबीया ॥ सू० २४४॥**

**चउहिं ठाणेहिं अहुणोववण्णे णेरइए णेरइयलोगंसि इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तते, णो चेव णं संचातेति हव्वमागच्छित्तते। अहुणोववण्णे नेरइए णिरयलोगंसि समुब्भूयं[1] वेयणं वेयमाणे इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तते, णो चेव णं संचातेति हव्वमागच्छित्तते १। अहुणोववन्ने णेरइए निरतलोगंसि णिरयपालेहिं**

1. समहब्भूयं

**भुज्जो २ अहिट्ठिज्जमाणे इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तते, णो चेव णं संचातेति हव्वमागच्छित्तते २। अहुणोववन्ने णेरइए णिरतवेयणिज्जंसि कम्मंसि अक्खीणंसि अवेतितंसि अणिज्जिन्नंसि इच्छेज्जा० [माणुसं लोगं हव्वमागच्छित्तते], नो चेव णं संचाएइ [हव्वमागच्छित्तते] ३। एवं णिरयाउअंसि कम्मंसि अक्खीणंसि जाव णो चेव णं संचातेति हव्वमागच्छित्तते ४। इच्चेतेहिं चउहिं ठाणेहिं अहुणोववन्ने नेरतिते जाव नो चेव णं संचातेति हव्वमागच्छित्तए ४ ।। सू० २४५।।**

**कप्पंति णिग्गंथीणं चत्तारि संघाडीओ धारित्तए वा परिहरित्तते वा, तंजहा–एगं दुहत्थवित्थारं, दो तिहत्थवित्थारा ओ एगं चउहत्थवित्थारं ।। सू० २४६।।**

(મૂ૦) *ચાર પ્રકારે તૃણવનસ્પતિકાયિકો કહેલ છે, તે આ પ્રમાણે—અગ્રબીજ કોરંટક, ઘઉં વગેરે, મૂલજીવ-કંદ વગેરે, પર્વબીજ-શેલડી વગેરે અને સ્કંધબીજ-સલ્લકી (કાંસ) વગેરે. ।।૨૪૪।।*

*ચાર સ્થાન-કારણ વડે તત્કાલ ઉત્પન્ન થયેલ નારક, નરકલોકમાંથી મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને માટે ઇચ્છે, પરંતુ તે મનુષ્યલોકમાં આવવાને માટે સમર્થ ન થાય. હમણાં ઉત્પન્ન થયેલો નૈરયિક, નરકલોક (ભૂમિ) માં ઉત્પન્ન થયેલી વેદનાને વેદતો થકો મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને માટે ઇચ્છે, પરંતુ તે મનુષ્યલોકમાં આવવાને માટે સમર્થ ન થાય ૧, વર્તમાનમાં ઉત્પન્ન થયેલ નૈરયિક, નરકભૂમિમાં નરકપાલો-પરમાધામીઓ વડે વારંવાર આક્રમણ કરાયો થકો મનુષ્યલોકમાં શીઘ્ર આવવાને માટે ઇચ્છે પરન્તુ આવવા માટે સમર્થ ન થાય ૨, વર્તમાનમાં ઉત્પન્ન થયેલ નૈરયિક, નરકમાં ભોગવવા યોગ્ય અસાતાવેદનીયાદિ કર્મ, સ્થિતિ વડે ક્ષીણ ન થયે છતે, વિપાક વડે ન ભોગવાયે છતે અને આત્મપ્રદેશથી અલગ ન થયે છતે મનુષ્યલોકમાં આવવાને માટે ઇચ્છે, પરંતુ આવવા માટે સમર્થ ન થાય. ૩, એવી રીતે નરકાયુષ્ક કર્મ, સ્થિતિથી ક્ષીણ ન થયે છતે યાવત્ શબ્દ વડે વિપાકથી ન વેદાયે છતે અને નિર્જરા નહિં થયે છતે નૈરયિક મનુષ્યલોકમાં આવવાને માટે ઇચ્છે, પરંતુ આવી શકે નહીં. ૪, આ ઉક્ત ચાર કારણ વડે વર્ત્તમાનમાં ઉત્પન્ન થયેલ નૈરયિક યાવત્ મનુષ્યલોકમાં આવવાને માટે શક્તિમાન થાય નહિ. ।।૨૪૫।।*

*નિર્ગ્રંથી-સાધ્વીઓને ચાર સંઘાટિકા-પછેડી (ચાદર) ધારવા માટે, લેવા માટે અને ઓઢવા માટે કલ્પે છે, તે આ પ્રમાણે—એક પછેડી બે હાથના વિસ્તારવાળી, ઉપાશ્રયમાં ઓઢવા માટે. બે પછેડી ત્રણ હાથના વિસ્તારવાળી, તેમાં એક ગોચરીમાં અને એક સ્થંડિલભૂમિમાં જવા માટે. એક ચાર હાથના વિસ્તારવાળી પછેડી, તે સમવસરણમાં જવા માટે ઓઢે. ।।૨૪૬।।*

(ટી૦) '**चउव्विहे**' त्यादि० વનસ્પતિઓ પ્રસિદ્ધ છે. તે જ કાય-શરીર છે જેઓને તે વનસ્પતિકાયો, તેઓ જ વનસ્પતિકાયિકો, તૃણની જાતિવાલા વનસ્પતિકાયિકો તે તૃણવનસ્પતિકાયિકો અર્થાત્ બાદરો. અગ્ર-આગળ બીજ છે જેઓનું તે અગ્રબીજો, કોરંટક વગેરે અથવા અગ્ર-આગળના ભાગમાં બીજ છે જેઓને તે અગ્રબીજો-વ્રીહી [ચોખાની જાત] વગેરે. મૂલમાં જ બીજ છે જેઓને તે મૂલબીજો-કમલના કંદ વગેરે, એવી રીતે પર્વબીજો-શેલડી વગેરે, સ્કંધબીજો-સલ્લકી વગેરે. સ્કંધ એટલે થડ. આ સૂત્રો બીજા વનસ્પતિ જીવોનો નિષેધ કરનારા નથી, તેથી બીજરુહ-બીજથી ઉત્પન્ન થનાર અને સમ્મૂર્ચ્છન-સ્વાભાવિક ઉત્પન્ન થનાર વગેરે વનસ્પતિઓનો અભાવ માનવો નહિ. જો અભાવ માનીએ તો બીજા સૂત્ર સાથે વિરોધ આવે. ।।૨૪૪।।

હમણાં જ વનસ્પતિ જીવોના ચાર સ્થાનક કહ્યા, હવે જીવના સાધર્મ્યથી નારકજીવોને આશ્રયીને તે કહે છે—'**चउहीं**' त्यादि० સુગમ છે. વિશેષ એ કે—'**ठाणेहिं**'ति० કારણો વડે '**अहुणोववन्ने**'त्ति० તત્કાલ ઉત્પન્ન થયેલ, નીકળી ગયેલ છે શુભ કર્મમાંથી તે નિરય-નરક, તેમાં ઉત્પન્ન થયેલ તે નૈરયિક, તેનું અનન્ય (બીજું નહિ એવું) ઉત્પત્તિનું સ્થાનપણું બતાવવા માટે કહે છે કે-નરકલોકમાં, તે સ્થાનથી આ મનુષ્ય લોક-ક્ષેત્રવિશેષ પ્રત્યે '**हव्व**' શીઘ્ર આવવા માટે ઇચ્છે '**नो चेव**'ति० નહીં.

'णं' વાક્યાલંકારમાં છે. 'संचाइह' આવવા માટે સમર્થ, અર્થાત્ આવી શકે નહિ. 'समुब्भूयं' ति० અત્યંત પ્રબલપણાએ ઉત્પન્ન થયેલી, પાઠાંતરથી सम्मुखभूतां એક હેલા માત્રમાં (થોડી વારમાં) ઉત્પન્ન થયેલી, પાઠાંતરથી समहद्भूतां અથવા સુમહદ્ભૂતાં–જે મહાન્ નથી તેને મહાન્ થવું તે મહદ્ભૂત, તેની સાથે જે તે समहद्भूता અથવા सुमहद्भूतां—જે મહાન્ નથી તેને મહાન્ થવું તે મહદ્ભૂત, તેની સાથે જે તે સમહદ્ભૂતા અથવા સુમહદ્ભૂતા, એવી દુઃખરૂપ વેદનાને અનુભવતો થકો ઇચ્છા કરે, મનુષ્યલોકમાં આવવાની ઇચ્છાનું આ પ્રથમ કારણ (૧), અસમર્થનું એ જ કારણ છે કેમ કે તીવ્ર વેદનાથી પરાભવ *પામેલ આવવા માટે સમર્થ થતો નથી. અંબ વગેરે નરકપાલો વડે વારંવાર દબાયો થકો (નારક), મનુષ્યલોકમાં આવવાને* ઇચ્છે, આ આગમનની ઇચ્છાનું બીજું કારણ (૨), અને આવવામાં અશક્તિનું એ જ કારણ છે, કેમ કે તેઓ વડે અત્યંત દબાયેલ હોવાથી આવવાને અશક્ત છે. તથા નરકભૂમિમાં જે અનુભવાય છે અથવા નરકભૂમિને યોગ્ય જે વેદનીય તે નિરયવેદનીય અત્યંત અશુભ નામકર્મ વગેરે અથવા અસાતાવેદનીય, તે કર્મસ્થિતિ વડે ક્ષીણ ન થયે છતે, અનુભાગ–વિપાક વડે અનુભવ ન થયે છતે, જીવના પ્રદેશોથી દૂર ન થયે છતે, મનુષ્યલોક પ્રત્યે આવવાની ઇચ્છા કરે પરંતુ આવી શકે નહિ. અવશ્ય વેદવા યોગ્ય કર્મરૂપ નિગડ (બેડી) વડે બંધાયેલ હોવાથી આવવાની અસમર્થતામાં એ જ કારણ છે (૩), તથા 'एव' मिति० 'अहुणोवन्ने' ઇત્યાદિ અભિલાપ–કથન સારી રીતે સૂચન કરવા માટે છે. નરકનું આયુષ્યકર્મ ક્ષીણ ન થયે છતે યાવત્ શબ્દથી अवेइए ઇત્યાદિ પાઠ જોવો (૪), નિગમન (નિચોડ) કરતા થકા કહે છે—'इच्चेएहिं' ति० આ ચાર પ્રકારના પ્રત્યક્ષ કારણો વડે હમણાં જ કહેવાયું ॥૨૪૫॥

હમણાં જ નારકનું સ્વરૂપ કહ્યું, નારકો અસંયમને સહાયક પરિગ્રહથી ઉત્પન્ન થાય છે માટે તેના વિપક્ષીભૂત (સંયમને સહાયક) પરિગ્રહવિશેષને ચાર સ્થાનકમાં અવતારતા થકા કહે છે—'कप्पंती' त्यादि० કલ્પે છે–યુક્ત છે, ગ્રંથથી–બંધના હેતુભૂત સુવર્ણ વગેરેથી અને મિથ્યાત્વાદિથી નિર્ગત–મુક્ત થયેલી નિર્ગ્રંથીઓ–સાધ્વીઓ, તેણીઓને સંઘાટીઓ ઉત્તરીય (વસ્ત્ર) વિશેષ–પછેડીઓ (ચાદરો) સ્વીકારવામાં, પહેરવા માટે, બે હાથનો વિસ્તાર–પહોળાઈ છે જેણીનો તે બે હાથવાળી 'कल्पन्ते' આ ક્રિયાપદની અપેક્ષાએ સંઘાટીઓનું કર્તાપણું છે, 'एगं दुहत्थवित्थारं, एगं चउहत्थवित्थारं' ति० અહિં પ્રથમ વિભક્તિના અર્થમાં પ્રાકૃતપણાથી બીજી વિભક્તિ કહેલી છે અથવા धारयन्ति [1]परिभुञ्जते च આવી રીતે પ્રત્યયના ફેરફાર વડે ક્રિયાનું અનુસ્મરણ કરવાથી દ્વિતીયા વિભક્તિ જ થાય છે, તે પછેડીના (પાંગરણી–ચાદર) વિષયમાં પહેલી (બે હાથના વિસ્તારવાળી) ઉપાશ્રયમાં ઓઢવા યોગ્ય છે. ત્રણ હાથના વિસ્તારવાળી બે પછેડી પૈકી એક ગોચરી જવામાં, બીજી સ્થંડિલભૂમિ જવામાં અને ચોથી સમવસરણમાં. કહ્યું છે કે—

**संघाडीओ चउरो, तत्थ दुहत्था उवसयंमि । दुन्नि तिहत्थायामा, भिक्खट्ठा एग एग उच्चारे ।।४।।**

**ओसरणे चउहत्थाऽनिसन्नपच्छायणी मसिणा ।** **[बृहत्कल्प० ४०८९-४०९० इति]**

સાધ્વીઓને ચાર સંઘાટીઓ કલ્પે છે, તેમાં બે હાથના વિસ્તારવાળી ઉપાશ્રયમાં ઓઢવા માટે, ત્રણ હાથની પહોળાઈવાળી બે પછેડી પૈકી એક ભિક્ષાને અર્થે અને એક ઉચ્ચાર (વડીનિત) જવામાં. આ સર્વ પછેડીઓ લંબાઈમાં સાડાત્રણ હાથ અથવા ચાર હાથની જોઈએ. અને (એકપણ ચાદર) ઓઢ્યા સિવાય ક્યારે પણ ખુલ્લે શરીરે રહેવું નહિ. (૪)

સમવસરણમાં ચાર હાથના વિસ્તારવાળી અને ચાર હાથની લાંબી પછેડી ઓઢવી કલ્પે, કેમ કે **સમવસરણમાં સાધ્વીઓએ ઊભા રહેવું જોઈએ, તેઓથી બેસાય નહિં** માટે સમસ્ત અંગને ઢાંકવા વાસ્તે પછેડી મોટી જોઈએ. આ ચાર પછેડીઓ દેહને ઢાંકવા માટે તથા શ્લાઘાદિને માટે ઓઢાય છે (૪). ॥૨૪૬॥

1. 'धारित्तए वा परिहरित्तए वा, धारयितुम् परिहरिहत्तुम्' અહિ तुम् પ્રત્યયને બદલે धारयन्ति परिभुञ्जते આ ક્રિયાપદ લીધેલ છે.

નારકપણું ધ્યાનવિશેષથી હોય છે અને ધ્યાનવિશેષ માટે જ સંઘાટિકા વગેરેનું ગ્રહણ છે, એ હેતુથી ધ્યાનનું વર્ણન કરે છે—

**चत्तारि झाणा पन्नत्ता, तंजहा—अट्टे झाणे, रोद्दे झाणे, धम्मे झाणे, सुक्के झाणे। अट्टे झाणे चउव्विहे पन्नत्ते, तंजहा- अमणुन्नसंपओगसंपउत्ते[1] तस्स विप्पओगसतिसमण्णागते यावि भवति १, मणुन्नसंपओगसंपउत्ते तस्स अविप्पओगसतिसमण्णागते यावि भवति २, आयंकसंपओगसंपउत्ते तस्स विप्पओगसतिसमण्णागए यावि भवति ३, परिजुसितकामभोगसंपओगसंपउत्ते[2] तस्स अविप्पओगसतिसमण्णागते यावि भवइ ४। अट्टस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—कंदणता, सोतणता, तिप्पणता, परिदेवणता।**

**रोद्दे झाणे चउव्विहे पन्नत्ते, तंजहा—हिंसाणुबंधि, मोसाणुबंधि, तेणाणुबंधि, सारक्खणाणुबंधि। रोद्दस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—ओसण्णदोसे, बहुदोसे, अन्नाणदोसे, आमरणंतदोसे।**

**धम्मे झाणे चउव्विहे चउप्पदोयारे पन्नत्ते, तंजहा—आणाविजते, अवायविजते, विवागविजते, संठाणविजते। धम्मस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—आणारुई, णिसग्गरुई, सुत्तरुई, ओगाढरुई। धम्मस्स णं झाणस्स चत्तारि आलंबणा पन्नत्ता, तंजहा—वायणा, पडिपुच्छणा, परियट्टणा, अणुप्पेहा। धम्मस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पन्नत्ताओ, तंजहा—एगाणुप्पेहा, अणिच्चाणुप्पेहा, असरणाणुप्पेहा, संसाराणुप्पेहा।**

**सुक्के झाणे चउव्विहे चउप्पडोयारे पन्नत्ते, तंजहा—पुहत्तवितक्के सवियारी १, एगत्तवितक्के अवियारी २, सुहुमकिरिते अणियट्टी ३, समुच्छिन्नकिरिए अप्पडिवाती ४। सुक्कस्स णं झाणस्स चत्तारि लक्खणा पन्नत्ता, तंजहा—अव्वहे, असम्मोहे, विवेगे, विउस्सग्गे। सुक्कस्स णं झाणस्स चत्तारि आलंबणा पन्नत्ता, तंजहा—खंती, मुत्ती, मद्दवे, अज्जवे। सुक्कस्स णं झाणस्स चत्तारि अणुप्पेहाओ पन्नत्ताओ, तंजहा—अणंतवत्तियाणुप्पेहा, विप्परिमाणुप्पेहा, असुभाणुप्पेहा, अवायाणुप्पेहा ॥ सू० २४७॥**

*(મૂ૦) ચાર પ્રકારના ધ્યાન કહેલા છે, તે આ પ્રમાણે—આર્ત્તધ્યાન–પીડામાં થયેલું, દૃઢ અધ્યવસાયરૂપ ધ્યાન, રૌદ્રધ્યાન–હિંસાદિ અતિ ક્રૂરતાથી થયેલું ધ્યાન, ધર્મધ્યાન–શ્રુત અને ચારિત્ર ધર્મથી યુક્ત અને શુક્લધ્યાન–કર્મમલને શુદ્ધ કરનારું ધ્યાન. આર્ત્તધ્યાન ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—અમનોજ્ઞ વસ્તુનો સંબંધ થવાથી તેના વિયોગની ચિંતા (વિચારણા) વાળું થાય છે તે **અનિષ્ટયોગઆર્ત્તધ્યાન** ૧, મનોજ્ઞ વસ્તુનો સંબંધ થવાથી તેનો વિયોગ ન થવાની ચિંતાવાળું થાય છે તે **ઈષ્ટવિયોગઆર્ત્તધ્યાન** ૨, આતંક–રોગનો સંબંધ થવાથી તેના વિયોગ (નાશ) ની ચિંતાવાળું થાય છે તે **રોગચિંતાઆર્ત્તધ્યાન** ૩, અને સેવાયેલ કામભોગનો સંબંધ થવાથી તેનો વિયોગ ન થવાની ચિંતાવાળું થાય છે તે **ભોગાર્ત્તધ્યાન** છે. ૪, આર્ત્તધ્યાનના ચાર લક્ષણો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. કંદનતા–મોટે સાદે રોવું, ૨. શોચનતા–દીનતા કરવી, ૩. તેપનતા–આંસુ પાડવા અને ૪. પરિદેવનતા–વારંવાર દુઃખપૂર્વક બોલવું. રૌદ્રધ્યાન ચાર પ્રકારે કહેલું છે, તે આ પ્રમાણે—૧. હિંસાનુબંધી–જીવહિંસાના અનુબંધ (પ્રવૃત્તિ) વાળું ધ્યાન, ૨. મૃષાનુબંધી–ચાડીચુગલી પ્રમુખ અસત્યના અનુબંધવાળું ધ્યાન, ૩. સ્તેયાનુબંધી–પરદ્રવ્યને ચોરવાના અનુબંધવાળું ધ્યાન અને ૪. સંરક્ષણાનુબંધી–વિષયના સાધન અને ધન વગેરેના સારી રીતે રક્ષણ કરવાના અનુબંધવાળું ધ્યાન. રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. ઓસન્નદોષ–હિંસાદિ દોષમાંથી કોઈક એક દોષમાં વિશેષ પ્રવૃત્તિ કરે, ૨. બહુલદોષ–હિંસા વગેરે બધા દોષોમાં વિશેષ પ્રવર્તે, ૩. અજ્ઞાનદોષ–કુશાસ્ત્રના સંસ્કારથી હિંસાદિમાં*

1. असमणुण्णसंप 2. परिझुसियकाम

*પ્રવર્તે અને ૪. જ્યાં સુધી જીવે ત્યાં સુધી પાપ કરે તે આમરણાંતદોષ. ધર્મધ્યાન ચાર પ્રકારે છે અને ચાર પદમાં અવતારવાળું છે, તે આ પ્રમાણે—૧. આજ્ઞાવિચય-૧. પ્રભુના વચનનો સમ્યગ્ રીતે વિચાર કરવો, ૨. અપાયવિચય-રોગ વગેરેથી થતા દોષનો અને તેનાથી છૂટવાનો વિચાર કરવો, ૩. વિપાકવિચય-કર્મના વિપાક-શુભાશુભ ફલનો વિચાર કરવો અને ૪. સંસ્થાનવિચય-ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિંતન કરવું. ધર્મધ્યાનનાં ચાર લક્ષણો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. આજ્ઞારુચિ-ભગવંત ભાષિત અર્થ (નિર્યુક્તિ વગેરે) માં રુચિ, ૨. નિસર્ગરુચિ-ઉપદેશ વિના જિનપ્રવચનમાં રુચિ, ૩. સૂત્રરુચિ-આગમને વિષે રુચિ અને ૪. અવગાઢરુચિ-દ્વાદશાંગી સિદ્ધાંતને વિસ્તારથી જાણવાની રુચિ. ધર્મધ્યાનના ચાર આલંબનો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. વાચના-સૂત્રાર્થનું આપવું, ૨. પ્રતિપૃચ્છના-શંકાને ટાળવા માટે ગુરુને પૂછવું, ૩. પરિવર્ત્તના-ભણેલા સૂત્રાદિનું યાદ કરવું અને ૪. અનુપ્રેક્ષા-સૂત્રાદિના રહસ્યનું ચિંતન કરવું. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા (ધ્યાન પછીની વિચારણા) કહેલી છે, તે આ પ્રમાણે-૧. એકત્વાનુપ્રેક્ષા-'હું એક છું, મારુ કોઈ નથી' ઇત્યાદિ વિચારણા, ૨. અનિત્યાનુપ્રેક્ષા-સંપત્તિ વગેરે સર્વ વસ્તુ ક્ષણભંગુર છે ઇત્યાદિ વિચારણા, ૩. અશરણાનુપ્રેક્ષા-દુઃખથી મુક્ત કરનાર ધર્મ સિવાય અન્ય કોઈ શરણભૂત નથી ઇત્યાદિ વિચારણા અને ૪. સંસારાનુપ્રેક્ષા-સંસારની વિચિત્રતાની વિચારણા. શુક્લધ્યાન ચાર પ્રકાર અને ચાર પદમાં અવતારવાળું કહેલું છે, તે આ પ્રમાણે—૧. પૃથક્ત્વવિતર્કસવિચારી-એક દ્રવ્યને આશ્રિત ઉત્પાદ વગેરે પર્યાયોનું શ્રુતના આલંબનપૂર્વક ભિન્ન ભિન્ન પણે ચિંતવવું, ૨. એકત્વવિતર્કઅવિચારી-ઉત્પાદ વગેરે પર્યાયોમાંથી કોઈએક પર્યાયને અભેદપણાએ અવલંબીને શ્રુતના આલંબનપૂર્વક અર્થ અને શબ્દના વિચાર રહિત ચિંતન, ૩. સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ-ઉચ્છ્વાસ વગેરે સૂક્ષ્મ કાયાની ક્રિયાની નિવૃત્તિ થયેલ નથી, તે કેવલીને ચૌદમે ગુણઠાણે યોગને નિરોધ કરતા સમયે હોય છે, ૪. સમુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી-સમસ્ત યોગની ક્રિયાનો ઉચ્છેદ થાય છે તે અપ્રતિપાતી, અર્થાત્ અક્રિયપણું પ્રાપ્ત થાય છે. શુક્લધ્યાનના ચાર લક્ષણો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. અવ્યથ-દેવાદિકૃત ઉપસર્ગથી ભય રહિત, ૨. અસંમોહ-સૂક્ષ્મ પદાર્થના વિષયમાં મૂઢતા રહિત, ૩. વિવેક-દેહાદિથી આત્માદિ પદાર્થનું પૃથક્કરણરૂપ, ૪. વ્યુત્સર્ગ-દેહ અને ઉપાધિનો ત્યાગ. શુક્લધ્યાનના ચાર આલંબનો કહેલાં છે, તે આ પ્રમાણે—૧. ક્ષમા, ૨. નિર્લોભતા, ૩. માર્દવ-કોમલતા અને ૪. આર્જવ-સરલતા. શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કહેલી છે, તે આ પ્રમાણે—૧. અનંતવૃત્તિતાનુપ્રેક્ષા-આ સંસારમાં જીવ અનંતી વાર ભટક્યો છે ઇત્યાદિ વિચારણા, ૨. વિપરિણામાનુપ્રેક્ષા-વસ્તુઓનું વિવિધ પ્રકારે પરિણમન થાય છે એવી વિચારણા, ૩. અશુભાનુપ્રેક્ષા- સંસારના અશુભપણાની વિચારણા અને ૪. અપાયાનુપ્રેક્ષા-આશ્રવ વગેરેથી થતા દોષોની વિચારણા. ॥૨૪૭॥*

(ટી૦) આ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે-ધ્યાતિઓ-ધ્યાનો, **અંતર્મુહૂર્ત્ત માત્ર કાલ સુધી ચિત્તની સ્થિરતાના લક્ષણવાળાં છે.** કહેલું છે કે—

**अंतोमुहुत्तमित्तं, चित्तावत्थाणमेगवत्थुम्मि । छउमत्थाणं झाणं, जोगनिरोहो जिणाणं तु ।।५।।** [ध्यानशतक० ३ त्ति]

કોઈપણ એક વસ્તુ (જેમાં ગુણ અને પર્યાયો વસે છે તે) માં અંતર્મુહૂર્ત માત્ર ચિત્તની સ્થિરતા તે છદ્મસ્થોનું ધ્યાન અને 'યોગનો નિરોધ' કરવો તે કેવલીઓનું[1] ધ્યાન હોય છે. (૫)

તેમાં ઋત-દુઃખ, તેનું નિમિત્ત, અથવા કોઈક નિમિત્તે થયેલું અથવા ઋત-દુઃખિત સ્થિતિમાં થયેલું તે આર્ત્ત, ધ્યાન-દૃઢ અધ્યવસાયરૂપ ૧, હિંસાદિમાં અત્યંત ક્રૂરતા વડે આવેલું ધ્યાન તે રૌદ્ર ૨, શ્રુતધર્મ અને ચારિત્રધર્મથી યુક્ત ધ્યાન તે ધર્મ્ય-ધર્મ ધ્યાન ૩. અને આઠ પ્રકારે કર્મના મળને શોધે છે અથવા શુચ-શોકને દૂર કરે છે તે શુક્લ ૪. **'चउव्विहे'** त्ति० ચાર છે

1. કેવલીને ભાવમન હોતું નથી તેથી ચિત્તની સ્થિરતારૂપ ધ્યાન ન હોય, પરંતુ તેરમે ગુણઠાણે ધ્યાનાંતરિકા હોય છે. ચૌદમે ગુણઠાણે શૈલેશીકરણ કરતાં યોગનિરોધરૂપ ધ્યાન હોય છે.

ભેદો જેના તે ચતુર્વિધ, અમનોજ્ઞ–અનિષ્ટ, 'असमणुन्नस्स' त्ति० (આ) પાઠાંતરમાં અસ્વમનોજ્ઞ–આત્માને અપ્રિય શબ્દાદિ વિષયનો, અથવા તેના સાધનભૂત વસ્તુનો જે સંપ્રયોગ–સંબંધ, તેથી સંપ્રયુક્ત સંબંધ–આત્માને અપ્રિય વિષયના સાધનભૂત વસ્તુનો સંયોગ તે અમનોજ્ઞસંપ્રયોગસંપ્રયુક્ત અથવા અસ્વમનોજ્ઞસંપ્રયોગસંપ્રયુક્ત, તેનો અમનોજ્ઞ શબ્દાદિના વિયોગ માટે સ્મૃતિચિંતાને જે જીવ સંપ્રાપ્ત થાય છે તે, અભેદ ઉપચારથી આર્ત્ત કહેવાય છે. 'च' અને 'अपि' શબ્દ બીજા ભેદોની અપેક્ષાએ સમુચ્ચય અર્થવાળા છે. અથવા અમનોજ્ઞ વસ્તુના સંબંધ સહિત જે જીવ, તે પ્રાણીને, વિપ્રયોગ–સંબંધથી અમનોજ્ઞ શબ્દાદિ વસ્તુઓના વિયોગમાં સ્મૃતિ–વિચારણાનું સારી રીતે આવવું, તે વિપ્રયોગસ્મૃતિસમન્વાગત અર્થાત્ વિયોગની ચિંતાવાળું અને અનિષ્ટ સંયોગવાળું આર્ત્તધ્યાન થાય છે. 'च' અને 'अपि' પૂર્વવત્ છે. અથવા અમનોજ્ઞ વસ્તુના સંયોગયુક્ત પ્રાણીમાં 'तस्ये' त्ति० અમનોજ્ઞ શબ્દાદિના વિયોગની ચિંતાવાળું આર્ત્તધ્યાન છે. કહ્યું છે કે—

**"आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ।"** **[तत्त्वार्थ० अ० ९, सू० ३१ त्ति]**

અણગમતા પદાર્થોનો સંબંધ થાય ત્યારે તેનાથી છુટવા માટે અનુચિંતન કરવું. આ પહેલો ભેદ. એવી રીતે પાછળના ભેદો પણ જાણવા. વિશેષ એ કે–મનોજ્ઞ–વહાલા ધન, ધાન્યાદિનો વિયોગ ન થાઓ એમ ચિંતવવું તે બીજું (ભેદ) આર્ત્ત, આતંક–રોગ એ ત્રીજું, તથા 'परिजुसिय' त्ति० સેવાયેલા જે કામો–ઇચ્છવા યોગ્ય, ભોગો–શબ્દ વગેરે અથવા શબ્દ અને રૂપ તે કામો અને ગંધ, રસ તથા સ્પર્શ તે ભોગો અર્થાત્ કામભોગો અથવા 'कामानां' શબ્દ વગેરેનો જે ભોગ, તેના વડે જોડાયેલ, પાઠાંતરમાં તો તેઓનું કામભોગના સંબંધ વડે જે યુક્ત તે નિષેવિત કામભોગસંપ્રયોગસંપ્રયુક્ત, અથવા—'परिझुसिय' त्ति० જરા વગેરે વડે ક્ષીણ થયેલ અને કામભોગ વડે જોડાયેલ જે જીવ, તેને કામભોગના જ અવિયોગની સ્મૃતિનું પ્રાપ્ત થવું (આવવું) તે પણ આર્ત્તધ્યાન કહેવાય છે. આ ચોથો ભેદ છે. બીજો ભેદ વલ્લભ ધનાદિના વિષયવાળો છે અને ચોથો ભેદ તે ધનાદિથી મળેલ શબ્દાદિ ભોગના વિષયવાળો છે. એ પ્રમાણે આ બન્ને વચ્ચે રહેલ તફાવત વિચારવો. શાસ્ત્રાંતરમાં તો બીજા અને ચોથા ભેદનું એકપણા વડે ત્રીજું કહેલ છે, અને ચોથો ભેદ તો ત્યાં નિદાન (નીયાણું) કહેલ છે. કહ્યું છે કે—

**अमणुन्नाणं सद्दाइविसयवत्थूण दोसमइलस्स । (वस्तूनि-शब्दादिसाधनानि दोसोत्ति द्वेषः)**
**धणियं वियोगचिंतणमसंपओगाणुसरणं च ॥६॥ [ध्यानशतक ६ त्ति]**

અમનોજ્ઞ શબ્દાદિ વિષયના સાધનભૂત વસ્તુઓની (પ્રાપ્તિમાં) દ્વેષવડે મલિન થયેલ જીવને એના વિયોગની અત્યંત ચિંતા થાય–'કઈ રીતે એનો વિયોગ થાય અને ભવિષ્યમાં પણ એનો સંયોગ ન થાઓ' એમ અનુસ્મરણ કરે તે પ્રથમ ભેદ.(૬)

**तह सूल-सीसरोगाइवेयणाए विओगपणिहाणं । तयसंपओगचिंता, तप्पडियाराउलमणस्स ॥७॥[ध्यानशतक ७ त्ति]**

શૂલરોગ અને મસ્તકના રોગ વગેરેની પીડાના વિયોગનું દૃઢ ચિંતન અને ભવિષ્યમાં રોગ ન થાઓ એથી વિચારણારૂપ જે ધ્યાન તે, રોગના પ્રતિકાર–નિવારણ કરવામાં વ્યાકુલ મનવાળાને હોય છે, આ બીજો ભેદ. (૭)

**इट्ठाणं विसयाईण, वेयणाए य रागरत्तस्स । अवियोगज्झवसाणं, तह संजोगाभिलासो य ॥८॥ [ध्यानशतक ८ त्ति]**

ઇષ્ટ વિષયાદિ ભોગવવામાં રાગ વડે આસક્ત થયેલને તેનો વિયોગ ન થવાનો અધ્યવસાય અને તેના સંયોગના અભિલાષરૂપ ધ્યાન હોય છે, આ ત્રીજો ભેદ. (૮)

**देविंद-चक्कवट्टित्तणाइगुणरिद्धिपत्थणामइयं । अहमं नियाणचिंतणमन्नाणाणुगयमच्चंतं ॥९॥ [ध्यानशतक ९ त्ति]**

દેવેંદ્ર અને ચક્રવર્તીત્વ વગેરેના ગુણ (રૂપાદિ) અને ઋદ્ધિ (વિભૂતિ) ની પ્રાર્થનારૂપ અધમ નિદાન (નિયાણા) નું ચિંતન, તે અત્યંત અજ્ઞાનથી થયેલું હોય છે. આ ચોથો ભેદ. (૯)

હવે આર્ત્તધ્યાનનાં લક્ષણો કહે છે–ચિત્તની વૃત્તિરૂપ હોવાથી પરોક્ષ છતાં પણ જેના વડે આર્ત્તધ્યાન નિર્ણય કરાય છે તે લક્ષણો, તેમાં ૧. ક્રંદનતા–મોટા શબ્દ વડે આરડવું–રોવું, ૨. શોચનતા–દીનપણું, ૩. તેપનતા–તિપ્ ધાતુનો ક્ષરણ (ખરી જવું) અર્થ હોવાથી આંસુનું ખરવું, અને ૪. પરિદેવનતા–વારંવાર ખેદપૂર્વક બોલવું. આ જણાવેલ ક્રંદનતાદિ ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ

અને રોગની પીડાથી થયેલ શોકરૂપ આર્ત્તધ્યાનનાં લક્ષણો છે. કહ્યું છે કે—

**तस्सक्कंदण-सोयण-परिदेवण-ताडणाई लिंगाई । इट्ठाणिट्ठवियोगा-ऽवियोग-वियणानिमित्ताई ॥१०॥**

**[ध्यानशतक १५ त्ति]**

આક્રન્દન, શોક, પરિવેદન અને તાડનાદિ આ લિંગો. ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, વેદનાના નિમિત્તોથી થાય છે. (૧૦)

અન્ય નિદાનના અને બીજાઓના લક્ષણો કહે છે. કહ્યું છે કે—

**निंदइ नियकयाइं, पसंसइ सविम्हओ विभूतीओ । पत्थेइ तासु रज्जइ, तयज्जणपरायणो होइ ॥११॥**

**[ध्यानशतक १६ त्ति]**

પોતાના કરેલા કાર્યના અલ્પ ફલોને નિંદે છે, બીજાની વિભૂતિઓને આશ્ચર્ય સહિત પ્રશંસે છે, પ્રાર્થના કરે છે અને પ્રાપ્ત થયેલ ઋદ્ધિઓમાં રાગવાળો થાય છે. વળી તેને મેલવવામાં તત્પર થાય છે. (૧૧)

હવે રૌદ્રધ્યાનના ભેદો કહેવાય છે–હિંસા એટલે વિવિધ વધબંધનાદિ વડે પ્રાણીઓને પીડા પ્રત્યે **અનુબધ્નાતિ**–નિરંતર પ્રવૃત્ત કરે છે એવા સ્વભાવવાળું જે પ્રણિધાન–દઢ અધ્યવસાય અથવા હિંસાનો અનુબંધ છે જેમાં તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન, આ પ્રક્રમ છે. કહ્યું છે કે—

**सत्तवहवेहबंधणडहणंकणमारणाइपणिहाणं । अइकोहग्गहघत्थं, णिग्घिणमणसोऽहमविवागं ॥१२॥**

**[ध्यानशतक १९ त्ति]**

પ્રાણીઓનો વધ કરવો, વીંધવું, બંધન, બાળવું, અંકન–ચિહ્ન કરવું (આંકવું) અને મારવું વગેરેમાં અતિ ક્રોધરૂપી ગ્રહથી ગ્રહણ કરાયેલ જે દઢ અધ્યવસાયરૂપી રૌદ્રધ્યાન નિર્દય મનવાળાને હોય છે અને તે અધમ (નરકાદિ) ફલવાળું થાય છે. (૧૨)

તથા મૃષા–પિશુન, અસભ્ય, અસદ્ભૂત (અછતું) વગેરે વચનના ભેદો વડે અસત્યના અનુબંધને કરનાર જે ધ્યાન તે મૃષાનુબંધી. કહ્યું છે કે—

**पिसुणा-ऽसब्भा-ऽसब्भूय-भूयघायाइवयणपणिहाणं । मायाविणोऽतिसंधणपरस्स पच्छन्नपावस्स ॥१३॥**

**[ध्यानशतक २० त्ति]**

પિશુન–અનિષ્ટનું સૂચક, સભાને અપ્રિય તે અસભ્ય, અછતું, સત્યનો અપલાપ ઇત્યાદિ વચનના પ્રણિધાનરૂપી રૌદ્રધ્યાન માયાવીઓ, **વ્યાપારી વગેરેને**, કોઈને પણ ઠગવામાં તત્પર થયેલને અને **ગુપ્ત પાપ કરનારને** હોય છે. (૧૩)

સ્તેન–ચોરનું કાર્ય તે સ્તેય (ચોરી), તે પ્રત્યે તીવ્ર ક્રોધ વગેરેથી વ્યાકુલપણાએ અનુબંધનવાળું જે ધ્યાન તે **સ્તેયાનુબંધી**. કહ્યું છે કે—

**तह तिव्वकोह-लोहाउलस्स भूतोवघायणमणज्जं । परदव्वहरणचित्तं, परलोगावायनिरवेक्खं ॥१४॥**

**[ध्यानशतक २१ त्ति]**

તીવ્ર ક્રોધ અને લોભ વડે વ્યાકુલ થયેલને અનાર્યરૂપ, નજીકમાં આવેલ પ્રાણીઓને હણવારૂપ, પારકા દ્રવ્યને ચોરવામાં ચિત્તવાળું અનાર્ય કર્મ અને પરલોકના અપાય–નરકગમન વગેરેથી અપેક્ષા (ભય) રહિત એવું રૌદ્રધ્યાન હોય છે. આ ત્રીજો ભેદ. (૧૪)

સંરક્ષણ-સમગ્ર ઉપાયો વડે વિષયના સાધનભૂત ધનનું રક્ષણ કરવામાં અનુબંધ છે જેમાં તે **સંરક્ષણાનુબંધી**. કહ્યું છે કે—

**सद्दाइविसयसाहणधणसंरक्खणपरायणमणिट्ठं । सव्वाहिसंकण-परोवघायकलुसाउलं चित्तं ।।१५।।**

**[ध्यानशतक २२ त्ति]**

શબ્દાદિ વિષયના સાધનભૂત ધનની રક્ષામાં ઉદ્યમવાળું, સારા માણસોને ઇચ્છવા યોગ્ય નહિ એવું, વળી બધા ઉપર શંકાને લઈને વ્યાકુલ-રખેને કોઈ ધન લઈ જશે એવા વિચારથી બધાઓનો નાશ કરવો એ જ શ્રેય છે, એવા પરોપઘાત કષાયો વડે આકુલ ચિત્તરૂપ રૌદ્રધ્યાન હોય છે. (૧૫)

હવે રૌદ્રધ્યાનનાં લક્ષણો કહેવાય છે—'ओसन्नदोसे'त्ति० હિંસાદિ વગેરેમાંથી કોઈએકને વિષે ઓસન-પ્રવૃત્તિનું જે બહુલપણું તે જ દોષ, અથવા 'ओसन्नं'ति० હિંસાદિ ચાર ભેદમાંથી કોઈ પણ ભેદમાં બહુલતાએ વિરામ ન પામવાથી જે દોષ તે **ઓસન્નદોષ** ૧, વળી હિંસાદિ સર્વમાં પ્રવૃત્તિરૂપ દોષ તે બહુદોષ અથવા બહુ-ઘણા પ્રકારે હિંસા અને અસત્ય વગેરેનો દોષ તે **બહુદોષ** ૨, તથા અજ્ઞાન-કુશાસ્ત્રના સંસ્કારથી નરકાદિના કારણભૂત અધર્મસ્વરૂપ હિંસાદિને વિષે ધર્મની બુદ્ધિ વડે અભ્યુદય-કલ્યાણ માટે પ્રવૃત્તિરૂપ જે દોષ તે **અજ્ઞાનદોષ** અથવા કહેલ લક્ષણવિશિષ્ટ અજ્ઞાન જ દોષ. તે અજ્ઞાન દોષના સ્થાનકે બીજે સ્થલે **'નાનાવિધ દોષ'** એવો પાઠ છે, ત્યાં નાના પ્રકારોમાં કહેલ લક્ષણવાળા હિંસાદિ દોષોને વિષે અનેકવાર પ્રવૃત્તિ તે નાનાવિધદોષ સમજવો ૩, તથા મરણ એ જ અંત તે મરણાંત, મરણના અંત સુધી તે આમરણાંત, નથી થયેલ ખેદ જેને એવા કાલસૌકરિક વગેરે વ્યક્તિની હિંસાદિમાં જે પ્રવૃત્તિ તે આમરણાંત દોષ ૪, હવે સ્વરૂપ વડે ધર્મ્ય-**ધર્મધ્યાન** ચાર પ્રકારે દર્શાવે છે. સ્વરૂપ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષારૂપ ચાર પદોને વિષે વિચારણીયપણાએ અવતાર છે જેનો તે ચતુષ્પદાવતાર, અથવા ચાર પ્રકારનો જ આ પર્યાયવાચક શબ્દ છે. ક્વચિત્ 'चउप्पडोयार' मिति० એવો પાઠ છે, ત્યાં ચાર પદોને વિષે પ્રત્યવતાર છે જેનો એવો સમાસ કરવો. 'आणाविजए'त्ति० આ એટલે અભિવિધિ વ્યાપ્તિથી જણાય છે અર્થો જેના વડે તે આજ્ઞા (પ્રવચન), તે विचीयते-નિર્ણય કરાય છે, અથવા જેને વિષે વિચારાય છે તે આજ્ઞાવિચયધર્મધ્યાન. પ્રાકૃતપણાથી વિજય શબ્દ છે. જે આજ્ઞા विजीयते-અધિગમ-ઉપદેશદ્વારા પરિચયવાળી કરાય છે જેને વિષે એ આજ્ઞાવિજય ૧. એવી રીતે શેષ ત્રણ ભેદો પણ જાણવા. વિશેષ એ કે-૨. અપાયો-પ્રાણીઓને રાગાદિથી ઉત્પન્ન થયેલ ઐહિક તથા પારલૌકિક અનર્થો, ૩. વિપાક-કર્મોનું ફલ-જ્ઞાનાદિને રોકવું વગેરે ૪. સંસ્થાનો-લોક, દ્વીપ, સમુદ્ર અને જીવાદિના આકારો-સ્વરૂપો. કહ્યું છે કે-

**आप्तवचनं प्रवचनमाज्ञा विचयस्तदर्थनिर्णयनम् । आश्रव-विकथा-गौरव-परीषहाद्यैरपायस्तु ।।१६।।**

**अशुभ-शुभ कर्म्मपाकानुचिन्तनार्थो विपाकविचयः स्यात् । द्रव्य-क्षेत्राकृत्यनुगमनं संस्थानविचयस्तु ।।१७।।**

**[प्रशमरति २४८-२४९ त्ति]**

આપ્તપુરુષના વચનસ્વરૂપ પ્રવચનના અર્થનો નિર્ણય કરવો તે આજ્ઞાવિચય ૧, આશ્રવ, વિકથા, સાતાદિ ગૌરવ અને પરીષહ વગેરેથી થતા દોષનું ચિંતન તે અપાયવિચય ૨, અશુભ અને શુભ કર્મના વિપાકના અનુચિંતન અર્થવાળો તે વિપાકવિચય ૩, તેમજ દ્રવ્ય અને ક્ષેત્રની આકૃતિનું ચિંતન તે સંસ્થાનવિચય ૪. (૧૬-૧૭)

હવે ધર્મધ્યાનનાં લક્ષણો સૂત્રકાર કહે છે—'आणारुइ' त्ति०—આજ્ઞા-સૂત્રના વ્યાખ્યાનરૂપ નિર્યુક્તિ વગેરે, આજ્ઞામાં અથવા આજ્ઞા વડે રુચિ-શ્રદ્ધા તે આજ્ઞારુચિ. બીજી રુચિઓના વિષયોમાં પણ એમ જ જાણી લેવું. વિશેષ એ કે-નિસર્ગ એટલે ઉપદેશ સિવાય-પોતાની મેળે અર્થાત્ સ્વાભાવિક રુચિ ૨, સૂત્ર-આગમમાં અથવા તેના દ્વારા રુચિ તે સૂત્રરુચિ ૩, તથા અવગાહવું તે અવગાઢ-દ્વાદશાંગીનું વિસ્તારથી જાણવું એમ સંભાવના કરાય છે, તે વિસ્તાર વડે રુચિ એ અવગાઢરુચિ અથવા **'ओगढ'** त्ति० સાધુની સમીપમાં રહેલને સાધુના ઉપદેશથી થતી રુચિ તે અવગાઢરુચિ ૪. કહ્યું છે કે—

**आगमउवएसेणं [उवएसाणा][1], निसग्गओ जं जिणप्पणीयाणं । भावाणं सद्दहणं, धम्मज्झाणस्स तं लिंगं।।१८।।**

**[ध्यानशतक ६७ त्ति]**

1. ગાથાવૃત્તિમાં 'उवएसाणा' એ પ્રમાણે જે પાઠ છે તે યોગ્ય જણાય છે. આ૦ સ૦ વાળી તથા બાબૂવાળી પ્રતમાં 'उवएसेणं' એવો પાઠ છે. એ પદ પ્રમાણે અર્થ કરવાથી ત્રણ રુચિ થવા પામે છે, પરંતુ આજ્ઞારુચિ રહી જવા પામે છે.

આગમથી, ઉપદેશથી, આજ્ઞા–અર્થથી અને નિસર્ગ–સ્વભાવથી જિનપ્રણીત ભાવોનું શ્રદ્ધાન કરવું, તે ધર્મધ્યાનનાં લક્ષણો છે. (૧૮)

તત્ત્વાર્થના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ તે ધર્મનું લક્ષણ છે. આ ભાવાર્થ છે. હવે ધર્મના આલંબનો કહેવાય છે. ધર્મધ્યાનરૂપી મહેલ ઉપર ચડવા માટે જે આલંબન લેવાય છે તે આલંબનો કહેવાય, તે આ પ્રમાણે—સમ્યક્ પ્રકારે કહેવું તે વાચના અર્થાત્ શિષ્યને કર્મની નિર્જરા માટે જે સૂત્રનું દાન વગેરે આપવું તે ૧, સૂત્ર વગેરેમાં શંકાવાળો થયે છતે શંકાને દૂર કરવા માટે ગુરુને પૂછવું તે પ્રતિપૃચ્છના ૨, અહિં प्रति શબ્દ ધાતુના જ અર્થવાળો છે. તથા પૂર્વે ભણેલ સૂત્ર વગેરેની વિસ્મૃતિ ન થાય અને નિર્જરા થાય તે માટે જે અભ્યાસ (આવૃત્તિ) તે પરિવર્ત્તના ૩, તથા સૂત્રના અર્થનું ચિંતન કરવું તે અનુપ્રેક્ષા ૪. હવે ચાર અનુત્પ્રેક્ષા (ભાવના) કહેવાય છે. अनु–ધ્યાનની પાછળ **प्रेक्षणानि**—સારી રીતે વિચારો કરવા તે અનુપ્રેક્ષાઓ. તેમાં–

**एकोऽहं न च मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् न तं पश्यामि यस्याहं नासौ भावीति यो मम ।।१९।।**

હું એક છું, મારું કોઈ નથી, હું અન્ય કોઈનો નથી, જેનો હું છું તેને જોતો નથી અને ભવિષ્યમાં કોઈ મારો થાય એમ નથી. (૧૯)

એવી રીતે એકાકી–અસહાયભૂત આત્માની અનુપ્રેક્ષા–ભાવના તે એકાનુપ્રેક્ષા. (૧),

**कायः सन्निहितापायः सम्पदः पदमापदाम् । समागमाः सापगमाः सर्व्वमुत्पादि भङ्गुरम् ।।२०।।**

તથા 'કાયા, તરત નાશ પામવાવાળી છે, સંપત્તિઓ આપત્તિઓનું સ્થાન છે, સંયોગો વિયોગવાળા છે, જે ઉત્પન્ન થાય છે તે ક્ષણભંગુર છે.' (૨૦)

એવી રીતે અનિત્ય જીવન વગેરેની અનુપ્રેક્ષા તે અનિત્યાનુપ્રેક્ષા (૨)

**जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते । जिनवरवचनादन्यत्र नास्ति शरणं क्वचिल्लोके ।।२१।। [प्रशम० १५२]**

તથા 'જન્મ, જરા અને મરણના ભયો વડે પરાભવ થયે છતે, વ્યાધિની પીડા વડે ગ્રસ્ત થયે છતે આ લોકમાં જીવને જિનવરના વચન સિવાય બીજું કોઈ શરણભૂત નથી. (૨૧)

એવી રીતે શરણ રહિત એવા આત્માની અનુપ્રેક્ષા અશરણાનુપ્રેક્ષા (૩) તથા

**माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे । व्रजति सुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ।।२२।।**

**[प्रशम० १५६ त्ति]**

આ સંસારમાં માતા થઈને દીકરી, બહેન અને સ્ત્રી થાય છે, દીકરો થઈને પિતા થાય છે, ભ્રાતા થાય છે, વળી શત્રુ પણ થાય છે. (૨૨)

ચાર ગતિમાં સર્વ અવસ્થાઓને વિષે સંસરણ (ભ્રમણ) રૂપ સંસારની અનુપ્રેક્ષા તે સંસારાનુપ્રેક્ષા (૪). હવે શુક્લધ્યાન કહે છે—'**पुहत्तवितक्के**'त्ति० **पृथक्त्व**—એક દ્રવ્યમાં રહેલ ઉત્પાદ વગેરે પર્યાયોના ભેદ વડે અથવા અન્ય આચાર્યો વિસ્તારપણે કહે છે, વિતર્ક–વિકલ્પ, તે પૂર્વગત શ્રુતના અવલંબનરૂપ વિવિધ નયને અનુસરણ લક્ષણવાળો છે જેને વિષે તે પૃથક્ત્વવિતર્ક. પૂજ્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે શ્રુતના અવલંબનપણાએ ઉપચારથી વિતર્ક–શ્રુત કહેલ છે, તથા વિચરણ એટલે અર્થથી વ્યંજન (શબ્દ) માં અને શબ્દથી અર્થમાં, વળી મન પ્રમુખ ત્રણ યોગ પૈકી કોઈ એક યોગમાંથી બીજા યોગમાં જવું તે વિચાર, "विचारोऽर्थव्यञ्जनयोगसंक्रांतिः" (तत्त्वा० अ० ९, सू० ४६) इति वचनात्. વિચાર સહિત તે સવિચારી, અહિં 'સવધનાદિ' ગણથી સમાસાંત ઇન્પ્રત્યય થયેલ છે. કહ્યું છે કે—

**उप्पायठितिभंगाई पज्जयाणं जमेगदव्वंमि । नाणानयाणुसरणं, पूव्वगयसुयाणुसारेणं ।।२३।। [ध्यानशतक ७७ त्ति]**

**सवियारमत्थवंजणजोगंतरओ तयं पढमसुक्कं। होति [1]पुहुत्तवियक्कं, सवियारमरागभावस्स।।२४।। [ध्यानशतक ७८]**

1. पुहत्त

ઉત્પાત સ્થિતિ અને નાશ વગેરે પર્યાયોને જે એક દ્રવ્યમાં પૂર્વગતશ્રુતને અનુસારે નાના–અનેક નયવડે અનુસરવું, અર્થાત્ દ્રવ્યાર્થિક વગેરે નયભેદ વડે ચિંતવવું. અહિં મરુદેવી વગેરેનો અપવાદ છે કેમ કે તેમને પૂર્વગતશ્રુતનું આલંબન નથી. વળી વિચાર–અર્થથી શબ્દમાં અને શબ્દથી અર્થમાં સંક્રમણ તેમ જ યોગાંતરમાં સંક્રમણ તે પ્રથમ શુક્લધ્યાનનો ભેદ પૃથક્ત્વવિતર્ક નામનો રાગરહિત ભાવવાળા પુરુષને હોય છે અર્થાત્ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીવાળા જીવને હોય છે. (૨૩-૨૪)

આ પહેલો ભેદ. તથા 'एगत्तवियक्के'त्ति० એકત્વ–અભેદ વડે ઉત્પાદાદિ પર્યાયોમાંથી કોઈ એક પર્યાયના અવલંબનપણા વડે વિતર્ક–પૂર્વગતશ્રુતના આશ્રયવાળો વ્યંજન–શબ્દરૂપ અથવા અર્થરૂપ છે જે જીવને તે એકત્વવિતર્ક. તથા અર્થ કે વ્યંજનને વિષે કોઈ એકમાંથી બીજામાં વિચાર–ગમન વિદ્યમાન નથી તથા મન વગરે કોઈ એક યોગમાંથી બીજા યોગમાં, વાયુ વગરના ગૃહમાં રહેલ દીપકની જેમ, સંચરણ (ગમન) લક્ષણ નથી જેને તે અવિચારી પૂર્વની માફક જાણવું. કહ્યું છે કે—

**जं पुण सुनिप्पकंपं, निवायसरणप्पईवमिव चित्तं । उप्पायठिइभंगाइयाणमेगंमि पज्जाए ।।२५।।[ध्यानशतक ७९ त्ति]**
**अवियारमत्थवंजणजोगंतरओ तयं बिइयसुक्कं। पुव्वगयसुयालंबणमेगत्तवियक्कमवियारं।।२६।।[ध्यानशतक ८० त्ति]**

હવા રહિત સ્થાનમાં રહેલા સ્થિર દીપકની જેમ જે ઉત્પત્તિ, સ્થિતિ, નાશ વગેરેમાંથી કોઈ એકજ પર્યાયમાં ચિત્તની સ્થિરતા તે શુક્લધ્યાનનો બીજો ભેદ છે. આ અવિચાર અર્થાત્ અર્થ વ્યંજન યોગના પરિવર્તન સંક્રમણથી રહિત અને પૂર્વગત શ્રુતના આલંબનથી થનાર હોવાથી અને એકત્વ એટલે અભેદવાળું હોવાથી આને એકત્વ વિતર્ક અવિચાર ધ્યાન કહેવાય છે. (૨૫-૨૬)

આ એકત્વવિતર્કઅવિચારી નામનો બીજો ભેદ. તથા 'सुहुमकिरिए'ति० નિર્વાણના ગમનસમયમાં મનોયોગ અને વચનયોગનો નિરોધ કરેલ છે અને કાયયોગનો અર્ધ નિરોધ કરેલ છે એવા કેવલજ્ઞાનીને સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ ધ્યાન હોય છે, તેથી કાયા સંબંધી ઉચ્છ્વાસાદિ સૂક્ષ્મ ક્રિયા છે જેને વિષે તે સૂક્ષ્મક્રિય, તે અનિવૃત્તિ સ્વભાવવાળું છે કેમ કે અત્યંત પ્રવર્ધમાનં પરિણામ હોય છે. વળી કહ્યું છે કે—

**निव्वाणगमणकाले, केवलिणो दरनिरुद्धजोगस्स । सुहुमकिरियाऽनियट्टिं, तइयं तणुकायकिरियस्स ।।२७।।**
**[ध्यानशतक ८१ त्ति]**

નિર્વાણગમનનો સમય નિકટ હોય ત્યારે કેવલજ્ઞાનીને (મન–વચન યોગના સર્વથા નિરોધ કર્યા પછી) કાયયોગનો અર્દ્ધનિરોધ થાય ત્યારે સૂક્ષ્મ ક્રિયા રહેવાથી સૂક્ષ્મ ક્રિયા અનિવૃત્તિ નામનો ત્રીજો ભેદ હોય છે. (૨૭)

તથા 'समुच्छिन्नकिरिए' त्ति० શૈલેશીકરણમાં[1] યોગના નિરોધપણાએ કાયિકાદિ ક્રિયા સમુચ્છિન્ન–નાશ થયેલ છે જેને વિષે તે સમુચ્છિન્નક્રિય 'अप्पडिवाए' त्ति० વિરામ નહિં પામવાવાળો સ્વભાવ છે જેનો એવો અર્થ છે. સમુચ્છિન્નક્રિયઅપ્રતિપાતી નામનો ચોથો ભેદ છે. કહે છે કે—

**तस्सेव य सेलेसीगयस्स सेलो व्व निप्पकंपस्स । वोच्छिन्नकिरियमप्पडिवाई झाणं परमसुक्कं ।।२८।।**
**[ध्यानशतक ८२ त्ति]**

એઓ જ શૈલીશી કરે ત્યારે મેરુની જેમ સ્થિર (નિશ્ચલ આત્મપ્રદેશ) થવાથી વ્યુચ્છિન્ન ક્રિયા અપ્રતિપાતી નામનો શુક્લધ્યાનનો ચોથો ભેદ હોય છે. (૨૮)

અહિં શુક્લધ્યાનના છેલ્લા બે ભેદમાં આ પ્રમાણે ક્રમ છે–કેવલીને જ્યારે ચોક્કસ અંતર્મુહૂર્તકાલમાં મોક્ષે જવાનું હોય છે ત્યારે વેદનીયાદિ ચાર ભવોપગ્રાહી (આયુષ્ય પર્યંત રહેનાર) કર્મ, સમુદ્ઘાતથી અથવા સ્વભાવે જ સમાન સ્થિતિવાળા હોતે છતે કેવલી યોગનું રુંધન કરે છે. યોગનિરોધમાં ક્રમ બતાવે છે—

1. શૈલેશ–મેરુપર્વતની માફક નિષ્પ્રકંપ રહેવું તે શૈલેશીકરણ.

**पज्जत्तमेत्तसन्निस्स, जत्तियाई जहन्नजोगिस्स । होंति मणोदव्वाइं, तव्वावारो य जम्मेत्तो ।।२९।।**

**तदसंखगुणविहीणे, समए समए निरुंभमाणो सो । मणसो सव्वनिरोहं, कुणइ असंखेज्जसमएहिं ।।३०।।**

**[विशेषावश्यक ३०५९-३०६० त्ति]**

પર્યાપ્ત માત્ર સંજ્ઞીપંચેંદ્રિય[2] જઘન્ય યોગવાળા જીવને મનોદ્રવ્યો અને તેનો વ્યાપાર જે પ્રમાણમાં હોય છે તેનાથી અસંખ્યાત ગુણહીન મનોયોગનું સમયે સમયે રુંધન કરતા થકા તે અસંખ્યાત સમય વડે સર્વથા મનોયોગનું રુંધન કરે છે. (૨૯-૩૦)

**पज्जत्तमेत्तबेंदियजहन्नवइजोगपज्जया जे उ । तदसंखगुणविहीणे, समए समए निरुंभंतो ।।३१।।**

**सव्ववइजोगरोहं, संखातीएहिं कुणइ समएहिं । तत्तो अ सुहुमपणगस्स, पढमसमओववन्नस्स ।।३२।।**

**[विशेषावश्यक ३०६१-३०६२ त्ति]**

પર્યાપ્ત માત્ર દ્વીન્દ્રિય જીવના જઘન્ય વચનયોગના જેટલા પર્યાયો છે, તેથી અસંખ્યાતગુણહીન વચનયોગને સમયે સમયે રુંધન કરતા થકા અસંખ્યાત સમયમાં સર્વથા વચનયોગનું રુંધન કરે છે. ત્યારબાદ પ્રથમ સમયમાં ઉત્પન્ન થયેલ સૂક્ષ્મપનક (નિગોદવિશેષ જીવ)નો (૩૧-૩૨)—

**जो किर जहन्नजोगो, तदसंखेज्जगुणहीणमेक्केक्के । समए निरुंभमाणो, देहतिभागं च मुंचंतो ।।३३।।**

**रुंभइ स काययोगं, संखाईतेहिं चेव समएहिं । तो कयजोगनिरोहो, सेलेसीभावणामेइ ।।३४।।**

**[विशेषावश्यक ३०६३-३०६४ त्ति]**

જે નિશ્ચયે જઘન્ય યોગ છે તેથી અસંખ્યાતગુણહીન-એકેક સમયમાં નિરોધ કરતા થકા અને યોગના સામર્થ્યથી દેહના ત્રીજા ભાગને મૂકતા થકાં અસંખ્યાત સમયમાં તે સ્વકાયયોગનો નિરોધ કરે છે, એમ કરતો થકો સ્વકાર્મણશરીરથી બનેલા મુખ, કર્ણ, શિર અને ઉદર વગેરેના છિદ્રોને પૂરે છે તેથી ત્રણ યોગનો નિરોધ કરેલ છે જેણે એવા કેવલી શૈલેશીભાવને પ્રાપ્ત થાય છે અર્થાત્ શ્વાસોશ્વાસના નિરોધસમયે અયોગી થાય છે. (૩૩-૩૪)

**"शैलेशस्येव मेरोरिव या स्थिरता सा शैलेशीति" શૈલ-પર્વત, તેનો ઈશ જે મેરુ, તેની માફક સ્થિરતા, તે શૈલેશી.** હવે શૈલેશીનું કાલપ્રમાણ કહે છે—

**ह्रस्सक्खराइं मज्झेण, जेण कालेण पंच भन्नंति । अच्छइ सेलेसिगओ, तत्तियमेत्तं तओ कालं ।।३५।।**

**तणुरोहारंभाओ, झायइ सुहुमकिरियाणियट्टिं सो । वोच्छिन्नकिरियमप्पडिवाई सेलेसिकालंमि ।।३६।।**

**[विशेषावश्यक ३०६८-३०६९ त्ति]**

મધ્યમ રીતિ વડે અ ઇ ઉ ઋ લૃ, આ[2] પાંચ હ્રસ્વ અક્ષરનો જેટલા કાલ વડે ઉચ્ચાર કરાય તેટલા કાલપર્યંત શૈલીશી અવસ્થા હોય છે. કાયયોગના નિરોધની શરૂઆતથી કેવલી ભગવાન્ સૂક્ષ્મક્રિયાઽનિવૃત્તિરૂપ ત્રીજા ભેદનો વિચાર કરે છે. ત્યાર બાદ સર્વ યોગનો નિરોધ કર્યા પછી શૈલેશી અવસ્થામાં સમુચ્છિન્ન (વ્યવચ્છિન્ન) ક્રિયાઽપ્રતિપાતી ધ્યાન કરે છે. (૩૫-૩૬)

હવે શુક્લધ્યાનનાં લક્ષણો કહેવાય છે—'**अव्वहे**' ત્તિ૦ દેવ વગેરેના કરેલ ઉપસર્ગાદિથી ઉત્પન્ન થયેલ ભય અથવા ચલિત થવારૂપી વ્યથા-પીડાનો અભાવ તે અવ્યથ, તથા દેવ વગેરેથી કરાયેલ માયાજન્ય મોહનો અથવા સૂક્ષ્મ પદાર્થ વિષયક સંમોહનો-મૂઢતાનો નિષેધ તે અસંમોહ, તથા દેહથી આત્માનું અથવા આત્માથી સર્વ સંયોગોનું વિવેચનબુદ્ધિ વડે પૃથક્કરણ તે વિવેક, તથા સર્વસંગપરિત્યાગપણાએ દેહ અને ઉપધિનો ત્યાગ તે વ્યુત્સર્ગ. અહિં વિવરણની ગાથા જણાવે છે—

---

1. શૈલેશ-મેરુપર્વતની માફક નિષ્પ્રકંપ રહેવું તે શૈલેશીકરણ.
2. અન્ય આચાર્યો ङ ञ ण न म આ પાંચ અક્ષરો કહે છે.

**चालिज्जइ बीहेइ व, धीरो न परीसहोवसग्गेहिं । सुहुमेसु न संमुज्झइ, भावेसु न देवमायासु ।।३७।।**

**देहविवित्तं पेच्छइ, अप्पाणं तहय सव्वसंजोगे ३। देहोवहिवुस्सग्गं, निस्संगो सव्वहा कुणइ ।।३८।।**

**[ध्यानशतक ९१-९२ त्ति]**

પરીષહો અને ઉપસર્ગો વડે ધીર પુરુષ ચલિત થતો નથી અને ભય પામતો નથી ૧, સૂક્ષ્મ ભાવોને વિષે અને દેવની માયામાં સંમોહ પામતો નથી ૨, દેહ અને આત્માને પૃથક્ (જુદો) તથા આત્માને સર્વ સંજોગોથી ભિન્ન માને છે ૩, દેહ અને ઉપધિનો સર્વથા ત્યાગ કરે છે તે વ્યુત્સર્ગ ૪. (૩૭-૩૮)

આલંબનનું સૂત્ર સ્પષ્ટ છે, તે સંબંધી ગાથા જણાવે છે—

**अह खंतिमद्दवज्जवमुत्तीओ जिणमयप्पहाणाओ । आलंबणाई जेहिं उ, सुक्कज्झाणं समारुहइ ।।३९।।**

**[ध्यानशतक ६९ त्ति]**

ક્ષાંતિ, માર્દવ, આર્જવ અને નિર્લોભતા—આ ચાર જિનમતમાં પ્રધાન છે, કેમ કે કર્મક્ષયના હેતુભૂત હોવાથી આ આલંબનો છે, જેના દ્વારા શુક્લધ્યાનરૂપ મહેલ પ્રત્યે જીવ આરોહણ કરે છે—ચડે છે. (૩૯)

હવે ધર્મધ્યાનની અનુપ્રેક્ષાઓ કહેવાય છે. **'अणंतवत्तियाणुप्पेह'त्ति०** અનંતા—અત્યંત વિસ્તૃતવૃત્તિ—વર્તન છે જેનું અથવા અનંતપણાએ વર્તે છે તે અનંતવર્ત્તી, તેનો ભાવ તે અનંતવર્તિતા, જે ભવપરંપરાની જાણવી, તેની અનુપ્રેક્ષા (ભાવના) તે અનંતવૃત્તિતાનુપ્રેક્ષા અથવા અનંતવર્તિતાનુપ્રેક્ષા. કહ્યું છે કે—

**एस अणाई जीवो, संसारो सागरो व्व दुत्तारो । नारय-तिरिय-नरा-ऽमर-भवेसु परिहिंडए जीवो ।।४०।।**

અનાદિકાલનો આ જીવ સાગરની જેમ દુસ્તર સંસારમાં નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવોને વિષે પરિભ્રમણ કરે છે. (૪૦)

એવી રીતે બીજી અનુપ્રેક્ષામાં પણ સમાસ કરવો. વિશેષ એ કે—**'विपरिणामे' त्ति०** વસ્તુઓનું વિવિધ પ્રકારે પરિણમન થવું તે વિપરિણામ. કહ્યું છે કે—

**सव्वट्ठाणाई असासयाई इह चेव देवलोगे य । सुरअसुरनराईणं, रिद्धिविसेसा सुहाई च ।।४१।।**

**[मरण० प्रकी० ५७५ त्ति]**

આ (મનુષ્ય) લોકમાં અને દેવલોકમાં સર્વ સ્થાનો અશાશ્વત છે. વળી સુર, અસુર અને મનુષ્યાદિકની વિવિધ સંપત્તિઓ તેમ જ સુખો પણ અશાશ્વત છે. (૪૧)

**असुभे' त्ति०** સંસારનું અશુભપણું છે. કહ્યું છે કે—

**धी संसारो जंमि(मी) जुयाणओ परमरूवगव्वियओ । मरिऊण जायइ किमी, तत्थेव कडेवरे नियए ।।४२।।**

**[मरण० प्रकी० ६०० त्ति]**

આ સંસારને ધિક્કાર છે કે જેને વિષે ઉત્કૃષ્ટ રૂપ વડે ગર્વિત થયેલ યુવાન પુરુષ મરીને પોતાના જ કલેવરમાં કીડો થાય છે. (૪૨)

તથા અપાયો એટલે આશ્રવોના દોષો. યથા—

**कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा ।**

**चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाई पुणब्भवस्स ।।४३।।** **[दशवैकालिक ८।४० त्ति]**

દમન નહિ કરાયેલ ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ—આ ચારે દુષ્ટ કષાયો પુનર્ભવરૂપ વૃક્ષના મૂલોને સીંચે છે. (૪૩)

આ સંબંધમાં ગાથા દર્શાવતાં કહે છે કે—

आसवदारावाए, तह संसारासुहाणुभावं च । भवसंताणमणंतं, वत्थूणं विपरिणामं च ।।४४।।

[संबोध प्रकरण १४०५ त्ति]

મિથ્યાત્વાદિ આશ્રવદ્વારોનું ચિંતન તે અપાયાનુપ્રેક્ષા, સંસારનું અશુભપણું ચિંતવવું તે સંસારાનુપ્રેક્ષા, અનંત ભવપરંપરાનું ચિંતન તે અનંતવૃત્તિતાનુપ્રેક્ષા અને વસ્તુઓના વિવિધ પરિણામનું ચિંતન તે વિપરિણામાનુપ્રેક્ષા. (૪૪) ।।૨૪૭।।

ધ્યાનથી દેવપણું પણ પ્રાપ્ત થાય તેથી દેવસ્થિતિસૂત્રને કહે છે—

**चउव्विहा देवाण ठिती पन्नत्ता, तंजहा—देवे णाममेगे १, देवसिणाते नाममेगे २, देवपुरोहिते नाममेगे ३, देवपज्जलणे नाममेगे ४। चउव्विधे संवासे पन्नत्ते, तंजहा—देवे णाममेगे देवीए सद्धिं संवासं गच्छेज्जा, देवे णाममेगे छवीते सद्धिं संवासं गच्छेज्जा, छवी णाममेगे देवीए सद्धिं संवासं गच्छेज्जा, छवी णाममेगे छवीते सद्धिं संवासं गच्छेज्जा ।। सू० २४८।।**

**चत्तारि कसाया पन्नत्ता, तंजहा—कोधकसाए, माणकसाए, मायाकसाए, लोभकसाए,एवं णेरइयाणं जाव वेमाणियाणं २४। चउपतिट्ठिते कोधे पन्नत्ते, तंजहा—आतपतिट्ठिते, परपतिट्ठिते, तदुभयपतिट्ठिते, अपतिट्ठिते, एवं णेरइयाणं जाव वेमाणियाणं २४। एवं जाव लोभे, वेमाणियाणं २४। चउहिं ठाणेहिं कोधुप्पत्ती सिता, तंजहा- खेत्तं पडुच्चा, वत्थुं पडुच्चा, सरीरं पडुच्चा, उवहिं पडुच्चा। एवं णेरइयाणं जाव वेमाणियाणं २४। एवं जाव लोभे वेमाणियाणं २४।**

**चउव्विधे कोहे पन्नत्ते, तंजहा—अणंताणुबंधिकोधे, अपच्चक्खाणे कोधे, पच्चक्खाणावरणे कोधे, संजलणे कोधे। एवं णेरइयाणं जाव वेमाणियाणं २४। एवं जाव लोभे वेमाणियाणं २४, चउव्विहे कोधे पन्नत्ते, तंजहा— आभोगणिव्वत्तिए, अणाभोगणिव्वत्तिते, उवसंते, अणुवसंते। एवं नेरइयाणं जाव वेमाणियाणं २४। एवं जाव लोभे जाव वेमाणियाणं २४ ।। सू० २४९।।**

*(મૂ૦) ચાર પ્રકારે દેવોની સ્થિતિ–મર્યાદા કહેલી છે, તે આ પ્રમાણે—કોઈએક સામાન્ય દેવ છે ૧, કોઈએક સ્નાતક(પ્રધાન) દેવ છે ૨, કોઈએક શાંતિકર્મ કરનાર પુરોહિત દેવ છે ૩ અને કોઈએક પ્રજ્વલન દેવ એટલે ભાટ ચારણની જેમ અન્ય દેવોની પ્રશંસા કરનાર દેવ છે ૪. ચાર પ્રકારે સંવાસ (મૈથુન) અર્થે પુરુષ અને સ્ત્રીનું એકત્ર વસવું કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈએક દેવ દેવીની સાથે સંવાસ કરે (ભોગ કરે), ૨. કોઈએક દેવ છવી–નારી અથવા તિર્યંચણીની સાથે સંવાસ કરે, ૩. કોઈએક છવી–નર અથવા તિર્યંચ, દેવીની સાથે સંવાસ કરે અને ૪. કોઈએક છવી–મનુષ્ય કે તિર્યંચ, મનુષ્યણી કે તિર્યંચણી સાથે સંવાસ કરે. ।।૨૪૮।।*

*ચાર કષાયો કહેલા છે, તે આ પ્રમાણે–ક્રોધ કષાય, માન કષાય, માયા કષાય અને લોભ કષાય. એ ચાર કષાય નૈરયિકને હોય યાવત્ વૈમાનિકને ચાર કષાયો હોય. ચાર સ્થાનક (ભાવ) માં રહેનારો ક્રોધ કહેલ છે, તે આ પ્રમાણે– –૧. પોતાના અપરાધથી પોતાને વિષે થયેલ ક્રોધ તે આત્મપ્રતિષ્ઠિત, ૨. બીજાના વચનથી થયેલ ક્રોધ અથવા બીજા પ્રત્યે થયેલ ક્રોધ તે પરપ્રતિષ્ઠિત, ૩. બન્નેથી (કંઈક પોતાથી અને કંઈક પરના નિમિત્તથી) થયેલ ક્રોધ તે તદુભયપ્રતિષ્ઠિત અને ૪. કંઈ પણ કારણ સિવાય ક્રોધના ઉદયથી જ થયેલ તે અપ્રતિષ્ઠિત ક્રોધ. આ ચાર પ્રકારનો ક્રોધ નૈરયિકથી માંડીને યાવત્ વૈમાનિકને હોય છે. ચાર કારણો વડે ક્રોધ ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે–૧. પોતપોતાના ઉત્પત્તિના સ્થાનને આશ્રયીને, ૨. વસ્તુ–સચિત્તાદિ પદાર્થ અથવા ઘરને આશ્રયીને, ૩. શરીર–ખરાબ સ્થિતિવાળું અથવા કદ્રૂપાને આશ્રયીને અને ૪. ઉપધિ–ઉપકરણને આશ્રયીને ઉત્પન્ન થાય છે. આ રીતે નૈરયિકોને અને યાવત્ વૈમાનિકોને ચાર કારણો વડે ક્રોધની ઉત્પત્તિ થાય છે. એવી જ રીતે માન, માયા અને લોભ પણ ચાર કારણો વડે થાય છે. તે*

*વૈમાનિકો પર્યંત ચોવીશ દંડકમાં જાણવા. ચાર પ્રકારે ક્રોધ કહેલ છે, તે આ પ્રમાણે—૧. અનંતાનુબંધી ક્રોધ, તે પર્વતની રેખા (ફાટ) સરખો, ૨. અપ્રત્યાખ્યાની ક્રોધ, તે પૃથ્વીની ફાટ સરખો, ૩. પ્રત્યાખ્યાની ક્રોધ, તે રેતીની રેખા સરખો અને ૪. સંજ્વલન ક્રોધ, તે જલની રેખા સરખો. એ પ્રમાણે નૈરયિકને યાવત્ વૈમાનિકોને ચાર પ્રકારનો ક્રોધ કહેલ છે. એવી રીતે માન, માયા અને લોભ વૈમાનિક પર્યંત ચોવીશ દંડકમાં ચાર પ્રકારે હોય છે. ચાર પ્રકારે ક્રોધ કહેલ છે. તે આ પ્રમાણે—૧. આભોગનિવર્ત્તિત–ક્રોધના ફલને જાણતા છતાં પણ ક્રોધ કરવો તે. ૨. અનાભોગનિવર્ત્તિત–ક્રોધના ફલને નહિ જાણતાં છતાં ક્રોધ કરવો તે. ૩. ઉપશાંત–ઉદય અવસ્થામાં નહિ આવેલ ક્રોધ અને ૪. અનુપશાંત–ઉદયમાં આવેલ ક્રોધ. એવી રીતે ચાર પ્રકારનો ક્રોધ નૈરયિકને યાવત્ વૈમાનિકોને હોય છે. એવી જ રીતે ચાર પ્રકારે માન, માયા અને લોભ યાવત્ વૈમાનિક પર્યંત ચોવીશ દંડકમાં હોય છે. ॥૨૪૯॥*

(ટી૦) स्थितिः—ક્રમ, મનુષ્યની સ્થિતિ માફક દેવોમાં પણ રાજા, પ્રધાન વગેરેની મર્યાદા છે. દેવ સામાન્ય માત્ર, 'नामे'ति० શબ્દ વાક્યાલંકારમાં છે. કોઈએક દેવ સ્નાતક (પ્રધાન), દેવ પોતે જ સ્નાતક અથવા દેવોનો સ્નાતક, એવો સમાસ કરવો. એવી રીતે બાકીના બે ભેદમાં પણ સમાસ કરવો. વિશેષ એ કે–પુરોહિત એટલે શાંતિ કર્મ કરનાર, 'पज्जलणे'त्ति० માગધભાટ–ચારણની જેમ પ્રશંસા કરવાથી બીજા દેવોને પ્રજ્વલન કરે–તેજસ્વી કરે તે પ્રજ્વલન. દેવની સ્થિતિના પ્રસંગથી દેવના વિશેષભૂત સંવાસસૂત્રને કહેલ છે. તે સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ એ કે–સંવાસ–મૈથુન માટે એકત્ર વસવું, 'छवि' त्ति० ત્વચા (ચામડી) ના યોગથી ઔદારિક શરીર અને તે શરીરવાળી મનુષ્યણી કે તિર્યંચણી અથવા તે શરીરવાળા મનુષ્ય કે તિર્યંચ છવી કહેવાય. હમણાં જ સંવાસ કહ્યો, તે વેદસ્વરૂપ મોહના ઉદયથી હોય છે, માટે મોહના વિશેષભૂત કષાય પ્રકરણને કહે છે—'चत्तारि कसाये'त्यादि० તત્ર કર્મરૂપ ક્ષેત્રને જે ખડે છે, અર્થાત્ સુખ–દુઃખના ફલને યોગ્ય કરે છે. અથવા જીવને મલિન કરે છે, આ નિરુક્તિ વિધિ વડે તે કષાયો કહેવાય છે. કહ્યું છે કે—

**सुहदुक्खबहुसईयं, कम्मक्खेत्तं कसंति ते जम्हा । कलुसंति जं च जीवं, तेण कसाय त्ति वुच्चंति ॥४५॥**

જેનાથી સુખ દુઃખની પ્રાપ્તિ ઘણી થાય એવા કર્મરૂપી ક્ષેત્રને જે ખેડે તે કષાય. અથવા જે જીવને કલુષિત કરે તેથી તેને કષાય કહેવાય છે. (૪૫)

અથવા પ્રાણીઓને **कषति**—હણે છે તે કષ–કર્મ અથવા સંસાર, તેના લાભનો હેતુ હોવાથી તે કષાયો, પ્રાણીઓને સંસાર કે કર્મ પ્રત્યે જે લઈ જાય છે તે કષાયો. કહ્યું છે કે—

**कम्मं कसं भवो वा, कसमाओ सिं जओ कसायातो । कसमाययंति व जओ, गमयंति कसं कसाय त्ति ॥४६॥**

**[विशेषावश्यक १२२८-२९७८ त्ति]**

કષ એટલે કર્મ અથવા ભવ. તેમનું આવવું એટલે લાભ જેથી થાય તે કષાય, અથવા કર્મ યા સંસાર જેથી આવે તે કષાય, અથવા જેની હાજરીમાં જીવ કર્મ કે સંસારને પામે તે કષાય. (૪૬)

ક્રોધ કરવો અથવા જેનાથી ક્રોધ થાય છે તે ક્રોધ, અર્થાત્ ક્રોધમોહનીય કર્મના ઉદય વડે થવા યોગ્ય જીવની પરિણતિવિશેષ, અથવા ક્રોધમોહનીય કર્મ એ જ ક્રોધ, એવી રીતે માન, માયા વગેરે કષાયોમાં પણ જાણવું. વિશેષ એ કે–હું જાતિ વગેરે ગુણવાળો છું એમ માનવું–જાણવું, અથવા જેના વડે મનાય છે તે માન, તથા માન–હિંસા, વંચન (ઠગવું) એવો અર્થ છે, જેના દ્વારા ઠગે છે તે માયા, તથા લોભન–વસ્તુની ઇચ્છા અથવા જેના દ્વારા લુબ્ધ થાય છે તે લોભ. 'एव'मिति० જેમ સામાન્યથી ચાર કષાયો કહ્યા છે તેમ વિશેષથી નારકોને, અસુરોને યાવત્ ચોવીસમા પદમાં વૈમાનિકોને પણ ચાર કષાયો હોય છે. **'चउप्पइट्ठिए'त्ति०** ચારમાં સ્વ, પર, તદુભય–સ્વપર અને તેના અભાવમાં પ્રતિષ્ઠિત–રહેલ છે તે ચતુઃપ્રતિષ્ઠિત. તેમાં **'आयपइट्ठिए'त्ति०** પોતાના અપરાધ વડે પોતાના વિષયમાં ઐહિક અને પારલૌકિક દોષને જોવાથી જે ક્રોધ ઉત્પન્ન થાય છે તે આત્મપ્રતિષ્ઠિત ક્રોધ, અન્ય વડે આક્રોશ–ગાલીપ્રદાન પ્રમુખથી ઉદીરણા કરાયેલ અથવા બીજાના વિષયવાળો તે પરપ્રતિષ્ઠિત,

પોતાના અને અન્યના નિમિત્તવાળો તે ઉભયપ્રતિષ્ઠિત, આક્રોશાદિ કારણની અપેક્ષા સિવાય, કેવળ ક્રોધમોહનીયના ઉદયથી જે ક્રોધ થાય છે તે અપ્રતિષ્ઠિત. કહ્યું છે કે—

**सापेक्षाणि च निरपेक्षाणि च कर्म्माणि फलविपाकेषु । सोपक्रमं च निरुपक्रमं च दृष्टं यथाऽऽयुष्कम् ॥४७॥**

ફલના અનુભવોમાં કર્મો, સાપેક્ષ અને નિરપેક્ષ છે.' એમ આયુષ્યકર્મ, સોપક્રમ અને નિરુપક્રમ કહેલ છે તેમ ફલના અનુભવોમાં કર્મો અપેક્ષા સહિત અને અપેક્ષા રહિત હોય છે. (૪૭)

વળી આ ચોથો ભેદ જીવને વિષે રહેલ છે, તથાપિ સ્વ-પર વગેરેનાં વિષયમાં (કારણ વડે) ઉત્પન્ન ન થવાથી અપ્રતિષ્ઠિત કહેલ છે, પરંતુ સર્વથા અપ્રતિષ્ઠિત નથી, કેમ કે ચારેને પ્રતિષ્ઠિતપણાના અભાવનો પ્રસંગ આવી જાય. ક્રોધનું આત્માદિ પ્રતિષ્ઠિતપણું, એકેંદ્રિય અને વિકલેંદ્રિયોને જે કહેલ છે તે પૂર્વભવને વિષે તે પરિણામપરિણત મરણ વડે ઉત્પન્ન થયેલાને આત્માદિપ્રતિષ્ઠિતપણું હોય છે. એવી રીતે માન, માયા અને લોભ વડે પણ અન્ય દંડક ત્રણનું સૂત્ર કહેવું. નારક વગેરેનું ક્ષેત્ર પોતપોતાના ઉત્પતિસ્થાનને આશ્રયીને, એમ વસ્તુ-સચિત્તાદિ પદાર્થ અથવા વાસ્તુ-ઘર, ખરાબ આકારવાળું શરીર, જે જેનું ઉપકરણ તે ઉપધિ, એકેંદ્રિયોને ઉપધિ ભવાંતરની અપેક્ષાએ જાણવી, એવી રીતે માન, માયાદિક ત્રણ સૂત્રપાઠ કહેવા. અનંત ભવને જે નિરંતર બાંધે છે—અનંત ભવની પરંપરાને કરે છે એવા સ્વભાવવાળો જે કષાય તે અનંતાનુબંધી, અથવા **અનંત અનુબંધ છે જેનો તે અનંતાનુબંધી,** સમ્યગ્દર્શનના સહભાવી [સાથે થનાર] ક્ષમાદિ સ્વરૂપ ઉપશમ વગેરે ચારિત્રના લવ (લેશ) ને અટકાવનાર છે, કેમ કે અનંતાનુબંધી ચારિત્રમોહનીયરૂપ છે. ઉપશમાદિ [લક્ષણ] વડે જ ચારિત્રી કહેવાય નહિં, કેમ કે અલ્પ સંજ્ઞા હોવાથી જેમ અમનસ્ક સંજ્ઞી કહેવાય નહિં, પરંતુ મનની સંજ્ઞા વડે જ સંજ્ઞી કહેવાય તેમ મહાન મૂલગુણાદિરૂપ ચારિત્ર વડે જ ચારિત્રી કહેવાય છે. આ કારણથી જ ત્રિવિધ દર્શનમોહનીય અને પચ્ચીસ પ્રકારે ચારિત્રમોહનીય છે. **શંકા**–'पढमिल्लुयाण उदए नियमे' त्यादि० [आवश्यक निर्युक्ति० १०८ त्ति] પ્રથમ કષાયના ઉદયમાં નિશ્ચયે સમકિતનો અભાવ હોય છે, પરંતુ ચારિત્રને રોકનાર કષાયની સમ્યક્ત્વનો અટકાવ કરવામાં ઉત્પત્તિ નહિં થાય, આ હેતુથી સાત પ્રકારે દર્શનમોહનીય અને એકવીશ પ્રકારે ચારિત્રમોહનીય છે, એ મત યોગ્ય જણાય છે. **સમાધાન**—'पढमेल्लुयाणे' त्यादि० જે કહેલું છે તે અનંતાનુબંધી કષાયોને સમ્યક્ત્વનો અટકાવ કરવા વડે કહેલ નથી, પરંતુ સમ્યક્ત્વના સહભાવી ઉપશમ વગેરેના અટકાવ કરવા વડે કહેલ છે. જો એમ નહિં માનીએ તો અનંતાનુબંધી કષાયો વડે જ સમ્યક્ત્વનું આવૃત (આચ્છાદન) પણું હોવાથી અન્ય (કારણભૂત) મિથ્યાત્વથી શું પ્રયોજન છે? આવૃતનું પણ આવરણ કરવામાં અનવસ્થા (દોષ) નો પ્રસંગ આવશે. તે કારણથી જેમ 'केवलियनाणलंभो नन्नत्थ खए कसायाणं' [आवश्यक निर्युक्ति० १०४ त्ति०] કષાયોનો ક્ષય થયા સિવાય કેવલજ્ઞાનનો લાભ ન થાય, આ પ્રસંગમાં કષાયોનું કેવલજ્ઞાનને આવરણ કરવાપણું ન છતે પણ કષાયનો ક્ષય, કેવલજ્ઞાનપણાએ કહેલ છે; કેમ કે કષાયનો ક્ષય થયે છતે જ કેવલજ્ઞાનનો ભાવ હોય છે. એવી રીતે અનંતાનુબંધી કષાયના ક્ષયોપશમમાં જ સમ્યક્ત્વનો લાભ કહેવાય છે. અનંતાનુબંધી કષાયોનો ક્ષયોપશમ છતે સમકિતનો લાભ હોય છે જેથી અનંતાનુબંધી કષાયોનો ઉદય હોતે છતે મિથ્યાત્વ ક્ષયોપશમને પામતો નથી અને ક્ષયોપશમના અભાવથી સમ્યક્ત્વ થતું નથી. વળી મતાંતરમાં[1] જે સપ્તવિધ સમ્યગ્દર્શનમોહનીય કહેલ છે, તે સમ્યક્ત્વના સાહચર્ય વડે ઉપશમ વગેરે ગુણોમાં સમ્યક્ત્વનો ઉપચાર કરવાથી, અર્થાત્ ચારિત્રના અંશરૂપ ઉપશમાદિ ગુણોને વિષે સમ્યક્ત્વ કહ્યું છે, એમ અમે માનીએ છીએ. અણુવ્રતાદિરૂપ પ્રત્યાખ્યાન જેને વિષે વિદ્યમાન નથી તે અપ્રત્યાખ્યાન કષાય, તે દેશવિરતિને આવરણ કરનાર છે. મર્યાદા વડે સર્વવિરતિપણાને જે આવરણ કરે છે તે પ્રત્યાખ્યાનાવરણ કષાય. સર્વ સાવદ્યની વિરતિને પણ સંજ્વલન કરે છે, તપાવે છે અર્થાત્ અતિચાર દોષને કરાવે છે, અથવા ઇંદ્રિયના વિષયના વિષયની પ્રાપ્તિને વિષે પ્રદીપ્ત થાય છે તે સંજ્વલન કષાય, તે

1. આચારાંગસૂત્રની ટીકામાં સપ્તવિધ દર્શનમોહનીય અને એકવીશ પ્રકારે ચારિત્રમોહનીય કહેલ છે.

યથાખ્યાત ચારિત્રનું આવરણ કરનાર છે. એવી રીતે માન, માયા અને લોભને વિષે પણ અનંતાનુબંધી વગેરે ચાર ભેદ કહેવા. આ ચારેની નિરુક્તિ પૂજ્યપુરુષોએ નીચે પ્રમાણે કહેલી છે—

**अनन्तान्यनुबध्नन्ति यतो जन्मानि भूतये । अतोऽनन्तानुबन्धाख्या क्रोधाद्याद्येषु दर्शिता ।।४८।।**

**नाल्पमप्युत्सहेद्येषाम् प्रत्याख्यानमिहोदयात् ।। अप्रत्याख्यानसंज्ञाऽतो द्वितीयेषु निवेशिता ।।४९।।**

**सर्वसावद्यविरतिः प्रत्याख्यानमुदाहृतम् । तदावरणसंज्ञाऽतस्तृतीयेषु निवेशिता ।।५०।।**

**शब्दादीन् विषयान् प्राप्य सञ्ज्वलयन्ति यतो मुहुः । अतः सञ्ज्वलनाह्वानं चतुर्थानामिहोच्यते ।।५१।।**

વૃદ્ધિને વાસ્તે અર્થાત્ જન્મની પરંપરા માટે જે અનંત જન્મોનો અનુબંધ કરે છે તેથી પ્રથમ ક્રોધાદિના ભેદની '**अनंतानुबंधी**' સંજ્ઞા બતાવી છે (૪૮) પ્રસ્તુત વિષયમાં ક્રોધાદિના ઉદયથી પ્રાણી અલ્પ પણ પ્રત્યાખ્યાનને ઇચ્છે નહિ-સ્વીકારે નહિં, તેથી બીજા પ્રકારના કષાયોની 'अप्रत्याख्यान' સંજ્ઞા બતાવી છે. (૪૯) સર્વ સાવદ્યની વિરતિરૂપ પ્રત્યાખ્યાન કહેલ છે, તેના આવરણની સંજ્ઞા અર્થાત્ 'प्रत्याख्यानावरण' એવું નામ ત્રીજા પ્રકારના કષાયોનું રાખેલ છે. (૫૦) અને શબ્દાદિ વિષયોને મેળવીને વારંવાર પ્રદીપ્ત કરે છે તે 'संज्वलन' નામ ચોથા પ્રકારના કષાયોનું કહેવાય છે. (૫૧)

એવી રીતે માનાદિકથી ત્રણ દંડક કહેવા—'आभोगणिव्वत्तिए' त्ति० જ્ઞાનપૂર્વક થયેલ તે આભોગનિવર્ત્તિત અર્થાત્ ક્રોધના વિપાક (ફલ) ને જાણતો થકો રોષ કરે છે, જે ક્રોધાદિના ફલને ન જાણતો થકો રોષ કરે છે તે અનાભોગનિવર્ત્તિત, ઉદય અવસ્થાને પ્રાપ્ત ન થયેલ ક્રોધ તે ઉપશાંત, તેનો પ્રતિપક્ષ એટલે ઉદયમાં આવેલ કોપ તે અનુપશાંત. એકેંદ્રિયાદિ (અસંજ્ઞી પંચેંદ્રિય પર્યંત) ને આભોગનિવર્ત્તિત ક્રોધ, સંજ્ઞીના પૂર્વભવની અપેક્ષાએ કહેલ છે. અનાભોગનિવર્ત્તિત ક્રોધ તો વર્ત્તમાન ભવની અપેક્ષાએ પણ છે. નારકાદિને વિશિષ્ટ ઉદયના અભાવથી ઉપશાંત ક્રોધ છે. અનુપશાંત ક્રોધ શબ્દ માટે વિચારવા જેવું નથી. અથવા તે સર્વ દંડકમાં ઉદયરૂપ હોય છે. એવી રીતે માનાદિક વડે ત્રણ દંડક કહેવા. ।।૨૪૯।।

હવે કષાયોનાં જ ત્રણ કાલ સંબંધી ફલવિશેષો કહેવાય છે—

**जीवा णं चउहिं ठाणेहिं अट्ठ कम्मपगडीओ चिणिंसु, तंजहा—कोहेणं, माणेणं, मायाए, लोभेणं। एवं जाव वेमाणियाणं २४। एवं चिणंति एस दंडओ, एवं चिणिस्संति एस दंडओ, एवमेतेणं तिन्नि दंडगा। एवं उवचिणिंसु उवचिणंति उवचिणिस्संति, बंधिंसु ४ उदीरिंसु ३ वेदेंसु ३ निज्जरेंसु णिज्जरेंति निज्जरिस्संति, जाव वेमाणियाणं। एवमेक्केक्के पदे तिन्नि २ दंडगा भाणियव्वा, जाव निज्जरिस्संति ।। सू० २५०।।**

**चत्तारि पडिमाओ पन्नत्ताओ, तंजहा—समाहिपडिमा, उवहाणपडिमा, विवेगपडिमा, [1]विउस्सग्गपडिमा, चत्तारि पडिमाओ पन्नत्ताओ, तंजहा—भद्दा, सुभद्दा, महाभद्दा, सव्वतोभद्दा, चत्तारि पडिमातो पन्नत्ताओ, तंजहा—खुड्डिया मोयपडिमा, महल्लिया मोयपडिमा, जवमज्झा, वइरमज्झा ।। सू० २५१।।**

*(મૂ૦) જીવો ચાર કારણ વડે આઠ કર્મપ્રકૃતિઓને એકત્ર કરતા હતા, તે આ પ્રમાણે—ક્રોધ વડે, માન વડે, માયા વડે અને લોભ વડે. એવી રીતે યાવત્ વૈમાનિકો પર્યંત જાણવું અર્થાત્ ૨૪ દંડકમાં એમ જાણવું. એવી રીતે આ દંડક એકત્ર કરે છે, એમ જ આ દંડક ભવિષ્યમાં એકઠા કરશે એ આલાપક વડે ત્રણ દંડકો કહેવા. એવી રીતે ઉપચયન-કર્મદલના નિષેકની રચના કરેલ છે, કરે છે અને કરશે. બાંધેલ છે-નિકાચિત કરેલ છે, કરે છે અને કરશે. ઉદીરણા કરેલ છે, કરે છે અને કરશે. ભોગવેલ છે, ભોગવે છે અને ભોગવશે. નિર્જરેલ છે, નિર્જરે છે અને નિર્જરશે-આત્મપ્રદેશથી દૂર કરશે યાવત્ વૈમાનિક પર્યંત એમ જાણવું, એમ એકેક પદમાં ત્રણ ત્રણ દંડક-પાઠ કહેવા યાવત્ નિર્જરા કરશે ત્યાં સુધી કહેવું. ।।૨૫૦।।*

1. विउस्सग्गपडिमा

*ચાર પડિમાઓ કહેલી છે, તે આ પ્રમાણે—સમાધિપડિમા–શ્રુતચારિત્રની સમાધિ, ઉપધાનપ્રતિમા–તપવિશેષ, વિવેકપડિમા–અશુદ્ધ ભાતપાણી વગેરેના ત્યાગરૂપ અને વ્યુત્સર્ગપડિમા–કાયોત્સર્ગરૂપ. વળી ચાર પ્રતિમાઓ કહે છે, તે આ પ્રમાણે—ભદ્રાપ્રતિમા–ચાર દિશાએ મળીને સોળ પ્રહરના કાયોત્સર્ગરૂપ, સુભદ્રા પણ પ્રાયઃ ભદ્રાની માફક છે, મહાભદ્રા–ચાર દિશાએ આઠ આઠ પ્રહર કાર્યોત્સર્ગ કરવારૂપ, સર્વતોભદ્રા–દશ દિશાઓમાં એકૈક અહોરાત્ર કાયોત્સર્ગરૂપ. વળી ચાર પ્રતિમાઓ કહેલી છે, તે આ પ્રમાણે—લઘુ મોકપડિમા સોળ ભક્તે પૂર્ણ થાય, મોટી મોકપડિમા અઢાર ભક્તે પૂરી થાય, યવમધ્યા–આદિ, અંતમાં કવલની હાનિ અને મધ્યમાં વૃદ્ધિરૂપ, વજ્રમધ્યા–આદિ–અંતમાં કવલની વૃદ્ધિ અને મધ્યમાં[1] હાનિરૂપ. ॥૨૫૧॥*

(ટી૦) 'जीवा ण'मित्यादि० સૂત્ર કહેલ અર્થવાળું છે, વિશેષ એ કે–ચયન–કષાયથી પરિણત જીવને કર્મપુદ્ગલોનું ગ્રહણ માત્ર, ઉપચયન–ગ્રહણ કરેલ કર્મના અબાધાકાલને છોડીને જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપે નિષેક કરવો, તે આ પ્રમાણે પ્રથમ સ્થિતિ (પ્રથમ ઉદયમાં આવે તે) માં અત્યંત કર્મદલિકને સ્થાપે છે, તે પછી બીજી સ્થિતિમાં વિશેષહીન કર્મદલને સ્થાપે છે, એવી રીતે ત્રીજી ચોથી યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષહીન દલિકને સ્થાપે છે. કહ્યું છે કે—

**मोत्तूण सगमबाहं, पढमाइ ठिईए बहुतरं दव्वं । सेसे विसेसहीणं, जावुक्वोसंति[2] सव्वेसिं ॥५२॥**

ઉપાર્જન કરેલ કર્મના અબાધાકાળને છોડીને પ્રથમ સ્થિતિમાં ઘણા કર્મદલિકોને સ્થાપે પછીની સ્થિતિમાં ઓછા વિશેષહીન યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષહીન દલિકોને સ્થાપે છે. (૫૨)

બંધન–જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપે નિષેક કરેલ કર્મદલિકને ફરીથી પણ કષાયની પરિણતિવિશેષથી નિકાચન–મજબૂત કરવારૂપ, ઉદીરણ–ઉદયમાં નહિ આવેલ કર્મદલિકને કરણ (જીવના વીર્ય) વડે ખેંચીને ઉદયમાં પ્રક્ષેપવું–લાવવું, વેદન–કર્મની સ્થિતિના ક્ષયથી સહજ ઉદયમાં આવેલ અથવા ઉદીરણાકરણ વડે ઉદય ભાવમાં પ્રાપ્ત થયેલ કર્મનું અનુભવવું, નિર્જરા–કર્મનું અકર્મસ્વરૂપ થવું, અહિ દેશથી જ નિર્જરા ગ્રહણ કરવી, કેમ કે ચોવીશ દંડકમાં સર્વ નિર્જરાનો અસંભવ હોય છે. વળી નિર્જરામાં ક્રોધ વગેરે કારણ થતા નથી, કેમ કે ક્રોધાદિકના ક્ષયને જ નિર્જરાનું કારણ કહેલ છે અર્થાત્ ક્રોધાદિ ક્ષય થવાથીજ નિર્જરા થાય છે. અહિં પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલી સંગ્રહગાથા જણાવે છે—

**आयपइट्ठिय १ खेत्तं, पडुच्च २ णंताणुबंधि ३ आभोगे ४ । चिण-उवचिण-बंध, उदीर वेय तह निज्जरा चेव ॥५३॥**

**[प्रज्ञापना० ४१८ त्ति]**

૧. આત્મપ્રતિષ્ઠિત પદ વડે ઉપલક્ષિત (જણાતું) સૂત્ર, ૨. ક્ષેત્રને આશ્રયી સૂત્ર, ૩. અનંતાનુબંધી પદ વડે ઉપલક્ષિત સૂત્ર અને ૪. આભોગપદ વડે ઉપલક્ષિત સૂત્ર. ત્યારબાદ ચયન, ઉપચયન, બંધન, ઉદીરણ, વેદન અને નિર્જરા અર્થાત્ ચયનાદિ વિષયવાળા સૂત્રો છે. (૫૩) ॥૨૫૦॥

હમણાં નિર્જરા કહી તે વિશિષ્ટ નિર્જરા પ્રતિમાદિ અનુષ્ઠાનથી થાય છે, માટે પ્રતિમાના સૂત્રો કહેલ છે. તે બીજા સ્થાનક (ઠાણા)માં વર્ણવાઈ ગયા છે તો પણ અહિં કહેવાય છે કેમ કે ચાર સ્થાનકના અનુરોધથી તેનું વર્ણન કરવું જોઈએ. એની વ્યાખ્યા પૂર્વની માફક જાણવી પરંતુ સ્મરણના વાસ્તે કિંચિત્ કહેવાય છે. સમાધિ એટલે શ્રુત અને ચારિત્રરૂપ, તેના વિષયવાળી પ્રતિમા પ્રતિજ્ઞા અર્થાત્ અભિગ્રહ તે સમાધિપ્રતિમા, અથવા દ્રવ્યસમાધિ પ્રસિદ્ધ છે, તેના વિષયવાળી પ્રતિમા–અભિગ્રહ તે સમાધિપ્રતિમા. એવી રીતે બીજી પ્રતિમાઓના સંબંધમાં પણ જાણવું. વિશેષ એ કે–ઉપધાન એટલે તપ અને વિવેક–અશુદ્ધ અને અતિરિક્ત (વધારે) ભક્તપાન, વસ્ત્ર, શરીર અને શરીરના મલ (લઘુનીતિ–વડીનીતિ) વગેરેનો ત્યાગ. 'विउस्सग्गे'त्ति० કાયોત્સર્ગ. ભદ્રાપ્રતિમા એટલે પૂર્વાદિ ચાર દિશાની સન્મુખ રહેલ સાધુને પ્રત્યેક દિશામાં ચાર પ્રહર પર્યંત કાયોત્સર્ગ

1. પ્રતિમાઓનું સ્વરૂપ બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશામાં કહેવાઈ ગયેલ છે. 2. क्वोस्सिं

કરવારૂપ, બે અહોરાત્રિ વડે આ પ્રતિમાની સમાપ્તિ થાય છે. સુભદ્રા પ્રતિમા પણ એ પ્રમાણે જ સંભવે છે, **કારણ કે કોઈ ગ્રંથમાં તેનું સ્વરૂપ જોયેલ ન હોવાથી લખ્યું નથી.** એવી રીતે દરેક દિશામાં અહોરાત્ર પ્રમાણે કાયોત્સર્ગ કરવારૂપ મહાભદ્રાપ્રતિમા ચાર અહોરાત્ર વડે સમાપ્ત થાય છે. અને જે દશ દિશાઓમાં પ્રત્યેક દિશાએ અહોરાત્ર પ્રમાણ કાયોત્સર્ગ કરવારૂપ છે તે સર્વતોભદ્રા પ્રતિમા દશ અહોરાત્ર વડે સમાપ્ત થાય છે. મોક પ્રતિમા એટલે પ્રશ્રવણ (લઘુનીતિ) સંબંધી પ્રતિજ્ઞા, જે સોળ ભક્ત (સાત ઉપવાસ) વડે સમાપ્ત થાય છે, તે ક્ષુલ્લિકા (નાની) કહેવાય છે અને આઠ ઉપવાસવડે સમાપ્ત થાય છે તે મહતી (મોટી) પ્રતિમા. યવની માફક દત્તિ (દાત) અને કવલોથી આદિ-અંતમાં હીન અને મધ્યમાં વૃદ્ધિવાળી તે યવમધ્યા પ્રતિમા અને વજ્રમધ્યા પ્રતિમા તો આદિ-અંતમાં (દત્તિની) વૃદ્ધિવાળી અને મધ્યમાં હીન હોય છે. ॥૨૫૧॥

પ્રતિમાઓ જીવાસ્તિકાયમાં જ હોય છે, તેનાથી વિપરીત અજીવાસ્તિકાયનું સૂત્ર કહે છે—

**चत्तारि अत्थिकाया अजीवकाया पन्नत्ता, तंजहा—धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, पोग्गलत्थिकाए। चत्तारि अत्थिकाया अरूविकाया पन्नत्ता, तंजहा—धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवत्थिकाए ॥ सू० २५२॥**

**चत्तारि फला पन्नत्ता, तंजहा—आमे णामं एगे आममहुरे १, आमे णाममेगे पक्कमहुरे २, पक्के णाममेगे आममहुरे ३, पक्के णाममेगे पक्कमहुरे ४। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—आमे णाममेगे आममहुरफलसमाणे ४ ॥ सू० २५३॥**

**चउव्विहे सच्चे पन्नत्ते, तंजहा—काउज्जुयया, भासुज्जुयया, भावज्जुयता, अविसंवायणाजोगे। चउव्विहे मोसे पन्नत्ते, तंजहा—कायअणुज्जुयता, भासअणुज्जुयता, भावअणुज्जुयता, विसंवादणाजोगे।**

**चउव्विहे पणिहाणे पन्नत्ते, तंजहा—मणपणिहाणे, वइपणिहाणे, कायपणिहाणे, उवकरणपणिहाणे। एवं णेरइयाणं पंचिंदियाणं जाव वेमाणियाणं ४। चउव्विहे सुप्पणिहाणे पन्नत्ते, तंजहा—मणसुप्पणिहाणे जाव उवगरणसुप्पणिहाणे। एवं संजयमणुस्साण वि, चउव्विहे दुप्पणिहाणे पन्नत्ते, तंजहा—मणदुप्पणिहाणे जाव उवकरणदुप्पणिहाणे। एवं पंचिंदियाणं जाव वेमाणियाणं २४ ॥ सू० २५४॥**

*(મૂ૦) ચાર અસ્તિકાય અજીવકાય કહેલા છે, તે આ પ્રમાણે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય. ચાર અસ્તિકાયને અરૂપીકાય કહેલા છે, તે આ પ્રમાણે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય. ચાર પ્રકારનાં ફલ કહેલાં છે, તે આ પ્રમાણે—કોઈએક ફલ કાચું છે અને રસથી કંઈક મધુર છે ૧, કોઈએક ફલ કાચું છે પણ રસથી અત્યંત મધુર છે ૨, કોઈએક ફલ પાકું છે પણ રસથી કંઈક મધુર છે ૩, અને કોઈએક ફલ પાકેલું છે અને અતિશય મધુર છે ૪. આ દૃષ્ટાંતથી ચાર પ્રકારના પુરુષો કહેલાછે, તે આ પ્રમાણે- કોઈએક પુરુષ વય અને શ્રુત (જ્ઞાન) થી અવ્યક્તકાચો છે અને ઉપશમાદિગુણથી અલ્પ મધુરતાવાળો છે ૧, કોઈએક પુરુષ વય અને શ્રુતથી કાચો છે પણ ઉપશમાદિગુણથી અત્યંત મધુરતાવાળો છે ૨, કોઈએક પુરુષ વય અને શ્રુતથી પરિણત (પાકો) છે પણ ઉપશમાદિગુણથી અલ્પ મધુરતાવાળો છે ૩, અને કોઈએક પુરુષ વય અને શ્રુતથી પરિણત તેમજ ઉપશમાદિગુણરૂપ અત્યંત મધુરતાવાળો છે ૪. ॥૨૫૩॥*

*ચાર પ્રકારે સત્ય-સરલ ભાવ કહેલ છે, તે આ પ્રમાણે-કાયાની સરલતા-શરીરની કુચેષ્ટાદિથી રહિત, ભાષાની સરલતા-કપટ વચનનો અભાવ, ભાવની સરલતા-મનની સરલતા, અવિસંવાદનાયોગ-વિપરીત જ્ઞાન રહિત બોલવું અર્થાત્ ગાયને ગાય કહેવી ઈત્યાદિરૂપ. ચાર પ્રકારે મૃષા-જૂઠું કહેલ છે, તે આ પ્રમાણે—કાયાની વક્રતા-વાંકું ચાલવું, ભાષાની વક્રતા-કપટ વચન બોલવું, ભાવની વક્રતા-મનનું વક્રપણું અને વિસંવાદનાયોગ-ગાયને ઘોડો*

*કહેવો ઇત્યાદિરૂપ. ચાર પ્રકારે પ્રણિધાન–પ્રયોગ કહેલ છે, તે આ પ્રમાણે—મનનું પ્રણિધાન, વચનનું પ્રણિધાન, કાયાનું પ્રણિધાન અને ઉપકરણ–વસ્ત્ર પાત્ર વગેરેનું પ્રણિધાન. એવી રીતે ચાર પ્રકારનું પ્રણિધાન નૈરયિકોને, પંચેંદ્રિયોને યાવત્ વૈમાનિકોને હોય છે અર્થાત્ પંચેંદ્રિયના સોળ દંડકમાં હોય છે. ચાર પ્રકારે સુપ્રણિધાન–સારો વ્યાપાર કહેલ છે, તે આ પ્રમાણે—મનનો ભલો વ્યાપાર, વચનનો ભલો વ્યાપાર, કાયાનો ભલો વ્યાપાર અને ઉપકરણનો ભલો વ્યાપાર. આ ચાર પ્રકારનું પ્રણિધાન સંયત (સાધુ) મનુષ્યોને જ હોય છે. ચાર પ્રકારે દુષ્પ્રણિધાન કહેલ છે, તે આ પ્રમાણે—મનનું દુષ્પ્રણિધાન, વચનનું દુષ્પ્રણિધાન, કાયાનું દુષ્પ્રણિધાન અને ઉપકરણનું દુષ્પ્રણિધાન. એવી રીતે ચાર પ્રકારનું દુષ્પ્રણિધાન પંચેંદ્રિયોને યાવત્ વૈમાનિકોને હોય છે અર્થાત્ સોળ દંડકમાં હોય છે. ॥૨૫૪॥*

(ટી૦) **'अत्थिकाय'त्ति०** अस्ति એ નિપાત ત્રણ કાલનો બોધક છે. ભૂતકાળમાં હતા, વર્તમાન હોય છે અને ભવિષ્યમાં હશે એવી ભાવના છે. એટલે ત્રિકાલ વિષયક કાયો તે કોના? પ્રદેશોના સમુદાયો અથવા **'अस्ति'** શબ્દ વડે કોઈક સ્થલમાં પ્રદેશો કહેવાય છે. તેથી તેઓ (પ્રદેશો) ના કાયો તે અસ્તિકાયો અને તે ચાર અસ્તિકાયો અચેતન હોવાથી અજીવકાયો છે. અસ્તિકાયો મૂર્ત્ત અને અમૂર્ત્ત હોય છે માટે અમૂર્ત્ત અસ્તિકાયના પ્રતિપાદન માટે અરૂપી અસ્તિકાયનું સૂત્ર કહેલ છે. રૂપ–આકારવાળું અર્થાત્ વર્ણ વગેરે સ્વરૂપવાળું છે જેઓને તે રૂપી અસ્તિકાય. તેના પર્યુદાસ–નિષેધથી અરૂપી અર્થાત્ અમૂર્ત્ત અસ્તિકાયો. હમણાં જ જીવાસ્તિકાય કહ્યો, તેના વિશેષભૂત પુરુષના નિરૂપણ માટે ફલસૂત્ર કહે છે–આમ એટલે અપક્વ ફલ છતાં કાચા ફલની જેમ મધુર અર્થાત્ થોડું મધુર તે [1]આમમધુર ૧, તથા કાચું ફલ છતાં પક્વ–પાકા ફળની જેમ મધુર અર્થાત્ અત્યંત મધુર ૨, તથા પક્વ ફલ છતાં કાચા ફલની જેમ મધુર એટલે કે પૂર્વની જેમ થોડું મધુર ૩, તથા પક્વ ફલ છતાં પક્વ મધુર અર્થાત્ પૂર્વની જેમ અત્યંત મધુર ૪. પુરુષ તો આમ–વય અને શ્રુતથી અવ્યક્ત (કાચો) અને આમ મધુર ફલ સમાન, કેમ કે અલ્પ ઉપશમ વગેરે લક્ષણરૂપ માધુર્યના ભાવથી ૧, વય અને શ્રુતથી અવ્યક્ત અને પક્વ મધુર ફલ સમાન અર્થાત્ પક્વ ફલની જેમ મધુર સ્વભાવ કેમ કે શ્રેષ્ઠ ઉપશમાદિ ગુણ યુક્ત હોવાથી ૨, તથા અન્ય પક્વ–વય અને શ્રુતથી પરિણત અને આમ મધુર ફલ સમાન કેમ કે ઉપશમાદિ માધુર્યનું અલ્પત્વ હોવાથી ૩, તથા અન્ય પક્વ તેમજ વય અને શ્રુતથી પક્વ મધુર ફલ સમાન, કેમ કે શ્રેષ્ઠ ઉપશમાદિ ગુણ યુક્ત હોવાથી ૪. ॥૨૫૩॥

હમણાં પક્વ મધુર કહ્યો તે સત્ય ગુણના યોગથી હોય છે એ હેતુથી સત્ય અને તેનું વિપર્યય મૃષા તથા સત્ય–અસત્ય નિમિત્તવાળા પ્રણિધાન પ્રત્યે કહેવાની ઈચ્છાવાળા સૂત્રકાર તે તે સૂત્રોને કહે છે **'चउव्विहे सच्चे' इत्यादीनि०** કહેલ અર્થવાળાં આ સૂત્રો છે. વિશેષ એ કે–ઋજુક–માયા રહિતનો ભવ અથવા કર્મ [કાર્ય] તે ઋજુકતા [સરલતા], કાયાની ઋજુકતા તે કાયઋજુકતા, એવી રીતે બીજા પણ જાણવા. વિશેષ એ કે–ભાવ એટલે મન, કાયઋજુકતા વગેરે શરીર, વાણી અને મનની યથાવસ્થિત અર્થ (યથાર્થ) સ્વરૂપ જણાવવા માટે પ્રવૃત્તિઓ છે તથા અજાણપણાથી ગાય વગેરેને અશ્વ વગેરે જે કહે છે અથવા કોઈના માટે કંઈક સ્વીકારીને જે કરતો નથી તે વિસંવાદન, તેના વિપક્ષથી યોગ–સંબંધ તે અવિસંવાદનાયોગ **'मोसे' त्ति०** મૃષા–અસત્ય, કાયાની સરલતા નહિં અર્થાત્ વક્રતા ઇત્યાદિ વાક્ય છે. **प्रणिधिः**—પ્રણિધાન અર્થાત્ પ્રયોગ તેમાં મનનું પ્રણિધાન–આર્ત્ત, રૌદ્ર, ધર્મ્મ વગેરે સ્વરૂપ વડે પ્રયોગ તે મનપ્રણિધાન, એવી રીતે વચનપ્રણિધાન અને કાયપ્રણિધાન પણ જાણવું. ઉપકરણ–લૌકિક અને લોકોત્તરરૂપ વસ્ત્ર પાત્રાદિ સંયમ અને અસંયમના ઉપકાર માટે પ્રણિધાનપ્રયોગ તે ઉપકરણપ્રણિધાન છે. **'एव' मिति०** જેવી રીતે સામાન્યથી કહ્યું તેમ નૈરયિકોને પણ કહેવું. વળી કહેલ ચોવીશ દંડકના મધ્યે પણ વૈમાનિક પર્યંત જે પંચેંદ્રિયો છે તેઓને પણ એવી જ રીતે ચાર પ્રણિધાનો કહેવા. એકેંદ્રિયાદિને મન વગેરેનો અસંભવ હોવાથી પ્રણિધાનનો પણ અસંભવ છે. પ્રણિધાન સુપ્રણિધાન અને દુષ્પ્રણિધાન એમ બે પ્રકારના છે માટે તે બંને સૂત્રો છે.

1. પ્રદેશોનો અધ્યાહાર કરેલ છે.

શોભન-સંયમના હેતુવાળું હોવાથી સારું પ્રણિધાન અર્થાત્ મન વગેરેનું પ્રયોજન 'સુ'માં પ્રવર્ત્તાવવું તે સુપ્રણિધાન. આ સુપ્રણિધાન ચોવીશ દંડકના નિરૂપણમાં મનુષ્યોને છે, તેમાં પણ સંયતોને જ હોય છે કેમ કે-સુપ્રણિધાન ચારિત્રની પરિણતિરૂપ હોય છે. સૂત્રકાર કહે છે 'एवं संजये' त्यादि० દુષ્પ્રણિધાનનું સૂત્ર સામાન્ય સૂત્રની માફક જાણવું. વિશેષ એ કે-દુષ્પ્રણિધાન-અસંયમ માટે મન વગેરેનો વ્યાપાર કરવો તે. ॥૨૫૪॥

હવે પુરુષના અધિકારથી બીજી રીતે પુરુષ સંબંધી ૧૪ સૂત્રો કહે છે—

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आवातभद्दते णाममेगे णो संवासभद्दते १, संवासभद्दए णाममेगे णो आवातभद्दए २, एगे आवातभद्दते वि संवासभद्दते वि ३, एगे णो आवायभद्दते नो संवासभद्दए ४ (१)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—अप्पणो नाममेगे वज्जं पासति, णो परस्स, परस्स णाममेगे वज्जं पासति ४ (२)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—अप्पणो णाममेगे वज्जं उदीरेति णो परस्स ४ (३)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अप्पणो नाममेगे वज्जं उवसामेति णो परस्स ४ (४)।**

**चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—अब्भुट्ठेइ नाममेगे णो अब्भुट्ठावेति (५)। एवं वंदति णाममेगे णो वंदावेइ (६)। एवं सक्कारेइ (७), सम्माणेति (८), पूएइ (९), वाएइ (१०), पडिच्छति (११), पुच्छइ (१२), वागरेति (१३)। सुत्तधरे णाममेगे णो अत्थधरे, अत्थधरे नाममेगे णो सुत्तधरे (१४) ॥ सू० २५५॥**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ આપાતભદ્રક એટલે પ્રથમ મિલાપમાં મધુર વચનાદિ વડે સુખકારી પણ સંવાસ-ઘણા કાલના વસવાટમાં સારો નહિં ૧, એક પુરુષ સંવાસ-ઘણા કાલના વસવાટમાં સારો પણ આપાત-પ્રથમ મિલાપમાં સારો નહિં અર્થાત્ મધુરભાષી નહિં ૨, એક પુરુષ પ્રથમ મિલાપમાં પણ સારો અને પછી સંવાસમાં પણ સારો ૩, અને કોઈએક પુરુષ આપાત-પ્રથમ મિલાપમાં પણ સારો નહિં તથા પછી પણ સારો નહિં ૪ (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ પોતાના પાપકર્મ (દોષ) ને જૂએ છે પરંતુ બીજાના પાપકર્મ (દોષ) ને જોતો નથી ૧, કોઈ એક પુરુષ બીજાના દોષને દેખે છે પરંતુ પોતાના દોષને જોતો નથી ૨, કોઈએક પુરુષ પોતાના અને પારકા દોષને જૂએ છે ૩, અને કોઈએક પુરુષ પોતાના કે પારકા દોષને જોતો નથી ૪ (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ પોતાના પાપને બીજા પાસે કહે છે પરંતુ બીજાના પાપને કહેતો નથી ૧, કોઈએક પુરુષ બીજાના પાપ (દોષ) ને કહે છે પરંતુ પોતાના દોષને કહેતો નથી ૨, કોઈએક પુરુષ પોતાના અને પારકા દોષને કહે છે ૩, અને કોઈએક પુરુષ પોતાના કે પારકા દોષને કહેતો નથી ૪ (૩) કોઈએક પુરુષ પોતાના પાપનું નિવર્ત્તન (દૂર કરવું) કરે છે પરંતુ બીજાના પાપનું નિવર્ત્તન કરતો નથી ૧, કોઈએક પુરુષ બીજાના પાપનું નિવર્ત્તન કરે છે પરંતુ પોતાના પાપનું નિવર્ત્તન કરતો નથી ૨, કોઈએક પુરુષ પોતાના અને પારકા પાપનું નિવર્ત્તન કરે છે ૩ અને કોઈએક પુરુષ પોતાના કે પારકા પાપનું નિવર્ત્તન કરતો નથી ૪ (૪) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ (સંવિજ્ઞપાક્ષિકાદિ સાધુ) આસનથી ઊભો થાય છે પણ અન્યને ઊઠવા દેતો નથી ૧, કોઈએક પુરુષ બીજાને ઊઠવા દે છે પણ પોતે ઊભો થતો નથી તે ગુરુ ૨, સ્વયં ઊભો થાય છે અને બીજાને પણ ઊભો થવા દે છે તે સ્થવિર મુનિ ૩ અને કોઈએક પુરુષ સ્વયં ઊભો થતો નથી અને બીજાને આસનથી ઊભો થવા દેતો નથી તે જિનકલ્પિક વગેરે ૪ (૫) એવી જ રીતે કોઈક પુરુષ સ્વયં વંદન કરે છે પણ બીજા પાસે વંદાવતો નથી (૧), કોઈક પુરુષ બીજા પાસે વંદાવે છે પણ પોતે વંદન કરતો નથી ૨, કોઈક પુરુષ પોતે વંદન કરે છે ને બીજા પાસે વંદન કરાવે છે ૩ તેમજ કોઈએક પુરુષ સ્વયં વંદન કરે નહિં અને અન્ય પાસે વંદન કરાવે પણ નહિ ૪ (૬) એવી જ રીતે સત્કાર કરે પણ કરાવે નહિં ૧, સત્કાર કરાવે પણ કરે નહિ ૨, સ્વયં*

*સત્કાર કરે અને કરાવે ૩, સ્વયં સત્કાર કરે નહિ અને કરાવે પણ નહિં (૭) સન્માન કરે પણ કરાવે નહિ ૧, સન્માન કરાવે પણ કરે નહિ ૨, સન્માન કરે અને કરાવે ૩, સન્માન કરે નહિં અને કરાવે પણ નહિં ૪ (૮) સ્વયં પૂજે પણ પૂજાવે નહિં ૧, પૂજાવે પણ પૂજે નહિં ૨, પૂજે અને પૂજાવે ૩, પૂજે નહિં અને પૂજાવે નહિં ૪ (૯) સ્વયં ભણાવે છે પણ ભણતો નથી તે ઉપાધ્યાય ૧, ભણે પણ ભણાવતો નથી તે શિષ્ય ૨, બીજાને ભણાવે છે અને સ્વયં ન ભણેલ ગ્રંથને ભણે છે તે વિદ્વાન સાધુ ૩, તેમજ ભણતો નથી અને ભણાવતો નથી ૪ (૧૦) સ્વયં સૂત્ર અને અર્થનું ગ્રહણ કરે છે પણ બીજાને ગ્રહણ કરાવતો નથી શિષ્ય ૧, બીજાને ગ્રહણ કરાવે છે અને સ્વયં ગ્રહણ કરતો નથી તે ઉપાધ્યાય ૨, સ્વયં ગ્રહણ કરે છે અને બીજાને ગ્રહણ કરાવે છે તે સ્થવિર ૩ અને સ્વયં ગ્રહણ કરતો નથી તથા બીજાને ગ્રહણ કરાવતો નથી ૪ (૧૧) સ્વયં પ્રશ્ન પૂછે છે પણ બીજાવડે પ્રશ્ન કરાવતો નથી તે લઘુ શિષ્ય ૧, બીજાઓ વડે પૂછાય છે પણ સ્વયં પૂછતો નથી તે ગુરુ. ૨, સ્વયં પૂછે છે અને પૂછાય છે તે સ્થવિર સાધુ ૩ તેમજ સ્વયં પૂછતો નથી અને બીજાવડે પૂછાવાતો નથી તે જિનકલ્પિક. ૪. આ પ્રશ્નસૂત્ર શાસ્ત્રના વિષયમાં સમજવું. (૧૨) પોતે સૂત્રાદિને બોલે છે પણ બીજા પાસે બોલાવતો નથી ૧, બીજા પાસે બોલાવે છે પણ પોતે બોલતો નથી ૨, પોતે બોલે છે અને બીજા પાસે બોલાવે છે ૩ તેમજ પોતે બોલતો નથી તથા બીજા પાસે બોલાવતો નથી ૪ (૧૩) કોઈએક પુરુષ સૂત્રને ધરનાર છે પણ અર્થને ધરનાર નથી તે નવીન અભ્યાસી ૧, કોઈ* ***પુરુષ અર્થને ધરનાર છે પણ સૂત્રને ધરનાર નથી જાણકાર શ્રાવક વગેરે*** *૨, કોઈક પુરુષ સૂત્ર અને અર્થ બન્નેના ધરનાર છે તે ગીતાર્થ ૩ અને કોઈક પુરુષ સૂત્રધર તથા અર્થધર પણ નથી તે જડ મનુષ્ય ૪ (૧૪). ।।૨૫૫।।*

(ટી૦) ચૌદ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે–આપતન–આપાત, અર્થાત્ પ્રથમ મિલાપ. તેમાં ભદ્રક–સુખકારક, કેમ કે જોવું અને ભાષણાદિ દ્વારા સુખકર હોવાથી. સંવાસ–લાંબા કાલના સહવાસમાં કલ્યાણકારક નહિં કેમ કે હિંસક હોવાથી અથવા **સંસારના કારણમાં જોડનાર હોવાથી.** ૧. સાથે વસનારાઓને અત્યંત ઉપકારીપણાએ સંવાસભદ્રક, પરંતુ પ્રથમ મિલનમાં ભદ્રક નહિં, કેમ કે ન બોલવું અને કઠોર ભાષણ વગેરે હોવાથી. ૨. એવી જ રીતે ત્રીજો **અને** ચોથો ભાંગો જાણવો. ૪. (૧) 'वज्जं'त्ति० ત્યાગ કરાય છે તે વર્જ્ય, અથવા અવદ્ય–પાપ (અકારનો લોપ થવાથી અવજ્જને બદલે મૂલમાં વજ્જ થયેલ છે.) અથવા વજ્રની માફક ભારે હોવાથી વજ્ર–હિંસા, અસત્ય વગેરે પાપરૂપ કર્મ, કોઈએક પુરુષ પોતાના પાપકર્મને કલહ વગેરેમાં જુવે છે, કેમ કે પશ્ચાત્તાપ સહિત હોવાથી, પરંતુ પરના પાપ–અપરાધને જોતો નથી, કેમ કે તેથી તે ઉદાસીન હોવાથી. ૧, અન્ય પુરુષ તો પરના દોષને જુવે છે પરંતુ પોતાના દોષને જોતો નથી, કેમ કે અહંકાર સહિત હોવાથી. ૨, અન્ય પુરુષ સ્વ–પરના દોષને જુવે છે, કેમ કે પશ્ચાત્તાપ સિવાય યથાર્થ વસ્તુનો બોધ થવાથી. ૩, કોઈક તો બન્ને (સ્વ–પર)ના દોષને જોતો નથી. કેમકે વિશેષ મૂઢ હોવાથી. (૨) કોઈક પોતાના પાપને જોઈને કહે છે અર્થાત્ એમ કહે છે કે–"મેં આ પાપ કર્યું છે' અથવા શાંત થયેલ [ક્લેશાદિ] ની ફરીથી પ્રવૃત્તિ કરે છે, અથવા વજ્રરૂપ કર્મની ઉદીરણા કરે છે અર્થાત્ [બીજાને] પીડા ઉત્પન્ન કરવા વડે ઉદયમાં કર્મને પ્રવેશાવે[1] છે. (૩) એવી રીતે ઉપશમાવે છે અર્થાત્ પાપ અથવા કર્મને દૂર કરે છે. (૪) 'अब्भुट्ठेइ'त्ति० અભ્યુત્થાન કરે છે એટલે કે ગુરુ વગેરેને આવતાં જોઈને આસનથી ઊભો થાય છે, બીજા પાસે અભ્યુત્થાન કરાવતો નથી તે કોણ? સંવિજ્ઞપાક્ષિક[2] અથવા લઘુપર્યાયવાળો મુનિ. ૧, ફક્ત અભ્યુત્થાન કરાવે જ છે કોણ? ગુરુ. ૨, અભ્યુત્થાન કરનાર અને કરાવનાર તે કોણ? ગીતાર્થ **સ્થવિરાદિ.** ૩. **અભ્યુત્થાન કરે નહિ અને કરાવે નહિ તે કોણ?** જિનકલ્પિક અથવા **અવિનીત શિષ્ય.** ૪ (૫) એમ જ વંદનાદિ સૂત્રોમાં પણ ચાર ભાંગા જાણવા. વિશેષ એ કે–દ્વાદશ આવર્ત્તનાદિદ્વારા વંદન કરે છે. (૬)

1. ટીકાકારે બીજા ભાંગાઓ જ્યાં કહેલ નથી તે સ્થળે મૂલના અનુવાદથી જાણી લેવા. ફક્ત એક ભાંગો કહેલ છે તેના અનુસારે બીજા જોડવા.
2. શુદ્ધ પ્રરૂપક પરંતુ શુદ્ધ ક્રિયા ન કરનાર તેમજ મુનિવેષને ધરનાર તે સંવિજ્ઞપાક્ષિક. વિશેષ જિજ્ઞાસુએ શ્રી ધર્મદાસગણિવિરચિત ઉપદેશમાલા નામક ગ્રંથ જોવો.

વસ્ત્રાદિના દાન વડે સત્કાર કરે છે. (૭) સ્તુતિ વગેરેથી ગુણોની ઉન્નતિ કરવા વડે સન્માન કરે છે. (૮) યોગ્ય પૂજાદ્રવ્યો વડે પૂજે છે. (૯) वाचयति—ભણાવે છે, 'नो वायावेइ' બીજા પાસેથી પોતે જાણતો નથી તે કોણ? ઉપાધ્યાયાદિ. ૧, સ્વયં ભણે છે પરંતુ બીજાને ભણાવતો નથી, આ બીજા ભાંગામાં અભ્યાસી શિષ્ય. ૨, ત્રીજા ભાંગામાં બીજાને ભણાવે છે અને નહિં ભણેલ ગ્રંથને સ્વયં ભણે છે તે કોણ? વિદ્વાન્ સાધુ ૩, ચોથા ભાંગામાં જિનકલ્પિક, [સ્વયં ભણે નહિ અને અન્યને ભણાવે પણ નહિં] ૪, એવી રીતે સ્વબુદ્ધિ વડે સર્વત્ર ઉદાહરણથી યોજના કરવી. (૧૦) સૂત્ર અને અર્થને ગ્રહણ કરે છે. (૧૧) પ્રશ્ન કરે છે. (૧૨) સૂત્રાદિને બોલે છે તેવી જ રીતે અન્ય ભાંગા જાણવા. (૧૩) સૂત્રધર-ભણનાર ૧, અર્થધર-જાણનાર ૨, ત્રીજો ઉભય (સૂત્રાર્થ) ધર વિદ્વાન્ મુનિ ૩ અને બન્નેને નહિં ધરનાર તે જડ (૧૪). ॥૨૫૫॥

**चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो चत्तारि लोगपाला पन्नत्ता, तंजहा—सोमे, जमे, वरुणे, वेसमणे, एवं बलिस्स वि सोमे, जमे, वेसमणे, वरुणे। धरणस्स कालवाले, कोलवाले, सेलवाले, संखवाले। एवं भूयाणंदस्स [चत्तारि] कालवाले, कोलवाले, संखवाले, सेलवाले। वेणुदेवस्स चित्ते, विचित्ते, चित्तपक्खे, विचित्तपक्खे। वेणुदालिस्स चित्ते, विचित्ते, विचित्तपक्खे, चित्तपक्खे (१)।**

**हरि[कंत]स्स पभे, सुप्पभे, पभकंते, सुप्पभकंते। हरिसहस्स पभे, सुप्पभे, सुप्पभकंते, पभकंते। अग्गिसिहस्स तेऊ, तेउसिहे, तेउकंते, तेउप्पभे। अग्गिमाणवस्स तेऊ, तेउसिहे, तेउप्पभे, तेउकंते। पुन्नस्स रुते, रुतंसे, रुतकंते, रुतप्पभे। एवं विसिट्ठस्स रूते, रूतंसे, रूतप्पभे, रूयकंते। जलकंतस्स जले, जलरते, जलकंते, जलप्पभे। जलप्पहस्स जले, जलरते, जलप्पहे, जलकंते (२)।**

**अमितगतिस्स तुरियगती, खिप्पगती, सीहगती, सीहविक्कमगती। अमितवाहणस्स तुरियगति, खिप्पगती, सीहविक्कमगती, सीहगती। वेलंबस्स काले, महाकाले, अंजणे, रिट्ठे। पभंजणस्स काले, महाकाले, रिट्ठे, अंजणे। घोसस्स आवत्ते, वियावत्ते, णंदियावत्ते, महाणंदियावत्ते। महाघोसस्स, आवत्ते, वियावत्ते, महाणंदियावत्ते, णंदियावत्ते २०।**

**सक्कस्स सोमे, जमे, वरुणे, वेसमणे। ईसाणस्स सोमे, जमे, वेसमणे, वरुणे। एवं एगंतरिता जावच्चुतस्स। चउव्विहा वाउकुमारा पन्नत्ता, तंजहा—काले, महाकाले, वेलंबे पभंजणे ॥ सू० २५६॥**

**चउव्विहा देवा पन्नत्ता, तंजहा—भवणवासी, वाणमंतरा, जोइसिया, विमाणवासी ॥ सू० २५७॥**

**चउव्विहे पमाणे पन्नत्ते, तंजहा—दव्वप्पमाणे, खेत्तप्पमाणे, कालप्पमाणे, भावप्पमाणे ॥ सू० २५८॥**

*(મૂ૦) અસુરેંદ્રના-અસુરકુમારના રાજા ચમરેંદ્રના ચાર લોકપાલો કહ્યા છે, તે આ પ્રમાણે—સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ ૧, એવી રીતે બલીંદ્રના પણ ચાર લોકપાલ છે-સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ ૨, ધરણેંદ્રના કાલવાલ, કોલપાલ, શૈલપાલ અને શંખપાલ એ ચાર લોકપાલ છે ૩, એમ ભૂતાનેન્દ્રના કાલપાલ, કોલપાલ, શંખપાલ અને શૈલપાલ એ ચાર લોકપાલ છે ૪, વેણુદેવ ઇંદ્રના ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, અને વિચિત્રપક્ષ એ ચાર લોકપાલ છે ૫, વેણુદાલિ ઇંદ્રના ચિત્ર, વિચિત્ર, વિચિત્રપક્ષ અને ચિત્રપક્ષ એ ચાર લોકપાલ છે. ૬, (૧) હરિકાન્ત ઇંદ્રના પ્રભ, સુપ્રભ, પ્રભકાંત અને સુપ્રભકાંત એ ચાર લોકપાલ છે ૭, હરિસ્સહ ઇંદ્રના પ્રભ, સુપ્રભ, સુપ્રભકાંત અને પ્રભકાંત ૮, અગ્નિશિખ ઇંદ્રના તેજઃ, તેજઃશિખ, તેજસ્કાંત અને તેજપ્રભ ૯, અગ્નિમાનવ ઇંદ્રના તેજઃ, તેજઃશિખર, તેજઃપ્રભ અને તેજસ્કાંત 10, પૂર્ણ ઇંદ્રના રૂપ, રૂપાંશ, રૂપકાંત અને રૂપપ્રભ ૧૧, વિશિષ્ટ ઇંદ્રના રૂપ, રૂપાંશ, રૂપપ્રભ અને રૂપકાંત ૧૨, જલકાંત ઇંદ્રના જલ, જલરત, જલકાંત અને જલપ્રભ ૧૩, જલપ્રભ ઇંદ્રના જલ, જલરત, જલપ્રભ અને*

*જલકાંત ૧૪, આ નામવાળા લોકપાલો છે. (૨) અમિતગતિ ઇંદ્રના ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ અને સિંહવિક્રમગતિ ૧૫, અમિતવાહન ઇંદ્રના ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહવિક્રમગતિ અને સિંહગતિ ૧૬, વેલંબ ઇંદ્રના કાલ, મહાકાલ, અંજન અને રિષ્ટ ૧૭, પ્રભંજન ઇંદ્રના કાલ, મહાકાલ, રિષ્ટ અને અંજન ૧૮, ઘોષ ઇંદ્રના આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત અને મહાનંદિકાવર્ત્ત ૧૯, મહાઘોષ ઇંદ્રના આવર્ત્ત, વ્યાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત અને નંદિકાવર્ત્ત ૨૦, આ નામવાળા લોકપાલો છે. અસુરકુમારનિકાયમાં દક્ષિણ દિશાનો સ્વામી ચમરેંદ્ર અને ઉત્તર દિશાનો બલીંદ્ર છે. આ પ્રમાણે દરેક નિકાયના ક્રમશઃ દક્ષિણ અને ઉત્તર દિશાના ઇંદ્રો મળી વીશ ઇંદ્રો છે. (વ્યંતર અને જ્યોતિષ્કના ઇંદ્રોને લોકપાલો નથી.) શક્રેંદ્રના સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ ૪. ઈશાનેંદ્રના સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ- આ નામવાળા લોકપાલો કહેલ છે. એવી રીતે એક એકને અંતરે નામો યાવત્ અચ્યુતેંદ્ર પર્યંત કહેવા. અર્થાત્ સનત્કુમાર, બ્રહ્મલોક, મહાશુક્ર અને પ્રાણત ઇંદ્રના લોકપાલના નામો સૌધર્મેંદ્ર (શક્ર) ના લોકપાલોની જેમ અને માહેંદ્ર, લાંતક, સહસ્રાર અને અચ્યુત ઇંદ્રના લોકપાલોના નામો ઈશાનેંદ્રના લોકપાલોની માફક જાણવા. ચાર પ્રકારના વાયુકુમારો પાતાલકલશાના અધિપતિ દેવો કહેલા છે, તે આ પ્રમાણે-કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન. ॥૨૫૬॥*

*ચાર પ્રકારના દેવો કહેલા છે, તે આ પ્રમાણે—ભવનપતિ, વાનવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. ॥૨૫૭॥*

*ચાર પ્રકારે પ્રમાણ કહેલા છે, તે આ પ્રમાણે—દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ, કાલપ્રમાણ અને ભાવપ્રમાણ. ॥૨૫૮॥*

(ટી૦) પુરુષના અધિકારથી જ દેવવિશેષ પુરુષોનું નિરૂપણ કરનાર લોકપાલાદિ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે-ઇંદ્ર એટલે પરમ ઐશ્વર્યના યોગથી પ્રભુ અથવા ગજેંદ્રની જેમ મહાન્. રાજન્-દીપતો હોવાથી અર્થાત્ શોભાવાળો હોવાથી અથવા આરાધ્ય હોવાથી રાજા. અથવા ઇંદ્ર અને રાજા એકાર્થવાચક છે. દક્ષિણ દિશાના લોકપાલોમાં નામથી જે ત્રીજો લોકપાલ છે તે ઉત્તર દિશાના લોકપાલોમાં નામથી ચોથો છે અને ચોથો છે. તે ત્રીજો છે. એવી રીતે '**एक्कंतरिय**' **त्ति०** જે નામવાળા શક્ર ઇંદ્રના લોકપાલો છે તે નામવાળા જ સનત્કુમાર, બ્રહ્મલોક, શુક્ર અને પ્રાણતેંદ્રના લોકપાલો છે, તથા જે નામવાળા ઈશાનેંદ્રના લોકપાલો છે તે નામવાળા જ માહેંદ્ર, લાંતક, સહસ્રાર અને અચ્યુતેંદ્રના લોકપાલો છે. કાલાદિ વાયુકુમાર દેવો પાતાલકલશાના સ્વામી છે. ॥૨૫૬॥

ચાર પ્રકારના દેવો છે. ॥૨૫૭॥

એમ જે કહેલ છે તે સંખ્યાપ્રમાણ છે માટે પ્રમાણની પ્રરૂપણા કરનાર સૂત્ર કહે છે. જે પ્રમાણ કરે છે અથવા જેના વડે પદાર્થનિર્ણય કરાય છે તે પ્રમાણ, તેમાં દ્રવ્ય એ જ પ્રમાણ, દંડ વગરે દ્રવ્યથી અથવા ધનુષ્ય વગેરેથી શરીર પ્રમુખનું પ્રમાણ અથવા દંડ, હસ્ત અને અંગુલ વગેરેથી નિર્ણય કરવો તે દ્રવ્યપ્રમાણ, જીવાદિ દ્રવ્યનું અથવા જીવ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પ્રમુખ દ્રવ્યોનું પ્રમાણ અથવા પરમાણુ વગેરે દ્રવ્યમાં પર્યાયોનો અથવા પરમાણુ આદિ દ્રવ્યને વિષે જ પર્યાયોનો નિર્ણય [1]કરવો તે દ્રવ્યપ્રમાણ. એવી રીતે ક્ષેત્રપ્રમાણાદિમાં યથાયોગ્ય સમાસ કરવો. ત્યાં દ્રવ્યપ્રમાણ બે પ્રકારે છે-૧. પ્રદેશનિષ્પન્ન અને ૨. વિભાગનિષ્પન્ન. આ બન્નેમાં પહેલું પરમાણુથી આરંભીને અનંત પ્રદેશિક સ્કંધ પર્યંત અને બીજું વિભાગનિષ્પન્ન માન પ્રમુખ પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧. માન-ધાન્યનું માન, તે સેતિકા (બે પસલી પ્રમાણ) વગેરે, રસનું માન, તે કર્ષ (તોલો) વગેરે, ૨. ઉન્માન-ત્રાજવાના તોલા, શેર વગેરે, ૩. અવમાન-હાથ વગેરે, ૪. ગણિત-એક બે વગેરે, ૫. પ્રતિમાન-ગુંજા (ચણોઠી), વાલ વગેરે. ક્ષેત્ર-આકાશ, તેનું પ્રમાણ બે પ્રકારે- પ્રદેશનિષ્પન્નાદિ, તેમાં પ્રદેશનિષ્પન્ન-એક પ્રદેશ અવગાઢથી લઈને અસંખ્યાત પ્રદેશ અવગાઢ (અવગાહીને રહેલ) પર્યંત અને વિભાગનિષ્પન્ન તે અંગુલ પ્રમુખ. કાલ-સમયનું માન બે પ્રકારે છે—૧. પ્રદેશનિષ્પન્ન તે એક સમયની સ્થિતિથી આરંભીને અસંખ્યાત સમયની સ્થિતિ પર્યંત અને વિભાગનિષ્પન્ન તે સમય, આવલિકા વગેરે. ક્ષેત્ર અને કાલમાં દ્રવ્યપણું છતે પણ દ્રવ્યથી જે બેને જુદા કહેલ છે તે જીવાદિ દ્રવ્યોના વિશેષકપણાએ

1. આ પ્રમાણની વ્યાખ્યામાં તૃતીયા, ષષ્ઠી અને સપ્તમી વિભક્તિઓના એકવચન અને બહુવચન લીધેલ છે.

ક્ષેત્ર અને કાલને વિષે તે દ્રવ્યોનું પર્યાયપણું પણ છે; માટે દ્રવ્યથી ક્ષેત્ર અને કાલની વિશિષ્ટતા કહેવા માટે ભેદને નિર્દેશ કરેલ છે. ભાવ એ જ પ્રમાણ, અથવા ભાવોનું પ્રમાણ તે ભાવપ્રમાણ, તે ગુણ, નય અને સંખ્યાભેદથી ત્રણ પ્રકારનું છે, ત્રણમાં જીવના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણો છે, તેમાં જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન, ઉપમા અને આગમરૂપ ગુણપ્રમાણ છે, નૈગમાદિ નયો તે નયપ્રમાણ છે, એક બે વગેરે સંખ્યા તે સંખ્યાપ્રમાણ છે. ॥૨૫૮॥

દેવના અધિકારથી જ વિશેષ જણાવતાં કહે છે કે—

**चत्तारि दिसाकुमारिमहत्तरियाओ पन्नत्ताओ, तंजहा—रूया, रूयंसा, सुरूवा, रूयावती। चत्तारि विज्जुकुमारिमहत्तरियाओ पन्नत्ताओ, तंजहा—चित्ता, चित्तकणगा, सतेरा[1] सोतामणी ॥ सू० २५९॥**

**सक्कस्स णं देविंदस्स देवरन्नो मज्झिमपरिसाते देवाणं चत्तारि पलिओवमाइं ठिती पन्नत्ता, ईसाणस्स णं देविंदस्स देवरन्नो मज्झिमपरिसाए देवीणं चत्तारि पलिओवमाइं ठिई पन्नत्ता ॥ सू० २६०॥**

**चउव्विहे संसारे पन्नत्ते, तंजहा—दव्वसंसारे, खेत्तसंसारे, कालसंसारे, भावसंसारे ॥ सू० २६१॥**

*(મૂ૦) દિશાકુમારીની ચાર મહત્તરિકા દેવીઓ મધ્યરુચકની વસનારી કહેલી છે, તે આ પ્રમાણે—રૂપા, રૂપાંશા, સુરૂપા અને રૂપાવતી. વિદ્યુત્કુમારીની ચાર મહત્તરિકા દેવીઓ રુચક પર્વતની વિદિશામાં વસનારી કહેલી છે, તે આ પ્રમાણે—ચિત્રા, ચિત્રકનકા, શતેરા અને સૌદામિની. ॥૨૫૯॥*

*શક્ર, દેવેંદ્ર, દેવના રાજાના મધ્યમ પરિષદના દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ઈશાન, દેવેંદ્ર, દેવના રાજાના મધ્યમ પરિષદની દેવીની ચાર પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ॥૨૬૦॥*

*ચાર પ્રકારે સંસાર કહેલ છે, તે આ પ્રમાણે—દ્રવ્યસંસાર, ક્ષેત્રસંસાર, કાલસંસાર અને ભાવસંસાર. ॥૨૬૧॥*

(ટી૦) 'चत्तारि दिसा' इत्यादि० સૂત્ર સુગમ છે. વિશેષ એ કે–દિશાકુમારીઓ એવી અત્યંત શ્રેષ્ઠ દેવીઓ અથવા દિશાકુમારીઓમાં મહત્તરિકાઓ તે દિક્કુમારીમહત્તરિકાઓ, રુચકની મધ્યમાં રહેનારી આ દેવીઓ જન્મ પામેલ અરિહંત પરમાત્માની નાલછેદનાદિ ક્રિયાને કરે છે. વિદ્યુત્કુમારી મહત્તરિકાઓ તો રુચકની વિદિશામાં વસનારીઓ છે, તે દેવીઓ ચારે દિશાઓમાં ઊભી રહીને, હાથમાં દીપક ગ્રહણ કરીને જન્મ પામેલ અરિહંતના ગીતો ગાય છે. આ દેવો સંસારમાં વસનારા છે, માટે સંસારસૂત્ર કહેલ છે. સંસરણ–અહિં તહિં પરિભ્રમણ કરવું તે સંસાર, તત્ર 'संसार' શબ્દના અર્થને જાણનાર પણ વર્તમાનકાલે સંસાર શબ્દમાં જેનો ઉપયોગ નથી તે દ્રવ્યસંસાર, અથવા જીવ અને પુદ્‌ગલલક્ષણ દ્રવ્યોનું યથાયોગ્ય ભ્રમણ તે દ્રવ્યસંસાર, તેઓનું જ ચૌદ રાજલોકરૂપ ક્ષેત્રમાં જે પરિભ્રમણ તે ક્ષેત્રસંસાર, અથવા જે ક્ષેત્રમાં સંસારની વ્યાખ્યા કરાય છે તે જ ક્ષેત્ર, અભેદ ઉપચાર કરવાથી ક્ષેત્રસંસાર, જેમ રસવાળી ગુણનિકા (ગુણી) ઇત્યાદિ. कालस्य—દિવસ, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર (વર્ષ) લક્ષણ કાલનું સંસરવું–ચક્રન્યાય વડે ભમવું અથવા કોઈપણ જીવનું નરકાદિને વિષે પલ્યોપમાદિ કાલવિશેષ વડે ભમવું તે કાલસંસાર, અથવા પોરસી વગેરે જે કાલમાં સંસારની વ્યાખ્યા કરાય છે તે કાલસંસાર કહેવાય છે, અભેદ ઉપચાર કરવાથી. જેમ પ્રત્યુપેક્ષણ (પડિલેહણ) કરવાથી કાલ પણ પ્રત્યુપેક્ષણ કહેવાય છે. તથા સંસાર શબ્દના અર્થનો જાણનાર અને તેમાં ઉપયોગવાળો તે ભાવસંસાર અથવા જીવ અને પુદ્‌ગલ સંબંધી દ્રવ્ય સંસરણ માત્ર ગૌણ કરાયેલ છે અથવા ઔદાયિકાદિ ભાવોનો અથવા વર્ણાદિનો સંસરણપરિણામ તે ભાવસંસાર છે. ॥૨૬૧॥

આ દ્રવ્યાદિ સંસાર અનેક નયો વડે દૃષ્ટિવાદમાં વિચારાય છે તેથી દૃષ્ટિવાદ સૂત્ર કહે છે—

**चउव्विहे दिट्ठिवाए पन्नत्ते, तंजहा—परिकम्मं, सुत्ताइं, पुव्वगए, अणुजोगे ॥ सू० २६२॥**

**चउव्विहे पायच्छित्ते पन्नत्ते, तंजहा—णाणपायच्छित्ते, दंसणपायच्छित्ते, चरित्तपायच्छित्ते, वियत्तकिच्चे**

1. બાબૂવાળી પ્રતમાં सेयंसा છે, હસ્તલિખિત પ્રતમાં બન્ને પાઠ છે.

**[चियत्तकिच्चपायच्छित्ते] १, चउव्विहे पायच्छित्ते पन्नत्ते, तंजहा—परिसेवणापायच्छित्ते, संजोयणापायच्छित्ते, आरोवणापायच्छित्ते, पलिउंचणापायच्छित्ते ।। सू० २६३।।**

*(મૂ૦) ચાર પ્રકારે દૃષ્ટિવાદ કહેલ છે, તે આ પ્રમાણે—૧. સૂત્રાદિના ગ્રહણ કરવાની યોગ્યતા લાવનાર તે પરિકર્મ, ૨. દ્રવ્ય, પર્યાય અને નયાદિકના અર્થને સૂચવનાર તે સૂત્ર, ૩. પૂર્વ સંબંધી શ્રુત જેમાં રહેલું છે તે પૂર્વગત અને ૪. સૂત્રનો કહેવા યોગ્ય વિષયની સાથે જે યોગ-સંબંધ તે અનુયોગ. (પ્રથમાનુયોગાદિ) ।।૨૬૨।।*

*ચાર પ્રકારે પ્રાયશ્ચિત્ત કહેલ છે, તે આ પ્રમાણે—૧. જ્ઞાનના અતિચારોની શુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત તે જ્ઞાનપ્રાયશ્ચિત્ત, ૨. સમકિતના અતિચારોનું પ્રાયશ્ચિત્ત, ૩. ચારિત્રના અતિચારોનું પ્રાયશ્ચિત્ત અને ૪. વ્યક્તકૃત્યપ્રાયશ્ચિત્ત-ગીતાર્થનું જે કાર્ય છે તે પાપનો છેદક હોવાથી પ્રાયશ્ચિત્ત. ચાર પ્રકારે પ્રાયશ્ચિત્ત કહેલ છે, તે આ પ્રમાણે—૧. નહિં કરવા યોગ્ય કૃત્યનું કરવું તે પ્રતિસેવના, તેનું પ્રાયશ્ચિત્ત, ૨. સંયોજના-એક જાતિના અતિચારોનું મલવું, તેનું પ્રાયશ્ચિત્ત, ૩. આરોપણા પ્રાયશ્ચિત્ત-એક અપરાધના પ્રાયશ્ચિત્તમાં પુનઃ પુનઃ દોષ સેવવાથી બીજા વિજાતીય પ્રાયશ્ચિત્તનું આરોપણ કરવું અને ૪. પરિકુંચનાપ્રાયશ્ચિત્ત-પાપનું છુપાવવું અર્થાત્ એકનું બીજું કહે તેનું પ્રાયશ્ચિત્ત. ।।૨૬૩।।*

(ટી૦) 'चउव्विहे दिट्ठिवाए' इत्यादि० જેના વડે દૃષ્ટિઓ-દર્શનો અર્થાત્ નયો કહેવાય છે તે દૃષ્ટિવાદ, અથવા પતંતિ-જેને વિષે નયો અવતરે છે તે દૃષ્ટિપાત બારમું અંગ. તેમાં સૂત્રાદિના ગ્રહણ કરવા માટે યોગ્યતાનું સંપાદન કરવામાં ગણિતના સંસ્કારની માફક સમર્થ તે પરિકર્મ, ૧, તે સિદ્ધસેનિકાદિ. ઋજુસૂત્ર વગેરે બાવીશ સૂત્રો હોય છે. અહિં સર્વ દ્રવ્ય, પર્યાય અને નયના અર્થનું સૂચન કરનાર હોવાથી સૂત્રો છે. ૨, **સમસ્ત શ્રુતથી પ્રથમ રચાયેલા હોવાથી પૂર્વો**, તે ઉત્પાદ પ્રમુખ ચૌદ પૂર્વો છે. તેઓના નામ અને પ્રમાણ આ પ્રમાણે—

**उप्पाय १ अग्गेणीय २, वीरियं ३ अत्थिनत्थि उ पवायं ४ ।**
**णाणपवायं ५ सच्चं ६, आयपवायं च ७ कम्मं च ८।।५४।।**
**पुव्वं पच्चक्खाणं ९, विज्जणुवायं १०, अवंझ ११ पाणाउं १२ ।**
**किरियाविसालपुव्वं १३, चोद्दसमं बिंदुसारं तु १४ ।।५५।।**

૧. ઉત્પાદ પૂર્વ, ૨. અગ્રાયણીય પૂર્વ, ૩. વીર્યપ્રવાદ પૂર્વ, ૪. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વ, ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ, ૬. સત્યપ્રવાદ પૂર્વ, ૭. આત્મપ્રવાદ પૂર્વ, ૮. કર્મપ્રવાદ પૂર્વ, ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ, ૧૦. વિદ્યાનુવાદ પૂર્વ, ૧૧, [1]અવંધ્ય પૂર્વ, ૧૨. પ્રાણાયુ પૂર્વ, ૧૩. ક્રિયાવિશાલ પૂર્વ અને ૧૪. લોકબિંદુસાર પૂર્વ છે. (૫૪-૫૫)

**उप्पाये पयकोडी १, अग्गेणीयंमि छन्नउइलक्खा २ ।**
**विरियम्मि सयरिलक्खा ३, सट्ठिलक्खा उ अत्थिणत्थिम्मि ४ ।।५६।।**

૧. ઉત્પાદ પૂર્વમાં એક ક્રોડ પદ, ૨. અગ્રાયણીય પૂર્વમાં છન્નું લાખ, ૩. વીર્યપ્રવાદ પૂર્વમાં સીત્તેર લાખ, ૪. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વમાં સાઠ લાખ પદ છે. (૫૬)

**एगा पउणा कोडी, णाणपवायंमि होइ पुव्वम्मि ५ । एगा पयाण कोडी, छच्च पया सच्चवायंमि ६ ।।५७।।**

૫. જ્ઞાનપ્રવાદપૂર્વમાં એક પદ ન્યૂન એક ક્રોડ પદ છે, ૬. સત્યપ્રવાદ પૂર્વમાં એક ક્રોડ અને છ પદ છે. (૫૭)

**छव्वीसं कोडीओ, आयपवायंमि होइ पयसंखा ७ । कम्मपवाए कोडी, असीती लक्खेहिं अब्भहिआ ८ ।।५८।।**

૭. આત્મપ્રવાદ પૂર્વમાં છવ્વીશ ક્રોડ પદની સંખ્યા છે, ૮. કર્મપ્રવાદ પૂર્વમાં એક ક્રોડ અને એંશી લાખ પદ છે. (૫૮)

**चुलसीइ सयसहस्सा पच्चक्खाणंमि वन्निया पुव्वे ९ । एक्का पयाण कोडी, दससहसहिया य अणुवाए ।। १० ।।५९।।**

1. મતાંતરે કલ્યાણ પૂર્વ એવું પણ નામ છે.

૯. પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાં ચોરાશી લાખ પદ છે, ૧૦. વિદ્યાનુવાદ પૂર્વમાં એક ક્રોડ અને દશ હજાર પદ છે. (૫૯)

**छव्वीसं कोडीओ, पयाण पुव्वे अवंझणामंमि ११ ।**
**पाणाउम्मि य कोडी, छप्पणलक्खेहिं अब्महिया १२ ।।६०।।**

૧૧. અવંધ્ય નામના પૂર્વમાં છવ્વીસ ક્રોડ પદ છે, ૧૨. પ્રાણાયુ પૂર્વમાં એક ક્રોડ ને છપ્પન્ન લાખ પદ છે. (૬૦)

**नवकोडीओ संखा, किरियविसालंमि वन्निया गुरुणा १३ ।**
**अद्धत्तेरसलक्खा, पयसंखा बिंदुसारम्मि १४ ।।६१।।**

૧૩. ક્રિયાવિશાલ પૂર્વમાં નવ ક્રોડ પદ છે અને ૧૪. બિંદુસાર પૂર્વમાં સાડાબાર [1]લાખ પદની સંખ્યા છે. (૬૧)

તેઓને વિષે ગત-રહેલું જે શ્રુત તે પૂર્વગત, અર્થાત્ પૂર્વો જ-જેમ અંગપ્રવિષ્ટ તે અંગો કહેવાય છે તેમ અહિં જાણવું, જોડવું તે યોગ, તે અનુરૂપ અથવા અનુકૂલ. સૂત્રનો પોતાના અભિધેય-વિષય સાથે યોગ તે અનુયોગ. તીર્થંકરોને પ્રથમ સમકિતની પ્રાપ્તિ અને પૂર્વભવ વગેરેનું વર્ણનરૂપ જે છે તે મૂલ પ્રથમાનુયોગ કહેવાય છે. વળી જે કુલકર વગેરેની વક્તવ્યતા જણાવનાર તે ગંડિકાનુયોગ છે. ।।૨૬૨।।

પૂર્વગત શ્રુત હમણા કહ્યું, તેમાં પ્રાયશ્ચિત્તની પ્રરૂપણા હતી માટે પ્રાયશ્ચિત્તનાં બે સૂત્ર કહેલ છે. તેમાં જ્ઞાન એ જ પ્રાયશ્ચિત્ત, કારણ કે જ્ઞાન જ પાપને છેદે છે અથવા પ્રાયઃ ચિત્તને શુદ્ધ કરે છે માટે નિરુક્તિવશાત્ જ્ઞાનપ્રાયશ્ચિત્ત, એવી રીતે દર્શન અને ચારિત્રમાં પણ સમજવું. **'वियत्तकिच्चे'** त्ति० व्यक्तस्य—ભાવથી ગીતાર્થનું જે કૃત્ય તે વ્યક્તકૃત્યપ્રાયશ્ચિત્ત, **ગીતાર્થ તો ગુરુ લઘુના પર્યાલોચન (વિચાર) વડે જે કંઈ પણ કરે છે તે બધું પાપની વિશુદ્ધિ કરનાર જ હોય છે,** અથવા જ્ઞાન વગેરેના અતિચારોની વિશુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્તો એટલે આલોચનાદિ વિશેષથી કહેલા છે, તે જ્ઞાનપ્રાયશ્ચિત્તાદિ કહેવાય છે, અથવા **'वियत्ते'** ति० વિશેષ વડે-**અવસ્થા વગેરેની ઉચિતતાએ [સૂત્રમાં] ન કહેલ છતાં પણ જે આપ્યું-આજ્ઞા કરી-હુકમ કર્યો એવું જે કંઈ પણ મધ્યસ્થ ગીતાર્થ વડે કરાયેલું અનુષ્ઠાન તે વિદંત્તકૃત્યપ્રાયશ્ચિત્ત જ છે.** 'चियत्तकिच्चे'त्ति० આ પાઠાંતરથી તો પ્રીતિ વડે કરવા યોગ્ય વૈયાવૃત્ય વગેરે અર્થ થાય છે. પ્રતિષેવણમ્-અકૃત્યનું સેવવું તે પ્રતિસેવના, તે પરિણામભેદથી અથવા પ્રતિસેવનીયના ભેદથી બે પ્રકારે છે. પરિણામના ભેદથી તો—

**पडिसेवणा उ भावो, सो पुण कुसलो व्व होज्जऽकुसलो वा ।**
**कुसलेण होइ कप्पो, अकुसलपरिणामओ दप्पो ।।६२।।** **[व्यवहारभाष्य० ३१ त्ति]**

પ્રતિસેવના તો ભાવ-જીવના અધ્યવસાયરૂપ જ છે, તે ભાવ વળી કુશલ અને અકુશલ એમ બે પ્રકારે છે. તેમાં જ્ઞાનાદિરૂપ કુશલ ભાવ વડે જે બાહ્ય વસ્તુની પ્રતિસેવના તે [2]કલ્પપ્રતિસેવના અને અવિરતિ વગેરે અકુશલ ભાવ વડે જે પ્રતિસેવના તે દર્પપ્રતિસેવના કહેવાય છે. (૬૨) પ્રતિસેવનીયના ભેદો તો—

**मूलगुण-उत्तरगुणे, दुविहा पडिसेवणा समासेणं । मूलगुणे पंचविहा, पिंडविसोहाइगी इयरा ।।६३।।**
**[व्यवहारभाष्य० ४१]**

પ્રતિસેવના, મૂલગુણના વિષયવાળી અને ઉત્તરગુણના વિષયવાળી એમ સંક્ષેપથી બે પ્રકારે છે. તેમાં મૂલગુણના વિષયવાળી પ્રાણાતિપાત વગેરે પાંચ પ્રકારે છે અને ઉત્તરગુણ વિષયવાળી પ્રતિસેવના પિંડ વિશુદ્ધિ આદિ અનેક પ્રકારે છે. (૬૩)

પ્રતિસેવનામાં પ્રાયશ્ચિત્ત અને આલોચના વગેરે આ પ્રમાણે—

---
1. પૂર્વના પદની સંખ્યામાં મતાંતર પણ છે.
2. વિષ્ણુકુમાર વગેરે મુનિઓએ નમુચિ વગેરેને શિક્ષા કરેલ તે કલ્પપ્રતિસેવના જાણવી.

**आलोयण १ पडिक्कमणे २, मीस ३ विवेगे ४ तहा विउस्सग्गे [विउसग्गे] ५।**
**तव ६ छेय ७ मूल ८ अणवट्ठया य ९ पारंचिए १० चेव ।।६४।।** [व्यवहार नि० १३ भा० ५६ त्ति]

આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂળ, અનવસ્થાપ્યતા અને પારાંચિત એ દશ ભેદ પ્રાયશ્ચિત્તના છે. (૬૪)

ગુરુની આગળ વચન વડે પાપના પ્રકાશવા માત્રથી જે પાપની શુદ્ધિ થાય તે આલોચના પ્રાયશ્ચિત્ત ૧, ફરીને ન કરવાની પ્રતિજ્ઞાપૂર્વક સ્વયં મિથ્યા દુષ્કૃત આપવા માત્રથી જે પાપની શુદ્ધિ થાય તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત ૨, આલોચના અને પ્રતિક્રમણ એ બન્નેથી (ગુરુની સમક્ષ આલોચના કરીને ગુરુના આદેશપૂર્વક પ્રતિક્રમણ કરે અને પછી મિથ્યાદુષ્કૃત આપવાથી) પાપની શુદ્ધિ થાય તે મિશ્રપ્રાયશ્ચિત્ત ૩, ત્યાગ કરવાથી જે પાપની શુદ્ધિ થાય તે વિવેકપ્રાયશ્ચિત્ત, દા. ત. આધાકર્માદિ આહારનું ગ્રહણ કર્યે છતે તેનો ત્યાગ કરવાથી પાપની શુદ્ધિ થાય છે. ૪, કાયાની ચેષ્ટાના નિરોધરૂપ ઉપયોગ માત્રથી જે પાપની શુદ્ધિ થાય તે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત, જેમ દુઃસ્વપ્નથી થયેલ પાપની કાયોત્સર્ગ માત્રથી શુદ્ધિ થાય છે ૫, જે પાપની શુદ્ધિ નીવી વગેરે છ માસ પર્યંત તપ કરવાથી થાય છે તે તપ પ્રાયશ્ચિત્ત ૬, દુષ્ટ વ્યાધિથી દૂષિત થયેલ શરીરના અમુક ભાગના છેદનની જેમ જે પ્રાયશ્ચિત્તમાં સંયમના પૂર્વ પર્યાયની રક્ષા માટે અમુક પર્યાયનો છેદ કરાય છે તે છેદ પ્રાયશ્ચિત્ત ૭, જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયે છતે સમસ્ત સંયમપર્યાયનો છેદ કરીને ફરીથી મહાવ્રતનું આરોપણ કરાય છે અર્થાત્ ફરીથી દીક્ષા અપાય છે તે મૂલપ્રાયશ્ચિત્ત ૮, જેણે ફરીથી પ્રતિસેવના કરેલ તે ઉત્થાપના (ફરીથી મહાવ્રતારોપણ) માં અયોગ્ય છતો પણ વ્રતોમાં કિંચિત્ કાલ સ્થાપન કરાય છે તે અનવસ્થાપ્યતા, તે જ્યાં સુધી સ્વીકારેલું વિશિષ્ટ તપ પૂર્ણ નથી કર્યું ત્યાં સુધી વ્રત કે લિંગમાં સ્થાપન નથી કરાતો માટે અનવસ્થાપ્યતાપ્રાયશ્ચિત્ત ૯, જે દોષનું સેવન કર્યા પછી લિંગ, ક્ષેત્ર, કાલ અને તપથી દોષના પારને પામે છે તે પારાંચિત. અહિં अञ्च् ધાતુ ગતિના અર્થમાં છે. છેલ્લામાં છેલ્લું પ્રાયશ્ચિત્ત આ છે અને તે ઉત્કૃષ્ટ દોષમાં જ અપાય છે. ૧૦. આ પ્રતિસેવણા પ્રાયશ્ચિત્ત ૧. બીજું સંયોજન એટલે એક જાતિવાળા અતિચારનું મિલન-એકત્ર થવું તે સંયોજના, જેમ શય્યાતરપિંડ લીધેલ, તે પણ પાણીથી ભીંજાયેલ હસ્તાદિ વડે, વળી તે સામે લાવેલ, તે પણ આધાકર્મિક, આ દોષોનું મિલન જેમાં છે તેનું પ્રાયશ્ચિત્ત તે સંયોજનાપ્રાયશ્ચિત્ત ૨. તથા એક અપરાધના પ્રાયશ્ચિત્તમાં ફરી ફરી દોષ સેવવા વડે વિજાતીય-અન્ય પ્રાયશ્ચિત્તનું આરોપણ કરવું તે આરોપણા, જેમ પાંચ અહોરાત્ર પ્રમાણ પ્રાયશ્ચિત્તને પામેલ, ફરીથી દોષને સેવ્યે છતે દશ અહોરાત્ર પ્રમાણ, ફરીથી સેવવામાં પંદર અહોરાત્ર પ્રમાણ, એવી રીતે ફરી ફરી દોષ લગાડવાથી યાવત્ છ માસ પર્યંત તપ આપવું. તેથી અધિક તપ આવવા યોગ્ય નથી. શેષ (છ માસથી અધિક) તપ છ માસ તપમાં જ અંતર્ભૂત કરવા યોગ્ય છે, કેમકે આ વર્તમાન તીર્થમાં છ માસનું જ તપ કહેલ છે. કહ્યું પણ છે કે—

**पंचाईयारोवण नेयव्वा जाव होंति छम्मासा । तेण पर मासियाणं, छण्हुवरिं जोसणं कुज्जा ।।६५।।**
[व्यवहारमाष्य० १४१ त्ति]

પાંચ અહોરાત્ર પ્રમાણ પ્રાયશ્ચિત્તિને એજ દોષ સેવવાથી પાંચ અહોરાત્ર ફરીથી આપવું એ આરોપણ. એમ છ માસ સુધી આપવું. એનાથી ઉપર **માસિકાદિ તપ પણ એજ છ માસીમાં સમાવેશ કરવો.** (૬૫)

આરોપણા વડે પ્રાયશ્ચિત્ત તે આરોપણાપ્રાયશ્ચિત્ત ૩, પરિકુંચન-દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ સંબંધી અપરાધનું ગોપવવું, અન્યથા-એક રીતે કર્યું હોવા છતાં બીજી રીતે કહેવું તે પરિકુંચના અથવા પરિવંચના. કહ્યું છે કે—

**दव्वे खेत्ते काले, भावे पलिउंचणा चउवियप्प । [चोअगकप्पारोवण, इहहिं भणिया पुरिसजाया ।।६६।।[1]]**
[व्यवहारमाष्य० १५० त्ति]

1. આ ગાથા વ્યવહારભાષ્યની છે. અહિં ટીકાકારે પૂર્વાર્દ્ધ ભાગ લીધેલ છે. ગાથાવૃત્તિમાં ઉત્તરાર્દ્ધ ભાગ પણ આપેલ છે માટે અહિં સંપૂર્ણ લખેલ છે પરંતુ પ્રસ્તુત વિષયમાં તેનો સંબંધ નથી એટલે ઉત્તારાર્દ્ધનો અર્થ લખેલ નથી.

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ વિષયવાળી પરિકુંચના ચાર વિકલ્પે છે. (૬૬) તે આ પ્રમાણે—

**सच्चित्ते अचि[च्चि]त्तं १ जणवयपडिसेवियं च अद्धाणे २ । सुब्भिक्खे य दुब्भिक्खे ३ हट्ठेण तहा गिलाणेणं ।।६७।।**

**[व्यवहारभाष्य० १५१ त्ति]**

સચિત્ત [કે મિશ્ર] દ્રવ્ય લીધે છતે અચિત્ત કહે તે દ્રવ્યપરિકુંચના ૧, કોઈ પણ અમુક ગામમાં દોષ કરેલ તે માર્ગમાં દોષ સેવ્યો કહે તે ક્ષેત્રપરિકુંચના ૨, સુભિક્ષ કાલમાં દોષ સેવીને દુર્ભિક્ષ કાલમાં દોષ સેવ્યો કહે તે કાલ પરિકુંચના ૩ અને નિરોગપણામાં દોષ સેવીને મેં સરોગપણામાં દોષ સેવ્યો છે એમ કહે તે ભાવપરિકુંચના ૪. (૬૭) પરિકુંચનાનું પ્રાયશ્ચિત્ત તે પરિકુંચનાપ્રાયશ્ચિત્ત ૪. અહિં વિશેષ સ્વરૂપ વ્યવહારસૂત્રની પીઠિકાથી જાણવું. ॥૨૬૩॥

પ્રાયશ્ચિત્ત કાલની અપેક્ષાએ અપાય છે માટે કાલનું નિરૂપણ કરવા માટે સૂત્ર કહે છે કે—

**चउव्विहे काले पन्नत्ते, तंजहा—पमाणकाले, अधाउनिव्वत्तिकाले, मरणकाले, अद्धाकाले ।।सू० २६४।।**

**चउव्विहे पोग्गलपरिणामे पन्नत्ते, तंजहा—वन्नपरिणामे, गंधपरिणामे, रसपरिणामे, फासपरिणामे।।सू० २६५।।**

**भरहेरवएसु णं वासेसु पुरिम-पच्छिमवज्जा मज्झिमगा बावीसं अरहंता भगवंता चाउज्जामं धम्मं पण्णवयंति, तंजहा—सव्वातो पाणातिवायाओ वेरमणं, एवं मुसावाआयो [वेरमणं, सव्वातो] अदिन्नादाणाओ [वेरमणं,] सव्वाओ बहिद्धादाणा[परिग्गहा]तो वेरमणं ।**

**सव्वेसु वि णं महाविदेहेसु अरहंता भगवंतो चाउज्जामं धम्मं पण्णवयंति, तं जहा—सव्वातो पाणातिवायातो वेरमणं, जाव सव्वातो बहिद्धादाणातो वेरमणं ।। सू० २६६।।**

(મૂ૦) *ચાર પ્રકારે કાલ કહેલ છે, તે આ પ્રમાણે—૧. પ્રમાણકાલ-દિવસ અને રાત્રિ વગેરેના પ્રમાણરૂપ, ૨. યથાયુષ્કનિર્વૃત્તિકાલ-જે પ્રમાણે આયુષ્ય બાંધ્યું હોય તે પ્રમાણે પૂર્ણ કરે તે, ૩. મરણવિશિષ્ટકાલ-મરણકાલ અને ૪. સમય, આવલિકાદિરૂપ મનુષ્યક્ષેત્રમાં વર્તતો અદ્ધાકાલ. ॥૨૬૪॥*

*ચાર પ્રકારે પુદ્ગલના પરિણામ-અવસ્થાંતર કહેલ છે, તે આ પ્રમાણે—૧. વર્ણનો પરિણામ, ૨. ગંધનો પરિણામ, ૩. રસનો પરિણામ અને ૪. સ્પર્શનો પરિણામ. ॥૨૬૫॥*

*ભરત અને ઐરાવતક્ષેત્રને વિષે પહેલા અને છેલ્લા તીર્થંકરને વર્જી મધ્યમ (વચ્ચેના) બાવીશ અરિહંત ભગવંતો ચાર યામ (મહાવ્રત) રૂપ ધર્મને પ્રરૂપે છે, તે આ પ્રમાણે—સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું, એમ જ સર્વથા મૃષાવાદથી વિરમવું, સર્વથા અદત્તાદાનથી વિરમવું, એમ જ મૈથુન-પરિગ્રહથી વિરમવું. ૧. સર્વ મહાવિદેહ ક્ષેત્રોને વિષે અરિહંત ભગવંતો ચાર યામરૂપ ધર્મને પ્રરૂપે છે, તે આ પ્રમાણે—સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું યાવત્ મૈથુન-પરિગ્રહથી વિરમવું. ॥૨૬૬॥*

(ટી૦) જેના વડે વર્ષશત, પલ્યોપમ વગેરેનો નિર્ણય કરાય છે તે પ્રમાણ, તે જ કાલ તે પ્રમાણકાલ, તે દિવસ વગેરે લક્ષણવાળો અને મનુષ્યક્ષેત્રમાં વર્તનાર અદ્ધાકાલ વિશેષ જ છે. કહ્યું છે કે—

**दुविहो पमाणकालो, दिवसपमाणं च होइ राई य । चउपोरिसिओ दिवसो, राई चउपोरिसी चेव ।।६८।।**

**[आवश्यक निर्युक्ति७३० विशेषावश्यक २०६९ त्ति]**

બે પ્રકારે પ્રમાણકાલ છે-૧. દિવસપ્રમાણ અને ૨. રાત્રિપ્રમાણ. ચાર પોરિસીપ્રમાણ દિવસ અને ચાર પોરિસીપ્રમાણ રાત્રિ હોય છે. ૧. (૬૮)

જે જે પ્રકારે નરકાદિના ભેદ વડે આયુઃ-કર્મવિશેષ તે યથાયુઃ, તેનું રૌદ્રાદિ ધ્યાન વગેરેથી નિર્વૃત્તિ-બાંધવું, તેના સંબંધથી જે કાલ એટલે જીવોની નારકાદિ સ્વરૂપે જે સ્થિતિ તે યથાયુઃ નિર્વૃત્તિકાલ, અથવા જેવી રીતે આયુષ્યની નિર્વૃત્તિ છે

તેવી રીતે જે કાલ નારકાદિના ભવમાં રહે છે તે યથાયુઃ નિર્વૃત્તિકાલ છે. આ કાલ પણ આયુષ્યકર્મના અનુભવવિશિષ્ટ સર્વ સંસારી જીવોના વર્ત્તનાદિરૂપ અદ્ધાકાલ જ છે. કહ્યું છે કે—

**आउयमेत्तविसिट्ठो, स एव जीवाण वत्तणादिमओ । भन्नइ अहाउकालो, वत्तइ जो जच्चिरं जेणं ।।६९।।**

**[विशेषावश्यक २०३७ त्ति]**

અદ્ધાકાલ જ યથાયુષ્કકાલ કહેવાય છે. શું સમગ્ર અદ્ધાકાલ યથાયુષ્ક છે? એમ નહિં, પરંતુ જીવોનો નારકાદિ આયુવિશિષ્ટ વર્તનાદિમય યથાયુષ્કકાલ કહેવાય છે, તે પોતે બાંધેલ આયુષ્ય વડે જેટલા કાલ પર્યંત જીવ વર્તે છે તેટલા કાલ સુધી રહે છે ૨.(૬૯)

મૃત્યુનો જે સમય તે મરણકાલ, આ પણ અદ્ધાસમય વિશેષ જ છે, અથવા મરણવિશિષ્ટ કાલ તે મરણકાલ અથવા મરણ જ કાલ છે, કેમકે તે કાલનો પર્યાયવાચક શબ્દ છે. કહ્યું છે કે—

**कालो त्ति मयं मरणं, जहेह मरणं गओ त्ति कालगओ । तम्हा स कालकालो, जो जस्स मओ मरणकालो।।७०।।**

**[विशेषावश्यक २०६६ त्ति]**

'કાલ' શબ્દ મરણવાચક છે, જેમ અહીં મરણગત જીવને કાલગત કહેવાય છે, તેથી પ્રાણીનો જે મરણનો કાલ (સમય) તે [1]કાલ-કાલ કહેલ છે. (૭૦)

અદ્ધા જ કાલ તે અદ્ધાકાલ. 'કાલ' શબ્દ તો [2]વર્ણ અને પ્રમાણકાલ વગેરેમાં વર્ત્તે છે, તેથી અદ્ધા શબ્દ વડે વિશેષ કરેલ છે. આ અદ્ધાકાલ સૂર્યની ક્રિયા (ભ્રમણ) વિશિષ્ટ મનુષ્યક્ષેત્રની અંદર વર્ત્તતો સમયાદિરૂપ જાણવો. ભાષ્યમાં કહ્યું છે કે—

**सूरकिरियाविसिट्ठो, गोदोहाइकिरियासु निरवेक्खो । अद्धाकालो भन्नइ, समयक्खेत्तंमि समयाई ।।७१।।**

**[विशेषावश्यक २०३५ त्ति]**

મેરુપર્વતની ચોતરફ સૂર્યાદિના ભ્રમણરૂપી ક્રિયા વડે પ્રગટ કરાતો, ગાયના દોહન વગેરે ક્રિયાથી નિરપેક્ષ, મનુષ્યક્ષેત્રમાં વર્તનારો સમયાદિરૂપ કાલ તે અદ્ધાકાલ કહેવાય છે. (૭૧)

મનુષ્યક્ષેત્ર સિવાય બીજે સ્થલે સૂર્યાદિની ગતિક્રિયા ન હોવાથી ત્યાં અદ્ધાકાલ કહેવાતો નથી, કેમકે ત્યાં તો વર્તનારૂપ ક્રિયા પરિણામવાળી હોવાથી કાલ કહેવાય છે. ઉપરોક્ત જે અદ્ધાકાલ તે ગાયનું દોહન વગેરે ક્રિયાની અપેક્ષા રાખતો નથી, પરંતુ સૂર્યાદિની ગતિક્રિયાની અપેક્ષા રાખે છે અર્થાત્ ગતિમાન્ સૂર્ય પોતાના કિરણો વડે જેટલા ક્ષેત્રને પ્રકાશમાન કરે તેટલા ક્ષેત્રને દિવસ અને તે સિવાયના ક્ષેત્રને રાત્રિ કહેવાય છે. આ રાત્રિ કે દિવસનો અત્યંત સૂક્ષ્મ અંશ તે સમય, તેવા અસંખ્યાતા સમયની આવલિકા વગેરે કાલ, સૂર્યની ગતિ સિવાય અન્ય ક્રિયાની અપેક્ષા રાખતો નથી.

**समयावलियमुहुत्ता, दिवस-महोरत्त पक्ख-मासा य । संवच्छर-जुग-पलिया, सागर-ओसप्पि-परियट्टा ।।७२।।**

**[आवश्यकनिर्युक्ति ६६३, विशेषावश्यक २०३६ त्ति]**

પરમ સૂક્ષ્મ કાલ તે સમય, અસંખ્યાત સમયની એક આવલિકા, બે ઘડીરૂપ કાલ તે મુહૂર્ત્ત, સૂર્યકિરણોથી પ્રકાશિત આકાશખંડ (ક્ષેત્ર) રૂપ અથવા ચાર પ્રહરાત્મક તે દિવસ, સૂર્યકિરણથી અપ્રકાશિત આકાશખંડ અથવા ચાર પ્રહરપ્રમાણ તે રાત્રિ, તે ઉભય મળીને અહોરાત્ર કહેવાય છે. પંદર અહોરાત્ર મળીને એક પક્ષ, બે પક્ષનો એક માસ, બાર માસનો એક વર્ષ, પાંચ વર્ષનો એક યુગ, અસંખ્યાત યુગ વડે એક પલ્યોપમ, દશ કોડાકોડી પલ્યોપમ વડે એક સાગરોપમ, દશ કોડાકોડી સાગરોપમે એક ઉત્સર્પિણી અને તેટલા જ પ્રમાણવાળી એક અવસર્પિણી તેમજ અંનતી ઉત્સર્પિણી તથા અવસર્પિણી મળીને એક પુદ્ગલપરાવર્ત્ત થાય છે. (૭૨) ।।૨૬૪।।

1. એક કાલ શબ્દ મરણવાચક છે અને બીજો કાલ શબ્દ વખત-ટાઈમવાચક છે, તે કાલ-કાલ. 2. જેમ કાલો વર્ણ.

દ્રવ્યોના પર્યાયભૂત કાલના ચાર સ્થાનક કહેલ છે, હવે પર્યાયના અધિકારથી પુદ્‌ગલોના પર્યાયભૂત પરિણામના ચાર સ્થાનક કહે છે—'चउव्विहे' त्यादि० એક અવસ્થાથી બીજી અવસ્થાને પામવું તે પરિણામ કહેવાય છે. કહ્યું છે કે—

**परिणामो ह्यर्थान्तरगमनं न तु सर्वथा व्यवस्थानम् । न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ।।७३।।**

બીજી અવસ્થાને પામવું તે પરિણામ, સર્વથા મૂલ સ્વરૂપે પણ ન રહેવું અને સર્વથા નાશરૂપ પણ નહિ એવો જે પરિણામ તે જ્ઞાનીઓને ઇષ્ટ છે. (૭૩)

તે પરિણામમાં કાલાદિ વર્ણનો પરિણામ-બીજી રીતે થવું અથવા બીજા વર્ણના ત્યાગપૂર્વક કાલાદિ વર્ણ વડે પુદ્‌ગલનો પરિણામ તે વર્ણ પરિણામ. એવી જ રીતે ગંધ પરિણામ વગેરેમાં પણ સમજવું. ॥૨૬૫॥

અજીવ દ્રવ્યના પરિણામો કહ્યા, હવે જીવદ્રવ્યના વિચિત્ર પરિણામો સૂત્રના વિસ્તાર વડે કહેવાય છે—'भरते' इत्यादि० બે સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે-પહેલા અને છેલ્લા તીર્થંકરને વર્જીને અર્થાત્ મધ્યમના, તે આઠ વગેરે પણ હોય માટે બાવીશ કહેલ છે. યમ એ જ યામ-મહાવ્રત, ચાર યામો હિંસાદિની નિવૃત્તિરૂપ છે જેમાં તે ચર્તુયામધર્મ. 'बहिद्धादाणाओ' त्ति० બહિર્દ્ધા-મૈથુન પરિગ્રહવિશેષ ભેદ છે, આદાન-પરિગ્રહ, તે બન્નેનું દ્વંદ્વસમાસથી એકત્વ છે અથવા જે ગ્રહણ કરાય છે તે આદાન-ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ તે ધર્મોપકારણ પણ હોય છે, તેથી કહે છે કે-બહિસ્તાત્-ધર્મના ઉપકરણ સિવાય જે પરિગ્રહ, અહિં મૈથુન પરિગ્રહમાં અંતર્ભાવ થાય છે, કારણ કે ગ્રહણ ન કરાયેલી સ્ત્રી ભોગવાતી નથી. પ્રત્યાખ્યાન કરવા યોગ્ય પ્રાણાતિપાતાદિનું ચતુર્વિધત્વ હોવાથી ધર્મની ચતુર્યામતા-ચાર મહાવ્રતસ્વરૂપ છે. અહિં આ ભાવના જાણવી કે-મધ્યમ બાવીશ અને મહાવિદેહના તીર્થંકરોના ચાર મહાવ્રતરૂપીધર્મની પ્રરૂપણા અને આદિ તથા અંત્ય તીર્થંકરના પાંચ મહાવ્રતરૂપી ધર્મની પ્રરૂપણા શિષ્યોની અપેક્ષાએ છે. પરમાર્થથી તો બન્નેની પાંચ યામની પ્રરૂપણા છે, કેમકે પ્રથમ અને પશ્ચિમ (છેલ્લા) તીર્થંકરના તીર્થમાં સાધુઓ ઋજુજડ અને વક્રજડ હોય છે, તે કારણથી જ પરિગ્રહ વર્જનીય છે એમ ઉપદેશ કર્યે છતે મૈથુનને તજી દેવું જોઈએ એમ જાણવાને અને પાલવા માટે સમર્થ થતા નથી. મધ્યમના બાવીશ તીર્થંકરોના અને મહાવિદેહના તીર્થંકરોના તીર્થમાં સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી મૈથુનને જાણવા માટે તેમ જ તજવા માટે સમર્થ થાય છે. અહિં આ સંબંધે બે શ્લોક જણાવે છે—

**पुरिमा उज्जुजड्डा उ, वक्कजड्डा उ पच्छिमा । मज्झिमा उज्जुपन्ना उ, तेण धम्मे दुहा कए ।।७४।।** [उत्तरा० २३।२६ त्ति]

પ્રથમ તીર્થંકરના સાધુઓ સરલ અને જડ છે, છેલ્લા તીર્થંકરોના સાધુઓ વક્ર અને જડ છે, મધ્યમના સરલ અને દક્ષ છે. તે કારણથી બે રીતે ચતુર્યામ અને પંચયામરૂપ ધર્મ કહેલો છે. (૭૪)

**[1]पुरिमाणं दुव्विसोज्झो उ, चरिमाणं दुरणुपालए । कप्पो मज्झिमगाणं तु, सुविसुज्झे सुपालए ।।७५।।**

[उत्तरा० २३।२७ त्ति]

પ્રથમ તીર્થંકરના સાધુઓને ધર્મ દુર્બોધ્ય છે, છેલ્લા તીર્થંકરના સાધુઓને ધર્મ દુઃખપૂર્વક પાલન કરી શકાય અને મધ્યમના સાધુઓને ધર્મ સુબોધ્ય અને સુખે પાલી શકાય તેમ છે. (૭૫) ॥૨૬૬॥

અનંતર કહેલ પ્રાણાતિપાત વગેરેથી વિરામ નહિ પામેલને અને વિરામ પામેલને દુર્ગતિ અને સુગતિ થાય છે, તે ગતિવાળા જીવો દુર્ગત અને સુગત હોય છે માટે દુર્ગતિ અને સુગત્યાત્મક પરિણામોના અને દુર્ગત સુગતના ભેદોને ચાર સૂત્ર વડે જણાવે છે—

**चत्तारि दुग्गतीतो पन्नत्ताओ, तंजहा—णेरइयदुग्गती, तिरिक्खजोणियदुग्गती, मणुस्सदुग्गई, देवदुग्गई १। चत्तारि सोग्गईओ पन्नत्ताओ, तंजहा—सिद्धसोग्गती, देवसोग्गती, मणुयसोग्गती, सुकुलपच्चायाति २। चत्तारि दुग्गता**

1. તુલના બૃहत्कल्प भा० ६४०३

**पन्नत्ता, तंजहा–नेरइयदुग्गता, तिरिक्खजोणियदुग्गता, मणुयदुग्गता, देवदुग्गता ३। चत्तारि सुग्गता पन्नत्ता, तंजहा-सिद्धसुगता जाव सुकुलपच्चायाया ४ ।। सू० २६७।।**

**पढमसमयजिणस्स णं चत्तारि कम्मंसा खीणा भवंति, तंजहा–णाणावरणिज्जं, दंसणावरणिज्जं, मोहणिज्जं, अंतराइतं १। उप्पन्ननाणदंसणधरे णं अरहा जिणे केवली चत्तारि कम्मंसे वेदेति, तंजहा–वेदणिज्जं, आउयं, णामं, गोतं २। पढमसमयसिद्धस्स णं चत्तारि कम्मंसा जुगवं खिज्जंति, तंजहा–वेयणिज्जं, आउयं, णामं, गोतं ३।। सू० २६८।।**

*(મૂ૦) ચાર દુર્ગતિઓ કહેલી છે, તે આ પ્રમાણે—નૈરયિક સંબંધી દુર્ગતિ, તિર્યંચયોનિ સંબંધી દુર્ગતિ, મનુષ્ય સંબંધી દુર્ગતિ (નિંદિત મનુષ્યની અપેક્ષાએ) અને દેવ સંબંધી દુર્ગતિ, (કિલ્બિષિક વગેરેની અપેક્ષાએ) ૧, ચાર સદ્ગતિ કહેલી છે, તે આ પ્રમાણે—સિદ્ધ સંબંધી સદ્ગતિ, દેવ સંબંધી સદ્ગતિ, મનુષ્ય સંબંધી સદ્ગતિ અને સ્વર્ગમાં જઈને ઉત્તમ કુલમાં જન્મવારૂપ. ૨, ચાર દુર્ગત (દુષ્ટ સ્થિતિમાં રહેનાર) કહેલ છે, તે આ પ્રમાણે—નૈરયિકદુર્ગત, તિર્યંચયોનિકદુર્ગત, મનુષ્ય દુર્ગત અને દેવદુર્ગત. ૩, ચાર સુગત (સારી સ્થિતિમાં રહેનાર) કહેલ છે. તે આ પ્રમાણે-સિદ્ધસુગત, દેવસુગત, મનુષ્યસુગત અને સારા કુલમાં અવતરેલ ૪. ॥૨૬૭॥*

*પ્રથમસમયવિશિષ્ટ જિનના ચાર કર્મના અંશો (ભેદો) નાશ પામે છે, તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. ૧, ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાન અને કેવલદર્શનના ધરનાર, અરહ (સર્વજ્ઞ), જિનકેવલી ચાર કર્માંશને વેદે છે, તે આ પ્રમાણે—વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર. ૨, પ્રથમસમય સિદ્ધના કર્માંશો યુગપત્ (એકી સાથે) ક્ષય થાય છે, તે આ પ્રમાણે—વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર ૩. ॥૨૬૮॥*

(ટી૦) 'चत्तारी'त्यादि० સૂત્ર કહેલ અર્થવાળાં છે. વિશેષ એ કે–નિંદિત મનુષ્યની અપેક્ષાએ મનુષ્યદુર્ગતિ અને કિલ્બિષિક વગેરેની અપેક્ષાએ દેવદુર્ગતિ. 'सुकुलपच्चायाइ'त्ति० દેવલોક વગેરેમાં જઈને ઈક્ષ્વાકુ વગેરે સુકુલમાં આવવું, અથવા પ્રત્યાજાતિ પ્રતિજન્મ–જન્મવું. આ તીર્થંકર વગેરેને હોય છે. યુગલિક વગેરે મનુષ્યત્વરૂપ મનુષ્યની સુગતિથી આ સુકુલમાં જન્મવારૂપ મનુષ્ય સુગતિનો ભેદ બતાવેલ છે. દુર્ગતિ છે જેઓને તે દુર્ગતો (અહિં અચ્પ્રત્યય કર્યે છતે દુર્ગતિનું દુર્ગતા એવું રૂપ થાય છે) અથવા દુઃસ્થા–દુષ્ટ સ્થિતિમાં રહેલા તે દુર્ગતો, એમ જ સુગતા એટલે સારી સ્થિતિમાં રહેલા જાણવા. ॥૨૬૭॥

અનંતર સિદ્ધસુગતો કહ્યા, તે સિદ્ધો અષ્ટ કર્મના ક્ષયથી થાય છે, આ હેતુથી ક્ષયપરિણામનો ક્રમ કહે છે—'पढमे'त्यादि० ત્રણ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે–પ્રથમ સમય છે જેનો તે પ્રથમસમય એવા જિન–સયોગિકેવલી, તે પ્રથમસમય જિનના સામાન્યરૂપ કર્મનાં અંશો–જ્ઞાનાવરણીય વગેરે ભેદો ક્ષય થાય છે. આવરણનો ક્ષય થવાથી ઉત્પન્ન થયેલ વિશેષ અને સામાન્ય (પદાર્થ) ના બોધરૂપ જ્ઞાન–દર્શનને ધારણ કરનાર તે ઉત્પન્ન જ્ઞાનદર્શનધર. આ વાક્ય વડે અનાદિ સિદ્ધ કેવલજ્ઞાનવાળા સદાશિવના અસદ્ભાવને બતાવે છે. નથી વિદ્યમાન रहः—એકાંતરૂપ ગોપ્ય (છાનું) જેને તે अरहः, કેમ કે સમીપ, દૂર, સ્થૂલ અને સૂક્ષ્મરૂપ સમસ્ત પદાર્થસમૂહના સાક્ષાત્કાર કરનાર હોવાથી અથવા દેવાદિ વડે પૂજાને યોગ્ય હોવાથી અર્હન્. રાગાદિને જીતનાર હોવાથી જિન. કેવલ–પરિપૂર્ણજ્ઞાન વગેરે છે જેને તે કેવલી. સિદ્ધત્વનો અને કર્મના ક્ષયનો એક સમયમાં સંભવ હોવાથી પ્રથમસમય સિદ્ધ ઈત્યાદિ કથન કરાય છે. ॥૨૬૮॥

અસિદ્ધ જીવોને તો હાસ્ય વગેરે વિકારો હોય છે માટે પ્રથમ હાસ્યનું ચાર સ્થાનકમાં અવતરણ કરતાં સૂત્રકાર કહે છે–

**चउहिं ठाणेहिं हासुप्पत्ती सिता, तंजहा–पासित्ता, भासेत्ता, सुणेत्ता, संभरेत्ता ।। सू० २६९।।**

**चउव्विहे अंतरे पन्नत्ते, तंजहा–कट्ठंतरे, पम्हंतरे, लोहंतरे, पत्थरंतरे। एवामेव इत्थिए वा पुरिसस्स वा चउव्विहे अंतरे पन्नत्ते, तंजहा–कट्ठंतरसमाणे, पम्हंतरसमाणे, लोहंतरसमाणे, पत्थरंतरसमाणे ।। सू० २७०।।**

**चत्तारि भयगा पन्नत्ता, तंजहा—दिवसभयते, जत्ताभयते, उच्चत्तभयते, कब्बालभयते ॥ सू० २७१॥**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—संपागडपडिसेवी णामेगे णो पच्छन्नपडिसेवी, पच्छन्नपडिसेवी णामेगे णो संपागडपडिसेवी, एगे संपागडपडिसेवी वि पच्छन्नपडिसेवी वि, एगे नो संपागडपडिसेवी णो पच्छन्नपडिसेवी ॥ सू० २७२॥**

*(મૂ૦) ચાર કારણે હાસ્યની ઉત્પત્તિ થાય, તે આ પ્રમાણે—ભાંડ વગેરેની ચેષ્ટા જોઈને ૧, વિકારવાળાં વચનો બોલીને ૨, બીજાના વિકૃત વચનો સાંભળીને ૩ અને ચેષ્ટા વગેરેના શબ્દો મનમાં સંભારીને ૪ હસે છે. ॥૨૬૯॥*

*ચાર પ્રકારે અંતર (એક બીજાના ભેદ) કહેલ છે, તે આ પ્રમાણે—કાષ્ઠાંતર-લાકડા લાકડામાં અંતર ૧, પક્ષ્માંતર-કપાસની પુણી પુણીમાં અંતર ૨, લોઢા લોઢામાં અંતર તે લોહાંતર ૩ અને પત્થર પત્થરમાં અંતર તે પત્થરાંતર ૪. એ જ દૃષ્ટાંતે સ્ત્રી સ્ત્રીમાં અંતર, પુરુષ પુરુષમાં અંતર ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—વિશિષ્ટ પદવીની યોગ્યતા વગેરેથી કાષ્ઠાંતર સમાન ૧, વાણીની કોમળતા વડે પક્ષ્માંતર સમાન ૨, સ્નેહના છેદ કરવા વડે લોહાંતર સમાન ૩, અને ચિંતિત મનોરથ પૂરવા વડે જગત્વંદ્ય જે થાય તે પત્થરાંતર[1] સમાન. ॥૨૭૦॥*

*ચાર ભૃતક-નોકરો કહેલા છે, તે આ પ્રમાણે—દરરોજના મૂલ્યથી જે કામ કરે છે તે દિવસભૃતક ૧, દેશાંતર ગમનપ્રસંગે અમુક રકમ લઈને મદદ કરનાર સેવક તે યાત્રાભૃતક ૨, મૂલ્ય અને કાલ (અમુક સમય) નો નિર્ણય કરીને જે નિયમિત કાર્ય કરનાર નોકર તે ઉચ્ચતાભૃતક ૩, અને અમુક હસ્તપ્રમાણ ભૂમિ તારે ખોદવી અને અમુક મૂલ્ય આપીશ એમ ઠરાવપૂર્વક જે કામ કરનાર તે કબ્બાડભૃતક, ૪. ॥૨૭૧॥*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ અગીતાર્થની સમક્ષ અકલ્પનીય ભાત વગેરે સેવનાર પણ પ્રચ્છન્ન (છાનું) સેવનાર નહિં તે બકુસ ૧, કોઈએક પુરુષ પ્રચ્છન્ન દોષને સેવે છે પણ પ્રગટ સેવતો નથી તે કષાયકુશીલ ૨, કોઈએક પુરુષ પ્રગટ દોષને સેવે છે અને પ્રચ્છન્ન પણ સેવે છે તે પ્રતિસેવનાકુશીલ ૩, અને કોઈએક પુરુષ પ્રગટ અને પ્રચ્છન્ન દોષને સેવતો નથી તે સ્નાતક અથવા નિર્ગ્રંથ. ૪. ॥૨૭૨॥*

(ટી૦) **'चउही'त्यादि॰** હસવું તે હાસ્ય, હાસ્યમોહનીય કર્મના ઉદયજન્ય વિકારની ઉત્પત્તિ તે હાસ્યોત્પત્તિ, **'पासित्त' त्ति॰** વિદૂષક વગેરેની ચેષ્ટાને ચક્ષુ વડે જોઈને ૧, વળી કંઈક વિકાર સહિત વચનને બોલીને ૨, બીજાએ કહેલ તથાવિધ હાસ્યકારી વાક્યને કાન વડે સાંભળીને ૩ અને હાસ્યકારી ચેષ્ટા અને વાક્ય વગેરેને યાદ કરીને હસે છે. ૪. એવી રીતે જોવું વગેરે હાસ્યના કારણો થાય છે. ॥૨૬૯॥

અસિદ્ધ (સંસારીઓ) નાં જ ધર્માન્તરનું નિરૂપણ કરવા માટે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક અર્થવાળાં બે સૂત્રને કહે છે— **'चउव्विहे' इत्यादि॰** કાષ્ઠ કાષ્ઠનો અંતર એટલે રૂપ, રચનાદિ વડે વિશેષ તે કાષ્ઠાંતર, એમ પક્ષ્મ-કપાસ, રૂ વગેરેનો અર્થાત્ પક્ષ્મ પક્ષ્મનો (પૂણી પૂણીનો) વિશિષ્ટ સુકુમારતાદિ વડે અંતર તે પક્ષ્માંતર ૨, અત્યંત છેદ કરનાર હોવાથી લોઢાનું અંતર ૩, ચિંતિત વસ્તુની પ્રાપ્તિ વગેરેથી પાષાણનો અંતર તે પ્રસ્તરાંતર. ૪, એવી રીતે કાષ્ઠાદિ અંતરની માફક અન્ય સ્ત્રીઓની અપેક્ષાએ સ્ત્રીનું અંતર અથવા અન્ય પુરુષોની અપેક્ષાએ પુરુષનું અંતર. અહિં બે **'वा'** શબ્દ સ્ત્રી અને પુરુષના ચતુર્વિધત્વ પ્રત્યે સમાનતા જણાવવા માટે છે. કાષ્ઠાંતર તુલ્ય, અંતરવિશેષ, અર્થાત્ વિશિષ્ટ પદવીની યોગ્યતાદિ વડે કાષ્ઠાંતર સમાન ૧, વચનની સુકોમલતા વડે જ પક્ષ્માંતર સમાન ૨, સ્નેહનાં છેદ વડે અને પરીષહાદિને વિષે અભંગત્વ-ધૈર્ય વગેરેથી લોહાંતર સમાન ૩, ઇચ્છાથી અધિક મનોરથના પૂર્ણ કરવા વડે અને વિશિષ્ટ ગુણવાન્ પુરુષ વડે વંદન કરવા યોગ્ય પદવીની યોગ્યતાદિ વડે પ્રસ્તરાંતર સમાન ૪. ॥૨૭૦॥

1. અહિં વિશેષ રૂપથી વ્યાખ્યા કરેલ છે.

હમણાં જ અંતર કહ્યું, માટે પુરુષવિશેષના અંતરનું નિરૂપણ કરવા માટે ભૃતકસૂત્ર કહે છે. 'भ्रियते' પોષણ કરાયો તે ભૃતઃ અનુકંપા કરાયેલ તે આ ભૃતક અર્થાત્ કામ કરનાર. નક્કી કરેલ મૂલ્યદ્વારા કામ કરવા માટે દરરોજ જે ગ્રહણ કરાય છે (રખાય છે) તે દિવસભૃતક ૧, યાત્રા–દેશાંતરગમનમાં સહાય માટે નિયત મૂલ્યદ્વારા જે પોષણ કરાય છે તે યાત્રાભૃતક ૨, મૂલ્ય અને કાલનો નિર્ણય કરીને નિયત કરેલ સમય પ્રમાણે જેની પાસેથી કાર્ય કરાવાય છે તે ઉચ્ચતાભૃતક ૩, અને કબ્બાડભૃતક એટલે પૃથ્વી ખોદનાર ઓડ વગેરે. બે હાથ અથવા ત્રણ હાથ ભૂમિ તારે ખોદવી અને તેના બદલામાં આટલું ધન તને આપીશ એમ કહીને પોતાનું કાર્ય જેને સોંપાય છે તે કબ્બાડભૃતક. અહિં આ સંબંધી બે ગાથા દર્શાવે છે—

**दिवसभयओ उ घेप्पइ, छिन्नेण धणेण दिवसदेवसियं।**

**जत्ता उ होइ गमणं, उभयं वा [आगमनं चेत्यर्थः] एत्तियधणेणं ॥७६॥** **[निशीथ भा० ३७१९ त्ति]**

**कब्बाल ओड्डमाई, हत्थमियं कम्म एत्तियधणेणं। एच्चिर कालुच्चत्ते, कायव्वं [1]कम्म जं बेंति॥७७॥[निशीथ भा० ३७२०]**

રોજનો પગાર નક્કી કરીને જે રખાય તે દિવસ ભૃતક, યાત્રા માટે જે સાથે રખાય તે યાત્રાભૃતક, નિયત સમયમાં જેની પાસેથી કામ લેવું ઉચ્ચતાભૃતક (કોન્ટ્રાકટર), બે હાથ–ત્રણ હાથ ભૂમિ ખોદવી એવું નક્કી કરીને જે રખાય તે કબ્બાડભૃતક, કહેવાય છે. (ઠેકેદાર) (૭૬–૭૭)

લૌકિક પુરુષવિશેષનું અંતર કહ્યું, હવે લોકોત્તર પુરુષવિશેષના અંતરનું પ્રતિપાદન કરવા માટે પ્રતિસેવિ સૂત્ર જણાવે છે. તેમાં સંપ્રકટ–અગીતાર્થોની સમક્ષ અકલ્પનીય આહારાદિ પ્રતિસેવવાનો સ્વભાવ છે જેનો તે સંપ્રકટ પ્રતિસેવી ૧, એવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે–પ્રચ્છન્ન–અગીતાર્થ સમક્ષ નહિ, અહિં પહેલા ત્રણ ભાંગામાં પુષ્ટ આલંબન (ખાસ કારણ પ્રસંગે જે દોષ સેવાય તે) બકુશ વગેરે, અથવા ખાસ કારણ સિવાય (દોષ સેવનાર) પાર્શ્વસ્થા (પાસત્થો) વગેરે, ચોથા ભાંગામાં તો નિર્ગ્રંથ અથવા સ્નાતક હોય છે. ॥૨૭૨॥

અંતરના અધિકારથી જ દેવપુરુષોનો સ્ત્રી વડે કરાયેલ અંતરને પ્રતિપાદન કરતા થકા સૂત્રકાર કહે છે—

**चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो सोमस्स महारन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—कणगा, कणगलता, चित्तगुत्ता, वसुंधरा। एवं जमस्स, वरुणस्स, वेसमणस्स। बलिस्स णं वतिरोयणिंदस्स वतिरोयणरन्नो सोमस्स महारन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—मित्तगा, सुभद्दा, विज्जुत्ता, असणी, एवं जमस्स, वेसमणस्स, वरुणस्स (१) धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररन्नो कालवालस्स महारन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—असोगा, विमला, सुप्पभा, सुंदसणा। एवं जाव संखवालस्स। भूताणंदस्स णं णागकुमारिंदस्स णागकुमाररन्नो कालवालस्स महारन्नो चत्तारि अग्ग महिसीओ पन्नत्ताओ, तंजहा—सुणंदा, सुभद्दा, सुजाता, सुमणा। एवं जाव सेलवालस्स। जहा धरणस्स एवं सव्वेसिं दाहिणिंदलोगपालाणं जाव घोसस्स। जहा भूताणंदस्स एवं जाव महाघोसस्स लोगपालाणं (२)।**

**कालस्स णं पिसातिंदस्स पिसायरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—कमला, कमलप्पभा, उप्पला, सुदंसणा। एवं महाकालस्स वि। सुरूवस्स णं भूतिंदस्स भूतरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—रूववती, बहुरूवा, सुरूवा, सुभगा, एवं पडिरूवस्स वि। पुण्णभद्दस्स णं जक्खिंदस्स जक्खरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—पुत्ता, बहुपुत्तिता, उत्तमा, तारगा, एवं माणिभद्दस्स वि (३)।**

**भीमस्स णं रक्खसिंदस्स रक्खसरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—पउमा, वसुमती, कणगा,**

1. આ ચાર પ્રકારના ભૃતકોની નોકરી કે કામ પૂર્ણ ન થયેલ હોય તો તેને દીક્ષા આપવી કલ્પે નહિ એમ નિશીથભાષ્ય અને ચૂર્ણિમાં કહેલું છે, એમ ગાથાવૃત્તિકાર જણાવે છે.

रतणप्पभा। एवं महाभीमस्स वि। किंनरस्स णं किंनरिंदस्स चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—वडेंसा, केतुमती, रतिसेणा, रतिप्पभा, एवं किंपुरिसस्स वि। सप्पुरिसस्स णं किंपुरिसिंदस्स किंपुरिसरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ तं जहा—रोहिणी, णवमिता, हिरी, पुप्फवती, एवं महापुरिसस्स वि (४)।

अतिकायस्स णं महोरगिंदस्स चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—भुयगा, भुयगवती, महाकच्छा, फुडा, एवं महाकायस्स वि। गीतरतिस्स णं गंधव्विंदस्स चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—सुघोसा, विमला, सुस्सरा, सरस्सती, एवं गीयजसस्स वि (५)।

चंदस्स णं जोतिसिंदस्स जोतिसरन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—चंदप्पभा, दोसिणाभा, अच्चिमाली, पभंकरा। एवं सूरस्स वि, णवरं सूरप्पभा, दोसिणाभा, अच्चिमाली, पभंकरा। इंगालगस्स णं महग्गहस्स चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—विजया, वेजयंती, जयंती, अपराजिता। एवं सव्वेसिं महग्गहाणं जाव भावकेउस्स (६)।

सक्कस्स णं देविंदस्स देवरन्नो सोमस्स महारन्नो चत्तारि अग्गमहिसीओ पन्नत्ताओ, तंजहा—रोहिणी, मयणा, चित्ता, [1]सोमा। एवं जव वेसमणस्स। ईसाणस्स णं देविंदस्स देवरन्नो सोमस्स महारन्नो चत्तारि अग्ग महिसीओ पन्नत्ताओ, तंजहा—पुढवी, राती, रयणी, विज्जू। एवं जाव वरुणस्स ।। सू० २७३।।

चत्तारि गोरसविगतीओ पन्नत्ताओ, तंजहा—खीरं, दहिं, सप्पिं, णवणीतं। चत्तारि सिणेहविगतीओ पन्नत्ताओ, तंजहा—तेल्लं, घयं, वसा, णवणीतं। चत्तारि महाविगतीओ पन्नत्ताओ, तंजहा—महुं, मंसं, मज्जं, णवणीतं ।। सू० २७४।।

चत्तारि कूडागारा पन्नत्ता, तंजहा—गुत्ते णामं एगे गुत्ते, गुत्ते णामं एगे अगुत्ते, अगुत्ते णामं एगे गुत्ते, अगुत्ते णामं एगे अगुत्ते। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गुत्ते णाममेगे गुत्ते ४। चत्तारि कूडागारसालाओ पन्नत्ताओ, तंजहा—गुत्ता णाममेगा गुत्तदुवारा, गुत्ता णाममेगा अगुत्तदुवारा, अगुत्ता णाममेगा गुत्तदुवारा, अगुत्ता णाममेगा अगुत्तदुवारा। एवामेव चत्तारि इत्थीओ पन्नत्ताओ, तंजहा—गुत्ता नाममेगा गुत्तिंदिता, गुत्ता णाममेगा अगुत्तिंदिता ४।। सू० २७५।।

चउव्विहा ओगाहणा पन्नत्ता, तंजहा—दव्वोगाहणा, खेत्तोगाहणा, कालोगाहणा, भावोगाहणा ।। सू० २७६।।

चत्तारि पन्नत्तीओ अंगबाहिरियातो पन्नत्ताओ, तंजहा—चंदपन्नत्ती, सूरपन्नत्ती, जंबुद्दीवपन्नत्ती, दीवसागरपन्नत्ती ।। सू० २७७।।

।। चउट्ठाणस्स पढमो उद्देसओ ।।१।।

*(મૂ૦) અસુરેંદ્ર-અસુરકુમારના રાજા ચમરેંદ્રના સોમ નામના લોકપાલ મહારાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—કનકા, કનકલતા, ચિત્રગુપ્તા અને વસુંધરા. એમ જ યમની, વરુણની અને વૈશ્રમણ લોકપાલની ચાર ચાર અગ્રમહિષીઓ છે. બલિ નામના વૈરોચનેંદ્ર-વૈરોચનના રાજાના સોમ નામના મહારાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—મિત્રકા, સુભદ્રા, વિદ્યુતા અને અશની. એમ જ યમની, વૈશ્રમણની અને વરુણ લોકપાલની ચાર ચાર અગ્રમહિષીઓ છે. (૧) નાગકુમારનો ઇંદ્ર-નાગકુમારના રાજા ધરણેંદ્રના કાલવાલ નામના મહારાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—અશોકા, વિમલા, સુપ્રભા અને સુદર્શના. એવી રીતે યાવત્ શંખપાલ*

1. બીજી પ્રતમાં 'સામા' એવો પાઠ પણ છે.

નામના લોકપાલની ચાર અગ્રમહિષીઓ કહેલી છે. ભૂતાનંદ નામના નાગકુમારના ઇંદ્ર-નાગકુમારના રાજાના કાલવાલ નામના મહારાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—સુનંદા, સુભદ્રા, સુજાતા અને સુમના. એવી રીતે યાવત્ શૈલપાલ નામના લોકપાલ મહારાજાની ચાર અગ્રમહિષીઓ છે. જેમ ધરણેંદ્રના લોકપાલની અગ્રમહિષીઓ છે. એ પ્રમાણે બધાય દક્ષિણ દિશાના ઇંદ્રના લોકપાલોની યાવત્ ઘોષ નામના સ્તનિતકુમાર ઇંદ્રના લોકપાલોની ચાર ચાર અગ્રમહિષીઓ છે. જેમ ભૂતાનંદ (ઉત્તર દિશાધિપતિ) ના લોકપાલોની ચાર ચાર અગ્રમહિષીઓ છે એ પ્રમાણે મહાઘોષ નામના સ્તનિતકુમાર ઇંદ્રના લોકપાલોની ચાર ચાર અગ્રમહિષીઓ છે અર્થાત્ તે પ્રમાણે નામવાળી છે. (૨) કાલ નામના પિશાચના ઇંદ્ર-પિશાચરાજાની ચાર અગ્રમહિષીઓ છે. સુરૂપ નામના ભૂતના ઇંદ્ર-ભૂતના રાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—રૂપવતી, બહુરૂપા, સુરૂપા અને સુભગા એવી રીતે પ્રતિરૂપ નામના ભૂતેંદ્રની પણ ચાર અગ્રમહિષીઓ છે. પૂર્ણભદ્ર નામના યક્ષના ઇંદ્ર-યક્ષના રાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—પુત્રા, બહુપુત્રિકા, ઉત્તમા અને તારકા. એવી રીતે માણિભદ્ર નામના યક્ષના ઇંદ્રની પણ ચાર અગ્રમહિષીઓ છે. (૩) ભીમ નામના રાક્ષસના ઇંદ્ર-રાક્ષસના રાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—પદ્મા, વસુમતી, કનકા અને રત્નપ્રભા. એવી રીતે મહાભીમ નામના રાક્ષસેંદ્રની ચાર અગ્રમહિષીઓ છે. કિન્નર નામના કિન્નર દેવના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—વડિંસા, કેતુમતી, રતિસેના અને રતિપ્રભા. એવી રીતે કિંપુરુષ નામના કિન્નરના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે. સત્પુરુષ નામના કિંપુરુષ દેવના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે-રોહિણી, નવમિકા, હ્રી અને પુષ્પવતી. એવી રીતે મહાપુરુષ નામના કિંપુરુષ દેવના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ છે. (૪) અતિકાય નામના મહોરગના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—ભુજગા, ભુજગવતી, મહાકચ્છા અને સ્ફુટા. એવી રીતે મહાકાય નામના મહોરગના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે. ગીતરતિ નામના ગંધર્વના ઇંદ્રની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—સુઘોષા, વિમલા, સુસ્વરા અને સરસ્વતી. એવી રીતે ગીતયશ નામના ગંધર્વેંદ્રની ચાર અગ્રમહિષીઓ છે. આ દક્ષિણ અને ઉત્તર દિશાની મળી સોળ વ્યંતરેંદ્રની અગ્રમહિષીઓનું વર્ણન કરેલ છે. દક્ષિણ અને ઉત્તર દિશાના મળી સોલ વ્યતરેંદ્રની અગ્રમહિષીઓનું વર્ણન કરેલ છે. દક્ષિણ અને ઉત્તર દિશાની અગ્રમહિષીઓના નામો સમાન છે. (૫) ચંદ્ર નામના જ્યોતિષના ઇંદ્ર-જ્યોતિષના રાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે--ચંદ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી અને પ્રભંકરા. એવી રીતે સૂર્યની પણ ચાર અગ્રમહિષીઓ છે. વિશેષ એ કે-સૂર્યપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિમાલી અને પ્રભંકરા નામ છે. અંગારક (મંગલ) નામના મહાગ્રહની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા. એવી રીતે બધાય મહાગ્રહોની યાવત્ ભાવકેતુ નામના છેલ્લા ગ્રહની ચાર અગ્રમહિષીઓ છે. (૬) શુક્ર નામના દેવના ઇંદ્ર-દેવના રાજાના સોમ નામના મહારાજા (લોકપાલ)ની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—રોહિણી, મદના, ચિત્રા અને સોમા. એવી રીતે યાવત્ વૈશ્રમણ નામના લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે. ઈશાન નામના દેવના ઇંદ્ર-દેવના રાજાના [લોકપાલ] સોમ નામના મહારાજાની ચાર અગ્રમહિષીઓ કહેલી છે, તે આ પ્રમાણે—પૃથ્વી, રાત્રી, રજની અને વિદ્યુત્. એવી રીતે યાવત્ વરુણ નામના લોકપાલની ચાર અગ્રમહિષીઓ છે. ॥૨૭૩॥

ચાર ગોરસ (ગાય પ્રમુખ) સંબંધી રસરૂપ ચાર વિકૃતિઓ-વિગઈયો કહેલી છે, તે આ પ્રમાણે—દૂધ, દહિં, ઘી અને માખણ. ચાર સ્નિગ્ધ (ચીકણી) વિગઈયો કહેલી છે, તે આ પ્રમાણે—તેલ, ઘૃત, વસા (ચરબી) અને માખણ. ચાર મહાવિગઈયો કહેલી છે, તે આ પ્રમાણે મધુ (મધ), માંસ, મદિરા અને માખણ. ॥૨૭૪॥

ચાર પ્રકારે કૂટ-શિખરના આકાર જેવા ઘરો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક ગઢ વગેરેથી વીંટાયેલું ગુપ્તઘર અને બંધ બારણાવાળું છે ૧, કોઈએક ઘર ગુપ્ત પણ બારણું ખુલ્લું છે ૨, કોઈક ઘર પ્રગટ છે પણ બંધ બારણાવાળું છે ૩,

*અને કોઈક ઘર પ્રગટ છે અને બારણું પણ ખુલ્લું છે. ૪. આ દૃષ્ટાંત પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ ગુપ્ત. (વસ્ત્રાદિ વડે ઢાંકેલ) છે અને ઇંદ્રિયો વડે પણ ગુપ્ત છે-ગુપ્તેંદ્રિય ૧, કોઈએક વસ્ત્રાદિ વડે ઢાંકેલ છે અને ઇંદ્રિયો વડે અગુપ્ત-અગુપ્તેંદ્રિય છે ૨, કોઈએક વસ્ત્રાદિ વડે અગુપ્ત-ખુલ્લો છે પણ ગુપ્તેંદ્રિય છે ૩, અને કોઈએક વસ્ત્રાદિ વડે અગુપ્ત-પ્રગટ અને ઇંદ્રિયો વડે પણ અગુપ્તેંદ્રિય છે ૪. ચાર કૂટાગાર-શિખરના જેવા આકારવાળી શાળા (ઘર વિશેષ) કહેલી છે, તે આ પ્રમાણે—એક શાળા ગુપ્ત અને ગુપ્ત (બંધ) દરવાજાવાળી છે, એક શાળા ગુપ્ત પણ દરવાજો અગુપ્ત (ખુલ્લો) છે, એક શાળા અગુપ્ત પણ દરવાજો ગુપ્ત (બંધ) છે અને એક શાળા અગુપ્ત અને દરવાજો પણ અગુપ્ત છે. એ દૃષ્ટાંતે ચાર પ્રકારની સ્ત્રીઓ કહેલી છે, તે આ પ્રમાણે-કોઈક સ્ત્રી ગુપ્ત-ઘરમાં જ રહેનારી અને ગુપ્ત-સુશીલા છે ૧, કોઈએક સ્ત્રી ગુપ્ત-ઘરમાં જ રહેનારી પણ અગુપ્ત-સુશીલા નથી ૨, કોઈક સ્ત્રી અગુપ્ત-ઘરમાં નહિ રહેનારી પણ સુશીલા છે ૩ અને કોઈક અગુપ્ત-ઘરમાં નહિં રહેનારી અને દુઃશીલા પણ છે ૪. ॥૨૭૫॥*

*ચાર પ્રકારે અવગાહના-જેમાં જીવ રહે તે અર્થાત્ કાયા-કહેલી છે, તે આ પ્રમાણે-દ્રવ્યઅવગાહના તે અનંત દ્રવ્યવાળી, ક્ષેત્રઅવગાહના તે અસંખ્યાત પ્રદેશના અવગાહ (આશ્રય) વાળી, કાલઅવગાહના તે અસંખ્યાત સમયની સ્થિતિવાળી અને ભાવઅવગાહના તે વર્ણાદિ અનંતગુણવાળી છે. ॥૨૭૬॥*

*ચાર પ્રજ્ઞપ્તીઓ (અંગબાહ્યસૂત્રરૂપ) કહેલી છે, તે આ પ્રમાણે-ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ. ॥૨૭૭॥*

(ટી૦) **'चमरस्से'त्यादिकम्०** અગ્રમહિષી સંબંધી સૂત્રનો વિસ્તાર સરલ છે. વિશેષ એ કે—**'महारन्नो'त्ति०** લોકપાલની મુખ્ય રાણીઓ-રાજાની સ્ત્રીઓ તે અગ્રમહિષીઓ, **'वइरोयण' त्ति०** વિવિધ પ્રકારો વડે **रोच्यन्ते**-દીપે છે તે વિરોચનો, તે જ વૈરોચનો-ઉત્તર દિશામાં રહેનારા અસુરો, તેઓનો ઇંદ્ર તે વૈરોચનેંદ્ર. ધરણના સૂત્રમાં **'एव'मिति०** એમ જ જાણવું. કાલવાલની જેમ કોલવાલ, શૈલપાલ અને શંખપાલની એ જ નામવાળી ચાર ચાર અગ્રમહિષીઓ જાણવી. એજ જણાવતાં કહે છે **'जाव संखवालस्स'त्ति०** (ઉત્તર દિશાનો ઇંદ્ર) ભૂતાનંદના સૂત્રમાં **'एव'मिति०** એમ જ જાણવું. જેમ કાલવાલની તેમ બીજાઓની પણ ચાર ચાર અગ્રમહિષીઓ જાણવી. વિશેષ એ કે લોકપાલોના નામમાં ત્રીજાને ઠેકાણે ચોથો કહેવો અર્થાત્ વરુણના સ્થાનમાં વૈશ્રમણ કહેવો. જેમ દક્ષિણ દિશાના નાગકુમારનિકાયના ઇંદ્ર ધરણના લોકપાલની અગ્રમહિષીઓ જે નામવાળી છે તેમ બધા દક્ષિણ દિશાના બાકીના-૧. વેણુદેવ, ૨. હરિકાંત, ૩. અગ્નિશિખ, ૪. પૂર્ણ, ૫. જલકાન્ત, ૬. અમિતગતિ, ૭. વેલંબ અને ૮. ઘોષ-આ આઠ ઇંદ્રોના જે લોકપાલો સૂત્રમાં કહેલાં છે તે બધાઓની તેજ નામવાળી અગ્રમહિષી છે. જેમ ઉત્તર દિશાનો નાગરાજ ભૂતાનંદ નામના ઇંદ્રના લોકપાલોની અગ્રમહિષીઓના નામો કહેલ છે તેમ બાકીના-૧ વેણુદાલી, ૨. હરિસ્સ, ૩. અગ્નિમાનવ, ૪. વિશિષ્ટ, ૫. જલપ્રભ, ૬. અમિતવાહન, ૭. પ્રભંજન અને ૮. મહાઘોષ નામના આઠ ઇંદ્રોના લોકપાલોની પણ તે જ નામવાળી અગ્રમહિષીઓ છે. એ જ કહે છે કે—**'जहा धरणस्से'त्यादि०** ॥૨૭૩॥

સચેતનોનું અંતર કહ્યું, હવે અંતરના અધિકારથી જ અચેતનવિશેષ વિકૃતિઓનું ગોરસ, સ્નેહ અને મહત્ત્વલક્ષણરૂપ અંતરને ત્રણ સૂત્ર વડે સૂત્રકાર કહે છે—**'चत्तारी'त्यादि०** ગાયોનો રસ તે ગોરસ, વ્યુત્પત્તિ માત્ર આ અર્થ સમજવો. 'ગોરસ' શબ્દની પ્રવૃત્તિ તો ભેંસ વગેરેના દૂધ, દહિં આદિ રસમાં છે. શરીર અને મનને પ્રાયઃ વિકારનો હેતુ હોવાથી વિકૃતિઓ કહેવાય છે. બાકી સ્પષ્ટ છે. વિશેષ એ કે-સર્પિ-ઘૃત, નવનીત-માખણ, સ્નેહરૂપ વિકૃતિઓ તે સ્નેહવિકૃતિઓ (વિગઇયો), વસાહાડકાના મધ્યભાગનો રસ, મહારસ વડે મહાવિકારની કરનારી હોવાથી અને મહાન્ જીવોપઘાત (મોટી હિંસા) નું કારણ હોવાથી મહાવિકૃતિઓ કહેવાય છે. અહિં વિકૃતિનો પ્રસંગ હોવાથી વૃદ્ધ (પ્રાચીન) ગાથાઓ વડે વિકૃતિઓનું વર્ણન કરે છે—

**खीरं ५ दहि ४ णवणीयं ४, घयं ४ तहा तेल्लमेव ४ गुड २ मज्जं २ ।**
**महु ३ मंसं ३ चेव तहा, ओगाहिमगं च दसमा(मी) उ ।।७८।।** **[पञ्चव० ३७१ त्ति]**

૧. દૂધ, ૨. દહિં, ૩. માખણ, ૪. ઘૃત, ૫. તેલ, ૬. ગોળ, ૭. દારુ, ૮. મધ, ૯. માંસ તથા ૧૦. અવગાહિમ એટલે ઘૃત કે તેલમાં તળેલ અર્થાત્ કડાવિગઇ છે. (૭૮)

**गोमहिसुट्टिपसूणं, एलगखीराणि पंच चत्तारि । दहिमाइयाइं जम्हा, उट्टीणं ताणि णो हुंति ।।७९।।**

**[पञ्चव० ३७२ त्ति]**

ગાય, ભેંસ, ઉંટડી, બકરી અને ગાડર સંબંધી દૂધ એ ક્ષીરવિકૃતિ પાંચ ભેદવાળી છે, એ સિવાય મનુષ્યણી વગેરેના દૂધને વિગઇ કહી નથી. દહિં, માખણ અને ઘીના ચાર ભેદ છે કેમકે ઉંટડીના દૂધમાંથી દહિં વગેરે થતા નથી, બાકી ગાય વગેરે ચારના થાય છે. (૭૯)

**चत्तारि होंति तेल्ला, तिल-अयसि-कुसुंभ-सरिसवाणं च । विगईओ सेसाइं, डोलाईणं न विगईओ ।।८०।।**

**[पञ्चव० ३७३ त्ति]**

તિલ, અલસી, કુસુંભ (કરડી) અને સરસવ સંબંધી તેલ, એમ ચાર પ્રકારે વિકૃતિઓ છે. શેષ-ડોલા-મહુડાના ફૂલનું તેલ અને નાળીએર વગેરેના તેલને વિગઇમાં ગણેલ નથી. (૮૦)

**दवगुल-पिंडगुला दो, मज्जं पुण कट्ठ-पिट्ठनिप्फन्नं । मच्छिय-कोत्तिय-भामरमेयं च तिहा महुं होइ ।।८१।।**

**[पञ्चव० ३७४ त्ति]**

દ્રવ્યગુડ (નરમ રસરૂપ) અને પિંડગુડ (કઠણ) એમ બે પ્રકારે ગોળ છે. મદ્ય-દારુ બે પ્રકારે છે ૧. એક કાષ્ઠનિષ્પન્ન-શેલડી, તાડી વગેરેથી થયેલ અને ૨. પિષ્ટનિષ્પન્ન-ચોખા વગેરેના પિષ્ટથી થયેલ. મધ ત્રણ પ્રકારે છે, તે આ પ્રમાણે—૧. માક્ષિક-માખી સંબંધી, ૨. કૌંતિક-નાની માખી સંબંધી અને ૩. ભમરી સંબંધી. આ સર્વ વિગઇસ્વરૂપ છે. (૮૧)

**जल-थल-खहयरमंसं, चम्मं च ससोणियं तिहेयं पि । आइल्ल तिन्नि चलचल, ओगाहिमगं च विगईओ।।८२।।**

**[पञ्चव० ३७५ त्ति]**

જલચર, સ્થલચર અને પક્ષી સંબંધી એમ માંસ ત્રણ ભેદે છે, અથવા માંસ, ચરબી અને શોણિત (લોહી) એમ પણ ત્રણ[1] પ્રકારે છે. વળી ઘૃત કે તેલ ભરેલ કડાઈમાં ચળચળાટ શબ્દને કરતી થકી પૂરી વગેરે જ્યારે તળાય છે ત્યારે એક ઘાણ કહેવાય છે. એવી રીતે ત્રણ વખત તળાય ત્યાં સુધી અવગાહિમ-કડાવિગઇ કહેવાઇ છે. ચોથો ઘાણ તે વિગઇ કહેવાય નહિં. (૮૨)

**सेसा न होंति विगई अ, जोगवाहीण ते उ कप्पंती । परिभुज्जंति न पायं, जं निच्छयओ न नज्जंति ।।८३।।**

**[पञ्चव० ३७६ त्ति]**

શેષ ચોથા ઘાણમાં તળેલા પકવાન વગેરે વિગઇ કહેવાય નહિં પણ નીવીયાતા કહેવાય. દૂધ વગેરે દરેક વિગઇના પાંચ પાંચ નીવીયાતા[2] છે તે **યોગને વહન કરનાર સાધુઓને કારણવશાત્ લેવા કલ્પે છે**, કેમ કે પ્રાયઃ ભોગવતા નથી તેમજ નિશ્ચયથી જણાતા નથી કે આ કેવી રીતે બનેલ છે અર્થાત્ કેટલા ઘાણથી થયેલા છે તો લેવા કલ્પે નહિં પરંતુ નિશ્ચય થાય કે ત્રણ ઘાણ ઉપરનાં છે તો ગાઢ કારણે લેવા કલ્પે. (૮૩)

**एगेण चेव तवओ, पूरिज्जति पूयएण जो ताओ । बीओ वि स पुण कप्पइ, निव्विगई लेवडो नवरं ।।८४।।**

**[पञ्चव० ३७७ त्ति]**

એક પૂડલા વડે જે તવો પુરાય છે-ભરાય છે, તેથી બીજો પૂડલો જે કરાય છે તે વિગઇના ત્યાગ કરનાર મુનિને કલ્પે છે, કેમ કે તે વિગઇ નથી પરંતુ લેપકૃત કહેવાય છે. (૮૪) ।।૨૭૪।।

અચેતન સંબંધી અંતરના અધિકારથી જ ઘરવિશેષના અંતરને દૃષ્ટાંત વડે કહેવાને ઇચ્છાવાળા તથા પુરુષ અને સ્ત્રીના અંતરને દાર્ષ્ટાંતિકપણાએ કહેવાને ઇચ્છતા સૂત્રકાર ચાર સૂત્રને કહે છે—'**चत्तारि कूडे**'त्यादि० કૂટ-શિખરવાળા ઘરો, અથવા

1. દૂધ વગેરે છ ભક્ષ્ય વિગઇ છે અને તેના ઉત્તરભેદ ૨૧ છે. માંસ વગેરે ચાર અભક્ષ્ય વિગઇ છે, તેના ઉત્તરભેદ બાર છે.
2. એ દરેક વિગઇના નીવીયાતાનું સ્વરૂપ પચ્ચકખાણભાષ્યથી જાણવું.

કૂટ–જીવને બાંધવાના સ્થળ જેવા ઘરો તે કૂટાગારો, તેમાં ગુપ્ત–ગઢ વગેરેથી વીંટાયેલું અથવા ભોંયરું વગેરે. વળી બંધ બારણા વડે ગુપ્ત અથવા પૂર્વકાળની અને પછીના કાલની અપેક્ષાએ ગુહ્ય છે. ૧, એમ જ બીજા પણ ત્રણ ભાંગા જાણવા. પુરુષ તો વસ્ત્રાદિદ્વારા આચ્છાદિત હોવાથી ગુપ્ત, વળી ઇંદ્રિયોને ગુપ્ત–વશ કરવા વડે ગુપ્ત છે, અથવા પહેલાં પણ ગુપ્ત છે અને હમણાં પણ ગુપ્ત છે ૧, અગુપ્ત પણ એમ જ સમજવું. તથા કૂટના જેવો આકાર છે જે શાલાનો અર્થાત્ ગૃહવિશેષનો તે કૂટાગારશાળા. સ્ત્રીલક્ષણ દાર્ષ્ટાંતિક અર્થના સમાનતાના વશથી. આ સ્ત્રીલિંગમાં દૃષ્ટાંત છે. તત્ર ગુપ્તા–પરિવાર વડે વીંટાયેલી, ઘરમાં રહેલી, વસ્ત્રાદિ વડે આચ્છાદિત અંગવાળી, ગૂઢ સ્વભાવવાળી અથવા ગુપ્ત ઇંદ્રિયવાળી અથવા અનુચિત પ્રવૃત્તિમાં ઇંદ્રિયોને કાબૂમાં રાખનારી, એવી રીતે બાકીના ભાંગા જાણવા. ॥૨૭૫॥

હમણાં જ ગુપ્તેંદ્રિયપણું કહ્યું, અને ઇંદ્રિયો અવગાહનાના આશ્રયવાળી છે માટે અવગાહનાનું નિરૂપણ કરનારું સૂત્ર કહે છે–અવગાહે છે–રહે છે જેણીને વિષે, અથવા જીવો જેણીનો આશ્રય કરે છે તે અવગાહના, અર્થાત્ શરીર. દ્રવ્યથી અવગાહના તે દ્રવ્યાવગાહના, એમ જ સર્વત્ર જાણવું. તત્ર દ્રવ્યથી અનંત દ્રવ્યરૂપ છે, અર્થાત્ અનંત પરમાણુમયી છે. ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશમાં રહેનારી, કાલથી અસંખ્યાત સમયની સ્થિતિવાળી, ભાવથી વર્ણાદિ અનંત ગુણવાળી છે. અથવા વિવક્ષિત દ્રવ્યના આધારભૂત આકાશપ્રદેશો તે અવગાહના; તેમાં દ્રવ્યોની અવગાહના, તે દ્રવ્યાવગાહના, ક્ષેત્ર એ જ અવગાહના તે ક્ષેત્રાવગહના, કાલની અવગાહના એટલે મનુષ્યક્ષેત્રમાં વર્તતી તે કાલાવગાહના અને ભાવ (પર્યાય) વાળા દ્રવ્યોની અવગાહના તે ભાવાવગાહના ભાવની મુખ્યતાથી કહેલી છે. અથવા આશ્રય માત્ર અવગાહના, તેમાં પર્યાયો વડે દ્રવ્યનો આશ્રય તે દ્રવ્યાવગાહના, એમ જ ક્ષેત્રનો અને કાલનો પર્યાયો વડે આશ્રય કરવો–પર્યાયોનો દ્રવ્ય વડે આશ્રય કરવો અથવા બીજી રીતે યોજના કરીને વ્યાખ્યા કરવી. ॥૨૭૬॥

અવગાહનની પ્રરૂપણા પ્રજ્ઞપ્તિઓને વિષે કરેલી છે, માટે પ્રજ્ઞપ્તિનું ચતુઃસ્થાનક સૂત્ર જણાવે છે–વિશેષથી જણાય છે અર્થો જેણીને વિષે તે પ્રજ્ઞપ્તિઓ, આચારાદિ અંગ સૂત્રથી બાહિર તે અંગબાહ્ય, જે પ્રમાણે નામ છે તે પ્રમાણે તે પ્રજ્ઞપ્તિઓ વર્ણનવાળી કાલિકસૂત્રરૂપ છે, તેમાં સૂર્યપ્રજ્ઞપ્તિ, પંચમ અંગના ઉપાંગભૂત છે.અને જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ છઠ્ઠા અંગના ઉપાંગરૂપ છે, બાકીની બે પ્રજ્ઞપ્તિ પ્રકીર્ણરૂપ છે. પાંચમી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી) છે, પરંતુ તે અંગપ્રવિષ્ટ છે માટે અહીં આ ચાર કહેલી છે.

***॥ ચતુઃસ્થાનકના પ્રથમ ઉદ્દેશકની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

- *અનધ્યાયમાં સ્વાધ્યાય કરવો ભક્તિ વિરુદ્ધ છે. અશુદ્ધ ઉચ્ચારણથી વિપરીતાર્થની ભાવનાને કારણે અભિષ્ટ સિદ્ધિમાં વિઘ્ન આવવાની સંભાવના રહે છે, આથી અનધ્યાયના કાળમાં આગમોના સ્વાધ્યાયનો નિષેધ છે. (ઠાણાંગજી સૂત્ર ટીકા સ્થાનકવાસી).*
- *અસ્વાધ્યાયના સમયમાં પૂર્વધરો વડે રચાયેલ જે કોઈ સૂત્ર છે, શાસ્ત્ર છે તેનો સ્વાધ્યાય થઈ શકતો નથી. પૂર્વધરોના સિવાય બીજા મહાત્માઓના (શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે) રચેલા ગ્રંથોનું (અધ્યયન) વાંચન સ્વાધ્યાય વગેરે થઈ શકે છે.*
- *આગમ ગ્રંથ નિર્યુક્તિ ભાષ્ય આવશ્યક ક્રિયાઓનાં સૂત્ર વગેરે અસજ્ઝાયના દિવસોમાં વાંચી શકાતાં નથી. એમનો સ્વાધ્યાય પણ થઈ શકતો નથી. સ્તવન વગેરે વાંચી શકાય છે, શિખવી શકાય છે. (કલ્યાણ, ઓક્ટોબર–૧૯૮૭, પૃ. ૮૧૧ ૫૨)*

## अथ चतुःस्थानकाध्ययने द्वितीय उद्देशः

ચોથા સ્થાનકના પ્રથમ ઉદ્દેશકનું વ્યાખ્યાન કર્યું, હવે બીજા ઉદ્દેશકનો આરંભ કરીએ છીએ. આનો પૂર્વ ઉદ્દેશકની સાથે આ પ્રમાણે સંબંધ છે-અનંતર ઉદ્દેશકમાં જીવાદિ દ્રવ્ય અને પર્યાયોના ચાર સ્થાનકો કહ્યાં, અહિં પણ તેઓનાં જ ચાર સ્થાનકો કહેવાય છે. આવી રીતે સંબંધવિશિષ્ટ આ ઉદ્દેશકના પહેલાં ચાર સૂત્રો—

**चत्तारि पडिसंलीणा पन्नत्ता, तंजहा—कोधपडिसंलीणे, माणपडिसंलीणे, मायापडिसंलीणे, लोभपडिसंलीणे। चत्तारि अपडिसंलीणा पन्नत्ता, तंजहा—कोधअपडिसंलीणे जाव लोभअपडिसंलीणे। चत्तारि पडिसंलीणा पन्नत्ता, तंजहा—मणपडिसंलीणे, वतिपडिसंलीणे, कायपडिसंलीणे, इंदियपडिसंलीणे। चत्तारि अपडिसंलीणा पन्नत्ता, तंजहा—मणअपडिसंलीणे जाव इंदियअपडिसंलीणे ४ ॥ सू० २७८॥**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—दीणे णाममेगे दीणे, दीणे णाममेगे अदीणे, अदीणे णाममेगे दीणे, अदीणे णाममेगे अदीणे (१)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दीण णाममेगे दीणपरिणते, दीणे णामं एगे अदीणपरिणते, अदीणे णामं एगे दीणपरिणते, अदीणे णाममेगे अदीणपरिणते (२)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दीणे णाममेगे दीणरूवे० ह्व [=४] (३), एवं दीणमणे ४ (४), दीणसंकप्पे ४ (५), दीणपन्ने ४ (६) दीणदिट्ठी ४ (७), दीणसीलाचारे ४ (८), दीणववहारे ४ (९)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दीणे णाममेगे दीणपरक्कमे, दीणे णाममेगे अदीण० [परक्कमे] ह्व [=४] (१०)। एवं सव्वेसिं चउभंगो भाणितव्वो। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—दीणे णाममेगे दीणवित्ती ४ (११)। एवं दीणजाती ४ (१२)। दीणभासी (१३), दीणोभासी (१४)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—दीणे णाममेगे दीणसेवी ह्व [=४] (१५)। एवं दीणे णाममेगे दीणपरियाए ह्व [=४](१६)। एवं दीणे णाममेगे दीणपरियाले० ह्व [=४](१७)। सव्वत्थ चउभंगो ॥ सू० २७९॥**

*(મૂ૦) ચાર પ્રતિસંલીનો-ક્રોધાદિનો નિરોધ કરનારા કહેલા છે, તે આ પ્રમાણે—ક્રોધપ્રતિસંલીન, માનપ્રતિસંલીન, માયાપ્રતિસંલીન અને લોભપ્રતિસંલીન. ચાર અપ્રતિસંલીનો-ક્રોધાદિનો નિરોધ ન કરનારા કહેલા છે, તે આ પ્રમાણે-ક્રોધઅપ્રતિસંલીન યાવત્ લોભઅપ્રતિસંલીન. વળી ચાર પ્રતિસંલીનો કહેલા છે, તે આ પ્રમાણે—મનઃપ્રતિસંલીન, વચનપ્રતિસંલીન, કાયપ્રતિસંલીન અને ઇંદ્રિયપ્રતિસંલીન. ચાર અપ્રતિસંલીન કહેલા છે, તે આ પ્રમાણે—મનઃઅપ્રતિસંલીન યાવત્ ઇંદ્રિયઅપ્રતિસંલીન.॥૨૭૮॥*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે. તે આ પ્રમાણે—કોઈએક પુરુષ પૂર્વે ઉપાર્જિત લક્ષ્મીથી ક્ષીણ-દીન-ગરીબ અને પછીથી પણ દીન ૧, એક બાહ્યવૃત્તિથી દીન પણ અભ્યંતરવૃત્તિથી અદીન ૨, એક બાહ્યવૃત્તિથી અદીન અને અંતરવૃત્તિથી દીન ૩, તેમજ એક બાહ્યવૃત્તિથી અદીન અને અંતરવૃત્તિથી પણ અદીન ૪ (૧), એક પુરુષ શરીરથી રાંકડા જેવો અને અંતરવૃત્તિથી પણ દીનપણાએ પરિણત અર્થાત્ દીનપણાને પામેલ-કાયર ૧, એક પુરુષ બાહ્યવૃત્તિથી દીન પણ અંતરંગ પરિણામથી અદીન-હિમ્મતવાળો ૨, એક શરીરથી અદીન-પુષ્ટ અને અંતરંગ પરિણામથી દીન-કાયર ૩ તેમજ એક શરીરથી પણ અદીન-મજબૂત અને અંતરંગ પરિણામથી પણ અદીન-શૂરવીર ૪ (૨), કોઈએક પુરુષ*

*શરીરથી દીન અને મલિન વસ્ત્રાદિની અપેક્ષાથી પણ દીનરૂપ-રાંકડા જેવો ૧, કોઈએક શરીરથી દીન પણ સુંદર વસ્ત્રાદિ વડે અદીન રૂપવાળો ૨, કોઈએક શરીરથી અદીન પણ મલિન વસ્ત્રાદિ વડે દીન રૂપવાળો ૩, તેમજ કોઈએક પુરુષ શરીરથી અદીન અને શ્રેષ્ઠ વસ્ત્રાદિ વડે પણ અદીન રૂપવાળો ૪ (૩), એવી રીતે એક પુરુષ શરીરથી દીન અને દીન મનવાળો છે ૧, એક શરીરથી દીન પણ મનથી અદીન છે ૨, એક શરીરથી અદીન પણ મનથી દીન છે ૩, તેમજ એક શરીરથી અદીન અને મનથી પણ અદીન છે ૪ (૪), એક શરીરથી દીન અને દીન સંકલ્પવાળો છે ૧, એક શરીરથી દીન પણ અદીન સંકલ્પવાળો છે ૨, એક શરીરથી અદીન પણ દીન સંકલ્પવાળો છે ૩, તેમજ એક શરીર અને સંકલ્પ બન્નેથી અદીન છે ૪ (૫), એક શરીરથી દીન અને પ્રજ્ઞાથી પણ દીન છે ૧, એક શરીરથી દીન પણ પ્રજ્ઞાથી શ્રેષ્ઠ છે ૨. એક શરીરથી અદીન પણ પ્રજ્ઞાથી દીન છે ૩, તેમજ એક શરીર અને પ્રજ્ઞા બન્નેથી અદીન (શ્રેષ્ઠ) છે ૪ (૬), એક શરીરથી દીન અને ચક્ષુના તેજથી પણ હીન છે ૧, એક શરીરથી દીન પણ ચક્ષુના તેજવાળો છે ૨, એક શરીરથી અદીન પણ ચક્ષુના તેજથી હીન છે ૩, તેમજ એક શરીર અને ચક્ષુના તેજ બન્નેથી અદીન (શ્રેષ્ઠ) છે ૪ (૭), કોઈએક શરીરથી દીન અને શીલાચારથી પણ હીન છે ૧, એક શરીરથી દીન પણ શીલાચારથી શ્રેષ્ઠ છે ૨, એક શરીરથી અદીન અને શીલાચારથી હીન છે ૩, તેમ જ એક શરીરથી અદીન અને શ્રેષ્ઠ શીલાચારવાળો છે ૪ (૮), એક શરીરથી દીન અને દાનાદિ ક્રિયાથી પણ હીન-દીન વ્યવહારવાળો છે ૧, એક શરીરથી દીન પણ અદીન વ્યવહારવાળો-દાનાદિ ક્રિયાથી શ્રેષ્ઠ છે ૨, એક શરીરથી અદીન પણ હીન વ્યવહારવાળો છે ૩, તેમજ એક શરીરથી અદીન અને શ્રેષ્ઠ વ્યવહારાવાળો છે ૪ (૯), ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે—એક શરીરથી દીન અને હીન પરાક્રમવાળો છે ૧, એક શરીરથી દીન પણ પરાક્રમથી અદીન ૨, એક શરીરથી અદીન પણ પરાક્રમથી દીન ૩, તેમજ એક શરીરથી અદીન અને પરાક્રમથી પણ અદીન છે ૪ (૧૦), એવી રીતે દરેક સૂત્રોમાં ચાર ભાંગાઓ કહેવા. ચાર પ્રકારના પુરુષો કહ્યા છે, તે આ પ્રમાણે—એક શરીરથી દીન પણ દીન વૃત્તિ-દીનની માફક વર્ત્તન (આજીવિકા) વાળો છે ૧, એક શરીરથી દીન પણ અદીન વર્ત્તનવાળો છે ૨, એક શરીરથી અદીન પણ દીન વર્ત્તનવાળો છે ૩, તેમજ એક શરીરથી અદીન અને અદીન વર્ત્તનવાળો છે ૪ (૧૧), એક શરીરથી દીન અને હીન જાતિવાળો છે ૧, એક શરીરથી દીન પણ શ્રેષ્ઠ જાતિવાળો છે ૨, એક શરીરથી અદીન પણ હીન જાતિવાળો છે ૩, તેમજ એક શરીરથી અદીન અને શ્રેષ્ઠ જાતિવાળો છે ૪ (૧૨), એક શરીરથી દીન અને દીનભાષી-દીન વચન બોલનાર છે ૧, એક શરીરથી દીન પણ અદીનભાષી છે ૨, એક શરીરથી અદીન પણ દીનભાષી છે ૩, તેમજ એક શરીરથી અદીન અને અદીનભાષી છે ૪ (૧૩), એક શરીરથી દીન અને દીનની માફક દેખાય છે ૧, એક શરીરથી દીન પણ અદીનની માફક દેખાય છે ૨, એક શરીરથી અદીન પણ દીનની માફક દેખાય છે ૩, તેમજ એક શરીરથી અદીન અને અદીનની માફક દેખાય છે ૪ (૧૪), ચાર પ્રકારે પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—એક શરીરથી દીન અને દીન નાયકની સેવા કરનાર છે ૧, એક શરીરથી દીન પણ અદીન નાયકની સેવા કરનાર છે ૨, એક શરીરથી અદીન પણ દીન નાયકની સેવા કરનાર છે ૩, તેમજ એક શરીરથી અદીન અને અદીન નાયકની સેવા કરનાર છે ૪ (૧૫), એક શરીરથી દીન અને પર્યાયથી દીન-હીન સંયમવાળો છે ૧, એક શરીરથી દીન પણ શ્રેષ્ઠ સંયમવાળો છે ૨, એક શરીરથી અદીન પણ સંયમથી હીન છે ૩, તેમજ એક શરીરથી અદીન અને સંયમથી પણ અદીન (શ્રેષ્ઠ) છે ૪ (૧૬), એક શરીરથી દીન અને દીન પરિવારવાળો છે ૧, એક શરીરથી દીન પણ અદીન પરિવારવાળો છે ૨, એક શરીરથી અદીન પણ દીન પરિવારવાળો છે ૩, તેમજ એક શરીરથી અદીન અને અદીન પરિવારવાળો છે ૪ (૧૭). સર્વત્ર ચાર-ચાર ભાંગા જાણવા. ॥૨૭૯॥*

(ટી૦) 'चत्तारि पडिसंलीणे'त्यादि० આનો પૂર્વના સૂત્ર સાથે આ પ્રમાણે સંબંધ છે—અનંતર સૂત્રમાં પ્રજ્ઞપ્તિઓ કહી. તે

પ્રતિસંલીન પુરુષો વડે જ સમજાય છે, માટે પ્રતિસંલીનો અને અપ્રતિસંલીનો આ સૂત્ર વડે કહેવાય છે. આ પ્રમાણે સંબંધ જાણવો. આ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે-પ્રત્યેક વસ્તુમાં ક્રોધાદિકનો નિરોધ કરનારા તે પ્રતિસંલીનો. તેમાં ક્રોધના ઉદયને અટકાવવા વડે અને ઉદય થયેલ ક્રોધને નિષ્ફલ કરવા વડે ક્રોધને અટકાવનારા તે ક્રોધપ્રતિસંલીનો કહેવાય છે. કહ્યું છે કે—

**उदयस्सेव निरोहो, उदयप्पत्ताण वाऽफलीकरणं । जं एत्थ कसायाणं, कसायसंलीणया एसा ।।८५।।**

કષાયોના ઉદયનો જ નિરોધ કરવો અને ઉદયપ્રાપ્ત કષાયો નિષ્ફલ કરવા તે કષાયસંલીનતા જાણવી. (૮૫)

કુશલ મનની ઉદીરણા-પ્રવૃત્તિ વડે અને અકુશલ મનનો નિરોધ કરવા વડે જેનું મન કાબૂવાળું છે તે પ્રતિસંલીન, અથવા મન વડે નિરોધ કરનાર તે મનઃપ્રતિસંલીન. એમ જ વચન, કાયા અને ઇંદ્રિયને વિષે જાણવું. વિશેષ એ કે-મનોજ્ઞ અને અમનોજ્ઞ શબ્દાદિ વિષયોને વિષે રાગ-દ્વેષને દૂર કરનાર તે ઇંદ્રિયપ્રતિસંલીન જાણવા. આ સંબંધમાં ગાથા દર્શાવે છે કે-

**अपसत्थाण निरोहो, जोगाणमुदीरणं च कुसलाणं । कज्जंमि य विही गमणं, जोगे संलीणया भणिया ।।८६।।**

અપ્રશસ્ત યોગોનો નિરોધ કરવો અને કુશલ યોગોની પ્રવૃત્તિ કરવી, કાર્યપ્રસંગે વિધિથી જવું આ યોગ વિષયક સંલીનતા જાણવી. (૮૬)

**सद्देसु य भद्दय-पावएसु, सोयविसयमुवगएसु । तुट्ठेण व रुट्ठेण व, समणेण सया न होयव्वं ।।८७।।**

શ્રોત્રેંદ્રિયના વિષયને-સારા અને ખરાબ શબ્દો પ્રાપ્ત થયે છતે સાધુએ રાગ-દ્વેષ ન કરવો જોઈએ. (૮૭)

એમ જ ચક્ષુઃઇંદ્રિય વગેરેમાં પણ કહેવું. એવી રીતે વિપરીતપણાથી મન વગેરેથી અસંલીન થાય છે. ।।૨૭૮।।

પ્રકારાંતરથી અસંલીનને જ ચતુર્ભંગીરૂપ સત્તર દીન સૂત્રો વડે કહે છે—

દીન-ગરીબાઈવાળો, ઉપાર્જિત ધન વડે ક્ષીણ-ગરીબ, પહેલાં અને પછી પણ દીન જ; અથવા બાહ્યવૃત્તિ વડે દીન અને અંતર્વૃત્તિથી પણ દીન ઇત્યાદિ [1]ચતુર્ભંગી જાણવી. ૧, તથા દીન-બાહ્યવૃત્તિથી અર્થાત્ નિસ્તેજ મુખ વગેરે પણ શરીરથી ગુણ યુક્ત, એવી રીતે પ્રજ્ઞાસૂત્ર પર્યંત પ્રથમ દીનપદની વ્યાખ્યા કરવી. દીનપરિણત-દીન નથી છતાં અંતર્વૃત્તિ વડે દીનપણાએ પરિણત અર્થાત્ દીન થયેલ છે ઇત્યાદિ ચતુર્ભંગી ૨, તથા દીનરૂપ-મેલાં, જૂનાં વસ્ત્રાદિ પહેરવાની અપેક્ષાએ ૩, વળી દીનમનઃ-સ્વભાવથી જ તુચ્છ મનવાળો ૪, હીનસંકલ્પ-સ્વાભાવિક મન ઉદાર છતે પણ કંઈક ન્યૂન વિચારવાળો, ૫. દીનપ્રજ્ઞ સૂક્ષ્મ અર્થના વિચારમાં હીનતાવાળો ૬, ચિત્ત વગેરેથી દીન. એવી રીતે આદિ પદરૂપ દીન શબ્દની વ્યાખ્યા આગળના સૂત્રમાં કરવી. દીનદૃષ્ટિ ઓછી નજરવાળો ૭, દીનશીલાચાર-હીન ધર્માનુષ્ઠાનવાળો ૮, દીનવ્યવહાર-પરસ્પર લેવાદેવામાં હીન ક્રિયાવાળો, અથવા હીન વિવાદવાળો ૯, દીન પરાક્રમ-હીન ઉદ્યમવાળો ૧૦, દીનની માફક વૃત્તિ-વર્તન અર્થાત્ આજીવિકા છે જેને તે દીનવૃત્તિ ૧૧, દીનતાવાળા પુરુષ પ્રત્યે યાચે છે અથવા સ્વયં દીન જેવો બનીને યાચે છે એવા સ્વભાવવાળો તે દીનયાચી, અથવા દીન પુરુષ પ્રત્યે જાય છે તે દીનયાયી અથવા દીન જાતિ છે જેની તે દીનજાતિ ૧૨, તથા દીનની જેમ દીન પુરુષ પ્રત્યે બોલે છે તે દીનભાષી ૧૩, દીનના જેવો દેખાય છે તે દીનાવભાસી અથવા દીન જેવો થઈને યાચે છે એવા સ્વભાવવાળો તે દીનાવભાષી ૧૪, દીન નાયકને સેવે છે તે દીનસેવી ૧૫, દીનની માફક પર્યાય-પ્રવ્રજ્યા વગેરે લક્ષણવાળી અવસ્થા છે જેને તે દીનપર્યાય ૧૬, 'दीनपरियाले'त्ति० દીન પરિવાર છે જેનો તે દીનપરિવાર ૧૭, 'सव्वत्थ चउभंगो' त्ति० બધાય સૂત્રમાં ચાર ભાંગા જાણવા. ।।૨૭૯।।

પુરુષના ભેદના અધિકારવાળાં અઢાર સૂત્રો કહે છે—

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अज्जे णाममेगे अज्जे (४) १। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अज्जे णाममेगे अज्जपरिणते (४) २, एवं अज्जरूवे ३, अज्जमणे ४, अज्जसंकप्पे ५, अज्जपन्ने ६, अज्जदिट्ठी ७,**

1. અહીં ટીકાકારશ્રીએ એક એક જ ભંગ બતાવેલ છે પરન્તુ મૂલાનુવાદથી સત્તર સૂત્રની ચતુર્ભંગી જાણવી.

अज्जसीलाचारे ८, अज्जववहारे ९, अज्जपरक्कमे १०, अज्जवित्ती ११, अज्जजाति १२, अज्जभासी १३, अज्जओभासी १४, अज्जसेवी १५, एवं अज्जपरियाए १६, अज्जपरियाले १७, एवं सत्तरस आलावगा जहा दीणेणं भणिया तहा अज्जेण वि भाणियव्वा।

चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अज्जे णाममेगे अज्जभावे। अज्जे नाममेगे अणज्जभावे, अणज्जे नाममेगे अज्जभावे, अणज्जे नाममेगे अणज्जभावे १८ ।। सू० २८०।।

चत्तारि उसभा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने, कुलसंपन्ने, बलसंपन्ने, रूवसंपन्ने। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने जाव रूवसंपन्ने १। चत्तारि उसभा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने णामं एगे नो कुलसंपन्ने, कुलसंपन्ने नामं एगे नो जाइसंपण्णे, एगे जातिसंपन्ने वि कुलसंपन्ने वि, एगे नो जातिसंपन्ने, नो कुलसंपन्ने। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—जाइसंपन्ने नाममेगे ट्क [=४] २। चत्तारि उसभा पन्नत्ता, तंजहा—जाइसंपन्ने नामं एगे नो बलसंपन्ने० ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—जातिसंपन्ने ह्व [=४] [नामं एगे नो बलसंपन्ने०] ४-३। चत्तारि उसभा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नामं एगे नो रूवसंपन्ने ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—जाइसंपन्ने नामं एगे नो रूवसंपन्ने, रूवसंपन्ने णाममेगे० ह्व [=४]-४। चत्तारि उसभा पन्नत्ता, तंजहा—कुलसंपन्ने नामं एगे नो बलसंपन्ने, बलसंपन्ने नामं एगे ह्व [=४] ४। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—कुलसंपन्ने नाममेगे नो बलसंपन्ने ह्व [=४] ५।

चत्तारि उसभा पन्नत्ता, तंजहा-कुलसंपन्ने णाममेगे णो रूवसंपन्ने ह्व [=४]। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—कुलसंपन्ने णाममेगे नो रूवसंपन्ने ह्व [=४] ६। चत्तारि उसभा पन्नत्ता तं जहा—बलसंपन्ने णामं एगे नो रूवसंपण्णे ह्य [=४]। एवामेव-चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—बलसंपन्ने नाममेगे नो रूवसंपन्ने ह्व [=४] ७।

चत्तारि हत्थी पन्नत्ता, तंजहा- भद्दे, मंदे, मिते, संकिन्ने। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—भद्दे, मंदे, मिते, संकिन्ने। चत्तारि हत्थी पन्नत्ता, तंजहा—भद्दे णाममेगे भद्दमणे, भद्दे णाममेगे मंदमणे, भद्दे णाममेगे मियमणे, भद्दे णाममेगे संकिन्नमणे। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—भद्दे णाममेगे भद्दमणे, भद्दे णाममेगे मंदमणे, भद्दे णाममेगे मियमणे, भद्दे णाममेगे संकिन्नमणे। चत्तारि हत्थी पन्नत्ता, तंजहा—मंदे णाममेगे भद्दमणे, मंदे नाममेगे मंदमणे, मंदे णाममेगे मियमणे, मंदे णाममेगे संकिन्नमणे, एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—मंदे णाममेगे भद्दमणे तं चेव।

चत्तारि हत्थी पन्नत्ता, तंजहा—मिते णाममेगे भद्दमणे, मिते णाममेगे मंदमणे, मिते णाममेगे मियमणे, मिते णाममेगे संकिन्नमणे। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—मिते णाममेगे भद्दमणे तं चेव। चत्तारि हत्थी पन्नत्ता, तंजहा—संकिण्णे नाममेगे भद्दमणे, संकिन्ने नाममेगे मंदमणे, संकिण्णे नाममेगे मियमणे, संकिण्णे नाममेगे संकिण्णमणे। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—संकिण्णे नाममेगे भद्दमणे तं चेव जाव संकिन्ने नाममेगे संकिन्नमणे।—

मधुगुलियपिंगलक्खो, अणुपुव्वसुजायदीहणंगूलो । पुरओ उदग्गधीरो सव्वंगसमाधितो भद्दो ।।१।।
चलबहलविसमचम्मो, थुल्लसिरो थूलएण पेएण । थूलणह-दंत वालो, हरिपिंगललोयणो मंदो ।।२।।

**तणुओ तणुतग्गीवो, तणुयततो तणुयदंत-णह-वालो । भीरू तत्थुव्विग्गो, तासी य भवे मिते णामं ।।३।।**
**एतेसिं हत्थीणं, थोवं-थोवं तु जो अणु हरति हत्थी । रूवेण व सीलेण व, सो संकिन्नो त्ति नायव्वो ।।४।।**
**भद्दो मज्जति सरए, मंदो उण मज्जते वसंतंमि । मिओ मज्जति हेमंते, संकिन्ने सव्वकालंमि ।।५।। ।। सू० २८१।।**

(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—એક ક્ષેત્રથી આર્ય અને વળી પાપકર્મ ન કરવાથી આર્ય ૧, એક ક્ષેત્રથી આર્ય પણ પાપકર્મને કરવાથી અનાર્ય ૨, એક ક્ષેત્રથી અનાર્ય પણ પાપકર્મને ન કરવાથી આર્ય ૩, તેમજ એક ક્ષેત્રથી અનાર્ય અને પાપકર્મને કરવાથી પણ અનાર્ય ૪-૧, ચાર પ્રકારે પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—એક ક્ષેત્રથી આર્ય અને આર્ય પરિણામવાળો ૧, એક આર્ય અને અનાર્યપરિણત ૨, એક અનાર્ય પણ આર્યપરિણત ૩ તેમજ એક અનાર્ય અને અનાર્યપરિણત ૪-૨, એવી રીતે આર્ય રૂપ ૩, આર્ય મન ૪, આર્ય સંકલ્પ ૫, આર્ય પ્રજ્ઞ ૬, આર્ય દૃષ્ટિ ૭, આર્ય શીલાચાર ૮, આર્ય વ્યવહાર ૯, આર્ય પરાક્રમ ૧0, આર્ય વૃત્તિ ૧૧, આર્ય જાતિ ૧૨, આર્ય ભાષી ૧૩, આર્ય અવભાસી ૧૪, આર્ય સેવી ૧૫, આર્યપર્યાય ૧૬, અને આર્ય પરિવાર ૧૭, જેવી રીતે દીન શબ્દ સાથે સત્તર આલાપકો કહેલા છે તેવી રીતે આર્ય શબ્દ સાથે પણ સત્તર આલાપકો કહેવા અર્થાત્ સત્તર ચતુર્ભંગીઓ કરવી. ફક્ત 'દીન' શબ્દને સ્થાને આર્ય શબ્દ જોડવો અને 'અદીન' ને સ્થાને અનાર્ય શબ્દ જોડવો. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક ક્ષેત્રથી આર્ય છે અને જ્ઞાનાદિગુણ યુક્ત હોવાથી આર્યભાવવાળો છે ૧, કોઈક ક્ષેત્રથી આર્ય પણ ક્રોધાદિથી અનાર્યભાવવાળો છે ૨, કોઈક ક્ષેત્રથી અનાર્ય પણ જ્ઞાનાદિથી આર્ય ભાવવાળો છે ૩, તેમજ કોઈક ક્ષેત્રથી અનાર્ય અને ક્રોધાદિકથી પણ અનાર્યભાવવાળો છે. ।।૨૮૦।।

ચાર પ્રકારના વૃષભ–બળદો કહેલા છે, તે આ પ્રમાણે—માતાના પક્ષ વડે યુક્ત તે જાતિસંપન્ન, પિતાના પક્ષ વડે યુક્ત તે કુલસંપન્ન, ભાર વહન કરવાની શક્તિ યુક્ત તે બલસંપન્ન તેમજ શરીરના સૌંદર્ય વડે યુક્ત તે રૂપસંપન્ન. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—જાતિસંપન્ન, યાવત્ પદથી કુલસંપન્ન, બલસંપન્ન અને રૂપસંપન્ન. ૧. ચાર પ્રકારના બળદો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક બળદ જાતિસંપન્ન છે પણ કુલસંપન્ન નથી ૧, કોઈએક કુલસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી. ૨, કોઈએક જાતિસંપન્ન અને કુલસંપન્ન પણ છે ૩, તેમજ કોઈ એક જાતિસંપન્ન પણ નથી અને કુલસંપન્ન પણ નથી. ૪. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ જાતિસંપન્ન છે પણ કુલસંપન્ન નથી ૧, કોઈએક કુલસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી ૨ કોઈક જાતિ અને કુલ બન્નેથી સંપન્ન છે ૩, તેમજ કોઈક જાતિ અને કુલ બન્નેથી સંપન્ન નથી. ૪-૨, ચાર પ્રકારના બળદો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક બળદ જાતિસંપન્ન છે પણ બલસંપન્ન નથી, કોઈક બલસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી, કોઈક જાતિ અને બલ બન્નેથી સંપન્ન છે તેમજ કોઈક જાતિ અને બલ બન્નેથી સંપન્ન નથી. ૪, આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ જાતિસંપન્ન છે પણ બલસંપન્ન નથી, એવી રીતે જાતિ અને બલ શબ્દથી ચતુર્ભંગી કરવી ૪-૩, ચાર પ્રકારના વૃષભો કહેલા છે, તે આ પ્રમાણે-કોઈએક વૃષભ જાતિસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, કોઈએક રૂપસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી, કોઈક જાતિ અને રૂપ બન્નેથી સંપન્ન છે તેમજ કોઈક બંનેથી સંપન્ન નથી ૪, આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ જાતિસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, એવી રીતે જાતિ અને રૂપ શબ્દની ચતુર્ભંગી કરવી ૪-૪, ચાર પ્રકારના વૃષભો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક વૃષભ કુલસંપન્ન છે પણ બલસંપન્ન નથી. કોઈક કુલસંપન્ન નથી પણ બલસંપન્ન છે. કોઈક કુલ અને બલ બન્નેથી સંપન્ન છે તેમજ કોઈક બન્નેથી સંપન્ન નથી. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ કુલસંપન્ન છે પણ બલસંપન્ન નથી એવી રીતે કુલ અને બલ શબ્દની ચતુર્ભંગી કરવી ૪-૫. ચાર પ્રકારના વૃષભો

*કહેલા છે તે આ પ્રમાણે—કોઈક વૃષભ કુલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, કોઈક કુલસંપન્ન નથી પણ રૂપસંપન્ન છે, કોઈક કુલ અને રૂપ બંનેથી સંપન્ન છે તેમજ કોઈક તે બન્નેથી સંપન્ન નથી. એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે–કોઈક પુરુષ કુલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી એવી રીતે કુલ અને રૂપ શબ્દની ચતુર્ભંગી કરવી ૪–૬ ચાર પ્રકારના વૃષભો કહેલા છે તે આ પ્રમાણે—કોઈક વૃષભ બલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, કોઈક બલસંપન્ન નથી પણ રૂપસંપન્ન છે, કોઈક બલ અને રૂપ બન્નેથી સંપન્ન છે તેમજ કોઈક બન્નેથી સંપન્ન નથી. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ બલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી. એવી રીતે બલ અને રૂપશબ્દ વડે ચતુર્ભંગી કરવી. ૪–૭ ચાર પ્રકારના હસ્તી કહેલ છે, તે આ પ્રમાણે—ભદ્ર, મંદ, મૃગ અને સંકીર્ણ. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—ભદ્ર, મંદ, મૃગ અને સંકીર્ણ. ચાર પ્રકારના હસ્તી કહેલ છે, તે આ પ્રમાણે—કોઈએક હાથી જાતિ અને આકારથી ભદ્ર (પ્રશસ્ત) છે અને ભદ્રમનવાળો–ધૈર્યવાળો છે, કોઈક જાતિ વગેરેથી ભદ્ર છે અને મંદ મનવાળો છે–અતિધીર નથી, કોઈક જાતિ વગેરેથી ભદ્ર અને મૃગમનવાળો–બીકણ છે તેમજ કોઈક જાતિ વગેરેથી ભદ્ર અને સંકીર્ણમનવાળો–વિચિત્ર સ્વભાવવાળો છે. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ જાતિ વગેરેથી ઉત્તમ છે અને ધૈર્ય મનવાળો છે, કોઈક જાતિ વગેરેથી ભદ્ર છે પણ મંદ મનવાળો છે અર્થાત્ બહુ ધૈર્યવાળો નથી, કોઈક જાતિ વગેરેથી ભદ્ર છે પણ મૃગમનવાળો–ભીરુ છે તેમજ કોઈક જાતિથી ભદ્ર છે પણ વિચિત્ર મનવાળો છે. ચાર પ્રકારના હસ્તી કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક હસ્તી જાતિથી મંદ પણ ભદ્રમનવાળો છે, કોઈએક જાતિથી મંદ અને મંદ મનવાળો છે, કોઈએક હસ્તી જાતિથી મંદ પણ મૃગ (ભીરૂ) મનવાળો છે તેમજ કોઈક હાથી જાતિથી મંદ પણ સંકીર્ણ મનવાળો છે. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ જાતિથી મંદ પણ ભદ્ર મનવાળો છે, હસ્તીની જેમ પુરુષમાં પણ એ રીતે ચાર ભાંગા કહેવા. ચાર પ્રકારના હાથી કહેલા છે. તે આ પ્રમાણે—કોઈક હાથી જાતિથી મૃગ પણ ભદ્ર મનવાળો છે–ધીર છે, કોઈક જાતિથી મૃગ અને મંદ મનવાળો છે, કોઈક જાતિથી મૃગ અને મૃગ મનવાળો (ભીરુ) છે. તેમજ કોઈએક હાથી જાતિથી મૃગ પણ સંકીર્ણ વિચિત્ર મનવાળો છે. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે તે આ પ્રમાણે—કોઈએક પુરુષ જાતિથી મૃગ પણ ભદ્ર મનવાળો છે. એવી રીતે હાથીની માફક ચાર ભાંગા પુરુષોમાં પણ કહેવા. ચાર પ્રકારના હાથી કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક હાથી જાતિથી સંકીર્ણ પણ ભદ્ર મનવાળો છે. કોઈએક હાથી જાતિથી સંકીર્ણ પણ મંદ મનવાળો છે, કોઈએક જાતિથી સંકીર્ણ પણ મૃગ (ભીરૂ) મનવાળો છે તેમજ કોઈએક હાથી જાતિથી સંકીર્ણ અને સંકીર્ણ મનવાળો છે. મધની ગુટિકા જેવી પિંગલ–કંઈક રાતી અને કંઈક પીળી આંખોવાળો, યોગ્ય કાલે ઉત્પન્ન થયેલો, લાંબા પૂંછડાવાળો, આગળનો ભાગ–મસ્તકનો ભાગ ઉંચો, ધૈર્યવાળો અને પ્રમાણોપેત સર્વ અંગોપાગવાળો ભદ્ર જાતિનો હાથી હોય છે ૧, ઢીલી, જાડી અને વિષમ (લીલરી સહિત) ચામડીવાળો, સ્થૂલ મસ્તકવાળો, સ્થૂલ પૂંછડાના મૂલવાળો, સ્થૂલ નખ, દાંત તથા વાળવાળો અને સિંહના જેવા પિંગલ નેત્રવાળો મંદ જાતિનો હાથી હોય છે ૨, કૃશ શરીર અને કૃશ (પાતળી) ગ્રીવાવાળો, કૃશ ચામડી, કૃશ નખ, દાંત અને વાળવાળો, ભીરુ, ત્રાસ પામેલો, ખેદવાળો, બીજાને ત્રાસ ઉત્પન્ન કરનાર મૃગ નામનો હાથી કહેવાય છે ૩, આ ઉપર્યુક્ત ત્રણ જાતિના હાથીના ગુણોનું રૂપ વડે અને સ્વભાવ વડે થોડું થોડું અનુસરણ કરનાર તે સંકીર્ણ જાતિનો હાથી જાણવો. ૪. ભદ્ર જાતિના હાથીનો મદ શરદ્ ૠતુમાં ઝરે છે, મંદ જાતિના હાથીનો મદ વસંત ૠતુમાં ઝરે છે, મૃગ જાતિના હાથીનો મદ હેમંતૠતુમાં ઝરે છે અને સંકીર્ણ જાતિના હાથીનો મદ છએ ૠતુમાં ઝરે છે ૫. ॥૨૮૧॥*

(ટી૦) આ સૂત્રો ગતાર્થ છે. વિશેષ એ કે—બે પ્રકારના આર્ય છે–૧. ૠદ્ધિપ્રાપ્ત અને ૨. અૠદ્ધિપ્રાપ્ત. ૠદ્ધિપ્રાપ્ત છ પ્રકારના છે–૧. તીર્થંકર, ૨. ચક્રવર્તી, ૩. બલદેવ, ૪. વાસુદેવ, ૫. ચારણમુનિ અને ૬. વિદ્યાધર. અૠદ્ધિપ્રાપ્ત આર્ય નવ પ્રકારના છે

તે જણાવવા માટે ગાથા કહે છે કે—

**खेत्ते जाई कुल कम्म, सिप्प भासाए नाणचरणे य । दंसणआरिय णवहा, मिच्छा सग-जवण-खसमाइ ॥८८॥**

૧. આર્યક્ષેત્રમાં ઉત્પન્ન તે ક્ષેત્રાર્ય, ૨. જાતિઆર્યઅંબષ્ટ વગેરે જાતિમાં ઉત્પન્ન થયેલ, ૩. ઉગ્ર, ભોગ વગેરે કુલમાં ઉત્પન્ન થયેલ તે કુલઆર્ય, ૪. સૂતર અને રૂ વગેરે અનિંદિત કર્મકાર્યને કરનાર તે કર્મઆર્ય, ૫. ચિત્ર વગેરે કાર્ય કરનાર તે શિલ્પઆર્ય, ૬. અર્દ્ધમાગધી ભાષાને બોલનાર તે ભાષાઆર્ય, ૭. મતિજ્ઞાન વગેરે જ્ઞાનવાળો તે જ્ઞાનઆર્ય, ૮. ક્ષાયિક વગેરે સમકિતવાળો તે દર્શનઆર્ય અને ૯. સામાયિક વગેરે ચારિત્રવાળો તે ચારિત્રઆર્ય. પેયાપેય અને ભક્ષ્યાભક્ષ્ય વગેરેના વિવેક રહિત અને શાસ્ત્રાદિમાં અપ્રસિદ્ધ વેષવાળા અને એવી ભાષાને બોલનારા તે મ્લેચ્છ અનાર્યો શક, યવન અને ખસ વગેરે છે. (૮૮)

ક્ષેત્રથી આર્ય, વળી પાપકર્મથી રહિત હોવાથી અપાપ-નિષ્પાપ એવો અર્થ છે. એવી રીતે જ સત્તર સૂત્ર જાણવા. ક્ષાયિકાદિ ભાવવાળા જ્ઞાનાદિ વડે યુક્ત તે આર્યભાવ, ક્રોધાદિવાળો તે અનાર્યભાવ. ॥૨૮૦॥

દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતિક અર્થ સહિત પુરુષજાત-પ્રકરણ વિકથા સૂત્રની પહેલા કહેવાય છે, તે પાઠથી જ સિદ્ધ છે. વિશેષ એ કે-ગુણવાન માતાનો પક્ષ તે જાતિ, ગુણવાન પિતાનો પક્ષ તે કુલ, ભારને વહન કરવાનું સામર્થ્ય તે બળ અને શરીરનું સૌંદર્ય તે રૂપ. પુરુષો તો સ્વયં વિચારી લેવા ૨, ઉપર્યુક્ત દૃષ્ટાંતસૂત્રો પુરુષના દાર્ષ્ટાંતિક સૂત્રો સહિત તો જાતિ વગેરે ચાર પદોને પૃથ્વી ઉપર સ્થાપીને છ દ્વિકસંયોગી 'જાતિસંપન્ન પણ કુલસંપન્ન નહિં' ઇત્યાદિ સ્થાન (ભાંગા) ના ક્રમ વડે છ[1] જ ચતુર્ભંગી વડે જાણી લેવા. હાથીના સૂત્રમાં ભદ્ર જાતિ વગેરે હાથીનો ભેદો, વનાદિવિશેષિત અને કહેવાતા લક્ષણવાળા છે, તે કહે છે—

**भद्रो मन्दो मृगश्चेति विज्ञेयस्त्रिविधा गजाः। वनप्रचारः सारूप्य सत्त्वभेदोपलक्षिताः ॥८९॥**

**"ભદ્ર, મંદ અને મૃગ-આ ત્રણ પ્રકારના હાથીઓ જાણવા. તે વનમાં ફરવાથી, આકારથી અને સત્ત્વ-પરાક્રમના ભેદથી જણાય છે."** (૮૯)

(૧) તેમાં ભદ્ર હાથી ધીરત્વ વગેરે ગુણો વડે યુક્ત હોવાથી ભદ્ર જ છે, મંદ હાથી ધૈર્ય અને વેગ વગેરે ગુણોમાં મંદ હોવાથી મંદ જ છે, મૃગ હાથી તનુત્વ (પાતળાપણું) અને બીકપણું વગેરે ગુણોથી મૃગ જ છે અને સંકીર્ણ હાથી ભદ્ર વગેરે હાથીઓનાં કંઈક ગુણો વડે મિશ્રિત હોવાથી સંકીર્ણ છે. પુરુષ પણ એવી રીતે (હાથીની માફક) વિચારવા. દાર્ષ્ટાંતિક સહિત ચાર ઉત્તરસૂત્રો છે, તેની સ્થાપના-ભદ્ર વગેરે ચાર પદો પ્રથમ સ્થાપવા, તેની નીચે ક્રમ વડે ભદ્રમન વગેરે સ્થાપીને કોઈએક ભદ્રજાતિનો અને ભદ્રમનવાળો છે, તેનો ક્રમ નીચે પ્રમાણે જાણવો—

| १ | | | | २ | | | | ३ | | | | ४ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| भद्रः | भद्रः | भद्रः | भद्रः | मंदः | मंदः | मंदः | मंदः | मृगः | मृगः | मृगः | मृगः | संकीर्णः | संकीर्णः | संकीर्णः | संकीर्णः |
| भद्र मनाः | मंद मनाः | मृग मनाः | संकीर्ण मनाः | भद्र मनाः | मंद मनाः | मृग मनाः | संकीर्ण मनाः | भद्र मनाः | मंद मनाः | मृग मनाः | संकीर्ण मनाः | भद्र मनाः | मंद मनाः | मृग मनाः | संकीर्ण मनाः |

ભદ્ર-જાતિ અને આકાર વડે પ્રશસ્ત તથા ભદ્ર છે મન જેનું અથવા ભદ્રની જેમ છે મન જેનું તે ભદ્રમનવાળો અર્થાત્ ધીર. મંદ છે મન જેનું અથવા મંદની જેમ મન છે તે તે મંદમનવાળો અર્થાત્ અત્યંત ધીર નહિ. એવી રીતે મૃગમના-ભીરુ. સંકીર્ણમનવાળો એટલે ભદ્રાદિના લક્ષણયુક્ત-વિચિત્ર ચિત્તવાળો. પુરુષો તો કહેવાતા ભદ્રાદિ લક્ષણના અનુસારે પ્રશસ્ત અને અપ્રશસ્ત સ્વરૂપવાળા માનવા. ભદ્રાદિના લક્ષણ પ્રમાણે—**'महु'गाथा**—મધની ગોળીની માફક પિંગળ નેત્ર છે જેના તે

1. જાતિ અને કુલ વડે ૧, જાતિ અને બળ વડે ૨, જાતિ અને રૂપ વડે ૩, કુલ અને બલ વડે ૪, કુલ અને રૂપ વડે ૫, તેમજ બલ અને રૂપ વડે ૬-આ પ્રમાણે છ ચતુર્ભંગીઓ થાય છે.

મધુપિંગલ નેત્રવાળો, અનુપૂર્વ વડે-પરંપરા વડે સારી રીતે ઉત્પન્ન થયેલ તે અનુપૂર્વસુજાત, પોતાની જાતિને ઉચિત કાલના ક્રમથી થયેલ બલ અને રૂપાદિ ગુણયુક્ત થાય છે તે લાંબા પૂંછડાવાળો હોય છે. અથવા અનુક્રમ વડે-સ્થૂલ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ સ્વરૂપ વડે-સારી રીતે થયેલ લાંબૂં પૂંછડું છે જેનું તે દીર્ઘ પૂંછડાવાળો હાથી. મસ્તકના અગ્રભાગમાં ઉન્નત છે તથા ધીર-ડરનાર નહીં, વળી બધા અંગો યોગ્ય પ્રમાણવાળા અને લક્ષણયુક્તપણા વડે વ્યવસ્થિત છે જેના તે સર્વાંગસમાહિત ભદ્ર નામવાળો હાથી વિશેષ છે ।।૧।। **'चल'** गाहा—ચલ-શિથિલ, બહુલ-સ્થૂલ અને વિષમ-લીલરી સહિત ચર્મ છે જેનું તે ચલબહુલવિષમચર્મ, સ્થૂલ મસ્તકવાળો, સ્થૂલ **'पेएण'त्ति॰** પૂંછડાના મૂલ વડે યુક્ત, સ્થૂલ નખ, દાંત અને કેશવાળો, સિંહની માફક પિંગલ નેત્રવાળો, મંદ નામવાળો હાથી વિશેષ હોય છે ।।૨।। **'तणु'**गाहा—કૃશ શરીરવાળો અને કૃશ ગરદનવાળો, પાતળી ચામડી તથા નખ, દાંત અને પાતળા કેશવાળો, ભીરુ-બીકણ (સ્વભાવથી ત્રાસ પામેલ), ભયના કારણવશથી સ્તબ્ધ-કાનને સ્થિર કરવા વગેરે લક્ષણયુક્ત ડરેલો, કષ્ટવાળો વિહાર-ચાલવા વગેરેમાં ઉદ્વેગવાળો એવો, પોતે ત્રાસ પામેલ અને બીજાને પણ ત્રાસ આપે છે તે ત્રાસી, મૃગ નામના ભેદવાળો હાથી હોય છે ।।૩।। ચોથી અને પાંચમી ગાથા સુગમ છે. તથા—

**दंतेहिं हणइ भद्दो, मंदो हत्थेण आहणइ हत्थी । गत्ताधरेहि य मिओ, संकिन्नो सव्वओ हणइ ।।९०।।**

ભદ્ર જાતિનો હાથી બે દાંત વડે હણે છે, મંદ જાતિનો હાથી સૂંઢ વડે હણે છે, મૃગ જાતિનો હાથી શરીર અને હોઠથી હણે છે. અને સંકીર્ણ જાતિનો હાથી સર્વાંગથી હણે છે. (૯૦) ।।૨૮૧।।

હમણાં જ સંકીર્ણ જાતિનો અને સંકીર્ણ મનવાળો કહેલ છે, એમાં મનનું સ્વરૂપ કહ્યું છે, હવે વચનનું સ્વરૂપ કહેવા માટે વિકથા અને કથાના પ્રકરણને કહે છે—

**चत्तारि विकहातो पन्नत्ताओ, तंजहा—इत्थिकहा, भत्तकहा, देसकहा, रायकहा। इत्थिकहा चउव्विहा पन्नत्ता, तंजहा—इत्थीणं जाइकहा, इत्थीणं कुलकहा, इत्थीणं रूवकहा, इत्थीणं णेवत्थकहा । भत्तकहा चउव्विहा पन्नत्ता, तंजहा—भत्तस्स आवावकहा, भत्तस्स निव्वावकहा, भत्तस्स आरंभकहा, भत्तस्स निट्ठाणकहा । देसकहा चउव्विहा पन्नत्ता, तंजहा—देसविहिकहा, देसविकप्पकहा, देसच्छंदकहा, देसनेवत्थकहा । रायकहा चउव्विहा पन्नत्ता, तंजहा—रन्नो अतिताणकहा, रन्नो निज्जाणकहा, रन्नो बलवाहणकहा, रन्नो कोस-कोट्ठागारकहा। चउव्विहा धम्मकहा पन्नत्ता, तंजहा—अक्खेवणी, विक्खेवणी, संवेगणी, निव्वेगणी।**

**अक्खेवणी कहा चउव्विहा पन्नत्ता, तंजहा—आयारअक्खेवणी, ववहारअक्खेवणी पन्नत्तिअक्खेवणी दिट्ठिवातअक्खेवणी। विक्खेवणी कहा चउव्विहा पन्नत्ता, तंजहा—ससमयं कहेइ, ससमयं कहित्ता परसमयं कहेइ १, परसमयं कहेत्ता ससमयं ठावतित्ता भवति २, सम्मावातं कहेइ, सम्मावातं कहेत्ता मिच्छावातं कहेइ ३, मिच्छावातं कहेत्ता सम्मावातं ठावतित्ता भवति ४।**

**संवेगणी कथा चउव्विहा पन्नत्ता, तंजहा—इहलोगसंवेगणी परलोगसंवेगणी आतसरीरसंवेगणी परसरीरसंवेगणी। णिव्वेगणी कहा चउव्विहा पन्नत्ता, तंजहा—इहलोगे दुच्चिन्ना कम्मा इहलोगे दुहफलविवागसंजुत्ता भवंति १, इहलोगे दुच्चिन्ना कम्मा परलोगे दुहफलविवागसंजुत्ता भवंति २, परलोगे दुच्चिन्ना कम्मा इहलोगे दुहफलविवागसंजुत्ता भवंति ३, परलोगे दुच्चिन्ना कम्मा परलोगे दुहफलविवागसंजुत्ता भवंति ४, इहलोगे सुचिन्ना कमा इहलोगे सुहफलविवागसंजुत्ता भवंति १, इहलोगे सुच्चिन्ना कम्मा परलोगे सुहफलविवागसंजुत्ता भवंति २, एवं चउभंगो तहेव ४ ।। सू॰ २८२।।**

*(મૂ૦) ચાર વિકથાઓ કહેલી છે, તે આ પ્રમાણે—સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા. સ્ત્રીકથા ચાર પ્રકારે કહેલી છે,*

*તે આ પ્રમાણે—સ્ત્રીની બ્રાહ્મણી વગેરે જાતિ સંબંધી કથા, સ્ત્રીના કુલ સંબંધી કથા એટલે આ ઉત્તમ કુલની છે ઇત્યાદિ, સ્ત્રીના રૂપ સંબંધી કથા—આ સ્ત્રીનું રૂપ સારું છે વગેરે, સ્ત્રીના નેપથ્ય (વેષ) સંબંધી કથા ૧, ભક્ત–ભોજન સંબંધી કથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે–આવાપકથા–આ રસવતીમાં આ શાક, ઘૃત વગેરે ચીજો જોઈએ, નિર્વાપકથા–આટલા પક્વાન્નના ભેદો અને આટલા વ્યંજનના ભેદો ઉપયોગમાં આવે છે, ભોજનના આરંભની કથા–આ રસવતીમાં આટલા દ્રવ્યો–પદાર્થો જોઈએ, ભોજનના નિષ્ઠાનની કથા–આટલા પૈસાનો ખર્ચ આ રસોઈમાં થાય છે. ૨, દેશકથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—દેશવિધિકથા–મગધાદિ દેશની રચના વગેરેની કથા, દેશવિકલ્પકથા–અમુક દેશમાં અમુક ધાન્ય ઘણું થાય છે વગેરે, દેશચ્છંદકથા–અમુક દેશમાં ગમ્ય અને અમુક અગમ્ય છે ઇત્યાદિ, દેશનેપથ્યકથા–સ્ત્રી–પુરુષોના વેશની કથા ૩, રાજકથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—રાજાના અતિયાન–નગરપ્રવેશની કથા, રાજાના નિર્યાનની કથા–નગર બહાર સવારી નીકળવાની કથા, રાજાના બલ અને વાહનની કથા અને રાજાના ભંડાર તથા કોઠાર વગેરેની કથા. ચાર પ્રકારની ધર્મકથા કહેલી છે, તે આ પ્રમાણે—જેના વડે શ્રોતાને મોહથી ખેંચીને તત્ત્વ પ્રત્યે લઈ જવાય છે તે આક્ષેપણી, શ્રોતાને કુમાર્ગમાંથી સન્માર્ગમાં અથવા સન્માર્ગમાંથી કુમાર્ગમાં લઈ જવાય છે તે વિક્ષેપણી, શ્રોતાને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી તે સંવેદની અને શ્રોતાને સંસારમાંથી ઉદાસીનતા કરાવનારી તે નિર્વેદની કથા. આક્ષેપણી કથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સાધુના લોચ વગેરે આચારને પ્રકાશ કરનારી કથા તે આચારઆક્ષેપણી, દોષ ટાલવા માટે પ્રાયશ્ચિત્તને પ્રકાશનારી કથા તે વ્યવહારઆક્ષેપણી, સંશયવાળા શ્રોતાને મધુર વચનો વડે સમજાવનારી જે કથા તે પ્રજ્ઞપ્તિઆક્ષેપણી, શ્રોતાની અપેક્ષા વડે નયને અનુસારે સૂક્ષ્મ તત્ત્વોનું કથન કરનારી કથા તે દૃષ્ટિવાદઆક્ષેપણી. ૧, વિક્ષેપણી કથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—સ્વસમય (સિદ્ધાંત) ના ગુણોને કહીને પછી પરસમયના દોષોને દેખાડે છે, પરસમયને કહીને સ્વસમયનું સ્થાપન કરે છે, પરસમયમાં પણ જે સમ્યગ્વાદ છે તેને કહે છે, સમ્યગ્વાદને કહીને તેમાં જે મિથ્યાવાદ છે તેના દોષને બતાવે છે તેમજ પરસમયમાં જે મિથ્યાવાદ છે તેને કહીને સમ્યગ્વાદમાં સ્થાપનાર થાય છે. ૨, સંવેગની કથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—આ લોકસંવેગની–મનુષ્યજીવન વગેરેનું અસારપણું બતાવીને વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારી કથા, પરલોકસંવેગની–દેવાદિનું અસારપણું બતાવનારી કથા, અમારું શરીર અશુચિમય છે ઇત્યાદિસ્વરૂપ બતાવનારી કથા તે આત્મશરીરસંવેગની, એવી રીતે બીજાના શરીરનું અસારપણું બતાવનારી કથા તે પરશરીરસંવેગની ૩, નિર્વેદની કથા ચાર પ્રકારે કહેલી છે, તે આ પ્રમાણે—આ લોકમાં આચરેલ ચોરી વગેરે દુષ્ટ કર્મો આ લોકમાં જ દુઃખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે, આ લોકમાં આચરેલ દુષ્ટ કર્મો પરલોક–નરકાદિમાં દુઃખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે, પરલોક (પૂર્વજન્મ) માં આચરેલ દુષ્ટ કર્મો આ લોકમાં દુઃખરૂપ ફલના વિપાકને આપનાર થાય છે તેમજ પરલોકમાં આચરેલ દુષ્ટ કર્મો પરલોકમાં દુઃખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે. ૪. આ લોકમાં આચરેલ સારાં કર્મો આ લોકમાં સુખરૂપ ફલના વિપાકને આપનારા થાય[1] છે ૧, આ લોકમાં આચરેલ સારાં કર્મો પરલોકમાં સુખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે ૨, પરલોકમાં આચરેલ સારાં કર્મો આ લોકમાં સુખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે ૩, તેમજ પરલોકમાં આચરેલ સારાં કર્મો પરલોકમાં સુખરૂપ ફલના વિપાકને આપનારા થાય છે. ॥૨૮૨॥*

(ટી૦) આ સૂત્ર સરલ છે, વિશેષ એ કે–સંયમને બાધક હોવાથી વિરુદ્ધ કથા–વચનની રીતિ તે વિકથા, તેમાં સ્ત્રીઓની અથવા સ્ત્રીવિષયક જે કથા તે સ્ત્રીકથા. આને કથા કહેલી છે તથાપિ સ્ત્રીના વિષયપણાએ સંયમથી વિરુદ્ધ હોવાથી વિકથા છે એમ

1. આ ચાર ભાંગાના સ્વામી ટીકાના અનુવાદમાં કહેલા છે.

સમજવું. એવી રીતે ભોજનની, દેશની અને રાજાની જે કથા તે વિકથા છે. બ્રાહ્મણી વગેરેમાંથી કોઈપણ એકની પ્રશંસા અથવા નિંદા જે જાતિ વડે અથવા જાતિની કરવામાં આવે છે તે જાતિકથા, દા. ત.

**धिग्ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव। धन्या मन्ये जने शुद्रीः पतिलक्षेऽप्यनिन्दिताः ।।९१।।**

પતિના અભાવે જે બ્રાહ્મણી મરેલાની જેમ જીવે છે તેને ધિક્કાર છે, અમે મનુષ્યમાં શુદ્ર સ્ત્રીઓને ધન્ય માનીએ છીએ કે જે લાખ પતિ કર્યા છતાં પણ અનિંદિત છે. (૯૧)

એમ ઉગ્ર કુલ વગેરેમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓમાંથી કોઈપણ સ્ત્રીની જે પ્રશંસાદિ કરાય છે તે કુલકથા. દા. ત.

**अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम् । पत्युर्मृत्यौ विशन्त्यग्नौ याः प्रेमरहिता अपि ।।९२।।**

અહો જગતમાં ચૌલુક્યવંશની પુત્રીઓનું સાહસ અધિક છે, પતિનું મરણ થયે છતે જે સ્ત્રીઓ પ્રેમરહિત છે તો પણ અગ્નિમાં પ્રવેશ કરે છે. (૯૨)

તથા આંદ્રદેશ વગેરેમાં ઉત્પન્ન થયેલ સ્ત્રીઓમાંથી કોઈપણ સ્ત્રીના રૂપની જે પ્રશંસાદિ તે રૂપકથા. દા. ત.

**चन्द्रवक्त्रा सरोजाक्षी सद्गी पीनघनस्तनी । किं लाटी नो मता साऽस्य देवानामपि दुर्लभा? ।।९३।।**

ચંદ્ર જેવા મુખવાળી, કમલ જેવા નેત્રોવાળી, સારા વચનવાળી, પીન અને કઠણ સ્તનવાળી લાટ દેશની સ્ત્રી દેવોને પણ દુર્લભ છે તો એવી સ્ત્રી શું આ પુરુષને ઇષ્ટ નથી? (૯૩)

તે સ્ત્રીઓમાંથી કોઈપણ એક સ્ત્રીના કચ્છાબંધ (કાછડી) વગેરે પહેરવાના વસ્ત્રની જે પ્રશંસાદિ તે નેપથ્યકથા. દા. ત.

**धिग्नारीरौदीच्या बहुवसनाच्छादिताङ्गलतिकत्वात्। यद्यौवनं न यूनां चक्षुर्मोदाय भवति सदा ।।९४।।**

ઉત્તરદેશની સ્ત્રીઓને ધિક્કાર છે, કેમકે ઘણા વસ્ત્ર વડે ઢંકાયેલ શરીરરૂપ લતિકા હોવાથી જેનું યૌવન (સૌંદર્ય) યુવાન પુરુષોની આંખને હમેશાં આનંદ માટે થતું નથી. (૯૪)

સ્ત્રીની કથામાં દોષો આ પ્રમાણે હોય છે—

**आय-परमोहुदीरणं, उड्डाहो सुत्तमाइपरिहाणी । बंभवयस्स अगुत्ती, पसंगदोसा य गमणादी ।।९५।।**

**[निशीथ भा० १२१ त्ति]**

સ્ત્રીની કથાના કરનારને પોતાના આત્માને વિષે અને પરના આત્માને વિષે મોહની ઉદીરણા થાય છે, લોકોમાં ઉડ્ડાહ હેલના થાય છે, સૂત્ર વગેરેની હાનિ થાય છે, બ્રહ્મચર્ય વ્રતની અગુપ્તિ હોય છે અને પ્રસંગથી દોષો–જાવું આવવું વગેરે થાય છે. (૯૫)

તથા આ રસવતીમાં આટલા શાક અને ઘૃત વગેરે ઉપયોગી થાય છે, આવી કથા તે આવાપકથા. તે રસવતીમાં આટલા પક્વાન્ન અને અપક્વ અન્ન (મિષ્ટાન્ન, ભાત વગેરે) નો અથવા વ્યંજન (શાક, રાઇતું વગેરે) ના પ્રકારનો ઉપયોગ થાય છે, આવી જે કથા તે નિર્વાપકથા. આ રસવતીમાં આટલા તિતિરાદિનો ઉપયોગ, આવી જે કથા તે આરંભકથા તેમજ આટલું દ્રવ્ય અર્થાત્ સો કે હજાર રૂપિયાનો ખર્ચ આ રસવતીમાં લાગશે એવી જે કથા તે નિષ્ઠાન કથા. કહ્યું છે કે—

**सागघयादावावो[1], पक्कापक्को य होइ निव्वावो । आरंभ तित्तिराई, णिट्ठाणं जा सयसहस्सं ।।९६।।**

**[निशीथ भा० १२३ त्ति]**

આ ભોજનમાં, આ શાક, આ ઘૃત આટલું જોઈએ. આ મિષ્ઠાન્ન, આ અન્નમાં આનો ઉપયોગ કરવો–આમ કહેવું તે નિર્વાપભોજન કથા. આ ભોજનમાં આટલા તિતિરાદિનો ઉપયોગ, આટલા રૂપિયાનો ખર્ચ–સો, હજારનો–આવી જે કથા તે નિષ્ઠાન ભોજન કથા. (૯૬)

1. सागघयादावादो [वो?]

ભોજનકથામાં આ પ્રમાણે દોષો છે—

**आहारमंतरेण वि, गेहीओ जाय ए सइंगालं । अजिइंदिय ओदरियावाओ उ अणुन्नदोसा य ।।९७।।**

**[निशीथ भा० १२४ त्ति]**

**આહાર કર્યા વિના પણ આસક્તિ વડે અંગારદોષ થાય છે. આ સાધુ જીતેંદ્રિય નથી, પેટભરા છે એમ લોકમાં અપવાદ થાય છે** અને દોષની પરંપરા થાય છે અર્થાત્ આહારની ગૃદ્ધિથી એષણાના દોષ ન ટાલી શકે. (૯૭)

મગધાદિ દેશમાં વિધિ-ભોજન, મણિ અને ભૂમિકા વગેરેની રચના અથવા અમુક દેશમાં પ્રથમ અમુક ભોજન ખવાય છે. આવી જે કથા અર્થાત્ દેશ દેશની ભોજન વગેરેની વિધિની જે કથા કરવી તે દેશવિધિકથા, એમ જ બીજી કથાઓમાં પણ જાણવું. વિશેષ એ કે–અમુક દેશમાં ધાન્યની ઉત્પત્તિ, ગઢ, કૂવા વગેરે દેવકુલ અને મહેલ વગેરેની જે કથા તે દેશવિકલ્પકથા, છંદ-ગમ્ય અને અગમ્યનો વિભાગ, જેમ લાટ દેશમાં મામાની પુત્રી ગમ્ય-પરણવા યોગ્ય થાય છે, બીજા દેશમાં અગમ્ય-પરણવા યોગ્ય નથી, આવી જે કથા તે દેશચ્છંદકથા, નેપથ્ય-સ્ત્રી અને પુરુષને તો સ્વાભાવિક વેષ અને શોભાના નિમિત્તરૂપ વેષ, તેની જે કથા તે દેશનેપથ્યકથા. આ કથામાં દોષો આ પ્રમાણે હોય છે—

**रागद्दोसुप्पत्ती, सपक्खं-परपक्खओ य अहिगरणं । बहुगुण इमो त्ति देसो, सोउं गमणं च अन्नेसिं ।।९८।।**

**[निशीथ भा० १२७ त्ति]**

જે દેશનું વર્ણન કરે છે તેમાં રાગ અને બીજા દેશમાં દ્વેષની ઉત્પત્તિ થાય છે અને દેશવર્ણનમાં પોતપોતાના પક્ષના આગ્રહથી કજીયો થાય છે. અમુક દેશ બહુ જ સારો છે. એમ સાંભળીને કોઈક સાધુ વિચારે છે કે તે દેશ બહુ સારો છે તેથી તે સાધુ ત્યાં જાય છે. (૯૮)

રાજાનો નગરાદિકમાં પ્રવેશ, તેની જે કથા તે અતિયાનકથા, દા. ત.—

**सियसिंधुरखंधगओ, सियचमरो सेयछत्तछन्नणहो । जणणयणकिरणसेओ, एसो पविसइ पुरे राया ।।९९।।**

શ્વેત હાથીના સ્કંધ ઉપર બેઠેલો, ધોળા ચામરથી વીંઝાયેલો, શ્વેત છત્ર વડે ઢંકાયેલ આકાશવાળો અને મનુષ્યોના નયનકિરણો વડે ઉજ્જવલ થયેલ એવો આ રાજા નગરમાં પ્રવેશ કરે છે. (૯૯)

એવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે–નગર બહાર નીકળવારૂપ (સવારી) ની જે કથા તે નિર્યાણકથા, જેમ—

**वज्जंतायोज्जममंदबंदिसद्दं मिलंतसामंतं । संखुद्धसेन्नमुद्धुयचिंधं नयरा निवो नियइ ।।१००।।**

વાંજીંત્રો વગાડતા સતા, મોટે સાદે ભાટ-ચારણો બિરુદાવળી બોલતા સતા, સામંતો સહિત, ક્ષોભ પામેલ સૈન્ય સહિત અને ધારણ કરેલ છે રાજચિહ્ન જેણે એવો રાજા નગરથી બહાર નીકળે છે બલ-હાથી વગેરે, અશ્વ વગેરે વાહન, તેની જે કથા તે બલવાહન કથા, (૧૦૦) કેમ કે—

**हेसंतहयं गज्जंतमयगलं घणघणंतरहलक्खं । कस्सऽन्नस्स वि सेन्नं, णिन्नासियसत्तुसिन्नं भो! ।।१०१।।**

હે મિત્ર! લાખોગમે ઘોડાઓના હણહણાટ શબ્દવાળું, લાખોગમે હાથીઓના ગર્જારવવાળું, લાખોગમે રથના ઘણઘણાટવાળું અને શત્રુના લશ્કરનો નાશ કરનારું આવું સૈન્ય શું કોઈપણ બીજા રાજાનું છે? (૧૦૧)

કોશ-ભંડાર, કોષ્ઠાગાર-ધાન્યનું ઘર, તેની જે કથા તે કોશકોષ્ઠાગાર કથા. જેમ કે—

**पुरिसपरंपरपत्तेण, भरियविस्संभरेण कोसेणं । णिज्जियवेसमणेणं, तेण समो को निवो अन्नो? ।।१०२।।**

પુરુષની પરંપરા વડે પ્રાપ્ત કરેલ અર્થાત્ વડિલોપાર્જિત ભંડાર વડે સમગ્ર વિશ્વ-જગતનું પોષણ કરવાથી વૈશ્રમણને જીતવા વડે તે રાજા સમાન બીજો કયો છે? (૧૦૨)

રાજકથામાં આ પ્રમાણે દોષો હોય છે—

**चारिय चोरा १ भिमरे २, हिय १ मारिय २ संक काउकामा वा ।**
**भुत्ताभुत्तोहाणे, करेज्ज वा आससपओगं॥१०३॥** [निशीथ भा० १३० त्ति]

રાજકથાને કરનાર સાધુઓ જોઈને રાજપુરુષોને શંકા થાય છે, તે આ પ્રમાણે–વેષ બદલાવીને આ ગુપ્તચરો છે અથવા ચોરો છે, અથવા છાની રીતે ઘાત કરનારા છે. આ સ્થલે પહેલાં પણ રાજાના અશ્વરત્નનું હરણ કરેલ હતું અને કોઈકે રાજા કે તેના સ્વજનને મારેલ હતો તેમાંથી તે જ કોઈક છે. અથવા પૂર્વોક્ત કાર્યને કરવા માટે આવેલ છે, આવા પ્રકારની શંકા થાય. વળી રાજકથાને સાંભળનાર ભુક્તભોગી દીક્ષિત રાજાને પૂર્વ સુખની સ્મૃતિ થાય તથા અભુક્ત ભોગી અન્ય સાધુને નિયાણું કરવાની ઈચ્છા થાય, અથવા દીક્ષાનો ત્યાગ કરે. (૧૦૩)

જે કથા વડે શ્રોતા મોહથી તત્ત્વ પ્રત્યે આકર્ષાય છે તે આક્ષેપણી ૧, તથા જે કથા વડે શ્રોતા સન્માર્ગમાંથી કુમાર્ગમાં અથવા કુમાર્ગમાંથી સન્માર્ગમાં લઈ જવાય છે તે વિક્ષેપણી ૨, જે કથા સંવેગ–વૈરાગ્યને પ્રગટાવે અથવા જે કથા વડે શ્રોતા સારી રીતે બોધ પામે છે, અથવા શ્રોતાને જે કથા વડે સંવેગ થાય અથવા શ્રોતા સંવેગને પ્રાપ્ત થાય તે સંવેદની અથવા સંવેજની ૩, તેમજ જે કથા વડે સંસાર વગેરેથી શ્રોતા ઉદાસીન કરાય છે તે નિર્વેદની ૪. લોચ અને અસ્નાન વગેરે આચરવાના પ્રકાશ વડે આચારઆક્ષેપણી, એવી રીતે બીજા ભેદોમાં પણ જાણવું. વિશેષ એ કે–કંઈક થયેલ દોષના નિવારણ માટે પ્રાયશ્ચિત્તલક્ષણ જે કથન તે વ્યવહારઆક્ષેપણી, સંશયને પ્રાપ્ત થયેલ શ્રોતાને મધુર વચનો વડે સમજાવવું તે પ્રજ્ઞપ્તિઆક્ષેપણી, શ્રોતાની અપેક્ષાથી નયને અનુસરીને જીવાદિ સૂક્ષ્મભાવનું જે કથન તે દૃષ્ટિઆક્ષેપણી. આ સંબંધમાં બીજા આચાર્યો એમ કહે છે કે–આચાર, વ્યવહાર વગેરે નામથી આચાર વગેરે ગ્રંથો ગ્રહણ કરાય છે. કથાનો આ પ્રમાણે સાર છે—

**विज्जाचरणं च तवो, पुरिसक्कारो य समिइगुत्तीओ । उवइस्सइ खलु जं सो, कहाए अक्खेवणीय रसो ॥१०४॥**
**[गच्छाचारपयन्ना, दश० नि० १९५ त्ति]**

જ્ઞાન, ચારિત્ર, તપ, પુરસ્કાર–વીર્યોત્કર્ષરૂપ અને સમિતિ–ગુપ્તિનો શ્રોતાની અપેક્ષાએ જે ઉપદેશ કરાય છે તે આક્ષેપણીકથાનો સાર છે. (૧૦૪)

પ્રથમ સ્વસિદ્ધાંત કહે છે અને તેના ગુણોનું વિશેષ સ્વરૂપ પ્રગટ કરે છે, તે કહીને ત્યાર બાદ પરસમયને કહે છે અને તેના દોષોને દેખાડે છે, આ વિક્ષેપણી કથાનો પ્રથમ ભેદ[1]. એમ જ પરસમયના કથનપૂર્વક સ્વસમયનો સ્થાપનાર–સ્વસમયના ગુણોનું સ્થાપન કરનાર હોય છે, આ બીજો ભેદ. 'सम्मवाय' मित्यादि० તેનો અર્થ એ છે કે–પરસમયોને વિષે પણ ઘુણાક્ષરન્યાય વડે જિનાગમના તત્ત્વને મળતાપણાથી અવિપરીત તત્ત્વોનો વાદ–સમ્યગ્વાદ છે, તેને કહે છે. તેટલા પ્રમાણના સમ્યગ્વાદને કહીને પરસમયોને વિષે જિનપ્રણીત તત્ત્વોથી વિરુદ્ધ હોવાથી જે મિથ્યાવાદ છે તેના દોષ દેખાડવાપૂર્વક કથન કરે છે, આ ત્રીજો ભેદ. પરસમયોને વિષે મિથ્યાવાદનું કથન કરીને સમ્યગ્વાદને સ્થાપનાર હોય છે, આ ચોથો ભેદ. અથવા સમ્યગ્વાદ–અસ્તિપણું, મિથ્યાવાદ–નાસ્તિપણું. તેમાં આસ્તિકવાદીની દૃષ્ટિઓ (દર્શનો) ને કહીને નાસ્તિકવાદીની દૃષ્ટિઓને કહે છે તે પ્રકારાંતરે ત્રીજો ભેદ છે અને નાસ્તિકવાદીની દૃષ્ટિએ દેશના કહીને પછી આસ્તિકવાદીની દૃષ્ટિ કહે છે તે ચોથો ભેદ છે. ઈહલોક–મનુષ્યજન્મના સ્વરૂપનું કથન કરવા વડે સંવેગની તે ઈહલોકસંવેગની, આ સર્વ મનુષ્યપણું અસાર છે, અધ્રુવ છે,

1. पुव्विं ससमयं कहित्ता परसमयं कहेइ, ससमयगुणे दीवेइ, परसमयदोसे उवदंसेइ एसा पढमा। पुव्विं परसमयं कहित्ता तस्सेव दोसे उवदंसित्ता पुणो ससमयं कहेइ गुणे उवदंसेइ एसा बिइया। मिच्छावायं कहित्ता सम्मावायं कहेइ, परसमयं कहित्ता तेसु चेव परसमएसु जे भावा जिणप्पणीएहिं भावेहिं सह विरुद्धा असंता चेव विअप्पिआ ते पुव्विं कहित्ता दोसा य तेसिं भणिऊण पुणो जिणप्पणीय भावसारिसा पुणाक्खरमिव कहवि सोभणा भणिया ते कहेइ, अहवा मिच्छावाओ नत्थित्तं सम्मावाओ अत्थित्तं तत्थ पुव्विं नाहियवाईण दिट्ठीओ कहित्ता पच्छा अत्थित्त पक्खवाईणं दिट्ठीओ कहेइ एसा तइया। सम्मावायं कहित्ता मिच्छावायं कहेइ, सोवि एवं चेव नवरं पुव्विं सोभणे कहेइ, पच्छा इयरे त्ति चउत्था। [गच्छाचार पयन्ना]

કેળના સ્તંભ જેવું છે ઇત્યાદિ સ્વરૂપવાળી જાણવી, એમ જ દેવાદિ ભવના સ્વરૂપના કથનરૂપ પરલોકસંવેદની, અર્થાત્ દેવો પણ ઈર્ષ્યા, ખેદ, ભય અને વિયોગ વગેરે દુઃખો વડે પરાભવ પામેલા છે, તો તિર્યંચ વગેરેનું કહેવું શું? જે આ મારું શરીર તે પણ અશુચિ–અપવિત્ર છે, અશુચિરૂપ કારણથી ઉત્પન્ન થયેલું છે, અશુચિદ્વારથી જન્મેલું છે; માટે શરીરમાં પ્રતિબંધ કરવા જેવું કોઈ સ્થાન નથી ઇત્યાદિ કથનરૂપ આત્મશરીરસંવેગની કથા, એમ જ પરશરીરસંવેગની અથવા મૃતક શરીરના કથનરૂપ પરશરીરસંવેગની. આ લોકમાં દુષ્કૃત્યો–ચોરી વગેરે કર્મો આ લોકમાં દુઃખ, એ જ કર્મરૂપ વૃક્ષથી ઉત્પન્ન થયેલ હોવાથી ફલ અર્થાત્ દુઃખફલ, તેનો વિપાક–અનુભવ તે દુઃખફલવિપાક વડે સંયુક્ત, તે દુઃખફલવિપાકસંયુક્ત થાય છે. ચોરો વગેરેની માફક આ નિર્વેદની કથાનો પહેલો ભેદ. એવી રીતે નારકોની માફક, આ બીજો ભેદ. ગર્ભથી આરંભીને વ્યાધિ, દારિદ્ર વગેરેથી પરાભવ પામેલાની જેમ આ ત્રીજો ભેદ, પૂર્વે કરેલ અશુભ કર્મથી ઉત્પન્ન થયેલ અને નરકને યોગ્ય કર્મને બાંધતાં થકાં કાગડા અને ગીધ વગેરેની જેમ આ ચોથો ભેદ છે. 'इहलोए सुचित्रे' त्यादि० ચતુર્ભંગી–તીર્થંકરને દાન આપનાર ૧, સુસાધુ, ૨, તીર્થંકર ૩, અને દેવના ભવમાં રહેલા તીર્થંકર વગેરેની જેમ વિચારવા યોગ્ય છે. ॥૨૮૨॥

વચનવિશેષ કહ્યો, હવે પુરુષના પ્રકારની પ્રધાનતા વડે કાયવિશેષને કહે છે—

**[तहेव] चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—किसे णाममेगे किसे, किसे णाममेगे दढे, दढे णाममेगे किसे, दढे णाममेगे दढे। चत्तारि पुरिसजाया पन्नत्ता तंजहा—किसे णाममेगे किससरीरे, किसे णाममेगे दढसरीरे, दढे णाममेगे किससरीरे, दढे णाममेगे दढसरीरे ४ । चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—किससरीरस्स नाममेगस्स णाणदंसणे समुप्पज्जति णो दढसरीरस्स, दढसरीरस्स णाम एगस्स णाणदंसणे समुप्पज्जति णो किससरीरस्स, एगस्स किससरीरस्स वि णाणदंसणे समुप्पज्जति दढसरीरस्स वि, एगस्स नो किससरीरस्स णाणदंसणे समुप्पज्जति णो दढसरीरस्स ॥ सू० २८३॥**

**चउहिं ठाणेहिं निग्गंथाण वा निग्गंथीण वा अस्सिं समयंसि अतिसेसे नाणदंसणे समुप्पज्जिउकामे वि न समुप्पज्जेज्जा, तंजहा—अभिक्खणं अभिक्खणमित्थिकहं भत्तकहं देसकहं रायकहं कहेत्ता भवति १, विवेगेणं विउस्सग्गेणं णो सम्ममप्पाणं भाविता भवति २, पुव्वरत्तावरत्तकालसमयंसि णो धम्मजागरियं जागरतित्ता भवति ३, फासुयस्स एसणिज्जस उंछस्स सामुदाणियस्स णो सम्मं गवेसित्ता भवति ४, इच्चेतेहिं चउहिं ठाणेहिं णिग्गंथाण वा निग्गंथीण वा जाव नो समुप्पज्जेज्जा ।**

**चउहिं ठाणेहिं निग्गंथाण वा निग्गंथीण वा अतिसेसे णाणदंसणे समुप्पज्जिउकामे, समुप्पज्जेजा, तंजहा—इत्थीकहं भत्तकहं देसकहं रायकहं नो कहेत्ता भवति, विवेगेणं विउस्सग्गेणं सम्ममप्पाणं भावेत्ता भवति, पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरितं जागरतित्ता भवति, फासुयस्स एसणिज्जस्स उंछस्स सामुदाणियस्स सम्मं गवेसित्ता भवति, इच्चेतेहिं चउहिं ठाणेहिं निग्गंथाण वा निग्गंथीण वा जाव समुप्पज्जेज्जा ॥ सू० २८४॥**

*(મૂ૦) તેમજ ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ પહેલાં પણ કૃશ–દુર્બલ શરીરવાળો અને પછી પણ દુર્બલ શરીરવાળો, કોઈક પહેલાં કૃશ શરીરવાળો અને પછી દૃઢ–મજબૂત શરીરવાળો, કોઈક પહેલાં દૃઢ શરીરવાળો અને પછી કૃશ શરીરવાળો તેમજ કોઈક પહેલાં દૃઢ શરીરવાળો અને પછી પણ દૃઢ શરીરવાળો ૪, ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ ભાવથી કૃશ–દુર્બલ મનવાળો અને કૃશ શરીરવાળો, કોઈક ભાવથી કૃશ પણ દૃઢ શરીરવાળો, કોઈક ભાવથી દૃઢ મનવાળો પણ શરીરથી કૃશ તેમજ ભાવથી દૃઢ અને શરીરથી પણ દૃઢ. ૪. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક તપસ્યાદિ વડે થયેલ કૃશ શરીરવાળાને જ્ઞાન અને દર્શન*

*ઉત્પન્ન થાય છે, પણ બહુ મોહને લઈને દૃઢ શરીરવાળાને ઉત્પન્ન થતા નથી ૧, કોઈક અલ્પ મોહવાળા દૃઢ શરીરીને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થાય છે પણ રોગથી દુર્બલ-કૃશ શરીરવાળાને અસ્વસ્થતાથી ઉત્પન્ન થતા નથી ૨, કોઈક વિશિષ્ટ સંહનનાદિના ધણી કૃશ શરીરવાળાને પણ જ્ઞાન દર્શન ઉત્પન્ન થાય છે તેમ દૃઢ શરીરવાળાને પણ ઉત્પન્ન થાય છે ૩, તેમજ કોઈક બહુ મોહના ધણી કૃશ શરીરવાળાને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થતા નથી તેમ દૃઢ શરીરવાળાને પણ ઉત્પન્ન થતા નથી ૪. ॥૨૮૩॥*

*ચાર કારણ વડે નિર્ગ્રંથો અથવા નિર્ગ્રંથીઓને અતિશેષ-કેવલજ્ઞાન અને કેવલદર્શનની ઉત્પત્તિની ઈચ્છાવાળાને પણ આ સમય (કાલ) માં ઉત્પન્ન થાય નહિં, તે આ પ્રમાણે—વારંવાર સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથાને કહેનાર હોય છે ૧, વિવેક-અશુદ્ધિના ત્યાગપૂર્વક કાયોત્સર્ગ વડે સમ્યગ્ રીતે આત્માને ભાવનાર થતા નથી ૨, રાત્રિના પૂર્વભાગ અને પાછળના ભાગરૂપ કાલ (સમય) ને વિષે ધર્મજાગરિકા વડે જાગે નહિં ૩, પ્રાસુક, એષણીય, ઉંછ (થોડું થોડું) ભક્તપાનાદિ ગ્રહણરૂપ સામુદાનિકી ભિક્ષાની સારી રીતે ગવેષણા કરે નહિં ૪. ઉપર્યુક્ત ચાર કારણ વડે સાધુને અથવા સાધ્વીને યાવત્ કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય નહિં. ચાર કારણ વડે નિર્ગ્રંથો અથવા નિર્ગ્રંથીઓને અતિશેષ-કેવલજ્ઞાન અને કેવલદર્શનની ઈચ્છાવાળાને ઉત્પન્ન થાય, તે આ પ્રમાણે—સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથાને કહે નહિં ૧, વિવેકપૂર્વક કાયોત્સર્ગ વડે સારી રીતે આત્માને ભાવનાર હોય છે ૨, રાત્રિના પૂર્વભાગ અને પશ્ચિમભાગરૂપ કાલ (સમય) માં ધર્મજાગરિકા વડે જાગતા હોય છે ૩ તેમજ પ્રાસુક, એષણીય, ઉંછ-થોડું થોડું ભક્તપાનાદિ ગ્રહણરૂપ સામુદાનિકી ભિક્ષાની સારી રીતે ગવેષણા કરનાર હોય છે ૪. ઉપર્યુક્ત ચાર કારણ વડે સાધુને અથવા સાધ્વીઓને યાવત્ કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે. ॥૨૮૪॥*

(ટી૦) **'चत्तारि पुरिसे'**ત્યાદિ૦ સુગમ છે, વિશેષ એ કે-કૃશ-પાતળું શરીર, તે પૂર્વે અને પછી પણ કૃશ જ અથવા ભાવથી હીન સત્ત્વ [બલ] વગેરેપણાથી કૃશ, વળી શરીરાદિ વડે કૃશ, એવી રીતે દૃઢ-મજબૂત પણ કૃશથી વિપરીતપણે જાણવો. ૧. પૂર્વ સૂત્રના અર્થથી વિશેષ-શરીર વડે આશ્રિત જ આ બીજું સૂત્ર છે, તેમાં ભાવથી કૃશ વગેરે જાણવું, બીજું સુગમ છે ૨. ચતુર્ભંગી વડે કૃશના જ્ઞાનોત્પાદને કહે છે—**'चत्तारी'**ત્યાદિ૦ સ્પષ્ટ છે. વિશેષ એ કે-વિચિત્ર તપસ્યા વડે ભાવિત કૃશ શરીરવાળાને શુભ પરિણામના સંભવ વડે તદ્-જ્ઞાનાવરણ વગેરેના ક્ષયોપશમાદિ ભાવથી જ્ઞાન અને દર્શન, અથવા જ્ઞાનની સાથે દર્શન તે જ્ઞાનદર્શન, તે છદ્મસ્થ સંબંધી જ્ઞાન અથવા કેવલી સંબંધી જ્ઞાન, તે ઉત્પન્ન થાય છે. દૃઢ શરીરવાળાને થતું નથી કેમ કે અત્યંત મોહ વડે તેને (શરીરને) પુષ્ટ કરેલ હોવાથી તથાવિધ શુભ પરિણામના અભાવ વડે ક્ષયોપશમાદિનો અભાવ હોય છે, આ પ્રથમ ભંગ. તથા સંઘયણવિશિષ્ટ અલ્પ મોહવાલા દૃઢ શરીરીને જ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે, કેમ કે સ્વસ્થ શરીર હોવાથી મનની સ્વસ્થતા વડે શુભ પરિણામ ક્ષયોપશમાદિ ભાવ હોય છે પરંતુ કૃશ શરીરવાળાને ચિત્તની અસ્વસ્થતાથી ઉત્પન્ન ન થાય, તે બીજો ભંગ. કૃશ અથવા દૃઢ શરીરવાળાને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન થાય છે, કારણ કે વિશિષ્ટ સંઘયણ સહિત અલ્પ મોહવાળાને શુભ પરિણામપણાથી બંને રીતે થાય છે પણ કૃશત્વ અને દૃઢત્વ પ્રત્યે અપેક્ષા નથી, આ ત્રીજો ભંગ. ચોથો ભંગ સ્પષ્ટ છે. મંદ સંઘયણી અને બહુ મોહવાળા કૃશ કે દૃઢ શરીરીને જ્ઞાન તથા દર્શન ઉત્પન્ન ન થાય. ॥૨૮૩॥

હમણાં જ્ઞાનદર્શનનો ઉત્પાદ કહ્યો, હવે તેનો વ્યાઘાત કહેવાય છે—**'चउही'** ત્યાદિ૦ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે-નિર્ગ્રંથીઓનું ગ્રહણ કરવાથી સ્ત્રીઓને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, એમ સૂત્રકાર કહે છે. **'अस्मिन्नि'**તિ૦ પ્રત્યક્ષની જેમ આ વર્તમાન સમયમાં **'अइसेसे'**ત્તિ૦ શેષ-મત્યાદિ ચાર જ્ઞાન અને **चक्षुः** વગેરે ત્રણ દર્શનને અતિક્રાંત-અવબોધાદિ સર્વ ગુણો વડે ઉલ્લંઘી ગયેલું અર્થાત્ આગળ વધેલું અને અતિશેષ-અતિશયવાળું કેવલજ્ઞાન, કેવલદર્શન. અહિં જ્ઞાનની ઈચ્છાવાળાને પણ ઉત્પન્ન થતું નથી એવો અર્થ જાણવો. જ્ઞાનાદિની રુચિના અભાવથી (વિકથાને) કહેવાના સ્વભાવવાળો, શીલાર્થિક તૃન્ પ્રત્યય થવાથી ષષ્ઠીને બદલે દ્વિતીયા વિભક્તિ વિરુદ્ધ નથી. ૧, **विवेकेन**—અશુદ્ધિના ત્યાગ વડે **'विउस्सग्गेणं'** તિ૦ કાયાના

વ્યુત્સર્ગ વડે ૨, પૂર્વરાત્ર-રાત્રિનો પૂર્વભાગ અને અપરરાત્ર રાત્રિનો પાછલો ભાગ, તે જ કાલરૂપ અવસર જાગરિકાના પૂર્વ રાત્રાપરરાત્રકાલસમયમાં. તે અહિં કુટુંબજાગરિકાના નિષેધ કરવા વડે ધર્મપ્રધાન જાગરિકા-નિદ્રાના ત્યાગથી બોધ તે ધર્મજાગરિકા અર્થાત્ ભાવપૂર્વક વિચારણા. કહ્યું છે કે—

**किं कयं किं वा सेसं, किं करणिज्जं तवं च न करेमि । पुव्वावरत्तकाले, जागरओ भावपडिलेहा ।।१०५।।**

**[ओघ नि० २६२ त्ति]**

મેં શું કર્યું? બાકી શું છે? શું કરવા યોગ્ય છે? હું તપ તો કરતો નથી, એવી રીતે પૂર્વરાત્ર અને અપરઅરાત્રકાલમાં જાગનારની ભાવપ્રતિલેખના (વિચારણા) છે. (૧૦૫) અથવા—

**को मम कालो? किम्मेयस्स उचियं? असारा विसया नियमगामिणो विरसावसाणा भीसणो मच्चू ।।१०६।।**

હમણાં મારો શો અવસર છે? આ અવસરને ઉચિત શું ધર્મકૃત્ય કરવા યોગ્ય છે? વિષયો અસાર છે, આત્માની સાથે ચાલનારા નથી અને પરિણામથી વિરસ (અસુંદર) છે તથા મૃત્યુ ભયંકર છે એમ ચિંતવે છે. (૧૦૬)

અહિં વિભક્તિના[1] પરિણામથી ઉપર્યુક્ત જાગરિકા વડે જાગનારો હોય છે. અથવા ધર્મજાગરિકા પ્રત્યે જાગનારો-કરનારો જાણવો ૩. તથા પ્રંગત-ગયેલ છે અસુ-ઉચ્છ્વાસાદિ પ્રાણો જેમાંથી તે પ્રાસુક-નિર્જીવ વસ્તુ, एष्यते-ઉદ્‌ગમાદિ દોષરહિતપણાએ ગવેષણ કરાય છે તે એષણીય-કલ્પનીય અને થોડું થોડું ગ્રહણ કરવામાં આવે છે તે ઉંછ-ભક્તપાન વગેરેનું સમુદાનરૂપ યાચન થયેલ તે સામુદાનિક, અર્થાત્ ઉંચ, નીચ અને મધ્યમ કુલ વગેરેમાં યથાર્થ રીતે ગવેષક થતો નથી ૪. ઉપર્યુક્ત ચાર પ્રકારો વડે કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન ન થાય ઇત્યાદિ નિગમન-નિર્ણય જાણવો. આનાથી વિપરીત (જ્ઞાનની પ્રાપ્તિરૂપ) સૂત્ર સુગમ છે. ॥૨૮૪॥

નિર્ગ્રંથના પ્રસ્તાવથી જ તેને નહિં કરવા યોગ્યના નિષેધ માટે બે સૂત્રો કહે છે—

**नो कप्पति निग्गंथाण वा निग्गंथीण वा चउहिं महापाडिवएहिं सज्झायं करेत्तए, तं जहा—आसाढपाडिवते इंदमहपाडिवते कत्तियपाडिवते सुगिम्हपाडिवते १। णो कप्पति निग्गंथाण वा निग्गंथीण वा चउहिं संझाहिं सज्झायं करेत्तए, तंजहा—पढमाते, पच्छिमाते, मज्झण्हे, अड्ढरत्ते २। कप्पति निग्गंथाण वा निग्गंथीण वा चाउक्कालं सज्जायं करेत्तए, तंजहा—पुव्वण्हे, अवरण्हे, पओसे, पच्चूसे ।। सू० २८५।।**

**चउव्विहा लोगट्ठिती पन्नत्ता, तंजहा—आगासपतिट्ठिए वाते, वातपतिट्ठिए उदधी, उदधिपतिट्ठिया पुढवी, पुढविपइट्ठिया तसा थावरा पाणा ४ ।। सू० २८६।।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—तहे नाममेगे, नोतहे नाममेगे, सोवत्थी नाममेगे, पधाणे नाममेगे ४ (१)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—आयंकतरे नाममेगे णो परंतकरे १ परंतकरे णाममेगे णो आतंतकरे २ एगे आतंतकरे वि परंतकरे वि ३ एगे णो आतंतकरे णो परंतकरे ४ (२)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आतंतमे नाममेगे नो परंतमे, परंतमे नामं एगे नो आयंतमे ह्व [=४] (३)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—आयंदमे नाममेगे णो परंदमे ह्व [=४] (४) ।। सू० २८७।।**

**चउव्विधा गरहा पन्नत्ता, तंजहा—उवसंपज्जामित्त[त्ते]गा गरहा, वितिगिंच्छामित्तेगा गरहा, जं किंचि मिच्छामीत्तेगा गरहा, एवं पि पन्नत्तेगा गरहा ।। सू० २८८।।**

*(મૂ૦) સાધુઓને તથા સાધ્વીઓને ચાર મહાપડવાને વિષે સ્વાધ્યાય કરવો કલ્પે નહિં, તે આ પ્રમાણે—આષાઢ સુદિ પૂનમ પછીના પડવામાં, કાર્તિક સુદિ પૂનમ પછીના પડવામાં, ઇંદ્રમહ-આસો સુદિ પૂનમ પછીના પડવામાં તથા સુગ્રીષ્મ-*

1. દ્વિતીયામાં તૃતીયા વિભક્તિ કરેલી છે.

*ચૈત્ર સુદિ પૂનમ પછીના પડવામાં ૧, સાધુઓને તથા સાધ્વીઓને ચાર સંધ્યાને વિષે સ્વાધ્યાય કરવો કલ્પે નહિં, તે આ પ્રમાણે—પ્રથમ સંધ્યાસૂર્યોદય[1] વેલાથી એક ઘડી પ્રથમ અને એક ઘડી પછી, પશ્ચિમ સંધ્યા-સૂર્યાસ્ત સમયથી એક ઘડી પ્રથમ અને એક ઘડી પછી, (તેમજ) મધ્યાહ્ને અને મધ્ય રાત્રે ૨, સાધુઓને તથા સાધ્વીઓને ચાર કાલે-વખતે સ્વાધ્યાય કરવો કલ્પે છે, તે આ પ્રમાણે—પૂર્વાહ્ને-દિવસના પ્રથમ પ્રહરમાં, અપરાહ્ને દિવસના છેલ્લા પ્રહરમાં, પ્રદોસે-રાત્રિના પહેલા પ્રહરમાં અને પ્રત્યુષે-રાત્રિના છેલ્લા પ્રહરમાં. ॥૨૮૫॥*

*ચાર પ્રકારે લોકની સ્થિતિ કહેલી છે, તે આ પ્રમાણે—આકાશને આધારે ઘનવાયુ અને તનુવાયુ પ્રતિષ્ઠિત-રહેલ છે ૧, વાયુને આધારે ઘનોદધિ રહેલ છે ૨, ઘનોદધિને આધારે રત્નપ્રભા વગરે નરકપૃથ્વી રહેલી છે ૩, અને પૃથ્વીને આધારે ત્રસ તથા સ્થાવર જીવો રહેલા છે ૪. ॥૨૮૬॥*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—જે સેવક સતો (હોઈને) સ્વામીના હુકમ પ્રમાણે વર્ત્તે તે તથાપુરુષ ૧, જે સ્વામીના હુકમ પ્રમાણે ન વર્તે તે નોતથાપુરુષ ૨, સ્વસ્તિક વગેરે માંગલિક બોલનાર ભાટ-ચારણાદિ તે સૌવસ્તિકપુરુષ ૩, આ બધાને આરાધવા યોગ્ય શેઠ વગેરે તે પ્રધાનપુરુષ. ૪ (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પોતાના ભવનો અંત કરનાર છે પણ બીજાના ભવનો અંત કરનાર નથી તે પ્રત્યેકબુદ્ધાદિ ૧, કોઈએક બીજાના ભવનો અંત કરનાર છે પણ પોતાના ભવનો અંત કરનાર નથી તે અચરમશરીરી આચાર્ય વગેરે ૨, કોઈએક પોતાના ભવનો અંત કરનાર છે અને બીજાના ભવનો પણ અંત કરનાર છે તે તીર્થંકરાદિ ૩, તેમજ કોઈએક પોતાના ભવનો અને પરના ભવનો અંત કરનાર નથી તે પાંચમા આરાના આચાર્યાદિ ૪. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક આત્મતમ-પોતે ખેદ કરે છે પણ બીજાને ખેદ કરાવતા નથી ૧, કોઈએક પરતમ-બીજાને ખેદ કરાવે છે પણ પોતે ખેદ કરતા નથી ૨, કોઈએક પોતે ખેદ કરે છે અને બીજાને પણ ખેદ કરાવે છે ૩ અને કોઈએક પોતે ખેદ કરતા નથી તેમ બીજાને પણ ખેદ કરાવતા નથી ૪. (૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક આત્માને દમે છે-શમવાળો કરે છે પણ બીજાને દમાવતા નથી ૧, કોઈએક બીજાને દમાવે છે પણ પોતે દમતા નથી ૨, કોઈએક પોતે દમે છે અને બીજાને પણ દમાવે છે ૩, તેમજ કોઈએક પોતે દમતા નથી અને બીજાને પણ દમાવતા નથી ૪ (૪). ॥૨૮૭॥*

*ચાર પ્રકારે ગર્હા કહેલી છે, તે આ પ્રમાણે—પોતાના દોષના નાશ માટે ઉચિત પ્રાયશ્ચિત્ત લેવા સારું હું ગુરુ પાસે જાઉં, આ એક ગર્હા ૧, ગર્હા કરવા યોગ્ય દોષોનું વિવિધ પ્રકાર વડે હું નિરાકરણ કરું, આ બીજી ગર્હા ૨, જે કાંઈ અનુચિત કર્યું હોય તેનું મિથ્યા દુષ્કૃત હું આપું, આ ત્રીજી ગર્હા ૩, એવી રીતે 'સ્વદોષની ગર્હા કરવા વડે દોષોની શુદ્ધિ થાય છે એમ જિનેશ્વરોએ કહેલું છે' આ પ્રમાણે સ્વીકારવું, તે ચોથી ગર્હા ૪. ॥૨૮૮॥*

(ટી૦) 'नो कप्पई'त्यादि० બે સૂત્ર સરલ છે, પરંતુ મહોત્સવ પછી થનાર ઉત્સવની અનુવૃત્તિ વડે બીજા પડવાઓથી વિલક્ષણ સ્વરૂપ વડે મહાપ્રતિપદા (પડવા) ઓમાં (અહિં કોઈક દેશની રૂઢિ વડે 'પાડિવય' શબ્દથી કથન કરાયેલ છે) **નંદી વગેરે સૂત્ર વિષયક વાચનાદિરૂપ સ્વાધ્યાય કરવો કલ્પે નહિં પરંતુ અનુપ્રેક્ષા (ચિંતન) નો નિષેધ કરાયેલ નથી.** આષાઢ માસની પૂર્ણિમા પછીની પ્રતિપદા તે આષાઢપ્રતિપદા. એવી રીતે બીજા પડવાઓને વિષે પણ જાણવું. વિશેષ એ કે-ઇંદ્રમહ[2] આશ્વિન માસની પૂર્ણિમા, સુગ્રીષ્મ-ચૈત્રમાસની પૂર્ણિમા. અહિં જે દેશમાં જે દિવસથી મહોત્સવો પ્રવર્ત્તે છે તે દેશમાં તે દિવસની

1. કેટલાકનો અભિપ્રાય એવો છે કે પ્રથમ સંધ્યા સૂર્યોદય વેલાથી બે ઘડી અગાઉ લેવી કેમ કે ટીકામાં "અનુદિતે સૂર્યે" પાઠ છે. બાકીની ત્રણ સંધ્યા એક ઘડી આગળ પાછળ લેવી પરંતુ અહિં તો ટબાને અનુસારે હકીકત લખેલ છે. જે ગચ્છમાં જે પ્રણાલિકા ચાલતી હોય તે માનવી. 2. ઇંદ્રમહા શબ્દની ટીકામાં, દીપિકામાં તથા પ્રાચીન ટબામાં આશ્વિન માસ અર્થ કરેલ છે પરંતુ ભાદ્રપદ માસ એવો અર્થ જોવામાં આવતો નથી.

શરૂઆતથી મહોત્સવની સમાપ્તિ પર્યંત સ્વાધ્યાય ન[1] કરવો જોઈએ અને તે મહોત્સવ પૂર્ણિમા પર્યંત જ સમાપ્ત થાય છે. પ્રતિપદાઓ તો ક્ષણની અનુવૃત્તિ વડે વર્જાય છે, અર્થાત્ પૂર્ણિમામાં પ્રતિપદાનો સ્વલ્પ કાલનો સંભવ હોવાથી પ્રતિપદા વર્જવા યોગ્ય છે કહ્યું છે કે—

**आसाढी इंदमहो, कत्तिय सुगिम्हए य बोद्धव्वो [व्वे] । एए महामहा खलु, सव्वेसिं जाव पाडिवया ।।१०७।।**

**[आवश्यक निर्युक्ति १३५२ त्ति]**

આષાઢી પૂર્ણિમા, આશ્વિન પૂર્ણિમા, કાર્તિક પૂર્ણિમા, સુગ્રીષ્મની ચૈત્રમાસની પૂર્ણિમા જાણવી. એ એ મહામહોત્સવો છે એ સર્વેની પ્રતિપદા પણ અસ્વાધ્યાયમાં જાણવી. (૧૦૭)

અકાલમાં સ્વાધ્યાય કર્યે છતે આ પ્રમાણે દોષો થાય છે—

**सुयणाणंमि अभत्ती, लोगविरुद्धं पमत्तछलणा य । विज्जासाहणवेगुन्नधम्मया एव मा कुणसु ।।१०८।।**

**[आवश्यक निर्युक्ति १४२२ त्ति]**

શ્રુતજ્ઞાનની અભક્તિ-વિરાધના થાય છે તથા લોકવિરુદ્ધ થાય છે, કેમ કે લૌકિકમાં પણ રજસ્વલા પ્રસંગમાં અને ગુમડા વગેરેના પ્રસંગમાં દેવપૂજન વગેરે કાર્યો કરતા નથી તથા પ્રમાદી મુનિને સમીપ ક્ષેત્રવાસી દેવો છળે છે. જેમ વિદ્યાના સાધનથી વિરુદ્ધ સામગ્રી વડે વિદ્યા સફળ થતી નથી તેમ અકાળે સ્વાધ્યાય કરવાથી શ્રુતજ્ઞાન પણ સફળ થતું નથી; માટે હે શિષ્ય! તું અકાલમાં સ્વાધ્યાય ન કર. (૧૦૮)

સૂર્યોદય ન થયે છતે પહેલી સંધ્યા, સૂર્ય અસ્ત પામવાના સમયમાં તે પશ્ચિમા સંધ્યા. હમણાં કહેલ સૂત્રથી વિરુદ્ધ સૂત્ર (સ્વાધ્યાય કરવાના સમયનું સૂત્ર) સ્પષ્ટ છે, વિશેષ એ કે—**'पुव्वण्हे अवरण्हे'** त्ति० દિવસના પહેલા અને છેલ્લા પ્રહરમાં **'पओसे पच्चसे'** त्ति० રાત્રિના પહેલા અને છેલ્લા પ્રહરમાં. ||૨૮૫||

સ્વાધ્યાયમાં પ્રવર્ત્તેલાને લોકની સ્થિતિનું પરિજ્ઞાન થાય છે, માટે લોકની સ્થિતિનું પ્રતિપાદન કરતાં થકાં કહે છે કે— **'चउव्विहे'** त्यादि० ક્ષેત્રલક્ષણ લોકની સ્થિતિવ્યવસ્થા તે લોકસ્થિતિ. આકાશને આધારે ઘનવાત અને તનુવાતસ્વરૂપ વાયુ રહેલ છે. ઉદધિ-ઘનોદધિ. પૃથિવી એટલે રત્નપ્રભા વગેરે. **त्रसा**—દ્વીંદ્રિય વગેરે ત્રસ જીવો. વળી રત્નપ્રભાદિ પૃથિવીને વિષે જે નથી રહેલા તે પણ વિમાન અને પર્વતાદિ પૃથિવીને વિષે રહેલા હોવાથી પૃથિવીમાં જ રહેલા છે. વિમાન સંબંધી પૃથિવીઓનું આકાશ વગેરેમાં રહેવાપણું જેમ ઘટી શકે તેમ જાણવું, અથવા અહિં વિમાન વગેરેમાં રહેલ દેવ પ્રમુખ ત્રસોની વિવક્ષા નથી અને સ્થાવર જીવો તો અહિં બાદર વનસ્પતિ વગરે ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે સૂક્ષ્મ જીવોનું તો સમગ્ર લોકમાં રહેવાપણું છે. શેષ સુગમ છે. ||૨૮૬||

હમણાં જ ત્રસ પ્રાણીઓ કહ્યા, હવે ત્રસ પ્રાણીવિશેષના સ્વરૂપને ચતુર્ભંગીરૂપ ચાર સૂત્રો વડે બતાવે છે-આ ચાર સૂત્રો સરળ છે. વિશેષ એ કે—**'तह'** त्ति०—સેવક છતો જેમ આદેશ કરાય છે તેમ જે પ્રવર્ત્તે છે તે તથા-સ્વીકારનાર ૧, બીજો સેવક તો આદેશ પ્રમાણે કરતો નથી પરંતુ બીજી રીતે કરે છે તે નોતથ ૨, વળી 'સ્વસ્તિ' એમ કહેનાર અથવા સ્વસ્તિ કહીને આજીવિકા મેળવે છે તે સૌવસ્તિક (પ્રાકૃતપણાથી 'ક' નો લોપ અને દીર્ઘપણું પ્રાપ્ત થવાથી 'સોવત્થી') **માંગલિકને બોલનાર માગધ વગેરે તૃતીય** ૩, એ ત્રણેને આરાધ્યપણાએ પ્રધાન-સ્વામી તે ચતુર્થ ભંગ ૪. **'आयंतकरे'** त्ति०—પોતાના ભવનો અંત કરે છે તે આત્માંતકર પરંતુ બીજાના ભવનો અંત કરતો નથી તે ધર્મદેશનાને નહિં કહેનાર પ્રત્યેકબુદ્ધ વગેરે ૧, તથા માર્ગને પ્રવર્ત્તાવવા વડે બીજાના ભવનો અંત કરે છે તે પરાંતકર પરંતુ પોતાના ભવનો અંત કરતો નથી તે અચરમશરીરી આચાર્ય વગેરે ૨, ત્રીજા ભાંગાવાળા તીર્થંકર અથવા અન્ય-ચરમશરીરી આચાર્ય વગેરે ૩, અને ચોથા ભાંગાવાળા દુષ્ષમ કાલના

1. આશ્વિન શુકલ પંચમીના મધ્યાહ્ન પછીથી આરંભી ગુજરાતી આશ્વિન વદિ એકમ પર્યંત સ્વાધ્યાય ન કરવો. ચૈત્ર માસમાં પણ એ પ્રમાણે જાણવો, એમ દીપિકાકાર કહે છે.

આચાર્ય વગેરે ૪. અથવા પોતાના મરણને કરે છે તે આત્માંતકર. એવી રીતે બીજાનું મરણ કરે છે તે પરાંતકર. અહિં પ્રથમ ભાંગાવાળો આત્મવધક, બીજા ભાંગાવાળો પરવધક, ત્રીજો ઉભયવધક અને ચોથો તો બન્નેનો અવધક જાણવો. અથવા પોતે સ્વતંત્ર થકો જે કાર્યો કરે છે તે આત્મતંત્રકર, એમ જ પરતંત્ર થકો કાર્યને કરે તે પરતંત્રકર. અહિં પ્રથમ ભંગમાં જિન, બીજા ભંગમાં ભિક્ષુ, ત્રીજા ભંગમાં આચાર્યાદિ અને ચોથા ભંગમાં કાર્યવિશેષની અપેક્ષાએ શઠ–ઠગારો. અથવા ધન અને ગચ્છાદિને પોતાને સ્વાધીન કરે છે તે આત્મતંત્રકર, એવી રીતે બીજા ભાંગા પણ સ્વયં વિચારી લેવા. આત્માને ખેદ કરે છે તે આત્મતમ-આચાર્યાદિ, પર–શિષ્યાદિકને ખેદ કરાવે છે તે પરતમ (અહિં સર્વત્ર પ્રાકૃતશૈલીથી અનુસ્વાર જાણવો.) અથવા આત્માને વિષે તમ (અજ્ઞાન અથવા ક્રોધ) જેને છે તે આત્મતમ. એવી રીતે બીજા[1] ભાંગામાં પણ જાણવું. તથા આત્માને દમે છે–સમતાવાળો કરે છે અથવા શિક્ષા આપે છે તે આત્મદમ–આચાર્ય અથવા અશ્વનો દમક–સ્વાર, એમ બીજા ભાંગાઓ પણ જાણવા. પર-શિષ્ય અથવા ઘોડા વગેરેને જે દમે છે તે પરદમ. ||૨૮૭||

ગર્હા કરવા યોગ્ય કાર્યની ગર્હા કરવાથી દમ થાય છે માટે ગર્હા સૂત્ર કહે છે. ગુરુની સાક્ષીપૂર્વક આત્માની નિંદા તે ગર્હા. 'ઉપસંપદ્યે' પોતાના દોષનું નિવેદન કરવા માટે ગુરુનો આશ્રય કરું, અથવા ઉચિત–પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરું આવા પ્રકારના પરિણામરૂપ એક ગર્હા છે. ગર્હાના કારણપણાને લઈને કારણમાં કાર્યના ઉપચારથી અને ગર્હાના જેવું જ ફલ હોવાથી કહેલ પરિણામનું ગર્હાપણું સમજવું; કેમ કે શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે—'निग्गंथेणं गाहावइकुलं पिंडवायपडियाए, पविट्ठेणं अन्नयरे अकिच्चट्ठाणे पडिसेविए, तस्स णं एवं भवइ-इहेव ताव अहं एयस्स ठाणस्स आलोएमि पडिक्कमामि निंदामि जाव पडिवज्जामि, तओ पच्छा थेराणं अंतियं आलोइस्सामि० से य संपट्ठिए असंपत्ते अप्पणा य पुव्वमेव कालं करेज्जा से णं भंते! किं आराहण विराहए?, गोयमा! आराहए नो विराहए'' [भगवती० ८।६।७ त्ति] નિર્ગ્રંથ ગૃહપતિના કુલમાં આહાર લેવાની પ્રતિજ્ઞા વડે ગૃહમાં પ્રવેશ્યો–આવ્યો છતો (તેણે) કોઈ પણ એક અકૃત્ય સ્થાન સેવ્યું, પછી તેને આ પ્રમાણે વિચાર થાય કે–અહિ જ પ્રથમ હું આ દોષની આલોચના કરું, પ્રતિક્રમણ કરું, નિંદા કરું યાવત્ પ્રાયશ્ચિત્તને સ્વીકારું. ત્યાર બાદ સ્થવિરોની સમીપે આલોચના કરીશ યાવત્ પ્રાયશ્ચિત્ત કરીશ, તે સાધુએ પ્રાયશ્ચિત્ત લેવા માટે પ્રયાણ કર્યું પરંતુ સ્થવિર પાસે પહોંચ્યા અગાઉ કદાચ કાલ કરે તો તે મુનિ આરાધક થાય કે વિરાધક થાય? (આવા પ્રકારનો ભગવંત મહાવીર પ્રત્યે શ્રી ગૌતમસ્વામીનો પ્રશ્ન છે) ઉત્તર–હે ગૌતમ! આરાધક થાય પણ વિરાધક ન થાય. 'वितिगिच्छामि' त्ति० વિશેષ વડે અથવા વિવિધ પ્રકારોથી 'चिकित्सामि'—''ઉપાય કરું–નિંદનીય દોષોને હું દૂર કરું, આ પ્રકારની વિકલ્પાત્મક ગર્હા હોવાથી બીજી ગર્હા ૨, તથા 'जं किंचिमिच्छामीति' त्ति० જે કાંઈ અનુચિત કર્યું હોય તે દુષ્કૃત્યનું ફલ મને મિથ્યા થાઓ, આવા પ્રકારની વાસનાગર્ભિત વચનરૂપ ત્રીજી ગર્હા, ગર્હાના સ્વરૂપપણાથી જ આ પ્રમાણે છે. તથા 'एवमपी' त्ति० **સ્વદોષની ગર્હાના પ્રકાર વડે પણ 'प्रज्ञप्ता' જિનેશ્વરોએ દોષની શુદ્ધિ કહેલી છે,** આવું કથન સ્વીકારવારૂપ ચોથી ગર્હા છે; કેમ કે આવા પ્રકારના સ્વીકારનું ગર્હા કારણ હોય છે. 'एवंपि पन्नत्तेगा गरहे'ति० આ પાઠમાં ઉક્ત વ્યાખ્યાન છે. 'एवंपि पन्नत्ते एगा' એ પાઠમાં તો જે કાંઈ પાપ કર્યું હોય તે મિથ્યા થાઓ, આ પ્રમાણે સ્વીકારવા યોગ્ય છે. એવી રીતે પણ પ્રરૂપણા કર્યે છતે એક ગર્હા થાય છે. આવા પ્રકારે વક્તાની પ્રરૂપણાને ગર્હા કારણભૂત છે. અથવા 'उपसंपद्ये' હું અતિચારોનો નિષેધ કરું છું એવી રીતે પોતાના દોષના સ્વીકારરૂપ એક ગર્હા, તથા 'विचिकित्सामि'—**શંકા નહિં કરવા યોગ્ય જિનેશ્વરભાષિત ભાવોને વિષે** અથવા **ગુરુ વગેરેને વિષે દોષ દેખવા વડે હું શંકા કરું છું** આવા પ્રકારની જે ગર્હા (આત્મનિંદા) તે પોતાના દોષને સ્વીકારવારૂપ હોવાથી જ બીજી ગર્હા ૨, તથા જે કાંઈ સાધુઓને કરવા યોગ્ય નથી તે હું ઇચ્છું છું અર્થાત્ સાક્ષાત્ ન કરવા છતાં પણ મન વડે અભિલાષા કરું છું (અહિં 'મકારનો' પ્રયોગ આગમ પ્રાકૃતશૈલીને અંગે છે) અથવા જે કાંઈ

1. અન્ય આત્માના સંબંધમાં જેને અજ્ઞાન કે ક્રોધ છે તે પરતમ.

સાધુઓના કાર્યને આશ્રયીને મિથ્યા-વિપરીત થાઉં છું અથવા મિથ્યા-ખોટું કરું છું. 'मिच्छा मि' મ્લેચ્છની જેમ આચરણ કરું છું અથવા મ્લેચ્છ (કર્મ વડે) મલિન થાઉં છું. શેષ પૂર્વવત્ ૩, તથા અયથાર્થ અનુષ્ઠાનમાં પ્રવૃત્ત થયો સતો (થકો) અથવા કોઈ બીજા વડે પ્રેરણા કરાયો સતો, એટલે પ્રશ્ન કરાયો થકો પોતાના ચિત્તના સમાધાન માટે અથવા અયથાર્થ અનુષ્ઠાનના સમર્થન માટે ક્લિષ્ટ (દુષ્ટ) ચિત્તવૃત્તિ વડે એવી રીતે પ્રરૂપણા કરું છું અથવા ભાવના કરું છું કે-એવી પણ પ્રજ્ઞપ્તિપ્રરૂપણા જિનાગમમાં છે. પાઠાંતરમાં તો એવી રીતે પણ આ ભાવ કહેલ છે. એ પ્રમાણે અસ્થાનમાં અભિનિવેશી અર્થાત્ કાદગ્રહી અથવા ઉત્સૂત્રનો પ્રરૂપક હું છું, આ પ્રમાણે એક (ચોથી) ગર્હા. **એવી રીતે પોતાના દોષના સ્વીકારરૂપ ગર્હા સર્વત્ર છે.** ॥૨૮૮॥

ગર્હા તો દોષના ત્યાગ કરનારને જ સમ્યગ્-યથાર્થ હોય છે પરંતુ બીજાને હોતી નથી માટે દોષને ટાલનાર જીવોના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે સત્તર ચૌભંગી સૂત્રો કહે છે—

**चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—अप्पणो नाममेगे अलमंथू भवति, णो परस्स, परस्स नाममेगे अलमंथू भवति णो अप्पणो, एगे अप्पणो वि अलमंथू भवति परस्स वि, एगे नो अप्पणो अलमंथू भवति णो परस्स (१)। चत्तारि मग्गा पन्नत्ता, तंजहा—उज्जू नाममेगे उज्जू, उज्जू नाममेगे वंके, वंके नाममेगे उज्जू, वंके नाममेगे वंके (२)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—उज्जू नाममेगे उज्जू ह्व [=४] (३)।**

**चत्तारि मग्गा पन्नत्ता, तंजहा-खेमे नाममेगे खेमे, खेमे णाममेगे अखेमे ह्व [=४] (४)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-खेमे णाममेगे खेमे ह्व [=४] (५)। चत्तारि मग्गा पन्नत्ता, तंजहा—खेमे णाममेगे खेमरूवे, खेमे णाममेगे अखेमरूवे ह्व [=४] (६)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—खेमे नाममेगे खेमरूवे ह्व [=४] (७)।**

**चत्तारि संबुक्का पन्नत्ता, तंजहा—वामे नाममेगे वामावत्ते, वामे नाममेगे दाहिणावत्ते, दाहिणे नाममेगे वामावत्ते, दाहिणे नाममेगे दाहिणावत्ते ८। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—वामे नाममेगे वामावत्ते ह्व [=४] (९)। चत्तारि धूमसिहाओ पन्नत्ताओ, तंजहा—वामा नाममेगा वामावत्ता ह्व [=४] (१०)। एवामेव चत्तारि इत्थीओ पन्नत्ताओ, तंजहा—वामा णाममेगा वामावत्ता ह्व [=४] (११)। चत्तारि अग्गिसिहाओ पन्नत्ताओ, तंजहा—वामा णाममेगा वामावत्ता ह्व [=४] (१२)। एवामेव चत्तारि इत्थीओ पन्नत्ताओ, तंजहा—वामा णाममेगा वामावत्ता ह्व [=४] (१३)। चत्तारि वायमंडलिया पन्नत्ता, तंजहा—वामा णाममेगा वामावत्ता ह्व [=४] (१४)। एवामेव चत्तारि इत्थीओ पन्नत्ताओ, तंजहा—वामा णाममेगा वामावत्ता ह्व [=४] (१५)।**

**चत्तारि वणसंडा पन्नत्ता, तंजहा—वामे नाममेगे वामावत्ते ह्व [=४] (१६)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—वामे णाममेगे वामावत्ते ह्व [=४] (१७) ॥ सू०-२८९॥**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પોતાના આત્માને દુષ્ટ પ્રવૃત્તિથી અટકાવે છે પરંતુ બીજાને અટકાવતો નથી, કોઈક બીજાને દુષ્ટ પ્રવૃત્તિથી અટકાવે છે પણ પોતાના આત્માને અટકાવતો નથી, કોઈક પોતાના આત્માને અને બીજાને પણ દુષ્ટ પ્રવૃત્તિથી અટકાવે છે તેમજ કોઈક પોતાને કે પરને દુષ્ટ પ્રવૃત્તિથી અટકાવતો નથી (૧), ચાર પ્રકારના માર્ગ કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક માર્ગ શરૂઆતમાં પણ સરલ અને અંતમાં પણ સરલ છે, કોઈક માર્ગ શરૂઆતમાં સરલ છે પણ પછી વક્ર છે, કોઈએક માર્ગ શરૂઆતમાં વક્ર પણ પછી સરલ છે તેમજ કોઈએક માર્ગ શરૂઆતમાં પણ વક્ર અને પછી પણ વક્ર છે (૨), એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક પુરુષ પ્રથમ-પૂર્વકાલમાં સરલ છે અને પછી પણ સરલ છે, કોઈક પ્રથમ સરલ અને પછી વક્ર છે, કોઈક પ્રથમ વક્ર અને પછી સરલ છે તથા કોઈક પ્રથમ વક્ર અને પછી પણ વક્ર છે (૩), ચાર પ્રકારના માર્ગ કહેલ*

*છે, તે આ પ્રમાણે—કોઈક માર્ગ આદિમાં ક્ષેમ-ઉપદ્રવ રહિત અને પછી પણ ક્ષેમ છે, કોઈક માર્ગ આદિમાં ક્ષેમ છે પણ પછી અક્ષેમ છે, કોઈક માર્ગ આદિમાં અક્ષેમ પણ પછી ક્ષેમ છે તેમજ કોઈક માર્ગ આદિમાં પણ અક્ષેમ અને અંતમાં પણ અક્ષેમ છે (૪), એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-કોઈક પુરુષ પ્રથમ ક્ષેમ-ક્રોધાદિથી રહિત અને પછી પણ ક્ષેમ છે, કોઈક પ્રથમ ક્ષેમ પણ પછી અક્ષેમ છે, કોઈક પ્રથમ અક્ષેમ પણ પછી ક્ષેમ છે તેમજ કોઈક પ્રથમ પણ અક્ષેમ અને પછી પણ અક્ષેમ છે (૫), ચાર પ્રકારના માર્ગ કહેલ છે, તે આ પ્રમાણે—કોઈક માર્ગ ક્ષેમ (ઉપદ્રવ રહિત) અને ક્ષેમરૂપ-સુંદર આકારવાળો છે, કોઈક માર્ગ ક્ષેમ પણ અક્ષેમરૂપ-ખરાબ આકારવાળો છે, કોઈક માર્ગ અક્ષેમ પણ ક્ષેમરૂપ (સુંદરાકાર) છે તેમજ કોઈક માર્ગ અક્ષેમ અને અક્ષેમરૂપ છે (૬), એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ ક્ષેમ-ભાવથી સાધુના ગુણ યુક્ત અને ક્ષેમરૂપ-દ્રવ્યથી સાધુના વેષ યુક્ત છે, કોઈક સાધુના ગુણ યુક્ત છે પણ કારણવશાત્ સાધુના વેષ રહિત છે, કોઈક સાધુના ગુણથી રહિત પણ વેષ યુક્ત અને કોઈક ગુણ રહિત અને વેષ રહિત પણ છે (૭), ચાર પ્રકારના શંખ કહેલા છે, તે આ પ્રમાણે-કોઈએક શંખ વામ-પ્રતિકૂલ ગુણવાળો અને વામાવર્ત્ત-ઉત્તરદિશા સન્મુખ આવર્તવાળો છે, કોઈક પ્રતિકૂલ ગુણવાળો પણ દક્ષિણાવર્ત્ત છે, કોઈક અનુકૂલ ગુણવાળો પણ વામ આવર્ત્તવાળો છે અને કોઈક શંખ અનુકૂલ ગુણવાળો અને દક્ષિણાવર્ત્ત છે (૮), એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક વામ-પ્રતિકૂલ સ્વભાવવાળો અને વામાવર્ત્તપ્રતિકૂલ વર્તનવાળો છે, કોઈક પ્રતિકૂલ સ્વભાવવાળો છે પણ અનુકૂલ વર્તનવાળો છે, કોઈક અનુકૂલ સ્વભાવવાળો છે પણ પ્રતિકૂલ વર્તનવાળો છે તેમજ કોઈક અનુકૂલ સ્વભાવ અને અનુકૂલ વર્તનવાળો છે (૯), ચાર પ્રકારની ધૂમ્રશિખાઓ કહેલી છે, તે આ પ્રમાણે—કોઈ એક ધૂમાડાની શિખા વામા-ડાબે પડખે જનારી અને વામાવર્ત્તા-ડાબા આવર્ત્ત (ચક્કર) વાળી છે, કોઈક ધૂમ્રશિખા વામ ભાગમાં જનારી છે પણ દક્ષિણ-જમણા આવર્ત્તવાળી છે, કોઈક ધૂમ્રશિખા દક્ષિણ ભાગમાં જનારી છે પણ ડાબા આવર્ત્તવાળી છે તેમજ કોઈક ધૂમ્રશિખા દક્ષિણ ભાગમાં જનારી અને દક્ષિણ આવર્ત્તવાળી છે (૧૦), એ દૃષ્ટાંતે ચાર પ્રકારની સ્ત્રીઓ કહેલી છે, તે આ પ્રમાણે—કોઈક સ્ત્રી પ્રતિકૂલ સ્વભાવવાળી અને પ્રતિકૂલ વર્તનવાળી છે, કોઈક સ્ત્રી પ્રતિકૂલ સ્વભાવવાળી છે પણ અનુકૂલ વર્તનવાળી છે, કોઈક સ્ત્રી અનુકૂલ સ્વભાવવાળી છે પણ પ્રતિકૂલ વર્તનવાળી છે તેમજ કોઈક સ્ત્રી અનુકૂલ સ્વભાવ અને અનુકૂલ વર્તનવાળી છે (૧૧), ચાર પ્રકારની અગ્નિશિખાઓ કહેલી છે, તે આ પ્રમાણે—કોઈએક અગ્નિશિખા વામ ભાગમાં જનારી અને વામ આવર્ત્તવાળી છે, કોઈક અગ્નિશિખા વામભાગમાં જનારી અને દક્ષિણ આવર્ત્તવાળી છે. એવી રીતે ધૂમ્રશિખાની માફક ચતુર્ભંગી સમજવી (૧૨), આ દૃષ્ટાંતે ચાર પ્રકારની સ્ત્રીઓ કહેલી છે, તે આ પ્રમાણે—પ્રતિકૂલ સ્વભાવવાળી અને પ્રતિકૂલ વર્તનવાળી, એમ ચાર ભાંગા અગિયારમા સૂત્ર પ્રમાણે સમજવા (૧૩), ચાર પ્રકારે વાતમંડલિકા કહેલી છે, તે આ પ્રમાણે—કોઈક વાયુની મંડલિકા (ઘૂમરી વડે વાયુ ઊંચો ચડવો તે) વામભાગમાં છે અને વામ આવર્ત્તવાળી છે, એમ પૂર્વની માફક ચોભંગી જાણવી (૧૪), આ દૃષ્ટાંતે ચાર પ્રકારની સ્ત્રીઓ કહેલી છે, તે આ પ્રમાણે-કોઈક સ્ત્રી પ્રતિકૂલ સ્વભાવ અને પ્રતિકૂલ વર્તનવાળી છે. એવી રીતે પૂર્વની માફક ચતુર્ભંગી જાણવી (૧૫), ચાર પ્રકારના વનખંડો કહેલા છે તે આ પ્રમાણે--કોઈક વનખંડ વામ (ડાબા) ભાગમાં છે અને વામ આવર્ત્તવાળો-વાયુથી ઉપર દિશા સન્મુખ વળે છે. એવી રીતે પૂર્વની માફક ચતુર્ભંગી સમજવી (૧૬), આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ પ્રતિકૂલ સ્વભાવવાળો અને પ્રતિકૂલ વર્તનવાળો છે, કોઈક પ્રતિકૂલ સ્વભાવવાળો છે પણ અનુકૂલ વર્તનવાળો છે, કોઈક અનુકૂલ વર્તનવાળો છે પણ પ્રતિકૂલ સ્વભાવવાળો છે તેમજ કોઈક પુરુષ અનુકૂલ સ્વભાવ અને અનુકૂલ વર્તનવાળો છે (૧૭). ॥૨૮૯॥*

(ટી૦) આ સૂત્રો સ્પષ્ટ છે, માત્ર 'નિષેધ થાઓ' એમ જે કહે છે તે 'અલમસ્તુ' કહેવાય છે અર્થાત્ નિષેધક, તે દુષ્ટ કાર્યોમાં

પ્રવર્તમાન આત્માનો-પોતાનો નિષેધ કરનાર, અથવા 'अलमंथु'त्ति० સિદ્ધાંતની ભાષા વડે 'સમર્થ' કહેવાય છે. તેથી કોઈએક પોતાનો નિગ્રહ કરવામાં સમર્થ ૧, એક માર્ગ શરૂઆતમાં પણ સરલ અને અંતમાં પણ સરળ છે અથવા સરળ જણાય છે અને તત્ત્વથી પણ સરળ છે ૨, પુરુષ તો પૂર્વ અને ઉત્તરકાલની અપેક્ષાએ સરળ છે અથવા અંતઃકરણની અને બાહ્ય સ્વરૂપની અપેક્ષાએ સરળ છે. ક્યાંક તો 'उज्जूनामं एगे उज्जूमणे' त्ति० પાઠ છે પણ બાહ્ય સ્વરૂપ અને અંતર સ્વરૂપની અપેક્ષાએ વ્યાખ્યા કરવા યોગ્ય છે ૩, કોઈએક માર્ગ શરૂઆતમાં નિરુપદ્રવ હોવા વડે ક્ષેમ છે, વળી છેવટમાં પણ ક્ષેમ છે અથવા પ્રસિદ્ધિ-જાહેર અને તત્ત્વથી ક્ષેમ છે. ૪. એમ પુરુષ પણ ક્રોધ વગેરેના ઉપદ્રવથી રહિત હોવાથી ક્ષેમ છે ૫, ભાવથી ઉપદ્રવના અભાવ વડે ક્ષેમ અને આકાર-દેખાવ વડે સુંદર માર્ગ ૬, પ્રથમ પુરુષ તો ભાવલિંગ-સાધુના ગુણયુક્ત અને દ્રવ્યલિંગ-સાધુના વેષયુક્ત, બીજો કારણથી દ્રવ્યલિંગ રહિત ગુણ યુક્ત સાધુ જ, ત્રીજો નિહ્નવ, ચોથો અન્યતીર્થિક અથવા ગૃહસ્થ ૭, શંબુકો-શંખો વામ પડખે વ્યવસ્થિત (રહેલ) હોવાથી અથવા પ્રતિકૂલ ગુણવાળો હોવાથી વામ, વામાવર્ત્ત પ્રસિદ્ધ છે. એમ દક્ષિણાવર્ત્ત પણ જાણવો. દક્ષિણ-દક્ષિણ ભાગમાં સ્થાપન કરવાથી અથવા અનુકૂલ ગુણવાળો હોવાથી ૮, પુરુષ તો પ્રતિકૂલ સ્વભાવ વડે વામ, વામ જ જે વર્તે છે તે વામાવર્ત્ત. કેમ કે વિપરીત પ્રવૃત્તિ કરવાથી એક, બીજો સ્વભાવથી વિપરીત અને કારણવશાત્ દક્ષિણાવર્ત્ત-અનુકૂલ પ્રવૃત્તિ કરનાર, ત્રીજો તો અનુકૂલ સ્વભાવ વડે દક્ષિણ પરંતુ કારણવશાત્ વામાવર્ત્ત-પ્રતિકૂલ પ્રવૃત્તિ કરનાર, એમ ચોથો સ્વભાવથી અને પ્રવૃત્તિથી પણ અનુકૂલ જાણવો ૯, ધૂમશિખા વામભાગમાં રહેવા વડે અથવા પ્રતિકૂલ સ્વભાવ વડે વામા, અને વામ-ડાબા ભાગથી ધૂમરી ફરે છે તે વામાવર્તા ૧૦, સ્ત્રીની વ્યાખ્યા પુરુષની માફક કરવી, અહિં શંખનું દૃષ્ટાંત હોવા છતાં પણ ધૂમશિખા વગેરે દૃષ્ટાંતોનું સ્ત્રીરૂપ દાર્ષ્ટાંતિકોને વિષે શબ્દના સમાનપણાથી વિશેષ યુક્ત હોવાથી ભેદ વડે સ્વીકારેલ છે ૧૧, એમ અગ્નિશિખાની વ્યાખ્યા પણ જાણવી ૧૨-૧૩, વાતમંડલિકા-ધૂમરી વડે ઊંચો જતો વાયુ, અહિં સ્ત્રીઓ, મલિનતા, ઉપતાપ અને ચપલતાના સ્વભાવવાળી હોય છે. આ અભિપ્રાય વડે સ્ત્રીઓના વિષયમાં ધૂમશિખા વગેરે ત્રણ દૃષ્ટાંતો ઉપન્યાસ કરેલ છે. કહ્યું છે કે—

**चवला मइलणसीणा, सिणेहपरिपूरिया वि तावेइ । दीवयसिह व्व महिला, लद्धप्पसरा भयं देइ ॥१०९॥**

દીપકની શિખાની જેમ સ્ત્રી ભયને આપે છે, તે સ્ત્રી ચપળ સ્વભાવવાળી, મલિનતાને કરનારી, સ્નેહથી પૂરાયેલી-પ્રેમભાવ કરાયલી છતાં પણ સંતાપન કરે છે તેમજ અવસર મળવાથી સ્વચ્છંદચારિણી હોય છે. ૧૪-૧૫ (૧૦૯)

વનખંડ તો શિખાની માફક જાણવું, વિશેષ એ કે-વામ વલણ વડે ઉત્પન્ન થવાથી અથવા વાયુ વડે વામ કંપમાન થવાથી વામાવર્ત્ત ૧૬. પુરુષના વિષયમાં પૂર્વની માફક જાણવું ૧૭. ॥૨૮૯॥

હમણાં જ અનુકૂલ સ્વભાવ અને અનુકૂલ પ્રવૃત્તિવાળો પુરુષ કહ્યો, એવા પ્રકારનો નિર્ગ્રંથ, સામાન્યથી (કારણ ઉત્પન્ન થવાથી) અનુચિત્ત પ્રવૃત્તિમાં પણ પોતાના આચારને ઉલ્લંઘતો નથી એમ દર્શાવતાં થકા સૂત્રકાર કહે છે કે—

**चउहिं ठाणेहिं णिग्गंथे णिग्गंथिं आलवमाणे वा संलवमाणे वा णातिक्कमति, तंजहा—पंथं पुच्छमाणे वा १ पंथं देसमाणे वा २ असणं वा पाणं वा खाइमं वा साइमं वा दलयमाणे वा ३ दवावेमाणे वा ४ ॥ सू० २९०॥**

**तमुक्कायस्स णं चत्तारि नामधेज्जा पन्नत्ता, तंजहा—तमे ति वा तमुक्काते ति वा, अंधगारे ति वा, महंधगारे ति वा। तमुक्कायस्स णं चत्तारि णामधेज्जा पन्नत्ता, तंजहा—लोगंधगारे ति वा, लोगतमसे ति वा, देवंधगारे ति वा, देवतमसे ति वा । तमुक्कायस्स णं चत्तारि नामधेज्जा पन्नत्ता, तंजहा—[1]वातफलिहे ति वा, वातफलिहखोभे ति वा, देवारन्नेति वा, देववूहेति वा । तमुक्काते णं चत्तारि कप्पे आवरित्ता चिट्ठति, तंजहा—सोधम्मसाणं, सणंकुमार, माहिंदं ॥ सू० २९१॥**

*(મૂ૦) ચાર કારણ વડે એકલો સાધુ, એકલી સાધ્વી સાથે આલાપ-એક વખત બોલતો થકો અથવા સંલાપ-વારંવાર બોલતો*

1. देवफलिहे ति

*થકો આચારનું ઉલ્લંઘન કરતો નથી, તે આ પ્રમાણે—ગૃહસ્થના અભાવે સાધ્વીને માર્ગ સંબંધે પૂછતો થકો અર્થાત્ એમ પૂછે છે કે–હે ધર્મશીલે! ક્યો માર્ગ છે? ૧, સાધ્વીને માર્ગ (રસ્તો) બતાવતો થકો ૨, અશન, પાન, ખાદિમ તથા સ્વાદિમ ચાર પ્રકારના આહાર. સાધ્વીને આપતો થકો એમ કહે–હે ધર્મશીલે! આ આહાર ગ્રહણ કર ૩, તેમજ હે આર્યે! હું તમને આહારાદિ અપાવીશ, તું અહિં આવજે એમ કહેતો થકો ૪. ॥૨૯૦॥*

*તમસ્કાયના ચાર નામ કહેલા છે, તે આ પ્રમાણે—૧. તમ, ૨. તમસ્કાય, ૩. અંધકાર અને ૪. મહાંધકાર. તમસ્કાયના ચાર નામ કહેલા છે, તે આ પ્રમાણે—૧. લોકાંધકાર, ૨. લોકતમસ્, ૩. દેવાંધકાર અને ૪. દેવતમસ્. તમસ્કાયના ચાર નામ કહેલા છે, તે આ પ્રમાણે—૧. વાયુને રોકનાર ભુંગલ સમાન તે વાતપરિઘ, ૨. વાયુને ભુંગલની માફક ક્ષોભ પમાડે છે તે વાતપરિઘક્ષોભ, ૩. દેવોને નાશવાનું સ્થાન તે દેવારણ્ય અને ૪. સૈન્યના વ્યૂહની જેમ દુઃખપૂર્વક જેનો પ્રવેશમાર્ગ જાણી શકાય તે દેવવ્યૂહ. તમસ્કાય, ચાર દેવલોકને ચોતરફ ઘેરી રહેલો છે, તે આ પ્રમાણે—સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેંદ્ર. ॥૨૯૧॥*

(ટી૦) 'चउही' त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે–આલાપન–થોડું અથવા પહેલી વખત બોલતો થકો, સંલપન–પરસ્પર વારંવાર બોલતો થકો, નિર્ગ્રંથના આચારને ઉલ્લંઘન કરતો નથી. **''एगो एगित्थिए सद्धिं, नेव चिट्ठे न संलवे''** એકલો સાધુ એકલી સ્ત્રીની સાથે ઊભો રહે નહિં તેમ બોલે પણ નહિં. વિશેષથી સાધ્વીની સાથે આ પ્રમાણે નિષેધ છે પરંતુ માર્ગ સંબંધી પ્રશ્ન વગેરેમાં પુષ્ટ આલંબનપણું હોવાથી આચારનું ઉલ્લંઘન થતું નથી. **તેમાં પૂછવાયોગ્ય સાધર્મિક (સાધુ) અને ગૃહસ્થ પુરુષના અભાવમાં** 'હે આર્યે! અહિંથી અમોને જવાનો કયો માર્ગ છે?' ઇત્યાદિ ક્રમ વડે માર્ગને પૂછતો થકો, અથવા 'હે ધર્મશીલે! તમારે જવાનો આ માર્ગ છે' ઇત્યાદિ ક્રમ વડે સાધ્વીને માર્ગ દેખાડતો, અથવા 'હે ધર્મશીલે! તું આ અશનાદિને ગ્રહણ કર' એમ કહીને આહારાદિ આપતો થકો તથા 'હે આર્યે! તું અહિંયા ઘર વગેરેમાં આવ, તારા માટે આહારાદિ અપાવું' એમ કહીને આહારાદિ અપાવતો આચારનું ઉલ્લંઘન કરતો નથી.[1] ॥૨૯૦॥

તથા તમસ્કાયને 'तमः' ઇત્યાદિ શબ્દ વડે વ્યવહાર કરતો થકો સાધુ, યથાર્થપણાને લઈને ભાષાના આચારનું ઉલ્લંઘન કરતો નથી માટે તમસ્કાયના નામોને કહે છે—'तमुक्काये' त्यादि० ત્રણ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—तमसः—અપ્કાયના પરિણામરૂપ અંધકારનો કાય–સમૂહ તે તમસ્કાય, જે અસંખ્યાતતમ અરુણવર નામના દ્વીપની બહારની વેદિકાના અંતથી અરુણોદ નામના સમુદ્રમાં બેંતાલીસ હજાર યોજન પર્યંત અવગાહીને (જઈને) પાણીના ઉપરના ભાગથી એક પ્રદેશવાળી શ્રેણી વડે તમસ્કાય નીકળીને, સત્તરસો એકવીશ યોજન સુધી ઊંચો જઈને, ત્યાંથી તિર્ચ્છો–વિશેષ વિસ્તાર પામતો થકો, સૌધર્માદિ ચાર દેવલોકને ઘેરીને ઊંચે પણ બ્રહ્મલોક કલ્પના રિષ્ટ નામના વિમાન–પ્રતર સુધી પહોંચેલ છે. તેના નામો એ જ નામધેયો છે. 'तम' इति० તમોરૂપ હોવાથી અથવા રૂપને બતાવવામાં તમઃ કહેલ છે. માત્ર તમસ્વરૂપને કહેનારા પહેલા ચાર નામો વિકલ્પમાં છે અર્થાત્ 'तम' ના પર્યાયવાચક છે. વળી બીજા જ ચાર નામો અત્યંત તમસ્વરૂપને બતાવનારા છે. લોકમાં એ જ અંધકાર છે, એવો બીજો નથી માટે 'લોકાંધકાર' કહેલ છે. દેવોને પણ એ જ અંધકાર છે કેમ કે દેવોના શરીરની પ્રભાનો પણ ત્યાં પ્રકાશ પડતો નથી માટે દેવાંધકાર કહેલ છે. **આ કારણથી જ બલવાન દેવોના ભયથી દેવો તમસ્કાયમાં નાશી જાય છે-સંતાઈ જાય છે એમ સંભળાય છે.** વળી અન્ય ચાર નામો કાર્યને આશ્રયીને કહેલા છે. વાયુને ચોમેર હણવાથી પરિઘ–અર્ગલા, વાયુનો પરિઘની માફક પરિઘ તે વાતપરિઘ, તથા વાયુને પરિઘની માફક ક્ષોભ કરે છે–માર્ગને રોકે છે તે વાતપરિઘક્ષોભ, અથવા વાયુસ્વરૂપ જ પરિઘને જે રોકે છે તે વાતપરિઘક્ષોભ. પાઠાંતર વડે વાતપરિક્ષોભ છે. ક્યાંક દેવપરિઘ અને દેવપરિક્ષોભ આ નામો પ્રથમના બે પદના સ્થાનમાં કહેવાય છે. દેવોને અરણ્યની માફક બલવાન દેવોના ભયથી નાશવાનું સ્થાન હોવાથી

1. આ બાબત જ્યાં આહાર–પાણી દુર્લભ હોય એ ક્ષેત્ર, કાલ આશ્રયી સમજવી. (સંપાદક)

જે તમસ્કાય તે દેવારણ્ય છે. સાગર વગેરે સંગ્રામના વ્યૂહ (રચના) ની જેમ દુઃખપૂર્વક ગમન કરવા યોગ્ય હોવાથી જે દેવોનો વ્યૂહ તે દેવવ્યૂહ. તમસ્કાયના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે 'तमुक्काये ण' मित्यादि॰ સૂત્ર કહેવાયેલ અર્થવાળું છે, પરંતુ સૌધર્માદિ દેવલોકને આ તમસ્કાય આવરીને રહેલ છે અને તે કૂકડાના પાંજરાના આકારે રહેલ છે. તેના પ્રતિપાદન માટે કહ્યું છે કે—"तमुक्काए णं भंते! किं संठिए पन्नत्ते? गोयमा! अहे मल्लगमूलसंठिए उप्पिं कुक्कुडपंजरसंठिए पन्नत्ते ।" [भगवती ६।५।३ त्ति] હે ભગવન્! તમસ્કાય કેવા આકારે રહેલ છે? ઉત્તર–હે ગૌતમ! નીચે મલ્લકમૂલ–સરાવલાના મૂલના આકારે અને ઉપર કૂકડાના પાંજરાના આકારે રહેલ છે. ॥૨૯૧॥

હમણાં વચનના પર્યાય વડે તમસ્કાય કહ્યો, હવે અર્થપર્યાય વડે પુરુષ પ્રત્યે નિરૂપણ કરનાર પાંચ સૂત્રો સૂત્રકાર વડે કહેવાય છે—

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—संपागडपडिसेवी णाममेगे, पच्छन्नपडिसेवी णाममेगे, पडुप्पन्ननंदी नाममेगे, णिस्सरणणंदी णाममेगे ४ (१)। चत्तारि सेणाओ पन्नत्ताओ तं जहा—जतित्ता णाममेगे णो पराजिणित्ता, पराजिणित्ता णाममेगे णो जतित्ता, एगा जतित्ता वि पराजिणित्ता वि, एगा नो जतित्ता नो पराजिणित्ता ४ (२)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जतित्ता नाममेगे नो पराजिणित्ता ह्व [=४] (३)। चत्तारि सेणाओ पन्नत्ताओ, तंजहा—जतित्ता णाममेगा जयति, जतित्ता णाममेगा पराजिणति, पराजिणित्ता णाममेगा जयति, पराजिणित्ता नाममेगा पराजिणति ४ (४), एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जतित्ता नाममेगे जयति ह्व [=४] (५) ॥ सू० २९२॥**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક ગચ્છમાં રહેલ સાધુ, અગીતાર્થ સમક્ષ દોષને સેવે છે તે સંપ્રગટપ્રતિસેવી, કોઈએક પ્રચ્છન્ન દોષને સેવે છે, કોઈએક વસ્ત્ર અને શિષ્યાદિના લાભ વડે જે આનંદને પામે છે તે પ્રત્યુત્પન્નનંદી, કોઈએક ગચ્છમાંથી પોતે કે શિષ્યાદિના નીકળવા વડે જે આનંદિત થાય છે નિઃસરણનંદી (૧), ચાર પ્રકારની સેના કહેલી છે, તે આ પ્રમાણે—એક સેના શત્રુને જીતનારી છે પણ પરાજય પામે નહિ, એક સેના શત્રુથી પરાજય પામનારી છે પણ જીતનારી નથી, એક સેના જીતનારી પણ છે અને પરાજય પામનારી પણ છે તેમજ એક સેના જીતનારી પણ નથી અને પરાજય પામનારી પણ નથી (૨), આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક સાધુ પરીષહની સેનાને જીતનાર છે પરંતુ તેથી શ્રીમહાવીરસ્વામીની જેમ પરાજય પામનાર નથી, એક સાધુ પરીષહથી પરાભવ પામનાર છે પણ કંડીરીકવત્ જીતનાર નથી, એક સાધુ જીતનાર પણ અને શૈલક રાજર્ષિવત્ પરાજય પામનાર પણ છે તેમજ એક સાધુ જીતનાર પણ નથી અને પરાજય પણ પામનાર નથી–જેને પરીષહ ઉત્પન્ન થયેલ નથી તે (૩), ચાર પ્રકારની સેના કહેલી છે, તે આ પ્રમાણે—એક સેના એક વખત શત્રુને જીતીને ફરીથી પણ જીતે છે, એક સેના પ્રથમ જીતીને ફરીથી પરાજય પામે છે, એક સેના પ્રથમ પરાજય પામીને પછી જીતે છે તેમજ એક સેના પ્રથમ પણ પરાજય પામે છે અને પછી પણ પરાજય પામે છે (૪). આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈએક સાધુ પ્રથમ પરીષહને જીતીને પછી પણ પરીષહને જીતે છે, કોઈક પ્રથમ જીતીને પછી હારે છે, કોઈક પ્રથમ હારીને પછી જીતે છે તેમજ કોઈક પ્રથમ પણ હારે છે અને પછી પણ હારે છે (૫). ॥૨૯૨॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે–કોઈએક–ગચ્છમાં રહેલ સાધુ, સંપ્રકટ અગીતાર્થની આગળ મૂલગુણો અને ઉત્તરગુણોમાં દોષને સેવે છે, અભિમાનથી અથવા કલ્પ વડે તે સંપ્રકટપ્રતિસેવી, એમ બીજો પ્રચ્છન્ન–છાની રીતે દોષને સેવે છે તે પ્રચ્છન્નપ્રતિસેવી, ત્રીજો તો વસ્ત્ર અને શિષ્યાદિની પ્રાપ્તિ વડે અથવા શિષ્ય કે આચાર્યાદિ સ્વરૂપ વડે થયો થકો જે વૃદ્ધિ પામે

છે તે પ્રત્યુત્પન્નનંદી અથવા नंदनं नंदिः—આનંદ, લાભ વડે આનંદ છે જેને તે પ્રત્યુત્પન્નનંદી, તથા પ્રાઘૂર્ણક (પ્રાહુણા) સાધુનો, શિષ્ય વગેરેનો અથવા પોતે, ગચ્છ વગેરેમાંથી નીકળવા વડે જે આનંદ પામે છે અથવા આનંદ છે જેને તે નિઃસરણનંદી. પાઠાંતર વડે તો પ્રત્યુત્પન્ન-જેમ પ્રાપ્ત થયું તેમ સેવે છે, પરંતુ અનુચિતને પૃથક્-જુદો કરતો નથી તે પ્રત્યુપન્નસેવી છે (૧), 'जइत्त'त्ति० એક સેના શત્રુના બલને જીતે છે જેત્રી પરંતુ ન પરાજેત્રી-શત્રુના બલથી હારતી નથી, બીજી સેના પરાજેત્રી અર્થાત્ બીજાથી હાર પામનારી છે આથી જ જીતનારી નથી, ત્રીજી સેના કારણવશાત્ ઉભય સ્વભાવવાળી છે, ચોથી સેના તો જીતવાની ઇચ્છાવાળી ન હોવાથી જીતનારી પણ નથી તેમ હારનારી પણ નથી (૨), પુરુષ-સાધુ, પરીષહોને જીતનાર તે જેતા, પરંતુ તેથી (મહાવીર પરમાત્મા પરાજય ન પામ્યા તેમ) પરાજય પામનાર નહિં, આ એક. બીજો કંડરીકવત્, ત્રીજો કદાચિત્ જીતનાર અને કદાચિત્ કર્મવશાત્ હારનાર શૈલક રાજર્ષિવત્ તેમજ ચોથો તો નહિં ઉત્પન્ન થયેલ પરીષહવાળો (૩), એક વખત શત્રુના બળને જીતીને પુનઃ ફરીથી જીતે છે. એક પ્રથમ જીતે છે પછી પરાભવને પામે છે. એક પ્રથમ પરાભવ પામે છે અને પછી પાછી તે સેના જીતે છે. અને ચોથા પ્રકારની સેના તો પ્રથમ પણ પરાજય પામે છે અને પાછી બીજીવાર પણ પરાભવ પામે છે. આ પ્રમાણે પુરુષોને પણ પરીષહ આદિમાં વિચારવું.

અહિં તત્ત્વથી કષાયોને જ જીતવાના હોવાથી હવે કષાયોનું સ્વરૂપ દર્શાવવા સૂત્રકાર કહે છે—

**चत्तारि केतणा पन्नत्ता, तंजहा—वंसीमूलकेतणते, मेंढविसाणकेतणते, गोमुत्तिकेतणते, अवलेहणितकेतणते। एवामेव चउविधा माया पन्नत्ता, तंजहा—वंसीमूलकेतणासमाणा, जाव अवलेहणितासमाणा। वंसीमूलकेतणासमाणं मायं अणुपविट्ठे जीवे कालं करेति णेरइएसु उववज्जति, मेंढविसाणकेतणासमाणं मायमणुप्पविट्ठे जीवे कालं करेति तिरिक्खजोणितेसु उववज्जति, गोमुत्ति० जाव कालं करेति मणुस्सेसु उववज्जति, अवलेहणिता जाव देवेसु उववज्जति ।**

**चत्तारि थंभा पन्नत्ता, तंजहा—सेलथंभे, अट्ठिथंभे, दारुथंभे, तिणिसलताथंभे। एवामेव चउव्विधे माणे पन्नत्ते, तंजहा—सेलथंभसमाणे जाव तिणिसलताथंभसमाणे। सेलथंभसमाणं माणं अणुपविट्ठे जीवे कालं करेति नेरतिएसु उववज्जति, एवं जाव तिणिसलताथंभसमाणं माणं अणुपविट्ठे जीवे कालं करेति देवेसु उववज्जति। चत्तारि वत्था पन्नत्ता, तंजहा—किमिरागरत्ते, कद्दमरागरत्ते, खंजणरागरत्ते, हलिद्दरागरत्ते। एवामेव चउव्विधे लोभे पन्नत्ते, तंजहा—किमिरागरत्तवत्थसमाणे, कद्दमरागरत्तवत्थसमाणे, खंजणरागरत्त-वत्थसमाणे, हलिद्दरागरत्तवत्थसमाणे। किमिरागरत्तवत्थसमाणं लोभमणुपविट्ठे जीवे कालं करेइ नेरइएसु उववज्जति, तहेव जाव हलिद्दरागरत्तवत्थसमाणं लोभमणुपविट्ठे जीवे कालं करेइ देवेसु उववज्जति।। सू० २९३।।**

*(મૂ૦) ચાર પ્રકારના કેતન-વસ્તુનું વક્રત્વ કહેલ છે, તે આ પ્રમાણે—વાંસના મૂલનું વક્રત્વ, ઘેટાના શીંગડાનું વક્રત્વ, ગાયના મૂત્રનું વક્રત્વ અને અવલેખનિકા અર્થાત્ વાંસની ઝીણી છાલનું વક્રત્વ (વાંકપણું). એ દૃષ્ટાંતે ચાર પ્રકારની માયા કહેલી છે, તે આ પ્રમાણે—વાંસના મૂલ સમાન અત્યંત વક્ર (ગૂઢ) માયા તે અનંતાનુબંધી, ઘેટાના શીંગડા સમાન વક્ર માયા તે અપ્રત્યાખ્યાની, ગોમૂત્રના સમાન વક્ર માયા તે પ્રત્યાખ્યાનાવરણી અને વાંસની ઝીણી છાલ સમાન વક્ર માયા તે સંજ્વલની. વાંસના મૂલ સમાન વક્ર માયામાં પ્રવિષ્ટ (પ્રવેશ કરેલ) જીવ કાલ કરે છે તો નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે. ઘેટાના શીંગડા સમાન વક્ર માયામાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો તિર્યંચયોનિક જીવોમાં ઉત્પન્ન થાય છે. ગોમૂત્ર સમાન વક્ર માયામાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. વાંસની ઝીણી છાલ સમાન વક્ર માયામાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો દેવોમાં ઉત્પન્ન થાય છે. ચાર પ્રકારના સ્થંભ કહેલા છે, તે આ પ્રમાણે—શૈલ-પત્થરનો સ્થંભ (થાંભલો), અસ્થિ-હાડકાનો થાંભલો, દારુ-લાકડાનો થાંભલો અને તિનિશલતા-નેતરનો થાંભલો.*

*એ દૃષ્ટાંતે ચાર પ્રકારનો માન કહેલ છે, તે આ પ્રમાણે—શૈલસ્થંભ સમાન માન-અત્યંત અક્કડ સ્વભાવવાળો, અસ્થિસ્થંભ સમાન માન દુઃખે નમાવી શકાય એવો, કાષ્ઠસ્થંભ સમાન માન થોડા પ્રયાસે નમાવી શકાય એવો અને નેતરના સ્થંભ (છડી) સમાન માન સહજ નમાવી શકાય એવો અનુક્રમે અનંતાનુબંધી વગેરે જાણી લેવો. શૈલસ્થંભ સમાન માનમાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો નૈરયિકોમાં ઉપજે છે, એવી રીતે યાવત્ નેતરના સ્થંભ સમાન માનમાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો દેવોમાં ઉપજે છે. ચાર પ્રકારના વસ્ત્રો કહેલા છે, તે આ પ્રમાણે-મનુષ્યના લોહીમાં કૃમિ ઉપજે છે તેના રસથી મિશ્રિત રંગ વડે જે વસ્ત્ર રંગાય છે તે કૃમિરાગરક્ત, કાદવથી ખરડાયેલ વસ્ત્ર તે કર્દમરાગરક્ત, દીપક વગેરેના મેલથી ખરડાયેલ વસ્ત્ર તે ખંજનરાગરક્ત અને હલદરના રંગથી રંગિત વસ્ત્ર તે હરિદ્રારાગરક્ત. એ દૃષ્ટાંતે ચાર પ્રકારનો લોભ કહેલ છે, તે આ પ્રમાણે—કૃમિરાગરક્ત વસ્ત્ર સમાન તે અનંતાનુબંધી, કર્દમરાગરક્ત વસ્ત્ર સમાન તે અપ્રત્યાખ્યાનાવરણી, ખંજનરાગરક્ત વસ્ત્ર સમાન તે પ્રત્યાખ્યાનાવરણી અને હરિદ્રારાગરક્ત વસ્ત્ર સમાન તે સંજ્વલની લોભ. કૃમિરાગરક્ત વસ્ત્ર સમાન લોભમાં પ્રવિષ્ટ જીવકાલે કરે તો નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે યાવત્ હરિદ્રારાગરક્ત વસ્ત્ર સમાન લોભમાં પ્રવિષ્ટ જીવ કાલ કરે છે તો દેવોમાં ઉત્પન્ન થાય છે. ।।સૂ૦ ૨૯૩।।*

(ટી૦) **'चत्तारी'त्यादि॰** પ્રગટ છે, વિશેષ એ કે-કેતન-સામાન્યથી વક્ર. વસ્તુ અથવા પુષ્પના કરંડીઆ સંબંધી મૂઠમાં ગ્રહણ કરવાનું સ્થાન વાંસ વગેરેના ખંડવાળું તે પણ વક્ર હોય છે, પરંતુ અહિં સામાન્યથી વસ્તુનું વક્રત્વ (વાંકાપણું) 'કેતન' શબ્દ વડે ગ્રહણ કરાય છે. તેમાં વાંસના મૂલરૂપ જે કેતન તે વંશીમૂલકેતન, એવી રીતે સર્વત્ર સમજવું. વિશેષ એ કે-મેંઢવિષાણ-ઘેટાનું શીંગડું, ગોમૂત્રિકા તો પ્રસિદ્ધ છે. **'अवलेहणिय'त्ति॰** છોલાયેલી વાંસની સળી વગેરેની જે પાતળી છાલ તે અવલેખનિકા. વંશીમૂલ વગેરેના વક્રની સમાન માયાનું વક્રપણું તો માયાવાળાના અસરલ-વક્રપણાના ભેદથી છે, તે આ પ્રમાણે-જેમ વાંસનું મૂલ અત્યંત ગુપ્ત વક્ર છે એવી રીતે કોઈક જીવની માયા પણ અત્યંત ગુપ્ત વક્ર છે. એવી રીતે અલ્પ, અલ્પતર (તેથી થોડી) અને અલ્પતમ (તેથી પણ થોડી) અસરલતા વડે અન્ય માયા પણ વિચારવી. આ ચારે માયા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલનીરૂપે અનુક્રમે જાણવી. અન્ય આચાર્યો કહે છે કે પ્રત્યેક અનંતાનુબંધી વગેરે માયામાં અત્યંત, અલ્પ, અલ્પતર અને અલ્પતમ એમ ચાર ભેદો હોય છે. તે કારણથી જ અનંતાનુબંધી માયાનો ઉદય છતે પણ દેવપણું વગેરે વિરુદ્ધ થતું નથી અર્થાત્ દેવાદિમાં ઉત્પન્ન થાય છે. એવી રીતે માન વગરે પણ[1] જાણવા. વાચનાંતરમાં તો પ્રથમ ક્રોધ અને માનના સૂત્રો છે. ત્યાર બાદ માયાના સૂત્રો છે, તેમાં ક્રોધ સૂત્રો **"चत्तारि राइओ पन्नत्ताओ तं जहा—पव्वयराई पुढविराई रेणुराई जलराई, एवामेव चउव्विहे कोहे'** इत्यादि॰ ચાર પ્રકારની રાઇ-ફાટ કહેલી છે, તે આ પ્રમાણે-પર્વતની ફાટ, પૃથ્વીની ફાટ, રેણુ (વાલુકા)ની ફાટ અને જલની રેખા. એ દૃષ્ટાંતે ચાર પ્રકારનો ક્રોધ છે ઇત્યાદિ માયાસૂત્રોની જેમ કહેલ છે. ફલસૂત્રોમાં તો અનુપ્રવિષ્ટ-માયાના ઉદયમાં વર્તનાર. શિલાના વિકારરૂપ શૈલ, તે જ સ્થંભ અર્થાત્ શૈલથંભ. એવી રીતે બીજા સ્તંભો પણ જાણવા. વિશેષ એ કે-એક અસ્થિ (હાડ) અને દારુ (લાકડું) પ્રસિદ્ધ છે. તિનિશ એટલે વૃક્ષવિશેષની લતા (કંબા) તે તિનિશલતા અર્થાત્ નેતરની છડી, તે અત્યંત કોમલ હોય છે. માનની પણ શૈલસ્તંભ વગેરેની સમાનતા છે કેમ કે માનવાલાને નમનના અભાવવિશેષથી સમાનતા જાણવી. માન પણ અનંતાનુબંધી વગેરે ક્રમથી જાણવું. તેનું ફલસૂત્ર સ્પષ્ટ છે. કૃમિ-રંગમાં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે—મનુષ્યાદિનાં રુધિરને લઈને કોઈપણ યોગ (વસ્તુ) વડે સંયુક્ત કરીને ભાજનમાં રાખે છે, ત્યાર બાદ તેમાં કૃમિઓ ઉત્પન્ન થાય છે, તે કીડાઓ વાયુની ઇચ્છાવાળા થયા થકા છિદ્રોદ્વારા નીકળીને સમીપમાં ભ્રમણ કરતા થકા મુખથી લાળ મૂકે છે તે કૃમિસૂત્ર. કહેવાય છે, તે પોતાના સ્વાભાવિક રંગ વડે રંગિત જ હોય છે. બીજાઓ કહે છે કે-રુધિરમાં જે કૃમિઓ ઉત્પન્ન થાય છે તેઓને રુધિરમાં જ મસળીને, કચરાના ભાગને દૂર કરીને, તેના રસમાં કંઈક વસ્તુને

1. અનંતાનુબંધી ક્રોધ વગેરે પ્રત્યેકના ચાર ચાર ભેદ કરવાથી સોળ કષાયના ચોસઠ ભેદ થાય છે.

નાખીને પટ્ટ (રેશમી) સૂત્રને રંગે છે તે નહિં ઉતારેલ રસ કૃમિરાગ કહેવાય છે. તેમાં કૃમિઓનો રાગ-રંગનાર રસ તે કૃમિરાગ અને તેના વડે રંગાયેલું તે કૃમિરાગરક્ત. એવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે-કર્દમ એટલે ગાયના રસ્તા વગેરેનો કાદવ, ખંજન-દીવા વગેરેનો મેલ અને હલદર તો પ્રસિદ્ધ છે. લોભની કૃમિરાગ વગેરેથી રંગાયેલ વસ્ત્રની સાથે સમાનતા છે કેમ કે અનંતાનુબંધી વગેરે લોભના ભેદવાળા જીવોનું ક્રમ વડે દૃઢ, હીન, હીનતર અને હીનતમ અનુબંધપણું હોય છે, તે આ પ્રમાણે--કૃમિરાગ વડે રંગાયેલ વસ્ત્ર બાળવા છતાં પણ રંગના અનુબંધને છોડે નહિં કેમ કે તેની ભસ્મ રક્ત હોય છે. એમ જે મરવા છતાં પણ લોભના અનુબંધને મૂકતો નથી તેનો લોભ કૃમિરાગ વડે રંગાયેલ વસ્ત્ર સમાન અનંતાનુબંધી કહેવાય છે. એમ સર્વત્ર ભાવના કરવી. ફલસૂત્ર સ્પષ્ટ છે. અહિં કષાયની પ્રરૂપણાની ગાથાઓ દર્શાવે છે—

**जल-रेणु-पुढवि-पव्वयराईसरिसो चउव्विहो कोहो । तिणिसलया-कट्ठट्ठिय-सेलत्थंभोवमो माणो ॥११०॥**

**[विशेषावश्यक २९९० त्ति]**

જલની રેખા સમાન, રેતીની રેખા સમાન, પૃથ્વીની (ફાટ) સમાન અને પર્વતની ફાટ સમાન સંજ્વલન વગેરે ચાર પ્રકારનો ક્રોધ છે નેતરની લતા (છડી) સમાન, કાષ્ઠના સ્તંભ સમાન, હાડકાના સ્તંભ સમાન અને પત્થરના સ્તંભ સમાન સંજ્વલન વગેરે ચાર પ્રકારનો માન છે. (૧૧૦)

**मायाऽवलेहि-गोमुत्ति-मेंढसिंग-घणवंसिमूलसमा । लोभो हलिद्द-खंजण-कद्दम-किमिरागसारिच्छो ॥१११॥**

**[विशेषावश्यक २९९१ त्ति]**

બાંસની ઝીણી છાલ સમાન, ગાયના મૂત્ર સમાન, મેંઢાના શીંગડા સમાન અને વાંસના મૂલ સમાન ક્રમશઃ સંજ્વલન વગેરે ચાર પ્રકારની માયા છે. હલદરના રંગ સમાન, ખંજનના રંગ સમાન, કાદવના રંગ સમાન અને કૃમિરાગના રંગ સમાન ક્રમશઃ સંજ્વલનાદિ ચાર પ્રકારનો લોભ છે. (૧૧૧)

**पक्ख-चउमास-वच्छर-जावज्जीवाणुगामिणो कमसो । देव-नर-तिरिय-नारयगइसाहणहेयवो भणिया॥११२॥**

**[विशेषावश्यक २९९२ त्ति]**

સંજ્વલનનો કષાય એક પક્ષ[1] પર્યંત રહે છે અને દેવની ગતિને સાધવાનો હેતુ છે. પ્રત્યાખ્યાનાવરણ કષાય ચાર માસ પર્યંત રહે છે તથા મનુષ્યગતિને સાધવાના હેતુભૂત છે. અપ્રત્યાખ્યાનાવરણ કષાય એક વર્ષ પર્યંત રહે છે અને તિર્યંચની ગતિને સાધવાના હેતુભૂત છે. અનંતાનુબંધી કષાય જાવજ્જીવ પર્યંત રહે છે અને નરકગતિ સાધવાના કારણભૂત છે. (૧૧૨) ॥૨૯૩॥

હમણાં જ કષાયો કહ્યા અને કષાયો વડે સંસાર થાય છે માટે સંસારનું સ્વરૂપ કહે છે—

**चउव्विहे संसारे पन्नत्ते, तंजहा—णेरतियसंसारे जाव देवसंसारे । चउव्विहे आउते पन्नत्ते, तंजहा—णेरतिआउते जाव देवाउते । चउव्विहे भवे पन्नत्ते, तंजहा—नेरतियभवे जाव देवभवे ॥ सू० २९४॥**

**चउव्विहे आहारे पन्नत्ते, तंजहा—असणे, पाणे, खाइमे, साइमे । चउव्विहे आहारे पन्नत्ते, तंजहा—उवक्खरसंपन्ने, उवक्खडसंपन्ने, सभावसंपन्ने, परिजुसियसंपन्ने ॥ सू० २९५॥**

*(મૂ૦) ચાર પ્રકારે સંસાર કહેલ છે, તે આ પ્રમાણે—નરકભૂમિમાં જવું તદ્રૂપ નૈરયિકસંસાર યાવત્ દેવલોકમાં જવું તે દેવસંસાર. ચાર પ્રકારે આયુષ્ય કહેલ છે, તે આ પ્રમાણે—નૈરયિકનું આયુષ્ય યાવત્ દેવનું આયુષ્ય. ચાર પ્રકારે ભવ કહેલ છે, તે આ પ્રમાણે—નૈરયિકના ભવમાં ઉત્પન્ન થવું તે નૈરયિકભવ યાવત્ દેવના ભવમાં ઉત્પન્ન થવું તે દેવભવ. ॥૨૯૪॥*

1. આ સ્થિતિનું કથન સામાન્યતઃ વ્યવહારને આશ્રયીને છે; નિશ્ચયથી તો બાહુબલી મુનિને સંજ્વલન માન એક વર્ષ પર્યંત રહેલ છે તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિને અનંતાનુબંધીનો ક્રોધ અંતર્મુહૂર્ત માત્ર રહેલ છે.

*ચાર પ્રકારે આહાર કહેલ છે, તે આ પ્રમાણે—અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. ચાર પ્રકારે આહાર કહેલ છે, તે આ પ્રમાણે—ઉપસ્કરસંપન્ન-હિંગ વગેરેથી સંસ્કાર કરાયેલો આહાર, ઉપસ્કૃતસંપન્ન-અગ્નિ વડે પકાવેલો આહાર, સ્વભાવસંપન્ન-પચાવ્યા સિવાય સ્વભાવથી સિદ્ધ દ્રાક્ષ વગેરે તેમજ પરિયુષિતસંપન્ન-રાત્રિમાં રાખવા વડે બનેલા દહિંવડા વગેરે આહાર. ॥૨૯૫॥*

(ટી૦) 'चउव्विहे' इत्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે-સંસરવું તે સંસાર અર્થાત્ મનુષ્યાદિ પર્યાયથી નારકાદિ પર્યાયમાં જવું. નૈરયિકને યોગ્ય આયુ, નામ અને ગોત્રકર્મનો ઉદય થયે છતે જીવ નૈરયિક કહેવાય છે. કહ્યું છે કે—''नेरइए णं भंते! नेरइएसु उववज्जइ अनेरइए नेरइएसु उववज्जइ? गोयमा! नेरइए नेरइएसु उववज्जइ नो अनेरइए नेरइएसु उववज्जइ [प्रज्ञापना० १७।३।२६।५०० त्ति]'' इति० હે ભગવન્! નૈરયિક, નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે? ઉત્તર હે ગૌતમ! નૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે પરંતુ અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન થતો નથી. તે હેતુથી નૈરયિકનું સંસરણ-ઉત્પત્તિસ્થાનમાં જવું અથવા અન્ય અન્ય અવસ્થાને પામવું તે નૈરયિકસંસાર. અથવા જીવો જેમાં સંસરે છે એટલે ભટકે છે તે ગતિચતુષ્ટયરૂપ સંસાર. તેમાં નૈરયિકનો અનુભવ કરાતો નરક ગતિ લક્ષણ અથવા પરંપરા વડે ચાર ગતિરૂપ સંસાર તે નૈરયિકસંસાર. એમ તિર્યંચ સંસાર વગેરે જાણવા. ઉક્ત સ્વરૂપ સંસાર આયુષ્ય છતે હોય છે, માટે आयुः સૂત્ર છે. તેમાં જે આવે છે અને જાય છે તે आयुः—કર્મવિશેષ. જેના વડે નરકભવમાં પ્રાણીને ધારણ કરાય છે તે નિરયાયુઃ એમ ભવસૂત્ર છે, તે સ્પષ્ટ છે. માત્ર भवनं भवः—થવું તે ભવ-ઉત્પત્તિ. નરકને વિષે ઉત્પત્તિ તે નરકભવ. મનુષ્યોને વિષે અથવા મનુષ્યોનો ભવ તે મનુષ્યભવ. એમ તિર્યંચભવ વગેરે પણ જાણવું. ॥૨૯૪॥

બધા ભવોને વિષે જીવો આહાર કરનાર હોય છે માટે બે આહારસૂત્ર કહે છે-તત્ર-આહારસૂત્રમાં, ગ્રહણ કરાય છે તે આહાર, ખવાય છે તે અશન-ચોખા વગેરે, પીવાય છે તે પાન-સૌવીર-કાંજી વગેરેનું પાણી, ખાવું એ જ પ્રયોજન છે જેનું (અર્થાત્ સંપૂર્ણરૂપે ક્ષુધા શાંત ન થાય) તે ખાદિમ-વિવિધ ફલ વગેરે, સ્વાદ એ જ પ્રયોજન છે જેનું તે સ્વાદિમ-તાંબૂલ વગેરે. જેના વડે સંસ્કાર કરાય છે તે ઉપસ્કર-હીંગ વગેરે, તેનાથી યુક્ત આહાર તે ઉપસ્કરસંપન્ન, સંસ્કારવું તે ઉપસ્કૃત-પાક, તેના વડે બનેલ ભાત, પૂડલા વગેરે તે ઉપસ્કૃતસંપન્ન. પાઠાંતર વડે નોઉપસ્કરસંપન્ન-હીંગ વગેરેથી સંસ્કાર નહિં કરાયેલ ભાત વગેરે. સ્વાભાવિક-પાક વિના તૈયાર થયેલ દ્રાક્ષ વગેરે તે સ્વભાવસંપન્ન, 'परिजुसिय'—રાત્રિમાં રાખીને બનોવેલું તે પર્યુષિતસંપન્ન ઇડરિકાદિ (દહિંવડા વગેરે), કારણ કે દહિંમાં રાત્રિએ પલાળી રાખેલ ખાટા રસવાળા થાય છે અથવા પાલા (પરાલ) માં રાખેલા આમ્રફલ વગેરે જાણવા. ॥૨૯૫॥

હમણાં જ કહેલા સંસાર વગેરે ભાવો જીવોને હોય છે માટે ''चउव्विहे बंधे' इत्यादि० કર્મપ્રકરણને 'चत्तारि एक्का' એ હવે પછી આવનારા સૂત્રની પહેલાં કહે છે—

**चउव्विहे बंधे पन्नत्ते, तंजहा—पगतिबंधे, ठितीबंधे, अणुभावबंधे, पदेसबंधे। चउव्विहे उवक्कमे पन्नत्ते, तंजहा-बंधणोवक्कमे, उदीरणोवक्कमे, उवसामणोवक्कमे विप्परिणामणोवक्कमे ।**

**बंधणोवक्कमे चउव्विहे पन्नत्ते, तंजहा-पगतीबंधणोवक्कमे, ठितिबंधणोवक्कमे, अणुभावबंधणोवक्कमे, पदेसबंधणोवक्कमे । उदीरणोवक्कमे चउव्विहे पन्नत्ते, तंजहा—पगतीउदीरणोवक्कमे, ठितीउदीरणोवक्कमे, अणुभावउदीरणोवक्कमे, पदेसउदीरणोवक्कमे। उवसामणोवक्कमे चउव्विहे पन्नत्ते, तंजहा—पगतिउवसामणोवक्कमे, ठितीउवसामणोवक्कमे, अणु-भावउवसामणोवक्कमे, पतेसुवसामणोवक्कमे। विप्परिणामणोवक्कमे चउव्विहे पन्नत्ते, तंजहा—पगतिविप्परिणामणोवक्कमे, ठितिविप्परिणामणोवक्कमे, अणुभावविप्परिणामणोवक्कमे पतेसविप्परिणामणोवक्कमे।**

**चउव्विहे अप्पाबहुए पन्नत्ते, तंजहा—पगतिअप्पाबहुए, ठितिअप्पाबहुए, अणुभावअप्पाबहुए, पतेसअप्पाबहुते। चउव्विहे संकमे पन्नत्ते, तंजहा—पगतिसंकमे, ठितीसंकमे, अणुभावसंकमे, पएससंकमे । चउव्विहे णिधत्ते पन्नत्ते, तंजहा—पगतिणिधत्ते, ठितीणिधत्ते, अणुभावणिधत्ते, पएसणिधत्ते। चउव्विहे णिगातिते पन्नत्ते, तंजहा--पगतिणिगातिते, ठितिणिगातिते, अणुभावणिगातिते, पएसणिगातिते ।। सू० २९६।।**

*(મૂ૦) ચાર પ્રકારે બંધ કહેલા છે, તે આ પ્રમાણે—પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ. ચાર પ્રકારે ઉપક્રમ-બંધત્વાદિ વડે કર્મના પરિણામના હેતુભૂત જીવની શક્તિવિશેષ કહેલ છે, તે આ પ્રમાણે—૧. બંધનોપક્રમ-જીવના પ્રદેશો સાથે કર્મપુદ્ગલનો અન્યોન્ય સંબંધ કરવારૂપ, ૨. ઉદયકાળમાં નહિં આવેલ કર્મને ઉદયમાં લાવવારૂપ ઉદીરણોપક્રમ ૩. ઉદય, ઉદીરણાદિ કરણને અયોગ્યપણે કર્મને સ્થાપવારૂપ ઉપશમનોપક્રમ અને ૪. દ્રવ્ય, ક્ષેત્રાદિ સાધન વડે વિવિધ અવસ્થાને પમાડવારૂપ-વિપરિણામનોપક્રમ. બંધનોપક્રમ ચાર પ્રકારે કહેલા છે, તે આ પ્રમાણે-પ્રકૃતિબંધનોપક્રમ, સ્થિતિબંધનોપક્રમ, અનુભાગબંધનોપક્રમ અને પ્રદેશબંધનોપક્રમ. ઉદીરણોપક્રમ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે-પ્રકૃતિઉદીરણોપક્રમ, સ્થિતિઉદીરણોપક્રમ, અનુભાગઉદીરણોપક્રમ અને પ્રદેશઉદીરણોપક્રમ. ઉપશમનોપક્રમ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિઉપશમનોપક્રમ, સ્થિતિઉપશમનોપક્રમ, અનુભાગઉપશમાનોપક્રમ અને પ્રદેશઉપશમનોપક્રમ. વિપરિણામનોપક્રમ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિવિપરિણામનોપક્રમ, સ્થિતિ-વિપરિણામનોપક્રમ, અનુભાગવિપરિણામનોપક્રમ અને પ્રદેશવિપરિણામનોપક્રમ. ચાર પ્રકારે અલ્પબહુત્વ કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિવિષયક અલ્પબહુત્વ, સ્થિતિવિષયક અલ્પબહુત્વ, અનુભાગવિષયક અલ્પબહુત્વ અને પ્રદેશવિષયક અલ્પબહુત્વ. ચાર પ્રકારે સંક્રમ કહેલ છે, તે આ પ્રમાણે—બંધાતી સ્વજાતીય ઉત્તરપ્રકૃતિમાં બીજી પ્રકૃતિનું સંક્રમવું તે પ્રકૃતિસંક્રમ. એમ સ્થિતિનો સંક્રમ, અનુભાગ (રસ) નો સંક્રમ અને પ્રદેશનો સંક્રમ. ચાર પ્રકારે નિધત્ત (નિધાન) ની માફક કર્મને સ્થાપવું (અર્થાત્ ઉદ્વર્તના તથા અપવર્તના સિવાય બીજા કરણ જેમાં ન પ્રવૃત્તિ શકે તેવું કરવું) કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિનિધત્ત, સ્થિતિનિધત્ત, અનુભાગનિધત્ત અને પ્રદેશનિધત્ત. ચાર પ્રકારે નિકાચિત્ત (જે કર્મ ભોગવ્યા સિવાય છૂટે જ નહિ) કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિનિકાચિત, સ્થિતિનિકાચિત, અનુભાગનિકાચિત અને પ્રદેશનિકાચિત. ।।૨૯૬।।*

(ટી૦) આ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે-જીવને સકષાયપણાથી કર્મને યોગ્ય પુદ્ગલોનું બંધન-ગ્રહણ થવું તે બંધ. તેમાં કર્મની પ્રકૃતિઓ (અંશો) ના જ્ઞાનાવરણીય વગેરે આઠ ભેદો છે. પ્રકૃતિઓનો અથવા સામાન્યતઃ કર્મનો બંધ તે પ્રકૃતિબંધ, સ્થિતિ-પ્રકૃતિઓનું જ અવસ્થાન-રહેવારૂપ જઘન્યાદિ ભેદ વડે ભિન્ન રૂપ તે સ્થિતિનો બંધ-ઉત્પન્ન કરવું તે સ્થિતિબંધ, અનુભાવવિપાક અર્થાત્ તીવ્ર વગેરે ભેદવિશિષ્ટ રસરૂપ, તેનો બંધ તે અનુભાવબંધ, તથા જીવના પ્રદેશોને વિષે દરેક પ્રકૃતિ પ્રત્યે ચોક્કસ પરિણામવાળા અનંતાનંતકર્મપ્રદેશોનો બંધ-સંબંધ થવો તે પરિમિત પરિમાણવિશિષ્ટ ગોળ વગેરેના મોદકના બંધની જેમ પ્રદેશબંધ. વૃદ્ધ પુરુષો મોદકના દૃષ્ટાંતને આ પ્રમાણે વર્ણવે છે-જેમ ચોક્કસ મોદક, લોટ, ગોળ, ઘૃત અને [1]કટુભાંડ (સૂંઠ વગેરે) થી બાંધ્યો થકો કોઈક મોદક વાયુને હરનાર, કોઈક પિત્તને હરનાર અને કોઈક કફને હરનાર, કોઈક મારનાર, કોઈક બુદ્ધિની વૃદ્ધિ કરનાર અને કોઈક વ્યામોહ-ભ્રમિત કરનાર હોય છે. એવી રીતે કોઈક કર્મપ્રકૃતિ જ્ઞાનને આવરનાર છે, કોઈક દર્શનને આવરણ કરે છે, કોઈક સુખ દુઃખ વગેરે વેદન (અનુભવ) ને ઉત્પન્ન કરે છે. વળી જેમ તે જ મોદકના નાશ ન થવારૂપ સ્વભાવ વડે કાલની મર્યાદારૂપ સ્થિતિ હોય છે એવી રીતે કર્મનો પણ તે સ્વભાવ વડે નિયતકાલ પર્યંત રહેવું તે સ્થિતિબંધ છે. જેમ તે

1. સૂંઠથી મિશ્રિત મોદક વાયુ હરનાર, દ્રાક્ષાદિથી પિત્ત હરનાર, પીપર વગેરેથી કફ હરનાર, સોમલ વગેરેથી મારનાર, બ્રાહ્મી, વજ વગેરેથી બુદ્ધિ વધારનાર અને ધતુરાના બીજ વગેરેથી મિશ્રિત ભ્રમિત કરનાર બને છે.

જ મોદકનો સ્નિગ્ધ, મધુર વગેરે એકગુણ, દ્વિગુણાદિ ભાવ વડે રસ હોય છે તેમ જ કર્મનો પણ દેશઘાતિ, સર્વ ઘાતિ, શુભ-અશુભ અને તીવ્ર-મંદાદિ અનુભાગબંધ હોય છે તથા જેમ તે જ મોદકને લોટ વગેરે દ્રવ્યોનું પરિણામપણું છે એવી રીતે કર્મના પુદ્ગલોનું પણ ચોક્કસ પ્રમાણરૂપ પ્રદેશબંધપણું છે. જેનાવડે કરાય છે તે ઉપક્રમ-બંધનપણું, ઉદીરણપણું વગેરેથી કર્મના પરિણમવાના હેતુભૂત જીવની શક્તિ વિશેષરૂપ. અન્ય સ્થલે 'ઉપક્રમ' એ કરણ શબ્દથી રૂઢ થયેલ છે અથવા ઉપક્રમણ-બંધન વગેરેનો આરંભ તે ઉપક્રમ. કહ્યું છે કે—'स्यादारंभ उपक्रम'. તત્ર બંધન-કર્મપુદ્ગલોના અને જીવના પ્રદેશોના પરસ્પર સંબંધરૂપ છે. આ સંબંધ, સૂત્રમાત્રથી બાંધેલ લોહની શલાકા (શલી)ના સંબંધરૂપ ઉપમાવાળું જાણવું. તેનો જે ઉક્તાર્થરૂપ ઉપાય તે બંધનોપક્રમ. અથવા ભિન્ન ભિન્ન અવસ્થામાં રહેલ કર્મ (કાર્ય)નું બંધનરૂપ કરવું તે જ ઉપક્રમ અર્થાત્ વસ્તુના સંસ્કારરૂપ બંધનોપક્રમ; કેમ કે વસ્તુના સંસ્કાર અને વિનાશરૂપ ઉપક્રમ પણ કહેલ છે, એમ જ બીજા ઉપક્રમ સંબંધી જાણવું. વિશેષ એ કે-કર્મના ફલોનો કાળ નહિં પ્રાપ્ત થયા છતાં [તેને] ઉદયમાં લાવવો તે ઉદીરણા કહેવાય છે. કહ્યું છે કે—

**जं करणेणोकड्ढिय, उदए दिज्जइ उदीरणा एसा । पगइ-ठिति-अणुभाग-प्पएस-मूलुत्तरविभागा ॥११३॥**

**[कर्म प्र० ४।१ त्ति]**

યોગસંજ્ઞક વીર્ય વડે કષાય સહિત અથવા કષાય રહિત જીવ, જે પરમાણુઓવાળું દલિક, ઉદયાવલિકાની ઉપરની સ્થિતિથી આકર્ષીને, ઉદયાવલિકામાં પ્રવેશ કરાવે તે ઉદીરણા કહેવાય છે. તે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એમ ચાર પ્રકારે છે. વળી તે પ્રત્યેક મૂળ અને ઉત્તરભેદના વિભાગવાળા છે. (૧૧૩)

તથા ઉદય, ઉદીરણાકરણ, નિધત્તકરણ અને નિકાચનાકરણના અયોગ્યપણાએ કર્મનું અવસ્થાપન તે ઉપશમના કહેવાય. કહ્યું છે કે—"उव्वट्टण-ओवट्टण, संकमणाइं च तिन्नि करणाइं" [कर्मप्र० ५।६७ त्ति] ઉદ્વર્તન (સ્થિતિ અને રસની વૃદ્ધિ કરવારૂપ), અપવર્તન (સ્થિતિ અને રસની હાનિ કરવારૂપ) અને સંક્રમણ (પરપ્રકૃતિમાં પ્રક્ષેપવારૂપ) આ ત્રણ કરણો ([1]દેશ) ઉપશમના હોય છે.

તથા વિવિધપ્રકાર-સત્તા, ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉદ્વર્તન અને અપવર્તન વગેરે સ્વરૂપ વડે કર્મોનું, પર્વત ઉપરથી પડતી નદી સંબંધી પત્થરના ન્યાયે અથવા દ્રવ્યક્ષેત્રાદિકે કરણ (જીવની શક્તિવિશેષ) વડે બીજી અવસ્થાને પમાડવું તે વિપરિણામના. અહિં વિપરિણામના બંધનાદિને વિષે અને તેથી અન્ય ઉદયાદિને વિષે હોય છે તે સામાન્યરૂપે હોવાથી વિપરિણામના જુદી કહી છે. બંધનોપક્રમ-બંધનકરણ ચાર પ્રકારે છે. તેમાં પ્રકૃતિબંધનનો ઉપક્રમ જીવનો યોગરૂપ પરિણામ છે, કેમ કે યોગ એ પ્રકૃતિબંધનો હેતુ હોય છે. સ્થિતિબંધનનો ઉપક્રમ તે જ અર્થાત્ જીવનો પરિણામ છે, પરંતુ તે કષાયરૂપ પરિણામ છે કેમ કે સ્થિતિનો કષાય હેતુ હોય છે. અનુભાગબંધનનો ઉપક્રમ પણ પરિણામ જ છે પરંતુ તે કષાયરૂપ છે. પ્રદેશબંધનનો ઉપક્રમ તો તે જ યોગરૂપ પરિણામ છે. કહ્યું છે કે—"जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायओ कुणइ" [बंधशतके ९९] इति० જીવ યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કરે છે તથા કષાયથી સ્થિતિબંધ અને અનુભાગબંધ કરે છે. અથવા પ્રકૃતિ વગેરે બંધનોના [અંતર્મુહૂર્ત્તન્યૂન[2] અંતઃકોટીકોટી સાગરોપમરૂપ] આરંભો તે ઉપક્રમો. એવી રીતે બીજા ઉપક્રમોમાં પણ જાણવું. જે મૂલપ્રકૃતિ અથવા પ્રકૃતિના દલિઆ પ્રત્યે, જીવના વીર્યવિશેષ વડે આકર્ષીને ઉદયમાં પ્રાપ્ત કરાય છે તે પ્રકૃતિઉદીરણા, જે ઉદયમાં આવેલ રસની સાથે અપ્રાપ્ત (ઉદયમાં નહિં આવેલ) રસને (વીર્ય વડે આકર્ષીને) જે ભોગવાય છે તે અનુભાગઉદીરણા. તથા ઉદયમાં આવેલ નિયત પરિણામવાળા કર્મપ્રદેશોની સાથે અપ્રાપ્ત-ઉદયમાં નહિં આવેલ નિયત પરિણામવાળા કર્મપ્રદેશનું જે ભોગવવું તે પ્રદેશઉદીરણા. અહિં પણ કષાય અને યોગરૂપ પરિણામ અથવા આરંભ એ ઉપક્રમ છે. પ્રકૃતિ, ઉપશમ અને

1. દેશઉપશમનાનો વિશેષ વિસ્તાર અત્યારે ઉપલબ્ધ નથી, સર્વઉપશમનાનો વિસ્તાર કમ્મપયડીમાં પ્રસિદ્ધ છે.
2. "आन्तर्मौहूर्त्तोनान्तः कोटीकोटीरूपा ।" એવો પાઠ આગમોદય સમિતિવાળી પ્રતમાં નથી, બાબુવાળી પ્રતમાં છે, માટે તેટલો ભાગ [ ] કૌંસમાં આપેલ છે.

ઉપક્રમ વગેરે ચારે ઉપક્રમો, સામાન્ય ઉપશમનરૂપ ઉપક્રમના અનુસારે જાણવા. પ્રકૃતિ વિપરિણામના ઉપક્રમ વગેરે પણ સામાન્ય વિપરિણામરૂપ ઉપક્રમના લક્ષણ અનુસારે સમજવા યોગ્ય છે. પ્રકૃતિપણાદિ વડે પુદ્ગલોને પરિણામવા વડે સમર્થ જીવનું વીર્ય તે ઉપક્રમ. 'अप्पाबहुए'त्ति० અલ્પ-થોડું અને બહુ-ઘણું તે અલ્પબહુ તે બન્નેના ભાવ તે અલ્પબહુત્વ છે. અહિં દીર્ઘપણું અને અસંયુક્તપણું પ્રાકૃતશૈલીને અંગે છે. પ્રકૃતિના વિષયવાળું અલ્પબહુત્વ, બંધાદિની અપેક્ષાએ છે. જેમ સર્વથી થોડી પ્રકૃતિનો બંધક ઉપશાંતમોહાદિકવાળો છે, કેમ કે તે એકવિધ બંધક છે. (એક સાતાવેદનીય બાંધે છે) બહુતર-અધિક પ્રકૃતિબંધક, ઉપશમક વગેરે સૂક્ષ્મસંપરાયવાળો છે કેમ કે તે છ પ્રકારનો બંધક છે. (આયુષ્ય અને મોહનીય સિવાય છ) તેથી અધિક બંધક સપ્તવિધબંધક અને તેથી અધિક બંધક આઠે પ્રકૃતિને બાંધનાર છે.

સ્થિતિના વિષયવાળું અલ્પબહુત્વ આ પ્રમાણે—"सव्वत्थोवो संजयस्स जहन्नओ ठिइबंधो, एगेंदियबायरपज्जत्तगस्स जहन्नओ ठिइबंधो असंखेज्जगुणो ।" इत्यादि० સંયત-[1]નવમા ગુણઠાણાવાલા મુનિ વગેરેનો સર્વથી થોડો જઘન્યથી કર્મની સ્થિતિનો બંધ હોય છે તેથી બાદરપર્યાપ્ત [2]એકેંદ્રિયને જઘન્યથી અસંખ્યાતગુણો કર્મની સ્થિતિનો બંધ હોય છે ઇત્યાદિ."

અનુભાગનું અલ્પબહુત્વ આ પ્રમાણે—"सव्वत्थोवाइं अणंतगुणवुड्ढिठाणाणि, असंखेज्जगुणवुड्ढिठाणाणि असंखेज्जगुणाणि, संखेज्जगुणवुड्ढिठाणाणि असंखेज्जगुणाणि जाव अणंतभागवुड्ढिठाणाणि असंखेज्जगुणाणि ।" અનંતગુણવૃદ્ધિ અનુભાગના સ્થાનો સર્વથી થોડા છે, તેથી અસંખ્યાતગુણ વૃદ્ધિના સ્થાનો અસંખ્યાતગુણા છે તેથી સંખ્યાતગુણ વૃદ્ધિના સ્થાનો અસંખ્યાત ગુણા છે. યાવત્ અનંત ભાગ વૃદ્ધિના સ્થાનો અસંખ્યાતગુણા છે."

પ્રદેશોનું અલ્પબહુત્વ આ પ્રમાણે—"अट्ठविहबंधगस्स आउयभागो थोवो नामगोयाणं तुल्लो विसेसाहिओ नाणदंसणावरणंतरायाणं तुल्लो विसेसाहिओ, मोहस्स विसेसाहिओ, वेयणीयस्स विसेसाहिओ" इति० આઠ મૂલ પ્રકૃતિના બાંધનારને આયુષ્યકર્મના પ્રદેશોનો ભાગ સર્વથી થોડો હોય છે, તેથી નામ અને ગોત્ર કર્મના પ્રદેશનો ભાગ પરસ્પર તુલ્ય અને આયુષ્યથી વિશેષાધિક હોય છે, તેથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો પ્રદેશનો ભાગ પરસ્પર તુલ્ય અને નામ, ગોત્રથી વિશેષાધિક છે. તેથી મોહનીય કર્મના પ્રદેશનો ભાગ વિશેષાધિક છે અને તેથી [3]વેદનીય કર્મના પ્રદેશનો ભાગ વિશેષાધિક છે."

જીવ જે પ્રકૃતિને બાંધે છે તેના અનુભવ (રસ) વડે અન્ય પ્રકૃતિમાં રહેલ દલિકને વીર્યવિશેષ વડે પરિણમાવે છે-તદ્રૂપ કરે છે તે સંક્રમ કહેવાય છે. કહ્યું છે કે—

**सो संकमो त्ति भन्नइ, जब्बंधपरिणओ पओगेणं । पययंतरत्थदलियं, [4]परिणामय तदणुभावे जं ॥११४॥**

**[कर्म प्र० २।१ त्ति]**

કર્મબંધનને કરનાર જીવ, પ્રયોગ વડે અન્ય પ્રકૃતિના દલિકને બંધાતી પ્રકૃતિમાં તેના અનુભાવ વડે પરિણમાવે છે તે સંક્રમ કહેવાય છે અર્થાત્ વર્ત્તમાનમાં બંધાતી પ્રકૃતિઓમાં ન બંધાતી (સત્તાગત) પ્રકૃતિઓ, સંક્રમતી-ભળતી છતી બંધાતી પ્રકૃતિના સ્વરૂપથી પરિણમે છે, (૧૧૪) જેમ બંધાતી સાતાવેદનીયમાં ન બંધાતી અસાતાવેદનીય, તેમ બધ્યમાન ઊંચ ગોત્રમાં અબધ્યમાન નીચ ગોત્ર પરિણમે છે એવી રીતે સર્વત્ર પતત્ગ્રહ-પાત્રસ્વરૂપ સ્વજાતીય ઉત્તરપ્રકૃતિમાં સ્વજાતીય ઉત્તરપ્રકૃતિ સંક્રમે છે-તદ્રૂપ થાય છે.

1. સાધુને પણ આઠમા ગુણઠાણા સુધી અંતઃકોટાકોટી સાગરોપમથી ઓછો કર્મબંધ નથી.
2. કર્મની સ્થતિ, બંધ વગેરેનું સ્વરૂપ પંચમ કર્મગ્રંથાદિથી જાણવા યોગ્ય છે.
3. કર્મના પ્રદેશોનો ભાગ કર્મની સ્થિતિના અનુસારે છે તો પણ વેદનીય કર્મની સ્થિતિ ઓછી હોવા છતાં સહુથી વધુ ભાગ હોવાનું કારણ એ છે કે જો વેદનીય કર્મ થોડા દલીઆવાળું હોય તો વિપાક આપી શકે નહિ.
4. परिणमयइ

તેમાં પ્રકૃતિનો સંક્રમ, સામાન્ય લક્ષણથી જ જાણવા યોગ્ય છે. મૂલપ્રકૃતિની અથવા ઉત્તરપ્રકૃતિની સ્થિતિનું જે ઉત્કર્ષણવૃદ્ધિ અથવા અપકર્ષણ એટલે હાનિ અથવા બીજી પ્રકૃતિની સ્થિતિમાં લઈ જવું એમ ત્રણ પ્રકારે સ્થિતિસંક્રમ છે. કહ્યું છે કે—

**ठितिसंकमो त्ति वुच्चइ, मूलुत्तरपगतीओ उ जा हि ठिती ।**
**उव्वट्टिया व ओवट्टिया व, पगई[इ]णिया वऽन्नं ॥११५॥** **[कर्म प्र० २।८ त्ति]**

મૂલ ઉત્તર પ્રકૃતિઓની સ્થિતિને ઉત્કર્ષણ અને અપકર્ષણ દ્વારા બીજી પ્રકૃતિની સ્થિતિમાં લઈ જવું તેને સ્થિતિસંક્રમ કહે છે. (૧૧૫)

અનુભાગ રસનો સંક્રમ પણ એમ જ-સ્થિતિસંક્રમની જેમ છે. કહ્યું છે કે—

**तत्थट्ठपयं उव्वट्टिया व ओवट्टिया व अविभागा । अणुभागसंकमो एस, अन्नपगई णिया वावि ॥११६॥**
**[कर्म प्र० २।४६ त्ति]**

અનુભાગનું સંક્રમના સ્વરૂપનું નિર્ધારણ કહે છે—અનુભાગો-ઉદ્વર્તન કરાયેલા રસના અંશો અર્થાત્ થોડા રસવાલાને ઘણા રસવાલા કરાયેલા, અપવર્તન કરાયેલા-ઘણા રસવાલાને થોડા રસવાલા કરાયેલા, અથવા બીજી પ્રકૃતિમાં રસના અંશોને લઈ જઈ તદ્રૂપે કરાયેલા, એમ ત્રણ પ્રકારે અનુભાગસંક્રમ છે. (૧૧૬)

જે કર્મદ્રવ્ય (દલીઆ) અન્ય પ્રકૃતિના સ્વભાવ વડે પરિણમન કરાય છે અર્થાત્ તદ્રૂપ કરાય છે તે પ્રદેશસંક્રમ છે. કહ્યું છે કે—"जं दलियमन्नपगइं, णिज्जइ सो संकमो पएसस्स" [कर्म प्र० २।६० त्ति] ઉક્તાર્થ છે. નિપાતથી ભાવમાં કે કર્મમાં 'क्त' પ્રત્યય કીધે છતે નિધત્ત પદનું નિધાન અને નિહિત એવું રૂપ થાય છે. ઉદ્વર્તન અને અપવર્તનરૂપ બે કરણ સિવાય શેષ (ઉદીરણાદિ) કરણોના અયોગ્યપણે કર્મનું સ્થાપવું અર્થાત્ ઉદીરણાદિ થઈ શકે નહિં તે નિધત્ત કહેવાય છે. નિ—અત્યંત काचनं-બાંધવું તે નિકાચિત અર્થાત્ બધાય કરણના અયોગ્યપણાએ સ્થાપવું તે નિકાચિત કર્મ કહેવાય છે. બન્નેના સમર્થનરૂપે કહ્યું છે કે—"संकमणंपि निहत्तीएँ, णत्थि सेसाणि [चत्ति] वत्ति इयरस्स"[कर्मप्र० ६।१ त्ति] નિધત્તપણામાં સંક્રમણ અને ઉદીરણાદિકરણ પ્રવર્ત્તતા નથી પરંતુ ઉદ્વર્તન અને અપવર્તનકરણ હોય છે, પરન્તુ [1]નિકાચિતમાં કોઈ પણ કરણ હોતું નથી. અથવા પૂર્વે બાંધેલ કર્મને અગ્નિ વડે તપાવવાથી મળેલી લોહની શલાકા (શળી) ના સંબંધની જેમ નિધત્ત છે અને તપાવવાથી મળેલી અને ઘણથી કૂટેલી લોહની શલાકાના સંબંધના જેવું જે કર્મ તે નિકાચિત છે અર્થાત્ નિકાચિત કર્મ ભોગવ્યા સિવાય છૂટી શકતું નથી. નિધત્ત અને નિકાચિતને વિષે પ્રકૃતિ, સ્થિતિ વગેરેનું વિશેષ સ્વરૂપ, સામાન્ય લક્ષણને અનુસારે જાણવું. વિશેષથી બંધનાદિ સ્વરૂપના જિજ્ઞાસુએ કર્મપ્રકૃતિ ગ્રંથ (કમ્મપયડી) ની સંગ્રહણી અનુસરણ કરવા યોગ્ય છે અર્થાત્ તે વાંચવી. ॥૨૯૬॥

અહિં હમણાં જ અલ્પબહુત્વ કહ્યું, તેમાં અત્યંત અલ્પ, એક છે શેષ તે અપેક્ષાએ બહુ છે. આવી રીતે અલ્પબહુત્વને કહેનાર એક, કતિ, સર્વ, રૂપ શબ્દોને ચોથા સ્થાનમાં અવતારતા થકા 'चत्तारि' इत्यादि० ત્રણ સૂત્રોને કહે છે—

**चत्तारि एक्का पन्नत्ता, तंजहा—दवियएक्कय, माउयएक्कए, पज्जवेक्कए, संगहेक्कए । [दविए एक्कते माउए उक्कते पज्जवे एक्कते संगहे एक्कते] ॥ सू० २९७॥**

**चत्तारि कती पन्नत्ता, तंजहा—दवितकती, माउयकती, पज्जवकती, संगहकती ॥ सू० २९८॥**

**चत्तारि सव्वा पन्नत्ता, तंजहा—नामसव्वते, ठवणसव्वते, आदेससव्वते, निरवसेसव्वते ॥ सू० २९९॥**

1. तवसा निकाइयंपि—તીવ્ર તપ વડે નિકાચિતકર્મની પણ સ્થિતિરસની હાનિ પ્રાયઃ થાય છે, એમ અન્યત્ર કહેલ છે. ક્યાંક નિકાચિતના પણ બે ભેદ વાંચવામાં આવેલ છે. - સંપાદક

*(મૂ૦) ચાર, એક સંખ્યાવાળા કહેલા છે, તે આ પ્રમાણે—દ્રવ્ય એક, તે સચિત્તાદિ ત્રણ ભેદે છે. ઉત્પાદાદિ પદરૂપ માતૃકાપદ એક છે, પર્યાય એક તે વર્ણાદિને આશ્રયીને છે અને સમુદાયને આશ્રયીને એક વચનરૂપ સંગ્રહ એક છે. ॥૨૯૭॥*

*ચાર પ્રકારે કતી–કેટલા? એમ પ્રશ્નગર્ભિત સંખ્યાવાચી કહેલા છે, તે આ પ્રમાણે—૧. દ્રવ્ય કેટલા છે? ૨. માતૃકાપદ કેટલા છે? ૩. પર્યાય કેટલા છે? અને ૪. સંગ્રહતી–શાલી કેટલા છે? ઈત્યાદિ. ॥૨૯૮॥*

*ચાર સર્વપદ કહેલા છે, તે આ પ્રમાણે—૧. જે વસ્તુનું 'સર્વ' એવું નામ હોય તે નામસર્વ, ૨. આ 'સર્વ' છે એમ કલ્પના કરીને અક્ષ વગેરે દ્રવ્યને સ્થાપવું તે સ્થાપનાસર્વ, ૩. અધિક વસ્તુને વિષે અથવા મુખ્ય વસ્તુને વિષે 'સર્વ' નો વ્યવહાર કરવો તે આદેશસર્વ અને ૪. સમસ્તપણાએ જે કથન કરવું અર્થાત્ કોઈ પણ બાકી ન રહે, જેમ સર્વ દેવો અનિમેષ છે એમ કહેવું તે નિરવશેષસર્વ. ॥૨૯૯॥*

(ટી૦) સ્વાર્થિક '**क**' પ્રત્યયનું ગ્રહણ કરવાથી એક સંખ્યાવાળા દ્રવ્ય વગેરે એકૈક કહેવાય છે, તેમાં દ્રવ્ય જ એક તે દ્રવ્ય એક સચિત્ત વગેરે ભેદથી ત્રણ[1] પ્રકારે છે. '**माउपएक्कए**' **त्ति०** માતૃકાપદ એક એટલે એક માતૃકાપદ, તે આ પ્રમાણે—'**उप्पन्ने इ वा**' ઈત્યાદિ, અહિં દૃષ્ટિવાદરૂપ પ્રવચનને વિષે સમસ્ત નયના વાદને વિષે બીજભૂત માતૃકાપદો હોય છે, તે આ પ્રમાણે– "**उपन्ने इ वा विगमेए इ वा धुवे इ वा ।**" અથવા 'આ' માતૃકાપદોની જેમ અ, આ વગેરે અક્ષરો, સમગ્ર શબ્દશાસ્ત્રના અર્થના વ્યાપાર વડે વ્યાપક હોવાથી માતૃકાપદો છે. પર્યાય એકૈક તે એકપર્યાય. પર્યાય, વિશેષ અને ધર્મ આ શબ્દો એકાર્થવાચક છે. તે અનાદિષ્ટ–સામાન્યથી વર્ણાદિ અને આદિષ્ટ–વિશેષથી કૃષ્ણાદિ. સંગ્રહ એકૈક તે શાલિ. ભાવાર્થ આ પ્રમાણે જાણવો– સંગ્રહ–સમુદાયને આશ્રયીને જેમ એકવચનપૂર્વક શબ્દની પ્રવૃત્તિ હોય છે તેમ એક પણ શાલિ (ચોખા) નો કણ શાલિ કહેવાય છે અને ઘણા શાલિના દાણા પણ શાલિ કહેવાય છે, કેમ કે લોકમાં તેમ જોવાય છે. '**दविए एक्कए**' ક્યાંક આ પાઠ છે ત્યાં વિષયભૂત દ્રવ્યને વિષે એકૈક ઈત્યાદિ વ્યાખ્યાન કરવું. ॥૨૯૭॥

'**कतीति**'—કેટલા? અર્થાત્ પ્રશ્નપૂર્વક અચોક્કસની જેમ સંખ્યાવાચક બહુવચનાંત છે.' તેમાં દ્રવ્યો કેટલા? તે દ્રવ્ય કતિ અર્થાત્ કેટલા દ્રવ્યો છે? અથવા દ્રવ્યના વિષયવાળો '**कति**' શબ્દ તે દ્રવ્યકતિ, એમ જ માતૃકાપદ વગેરેને વિષે પણ જાણવું. વિશેષ એ કે–સંગ્રહ–શાલિ, યવ અને ઘઉં વગેરે. ॥૨૯૮॥

નામરૂપ જે [2]સર્વ તે નામસર્વ અથવા સચિત્ત વગેરે વસ્તુનો [3]સર્વ એવું જે નામ તે નામસર્વ અથવા નામ વડે સર્વ અથવા સર્વ એવું નામ છે જેનું એવા સમાસથી નામ શબ્દનો પૂર્વ નિપાત કરેલ છે અર્થાત્ સર્વનામને બદલે નામ સર્વ કહેલ છે. તથા **स्थापनया**—આ સર્વ છે એવી કલ્પના વડે અક્ષ વગેરે દ્રવ્ય સર્વ તે સ્થાપનાસર્વ છે. અથવા સ્થાપના જ અક્ષાદિ દ્રવ્યરૂપ સર્વ તે સ્થાપનાસર્વ છે. **आदेशनमादेशः**—ઉપચારરૂપ વ્યવહાર તે અતિ ઘણી વસ્તુના વિભાગમાં અથવા મુખ્ય દેશવિભાગમાં પણ આદેશ–ઉપચાર કરાય છે. દા. ત. વિવક્ષિત (અમુક પ્રમાણવાળું) ઘૃતને જોઈને ઘણું ખાધે છતે અને થોડું શેષ હોતે છતે પણ બધું ઘૃત ખાધું એમ ઉપચાર કરાય છે. મુખ્યમાં પણ તેવો ઉપચાર કરાય છે. દા. ત. ગામના મુખ્ય માણસો બહારગામ ગયે છતે બધા ગામ ગયા એમ કહેવાય છે. આ કારણથી આદેશથી સર્વ તે આદેશસર્વ અર્થાત્ ઉપચારસર્વ છે. નિરવશેષપણાએ સમસ્ત વ્યક્તિના આશ્રય વડે જે સર્વ તે નિરવશેષસર્વ. દા. ત. સર્વ દેવો અનિમેષ છે–મટકું મારતા નથી. કોઈ પણ દેવ એવા નથી કે જે મટકું મારે. આ સૂત્રમાં સર્વત્ર 'ક' કાર સ્વાર્થમાં થયેલ છે. ॥૨૯૯॥

હમણાં જ સર્વ શબ્દની પ્રરૂપણા કરી તેના પ્રસ્તાવથી સર્વ મનુષ્યક્ષેત્ર પર્યંત રહેનાર પર્વતની બધી તિરછી દિશાઓમાં કૂટશિખરોને કહે છે—

1. સચિત્તાદિ ભેદથી દ્રવ્ય ત્રણ પ્રકારે છતાં પણ દ્રવ્યત્વરૂપે એક જ કહેવાય છે. અર્થાત્ સચિત્ત દ્રવ્ય કહેવાય છે પરંતુ સચિત્ત દ્રવ્યો એમ બહુવચન વડે કહેવાતા નથી એમ દીપિકાકાર કહે છે.
2. સર્વ શબ્દનો અક્ષર ઉચ્ચાર કરવારૂપ. 3. વ્યક્તિની અપેક્ષાએ જેમ કોઈ પુરુષનું સર્વ એવું નામ હોય તેને સર્વ શબ્દથી બોલાય છે.

माणुसुत्तरस्स णं पव्वयस्स चउदिसिं चत्तारि कूडा पन्नत्ता, तंजहा—रयणे, रतणुच्चते, सव्वरयणे, रतणसंचये ।। सू० ३००।।

जंबुदीवे दीवे भरहेरवतेसु वासेसु तीताते उस्सप्पिणीए सुसमसुसमाते समाते चत्तारि सागरोवमकोडाकोडीओ कालो होत्था। जंबुदीवे दीवे भरहेरवतेसु वासेसु इमीसे ओसप्पिणीए सुसमसुसमाए समाए [जहण्णपएणं] चत्तारि सागरोवमकोडाकोडीओ कालो हुत्था, जंबूदीवे दीवे [भरहेरवएसु वासेसु] आगमेस्साते उस्सप्पिणीते सुसमसुसमाते समाए चत्तारि सागरोवमकोडाकोडीओ कालो भविस्सइ ।। सू० ३०१।।

जंबूदीवे दीवे देवकुरुउत्तरकुरुवज्जाओ चत्तारि अकम्मभूमीओ पन्नत्ताओ, तंजहा—हेमवते, हेरन्नवते, हरिवस्से, रम्मगवस्से। तत्थ णं चत्तारि वट्टवेयड्ढपव्वता पन्नत्ता, तंजहा—सद्दावई, वियडावई, गंधावई, मालवंतपरिताते। तत्थ णं चत्तारि देवा महिड्डिया जाव पलिओवमट्ठितीता परिवसंति, तंजहा—साती, पभासे, अरुणे, पउमे। जंबूदीवे दीवे महाविदेहे वासे चउव्विहे पन्नत्ते, तंजहा—पुव्वविदेहे, अवरविदेहे, देवकुरा, उत्तरकुरा। सव्वे वि णं णिसढ-णीलवंता वासहरपव्वता चत्तारि जोयणसयाइं उड्ढं उच्चत्तेणं चत्तारि गाउयसयाइं उव्वेहेणं पन्नत्ता। जंबूदीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं सीताए महानदीए उत्तरे कूले चत्तारि वक्खारपव्वता पन्नत्ता, तंजहा—चित्तकूडे, पम्हकूडे, णलिणकूडे, एगसेले। जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेण सीताए महानदीए दाहिणकूले चत्तारि वक्खारपव्वता पन्नत्ता, तंजहा—तिकूडे, वेसमणकूडे, अंजणे, मातंजणे। जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमेणं सीओदाए महानतीए दाहिणकूले चत्तारि वक्खारपव्वता पन्नत्ता, तंजहा--अंकावती, पम्हावती, आसीविसे, सुहावहे।

जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमेणं सीओदाए, महाणतीते, उत्तरे कूले चत्तारि वक्खारपव्वता पन्नत्ता, तंजहा—चंदपव्वते, सूरपव्वते, देवपव्वते, णागपव्वते।

जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स चउसु विदिसासु चत्तारि वक्खारपव्वता पन्नत्ता, तंजहा—सोमणसे, विज्जुप्पभे, गंधमायणे, मालवंते। जंबूदीवे दीवे महाविदेहे वासे जहन्नपते चत्तारि अरहंता, चत्तारि चक्कवट्टी, चत्तारि बलदेवा, चत्तारि वासुदेवा उप्पज्जिंसु वा उप्पज्जंति वा उपज्जिस्संति वा।

जंबूदीवे दीवे मंदरपव्वते चत्तारि वणा पन्नत्ता, तंजहा—भद्दसालवणे, नंदणवणे, सोमणसवणे, पंडगवणे। जंबूद्दीवे दीवे मंदरे पव्वते पंडगवणे चत्तारि अभिसेगसिलाओ पन्नत्ताओ, तंजहा—पंडुकंबलसिला, अइपंडुकंबलसिला, रत्तकंबलसिला, अतिरत्तकंबलसिला। मंदरचूलिया णं उवरिं चत्तारि जोयणाइं विक्खंभेणं पन्नत्ता, एवं धायइसंडदीवपुरच्छिमद्धे वि कालं आदिं करेत्ता जाव मंदरचूलिय त्ति, एवं जाव पुक्खरवरदीवड्ढपच्चच्छिमद्धे जाव मंदरचूलिय त्ति-जंबूदीवगआवस्सगं तु कालाओ चूलिया जाव। धायइसंडे पुक्खरवरे य पुव्वावरे पासे ।।१।। ।। सू० ३०२।।

(मू०) માનુષોત્તર પર્વતની ચારે [1]વિદિશાઓને વિષે ચાર કૂટ-શિખરો કહેલા છે, તે આ પ્રમાણે—રત્નકૂટ, રત્નોચ્ચયકૂટ, સર્વરત્નકૂટ અને રત્નસંચયકૂટ. ॥300॥

જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવતક્ષેત્રને વિષે અતીત (ગઈ) ઉત્સર્પિણીમાં સુષમસુષમ નામના છઠ્ઠા

1. મૂલ સૂત્રમાં દિશા શબ્દ જણાવેલ છે પરંતુ દશ દિશાની અપેક્ષાએ વિદિશાને દિશા કહેવાય છે.

*આરામાં ચાર કોડાકોડી સાગરોપમપ્રમાણ કાળ હતો. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવતક્ષેત્રને વિષે આ અવસર્પિણીમાં સુષમસુષમ નામના પહેલા આરાને વિષે ચાર કોડાકોડી સાગરોપમપ્રમાણ કાલ હતો. જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત અને ઐરવતક્ષેત્રને વિષે આગામી ઉત્સર્પિણીમાં સુષમસુષમ નામના છઠ્ઠા આરાને વિષે ચાર કોડાકોડી સાગરોપમપ્રમાણ કાલ થશે. ॥૩૦૧॥*

*જંબૂદ્વીપ નામના દ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુને છોડીને ચાર અકર્મભૂમિઓ કહેલી છે, તે આ પ્રમાણે—હૈમવત, હૈરણ્યવત, હરિવર્ષ અને રમ્યક્વર્ષ. ચાર વૃત્ત (વાટલા) વૈતાઢ્યપર્વત કહેલા છે, તે આ પ્રમાણે—શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી અને માલ્યવંતપર્યાય. તેમાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે—સ્વાતી, પ્રભાસ, અરુણ અને પદ્મ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્ર ચાર પ્રકારનો કહેલ છે, તે આ પ્રમાણે––પૂર્વવિદેહ, અપર (પશ્ચિમ) વિદેહ, દેવકુરુ અને ઉત્તરકુરુ. બધા નિષધ અને નીલવંત નામે વર્ષધર પર્વતો ચાર સો યોજન ઊંચા અને ચાર સો ગાઉના ઊંડા કહેલા છે. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની પૂર્વ દિશાએ સીતા નામની મહાનદીના ઉત્તર કિનારે ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—ચિત્રકૂટ, [1]પક્ષ્મકૂટ, નલિનકૂટ અને એકશૈલ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની પૂર્વ દિશાએ સીતા મહાનદીના દક્ષિણ કિનારે ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—ત્રિકૂટ, વૈશ્રમણકૂટ, અંજન અને માતંજન. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની પશ્ચિમ દિશાએ સીતોદા મહાનદીના દક્ષિણ કિનારે ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—અંકાવતી, પક્ષ્માવતી, આશીવિષ અને સુખાવહ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની પશ્ચિમ દિશાએ સીતોદા મહાનદીના ઉત્તર કિનારે ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—ચંદ્રપર્વત, સૂર્યપર્વત, દેવપર્વત અને નાગપર્વત. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની ચાર વિદિશાઓને વિષે ચાર વક્ષસ્કાર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવંત (આને ગજદંતા પણ કહે છે) જંબૂદ્વીપ નામના દ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રને વિષે જઘન્યપણે ચાર અર્હંતો, ચાર ચક્રવર્ત્તીઓ, ચાર બલદેવો અને ચાર વાસુદેવો ઉત્પન્ન થયા છે, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે. જંબુદ્વીપમાં મેરુપર્વતને વિષે પાંડુકવનમાં ચાર અભિષેકશિલાઓ (તીર્થંકરના જન્મનો અભિષેક કરવાની) કહેલી છે, તે આ પ્રમાણે–પાંડુકંબલશિલા, અતિપાંડુકંબલશિલા, રક્તકંબલશિલા અને અતિરક્તકંબલશિલા. મેરુપર્વતની ચૂલિકા ઉપરના ભાગમાં પહોળાઈ વડે ચાર યોજનની કહેલી છે. એવી રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્દ્ધને વિષે અને પશ્ચિમાર્દ્ધને વિષે પણ કાળસૂત્ર વગેરેથી આરંભીને અર્થાત્ અતીતકાળ વગેરે સૂત્રની શરૂઆતથી લઈને યાવત્ મેરુપર્વતની ચૂલિકાના વર્ણન સુધી જંબુદ્વીપની માફક જાણવું. એવી જ રીતે યાવત્ પુષ્કરવરદ્વીપના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં પણ યાવત્ મેરુપર્વતની ચૂલિકાના વર્ણન પર્યંત જાણવું. જંબુદ્વીપમાં અવશ્ય રહેલ વસ્તુ 'કાલસૂત્ર' થી આરંભીને મેરુપર્વતની ચૂલિકા પર્યંત જેમ કહેલ છે તેમજ યાવત્ ધાતકીખંડ દ્વીપ અને પુષ્કરવર દ્વીપમાં પૂર્વ અને પશ્ચિમ બન્ને પડખાને વિષે જાણવું. ॥૩૦૨॥*

(ટી૦) **'माणुसुत्तरस्से'** त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે—**'चउदिसि'** त्ति० ચાર દિશાઓનો સમૂહ તે ચતુર્દિશ. તે ચાર દિશાઓમાં (અહિં 'दिशिं' આ શબ્દમાં અનુસ્વાર પ્રાકૃતશૈલીથી થયેલ છે.) કૂટો–શિખરો, અહિં સૂત્રમાં દિશાનું ગ્રહણ કર્યે છતે પણ વિદિશાઓમાં શિખરો છે એમ સમજવું. તેમાં અગ્નિકોણ (ખૂણા) માં રત્નકૂટ છે તે ગરુડ–સુવર્ણકુમાર જાતીય વેણુદેવનું નિવાસસ્થાન છે. નૈઋત્યકોણમાં રત્નોચ્ચયકૂટ વેલંબ નામના વાયુકુમારેંદ્ર સંબંધી નિવાસસ્થાન છે, વેલંબસુખદ એવું તે ઇંદ્રનું બીજું નામ છે. ઈશાનકોણમાં વેણુદાલિ નામના સુપર્ણકુમારેંદ્રનું સર્વરત્નકૂટ છે તથા વાયવ્યકોણમાં પ્રભંજન નામના

1. પદ્મકૂટ પણ કહેવાય છે.

વાયુકુમારેંદ્રનું રત્નસંચયકૂટ, અપરનામ પ્રભંજન છે. એવી રીતે આ વ્યાખ્યા દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ સૂત્રની સંગ્રહણી અનુસાર જણાવેલ છે. તેમાં કહ્યું છે કે—

**दक्खिणपुव्वेण रयणकूडं गरुलस्स वेणुदेवस्स । सव्वरयणं च पुव्वुत्तरेण तं वेणुदालिस्स ॥११७॥**

**[द्वीपसागर प्र० १६ त्ति]**

દક્ષિણ પૂર્વની વચમાં રત્નકૂટ અને ત્યાં ગરુડ જાતિના વેણુદેવનું નિવાસસ્થાન છે. અને પૂર્વ ઉત્તરની વચમાં સર્વરત્નકૂટ છે અને ત્યાં વેણુદાલી દેવનું નિવાસસ્થાન છે. (૧૧૭)

**रयणस्स अवरपासे, तिन्नि वि समइच्छिऊण कूडाइं । कूडं वेलंबस्स उ, विलंबसुहयं सया होइ ॥११८॥**

**[द्वीपसागर प्र० १७ त्ति]**

રત્નકૂટના પશ્ચિમ ભાગમાં દક્ષિણ દિશામાં રહેલા ત્રણ કૂટોને ઉલ્લંઘીને વેલંબ નામના દક્ષિણ દિશાના સ્વામી વાયુકુમારેંદ્રનું વલંબસુખદ નામનું કૂટ છે, ત્યાં તેની રાજધાની છે. (૧૧૮)

**सव्वरयणस्स अवरेण, तिन्नि समइच्छिऊण कूडाइं । कूडं पभंजणस्स उ, पभंजणं आढियं होइ ॥११९॥**

**[द्वीपसागर प्र० १८ त्ति]**

સર્વરત્નકૂટના પશ્ચિમ ભાગ વડે ઉત્તર દિશાના ત્રણ કૂટોને ઉલ્લંઘીને ઉત્તર દિશાના સ્વામી પ્રભંજન નામના વાયુકુમારેંદ્રનું પ્રભંજન નામનું કૂટ ઋદ્ધિવાળું છે, ત્યાં તેની રાજધાની છે. (૧૧૯)

અહિં ચાર સ્થાનના અનુરોધથી માત્ર ચાર કૂટો કહેલા છે, નહિંતર બીજા પણ બાર કૂટો છે. પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં ત્રણ ત્રણ કૂટો છે અને તે બારે કૂટો એકેક દેવ વડે અધિષ્ઠિત છે. કહ્યું છે કે—

**पुव्वेण तिन्नि कूडा, दाहिणओ तिन्नि तिन्नि अवरेणं । उत्तरओ तिन्नि भवे, चउद्दिसिं माणुसनगस्स ॥१२०॥**

**[द्वीपसागर प्र० ६ त्ति]**

માનુષોત્તર પર્વતની ચારે દિશામાં–પૂર્વ દિશામાં તીન, દક્ષિણ દિશામાં તીન અવર એટલે પશ્ચિમ દિશામાં તીન અને ઉત્તર દિશામાં તીન એમ બાર કૂટ બાર દેવોથી અધિષ્ઠિત છે. (૧૨૦) ॥૩૦૦॥

અનંતર માનુષોત્તર પર્વતમાં શિખરરૂપ દ્રવ્યો કહ્યા, હવે તેના વડે અવરાયેલા ક્ષેત્રરૂપ દ્રવ્યોનું ચતુઃસ્થાનકના અવતારને 'जंबुद्दीवेत्यादिना०' જંબૂદ્વીપમાં ભરત ઐરવત ક્ષેત્રને વિષે ઇત્યાદિથી આરંભીને 'चत्तारि मंदरचूलियाओ' (ધાતકીખંડના બે અને પુષ્કરદ્વીપના બે મળી કુલ ચાર) મેરુપર્વત ઉપર ચાર ચૂલિકાઓ છે તે અંત્ય (છેવટના) ગ્રંથ વડે કહે છે. આ વર્ણન સ્પષ્ટ છે. વિશેષ એ કે–ચિત્રકૂટ વગેરે સોળ વક્ષસ્કાર પર્વતોનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**पंचसए बाणउए, सोलस य सहस्स दो कलाओ य । विजया १ वक्खारं २ तरनईण ३ तह वणमुहायामो ॥१२१॥**

**[बृहत्क्षेत्र० ३६४ त्ति]**

૧. વિજયો, ૨. વક્ષસ્કાર પર્વતો, ૩. અંતરનદીઓ અને ૪. સીતા તથા સીતોદા નદીના બન્ને પડખે રહેલા વનમુખોનો આયામ (લંબાઈ) સોળ હજાર પાંચસો બાણુ યોજન અને બે કલા ૧૬૫૯૨$^{2}/_{19}$ છે. (૧૨૧)

**जत्तो वासहरगिरी, तत्तो जोयणसयं समवगाढा । चत्तारि जोयणसए, उव्विद्धा सव्वरयणमया ॥१२२॥**

**जत्तो पुण सलिलाओ, तत्तो पंचसयगाउउव्वेहो । पंचेव जोयणसए, उव्विद्धा आसखंधणिभा ॥१२३॥**

**[बृहत्क्षेत्र० ३७१-३७२ त्ति]**

બધા વક્ષસ્કાર પર્વતો રત્નમય છે અને તે જે દિશાએ નિષધ અને નીલવંત નામના વર્ષધર પર્વત છે તે દિશાએ–તેની પાસે એક સો યોજન ભૂમિમાં ઊંડા અને ચાર સો યોજન ઊંચા છે. ત્યાંથી માત્રા વડે વૃદ્ધિ પામતા જે દિશાએ સીતા અને સીતોદા નદી છે તે દિશાએ–તેની પાસે પાંચ સો ગાઉ (સવાસો યોજન) ભૂમિમાં ઊંડા અને પાંચ સો યોજન ઊંચા છે. આ

હેતુથી જ અશ્વના સ્કંધ સરખા આકાર વડે રહેલ છે. (૧૨૨-૧૨૩)

એ વિજયાદિની પહોળાઈ નીચે પ્રમાણે છે—

**विजयाणं विक्खंभो, बावीससयाइं तेरसहियाइं । पंचसए वक्खारा, पणुवीससयं च सलिलाओ ।।१२४।।**

**[बृहत्क्षेत्र० ३७० त्ति]**

બધા વિજયોમાં પ્રત્યેકનો વિષ્કંભ (પહોળાઈ) બે હજાર બસો અને કિંચિત્ ન્યૂન તેર યોજન છે. વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ પાંચ સો યોજન છે અને અંતરનદીઓની પહોળાઈ સવા સો યોજન છે. (૧૨૪)

'**पद्यंते**'—જે જણાય છે તે પદ-સંખ્યાસ્થાન, તે અનેક પ્રકારે છે માટે જઘન્ય-સર્વથી હીનપદ તે જઘન્યપદ. તેમાં વિચાર કર્યે છતે અવશ્ય ભાવ વડે અર્હંત વગેરે ચાર હોય છે અર્થાત્ ઓછામાં ઓછા ચાર હોય જ. મેરુપર્વતની ભૂમિમાં-સપાટીમાં ભદ્રશાલ વન છે. તેની પ્રથમ મેખલામાં નંદનવન અને બીજી મેખલામાં સૌમનસવન છે અને શિખર ઉપર પંડકવન છે. અહિં આ સંબંધી ગાથા જણાવે છે—

**बावीस सहस्साइं, पुव्वावरमेरुभद्दसालवणं । अड्ढाइज्जसया उण, दाहिणपासे य उत्तरओ ।।१२५।।**

**[बृहत्क्षेत्र० ३१७ त्ति]**

મેરુપર્વતને વલયાકારે વીંટી રહેલ ભદ્રશાલવન, પૂર્વ અને પશ્ચિમ દિશાએ (પ્રત્યેક દિશામાં) બાવીશ હજાર યોજન લાંબો છે અને દક્ષિણ તથા ઉત્તરદિશાએ (પ્રત્યેક દિશામાં) અઢીસો યોજન પહોળો છે. (૧૨૫)

**पंचेव जोयणसए, उड्ढं गंतूण पंचसयपिहुलं । नंदणवणं सुमेरुं, परिक्खिवित्ता ठियं रम्मं ।।१२६।।**

**[बृहत्क्षेत्र० ३२७ त्ति]**

મેરુના સમભૂતલથી પાંચ સો યોજન ઊંચે જઈએ, ત્યાં દરેક દિશાએ પાંચ સો યોજનની પહોળાઈવાળું નંદનવન, સુમેરુને ચોતરફ વીંટીને રમણીકપણાએ રહેલ છે અર્થાત્ ત્યાં અનેક મણિમયકૂટ, વાવડી, મંડપ વગેરે છે. (૧૨૬)

**बासट्ठिसहस्साइं, पंचेव सयाइं नंदणवणाओ । उड्ढं गंतूण वणं, सोमणसं नंदणसरिच्छं ।।१२७।।**

**[बृहत्क्षेत्र० ३३८ त्ति]**

નંદનવનથી સાડીબાસઠ હજાર યોજન જઈએ ત્યાં નંદનવનના જેવું સૌમનસ નામનું વન છે, તે પણ મેરુને ચોતરફ વીંટીને દરેક પડખે પાંચ સો યોજનની પહોળાઈવાળું અને મનોહર છે. (૧૨૭)

**सोमणसाओ तीसं, छच्च सहस्से विलग्गिऊण गिरिं । विमलजलकुंडगहणं, हवइ वणं पंडगं सिहरे ।।१२८।।**

**[बृहत्क्षेत्र० ३४६ त्ति]**

સૌમનસ નામના વનથી ઉપર છત્રીસ હજાર યોજન જઈએ ત્યાં મેરુપર્વતના શિખર પર પંડકવન છે, તેમાં નિર્મળ અને અગાધ જલથી ભરેલા ઘણા કુંડો છે. (૧૨૮)

**चत्तारि जोयणसया, चउणउया चक्कवालओ रुंदं । इगतीस जोयणसया, बावट्ठी परिरओ तस्स ।।१२९।।**

**[बृहत्क्षेत्र० ३४७ त्ति]**

મેરુના શિખરની ચોતરફ પંડકવન, પ્રત્યેક દિશાએ ચાર સો ચોરાણું યોજન વિસ્તારવાળું છે અને તેની એકત્રીસસો બાસઠ યોજનની પરિધિ છે. (૧૨૯)

તીર્થંકરોના અભિષેક માટેની શિલાઓ તે અભિષેકશિલાઓ, ચૂલિકાની પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં ક્રમશઃ જાણવી. '**उवरिं**' ति० અગ્રભાગમાં '**विक्खंभेणं**' त्ति० વિસ્તાર વડે. અર્થાત્ તે શિલાઓ આગળના ભાગમાં વિષ્કંભ (લંબાઈ) વાળી છે. જેમ '**जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु**' ઇત્યાદિ સૂત્રો વડે કાલમાન વગેરેથી આરંભીને ચૂલિકા પર્યંત

કહેલ છે, એવી જ રીતે ધાતકીખંડના પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં પણ કહેવા યોગ્ય છે. એક મેરુના સંબંધવાળી વક્તવ્યતાનું અન્ય ચાર મેરુને વિષે સમાનપણું છે તે જ હકીકતને સૂત્રકાર કહે છે. 'एव' मित्यादि० આ વર્ણનરૂપ અતિદેશને સંગ્રહગાથા વડે કહે છે. 'जंबूद्दीवे' त्यादि० જંબૂદ્વીપનું આ વર્ણન તે જંબૂદ્વીપક, અથવા જંબૂદ્વીપ પ્રત્યે પ્રાપ્ત થાય છે તે જંબૂદ્વીપગ. ક્યાંક એવો પાઠ છે કે 'जबूद्वीपे यत्'—જંબૂદ્વીપમાં જે વર્ણન, અવશ્યભાવીપણાથી અથવા કહેવા યોગ્ય હોવાથી આવશ્યક, તે જંબૂદ્વીપકાવશ્યક અથવા જંબૂદ્વીપગાવશ્યક. वस्तुजातं—વસ્તુનો પ્રકાર (અહિં 'तु' શબ્દ પૂરણ અર્થમાં છે.) કયું આદિ સૂત્ર અને અંત્ય સૂત્ર કયું? માટે સૂત્રકાર કહે છે—સુષમસુષમા લક્ષણ કાલ 'સૂત્ર' થી આરંભીને યાવત્ મેરુની ચૂલિકા પર્યંત જે વર્ણન (જંબૂદ્વીપ સંબંધી) કર્યું છે તે વર્ણન ધાતકીખંડમાં અને પુષ્કરવરદ્વીપમાં જે પૂર્વ અને પશ્ચિમ બે વિભાગ છે તે બન્ને દ્વીપના પ્રત્યેક પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં અથવા પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધ ખંડના ક્ષેત્રોમાં અન્યૂનાધિક અર્થાત્ સમાન જાણવું. ॥૩૦૨॥

**जंबूदीवस्स णं चत्तारि दारा पन्नत्ता, तंजहा—विजये, वेजयंते, जयंते, अपराजिते। ते णं दारा चत्तारि जोयणाइं विक्खंभेणं तावतितं चेव पवेसेणं पन्नत्ता-तत्थ णं चत्तारि देवा महिड्डीया जाव पलिओवमट्ठितीता परिवसंति तंजहा—विजते, वेजयंते, जयंते, अपराजिते ॥ सू० ३०३॥**

**जंबूदीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं चुल्लहिमवंतस्स वासहरपव्वयस्स चउसु विदिसासु लवणसमुद्दं तिन्नि २ जोयणसताइं ओगहित्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—एगूरूयदीवे, आभासियदीवे, वेसाणितदीवे, णंगोलियदीवे। तेसु णं दीवेसु चउव्विहा मणुस्सा परिवसंति, तंजहा—एगूरूता, आभासिता, वेसाणिता, णंगोलिंया।**

**तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं चत्तारि २ जोयणसयाइं ओगाहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—हयकन्नदीवे, गयकन्नदीवे, गोकन्नदीवे, सक्कुलिकन्नदीवे। तेसु णं दीवेसु चउव्विधा मणुस्सा परिवसंति, तंजहा—हयकन्ना, गयकन्ना, गोकन्ना, संक्कुलिकन्ना।**

**तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं पंच २ जोयणसयाइं ओगाहित्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—आयंसमुहदीवे, मेंढमुहदीवे, अयोमुहदीवे, गोमुहदीवे। तेसु णं दीवेसु चउव्विहा मणुस्सा भाणियव्वा । तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं छ छ जोयणसयाइं ओगाहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा-आसमुहदीवे, हत्थिमुहदीवे, सीहमुहदीवे, वग्घमुहदीवे। तेसु णं दीवेसु मणुस्सा भाणियव्वा । तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं सत्त सत्त जोयणसयाइं ओगहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—आसकन्नदीवे, हत्थिकन्नदीवे, अकन्नदीवे, कन्नपाउरणदीवे। तेसु णं दीवेसु मणुया भाणियव्वा । तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं अट्ठ जोयणसयाइं ओगाहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—उक्कामुहदीवे, मेहमुहदीवे, विज्जुमुहदीवे, विज्जुदंतदीवे, तेसु णं दीवेसु मणुस्सा भाणियव्वा ।**

**तेसि णं दीवाणं चउसु विदिसासु लवणसमुद्दं णव णव जोयणसयाइं ओगाहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—घणदंतदीवे, लट्ठदंतदीवे, गूढदंतदीवे, सुद्धदंतदीवे । तेसु णं दीवेसु चउविधा मणुस्सा परिवसंति तंजहा—घणदंता, लट्ठदंता, गूढदंता, सुद्धदंता । जंबूदीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं सिहरिस्स वासहरपव्वयस्स चउसु विदिसासु लवणसमुद्दं तिन्नि तिन्नि जोयणसयाइं ओगाहेत्ता एत्थ णं चत्तारि अंतरदीवा पन्नत्ता, तंजहा—एगूरूयदीवे सेसं तहेव निरवसेसं भाणियव्वं जाव सुद्धदंता ॥ सू० ३०४॥**

जंबुद्दीवस्स णं दीवस्स बाहिरिल्लाओ वेदियंताओ चउदिसिं लवणसमुद्दं पंचाणउइं जोयणसहस्साइं ओगाहेत्ता एत्थं णं महतिमहालता [1]महारंजरसंठाणसंठिता चत्तारि महापायाला पन्नत्ता, तंजहा—वलतामुहे, केउते, जूवए, ईसरे। [2]एत्थ णं चत्तारि देवा महिड्डिया जाव पलिओवमड्डितीता परिवसंति, तंजहा—काले, महाकाले, वेलंबे, पभंजणे। जंबूदीवस्स णं दीवस्स बाहिरिल्लातो वेतितंताओ चउद्दिसिं लवणसमुद्दं बातालीसं २ जोयणसहस्साइं ओगाहेत्ता एत्थ णं चउण्हं वेलंधर [3]नागराईणं चत्तारि आवासपव्वता पन्नत्ता, तंजहा—गोथूभे, दओभासे, संखे, दगसीमे। तत्थ णं चत्तारि देवा महिड्डिया जाव पलिओवमड्डितीता परिवसंति, तंजहा—गोथूभे, सिवए, संखे, मणोसिलाते(सिलए)।

जंबूदीवस्स णं दीवस्स बाहिरिल्लाओ वेइतंताओ चउसु विदिसासु लवणसमुद्दं बातालीसं २ जोयणसहस्साइं ओगाहेत्ता एत्थ णं चउण्हं अणुवेलंधरणागरातीणं चत्तारि आवासपव्वता पन्नत्ता, तंजहा-कक्कोडए, विज्जुप्पभे(जिब्भे), केलासे, अरुणप्पभे। तत्थ णं चत्तारि देवा महिड्डीया जाव पलिओवमड्डितीता परिवसंति, तंजहा—कक्कोडए, कद्दमए, केलासे, अरुणप्पभे।

लवणे णं समुद्दे [णं] चत्तारि चंदा पभासिंसु वा पभासंति वा पभासिस्संति वा, चत्तारि सूरिता तवतिं(तिंसु) वा तवतंति वा तवतिस्संति वा। चत्तारि कत्तियाओ जाव चत्तारि भरणीओ, चत्तारि अग्गी जाव चत्तारि जमा, चत्तारि अंगारया जाव चत्तारि भावकेऊ। लवणस्स णं समुद्दस्स चत्तारि दारा पन्नत्ता, तंजहा—विजए, वेजयंते, जयंते, अपराजिते। ते णं दारा णं चत्तारि जोयणाइं विक्खंभेणं तावतितं चेव पवेसेणं पन्नत्ता। तत्थ णं चत्तारि देवा महिड्डिया जाव पलिओवमड्डितीया परिवसंति, तंजहा—विजए, वेजयंते, जयंते, अपराजिए।। सू०३०५।।

धायइसंडे णं दीवे चत्तारि जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पन्नत्ते। जंबूदीवस्स णं दीवस्स बहिता चत्तारि भरहाइं चत्तारि एरवयाइं, एवं जहा सद्दुद्देसते तहेव निरवसेसं भाणियव्वं जाव चत्तारि मंदरा चत्तारि मंदरचूलिआओ ।। सू० ३०६।।

*(મૂ૦) જંબૂદ્વીપ નામના દ્વીપના ચાર દ્વારો કહેલા છે, તે આ પ્રમાણે—વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. તે દરવાજા ચાર યોજનના પહોળા છે અને પ્રવેશમાર્ગ પણ ચાર યોજનનો છે (આઠ યોજન ઊંચા છે). ત્યાં ચાર મહર્દ્ધિક યાવત્ એક પલ્યોપમની સ્થિતિવાળા દેવો વસે છે, તે દેવો વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત નામના છે. ।।303।।*

*જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની દક્ષિણ દિશાએ ચુલ્લહિમવંત નામના વર્ષધર પર્વતની ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં ત્રણ સો ત્રણ સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો કહેલા છે, તે આ પ્રમાણે—એકોરુકદ્વીપ, આભાષિકદ્વીપ, વૈષાણિકદ્વીપ અને લાંગુલિકદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે, તે આ પ્રમાણે—એકોરુકો, આભાષિકો, વૈષાણિકો અને લાંગુલિકો. તે પૂર્વોક્ત દ્વીપોથી ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં ચાર સો ચાર સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો છે, તે આ પ્રમાણે—હયકર્ણદ્વીપ, ગજકર્ણદ્વીપ, ગોકર્ણદ્વીપ અને શષ્કુલીકર્ણદ્વીપ. તે દ્વીપોમાં ચાર પ્રકારના મનુષ્યો વસે છે, તે આ પ્રમાણે—હયકર્ણો, ગજકર્ણો, ગોકર્ણો અને શષ્કુલીકર્ણો. તે દ્વીપોથી આગળ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં પાંચ સો પાંચ સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો છે, તે આ પ્રમાણે—આદર્શમુખદ્વીપ, મેંઢકમુખદ્વીપ, અયોમુખદ્વીપ અને ગોમુખદ્વીપ. તે દ્વીપોને વિષે ચાર પ્રકારના મનુષ્યો દ્વીપના નામ પ્રમાણે કહેવા. તે દ્વીપોથી આગળ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં છ સો છ સો યોજન અંદર*

1. महालंजर-महालिंजरं 2. तत्थ 3. પ્રત્યંતરમાં 'णागरायाणं' એવો પણ પાઠ છે.

જઈને ત્યાં ચાર અંતરદ્વીપો છે, તે આ પ્રમાણે—અશ્વમુખદ્વીપ, હસ્તિમુખદ્વીપ, સિંહમુખદ્વીપ અને વ્યાઘ્ર (વાઘ) મુખદ્વીપ. તે દ્વીપોને વિષે ચાર પ્રકારના મનુષ્યો દ્વીપના નામ પ્રમાણે કહેવા. તે દ્વીપોથી આગળ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં સાત સો સાત સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો કહેલા છે, તે આ પ્રમાણે—અશ્વકર્ણદ્વીપ, હસ્તિકર્ણદ્વીપ, અકર્ણદ્વીપ અને કર્ણપ્રાવરણદ્વીપ. તે દ્વીપોને વિષે તે દ્વીપોના નામ પ્રમાણે મનુષ્યો કહેવા. તે દ્વીપોથી આગળ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં આઠ સો આઠ સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો કહેલા છે, તે આ પ્રમાણે—ઉલ્કામુખદ્વીપ, મેઘમુખદ્વીપ. વિદ્યુન્મુખદ્વીપ અને વિદ્યુદ્દંતદ્વીપ. તે દ્વીપોને વિષે તે દ્વીપોના નામ પ્રમાણે મનુષ્યો કહેવા. તે દ્વીપોથી આગળ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં નવ સો નવ સો યોજન અંદર જઈએ ત્યાં ચાર અંતરદ્વીપો કહેલા છે, તે આ પ્રમાણે—ઘનદંતદ્વીપ, લષ્ટદંતદ્વીપ, ગૂઢદંતદ્વીપ અને શુદ્ધદંતદ્વીપ. તે દ્વીપોને વિષે ચાર પ્રકારના મનુષ્યો વસે છે, તે આ પ્રમાણે—ઘનદંતો, લષ્ટદંતો, ગૂઢદંતો અને શુદ્ધદંતો. જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુપર્વતની ઉત્તર દિશાએ શિખરી નામના વર્ષધર પર્વતની ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં ત્રણ સો ત્રણ સો યોજન અંદર જઈએ ત્યાં અંતરદ્વીપો કહેલા છે, તે આ પ્રમાણે—એકોરુકદ્વીપ, બાકી બધું તેમજ કહેવું યાવત્ શુદ્ધદંત નામના મનુષ્યો વસે છે અર્થાત્ પેલાના અઠ્યાવીશ અંતરદ્વીપોના નામો કહ્યા તે જ નામો અને વર્ણન પણ તે પ્રમાણે જ જાણવું. ॥૩૦૪॥

જંબૂદ્વીપ નામના દ્વીપની બહારની વેદિકાના અંતથી ચારે દિશાઓને વિષે લવણસમુદ્રમાં પંચાણું હજાર યોજન ઉલ્લંઘીને જઈએ ત્યાં અત્યંત મોટા અલંજર–ઉદકના કુંભ જેવા આકાર વડે રહેલા ચાર મહાપાતાલકલશો કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્વ દિશામાં વડવામુખ, દક્ષિણ દિશામાં કેતુક, પશ્ચિમ દિશામાં યૂપક અને ઉત્તર દિશામાં ઈશ્વર છે. ત્યાં મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા ચાર દેવો વસે છે, તે આ પ્રમાણે—કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન. જંબૂદ્વીપ નામના દ્વીપની બહારની વેદિકાના અંતથી ચારે દિશાઓને વિષે લવણસમુદ્રમાં બેંતાલીશ બેંતાલીશ હજાર યોજન ઉલ્લંઘીને જઈએ ત્યાં ચાર વેલંધર–સમુદ્રની વેલ (શિખા) ને ધરનારા નાગકુમાર જાતીય પ્રધાન દેવોના ચાર આવાસપર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—ગોસ્તૂપ, ઉદકભાસ, શંખ અને ઉદકસીમ. ત્યાં ચાર દેવો મહર્દ્ધિક યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે—ગોસ્તૂપ, શિવક, શંખ અને મનઃશિલ. જંબૂદ્વીપ નામના દ્વીપની બહારની વેદિકાના અંતથી ઈશાનાદિ ચારે વિદિશાઓને વિષે લવણસમુદ્રમાં બેંતાલીશ બેંતાલીશ હજાર યોજન ઉલ્લંઘીને જઈએ ત્યાં ચાર અનુવેલંધર નાગકુમાર દેવોના આવાસપર્વતો છે, તે આ પ્રમાણે—કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ અને અરુણપ્રભ. ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમની સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે–કર્કોટક, કર્દમ, કૈલાસ અને અરુણપ્રભ. લવણસમુદ્રને વિષે ચાર ચંદ્રો ભૂતકાલે પ્રકાશ્યા, વર્તમાનમાં પ્રકાશે છે અને ભવિષ્યમાં પ્રકાશ કરશે. ચાર સૂર્યો તપ્યા છે, તપે છે અને તપશે. કૃતિકા નક્ષત્રો ચાર છે યાવત્ અઠ્યાવીશમો નક્ષત્ર ભરણી પર્યંત દરેક ચાર ચાર નક્ષત્રો છે. કૃતિકા નક્ષત્રનો દેવ અગ્નિ છે યાવત્ ભરણી નક્ષત્રનો દેવ યમ છે. એમ દરેક નક્ષત્રના ચાર ચાર દેવો છે. ચાર અંગારક (મંગલ) ગ્રહો છે યાવત્ ચાર ભવકેતુ છે અર્થાત્ અઠ્યાસી ગ્રહો દરેક ચાર ચાર છે. લવણસમુદ્રના ચાર દરવાજા કહેલા છે, તે આ પ્રમાણે—વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. તે દરવાજાઓ ચાર યોજન પહોળાઈ વડે અને ચાર યોજન પ્રવેશ વડે છે. ત્યાં ચાર મહર્દ્ધિક દેવો યાવત્ પલ્યોપમના સ્થિતિવાળા વસે છે, તે આ પ્રમાણે–વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત. ॥૩૦૫॥

ધાતકીખંડદ્વીપ, ચક્રવાલ વિષ્કંભ (ગોળાઈના વિસ્તાર) વડે ચાર લાખ યોજનનો કહેલો છે. જંબૂદ્વીપ નામના દ્વીપની બહાર ચાર ભરત અને ચાર ઐરવત ક્ષેત્રો છે. એવી રીતે જેમ શબ્દોદ્દેશક બીજા સ્થાનકના ત્રીજા ઉદ્દેશકમાં કહ્યું છે તેમ અહિં પણ બધું વર્ણન કહેવું યાવત્ ચાર મેરુપર્વતની ચાર ચૂલિકા છે. ॥૩૦૬॥

(ટી૦) પૂર્વાદિ ચારે દિશાઓમાં ક્રમશઃ વિજયાદિ દ્વારો છે. દ્વારની બે તરફની શાખનું જે અંતર તે વિષ્કંભ–બન્ને શાખની વચ્ચેની પહોળાઈ ચાર યોજનની છે. પ્રવેશ–જગતીના કોટની બારશાખ–બન્ને બાજૂની ભીંતની એકેક કોશની જાડાઈ અને આઠ યોજનની ઊંચાઈ છે. કહ્યું છે કે—

**चउजोयणवित्थिन्ना, अट्ठेव य जोयणाणि उव्विद्धा । उभओ वि कोसकोसं, कुड्डा बाहल्लओ तेसिं ।।१३०।।**

**[बृहत्क्षेत्र० १७ त्ति]**

જગતીના દ્વાર ચાર યોજન પહોળા અને આઠ યોજન ઊંચા છે. દ્વારની બન્ને ભીંતોનો ભાગ એક–એક ગાઉ પહોળો છે.(૧૩૦)

**पलिओवमट्ठिईया, सुरगणपरिवारिया सदेवीया । एएसु दारनामा, वसंति देवा महिड्ढिया ।।१३१।। [बृहत्क्षेत्र० १९ त्ति]**

આ ચાર દ્વારોમાં દ્વારના નામવાળા, એક પલ્યોપમની સ્થિતિવાળા, ઘણા દેવોના પરિવારવાળા અને દેવીઓ સહિત મહર્દ્ધિક દેવો વસે છે. (૧૩૧)

**'चूल्लहिमवंतस्स' त्ति०** મહાહિમવાનની અપેક્ષાએ નાનો હિમવાન, પૂર્વ અને પશ્ચિમના ભાગને વિષે તેની દરેકની બે બે શાખા છે માટે કહે છે—**'चउसु विदिसासु'** ઈશાનકોણ વગેરે વિદિશાઓમાં લવણસમુદ્રને ત્રણ સો ત્રણ સો યોજન ઉલ્લંઘીને[1] જે શાખા (દાઢા) રૂપ વિભાગો વર્તે છે **'एत्थ'त्ति०** આ શાખાવિભાગોને વિષે અંતરે–સમુદ્રના મધ્યમાં દ્વીપો અથવા અંતર–પરસ્પર વિભાગપ્રધાન દ્વીપો તે અંતરદ્વીપો. તેમાં ઈશાનકોણમાં એકોરુક નામનો દ્વીપ ત્રણ સો યોજનનો લાંબો અને પહોળો છે. એમ જ અગ્નિકોણમાં આભાષિક, નૈઋતકોણમાં વૈષાણિક અને વાયવ્યકોણમાં લાંગૂલિક દ્વીપ છે. સમુદાયની અપેક્ષાએ ચાર છે, પરંતુ એક એક વિભાગમાં ચાર ચાર નથી. અતઃ ક્રમ વડે દ્વીપો યોજવા યોગ્ય છે. દ્વીપના નામથી પુરુષોના નામો છે. તે પુરુષો તો સર્વ અંગોપાંગ વડે સુંદર અને જોવામાં સ્વરૂપથી મનોહર છે, પરંતુ એકોરુક વગેરે નથી અર્થાત્ એક ઉરુવાળા વગેરે નથી. આ દ્વીપોથી જ ચારસો યોજન ઉલ્લંઘીને પ્રત્યેક વિદિશાએ ચાર સો યોજનના લાંબા પહોળા ચાર દ્વીપો છે. એમ જ જે દ્વીપોનું (બીજા ચાર દ્વીપોનું) જેટલું અંતર છે તેટલું તેઓનું લંબાઈ–પહોળાઈનું પ્રમાણ છે. યાવત્ ચારે દિશાઓના સાતમા અંતરદ્વીપોનું નવ સો યોજન અંતર છે, અને તેટલું જ તેઓનું લંબાઈ–પહોળાઈનું પ્રમાણ છે. બધા મળીને અંતરદ્વીપો અઠ્યાવીશ છે. આ દ્વીપોના મનુષ્યો જોડલે જન્મે છે. પલ્યોપમના અસંખ્યાત ભાગવિશિષ્ટ આયુષ્યવાળા અને આઠ સો ધનુષ્યના ઊંચા શરીરવાળા છે. ઐરવત ક્ષેત્રનો વિભાગ કરનાર શિખરી નામના પર્વતના પણ એમ જ ઈશાનકોણ વગેરે વિદિશાઓમાં ક્રમ વડે એ જ પૂર્વોક્ત નામવાળા અઠ્યાવીશ અંતરદ્વીપો છે. અંતરદ્વીપના પ્રકરણ માટે સંગ્રહગાથાઓ જણાવે છે—

**चुल्लहिमवंत पुव्वावरेण विदिसासु सागरं तिसए । गंतूणंतरदीवा, तिन्नि सए होंति वित्थिन्ना ।।१३२।।**

**[बृहत्क्षेत्र० २।५५ त्ति]**

ક્ષુલ્લ હિમવંત પર્વતની પૂર્વ દિશાથી અને પશ્ચિમ દિશાથી વિદિશામાં ત્રણસો યોજન જઈએ ત્યાં ત્રણસો યોજન વિસ્તારવાળા અંતરદ્વીપો છે. (૧૩૨)

**अउणावन्न नवसए, किंचूणे परिहि तेसिमे नामा । एगूरुग आभासिय, वेसाणी चेव लंगूली (नंगूली) ।।१३३।।**

**[बृहत्क्षेत्र० २।५६ त्ति]**

આ અંતરદ્વીપોની પરિધિ નવ સો ને ઓગણપચ્ચાસ યોજન કિંચિત્ ન્યૂન અને એકોરુક, આભાષિક, વૈષાણિક અને લાંગૂલિક નામના છે. (૧૩૩)

1. **'अवगाह्य'** આ પદનું દ્વિકર્મકત્વ હોવાથી કર્મમાં સપ્તમીના અર્થમાં દ્વિતીયા છે. અહિં દ્વિકર્મક ધાતુગણમાં જો કે **'गाह्'** ધાતુ નથી પરંતુ દ્વિકર્મક ગણ પઠિત ધાતુના અર્થના નિબંધનથી દ્વિકર્મક છે. આ ચિહ્નવાળો પાઠ બાબુવાળી પ્રતિમાં છે.

एएसिं दीवाणं, परओ चत्तारि जोयणसयाई । ओगाहिऊण लवणं, सपडिदिसिं चउसयपमाणा ॥१३४॥

चत्तारंतदीवा, हय-गय-गोकन्न-संकुलीकन्ना । एवं पंच सयाई, छ सत्त-अट्ठे व नव चेव ॥१३५॥

ओगाहिऊण लवणं, विक्खंभोगाहसरिसया भणिया । चउरो चउरो दीवा, इमेहिं नामेहिं नायव्वा ॥१३६॥

आयंसग मेंढमुहा, अओमुहा गोमुहा य चउरेते(रोय) । अस्समुहा हत्थिमुहा, सीहमुहा चेव वग्घमुहा ॥१३७॥

तत्तो अ अस्सकण्णा, [1]हत्थि(हरिकन्ना)यकण्णा य[अकन्न]कण्णपाउरणा ।

उक्कामुहमेहमुहा, विज्जुमुहा विज्जुदंता य ॥१३८॥

घणदंत लट्ठदंता, निगूढदंता य सुद्धदंता य । वासहरे सिहरंमि वि एवं चिय अट्ठवीसा वि ॥१३९॥

[बृहत्क्षेत्र० २।५७-६२ त्ति]

આ દ્વીપોની આગળ ચારસો યોજન લવણસમુદ્રની અંદર પોત-પોતાની વિદિશામાં ચારસો યોજન પ્રમાણવાળા હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ અને શષ્કુલીકર્ણ નામના ચાર અંતરદ્વીપો છે. આ પ્રમાણે પાંચસો, છસો, સાતસો, આઠસો અને નવસો યોજન લવણસમુદ્રની અંદર જઈએ ત્યાં તેટલા જ વિસ્તારવાળા ચાર-ચાર દ્વીપો આ નામોથી જાણવા.

આદર્શમુખ, મેંઢમુખ, અજમુખ અને ગોમુખ નામના ચાર છે. પછી અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ છે. તે પછી અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણકર્ણ અને પ્રાવરણ છે. ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુત્મુખ અને વિદ્યુત્દંત છે. પછી ઘનદંત, લષ્ટદંત, નિગૂઢદંત અને શુદ્ધદંત છે. (૧૩૪-૧૩૯)

શિખરી વર્ષધર પર્વતની બન્ને દાઢા ઉપર આ પ્રમાણે અઠ્ઠાવીશ અંતરદ્વીપો છે.

अंतरदीवेसु नरा, धणुसयअट्ठूसिया सया मुइया । पालिंति मिहुणधम्मं, पल्लस्स असंखभागाऊ ॥१४०॥

[बृहत्क्षेत्र० २।७३ त्ति]

અંતરદ્વીપમાં વસનારા મનુષ્યો આઠ સો ધનુષ્યના ઊંચા, સદા આનંદવાળા અર્થાત્ રોગ, શોક વગેરે ઉપાધિથી રહિત, પલ્યોપમના અસંખ્યાત ભાગના આયુષ્યવાળા તથા યુગલિક ધર્મને પાળનારા હોય છે. (૧૪૦)

चउसट्ठि पिट्ठिकरंडयाया मणुयाणऽवच्चपालणया । अउणासीई तु दिणा, चउत्थभत्तेण आहारो ॥१४१॥[2]

[बृहत्क्षेत्र० २।७४ त्ति]

તે મનુષ્યોને પૃષ્ઠકરંડકો અર્થાત્ પાંસળીઓ ચોસઠ હોય છે. અપત્ય-પુત્રપુત્રીના યુગલની પાલના ૭૯ દિવસ પર્યંત કરે છે અને ચતુર્થભક્તે-એકાંતરે આહાર કરે છે. (૧૪૧) ॥૩૦૪॥

'एत्थ णं' તિ૦ મધ્યના દશ હજાર યોજનમાં 'મહામહાંત' એમ કહેવાને બદલે સિદ્ધાંતની ભાષા વડે 'महइमहालया' એમ કહ્યું છે. મહાન્ અલિંજર-પાણીના કળશ તે મહાલિંજર, તેના જેવા આકાર વડે રહેલા તે મહાલિંજરસંસ્થાનસંસ્થિતા અર્થાત્ તેના જેવા આકારવાળા. તેનાથી બીજા નાના કલશનો નિષેધ કરવા વડે મહાંત શબ્દ કહેલ છે. પાતાલની જેમ અગાધ ગંભીર હોવાથી પાતાળો અથવા પાતાળની અંદર રહેલ હોવાથી પાતાળો, મહાન્ એવા પાતાળો તે મહાપાતાળો, ૧. વડવામુખ, ૨. કેતુક, ૩. યૂપક અને ૪. ઈશ્વર ક્રમશઃ પૂર્વાદિ ચાર દિશાઓમાં છે. આ ચાર કળશાઓ મુખમાં અને મૂલમાં દશ હજાર યોજનના અને મધ્યમાં તથા ઊંચાઈ વડે એક લાખ યોજનના છે. આ કળશાઓના ઉપરના ત્રીજા ભાગમાં માત્ર પાણી છે, મધ્યના ત્રીજા ભાગમાં વાયુ અને જલ છે તથા મૂળ (તળીઆ) ના ત્રીજા ભાગમાં ફક્ત વાયુ છે. તેમાં વસનારા કાલ વગેરે વાયુકુમાર જાતિય દેવો છે. અહિં આ સંબંધી ગાથાઓ દર્શાવે છે—

1. हत्थि-अकण्णाय इति भाव प्रतियते ।

2. चउसट्ठिपिट्ठकरंडयाण मणुयाण तेसिमाहारो। भत्तस्स चउत्थस्स य उणसीइ दिणाणि पालणया।। [बृ.क्षे.स० ७४।४७२] આ ગાથા પાઠાંતરના રૂપમાં છે.

**पणनउइ सहस्साई, ओगाहित्ता[ण] चउद्दिसिं लवणं । चउरोऽलिंजरसंठाणसंठिया होंति पायाला ।।१४२।।**

**[बृहत्क्षेत्र० २।४ त्ति]**

લવણસમુદ્રમાં ચારે દિશાઓને વિષે પંચાણું હજાર યોજન ઉલ્લંઘીને કલશના આકારે રહેલા ચાર મહાપાતલકલશો છે.(૧૪૨)

**वलयामुह[वलयमुहे] केऊए, जूयग[ए] तह इस्सरे य बोद्धव्वे । सव्ववइरामयाणं, कुड्डा एएसिं दससइया ।।१४३।।**

**[बृहत्क्षेत्र० २।५ त्ति]**

વલયમુખ, કેતુક, યૂપક અને ઈશ્વર આ ચારે કલશો બધાય વજ્રમય છે અને તેની ઠીકરીઓ જાડાઈ વડે એક હજાર યોજનની છે. (૧૪૩)

**जोयणसहस्सदसगं, मूले उवरिं च होंति विच्छिन्ना । मज्झे य सयसहस्सं, तत्तियमेत्तं च ओगाढा ।। १४४।।**

**[बृहत्क्षेत्र० २।६ त्ति]**

મૂલમાં અને ઉપર દશ હજાર યોજનના પહોળા છે, મધ્યમાં લાખ યોજનના છે અને લાખ યોજન ભૂમિમાં ઊંડા છે.(૧૪૪)

**पलिओवमठिईया[इयाए] एएसिं अहिवई सुरा इणमो । काले य महाकाले, वेलंब पभंजणे चेव ।।१४५।।**

**[बृहत्क्षेत्र० २।११ त्ति]**

આ પાતાલ કળશોના અધિપતિ દેવો એક પલ્યોપમના આયુષ્યવાળા આ પ્રમાણે કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન દેવ છે. (૧૪૫)

**अन्नेवि य पायाला, खुड्डालिंजरगसंठिया लवणे । अट्ठसया चुलसीया, सत्त सहस्सा य सव्वे वि ।।१४६।।**

**[बृहत्क्षेत्र० २।१२ त्ति]**

લવણસમુદ્રમાં બીજા પણ લઘુકળશના આકાર જેવા નાના પાતાળકળશો બધાય મળીને સાત હજાર આઠસો ને ચોરાસી છે. (૧૪૬)

**जोयणसयवित्थिन्ना, मूलुवरिं दस सयाणि मज्झंमि । ओगाढा य सहस्सं, दस जोयणिया य सिं कुड्डा ।।१४७।।**

**[बृहत्क्षेत्र० २।१३ त्ति]**

તે પાતાળકલશાઓ, મૂલે-તલિયામાં અને ઉપરના ભાગમાં એક સો યોજનના પહોળા અને મધ્યભાગ-પેટાળમાં એક હજાર યોજનના પહોળા તથા એક હજાર યોજન ભૂમિમાં રહેલ છે અને તેની ઠીકરી દશ યોજનની જાડી છે. (૧૪૭)

**पायालाण ति[वि]भागा, सव्वाण वि तिन्नि तिन्नि बोद्धव्वा[विन्नाया] । हेट्ठिमभागे वाऊ, मज्झे वाऊ य उदगं च ।।१४८।।**
**उवरिं उदगं भणियं, पढमगबीएसु वाऊ संखुभिओ ।**
**वामे (उड्ढं वमेइ) [वमयतीत्यर्थः] उदगं तेण य, परिवड्ढइ जलनिही खुहिओ ।।१४९।।**
**परिसंठियंमि पवणे, पुणरवि उदगं तमेव संठाणं । वच्चेइ(वड्ढेइ) तेण उदही, परिहायइ अणुक्कमेणेवं(णं च) ।।१५०।।**

**[बृहत्क्षेत्र० २।१४-१६ त्ति]**

બધાય પાતાલકલશોના ત્રણ ત્રણ વિભાગ જાણવા, નીચેના ભાગમાં વાયુ, મધ્યના ભાગમાં વાયુ તથા પાણી અને ઉપરના ભાગમાં પાણી, એમ જિનેશ્વરોએ કહેલું છે. પ્રત્યેક કલશોના પહેલા અને બીજા ભાગમાં બીજા ઘણા મહાન્ પવનો, આમતેમ ચાલે છે, ખળભળે છે તથા પરિણમે છે. તે પવનો વડે પાણી ઉછળે છે. તેથી પહેલા અને બીજા વિભાગમાં વાયુ ખળભળતો થકો પાણીને ઊંચે કાઢે છે, તથા ક્ષોભાયમાન થયું થકું પાણી વૃદ્ધિ પામે છે અને તે વાયુ શાંત થયે છતે ફરીથી પાણી તે જ સ્થાનમાં આવે છે અર્થાત્ ફરીથી પાણી પાતાલકલશમાં પ્રવેશ કરે છે. તે કારણથી ક્રમશઃ સમુદ્રની વેલ વધે છે અને ઘટે

છે. અહોરાત્રમાં બે વખત પવન ખળભળે છે તેને લઈને અહોરાત્રમાં બે વખત વેલ વધે ઘટે છે. વિશેષથી પૂર્ણિમાદિ તિથિઓમાં વાયુનો અતિક્ષોભ થવાથી અતિશય વેલ વધે છે. (૧૪૮-૧૫૦)

વેલા-લવણસમુદ્રની શિખાને અથવા અંતરમાં પ્રવેશ કરતી અને બહાર નીકળતી અગ્રશિખાને વેલંધર અને અનુવેલંધર દેવો ધારણ કરે છે-અટકાવે છે માટે આ સંજ્ઞા હોવાથી તે વેલંધરો, નાગરાજો-નાગકુમારમાં પ્રધાન દેવો, તે વેલંધર નાગરાજાઓના આવાસ-વસવાના પર્વતો પૂર્વાદિ દિશાઓમાં અનુક્રમે ગોસ્તૂપ વગેરે છે. ઈશાન કોણ વગેરે વિદિશાઓમાં વેલંધરોની પાછળ વર્ત્તનારા અનુ (નાના) નાયકપણા વડે નાગરાજો તે અનુવેલંધરો નાગરાજો. વેલંધરોની વક્તવ્યતા આ પ્રમાણે છે—

**दसजोयणसहस्सा, लवणसिहा चक्कवालओ रुंदा ।**
**सोलससहस्स उच्चा, सहस्समेगं तु [च]ओगाढा ।।१५१।। [समाद् भूभागादिति भावः] [बृहत्क्षेत्र० २।१७ त्ति]**

લવણસમુદ્રની શિખા, ચક્રવાલ (ગોળાઈ) વડે દશ હજાર યોજનની પહોળી, સોળ હજાર યોજન ઊંચી અને એક હજાર યોજનની લવણસમુદ્રની ઉપરની સપાટીથી ભૂમિમાં ઊંડી છે. (૧૫૧)

**देसूणमद्धजोयण, लवणसिहोवरि दगं तु [दुवेकाला] कालदुगे । [दिवा रात्रौ चेत्यर्थः]**
**अइरेगं, अइरेगं, परिवड्ढइ हायए वा वि ।।१५२।।**
**अब्भिंतरियं वेलं, धरेंति लवणोदहिस्स नागाणं ।**
**बायालीस सहस्सा, [अन्तर्व्विशन्तीमित्यर्थः] दुसत्तरि-सहस्स बाहिरियं ।।१५३।।**
**सट्ठिं नागसहस्सा, धरिंति अग्गोदगं [शिखाग्रमित्यर्थः] समुद्दस्स ।**
**वेलंधर आवासा, लवणे य चउद्दिसिं चउरो ।।१५४।। [बृहत्क्षेत्र० २।१८-२० त्ति]**

ઉપર્યુક્ત શિખા ઉપરના ભાગમાં કિંચિત્ ન્યૂન અર્દ્ધયોજન અહોરાત્રમાં બે વખત ક્રમશઃ વિશેષ વિશેષ વધે છે અને ઘટે છે. લવણસમુદ્રની અંદરની વેલા અર્થાત્ જંબૂદ્વીપની સન્મુખ જતી વેલાને નાગકુમારના બેંતાળીસ હજાર દેવો અટકાવે છે અને બહારની વેલાને અર્થાત્ ધાતકીખંડ દ્વીપની સન્મુખ જતી વેલાને બહોંતર હજાર દેવો અટકાવે છે. સાઠ હજાર નાગકુમાર દેવો સમુદ્રની શિખાના અગ્રભાગના પાણીને ધારણ કરે છે અર્થાત્ તેથી ઉપર વૃદ્ધિ પામતા જલને અટકાવે છે. લવણસમુદ્રમાં ચારે દિશાએ વેલંધર દેવોનાં રહેવાના ચાર આવાસો છે. (૧૫૨-૧૫૪)

**पुव्वाइं अणुक्कमसो, गोत्थुम-दगभास-संख-दगसीमा । गोत्थुभ सिवए संखे मणोसिले नागरायाणो ।।१५५।।**
**अणुवेलंधरवासा, लवणे विदिसासु संठिया चउरो। कक्कोडे[डग] विज्जुप्पभे[भ] के[कइ]लासऽरुणप्पभे चेव।।१५६।।**
**कक्कोडय कद्दमए, कैलासऽरुणप्पभे य रायाणो । बायालीस सहस्से, गंतुं उदहिंमि सव्वे वि ।।१५७।।**
**[बृहत्क्षेत्र० २।२१-२३ त्ति]**

અનુક્રમે પૂર્વાદિ દિશામાં ગોસ્તૂપ, દકભાસ, શંખ અને દકસીમા નામના છે. તેના ગોસ્તૂપ, શિવ, શંખ અને મનોશિલ નાગરાજા છે. (૧૫૫)

લવણસમુદ્રમાં બેંતાલીશ હજાર યોજન અંદર જતાં વિદિશામાં કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાશ અને અરુણ પ્રભ આ ચાર અનુવેલંધરના આવાસ પર્વતો આવેલા છે. તેના રાજા કર્કોટક, કર્દમક, કૈલાશ અને અરુણપ્રભ છે. (૧૫૬-૧૫૭)

**चत्तारि जोयणसए, तीसे कोसं च उग्गया भूमी[भूमिं] । सत्तरस जोयणसए, इगवीसे ऊसिया सव्वे ।।१५८।।**
**[बृहत्क्षेत्र० २।२४ त्ति]**

બધા ગોસ્તૂપ વગેરે આઠ પર્વતો, ચાર સો ત્રીસ યોજન અને એક કોશ ભૂમિમાં ઊંડા છે અને પ્રત્યેક સતર સો એકવીશ યોજન ઊંચા છે. (૧૫૮)

'पभासिंसु' त्ति० સૌમ્યપણું હોવાથી ચંદ્રોનું પ્રભાસન-પ્રકાશવું કહ્યું અને તીક્ષ્ણ કિરણ હોવાથી સૂર્યોનું તો 'तवइंसु'

त्ति० તાપન (તપવું) કહ્યું. ચંદ્રોની ચાર સંખ્યા હોવાથી તેના પરિવારભૂત નક્ષત્ર વગેરેની ચાર સંખ્યા જ છે માટે કહે છે કે–ચાર કૃતિકા છે તે નક્ષત્રની અપેક્ષાએ છે, પરંતુ તારાની અપેક્ષાએ ચાર નથી. એમ જ અઠ્યાવીશ નક્ષત્રો પણ ચાર ચાર જાણવા. કૃતિકા નક્ષત્રનો અગ્નિ નામનો દેવ છે યાવત્ ભરણી નક્ષત્રનો યમ નામનો દેવ છે (તે દરેક ચાર ચાર છે). મંગળ પ્રથમ ગ્રહ છે અને ભાવકેતુ અઠ્યાસીમો ગ્રહ છે. બાકીનું વર્ણન બીજા સ્થાનકમાં જંબૂદ્વીપની દ્વારાદિ વગેરેની જેમ સમુદ્રના દ્વાર જાણવા. ॥૩૦૫॥

ચક્રવાલ-વલયનો વિસ્તાર, જંબૂદ્વીપથી ફરતા રહેલ ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધદ્વીપમાં ચાર ભરત અને ચાર ઐરવત ક્ષેત્ર છે. શબ્દ વડે જણાતો ઉદ્દેશક તે શબ્દોદ્દેશક અર્થાત્ બીજા સ્થાનનો ત્રીજો ઉદ્દેશો તેની માફક કહેવું, પરંતુ બે સ્થાનના અનુરોધથી ત્યાં 'दो भरहाइं' બે ભરત ઈત્યાદિ કહેલું છે, અહિં તો ચાર ભરત વગેરે કહેલ છે. ॥૩૦૬॥

મનુષ્ય સંબંધી વસ્તુઓનું ચતુઃસ્થાનક કહ્યું. હવે ક્ષેત્રના સાધર્મ્યથી નંદીશ્વર દ્વીપ સંબંધી વસ્તુઓનું સમીપના સૂત્રથી ચાર સ્થાનકને 'नंदीसरस्स' ઈત્યાદિ સૂત્ર વડે કહે છે.

[अथ नन्दीश्वरविचारः] **णंदीसरवरस्स णं दीवस्स चक्कवालविक्खंभस्स बहुमज्झदेसभागे चउद्दिसिं चत्तारि अंजणगपव्वता पन्नत्ता, तंजहा–पुरित्थिमिल्ले अंजणगपव्वते, दाहिणिल्ले अंजणगपव्वते, पच्चत्थिमिल्ले अंजणगपव्वते, उत्तरिल्ले अंजणगपव्वते ४। ते णं अंजणगपव्वता चउरासीति जोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं, एगं जोयणसहस्सं उव्वेहेणं, मूले दस जोयणसहस्साइं विक्खंभेणं, तदणंतरं च णं माताते २ परिहातेमाणा २ उवरिमेगं जोयणसहस्सं विक्खंभेणं पण्णत्ता, मूले एक्कतीसं जोयणसहस्साइं छच्च तेवीसे जोयणसते परिक्खेवेणं, उवरिं तिन्नि २ जोयणसहस्साइं एगं च बावट्ठं [छावट्ठं] जोयणसतं परिक्खेवेणं, मूले वित्थिन्ना, मज्झे संखित्ता, उप्पिं तणुया गोपुच्छसंठाणसंठिता सव्वअंजणमया अच्छा सण्हा, लण्हा, घट्ठा, मट्ठा, नीरया, निम्मला, निप्पंका, निक्कंकडच्छाया, सप्पभा, समिरीया, सउज्जोया, पासईया, दरिसणीया, अभिरूवा, पडिरूवा।**

**तेसि णं अंजणगपव्वताणं उवरिं बहुसमरमणिज्जा भूमिभागा पन्नत्ता, तेसि णं बहुसमरमणिज्जाणं भूमिभागाणं बहुमज्झदेसभागे चत्तारि सिद्धाययणा पण्णत्ता, ते णं सिद्धाययणा एगं जोयणसयं आयामेणं [पण्णत्ता] पण्णासं जोयणाइं विक्खंभेणं बावत्तरिं जोयणाइं उड्ढं उच्चत्तेणं।**

**तेसिं णं सिद्धाययणाणं चउदिसिं चत्तारि दारा पन्नत्ता, तंजहा–देवदारे, असुरदारे, णागदारे, सुवन्नदारे। तेसु णं दारेसु चउव्विहा देवा परिवसंति, तंजहा–देवा, असुरा, नागा, सुवण्णा।**

**तेसि णं दाराणं पुरतो चत्तारि मुहमंडवा पन्नत्ता, तेसि णं मुहमंडवाणं पुरओ चत्तारि पेच्छाघरमंडवा पन्नत्ता। तेसि णं पेच्छाघरमंडवाणं बहुमज्झदेसभागे चत्तारि वइरामया अक्खाडगा पन्नत्ता। तेसि णं वइरामयाणं अक्खाडगाणं बहुमज्झदेसभागे चत्तारि मणिपेढियातो पन्नत्ताओ। तासि णं मणिपेढिताणं उवरिं चत्तारि सीहासणा पन्नत्ता। तेसि णं सीहासणाणं उवरिं चत्तारि विजयदूसा पन्नत्ता। तेसि णं विजयदूसगाणं बहुमज्झदेसभागे चत्तारि वइरामता अंकुसा पन्नत्ता–तेसु णं वतिरामतेसु अंकुसेसु चत्तारि कुंभिका मुत्तादामा पन्नत्ता–तेसि णं कुभिका मुत्तादामा पत्तेयं २ अन्नेहिं तदद्धउच्चत्तपमाणमेत्तेहिं चउहिं अद्धकुंभिकेहिं मुत्तादामेहिं, सव्वतो समंता संपरिक्खित्ता।**

**तेसि णं पेच्छाघरमंडवाणं पुरओ चत्तारि मणिपेढिताओ पण्णत्ताओ। तासि णं मणिपेढियाणं उवरिं चत्तारि**

चेतितथूभा पण्णत्ता । तेसि णं चतितथूभाणं पत्तेयं २ चउद्दिसिं चत्तारि मणिपेढिताओ पन्नत्ताओ। तासि णं मणिपेढिताणं उवरिं चत्तारि जिणपडिमातो सव्वरयणामईतो संपलियंकणिसन्नाओ थूभाभिमुहाओ चिट्ठंति, तंजहा–रिसभा, वद्धमाणा, चंदाणणा, वारिसेणा ।

तेसि णं चेतितथूभाणं पुरतो चत्तारि मणिपेढिताओ पन्नत्ताओ। तासि णं मणिपेढिताणं उवरिं चत्तारि चेतितरुक्खा पन्नत्ता। तेसि णं चेतितरुक्खाणं पुरओ चत्तारि मणिपेढियाओ पन्नत्ताओ। तासि णं मणिपेढियाणं उवरिं चत्तारि महिंदज्झया पन्नत्ता। तेसि णं महिंदज्झताणं पुरओ चत्तारि णंदातो पुक्खरणीओ पन्नत्ताओ । तासि णं पुक्खरिणीणं पत्तेयं २ चउदिसिं चत्तारि वणसंडा पन्नत्ता, तंजहा–पुरत्थिमेणं, दाहिणेणं, पच्चत्थिमेणं, उत्तरेणं। पुव्वेणं असोगवणं, दाहिणओ होति सत्तवण्णवणं। अवरेण चंपगवणं, चूतवणं उत्तरे पासे ।।१।।

तत्थ णं जे से पुरत्थिमिल्ले अंजणगपव्वते तस्स णं चउद्दिसिं चत्तारि णंदाओ पुक्खरिणीतो पन्नत्ताओ, तंजहा--णंदुत्तरा, णंदा, आणंदा, नंदिवद्धणा । तातो णं णंदातो पुक्खरिणीओ एगं जोयणसयसहस्सं आयामेणं पन्नासं जोयणसहस्साइं विक्खंभेणं दस जोयणसयाइं उव्वेहेणं, तासि णं पोक्खरिणीणं पत्तेयं २ चउद्दिसिं चत्तारि तिसोवाणपडिरूवगा पन्नत्ता । तेसि णं तिसोवाणपडिरूवगाणं पुरतो चत्तारि तोरणा पन्नत्ता, तंजहा–पुरत्थिमेणं दाहिणेणं पच्चत्थिमेणं उत्तरेणं । तासि णं पुक्खरणीणं पत्तेयं २ चउदिसिं चत्तारि वणसंडा पन्नत्ता, तंजहा–पुरत्थि[मेणं] दाहि[णेणं]पच्च [त्थिमेणं] उत्तरेणं, पुव्वेण असोगवणं जाव चूयवणं उत्तरे पासे ।

तासि णं पुक्खरिणीणं बहुमज्झदेसभागे चत्तारि दधिमुहगपव्वता पन्नत्ता, ते णं दधिमुहगपव्वता चउसट्ठिं जोयणसहस्साइं उड्ढंउच्चत्तेणं, एगं जोयणसहस्सं उव्वेहेणं, सव्वत्थ समा, पल्लगसंठाणसंठिता, दसजोयणसहस्साइं विक्खंभेणं, एक्कतीसं जोयणसहस्साइं छच्च तेवीसे जोयणसते परिक्खेवेणं, सव्वरयणामता अच्छा जाव पडिरूवा । तेसि णं दधिमुहगपव्वताणं उवरिं बहुसमरमणिज्जा भूमिभागा पन्नत्ता, सेसं जहेव अंजणगपव्वताणं तहेव निरवसेसं भाणियव्वं, जाव चूतवणं उत्तरे पासे ।

तत्थ णं जे से दाहिणिल्ले अंजणगपव्वते तस्स णं चउदिसिं चत्तारि णंदाओ पुक्खरणीतो पण्णत्ताओ, तंजहा-भद्दा, विसाला, कुमुदा, पोंडरिगिणी । तातो णं णंदातो पुक्खरणीतो एगं जोयणसयसहस्सं सेसं तं चेव जाव दधिमुहगपव्वता जाव वणसंडा ।

तत्थ णं जे से पच्चत्थिमिल्ले अंजणगपव्वते तस्स णं चउद्दिसिं चत्तारि णंदाओ पोक्खरणीओ पन्नत्ताओ, तंजहा–णंदिसेणा, अमोहा, गोथूभा, सुदंसणा। सेसं तं चेव तहेव दधिमुहगपव्वता तहेव सिद्धाययणा जाव वणसंडा । तत्थ णं जे से उत्तरिल्ले अंजणगपव्वते तस्स णं चउद्दिसिं चत्तारि णंदातो पुक्खरणीओ पन्नत्ताओ, तंजहा–विजया, वेजयंती, जयंती, अपराजिता । तातो णं पुक्खरिणीओ एगं जोयणसयसहस्सं तं चेव पमाणं तहेव दधिमुहगपव्वता तहेव सिद्धाययणा जाव वणसंडा।

णंदीसरवरस्स णं दीवस्स चक्कवालविक्खंभस्स बहुमज्झदेसभागे चउसु विदिसासु चत्तारि रतिकरगपव्वता पन्नत्ता, तंजहा–उत्तरपुरच्छिमिल्ले रतिकरगपव्वते, दाहिणपुरच्छिमिल्ले रतिकरगपव्वए, दाहिणपच्चत्थिमिल्ले रतिकरगपव्वते। उत्तरपच्चत्थिमिल्ले रतिकरगपव्वते। ते णं रतिकरगपव्वता दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं दस गाउतसताइं उव्वेहेणं, सव्वत्थ समा, झल्लरिसंठाणसंठिता, दस जोयणसहस्साइं विक्खंभेणं एक्कतीसं

जोयणसहस्साइं छच्च तेवीसे जोयणसते परिक्खेवेणं, सव्वरतणामता अच्छा जाव पडिरूवा । तत्थ णं जे से उत्तरपुरत्थिमिल्ले रतिकरगपव्वते तस्स णं चउदिसिमिसाणस्स देविंदस्स देवरन्नो चउण्हमग्गमहिसीणं जंबूदीवपमाणातो चत्तारि रायहाणीओ पन्नत्ताओ, तंजहा—णंदुत्तरा, णंदा, उत्तरकुरा, देवकुरा, कण्हाते कण्हरातीते रामाते रामरक्खियाते।

तत्थ णं जे से दाहिणपुरत्थिमिल्ले रतिकरगपव्वते, तस्स णं चउदिसिं सक्कस्स देविंदस्स देवरन्नो चउण्हमग्गमहिसीणं जंबूदीवपमाणातो चत्तारि रायहाणीओ पन्नत्ताओ, तंजहा—समणा, सोमणसा, अच्चिमाली, मणोरमा, पउमाते, सिवाते, सतीते, अंजूए ।

तत्थ णं जे से दाहिणपच्चत्थिमिल्ले रतिकरगपव्वते तस्स णं चउदिसिं सक्कस्स देविंदस्स देवरन्नो चउण्हमग्गमहिसीणं जंबूदीवपमाणमेत्तातो चत्तारि रायहाणीओ पन्नत्ताओ तंजहा—भूता, भूतवर्डिसा, गोथूभा, सुदंसणा, अमलाते, अच्छाराते, णवमिताते रोहिणीते ।

तत्थ णं जे से उत्तरपच्चत्थिमिल्ले रतिकरगपव्वते तत्थ णं चउदिसिमिसाणस्स [देविंदस्स देवरन्नो] चउण्हमग्गमहिसीणं जंबूद्दीवप्पमाणमेत्तातो चत्तारि रायहाणीओ पन्नत्ताओ, तंजहा—रयणा, रतणुच्चत्ता, सव्वरतणा, रतणसंचया, वसूते, वसुगुत्ताते, वसुमित्ताते, वसुंधराते ।। सू० ३०७।।

*(મૂ૦) નંદીશ્વરવર નામના આઠમા દ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુમધ્યદેશભાગમાં ચારે દિશાએ ચાર અંજનક પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્વ દિશાનો અંજનક પર્વત, દક્ષિણ દિશાનો અંજનક પર્વત, પશ્ચિમ દિશાનો અંજનક પર્વત અને ઉત્તરદિશાનો અંજનક પર્વત. તે ચારે અંજનક પર્વતો ચોરાસી હજાર યોજન ઊંચા, એક હજાર યોજન જમીનમાં ઊંડા અને મૂલમાં દશ હજાર યોજન પહોળા છે. ત્યારબાદ થોડા થોડા પ્રમાણથી હીન થતા થતા ઉપરના ભાગમાં પહોળાઈથી એક હજાર યોજન કહેલા છે. તે ચારે પર્વતો મૂલ (તળિયા) માં એકત્રીશ હજાર, છ સો ત્રેવીસ યોજનની પરિધિવાળા છે. ઉપર (શિખર) ના ભાગમાં ત્રણ હજાર, એક સો છાસઠ યોજનની પરિધિવાળા છે. મૂલમાં વિસ્તારવાળા, મધ્યમાં સાંકડા અને ઉપર ઓછી પહોળાઈવાળા છે. ગાયના પૂંછડાના આકાર વડે રહેલા છે. બધા અંજન (શ્યામ) રત્નમય છે, સ્ફટિક જેવા સ્વચ્છ છે, કોમળ વસ્ત્ર જેવા છે, ઘૂંટેલા વસ્ત્ર જેવા છે, ઘસેલ પત્થરની પ્રતિમા જેવા છે, પાલીશ કરાયેલ પત્થરની પ્રતિમા જેવા છે, રજ રહિત છે, કઠણ મલ રહિત છે, કાદવ રહિત છે, નિરાવરણ શોભાવાળા છે, સ્વપ્રભાવાળા છે, કિરણો સહિત છે, ઉદ્યોત સહિત છે, મનને અંદર કરનારા છે, જોવાલાયક છે, મનોહર છે, દરેક જોનારને રમણીય લાગે તેવા છે. તે અંજનક પર્વતોની ઉપર અત્યંત સમ અને રમણીય ભૂમિના ભાગો છે, તે અત્યંત સમ અને રમણીય ભૂમિભાગના મધ્યદેશભાગમાં ચાર સિદ્ધાયતનો કહેલા છે. તે સિદ્ધાયતનો એક સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા અને બોંતેર યોજન ઊર્ધ્વ (ઊંચપણે) છે. તે સિદ્ધાયતનોની ચારે દિશાએ ચાર દરવાજાઓ કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્વાદિ દિશાના ક્રમથી ૧. દેવદ્વાર, ૨. અસુરદ્વાર, ૩. નાગદ્વાર અને ૪. સુપર્ણદ્વાર છે. તે દરવાજાઓને વિષે ચાર પ્રકારના દેવો વસે છે. તે આ પ્રમાણે—દેવો, અસુરો, નાગકુમારો અને સુપર્ણકુમારો. તે દરવાજાઓની આગળ ચાર મુખમંડપ કહેલા છે. તે મુખમંડપોની આગળ ચાર પ્રેક્ષાઘરમંડપ (રંગમંડપ) કહેલા છે. તે પ્રેક્ષાઘરમંડપોના બહુમધ્યદેશભાગમાં ચાર, વજ્ર (હીરા) મય, જોનાર લોકોના આસનભૂત અખાડાઓ કહેલા છે. તે વજ્રરત્નમય અખાડાઓના બહુમધ્યદેશભાગમાં ચાર મણિમય પીઠિકાઓ કહેલી છે. તે મણિમય પીઠિકાઓની ઉપર ચાર સિંહાસનો કહેલા છે. તે સિંહાસનોની ઉપર ચાર વિજયદૂષ્ય (વસ્ત્રો) કહેલા છે, તે વિજયદૂષ્યોના બહુમધ્યદેશભાગમાં ચાર વજ્રમય અંકુશો (આંકડાઓ) કહેલા છે, તે વજ્રમય અંકુશોમાં ચાર કુંભિકાપ્રમાણ*

મોતીની માળાઓ કહેલી છે. તે દરેક કુંભિકા પ્રમાણ મોતીની માળાઓ અર્દ્ધપ્રમાણ ઊંચાઈવાળી, બીજી ચાર અર્દ્ધકુંભિકા પ્રમાણ મોતીની માળાઓથી ચોતરફથી વીંટાયેલી છે. તે પ્રેક્ષાઘરમંડપોની આગળ ચાર મણિમય પીઠિકાઓ કહેલી છે, તે મણિમય પીઠિકાઓની ઉપર ચાર ચૈત્યસ્તૂપો કહેલા છે, તે પ્રત્યેક ચૈત્યસ્તૂપોની ચારે દિશાઓમાં ચાર મણિમય પીઠિકાઓ કહેલી છે, તે મણિમય પીઠિકાઓની ઉપર ચાર જિનપ્રતિમાઓ છે, તે સર્વ રત્નમય, પર્યંકાસન એટલે પદ્માસને બેઠેલી, સ્તૂપોની સન્મુખ રહેલી છે, તે આ પ્રમાણે–ઋષભ, ચંદ્રાનન, વર્દ્ધમાન અને વારિષેણ એવા નામવાળી છે. તે ચૈત્યસ્તૂપોની આગળ ચાર મણિપીઠિકાઓ છે, તે મણિપીઠિકાઓ ઉપર ચાર ચૈત્યવૃક્ષો કહેલા છે. તે ચૈત્યવૃક્ષોની આગળ ચાર મણિપીઠિકાઓ કહેલી છે. તે મણિપીઠિકાઓની ઉપર ચાર મહેંદ્ર (મોટા ઇંદ્ર) ધ્વજો કહેલા છે. તે મહેંદ્રધ્વજોની આગળ ચાર નંદા પુષ્કરણી (વાવડી વિશેષ) કહેલી છે. તે દરેક પુષ્કરણીઓની ચારે દિશાઓને વિષે ચાર વનખંડો કહેલા છે. તે આ પ્રમાણે—પૂર્વનો વનખંડ, દક્ષિણનો વનખંડ, પશ્ચિમનો વનખંડ અને ઉત્તરનો વનખંડ, પૂર્વમાં અશોકવન, દક્ષિણમાં સમચ્છદવન, પશ્ચિમમાં ચંપકવન અને ઉત્તરમાં આમ્રવન છે. તેમાં જે પૂર્વદિશાનો અંજનક પર્વત છે તેની ચારે દિશામાં ચાર નંદા પુષ્કરણી કહેલી છે, તે આ પ્રમાણે—નંદોત્તરા, નંદા, આનંદા અને નંદિવર્દ્ધના. તે નંદા પુષ્કરણીઓ એક લાખ યોજન લાંબી, પચાસ હજાર યોજન પહોળી અને એક હજાર યોજન ઊંડી છે. તે પ્રત્યેક પુષ્કરણીઓની ચારે દિશાઓમાં ત્રણ સોપાન પ્રતિરૂપકો છે અર્થાત્ એક દ્વાર પ્રત્યે નીકળવા અને આવવા માટે ત્રણ દિશાની સન્મુખ પગથિયાની ત્રણ પંક્તિઓ છે. તે ત્રણ સોપાન પ્રતિરૂપકોની આગળ ચાર તોરણો કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં. તે પ્રત્યેક પુષ્કરણીની ચાર દિશાએ ચાર વનખંડો કહેલા છે, તે આ પ્રમાણે—પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં. પૂર્વમાં અશોકવન યાવત્ ઉત્તરમાં આમ્રવન છે. તે પુષ્કરણીઓના બહુમધ્યદેશભાગમાં ચાર દધિમુખ પર્વતો કહેલા છે. તે દધિમુખ પર્વતો ચારે દિશામાં ચોસઠ હજાર યોજન ઊંચા, એક હજાર યોજન જમીનમાં ઊંડા, સર્વત્ર સમાન, પાલાને આકાર રહેલા, દશ હજાર યોજન પહોળા, એકત્રીશ હજાર, છ સો ને ત્રેવીશ યોજનની પરિધિવાળા છે. વળી સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે. તે દધિમુખ પર્વતોની ઉપર બહુસમ રમણીયભૂમિભાગો કહેલા છે. બાકીનું વર્ણન જેમ અંજનક પર્વતોનું કર્યું છે તેમજ સઘળું વર્ણન આ દધિમુખ પર્વતોનું પણ કહેવું, યાવત્ આમ્રવન ઉત્તર દિશામાં છે. ત્યાં જે દક્ષિણ દિશાનો અંજનક પર્વત છે તેની ચારે દિશામાં ચાર નંદાપુષ્કરણીઓ કહેલી છે, તે આ પ્રમાણે–ભદ્રા, વિશાલા, કુમુદા અને પોંડરકિણી. તે નંદા પુષ્કરણીઓ એક લાખ યોજન લાંબી છે. બાકીનું વર્ણન પૂર્વવત્ જાણવું યાવત્ દધિમુખપર્વતો યાવત્ વનખંડો છે. ત્યાં જે પશ્ચિમ દિશાનો અંજનક પર્વત છે તેની ચાર દિશામાં ચાર નંદા પુષ્કરણીઓ કહેલી છે, તે આ પ્રમાણે—નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપા અને સુદર્શના. બીજું પૂર્વની જેમ જાણવું. તે જ પ્રમાણે દધિમુખ પર્વતો, તે જ પ્રમાણે સિદ્ધાયતનો અને યાવત્ વનખંડો છે. ત્યાં જે ઉત્તર દિશામાં અંજનક પર્વત છે તેની ચાર દિશામાં ચાર નંદા પુષ્કરણી કહેલી છે, તે આ પ્રમાણે—વિજયા, વૈજયંતી, જયંતી અને અપરાજિતા. તે પુષ્કરણીઓ એક લાખ યોજન લાંબી છે, પહોળાઈ વગેરે પૂર્વોક્ત પ્રમાણ છે, તેમજ દધિમુખ પર્વતો, સિદ્ધાયતનો યાવત્ વનખંડો કહેલા છે. નંદીશ્વરવર દ્વીપના ચક્રવાલ વિષ્કંભના બહુમધ્યદેશભાગમાં ચાર વિદિશાઓનો વિષે ચાર રતિકર પર્વતો કહેલા છે, તે આ પ્રમાણે–ઈશાનકોણમાં રતિકર પર્વત, અગ્નિકોણમાં રતિકર પર્વત, નૈઋતકોણમાં રતિકર પર્વત અને વાયવ્ય કોણમાં રતિકર પર્વત છે. તે રતિકર પર્વતો એક હજાર યોજન ઊંચા, એક હજાર ગાઉ જમીનમાં ઊંડા, સર્વત્ર સમાન, ઝાલરને આકારે રહેલા છે. દશ હજાર યોજનના પહોળા અને એકત્રીસ હજાર, છ સો ત્રેવીશ યોજની પરિધિવાળા છે. સર્વરત્નમય સ્વચ્છ યાવત્ દરેકને જોવાલાયક છે. ત્યાં જે ઈશાનકોણમાં રતિકર પર્વત છે તેની ચારે દિશાએ ઈશાનેંદ્ર, દેવના રાજાની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપ પ્રમાણ (એક લાખ યોજનની)

*ચાર રાજધાનીઓ કહેલી છે, તે આ પ્રમાણે—નંદુત્તરા, નંદા, ઉત્તરકુરા અને દેવકુરા નામની છે. તે અનુક્રમે કૃષ્ણા, કૃષ્ણરાજી, રામા અને રામરક્ષિતા નામની ઈંદ્રાણીઓ સંબંધી છે. ત્યાં જે અગ્નિકોણમાં રતિકર પર્વત છે તેની ચારે દિશામાં શક્ર નામના દેવેંદ્ર, દેવના રાજાની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપના પ્રમાણ જેવડી ચાર રાજધાનીઓ કહેલી છે, તે આ પ્રમાણે—સુમના, સૌમનસા, અર્ચિમાલી અને મનોરમા નામની છે. તે અનુક્રમે પદ્મા, શિવ, શચી અને અંજુ નામની ઈંદ્રાણીઓ સંબંધી છે. ત્યાં જે નૈઋત્ય કોણમાં રતિકર પર્વત છે તેની ચારે દિશાઓમાં શક્ર નામના દેવેંદ્ર, દેવના રાજાની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપના પ્રમાણ જેવડી ચાર રાજધાનીઓ કહેલી છે, તે આ પ્રમાણે--ભૂતા, ભૂતાવતંસા, ગોસ્તૂપા અને સુદર્શના નામની છે. તે અનુક્રમે અમલા, અપ્સરા, નવમિકા અને રોહિણી નામની ઈંદ્રાણિઓ સંબંધી છે. ત્યાં જે વાયવ્ય કોણમાં રતિકર પર્વત છે ત્યાં ચારે દિશાએ ઈશાનેંદ્ર, દેવના રાજાની ચાર અગ્રમહિષીઓની જંબૂદ્વીપના પ્રમાણ જેવડી ચાર રાજધાનીઓ કહેલી છે, તે આ પ્રમાણે—રત્ના, રત્નોચ્ચયા, સર્વરત્ના અને રત્નસંચયા. તે અનુક્રમે વસુ, વસુગુપ્તા, વસુમિત્રા અને વસુંધરા નામની ઈંદ્રાણીઓની છે. ॥૩૦૭॥*

(ટી૦) આ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે—

**जंबू १ लवणे धायइ २, कालोये पुक्खराइ ३ जुयलाई ।**
**वारुणि ४ खीर ५ घय ६ इक्खू ७ (घतेक्खु ६-७), नंदीसर ८ अरुण ९ दीवुदही ॥१५९॥ [बृहत्सं० ९२ त्ति]**

૧. જંબૂદ્વીપ અને લવણસમુદ્ર, ૨. ધાતકીખંડ દ્વીપ અને કાલોદધિ, ૩. પુષ્કરવરદ્વીપથી આરંભીને, ૪. વારુણી, ૫. ક્ષીર, ૬. ઘૃત, ૭. ઈક્ષુ, ૮. નંદીશ્વર અને ૯. અરુણ નામના દ્વીપ અને સમુદ્રો છે યાવત્ સ્વયંભૂરમણ પર્યંત દ્વીપના નામ પ્રમાણે સમુદ્રના નામ છે. (૧૫૯)

આ ગણના પ્રમાણે નંદીશ્વર દ્વીપ આઠમો છે. તે જ પ્રધાન છે, કેમકે મનુષ્યદ્વીપ સિવાય બીજા દ્વીપોની અપેક્ષાએ અહિં ઘણા જિનભવન વગેરેના સદ્ભાવને લઈને તેનું પ્રધાનપણું છે. તેના ચક્રવાલ વિષ્કંભ (પહોળાઈ)નું પ્રમાણ ૧૬૩૮૪૦૦૦૦૦ યોજન છે. કહ્યું છે કે—

**तेवट्ठं कोडिसयं, चउरासीइं च सयसहस्साइं । नंदीसरवरदीवे, विक्खंभो चक्कवालेणं ॥१६०॥ [द्वीपसागर० २५ त्ति]**

એક અબજ, ત્રેસઠ ક્રોડ અને ચોરાશી લાખ યોજન નંદીશ્વર દ્વીપનું ચક્રવાલ વિષ્કંભ છે. (૧૬૦)

મધ્યરૂપદેશભાગ-દેશનો અવયવ તે મધ્યદેશભાગ. તે ખાસ મધ્યભાગ નહિં, પ્રદેશ વગેરેની ચોક્કસ ગણના વડે નક્કી કરેલ નથી, પરંતુ પ્રાયઃ બહુમધ્યદેશભાગ છે. અથવા અત્યંતમધ્યદેશભાગ તે બહુમધ્યદેશભાગ જાણવો. અહિ અંજનક પર્વતો મૂલ (ભૂતલ) માં દશ હજાર યોજન પહોળા છે એમ કહ્યું, અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિની સંગ્રહણીમાં તો કહેલું છે કે—

**चुलसीति सहस्साइं, उव्विद्धा ओगया सहस्समहे । धरणितले विच्छिन्ना य ऊणगा ते दससहस्सा ॥१६१॥**
**[द्वीपसागर० २७ त्ति]**

ચોરાશી હજાર યોજન ઊંચા, એક હજાર યોજન ભૂમિમાં ઊંડા અને કંઈક ન્યૂન દશ હજાર યોજનના ભૂમિતલમાં પહોળા છે. (૧૬૧)

**नव चेव सहस्साइं, पंचेव य होंति जोयणसयाइं । अंजणगपव्वयाणं, मूलम्मि उ होइ विक्खंभो ॥१६२॥**
**[द्वीपसागर० २९ त्ति]**

અંજનક પર્વતોનું મૂલ-જમીનના અંદરના ભાગરૂપ કંદમાં સાડાનવ હજાર યોજનની પહોળાઈ છે. (૧૬૨)

**नव चेव सहस्साइं, चत्तारि य होंति जोयणसयाइं। अंजणगपव्वयाणं, धरणियले होइ विक्खंभो ॥१६३॥**
**[द्वीपसागर० ३१ त्ति]**

અંજનક પર્વતોની ભૂમિતલ-સપાટીમાં નવ હજાર ને ચાર સો યોજનની પહોળાઈ છે. (૧૬૩)

આ મતાંતર જાણવો. એવી રીતે બીજે સ્થલે પણ છે. તે મતાંતરોના કારણો કેવલીગમ્ય છે **'गोपुच्छसंठाण'** त्ति० ગાયનું પૂંછડું, આદિમાં સ્થૂલ (જાડું) અને અંતમાં સૂક્ષ્મ (ઝીણું) છે તેના જેવા અંજનક પર્વતો પણ છે. **'सव्वंजणमय'** त्ति० અંજન–કૃષ્ણરત્ન વિશેષ તન્મય છે. બધાય અનન્યપણા વડે અથવા સર્વથા અંજનમય એટલે પરમ કૃષ્ણ (કાળા) છે. કહ્યું છે કે—

**भिंगंगरुइलकज्जलअंजणधाउसरिसा विरायंति । गगणतलमणुलिहंता, अंजणगा पव्वया रम्मा ॥१६४॥**

[द्वीपसागर० ३७ त्ति]

કાળો ભમરો, ભેંસનું શીંગડું, કાળો સુરમો તેના જેવા કાળા સુંદર અંજનક પર્વતો, ગગનતલને જાણે સ્પર્શ કરતા હોય નહિ? તેમ શોભે છે. (૧૬૪)

આકાશ અને સ્ફટિકની જેમ સ્વચ્છ, **'सण्हा'**—કોમળ તંતુથી બનેલા વસ્ત્રની જેમ કોમળ પરમાણુના સ્કંધથી બનેલા, **'लण्हा'** ઘૂંટેલા વસ્ત્રની જેમ શ્લક્ષ્ણ (લીસા), તથા તીક્ષ્ણ શાળ (શરાણ) વડે ઘસેલ પાષાણની પ્રતિમાની જેમ ઘસાયેલા, સુકુમાલ શાણ વડે પાષાણની પ્રતિમાની જેમ પાલીસ કરાયેલા અથવા પ્રમાર્જનિકા વડે જેમ શુદ્ધ કરાય તેમ શુદ્ધ કરાયેલા, આ કારણથી જ રજ રહિત હોવાથી નીરજ (રજ વગરના), કઠણ મલના અભાવથી અથવા ધોયેલા વસ્ત્રની જેમ નિર્મલ (મેલ વગરના), આર્દ્ર મલ (કાદવ) ના અભાવથી અથવા કલંક રહિત હોવાથી નિષ્પંક, **'निक्कंकडच्छाया'** નિષ્કંકટ–નિષ્કવચ અર્થાત્ આવરણ રહિત છાયા–શોભા છે જે પર્વતોની તે નિષ્કંકટછાયા અથવા અકલંક શોભાવાળા, સપ્રભા–દેવોને આનંદ કરનાર વગેરે પ્રભાવવાળા અથવા સ્વપ્રભા–પોતાના સ્વરૂપ વડે દીપે છે પરંતુ બીજાથી નહિ એવા, જેથી **समिरीया**—કિરણો સહિત, આને લઈને જ **'सउज्जोया'** ઉદ્યોત સહિત એટલે વસ્તુના પ્રકાશ વડે વર્તતા, **'पासाईय'** त्ति० મનને આહ્લાદ કરનારા, દર્શનીય–કોઈક નેત્ર વડે જોતો થકો પણ શ્રમ પામતો નથી, અભિરૂપ–મનોહર, પ્રતિરૂપ–દરેક જોનારને રમણીય લાગે એવા છે. આ (વર્ણન) યાવત્ શબ્દથી સંગ્રહ કરેલ છે. તે અંજનગિરિ પર્વત પર બહુસમ–અત્યંત સમાન રમણીય ભૂમિભાગો છે. તેની મધ્યમાં **'सिद्धानि'**—શાશ્વતા અથવા શાશ્વતી અર્હત્પ્રતિમાઓના આયતન–સ્થાનો તે સિદ્ધાયતનો છે. કહ્યું છે કે—

**अंजणगपव्वयाणं, सिहरतलेसुं हवंति पत्तेयं । अरहंतायवणाई, सीहणिसायाई तुंगाई ॥१६५॥** [द्वीपसागर० ३९ त्ति]

દરેક અંજનક પર્વતોના શિખરની ઉપર બેઠેલા સિંહની જેવા આકારવાળા અને ઊંચા અર્હંતના આયતનો હોય છે.(૧૬૫)

મુખ–અગ્રદ્વારને વિષે આયતનના મંડપો તે મુખમંડપો–પટ્ટશાલો (પડશાળરૂપ), પ્રેક્ષણક–નાટક માટે ઘરરૂપ મંડપો તે પ્રેક્ષાગૃહમંડપો પ્રસિદ્ધ સ્વરૂપવાળા અર્થાત્ રંગમંડપો, **'वैरं'** વજ્રરત્નમય અખાડાઓ, જોનાર મનુષ્યના બેઠકભૂત પ્રસિદ્ધ છે. વિજયદૂષ્ય–ચંદરવારૂપ વસ્ત્રો, તેના મધ્ય ભાગમાં જ અવલંબન માટે અંકુશો અર્થાત્ આંકડાઓ છે. મોતીઓના પરિમાણ વડે કુંભ છે વિદ્યમાન જે દામોને તે કુંભિકારૂપ મોતીઓની માળાઓ. કુંભનું પ્રમાણ આ પ્રમાણે જાણવું—**दो असतीओ पसती, दो पसतीओ सेतिया, चत्तारि सेतियाओ कुडवो, चत्तारि कुडवा पत्थो, चत्तारि पत्था आढयं, चत्तारि आढया दोणो, सट्ठी आढयाइं जहन्नो कुंभो, असीइ मज्झिमो, सयमुक्कोसो"** [अनुयोगद्वार० सू० ३१८ त्ति] બે અસતીથી એક પસલી (ખોબો), બે પસલીથી એક સેતિકા (ધોબો), ચાર સેતિકાથી કુડવ (માપવિશેષ), ચાર કુડવે એક પ્રસ્થ, ચાર પ્રસ્થથી એક આઢક, ચાર આઢકથી એક દ્રોણ, સાઠ આઢકથી એક [1]જઘન્યકુંભ, એંશી આઢકથી એક મધ્યમકુંભ અને એક સો આઢકથી એક ઉત્કૃષ્ટકુંભ થાય છે. **'तदद्धे'** ति० મોતીની માળાઓનું જ અર્દ્ધ ઊંચપણાનું પ્રમાણ છે. પૂર્વોક્તથી જે માળાઓ અર્દ્ધ ઉચ્ચત્વ

1. માગધ પરિભાષામાં ધાન્ય ભરવાનું માપવિશેષ છે.

પ્રમાણવાળી અને અર્દ્ધકુંભવાળા મુક્તાફળવાળી છે તેવી માળાઓ વડે (તે માળાઓ) सर्वतः—સર્વ દિશાઓમાં વીંટાયેલી છે. ચૈત્ય-સિદ્ધાયતનની નજીક રહેલા સ્તૂપો તે ચૈત્યસ્તૂપો અથવા ચિત્તને આહ્લાદક હોવાથી ચૈત્યોવાળા સ્તૂપો તે ચૈત્યસ્તૂપો ''सम्पर्यङ्कनिषण्णाः'' પદ્માસને બેઠેલી જિનપ્રતિમાવાળા, એવી રીતે ચૈત્યવૃક્ષો પણ જાણવા. તેની પછી 'महेन्द्रा'—સિદ્ધાંતની ભાષા વડે અતિશય મોટા એવા ધ્વજો તે મહેંદ્રધ્વજો અથવા શક્રાદિ મોટા ઇંદ્રના ધ્વજોની જેવા ધ્વજો તે મહેંદ્રધ્વજો. તેના પછી બધીય શાશ્વતી પુષ્કરિણીઓ સામાન્યથી નંદા કહેવાય છે. તે પુષ્કરણીઓની ફરતું 'सत्तपन्नवणं' त्ति० સમચ્છદવન જાણવું. 'तिसोवाणपडिरूवगं' त्ति० તે વાવોમાં નીકળવા અને પ્રવેશ કરવા માટે દિશાઓમાં ત્રણ-ત્રણ પગથિયાની પંક્તિઓ છે. તે વાવોની અંદર રૂપા (ચાંદી) મય હોવાથી દહીંની જેમ શ્વેત મુખ-શિખર છે જેઓના તે દધિમુખ પર્વતો જાણવા. કહ્યું છે કે-

**संखदलविमलनिम्मलदहिघण-गोखीर-हारसंकासा । गगणतलमणुलिहंता, सोहंते दहिमुहा रम्मा ॥१६६॥**

**[द्वीपसागर० ५० इति]**

મલ રહિત શંખદલ, નિર્મલ દહીં, ગાયનું ઘાટું દૂધ અને મોતીના હાર જેવા ઊજળા અને જાણે ગગનતલને સ્પર્શીને રહેલા હોય તેવા મનોહર દધિમુખ પર્વતો શોભે છે. (૧૬૬)

અંજનગિરિના બહુમધ્યદેશભાગમાં ઈશાન વગેરે કોણમાં રતિને કરનારા હોવાથી ચાર ચાર રતિકર પર્વતો કહેવાય છે. તે પર્વતો પાસે કૃષ્ણાદિ ઇંદ્રાણીઓની ક્રમશઃ રાજધાનીઓ છે, તેમાં દક્ષિણ વિભાગરૂપ લોકાર્દ્ધનો નાયક શક્રેંદ્ર હોવાથી અગ્નિ અને નૈઋત્યકોણમાં રહેલ બે રતિકર પર્વતો પાસે શક્રેંદ્રની ઇંદ્રાણીઓની રાજધાનીઓ છે. ઉત્તર વિભાગરૂપ લોકાર્દ્ધનો સ્વામી ઈશાનેંદ્ર હોવાથી વાયવ્ય અને ઈશાન કોણમાં રહેલ તે પર્વતોની પાસે ઈશાનેંદ્રની ઇંદ્રાણીઓની રાજધાનીઓ છે. એમ જ નંદીશ્વર દ્વીપમાં અંજનક પર્વત પર ચાર અને દધિમુખ પર્વતો પર સોળ મળીને વીશ જિનાલયો છે. આ જિનાલયોમાં ચાતુર્માસિક પ્રતિપદાઓને વિષે, સાંવત્સરિકોને વિષે અને બીજા ઘણા તીર્થંકરના જન્મ (કલ્યાણક) વગેરેના પ્રસંગરૂપ દેવકાર્યોમાં સમુદાય સહિત દેવો અષ્ટાહ્નિકા (અઠ્ઠાઈ) મહોત્સવો કરતા થકા સુખપૂર્વક વિચરે છે, એમ [1]जीवाभिगम સૂત્રમાં કહ્યું છે. બીજા પણ તથાપ્રકારના સિદ્ધાયતનો હોય તો વિરોધ જેવું નથી. વિજયનગરીમાં જેમ સિદ્ધાયતનો છે તેમ કહેલ રાજધાનીઓમાં પણ સિદ્ધાયતનો સંભવે છે. વળી પંચદશસ્થાનોદ્ધાર નામના ગ્રંથમાં કહ્યું છે કે—

**सोलस-दहिमुहसेला, कुंदामलसंखचंदसंकासा । कणयनिभा बत्तीसं, रइकरगिरि बाहिरा तेसिं ॥१६७॥**

સોળ દધિમુખ પર્વતો શ્વેત મચકુંદ પુષ્પ, નિર્મળ શંખ અને ચંદ્ર સદૃશ ધોળા છે. તેની બહાર બે બે વાવડીઓની વચમાં બહારના બે કોણની નજીકમાં સુવર્ણની કાંતિ જેવા બે બે રતિકર પર્વતો છે. સર્વ મળીને બત્રીશ રતિકર પર્વતો છે. (૧૬૭)

**अंजणगाइगिरीणं, णाणामणिपज्जलंतसिहरेसु । बावन्नं जिणणिलया, मणिरयणसहस्स कूडवरा ॥१६८॥**

અંજનક વગેરે પર્વતોના વિવિધ મણિઓ વડે કાંતિવાળા શિખરોને વિષે બાવન જિનગૃહો છે, તે મણિરત્નમય હજાર યોજન ઊંચા શિખરોવાળા છે. (૧૬૮) તત્ત્વ તો બહુશ્રુત જાણે. ॥૩૦૭॥

આ બધુંય જણાવેલ વર્ણન જિનેશ્વરોએ કહેલું હોવાથી સત્ય છે માટે સત્યના સંબંધને લઈને સત્યનું સૂત્ર દર્શાવતાં કહે છે કે—

**चउव्विहे सच्चे पन्नत्ते, तंजहा—णामसच्चे, ठवणसच्चे, दव्वसच्चे, भावसच्चे ॥ सू० ३०८॥**

---

1. तत्थ णं बहवे भवणवइ-वाणमंतर-जोइसिय-वेमाणिया देवा तिहिं चाउमासिएहिं पज्जोसवणाए य अट्ठविहाओ य महिमाओ करेंति, अन्नेसु च बहुसुं जिणजम्मण-निक्खमण-नाणुप्पाद-परिनिव्वाणमादिएसु एव कज्जेसु देवसमितीसु य देवसमवाएसु य देवसमुदएसु य समुवागता समाणा पमुदितपक्कीलिता अट्ठाहियारूवाओ महामहिमाओ करेमाणा सुहंसुहेणं विहरंति। [जीवाभिगम ३, प्रतिपत्तौ सूत्र २९४]

**आजीवियाणं चउव्विहे तवे पन्नत्ते, तंजहा—उग्गतवे, घोरतवे, रसणिज्जूहणता, जिब्भिंदियपडिसंलीणता । ।। सू० ३०९।।**

**चउव्विहे संजमे पन्नत्ते, तंजहा—मणसंजमे, वतिसंजमे, कायसंजमे, उवगरणसंजमे । चउव्विधे चिताते पन्नत्ते, तंजहा—मणचियाते, वतिचियाते, कायचियाते, उवगरणचियाते । चउव्विहा अकिंचणता पन्नत्ता, तंजहा-मणअकिंचणता, वतिअकिंचणता, कायअकिंचणता, उवगरणअकिंचणता ।। सू० ३१०।।**

**।। इति द्वितीयोद्देशकः सम्पूर्णः ।।**

*(મૂ૦) ચાર પ્રકારનું સત્ય કહેલું છે, તે આ પ્રમાણે—૧. નામસત્ય-કોઈકનું 'સત્ય' એવું નામ હોય તે, ૨. સ્થાપનાસત્ય-સત્ય નામવાળાની અક્ષાદિમાં સ્થાપના કરાય તે, ૩. દ્રવ્યસત્ય-ઉપયોગ રહિત સત્ય બોલવારૂપ અને ૪. ભાવસત્યઉપયોગપૂર્વક સત્ય બોલવારૂપ છે. ।।૩૦૮।।*

*આજીવિકા–ગોશાલાના મતવાલાઓનું તપ ચાર પ્રકારનું કહેલું છે, તે આ પ્રમાણે—ઉગ્રતપ-તે અષ્ટમ ભક્ત વગેરે, ઘોરતપ-દેહની પણ દરકાર કર્યા સિવાય જે તપ કરવું તે, ઘૃત વગેરે રસનો ત્યાગ કરવારૂપ તપ અને મનોજ્ઞ અમનોજ્ઞ આહારાદિમાં રાગદ્વેષના ત્યાગરૂપ તપ. ।।૩૦૯।।*

*ચાર પ્રકારનો સંયમ કહેલ છે, તે આ પ્રમાણે—અકુશલ મનનો નિરોધ કરવો તે મનસંયમ, અકુશલ વાણીનો નિરોધ કરવો તે વચનસંયમ, શરીરની અકુશલ પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે કાયસંયમ અને બહુમૂલ્યવાળા વસ્ત્રાદિનો પરિહાર કરવો તે ઉપકરણસંયમ. ચાર પ્રકારનો ત્યાગ (દાન) કહેલ છે, તે આ પ્રમાણે—મન વડે સાધુને દાન દેવારૂપ મનત્યાગ, એમ જ વાણી વડે આપવારૂપ વચનત્યાગ, કાયા વડે પ્રતિલાભવારૂપ કાયત્યાગ અને પાત્રાદિ ઉપકરણનું દાન આપવારૂપ ઉપકરણત્યાગ છે. ચાર પ્રકારની અકિંચનતાનિષ્પરિગ્રહતા કહેલી છે, તે આ પ્રમાણે—મનથી અકિંચનતા, વચનથી અકિંચનતા, કાયાથી અકિંચનતા અને ઉપકરણથી અકિંચનતા. ।।૩૧૦।।*

(ટી૦) નામસત્ય અને સ્થાપનાસત્ય સુગમ છે. ઉપયોગ રહિત વક્તાનું સત્ય પણ દ્રવ્યસત્ય છે. સ્વ કે પરના ઉપરોધ સિવાય ઉપયોગ યુક્ત વક્તાનું જે સત્ય તે ભાવસત્ય છે. ।।૩૦૮।।

સત્ય તે ચારિત્રવિશેષ છે, માટે ચારિત્રના વિશેષોને યાવત્ ઉદ્દેશકના અંત પર્યન્ત કહે છે—**'आजीविओ'** त्यादि० આજીવિક–ગોશાલકના શિષ્યોનો અઠ્ઠમ વગેરે તપ તે ઉગ્રતપ, ક્યાંક **'उदारं'** એવો પાઠ છે. ત્યાં ઉદાર–આ લોક વગેરેની આશંસા (વાંછા) રહિતપણાને લઈને શોભન તપ, ઘોર–પોતાની અપેક્ષા વિના અર્થાત્ પોતાના શરીરની પણ દરકાર કર્યા સિવાયનો તપ, ''रसनिज्जूहणया'' ઘૃતાદિ રસના ત્યાગરૂપ તપ અને જિહ્વેંદ્રિયપ્રતિસંલીનતા–મનોજ્ઞ કે અમનોજ્ઞ આહારોને વિષે રાગદ્વેષનો ત્યાગ. આ ચાર પ્રકારનો તપ છે. અર્હત્ના શિષ્યોનો તો બાર પ્રકારનો તપ છે. ।।૩૦૯।।

મન, વચન અને કાયાનો અકુશલપણાએ નિરોધરૂપ અને કુશલપણાએ ઉદીરણા (પ્રવૃત્તિ) કરવારૂપ મન વગેરે સંયમો છે. ઉપકરણસંયમ તો બહુમૂલ્યવાળા વસ્ત્ર વગેરેનો ત્યાગ કરવારૂપ છે. અથવા પુસ્તકપંચક, વસ્ત્રપંચક, તૃણપંચક અને ચર્મપંચકના ત્યાગરૂપ છે. હવે પુસ્તકપંચક જણાવે છે—

**[1]गंडी कच्छवि मुट्ठी, संपुडफलए तहा छिवाडीय । एवं पोत्थयपणगं, पन्नत्तं वीयरागेहिं ।।१६१।।**

ગંડી પુસ્તક, કચ્છપી પુસ્તક, મુષ્ટિ પુસ્તક, સંપુટફલક પુસ્તક અને સૃપાટિકા (છેદપાટી)–આ પાંચ પ્રકારના પુસ્તકો

1. इमाः सर्वा अपि गाथा आ० श्री हरिभद्रसूरिविरचिताया दशवैकालिक वृत्तौ प्रथमेऽध्ययने प्रथमगाथाव्याख्यायाम्, आवश्यकवृत्तौ च [सतरसविहे] [असंजमे इत्यस्य व्याख्यायां] समुद्धृताः। बाहल्ल इत्यादयश्चतस्रो गाथा बृहत्कल्पभाष्य [३८२२] वृत्तौ, प्रवचन सारोद्धारे [६६४-६६८] च वर्तन्ते। निशीथ भाष्येऽपि ४०००-४०२० गाथासु एतद्वर्णनमुपलभ्यते, तदपि तुलनार्थं दृष्टव्यम्। (जंबुविजयजी संपादित स्थानांग)

વીતરાગ પરમાત્માએ કહેલા છે. (૧૬૯)

**बाहल्लपुहत्तेहिं, गंडी पोत्थो उ तुल्लओ दीहो । कच्छवि अंते तणुओ, मज्झे पिहुलो मुणेयव्वो ।।१७०।।**

જાડાઈ, પહોળાઈ અને લંબાઈ વડે સમાન જે છે તે ગંડી પુસ્તક, બન્ને પડખાના ભાગમાં-છેડામાં ઝીણું, મધ્ય ભાગમાં પહોળું અને જાડાઈમાં થોડું હોય તે કચ્છપી પુસ્તક જાણવું. (૧૭૦)

**चउरंगुलदीहो वा, वट्टागिति मुट्ठिपोत्थओ अहवा । चउरंगुलदीहो च्चिय, चउरंसो होइ[सो उ] विन्नेओ ।।१७१।।**

ચાર આંગળ લાંબું અથવા વૃત્ત (ગોળાકાર) અથવા ચાર અંગુલ લાંબું અને પહોળું એટલે ચતુષ્કોણ (ચોખૂણાવાળું) તે મુષ્ટિ પુસ્તક. (૧૭૧)

**संपुडगो दुगमाइफलगा वोच्छं छिवाडि एत्ताहे । तणुपत्तूसियरूवा, होइ छिवाडी बुहा बेंति ।।१७२।।**

બે ફલક વગેરે જે પુસ્તકમાં હોય તે સંપુટફલક પુસ્તક. હવે સૃપાટિકાનું સ્વરૂપ જણાવે છે-થોડા પત્ર (કાગળ) વડે કાંઈક ઊંચું હોય છે તેને પંડિતો સૃપાટિકા (છેદપાટિ) પુસ્તક કહે છે. (૧૭૨)

**दीहो वा हस्सो वा, जो पिहुलो होइ अप्पबाहल्लो । तं मुणियसमयसारा, छिवाडिपोत्थं भणंतीह ।।१७३।।**

પહોળાઈમાં મોટું હોય કે નાનું હોય પણ જે પુસ્તક જાડાઈમાં થોડું હોય તેને સિદ્ધાંતના સારને જાણનાર પુરુષો છિવાડી (છેદપાટિ) પુસ્તક કહે છે. (૧૭૩)

વસ્ત્રપંચક, અપ્રત્યુપેક્ષિત અને દુષ્પ્રત્યુપેક્ષિતના ભેદથી બે પ્રકારે છે—

**अप्पडिलेहियदूसे, तूलि उवहाणगं च नायव्वं । गंडुवहाणालिंगिणि, मसूरए चेव पोत्तमए ।।१७४।।**

જેનું સર્વથા પડિલેહણ ન કરી શકાય તે અપ્રત્યુપેક્ષિત વસ્ત્ર કહેવાય, તે પાંચ પ્રકારનું છે, તે આ પ્રમાણે—૧. રુ થી અથવા આકડાના તુલ વગેરેથી ભરેલી તળાઈ-શય્યા વિશેષ, ૨. હંસના રુંવાટા વગેરેથી ભરેલ ઓશીકું, ૩. ઓશીકા ઉપર રાખવાનું ગાલમસુરિયું, ૪. ઢીંચણ તથા કોણીની નીચે રાખવા માટે આલિંગિનિ અને ૫. લુગડામાં અથવા ચામડામાં ચીંથરાં ભરીને મોઢું સીવેલું હોય તે ગોળ આસન-ચોકળો. (૧૭૪)

હવે દુષ્પ્રત્યુપેક્ષિત-જેનું મુશ્કેલીથી પડિલેહણ કરી શકાય, તે પાંચ પ્રકારે છે, તે આ પ્રમાણે—

**पल्हवि कोयवि पावार, नवतए तह य दाढिगालीओ । दुप्पडिलेहियदूसे, एयं बीयं भवे पणगं ।।१७५।।**

પલ્હવિ, કુતુપ, પ્રાવરક, નવત્વક્ અને દઢગાલી-આ પાંચ પ્રકારના વસ્ત્રો દુષ્પ્રત્યુપ્રેક્ષિત છે. (૧૭૫)

**पल्हवि हत्थुत्थरणं, तु कोयवो रूयपूरिओ पडओ । दढगालि धोयपोत्ती, सेस पसिद्धा भवे भेया ।।१७६।।**

૧. હાથીની પીઠ ઉપર નાખવાનું આસ્તરણ વિશેષ, ઉપલક્ષણથી થોડા રોમથી અથવા ઘણા રોમથી ભરેલ, ઉંટ વગેરેની પીઠ ઉપર રાખવાનું વસ્ત્રવિશેષ તે પલ્હવી, ૨. રૂથી ભરેલું વસ્ત્ર તે કુતુપ, ઉપલક્ષણથી શાલ, દુશાલ અને કંબલ વગેરે, ૩. દશીઓ સહિત બ્રાહ્મણને પહેરવા યોગ્ય અબોટિયારૂપ ધોતિપોતિકા તે દૃઢગાલી. બાકીના બે ભેદ પ્રાવરક અને નવત્વક્ પ્રસિદ્ધ છે, તે આ પ્રમાણે—૪. પ્રાવરક-રુંછાળવાળું ઓઢવાનું વસ્ત્ર, તેને કોઈક મોટું કંબલ પણ કહે છે અને ૫. નવત્વક્-બહુ જીર્ણ વસ્ત્ર. (૧૭૬)

હવે તૃણપંચક કહે છે—

**तणपणगं पुण भणियं, जिणेहिं कम्मट्ठगंठिमहणेहिं । साली वीही कोद्दव, रालग रन्ने तणाइं च ।।१७७।।**

**અષ્ટ કર્મરૂપ ગ્રંથિનું મંથન કરનાર જિનેશ્વરોએ પાંચ પ્રકારના તૃણો કહેલા છે,** તે આ પ્રમાણે—૧. શાલી-કલમશાલી પ્રમુખનો પરાળ, ૨. વ્રીહિ-સાઠી ચોખા વગેરેનો પરાળ, ૩. કોદ્રવાનો પરાળ, ૪. કાંગનો પરાળ અને ૫. જંગલનો શ્યામક વગેરે ઘાસ. (૧૭૭)

હવે ચર્મપંચક કહે છે—

**अय-एल-गावि महिसी, मिगाण अजिणं तु पंचमं होइ । तलिया खल्लगवज्झो, कोसग कत्ती य बीयं तु ।।१७८।।**

બકરાનું ચામડું, ઘેટાનું ચામડું, ગાયનું ચામડું, ભેંસનું ચામડું અને હરણનું ચામડું—એમ પાંચ પ્રકારનું ચામડું છે. બીજી રીતે પણ ચર્મપંચક કહે છે–૧. તલિકા (ચંપલ) તે એક તળવાળી અથવા બે તલવાળી, ૨. પગરખાં, ૩. વાધ્ર–સામાન્ય ચામડું, ૪. કોશકવિશેષ–અંગુલિ વગેરેમાં પહેરવાનું ચામડાનું ઉપકરણ અને ૫. કૃતિકા–દવ પ્રસંગે આડું દેવામાં અથવા પાથરવા વગેરેમાં ઉપયોગી ચામડું. (૧૭૮)

'चियाए' त्ति० અશુભ મન વગેરેનો ત્યાગ (રોધ) અથવા મન વગેરેથી આહારાદિનું સાધુઓ માટે જે દાન તે ત્યાગ. એવી રીતે પાત્રાદિ ઉપકરણ વડે અન્ન વગેરેનું દાન ઉપકરણત્યાગ. કંઈ પણ વિદ્યમાન નથી કિંચન–સુવર્ણ વગેરે દ્રવ્યનો પ્રકાર જેને તે અકિંચન, તેનો ભાવ તે અકિંચનતા અર્થાત્ નિષ્પરિગ્રહપણું. તે મન વગેરેથી અને ઉપકરણની અપેક્ષાએ હોય છે માટે ચાર પ્રકારે અકિંચનતા કહેલી છે. ।।૩૧૦।।

***।। ચતુઃસ્થાનકના દ્વિતીય ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ।।***

- *પ્રશ્ન વ્યાકરણ સૂત્રના ભાષાન્તરમાં પ્રાણીઓના પ્રાણનાશક/ઘાતક આત્માના સ્વભાવના બાવીસ ભેદ દર્શાવ્યા છે. (૧) પાપસ્વભાવી (૨) ચંડ (૩) રૌદ્ર (૪) સહસ્ર કાર્યકારક (૫) ક્ષુદ્ર (સ્વ પર દ્રોહી અધમ) (૬) અનાર્ય (૭) નિર્ઘૃણ (૮) નૃશંસી નિસ્સૂક (દયા રહિત લજ્જા રહિત) (૯) મહાભય (૧૦) પ્રતિભય (૧૧) અતિભય (૧૨) ભયાનક (૧૩) ત્રાસ (સ્વ પર ત્રાસોત્પાદક) (૧૪) ઉદ્વેગ જનક (૧૫) અન્યાયકર્તા (૧૬) નિરપક્ષ (સ્વ પર હિત ભાવનાથી રહિત) (૧૭) નિધર્મ (૧૮) નિષ્પિપાસ (મૈત્રી ભાવની ભાવનાથી રહિત) (૧૯) નિષ્કરુણ (૨૦) નિરય (નર્કમાં જવાના સ્વભાવવાળો) (૨૧) મોહમહામય પ્રકર્ષક (૨૨) મરણ વૈમન્ય.*
- *પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં હિંસાના ત્રીસ નામ બતાવ્યાં છે, જે નીચે પ્રમાણે છે :*
  *(૧) પ્રાણવધ (૨) ઉન્મૂલનાશરીરાત્ (૩) અવિશ્વાસ (૪) હિંસ્યાવિહિંસા (વિશેષ પ્રકારથી હિંસા કરવી) (૫) અકરણીય (૬) ઘાતનક (૭) મારણા (૮) વહા (૯) ઉદવણા (૧૦) તિપાવણ (તિત્ર વાયણ યાતના ભૂંસવા ત્રણ યોગ અથવા શરીર ઇન્દ્રિય અને આયુષ્ય રૂપ પ્રાણોનું હનન કરવું) (૧૧) આરંભ સમારંભ (૧૨) આયુષ્યોપદ્રવ (૧૩) મૃત્યુ (૧૪) અસંયમ (૧૫) કરક મર્દન (૧૬) વ્યુપરણ (૧૭) પરભવ સંક્ટ કારક (૧૮) દુર્ગતિ પ્રપાત (૧૯) પાપકોપ (૨૦) પાપલોભ (૨૧) છવિચ્છેદ (૨૨) જીવિતાન્તકરણ (૨૩) ભયંકર (૨૪) ઋણકર (૨૫) વર્જ્ય (૨૬) પરિતાપન પૂર્વક આશ્રવ (૨૭) વિનાશ (૨૮) નિર્યાપના (વિશેષ પ્રકારના પ્રાણીઓના પ્રાણોનો નાશ કરવો, એમાં જે પ્રયોજક હોય છે તે નિર્યાપક) (૨૯) ગુણવિરાધના (૩૦) હિંસા.*
- *પરિગ્રહના પર્યાયવાચી નામ :*
  *(૧) મિથ્યાત્વ (૨) સંચય (૩) ચય (૪) ઉપચય (૫) નિધાન (૬) સંભાર (૭) સંકર (૮) એવમાચાર (૯) પિંડ (૧૦) દ્રવ્યસાર (૧૧) મહેચ્છા (૧૨) પ્રતિબંધ (૧૩) લોભાત્મા (૧૪) મહાર્તિ (૧૫) ઉપકરણ (૧૬) સંરક્ષણ (૧૭) ભાર (૧૮) સંપાતોપાયક (૧૯) કલહ કરંડક (૨૦) પ્રવિસ્તાર (૨૧) અનર્થ (૨૨) સંસ્તવ (૨૩) અનુમિ (૨૪) આયાસ (૨૫) અવિયોગ (૨૬) અમુક્તિ (૨૭) તૃષ્ણા (૨૮) અનર્થક (૨૯) આસક્તિ (૩૦) અસંતોષ.*

## अथ चतुःस्थानकाध्ययनके तृतीय उद्देशकः ।

બીજો ઉદ્દેશક કહેવાયો, હવે ત્રીજો ઉદ્દેશક શરૂ કરાય છે. આ ઉદ્દેશકનો પૂર્વના ઉદ્દેશકની સાથે આ પ્રમાણે સંબંધ છે. પૂર્વના ઉદ્દેશકમાં જીવ અને ક્ષેત્રના પર્યાયો કહ્યા, અહિં તો જીવના પર્યાયો કહેવાય છે. આ સંબંધ વડે પ્રાપ્ત થયેલ આ ઉદ્દેશકના પ્રથમ બે સૂત્ર કહે છે—

**[1]चत्तारि रातीओ पन्नत्ताओ, तंजहा—पव्वयराती, पुढविराति, वालुयराती, उदगराती । एवामेव चउव्विहे कोहे पन्नत्ते, तंजहा—पव्वतरातिसमाणे, पुढविरातिसमाणे, वालुयरातिसमाणे, उदगरातिसमाणे । पव्वतरातिसमाणं कोहं अणुपविट्ठे जीवे कालं करेइ णेरतितेसु उववज्जति, पुढविरातिसमाणं कोहमणुप्पविट्ठे तिरिक्खजोणितेसु उववज्जति, वालुयरातिसमाणं कोहं अणुपविट्ठे समाणे मणुस्सेसु उववज्जति, उदगरातिसमाणं कोहमणुपविट्ठे समाणे देवेसु उववज्जति १ । चत्तारि उदगा पन्नत्ता, तंजहा—कद्दमोदए, खंजणोदए, वालुओदए, सेलोदए । एवामेव चउव्विहे भावे पन्नत्ते, तंजहा—कद्दमोदगसमाणे, खंजणोदगसमाणे, वालुओदगसमाणे, सेलोदगसमाणे। कद्दमोदगसमाणं भावमणुपविट्ठे जीवे कालं करेति णेरतितेसु उववज्जति, एवं जाव सेलोदगसमाणं भावमणुपविट्ठे जीवे कालं करेति देवेसु उववज्जति ।। सू० ३११।।**

**चत्तारि पक्खी पन्नत्ता, तंजहा—रुतसंपन्ने नाममेगे णो रूवसंपन्ने, रूवसंपन्ने नाममेगे नो रुतसंपन्ने, एगे रूवसंपन्ने वि रुतसंपन्ने वि, एगे नो रुतसंपन्ने णो रूवसंपन्ने, एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—रुतसंपन्ने नाममेगे णो रूवसंपन्ने ट्क [=४] । चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—पत्तियं करेमीतेगे पत्तियं करेइ, पत्तियं करेमीतेगे अप्पत्तितं करेति, अप्पत्तियं करेमीतेगे पत्तितं करेति, अप्पत्तियं करेमीतेगे अप्पत्तितं करेति। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अप्पणो णाममेगे पत्तितं करेति णो परस्स, परस्स नाममेगे पत्तियं करेति णो अप्पणो ह्र [=४] (४)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—पत्तितं पवेसामीतेगे पत्तितं पवेसेति, पत्तियं पवेसामीतेगे अप्पत्तितं पवेसेति ट्क [=४] । चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अप्पणो नाममेगे पत्तितं पवेसेति णो परस्स, परस्स ह्र [=४] ।। सू०३१२।।**

*(મૂ૦) ચાર પ્રકારની રેખાઓ કહેલી છે, તે આ પ્રમાણે—પર્વતની રેખા, પૃથિવીની રેખા, વાલુકા (રેતી) ની રેખા અને ઉદકની રેખા. એ દૃષ્ટાંતે ચાર પ્રકારનો ક્રોધ કહેલો છે, તે આ પ્રમાણે—પર્વતની રેખા (ફાટ) સમાન ક્રોધ-યાવત્ જીવપર્યંત રહે, પૃથિવીની રેખા સમાન ક્રોધ-બાર માસ પર્યંત રહે, વાલુકાની રેખા સમાન ક્રોધ-ચાર માસ પર્યંત રહે અને ઉદકની રેખા સમાન ક્રોધ-એક પક્ષપર્યંત રહે. પર્વતની રેખા સમાન અનંતાનુબંધી ક્રોધમાં પ્રવિષ્ટ થયેલ જે જીવ કાલ કરે છે તે નરકમાં ઉત્પન્ન થાય છે, પૃથિવીની રેખા સમાન અપ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ થયેલ જે જીવ કાલ કરે છે તે તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે, વાલુકાની રેખા સમાન પ્રત્યાખ્યાની ક્રોધમાં પ્રવિષ્ટ થયેલ જે જીવ કાલ કરે છે*

1. एतत्सूत्र स्थाने भां० मध्ये ईदृशः पाठः चत्तारि आवता पन्नत्ता, तंजहा-खरावत्ते, उन्नयावत्ते, गूढावत्ते, आमिसावत्ते । एवामेव इत्थियाए वा पुरिसस्स वा चत्तारि कसाया पन्नत्ता, तंजहा-खरावत्तसमाणे कोहे, उन्नयावत्तसमाणे माणे, गूढावत्तसमाणा माया, आमिसावत्तसमाणे लोहे। [मु.श्री जंबूविजयजी सं. स्थाना०]

*તે મનુષ્યમાં ઉત્પન્ન થાય છે અને ઉદકની રેખા સમાન સંજ્વલન ક્રોધમાં પ્રવિષ્ટ થયેલ જે જીવ કાલ કરે છે તે દેવમાં ઉત્પન્ન થાય છે. ચાર પ્રકારે ઉદક–પાણી કહેલ છે, તે આ પ્રમાણે—કાદવવાળું પાણી, ખંજન–મેશ જેવું પાણી, ધૂળવાળું પાણી અને કાંકરાવાળું પાણી. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના ભાવ (જીવના પરિણામ) કહેલા છે, તે આ પ્રમાણે—કર્દમ ઉદક સમાન, ખંજન ઉદક સમાન, વાલુકા ઉદક સમાન અને શૈલ ઉદક સમાન. કર્દમ ઉદક સમાન ભાવ (પરિણામ) ને પ્રાપ્ત થયેલ જે જીવ કાળ કરે છે તે નૈરયિકને વિષે ઉત્પન્ન થાય છે, ખંજન ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જે જીવ કાળ કરે છે તે તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થાય છે, વાલુકા ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જે જીવ કાલ કરે છે તે મનુષ્યને વિષે ઉત્પન્ન થાય છે અને શૈલ ઉદક સમાન ભાવને પ્રાપ્ત થયેલ જે જીવ કાળ કરે છે તે દેવને વિષે ઉત્પન્ન થાય છે. ॥૩૧૧॥*

*ચાર પ્રકારના પક્ષી કહેલા છે, તે આ પ્રમાણે-કોઈ એક પક્ષી શબ્દસંપન્ન–મનોહર સ્વરવાળો છે પણ રૂપસંપન્ન નથી–કોકિલની જેમ, કોઈક રૂપસંપન્ન છે પણ શબ્દસંપન્ન નથી (મનોહર શબ્દ નથી)–અભણ પોપટની જેમ, કોઈક પક્ષી શબ્દસંપન્ન છે અને રૂપસંપન્ન પણ છે–મોરની જેમ, કોઈક શબ્દસંપન્ન પણ નથી અને રૂપસંપન્ન પણ નથી–કાગડાની જેમ. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-કોઈએક પુરુષ મિષ્ટ વચનસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી અર્થાત્ કાળો કે કૂબડો છે, કોઈક રૂપસંપન્ન છે પણ મનોજ્ઞ શબ્દસંપન્ન નથી, કોઈક ઉભય સંપન્ન છે અને કોઈક ઉભય સંપન્ન નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ એમ ચિંતવે કે–હું અમુકની સાથે પ્રીતિ કરું અને પ્રીતિ કરે છે, ૨. કોઈક પ્રથમ એમ ચિંતવે કે–હું આની સાથે પ્રીતિ કરું પણ પછી કરે નહિં, ૩. કોઈક પ્રથમ એમ ચિંતવે કે–હું અમુક સાથે અપ્રીતિ કરું પણ પછી પ્રીતિ કરે છે, ૪. કોઈક એમ ચિંતવે કે–હું આની સાથે અપ્રીતિ કરું અને અપ્રીતિને કરે છે. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ભોજન વગેરેથી પોતાના આત્માને આનંદ ઉપજાવે છે, પણ બીજાને નહિં, ૨. કોઈક બીજાને ઉપકાર કરે છે પણ પોતાને નહિ કેમ કે બીજા પર ઉપકાર કરવામાં રસિક હોય છે, ૩. કોઈક પોતાને અને બીજાને પણ આનંદ ઉપજાવે છે અને ૪. કોઈક પોતાને કે પરને પણ આનંદ ઉપજાવતો નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ એમ ચિંતવે કે–હું પરના ચિત્તમાં પ્રીતિ કે વિશ્વાસ ઉપજાવું અને તેમજ વિશ્વાસ ઉપજાવે છે, ૨. કોઈક એમ ચિંતવે કે–હું બીજાને વિશ્વાસ ઉપજાવું પણ વિશ્વાસ ઉત્પન્ન કરી શકે નહિ, ૩. કોઈક એમ ચિંતવે કે–હું વિશ્વાસ ઉપજાવી શકીશ નહિ પણ વિશ્વાસ ઉત્પન્ન કરે, અને ૪. કોઈક એમ ચિંતવે કે–હું વિશ્વાસ ઉપજાવી શકીશ નહિ અને ઉપજાવે પણ નહિ. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પોતાના આત્મામાં વિશ્વાસ ઉપજાવે છે, પરંતુ બીજાને વિષે વિશ્વાસ ઉપજાવતો નથી, ૨. કોઈક, બીજાને વિષે વિશ્વાસ ઉપજાવે છે પણ પોતાના આત્મામાં વિશ્વાસ ઉપજાવતો નથી, ૩. કોઈક પુરુષ પોતાના તથા બીજાના આત્મામાં પણ વિશ્વાસ ઉપજાવે છે અને ૪. કોઈક પોતાના કે પરના આત્મામાં વિશ્વાસ ઉપજાવતો નથી. ॥૩૧૨॥*

(ટી૦) 'चत्तारी'त्यादि० આ સૂત્રનો આ પ્રમાણે સંબંધ છે. પૂર્વે ચારિત્ર કહ્યું, તેનો પ્રતિબંધ કરનાર ક્રોધાદિ ભાવ છે, માટે ક્રોધના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે આ સૂત્ર કહેવાય છે. આ પ્રમાણે સંબંધવાળા આ દૃષ્ટાંતભૂત વગેરે સૂત્રની વ્યાખ્યા કરાય છે—'राजी' રેખા. ક્રોધનું બાકીનું વ્યાખ્યાન માયા[1] વગેરેની જેમ જાણવું. માયાદિના પ્રકરણ (વિષય) થી અન્યત્ર ક્રોધનો વિચાર કરવામાં આવેલ છે કારણ કે સૂત્રની ગતિ વિચિત્ર હોય છે. બીજું સૂત્ર પણ સુગમ છે. આ ક્રોધ ભાવવિશેષ જ છે માટે ભાવની પ્રરૂપણા કરવા માટે દૃષ્ટાંત વગેરે બે સૂત્રને કહે છે—'चत्तारी' त्यादि० પ્રસિદ્ધ છે. વિશેષ એ કે–જેમાં ખૂંચેલ પગ

1. ચોથા ઠાણાના બીજા ઉદ્દેશકમાં માયા વગેરે ત્રણ કષાયનું સ્વરૂપ કહેલ છે.

વગેરે ખેંચી ન શકાય અથવા કષ્ટ વડે ખેંચી શકાય (કાઢી શકાય) તે કર્દમ (કાદવ). દીપક વગેરેની મેશના જેવો પગ વગેરેમાં લેપ કરનાર–ચોંટી જાય તેવો તે ખંજન, કર્દમ વિશેષ જ છે. વાલુકા (રેતી) પ્રસિદ્ધ છે, તે ભીંજેલી પગ વગેરેને લાગી હોય તો પણ પાણી સૂકાઈ જવાથી અલ્પ પ્રયાસે દૂર થાય છે માટે અલ્પ લેપ કરનારી છે. શૈલ એટલે કોમળ પાષાણો. તે પગ વગેરેને સ્પર્શ વડે જ કંઈક દુઃખ ઉપજાવે છે, પરંતુ તથાવિધ લેપને ઉત્પન્ન કરતા નથી. કાદવ વગેરેની પ્રધાનતાવાળા ઉદકો તે કર્દમોદક વગેરે કહેવાય છે. જીવનો જે રાગાદિ પરિણામ તે ભાવ, તેનું કર્દમોદક વગેરેની સાથે સમાનપણું તેના સ્વરૂપને અનુસાર કર્મના લેપને અંગીકાર કરીને માનવું. ॥૩૧૧॥

હમણાં જ ભાવનું સ્વરૂપ કહ્યું, હવે ભાવવાળા દૃષ્ટાંત સહિત પુરુષને **'चत्तारि पक्खी'** त्यादि० સૂત્રથી લઈને **'अत्थमियत्थमिये'** त्ति० છેવટના સૂત્ર વડે કહે છે–તેનો ભાવ સ્પષ્ટ છે. વિશેષ એ કે–શબ્દ અને રૂપ બધા પક્ષીઓને હોય છે, અતઃ વિશિષ્ટ શબ્દ અને રૂપ ગ્રહણ કરવા યોગ્ય છે. ૧. રુતમનોજ્ઞ શબ્દ વડે સંપન્ન એક પક્ષી છે પરંતુ મનોજ્ઞ રૂપ વડે સંપન્ન નથી–કોકિલની જેમ, ૨. રૂપસંપન્ન છે પણ શબ્દસંપન્ન નથી–સામાન્ય શુક (પોપટ) વત્, ૩. ઉભયસંપન્ન–મયૂરવત્, ૪. અનુભયસંપન્ન–શબ્દસંપન્ન અને રૂપસંપન્ન પણ નહિં–કાગડાની જેમ. અહિં પુરુષ યથાયોગ્ય યોજવો, તે આ પ્રમાણે–પ્રિય બોલવા વડે મનોજ્ઞ શબ્દ અને સુંદર વેષ વડે રૂપસંપન્ન અથવા સાધુ, ચોક્કસ કરેલ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ, શુદ્ધ ધર્મદેશનાદિ સ્વાધ્યાયના પ્રબંધવાળો (શબ્દસંપન્ન), લોચ વડે અલ્પ કેશવાળું ઉત્તમાંગપણું અર્થાત મસ્તકની સુંદરતા, તપ વડે કાયાની કૃશતા, મેલ વડે મલિન કાયા અને અલ્પ ઉપકરણપણું વગેરે લક્ષણ વડે સુવિહિત સાધુના રૂપને ધરનાર તે રૂપસંપન્ન છે. **'पत्तियं'** त्ति० સ્વાર્થિક 'ક' પ્રત્યયનું ગ્રહણ કરવામાં પણ પ્રીતિ એ જ પ્રીતિક, રૂઢિથી નપુંસકપણું જાણવું. ૧. હું પ્રીતિ કરું અથવા હું વિશ્વાસ કરું એવા પરિણામવાળો થયો થકો પ્રીતિને અથવા વિશ્વાસને કરે છે, કેમ કે સ્થિર પરિણામવાળો અથવા ઉચિત પ્રવૃત્તિ કરવામાં ચતુર કે સૌભાગ્યવાળો હોય છે. ૨. બીજો તો પ્રીતિ કરવામાં પરિણત થયો થકો પણ અપ્રીતિને જ કરે છે, કેમ કે સ્થિરપરિણામાદિ ગુણથી વિપરીત હોય છે. ૩. ત્રીજો અપ્રીતિમાં પરિણત થયો થકી પ્રીતિને જ કરે છે, કેમ કે ઉત્પન્ન થયેલા પૂર્વના પરિણામથી નિવૃત્ત થવાથી અથવા બીજાની અપ્રીતિનો હેતુ છતાં પણ પ્રીતિની ઉત્પત્તિના સ્વભાવવાળો હોવાથી પ્રીતિને કરે છે. ૪. ચોથો પુરુષ તો સુગમ છે. ૧. કોઈક પુરુષ ભોજન, વસ્ત્રાદિ વડે પોતાના આત્માને પ્રીતિ–આનંદ ઉત્પન્ન કરે છે, કેમ કે સ્વાર્થમાં તત્પર હોવાથી બીજાને આનંદ ઉત્પન્ન કરતો નથી, ૨. બીજો પરમાર્થમાં તત્પર હોવાથી બીજાને આનંદ આપે છે પણ પોતાને નહિં, ૩. ત્રીજો બન્ને (સ્વપર) ને આનંદ આપે છે, કેમ કે સ્વાર્થ અને પરમાર્થ બન્નેમાં તત્પર હોય છે, તેમજ ૪. ચોથો–સ્વપરને આનંદ ઉપજાવતો નથી. કેમ કે સ્વાર્થ–પરમાર્થમા શૂન્ય હોય છે. કોઈક પુરુષ પોતાનો વિશ્વાસ કરે છે પણ બીજાનો કરતો નથી ઇત્યાદિ ચતુર્ભંગીની વ્યાખ્યા કરવી. **'पत्तियं पवेसेमि'** त्ति० આ પુરુષ મારા ઉપર પ્રીતિ અથવા વિશ્વાસ કરે છે, આ પ્રમાણે બીજાના ચિત્તમાં હું ઠસાવું–ખાત્રી કરાવું. એવી રીતે પરિણામવાળો થયો થકો તે જ પ્રમાણે બીજાના ચિત્તમાં પ્રીતિ કે વિશ્વાસને કરાવે છે. બાકીનું (ત્રણ ભંગ) સૂત્ર અને અનંતર સૂત્ર પૂર્વની જેમ જાણવું. ॥૩૧૨॥

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—पत्तोवए, पुप्फोवए, फलोवए, छायोवए । एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—पत्तोवारुक्खसामाणे, पुप्फोवारुक्खसामाणे, फलोवारुक्खसामाणे, छातोवारुक्खसामाणे ॥ सू० ३१३॥**

**भारं णं वहमाणस्स चत्तारि आसासा पन्नत्ता, तंजहा—जत्थ णं अंसातो अंसं साहरति तत्थ वि य से एगे आसासे पण्णत्ते १, जत्थ वि य णं उच्चारं वा पासवणं वा परिट्ठवेति तत्थ वि य से एगे आसासे पण्णत्ते २, जत्थ वि य णं णागकुमारावासंसि वा सुवन्नकुमारावासंसि वा वासं उवेति तत्थवि य से एगे आसासे पन्नत्ते ३, जत्थ वि य णं आवकधाते चिट्ठति तत्थ वि य से एगे आसासे पन्नत्ते ४ । एवामेव समणोवासगस्स चत्तारि आसासा पन्नत्ता,**

**तंजहा–जत्थ णं सीलव्वत-गुणव्वत-वेरमणपच्चक्खाण, पोसहोववासाइं पडिवज्जति तत्थ वि य से एगे आसासे पण्णत्ते १, जत्थ वि य णं समातितं देसावगासितमणुपालेति तत्थ वि य से एगे आसासे पण्णत्ते २, जत्थ वि य णं चाउद्दसट्ठमुद्दिट्ठपुन्नमासिणीसु पडिपुन्नं पोसहं सम्मं अणुपालेति तत्थ वि य से एगे आसासे पण्णत्ते ३, जत्थ वि य णं अपच्छिममारणंतितसंलेहणाझूसणाझूसिते भत्तपाणडितातिक्खित्ते पाओवगते कालमणवकंखमाणे विहरति तत्थ वि य से एगे आसासे पन्नत्ते ४ ।। सू० ३१४।।**

*(મૂ૦) ચાર પ્રકારના વૃક્ષ કહેલ છે, તે આ પ્રમાણે—ઘણા પત્ર (પાંદડાં) વાળું, ઘણા પુષ્પવાળું, ઘણા ફલવાળું અને ગાઢ છાયાવાળું. એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. તથાવિધ ઉપકારને નહિં કરનાર પત્ર સહિત વૃક્ષ સમાન, ૨. સૂત્રદાન વગેરેથી ઉપકાર કરનાર તે પુષ્પ સહિત વૃક્ષ સમાન, ૩. અર્થદાન વગેરેથી મહાન્ ઉપકાર તે ફલ સહિત વૃક્ષ સમાન અને ૪. અનર્થથી રક્ષણ કરનાર તે છાયા સહિત વૃક્ષ સમાન. ॥૩૧૩॥*

*ભાર પ્રત્યે વહન કરનાર પુરુષને ચાર વિશ્રામ (વીસામા) કહ્યા છે, તે આ પ્રમાણે—૧. જે સમયે એક ખભાથી લઈને બીજા ખભા ઉપર ભારને મૂકે છે તે અવસરે તેને એક વિશ્રામ કહેલ છે, ૨. જે અવસરે ભાર ઉતારીને વડીનીત કે લઘુનીત કરે છે તે અવસરે તેને એક વિશ્રામ કહેલ છે, ૩. જે અવસરે નાગકુમારના આવાસ (દેવલ) માં અથવા સુપર્ણકુમારના મંદિરમાં રાત્રિએ વસે છે તે અવસરે તેને એક વિશ્રામ કહેલ છે અને ૪. જે અવસરે ભાર ઉતારીને પોતાને ઘેર યાવજ્જીવ પર્યંત રહે છે તે અવસરે તેને એક વિશ્રામ કહેલ છે. એ દૃષ્ટાંતે શ્રમણોપાસકને–સાવદ્યવ્યાપારરૂપ ભારથી દબાયેલાને ચાર વિશ્રામ કહેલા છે, તે પ્રમાણે—૧. જે અવસરે શીલ–સદાચાર, અણુવ્રત, ગુણવ્રતનું પાલન અને અનર્થદંડાદિથી નિવર્ત્તનરૂપ વિરમણ, નવકારસી પ્રમુખ પ્રત્યાખ્યાન, પૌષધ સહિત ઉપવાસને ગ્રહણ કરે છે ત્યારે તેને એક વિશ્રામ કહેલ છે, ૨. જે અવસરે સામાયિક અને દેશાવગાસિકને સારી રીતે પાળે છે ત્યારે તેને એક વિશ્રામ કહેલ છે, ૩. જે અવસરે ચૌદશ, આઠમ, અમાવસ્યા અને પૂર્ણિમારૂપ તિથિઓને વિષે પરિપૂર્ણ પૌષધને સારી રીતે પાળે છે ત્યારે તેને એક વિશ્રામ કહેલ છે, ૪. જે અવસરે અપશ્ચિમ (છેલ્લી) મરણાંતિકરૂપ સંલેખનાને સ્વીકારીને અને ભક્તપાનનું પ્રત્યાખ્યાન કરીને પાદપ–છેદેલી વૃક્ષની ડાળની માફક સ્થિર થઈને કાલ (મરણ) ની વાંછાને નહિં કરતો થકો વિચરે છે ત્યારે તેને એક વિશ્રામ કહેલ છે. ॥૩૧૪॥*

(ટી૦) પત્ર–પાંદડાંને પ્રાપ્ત થાય છે તે પત્રોપગ અર્થાત્ ઘણા પત્રવાળો, એમ જ પુષ્પોપગ વગેરે જાણવા. લોકોત્તર અને લૌકિક પુરુષોની પત્રવાળા વગેરે વૃક્ષની સાથે સમાનતા તો ક્રમશઃ જાણવી, તે આ પ્રમાણે—૧. અભિલાષીઓને વિષે તથાવિધ ઉપકાર નહિં કરવા વડે પોતાના સ્વભાવમાં જ સમાપ્ત થવાથી, ૨. સૂત્ર ભણાવવું વગેરેથી ઉપકારક હોવાથી, ૩. સૂત્રના અર્થને આપવા વગેરે વડે મહાન્ ઉપકારક હોવાથી અને ૪. જ્ઞાનાદિ કાર્યમાં પ્રવર્ત્તાવવું અને દોષથી બચાવવું વગેરેથી નિરંતર સેવા કરવા યોગ્ય હોવાથી. ॥૩૧૩॥

ભાર–ધાન્ય ભરવાના આધારભૂત (કોઠી વગેરે) ને એક સ્થાનથી બીજા સ્થાન પ્રત્યે વહન કરનાર–લઈ જનાર પુરુષને આશ્વાસો–વિશ્રામો કહેલા છે, તેઓના અવસરના ભેદ વડે વિશ્રામના ભેદો છે. ૧. જે અવસરમાં અંશ–એક સ્કંધથી બીજા સ્કંધ પ્રત્યે ભારને સંહરે છે–લઈ જાય છે તે અવસરમાં, 'से' તે વહન કરનારને એક વિશ્રામ કહેલ છે, ૨. 'परिष्ठापयति' ભાર તજી દઈને (એક સ્થાનકે થોડીવાર માટે મૂકીને) મૂત્રપુરુષાદિ ત્યાગ કરે છે તે બીજો વિશ્રામ, ૩. નાગકુમારના આવાસો વગેરે ઉપલક્ષણમાત્ર છે એથી બીજા આયતન (સ્થાન) ને વિષે પણ વાસને પ્રાપ્ત થાય છે અર્થાત્ રાત્રિએ વાસ કરે છે તે ૪. यावती—જ્યાં સુધી આ મનુષ્ય અથવા દેવદત્તાદિ છે એમ કથનરૂપ યાવત્ કથા વડે અર્થાત્ યાવજ્જીવ સુધી તે રહે છે–વસે છે તે 'एवमेवे' त्यादि० એમજ દાર્ષ્ટાંતિક સૂત્ર છે. श्रमणान्—સાધુઓની જે સેવા કરે છે તે શ્રમણોપાસક–શ્રાવક તેને (સાવદ્ય

વ્યાપારરૂપ ભારથી દબાયેલાને) આશ્વાસો–સાવદ્ય કાર્યને છોડવા વડે ચિત્તને આશ્વાસન–સ્વાસ્થ્યરૂપ વિશ્રામો છે, પરલોકથી ભય પામેલ મને આત્રાણ–શરણ છે એવા આ વિશ્રામો છે. તે શ્રાવક જિનાગમના પરિચયથી સ્વચ્છ બુદ્ધિ વડે આરંભ અને પરિગ્રહ એ બન્ને દુઃખની પરંપરાને કરનાર અને સંસારરૂપ કાંતારના કારણભૂત હોવાથી છોડવા યોગ્ય છે એમ જાણતો થકો ઇંદ્રિયરૂપ સુભટના વશથી આરંભ અને પરિગ્રહને વિષે પ્રવર્તતો છતો મહાન્ ખેદ, સંતાપ અને ભયને વહન કરે છે અને નીચે પ્રમાણે ભાવના ભાવે છે—

**हियए जिणाण आणा, चरियं मह एरिसं अउन्नस्स । एयं आलप्पालं, अव्वो दूरं विसंवयइ ।।१७९।।**

**हयमम्हाणं नाणं, हयमम्हाणं मणुस्समाहप्पं । जे किल लद्धविवेया, वि चेट्ठिमो बालबाल व्व ।।१८०।।**

મારા હૃદયમાં જિનેશ્વરની આજ્ઞા છતાં પણ પુણ્ય રહિત મારું ચરિત્ર–વર્તન તો આવું છે અર્થાત્ સંસાર સંબંધી વસ્તુ મને પ્રિય લાગે છે તો હવે શું વિશેષ કહું? આ આશ્ચર્ય છે, અત્યંત વિરોધ છે. અમારું સદ્ અસદ્‌ના વિવેકરૂપ જ્ઞાન હણાયું! અમારું મનુષ્ય સંબંધી માહાત્મ્ય હણાયું! નિશ્ચય વિવેકને પ્રાપ્ત થયા છતાં પણ નાની બાળીકાની જેમ અમે પ્રવૃત્તિને કરીએ છીએ. (૧૭૯-૧૮૦)

૧. જે અવસરમાં શીલ–સદાચાર વિશેષ અથવા બ્રહ્મચર્ય વિશેષ, વ્રત–સ્થૂલ પ્રાણાતિપાતનું વિરમણ વગેરે, બીજે સ્થળેતો શીલ એટલે પાંચ અણુવ્રત અને વ્રત–સાત શિક્ષાવ્રત કહેલ છે, પરંતુ ગુણવ્રતો વગેરેનું સૂત્રમાં સાક્ષાત્ ગ્રહણ જુદું કરવાથી અહિં તે વ્યાખ્યા કરી નથી. ગુણવ્રત દિશાવ્રત અને ઉપભોગપરિભોગવ્રતસ્વરૂપ છે તથા વિરમણ–અનર્થદંડની વિરતિના પ્રકારો અથવા રાગાદિની વિરતિઓ જાણવી. પ્રત્યાખ્યાન નવકારસી વગેરે, પૌષધ–અષ્ટમી વગેરે પર્વના દિવસોમાં ઉપવસન–આહારનો ત્યાગ તે પૌષધોપવાસ. (શીલાદિ બધાય પદોનો દ્વંદ્વ સમાસ છે) શીલ વગેરેને અંગીકાર કરે છે તે અવસરને વિષે તેને એક વિશ્રામ કહેલ છે. ૨. જે અવસરમાં સાવદ્યયોગના ત્યાગપૂર્વક નિરવદ્ય યોગના સેવનરૂપ સામાયિકમાં જે અવસ્થિત શ્રાવક હોય છે તે શ્રમણભૂત થાય છે. વળી દશે–દિશા પરિમાણવ્રત ગ્રહણ કરેલ શ્રાવકને દિશાના પરિમાણના વિભાગમાં અવકાશ–અવતાર વિષયક અવસ્થાન છે જે વ્રતને વિષે તે દેશાવકાશ તે જ દેશાવકાશિક અર્થાત્ દિશાવ્રતમાં ગ્રહણ કરેલ દિશાના પરિમાણને દરરોજ સંક્ષેપવારૂપ અથવા બધાય વ્રતોનું સંક્ષેપ કરવારૂપ વ્રતનું અનુપાલન કરે છે અર્થાત્ વ્રત ગ્રહણ કર્યા પછી અખંડ રીતે પાળે છે તે અવસરે પણ તેને એક વિશ્રામ કહેલ છે. ૩. ઉદ્દિષ્ટા–અમાવસ્યા પરિપૂર્ણ–અહોરાત્ર પર્યંત ૧. આહારનો ત્યાગ, ૨. શરીરના સત્કારનો ત્યાગ, ૩. બ્રહ્મચર્યનું પાલન અને ૪. અવ્યાપાર–સાવદ્ય પ્રવૃત્તિના ત્યાગરૂપ ચાર ભેદયુક્ત પૌષધને કરે છે ત્યારે એક વિશ્રામ છે, ૪. જે અવસરે વળી પશ્ચિમ જ–છેલ્લી પરંતુ અમંગલના પરિહારને માટે [1]અપશ્ચિમા એવી, મરણ જ અંત તે મરણાંત, તેમાં જે થયેલી તે મારણાંતિકી–તે અપશ્ચિમમારણાંતિક એવી, જેના વડે શરીર અને કષાયાદિ કૃશ કરાય છે તે સંલેખના–તપવિશેષ તે અપશ્ચિમમારણાંતિક સંલેખનાની **'जूसण'** त्ति० જોષણા–સેવારૂપ ધર્મ વડે **'जूसिय'** त्ति०—સેવા કરનાર અથવા દેહને ખપાવનાર–શોષનાર તે જોષણા–જુષ્ટ, તથા ભક્તપાનનું પ્રત્યાખ્યાન કરેલ છે જેણે તે ભક્તપાનપ્રત્યાખ્યાત, પાદપ–વૃક્ષની માફક ઉપગત–નિશ્ચેષ્ટપણાએ રહેલ તે પાદપોપગત અર્થાત્ અનશન વિશેષને સ્વીકારેલ, કાલ–મરણના સમયને ન ઇચ્છતો થકો–તેમાં ઉત્સુક નહિં થયો થકો વિચરે છે–રહે છે. ।।૩૧૪।।

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उदितोदिते णाममेगे, उदितत्थमिते णाममेगे, अत्थमितोदिते णाममेगे, अत्थमियत्थमिते णाममेगे । भरहे राया चाउरंतचक्कवट्टी णं उदितोदिते, बंभदत्ते णं राया चाउरंतचक्कवट्टी उदितत्थमिते, हरितेसबले णमणगारे णमत्थमिओदिते, काले णं सोयरिये अत्थमितत्थमिते ।। सू० ३१५।।**

1. પશ્ચિમ શબ્દ અમંગલરૂપ છે માટે અપશ્ચિમ શબ્દ કહેલ છે.

चत्तारि जुम्मा पन्नत्ता, तंजहा–कडजुम्मे, तेयोए, दावरजुम्मे, कलितोए[कलिजोगे]। नेरतिताणं चत्तारि जुम्मा पन्नत्ता, तंजहा–कडजुम्मे, तेओए, दावरजुम्मे, कलितोए। एवं असुरकुमाराणं जाव थणियकुमाराणं, एवं पुढविकाइयाणं आउ० [काइयाणं] तेउ० [काइयाणं] वाउ० [काइयाणं] वणस्सति० [काइयाणं] बेंदिताणं तेंदियाणं चउरिंदियाणं पंचिंदियतिरिक्खजोणियाणं मणुस्साणं वाणमंतरजोइसियाणं वेमाणियाणं सव्वेसिं जधा णेरतिताणं ॥ सू० ३१६॥

चत्तारि सूरा पन्नत्ता, तंजहा–खंतिसूरे, तवसूरे, दाणसूरे, जुद्धसूरे । खंतिसूरा अरहंता, तवसूरा अणगारा, दाणसूरे वेसमणे, जुद्धसूरे वासुदेवे ॥ सू० ३१७॥

चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा–उच्चे णाममेगे उच्चच्छंदे, उच्चे णाममेगे णीतच्छंदे, णीते णाममेगे उच्चच्छंदे, णीते णाममेगे णीतच्छंदे ॥ सू० ३१८॥

असुरकुमाराणं चत्तारि लेस्सातो पन्नत्ताओ, तंजहा–कण्हलेसा, णीललेसा, काउलेसा, तेउलेसा । एवं जाव थणियकुमाराणं एवं पुढविकाइयाणं आउ[काइयाणं]वणस्सइकाइयाणं वाणमंतराणं सव्वेसिं जहा असुरकुमाराणं ॥ सू० ३१९॥

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કુલ, બળ, ઋદ્ધિ વગેરેથી પ્રથમ ઉદયને પામેલા અને પછી પરમ સુખને પામેલા તે ઉદિતોદિત, ૨. કુલ વગેરેથી પ્રથમ ઉદયને પામેલા અને પછી દુર્ગતિમાં જવાથી અસ્તને પામેલા તે ઉદિતઅસ્તમિત, ૩. નીચ કુલ વગેરેથી પ્રથમ અસ્તને પામેલા અને પછી સદ્ગતિમાં જવાથી ઉદયને પામેલ તે અસ્તમિતોદિત અને ૪. નીચ કુલાદિથી પ્રથમ અસ્ત પામેલ અને દુર્ગતિમાં જવાથી પછી પણ અસ્ત પામેલ તે અસ્તમિતઅસ્તમિત. હવે ઉક્ત ચાર ભાંગાના સ્વામીને કહે છે—૧. ચાતુરંગ ચક્રવર્ત્તી ભરતમહારાજા પ્રથમ પણ ઉદયને પામેલા અને પછી પણ ઉદયને પામેલા, ૨. ચાતુરંગ ચક્રવર્ત્તી બ્રહ્મદત્ત રાજા પ્રથમ ઉદયને પામીને પછી અસ્તને પામેલા, ૩. હરિકેશીબલ મુનિ પ્રથમ નીચ કુલમાં અવતાર લઈને અસ્ત પામેલા અને પછીથી ઉદયને પામેલા અને ૪. કાલસૌકરિક (કસાઈ) પ્રથમ પણ અસ્ત પામીને પછી પણ નરકગમન વડે અસ્તને પામ્યો. ॥૩૧૫॥*

*ચાર પ્રકારના યુગ્મ–રાશિવિશેષ કહેલ છે, તે આ પ્રમાણે—જે સંખ્યાને ચારથી ભાગતાં શેષ ચાર રહે તે કૃતયુગ્મ, શેષ ત્રણ રહે તે ત્ર્યોજ, શેષ બે રહે તે દ્વાપર અને શેષ એક રહે તે કલ્યોજ. નૈરયિકોના ચાર યુગ્મ કહેલા છે, તે આ પ્રમાણે—કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપર અને કલ્યોજ, એવી રીતે અસુરકુમારોના યાવત્ સ્તનિતકુમારોના, એમ જ પૃથ્વીકાયિકોના અપ્કાયિકોના, તેજસ્કાયિકોના, વાયુકાયિકોના, વનસ્પતિકાયોના, દ્વીંદ્રિયોના, ત્રીંદ્રિયોના, ચતુરિંદ્રિયના, પંચેંદ્રિયતિર્યંચયોનિકોના, મનુષ્યોના, વ્યંતર અને જ્યોતિષ્કોના તથા વૈમાનિકોના એમ બધાયના જેમ નૈરયિકોના ચાર યુગ્મ કહેલા છે તેમ જાણવા. ॥૩૧૬॥*

*ચાર પ્રકારના શૂરો કહેલા છે, તે આ પ્રમાણે—ક્ષમામાં શૂર, તપને વિષે શૂર, દાનમાં શૂર અને યુદ્ધને વિષે શૂર. ક્ષમામાં શૂરા અર્હતો, તપમાં શૂરા મુનિઓ, દાનમાં શૂર વૈશ્રમણ અને યુદ્ધમાં શૂર વાસુદેવ છે. ॥૩૧૭॥*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પુરુષ શરીર, કુલ અને ધન વગેરેથી ઊંચ અને ઊંચચ્છંદ–શ્રેષ્ઠ અભિપ્રાયવાળો ઉદાર છે, ૨. એક શરીર વગેરેથી ઊંચ પણ નીચચ્છંદ–નીચ અભિપ્રાયવાળો છે, ૩. એક શરીર વગેરેથી નીચ પણ ઊંચચ્છંદ–શ્રેષ્ઠ અભિપ્રાયવાળો છે અને ૪. એક શરીર, કુલ વગેરેથી નીચ અને નીચચ્છંદ–નીચ અભિપ્રાયવાળો છે. ॥૩૧૮॥*

*અસુરકુમારોને ચાર લેશ્યાઓ કહેલી છે, તે આ પ્રમાણે—કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા અને તેજોલેશ્યા. એવી*

*રીતે યાવત્ સ્તનિતકુમારોને એમ જ પૃથિવીકાયિકોને, અપ્કાયિકોને, વનસ્પતિકાયિકો અને વ્યંતરોને, આ બધાયને અસુરકુમારોની માફક ચાર લેશ્યાઓ છે. ॥૩૧૯॥*

(ટી૦) ઉચ્ચ કુલ, બલ, સમૃદ્ધિ અને નિર્દોષ કાર્યો વડે ઉદિત-અભ્યુદયવાળો, અને પરમ સુખના સમૂહના ઉદય વડે ઉદિત ઉદય પામેલ માટે ઉદિતોદિત, જેમ ભરત મહારાજા અને એનું ઉદિતોદિતપણું પ્રસિદ્ધ છે ૧, તથા પ્રથમ ઉદય પામેલ, અને પછી અસ્ત પામેલ-સૂર્યની જેમ; કેમ કે સર્વ સમૃદ્ધિ વડે ભ્રષ્ટ થવાથી અને દુર્ગતિમાં જવાથી ઉદિતઅસ્તમિત-ઉદય પામીને અસ્ત પામેલ બ્રહ્મદત્ત ચક્રવર્તીની માફક, તે ઉત્તમ કુલમાં ઉત્પન્ન થવા વગેરેથી અને સ્વભુજાનાં બળથી મેલવેલ સામ્રાજ્ય વડે પ્રથમ ઉદય પામેલ અને પાછળથી ખાસ કારણ સિવાય ક્રોધિત બ્રાહ્મણદ્વારા પ્રેરણા કરાયેલ ગોવાળ વડે છોડાયેલ ધનુષ્યની ગોળીથી ફૂટી ગયેલ આંખની કીકી વડે અને મરણ પછી અપ્રતિષ્ઠાન નામના મહાનરકાવાસ સંબંધી વેદનાની પ્રાપ્તિ વડે અસ્ત પામેલ ૨, હીન કુલમાં ઉત્પત્તિ, દુર્ભાગ્ય અને દારિદ્રય વગેરેથી પ્રથમ અસ્તમિત અને પછીથી સમૃદ્ધિ, કીર્ત્તિ અને સદ્ગતિની પ્રાપ્તિ વગેરેથી ઉદિત-ઉદય પામેલ તે અસ્તમિતોદિત-જેમ હરિકેશબલ નામના મુનિ, તે જન્માંતરમાં બાંધેલ નીચ ગોત્રકર્મના વશથી પ્રાપ્ત કરેલ હરિકેશ નામના ચાંડાલકુલપણાથી, દુર્ભાગ્યપણાથી અને દરિદ્રપણાથી પ્રથમ અસ્ત પામેલ, પરન્તુ પાછળથી તો દીક્ષિત થયો થકો નિશ્ચલ ચારિત્રના ગુણો વડે, મેલવેલ દેવકૃત સહાય વડે, પ્રસિદ્ધિ મેળવવા વડે અને સદ્ગતિમાં જવા વડે ઉદિત. ૩. તથા સૂર્યની જેમ પ્રથમ અસ્ત પામેલ કેમકે નીચકુલપણું અને દુષ્ટ કર્મ કરવાપણાથી કીર્ત્તિ, સમૃદ્ધિલક્ષણ તેજથી વર્જિત હોય છે અને પછીથી દુર્ગતિમાં જવાથી અસ્ત પામેલ તે અસ્તમિતાસ્તમિત-જેમ કાલ નામનો સૌકરિક. **'सूकरैः'** સુવરો વડે ચરિત મૃગયા-શિકારને કરે છે માટે સૌકરિક નામ યથાર્થ છે. દુષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલ અને દરરોજ પાંચ સો પાડાને મારનાર માટે પ્રથમ અસ્ત પામેલ, અને પછીથી પણ સાતમી નરકપૃથિવીને વિષે ગયેલ માટે અસ્ત પામેલ. ૪. **'भरहे'** त्यादि० ઉદાહરણસૂત્ર તો ભાવિતાર્થ છે. ॥૩૧૫॥

જે જીવો આ પ્રમાણે વિચિત્ર ભાવો વડે ચિંતન કરાય છે તે બધાય ચાર રાશિઓમાં અવતરે છે, માટે તેઓને દર્શાવતાં થકા સૂત્રકાર કહે છે—**'चत्तारि जुम्मे'**त्यादि० યુગ્મરાશિવિશેષ. જે રાશિને ચારની સંખ્યા વડે અપહરણ કરવાથી (ભાંગવા વડે) શેષ ચાર રહે તે કૃતયુગ્મ કહેવાય છે. જે રાશિના છેવટમાં શેષ ત્રણ રહે તે ત્ર્યોજ, બે શેષ રહે તે દ્વાપરયુગ્મ અને એક શેષ રહે તે કલ્યોજ કહેવાય. અહિં ગણિતની પરિભાષામાં સમરાશિ (૨-૪) યુગ્મ કહેવાય છે અને (૧-૩) તે ઓજ કહેવાય છે. આ જૈનસિદ્ધાંતની મર્યાદા છે. લોકમાં તો કૃતયુગ્મ વગેરે આ પ્રમાણે કહેવાય છે—

**द्वात्रिंशत् सहस्राणि कलौ लक्षचतुष्टयम् । वर्षाणां द्वापरादौ स्यादेतद् द्वित्रि चतुर्गुणम् ॥१८१॥**

કલિયુગમાં ચાર લાખને બત્રીશ હજાર વર્ષ હોય છે. દ્વાપરયુગમાં આઠ લાખને ચોસઠ હજાર, ત્રેતાયુગમાં બાર લાખ ને છન્નુ હજાર અને કૃતયુગમાં સત્તર લાખ અઠ્યાવીશ હજાર વર્ષ હોય છે. (૧૮૧)

પૂર્વોક્ત રાશિયોનું નારકાદિને વિષે નિરૂપણ કરતા થકા સૂત્રકાર કહે છે—**'नेरइए'**त्यादि० સુગમ છે. નારક વગેરે ચાર પ્રકારની રાશિવાળા પણ હોય કેમ કે જન્મ અને મરણ વડે હીન યા અધિકપણાનો સંભવ હોય છે. ॥૩૧૬॥

વળી જીવોને જ ભાવો વડે નિરૂપતાં થકા સૂત્રકાર કહે છે-**'चत्तारि सूरे'** त्यादि० બે સૂત્ર સુગમ છે. વિશેષ એ કે-શૂર-વીરપુરુષો. ક્ષમામાં શૂરા અર્હંતો-શ્રીમહાવીર પરમાત્માની માફક, તપમાં શૂરા અનગારો-દઢપ્રહારી મુનિવત્, દાનમાં શૂર વૈશ્રમણ-ઉત્તર દિશાનો લોકપાલ (કુબેર) તે તીર્થંકર વગેરેના જન્મના સમયમાં અને પારણા વગેરેના સમયમાં રત્ન વગેરેની વૃષ્ટિ કરવા વડે દાનમાં શૂર છે. કહ્યું છે કે—

**वेसमणवयणसंचोइया उ ते तिरियजंभगा देवा । कोडिग्गसो हिरन्नं, रयणाणि य तत्थ उवणेंति ॥१८२॥**

**[आवश्यक निर्युक्ति भा० ६८ त्ति]**

વૈશ્રમણના વચનથી પ્રેરાયા થકા તે તિર્યગ્જૃંભકદેવો, ક્રોડોગમે સુવર્ણોને અને રત્નોને તત્ર-તીર્થંકરગૃહને વિષે લઈ

જાય છે. યુદ્ધમાં શૂર વાસુદેવ-કૃષ્ણવત્ કેમ કે તેને ત્રણ સો સાઠ સંગ્રામમાં જય મેળવવાનો હોય છે. (૧૮૨) ||૩૧૭||

[1]શરીર, કુલ અને વૈભવ વગેરેથી ઉચ્ચ પુરુષ, તથા ઔદાર્યાદિ ગુણયુક્ત હોવાથી ઉચ્ચ અભિપ્રાયવાળો તે ઉચ્ચચ્છંદ, નીચચ્છંદ તો પૂર્વોક્તની વિપરીત અર્થાત્ નીચ અભિપ્રાયવાળો, નીચ પણ ઉચ્ચ કુલાદિથી વિપરીત છે. ||૩૧૮||

હમણાં જ ઊંચ અને નીચ અભિપ્રાય કહ્યો તે લેશ્યાવિશેષથી થાય છે માટે લેશ્યાસૂત્રો કહેલ છે, તે સુગમ છે. વિશેષ એ કે-અસુરાદિને દ્રવ્યના[2] આશ્રય વડે ચાર લેશ્યાઓ હોય છે અને ભાવથી તો બધાય દેવોને છ લેશ્યા હોય છે. પૃથિવી, અપ્ અને વનસ્પતિના જીવોને જ તેજોલેશ્યા હોય છે કેમ કે તેઓમાં દેવોની ઉત્પત્તિ હોવાથી તે જીવોને ચાર લેશ્યા હોય છે. ||૩૧૯||

કહેલ લેશ્યાવિશેષથી વિચિત્ર પરિણામવાળો મનુષ્ય થાય માટે વાહન વગેરે દૃષ્ટાંતરૂપ ચતુર્ભંગીઓ વડે અને બીજી રીતે પુરુષની ચતુર્ભંગી યાનસૂત્રાદિના આરંભથી શ્રાવક સૂત્રપર્યંત ગ્રંથ વડે બતાવતા થકા સૂત્રકાર કહે છે કે—

**चत्तारि जाणा पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते, जुत्ते णाममेगे अजुत्ते, अजुत्ते णाममेगे जुत्ते, अजुत्ते णाममेगे अजुत्ते। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते, जुत्ते णाममेगे अजुत्ते० ट्क [=४]। चत्तारि जाणा पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्तपरिणते, जुत्ते णाममेगे अजुत्तपरिणते० ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्तपरिणते० ट्क [=४]। चत्तारि जाणा पन्नत्ता, तंजहा-जुत्ते णाममेगे जुत्तरूवे, जुत्ते णाममेगे अजुत्तरूवे, अजुत्ते णाममेगे जुत्तरूवे ट्क [=४] । एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्तरूवे ट्क [=४]**

**चत्तारि जाणा पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्तसोभे० ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा--जुत्ते णाममेगे जुत्तसोभे० ट्क [=४] । चत्तारि जुग्गा पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते ट्क [=४]। एवं जधा जाणेण चत्तारि आलावगा तधा जुग्गेण वि, पडिवक्खो तहेव पुरिसजाता जाव सोभे त्ति ।**

**चत्तारि सारथी पन्नत्ता, तंजहा—जोयावइत्ता णामं एगे नो विजोयावइत्ता, विजोयावइत्ता नामं एगे नो जोयावइत्ता, एगे जोयावइत्ता वि विजोयावइत्ता वि, एगे नो जोयावइत्ता नो विजोयावइत्ता। [3]एवामेव चत्तारि हया पन्नत्ता, तंजहा—जुत्ते णामं एगे जुत्ते, जुत्ते णाममेगे अजुत्ते ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते ट्क [=४], एवं जुत्तपरिणते, जुत्तरूवे, जुत्तसोभे, सव्वेसिं पडिवक्खो पुरिसजाता ।**

**चत्तारि गया पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते ट्क [=४]। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जुत्ते णाममेगे जुत्ते ट्क [=४]। एवं जहा हयाणं तहा गयाणं वि भाणियव्वं, पडिवक्खो तहेव पुरिसजाता । चत्तारि जुग्गारिता[जुग्गायरिया] पन्नत्ता, तंजहा—पंथजाती णाममेगे नो उप्पधजाती, उप्पधजाती णाममेगे णो पंथजाती, एगे पंथजाती वि उप्पहजाती वि, एगे णो पंथजाती णो उप्पहजाती । [एवामेव चत्तारि पुरिसजाया]**

**चत्तारि पुप्फा पन्नत्ता, तंजहा—रूवसंपन्ने नाममेगे नो गंधसंपन्ने, गंधसंपन्ने णाममेगे नो रूवसंपन्ने, एगे रूवसंपन्ने**

---

1. મૂલ અનુવાદમાં ચાર ભાંગા સ્પષ્ટ લખેલ છે.
2. દેવ અને નારકોને દ્રવ્યલેશ્યા તેના આયુષ્ય પર્યંત અવસ્થિત હોય છે તે દ્રવ્યો સાથે બીજા દ્રવ્યોનો સંપર્ક થવાથી ભાવલેશ્યા છએ હોય છે, પરંતુ મૂલ દ્રવ્યો બદલાતા નથી, તદાકાર માત્ર ભજે છે અને મનુષ્ય તિર્યંચોની દ્રવ્યલેશ્યાઓ અંતર્મુહૂર્ત અવસ્થિત રહે છે, પછીથી બદલાય છે, કેવલીને અવસ્થિત રહે છે.
3. चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—આ પાઠ પ્રત્યંતરમાં છે. આગામોદય સમિતિવાળી પ્રતિમાં નથી.

वि गंधसंपन्ने वि, एगे णो रूवसंपन्ने णो गंधसंपन्ने। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—रूवसंपन्ने णाममेगे णो सीलसंपन्ने ट्क [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नाममेगे नो कुलसंपन्ने ट्क [=४] (१)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नामं एगे णो बलसंपन्ने, बलसंपन्ने नामं एगे णो जातिसंपन्ने ट्क [=४] (२)। एवं जातीते त रूवेण त चत्तारि आलावगा (३)। एवं जातीते त सुतेण त ट्क [=४] (४)। एवं जातीते त सीलेण त ट्क [=४] (५)। एवं जातीते त चरित्तेण त ट्क [=४] (६)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा कुलसंपन्ने नामं एगे नो बलसंपन्ने ट्क [=४] (७)। एवं कुलेण त रूवेण त ट्क [=४] (८)। कुलेण त सुतेण त ट्क [=४] (९)। कुलेण त सीलेण त ट्क [=४] (१०)। कुलेण त चरित्तेण त ट्क [=४] (११)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—बलसंपन्ने नाममेगे णो रूवसंपन्ने ट्क [=४] (१२)। एवं बलेण त सुतेण त ट्क [=४] (१३)। एवं बलेण त सीलेण त ट्क [=४] (१४)। एवं बलेण त चरित्तेण त ट्क [=४] (१५)। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—रूवसंपन्ने नाममेगे णो सुयसंपण्णे ट्क [=४] (१६)। एवं रूवेण त सीलेण त ट्क [=४] (१७)। रूवेण त चरित्तेण त ट्क [=४] (१८)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सुयसंपन्ने नाममेगे णो सीलसंपन्ने ट्क [=४] (१९)। एवं सुतेण त चरित्तेण त ट्क [=४] (२०)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सीलसंपन्ने नाममेगे नो चरित्तसंपन्ने ट्क [=४] (२१)। एते एक्कवीसं भंगा भाणितव्वा।

चत्तारि फला पन्नत्ता, तंजहा—आमलगमहुरे, मुद्दितामहुरे, खीरमहुरे, खंडमहुरे। एवामेव चत्तारि आयरिया पन्नत्ता, तंजहा—आमलगमहुरफलसमाणे जाव खंडमहुरफलसमाणे। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आतवेतावच्चकरे नाममेगे नो परवेतावच्चकरे ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—करेति नाममेगे वेयावच्चं णो पडिच्छइ, पडिच्छइ नाममेगे वेयावच्चं नो करेइ ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-अट्ठकरे णाममेगे णो माणकरे, माणकरे णाममेगे णो अट्ठकरे, एगे अट्ठकरे वि माणकरे वि, एगे णो अट्ठकरे णो माणकरे। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गणट्ठकरे नाममेगे णो माणकरे ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गणसंग्गहकरे णाममेगे णो माणकरे ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गणसोभकरे णामं एगे णो माणकरे ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गणसोहिकरे णाममेगे नो माणकरे ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—रूवं नाममेगे जहति नो धम्मं, धम्मं नाममेगे जहति नो रूवं, एगे रूवं पि जहति धम्मं पि जहति, एगे नो रूवं जहति नो धम्मं। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—धम्मं नाममेगे जहति जो गणसंथितिं ह्व [=४]। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—पियधम्मे नाममेगे नो दढधम्मे, दढधम्मे नाममेगे नो पियधम्मे, एगे पियधम्मे वि दढधम्मे वि, एगे नो पियधम्मे नो दढधम्मे।

चत्तारि आयरिया पन्नत्ता, तंजहा-पव्वावणायरिते नाममेगे णो उवट्ठावणायरिते, उवट्ठावणायरिते णाममेगे णो पव्वावणायरिते, एगे पव्वायणातरिते वि उवट्ठावणातरिते वि, एगे नो पव्वावणातरिते नो उवट्ठावणातरिते धम्मायरिए। चत्तारि आयरिया पन्नत्ता, तंजहा—उद्देसणायरिए णाममेगे णो वायणायरिए ४ धम्मायरिए। चत्तारि अंतेवासी पन्नत्ता, तंजहा—पव्वावणंतेवासी नामं एगे णो उवट्ठावणंतेवासी ४, धम्मंतेवासी। चत्तारि अंतेवासी पन्नत्ता, तंजहा—उद्देसणंतेवासी नामं एगे नो वायणंतेवासी १, ४ धम्मंतेवासी।

चत्तारि निग्गंथा पन्नत्ता, तंजहा—रातिणिते समणे निग्गंथे महाकम्मे महाकिरिए अणायावी असमिते धम्मस्स

**आणाराधते भवति १, राइणिते समये निग्गंथे अप्पकम्मे अप्पकिरिते आतावी समिते धम्मस्स आराहते भवति २, ओमरातिणिते समणे निग्गंथे महाकम्मे महाकिरिते अणातावी असमिते धम्मस्स अणाराहते भवति ३, ओमरातिणिते समये निग्गंथे अप्पकम्मे अप्पकिरिते आतावी समिते धम्मस्स आराहते भवति ४ । चत्तारि णिग्गंथीओ पन्नत्ताओ, तंजहा-रातिणिया समणी निग्गंथी एवं चेव ४ । चत्तारि समणोवासगा पन्नत्ता, तंजहा--रायणिते समणोवसए महाकम्मे तहेव ४ । चत्तारि समणोवासियाओ पन्नत्ताओ, तंजहा—रायणिता समणोवासिता महाकम्मा तहेव चत्तारि गमा ।। सू० ३२०।।**

*(મૂ૦) ચાર પ્રકારના યાન-શકટાદિ કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક ગાડું વગેરે યાન બળદ જોડેલ છે અને સર્વ સામગ્રી યુક્ત છે, ૨. એક યાન બળદ વગેરેથી યુક્ત (જોડેલ) પણ સર્વ સામગ્રીથી અયુક્ત છે, ૩. એક યાન બળદ વગેરેથી અયુક્ત છે પણ સર્વ સામગ્રીથી યુક્ત છે તેમજ ૪. એક યાન બળદ વગેરેથી અયુક્ત અને સામગ્રીથી પણ અયુક્ત છે. એ દષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પુરુષ ધનાદિ વડે યુક્ત છે અને વળી ઉચિત અનુષ્ઠાન વડે યુક્ત છે, ૨. એક પુરુષ ધનાદિ વડે યુક્ત છે પણ ઉચિત અનુષ્ઠાન વડે યુક્ત નથી, ૩. એક પુરુષ ધનાદિ વડે અયુક્ત છે પણ ઉચિત અનુષ્ઠાન વડે યુક્ત છે તેમજ ૪. એક પુરુષ ધનાદિ વડે અયુક્ત છે અને ઉચિત અનુષ્ઠાન વડે પણ અયુક્ત છે. ચાર પ્રકારના યાન કહેલા છે. તે આ પ્રમાણે—૧. એક યાન બળદ વગેરેથી યુક્ત છે અને યુક્તપરિણત છે-પ્રથમ સામગ્રી વડે અયુક્ત છતો યુક્તપણાએ પરિણત છે, ૨. એક યાન બળદ વગેરેથી યુક્ત છે પણ સામગ્રી વડે યુક્તપરિણત થયેલ નથી, ૩. એક યાન બળદ વગેરે વડે અયુક્ત (નહિં જોડાયેલ) છે પણ સામગ્રી વડે પરિણત છે,તેમજ ૪. એક યાન બળદ વગેરેથી અયુક્ત અને સામગ્રી વડે પણ અપરિણત છે. એ દષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. પુરુષ ધનાદિ વડે યુક્ત અને ઉચિત પ્રવૃત્તિ વડે પરિણત છે, ૨. એક પુરુષ ધનાદિ વડે યુક્ત છે પણ ઉચિત પ્રવૃત્તિ વડે પરિણત નથી, ૩. એક પુરુષ ધનાદિ વડે અયુક્ત છે પણ ઉચિત પ્રવૃત્તિ વડે પરિણત છે અને ૪. એક પુરુષ ધનાદિ વડે અયુક્ત અને ઉચિત પ્રવૃત્તિ વડે પણ અપરિણત છે. ચાર પ્રકારના યાન-ગાડા વગેરે કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક યાન બળદો વડે યુક્ત છે અને યુક્તરૂપ-સુંદર આકારવાળું છે, ૨. એક યાન-ગાડા વગેરે બળદો વડે યુક્ત છે પણ સુંદર આકારવાળું નથી, ૩. એક યાન બળદો વડે અયુક્ત છે પણ સુંદર આકારવાળું છે તેમજ ૪. એક યાન બળદો વડે અયુક્ત છે અને સુંદર આકારવાળું પણ નથી. આ દષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈ એક પુરુષ ધનાદિ વડે યુક્ત છે અને સુંદર આકૃતિવાળો છે, ૨. કોઈ એક પુરુષ ધનાદિ વડે યુક્ત છે પણ સુંદર આકૃતિવાળો નથી. ૩. કોઈક ધનાદિ વડે અયુક્ત છે પણ સુંદર આકૃતિવાળો છે તેમજ ૪. કોઈક ધનાદિ વડે યુક્ત નથી અને સુંદર આકૃતિવાળો પણ નથી. ચાર પ્રકારના ગાડા વગેરે યાન કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક યાન બળદો વડે યુક્ત છે, વળી યુક્તશોભ-ઉચિત શોભાવાળું છે, ૨. એક યાન બળદો વડે યુક્ત છે પણ ઉચિત શોભાવાળું નથી, ૩. એક યાન બળદો વડે અયુક્ત (જોડેલું નથી) પણ ઉચિત શોભાવાળું છે તેમજ ૪. એક યાન બળદો વડે જોડેલું નથી અને ઉચિત શોભાવાળું પણ નથી. આ દષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈ એક પુરુષ ઉચિત ગુણ વડે યુક્ત છે, વળી ઉચિત શોભાયુક્ત છે, ૨. કોઈક ઉચિત ગુણ વડે યુક્ત છે પણ ઉચિત શોભા વડે યુક્ત નથી, ૩. કોઈક ઉચિત ગુણ વડે અયુક્ત છે પણ ઉચિત શોભા વડે યુક્ત છે અને ૪. કોઈક ઉચિત ગુણ વડે અયુક્ત અને ઉચિત શોભા વડે પણ અયુક્ત છે. ચાર પ્રકારના યુગ્ય અશ્વાદિ વાહનો કહેલા છે. તે આ પ્રમાણે—કોઈક અશ્વ યુક્ત-પલાણ સંયુક્ત છે, અને યુક્ત વેગવાળો છે, ૨. પલાણ યુક્ત છે પણ વેગવાળો નથી, ૩. પલાણ યુક્ત નથી પણ વેગવાળો છે તેમજ ૪.*

પલાણ યુક્ત નથી અને વેગ યુક્ત પણ નથી. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ધનધાન્યાદિ વડે યુક્ત, વળી ઉત્સાહ ગુણ વડે યુક્ત છે, ૨. કોઈક ધનાદિ વડે યુક્ત પણ ઉત્સાહ ગુણ વડે યુક્ત નથી, ૩. કોઈક ધનાદિ વડે અયુક્ત પણ ઉત્સાહ ગુણ યુક્ત છે તેમજ ૪. કોઈક ધનાદિ વડે અયુક્ત અને ઉત્સાહ ગુણ વડે પણ યુક્ત નથી. એવી રીતે જેમ યાન શબ્દ સાથે ચાર આલાપકો કહેલા છે તેમ યુગ્ય શબ્દ સાથે પણ ચાર આલાપકો કહેવા. પ્રતિપક્ષદાર્ષ્ટાંતિક સૂત્રોના પણ ચાર પ્રકારના પુરુષો યાવત્ એક પુરુષ, ઉચિત ગુણ વડે યુક્ત અને યુક્ત શોભાવાળો છે ઇત્યાદિ ચાર ભાંગા સુધી ચાર આલાપકો કહેવા. ચાર પ્રકારના સારથી કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક સારથી ગાડામાં બળદ વગેરેને જોડનાર છે પણ છોડનાર નથી, ૨. એક છોડનાર છે પણ જોડનાર નથી, ૩. એક જોડનાર છે અને છોડનાર પણ છે તેમજ ૪. એક જોડનાર પણ નથી અને છોડનાર પણ નથી અર્થાત્ ખેડનાર છે. સાધુ આશ્રયીને ૧. એક સંયમયોગમાં પ્રવર્ત્તાવનાર છે, ૨. અનુચિતથી નિવારનાર છે, ૩. પ્રવર્ત્તાવનાર અને નિવારનાર પણ છે ૪. બન્નેથી રહિત છે. ચાર પ્રકારના ઘોડાઓ કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક ઘોડો પલાણ વગેરેથી યુક્ત, તેમજ વેગ વગેરેથી યુક્ત છે, ૨. એક પલાણ વગેરેથી યુક્ત છે પણ વેગવાળો નથી, ૩. પલાણ વગેરેથી યુક્ત નથી પણ વેગવાળો છે તેમજ ૪. પલાણ યુક્ત નથી અને વેગ યુક્ત પણ નથી. એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ધનાદિ વડે યુક્ત અને વળી ઉત્સાહ વગેરે ગુણ યુક્ત છે, ૨. કોઈક ધનાદિ વડે યુક્ત છે પણ ઉત્સાહાદિ ગુણ યુક્ત નથી, ૩. કોઈક ધનાદિ યુક્ત અને ઉત્સાહાદિ યુક્ત પણ છે તેમજ ૪. કોઈક ઉભય યુક્ત નથી. એવી રીતે યુક્તપરિણત, યુક્તરૂપ અને યુક્તશોભા સાથે ચાર ભાંગા યુક્ત શબ્દપૂર્વક 'હય' ના પણ કરવા. બધા સૂત્રના પ્રતિપક્ષ-દાર્ષ્ટાંતિક સૂત્રમાં પુરુષ સૂત્રોના ચાર આલાપકો કહેવા. ચાર પ્રકારના હાથી કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક હાથી અંબાડી રહિત છે પણ વેગ સહિત છે, ૨. કોઈક અંબાડી સહિત છે પણ વેગસહિત નથી. ૩. કોઈક બન્ને સહિત છે અને ૪. કોઈક બન્ને સહિત નથી. એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે. તે આ પ્રમાણે—કોઈક પુરુષ ધનાદિયુક્ત છે અને ઉત્સાહાદિ યુક્ત નથી. ૨. કોઈક ધનાદિ યુક્ત નથી પણ ઉત્સાહાદિ યુક્ત છે, ૩. કોઈક ઉભય યુક્ત છે તેમજ ૪. કોઈક ઉભય યુક્ત નથી. એવી રીતે જેમ ઘોડાઓના ચાર આલાપકો કહ્યા તેમ હાથીઓના પણ ચાર આલાપકો કહેવા. પ્રતિપક્ષ-દાર્ષ્ટાંતિકમાં પુરુષોના ચાર આલાપકો કહેવા. ચાર પ્રકારની યુગ્ય (અશ્વાદિ વાહન) ની ગતિ કહેલી છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વાદિ માર્ગમાં ચાલે છે પણ ઉન્માર્ગમાં ચાલતો નથી, ૨. કોઈક ઉન્માર્ગમાં ચાલે છે પણ માર્ગમાં ચાલતો નથી, ૩. કોઈક માર્ગમાં અને ઉન્માર્ગમાં પણ ચાલે છે અને ૪. કોઈક માર્ગમાં કે ઉન્માર્ગમાં પણ ચાલતો નથી. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈએક યુગ્ય-સંયમના ભારને વહન કરનાર સાધુ સંયમમાર્ગને વિષે ચાલે છે પણ ઉન્માર્ગમાં ચાલતો નથી તે અપ્રમત્ત મુનિ, ૨. કોઈક સાધુ અસંયમમાર્ગમાં ચાલે છે પણ સંયમમાર્ગમાં ચાલતો-વર્તતો નથી તે દ્રવ્યલિંગી સાધુ,૩. કોઈક સાધુ માર્ગમાં અને ઉન્માર્ગમાં પણ ચાલે છે તે પ્રમત્ત સાધુ તેમજ ૪. કોઈક માર્ગમાં કે ઉન્માર્ગમાં પણ ચાલતો નથી તે સિદ્ધ. ચાર પ્રકારના પુષ્પો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પુષ્પ રૂપસંપન્ન-સુંદરાકાર છે પણ ગંધસંપન્ન (સુગંધી) નથી-આવળના ફૂલની જેમ, ૨. એક પુષ્પ ગંધસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી-ચંપાના ફૂલની જેમ, ૩. એક પુષ્પ રૂપસંપન્ન છે અને ગંધસંપન્ન પણ છે-જાઈના ફૂલની જેમ અને ૪. એક પુષ્પ રૂપ કે ગંધ બન્નેથી સંપન્ન નથી-બોરડીના ફૂલની જેમ. એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પુરુષ સુંદર રૂપવાળો છે પણ શીલ-સદાચારવાળો નથી, ૨. એક પુરુષ શીલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, ૩. એક બન્ને ગુણયુક્ત છે અને ૪. એક બન્નેથી રહિત છે. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક જાતિસંપન્ન-ઉત્તમ જાતિવાળો છે પણ કુલસંપન્ન નથી, ૨. એક કુલસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી, ૩. એક

ઉભયસંપન્ન છે અને ૪. એક ઉભયસંપન્ન નથી. (૧), ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક જાતિસંપન્ન છે પણ બલસંપન્ન નથી, ૨. એક બળસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી, ૩. એક ઉભયસંપન્ન છે અને ૪. એક ઉભયસંપન્ન નથી. (૨), એવી રીતે જાતિથી રૂપની સાથે ચતુર્ભંગી કરવી (૩), એમ જ જાતિથી શ્રુતની સાથે ચતુર્ભંગી (૪), એમ જ જાતિથી શીલની સાથે ચતુર્ભંગી (૫), એમ જાતિથી ચારિત્રની સાથે ચતુર્ભંગી (૬), એમ કુલથી બલની સાથે ચતુર્ભંગી (૭), કુલ અને રૂપની સાથે ચતુર્ભંગી (૮), કુલ અને શ્રુતની સાથે ચતુર્ભંગી (૯), કુલ અને શીલની સાથે ચતુર્ભંગી (૧૦), કુલ અને ચારિત્રની સાથે ચતુર્ભંગી (૧૧), ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—એક પુરુષ બલસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, એમ બલ અને રૂપની ચતુર્ભંગી જાણવી. (૧૨), એમ બલ અને શ્રુતની સાથે ચતુર્ભંગી (૧૩), એક બલ અને શીલની સાથે (૧૪), એમજ બલ અને ચારિત્રની સાથે ચતુર્ભંગી કહેવી. (૧૫) ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે-એક પુરુષ રૂપસંપન્ન છે પણ શ્રુત (જ્ઞાન) સંપન્ન નથી, એમ રૂપ અને શ્રુતની ચતુર્ભંગી (૧૬), એમ રૂપ અને શીલની સાથે ચતુર્ભંગી (૧૭), રૂપ અને ચારિત્રની સાથે ચતુર્ભંગી (૧૮), ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—એક પુરુષ શ્રુતસંપન્ન છે પણ શીલસંપન્ન નથી, એમ શ્રુત અને શીલની ચતુર્ભંગી (૧૯), એમ શ્રુત અને ચારિત્રની ચતુર્ભંગી (૨૦), ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—એક પુરુષ શીલસંપન્ન છે પણ ચારિત્રસંપન્ન નથી, એમ શીલ અને ચારિત્રની ચતુર્ભંગી કરવી (૨૧). આ બધા મળીને ૨૧ ભાંગાઓ (ચતુર્ભંગીરૂપ) કહેવા. ચાર પ્રકારના ફલો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈ એક ફલ આમળાના જેવું મધુર છે, ૨. કોઈક દ્રાક્ષના જેવું મધુર છે, ૩. કોઈક દૂધના જેવું મધુર છે અને ૪. કોઈક ખાંડના જેવું મધુર છે. આ દૃષ્ટાંતે ચાર પ્રકારના આચાર્યો કહેલા છે, તે આ પ્રમાણે-૧. કોઈક આચાર્ય આમળાના ફલ સમાન મધુર અર્થાત્ કંઈક મધુર વચન અને ઉપશમાદિ ગુણવાન છે, ૨. કોઈક દ્રાક્ષ સમાન મધુર અર્થાત્ અધિક મિષ્ટવચન અને ઉપશમાદિ ગુણવાન છે, ૩. કોઈક આચાર્ય દૂધ સમાન મધુર અર્થાત્ અધિકતર મિષ્ટ વચન અને ઉપશમાદિ ગુણવાન છે અને ૪. કોઈક આચાર્ય ખાંડ સમાન મધુર અર્થાત્ અધિકતમ મિષ્ટ વચન અને ઉપશમાદિ ગુણસંપન્ન છે. ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ-સાધુ, આહારાદિ વડે પોતાની વૈયાવચ્ચ કરે છે પણ બીજાની કરતો નથી-તે આળસુ અથવા અસંભોગી સાધુ, ૨. કોઈક સાધુ બીજાની વૈયાવચ્ચ કરે પણ પોતાની કરતો નથી-તે પરોપકારી સાધુ, ૩. કોઈક પોતાની અને પરની વૈયાવચ્ચ કરે છે-તે સ્થવિરકલ્પી સાધુ અને ૪. કોઈક પોતાની કે પરની વૈયાવચ્ચ કરતો નથી-તે અનશન વિશેષ કરનાર સાધુ. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ-સાધુ અન્ય મુનિની વૈયાવચ્ચ કરે છે પણ પોતે નિઃસ્પૃહ હોવાથી પોતાની ઇચ્છતો નથી, ૨. કોઈક સાધુ પોતે વૈયાવચ્ચ ઇચ્છે છે પરંતુ અન્યની વૈયાવચ્ચ કરતો નથી-તે ગ્લાન સાધુ અથવા આચાર્ય, ૩. કોઈક અન્યની વૈયાવચ્ચ કરે છે અને પોતે પણ ઇચ્છે છે-તે સ્થવિરકલ્પી મુનિ તેમજ ૪. કોઈક અન્યની વૈયાવચ્ચ કરતો નથી અને પોતાની ઇચ્છતો પણ નથી-તે જિનકલ્પી મુનિ. ચાર પ્રકારના પુરુષ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ અર્થકર-રાજાદિને દિગ્યાત્રાદિના પ્રસંગમાં હિતની પ્રાપ્તિ અને અહિતનો પરિહાર વગેરે કરે છે પણ માન કરતો નથી તે મંત્રી અથવા નૈમિત્તિક, ૨. કોઈક માનને કરે છે પણ અર્થકર નથી, ૩. કોઈક અર્થને પણ કરે છે અને માનને પણ કરે છે તેમજ ૪. કોઈક અર્થકર પણ નથી અને માનકર પણ નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરષ-સાધુ ગણ-સાધુસમુદાયના અર્થ-કાર્યને કરે છે તે ગણાર્થકર છે, પરંતુ માન કરતો નથી, ૨. કોઈક માન કરે છે પણ સાધુસમુદાયના કાર્યને કરતો નથી, ૩. કોઈક સાધુસમુદાયના કાર્યને અને માનને પણ કરે છે અને ૪. કોઈક સાધુ બન્ને કરતો નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ ગણસંગ્રહકર-ગચ્છને માટે આહારાદિ અને જ્ઞાનાદિ વડે સંગ્રહ કરે છે

પણ માનને કરતો નથી, ૨. કોઈક માન કરે છે પણ ગચ્છને માટે સંગ્રહ કરતો નથી, ૩. કોઈક સંગ્રહ પણ કરે છે અને માન પણ કરે છે અને ૪. કોઈક ગણસંગ્રહ કે માન બન્ને કરતો નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ નિર્દોષ સાધુસામાચારી વગેરેથી ગચ્છની શોભા કરે છે પણ માન કરતો નથી, ૨. કોઈક માન કરે છે પણ ગચ્છની શોભા કરતો નથી, ૩. કોઈક ગચ્છની શોભા અને માન બન્ને કરે છે અને ૪. કોઈક બન્ને કરતો નથી. ચારપ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ ગણશોધિકર અર્થાત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત આપવું વગેરેથી ગચ્છની શુદ્ધિ કરે છે, પણ માન કરતો નથી, ૨. કોઈક માન કરે છે પણ ગચ્છની શુદ્ધિ કરતો નથી, ૩. કોઈક ઉભય કરે છે અને ૪. કોઈક ઉભય કરતો નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ કારણવશાત્ રૂપ-સાધુના વેષને છોડે છે પણ ચારિત્રલક્ષણ ધર્મને છોડતો નથી-વેષ છોડીને ભણવા માટે બૌદ્ધમતમાં ગયેલ હરિભદ્રસૂરિના શિષ્યની જેમ, ૨. કોઈક ચારિત્રરૂપ ધર્મને છોડે છે પણ વેષને છોડતો નથી, જમાલી પ્રમુખ નિહ્નવવત્, ૩. કોઈક સાધુ વેષને પણ છોડે છે અને ધર્મને પણ છોડે છે-તે દીક્ષા છોડીને ઘેર ગયેલ કંડરીક વગેરેની જેમ તેમજ ૪. કોઈક બન્નેને છોડતો નથી તે સુસાધુની જેમ. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ જિનાજ્ઞાલક્ષણ ધર્મને છોડે છે પણ ગણસ્થિતિ-સ્વગચ્છની મર્યાદાને છોડતો નથી, ૨. કોઈક ગચ્છની મર્યાદાને છોડે છે પણ ધર્મને છોડતો નથી, ૩. કોઈક બન્નેને છોડે છે અને ૪. કોઈક બન્નેને છોડતો નથી. ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પ્રિયધર્મી છે પણ દૃઢધર્મી નથી-કષ્ટ પડવાથી ધર્મને છોડી દે છે, ૨. કોઈક દૃઢધર્મી છે પણ પ્રિયધર્મી નથી કેમકે કષ્ટ પડવાથી ધર્મને સ્વીકારે છે. ૩. કોઈક પ્રિયધર્મી છે અને દૃઢધર્મી પણ છે. ૪. કોઈક પ્રિયધર્મી નથી તેમજ દૃઢધર્મી પણ નથી. ચાર પ્રકારના આચાર્યો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પ્રવ્રાજનાચાર્ય-દીક્ષા આપનાર છે પણ ઉપસ્થાપનાચાર્ય નથી કેમકે સ્વયં સર્વ સિદ્ધાંતના યોગને વહન કરેલ ન હોવાથી મહાવ્રતોનું આરોપણ કરાવતા નથી. ૨. કોઈક ઉપસ્થાપનાચાર્ય છે પણ પ્રવ્રાજનાચાર્ય નથી, ૩. કોઈક પ્રવ્રાજનાચાર્ય છે અને ઉપસ્થાનાપચાર્ય પણ છે તેમજ ૪. કોઈક પ્રવ્રાજનાચાર્ય પણ નથી અને ઉપસ્થાપનાચાર્ય પણ નથી પરંતુ ધર્માચાર્ય છે અર્થાત્ જેમની પાસેથી બોધ પ્રાપ્ત થયો હોય તે સાધુ અથવા શ્રાવક. ચાર પ્રકારના આચાર્યો કહેલા છે, તે આ પ્રમાણે-૧. કોઈક આચાર્ય અંગ વગેરે સૂત્રને ભણવામાં શિષ્યને અધિકારી કરનાર છે તે ઉદ્દેશનાચાર્ય છે પણ વાચનાચાર્ય નથી અર્થાત્ વાચના આપતા નથી, ૨. કોઈક વાચનાચાર્ય છે-ભણાવે છે પણ ઉદ્દેશનાચાર્ય નથી, ૩. કોઈક બન્ને રીતે આચાર્ય છે અને ૪. કોઈક બન્ને રીતે આચાર્ય નથી પરંતુ ધર્માચાર્ય છે. ચાર પ્રકારના અંતેવાસી (શિષ્ય) કહેવાય છે, તે આ પ્રમાણે—૧. કોઈક પ્રવ્રાજના શિષ્ય-જેને દીક્ષા આપેલ હોય તે, પરંતુ ઉપસ્થાપના શિષ્ય નથી અર્થાત્ વડીદીક્ષા આપેલ નથી, ૨. એક ઉપસ્થાપના વડે શિષ્ય છે પણ પ્રવ્રાજના વડે શિષ્ય નથી, ૩. એક ઉભયપ્રકારે શિષ્ય છે અને ૪. કોઈક ઉભયપ્રકારે શિષ્ય નથી પણ ધર્મશિષ્ય છે અર્થાત્ તેને પ્રતિબોધેલ છે. ૧. એક ઉદ્દેશન વડે શિષ્ય છે અર્થાત્ તેને સૂત્ર ભણાવવામાં અધિકારી કરેલ છે પણ વાચના શિષ્ય નથી-તેને વાચના આપી નથી, ૨. એક વાચના વડે શિષ્ય છે પણ ઉદ્દેશન વડે શિષ્ય નથી, ૩. કોઈક ઉભય પ્રકારે શિષ્ય છે અને ૪. કોઈક ઉભય પ્રકારે શિષ્ય નથી, ધર્મશિષ્ય છે-પ્રતિબોધેલ છે. ચાર પ્રકારના નિર્ગ્રંથો કહેલ છે, તે આ પ્રમાણે—૧. એક રાત્નિક [દીક્ષાપર્યાયથી જ્યેષ્ઠ] શ્રમણ-નિર્ગ્રંથ, મહાકર્મવાળો, કાયિકી વગેરે મહાક્રિયાવાળો, આતાપનાને નહિં લેનારો અને સમિતિ રહિત તે ધર્મનો આરાધક થતો નથી. ૨. એક રાત્નિક શ્રમણ-નિર્ગ્રંથ, લઘુકર્મી, કાયિકી વગેરે અલ્પ ક્રિયાવાળો, આતાપનાને લેનારો અને સમિતિયુક્ત છે તે ધર્મનો આરાધક થાય છે. ૩. એક લઘુરાત્નિક (દીક્ષાપર્યાયમાં લઘુ) શ્રમણ-નિર્ગ્રંથ, મહાકર્મવાળો, મહાન્ ક્રિયાવાળો, આતાપનાને નહિં લેનારો અને સમિતિ રહિત છે તે ધર્મનો આરાધક થતો નથી અને ૪. એક લઘુરાત્નિક શ્રમણ-નિર્ગ્રંથ, લઘુકર્મી, અલ્પ

*ક્રિયાવાળો, આતાપનાને લેનારો અને સમિતિ સહિત છે તે ધર્મનો આરાધક થાય છે. ચાર પ્રકારની સાધ્વીઓ કહેલી છે, તે આ પ્રમાણે—રાત્નિકા (દીક્ષાપર્યાયે મોટી) શ્રમણી-નિર્ગ્રંથીઓ સાધુઓની જેમ ચાર પ્રકારે કહેવી. ચાર પ્રકારના શ્રમણોપાસકો કહેલા છે, તે આ પ્રમાણે—રાત્નિક (મોટો) શ્રમણોપાસક, મહાકર્મવાળો ઈત્યાદિ ચાર પ્રકારે ભાંગા કહેવા. ચાર પ્રકારની શ્રમણોપાસિકા કહેલી છે, તે આ પ્રમાણે—રાત્નિકા (મોટી) શ્રમણોપાસિકા, મહાકર્મવાળી ઈત્યાદિ પૂર્વોક્ત પ્રકારે ગમા (ભાંગા) કહેવા. ॥૩૨૦॥*

(ટી૦) **'चत्तारी' त्यादि०** આ સરલ છે. વિશેષ એ કે–યાન (ગાડા) વગેરે, તે બળદ વગેરેથી જોડલું. વળી યુક્ત–સમગ્ર સામગ્રી વડે સહિત અથવા પ્રથમ પણ જોડેલું અને પછી પણ જોડેલું આ એક, બીજું બળદ વડે જોડેલું પરંતુ સામગ્રી વડે રહિત હોવાથી અયુક્ત, એમ ત્રીજો અને ચોથો ભાંગો પણ જાણવો. પુરુષ તો ધનાદિ વડે યુક્ત, વળી યોગ્ય અનુષ્ઠાન વડે યુક્ત અથવા સજ્જનો વડે યુક્ત અથવા પ્રથમ પણ ધન અને ધર્મના અનુષ્ઠાન વગેરેથી યુક્ત અને પછી પણ યુક્ત ૧, એમ ચાર ભાંગા કરવા. અથવા દ્રવ્યલિંગ વડે યુક્ત અને ભાવલિંગ (ચારિત્ર) વડે યુક્ત તે પ્રથમ સાધુ, દ્રવ્યલિંગ વડે યુક્ત પણ ભાવલિંગ વડે યુક્ત નહિં તે બીજો નિહ્નવાદિ, દ્રવ્યલિંગ વડે રહિત પરંતુ ભાવલિંગ વડે યુક્ત તે ત્રીજો પ્રત્યેકબુદ્ધ વગેરે અને બન્ને લિંગથી રહિત તે ચોથો ગૃહસ્થાદિ. એવી રીતે બીજા સૂત્રો પણ જાણી લેવા. વિશેષ એ કે–બળદો વડે યુક્ત (જોડેલું) અને યુક્તપરિણત સામગ્રી વડે પ્રથમ રહિત થકો યુક્તપણાએ પરિણત (તૈયાર) પુરુષ પૂર્વવત્ જાણવો. યુક્તરૂપ–સંગત સ્વભાવવાળું અથવા પ્રશસ્ત (સુંદર) યુક્ત તે યુક્તરૂપ છે. પુરુષપક્ષમાં ધનાદિ વડે યુક્ત અથવા જ્ઞાનાદિ ગુણ વડે યુક્ત, અને યુક્તરૂપ– ઉચિત વેષ અથવા સુવિહિત સાધુના વેષ વડે યુક્ત. તથા યુક્ત પૂર્વવત્ તેમજ જોડેલું છતું શોભે છે અથવા જોડેલાની શોભા છે જેને તે યુક્તશોભ. પુરુષ તો ગુણો વડે યુક્ત અને ઉચિત છે શોભા જેને તે યુક્તશોભ. યુગ્ય–અશ્વાદિવાહન અથવા ગૌડદેશમાં ચોરસ બે હાથના પ્રમાણવાળું અને વેદિકાસહિત શોભતું તે યુગ્યક કહેવાય છે, તે વડે યુક્ત બેસવાની સામગ્રી વડે પર્યાણ (પલાણ) વડે સહિત, વળી વેગ વગેરેથી યુક્ત, એવી રીતે યાન (ગાડા વગેરે)ની જેમ વ્યાખ્યા કરવા યોગ્ય છે. એ જ કહે છે **'एवं जहे' त्यादि०** પ્રતિપક્ષ–દાર્ષ્ટાંતિક તેમજ જાણવો. કોણ? તે કહે છે—**'पुरिसजाय' त्ति०** પુરુષના પ્રકારો પરિણત, રૂપ અને શોભાના સૂત્ર વડે દાર્ષ્ટાંતિક સહિત ચતુર્ભંગી કહેવી. યાવત્ શોભાસૂત્રની ચતુર્ભંગી આ પ્રમાણે—**'अजुत्ते नामं एगे अजुत्तसोभे' त्ति०** આ ચતુર્ભંગીનો ચતુર્થ ભંગ છે. સારથી–ખેડનાર, ગાડામાં બળદ વગેરેને યોજયિતા–જોડનાર પણ વિયોજયિતા–છોડનાર નહિં તે પ્રથમ, બીજો તો છોડનાર છે પણ જોડનાર નથી, એવી રીતે શેષ બે ભાંગા પણ જાણવા. વિશેષ એ કે–ચોથો ખેડે છે. અથવા ગાડા વગેરેને જોતરવાની તૈયારી કરનાર પ્રત્યે જોડાવનાર-પ્રેરણા કરનાર તે યોત્ક્રાપયિતા અને છોડનારાઓને જે પ્રેરણા કરનાર તે વિયોત્ક્રાપયિતા. લોકોત્તરપુરુષની વિવક્ષામાં તો સારથીની જેમ સારથી–સાધુઓને સંયમયોગોને વિષે પ્રવર્ત્તાવનાર તે યોજયિતા અને વિયોજયિતા તો અનુચિત્ત પ્રવૃત્તિ કરનાર મુનિઓને અટકાવનાર છે. યાનસૂત્રની જેમ અશ્વ અને ગજ (હાથી) ના સૂત્રો પણ જાણવા. **'जुग्गारिय' त्ति०** યુગ્ય (અશ્વાદિ) ની ચર્યા–ગતિ. ક્વચિત્ **'जुग्गायरिय' त्ति०** એવો પણ પાઠ છે ત્યાં યુગ્યાચર્યા એટલે અશ્વાદિની ગતિ જાણવી. એક વાહન (અશ્વાદિ) માર્ગમાં જનાર હોય છે પરંતુ ઉન્માર્ગમાં જવાવાળું હોતું નથી, ઈત્યાદિ ચતુર્ભંગી જાણવી. અહિં વાહનની ગતિ વડે જ નિર્દેશ–કથન ચાર પ્રકાર વડે કહેલ હોવાથી તેની ચર્યા (ગતિ) ને જ ઉદ્દેશ વડે કહેલું ચાર પ્રકારપણું જાણવું. ભાવયુગ્ય પક્ષમાં તો વાહનની માફક યુગ્ય–સંયમયોગના ભારને વહન કરનાર સાધુ, માર્ગમાં જનાર તે અપ્રમત્ત મુનિ, ઉન્માર્ગમાં જનાર દ્રવ્યલિંગી, બન્નેમાં જનાર તે પ્રમત્ત યતિ અને ચોથા ભંગમાં સિદ્ધ છે. ક્રમશઃ ૧. સત્, ૨. અસત્, ૩. ઉભય–સત્ તથા અસત્ અને ૪. બન્નેથી રહિત અનુષ્ઠાનવાળા હોવાથી અથવા પથ અને ઉત્પથનું સ્વસમય અને પરસમયસ્વરૂપ હોવાથી અને 'યાયિ' શબ્દનો ગતિરૂપ અર્થ વડે બોધપર્યાય હોવાથી સ્વસમય અને પરસમયબોધની અપેક્ષાએ આ ચતુર્ભંગી જાણવી. અર્થાત્ એક સ્વસમયને જાણે છે પણ પરસમયને જાણતો નથી, એક પરસમયને જાણે છે પણ સ્વસમયને જાણતો નથી, એક ઉભય સમય (શાસ્ત્ર) ને જાણે છે અને એક બન્નેને જાણતો નથી. એક

પુષ્પ રૂપસંપન્ન-સુંદરાકાર છે પણ ગંધસંપન્ન (સુગંધી) નથી-આવળના ફૂલની જેમ, બીજું ફૂલ બકુલના ફૂલની જેમ, ત્રીજું જાઈના ફૂલની જેમ અને ચોથું બોરડી વગેરેના ફૂલની જેમ. પુરુષ રૂપસંપન્ન-રૂપાળો અથવા સુવિહિત સાધુના રૂપવાળો ૧. જાતિ, ૨. કુલ, ૩. બલ, ૪. રૂપ, ૫. શ્રુત, ૬. શીલ અને ૭. ચારિત્રલક્ષણ આ સાત પદોને વિષે દ્વિકસંયોગી એકવીશ ચોભંગી કરવી સુગમ છે. [તે આ પ્રમાણે-જાતિ પદ સાથે કુલાદિથી ચારિત્રપદ પર્યંત છ ચોભંગી, કુલ પદ સાથે બલાદિપદથી પાંચ ચોભંગી, બલપદ સાથે રૂપાદિ પદથી ચાર ચોભંગી, રૂપ પદ સાથે શ્રુતાદિથી ત્રણ ચોભંગી, શ્રુતપદ સાથે શીલ અને ચારિત્રથી બે ચોભંગી અને શીલપદ સાથે ચારિત્રપદથી એક ચોભંગી થાય છે.] આમળાની જેમ મધુર અથવા જે આમળો જ મધુર તે આમલકમધુર, 'मुद्दिय' त्ति० દ્રાક્ષની માફક મધુર અથવા દ્રાક્ષજ મધુર તે મૃદ્વિકામધુર, ક્ષીરની જેમ મધુર ફલ તે ક્ષીરમધુર અને ખાંડની જેમ મધુર ફલ તે ખાંડમધુર. જેમ આમળા વગેરે ફલો ક્રમશઃ અલ્પ મધુરતા, બહુ મધુરતા, બહુતર મધુરતા અને બહુતમ મધુરતાવાળા હોય છે તેમ જે આચાર્યો અલ્પ, બહુ, બહુતર અને બહુતમ ઉપશમાદિ ગુણરૂપ મધુરતાવાળા છે તે ઉક્ત ફલોની સમાનતા વડે કહ્યા છે. ૧. આત્મ-પોતાની વૈયાવૃત્ત્ય કરનાર તે આળસુ મુનિ અથવા વિસંભોગી-ભિન્ન સામાચારીવાળો સાધુ, ૨. અન્યની વૈયાવૃત્ય કરનાર તે પોતાની અપેક્ષા નહિં કરનાર, ૩. સ્વપર વૈયાવૃત્ય કરનાર તે કોઈ પણ સ્થવિરકલ્પી મુનિ તેમજ ૪. બન્ને પ્રકારથી નિવૃત્ત થયેલ તે અનશન વગેરે સ્વીકારેલ મુનિ. ૧. નિઃસ્પૃહ હોવાથી વૈયાવૃત્યને કરે છે જ,. ૨. આચાર્ય અથવા ગ્લાનપણાને લઈને વૈયાવચ્ચ ઇચ્છે છે જ, ૩. કરે છે અને ઇચ્છે પણ છે તે સ્થવિરવિશેષ, ૪. બન્નેથી નિવૃત્ત તે જિનકલ્પી વગેરે મુનિ. 'अट्ठकरे'त्ति० अर्थान्—દિગ્યાત્રાદિને વિષે રાજાદિને હિતની પ્રાપ્તિ અને અહિતના પરિહારરૂપ અર્થને તથાપ્રકારના ઉપદેશથી જે કહે છે તે અર્થકર, તે મંત્રી અથવા નૈમિત્તિક. તે અર્થકર છે પરંતુ માન કરતો નથી, 'હું વગર પૂછ્યે કેમ કહું?' એમ માન કરતો નથી એ પ્રથમ. બીજા ત્રણ ભાંગા પણ સુગમ હોવાથી જાણી લેવા. આ સંબંધમાં વ્યવહારભાષ્યની ગાથાઓ આ પ્રમાણે છે—

**[1]पुट्ठापुट्ठो पढमो, जत्ताइ हियाहियं परिकहेइ । तइओ पुट्ठो सेसा उ, णिप्फला एव गच्छे वि ॥१८३॥**

**[व्यवहार भा० ४५६८ इति]**

યાત્રાના વિષયમાં રાજાએ પૂછેલ હોય કે ન પૂછેલ હોય તો પણ શુભ, અશુભને કહે છે પણ માનને કરતો નથી તે પ્રથમ ભંગ, પૂછવાથી કહે પણ માન વડે વગર પૂછ્યે ન કહે તે તૃતીય ભંગ અને બીજો ભંગ નિષ્ફલ છે; કેમકે માન કરે છે પણ કંઈ કહેતો નથી, તથા ચોથો ભંગ પણ નિષ્ફલ છે કારણ કે તે બન્ને કરતો નથી. ફક્ત રાજાની સેવા કરે છે. એવી રીતે ગચ્છની અંદર પણ સાધુવિષયક ચતુર્ભંગી જાણવી. (૧૮૩)

ગણ-સાધુસમુદાયના અર્થ-કાર્યોને કરે છે તે ગણાર્થકર-આહાર વગેરે વડે સાહાય્ય કરનાર પણ માન કરતો નથી, કેમ કે તે પ્રાર્થનાની અપેક્ષાવાળો હોતો નથી. એમ બીજા ત્રણ ભાંગા પણ જાણી લેવા. કહ્યું છે કે—

**आहारउवहिसयणाइएहिं गच्छस्सुवग्गहं कुणइ । बीओ न जाइ माणं, दोन्नि वि तइओ न उ चउत्थो ॥१८४॥**

**[व्यवहार भाषा० ४५७० त्ति]**

આહાર, ઉપધિ, શય્યા વગેરેથી ગચ્છને મદદ કરે છે પણ માન કરતો નથી તે પ્રથમ, બીજો મદદ કરતો નથી પણ માન કરે છે, ત્રીજો બન્ને કરે છે અને ચોથો બન્ને કરતો નથી. (૧૮૪)

અથવા 'नो माणकरो' त्ति० હું ગચ્છના કાર્યનો કરનાર છું એમ અભિમાન કરતો નથી. હમણાં જ ગચ્છનું કાર્ય કહ્યું

1. सम्प्रति तु **व्यवहारभाष्ये** गाथा एवंरुपा उपलभ्यन्ते-''पुट्ठापुट्ठो पढमं उ साहती न उ करेति माणं तु । बितिओ माणं करेति पुट्ठो वि न साहती किंचि ॥४५६८॥ ततिओ पुट्ठो साहति नोऽपुट्ठ चउत्थमेव सेवति तु । दो सफला दो अफला एवं गच्छे वि नातव्वा ॥४५६९॥ आहारोवहिसयणाइएहिं गच्छस्सुवग्गहं कुणती । बितिओ माणं उभयं च ततियओ नोभय चउत्थो ॥४५७०॥ सो पुण गणस्स अट्ठो संगहकर तत्थ संगहो दुविधो । दव्वे भावे नियमाउ दोन्निआहार-नाणादी ॥४५७१॥''

તે સંગ્રહ, માટે કહે છે—'गणसंगहकरे' त्ति० આહારાદિ વડે અને જ્ઞાનાદિ વડે ગચ્છ સંબંધી સંગ્રહને કરે તે ગણસંગ્રહકર. બાકીનું પૂર્વની માફક જાણવું. કહ્યું છે કે—

**सो पुण गच्छस्सऽट्ठो उ, संगहो तत्थ संगहो दुविहो । दव्वे भावे निउमाउ, होंति आहार-णाणादी ।।१८५।।**

**[व्यवहार भाषा० ४५७१ त्ति]**

ગચ્છને માટે સંગ્રહ દ્રવ્ય અને ભાવથી બે પ્રકારનો કહેલ છે. તેમાં દ્રવ્યથી આહાર, ઉપધિ અને શય્યા તથા ભાવથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ સંગ્રહ કરે છે પરંતુ માન કરતો નથી. (૧૮૫)

ગચ્છને નિર્દોષ સાધુની સામાચારીમાં પ્રવર્ત્તાવવા વડે અથવા વાદી, ધર્મકથી, નૈમિત્તિક, વિદ્યા અને સિદ્ધ[1] વગેરેપણાથી ગચ્છની શોભા કરવાના સ્વભાવવાળો તે ગણશોભાકર છે પણ માનને કરતો નથી કેમકે પ્રાર્થનાનો અભિલાષી હોતો નથી અથવા મદનો અભાવ હોય છે. ગણને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત વગેરે દેવાથી શોધિ-શુદ્ધિને જે કરે છે તે ગણશોધિકર અથવા આહારાદિને વિષે દોષની શંકા થયે છતે ગૃહસ્થના કુલમાં (ઘરે) જઈને તેની પ્રાર્થના સિવાય જે આહારની શુદ્ધિ કરે છે તે પ્રથમ પુરુષ, જે માનથી શુદ્ધિને માટે જતો નથી તે દ્વિતીય, ગૃહસ્થની પ્રાર્થનાથી જે જાય તે તૃતીય અને જે પ્રાર્થનાની અપેક્ષા પણ કરતો નથી અને જતો પણ નથી તે ચતુર્થ. રૂપસાધુના વેષને કારણવશાત્ છોડે છે પણ ચારિત્રલક્ષણ ધર્મને છોડતો નથી, બોટિકમતમાં રહેલ મુનિવત્, બીજો તો ધર્મને છોડે છે પણ વેષને છોડતો નથી તે નિહ્નવવત્, ત્રીજો બન્નેને છોડે છે તે દીક્ષાને છોડનારની જેમ અને ચોથો બન્નેને છોડતો નથી તે સુસાધુની જેમ. કોઈક જિનાજ્ઞારૂપ ધર્મને છોડે છે પણ સ્વગચ્છમાં કરાયેલી મર્યાદારૂપ ગણની સંસ્થિતિને છોડતો નથી. અહિં કેટલાએક આચાર્યોએ તીર્થંકરના ઉપદેશ વિના ગચ્છની વ્યવસ્થા આ પ્રમાણે કરેલી કે-અતિશયવાળું મહાકલ્પાદિ શ્રુત અન્ય ગચ્છવાળાઓ માટે આપણે આપવું નહિં. આ મર્યાદાને લઈને જે અન્ય ગણવાળા (યોગ્ય સાધુ) ને શ્રુત ન આપ્યું તેથી જિનાજ્ઞાનું પાલન ન કરવાથી ધર્મને છોડે છે પણ ગણની સ્થિતિને છોડતો નથી, કેમ કે તીર્થંકરનો ઉપદેશ એ છે કે-બધા યોગ્ય મુનિઓને શ્રુત આપવું-આ પ્રથમ પુરુષ. જે યોગ્યને શ્રુત આપે છે તે દ્વિતીય, જે અયોગ્ય પુરુષોને આપે છે તે તૃતીય[2] અને શ્રુતનો નાશ ન થાય તે માટે શ્રુતની રક્ષા (ગ્રહણ) કરવામાં સમર્થ અન્ય ગચ્છના શિષ્યને સ્વકીયદિગ્બંધ (પોતાના ગચ્છની ક્રિયા) કરીને અર્થાત્ તેને પણ ભણાવનારના ગચ્છની ક્રિયાનું પાલન કરવું પડે એ પ્રમાણે વિધિ કરીને શ્રુતને આપે છે, તેથી ધર્મ અને ગચ્છની મર્યાદાને છોડતો નથી તે ચતુર્થ. કહ્યું છે કે–

**सयमेव दिसाबंधं, काऊण पडिच्छगस्स जो देइ । उभयमवलंबमाणं, कामं तु तयंपि पूएमो ।।१८६।।**

**[व्यवहार भा० ४५८४ त्ति]**

'જો અન્ય ગચ્છવાળાને શ્રુત નહિં આપીએ તો શ્રુતનો નાશ થશે' એમ વિચારીને કોઈક અન્ય ગચ્છના બુદ્ધિમાન સાધુને જોઈને પોતાની મેળે જ તેને દિગ્બંધ (આચ્છોટન પ્રચ્છોટનાદિ ક્રિયારૂપ સ્વગચ્છની વિધિ) કરીને શ્રુતને આપે છે. તે સ્વગચ્છની મર્યાદાનો તેમજ જિનાજ્ઞાનો પણ પાલક હોવાથી તેને અમે વિશેષતઃ પૂજીએ છીએ. (૧૮૬)

ધર્મમાં પ્રીતિને લઈને અને સુખપૂર્વક ધર્મ સ્વીકારેલ હોવાથી પ્રિય છે ધર્મ જેને તે પ્રિયધર્મ્મા છે પણ દૃઢધર્મ્મા નથી, કેમકે આપદામાં પણ ધર્મના પરિણામથી ચલાયમાન ન થાય અર્થાત્ ક્ષોભ ન પામે તે દૃઢધર્મ્મા હોય છે. તેવો ન હોવાથી દૃઢધર્મ્મા નથી ૧. કહ્યું છે કે—

**दसविहवेयावच्चे, अन्नतरे खिप्पमुज्जमं कुणति । अच्चंतमणेव्वाणि, धिइविरियकिसो पढमभंगो ।।१८७।।**

**[व्यवहार भा० ४५८७ त्ति]**

1. અંજન, ચૂર્ણ વગેરે પ્રયોગ વડે સિદ્ધ.
2. અયોગ્યને આપવું તે જિનાજ્ઞા નથી તેથી ધર્મ અને ગચ્છની મર્યાદાને ઉલ્લંઘે છે.

દશ પ્રકારના વૈયાવૃત્યમાંથી કોઈ પણ એક પ્રકારમાં પ્રિયધર્મીપણાને લઈને તરત ઉદ્યમને કરે છે પરંતુ દૃઢધર્મી ન હોવાથી ધૈર્ય અને વીર્યબલ વડે કૃશ–નબળો હોઈને પરિપૂર્ણ નિર્વાહ કરી શકતો નથી, આ પ્રથમ ભંગ છે. (૧૮૭)

બીજો પુરુષ તો દૃઢધર્મી છે કેમકે અંગીકાર કરેલ કાર્યનું પાલન કરે છે પરંતુ પ્રિયધર્મી નથી કેમકે કષ્ટ વડે ધર્મને સ્વીકારે છે. તૃતીય અને ચતુર્થ ભંગ સ્પષ્ટ છે. કહ્યું છે—

**दुक्खेण उ गाहिज्जइ, बीओ गहियं तु नेइ जा तीरं । उभयंतो[उभयतो] कल्लाणो, तइओ चरिमो उ पडिकुट्ठो ॥१८८॥**
**[व्यवहार भा० ४५८८ त्ति]**

પ્રિયધર્મી ન હોવાથી જેને મહાકષ્ટ વડે ધર્મ ગ્રહણ કરી શકાય છે પરંતુ ગ્રહણ કરેલ ધર્મનું બરાબર પાલન કરતો હોવાથી દૃઢધર્મી તે બીજો. ત્રીજો ઉભય પ્રકાર વડે કલ્યાણરૂપ છે અને ઉભયથી પ્રતિકૂલ ચોથો પુરુષ છે. (૧૮૮)

આચાર્ય સૂત્રના ચોથા ભાંગામાં જે દીક્ષા વડે અને ઉત્થાપના વડે આચાર્ય નથી તે કોણ? તે સંબંધમાં કહે છે–ધર્માચાર્ય–પ્રતિબોધક. કહ્યું છે કે—

**धम्मो जेणुवइट्ठो, सो धम्मगुरू गिही व समणो वा । को वि तिहिं संपउत्तो, दोहि वि एक्केक्कगेणेव ॥१८९॥**

જેણે ધર્મનો ઉપદેશ કરેલ છે તે ગૃહસ્થ અથવા સાધુ ધર્મગુરુ–ધર્માચાર્ય છે. કોઈક ત્રણ પ્રકારે—૧. ધર્માચાર્ય; ૨. દીક્ષાચાર્ય અને ૩. ઉપસ્થાપનાચાર્ય હોય છે. કોઈક બે પ્રકારે—ધર્માચાર્ય અને દીક્ષાચાર્ય અથવા દીક્ષાચાર્ય અને ઉપસ્થાપનાચાર્ય છે અથવા કોઈક ધર્માચાર્યાદિ એક એક પ્રકાર વડે આચાર્ય હોય છે. (૧૮૯)

ઉદ્દેશન–અંગાદિ સૂત્રને ભણાવવામાં શિષ્યને અધિકારી કરવો તેમાં અથવા તેના વડે જે આચાર્ય–ગુરુ તે ઉદ્દેશનાચાર્ય. ઉભયશૂન્ય કોણ હોય? તે કહે છે–ધર્માચાર્ય. અંતે–ગુરુની સમીપે વસવા માટે સ્વભાવ છે જેનો તે અંતેવાસી–શિષ્ય. પ્રવ્રાજના–દીક્ષાવડે અંતેવાસી તે પ્રવ્રાજનાંતેવાસી અર્થાત્ દીક્ષિત શિષ્ય અને મહાવ્રતોનું આરોપણ કરવાથી શિષ્ય તે ઉપસ્થાપનાંતેવાસી કહેવાય છે. ચોથા ભાંગાવાળો કોણ? તે કહે છે–ધર્મનો પ્રતિબોધ આપવાથી અથવા ધર્મની ઇચ્છાથી આવેલ શિષ્ય તે ધર્માંતેવાસી. જે ઉદ્દેશનાંતેવાસી પણ નહિ અને વાચનાંતેવાસી પણ નહિ તે ચોથા ભાંગાવાળો કોણ? તે કહે છે–ધર્માંતેવાસી. બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી મુક્ત થયેલા તે નિર્ગ્રંથ–સાધુઓ, ભાવથી જ્ઞાનાદિ રત્નો વડે વિચરે–વ્યવહાર કરે છે તે રાત્નિકદીક્ષાપર્યાય વડે જ્યેષ્ઠ શ્રમણ–નિર્ગ્રંથ. સ્થિતિ વગેરેથી મહાન્ અને તથાવિધ પ્રમાદાદિ વડે પ્રગટ જણાતાં કર્મો છે જેને તે મહાકર્મી (ભારેકર્મી), કર્મબંધના હેતુભૂત કાયિક્યાદિ મહાક્રિયાદિ છે જેને તે મહાક્રિયાવાળો, શીતાદિને સહન કરવારૂપ આતાપનાને જે નથી કરતો તે અનાતપી કેમ કે તે મંદશ્રદ્ધાવાળો હોય છે, આ હેતુથી પાંચ સમિતિ વડે અસમિત–આવા પ્રકારનો જ્યેષ્ઠ સાધુધર્મનો આરાધક થતો નથી. બીજો પર્યાયજ્યેષ્ઠ મુનિ તો અલ્પકર્મા, અલ્પક્રિય હોવાથી ધર્મનો આરાધક થાય છે. ત્રીજો લઘુપર્યાયવાળો રાત્નિક તે અવમરાત્નિક (આ ત્રીજો ભાંગો પ્રથમ ભંગવત્ અને ચતુર્થ ભંગ દ્વિતીય ભંગવત્ જાણવો) આ રીતે નિર્ગ્રંથી (સાધ્વી), શ્રાવક અને શ્રાવિકાના 'चत्तारि गम' त्ति० આ ત્રણ સૂત્રોમાં પણ ચાર ચાર આલાપકો થાય છે. ॥૩૨૦॥

**चत्तारि समणोवासगा पन्नत्ता, तंजहा—अम्मापितिसमाणे, भातिसमाणे, मित्तसमाणे, सवत्तिसमाणे । चत्तारि समणोवासगा पन्नत्ता, तंजहा—अद्दागसमाणे, पडागसमाणे, खाणुसमाणे, खरकंटयसमाणे ४ ॥ सू० ३२१॥**

**समणस्स णं भगवतो महावीरस्स समणोवासगाणं सोधम्मे कप्पे अरुणाभे विमाणे चत्तारि पलिओवमाइं ठिती पन्नत्ता ॥ सू० ३२२॥**

**चउहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोगेसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तते, णो चेव णं संचातेति हव्वमागच्छित्तते, तंजहा—अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु मुच्छिते गिद्धे गढिते अज्झोववन्ने,**

से णं माणुस्सए कामभोगे नो आढाति नो परियाणाति णो अट्ठं बंधइ णो णिताणं पगरेति णो ठितिपगप्पं पगरेति १ । अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु मुच्छिते (४), तस्स णं माणुस्सते पेमे वोच्छिन्ने दिव्वे संकंते भवति २ । अहुणोववन्ने देवे देवलोएसु दिव्वेसु कामभोगेसु मुच्छिते (४) तस्स णं एवं भवति-इयण्हिं गच्छं मुहुत्तेणं गच्छं, तेणं कालेणमप्पाउया मणुस्सा कालधम्मुणा संजुत्ता भवंति ३ । अहुणोववन्ने देवे देवलोएसु दिव्वेसु कामभोगेसु मुच्छित्ते (४), तस्स णं माणुस्सए गंधे पडिकूले पडिलोमे तावि भवति, उड्ढं पि य णं माणुस्सए गंधे जाव चत्तारि पंच जोयणसताइं हव्वमागच्छति ४ । इच्चेतेहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचातेति हव्वमागच्छितते ।

चउहिं ठाणेहिं अहुणोववन्ने देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तते, संचाएइ हव्वमागच्छित्तए । तंजहा—अहुणोववन्ने देवे देवलोगेसु दिव्वेसु कामभोगेसु अमुच्छिते जाव अणज्झोववन्ने, तस्स णं एवं भवति-अत्थि खलु मम माणुस्सए भवे आयरिते ति वा उवज्झाए ति वा पवत्ती ति वा थेरे ति वा गणी ति वा गणधरे ति वा गणावच्छेतेति वा जेसिं पभावेणं मए इमा एतारूवा दिव्वा देविड्ढी दिव्वा देवजुत्ती लद्धा पत्ता अभिसमन्नागता, तं गच्छामि णं ते भगवंते वंदामि जाव पज्जुवासामि १ । अहुणोववन्ने देवे देवलोएसु जाव अणज्झोववन्ने, तस्स णमेवं भवति-एस णं माणुस्सए भवे णाणी ति वा तवस्सी ति वा अतिदुक्करदुक्करकारते, तं गच्छामि णं ते भगवंते वंदामि जाव पज्जुवासामि २ । अहुणोववन्ने देवे देवलोएसु जाव अणज्झोववन्ने, तस्स णमेवं भवति-अत्थि णं मम माणुस्सए भवे माता ति वा जाव सुण्हा ति वा, तं गच्छामि णं तेसिमंतितं पाउब्भवामि, पासंतु ता मे इममेतारूवं दिव्वं देविड्ढिं दिव्वं देवजुत्तिं लद्धं पत्तं अभिसमन्नागतं ३ । अहुणोववन्ने देवे देवलोगेसु जाव अणज्झोववन्ने तस्स णमेवं भवति-अत्थि णं मम माणुस्सए भवे मित्ते ति वा, सही ति वा सुही ति वा सहाए ति वा संगतिए ति वा, तेसिं च णं अम्हे अन्नमन्नस्स संगारे पडिसुते भवति, 'जो मे पुव्विं चयति से संबोहेतव्वे' ४। इच्चेतेहिं जाव संचातेति हव्वमागच्छित्तते ।। सू० ३२३।।

*(મૂ૦) ચાર પ્રકારના શ્રાવકો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક શ્રાવક માતાપિતા સમાન છે–સાધુને એકાંત હિતકારી છે, ૨. ભાઈ સમાન–માતાપિતાથી ઓછા સ્નેહવાળો હોઈને શિખામણ આપવા માટે સાધુને નિષ્ઠુર વચન કહે પરંતુ કાર્યના પ્રસંગમાં વાત્સલ્યભક્તિ કરે છે, ૩. મિત્ર સમાન–સાધુએ કોઈ પ્રસંગને લઈને કઠોર વચન કહેલ હોય તેથી પ્રીતિનો ક્ષય થવાથી આપત્તિમાં સાધુની ઉપેક્ષા કરે છે અને ૪. સપત્ની (શોક) સમાન–સાધુઓના કેવલ છિદ્રને જ જોનારો હોય છે. વળી ચાર પ્રકારના શ્રાવકો કહેલા છે, તે આ પ્રમાણે—૧. આદર્શ (અરીસા) સમાન–સાધુ જે સ્વરૂપ કહે તે હૃદયમાં સ્વીકારે, ૨. પતાકા સમાન વિચિત્ર દેશના વડે અસ્થિર મનવાળો, ૩. સ્થાણુ સમાન–ગીતાર્થથી પણ સમજાવી ન શકાય તેવો કદાગ્રહી અને ૪. ખરકંટક સમાન શિખામણ આપનાર સાધુને દુર્વચનરૂપ કાંટાથી વીંધનારો. ॥૩૨૧॥*

*શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામીના દશ શ્રાવકોની સૌધર્મ દેવલોકમાં અરુણાભ વિમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ॥૩૨૨॥*

*ચાર કારણો વડે દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ મનુષ્યલોકમાં શીઘ્ર આવવા માટે ઇચ્છે પરંતુ આવવાને સમર્થ ન થાય, તે આ પ્રમાણે—૧. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગને વિષે મૂર્છિત થયેલ, ગૃદ્ધ થયેલ, ગ્રથિત–બંધાયેલ અને આસક્ત થયેલ એવો તે દેવ મનુષ્ય સંબંધી કામભોગમાં આદરવાળો થતો નથી, વસ્તુભૂત–*

*સારરૂપ માનતો નથી, એનું મને પ્રયોજન નથી, એમ નિશ્ચય કરે છે અને 'મને મળો' એમ નિયાણું કરતો નથી અર્થાત્ મનુષ્યવિષયક કામ ભોગોમાં હું રહું એમ વિચારતો નથી, ૨. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થયેલ તેને મનુષ્યના ભવ સંબંધી માતાપિતાદિ ઉપરના પ્રેમનો અભાવ થાય છે અને દેવ સંબંધી પ્રેમનો સંક્રમ-પ્રવેશ થાય છે, ૩. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થયેલ, તેને એમ વિચાર થાય છે કે-હમણાં જાઉં છું, આ નાટક જોઈને મુહૂર્તમાં જાઉં છું પરંતુ એક દિવ્ય નાટક જોતાં બે હજાર વર્ષ ચાલ્યા જાય છે તેટલા કાળમાં અલ્પ આયુષ્યવાળા તેના સંબંધી મનુષ્યો કાળધર્મ સંયુક્ત થાય છે અર્થાત્ મરણ પામે છે, ૪. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગને વિષે મૂર્ચ્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને આસક્ત થયેલ તેને મનુષ્યલોક સંબંધી ગંધ, દિવ્ય ગંધથી વિપરીત અને ઇંદ્રિયાદિને અમનોજ્ઞ થાય છે. ઊંચે પણ મનુષ્યલોક સંબંધી ગંધ ચારસો પાંચસો યોજન પર્યંત દેવને આવે છે. આ જણાવેલ ચાર કારણ વડે દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ મનુષ્યલોકમાં આવવા માટે ઇચ્છે છે છતાં શીઘ્ર આવવા માટે સમર્થ થતો નથી. ચાર કારણો વડે દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, મનુષ્યલોકમાં શીઘ્ર આવવા માટે ઇચ્છે છે અને આવવા માટે સમર્થ પણ થાય છે, તે આ પ્રમાણે—૧. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ, દિવ્ય કામભોગને વિષે અમૂર્ચ્છિત, અગૃદ્ધ, અગ્રથિત અને અનાસક્ત એવા તે દેવને આ પ્રમાણે વિચાર થાય છે કે-મનુષ્યભવને વિષે મારા આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણી, ગણધર અથવા ગણાવચ્છેદક છે, જેના પ્રભાવથી મેં આવા પ્રકારની પ્રત્યક્ષ દિવ્ય દેવ સંબંધી, ઋદ્ધિ, દેવ સંબંધી કાંતિ, પૂર્વે ઉપાર્જી, હમણાં પ્રાપ્ત કરી, ભોગ્ય અવસ્થાને સન્મુખ આવી માટે હું જાઉં, તે ભગવંતો પ્રત્યે વંદન કરું યાવત્ પર્યુપાસના (સેવા) કરું, ૨. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ યાવત્ અનાસક્ત તેને એવો વિચાર થાય છે કે-આ મનુષ્યભવમાં વર્તતા જ્ઞાની, તપસ્વી અથવા અતિ દુષ્કરકારક (બ્રહ્મચર્યાદિ ક્રિયાને કરનાર) છે તે કારણથી હું ત્યાં જાઉં, તે ભગવંતોને વંદન કરું યાવત્ સેવા કરું. ૩. દેવલોકમાં તત્કાલ ઉત્પન્ન થયેલ દેવ યાવત્ અનાસક્ત તેને એવો વિચાર થાય છે કે-મનુષ્યભવને વિષે મારી માતા અથવા યાવત્ પુત્રવધૂ છે તેથી ત્યાં જાઉં અને તેની પાસે પ્રગટ થાઉં, તે માતા વગેરે મારી આવા પ્રકારની દેવ સંબંધી, પૂર્વભવમાં મેળવેલ, વર્તમાનભવમાં પ્રાપ્ત થયેલી અને ભોગનાં સન્મુખ આવેલી દિવ્ય, દેવની ઋદ્ધિ અને દિવ્ય દેવની કાંતિને જુઓ, ૪. દેવલોકમાં ઉત્પન્ન થયેલ દેવ યાવત્ અનાસક્ત તેને એવો વિચાર થાય છે કે-મનુષ્યભવને વિષે મારા મિત્ર, સખા, સુહૃદ (સ્વજન), સહાયક અથવા સાંગતિક (અતિપરિચિત) છે તેઓનો અને અમારો પરસ્પર સંકેત કરાયેલ છે. અર્થાત્ કબૂલાત આપેલ છે કે-આપણામાંથી દેવલોકથી જે પ્રથમ ચ્યવે તેને પાછળ રહેલા દેવે પ્રતિબોધ આપવો (મેતાર્યની જેમ). આ પ્રમાણે ચાર કારણો વડે દેવ શીઘ્ર મનુષ્યલોકમાં આવવા માટે સમર્થ થાય છે. ॥૩૨૩॥*

(ટી૦) 'अम्मापिइसमाणे'—૧. માતાપિતા સમાન, કેમ કે ઉપચાર વિના-સાધુએ કહ્યા સિવાય પણ સાધુઓને વિષે એકાંતે વાત્સલ્યભક્તિભાવવાળા હોય છે, ૨. તત્ત્વના વિચાર વગેરેમાં કઠણ વચન વડે અપ્રીતિને લઈને અલ્પતર પ્રેમ હોય છે પરંતુ તથાપ્રકારના પ્રયોજનને વિષે તો અત્યંત વાત્સલ્યવાળા હોવાથી ભાઈ સમાન છે, ૩. ઉપચાર સહિત વચન વગેરે વડે પ્રીતિની ક્ષતિ (નાશ) થવાથી અને તે પ્રીતિનો નાશ થયે છતે આપદાના સમયમાં પણ ઉપેક્ષા કરનાર હોવાથી મિત્ર સમાન છે અને ૪. જેણીનો સમાન-(બન્નેનો એક) પતિ છે તે સપત્ની. જેમ શોક્ય પોતાની શોક્ય પ્રત્યેની ઈર્ષ્યાને લઈને તેના છિદ્રોને જુએ છે એમ જે શ્રાવક સાધુઓને વિષે દૂષણ જોવામાં તત્પર હોય અને ઉપકારને કરનારો ન હોય તે સપત્ની (શોક્ય) સમાન કહેવાય છે. 'अद्दाग' त्ति० ૧. જે શ્રાવક સાધુઓદ્વારા વર્ણન કરાતા ઉત્સર્ગ અને અપવાદાદિ આગમના ભાવોને યથાવત્ જેમ છે તેમ ગ્રહણ કરે છે અર્થાત્ સમીપમાં રહેલા પદાર્થોને જેમ અરીસો ગ્રહણ કરે છે તેમ જે (તત્ત્વને) ગ્રહણ કરે છે તે આદર્શ સમાન,

૨. પતાકાની માફક વિચિત્ર દેશનાદિરૂપ વાયુ વડે ચોતરફથી ખેંચાતો હોવાથી જેનો અસ્થિર-અનિશ્ચિત બોધ છે તે પતાકા સમાન, ૩. જે શ્રાવક ગીતાર્થ મુનિની દેશના વડે પણ કોઈ પણ કદાગ્રહથી ચળાવી શકાતો નથી, અનમન સ્વભાવરૂપ બોધને લઈને સમજાવવા યોગ્ય નથી અર્થાત્ દુરાગ્રહી સ્થાણુ (ઠુંઠા) સમાન છે, ૪. જે શ્રાવક સમજાવ્યો છતો માત્ર પોતાના કદાગ્રહથી ચલિત થતો નથી એટલું જ નહિં પરંતુ પ્રજ્ઞાપક (સમજાવનાર) ને દુર્વચનરૂપ કંટક વડે વીંધે છે તે ખરકંટક સમાન છે. અર્થાત્ ખર નિરંતર અથવા નિષ્ઠુર, કાંટા છે જેને વિષે તે ખરકંટક-બાવળ વગેરેની ડાલ, જે લોકમાં 'ખરણ' કહેવાય છે તે કપડાંને વળગવાથી માત્ર વસ્ત્રને ફાડવા માત્રથી છોડે છે એટલું જ નહિં પરંતુ તેને મૂકાવનાર પુરુષ વગેરેના હાથ પણ કાંટાઓ વડે વીંધાય છે અથવા બીજાઓને જે ખરડે છે-લેપવાળો કરે છે તે ખરંટ-અશુચિ વગેરે તેના જેવો, તેના કુબોધને દૂર કરવા માટે જે પુરુષ તૈયાર થાય છે તેને જે સંસર્ગ (સંબંધ) માત્રથી જ દૂષણવાળો કરે છે. કુબોધ, કુશીલતા અને અપકીર્તિને ઉત્પન્ન કરવાથી અથવા આ ઉત્સૂત્રપ્રરૂપક છે એમ અસત્ દૂષણનો ઉદ્ભાવક-પ્રચાર કરવા વડે ખરંટ સમાન છે. ॥૩૨૧॥

શ્રમણોપાસકના અધિકારથી કહે છે—'समणस्से' त्यादि० સૂત્ર સરલ છે. વિશેષ એ કે ઉપાસકદશાંગસૂત્રમાં કહેલા આનંદાદિ દશ શ્રાવકોની સૌધર્મદેવલોકમાં ચાર પલ્યોપમની સ્થિતિ કહેલી છે. ॥૩૨૨॥

દેવના અધિકારથી જ કહે છે—'चउही' त्यादि० ત્રીજા સ્થાનકના ત્રીજા ઉદ્દેશાને વિષે પ્રાયઃ આ વ્યાખ્યાન કરાયેલું છે તથાપિ કંઈક કહેવાય છે—'चउहिं ठाणेहिं नो संचाएइत्ति' અહિં સંબંધ એ છે કે-દેવલોકને વિષે-દેવોની અંદર 'हव्वं'—શીઘ્ર 'संचाएइत्ति'—સમર્થ છે. મનોજ્ઞ શબ્દાદિરૂપ કામભોગોને વિષે મૂર્ચ્છિતની જેમ મૂઢ, કેમ કે-અનિત્યાદિ સ્વરૂપવાળા કામભોગના બોધમાં સમર્થ ન હોવાથી 'गृद्धः'—તેની આકાંક્ષાવાળો અર્થાત્ અતૃપ્ત. 'ગ્રથિત' (બંધાયેલ) ની જેમ ગ્રથિત અર્થાત્ શબ્દાદિ વિષયમાં સ્નેહરૂપ દોરડી વડે ગુંથાયેલ 'अध्युपपन्नः'—અત્યંત તન્મય (ઉક્ત કારણને લઈને મનુષ્ય સંબંધી) કામભોગને વિષે આદરવાળો થતો નથી. આ વસ્તુભૂત છે એમ પણ માનતો નથી અર્થાત્ તુચ્છ ગણે છે તથા તેઓને વિષે અર્થ બંધન કરતો નથી અર્થાત્ એઓની સાથે મારે કાંઈપણ પ્રયોજન નથી એમ નિશ્ચય કરે છે, આ મને પ્રાપ્ત થાઓ એવી રીતે તેઓને વિષે નિદાન કરતો નથી તથા તેઓને વિષે સ્થિતિપ્રકલ્પ-રહેવારૂપ વિકલ્પ અર્થાત્ એઓને વિષે હું રહું કે મને એ રહો-સ્થિર થાઓ, આવા પ્રકારના વિકલ્પને અથવા સ્થિતિ-મર્યાદા વડે પ્રકૃષ્ટ કલ્પ-આચારરૂપ સ્થિતિપ્રકલ્પને કરતો નથી અર્થાત્ કરવા માટે આરંભ કરતો નથી. 'प्रकरोति' ક્રિયાપદમાં 'प्र' શબ્દનો શરૂઆતરૂપ અર્થ છે. એવી રીતે દિવ્ય દેવ સંબંધી વિષયને વિષે આસક્તિરૂપ એક કારણ છે જેથી તત્કાલ ઉત્પન્ન થયેલ કામભોગને વિષે મૂર્ચ્છિતાદિ વિશેષણવાળો આ દેવ છે તથા તેને મનુષ્ય સંબંધી પ્રેમ વિચ્છિન્ન થયેલ છે માટે દિવ્ય પ્રેમનું સંક્રમણ થયેલ છે આ બીજું કારણ છે. તથા આ દેવ જે હેતુથી કામભોગને વિષે મૂર્ચ્છિતાદિ વિશેષણવાળો હોય છે તેથી તેના પ્રતિબંધને લઈને 'तस्स ण' मित्यादि० દેવના કાર્યને વિષે આધીન થવાથી મનુષ્યના કાર્યમાં આધીનપણું નથી. આ ત્રીજું કારણ છે. તથા દિવ્યભોગને વિષે મૂર્ચ્છિતાદિ વિશેષણથી તેને મનુષ્ય સંબંધી આ ગંધ પ્રતિકૂલ-દિવ્ય ગંધથી વિપરીત છે અને પ્રતિલોમ પણ છે કેમ કે તે ઇંદ્રિય અને મનને આહ્લાદ કરનાર નથી અથવા આ બન્ને શબ્દ એકાર્થ વાચક છે, પરંતુ અત્યંત અમનોજ્ઞપણાને સૂચવવા માટે બે શબ્દ કહેલા છે. યાવત્ શબ્દ પરિમાણના અર્થમાં છે. 'चत्तारि पंचे' त्ति० આ શબ્દ વિકલ્પ બતાવવા માટે કદાચિત્ ભરતાદિ ક્ષેત્રને વિષે એકાંત સુષમાદિ સમય (આરા) માં ચારસો યોજન જ, અને અન્ય કાલમાં તો પાંચસો યોજન પણ હોય છે, કેમ કે મનુષ્ય અને પંચેંદ્રિયતિર્યંચોની બહુલતાને લઈને ઔદારિક શરીરોની બહુલતા હોવાથી તેના અવયવો અને તેના મળોની અધિકતાથી દુરભિગંધની પ્રચુરતા હોય છે. મનુષ્યક્ષેત્રમાં આવવાની ઇચ્છાવાળા દેવોને મનુષ્યક્ષેત્રથી ગંધ આવે છે, આમ મનુષ્યક્ષેત્ર અશુભસ્વરૂપ જ કહ્યું, પરંતુ દેવ અથવા અન્ય મનુષ્યાદિ નવ યોજન કરતાં વિશેષ દૂરથી આવતી ગંધને જાણતા નથી. અથવા આ ઉક્ત (આગમ) વચનથી જે ઇંદ્રિયના વિષયનું પ્રમાણ કહ્યું છે તે ઔદારિક શરીર સંબંધી ઇંદ્રિયોની અપેક્ષાએ સંભવિત છે. નહિંતર લક્ષાદિ યોજન પ્રમાણવાળા વિમાનોને વિષે દૂર રહેલા દેવો (સુઘોષા) ઘંટાના શબ્દને કેમ સાંભળી શકે? જે બીજાને સંભળાય છે તે

પ્રતિશબ્દદ્વારા અથવા બીજી રીતે. નરભવનું અશુભપણું આ મનુષ્યલોકમાં ન આવવાનું ચોથું કારણ કહ્યું. શેષ સુગમ છે. આવવાના કારણો પ્રાયઃ પૂર્વની માફક છે તથાપિ કંઈક વિશેષ કહેવામાં આવે છે કે–કામભોગને વિષે અમૂર્છિતાદિ વિશેષણવાળો જે દેવ, તેને 'एव' मितिo આવા પ્રકારનું મન થાય છે કે–મારા ઉપકારક કોણ છે? તે કહે છે–આચાર્ય છે. અહિં 'इति' શબ્દ સમીપપણું બતાવવામાં અને 'वा' શબ્દ વિકલ્પના અર્થમાં છે. એમ આગળના સૂત્રમાં પણ જાણવું. ક્યાંક ઇતિ શબ્દ નથી દેખાતો ત્યાં તો સૂત્ર સુગમ જ છે. અહિં આચાર્ય–પ્રતિબોધક, દીક્ષા આપનાર અથવા અનુયોગાચાર્ય–વાચના આપનાર, ઉપાધ્યાય સૂત્ર ભણાવનાર, આચાર્યદ્વારા કરાયેલ વૈયાવૃત્યાદિને વિષે સાધુઓને જે પ્રવર્તાવે છે તે પ્રવર્તી, પ્રવર્તી–પ્રવર્ત્તકદ્વારા જોડાયેલ સંયમયોગને વિષે સીદાતા (ખેદ પામતા) સાધુઓને જે સ્થિર કરે તે સ્થવિર, ગણ છે વિદ્યમાન જેને તે ગણી–ગણાચાર્ય, ગણધર–જિનેશ્વરના શિષ્યવિશેષ અથવા આર્યિકા સાધ્વીઓને જે સ્થિર કરે તે સ્થવિર, ગણ છે વિદ્યમાન જેને તે ગણી–ગણાચાર્ય, ગણધર–જિનેશ્વરના શિષ્યવિશેષ અથવા આર્યિકા સાધ્વીઓ પ્રત્યે સાવધાન રહેનાર (રક્ષા કરનાર) સિદ્ધાંતમાં પ્રસિદ્ધ સાધુ વિશેષ[1], 'गणस्यावच्छेदो'—ગચ્છનો દેશ–વિભાગ, અમુક મુનિઓના સમુદાય છે જેને તે ગણાવચ્છેદક, તે અમુક સાધુઓને લઈને ગચ્છના આધારને માટે ઉપધિ વગેરેની ગવેષણાને માટે વિચરે છે 'इम' त्तिo આ પ્રત્યક્ષ રહેલ રૂપવાળી અર્થાત્ કાળાંતરને વિષે પણ અન્ય સ્વરૂપને નહિં ભજનારી તેવી દિવ્યા–સ્વર્ગને વિષે થયેલી અથવા પ્રધાન (શ્રેષ્ઠ) વિમાન, રત્નાદિ રૂપ દેવની ઋદ્ધિ, દ્યુત–શરીરથી ઉત્પન્ન થયેલી કાંતિ અથવા યુતિ–ઇષ્ટ પરિવારાદિ સંયોગલક્ષણ યુક્તિ, 'लब्धा'—જન્માંતરમાં ઉપાર્જન કરેલી, 'प्राप्ता'—વર્ત્તમાનમાં મળેલી, 'अभिसमन्वागता'—ભોગ્યઅવસ્થાને પ્રાપ્ત થયેલી, 'तं' त्तिo તે કારણથી તે ભગવંતો–પૂજ્યોને સ્તુતિઓ વડે વંદન કરું, પ્રણામ વડે નમન કરું, આદર કરવા વડે અથવા વસ્ત્રાદિ વડે સત્કાર કરું, ઉચિત પ્રતિપત્તિ–ઉપચારરૂપ સેવા વડે સન્માન કરું, કલ્યાણસ્વરૂપ, મંગલસ્વરૂપ, દેવસ્વરૂપ અને ચૈત્યસ્વરૂપ આવી બુદ્ધિ વડે સેવા કરું–આ દેવને આવવાનું એક કારણ. શ્રુતજ્ઞાનાદિ વડે જ્ઞાની ઇત્યાદિ બીજું કારણ. તથા 'भाया इ वा भज्जा इ वा भइणी इ वा पुत्ता इ वा धूया इ वे' त्तिo અર્થાત્ ભાઈ, ભાર્યા, ભગિની, પુત્ર અને પુત્રી. સ્નુષા પુત્રની ભાર્યા 'तं' ઉપરોક્ત મારા સંબંધીઓ છે તેથી તેઓની સમીપે હું પ્રગટ થાઉં. 'ता' तावत् 'मे' मम (મારી) ઋદ્ધિને તેઓ જુઓ 'इमे' આ પાઠાંતર છે–આ ત્રીજું કારણ. તથા મિત્ર–પાછળથી સ્નેહી થયેલ, સખા–બાળપણથી સ્નેહી, 'सुहृत्'—સજ્જન હિતૈષી, સહાય–સહચારી અથવા એક કાર્યમાં બન્ને પ્રવર્ત્તનાર, સંગત–સોબત છે વિદ્યમાન જેને તે સાંગતિક–પરિચિત, તેઓને 'अम्हे' त्तिo અમારી સાથે 'अन्नमन्नस्स' त्तिo પરસ્પર 'संगारे' त्तिo સંકેત, પ્રતિશ્રુત–અંગીકાર કરેલ છે (કબૂલાત આપેલ છે) 'जे मो (मे)' त्तिo દેવલોકમાંથી આપણા બન્નેમાં જે પ્રથમ અવે તેને પાછળ રહેલાએ પ્રતિબોધ આપવો તે ચોથું કારણ છે. આ મનુષ્યભવને વિષે સંકેત કરેલ બન્ને જણમાંના પૂર્વ લક્ષાદિ આયુષ્યવાળો એક ભવનપતિ વગેરેમાં ઉત્પન્ન થઈને અને ત્યાંથી અવીને મનુષ્યપણાએ ઉત્પન્ન થાય તેને બીજો પુરુષ અહિં મનુષ્યમાં પૂર્વલક્ષાદિ જીવીને, સૌધર્માદિ કલ્પમાં ઉત્પન્ન થઈને સંબોધન કરવા માટે જ્યારે અહિં આવે છે ત્યારે આ સંકેતરૂપ ચોથું કારણ જાણવું. इत्येतैः ઇત્યાદિ નિગમન સૂત્ર છે. ||૩૨૩||

હમણાં જ આગમન કહ્યું, તેમાં તેઓના વડે ઉદ્યોત થાય છે માટે લોકમાં તેના વિપક્ષભૂત અંધકારને કહે છે—

**चउहिं ठाणेहिं लोगंधगारे सिया, तंजहा—अरहंतेहिं वोच्छिज्जमाणेहिं, अरहंतपन्नत्ते धम्मे वोच्छिज्जमाणे, पुव्वगते वोच्छिज्जमाणे, जायतेजे वोच्छिज्जमाणे । चउहिं ठाणेहिं लोउज्जोते सिता, तंजहा—अरहंतेहिं जायमाणेहिं अरहंतेहिं पव्वयमाणेहिं अरहंताणं णाणुप्पयमहिमासु, अरहंताणं परिनिव्वाणमहिमासु ४, एवं**

1. કોઈ સાધ્વી રૂપસંપન્ન હોય અને તેનું શીલ ભંગ કરવા માટે દુષ્ટ રાજાદિ તત્પર થયેલ હોય તેવી સાધ્વીઓની સંભાળ કરનાર ઇષુશાસ્ત્રવિશારદ સહસ્રયોધી મુનિ (રાશકભસકાદિ મુનિની જેમ) તેઓને અન્યત્ર લઈ જઈને પણ તેના શીલની રક્ષા કરે છે.

**देवंधगारे देवुज्जोते देवसन्निवाते देवुक्कलिताते देवकहकहते। चउहिं ठाणेहिं देविंदा माणुस्सं लोगं हव्वमागच्छंति एवं जधा तिट्ठाणे, जाव लोगंतिता देवा माणुस्सं लोगं हव्वमागच्छेज्जा, तंजहा—अरहंतेहिं जायमाणेहिं जाव अरहंताणं परिनिव्वाणमहिमासु ।। सू० ३२४।।**

*(મૂ૦) ચાર કારણો વડે લોકમાં દ્રવ્યથી અને ભાવથી પણ અંધકાર થાય છે, તે આ પ્રમાણે—૧. અરિહંતોનો વિચ્છેદ થયે છતે-મોક્ષ ગયે છતે, ૨. અરિહંતે કહેલ ધર્મનો વિચ્છેદ થયે છતે, ૩. પૂર્વગત-ઉત્પાદ વગેરે પૂર્વનો વિચ્છેદ થયે છતે, ૪. અગ્નિનો વિચ્છેદ થયે છતે-અગ્નિના વિચ્છેદમાં પ્રાયઃ દ્રવ્યથી અંધકાર થાય છે. ચાર કારણ વડે લોકમાં દ્રવ્યથી અને ભાવથી ઉદ્યોત થાય છે, તે આ પ્રમાણે—૧. અરિહંતોનો જન્મ થયે છતે, ૨. અરિહંતોએ દીક્ષા લીધે છતે, ૩. અરિહંતોને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાના મહોત્સવોને વિષે અને ૪. અરિહંતોના નિર્વાણના મહોત્સવોને વિષે. એવી રીતે લોક અંધકારની જેમ દેવના સ્થાનમાં અરિહંતાદિના વિચ્છેદકાલમાં અંધકાર થાય છે, અને અરિહંતાદિના જન્મ વગેરેને વિષે દેવના સ્થાનમાં ઉદ્યોત થાય છે, દેવનો સમુદાય એકત્ર થાય છે, દેવોને ઉત્સાહ થાય છે અને દેવોને વિષે આનંદજન્ય કોલાહલ થાય છે. ચાર કારણો વડે દેવેંદ્રો મનુષ્યલોકને વિષે શીઘ્ર આવે છે. એવી રીતે જેમ ત્રીજા ઠાણામાં કહ્યું છે તેમ યાવત્ લોકાંતિક દેવો મનુષ્યલોકમાં શીઘ્ર આવે છે ત્યાં સુધી કહેવું, તે આ પ્રમાણે-અરિહંતોનો જન્મ થયે છતે યાવત્ અરિહંતોના નિર્વાણ મહોત્સવોને વિષે. ।।૩૨૪।।*

(ટી૦) 'चउही'त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે-લોકને વિષે દ્રવ્યથી અને ભાવથી અંધકાર જ્યાં જે થાય તે જાણવું. સંભાવના કરાય છે કે-અરિહંતાદિના વિચ્છેદમાં દ્રવ્યથી અંધકાર થાય છે કેમ કે તેના ઉત્પાદરૂપ છે. છત્રભંગ વગેરે થયે રજોદ્ઘાત્-આંધી ચડવાની જેમ. અગ્નિના વિચ્છેદમાં દ્રવ્યથી જ અંધકાર થાય છે કેમકે તથાપ્રકારનો સ્વભાવ હોય છે અથવા દીપક વગેરેનો અભાવ છે અથવા ભાવથી પણ અંધકાર થાય છે કેમ કે એકાંત દુષમ વગેરે કાળમાં આગમ વગેરેનો અભાવ હોય છે. પૂર્વે દેવનું આગમન કહ્યું, હવે દુઃખશય્યા સૂત્રની પહેલા દેવાધિકારવિશિષ્ટ સૂત્રના વિસ્તારને કહે છે—'चउही' त्यादि० સુગમ છે. વિશેષ એ કે—ચાર સ્થાનકોને વિષે પણ દેવોના આગમનથી લોકમાં ઉદ્યોત થાય છે. જન્મ, દીક્ષા અને જ્ઞાનોત્પાદને વિષે તો સ્વરૂપથી પણ ઉદ્યોત થાય છે. 'एवमिति' જેમ લોકાંધકાર કહ્યો તેમ દેવાંધકાર પણ ચાર કારણો વડે થાય છે. દેવોનાં સ્થાનોમાં પણ અરિહંતાદિના વિચ્છેદકાળમાં વસ્તુના માહાત્મ્યથી ક્ષણમાત્ર અંધકાર થાય છે. એવી રીતે અર્હંતોના જન્મ વગેરેને વિષે દેવોના સ્થાનોમાં ઉદ્યોત થાય છે. દેવસન્નિપાત-દેવોનો સમવાય (મિલાપ), એવી જ રીતે દેવોત્કલિકા-દેવોની લહેરી (આનંદજન્ય કલ્લોલ), 'देवकहकहेत्ति' દેવોનો પ્રમોદપૂર્વક કલકલ (મહાધ્વનિ) એમ જ દેવેંદ્રો, મનુષ્યલોકમાં અરિહંતાદિના જન્મ વગેરેમાં આવે, જેમ ત્રીજા સ્થાનકના પ્રથમ ઉદ્દેશકમાં કહ્યું છે તેમ દેવેંદ્રોના આગમન સૂત્રથી આરંભીને લોકાંતિકસૂત્ર પર્યંત કહેવું. માત્ર અહિં પરિનિર્વાણના મહોત્સવને વિષે આવે છે તે ચોથું કારણ વિશેષ છે. ।।૩૨૪।।

પ્રથમ અરિહંતોના જન્મ વગેરેના વ્યતિકરદ્વારા દેવોનું આગમન કહ્યું, હવે અરિહંતોના જ પ્રવચનના અર્થને વિષે દુઃસ્થિત-દુષ્ટ રહેલ સાધુને દુઃખશય્યાઓ અને સુસ્થિત-સારી રીતે રહેલને સુખશય્યાઓ હોય છે તે હેતુથી બન્ને સૂત્ર કહે છે.

**चत्तारि दुहसेज्जाओ पन्नत्ताओ, तंजहा—तत्थ खलु इमा पढमा दुहसेज्जा, तंजहा—से णं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वतिते निग्गंथे पावयणे संकिते कंखिते वितिगिंच्छिते भेयसमावन्ने कलुससमावन्ने निग्गंथं पावयणं णो सद्दहति णो पत्तियति णो रोएइ, निग्गंथं पावयणं असद्दहमाणे अपत्तितमाणे अरोएमाणे मणं उच्चावतं नियच्छति, विणिघातमावज्जति, पढमा दुहसेज्जा १ ।**

**अहावरा दोच्चा दुहसेज्जा-से णं मुंडे भवित्ता अगारातो जाव पव्वतिते सएणं लाभेणं णो तुस्सति, परस्स लाभमासाएति पीहेति पत्थेति अभिलसति, परस्स लाभमासाएमाणे जाव अभिलसमाणे मणं उच्चावयं**

नियच्छइ विणिघातमावज्जति, दोच्चा दुहसेज्जा २ ।

अहावरा तच्चा दुहसेज्जा-से णं मुंडे भवित्ता जाव पव्वइए दिव्वमाणुस्सए कामभोगे आसाएइ जाव अभिलसति, दिव्व-माणुस्सए कामभोगे आसाएमाणे जाव अभिलसमाणे मणं उच्चावयं नियच्छति विणिघातमावज्जति, तच्चा दुहसेज्जा ३ ।

अहावरा चउत्था दुहसेज्जा-से णं मुंडे भवेत्ता जाव पव्वतिते, तस्स णमेवं भवति-जया णं अहमगारवासमावसामि तदा णमहं संवाहण-परिमद्दण-गातब्भंग-गातुच्छोलणाइं लभामि, जप्पभितिं च णं अहं मुंडे जाव पव्वतिते तप्पभितिं च णं अहं संवाधण जाव गातुच्छोलणाइं णो लभामि, से णं संबाहण जाव गातुच्छोलणाइं आसाएति जाव अभिलसति से णं संवाधण जाव गातुच्छोलणाइं आसाएमाणे जाव मणं उच्चावतं नियच्छति विणिघायमावज्जति, चउत्था दुहसेज्जा ४ ।

चत्तारि सुहसेज्जाओ पन्नत्ताओ, तंजहा—तत्थ खलु इमा पढमा सुहसेज्जा, से णं मुंडे भवित्ता अगारातो अणगारितं पव्वतिए निग्गंथे पावयणे निस्संकिते णिक्कंखिते निव्वितिगिंच्छिए नो भेद समावन्ने नो कलुससमावन्ने निग्गंथं पावयणं सद्दहति पत्तीयति रोतेति, निग्गंथं पावयणं सद्दहमाणे पत्तितमाणे रोतेमाणे नो मणं उच्चावतं नियच्छति, णो विणिघातमावज्जति, पढमा सुहसेज्जा १ ।

अहावरा दोच्चा सुहसेज्जा, से णं मुंडे जाव पव्वतिते सतेणं लाभेणं तुस्सति, परस्स लाभं णो आसाएति णो पीहेति णो पत्थेति णो अभिलसति, परस्स लाभमणासाएमाणे जाव अणभिलसमाणे नो मणं उच्चावतं णियच्छति, णो विणिघातमावज्जति, दोच्चा सुहसेज्जा २ ।

अहावरा तच्चा सुहसेज्जा-से णं मुंडे जाव पव्वतिते दिव्व-माणुस्सए कामभोगे णो आसाएति जाव नो अभिलसति, दिव्व-माणुस्सए कामभोगे अणासाएमाणे जाव अणभिलसमाणे नो मणं उच्चावतं नियच्छति, णो विणिघातमावज्जति, तच्चा सुहसेज्जा ३ ।

अहावरा चउत्था सुहसेज्जा-से णं मुंडे जाव पव्वतिते, तस्स णं एवं भवति-जइ ताव अरहंतो भगवंतो हट्ठा अरोग्गा बलिया कल्लसरीरा अन्नरायइं उरोलाइं कल्लाणाइं विउलाइं पयताइं पग्गहिताइं महाणुभागाइं कम्मक्खयकरणाइं तवोकम्माइं पडिवज्जंति, किमंग पुण अहं अब्भोवगमिओवक्कमियं वेयणं नो सम्मं सहामि खमामि तितिक्खेमि अहियासेमि, ममं च णं अब्भोवगमिओवक्कमियं सम्ममसहमाणस्स अक्खममाणस्स अतितिक्खेमाणस्स अणिधियासेमाणस्स किं मन्ने कज्जति? एगंतसो मे पावे कम्मे कज्जति, ममं च णं अब्भोवगमिओ जाव सम्मं सहमाणस्स जाव अधियासेमाणस्स किं मन्ने कज्जति? एगंतसो मे निज्जरा कज्जति, चउत्था सुहसेज्जा ४ ।। सू० ३२५।।

चत्तारि अवातणिज्जा पन्नत्ता, तंजहा—अविणीते, वीगईपडिबद्धे, अविओसवितपाहुडे, मायी । चत्तारि वातणिज्जा पन्नत्ता, तंजहा—विणीते, अविगतीपडिबद्धे, वितोसवितपाहुडे, अमाती ।। सू० ३२६।।

*(मू०) ચાર પ્રકારની દુઃખ દેનારી દુઃખશય્યાઓ કહેલી છે, તે આ પ્રમાણે—પહેલી દુઃખશય્યા આ-કોઈક ભારેકર્મી જીવ, દ્રવ્ય તથા ભાવથી મુંડ થઈને, ગૃહવાસથી નીકળીને દીક્ષિત થયેલ, તે નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા સહિત, આકાંક્ષા સહિત, ચિકિત્સા (ધર્મના ફલનો સંદેહ) સહિત, આ સાચું કે તે સાચું? એમ ભેદ (દ્વિધા) ભાવને પામેલ અને ધર્મમાં*

વિપરીત બુદ્ધિવાળો થયો થકો નિર્ગ્રંથ પ્રવચનને સદ્દહતો નથી, પ્રતીતિ કરતો નથી, રુચિ કરતો નથી, નિર્ગ્રંથ પ્રવચનને વિષે શ્રદ્ધા ન કરતો થકો, પ્રતીતિ ન કરતો થકો અને રુચિ ન કરતો થકો મનને ઉંચુંનીચું (ડામાડોળ) કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે, આ પ્રથમ દુઃખશય્યા કહી. હવે બીજી દુઃખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને, ગૃહવાસથી નીકળીને યાવત્ દીક્ષિત થયેલ, તે સ્વકીય અશનાદિના લાભ વડે સંતોષ પામતો નથી પરંતુ અન્ય દ્વારા લાભ મેળવવાની આશા કરે છે, સ્પૃહા કરે છે, પ્રાર્થના કરે છે, અભિલાષા–અધિક ઇચ્છા કરે છે, બીજાદ્વારા લાભની આશા કરતો થકો યાવત્ અભિલાષા કરતો થકો મનને ઉંચુંનીચું કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે, આ બીજી દુઃખશય્યા કહી. હવે ત્રીજી દુઃખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને યાવત્ દીક્ષિત થયેલ, તે દિવ્ય (શ્રેષ્ઠ) મનુષ્ય સંબંધી કામભોગની આશા કરે છે યાવત્ અભિલાષા કરે છે, દિવ્ય મનુષ્ય સંબંધી કામભોગને વિષે આશા કરતો થકો યાવત્ અભિલાષા કરતો થકો મનને ઉંચું નીચું કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે, આ ત્રીજી દુઃખશય્યા કહી. હવે ચોથી દુઃખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને યાવત્ દીક્ષિત થયેલ, તેને એવો વિચાર થાય છે કે–જ્યારે હું ગૃહવાસમાં વસતો હતો ત્યારે સંબાહણ–હાડકાને સુખરૂપ મર્દનવિશેષ (ચંપી), પીઠી વગેરેનું મર્દન માત્ર, શરીરને તેલ વગેરેથી ચોપડવું અને શરીરના પ્રક્ષાલન (સ્નાન) ને હું મેળવતો હતો પરંતુ જે દિવસથી હું મુંડ થઈને યાવત્ દીક્ષિત થયા બાદ સંબાહણ (ચંપી) યાવત્ શરીરના પ્રક્ષાલનને હું પામતો નથી, તે સાધુ સંબાધન (ચંપી) યાવત્ ગાત્રપ્રક્ષાલનની આશા કરે છે યાવત્ અભિલાષા કરે છે, તે સંબાધન યાવત્ ગાત્રપ્રક્ષાલનની આશાને કરતો થકો યાવત્ મનને ઉંચુંનીચું કરે છે અને ધર્મથી ભ્રષ્ટ થાય છે, આ ચોથી દુઃખશય્યા કહી. ચાર પ્રકારની સુખ દેનારી સુખશય્યાઓ કહેલી છે, તે આ પ્રમાણે––તેમાં નિશ્ચે આ પ્રથમ સુખશય્યા–કોઈક લઘુકર્મી જીવ, મુંડ થઈને, ગૃહવાસથી નીકળીને દીક્ષિત થયેલ, તે સાધુ નિર્ગ્રંથ પ્રવચનને વિષે શંકા રહિત, આકાંક્ષા રહિત, વિચિકિત્સા રહિત દ્વિધાભાવને નહિં પામેલ–નિશ્ચિત, કલુષભાવને નહિ પામેલ અર્થાત્ નિર્મલ બુદ્ધિવાળો નિર્ગ્રંથ પ્રવચનને સદહે છે, પ્રતીતિ કરે છે, રુચિ કરે છે, નિર્ગ્રંથ પ્રવચનને સદહતો થકો, પ્રતીતિ કરતો થકો અને રુચિ કરતો થકો મનને ઉંચુંનીચું કરતો નથી–સ્થિર રાખે છે અને ધર્મથી ભ્રષ્ટ થતો નથી–ધર્મને પાળે છે, આ પ્રથમ સુખશય્યા કહી. હવે બીજી સુખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને યાવત્ દીક્ષિત થયેલ, તે પોતે મેળવેલ અશનાદિના લાભ વડે સંતોષ પામે છે. બીજા દ્વારા લાભ મેળવવાની આશા કરતો નથી, ઇચ્છા કરતો નથી, પ્રાર્થના કરતો નથી, અધિક અભિલાષા કરતો નથી, પરના લાભની આશાને ન કરતો થકો યાવત્ અભિલાષા ન કરતો થકો મનને ઊંચુંનીચું કરતો નથી અને ધર્મથી ભ્રષ્ટ થતો નથી, આ બીજી સુખશય્યા કહી. હવે ત્રીજી સુખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને યાવત્ દીક્ષિત થયેલ, તે દિવ્ય (શ્રેષ્ઠ) મનુષ્ય સંબંધી કામભોગને વિષે આશા કરતો નથી યાવત્ અભિલાષા કરતો નથી. દિવ્ય મનુષ્ય સંબંધી કામભોગને વિષે આશા ન કરતો થકો યાવત્ અભિલાષા ન કરતો થકો મનને ઊંચુંનીચું કરતો નથી અને ધર્મથી પતિત થતો નથી, આ ત્રીજી સુખશય્યા કહી. હવે ચોથી સુખશય્યા કહે છે–કોઈક મુંડ થઈને યાવત્ દીક્ષિત થયેલ, તેને એવો વિચાર થાય છે કે–જો તે આનંદિત, રોગ રહિત, બળવાન અને શ્રેષ્ઠ શરીરવાળા એવા અરિહંત ભગવંતો બાર પ્રકારના તપમાંથી કોઈ પણ એક, ઉદાર, કલ્યાણકારી, ઘણા દિવસ સુધી ઉત્કૃષ્ટ સંયમયુક્ત, આદરપૂર્વક, અચિંત્ય શક્તિયુક્ત અને કર્મક્ષયના કારણભૂત એવા તપરૂપ કર્મ (ક્રિયા) ને કરે છે, તો પછી હું આભ્યુપગમિકી (સ્વયં સ્વીકારેલી લોચાદિ ક્રિયા) અને ઔપક્રમિકી (કર્મના ઉદયને લઈને થયેલી) જ્વરાદિ વેદનાક્રિયાને હું સમ્યક્ સહન કરતો નથી, ક્ષમા કરતો નથી, તિતિક્ષા–અદીનપણે સહન કરતો નથી અને વેદનામાં સ્વસ્થ રહેતો નથી. આભ્યુપગમિક અને ઔપક્રમિક વેદનાને સમ્યક્ રીતે સહન નહિ કરનાર, ક્ષમા નહિ કરનાર, તિતિક્ષા નહિ કરનાર અને સ્વસ્થ નહિ રહેનાર એવા મને શું પ્રાપ્ત થાય છે? એકાંતથી મને પાપકર્મ પ્રાપ્ત થાય છે. આભ્યુપગમિક યાવત્ સમ્યક્ સહન કરનાર યાવત્ અધ્યાસન કરનાર–

*સ્વસ્થ રહેનાર એવા મને શું પ્રાપ્ત થાય છે? એકાંતથી મને નિર્જરા થાય છે. (આવું વિચારે છે) આ ચોથી સુખશય્યા છે. ॥૩૨૫॥*

*ચાર પ્રકારના પુરુષો સિદ્ધાંતની વાચનાને અયોગ્ય છે, તે આ પ્રમાણે—૧. અવિનીત, ૨. દૂધ વગેરે વિગયમાં પ્રતિબદ્ધ (બંધાયેલ), લાલચી, ૩. અનુપશાંત અધિકરણવાળો–ક્રોધી અને ૪. કપટી. ચાર પ્રકારના પુરુષો સિદ્ધાંતની વાચનાને યોગ્ય છે, તે આ પ્રમાણે—૧. વિનીત, ૨. વિગયમાં અપ્રતિબદ્ધ–આસક્તિ રહિત, ૩. ઉપશાંત અધિકરણવાળો–ક્રોધ રહિત અને ૪. કપટ રહિત. ॥૩૨૬॥*

(ટી૦) 'चत्तारी'त्यादि० દુઃખ આપનારી ચાર સંખ્યાવાળી શય્યાઓ તે દુઃખશય્યાઓ. દ્રવ્યથી તથાપ્રકારની નહિં (અયોગ્ય) ખટ્વા (ઢોલણી) વગેરે શય્યા, ભાવથી તો દુષ્ટ ચિત્તવૃત્તિ વડે દુષ્ટ શ્રમણપણાના સ્વભાવવાળી શય્યાઓ. ૧. પ્રવચનઅશ્રદ્ધાન, ૨. પરલાભપ્રાર્થન, ૩. કામાશંસન અને ૪. સ્નાનાદિપ્રાર્થનરૂપ ભેદવાળી સૂત્રમાં કહેલી છે. 'तत्रे'ति० તે ચાર શય્યાના મધ્યમાં 'से' इति० કોઈ બહુલકર્મી ('से' શબ્દ 'अथ' ના અર્થવાળો છે. 'अयं' 'स' 'च' વાક્યના ઉપક્ષેપમાં છે) 'प्रवचने'—શાસનને વિષે (અહિં દીર્ઘપણું પ્રકટાદિ ગણથી થયેલ છે) શંકિતએકભાવ વિષયક સંશય સહિત, कांक्षित–મતાંતર (અન્ય મત) પણ સારો છે એવી બુદ્ધિવાળો, विचिकित्सित–ફલ પ્રત્યે શંકાવાળો, भेदसमापन्न–બુદ્ધિ વડે દ્વિધાભાવને પામેલ અર્થાત્ જિનશાસનને વિષે કહેલું આ બધું આ પ્રમાણે છે કે બીજી રીતે છે? कलुषसमापन्न–'આ એમ નથી જ' એવી રીતે વિપરીત બુદ્ધિવાળો, 'न श्रद्धते'—'આ એમ છે' એવી રીતે સામાન્યથી શ્રદ્ધા કરતો નથી, 'नो प्रत्येति'–પ્રીતિ વડે અંગીકાર કરતો નથી, 'नो रोचयति'—અતિશય અભિલાષ વડે આ સેવનાના સન્મુખપણાએ રુચિ કરતો નથી. મનને 'उच्चावचम्'–અસમંજસ (સમજણ વગરનું) કરે છે. તેથી વિનિઘાત–ધર્મનાશ અથવા સંસારને પ્રાપ્ત થાય છે. એવી રીતે આ સાધુ શય્યામાં દુઃખપૂર્વક રહે છે. આ પહેલી દુઃખશય્યા. તથા પોતાના વડે જે મેળવાય છે અથવા મેળવવું તે લાભઅશ્નાદિ અથવા રત્નાદિનો લાભ, તેના વડે આશા કરે છે, તે અવશ્ય મને આપશે એવી રીતે આસ્વાદે છે અર્થાત્ બીજાથી જો મળે તો જ ખાય, स्पृहयति—વાંછે છે, 'प्रार्थयति'—યાચના કરે છે, 'अभिलषति'—પ્રાપ્ત થયે છતે પણ અધિકતર લાભને ઇચ્છે છે. શેષ સ્પષ્ટાર્થવાળું છે. એવી રીતે પણ આ દુઃખમાં રહે છે તેથી બીજી દુઃખશય્યા. ત્રીજી સુગમ છે. અગારવાસ–ઘરવાસ, તેમાં વર્તતો હતો (ત્યારે) સંબાધન–શરીરના હાડકાંને સુખત્વાદિ વડે નિપુણતાથી મર્દનવિશેષ, પરિમર્દન–લોટ વગેરેથી મસળવા માત્ર, કેમ કે 'પરિ' શબ્દની અહિં ધાતુ અર્થમાં માત્ર વૃત્તિ છે (વિશેષ અર્થમાં નથી, 'गात्राभ्यंग'–તેલાદિ વડે અંગને ચોપડવું, 'गात्रोत्क्षालन'–અંગને ધોવું. આ ઉક્ત વસ્તુના લાભને હું (ગૃહવાસમાં) મેળવતો હતો પરંતુ કોઈ નિષેધ કરનાર ન હતો. શેષ સ્વરૂપ સુગમ છે. આ ચોથી દુઃખશય્યા છે. દુઃખશય્યાથી વિપરીત રૂપવાળી સુખશય્યાઓ પૂર્વની જેમ જાણવી. વિશેષ એ કે—'हट्ठ'त्ति० શોકના અભાવથી હર્ષિતની જેમ આનંદિત, 'अरोगा' જ્વરાદિથી રહિત, 'बलिकाः'—પુષ્ટ, 'कल्पशरीराः' સુંદર શરીરવાળા, અન્યતર અનશન વગેરે કોઈ પણ તપમાંથી એક, ઉદાર–આશંસા વગેરે દોષના અભાવને લઈને ઉદારચિતયુક્ત, 'कल्याणानि'—મંગલસ્વરૂપ હોવાથી, 'विपुल'–ઘણા દિન પર્યંત કરવાથી, प्रयत–ઉત્કૃષ્ટ સંયમ યુક્ત હોવાથી, प्रगृहित–આદર યુક્ત સ્વીકારેલ હોવાથી, महानुभाग–અત્યંત શક્તિ યુક્ત હોવાથી, समृद्ध–ઋદ્ધિવિશેષના કારણભૂત હોવાથી, કર્મક્ષયના કારણભૂત મોક્ષના સાધક હોવાથી, તપકર્મ–તપરૂપ ક્રિયાનો આશ્રય કરે છે 'किमंग पुण' 'किम्' પ્રશ્નના અર્થમાં છે 'અંગ' શબ્દ આમંત્રણ–સંબોધનના અર્થમાં અથવા અલંકારમાં છે. 'પુનઃ' શબ્દ પૂર્વોક્ત શબ્દથી ભિન્ન અર્થને દેખાડવામાં છે. શિરનો લોચ અને બ્રહ્મચર્યાદિનો સ્વીકાર કરવામાં થયેલ તે આભ્યુપગમિકી જેના વડે આયુષ્યનો ઉપક્રમ (ઘટાડો) થાય તે ઉપક્રમ–જ્વર અને અતિસાર વગેરે વ્યાધિઓમાં થયેલ તે ઔપક્રમિકી, એવી આભ્યુપગમિકી અને ઔપક્રમિકી તે વેદના–દુઃખને તેની ઉત્પત્તિમાં સન્મુખ જવા વડે હું સહન કરું 'સહિ' ધાતુ સન્મુખ અર્થમાં છે, જેમ આસુભટ તે સુભટને સહન કરે છે અર્થાત્ તેથી ભાગતો નથી. પોતાને વિષે અથવા પરને વિષે ક્રોધ વિના ક્ષમા કરું, અદીનપણા વડે તિતિક્ષા કરું, અત્યંત

સ્વસ્થતા વડે તે જ વેદનામાં હું રહું–અધ્યાસન કરું અથવા 'सहामि' વગેરે ચારે શબ્દો એકાર્થવાળા છે. 'किं मन्ने' त्ति० 'મન્યે' શબ્દ નિપાત છે તે વિતર્ક અર્થવાળો છે. 'क्रियते' થાય છે. અર્થાત્ શું થાય છે? 'एगंतसो' त्ति० એકાંતેસર્વથા. [વેદનાને સહન નહિ કરનારાઓને એકાંતે પાપ થાય છે અને સહન કરનારાઓને એકાંતે નિર્જરા થાય છે એવું વિચારે છે.] ॥૩૨૫॥

દુઃખશય્યાવાળા નિર્ગુણ અને સુખશય્યાવાળા ગુણવાળા છે આ કારણથી નિર્ગુણ અને સદ્‌ગુણવિશિષ્ટોને અવાચનીયત્વ અને વાચનીયત્વ બતાવવા માટે સૂત્રદ્વય કહે છે જે સુગમ છે. વિશેષ એ કે–'वीयइ' त्ति० વિકૃતિ–દૂધ વગેરે 'अव्यवशमितप्राभृत' इति० પ્રાભૃત–અધિકરણનો કરનાર કોપ (ગુસ્સો) ॥૩૨૬॥

હમણાં જ વાચનાને યોગ્ય અને વાચનાને અયોગ્ય પુરુષો કહ્યા, માટે પુરુષના અધિકારથી પુરુષવિશેષને પ્રતિપાદન કરવામાં તત્પર ચતુર્ભંગી વડે યુક્ત સૂત્રનો પ્રબંધ કરે છે—

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आतंभरे नाममेगे नो परंभरे, परंभरे नाममेगे नो आतंभरे, एगे आंतभरे वि परंभरे वि, एगे नो आयंभरे नो परंभरे (४) १। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—दुग्गए नाममेगे दुग्गए, दुग्गए नाममेगे सुग्गते, सुग्गते नाममेगे दुग्गते, सुग्गते नाममेगे सुग्गते २। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दुग्गते नाममेगे दुव्वए, दुग्गते नाममेगे सुव्वते, सुग्गते नाममेगे दुव्वते, सुग्गते नाममेगे सुव्वते ३। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दुग्गते नाममेगे दुप्पडिताणंदे, दुग्गते नाममेगे सुप्पडिताणंदे ह्न [=४] ४। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दुग्गते नाममेगे दुग्गतिगामी, दुग्गते नाममेगे सुग्गतिगामी ह्न [=४] ५। चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—दुग्गते नाममेगे दुग्गतिं गते, दुग्गते नाममेगे सुगतिं गते ह्न [=४] ६। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—तमे नाममेगे तमे, तमे नाममेगे जोती, जोती नाममेगे तमे, जोती नाममेगे जोती ७। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—तमे नाममेगे तमबले, तमे नाममेगे जोतीबले, जोती नाममेगे तमबले, जोती नाममेगे जोतीबले ८। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—तमे नाममेगे तमबलपलज्जणे, तमे नाममेगे जोतीबलपलज्जणे ह्न [=४] ९। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—परिन्नातकम्मे नाममेगे नो परिन्नातसन्ने, परिन्नातसन्ने णाममेगे णो परिन्नातकम्मे, एगे परिन्नातकम्मे वि ह्न [=४] १०। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—परिन्नायकम्मे णाममेगे नो परिन्नातगिहावासे, परिन्नायगिहावासे णामं एगे णो परिन्नातकम्मे ह्न [=४] ११।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—परिण्णातसन्ने णाममेगे नो परिन्नातगिहावासे, परिन्नातगिहावासे णामं एगे० ह्न [=४] १२। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—[एगेणं नाममेगे] इहत्थे णाममेगे नो परत्थे, परत्थे नाममेगे नो इहत्थे ह्न [=४] १३। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—एगेणं नाममेगे वड्ढति एगेणं हायति, एगेणं णाममेगे वड्ढइ दोहिं हायति, दोहिं णाममेगे वड्ढति एगेणं हातति, [एगे] दोहिं नाममेगे वड्ढति दोहिं हायती १४। चत्तारि पकंथका पन्नत्ता, तंजहा—आइन्ने नाममेगे आइन्ने, आइन्ने नाममेगे खुलुंके, खुलुंके नाममेगे आइन्ने, खुलुंके नाममेगे खुलुंके १५। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आइन्ने नाममेगे आइन्ने चउभंगो १६।**

**चत्तारि पकंथगा पन्नत्ता, तंजहा—आतिन्ने नाममेगे आतिन्नताते वहति [विहरति], आइन्ने नाममेगे खुलुंकत्ताए विहरति ह्न [=४] १७। एवामेव चत्तारि पुरिसजाता पन्नता तं जहा-आइन्ने नाममेगे आइन्नताए वहति [विहरइ], चउभंगो १८। चत्तारि पकंथगा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नाममेगे णो कुलसंपन्ने ह्न [=४] १९। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-जातिसंपन्ने नाममेगे चउभंगो ह्न [=४] २०। चत्तारि कंथगा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नाममेगे णो बलसंपन्ने ह्न [=४] २१। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नाममेगे**

**णो बलसंपन्ने ह्व [=४] २२। चत्तारि कंथगा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने णाममेगे णो रूवसंपन्ने ह्व [=४] २३। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने नाममेगे णो रूवसंपन्ने ह्व [=४] २४।**

**चत्तारि कंथगा पन्नत्ता, तंजहा—जातिसंपन्ने णाममेगे णो जयसंपण्णे ह्व [=४] २५। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—जातिसंपन्ने ह्व [=४] २६। एवं कुलसंपन्नेण त बलसंपण्णेण त ४, २७। कुलसंपन्नेण त रूवसंपण्णेण त ह्व [=४] २८। कुलसंपण्णेण त जयसंपण्णेण त ह्व [=४] २९। एवं बलसंपन्नेण त रूवसंपन्नेण त ह्व [=४] ३०। बलसंपण्णेण त जयसंपण्णेण त ह्व [=४] ३१। सव्वत्थ पुरिसजाता पडिवक्खो (३२-३६)। चत्तारि कंथगा पन्नत्ता, तंजहा—रूवसंपन्ने णाममेगे णो जयसंपन्ने ४, ३७। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—रूवसंपन्ने नाममेगे णो जयसंपन्ने ४, ३८।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—सीहत्ताते णाममेगे निक्खंते सीहत्ताते विहरइ, सीहत्ताते नाममेगे निक्खंते सियालत्ताए विहरइ, सीयालत्ताए नाममेगे निक्खंते सीहत्ताए विहरइ, सीयालत्ताए नाममेगे निक्खंते सीयालत्ताए विहरइ ।। सू० ३२७।।**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પોતાના આત્માને ભરે છે-પોષે છે પણ બીજાને ભરતો નથી તે જિનકલ્પિક મુનિ, ૨. એક બીજાના આત્માને ભરે છે પણ પોતાના આત્માને ભરતો નથી તે અરિહંત, કેમ કે પોતે કૃતકૃત્ય હોય છે, ૩. એક પોતાના આત્માને ભરે છે અને બીજાને પણ ભરે છે તે સ્થવિરકલ્પી સાધુ, ૪. એક પોતાના આત્માને ભરતો નથી અને બીજાને પણ ભરતો નથી તે મુગ્ધ બુદ્ધિવાળો સાધુ. (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક પ્રથમ પણ દરિદ્રી અને પછી પણ દરિદ્રી, ૨. કોઈક પ્રથમ દરિદ્રી પણ પછીથી ધનવાન, ૩. કોઈક પ્રથમ ધનવાન અને પછીથી દરિદ્રી, ૪. કોઈક પ્રથમ ધનવાન અને પછી પણ ધનવાન. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક દરિદ્રી અને દુર્વ્રત-ખરાબ આચારવાળો, ૨. કોઈક દરિદ્રી પણ સુવ્રત-સદાચારવાળો, ૩. કોઈક ધનવાન અને ખરાબ આચારવાળો, ૪. કોઈક ધનવાન અને સદાચારવાળો. (૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક દરિદ્રી અને દુષ્ટ કાર્યમાં આનંદ માનનારો ૨. કોઈક દરિદ્રી છે પણ સત્કાર્યમાં આનંદ માનનારો ૩. કોઈક ધનવાન અને દુષ્ટ કાર્યમાં આનંદ માનનારો, ૪. કોઈક ધનવાન અને સત્કાર્યમાં આનંદ માનનારો. (૪) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક દરિદ્રી છે અને દુર્ગતિમાં જવાવાળો છે, ૨. કોઈક દરિદ્રી છે પણ સદ્ગતિમાં જવાવાળો છે, ૩. કોઈક ધનવાન છે અને દુર્ગતિમાં જવાવાળો છે, ૪. કોઈક ધનવાન અને સદ્ગતિમાં જવાવાળો છે. (૫) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક દરિદ્રી અને દુર્ગતિમાં ગયેલ છે-દ્રમકવત્, ૨. કોઈક દરિદ્રી પણ સુગતિમાં ગયેલ છે-જિનદાસ શ્રાવકવત્ ૩. કોઈક ધનવાન પણ દુર્ગતિમાં ગયેલ છે-મમ્મણશેઠવત્, ૪. કોઈક ધનવાન અને સુગતિમાં ગયેલ છે-આનંદાદિવત્. (૬) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પ્રથમ પણ અજ્ઞાની અને પછી પણ અજ્ઞાની, ૨. કોઈક પ્રથમ અજ્ઞાની પણ પછીથી જ્ઞાની, ૩. કોઈક પ્રથમ જ્ઞાની અને પછીથી અજ્ઞાની, ૪. કોઈક પ્રથમ પણ જ્ઞાની અને પછી પણ જ્ઞાની. (૭) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મલિન સ્વભાવવાળો અને અજ્ઞાનબલ અથવા અંધકારના બલવાળો, તે ચોર પ્રમુખ, ૨. કોઈક મલિન સ્વભાવવાળો પણ જ્ઞાનબલવાળો, તે અસદાચારી જ્ઞાની, ૩. કોઈક નિર્મળ સ્વભાવવાળો પણ અજ્ઞાની છે, ૪. કોઈક નિર્મળ સ્વભાવવાળો અને જ્ઞાની છે. (૮) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મલિન સ્વભાવવાળો અને અજ્ઞાનરૂપ બળમાં આનંદ કરનારો છે, ૨. કોઈક મલિન સ્વભાવવાળો પણ જ્ઞાનરૂપ બળમાં આનંદ કરનારો છે, ૩. કોઈક*

નિર્મળ સ્વભાવવાળો પણ અજ્ઞાનરૂપ બળમાં આનંદ કરનારો છે, ૪. કોઈક નિર્મળ સ્વભાવવાળો અને જ્ઞાનરૂપ બળમાં આનંદ કરનારો છે. (૯) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પરિજ્ઞાતકર્મજ્ઞ પરિજ્ઞા વડે જાણીને કૃષિ વગેરે કર્મનું પ્રત્યાખ્યાન કરેલ છે પણ અપરિજ્ઞાતસંજ્ઞ—આહારસંજ્ઞા વગેરેને જાણેલ નથી, ૨. કોઈક પરિજ્ઞાતસંજ્ઞ—આહારસંજ્ઞા વગેરેના સ્વરૂપને જાણે છે પણ કૃષિ વગેરે કર્મથી નિવૃત્ત થયેલ નથી. ૩, કોઈક પરિજ્ઞાતકર્મ અને પરિજ્ઞાતસંજ્ઞ છે, ૪. કોઈક પરિજ્ઞાતકર્મ પણ નથી અને પરિજ્ઞાતસંજ્ઞ પણ નથી. (૧૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પરિજ્ઞાતકર્મ-સાવદ્યકાર્યથી કરણ, કરાવણ અને અનુમતિથી નિવૃત્ત થયેલ છે પણ ગૃહવાસને છોડેલ નથી-શિવકુમારવત્, ૨. કોઈક ગૃહવાસને છોડેલ છે પણ સાવદ્યકાર્યને છોડેલ નથી-દુષ્પ્રવ્રજિત (દુષ્ટ સાધુ) વત્, ૩. કોઈક ગૃહવાસને છોડેલ છે અને સાવદ્યકાર્યને છોડેલ છે-તે સુસાધુ, ૪. કોઈક ગૃહવાસને છોડેલ નથી અને સાવદ્યકાર્યને પણ છોડેલ નથી-તે અસંયત. (૧૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે——૧. કોઈક આહારાદિ સંજ્ઞાને છોડેલ છે પણ ગૃહવાસને છોડેલ નથી, ૨. કોઈક ગૃહવાસને છોડેલ છે પણ આહારાદિ સંજ્ઞાને છોડેલ નથી, ૩. કોઈક ગૃહવાસને છોડેલ છે અને આહારાદિ સંજ્ઞાને પણ છોડેલ છે, ૪. કોઈક આહારાદિ સંજ્ઞાને છોડેલ નથી અને ગૃહવાસને પણ છોડેલ નથી. (૧૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક આ લોકના-મનુષ્ય સંબંધી સુખનો અર્થી છે પણ પરલોકના સુખનો અર્થી નથી-તે અજ્ઞાની, ૨. કોઈક પરલોકના સુખનો અર્થી છે પણ આ લોકના સુખનો અર્થી નથી-તે સાધુ, ૩. કોઈક આ લોક અને પરલોક બન્નેના સુખનો અર્થી છે-તે શ્રાવક, ૪. કોઈક આ લોક અને પરલોક બન્નેના સુખનો અર્થી નથી-તે મૂર્ખ મનુષ્ય. (૧૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક એકથી શ્રુતજ્ઞાનથી વૃદ્ધિ પામે છે પણ સમ્યગ્દર્શનથી હીન થાય છે, ૨. કોઈક એકથી-શ્રુતજ્ઞાનથી વૃદ્ધિ પામે છે પણ બેથી-સમ્યગ્દર્શન અને વિનયથી હીન થાય છે, ૩. કોઈક બેથી-શ્રુતજ્ઞાનથી અને અનુષ્ઠાન-ક્રિયાથી વૃદ્ધિ પામે છે પણ એકથી સમ્યગ્દર્શનથી હીન થાય છે, ૪. કોઈક બેથી-શ્રુતજ્ઞાનથી અને અનુષ્ઠાનથી વૃદ્ધિ પામે છે પણ બેથી-સમ્યગ્દર્શન અને વિનયથી હીન થાય છે. (૧૪) ચાર પ્રકારના જાતિવિશેષ અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પહેલા પણ આકીર્ણ-વેગ વગેરે ગુણવાળો અને પછી પણ આકીર્ણ છે, ૨. કોઈક પ્રથમ આકીર્ણ પણ પછીથી ખલુંક-ગળીઓ (અવિનીત) છે, ૩. કોઈક પ્રથમ ખલુંક અને પછીથી આકીર્ણ, ૪. કોઈક પ્રથમ ખલુંક અને પછી પણ ખલુંક છે. (૧૫) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈ પુરુષ પ્રથમ શાંતિ વગરે ગુણવાળો અને પછી પણ ગુણવાળો છે, ૨. કોઈક પ્રથમ ગુણવાળો પણ પછીથી અવિનીત, ૩. કોઈક પ્રથમ અવિનીત અને પછીથી ગુણવાળો છે, ૪. કોઈક પ્રથમ પણ અવિનીત અને પાછળથી પણ અવિનીત છે. (૧૬) ચાર પ્રકારના જાતિવિશેષ અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વ આકીર્ણ-વેગાદિ ગુણવાળો છે અને વિનય, વેગાદિથી ચાલે છે, ૨. કોઈક અશ્વ આકીર્ણ છે પણ માર્ગમાં ચડાવના દોષથી અવિનીતપણાએ ચાલે છે, ૩. કોઈક અવિનીત છે પણ સવારના ગુણથી વિનીતપણાએ ચાલે છે, ૪. કોઈક અવિનીત છે અને અવિનીતપણાએ ચાલે છે. (૧૭) આ દૃષ્ટાંત પ્રમાણે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ વિનયાદિ ગુણવાળો છે અને વિનયાદિપણાએ પ્રવર્તે છે ઈત્યાદિ ચાર ભાંગા જાણવા. (૧૮) ચાર પ્રકારના અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વ જાતિસંપન્ન છે પણ કુલ સંપન્ન નથી, ૨. કોઈક કુલસંપન્ન છે પણ જાતિસંપન્ન નથી, ૩. કોઈક ઉભયસંપન્ન છે અને ૪. કોઈક ઉભયસંપન્ન નથી (૧૯) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ જાતિસંપન્ન છે પણ કુલસંપન્ન નથી વગેરે ચાર ભાંગા જાણવા. (૨૦) ચાર પ્રકારના અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે-૧. કોઈક અશ્વ જાતિસંપન્ન છે પણ બલસંપન્ન નથી, એમ ચાર ભાંગા જાણવા. (૨૧) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ

*જાતિસંપન્ન છે પણ બલસંપન્ન નથી, એમ ચાર ભાંગા જાણવા. (૨૨) ચાર પ્રકારના અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વ જાતિસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, એમ ચાર ભાંગા જાણવા. (૨૩) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ જાતિસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી, એમ ચાર ભાંગા જાણવા. (૨૪) ચાર પ્રકારના અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વ જાતિસંપન્ન છે પણ જય (જીત) સંપન્ન નથી, ૨. કોઈક જાતિસંપન્ન નથી પણ જયસંપન્ન છે, ૩. કોઈક ઉભયસંપન્ન છે અને ૪. કોઈક ઉભયસંપન્ન નથી. (૨૫) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ જાતિસંપન્ન છે પણ જયસંપન્ન નથી, એમ ચાર ભાંગા જાણવા. (૨૬) એવી રીતે કુલસંપન્ન અને બલસંપન્ન શબ્દથી ચાર ભાંગા, (૨૭) કુલસંપન્ન અને રૂપસંપન્ન શબ્દથી ચાર ભાંગા, (૨૮) કુલસંપન્ન અને જયસંપન્ન શબ્દથી ચાર ભાંગા, (૨૯) એવી રીતે બલસંપન્ન અને રૂપસંપન્ન શબ્દથી ચાર ભાંગા, (૩૦) બલસંપન્ન અને જયસંપન્ન શબ્દથી ચાર ભાંગા અશ્વમાં જાણવા, (૩૧) સર્વત્ર પ્રતિપક્ષરૂપ પુરુષમાં પણ એમ જ ચાર ભાંગા જાણવા અર્થાત્ કોઈક પુરુષ કુલસંપન્ન છે પણ બલસંપન્ન નથી એમ ચાર ભાંગા જાણવા. (૩૨) એવી રીતે પુરુષમાં બીજી પણ ચાર ચતુર્ભંગી કરવી. (૩૩–૩૬) ચાર પ્રકારના અશ્વો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક અશ્વ રૂપસંપન્ન છે પણ જયસંપન્ન નથી, એમ ચાર ભાંગા કરવા. (૩૭) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ રૂપસંપન્ન છે પણ જયસંપન્ન નથી એમ ચાર ભાંગા કરવા. (૩૮) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ સિંહની પેઠે શૌર્યપૂર્વક દીક્ષા લેવા નીકળેલ અને સિંહની માફક વિચરે છે–પાળે છે–ધન્ના અણગારની જેમ, ૨. કોઈક સિંહની પેઠે દીક્ષા લેવા નીકળેલ પણ કાયરપણાથી શીયાળની માફક પાળે છે–કંડરિકવત્, ૩. કોઈક શીયાળની માફક દીક્ષા લેવા નીકળેલ અને સિંહની પેઠે વિચરે છે–પાળે છે–ભવદેવ (જંબુસ્વામીના જીવ) વત્, ૪. કોઈક શીયાળની માફક દીક્ષા લેવા નીકળેલ અને શીયાળની માફક પાળે છે–તે માત્ર ઉદરપોષણ કરનાર ૩૯. ॥૩૨૭॥*

(ટી૦) 'चत्तारी' त्यादि० આત્માને ભરે છે–પોષણ કરે છે તે આત્મંભરી, પ્રાકૃતપણાથી 'आयंभरे' તથા બીજાને પોષણ કરે છે તે પરંભરી, પ્રાકૃતપણાથી 'परंभरे' તેમાં પ્રથમ ભંગને વિષે પોતાના અર્થ–કાર્યને જ કરનાર તે જિનકલ્પી. બીજો ભાંગો, પરના કાર્યને જ કરનાર તે ભગવાન અરિહંત કેમકે પોતાના સમગ્ર કાર્યની સમાપ્તિ થયેલ હોઈને અન્યને મુખ્ય પ્રયોજનની પ્રાપ્તિ કરાવવામાં દક્ષતાપૂર્વક કહેનાર હોય છે, તૃતીયભંગમાં સ્વ–પરનું કાર્ય કરનાર તે સ્થવિરકલ્પી, કેમકે તે શાસ્ત્રોક્ત અનુષ્ઠાનથી પોતાનું કાર્ય કરનાર હોય છે અને વિધિપૂર્વક સિદ્ધાંતની દેશના દેવાથી અન્યના કાર્યસંપાદક પણ હોય છે. ચોથા ભાંગામાં સ્વ–પરના કાર્યને નહિં કરનાર તે કોઈક મૂઢમતિ અથવા યથાચ્છંદ–સ્વચ્છંદાચારી. એવી રીતે લૌકિક પુરુષની પણ યોજના કરવી ૧, સ્વપરનો ઉપકાર નહિં કરનાર દુર્ગત–દરિદ્ર જ હોય, માટે દુર્ગતસૂત્ર કહે છે–દુર્ગત પૂર્વે ધન વડે હીન હોવાથી અથવા જ્ઞાનાદિરત્ન વડે હીન હોવાથી દરિદ્ર છે અને પછી પણ દુર્ગત–દરિદ્ર છે અથવા દ્રવ્યથી દુર્ગત–દરિદ્ર. વળી ભાવથી દુર્ગત–જ્ઞાનાદિ હીન આ પ્રથમ ભંગ ૧, એમ જ બીજા ત્રણ ભાંગા જાણવા. વિશેષ એ કે સુગત–દ્રવ્યથી ધનવાન અને ભાવથી જ્ઞાનાદિગુણવાન્ ૨, કોઈક દુર્ગત વ્રતવાળો થાય માટે દુર્વ્રત સૂત્ર કહે છે–દુર્ગત–દરિદ્ર, દુર્વ્રત–અયથાર્થ વ્રતવાળો અથવા દુર્વ્યય–આવકની અપેક્ષા (વિચાર) કર્યા સિવાય વ્યય–ખર્ચ કરનાર, અથવા ખરાબ સ્થાન–વ્યસનાદિને વિષે વ્યય કરનાર, આ એક, બીજો દરિદ્ર થકો સુવ્રત–નિરતિચાર નિયમવાળો અથવા દાનાદિ ઉચિત કાર્યની પ્રવૃત્તિથી સુવ્યય કરનાર, આ એક, બીજો દરિદ્ર થકો સુવ્રત–નિરતિચાર નિયમવાળો અથવા જ્ઞાનાદિ ઉચિત કાર્યની પ્રવૃત્તિથી સુવ્યય કરનાર, ત્રીજો અને ચોથો ભાંગો સ્પષ્ટ છે ૩, દુર્ગત પૂર્વવત્ અને ઉપકારીએ કરેલ ઉપકારને જે નથી માનતો તે દુષ્પ્રત્યાનંદ, જે ઉપકારીના ઉપકારને માને છે તે સુપ્રત્યાનંદ ૪, દુર્ગત–દરિદ્ર થકો જે દુર્ગતિને વિષે જશે તે દુર્ગતિગામી, એમ બીજા ત્રણ ભાંગા જાણવા. વિશેષ એ કે–સુગતિને વિષે જશે તે સુગતિગામી, સુગત–ઈશ્વર અથાત્ ઐશ્વર્યવાળો ૫, દુર્ગત પૂર્વવત્, દુર્ગતિ પ્રત્યે ગયો તે

યાત્રિકો ઉપર કોપ થવાથી મારવા માટે તત્પર થયેલ [1]દ્રમક (ભિખારી) ની જેમ, એમ બીજા ત્રણ ભાંગા જાણવા ૬, તમ-અંધકારની જેમ તમઅંધકાર પહેલાં અજ્ઞાનરૂપ હોવાથી અથવા અપ્રકાશપણું-અપ્રસિદ્ધપણું હોવાથી પછી પણ અંધકારરૂપ જ આ એક, બીજા તો પ્રથમ તમરૂપ અને પછીથી જ્યોતિની જેમ જ્યોતિ, કેમકે જ્ઞાન મેળવવાથી અથવા પ્રસિદ્ધિ પામવાથી, શેષ બે ભંગ સુગમ છે ૭, તમ-કુકર્મનો કરનાર હોવાથી મલિન સ્વભાવવાળો, અને તમ-અજ્ઞાન છે બલ-સામર્થ્ય જેનું તે તમઃબલ અથવા તમઃ-અંધકાર, એ જ બલ અથવા અંધકારમાં બલ છે જેનું તે તમઃબલ ખરાબ આચારવાળો અજ્ઞાની અથવા રાત્રિમાં ફરનાર ચોર વગેરે આ એક, તથા તમઃ પૂર્વવત્, જ્યોતિ-જ્ઞાનબલ છે જેનું તે જ્યોતિબલ અથવા સૂર્ય વગેરેનો પ્રકાશ, તે જ છે બલ અથવા તેમાં-પ્રકાશમાં બલ છે જેનું તે જ્યોતિબલ. આ અસદાચારી જ્ઞાનવાન અથવા દિવસમાં ફરનાર ચોર વગેરે, આ બીજો. જ્યોતિઃ-સત્કર્મને કરનાર હોવાથી ઉજ્જવલ સ્વભાવવાળા અને તમોબલ પૂર્વની જેમ, આ સદાચારવાળો અજ્ઞાની અથવા કારણાવશાત્ રાત્રિમાં ગમન કરનાર, આ ત્રીજો ભંગ, ચતુર્થ ભંગ સુગમ છે. આ સદાચારવાળો જ્ઞાની અથવા દિવસમાં ગમન કરનાર ૮, તથા તમઃ પૂર્વવત્ **'तमबलपलज्जणे'** त्ति० તમઃ-મિથ્યાજ્ઞાન અથવા અંધકાર, તે જ બલ અથવા તેમાં છે બલ અર્થાત્ તમોબલમાં અથવા ઉક્તરૂપ તમમાં અને બલ-સામર્થ્યમાં **'प्ररज्यते'**—રતિ કરે છે તે તમોબલપ્રરંજન ૧, એવી રીતે જ્યોતિબલપ્રરંજન પણ જાણવા. વિશેષ એ કે-જ્યોતિ-સમ્યગ્જ્ઞાન અથવા સૂર્ય વગેરેનો પ્રકાશ. એમ જ બીજા બે ભંગ પણ જાણવા. આ સૂત્રમાં પણ પૂર્વોક્ત સૂત્રોમાં કહેલા તે પ્રરંજન શબ્દ વડે વિશેષણવાળા પુરુષવિશેષો સમજવા અથવા તમઃ પૂર્વવત્ અથવા અપ્રસિદ્ધ, તમોબલ-અંધકારના બલ વડે ચાલતો થકો જે લજ્જાય છે તે તમોબલપ્રલજ્જન-પ્રકાશમાં ચાલનાર ૧, એમ જ બીજા ત્રણ ભાંગા પણ જાણવા. વિશેષ એ કે-બીજો પુરુષ અંધકારમાં ચાલનારો. ક્યાંક **'पज्जलणे'** त्ति० પાઠ છે ત્યાં તમઃ અજ્ઞાનના બળ વડે અથવા અંધકારના બળ વડે અને જ્યોતિઃ-જ્ઞાનના બળ વડે અથવા પ્રકાશના બળ વડે **'प्रज्वलति'**—મદવાળો થાય છે અર્થાત્ જે અહંભાવને કરે છે તે પ્રજ્વલન ૯, જ્ઞપરિજ્ઞા વડે સ્વરૂપથી જાણેલા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા વડે છોડેલા છે કૃષિ વગેરે કર્મ જેણે તે પરિજ્ઞાતકર્મા, અને આહારસંજ્ઞાદિને નથી જાણેલ તેમ નથી છોડેલ જેણે તે અપરિજ્ઞાતસંજ્ઞભાવ વિના દીક્ષા લીધેલ મુનિ અથવા શ્રાવક-આ એક ભંગ, પરિજ્ઞાતસંજ્ઞ-સદ્‌ભાવના વડે ભાવિત હોવાથી આહારસંજ્ઞાદિથી રહિત, પણ ન પરિજ્ઞાતકર્મા-કૃષિ વગેરેથી નિવૃત્ત નહિં થયેલ શ્રાવક, આ બીજો ભંગ, ત્રીજો સાધુ અને ચોથો અસંયત છે ૧૦, પરિજ્ઞાતકર્મા-સાવદ્યકાર્યનું કરવું, કરાવવું અને અનુમોદવું તેથી નિવૃત્ત અથવા કૃષિ વગેરેથી નિવૃત્ત પણ ગૃહવાસને છોડેલ નથી તે અપ્રવજિત, આ એક, બીજો તો ગૃહવાસને છોડેલ છે પણ આરંભને છોડેલ નથી તે દુષ્ટ સાધુ, ત્રીજો સુસાધુ અને ચોથો અસંયત ૧૧, વિશિષ્ટ ગુણનું સ્થાનક હોવાથી સંજ્ઞાને છોડનાર, પણ ગૃહસ્થ હોવાથી ગૃહવાસને છોડેલ નથી-આ એક, બીજો તો યતિ હોવાથી ગૃહવાસને છોડેલ છે પણ સદ્‌ભાવના વડે ભાવિત નહિ હોવાથી આહારાદિ સંજ્ઞાને છોડેલ નથી-આ બીજો ભંગ. બન્નેને છોડેલ છે તે ત્રીજો અને બન્નેને છોડેલ નથી તે ચોથો ભંગ ૧૨, આ જન્મમાં જ અર્થ-ભોગસુખાદિ પ્રયોજન અથવા આસ્થા-'એ જ સારું છે' એવી છે બુદ્ધિ જેની તે ઈહાર્થ અથવા ઈહાસ્થ ભોગપુરુષ અથવા લોકમાં પ્રતિબંધ પામેલ, પરત્ર-જન્માંતરને વિષે જ પ્રયોજન અથવા આસ્થા છે જેને તે પરાર્થ અથવા પરાસ્થ તે સાધુ અથવા બાલતપસ્વી, ઉભય લોકને વિષે પ્રયોજન અથવા આસ્થા છે જેને તે સુશ્રાવક અથવા બન્ને લોકના સુખમાં બંધાયેલ ઉભયલોકના પ્રયોજનથી રહિત તે કાલસૌકરાદિ અથવા મૂઢ અથવા **'इहैव'**—કોઈક વિવક્ષિત ગ્રામ વગેરેમાં જ રહે તે ઈહસ્થ, તેમાં બંધાયેલ હોવાથી 'ન પરસ્થ'-પરમાં રહેલ નથી ૧, બીજો તો પરત્ર-બીજે સ્થલે પ્રતિબદ્ધ હોવાથી પરસ્થ ૨, અન્ય તો ઉભય સ્થલમાં રહેનાર તે ઉભયસ્થ ૩ અને ચોથો તો સર્વત્ર અપ્રતિબદ્ધ હોવાથી અનુભયસ્થ-સાધુ ૧૩, કોઈક એક વડે-શ્રુત વડે વૃદ્ધિને પામે છે અને એકથી-સમ્યગ્દર્શનથી હીન થાય છે. કહ્યું છે કે—

1. આ દ્રમકની કથા ઉપદેશપ્રાસાદ ગ્રંથમાં છે.

[1]जह जह बहुस्सुओ संमओ य सीसगणसंपरिवुडो य । अविणिच्छिओ य समए, तह तह सिद्धंतपडिणीओ ॥११०॥
[सम्मति० ३।६६ इत्येकः]

જેમ જેમ બહુ શાસ્ત્રનો જ્ઞાતા હોય, ઘણા લોકો વડે સમ્મત હોય, તથા શિષ્યના સમુદાય વડે સારી રીતે પરિવૃત્ત હોય, પણ સિદ્ધાંતના તત્ત્વમાં અનિશ્ચિત-અજાણ હોય તો તે સિદ્ધાંતનો પ્રત્યનીક-વૈરી થાય છે. આ એક.

બીજો એક વડે-શ્રુત વડે વૃદ્ધિને પામે છે અને બેથી (સમ્યગ્દર્શન તથા વિનયથી) હીન થાય છે. ત્રીજો બે વડે-શ્રુત અને અનુષ્ઠાન વડે વૃદ્ધિ પામે છે પણ એકથી-સમ્યગ્દર્શનથી હીન થાય છે. ચોથો બેથી-શ્રુત અને અનુષ્ઠાનથી વૃદ્ધિ પામે છે પણ બેથી સમ્યગ્દર્શન અને વિનયથી હીન થાય છે અથવા જ્ઞાન વડે વૃદ્ધિ પામે છે અને રાગદ્વેષ-બન્નેથી હીન થાય છે, ત્રીજો જ્ઞાન અને સંયમ વડે વૃદ્ધિ પામે છે અને રાગથી હીન થાય છે, ચોથો જ્ઞાન અને સંયમથી વૃદ્ધિને પામે છે અને રાગ-દ્વેષ ઉભયથી હીન થાય છે અથવા ક્રોધ વડે વધે છે અને માયા વડે ઘટે છે, આ એક. બીજો ક્રોધ વડે વધે છે અને માયા તથા લોભ વડે ઘટે છે, ત્રીજો ક્રોધ અને માન વડે વધે છે અને માયાથી ઘટે છે. ચોથો ક્રોધ તથા માન વડે વધે છે અને માયા-લોભથી ઘટે છે ૧૪, પ્રકંથકો અથવા પાઠાંતરથી કંથકો તે અશ્વવિશેષો, આકીર્ણ-વેગ વગેરે ગુણોથી પૂર્વે પણ વ્યાપ્ત અને પછી પણ તેવો જ, આ પ્રથમ ભેદ, બીજો તો પ્રથમ આકીર્ણ પણ પાછળથી ખલુંક-ગલિયો અવિનીત, ત્રીજો પ્રથમ ખલુંક પણ પાછળથી આકીર્ણ-વેગાદિ ગુણવાળો, ચોથો પૂર્વે અને પછી પણ ખલુંક-ગળિઓ ૧૫, આકીર્ણ-ગુણવાન અને આકીર્ણપણા વડે વિનયવેગાદિ ગુણવાનપણાએ વહે છે-પ્રવર્તે છે. પાઠાંતરમાં 'विहरती' त्ति० છે-વિચરે છે. બીજો આકીર્ણ, પણ આરોહણ-ચડાવના દોષ વડે ખલુંકપણાએ-ગલિઆપણાએ વહે છે. ત્રીજો ખલુંક છે પણ આરોહક-સ્વારના ગુણથી આકીર્ણ ગુણપણાએ વહે છે. ચોથો તો સુગમ છે ૧૬, બન્ને સૂત્રમાં પણ દાર્ષ્ટાંતિકરૂપ પુરુષો જોડવા. સૂત્રમાં તો ક્યાંક નથી કહ્યા, કેમ કે સૂત્રની ગતિ વિચિત્ર હોય છે. ૧૭-૧૮, જાતિ ૪, કુલ ૩, બલ ૨, રૂપ અને જય ૧-એ પાંચ પદને વિષે દ્વિકસંયોગી દશ ભંગ વડે પ્રકંથકના દૃષ્ટાંતરૂપ દશ ચતુર્ભંગી સૂત્રો છે. ૨૮. તે પ્રત્યેક સૂત્રને જ અનુસરણ કરતા સતા દાર્ષ્ટાંતિકરૂપ દશ પુરુષસૂત્રો થાય છે ૩૮, અર્થાત્ જાતિ અને કુલ-બલ-રૂપ-જય પદથી ચાર, કુલ અને બલ-રૂપ-જય પદથી ત્રણ, બલ અને રૂપ-જય પદથી બે તથા રૂપ અને જય પદથી એક એવી રીતે દ્વિકસંયોગી દશ ભાંગા થાય છે. વિશેષ એ કે-જય બીજાનો પરાજય કરવો-બીજાને જીતવું. સિંહપણાએ-શૌર્યપણાએ ગૃહવાસથી નીકળેલ-દીક્ષિત થયેલ તેમજ ઉદ્યત (તત્પર) વિહાર વડે વિચરે છે-શીયાળપણાએ-દીનવૃત્તિથી વિચરે છે. ૩૯. ॥૩૨૭॥

પૂર્વે જાત્યાદિ ગુણ વડે અશ્વાદિથી પુરુષોની સમાનતા કહી, હવે અપ્રતિષ્ઠાન વગેરેની સમાનતાને પ્રમાણથી કહે છે-

**चत्तारि लोगे समा पन्नत्ता, तंजहा—अप्पतिट्ठाणे नरए १ जंबुदीवे दीवे २ पालते जाणविमाणे ३ सव्वट्ठसिद्धे महाविमाणे ४ । चत्तारि लोगे समा सपक्खिं सपडिदिसिं पन्नत्ता, तंजहा—सीमंतए नरए १ समयक्खेत्ते २ उडुविमाणे ३ ईसीपब्भारा पुढवी ४ ॥ सू० ३२८॥**

**उड्ढलोगे णं चत्तारि बिसरीरा पन्नत्ता, तंजहा—पुढविकाइया आउ० [काइया] वणस्सइ० [काइया] उराला तसा पाणा, अहो लोगे णं चत्तारि बिसरीरा पन्नत्ता, तंजहा—एवं चेव, एवं तिरियलोए वि ४ ॥ सू० ३२९॥**

*(મૂ૦) લોકને વિષે ચાર વસ્તુ સમાન કહેલ છે, તે આ પ્રમાણે—૧. સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ, ૨. જંબૂદ્વીપ નામનો દ્વીપ, ૩. પાલક નામનું યાન વિમાન અને ૪. સર્વાર્થસિદ્ધ નામનું મહાવિમાન. આ દરેક એક લાખ*

1. "यथा यथा बहुश्रुतः सम्यगपरिभावितार्थानेकशास्त्रश्रवणमात्रतः तथाविधाऽपराऽविदितशास्त्राभिप्रायजनसम्मतश्च शास्त्रज्ञत्वेन अत एव श्रुतविशेषानभिज्ञैः शिष्यगणैः समन्तात् परिवृत्तश्च अविनितश्च समये तथाविधपरिवारदर्पात् समयपर्यालोचनेऽनादृतत्वात् तथा तथा सिद्धान्तप्रत्यनीकः यथावस्थितवस्तुस्वरूपप्रकाशकार्हदागमप्रतिपक्षः निस्सारप्ररूपणया अन्यागमेभ्योऽपि भगवदागममधः करोति" ३।६६ (श्री जंबूविजयजी संपादित स्थानांग)

*યોજનના લાંબાપહોળા છે. લોકમાં ચાર વસ્તુ, દિશા અને વિદિશાએ સમાન કહેલી છે, તે આ પ્રમાણે—૧. પહેલી નરકભૂમિનો સીમંતક નામનો નરકાવાસ, ૨. સમયક્ષેત્ર (મનુષ્યલોક), ૩ સૌધર્મ દેવલોકનું ઉડુ નામનું વિમાન અને ૪. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી. આ દરેક પીસ્તાલીશ લાખ યોજનના લાંબાપહોળા છે. ।।૩૨૮।।*

*ઉર્ધ્વલોકમાં ચાર પ્રકારના જીવો બે શરીરવાળા કહેલા છે, તે આ પ્રમાણે—૧. પૃથિવીકાયિક, ૨.અપ્કાયિક, ૩. વનસ્પતિકાયિક અને ૪. સ્થૂલ ત્રસ જીવો; કેમ કે એક શરીર વર્તમાન ભવ સંબંધી અને બીજું જન્માંતરમાં થનારું મનુષ્ય સંબંધી, પછી મોક્ષમાં જવાથી કેટલાએકને ત્રીજું શરીર ન હોય. એવી રીતે અધોલોકમાં ચાર પ્રકારના પૂર્વોક્ત જીવો બે શરીરવાળા કહેલા છે. વળી તિર્યગ્લોકમાં પણ એમ જ જાણવુ. ।।૩૨૮।।*

(ટી૦) 'चत्तारी' त्यादि० બે સૂત્ર પ્રાયઃ ઉક્તાર્થ છે, તો પણ કંઈક કહેવાય છે. સાતમી નરકપૃથિવીમાં કાલાદિ પાંચ નરકાવાસોના મધ્યમાં રહેલ અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ છે તે એક લાખ યોજનનો છે. પાલક દેવે બનાવેલું, સૌધર્મેંદ્ર સંબંધી યાન (વાહન) રૂપ વિમાન અથવા જવા માટેનું વિમાન, તે યાન વિમાન પરંતુ તે શાશ્વત નથી. પાંચ અનુત્તર વિમોનોના મધ્યમાં સર્વાર્થસિદ્ધ નામનું વિમાન છે. લોકને વિષે ચાર વસ્તુ સમાન હોય છે. કેવી રીતે? તે કહે છે—'सपक्खि सपडिदिसिं' ति० સમાન છે દિશાઓ જેને વિષે તે સપક્ષ (અહિં 'इकार' પ્રાકૃતપણાને લઈને છે) તથા સમાન છે વિદિશાઓ જેને વિષે તે સપ્રતિદિક્ તે જેમ હોય છે તેમ સમાન હોય છે અથવા પક્ષો વડે સરખા તે સપક્ષ, અહિં અવ્યયીભાવ સમાસ છે. નીચે અને ઉપરના વિભાગ વડે રહેલ, વિસ્તારવાળા અને સાંકડા બે દ્રવ્ય પદાર્થોની અથવા વિષમતાએ રહેલા તુલ્ય પ્રમાણવાળા બે પદાર્થોની દિશા અને વિદિશાઓ હોતી નથી માટે અત્યંત સમાનતાને દેખાડવા સપક્ષ અને સપ્રતિદિક્રૂપ બે વિશેષણ કહેલ છે. પ્રથમ નરકભૂમિમાં પહેલા પ્રસ્તર (પાથડા) ને વિષે પીસ્તાલીશ લક્ષ યોજનપ્રમાણ સીમંતક નામનો નરકાવાસ છે. સમય-કાલ વડે જણાતું ક્ષેત્ર તે સમયક્ષેત્ર અર્થાત્ મનુષ્યક્ષેત્ર. સૌધર્મકલ્પમાં પ્રથમ પ્રસ્તટને વિષે જ ઉડુ નામનું વિમાન છે. રત્નપ્રભાદિ પૃથિવીની અપેક્ષાએ ઈષત્ (અલ્પ) છે પ્રાગ્ભાર-ઊંચાઈ વગેરે જેણીમાં તે ઈષત્પ્રાગ્ભારા જાણવી. ।।૩૨૯।।

ઈષત્પ્રાગ્ભારા પૃથિવી ઊર્ધ્વ લોકને વિષે હોય છે માટે ઊર્ધ્વ લોકના પ્રસ્તાવથી કહે છે—'उड्ढे' त्यादि० બે છે શરીર જેઓને તે બે શરીરવાળા, પૃથિવીકાયિક વગેરેનું જ એક શરીર અને બીજું જન્માંતરમાં થનારું મનુષ્યનું શરીર. આ બે ઉપરાંત ત્રીજું શરીર કેટલાએક જીવોને થતું નથી; કારણ કે તે અંતર રહિત મોક્ષમાં જાય છે. 'ओराल तस' त्ति०—ઉદારા-સ્થૂલ દ્વીંદ્રિયાદિ જીવો, પરંતુ તેજસ્કાયિક અને વાયુકાયિકરૂપ [1]સૂક્ષ્મ જીવો નહિં કેમ કે તેઓને બીજા ભવમાં મનુષ્યભવની પ્રાપ્તિ ન થવાથી મોક્ષ થતો નથી, માટે અન્ય શરીરનો સંભવ હોય છે (તેથી બન્નેનો નિષેધ કરાયેલ છે) તથા ઉદાર ત્રસનું ગ્રહણ કરવા વડે દ્વીંદ્રિયાદિનું પ્રતિપાદન છતે પણ અહિં બે શરીરપણાથી પંચેંદ્રિયો જ (ગર્ભજ) ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે વિકલેંદ્રિયોને અંતર રહિત બીજા ભવમાં સિદ્ધિનો અભાવ હોય છે. કહ્યું છે કે—"विगला लभेज्ज विरइं ण हु किंचि लभेज्ज सुहुमतसा"--વિકલેંદ્રિયો અનંતર-મનુષ્યાદિભવમાં વિરતિને પ્રાપ્ત કરી શકે છે પરંતુ સૂક્ષ્મ ત્રસો-તેઉ, વાઉ અનંતર ભવમાં કંઈ પણ ન પામે-સમકિત[2] પણ પામે નહિં. લોકના સંબંધથી પ્રાપ્ત થયેલ અધોલોક અને તિર્યક્લોક સંબંધી બે અતિદેશસૂત્ર ઉક્તાર્થ છે. ।।૩૨૯।।

તિર્યગ્લોકના અધિકારથી તેમાં ઉત્પન્ન થયેલ સંયતાદિ પુરુષને ભેદો વડે કહે છે—

**चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—हिरिसत्ते, हिरिमणसत्ते, चलसत्ते, थिरसत्ते ।। सू० ३३०।।**

**चत्तारि सेज्जपडिमाओ पन्नत्ताओ, चत्तारि वत्थपडिमाओ पन्नत्ताओ, चत्तारि पातपडिमाओ पन्नत्ताओ, चत्तारि ठाणपडिमाओ पन्नत्ताओ ।। सू०३३१।।**

1. અહીં સૂક્ષ્મ શબ્દ આપેક્ષિક છે માટે સૂક્ષ્મ અને બાદર બન્ને તેજો, વાયુ લેવા અર્થાત્ બીજા જીવોની અપેક્ષાએ સૂક્ષ્મ-ઝીણી કાયાવાળા.
2. તેઉ અને વાઉના શરીરથી બહુ જીવોની હિંસા થતી હોવાથી તેઓને સમકિતની પ્રાપ્તિ પણ થતી નથી.

**चत्तारि सरीरगा जीवफुडा पन्नत्ता, तंजहा—वेउव्विए, आहारए, तेयए, कम्मए। चत्तारि सरीरगा कम्मुम्मीसगा पन्नत्ता, तंजहा—ओरालिए, वेउव्विए, आहारए, तेयए ॥ सू० ३३२॥**

**चउहिं अत्थिकाएहिं लोगे फुडे पन्नत्ते, तंजहा—धम्मत्थिकाएणं, अधम्मत्थिकाएणं, जीवत्थिकाएणं, पुग्गलत्थिकाएणं। चउहिं बादरकातेहिं उववज्जमाणेहिं लोगे फुडे पन्नत्ते, तंजहा—पुढविकाइएहिं आउ० [काइएहिं] वाउ० [काइएहिं] वणस्सइकाइएहिं ॥ सू० ३३३॥**

**चत्तारि पएसग्गेणं तुल्ला पन्नत्ता तंजहा—धम्मत्थिकाए, अधम्मत्थिकाए, लोगागासे, एगजीवे ॥ सू० ३३४॥**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—હ્રીસત્ત્વ-લાજથી પરિસહ અથવા સંગ્રામમાં ધૈર્ય ધરે છે. હ્રીમનસત્ત્વ-લાજથી મનમાં જ ધૈર્યને ધરે છે પણ કાયાથી નહિં, ચલસત્ત્વ-પરિસહ વગેરે આવવાથી અસ્થિરસત્ત્વવાળો છે અને સ્થિરસત્ત્વ-પરિસહ વગેરેને સહન કરવામાં નિશ્ચલ સત્ત્વ-ધૈર્યવાળો છે. ॥૩૩૦॥*

*શય્યા સંબંધી ચાર પ્રતિમાઓ (અભિગ્રહવિશેષ) કહેલી છે, વસ્ત્ર સંબંધી ચાર પ્રતિમાઓ કહેલી છે, પાત્ર સંબંધી ચાર પ્રતિમાઓ કહેલી છે અને સ્થાન સંબંધી ચાર પ્રતિમાઓ કહેલી છે. ॥૩૩૧॥*

*ચાર શરીરો જીવ વડે સ્પર્શાયેલા છે અર્થાત્ જીવ વડે વ્યાપ્ત છે, તે આ પ્રમાણે—વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. ચાર શરીરો કાર્મણ શરીરથી મિશ્ર કહેલ છે, તે આ પ્રમાણે—ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસ. ॥૩૩૨॥*

*ચાર અસ્તિકાય વડે લોક સ્પર્શાયેલ છે, તે આ પ્રમાણે—ધર્માસ્તિકાય વડે, અધર્માસ્તિકાય વડે, જીવાસ્તિકાય વડે અને પુદ્ગલાસ્તિકાય વડે. ચાર બાદરકાયો વડે લોક સ્પર્શાયેલ કહેલ છે, તે આ પ્રમાણે—પૃથ્વીકાય વડે, અપ્કાય વડે, વાયુકાય વડે અને વનસ્પતિકાય વડે. ॥૩૩૩॥*

*ચાર દ્રવ્યો પ્રદેશોના પ્રમાણ વડે સરખા કહેલા છે, તે આ પ્રમાણે—૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. લોકાકાશ અને ૪. એક જીવ. ॥૩૩૪॥*

(ટી૦) 'चत्तारी' त्यादि० લજ્જા વડે સત્ત્વ-પરિષહાદિને સહન કરવામાં અથવા રણાંગણને વિષે રહેવારૂપ બલ છે જેનું તે હ્રીસત્ત્વ. ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલ એવા મને (મારી ઉપર) મનુષ્યો હસશે એમ મનમાં જ લજ્જા વડે પરંતુ શરીરમાં સત્ત્વ (ધૈર્ય) નહિં; કારણ કે રોમહર્ષ-રુંવાટી ઊભી થવારૂપ અને કંપ વગેરે ભયના ચિહ્ન દેખાવાથી કેવલ મન વડે જેનું સત્ત્વ છે તે હ્રીમનસત્વ. પરિષહાદિની પ્રાપ્તિ (આવવા) માં બલનો નાશ થવાથી ચલ-અસ્થિર છે સત્ત્વ જેનું તે ચલસત્ત્વ, આ પ્રકારથી વિપરીત અર્થાત્ પરિષહાદિને વિષે સ્થિર (અડગ) રહેવાથી સ્થિરસત્ત્વ. ॥૩૩૦॥

હમણાં જ સ્થિર સત્ત્વવાળો કહ્યો, તે અભિગ્રહોને સ્વીકારીને પાળે છે માટે તે બતાવવા સારુ આ ચાર સૂત્રો 'चत्तारि सिज्जे' त्यादि० સુગમ છે. વિશેષ એ કે જેના ઉપર સૂવાય છે તે શય્યા-સંથારો, તેની પ્રતિમા-અભિગ્રહો તે શય્યાપ્રતિમાઓ. તેમાં ફલક (પાટિયું) વગેરેમાં કોઈપણ એક ઉદ્દિષ્ટ-ચોક્કસ કરેલ જ લઈશ, બીજું નહિ-આ પહેલી. જે પ્રથમ ચોક્કસ કરેલ છે તેને જ જ્યારે હું જોઈશ ત્યારે તે જ લઈશ, પણ બીજું નહિ-આ બીજી. તે પણ જો તે શય્યાતરના જ ઘરમાં હોય તો તેની પાસેથી લઈશ, પણ બીજે સ્થલેથી લાવીને તેની ઉપર શયન કરીશ નહિ-આ ત્રીજી, તે ફલક વગેરે જેમ જોઈએ તેમ જો પાથરેલું હોય તો તેની પાસેથી હું ગ્રહણ કરીશ, પણ બીજી રીતે નહિ-આ ચોથી. આ ચાર પ્રતિમાઓમાં પહેલી બે પ્રતિમાઓ ગચ્છથી નીકળેલા સાધુઓને ગ્રહણ કરવા યોગ્ય નથી. પાછલી બે પ્રતિમામાંથી કોઈપણ એક પ્રતિમાને વિષે અભિગ્રહ કરે. ગચ્છાંતર-અન્ય ગચ્છમાં ગયેલા સાધુઓને તો ચારે કલ્પે છે. વસ્ત્રના ગ્રહણવિષયમાં જે પ્રતિજ્ઞા તે વસ્ત્રપ્રતિમા. પ્રથમ ચોક્કસ કરેલ કોઈપણ એક કપાસ વગેરેનું વસ્ત્ર હું યાચીશ-આ પહેલી, જોયેલ વસ્ત્રને યાચીશ, પણ બીજું નહિં-આ બીજી, **નીચે પહેરવા વડે શય્યાતરે પ્રાયઃ સારી રીતે (બહુ જ) વાપરેલ હોય એવા વસ્ત્રને હું ગ્રહણ કરીશ-આ ત્રીજી તેમજ ફેંકવા**

**યોગ્ય વસ્ત્રને-ગ્રહણ કરીશ-આ ચોથી.** પાત્રની પ્રતિમા-ચોક્કસ કરેલ કાષ્ઠના પાત્ર વગેરેને હું યાચીશ-આ પહેલી. જોયેલ પાત્રને યાચીશ-આ બીજી. દાતારની માલિકીનું અને તે પ્રાયઃ વાપરેલું અથવા બે ત્રણ પાત્રને વિષે ક્રમશઃ વપરાતું એવા પાત્રને યાચીશ-આ ત્રીજી. ફેંકી દેવા યોગ્ય પાત્રને યાચીશ-આ ચોથી. સ્થાન-કાયોત્સર્ગાદિ માટે આશ્રય, તેને વિષે પ્રતિમાઓ તે સ્થાનપ્રતિમાઓ. તેમાં કોઈક સાધુને આવા પ્રકારનો અભિગ્રહ હોય છે-હું અચિત્ત સ્થાન પ્રત્યે આશ્રય કરીશ અને ત્યાં પગ વગેરેનું સંકોચન અને વિસ્તારવારૂપ ક્રિયા કરીશ તથા અચિત્ત ભીંત વગેરેનું કંઈક અવલંબન કરીશ. વળી ત્યાં જ સ્તોક પાદવિહારને આશ્રય કરીશ અર્થાત્ થોડું ચાલીશ-આ પહેલી પ્રતિમા. સંકુચન અને પ્રસારણ વગેરે ક્રિયાને ભીંત વગેરેના અવલંબનને કરીશ પણ પાદવિહાર કરીશ નહિં-આ બીજી. સંકુચન અને પ્રસારણને કરીશ પરંતુ ભીંતાદિનું અવલંબન અને પાદવિહાર કરીશ નહિં-આ ત્રીજી. જે સ્થાનમાં ત્રણે કરતો નથી અર્થાત્ સંકુચનાદિ ક્રિયા, અવલંબન અને પાદવિહાર કરતો નથી-આ ચોથી સ્થાનપ્રતિમા. ॥૩૩૧॥

અનંતર શરીરની ચેષ્ટાનો નિરોધ કહ્યો, માટે શરીરના પ્રસંગથી-'चत्तारी' त्यादि० બે સૂત્ર સ્પષ્ટ છે, પરંતુ જીવ વડે સ્પૃષ્ટ-વ્યાપ્ત તે જીવસ્પૃષ્ટ શરીરો. વૈક્રિય વગેરે શરીરો અવશ્ય જીવ વડે જ વ્યાપ્ત હોય છે, કિંતુ જેમ જીવ વડે છોડાયેલ છતાં પણ મૃતાવસ્થામાં ઔદારિક શરીર હોય છે તેમ આ વૈક્રિયાદિ શરીરો હોતાં નથી. 'कम्मुम्मीसग' त्ति० કાર્મણ શરીર વડે ઔદારિકાદિ શરીરો વિશેષમિશ્રકો-હમેશાં મિશ્ર હોય છે પરંતુ તેઓ એકલા ન હોય. જેમ ઔદારિકાદિ ત્રણ શરીરો વૈક્રિયાદિ શરીરો વડે અમિશ્ર પણ હોય છે તેમ કાર્મણ શરીરથી રહિત હોતા નથી. ॥૩૩૨॥

શરીરો, કાર્મણ વડે ઉન્મિશ્ર જ છે એમ કહ્યું અને ઉન્મિશ્રકો. સ્પૃષ્ટ-સ્પર્શાયેલા જ છે માટે સ્પૃષ્ટના પ્રસંગથી બે સૂત્ર-'चउही' त्यादि० ઉક્તાર્થ છે. કેવલ 'फुडे' त्ति० સ્પૃષ્ટ-દરેક પ્રદેશ પ્રત્યે વ્યાપ્ત. પૃથિવીકાયાદિ પાંચે સૂક્ષ્મોનો સર્વ લોકથી સર્વ લોકમાં ઉત્પાદઉપજવું હોવાથી બધાય લોકમાંથી નીકળીને મનુષ્યક્ષેત્રમાં ઋજુગતિ અને વક્રગતિ વડે ઉત્પન્ન થતા બાદર તેજસ્કાયિકોનો તે બે ઊર્ધ્વ કપાટને વિષે બાદરતેજસ્કાયત્વરૂપ વ્યપદેશને ઈષ્ટ હોવાથી 'चउहिं बादरकाएहिं' એમ કહ્યું. બાદર પૃથિવી, અપ્, વાયુ અને વનસ્પતિના જીવો સમસ્ત લોકમાંથી નીકળીને પૃથ્વી આદિ, ઘનોદધિ વગેરે અને ઘનવાતવલયાદિને વિષે યથાયોગ્ય પોતાના ઉત્પત્તિસ્થાનોમાં ઋજુ અથવા વક્રગતિ વડે ઉત્પન્ન થતા અપર્યાપ્તક અવસ્થામાં અત્યંત બહુપણાથી સર્વ લોકને દરેક સ્પર્શે છે. આ પૃથ્વીઆદિ પર્યાપ્તા બાદર તેજસ્કાયિકો અને ત્રસજીવો, લોકના અસંખ્યાતા ભાગને જ સ્પર્શે છે. શ્રીપન્નવણા સૂત્રમાં કહ્યું છે કે-"एत्थ णं बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पन्नत्ता, उववाएणं लोयस्स असंखेज्जइभागे" અહિં બાદર પૃથિકાયિક પર્યાપ્તોના સ્થાનો કહ્યા છે. ઉત્પત્તિ વડે લોકનો અસંખ્યાતમો ભાગ છે. તથા "बादरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पन्नत्ता, उववाएणं सव्वलोए" બાદર પૃથિવીકાયિક અપર્યાપ્તકોના સ્થાનો કહેલા છે, ઉત્પત્તિ વડે સર્વ લોકમાં છે. એવી રીતે આ વાયુ અને વનસ્પતિના સ્થાનો જાણવા. તથા "बादरतेउक्काइयाणं पज्जत्ताणं ठाणा पन्नत्ता, उववाएणं लोयस्स असंखेज्जइभागे" બાદર પર્યાપ્તક તેજસ્કાયિકોના સ્થાનો કહેલા છે. ઉત્પત્તિ વડે લોકનો અસંખ્યાતમો ભાગ છે. "बादरतेउक्काइयाणं अपज्जत्ताणं ठाणा पन्नत्ता, लोयस्स दोसु उड्ढकवाडेसुं तिरियलोयतट्टे य' त्ति० બાદર અપર્યાપ્તક તેજસ્કાયિકોના સ્થાનો લોકના બે ઊર્ધ્વ કપાટને વિષે અને ઊર્ધ્વ કપાટમાં રહેલા તિર્યક્લોકને વિષે કહેલ છે. કોઈક આચાર્યો તિર્યક્લોકરૂપ સ્થાલમાં પણ કહે છે. તથા-"कहिन्नं भंते! सुहुमपुढविकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाण य ठाणा पन्नत्ता? गोयमा! सुहुमपुढविकाइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसमणाणत्ता सव्वलोगपरियावन्नगा पन्नत्ता समणाउसो!" त्ति० હે ભગવન! પર્યાપ્તક અને અપર્યાપ્તક સૂક્ષ્મ પૃથ્વીકાયિકોના સ્થાનો કયાં કહેલા છે? ઉત્તર-હે ગૌતમ! જે સૂક્ષ્મ પૃથ્વીકાયિકો પર્યાપ્તક અને અપર્યાપ્તક છે તે બધાય એક સરખા, વિશેષ રહિત, ભિન્નસ્વરૂપે નહિ એટલે સર્વ લોકને વિષે વ્યાપીને રહેલા કહેલા છે. હે આયુષ્માન્ શ્રમણો! એમ જ બીજા અપ્કાયિકાદિ ચારે સૂક્ષ્મો જાણવા. "एवं बेइंदियाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पन्नत्ता, उववाएणं लोयस्स

असंखेज्जइभागे'' त्ति० पर्याप्त अने अपर्याप्त, द्वींद्रियोना स्थानो कहेला छे. उत्पत्ति वडे लोकनो असंख्यातमो भाग छे. એમ જ શેષ ત્રસોના પણ સ્થાનો જાણવા. ॥૩૩૩॥

ચાર વડે લોક સ્પર્શાયેલ છે એમ કહ્યું, માટે લોકના પ્રસ્તાવથી લોકની અને ધર્માસ્તિકાયાદિની પરસ્પર પ્રદેશથી સમાનતા કહે છે. 'चत्तारी' त्यादि० સરળ છે. વિશેષ એ કે-પ્રદેશાગ્ર-પ્રદેશના પરિણામ વડે તુલ્ય-સમાન છે, કેમ કે આ બધાયના અસંખ્યાત પ્રદેશ હોવાથી 'लोयागासे' त्ति० આકાશનું અનંત પ્રદેશપણું હોઈને ધર્માસ્તિકાય વગેરેની સાથે અતુલ્યતાની પ્રાપ્તિ થવાથી 'લોક' નું ગ્રહણ કરેલ છે. 'एगजीवे' त्ति० સર્વ જીવોના અનંત પ્રદેશ હોવાથી વિવક્ષિત તુલ્યતામાં અભાવના પ્રસંગને લઈને 'એક' જીવનું ગ્રહણ કરેલ છે. ॥૩૩૪॥

પહેલાં પૃથ્વી વગેરેથી લોક સ્પર્શાયેલ છે એમ કહ્યું, માટે પૃથ્વી વગેરેના પ્રસ્તાવથી કહે છે કે—

**चउण्हमेगं सरीरं नो सुपस्सं भवइ, तंजहा—पुढविकाइयाणं, आउ० [काइयाणं] तेउ० [काइयाणं] वणस्सइकाइयाणं ।। सू० ३३५।।**

**चत्तारि इंदियत्था पुट्ठा वेदेंति, तंजहा—सोतिंदियत्थे, घाणिंदियत्थे, जिब्भिंदियत्थे, फासिंदियत्थे ।। सू० ३३६।।**

**चउहिं ठाणेहिं जीवा य पोग्गला य णो संचातेंति बहिया लोगंता गमणताते, तंजहा—गतिअभावेणं, णिरुवग्गहताते, लुक्खताते, लोगाणुभावेणं ।। सू० ३३७।।**

(મૂ૦) *ચાર પ્રકારના જીવોનું એક શરીર અતિ સૂક્ષ્મ હોવાથી આંખે દેખી શકાય નહિં, તે આ પ્રમાણે—પૃથ્વીકાયિકોનું, અપ્કાયિકોનું, તેજસ્કાયિકોનું અને વનસ્પતિકાયિકોનું. ॥૩૩૫॥*

*ચાર ઇંદ્રિયોના અર્થો-શબ્દાદિ વિષયો સ્પૃષ્ટ-ઇંદ્રિયોના સંબંધમાં આવવાથી-જોડાવાથી જણાય છે, તે આ પ્રમાણે-શ્રોત્રેંદ્રિયનો વિષય શબ્દ, ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ, જીહ્વેન્દ્રિયનો વિષય રસ અને સ્પર્શેંદ્રિયનો વિષય સ્પર્શ. ॥૩૩૬॥*

*ચાર કારણ વડે જીવો અને પુદ્ગલો લોકાંતથી બહારઅલોકમાં જવા માટે સમર્થ નથી, તે આ પ્રમાણે—ગતિના અભાવથી, સહાયતાના અભાવથી, રુક્ષતા-લુખાસથી અને લોકના અનુભાવથી-લોકમર્યાદાથી.' ॥૩૩૭॥*

(ટી૦) 'चउण्ह' मित्यादि० સરલ છે. વિશેષ એ કે—'नो पस्सं' त्ति० અત્યંત સૂક્ષ્મ હોવાથી એક [1]શરીર, આંખ વડે જોઈ શકાય નહિં. ક્યાંક 'नो सुपस्संति' એવો પાઠ છે ત્યાં આંખથી સુખે દેખાય નહિ અર્થાત્ આંખથી પ્રત્યક્ષ દશ્ય નથી પરંતુ અનુમાન વગેરે પ્રમાણોથી દશ્ય છે તેમ સમજવું. બાદર વાયુકાયિકોનું તથા પાંચે સૂક્ષ્મ જીવોના એક અથવા અનેક શરીરો પણ અદશ્ય છે-દેખાય નહિં માટે વાયુને છોડીને શેષ ચારનું કહ્યું . અહિં 'વનસ્પતિ' શબ્દ વડે સાધારણ ગ્રહણ કરવા યોગ્ય છે કેમ કે પ્રત્યેક વનસ્પતિના એક શરીરનું તો જોવાપણું છે જ. ॥૩૩૫॥

પૃથ્વી વગેરેના શરીરોનું ચક્ષુઇંદ્રિય વડે અવિષયપણું કહ્યું માટે ઇંદ્રિયના વિષયના પ્રસ્તાવથી કહે છે—'चत्तारि इंदिये'त्यादि० અર્થ સ્પષ્ટ છે. વિશેષ એ કે-ઇંદ્રિયો વડે 'अर्यंते' જણાય છે તે ઇંદ્રિયોના અર્થો-શબ્દાદિ, 'पुट्ठ' त्ति० સ્પૃષ્ટા-ઇંદ્રિયો સાથે સંબંધ પામેલા, 'वेएंति' त्ति० આત્મા વડે જણાય છે કેમ કે નેત્ર અને મન સિવાય શ્રોત્ર વગેરે ઇંદ્રિયોનો પ્રાપ્ત થયેલ વિષયના બોધરૂપ સ્વભાવ હોય છે. કહ્યું છે કે—

**पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई अपुट्ठं तु । गंधं रसं च फासं च, बद्धपुट्ठं वियागरे ।।१९१।।**

**[आवश्यक निर्युक्ति ५ त्ति]**

શ્રોત્રેંદ્રિય સ્પર્શમાત્રથી શબ્દને સાંભળે છે, વળી સ્પર્શ કર્યા સિવાય ચક્ષુઇંદ્રિય રૂપને જુવે છે અને વિશેષ રીતે સ્પર્શાયેલ અર્થાત્ સારી રીતે એકત્ર થયેલ ગંધ, રસ અને સ્પર્શને ઘ્રાણેંદ્રિય વગેરે ગ્રહણ કરે છે-જાણે છે. (૧૯૧) ॥૩૩૬॥

1. પૃથ્વી, અપ્, તેજ અને સાધારણ વનસ્પતિના અનેક શરીરો સાથે મળવાથી દેખાય છે.

અનંતર જીવ અને પુદ્ગલનો ઇંદ્રિયરૂપ દ્વાર વડે ગ્રાહક ગ્રાહ્યભાવ કહ્યો, હવે તે બન્નેના ગતિધર્મ પ્રત્યે ચિંતન કરતા થકા સૂત્રકાર કહે છે—'चउही' त्यादि० સુગમ છે. વિશેષ એ કે-ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની ગતિ નથી માટે 'जीवा य पुग्गला य' એમ કહ્યું, 'नो संचाएंति' સમર્થ 'बहिय' त्ति० લોકાંતથી બહાર અર્થાત્ અલોકને વિષે જવા માટે સમર્થ નથી, કારણ કે ગતિનો અભાવ છે-લોકના છેડાથી આગળ ગતિલક્ષણ સ્વભાવનો અભાવ છે; જેમ દીપકની શિખા નીચે ન જાય તેમ તેઓ જઈ શકતા નથી. તથા નિરુપગ્રહપણાથી-ધર્માસ્તિકાયના અભાવને લઈને ગતિમાં સહાય કરનારો અભાવ હોવાથી ગાડી વગેરેથી રહિત પાંગળાની જેમ ગમન થતું નથી. વળી રુક્ષપણાથી-રેતીની મૂઠીની જેમ લોકના છેડાઓને વિષે પુદ્ગલો, લુખાશથી અવશ્ય એવી રીતે પરિણમે છે કે જેને લઈને આગળ જવા માટે સમર્થ થતા નથી. કર્મપુદ્ગલોનો પણ તથાભાવ-રુક્ષભાવ થયે છતે જીવોથી છૂટા પડી જાય છે. વળી સિદ્ધ પરમાત્માઓ નિરુપગ્રહતા વડે-ધર્માસ્તિકાયના અભાવને લઈને આગળ જતા નથી. લોકાનુભાવ-લોકની મર્યાદા વડે પોતાના વિષયક્ષેત્રથી બીજે સ્થળે સૂર્યમંડળની જેમ આગળ જઈ શકે નહિં. ॥૩૩૭॥

અનંતર અર્થો કહ્યા, કહેલ અર્થમાં દૃષ્ટાંતથી પ્રાયઃ પ્રાણીઓને વિશ્વાસ ઉત્પન્ન થાય છે માટે દૃષ્ટાંતના ભેદોનું પ્રતિપાદન કરવા માટે પાંચ સૂત્રો કહે છે—

**चउव्विहे णाते पन्नत्ते तं जहा—आहारणे, आहरणतद्देसे, आहरणतद्दोसे, उवन्नासोवणते १। आहरणे चउव्विहे पन्नत्ते, तंजहा—अवाते, उवाते, ठवणाकम्मे, पडुप्पन्नविणासी २। आहारणतद्देसे चउव्विहे पन्नत्ते, तंजहा—अणुसिट्ठी, उवालंभे, पुच्छा, निस्सावयणे ३। आहरणतद्दोसे चउव्विहे पन्नत्ते, तंजहा—अधम्मजुत्ते, पडिलोमे, अंतोवणीते, दुरोवणीते ४। उवन्नासोवणए चउव्विहे पन्नत्ते, तंजहा—तव्वत्थुते, तदन्नवत्थुते, पडिनिभे, हेतू ५। हेऊ चउव्विहे पन्नत्ते, तंजहा—जावते, थावते, वसंते, लूसते। अथवा हेऊ चउव्विहे पन्नत्ते, तंजहा—पच्चक्खे, अणुमाणे, ओवम्मे, आगमे। अहवा हेऊ चउव्विहे पन्नत्ते, तंजहा—अत्थि तं अत्थि सो हेऊ १, अत्थि तं णत्थि सो हेऊ २, णत्थि तं अत्थि सो हेऊ ३, णत्थि तं णत्थि सो हेऊ ४ ॥ सू० ३३८॥**

*(મૂ૦) ચાર પ્રકારે જ્ઞાત-દૃષ્ટાંત કહેલ છે, તે આ પ્રમાણે—૧. આહરણ-જેના વડે વ્યાપ્તિથી અપ્રસિદ્ધ અર્થને પ્રતીતિમાં લવાય છે, જેમ બ્રહ્મદત્તની માફક કરેલું પાપ દુઃખને માટે થાય છે એમ કહેવું તે, ૨. દેશઆહરણ-જેમ આ સ્ત્રીનું મુખ ચંદ્ર સદૃશ છે એમ કહેવું, તે અહિં ચંદ્રની સૌમ્યતારૂપ દેશનું સમાનપણું છે, ૩. દોષ સહિત આહરણ-જેમ કોઈક બુદ્ધિમાન ઈશ્વરાદિ વડે કરાયેલું આ જગત છે-ઘટપટાદિની માફક કહેવું તે, ૪. ઉપન્યાસોપનય-કોઈક વાદી પોતાના પક્ષનું સ્થાપન કરે છે અને એ સ્થાપેલ પક્ષને દૂર કરવા માટે પ્રતિવાદીએ આપેલું દૃષ્ટાંત, જેમ વાદીએ કહ્યું કે-આત્મા આકાશની જેમ અમૂર્ત્ત હોવાથી અકર્તા છે, તેનું નિરાકરણ કરવા માટે કહેવું કે-એમ આકાશની માફક આત્મા અભોક્તા પણ થશે. (૧), આહરણ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. અપાય-અનર્થ-તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે છે, તેનાં ઉદાહરણો કહેવા તે, ૨. ઉપાય-પુરુષના વ્યાપારરૂપ સાધન વડે કાર્યની નિષ્પત્તિ થાય છે તે, તેના દ્રવ્યાદિ ભેદથી ઉદાહરણો કહેવા, ૩. જે દૃષ્ટાંતદ્વારા અન્યના મતને દૂષણ આપીને સ્વમતની સ્થાપના કરાય છે તે સ્થાપનાકર્મ, પુંડરીક અધ્યયનની માફક અને ૪. તત્કાલ ઉત્પન્ન થયેલ વસ્તુનો વિનાશ, તે દૃષ્ટાંતનું નિરૂપણ કરવા માટે જ્યાં કથનપણાએ હોય છે તે પ્રત્યુત્પન્નવિનાશી (૨), દેશઆહરણ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. સદ્ગુણની સ્તુતિ વડે ગુણવાનના ગુણોની પ્રશંસા જ્યાં ઉપદેશાય છે તે અનુશાસ્તિ, ૨. અપરાધને વિષે પ્રવૃત્ત થયેલ મુનિને દૃષ્ટાંતદ્વારા જે ઉપાલંભ દેવાય છે તે ઉપાલંભ, ૩. જ્ઞાન વગેરેના નિર્ણયના અભિલાષીપણાથી ગુરુને પૂછવા યોગ્ય પ્રશ્નો કરવા વડે જેમાં દૃષ્ટાંતદ્વારા ઉપદેશાય છે તે પૃચ્છા તેમજ ૪.*

*કોઈપણ સુશિષ્યનો આશ્રય કરીને બીજાને પ્રતિબોધવા માટે દૃષ્ટાંતરૂપે જે કહેવું તે નિશ્રાવચન (૩) દોષ સહિત આહરણ ચાર પ્રકારે કહેલું છે, તે આ પ્રમાણે—૧. જે દૃષ્ટાંત કહેવાથી અધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય તે અધર્મયુક્ત, ૨. લુચ્ચા પ્રત્યે લુચ્ચાઈ કરવી 'शठं प्रति शाठ्यम्' એમ દૃષ્ટાંતદ્વારા કહેવું તે પ્રતિલોમ, ૩. અન્યના મતને દૂષણ આપવા માટે જે ગ્રહણ કરેલ દૃષ્ટાંતદ્વારા સ્વમતને જ દૂષણ આપે છે તે આત્મોપનીત અને ૪. દુષ્ટ અથવા અશુદ્ધ વચનની યોજના જે દૃષ્ટાંતમાં કરાય છે તે દુરુપનીત. (૪) ઉપન્યાસોપનય ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. વાદીએ સ્થાપેલ જે સાધન (હેતુ) રૂપ વસ્તુ, તે જ વસ્તુ ઉત્તરરૂપ છે જેને વિષે તે તદ્વસ્તુક, ૨. વાદીએ સ્થાપેલ વસ્તુથી અન્ય ઉત્તરભૂત વસ્તુ છે જેમાં તે તદન્યવસ્તુક, ૩. વાદીએ કહેલ દૃષ્ટાંતના જેવું દૃષ્ટાંત ઉત્તર દેવા માટે કહેવાનું છે જેમાં તે પ્રતિનિભ અને ૪. જે ઉપન્યાસોપનયમાં પૂછનારનો હેતુ છે તે જ હેતુ ઉત્તરરૂપે કહેવાય છે તે હેતુ. (૫) હેતુ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. વાદીના કાળની યાપના–વિલંબ કરે છે તે યાપક, ૨. વાદીએ સ્થાપેલ હેતુના સદૃશ હેતુને જે સ્થાપે છે તે સ્થાપક, ૩. શબ્દના છળ વડે જે બીજાને વ્યામોહ (ભ્રમ) ઉત્પન્ન કરે છે તે વ્યંસક અને ૪. ધૂર્ત્ત વડે ગ્રહણ કરાયેલ વસ્તુને લૂંટી લે છે તે લૂસક. અથવા હેતુ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. પ્રત્યક્ષ–આત્મા વડે જણાય તે પારમાર્થિક પ્રત્યક્ષ અને ઈંદ્રિયાદિદ્વારા જણાય તે સાંવ્યવહારિક પ્રત્યક્ષ, ૨. હેતુના જોવારૂપ સંબંધથી વ્યાપ્તિના સ્મરણ પછી જે માન–જ્ઞાન થાય છે તે અનુમાન, જેમ ધૂમાડાને જોવાથી અગ્નિનું જ્ઞાન થાય છે, ૩. ઉપમા વડે સમાનપણાનું જે જ્ઞાન થવું અર્થાત્ બળદ જેવો રોઝ છે તે ઉપમાન, અને આપ્તપુરુષદ્વારા કહેવાયેલું વચન છે તે આગમ. અથવા હેતુ ચાર પ્રકારે કહેલ છે, તે આ પ્રમાણે—૧. ધૂમાદિ હેતુરૂપ વસ્તુ છે તો અગ્નિ વગેરે સાધ્ય વસ્તુ છે, તે અસ્તિત્વઅસ્તિત્વ હેતુ, ૨. જો અગ્નિ વગેરે વસ્તુ છે તો તેથી વિરુદ્ધ શીત વગેરે વસ્તુ નથી તે અસ્તિત્વનાસ્તિત્વ હેતુ, ૩. અગ્નિ વગેરે નથી માટે શીતકાળમાં ઠંડી વગેરે છે તે નાસ્તિત્વઅસ્તિત્વ હેતુ અને ૪. વૃક્ષત્વાદિ નથી તેથી શાખા વગેરે પણ નથી તે નાસ્તિત્વનાસ્તિત્વ હેતુ. ॥૩૩૮॥*

(ટી૦) પાંચ સૂત્રોની વ્યાખ્યામાં જે છતે દાર્ષ્ટાંતિક અર્થ જણાય છે તે જ્ઞાત–દૃષ્ટાંત, અહિં અધિકરણમાં 'क्त' પ્રત્યય કરવાથી 'જ્ઞાત' શબ્દ સિદ્ધ થાય છે. સાધન (હેતુ) ના સદ્ભાવમાં સાધ્યનો અવશ્ય સદ્ભાવ છે અથવા સાધ્યના અભાવમાં સાધનનો અવશ્ય અભાવ હોય છે. આ ઉપદર્શન લક્ષણ છે. કહ્યું છે કે—

**साध्येनानुगमो हेतोः साध्याभावे च नास्तिता । ख्याप्यते यत्र दृष्टान्तः स साधर्म्येतरो द्विधा ॥१९२॥**

**[प्रमाणसमु० ४।२ त्ति]**

સાધ્ય વડે હેતુનો બોધ થાય છે અને સાધ્યના અભાવમાં સાધનનો બોધ થતો નથી. જેમાં દૃષ્ટાંત કહેવાય છે તે સાધર્મ્ય અને વૈધર્મ્યરૂપ બે પ્રકારે છે. (૧૯૨)

સાધર્મ્ય દૃષ્ટાંત અહિં અગ્નિ છે, ધૂમથી જેમ મહાનસ–રસોડામાં અને વૈધર્મ્ય દૃષ્ટાંત તો અગ્નિનો અભાવ છતે ધૂમાડો હોતો નથી, જેમ જલાશયમાં અગ્નિ હોતો નથી. અથવા આખ્યાનક–કથાનકરૂપ દૃષ્ટાંત તે ચરિત્ર અને કલ્પિતના ભેદથી બે પ્રકારે છે, તેમાં ચારિત્ર આ પ્રમાણે–નિદાન (નિયાણું) દુઃખને માટે છે, બ્રહ્મદત્ત ચક્રવર્તીની જેમ. કલ્પિત આ પ્રમાણે—પ્રમાદવાળાઓને યૌવનાદિ અનિત્ય છે એમ બતાવવું, જેમ પાંડુ (ધોળા) પત્રે–પાંદડાએ કિશલય–કુમળાં પત્રોને કહ્યું, તે આ પ્રમાણે—

**जह तुब्भे तह अम्हे, तुब्भेवि य होहिहा जहा अम्हे । अप्पाहेइ पडंतं, पंडुयपत्तं किसलयाणं ॥१९३॥**

[उत्तरा० नि० ३०७ इति]

જેમ હમણાં તમે કિશલયભાવને અનુભવતા થકા ગર્વ કરો છો તેમ અમે પણ ભૂતકાળમાં તમારા જેવા હતાં. હમણાં અમે જેમ જીર્ણ–શુષ્કભાવને પ્રાપ્ત થયા છીએ તેમ તમે પણ ભવિષ્યમાં થશો–ઉક્તન્યાય વડે પડતા એવા પાંડુ (પાકી ગયેલા)

પત્રો કિશલયોને બોધ આપે છે. (૧૯૩)

અથવા ઉપમાન માત્ર દૃષ્ટાંત–કોમળ પત્રની જેમ સુકુમાર હાથ છે, ઇત્યાદિવત્ અથવા જ્ઞાત–ઉપપત્તિ માત્ર દૃષ્ટાંતનો હેતુ હોય છે. શા માટે યવ ખરીદો છો? મફત નથી મળતા માટે ખરીદીએ છીએ ઇત્યાદિ અનેક પ્રકારો છે, તો પણ સાધ્યને જણાવવારૂપ દૃષ્ટાંત, ઉપાધિના ભેદથી ચાર પ્રકારે સૂત્રકાર બતાવે છે–૧. 'આ' અભિવિધિ (વ્યાપ્તિ) વડે '**ह्रियते**' અપ્રતીત અર્થ જેના વડે પ્રતીતિમાં લઈ જવાય છે તે આહરણ, જેમાં સામુદાયિક જ દાર્ષ્ટાંતિક અર્થ લેવાય છે. જેમ પાપ દુઃખને માટે છે, બ્રહ્મદત્ત ચક્રીની માફક. તથા ૨. '**तस्य**'—આહરણના અર્થનો દેશ (વિભાગ) તે તદ્દેશ, ઉપચારથી તે દેશરૂપ આહરણ છે. પ્રાકૃતશૈલીથી 'આહરણ' શબ્દનો પૂર્વ નિપાત કર્યે છતે (મૂલમાં) આહરણતદ્દેશ છે. અહિં તાત્પર્ય એ છે કે–જ્યાં દૃષ્ટાંતરૂપ અર્થના દેશ વડે જ દાર્ષ્ટાંતિક અર્થનો ન્યાય મેળવાય છે તે તદ્દેશોદાહરણ છે. જેમ આ સ્ત્રીનું ચંદ્ર જેવું મુખ છે. અહિં ચંદ્રને વિષે સૌમ્યત્વ લક્ષણ વડે જ દેશથી મુખનો ન્યાય મેળવવો, પરંતુ નેત્ર તથા નાસિકાનું રહિતપણું તેમજ કલંકાદિરૂપ અનિષ્ટ વડે નહિં. ૩. તે આહરણ સંબંધી સાક્ષાત્ અથવા પ્રસંગથી પ્રાપ્ત થતો દોષ તે તદ્દોષ, તે આ પ્રમાણે–ધર્મને વિષે ધર્મીનો ઉપચાર કરવાથી તદોષઆહરણ છે. અહિં પ્રાકૃત શૈલીથી આહરણ શબ્દનો પૂર્વ નિપાત કરવાથી 'સૂત્રમાં' આહરણતદોષ પ્રયોગ થયેલ છે અથવા '**तस्य**' આહરણ સંબંધી દોષ છે જેમાં તે આહરણતદોષ, બીજું તેમજ જાણવું. અહિં ભાવાર્થ આ પ્રમાણે છે–સાધ્યનું વિકલપણું (અયોગ્યત્વ) વગરે દોષથી જ દુષ્ટ છે તે તદોષઆહારણ. જેમ ઘટની માફક અમૂર્તપણાથી શબ્દ નિત્ય છે. અહિં સાધ્ય અને સાધનની વિકલતા નામનો દૃષ્ટાંતદોષ છે. વળી જે અસભ્ય વગેરે વચનરૂપ છે તે પણ તદોષઆહરણ છે. જેમ હું સર્વથા અસત્યનો પરિહાર કરું છું–ગુરુના મસ્તકને કાપવાની માફક, અથવા સાધ્યની સિદ્ધિને કરતો થકો પણ અન્ય દોષને લાવે છે તે પણ તદોષાહરણ. જેમ કે–લૌકિક મુનિઓ સત્ય ધર્મને ઇચ્છે છે પણ—

**[1]वरं कूपशताद्वापी वरं वापीशतात् क्रतुः। वरं क्रतुशतात् पुत्रः सत्यं पुत्रशताद्वरम् ।।१९४।। [नारद० १।२१२ त्ति]**

સો કૂવાથી એક વાવડી સારી, સો વાવડીથી એક યજ્ઞ શ્રેષ્ઠ, સો યજ્ઞથી એક પુત્ર શ્રેષ્ઠ અને સો પુત્રથી એક સત્ય શ્રેષ્ઠ છે. (૧૯૪)

આ પ્રમાણે નારદની માફક બોલે છે. આવા વચન વડે શ્રોતાને પ્રાયઃ સંસારના કારણભૂત પુત્ર, યજ્ઞ વગેરેને વિષે ધર્મની પ્રતીતિ બતાવેલી છે તેથી આહરણતદોષતા છે. વળી જેમ કોઈ પણ બુદ્ધિમાન પુરુષ કહે કે–સન્નિવેશ રચના વિશેષવાળું હોવાથી ઘટની માફક આ જગત કરાયેલું છે અને તેના કર્તા ઈશ્વર છે. ઉક્ત વાક્ય વડે જે તે વિવક્ષિત ઈશ્વર બુદ્ધિમાન કુંભાર તુલ્ય અનીશ્વર પુરુષવિશેષ સિદ્ધ થાય છે. ૪. વાદીએ સ્વસમ્મત અર્થના સાધન માટે વસ્તુનો ઉપન્યાસ (સ્થાપન) કર્યે છતે તેના ખંડન માટે પ્રતિવાદીદ્વારા જે વિરુદ્ધ અર્થનો ઉપનય કરાય છે અથવા પૂર્વપક્ષના સ્થાપનમાં જે ઉત્તરરૂપ ઉપનય તે ઉપન્યાસોપનય કેવળ ઉત્તરરૂપ યુક્તિ માત્ર છતાં પણ દૃષ્ટાંતનો ભેદ છે; કારણ જ્ઞાત–દૃષ્ટાંતનો હેતુ હોય છે. જેમકે–[2]આત્મા અમૂર્તપણાથી આકાશની માફક અકર્તા છે, એમ કહ્યે છતે અન્ય કહે છે–આકાશની માફક આત્મા અભોક્તા પણ થશે અને અભોક્તૃત્વ (અભોક્તાપણું) તેમને પણ ઇષ્ટ નથી. વળી પ્રાણીનું અંગ હોવાથી ઓદન (ભાત) વગેરેની માફક [3]માંસનું ભક્ષણ દોષ રહિત છે. અહિં અન્ય કહે છે કે–ઓદન વગેરેની માફક સ્વ–પોતાના પુત્ર વગેરેનું માંસભક્ષણ પણ નિર્દોષ થશે. વળી ઋષભદેવ વગેરેની જેમ સંગ રહિત[4] મુનિઓ વસ્ત્ર અને પાત્ર વગેરેના સંગ્રહને કરતા નથી. અહિં કહે છે કે–કમંડલ વગેરે પણ તેઓ વસ્ત્રાદિની માફક ગ્રહણ કરતા નથી. શા માટે તું કાર્ય કરે છે? ધનની ઇચ્છાવાળો છું માટે. અહિં પહેલું આહરણ નામનું

---

1. **अश्वमेघसहस्रं च सत्यं च तुलया धृतम् । अश्वमेघसहस्रात्तु सत्यमेव विशिष्यते ।।२।२११।। वरं कूपशताद्..... ।।२।२१२।। इति नारद स्मृतौ ।।**
2. આ સાંખ્ય મત છે. તેઓ આત્માને કર્ત્તા માનતા નથી પણ ભોક્તા માને છે.
3. નિર્દય એવા પશુવધાદિને કરનાર વામમાર્ગી વગેરેનો મત છે. 4. આ દિગંબરનો મત છે. તેઓ વસ્ત્રપાત્રાદિ ઉપકરણને માનતા નથી.

જ્ઞાત સંપૂર્ણ સાધર્મ્યરૂપ છે, બીજું તદ્દેશાહરણ-દેશથી સાધર્મ્યરૂપ છે, ત્રીજું તદોષાહરણ (દોષ સહિત) છે અને ચોથું ઉપન્યાસોપનય પ્રતિવાદીના ઉત્તરરૂપ છે. આ પ્રમાણે ચાર પ્રકારના જ્ઞાતના સ્વરૂપનો વિભાગ છે. અહિં દેશથી સંવાદ ગાથા જણાવે છે—

**चरियं च कप्पियं वा, दुविहं तत्तो चउव्विहेक्केक्कं । आहरणे तद्देसे, तद्दोसे चेवुवन्नासे ॥१९५॥**

**[दशवै० नि० ५३ इति]**

ઉદાહરણ બે પ્રકારે છે—ચરિત્ર અને કલ્પિત. તે દરેકના ચાર ચાર ભેદ છે—૧. આહરણ, ૨. તદ્દેશ, ૩. તદ્દોષ અને ૪. ઉપન્યાસોપનય. (૧૯૫)

૧. **'अवाये'**—અપાય-અનર્થ, તે જે દૃષ્ટાંતમાં દ્રવ્યાદિને વિષે કહેવાય છે, તે આ પ્રમાણે—આ દ્રવ્યાદિ વિશેષોને વિષે વિવિક્ષિત દ્રવ્યાદિ વિશેષોની જેમ, અપાય-અનર્થ છે અથવા હેયતા (ત્યાગવું) જેમાં કહેવાય છે તે અપાય નામનું આહરણ છે, તે દ્રવ્યાદિ ભેદ વડે ચાર પ્રકારે છે. તેમાં દ્રવ્યથી અથવા દ્રવ્યને વિષે અપાય અથવા તેનું કારણ હોવાથી દ્રવ્ય જ અપાય તે દ્રવ્ય અપાય, એની હેયતાનો સાધક અથવા અપાય-અનર્થનો સાધક આહરણ પણ તેમજ કહેવાય છે. તેનો પ્રયોગ આ પ્રમાણે—દ્રવ્ય અપાય છોડવા યોગ્ય છે અથવા દ્રવ્યમાં અનર્થ વર્તે છે. આ સંબંધમાં દૃષ્ટાંત જણાવે છે-કોઈક બે વણિક ભાઈઓ પરદેશમાં જઈ, ધન મેળવીને પાછા વળતાં માર્ગમાં ધનની વાંસળીના લોભથી પરસ્પર મારવાની ઈચ્છાથી ક્રમશઃ પોતાના ગામ પાસે આવ્યા ત્યારે વિચાર્યું કે-આ દ્રવ્ય અનર્થનું કારણ છે તેથી પશ્ચાત્તાપપૂર્વક દ્રહમાં વાંસળી ફેંકી દીધી તે વાંસળી મત્સ્યે ગળી, તે મત્સ્યને ધીવરે પકડ્યો. બાદ તે ધીવર પાસેથી તે બન્ને ભાઈઓની બહેનો મત્સ્યને ખરીદી લાવી. પછી તેને શસ્ત્રથી વિદારતા તેમાંથી વાંસળી નીકળી. ત્યારે તેની માતાએ પૂછ્યું કે-આ શું છે? તેણીએ દ્રવ્યના લોભથી પોતાની માતાને શસ્ત્ર વડે મારી નાખી. તે અનર્થને જોઈને બન્ને ભાઈઓએ વૈરાગ્યથી [1]દીક્ષા લીધી. અપાયનો પરિહાર, દ્રવ્યના ત્યાગથી-પ્રવ્રજ્યા વડે થાય છે. દેશ વડે ઉપનયની વિવક્ષા ન કરવાથી આની આહરણતા ક્ષેત્રથી અથવા ક્ષેત્રમાં અથવા ક્ષેત્ર જ અપાય તે ક્ષેત્ર અપાય. શેષ સ્વરૂપ પૂર્વની માફક છે. આગળ પણ એમ જ જાણવું. તેનો પ્રયોગ આ પ્રમાણે—અપાયવાળું ક્ષેત્ર વર્જવું. જરાસંઘ નામના પ્રતિવાસુદેવના હેતુથી સંભાવિત અનર્થ જ્યાં છે એવી મથુરાનગરીને જેમ દશાર્હચક્ર-યાદવોએ છોડી, અથવા દુશ્મનના ક્ષેત્રમાં સર્પ સહિત ઘરની માફક અપાય સંભવે છે. અપાય સહિત-અનર્થવાળા કાળના ત્યાગમાં યત્ન કરે તે કાળઅપાય, તે આ પ્રમાણે—'બાર વર્ષ સુધીમાં દ્વૈપાયન દ્વારિકાને બાળશે' એમ શ્રી નેમિનાથ પ્રભુના વચન સાંભળીને બાર વર્ષલક્ષણ અપાય સહિત સમયને છોડવાની ઈચ્છાથી ઉત્તરાપથને વિષે ગયેલ દ્વૈપાયનની જેમ, અથવા રુદ્ર વગેરેની જેમ અપાય સહિત કાળ હોય છે. ભાવઅપાય આ પ્રમાણે-ભાવ અપાયને મહાન્ સર્પની જેમ છોડવું, અથવા નાગદત્ત ક્ષુલ્લકની માફક. તે દૃષ્ટાંત કહે છે-કોઈક તપસ્વી સાધુ, કોઈ ક્ષુલ્લક મુનિ સહિત પારણા માટે ભિક્ષા લેવાને ફરતા હતા તેવામાં કોઈક રીતે તેનાથી દેડકી મરી જવાથી ક્ષુલ્લક (લઘુ) મુનિએ પ્રાયશ્ચિત્તની પ્રેરણા કરી, પરંતુ તેનું વચન (તપસ્વીએ) સ્વીકાર્યું નહિં. ફરીથી આવશ્યકના સમયમાં શિષ્યે સંભારી આપ્યું. તેથી ક્રોધિત થઈને શિષ્યને મારવા માટે તે વેગથી દોડ્યો. વચ્ચમાં સ્તંભ સાથે અથડાવવાથી તે સાધુ મૃત્યુ પામીને જ્યોતિષ્કદેવમાં ઉત્પન્ન થયો. ત્યાંથી અનંતર ચ્યવીને જાતિસ્મરણજ્ઞાન સહિત દૃષ્ટિવિષ સર્પ થયો. તે સમયમાં કોઈક સર્પના દંશ વડે રાજાનો પુત્ર મરણ પામવાથી સર્પોની ઉપર કોપ પામેલ રાજાએ બધા સર્પોને મારવાનો આદેશ કરવાથી મારનારાઓ પૈકી કોઈક મારનાર મનુષ્યદ્વારા ઔષધિના બળથી આકર્ષાયેલ તે નાગ જ્ઞાનથી પૂર્વકૃત ક્રોધના પરિણામને જોઈને વિચાર્યું કે-મારી દૃષ્ટિના વિષથી મને મારનાર પુરુષનો નાશ ન થાઓ, આવી ભાવના વડે બિલમાંથી પૂંછડાના ભાગથી જેમ જેમ નીકળતો ગયો તેમ તેમ તેના ખંડ (કટકા) થતા ગયા તો પણ ક્રોધલક્ષણ ભાવ અપાયને છોડવા લાગ્યો. બાદ તે જ નાગ ત્યાંથી અનંતર ચ્યવીને રાજાના નાગદત્ત નામના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તે બાળપણામાં જ

1. આ કથા મુનિપતિચરિત્રમાં સુસ્થિત આચાર્યના સંબંધમાં છે, ત્યાંથી જાણી લેવી. દશ વૈકાલિક ટીકામાં પણ આ કથા છે.

દીક્ષા સ્વીકારીને અત્યંત વૈરાગ્યવાળો થયો પરંતુ (પૂર્વના) તિર્યંચભવના અભ્યાસથી અત્યંત ક્ષુધાવાળો થઈને, **સૂર્યોદયથી પ્રારંભી અસ્ત સમય પર્યંત ભોજન કરનાર થયો,** અને અસાધારણ ગુણોને મેળવવા વડે દેવતાઓદ્વારા વંદન કરાયો. આ જ કારણથી તે મુનિના ગચ્છની અંદર રહેલ માસોપવાસ વગેરે તપસ્યા કરનાર ચાર તપસ્વીઓની ઈર્ષ્યાના કારણભૂત થયો. (પછી તે સાધુએ) પોતાને માટે લાવેલ આહાર તે તપસ્વી ચાર મુનિઓને વિનયને માટે બતાવ્યો, પરંતુ મત્સરથી તે મુનિઓ તે આહારમાં થૂંક્યા. પછી તે મુનિ (તે થૂંકવાળો આહાર અમૃત તુલ્ય માનીને જમ્યા) અત્યંત ઉપશાંત ચિત્તવૃત્તિથી કેવળજ્ઞાન પામ્યો, નગરના દેવતાઓએ તેમને વંદન કર્યું. વળી તે ચારે તપસ્વીઓને પણ સંવેગનો હેતુ થવા વડે કેવલજ્ઞાનદર્શનરૂપ સમૃદ્ધિનો પ્રાપ્ત કરાવનાર અને કોપરૂપ ભાવ અપાયનો ત્યાગ કરાવનાર થયો[1]. અથવા કોપાદિ લક્ષણવાળો ભાવ અપાય ક્ષપક (તપસ્વી મુનિ) ની માફક થાય છે. અહિં આ સંબંધમાં બે ગાથા જણાવે છે—

**दव्वावाए दुन्नि उ, वाणियगा भायरो धणनिमित्तं । वहपरिणयमेक्कमिक्कं, दहंमि मच्छेण निव्वेओ ।।१९६।।**

દ્રવ્ય અપાયમાં બે ઉદાહરણ. બે ભાઈઓ ધન માટે એક બીજાને મારવા તૈયાર થયા. અને તે કૂંડમાંના મત્સ્ય વડે વૈરાગ્ય પામ્યા. (૧૯૬)

**खेत्तंमि अवक्कमणं, दसारवग्गस्स होइ अवरेणं । दीवायणो य काले, भावे मंडुक्कियाखमओ ।।१९७।।**

**[दशवै० नि० ५५।५६ त्ति]**

ક્ષેત્રથી અપાય અથવા ક્ષેત્ર જ પોતે તેનું કારણ, તેનું ઉદાહરણ. અપક્રમણ બીજે સ્થાને જવું, દશાવર્ગ, દશદશાર, કાળથી અપાય દ્વૈપાયન ઋષિનો અધિકાર, ભાવથી અપાય દેડકું મારનાર સાધુનું ઉદાહરણ તે ભાવ અપાય. (૧૯૭)

આ બન્ને ગાથાઓમાં જણાવેલ દૃષ્ટાંતો ઉપર કહેવાઈ ગયા છે.

'उवाए' त्ति० ઉપેય-કાર્ય પ્રત્યે પુરુષના વ્યાપારાદિ સામગ્રીરૂપ તે ઉપાય, તે દ્રવ્યાદિ ઉપેયમાં છે, એવી રીતે જે આહારણમાં કહેવાય છે તે ઉપાય આહરણ. જેમકે-આ સાધવા યોગ્ય દ્રવ્યાદિ વિશેષોને વિષે ઉપાય છે, વિવક્ષિત દ્રવ્યાદિ વિશેષની માફક અથવા દ્રવ્યની ઉપાદેયતા જેમાં કહેવાય છે તે આહરણઉપાય છે. તે પણ દ્રવ્યાદિ વડે ચાર પ્રકારે છે. તેમાં સુવર્ણાદિ દ્રવ્યનો, અથવા પ્રાસુક ઉદક વગેરેનો અથવા 'દ્રવ્ય' એ જ ઉપાય તે દ્રવ્યઉપાય. દ્રવ્યનું સાધન અથવા દ્રવ્યની ઉપાદેયતારૂપ સાધન પણ તેમજ કહેવાય છે. તેનો પ્રયોગ આ પ્રમાણે—સુવર્ણ વગેરેમાં ઉપાય છે અથવા ઉપાય વડે જ સુવર્ણાદિ મેળવવામાં પ્રવર્ત્તવાયોગ્ય છે, તેવા પ્રકારના ધાતુવાદ સિદ્ધપુરુષ વગેરેની માફક. એમ ક્ષેત્રોપાય-ક્ષેત્રમાં પરીકર્મ (સંસ્કાર) વડે ઉપાય. જેમ આ ક્ષેત્રનો ક્ષેત્રીકરણરૂપ ઉપાય હળ વગેરે છે અથવા તથાવિધ સાધુના વ્યાપાર વડે તથાવિધ અન્ય ક્ષેત્રની માફક પ્રવર્ત્તવું. એમ કાળઉપાય-કાળના જ્ઞાનનો ઉપાય. જેમ કાળના જ્ઞાનમાં ધાન્ય વગેરેની જેમ ઉપાય છે, અથવા ઘટિકા (ઘડી) ની છાયા વગેરે ઉપાય વડે તું કાળને જાણ; તથાભૂત ગણિતને જાણનારની માફક. એમ ભાવોપાય-જે ભાવને જાણવામાં ઉપાય છે અથવા ઉપાયથી તું ભાવને જાણ. મોટી કુમારિકાની કથા કહેવા વડે જાણેલ છે ચોર વગેરેનો ભાવ જેણે એવા અભયકુમારની માફક. તે કથા આ પ્રમાણે—રાજગૃહનગરના સ્વામી શ્રેણિકારાજાનો અભયકુમાર નામનો પુત્ર છે. તે રાજાને દેવના પ્રસાદ વડે સર્વ ઋતુ સંબંધી ફળાદિથી સમૃદ્ધ આરામ (બગીચો) મળેલ છે. ત્યાર બાદ અકાળે ઉત્પન્ન થયેલ આમ્રફલ-ભક્ષણના દોહદવાળી પોતાની સ્ત્રીનો દોહદ પૂર્ણ કરવા માટે કોઈએક ચાંડાલ ચોરે તે બગીચામાંથી આમ્રફળોનું અપહરણ કર્યે છતે તે ચોરને જાણવા માટે નાટક જોવાના નિમિત્તે એકઠા થયેલા ઘણા મનુષ્યોના મધ્યમાં અભયકુમારે બૃહત્કુમારિકાની કથા કહી, તે આ પ્રમાણે કોઈક મોટી કુમારિકા ઈચ્છિત પતિના લાભને અર્થે કામદેવની પૂજા કરવા સારું કોઈકના બગીચામાંથી પુષ્પોને ચોરતી થકી બગીચાના માળીએ પકડી. તેણીએ સત્ય હકીકત કહી એટલે 'પરણીને પતિના

1. આ કથા ઉપદેશપ્રાસાદના પ્રથમ ભાગમાં છે. મુનિ કૂરગડુ નામથી પ્રસિદ્ધિને પામેલ છે, કેમ કે તે નિરંતર એક ગડુક પ્રમાણ આહાર કરતા હતા.

સમાગમ સિવાય તારે મારી પાસે આવવું' એમ કબૂલાત કરાવીને માળીએ છોડી. ત્યાર બાદ ક્યારેક તે પરણી છતી, પતિને પૂછીને રાત્રિએ માળી પાસે જતી હતી તેવામાં ક્રમશઃ ચોર[1] અને રાક્ષસે પકડી. તેણીએ સત્ય વૃત્તાંત કહ્યે છતે 'જ્યારે તું પાછી વળે ત્યારે અમારી પાસે આવજે' એમ નક્કી (કોલ) કરીને તેઓએ છોડી. પછી તે બગીચામાં ગઈ. માળીએ 'આ સ્ત્રી સત્ય પ્રતિજ્ઞાવાળી છે' એમ જાણીને અખંડિત શીલ સહિત તેણીને વિદાય કરી. તેમજ ચોર અને રાક્ષસે પણ વિદાય કરી. ત્યાર બાદ પતિ પાસે આવી.'' આ પ્રમાણે કથા કહીને 'અહો લોકો! પતિ, માળી, ચોર અને રાક્ષસમાંથી દુષ્કર કામ કરનાર કોણ?' એમ અભયકુમારે પૂછ્યું, ત્યારે ઈર્ષ્યાળુ[2] વગેરે લોકોએ પતિ, માળી અને રાક્ષસને દુષ્કર કામ કરનાર તરીકે જણાવ્યા પરંતુ ચાંડાલ ચોરે, 'ચોર દુષ્કરકારક છે' એમ કહ્યું, તેથી અભયકુમારે પણ આ ઉપાય વડે ભાવને ઓળખીને તેજ ચોર છે એમ નક્કી કરીને ચોરને બંધાવી લીધો. આ સંબંધમાં બે ગાથા દર્શાવે છે—

**एमेव चउविगप्पो, होइ उवाओवि तत्थ दव्वम्मि । धाउव्वाओ पढमो, णंगलकुलिएहिं खेत्तं तु ।।१९८।।**

**कालोवि नालियाईहिं, होइ भावम्मि पंडिओ अभओ । चोरस्स कए णट्टिय, वड्डकुमारिं परिकहिंसु ।।१९९।।**

**[दशवै० नि० ६१।६२ त्ति]**

એ પ્રમાણે (અપાયની જેમ) ચાર પ્રકારે ઉપાય છે. ત્યાં દ્રવ્ય ઉપાયમાં ધાતુવાદનું ઉદાહરણ, ક્ષેત્ર ઉપાયમાં લાંગલ અને કોદાળી, કાળ ઉપાયમાં નાળિકા (ઘડીયાલ) સમય જાણવા અને ભાવ ઉપાયમાં અભયકુમારે વૃદ્ધાકુમારીની કથા કહીને ચોરને પકડ્યો. (૧૯૮-૧૯૯)

૩. 'ठवणाकम्मे' त्ति० સ્થાપવું તે સ્થાપના, તેનું કર્મ તે સ્થાપનાકર્મ. જે દૃષ્ટાંતદ્વારા પરમતને દૂષિત કરીને સ્વમતની સ્થાપના કરાય છે તે સ્થાપનાકર્મ. દ્વિતીય (બીજા) અંગમાં બીજા શ્રુતસ્કંધને વિષે પુંડરીક નામનું પહેલું અધ્યયન છે તેમાં કહેલું છે કે-કોઈક બહુલ કાદવ અને જળવાળી પુષ્કરણી છે, તેના મધ્યભાગમાં રહેલ મહાપુંડરીક કમળને લેવા માટે ચાર દિશાએથી ચાર પુરુષો કાદવવાળા માર્ગો વડે પ્રવેશ કરવા માટે તૈયાર થયા પરંતુ તેઓ કમળને મેળવ્યા સિવાય કર્દમમાં ખૂંચી ગયા. અન્ય પુરુષ તો કાંઠા ઉપર રહ્યો થકો તેમજ કર્દમને સ્પર્શ્યા સિવાય જ અમોઘવચન વડે પુંડરીકને મેળવતો હતો. આ દૃષ્ટાંત છે, અહિં ઉપનય આ પ્રમાણે-કર્દમના સ્થાન જેવા વિષયો, પુંડરીક સમાન રાજાદિ ભવ્ય પુરુષ, ચાર પુરુષો સમાન પરતીર્થિકો, પંચમ પુરુષ સમાન સાધુ, અમોઘ વચન સમાન ધર્મદેશના અને પુષ્કરણી સમાન સંસાર, તેનાથી ઉદ્ધાર સમાન નિર્વાણ છે. આ દૃષ્ટાંતને વિષે વિષયની અભિલાષાવાળા અન્યતીર્થિકોને સંસારથી તારકપણું નથી અને સાધુને તો તેથી વિપરીત છે. અર્થાત્ ભવ્યના તારક છે. આ પ્રમાણે કહેતાં આચાર્યે પરમતના દૂષણ વડે સ્વમતનું સ્થાપન કર્યું. આ દૃષ્ટાંતે સ્થાપનાકર્મ થાય છે. અથવા પ્રાપ્ત થયેલ દૂષણને દૂર કરીને પોતાના અભિપ્રાયની સ્થાપના કરવી, આવા પ્રકારના અર્થની પ્રાપ્તિ જેનાથી થાય તે સ્થાપનાકર્મ. કોઈક માળીએ રાજમાર્ગમાં વડીનીત કરવારૂપ અપરાધને દૂર કરવા માટે તે સ્થાનને વિષે પુષ્પોનો પુંજ કરવાથી 'આ શું છે?' એમ પૂછનારા લોકોને 'આ હિંગુશિવ દેવ છે' એમ બોલતા થકા તે માળીએ વ્યંતરના આયતનની સ્થાપના કરી. આ આખ્યાનથી અવશ્ય ઉક્ત અર્થ નિશ્ચિત થાય છે માટે આ સ્થાપનાકર્મ છે. તથા નિત્યાનિત્ય વસ્તુ છે એમ જિનમત કહે છે માટે અસંગત છે કારણ કે વિરુદ્ધ ધર્મનો અધ્યાસ છે, આ પ્રમાણે વાદીએ આપેલ દૂષણને દૂર કરવા માટે કહેવાય છે કે-વિરુદ્ધ ધર્માધ્યાસ વિકલ્પની જેમ ભેદનું કારણ નથી. વિકલ્પ જ ક્રમ વડે થનાર વર્ણ(અક્ષર)નો ઉલ્લેખ-કથન કરનાર વિરુદ્ધ ધર્મ સહિત હોય છે. કથંચિત્ એક નહિં થાય એમ નહિં અર્થાત્ એક થાય. ખંડથી અલગ કરેલ અક્ષર સંબંધી સ્વરૂપના લાભનો અભાવ થવાથી અર્થાત્ કોઈપણ શબ્દના દરેક અક્ષરોને જુદા પાડવાથી મુખ્ય અર્થનો અભાવ થાય, પ્રવૃત્તિ અને નિવૃત્તિને વિષે અકારણતા થાય, આ પ્રમાણે અસમંજસ થાય. વિરુદ્ધ ધર્માધ્યાસનું કથંચિત્ અભેદપણું છતે કેવળ નિત્યાનિત્ય થતું નથી. આ

1. વસ્ત્રાભૂષણ વડે અલંકૃત હોવાથી લૂંટવા માટે ચોરે પકડી અને રાક્ષસે ભક્ષણ કરવા પકડી.

2. ઇર્ષ્યાળુએ પતિને દુષ્કર કરનાર કહ્યો, કામાતુર લોકોએ માળીને અને ક્ષુધાતુર જનોએ રાક્ષસને દુષ્કરકારક જણાવ્યો.

દૂષણ દૂર કર્યું એટલું જ નહિ પરંતુ સર્વ વસ્તુ અનેકાંતાત્મક છે એમ વિકલ્પજ્ઞાત વડે સ્વમતસ્થાપન કર્યું. સ્વમતની સ્થાપના વડે વિકલ્પજ્ઞાત, સ્થાપનાકર્મ છે. અત્ર નિર્યુક્તિની ગાથાઓ જણાવે છે—

**ठवणाकम्मं एक्कं (अभेदमित्यर्थः), दिट्ठंतो तत्थ पुंडरीयं तु । अहवावि सन्नढक्कण, हिंगुसिवकयं उदाहरणं ।।२००।।**
**[दशवै० नि० ६७ त्ति]**

સ્થાપના કર્મ એક ત્યાં દૃષ્ટાંત પૌંડરીકનું અથવા ફળ ઢાંકીને હિંગુશીવ દેવ કરનારનું ઉદહારણ. જે સવ્યભિચાર–દોષ સહિત હેતુ સહસા–તત્કાલ સ્વયં સ્થાપન કરેલ છે તેના સમર્થન માટે જે દૃષ્ટાંત ફરીથી સ્થપાય છે તે સ્થાપનાકર્મ. કહ્યું છે કે–

**सव्वभिचारं हेउं, सहसा वोत्तुं तमेव अन्नेहिं । उववूहइ सप्पसरं, सामत्थं चऽप्पणो णाउं ।।२०१।।**
**[दशवै० नि० ६८ त्ति]**

સવ્યભિચાર હેતુને તત્કાલ કહીને તે જ હેતુને પોતાનું પ્રસંગ સહિત સામર્થ્ય જાણીને અન્ય હેતુઓ વડે પુષ્ટ કરે.

તે આ પ્રમાણે—શબ્દ કૃતકત્વ (કરેલ) હોવાથી અનિત્ય છે. પ્રતિપક્ષી–વર્ણાત્મક શબ્દને વિષે કૃતકત્વ વિદ્યમાન નથી, કેમ કે વર્ણો (અક્ષરો) ને નિત્યપણાએ કહેલ છે. કૃતકત્વ હેતુ વ્યભિચારી (સદોષ) છે. પૂર્વપક્ષી ફરીથી કહે છે–વર્ણાત્મક શબ્દ કૃતકત્વ (કરાયેલ) છે, પોતાના કારણ (તાલ્વાદિ સ્થાન) ના ભેદ વડે ઘટ–પટની જેમ ભિદ્યમાન (ભિન્નપણું) હોય છે. ઘટાદિના દૃષ્ટાંત વડે જ વર્ણોનું કૃતકત્વ સ્થાપન કર્યું માટે સ્થાપનાકર્મ થાય છે. 'पडुप्पन्नविणासि' त्ति० તત્કાલ ઉત્પન્ન થયેલ વસ્તુનો વિનાશ. જે દૃષ્ટાંતમાં–કથનપણાએ છે તે પ્રત્યુત્પન્નવિનાશી આહરણ. જેમ કોઈક[1] નગરમાં એક વાણીયો વસે છે. તેને ઘણી પુત્રી, બહેનો વગેરે સ્ત્રીઓનો પરિવાર છે. તેના ઘરની પાસે રાજગાંધર્વો (ગવૈયાઓ) દિવસમાં ત્રણ વાર સંગીત કરે છે, તેથી વણિકના ઘરની તમામ સ્ત્રીઓ તે સંગીતના શબ્દને વિષે અને ગાંધર્વોને વિષે આસક્ત થવાથી કંઈપણ ઘરનું કામ કરતી નથી. આ જોઈને તે વાણીયાએ વિચાર્યું કે–આ સ્ત્રીઓ બધી ભ્રષ્ટ થયેલ છે માટે હવે એવો ઉપાય કરું કે જેથી ભવિષ્યમાં ન બગડે. એમ વિચારીને તે સ્ત્રીઓના શીલની રક્ષાને માટે પોતાના ઘરમાં કુલદેવતાનું દેહરું કરાવ્યું અને જ્યારે ગાંધર્વો નાટક કરે ત્યારે તે વાણીયો પોતાના કરેલા દેહરામાં વાજા વગાડવા લાગ્યો. તેને લઈને તે ગાંધર્વોને વિઘ્ન થવાથી તેઓએ રાજાને નિવેદન કર્યું. રાજાએ વણિકને તેડાવીને પૂછ્યું કે–તું કેમ વિઘ્ન કરે છે? ત્યારે તેણે કહ્યું કે–મારા ઘરમાં કુલદેવતા છે તેની આગળ હું વાજા વગડાવું છું. ત્યારે રાજાએ ગાંધર્વોને કહ્યું કે–એમાં શેઠનો વાંક નથી. તમને જો વિઘ્ન થતું હોય તો બીજે સ્થળે ગાયન કરો; કારણ કે દેવની ભક્તિમાં અંતરાય કરાય નહિં. આવી રીતે વાણીયાએ પ્રત્યુત્પન્નદોષનો વિનાશ કરીને પરિવારના શીલનું રક્ષણ કર્યું. એવી રીતે ગુરુએ શિષ્યોને કોઈક વસ્તુમાં આસક્ત થયેલ જોઈને તેઓની આસક્તિનું નિમિત્તપણું નાશ કરવા યોગ્ય છે. આ પ્રમાણે પ્રત્યુત્પન્નવિનાશનીયતા જણાવનાર હોવાથી પ્રત્યુત્પન્નવિનાશીરૂપ જ્ઞાતતા ગાંધર્વિક આખ્યાન સંબંધી જાણવા યોગ્ય છે. કહ્યું છે કે—

**होति पडुप्पन्नविणासणंमि गंधव्विया उदाहरणं । सीसोवि कत्थइ जई, अज्झोवज्जेज्ज तो गुरुणा ।।२०२।।**
**[दशवै० नि० ६९ त्ति]**

ગુરુએ શિષ્યોને કોઈક પદાર્થમાં આસક્ત જોઈને પ્રત્યુત્પન્ન વિનાશનીયતાની જેમ ગાંધર્વિકાના ઉદાહરણની જેમ બચાવવા. (૨૦૨)

**'वारेयव्वो उवाएणं'** [दशवै० नि० ७० त्ति] ઉપાય વડે ગુરુએ, શિષ્યને આસક્તિથી વારવા યોગ્ય છે અથવા આત્મા આકાશની જેમ અમૂર્ત્તપણાથી અકર્ત્તા છે. આવી રીતે આત્માને અકર્તૃત્વની પ્રાપ્તિરૂપ દૂષણ ઉત્પન્ન થયે છતે તેના વિનાશને માટે કહેવાય છે–આત્મા કથંચિત્ મૂર્ત્તપણાથી દેવદત્તની માફક કર્ત્તા જ છે. આહરણતા અને તેના ભેદોનું દેશ વડે અને

1. આ દૃષ્ટાંત ટીકામાં સંક્ષિપ્ત હોવાથી ગાથાવૃત્તિનો ભાવાર્થ લઈને કંઈક વિસ્તારથી લખેલ છે.

દોષવત્ત્વપણાએ ઉપનયન્યાયના જ ભાવથી આહારણનું વ્યાખ્યાન કર્યું. ૨. હવે આહરણતદ્દેશ કહેવાય છે, તે ચાર પ્રકારે છે- ૧. અનુશાસન તે અનુશાસ્તિ અર્થાત્ સદ્ગુણોના ઉત્કીર્તન વડે પ્રશંસા કરવા યોગ્ય છે, આ પ્રકારે જેમાં ઉપદેશાય છે તે અનુશાસ્તિ. જેમ ગુણવાન્ પુરુષો પ્રશંસા કરવા યોગ્ય હોય છે. જેમકે-સાધુના નેત્રમાં પડેલ રજકણને દૂર કરવા વડે લોકો દ્વારા શીલમાં શંકા થવાથી તે કલંકને પ્રક્ષાલન-દૂર કરવા માટે આરાધના કરાયેલ દેવ વડે સહાયવાળી, ચાલણી વડે ભરેલ પાણીને છાંટવાથી ઉઘાડેલ છે ચંપાપુરીના ત્રણ દરવાજા જેણીએ એવી તે સુભદ્રા, 'અહો શીલવતી' એમ મહાજન લોક વડે પ્રશંસાયેલી છે. કહ્યું છે કે—

**आहारणं तद्देसे, चउहा अणुसट्ठि तह उवालंभो । पुच्छा निस्सावयणं, होइ सुभद्दाऽणुसट्ठीए ॥२०३॥**

**[दशवै० नि० ७३ त्ति]**

૧. અનુશાસ્તિ, ૨. ઉપાલંભ, ૩. પૃચ્છા અને ૪. નિશ્રાવચન-આ ચાર પ્રકારે આહારણતદ્દેશ છે. અનુશાસ્તિ (પ્રશંસા) માં સુભદ્રાનું દૃષ્ટાંત છે. (૨૦૩)

**साहुक्कारपुरोगं, जह सा अणुसासिया पुरजणेणं । वेयावच्चाईसु वि, एव जयंतेववूहेज्जा ॥२०४॥**

**[दशवै० नि० ७४ त्ति]**

જેમ નગરવાસી જનોએ 'સારું કર્યું' એમ સુભદ્રાની પ્રશંસા કરી તેમ વૈયાવચ્ચ વગેરે કાર્યોમાં પ્રયત્ન કરનારાઓની પણ સ્તુતિ વડે પરિણામની વૃદ્ધિ કરે. (૨૦૪)

અહિં તથાપ્રકારે વૈયાવૃત્ત્ય કરવું ઇત્યાદિ વડે ઉપનય સંભવે છે, પરંતુ તેના ત્યાગ વડે મહાજનદ્વારા કરાયેલી પ્રશંસા માત્રથી જ ઉપનય કરેલ છે માટે આહરણતદ્દેશતા છે. એમ જ આગળ પણ અસમ્મત અંશ (વિભાગ) ના ત્યાગથી સમ્મત અંશનું ઉપનયન ભાવવું. ૨. ઓલંભો દેવો તે ઉપાલંભ, પ્રકારાંત વડે અનુશાસન (શિખામણ) જ છે. તે જેમાં કહેવાય છે તે ઉપાલંભઆહરણતદ્દેશ છે. જેમ-કોઈક અપરાધવાળા શિષ્યો ઉપાલંભ આપવા યોગ્ય છે, તે આ પ્રમાણે—શ્રી મહાવીરસ્વામીના સમવસરણમાં વિમાન સહિત આવેલ ચંદ્ર અને સૂર્યના પ્રકાશ વડે કાળના વિભાગને નહિ જાણતી મૃગાવતી નામની સાધ્વી ત્યાં રહી. બાદ ચંદ્ર તથા સૂર્ય ગયે છતે આ અતિકાળ-રાત્રિનો સમય છે એમ ભ્રાંતિવાળી થઈ થકી તે મૃગાવતી સાધ્વીઓ સાથે આર્યા ચંદનાની પાસે ગઈ ત્યારે તેણીએ ઉપાલંભ આપ્યો કે-ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી તમારા જેવીઓને રાત્રિએ બહાર રહેવું તે અયુક્ત છે. ૩. પૃચ્છા-શું? કેવી રીતે? કોણે કર્યું? ઇત્યાદિ પ્રશ્નરૂપ. જેમાં વિધેયપણાએ ઉપદેશાય છે તે પૃચ્છા. નિર્ણય કરવાના ઇચ્છકોદ્વારા જ્ઞાની પુરુષો પૂછવા યોગ્ય છે, જેવી રીતે કોણિક રાજાએ ભગવાનને પૂછ્યું હતું. તે સંબંધ કહે છે કે- શ્રેણિક નૃપનો પુત્ર કોણિક શ્રમણભગવાન્ મહાવીરને પૂછતો હતો, તે આ પ્રમાણે-ભદંત! કામભોગને છોડ્યા સિવાય ચક્રવર્તીઓ મરીને ક્યાં ઉત્પન્ન થાય છે? ભગવાને કહ્યું કે-સાતમી નરકભૂમિને વિષે. ત્યારે કોણિક બોલ્યો કે-હું ક્યાં ઉત્પન્ન થઈશ? સ્વામીએ કહ્યું કે-છઠ્ઠી નરકમાં. કોણિક બોલ્યો કે-હું સાતમીમાં કેમ નહિં? સ્વામીએ કહ્યું કે-સાતમીમાં ચક્રવર્તીઓ જાય છે. ત્યારે તે બોલ્યો કે-શું હું ચક્રવર્તી નથી? મારે પણ હસ્તિ વગેરે ચક્રવર્તી સમાન રત્નો છે. સ્વામીએ કહ્યું કે-તારી પાસે બીજાં રત્નો અને નિધાનો નથી. ત્યારે કૃત્રિમ રત્નો બનાવીને ભરતક્ષેત્ર સાધવાને પ્રવૃત્ત થયેલ તે કોણિક, કૃતમાલ નામના યક્ષ વડે તમિસ્રા ગુફાના દ્વાર પાસે મરાયો અને છઠ્ઠી નરકમાં ગયો. ૪. '**निस्सावयणे**' त्ति० નિશ્રા વડે જે વચન તે નિશ્રાવચન. કોઈ પણ સુશિષ્યને અવલંબીને બીજાને બોધ કરવા માટે જે વચન તે નિશ્રાવચન છે. તે જેમાં વિધેયપણાએ કહેવાય છે તે આહારણનિશ્રાવચન છે. વિનયસંપન્ન અન્ય શિષ્યને અવલંબીને નહિં સહન કરનાર શિષ્યો પ્રત્યે કિંચિત્ કહે. જેમ ગૌતમસ્વામીને આશ્રયીને ભગવાને કહેલ છે તેમ. તે આ પ્રમાણે-દીક્ષિત તાપસાદિને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયે છતે અને પોતાને કેવળજ્ઞાનની ઉત્પત્તિ ન થવાથી અધૈર્યવાળા ગૌતમને (ભગવાને કહ્યું કે) ગૌતમ! તું ઘણા કાળથી (સ્નેહ વડે) સંશ્લિષ્ટ (જોડાએલો) છે, ચિરકાળનો પરિચિત છે, તું અધૈર્ય ન કર ઇત્યાદિ વચનના સમૂહ વડે અનુશાસન કરનાર ભગવનદ્વારા બીજાઓ પણ

અનુશાસન કરાયા. વળી તેમના બોધ માટે [1]દ્રુમપત્રક નામનું અધ્યયન કહેલ છે. કહ્યું છે કે-''पुच्छाए कोणिए खलु, निस्सावयणंमि गोयमस्सामि''[दशवै० नि० ७८ त्ति] પૂછવામાં કોણિક રાજાનું અને નિશ્રાવચનમાં શ્રીગૌતમસ્વામીનું ઉદાહરણ છે. ત્રીજું તદ્દેશોદાહરણ વ્યાખ્યાન કરાયું, હવે તદ્દોષઉદાહરણનું વ્યાખ્યાન કરાય છે-તે ચાર પ્રકારે છે. ૧. 'अहम्मजुत्ते' त्ति० કોઈક અર્થને સાધવા માટે જે ઉદાહરણ કેવળ પાપના કથનરૂપ કહેવાય છે, જેના કહેવાથી પ્રતિપાદ્ય-શ્રોતાને અધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય છે તે અધર્મયુક્ત ઉદાહરણ. તે આ પ્રમાણે-નલદામકોલિકની જેમ ઉપાય વડે કાર્યોને કરવાં. તેની કથા કહે છે-સ્વપુત્રને કરડનાર મંકોડાની શોધ કરવાથી જોયેલ બિલમાં રહેલા બધાય મંકોડાઓને મારવા માટે ઉષ્ણ પાણી રેડવાનું કાર્ય જોઈને ખુશ થયેલ ચાણક્યે તે મંકોડા મારનાર નલદામકોલિકને કોટવાલનું પદ આપ્યું. તેણે ચોરીના કાર્યમાં સહકારી થવારૂપ-મદદગાર બનવારૂપ ઉપાય વડે વિશ્વાસ ઉપજાવીને સાથે મળેલા ચોરોને વિષમિશ્રિત ભોજન ખવરાવી બધાને મારી નાખ્યા. આ આહરણતદ્દોષતા અર્થાત્ દૃષ્ટાંતની દોષતા. આ દૃષ્ટાંત અધર્મયુક્ત અને તેવા પ્રકારના શ્રોતાને અધર્મની બુદ્ધિનું ઉત્પન્ન કરાવનારું છે. સાધુપુરુષે આવા પ્રકારનું ઉદાહરણ આપવા યોગ્ય નથી. ૨. 'पडिलोमे' त्ति० જેમાં પ્રતિકૂલ પ્રત્યે પ્રતિકૂલપણું ઉપદેશાય છે. 'यथा शठं प्रति शठत्वं कुर्यात्' જેમ શઠ પ્રત્યે શઠતા કરવી; જેમ કે ચંડપ્રદ્યોતનું અપહરણ કરવા માટે તેના વડે અપહરણ કરાયેલ અભયકુમારે તેની સાથે શઠતા કરી હતી. શ્રોતાને અન્યનો અપકાર કરવામાં નિપુણબુદ્ધિને ઉત્પન્ન કરનાર હોવાથી આ દૃષ્ટાંતને તદ્દોષતા છે. અથવા ધૃષ્ટ-ધીઠા પ્રતિવાદીએ જીવ અને અજીવ આ બે રાશિ જ છે એમ કહ્યે છતે તેનું ખંડન કરવા માટે કોઈક કહે છે-ગરોળી વગેરેના કપાયલા પૂંછડાની જેમ નોજીવ નામની ત્રીજી રાશિ પણ છે. આ વિપરીત સિદ્ધાંતના કથનથી આ દૃષ્ટાંતને પણ તદ્દોષતા છે. ૩. 'अत्तोवणीए' त्ति० પોતે જ સ્થાપન થયેલ. જેમ નિવેદન કરેલ તેમ સ્વયં જોડાયેલ છે જેને વિષે તે આત્મોપનીત. જે દૃષ્ટાંત અન્યમતને દૂષણ આપવા માટે સ્વીકારેલ તે દૃષ્ટાંતદ્વારા પોતાના મતને દુષ્ટપણાએ લઈ જાય છે. જેમ પિંગલે જે કહ્યું તે પોતાના દોષને માટે થયું. તેની કથા કહે છે-તળાવ અભેદ કેમ થશે? એમ રાજાએ પૂછ્યું ત્યારે પિંગલ નામનો સ્થપતિ (કારીગર) બોલ્યો કે-ભેદના સ્થાનમાં કપિલાદિ ગુણવાળો પુરુષ ભૂમિમાં દાટ્યે છતે અભેદ થશે. પ્રધાને તો તેવા ગુણો પિંગલમાં હોવાથી તેને જ તળાવમાં નખાવ્યો. એમ પોતાના વચનદોષથી પોતે જ જોડાયો. આ પ્રમાણે પણ આત્મોપનીત છે. અહિં ઉદાહરણ કહે છે-જેમ 'સર્વે જીવોને હણવા નહિં' આ પક્ષને દૂષણ આપવા માટે કોઈક કહે છે-જેમ વિષ્ણુએ દૈત્યોને હણ્યા છે તેમ અન્ય ધર્મમાં રહેલાઓને હણવા. આવી રીતે કહેવા વડે વાદીએ ધર્માંતરમાં રહેલા પુરુષોને સ્વ આત્મા હણવા યોગ્યપણાએ સ્થાપન કર્યો. આ દૃષ્ટાંતની તદ્દોષતા તો પ્રસિદ્ધ છે. ૪. 'दुरुवणीए' त्ति० દુષ્ટઉપનીત-નિશ્ચિત રૂપ યોજેલું છે જેને વિષે તે દુરુપનીત-દુષ્ટ રીતે કહેલ-પરિવ્રાજકના વાક્યની જેમ, તે આ પ્રમાણે—[જાળ વડે વ્યગ્ર હાથવાળો કોઈક પરિવ્રાજક મત્સ્યને પકડવા માટે ચાલ્યો. કોઈક ધૂર્ત્ત તેને કંઈક કહ્યું અને તેનો તેણે અસંગત ઉત્તર આપ્યો] આ પ્રસંગમાં-

कन्थाऽऽचार्याऽघना ते ननु शफरिवधे जालमश्नासि मत्स्यान्? ते मे मद्योपदंशाः पिबसि ननु? युतो वेश्यया, यासि वेश्याम्? । दत्त्वाऽरीणां गलेऽह्रीं क्व नु तव रिपवो? येषु सन्धिं छिनद्मि चौरस्त्वम्? द्यूतहेतोः कितव इति कथम्? येन दासीसुतोऽस्मि ॥

આ શ્લોકનો અર્થ છે કે-હે આચાર્ય-ભિક્ષુ! આ તારી જીર્ણ કંથા કેમ છે? તેણે કહ્યું મત્સ્યના વધ માટે જાળ છે. ધૂર્ત્તે પૂછ્યું-શું તું મત્સ્યોને ખાય છે? તેણે કહ્યું-હું દારુ સાથે માંસ ખાઉં છું? ફરી ધૂર્ત્તે પૂછ્યું-શું તું દારુ પીએ છે? તેણે કહ્યું-વેશ્યાની સાથે પીઉં છું. ધૂર્ત્તે ફરી પૂછ્યું-શું તું વેશ્યાને ઘેર જાય છે? હા. દુશ્મનોની ગરદન ઉપર પગ દઈને જાઉં છું. ધૂર્ત્તે કહ્યું-શું તારે શત્રુઓ છે? તેણે કહ્યું-હા હું ચોરી કરું છું માટે શત્રુઓ છે. ધૂર્ત્તે ફરી પૂછ્યું-શું તું ચોર છો? તેણે જવાબ આપ્યો-દ્યૂત-જુગાર ખેલવાને માટે. ધૂર્ત્તે પુનઃ પૂછ્યું-શું તું જુગારી છે? ભિક્ષુએ કહ્યું-જે કારણથી હું દાસીપુત્ર છું તેથી જુગાર ખેલું છું.

1. ઉત્તરાધ્યયન સૂત્રનું દશમું અધ્યયન.

આ પ્રમાણે પ્રકૃત સાધ્યમાં અનુપયોગી અથવા પોતાના મતમાં દૂષણ લાવનારું દૃષ્ટાંત તે દાષ્ટાન્તિકની સાથે સાધર્મ્યના અભાવથી દુરુપનીત છે. જેમ ઘટની માફક શબ્દ નિત્ય છે, અહિં ઘટમાં નિત્યત્વ નથી જ, માટે ઘટના સાધર્મ્યથી શબ્દનું નિત્યપણું ક્યાંથી સિદ્ધ થાય? પરંતુ ઘટના અનિત્યપણાથી તેના સાધર્મ્યપણાને લઈને શબ્દનું અનિત્યપણું તેમને અમાન્ય છતાં પણ સિદ્ધ થાય છે. આ દૃષ્ટાંત સાધ્યમાં અનુપયોગી છે. વળી સંતાન-ક્ષણપરંપરાનો નાશ તે દીપકની માફક મોક્ષ છે. આવી રીતે (બૌદ્ધના) સ્વીકારને વિષે દીપકના દૃષ્ટાંતથી અનાદિમાન્ સંતાનની પણ અવસ્તુતા થાય છે, તે બતાવે છે-દીપ અને આત્માના સંતાનનો નાશ ઉત્તર ક્ષણનો અજનક છે. ઉત્તરક્ષણને ઉત્પન્ન ન કર્યે છતે અર્થક્રિયાકારિત્વ (કાર્ય) લક્ષણરૂપ સત્ત્વ (વિદ્યમાનપણું) નો અભાવ હોવાથી છેલ્લા ક્ષણનું અવસ્તુપણું છે કેમકે અંત્ય ક્ષણ અવસ્તુત્વજનક છે. પૂર્વ ક્ષણનું પણ અવસ્તુત્વ છે, તેથી જ પૂર્વતરનું પણ, એવી રીતે સમસ્ત સંતાનનું અવસ્તુપણું થશે. **પૂર્વપક્ષી**—અન્ય ક્ષણના અનારંભમાં પણ સ્વગોચર (પ્રત્યક્ષ) જ્ઞાન ઉત્પન્નરૂપ અર્થક્રિયાનો કરનાર હોવાથી અંત્યક્ષણ વસ્તુરૂપ થશે. **ઉત્તર**—એમ નથી. એ પ્રમાણે તો ભૂત અને ભાવી પર્યાયની પરંપરારૂપ યોગિજ્ઞાન પણ પોતાના વિષયને ઉત્પન્ન કરે છે માટે વસ્તુપણું સ્વીકારવું એમ કહેવું યોગ્ય નથી. ક્ષણાંતરના અનારંભમાં વસ્તુત્વ છે, આ કથનથી દીપનું દૃષ્ટાંત સ્વમતમાં દૂષણ આપનારું થાય છે. અથવા કૃતકત્વ હોવાથી ઘટની માફક શબ્દ અનિત્ય છે. આ વક્તવ્યમાં સંભ્રમથી કૃતકત્વ હોવાથી શબ્દવત્ ઘટ અનિત્ય છે. આમ કહેનારને વિપરીત દૃષ્ટાંતથી દુરુપનીત થાય છે. આ સંબંધમાં જણાવે છે કે-

**पढमं अहम्मजुत्तं, पडिलोमं अत्तणो उवन्नासो । दुरुवणियं च चउत्थं, अहम्मजुत्तम्मि नलदामो ।।२०५।।**

[दशवै० नि० ८१ त्ति]

પ્રથમ અધર્મયુક્ત પાપવૃદ્ધિ થાય, પ્રતિકૂળ જેમાં પોતાનું જ ખંડન થાય, અને દુષ્ટ બોલવું. અધર્મયુક્તમાં નલદામનું ઉદાહરણ. (૨૦૫)

**पडिलोमे जह अभओ, पज्जोयं हरइ अवहिओ [1]संतो ।** त्ति [दशवै० नि० ८२]

પ્રતિલોમ પ્રતિકૂળમાં અભયકુમારનું જેમાં પ્રદ્યોત રાજાને હરાવ્યો હતો.

**अत्तउवन्नासंमि य, तलयभेयंमि पिंगलो थवई । अणिमिसगेण्हणभिक्खुग, दुरुवणीए उदाहरणं ।।२०६।।**

[दशवै० नि० ८३ त्ति]

આત્માનો ઉપન્યાસ, તળાવ ભેદમાં પિંગળ કારીગરનું ઉદાહરણ. માછળા ગ્રહણમાં એક ભિક્ષુનું ઉદાહરણ છે. ઉદાહરણ ઉપર બતાવેલ છે. (૨૦૬)

આહરણતદોષ કહ્યો, હવે ઉપન્યાસઉપનય કહેવાય છે, તે ચાર પ્રકારે છે-તેમાં 'तव्वत्थुए'ति० વાદી વડે સ્થાપન કરાયેલ સાધનરૂપ વસ્તુ છે તે જ ઉત્તરભૂત વસ્તુ છે જે ઉપન્યાસોપનયમાં તે ૧. તદ્વસ્તુક અથવા તે જ અન્ય વડે સ્થપાયેલ વસ્તુ તે તદ્વવસ્તુ, તે જ તદ્વવસ્તુક, તે વસ્તુયુક્ત ઉપન્યાસઉપનય પણ તદ્વવસ્તુક કહેવાય છે. આગળ પણ એમજ જાણવું. જેમ કોઈક કહે છે કે-સમુદ્રના કિનારા ઉપર એક મહાન્ વૃક્ષ છે, તેની શાખાઓ જળ અને સ્થળ ઉપર રહેલી છે. તેના જે પાંદડાં જળમાં પડે છે તે જલચર જીવો થાય છે અને જે સ્થળમાં પડે છે તે સ્થળચર જીવો થાય છે. અન્ય (પ્રતિવાદી) વાદીએ સ્થાપિત વૃક્ષના પત્ર-પતનરૂપ વસ્તુને ગ્રહણ કરીને જ તેણે કહેલા વાક્યનું ખંડન કરે છે, આ પ્રમાણે પૂછે છે-પરંતુ જે પત્રો મધ્યમાં પડે છે તેઓની શી સ્થિતિ? તે કહો. આ યુક્તિમાત્ર ઉત્તરભૂત તદ્વસ્તુક ઉપન્યાસઉપનય છે. જ્ઞાત-દૃષ્ટાંતના નિમિત્તપણાથી આનું જ્ઞાતપણું છે. અથવા આ જ્ઞાત યથારૂઢ જ છે. તે કહે છે-આનો પ્રયોગ આ પ્રમાણે છે-જલ અને સ્થલમાં પડેલાં પત્રો, જલ અને સ્થલના મધ્યમાં પડેલાં પત્રની જેમ જલચરાદિ જીવોરૂપ સંભવતાં નથી, જલ અને સ્થલમાં પડેલા પત્રોને જલચરત્વાદિની

1. આ અર્ધી ગાથા આ પ્રમાણે છે. ''गोविंद वायगोऽविय जह पर पक्खं नियत्तेइ ।।''

પ્રાપ્તિની જેમ-તે બન્નેના મધ્યમાં પડેલા પત્રોને ઉભય (જલચર-સ્થલચરમિશ્રિત) રૂપનો પ્રસંગ આવશે; પરંતુ ઉભયસ્વરૂપ જીવો તો સ્વીકારેલ નથી. અથવા જીવ આકાશની જેમ અમૂર્તપણાથી નિત્ય છે. આવી રીતે વાદીએ કહ્યે છતે તેને ઉત્તર આપે છે-જીવ મૂર્તપણાથી કર્મની માફક અનિત્ય જ થાઓ. 'तयन्नवत्थुए' त्ति० અન્ય વડે સ્થપાયેલ વસ્તુથી ઉત્તરભૂત અન્ય વસ્તુ છે જે ઉપન્યાસઉપનયમાં તે ૨. તદન્યવસ્તુક. જેમ જલમાં પડેલાં પત્રો જલચર જીવો થાય છે એમ કહ્યે છતે, એનું નિરસન કરવાને માટે પતનથી અન્ય ઉત્તર કહે છે-જે પત્રોને પડાવીને ખાય છે અથવા લઈ જાય છે તે પાંદડાનું શું થશે? કયા રૂપમાં આવશે? કંઈ નહિ થાય. આ પણ જણાવનારપણાએ જ્ઞાત કહેલ છે. અથવા આ જ્ઞાત યથારૂઢ જ છે. તે કહે છે-જલ અને સ્થલમાં પડેલાં પત્રો મનુષ્ય વગેરેથી આશ્રિતપત્રોની માફક જલચરદિ જીવોરૂપે સંભવતા નથી. અહિં આ અભિપ્રાય છે કે-જેમ જલાદિ વડે આશ્રિત થવાથી પત્રો જલચરાદિ પણે ઉત્પન્ન થાય છે તેમ મનુષ્યાદિ વડે આશ્રિત થવાથી મનુષ્યાદિથી ઉત્પન્ન થયેલ યૂકા (જૂ) આદિ સ્વરૂપે ઉત્પન્ન થાઓ; કારણ કે આશ્રિતપણાની સમાનતા હોય છે. પરંતુ તે પત્રો તેમ તે સ્વરૂપે સ્વીકારેલ નથી માટે જલ વગેરેમાં પડેલાં પત્રોનું પણ જલચરપણું વગેરેનો અસંભવ છે. 'पडिनिभे' त्ति० જે ઉપન્યાસઉપનયમાં વાદીએ સ્થાપેલ વસ્તુની સમાન વસ્તુ ઉત્તર દેવા માટે સ્થાપન કરાય છે તે ૩. પ્રતિનિભ. જેમ કોઈ પણ પ્રતિજ્ઞા કરે છે કે-જે પુરુષ મને અપૂર્વ વસ્તું સંભળાવે તેને એક લાખના મૂલ્યવાળો કટોરો આપું. તેને અપૂર્વ સંભળાવ્યું તો પણ તે અપૂર્વ નથી એમ સ્વીકારે છે. ત્યાર બાદ એક સિદ્ધપુત્રે કહ્યું કે—

**तुज्झ पिया मज्झ पिउणो, धारेइ अणूणयं सयसहस्सं । जइ सुयपुव्वं दिज्जउ, अह न सुयं खोरयं देहि ।।२०७।।**

**[दशवै० नि० ८६ त्ति]**

તારા પિતાએ મારા પિતા પાસેથી સંપૂર્ણ એક લાખ દ્રવ્ય લીધેલું છે, તે જો તેં પૂર્વે સાંભળ્યું હોય તો લાખ દ્રવ્ય આપ, અને ન સાંભળ્યું હોય તો આ અપૂર્વ છે માટે કટોરો આપ. (૨૦૭)

આ દૃષ્ટાંતની સદૃશતા આ પ્રમાણે કે-કોઈકે બધુંય કહ્યે છતે પણ મેં આ પ્રથમ સાંભળેલું છે એવી રીતે અસત્ય વચન બોલનારના નિગ્રહ માટે "તારા પિતાએ મારા પિતા પાસેથી લાખ દ્રવ્ય લીધેલ છે" આ પ્રકારે બે તરફથી બંધન સમાન અસત્ય વચનનું જ સ્થાપનપણું હોવાથી આ દૃષ્ટાંતથી પ્રતિનિભતા-સમાનપણું છે. યુક્તિમાત્રરૂપ આ પ્રતિનિભનું પણ અર્થને જણાવનાર હોવાથી જ્ઞાતપણું છે અથવા યથારૂઢ જ આ જ્ઞાત છે તે કહે છે. અહિં આ પ્રયોગ છે-મને કોઈ પણ શ્લોક વગેરે અશ્રુતપૂર્વ નથી અર્થાત્ બધુંય સાંભળેલું છે. આવા પ્રકારના અભિમાનરૂપ ધનવાળાને અમે ઉત્તર આપીએ છીએ કે-તને અશ્રુતપૂર્વ-પૂર્વે નહિં સાંભળેલ વચન છે. તારો પિતા, મારા પિતાનો સંપૂર્ણ એક લાખ દ્રવ્યનો દેવાદાર છે. 'हेउ' त्ति० જે ઉપન્યાસઉપનયમાં પ્રશ્નો હેતુ ઉત્તરરૂપે કહેવાય છે તે ૪. હેતુ. કોઈક વડે કોઈક પ્રશ્ન પૂછાયો-શું તારા વડે યવ ખરીદાય છે? તે કહે છે કે-ફોકટ નથી મળતા માટે. વળી શા કારણથી તું બ્રહ્મચર્યાદિ અનુષ્ઠાન કરે છે? ઉત્તર-તપસ્યા નહિં કરનારાઓને નરકાદિને વિષે બહુ ભારે વેદના હોય છે માટે અનુષ્ઠાન કરું છું. આ પણ યુક્તિમાત્ર છે પરંતુ અર્થને જણાવનાર હોવાથી જ્ઞાતરૂપે કહેલ છે અથવા યથારૂઢ જ્ઞાત જ છે. તે કહે છે-આનો પ્રયોગ આ પ્રમાણે-શા કારણથી તારા વડે પ્રવ્રજ્યા-ક્રિયા કરાય છે? એમ કોઈક વડે પૂછાયો થકો સાધુ કહે છે કે-પ્રવ્રજ્યા સિવાય મોક્ષ થાય નહિં માટે ક્રિયા કરું છું. એનું સમર્થન કરવા માટે જ સાધુ તે પ્રત્યે કહે છે-અરે યવને ગ્રહણ કરનાર! શા માટે તારા વડે યવ ખરીદાય છે? તે કહે છે કે-મફત નથી મળતા માટે. સાધુઓનો આ અભિપ્રાય છે-જેમ ફોકટ મળવાના અભાવથી તું યવોને ખરીદે છે એવી રીતે હું પણ પ્રવ્રજ્યા વિના મોક્ષનો લાભ ન થવાથી સંયમ ક્રિયા કરું છું. અહિં ખરીદવામાં મફત યવના અલાભરૂપ હેતુને દૃષ્ટાંતરૂપે આપેલ હોવાથી હેતુઉપન્યાસઉપનય જ્ઞાતતા છે. અહિં કિંચિત્ વિશેષણ વડે આવા પ્રકારના અન્ય જ્ઞાતભેદો પણ સંભવે છે, પરંતુ તે વિવક્ષિત નથી અથવા ગુરુઓ વડે કથંચિત્ અંતર્ભાવ વિવક્ષિત છે. પરંતુ અમે **તેને સમ્યગ્ જાણતા નથી.** ૫. હવે જ્ઞાત પછી દૃષ્ટાંતવાળા હેતુને સાધ્યસિદ્ધિનું અંગ હોવાથી તેના ભેદોને 'हेउ' ઇત્યાદિ ત્રણ સૂત્ર વડે કહે છે-આ સ્પષ્ટ છે. વિશેષ એ કે-'हिनोति'-

–જ્ઞેય વસ્તુને જણાવે છે માટે હેતુ; અન્યથા અનુપપત્તિ લક્ષણરૂપ છે. કહ્યું છે કે—

**अन्यथाऽनुपपन्नत्वं हेतोर्लक्षणमीरितम् तदप्रसिद्धि सन्देह विपर्यासैस्तदाभता ॥२०८॥ [न्याया० २२ त्ति]**

અન્યથા હેતુનું અનુપપત્તિરૂપ લક્ષણ કહેલ છે તેની અપ્રસિદ્ધિ, સંદેહ અને વિપર્યાસ વડે હેત્વાભાસપણું કહેલ છે. (૨૦૮)

પૂર્વે કહેલ હેતુ પ્રશ્નના ઉત્તરરૂપ ઉપપત્તિ (યુક્તિ) માત્ર છે. અને આ 'હેતુ' તો સાધ્ય પ્રત્યે અન્વય અને વ્યતિરેકવાળો છે. તેવા પ્રકારના દૃષ્ટાંત વડે તદ્‌ભાવનું સ્મરણ થાય છે તે એક લક્ષણવાળો છે, પરંતુ કિંચિત્ વિશેષથી ચાર પ્રકારે છે. **'जावए'** त्ति० વાદીને કાળની યાપના–વિલંબ કરાવે છે. જેમ કોઈક અસતી સ્ત્રી 'એકેક રૂપીયા વડે એકેક ઉંટનું લીંડું દેવું' એવી રીતે પતિને શિખામણ આપીને તે લીંડાંને વેચવા માટે ઉજ્જયનીમાં મોકલવાના ઉપાય વડે વિટ (ઉલ્લંઠ) પુરુષની સેવામાં કાલની યાપના કરતી હતી, આ ૧ યાપકહેતુ છે. કહ્યું છે કે—

**''उब्भामिया य महिला, जावगहेउम्मि उट्टलिंडाइं'' [दशवै० नि० ८७ त्ति]**

કુલટા સ્ત્રી જે યાપન કરે તે યાપક હેતુ. ઉદાહરણમાં ઊંટના લીંડાની કથા.

અહિં વૃદ્ધોએ વ્યાખ્યાન કર્યું છે કે–પ્રતિવાદીને જાણીને તેવા તેવા વિશેષણ બહુલ હેતુ કરવા યોગ્ય છે કે જેથી કાળની યાપના (વિલંબ) થાય છે અને વાદી પ્રકૃત વિષયને જાણતો નથી. તે સંભાવના આવા પ્રકારે કરાય છે–પવનો ચેતનવાળા છે. અન્ય વડે પ્રેરણા થયે છતે તિરછો અને અનિયતપણાએ ગાયના શરીરની જેમ ગતિમાન્ હોય છે. આ હેતુ, વિશેષણની બહુલતાએ બીજાને દુઃખપૂર્વક જાણવારૂપ હોવાથી વાદીને કાળની યાપના કરે છે. હેતુના સ્વરૂપને ન જાણતો થકો વાદી જલ્દીથી અનૈકાંતિકત્વ વગેરે દૂષણોને પ્રગટ કરવા માટે સમર્થ થતો નથી, માટે આ હેતુથી વાદીને કાલની યાપના થાય છે. અથવા વ્યાપ્તિની પ્રતીતિ ન થવા વડે વ્યાપ્તિસાધક પ્રમાણાંતરની વિશેષ અપેક્ષા સહિત હોવાથી વાદી જલ્દીથી સાધ્યની પ્રતીતિ કરતો નથી, પરંતુ કાળક્ષેપ થાય છે. આ હેતુ સાધ્યની પ્રતીતિ પ્રત્યે વિલંબ કરાવનાર હોવાથી યાપક છે. જેમ વસ્તુ સત્ત્વ (છતાપણું) હોવાથી ક્ષણિક છે. બૌદ્ધના પક્ષમાં ''સત્ત્વાત્'' આ હેતુ છે, પરંતુ એમ શ્રવણ માત્રથી કોઈ અન્ય ક્ષણિકપણા પ્રત્યે પ્રતીતિ કરતા નથી, આથી બૌદ્ધ સત્ત્વ (છતાપણું) ક્ષણિકત્વ વડે વ્યાપ્ત છે. આ [1]વ્યાપ્તિને સાધવા માટે પ્રયત્ન કરે છે, તે બતાવે છે–નામનું અર્થક્રિયાકારીપણું જ સત્ત્વ છે અર્થાત્ ઘટ નામ જલાહરણ–પાણી લાવવું વગેરે ક્રિયા કરનાર થાય તો જ ઘટમાં અર્થક્રિયાકારીપણું છે; અન્યથા વંધ્યાના પુત્રને પણ સત્ત્વ (છતાપણા) નો પ્રસંગ આવશે. નિત્યનું એક સ્વરૂપ હોવાથી અર્થક્રિયા ક્રમ વડે નહિં થાય, અને યૌગપદ્ય–એકી સાથે પણ નહિં થાય; કેમ કે ક્ષણાંતર (અન્ય ક્ષણ) માં અકર્તાપણાનો પ્રસંગ થશે. આ હેતુથી અર્થક્રિયાલક્ષણરૂપ સત્ત્વ, અક્ષણિકથી નિવર્તમાન થયું થકું ક્ષણિક જ રહે છે. આવી રીતે કાળક્ષેપ વડે સાધ્ય અને સાધનને વિષે કાળની યાપના કરનાર હોવાથી 'સત્ત્વ' લક્ષણ હેતુ યાપક છે. **'स्थापयति'** વ્યાપ્તિ પ્રસિદ્ધ હોવાથી કાળક્ષેપ વિના પક્ષનું સમર્થન કરે છે. જેમ કોઈક ધૂર્ત્ત પરિવ્રાજક એમ કહે છે–'લોકના મધ્યભાગમાં આપેલું બહુફલવાળું થાય છે, તે મધ્યભાગને હું જ જાણું છું' એમ માયા વડે દરેક ગામમાં ભિન્ન ભિન્ન લોકોના મધ્યભાગને પ્રરૂપતો હતો. તેનો નિગ્રહ કરવા માટે કોઈક શ્રાવકે કહ્યું કે–''લોકના મધ્યભાગનું એકપણું હોવાથી ઘણા ગામોને વિષે તેનો સંભવ કેવી રીતે હોય? આવી રીતે યુક્તિથી તારા વડે બતાવેલ ભૂલોકનો મધ્યભાગ થતો નથી.' આ પ્રમાણે પક્ષ સ્થાપન કર્યું માટે ૨ સ્થાપકહેતુ છે. કહ્યું છે કે–

–**''लोगस्स मज्झजाणण, थावगहेऊ उदाहरणं''** [दशवै० नि० ८८]—લોકના મધ્ય ભાગને હું જાણું છું. એ સ્થાપક હેતુનું ઉદાહરણ છે. ધૂમ હોવાથી અહિં અગ્નિ છે, વળી દ્રવ્ય અને પર્યાયથી વસ્તુ નિત્યાનિત્ય છે, તે પ્રમાણે પ્રતીયમાનપણાથી–ચોક્સ થતી આ બે હેતુની પ્રસિદ્ધ વ્યાપ્તિ વડે કાળક્ષેપ વિના સાધ્યના સ્થાપનથી સ્થાપકપણું છે. તથા **'व्यंसयति'** બીજાને જે

1. यत् सत् तत् क्षणिकम् ते व्याप्तिः-જે સત્ છે તે ક્ષણિક છે, આ વ્યાપ્તિ છે.

વ્યામોહ [ભ્રમ] ઉત્પન્ન કરે છે તે શકટ અને તીતરને ગ્રહણ કરનાર ધૂર્તની જેમ વ્યંસક છે. તેની કથા કહે છે-કોઈક પુરુષે રસ્તાના મધ્યમાં મળેલ મૃત તીતરયુક્ત શકટ (ગાડું) વડે નગરમાં પ્રવેશ કર્યો. તેને ધૂર્તે કહ્યું કે—આ [1]શકટતીતર કેમ મળે છે? તે પુરુષે-આ શકટ સંબંધી તીતર માગે છે એમ વિચારીને કહ્યું કે—"तर्प्पणालोडिकया" પાણી વગેરેથી મસળેલ સાથુઆ વડે મળે છે. ત્યાર પછી ધૂર્તે સાક્ષીઓને બોલાવીને તીતર સહિત શકટને ગ્રહણ કર્યું અને કહ્યું કે-'આ બન્ને મારા છે, એણે જ શકટતીતર આપેલ છે. મેં તો શકટસહિત તીતર તે શકટતિત્તરી ગ્રહણ કરેલ છે. આ પ્રમાણે બનવાથી ગાડાવાળો ખેદ પામ્યો. કહ્યું છે કે-"सा सगडतित्तिरी वंसगंमि हेउंमि होइ णायव्वा" [दशवै० नि० ८८ त्ति] શકટ સહિત તીતરનું ઉદાહરણ વ્યંસક હેતુમાં કહેલ છે. તે આવી રીતે—"अस्ति जीवोऽस्ति घटः" જીવ છે, ઘટ છે, એમ સ્વીકાર કર્યે છતે જીવ અને ઘટને વિષે અસ્તિત્વ સમાનપણાએ વર્તે છે તેથી તે બન્નેનું એકપણું થયું, અભિન્ન શબ્દનો વિષય હોવાથી વ્યંસક હેતુ. ઘટ શબ્દનો વિષય ઘટના સ્વરૂપની જેમ. વળી અસ્તિત્વ જીવાદિમાં વર્તતું નથી, તેથી જીવાદિનો અભાવ થાય, કેમ કે અસ્તિત્વનો અભાવ હોવાથી વ્યંસક હેતુ છે જેમકે તે પ્રતિવાદીને વ્યામોહ કરનાર છે. તથા 'लूसए'त्ति० વ્યંસક વડે પ્રાપ્ત થયેલ અનિષ્ટ લૂંટે છે અર્થાત્ ગયેલ વસ્તુને પાછી વાળે છે તે લૂષકહેતુ. તે જ શાકટિકે-ગાડાવાળાએ જેમ બીજા ધૂર્તે તેને શીખવ્યું ત્યારે તે ધૂર્ત પાસે જઈને માગ્યું કે-મને તર્પ્પણાલોડિકા આપ. ત્યાર પછી તે ધૂર્તે પોતાની સ્ત્રીને કહ્યું કે-આને સત્કુ (પાત્રવિશેષ વડે) મસળેલ પિંડ આપ. તેમ કરતી થકી-સાથુઆના પિંડને મસળતી એવી તેની ભાર્યાને ગ્રહણ કરીને તે ચાલતો થયો અને ધૂર્તને કહ્યું કે-આ સ્ત્રી મારી છે કેમ કે સત્કુ વડે જે મસળે છે તે તર્પ્પણાલોડિકા છે અને તે તેં જ આપેલ છે. કારણ કે-અસ્તિત્વની વૃત્તિ વડે જીવ અને ઘટને વિષે તું એકત્વની સંભાવના કરે છે ત્યારે સર્વ ભાવોનું એકત્વ થશે, કારણ કે સર્વ ભાવોને વિષે પણ અસ્તિત્વવૃત્તિની સમાનતા છે, પરંતુ એમ થતું નથી. અહિં અસ્તિત્વવૃત્તિની સમાનતા હોવાથી આ લૂષક હેતુ છે, કેમ કે જીવ અને ઘટને વિષે અભાવની આપત્તિરૂપ એકત્વના પ્રતિપાદક લક્ષણને અથવા બીજાએ ઉત્પન્ન કરેલ અનિષ્ટને લૂંટેલ છે. ૧. 'अहवे' ति० પ્રકારાંતર વડે હેતુને જણાવનાર વિકલ્પ અર્થવાળો 'અથવા' શબ્દ છે. 'हिनोति' પ્રમેયરૂપ પદાર્થને જે જણાવે છે તે અથવા જેના વડે પદાર્થ જણાય છે તે હેતુ, અર્થાત્ પ્રમેયની પ્રમિતિ-નિર્ણય કરવામાં જે કારણ તે પ્રમાણ. તે સ્વરૂપ વગેરેના ભેદથી ચાર પ્રકારે છે. તેમાં 'पच्चक्खे' त्ति० અર્થો પ્રત્યે જે વ્યાપ્ત થાય છે તે અક્ષ—આત્મા, તે પ્રત્યે જે જ્ઞાન વર્તે છે તે પ્રત્યક્ષ જ્ઞાન છે. નિશ્ચયથી અવધિ, મનઃપર્યવ અને કેવળરૂપ છે. અથવા અક્ષ-ઇંદ્રિયો પ્રત્યે જે જ્ઞાન વર્તે છે તે વ્યવહારથી પ્રત્યક્ષ છે, અને તે ચક્ષુ વગેરેથી થયેલું છે. પ્રત્યક્ષનું લક્ષણ કહે છે—

**अपरोक्षतयाऽर्थस्य, ग्राहकं ज्ञानमीदृशम्। प्रत्यक्षमितरज् ज्ञेयं परोक्षं ग्रहणेक्षया ।।२०९।। [न्याया० ४]**

પદાર્થનું અપરોક્ષપણાએ ગ્રહણ કરનાર જે જ્ઞાન તે પ્રત્યક્ષ અને ઇંદ્રિયો વડે ગ્રહણની અપેક્ષાએ બીજું પરોક્ષ જાણવું. (૨૦૯)

'अनु'—લિંગ (ચિહ્ન) નું દર્શન અને સંબંધના અનુસ્મરણ પછી 'मान'—જે જ્ઞાન તે ૨ અનુમાન છે, એનું લક્ષણ આ પ્રમાણે—

**साध्याविनाभुवो लिङ्गात् साध्यनिश्चायकं स्मृतम् । अनुमानं तदभ्रान्तं प्रमाणत्वात् समक्षवद् ।।२१०।। [न्याया ० ५]**

સાધ્ય વિના હેતુથી ન થનાર અને સાધ્યનો નિશ્ચય કરાવનાર અનુમાન છે, કેમ કે પ્રમાણ હોવાથી પ્રત્યક્ષની માફક તે ભ્રાંતિ રહિત છે. (૨૧૦)

આ સાધ્ય વિના ન થનાર હેતુથી ઉત્પન્ન થવા વડે પણ ઉપચારથી હેતુ છે. ૩ ઉપમાન તે ઉપમા, તે ઉપમ્ય, આથી 'રોઝના જેવો આ બળદ છે' એવી સમાનતાના નિર્ણયરૂપ છે. કહ્યું છે કે—

1. અહિં 'શકટતીતર' શબ્દ વિભક્તિ રહિત હોવાથી ભ્રમજનક છે.

**गां दृष्ट्वाऽयमरण्येऽन्यं गवयं वीक्षते यदा । भूयोऽवयवसामान्यभाजं वर्त्तुकण्ठकम् ॥२११॥**

**तस्यामेव त्ववस्थायां यद्विज्ञानं प्रवर्त्तते । पशुनैतेन तुल्योऽसौ गोपिण्ड इति सोपमा ॥२१२॥**

કોઈક પુરુષ બળદને જોઈને જંગલમાં ઘણા અવયવોની સમાનતા ધારણ કરનાર અને ગોળ કંઠવાળા અન્ય રોઝને જ્યારે જુએ છે ત્યારે તે જ અવસ્થામાં આ પશુના જેવો આ બળદ છે એવું જે જ્ઞાન પ્રવર્ત્તે છે તે ઉપમાન છે. અથવા સાંભળેલ અતિદેશ વાક્યના સમાન અર્થની પ્રાપ્તિને વિષે સંજ્ઞા અને સંજ્ઞી (સંજ્ઞાવાળા) ના સંબંધનું જે જ્ઞાન તે ઉપમાન કહેવાય છે. (૨૧૧-૨૧૨)

'आगम्यते' જેના વડે પદાર્થો જણાય છે તે ૪ આગમ અર્થાત્ આપ્તપુરુષના વચન વડે પ્રાપ્ત કરવા યોગ્ય અગમ્ય પદાર્થના નિર્ણયરૂપ છે. કહ્યું છે કે—

**दृष्टेष्टाव्याहताद् वाक्यात् परमार्थाभिधायिनः । तत्त्वग्राहितयोत्पन्नं मानं शाब्दं प्रकीर्त्तितम् ॥२१३॥**

**आप्तोपज्ञमनुल्लङ्घ्यमदृष्टेष्टविरोधकम् ॥ तत्त्वोपदेशकृत् सार्वं शास्त्रं कापथघट्टनम् ॥२१४॥** [न्याया० ८।९ ति]

તત્ત્વના ગ્રહણ કરાવનારપણાએ દષ્ટબાધ અને ઈષ્ટબાધથી રહિત તેમજ પરમાર્થને કહેનાર વાક્ય વડે થતું જે જ્ઞાન તે શાબ્દ (આગમ) પ્રમાણ કહેલ છે. આપ્તપુરુષે કહેલું નહિં ઉલ્લંઘન કરવા યોગ્ય, દષ્ટ અને ઈષ્ટનું વિરોધ નહિં કરનારું, તત્ત્વનો ઉપદેશ કરનારું અને સમસ્ત શાસ્ત્ર છે. અહિં જેના વિના ઉત્પન્ન ન થવાય તે હેતુ વડે જન્ય હોવાથી અનુમાન જ છે, પણ કાર્યને વિષે કારણનો ઉપચાર કરવાથી હેતુ છે. (૨૧૩-૨૧૪)

તે ચતુર્ભંગીરૂપ હોવાથી ચાર પ્રકારે છે. ૧. અસ્તિ-વિદ્યમાન છે તત્લિંગભૂત ધૂમ વગેરે વસ્તુ એમ કરીને 'अस्ति सः'-અગ્નિ વગેરે સાધ્ય પદાર્થ છે માટે આ હેતુ અનુમાન છે. વળી ૨. અગ્નિ વગેરે વસ્તુ છે, આને લઈને તેનાથી વિરુદ્ધ શીત વગેરે પદાર્થ નથી, આ હેતુ પણ અનુમાન છે. વળી ૩. અગ્નિ વગેરે વસ્તુ નથી, તેથી શીતકાલને વિષે તે શીતાદિ પદાર્થ છે, આ હેતુ પણ અનુમાન છે. વળી ૪. વૃક્ષત્વાદિ નથી માટે શીશમના ઝાડ વગેરે વસ્તુ નથી, આ હેતુ પણ અનુમાન છે. અહિં ૧ શબ્દમાં કૃતકત્વનું અસ્તિપણું હોવાથી ઘટની જેમ અનિત્યપણું છે. તથા ધૂમના અસ્તિપણાથી અહિં મહાનસ-રસોડાની જેમ અગ્નિ છે ઈત્યાદિ સ્વ (પોતાના) ભાવનું અનુમાન અને કાર્યનું અનુમાન પ્રથમ ભંગ વડે સૂચન કરેલ છે. તથા ૨ અગ્નિનું અસ્તિત્વ હોવાથી અથવા ધૂમનું અસ્તિત્વ હોવાથી શીતનો સ્પર્શ નથી, ઈત્યાદિ વિરુદ્ધ ભાવની પ્રાપ્તિરૂપ અનુમાન અને વિરુદ્ધ કાર્યની પ્રાપ્તિરૂપ અનુમાન છે. અગ્નિનું અથવા ધૂમનું અસ્તિત્વ હોવાથી શીતના સ્પર્શનથી થયેલ દાંત, વેણી (કેશપાશ) અને રોમ (રુંવાડા) નું કંપન વગેરે મહાનસની જેમ પુરુષના વિકારો નથી, ઈત્યાદિ કારણથી વિરુદ્ધની પ્રાપ્તિનું અનુમાન અને કારણથી વિરુદ્ધ કાર્યની પ્રાપ્તિનું અનુમાન દ્વિતીયભંગ વડે કહેલ છે. તથા ૩ છત્રાદિનું અથવા અગ્નિનું નાસ્તિપણું હોવાથી કોઈક [1]કાલાદિવિશેષમાં આતપ (તડકો) અથવા શીતનો સ્પર્શ છે-પહેલાં પ્રાપ્ત થયેલ પ્રદેશને વિષે આતપ અને શીતસ્પર્શની જેમ. ઈત્યાદિક વિરુદ્ધ કારણાનુપલંભઅનુમાન અને વિરુદ્ધાનુપલંભઅનુમાન તૃતીય ભંગ વડે સ્વીકારેલ છે. તથા જોવાની સામગ્રી છતે ઘટની પ્રાપ્તિના અભાવપણાથી વિવક્ષિત પ્રદેશની જેમ અહિં ઘટ નથી-ઈત્યાદિ સ્વાભાવાનુપલબ્ધિ અનુમાન. ધૂમના અભાવપણાથી સંપૂર્ણ ધૂમનો કારણસમૂહ નથી-અન્ય પ્રદેશની જેમ, ઈત્યાદિ કાર્યાનુપલબ્ધિઅનુમાન. વૃક્ષના અભાવથી શીશમનું વૃક્ષ નથી ઈત્યાદિ વ્યાપકાનુપલંભઅનુમાન તથા અગ્નિના અભાવથી ધૂમ નથી ઈત્યાદિ કારણાનુપલંભઅનુમાન ચતુર્થભંગ વડે કહેલ છે. આ જૈન પ્રક્રિયા નથી એમ કહેવું નહિં, કેમ કે સર્વત્ર જૈનદર્શનને અભિમત અન્યથા અનુપપન્નત્વરૂપ હેતુના લક્ષણનું વિદ્યમાનપણું છે. ॥૩૩૮॥

હમણાં જ હેતુ શબ્દ વડે જ્ઞાનવિશેષ કહ્યો, તેના અધિકારથી જ્ઞાનવિશેષનું નિરૂપણ કરવા માટે સૂત્રકાર કહે છે—

1. ઉન્હાળામાં છત્રના અભાવથી આતપનો અને શીયાળામાં અગ્નિના અભાવથી શીતનો સ્પર્શ છે.

**चउव्विहे संखाणे पन्नत्ते, तंजहा—पडिकम्मं १ ववहारे २ रज्जू ३ रासी ४। अहोलोगे णं चत्तारि अंधगारं करेंति, तंजहा—णरगा, णेरइया, पावाइं कम्माइं, असुभा पोग्गला १, तिरियलोगे णं चत्तारि उज्जोतं करेंति, तंजहा—चंदा, सूरा, मणि, जोती २। उड्ढलोगे णं चत्तारि उज्जोतं करेंति, तंजहा—देवा, देवीओ, विमाणा, आभरणा ३ ॥ सू० ३३८॥**

**॥ चउट्ठाणस्स ततिओ उद्देसओ समत्तो ॥**

*(મૂ૦) ચાર પ્રકારે ગણિત કહેલ છે, તે આ પ્રમાણે—૧. પરિકર્મ-પાટીગણિત એક, દશ વગેરે, ૨. વ્યવહાર-તોલ, માપ વગેરે, ૩. રજ્જુ-ફૂટ, ગજ વગેરે અને ૪. રાશિ-ત્રિરાશિ વગેરે (૧) અધોલોકમાં ચાર વસ્તુ અંધકાર કરે છે, તે આ પ્રમાણે—નરકવાસો, નૈરયિકો, પાપકર્મો અને અશુભ પુદ્ગલો (૨) તિરછાલોકને વિષે ચાર વસ્તુ ઉદ્યોત કરે છે, તે આ પ્રમાણે—ચંદ્રો, સૂર્યો, મણિ અને અગ્નિ (૩) ઊર્ધ્વલોકમાં ચાર વસ્તુ ઉદ્યોત કરે છે, તે આ પ્રમાણે—૧. દેવો, ૨. દેવીઓ, ૩. વિમાનો અને ૪. આભરણો ॥૩૩૮॥*

(ટી૦) 'चउव्विहे' त्यादि० સંખ્યા કરાય છે-જેના વડે ગણાય છે તે સંખ્યાન અર્થાત્ ગણિત. તેમાં સંકલના (ગોઠવણ) વગેરે પાટી પ્રસિદ્ધ છે. એમ વ્યવહાર પણ મિશ્રક વ્યવહાર વગેરે અનેક પ્રકારે છે. રજ્જુ-રજ્જુગણિત અર્થાત્ ક્ષેત્રગણિત. રાશિ-ત્રિરાશિ, પંચરાશિ વગેરે (૧) રજ્જુ શબ્દથી ક્ષેત્રગણિત કહ્યું, ક્ષેત્રના સંબંધથી ત્રણ પ્રકારે વિભાગ કરાયેલ લોકરૂપ ક્ષેત્રની, અંધકાર અને ઉદ્યોતને આશ્રયીને ત્રણ સૂત્ર વડે, પ્રરૂપણા કહે છે—'अहे' त्यादि० સુગમ છે. વિશેષ એ કે-પૂર્વોક્ત લક્ષણવાળા અધોલોકને વિષે ચાર વસ્તુ [અંધકાર કરે છે]-નરકાવાસો, નૈરયિકો આ બે કૃષ્ણસ્વરૂપ હોવાથી અંધકાર કરે છે તથા જ્ઞાનાવરણાદિ પાપકર્મો, મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપ ભાવ અંધકારના કરનારા હોવાથી અંધકાર કરે છે એમ કહેવાય છે. અથવા અંધકારસ્વરૂપ અધોલોકને વિષે પ્રાણીઓને ઉત્પન્ન કરનારા હોવાથી પાપકર્મોને અંધકારનું કર્તૃત્વ-કર્તાપણું છે તથા અશુભ પુદ્ગલો અંધકાર ભાવ વડે પરિણામને પામેલા છે. 'मणि' त्ति० ચંદ્રકાંત વગેરે મણિઓ, 'जोइ' त्ति० જ્યોતિ-અગ્નિ. ॥૩૩૮॥

***॥ ચતુર્થ સ્થાનકના તૃતીય ઉદ્દેશકની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

- *ચોર અને ચોરના પર્યાયવાચી નામો :*

*(૧) ચોર (૨) ચોરી કરવાવાળો (૩) ચોરીનો માલ વેચવાવાળો (૪) ચોરને ભોજન વગેરે કરાવવાવાળો (૫) ચોરને સહાયતા દેનાર (૬) સલાહ આપવાવાળો (૭) આશ્રયદાતા. આ સાતેયને ચોરનાં રૂપમાં દર્શાવ્યા છે. (પ્રશ્ન વ્યાકરણ ૩ દ્વાર) ચોર તેને કહે છે કે જે પોતે ચોરી કરવા ન જાય પરંતુ મુખી બનીને રહે બીજા નંબર ચોરી કરવાવાળા અલગથી આ અપેક્ષાથી બતાવ્યા છે. ચોરના અઢાર પર્યાયવાચી નામો પણ બતાવ્યા છે.*

*(૧) મિલન (ચોરોને મળવાવાળો) (૨) કુશલ (૩) તર્જા (સાંકેતિક શબ્દ કારક) (૪) રાજભાગ (૫) અવલોકન (૬) અમાર્ગદર્શન (૭) શય્યા (૮) પદભેગ (૯) વિશ્રામ (૧૦) પાદપતન (૧૧) આસનદાર (૧૨) ગોપન (૧૩) ખંડખાદન (૧૪) મોહરાજિક (૧૫) પદમ (સાબુ ગર પાણી દાતા) (૧૬) અગ્નિદાન (૧૭) ઉદકદાન (૧૮) દોરડાદિ દાન.*

*એક વાત સ્પષ્ટ છે કે કોઈપણ પ્રકારે સહાયતા કરવાવાળો ચોર છે.*

## ।। अथ चतुर्थस्थानकाध्ययने चतुर्थ उद्देशः ।।

તૃતીય ઉદ્દેશકનું વ્યાખ્યાન કર્યું, ત્યાર બાદ ચતુર્થ ઉદ્દેશકનો આરંભ કરાય છે. આનો સંબંધ આ પ્રમાણે છે-તૃતીય ઉદ્દેશકને વિષે ચાર સ્થાનકપણાએ વિવિધ ભાવો કહ્યા, હવે પણ તેવી જ રીતે કહેવાય છે—આવા પ્રકારના સંબંધવિશિષ્ટ આ ઉદ્દેશકનું પ્રથમ સૂત્ર—

**चत्तारि पसप्पगा पन्नत्ता, तंजहा—अणुप्पन्नाणं भोगाणं उप्पाएत्ता एगे पसप्पते, पुव्वुप्पन्नाणं भोगाणं अविप्पतोगेणं एगे पसप्पते, अणुप्पन्नाणं सोक्खाणं उपाइत्ता एगे पसप्पए, पुव्वुप्पन्नाणं सोक्खाणं अविप्पओगेणं एगे पसप्पए ।। सू० ३३९।।**

**णेरतिताणं चउव्विहे आहारे पन्नत्ते तंजहा—इंगालोवमे, मुम्मुरोवमे, सीतले, हिमसीतले । तिरिक्खजोणियाणं चउव्विहे आहारे पन्नत्ते, तंजहा—कंकोवमे, बिलोवमे, पाणमंसोवमे, पुत्तमंसोवमे । मणुस्साणं चउव्विहे आहारे पन्नत्ते, तंजहा—असणे जाव सातिमे । देवाणं चउव्विहे आहारे पन्नत्ते, तंजहा—वन्नमंते, गंधमते, रसमंते फासमंते ।। सू० ३४०।।**

**चत्तारि जातिआसीविसा पन्नत्ता, तंजहा—विच्छुतजाइआसीविसे मंडुक्कजाइआसीविसे, उरगजातीआसीविसे, मणुस्सजातिआसीविसे । विच्छुयजातिआसीविसस्स णं भंते! केवइए विसए पन्नत्ते?, पभू णं विच्छुयजातिआसीविसे अङ्घभरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करेत्तए? विसए से विसट्ठताए, नो चेव णं संपत्तीए करेंसु वा करेंति वा करिस्संति वा । मंडुक्कजातिआसीविसस्स पुच्छा, पभू णं मंडुक्कजातिआसीविसे भरहप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणयं विसट्टमाणिं, सेसं तं चेव जाव करेस्संति वा । उरगजातिपुच्छा, पभू णं उरगजातिआसीविसे जंबूदीवपमाणमेत्तं बोंदिं विसेणं, सेसं तं चेव जाव करेस्संति वा । मणुस्सजातिपुच्छा, पभू णं मणुस्सजातिआसीविसे समयखेत्तप्पमाणमेत्तं बोंदिं विसेणं विसपरिणतं विसट्टमाणिं करेत्तए, विसते से विसट्ठताते नो चेव णं जाव करिस्संति वा ।। सू० ३४१।।**

*(મૂ૦) ચાર પ્રકારના પ્રસર્પકો-એક દેશથી બીજા દેશમાં જનારા પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ નહિ ઉત્પન્ન થયેલા ભોગોને મેળવવા માટે સંચરે છે-દેશાટન કરે છે, ૨. કોઈક પ્રથમ મળેલ ભોગોનું રક્ષણ કરવા માટે સંચરે છે, ૩. કોઈક અનુત્પન્ન સુખોને મેળવવા માટે સંચરે છે અને ૪. કોઈક પૂર્વે મેળવેલ સુખોની રક્ષા માટે દેશાંતરમાં સંચરે છે. ॥૩૩૯॥*

*નૈરયિકોને ચાર પ્રકારે આહાર કહેલ છે, તે આ પ્રમાણે—૧. અંગારા જેવો અર્થાત્ થોડો કાળ બાળનારો ૨. મુર્મુર-અર્દ્ધ બુઝાયેલ અગ્નિ જેવો અર્થાત્ ઘણા કાળ સુધી બાળનારો, ૩. શીતળ-ઠંડીની પીડા કરનારો અને ૪. હિમશીતળ-અત્યંત ઠંડી કરનારો. તિર્યંચોને ચાર પ્રકારે આહાર કહેલ છે, તે આ પ્રમાણે—૧. કંક પક્ષીના આહાર જેવો અર્થાત્ દુઃખપૂર્વક પચે તેવો આહાર પણ સુખપૂર્વક પચે છે, ૨. બિલના જેવો અર્થાત્ બિલમાં કંઈ પણ રેડવામાં આવે તે સુખપૂર્વક પ્રવેશ કરે છે તેમ સ્વાદ વિના ગળામાં પ્રવેશ થાય છે. ૩. પાણમાંસોપમ-ચંડાલના માંસ જેવો-દુર્ગચ્છનીય હોવાથી દુઃખકારક છે અને ૪. પુત્રમાંસોપમ પુત્રના માંસ જેવો અર્થાત્ અત્યંત દુઃખકારક છે. મનુષ્યોને ચાર પ્રકારે*

*આહાર કહેલ છે, તે આ પ્રમાણે—અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. દેવોને ચાર પ્રકારે આહાર કહેલ છે, તે આ પ્રમાણે-શુભ વર્ણવાળો, શુભ ગંધવાળો, શુભ રસવાળો અને શુભ સ્પર્શવાળો. ।।૩૪૦।।*

*ચાર પ્રકારે જાતિ વડે આશીવિષ કહેલ છે તે આ પ્રમાણે—૧. વીંછુ જાતિનો આશીવિષ, ૨. મંડુક દેડકાની જાતિનો આશીવિષ, ૩. સર્પ જાતિનો આશીવિષ અને ૪. મનુષ્યની જાતિનો આશીવિષ. પ્રશ્ન-હે ભગવન્! વૃશ્ચિક (વીંછુ) જાતિના આશીવિષનો વિષય કેટલો કહેલ છે? ઉત્તર-વૃશ્ચિક જાતિનો આશીવિષ સ્વવિષવડે અર્દ્ધ ભરતના પ્રમાણવાળા શરીરને વિષમય કરે અને શરીરને વિદારી નાખવા માટે સમર્થ થાય છે. વિષના અર્થપણાથી શક્તિમાત્ર છે, પરંતુ નિશ્ચય પૂર્વોક્ત શરીરની પ્રાપ્તિદ્વારા વિષમય કર્યા નથી, કરતા નથી અને કરશે પણ નહિ. દેડકાની જાતિના આશીવિષ સંબંધી પ્રશ્નનો ઉત્તર-મંડુક જાતિના આશીવિષ પોતાના વિષ વડે ભરતક્ષેત્ર પ્રમાણ શરીરને વિષમય કરવા માટે સમર્થ છે પણ કર્યા નથી, કરતા નથી અને કરશે નહિ. સર્પની જાતિના આશીવિષ સંબંધી પ્રશ્નનો ઉત્તર-સર્પની જાતિનો આશીવિષ પોતાના વિષ વડે જંબૂદ્વીપપ્રમાણ શરીરને વિષમય કરવા માટે સમર્થ છે પરંતુ કર્યા નથી, કરતા નથી અને કરશે નહિ. મનુષ્ય જાતિના આશીવિષ સંબંધી પ્રશ્નનો ઉત્તર-મનુષ્ય જાતિનો આશીવિષ પોતાના વિષ વડે સમયક્ષેત્ર (મનુષ્યક્ષેત્ર) પ્રમાણવાળા શરીરને વિષ વડે પરિણત કરવા અને શરીરને વિદારણ કરવા સમર્થ છે, તેનો શક્તિમાત્ર આ વિષય છે પરંતુ કર્યા નથી, કરતા નથી અને કરશે પણ નહિ. ।।૩૪૧।।*

(ટી૦) **'चत्तारि पसप्पगे'**त्यादि० આ સૂત્રનો અનંતર સૂત્ર સાથે આ પ્રમાણે સંબંધ છે-અનંતર સૂત્રમાં દેવો અને દેવીઓ કહ્યા, તેઓ ભોગવાળા અને સુખવાળા હોય છે માટે ભોગો અને સુખોને આશ્રયીને પ્રસર્પકના ભેદો કહેવાય છે. આવા પ્રકારના સંબંધવિશિષ્ટ આ સૂત્રની આ પ્રમાણે-પ્રકર્ષ-વિશેષ વડે **'सर्प्पन्ति'** ભોગાદિકને માટે એક દેશથી બીજા દેશ પ્રત્યે જાય છે-સંચરે છે અથવા આરંભ અને પરિગ્રહથી વિસ્તારને પ્રાપ્ત થાય છે તે પ્રસર્પકો. **'अणुप्पन्नाणं'** त्ति० (અહિં દ્વિતીયા વિભક્તિના અર્થમાં છઠ્ઠી છે.) પ્રાપ્ત નહિ થયેલ શબ્દાદિક ભોગોને અથવા તેના કારણભૂત ધન અને સ્ત્રી વગેરેને **'उप्पाइत्त'** त्ति० સંપાદન કરવા માટે, અથવા અનુત્પન્ન ભોગોને ઉત્પન્ન કરતો થકો કોઈ એક **'प्रसर्प्पन्ति'**—જાય છે અથવા પ્રસર્પક (જનારો) થાય છે, ભોગાદિકની ઇચ્છાવાળા પ્રાણીઓ સંચરે છે. કહ્યું છે કે—

**धावेइ रोहणं तरइ, सागरं भमइ गिरिनिगुंजेसु । मारेइ बंधवं पि हु, पुरिसो जो होज्ज (इ) धणलुद्धो ।।२१५।।**

**अडइ बहुं वहइ भरं, सहइ छुहं पावमायरइ धट्ठो[धिट्ठो] ।**

**कुल-सील-जातिपच्चयट्ठिइं च लोभद्दुओ चयइ ।।२१६।।**

જે મનુષ્ય ધનનો લોભી હોય છે તે રોહણગિરિ પ્રત્યે દોડે છે, સમુદ્ર તરે છે, પર્વતની ગુફાઓને વિષે ભટકે છે અને ભાઈને પણ મારે છે. વળી ઘણું જ રખડે છે, ભારને વહે છે, ક્ષુધાને સહે છે, પાપને આચરે છે તેમજ લોભમાં આસક્ત અને ધૃષ્ટ નિર્લજ્જ થયો થકો કુલ, શીલ-સદાચાર અને જાતિની મર્યાદાને પણ છોડે છે. (૨૧૫-૨૧૬)

વળી પ્રથમ મેળવેલાનું અથવા પાઠાંતરથી **'प्रत्युत्पन्नानां'**—વર્તમાનમાં મળેલા (ભોગાદિક)નું રક્ષણ કરવા માટે, **'सौख्यानाम्'**—ભોગ વડે પ્રાપ્ત કરવા યોગ્ય આનંદ વિશેષો માટે સંચરે છે શેષ સુગમ છે. ।।૩૩૯।।

ભોગ અને સૌખ્યને માટે સંચરનારા કર્મ બાંધીને નારકપણાએ ઉત્પન્ન થાય છે માટે આહારના અધિકારથી નારકોના આહારનું નિરૂપણ કરતાં થકા સૂત્રકાર કહે છે—**'नेरइयाण'**मित्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે-અલ્પ કાળ દાહ-બળતરા હોવાથી અંગારાની ઉપમા જેવો, ઘણા કાળ પર્યંત બળતરા થવાથી મુર્મુરના જેવો, શીતવેદનાનો ઉત્પાદક હોવાથી શીતળ અને અત્યંત શીતવેદનાના ઉત્પાદક હોવાથી હિમશીતળ છે. ઉપર્યુક્ત ચારે ક્રમશઃ એક એકથી અધિક વેદનાવાળા છે. આહારના અધિકારથી તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી આહારનું નિરૂપણ કરવા માટે ત્રણ સૂત્ર **'तिरिक्खजोणियाण'**मित्यादि०-સ્પષ્ટ છે. વિશેષ એ કે-કંક (પક્ષીવિશેષ) ની આહાર વડે ઉપમા છે જેમાં તે મધ્યમ પદ (આહારપદ) ના લોપથી કંકોપમ અર્થાત્

કંકપક્ષીને સ્વરૂપ વડે દુર્જર આહાર પણ સુખપૂર્વક ખાવા યોગ્ય અને સુખરૂપ પરિણામવાળો થાય છે-સુખપૂર્વક પચે છે. એવી રીતે જે આહાર તિર્યંચોને સુભક્ષ અને સુખરૂપ પરિણામવાળો હોય છે તે કંકોપમ. બિલને વિષે પ્રવેશ કરતું દ્રવ્ય (પદાર્થ) બિલ જ છે, તેની ઉપમા છે જેને વિષે તે બિલોપમ. જેમ બિલમાં રસનો આસ્વાદ મળ્યા સિવાય જલ્દીથી કિંચિત્ પ્રવેશ થાય છે એવી રીતે જે આહાર, ગળારૂપ બિલમાં પ્રવેશે છે તે બિલોપમ કહેવાય છે. **'पाण'**—ચાંડાલ, તેનું માંસ, અસ્પર્શ્યપણાએ નિંદનીય હોવાથી દુઃખપૂર્વક ખાવા યોગ્ય હોય. એવી રીતે તેઓને દુઃખાદ્ય (દુઃખને ખાવા યોગ્ય) આહાર તે પાણમાંસોપમ. પુત્ર પર તો અત્યંત સ્નેહ હોવાથી તેનું માંસ અતિશય દુઃખપૂર્વક ખાવા યોગ્ય હોય, એવી રીતે જે દુઃખાદ્યતર આહાર તે પુત્રમાંસોપમ. ક્રમપૂર્વક આ આહારો શુભ, સમ, અશુભ અને અશુભતર જાણવા. (વર્ણવાન્ ઇત્યાદિ શબ્દને વિષે પ્રશંસામાં અથવા અતિશય અર્થમાં 'મતુપ્' પ્રત્યય થયેલ છે.) ॥૩૪૦॥

આહાર ભક્ષણ કરવા યોગ્ય છે, માટે ભક્ષણના અધિકારથી આશીવિષ સૂત્ર કહેલ છે. તે સુગમ છે. વિશેષ એ કે— **'आसीविसः'** त्ति० આશ્ય (દાઢાઓ) ને વિષે વિષ છે જેઓને તે આશીવિષો. તેઓ કર્મથી અને જાતિથી હોય છે. તેમાંથી કર્મથી તિર્યંચો અને મનુષ્યો કોઈપણ ગુણથી આશીવિષો થાય. સહસ્રાર દેવલોક પર્યંતના દેવો શાપાદિદ્વારા અન્યનો નાશ કરવાથી કર્મથી આશીવિષો છે. કહ્યું છે કે—

**आसी दाढा तग्गयमहाविसाऽऽसीविसा दुविहभेया । ते कम्म-जाइभेएण, णेगहा चउव्विहविगप्पा ॥२१७॥**

**[विशेषावश्यक ७९१ त्ति]**

આશી એટલે દાઢા. તેમાં જેને મહાવિષ હોય તે આશીવિષ, તે આશીવિષ બે ભેદથી છે. કર્મ અને જાતિ ભેદથી. કર્મથી આશીવિષ અનેક પ્રકારે છે. જાતિ વડે આશીવિષ વિચ્છુ વગેરે ચાર પ્રકારે છે. (૨૧૭)

જાતિથી આશીવિષો વૃશ્ચિક વગેરે છે. **'केवइय'** त्ति० વિષનો કેટલો વિષય છે? **પ્રભુ એટલે સમર્થ.** અર્દ્ધ ભરતનું પ્રમાણ કંઈક અધિક બસેં ત્રેશઠ યોજનરૂપ છે તેટલા પ્રમાણવાળા શરીરને પોતાની સાધનભૂત દાઢાથી ઉત્પન્ન થયેલ વિષ વડે વિષમય કરી શકે છે. અથવા ક્યાંક **'विषपरिगताम्'** એવો પાઠ છે ત્યાં વિષ વડે વ્યાપ્ત છે. **'विसट्टमाणिं'**—વિદારણ કરવા માટે સમર્થ હોય છે. અથવા **'से'** વૃશ્ચિકનું વિષ, એ જ અર્થનો ભાવ તે વિષાર્થતા, વિષાર્થતાની વિષનો અથવા તેમાં **'नो चेव'** त्ति० નહિં જ **'संपत्त्या'**—એવા પ્રકારની બોંદિ (શરીર) ની પ્રાપ્તિદ્વારા **'करिंसु'** त्ति० વૃશ્ચિકોએ કરેલ નથી. અર્થાત્ તેવી તેની શક્તિ હોય છે છતાં કદાપિ કરતા નથી. અહિં એકવચનના પ્રક્રમને વિષે બહુવચન નિર્દેશ કરેલ છે તે આશીવિષ વૃશ્ચિકોનું બહુપણું જાણવા માટે છે. એવી રીતે કરતા નથી, કરશે નહીં. વૃશ્ચિકોનું ત્રણ કાળ સંબંધી નિર્દેશ-ત્રિકાળપણું જણાવવા માટે છે. સમયક્ષેત્ર તે મનુષ્યક્ષેત્ર. બાકીના અર્થ સુગમ છે. ॥૩૪૧॥

વિષનો પરિણામ જ વ્યાધિ છે માટે તેના અધિકારથી વ્યાધિના ભેદો કહે છે—

**चउव्विहे वाही पन्नत्ते, तंजहा—वातिते, पित्तिते, सिंभिते, सन्निवातिते ॥ सू०३४२॥**

**चउव्विहा तिगिच्छा पन्नत्ता, तंजहा—वेज्जो, ओसधाइं, आउरे, परिचारते ४ (१) ॥ सू० ३४३॥**

**चत्तारि तिगिच्छगा पन्नत्ता, तंजहा—आततिगिच्छते नाममेगे णो परतिगिच्छते १, परतिगिच्छए नाममेगे ह्व [=४] (२) चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—वणकरे णाममेगे नो वणपरिमासी, वणपरिमासी नाममेगे णो वणकरे, एगे वणकरे वि वणपरिमासी वि, एगे णो वणकरे णो वणपरिमासी (१) चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा— वणकरे नाममेगे णो वणसारक्खी ह्व [=४] (२)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—वणकरे नामं एगे णो वणसंरोही ह्व [=४] (३)।**

**चत्तारि वणा पन्नत्ता, तंजहा—अंतोसल्ले नाममेगे णो बाहिंसल्ले ४ (१)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता,**

**तंजहा–अंतोसल्ले णाममेगे णो बाहिंसल्ले ह्व [=४] (२)। चत्तारि वणा पन्नत्ता, तंजहा- अंतो दुट्ठे नामं एगे णो बाहिं दुट्ठे, बाहिं दुट्ठे नामं एगे नो अंतो दुट्ठे ह्व [=४] (३)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–अंतो दुट्ठे नाममेगे नो बाहिं दुट्ठे ह्व [=४] (४)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–सेजंसे णाममेगे सेजंसे, सेजंसे नाममेगे पावंसे, पावंसे णाममेगे सेजंसे, पावंसे णाममेगे पावंसे ४ (१)।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–सेजंसे णाममेगे सेजंसे त्ति सालिसए, सेजंसे णाममेगे पावंसे त्ति सालिसते ह्व [=४] (२)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–सेयंसे त्ति णाममेगे सेयंसे त्ति मण्णति, सेयंसे त्ति णाममेगे पावंसे त्ति मण्णति ह्व [=४] (३)।**

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–सेयंसे णाममेगे सेयंसे त्ति सालिसते मन्नत्ति, सेयंसे णाममेगे पावंसे त्ति सालिसते मन्नति ह्व [=४] (४)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा–आघवतित्ता णाममेगे णो परिभावतित्ता, परिभावइत्ता णाममेगे नो आघवतित्ता ह्व [=४] (५)।**

**चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा–आघवतित्ता णाममेगे नो उंछजीविसंपन्ने, उंछजीविसंपन्ने णाममेगे णो आघवतित्ता ह्व [=४] (६)। चउव्विहा रुक्खविगुव्वणा पन्नत्ता, तंजहा–पवालत्ताए, पत्तत्ताए, पुप्फत्ताए, फलत्ताए ।। सू० ३४४।।**

*(મૂ૦) ચાર પ્રકારે વ્યાધિ–રોગ કહેલા છે, તે આ પ્રમાણે—વાયુથી થયેલ, પિત્તથી થયેલ, શ્લેષ્મ (કફ) થી થયેલ અને સન્નિપાતથી થયેલ. ।।૩૪૨।।*

*ચાર પ્રકારે ચિકિત્સા–ઉપચાર કહેલ છે, તે આ પ્રમાણે—વૈદ્ય, ઔષધો, રોગી અને પરિચારક–સેવા (માવજત) કરનાર (૧) ।।૩૪૩।।*

*ચાર પ્રકારના ચિકિત્સો–વૈદ્યો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પોતાની ચિકિત્સા કરે છે પણ બીજાની ચિકિત્સા કરતો નથી, કોઈક બીજાની ચિકિત્સા કરે છે પણ પોતાની કરતો નથી, કોઈક પોતાની અને બીજાની પણ ચિકિત્સા કરે છે અને કોઈક પોતાની કે પરની ચિકિત્સા કરતો નથી. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલ છે, તે આ પ્રમાણે—કોઈક વ્રણકર–પોતે રુધિરાદિ કાઢવા માટે શરીરમાં ક્ષત કરે છે પણ વ્રણને સ્પર્શ કરતો નથી, કોઈક વ્રણને સ્પર્શ કરે છે પણ પોતે વ્રણ કરતો નથી, કોઈક વ્રણને કરે છે અને સ્પર્શ પણ કરે છે અને કોઈક વ્રણને કરતો નથી તેમ સ્પર્શ પણ કરતો નથી. (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક વ્રણ કરે છે પણ પાટો ન બાંધવાથી વ્રણની રક્ષા કરતો નથી, ૨. કોઈક વ્રણની રક્ષા કરે છે પણ વ્રણ કરતો નથી, ૩. કોઈક વ્રણ કરે છે અને વ્રણની રક્ષા પણ કરે છે અને ૪. કોઈક બન્ને કરતો નથી. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક વ્રણ કરે છે પણ વ્રણને રુઝાવતો નથી, ૨. કોઈક વ્રણ રુઝાવે છે પણ વ્રણ કરતો નથી, ૩. કોઈક વ્રણ કરે છે અને રુઝાવે પણ છે અને ૪. કોઈક બન્ને કરતો નથી. (૩) ચાર પ્રકારના વ્રણ (ઘા) કે ગુમડું કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક વ્રણ અંદરમાં શલ્યવાળું હોય છે પણ બહાર દેખાતું નથી, ૨. કોઈક વ્રણ બહાર શલ્યવાળું દેખાય છે પણ અંદર શલ્યવાળું હોતું નથી, ૩. કોઈક વ્રણ અંદર અને બહાર શલ્યવાળું હોય છે અને ૪. કોઈક અંદર કે બહાર શલ્યવાળું હોતું નથી. (૧) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ અંદર શલ્યવાળો છે પણ બહાર શલ્યવાળો નથી, એમ વ્રણની માફક ચતુર્ભંગી કરવી. (૨) ચાર પ્રકારના વ્રણો (ફોડા) કહેલા છે, તે આ પ્રમાણે-૧. કોઈક વ્રણ લૂતાદિ દોષથી અંદર દુષ્ટ છે પણ બહાર દુષ્ટ નથી, ૨. કોઈક વ્રણ પરુ વગેરે નીકળવાથી બહાર દુષ્ટ છે પણ અંદર દુષ્ટ નથી, ૩. કોઈક વ્રણ અંદર અને બહાર દુષ્ટ છે અને ૪. કોઈક વ્રણ અંદર કે બહાર દુષ્ટ નથી. (૩)*

એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે. તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ અંદરથી દુષ્ટ છે પણ બહારથી દુષ્ટ નથી-સૌમ્ય દેખાય છે, ૨. કોઈક પુરુષ કારણવશાત્ બહારથી દુષ્ટ દેખાય છે પણ અંદરથી દુષ્ટ નથી, ૩. કોઈક અંદર અને બહારથી દુષ્ટ છે અને ૪. કોઈક અંદર કે બહારથી દુષ્ટ નથી. (૪) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ શ્રેયાંસ-પ્રશંસાયોગ્ય ભાવવાળો છે અને સદનુષ્ઠાનવાળો છે-તે સાધુ, ૨. કોઈક પ્રશંસા યોગ્ય ભાવવાળો છે પણ અવિરતિપણાને લઈને પાપવાળો છે-તે સમકિતી, ૩. કોઈક મિથ્યાત્વી હોવાથી પાપવાળો છે પણ કારણવશાત્ સદનુષ્ઠાનવાળો છે-ઉદયી નૃપને મારનાર કપટી સાધુની જેમ અને ૪. કોઈ અપ્રશસ્ય ભાવવાળો અને પાપ અનુષ્ઠાનવાળો છે-કાલસૌકરિકની જેમ. (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-૧. એક પુરુષ ભાવથી શ્રેયાંસ છે અને દ્રવ્યથી બીજાને પ્રશંસવા યોગ્ય બુદ્ધિ ઉત્પન્ન કરવા વડે શ્રેયાંસ તુલ્ય છે, ૨. કોઈ પુરુષ ભાવથી શ્રેયાંસ છે પણ દ્રવ્યથી 'આ પાપી છે' એવી બુદ્ધિ બીજાને ઉત્પન્ન કરવા વડે પાપાંશતુલ્ય છે, ૩. કોઈક ભાવથી પાપાંશ છે પણ દ્રવ્યથી શ્રેયાંસ તુલ્ય છે અને ૪. કોઈ ભાવથી પાપાંશ અને દ્રવ્યથી પણ પાપાંશ તુલ્ય છે. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પ્રશંસવા યોગ્ય છે અને પોતાના આત્માને શ્રેષ્ઠ માને છે, ૨. કોઈક શ્રેષ્ઠ છે પણ પોતાના આત્માને પાપી માને છે-દૃઢપ્રહારી મુનિની જેમ, ૩. કોઈક પાપી છે પણ પોતાના આત્માને શ્રેષ્ઠ માને છે-કુતીર્થિકવત્ અને ૪. કોઈક પાપી છે અને પોતાના આત્માને પાપી માને છે-સદ્બોધવાળો હોવાથી. (૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ભાવથી શ્રેષ્ઠ છે અને દ્રવ્યથી કંઈક શુભ ક્રિયાવાળો હોવાથી લોકો વડે શ્રેષ્ઠ તુલ્ય મનાય છે, ૨. કોઈક પુરુષ ભાવથી શ્રેષ્ઠ છે પણ લોકો વડે પાપી મનાય છે-કારણવશાત્ અસદનુષ્ઠાનવાળો હોવાથી, ૩. કોઈક ભાવથી પાપી છે પણ કંઈક સારું અનુષ્ઠાન કરતો હોવાથી લોકો વડે શ્રેષ્ઠ તુલ્ય મનાય છે અને ૪. કોઈક ભાવથી પાપી છે અને લોકો વડે પણ પાપી મનાય છે. (૪) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પ્રવચનનો આખ્યાયક-પ્રરૂપક છે પણ શાસનનો પ્રભાવક નથી કેમ કે તે ઉદાર ક્રિયા રહિત છે, ૨. કોઈક પુરુષ શાસનનો પ્રભાવક છેપણ પ્રવચનનો પ્રરૂપક નથી, ૩. કોઈક પ્રરૂપક છે અને પ્રભાવક પણ છે અને ૪. કોઈક પ્રરૂપક નથી અને પ્રભાવક પણ નથી. (૫) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ સૂત્રાર્થનો પ્રરૂપક છે પણ શુદ્ધ એષણામાં તત્પર નથી, ૨. કોઈક શુદ્ધ એષણામાં તત્પર છે પણ શુદ્ધ પ્રરૂપક નથી, ૩. કોઈક શુદ્ધ પ્રરૂપક અને શુદ્ધ એષણામાં તત્પર છે અને ૪. કોઈક શુદ્ધ પ્રરૂપક નથી તેમ શુદ્ધ એષણામાં તત્પર પણ નથી. (૬) ચાર પ્રકારે વૃક્ષની વિકુર્વણા કહેલી છે, તે આ પ્રમાણે-પ્રવાલ (નવા અંકુર) પણાએ, પત્રપણાએ, ફૂલપણાએ અને ફલપણાએ. ॥૩૪૪॥

(ટી૦) **'चउव्विहे'** त्यादि० સુગમ છે. વિશેષ એ કે-વાયુ છે નિદાન જે રોગનું તે વાતિક, એમ સર્વત્ર જાણવું. વિશેષ એ કે-[1]બે દોષઅથવા ત્રણ દોષનો સંયોગ તે સન્નિપાત. વાયુ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે—

**तत्र रूक्षो १ लघुः २ शीतः ३ खरः ४ सूक्ष्म ५ श्चलो ६ ऽनिलः ।**

**पित्तं सस्नेह १ तीक्ष्णो २ ष्णं ३ लघु ४ विश्रं ५ सरं ६ द्रवम् ॥२१८॥**

**कफो गुरु १ र्हिमः २ स्निग्धः ३ प्रक्लेदी ४ स्थिर ५ पिच्छिलः ।**

**सन्निपातस्तु सङ्कीर्णलक्षणो द्व्यादिमीलकः ॥२१९॥**

**वातादीनां कार्याणि पुनरिमानि-**

**पारुष्यसङ्कोचनतोदशूलश्यामत्वमङ्गव्यथचेष्टभङ्गाः ।**

**सुप्तत्वशीतत्वखरत्वशोषाः कर्म्माणि वायोः प्रवदन्ति तज्ज्ञाः॥२२०॥**

1. વાત અને પિત્ત, વાત અને કફ, પિત્ત અને કફ એ દ્વિદોષ સન્નિપાત અને વાત, પિત્ત અને કફ ત્રણેનો મિલાપ તે ત્રિદોષ સન્નિપાત.

परिस्रवस्वेदविदाहरागा वैगन्ध्यसङ्क्लेदविपाककोपाः ।
प्रलापमूर्च्छाभ्रमिपीतभावाः पित्तस्य कर्म्माणि वदन्ति तज्ज्ञाः॥२२१॥
श्वेतत्वशीतत्वगुरुत्वकण्डूस्नेहोपदेहस्तिमितत्त्वलेपाः ।
उत्सेधसम्पातचिरक्रियाश्च कफस्य कर्म्माणि वदन्ति तज्ज्ञाः॥२२२॥ इति ।

'વાયુ-૧. રુક્ષ, ૨. લઘુ-હલકો, ૩. શીત, ૪. કર્કશ, ૫. સૂક્ષ્મ અને ૬. ગતિવાળો છે. પિત્ત-૧. સ્નેહલ (ચીકણું), ૨. તીક્ષ્ણ, ૩. ઉષ્ણ, ૪. લઘુ, ૫. કાચા માંસના ગંધ જેવું, ૬. ફેલાઈ જનારું અને ૭. પ્રવાહી છે. (૨૧૮) કફ-૧. ભારી, ૨. અત્યંત ઠંડો, ૩. સ્નિગ્ધ-અતિશય ચીકાશવાળો, ૪. પ્રક્લેદી-મંદ, ૫. સ્થિર અને ૬. પિચ્છિલ ઘાટો (મલાઈના થર જેવો) છે. સન્નિપાત તો બે દોષ વગેરે મળવાથી મિશ્રલક્ષણવાળો છે. (૨૧૯) વળી વાત વગેરેના આ કાર્યો છે-૧. કઠણપણું, ૨. સંકોચન, ૩. પીડા, ૪. શૂલ, ૫. શ્યામતા, ૬. હાથપગ વગેરે અંગમાં દુઃખાવો, ૭. ચેષ્ટાનો ભંગ, ૮. અંગોનું સૂઈ જવું-ખાલી ચડવી, ૯. શીતપણું, ૧૦. તીક્ષ્ણપણું અને ૧૧. શોષ-તૃષા લાગવી. આ કાર્ય વાત (વાયુ)ના છે. (૨૨૦) ૧. પાણી વગેરેનું ઝરવું, ૨. સ્વેદ (પરસેવો), ૩. બળતરા, ૪. રતાશ, ૫. દુર્ગંધપણું, ૬. ખેદ, ૭. પાચક, ૮. કોપ, ૯. પ્રલાપ, ૧૦. મૂર્ચ્છા, ૧૧. ભ્રમી-ચકરી અને ૧૨. પીળાપણું-આ કાર્યો પિત્તનાં છે એમ વૈદ્યો કહે છે. (૨૨૧) ૧. શ્વેતપણું, ૨. શીતપણું, ૩. ગુરુતા-ભારેપણું, ૪. ચળ-ખરજ, ૫. ચીકાશ, ૬. સોજો, ૭. સ્થિરપણું ૮, લેપ-ચોટવું, ૯ ઉત્સેધ-ઊંચો અને સંતાપ-નીચો શ્વાસ લેવો વગેરે લાંબા કાળે ક્રિયાનું થવું-આ કાર્યો કફનાં છે. એમ વૈદ્યો કહે છે. (૨૨૨) અનંતર વ્યાધિ કહ્યો, હવે વ્યાધિની જ ચિકિત્સા અને ચિકિત્સકોને બે સૂત્ર વડે કહે છે-'चउव्विहे' त्यादि० સુગમ છે. વિશેષ એ કે-ચિકિત્સા એટલે રોગનો પ્રતિકાર, તેનું કારણના ભેદથી ચતુર્વિધપણું છે. બીજાઓએ [અન્ય શાસ્ત્રકારોએ] પણ આ સૂત્રને મળતું કથન કહેલું છે, જેમકે—

भिषग् १ द्रव्याण्यु २ पस्थाता ३ रोगी ४ पादचतुष्टयम् । चिकित्सितस्य निर्दिष्टम्, प्रत्येकं तच्चतुर्गुणम् ॥२२३॥
दक्षो १ विज्ञातशास्त्रार्थो २ दृष्टकर्म्मा ३ शुचि ४ र्भिषक् । बहुकल्पं १ बहुगुणम् २ सम्पन्नं ३ योग्यमौषधम् ॥२२४॥
अनुरक्तः १ शुचि २ र्दक्षो ३ बुद्धिमान् ४ परिचारकः। आढ्यो १ रोगी भिषग्वश्यो २ ज्ञापकः ३ सत्त्ववानपि ॥२२५॥
[ ] इति ।

૧. વૈદ્ય, ૨. ઔષધ, ૩. સેવા કરનાર અને ૪. રોગી આ ચિકિત્સાના ચાર ચરણો ચિકિત્સાના કરાવનારને માટે કહેલ છે અને તે દરેકના ચાર ગુણો છે. (૧) ૧. ચતુર, ૨. શાસ્ત્રના અર્થને જાણનારો, ૩. જોયેલ વૈદ્યક ક્રિયાવાળો અને ૪. પવિત્ર આચારવાળો – ચાર વૈદ્યના ગુણો છે. (૨) ૧. બહુકલ્પવાળું, ૨. બહુ ગુણવાળું, ૩. ઔષધના ગુણથી સંપન્ન અને ૪. યોગ્ય આ ચાર ઔષધના ગુણો છે. (૩) ૧. પ્રીતિવાળો, ૨. પવિત્ર, ૩. દક્ષ અને ૪. બુદ્ધિમાન આ ચાર સેવા કરનારના ગુણો છે, અને (૪) ૧. પૈસાવાળો, ૨. વૈદ્યના કહેવા પ્રમાણે વર્તનારો, ૩. રોગને જણાવનાર અને ૪. હિમ્મતવાળો-આ ચાર રોગીના ગુણો છે. (૩) (૨૨૩-૨૨૫)

આ દ્રવ્યરોગની ચિકિત્સા કહી પરંતુ મોહરૂપ ભાવરોગની ચિકિત્સા તો આ પ્રમાણે જાણવી—

निव्विगइ निब्बलोमे, तवउद्धट्ठाणमेव उब्भामे । वेयावच्चाहिंडण, मंडलि कप्पट्ठियाहरणं ॥२२६॥[निशीथ० ५७४ त्ति]

૧. નિર્વિકૃતિ-વિગય ત્યાગ કરે, ૨. વાલ, ચણા વગેરે નિર્બલ આહાર કરે, ૩. ઊણોદરી કરે, ૪. આયંબિલ વગેરે તપ કરે, ૫. કાયોત્સર્ગ કરે, ૬. ભિક્ષાચર્યા કરે, ૭. વૈયાવૃત્ય કરે, ૮. ભિન્ન દેશોને વિષે વિહાર કરે અને ૯. સૂત્રાર્થની મંડલીમાં પ્રવેશ કરે. (૨૨૬) આ પ્રમાણે મોહ રોગની ચિકિત્સા છે.

આ સંબંધમાં કોઈએક કુલપુત્રીનું ઉદાહરણ છે. કોઈક શેઠની પુત્રી કંઈપણ કર્યા સિવાય સુખપૂર્વક ઘરમાં રહે છે. તેનો પતિ દેશાંતરમાં ગયેલ છે. તેણી સ્નાનાદિ શૃંગારપરાયણ હોવાથી વિષયવાળી થઈ તેથી ધાવમાતાને કહ્યું કે-"કોઈક પુરુષને

લઈ આવ.'' ત્યારે ધાવમાતાએ તેણીના માતાપિતાને વૃત્તાંત જણાવ્યું. તેઓએ વિચારીને સ્વપુત્રીને કહ્યું કે-''ધાન્યને કોઠારમાંથી કાઢીને સાફ કર.' ઇત્યાદિ અનેક કાર્યમાં જોડી આપવાથી શ્રમિત થયેલી તે રાત્રે સુખપૂર્વક સૂઈ જવા લાગી. એક વખત ધાવમાતાએ પૂછ્યું કે-''હું કોઈક પુરુષને લાવું?' ત્યારે તેણીએ કહ્યું કે-'હું તો થાકી ગઈ છું, મને ઊંઘ આવે છે.' એવી રીતે **સાધુઓ પણ સૂત્રાર્થ દેવા વગેરેના કાર્યમાં વ્યગ્ર હોવાથી તેમને કામનો સંકલ્પ થતો નથી.** ।।૩૪૩।।

ચિકિત્સકો દ્રવ્યથી જ્વરાદિ રોગો પ્રત્યે અને ભાવથી રાગાદિ પ્રત્યે, તેમાં આત્મ સંબંધી-જ્વરાદિની અથવા કામાદિની ચિકિત્સા કરનાર તે આત્મચિકિત્સક. હવે પોતાની ચિકિત્સા કરનારને ભેદથી ત્રણ સૂત્રો વડે કહે છે—'**चत्तारी**'त्यादि० સુગમ છે. વિશેષ એ કે-વ્રણ (દેહને વિષે રુધિરાદિ કાઢવા માટે ક્ષત-છિદ્ર) ને પોતે કરે છે તે વ્રણકર, '**नो**'વ્રણને સ્પર્શ કરતો નથી એવા સ્વભાવવાળો તે નોવ્રણપરિમર્શી-આ એક. બીજો તો બીજાએ કરેલ વ્રણને સ્પર્શ કરે છે પરંતુ વ્રણ કરતો નથી. એવી રીતે અતિચાર લક્ષણ ભાવવ્રણને કાયા વડે કરે છે પણ તે વ્રણને જ પુનઃ પુનઃ સંભારવા વડે સ્પર્શ કરતો નથી, બીજો તો અતિચારને વારંવાર સંભારવા વડે સ્પર્શ કરે છે પરંતુ કાયાથી અભિલાષાને કરતો નથી કેમકે સંસારનો ભય વગેરે હોય છે. (૧) એક વ્રણ કરે છે પણ તેને પાટો વગેરે બાંધવા વડે સંરક્ષણ કરતો નથી, બીજો તો કરેલ વ્રણનું સંરક્ષણ કરે છે પરંતુ વ્રણને કરતો નથી. ભાવવ્રણને આશ્રયીને તો અતિચારને કરે છે પરંતુ અનુબંધને થનારો કુશીલાદિનો સંસર્ગ અને તેનું નિદાન-મૂલના પરિહારથી રક્ષણ કરતો નથી-આ એક અને બીજો તો પૂર્વે કરેલ અતિચારને નિદાનના પરિહારથી રક્ષણ કરે છે અને નવીન અતિચાર કરતો નથી. (૨) ઔષધાદિના દેવા વડે વ્રણનો સંરોહ-અટકાવ કરતો નથી તે નોવ્રણસંરોહી [અન્ય ઔષધાદિના દેવા વડે વ્રણનો સંરોહ કરે છે-રુઝાવે છે તે વ્રણસંરોહી], ભાવવ્રણની અપેક્ષાએ તો પ્રાયશ્ચિત્તને નહિ સ્વીકારવાથી વ્રણસંરોહી નથી, અન્ય પૂર્વે કરેલ અતિચાર સંબંધી પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવા વડે વ્રણસંરોહીઅતિચારને ટાળનાર છે કેમકે નોવ્રણકર-નવીન અતિચારને કરનાર નથી. (૩) આત્મચિકિત્સકો કહ્યા, હવે ચિકિત્સા કરવા યોગ્ય વ્રણને દૃષ્ટાંતરૂપે કરીને પુરુષના ભેદોને કહે છે—'**चत्तारी**' त्यादि० ચાર સૂત્રો સુગમ છે. વિશેષ એ કે-અંદર શલ્ય છે જેનું અર્થાત્ જોવામાં નહિં આવતું તે ૧ અંતઃશલ્ય. '**बाहिं सल्ले**' त्ति० જે શલ્ય વ્રણની અંદર અલ્પ છે અને બહાર તો ઘણું છે એટલે અંદર અલ્પ અને બહાર બહુ શલ્ય છે જેનું તે બાહ્યશલ્ય કહેવાય છે. જો વળી સર્વથા વ્રણથી બહાર હોય તો શલ્યપણું જ ન હોય, અથવા શલ્યનો ઉદ્ધાર કર્યે છતે પણ ભૂતકાળનું શલ્ય ભવિષ્યમાં પણ હોય. જે વ્રણમાં અંદર ઘણું શલ્ય છે અને બહાર પણ દેખાય છે તે ૩ ઉભયશલ્ય અને ચતુર્થ ભંગ શૂન્ય છે અર્થાત્ અંતર્બાહ્ય શલ્ય નથી. (૧) ગુરુની સમક્ષ આલોચના કરવા વડે અતિચારરૂપ અંતશલ્ય છે જેને તે અંતઃશલ્ય, આલોચના કરવા વડે બહાર શલ્ય છે જેને તે ૨ બહિશલ્ય, આલોચના કરવા વડે અને ન કરવા વડે અંતઃ અને બાહ્ય શલ્ય છે જેને તે ૩ અંતઃબહિશલ્ય, ચતુર્થ ભંગ શૂન્ય છે-શલ્ય રહિત છે. (૨) લૂતાદિરોગના દોષથી જે વ્રણ છે તે અંતર્દુષ્ટ વ્રણ છે-રતાશ વગેરેના અભાવને લઈને સૌમ્યપણું [1]હોવાથી બાહ્ય દુષ્ટ નથી. (૩) પુરુષ તો શઠતાથી અંતરમાં દુષ્ટ છે પણ આકારને છુપાવવાથી બહાર દુષ્ટ નથી આ એક, બીજો તો કારણવશાત્ વચનનું કઠોરપણું વગેરે દેખાડવાથી બહારથી દુષ્ટ છે (પણ અંતર્દુષ્ટ નથી). (૪) પુરુષના અધિકારથી તેના ભેદોનું પ્રતિપાદન કરવા માટે છ સૂત્રો છે અને તે સરળ છે, પરંતુ ૧ કોઈએક અત્યંત પ્રશસ્ય શ્રેયાનેક-પ્રશંસા કરવા યોગ્ય છે-સદ્બોધવાળો હોવાથી પ્રશસ્ય ભાવવાળો છે. વળી પ્રશસ્ત અનુષ્ઠાન કરવાથી શ્રેષ્ઠ છે-સાધુની જેમ, ૨ બીજો તો પૂર્વની જેમ પ્રશસ્ય ભાવવાળો છે પણ અવિરતિપણાને લઈને દુષ્ટ અનુષ્ઠાન કરનાર હોવાથી અત્યંત પાપી છે, ૩ ત્રીજો તો મિથ્યાત્વાદિ વડે હણાયેલ હોવાથી ભાવથી અત્યંત પાપી છે અને કારણવશાત્ સારા અનુષ્ઠાનનો કરનાર હોવાથી શ્રેષ્ઠ છે-ઉદાયીનૃપ-મારકવત્, ચોથો તો તે જ નૃપને મારવાથી પાપનો કરનારો કૃત્રિમ સાધુ. અથવા ૧ ગૃહસ્થપણામાં અત્યંત શ્રેષ્ઠ કે દીક્ષા લેવાના સમયમાં, વળી પ્રવ્રજ્યામાં કે વિહારના સમયમાં

1. અહિં એક ભંગ કહ્યો, તદનુસાર શેષ ત્રણ ભંગ મૂલ અનુવાદમાં આપેલ છે તે પરથી સમજી લેવા.

શ્રેષ્ઠ છે. એવી રીતે અન્ય ૩ ભાંગા પણ જાણવા. (૧) કોઈક ભાવથી અત્યંત શ્રેષ્ઠ છે અને દ્રવ્યથી તો શ્રેષ્ઠ અત્યંત પ્રશંસા કરવા યોગ્ય છે. આવા પ્રકારની બુદ્ધિ લોકને ઉત્પન્ન કરવા વડે સદશક-અન્ય શ્રેષ્ઠ પુરુષ તુલ્ય છે પણ સર્વથા શ્રેષ્ઠ નથી આ એક, બીજો તો ભાવથી શ્રેષ્ઠ છે પણ દ્રવ્યથી અત્યંત પાપી છે. આવી રીતે લોકને બુદ્ધિ ઉત્પન્ન કરવા વડે અન્ય પાપી તુલ્ય છે, ત્રીજો તો ભાવથી અત્યંત પાપી છે પણ દ્રવ્યથી આકારને છુપાવવા વડે બીજા શ્રેષ્ઠ પુરુષ તુલ્ય છે, ચોથો તો સુજ્ઞાત છે. (૨) ૧. કોઈક સદ્વૃત્તિવાળો હોવાથી અત્યંત શ્રેષ્ઠ છે અને પોતાના આત્માને શ્રેષ્ઠ માને છે. અથવા લોકો વડે શ્રેષ્ઠ મનાય છે કેમ કે નિર્મલ સદનુષ્ઠાનવાળો હોય છે. અહિં '**मन्निज्जइ**' त्ति० વક્તવ્યમાં પ્રાકૃતશૈલી વડે '**मन्नई**' એમ કહ્યું. ૨. બીજો અત્યંત શ્રેષ્ઠ છે પણ પોતાના આત્માને વિષે અરુચિપરાયણ હોવાથી સ્વાત્માને અત્યંત પાપી માને છે અથવા પૂર્વના જાણેલ તેના દોષદ્વારા લોકો વડે તે પાપી મનાય છે-દૃઢપ્રહારીની જેમ. ત્રીજો મિથ્યાત્વાદિ વડે હણાયેલ હોવાથી અત્યંત પાપી છે પણ સ્વાત્માને શ્રેષ્ઠ માને છે-કુતીર્થિકની જેમ. ૪ અવિરતિક હોવાથી અત્યંત પાપી છે પણ સદ્બોધવાળો હોવાથી સ્વાત્માને પાપી માને છે, અથવા સંયત લોકો વડે અસંયત મનાય છે. (૩) ૧. કોઈક ભાવથી અત્યંત શ્રેષ્ઠ છે અને દ્રવ્યથી તો કિંચિત્ સદનુષ્ઠાનવાળો હોવાથી શ્રેષ્ઠ છે એમ (લોકોને) વિકલ્પ ઉત્પન્ન કરવા વડે બીજા અત્યંત શ્રેષ્ઠ તુલ્ય મનાય છે. મનુષ્ય વડે શ્રેષ્ઠ જણાય છે અથવા વિંભક્તિના પરિણામથી અન્ય શ્રેષ્ઠ પુરુષ સમાન પોતાના આત્માને માને છે. એમ બીજા ૩ ભાંગા પણ જાણવા. (૪) '**आघवइत्ते**'त्ति० ૧. કોઈએક પ્રવચનનો પ્રરૂપક છે પણ શાસનનો પ્રભાવક નથી, કારણ કે ઉદાર ક્રિયા અને પ્રતિભાદિ વડે રહિત હોય છે અથવા[1] પ્રવિભાજયિતા-સિદ્ધાંતના અર્થને નય અને ઉત્સર્ગાદિ વડે વિવેચન કરનાર, અથવા આખ્યાક-સૂત્રનો કહેનાર અને પ્રવિભાવયિતા કે પ્રવિભાજયિતા તે અર્થને કહેનાર. (૫) કોઈએક સૂત્રાર્થનો કહેનાર છે, પરંતુ ઉંચ્છજીવિકાસંપન્ન-એષણા માટે તત્પર નથી. તે દુર્ભિક્ષાદિ પ્રસંગરૂપ આપત્તિમાં પ્રાપ્ત થયેલ સાધુ અથવા સંવિજ્ઞપાક્ષિક છે. કહ્યું છે કે—

**होज्ज हु वसणं पत्तो, सरीरदुब्बल्लयाए असमत्थो । चरणकरणे असुद्धे, सुद्धं मग्गं परूवेज्जा ।।२२७।।**

**[निशीथ० ५४३५ त्ति]**

કોઈક સાધુ કષ્ટ પ્રાપ્ત થવાથી અથવા શરીરની દુર્બલતાથી સાધુના આચારરૂપ ચરણસિત્તરી અને કરણસિત્તરીને પાલવામાં અસમર્થ છે તો પણ શુદ્ધ સાધુના માર્ગની પ્રરૂપણા કરે, કારણ કે શુદ્ધ પ્રરૂપકનું આરાધકપણું હોય છે. (૨૨૭)

**ओसन्नोऽवि विहारे, कम्मं सिढिलेइ सुलहबोही य । चरणकरणं विसुद्धं, उववूहंतो परूवेंतो ।।२२८।।**

**[निशीथ० ५४३६ त्ति]**

સાધુના આચાર પાળવામાં અસમર્થ છતાં પણ ચરણકમળ વડે વિશુદ્ધ સાધુના માર્ગની પ્રશંસા અને પ્રરૂપણાને કરતો થકો કર્મને શિથિલ કરે છે અને સુલભબોધિ થાય છે. (૨૨૮)

બીજો યથાચ્છંદક, ત્રીજો સાધુ અને ચોથો ગૃહસ્થ વગેરે. પૂર્વના સૂત્રમાં સાધુરૂપ પુરુષના આખ્યાયકત્વ અને એષણાશુદ્ધિત્વરૂપ ગુણની વિભૂષા કહી, હવે તેની સમાનતાથી વૃક્ષની વિભૂષાને કહે છે—'**चउव्विहे**' त्यादि० અથવા પૂર્વે ઉંચ્છજીવિકાસંપન્ન સાધુપુરુષ કહ્યા તે વૈક્રિય લબ્ધિવાળા સાધુને તથાપ્રકારના પ્રયોજનને વિષે-વૃક્ષની વિકુર્વણા કરનારને જે પ્રકારે તેની વિકુર્વણા થાય તે કહે છે—'**चउव्विहे**' त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે—'**प्रवालतये**' ति० નવીન અંકુરપણાએ એવો અર્થ છે. ।।૩૪૪।।

આ પૂર્વે કહેલ આખ્યાયક વગેરે તીર્થિકો છે, માટે તેઓનું સ્વરૂપ કહે છે—

1. અહિં ફક્ત શબ્દના અર્થો કહેલા છે પરંતુ ભાંગા બતાવેલા નથી, તે આ પ્રમાણે—૧. કોઈએક સિદ્ધાંતનો પ્રરૂપક છે પણ નયાદિ વડે વિવેચક નથી, ૨. કોઈએક વિવેચન કરનાર છે પણ પ્રરૂપક નથી, ૩. કોઈક ઉભયયુક્ત છે તેમજ ૪. ઉભયશૂન્ય છે. અથવા ૧. કોઈક સૂત્રનો વક્તા છે પણ અર્થનો કહેનાર નથી, ૨. સૂત્રવક્તા નથી પણ અર્થને કહેનાર છે, ૩. ઉભય યુક્તા છે, ૪. ઉભયશૂન્ય છે.

**चत्तारि वादिसमोसरणा पन्नत्ता, तंजहा—किरियावादी, अकिरियावादी, अन्नाणियवादी, वेणइयवादी। णेरइयाणं चत्तारि वादिसमोसरणा पन्नत्ता, तंजहा—किरियावादी जाव वेणतियवादी, एवमसुरकुमाराण वि जाव थणियकुमाराणं, एवं विगलिंदियवज्जं जाव वेमाणियाणं ।। सू० ३४५।।**

*(મૂ૦) ચાર પ્રકારના વાદીના સમવસરણો-વિવિધ મતના મિલાપો કહેલા છે, તે આ પ્રમાણે—૧. ક્રિયાવાદી, તેના એક સો એંશી ભેદો છે, ૨. અક્રિયાવાદી, તેના ચોરાશી ભેદો છે. ૩. અજ્ઞાનિકવાદી, તેના સડસઠ ભેદો છે, ૪ વૈનયિકવાદી, તેના બત્રીશ ભેદો છે. સર્વ મળીને ત્રણ સો ત્રેશઠ ભેદ થાય છે. નૈરયિકોને ચાર વાદીના સમવસરણો કહેલા છે, તે આ પ્રમાણે—ક્રિયાવાદી યાવત્ વૈનયિકવાદી. એમ અસુરકુમારોના પણ ચાર સમવસરણો છે યાવત્ સ્તનિતકુમારોના પણ ચાર છે. એવી રીતે એકેંદ્રિય અને વિકલેંદ્રિયને છોડીને યાવત્ વૈમાનિકોના ચાર વાદીના સમવસરણો છે. ॥૩૪૫॥*

(ટી૦) वादिनः-તીર્થિકો સમવતાર થાય છે તેઓને વિષે તે સમવસરણો-વિવિધ મતના મિલાપો. તેઓના સમવસરણો તે વાદી સમવસરણો. ક્રિયા-જીવ, અજીવાદિ પદાર્થ છે, આવી રીતે અસ્તિત્વરૂપ ક્રિયાને કહે છે તે ક્રિયાવાદીઓ અર્થાત્ આસ્તિકો. તેઓનું જે સમવસરણ તે અભેદ હોવાથી તે ક્રિયાવાદીઓ જ કહેવાય છે. જીવ, અજીવાદિ પદાર્થથી અસ્તિત્વરૂપ ક્રિયાના નિષેધથી અક્રિયાવાદીઓ નાસ્તિકો છે. સ્વીકાર દ્વારાએ અજ્ઞાન છે જેઓને તે અજ્ઞાનિકો તેજ વાદીઓ-અજ્ઞાનિક વાદીઓ અર્થાત્ અજ્ઞાન જ શ્રેય છે એવી પ્રતિજ્ઞાવાળા છે. વિનય જ વૈનયિક, તે જ મોક્ષને માટે છે એવી રીતે કહેનારા તે વૈનયિકવાદીઓ. આ ચારેના ભેદોની સંખ્યા આ પ્રમાણે જાણવી.

**असियसयं किरियाणं, अकिरियवाईण होइ चुलसीई । अन्नाणिय सत्तट्ठी, वेणइयाणं च बत्तीसा ।।२२९।।**

**[सूत्र० नि० ११९ इति]**

ક્રિયાવાદીના ૧૮૦ ભેદ, અક્રિયાવાદીના ૮૪ ભેદ, અજ્ઞાનિકવાદીના ૬૭ ભેદ અને વૈનયિકવાદીના ૩૨ ભેદ છે. (૨૨૯)

તેમાં એક સો ને એંશી ભેદ ક્રિયાવાદીના થાય છે, તે આ ઉપાય વડે જાણવા-જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, પુણ્ય, પાપ અને મોક્ષ-એ નવ પદાર્થોને વિરચીને-પદ્ધતિસર એક પાટી પર લખીને જીવ પદાર્થની નીચે સ્વ અને પર ભેદો સ્થાપન કરવા, તેની નીચે નિત્ય અને અનિત્ય ભેદો સ્થાપવા, તેની પણ નીચે કાળ, ઈશ્વર, આત્મ, નિયતિ અને સ્વભાવ આ પાંચ ભેદો સ્થાપવા. બાદ આવી રીતે વિકલ્પો કરવા—'अस्ति जीवः स्वतो नित्यः कालतः'—કાલથી નિત્ય અને સ્વતઃ જીવ છે. આ એક વિકલ્પ. વિકલ્પનો અર્થ આ પ્રમાણે-આ આત્મા નિશ્ચયે પોતાના રૂપ વડે વિદ્યમાન છે પણ પરની અપેક્ષાએ નહિ-[1]હ્રસ્વ અને દીર્ઘત્વની જેમ નિત્ય છે. [2]કાલવાદીઓનો આ વિકલ્પ છે. કહેલ અભિલાપ વડે જ જીવો [3]ઈશ્વરને કારણ માનવાવાળા વાદીઓનો છે. 'पुरुष एवेदं ग्निम्' इत्यादि આ બધુંય પુરુષ જ છે એમ સ્વીકારનારા આત્મવાદીઓનો ત્રીજો વિકલ્પ છે. નિયતિ, પદાર્થોને અવશ્યપણે જે જેમ થવાનું હોય તેમાં પ્રેરણા [4]કરનારી છે. આવો ચોથો વિકલ્પ નિયતવાદીઓનો છે. પાંચમો વિકલ્પ [5]સ્વભાવવાદીઓનો છે. એવી રીતે 'સ્વતઃ' પદને નહિં છોડવા વડે પાંચ વિકલ્પો પ્રાપ્ત થાય છે. તેમજ [સ્વતઃ ને બદલે] પરતઃ આ પદ વડે પણ પાંચ જ વિકલ્પો પ્રાપ્ત થાય છે. તેમાં પરતઃ એ પદનો અર્થ આ પ્રમાણે—અહિં બધા પદાર્થોનો પરરૂપની અપેક્ષાવાળો સ્વરૂપનો પરિચ્છેદ-જ્ઞાન છે. જેમ હ્રસ્વત્વાદિની અપેક્ષાવાળો દીર્ઘત્વાદિ પરિચ્છેદ છે. એ

1. જેમ હ્રસ્વપણું કે દીર્ઘપણું સ્વતઃ છે પરંતુ આપેક્ષિક નથી. 2. કાલવાદીઓ કહે છે કે દરેક પદાર્થ કાળકૃત છે.
3. સર્વ પદાર્થ ઈશ્વરકૃત છે એમ ઈશ્વરવાદીઓનું કથન છે. 4. ગોશાલકાદિ નિયતવાદીઓ નિયતને જ કારણ માને છે.
5. સ્વભાવવાદીઓ દરેક પદાર્થ મયૂરપિચ્છવત્ સ્વભાવથી જ થાય છે એમ માને છે.

પ્રમાણે જ આત્મા પ્રત્યે સ્તંભ અને કુંભાદિને જોઈને તેનાથી જુદી વસ્તુમાં જ આત્મબુદ્ધિ પ્રવર્તે છે. આ હેતુથી જે આત્માનું સ્વરૂપ છે તે પરતઃ (બીજાથી) જ નિશ્ચય કરાય છે પણ સ્વતઃ નહિ. અહિં નિત્ય પદનો ત્યાગ ન કરવા વડે આ દશ વિકલ્પો છે. એવી રીતે અનિત્ય પદ વડે પણ દશ વિકલ્પો થાય છે, એમ વીશ વિકલ્પો જીવ પદાર્થ વડે પ્રાપ્ત થાય છે. બીજા અજીવ વગેરે આઠ પદોને વિષે પણ એવી રીતે જ દરેક પદમાં વીશ વિકલ્પો થાય છે–આ કારણથી વીશને નવગુણા કરવાથી એક સો એંશી ભેદો ક્રિયાવાદીઓના થાય છે. આ વિકલ્પો એકૈકમાં શીલાંગ (ના ભેદ) ની જેમ પ્રાપ્ત થતા નથી.

અક્રિયાવાદીઓના તો ચોરાશી ભેદો જાણવા. તેની સ્થાપના આ પ્રમાણે–પુણ્ય અને પાપ સિવાય શેષ જીવાદિ સાત પદાર્થનો તેમજ ઉપન્યાસ કરવો. જીવપદની નીચે સ્વ અને પરરૂપ બે વિકલ્પનો ઉપન્યાસ કરવો. આત્માના [1]અસત્ત્વ (અવિદ્યમાનપણા) થી નિત્ય અને અનિત્ય ભેદનું સ્થાપન નથી. કાલ વગેરે પાંચ પદોને વિષે છઠ્ઠી યદચ્છા સ્થપાય છે. અનિચ્છાપૂર્વક પદાર્થની પ્રાપ્તિ તે યદચ્છા. ત્યાર બાદ વિકલ્પોનો અભિલાપ આ પ્રમાણે—"नास्ति जीवः स्वतः कालतः"––જીવ સ્વતઃ અને કાલતઃ નથી–આ એક વિકલ્પ. એવી રીતે ઈશ્વરાદિ વગેરે યદચ્છા પર્યંત પદો વડે બધા મળીને છ વિકલ્પો થાય છે. તથા "જીવ પરતઃ અને કાલતઃ નથી" આ છ વિકલ્પ, એકંદર બાર વિકલ્પો જીવ પદથી થયા. એવી રીતે અજીવાદિ શેષ છ પદોને વિષે પણ દરેકના બાર વિકલ્પો થાય છે. એમ બારને સાતગુણા કરવાથી ચોરાશી વિકલ્પો નાસ્તિકોના થાય છે.

અજ્ઞાનિકોના તો સડસઠ વિકલ્પો થાય છે, તે આ પ્રમાણે જાણવા–તેની સ્થાપનામાં જીવ, અજીવ વગેરે નવ પદાર્થોને પૂર્વની માફક ક્રમશઃ સ્થાપીને છેવટમાં ઉત્પત્તિ પદ સ્થાપીને જીવાદિ પદની નીચે સત્ વગેરે સાત પદો સ્થાપવા, તે આ પ્રમાણે—૧. સત્ત્વ, ૨. અસત્ત્વ, ૩. સદસત્ત્વ, ૪. અવાચ્યત્વ, ૫. સદવાચ્યત્વ, ૬. અસદવાચ્યત્વ અને ૭. સદસદવાચ્યત્વ. તેથી આ જીવાદિ નવ પદને સત્ત્વ વગેરે સાત પદો વડે ગુણવાથી ત્રેશઠ વિકલ્પો થાય છે. ઉત્પત્તિના તો પ્રથમના જ ચાર વિકલ્પો ૧. સત્ત્વ, ૨. અસત્ત્વ, ૩. સદસત્ત્વ અને ૪. અવાચ્યત્વ–આ ચાર વિકલ્પો ત્રેશઠ વિકલ્પોમાં ઉમેરવાથી સડસઠ થાય છે. વિકલ્પનો અભિલાપ આ પ્રમાણે—જીવ વિદ્યમાન છે એમ કોણ જાણે છે? અથવા તેને જાણવા વડે શું? આ એક વિકલ્પ. એવી રીતે અસત્ વગેરે પદો પણ કહેવા. વળી 'ભાવોની ઉત્પત્તિ ૧ છતી છે એમ કોણ જાણે છે? અથવા એને જાણવા વડે શું? એવી રીતે ૨ અછતી, ૩ છતી–અછતી અને ૪ અવક્તવ્ય ઉત્પત્તિ છે એમ કોણ જાણે છે? અથવા એને જાણવા વડે શું? સત્ત્વાદિ સપ્તભંગીનો આ પ્રમાણે અર્થ છે–૧. સ્વરૂપમાત્રની અપેક્ષાએ [2]વસ્તુનું વિદ્યમાનપણું છે. ૨. પરરૂપમાત્રની અપેક્ષાએ [3]અસત્ત્વ–અવિદ્યમાનપણું છે. ૩. વળી ઘટ વગેરે દ્રવ્યના એક દેશરૂપ ગ્રીવાદિના સદ્ભાવપર્યાયરૂપ ગ્રીવાત્વાદિ વડે વિશેષિત ઘટનું વિદ્યમાનપણું હોવાથી તથા ઘટાદિ દ્રવ્યના અપર બુધ્નાદિ દેશનેજ અસદ્ભાવપર્યાયરૂપ વૃત્તત્વાદિ વડે અથવા પરગત (બીજામાં રહેલ) પર્યાય વડે જ વિશેષિત ઘટનું અવિદ્યમાનપણું હોવાથી વસ્તુનું સદસત્પણું છે. ૪. સમસ્ત અખંડિત જ ઘટાદિ વસ્તુને અર્થાન્તરભૂત (ભિન્નરૂપ) પટાદિ પર્યાયો વડે અને પોતાના ઊર્ધ્વ, કુંડલ, ઓષ્ઠ, આયત (દીર્ઘ), વૃત્ત અને ગ્રીવાદિ પર્યાયો વડે યુગપત્ વિવક્ષિત વસ્તુનું સત્ત્વ કે અસત્ત્વ વડે કહેવા માટે [4]અશક્ય હોવાથી તે ઘટાદિ દ્રવ્યનું અવક્તવ્યપણું છે. ૫. સદ્ભાવપર્યાય વડે આદેશ (વિવક્ષા) કરાયેલ ઘટાદિ દ્રવ્યના એક દેશનું સત્ત્વ હોવાથી અને અપર (બીજા) દેશનું સ્વ–પરપર્યાયો વડે યુગપત્ વિવક્ષિત કરવાથી સત્ત્વ વડે કે અસત્ત્વ વડે કહેવા માટે અશક્ય હોવાથી ઘટાદિ દ્રવ્યનું સદ્અવક્તવ્યપણું છે અર્થાત્ એક દેશમાં સત્પણું છે અને અન્ય દેશમાં અવક્તવ્યપણું છે. ૬. તે જ ઘટાદિ દ્રવ્યના એક દેશનું પરપર્યાય વડે વિશેષિત કરાયેલ ઘટનું અસત્પણું હોવાથી અને અપરદેશનું સ્વપરપર્યાયથી યુગપત્ વિવક્ષિત કરવા વડે તેમજ કહેવાને

1. અક્રિયાવાદીઓ આત્માનું અસ્તિત્વ માનતા નથી તેથી નિત્ય-અનિત્ય પદનું સ્થાપન નથી.
2. ઘટ વસ્તુ મૃત્તિકાદિ સ્વરૂપ વડે સત્ છે. 3. વસ્ત્રાદિ પરરૂપની અપેક્ષાએ ઘટનું અસત્પણું છે.
4. ઘટાદિ દ્રવ્યમાં સત્ત્વ અને અસત્ત્વ એક સમયમાં વિદ્યમાન છે અને વચન વડે એક અક્ષરનો ઉચ્ચાર કરતાં અસંખ્ય સમય લાગે માટે અવ્યક્તવ્ય છે.

અશક્ય હોવાથી તે ઘટાદિનું અસદ્અવક્તવ્યપણું છે અર્થાત્ એક દેશમાં અસત્પણું અને અન્ય દેશમાં અવ્યક્તપણું છે. ૭. ઘટાદિ દ્રવ્યના એક દેશનું સ્વપર્યાયોથી વિશેષિત કરવા વડે સત્ત્વ હોવાથી અને બીજા દેશનું પરપર્યાયોથી વિશેષિત કરવા વડે અસત્ત્વ હોવાથી અને અન્ય (ત્રીજા) દેશનું સ્વ-પરપર્યાયો વડે યુગપત્ વિશેષિત ઘટનું તેમજ કહેવા માટે અશક્યપણાને લઈને અવ્યક્ત હોવાથી તે ઘટાદિ દ્રવ્યનું સત્અસત્અવક્તવ્યપણું છે. અહિં પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ ભંગ એ ત્રણે અખંડિત વસ્તુ (દ્રવ્ય) ને આશ્રિત છે અર્થાત્ સકલાદેશી છે. શેષ ત્રીજો, પાંચમો, છઠ્ઠો અને સાતમો આ ચાર ભાંગા વસ્તુના દેશને (પર્યાયને) આશ્રયવાળા કહેલા છે. વળી તૃતીય ભંગ પણ અખંડ વસ્તુને આશ્રિત જ છે એમ અન્ય આચાર્યોએ કહેલ છે, તે આ પ્રમાણે-સ્વપર્યાયો અને પરપર્યાયો વડે વિવક્ષિત અખંડ વસ્તુનું સત્અસત્પણું છે. આ કારણથી જ આચારાંગની ટીકામાં કહેલું છે કે—इह चोत्पत्तिमङ्गीकृत्योत्तरं विकल्पत्रयं न सम्भवति, पदार्थावयवापेक्षत्वात् तस्योत्पत्तेश्चावयवाभावात् [आचाराङ्ग टी०] इति । અહિં ઉત્પત્તિને સ્વીકારીને પાછલા ત્રણ વિકલ્પો સંભવતા નથી, કારણ કે પદાર્થના અવયવની અપેક્ષા તેમજ ઉત્પત્તિના અવયવનો અભાવ હોય છે એમ અજ્ઞાનિકવાદીઓના સડસઠ વિકલ્પો થાય છે.

વૈનયિકોના બત્રીશ વિકલ્પો થાય છે, તે આ પ્રમાણે જાણવા-૧. દેવ, ૨. રાજા, ૩. યતિ, ૪. જ્ઞાતિ, ૫. વૃદ્ધ, ૬. અધમ, ૭. માતા અને ૮. પિતા-એ દરેકનું કાયા, વાણી, મન અને દાન વડે દેશ, કાળને અનુસારે વિનય કરવો. એવી રીતે આ ચાર ભેદો દેવાદિ આઠ સ્થાનોને વિષે થાય છે. સર્વ મેળવતાં બત્રીશ થાય છે. ચારે વાદીઓની સર્વ સંખ્યા ત્રણ સો ત્રેશઠ થાય છે. પૂજ્યપુરુષોએ કહ્યું છે કે—

**आस्तिकमतमात्माद्या १ नित्यानित्यात्मका नव पदार्थाः । कालनियतिस्वभावेश्वरात्मकृतकाः स्वपरसंस्थाः ॥२३०॥**
**कालयदृच्छानियतीश्वर-स्वभावात्मतश्चतुरशीतिः । नास्तिकवादिगणमतं न सन्ति सप्त स्वपरसंस्थाः ॥२३१॥**
**अज्ञानिकवादिमतं नव जीवादीन् सदादिसप्तविधान् । भावोत्पत्तिं सदसद्द्वैताऽवाच्यां च को वेत्ति? ॥२३२॥**
**वैनयिकमतं विनयश्चेतोवाक्कायदानतः कार्यः । सुर-नृपति-यति-ज्ञाति-स्थविरा-ऽधम-मातृ-पितृषु सदा ॥२३३॥**
[ ] इति ।

નિત્યાનિત્યાત્મક આત્માદિ નવ પદાર્થો. સ્વથી અને પરથી સ્થાપેલા, કાળકૃત, નિયતિકૃત, સ્વભાવકૃત, ઈશ્વરકૃત અને આત્મકૃત. આ પ્રમાણે એક સો એંશી ભેદ આસ્તિક (ક્રિયાવાદી) મતના થાય છે ॥૧॥ પુણ્ય અને પાપ રહિત સાત પદાર્થો સ્વથી અને પરથી સ્થાપેલા ૧ કાળ, ૨. યદચ્છા. ૩. નિયતિ, ૪. ઈશ્વર, ૫. સ્વભાવ અને ૬. આત્મકૃત નથી-આ પ્રમાણે નાસ્તિક (અક્રિયાવાદી) મતના ચોરાશી ભેદ છે ॥૨॥ સત્, અસત્ વગેરે સાત ભેદથી ગુણાયેલ જીવાદિ નવ પદાર્થો અને ભાવની ઉત્પત્તિના સત્, અસત્, સદસત્ અને અવક્તવ્યથી કોણ જાણે છે? આ પ્રમાણે અજ્ઞાનિક વાદીના સડસઠ ભેદ થાય છે ॥૩॥ સુર, નૃપતિ, યતિ, જ્ઞાતિ, સ્થવિર, અધમ, માતા અને પિતાને વિષે મન, વચન, કાયા અને દાન વડે વિનય કરવા યોગ્ય છે. આ વૈનયિકમતના બત્રીશ ભેદ છે. (૨૩૦-૨૩૩)

એ જ ચાર સમવસરણોને ચતુર્વિંશતિ દંડકને વિષે નિરૂપણ કરતા થકા સૂત્રકાર કહે છે—'नेरइयाण' मित्यादि० સુગમ છે. વિશેષ એ કે-મન સહિત હોવાથી નારક વગેરે પંચેંદ્રિયોમાં આ ચારે સમવસરણો સંભવે છે. 'विगलेंदियवज्जं' ति० એકેંદ્રિય, બેઇંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિયોને મન ન હોવાથી તેઓને સમવસરણો સંભવતા નથી. ॥૩૪૫॥

પુરુષના અધિકારથી પુરુષવિશેષનું પ્રતિપાદન કરવા માટે પ્રાયઃ દૃષ્ટાંત સહિત ત્રેંતાલીશ પુરુષસૂત્રોને 'चत्तारि मेहे' त्यादि० સૂત્રો વડે કહે છે.

**चत्तारि मेहा पन्नत्ता, तंजहा—गज्जित्ता णाममेगे णो वासित्ता, वासित्ता णाममेगे णो गज्जित्ता, एगे गज्जित्ता वि वासित्ता वि, एगे णो गज्जित्ता णो वासित्ता ४ (१)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गज्जित्ता णाममेगे**

**णो वासित्ता ह्व [=४] (२)। चत्तारि मेहा पन्नत्ता, तंजहा—गज्जित्ता णाममेगे णो विज्जुयाइत्ता, विज्जुयाइत्ता णाममेगे ह्व [=४] (३)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—गज्जित्ता णाममेगे णो विज्जुयाइत्ता ह्व [=४] (४)।**

**चत्तारि मेहा पन्नत्ता, तंजहा—वासित्ता णाममेगे णो विज्जुयाइत्ता ह्व [=४] (५)। एवामेव चत्तारि पुरिसजाता [पन्नत्ता, तंजहा]—वासित्ता णाममेगे णो विज्जुयाइत्ता ह्व [=४] (६)। चत्तारि मेहा पन्नत्ता, तंजहा—कालवासी णाममेगे णो अकालवासी ह्व [=४] (७)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—कालवासी णाममेगे णो अकालवासी ह्व [=४] (८)।**

**चत्तारि मेहा पन्नत्ता, तंजहा—खेत्तवासी णाममेगे णो अखेत्तवासी ह्व [=४] (९)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—खेत्तवासी णाममेगे णो अखेत्तवासी ह्व [=४] (१०)। चत्तारि मेहा पन्नत्ता, तंजहा—जणतित्ता णाममेगे णो णिम्मवतित्ता, णिम्मवतित्ता णाममेगे णो जणतित्ता ह्व [=४] (११)। एवामेव चत्तारि अम्मापियरो पन्नत्ता, तंजहा—जणतित्ता णाममेगे णो णिम्मवतित्ता ह्व [=४] (१२)।**

**चत्तारि मेहा पन्नत्ता, तंजहा—देसवासी णाममेगे णो सव्ववासी ह्व [=४] (१३)। एवामेव चत्तारि रायाणो पन्नत्ता, तंजहा-देसाधिवती णाममेगे णो सव्वाधिवती ह्व [=४] १४ ।। सू० ३४६।।**

*(મૂ૦) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક મેઘ ગર્જારવ કરે છે પણ વરસતો નથી, કોઈક વરસે છે પણ ગાજતો નથી, એક ગાજે છે અને વરસે છે તથા એક ગાજતો નથી અને વરસતો પણ નથી. (૧) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ દાનાદિ કાર્યમાં ગાજે છે-મોટે સાદે પ્રતિજ્ઞા કરે છે પણ દાનાદિ કાર્ય કરતો નથી, ૨. બીજો દાનાદિ કાર્ય કરે છે પણ ગાજતો નથી-પ્રતિજ્ઞા કરતો નથી, ૩. ત્રીજો પ્રતિજ્ઞા કરે છે અને કાર્ય પણ કરે છે અને ચોથો બન્ને કરતો નથી. (૨) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક મેઘ ગાજે છે પણ વીજળી કરતો નથી, ૨. વીજળી કરે છે પણ ગાજતો નથી, ૩. બન્ને કરે છે અને ૪. બન્ને કરતો નથી. (૩) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧.* ***કોઈક પુરુષ પ્રતિજ્ઞા કરે છે પણ આડંબર કરતો નથી,*** *૨. આડંબર કરે છે પણ પ્રતિજ્ઞા કરતો નથી, ૩. બન્ને કરે છે અને ૪. બન્ને કરતો નથી. (૪) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક મેઘ વરસે છે પણ વીજળી કરતો નથી, ૨. એક વીજળી કરે છે પણ વરસતો નથી, ૩. એક ઉભય કરે છે અને એક ઉભય કરતો નથી. (૫) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧.* ***કોઈક પુરુષ દાનાદિ કાર્ય કરે છે પણ આડંબર કરતો નથી,*** *૨. કોઈક આડંબર કરે છે પણ દાનાદિ કરતો નથી, ૩. કોઈક ઉભય કરે છે અને ૪. કોઈક ઉભય કરતો નથી. (૬) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મેઘ યોગ્ય અવસરે વરસે છે પણ અકાળે વરસતો નથી, ૨. અકાળે વરસે છે પણ કાળે વરસતો નથી, ૩. કાળે અને અકાળે વરસે છે અને ૪. કાળે કે અકાળે વરસતો નથી. (૭) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-૧.* ***કોઈક પુરુષ યોગ્ય સમયે દાનાદિ કાર્ય કરે છે પણ અયોગ્ય સમયે કરતો નથી,*** *૨. અયોગ્ય સમયે દાનાદિ કાર્ય કરે છે પણ યોગ્ય સમયે કરતો નથી, ૩. યોગ્ય અને અયોગ્ય સમયે દાનાદિ કરે છે તથા ૪. યોગ્ય કે અયોગ્ય સમયે દાનાદિ કરતો નથી. (૮) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મેઘ ધાન્યાદિના ઉત્પત્તિસ્થાનરૂપ ક્ષેત્રમાં વરસે છે પણ અક્ષેત્ર-રણભૂમિમાં વરસતો નથી, ૨. કોઈક રણભૂમિમાં વરસે છે પણ ક્ષેત્રમાં વરસતો નથી, ૩. બન્નેમાં વરસે છે અને ૪. ક્ષેત્ર કે અક્ષેત્રમાં વરસતો નથી, (૯) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧.* ***કોઈક પુરુષ પાત્રમાં દાનાદિ આપે છે પણ કુપાત્રને વિષે***

*દાનાદિ આપતો નથી,* ૨. કુપાત્રમાં આપે છે પણ પાત્રમાં દેતો નથી, ૩. બન્નેમાં આપે છે અને ૪. બન્નેમાં આપતો નથી. (૧૦) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મેઘ ધાન્યના અંકુરાદિને ઉત્પન્ન કરે છે પણ સંપૂર્ણ ધાન્યને નિષ્પન્ન કરતો નથી, ૨. કોઈક મેઘ સંપૂર્ણ ધાન્યને નિષ્પન્ન કરે છે પણ પ્રથમથી ધાન્યના અંકુરાદિને ઉત્પન્ન કરતો નથી, ૩. કોઈક બન્નેને કરે છે અને ૪. કોઈક બન્નેને કરતો નથી. (૧૧) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના માતાપિતા કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક માતાપિતા પુત્રને જન્મ આપે છે પણ પાલન કરતા નથી, ૨. કોઈક પાલન કરે છે પણ જન્મ આપતા નથી, ૩. કોઈક જન્મ આપે છે અને પાળે છે અને ૪. કોઈક જન્મ આપતા નથી અને પાળતા નથી. (૧૨) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મેઘ એક વિભાગ (ખંડ) માં વરસે છે પણ સર્વત્ર વરસતો નથી, ૨. કોઈક સર્વત્ર વરસે છે પણ વિભાગમાં વરસતો નથી, ૩. કોઈક વિભાગમાં અને સર્વત્ર વરસે છે અને ૪. કોઈક વિભાગમાં કે સર્વત્ર વરસતો નથી. (૧૩) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના રાજાઓ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક રાજા અમુક ક્ષેત્રના દેશ-વિભાગનો અધિપતિ છે પણ સર્વનો અધિપતિ નથી-તે પલ્લીપતિ વગેરે, ૨. કોઈક રાજા સર્વનો અધિપતિ છે પણ પલ્લી વગેરે દેશ (વિભાગ) નો અધિપતિ નથી, ૩. કોઈક ઉભયનો અધિપતિ છે તે ચક્રવર્તી વગેરે અને ૪. કોઈક ઉભયનો અધિપતિ નથી તે રાજ્યથી ભ્રષ્ટ થયેલ સમજવો. (૧૪) ॥૩૪૬॥

(ટી૦) સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—**મેઘાઃ**—વરસાદો ગર્જારવ કરે છે પણ વૃષ્ટિ કરતા નથી. (૧) એમ કોઈક પુરુષ ગર્જનારની જેમ ગર્જારવને કરે છે અર્થાત્ દાન, જ્ઞાન, વ્યાખ્યાન, અનુષ્ઠાન અને શત્રુનો નિગ્રહ વગેરે વિષયમાં શબ્દ વડે મહાપ્રતિજ્ઞા કરે પણ મેઘની જેમ વરસનાર નહિ અર્થાત્ સ્વીકારેલ કાર્યનો સંપાદક નહિ, બીજો કાર્યનો કરનાર છે પણ શબ્દથી પ્રતિજ્ઞા કરતો નથી. એવી રીતે ત્રીજો ચોથો ભાંગો જાણવો. (૨) 'विज्जुयाइत्त' त्ति० વીજળીનો કરનાર. (૩) એમ કોઈક પુરુષ પણ શબ્દ વડે પ્રતિજ્ઞાનો કરનાર છે પણ વીજળી કરનાર મેઘની જેમ દાનાદિ પ્રતિજ્ઞાત કાર્યનો આરંભનો આડંબર કરનાર નથી, બીજો તો આડંબર કરનાર છે પણ પ્રતિજ્ઞા કરનાર નથી. એમ શેષ ત્રીજો તથા ચોથો બંન્ને ભાંગા પણ સમજવા. (૪) કોઈક દાનાદિ વડે વરસનાર છે પણ દાનાદિના આરંભનો આડંબર કરનાર નથી. બીજો તો આડંબર કરનાર છે પણ દાનાદિ કરતો નથી. ત્રીજો બંને કરે છે અને ચોથો કંઈ પણ કરતો નથી. (૫-૬) કાલવર્ષી-અવસરે વરસનાર, એમ અન્ય ત્રણ ભાંગા જાણવા. (૭) પુરુષ તો અવસરે વરસનાર (મેઘ) ની જેમ અવસરે દાન અને વ્યાખ્યાનાદિ વડે પ્રવૃત્તિ કરનાર-આ એક, બીજો તો આથી વિપરીત, એમ શેષ બે ભાંગા જાણવા. (૮) ક્ષેત્ર-ધાન્યાદિનું ઉત્પત્તિસ્થાન. (૯) પુરુષ તો ક્ષેત્રમાં વર્ષનારની જેમ પાત્રને વિષે દાન અને શ્રુતાદિનો નિક્ષેપક (વાવનાર)-આ એક, બીજો આથી વિપરીત, ત્રીજો તથાપ્રકારના વિવેકની વિકળતાને લઈને અતિશય ઉદારતાથી અથવા શાસનની પ્રભાવના વગેરે કારણથી ઉભય સ્વરૂપપાત્ર તથા કુપાત્રને આપનાર અને ચોથો તો દાનાદિ કાર્યને વિષે પ્રવૃત્તિ નહિ કરનાર (કૃપણાદિ) (૧૦) જનયિતા-જે મેઘ વૃષ્ટિ વડે ધાન્યને અંકુરાદિ રૂપે ઉત્પન્ન કરે છે અને નિર્માપયિતા તો જે મેઘ વૃષ્ટિ વડે જ સફળપણાને પ્રાપ્ત કરે છે. (૧૧) એવી રીતે માતા, પિતા પણ પ્રસિદ્ધ છે. એમ આચાર્ય પણ શિષ્ય પ્રત્યે જોડવા યોગ્ય છે. (૧૨) વિવક્ષિત ભરત વગેરે ક્ષેત્રના અથવા પ્રાવૃટ્ વગેરે કાળના દેશ-વિભાગમાં અને પોતાના (મેઘના) દેશ વડે જે વર્ષે છે તે દેશવર્ષી, જે મેઘ સર્વ ક્ષેત્ર અને પ્રાવૃટ્ વગેરે સર્વ કાળમાં અથવા સર્વાત્મ વડે વર્ષે છે તે સર્વવર્ષી, ત્રીજા ભાંગાના વિકલ્પો આ પ્રમાણે—ક્ષેત્રથી દેશમાં અને કાળથી સર્વત્ર વર્ષે છે ૧, ક્ષેત્રથી દેશમાં અને પોતાથી સર્વાત્મ વડે વર્ષે છે ૨, કાળથી દેશમાં અને ક્ષેત્રથી સર્વત્ર ૩, કાળથી દેશમાં અને પોતાથી સર્વાત્મ વડે ૪, અથવા પોતાથી દેશ વડે અને ક્ષેત્રથી સર્વત્ર ૫, પોતાથી દેશ વડે અને કાળથી સર્વત્ર ૬, ક્ષેત્ર અને કાળથી દેશમાં અને પોતાથી સર્વત્ર ૭, ક્ષેત્રથી દેશમાં, પોતાથી દેશ વડે અને કાળથી સર્વત્ર ૮, કાળથી દેશમાં, પોતાથી દેશ વડે અને ક્ષેત્રથી સર્વત્ર ૯. આ ઉક્ત નવ વિકલ્પો વડે જે મેઘ વર્ષે છે તે દેશવર્ષી અને સર્વવર્ષી છે. ચોથો ભાંગો સુજ્ઞાત છે. (૧૩) ૧. રાજા તો મેઘની જેમ

વિવક્ષિત ક્ષેત્રમાં જ યોગક્ષેમ કરવા સમર્થ છે તે દેશાધિપતિ પરંતુ સર્વાધિપતિ નહિ તે પલ્લીપતિ વગેરે. ૨. જે રાજા પલ્લી વગેરે વિભાગમાં સમર્થ થતો નથી, બીજે સ્થળે તો સર્વત્ર સમર્થ છે તે સર્વાધિપતિ પરંતુ દેશાધિપતિ નથી ૩. જે બન્ને સ્થલનો અધિપતિ છે અથવા દેશાધિપતિ થઈને જે સર્વાધિપતિ થાય છે તે વાસુદેવાદિની માફક દેશાધિપતિ અને સર્વાધિપતિ હોય છે. ચોથો પુરુષ રાજ્યભ્રષ્ટ જાણવો. ॥૩૪૬॥

**चत्तारि मेहा पन्नत्ता, तंजहा—पुक्खलसंवट्टते, पज्जुन्ने, जीमूते, झिम्हे। पुक्खलसंवट्टते णं महामेहे एगेणं वासेणं दस वाससहस्साइं भावेति, पज्जुन्ने णं महामेहे एगेणं वासेणं दस वाससताइं भावेति, जीमूते णं महामेहे एगेणं वासेणं दस वासाइं भावेति, झिम्हे णं महामेहे बहूहिं वासेहिं एगं वासं भावेति वा ण वा भावेति ४ (१५) ॥ सू० ३४७॥**

**चत्तारि करंडगा पन्नत्ता, तंजहा—सोवागकरंडते, वेसिताकरंडते गाहावतिकरंडते रायकरंडते ४ (१६)। एवामेव चत्तारि आयरिया पन्नत्ता, तंजहा—सोवागकरंडगसमाणे, वेसिताकरंडगसमाणे, गाहावइकरंडगसमाणे, रायकरंडगसमाणे ४ (१७) ॥ सू० ३४८॥**

**चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—साले नाममेगे सालपरियाते, साले नाममेगे एरंडपरिताए, एरंडे नामं एगे सालपरियाए, एरंडे नामं एगे एरंड परियाए ४ (१८)। एवामेव चत्तारि आयरिया पन्नत्ता, तंजहा—साले णाममेगे सालपरिताते, साले णाममेगे एरंडपरिताते, एरंडे णाममेगे ह्व [=४] (१९)। चत्तारि रुक्खा पन्नत्ता, तंजहा—साले णाममेगे सालपरियाले, साले णामं एगे एरंडपरियाले, एरंडे नामं एगे ह्व [=४] (२०)। एवामेव चत्तारि आयरिया पन्नत्ता, तंजहा—साले णाममेगे सालपरियाले, साले णामं एगे एरंडपरियाले ह्व [=४] ४ (२१)।**

**सालदुममज्झयारे, जह साले णाम होइ दुमराया। इय सुंदर आयरिए, सुंदरसीसे मुणेतव्वे ॥१॥**

**एरंडमज्झयारे, जह साले णाम होइ दुमराया। इय सुंदर आयरिए, मंगुलसीसे मुणेयव्वे ॥२॥**

**सालदुममज्झयारे, एरंडे णाम होति दुमराया। इय मंगुल आयरिए, सुंदरसीसे मुणेयव्वे ॥३॥**

**एरंडमज्झयारे, एरंडे णाम होइ दुमराया। इय मंगुल आयरिए, मंगुलसीसे मुणेयव्वे ॥४॥**

**चत्तारि मच्छा पन्नत्ता, तंजहा—अणुसोतचारी, पडिसोतचारी, अंतचारी, मज्झचारी ४ (२२)। एवामेव चत्तारि भिक्खागा पन्नत्ता, तंजहा—अणुसोयचारी, पडिसोयचारी, अंतचारी, मज्झचारी ४ (२३)। चत्तारी गोला पन्नत्ता, तंजहा—मधुसित्थगोले, जउगोले, दारुगोले, मट्टियागोले ४ (२४)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा--मधुसित्थगोलसमाणे ह्व [=४] (२५)।**

**चत्तारि गोला पन्नत्ता, तंजहा—अयगोले, तउगोले, तंबगोले, सीसगोले ४ (२६)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—अयगोलसमाणे जाव सीसगोलसमाणे (२७)। चत्तारि गोला पन्नत्ता, तंजहा—हिरण्णगोले, सुवन्नगोले, रयणगोले, वयरगोले (२८)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—हिरण्णगोलसमाणे, जाव वइरगोलसमाणे (२९)। चत्तारि पत्ता पन्नत्ता, तंजहा—असिपत्ते, करपत्ते, खुरपत्ते, कलंबचीरितापत्ते (३०)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—असिपत्तसमाणे जाव कलंबचीरीयापत्तसमाणे (३१)। चत्तारि कडा पन्नत्ता, तंजहा—सुंठकडे, विदलकडे, चम्मकडे, कंबलकडे (३२)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—सुंठकडसमाणे जाव कंबलकडसमाणे (३३) ॥सू० ३४९॥**

चउव्विहा चउप्पया पन्नत्ता, तंजहा—एगखुरा, दुखुरा, गंडीपदा, सणप्फदा (३४)। चउव्विहा पक्खी पन्नत्ता, तंजहा—चम्मपक्खी, लोमपक्खी, सामुग्गपक्खी, विततपक्खी (३५)। चउव्विहा खुड्डपाणा पन्नत्ता, तंजहा—बेइंदिया, तेइंदिया, चउरिंदिया, संमुच्छिमपंचिंदियतिरिक्खजोणिया (३६) ॥ सू० ३५०॥

चत्तारि पक्खी पन्नत्ता, तंजहा—णिवत्तिता णाममेगे नो परिवतित्ता, परिवतित्ता नाममेगे नो निवतित्ता, एगे निवतित्ता वि परिवतित्ता वि, एगे नो निवतित्ता नो परिवतित्ता (३७)। एवामेव चत्तारि भिक्खागा पन्नत्ता, तंजहा-णिवतित्ता णाममेगे नो परिवतित्ता ह्व [=४] (३८) ॥ सू० ३५१॥

चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—णिक्कट्ठे णाममेगे णिक्कट्ठे, निक्कट्ठे नाममेगे अणिक्कट्ठे ह्व [=४] (३९)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—णिक्कट्ठे णाममेगे णिक्कट्ठप्पा, णिक्कठे नाममेगे अनिक्कट्ठप्पा ह्व [=४] (४०)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—बुहे नाममेगे बुहे, बुहे नाममेगे अबुहे ह्व [=४] (४१)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—बुधे नाममेगे बुधहियए ह्व [=४] (४२) चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—आताणुकंपते णाममेगे नो पराणुकंपते ह्व [=४] (४३) ॥ सू० ३५२॥

*(મૂ૦) ચાર પ્રકારના મેઘ કહેલા છે, તે આ પ્રમાણે—૧. પુષ્કલસંવર્ત્તક, ૨. પર્યન્ય, ૩. જીમૂત અને ૪. જિમ્હ. ૧. પુષ્કલસંવર્ત્તક નામનો મહામેઘ એક વૃષ્ટિ વડે દશ હજાર વર્ષ પર્યંત ભૂમિને ઉદકના ચીકાશવાળી કરે છે અર્થાત્ ધાન્યાદિ ઉત્પન્ન કરવાને સમર્થ કરે છે. આ મેઘ શીતળનાથ પ્રભુ સુધી વરસેલ છે. ૨. પર્યન્ય નામનો મહામેઘ એક વૃષ્ટિ વડે એક હજાર વર્ષ પર્યંત ભૂમિને ઉદકના ચીકાશવાળી કરે છે. આ મેઘ શાંતિનાથ પ્રભુ પર્યંત વરસેલ છે. ૩. જીમૂત નામનો મહામેઘ એક વૃષ્ટિ વડે દશ વર્ષ પર્યંત ભૂમિને ચીકાશવાળી કરે છે. આ મેઘ મહાવીર પ્રભુ પર્યંત વરસેલ છે અને ૪. જિમ્હ નામનો મહામેઘ ઘણી વખત વૃષ્ટિ વડે એક વર્ષ પર્યંત ભૂમિને ચીકાશવાળી કરે છે અથવા ન પણ કરે. (૧૫) ॥૩૪૭॥*

*ચાર પ્રકારના કરંડીઆ કહેલા છે, તે આ પ્રમાણે—૧. ચાંડાલનો કરંડક–પ્રાયઃ ચામડાથી ભરેલ હોય, ૨. વેશ્યાનો કરંડક–તે લાખ સહિત સોનાના ઘરેણા વગેરેથી ભરેલ હોય, ૩. ગૃહપતિ એટલે શ્રીમંત કૌટુંબિકનો કરંડક–ઉત્તમ સુવર્ણમણિના આભૂષણથી ભરેલ હોય અને ૪. રાજાનો કરંડક–અમૂલ્ય રત્નોથી ભરેલ હોય. (૧૬) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના આચાર્યો કહેલા છે, તે આ પ્રમાણે—* ***૧. ચાંડાલના કરંડક સમાન આચાર્ય, લોકરંજન કરનાર શાસ્ત્રને ધારણ કરનાર તેમજ વિશિષ્ટ ક્રિયાવિકળ હોય, આ અત્યંત અસાર છે. ૨. વેશ્યાના કરંડક સમાન આચાર્ય, કિંચિત્ શાસ્ત્રને દુઃખ વડે ભણેલ પણ વચનના આડંબર વડે ભોળા લોકોને ખેંચનાર હોય.*** *૩. ગૃહપતિના કરંડક સમાન આચાર્ય, સ્વસમય અને પરસમયના જાણનાર તથા ક્રિયાયુક્ત હોવાથી સારભૂત છે અને ૪. રાજાના કરંડક સમાન આચાર્ય, સમસ્ત આચાર્યના ગુણયુક્ત સુધર્માસ્વામીની જેવા અત્યંત સારભૂત છે. (૧૭) ॥૩૪૮॥*

*ચાર પ્રકારના વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક વૃક્ષ શાલ નામે છે અને શાલના પર્યાયવાળો–ઘણી છાયા વગેરે ગુણયુક્ત છે, ૨. કોઈક વૃક્ષ શાલ નામે છે પણ એરંડના પર્યાયવાળો–અલ્પ છાયાદિ ગુણયુક્ત છે, ૩. કોઈક વૃક્ષ એરંડ નામે છે પણ શાલના પર્યાયવાળો–ઘણી છાયાદિ ગુણયુક્ત છે. ૪. કોઈક વૃક્ષ એરંડ નામે છે અને એરંડના પર્યાયવાળો–અલ્પ છાયાદિ ગુણયુક્ત છે. (૧૮) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના આચાર્યો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક આચાર્ય જાતિથી શાલ–સુકુલીન અને સદ્ગુરુના કુલવાળા અને શાલપર્યાય–જ્ઞાનક્રિયાદિ ગુણયુક્ત છે, ૨. કોઈક આચાર્ય જાતિથી શાલ પણ એરંડપર્યાય–જ્ઞાનાદિ ગુણથી હીન છે, ૩. કોઈક આચાર્ય જાતિથી એરંડ–હીન કુલવાળો પણ શાલપર્યાય–જ્ઞાનાદિ ગુણયુક્ત છે અને ૪. કોઈક આચાર્ય એરંડ–જાતિથી હીન કુલવાળો અને એરંડપર્યાય–*

જ્ઞાનાદિ ગુણથી હીન છે. (૧૯) ચાર પ્રકારના વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક વૃક્ષ શાલ નામનું અને શાલ પરિવારવાળું છે, ૨. કોઈક શાલનામા અને એરંડના પરિવારવાળું છે, ૩. કોઈક એરંડનામા અને શાલના પરિવારવાળું તથા ૪. કોઈક વૃક્ષ એરંડ નામનું અને એરંડના પરિવારવાળું છે. (૨૦) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક આચાર્ય શાલ સમાન ઉત્તમ ગુણયુક્ત છે અને શાલ પરિવાર ઉત્તમ ગુણયુક્ત પરિવારવાળા છે. એ પ્રમાણે ચતુર્ભંગી જાણવી. (૨૦) આ સંબંધમાં ચાર ગાથાઓનો અર્થ આ પ્રમાણે છે– “શાલવૃક્ષોના મધ્યમાં જેમ શાલ નામનું વૃક્ષ, વૃક્ષોનો રાજા હોય છે તેમ ઉત્તમ આચાર્ય, સુંદર શિષ્યો વડે રાજા સમાન જાણવા અર્થાત્ સુધર્માસ્વામી જેવા સ્વયં આચાર્ય પણ ઉત્તમ અને જંબૂસ્વામી વગેરે ઉત્તમ પરિવાર જાણવો ॥૧॥ એરંડ વૃક્ષોની મધ્યમાં જેમ શાલ વૃક્ષોનો રાજા હોય છે તેમ અસુંદર શિષ્યોના મધ્યમાં સુંદર આચાર્ય હોય છે. જેમ સ્વયં ગર્ગાચાર્ય ઉત્તમ અને તેનો પરિવાર અસુંદર હતો ॥૨॥ શાલ વૃક્ષોની મધ્યમાં જેમ એરંડ વૃક્ષોનો રાજા હોય છે તેમ સુંદર શિષ્યોની મધ્યમાં અસુંદર આચાર્ય હોય છે. જેમ અભવ્ય અંગારમર્દક આચાર્ય ઉત્તમ પાંચ સો શિષ્યના પરિવારવાળા હતા ॥૩॥ એરંડ વૃક્ષોની મધ્યમાં જેમ એરંડ વૃક્ષોનો રાજા હોય તેમ અસુંદર શિષ્યોની મધ્યમાં અસુંદર આચાર્ય જાણવો ॥૪॥” ચાર પ્રકારના મચ્છો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મચ્છ અનુશ્રોતચારી–નદીના પ્રવાહ પ્રમાણે ચાલે છે, ૨. કોઈક મચ્છ પ્રતિશ્રોતચારીપ્રવાહની સામે ચાલે છે, ૩. કોઈક મચ્છ પ્રવાહના તીરમાં ચાલે છે અને ૪. કોઈક મચ્છ પ્રવાહના મધ્યમાં ચાલે છે. (૨૨) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના અભિગ્રહધારી સાધુઓ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ ઉપાશ્રયથી આરંભીને ક્રમશઃ ભિક્ષાટન કરે છે તે અનુશ્રોતચારી, ૨. કોઈક સાધુ અમુક ગૃહસ્થના ઘરથી આરંભીને ઉપાશ્રય પ્રત્યે આવે છે તે પ્રતિશ્રોતચારી. ૩. કોઈક સાધુ છેલ્લા ઘરોને વિષે ભિક્ષાટન કરે છે તે અંતચારી અને ૪. કોઈક સાધુ મધ્ય ભાગના ઘરોને વિષે ભિક્ષાટન કરે છે તે મધ્યચારી. (૨૩) ચાર પ્રકારના ગોળા કહેલા છે, તે આ પ્રમાણે—૧. મીણનો ગોળો, ૨. લાખનો ગોળો, ૩. કાષ્ઠનો ગોળો અને ૪. માટીનો ગોળો. (૨૪) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ મીણના ગોળા સમાન કોમળ હોય છે, ૨. કોઈક લાખના ગોળા સમાન કંઈક કઠણ હોય છે, ૩. કોઈક કાષ્ઠના ગોળા સમાન વિશેષ કઠણ હોય છે અને ૪. કોઈક પુરુષ માટીના (પત્થરના) ગોળા સમાન પરિષહાદિ સહન કરવામાં અત્યંત કઠણ હોય છે. (૨૫) ચાર પ્રકારના ગોળા કહેલા છે, તે આ પ્રમાણે—૧. લોઢાનો ગોળો, ૨. ત્રપુ–કલઈનો ગોળો, ૩. ત્રાંબાનો ગોળો અને ૪. સીસાનો ગોળો. (૨૬) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. લોઢાના ગોળા સમાન, ૨. કલઈના ગોળા સમાન, ૩. ત્રાંબાના ગોળા સમાન અને ૪. સીસાના ગોળા સમાન, ક્રમશઃ અધિક ભારે હોય છે. (૨૭) ચાર પ્રકારના ગોળા કહેલા છે, તે આ પ્રમાણે—૧. રૂપાનો ગોળો, ૨. સોનાનો ગોળો, ૩. રત્નનો ગોળો અને ૪. હીરાનો ગોળો. (૨૮) એ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. રૂપાના ગોળા સમાન, ૨. સોનાના ગોળા સમાન, ૩. રત્નના ગોળા સમાન અને ૪. હીરાના ગોળા સમાન. ક્રમશઃ આ સર્વ જ્ઞાનાદિ ગુણ વડે શ્રેષ્ઠ છે. (૨૯) ચાર પ્રકારના પત્ર–[પાંદડાંની જેમ ઝીણી ધાર] કહેલ છે, તે આ પ્રમાણે—૧. તરવારની ધાર, ૨. કરવતની ધાર, ૩. ક્ષુર–સજાયાની ધાર અને ૪. કદંબચીરિકા–શસ્ત્રવિશેષની ધાર. (૩૦) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. અસિપત્ર સમાન યાવત્ ૪ કદંબચીરિકા પત્ર (ધાર) સમાન, સ્નેહપાસને છેદવામાં સમર્થ છે. (૩૧) ચાર પ્રકારના કટ–પાથરવાની વસ્તુવિશેષ કહેલ છે, તે આ પ્રમાણે—૧. સુંબ–તૃણવિશેષથી બાંધેલ કટ (સાદડી), ૨. વાંસની સળીઓથી ગુંથેલ કટ, ૩. ચામડાથી ગુંથેલ કટ અને ૪. કંબલકટ. (૩૨) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—સુંબ કટ સમાન યાવત્ કંબલકટ સમાન–ગુરુ વિગેરેમાં અલ્પ, વિશેષ, વિશેષતર અને વિશેષતમ પ્રતિબંધ (રાગ) વાળા છે. ॥સૂ૦ ૩૪૯॥

*ચાર પ્રકારના ચતુષ્પદો (ચોપગા પશુ) કહેલા છે, તે આ પ્રમાણે—૧. એક ખુરવાળા તે અશ્વાદિ, ૨. બે ખુરવાળા તે ગાય પ્રમુખ, ૩. ગંડીપદા—એરણના જેવા પગવાળા તે હાથી પ્રમુખ અને ૪. સનખપદા—ન્હોરવાળા—સિંહ વગેરે. (૩૪) ચાર પ્રકારના પક્ષીઓ કહેલા છે, તે આ પ્રમાણે—૧. ચર્મપક્ષી—ચામડાની પાંખવાળા—તે વાગોળ પ્રમુખ, ૨. લોમપક્ષી—રુંવાળાની પાંખવાળા—હંસ પ્રમુખ, ૩. સમુદ્ગકપક્ષી—બીડાયેલી પાંખવાળા, ૪. વિતતપક્ષી—ઉઘાડેલી (ખુલ્લી) પાંખવાળા. ત્રીજા તથા ચોથા પ્રકારના પક્ષી અઢી દ્વીપની બાહર છે. (૩૫) ચાર પ્રકારના ક્ષુદ્ર પ્રાણીઓ કહેલા છે, તે આ પ્રમાણે—બેઇંદ્રિયો, તેઇંદ્રિયો, ચૌરિંદ્રિયો અને સંમૂર્છિમ પંચેંદ્રિય તિર્યંચયોનિકો. (૩૬) ॥સૂ૦ ૩૫૦॥*

*ચાર પ્રકારના પક્ષી કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પક્ષી માળાથી બહાર નીકળે છે પણ ફરવાને સમર્થ નથી, ૨. કોઈક ફરવાને સમર્થ છે પણ માળાથી બહાર નીકળતું નથી, ૩. કોઈક બહાર નીકળે છે અને ફરે પણ છે અને ૪. કોઈક બહાર નીકળતું નથી અને ફરતું પણ નથી. (૩૭) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના સાધુઓ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સાધુ ભિક્ષા માટે નીકળે છે પણ ફરતા નથી, ૨. કોઈક સાધુ ફરવાને સમર્થ છે પણ ભિક્ષા માટે નીકળતા નથી, ૩. કોઈક નીકળે છે અને ફરે છે અને ૪. કોઈક ભિક્ષા માટે નીકળતા નથી અને ફરતા નથી. (૩૮) ॥સૂ૦ ૩૫૧॥*

*ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ તપથી પ્રથમ કૃશ શરીરવાળો છે અને પછી તપ કરવાથી કૃશ શરીરવાળો છે, ૨. કોઈક પ્રથમ સ્થૂલ શરીરવાળો છે પણ પછીથી તપ વડે કૃશ શરીરવાળો છે, ૩. કોઈક પ્રથમ કૃશ શરીરવાળો છે પણ પછીથી સ્થૂલ શરીરવાળો છે અને ૪. કોઈક પ્રથમથી સ્થૂલ શરીરવાળો અને પછીથી પણ સ્થૂલ શરીરવાળો છે. (૩૯) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ કૃશ શરીરવાળો છે અને કૃશ—આત્મા—પાતળા કષાયવાળો છે, ૨. કોઈક કૃશ શરીરવાળો છે પણ સ્થૂલ આત્મા—બહુલકષાયવાળો છે, ૩. કોઈક સ્થૂલ શરીરવાળો છે પણ કૃશઆત્મા—પાતલા કષાયવાળો છે, ૪. કોઈક સ્થૂલ શરીરવાળો અને સ્થૂલઆત્મા—બહુકષાયવાળો છે. (૪૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ બુધ—સત્ક્રિયાવાળો અને વિવેકવાળો છે, ૨. કોઈક સત્ક્રિયાવાળો છે પણ વિવેકવાળો નથી, ૩. કોઈક સત્ક્રિયાવાળો નથી અને વિવેકવાળો છે અને ૪. સત્ક્રિયાવાળો નથી અને વિવેકવાળો પણ નથી. (૪૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ બુધ—શાસ્ત્રજ્ઞ છે અને બુધહૃદય—કાર્યમાં ચતુર છે, ૨. કોઈક શાસ્ત્રજ્ઞ છે પણ કાર્યમાં ચતુર નથી, ૩. કોઈક શાસ્ત્રજ્ઞ નથી પણ કાર્યમાં ચતુર છે અને ૪. શાસ્ત્રજ્ઞ નથી અને કાર્યમાં ચતુર પણ નથી. (૪૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પોતાની અનુકંપાનો કરનાર છે પરંતુ બીજાની અનુકંપાનો કરનાર નથી તે પ્રત્યેકબુદ્ધાદિ, ૨. કોઈક બીજાની અનુકંપાનો કરનાર છે પણ પોતાની અનુકંપા કરતો નથી તે તીર્થંકરાદિ, ૩. કોઈક બન્નેની અનુકંપાનો કરનાર તે સ્થવિરકલ્પી, ૪. કોઈક બન્નેની અનુકંપાનો કરનાર નથી તે કાલસૌકરિકાદિ. (૪૩) ॥૩૫૨॥*

(ટી૦) 'पुक्खले' त्यादि० 'एगेणं वासेणं' ति० એક વૃષ્ટિ વડે ભાવિત કરે છે—ઉદકના સ્નેહ (ચીકાશ) વાળી ભૂમિને કરે છે અર્થાત્ ધાન્ય વગેરેને ઉત્પન્ન કરવામાં સામર્થ્યવાળી કરે છે. જિમ્હ મેઘ તો ઘણા વખત વરસવા વડે એક વર્ષ પર્યંત ભૂમિને ભાવિત—ચીકાશવાળી કરે છે અથવા તેના જલનું રૂક્ષપણું હોવાથી રસવાળી કરતો નથી. આ વર્ણન પછી પુરુષના અધિકારથી મેઘના અનુસારે પુરુષો પુષ્કલાવર્ત્ત વગેરેની સમાન જાણવા. તેમાં એક જ વખતના ઉપદેશ વડે અથવા દાન વડે ચિરકાલ પર્યંત પ્રાણીને શુભ સ્વભાવવાળો અથવા સમૃદ્ધિવાળો જે કરે છે તે આદ્ય મેઘ (પુષ્કળાવર્ત) સમાન જાણવો, એવી રીતે અલ્પતર અને અલ્પતમ કાળની અપેક્ષાએ ક્રમશઃ દ્વિતીય અને તૃતીય મેઘ સમાન છે. અનેક વખત ઉપદેશાદિ વડે પ્રાણીને અલ્પ કાળ પર્યંત ઉપકારને કરતો થકો અથવા ન કરતો થકો ચતુર્થ મેઘ સમાન છે. (૧૫) કરંડક—વસ્ત્ર અને આભરણ વગેરે રાખવાનું સ્થાન,

તે લોકમાં પ્રસિદ્ધ છે. ૧. શ્વપાક-ચાંડાલનો કરંડક, તે પ્રાયઃ ચામડાને સંસ્કારવાના ઉપકરણરૂપ વધ્રાદિ ચર્માંશના સ્થાન વડે અત્યંત અસાર હોય છે. ૨. વેશ્યાનો કરંડક તો લાખ વડે પૂરિત સોનાના આભરણ વગેરેનું સ્થાન હોવાથી કિંચિત્ પ્રથમ કરંડકથી સારભૂત છતાં કહેવામાં આવનાર ત્રીજા તથા ચોથા કરંડકની અપેક્ષાએ અસાર છે. ૩. ગૃહપતિ-શ્રીમંત કૌટુંબિકનો કરંડક, તે વિશિષ્ટ મણિ અને સુવર્ણના આભરણાદિ યુક્ત હોવાથી સારતર છે. ૪. રાજકરંડક તો અમૂલ્ય રત્નાદિના ભાજનપણાથી સારતમ છે. (૧૬) એવી રીતે જે આચાર્ય ષટ્પ્રજ્ઞક ગાથાદિરૂપ સૂત્રધારી અને વિશિષ્ટ ક્રિયાથી હીન છે તે પ્રથમ કરંડક સમાન છે, કારણ કે તે અત્યંત અસાર હોય છે. બીજો જે દુઃખપૂર્વક શ્રુતના લવલેશને ભણેલ છે પણ વચનના આડંબર વડે મુગ્ધ લોકોને આકર્ષે છે-રંજિત કરે છે તે પરીક્ષામાં સમર્થ ન હોવાથી અસારપણાને લઈને દ્વિતીય કરંડક સમાન છે. જે આચાર્ય સ્વસમય અને પરસમયને જાણનાર તથા ક્રિયાદિ ગુણયુક્ત છે તે સારતર હોવાથી ત્રીજા કરંડક સમાન છે અને **જે આચાર્ય સમસ્ત આચાર્યના (છત્રીશ છત્રીશી) ગુણોથી યુક્ત તીર્થંકર સદૃશ છે તે ચતુર્થ કરંડક સમાન છે**-સુધર્માદિવત્ સારતમ હોવાથી. (૧૭) કોઈક શાળ નામના વૃક્ષની જાતિયુક્ત હોવાથી શાલ છે અને શાલના જ પર્યાયો-બહુલછાયાપણું, સેવવાપણું વગેરે ધર્મો છે જેને તે શાલપર્યાય-આ એક, કોઈક નામથી પૂર્વવત્ શાલ પણ એરંડના જ પર્યાયો-અબહુલ (અલ્પછાયા) પણું, અસેવવા યોગ્યપણું વગેરે ધર્મો છે જેને તે એરંડપર્યાય-આ બીજો, કોઈક એરંડનામા વૃક્ષની જાતિવાળો હોવાથી એરંડ નામનો છે પણ શાલપર્યાય-બહુલછાયાત્વ વગેરે ધર્મયુક્ત હોય છે આ ત્રીજો, કોઈક એરંડનામા વૃક્ષ પૂર્વવત્ અને એરંડપર્યાય- અલ્પ છાયાપણું વગેરે એરંડના ધર્મયુક્ત હોય છે-આ ચતુર્થ. (૧૮) આચાર્ય તો શાલની જેમ શાલ જાતિવાળો છે તેમ આચાર્ય પણ સુકુલીન અને સદ્ગુરુકુલવાળો છે તે શાલ જ કહેવાય છે. તથા શાલપર્યાય-શાલના ધર્મવાળો છે. જેમ શાલ છાયા વગેરે ધર્મ સહિત છે તેમ જે આચાર્ય જ્ઞાન અને ક્રિયાથી થયેલ યશઃ વગેરે ગુણોયુક્ત હોય છે તે શાલપર્યાય કહેવાય છે-આ એક, તથા એક આચાર્ય પૂર્વવત્ શાલ છે અને પૂર્વોક્તથી વિપરીત હોવાથી એરંડપર્યાયવાળો છે-આ બીજો. તૃતીય અને ચતુર્થ ભંગ પણ એવી રીતે સમજવા. (૧૯) તથા પૂર્વ પ્રમાણે જ શાલ અને શાલરૂપ જ પરિવાર છે જેનો તે શાલપરિવાર, એવી રીતે શેષ ત્રણ ભંગ જાણવા. (૨૦) આચાર્ય તો શાલની જેમ ગુરુકુલ અને શ્રુતાદિ વડે ઉત્તમ હોવાથી શાલ છે અને શાલ સમાન મહાનુભાવ સાધુના પરિવારથી શાલ પરિવારવાળો છે, તથા (બીજો) એરંડ તુલ્ય નિર્ગુણ સાધુના પરિવારથી એરંડ પરિવારવાળો છે તથા ત્રીજો શ્રુતાદિ વડે હીનપણાથી આચાર્ય એરંડ જેવો છે અને ચોથો તો સુજ્ઞાત છે. ઉક્ત ચતુર્ભંગી વડે જ ભાવના માટે **'सालदुमे' इत्यादि०** ગાથાચતુષ્ક છે. તે સુગમ છે. વિશેષ એ કે-મંગુલ-અસુંદર (૨૧). અનુશ્રોત વડે જે ચાલે છે તે અનુશ્રોતચારી-નદી વગેરેના પ્રવાહમાં ગમન કરનાર, એવી રીતે બીજા ભાંગા જાણવા. (૨૨) એમ ભિક્ષાક-૧. જે સાધુ અભિગ્રહ લઈને ઉપાશ્રયના સમીપથી ક્રમ વડે કુલોને વિષે ભિક્ષા કરે છે તે અનુશ્રોતચારી મત્સ્યની જેમ અનુશ્રોતચારી છે. ૨. જે સાધુ ક્રમ વડે અન્ય ઘરોને વિષે ભિક્ષા કરતો થકો ઉપાશ્રયમાં આવે છે તે બીજો. ૩. જે સાધુ ક્ષેત્રના અંત-છેલ્લા ઘરોને વિષે ભિક્ષા કરે છે તે ત્રીજો અને ૪. ક્ષેત્રના મધ્યમાં જે ભિક્ષા કરે છે તે ચોથો. (૨૩) મધુસિત્થુ-મીણનો ગોળો-ગોળાકાર પિંડ તે મધુસિત્થુ ગોળો. એમ બીજા પણ ગોળા જાણવા. વિશેષ એ કે-જતુ-લાખ, કાષ્ઠ અને માટી પ્રસિદ્ધ છે. (૨૪) જેમ એ ગોળાઓ મૃદુ, કઠિન, કઠિનતર અને કઠિનતમ ક્રમ વડે હોય છે તેમ જે પુરુષો પરિષહ વગેરેમાં મૃદુ, દૃઢ, દૃઢતર અને દૃઢતમ સત્વવાળા હોય છે તે મધુસિત્થુ વગેરે ગોળા સમાન કથન વડે કહેલા છે. (૨૫) લોઢાના ગોળા પ્રમુખ પ્રસિદ્ધ છે. (૨૬) આ લોઢાના ગોળા વગેરેના ક્રમ વડે ગુરૂ (ભારી), ગુરૂતર, ગરૂતમ અને અત્યંત ગુરુ વડે જે પુરુષો આરંભાદિ વિવિધ પ્રવૃત્તિથી ઉપાર્જન કરેલ કર્મના ભારવાળા હોય છે તે લોઢાના ગોળા સમાન ઇત્યાદિ વ્યપદેશવાળા હોય છે. અથવા માતા, પિતા, પુત્ર અને સ્ત્રી સંબંધી સ્નેહના ભારથી (અધિક અધિક) ભારવાળા હોય છે. (૨૭) રૂપા વગેરેના ગોળાઓમાં ક્રમશઃ અલ્પગુણ, ગુણાધિક, ગુણાધિકતર અને ગુણાધિકતમને વિષે પુરુષો સમૃદ્ધિથી અથવા જ્ઞાનાદિગુણથી સમાનપણાએ યોજવા. (૨૮-૨૯) પત્રની માફક પાતલાપણાએ જે તરવાર વગેરે છે તે પત્રો અસિઃ-ખડ્ગ, તે જ પત્ર તે અસિપત્ર, જેના વડે કાષ્ઠ છેદાય છે તે

કરપત્ર–કરવત, ક્ષુર–સજાયો તે જ પત્ર તે ક્ષુરપત્ર, કદંબચીરિકા શસ્ત્રવિશેષ છે (૩૦) ૧. તેમાં ખડ્ગનું શીઘ્ર છેદકપણું હોવાથી જે પુરુષ જલદી સ્નેહના પાશને છેદે છે તે અસિપત્ર સમાન છે–ચોક્કસ કરેલ (ખાત્રી કરેલ) દેવના વચન વડે સનત્કુમારે જેમ સંસારના સ્નેહનો ત્યાગ કર્યો તેમ, ૨. ફરી ફરી ઉપદેશાતો થકો જે પુરુષ દીક્ષાની ભાવનાના અભ્યાસથી સ્નેહરૂપ તરુને છેદે છે તે કરપત્ર સમાન, તથાવિધ શ્રાવકની જેમ. કેમકે ગમનાગમનથી કાલના વિલંબ વડે કરવતનું છેદકપણું છે. ૩. જે પુરુષ ધર્મનો માર્ગ સાંભળે છે તો પણ સર્વથા સ્નેહને છેદવામાં અસમર્થ છે અને દેશવિરતિ માત્રને જ સ્વીકારે છે તે ક્ષુરપત્ર સમાન, સજાયો તો અલ્પ કેશાદિકને છેદે છે અને ૪. જે પુરુષ સ્નેહના છેદનને મનોરથ માત્ર વડે જ કરે છે તે ચતુર્થ–અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અથવા જે ગુરુ વગેરેને વિષે શીઘ્ર, મંદ, મંદતર અને મંદતમપણાએ સ્નેહને છેદે છે તે પૂર્વોક્ત રીતે વ્યપદેશ કરાય છે. (૩૧) કાંબ વગેરેથી આતાનવિતાન–તાણાવાણા વડે જે બનાવવામાં આવે છે તે [1]કટ–પાથરણવિશેષ. કટની જેમ કટ માટે ઉપચારથી તાંતણાદિમય પણ ઉપચારથી કટ જ છે તેમાં **'सुंबकडे'** त्ति० ઘાસવિશેષની બનેલ, **'विदलकडे'** त्ति० વાંસના કટકા વડે કરેલ, **'चम्मकडे'** त्ति० કોમળ ચામડાથી બનેલ મંચક વગેરે તેમજ **'कम्बलकडे'** त्ति० કંબલ જ. (૩૨) આ સુંબકટાદિને વિષે અલ્પ, બહુ, બહુતર અને બહુતમ અવયવો વડે પ્રતિબંધને વિષે પુરુષો યોજવા, તે આ પ્રમાણે––ગુરુ વગેરેને વિષે જેનો અલ્પ પ્રતિબંધ–સ્નેહ છે તે અલ્પ અસત્યાદિ વડે પણ નાશ થવાથી સુંબકટ સમાન છે. એવી રીતે સર્વત્ર ભાવવું. (૩૩) ચતુષ્પદો–સ્થલચર પંચેંદ્રિય તિર્યંચો. દરેક પગને વિષે જેઓને એક ખુર છે તે એકખુરા–અશ્વ વગેરે, એવી રીતે બે ખુર છે જેઓને તે દ્વિખુરા–ગાય વગેરે. ગંડી–સોની વગેરેના અધિકરણરૂપ એરણ, તેના જેવા પગ છે જેઓના તે ગંડીપદા–હાથી વગેરે. **'सणप्फय'** त्ति० સનખપદા અર્થાત્ ન્હોરવાળા સિંહ વગેરે. આ સૂત્ર અને પછીના બે સૂત્રોને વિષે જીવોને પુરુષ શબ્દ વડે વાચ્ય હોવાથી પુરુષનું અધિકારપણું છે. (૩૪) ચર્મમય પાંખવાળા ચર્મપક્ષીઓ–વાગુલી વગેરે, એમ લોમની પાંખવાળા હંસ વગેરે ડાબલાની માફક બીડાયેલ છે પાંખો જેઓની તે સમુદ્ગક પક્ષીઓ (અહિં સમાસાંત 'इन्' પ્રત્યય થયેલ), તે મનુષ્યક્ષેત્રની બહારના દ્વીપ–સમુદ્રોને વિષે છે. એવી રીતે જ વિતતપક્ષીઓ પણ જાણવા. (૩૫) ક્ષુદ્ર–અનંતર–બીજા ભવને વિષે મોક્ષે જવાના અભાવથી અધમ એવા ઉચ્છ્વાસાદિવાળા તે ક્ષુદ્રપ્રાણા. સંમૂર્ચ્છ વડે થયેલા અર્થાત્ પોતાની મેળે ઉત્પન્ન થયેલા તે સંમૂર્ચ્છિમો. આવા તિર્યંચ સંબંધી છે યોનિ જેઓની તે સમ્મુર્ચ્છિમ પંચેંદ્રિય તિર્યંચયોનિકો. (અહિં ત્રણ પદોનો કર્મધારય સમાસ કર્યે છતે આ પ્રયોગ સિદ્ધ થાય છે.) (૩૬) 'નિપતિતામાળાથી ઉતરનાર અર્થાત્ કોઈક પક્ષી દઢતાથી અથવા અજ્ઞતાથી માળાથી નીચે આવે છે પણ બાળક હોવાથી પરિભ્રમણ કરવાને શક્તિમાન નથી'–આ એક. એવી રીતે બીજો પુષ્ટ હોવાથી પરિભ્રમણ કરવાને શક્તિમાન છે પણ ભીરુ હોવાથી માળાથી ઉતરવાને માટે શક્તિમાન નથી. ત્રીજો ઉભય રીતે શક્તિમાન છે અને ચોથો અતિ બાળપણાથી ઉભય રીતે શક્તિમાન નથી. (૩૭) નિપતિતા–ભોજનાદિનો અર્થી હોવાથી ભિક્ષાચર્યામાં જનાર છે પણ પરિભ્રમણ કરનાર નથી, કેમ કે ગ્લાનપણાથી અથવા **આળસુપણાથી** કે લજ્જાપણાથી–આ એક, બીજો ઉપાશ્રયથી નીકળતો થકો પરિભ્રમણશીલ છે પણ ભિક્ષાને માટે જવાને અશક્ત છે, કારણ કે સૂત્રાર્થમાં આસક્ત હોય છે. તૃતીય અને ચતુર્થ ભંગ સ્પષ્ટ છે. (૩૮) નિકૃષ્ટ–તપ વડે કૃશ દેહવાળો. વળી નિકૃષ્ટ છે (આત્મા) કેમકે કષાયને કૃશ (પાતળા) કરેલા હોય છે. એવી રીતે અન્ય ત્રણ ભાંગા પણ જાણવા. (૩૯) એવી જ ભાવના માટે અનંતર સૂત્ર કહે છે–કૃશ શરીર વડે નિકૃષ્ટ, વળી કષાયાદિના મંથન વડે નિકૃષ્ટ છે આત્મા જેનો તે નિકૃષ્ટાત્મા, એમ બીજા ત્રણ ભાંગા જાણવા. અથવા પ્રથમ નિકૃષ્ટ–તપ વડે કૃશ કરેલ શરીરવાળો છે અને પછી પણ નિકૃષ્ટ છે. એવી રીતે અહિં પ્રથમ (૩૯) સૂત્રનું વ્યાખ્યાન કરવું અને બીજું (૪૦) સૂત્ર તો જેમ કહેલું છે તેમ કહેવું. (૪૦) બુધત્વના કાર્યભૂત સત્ક્રિયાના યોગથી બુધ. કહ્યું છે કે—

**पठकः पाठकश्चैव ये चान्ये तत्त्वचिन्तकाः । सर्वे ते व्यवसनिनो राजन्! यः क्रियावान् स पण्डितः ॥२३४॥**

1. કટ્ટાસણું (આસન).

ભણનાર, ભણાવનાર અને બીજા તત્ત્વના ચિંતકો, આ બધાય વ્યસનવાળા છે માટે હે રાજન્! જે ક્રિયાવાન્ તે જ પંડિત છે. (૨૩૪)

વળી બુધ-વિવેક સહિત અંતઃકરણ હોવાથી-આ એક, બીજો બુધ-સત્ક્રિયાવાળો છે અને વિવેક રહિત અંતઃકરણ હોવાથી અબુધ છે. ત્રીજો અસત્ક્રિયાવાળો હોવાથી અબુધ અને વિવેક સહિત ચિત્ત હોવાથી બુધ છે. ચોથો તો ઉભયના નિષેધથી અબુધ-અબુધ છે. (૪૧) અનંતર સૂત્ર વડે એ જ સ્પષ્ટ કરાય છે-સત્ક્રિયાવાળો હોવાથી બુધ, અને જાણનાર છે હૃદય જેનું તે બુધહૃદય-વિવેક યુક્ત મન હોવાથી, અથવા શાસ્ત્રનો જાણ હોવાથી બુધ અને બુધહૃદય તો કાર્યમાં અમૂઢ લક્ષવાળો હોવાથી-આ એક, એવી રીતે બીજા ત્રણ ભાંગા પણ વિચારવા યોગ્ય છે. (૪૨) ૧. આત્માનુકંપક-આત્માના હિતને વિષે પ્રવર્તનાર તે [1]પ્રત્યેકબુદ્ધ કે જિનકલ્પિક મુનિ અથવા બીજાની અપેક્ષા ન કરનાર નિર્દય, ૨. પરાનુકંપક-તે કૃતકૃત્ય થવા વડે તીર્થંકર અથવા પોતાની અપેક્ષા સિવાય દયારૂપ એક રસવાળા મેતાર્યમુનિની જેમ. ૩. ઉભયનો અનુકંપક તે સ્થવિરકલ્પી સાધુ, ૪. ઉભયની અનુકંપા નહિં કરનાર તે પાપાત્મા કાલસૌકરિક વગેરે (૪૩). ॥૩૫૨॥

અનંતર પુરુષોના ભેદો કહ્યા. હવે તેના ભેદ વડે સંપાદન કરવા યોગ્ય પુરુષના વ્યાપારવિશેષને કહેવાને ઇચ્છતા સૂત્રકાર સૂત્રસપ્તકને કહે છે—

**चउव्विहे संवासे पन्नत्ते, तंजहा—दिव्वे, आसुरे, रक्खसे, माणुस्से ४ (१)। चउव्विधे संवासे पन्नत्ते, तंजहा—देवे णाममेगे देवीए सद्धिं संवासं गच्छति, देवे नाममेगे असुरीए सद्धिं संवासं गच्छति, असुरे णाममेगे देवीए सद्धिं संवासं गच्छति, असुरे नाममेगे असुरीए सद्धिं संवासं गच्छति ४ (२)। चउव्विधे संवासे पन्नत्ते, तंजहा-देवे नाममेगे देवीए सद्धिं संवासं गच्छति, देवे नाममेगे रक्खसीए सद्धिं संवासं गच्छति, रक्खसे णाममेगे देवीए सद्धिं संवासं गच्छति, रक्खसे णाममेगे रक्खसीए सद्धिं संवासं गच्छति ४ (३)।**

**चउव्विधे संवासे पन्नत्ते, तंजहा—देवे नाममेगे देवीए सद्धिं संवासं गच्छति, देवे नाममेगे मणुस्सीए सद्धिं संवासं गच्छति, मणुस्से नाममेगे देवीहिं सद्धिं संवासं गच्छति, मणुस्से नाममेगे मणुस्सीए सद्धिं संवासं गच्छति ४ (४)। चउव्विधे संवासे पन्नत्ते, तंजहा—असुरे णाममेगे असुरीए सद्धिं संवासं गच्छति, असुरे नाममेगे रक्खसीए सद्धिं संवासं गच्छति ह्व [-४] (५)। चउव्विहे संवासे पन्नत्ते तंजहा—असुरे नाममेगे असुरीए सद्धिं संवासं गच्छति, असुरे नाममेगे मणुस्सीए सद्धिं संवासं गच्छति ह्व [-४] (६)। चउव्विहे संवासे पन्नत्ते, तंजहा-रक्खसे नाममेगे रक्खसीए सद्धिं संवासं गच्छति, रक्खसे नाममेगे माणुस्सीए सद्धिं संवासं गच्छति ह्व [-४] ४ (७)** ॥सू० ३५३॥

**चउव्विहे अवद्धंसे पन्नत्ते, तंजहा—आसुरे, आभियोगे, संमोहे, देवकिब्बिसे। चउहिं ठाणेहिं जीवा आसुरत्ताते कम्मं पगरेंति, तंजहा—कोधसीलताते, पाहुडसीलयाते, संसत्ततवोकम्मेणं, निमित्ताजीवयाते। चउहिं ठाणेहिं जीवा आभिओगत्ताते कम्मं पगरेंति, तं जहा—अत्तुक्कोसेणं, परपरिवातेणं, भूतिकम्मेणं, कोउयकरणेणं। चउहिं ठाणेहिं जीवा सम्मोहत्ताते कम्मं पगरेंति, तंजहा—उम्मग्गदेसणाए, मग्गतंराएणं, कामासंसपओगेणं, भिज्झानियाणकरणेणं। चउहिं ठाणेहिं जीवा देवकिब्बिसियत्ताते कम्मं पगरेंति, तंजहा—अरहंताणं अवन्नं वयमाणे, अरहंतपन्नत्तस्स धम्मस्स अवन्नं वदमाणे, आयरिय उवज्झायाणमवन्नं वदमाणे, चाउवन्नस्स संघस्स अवन्नं वदमाणे ॥ सू० ३५४॥**

1. પ્રત્યેક બુદ્ધાદિ મુનિઓ, એકલવિહારી હોવાથી અન્ય મુનિઓનો વૈયાવૃત્ત્યાદિ કરતા નથી તેમ પ્રાયઃ ઉપદેશાદિ આપતા ન હોવાથી બીજાને ઉપકાર કરતા નથી. આ કારણને અંગે આત્માનુકંપક કહેલા છે પણ બીજા જીવોની અનુકંપા ન કરે એમ સમજવું નહિં કેમ કે તેઓ દયાળુ છે.

*(મૂ૦) ચાર પ્રકારનો સંવાસ-સંભોગ કહેલો છે, તે આ પ્રમાણે—દિવ્ય (વૈમાનિક) સંબંધી, અસુર-ભવનપતિ સંબંધી, રાક્ષસ-વ્યંતર સંબંધી અને મનુષ્ય સંબંધી. (૧) ચાર પ્રકારનો સંવાસ કહેલો છે, તે આ પ્રમાણે—૧. કોઈક વૈમાનિક દેવ 'દેવી સાથે સંવાસ કરે છે, ૨. કોઈક દેવ અસુરી સાથે સંવાસ કરે છે, ૩. કોઈક અસુર દેવી સાથે સંવાસ કરે છે અને ૪. કોઈક અસુર અસુરી સાથે સંવાસ કરે છે. (૨) ચાર પ્રકારનો સંવાસ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક દેવ દેવી સાથે સંવાસ કરે છે, ૨. કોઈક દેવ રાક્ષસી-વ્યંતરી સાથે સંવાસ કરે છે, ૩. કોઈક રાક્ષસ દેવી સાથે સંવાસ કરે છે અને ૪. કોઈક રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે છે. (૩) ચાર પ્રકારનો સંવાસ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક દેવ દેવી સાથે સંવાસ કરે છે, ૨. કોઈક દેવ મનુષ્યણી સાથે સંવાસ કરે છે, ૩. કોઈક મનુષ્ય દેવી સાથે સંવાસ કરે છે અને ૪. કોઈક મનુષ્ય મનુષ્યણી સાથે સંવાસ કરે છે. (૪) ચાર પ્રકારનો સંવાસ કહેલ છે, તે આ પ્રમાણે-૧. કોઈક અસુર અસુરી સાથે સંવાસ કરે છે, ૨. કોઈક અસુર રાક્ષસી સાથે સંવાસ કરે છે, ૩. કોઈક રાક્ષસ અસુરી સાથે સંવાસ કરે છે અને ૪. કોઈક રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ કરે છે. (૫) ચાર પ્રકારનો સંવાસ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક અસુર અસુરી સાથે સંવાસ સેવે છે, ૨. કોઈક અસુર મનુષ્યણી સાથે સંવાસ સેવે છે, ૩. કોઈક મનુષ્ય અસુરી સાથે સંવાસ સેવે છે અને ૪. કોઈક મનુષ્ય મનુષ્યણી સાથે સંવાસ સેવે છે. (૬) ચાર પ્રકારનો સંવાસ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક રાક્ષસ રાક્ષસી સાથે સંવાસ સેવે છે, ૨. કોઈક રાક્ષસ મનુષ્યણી સાથે સંવાસ સેવે છે, ૩. કોઈક મનુષ્ય રાક્ષસી સાથે સંવાસ સેવે છે અને ૪. કોઈક મનુષ્ય મનુષ્યણી સાથે સંવાસ સેવે છે. (૭) ॥૩૫૩॥*

*ચાર પ્રકારે અપધ્વંસ-(ચારિત્રના ફળનો વિનાશ) કહેલ છે, તે આ પ્રમાણે—૧. આસુરીભાવનાજન્ય તે આસુર, ૨. અભિયોગભાવનાજન્ય તે અભિયોગ, ૩. સંમોહભાવનાજન્ય તે સંમોહ અને ૪. દેવકિલ્બિષ ભાવનાજન્ય તે દેવકિલ્બિષ અપધ્વંસ. ચાર કારણ વડે જીવો અસુરપણાનું આયુષ્કાદિ કર્મ કરે છે, તે આ પ્રમાણે—૧. ક્રોધી સ્વભાવ વડે, ૨. કલહ કરવાના સ્વભાવ વડે, ૩.* **આહારાદિમાં આસક્તિ સહિત તપ કરવા વડે** *અને ૪. નિમિત્તાદિ પ્રકાશીને આજીવિકા ચલાવવા વડે. ચાર કારણ વડે જીવો આભિયોગતાને અર્થે આયુષ્કાદિ કર્મ કરે છે, તે આ પ્રમાણે—૧. આત્માનો ઉત્કર્ષ (ગર્વ) કરવા વડે, ૨.બીજાની નિંદા કરવા વડે, ૩. ભૂતિકર્મ-તાવવાળા વગેરેને રાખ વગેરેથી રક્ષાદિ કરવા વડે અને ૪. કૌતુકકરણ-સૌભાગ્યાદિને માટે બીજાના શિર ઉપર હસ્તના ભ્રમણ વગેરેથી મંત્રવા વડે. ચાર કારણ વડે જીવો સંમોહપણાને અર્થે આયુષ્કાદિ કર્મ કરે છે, તે આ પ્રમાણે—૧. ઉન્માર્ગની દેશના વડે, ૨. સન્માર્ગનો અંતરાય કરવા વડે, ૩. કામભોગની આશંસા (વાંછા) વડે અને ૪. લોભથી નિયાણું કરવા વડે. ચાર કારણ વડે જીવો દેવકિલ્બિષપણાનું આયુષ્યાદિકર્મ કરે છે-બાંધે છે, તે આ પ્રમાણે—૧. અરિહંતોના અવર્ણવાદને બોલતો થકો, ૨. અરિહંતે કહેલા ધર્મના અવર્ણવાદને બોલતો થકો, ૩. આચાર્ય ઉપાધ્યાયના અવર્ણવાદને બોલતો થકો અને ૪. ચતુર્વિધ સંઘના અવર્ણવાદને બોલતો થકો. ॥૩૫૪॥*

(ટી૦) 'चउव्विहे संवासे' इत्यादि० સૂત્ર સરળ છે. વિશેષ એ કે-સ્ત્રીની સાથે સંવસન-શયન કરવું તે સંવાસ. द्यौः-સ્વર્ગ, તેમાં વસનાર દેવ પણ ઉપચારથી દ્યૌ, તેમાં થયેલ તે દિવ્ય અર્થાત્ વૈમાનિક સંબંધી સંવાસ. ભવનપતિ વિશેષ અસુર સંબંધી સંવાસ તે આસુર. એવી રીતે અન્ય બે સંવાસ જાણવા. વિશેષ એ કે-રાક્ષસ-વ્યંતરવિશેષ. દેવ અને અસુર વગેરેના સંયોગથી છ ચતુર્ભંગી સૂત્રો થાય છે. ॥૩૫૩॥

| | | | |
|---|---|---|---|
| देव ३ | आसुर २ | राक्षस १ | मनुष्य |
| देवी | असुरी | राक्षसी | मानुषी |

પુરુષક્રિયાના અધિકારથી જ અપધ્વંસસૂત્ર જણાવે છે–અપધ્વંસન–વિનાશ થવું તે અપધ્વંસ–ચારિત્રનો અથવા તેના ફળનો અસુરાદિ ભાવનાજનિત વિનાશ. અસુર ભાવના વડે થયેલ તે આસુર, અથવા જે અનુષ્ઠાનને વિષે વર્ત્તતો થકો અસુરપણાને ઉત્પન્ન કરે, તેના વડે આત્માને વાસિત કરવો તે આસુર ભાવના. એવી રીતે બીજી ભાવનાઓ પણ જાણવી. અભિયોગ (દાસ) ભાવનાજનિત તે આભિયોગ. સંમોહભાવનાજનિત તે સંમોહ. દેવકિલ્બિષ ભાવનાજનિત તે દૈવકિલ્બિષ. કંદર્પભાવનાજનિત કાંદર્પ અપધ્વંસ પાંચમો છે પરંતુ અહિં ચતુઃસ્થાનકના અનુરોધથી તેને કહેલ નથી. ભાવના તો આગમમાં પાંચ કહેલ છે. કહ્યું છે કે—

**कंदप्प १ देवकिब्बिस २, अभिओगा ३ आसुरा य ४ संमोहा ५ ।**
**एसा उ संकिलिट्ठा, पंचविहा भावणा भणिया ।।२३५।।** **[बृहत्कल्प० १२९३ त्ति]**

૧. કામપ્રધાન વિટપ્રાય દેવો સંબંધી જે ભાવના તે કંદર્પી, ૨ કિલ્બિષક દેવો સંબંધી તે કિલ્બિષિકી, ૩. કિંકર સ્થાનીય દેવ સંબંધી તે આભિયોગિકી, ૪. અસુરદેવ સંબંધી તે આસુરી અને ૫. મૂઢાત્મા દેવ સંબંધી જે ભાવના તે સંમોહી–આ પાંચ સંક્લિષ્ટ (અપ્રશસ્ત) ભાવનાઓ કહેલી છે. (૨૩૫)

આ પાંચ ભાવનાઓ પૈકી જે ભાવનાની અંદર જે જીવ વર્ત્તે છે તે અલ્પ ચારિત્રના પ્રભાવથી તેવા પ્રકારના દેવોને વિષે જાય છે. કહ્યું છે કે—

**जो संजओ वि एयासु अप्पसत्थासु वट्टइ कहिं[हं?] चि ।**
**सो तव्विहेसु गच्छइ, सुरेसु भइओ चरणहीणो ।।२३६।।** **[बृहत्कल्प० १२९४ त्ति]**

આ અપ્રશસ્ત ભાવનાઓને વિષે જે સંયત કંઈપણ વર્ત્તે છે તે તેવા પ્રકારના દેવોને વિષે જાય છે તે સર્વથા ચારિત્રથી હીન છે તેથી દેવોને વિષે જવાની તેને માટે ભજના છે અર્થાત્ જાય કિંવા ન પણ જાય. (૨૩૬)

આસુરાદિ ભાવનાજન્ય અપધ્વંસ કહ્યો, તે અસુરત્વ વગેરેનો હેતુ છે માટે અસુરત્વાદિ ભાવનાના સાધનભૂત કર્મોના કારણોને ચાર સૂત્રો વડે કહે છે—'चउहिं ठाणेहीं' त्यादि० સૂત્ર સુગમ છે. વિશેષ એ કે–અસુરોને વિષે થયેલ તે આસુર–અસુરવિશેષ, તેનો જે ભાવ તે આસુરત્વ, તેના માટે–આસુરપણાને અર્થે અથવા અસુરપણા માટે કે અસુરપણાએ તેના આયુષ્કાદિ કર્મને કરવા માટે આરંભ કરે છે, તે આ પ્રમાણે—૧. ક્રોધ સ્વભાવપણા વડે, ૨. ક્લેશના સંબંધ વડે, ૩. સંસક્તતપકર્મ–આહાર, ઉપધિ અને શય્યાદિને વિષે પ્રતિબદ્ધભાવરૂપ તપશ્ચર્યા વડે અને ૪. ત્રણ કાલ સંબંધી લાભ અલાભાદિ વિષયક નિમિત્તથી મેળવેલ આહારાદિ વડે ઉપજીવનરૂપ નિમિત્ત આજીવિકા વડે. આ અર્થ અન્યત્ર આ પ્રમાણે કહ્યો છે—

**अणुबद्धविग्गहो च्चिय, संसत्ततवो निमित्तमाएसी । निक्किव णिराणुकंपो, आसुरियं भावणं कुणइ ।।२३७।।**
**[बृहत्कल्प० १३१५ त्ति]**

સાધુ અને શ્રાવકને વિષે નિરંતર કલહ કરનાર, આહારાદિમાં આસક્તિ સહિત તપ કરનાર, નિમિત્તનો પ્રકાશનાર, નિઃશૂક અને અનુકંપા રહિત અર્થાત્ દુઃખી પ્રાણીને જોઈને જેના હૃદયમાં કંપારી ન આવે તે પ્રાણી આસુરીભાવના કરે છે.(૨૩૭)

જે કાર્ય પ્રત્યે યોગ્ય છે તે અભિયોગ્ય–કિંકર દેવવિશેષો, તેઓનો જે ભાવ તે આભિયોગ્યતા, તે અર્થે અથવા આભિયોગ્યપણાએ. ૧. આત્મોત્કર્ષ–પોતાના ગુણના અભિમાન વડે, ૨. પરપરિવાદ–પરના દોષને કહેવા વડે, ૩. ભૂતિકર્મ–જ્વરવાળા વગેરેને ભૂતિ (રાખ–વાસક્ષેપ) વગેરેથી રક્ષા કરવા વડે અને ૪. કૌતુકકરણ–સૌભાગ્યાદિના નિમિત્તે બીજાના શિર ઉપર હસ્તના ભ્રમણાદિ વડે મંત્રક્રિયા વગેરે કરવા વડે. આ ભાવના પણ બીજે સ્થળે આવી રીતે જણાવી છે—

**कोउय भूईकम्मे, पसिणा इयरे निमित्तमाजीवी । इड्डिरससायगुरुओ, अभिओगं भावणं कुणइ ।।२३८।।**
**[बृहत्कल्प० १३०८ त्ति]**

૧. અનિષ્ટની શાંતિ માટે થુ થુ વગેરે કરવું તે કૌતુક, ૨. મંત્ર વડે મંત્રીને રાખ(વાસક્ષેપ) વગેરેનું દેવું તે ભૂતિકર્મ, ૩. અંગુઠ અને અરીસા વગેરેમાં દેવનું આકર્ષણ કરીને પ્રશ્નનું પૂછવું, ૪. સ્વપ્ન વિદ્યા વડે કહેવું, ૫. નિમિત્ત વગેરે પ્રકાશીને આજીવિકા ચલાવવી તથા ઋદ્ધિ, રસ અને સાતગૌરવ સહિત ઉક્ત પ્રવૃત્તિને કરતો થકો પ્રાણી આભિયોગ્ય ભાવના કરે છે. (૨૩૮)

સંમોહ પામે છે તે સંમોહ-મૂઢાત્મા દેવવિશેષ, તેનો જે ભાવ તે સંમોહતા, તેના માટે અથવા સંમોહપણાએ. ૧. ઉન્માર્ગદેશના-સમ્યગ્દર્શનાદિરૂપ ભાવમાર્ગથી વિરુદ્ધ ધર્મના કથન વડે, ૨. માર્ગાંતરાય-મોક્ષમાર્ગને વિષે પ્રવૃત્ત થયેલને વિઘ્ન કરવા વડે, ૩. કામાશંસાપ્રયોગ-શબ્દાદિ વિષયોને વિષે અભિલાષા કરવા વડે અને ૪. 'भिज्ज' त्ति० લોભ-ગૃદ્ધિ વડે નિયાણું કરવું તે, 'આ તપ વગેરેથી મને ચક્રવર્ત્તિપણું વગેરે મળો' આવી રીતે નિકાચના-દૃઢ કરવા વડે. આ ભાવના પણ અન્યત્ર નીચે પ્રમાણે કહેલ છે—

**उम्मग्गदेसओ मग्गनासओ मग्गविप्पडीवत्ती । मोहेण य मोहेत्ता, संमोहं भावणं कुणइ ।।२३९।।**

**[बृहत्कल्प० १३२१ त्ति]**

૧. ઉન્માર્ગનો કહેનાર, ૨. માર્ગનો નાશ કરનાર-પોતાના તથા બીજાના બોધિબીજનો નાશ કરનાર, ૩. વિપરીત માર્ગને સ્વીકારનાર એવો જીવ સ્વયં મૂઢ થયો થકો બીજાને મોહ ઉપજાવીને સંમોહ ભાવના કરે છે. (૨૩૯)

દેવોના મધ્યમાં કિલ્બિષ-પાપ, તેને લઈને જ અસ્પૃશ્યાદિ ધર્મવાળો દેવરૂપ કિલ્બિષ તે દેવકિલ્બિષ. બીજું વર્ણન તેમજ જાણવું. અવર્ણ-નિંદા-ખોટા દોષનું આરોપણ કરવું. આ અર્થ અન્યત્ર આવી રીતે કહેલ છે.

**नाणस्स केवलीणं, धम्मायरियाण सव्वसाहूणं । मासं अवन्न माई, किब्बिसियं भावणं कुणइ ।। २४०।।**

**[बृहत्कल्प० १३०२ त्ति]**

૧. જ્ઞાનની, ૨. કેવલીઓની, ૩. ધર્માચાર્યોની અને ૪. સર્વ સાધુઓની નિંદાનો કરનાર તથા ૫. માયાવી એવો પ્રાણી કિલ્બિષિકી ભાવના કરે છે. (૨૪૦)

ચોથું સ્થાનક હોવાથી અહિં પાંચમી કંદર્પ ભાવના કહી નથી, પણ ભાવનાનું વર્ણન ચાલતું હોવાથી તે બતાવે છે-

**कंदप्पे कुक्कुइए, दवसीले यावि हासणकरे य । विम्हावितो य परं, कंदप्पं भावणं कुणइ ।।२४१।।**

**[बृहत्कल्प० १२९५ त्ति]**

૧. કામની કથા કરનાર, ૨. કુકુચિત-ભાંડના જેવી ચેષ્ટા કરનાર, ૩. દ્રવશીલ-ગર્વથી શીઘ્ર ગમન અને ભાષણાદિ કરનાર, ૪. વેષ અને વચનાદિ વડે સ્વપરને હાસ્ય ઉત્પન્ન કરનાર, ૫. બીજાને ઇંદ્રજાલાદિ વડે વિસ્મય કરાવનાર એવો જીવ કંદર્પી ભાવના કરે છે. (૨૪૧) ॥૩૫૪॥

આ અપધ્વંસ પ્રવ્રજ્યાવાળાને છે માટે પ્રવ્રજ્યાનું નિરૂપણ કરવા 'चउव्विहा पव्वज्जे'त्यादि० આઠ સૂત્રો કહે છે.

**चउव्विधा पव्वज्जा पन्नत्ता, तंजहा—इहलोगपडिबद्धा, परलोगपडिबद्धा, दुहतोलोगपडिबद्धा, अपडिबद्धा १, चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—पुरओ पडिबद्धा, मग्गओ पडिबद्धा, दुहतो पडिबद्धा, अपडिबद्धा २ । चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—ओवातपव्वज्जा, अक्खातपव्वज्जा, संगारपव्वज्जा, विहग[गइ]पव्वज्जा ३। चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—तुयावइत्ता, पुयावइत्ता, मोयावइत्ता, परिपूयावइत्ता ४ । चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—नडखइया, भडखइया, सीहखइया, सियालखइया ५ ।**

**चउव्विहा किसी पन्नत्ता, तंजहा—वाविया, परिवाविया, णिंदिता, परिणिंदिता ६ । एवामेव चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—वाविता, परिवाविता, णिंदिता, परिणिंदिता ७ । चउव्विहा पव्वज्जा पन्नत्ता, तंजहा—**

**धन्नपुंजितसमाणा, धन्नविरल्लितसमाणा, धन्नविक्खित्तसमाणा, धन्नसंकड्ढितसमाणा ८ ॥ सू० ३५५॥**

*(મૂ૦) ચાર પ્રકારે પ્રવ્રજ્યા-દીક્ષા કહેલી છે, તે આ પ્રમાણે—૧. ઉદર ભરવા માટે દીક્ષા લેવી તે આલોકપ્રતિબદ્ધા, ૨. દેવાદિ સંબંધી સુખને માટે દીક્ષા લેવી તે પરલોકપ્રતિબદ્ધા, ૩. ઉભય લોકના સુખને અર્થે દીક્ષા લેવી તે ઉભયલોકપ્રતિબદ્ધા અને ૪. મોક્ષના અર્થે દીક્ષા લેવી તે અપ્રતિબદ્ધા. (૧) 'જો હું દીક્ષા લઈશ તો મને શિષ્ય, આહારાદિ મળશે' એમ અગાઉથી દીક્ષા લેનારાઓને વિષે જે અભિલાષા તે અગ્રતઃપ્રતિબદ્ધા, ૨. સ્વજનાદિકે પ્રથમથી દીક્ષા લીધેલ છે તેના સ્નેહને લઈને જે પાછળથી દીક્ષા લેવી તે પૃષ્ટતઃપ્રતિબદ્ધા, ૩. ઉભયતઃ પ્રતિબદ્ધા—આગળથી અને પાછળથી પણ પ્રતિબંધવાળી છે અને ચોથી અપ્રતિબદ્ધા પૂર્વવત્ (૨) ચાર પ્રકારે પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—૧. સદ્ગુરુઓની સેવા વડે જે દીક્ષા લેવાય છે તે અવપાતપ્રવ્રજ્યા, ૨. 'તું દીક્ષા ગ્રહણ કર' એમ કહેવાથી જે દીક્ષા લેવાય છે તે આખ્યાતપ્રવ્રજ્યા, ૩. 'જો તું દીક્ષા લે તો હું પણ લઈશ' એવા સંકેતથી જે દીક્ષા લેવી તે સંકેતપ્રવ્રજ્યા અને ૪. પરિવારાદિના વિયોગથી એકાકીપણે દેશાંતરમાં જઈને દીક્ષા લેવી તે વિહગગતિપ્રવ્રજ્યા. (૩) ચાર પ્રકારની પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—૧. તોદયિત્વા-પીડા ઉપજાવીને જે દીક્ષા અપાય તે, ૨. પ્લાવયિત્વા-બીજે ઠેકાણે લઈ જઈને દીક્ષા અપાય તે, ૩. મોચયિત્વા-કરજ વગેરેથી મૂકાવીને જે દીક્ષા અપાય તે, ૪. પરિપ્લુતયિત્વા-ભોજનની લાલચ વડે જે દીક્ષા અપાય તે. (૪) ચાર પ્રકારની પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—૧. નટની જેમ સંવેગ રહિત ધર્મકથા કરવા વડે ભોજનાદિ મેળવવું તે નટખાદિતા, ૨. સુભટની જેમ બળ દેખાડીને ભોજનાદિ મેળવવું તે ભટખાદિતા, ૩. સિંહની જેમ બીજાની અવજ્ઞા કરીને ભોજનાદિ મેળવવું તે સિંહખાદિતા અને ૪. શીયાળની જેમ દીનતા વડે ભોજનાદિ મેળવવું તે શૃગાલખાદિતા. (૫) ચાર પ્રકારની કૃષી (ખેતી) કહેલી છે, તે આ પ્રમાણે—૧. જેમાં એક વખત ધાન્ય વવાય તે વાવિયા, ૨. બે ત્રણ વખત ઉખેડીને સ્થાનાંતરમાં રોપાય તે પરિવારિયા, ૩. જેમાં એક વાર નિંદણ-ઘાસ વગેરે દૂર કરાય તે નિંદિયા અને ૪. વારંવાર નિંદણ-ઘાસ વગેરે દૂર કરાય તે પરિનિંદિયા. (૬) આ દૃષ્ટાંતે ચાર પ્રકારની પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—૧. સામાયિક ચારિત્રનું આરોપણ કરવું તે વાવિયા, ૨. વડીદીક્ષા અથવા ફરીથી દીક્ષા આપવી તે પરિવાવિયા, ૩. એક વખત અતિચારની આલોચના કરવી તે નિંદિયા અને ૪. વારંવાર અતિચારની આલોચના કરવી તે પરિનિંદિયા. (૭) ચાર પ્રકારની પ્રવ્રજ્યા કહેલી છે, તે આ પ્રમાણે—૧. ખળામાં શુદ્ધ કરેલ ધાન્યના ઢગલા જેવી-અતિચાર રહિત દીક્ષા, ૨. ખળામાં જ કચરાને પવન વડે દૂર કરેલ ધાન્યના એકત્ર નહિં કરેલ પુંજ સમાન-અલ્પ અતિચારવાળી, ૩. બળદની ખુરી વડે ખુંદાવાથી વેરાયેલ ધાન્યના જેવી-બહુ અતિચારવાળી અને ૪. ક્ષેત્રમાંથી લાવીને ખળામાં મૂકેલ ધાન્ય સમાન-બહુતર અતિચારવાળી પ્રવ્રજ્યા. (૮) ॥૩૫૫॥*

(ટી૦) આ સૂત્રો સુગમ છે. વિશેષ એ કે—૧. માત્ર ઉદરભરણાદિ ઇચ્છાવાળાની જે દીક્ષા તે ઇહલોકપ્રતિબદ્ધા, ૨. ભવાંતર સંબંધી કામભોગની ઇચ્છાવાળાની જે દીક્ષા તે પરલોકપ્રતિબદ્ધા, ૩. ઉભય લોક સંબંધી સુખના અભિલાષીઓની જે દીક્ષા તે દ્વિધાલોકપ્રતિબદ્ધા અને ૪. વિશિષ્ટ સામાયિક ચારિત્રવાળાઓની જે દીક્ષા તે અપ્રતિબદ્ધા. (૧) પુરતઃ-પ્રવ્રજ્યા લેવાથી ભવિષ્યમાં થનારા શિષ્ય અને આહારાદિને વિષે આગળથી પ્રતિબંધવાળી જે દીક્ષા તે ૧ પુરતઃ પ્રતિબદ્ધા કહેવાય છે. એમ સ્વજનાદિને વિષે (સ્નેહ વડે પાછળથી લીધેલ દીક્ષા) તે ૨. માર્ગતઃપ્રતિબદ્ધા કહેવાય છે. ૩. કોઈક પ્રવ્રજ્યા આગળથી અને પાછળથી પણ એમ દ્વિધાપ્રતિબંધવાળી છે અને ૪. કોઈક અપ્રતિબદ્ધા પૂર્વની જેમ છે. (૨) 'ओवाय' त्ति०—અવપાત-સદ્ગુરુઓની સેવા કરવાથી જે પ્રવ્રજ્યા તે ૧. અવપાતપ્રવ્રજ્યા, ૨. 'તું દીક્ષા લે' એમ કહેવાથી દીક્ષા લેનારની જે પ્રવ્રજ્યા તે આખ્યાતપ્રવ્રજ્યા-આર્યરક્ષિતસૂરિના ભાઈ ફલ્ગુરક્ષિતની જેમ, ૩. 'संगार' त्ति—સંકેતથી જે પ્રવ્રજ્યા-મેતાર્યાદિની જેમ અથવા જ્યારે 'તું દીક્ષા લઈશ ત્યારે હું પણ લઈશ' એમ સંકેતથી જે દીક્ષા તે સંકેતપ્રવ્રજ્યા, ૪. 'विहगगइ' त्ति० વિહગગતિ

વડે-પક્ષી જેમ બીજે જાય છે તે ન્યાય વડે પરિવારાદિના વિયોગથી અને દેશાંતરમાં જવા વડે એકલાની જે દીક્ષા તે વિહગગતિપ્રવ્રજ્યા. ક્યાંક 'विहगपव्वज्जे' त्ति० પાઠ છે ત્યાં પક્ષીની જેમ એમ જાણવું. અથવા વિહત-દારિદ્ર વડે કે શત્રુઓ વડે પરાભવ પામેલની જે દીક્ષા તે વિહતપ્રવ્રજ્યા. (૩) 'तुयावइत्त' त्ति० વ્યથા (પીડા) ઉત્પન્ન કરીને જે દીક્ષા દેવાય છે તે ૧. તોદયિત્વા પ્રવ્રજ્યા, સાગરચંદ્ર મુનિ વડે અપાયેલ મુનિચંદ્ર નૃપના [1]પુત્રની જેમ. 'उयावइत्त' त्ति० એવો ક્યાંક પાઠ છે ત્યાં ઓજશારીરિક અથવા વિદ્યાદિકના બળને દેખાડીને જે દીક્ષા દેવાય છે તે ઓજયિત્વા એમ કહેવાય છે. 'पुयावइत्त' त्ति० પ્લુઙ્ ધાતુ ગતિ અર્થમાં છે, આ વચનથી ૨. પ્લાવયિત્વા-આર્યરક્ષિતની જેમ બીજે સ્થળે લઈ જઈને અથવા પૂત-દૂષણને દૂર કરવા વડે પવિત્ર કરીને જે દીક્ષા અપાય છે તે પૂતયિત્વા. 'वुयावइत्त' त्ति० જેમ ગૌતસ્વામીએ ખેડૂતને સારી રીતે સમજાવીને દીક્ષા આપી તેમ અથવા પૂર્વપક્ષરૂપ વચનને કરાવીને અને તેને જીતીને અથવા પ્રતિજ્ઞા કરાવીને જે દીક્ષા દેવાય છે તે ૩. બોધયિત્વા. ક્યાંક 'मोयावइत्त' त्ति० એવો પાઠ છે ત્યાં સાધુ વડે છોડાવીને જે દીક્ષા અપાય છે તે ૩. મોચયિત્વા, તેલને અર્થે દાસપણાને પામેલી ભગિનીની જેમ. [દીક્ષિત થયેલ બંધુના ઉપચારને માટે કોઈકની દુકાનેથી એક કર્ષ પ્રમાણ તેલ લાવીને તેની બહેને આપ્યું. એમ દરરોજ એક કર્ષની વૃદ્ધિ વડે તેલ લાવીને તે સાધુને આપતી તેથી ઘડાદિ સંખ્યાવાળું તેલ થયું, કરજ વધ્યું પરંતુ દેવું અપાયું નહિ તેથી તેણી જીવન પર્યંત તેની દાસી થઈને રહી. ત્યાર બાદ કોઈ વખત ફરીને તે સાધુ ત્યાં આવ્યા ત્યારે બહેનની હકીકત જાણીને તેણે તે વ્યાપારીને સમજાવ્યો અને બહેનને છોડાવીને દીક્ષા આપી.] 'परिवुयावइत्त' त्ति० ઘૃતાદિ વડે પરિપૂર્ણ ભોજન તે પરિપ્લુત-ભોજનના માટે જે દીક્ષા અપાય છે તે-આર્યસુહસ્તિ આચાર્ય વડે રંકને (સંપ્રતિ રાજાના જીવને) અપાયેલ દીક્ષાની જેમ ૪. પરિપ્લુતયિત્વા કહેવાય છે. (૪) નટની જેમ સંવેગ રહિત ધર્મ કથાના કરવા વડે મેળવેલ ભોજનાદિનું 'खइय' त्ति० ખાવું છે જેને તે વિષે તે ૧. નટખાદિતા અથવા નટની જેમ 'खइव' त्ति० સંવેગશૂન્ય ધર્મકથાના કથનરૂપ સ્વભાવ છે જેને વિષે તે નટસ્વભાવા. એમ ભટ વગેરેમાં પણ જાણવું. વિશેષ એ કે-તથા પ્રકારના બળને બતાવીને મેળવેલ ભોજનાદિનું ખાવું છે જેને વિષે તે ૨. ભટખાદિતા અથવા ભાટ યા ચારણની વૃત્તિરૂપ સ્વભાવ છે જેમાં તે ભટસ્વભાવા. સિંહની જેમ શૌર્યના અતિશયથી અન્યની અવજ્ઞા વડે મેળવેલ અથવા ભક્ષણ વડે જેમ શરૂ કર્યું તેમ ખાવું છે જેને વિષે તે ૩. સિંહખાદિતા અથવા સિંહસ્વભાવા. શીયાળ તો દીનવૃત્તિ વડે મેળવેલ ભોજનનું અથવા ભક્ષણ વડે અન્ય સ્થાનમાં શરૂ કર્યું અને અન્ય સ્થાનમાં ખાવું છે જેમાં તે ૪. શૃંગાલખાદિતા અથવા શૃગાલસ્વભાવા. (૫) કૃષિ-ધાન્યને માટે ક્ષેત્રનું ખેડવું, 'वाविय' त्ति० એક વખત ધાન્ય વવાય એવી, ૨. 'परिवाविय' त्ति० બે અથવા ત્રણ વાર ઉખેડીને અન્ય સ્થાનમાં રોપવાથી પરિવપનવતી-શાલિ (ડાંગર) ની ખેતીની જેમ, ૩. 'निंदिय' त्ति० એક વખત અન્ય જાતીય ઘાસ વગેરેને દૂર કરવા વડે શોધેલી તે નિંદાતા, ૪. 'परिनिंदिय' त्ति० બે અથવા ત્રણ વખત તૃણાદિના શોધન વડે પરિનિંદાતા કૃષી છે. (૬) પ્રવ્રજ્યા તો સામાયિક (ચારિત્ર) ના આરોપણ વડે ૧. વાવિયા, ૨. પરિવાવિયા એટલે નિરતિચાર ચારિત્રવાળાને મહાવ્રતના આરોપણ વડે અથવા સાતિચાર ચારિત્રવાળાને મૂળ પ્રાયશ્ચિત દેવાથી, ૩. નિંદિયા-એક વાર અતિચારના આલોચનથી અને ૪. પરિનિંદિયા-વારંવાર અતિચારના આલોચનથી જાણવી. (૭) 'धन्नपुंजियसमाण' त्ति० ખળામાં તૂસ વગેરે કચરો કાઢીને નિર્મળ કરેલ ધાન્યના પુંજ સમાન સમસ્ત અતિચારરૂપ કચરાના અભાવ વડે મેળવેલ સ્વસ્વભાવપણાથી, આ એક પ્રવ્રજ્યા. બીજી તો ખળામાં જ 'यद्विरेल्लितं' વાયુ વડે કચરાને વિસ્તારેલઉડાવેલ પણ ઢગલો નહિ કરેલ એવા ધાન્ય સમાન પ્રવ્રજ્યા, જે થોડા પણ પ્રયત્ન વડે સ્વસ્વભાવને પ્રાપ્ત કરશે. ત્રીજી તો यद्विकीर्णं—બળદના ખુર વડે ખૂંદાવાથી છૂટા થયેલ ધાન્ય સમાન, જે પ્રવ્રજ્યા સહજ ઉત્પન્ન થયેલ અતિચારરૂપ કચરાયુક્ત હોવાથી સાપેક્ષિત-અન્ય સામગ્રી વડે કાળના વિલંબથી સ્વસ્વભાવને મેળવવા યોગ્ય થાય છે તે ધાન્યવિકીર્ણ સમાના કહેવાય છે. ચોથી તો ક્ષેત્રથી લાવેલ અને ખળામાં રાખેલ ધાન્યના જેવી જે-

1. આ કથા મુનિપતિ ચરિત્રમાં છે.

પ્રવ્રજ્યા, તે બહુતર અતિચાર સહિત હોવાથી બહુતર કાળ વડે પ્રાપ્ત કરવા યોગ્ય સ્વભાવવાળી છે તે ધાન્યસંકર્ષિત સમાન જાણવી. અહિં ધાન્યના વિશેષણ પુંજિત વગેરે શબ્દની પ્રાકૃતશૈલીથી પરનિપાત કરેલ છે. ॥૩૫૫॥

આ પ્રવ્રજ્યા સંજ્ઞાના વશથી વિચિત્ર પ્રકારે હોય છે તેથી સંજ્ઞાનું નિરૂપણ કરવા માટે સૂત્રપંચક કહે છે—

**चत्तारि सन्नाओ पन्नत्ताओ, तंजहा—आहारसन्ना, भयसन्ना, मेहुणसन्ना, परिग्गहसन्ना (१) । चउहिं ठाणेहिं आहारसन्ना समुप्पज्जति, तंजहा—ओमकोट्ठताते १ छुहावेयणिज्जस्स कम्मस्स उदएणं २ मतीते ३ तदट्ठोवओगेणं ४ (२) । चउहिं ठाणेहिं भयसन्ना समुप्पज्जति, तं जहा—हीणसत्तत्ताते १ भयवेयणिज्जस्स कम्मस्स उदएणं २ मतीते ३ तदट्ठोवओगेणं ४ (३) । चउहिं ठाणेहिं मेहुणसन्ना समुप्पज्जति, तंजहा—चित्तमंससोणिययाए १ मोहणिज्जस्स कम्मस उदएणं २ मतीते ३ तदट्ठोवओगेणं ४ (४) । चउहिं ठाणेहिं परिग्गहसन्ना समुप्पज्जति, तंजहा—अविमुत्तयाए, लोभवेयणिज्जस्स कम्मस्स उदएणं, मतीते, तदट्ठोवओगेणं (५) ॥ सू० ३५६॥ चउव्विहा कामा पन्नत्ता, तंजहा—सिंगारा, कलुणा, बीभच्छा, रोद्दा । सिंगारा कामा देवाणं, कलुणा कामा मणुयाणं, बीभच्छा कामा तिरिक्खजोणियाणं, रोद्दा कामा णेरइयाणं ॥ सू० ३५७॥**

*(મૂ૦) ચાર પ્રકારે સંજ્ઞા-ચેતનાશક્તિ કહેલી છે, તે આ પ્રમાણે—૧. આહારસંજ્ઞા-આહારની ઈચ્છા, ૨. ભયસંજ્ઞા-ડરવું, ૩. મૈથુનસંજ્ઞા-વિષયની ઈચ્છા અને ૪. પરિગ્રહસંજ્ઞા-ધન વગેરેના સંચયની ઈચ્છા. (૧) ચાર કારણ વડે જીવને આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—૧. ઉદર ખાલી થવાથી, ૨. ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી, ૩. આહારની કથા સાંભળવા વગેરેથી ઉત્પન્ન થતી મતિ વડે અને ૪. નિરંતર ભોજનની ચિંતા કરવાથી. (૨) ચાર કારણ વડે જીવને ભયસંજ્ઞા ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—૧. હીનસત્ત્વ (અધૈર્ય) પણાથી, ૨. [1]ભયવેદનીય કર્મના ઉદયથી, ૩. ભયજનક કથા સાંભળવા વગેરેથી ઉત્પન્ન થતી મતિ વડે અને ૪. ભયની જ વિચારણા કરવા વડે. (૩) ચાર કારણથી મૈથુનસંજ્ઞા ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—૧.* માંસ અને રક્તની વૃદ્ધિ થવાથી, ૨. મોહનીય કર્મના ઉદયથી, ૩. કામની કથા સાંભળવા વગેરેથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ વડે અને ૪. નિરંતર વિષયનું ચિંતન કરવાથી. *(૪) ચાર કારણ વડે પરિગ્રહસંજ્ઞા ઉત્પન્ન થાય છે, તે આ પ્રમાણે—૧. પરિગ્રહ સહિત હોવાથી, ૨. લોભવેદનીય (મોહનીય) કર્મના ઉદયથી, ૩. ધન વગેરેને જોવાદિકથી ઉત્પન્ન થયેલ મતિ વડે અને ૪. સતત ધન વગેરેનું ચિંતન કરવાથી. (૫) ॥૩૫૬॥*

*ચાર પ્રકારના કામો કહેલા છે, તે આ પ્રમાણે—શૃંગાર, કરુણ, બિભત્સ અને રૌદ્ર. શૃંગારરસવાળા કામો દેવોને હોય છે. કરુણરસવાળા કામો મનુષ્યોને હોય છે, બીભત્સરસવાળા કામો તિર્યંચયોનિકોને હોય છે અને રૌદ્રરસવાળા કામો નૈરયિકોને હોય છે. ॥૩૫૭॥*

(ટી૦) 'चत्तारी' त्यादि० સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે—संज्ञानं संज्ञा—જાણવું તે સંજ્ઞા અર્થાત્ ચૈતન્ય, તે [2]અસાતાવેદનીય અને મોહનીય કર્મના ઉદયજન્ય વિકાર યુક્ત ચૈતન્ય, આહારસંજ્ઞાદિપણાએ વ્યપદેશ કરાય છે. તેમાં આહારસંજ્ઞા—આહારનો અભિલાષ, ભયસંજ્ઞા—ભયમોહનીય કર્મ વડે પ્રાપ્ત થવા યોગ્ય જીવનો પરિણામ, મૈથુનસંજ્ઞા—વેદના ઉદયથી થયેલ મૈથુનનો અભિલાષ અને પરિગ્રહસંજ્ઞા—ચારિત્રમોહના (લોભના) ઉદયથી થયેલ પરિગ્રહનો અભિલાષ (૧). અવમકોષ્ટતયા—ખાલી

1. ભયવેદનીય શબ્દથી ભયમોહનીય કર્મ સમજવું. વેદનીય શબ્દનો અર્થ અનુભવવાયોગ્ય હોવાથી બધા કર્મ વેદનીય છે. વિશેષ વ્યાખ્યા વડે સાતા અસાતા પ્રકૃતિલક્ષણ વેદનીય કર્મ છે.
2. આહારસંજ્ઞા અસાતાવેદનીય કર્મના ઉદયજન્ય ચૈતન્ય છે અને ક્રમશઃ શેષ ત્રણ સંજ્ઞા ભયમોહનીય, વેદમોહનીય અને લોભમોહનીય કર્મના ઉદયજન્ય ચૈતન્ય લક્ષણ છે. સંજ્ઞા ઉદય અને ક્ષયોપશમભાવરૂપ છે.

ઉદર વડે, ક્ષુધા વેદનીય કર્મોદયથી, मत्या--આહારની કથાના સાંભળવા વગેરેથી થયેલ મતિ વડે, तदर्थोपयोगेन--આહારની સતત ચિંતા વડે આહારસંજ્ઞા ઉદ્‌ભવે છે. (૨). हीनसत्व-હિમ્મતના અભાવથી, मत्या-ભયની વાર્તા સાંભળવાથી અને ભયંકર વસ્તુને જોવાથી થયેલ મતિ વડે, तदर्थोपयोगेन-ઇહલોકાદિભયરૂપ અર્થની વિચારણા કરવાથી સામાન્યથી ભયસંજ્ઞા ઉપજે છે. (૩) વૃદ્ધિ પામેલ છે માંસ અને શોણિત જેના તે ચિતમાંસશોણિત, તેના ભાવપણાએ--માંસ અને રક્તની વૃદ્ધિ થવા વડે, मत्या—કામક્રીડાની કથાના શ્રવણ વગેરેથી થયેલ બુદ્ધિ વડે, तदर्थोपयोगेन-મૈથુનરૂપ અર્થનું વારંવાર ચિંતન કરવા વડે મૈથુન સંજ્ઞા થાય છે. (૪). अविमुक्तया-સપરિગ્રહપણાએ, मत्या—સચેતનાદિ પરિગ્રહને જોવા વગેરેથી થયેલ, तदर्थोपयोगेन-પરિગ્રહનું અનુચિંતન કરવા વડે પરિગ્રહ સંજ્ઞા થાય છે. (૫) ॥૩૫૬॥

સંજ્ઞાઓ જ કામગોચર છે માટે કામનું નિરૂપણ કરતું સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ એ કે-કામા-શબ્દાદિ વિષયો છે. દેવોને શૃંગારરૂપ કામ છે, કેમ કે એકાંતિક અને આત્યંતિક મનોજ્ઞપણાને લઈને અત્યંત રતિરસનું સ્થાન હોવાથી રતિરૂપ જ શૃંગાર છે. કહ્યું છે કે—पुं-नार्योरन्योन्यं रक्तयोः रति प्रकृतिः शृङ्गारः [काव्यालं० १२।५ त्ति] "અન્યોન્ય આસક્ત થયેલ પુરુષ અને સ્ત્રી સંબંધી રતિસ્વભાવ-વ્યવહાર તે શૃંગાર" મનુષ્યોને કરુણ કામ હોય છે કારણ કે તુચ્છપણાથી, ક્ષણમાં જોયેલનું નષ્ટ થવા વડે અને શુક્ર, શોણિત વગેરેથી થયેલ દેહના આશ્રિતપણાએ શોચનાત્મક હોવાથી તથાપ્રકારનું મનોજ્ઞપણું નથી હોતું. "करुणः शोकप्रकृति" [काव्यालं० १५।३ त्ति] इति वचनात् કરુણ રસ શોકસ્વભાવ જ છે. તિર્યંચોને બિભત્સ કામ હોય છે, કેમ કે તે જુગુપ્સાનું સ્થાન હોય છે. કહ્યું છે કે—"भवति जुगुप्साप्रकृतिर्बीभत्सः" [काव्यालं० १५।५ त्ति] બીભત્સરસ જુગુપ્સાત્મક જ છે. નૈરયિકોને અત્યંત અનિષ્ટપણાએ ક્રોધનો ઉત્પાદક હોવાથી રૌદ્ર-દારુણ કામ હોય છે. કહ્યું છે કે—"रौद्रः क्रोधप्रकृति" [काव्यालं० १५।१२ त्ति] રિતિ રૌદ્ર રસ જ ક્રોધરૂપ છે. ॥૩૫૭॥

આ કામો તુચ્છ અને ગંભીરતાના બાધક, સાધક છે, માટે તુચ્છને તથા ગંભીરને કહેવાને ઇચ્છતા સૂત્રકાર દૃષ્ટાંત સહિત આઠ સૂત્રોને કહે છે—

**चत्तारि उदगा पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोदए, उत्ताणे णाममेगे गंभीरोदए, गंभीरे णाममेगे उत्ताणोदए, गंभीरे णाममेगे गंभीरोदए १ । एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उत्ताणे नाममेगे उत्ताणहिदए, उत्ताणे नाममेगे गंभीरहिदए ह्व [=४] (२)।**

**चत्तारि उदगा पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोभासी, उत्ताणे णाममेगे गंभीरोभासी ह्व [=४] (३)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोभासी, उत्ताणे णाममेगे गंभीरोभासी ह्व [=४] (४)।**

**चत्तारि उदही पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोदही, उत्ताणे णाममेगे गंभीरोदही ह्व [=४] (५)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-उत्ताणे णाममेगे उत्ताणहियए ह्व [=४] (६)। चत्तारि उदही पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोभासी, उत्ताणे णाममेगे गंभीरोभासी ह्व [=४] (७)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—उत्ताणे णाममेगे उत्ताणोभासी ह्व [=४] (८) ॥ सू० ३५८॥**

*(મૂ૦) ચાર પ્રકારના ઉદક કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક ઉદક ઉત્તાન-થોડું ઊંડું (છીછરું) છે. વળી નિર્મળપણાથી ઉદકનો મધ્યભાગ દેખાય છે તે ઉત્તાનોદક, ૨. કોઈક ઉદક ઉત્તાન-થોડું ઊંડું છે પણ ડહોળું જલ હોવાથી મધ્ય ભાગ દેખાતો નથી તે ગંભીરોદક, ૩. કોઈક ગંભીર-ઊંડું જલ છે પણ સ્વચ્છ હોવાથી મધ્યભાગ દેખાય છે તે ઉત્તાનોદક અને ૪. કોઈક જલ ગંભીર-ઊંડું છે અને ડહોળું હોવાથી મધ્યભાગ દેખાતો નથી તે ગંભીરોદક. (૧) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ બાહ્ય ચેષ્ટાથી ઉત્તાન-અગંભીર અને અગંભીર (તુચ્છ)*

*હૃદયવાળો છે, ૨. કોઈક બાહ્ય ચેષ્ટાથી કારણને લઈને તુચ્છ છે પણ સ્વભાવથી ગંભીર હૃદયવાળો છે, ૩. કોઈક બાહ્ય ચેષ્ટાથી ગંભીર છે પણ સ્વભાવથી તુચ્છ હૃદયવાળો છે ૪. અને કોઈક બાહ્ય ચેષ્ટાથી ગંભીર અને ગંભીર હૃદયવાળો છે (૨) ચાર પ્રકારના ઉદક કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પાણી ઉત્તાન–છીછરું છે અને છીછરા જેવું દેખાય છે, ૨. કોઈક છીછરું છે પણ સાંકડા સ્થાનવિશેષથી ઊંડું દેખાય છે, ૩. કોઈક અગાધ પાણી છે પણ વિસ્તારવાળા સ્થાનને લઈને છીછરા જેવું દેખાય છે અને ૪. કોઈક પાણી અગાધ છે અને અગાધ (ગંભીર) દેખાય છે. (૩) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ પ્રકૃતિથી તુચ્છ છે અને તુચ્છ જેવો દેખાય છે, ૨. કોઈક પ્રકૃતિથી તુચ્છ છે પણ બાહ્યવૃત્તિથી ગંભીર જેવો દેખાય છે, ૩. કોઈક પ્રકૃતિથી ગંભીર છે પણ કારણવશાત્ તુચ્છ જેવો દેખાય છે અને ૪. કોઈક પ્રકૃતિથી ગંભીર છે અને ગંભીર જેવો દેખાય છે. (૪) ચાર પ્રકારના સમુદ્રો કહેલા છે, તે આ પ્રમાણે–૧. કોઈક સમુદ્ર એક દેશ–વિભાગમાં પ્રથમ પણ તુચ્છ છે અને પછી પણ તુચ્છ છે, ૨. કોઈક સમુદ્ર એક વિભાગમાં પ્રથમ તુચ્છ છે પણ પછી વેલ–ભરતી આવવાથી ગંભીર છે, ૩. કોઈક સમુદ્ર એક વિભાગમાં પ્રથમ ગંભીર છે પણ ઓટ થવાથી તુચ્છ છે અને ૪. કોઈક સમુદ્ર પ્રથમ અને પછી પણ ગંભીર છે. (૫) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે–૧. કોઈક પુરુષ પ્રથમ પણ તુચ્છ અને પછી પણ તુચ્છ છે, ૨. કોઈક પ્રથમ તુચ્છ પણ પછીથી ગંભીર છે, ૩. કોઈક પ્રથમ ગંભીર પણ પછીથી તુચ્છ છે અને ૪. કોઈક પ્રથમ ગંભીર અને પછીથી પણ ગંભીર છે. (૬) ચાર પ્રકારના સમુદ્રો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક સમુદ્ર તુચ્છ છે અને તુચ્છ જેવો દેખાય છે, ૨. કોઈક તુચ્છ છે પણ ગંભીર જેવો દેખાય છે, ૩. કોઈક ગંભીર છે પણ તુચ્છ જેવો દેખાય છે અને ૪. કોઈક સમુદ્ર ગંભીર છે અને ગંભીર જેવો દેખાય છે. (૭) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—કોઈક પુરુષ પ્રકૃતિથી તુચ્છ છે અને બાહ્ય વૃત્તિથી તુચ્છ જેવો દેખાય છે એમ પૂર્વોક્ત રીતે ચોથા સૂત્રની માફક ચતુર્ભંગી જાણવી. ॥૩૫૮॥*

(ટી૦) 'चत्तारी'त्यादि० સૂત્રો સ્પષ્ટ છે. વિશેષ એ કે–ઉદક–પાણી કહેલા છે તેમાં ૧. કોઈક જળ ઉત્તાન–તુચ્છપણાથી છીછરું છે, વળી સ્વચ્છપણાને લઈને મધ્ય સ્વરૂપ દેખાતું હોવાથી ઉત્તાનોદક છે. ('उत्ताणोदय' त्ति० આ નિર્દેશ, સમાસરહિત પ્રાકૃતશૈલીને અંગે સમસ્ત પદની જેમ જણાય છે.) મૂલમાં સ્વીકારેલ ઉદક શબ્દ વડે આ પદ કહેલ અર્થવાળું થશે એમ કહેવું નહિં, કેમ કે તેનું (ઉદક શબ્દનું) બહુવચનાંતપણા વડે અહિં અસંબંધ્યમાનપણું છે. સાક્ષાત્ ઉદક શબ્દ છે તો બહુવચનાંત ઉદક શબ્દને લાવવા વડે તેના વચનના પરિમાણથી શું પ્રયોજન છે? એવી રીતે ઉદધિ સૂત્રને વિષે પણ ભાવવું. તથા ૨. ઉત્તાન પૂર્વની જેમ અને ગંભીર ઉદક મલિન હોવાથી તેનું સ્વરૂપ જણાતું નથી, ૩. ગંભીર–બહુ જળ હોવાથી અગાધ છે અને સ્વચ્છપણાને લઈને મધ્ય સ્વરૂપ દેખાતું હોવાથી ઉત્તનોદક છે, ૪. અગાધ હોવાથી ગંભીર, વળી મલિન સ્વરૂપ હોવાથી ગંભીરોદક છે. (૧) ૧ પુરુષ તો ઉત્તાન–બહારથી દેખાડેલ મદ અને દીનતા વગેરેથી થયેલ વિકૃત શરીર અને વચનની ચેષ્ટાથી અગંભીર–તુચ્છ છે, વળી દૈન્ય વગેરે ગુણથી યુક્ત અને ગુહ્યને ધારણ કરવામાં અસમર્થ ચિત્તવાળો હોવાથી ઉત્તાન–તુચ્છ (હૃદય) છે–આ એક, બીજો કારણવશાત્ દેખાડેલ વિકૃત ચેષ્ટાથી ઉત્તાન છે અને સ્વભાવથી ઉત્તાન હૃદયના વિપરીતપણાથી ગંભીર હૃદયવાળો છે, ત્રીજો તો દૈન્યાદિવાળો છતે પણ કારણવશાત્ આકારને ગોપવવા વડે ગંભીર અને ઉત્તાનહૃદય પૂર્વની જેમ અર્થાત્ સ્વભાવથી તુચ્છ હૃદયવાળો છે અને ચોથો પ્રથમ ભંગથી વિપરીત હોવાથી બાહ્યથી અને અંતરથી ગંભીર છે. (૨) તથા પ્રતલપણાથી–થોડું પાણી હોવાથી ઉત્તાન અને સ્થાનવિશેષથી ઉત્તાન જેવો દેખાય છે–આ એક, દ્વિતીય–ઉત્તાન પૂર્વવત્ પણ સાંકડા સ્થાન વગેરેથી અગાધ જેવો દેખાય છે, તૃતીય ગંભીર છે અને તથાપ્રકારના સ્થાનના આશ્રિતપણા વગેરેથી ઉત્તાનની માફક દેખાય છે, [ચતુર્થ ગંભીર અને ગંભીર માફક દેખાય છે] (૩) પુરુષ તો ઉત્તાન–તુચ્છ અને ઉત્તાન જ દેખાય છે–આ એક, બીજો તુચ્છ છે પણ વિકારને ગોપવવાથી ગંભીર જેવો દેખાય છે, તૃતીય ગંભીર છે પણ કારણવશાત્ વિકારત્વને

દેખાડવાથી તુચ્છ જેવો દેખાય છે, ચોથો સુગમ છે. (૪) બે ઉદકસૂત્રની માફક બે ઉદધિસૂત્ર પણ દાર્ષ્ટાંતિક સહિત સમજવા અથવા એક ઉદધિ–સમુદ્રનો દેશ છીછરો હોવાથી ઉત્તાન–પ્રથમ અને પછી પણ છે કેમ કે મનુષ્યક્ષેત્રની બહારના સમુદ્રોને વિષે વેલનો અભાવ હોય છે, આ એક, બીજા તો પ્રથમ ઉત્તાન અને પછી ગંભીર–વેલના આવવાથી, ત્રીજો પ્રથમ ગંભીર અને પછી વેલના ચાલ્યા જવાથી ઉત્તાન છે, ચોથો સુગમ છે. (૫–૮) ॥૩૫૮॥

સમુદ્રના પ્રસ્તાવથી તેના તરનારાઓનું વર્ણન બે સૂત્ર વડે કરે છે—

**चत्तारि तरगा पन्नत्ता, तंजहा—समुद्दं तरामीतेगे समुद्दं तरति, समुद्दं तरामीतेगे गोप्पतं तरति, गोप्पतं तरामीतेगे ह्व [=४] (१)। चत्तारि तरगा पन्नत्ता, तंजहा—समुद्दं तरित्ता नाममेगे समुद्दे विसीतति, समुद्दं तरेत्ता णाममेगे गोप्पते विसीतति, गोप्पतं ह्व [=४] (२) ॥ सू० ३५९॥**

**चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—पुण्णे नाममेगे पुन्ने, पुन्ने नाममेगे तुच्छे, तुच्छे णाममेगे पुण्णे, तुच्छे नाममेगे तुच्छे (१) एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—पुन्ने नाममेगे पुन्ने ह्व [=४] (२)। चत्तारि कुंभा पन्नत्ता, तंजहा-पुन्ने नाममेगे पुण्णोभासी, पुण्णे नाममेगे तुच्छोभासी, [तुच्छे नाममेगे पुन्नोभासी, तुच्छे नाममेगे तुच्छोभासी] ह्व [=४] (३) एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—पुन्ने नाममेगे पुन्नोभासी ह्व [=४] (४)।**

**चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—पुण्णे नाममेगे पुन्नरूवे, पुन्ने नाममेगे तुच्छरूवे ह्व [=४] (५) एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा-पुण्णे नाममेगे पुन्नरूवे ह्व [=४] (६)।**

**चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—पुन्ने वि एगे पियट्ठे, पुन्ने वि एगे अवदले, तुच्छे वि एगे पियट्ठे, तुच्छे वि एगे अवदले ४। (७) एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—पुन्ने वि एगे पियट्ठे ४ (८) तहेव। चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—पुन्ने वि एगे विस्संदति, पुन्नेवि एगे नो विस्संदति, तुच्छे वि एगे विस्संदइ, तुच्छे वि एगे नो विस्संदइ ४ (९)। एवामेव चत्तारि पुरिसजाया पन्नत्ता, तंजहा—पुन्नेवि एगे विस्संदति ४ (१०) तहेव।**

**चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—भिन्ने, जज्जरिए, परिस्साई, अपरिस्साई ४ (११)। एवामेव चउव्विहे चरित्ते पन्नत्ते तं जहा—भिन्ने जाव अपरिस्साई ४ (१२)।**

**चत्तारि कुंभा पन्नत्ता, तंजहा—महुकुंभे णाममेगे महुप्पिहाणे, महुकुंभे णाममेगे विसप्पिहाणे, विसकुंभे णाममेगे महुप्पिहाणे, विसकुंभे णाममेगे विसप्पिहाणे ४(१३)। एवामेव चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—मधुकुंभे णाममेगे मधुप्पिहाणे ह्व [=४](१४)।**

**हिययमपावमकलुसं, जीहा वि य महुरभासिणी निच्चं। जंमि पुरिसंमि विज्जति, से मधुकुंभे मधुपिहाणे ॥१॥**
**हिययमपावमकलुसं, जीहा वि य कडुयभासिणी निच्चं। जंमि पुरिसंमि विज्जति, से मधुकुंभे विसपिहाणे ॥२॥**
**जं हिययं कलुसमयं, जीहा वि य मधुरभासिणी निच्चं। जंमि पुरिसंमि विज्जति, से विसकुंभे महुपिहाणे ॥३॥**
**जं हिययं कलुसमयं, जीहा वि य कडुयभासिणी निच्चं। जंमि पुरिसंमि विज्जति, से विसकुंभे विसपिहाणे ॥४॥**
**॥ सू० ३६०॥**

*(મૂ૦) ચાર પ્રકારે તરનારા–તારુ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈએક સમુદ્રની જેમ દુસ્તર સર્વવિરતિને હું તરું છું–કરું છું એમ સ્વીકારીને તેને પાળે છે, ૨. કોઈએક સમુદ્રની જેમ દુસ્તર સર્વવિરતિને સ્વીકારીને અસમર્થપણાથી [1]ગોપદ સમાન દેશવિરતિને પાળે છે, ૩. કોઈએક ગોપદ સમાન દેશવિરતિને સ્વીકારીને સામર્થ્યપણાથી સર્વવિરતિને પાળે*

1. ગોપદ એટલે લોકભાષામાં 'સમુદ્રની ખાડી' એમ દીપિકાકાર કહે છે.

છે અને ૪. કોઈએક ગોપદ સમાન દેશવિરતિને સ્વીકારીને દેશવિરતિને જ પાળે છે. (૧) ચાર પ્રકારે તરનારા કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ સમુદ્ર સમાન મહાકાર્ય કરીને સમુદ્ર જેવા બીજા મહાકાર્યમાં સીદાય છે–અસમર્થ થાય છે, ૨. કોઈક સમુદ્ર જેવું કાર્ય કરીને ગોપદ સમાન સામાન્ય કાર્યમાં સીદાય છે, ૩. ગોપદ જેવું સામાન્ય કાર્ય કરીને સમુદ્ર સમાન મહાકાર્યમાં સીદાય છે અને ૪ ગોપદનું સામાન્ય કાર્ય કરીને ગોપદ જેવા અન્ય કાર્યમાં સીદાય છે. (૨) ॥૩૫૯॥

ચાર પ્રકારના કલશો કહેલા છે. તે આ પ્રમાણે—૧. કોઈક કલશ પૂર્ણ–સંપૂર્ણ અવયવવાળો અને પૂર્ણ–મધ વગેરેથી ભરેલ છે, ૨. કોઈક કલશ સંપૂર્ણ અવયવવાળો છે પણ તુચ્છ–ખાલી છે, ૩. કોઈક કલશ અપૂર્ણ અવયવવાળો છે પણ પૂર્ણ–મધ વગેરેથી ભરેલ છે અને ૪. કોઈક કલશ અપૂર્ણ અવયવવાળો અને ખાલી છે. (૧) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ જાત્યાદિ ગુણ વડે પૂર્ણ અને વળી જ્ઞાનાદિ ગુણ વડે પૂર્ણ છે, ૨. કોઈક જાત્યાદિ ગુણ વડે પૂર્ણ છે પણ જ્ઞાનાદિ ગુણથી હીન છે, ૩. કોઈક જાત્યાદિ ગુણથી હીન પણ જ્ઞાનાદિ ગુણ વડે પૂર્ણ છે અને ૪. કોઈક જાત્યાદિ વડે હીન અને જ્ઞાનાદિ ગુણથી પણ હીન છે. (૨) ચાર પ્રકારના કલશો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક કલશ સંપૂર્ણ અવયવવાળો છે અને જોનારને સંપૂર્ણ જેવો દેખાય છે, ૨. કોઈક સંપૂર્ણ અવયવવાળો છે પણ જોનારને તુચ્છ જેવો દેખાય છે, ૩. કોઈક તુચ્છ છે પણ સંપૂર્ણ જેવો દેખાય છે અને ૪. કોઈક તુચ્છ છે અને તુચ્છ જેવો દેખાય છે. (૩) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ધન વગેરેથી પૂર્ણ છે અને તેનો ઉપયોગ કરવાથી પૂર્ણ જેવો દેખાય છે, ૨. કોઈક ધનાદિ વડે પૂર્ણ છે પણ તેનો ઉપયોગ ન કરવાથી તુચ્છ જેવો દેખાય છે, ૩. કોઈક ધનાદિથી તુચ્છ છે પણ તેનો ઉપયોગ કરવાથી પૂર્ણ જેવો દેખાય છે અને ૪. કોઈક તુચ્છ છે અને તુચ્છ જેવો દેખાય છે. (૪) ચાર પ્રકારના કુંભ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક કુંભ જળ વગેરેથી પૂર્ણ અને સુંદર રૂપવાળો છે, ૨. કોઈક જલાદિ વડે પૂર્ણ છે પણ તુચ્છ રૂપવાળો છે, ૩. કોઈક જલાદિ વડે તુચ્છ (ખાલી) પણ સુંદર રૂપવાળો છે અને ૪. કોઈક જલાદિથી તુચ્છ અને તુચ્છ રૂપવાળો છે. (૫) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે-૧. કોઈક પુરુષ જ્ઞાનાદિ વડે પૂર્ણ અને પવિત્રરૂપ–રજોહરણાદિ વિશિષ્ટ વેષવાળો છે, ૨. કોઈક પુરુષ જ્ઞાનાદિ વડે પૂર્ણ છે પણ તુચ્છ રૂપવાળો–દ્રવ્યલિંગથી રહિત છે, ૩. કોઈક પુરુષ જ્ઞાનાદિ ગુણથી રહિત છે પણ દ્રવ્યલિંગ (મુનિવેષ) યુક્ત છે અને ૪. કોઈક બન્નેથી તુચ્છ છે અર્થાત્ જ્ઞાનાદિ ગુણથી અને વેષથી રહિત છે. (૬) ચાર પ્રકારના કુંભ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક કુંભ જલાદિથી પૂર્ણ છે અને કનકાદિમય હોવાથી પ્રીતિકર છે, ૨. કોઈક કુંભ જળાદિથી પૂર્ણ છે પણ મૃતિકાદિ હીન દ્રવ્યવાળો હોવાથી અપદલ–અસારભૂત છે, ૩. કોઈક જલાદિથી રહિત છે પણ શ્રેષ્ઠ દ્રવ્યમય હોવાથી પ્રીતિકર છે અને ૪. કોઈક જલાદિથી રહિત છે અને હીન દ્રવ્યવાળો હોવાથી અસાર છે. (૭) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ધન, શ્રુતાદિથી પૂર્ણ છે અને દાનાદિથી પ્રીતિકર છે, ૨. કોઈક ધન, શ્રુતાદિથી પૂર્ણ છે પણ દાનાદિના અભાવથી પ્રીતિકર નથી, ૩. કોઈક ધન, શ્રુતાદિથી હીન છે પણ દાનાદિથી પ્રીતિકર છે અને ૪. કોઈક ઉભયપ્રકારે હીન (અસાર) છે. (૮) ચાર પ્રકારના કુંભ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક કુંભ જલાદિથી પૂર્ણ છે અને ઝરે છે, ૨. કોઈક જલાદિથી પૂર્ણ છે પણ ઝરતો નથી, ૩. જલાદિથી હીન છે પણ ઝરે છે અને ૪. જલાદિથી હીન છે અને ઝરતો નથી. (૯) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ ધન, શ્રુતાદિ વડે પૂર્ણ છે અને ઝરે છે–ધન, શ્રુતાદિને આપે છે, ૨. કોઈક ધનાદિથી પૂર્ણ છે પણ ધનાદિને આપતો નથી, ૩. કોઈક ધનાદિથી હીન છે પણ આપે છે અને ૪. કોઈક ધનાદિથી હીન છે અને ધનાદિને આપતો નથી. (૧૦) ચાર પ્રકારના કુંભ કહેલા છે, તે આ પ્રમાણે—૧. ફૂટેલ, ૨. જાજરો–ફાટવાળો, ૩. પાણી

*ઝરનાર (કાચો) અને ૪. પાણી નહિં ઝરનાર-પાકો. (૧૧) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના ચારિત્ર કહેલા છે, તે આ પ્રમાણે-૧. ખંડિત-મૂલપ્રાયશ્ચિત્ત (ફરીથી દીક્ષા) ને યોગ્ય, ૨. જર્જરિત-છેદાદિ પ્રાયશ્ચિત્તને યોગ્ય, ૩. સૂક્ષ્મઅતિચારયુક્ત, અને ૪. નિરતિચારચારિત્ર. (૧૨) ચાર પ્રકારના કુંભ કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મધુનો કુંભ અને મધુનું ઢાંકણું છે, ૨. કોઈક મધુનો કુંભ અને વિષનું ઢાંકણું છે, ૩. કોઈક વિષનો કુંભ અને મધુનું ઢાંકણું છે અને ૪. કોઈક વિષનો કુંભ અને વિષનું ઢાંકણું છે. (૧૩) આ દૃષ્ટાંતે ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ નિષ્પાપ હૃદયવાળો છે અને મધુરભાષી છે, એ પ્રમાણે ચાર ભાંગા જાણવા. (૧૪) અહીં મૂળની ચાર ગાથાનો અર્થ આ પ્રમાણે વિચારવો-જે પુરુષ પાપરહિત, પ્રીતિકર હૃદયવાળો અને જીભ પણ મધુર બોલનારી નિત્ય વિદ્યમાન છે તે પુરુષ મધુનો કુંભ અને મધુના ઢાંકણા જેવો છે. ॥૧॥ જે પુરુષ પાપરહિત, પ્રીતિકર હૃદયવાળો છે પણ જીભ કટુક બોલનારી નિત્ય વિદ્યમાન છે તે પુરુષ મધુના કુંભ અને વિષના ઢાંકણા જેવો છે ॥૨॥ જે પુરુષ પાપમય, અપ્રીતિકર હૃદયવાળો છે પણ જીભ મધુરભાષિણી નિત્ય વિદ્યમાન છે તે પુરષ વિષનો કુંભ અને મધુના ઢાંકણા જેવો છે ॥૩॥ જે પુરુષ પાપમય, અપ્રીતિકર હૃદયવાળો છે અને જીભ પણ કટુકભાષિણી નિત્ય વિદ્યમાન છે તે પુરુષ વિષનો કુંભ અને વિષના ઢાંકણા જેવો છે ॥૪॥ ॥૩૬૦॥*

(ટી૦) 'चत्तारि तरगे' त्यादि० સ્પષ્ટ છે. વિશેષ એ કે-તરે છે તે તરા, તે જ તરકો-તરનારાઓ છે. 'સમુદ્રની માફક દુસ્તર સર્વવિરતિ વગેરે કાર્યને (હું) तरामि—કરું છું' એવી રીતે સ્વીકારીને તેમાં સમર્થ કોઈએક સમુદ્રને તરે છે અર્થાત તે જ સમર્થન કરે છે-આ એક, બીજો તો તેને (સર્વવિરત્યાદિને) સ્વીકારીને અસમર્થપણાથી ગોષ્પદસમાન દેશવિરતિ વગેરે અલ્પતમને તરે છે-પાળે છે, ત્રીજો તો ગોષ્પદપ્રાય (દેશવિરતિ) ને સ્વીકારીને વીર્યના અતિરેકથી સમુદ્રપ્રાય (સર્વવિરતિ) ને પણ સાધે છે. ચતુર્થ ભંગ સુગમ છે. (૧) સમુદ્રપ્રાય કાર્યને નિર્વાહીને સમુદ્રપ્રાય અન્ય પ્રયોજનમાં ખેદ પામે છે પણ તેનો નિર્વાહ કરતો નથી, કારણ કે ક્ષયોપશમની વિચિત્રતા હોય છે. એવી રીતે શેષ ત્રણ ભાંગા પણ જાણવા. (૨) કુંભના દૃષ્ટાંત વડે પુરુષોને જ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા સૂત્રકાર સૂત્રના વિસ્તારને કહે છે-આ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે-પૂર્ણ-સમગ્ર અવયવ યુક્ત અથવા પ્રમાણોપેત, વળી પૂર્ણ-મધુ વગેરેથી ભરેલ, આ પ્રથમ, બીજા ભાંગાને વિષે તુચ્છ-ખાલી, ત્રીજા ભાંગામાં તુચ્છ-અપૂર્ણ અવયવવાળો અથવા લઘુ અને ચતુર્થ ભંગ સુગમ છે. અથવા પૂર્ણ ભરેલ, પહેલાં અને પછી પણ પૂર્ણ, એવી રીતે ચાર ભાંગા જાણવા. (૧) પુરુષ તો જાતિ વગેરે ગુણોથી પૂર્ણ, વળી જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ અથવા ધનથી કે જ્ઞાનાદિ ગુણોથી પ્રથમ પૂર્ણ, એવી રીતે બીજા ત્રણ ભાંગા પણ જાણવા. (૨) અવયવો વડે અથવા દહીં વગેરેથી પૂર્ણ અને જોનારાઓને પૂર્ણ જ જણાય છે-ભાસે છે તે પૂર્ણાવભાસી-આ એક, બીજો તો પૂર્ણ છે પણ કોઈક હેતુથી વિવક્ષિત પ્રયોજનના અસાધકપણાદિને લઈને તુચ્છ જણાય છે. એમ બીજા બે ભાંગા જાણવા. (૩) પુરુષ તો ધન, શ્રુતાદિ વડે પૂર્ણ અને તેનો વિનિયોગ કરવાથી-વાપરવાથી પૂર્ણ જ જણાય છે-આ એક, બીજો તો ધનાદિનો ઉપયોગ ન કરવાથી તુચ્છ જ જણાય છે, ત્રીજો તો ધનાદિ વડે તુચ્છ-હીન છે પરન્તુ કોઈ પણ રીતે પ્રસંગને ઉચિત પ્રવૃત્તિ કરવાથી પૂર્ણની માફક જણાય છે અને ચોથો તો તુચ્છ-ધન, શ્રુતાદિથી રહિત, આને લઈને જ તેનો વપરાશ ન કરવાથી તુચ્છ જણાય છે. (૪) તથા પાણી વગેરેથી પૂર્ણ, વળી પૂર્ણ અથવા પુણ્ય પવિત્ર રૂપ છે જેનું તે પૂર્ણરૂપ અથવા પવિત્રરૂપ-આ પ્રથમ, દ્વિતીય ભંગમાં તુચ્છ-હીન છે આકાર જેનો તે તુચ્છરૂપ. એમ શેષ બે ભાંગા પણ જાણવા. (૫) પુરુષ તો જ્ઞાનાદિ વડે પૂર્ણ અને પૂર્ણરૂપ અથવા વિશિષ્ટ રજોહરણાદિ દ્રવ્યલિંગના સદ્ભાવથી પુણ્યરૂપ સુસાધુ-આ એક, દ્વિતીય ભંગમાં કારણવશાત્ તજેલ વેષવાળો સુસાધુ, તૃતીય ભંગમાં તુચ્છ-જ્ઞાનાદિથી રહિત નિહ્નવાદિક અને ચતુર્થ ભંગમાં જ્ઞાનાદિથી હીન અને દ્રવ્યલિંગથી હીન ગૃહસ્થાદિ. (૬) તથા પૂર્ણ પૂર્વવત્ ('અપિ' શબ્દ તો તુચ્છની અપેક્ષાએ સમુચ્ચય અર્થમાં છે.) કોઈક ઘટ પ્રીતિને માટે થાય તે પ્રિયાર્થ, કારણ કે કનકાદિમય હોવાથી સારભૂત છે, તથા અપદલ-કારણભૂત મૃત્તિકાદિ દ્રવ્ય અસુંદર છે જેનું તે અપદલ અથવા અવદલતિ-વિદારાય છે-ચીરાય છે તે અવદલ, કંઈક

ઓછો પાકેલ હોવાથી અસાર છે. તુચ્છ ઘટ પણ એવી રીતે જાણવો. (૭) પુરુષ ધન, શ્રુતાદિ વડે પૂર્ણ અને પ્રિયાર્થ–કોઈક પ્રિય વચન તથા દાનાદિ વડે પ્રિયકારી સારભૂત છે, બીજો તો તેવો નથી માટે અપદલ છે–પરોપકાર કરવામાં અયોગ્ય છે. તુચ્છ પણ એવી રીતે સમજવો. (૮) ઘટ પૂર્ણ છે તો પણ જલાદિને ઝરે છે, અહિં જલાદિ વડે તુચ્છ–ઓછો છે તે ઝરે છે. 'અપિ' શબ્દ સર્વત્ર પ્રતિયોગીની અપેક્ષા સમુચ્ચય અર્થમાં છે. (૯) કોઈ એક પુરુષ તો ધન કે શ્રુતાદિ વડે પૂર્ણ છે અને તેને આપે છે–આ એક, બીજો તો પૂર્ણ છે પણ ધનાદિ આપતો નથી, ત્રીજો તુચ્છ અલ્પ ધનાદિ વાળો છે તો પણ ધન, શ્રુતાદિને આપે છે, ચોથો ધનાદિથી રહિત છે અને આપતો પણ નથી. (૧૦) તથા ભિન્ન–ફૂટેલો, જર્જરિત–રેખાયુક્ત અર્થાત્ ફાટવાળો, પરિશ્રાવી–દુષ્પક્વ હોવાથી ઝરનારો અને અપરિશ્રાવી–કઠિન હોવાથી ઝરનારો નથી. (૧૧) ચારિત્ર તો મૂલ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ વડે ભિન્ન–ભાંગેલું, છેદાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ વડે જર્જરિત–નબળું, સૂક્ષ્મ અતિચારપણા વડે પરિશ્રાવી–અલ્પ દોષવાળું ચારિત્ર અને નિરતિચારપણાએ અપરિશ્રાવી ચારિત્ર છે. અહિં પુરુષના અધિકારમાં પણ જે ચારિત્રલક્ષણ પુરુષધર્મનું કથન કરેલ છે તે ધર્મ અને ધર્મીનું કથંચિત્ અભેદપણું હોવાથી નિર્દોષ જાણવું. (૧૨) તથા મધુનો કુંભ તે મધુકુંભ અર્થાત્ મધુથી ભરેલ અથવા મધુ છે પિધાન–ઢાંકણું જેનું તે મધુપિધાન, એમ બીજા ત્રણ ભાંગા પણ જાણવા. (૧૩) પુરુષસૂત્ર સ્વયમેવ સૂત્રકાર ભગવાને 'हियं' मित्यादि० ગાથાચતુષ્ટ વડે ભાવેલ છે. તેમાં હૃદય–મન, અપાય–હિંસા રહિત, અકલુષ–અપ્રીતિ રહિત અને મધુરભાષિણી જિહ્વા પણ જે પુરુષને વિષે વિદ્યમાન છે તે પુરુષ મધુકુંભની જેમ મધુકુંભ છે અને મધુપિધાનની જેમ મધુપિધાન છે, એમ પ્રથમ ભંગની યોજના કરવી. ત્રીજી ગાથામાં જે હૃદય કલુષમય–અપ્રીતિવાળું, ઉપલક્ષણથી પાપવાળું અને જે મધુરભાષિણી જિહ્વા તે જે પુરુષને વિષે નિત્ય વિદ્યમાન છે તે પુરુષ વિષકુંભ અને મધુપિધાન છે; કારણ કે તેનું સમાનપણું છે. (૧૪) બીજા ભાંગા મૂળને અનુસારે જાણવા. ॥૩૬૦॥

અહિં કહેલ ચતુર્થ પુરુષ ઉપસર્ગનો કરનાર થાય, માટે ઉપસર્ગની પ્રરૂપણા કરવા માટે 'चउव्विहा उवसग्गे'त्यादि० સૂત્રપંચક કહે છે—

**चउव्विहा उवसग्गा पन्नत्ता, तंजहा—दिव्वा, माणुस्सा, तिरिक्खजोणिया, आतसंचेयणिज्जा १ । दिव्वा उवसग्गा चउव्विहा पन्नत्ता, तंजहा—हासा, पओसा, वीमंसा पुढोवेमाता २ । माणुस्सा उवसग्गा चउव्विहा पन्नत्ता, तंजहा—हासा, पओसा वीमंसा, कुसीलपडिसेवणया ३ । तिरिक्खजोणिया उवसग्गा चउव्विहा पन्नत्ता, तंजहा—भता, पदोसा, आहारहेउं, अवच्चलेणसारक्खणया ४ । आतसंचेयणिज्जा उवसग्गा चउव्विहा पन्नत्ता, तंजहा—घट्टणता, पवडणता, थंभणता, लेसणता ५ ॥ सू० ३६१॥**

*(મૂ૦) ચાર પ્રકારના ઉપસર્ગો કહેલા છે, તે આ પ્રમાણે—દિવ્યા–દેવ સંબંધી, મનુષ્ય સંબંધી, તિર્યંચયોનિક સંબંધી અને પોતાથી જ કરાયેલા. (૧) દિવ્ય ઉપસર્ગો ચાર પ્રકારના કહેલા છે, તે આ પ્રમાણે—હાસ્યથી, પ્રદ્વેષથી, વિમર્શ–પરીક્ષાથી અને જુદી જુદી રીતે હાસ્યાદિથી. (૨) મનુષ્ય સંબંધી ઉપસર્ગો ચાર પ્રકારના કહેલા છે, તે આ પ્રમાણે—હાસ્યથી, પ્રદ્વેષથી, પરીક્ષાથી અને કુશીલ સેવવાની ઈચ્છાથી. (૩) તિર્યંચયોનિક સંબંધી ઉપસર્ગો ચાર પ્રકારના કહેલા છે, તે આ પ્રમાણે—ભયથી, પ્રદ્વેષથી, આહારના હેતુથી તથા બાળક અને સ્થાનની રક્ષા માટે. (૪) આત્મસંચેતનીય ઉપસર્ગો ચાર પ્રકારના કહેલા છે, તે આ પ્રમાણે—૧. સંઘટ્ટણથી–આંખમાં રજ પડતાં તેને હાથે ચોળવાથી પીડા થાય છે, ૨. પડી જવાથી, ૩. ઘણી વાર બેસવા વગેરે વડે અંગ ઝલાઈ જવાથી અને ૪. ઘણો કાળ પગ સંકોચીને બેસવાથી વાયુ વડે તેમજ પગ લાગી–મળી જવાથી. (૫) ॥૩૬૧॥*

(ટી૦) આ સૂત્ર સરળ છે. વિશેષ એ કે–સમીપે પ્રાપ્ત થવારૂપ અથવા ધર્મથી જેઓ વડે ભ્રષ્ટ કરાય છે તે ઉપસર્ગો–દુઃખવિશેષો, તે કર્ત્તાના ભેદથી ચાર પ્રકારના છે. કહ્યું છે કે—

**उवसज्जणमुवसग्गो, तेण तओ य उवसिज्जए जम्हा । सो दिव्वमणुयतेरिच्छ-आयसंचेयणाभेओ ।।२४२।।**
**[विशेषावश्यक ३००५ त्ति]**

પીડા પામવી તે ઉપસર્ગ અથવા જેના વડે જીવને પીડા પમાય તે ઉપસર્ગ. તે ઉપસર્ગ દેવ, મનુષ્ય, તિર્યંચ અને આત્મ સંવેદનથી એમ ચાર પ્રકારે થાય છે. (૨૪૨)

આત્મા વડે **'संचेत्यन्ते'**—કરાય છે તે આત્મસંચેતનીય ૧. તેમાં દિવ્ય ઉપસર્ગો **'हास'** त्ति० હાસ્યથી થાય છે અથવા હાસ વડે ઉત્પન્ન થવાથી હાસઉપસર્ગો. એવી રીતે અન્ય ઉપસર્ગોમાં પણ જાણવું. જેમ ભિક્ષાને અર્થે ગ્રામાંતરમાં ગયેલ ક્ષુલ્લક મુનિઓએ વ્યંતરી પાસે પ્રાર્થના કરી કે 'જો અમે ઇચ્છિત ભોજન મેળવશું તો તને ઉંડરેક (રેવડી) વગરે આપશું' એમ અંગીકાર કરીને ઇષ્ટભોજન પ્રાપ્ત થયે છતે 'આ તારું છે' એમ કહીને તે ઉંડરેકાદિ તેઓએ પોતે જ ખાધું. દેવીએ હાસ્ય વડે તેઓના રૂપને છૂપાવીને તેઓની સાથે ક્રીડા કરી. ક્ષુલ્લક મુનિઓ ન આવ્યે છતે ગચ્છના મુનિઓએ વ્યાકુલ થઈ આચાર્ય પાસે નિવેદન કર્યું કે દેવીએ ક્ષુલ્લકોને આ પ્રમાણે વિઘ્ન કરેલ છે. બાદ વૃષભ (સમર્થ) મુનિઓએ ઉંડરેકાદિ યાચીને તે દેવીને આપ્યું ત્યારે જ તેણીએ ક્ષુલ્લક મુનિઓને બતાવ્યા. પ્રદ્વેષથકી જેમ સંગમક દેવે મહાવીર ભગવંતને ઉપસર્ગો કર્યા. વિમર્શ—પરીક્ષાથી એજ વર્ષાઋતુને વિષે કોઈક દેવકુલિકા (દેરી) માં કેટલાએક મહાનુભાવ સાધુઓ ચાતુર્માસ રહેલા. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ તેઓ અન્યત્ર ગયા. તેમાંથી એક સાધુ પુનઃ તે દેવકુલિકામાં આવીને રહ્યો ત્યારે દેવીએ વિચાર્યું કે—આ સાધુ કેવો છે? એમ તેની પરીક્ષા કરવા માટે ઉપસર્ગ કરવા લાગી. પૃથક્—ભિન્ન ભિન્ન પ્રકારની માત્રા—હાસ્યાદિ વસ્તુરૂપ છે જેઓને વિષે તે પૃથગ્વિમાત્રા, અથવા પૃથગ્—વિવિધ માત્રા વડે (આ લોપ થયેલ તૃતીયા વિભક્તિના એકવચનવાળું પદ જાણવું.) હાસ વડે કરીને પ્રદ્વેષ વડે ઉપસર્ગ કરે છે, એવી રીતે સંયોગવાળા થાય છે, જેમ સંગમક દેવ જ વિમર્ષદ્વારા પ્રદ્વેષ વડે ઉપસર્ગ કરતો હતો. ૨. મનુષ્ય સંબંધી હાસ્યથી, જેમ ગણિકાની પુત્રી ક્ષુલ્લક મુનિને ઉપસર્ગ કરતી હતી. ક્ષુલ્લકમુનિ વડે તે ગણિકાની પુત્રી દંડ વડે તાડન કરાઈ. બાદ રાજદ્વારમાં તે બન્નેનો વિવાદ થવાથી ક્ષુલ્લકમુનિએ ભંડારનું દૃષ્ટાંત કહ્યું. [જેમ રાજાના ભંડારની ચોરી કરનારને તાડન કરાય છે તેમ આ ગણિકાની પુત્રી પણ સાધુના આચારરૂપ ભંડારના શીલરૂપી રત્નને ચોરનારી છે માટે મેં તેણીને દાંડા વડે મારેલ છે.] પ્રદ્વેષથી જેમ ગજસુકુમાર મુનિ સોમિલ બ્રાહ્મણદ્વારા મરાયા. પરીક્ષાથી જેમ ચાણક્યના કથનથી ચંદ્રગુપ્ત રાજાએ ધર્મની પરીક્ષા માટે અંતઃપુરમાં [1]અન્યલિંગીઓને બોલાવ્યા અને ધર્મની વ્યાખ્યા કરાવવાદ્વારા ક્ષોભિત કર્યા, પરંતુ જૈન સાધુઓને ક્ષોભ પમાડવાને માટે સમર્થ ન થયો. કુશીલ એટલે અબ્રહ્મનું પ્રતિસેવન, તેનો ભાવ તે પ્રતિસેવનતા ઉપસર્ગ અથવા કુશીલનું પ્રતિસેવન છે જેઓને વિષે તે પ્રતિસેવનકો અથવા કુશીલની પ્રતિસેવના વડે એમ વ્યાખ્યાન કરવું. જેમ પ્રોષિત—પરદેશ ગયેલા ભર્તારવાળી ઈર્ષ્યાલુ સ્ત્રીના ઘરને વિષે સાયંકાલના સમયે વસતિ—ઉપાશ્રય માટે સાધુ આવ્યા ત્યારે તે ઈર્ષ્યાલુ એવી ચાર સ્ત્રીઓએ સાધુને રહેવા માટે આવાસ આપ્યો. પછી દરેક સ્ત્રીએ ચાર પ્રહર પર્યંત સાધુને ઉપસર્ગ કર્યો પણ તે ક્ષોભ ન પામ્યા. ૩. ભયથી શ્વાન વગેરે તિર્યંચો કરડે છે, પ્રદ્વેષથી ચંડકૌશિક નાગ ભગવાનને ડશ્યો (ડંખ માર્યો), આહારના હેતુથી સિંહ વગેરે અને સંતાન તથા સ્થાનની રક્ષા કરવા માટે કાગડી વગેરે ઉપસર્ગ કરે. ૪. આત્મસંચેતનીયા—પોતાથી કરાયેલા ઉપસર્ગો. ઘટ્ટણતા—ઘસવું અથવા ઘાસ વડે, જેમ આંખમાં રજ પડવાથી આંખને હાથ વડે મશળી તેથી દુઃખને માટે શરૂઆત કરી અથવા સ્વયમેવ આંખમાં કે ગળામાં માંસના અંકુર વગેરે થયેલ હોય તેને ઘસે, પ્રપતનતા—પડવાપણું અથવા પડવા વડે જેમ ઉપયોગ વિના ચાલનારનું પતન થવાથી દુઃખ ઉત્પન્ન થાય છે તે, સ્તંભનતા અથવા સ્તંભન વડે, જેમ ત્યાં સુધી બેઠો ઊભો રહ્યો અને સૂતો કે જ્યાં સુધી પગ વગેરે સ્તબ્ધ—અકડાઈ જાય તે સ્તંભનતા, શ્લેષણતા અથવા શ્લેષણા વડે, એવી રીતે પગને સંકુચીને રહ્યો કે જેથી વાયુ વડે પગ રહી ગયો—મળી ગયો. અહિં આ સંબંધી ગાથાઓ દર્શાવે છે—

1. અન્યલિંગીઓનું શીલ દૃઢ ન હોવાથી રાજાની રાણી વગેરેના રૂપમાં વ્યામોહ પામ્યા અને સાધુઓ તો શીલમાં દૃઢ હોવાથી રાણીના આવાસની સામું પણ જોયું નહિં.

हास १.प्पदोस २ वीमंसओ ३, विमायाय ४ वा भवे दिव्वो ।
एवं चिय माणुस्सो, कुसीलपडिसेवण चउत्थो ॥२४३॥
तिरिओ भय १ प्पओसा २-ऽऽहारा३ऽवच्चादिरक्खणत्थं वा ४ ।
घट्टण १ थंभण २ पवडण ३, लेसणओ वाऽऽयसंचेओ ४ ॥२४४॥ [विशेषावश्यक ३००६-७ त्ति]

હાસ્યથી, પૂર્વભવના દ્વેષથી, વિમર્શથી, વિમાત્રાથી દેવો ઉપસર્ગ કરે છે. એમ મનુષ્ય પણ ચાર પ્રકારે ઉપસર્ગ કરે એમાં ચોથો કુશીળ પ્રતિસેવનાથી જાણવો. તિર્યંચો ભય, દ્વેષથી, આહાર માટે, બાળકાદિના રક્ષણ માટે ઉપસર્ગ કરે છે. નેત્રમાં કણ પડવાથી, અંગો સ્તબ્ધ થવાથી, ખાડા વગેરેમાં પડવાથી, અને બાહુ વગેરે અંગોને પરસ્પર મસળવાથી આત્મસંવેદનીય ઉપસર્ગો થાય છે. (૨૪૩-૨૪૪)

दिव्वंमि वंतरी १ संगमे २, गजइ ३ लोभणादीया ४ [इत्युत्तरार्द्धं]

દિવ્ય ઉપસર્ગમાં વ્યંતરીનો, સંગમદેવનો, દેવી દ્વારા પરીક્ષા અને ઉપસર્ગનો લોભી સંગમ દ્વારા ઉપસર્ગ.

गणिया १ सोमिल २ धम्मोवएसेण ३ सालुजोसियाईया ४ ।

માનવકૃત ઉપસર્ગમાં ગણિકા, સોમિલ, ચાણક્યે ધર્મોપદેશ માટે નિમંત્રિત સાધુની પરીક્ષા અને વસતિના યાચક સાધુઓને વસતિ આપીને ચારે સ્ત્રિયોએ ઘરમાં ઉપસર્ગ કર્યા.

तिरियंमि साण १ कोसिय २, सीहा ३ अचिरसूवियगवाई[1] ४ ॥२४५॥

તિર્યંચના ઉપસર્ગમાં શ્વાન, ચંડકૌશિક, સિંહ અને તત્કાલ પ્રસુતા ગાય વગરેના ઉપસર્ગ. (૨૪૫)

कणुग(य) १ कुडणा[कुट्टणा] २ भिपयणाइ ३, गत्तसंलेसणादओ ४ नेया ।
आओदाहरणा वाय १, पित्त २ कफ ३ सन्निवाया व ४ ॥२४६॥

આંખમાં કણ, રજકણ પડવી, અંગો સ્તંભિત થઈ જવા, પડવું અને એક સ્થાનકે પગ વગેરે વધારે વાર રહી જવા આત્મસંચેતનીય ઉપસર્ગોમાં વાયુ, પિત્ત, કફ અને સન્નિપાત ઉદાહરણો છે. (૨૪૬) ॥૩૬૧॥

ઉપસર્ગોને સહન કરવાથી કર્મનો ક્ષય થાય છે તેથી કર્મના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે સૂત્રકાર કહે છે—

**चउव्विहे कम्मे पन्नत्ते, तंजहा—सुभे नाममेगे सुभे, सुभे नाममेगे असुभे, असुभे नाम ह्न [=४] (१)। चउव्विहे कम्मे पन्नत्ते, तंजहा—सुभे नाममेगे सुभविवागे, सुभे णाममेगे असुभविवागे, असुभे नाममेगे सुभविवागे, असुभे नाममेगे असुभविवागे ४ (२) । चउव्विहे कम्मे पन्नत्ते, तंजहा—पगडीकम्मे, ठितीकम्मे, अणुभावकम्मे, पदेसकम्मे ४ (३) ॥ सू० ३६२॥**

**चउव्विहे संघे पन्नत्ते, तंजहा—समणा, समणीओ, सावगा, सावियाओ ॥ सू० ३६३॥**

**चउव्विहा बुद्धी पन्नत्ता, तंजहा—उप्पत्तिया, वेणइया, कम्मया, पारिणामिया । चउव्विधा मई पन्नत्ता, तंजहा- उग्गहमती, ईहामती, अवायमती धारणामती । अथवा चउव्विहा मती पन्नत्ता, तंजहा—अरंजरोदगसमाणा, वियरोदगसमाणा, सरोदगसमाणा, सागरोदगसमाणा ॥ सू० ३६४॥**

**चउव्विहा संसारसमावन्नगा जीवा पन्नत्ता, तंजहा—णेरइता, तिरिक्खजोणीया, मणुस्सा, देवा । चउव्विहा सव्वजीवा पन्नत्ता, तंजहा—मणजोगी, वइजोगी, कायजोगी, अजोगी । अहवा चउव्विहा सव्वजीवा पन्नत्ता, तंजहा—इत्थिवेदगा, पुरिसवेदगा, णपुंसकवेदगा, अवेदगा । अथवा चउव्विहा सव्वजीवा पन्नत्ता, तंजहा- चक्खुदंसणी, अचक्खुदंसणी, ओहिदंसणी, केवलदंसणी । अहवा चउव्विहा सव्वजीवा पन्नत्ता, तंजहा-**

1. તત્કાલ પ્રસૂતા ગાય વગેરે.

**संजता-असंजता-संजयासंजता, णोसंजयाणोअसंजता णोसंजतासंजता॥ सू० ३६५॥**

*(મૂ૦) ચાર પ્રકારે કર્મ કહેલ છે, તે આ પ્રમાણે—૧. એક કર્મ શુભ-પુણ્યપ્રકૃતિરૂપ અને શુભાનુબંધી-પુણ્યના અનુબંધવાળું છે અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્ય, ૨. કોઈક શુભ છે પણ અશુભના અનુબંધવાળું છે અર્થાત્ પાપાનુબંધી પુણ્ય, ૩. કોઈક અશુભ છે પણ શુભ પુણ્યના અનુબંધવાળું છે અર્થાત્ પુણ્યાનુબંધી પાપ અને ૪. કોઈક અશુભ છે અને અશુભના અનુબંધવાળું છે અર્થાત્ પાપાનુબંધી પાપ. (૧) ચાર પ્રકારે કર્મ કહેલ છે, તે આ પ્રમાણે—૧. કોઈક કર્મ શુભપણે બાંધેલ છે અને ઉદયમાં પણ શુભપણાએ આવે છે, ૨. કોઈક કર્મ શુભપણે બાંધેલ છે પણ સંક્રમકરણ વડે અશુભપ્રકૃતિમાં મળી જઈને અશુભપણાએ ઉદયમાં આવે છે, ૩. કોઈક કર્મ અશુભપણે બાંધેલ છે પણ સંક્રમકરણ વડે શુભપણાએ ઉદયમાં આવે છે અને ૪. કોઈક કર્મ અશુભપણે બાંધેલ છે અને અશુભપણે ઉદયમાં આવે છે. (૨) ચાર પ્રકારે કર્મ કહેલ છે, તે આ પ્રમાણે—પ્રકૃતિકર્મ, સ્થિતિકર્મ, અનુભાવકર્મ અને પ્રદેશકર્મ. (૩) ॥૩૬૨॥*

*ચાર પ્રકારનો સંઘ (જ્ઞાનાદિ ગુણના પાત્રભૂત જીવસમૂહ) કહેલ છે, તે આ પ્રમાણે-શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ. ॥૩૬૩॥*

*ચાર પ્રકારની બુદ્ધિ કહેલી છે, તે આ પ્રમાણે—તાત્કાલિક ઉત્પન્ન થતી બુદ્ધિ તે ઔત્પત્તિકી, વિનયથી ઉત્પન્ન થતી તે વૈનયિકી, કાર્ય કરવાના સતત અભ્યાસથી ઉત્પન્ન થતી બુદ્ધિ તે કાર્મિકી અને લાંબા કાળ પર્યંત અનુભવ મેળવવાથી ઉત્પન્ન થતી જે બુદ્ધિ તે પારિણામિકી. ચાર પ્રકારની મતિ કહેલી છે, તે આ પ્રમાણે—અવગ્રહમતિ, ઈહામતિ, અવાયમતિ અને ધારણામતિ અથવા ચાર પ્રકારની મતિ કહેલી છે, તે આ પ્રમાણે—ઘડાના પાણી જેવી, વિદર-વિરડાના પાણી જેવી, તળાવના પાણી જેવી અને સાગરના પાણી જેવી. ॥૩૬૪॥*

*ચાર પ્રકારના સંસારમાં રહેલા જીવો કહેલા છે, તે આ પ્રમાણે—૧. નૈરયિકો, ૨. તિર્યંચયોનિકો, ૩. મનુષ્યો અને ૪. દેવો. ચાર પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—૧. મનયોગી, ૨. વચનયોગી, ૩. કાયયોગી, ૪. અયોગી. અથવા ચાર પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—૧. સ્ત્રીવેદવાળા, ૨. પુરુષવેદવાળા, ૩. નપુંસકવેદવાળા અને ૪. અવેદકો. અથવા ચાર પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—૧. ચક્ષુદર્શની, ૨. અચક્ષુદર્શની, ૩. અવધિદર્શની અને ૪. કેવલીદર્શની. અથવા ચાર પ્રકારે સર્વ જીવો કહેલા છે, તે આ પ્રમાણે—૧. સંયત, ૨. અસંયત, ૩. સંયતાસંયત-દેશવિરતિ અને ૪. નોસંયતનોઅસંયત (સિદ્ધ). ॥૩૬૫॥*

(ટી૦) **'चउव्विहे'** त्यादि० ત્રણ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે-જે કરાય તે કર્મ-જ્ઞાનાવરણીય વગેરે. તે ૧. શુભપુણ્યપ્રકૃતિરૂપ, પુનઃ શુભ-અશુભના અનુબંધનવાળું હોવાથી, ભરતાદિની જેમ. ૨. શુભ પૂર્વવત્ પણ અશુભના અનુબંધવાળું હોવાથી અશુભ છે, બ્રહ્મદત્ત વગેરેની જેમ. ૩. અશુભ-પાપપ્રકૃતિરૂપ, પણ શુભના અનુબંધવાળું હોવાથી શુભ છે-દુઃખવિશિષ્ટ અકામ નિર્જરાવાળા ગાય વગેરેની જેમ. અશુભ પૂર્વવત્ વળી અશુભના અનુબંધવાળું હોવાથી અશુભ છે, ધીવર વગેરેની જેમ. (૧) ૧. શુભ-સાતા વગેરે, જેમ સાતાદિપણાએ બાંધ્યું તેમ જ ઉદયમાં જે આવે તે શુભવિપાક. ૨. શુભપણાએ જે બાંધેલું પરંતુ સંક્રમકરણવશાત્ અશુભપણાએ ઉદયમાં આવે તે બીજું, સંક્રમનામાકરણ (જીવના સામર્થ્ય) ના વશથી કર્મને વિષે બીજા કર્મનો પ્રવેશ થાય છે. કહ્યું છે કે—

**मूलप्रकृत्यभिन्नाः सङ्क्रमयति गुणत उत्तराः प्रकृतीः । नन्वात्माऽमूर्त्तत्वादध्यवसानप्रयोगेण॥२४७॥**

મૂલપ્રકૃતિ વડે અભિન્ન, ઉત્તરપ્રકૃતિઓને આત્મા, પ્રકૃતિના સ્વભાવથી સંક્રમાવે છે અર્થાત્ જે પ્રકૃતિમાં સંક્રમાવે તત્સ્વરૂપ સંક્રમતી પ્રકૃતિ થઈ જાય છે.

**પ્રશ્ન**-આત્મા અમૂર્ત્ત હોવાથી કેવી રીતે સંક્રમાવે? **ઉત્તર**-અધ્યવસાયપ્રયોગ વડે કેમ કે આત્માને કર્મજન્ય અધ્યવસાયો હોય છે તેને લઈને સંસારસ્થ આત્મા કથંચિત્ મૂર્ત્ત પણ છે. (૨૪૭)

તથા મતાંતર આ પ્રમાણે જાણવો–

**मोत्तूण आउयं खलु, दंसणमोहं चरित्तमोहं च । सेसाणं पयडीणं, उत्तरविहिसंकमो भणिओ ।।२४८।।**

આયુષ્યકર્મની ચાર પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ થાય નહિ તથા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો પરસ્પર સંક્રમ ન થાય. શેષ પ્રકૃતિઓનો સ્વજાતીય ઉત્તરપ્રકૃતિમાં સંક્રમ થાય પણ વિજાતીયમાં ન થાય. મૂલ પ્રકૃતિનો સર્વથા પરસ્પર સંક્રમ થતો નથી. (૨૪૮)

૩. અશુભપણાએ બાંધેલું અને શુભપણાએ ઉદયમાં આવે તે ત્રીજું અને ચોથું સુગમ છે. ત્રીજું કર્મસૂત્ર આ ચતુર્થ સ્થાનકના દ્વિતીય ઉદેશકમાં કહેલ બંધસૂત્રની જેમ જાણવું. ।।૩૬૨।।

ચાર પ્રકારના કર્મના સ્વરૂપને સંઘ જ જાણે છે માટે સંઘસૂત્ર અને તે સંઘ સર્વજ્ઞપુરુષના વચન વડે સંસ્કારિત બુદ્ધિવાળો હોય છે માટે બુદ્ધિસૂત્ર, અને બુદ્ધિ તે મતિવિશેષ છે માટે બે મતિસૂત્રો કહેલ છે. આ બધાય સૂત્રો સુગમ છે. વિશેષ એ કે–સંઘ–ગુણરત્નના પાત્રભૂત જીવોનો સમુદાય. તે સંઘમાં [1]'श्राम्यन्ति',–તપશ્ચર્યા કરે છે તે શ્રમણો. અથવા શોભન મન વડે–નિયાણાના પરિણામલક્ષણ પાપ રહિત ચિત્ત સહિત વર્તે છે તે સમનસઃ તથા સમાન–સ્વજન અને પરજનને વિષે તુલ્ય છે મન જેઓનું તે समनसः. કહ્યું છે કે—

**तो समणो जइ सुमणो, भावेण य जइ न होइ पावमणो । सयणे य जणे य समो, समो य माणावमाणेसुं ।।२४९।।**
**[दशवै० नि० १५६ अनुयो० द्वा० सू० ५९९ गाथा १३२ आवश्यक नि० ८६७ त्ति]**

જ્યારે શુભ મનવાળો હોય છે, અને આત્મપરિણામરૂપ ભાવ વડે પાપયુક્ત મનવાળો થતો નથી, તથા સ્વજન અને પરજનમાં કે માન અને અપમાનમાં સમાન ભાવવાળો રહે છે ત્યારે શ્રમણ કહેવાય છે (૨૪૯) અથવા સમ–સમાનપણાએ શત્રુ કે મિત્ર વગેરેને વિષે પ્રવર્તે છે તે समणाः. કહ્યું છે કે—

**नत्थि य सि कोइ वेसो, पिओ व सव्वेसु चेव जीवेसु । एएण होइ समणो, एसो अन्नोऽवि पज्जाओ ।।२५०।।**
**[दशवै० नि० १५५ अनुयो० द्वा० सू० ५९९ गाथा १३० आवश्यक निवृत्ति ८६८ त्ति]**

સમસ્ત જીવોને વિષે જેને કોઈ પણ દ્વેષ કરવા યોગ્ય નથી અથવા કોઈ પ્રિય નથી, આ સમભાવ વડે समनाः, એનો બીજો પણ પર્યાય છે. (૨૫૦)

પ્રાકૃતપણાને લઈને સર્વત્ર 'સમણ' શબ્દ છે એમ 'સમણીઓ' છે. 'श्रृण्वन्ति'—જિનવચન જે સાંભળે છે તે શ્રાવક છે. કહ્યું છે કે—

**अवाप्तदृष्ट्यादिविशुद्धसम्पत्, परं समाचारमनुप्रभातम् । शृणोति यः साधुजनादतन्द्रस्तं श्रावकं प्राहुरमी जिनेन्द्राः ।।२५१।।**

પ્રાપ્ત કરેલ દૃષ્ટિ વગેરે વિશુદ્ધ સંપત્તિ (સમ્યગ્દૃષ્ટિ), સાધુજન પાસેથી દરરોજ પ્રભાતમાં જે આળસ રહિત ઉત્કૃષ્ટ સમાચાર (સિદ્ધાંત) ને સાંભળે છે તેને જિનેંદ્રો શ્રાવક કહે છે. (૨૫૧)

અથવા 'श्रान्ति' પચાવે છે, તત્ત્વાર્થના શ્રદ્ધાનને નિષ્ઠા પ્રત્યે લઈ જાય છે (નિષ્ઠિત–સ્થિર થાય છે) તે 'श्रा' તથા 'वपन्ति'—ગુણવાળા સપ્ત ક્ષેત્રોને વિષે ધનરૂપ બીજને વાવે છે તે 'वा' તથા 'किरन्ति'—ક્લિષ્ટ કર્મરૂપ રજને ફેંકી દે છે તે 'का' તેથી કર્મધારય સમાસ કર્યે છતે 'श्रावकाः' એવો પ્રયોગ સિદ્ધ થાય છે. કહ્યું છે કે—

**श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् ।**
**किरत्यपुण्यानि सुसाधुसेवनादथापि तं श्रावकमाहुरञ्जसा ।।२५२।।**

પદાર્થના ચિંતનથી શ્રદ્ધાલુતાને દૃઢ કરે છે, નિરંતર પાત્રોને વિષે ધન વાવે છે અને **સારા સાધુના સેવનથી** (સુસાધુના સંસર્ગથી) પાપોને શીઘ્ર ફેંકે છે–દૂર કરે છે તેને જ્ઞાનીઓ શ્રાવક કહે છે. (૨૫૨)

1. મૂલમાં 'સમણ' શબ્દ છે તેના શ્રમણ, સમનસઃ સમણઃ સમના ઇત્યાદિ અનેક રૂપો કરેલા છે.

એવી રીતે શ્રાવિકા પણ જાણવી. ॥૩૬૩॥

તથા ઉત્પત્તિ જ છે પ્રયોજન જેણીનું તે ૧. ઔત્પત્તિકી બુદ્ધિ. **શંકા**—આ બુદ્ધિનું તો ક્ષયોપશમ કારણ છે. **સમાધાન**–તમારું કથન સત્ય છે, પરંતુ તે અંતરંગ કારણ હોવાથી સર્વ બુદ્ધિનું સાધારણ કારણ છે, તેથી તેની વિવક્ષા અહીં કરેલ નથી. વળી અન્ય શાસ્ત્ર અથવા કર્મ–શિલ્પાદિકાર્યની આ બુદ્ધિ અપેક્ષા કરતી નથી પરંતુ બુદ્ધિની ઉત્પત્તિ થયા અગાઉ પોતે નહિ જોયેલ, બીજા પાસેથી નહિ સાંભળેલ અને મન વડે પણ નહિ વિચારેલ અર્થને તે જ ક્ષણમાં જેમ છે તેમ જેના વડે ગ્રહણ કરાય છે તે ઉભય લોક અવિરુદ્ધ, એકાંતિક ફળવાળી આ ઔત્પત્તિકી બુદ્ધિ છે. કહ્યું છે કે—

**पुव्वमदिट्ठमसुयमचे[वे]इयतक्खणविसुद्धगहियत्था । अव्वाहयफलजोगा, बुद्धी उप्पत्तिया नाम ॥२५३॥**

**[आवश्यक निर्युक्ति ९३९ त्ति]**

પૂર્વમાં નહીં જોયેલ અને ન સાંભળેલ અને મન વડે ન વિચારેલ ભાવોને તત્ક્ષણ જે રીતે છે તે રીતે કહેવા, તે ઉભયલોકમાં અવિરુદ્ધ અને અવ્યાબાધ ફળવાળી ઔત્પતિકી બુદ્ધિ છે. આ બુદ્ધિ નટપુત્ર રોહક વગેરેની જેમ જાણવી. (૨૫૩)

ગુરુની શુશ્રૂષા–સેવારૂપ વિનય જેમાં કારણ છે અથવા વિનય પ્રધાન છે જેમાં તે ૨. વૈનયિકી બુદ્ધિ. વળી કાર્યના ભારને પાર પહોંચાડવાના સામર્થ્યવાળી, ધર્મ, અર્થ અને કામશાસ્ત્રો સંબંધી સૂત્રાર્થના પરમાર્થને ગ્રહણ કરનારી અને ઉભય લોકમાં ફળવાળી આ વૈનયિકી બુદ્ધિ છે. કહ્યું છે કે—

**भरनित्थरणसमत्था, तिवग्गसुत्तत्थगहिअपेयाला । उभओ लोगफलवती विणयसमुत्था हवइ बुद्धि ॥२५४॥**

**[आवश्यक निर्युक्ति ९४३ त्ति]**

જે કાર્ય કરવાનો નિર્ણય કર્યો હોય એ કાર્યને પાર પમાડવાના સામર્થ્યવાળી ત્રિવર્ગ સંબંધી સૂત્રાર્થના પરમાર્થને ગ્રહણ કરનારી આ લોક અને પરલોકમાં ફળ આપનારી વિનયથી ઉત્પન્ન થયેલી વૈનયિકી બુદ્ધિ છે. આ બુદ્ધિ નૈમિત્તિક સિદ્ધપુત્રના શિષ્યાદિની જેમ જાણવી. (૨૫૪)

આચાર્ય–શિક્ષક સિવાય શીખેલું તે કર્મ અને આચાર્ય પાસેથી શીખેલું તે શિલ્પ અથવા કોઈક વખત કરવામાં આવતું તે કર્મ અને નિરંતર વ્યાપાર કરાતું તે શિલ્પ જાણવું. કર્મ–કાર્યથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે કર્મજા. વિવક્ષિત કાર્યમાં મનને જોડવાથી તેના પરમાર્થને જાણનારી, કાર્યના અભ્યાસથી અને વિચારથી વિસ્તાર પામેલી તેમજ 'સારું કર્યું' એમ વિદ્વાનોદ્વારા પ્રશંસા થાય તેવા ફળવાળી ત્રીજી કર્મજા બુદ્ધિ છે. કહ્યું છે કે—

**उवओगदिट्ठसारा कम्मपसंगपरिघोलणविसाला । साहुक्कारफलवती, कम्मसमुत्था हवइ बुद्धी ॥ २५५॥**

**[आवश्यक निर्युक्ति ९४६ त्ति]**

ઉપયોગ દ્વારા સારને જાણનારી, કાર્ય કરવાથી અને વિચારથી વિસ્તાર પામેલી સાધુકારના ફળવાળી કાર્ય કરવાથી ઉત્પન્ન થયેલી કર્મજા બુદ્ધિ છે. હૈરણ્યક–સોનાચાંદી પ્રમુખની પરીક્ષા કરનાર પરિક્ષક અને ખેડૂત વગેરેની જેમ આ બુદ્ધિ જાણવી. (૨૫૫)

પરિણામ–ચિરકાલ પર્યંત પૂર્વાપર પદાર્થના અવલોકનથી ઉત્પન્ન થયેલ આત્મધર્મ, તે પ્રયોજન છે જેનું અથવા પરિણામ છે પ્રધાન જેમાં તે ૪. પારિણામિકી બુદ્ધિ. વળી અનુમાન, કારણમાત્ર અને દૃષ્ટાંતો વડે સાધ્યને સાધનારી, વયની વૃદ્ધિ વડે પુષ્ટ થનારી તેમજ અભ્યુદય અને મોક્ષના ફળવાળી આ બુદ્ધિ છે. કહ્યું છે કે—

**अणुमाणहेउदिट्ठंतसाहिया वयविवागपरिणामा । हियनिस्सेसफलवती, बुद्धी परिणामिया नाम ॥२५६॥**

**[आवश्यक निर्युक्ति ९४८ त्ति].**

અનુમાન, હેતુ, દૃષ્ટાંતથી સાધ્યને સાધનારી. અવસ્થાના વિપાકથી પરિણામને પામેલી અને હિતકારી કલ્યાણના ફળને

આપનારી પારિણામીકી બુદ્ધિ જાણવી. [1]અભયકુમારાદિની જેમ આ બુદ્ધિ જાણવી. (૨૫૬)

મનન કરવું તે મતિ. તેમાં સમસ્ત વિશેષની અપેક્ષા સિવાય નિર્દેશ નહિ કરાયેલ એવા રૂપ વગેરે સામાન્ય અર્થનું 'અવ'—પ્રથમથી ગ્રહણ (જાણવું) તે અવગ્રહ, તદ્રૂપ મતિ તે અવગ્રહમતિ. એવી રીતે સર્વત્ર જાણવું. વિશેષ એ કે—તે ગ્રહણ કરેલ અર્થનું વિશેષ આલોચન કરવું તે ઇહા. આલોચિત અર્થવિશેષનો નિશ્ચય તે અવાય અને નિશ્ચિત કરેલ અર્થવિશેષનું જે (હૃદયમાં) અવિચ્યુતિપણે ધારી રાખવું તે ધારણા. કહ્યું છે કે—

**सामन्नत्थावगहणमोग्गहो भेयमग्गणमिहेहा । तस्सावगमोऽवाओ, अविच्चुई धारणा तस्स ।।२५७।।**

**[विशेषावश्यक १८० त्ति]**

સામાન્યપણે અર્થનું ગ્રહણ તે અવગ્રહ, તે ભેદનો વિચાર કરવો તે ઈહા, તેના સંબંધમાં નિશ્ચય કરવો તે અપાય, અને તેની અવિચ્યુતિ તે ધારણા. (૨૫૭)

અરંજર–ઉદકનો કુંભ, તે અલંજર નામથી પણ પ્રસિદ્ધ છે, તેને વિષે રહેલ ઉદકના જેવી મતિ. કેમ કે વિશેષ અર્થનું ગ્રહણ, વિચારણા અને ધારણામાં સામર્થ્યના અભાવથી અલ્પ હોય છે તેમજ અસ્થિરપણું હોય છે. અરંજરોદક તે જલ થોડું છે અને શીઘ્ર ખાલી થઈ જાય છે તે. બીજી વિદર–નદીના કિનારા વગેરેમાં જળને માટે કરેલ ખાડામાં (વીરડામાં) જે પાણી છે તેના જેવી મતિ. કેમ કે અલ્પ હોવા છતાં અન્ય અન્ય અર્થના વિચારમાં સમર્થ થાય છે અને જલદી ખાલી થઈ જતું નથી. તેમાં જેમ પાણી અલ્પ છે તેમ અન્ય અન્ય થોડું થોડું પાણી ઝરે છે—આવે છે તેથી જલદી ખાલી થતું નથી. ત્રીજી સરોવરના પાણી જેવી મતિ. તે સમસ્ત પદાર્થના વિષયપણા વડે અત્યંત વિપુલ, અક્ષય અને મધ્યપણું ન જણાય તેવી છે. સમુદ્રના ઉદકનું પણ એવું જ સ્વરૂપ હોય છે. ।।૩૬૪।।

ઉપર વર્ણવેલ મતિવાળા જીવો જ હોય છે માટે જીવ સંબંધી પાંચ સૂત્રો કહેલ છે, તે સ્પષ્ટ છે. વિશેષ એ કે—મનયોગી—મન સહિત, ત્રણ યોગના સદ્ભાવમાં પણ મનોયોગનું પ્રાધાન્ય હોવાથી, એમ વચનયોગી દ્વીન્દ્રિય વગેરે, કાયયોગી એકેંદ્રિયો અને અયોગી–રુંધન કરેલ યોગવાળા તથા સિદ્ધો છે. અવેદક જીવો સિદ્ધ વગેરે છે. ચક્ષુથી સામાન્ય અર્થનું ગ્રહણ કરવું તે અવગ્રહ અને ઇહારૂપ દર્શન તે ચક્ષુદર્શન. ચક્ષુદર્શનવાળા ચતુરિંદ્રિય વગેરે છે. અચક્ષુ–સ્પર્શન વગેરે ઇંદ્રિયો, તે દર્શનવાળા એકેંદ્રિય વગેરે. સંયત–સર્વવિરતિઓ, અસંયત–અવિરતિઓ, સંયતાસંયત–દેશવિરતિઓ અને સંયતાદિ ત્રણેના નિષેધવાળા તે સિદ્ધો જાણવા. ।।૩૬૫।।

જીવના અધિકારથી જીવ વિશેષભૂત પુરુષના ભેદો ચાર સૂત્રો વડે કહે છે—

**चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—मित्ते नाममेगे मित्ते, मित्ते नाममेगे अमित्ते, अमित्ते नाममेगे मित्ते, अमित्ते नाममेगे अमित्ते ४ (१)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—मित्ते णाममेगे मित्तरूवे चउभंगो ४ (२)। चत्तारि पुरिसजाता पन्नत्ता, तंजहा—मुत्ते णाममेगे मुत्ते, मुत्ते णाममेगे अमुत्ते ह्व [=४] (३)। चत्तारिपुरिसजाता पन्नत्ता, तंजहा—मुत्ते णाममेगे मुत्तरूवे ह्व [=४] (४) ।। सू० ३६६।।**

**पचेंदियतिरिक्खजोणिया चउगइया चउआगइया पन्नत्ता, तंजहा—पंचेंदियतिरिक्खजोणिए पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जमाणे णेरइएहिंतो वा, तिरिक्खजोणिएहिंतो वा, मणुस्सेहिंतो वा, देवेहिंतो वा उववज्जेज्जा, से चेव णं से पंचेंदियतिरिक्खजोणिए पंचेंदियतिरिक्खजोणियत्तं विप्पजहमाणे णेरइतत्ताते वा जाव देवत्ताते वा [उवा]गच्छेज्जा। मणुस्सा चउगइया चउआगइया, एवं चेव मणुस्सा वि ।। सू० ३६७।।**

1. ચાર પ્રકારની બુદ્ધિ ઉપર દર્શાવેલા દષ્ટાંતો નંદીસૂત્રની ટીકાથી જાણી લેવા.

**बेइंदिया णं जीवा असमारभमाणस्स चउव्विहे संजमे कज्जति, तंजहा–जिब्भामयातो सोक्खातो अववरोवित्ता भवति, जिब्भामएणं दुक्खेणं असंजोगेत्ता भवति, फासमयातो सोक्खातो अववरोवेत्ता भवइ, एवं चेव । [फासमयाओ दुक्खाओ असंजोगित्ता भवति] ४ । बेइंदियाणं जीवा समारभमाणस्स चउविधे असंजमे कज्जति, तं जहा–जिब्भामयातो सोक्खाओ ववरोवित्ता भवति, जिब्भामएणं दुक्खेणं संजोगेत्ता भवति, फासामयातो सोक्खाओ ववरोवेत्ता भवइ, एवं चेव । [फासामाएणं दुक्खेणं संजोगित्ता भवइ ४ ]।। सू० ३६८।।**

**सम्मद्दिट्ठिताणं णेरइयाणं चत्तारि किरियाओ पन्नत्ताओ, तंजहा–आरंभिता, परिग्गहिता, मायावत्तिया, अपच्चक्खाणकिरिया । सम्मद्दिट्ठियाणं असुरकुमाराणं चत्तारि किरियाओ पन्नत्ताओ, तंजहा–एवं चेव, एवं विगलिंदियवज्जं जाव वेमाणियाणं ।। सू० ३६९।।**

**चउहिं ठाणेहिं संते गुणे नासेज्जा, तंजहा–कोहेणं, पडिनिवेसेणं, अकयण्णुयाए, मिच्छत्ताभिनिवेसेणं । चउहिं ठाणेहिं असंते गुणे दीवेज्जा, तंजहा–अब्भासवत्तितं, परच्छंदाणुवत्तितं, कज्जहेउं, कतपडिकतितेति वा ।। सू० ३७०।।**

**णेरइयाणं चउहिं ठाणेहिं सरीरुप्पत्ती सिता, तंजहा–कोधेणं, माणेणं, मायाए, लोभेणं । एवं जाव वेमाणियाणं। णेरइयाणं चउहिं ठाणेहिं निव्वत्तिते सरीरए पन्नत्ते, तंजहा–कोहनिव्वत्तिए जाव लोभनिव्वत्तिए । एवं जाव वेमाणियाणं ।। सू० ३७१।।**

*(મૂ૦) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ મિત્ર–આ લોકમાં ઉપકારી, અને પરલોકમાં પણ તે મિત્ર ઉપકારી–સદ્‌ગુરુવત્, ૨. કોઈક મિત્ર–સ્નેહવાળા હોવા છતાં પણ પરલોકના સાધનમાં અહિતકર હોવાથી* ***અમિત્ર સ્ત્રી તથા પુત્રાદિવત્*** *૩. કોઈક પ્રતિકૂલ કરનાર હોવાથી અમિત્ર પણ વૈરાગ્યનું કારણ થવાથી મિત્ર તે–અવિનીત સ્ત્રી વગેરેની જેમ અને ૪. કોઈક પ્રતિકૂલ કરનાર હોવાથી અમિત્ર અને સંક્લેશનો હેતુ થવાથી પુનઃ પણ અમિત્ર છે. (૧) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક મિત્ર અંતરંગ સ્નેહવાળો છે અને મિત્રરૂપ–બાહ્યથી પણ સ્નેહ બતાવે છે, ૨. કોઈક મિત્ર અંતરંગ સ્નેહવાળો છે પણ અમિત્રરૂપ–બહારથી સ્નેહ બતાવતો નથી, ૩. કોઈક અમિત્ર–અંતરંગ સ્નેહવાળો નથી પણ મિત્રરૂપ–બહારથી કૃત્રિમ સ્નેહ દેખાડે છે–અસતી સ્ત્રીવત્ અને ૪. અમિત્ર અને અમિત્રરૂપ–અંતરંગ કે બાહ્ય સ્નેહ રહિત છે. (૨) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ મુક્ત–દ્રવ્યથી સંગનો ત્યાગ કરેલ છે અને મુક્ત–ભાવથી પણ મૂર્છાનો ત્યાગ કરેલ છે–સુસાધુવત્, ૨. કોઈક દ્રવ્યથી મુક્ત અને ભાવથી અમુક્ત–આસક્તિવાળો હોવાથી રંકવત્, ૩. કોઈક દ્રવ્યથી સંગવાળો હોવાથી અમુક્ત પણ ભાવથી મુક્ત તે ગૃહવાસમાં કેવલજ્ઞાન પામેલ ભરત ચક્રીવત્ અને ૪. દ્રવ્ય તેમજ ભાવ ઉભયથી અમુક્ત તે ગૃહસ્થ. (૩) ચાર પ્રકારના પુરુષો કહેલા છે, તે આ પ્રમાણે—૧. કોઈક પુરુષ મુક્ત–આસક્તિ રહિત, વળી મુક્તરૂપ વૈરાગ્ય સૂચક વેષવાળો–યતિની જેમ, ૨. કોઈક પુરુષ મુક્ત–આસક્તિ રહિત પણ અમુક્તરૂપ–સાધુના વેષ રહિત–શિવકુમારની જેમ, ૩. કોઈક અમુક્ત–આસક્તિવાળો પણ મુક્તરૂપ–કપટથી યતિવેષને ગ્રહણ કરનારની જેવો અને ૪. અમુક્ત અને અમુક્તરૂપ તે ગૃહસ્થ. (૪) ॥૩૬૬॥*

*પંચેંદ્રિયતિર્યંચયોનિકો ચાર ગતિવાળા અને ચાર આગતિવાળા કહેલા છે, તે આ પ્રમાણે—પંચેંદ્રિયતિર્યંચયોનિકો અર્થાત્ પંચેંદ્રિયતિર્યંચ સંબંધી[1] આયુષ્યના ઉદયવાળા, પંચેંદ્રિયતિર્યંચયોનિકો વિષે ઉત્પન્ન થતાં નૈરયિકોમાંથી,*

1. પ્રથમ આયુષ્યનો ઉદય થાય છે, પછી ગતિ વગેરેનો ઉદય થાય છે.

*તિર્યંચયોનિકોમાંથી, મનુષ્યોમાંથી અથવા દેવોમાંથી ઉત્પન્ન થાય તે જ પંચેંદ્રિયતિર્યંચયોનિક, પંચેંદ્રિયતિર્યંચયોનિકપણાને છોડતો થકો નૈરયિકપણાએ અથવા યાવત્ દેવપણાએ ઉત્પન્ન થાય. મનુષ્યો ચાર ગતિવાળા અને ચાર આગતિવાળા કહેલ છે. એ પ્રમાણે તિર્યંચપંચેંદ્રિયની જેમ જ મનુષ્યો પણ જાણવા. ॥૩૬૭॥*

*બેઇંદ્રિય જીવોના આરંભને નહિ કરનારને ચાર પ્રકારે સંયમ કરાય છે-થાય છે, તે આ પ્રમાણે—૧. જિહ્વાના રસાસ્વાદરૂપ સુખથી ભ્રષ્ટ કરનાર થતો નથી. ૨. જિહ્વાની હાનિરૂપ દુઃખને જોડનાર થતો નથી, ૩. સ્પર્શન ઇંદ્રિય સંબંધી વિનાશ કરનાર થતો નથી અને ૪. સ્પર્શમય દુઃખનો સંયોગ કરનાર થતો નથી. બેઇંદ્રિય જીવોના સમારંભ કરનારને ચાર પ્રકારનો અસંયમ કરાય છે-થાય છે, તે આ પ્રમાણે—૧. રસનાના રસાસ્વાદરૂપ સુખથી ભ્રષ્ટ કરનાર થાય છે, ૨. રસનાની હાનિરૂપ દુઃખને જોડનાર થાય છે, ૩. સ્પર્શન ઇંદ્રિય સંબંધી સુખનો વિનાશ કરનાર થાય છે અને ૪. સ્પર્શમય દુઃખનો સંયોગ કરનાર થાય છે. ॥૩૬૮॥*

*સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોને ચાર ક્રિયાઓ કહેલી છે, તે આ પ્રમાણે—આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયી અને અપ્રત્યાખ્યાનક્રિયા. સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારોને એ જ પ્રમાણે ચાર ક્રિયાઓ કહેલી છે, એવી રીતે એકેંદ્રિય અને વિકલેંદ્રિયને છોડીને યાવત્ સમ્યગ્દૃષ્ટિ વૈમાનિકોને ચાર ક્રિયાઓ કહેલી છે. અહિં પાંચ ક્રિયાની અપેક્ષાએ ચાર ક્રિયા સમજવી. મિથ્યાદર્શનપ્રત્યયા ન હોય. ॥૩૬૯॥*

*ચાર કારણો વડે અન્યના છતા ગુણોનો નાશ કરે-અપલાપ કરે, તે આ પ્રમાણે—૧. ક્રોધથી, ૨. બીજાના ઉત્કર્ષની ઈર્ષ્યાને લઈને, ૩. અકૃતજ્ઞતાથી-બીજાના ઉપકારને ન જાણવાથી અને ૪. દુરાગ્રહથી. ચાર કારણો વડે અન્યના છતા ગુણોને દીપાવે-પ્રગટ કરે, તે આ પ્રમાણે—૧. પ્રશંસા કરવાના સ્વભાવ વડે, ૨. બીજાના અભિપ્રાય પ્રમાણે વર્ત્તવાથી, ૩. ઇચ્છિત કાર્યને સિદ્ધ કરવા માટે અને ૪. કરેલ ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે. ॥૩૭૦॥*

*નૈરયિકોને ચાર કારણો વડે શરીરની ઉત્પત્તિ-પ્રારંભ થાય, તે આ પ્રમાણે—ક્રોધથી, માનથી, માયાથી અને લોભથી. એવી રીતે યાવત્ વૈમાનિકોને જાણવું. નૈરયિકોને ચાર કારણો વડે શરીરની નિષ્પત્તિ-પૂર્ણતા થાય, તે આ પ્રમાણે-ક્રોધ વડે નિર્વર્ત્તિત યાવત્ લોભ વડે નિર્વર્ત્તિત, એવી રીતે યાવત્ વૈમાનિકોને માટે પણ જાણવું. ॥૩૭૧॥*

(ટી૦) **'चत्तारी'** યાદિ૦ સૂત્રો સ્પષ્ટ છે. વિશેષ એ કે-મિત્ર-આ લોકમાં ઉપકારી હોવાથી, અને પરલોકમાં ઉપકારી હોવાથી તે મિત્ર, સદ્ગુરુની જેમ. બીજો મિત્ર સ્નેહવાળો હોવાથી પણ અમિત્ર-પરલોકના સાધનનો નાશકારક હોવાથી-પ્રેમાળુ સ્ત્રી વગેરેની જેમ. ત્રીજો તો અમિત્ર-પ્રતિકૂલ હોવાથી પણ નિર્વેદતા-વૈરાગ્યને ઉત્પન્ન કરવા વડે પરલોકના સાધનને વિષે ઉપકાર કરનાર થવાથી મિત્ર-અવિનીત સ્ત્રી વગેરેની જેમ. ચતુર્થ અમિત્ર-પ્રતિકૂળપણાથી પુનઃ સંક્લેશના હેતુપણાએ દુર્ગતિનું નિમિત્ત થવાથી અમિત્ર છે. અથવા પ્રથમ મિત્ર અને પછી પણ મિત્ર એમ કાળની અપેક્ષાએ ચતુર્ભંગી જાણવી. (૧) મિત્ર-અંતરંગ સ્નેહથી, પુનઃ બાહ્ય ઉપચાર કરવાથી મિત્રનો જ રૂપ (આકાર) છે જેનો તે મિત્રરૂપ-આ એક, બીજો તો બાહ્ય ઉપચારના અભાવથી અમિત્રરૂપ, ત્રીજો સ્નેહથી રહિત હોવાથી અમિત્ર અને ચતુર્થ પ્રતીત છે. (૨) મુક્ત-દ્રવ્યથી સંગનો ત્યાગ કરનાર, પુનઃ મુક્ત-આસક્તિના અભાવથી-સુસાધુવત્, બીજો આસક્તિવાળો હોવાથી અમુક્ત-રંકવત્, ત્રીજો દ્રવ્યથી અમુક્ત પણ ભાવથી મુક્ત-આસક્તિ રહિત-રાજ્યાવસ્થામાં ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાનવાળા ભરતચક્રવર્ત્તીની માફક, ચોથો ગૃહસ્થ અથવા પૂર્વ અને અપર-પછી પણ અમુક્ત. કાલની અપેક્ષાએ આ સૂત્ર વિચારવું. (૩) આસક્તિ ન હોવાથી મુક્ત અને વૈરાગ્યને સૂચક આકાર વેષ વડે મુક્તરૂપ-યતિની માફક, આ એક, બીજો સાધુના વેષથી વિપરીત હોવાથી અમુક્તરૂપ, ગૃહસ્થાવસ્થામાં (બે વર્ષ) રહેલ શ્રી મહાવીર ભગવંતની જેમ, ત્રીજો આસક્તિ સહિત હોવાથી અમુક્ત-શઠ યતિની જેમ, ચોથો ગૃહસ્થ. (૪) ॥૩૬૬॥

જીવના અધિકારવાળા પંચેંદ્રિયતિર્યંચ અને મનુષ્ય સંબંધી બે સૂત્ર સુગમ છે. એમ બેઇંદ્રિય સંબંધી બે સૂત્ર સુગમ છે. ॥૩૬૭॥

વિશેષ એ કે-બેઇંદ્રિય જીવો પ્રત્યે આરંભ નહિ કરનાર અર્થાત્ એમનો નાશ નહિ કરનાર પોતાની જિહ્વાનો વિકાર તે જિહ્વામય, **तस्मात् सौख्यात्**—રસના અનુભવમય આનંદરૂપ સૌખ્યનો (સુખનો) નાશ નહિ કરનાર તથા પોતાને જિહ્વેંદ્રિયની હાનિરૂપ દુઃખ વડે નહિ જોડનાર થાય છે. ॥૩૬૮॥

જીવના અધિકારથી જ સમ્યગ્દૃષ્ટિ જીવોના ક્રિયાસૂત્રો છે તે સુગમ છે. વિશેષ એ કે-સમ્યગ્દૃષ્ટિ જીવોને મિથ્યાત્વક્રિયાનો અભાવ હોવાથી ચાર ક્રિયાઓ છે. 'एवं विगलिंदियवज्जं' त्ति० એકેંદ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિંદ્રિય જીવોને પાંચે ક્રિયાઓ છે; કારણ કે તેઓને મિથ્યાદૃષ્ટિપણું હોય છે. દ્વીન્દ્રિય વગેરેને સાસાદન (પતનશીલ) સમ્યક્ત્વના અલ્પત્વને લઈને તેની વિવક્ષા નથી કરી. એવી રીતે અહિ વિકલેંદ્રિયના વર્જન વડે સોળ ક્રિયાસૂત્રો થાય છે. ॥૩૬૯॥

અનંતર ક્રિયાઓ કહી, **ક્રિયાવાળો ક્રિયાના અજીર્ણવાળો અન્યના સદ્ભૂત-છતા ગુણો પ્રત્યે નાશ કરે છે અને અવગુણોનો પ્રકાશ કરે છે** માટે આ અર્થવાળા બે સૂત્ર છે તે સુગમ છે. વિશેષ એ કે-સતઃ-અન્યના વિદ્યમાન ગુણોને નાશ કરવાની માફક નાશ કરે છે-અપલાપ કરે છે, માનતો નથી ક્રોધ-રોષ વડે, તથા પ્રતિનિવેશ-**"આ પૂજાય છે, હું તો પૂજાતો નથી"** એમ પરની પૂજાને સહન ન કરવા વડે (માત્સર્યથી) તેમજ બીજાએ કરેલ ઉપકારને જે જાણતો નથી તે અકૃતજ્ઞ. તેના ભાવરૂપ અકૃતજ્ઞતા વડે અને મિથ્યાત્વાભિનિવેશબોધના વિપર્યાસ વડે. કહ્યું છે કે—

**रोसेण पडिनिवेसेण, तहय अकयण्णुमिच्छभावेणं । संतगुणे नासित्ता, भासइ अगुणे असंते वा ॥२५८॥**

રોષ વડે, પ્રતિનિવેશ વડે, અકૃતજ્ઞતા વડે અને મિથ્યા ભાવ વડે બીજામાં રહેલા ગુણોનો નાશ અને બીજામાં ન હોય તેવા ગુણોને બોલે છે. (૨૫૮)

અસતઃ-નહિ વિદ્યમાન ગુણો પ્રત્યે. (ક્વચિત્ **'संते'** त्ति પાઠ છે ત્યાં વિદ્યમાન ગુણો પ્રત્યે) **दीपयेत्**—બોલે. અભ્યાસ-સ્વભાવ અથવા વર્ણન કરવા યોગ્યની સમીપતારૂપ નિમિત્ત છે દીપન-બોલવામાં તે અભ્યાસપ્રત્યય, અભ્યાસ (ટેવ) થી વિષય સિવાય અને ફળ સિવાય પણ પ્રવૃત્તિ દેખાય છે. સમીપમાં રહેનારના ગુણોનું જ પ્રાયઃ ગ્રહણ થાય છે. પરચ્છંદ-બીજાના અભિપ્રાયની અનુવૃત્તિ-તેની પાછળ વર્તવું છે જેમાં તે પરચ્છંદાનુવૃત્તિક, તથા કાર્યના હેતુથી-પ્રયોજન નિમિત્તે ઇચ્છિત કાર્યને અનુકૂલ કરવા માટે, તથા ઉપકારને વિષે પ્રત્યુપકાર છે જેને તે કૃતપ્રતિકૃતિક અર્થાત્ ઉપકારનો પ્રત્યુપકાર કરનાર આ હેતુથી અથવા ઉપકારના પ્રત્યુપકાર માટે અથવા કોઈ એક વ્યક્તિએ એકનો ઉપકાર કર્યો અથવા ગુણો પ્રશંસ્યા, તે તેના અછતા ગુણોને પણ પ્રત્યુપકાર માટે પ્રશંસે છે. 'ઇતિ' શબ્દ સમીપ દેખાડવામાં અને 'વા' શબ્દ વિકલ્પમાં છે. ॥૩૭૦॥

આ ગુણોનો નાશ કરવો વગેરે શરીર વડે કરાય છે માટે શરીરની ઉત્પત્તિ અને નિર્વૃત્તિ-પૂર્ણતા સૂત્રના બે દંડક છે તે સુગમ છે. વિશેષ એ કે-ક્રોધ વગેરે કર્મબંધના હેતુઓ છે અને કર્મ શરીરની ઉત્પત્તિનું કારણ છે માટે કારણમાં કાર્યના ઉપચારથી ક્રોધાદિ શરીરની ઉત્પત્તિના નિમિત્તપણાએ કથન કરાય છે. આ હેતુથી 'चउहिं ठाणेहिं सरीरे' त्यादि० કહ્યું, ક્રોધાદિજન્ય કર્મ વડે પૂર્ણ થતું હોવાથી ક્રોધાદિ વડે નિર્વર્તિત શરીર એમ કહ્યું. અહિ ઉત્પત્તિ-શરૂઆતમાત્ર અને નિર્વૃત્તિ તો નિષ્પત્તિ-પૂર્ણતારૂપ છે. ॥૩૭૧॥

ક્રોધ વગેરે શરીરની નિર્વૃત્તિના કારણો છે એમ કહ્યું, તેના નિગ્રહ-નાશ કરનારા ધર્મના કારણો છે તે સૂત્રકાર દર્શાવે છે—

**चत्तारि धम्मदारा पन्नत्ता, तंजहा—खंती, मुत्ती, अज्जवे, मद्दवे ॥ सू० ३७२॥**

**चउहिं ठाणेहिं जीवा णेरतियत्ताए कम्मं पकरेंति, तंजहा—महारंभताते, महापरिग्गहताते, पंचेंदियवहेणं, कुणिमाहारेणं १ । चउहिं ठाणेहिं जीवा तिरिक्खजोणियत्ताए कम्मं पगरेंति, तंजहा—माइल्लताते, णियडिल्लताते, अलियवयणेणं, कूडतुलकूडमाणेणं २ । चउहिं ठाणेहिं जीवा मणुस्सत्ताते कम्मं पगरेंति, तंजहा—पगतिभद्दताते,**

**पगतिविणीयताए, साणुक्कोसताते अमच्छरितताते ३ । चउहिं ठाणेहिं जीवा देवाउयत्ताए कम्मं पगरेंति, तंजहा--सरागसंजमेणं, संजमासंजमेणं, बालतवोकम्मेणं, अकामणिज्जराए ४ ॥ सू० ३७३॥**

**चउव्विहे वज्जे पन्नत्ते, तंजहा—तते, वितते, घणे, झुसिरे १ । चउव्विहे नट्टे पन्नत्ते, तंजहा—अंचिते, रिभिते, आरभडे, भसोले २ । चउव्विहे गेए पन्नत्ते, तंजहा—उक्खित्तए, पत्तए, मंदए, रोविंदए ३ । चउव्विहे मल्ले पन्नत्ते, तंजहा—गंथिमे, वेढिमे, पूरिमे, संघातिमे ४ । चउव्विहे अलंकारे पन्नत्ते, तंजहा—केसालंकारे, वत्थालंकारे, मल्लालंकारे, आभरणालंकारे ५ । चउव्विहे अभिणते पन्नत्ते, तंजहा—दिट्ठंतिते, पाडंसुते[1] [पांडुसुते], सामंतोवातणिते, लोगमज्झावसिते ६ ॥ सू० ३७४॥**

**सणंकुमार-माहिंदेसु णं कप्पेसु विमाणा चउवन्ना पन्नत्ता, तंजहा—णीला, लोहिता, हालिद्दा, सुक्किला । महासुक्क-सहस्सारेसु णं कप्पेसु देवाणं भवधारणिज्जा सरीरगा उक्कोसेणं चत्तारि रयणीओ उड्ढं उच्चत्तेणं पन्नत्ता ॥ सू० ३७५॥**

*(મૂ૦) ધર્મના ચાર દ્વારો કહેલા છે, તે આ પ્રમાણે—ક્ષમા, નિર્લોભતા, સરલતા અને માર્દવતા. ॥૩૭૨॥*

*ચાર કારણ વડે જીવો નૈરયિકપણાના આયુષ્કાદિ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—મહાન્ આરંભ કરવાથી, મહાન્ પરિગ્રહ ધારણ કરવાથી, પંચેંદ્રિયના વધથી અને માંસાહાર કરવાથી. (૧) ચાર કારણ વડે જીવો તિર્યંચયોનિકપણાના આયુષ્કાદિ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—મનની કુટિલતાથી, બીજાને ઠગવા માટે કાયાની જૂદી રીતે ચેષ્ટા કરવાથી, અલિક (જૂઠું) બોલવાથી અને ખોટા તોલ અને માપ વડે વ્યવહાર કરવાથી. (૨) ચાર કારણ વડે જીવો મનુષ્યપણાના આયુષ્કાદિ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—સરલ સ્વભાવથી, વિનીત સ્વભાવથી, દયાળુપણાથી અને મત્સર રહિતપણાથી. (૩) ચાર કારણ વડે જીવો દેવપણાના આયુષ્કાદિ કર્મને બાંધે છે, તે આ પ્રમાણે—સરાગ સંયમથી, દેશવિરતિપણાથી, બાલતપરૂપ ક્રિયાથી અને અકામ નિર્જરાથી. (૪) ॥૩૭૩॥*

*ચાર પ્રકારે વાદ્ય-વાજિંત્ર કહેલ છે, તે આ પ્રમાણે—તત-વીણા વગેરે, વિતત-ઢોલ પ્રમુખ, ઘન-કાંસ્યતાલાદિ અને શુષિર-વાંસલી વગેરે. (૧) ચાર પ્રકારે નાટ્ય (નાટક) કહેલ છે, તે આ પ્રમાણે—અંચિત-રહીરહીને નાચવું, રિભિત-ગીત સહિત પદની સંજ્ઞા વડે નાચવું, આરભડ-નાચતે છતે પંક્તિના અભિપ્રાયને હસ્તાદિદ્વારા બતાવતાં થકાં બોલવું. અને ભિસોલ નાચતે છતે નીચે પડવું. (૨) ચાર પ્રકારે ગેય-ગાયન કહેલ છે, તે આ પ્રમાણે—ઉક્ષિપ્ત-પ્રથમથી પ્રારંભ કરાતું ગાયન, પત્રક-છંદ વગેરે ચાર ભાગરૂપ પદ વડે બાંધેલું, મંદ-મધ્યભાગમાં મૂર્છનાદિ ગુણયુક્તપણાએ મંદ મંદ ઘોલનાત્મક અને કહેલ લક્ષણયુક્તપણાએ ભાવિત છે છેડો જેનો તે રોચિતાવસાન અર્થાત્ ધીમે ધીમે સ્વરની વૃદ્ધિ કરવારૂપ. (૩) ચાર પ્રકારે માલ્ય-પુષ્પની રચના કહેલ છે, તે આ પ્રમાણે—ગ્રંથિમ-સૂત્ર વડે ગૂંથેલ પુષ્પની માલાદિ, વેષ્ટિમ-પુષ્પના વીંટન વડે બનાવેલ, પૂરિમ-મુકુટાદિ પૂરવા વડે થયેલ અર્થાત્ જે પુષ્પો વડે પૂરાય છે તે અને સંઘાતિમ-જે પરસ્પર પુષ્પનાલના સંઘાત-મળવાથી બને છે તે. (૪) ચાર પ્રકારે અલંકાર કહેલ છે, તે આ પ્રમાણે—કેશ વડે કરીને પુરુષ શોભે છે તે કેશાલંકાર, એમ વસ્ત્રાલંકાર, માલ્યાલંકાર અને આભરણાલંકાર જાણવા. (૫) ચાર પ્રકારે અભિનય-ભાવને બતાવનાર ચેષ્ટાવિશેષ કહેલ છે, તે આ પ્રમાણે—દાર્ષ્ટાંતિક, પાંડુસુત, સામંતોવાચનીક અને લોકમધ્યાવસાન. (૬) ॥૩૭૪॥*

*સનત્કુમાર અને માહેંદ્રકલ્પને વિષે વિમાનો ચાર વર્ણવાળા કહેલા છે, તે આ પ્રમાણે—નીલા, રાતા, પીળા અને*

1. શ્રીરાયપસેણીસૂત્રના ૮૮ મા સૂત્રમાં "पाडिंतयं" એવો પાઠ મળે છે. આ ચારે પ્રકારના અભિનયોનું વિશેષ વર્ણન ટીકાકારે કર્યું નથી એટલે જિજ્ઞાસુએ નિષ્ણાત પાસેથી જાણવા પ્રયત્ન કરવો.

*ધોળા. મહાશુક્ર તથા સહસ્રાર નામના દેવલોકને વિષે દેવોના ભવધારણીય શરીરો ઉત્કૃષ્ટથી ચાર હાથની ઊંચાઈવાળા કહેલા છે. ॥૩૭૫॥*

(ટી૦) **'चत्तारि धम्मे'** त्यादि० ચારિત્રલક્ષણ ધર્મના ચાર દ્વારો-ઉપાયો કહેલા છે. ॥૩૭૨॥

ક્ષમા વગેરે ધર્મના દ્વારો છે એમ કહ્યું, હવે નારકત્વાદિના સાધનરૂપ આરંભાદિ કર્મના દ્વારો છે તે વિભાગથી **'चउहिं ठाणेहिं'** ઇત્યાદિ સૂત્રચતુષ્ટય વડે કહે છે. આ સૂત્ર સુગમ છે. વિશેષ એ કે—**'नेरइयत्ताए'** त्ति०—નૈરયિકપણા માટે અથવા નૈરયિકપણાએ કર્મ–આયુષ્કાદિ. **'नेरइयाउयत्ताए'** त्ति० આ પાઠાંતરને વિષે નૈરયિકાયુષ્કરૂપ કર્મદલિક (ને બાંધે છે). મહાન્ ઇચ્છાના પરિણામ વડે ન કરાયેલ મર્યાદાપણાએ પૃથિવી વગેરેના ઉપમર્દન લક્ષણરૂપ મોટો આરંભ છે જેને તે મહારંભ-ચક્રવર્તી પ્રમુખ, તેનો ભાવ તે મહારંભતા, તે મહારંભપણાએ નારકીનું આયુષ્કાદિ કર્મ બાંધે છે. એવી રીતે મહાપરિગ્રહણપણાથી. વિશેષ એ કે–તે ચોતરફથી ગ્રહણ કરાય તે પરિગ્રહ–હિરણ્ય, સુવર્ણ, દ્વિપદ અને ચતુષ્પદાદિ. **'कुणिमं'**—માંસ, તે જ આહાર (ભોજન) વડે. (૧) **'माइल्लयाए'** त्ति० માયાવીપણાએ અને માયા એટલે મનની કુટિલતા, **'नियडिल्लयाए'** त्ति० નિકૃતિ એટલે અન્યને ઠગવા માટે શરીરની ચેષ્ટાનું અન્યથા કરણરૂપ અથવા અભ્યુપચારરૂપ, અને ખોટા ત્રાજવા (તોલા) તથા ખોટા માપ વડે જે વ્યવહાર તે કૂટતુલા–કૂટમાન કહેવાય છે, તેના વડે. (૨) પ્રકૃતિ–સ્વભાવ વડે ભદ્રકતા, બીજાને અનુતાપ ન કરનારી તે પ્રકૃતિભદ્રકતા વડે, સાનુક્રોશતા–દયાળુપણાથી, મત્સરિકતા–અન્યના ગુણોને નહિ સહન કરવારૂપ ઈર્ષ્યાના પ્રતિષેધરૂપ અમત્સરિકપણાએ (૩) સરાગસંયમ–કષાયયુક્ત ચારિત્ર વડે, કારણ કે [1]વીતરાગસંયમીઓને આયુષ્યના બંધનો અભાવ હોય છે. સંયમ અને અસંયમરૂપ બે સ્વભાવવાળો હોવાથી દેશસંયમ, બાલકોની જેમ બાલ–મિથ્યાદૃષ્ટિઓ, તેઓનું તપકર્મ–તપરૂપ ક્રિયા તે બાલતપઃકર્મ વડે, **'अकामेन'**—નિર્જરા પ્રત્યે અભિલાષા ન હોવાથી જે નિર્જરા કર્મને નિર્જરણ (ખરવાના) હેતુરૂપ ભૂખ વગેરેનું સહવું તે અકામ નિર્જરા, તેના વડે ૪. ॥૩૭૩॥

હમણાં જ દેવની ઉત્પત્તિનાં કારણો કહ્યા અને દેવો તો વાદ્ય, નાટ્ય વગેરેમાં રતિવાળા હોય છે. માટે વાદ્યાદિના ભેદોને કહેવા માટે છ સૂત્ર પૈકી પ્રથમ **'वज्जे'** त्ति०

**ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकम् । घनं तु कांस्यतालादि वंशादि शुषिरं मतम् ॥२५९॥**

વાદ્ય, વીણાદિ તે તત જાણવું, પટહ–ઢોલ પ્રમુખ વિતત, કાંસ્યતાલાદિ ઘન અને વાંસલી પ્રમુખ શુષિર માનેલ છે. (૨૫૯)

નાટ્ય, ગેય અને અભિનય વિષયક સૂત્રોનું વર્ણન સંપ્રદાયના અભાવથી કરેલ નથી. માલાને વિષે સુંદર તે માલ્ય, પુષ્પ–તેની રચના પણ માલ્ય, ગ્રંથ–સંદર્ભ, સૂત્રથી ગુંથવા વડે બનાવેલું તે ગ્રંથિમમાલાદિ, વેષ્ટન–વીંટવું, તેના વડે બનાવેલું તે વેષ્ટિમ–મુકુટ વગેરે. પૂર–પૂરવા વડે બનાવેલું તે પુરિમ, માટીમય અનેક છિદ્રવાળું અથવા વાંસની શળીઓ વગેરેનું પિંજરું અર્થાત્ જે પુષ્પો વડે પૂરાય છે તે પૂરિમ, સંઘાત–એકત્રિત કરવા વડે બનાવેલ તે સંઘાતિમ, જે પરસ્પરથી પુષ્પનાલ વગેરેના જોડાણ વડે ઉત્પન્ન કરાય છે તે. જેના વડે શોભા કરાય તે અલંકાર. કેશો એ જ અલંકાર તે કેશાલંકાર, એવી રીતે વસ્ત્રાલંકાર વગેરે જાણવું. ॥૩૭૪॥

દેવના અધિકારવાળા બે સૂત્રો સુગમ છે. વિશેષ એ કે–સનત્કુમાર અને માહેંદ્ર કલ્પને વિષે ચાર વર્ણવાળા વિમાનો છે. અન્ય કલ્પોને વિષે તે જુદી રીતે છે. કહ્યું છે કે—

**सोहम्मे पंचवन्ना, एक्कगहाणी उ जा सहस्सारो । दो दो तुल्ला कप्पा, तेण परं पुंडरीयाओ ॥२६०॥**

**[बृहत्सं० १३२ त्ति]**

1. આયુષ્યના બંધનો પ્રારંભ છટ્ઠા ગુણઠાણા સુધી હોય છે, છટ્ઠે બાંધતો સાતમે ગુણઠાણે આયુષ્યના બંધને પૂર્ણ કરે પરંતુ સાતમે પ્રારંભ કરે નહિ. તદુપરાંત ગુણઠાણે સરાગી હોવા છતાં પણ વિશુદ્ધ પરિણામ હોવાથી આયુષ્યને બાંધે નહિ.

સૌધર્મ અને ઈશાન એ બે દેવલોકમાં પાંચ વર્ણવાળા વિમાનો છે, ત્રીજા અને ચોથામાં કૃષ્ણવર્ણ સિવાયના ચાર, પાંચમા અને છઠ્ઠામાં નીલવર્ણ સિવાય ત્રણ, સાતમા અને આઠમામાં રાતા વર્ણ સિવાય પીત અને શ્વેત એ બે વર્ણ અને નવમાથી માંડીને છેક સર્વાર્થસિદ્ધ પર્યંતના વિમાનોમાં એક શ્વેતવર્ણ છે. (૨૬૦)

તે ભવમાં ધારણ કરાય અથવા તે ભવ પ્રત્યે ધારણ કરાય તે ભવધારણીય અર્થાત્ જે જન્મથી મરણ પર્યંત રહે. બીડેલ મુષ્ટિ તે રત્નિ, અને તે જ ખુલ્લી આંગળીવાળી મુષ્ટિ તે અરત્નિ, એવું વચન હોવા છતાં પણ 'રત્નિ' શબ્દ વડે અહિં સામાન્યથી હાથ કહેવાય છે. શુક્ર અને સહસ્રાર કલ્પને વિષે ચાર હાથના પ્રમાણવાળા દેવો છે. બીજા દેવલોકને વિષે તો જુદી રીતે છે. કહ્યું છે કે—

**भवण १० वण ८ जोइस ५ सोहम्मीसाणे सत्त होंति रयणीओ ।**

**एक्केक्कहाणि सेसे, दु दुगे य दुगे चउक्के य ॥२६१॥**

**गेविज्जेसुं दोन्नी, एक्का रयणी अणुत्तरेसु । २६२ ।**   **[बृहत्सं० १४३- ४४ त्ति]**

દશ ભવનપતિ, આઠ વાનવ્યંતર, પાંચ જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઈશાનકલ્પને વિષે દેવોનું સાત હાથનું શરીર હોય છે. ત્રીજા ચોથામાં છ, પાંચમાં છઠ્ઠામાં પાંચ, સાતમા આઠમામાં ચાર, નવમાથી બારમા સુધીમાં ત્રણ, નવ ગ્રૈવેયેકમાં બે અને પાંચ અનુત્તર વિમાનોમાં દેવોનું એક હાથનું શરીર હોય છે. (૨૬૧-૨૬૨) ભવધારણીય શરીરો આ પ્રમાણે છે.

ઉત્તરવૈક્રિય શરીરો તો ઉત્કૃષ્ટથી એક લક્ષ યોજન પણ સંભવે છે. જઘન્યથી તો ભવધારણીય શરીરો ઉત્પત્તિકાલમાં અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણવાળા હોય છે અને ઉત્તરવૈક્રિયો તો અંગુલના સંખ્યેયભાગ પ્રમાણવાળા હોય છે. ॥૩૭૫॥

અનંતર દેવ સંબંધી વક્તવ્યતા કહી અને દેવો અપ્કાયપણાએ પણ ઉત્પન્ન થાય છે માટે ઉદક સંબંધી ગર્ભનું પ્રતિપાદન કરવા માટે 'चत्तारि' इत्यादि० બે સૂત્ર કહે છે—

**चत्तारि दग[उदक]गब्भा पन्नत्ता, तंजहा—उस्सा, महिया, सीता, उसिणा । चत्तारि उदगगब्भा पन्नत्ता, तंजहा- हेमगा, अब्भसंथडा, सीतोसिणा, पंचरूविता,-**

**माहे उ हेमगा गब्भा, फग्गुणे अब्भसंथडा । सीतोसिणा उ चेत्ते, वतिसाहे पंचरूविता ॥१॥ ॥ सू० ३७६॥**

**चत्तारि माणुस्सीगब्भा पन्नत्ता, तंजहा—इत्थित्ताते, पुरिसत्ताते, णपुंसगत्ताते, बिंबत्ताते-**

**अप्पं सुक्कं बहुं ओयं, इत्थी तत्थ पजातति । अप्पं ओयं बहुं सुक्कं, पुरिसो तत्थ [प]जातति ॥१॥ दोण्हं पि रत्तसुक्काणं, तुल्लभावे णपुंसगो । इत्थीओयसमाओगे, बिंबं तत्थ पजायति ॥२॥ ॥ सू० ३७७॥**

*(મૂ૦) ઉદકના ચાર ગર્ભો–કાળાંતરે જલ વરસવાના હેતુઓ કહેલા છે, તે આ પ્રમાણે—અવશ્યા–ઝાકળ, મહિકા–ધૂમસ, શીતા–અત્યંત ટાઢ અને ઉષ્ણા–ગરમી. ઉદકના ચાર ગર્ભો કહેલા છે, તે આ પ્રમાણે—હિમ–બરફનું પડવું, અભ્રસંસ્થિતા–વાદળાંઓ વડે આકાશનું આચ્છાદન થવું, શીતોષ્ણ–અત્યંત ઠંડી અને ગરમી તેમજ ગાજ, વીજ, જલ, વાયુ તથા વાદળાં–આ પાંચ લક્ષણના મિલનરૂપ પંચરૂપિકા. માહ માસમાં હિમવાળા ગર્ભો, ફાલ્ગુન માસમાં અભ્રસંસ્થિતા લક્ષણ ગર્ભો, ચૈત્ર માસમાં શીતોષ્ણા અને વૈશાખ માસમાં પંચરૂપી ગર્ભો હોય છે. ॥૩૭૬॥*

*ચાર પ્રકારે મનુષ્યણીના ગર્ભો કહેલા છે, તે આ પ્રમાણે—સ્ત્રીપણાએ, પુરુષપણાએ, નપુંસકપણાએ અને બિંબ–ગર્ભાશયમાં ગર્ભની આકૃતિરૂપ રૂધિરનો બંધ–પિંડપણાએ. જ્યાં અલ્પ વીર્ય અને વિશેષ રુધિર હોય છે ત્યાં સ્ત્રીપણે ગર્ભ ઉત્પન્ન થાય છે, જ્યાં અલ્પ ઓજ–રુધિર અને બહુ વીર્ય હોય છે ત્યાં પુરુષપણે ગર્ભ ઉત્પન્ન થાય છે ॥૧॥ રુધિર અને વીર્ય, એ બન્નેનો સમાનભાવ જ્યાં હોય ત્યાં નપુંસકપણે ગર્ભ ઉત્પન્ન થાય છે અને વાયુના વશથી જ્યાં સ્ત્રીનું રક્ત સ્થિર થઈ જાય છે ત્યાં ગર્ભાશયમાં બિંબરૂપે ગર્ભ ઉત્પન્ન થાય છે ॥૨॥ ॥૩૭૭॥*

(ટી૦) 'दगगब्भ' त्ति० દક-ઉદકના ગર્ભોની જેમ ગર્ભો તે ઉદકગર્ભો અર્થાત્ કાળાંતરને વિષે જલ વર્ષવાના હેતુઓ. વર્ષાદને સૂચન કરનારા એવું તાત્પર્ય છે. અવશ્યાય-ઠારનું પાણી, મહિકા-ધૂમસ, અત્યંત ઠંડી અને ગરમી. જે દિવસે એ ઉદકના ગર્ભો ઉત્પન્ન થાય છે ત્યારથી ઉત્કૃષ્ટતઃ નાશ ન થયા થકા છ મહિને ઉદકને વરસાવે છે. બીજાઓએ વળી એવી રીતે કહ્યું છે કે- "૧. પવન, ૨. વાદળા, ૩. વૃષ્ટિ, ૪. વીજળી, ૫. ગર્જારવ, ૬. શીત, ૭. ગરમી, ૮. કિરણ, ૯. પરિષેવ (કુંડાળું) અને ૧૦. જળમત્સ્ય-એ દશ પ્રકાર જળને ઉત્પન્ન કરવાના હેતુઓ કહેલા છે. તથા-"શીત, પવનો, બિંદુ, ગર્જારવ અને કુંડાળું-આ લક્ષણોને ગર્ભોને વિષે સારી રીતે જોનારા નિર્ગ્રંથો શ્રેષ્ઠ કહે છે." તથા સાતમે[1] સાતમે માસે અથવા સાતમે સાતમે દિવસે ગર્ભો પરિપક્વ થાય છે, જેવા ગર્ભો તેવું ફળ સમજવું. હિમ-બરફ, તે જ હિમક, તેના ગર્ભો તે હૈમકા અર્થાત્ હિમના પડવારૂપ, 'अब्भसंथडा'—અભ્રસંસ્થિતો-વાદળાઓ વડે આકાશના આચ્છાદનો, આત્યંતિક શીતોષ્ણ અને ગર્જવું, વિદ્યુત્, જળ, વાયુ અને વાદળાંરૂપ પાંચ લક્ષણોનું એકત્રિત થવું તે પંચરૂપ, તે છે જેઓને તે પંચરૂપિકા-પાંચ રૂપવાળા ઉદકગર્ભો. અહિં મતાંતર આ પ્રમાણે છે-"માગશર અને પૌષ માસમાં સંધ્યારાગ અને પરિવેષ (કુંડાળું) સહિત વાદળાં, માગશર માસમાં અત્યંત ટાઢ નહિં અને પૌષ માસમાં અતિ ટાઢ અને હિમનું પડવું. (૧) માહ માસમાં પ્રબલ વાયુ, તુષાર-બરફના કણીઆ વડે કલુષ (ઝાંખી) કાંતિવાળા સૂર્ય અને ચંદ્ર, અને અતિશય શીત તથા વાદળાં સહિત સૂર્યનો અસ્ત તથા ઉદય શ્રેષ્ઠ છે. (૨) ફાલ્ગુન માસમાં રૂક્ષ (લૂ) અને આકરો પવન, સ્નિગ્ધ અને સજલ વાદળાઓ, અસંપૂર્ણ કુંડાળાઓ તથા કપિલ અને તામ્રવર્ણવાળો રવિ શુભ છે. (૩) ચૈત્ર માસમાં પવન, વાદળા વૃષ્ટિયુક્ત તથા કુંડાળાઓ સહિત ગર્ભો શુભ છે અને વૈશાખ માસમાં વાદળા, પવન, પાણી, વીજળી અને ગર્જના વડે ગર્ભો હિતને માટે થાય છે. (૪)" માસના ભેદ વડે સૂત્રકાર ગર્ભોને જ બતાવે છે 'माहे' इत्यादि (મૂળમાંનો) શ્લોક૦ ॥૩૭૬॥

ગર્ભના અધિકારથી નારી સંબંધી ગર્ભસૂત્ર કહેલ છે તે સ્પષ્ટ છે. માત્ર 'इत्थित्ताए' त्ति० સ્ત્રીપણાએ 'बिम्बम्'—ગર્ભનું પ્રતિબિંબ અર્થાત્ ગર્ભની આકૃતિરૂપ આર્તવ-રુધિરનો પરિણામ; પરંતુ ગર્ભસ્વરૂપ નહિં જ. કહ્યું છે કે—

**अवस्थितं लोहितमङ्गनाया वातेन गर्भं ब्रुवतेऽनभिज्ञाः ।**

**गर्भाकृतित्वात् कटुकोष्णतीक्ष्णैः श्रुते ते पुनः केवल एव रक्ते ॥२६३॥ गर्भं जडा भूतहृतं वदन्ती [ ] त्यादि**

વાયુ વડે અવસ્થિત (સ્થિર) થયેલ સ્ત્રીના રક્તને અજાણ લોકો ગર્ભ કહે છે કેમ કે ગર્ભાકૃતિ જણાય છે. વળી કટુક, તીક્ષ્ણ અને ઉષ્ણ ખોરાક વડે કેવલ રક્તમાં જ પરિણામ થાય છે એમ પણ શ્રુતમાં કહેલ છે. (૨૬૩)

જડ પુરુષો ભૂત વડે હરણ કરાયેલ ગર્ભને કહે છે ઇત્યાદિ. ગર્ભનું વિચિત્રપણું કારણના ભેદથી છે તે બે શ્લોક વડે કહે છે 'अप्प' मित्यादि० શુક્ર-પુરુષ સંબંધી વીર્ય, ઓજ-આર્ત્તવ એટલે ગર્ભાશયમાં સ્ત્રી સંબંધી રક્ત. તથા સ્ત્રીના ઓજ વડે સમાયોગ-વાયુના વશથી તેનું સ્થિર થવું. ઉક્ત લક્ષણ સ્ત્રીના ઓજનો સમાયોગ થયે છતે ગર્ભાશયમાં બિંબ ઉત્પન્ન થાય છે. બીજાઓએ પણ આ વિષયમાં કહ્યું છે કે—

**अत एव च शुक्रस्य, बाहुल्याज्जायते पुमान् । रक्तस्य स्त्री तयोः साम्ये, क्लिबः शुक्रार्त्तवे पुनः ॥२६४॥**

**वायुना बहुशो भिन्ने, यथास्वं बह्वपत्यता। वियोनिविकृताकारा, जायन्ते विकृतैर्मलैः ॥२६५॥**

આ હેતુથી જ શુક્રના બાહુલ્યથી પુરુષ થાય છે, રક્તની બહુલતાથી સ્ત્રી થાય છે. વળી શુક્ર અને રક્તની સમાનતાથી નપુંસક થાય છે. (૨૬૪) વાયુ વડે શુક્ર અને શોણિત અત્યંત ભિન્ન થયે છતે યથાયોગ્ય બહુ સંતતિ થાય છે. વિકૃતિ પામેલ મળો વડે વિયોનિ-ગર્ભોત્પત્તિને અયોગ્ય અને વિકૃત આકારવાળા ગર્ભાશયો થાય છે. (૨૬૫) ॥૩૭૭॥

ગર્ભ પ્રાણીઓનો જન્મવિશેષ છે, તે ઉત્પાદ કહેવાય છે, અને ઉત્પાદ, ઉત્પાદ નામના પૂર્વને વિષે વિસ્તારપૂર્વક કહેવામ

1. સાતમે માસે પરિપક્વ થનારા ગર્ભો ઉત્કૃષ્ટથી જાણવા, તે સારી વૃષ્ટિ કરે છે અને સાતમે દિવસે પરિપક્વ થનારા ગર્ભો અલ્પ વૃષ્ટિ કરે છે.

છે માટે તેના સ્વરૂપનું વિશેષ પ્રતિપાદન કરવા માટે કહે છે—

**उप्पायपुव्वस्स णं चत्तारि मूलवत्थू पन्नत्ता ।। सू० ३७८।।**

**चउव्विहे कव्वे पन्नत्ते, तंजहा—गज्जे, पज्जे, कत्थे, गेये ।। सू० ३७९।।**

**णेरतिताणं चत्तारि समुग्घाता पन्नत्ता, तंजहा—वेयणासमुग्घाते, कसायसमुग्घाते, मारणंतियसमुग्घाते वेउव्वियसमुग्घाते। एवं वाउक्काइयाण वि ।। सू० ३८०।।**

**अरहतो णं अरिट्ठनेमिस्स चत्तारि सया चोद्दसपुव्वीणमजिणाणं जिणसंकासाणं सव्वक्खरसन्निवाईणं जिणो इव अवितथं वागरमाणाणं उक्कोसिता चउद्दसपुव्विसंपया होत्था ।। सू० ३८१।।**

**समणस्स णं भगवओ महावीरस्स चत्तारि सया वादीणं सदेवमणुयासुराते परिसाते अपराजिताणं उक्कोसिता वातिसंपया होत्था ।। सू० ३८२।।**

**हेट्ठिल्ला चत्तारि कप्पा अद्धचंदसंठाणसंठिया पन्नत्ता, तंजहा—सोहम्मे, ईसाणे, सणंकुमारे, माहिंदे । मज्झिल्ला चत्तारि कप्पा पडिपुन्नचंदसंठाणसंठिता पन्नत्ता, तंजहा—बंभलोगे, लंतते, महासुक्के, सहस्सारे । उवरिल्ला चत्तारि कप्पा अद्धचंदसंठाणसंठिता पन्नत्ता, तंजहा-आणते, पाणते, आरणे, अच्चुत्ते ।। सू० ३८३।।**

**चत्तारि समुद्दा पत्तेयरसा पन्नत्ता, तंजहा—लवणोदे, वरुणोदे, खीरोदे, घतोदे ।। सू० ३८४।।**

**चत्तारि आवत्ता पन्नत्ता, तंजहा—खरावत्ते, उन्नतावत्ते, गूढावत्ते, आमिसावत्ते । एवामेव चत्तारि कसाया पन्नत्ता, तंजहा—खरावत्तसमाणे कोधे, उन्नत्तावत्तसमाणे माणे, गूढावत्तसमाणा माया, आमिसावत्तसमाणे लोभे । खरावत्तसमाणं कोहं अणुपविट्ठे जीवे कालं करेति णेरइएसु उववज्जति, उन्नत्तावत्तसमाणं माणं एवं चेव, गूढावत्तसमाणं मातमेवं चेव, आभिसावत्तसमाणं लोभमणुपविट्ठे जीवे कालं करेति नेरइएसु उववज्जति ।। सू० ३८५।।**

*(મૂ૦) ઉત્પાદ નામના પ્રથમ પૂર્વની ચાર ચૂલિકાની જેમ ચૂલિકા વસ્તુઓ કહેલી છે. ॥૩૭૮॥*

*ચાર પ્રકારે કાવ્ય (ગ્રંથ) કહેલ છે, તે આ પ્રમાણે—ગદ્ય-છંદ રહિત, શસ્ત્રપરિજ્ઞાઅધ્યયનવત્, પદ્ય-છંદબદ્ધ, વિમુક્તિઅધ્યયનવત્, કથ્ય-કથામાં સારું અને ગેય-ગાવા યોગ્ય. ॥૩૭૯॥*

*નૈરયિકોને ચાર સમુદ્ઘાત કહેલ છે, તે આ પ્રમાણે—વેદના વડે સમુદ્ઘાત, કષાય વડે સમુદ્ઘાત, મરણના અંતમાં થનારો મારણાંતિક સમુદ્ઘાત અને ઉત્તરવૈક્રિય કરવાને માટે થતો વૈક્રિયસમુદ્ઘાત. એવી રીતે વાયુકાયિકોને પણ ચાર સમુદ્ઘાત છે. ॥૩૮૦॥*

*અરિહંત અરિષ્ટનેમિને જિન નહિં પણ જિન સરખા, સર્વ અક્ષરના સન્નિપાતી-સંયોગના જાણ, જિનની જેમ સત્ય વચનના કહેવાવાળા એવા ચાર સો ચૌદપૂર્વી મુનિઓની ઉત્કૃષ્ટી ચૌદપૂર્વી સંપદા હતી. ॥૩૮૧॥*

*શ્રમણભગવાન્ મહાવીરસ્વામીને દેવ, મનુષ્ય અને અસુરો સહિત પરિષદને વિષે કોઈથી પરાજય નહિ પામનારા એવા ચાર સો વાદી મુનિઓની ઉત્કૃષ્ટી વાદીસંપદા હતી. ॥૩૮૨॥*

*નીચેના ચાર કલ્પો અર્દ્ધચંદ્રાકારે સંસ્થિત કહેલા છે, તે આ પ્રમાણે—સૌધર્મ, ઈશાન, સનત્કુમાર અને માહેંદ્ર. વચલા ચાર કલ્પો પરિપૂર્ણ ચંદ્રાકારે સંસ્થિત કહેલા છે, તે આ પ્રમાણે—બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર અને સહસ્રાર. ઉપરના ચાર કલ્પો અર્દ્ધચંદ્રાકારે સંસ્થિત કહેલા છે, તે આ પ્રમાણે—આનત, પ્રાણત, આરણ અને અચ્યુત. ॥૩૮૩॥*

*ચાર સમુદ્રો ભિન્ન ભિન્ન રસવાળા કહેલા છે, તે આ પ્રમાણે—૧. લવણોદ-મીઠાના જેવા પાણીવાળો, વારુણોદ-*

*દારુના જેવા પાણીવાળો ક્ષીરોદ-દૂધના જેવા પાણીવાળો અને ઘૃતોદ-ઘૃતના જેવા પાણીવાળો છે. ।।૩૮૪।।*

*ચાર આવર્ત્ત-ભ્રમણ કહેલા છે, તે આ પ્રમાણે—સમુદ્રમાં ચક્રની જેમ પાણીનું ભમવું તે ખરાવર્ત્ત, પર્વતના શિખર પર ચડવાના માર્ગરૂપ આવર્ત્ત તે ઉન્નતાવર્ત્ત, દડાને ગુંથેલ દોરીની જેમ આવર્ત્ત તે ગૂઢાવર્ત્ત અને માંસાદિ માટે પક્ષીઓનું જે ભ્રમણ તે આમિષાવર્ત્ત. આ દૃષ્ટાંતે ચાર કષાયો કહેલા છે, તે આ પ્રમાણે—ખરાવર્ત્ત સમાન ક્રોધ, ઉન્નતાવર્ત્ત સમાન માન, ગૂઢાવર્ત્ત સમાન માયા અને આમિષાવર્ત્ત સમાન લોભ છે. ખરાવર્ત્ત સમાન ક્રોધને પ્રાપ્ત થયેલ જીવ-ક્રોધના ઉદયવાળો જીવ કાળ કરે છતે નૈરયિકોને વિષે ઉત્પન્ન થાય છે, ઉન્નતાવર્ત્ત સમાન માનના ઉદયમાં, ગૂઢાવર્ત્ત સમાન માયાના ઉદયમાં અને આમિષાવર્ત્ત સમાન લોભના ઉદયવાળો જીવ કાળ કરે છતે નૈરયિકોને વિષે ઉત્પન્ન થાય છે. ।।૩૮૫।।*

(ટી૦) **'उप्पाये'** त्यादि० સૂત્ર સરળ છે. વિશેષ એ કે-ચૌદ પૂર્વોમાં પ્રથમ ઉત્પાદ નામનું પૂર્વ છે, તેની ચૂલા-આચારના અગ્રભાગોની જેમ તદ્રૂપ વસ્તુઓ અર્થાત્ બોધવિશેષો અધ્યયનની માફક ચૂલાવસ્તુઓ છે. ।।૩૭૮।।

ઉત્પાદ પૂર્વ કાવ્ય છે માટે કાવ્યસૂત્ર કહેલ છે, તે સુગમ છે. વિશેષ એ કે-કાવ્ય એટલે ગ્રંથ. ૧. ગદ્ય-છંદમાં નહિ બંધાયેલ-શસ્ત્રપરિજ્ઞા અધ્યયનની જેમ, ૨. પદ્ય-છંદમાં બંધાયેલ-વિમુક્તિ અધ્યયનની જેમ, ૩. કથામાં સારું (બોધદાયક) તે કથ્ય-જ્ઞાતાઅધ્યયનની જેમ અને ૪. ગેય-ગાવા યોગ્ય. અહિં ગદ્ય અને પદ્યમાં અંતર્ભાવ હોતે છતે પણ કથ્ય અને ગેયના, કથા અને ગાનધર્મના વિશિષ્ટપણાથી વિશેષ વિવક્ષા કરેલ છે. ।।૩૭૯।।

અનંતર ગેય કહ્યું, તે ભાષાસ્વભાવ હોવાથી દંડ અને મંથનાદિના ક્રમ વડે લોકના એક દેશ-વિભાગને પૂરે છે અને સમુદ્ઘાત પણ એ પ્રમાણે જ છે. આ સાધર્મ્યથી સમુદ્ઘાતના બે સૂત્રો કહે છે, તે સુગમ છે. વિશેષ એ કે-**'सम्' 'उत्' 'हननम्'** અર્થાત્ એકી ભાવ વડે, પ્રાબલ્યતાથી (કર્મ પુદ્ગલોનો) ઘાત તે સમુદ્ઘાત એટલે કે શરીરથી જીવના પ્રદેશોનું બહાર પ્રક્ષેપકાઢવું, વેદના વડે સમુદ્ઘાત, કષાય વડે સમુદ્ઘાત, મરણ જ અંત તે મરણાંત, તેમાં થનારો તે મારણાંતિક સમુદ્ઘાત. એવી રીતે અહિં [1]સમાસો કરવા. ।।૩૮૦।।

વૈક્રિયસમુદ્ઘાત લબ્ધિરૂપ કહેલ છે માટે લબ્ધિના પ્રસ્તાવથી વિશિષ્ટ શ્રુતલબ્ધિમાનોને કહેવા માટે **'अरहओ'** ઇત્યાદિ બે સૂત્રો કહેલ છે, જે સુગમ છે. વિશેષ એ કે-સર્વજ્ઞ નહિં હોવાથી અજિન, અવિરોધી વચન હોવાથી અને પૂછેલ પ્રશ્નને યથાતથ્ય કહેનાર હોવાથી જિન સદૃશ, અકારાદિ બધાય અક્ષરોના સન્નિપાતો-દ્વયાદિ સંયોગો, અભિધેય-કહેવા યોગ્ય ભાવોના અનંતપણાથી અનંતા પણ અક્ષરના સંયોગો વિદ્યમાન છે જેઓને તે સર્વાક્ષરસન્નિપાતીઓ, એઓનું જિન સમાનપણું હોવાનું કારણ કહે છે—**'जिणो विव'** इत्यादि० **'उक्कोसिय'**—ક્યારે પણ ઉક્ત સંખ્યાથી અધિક [2]ચૌદપૂર્વીઓ (એમના) થયા ન હતા. ।।૩૮૧-૩૮૨।।[3] તે મુનિઓ [4]પ્રાયઃ દેવલોકમાં ગયેલા છે માટે દેવલોક સંબંધી સૂત્રો છે તે સુગમ છે. વિશેષ એ કે—**'अद्धचंदसंठाणसंठिए'** त्ति० પૂર્વાપરથી મધ્યમાં સીમા (હદ) ના સદ્ભાવથી. ।।૩૮૩।।

દેવલોકો ક્ષેત્ર છે માટે ક્ષેત્રના પ્રસ્તાવથી સમુદ્ર સૂત્ર કહેલ છે તે સુગમ છે. વિશેષ એ કે-એક-એક પ્રત્યે ભિન્ન છે રસ જેઓના તે પ્રત્યેક રસો-જુદા રસવાળા. લવણના રસનું ઉદક હોવાથી લવણ, પાઠાંતરમાં તો લવણ માફક ઉદક છે જેમાં તે લવણોદ, (આ શબ્દ નિપાતથી સિદ્ધ થયેલ છે.) આ પ્રથમ સમુદ્ર. વારુણી એટલે સુરા, તેની સમાન તે વારુણ, સુરા સમાન ઉદક છે જેમાં તે વારુણોદ-આ ચતુર્થ સમુદ્ર. દૂધ સમાન ઉદક છે જેમાં તે ક્ષીરોદ-પાંચમો સમુદ્ર અને ઘૃત જેવું ઉદક છે જેમાં તે ઘૃતોદ

1. વેદના વડે સમુદ્ઘાત તે વેદનાસમુદ્ઘાત, કષાય વડે સમુદ્ઘાત તે કષાયસમુદ્ઘાત, મરણના અંતમાં થનારો સમુદ્ઘાત તે મારણાંતિકસમુદ્ઘાત અને વૈક્રિય શરીર કરવા માટે સમુદ્ઘાત તે વૈક્રિયસમુદ્ઘાત.
2. નેમનાથ ભગવાનના એથી વધુ થયા ન હતા એમ સમજવું. શ્રી ઋષભાદિ તીર્થંકરોના તો ઘણા હતા.
3. સૂ૦ ૩૮૨ ની વ્યાખ્યા સુગમ હોવાથી ટીકાકારે કરી નથી. 4. પ્રાયઃ કહેવાનું કારણ એ કે કેટલાક મોક્ષમાં પણ ગયેલા છે.

છઠ્ઠો સમુદ્ર. કાલોદ સમુદ્ર, પુષ્કરોદ સમુદ્ર અને સ્વયંભૂરમણ સમુદ્ર ઉદક રસવાળા છે, શેષ સમુદ્રો ઇક્ષુરસવાળા છે. કહ્યું છે કે-

**वारुणिवरखीरवरो, घयवर लवणो य होंति पत्तेया । कालो पुक्खरउदही, सयंभुरमणो य उदगरसा ॥२६६॥**

**[बृहत्सं० ८८ इति]**

વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર અને લવણમાં પોતપોતાના નામ પ્રમાણે રસવાળું પાણી છે અને કાલોદધી, પુષ્કરવર અને સ્વયંભુરમણ આ ત્રણમાં પાણી જેવા રસવાળું જલ છે. (૨૬૬) ॥૩૮૪॥

અનંતર સમુદ્રો કહ્યા, તેઓને વિષે આવર્ત્તો (વમળ) હોય છે માટે દૃષ્ટાંતરૂપ આવર્ત્તોને અને દાર્ષ્ટાંતિકરૂપ કષાયોને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર બે સૂત્રને કહે છે જે સુગમ છે. વિશેષ એ કે-ખર-કઠણ અતિ વેગથી પાડનાર અથવા છેદનાર ભ્રમણ તે આવર્ત્ત, તે સમુદ્રાદિનો અથવા ચક્રવિશેષોનો ખરાવર્ત્ત, ઉન્નત-ઊંચો તદ્રૂપ આવર્ત્ત તે ઉન્નતાવર્ત્ત, તે પર્વતના શિખર ઉપર ચડવાના માર્ગનો અથવા ઊંચે ચડવારૂપ વાયુનો છે, ગૂઢ એવો આવર્ત્ત તે ગૂઢાવર્ત્ત, તે દડા સંબંધી દોરાનો અથવા લાકડાની ગાંઠ પ્રમુખનો હોય છે, આમિષ-માંસાદિ, તેને માટે શમળી વગેરેનો આવર્ત્ત તે આમિષાવર્ત્ત. ખરાવર્ત્તાદિની સમાનતા ક્રમશઃ ક્રોધાદિની સાથે કહે છે. બીજાને અપકાર કરવામાં કઠોર હોવાથી ક્રોધને, પાંદડા અને તૃણ વગેરે વસ્તુની જેમ મનને ઉન્નત (મોટાઈ) પણાને વિષે આરોપણ કરવાથી માનને, અત્યંત દુર્લક્ષ્ય હોવાથી માયાને અને સેંકડો અનર્થની પ્રાપ્તિ વડે વ્યાપ્તસ્થાનને વિષે પણ નીચે પડવાનું કારણ હોવાથી લોભને ઉપમાઓ ઘટે છે. આ ઉપમા ક્રમશઃ અતિશય ક્રોધાદિને છે. હવે તેઓનું ફલ કહે છે—'खरावत्ते' त्यादि० અશુભ પરિણામ અને અશુભ કર્મબંધના નિમિત્તપણાએ દુર્ગતિના નિમિત્તપણાથી કહેવાય છે. 'णेरइएसु उववज्जइ' त्ति० ॥૩૮૫॥

અનંતર નારકો કહ્યા તે વૈક્રિય વગેરેથી સમાન ધર્મવાળા દેવો છે માટે તેઓના વિશેષભૂત નક્ષત્ર દેવો સંબંધી ચાર સ્થાનક પ્રત્યે કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર 'अणुराहे' त्यादि० ત્રણ સૂત્રને કહે છે—

**अणुराधानक्खत्ते चउत्तारे पन्नत्ते—पुव्वासाढा एवं चेव उत्तरासाढा एवं चेव ॥ सू० ३८६॥**

**जीवा णं चउठाणनिव्वत्तिते पोग्गले पावकम्मत्ताते चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा-नेरतियनिव्वत्तिते तिरिक्खजोणितनिव्वत्तिते, मणुस्स निव्वत्तिए, देवनिव्वत्तिते, एवं उवचिणिंसु वा उवचिणति वा उवचिणिस्संति वा, एवं चिण उवचिण बंध उदीर वेत तह निज्जरा चेव ॥ सू० ३८७॥**

**चउपदेसिया खंधा अणंता पन्नत्ता—चउपदेसोगाढा पोग्गला अणंता [पन्नत्ता], चउसमयट्ठितीया पोग्गला अणंता [पन्नत्ता], चउगुणकालगा पोग्गला अणंता [पन्नत्ता], जाव चउगुणलुक्खा पोग्गला अणंता पन्नत्ता ॥ सू० ३८८॥**

**॥ चउत्थो उद्देसो समत्तो चउठाणं चउत्थमज्झयणं समत्तं ॥**

*(મૂ૦) અનુરાધા નક્ષત્રના ચાર તારા કહેલા છે. પૂર્વાષાઢા એ પ્રમાણે છે, ઉત્તરાષાઢા એ પ્રમાણે છે. ॥૩૮૬॥*

*જીવોએ ચાર સ્થાન વડે નિર્વર્ત્તિત-કર્મપરિણામને પમાડેલ પુદ્‍ગલોને પાપકર્મપણાએ ચય-એકત્રિત કરેલ છે, અર્થાત્ અલ્પ પ્રદેશવાળી પાપપ્રકૃતિઓને બહુ પ્રદેશવાળી કરેલ છે, કરે છે અને કરશે, તે આ પ્રમાણે—નૈરયિકપણાએ નિર્વર્ત્તિત, તિર્યંચયોનિકપણાએ નિર્વર્ત્તિત, મનુષ્યપણાએ નિર્વર્ત્તિત અને દેવપણાએ નિર્વર્ત્તિત. એવી રીતે ઉપચય-ફરીને ફરીને વૃદ્ધિ કરેલ છે, કરે છે અને કરશે. એ પ્રમાણે ચય, ઉપચય, બંધ-શિથિલબંધવાળા કર્મોને ગાઢ બંધવાળા [1]કરેલ છે, ઉદીરણ-ઉદયમાં આવેલ દલિકને વિષે ઉદયમાં નહિં આવેલ કર્મદલિકને વીર્ય વડે આકર્ષીને ભોગવેલ છે, વેદન-પ્રતિસમય સ્વવિપાક વડે અનુભવેલ છે તેમજ નિર્જરાઆત્મપ્રદેશથી દૂર કરેલ છે, કરે છે અને કરશે. ॥૩૮૭॥*

1. કરે છે અને કરશે એમ સર્વત્ર સમજવું.

*ચાર પ્રદેશવાળા સ્કંધો અનંતા કહેલા છે, ચાર આકાશપ્રદેશને અવગાહીને રહેલા પુદ્ગલો અનંતા કહેલા છે. ચાર ગુણવાળા કાળા પુદ્ગલો અનંતા કહેલા છે યાવત્ ચારગુણ લૂખા પુદ્ગલો અનંતા કહેલા છે. ॥૩૮૮॥*

(ટી૦) આ સૂત્ર સરળ છે. ॥૩૮૬॥

જીવોના દેવત્વાદિ ભેદ, કર્મપુદ્ગલના ચય વગેરેથી કરાયેલ છે માટે તેનું પ્રતિપાદન કરવા સારું 'जीवाणं' इत्यादि० છ સૂત્ર, જો કે પૂર્વે (આની) વ્યાખ્યા કરાયેલ છે તથાપિ કંઈક લખાય છે. 'जीवाणं' त्ति० 'णं' શબ્દ વાક્યના અલંકાર અર્થમાં છે. નિર્વર્ત્તિત-કર્મના પરિણામને પામેલા, તેવા પ્રકારના અશુભ પરિણામના વશથી બાંધેલા તે ચતુઃસ્થાનનિર્વર્ત્તિતો. તે પુદ્ગલોને કેવી રીતે બાંધેલા છે તે કહે છે-પાપકર્મતયા-અશુભસ્વરૂપ જ્ઞાનાવરણાદિપણાએ 'चिणिंसु' त्ति० તથાપ્રકારના અપર પુદ્ગલ વડે વૃદ્ધિ કરેલા-અલ્પ પ્રદેશવાળી પાપપ્રકૃતિઓને બહુપ્રદેશવાળી કરેલી. 'नेरइयनिव्वत्तिए' त्ति० નૈરયિકપણાએ વર્તતા સતાં જે નિર્વર્ત્તિતા તે નૈરયિકનિર્વર્ત્તિતા. એવી રીતે સર્વત્ર સમાસ કરવો. તથા 'एवं उवचिणिंसु' त्ति० ઉપચય અર્થાત્ પુનઃ પુનઃ વૃદ્ધિ કરેલ છે 'एव' मिति० ચયાદિના ન્યાય વડે બંધ વગેરેના સૂત્રો કહેવા. અહિં 'एवं बंधउदीरें' त्यादि ના વક્તવ્યમાં ચય, ઉપચયનું ગ્રહણ કરેલ છે તે સ્થાનાંતરમાં પ્રસિદ્ધ ગાથાના ઉત્તરાર્દ્ધની અનુવૃત્તિના વશથી જાણવું. તેમાં 'बंध' त्ति० 'बंधिसु ૩ શિથિલ બંધન વડે બાંધેલ કર્મોને ગાઢ બંધન વડે બંધવાળા કર્યા છે, કરે છે અને કરશે. 'उदीर' त्ति० 'उदीरिंसु' ૩ ઉદયમાં આવેલ દલિકને વિષે જે ઉદયમાં નહિ આવેલ કર્મદલિકોને કરણ (વીર્ય) વડે આકર્ષીને વેદેલ છે ૩. 'वेय' त्ति० वेदिंसु ૩ પ્રતિસમયે સ્વકીય રસવિપાક વડે અનુભવ કરેલ છે ૩, 'तह निज्जरा चेव' त्ति० निज्जरिंसु ૩ દરેક સમયે સમસ્તપણાએ બધાય કર્મોના રસોના નાશ વડે દૂર કરેલ છે, કરે છે અને કરશે. ॥૩૮૭॥

પુદ્ગલના અધિકારથી દ્રવ્યાદિ વડે પુદ્ગલોનું જ નિરૂપણ કરતા થકા સૂત્રકાર કહે છે—'चउप्पएसे' इत्यादि० સુગમ છે. ॥૩૮૮॥

***॥ ચતુર્થ સ્થાનકના ચોથા ઉદ્દેશાની ટીકાનો અનુવાદ સમાપ્ત ॥***

**।। स्थानाङ्गसूत्र–सानुवादस्य प्रथमो विभागः समाप्तः ।।**

- *અદત્તાદાનના પર્યાયવાચી નામો :*
  *(૧) ચોર (૨) પરહૃત (૩) અદત્ત (૪) ક્રુરિકૃત (શસ્ત્ર બનાવવું) (૫) પરલાભ (૬) અસંયમ (૭) પરધન ગૃદ્ધિ (૮) લોભિક (૯) તક્કરત્તણ (૧૦) અવહારો (દુષ્ટતાદિભાવ પૂર્વક હરણ કરવું) (૧૧) સહજલાઘવતા ચાલાકી (૧૨) પાપકર્મકરણ (૧૩) સ્તેન (૧૪) હરણ વિપ્પણાસો (પુણ્યાદિનો નાશ) (૧૫) આઈયણા આદાન (૧૬) પરધન લૂંપણ પચાવી પાડવું (૧૭) અવિશ્વાસ (૧૮) અવપીડ-ચોર સ્વ પર પીડક (૧૯) અવક્ષેપ-પદાર્થની પૂર્ણ કિંમત ઉપજવા ન દેવી (૨૦) ઉક્કખેવો ઉત્ક્ષેપ સમાજદ્રોહી (૨૧) વિક્ખેવો (વિક્ષેપ-ધન રક્ષણની ચિન્તા (૨૨) કૂટતા (૨૩) કુલમષી (૨૪) કાંક્ષા (૨૫) લાલપન પ્રાર્થના (ચોરની દેવ દેવી પાસે પ્રાર્થના) (૨૬) આસસણાય બસણં (આપત્તિ પર આપત્તિ) (૨૭) ઈચ્છા મુચ્છા (૨૮) તણ્હાગેહો તૃષ્ણાગૃદ્ધિ (૨૯) નિયડિક્કમ (છલકપટ વગેરે) (૩૦) અપરોક્ષ.*

# પરિશિષ્ટ


| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| अठणङ्घा दोन्नि सया, उणसत्तरि सहस्स पंच लक्खा य । | १२८ |
| अठणावन्न नवसए, किंचूणे परिहि तेसिमे नामा । | ३८० |
| अक्खस्स पोग्गलकया, जं दव्विंदिय-मणा परा तेण । | ७३ |
| अक्खो जीवो अत्थव्वावण-भोयणगुणण्णिओ जेण । | ७३ |
| अगुरुलहु पराघायं, उस्सासं आयवं च उज्जोयं । | २५ |
| अच्चत्थदुक्खिया जे, तिरिय-नरा नारग-त्ति तेऽभिमया। | ४३ |
| अच्चित्ता खलु जोणी, नेरइयाणं तहेव देवाणं । | १९३ |
| अज्झीणं दिज्जंतं, अव्वोच्छित्तिनयतो अलोगो व्व। | ८ |
| अट्ठ सया बायाला, एक्कारस सहस[स्स?] दो कलाओ य । | १०६ |
| अट्ठपएसो रुयगो, तिरियंलोयस्स मज्झयारंमि । | २१४ |
| अट्ठारस य सहस्सा, पंचेव सया हवंति सीयाला । | १२६ |
| अडइ बहुं वहइ भरं, सहइ छुहं पावमायरइ धट्ठो[धिट्ठो] । | ४४५ |
| अडवण्णसयं तेवीस, सहस्सा दो य लक्ख जीवाओ । | १२७ |
| अण्णोऽणन्नो (व्व) व गुणी होज्ज गुणेहिं?, जइ णाम सोऽणन्नो । | १७ |
| अणहिगया जा तीसु वि, सद्दो च्चिय केवलो असच्चमुसा। | ३०० |
| अणिगूहियबलविरिओ, परक्कमइ जो जहुत्तमाउत्तो । | १०१ |
| अणुबद्धविग्गहो च्चिय, संसत्ततवो निमित्तमाएसी । | ४६५ |
| अणुमाणहेउदिट्ठंतसाहिया वयविवागपरिणामा । | ४८० |
| अणुयोयणमणुओगो, सुयस्स नियएण जमभिधेएणं । | ५ |
| अणुलोम-हेउ-तस्सीलया य जे भावतित्थमेयं तुं । | ५० |
| अणुवेलंधरवासा, लवणे विदिसासु संठिया चउरो। | ३८३ |
| अणुसमयमसंखेज्जा, संखेज्जाऊय-तिरिय-मणुया य । | १६६ |
| अत एव च शुक्रस्य, बाहुल्याज्जायते पुमान् । | ४८८ |
| अतरंत-बाल-वुड्ढा, सेहाऽऽदेसा गुरू असहुवग्गो । | २२२ |
| अतवो न होइ जोगो, न य फलए इच्छियं फलं विज्जा । | २६९ |
| अत्तउवन्नासंमि य, तलयभेयंमि पिंगलो थवई । | ४३८ |
| अर्थस्य मूलं निकृतिः क्षमा च, धर्मस्य दानं च दया दमश्च । | २४४ |
| अर्थाख्यः पुरुषार्थोऽयं प्रधानः प्रतिभासते । | २५१ |
| अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे । | २५१ |
| अद्धुट्ठ अद्धपंचम, पलिओवम असुरजुयलदेवीणं । | ११४ |
| अद्धेण छिन्नसेसं, पुव्वद्धेणं तु संजुयं काउं । | २६४ |
| अधिकारीवशाच्छास्त्रे, धर्मसाधनसंस्थितिः । | १७४ |
| अन्यथाऽनुपपन्नत्वं हेतोर्लक्षणमीरितम्। | ४४० |
| अन्नतरमणिव्वत्तियकज्जं बीयंकुराण जं विहयं । | २४ |
| अन्नविणिउत्तमन्नं, विणिओगं लहइ जइ मणो तेणं । | ३३ |
| अन्नाणं सो बहिराइण्णं व, तक्कालमणुवलंभाओ । | ७५ |
| अन्नेवि य पायाला, खुड्डालिंजरगसंठिया लवणे । | ३८२ |
| अनन्तान्यनुबध्नन्ति यतो जन्मानि भूतये । | ३१८ |
| अनुरक्तः १ शुचि २ र्दक्षो ३ बुद्धिमान् ४ परिचारकः। | ४४९ |
| अनुवादादरवीप्साभृशार्थविनियोगहेत्वसूयासु । | १०६ |
| अप्पडिलेहियदूसे, तूलि उवहाणगं च नायव्वं । | ३९२ |
| अप्पाहन्नेऽवि इहं, कत्थइ दिट्ठो हु दव्वसद्दो त्ति । | ६४ |
| अप्पाहार १ अवड्ढा २, दुभाग ३ पत्ता ४ तहेव किंचूणा ५ । | २३९ |
| अप्पे वि पारमाणिं, अवराहे वयइ खामियं तं च । | २६९ |
| अप्पं बायर मउयं, बहुं च रुक्खं च सुक्किलं चेव । | १४० |
| अपरप्पेरियतिरियाऽनियमियदिग्गमणओऽनिलो गो व्व । | ४५ |
| अपरोक्षतयाऽर्थस्य, ग्राहकं ज्ञानमीदृशम्। | ४४१ |
| अपसत्थाण निरोहो, जोगाणमुदीरणं च कुसलाणं । | ३४३ |
| अब्भुट्ठाणे विणये, परक्कमे साहुसेवणाए य । | ३५ |
| अब्भितरियं वेलं, धरेंति लवणोदहिस्स नागाणं । | ३८३ |
| अभिलावो पुल्लिंगाभिहाणमेत्तं घडो व्व चिंधे उ । | १८० |
| अभिहाणं दव्वत्तं, तदत्थसुन्नत्तणं च तुल्लाइं । | १६४ |
| अमणुन्नाणं सद्दाइविसयवत्थूण दोसमइलस्स। | ३०८ |
| अय-एल-गावि महिसी, मिगाण अजिणं तु पंचमं होइ । | ३९३ |
| अरविवरसंठियाइं, चउरो लक्खाइं ताइं खेत्ताइं (दीर्घतया) । | १२६ |
| अरहंति वंदण-नमंसणाणि अरहंति पूयसक्कारं। | १८६ |
| अवस्थितं लोहितमङ्गनाया वातेन गर्भं ब्रुवतेऽनभिज्ञाः । | ४८८ |
| अवाउडं जं तु चउद्दिसिं पि, दिसामहो तिन्नि दुवे य एक्का । | २५३ |
| अवाप्तदृष्ट्यादिविशुद्धसम्पत्, परं समाचारमनुप्रभातम् । | ४७९ |
| अवि केवलमुप्पाडे, ण य लिंगं देइ अणइसेसी से । | २६६ |
| अवियारमत्थवंजणजोगंतरओ तयं बिइयसुक्कं। | ३१२ |
| अविवरियं सुत्तं पि व, सुट्ठिय-वावित्तओ सुवुत्तं१ ति। | ७९ |
| अविसेसिया मइ च्चिय, सम्माद्दिट्ठिस्स सा मइन्नाणं । | १४५ |
| अविसेसिया मइच्चिय, सम्मद्दिट्ठिस्स सा मइन्नाणं । | २४७ |
| असणं ओदण-सत्तुग-मुग्ग-जगाराइ खज्जगविही य । | १७२ |
| असदारंभपवत्ता, जं च गिही तेण तेसिं विन्नेया । | १७४ |
| असियसयं किरियाणं, अकिरियवाईण होइ चुलसीई । | ४५२ |
| असुरा नाग सुवण्णा, विज्जू अग्गी य दीव उदही य । | ४३ |
| अशुभ-शुभ कर्म्मपाकानुचिन्तनार्थो विपाकविचयः स्यात् । | ३१० |
| अह अन्नो तो एवं, गुणिणो न घडादयो वि पच्चक्खा । | १७ |
| अह खंतिमद्दवज्जवमुत्तीओ जिणमयप्पहाणाओ । | ३१४ |
| अह वंदिऊण देवे, जहाविहिं सेसए य गुरुमाई । | १५० |
| अह साहीरमाणं तु, वट्टंतो [परिवेषयन्नित्यर्थः] जो उ दायओ । | २३८ |
| अहवा अहपरिणामो, खेत्तणुभावेण जेण ओसन्नं । | २०४ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| अहवा जमत्थओ, थोव-पच्छभावेहिं सुयमणुं तस्स । | ५ |
| अहवा भज सेवाए, तस्स भयंतो त्ति सेवए जम्हा । | १९७ |
| अहवा भा भाजो वा, दित्तीए होइ तस्स भंतो त्ति । | १९७ |
| अहवा भंतोऽपेओ, जं मिच्छत्ताइबंधहेऊओ । | १९८ |
| अहवा वि वए एवं, उवएसं परस्स देंति एवं तु । | २७६ |
| अहवा सम्मद्दंसण-नाण-चरित्ताइं तिन्नि जस्सऽत्था । | ५० |
| अहुणा य समोयारो, जेण समोयारियं पइद्दारं । | ८ |
| अहो चौलुक्यपुत्रीणां साहसं जगतोऽधिकम् । | ३५० |
| अज्ञानिकवादिमतं नव जीवादीन् सदादिसप्तविधान् । | ४५४ |
| अंगोवंगतियंपिय, संघयणं वज्जरिसहनारायं । | २५ |
| अंजणगपव्वयाणं, सिहरतलेसुं हवंति पत्तेयं । | ३८९ |
| अंजणगाइगिरीणं, णाणामणिपज्जलंतसिहरेसु । | ३९० |
| अंतरदीवेसु नरा, धणुसयअट्ठूसिया सया मुइया । | ३८१ |
| अंतोमुहुत्तमित्तं, चित्तावत्थाणमेगवत्थुम्मि। | ३०७ |
| आ षोडशाद्भवेद् बालो यावत् क्षीरान्नवर्त्तकः । | २०६ |
| आउयमेत्तविसिद्धो, स एव जीवाण वत्तणादिमओ । | ३३१ |
| आगमउवएसेणं [उवएसाणा]१, निसग्गओ जं जिणप्पणीयाणं। | ३१० |
| आगमओऽणुवउत्तो, इयरो दव्वपुरिसो तिहा तइओ । | १८० |
| आगमओऽणुवउत्तो, मंगलसद्दाणुवासिओ वत्ता । | १६२ |
| आगारोऽभिप्पाओ, बुद्धी किरियाफलं च पाएणं । | १६४ |
| आगंतु गारत्थजणो जहिं तु, संठाइ जं वाऽऽगमणंमि तेसिं । | २५३ |
| आचेल १ क्कुद्देसिय, २ सिज्जायर ३ रायपिंड ४ किइकम्मे ५ । | २७३ |
| आचेलु १ क्कुद्देसिय २, सपडिक्कमणे य ३ रायपिंडे य ४ । | २७२ |
| आणागेज्झो अत्थो, आणाए चेव सो कहेयव्वो । | ३४ |
| आप्तवचनं प्रवचनमाज्ञा विचयस्तदर्थनिर्णयनम् । | ३१० |
| आप्तोपज्ञमनुल्लङ्घ्यमदृष्टेष्टविरोधकम् । | ४४२ |
| आय-परमोहुदीरणं, उड्डाहो सुत्तमाइपरिहाणी । | ३५० |
| आयपइट्ठिय १ खेत्तं, पडुच्च २ णंताणुबंधि ३ आभोगे ४ । | ३१९ |
| आयरिए सुत्तम्मि य, परिवाओ सुत्तअत्थपलिमंथो । | १२ |
| आयंसग मेंढमुहा, अओमुहा गोमुहा य चउरेते(रोय) । | ३८१ |
| आर्त्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः। | ३०८ |
| आरुहणे ओरुहणे, णिसियण गोणाइणं च गाउम्हा । | ८२ |
| आलयमेत्तं च मई, पुरं च तव्वासिणो तह वि सिद्धा । | ४४ |
| आलोयण १ पडिक्कमणे २, मीस ३ विवेगे ४ तहा विउस्सग्गे [विउसग्गे] ५। | ३२९ |
| आवलियासु विमाणा, वट्टा तंसा तहेव चउरंसा । | २३४ |
| आस्तिकमतमात्माद्या ९ नित्यानित्यात्मका नव पदार्थाः । | ४५४ |
| आसवदारावाए, तह संसारासुहाणुभावं च । | ३१५ |
| आसाढी इंदमहो, कत्तिय सुगिम्हए य बोद्धव्वो [व्वे] । | ३५७ |
| आसायण पडिसेवी, दुविहो पारंचिओ समासेणं । | २६४ |
| आसी दाढा तग्गयमहाविसाऽऽसीविसा दुविहभेया । | ४४६ |
| आह पहाणं नाणं, न चरित्तं नाणमेव वा सुद्धं । | ६५ |
| आहाकम्मामंतण, पडिसुणमाणे अइक्कमो होइ । | २५९ |
| आहाकम्मु १ देसिय २, पूइकम्मे य ३ मीसजाए ४ य । | २५७ |
| आहारउवहिसयणाइएहिं गच्छस्सुवग्गहं कुणइ । | ४०८ |
| आहारणं तद्देसे, चउहा अणुसट्ठि तह उवालंभो । | ४३६ |
| आहारमंतरेण वि, गेहीओ जाय ए सइंगालं । | ३५१ |
| आहार१सरीरिं२ दिय३पज्जत्ती-आणुपाणु४भास५मणे६ । | ८१ |
| आहारे उवही सेज्जा, संथारे खेत्तसंकमे । | २०९ |
| इगुयालीस सहस्सा, पंचेव सया हवंति उणसीया । | १३० |
| इच्छियठाणणे गुणं, पणसुन्नं चउरसीतिगुणितं च । | १३७ |
| इट्ठाणं विसयाईण, वेयणाए य रागरत्तस्स । | ३०८ |
| इहपर(इहरा उ)मोसावाओ, पवयणखिंसा य होइ लोयंमि । | २२५ |
| इहरह वि ताव थब्भइ, अविणीओ लंभिओ । | २६९ |
| इंगालए १ वियालए २, लोहियक्खे ३ सणिच्छरे ४ चेव । | १२२ |
| इंगियदेसंमि सयं, चउव्विहाहारचायनिप्फन्नं । | १५१ |
| इंद १ ग्गेयी २ जम्मा य ३, नेरई ४ वारुणी य ५ वायव्वा ६ । | २१४ |
| इंदग्गि १ धूमकेऊ २, हरि ३ पिंगलए ४ बुहे य ५ सुक्के य ६ । | १२२ |
| इंदिय ५ कसाय ४ अव्वय ५ किरिया २५ पण चउर पंच पणुवीसा । | २८ |
| ईरइ विसेसेण व, खिवइ कम्माईं गमयइ सिवं वा । | ५३ |
| उक्कोसं बहुसो वा, पदुट्ठचित्तो व तेणियं कुणइ । | २६६ |
| उग्गा भोगा रायन्न, खत्तिया संगहो भवे चउहा । | १८१ |
| उड्डाणासणदाणाई, जोगाहारप्पसंसणा । | २०९ |
| उट्ठाणं वंदणं चेव, गहणं दंडगस्स य । | २०९ |
| उड्ढं उवरिं जं ठिय, सुहखेत्तं खेत्तओ य दव्वगुणा । | २०४ |
| उत्तमकुलसंभूओ, उत्तमगुरुदिक्खिओ तुमं वच्छ! । | २५० |
| उत्ताणगपासल्ली, नेसज्जी वावि ठाण ठाइत्ता । | २४२ |
| उदयक्खयखओवसमोवसमा वि अ जं कम्मुणो भणिया । | ७४ |
| उदयस्सेव निरोहो, उदयप्पत्ताण वाऽफलीकरणं । | ३४३ |
| उद्धा(ब्भा)वणापहावण--खेत्तोवहिमग्गणासु अविसाई । | ३३१ |
| उद्धारसागराणं, अड्डाइज्जाण जत्तिया समया । | १४३ |
| उप्पाय १ अग्गेणीय २, वीरियं ३ अत्थिनत्थि उ पवायं ४ । | ३२७ |
| उप्पायठितिभंगाई पज्जयाणं जमेगदव्वंमि । | ३११ |
| उप्पायण संपायण, णिव्वत्तणमो य होंति एगट्ठा । | २५८ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| उप्पाये पयकोडी १, अग्गेणीयंमि छन्नउइलक्खा २ । | ३२७ |
| उब्भामिया य महिला, जावगहेऽम्मि उड्डलिंडाई। | ४४० |
| उम्मग्गदेसओ मग्गनासओ मग्गविप्पडीवत्ती । | ४६६ |
| उवओगदिट्ठसारा कम्मपसंगपरिघोलणविसाला । | ४८० |
| उववाय कुविहयगई, थावरदसगेण होंति चोत्तीसं । | २७ |
| उवरिं उदगं भणियं, पढमगबीएसु वाऊ संखुभिओ । | ३८२ |
| उववायाभावाओ, न पंचसमयाहवा न संता वि । | २८९ |
| उववूहिऊण सेसे, पडिबद्धे तम्मि तह विसेसेणं । | १५० |
| उवसज्जणमुवसग्गो, तेण तओ य उवसिज्जए जम्हा । | ४७६ |
| उवसामगसेढिगयस्स, होइ उवसामिअं तु सम्मत्तं । | ७१ |
| उवसंपन्नो जं कारणं तु तं कारणं अपूरिंतो । | २२६ |
| उवसंपया य तिविहा, णाणे तह दंसणे चरिते य । | २२६ |
| उस्सेहचउब्भागो, ओगाहो पायसो नगवराणं । | ११० |
| उसुयार जमगकंचण, चित्त-विचित्ता य वट्टवेयड्ढा । | १३२ |
| एएसु सुरवहूओ, वसंति पलिओवमट्ठितीयाओ । | ११४ |
| एएसिं दीवाणं, परओ चत्तारि जोयणसयाइं । | ३८१ |
| एक्कारसुत्तरं, हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए । | २८० |
| एक्कं चिय एत्थ वयं, निद्दिट्ठं जिणवरेहिं सव्वेहिं। | २९५ |
| एक्कं निच्चं निरवयवमक्कियं सव्वगं च सामन्नं । | ५६ |
| एकोऽहं न च मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् न तं। | ३११ |
| एगस्स कए नियजीवियस्स बहुयाओ जीवकोडीओ । | २५० |
| एगा पउणा कोडी, णाणपवायंमि होइ पुव्वम्मि ५ । | ३२७ |
| एगेण चेव तवओ, पूरिज्जति पूयएण जो ताओ । | ३३९ |
| एगो असंखभागो, वट्टइ उव्वट्टणोववायंमि । | १६६ |
| एगो भगवंवीरो, तेत्तीसाएँ सह निव्वुओ पासो । | ५४ |
| एगो व दो व तिन्नि व, संखमसंखा व एगसमएणं । | १६६ |
| एगं व दो व तिन्नि व, आउट्टंतस्स होइ पच्छित्तं । | २२४ |
| एगिंदिय देवाणं, णेरइयाणं च नत्थि पक्खेवो । | १४६ |
| एगिंदिय-नेरइया, संवुडजोणी हवंति देवा य । | १९४ |
| एत्थ कुलं विन्नेयं, एगायरियस्स संतई जा उ । | २७६ |
| एत्थं वेयावडियं, गुरुमाईणं महाणुभावाणं । | १५० |
| एतदिह भावयज्ञः सद्गृहिणो जन्मफलमिदं परमम्। | १७४ |
| एमेव अहोराई, छट्ठं भत्तं अपाणगं नवरं । | २४२ |
| एमेव एगराई, अट्ठमभत्तेण ठाण बाहिरओ । | २४२ |
| एमेव चउविगप्पो, होइ उवाओवि तत्थ दव्वम्मि । | ४३४ |
| एमेव य मज्झिमगा, अणहिज्जंते असद्दहंते य । | २०८ |
| एयस्स पभावेणं, पालिज्जंतस्स सइ पयत्तेणं । | १५० |
| एस अणाई जीवो, संसारो सागरो व्व दुत्तारो । | ३१४ |
| एसणगवेसणन्नेसणा य गहणं च होंति एगट्ठा । | २५८ |
| ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः । | ५३ |
| ओगाहिऊण लवणं, विक्खंभोगाहसरिसिया भणिया । | ३८१ |
| ओदइय उवसमिए य, खइए य तहा खओवसमिए य । | २०३ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| ओयाहारा जीवा, सव्वे अपज्जत्तगा मुणेयव्वा । | १४६ |
| ओराल १ विउव्वा २ तेय ३ कम्म ४ भासा ५ ऽऽणुपाणु ६ मणगेहिं ७ । | २५५ |
| ओसन्नोऽवि विहारे, कम्मं सिढिलेइ सुलहबोही य । | ४५१ |
| ओही खओवसमिए, भावे भणितो भवो तहोदइए । | ७४ |
| ओहो जं सामन्नं, सुयाभिहाणं चउव्विहं तं च । | ८ |
| ओहो १ भव्वाईहिं, विसेसिओ २ दंसणेहिं ३ पक्खेहिं ४ । | ४९ |
| कक्कोडय कद्दमए, कैलासऽरुणप्पभे य रायाणो । | ३८३ |
| कणुग(य) १ कुडणा[कुट्टणा] २ भिपयणाइ ३, गत्तसंलेसणादओ ४ नेया । | ४७७ |
| कत्थइ पुच्छइ सीसो, कहिंचऽपुट्ठा वयंति आयरिया । | २१७ |
| कत्थई देसग्गहणं, कत्थइ घेप्पंति निरवसेसाइं । | १११ |
| कप्पे सणंकुमारे, माहिंदे चेव बंभलोए य । | ४८ |
| कफो गुरु १ र्हिमः २ स्निग्धः ३ प्रक्लेदी ४ स्थिर ५ पिच्छिलः । | ४४८ |
| कब्बाल ओड्डमाई, हत्थमियं कम्म एत्तियधणेणं। | ३३५ |
| कम्मकओ संसारो, तन्नासे तस्स जुज्जए नासो । | २५ |
| कम्मप्पगरिसजणियं, ऽतदवस्सं पगरिसाणुभूइओ । | २८ |
| कम्मं कसं भवो वा, कसमाओ सिं जओ कसायातो । | ३१६ |
| कयउवयारो जो होइ सज्जणो होइ को गुणो तस्स? । | १८९ |
| करकरए १ रायग्गल २, बोद्धव्वे पुप्फ ३ भावकेऊ य ४ । (८८) | १२२ |
| कवलाण य परिमाणं, कुक्कुडिअंडगपमाणमेत्तं तु । | २३९ |
| कसिणं केवलकप्पं, लोगं जाणंति तह य पासंति । | २८४ |
| कह वा सव्वं खणियं विन्नायं?, जई मई सुयाओत्ति । | १९ |
| कहकहऽवि माणुसत्ताइ, पाविउं चरण पवररयणं च । | २५० |
| कंचणगजमगसुरकुरुनगा य वेयड्ढ वट्टदीहा य । | १२७ |
| कंदप्प १ देवकिब्बिस २, अभिओगा ३ आसुरा य ४ संमोहा ५ । | ४६५ |
| कंदप्पे कुक्कुइए, दवसीले यावि हासणकरे य । | ४६६ |
| काऊ नीला किण्हा, लेसाओ तिन्नि होंति नरएसुं । | |
| कामोपादनगर्भा च वयोदाक्षिण्यसूचिका । | २५१ |
| कायः सन्निहितापायः सम्पदः पदमापदाम् । | ३११ |
| काया वया य ते च्चिय, ते चेव पमाय अप्पमाया य । | २७७ |
| कालयदृच्छानियतीश्वर-स्वभावात्मश्चतुरशीतिः । | ४५४ |
| काले विणए बहुमाणे, उवहाणे चेव तहअ निह्नवणे । | १०० |
| कालो त्ति मयं मरणं, जहेह मरणं गओ त्ति कालगओ । | ३३१ |
| कालोवि नालियाईहिं, होइ भावम्मि पंडिओ अभओ । | ४३४ |
| किण्हा नीला काऊ, तेऊलेसा य भवण-वंतरिया । | ४८ |
| किण्हा नीला काऊ, तेऊलेसा य भवण-वंतरिया । | १५९ |
| किहइ पडिकुक्कुडहीणो, जुज्झे बिंबेण उग्गहो [अवग्गहे] ईहा । | ७६ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| किं एत्तो पावयरं?, सम्मं अणहिगयधम्मसब्भावो । | ११ |
| किं कयं किं वा सेसं, किं करणिज्जं तवं च न करेमि । | ३५५ |
| क्रियैव फलदा पुंसाम्, न ज्ञानं फलदं मतम् । | ५५ |
| कुड्यादिनिःसृतानां तु न स्यादाप्तोपदिष्टता । | १३ |
| कुंडलवरस्स मज्झे, णगुत्तमो होति कुंडलो सेलो । | २७१ |
| कृष्णादिद्रव्यसाचिव्यात् परिणामो च आत्मनः । | ४७ |
| केवलणाणावरणं १, दंसण छक्कं च मोहबारसगं । | १५३ |
| को जाणइ व किमेयं-ति होज्ज णिस्संसयं विमाणाइं । | ४४ |
| को दुक्खं पावेज्जा,<br>कस्स व सोक्खेहिं विम्हओ होज्जा? । | १४० |
| को मम कालो? किम्मेयस्स उचियं? असारा विसया । | ३५५ |
| कोउय भूईकम्मे, पसिणा इयरे निमित्तमाजीवी । | ४६५ |
| कोहग्गिदाहसमणादओ व ते चेव तिन्नि जस्सऽत्था । | ४९ |
| कोहाईणमणुदिणं, चाओ जिणवयणभावणाओ उ । | २४० |
| कोहो य माणो य अणिग्गहीया,<br>माया य लोभो य पवड्ढमाणा । | ३१४ |
| खीणम्मि उदिन्नम्मी, अणुदिज्जंते य सेसमिच्छत्ते। | ७१ |
| खीणे दंसणमोहे, तिविहंमि वि भवनियाणभूयंमि । | ७१ |
| खीरं ५ द२हि ४ ण३वणीयं ४,<br>घ४यं ४ तहा तेल्ल५मेव ४ गु६ड २ म७ज्जं २ । | ३३८ |
| खेत्तंमि अवक्कमणं, दसारवग्गस्स होइ अवरेणं । | ४३३ |
| खेत्ते जाई कुल कम्म, सिप्प भासाए नाणचरणे य । | ३४७ |
| गच्छम्मि य निम्माया, धीरा जाहे य गहियपरमत्था । | २७४ |
| गच्छा विणिक्खमित्ता, पडिवज्जइ मासियं महापडिमं । | २४१ |
| गच्छे च्चिय निम्माओ, जा पुव्वा दस भवे असंपुन्ना । | २४१ |
| गणहर १ थेराइकयं(थेरकयं) २,<br>आएसा १ मुक्कवागरणओ वा २। | ७६ |
| गणिया १ सोमिल २ धम्मोवएसेण ३<br>सालुजोसियाईया ४ । | ४७७ |
| गद्धादिभक्खणं, गद्धपट्ठमुब्बंधणादि वेहासं । | १४८ |
| गंगा १ सिंधू २ तह रोहियंस ३,<br>रोहीणदी य ४ हरिकंता ५ । | ११७ |
| गंडी कच्छवि मुट्ठी, संपुडफलए तहा छिवाडीय । | ३९१ |
| गाउयमुच्चा पलिओवमाउणो वज्जरिसहसंघयणा । | ११९ |
| गां दृष्ट्वाऽयमरण्येऽन्यं गवयं वीक्षते यदा । | ४४२ |
| गीयावासो रती धम्मे, अणाययणवज्जणं । | १४ |
| गुणपच्चक्खत्तणओ, गुणी वि जीवो घडोव्व पच्चक्खो । | १७ |
| गेविज्जेसुं दोन्नी, एक्का रयणी अणुत्तरेसु । | ४८७ |
| गोजूहस्स पडागा, सयं पलायस्स वड्ढयइ य वेगं । | २६९ |
| गोमहिसुट्टिपसूणं, एलगखीराणि पंच चत्तारि । | ३३९ |
| घणउदहिपइट्ठाणा, सुरभवणा होंति दोसु कप्पेसु । | २३४ |
| घणदंत लट्ठदंता, निगूढदंता य सुद्धदंता य । | ३८१ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| छव्विहनामे भावे, खओवसमिए सुयं समोयरति । | ६ |
| चउगुणिय भरहवासो [विस्तर इत्यर्थः],<br>हेमवए तं चउग्गुणं तइयं । | १३१ |
| चउगुणियभरहवासो [व्यास इत्यर्थः],<br>हेमवए तं चउग्गुणं तइयं । | १२७ |
| चउजोयणवित्थिन्ना, अट्ठेव य जोयणाणि उव्विद्धा । | ३८० |
| चउरो ४ तिन्नि य ३ तिय ३ तिय ३ पंच ५ सत्त ७<br>बे २ बे २ भवे तिया तिन्नि ३-३-३। | ५४ |
| चउरंगुलदीहो वा, वट्टागिति मुट्ठिपोत्थओ अहवा । | ३९२ |
| चउसट्ठि पिट्ठिकरंडयाया मणुयाणऽवच्चपालणया । | ३८१ |
| चउसट्ठी पिट्ठिकरंडयाण मणुयाण तेसिमाहारो । | ११९ |
| चउवीस सहस्साइं, णव य सए जोयणाण बत्तीसे । | १०९ |
| चत्तारंतदीवा, हय-गय-गोकन्न-संकुलीकन्ना । | ३८१ |
| चत्तारि जोयणसए, उव्विद्धा णिसढणीलवंता य । | ११० |
| चत्तारि जोयणसए, तीसे कोसं च उग्गया भूमी[भूमिं] । | ३८३ |
| चत्तारि जोयणसया, चउणउया चक्कवालओ रुंदं । | ३७६ |
| चत्तारि य चउवीसे, वित्थारो होइ उवरि सेलस्स । | २७० |
| चत्तारि लक्ख छत्तीस, सहस्सा नव सया य सोलहिया । | १३१ |
| चत्तारि विचित्ताइं, विगतीनिज्जूहियाइं चत्तारि । | १४९ |
| चत्तारि होंति तेल्ला, तिल-अयसि-कुसुंभ-सरिसवाणं च । | ३३९ |
| चन्द्रवक्त्रा सरोजाक्षी सद्गी पीनघनस्तनी । | ३५० |
| चमर १ बलि २ सारमहियं, सेसाण सुराण आउयं वोच्छं । | १५८ |
| चरमे नाणावरणं, पंचविहं दंसणं चउविगप्पं । | २९० |
| चरियं च कप्पियं वा, दुविहं तत्तो चउव्विहेक्केक्कं । | ४३२ |
| चवला मइलणखीणा, सिणेहपरिपूरिया वि तावेइ । | ३६१ |
| चारिय चोरा १ भिमरे २,<br>हिय १ मारिय २ संक काउकामा वा । | ३५२ |
| चालिज्जइ बीहेइ व, धीरो न परीसहोवसग्गेहिं । | ३१४ |
| चिंतामणी अउव्वो, रएयमपुव्वो य कप्परुक्खो त्ति । | १५० |
| चुल्लहिमवंत पुव्वावरेण विदिसासु सागरं तिसए । | ३८० |
| चुलसीइ सयसहस्सा पच्चक्खाणंमि वन्निया पुव्वे ९ । | ३२७ |
| चुलसीति सहस्साइं, उव्विद्धा ओगया सहस्समहे । | ३८८ |
| चोद्दस य सहस्साइं, सयाइं चत्तारि एगसयराइं । | १०५ |
| चोद्दस य सहस्साइं, पंचेव सयाइं अट्ठवीसाइं । | १०६ |
| चोल्लगदिट्ठंतेणं, दुलहं लहिऊण माणुसं जम्मं । | ३५० |
| १छ ६ २पंच ५ ३तिन्नि ३ ४एगं १ ५चउ ४ ६तिग ३<br>७रस ६ ८वेय ४ ९जुयल २ १०जुयलं २ च। | ५४ |
| छच्चेव १ अद्धपंचम २, जोयण अद्धं च ३ होइ रयणाए । | २८८ |
| छट्ठस्स य आहारो, चउसट्ठिदिणाणुपालणा तेसिं । | ११९ |
| छव्वीसं कोडीओ, आयपवायंमि होइ पयसंखा ७ । | ३२७ |
| छव्वीसं कोडीओ, पयाण पुव्वे अवंझणामंमि ११ । | ३२८ |
| छिक्कप्परोइआ छिक्कमित्तसंकोयओ कुलिंगि व्व । | ४५ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| जच्चाईहि अवत्रं, विभासइ वट्टइ न यावि उववार । | २७६ |
| जत्थ उ जं जाणेज्जा, निक्खेवं निक्खिवे निरवसेसं । | १० |
| जत्तो पुण सलिलाओ, तत्तो पंचसयगाउउव्वेहो । | ३७५ |
| जत्तो वट्टविमाणं, तत्तो तंसस्स वेइया होइ । | २३४ |
| जत्तो वासहरगिरी, तत्तो जोयणसयं समवगाढा । | ३७५ |
| जन्मजरामरणभयैरभिद्रुते व्याधिवेदनाग्रस्ते । | ३११ |
| जम्म-जरा-जीवण-मरण-रोहणाऽऽहार-दोहलाऽऽमयओ । | ४५ |
| जम्मजरामरणजलो, अणाइमं वसणसावयाइण्णो । | १४९ |
| जमणंतपज्जयमयं, वत्थुं भुवणं च चित्तपरिणामं । | १९ |
| जल-थल-खहयरमंसं, चम्मं च ससोणियं तिहेयं पि । | ३३९ |
| जल-रेणु-पुढवि-पव्वयराईसरिसो चउव्विहो कोहो । | ३६६ |
| जह कुंभारो भंडाइं, कुणई पुज्जेयराइं लोयस्स । | १५४ |
| जह गोमडस्स गंधो, सुणगमडस्स व जहा अहिमडस्स । | २८५ |
| जह चित्तयरो निउणो, अणेगरूवाइं कुणइ रूवाइं । | १५४ |
| जह जह बहुस्सुओ संमओ य सीसगणसंपरिवुडो य । | ४२४ |
| जह तुब्भे तह अम्हे, तुब्भेवि य होहिहा जहा अम्हे । | ४३० |
| जह दुव्वयणमवयणं, कुच्छियसीलं असीलमसतीए । | १४५ |
| जह मज्जपाणमूढो, लोए पुरिसो परव्वसो होइ । | १५४ |
| जह राया दाणाइं, ण कुणइ भंडारिए विकूलंमि । | १५५ |
| जह विक्खंभो दाहिण-दिसाए तह उत्तरेऽवि वासतिए । | १२७ |
| जह वेह कंचणोवलसंजोगोऽणाइसंतइगओवि । | २४ |
| जह सा नाणस्स फलं, तह सेसं पि तह बोहकाले वि । | ६५ |
| जह सुरभिकुसुमगंधो, गंधो वासाण पिस्समाणाणं । | २८५ |
| जहाऽऽहिअग्गी जलणं णमंसे,<br>णाणाहुतीमंतपयाभि[हि]सित्तं । | १४ |
| जं करणेणोकड्डिय, उदए दिज्जइ उदीरणा एसा । | ३६९ |
| जं च मणोचिंतियमंतपूयविसभक्खणादि बहुभेयं । | ६५ |
| जं णाण-दंसण-चरित्तभावओ तव्विवक्खभावाओ । | ४९ |
| जं नारगादिभावो, संसारो नारगाइभिन्नो य । | २४ |
| जं पुण सुनिप्पकंपं, निवायसरणप्पईवमिव चित्तं । | ३१२ |
| जं वुच्चइ त्ति वयणं, पुरिसाभावे ठ नेयमेवं ति । | १३ |
| जं सामन्नग्गहणं, भावाणं नेय कट्टु आगारं । | १४६ |
| जं वट्टइ उवगारे, उवकरणं तं सि (तेसि) होइ उवगरणं । | २३९ |
| जंबू १ लवणे धायइ २, कालोये पुक्खराइ ३ जुयलाइं । | ३८८ |
| १ जंबूद्दीवो २ धायइ, ३ पुक्खरदीवो य ४ वारुणिवरो य । | २७१ |
| जा पढमाए जेट्ठा, सा बिइयाए कणिट्ठिया भणिया । | १९८ |
| जिणवयणे पडिकुट्ठं, जो पव्वावेइ लोभदोसेणं । | २६७ |
| जीवमजीवे रूवमरूवी सपएस अप्पएसे य । | २०३ |
| जीवाणण्णत्तणओ, जीवगुणे बोहभावओ णाणे । | ७ |
| जुन्नेहिं खंडिएहिं, असव्वतणुयाउएहिं ण य णिच्चं। | २७३ |
| जुंजणाकरणं तिविहं, मणवतिकाए य मणसि सच्चाई । | १७० |
| जे केऽवि नालियाबद्धा, पुप्फा संखेज्जजीविया । | १९५ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| जे यावि मंदि त्ति गुरुं विइत्ता,<br>डहरे इमे अप्पसुए त्ति नच्चा । | २२५ |
| जेण सुहज्झप्पयणं, अज्झप्पाणयणमहियमयणं वा । | ८ |
| जेसिमवड्ढो पोग्गल-परियट्टो सेसओ उ संसारो । | ४७ |
| जेसिं जत्तो सूरो, उदेइ तेसिं तई हवइ पुव्वा । | २१४ |
| जो कत्तादि स जीवो,<br>सज्झविरुद्ध(द्धो)त्ति ते मई हुज्जा[होज्जा] । | १८ |
| जो किर जहन्नजोगो, तदसंखेज्जगुणहीणमेक्केक्के । | ३१३ |
| जो तुल्लसाहणाणं, फले विसेसो न सो विणा हेउं । | २६ |
| जो जेण जंमि ठाणम्मि, ठाविओ दंसणे व चरणे वा । | १९० |
| जो तमतमविदिसाए, समोहओ बंभलोगविदिसाए । | २८९ |
| जो य सलिंगे दुट्ठो, कसाय विसएहिं रायवहगो य । | २६६ |
| जो संजओ वि एयासु अप्पसत्थासु वट्टइ कहिं[हं?] चि । | ४६५ |
| जोगो १ वीरियं २ थामो ३,<br>उच्छाह ४ परक्कमो ५ तहा चेट्ठा ६ । | १६९ |
| जोयणसयमुव्विद्धा, कणगमया सिहरिचुल्लहिमवंता । | ११० |
| जोयणसयवित्थिन्ना, मूलुवरिं दस सयाणि मज्झंमि । | ३८२ |
| जोयणसयं तु गंता, अणहारेणं तु भंडसंकंती । | ८२ |
| जोयणसहस्सदसगं, मूले उवरिं च होंति विच्छिन्ना । | ३८२ |
| ठवणाकम्मं एक्कं (अभेदमित्यर्थः), दिट्ठंतो तत्थ पुंडरीयं तु । | ४३५ |
| ठितिसंकमो त्ति वुच्चइ, मूलुत्तरपगतीओ उ जा हि ठिती । | ३७१ |
| णाइविगिट्ठो य तवो, छम्मासे परिमियं च आयामं । | १४९ |
| णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य । | १४ |
| णायागयाणं कप्पणिज्जाणं अन्न-पाणाईणं । | १७५ |
| णिस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य । | १०० |
| तइयाए काउनीला, [पृथिव्यामित्यर्थः] नीला किण्हा । | ४८ |
| तच्चाए वि एवं, नवरं ठाणं तु तस्स गोदोही । | २४२ |
| तणगहणाऽनलसेवानिवारणा धम्म-सुक्कझाणट्ठा । | २२२ |
| तणपणगं पुण भणियं, जिणेहिं कम्मट्ठगंठिमहणेहिं । | ३९२ |
| तणवोऽणब्भाइविगारमुत्तजाइत्तओऽनिलंताइं । | ४५ |
| तणुरोहारंभाओ, झायइ सुहुमकिरियाणियट्टिं सो । | ३१३ |
| ततं विणादिकं ज्ञेयम्, विततं पटहादिकम् । | ९७ |
| ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकम् । | ४८६ |
| तत्र रूक्षो १ लघुः २ शीतः ३ खरः<br>४ सूक्ष्म ५ श्लो ६ ऽनिलः । | ४४८ |
| तत्तो अ अट्ठमी खलु, हवइ इहं पढमसत्तराइंदी । | २४१ |
| तत्तो अ अस्सकण्णा,<br>१ हत्थि(हरिकन्ना)यकण्णा य[अकन्न]कण्णपाउरणा । | ३८१ |
| तत्थट्ठपयं उव्वट्टिया व ओवट्टिया व अविभागा । | ३७१ |
| तत्थुग्गमो पसूई, पभवो एमादि होंति एगट्ठा । | २५७ |
| तदसंखगुणविहीणे, समए समए निरुंभमाणो सो । | ३१३ |
| तप्पज्जायविणासो, दुक्खुप्पाओ य संकिलेसो य । | ३९ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| तम्हा धम्माऽधम्मा, लोगपरिच्छेयकारिणो जुत्ता । | २३ |
| तम्हा वयसंपन्ना, कालोचियगहियसयलसुत्तत्था । | २२५ |
| तवसंजमजोगेसुं, जो जोगो तत्थ तं पयट्टेइ । | २३० |
| तस्मिन् ध्यानसमापन्ने चिन्तारत्नवदास्थिते । | १३ |
| तस्यामेव त्ववस्थायां यद्विज्ञानं प्रवर्त्तते । | ४४२ |
| तस्स फल-जोग-मंगल-समुदायत्था तहेव दाराइं । | १ |
| तस्सक्कंदण-सोयण-परिदेवण-ताडणाई लिंगाई । | ३०९ |
| तस्सेव य थेज्जत्थं, मज्झिमयं अंतिमं पि तस्सेव । | २ |
| तस्सेव य सेलेसीगयस्स सेलो व्व निप्पकंपस्स । | ३१२ |
| तह तिव्वकोह-लोहाउलस्स भूतोवघायणमणज्जं । | ३०९ |
| तह नामं पि हु कम्मं, अणेगरूवाइं कुणइ जीवस्स । | १५४ |
| तह सूल-सीसरोगाइवेयणाए विओगपणिहाणं। | ३०८ |
| तं न जओ तच्चत्थे, सिद्धे उवयारओ मया सिद्धी । | ४४ |
| तं मंगलमाईए, मज्झे पज्जंतए य सत्थस्स । | २ |
| तं सुरविमाणविभवं, चिंतिय चयणं च देवलोगाओ । | २३३ |
| ता तंसि भाववेज्जो, भवदुक्खनिपीडिया तुहं एते । | २५० |
| तिण्णि सहस्सा सत्त य, सयाणि तेवत्तरिं च ऊसासा । | १३७ |
| तित्थयरपवयणसुए, आयरिए गणहरे महिड्डीए । | २६५ |
| तित्ती समो किलामो, सारिक्खविवक्खपचयाईणि । | १९ |
| तिन्नेव कंसनामा ३, नीला ५ रुप्पी य ७ होंति चत्तारि । | १२२ |
| तिन्नेव य पच्छागा १०, रयहरणं ११ चेव होइ मुहपोत्ति १२ । | ५० |
| तिभागो १ (योजनस्य) गाउयं चेव २, तिभागो गाउयस्स य ३ । | २८८ |
| तिरिओ भय १ प्पओसा २- ऽऽहारा३ऽवच्चादिरक्खणत्थं वा ४ । | ४७७ |
| तिवरसपरियागस्स उ, आयारपकप्पनाममज्झयणं । | २ |
| तिहुयणविक्खायजसो, महाजसो नामओ महावीरो । | ५३ |
| तुज्झ पिया मज्झ पिउणो, धारेइ अणूणयं सयसहस्सं । | ४३९ |
| तुल्लं मिवि अवराहे, परिणामवसेण होइ णाणत्तं । | २६४ |
| तृणायापि न मन्यन्ते, पुत्रदारार्थसम्पदः । | ११ |
| तेओजोगेण जहा, रत्तताई घडस्स परिणामो । | १६९ |
| तेत्तीसं च सहस्सा, छच्च सया जोयणाण चुलसीया । | ११० |
| तेवट्ठं कोडिसयं, चउरासीइं च सयसहस्साइं । | ३८८ |
| तेसिं नमो तेसिं नमो, भावेण पुणो वि तेसि (चेव)४णमो । | १५० |
| तो तं कत्तो? [आचार्यः] भण्णति, तं समयनिबद्धदेवओवहियं । | ६६ |
| तो समणो जइ सुमणो, भावेण य जइ न होइ पावमणो । | ४७९ |
| थिरकरणा पुण थेरो, पवत्तिवावारिएसु अत्थेसु । | २३० |
| दक्खिणपुव्वेण रयणकूडं गरुलस्स वेणुदेवस्स । | ३७५ |
| दयादानक्षमाद्येषु धर्माङ्गेषु प्रतिष्ठिता । | २५१ |
| दवए १ दुयए २, दोरवयवो विगारो ३ गुणाण संद्रावो ४ । | १६२ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| दवगुल-पिंडगुला दो, मज्जं पुण कट्ठ-पिट्ठनिप्फन्नं । | ३३९ |
| दव्वाइत्ते तुल्ले, जीव-नभाणं सभावओ भेदो । | ४६ |
| दव्वादिचउब्भेयं, पमीयते जेण तं पमाणं ति । | ६ |
| दव्वावाए दुन्नि उ, वाणियगा भायरो धणनिमित्तं । | ४३३ |
| दव्वे खेत्ते काले, भावे पलिउंचणा चउवियप्पा । | ३२९ |
| दव्वे सुहुमपरट्टो, जाहे एगेण अह सरीरेणं । | २५५ |
| दस चेव जोयणसए, बावीसे वित्थडो य मूलंमि । | २७१ |
| दस चेव सहस्सा खलु बावीसा जोयणाण बोद्धव्वा । | २७१ |
| दस बावीसाइं अहे, विच्छिन्नो होइ जोयणसयाइं । | २७० |
| दस भवणवणयराणं, वाससहस्सा ठिई जहन्नेणं । | १५९ |
| दस-कप्प-व्ववहारा, संवच्छरपणगदिक्खियस्सेव । | २ |
| दसजोयणसहस्सा, लवणसिहा चक्कवालओ रुंदा । | ३८३ |
| दसठाणठिओ कप्पो, पुरिमस्स य पच्छिमस्स य जिणस्स । | २७३ |
| दसविहवेयावच्चे, अन्नतरे खिप्पमुज्जमं कुणति । | ४०९ |
| दक्षो १ विज्ञातशास्त्रार्थो २ दृष्टकर्म्मा ३ शुचि ४ र्भिषक् । | ४४९ |
| दंतवणं तंबोलं, चित्तं अज्जण-कुहेडगाईयं । | १७३ |
| दंतेहिं हणइ भद्दो, मंदो हत्थेण आहणइ हत्थी । | ३४८ |
| दंसणसीले जीवे, दंसणघायं करेइ जं कम्मं । | १५३ |
| द्वात्रिंशत् सहस्राणि कलौ लक्षचतुष्टयम् । | ४०० |
| दारक्कमोऽयमेव उ, निक्खिप्पइ जेण नासमीवत्थं । | ५ |
| दासे दुट्ठे (य) मूढे (य), अणत्ते जुंगिए इय । | २६७ |
| दाहोवसमादिसु वा, जं तिसु थियमहव दंसणाईसुं । | ४९ |
| दिवसभयओ उ घेप्पइ, छिन्नेण धणेण दिवसदेवसियं । | ३३५ |
| दिव्वंमि वंतरी १ संगमे २, गजइ ३ लोभणादीया ४ । | ४७७ |
| दीहो वा हस्सो वा, जो पिहुलो होइ अप्पबाहल्लो । | ३१२ |
| दुक्खं न देइ आउं, नवि य सुहं देइ चउसु वि गईसुं । | १५४ |
| दुक्खेण उ गाहिज्जइ, बीओ गहियं तु नेइ जा तीरं । | ४१० |
| दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते ततः । | ३२ |
| दुपएसादि दुरुत्तर, एगपएसा अणुत्तरा चेव । | २१४ |
| दुविहो उ परिच्चाओ, इह चोयण कलह १ देवयाछलणं २ । | २६९ |
| दुविहो उ भावधम्मो, सुय धम्मो खलु चरित्त धम्मो य । | २४९ |
| दुविहो पमाणकालो, दिवसपमाणं च होइ राई य । | ३३० |
| दुविहो य होइ दुट्ठो, कसायदुट्ठो य विसयदुट्ठो य । | २६५ |
| दुविहो होइ अचेलो, असंतचेलो य संतचेलो य । | २७३ |
| दुष्प्रतिकारौ मातापितरौ स्वामी गुरुश्चलोकेऽस्मिन्। | १८८ |
| दृष्टेष्टाव्याहताद् वाक्यात् परमार्थाभिधायिनः । | ४४२ |
| देव त्ति सत्थयमिदं, सुद्धत्तणओ घडाभिहाणं व । | ४४ |
| देवा नेरइया वि य, असंखवासाउया य तिरि-मणुआ । | १०४ |
| देवा वि देवलोए, दिव्वाभरणाणुरंजियसरीरा । | २३३ |
| देविंद-चक्कवट्टित्तणाइगुणरिद्धिपत्थणामइयं । | ३०८ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| देवेसु न संदेहो, जुत्तो जं जोइसा सपच्चक्खं । | ४४ |
| देसूणमद्धजोयण, | |
| लवणसिहोवरि दगं तु [दुवेकाला] कालदुगे । | ३८३ |
| देहम्मि असंलिहिए, सहसा धाऊहिं खिज्जमाणेहिं । | १४९ |
| देहविवित्तं पेच्छइ, अप्पाणं तहय सव्वसंजोगे ३। | ३१४ |
| दो १ साहि २ सत्त ३ साहीय ४, | |
| दस ५ चोद्दस ६ सत्तरेव ७ अयराइं । | १५९ |
| दो उसुयारनगवरा, धायइसंडस्स मज्झयारठिया । | १२६ |
| दो कायप्पवियारा, कप्पा फरिसेण दोन्नि दो रूवे । | १५९ |
| दो कोसे विच्छिन्नो, विडिमा छज्जोयणाणि जंबूए । | १०६ |
| दो चंदा इह दीवे, चत्तारि य सायरे लवणतोए । | १२८ |
| दो चयपला महुपलं, दहिस्स अद्धाढयं मिरिय वीसा । | १८९ |
| दोच्चा वि एरिसि, च्चिय बहिया गामादियाण नवरं तु । | २४२ |
| दोसु वि कुरासु मणुया, तिपल्लपरमाउणो तिकोसुच्चा । | ११९ |
| धनदो धनार्थिनां धर्मः कामदः सर्वकामिनाम् । | २५१ |
| धन्नोऽहं जेणमए, अणोरपारम्मि १नवरमेयंमि । | १५० |
| धम्ममइएहिं अइसुंदरेहिं कारणगुणोवणीएहिं । | ११ |
| धम्मो जेणुवइट्ठो, सो धम्मगुरू गिही व समणो वा । | ४१० |
| धर्माख्यः पुरुषार्थोऽयं प्रधान इति गीयते । | २५१ |
| धर्म्मोपादेयतां ज्ञात्वा सञ्जातेच्छोऽत्र भावतः। | ६९ |
| धायइवरंमि दीवे, जो विक्खंभो उ होइ उ णगाणं । | १३१ |
| धावेइ रोहणं तरइ, सागरं भमइ गिरिनिगुंजेसु । | ४४५ |
| धूरे[धूर] १ पमुहे २ वियडे [वियड] ३, | |
| विसंधि-णियल्ले ४-५ तहा पयल्ले य ६ । | १२२ |
| धाई १ दूइ २ निमित्ते ३, | |
| आजीव ४ वणीमगे ५ तिगिच्छा य ६ । | २५८ |
| धिइबलिया तवसूरा, निंती गच्छाउ ते पुरिससीहा । | २७४ |
| धिग्नारीरौदीच्या बहुवसनाच्छादितांङ्गलतिकत्वात्। | ३५० |
| धिग्ब्राह्मणीर्धवाभावे या जीवन्ति मृता इव। | ३५० |
| धी संसारो जंमि(भी) जुयाणओ परमरूवगव्वियओ । | ३१४ |
| न विसेसत्थंतरभूयमत्थि सामन्नमाह ववहारो । | ५६ |
| न हि नारगादिपज्जायमेत्तनासंमि सव्वहा नासो । | २५ |
| न हि सव्वहा विणासो, अद्धापज्जायमित्तनासंमि । | १९ |
| नउ पइसमयविणासे, जेणेक्केक्कक्खरं पि य पयस्स । | १९ |
| नत्थि त्ति पउरभावं, पडुच्च न उ सव्वमच्छपडिसेहो । | २०० |
| नत्थि य सि कोइ वेसो, पिओ व सव्वेसु चेव जीवेसु । | ४७९ |
| नयास्तव स्यात्पदसत्त्वलाञ्छिता, | |
| रसोपविद्धा इव लोहधातवः । | २० |
| नव चेव सहस्साइं, चत्तारि य होंति जोयणसयाइं। | ३८८ |
| नव चेव सहस्साइं, पंचेव य होंति जोयणसयाइं । | ३८८ |
| नवकोडीओ संखा, किरियविसालंमि वन्निया गुरुणा १३ । | ३२८ |
| नवि अ फुसंति अलोगं, चउसुं पि दिसासु सव्वपुढवीओ । | ३८८ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| ८ नंदीसरो य ९ अरुणो, | |
| १० अरुणोवाओ य ११ कुंडलवरो य । | २७१ |
| नाणमवायधिईओ, दंसणमिट्ठं जहोग्गहेहाओ । | ३५ |
| नाणस्स केवलीणं, धम्मायरियाण सव्वसाहूणं । | ४६६ |
| नाणस्स केवलीणं, धम्मायरियस्स संघसाहूणं । | २६३ |
| नाणं पयासयं सोहओ, तवो संजमो य गुत्तिकरो । | २८२ |
| नाणंतरायदसगं, दंसण णव मोहणीयछव्वीसं । | २७ |
| नाणाहीणं सव्वं, नाणणओ भणति किं च [थ] किरियाए? । | ५५ |
| नाम १ ठवणा २ दविए ३, | |
| खेत्तदिसा ४ तावखेत्त ५ पन्नवए ६। | २१३ |
| नामं १ ठवणा २ दविए ३, | |
| ओहे ४ भव ५ तब्भवे य ६ भोगे य ७ । | १० |
| नामं ठवणा दविए, खित्ते काले भवे य भावे य । | २१ |
| १नामं ठवणा२ दविए३-खेत्ते४ऽद्धा५ उड्ढ६ उवर७ती वस८ही । | ३ |
| नामं१ ठवणा२ दविए३, माउपपय४ संगहेक्कए५ चेव । | ९ |
| नामंगं ठवणंगं, दव्वंगं चेव होइ भावंगं । | ४ |
| नामादि चउब्भेयं, वण्णेऊणं सुयाणुसारेणं । | ८ |
| नाल्पमप्युत्सहेद्येषाम् प्रत्याख्यानमिहोदयात् । | ३१८ |
| निद्दा-विगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं । | १४ |
| निव्विगइ निब्बलोमे, तवउद्धट्ठाणमेव उब्भामे । | ४४९ |
| निर्विशेषं गृहीतास्त्र, भेदाः सामान्यमुच्यते । | २० |
| निरयदुगं तिरियदुगं, जाइचउक्कं च पंच संघयणा । | २७ |
| निंदइ नियकयाइं, पसंसइ सविम्हओ विभूतीओ । | ३०९ |
| निव्वाणगमणकाले, केवलिणो दरनिरुद्धजोगस्स । | ३१२ |
| नेरइया १ असुरादी १०, पुढवाइ ५ बेइंदियादयो चेव । | ४३ |
| नेरइयाइभवस्स व, अंतो जं तेण सो भवंतो त्ति । | १९८ |
| पउमाभ वासुपुज्जा, रत्ता ससिपुप्फदंत ससिगोरा । | १५६ |
| पउमुप्पलनलिणाणं, सुभगसोगंधियाण य । | १९५ |
| पउमे १ य महापउमे २ तिगिंछी ३ केसरी ४ दहे चेव । | ११४ |
| पक्ख-चउमास-वच्छर-जावज्जीवाणुगामिणो कमसो । | ३६६ |
| पच्छा गच्छमुवेति[मतीती], एव दुमासी तिमासी जा सत्त । | २४१ |
| पज्जत्तमेत्तबेंदियजहन्नवइजोगपज्जया जे उ । | ३१३ |
| पज्जत्तमेत्तसन्निस्स, जत्तियाइं जहन्नजोगिस्स । | ३१३ |
| पठकः पाठकश्चैव ये चान्ये तत्त्वचिन्तकाः । | ४६२ |
| पडिलोमे जह अभओ, पज्जोयं हरइ अवहिओ १संतो । | ४३८ |
| पडिवज्जइ एयाओ, संघयणधिइजुओ महासत्तो । | २४१ |
| पडिसेवणपारंची, तिविहो सो होइ आणुपुव्वीए । | २६५ |
| पडिसेवणा उ भावो, | |
| सो पुण कुसलो व्व होज्जऽकुसलो वा । | ३२८ |
| पढमं अहम्मजुत्तं, पडिलोमं अत्तणो उवन्नासो । | ४३८ |
| पढमं लहइ नगारं, एक्केक्कं वन्नमेवमन्नं पि । | १५३ |
| पढमाऽसीइसहस्सा, बत्तीसा अट्ठवीस वीसा य । | २०० |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| पढमिल्लुयसंघयणे, महाणुभावा करेंति एवमिणं । | १५१ |
| पणनउइ सहस्साइं, ओगाहित्ता[ण] चउद्दिसिं लवणं । | ३८२ |
| पणयालीस सहस्सा, सयमेगं नव य बारस कलाओ । | १०९ |
| पणिहाणजोगजुत्तो, पंचहिं समिईहिं तीहिं गुत्तीहिं । | १०० |
| पणुवीसं उव्विद्धो पन्नासं जोयणाण विच्छिन्नो [वित्थिन्नो] । | १११ |
| पत्तं १ पत्ताबंधो २, पायट्ठवणं ३ च पायकेसरिया ४ । | ५० |
| पन्नट्ठि सहस्साइं, चत्तारि सया हवंति छायाला । | १३१ |
| पन्नवओ जयभिमुहो, सा पुव्वा सेसिया पयाहिणओ । | २१४ |
| पमाओ य मुणिंदेहिं, भणिओ अट्ठभेयओ । | २१७ |
| पयईए तणुकसाओ, दाणरओ सील-संजमविहूणो। | १७५ |
| परसमओ उभयं वा, सम्मद्दिट्ठिस्स समओ जेण । | ७ |
| परिणामो ह्यर्थान्तरगमनं न तु सर्वथा व्यवस्थानम् । | ३३२ |
| परियट्टिए १० अभिहडे ११, उब्भिन्ने १२ मालोहडे इय १३ । | २५७ |
| परिसंठियंमि पवणे, पुणरवि उदगं तमेव संठाणं । | ३८२ |
| परिस्रवस्वेदविदाहरागा वैगन्ध्यसङ्क्लेदविपाककोपाः । | ४४९ |
| पल्हवि कोयवि पावार, नवतए तह य दाढिगालीओ । | ३९२ |
| पल्हवि हत्थुत्थरणं, तु कोयवो रूयपूरिओ पडओ । | ३९२ |
| पलिओवमट्ठिईया, सुरगणपरिवारिया सदेवीया । | ३८० |
| पलिओवमठिईया[इयाए] एएसिं अहिवई सुरा इणमो । | ३८२ |
| पलियं १ अहियं २ दो सार, ३ साहिया ४ सत्त ५ दस य ६ चोद्दस ७ य । | १५९ |
| पव्वज्जा१ सिक्खा२ वयमत्थ३ गहणं४ च अनियओ५ वासो । | २७५ |
| पव्वयणं पव्वज्जा, पावाओ सुद्धचरणजोगेसु । | २०७ |
| पव्वाविओ सिय त्ति, मुंडावेउं अणायरणजोगो । | २६८ |
| पञ्चाश्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः। | २५२ |
| पञ्चेन्द्रियाणित्रिविधं बलं च उच्छ्वासनिःश्वासमथान्यदायुः । | ३८ |
| पंच सए छव्वीसे, छच्च कला वित्थडं भरहवासं । | १०९ |
| पंचविहं आयारं, आयरमाणा तहा पयासंता । | २२४ |
| पंचविहे ववहारे, कप्पंमि दुविहंमि य । | २७४ |
| पंचसए उव्विद्धा, ओगाढा पंच गाउयसयाइं । | ११० |
| पंचसए बाणउए, सोलस य सहस्स दो कलाओ य । | ३७५ |
| पंचसयजोयणुच्चा, सहस्समेगं च होंति विच्छिन्ना । | १२६ |
| पंचसयायामाओ, मज्झे दीहत्तणऽद्धरुंदाओ । | १३० |
| पंचाईयारोवण नेयव्वा जाव होंति छम्मासा । | ३२९ |
| पंचास चत्त छच्चेव, सहस्सा लंत-सुक्क-सहसारे । | १८० |
| पंचेव जोयणसए, उड्ढं गंतूण पंचसयपिहुलं । | ३७६ |
| पंडगवणंमि चउरो, सिलाउ चउसुवि दिसासु चूलाए । | १३० |
| पागारपरिक्खित्ता, वट्टविमाणा हवंति सव्वे वि । | २३४ |
| पाणं सोवीरजवोदगाइ चित्तं सुराइयं चेव । | १७२ |
| पापजुगुप्सा तु तथा सम्यक् परिशुद्धचेतसा सततम्। | १७८ |
| पाययसुत्तनिबद्धं, को वा जाणइ पणीय केणेयं? | २७७ |
| पायालाण ति[वि]भागा, सव्वाण वि तिन्नि तिन्नि बोद्धव्वा[विन्नाया] । | ३८२ |
| पारणगे आयामं पंचसु गहो दोसुऽभिग्गहो भिक्खे । | २७३ |
| पारुष्यसङ्कोचनतोदशूलश्यामत्वमङ्गव्यथचेष्टभङ्गाः । | ४४८ |
| पावफलस्स पगिट्ठस्स, भोइणो कम्मओऽवसेस व्व । | ४३ |
| पावं छिंदइ जम्हा, पायच्छित्तं तु भन्नए तेण । | ८६ |
| पावाणं पावयरो, दिट्ठिप्फासे वि सो न कप्पति तु । | २६५ |
| पावुक्करिसेऽधमया, तरतमजोगाऽवकरिसओ सुभया । | २६ |
| प्राणा द्वित्रिचतुः प्रोक्ता भूतास्तु तरवः स्मृताः । | २१९ |
| पिसुणा-ऽसब्भा-ऽसब्भूय-भूयघायाइवयणपणिहाणं । | ३०९ |
| पियधम्मे दढधम्मे, संविग्गाप(व)ज्ज ओयतेयंसी । | २३१ |
| पुक्खरवरदीवड्ढं, परिखिवई माणुसुत्तरो सेलो । | २७० |
| पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई अपुट्ठं तु । | ४२८ |
| पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासई(इ) अपुट्ठं तु । | ९८ |
| पुट्ठापुट्ठो पढमो, जत्ताइ हियाहियं परिकहेइ । | ४०८ |
| पुढवि १ जल २ जलण ३ वाया ४ - मूला ५ खंध ६ ऽग्ग ७ पोरबीया य ८ । | २१५ |
| पुढवी आउ वणस्सइ, बायर पत्तेय लेस चत्तारि । | ४८ |
| पुव्वमदिट्ठमसुयमचे[वे]इयतक्खणविसुद्धगहियत्था । | ४८० |
| पुव्वं कुग्गाहिया केई, बाला पंडियमाणिणो । | २७० |
| पुव्वं पच्चक्खाणं ९, विज्जणुवायं १०, अवंझ ११ पाणाउ १२ । | ३२७ |
| पुव्वं सुयपरिकम्मियमतिस्स जं संपयं सुयाईयं । | ७५ |
| पुव्वाइं अणुक्कमसो, गोत्थुभ-दगभास-संख-दगसीमा । | ३८३ |
| पुरिमा उज्जुजड्डा उ, वक्कजड्डा उ पच्छिमा । | ३३२ |
| पुरिमाणं दुव्विसोज्झो उ, चरिमाणं दुरणुपालए । | ३३२ |
| पुरिसपरंपरपत्तेण, भरियविस्संभरेण कोसेणं । | ३५१ |
| पुव्वद्धस्स च मज्झे, मेरू पुण तस्स दाहिणुत्तरओ । | १२६ |
| पुव्वस्स उ परिमाणं, सयरिं खलु होंति कोडिलक्खाओ । | १३७ |
| पुव्वामुहो उ उत्तरमुहो व्व देज्जाऽहवा पडिच्छेज्जा । | ८६ |
| पुव्विं पच्छा संथव ११, विज्जा १२ मंते य १३ चुन्न १४ जोगे य १५ । | २५८ |
| पुव्वेण तिन्नि कूडा, दाहिणओ तिन्नि तिन्नि अवरेणं । | ३७५ |
| पुव्वोवट्ठपुराणे, करणजयट्ठा जहन्निया भूमी । | २०८ |
| फलियं पहेणगाई, वंजणभक्खेहिं वाऽविरहियं जं [तु] । | २३८ |
| बत्तीस अट्ठवीसा, बारस अट्ठ य चउरो सयसहस्सा । | २८० |
| बत्तीसं किर कवला, आहारो कुच्छिपूरओ भणिओ । | २३९ |
| बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी य बोद्धव्वा । | ५१ |
| बहुविघाइं सेयाइं, तेण कयमंगलोवयारेहिं । | २ |
| बायालीससहस्से, उव्विद्धो कुंडलो हवइ सेलो । | २७१ |
| बायालीसेसणसंकडंमि गहणंमि जीव! न हु छलिओ । | २५० |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| बारस १ दस २ अट्ठ ३ दस १ ट्ठ २,<br>छट्ठ ३ अट्ठेव १ छट्ठ २ चउरो य ३ । | २७३ |
| बारसविहंमि वि तवे, सब्भिंतरबाहिरे कुसलदिट्ठे । | १०० |
| बालसरीरं देहंतरपुव्वं इंदियाइमत्ताओ । | २६ |
| बाले बुड्ढे नपुंसे य, जड्डे कीवे य वाहिए । | २६७ |
| बावीस सहस्साइं, पुव्वावरमेरुभद्दसालवणं । | ३७६ |
| बासट्ठिसहस्साइं, पंचेव सयाइं नंदणवणाओ । | ३७६ |
| बाहल्लपुहत्तेहिं, गंडी पोत्थो उ तुल्लओ दीहो । | ३९२ |
| बिंटं बाहिरपत्ता य, कन्निया चेव एगजीवस्स । | १९५ |
| भण्णइ घेप्पइ य सुहं, निक्खेवपयाणुसारओ सत्थं । | ८ |
| भण्णइ जिणपूयाए, कायवहो जइ वि होइ उ कहिंचि । | १७४ |
| भत्तपरिन्नाणसणं, तिचउव्विहाहारचायणिप्फन्नं । | १५१ |
| भत्तीए जिणवराणं, खिज्जंती पुव्वसंचिया कम्मा । | १३ |
| भत्तोसं दंताई, खज्जूरं नालिकेरदक्खाई । | १७२ |
| भदि कल्लाणसुहत्थो, धाऊ तस्स य भदंतसद्दोऽयं । | १९७ |
| भद्रो मन्दो मृगश्चेति विज्ञेयस्त्रिविधा गजाः। | ३४७ |
| भरनित्थरणसमत्था, तिवग्गसुत्तत्थगहिअपेयाला । | ४८० |
| भरहं हेमवयं ति य, हरिवासं ति य महाविदेहं ति । | १०५ |
| भरहे मुहविक्खंभो, छावट्ठिसयाइं चोद्दसहियाइं । | १२६ |
| भवण १० वण ८ जोइस ५<br>सोहम्मीसाणे सत्त होंति रयणीओ । | ४८७ |
| भवणं कोसपमाणं, सयणिज्जं तत्थऽणाढियसुरस्स । | १०६ |
| भवति स नामातीतः प्राप्तो यो नाम वर्त्तमानत्वम् । | २५४ |
| भावमवि संलिहेइ, जिणप्पणीएण झाणजोगेणं । | १४९ |
| भावस्स कारणं जह, दव्वं भावो य तस्स पज्जाओ । | १६४ |
| भावेइ भावियप्पा, विसेसओ नवरि तंमि कालम्मि । | १४९ |
| भावो विवक्षितक्रियाऽ-नुभूतियुक्तो हि वै समाख्यातः । | १६३ |
| भिक्खायरियाइ सुज्झइ, अइयारो को वि वियडणाए उ । | २५९ |
| भिषग् १ द्रव्याण्यु २ पस्थाता ३ रोगी ४ पादचतुष्टयम् । | ४४९ |
| भिंगंगरुइलकज्जलअंजणधाउसरिसा विरायंति । | ३८९ |
| भुत्तसेसं तु जं भूओ, छुब्भंती पिठरे दये । | २३९ |
| भुंजमाणस्स उक्खित्तं, पडिसिद्धं तं च तेण उ । | २३८ |
| भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके । | १६२ |
| भूमिक्खयसाभावियसंभवओ दद्दुरो व्व<br>जलमुत्तं (सात्मकत्वेनिति) । | ४५ |
| भूमीए भद्दसालं, मेहलजुयलंमि दोन्नि रम्माइं । | १३० |
| मज्झणुभावं खेत्तं, जं तं तिरयं ति वयणपज्जवओ । | २०४ |
| मणगुत्तिमाइयाओ, गुत्तीओ तिन्नि समयकेऊहिं । | १७७ |
| मणसा वयसा काएण, वा वि जुत्तस्स विरियपरिणामो । | १६९ |
| मणुयाण पुव्वकोडी, आउं पंचुस्सिया धणुसयाइं । | ११९ |
| मतिसुयणाणावरणं, दंसणमोहं च तदुवघाईणि । | १५३ |
| महव्वय अणुव्वएहि य, बालतवोऽकामनिज्जराए य। | १७५ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| महिलासहावो सर वन्नभेओ, मेंढं महंतं मउई य वाया । | २६७ |
| महुलित्तनिसियकरवालधार जीहाए जारिसं लिहणं । | १५४ |
| मंगलपयत्थजाणयदेहो भव्वस्स वा सजीवो वि [त्ति] । | १६२ |
| मंसंकुरो व्व सामाणजाइरूवंकुरोवलंभाओ । | ४४ |
| माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे । | ३११ |
| माया लोभकषाय-श्चेत्येतद् रागसंज्ञितं द्वन्द्वम् । | १३९ |
| मायाऽवलेहि-गोमुत्ति-मेंढसिंग-घणवंसिमूलसमा । | ३६६ |
| माल्यम्लानिः कल्पवृक्षप्रकम्पः,<br>श्री-ह्रीनाशो वाससां चोपरागः । | २३३ |
| मासाई सत्तंता पढमा १,<br>बि[इ] २ तइय ३ सत्तराइदिणा १० । | २४० |
| मिच्छत्तं जमुइन्नं, तं खीणं अणुइयं च उवसंतं । | ७१ |
| मिच्छादिट्ठी महारंभपरिग्गहो तिव्वलोहनिस्सीलो । | १७६ |
| मूढनइयं सुयं, कालियं तु न नया समोयरंति इहं । | ७ |
| मूलगुण-उत्तरगुणे, दुविहा पडिसेवणा समासेणं । | ३२८ |
| मूलप्रकृत्यभिन्नाः सङ्क्रमयति गुणत उत्तराः प्रकृतीः । | ४७८ |
| मेरुस्स उवरि चूला,<br>जिणभवणविहूसिया दुवी सुच्चा (४०)। | १३० |
| मेहनं खरता दार्ढ्यं शौण्डीर्यं श्मश्रु धृष्टता । | १६८ |
| मोत्तुं अकम्मभूमगनर-तिरिए सुरगणे य णेरइए । | १४८ |
| मोत्तूण आउयं खलु, दंसणमोहं चरित्तमोहं च । | ४७९ |
| मोत्तूण सगमबाहं, पढमाइ ठिईए बहुतरं दव्वं । | ३१९ |
| यत्तु तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणि । | १६१ |
| यद्वस्तुनोऽभिधानं, स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम् । | १६१ |
| यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत! । | १४ |
| योनिर्मृदुत्वमस्थैर्यं मुग्धता क्लीबता स्तनौ । | १६८ |
| रयणमया पुप्फफला, विक्खंभो अट्ठ अट्ठ उच्चत्तं । | १०६ |
| रयणस्स अवरपासे, तिन्नि वि समइच्छिऊण कूडाई । | ३७५ |
| रागद्दोसुप्पत्ती, सपक्ख-परपक्खओ य अहिगरणं । | ३५१ |
| रागो दोसो मइब्भंसो, धम्मंमि य अणायरो । | २१७ |
| रिजु सामण्णं तम्मत्तगाहिणी रिजुमती मणोनाणं । | ७४ |
| रुयगस्स उ उस्सेहो, चउरासीतिं भवे सहस्साइं । | २७१ |
| रुयगवरस्स उ मज्झे, नगुत्तमो होति पव्वओ रुयगो। | २७१ |
| रुंभइ स काययोगं, संखाईतेहिं चेव समएहिं । | ३१३ |
| रुप्पि ८ महाहिमवंते ८, सोमणसे ७,<br>गंधमायणनगे [गंधमायणे चेय] य ७ । | १११ |
| रोसेण पडिनिवेसेण, तहय अकयण्णुमिच्छभावेणं । | ४८४ |
| लक्खाइं तिन्नि दीहा, विज्जुप्पभगंधमादणा दो वि । | १२८ |
| लवणे उदगरसेसु य, महोरया मच्छ-कच्छहा भणिया । | २०० |
| लवणे कालसमुद्दे, सयंभुरमणे य होंति मच्छा उ । | २०० |
| लिंगेण लिंगिणीए, संपत्तिं जो णिगच्छई पावो । | २६५ |
| लिंबंब जंबु कोसंब-साल अंकुल्ल पीलु सल्लू या । | १९५ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| लेप्पगहत्थी हत्थि त्ति, एस सब्भाविया भवे ठवणा । | १६२ |
| लोगविभागाभावे, पडिघाताभावओऽणवत्थाओ । | २३ |
| लोगस्सऽत्थि विवक्खो, सुद्धत्तणओ घडस्स अघडो व्व । | २२ |
| वक्खारपव्वयाणं, आयामो तीस जोयणसहस्सा । | ११० |
| वज्जंतायोज्जममंदबंदिसद्दं मिलंतसामंतं । | ३५१ |
| वट्टं च वलयगं पि व, तंसं सिंघाडगं पि व विमाणं । | २३४ |
| वट्टं वट्टस्सुवरिं, तंसं तंसस्स उप्परिं [उप्परे] होइ । | २३४ |
| वत्थुं वसइ सहावे, सत्ताओ चेयणव्व जीवम्मि । | २४६ |
| वलयामुह[वलयमुहे] केऊए, | |
| जूयग[ए] तह इस्सरे य बोद्धव्वे । | ३८२ |
| वरं कूपशताद्वापी वरं वापीशतात् क्रतुः। | ४३१ |
| वस्तुनः एव समानः परिणामो यः स एव सामान्यम् । | ५६ |
| वंजिज्जइ जेणऽत्थो, घडो व्व दीवेण वंजणं तो तं । | ७५ |
| वायुना बहुशो भिन्ने, यथास्वं बहुपत्यता। | ४८८ |
| वारुणिवरखीरवरो, घयवर लवणो य होंति पत्तेया । | ४९१ |
| वासहरकुरुसु दहा [वर्षधरेषु कुरुषु च ये ह्रदा इत्यर्थः], | |
| नदीण कुंडाइं तेसु जे दीवा । | १२८ |
| वासहरगिरी १२ वक्खारपव्वया ३२ पूव्वपच्छिमद्धेसु । | १२७ |
| वासहरगिरीतेणं, रुंदा पंचेव जोयणसयाइं । | ११० |
| वासहरा वक्खारा, दह-नइ-कुंडा वणा य सीयाई । | १३१ |
| वालं कोडीसहियं, आयामं काउ आणुपुव्वीए । | १४९ |
| विउलं वत्थुविसेसणमाणं तग्गाहिणी मती विउला । | ७४ |
| विग्गहगइमावण्णा १, | |
| केवलिणो समोहया २ अजोगी य ३ । | १४६ |
| विजयाणं विक्खंभो, बावीससयाइं तेरसहियाइं । | ३७६ |
| विज्जाचरणं च तवो, पुरिसक्कारो य समिइगुत्तीओ । | ३५२ |
| विणयाहीया विज्जा, देइ फलं इह परे य लोयंमि । | २६९ |
| विदारयति यत् कर्म्म, तपसा च विराजते । | ५३ |
| विदिसाउ दिसं पढमे, बीए पइसरए लोयनाडीए । | २८९ |
| विमल १ वितत्त २ वितत्थे ३, | |
| विसाल ४ तह साल ५ सुव्वए ६ चेव । | १२२ |
| विज्ञप्तिः फलदा पुंसाम्, न क्रिया फलदा मता । | ५५ |
| वुट्ठेऽवि दोणमेहे, न कण्हभूमाउ१ लोट्टए उदयं । | १२ |
| वेउव्विऽवाउडे वाइए य हीरि खद्धपजणणे चेव । | २२२ |
| वेयड्ढ ९ मालवंते ९, | |
| विज्जुप्पह ९ निसह ९ णीलवंते य ९ । | १११ |
| वेयपुरिसो तिलिंगो वि, पुरिसो वेदाणुभूइकालम्मि । | १८० |
| वेयवयणं न माणं, | |
| अपोरुसेयं ति निम्मियं (ति तम्मयं) जेण । | १३ |
| वेसमणवयणसंचोइया उ ते तिरियजंभगा देवा । | ४०० |
| वैनयिकमतं विनयश्चेतोवाक्कायदानतः कार्यः । | ४५४ |
| वैषम्यसमभावेन, ज्ञायमाना इमे किल । | २० |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| वोसट्ठचत्तदेहो, उवसग्गसहो जहेव जिणकप्पी । | २४१ |
| स्तनकेशवती स्त्रीस्याद्, रोमशः पुरुषः स्मृतः। | १६८ |
| स्तनादि-श्मश्रु-केशादिभावाभावसमन्वितम् । | १६८ |
| स्याद्वादाय नमस्तस्मै, यं विना सकलाः क्रिया । | २० |
| सगडुद्धिसंठियाओ, महादिसाओ हवंति चत्तारि। | २१४ |
| सच्चं १ मोसं २ मीसं ३, असच्चमोसं मणो वती चेवं । | १७० |
| सच्चा हिया सतामिह, संतो मुणओ गुणा पयत्था वा। | ३०० |
| सच्चित्ते अचि[च्चि]त्तं १ | |
| जणवयपडिसेवियं च अद्धाणे २ । | ३३० |
| सट्ठिं नागसहस्सा, | |
| धरिंति अग्गोदगं [शिखाग्रमित्यर्थः] समुद्दस्स । | ३८३ |
| सत्थेण सुतिक्खेण वि, छेत्तुं भेत्तुं च जं किर न सक्का । | २१६ |
| सत्त पाणूणि से थोवे, सत्त थोवाणि से लवे । | १३७ |
| सत्तत्तरिं सयाइं, चोद्दस अहियाइं सत्तरस लक्खा । | १३१ |
| सत्तरस एगवीसाइं, जोयणसयाइं सो समुव्विद्धो । | २७० |
| सत्तवहवेहबंधणडहणंकणमारणाइपणिहाणं । | ३०९ |
| सत्ताणउई सहस्सा, सत्ताणउयाइं अट्ठ य सयाइं । | १२७ |
| सदसदविसेसणाओ, भवहेउ-जइच्छिओवलंभाओ । | १४५ |
| सद्दाइएसु रागं, दोसं च मणो गओ तइयगंमि । | २५९ |
| सद्दाइविसयसाहणधणसंरक्खणपरायणमणिट्ठं । | ३१० |
| सद्देसु य भद्दय-पावएसु, सोयविसयमुवगएसु । | ३४३ |
| सद्धर्मश्रवणादेव नरो विगतकिल्बिषः। | ६९ |
| समणेण सावएण य, अवस्स कायव्वयं हवइ जम्हा । | ७६ |
| समभावंमि ठियप्पा, सम्मं सिद्धंतभणितमग्गेणं । | १५० |
| समयातिसुहुमयाओ, मन्नसि जुगवं च भिन्नकालं पि । | ३३ |
| समयावलियमुहुत्ता, दिवस-महोरत्त पक्ख-मासा य । | ३३१ |
| सम्मादयो व साव-प्पबोह-संकोयणादिओऽभिमया । | ४५ |
| समिई ५ गुत्ती ३ धम्मो १०, | |
| अणुपेह १२ परीसहा २२ चरित्तं च । | २८ |
| समिओ णियमा गुत्तो, गुत्तो समियत्तणंमि भइयव्वो । | १७७ |
| सम्मुच्छिम १५ कम्मा १६, | |
| ऽकम्मभूमगनरा १७ तहंतरदीवा १८ । | २१५ |
| सरुषी नुतिः (नतिः) | |
| स्तुतिवचनं तदभिमते प्रेम तद्द्विषि द्वेषः । | २४८ |
| सव्वचरित्तं भस्सइ, केण वि पडिसेविएण उ पएणं । | २६४ |
| सव्वट्ठाणाइं असासयाइं इह चेव देवलोगे य । | ३१४ |
| सव्वत्थाऽपडिबद्धो, दंडाययमाइ ठाणमिह ठाउं । | १५१ |
| सव्वभिचारं हेउं, सहसा वोत्तुं तमेव अन्नेहिं । | ४३५ |
| सव्वरयणस्स अवरेण, तिन्नि समइच्छिऊण कूडाइं । | ३७५ |
| सव्ववइजोगरोहं, संखातीएहिं कुणइ समएहिं । | ३१३ |
| सव्वं चिय पइसमयं, उप्पज्जइ नासए य निच्चं च । | १५ |
| सव्वाओऽवि णईओ, विक्खंभोव्वेहदुगुणमाणाओ । | १२८ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| सवियारमत्थवंजणजोगंतरओ तयं पढमसुक्कं। | ३११ |
| सव्वे चरित्तवंतो उ, दंसणे परिनिट्ठिया । | २७४ |
| सव्वे पाणा पियाउया अप्पियवहा सुहासाया। | ११ |
| सव्वे वट्टविमाणा, एगदुवारा हवंति विन्नेया । | २३४ |
| सव्वेसु पत्थडेसुं, मज्झे वट्टं अणंतरे तंसं । | २३४ |
| सव्वेसु सव्वघाइसु, हएसु देसोवघाइयाणं च । | १५३ |
| सव्वोऽवि नाणदंसण-चरणगुणविभूसियाण समणाणं । | २७६ |
| सर्वसावद्यविरतिः प्रत्याख्यानमुदाहृतम् । | ३१८ |
| सयमेव दिसाबंधं, काऊण पडिच्छगस्स जो देइ । | ४०९ |
| सरउग्गयससिनिम्मलयरस्स जीवस्स छायणं जमिह । | १५३ |
| संकप्पो संरंभो, परितावकरो भवे समारंभो । | १७१ |
| संकिय १ मक्खिय २ निक्खित्त ३- पिहिय ४ साहरिय ५ दायगु ६ म्मीसे ७ । | २५८ |
| संखदलविमलनिम्मलदहिघण-गोखीर-हारसंकासा । | ३९० |
| संखेज्जपयं वक्कं, तदत्थगहणपरिणामओ होज्जा । | १९ |
| संगहुवग्गहनिरओ, कयकरणो पवयणाणुरागी य । | २२५ |
| संघाडीओ चउरो, तत्थ दुहत्था उवसयंमि। | ३०५ |
| संजमजोगविसन्ना, मरंति जे तं वलयमरणं तु । | १४८ |
| संजोगसिद्धीए फलं वयंति, नहु एगचक्केण रहो पयाइ । | ५५ |
| संती कूथुं अ अरो, अरहंता चेव चक्कवट्टी य । | २९१ |
| संथरणंमि असुद्धं, दोण्ह वि गेण्हन्त-देंतयाणऽहियं । | १७५ |
| संपुडगो दुगमाइफलगा वोच्छं छिवाडि एत्ताहे । | ३९२ |
| संमत्तदायगाणं, दुप्पडियारं भवेसु बहुएसुं । | १८९ |
| संमत्तनाणदंसण-जुत्तो सुत्तत्थतदुभयविहिन्नू । | २२४ |
| संलिहिऊणऽप्पाणं, एवं पच्चप्पिणेसु फलगाई । | १५० |
| संविग्गभावियाणं, लोद्धयदिट्ठंतभावियाणं च । | १७४ |
| संसारमणवयग्गं, जाइ-जरा-मरणवेयणापउरं । | २६५ |
| सागरायादाणावो१, पक्कापक्को य होइ निव्वावो । | ३५० |
| सागरमेगं तिय सत्त, दस य सत्तरस तह य बावीसा । | १९८ |
| साध्याविनाभुवो लिङ्गात् साध्यनिश्चायकं स्मृतम् । | ४४१ |
| साध्येनानुगमो हेतोः साध्याभावे च नास्तिता । | ४३० |
| सापेक्षाणि च निरपेक्षाणि च कर्म्माणि फलविपाकेषु । | ३१७ |
| सामन्नओ विसेसो, अन्नोऽनन्नो व होज्ज? जइ अन्नो । | ५६ |
| सामन्नत्थावग्गहणमोग्गहो भेयमग्गणमिहेहा । | ४८१ |
| सामादि धातुवादादि कृष्यादि प्रतिपादिका । | २५१ |
| सायं उच्चागोयं, नरतिरिदेवाउ नाम एयाउ । | २५ |
| साहट्टु दो त्रि[वि]पाए, वग्घारियपाणि ठायति ठाणं । | २४२ |
| साहुक्कारपुरोगं, जह सा अणुसासिया पुरजणेणं । | ४३६ |
| स्मितं न लक्षेण वचो न कोटिभिर्न कोटिलक्षैः सविलासमीक्षितम् । | २५१ |
| सिज्जायरपिंडे या १, चाउज्जामे य २ पुरिसजेट्ठे य ३ । | २७२ |
| सिद्धार्थं सिद्धसम्बन्धं श्रोतुं श्रोता प्रवर्त्तते । | १२ |
| सियसिंधुरखंधगओ, सियचमरो सेयछत्तछन्नणहो । | ३५१ |
| सिञ्चति खरइ जमत्थं, तम्हा सुत्तं निरुत्तविहिणा वा । | ७९ |
| सीओसिणजोणीया, सव्वे देवा य गब्भवक्कंती । | १९३ |
| सीया य १ नारिकंता २, नरकंता चेव ३ रुप्पकूला ४ य । | ११७ |
| सीसावेढियपोत्तं, नइउत्तरणंमि नग्गयं बेंति । | २७३ |
| सीहाइसु अभिभूओ, पायवगमणं करेइ थिरचित्तो । | १४८ |
| सुत्तत्थविऊ लक्खणजुत्तो गच्छस्स मेढिभूओ य । | २२४ |
| सुत्तत्थे निम्माओ, पियदढधम्मोऽणुवत्तणाकुसलो । | २२५ |
| सुत्तप्फासियनिज्जुत्ति-निओगो सेसओ पयत्थाई । | १५ |
| सुत्तं १ पयं २ पयत्थो ३, संभवतो ४ विग्गहो वियारो य ५ (चालनेत्यर्थ) । | १० |
| सुत्तं सुत्ताणुगमो, सुत्तालावगकओ य निक्खेवो । | १५ |
| सुत्ते चउसमयाओ, नत्थि गई उ परा विणिद्दिट्ठा । | २८९ |
| सुद्धं च अलेवकडं, अहवण सुद्धोदणो भवे सुद्धं । | २३८ |
| सुयणाणंमि अभत्ती, लोगविरुद्धं पमत्तछलणा य । | ३५७ |
| सुसमसुसमाणुभावं, अणुभवमाणाणऽवच्चगोवणया । | ११९ |
| सुहदुक्खबहुसईयं, कम्मक्खेत्तं कसंति ते जम्हा । | ३१६ |
| सुह-दुक्ख-बंध-मोक्खा, उभयनयमयाणुवत्तिणो जुत्ता । | १९ |
| सूओ १ दणो २ जवन्नं ३, तिन्नि य मंसाइं ६ गोरसो ७ जूसो ८ । | १८८ |
| सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः। | ४६ |
| सूरकिरियाविसिट्ठो, गोदोहाइकिरियासु निरवेक्खो । | ३३१ |
| सेयंकर १ खेमंकर २, आभंकर ३ पभंकरे य ४ बोद्धव्वे । | १२२ |
| सेसा न होंति विगई अ, जोगवाहीण ते उ कप्पंती । | ३३९ |
| सेहस्स तिन्नि भूमी, जहन्न तह मज्झिमा य उक्कोसा । | २०८ |
| सो पुण गच्छस्सऽड्डो उ, संगहो तत्थ संगहो दुविहो । | ४०९ |
| सो संकमो त्ति भन्नइ, जब्बंधपरिणओ पओगेणं । | ३७० |
| सोऽणेगंतो जम्हा, लिंगेहि समं अदिट्ठपुव्वोऽवि । | १८ |
| सोऽवि हु खओवसमिओ, किन्तु स एव उ खओवसमलाभो । | ७४ |
| सोत्थिय १ सोवत्थिय[ए] २, वद्धमाणगे ३ तहा पलंबे य ४ । | १२२ |
| सोमणसमालवंता, दीहा तीसं भवे सयसहसस्सा । | १३१ |
| सोमणसाओ तीसं, छच्च सहस्से विलगिऊण गिरिं । | ३७६ |
| सोमे १ सहिए २ आसासणे य ३ कज्जोवए य ४ कब्बडए ५। | १२२ |
| सोलस उग्गमदोसा, गिहियाओ समुट्ठिए वियाणाहि । | २५९ |
| सोलस-दहिमुहसेला, कुंदामलसंखचंदसंकासा । | ३९० |
| सोलहियं सयमेगं, छव्वीससहस्स सोलस य लक्खा । | १३१ |
| सोहम्मे पंचवन्ना, एक्कगहाणी उ जा सहस्सारो । | १३४ |
| सोहम्मे पंचवन्ना, एक्कगहाणी य जा सहस्सारो । | २०१ |
| सोहम्मे पंचवन्ना, एक्कगहाणी उ जा सहस्सारो । | ४८६ |

| सूत्रार्द्ध | पृष्ठ |
|---|---|
| शब्दादीन् विषयान् प्राप्य सञ्ज्वलयन्ति यतो मुहुः । | ३१८ |
| शल्यं कामा विषं कामाः कामा आशीविषोपमाः । | २५१ |
| श्वेतत्वशीतत्वगुरुत्वकण्डूस्नेहोपदेहस्तिमितत्त्वलेपाः । | ४४९ |
| श्रद्धालुतां श्राति पदार्थचिन्तनाद्धनानि पात्रेषु वपत्यनारतम् । | ४७९ |
| हडुस्स अणवगल्लस्स, निरुवकिट्ठस्स जंतुणो । | १३७ |
| हयमम्हाणं नाणं, हयमम्हाणं मणुस्समाहप्पं । | ३९८ |
| हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया । | ५५ |
| हूस्सक्खराई मज्झेण, जेण कालेण पंच भन्नंति । | ३१३ |
| हरियाल मणोसिल, पिप्पली य खज्जूर मुद्दिया अभया । | ८२ |
| हरिवासरम्मएसु, आउपमाणं सरीरउस्सेहो । | ११९ |
| हरिवासे इगवीसा, चुलसीइ सया कला य एक्का य । | १०९ |
| हास १ प्पदोस २ वीमंसओ ३, विमायाय ४ वा भवे दिव्वो । | ४७७ |
| हिमवंत १ महाहिमवंत २, पव्वया निसढ ३ नीलवंता य ४ । | १०५ |
| हियए जिणाण आणा, चरियं मह एरिसं अउन्नस्स । | ३९८ |
| हेमवए पंचहिया, इगवीस सया उ पंच य कलाओ । | १०९ |
| हेसंतहयं गज्जंतमयगलं घणघणंतरहलक्खं । | ३५१ |
| होइ कयत्थो वोत्तुं, सपयच्छेयं सुअं सुयाणुगमो । | १५ |
| होइ रसालू व तहा १४, पाणं १५ पाणीय १६ पाणगं चेव १७ । | १८८ |
| होज्ज हु वसणं पत्तो, सरीरदुब्बलयाए असमत्थो । | ४५१ |
| होति पडुप्पन्नविणासणंमि गंधव्विया उदाहरणं । | ४३५ |
| ज्ञानीनो धर्म्मतीर्थस्य कर्त्तारः परमं पदम् । | १३ |

## શ્રી સ્થાનાંગસૂત્ર સંબંધમાં
## પત્રીના પંડિત શ્રી ગાંગજી વીરજીનું વક્તવ્ય

આ સ્થાનાંગસૂત્રનો અનુવાદ કરવામાં શ્રીમાન્ ઉપાધ્યાય શ્રી દેવચન્દ્રજી મહારાજે કયા કયા શાસ્ત્રીય ગ્રંથોનો આધાર લીધેલ એ હકીકત પત્રીના પંડિત શ્રી ગાંગજીભાઈ મારફત પ્રાપ્ત થતાં તે અત્રે રજૂ કરવાનું ઉચિત ધારું છું.

સ્થાનાંગસૂત્રના મૂળ અનુવાદમાં સ્થાનાંગદીપિકાનો ખાસ આધાર લેવામાં આવેલ છે. આ દીપિકાના કર્તા શ્રીમાન્ પાર્શ્વચન્દ્રસૂરિના શિષ્ય શ્રી સમરસિંઘસૂરિ છે. એમણે શ્રીમદ્ અભયદેવસૂરિની કરેલ ટીકાને આધારે આ દીપિકા તૈયાર કરેલ. દીપિકાકર્તાએ ટીકાકાર ભગવાનને યુગપ્રધાન માન્યા છે. શ્રી અભયદેવસૂરિએ કરેલ ટીકામાં લગભગ ૧૨૫૦ ગાથાઓ અન્ય શાસ્ત્રની લીધેલ છે. તેમાં પણ મુખ્યત્વે વિશેષાવશ્યકની ગાથાઓ લીધેલી છે. લીંબડી સમુદાયના પૂજ્ય મહારાજશ્રી ગુલાબચન્દ્રજી મહારાજે આ સ્થાનાંગ સૂત્રનો અનુવાદ કરવા ખૂબ પ્રોત્સાહન આપેલ એટલું જ નહિ પણ સાથે સાથે એવી સલાહ પણ આપી કે ગાથાની વૃત્તિની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ મારફત પાટણના ભંડારમાંથી મેળવી શકાશે. એમની આ સૂચના ખરેખર ઉપયોગી નીવડી. પ્રવર્તકજીને પત્ર લખતાં તેમણે તે પ્રત ચાલતા નિયમ અનુસાર સપ્રેમ મોકલાવી આપી. સદરહૂ વૃત્તિના કર્તા ખરતરગચ્છીય શ્રી જિનચન્દ્રસૂરિના શિષ્ય વાચનાચાર્ય શ્રી સુમતિકલ્લોલગણિ તથા સમયસુન્દર ઉપાધ્યાયના શિષ્ય વાદીન્દ્ર હર્ષનન્દન છે. જો કે ગાથાવૃત્તિ તો વિસ્તૃત છે પરંતુ તેનો ભાવાર્થ લઈને એમણે, એનો અર્થ સંક્ષેપમાં તૈયાર કરેલ છે. પ્રસ્તુત સૂત્ર તો અત્યંત ગહન છે. એને સમજવામાં સરલતા થાય એટલા માટે શ્રી વિશેષાવશ્યક સટીક, લોકપ્રકાશ, અભિધાન રાજેન્દ્રકોષ, અર્ધમાગધી કોષ, ક્ષેત્ર સમાસ, સંગ્રહણી, કર્મગ્રન્થ, કર્મપ્રવૃત્તિ, પ્રશમરતિ, બૃહત્કલ્પભાષ્ય ઇત્યાદિ અનેક ગ્રંથો સમીપમાં રાખીને આ અનુવાદ કરવામાં આવેલ છે.

અંતમાં ઉપર્યુક્ત ગ્રંથના કર્તાઓ તેમજ આ અનુવાદ નીચે જે ટિપ્પણીઓ લખવામાં આવેલ છે તેના લેખક પંડિત ગાંગજીભાઈ વગેરે અનેકની સહાયતાથી આ અનુવાદ ઉપાધ્યાય શ્રી દેવચન્દ્રજી મહારાજે તૈયાર કરેલ છે. એમનો બધાનો અત્રે ઉપકાર માની વિરમું છું.

**લી૦ મુનિકુલબાલ મુનિ કલ્યાણચંદ્રજી**

**અષાઢ શુદિ બીજ, મંગળવાર, સંવત્ ૨૦૦૮**
**શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ-સોનગઢ (સૌરાષ્ટ્ર)**

• અરિહંત ભગવંતના શાસન સંરક્ષકો તો સરહદના સૈનિકોથી પણ વધારે સતર્ક રહે છે. સરહદના સૈનિકોની અસતર્કતા તો શત્રુ દેશના વ્યક્તિને એકાદ પ્રદેશ અપાવી દે છે. પણ શાસનના સંરક્ષકોની અસતર્કતા તો ચતુર્વિધ સંઘમાં અંતરંગ શત્રુઓને પ્રવેશનો માર્ગ મેળવી આપે છે. જે એક ભવ સુધી નહીં પણ અનેક ભવો સુધી આત્માને દુ:ખી બનાવનાર બને છે.

"જયાનંદ"

- આચાર્ય પદની મહત્તા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ છત્રીસ પ્રકારે છત્રીસ ગુણોનું વર્ણન કરીને બતાવી છે અને વર્તમાનકાળના આચાર્યપદના લોભી આત્માઓને લાલ બતી ધરી છે. પણ એ વાંચે કોણ? વાંચી લે પણ એને મનમાં ઉતારે કોણ?
- આચાર્યપદ મેળવવા માટે જ્યાં રાજકારણ ખેલાતું હોય, કાવા-દાવા થતાં હોય. મને પદ મળશે કે નહી એમ જ્યોતિષના આંકડા દ્વારા જોવાતું હોય. એવા આત્માઓ આચાર્ય બનીને પાપાનુબંધી પુણ્યના ઉદયે બહારથી ઉન્નતિ દેખાડી દેશે. પણ ભવ્યાત્માઓના હૃદયમાં ધર્મ ભાવના જાગૃત કરી નહી શકે.
- આચાર્યની ગોચરી પાણી આદિ બાહ્ય સેવાથી પણ વિશેષ છે એમની જિનાજ્ઞાનુસારની આજ્ઞા પાલનની સેવા કરવી.
- આચાર્ય ભગવંતની દૃષ્ટિ જિનાગમના સૂત્રોના રહસ્યોને સમજવા માટે સૂક્ષ્મમાં સૂક્ષ્મ હોવી જોઈએ. ત્યાં સ્થૂળ દૃષ્ટિ તો ચતુર્વિધ સંઘનું અહિત કરનાર બની શકે છે.
- આચાર્ય ભગવંતો પોતાના અધિકારનો દુરુપયોગ કરે તો તેઓ તૃતીયપદથી દૂર થઈ જાય છે. કેવળ નામ આચાર્ય રહે છે.
- આચાર્ય ભગવંત તીર્થંકર ભગવંતની જેમ ગોચરી વહોરવા ન જાય એ પણ એમનો એક અતિશય છે.
- આચાર્ય ભગવંતની પાસે શિષ્યો હોય, જ્ઞાન હોય, પણ જો જિન શાસનનું અનુભવજ્ઞાન, સમ્યગ્દર્શનના ઘરનું જ્ઞાન ન હોય તો એમને જિનશાસનના શત્રુ ગણાવ્યા છે. એમના દ્વારા કદી જિનશાસનનું હિત ન થાય.
- આચાર્ય ભગવંતની કૃપાદૃષ્ટિ જે શિષ્યો પામી જાય છે તે શિષ્યોનો આત્મવિકાસ થયા વગર રહેતો જ નથી.
- શિષ્યના હૃદયમાં ગુરુનું સ્થાન એ બહુ મોટી વાત નથી. મોટી વાત તો છે ગુરુના હૃદયમાં શિષ્યે સ્થાન મેળવવું તે.
- શિષ્ય બનવું જેને સહેલું દેખાય છે તે હજુ જિનશાસનના શિષ્યત્વને સમજ્યો જ નથી. જિનશાસનનું શિષ્યત્વ પામવું ઘણું કઠિન છે.
- શિષ્ય બનનારે સર્વપ્રથમ પોતાને ભુલી જવું પડે છે. પોતાના અસ્તિત્વને વિસરી જવું એ કાંઈ નાનીસુની વાત નથી. પોતાની સ્વતંત્ર કાંઈ જ ઇચ્છા રહેતી નથી. એવું સમર્પણ શિષ્યત્વને શોભાવે છે.
- શિષ્ય જ્યાં સુધી એમ માનતો હોય કે હું કાંઈ અભણ નથી હું પણ સમજું છું. મારી પાસે પણ બુદ્ધિ છે. મારી પાસે પણ શક્તિ છે. હું પણ ભાગ્યશાળી છું. ત્યાં સુધી એ કોઈને વાસ્તવિકતાથી ગુરુ માની શકશે નહીં. અને ગુરુ સ્વીકાર્યા સિવાય ઉદ્ધાર થવાનો જ નથી. એ ચોક્કસ છે.
- શિષ્ય ગુરુની નિશ્રા સ્વીકારવા પહેલાં આગમોક્ત રીતે એમની પરીક્ષા કરી શકે છે. અરે આગમ તો કહે છે કે ગુરુની પરીક્ષા કર્યા સિવાય ગુરુ કરાય નહીં. અને પરીક્ષામાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવાનુસાર જે સદ્‌ગુરુ સમજાય એમનો સ્વીકાર કરવો.

"જયાનંદ"

MULTY GRAPHICS (022) 23873222 • 23884222